શ્રીહરિઃ

શ્રીમદ્ ભાગવતપીયૂષ

પ્રથમ નિર્ઝર
સ્કંધ ૧ થી ૭

આલેખક અને પરિવેષક
કર્દમઋષિ કૃષ્ણશંકર શાસ્ત્રી

પુરસ્કર્તા - સંપાદક
ભાગવતઋષિ કર્દમઋષિ

ત્રીજી આવૃત્તિ :
ફાલ્ગુન શુકલ દ્વિતીયા, સંવત ૨૦૫૪ : સને ૧૯૯૮

પ્રકાશક :
શ્રીકૃષ્ણનિધિ
C/o. શ્રી ભાગવત વિદ્યાપીઠ
કૃષ્ણધામ, સોલા, અમદાવાદ - ૩૮૨૪૮૧

10-2

શ્રીહરિઃ

શ્રીમદ્ ભાગવતપીયૂષ

પ્રથમ નિર્ઝર

સ્કંધ ૧ થી ૭

આલેખક અને પરિવેષક
કર્દમઋષિ કૃષ્ણશંકર શાસ્ત્રી

પુરસ્કર્તા - સંપાદક
ભાગવતઋષિ કર્દમઋષિ

ત્રીજી આવૃત્તિ :
ફાલ્ગુન શુકલ દ્વિતીયા, સંવત ૨૦૫૪ : સને ૧૯૯૮

પ્રકાશક :
શ્રીકૃષ્ણનિધિ
C/o. શ્રી ભાગવત વિદ્યાપીઠ
કૃષ્ણધામ, સોલા, અમદાવાદ - ૩૮૨૪૮૧

પહેલી આવૃત્તિ, ૧૯૭૯
બીજી આવૃત્તિ, ૧૯૮૯
ત્રીજી આવૃત્તિ, ૧૯૯૮

●

: પ્રાપ્તિસ્થાન :

(૧) શ્રી ભાગવત વિદ્યાપીઠ,
કૃષ્ણધામ, સોલા,
અમદાવાદ - ૩૮૨૪૮૧
ફોન : ૭૪૭૩૮૩૯

(૨) શ્રી વલ્લભનિધિ
૩૦૨, રિલિફ શોપીંગ સેન્ટર,
જી.પી.ઓ. પાસે, અમદાવાદ-૧
ટે. ૫૫૦૨૯૪૫

(૩) શ્રી વીણાબેન મનહરલાલ
૫, આનંદ, ૫મો રસ્તો,
નવયુગ સોસાયટી, વિલેપાર્લા (પશ્ચિમ)
મુંબઈ - ૫૬ ટે. ૬૧૪૬૭૩૩

(૪) શ્રી સરલાબેન દલાલ
૩૦, ન્યુ નવરંગ, ૩જો માળ,
પેડર રોડ, મુંબઈ-૨૬

●

ફાલ્ગુન શુકલ દ્વિતીયા
સંવત ૨૦૫૪
તા. ૨૮-૨-૯૮

●

પ્રકાશક :
શ્રી કૃષ્ણનિધિ ટ્રસ્ટ

●

ગ્રંથ પ્રકાશનના સર્વ અધિકાર પ્રકાશકને આધીન છે

●

મુદ્રક :
શાલિભદ્ર ઑફસેટ પ્રિન્ટર્સ
૨૩૭-૮, ગંજબજાર, માતાજીના મંદિર સામે,
જુના માધુપુરા, અમદાવાદ-૩૮૦૦૦૪
ફોન : ૨૧૨૧૦૨૧

શ્રીહરિ :

એક અર્ઘ્ય

શ્રીમદ્ ભાગવતજીના પરિચય માટે પ્રસ્તાવના કે આમુખ આદિ પ્રસ્તુત કરવાનું આવશ્યક નથી. શ્રીમદ્ ભાગવતજીના પ્રત્યેક અક્ષર, પદ, વાક્ય, શ્લોક, અધ્યાય, પ્રકરણ, સ્કંધ અને સમસ્ત શ્રીમદ્ ભાગવતશાસ્ત્રમાં ભગવાન શ્રીકૃષ્ણના સ્વરૂપનું, લીલાનું, ઐશ્વર્યોનું અને યશ આદિનું નિરૂપણ છે. શ્રીમદ્ ભાગવતજી સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન જ છે. ચતુર્દશ લોકોના સમસ્ત જીવોનો શ્રીમદ્ ભાગવતજીમાં સુદૃઢ અનુરાગ છે. શ્રીમદ્ ભાગવતજીમાં ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યેની અહૈતુકી પ્રેમલક્ષણા ભક્તિનાં પારાવાર પીયૂષ ભરેલાં છે. જ્ઞાન આદિ પ્રત્યેક મતના સમર્થ વિદ્વાનોની, સમસ્ત સમ્પ્રદાયના અગ્રવર્ય આચાર્યવર્યોની શ્રીમદ્ ભાગવતજી માટે અનન્ય ભક્તિ છે. શ્રદ્ધાળુ સંત, જ્ઞાની વિદ્વાન, યોગી ભક્તવૃન્દ શ્રીવૃન્દાવનવિહારી ભગવાન શ્રીકૃષ્ણના આ નામાત્મક સ્વરૂપમાં પૂર્ણપ્રેમ ધરાવતા હોઈ શ્રીમદ્ ભાગવતજીનો નિત્ય પાઠ કરે છે. સાધનશૂન્ય કઠોર કલિકાલમાં, પ્રત્યેક જીવને, પ્રત્યેક યોનિમાં અને પ્રત્યેક અવસ્થામાં પરમ શ્રેયનાં દાન કરાવે છે, મોક્ષાર્થીઓને મોક્ષ આપે છે, લૌકિકાર્થીઓને લૌકિક ફળો આપે છે. પુત્રાર્થીઓને સત્પુત્રનાં દાન કરે છે; પરંતુ શ્રીકૃષ્ણાર્થીઓને ગોલોકમાં લઈ જઈ નિત્યસેવાનાં દાન કરે છે. તપ, જપ, વ્રત આદિ દિવ્ય સાધનો કલિકાલમાં કષ્ટ સાધ્ય બન્યાં ત્યારે સાધનશૂન્ય કલિકાલમાં શ્રીમદ્ ભાગવતજીના સેવનથી શ્રીયમુના મહારાણીજીની માફક અનાયાસે તનુનવત્વનાં પ્રદાન કરે છે. “તનુનવત્વ” એટલે દેહ ઈન્દ્રિયો, મન, વાણી, અન્તઃકરણ, પ્રાણ અને આત્માનું ભગવાન શ્રીકૃષ્ણની સાક્ષાત્ સેવામાં ઉપયોગી બનવું. ટૂકમાં ભક્તની કાયાને અને આત્માને સાક્ષાત્ સેવાપયોગી બનાવે છે.

“નિવૃત્તિના સમયમાં અથવા જીવનના ચરમકાલમાં નિવૃત્તદશામાં ભજન કરવું” એવી એક અનુચિત અને આત્મહિત વિમુખ સમજ મનુષ્યના મનમાં ઘર કરી બેઠી છે તેથી મનુષ્ય જીવનના અન્તિમ શ્વાસપર્યન્ત લોકકાર્યમાં ઓતપ્રોત બની રહેલ છે. પરંતુ “નવરા થાશું ત્યારે હરિ ભજીશું” એવી ભ્રાન્તિવાળી વૃત્તિને દૂર કરી પ્રતિદિન અને પ્રતિક્ષણ, લોકસમાજનાં પ્રત્યેક કાર્યોને ગૌણ કરી શ્રીહરિ સેવા અને શ્રીહરિ સ્મરણ-શ્રવણ-કીર્તનને જ મુખ્ય ગણી સેવા તત્પર રહેવું. સેવા, સંધ્યા, સત્કર્મ આદિ નિત્યવ્રતોનું સર્વપ્રથમ આચરણ કરી અવશિષ્ટ કાલમાં કાયા સાથે સંકળાયેલાં દેશ, લોક, સમાજ આદિ કાર્યો કરવાં એવી સમજની અને ક્રિયાની ખૂબ જ આવશ્યકતા છે. ટૂકમાં પ્રત્યેક ક્ષેત્રના મનુષ્યે એક દિવસના ચોવીસ કલાકોમાંથી ત્રણ કલાકો ભગવત્સેવા-સ્મરણાદિ મંગલ કાર્યમાં વાપરીને બાકી રહેલ કાલ અન્ય સર્વ કાર્યમાં વાપરવો જોઈએ. વિશ્વના એક રાષ્ટ્રપતિથી લઈ એક હળપતિ પર્યન્ત અને એક સાક્ષરથી લઈ એક નિરક્ષર પર્યન્ત પ્રત્યેકના કલ્યાણનો આ એક જ સિદ્ધાન્ત છે અને સર્વને માટે એક સમાન છે. ઈશ્વરાનુગ્રહથી, કુલપરંપરાના પુણ્યથી, પુણ્ય સંસ્કારોથી આ પ્રકારની પવિત્ર વૃત્તિ અને પવિત્ર વિચારધારા જેઓના જીવનમાં વસી છે તેવા અનુષ્ઠાનશીલ અને શ્રધ્ધાશીલ સજ્જને શ્રીકૃષ્ણ પ્રભુની પ્રાપ્તિ માટે કેવલ મૂલ સંસ્કૃતમાં જ શ્રીમદ્ ભાગવતજીનાં પારાયણ પાઠ કરવાં જોઈએ, તેથી જ તે પ્રકારે પાઠ કરતાં “શ્રીકૃષ્ણપ્રાપ્તિ, શ્રીકૃષ્ણ સેવાપ્રાપ્તિ, શ્રી ગોલોકપ્રાપ્તિ” નામના મુખ્ય ફલની પ્રાપ્તિ થાય છે. આ એક નિષ્પક્ષપાત સંપૂર્ણ સત્ય વસ્તુ છે. એનું કારણ પણ એ છે કે સંસ્કૃત ભાષા દિવ્યવાણી છે અને સમાધિભાષામાં ગવાયેલ શ્રીમદ્ ભાગવતજી પણ સંસ્કૃતવાણીમાં એટલે દિવ્યવાણીમાં જ લખાયેલ છે. સમાધિભાષા શ્રીમદ્ ભાગવતની મૂલવાણી સંસ્કૃતમાં પાઠ કરવાથી, ઉચ્ચારણથી શ્રીમદ્ ભાગવતજી અવિલંબે ફળદાયી બનશે. આ એક વિજ્ઞાનસિદ્ધ અને અનુભવસિદ્ધ વિશુદ્ધ નિર્ણય છે. શ્રીકૃષ્ણનિધિએ આ વસ્તુ લક્ષ્યમાં રાખીને સંસ્કૃતપાઠ કરનારા સજ્જનવૃન્દ માટે અખિલ ભૂમંડલાચાર્ય આચાર્યવર્ય શ્રીમદ્ વલ્લભ મહાપ્રભુજીએ વિશુદ્ધ કરેલ સંસ્કૃતમાં મૂલશ્લોકોના મુદ્રણવાળા શ્રીમદ્ ભાગવતજીનું મુદ્રણ અને પ્રકાશન કરેલ છે. આમ છતાં સંસ્કૃત ભાષાના પરિચય અને અભ્યાસને અભાવે જ્યારે મૂલ સંસ્કૃતમાં પાઠ કરવો દુર્લભ થઈ પડયો છે, ત્યારે શ્રદ્ધાળુ અને દૃઢાનુરાગી

ભક્તજનોના શ્રીમદ્ ભાગવતજી પ્રત્યેના અનન્ય અનુરાગને લક્ષમાં લઈને શ્રીમદ્ ભાગવતજીના શ્લોકો અને પદોનો ભાષાન્તરમાં પાઠ કરી શકાય માટે આ ભાષાન્તરમાં પ્રકાશનનું આવશ્યક કાર્ય કરેલ છે. આ ભાષાન્તરમાં આલેખેલ શ્રીમદ્ ભાગવતજીનું પારાયણ, પાઠ કરતાં ભગવાન શ્રીકૃષ્ણ મળશે અને ભક્તજનના સર્વ મંગલ મનોરથો ફળશે. ભાષાન્તરમાં આલેખાયેલા શ્રીમદ્ ભાગવતજીના નિત્યપાઠમાં ભક્તિભાવભીના ભક્તજનોએ શ્રીમદ્ ભાગવતજીનો પોતાના નિત્ય સેવાક્રમમાં સમાવેશ કરેલ છે. ભક્તજનનું આ શ્રેષ્ઠ વ્રત, આ પવિત્ર વ્રત ભારતભરમાં આ આદરણીય વ્રતને લક્ષ્યમાં રાખીને **ચિ. કર્દમઋષિએ** શ્રી મહાપ્રભુજીના ચરણોમાં અપરિમેય ભાવના રાખીને શ્રીમદ્ ભાગવતજીનું ભાષાન્તર આલેખ્યું છે. ચિ. કર્દમઋષિની શ્રીજીબાવાની સેવામાં - શ્રીમદ્ ભાગવતજીમાં અને શ્રી રામચરિત માનસમાં અનન્ય ભક્તિ હતી. ચિ. ઋષિએ આલેખન તૈયાર કર્યું અને એનું મુદ્રણ કરાવી પ્રકાશિત કરી શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુના શ્રી વલ્લભપંચશતી પ્રસંગે ગ્રેટબ્રિટનના સમસ્ત ભક્તજનોએ યોજેલા પંચશતી મહોત્સવ પર્વમાં પ્રકટ કરવાનો અને પ્રત્યેકને શ્રીમદ્ ભાગવતજીના પાઠનું સુખ અને આનંદ અર્પવાની ઉત્કટ ભાવના હતી. પરંતુ આ લાલસા સેવતો ચિ. લાલન કર્દમઋષિ શ્રીઠાકોરજીની નિત્યસેવામાં પધારી ગયો. તેથી પરમકૃપાળું શ્રીજીબાવા, ચિ. કર્દમઋષિના આ ભાષાન્તરમાં આલેખિત શ્રીમદ્ ભાગવતપીયૂષને ભક્તવૃન્દ સમક્ષ પ્રકટ કરી રહ્યા છે. તેથી શ્રીજીબાવાના શ્રીચરણોમાં કોટિ કોટિ દંડવત્ પ્રણામ. પૂર્ણ પ્રયત્ન કરીને આલેખેલા આ ભાષાન્તરમાં પ્રત્યેક શ્લોકનો પૂર્ણ ભાવાર્થ આવી જાય છે. જે કોઈ ભક્તજન શ્રીમદ્ ભાગવતપીયૂષનાં પ્રેમથી પાન કરશે તેઓની શ્રીઠાકોરજીમાં સુદૃઢ ભક્તિ થશે.

દૈવગતિ અકલિત છે. એક સનાતન ધારો છે કે પિતાનું અવશિષ્ટ કાર્ય પુત્ર પૂર્ણ કરે, વળી આ વસ્તુ વિશ્વવિદિત છે પરંતુ આજે પુત્રનું - સુપુત્રનું કાર્ય પિતાને પૂર્ણ કરવાનું આવ્યું, એ પણ ભગવાનની એક લીલા છે. શ્રી ઠાકોરજીની આ લીલાને ભક્તિભાવે નમસ્કાર. શ્રી ઠાકોરજી, શ્રી મહારાણીજી અને મહાપ્રભુજી, ચિ. કર્દમઋષિનાં બન્ને આત્મજ ચિ. ભક્તિવિન્દા અને ચિ. ભાગવતઋષિના ઉપર અનુગ્રહ કરી શ્રી કર્દમઋષિનાં આરંભેલાં અને મનોરથરૂપે વિચારેલાં સુમંગલ કાર્યોને પૂર્ણ કરવા સમર્થ બનાવે, આરોગ્ય દીર્ઘાયુષ્ય સમર્પે એવી સર્વ ભગવદીયજનો શ્રીજીને વિનવવા કૃપા કરશો એવી દૈન્યભાવે ભગવદીયજનોને વિજ્ઞપ્તિ.

વિશેષ નિવેદન કે શ્રીમદ્ ભાગવતપીયૂષની આ પુનરાવૃત્તિ છે. એ બે વિભાગમાં પ્રકટ કરેલ છે. આ બેમાંના પ્રથમ નિર્ઝરમાં ૧ થી ૭ સ્કંધોનો સમાવેશ કરેલ છે. આ પ્રથમ નિર્ઝરનું અલ્પ અંશમાં વિસ્તૃતીકરણ થયેલ હોવાથી પત્રોની સંખ્યા વધવા પામી છે, અને આ બંને નિર્ઝરોના મુદ્રણમાં શ્રી અનન્તભાઈ ભટ્ટે પુષ્કળ પ્રયત્ન કર્યો છે. પુત્ર વત્સલા ચંદાબા, સેવાશીલ વીણાબાએ પણ આ કાર્ય પાર ઊતરે એમાં અત્યંત લક્ષ્ય રાખ્યું છે. પ્રસ્તુત શ્રીમદ્ ભાગવતપીયૂષના મૂલપ્રતિના સંશોધનમાં ચિ. સરલાએ ખૂબ જ રસ લીધો છે. આ પ્રકાશનની સર્વ ગતિવિધિમાં શ્રી જયંતિભાઈ રામરામ અને સુપુત્રી ચિ. ઉષાએ અનવરત પ્રયત્ન આદર્યો છે. સુદીર્ઘ સમયથી શ્રી ભાગવતવિદ્યાપીઠ, શ્રી વલ્લભનિધિ, શ્રીકૃષ્ણનિધિ આદિ લોકહિત ટ્રસ્ટની પ્રત્યેક કાર્યોની અઢાર કલાક તન, મન, ધન થી સેવા કરીને સંતોષ ન પામી; પરંતુ મારા સમસ્ત પરિવારની એક આજ્ઞાંકિત પુત્રી બની સેવા કરી કૃતજ્ઞ બની શ્રીજીના ચરણોની સેવામાં વિદાય લીધી એની વિસ્મૃતિ કેમ થઈ શકશે ! શ્રીમદ્ ભાગવતજીના પ્રારંભમાં કરવામાં આવતો અર્ચનવિધિ પણ શ્રીમદાચાર્યચરણ ૧૦૮ શ્રી હરિરાયજી મહાપ્રભુજીએ જે નિર્દિષ્ટ કર્યો છે તે જ લીધેલ છે. આચાર્યવર્ય, શ્રીમદ્ વલ્લભ મહાપ્રભુજીએ પોતાના જયેષ્ઠ લાલન શ્રી ગોપીનાથજી બાવાશ્રીની શ્રીમદ્ ભાગવતનિષ્ઠાને માધ્યમ બનાવી, સમસ્ત ભક્તજનના હિતને સાધવા માટે "શ્રી પુરુષોત્તમ નામ સહસ્ર સ્તોત્ર"ની રચના કરી છે તે સ્તોત્ર પણ પ્રારંભમાં આપવામાં આવેલ છે.

આ સ્તોત્રની ઉત્તમ ગાથા એવી છે કે શ્રીગોપીનાથ બાવાશ્રી શ્રીનાથજી પ્રભુની સેવામાં અને શ્રીમદ્ ભાગવતજીના નિત્ય પાઠ-પારાયણમાં અત્યંત અનુરાગી હતા. તેઓશ્રી સેવાક્રમમાંથી નિવૃત્ત થઈ શ્રીમદ્ ભાગવતજીનું પારાયણ

કરતા હતા. પારાયણ પૂર્ણ થાય ત્યાર બાદ જ આપશ્રી પ્રસાદ આરોગતા હતા. આ પ્રકારની તેઓશ્રીની પુણ્ય નિષ્ઠાને લીધે અનેક દિવસોના ઉપવાસો આપશ્રીને થવા લાગ્યા, આથી શ્રી ગોપીનાથજી બાવાશ્રીનું શ્રીઅંગ આવ્રતથી દિનપ્રતિદિન ક્ષીણ થવા લાગ્યું. આપશ્રીના ક્ષીણ થતા શ્રીઅંગથી શ્રીમદ્ વલ્લભપ્રભુને વ્યથા થવા લાગી. શ્રીમદ્ વલ્લભની વ્યથાથી વ્યથિત શ્રીનાથજી બાવાએ વિચાર્યું કે શ્રી ગોપીનાથ બાવાશ્રીની વ્રતનિષ્ઠા સચવાય અંને મહાપ્રસાદ પણ લઈ શકાય એવું વિચારી શ્રીમદ્ વલ્લભ મહાપ્રભુને શ્રી પુરુષોત્તમ નામ સહસ્ર સ્તોત્ર રચવાની આજ્ઞા કરી. આ આજ્ઞાને શિરસાવંદ્ય સ્વીકારી શ્રીમદ્ વલ્લભ મહાપ્રભુજીએ હ્રદયમાં શ્રીહરિને પધરાવી અને ચિત્તને શ્રીહરિમાં પરોવી શ્રીપુરુષોત્તમ નામ સહસ્ર સ્તોત્રની રચના કરી. શ્રી પુરુષોત્તમ નામ સહસ્ર સ્તોત્રના અંતે ફલશ્રુતિમાં આપે જણાવ્યું છે કે જે કોઈ ભક્તજન શ્રીપુરુષોત્તમ નામ સહસ્ર સ્તોત્રનો પાઠ કરશે તેને શ્રીશુકામૃત શ્રીમદ્ ભાગવતજીના પાઠના પારાયણનું ફળ મળશે. આચાર્યવર્યના આ સુમંગલ વચનોને લક્ષમાં લઈને જ શ્રી પુરુષોત્તમ નામ સહસ્ર સ્તોત્રનો આ સ્થાને સન્નિવેશ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે મારા પુણ્યશ્લોક પિતૃચરણ શ્રી દલસુખરામ પાઠકના આશીર્વાદ અને ભક્તિમયી મારાં માતૃચરણ પુણ્યશ્લોકા શ્રી ડાહીબાના આશીર્વાદ અને દૃઢ ભક્તિ અને પુણ્યશીલા મારી ધર્મપત્ની સૌ. તારાબહેન શાસ્ત્રીજીની પરાભક્તિ અને પુણ્યબળના પવિત્ર પાથેયનું કૃતજ્ઞતાપૂર્વક ઋણ સ્વીકારું છું.

શ્રી ભાગવત પીયૂષ ગ્રંથનું આ તૃતીય આવર્તન છે તેમજ એ બે વિભાગોમાં વિભક્ત છે. નડિયાદ, અમદાવાદ અને બોરસદમાં પ્રથમ આવૃત્તિનું મુદ્રણ થયેલું. સેવા નિષ્ઠ પ.ભ. કાકા શ્રી મણિલાલ ગાંધી અને પ.ભ. શ્રી મોહનલાલ ગુરુજીનો પ્રથમ પ્રકાશનમાં અપૂર્વ અનુરાગ અને સેવા રસાયણ હતો. દ્વિતીય આવૃત્તિના પણ બે વિભાગો હતા. પ્રથમ વિભાગના મુદ્રણમાં ભાવનગરના શ્રી સુમતિ પ્રિન્ટીંગ પ્રેસનો અને પ્રેસના અધિપતિ પરમ ઉત્સાહી ભાઈશ્રી સુમતિભાઈનો અપૂર્વ શ્રમ હતો. દ્વિતીય વિભાગનું મુદ્રણ પ્રકાશન શ્રી ભારત લીથો પ્રેસમાં થયેલું છે. પ્રેસના અધિપતિ સેવાનિષ્ઠ ભક્તવર્ય શ્રી સુરેન્દ્રભાઈ ઘોટે તેમજ તેમના લઘુ બંધુ ભાઈ ઘોટે તથા તેમનાં પુણ્યમયી માતાનો અનુરાગ, પરિશ્રમ, સેવા નિષ્ઠા અને ઔદાર્ય અવિસ્મરણીય રહ્યાં છે. શ્રીજીબાવાની કૃપાથી જ અને મનોરથથી શ્રીમદ્ ભાગવત પીયૂષની તૃતીય આવૃત્તિનું મુદ્રણ અને પ્રકાશન થઈ રહેલ છે. તૃતીય આવૃતિને વેગ મળે તે માટે શ્રીવલ્લભ વિશ્વધર્મ સંસ્થા તથા તેના પ્રન્યાસીઓ શ્રી નવનીતભાઈ શોધન તથા શ્રી ઈન્દ્રકાન્ત ત્રીકમલાલે શ્રમ લીધો છે. યદ્યપિ માંઘવારીએ તો માઝા મૂકી છે છતાં ભક્તિ પરાયણ ભક્તવૃન્દ ભક્તિનાં પોષણ પણ એટલાં જ આદરણીય છે; તેથી પ્રકાશન અનિવાર્ય છે સમજીને જ શ્રી ભાગવત પીયૂષનું પ્રકાશન થઈ રહ્યું છે. આ પ્રકાશન પણ બે વિભાગમાં થશે.

અધિક આલેખનની શી આંવશ્યકતા. અનન્તકૃપાનિધિ શ્રી શ્રીનાથજી બાવાશ્રીના શ્રીચરણોમાં શ્રીમદ્ ભાગવત પિયુષનો એ એક અર્ધ્ય સાદર ઉપહાર.

શ્રીમદ્ વલ્લભ મહાપ્રભુજી અને તદીયવંશજ
સમસ્ત આચાર્યચરણ ચરણકમલ
પરાગાનુરાગી કૃષ્ણશંકરના જયશ્રીકૃષ્ણ

ફાલ્ગુન શુકલ દ્વિતીયા
સંવત-૨૦૫૪
તા. ૨૮-૨-૯૮

अथ ध्यानम्

वंशीविभूषितकरान्नवनीरदाभात् पीतांबरादरुणबिंबफलाधरोष्ठात् ।
पूर्णेन्दुसुंदरमुखादरविंदनेत्रात् कृष्णात्परं किमपि तत्त्वमहं न जाने ॥

कस्तूरीतिलकं ललाटपटले, वक्षःस्थले कौस्तुभं
नासाग्रे वरमौक्तिकं करतले, वेणुः करे कंकणम् ।
सर्वांगे हरिचंदनं सुललितं, कंठे च मुक्तावलिर्
गोपस्त्रीपरिवेष्टितो विजयते, गोपालचूडामणिः ॥

गोविंद गोविंद हरे मुरारे, गोविंद गोविंद रथांगपाणे ।
गोविंद गोविंद मुकुंद कृष्ण, गोविंद गोविंद नमो नमस्ते ॥
कृष्णे रताः कृष्णमनुस्मरंति, रात्रौ च कृष्णं पुनरुत्थिता ये ।
ते भिन्नदेहाः प्रविशंति कृष्णं, हविर्यथा मंत्रहुतं हुताशे ॥
नान्यं वदामि न श्रृणोमि, न चिंतयामि,
नान्यं स्मरामि न भजामि, न चाश्रयामि ।
भक्त्या त्वदीयचरणांबुजमन्तरेण
श्रीश्रीनिवास पुरुषोत्तम, देहि दास्यम् ॥

श्रीहरिः

श्रीकृष्णाय नमः ।

પરમવંદ્ય આચાર્યવર્ય શ્રી હરિરાયજી મહાપ્રભુજીએ નિર્દિષ્ટ કરેલ ભગવન્નામાત્મક વિગ્રહ શ્રીમદ્ ભાગવતજીનાં ષોડશોપચાર અર્ચન

આચમન અને પ્રાણાયામનો પ્રકાર : ॐ भूः स्वाहा, ॐ भुवः स्वाहा, ॐ स्वः स्वाहा આમ ત્રણ વાર ક્રમે કરી બોલવું અને જમણા હસ્તની હથેલીમાં જલ લઈને જમણા કર્ણે સ્પર્શ કરી ત્રણ વાર કર્ણાચમન કરવું. પુનઃ હસ્તપ્રક્ષાલન કરતાં શ્રી कृष्णाय नमः બોલવું. ત્યાર બાદ પૂરક, કુંભક અને રેચક નામનો ત્રણ પ્રકારે એક પ્રાણાયામ કરવો. આ પ્રાણાયામ કરતાં ॐ भूः, ॐ भुवः, ॐ स्वः, ॐ महः, ॐ जनः, ॐ तपः, ॐ सत्यम्, ॐ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि । धियो यो नः प्रचोदयात् । એમ બાલી પ્રથમ મંત્ર બન્ને ઓષ્ઠ બંધ રાખી મનમાં એક વાર બોલતાં જમણા હસ્તના જમણા અંગૂઠાથી જમણી બાજુની નાસિકાનું છિદ્ર દબાવી રાખો. ડાબી બાજુના છિદ્રથી શ્વાસ અંદર લેવો એને પૂરક કહેવાય. ત્યાર પછી પુનઃ ડાબા અને જમણા બન્ને છિદ્રોને છેલ્લી બે આંગળી અને અંગૂઠાથી દબાવી રાખવાં અને આ મંત્ર મનમાં જ બોલવો. આ પ્રકારની ક્રિયાને કુંભક કહેવાય. ત્યાર બાદ જમણી બાજુની નાસિકાના છિદ્રને દબાવી રાખેલા અંગૂઠાને જરા જેટલો ખુલ્લો કરી ધીરે ધીરે રોકેલા વાયુને, ઉપર દર્શાવેલો મંત્ર પૂર્ણ થાય ત્યાં સુધીમાં ધીરેથી જ છોડવો. આ ક્રિયાને રેચક કહેવાય. આ રીતે પૂરક, કુંભક અને રેચકના પ્રકારે એક પ્રાણાયામ થયો. જો બની શકે તો આવા ત્રણ પ્રાણાયામ કરવા. બીજી વખતનો પ્રાણાયમ કરતી વખતે વગેરે

अथ शांतिपाठः

हरिःॐ भद्रं कर्णेभिःशृणुयाम देवा भद्रं पश्येमाक्षभिर्यजत्राः।
स्थिरैरङ्गैस्तुष्टुवांसस्तनूभिर्व्यशेम देवहितं यदायुः ॥

આ મંત્ર બોલી શાંતિપાઠ કરવો.

अथ संकल्पः

"ॐ विष्णुर्विष्णुर्विष्णुः श्रीमद्भगवतो महापुरुषस्याज्ञाया प्रवर्तमानस्य ब्रह्मणो द्वितीये परार्धे श्रीश्वेतवाराहकल्पे वैवस्वतमन्वन्तरे अष्टाविंशतितमे कलियुगे प्रथमचरणे जम्बुद्वीपे भरतखण्डे विक्रमसंवत्सरे.....तमे वर्षे..... मासे.....तिथौ वासरे मम सकुटुम्बस्य सपरिवारस्य श्रीगोवर्धनधरणचरणारविन्दप्रसादात् सर्वसमृद्धिप्राप्त्यर्थं प्रारब्धानुसारादनुग्रहपूर्वकं श्रीभगवन्नामात्मकस्वरूपश्रीमद् भागवतस्य पाठपारायणसांगतासिद्ध्यर्थं श्रीमद्भागवतस्य प्रतिष्ठार्चनमहं करिष्ये ।" આ પ્રમાણે આચમનીમાં જલ લઈ સંકલ્પ કરી પાત્રમાં સંકલ્પજલ પધરાવી દેવું.

अथ प्रतिष्ठा

હસ્તમાં હળદર કે કેશરથી પીળા રંગેલા અક્ષત હાથમાં લઈ हरिः ॐ तदस्तु मित्रावरुणा तदग्ने शंयोऽस्मभ्यमिदमस्तु शस्तम् । अशीमहि गाधमुत प्रतिष्ठां नमो दिवि बृहते सादनाय ॥ આ મંત્ર ભણી અક્ષત અને પુષ્પો "सुप्रतिष्ठितो भव" એવું બોલી શ્રીમદ્ ભાગવતજી ઉપર પધરાવવાં.

ષોડશોપચાર અર્ચન

ઉપરના મંત્રથી પ્રતિષ્ઠાવિધિ કરીને શ્રીમદ્ ભાગવતજીના પુરુષ સૂક્તના મંત્રોથી આવાહન વગેરે ષોડશોપચારથી અર્ચન કરવાં.

ॐ सहस्रशीर्षा पुरुषः, सहस्राक्षः सहस्रपात् ।
स भूमिं विश्वतो वृत्वा, अत्यतिष्ठद् दशांगुलम् ॥ १ ॥

શ્રી ભગવન્નામાત્મકસ્વરૂપિણે શ્રીમદ્ ભાગવતાય નમઃ આવાહનમ્ ॥

આમ આ મંત્રથી શ્રીકૃષ્ણભગવાનના નામસ્વરૂપ શ્રીમદ્ ભાગવતને નમસ્કાર કરી, શ્રીમદ્ભાગવતમાવાહયામિ સ્થાપયામિ એમ બોલી અક્ષત પધરાવી પ્રણામ કરવા.

पुरुष एवेद सर्वं यद् भूतं यच्च भाव्यम् ।
उतामृतत्वस्येशानो, षदेन्नेनातिरोहति ॥ २ ॥

શ્રીભગવન્નામાત્મકસ્વરૂપિણે શ્રીમદ્ભાગવતાય નમઃ આસનં સમર્પયામિ ॥ આ બીજા મંત્રથી 'શ્રીકૃષ્ણભગવાનના નામાત્મકસ્વરૂપ શ્રીભાગવતને નમસ્કાર' કરી આસનં

સમર્પયામિ-ઈદમાસનમ્ એમ બોલીને આસન આપવું.

एतावानस्य महिमातो ज्यायाँ श्चं पूरूषः ।
पादोंस्य विश्वा भूतानि, त्रिपादस्यामृतं दिवि ।। ३ ।।

શ્રીભગવન્નામાત્મકસ્વરૂપિણે શ્રીમદ્ ભાગવતાય નમઃ પાદ્યમ્ સમર્પયામિ । આ ત્રીજા મંત્રથી 'શ્રીકૃષ્ણભગવાનના નામાત્મકસ્વરૂપ શ્રીમદ્ભાગવતને નમસ્કાર' કરી પાદ્યં સમર્પયામિ-ઈદં પાદ્યમ્ એમ બોલી પાદ્ય આપવું. પાદ્ય એટલે ચરણોમાં જલ અર્પવું.

त्रिपादूर्ध्वं उदैत् पुरुषः, पादोस्येहाभवत् पुनः ।
ततो विष्वङ् व्यक्रामत्, साशनाशने अभि ।। ४ ।।

શ્રીભગવન્નામાત્મકસ્વરૂપિણે શ્રીમદ્ ભાગવતાય નમઃ । અર્ધ્યમ્ સમર્પયામિ । એમ બોલી આ મંત્રથી 'શ્રીકૃષ્ણ ભગવાનના નામાત્મકસ્વરૂપ શ્રીમદ્ ભાગવતને નમસ્કાર' કરી અયમ્ અર્ઘઃ એમ કહી અર્ઘ સમર્પણ કરવો.

तस्माद् विराडजायत, विराजो अधि पूरुषः ।
स जातो अत्यरिच्यत, पश्चाद् भूमिमथो पुरः ।। ५ ।।

શ્રીભગવન્નામાત્મકસ્વરૂપિણે શ્રીમદ્ ભાગવતાય નમઃ । આચમનીયમ્ સમર્પયામિ । એમ બોલી આ પાંચમા મંત્રથી 'શ્રીકૃષ્ણ ભગવાનના નામાત્મકસ્વરૂપ શ્રીમદ્ ભાગવતને નમસ્કાર' કરી ઈદમ્ આચમનીયમ્ એમ બોલી આચમન આપવું.

यत्पुरुषेण हविषा, देवा यज्ञमतन्वत ।
वसन्तोस्यादीदाज्यं, ग्रीष्म इध्मः शरद्धविः ।। ६ ।।

શ્રીભગવન્નામાત્મકસ્વરૂપિણે શ્રીમદ્ ભાગવતાય નમઃ સ્નાનમ્ સમર્પયામિ । **એમ બોલી** આ છઠ્ઠા મંત્રથી 'શ્રીકૃષ્ણ- ભગવાનના નામાત્મકસ્વરૂપ શ્રીમદ્ ભાગવતને નમસ્કાર' કરી ઈદં સ્નાનમ્ એમ બોલી સ્નાન કરાવવું.

तं यज्ञं बर्हिषि प्रौक्षन्, पुरुषं जातमग्रतः ।
तेन देवा अयजन्त, साध्या ऋषयश्च ये ।। ७ ।।

શ્રીભગવન્નામાત્મકસ્વરૂપિણે શ્રીમદ્ ભાગવતાય નમઃ વસ્ત્રમ્ સમર્પયામિ । એમ બોલી આ સાતમા મંત્રથી 'શ્રીકૃષ્ણ-ભગવાનના નામાત્મકસ્વરૂપ શ્રીમદ્ ભાગવતને નમસ્કાર' કરી ઈદં વસ્ત્રમ્ એમ બોલી વસ્ત્ર અર્પણ કરવું.

तस्माद् यज्ञात् सर्वहुतः संभृतं पृषदाज्यम् ।
पशूंस्तांश्चक्रे वायव्यान्, आरण्यान् ग्राम्यांश्च ये ।। ८ ।।

શ્રીભગવન્નામાત્મકસ્વરૂપિણે શ્રીમદ્ ભાગવતાય નમઃ : યજ્ઞોપવીતમ્ સમર્પયામિ । એમ બોલી આ આઠમાં મંત્રથી 'શ્રીકૃષ્ણભગવાનના નામાત્મકસ્વરૂપ શ્રીમદ્ ભાગવતને નમસ્કાર' કરી ઈદં યજ્ઞોપવીતમ્ એમ કહી યજ્ઞોપવીત અર્પણ કરવું.

तस्माद् यज्ञात् सर्वहुत, ऋचः सामानि जज्ञिरे ।
छंदांसि जज्ञिरे तस्माद्, यजुस्तस्मादजायत ।। ९ ।।

શ્રી ભગવન્નામાત્મકસ્વરૂપિણે શ્રીમદ્ ભાગવતાય નમઃ । ચંદનમ્ સમર્પયામિ । એમ બોલી આ નવમા મંત્રથી 'શ્રીકૃષ્ણભગવાનના નામાત્મકસ્વરૂપ શ્રીમદ્ ભાગવતને નમસ્કાર કરી **ઈદં ચન્દનમ્** એમ કહી ચંદન અર્પણ કરવું.

तस्मादश्व अजायन्त, ये के चोभयादतः ।
गावो ह जज्ञिरे तस्मात्, तस्माज्जाता अजावयः ।। १० ।।

શ્રી ભગવન્નામાત્મકસ્વરૂપિણે શ્રીમદ્ ભાગવતાય નમઃ । પુષ્પમ્ સમર્પયામિ । એમ બોલી આ દસમા મંત્રથી 'શ્રીકૃષ્ણ-ભગવાનના નામાત્મકસ્વરૂપ શ્રીમદ્ ભાગવતને નમસ્કાર' કરી ઈદં પુષ્પમ્ એમ બોલી પુષ્પ અર્પણ કરવું.

यत्पुरुषं व्यदधुः, कतिधा व्यकल्पयन् ।
मुखं किमस्यासीत् कौ बाहू, कावूरू पादावुच्येते ।। ११ ।।

શ્રી ભગવન્નામાત્મકસ્વરૂપિણે શ્રીમદ્ ભાગવતાય નમઃ । ધૂપમ્ સમર્પયામિ । એમ બોલી આ અગિયારમા મંત્રથી 'શ્રીકૃષ્ણ- ભગવાનના નામાત્મકસ્વરૂપ શ્રીમદ્ ભાગવતને નમસ્કાર' કરી અયં ધૂપઃ । એમ બોલી ધૂપ અર્પિત કરવો.

ब्राह्मणोस्य मुखमासीद्, बाहू राजन्यः कृतः ।
ऊरू तदस्य यद् वैश्यः पद्भ्याम् शूद्रो अजायत ।।१२।।

શ્રીભગવન્નામાત્મકસ્વરૂપિણે શ્રીમદ્ ભાગવતાય નમઃ । દીપમ્ સમર્પયામિ । એમ બોલી આ બારમા મંત્રથી 'શ્રીકૃષ્ણ- ભગવાનના નામાત્મકસ્વરૂપ શ્રીમદ્ ભાગવતને નમસ્કાર' કરી અયં દીપઃ । એમ બોલી દીપ અર્પણ કરવો.

चन्द्रमा मनसो जात–श्चक्षोः सूर्यो अजायत ।
मुखादिन्द्रश्चग्निश्च प्राणाद् वायुरजायत ।। १३ ।।

શ્રીભગવન્નામાત્મકસ્વરૂપિણે શ્રીમદ્ ભાગવતાય નમઃ । નૈવેદ્યમ સમર્પયામિ । એમ બોલી આ તેરમા મંત્રથી ‘શ્રીકૃષ્ણભગવાનના નામાત્મકસ્વરૂપ શ્રીમદ્ ભાગવતને નમસ્કાર’ કરી ઈદં નૈવેદ્યમ એમ બોલી સામગ્રી સન્મુખ પધરાવવી.

नाभ्या आसीदन्तरिक्षं, शीर्ष्णोद्यौः समवर्तत ।
पद्भ्यां भूमिर्दिशः श्रोत्रात् तथा लोकाँ अकल्पयन् ।।१४।।

શ્રીભગવન્નામાત્મકસ્વરૂપિણે શ્રીમદ્ ભાગવતાય નમઃ । પૂગીફલતામ્બૂલમ્ સમર્પયામિ । એમ બોલી આ ચૌદમા મંત્રથી ‘શ્રીકૃષ્ણભગવાનના નામાત્મકસ્વરૂપ શ્રીમદ્ ભાગવતને નમસ્કાર’ કરી ઈદં **પૂગીફલતામ્બૂલમ** । એમ કહી સોપારી, પાન અર્પણ કરવાં.

सप्तस्यासन् परिधय–स्त्रिःसप्त समिधः कृताः ।
देवा यद् यज्ञं तन्वाना, अबध्नन् पुरुषं पशुम् ।। १५ ।।

શ્રીભગવન્નામાત્મકસ્વરૂપિણે શ્રીમદ્ ભાગવતાય નમઃ । દક્ષિણામ્ સમર્પયામિ । એમ બોલી આ પંદરમા મંત્રથી ‘શ્રીકૃષ્ણભગવાનના નામાત્મકસ્વરૂપ શ્રીમદ્ ભાગવતને નમસ્કાર’ કરી ઈયં દક્ષિણા એમ બોલી દક્ષિણાનું દ્રવ્ય અર્પણ કરવું.

वेदाहमेतं पुरुषं महान्तमादित्यवर्णं तमसः परस्तात् ।
सर्वाणि रुपाणि विचिन्त्य धीरो, नामानि कृत्वाभिवदन्यथास्ते।।१६।।

શ્રીભગવન્નામાત્મકસ્વરૂપિણે શ્રીમદ્ ભાગવતાય નમઃ । નમસ્કારમ્ સમર્પયામિ । એમ બોલી આ ૧૬મા મંત્રથી ‘શ્રીકૃષ્ણભગવાનના નામાત્મકસ્વરૂપ શ્રીમદ્ ભાગવતને નમસ્કાર’ કરી **અયં નમસ્કારઃ** । એમ કહી સર્વાંગથી નમસ્કાર કરવા.

धाता पुरस्ताद्यमुदाजहार, शक्रः प्रविद्वान् प्रदिशश्चतस्त्रः ।
तमेवं विद्वानमृत इह भवति, नान्यः पन्था अयनाय विधते ।।१७।।

શ્રીભગવન્નામાત્મકસ્વરૂપિણે શ્રીમદ્ ભાગવતાય નમઃ । પ્રદક્ષિણામ્ સમર્પયામિ । એમ બોલી આ સત્તરમા મંત્રથી ‘શ્રીકૃષ્ણ ભગવાનના નામાત્મકસ્વરૂપ શ્રીમદ્ ભાગવતને નમસ્કાર’ કરી ઈયં પ્રદક્ષિણા એમ બોલી પ્રદક્ષિણા કરવી.

यज्ञोन यज्ञमयजन्त देवा स्तानि धर्माणि प्रथमान्यासन् ।
ते ह नाकं महिमानः सचन्त, यत्र पूर्वे साध्याः सन्ति देवाः ।।१८।।

શ્રીભગવન્નામાત્મકસ્વરૂપિણે શ્રીમદ્ ભાગવતાય નમઃ । મન્ત્ર પુષ્પમ્ સમર્પયામિ ·એમ બોલી આ ૧૮મા મંત્રથી ‘શ્રીકૃષ્ણભગવાનના નામાત્મકસ્વરૂપ શ્રીમદ્ ભાગવતને નમસ્કાર’ કરી ઈદં **મન્ત્રપુષ્પમ્** એમ કહી મંત્રપુષ્પાંજલિ અર્પિત કરવી.

वन्दे श्री कृष्णदेवं मुरनरकभिदं वेदवेदान्तवेद्यं, लोके भक्तिप्रसिद्धयै यदुकुलजलधौ प्रादुरासीदपारः ।
यस्यासीद् रूपमेवं त्रिभुवनतरणे भक्तिवच्च स्वतन्त्रं, शास्त्रं रूपं च लोके प्रकटयति मुदा यः स नो भूतिहेतुः ।।

વેદો, ઉપનિષદો અને વેદાન્ત શાસ્ત્રો દ્વારા જે ભગવાનને જાણી શકીએ છીએ, ભક્તિમાર્ગમાં અન્તરાય થતાં મુર દાનવ અને નરક દાનવનો જે ભગવાને નાશ કર્યો છે, શ્રી યદુકુલ નામના મહાસાગરમાં જે પ્રકટ થયા છે, જે ભગવાનનો કોઈ પાર પામી શકતા નથી, આનંદમય કરચરણાદિથી બનેલું જે શ્રીકૃષ્ણભગવાનનું દિવ્ય સ્વરૂપ આ ત્રણે લોકને તરી જવા માટે દિવ્ય પુષ્ટિથી ભરપૂર અને સ્વતંત્ર છે, કૃપાસિંધુ જે શ્રીકૃષ્ણભગવાને આ લોકમાં લોકકલ્યાણ માટે શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર અને પોતાનું અલૌકિક સ્વરૂપ પ્રકટ કર્યું છે તે શ્રીકૃષ્ણભગવાન અમારા સર્વવિધ કલ્યાણના કારણ છે તે નાથને અમારા અનેકાનેક નમસ્કાર હો.

नमः कृष्णपदाब्जाय भक्ताभीष्टप्रदायिने । आरक्तं रोचयेच्छश्वन् मामके हृदयाम्बुजे ।।

ભક્તજનોના મનોરથોને પરિપૂર્ણ કરનાર, શ્રીકૃષ્ણચન્દ્ર ભગવાનના ચરણકમલને મારા નમસ્કાર હો. ગુલાબ ને કમળની પાંદડી જેવા કાંઈક ગુલાબી અને કાંઈક રક્ત વર્ણવાળું પ્રભુનું આ ચરણકમલ નિરંતર મારા હૃદયકમલમાં પ્રકાશ કરો.

श्रीभागवतरूपं तत् पूजयेद् भक्तिपूर्वकम् । अर्चकायाखिलान् कामान् प्रयच्छति न संशयः ।।

શ્રીકૃષ્ણચન્દ્ર પ્રભુનાં વિશ્વવિખ્યાત નામાત્મકસ્વરૂપ શ્રીમદ્ ભાગવતજીનાં ભક્તિપૂર્વક અર્ચન કરવાં. આ શ્રીમદ્ ભાગવતજીનાં અર્ચન કરનારા ભક્તોના સર્વ મનોરથોને પરિપૂર્ણ કરે છે એમાં અલ્પ પણ સંશય નથી.

શ્રી શ્રીનાથજી ભગવન્નામાત્મકસ્વરૂપ શ્રીમદ્ ભાગવતજીનો મહિમા

પ્રથમ સ્કંધ	અધિકાર લીલા	શ્રીનાથજી પ્રભુનું દક્ષિણ ચરણકમલ	અધ્યાય ૧૯
દ્વિતીય સ્કંધ	સાધનજ્ઞાન લીલા	શ્રીજીનું વામ ચરણકમલ	અધ્યાય ૧૦
તૃતીય સ્કંધ	સર્ગ લીલા	શ્રીજીનો દક્ષિણ કરકમલ	અધ્યાય ૩૩
ચતુર્થ સ્કંધ	વિસર્ગ લીલા	શ્રીજીનો વામ કરકમલ	અધ્યાય ૩૧
પંચમ સ્કંધ	સ્થિતિ લીલા	શ્રીજીનો દક્ષિણ સાથળ	અધ્યાય ૨૬
ષષ્ઠ સ્કંધ	પુષ્ટિ લીલા	શ્રીજીનો વામ સાથળ	અધ્યાય ૧૯
સપ્તમ સ્કંધ	ઉતિ લીલા	શ્રીજીનો દક્ષિણ હસ્ત	અધ્યાય ૧૫
અષ્ટમ સ્કંધ	મન્વન્તર લીલા	શ્રીજીનો દક્ષિણ સ્તન	અધ્યાય ૨૪
નવમ સ્કંધ	ઈશાનુકથા	શ્રીજીનો વામ સ્તન	અધ્યાય ૨૪
દશમ સ્કંધ	નિરોધલીલા	શ્રીજીનું હૃદય	અધ્યાય ૯૦
એકાદશ સ્કંધ	મુક્તિ લીલા	શ્રીજીનું લલાટ	અધ્યાય ૩૧
દ્વાદશ સ્કંધ	આશ્રય લીલા	શ્રીજીનો વામ હસ્ત	અધ્યાય ૧૩

“શ્રીપુરુષોત્તમસહસ્રનામસ્તોત્રમ્”

શ્રીગોપીજનવલ્લભાય નમઃ ।

पुराणपुरुषो विष्णुः, पुरुषोत्तम उच्यते ।
नाम्नां सहस्रं वक्ष्यामि, तस्य भागवतोद्धृतम् ।।१।।

શ્રી પુરાણપુરુષ ભગવાન વિષ્ણુ જે શ્રી પુરુષોત્તમ તરીકે કહેવાય છે, તે શ્રીપૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણચન્દ્રજીનાં - શ્રીમદ્ભાગવતમાંથી ઉદ્ધારેલાં એક હજાર નામ કહું છું. ૧

यस्य प्रसादाद्वागीशाः, प्रजेशा विभवोन्नताः ।
क्षुद्रा अपि भवन्त्याशु, श्रीकृष्णं तं नतोस्म्यहम् ।।२।।

જે ક્ષણે પ્રભુની કૃપા થાય તે ક્ષણે ક્ષુદ્ર જીવો પણ બૃહસ્પતિના જેવા વિદ્વાન, બ્રહ્માજી સમાન અથવા રાજાની સમાન સંપત્તિવાળા, દિવ્ય વૈભવશાળી બને છે, તે શ્રી કૃષ્ણચન્દ્રને હું પ્રણામ કરું છું. ૨

अनंता एव कृष्णस्य, लीला नाम प्रवर्तिकाः ।
उक्ता भागवते गूढाः प्रकटा अपि कुत्रचित् ।।३।।

અનેક નામોને પ્રવર્તાવનારી શ્રીકૃષ્ણની અગણિત અપાર લીલાઓ છે, તે સર્વ લીલાઓ શ્રીમદ્ ભાગવતમાં ગુપ્તભાવે અને કોઈક સ્થળે પ્રકટપણે કહેલી છે. ૩

अतस्तानि प्रवक्ष्यामि, नामानि मुरवैरिणः ।
सहस्रं यैस्तु पठितैः, पठितं स्याच्छुकामृतम् ।।४।।

શ્રીકૃષ્ણચન્દ્રપ્રભુની ગુપ્ત લીલાઓ અગમ્ય છે, માટે મુરારિ શ્રીકૃષ્ણનાં પ્રકટ લીલાનાં એક હજાર નામ સ્પષ્ટ રીતે કહું છું, જે નામોનો પાઠ કરવાથી શ્રીશુકદેવજીના મુખમાંથી ઝરેલ સાક્ષાત્ અમૃત સ્વરૂપ શ્રીમદ્ ભાગવતનો પાઠ કર્યો થશે. ૪

कृष्णनामसहस्रस्य, ऋषिरग्निर्निरूपितः ।
गायत्री च तथा छंदो, देवता पुरुषोत्तमः ।।५।।

શ્રીકૃષ્ણસહસ્ત્રનામ મંત્રોના આદ્ય દ્રષ્ટા આધિદૈવિક અગ્નિસ્વરૂપ શ્રીમહાપ્રભુજી છે, ગાયત્રી છંદ છે અને શ્રી પુરુષોત્તમ શ્રી કૃષ્ણચંદ્ર દેવતા છે. ૫

विनियोगः समस्तेषु, पुरुषार्थेषु वै मतः ।
बीजं भक्तिप्रियः शक्तिः, सत्यवागुच्यते हरिः ।।६।।

શ્રી પુરુષોત્તમસહસ્ર નામનો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ નામના ચાર પુરુષાર્થોની સિદ્ધિમાં ઉપયોગ માનેલો છે, ભક્તિપ્રિય ભગવાન એનું બીજ છે અને સત્ય વચનવાળા હરિ એ શક્તિ છે. શ્રીકૃષ્ણચન્દ્રમાં અનન્ય પ્રીતિથી નિષ્કામ સેવા એ ધર્મ, ભગવત્સેવા નિમિત્તે જ સમસ્ત વસ્તુનો સંચય એ અર્થ. પદાર્થની કામના પણ પ્રભુને માટે જ; એનું નામ જ કામ અને સુખદુઃખાદિ દ્વન્દ્વોથી પર બની ભગવત લીલાના રસનો અનુભવ કરવો એ મોક્ષ છે. ૬

भक्तोद्धरणयत्नस्तु, मंत्रोत्र परमो मतः ।
अवतारितभक्तांशः, कीलकं परिकीर्तितम् ।।७।।

નિજજનોના ક્લેશની નિવૃત્તિ માટે પ્રયત્ન એ જ શ્રીપુરુષોત્તમસહસ્રનામસ્તોત્રનો મુખ્ય મંત્ર છે. પોતાના અંશો ભક્તોને માટે જે પ્રભુ અવતર્યા છે, તે પ્રભુ “કીલક” ચાવી સ્વરૂપે છે. ૭

अस्त्रं सर्वसमर्थश्च, गोविन्दः कवचं मतम् ।
पुरुषो ध्यानमंत्रोक्तं, सिद्धिः शरणसंस्मृतिः ।।८।।

સર્વસમર્થ ભગવાન એ નામના સ્તોત્રના અસ્ત્રમ્ એટલે આયુધ રૂપ છે. શ્રીગોવિંદ ભગવાન કવચ એટલે બખતર છે. આ સ્તોત્રમાં વર્ણવેલ શ્રીપુરુષોત્તમ ધ્યાનસ્વરૂપ છે. નિરંતર હું પ્રભુના ચરણનો દાસ છું એવી સ્મૃતિ રહેવી એ જ સ્તોત્રની સિદ્ધિ છે. ૮

પ્રથમ સ્કન્ધ નામાનિ

श्रीकृष्णः सच्चिदानंदो, नित्यलीलाविनोदकृत् ।
सर्वागमविनोदी च, लक्ष्मीशः पुरुषोत्तमः ।।१।।

(૧) શ્રીકૃષ્ણ, (૨) સત્ ચિત્ આનંદસ્વરૂપ, (૩) નિરંતર લીલાવિનોદને પ્રકટ કરનાર-હંમેશાં લીલાઓના આનંદને પ્રકટ કરનાર, (૪) સર્વે વેદોથી વિનોદ કરનાર-સર્વ વેદો એ જ એમનો વિનોદ છે. સર્વ વેદોથી કાલને પ્રેરનાર, (૫) લક્ષ્મીજીના સ્વામી, (૬) શ્રીપુરુષોત્તમ-પૂર્ણપુરુષોત્તમ શ્રીહરિ ૯

आदिकालः सर्वकालः कालात्मा माययावृतः ।
भक्तोद्धारप्रयत्नात्मा, जगत्कर्ता जगन्मयः ।।१०।।

(૭) સર્વથી પ્રથમ કાળપુરુષ, (૮) સર્વને પ્રેરનાર કાલસ્વરૂપ, (૯) કાલના આત્માસ્વરૂપ, (૧૦) માયાથી વીંટાયેલા, (૧૧) ભક્તોના ત્રિવિધ ક્લેશને દૂર કરવાના પ્રયત્નમાં અન્તઃકરણવાળા, (૧૨) જગતના કર્તારચનાર, (૧૩) જગતસ્વરૂપ. ૧૦

नामलीलापरो विष्णु–र्व्यासात्मा शुकमोक्षदः ।
व्यापिवैकुण्ठदाता च, श्रीमद्भागवतागमः ।।११।।

(૧૪) શ્રેષ્ઠ નામ અને લીલાઓવાળા, (૧૫) વિષ્ણુ-સર્વત્ર વ્યાપક, (૧૬) વ્યાસજીના સ્વરૂપે અવતરેલા, (૧૭) શુકદેવજીને મુક્તિ આપનાર, (૧૮) સર્વત્ર વ્યાપક જ્ઞાનપૂર્ણ વૈકુંઠને આપનાર, (૧૯) શ્રીમદ્ભાગવતના ઉત્પાદક, ૧૧

शुकवागमृताब्धीन्दुः शौनकाद्यखिलेष्टदः ।
भक्तिप्रवर्तकस्त्राता, व्यासचिन्ताविनाशकः ।।१२।।

(૨૦) શ્રીશુકદેવજી મહારાજની અમૃતમય વાણી નામના સાગરના ચંદ્રમા, (૨૧) શૌનક વગેરેને સર્વપ્રિય ભક્તિ આપનાર, (૨૨) ભક્તિને પ્રવર્તાવનાર, (૨૩) રક્ષણ કરનાર, (૨૪) વ્યાસજીની ચિંતાને સર્વથા દૂરકરનાર,૧૨

सर्व–सिद्धान्तवागात्मा, नारदाद्यखिलेष्टदः ।
अन्तरात्मा ध्यानगम्यो, भक्तिरत्नप्रदायकः ।।१३।।

(૨૫) સર્વપ્રકારની વાણીમાં સિદ્ધાન્ત સ્વરૂપ સમાધિભાષા નામની વાણી જ આપનું સ્વરૂપ છે, (૨૬) નારદજી વગેરેને સર્વથી શ્રેષ્ઠ ભક્તિ આપનાર, (૨૭) અન્તઃકરણ સ્વરૂપ એવા પ્રભુ, (૨૮) ધ્યાન કરવાથી જાણી શકાતા, (૨૯) ભક્તિમાં સાધનભૂત શ્રીમદ્ ભાગવતરૂપી રત્નને અર્પનાર. ૧૩

मुक्तोपसृप्यः पूर्णात्मा, मुक्तानां रतिवर्धनः ।
भक्तकार्यैकनिरतो, द्रौण्यस्त्रविनिवारकः ।।१४।।

(૩૦) મુક્તાત્માઓ-ભક્તો આપના સન્નિધિમાં જવાને યોગ્ય છે એવા, (૩૧) સર્વગુણ પરિપૂર્ણ આત્મસ્વરૂપ, (૩૨) મુક્ત ભક્તોની સ્થાયી પ્રીતિ વધારનાર, (૩૩) ભક્તોનાં કાર્ય કરવામાં સર્વથા તત્પર, (૩૪) દ્રોણાચાર્યના પુત્ર અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રને સર્વથા પાછું વાળનાર, ૧૪

भक्तस्मयप्रणेता च, भक्तवाक्परिपालकः ।
ब्रह्मण्यदेवो धर्मात्मा, भक्तानां च परीक्षकः ।।१५।।

(૩૫) ભક્તોના ગર્વનો નાશ કરનાર, (૩૬) ભક્તની-દ્રૌપદીની વાણીનું પાલન કરનાર, (૩૭) બ્રહ્મમાં તલ્લીન પુરુષો(વ્રજભક્ત આદિ)માં સ્વચ્છન્દ ક્રીડા કરનાર, (૩૮) ધર્મને માટે અવતરનાર, ધર્મ (યુધિષ્ઠિર)ના પ્રાણરૂપ, (૩૯) ભક્તોની કસોટી-પરીક્ષા કરનાર, ૧૫

आसन्नहितकर्ता च, मायाहितकरः प्रभुः ।
उत्तराप्राणदाता च, ब्रह्मास्त्रविनिवारकः ।।१६।।

(૪૦) જલદીથી ભક્તોના હિતને સાધનાર, (૪૧) પોતાની માયાશક્તિથી સર્વને અભયદાન આપવા રૂપ હિત કરનાર, (૪૨) સર્વસમર્થ, (૪૩) ઉત્તરાના ગર્ભના રક્ષણ સાથે પ્રાણનું દાન કરનાર, (૪૪) અમોઘ બ્રહ્માસ્ત્રના રોકનાર, ૧૬

सर्वतः पाण्डवपतिः परीक्षिच्छुद्धिकारणम् ।
गूढात्मा सर्ववेदेषु, भक्तैकहृदयंगमः ।।१७।।

(૪૫) સર્વ પ્રકારની આપત્તિમાંથી પાણ્ડવોને બચાવનાર, (૪૬) પરીક્ષિત રાજાની શુદ્ધિમાં હેતુભૂત, (૪૭) સર્વ વેદોમાં ગુહ્યસ્વરૂપે બિરાજતા, (૪૮) ભક્તોના જ હૃદયમાં વાસ કરનાર. ૧૭

कुंतीस्तुत्यः प्रसन्नात्मा, परमाद्भुतकार्यकृत् ।
भीष्ममुक्तिप्रदः स्वामी, भक्तमोहनिवारकः ।।१८।।

(૪૯) કુંતીમાતા વડે સ્તુતિ કરવાને યોગ્ય, (૫૦) પ્રસન્ન અન્તઃકરણવાળા, (૫૧) અત્યંત વિસ્મય પમાડનારાં કાર્યો કરનારા, (૫૨) ભીષ્મપિતામહને મુક્તિ આપનારા, (૫૩) ભક્તોના સ્વામી, (૫૪) ભક્તોના મોહને દૂર

કરનારા, ૧૮

सर्वावस्थासु संसेव्यो, समः सुखहितप्रदः ।
कृतकृत्यः सर्वसाक्षी, भक्तस्त्रीरतिवर्धनः ।।१९।।

(૫૫) બધી અવસ્થાઓમાં સારી રીતે સેવા કરવાને યોગ્ય, (૫૬) સર્વસમાન નિર્વિકાર, (૫૭) સુખ અને કલ્યાણને આપનારા, (૫૮) સર્વકાર્યોની સિદ્ધિવાળા, (૫૯) સર્વવસ્તુના સાક્ષી, (૬૦) પાંડવાદિ ભક્તોમાં અને કુન્તીજી વગેરે સ્ત્રીઓમાં પોતાના તરફના પ્રેમને વધારનારા, ૧૯

सर्वसौभाग्यनिलयः परमाश्चर्यरूपधृक् ।
अनन्यपुरुषस्वामी द्वारकाभाग्यभाजनम् ।।२०।।

(૬૧) સર્વ જાતના સૌભાગ્યના ભંડાર, (૬૨) અત્યંત વિસ્મય પમાડે એવા સ્વરૂપને ધારણ કરનારા, (૬૩) અનન્યાશ્રયી પરમ ભગવદીય જનોના - પુરુષોના નાથ, (૬૪) દ્વારકાનગરીના સદ્‌ભાગ્યના હેતુ. ૨૦

बीजसंस्कारकर्ता च परीक्षिज्ज्ञानपोषकः ।
सर्वत्र पूर्णगुणकः सर्वभूषणभूषितः ।।२१।।

(૬૫) બીજરૂપ (શ્રીમદ્ ભાગવત શ્રવણ કરવાને યોગ્ય દેહના) સંસ્કારને કરનારા, (૬૬) પરીક્ષિત રાજાના જ્ઞાનને પોષનાર, (૬૭) ઐશ્વર્યાદિ છ ગુણોથી સંપૂર્ણ, (૬૮) મુકુટ આદિ અનેક અલંકારોથી શોભતા. ૨૧

सर्वलक्षणदाता च, धृतराष्ट्रविमुक्तिदः ।
सन्मार्गरक्षको नित्यं विदुरप्रीतिपूरकः ।।२२।।

(૬૯) સર્વ શુભ લક્ષણોનું દાન કરનારા, (૭૦) ધૃતરાષ્ટ્રને પરમ મુક્તિનાં દાન કરનારા, (૭૧) સંતોના માર્ગનું હંમેશાં રક્ષણ કરનારા, (૭૨) વિદુરજીની પ્રીતિને અને દૃઢ ભક્તિને પૂર્ણ કરનારા, ૨૨

लीलाव्यामोहकर्ता च, कालधर्मप्रवर्तकः ।
पाण्डवानां मोक्षदाता, परीक्षिभाग्यवर्धनः ।।२३।।

(૭૩) લીલાઓ દ્વારા કાળને મોહ પમાડનાર, (૭૪) કાળના ધર્મોને પ્રવર્તાવનાર, (૭૫) પરમભક્ત પાંડવોને મોક્ષ આપનાર, (૭૬) પરીક્ષિત રાજાના ભાગ્યને વધારનાર, ૨૩

कलिनिग्रहकर्ता च, धर्मादीनां च पोषकः ।
सत्संगज्ञानहेतुश्च, श्रीभागवतकारणम् ।।२४।।

(૭૭) કળિકાલનો નિગ્રહ-સ્વાધીન કરનાર, (૭૮) ધર્મ - દીનજનો વગેરેને પોષનાર, (૭૯) સંતસમાગમથી પેદા થતા જ્ઞાનનું મૂળ કારણ, (૮૦) શ્રીમદ્‌ભાગવતના આવિર્ભાવ એટલે પ્રકટ કરવામાં કારણરૂપ પ્રભુ, ૨૪

દ્વિતીય સ્કન્ધ નામાનિ

पाकृतादृष्टमार्गश्च श्रोतव्यः सकलागमैः ।
कीर्तितव्यः शुद्धभावैः स्मर्तव्यश्चात्मवित्तमैः ।।२५।।

(૮૧) પ્રકૃતિનાં કાર્યો ચલાવનાર અને અદૃષ્ટ એટલે પ્રારબ્ધકર્મને દૂર કરનાર, પૂર્ણપુરુષોત્તમ, (૮૨) સમસ્ત વેદો દ્વારા સાંભળવાલાયક, (૮૩) શુદ્ધ ભાવવાળા-સરળ સ્વભાવવાળા-ભક્તોથી કીર્તન કરવા લાયક, (૮૪) આત્મતત્ત્વના શ્રેષ્ઠ જ્ઞાતાઓથી અને શ્રેષ્ઠ જ્ઞાનીઓથી પણ સ્મરણ કરવા લાયક, ૨૫

अनेकमार्गकर्ता च, नानाविधगतिप्रदः ।
पुरुषः सकलाधारः सत्त्वैकनिलयात्मभूः ।।२६।।

(૮૫) સાંખ્ય વગેરે જુદા-અનેક માર્ગોના રચનાર, (૮૬) જુદા જુદા પ્રકારના કર્મ અનુસાર ગતિ આપનાર, (૮૭) વિરાટ સ્વરૂપ એટલે પૂર્ણપુરુષોત્તમ, (૮૮) અખિલ બ્રહ્માંડના આધાર, (૮૯) ફક્ત સાત્ત્વિક ગુણયુક્ત ચિત્તવાળા ભક્તોના હૃદયમાં વસનાર, ૨૬

सर्वध्येयो योगगम्यो, भक्त्या ग्राह्यः, सुरप्रियः ।
जन्मादिसार्थककृतिर्लीलाकर्ता पतिःसताम् ।।२७।।

(૯૦) બધા મનુષ્યો વડે ધ્યાન કરવા યોગ્ય, (૯૧) યોગ વડે પ્રાપ્ત થાય તેવા, (૯૨) ભક્તિથી પ્રાપ્ત કરી શકાય તેવા, (૯૩) દેવો અથવા દૈવી જીવોના પ્રિય, (૯૪) ભક્તજનોના જન્માદિ આયુષ્યને સફળ કરનારી કૃતિ એટલે લીલા જેમની છે તેવા પ્રભુ, (૯૫) લીલાઓ કરનાર, (૯૬) સત્પુરુષોનું પાલન કરનાર, ૨૭

आदिकर्ता तत्त्वकर्ता, सर्वकर्ता विशारदः ।
नानावतारकर्ता च, ब्रह्माविर्भावकारणम् ।।२८।।

(૯૭) આદિ એટલે સર્વપ્રથમના-બ્રહ્માના રચનાર, (૯૮) પ્રકૃતિ વગેરે તત્ત્વોના કર્તા, (૯૯) સર્વ વસ્તુ માત્રના કર્તા (૧૦૦) અતિ નિપુણ - ચતુર, (૧૦૧) જુદા જુદા અંશ આવેશ-અવતારો ધરનાર, (૧૦૨) બ્રહ્માજીની ઉત્પત્તિમાં હેતુ, ૨૮

दशलीलाविनोदी च, नानासृष्टिप्रवर्तकः ।
अनेककल्पकर्ता च, सर्वदोषविवर्जितः ।।२९।।

(૧૦૩) સર્ગવિસર્ગાદિ દશ લીલાઓ દ્વારા વિનોદ કરનાર, (૧૦૪) નાના એટલે જુદા જુદા પ્રકારની સૃષ્ટિને ચલાવનાર, (૧૦૫) પાદ્મ વગેરે અનેક કલ્પોના કર્તા, (૧૦૬) સર્વ પ્રકારના દોષોથી સર્વથા રહિત. ૨૯

તૃતીય સ્કંધ નામાનિ

वैराग्यहेतुस्तीर्थात्मा, सर्वतीर्थफलप्रदः ।
तीर्थशुद्धैकनिलयः स्वमार्गपरिपोषकः ॥३०॥

(૧૦૭) શ્રીવિદુરજીને વૈરાગ્ય ઉત્પન્ન થવામાં કારણરૂપ, (૧૦૮) તીર્થસ્વરૂપ, (૧૦૯) સર્વ તીર્થોમાં ફળને આપનાર, (૧૧૦) તીર્થયાત્રાથી શુદ્ધ થયેલ કેવલ ભક્તો જ આપનું સ્થાન છે તેવા-તીર્થસેવનથી પવિત્ર થયેલા ભક્તોના હૃદયમાં બિરાજમાન, (૧૧૧) પોતાના ભક્તિમાર્ગનું પોષણ કરનાર, ૩૦

तीर्थकीर्तिर्भक्तगम्यो, भक्तानुशयकार्यकृत ।
भक्ततुल्यः सर्वतुल्यः, स्वेच्छासर्वप्रवर्तकः ॥३१॥

(૧૧૨) તીર્થોની કીર્તિ જેમને લીધે છે એવા, (૧૧૩) ભક્તોથી પ્રાપ્ત કરવા યોગ્ય, (૧૧૪) ભક્તોના ચિત્તના અને પવિત્ર કીર્તિવાળાઓના ચિત્તના નિરોધ માટે લીલાઓ કરનાર, (૧૧૫) ભક્તોને પોતાના સમાન ગણનાર, (૧૧૬) સર્વ પ્રાણીઓને પોતપોતાનાં કર્મો અનુસાર સમાન ભાવે ફળ આપનાર, (૧૧૭) ભક્તોની ઈચ્છા પ્રમાણે સર્વને ચલાવનાર અથવા પોતાની ઈચ્છાથી સર્વ વિશ્વને પોતાના સ્વરૂપમાંથી પ્રકટ કરનાર, ૩૧

गुणातीतोनवद्यात्मा, सर्गलीलाप्रवर्तकः ।
साक्षात् सर्वजगत्कर्ता, महदादिप्रवर्तकः ॥३२॥

(૧૧૮) સત્ત્વ આદિ ગુણોથી પર, (૧૧૯) નિર્દોષ આત્મ-સ્વરૂપવાળા અથવા પરનિંદા ન કરનાર ભક્તોના આત્મા-પ્રાણ, (૧૨૦) સૃષ્ટિની રચનારૂપ લીલાને કરનાર, (૧૨૧) કોઈના પણ આશ્રય વિના સ્વયંસંપૂર્ણ જગતના રચનાર, (૧૨૨) મહત્તત્ત્વ-બુદ્ધિ વગેરે તત્ત્વોના પ્રવર્તક.૩૨

मायाप्रवर्तकः साक्षी, मायारतिविवर्धनः ।
आकाशात्मा चतुर्मूर्ति श्चतुर्धाभूतभावनाः ॥३३॥

(૧૨૩) માયાને પ્રેરનાર, (૧૨૪) પ્રત્યક્ષ જોનાર - સાક્ષીરૂપ, (૧૨૫) માયા દ્વારા આસક્તિને પેદા કરનાર, (૧૨૬) પ્રકાશમાન સ્વરૂપવાળા અથવા આકાશ જેમનો દેહ છે એવા, (૧૨૭) વાસુદેવ આદિ ચાર વ્યૂહસ્વરૂપ, (૧૨૮) ચાર વર્ણ અથવા ધર્માદિ ચાર પુરુષાર્થોને ધારણ કરનાર, (૧૨૯) પૃથ્વી વગેરે પાંચ તત્ત્વોને ઉત્પન્ન કરનાર. ૩૩

रजः प्रवर्तको ब्रह्मा,मरीच्यादिपितामहः ।
वेदकर्ता यज्ञाकर्ता, सर्वकर्ताऽमितात्मकः ॥३४॥

(૧૩૦) રજોગુણના પ્રવર્તક, (૧૩૧) બ્રહ્મા-સ્વરૂપ એવા ભગવાન, (૧૩૨) મરીચિ વગેરે મુનિઓના પિતામહ, (૧૩૩) વેદોના કર્તા, (૧૩૪) યજ્ઞોના કર્તા, (૧૩૫) સર્વના કર્તા, (૧૩૬) અસંખ્ય સ્વરૂપવાળા. ૩૪

अनेकसृष्टिकर्ता च, दशधासृष्टिकारकः ।
यज्ञांगो यज्ञावाराहो, भूधरो भूमिपालकः ॥३५॥

(૧૩૭) અનેક પ્રકારની સૃષ્ટિને પ્રકટ કરનાર, (૧૩૮) દશ પ્રકારની સૃષ્ટિને કરનાર, (૧૩૯) યજ્ઞો જેમનું અંગ છે તેવા, (૧૪૦) યજ્ઞસ્વરૂપ-વરાહ ભગવાન, (૧૪૧) પૃથ્વીને ધારણ કરનાર, (૧૪૨) પૃથ્વીનું પાલન કરનાર, ૩૫

सेतुर्विधरणो जैत्रो, हिरण्याक्षान्तकः सुरः ।
दितिकश्यपकामैक–हेतुसृष्टिप्रवर्तकः ॥३६॥

(૧૪૩) મર્યાદા બાંધનાર, (૧૪૪) મર્યાદાના પાલનથી સૃષ્ટિને ધારણ કરનાર અથવા ગરુડજીથી ઉઠાવાતા (૧૪૫) હંમેશાં વિજય પ્રાપ્ત કરવાના સ્વભાવવાળા, (૧૪૬) હિરણ્યાક્ષને મારનાર, (૧૪૭) સુર-દેવ-રૂપ, (૧૪૮) દિતિ અને કશ્યપની કામનાથી સૃષ્ટિને પ્રવર્તાવવામાં એક કારણભૂત, ૩૬

देवाभयप्रदाता च, वैकुण्ठाधिपतिर्महान् ।
सर्वगर्वप्रहारी च, सनकाद्यखिलार्थदः ॥३७॥

(૧૪૯) દેવતાઓને અભયદાન આપનારા, (૧૫૦) વૈકુંઠના સ્વામી, (૧૫૧) સર્વથી મહાન-શ્રેષ્ઠ, (૧૫૨) સર્વના ગર્વને હરનારા, (૧૫૩) સનકાદિઓને સંપૂર્ણ અર્થ આપનાર. ૩૭

सर्वाश्वासनकर्ता च, भक्ततुल्याहवप्रदः ।
काललक्षणहेतुश्च, सर्वार्थज्ञापकः परः ॥३८॥

(૧૫૪) સર્વને આશ્વાસન આપનાર, (૧૫૫) ભક્તને યોગ્ય યુદ્ધ આપનારા, (૧૫૬) શુભાશુભ કાલના લક્ષણના જ્ઞાનમાં કારણ, (૧૫૭) સર્વ અર્થોનું જ્ઞાન કરાવનાર, (૧૫૮) સર્વથી પર, ૩૮

भक्तोन्नतिकरः सर्वप्रकारसुखदायकः ।
नानायुद्धप्रहरणो, ब्रह्मशापविमोचकः ॥३९॥

(૧૫૯) ભક્તોની ઉન્નતિ કરનાર, (૧૬૦) સર્વ પ્રકારનાં સુખોને આપનાર, (૧૬૧) યુદ્ધનાં અનેક શસ્ત્રોવાળા, (૧૬૨) બ્રહ્મરૂપ સનકાદિના શાપથી છોડાવનાર. ૩૯

पुष्टिसर्गप्रणेता च, गुणसृष्टिप्रवर्तकः ।
कर्दमेष्टप्रदाता च, देवहूत्याखिलार्थदः ॥४०॥

(૧૬૩) અનુગ્રહને માટે સૃષ્ટિના સર્જક, (૧૬૪) ગુણમયી સૃષ્ટિના રચનાર, (૧૬૫) કર્દમ મુનિને ઈષ્ટ

આપનાર, (૧૬૬) દેવહૂતિને સંપૂર્ણ અર્થ આપનાર, ૪૦

शुक्लनारायणः सत्य–कालधर्मप्रवर्तकः ।
ज्ञानावतारः शान्तात्मा, कपिलः कालनाशकः ।।४१।।

(૧૬૭) શુદ્ધ સત્ત્વગુણી નારાયણ, (૧૬૮) વાસ્તવિક કાલધર્મના પ્રવર્તક, (૧૬૯) જ્ઞાનના અવતાર સ્વરૂપ, (૧૭૦) શાન્ત ભક્તોના આત્મા અને શાન્ત સ્વરૂપ, (૧૭૧) કપિલ ભગવાન, (૧૭૨) કાલ એટલે મૃત્યુને દૂર કરનાર. ૪૧

त्रिगुणाधिपतिः सांख्यशास्त्रकर्ता विशारदः ।
सर्गदूषणहारी च पुष्टिमोक्षप्रवर्तकः ।।४२।।

(૧૭૩) સત્ત્વાદિ ત્રણ ગુણના નિયામક, (૧૭૪) સાંખ્ય શાસ્ત્રના કર્તા, (૧૭૫) સર્વ શાસ્ત્રમાં નિપુણ, (૧૭૬) સૃષ્ટિના દૂષણરૂપ અધર્મને દૂર કરનાર, (૧૭૭) પુષ્ટિ-અનુગ્રહ દ્વારા મોક્ષને પ્રાપ્ત કરાવનાર, ૪૨

लौकिकानन्ददाता च, ब्रह्मानन्दप्रवर्तकः ।
भक्तिसिद्धान्तवक्ता च, सगुणज्ञानदीपकः ।।४३।।

(૧૭૮) લૌકિક-પુત્રસ્નેહ આદિ આનંદને આપનારા, (૧૭૯) બ્રહ્માનંદના પ્રવર્તક, (૧૮૦) ભક્તિમાર્ગના સિદ્ધાંતના વિવેચક, (૧૮૧) સત્ત્વાદિ ગુણવાળી સૃષ્ટિના અને જગતરૂપ પ્રપંચના જ્ઞાનના પ્રકાશક, ૪૩

आत्मप्रदः पूर्णकामो, योगात्मा योगभावितः ।
जीवन्मुक्तिप्रदः श्रीमानन्यभक्तिप्रवर्तकः ।।४४।।

(૧૮૨) સ્વસ્વરૂપનાં દાન કરનારા, (૧૮૩) સર્વ રીતે પરિપૂર્ણ કામનાવાળા, (૧૮૪) યોગરૂપ જેમનો આત્મા છે, (૧૮૫) અષ્ટાંગ-યોગથી ચિંતન કરતા, (૧૮૬) જીવન્મુક્તિનાં દાન કરનારા, (૧૮૭) શોભાથી પરિપૂર્ણ, (૧૮૮) ધર્મ, અર્થ આદિ ચાર પુરુષાર્થોથી પણ વિશિષ્ઠ અનન્ય સેવાલક્ષણ ભક્તિના પ્રવર્તક, ૪૪

कालसामर्थ्यदाता च, कालदोषनिवारकः ।
गर्भोत्तमज्ञानदाता, कर्ममार्गनियामकः ।।४५।।

(૧૮૯) કાળને શક્તિ આપનાર, (૧૯૦) કાળથી થતા દોષોને દૂર કરનાર, (૧૯૧) ગર્ભમાં જીવને ઉત્તમ જ્ઞાન આપનાર, (૧૯૨) કર્મમાર્ગના નિયામક (કર્મથી થતા જન્મ-મરણના ફેરાના નાશક), ૪૫

सर्वमार्गनिराकर्ता, भक्तिमार्गैकपोषकः ।
सिद्धिहेतुः सर्वहेतुः, सर्वाश्चर्यैककारणम् ।।४६।।

(૧૯૩) અન્ય (શરણાગતિથી) સર્વ માર્ગનું નિરાકરણ કરનાર, (૧૯૪) કેવળ ભક્તિમાર્ગના પોષક, (૧૯૫) સિદ્ધિની પ્રાપ્તિમાં હેતુ, (૧૯૬) સંપૂર્ણ સિદ્ધિઓના કારણ, (૧૯૭) સર્વ આશ્ચર્યમાં કારણ, ૪૬

चेतनाचेतनपतिः समुद्रपरिपूजितः ।
सांख्याचार्यस्तुतः सिद्धपूजितः सर्वपूजितः ।।४७।।

(૧૯૮) ચેતન-અચેતન અથવા સ્થાવર-જંગમના પાલક, (૧૯૯) સમુદ્રથી પૂજાયેલા (૨૦૦) સાંખ્યાચાર્યથી સ્તવન કરાયેલા, (૨૦૧) સિદ્ધજનોથી પૂજાતા, (૨૦૨) સર્વથી પૂજાતા, ૪૭

ચતુર્થ સ્કંધ નામાનિ

विसर्गकर्ता सर्वेशः कोटिसूर्यसमप्रभः ।
अनन्तगुणगंभीरो, महापुरुषपूजितः ।।४८।।

(૨૦૩) વિસર્ગલીલાના કરનાર, (૨૦૪) સર્વ પ્રાણીના સ્વામી, (૨૦૫) કરોડો સૂર્યના સરખી કાન્તિવાળા, (૨૦૬) અનન્તગુણોથી ગંભીર, (૨૦૭) મહાપુરુષોથી પૂજાતા, ૪૮

अनन्तसुखदाता च, ब्रह्मकोटिप्रजापतिः ।
सुधाकोटिस्वास्थ्यहेतुः, कामधुक्कोटिकामदः ।।४९।।

(૨૦૮) અનન્ત સુખોને આપનાર, (૨૦૯) અનન્ત કોટિ બ્રહ્માઓના પ્રકટ કરનાર, (૨૧૦) કરોડો અમૃતના જેવી સ્વસ્થતા-શાંતિને આપનાર, (૨૧૧) કરડો કામધેનુની સમાન કામનાને પૂરનાર, ૪૯

समुद्रकोटिगंभीर–स्तीर्थकोटिसमाह्वः ।
सुमेरूकोटिनिष्कम्पः, कोटिब्रह्माण्डविग्रहः ।।५०।।

(૨૧૨) કરોડો સમુદ્ર સમાન ગંભીર, (૨૧૩) કરોડો તીર્થોના સમાન, (૨૧૪) કરોડો મેરુ સરખા અચલ, (૨૧૫) કરોડો બ્રહ્માણ્ડ જેમના દેહ છે તેવા, ૫૦

कोट्यश्वमेघपापघ्नो, वायुकोटिमहाबलः ।
कोटीन्दुजगदानन्दी, शिवकोटिप्रसादकृत ।।५१।।

(૨૧૬) અનેક (અસંખ્ય) અશ્વમેધોની માફક પાપોને દૂર કરનાર, (૨૧૭) અત્યંત વાયુ સરખા બલિષ્ઠ, (૨૧૮) જગતને અનન્ત ચંદ્રોના જેવો આનંદ આપનાર, (૨૧૯) અનંત શિવ સમાન પ્રસાદ-કૃપા કરનાર, ૫૧

सर्वसद्गुणमाहात्म्यः, सर्वसद्गुणभाजनम् ।
मन्वादिप्रेरको धर्मो, यज्ञानारायणः परः ।।५२।।

(૨૨૦) સર્વ સદ્ગુણોના માહાત્મ્યને ધરનાર, (૨૨૧) સર્વપ્રકારના સદ્ગુણ-ગુણીથી સેવાતા, (૨૨૨) સ્વયંભૂ મનુ વગેરેને પ્રેરનાર,(૨૨૩) ધર્માત્મા ,(૨૨૪) યજ્ઞ-નારાયણ પ્રભુ, (૨૨૫) સર્વથી શ્રેષ્ઠ, સર્વને પૂરનાર, ૫૨

आकूतिसूनुर्देवेन्द्रो, रूचिजन्माभयप्रदः ।
दक्षिणापतिरोजस्वी, क्रियाशक्तिः परायणः ।।५३।।

(૨૨૬) આકૂતિના પુત્ર-યજ્ઞનારાયણ, (૨૨૭) સર્વ દેવોના ઈન્દ્ર, (૨૨૮) રુચિ મુનિથી જન્મ લેનાર, (૨૨૯) અભયદાન આપનાર, (૨૩૦) દક્ષિણાના સ્વામી, (૨૩૧) ઉત્સાહી-પરાક્રમી, (૨૩૨) ક્રિયા-શક્તિસ્વરૂપ, (૨૩૩) પરમ આશ્રયરૂપ., ૫૩

दत्तात्रेयो योगपति–र्योगमार्गप्रवर्तकः ।
अनसूयागर्भरत्न–मृषिवंशविवर्धनः ।।५४।।

(૨૩૪) દત્તાત્રેય ભગવાન, (૨૩૫) યોગના સ્વામી, (૨૩૬)યોગમાર્ગના પ્રવર્તક,(૨૩૭) અનસૂયાના ગર્ભના રત્નસ્વરૂપ, (૨૩૮) ઋષિઓના વંશને વધારનાર, ૫૪

गुणत्रयविभागज्ञा – श्चतुर्वर्गविशारदः ।
नारायणो धर्मसूनुः, मूर्तिपुण्ययशस्करः ।।५५।।

(૨૩૯) સત્ત્વાદિ ત્રણ ગુણોના વિભાગને જાણનાર, (૨૪૦) ધર્મ, અર્થ, કામ અને મોક્ષ નામના ચાર પુરુષાર્થોના જાણકાર, (૨૪૧) નારાયણ ભગવાન - નરસમૂહના અનન્ય આશ્રય, (૨૪૨) ધર્મના પુત્ર, (૨૪૩) મૂર્તિના પવિત્ર યશને ફેલાવનાર, ૫૫

सहस्रकवचच्छेदी तपःसारो नरप्रियः ।
विश्वानन्दप्रदः कर्म–साक्षी भारतपूजितः ।।५६।।

(૨૪૪) હજારો શત્રુઓનાં કવચોને છેદનાર, (૨૪૫) તપોબલવાળા, (૨૪૬) નરના, અર્જુનજીના અને જીવના પ્રિય, (૨૪૭) વિશ્વને આનંદ આપનાર, (૨૪૮) સર્વ જીવોનાં કર્મોને જાણનાર સાક્ષી, (૨૪૯) ભારતથી વંદન કરાયેલા, ૫૬

अनन्ताभ्दुतमाहात्म्यो, बदरीस्थानभूषणम् ।
जितकामो जितक्रोधो, जितसंगो जितेन्द्रियः ।।५७।।

(૨૫૦) અખંડ વિસ્મયકારક મહિમાવાળા, (૨૫૧) બદરિકાશ્રમનું ભૂષણ, (૨૫૨) કામદેવના વિજેતા, (૨૫૩) ક્રોધને જીતનારા, (૨૫૪) સંગના વિજેતા, (૨૫૫) ઈન્દ્રિયોના વિજેતા, ૫૭

उर्वशीप्रभवः स्वर्गसुखदायी स्थितिप्रदः ।
अमानी मानदो गोप्ता, भगवच्छास्त्रबोधकः ।।५८।।

(૨૫૬) નરનારાયણના આશ્રમમાં ઉર્વશી નામની અપ્સરાને ઉત્પન્ન કરનાર, (૨૫૭) ઉર્વશીથી ઈન્દ્ર અને સ્વર્ગને સુખ આપનાર, (૨૫૮) સ્વર્ગમાં ઉર્વશીને નિવાસસ્થાન આપનાર, (૨૫૯) અભિમાનરહિત, (૨૬૦) સર્વને માન આપનાર, (૨૬૧) સર્વ લોકનું રક્ષણ કરનાર, (૨૬૨) નારદ પંચરાત્ર અને ભાગવત શાસ્ત્ર આદિ શાસ્ત્રોના બોધક, ૫૮

ब्रह्मादिवन्द्यो हंसः श्रीर्मायावैभवकारणम् ।
विविधानन्तसर्गात्मा, विश्वपूरणतत्परः ।।५९।।

(૨૬૩) બ્રહ્મા આદિ દેવોથી વંદન કરવા યોગ્ય, (૨૬૪) હંસસ્વરૂપ પ્રભુ, (૨૬૫) સાક્ષાત્ લક્ષ્મીસ્વરૂપ, (૨૬૬) માયાના વૈભવના કારણરૂપ, (૨૬૭) જુદી જુદી અસંખ્ય સૃષ્ટિમાં જવાના સ્વભાવવાળા, (૨૬૮) સમસ્ત વિશ્વનું પોષણ કરવામાં સદા તૈયાર, ૫૯

यज्ञाजीवनहेतुश्च, यज्ञास्वामीष्टबोधकः ।
नानासिद्धान्तगम्यश्च, सप्ततन्तुश्व षड्गुणः ।।६०।।

(૨૬૯) યજ્ઞની પૂર્ણતા અને દક્ષતાના જીવનમાં કારણભૂત, (૨૭૦) યજ્ઞના સ્વામી, (૨૭૧) ઈષ્ટ વસ્તુનો બોધ કરનાર, (૨૭૨) જુદા જુદા અનેક સિદ્ધાંતો વડે જ્ઞેય, (૨૭૩) યજ્ઞની સાત પ્રકારની સંસ્થાઓનો વિસ્તાર કરનાર, (૨૭૪) છ પ્રકારના ગુણોથી શોભતા, ૬૦

प्रतिसर्गजगत्कर्ता, नानालीलाविशारदः ।
ध्रुवप्रियो ध्रुवस्वामी, चिन्तिताधिकदायकः ।।६१।।

(૨૭૫) પ્રત્યેક સર્ગના આરંભમાં જગતના રચનાર, (૨૭૬) જુદી જુદી સર્ગ, વિસર્ગ વગેરે લીલાઓના કર્તા, (૨૭૭) ધ્રુવજી જેને પ્રિય છે-ધ્રુવજીના પ્રિય, (૨૭૮) ધ્રુવજીના સ્વામી, (૨૭૯) મનથી ધારેલા અભિલાષ કરતાં પણ વિશેષ ઈચ્છાઓની પૂર્તિ કરનાર. ૬૧

दुर्लभानन्तफलदो, दयानिधिरमित्रहा ।
अंगस्वामी कृपासारो, वैन्यो भूमिनियामकः ।।६२।।

(૨૮૦) દેવોને દુર્લભ એવા અનન્ત અલૌકિક ફલને આપનાર, (૨૮૧) દયાના ભંડાર, (૨૮૨) શત્રુઓનો વિનાશ કરનારા, (૨૮૩) અંગરાજાના નિયામક, (૨૮૪) કૃપા નામની સારવસ્તુ જેમની પાસે છે તેવા, (૨૮૫) વૈન્ય-પૃથુરાજા રૂપ પ્રભુ, (૨૮૬) પૃથ્વીના નિયામક. ૬૨

भूमिदोग्धा प्रजा प्राणपालनैकपरायणः ।
यशोदाता ज्ञानदाता, सर्वधर्मप्रदर्शकः ।।६३।।

(૨૮૭) ભૂમિ નામની કામદુધાનું દોહન કરનારા, (૨૮૮) પ્રજાના પ્રાણોની રક્ષા કરવામાં સદા તૈયાર, (૨૮૯) યશનું દાન કરનાર, (૨૯૦) જ્ઞાન આપનાર, (૨૯૧) સર્વ ધર્મોનો ઉપદેશ કરનાર, ૬૩

पुरंजनो जगन्मित्रं, विसर्गान्तप्रदर्शकः ।
प्रचेतसां पतिश्चित्रभक्तिहेतुर्जनार्दनः ।।६४।।

(૨૯૨) પુર એટલે પુણ્યશાળી શરીરના જનક, (૨૯૩) જગતના બંધુ, (૨૯૪) વિસર્ગના અન્તના પણ દર્શક,

(૨૯૫) પ્રચેતાઓના સ્વામી, (૨૯૬) અલૌકિક ભક્તિના કારણ, (૨૯૭) જનાર્દન-માયાના નિવર્તક. ૬૪

स्मृतिहेतुब्रह्मभावसायुज्यादिप्रदः शुभः ।
विजयी स्थितिलीलाब्धिरच्युतो विजयप्रदः ।।६५।।

(૨૯૮) ભગવત્સ્મરણથી થતા બ્રહ્મભાવથી સાયુજ્યાદિ ચાર પ્રકારની મુક્તિને આપનાર, (૨૯૯) મંગલસ્વરૂપ, (૩૦૦) સર્વત્ર વિજય મેળવનાર, (૩૦૧) સ્થિતિ નામની પંચમ સ્કંધની ત્રીજી લીલાના સાગર, (૩૦૨) અચ્યુત, જેના ભક્તો કદી ભ્રષ્ટ નથી થતા એવાથી અચ્યુત, (૩૦૩) ભક્તોને વિજય આપનાર, ૬૫

પંચમ સ્કંધ નામાનિ : સ્થાન લીલા

स्वसामर्थ्यप्रदो भक्तकीर्तिहेतुरधोक्षजः ।
प्रियव्रतप्रियस्वामी, स्वेच्छावादविशारदः ।।६६।।

(૩૦૪) સ્વ-નિજજનોને સામર્થ્ય આપનાર, (૩૦૫) ભક્તોની કીર્તિમાં કારણ, (૩૦૬) સ્વતઃ સિદ્ધ જ્ઞાનવાળાં, શ્રી અધોક્ષજ (૩૦૭) પ્રિયવ્રત રાજાના પ્રિય સ્વામી, (૩૦૮) સ્વઈચ્છાથી પ્રકટેલા બ્રહ્મવાદમાં અત્યંત કુશળ, ૬૬

संग्यगम्यः स्वप्रकाशः, सर्वसंगविवर्जितः ।
ईच्छायां च समर्यादस्त्यागमात्रोपलम्भनः ।।६७।।

(૩૦૯) વિષય સંગીઓના સદા અગમ્ય પ્રભુ, (૩૧૦) સ્વયંપ્રકાશ, (૩૧૧) સર્વ પ્રકારના સાંસારિક સંગોને દૂર કરનાર-રહિત, (૩૧૨) ત્યાગની ઈચ્છાવાળા ભક્તોના મર્યાદક, (૩૧૩) સર્વ વસ્તુનાસંગનાત્યાગ માત્રથી પ્રાપ્ત થનાર પ્રભુ, ૬૭

अचिन्त्यकार्यकर्ता च, तर्कागोचरकार्यकृत् ।
शृंगाररसमर्यादा आग्नीध्ररसभाजनम् ।।६८।।

(૩૧૪) મનથી પણ ધારી ન શકાય તેવાં અચિન્ત્ય કાર્યોના કરનાર, (૩૧૫) અનુમાનમાં ન ઊતરે તેવાં કાર્યોના કર્તા, (૩૧૬) શૃંગારરસના અવધિસ્વરૂપ પ્રભુ, (૩૧૭) આગ્નીધ્ર રાજાના રસ-આનન્દના પાત્ર રૂપ, ૬૮

नाभीष्टपूरकः कर्ममर्यादादर्शनोत्सुकः ।
सर्वरूपोद्भुततमो, मर्यादापुरुषोत्तमः ।।६९।।

(૩૧૮) નાભિરાજાની ઈચ્છાના પૂરક, (૩૧૯) કર્મ - માર્ગની મર્યાદા દર્શાવવામાં ઉત્સુક, (૩૨૦) સર્વસ્વરૂપ, (૩૨૧) અત્યંત અદ્ભુત, (૩૨૨) મર્યાદાપુરુષોત્તમ શ્રી ઋષભદેવ, ૬૯

सर्वरूपेषु सत्यात्मा, कालसाक्षी शशिप्रभः ।
मेरुदेवीव्रतफलमृषभो भगलक्षणः ।।७०।।

(૩૨૩) બ્રાહ્મણ આદિ સર્વ દેહોમાં સત્ય સ્વરૂપે વસતા, (૩૨૪) કાલના સાક્ષી-નિયામક, (૩૨૫) ચંદ્રમાની સમાન કાંતિવાળા, (૩૨૬) મેરુદેવીના પુંસવન આદિ વ્રતના ફલાત્મા, (૩૨૭) ઋષભદેવ પ્રભુ, (૩૨૮) છ પ્રકારનાં ઐશ્વર્યોના પ્રદર્શક, ૭૦

जगत्संतर्पको मेघरूपी देवेन्द्रदर्पहा ।
जयन्तीपतिरत्यन्तप्रमाणाशेषलौकिकः ।।७१।।

(૩૨૯) જગતને તૃપ્ત કરનાર, જગતનું સર્વથા તર્પણ કરનાર, (૩૩૦) મેઘસ્વરૂપ, (૩૩૧) ઈન્દ્રના ગર્વને પણ ઉતારનાર, (૩૩૨) જયંતીના પતિદેવ, (૩૩૩) લૌકિક પ્રમાણોને સર્વથા ઓળંગનાર, ૭૧

शतधान्यस्तभूतात्मा, शतानन्दो गुणप्रसूः ।
वैष्णवोत्पादनपरः, सर्वधर्मोपदेशकः ।।७२।।

(૩૩૪) સો પ્રકારે પોતાના આત્માને (પુત્રોના) દેહોમાં ધારણ કરનાર, (૩૩૫) સો સંખ્યાવાળા પુત્રોથી આનંદ પ્રાપ્ત કરનાર, (૩૩૬) ગુણોને જન્મ આપનારા, (૩૩૭) વૈષ્ણવ ભરત ભક્તને પેદા કરનાર, (૩૩૮) સર્વધર્મોના ઉપદેશક, ૭૨

परहंसक्रियागोप्ता, योगचर्याप्रदर्शकः ।
चतुर्थाश्रमनिर्णेता, सदानन्द शरीरवान् ।।७३।।

(૩૩૯) પરમહંસોની ક્રિયાના સંરક્ષક, (૩૪૦) યોગચર્યાના પ્રદર્શક, (૩૪૧) ચતુર્થ આશ્રમના નિર્ણેતા, (૩૪૨) સદા આનંદમય શરીરવાળા, ૭૩

प्रदर्शितान्यधर्मश्च, भरतस्वाम्यपारकृत् ।
यथावत्कर्मकर्ता च, संगानिष्टप्रदर्शकः ।।७४।।

(૩૪૩) અન્ય જીવોના ધર્મમાર્ગના પ્રદર્શક, (૩૪૪) ભરત રાજાના પાલક, (૩૪૫) અપારસંસાર સાગરને છેદનાર, (૩૪૬) વેદમાં કહેલાં સંપૂર્ણ કર્મોના કર્તા, (૩૪૭) હરણનું શરીર લઈને સંગથી થતા અનર્થના પ્રદર્શક. ૭૪

आवश्यकपुनर्जन्म कर्ममार्गप्रदर्शकः ।
यज्ञारूपमृगः शान्तः, सहिष्णुः सत्पराक्रमः ।।७५।।

(૩૪૮) જરૂર થનારા પુનર્જન્મમાં કારણભૂત કર્મમાર્ગના પ્રદર્શક, (૩૪૯) યજ્ઞમાં બલિદાનભૂત મૃગ-જડભરત, (૩૫૦) શાંતસ્વરૂપ ભગવાન, (૩૫૧) સહનશીલ, (૩૫૨) સત્ય પરાક્રમવાળા, ૭૫

रहूगणगतिज्ञश्च, रहूगणविमोचकः ।
भवाटवीतत्त्ववक्ता, बहिर्मुखहिते रतः ।।७६।।

(૩૫૩) રહૂગણ રાજાને જ્ઞાન આપવાના ઉપાયને

જાણનાર, (૩૫૪) રહૂગણ રાજાને સંસારબંધનથી મુક્ત કરનાર. (૩૫૫) સંસારવનના તત્ત્વના વક્તા, (૩૫૬) બહિર્મુખ જીવોના હિતમાં સદા તૈયાર, ૭૬

गयस्वामी स्थानवंश–कर्ता स्थानविभेदकृत् ।
पुरुषावयवो भूमिविशेषविनिरूपकः ।।७७।।

(૩૫૭) ગય નામના રાજાના સ્વામી, (૩૫૮) ધર્મની સ્થિતિ માટે પ્રિયવ્રત રાજાના વંશના કર્તા, (૩૫૯) સ્થાનની રક્ષા માટે પ્રિયવ્રત રાજાના વંશની જુદી જુદી શાખાઓ કરનાર, (૩૬૦) સમસ્ત બ્રહ્માંડ વિરાટ પુરુષના અવયવજ્ઞ. (૩૬૧) ભૂમિનું વિશેષ રીતે નિરૂપણ કરનાર, ૭૭

जम्बूद्वीपपतिर्मेरुर्नाभिपद्मरूहाश्रयः ।
नानाविभूतिलीलाढ्यो, गंगोत्पत्तिनिदानकृत् ।।७८।।

(૩૬૨) જંબૂદ્વીપના સ્વામી, (૩૬૩) ઈલાવર્ષના મધ્યભાગના પ્રદેશમાં કમલની માફક પ્રગટ થયેલ મેરુરૂપ, (૩૬૪) વિવિધ લીલાઓથી પરિપૂર્ણ, (૩૬૫) ભગવતી ગંગાજીની નદીના ઉત્પત્તિ સ્થાનના કરનાર,૭૮

गंगामाहात्म्यहेतुश्च, गंगारूपोतिगूढकृत् ।
वैकुण्ठदेहहेत्वम्बुजन्मकृत् सर्वपावनः ।।७९।।

(૩૬૬) ગંગાજીના મહિમામાં કારણ, (૩૬૭) ગંગાજીના સાક્ષાત્ સ્વરૂપ, (૩૬૮) ગુપ્ત પાપોના વિનાશક, (૩૬૯) વૈકુંઠ લોકની પ્રાપ્તિને યોગ્ય થતા દેહની યોગ્યતામાં કારણભૂત ગંગાજલને પેદા કરનાર, (૩૭૦) સર્વને સમાનતાથી પવિત્ર કરનાર, ૭૯

शिवस्वामी शिवोपास्यो, गूढः संकर्षणात्मकः ।
स्थानरक्षार्थमत्स्यादिरूपः सर्वैकपूजितः ।।८०।।

(૩૭૧) શિવજીના સ્વામી, (૩૭૨) શિવજીના ઉપાસ્ય, (૩૭૩) ગુપ્તસ્વરૂપ પ્રભુ, (૩૭૪) સંકર્ષણ પ્રભુસ્વરૂપ, (૩૭૫) ભૂસંસ્થાનના સ્થાન, ખંડ, દ્વીપ આદિ સ્થાન રક્ષણ માટે મત્સ્યાદિ સ્વરૂપના ધારણ કરનાર, (૩૭૬) સર્વ ભક્તજનોથી પૂજાતા, ૮૦

उपास्यनानारूपात्मा, ज्योतिरूपो गतिप्रदः ।
सूर्यनारायणो वेदकान्तिरूज्ज वलवेषध्रुक् ।।८१।।

(૩૭૭) ઉપાસનાને યોગ્ય અનેક અવતારો ધરનાર, (૩૭૮) જ્યોતિ એટલે સૂર્યસ્વરૂપ, (૩૭૯) ઉત્તર અને દક્ષિણ અયનની ગતિ પ્રમાણે ફલને આપનાર, (૩૮૦) સૂર્યનારાયણ, ભગવાન (૩૮૧) ઋગ્, યજુઃ, સામ વેદોરૂપ કાન્તિવાળા, (૩૮૨) પ્રકાશક સ્વરૂપને ધારણ કરનાર. ૮૧

हंसोन्तरिक्षगमनः, सर्वप्रसवकारणम् ।
आनन्दकर्ता वसुदो, बुधो वाक्पतिरूज्ज्वलः ।।८२।।

(૩૮૩) હંસાવતાર, (૩૮૪) અંતરિક્ષમાં-આકાશમાં ગમન કરનાર, (૩૮૫) સર્વ પ્રાણીને પ્રેરનાર, (૩૮૬) આનંદ આપનાર-ચંદ્ર (સોમ), (૩૮૭) ધન-ધાન્યને આપનાર-મંગળ, (૩૮૮) બુધ, (૩૮૯) ગુરુ, (૩૯૦) શુક્ર, ૮૨

कालात्मा कालकालश्च, कालच्छेद कृदुत्तमः ।
शिशुमारः सर्वमूर्तिराधिदैविकरूपधृक ।।८३।।

(૩૯૧) કાલ જેવા સ્વરૂપવાળા શનિગ્રહસ્વરૂપ, (૩૯૨) કાલના કાલરૂપ રાહુ ગ્રહરૂપ, (૩૯૩) કાલ એટલે રાહુનો છેદ કરી કેતુ નામનો ગ્રહ કરનાર પ્રભુ. (૩૯૪) ઉત્તમ-શિશુમાર-ચક્રરૂપ, (૩૯૫) શિશુમાર, (૩૯૬) સર્વ ધર્મ બ્રહ્મા આદિ સ્વરૂપી પ્રભુ, (૩૯૭) આધિદૈવિક રૂપને ધરનાર, ૮૩

अनन्तसुखभोगाढ्यो, विवरैश्वर्यभाजनम् ।
संकर्षणो दैत्यपतिः, सर्वाधारो बृहद्वपुः ।।८४।।

(૩૯૮) સંપૂર્ણ સુખના ભોગથી સમૃદ્ધ, (૩૯૯) અતલ આદિ સાત પાતાલોના ઐશ્વર્યના આશ્રય, (૪૦૦) સંકર્ષણ, (૪૦૧) દૈત્યના સ્વામી, (૪૦૨) સર્વના આશ્રય, (૪૦૩) મોટા દેહવાળા, ૮૪

अनन्तनरकच्छेदी, स्मृतिमात्रार्तिनाशनः ।।
सर्वानुग्रहकर्ता च, मर्यादाभिन्नशास्त्रकृत् ।।८५।।

(૪૦૪) અસંખ્ય નરકની યાતનાઓના વિનાશક, (૪૦૫) સ્મરણ થવા માત્રથી જ પીડાઓના હરનાર, (૪૦૬) સર્વ ઉપર સમાનતાથી અનુગ્રહ કરનાર, (૪૦૭) મર્યાદાથી જુદાં શાસ્ત્રોના રચનાર, ૮૫

ષષ્ઠ સ્કન્ધ નામાનિ પુષ્ટિ લીલા

कालान्तकभयच्छेदी, नामसामर्थ्यरूपधृक् ।
उद्धारानर्हगोप्तात्मा, नामादिप्रेरकोत्तमः ।।८६।।

(૪૦૮) યમ અને મૃત્યુના ભયને છેદનાર, (૪૦૯) સર્વ પાપોના દૂર કરવા-રૂપ નામોની શક્તિને ધરનારા, (૪૧૦) સંસારથી મુક્ત થવાને અયોગ્ય જીવોના પણ પાલક, (૪૧૧) સાધનોમાં શ્રેષ્ઠ નામસ્મરણ સાધનોના ઉત્તમ પ્રેરક, ૮૬

अजामिल महादुष्टमोचकोघविमोचकः ।
धर्मवक्ताऽक्लिष्टवक्ता, विष्णुधर्मस्वृरपधृक ।।८७।।

(૪૧૨) મહાદુષ્ટ અજામિલને પાપોથી છોડાવનાર, (૪૧૩) અજામિલને સ્ત્રીસંગરૂપ પાપમાંથી બચાવનાર,

(૪૧૪) ધર્મના વક્તા, (૪૧૫) શાસ્ત્રવિહિત સરલ ધર્મના વક્તા, (૪૧૬) વૈષ્ણવ ધર્મસ્વરૂપ ધનવાળા ભક્તોમાં પોતાના સ્વરૂપને ધારણ કરનાર, ૮૭

सन्मार्गप्रेरको धर्ता, त्यागहेतुरधोक्षजः ।
वैकुण्ठपुरनेता च, दाससंवृद्धिकारकः ॥८८॥

(૪૧૭) નામસ્મરણ-રૂપ સન્માર્ગના પ્રેરક, (૪૧૮) ભક્તોને ધારણ કરનાર, (૪૧૯) વિષયત્યાગમાં હેતુ, (૪૨૦) સ્વતંત્ર જ્ઞાનવાન, (૪૨૧) વૈકુંઠપુરના નાયક, (૪૨૨) નિજજનોની સર્વવિધ વૃદ્ધિ કરનાર, ૮૮

दक्षप्रसादकृद्धंस – गुह्यस्तुतिविभावनः ।
स्वाभिप्रायप्रवक्ता च, मुक्तजीवप्रसूतिकृत् ॥८९॥

(૪૨૩) દક્ષના ઉપર અનુગ્રહ કરનાર, (૪૨૪) હંસ-પરમાત્મા સંબંધી ગુહ્યસ્તુતિમાં પ્રેરક હંસ ગુહ્યસ્તોત્રના પ્રેરક. (૪૨૫) પોતાના અભિપ્રાયને યથાર્થ વદનાર, (૪૨૬) મુક્તપ્રાય જીવોનો જન્મ કરનાર, ૮૯

नारदप्रेरणात्मा च, हर्यश्वब्रह्मभावनः ।
सुबलाश्वहितो गूढवाक्यार्थज्ञापनक्षमः ॥९०॥

(૪૨૭) નારદજીની પ્રેરણામાં ચિત્તવાળા, (૪૨૮) હર્યશ્વોને બ્રહ્મભાવના પેદા કરનાર, (૪૨૯) સુબલાશ્વોના હિતકારક, (૪૩૦) નારદજીના કૂટ પ્રશ્નોના ઉત્તરને જણાવવામાં સમર્થ. ૯૦

गूढार्थज्ञापकः सर्वमोक्षानन्दप्रतिष्ठितः ।
पुष्टिप्ररोहहेतुश्च, दासैकज्ञातहृद्गतः ॥९१॥

(૪૩૧) ગૂઢ અર્થને જણાવનાર, (૪૩૨) સર્વના એટલે હર્યશ્વ અને શબલાશ્વાદિના મોક્ષથી નારદજીના આનંદના સ્થાપક, (૪૩૩) પુષ્ટિમાર્ગીય સૃષ્ટિમાં કારણ, (૪૩૪) કેવલ ભક્તો જ આપના હૃદય-અભિપ્રાયને જાણે છે તેવા, ૯૧

शान्तिकर्ता सुहितकृत्स्त्रीप्रसूः सर्वकामधृक् ।
पुष्टिवंशप्रणेता च, विश्वरूपेष्टदेवता ॥९२॥

(૪૩૫) દક્ષના મનની શાન્તિ કરનાર, (૪૩૬) ઉત્તમ હિતને કરનાર, (૪૩૭) સ્ત્રીઓની પ્રસૂતિ કરનાર એટલે સાઈઠ કન્યાઓને જન્મ આપનાર, (૪૩૮) સર્વની કામનાઓને પૂરનાર, (૪૩૯) અનુગ્રહથી દક્ષના વંશને ચલાવનાર, (૪૪૦) ત્વષ્ટાના પુ વિશ્વરૂપત્રના ઈષ્ટ દેવતા-નારાયણરૂપ, ૯૨

कवाचात्मा पालनात्मा, वर्मोपचितिकारणम् ।
विश्वरूपशिरश्छेदी, त्वाष्ट्रयज्ञविनाशकः ॥९३॥

(૪૪૧) નારાયણ કવચરૂપ, (૪૪૨) પાલક આત્માવાળા, (૪૪૩) કવચના ઉપચિતના એટલે વૃદ્ધિના કારણ, (૪૪૪) વિશ્વરૂપના શિરનો છેદ કરનાર, (૪૪૫) ત્વષ્ટાના યજ્ઞનો નાશ કરનાર, ૯૩

वृत्रस्वामी वृत्रगम्यो, वृत्रव्रतपरायणः ।
वृत्रकीर्तिर्वृत्रमोक्षो, मद्यवत्प्राणरक्षकः ॥९४॥

(૪૪૬) વૃત્રાસુરના સ્વામી, (૪૪૭) વૃત્રાસુરને શરણગમન યોગ્ય, (૪૪૮) વૃત્રાસુરની વ્રતપૂર્તિ માટે ગમન કરનાર, (૪૪૯) વૃત્રાસુરની પ્રસિદ્ધિમાં કારણ, (૪૫૦) વૃત્રાસુરને મોક્ષ આપનાર, (૪૫૧) ઈન્દ્રના પ્રાણોના સંરક્ષક, ૯૪

अश्वमेधहविर्भोक्ता, देवेन्द्रामीवनाशकः ।
संसारमोचकश्चित्रकेतुबोधनतत्परः ॥९५॥

(૪૫૨) અશ્વમેધના હોમેલા દ્રવ્યના ભોક્તા, (૪૫૩) ઈન્દ્રની બ્રહ્મંહત્યા નામના પાપવિનાશક, (૪૫૪) સંસારથી મુક્ત કરનાર, (૪૫૫) ચિત્રકેતુ રાજાને બોધ કરવામાં તત્પર, ૯૫

मंत्रसिद्धिः सिद्धिहेतुः, सुसिद्धिफलदायकः ।
महादेवतिरस्कर्ता, भक्त्यै पूर्वार्थनाशकः ॥९६॥

(૪૫૬) મંત્રોની સિદ્ધિમાં કારણ, (૪૫૭) સિદ્ધિ-પ્રાપ્તિમાં હેતુસ્વરૂપ, (૪૫૮) સારી સિદ્ધિ એટલે સ્વરૂપપ્રાપ્તિ નામના ફલને આપનાર, (૪૫૯) ચિત્રકેતુ ગન્ધર્વના અવિવેકથી મહાદેવજીનો તિરસ્કાર કરનાર, (૪૬૦) ભક્તિની પ્રાપ્તિ થવા માટે ચિત્રકેતુ રાજાની પૂર્વની સંપત્તિના વિનાશક, ૯૬

देवब्राह्मणविद्वेषवैमुख्यज्ञापकः शिवः ।
आदित्यो दैत्यराजश्च, मरुत्पतिरचिन्त्यकृत् ॥९७॥

(૪૬૧) દેવ અને બ્રાહ્મણોના દ્વેષથી ભગવદ્ વિમુખતાના પ્રદર્શક, (૪૬૨) પરમ મંગળસ્વરૂપ, (૪૬૩) આદિત્ય, (૪૬૪) દૈત્યોના સ્વામી-દૈત્યોમાં પ્રહ્લાદસ્વરૂપે શોભતા, (૪૬૫) ઓગણપચાસ પ્રકારના મરુતનામના દેવોના સ્વામી, (૪૬૬) આશ્ચર્યજનક કાર્યોના કર્તા, ૯૭

मरुतां भेदकस्त्राता, व्रतात्मा पुंप्रसूतिकृत् ।
कर्मात्मा वासनात्मा च, ऊतिलीलापरायणः ॥९८॥

(૪૬૭) વાયુના ઓગણપચાસ ભેદ કરનાર, (૪૬૮) વ્રતથી રક્ષણ કરનાર, (૪૬૯) પુંસવન વ્રતસ્વરૂપી, (૪૭૦) પુંસવન વ્રતથી પુત્ર પ્રસૂતિને કરનાર, (૪૭૧) કર્મસ્વરૂપી, (૪૭૨) પૂર્વનાં કર્મોના વાસના-સ્વરૂપી, (૪૭૩) ઊતિ-કર્મવાસના નામની લીલાના વિસ્તારક. ૯૮

સપ્તમ સ્કંધ નામાનિ : ઊતિ લીલા

समदैत्यसुरः स्वात्मा, वैषम्यज्ञान संश्रयः ।
देहाद्युपाधिरहितः, सर्वज्ञाः सर्वहेतुवित् ।।९९।।

(૪૭૪) દેવો અને દૈત્યોમાં સમાન દૃષ્ટિવાળા, (૪૭૫) સર્વના આત્મા, (૪૭૬) સમવિષમ જ્ઞાનના આશ્રય, (૪૭૭) દેહાદિની ઉપાધિથી રહિત, (૪૭૮) સર્વને જાણનાર, (૪૭૯) સર્વ હેતુઓને જાણનાર. ૯૯

ब्रह्मवाक्स्थापनपरः, स्वजन्मावधिकार्यकृत् ।
सदसद्वासनाहेतुस्त्रिसत्यो भक्तमोचकः ।।१००।।

(૪૮૦) બ્રાહ્મણોની વાણીના સ્થાપનમાં તત્પર, (૪૮૧) પોતાના જન્મ સુધી કાર્યને કરનાર, (૪૮૨) સદ્-અસદ્ વાસનાઓના કારણ, (૪૮૩) ત્રણ અવતારોથી બ્રાહ્મણોનાં વચનના સત્યકર્તા, (૪૮૪) ભક્તોને વૈકુંઠના પદથી છોડાવનાર, ૧૦૦

हिरण्यकशिपुद्वेषी, प्रविष्टात्मातिभीषणः ।
शान्तिज्ञानादिहेतुश्च, प्रह्लादोत्पत्तिकारणम् ।।१०१।।

(૪૮૫) હિરણ્યકશિપુના દ્વેષના વિષય, (૪૮૬) પોતાના આત્માને સર્વમાં પ્રવેશાવનાર, (૪૮૭) હિરણ્યકશિપુને ડરાવનાર, (૪૮૮) શોક શાન્તિ માટે હિરણ્યકશિપુએ કહેલ જ્ઞાનમાં કારણ, (૪૮૯) પ્રહ્લાદજીની ઉત્પત્તિમાં કારણ, ૧૦૧

दैत्यसिद्धान्तसद्वक्ता, तपःसार उदारधीः ।
दैत्यहेतुप्रकटनो, भक्तिचिह्नप्रकाशकः ।।१०२।।

(૪૯૦) દ્વૈતવાદી દૈત્યોમાં શુદ્ધ સિદ્ધાન્તના કહેનાર, (૪૯૧) ભજનરૂપી તપના સાર, (૪૯૨) પ્રહ્લાદજીની નિર્મલ બુદ્ધિના સ્વરૂપવાળા, (૪૯૩) દૈત્યના હેતુને પ્રકટ કરનાર, (૪૯૪) ભક્તિનાં લક્ષણોના પ્રકાશ કરનાર, ૧૦૨

सद्द्वेषहेतुः सद्द्वेष–वासनात्मा निरंतरः ।
नैष्ठुर्यसीमा प्रह्लादवत्सलः संगदोषहा ।।१०३।।

(૪૯૫) સત્ પથગામી પ્રહલાદમાં હિરણ્યકશિપુ દૈત્યને દ્વેષ પેદા કરવામાં કારણ, (૪૯૬) જીવન માત્ર સદ્દ્વેષ એ જ ભગવદ્પ્રાપ્તિમાં અન્તરાય છે. (૪૯૭) દૈત્યોથી સર્વથા જુદા, (૪૯૮) નિર્દયતાની અવધિ, (૪૯૯) પ્રહ્લાદ વત્સલ એટલે પ્રહ્લાદ જેવા વત્સનો સ્વીકાર કરનાર, (૫૦૦) સંગના દોષને હરનાર, ૧૦૩

महानुभावः साकारः, सर्वाकारः प्रमाणभूः ।
स्तम्भप्रसूतिर्नृहरि–र्नृसिंह्रो भीमविक्रमः ।।१०४।।

(૫૦૧) અત્યંત પ્રભાવશાળી, (૫૦૨) સાકાર એટલે સાક્ષાત્ મૂર્તિમાન, (૫૦૩) સર્વ સ્વરૂપવાળા, (૫૦૪) સર્વત્ર ભગવાન છે એવા પ્રહ્લાદજીના વાક્યમાં પ્રમાણભૂત, (૫૦૫) સ્તંભમાંથી પ્રકટનાર, (૫૦૬) નરહરિ, નૃ-મનુષ્યોના ભયને હરણ કરનારા પ્રભુ, (૫૦૭) શ્રી નરસિંહ ભગવાન, (૫૦૮) ભયંકર પરાક્રમવાળા, ૧૦૪

विकटास्योललजिजह्वो नखशस्त्रो जवोत्कटः ।
हिरण्यकशिपुच्छेदी, क्रूरदैत्यनिवारकः ।।१०५।।

(૫૦૯) વિકરાળ મુખવાળા, (૫૧૦) લળી રહેલ જિહ્વાવાળા, (૫૧૧) નખરૂપી આયુધવાળા, (૫૧૨) અરાહ્ય વેગવાળા, (૫૧૩) હિરણ્યકશિપુને ચીરી નાખનારા, (૫૧૪) ક્રૂર દૈત્યોનો નાશ કરનાર, ૧૦૫

सिंहासनस्थः क्रोधात्मा, लक्ष्मीभयविवर्धनः ।
ब्रह्माद्यत्यन्तभयभू – रपूर्वाचिन्त्यरूपधृक् ।।१०६।।

(૫૧૫) સિંહાસન ઉપર બિરાજતા, (૫૧૬) ક્રોધથી પરિપૂર્ણ, (૫૧૭) લક્ષ્મીજીના ભયને વધારનાર, (૫૧૮) બ્રહ્મા આદિને અત્યંત ભય પેદા કરનાર, (૫૧૯) અપૂર્વ-આશ્ચર્યજનક રૂપ ધરનાર, ૧૦૬

भक्तैकशान्तहृदयो, भक्तस्तुत्यः स्तुतिप्रियः ।
भक्तांगलेहनोद्भूतक्रोधपुंजः प्रशान्तधीः ।।१०७।।

(૫૨૦) કેવળ ભક્તને માટે જ શાન્ત હૃદયવાળા, (૫૨૧) ભક્તથી સ્તુતિ કરાયેલ, (૫૨૨) સ્તુતિપ્રિય, (૫૨૩) ભક્તના અંગને ચાટવાથી દૂર થયેલા ક્રોધપુંજવાળા, (૫૨૪) પ્રહ્લાદજીની પ્રશાન્ત બુદ્ધિસ્વરૂપ. ૧૦૭

स्मृतिमात्रभयत्राता, ब्रह्मबुद्धिप्रदायकः ।
गोरूपधार्यमृतपा, शिवकीर्तिविवर्धनः ।।१०८।।

(૫૨૫) સ્મરણ માત્રથી સંકટ હરનાર, (૫૨૬) બ્રહ્માજીને બુદ્ધિનું દાન કરનાર, (૫૨૭) ગાયના સ્વરૂપને ધરનાર, (૫૨૮) અમૃતનું પાન કરનાર, (૫૨૯) શિવજીની કીર્તિને વધારનાર. ૧૦૮

धर्मात्मा सर्वकर्मात्मा, विशेषात्माश्रमप्रभुः ।
संसारमग्नस्वोद्धर्ता, सन्मार्गाखिलतत्त्ववाक् ।।१०९।।

(૫૩૦) ધર્મસ્વરૂપ, (૫૩૧) સર્વવર્ણોના કર્મના બોધક સ્વરૂપ, (૫૩૨) વિશિષ્ટ ધર્મસ્વરૂપ, (૫૩૩) આશ્રમોના સ્વામી, (૫૩૪) સંસારમાં મગ્ન ભક્તોનો ઉદ્ધાર કરનાર, (૫૩૫) સન્માર્ગની અખિલ તત્ત્વ વાણી, ૧૦૯

અષ્ટમ સ્કન્ધ નામાનિ : મન્વન્તર લીલા

आचारात्मा सदाचारः मन्वन्तरविभावनः ।
स्मृत्याशेषाशुभहरो, गजेन्द्रस्मृतिकारणम् ।।११०।।

(૫૩૬) આચારજ્ઞાનસ્વરૂપ આત્મા, (૫૩૭) સદાચાર સ્વરૂપ (૫૩૮) મન્વન્તરોના કરનાર, (૫૩૯) સ્મરણમાત્રથી સર્વ અશુભના હર્તા, (૫૪૦) ગજેન્દ્રને શરણે જવાના જ્ઞાનમાં હેતુરૂપ પ્રભુ, ૧૧૦

जातिस्मरणहेत्वेकपूजाभक्ति स्वरूपदः ।
यज्ञो भयान्मनुत्राता विभुर्ब्रह्मव्रताश्रयः ।।१११।।

(૫૪૧) ગજેન્દ્રના પૂર્વ જન્મની જાતિને કારણભૂત એવી પૂજા અને ભક્તિ વડે સ્વરૂપનું દાન કરનાર, (૫૪૨) યજ્ઞસ્વરૂપ, (૫૪૩) યાતુધાનોના ભયમાંથી મનુના સંરક્ષક, (૫૪૪) સર્વસમર્થ ઈશ્વર, (૫૪૫) બ્રહ્મચારીઓના આશ્રય, ૧૧૧

सत्यसेनो दुष्टघाती, हरिर्गजविमोचकः ।
वैकुण्ठो लोककर्ता च, अजितोऽमृतकारणम् ।।११२।।

(૫૪૬) સત્યવાદીઓની સેનાવાળા, (૫૪૭) દુષ્ટોનો વધ કરનાર, (૫૪૮) હરિસ્મરણથી ક્લેશને હરનાર, (૫૪૯) ગજેન્દ્રને છોડાવનાર, (૫૫૦) વૈકુંઠ-વિકુઠાના પુત્ર, (૫૫૧) વૈકુંઠલોકના કર્તા, (૫૫૨) અજિત-અજેય, (૫૫૩) અમૃતની ઉત્પત્તિમાં કારણ. ૧૧૨

उरुक्रमो भूमिहर्ता, सार्वभौमो बलिप्रियः ।
विभुः सर्वहितैकात्मा, विष्वक्सेनः शिवप्रियः ।।११३।।

(૫૫૪) વિશાળ પગલાંવાળા-ક્રમણવાળા, (૫૫૫) બલિ રાજા પાસેથી પૃથ્વીને હરનાર, (૫૫૬) સર્વના અધિપતિ, (૫૫૭) બલિના પ્રિય, (૫૫૮) વિભુ એટલે વ્યાપક, (૫૫૯) સર્વ પ્રાણીના હિતમાં ચિત્તવાળા, (૫૬૦) સર્વત્ર વ્યાપક સેનાવાળા, (૫૬૧) શિવજીને પ્રિય, ૧૧૩

धर्मसेतुर्लोकधृतिः, सुधामान्तरपालकः ।
उपहर्ता योगपतिर्बृहद्भानुः क्रियापतिः ।।११४।।

(૫૬૨) ધર્મમર્યાદાના સ્થાપક, (૫૬૩) ત્રણે લોકના ધરનાર, (૫૬૪) સુધામા નામના બારમા મનુના પાલક, (૫૬૫) સર્વને સુખ આપનાર યોગપતિ, (૫૬૬) મોટાં કિરણવાળા, (૫૬૭) યજ્ઞક્રિયાના સ્વામી, ૧૧૪

चतुर्दशप्रमाणात्मा, धर्मो मन्वादिबोधकः ।
लक्ष्मीभोगैकनिलयो, देवमन्त्रप्रदायकः ।।११५।।

(૫૬૮) મનુનાં ચૌદ સ્વરૂપોના એટલે અવતારોના ધર્તા આત્મા, (૫૬૯) ધર્મસ્વરૂપ, (૫૭૦) મનુ આદિને માહાત્મ્યના પ્રદર્શક, (૫૭૧) લક્ષ્મીના ભોગના એક સ્થાનરૂપ, (૫૭૨) દેવોને અમૃત ઉત્પન્ન કરવામાં સલાહ આપનાર, ૧૧૫

दैत्यव्यामोहकः साक्षाद्–गरुडस्कन्धसंश्रयः ।
लीलामन्दधारी च, दैत्यवासुकिपूजितः ।।११६।।

(૫૭૩) દૈત્યોને મોહ પેદા કરનાર, (૫૭૪) સાક્ષાત્ ગરુડજીના સ્કંધ ઉપર સ્થિતિ કરનાર, (૫૭૫) લીલાથી મંદરાચળને ધરનાર, (૫૭૬) દૈત્યોના સામર્થ્યને દૂર કરવા વાસુકિથી પૂજાયેલા, ૧૧૬

समुद्रोन्मथनायत्तो–विघ्नकर्ता स्ववाक्यकृत् ।
आदिकूर्मः पवित्रात्मा, मंदराघर्षणोत्सुकः ।।११७।।

(૫૭૭) સમુદ્રનું મંથન કરવામાં ઉદ્યોગી, (૫૭૮) વિઘ્નને કરનાર, (૫૭૯) પોતાનાં વાક્યોના કર્તા, (૫૮૦) આદિકૂર્મરૂપ ધરનાર, (૫૮૧) પવિત્ર દેહધારી કૂર્મ પ્રભુ, (૫૮૨) મન્દર પર્વતથી થતા ઘર્ષણને ઉત્સાહથી ધારણ કરવામાં ઉત્સુક, ૧૧૭

श्वासैजदब्धिवार्वीचिः कल्पान्तावधिकार्यकृत् ।
चतुर्दशमहारत्नो, लक्ष्मीसौभाग्यवर्धनः ।।११८।।

(૫૮૩) શ્વાસોથી ચલિત થતા સમુદ્રજલમાં તરંગોને પેદા કરનાર, (૫૮૪) કલ્પના અન્ત સુધી કાર્ય કરનાર, (૫૮૫) ચૌદ મહા રત્નોને પેદા કરનાર, (૫૮૬) લક્ષ્મીજીનું સૌભાગ્ય વધારનાર, ૧૧૮

धन्वन्तरिः सुधाहस्तो यज्ञभोक्तार्तिनाशनः ।
आयुर्वेदप्रणेता च, देवदैत्याखिलार्चितः ।।११९।।

(૫૮૭) ધન્વન્તરિરૂપ પ્રભુ, (૫૮૮) હસ્તમાં અમૃત કળશને ધરનાર, (૫૮૯) યજ્ઞને ભોગવનાર, (૫૯૦) આર્તિ-માનસી પીડાના વિનાશક, (૫૯૧) આયુર્વેદના રચનાર, (૫૯૨) સર્વ દેવ-દૈત્યોથી પૂજાયેલા. ૧૧૯

बुद्धिव्यामोहको देवकार्यसाधनतत्परः ।
स्त्रीरूपो मायया वक्ता, दैत्यान्तःकरणप्रियः ।।१२०।।

(૫૯૩) દૈત્યોની બુદ્ધિમાં મોહ પેદા કરનાર, (૫૯૪) દેવોને અમૃતપાન કરાવવારૂપ કાર્યની સિદ્ધિમાં તત્પર, (૫૯૫) મોહિનીરૂપ પ્રભુ, (૫૯૬) માયા વડે બોલનાર, (૫૯૭) દૈત્યોના અંતઃકરણમાં પ્રિય લાગતા. ૧૨૦

पायितामृतदेवांशो युद्धहेतुस्मृतिप्रदः ।
सुमालिमालिवधकृन्–माल्यवत्प्राणहारकः ।।१२१।।

(૫૯૮) અમૃતરૂપ દેવાંશનું દેવોને પાન કરાવનાર, (૫૯૯) યુદ્ધના હેતુમાં યાદશક્તિને આપનાર, (૬૦૦) સુમાલી અને માલી નામના દૈત્યોના વિનાશક, (૬૦૧) માલ્યવાનના પ્રાણના હરનાર, ૧૨૧

कालनेमिशिरश्छेदी, दैत्ययज्ञविनाशकः ।
इन्द्रसामर्थ्यदाता च, दैत्यशेषस्थितिप्रियः ।।१२२।।

(૬૦૨) કાલનેમિના મસ્તકને છેદનાર, (૬૦૩) દૈત્યબલિના યજ્ઞનો વિનાશ કરનાર, (૬૦૪) ઈન્દ્રને દૈત્યવિનાશ માટે શક્તિ આપનાર, (૬૦૫) (યુદ્ધમાં) બચેલા દૈત્યની સ્થિતિની પ્રિયતાવાળા, ૧૨૨

शिवव्यामोहको मायी, भृगुमंत्रस्वशक्तिदः ।
बलिजीवनकर्ता च, स्वर्गहेतुव्रतार्चित; ।।१२३।।

(૬૦૬) શંકરને વ્યામોહ પેદા કરનાર, (૬૦૭) માયાવી, (૬૦૮) ભૃગુને મંત્રમાં પોતાની શક્તિ આપનાર, (૬૦૯) બલિરાજાને જીવન આપનાર, (૬૧૦) સ્વર્ગના કારણરૂપ, (૬૧૧) પયોવ્રત નામના વ્રત વડે આરાધન કરાયેલા. ૧૨૩

इदित्यानंदकर्ता च, कश्यपादितिसंभव; ।
उपेन्द्र ईन्द्रावरजो, वामनब्रह्मरूपदृक् ।।१२४।।

(૬૧૨) અદિતિ માતાને આનંદ આપનાર, (૬૧૩) કશ્યપ અને અદિતિના નિમિત્તથી પ્રકટનાર, (૬૧૪) ઈન્દ્રના નાનાભાઈ, (૬૧૫) ઈન્દ્રના પછી ઉત્પન્ન થનાર, (૬૧૬) વામન-બ્રહ્મરૂપના ધરનાર. ૧૨૪

ब्रह्मादिसेवितवपुर्यज्ञापावनतत्परः ।
यांचोपदशकर्ता च, ज्ञापिताशेषसंस्थिति; ।।१२५।।

(૬૧૭) બ્રહ્મા આદિ દેવોથી સેવાયેલ વપુ એટલે શ્રીવામન સ્વરૂપને ધારણ કરનાર, (૬૧૮) બલિ રાજાના યજ્ઞને પવિત્ર કરવામાં તત્પર, (૬૧૯) ત્રણ પગલાંની ભૂમિની યાચનાના બહાનાથી ઉપદેશ કરનાર, (૬૨૦) પોતાના પ્રાક્ટ્યથી સંપૂર્ણ કર્મોની સ્થિતિ બતાવનાર, ૧૨૫

सत्यार्थप्रेरकः सर्वहर्ता गर्वविनाशकः ।
त्रिविक्रमस्त्रिलोकात्मा विश्वमूर्तिः पृथुश्रवाः ।।१२६।।

(૬૨૧) સત્યસંકલ્પ નામના પુરુષાર્થને પ્રેરનાર, (૬૨૨) બલિરાજાના સર્વસ્વનું ગ્રહણ કરનાર, (૬૨૩) બલિરાજાના ગર્વના વિનાશક, (૬૨૪) ત્રણ પગલાં ભરનાર વામન પ્રભુ, (૬૨૫) ત્રણ લોકમાં વ્યાપેલા પ્રભુ, (૬૨૬) વિશ્વમાં વ્યાપક સ્વરૂપવાળાશ્રી વિરાટમૂર્તિ, (૬૨૭) વિસ્તીર્ણ યશવાળા, ૧૨૬

पाशबद्धबलिः सर्वदैत्यपक्षोपमर्दकः ।
सुतलस्थापितबलिः, स्वर्गाधिकसुखप्रदः ।।१२७।।

(૬૨૮) વરુણના પાશથી બલિને બાંધનાર, (૬૨૯) સર્વ દૈત્યોના પક્ષનું મર્દન કરનાર, (૬૩૦) સુતલ નામના ત્રીજા તલમાં બલિને સ્થાપનાર, (૬૩૧) સ્વર્ગથી અધિક સુખને આપનાર, ૧૨૭

कमसंपूर्तिकर्ता च, स्वर्गसंस्थापितामरः ।।
ज्ञातित्रिविधधर्मात्मा, महामीनोब्धिसंश्रयः ।।१२८।।

(૬૩૨) યજ્ઞકર્મની વામન સ્વરૂપના પ્રાક્ટયથી-સંપૂર્ણતા કરનાર, (૬૩૩) સ્વર્ગમાં દેવોનું ફરીથી સ્થાપન કરનાર, (૬૩૪) ત્રિવિધ ધર્મોથી ઉપાસના કરવા યોગ્ય આત્માને જણાવનાર, (૬૩૫) મહાકારણ મત્સ્ય, (૬૩૬) પ્રલય નામના સમુદ્રમાં સ્થાનવાળા, ૧૨૮

सत्यव्रतप्रियो गोप्ता, मत्स्यमूर्तिदृतश्रुतिः ।
शृंगबद्धधृतक्षोणिः, सर्वार्थ ज्ञापको गुरुः ।।१२९।।

(૬૩૭) સત્યવ્રત રાજાના પ્રિય, (૬૩૮) સપ્તર્ષિ વગેરેના રક્ષક, (૬૩૯) મત્સ્યમૂર્તિ ધરીને શ્રુતિઓને ધારણ કરનાર, (૬૪૦) શીંગડાં ઉપર ડૂબતી ધરણીને ધારણ કરનાર, (૬૪૧) ધર્મ, અર્થ આદિ સર્વ અર્થોના વક્તા (૬૪૨) સર્વના ગુરુસ્વરૂપ. ૧૨૯

નવમ સ્કન્ધ નામાનિઃ ઈશાનુકથા લીલા

ईशसेवकलीलात्मा, सूर्यवंशप्रवर्तकः ।
सोमवंशोद्भवकरः, मनुपुत्रगतिप्रदः ।।१३०।।

(૬૪૩) ભગવાન અને ભગવાનના ભક્તોની લક્ષણરૂપ લીલાના, સ્વરૂપવાળા, (૬૪૪) સૂર્યવંશના પ્રવર્તક, (૬૪૫) ચન્દ્રવંશની ઉત્પત્તિ કરનાર, (૬૪૬) મનુપુત્ર પૃષધ્રને સદ્ગતિ આપનાર, ૧૩૦

अम्बरीषप्रियः साधुर्दुर्वासागर्वनाशकः ।
ब्रह्मशापोपसंहर्ता, भक्तकीर्तिविवर्धनः ।।१३१।।

(૬૪૭) અંબરીષ રાજાના પ્રિય, (૬૪૮) સાધુશીલ, (૬૪૯) દુર્વાસાના ગર્વના વિનાશક, (૬૫૦) બ્રાહ્મણના શાપનો ઉપસંહાર કરનાર, (૬૫૧) ભક્તોની કીર્તિને વધારનાર, ૧૩૧

ईक्ष्वाकुवंशजनकः, सगराद्यखिलार्थदः ।
भगीरथमहायत्नो, गंगाधौतांध्रिपंकजः ।।१३२।।

(૬૫૨) ઈક્ષ્વાકુ રાજાના વંશના જનક, (૬૫૩) સગર વગેરે રાજાઓને ધર્માદિ ચાર પુરુષાર્થને દેનાર, (૬૫૪) ભગીરથ રાજાના ગંગાવતરણ નામના મહાન યત્ન સ્વરૂપ, (૬૫૫) ગંગાજીથી ધોયેલ ચરણવાળા, ૧૩૨

ब्रह्मस्वामी शिवस्वामी, सगरात्मजमुक्तिदः ।
खट्वांगमोक्षहेतुश्च, रघुवंशविवर्धनः ।।१३३।।

(૬૫૬) બ્રહ્મનિષ્ઠ મુનિઓના સ્વામી, (૬૫૭) શિવજીના સ્વામી, (૬૫૮) સગર રાજાના ૬૦,૦૦૦ પુત્રોને મુક્તિ

આપનાર, (૬૫૯) ખટ્વાંગ રાજાના મોક્ષમાં કારણ, (૬૬૦) રઘુવંશની વિશેષ વૃદ્ધિ કરનાર, ૧૩૩

रघुनाथो रामचंद्रो, रामभद्रो रघुप्रियः ।
अनंतकीर्तिः पुण्यात्मा, पुण्यश्लोकैकभास्करः ।।१३४।।

(૬૬૧) રઘુકુલના સ્વામી, (૬૬૨) રામચન્દ્ર, (૬૬૩) રામ એ જ મંગલ રૂપ (૬૬૪) રઘુવંશના પ્રિય, (૬૬૫) અખંડ યશવાળા, (૬૬૬) પુણ્યજનોના પ્રાણ-આત્મા, (૬૬૭) પવિત્ર યશવાળા પ્રકાશમાન એક સૂર્ય પ્રભુ રામ, ૧૩૪

कोशलेन्द्रः प्रमाणात्मा, सेव्यो दशरथात्मजः ।
लक्ष्मणो भरतश्चैव, शत्रुघ्नो व्यूहविग्रहः ।।१३५।।

(૬૬૮) ઉત્તર કોશલ દેશના સ્વામી, (૬૬૯) વેદોમાં આત્મ ચિત્તવાળા, (૬૭૦) સેવા કરવા યોગ્ય, (૬૭૧) દશરથ મહારાજાના પુત્ર, (૬૭૨) પાપોના દૂરકર્તા સંકર્ષણ વ્યૂહરૂપ શ્રી લક્ષ્મણજી, (૬૭૩) સર્વનું ભરણ-પોષણ કરનાર ભરતજી, (૬૭૪) શત્રુઓને હણનાર શ્રી શત્રુઘ્નજી, (૬૭૫) વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ ચાર વ્યૂહ સ્વરૂપી પ્રભુ, ૧૩૫

विश्वामित्रप्रियो दान्तस्ताडकावधमोक्षदः ।
वायव्यास्त्राब्धिनिक्षिा–मारीचश्चसुबाहुहा ।।१३६।।

(૬૭૬) વિશ્વામિત્ર ઋષિના પ્રિય, (૬૭૭) રાવણ વગેરે રાક્ષસોનું દમન કરનાર, (૬૭૮) તાડકાનો વધ કરી મોક્ષ આપનાર, (૬૭૯) વાયવ્ય અસ્ત્રથી મારીચને સમુદ્રમાં ફેંકનાર, (૬૮૦) સુબાહુને મારનાર, ૧૩૬

वृषध्वजधनुर्भंग–प्राप्तसीतामहोत्सवः ।
सीतापतिर्भृगुपतिगर्वपर्वतनाशकः ।।१३७।।

(૬૮૧) મહાદેવજીના ધનુષનો ભંગ કરી શ્રી સીતાજીને પ્રાપ્ત કરી વિજય અને લગ્ન મહોત્સવને મેળવનાર, (૬૮૨) સીતાજીના સ્વામી, (૬૮૩) પરશુરામના અભિમાનરૂપી પર્વતના વિનાશક શ્રી રામ, ૧૩૭

अयोध्यास्थमहाभोगयुक्तलक्ष्मीविनोदवान् ।
कैकेयीवाक्यकर्ता च, पितृवाक्यपरिपालकः ।।१३८।।

(૬૮૪) અયોધ્યા નગરીમાં રહેલ મહાજન રાજવૈભવો દ્વારા લક્ષ્મીજીસ્વરૂપ શ્રી સીતાજી સાથે આનંદ કરનારા, (૬૮૫) કૈકેયીના વચનનું પાલન કરનાર, (૬૮૬) પિતાજીની વાણીનું પરિપાલન કરનાર શ્રી રામચંદ્રજી, ૧૩૮

वैराग्यबोधकोनन्यसात्विकस्थानबोधकः ।
अहल्यादुःखहारी च, गुहस्वामी सलक्ष्मणः ।।१३९।।

(૬૮૭) વૈરાગ્યનો બોધ આપનાર, (૬૮૮) વનવાસ કરી નિર્જન સાત્ત્વિક સ્થાનનો બોધ કરનાર, (૬૮૯) અહલ્યાજીના દુઃખને હરનાર, (૬૯૦) ગુહરાજાના સ્વામી, (૬૯૧) લક્ષ્મણજી સહિત રહેનાર શ્રી રામચંદ્રજી, ૧૩૯

चित्रकूटप्रियस्थानो, दण्डकारण्यपावनः ।
शरभंगसुतीक्ष्णादि–पूजितोगस्त्यभाग्यभूः ।।१४०।।

(૬૯૨) ચિત્રકૂટ પર્વતસ્થાન જેમને પ્રિય છે, એવા, (૬૯૩) દંડકારણ્યને પવિત્ર કરનાર, (૬૯૪) શરભંગ અને સુતીક્ષ્ણ આદિ મુનિઓથી પૂજાયેલ, (૬૯૫) અગસ્ત્યના સદ્ભાગ્યના હેતુ શ્રી રામ, ૧૪૦

ऋषिसंप्रार्थितकृतिर्विराधवधपण्डितः ।
छिन्नशूर्पणखानासः, खरदूषणघातकः ।।१४१।।

(૬૯૬) રાક્ષસોના વિનાશ માટે ઋષિઓથી પ્રાર્થના કરાયેલ પ્રભુ, (૬૯૭) વિરાધનો વધ કરવામાં હોશિયાર, (૬૯૮) શ્રી લક્ષ્મણજી દ્વારા શૂર્પણખાના નાકને છેદનાર, (૬૯૯)ખર અને દૂષણનો વિનાશ કરનાર શ્રી રામ, ૧૪૧

एकबाणः हतानेकसहस्रबलराक्षसः ।
मारीचघाती नियतसीतासंबंधशोभनः ।।१४२।।

(૭૦૦) એક બાણથી અપરિમિત બલવાળા અનેક રાક્ષસોને હણનાર, (૭૦૧) મારીચને મારનાર, (૭૦૨) નિરંતર સીતાજીના સંબંધથી શોભતા શ્રી રામ, ૧૪૨

सीतावियोगनाट्यश्च, जटायुवधमोक्षदः ।
शबरीपूजितो भक्तहनुमत्प्रमुखावृतः ।।१४३।।

(૭૦૩) નિત્યસંયુક્ત શ્રી સીતાજીનો વિયોગ થયો એવા પ્રકારની લીલાનું નાટન કરનારા શ્રી રામચન્દ્રજી, (૭૦૪) શ્રી ગીધરાજ જટાયુજીને વધથી મોક્ષ આપનાર, (૭૦૫) શબરીથી સત્કારાયેલા, (૭૦૬) હનુમાન, વિભીષણ આદિ ભક્તોથી વીંટળાએલા શ્રી રામ, ૧૪૩

दुन्दुभ्यस्थिप्रहरणः सप्तताल विभेदनः ।
सुग्रीवराज्यदो वालिघाती सागरशोषणः ।।१४४।।

(૭૦૭) દુંદુભિ દાનવનાં હાડકાંને અંગૂઠાથી ફેંકી દેનાર, (૭૦૮) સાત તાડોને એક બાણથી વેધનાર, (૭૦૯) સુગ્રીવને રાજ્ય આપનાર, (૭૧૦) વાનર-વાલીનો વધ કરનાર, (૭૧૧) સાગરને શોષનાર શ્રી રામ, ૧૪૪

सेतुबंधनकर्ता च, विभीषणहित प्रदः ।
रावणादिशिरच्छेदी, राक्षसाघौघनाशकः ।।१४५।।

(૭૧૨) સમુદ્રમાં સેતુ (પાળ) બાંધનાર, (૭૧૩) વિભીષણને હિત-ભક્તિ આપનાર, (૭૧૪) રાવણ,

કુંભકર્ણ વગેરેનાં શિરોને છેદનાર, (૭૧૫) રાક્ષસો રૂપી પાપસમુદાયના વિનાશક શ્રી રામ, ૧૪૫

सीताभयप्रदाता च, पुष्पकागमनोत्सुकः ।
अयोध्यापतिरत्यन्त – सर्वलोकसुखप्रदः ॥१४६॥

(૭૧૬) સીતાજીને અભયદાન આપનાર, (૭૧૭) પુષ્પક વિમાન દ્વારા અયોધ્યામાં આવવા ઉત્સુક, (૭૧૮) અયોધ્યા નગરીના સ્વામી, (૭૧૯) સર્વ લોકોને અતિશય સુખ આપનાર શ્રી રામ. ૧૪૬

मथुरापुरनिर्माता, सुकृतज्ञास्वरूपदः ।
जनकज्ञानगम्यश्च, ऐलान्तप्रकटश्रुतिः ॥१४७॥

(૭૨૦) મથુરાનગરીનું શત્રુઘ્ન દ્વારા નિર્માણ કરાવનાર, (૭૨૧) પુણ્યાત્માઓને સ્વરૂપનું દાન કરનાર, (૭૨૨) પ્રજાના પાલક પિતા તરીકે જ્ઞાનને પેદા કરનાર, (૭૨૩) પાતાલ પર્યંત વિસ્તૃત કીર્તિવાળા શ્રી રામ, ૧૪૭

हैहयान्तकरो रामो, दुष्टक्षत्रविनाशकः ।
सोमवंशहितैकात्मा, यदुवंशविवर्धनः ॥१४८॥

(૭૨૪) હૈહય વંશના કાર્તવીર્ય એટલે સહસ્રાર્જુનનો પરશુરામજી દ્વારા નાશ કરનાર, (૭૨૫) શ્રી પરશુરામજી સ્વરૂપ પ્રભુ, (૭૨૬) દુષ્ટ ક્ષત્રિયોનો વિનાશ કરનાર શ્રી પરશુરામજી,(૭૨૭)સોમવંશનું હિત કરવામાં ચિત્તવાળા, (૭૨૮) યદુવંશની વૃદ્ધિ કરનારા શ્રી કૃષ્ણ, ૧૪૮

દશમ સ્કન્ધ પૂર્વાર્ધ નામાનિઃ નિરોધ લીલા

परब्रह्मावतरणः, केशवः क्लेशनाशनः ।
भूमिभारावतरणो, भक्तार्थाखिलमानसः ॥१४९॥

(૭૨૯) પરબ્રહ્મ પૂર્ણબ્રહ્મ સ્વરૂપે અવતરેલ શ્રી કૃષ્ણ વાસુદેવ, (૭૩૦) સુંદર કેશવાળા, (૭૩૧) ક્લેશને હણનાર, (૭૩૨) ભૂમિના ભારને હરવા અવતરેલા, (૭૩૩) ભક્તોના અર્થમાં સંપૂર્ણ મનવાળા, ૧૪૯

सर्वभक्तनिरोधात्मा, लीलानंतनिरोधकृत् ।
भूमिष्ठपरमानन्दों, देवकीशुद्धिकारणम् ॥१५०॥

(૭૩૪) સર્વ ભક્તોના ચિત્તનો નિરોધ એટલે પ્રભુની સ્મૃતિ અને પ્રપંચની વિસ્મૃતિ કરવામાં ચિત્તવાળા, (૭૩૫) અગણિત લીલાઓ દ્વારા પ્રપંચને ભુલાવી વિનોદ કરનાર, (૭૩૬) ભૂતલનિવાસી ભક્તજનોને લીલાઓ દ્વારા અપરિમિત આનંદ દેનારા, (૭૩૭) દેવકીજીની શુદ્ધિના કારણ, ૧૫૦

वसुदेवज्ञाननिष्ठ – समजीवनिवारकः ।
सर्ववैराग्यकरण – स्वलीलाधारशोधकः ॥१५१॥

(૭૩૮) વસુદેવમાં જ્ઞાનરૂપે સ્થિત શ્રી કૃષ્ણના સમાન અન્ય છ જીવોના જીવપણાના નિવારક, (૭૩૯) વિષયોમાંથી વૈરાગ્ય પેદા કરનાર પોતાની લીલાનાં આધાર દેવકીજીની શુદ્ધિ કરનાર, ૧૫૧

मायाज्ञापनकर्ता च शेषसंभारसंभृतिः ।
भक्तक्लेशपरिज्ञाता, तन्निवारणतत्परः ॥१५२॥ ।

(૭૪૦) યોગમાયાને આજ્ઞા કરનાર, (૭૪૧) અવશિષ્ટ એટલે બાકી રહેલી સામગ્રીને સંપૂર્ણ કરનાર, (૭૪૨) ભક્તોનાં દુઃખોના સંપૂર્ણ જ્ઞાતા, (૭૪૩) ભક્તજનોના ક્લેશોને દૂર કરવામાં તૈયાર. ૧૫૨

आविष्टवसुदेवांशो देवकीगर्भभूषणम् ।
पूर्णतेजोमयः पूर्णः, कंसाधृष्यप्रतापवान् ॥१५३॥

(૭૪૪) આપનો અંશ વસુદેવજીમાં પ્રવેશેલ એવા (૭૪૫) દેવકીજીના ગર્ભના અલંકાર, (૭૪૬) પૂર્ણ તેજના ભંડાર, (૭૪૭) અખંડિત ઐશ્વર્યપૂર્ણ, (૭૪૮) કંસથી સહન ન થઈ શકે તેવા પ્રભાવવાળા, ૧૫૩

विवेकज्ञानदाता च, ब्रह्माद्यखिलसंस्तुतः ।
सत्यो जगत्कल्पतरु–र्नानारूपविमोहनः ॥१५४॥

(૭૪૯) કંસને વિવેક અને જ્ઞાનના આપનાર, (૭૫૦) બ્રહ્મા આદિ સમગ્ર દેવોથી સ્તુતિ કરાયેલા, (૭૫૧) સત્ય-સ્વરૂપ, (૭૫૨) જડચેતન જગતના કલ્પતરુ, (૭૫૩) અનેક સ્વરૂપના દેવોને મોહ પમાડનાર, ૧૫૪

भक्तिमार्गप्रतिष्ठाता, विद्वन्मोहप्रवर्तकः ।
मूलकालगुणद्रष्टा, नयनानन्दभाजनम् ॥१५५॥

(૭૫૪) ભક્તિમાર્ગના વિશેષ પ્રકારે સ્થાપક, (૭૫૫) વિદ્વાનોને પણ મોહ પમાડનાર, (૭૫૬) આધારભૂત મૂલ કાલના ગુણોના દ્રષ્ટા, (૭૫૭) પોતાના પ્રાકટ્યથી વસુદેવજીના અને સર્વ દર્શન કરનારાઓનાં નયનોના આનંદસ્વરૂપ શ્રી કૃષ્ણ, ૧૫૫

वसुदेवसुखाब्धिश्च, देवकीनयानमृतम् ।
पितृमातृस्तुतः पूर्व–सर्ववृत्तान्तबोधकः ॥१५६॥

(૭૫૮) શ્રી વસુદેવજીના સુખના ભંડાર, (૭૫૯) શ્રી દેવકીજીનાં નેત્રોના અમૃતસ્વરૂપ પ્રભુ, (૭૬૦) પિતા અને માતાથી જન્મ સમયે સ્તુતિ કરાયેલા, (૭૬૧) પૂર્વ જન્મના સંપૂર્ણ વૃત્તાન્તના બોધક, ૧૫૬

गोकुलागतिलीलाप्त–वसुदेवकरस्थितिः ।
सर्वेशत्वप्रकटनो, मायाव्यत्यकारकः ॥१५७॥

(૭૬૨) ગોકુળમાં પધારવા માટે પિતૃવરશ્રી વસુદેવજીના હસ્તમાં બિરાજનાર, (૭૬૩) સર્વ પ્રકારનાં ઐશ્વર્ય પ્રગટ કરનાર, (૭૬૪) માયાનો બદલો કરનાર, ૧૫૭

ज्ञानमोहितदुष्टेशः, प्रपंचास्मृतिकारणम् ।
यशोदानन्दनो नन्दभाग्यभूगोकुलोत्सवः ।।१५८।।

(૭૬૫) દેવકજીનો આઠમો પુત્ર કાલ છે એવા જ્ઞાનથી દુષ્ટેશ કંસને મોહ પમાડનાર, (૭૬૬) પ્રપંચની વિસ્મૃતિના કારણરૂપ, (૭૬૭) યશોદાજીને આનંદ આપનાર, (૭૬૮) નંદજીની ભાગ્યભૂમિ શ્રી ગોકુલમાં ઉત્સવસ્વરૂપ, ૧૫૮

नन्दप्रयो नन्दसूनुर्यशोदायाः स्तनंधयः ।
पूतनासुपयः पाता, मुग्धभावातिसुन्दरः ।।१५९।।

(૭૬૯) નંદરાયજીના પ્રિય પાત્ર પ્રભુ, (૭૭૦) નંદરાયજીના લાલન શ્રી નંદલાલ, (૭૭૧) શ્રી યશોદાજીના અમૃતમય સ્તન્યનાં પાન કરનાર, (૭૭૨) પૂતના રાક્ષસીના પ્રાણો અને દૂધના પીનારા, (૭૭૩) મુગ્ધ બાલ્યભાવથી અત્યંત સુંદર, ૧૫૯

सुंदरीहृदयानन्दो, गोपीमन्त्राभिमन्त्रितः ।
गोपालाश्चर्यरसकृत्, शकटासुरखण्डनः ।।१६०।।

(૭૭૪) સુંદરીઓના હૃદયને આનંદ આપનારા, (૭૭૫) ગોપિકાઓના પૂતનાકવચ નામના મંત્રથી મંત્રાયેલા એટલે રક્ષણ કરાયેલા, (૭૭૬) સર્વ ગોપાલોને આશ્ચર્યજનક રસના જનક, (૭૭૭) શકટ-ગાડાના રૂપમાં રહેલા માયાવી દૈત્યના ટુકડે ટુકડા કરનાર, ૧૬૦

नन्दव्रजजनानन्दी, नन्दभाग्यमहोदयः ।
तृणावर्तवधोत्साहो, यशोदाज्ञानविग्रहः ।।१६१।।

(૭૭૮) નંદરાયજી અને વ્રજવાસીઓને આનંદ આપનાર, (૭૭૯) નંદરાયજીના મહાભાગ્યનો ઉદય કરનાર, (૭૮૦) તૃણાવર્ત દૈત્યના વધમાં ઉત્સાહ રાખનાર, (૭૮૧) યશોદાજીને જ્ઞાન પેદા કરનાર સ્વરૂપને ધરનાર, ૧૬૧

बलभद्रप्रिय; कृष्णः, संकर्षणसहायवान् ।
रामानुजो वासुदेवो, गोष्ठांगणगतिप्रियः ।।१६२।।

(૭૮૨) બલભદ્રના પ્રિય પાત્ર, (૭૮૩) ભગવાન શ્રી કૃષ્ણ-કૃષ્ણવર્ણવાળા, (૭૮૪) સંકર્ષણ-બલદેવજીને સહાય આપનાર, (૭૮૫) બલરામના નાનાભાઈ, (૭૮૬) વસુદેવજીના પુત્ર વાસુદેવ, (૭૮૭) ગોશાળાના આંગણામાં ઘૂંટણથી ચાલવાથી વ્રજવાસીઓના પ્રિયતમ, ૧૬૨

किंकिणीरवभावज्ञो, वत्सपुच्छावलम्बनः ।
नवनीतप्रियो गोपी–मोहसंसारनाशकः ।।१६३।।

(૭૮૮) ઝાંઝરની ઘૂઘરીઓના શબ્દના ભાવના જ્ઞાતા, (૭૮૯) વાછડાંઓનાં પૂંછડાંને અવલંબીને ચાલનાર, (૭૯૦) નવનીત-માખણ જેમને પ્રિય છે એવા, (૭૯૧) ગોપીઓને બાલલીલાથી મોહિત કરી સંસારનો નાશ કરનાર, ૧૬૩

गोपबालकभावज्ञश्चौर्य – विद्याविशारदः ।
मृत्स्नाभक्षणलीलास्य – माहात्म्यज्ञानदायक; ।।१६४।।

(૭૯૨) ગોપબાલકોના ભાવને જાણનાર, (૭૯૩) ચોરી કરવાની વિદ્યામાં કુશળ, (૭૯૪) માટી ભક્ષણની લીલા કરી મુખમાં સંપૂર્ણ બ્રહ્માંડ બતાવી માહાત્મ્ય દર્શાવનાર, ૧૬૪

धराद्रोणप्रीतिकर्ता, दधिभाण्डविभेदनः ।
दामोदरो भक्तवश्यो, यमलार्जुनभंजनः ।।१६५।।

(૭૯૫) ધરા-યશોદા, દ્રોણ-નન્દરાયજી બન્નેને પ્રીતિ પેદા કરનાર, (૭૯૬) ગોરસપાત્રને ભાંગનાર, (૭૯૭) ઉદર ઉપર દોરડાંના ચિહ્નવાળા, (૭૯૮) ભક્તાધીન ભગવાન, (૭૯૯) યમલ-જોડે જોડે ઊગેલ બે અર્જુન-આંજણિયાના વૃક્ષના ભેદનાર, ૧૬૫

बृहद्वनमहाश्चर्यो, वृन्दावनगतिप्रियः ।
वत्सघातीबालकेलि–र्बकासुरनिषूदनः ।।१६६।।

(૮૦૦) બૃહદવન નામના મહાવનમાં મહાન આશ્ચર્ય કાર્ય કરનારા, (૮૦૧) વૃન્દાવનમાં ગમન કરવાનું પ્રિય છે એવા, (૮૦૨) વાત્સાસુર દૈત્યના ઘાતક, (૮૦૩) લૌકિક બાલકોના જેવી ક્રીડા કરનાર, (૮૦૪) બગલાના રૂપધારી બકાસુરનો વિનાશ કરનાર, ૧૬૬

अरण्यभोक्ताप्यथवा, बाललीलापरायणः ।
प्रोत्साहजनकश्चैव – मघासुरनिषूदनः ।।१६७।।

(૮૦૫) અરણ્યમાં ભોજન કરનારા કે વનમાં ઉજાણી કરનારા અથવા અવ્યયનો ભાવ એવો છે કે ૧૨-૧૩-૧૪ આ ત્રણ અધ્યાયોની કલ્યાન્તર લીલાની કથામાં ૮૦૬ થી ૮૧૬ સુધીનાં નામો શરૂ થાય છે (૮૦૬) બાલક સમાન લીલા કરવામાં તત્પર, (૮૦૭) રમતમાં સખાઓને ઉત્સાહ પેદા કરનારા, (૮૦૮) અઘાસુરનો વિનાશ કરનારા પ્રભુ, ૧૬૭

व्यालमोक्षप्रदः पुष्टो, ब्रह्ममोहप्रवर्धनः ।
अनन्तमूर्तिः सर्वात्मा, जंगमस्थावराकृतिः ।।१६८।।

(૮૦૯) અજગર રૂપધારી અઘાસુરને મોક્ષ આપનાર, (૮૧૦) અજગરના મુખમાં વૃદ્ધિ પામનાર, (૮૧૧) બ્રહ્માજીના મોહને વધારનાર, (૮૧૨) અગણિત સ્વરૂપના ધારણ કરનાર, (૮૧૩) સર્વના અંતર્યામી,

(૮૧૪) સ્થાવરજંગમ સ્વરૂપના ધારણકર્તા, ૧૬૮

ब्रह्ममोहनकर्ता च, स्तुत्य आत्मा सदाप्रियः ।
पौगण्डलीलाभिरति – गोंचारणपरायणः ।।१६९।।

(૮૧૫) બ્રહ્માજીને મોહ પેદા કરનાર, (૮૧૬) બ્રહ્માજીથી સ્તુતિ કરાયેલા, (૮૧૭) સર્વના આત્મા રૂપે રહેલા, (૮૧૮) સર્વકાલમાં સર્વને પ્રિય, (૮૧૯) પૌગંડ વયની લીલાઓ કરવાની પ્રીતિવાળા, (૮૨૦) ગાયોને ચરાવવામાં તત્પર, ૧૬૯

वृन्दावन लतागुल्मवृक्षरूपनिरूपकः ।
नादब्रह्मप्रकटनो, वयः प्रतिकृतिस्वनः ।।१७०।।

(૮૨૧) વૃન્દાવનની લતાઓ-વેલીઓ, નાના છોડ, વૃક્ષોના સ્વરૂપનું નિરૂપણ કરનાર, (૮૨૨) નાદ-બ્રહ્મને પ્રકટ કરનાર, (૮૨૩) પક્ષીઓના શબ્દોનું અનુકરણ કરનાર, ૧૭૦

बर्हिनृत्यानुकरणो, गोपालानुकृतिस्वनः ।
सदाचारप्रतिष्ठाता, बलश्रमनिराकृतिः ।।१७१।।

(૮૨૪) મોરના નૃત્યનું અનુકરણ કરનાર, (૮૨૫) ગોપાલોના શબ્દોનું અનુકરણ કરનાર, (૮૨૬) સદાચારનું સ્થાપન કરનાર, (૮૨૭) બલભદ્રજીના ચરણને સેવી થાકને ઉતારનાર, ૧૭૧

तरुमूलकृताशेष–तल्पशायी सखिस्तुतः ।
गोपालसेवितपदः, श्रीलालितपदाम्बुजः ।।१७२।।

(૮૨૮) ગોપસખાઓએ વૃક્ષના મૂલમાં રચેલ પત્ર-પુષ્પની અનેક શય્યામાં પોઢનાર, (૮૨૯) સખાઓથી સ્તુતિ કરાયેલા, (૮૩૦) ગોપાલોથી સેવાયેલ ચરણવાળા, (૮૩૧) લક્ષ્મીજીથી સ્નેહપૂર્વક પૂજાયેલ ચરણારવિંદવાળા, ૧૭૨

गोपसंप्रार्थितफल – दाननाशितधेनुकः ।
कालीयफणिमाणिक्यरंजित श्रीपदाम्बुजः ।।१७३।।

(૮૩૨) ગોપબાલોએ માગેલાં તાડનાં ફળોનું તેમને દાન કરવા સારુ ધેનુકાસુરનો વિનાશ કરનાર, (૮૩૩) કાલીય નાગની ફણાઓના મણિ-માણેકથી શૃંગારાયેલ-શોભિત ચરણકમળવાળા પ્રભુ, ૧૭૩

दृष्टिसंजीविताशेष–गोप गो गोपिका प्रियः ।
लीलासंपीतदावाग्निः, प्रलम्बवधपण्डितः ।।१७४।।

(૮૩૪) અમૃત ઝરતી દૃષ્ટિથી જિવાડેલ અખિલ ગોપ, ગાય અને ગોપિકાઓના પ્રિય પ્રભુ, (૮૩૫) અનાયાસે દાવાનલનું પાન કરનાર, (૮૩૬) પ્રલંબાસુરનો વધ કરવામાં પ્રવીણ-કુશળ, ૧૭૪

दावाग्न्यावृतगोपाल दृष्टयाच्छादनवह्निनपः ।
वर्षाशरद्विभूतिश्री–गोंपीकाम प्रबोधकः ।।१७५।।

(૮૩૭) દાવાગ્નિથી વીંટળાયેલા ગોપબાલોને આંખ મીંચાવી દાવાનલનું પાન કરનાર, (૮૩૮) વર્ષા અને શરદ ઋતુઓની વિભૂતિની શોભામાં કારણ, (૮૩૯) ગોપીજનોમાં અલૌકિક કામને જગાડનાર, ૧૭૫

गोपीरत्नस्तुताशेष–वेणुवाद्य विशारदः ।
कात्यायनी व्रतव्याज–सर्वभावा श्रितांगनः ।।१७६।।

(૮૪૦) સર્વ ગોપીજનરૂપી સ્ત્રીરત્નોએ જેની પુષ્કળ પ્રશંસા કરી હતી એવા વેણુવાદનમાં નિષ્ણાત, (૮૪૧) કારતક વદ-૧થી માગશર સુદ-૧૫ સુધી કાર્તિક માસમાં કાત્યાયનીના વ્રતના બહાનાથી કુમારિકાઓને સર્વ રીતે આશ્રયદાતા, ૧૭૬

सत्संगतिस्तुतिव्याजस्तुतवृन्दावनांघ्रिपः ।
गोपक्षुच्छान्तिसंव्याजविप्रभार्याप्रसाधकृत् ।।१७७।।

(૮૪૨) સત્સંગની પ્રશંસા કરવાના બહાને સમસ્ત વૃન્દાવનનાં વૃક્ષોની સ્તુતિ કરનાર, (૮૪૩) ગોપબાલકોની ક્ષુધાની શાન્તિ કરવાના નિમિત્તે બ્રાહ્મણ-ભાર્યા (યજ્ઞપત્ની)ઓ ઉપર અનુગ્રહકર્તા, ૧૭૭

हेतुप्राप्तेन्द्रयागस्वकार्य गोसवबोधकः ।
शैलरूप कृता शेष रसभोगसुखावहः ।।१७८।।

(૮૪૪) ધર્મ, અર્થ અને કામરૂપી ત્રિવર્ગની પ્રાપ્તિ માટે ઈન્દ્રયાગ કરવા પ્રાપ્ત કરેલી સામગ્રીથી ગાય, બ્રાહ્મણના યાગના કર્તવ્યના બોધક, (૮૪૫) શ્રી ગોવર્ધનના સ્વરૂપને ધારણ કરી સમગ્ર રસસામગ્રીનો ભોગ કરી (નંદ, સુનંદ આદિ)ને સુખ આપનાર, ૧૭૮

लीलागोवर्धनोद्धार–पालितस्वव्रजप्रियः ।
गोपस्वच्छन्दलीलार्थ–गर्गवाक्यार्थ बोधकः ।।१७९।।

(૮૪૬) ગોવર્ધન પર્વતને લીલા માત્રમાં ધારણ કરી પોતાના પ્રિય વ્રજ અને નિજ વ્રજવાસી ભક્તજનોના પાલનકર્તા પ્રભુ, (૮૪૭) ગોપજનોને નિર્ભય લીલાઓ કરવા માટે ગર્ગમુનિનાં વાક્યોના બોધ કરનાર પ્રભુ,૧૭૯

ईन्द्रधेनुस्तुतिप्राप्त–गोविन्देद्राभिधानवान् ।
व्रतादिधर्मसंसक्त–नन्दकलेशविनाशकः ।।१८०।।

(૮૪૮) ઈન્દ્ર અને કામધેનુની સ્તુતિથી "ગોવિંદ" એ નામની સંજ્ઞાને ધારણ કરનાર પ્રભુ, (૮૪૯) ઉપવાસ આદિ વ્રતધર્મોમાં આસક્ત નન્દરાયજીને સન્નિધાન આપી કલેશને દૂર કરનાર, ૧૮૦

नन्दादिगोपमात्रेष्ट–वैकुण्ठ गतिदायकः ।
वेणुवादस्मरक्षोभ–मत्तगोपी विमुक्तिदः ।।१८१।।

(૮૫૦) નન્દરાયજી વગેરે સઘળા ગોપોને ઈષ્ટ વૈકુંઠલોકમાં લઈ જનારા - દર્શન કરાવનારા, (૮૫૧) વેણુનાદના સ્મરણથી ચિત્તક્ષોભને પામેલી ભગવાનમાં નિરોધ પામેલી પરંતુ ઘરમાં રોકાયેલી ગોપિકાઓને મુક્તિ આપનાર, ૧૮૧

सर्वभावप्राप्तगोपी–सुखसंवर्धनक्षमः ।
गोपीगर्वप्रणाशार्थ–तिरोधानसुखप्रदः ।।१८२।।

(૮૫૨) સર્વાત્મભાવથી પ્રાપ્ત થયેલી ગોપિકાઓના રાસસુખ રૂપી અગણિતાનંદને વધારવામાં સમર્થ પ્રભુ, (૮૫૩) ગોપિકાઓના વર્ગને ઉતારવા અન્તર્ધાન થઈ અન્તઃસુખને આપનાર, ૧૮૨

कृष्णभावव्याप्तविश्व--गोपीभावितवेषधृक् ।
राधाविशेषसंभोग – प्राप्तदोषनिवारकः ।।१८३।।

(૮૫૪) સમસ્ત વિશ્વને શ્રી કૃષ્ણમય ભાવથી દેખતી ગોપિકાઓની ભાવના પ્રમાણે સ્વરૂપ અને વેશને ધારણ કરનાર પ્રભુ, (૮૫૫) શ્રી રાધાજી સાથેના વિશેષ વિલાસથી રાધિકાજીમાં પ્રકટેલ ગર્વ નામના દોષનું તિરોધાન કરી નિવારણ કરનારા, ૧૮૩

परमप्रीतिसंगीत – सर्वाद्भुतमहागुणः ।
मानापनोदनाक्रन्द–गोपीदृष्टिमहोत्सवः ।।१८४।।

(૮૫૬) અત્યંત પ્રેમથી ઉત્તમ રીતે ગવાયેલ અને સર્વને આશ્ચર્ય પેદા કરનાર અલૌકિક ગુણવાળા પ્રભુ, (૮૫૭) ગર્વ ઊતર્યા બાદ ભગવદ્ વિરહથી આક્રંદે કરવામાં લીન વ્રજાંગનાઓનાં નેત્રકમલને વિકસાવવા પ્રકટ થઈ આનંદ આપનાર પ્રભુ, ૧૮૪

गोपिकाव्याप्तसर्वांगः स्त्रीसंभाषाविशारदः ।
रासोत्सवमहासौख्य – गोपीसंभोगसागरः ।।१८५।।

(૮૫૮) ગોપીજનોમાં જેમનું અંગે અંગ વ્યાપ્ત છે તેવા પ્રભુ, (૮૫૯) સ્ત્રીજનો સાથે વાર્તાલાપ કરવામાં કુશળ, (૯૬૦) રાસક્રીડા મહોત્સવના મહાસુખના આસ્વાદ લેતાં ગોપિકાઓને થતા સ્વરૂપાનુભવમાં સાગર જેવા પૂર્ણ શ્રીકૃષ્ણ પ્રભુ, ૧૮૫

जलस्थलरतिव्याप्त–गोपीदृष्ट्याभिपूजितः ।
शास्त्रानपेक्षकामैक--मुक्ति द्वार विवर्धनः ।।१८६।।

(૮૬૧) જલ અને સ્થલની રાસક્રીડાઓથી પરિપૂર્ણ રીતે પ્રસન્ન થયેલાં ગોપીજનોનાં નયનકમલોથી પૂજાતા શ્રીકૃષ્ણ, (૮૬૨) શાસ્ત્રની અપેક્ષા વિના કેવળ પ્રેમલક્ષણા ભક્તિના સ્વરૂપની કામનાઓ દ્વારા મુક્તિદ્વારને ખોલનારા શ્રી કૃષ્ણ, ૧૮૬

सुदर्शनमहासर्प–ग्रस्तनन्दविमोचकः ।
गीतमोहितगोपीधृक्–शंखचूड विनाशकः ।।१८७।।

(૮૬૩) સુદર્શન નામના મહાન અજગરથી ગળાયેલ નંદરાયજીને છોડાવનાર, (૮૬૪) ભગવાનની મુરલીનાં ગાનથી મુગ્ધ થયેલ ગોપીજનોનું હરણ કરનાર શંખચૂડનો વધ કરનાર, ૧૮૭

गुणसंगीतसंतुष्टि–गौंपीसंसारविस्मृतिः ।
अरिष्टमथनो दैत्य–बुद्धिव्यामोहकारकः ।।१८८।।

(૮૬૫) ગુણોનું યથાર્થ ગાન કરવાથી સંતુષ્ટ થતા પ્રભુ, (૮૬૬) ગોપીઓના સંસાર એટલે પ્રપંચની વિસ્મૃતિ કરાવનાર, (૮૬૭) સાંઢનું રૂપ ધરી ધસી આવેલા અરિષ્ટ નામના અસુરને મારનાર, (૮૬૮) કંસ દૈત્યની બુદ્ધિને નારદજી દ્વારા વ્યામોહ પેદા કરનાર, ૧૮૮

केशिधाती नारदेष्टो, व्योमासुरविनाशकः ।
अक्रूरभक्तिसंराद्ध–पादरेणुमहानिधिः ।।१८९।।

(૮૬૯) અશ્વનું શરીર લઈ આવેલા કેશી દૈત્યને મારનાર, (૮૭૦) નારદજીના પ્રિયતમ પ્રભુ, (૮૭૧) મયદાનવનો પુત્ર વ્યોમ નામનો અસુર ગોપનો વેશ ધારણ કરીને આવેલ તેનો વિનાશ કરનાર, (૮૭૨) પરમ ભગવદીય શ્રી અક્રૂરજીએ પૂર્ણ ભક્તિથી જે નાથનાં ચરણરજરૂપી મહાનિધિનાં આરાધન કરેલાં છે તેવા શ્રી કૃષ્ણ પ્રભુ, ૧૮૯

रथावरारोहशुद्धात्मा, गोपीमानसहारकः ।
ह्रदसंदर्शिताशेष – वैकुण्ठाक्रूरसंस्तुतः ।।१९०।।

(૮૭૩) રથમાં બિરાજતી વખતે નિર્વિકાર પ્રભુ, (૮૭૪) મથુરાજી પધારતાં શ્રી ગોપીજનોનાં મનને હરનાર શ્રી હરિ, (૮૭૫) શ્રી યમુનાજીના જલધરામાં સંપૂર્ણ વૈકુંઠનાં દર્શનને પામેલ અક્રૂરજીથી સારી રીતે સ્તુતિ કરાયેલા પ્રભુ, ૧૯૦

मथुरागमनोत्साहो, मथुराभाग्यभाजनम् ।
मथुरानगरीशोभा – दर्शनोत्सुकमानसः ।।१९१।।

(૮૭૬) મથુરામાં પધારવા માટે ઉત્સાહવાળા, (૮૭૭) મથુરાનગરીના સદ્ભાગ્યના સ્થાનરૂપ, (૮૭૮) મથુરાનગરીને નિહાળવામાં ઉત્કંઠિત મનવાળા, ૧૯૧

दुष्टरंजकधाती च, वायकार्चितविग्रहः ।
वस्त्रमालासुशोभांगः, कुब्जालेपनभूषितः ।।१९२।।

(૮૭૯) દુષ્ટ કંસ રાજાનાં વસ્ત્રોની સેવા કરી કંસનું

મનોરંજન કરનાર રંગરેજનો વધ કરનારા, (૮૮૦) તન્તુવાયક દરજીએ સખાઓ સાથે બંને ભાઈઓનાં વાગા-વસ્ત્રોની સેવા કરાયેલ શ્રી વિગ્રહધારી શ્રીકૃષ્ણ, (૮૮૧) ઉત્તમવેષ અને શ્રી સુદામા માળીએ અર્પણ કરેલી શ્રેષ્ઠ કુસુમ માળાઓથી સમલંકૃત શ્રી વિગ્રહોથી બલભદ્રજી સાથે સારી રીતે શોભી રહેલ શ્રી કૃષ્ણ ભગવાન, (૮૮૨) કુબ્જાએ અર્પણ કરેલા ચંદન આદિ લેપનથી વિભૂષિત શ્રી કૃષ્ણ ભગવાન, ૧૯૨

कुब्जासुरूपकर्ता च, कुब्जारतिवरप्रदः ।
प्रसाद्रूपसंतुष्ट – हर कोदण्ड खण्डनः ।।१९३।।

(૮૮૩) ત્રણે અંગે વાંકી થઈ ગયેલી કદરૂપી કુબ્જાને સુંદરાંગી બનાવનાર શ્રીકૃષ્ણ, (૮૮૪) કુબ્જાને રમણ કરવાનું વરદાન આપનાર, (૮૮૫) પ્રસન્ન થઈ પ્રસાદરૂપે આપેલ મહાદેવજીના કોદંડ-ધનુષને ભાંગનાર, ૧૯૩

शकलाहतकंसाप्त – धनूरक्षसैनिकः ।
जाग्रत्स्वपभयव्याप्तमृत्युलक्षणबोधकः ।।१९४।।

(૮૮૬) ધનુષનું રક્ષણ કરનાર કંસરાજાના આપ્તજન યોદ્ધાઓનો ધનુષ્યના ટુકડાથી વિનાશ કરનારા, (૮૮૭) જાગ્રત, સ્વપ્ન, નિદ્રા અવસ્થામાં ભયભીત થયેલ કંસને મૃત્યુનાં લક્ષણો દેખાડનાર. ૧૯૪

मथुरामल्ल ओजस्वी, मल्लयुद्धविशारदः ।
सद्यः कुवलयापीड–धाती चाणूरमर्दनः ।।१९५।।

(૮૮૮) મથુરામાં અદ્વિતીય મલ્લ શ્રીકૃષ્ણ, (૮૮૯) મલ્લ-યુદ્ધમાં પ્રભાવશાળી, (૮૯૦) મલ્લોની સાથે યુદ્ધ કરવામાં ચતુર, (૮૯૧) રંગભૂમિમાં પ્રવેશ કરતાંની સાથે જ કુવલયાપીડ નામના અતિ બળવાન અને મદોન્મત્ત હાથીનો ઘાત કરનાર, (૮૯૨) ચાણૂર નામના અત્યંત બળવાન મલ્લનું મર્દન (ચૂરેચૂરા) કરનાર, ૧૯૫

लीलाहतमहामल्लः, शलतोशलघातकः ।
कंसान्तको जितामित्रो, वसुदेवविमोचकः ।।१९६।।

(૮૯૩) લીલામાં જ એટલે વગર શ્રમે રમતમાં મહા-બળવાન મલ્લોને મારનાર, (૮૯૪) શલ અને તોશલ નામના મલ્લોનો નાશ કરનાર, (૮૯૫) કંસરાજાનો વિનાશ કરનાર, (૮૯૬) સર્વ શત્રુઓને જીતી લેનાર, (૮૯૭) વસુદેવજીને બંધનમાંથી મુક્ત કરનાર શ્રી કૃષ્ણ ભગવાન, ૧૯૬

ज्ञाततत्त्वपितृज्ञान–मोहनामृतवाङ्मयः ।
उग्रसेन प्रतिष्ठाता, यादवाधिविनाशकः ।।१९७।।

(૮૯૮) ભગવત્સ્વરૂપ તત્ત્વને જાણી ગયેલ માતા પિતાના જ્ઞાનને મોહ પમાડતી અમૃતમયી મીઠી વાણીવાળા, (૮૯૯) ઉગ્રસેનને રાજ્યાસન ઉપર સ્થાપનાર, (૯૦૦) યાદવોની પીડાને હરનાર, ૧૯૭

नन्दादिसान्त्वनकरो, ब्रह्मचर्यव्रते स्थितः ।
गुरुशुश्रूषणपरो, विद्यापारमितेश्वरः ।।१९८।।

(૯૦૧) નન્દરાયજી વગેરે ગોપજનોને સાંત્વન આપનાર, (૯૦૨) બ્રહ્મસૂત્ર ધારણ કરી બ્રહ્મચારીના વ્રતમાં રહેનાર, (૯૦૩) સાંદીપનિ ગુરુની સેવા કરવામાં સાવધાન પ્રભુ, (૯૦૪) સર્વ વિદ્યાઓમાં પારંગત સર્વેશ્વર શ્રી કૃષ્ણ પ્રભુ, ૧૯૮

सान्दीपनिमृतापत्य–दाता कालान्तकादिजित् ।
गोकुलाश्वासनपरो, यशोदानन्दपोषकः ।।१९९।।

(૯૦૫) સાંદીપનિ મુનિના સદ્‌ગત સત્પુત્રને સજીવન કરીને આપનાર, (૯૦૬) મૃત્યુ અને યમરાજ વગેરેના જીતનાર, (૯૦૭) ગોકુલવાસીઓને ઉદ્ધવજી દ્વારા આશ્વાસન આપવામાં તત્પર, (૯૦૮) શ્રી યશોદાજી તથા શ્રી નન્દરાયજીને સંદેશાથી પોષનાર પ્રભુ, ૧૯૯

गोपिकाविरहव्याज – मनोगतिरतिप्रदः ।
समोद्धवभ्रमरवाक्, गोपिकामोहनाशकः ।।२००।।

(૯૦૯) વિયોગને નિમિત્ત બનાવી વ્રજવનિતાઓના મનોમંદિરમાં બિરાજી સ્થિર પ્રીતિને પ્રદાન કરનાર શ્રી હરિ, (૯૧૦) પ્રભુના સરખા શ્રી ઉદ્ધવજીની સન્મુખ શ્રી ગોપીજનોના શ્રીમુખકમલમાંથી ભ્રમર ગીત પ્રકટાવનાર શ્રી ગોવિન્દપ્રભુ, (૯૧૧) ગોપિકાઓના મનના મોહ દૂર કરનારા, ૨૦૦

कुब्जारतिप्रदोक्रूर–पवित्रीकृतभूगृहः ।
पृथादुःखप्रणेता च, पाण्डवानां सुखप्रदः ।।२०१।।

(૯૧૨) કુબ્જાને રતિ-સ્થિર પ્રીતિનું દાન કરનારા, (૯૧૩) ભગવદીય અક્રૂરજીનાં ગૃહ ભૂમિ આદિને પવિત્ર કરનારા, (૯૧૪) સંદેશાથી પૃથા એટલે કુન્તાજીના દુઃખને દૂર કરનારા, (૯૧૫) સંદેશાથી પાંડવોને સુખ આપનારા, ૨૦૧

દશમ સ્કંધ ઉત્તરાર્ધઃ નામાનિ

जरासंघसमानीत–सैन्यघाती विचारकः ।
यवनव्याप्तमथुरा – जनदत्तकुशस्थलिः ।।२०२।।

(૯૧૬) સત્તર વાર ચઢી આવેલ જરાસંધનાં અનેક સૈન્યનો નાશ કરનાર, (૯૧૭) અઢારમી વાર ચઢી આવેલા જરાસંધને ન મારવાનો વિચાર કરનાર, (૯૧૮) કાલયવનથી ઘેરાયેલા મથુરાવાસીઓને કુશસ્થલી -

દ્વારકાજીનું દાન કરનાર, ૨૦૨

द्वारकाद्भुतनिर्माण–विस्मापितसुरासुरः ।
मनुष्यमात्रभोगार्थ–भूम्यानीतेन्द्रवैभवः ।।२०३।।

(૯૧૯) દ્વારકાનગરીની અલૌકિક રચનાથી દેવ અને દૈત્યોને વિસ્મય પેદા કરનાર, (૯૨૦) મનુષ્ય માત્રના ઉપભોગ માટે ભૂમિ ઉપર ઈન્દ્રના વૈભવને લાવનાર શ્રી કૃષ્ણ, ૨૦૩

यवनव्याप्तमथुरा–निर्गमानन्दविग्रहः ।
मुचुकुन्दमहाबोध – यवनप्राणदर्पहा ।।२०४।।

(૯૨૧) કાલયવને ઘેરેલી મથુરા નગરીમાંથી આયુધ વગર સચ્ચિદાનંદમય વિગ્રહ સ્વરૂપે બહાર નીકળી જનારા, (૯૨૨) દીર્ઘકાળની નિદ્રામાંથી મુચુકુંદને જગાડી તેમના અગ્નિ દ્વારા કાલયવનના પ્રાણ લેનારા અને જરાસંધ આદિના ગર્વને હરનાર. ૨૦૪

मुचुकुन्दस्तुताशेष–गुणकर्ममहोदयः ।
फलप्रदानसंतुष्टि–र्जन्मान्तरितमोक्षदः ।।२०५।।

(૯૨૩) ભક્તરાજ મુચુકુંદથી સ્તુતિ કરાયેલ સંપૂર્ણ ગુણ કર્મ ઐશ્વર્યના પ્રભાવવાળા, (૯૨૪) ભક્તિરૂપી ફળનું દાન કરી સંતોષનાર, (૯૨૫) બીજા જન્મે મોક્ષ આપનાર, ૨૦૫

शिवब्राह्मणवाक्याप्त–जयभीतिविभावनः ।
प्रवर्षणप्रार्थिताग्नि–दानपुण्यमहोत्सवः ।।२०६।।

(૯૨૬) શિવજીના વરદાનથી તેમ જ તમે અવશ્ય જીતશો એવા વિપ્રોના આશિષ વચનોને સત્ય કરવા અઢારમી વાર ચઢી આવેલા જરાસંધના જય માટે પોતાનામાં ભયની ભાવના દેખાડનાર, (૯૨૭) પ્રવર્ષણ પર્વતની પ્રાર્થનાથી અગ્નિદાન રૂપી પુણ્યનો ઉત્સવ કરનારા અને જરાસંધને મિથ્યા મહોત્સવ પેદા કરાવનારા, ૨૦૬

रुक्मिणीरमणः काम–पिता प्रद्युम्नभावनः ।
स्यमन्तकमणिव्याज प्राप्तजाम्बवतीपतिः ।।२०७।।

(૯૨૮) રુકમિણીજીને રમણ સદા આનંદ આપનાર, (૯૨૯) પ્રદ્યુમ્ન પિતા, (૯૩૦) પ્રદ્યુમ્ન નામનાં મોટા પુત્રને પ્રકટ કરનાર, (૯૩૧) સ્યમન્તકમણિ લાવવાના કાર્યથી પ્રાપ્ત થયેલા શ્રી જામ્બવતીના સ્વામી, ૨૦૭

सत्यभामाप्राणपतिः, कालिन्दीरतिवर्धनः ।
मित्रविन्दापतिः सत्या पतिर्वृषनिषूदनः ।।२०८।।

(૯૩૨) શ્રી સત્યભામાના પ્રાણનાથ, (૯૩૩) શ્રી કાલિન્દીમાં સ્થિર પ્રીતિ પેદા કરનાર, (૯૩૪) શ્રી મિત્રવિંદાના સ્વામી, (૯૩૫) શ્રી સત્યાના સ્વામી, (૯૩૬) વૃષ-સાત સાંઢને નાથનાર, ૨૦૮

भद्रावांछितभर्ता च, लक्ष्मणावरणक्षमः ।
ईन्द्रादि प्रार्थितवध–नरकासुरसूदनः ।।२०९।।

(૯૩૭) શ્રીભદ્રાના મનવાંછિત પતિ, (૯૩૮) શ્રી લક્ષ્મણાને વરવામાં સમર્થ, (૯૩૯) ઈન્દ્ર આદિ દેવોએ પ્રાર્થના કર્યા પ્રમાણે નરકાસુર દૈત્યનો વધ કરનારા, ૨૦૯

मुरारिः पीठहन्ता च, ताम्रादिप्राणहारकः ।
षोडशस्त्रीसहस्रेशः, छत्रकुण्डलदानकृत् ।।२१०।।

(૯૪૦) મુર દૈત્યના શત્રુ-વધ કરનારા, (૯૪૧) નરકાસુરના સેનાપતિ પીઠ નામના અસુરને હણનાર, (૯૪૨) તામ્ર વગેરે મુર દાનવના પુત્રોના પ્રાણ હણનાર, (૯૪૩) સોળ હજાર સ્ત્રીઓના સ્વામી, (૯૪૪) ઈન્દ્રને છત્ર અને અદિતિને કુંડલનું દાન કરનાર, ૨૧૦

पारिजातापहरणो, देवेन्द्रमदनाशकः ।
रुक्मिणीसमसर्वस्त्री–साध्यभोगरतिप्रदः ।।२११।।

(૯૪૫) પારિજાતક વૃક્ષનું હરણ કરનાર, (૯૪૬) દેવોના રાજા ઈન્દ્રના મદને ઉતારનાર, (૯૪૭) રુક્મિણી સમાન સર્વ સ્ત્રીઓથી પ્રાપ્ત થનાર ભોગથી સર્વમાં પ્રીતિને આપનાર પ્રભુ, ૨૧૧

रुक्मिणीपरिहासोक्ति–वाक्तिरोधानकारकः ।
पुत्रपौत्रमहाभाग्य–गृहधर्मप्रदर्शकः ।।२१२।।

(૯૪૮) શ્રી રુક્મિણજી સાથે હાસ્યવિનોદમાં એમની વાણીને રોકી દેનાર, (૯૪૯) પુત્ર પૌત્રની સંતતિ સંબંધી મહાભાગ્ય સ્વરૂપ ગૃહસ્થધર્મ દર્શાવનારા ભગવાન, ૨૧૨

शम्बरान्तकसत्पुत्र – विवाहहरुक्मिकः ।
उषापहृतपौत्रश्री–र्बाणबाहु निवारकः ।।२१३।।

(૯૫૦) શંબરાસુરનો નાશ કરનાર શ્રી પ્રદ્યુમન્નજીના સુપુત્ર અનિરુદ્ધના વિવાહમાં રુક્મિણીજીના ભાઈ રુકિમને બલદેવજી દ્વારા હણનાર, (૯૫૧) અનિરુદ્ધજીને પાછા લઈ આવવાની શ્રીવાળા શ્રીહરિ, (૯૫૨) બાણાસુરના બાહુઓને છેદનાર, ૨૧૩

शीतज्वरभयव्याप्त–जवरसंस्तुतषड्गुणः ।
शंकरप्रतियोद्धा च, द्वन्द्वयुद्धविशारदः ।।२१४।।

(૯૫૩) શીત જ્વરના ભયથી ભીત થયેલા ઉષ્ણ જ્વરથી સ્તુતિ કરાયેલ ષડ્ગુણ સંપન્ન શ્રીકૃષ્ણ, (૯૫૪) શ્રી શંકર સાથે યુદ્ધ કરનારા, (૯૫૫) દ્વન્દ્વ યુદ્ધમાં અત્યંત હોશિયાર, ૨૧૪

नृगपापप्रभेता च, ब्रह्मस्वगुणदोषदृक् ।
विष्णुभक्तिविरोधैक–ब्रह्मस्वविनिवारकः ॥२१५॥

(૯૫૬) નૃગરાજાના પાપને દૂર કરનાર, (૯૫૭) બ્રહ્મસ્વ એટલે બ્રાહ્મણના દ્રવ્યના ગુણદોષ જોનાર, (૯૫૮) શ્રીકૃષ્ણની ભક્તિમાં પ્રતિબંધક કેવલ બ્રહ્મસ્વના વિશેષ નિવારક, ૨૧૫

बलभद्राहितगुणो, गोकुलप्रीतिदायकः ।
गोपीस्नेहैकनिलयो, गोपीप्राणस्थितिप्रदः ॥२१६॥

(૯૫૯) બલભદ્રજીમાં આનંદ આપનારા ગુણોને સ્થાપનાર, (૯૬૦) ગોકુલવાસીઓને પ્રીતિ-આનંદ-હર્ષનું દાન કરનાર, (૯૬૧) ગોપીજનોના સ્નેહના એક આધાર, (૯૬૨) ગોપીજનોના પ્રાણોને શાંતિ આપનાર, ૨૧૬

वाक्यातिगामियमुना – हलाकर्षणवैभवः ।
पौंड्रकत्याजितस्पर्धः, काशीराजविभेदनः ॥२१७॥

(૯૬૩) વાક્યનું ઉલ્લંઘન કરતાં યમુનાજીને હલથી ખેંચવામાં સામર્થ્ય આપનાર, (૯૬૪) પૌંડ્રક રાજાની સ્પર્ધાને છોડાવનાર, (૯૬૫) કાશીરાજનો નાશ કરનાર, ૨૧૭

काशीनिदाहकरणः, शिवभस्मप्रदायकः ।
द्विविदप्राणघाती च, कौरवाखर्वगर्वनुत् ॥२१८॥

(૯૬૬) સુદર્શન ચક્ર દ્વારા કાશીને બાળનાર, (૯૬૭) શિવજીને ભસ્મનું દાન કરનાર, (૯૬૮) દ્વિવિદ નામના વાનરના પ્રાણને હરનાર, (૯૬૯) કૌરવોના અતિશય ગર્વને ઉતારનાર, ૨૧૮

लांगलाकृष्टनगरी – संविग्नाखिलनागरः ।
प्रपन्नाभयदःसाम्ब–प्राप्तसन्मानभाजनम् ॥२१९॥

(૯૭૦) હલના અગ્ર ભાગથી હસ્તિનાપુર નગરીને ખેંચતાં સર્વ નાગરિક જનોને વિહ્વલ બનાવી દેનાર, (૯૭૧) શરણે આવેલાને અભય કરનારા, (૯૭૨) સાંબની સાથે પ્રાપ્ત કરેલ સન્માનના સત્પાત્રરૂપ પ્રભુ, ૨૧૯

नारदान्विष्टचरणो, भक्तविक्षेपनाशकः ।
सदाचारैकनिलयः, सुधर्माध्यासितासनः ॥२२०॥

(૯૭૩) નારદથી શોધાયેલ ચરણારવિંદવાળા, (૯૭૪) ભક્તના ચિત્તના ક્ષોભને હરનારા, (૯૭૫) સત્પુરુષોના આચારના સ્થાનભૂત, (૯૭૬) સુધર્મા સભામાં મધ્યાસને બિરાજતા, ૨૨૦

जरासंधावरुद्धेन – विज्ञापितनिजक्लमः ।
मन्त्र्युद्धवादिवाक्योक्त–प्रकारैकपरायणः ॥२२१॥

(૯૭૭) જરાસંધે કેદ કરેલા રાજાઓને જેમણે પોતાનું દુઃખ નિવેદિત કર્યું છે એવા શ્રી કૃષ્ણ, (૯૭૮) મંત્રી ઉદ્ધવજી વગેરેની સલાહ પ્રમાણે ચાલવામાં સદા તત્પર, ૨૨૧

राजसूयादिमखकृत्संप्रार्थितसहायकृत् ।
ईन्द्रप्रस्थप्रयाणार्थ–महत्संभारसंभृतिः ॥२२२॥

(૯૭૯) રાજસૂય આદિ યજ્ઞોનાં સંપાદન કરનાર, (૯૮૦) પ્રાર્થના કરવાથી સહાય કરનાર, (૯૮૧) ઈન્દ્રપ્રસ્થમાં પ્રયાણ માટે મહાન રાજાઓને છાજતી સામગ્રીનો સંચય કરનાર, ૨૨૨

जरासंधवधव्याज – मोचिताशेषभूमिपः ।
सन्मार्गबोधको यज्ञा–क्षतिवारणतत्परः ॥२२३॥

(૯૮૨) જરાસંધના વધના બહાનાથી સમગ્ર રાજાઓને છોડાવનાર, (૯૮૩) સન્માર્ગ - ભક્તિમાર્ગનો ઉપદેશ કરનાર, (૯૮૪) યજ્ઞની ક્ષતિઓને દૂર કરવામાં તત્પર, ૨૨૩

शिशुपालहतिव्याज – जयशापविमोचकः ।
दुर्योधनाभिमानाब्धि–शोषबाणवृकोदरः ॥२२४॥

(૯૮૫) શિશુપાલના વધના બહાને દ્વારપાલ જયને શાપમાંથી છોડાવનાર, (૯૮૬) દુર્યોધનના અભિમાનના સાગરને શોષવા વૃકોદર - ભીમસેન જેમને બાણરૂપ છે એવા, ૨૨૪

महादेववरप्राप्त – पुरशाल्वविनाशकः ।
दन्तवक्त्रवधव्याज – विजयाघौघनाशकः ॥२२५॥

(૯૮૭) શ્રી મહાદેવજીના વરદાનથી જેણે સૌભપુર નામના અભેદ્ય વિમાનને પ્રાપ્ત કરેલું હતું એવા શાલ્વ રાજાનો અને વિમાનનો નાશ કરનારા શ્રીકૃષ્ણ, (૯૮૮) દંતવક્ત્રના વધના બહાનાથી વિજય નામના પાર્ષદને શાપ નામના પાપસમુદાયમાંથી મુક્ત કરનાર, ૨૨૫

विदूरथप्राणहर्ता, न्यस्तशस्त्रास्त्रविग्रहः ।
उपधर्मविलिप्ताङ्गः सूतघाती वरप्रदः ॥२२६॥

(૯૮૯) વિદૂરથના પ્રાણને હરનાર, (૯૯૦) શસ્ત્ર અને અસ્ત્રથી રહિત દેહને ધારણ કરનાર, (૯૯૧) ગૌણ ધર્મ એટલે ઉપધર્મનો આશ્રય કરનાર સૂતજીને મારવાના સ્વભાવવાળા પ્રભુ, (૯૯૨) વરદાનને અર્પણ કરનાર, ૨૨૬

बल्वलप्राणहरण–पालितर्षिश्रुतिक्रियः ।
सर्वतीर्थाघनाशार्थ–तीर्थयात्राविशारदः ॥२२७॥

(૯૯૩) બલ્વલ દૈત્યના પ્રાણને હરી ઋષિ-મુનિઓની

વેદની આજ્ઞા પ્રમાણે કરેલી ક્રિયાનું પાલન રક્ષણ કરનાર, (૯૯૪) સકલ તીર્થોના પાપનો નાશ કરવા માટે તીર્થયાત્રા કરવામાં કુશળ, ૨૨૭

ज्ञानक्रियाविभेदेष्ट – फलसाधनतत्परः ।
सारथ्यादिक्रियाकर्ता, भक्तवश्यत्वबोधकः ।।२२८।।

(૯૯૫) જ્ઞાન અને કર્મ એ બંને ભેદો વડે જ્ઞાન અને કર્મના ફલને સિદ્ધ કરી આપવામાં તત્પર એટલે સર્વથા સમર્થ એવા પરમેશ્વર, (૯૯૬) અર્જુનનાં સારથિપણાદિ અનેક ક્રિયાના કરનાર, (૯૯૭) ભક્તપરાધીનતાના બોધ આપનાર, ૨૨૮

सुदामारंकभार्यार्थ–भूम्यानीतेन्द्रवैभवः ।
रविग्रहनिमित्ताप्त – कुरुक्षेत्रैकपावनः ।।२२९।।

(૯૯૮) મિત્ર સુદામાજીના દીન-રંક સ્વભાવવાળાં પત્ની માટે ભૂમિમાં ઈન્દ્રના વૈભવને લાવનાર, (૯૯૯) સૂર્યગ્રહણની યાત્રાના નિમિત્તથી કુરુક્ષેત્રમાં પધારીને કુરુક્ષેત્રને પાવન-પવિત્ર કરનારા.

नृपगोपीसमस्तस्त्री–पावनार्थाखिलक्रियः ।
ऋषिमार्गप्रतिष्ठाता, वसुदेवमखक्रियः ।।२३०।।

(૧૦૦૦) યુધિષ્ઠિર આદિ રાજાઓ, ગોપીજનો, અન્ય સ્ત્રી વગેરેને પવિત્ર કરવા સંપૂર્ણ ક્રિયા કરનાર, (૧૦૦૧) ઋષિઓએ નિર્ણીત કરેલા માર્ગને પ્રતિષ્ઠિત કરનાર, (૧૦૦૨) વસુદેવજીની યજ્ઞની ક્રિયાઓ કરનાર, ૨૩૦

वसुदेवज्ञानदाता, देवकीपुत्रदायकः ।
अर्जुनस्त्रीप्रदाता च, बहुलास्वरूपदः ।।२३१।।

(૧૦૦૩) મુનિઓ દ્વારા શ્રી વસુદેવજીને જ્ઞાન આપનાર, (૧૦૦૪) દેવકીજીને મૃત પુત્રો પાછા લાવી આપનાર, (૧૦૦૫) અર્જુનને પોતાનાં બહેન સુભદ્રાજી આપનાર, (૧૦૦૬) બહુલાશ્વને સ્વરૂપનું દર્શન આપનાર, ૨૩૧

श्रुतदेवेष्टदाता च, सर्वश्रुतिनिरूपितः ।
महादेवाद्यतिश्रेष्ठो, भक्तिलक्षणनिर्णयः ।। २३२।।

(૧૦૦૭) પરમભક્ત શ્રુતદેવને ઈષ્ટ (દર્શન)ના દાતા, (૧૦૦૮) શ્રુતિઓથી નિરૂપણ કરાયેલ પૂર્ણ પ્રભુ, (૧૦૦૯) મહાદેવ મુખ્ય છે એવા બ્રહ્મા આદિ દેવોમાં શ્રેષ્ઠ, (૧૦૧૦) ભક્તિનાં લક્ષણનો નિર્ણય કરનાર,૨૩૨

वृकग्रस्तशिवत्राता, नानावाक्य विशारदः ।
नरगर्वविनाशार्थ – हतब्राह्मणबालकः ।।२३३।।

(૧૦૧૧) વૃક નામના અસુર-ભસ્માસુરથી પીડાતા શંકરનું સંરક્ષણ કરનાર, (૧૦૧૨) અનેક પ્રકારનાં યુક્તિવાળાં વચનો બોલવામાં ચતુર, (૧૦૧૩) અર્જુન (નર)ના ગર્વને ઉતારવા બ્રાહ્મણ બાલકને હરનાર, ૨૩૩

लोकालोकपरस्थान–स्थितबालकदायकः ।
द्वारकास्थमहाभोग–नानास्त्रीरतिवर्धनः ।।२३४।।

(૧૦૧૪) લોકાલોક પર્વતથી પણ પર આગળ ભૂમિમાં રહેલા બાળકને પાછું લાવી આપનાર, (૧૦૧૫) દ્વારકા નગરીમાંના મહાન વૈભવથી સ્ત્રીઓની અનેક પ્રકારની ક્રીડાને વધારનાર શ્રી કૃષ્ણ, ૨૩૪

मनस्तिरोधानकृत – व्यग्रस्त्रीचित्तभावितः ।
मुक्तिलीलाविहरणो, मौशलव्याजसंहृतिः ।।२३५।।

(૧૦૧૬) મનોવૃત્તિઓનું તિરોધાન થઈ જવાથી વ્યગ્ર-વિહ્વળ બનેલી સ્ત્રીઓએ પોતાના ચિત્તમાં જેમની ભાવના કરેલી છે એવા શ્રીકૃષ્ણ, (૧૦૧૭) મુક્તિ નામની લીલામાં વિહાર કરનાર, (૧૦૧૮) મુશળના નિમિત્તે યાદવકુલના નાશક, ૨૩૫

એકાદશ સ્કન્ધ નામાનિઃ મુક્તિલીલા

श्री भागवदधर्मादि–बोधको भक्तिनीतिकृत् ।
उद्धवज्ञानदाता च पंचविंशतिधा गुरुः ।।२३६।।

(૧૦૧૯) શ્રીમદ્ ભાગવત શાસ્ત્રમાં કહેલા ધર્મના ઉપદેશક, (૧૦૨૦) ભક્તિનાં નીતિ જ્ઞાનને પ્રાપ્ત કરાવનારા, (૧૦૨૧) ઉદ્ધવજીને ઉદ્ધવગીતા દ્વારા જ્ઞાન આપનારા, (૧૦૨૨) પચીસ પ્રકારના ગુરુ કરનાર એવા દત્તાત્રેય ભગવાનના સ્વરૂપવાળા પ્રભુ, ૨૩૬

आचारमुक्तिभक्त्यादि–वक्ताशब्दोद्भवस्थितिः ।
हंसो धर्मप्रवकता च, सनकाद्युपदेशकृत् ।।२३७।।

(૧૦૨૩) વર્ણાશ્રમ ધર્મના આચાર, મુક્તિ, ભક્તિ વગેરેનાં સ્વરૂપોનો બોધ આપનાર એટલે વક્તા, (૧૦૨૪) વાણીની ઉત્પત્તિની જગ્યાએ સ્થિતિ - સ્થાનવાળા, (૧૦૨૫) અહંતા મમતાત્મક સંસારને હણનારા અથવા હંસરૂપધારી ભગવાન, (૧૦૨૬) ઉત્તમ પ્રકારના ધર્મના વક્તા, (૧૦૨૭) સનકાદિને બ્રહ્મનો ઉપદેશ આપનાર, ૨૩૭

भक्तिसाधनवक्ता च, योगसिद्धिप्रदायकः ।
नानाविभूतिवक्ता च, शुद्धधर्मावबोधकः ।।२३८।।

(૧૦૨૮) ભક્તિનાં સાધનોનું જ્ઞાન આપનારા શ્રી કૃષ્ણ, (૧૦૨૯) યોગથી મળતી સિદ્ધિઓના આપનાર પ્રભુ, (૧૦૩૦) અનેક પ્રકારની પોતાની વિભૂતિઓ કહેનાર, (૧૦૩૧) શુદ્ધ ધર્મોના ઉપદેશક, ૨૩૮

मार्गत्रयविभेदात्मा, नानाशंकानिवारकः ।
भिक्षुगीताप्रवकता च, शुद्धसांख्यप्रवर्तकः ।।२३९।।

(૧૦૩૨) કર્મ, જ્ઞાન, ભક્તિ એવા ત્રણ માર્ગોના વિશેષ ભેદ અને તેમનાં અનુરૂપ ફલ વગેરેને સમજાવવામાં જેમનું ચિત્ત છે એવા પ્રભુ, (૧૦૩૩) અનેક વિવિધ શંકાઓને દૂર કરનાર, (૧૦૩૪) ભિક્ષુગીતાના ઉત્તમ વક્તા, (૧૦૩૫) શુદ્ધ સાંખ્યશાસ્ત્રના ઉપદેશ કરનારા, ૨૩૯

मनोगुणविशेषात्मा, ज्ञापकोक्तपुरूरवाः ।
पूजाविधिप्रवक्ता च, सर्वसिद्धान्तबोधकः ।।२४०।।

(૧૦૩૬) મનના સાત્ત્વિક, રાજસ, તામસ ગુણો વડે વિશેષ દેવ આદિ જેમના આત્માઓ છે તેવા, (૧૦૩૭) એક પુત્ર પુરૂરવા રાજાના દૃષ્ટાન્તથી તત્ત્વજ્ઞાનના કહેનારા, (૧૦૩૮) પૂજાના પ્રકારોને સમજાવનારા, (૧૦૩૯) સર્વ સિદ્ધાન્તોનું નિરૂપણ કરનારા શ્રીકૃષ્ણ, ૨૪૦

लघु स्वमार्गवक्ता च, स्वस्थानगतिबोधकः ।
यादवांगोपसंहर्ता सर्वाश्चर्यगतिक्रियः ।।२४१।।

(૧૦૪૦) થોડાક પ્રયાસથી સિદ્ધ થનારા પોતાના ભક્તિ-શરણાગતિ માર્ગનું જ્ઞાન આપનારા શ્રી કૃષ્ણ, (૧૦૪૧) ઉદ્ધવજીને પોતાના બદરિકાશ્રમમાં જવાનો ઉપદેશ આપનારા, (૧૦૪૨) યાદવોનાં અંગો-શરીરોનો સંહાર કરાવનાર શ્રીકૃષ્ણ, (૧૦૪૩) સર્વને આશ્ચર્ય થાય તેવી રીતે સ્વધામમાં પધારવાની ક્રિયા કરનારા શ્રી કૃષ્ણ,૨૪૧

દ્વાદશ સ્કંધ નામાનિ: આશ્રય લીલા

कालधर्मविभेदार्थ – वर्णनाशततत्परः ।
बुद्धो गुप्तार्थवक्ता च, नानाशास्त्रविधायकः ।।२४२।।

(૧૦૪૪) કાલધર્મના લોપથી નષ્ટ થતા વર્ણ-ધર્મનું સંરક્ષણ કરનાર, (૧૦૪૫) બુદ્ધરૂપે અવતાર લેનારા, (૧૦૪૬) ગૂઢ અર્થવાળા ધર્મોને કહેનારા, (૧૦૪૭) જુદા જુદા પ્રકારનાં શાસ્ત્રો રચનાર, ૨૪૨

नष्टधर्ममनुष्यादि – लक्षणज्ञापनोत्सुकः ।
आश्रयैकगतिज्ञाता, कल्किः कलिमलापहः ।।२४३।।

(૧૦૪૮) નષ્ટ થયેલા ધર્મવાળા મનુષ્યોનાં લક્ષણોને જણાવવામાં તત્પર, (૧૦૪૯) આશ્રય એટલે પરબ્રહ્મની ગતિને જાણનારા, (૧૦૫૦) કલ્કિરૂપ પ્રભુ, (૧૦૫૧) કલિના સર્વ દોષોને દૂર કરનાર, ૨૪૩

शास्त्रवैराग्यसंबोधो, नानाप्रलयबोधकः ।
विशेषतः शुकव्याज–परीक्षिज्ज्ञानबोधक; ।।२४४।।

(૧૦૫૨) શાસ્ત્રોમાં વૈરાગ્યનો બોધ કરનાર, (૧૦૫૩) જુદા જુદા પ્રકારના પ્રલયનું જ્ઞાન આપનાર, (૧૦૫૪) ખાસ કરીને શુકદેવજીને અગ્રસર કરી સ્વયં પરીક્ષિત રાજાને જ્ઞાન આપનાર શ્રી કૃષ્ણ પ્રભુ, ૨૪૪

शुकेष्टगतिरूपात्मा, परीक्षिद्देहमोक्षदः ।
शब्दरूपो नादरूपो, वेदरूपो विभेदनः ।।२४५।।

(૧૦૫૫) શુકદેવજીના અત્યંત પ્રિય જ્ઞાનસ્વરૂપ આત્મા, (૧૦૫૬) પરીક્ષિંતરાજાને દિવ્ય દેહ અને મોક્ષ બન્નેના આપનારા, (૧૦૫૭) શબ્દબ્રહ્મ સ્વરૂપ, (૧૦૫૮) નાદ-બ્રહ્મ એટલે પ્રણવ - ઓંકાર સ્વરૂપ શ્રી કૃષ્ણ, (૧૦૫૯) ચાર વેદસ્વરૂપી પ્રભુ, (૧૦૬૦) ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ એમ વેદોના ચાર વિભાગ અને શાખા-પ્રશાખાના કરનારા, ૨૪૫

व्यासः शाखाप्रवकता च, पुराणार्थ प्रवर्तकः ।
मार्कण्डेयप्रसन्नात्मा, वटपत्रपुटेशयः ।।२४६।।

(૧૦૬૧) વેદનો વિસ્તાર કરનાર પરાશરમુનિથી સત્યવતીજીમાં પ્રગટેલા મહર્ષિ શ્રી કૃષ્ણદ્વૈપાયનવ્યાસ વ્યાસસ્વરૂપ શ્રી ભગવાનનો અવતાર, (૧૦૬૨) વેદની શાખાઓના પ્રવર્તાવનારા, (૧૦૬૩) પુરાણોનાં લક્ષણના અને અર્થના પ્રવર્તક, (૧૦૬૪) માર્કણ્ડેયઋષિ ઉપર પ્રસન્ન અંતઃકરણવાળા, (૧૦૬૫) વટપત્રના સંપુટ ઉપર શયન કરનારા, ૨૪૬

मायाव्याप्तमहामोह – दुःखशान्तिप्रवर्तकः ।
महादेवस्वरूपश्च भक्तिदाता कृपानिधिः ।।२४७।।

(૧૦૬૬) મહામાયાથી ફેલાયેલ મહાન અજ્ઞાનના દુઃખથી શાન્તિના પ્રવર્તક, (૧૦૬૭) શ્રી મહાદેવજીના સ્વરૂપધારી શ્રી કૃષ્ણ પ્રભુ, (૧૦૬૮) માર્કણ્ડેય મુનિને ભક્તિનું દાન કરનાર, (૧૦૬૯) કૃપાના ભંડાર, ૨૪૭

आदित्यान्तर्गतः कालो, द्वादशात्मा सुपूजितः ।
श्रीभागवतरूपश्च, सर्वार्थफलयादकः ।।२४८।।

(૧૦૭૦) સૂર્યમંડલના મધ્યમાં બિરાજતા (૧૦૭૧) કાલસ્વરૂપ પ્રભુ, (૧૦૭૨), બાર સૂર્યસ્વરૂપ પ્રભુ શ્રી કૃષ્ણ, (૧૦૭૩) સુંદર રીતે પૂજાએલા, (૧૦૭૪) શ્રીમદ્ ભાગવત એ જ જેમનું સ્વરૂપ છે એવા પ્રભુ શ્રીકૃષ્ણ, (૧૦૭૫) સર્વ પુરુષાર્થોના ફલદાતા શ્રી કૃષ્ણ, ૨૪૮

इतींद कीर्तनीयस्य, हरेर्नामसहस्त्रकम् ।
पंचसप्ततिविस्तीर्णं, पुराणान्तरभाषितम् ।।२४९।।

અન્ય પુરાણોમાં વર્ણવેલી ભગવાન શ્રીકૃષ્ણની લીલાઓનાં નિરૂપણ કરનારાં ૭૫ નામોનો જેમાં સમાવેશ

કરેલ છે એવાં નિરંતર ભાવપૂર્વક કીર્તન કરવા યોગ્ય, તેમ સમસ્ત દુઃખોનો નાશ કરનારા શ્રી હરિ-શ્રી કૃષ્ણનાં એક હજાર પંચોતેર નામોનો આ સંગ્રહ સમાપ્ત થયો, ૨૪૯

य एतत् प्रातरुत्थाय, श्रद्धावान् सुसमाहितः ।
जपेदर्थाहितमतिः स गोविन्दपदं व्रजेत् ।।२५०।।

આ પુરુષોત્તમ સહસ્રનામ સ્તોત્રનો પ્રભાતમાં ઊઠીને જે મનુષ્ય શ્રદ્ધા સાથે અને એકાગ્ર ચિત્તથી તેમ જ અર્થના અનુસંધાનમાં પોતાની બુદ્ધિને બરાબર સ્થાપીને જપ કરે એટલે પુનઃ પુનઃ પાઠ કરે તે મનુષ્યને ગોવિંદ એટલે ગાય-બ્રાહ્મણ આદિના ઈન્દ્ર શ્રી ગોવર્ધનધારી પ્રભુનાં ચરણ-કમલોની પ્રાપ્તિ થશે અથવા શરણ પ્રાપ્ત થશે, ૨૫૦

सर्वधर्मविनिर्मुक्तः सर्वसाधनवर्जितः ।
एतद्धारणमात्रेण, कृष्णस्य पदवीं व्रजेत् ।।२५१।।

સર્વ ધર્મથી વિહીન હોય, સર્વ સાધનોથી વિમુખ થયેલો હોય, તોપણ આ સ્તોત્રના ધારણ માત્રથી શ્રીકૃષ્ણનાં ચરણ કમલોને મનુષ્ય પ્રાપ્ત કરશે. ૨૫૧

हर्यावेशितचित्तेन, श्रीभागवतसागरात् ।
समुद्धृतानि नामानि, चिन्तामणिनिभानि हि ।।२५२।।

શ્રી હરિ-શ્રી કૃષ્ણમાં ચિત્તને બરાબર પરોવીને શ્રી ભાગવતરૂપી મહાસાગરમાંથી આ નામો ભક્તિ - ભાવપૂર્વક ઉદ્ધૃત કર્યાં છે, ખરેખર સ્વયં પ્રકટ કર્યાં છે. આ નામો ચિન્તામણિ સમાન છે. ચિન્તામણિ નામનો મણિ જેની પાસે હોય તે મનુષ્ય જે જે વસ્તુની ઈચ્છા કરે તે તે પદાર્થ તેને પ્રાપ્ત થાય છે તેમ આ નામો પણ ચિંતામણિની માફક સર્વ ઈચ્છિત પદાર્થોની પ્રાપ્તિ કરાવવા સમર્થ છે, ૨૫૨

कण्ठस्थितान्यर्थदीप्त्या, बाधन्ते ज्ञानजं तमः ।
भक्तिं श्रीकृष्णदेवस्य, साधयन्ति विनिश्चितम् ।।२५३।।

આ નામોને કંઠમાં ધારણ કરે એટલે કે તેમનો પાઠ-જપ કરે તો તે નામો પોતાના અર્થના પ્રકાશ વડે અજ્ઞાનથી પ્રકટ થયેલા અંધકારને દૂર કરે છે અને શ્રી કૃષ્ણ પરબ્રહ્મની ભક્તિને નિશ્ચયપૂર્વક સિદ્ધ કરે છે. ૨૫૩

किं बहूक्तेन भगवान्, नामभिःस्तुतषड्गुणः ।
आत्मभावं नयत्याशु भक्तिं च कुरुते दृढाम् ।।२५४।।

વિશેષ શું કહેવું? આ સ્તોત્રમાં વર્ણવેલાં નામોથી ષડ્ઐશ્વર્ય-ગુણવાળા ભગવાન શ્રી કૃષ્ણની સ્તુતિ કરવામાં આવે તો કૃપાળુ શ્રી કૃષ્ણ ભગવાન આ નામ સ્તોત્રના પાઠ કરનારા, જપ કરનાર, સ્તવન કરનારને અલ્પ સમયમાં જ નિજસ્વરૂપની પ્રાપ્તિ કરાવે છે અને નિજ ભક્તિને દૃઢ કરે છે. અથવા આ સ્તોત્રનો પાઠ કરનારને ભગવાન પોતાનો ગણી અતિ શીઘ્ર પોતાની પરમ પ્રેમ લક્ષણા ભક્તિ આપશે, ૨૫૪

यः कृष्णभक्तिमिह, वांछति साधनौघै –
र्नामानि भासुरयशांसि जपेत्स नित्यम् ।
तं वै हरिः स्वपुरुषं कुरुतेऽतिशीघ्र
मात्मार्पणं समधिगच्छति भावतुष्टः ।।२५५।।

અનેક સાધનોના સમૂહથી શ્રી કૃષ્ણની ભક્તિની ઈચ્છા કરતો હોય તેણે અન્ય સાધનોમાં ન પડતાં શ્રી કૃષ્ણ પુરુષોત્તમનાં તેજસ્વી યશવાળાં આ નામોનો નિરંતર જપ કરવો. આ પ્રમાણે જપ કરનારને સર્વ દુઃખોનું હરણ કરનાર શ્રી હરિ તત્કાલ જ અને ખાત્રીપૂર્વક નિજજન બનાવે છે અને જપ કરનારાના ભાવથી પ્રસન્ન થયેલા ભગવાન શ્રીકૃષ્ણ તેને પોતાના સ્વરૂપનું દાન કરે છે,૨૫૫

श्रीकृष्ण कृष्णसख वृष्णिवृषावनीध्रुक् –
राजन्यवंशदहनानपवर्गवीर्य ।
गोविन्द गोपवनिताव्रजभृत्यगीत
तीर्थश्रवः श्रवणमंगल पाहि भृत्यान् ।।२५६।।

હે આનંદ સ્વરૂપ શ્રી કૃષ્ણ, હે કૃષ્ણ સખ અર્જુનના પ્રિય મિત્ર ! હે વૃષ્ણિઓમાં શ્રેષ્ઠ અથવા વૃષ્ણિ એટલે વસુદેવ આદિક યાદવો, વૃષ એટલે ધર્મ અને અવનિ એટલે પૃથ્વી, તેમનો દ્રોહ કરનારા અધર્મી રાજાઓના વંશો - રાજકુલોનો નાશ કરવામાં જેમનું અતુલ-અપરિમિત-પરાક્રમ છે એવા હે ગોવિંદ, ગોપાંગનાઓ, અન્ય વ્રજવાસીઓ અને સેવકજનો ભક્તજનો દ્વારા ગાનસ્તુતિ કરાયેલા હે પવિત્ર કીર્તિવાળા પ્રભુ ! શ્રવણ દ્વારા જ પરમ મંગલ અને પરમ કલ્યાણ કરનારા હે પરમેશ્વર ! આપશ્રી નિજ ભક્તજનોનું, નિજ સેવકોનું સંરક્ષણ કરો, પાલન કરો. ૨૫૬

ઉપર પ્રમાણે શ્રી મહાપ્રભુજીએ આ સ્તોત્રની સમાપ્તિમાં મંગલાચરણ ગાયું છે.

इति श्रीभागवतसारसमुच्चये वैश्वानरोक्तं ।
श्री पुरुषोत्तम सहस्रनामस्तोत्र संपूर्णम् ।। –

શ્રી કૃષ્ણના મુખારવિંદના આધિદૈવિક અગ્નિવેશ્વાનર સ્વરૂપ શ્રીમદ્ વલ્લભાચાર્યજી શ્રી મહાપ્રભુજીએ કહેલું સમસ્ત શ્રીમદ્ ભાગવતના સારભૂત એવું શ્રી પુરુષોત્તમ સહસ્રનામ સ્તોત્ર સંપૂર્ણ થયું.

શ્રી કૃષ્ણઃ શરણં મમ

શ્રીહરિઃ

શ્રીમદ્ ભાગવતપીયૂષ

શ્રીમદ્ ભાગવત માહાત્મ્ય : પદ્મપુરાણ અધ્યાય ૧લો

[શ્રીમદ્ ભાગવતજીના માહાત્મ્યના શ્રીપદ્મપુરાણમાં છ અધ્યાયો છે અને કુલ ૫૦૪ શ્લોકો છે, તેમ જ શ્રી સ્કંદ પુરાણમાં શ્રીમદ્ ભાગવતજીના માહાત્મ્યના ચાર અધ્યાયો છે અને કુલ ૧૯૯ શ્લોકો છે. આપણે જ્યારે કોઈ વ્યક્તિનું કે વસ્તુનું માહાત્મ્ય જાણીએ છીએ ત્યારે જ આપણો તે વ્યક્તિમાં અને તે વસ્તુમાં સુદૃઢ સ્નેહ થાય છે. હીરા-મોતી-માણેકનું માહાત્મ્ય જાણીએ છીએ ત્યારે જ તેને તિજોરીમાં સંભાળીને રાખીએ છીએ. જો શ્રીમદ્ ભાગવતનું મહત્ત્વ જાણીએ તો આપણે એનું શ્રવણ, કીર્તન અને સેવન કરીએ; માટે આપણે પ્રથમ શ્રીમદ્ ભાગવતજીનું માહાત્મ્ય જાણીએ. માહાત્મ્યનો અર્થ થાય છે : વસ્તુના ગુણોનું - સ્વરૂપનું જ્ઞાન. જેમ સંતજનોના ગુણોને-ગૌરવને-સ્વરૂપને જાણીએ ત્યારે સંતજનોને સેવીએ છીએ; તેમ જો સદ્ગ્રંથોનાં સ્વરૂપ-મહિમા-ગૌરવ વગેરે જાણીએ તો આપણે તે ગ્રંથોને વસાવીએ, વાંચીએ, સાંભળીએ, સેવીએ અને એના ઉપદેશોને અનુસરીએ અને જીવનને કૃતાર્થ બનાવીએ. આ આશયને લક્ષમાં લઈને ચાલો આપણે શ્રીમદ્ ભાગવતજીના મહિમાને જાણવા પ્રથમ "શ્રીમદ્ ભાગવતજીના માહાત્મ્ય" - રસનું પાન કરીએ]

મંગલાચરણ

શ્રી વ્યાસ મહર્ષિ પદ્મપુરાણમાં શ્રીમદ્ ભાગવતજીનું માહાત્મ્ય વર્ણવે છે. આ માહાત્મ્યકથાના પ્રારંભમાં શ્રી સૂતમુનિજી બે શ્લોકોથી મંગલાચરણ કરે છે. પહેલા શ્લોકમાં તેઓ શ્રીકૃષ્ણ ભગવાનને પ્રણામ કરે છે અને બીજા શ્લોકમાં શ્રીમદ્ ભાગવતજીના વક્તા પરમ ભાગવત શ્રી શુકાચાર્યને પ્રણામ કરે છે. આ નમસ્કાર કરવા પ્રયોજાતા શરૂઆતના શ્લોકોને મંગલાચરણ કહેવામાં આવે છે. "વસ્તુનિર્દેશ, આશીર્વાદ અને નમસ્કાર" એમ ત્રણ પ્રકારે મંગલાચરણ કરવામાં આવે છે. અનાદિકાળથી ઋષિમુનિઓની પરંપરા છે કે કાર્યના આરંભમાં, મધ્યમાં અને અંતમાં મંગલાચરણ કરવું. શ્રીમદ્ ભાગવતજી માહાત્મ્યના પ્રારંભમાં "નમસ્કારાત્મક" મંગલાચરણ છે. મન, વાણી અને કાયાથી મંગલાચરણ - મંગલક્રિયા કરાય છે. જ્યારે આપણે "શ્રી ગોવર્ધનનાથની જય" એવો જયધ્વનિ કરીએ છીએ ત્યારે સૌથી પ્રથમ હૃદયમાં ભગવાનના સ્વરૂપનું દર્શન થાય છે, તેથી મન મંગલ બન્યું અને મનથી મંગલાચરણ થયું કહેવાય. વાણીથી જયનાદ-જયઘોષ કર્યો, વાણીથી તે મંગલાચરણ કર્યું અને વાણી મંગલમય થઈ. જયનાદ-ધ્વનિ કરતાં જ મસ્તક નમી જતાં કાયાથી મંગલાચરણ થયું અને કાયા મંગલ બની ગઈ. **कृष्णेति मङ्गलं नाम यस्य वाचि प्रवर्तते । भस्मी भवन्ति तस्याशु महापातककोटयः ॥** ભગવાન "શ્રીકૃષ્ણ"નું નામ મંગલ છે. આ "કૃષ્ણ" નામ જેની વાણીમાં બોલાય છે તેનાં કરોડો મહાપાપો ભસ્મ થઈ જાય છે, માટે તો શ્રી મહાપ્રભુજીએ આપણને ''श्रीकृष्णः शरणं मम'' નામનો અષ્ટાક્ષર મંત્ર આપ્યો છે. ભગવાનનું "નામ, સ્વરૂપ, લીલા અને ધામ" આ ચારે ચાર વસ્તુઓ નિત્ય મંગલ છે. સ્વરૂપ મંગલ છે માટે સેવા કરીએ છીએ, નામ મંગલ છે માટે કીર્તન કરીએ, લીલા મંગલ છે માટે કથારસપાન કરીએ અને ધામ મંગલ છે માટે અંતે તે ધામમાં જઈએ છીએ. મંગલાચરણની એવી શક્તિ છે કે "તે આરંભેલા કાર્યને, તે પ્રત્યેક કાર્યને વિનાવિઘ્ને, સરલતાથી સફલતા સુધી લઈ જાય છે." એટલે તો શ્રી સૂતમુનિએ શ્રીમદ્ ભાગવતજીના માહાત્મ્યની કથાના પ્રારંભમાં બે શ્લોકોમાં મંગલાચરણ કરી આપણ સર્વને પણ મંગલાચરણ કરવાનું માર્ગદર્શન આપ્યું છે. એટલે તો વક્તા અને શ્રોતા, ગુરુ અને શિષ્ય કથાકીર્તન-શ્રવણ અને ગ્રન્થ અધ્યયન-અધ્યાપનના પ્રારંભમાં મંગલાચરણ કરી કાર્યોમાં સિદ્ધિ મેળવે છે. ચાલો, આપણે પણ શ્રીમદ્ ભાગવતજીના માહાત્મ્યના અને શ્રીમદ્ ભાગવતજીના કથા-શ્રવણ-કીર્તનના પ્રારંભમાં આપણા પ્રાણપ્રિય ભગવાન શ્રીકૃષ્ણને અને પરમ ભાગવત શુકાચાર્યજીને સૂતમહર્ષિના માર્ગદર્શન પ્રમાણે નમસ્કાર કરી મંગલાચરણ કરીએ અને કાર્યને સફળ કરીએ.

નમસ્કારનું લક્ષ્ય-સ્વરૂપ

"વંદન, પ્રણામ, નમસ્કાર" આ ત્રણ શબ્દો નમસ્કારવાચક છે. આ ત્રણેનો એવો અર્થ થાય, એવી વ્યાખ્યા થાય કે "નમસ્કાર કર્યા એટલે નિમકહલાલ રહેવાનો નિર્ણય-નિશ્ચય કર્યો; પ્રણામ કર્યા એટલે પ્રામાણિક રહેવાની પ્રતિજ્ઞા કરી અને વંદન કર્યા એટલે વફાદાર રહેવાનો વિશ્વાસ આપ્યો." પિતા-માતા-ગુરુ-ભગવાન-સંત-મહાપુરુષ કે સ્વજનમાંથી જે

કોઈને નમસ્કાર કરીએ છીએ તેને આપણે સર્વ સમર્પણ કર્યું અને તેને વફાદાર રહીશું એવો વિશ્વાસ આપીએ છીએ - એટલું બધું નમસ્કારનું મહત્ત્વ છે. સંક્ષેપમાં ભગવાનને નમસ્કાર કરવા એટલે 'સર્વ સમર્પણ-આત્મસમર્પણ" એ રહસ્ય કદી ના વીસરાય. માટે નમસ્કાર, વંદન કે પ્રણામ એ માત્ર પડેલી કોઈ આદત નથી કે કોઈ સભ્યતાનો-દેખાવ નથી, પરંતુ હૃદયનો આદર અને અનન્ય ભાવ છે.

શ્રીકૃષ્ણ ભગવાનને નમસ્કાર : सच्चिदानन्दरूपाय विश्वोत्पत्त्यादिहेतवे । तापत्रयविनाशाय श्रीकृष्णाय वयं नमः ।।१।।
સમસ્ત વિશ્વની ઉત્પત્તિ, રક્ષા અને લયના કારણ, ત્રિવિધ તાપનો વિનાશ કરનાર, સચ્ચિદાનંદસ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણને અત્રે વક્તા,-શ્રોતાઓ સર્વ સાથે મળી સ્તવીએ છીએ, નમીએ છીએ. શ્રી ભા.મા.અ. ૧, શ્લો. ૧માં. ભગવાન બત્રીસ લક્ષણોથી પરિપૂર્ણ છે માટે અનુષ્ટુપ છંદમાં બત્રીસ અક્ષરોનાં ચાર ચરણોમાં ભગવાનને નમસ્કાર કર્યા છે.

પરમભાગવત શ્રી શુકાચાર્યજીને નમસ્કાર

यं प्रव्रजन्तमनुपेतमपेतकृत्यं द्वैपायनो विरहकातर आजुहाव। पुत्रेति तन्मयतया तरवोमिनेदुस्तंसर्वंभूतहृदयं तुनिमानतोऽस्मि।।
જેમને યજ્ઞોપવીત સંસ્કાર થયા નથી, કોઈ પણ કાર્ય કરવાનું અવશિષ્ટ રહ્યું નથી, અને સર્વ સંગ ત્યજી પરિવ્રાજક બની પિતાના આશ્રમને ત્યજી વિદાય થતા પુત્ર શ્રી શુકદેવજીના વિરહદર્દથી દુઃખી થયેલા શ્રીકૃષ્ણ-દ્વૈપાયન નામના વ્યાસ મહર્ષિ 'હે પુત્ર ! હે પુત્ર !' એવા ઉચ્ચ નાદે પોકારવા લાગ્યા ત્યારે શુકદેવજીના સ્વરૂપે તદાકાર બનેલાં તરુવરો - વૃક્ષો પ્રત્યુત્તર વાળવા લાગ્યાં કે હે પિતાજી ! હે તાત ! હું ક્યાંય નથી ગયો, ક્યાંય નથી જતો, એવું કહી પિતાજીને આશ્વાસન આપતા સર્વભૂતોના હૃદયમાં પ્રવેશેલા શ્રી શુકાચાર્યમુનિને મન, વાણી-કાયાથી દંડવત્ પ્રણામ કરું છું. (૨) આ શ્લોકમાં વસંતતિલકા છંદ છે. એના એક ચરણમાં ચૌદ અક્ષરો છે. સંતના જીવનમાં સદાય હરિભક્તિની વસંત જ હોય છે એવા શુકદેવજી ચૌદે ચૌદ લોકમાં વિચરતા જીવોના શોકને દૂર કરતા તેથી ચૌદ અક્ષરના ચરણવાળા વસંતતિલકા છંદથી પ્રણામ કર્યા છે.

પરમહંસ અને પરમભક્ત શુકદેવની ગાથા

आदौ षोडश वर्ष गर्भशयनं जातनं यास्य वने । ब्रह्मानन्दलयं गतस्य च पुनः श्रीकृष्णलीलारुचिः ।।
अग्रे व्यासपराशरादिमहतां सिंहासने संस्थितिः । श्रीमद् व्याससुतस्य तस्य चरितं किं किं न लोकोत्तरम् ।।
કથાનક એવું છે કે સોળ વર્ષના એકના એક યુવાન પુત્ર શુકેદવ જ્ઞાન-વૈરાગ્ય સાથે જ જન્મ્યા હતા. તેઓ તો ગર્ભજ્ઞાની હતા. માતાજીની કૂખમાં જ જ્ઞાન-રસાયણ પામ્યા છે, જ્ઞાનનું ફળ વૈરાગ્ય પણ મેળવ્યું છે. આમ છતાં અને વૈરાગ્યનું ફળ ભગવચ્ચરણકમલની સેવામાં અનુરાગ મેળવવાનો હજી અવશિષ્ટ છે. કેવલ વૈરાગ્યનું પૂર ઉરમાં ઊભરાવા લાગ્યું તેથી ગૃહત્યાગ કરવાની વૃત્તિ જાગી અને અત્યંત સુકુમાર કુમાર શ્રીશુક એકાએક "મા" સમીપે આવ્યા. ઉભય કરકમલની અંજલિ કરી આજ્ઞા માગવા લાગ્યા : 'મા ! મા ! મને સંન્યાસ લેવાની આજ્ઞા આપો' એટલું જ તે બોલ્યા. માતા હજી વાત પૂરી સાંભળે, સમજે અને હા કે ના-નો ઉત્તર વાળે તે પહેલાં તો માતૃચરણે પ્રણામ કરી મૂઠીઓ વાળી શુકમુનિએ દોટ મૂકી. લાડકવાયા લાલને એકાએક નાસી જતા નજરે નિહાળી બેબાકળી બનેલી રૂંધાયેલા કંઠવાળી માતાના મુખમાંથી ચીસ પડાઈ ગઈ : 'પુત્ર ! હે બેટા ! હે બેટા ! હે તાત ! ઊભા રહો, ના જાવ, ના જાવ, પણ માની વાત કોણ સાંભળે ? અર્ધાંગનાના મુખમાંથી નીકળેલ ચીસ સાંભળી પતિદેવ વ્યાસ મહર્ષિ દોડી આવ્યા અને બોલ્યા : 'દેવી ! દેવી ! શાને આક્રન્દ કરો છો ? શું થયું ? પરંતુ વેદનામાં ઘેરાયેલી, ઉત્તર ના વાળી શકતી, માએ દોડતા દીકરા તરફ આંગળી ચીંધી. વ્યાસજી મર્મ પામી ગયા કે, પુત્ર વિરક્ત બની વિદાય લઈ રહેલ છે. પરંતુ કાચો ને કોરો સંન્યાસ કામનો નહીં; કારણ કે તે કાયમ રહેશે નહીં. સાચો અને સ્નિગ્ધ સંન્યાસ તો ભકિતરસે રસાયેલો હોવો જોઈએ. હું ભકિતરસવંચિત પુત્રના સંન્યાસને ભકિતરસથી સિંચિત કરું. અરે ! હજી તો મેં એને ઉપવીત પણ નથી આપ્યું, અકાળે દીકરાને આ શું સૂઝ્યું ? મારા ઘરમાં એવા તો કયા ધનવૈભવ-વિલાસો છે કે એને ત્યજવાના છે ! હે પુત્ર ! હે વત્સ ! હે તાત ! મારે તો તને ઉપનયન સંસ્કારો આપી માત્ર શ્રીમદ્ ભાગવતનાં જ પ્રદાન કરવાં છે. જ્ઞાન અને વૈરાગ્ય તો બેટા ! તારી પાસે અગાધ છે; પરંતુ ભગવાનની ભક્તિ વિનાના લૂખા જ્ઞાનથી તને આનંદ નહીં મળે, શાંતિ નહીં મળે અને તારા જ્ઞાનોપદેશથી

જગતના જીવોને પણ આનંદ અને શાંતિ નહીં મળે. વહાલા પુત્ર ! પાછો વળ, મારી વાત સાંભળ ! તું કેવળ વંશના વેલાને વિસ્તારનારો સુત નથી પરંતુ તારા તાતની એકવીસ પેઢી તારનારો પુત્ર તું તો છે. આવું આવું અગણિત ગાતા વિચારતા અવશ પરંતુ પુત્ર સ્નેહવશ પિતા 'હે પુત્ર ! હે પુત્ર !' એમ આર્તનાદે પોકારતા, ઝાડ, પહાડ, પર્વત, નદી, નાળાં, પશુપક્ષીઓને પૂછતા, 'મારા શુકને તમે કોઈએ જોયો ? આ માર્ગે જ ગયેલ હોઈ તમે અવશ્ય કોઈએ જોયો જ હશે.' આવો વિલાપ કરતા એક જંગલમાંથી બીજા જંગલમાં પુત્રને શોધતા ભટકવા લાગ્યા. શોકની માત્રા વધી ગઈ, કંઠ રૂંધાઈ ગયો, આંખોમાં અશ્રુ ઊભરાયાં, કાયા રોમાંચિત થઈ ગઈ. મહર્ષિ વ્યાસની આ વ્યથા વૃક્ષોને સ્પર્શી ગઈ. વૃક્ષોને વાચા આવી, 'ના, ના' પિતાની પીડા ના વેઠી શકતા યોગીરાજ પુત્ર શુકદેવે વૃક્ષોના પાને પાને પ્રવેશી વ્યાસજીને ઉત્તર આપ્યો કે, હે તાત ! હે પિતાજી ! ના રડો, ના રડો, પિતાજી ! ના રડો. હું ક્યાંય નથી ગયો, આ રહ્યો. આ રહ્યો. સર્વદર્શી, બ્રહ્મદર્શી પુત્રે વૃક્ષોનાં પાનેપાનથી વરસતી મધુર વાણી સંભળાવી. સમીપમાં આવી, પિતાના ચરણયુગલમાં શિર નમાવી, નમસ્કાર કરી પિતાને ભેટી પડી, પિતાના શોકનું નિવારણ કર્યું. એવા અશોક કલ્પતરુ હે શુકાચાર્ય ! અમારા હૃદયમાં બિરાજો અને કથારસપાન કરાવી રસરાજ કૃષ્ણ ભગવાનને હૃદયમાં પધરાવી અમારા પણ શોકનું નિવારણ કરો. શ્રી સૂતમુનિવરે આ પ્રમાણે બે શ્લોકોમાં ભગવાન શ્રીકૃષ્ણને અને પરમ ભાગવત શ્રી શુકાચાર્યજીને પ્રણામ કરી મંગલાચરણ કરી કથારસ પાવાનો પ્રારંભ કર્યો. તો ચાલો આપણે પણ આ શ્લોકોથી મંગલાચરણ કરી, વિનાવિઘ્ને હરિરસનાં -અમીરસનાં-કથારસનાં પાન કરીએ.

કથાપ્રસંગનો પ્રારંભ સાત પ્રશ્નો

માહાત્મ્યના આ પ્રથમ અધ્યાયમાં ૮૦ શ્લોકો છે. શૌનક મુનિના સાત પ્રશ્નો, સનતકુમારો અને નારદજીનું વિશાલા પ્રદેશમાં સુમંગલ મિલન, શ્રી ભક્તિદેવીનું દર્દ, દેવર્ષિ નારદજીનું દર્શન, ભક્તિદેવીની જ્ઞાનવૈરાગ્યની જાગૃતિ માટેની વ્યથા અને નારદજીને નિવેદન - આ વિષય આ અધ્યાયની કથામાં આવશે.

> नैमिषे सूतमासीनमभिवाद्य महामतिम् । कथामृतरसास्वादकुशलः शोनकोऽब्रतीत ॥ ३ ॥
> शौनक उवाच–अज्ञानध्वान्तविध्वंस कोटिसूर्यसमप्रभ । सूताख्याहि कथासारं मम कर्णरसायनम् ॥ ४ ॥
> भक्तिज्ञान–विरागाप्तो विवेको वर्धते कथम् । मायामोहनिरासश्च वैष्णवैः क्रियते कथम् ॥ ५ ॥
> इह घोरे कलौ प्रायःजीवश्चासुरतांगतः । क्लेशाक्रान्तस्य तस्यैव शोधने किं परायणम् ॥ ६ ॥
> श्रेयसां यद्‌भवेच्छ्रेय, पावनानाञ्चपावनम् । कृष्णप्राप्तिकरं शश्वत्साधनं तद् वदाधुना ॥ ७ ॥

ભગવાન શંકરે કહ્યું : 'ઉમા, એક વાર નૈમિષારણ્યનાં શ્રેષ્ઠ આસન ઉપર બિરાજતા મહામતિ શ્રી રૌમહર્ષેણિ સૂતમુનિવરને અતિ આદરપૂર્વક વંદન કરી, અભિવાદન કરી, હરિકથામૃતરસનું આસ્વાદન કરવામાં અત્યંત કુશળ શ્રી શૌનક મહર્ષિએ સાત પ્રશ્નો કર્યા.' (૩) મહર્ષિ શૌનકે કહ્યું કે અજ્ઞાનરૂપ ઘોર અંધકારનો નાશ કરનારા કરોડો સૂર્ય સમાન તેજસ્વી, હે મહર્ષિ સૂતમહારાજ ! અમારા કાનોને માટે રસાયણસ્વરૂપ કથાઓના સારનું આપ અમને પાન કરાવો. (૪) આપના ચરણે અમારા સાત પ્રશ્નો છે : 'પ્રથમ પ્રશ્ન : ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યના સુમેળથી સિદ્ધ થતો વિવેક શી રીતે સમૃદ્ધ થાય ? દ્વિતીય પ્રશ્ન : 'વૈષ્ણવો એટલે ધર્મનિષ્ઠ સદ્‌ગૃહસ્થો ગૃહસ્થાશ્રમમાં રહીને માયા અને મોહનો નિરાસ-નાશ શી રીતે કરે ?' તૃતીય પ્રશ્ન : 'વળી આ ભયંકર કલિકાલમાં મોટા ભાગના - ઘણા પ્રમાણમાં જીવ સમુદાય આસુરવૃત્તિવાળો બનેલ છે, તેમ જ અનેક દુઃખોથી તે ઘેરાયેલ છે તો તેની આસુરવૃત્તિ શુદ્ધ કેવી રીતે થાય તે માટે કોઈ યોગ્ય સાધન-ઉપાય આપ બતાવો. ચતુર્થ પ્રશ્ન : 'કલ્યાણ કરનારાં સમસ્ત સાધનોમાં જે શ્રેષ્ઠ સાધન હોય, પવિત્ર કરનારાં સાધનોમાં પણ જે પવિત્ર કરનાર ઉત્તમ સાધન હોય, તેમ જ જે સર્વ યુગમાં ભગવાન શ્રીકૃષ્ણની પ્રાપ્તિ કરાવનારું સાધન હોય તે સાધન આજના આ કલિયુગમાં આપ અમને કહો.' (૫-૬-૭)

કરોડો સૂર્યોની કાન્તિ માનવના મનમાં વસેલા 'મોહ-અજ્ઞાન, અંધકારને દૂર નહીં કરી શકે, પરંતુ સંત-ભક્ત-બ્રહ્મર્ષિનું એક વાક્યકિરણ કોટિજનોના કાળજાના અંધકારને પળવારમાં દૂર કરી દેશે.' શૌનકમુનિ સૂતમહર્ષિ માટે ઉપરનો સદ્‌ભાવ દર્શાવતાં આગળ બોલ્યા : 'હે સૂતમુનિ ! ચિંતામણિ ઐહલૌકિક-ભૌતિક સુખોનું દાન કરશે (પરંતુ ચિંતાનું નિવારણ નહીં કરે), સુરતરુ-કલ્પવૃક્ષ સ્વર્ગની સમ્પત્તિ આપશે (પરંતુ આસક્તિ નહીં કાપે), જ્યારે પ્રસન્ન થયેલા

સદગુરુ યોગીજનોને માટે પણ દુર્લભ વૈકુંઠ ભગવાનને અને વૈકુંઠલોકને અપાવશે-આપશે. (૮)

સ્નેહભીના અને શૌનકમુનિના સ્નેહે ભીંજાયેલા સૂતમુનિ

સૂતમહર્ષિએ કહ્યું કે, મુનિવર શૌનક ! આપના હૃદયમાં ભગવાનનાં ચરણોમાં ભગવત્કથાશ્રવણમાં પુષ્કળ પ્રીતિ છે માટે ભગવત્કૃપાથી ખૂબ જ વિચારીને-નિશ્ચય કરીને આપને સંપૂર્ણ સંતોષ થાય ત્યાં સુધી સંસારના ભયને નાશ કરનાર તેમ જ સર્વ સિદ્ધાંતોના વિચારથી નક્કી થયેલા સાધનને સંભળાવું છું. (૯) હું જે સાધન-ઉપાય આપને કહી રહ્યો છું તે ઉપાય ભગવદ્ભક્તિના પ્રવાહને વધારનાર અને ભગવાન શ્રીકૃષ્ણને પણ સંતુષ્ટ કરનાર છે, માટે આપ સર્વ સાવધાની પૂર્વક સાંભળો. (૧૦)

[પુણ્ય પુંજના યોગે શ્રીમદ્ ભાગવતજીની કથાનાં શ્રવણ મળે "પૂર્વ જન્મનું પુણ્ય-પૂર્વજોનું પુણ્ય, - પિતૃઓના આશીર્વાદ - પુણ્યશ્લોકનો સમાગમ અને પ્રભુની કૃપા" આ પાંચ પ્રકારની સમ્પત્તિ મળે ત્યારે જ આંગણે શ્રીમદ્ ભાવગત કથાશ્રવણ - કીર્તનનો અવસર આવે. શ્રીમદ્ ભાગવત જ કાળના મુખમાંથી મુક્તિ અપાવશે. જો સંસાર ભવાટવી છે તો કાલ અજગર છે અને જો સંસાર સાગર છે તો કાલ મગર છે. શ્રીમદ્ ભાગવત બન્નેના ગળામાંથી બહાર કાઢી લાવશે.]

હે મુનિવરો ! શ્રી શુકાચાર્ય મુનિવરે આ કલિયુગમાં કાલનામના અજગરના મુખમાં ગળાતા અને ચવાઈ જતા જીવોના ગ્રાસના વિનાશ માટે કેવલ શ્રીમદ્ ભાગવત શાસ્ત્રને જ સાધન કહેલ છે. (૧૧) હે શૌનક મુનિ ! અન્તઃકરણની વિશુદ્ધિ માટે શ્રીમદ્ ભાગવતશાસ્ત્ર સિવાય કોઈ પણ અન્ય ઉત્તમ સાધન નથી. જો જન્માન્તરમાં, પૂર્વજન્મમાં, પુણ્યકર્મ આચર્યાં હોય - સત્કર્મો કર્યાં હોય તો જ શ્રીમદ્ ભાગવતશાસ્ત્ર શ્રવણ કરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થાય. તેમ જ પઠન-પાઠન-અર્ચન કરવાનું મળે. (૧૨) જ્યારે શુકતાલ આશ્રમમાં ગંગાને કિનારે પરીક્ષિત રાજાની પરિષદમાં શ્રી શુકદેવજી માત્ર પરીક્ષિત રાજર્ષિને કથા સંભળાવવા બિરાજ્યા હતા ત્યારે તે સભામાં અમૃત ભરેલા કુંભને લઈને દેવો ત્યાં આવ્યા. (૧૩) પોતાના કાર્યને સાધવામાં સદા કુશળ દેવો, શુકદેવજી મહારાજશ્રીને નમસ્કાર કરી કહેવા લાગ્યા કે, ભગવન્ ! આ અમૃતને અમારી પાસેથી લઈને આપ અમને કથામૃતનાં દાન કરો. (૧૪) આ પ્રમાણે સ્વર્ગસુધા અને કથાસુધાનો અદલોબદલો કરવામાં આવતાં પરીક્ષિત રાજા સ્વર્ગસુધાનાં પાન કરે અને અમે દેવો શ્રીમદ્ ભાગવત-અમૃતનાં પાન કરીશું. (૧૫) દેવોની વાત સાંભળી શ્રી શુકાચાર્યજીએ વિચાર્યું કે વિષયલંપટ બનાવનાર તુચ્છ સ્વર્ગનું અમૃત ક્યાં અને ભગવાન શ્રીકૃષ્ણને અપાવનાર શ્રીમદ્ ભાગવતની કથા ક્યાં ? ક્યાં કાચ અને ક્યાં ચિંતામણિ ? દેવસુધા તો કાચના ટુકડા જેવી છે, હરિકથા તો ચિંતામણિ જેવી છે. એવો નિર્ણય કરી દેવોની વાતને શ્રી શુકદેવે હસી કાઢી. (૧૬) શ્રી શુકદેવને લાગ્યું કે, આવી ક્ષુદ્ર તુલના કરનારા દેવો ભક્ત નથી પરંતુ સ્વાર્થી છે, આસક્ત છે. તેથી દેવોને શ્રીમદ્ ભાગવત કથામૃતનાં પાન ન કરાવ્યાં. હે મુનિવરો ! શ્રીમદ્ ભાગવતજીની કથાવાર્તા તો દેવોને પણ અત્યંત દુર્લભ છે. (૧૭)

બ્રહ્માજીની તુલના

(સત્યલોકમાં તુલના : બ્રહ્માજીએ અવલોકન કર્યું કે ઉપનિષદોમાં કેવલજ્ઞાન છે, પૂર્વમીમાંસાનાં સૂત્રોમાં કેવલ કર્મ છે, નારદાદિ ભક્તિસૂત્રોમાં કેવળ ભક્તિનું નિરૂપણ છે, જ્યારે શ્રીમદ્ ભાગવતજીમાં ભક્તિ, જ્ઞાન અને કર્મ -વૈરાગ્ય સર્વ સિદ્ધાંતોનો સાર છે.) પૂર્વે શ્રીમદ્ ભાગવતજીની કથાના શ્રવણથી પરીક્ષિત રાજા સાત જ દિવસમાં મોક્ષ પામ્યા. આ પ્રસંગથી વિધાતા પણ વિસ્મય પામ્યા. પુનઃ અજન્મા બ્રહ્માજીએ સત્યલોકમાં તુલા બાંધી અને શ્રીમદ્ ભાગવતજીને એક પલ્લામાં પધરાવીને અન્ય પલ્લામાં સર્વ સાધનોને પધરાવીને તોલવા લાગ્યા ત્યારે અન્ય સર્વ સાધનોવાળું પલ્લું હલકું લાગ્યું અને ગૌરવથી શ્રીમદ્ ભાગવતજીનું પલ્લું ભારે દેખાયું. બ્રહ્માજીના આ પ્રયોગને જોઈને ત્યાં બેઠેલા સર્વ ઋષિગણો પણ ત્યારે વિસ્મય પામ્યા. (૧૯)

શ્રીમદ્ ભાગવત ભગવાનનું સ્વરૂપ

બ્રહ્માજી અને સર્વ ઋષિગણો એવા નિર્ણય ઉપર આવ્યા કે કલિયુગમાં શ્રીમદ્ ભાગવતશાસ્ત્ર સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણનું સ્વરૂપ જ છે. ભગવાન સ્વયં કલિયુગમાં શ્રીમદ્ ભાગવતજીના સ્વરૂપે અવતર્યા છે. માટે શ્રીમદ્ ભાગવતજીનું પઠન કરવાથી, શ્રીમદ્ ભાગવતજીનો શ્રદ્ધાપૂર્વક પાઠ કરવાથી તેમ જ શ્રવણ કરવાથી અલ્પ સમયમાં જ તાત્કાલિક જ

વૈકુંઠ ભગવાનને ફલ સ્વરૂપે અપાવનાર છે. (૨૦) જો આ શ્રીમદ્ ભાગવતજીનું સપ્તાહના વિધિ અનુસાર શ્રવણ કરાય તો સર્વથા મુક્તિ આપનાર છે એવો અનુભવ કરી - નિર્ણય કરીને દયાપરાયણ શ્રી સનત્કુમારાઓએ પહેલાં શ્રી નારદઋષિને શ્રીમદ્ ભાગવતજીનું મહત્ત્વ સંભળાવ્યું હતું. (૨૧) જોકે દેવર્ષિ નારદજીએ આ પૂર્વે શ્રી બ્રહ્માજીની પાસેથી ચતુઃશ્લોકના સ્વરૂપે શ્રીમદ્ ભાગવતશાસ્ત્રનું શ્રવણ કરેલ હતું, પરંતુ તે સમયે બ્રહ્માજીએ સપ્તાહ શ્રવણ પ્રકાર કહ્યો ન હતો. એ તો જ્યારે વિશાલા ભૂમિમાં નારદજી મળ્યા ત્યારે શ્રી સનત્કુમારોએ ભાગવત સપ્તાહ શ્રવણવિધિ કહ્યો હતો.

શ્રીમદ્ ભાગવતજીએ નારદની શાપગતિ પણ રોકી

શ્રી શૌનક મહર્ષિએ પ્રશ્ન કર્યો કે મુનિવર રૌમહર્ષણિજી ! શ્રી નારદજીનો શ્રીવિગ્રહ તો લોકલ્યાણ માટે છે, અથવા શ્રી નારદજી તો લોકસંગ્રહથી પર છે, તેમ જ પ્રાચેતસ દક્ષના શાપથી કે લોકકલ્યાણના કારણથી તેઓ તો સર્વત્ર પર્યટન - વિચરણ જ કરે છે, ક્યાંય કદી નિવાસ કરતા જ નથી. એવા પર્યટનશીલ નારદજીને સપ્તાહવિધિને અનુસરીને શ્રીમદ્ ભાગવતશાસ્ત્ર શ્રવણ કરવામાં પ્રીતિ શી રીતે થઈ ? તેમાં પણ દુર્લભદર્શન શ્રી સનત્કુમારોનો નારદજીને સમાગમ ક્યાંથી થયો ? (૨૩)

અનુકંપા સર્વસિદ્ધ કરે

સૂતમહર્ષિએ શૌનકમુનિની જિજ્ઞાસાનું સમાધાન કરતાં કહ્યું કે, મુનિવર શૌનક ! હું આપને ભક્તિરસસંભર એક દિવ્યકથાપ્રસંગ કહીશ. આ અત્યંત ગુપ્ત રહસ્યપૂર્ણ કથાનક મને શ્રી શુકાચાર્યજીએ પોતાના શિષ્ય અને સેવક-ભક્ત સમજીને કહેલ છે. (૨૪) મુનિવર શૌનક ! એક વાર તે જગતપ્રસિદ્ધ ચારે ચાર નિર્મલ મન-જીવનવાળા સનતકુમાર ઋષિઓ ખરેખર સત્સંગ કરવાનો જ મનોરથ કરી "વિશાલા" નામની બદરીનાથ ભગવાનની ભૂમિમાં આવ્યા ત્યાં તે સનતકુમારોએ શ્રી નારદજીને નિહાળ્યા. (૨૫)

વિશાલનું વિશાલ હૃદય

[વિશાલ નામના રાજાએ બદરીનાથ ભૂમિમાં તપશ્ચર્યા કરીને ભગવાનનાં દર્શન કર્યાં. પ્રસન્ન થયેલા ભગવાને કહ્યું, 'વિશાલનૃપતિ, વરદાન માગો.' ત્યારે વિશાલનૃપે નિવેદન કર્યું, નાથ ! મને આપે જેટલા વિલંબે દર્શન આપ્યાં એટલો બધો વિલંબ આપના દર્શન માટે, આપની પ્રાપ્તિ માટે તપશ્ચર્યા કરનારા ભક્ત માટે નહીં.' એવું વરદાન આપો. ભગવાને "તથાસ્તુ" કહી વરદાન તો આપ્યું, પરંતુ તે તપોભૂમિનું નામ પણ વિશાલભૂમિ આપ્યું. ત્યારથી બદરીનાથના યાત્રિકો પગપાળા યાત્રામાં ઉપર જતાં, નીચે ઊતરતાં "બદરી વિશાલલાલકી જય - જય બદરીવિશાલ' ના નામથી જયઘોષ કરે છે. યાત્રામાં જયઘોષ કરનારનો થાક ઊતરી જાય છે અને નવકૌવત પ્રાપ્ત થાય છે.]

શ્રી સનતકુમારોએ ઉદાસીન દશામાં નારદજીને નિહાળીને ચાર પ્રશ્નો પૂછ્યા. પ્રથમ પ્રશ્ન પૂછ્યો કે, હે બ્રહ્મન ! હે નિર્વિકાર ! આપ દીન વદનવાળા કેમ છો ? આપ ભારે ચિન્તાતુર શાથી છો ? આપ આટલા ઉતાવળા કયાં પધારો છો, અને આપ ક્યાંથી આવી રહ્યા છો ? (૨૬) આપને જોતાં એમ લાગે છે કે કોઈ ધની પુરુષ ધન ગુમાવે અને શૂન્યચિત્ત બની જાય છે તેમ આપ હાલ શૂન્યચિત્ત લાગો છો. આપ તો સર્વસંગથી પર હોઈ આપની આવી સ્થિતિ બની જવી યોગ્ય નથી. આમ શાથી બન્યું તેનું કારણ આપ જણાવો ! (૨૭)

(સંતઅને વિપ્ર કદી ઉદાસીન અને ઉતાવળી ગતિવાળા નથી હોતા. તેઓ નિસ્પૃહ, નિઃસંગ અને નિર્વિકાર હોય છે. પરંતુ વિપ્ર-સાધુજનના પગની ઉતાવળ મુખની ઉદાસીનતા વિશ્વની વ્યથાનું નિદર્શન કરાવે છે. જ્યાં જન ઉરપૂરમાં આગ સળગે છે ત્યાં વિપ્ર, સાધુ, જલધરો જલદી દોડી જાય છે.)

કલિકાલનાં ૩૨ કુલક્ષણો

શ્રી નારદ મહર્ષિએ સમાધાન કર્યું કે, હે કુમારો ! હે વડીલ બંધુઓ ! સર્વ લોકમાં પૃથ્વીલોક સર્વોત્તમ છે એમ માનીને પૃથ્વી ઉપર મેં પ્રસ્થાન કર્યું. પુષ્કરરાજ, પ્રયાગરાજ, કાશીક્ષેત્ર, ગોદાવરી તીર્થ, તેમ જ હરિક્ષેત્ર, કુરુક્ષેત્ર, શ્રીરંગધામ, શ્રી સેતુબંધ રામેશ્વર, વગેરે તીર્થોમાં, ક્ષેત્રોમાં ને તીર્થક્ષેત્રોમાં હું સર્વત્ર ભટકવા લાગ્યો. ચારે તરફ આમ તેમ ફરવા લાગ્યો પરંતુ મનને સંતોષ આપનાર કલ્યાણ-સુખ ક્યાંય ના નિહાળ્યું. જોયું તો અધર્મના મિત્ર ખાસ કલિયુગે આ ધરણીદેવીને ચારે તરફ ઘેરી લીધેલી જોઈ અને પીડેલી જોઈ - (૨૮-૨૯-૩૦) ના નિહાળ્યું જીવોના જીવનમાં સત્ય, ના જોયાં તપ, પવિત્રતા, દયા કે દાનને જોયા ત્યારે ઉદરંભરી, પેટપોષક જીવો, રાંક જેવા નિર્માલ્ય, અને ક્રૂરભાષી જીવો

જોયા. આ ઉપરાંત મન્દ-આળસુ અત્યંત મંદમતિવાળા, મંદભાગ્યવાળા, વળી વિવિધ ઉપદ્રવો, દુઃખો અને વિઘ્નોથી ઘેરાયેલા જીવોને જોયા. સત્પુરુષોને પાખંડપરાયણ જોયા અને વિરક્તો ઘર-પરિવાર-સંગ્રહવાળા જોયા. (૩૧-૩૨) ગૃહસ્થાશ્રમ વ્યવહાર સ્ત્રી-પ્રાધાન્યવાળો બન્યો અને શ્યાલકો સલાહકાર થયા, લોકો લોભથી કન્યાવિક્રય કરવા લાગ્યા. દામ્પત્યજીવન કલેશકંકાસભર્યાં જોયાં; આશ્રમો, તીર્થો અને સરિતાઓને મ્લેચ્છ-યવનોએ કબજે કર્યાં, ભૂતલ ઉપરનાં દેવાલયો પણ દુષ્ટ લોકોએ ઘણા ભાગનાં નષ્ટ-ભ્રષ્ટ કર્યાં. રક્ષા કરનારા ના યોગી રહ્યા, ના તો સિદ્ધો રહ્યા, ના જ્ઞાની રહ્યા અને સત્કર્મ પરાયણ સજ્જનો પણ ના રહ્યા. કેટલાક સાધનો બચ્યાં હતાં તે કલિ દાવાનળે સળગાવી ભસ્મસાત્ કરી દીધાં. વિશેષમાં આ કળિયુગમાં પકવેલાં અન્ન વેચાવા લાગ્યાં, દ્વિજાતિજનોએ વેદોનો પણ વિક્રય કરવા માંડ્યો, કામિનીઓ પણ ધન લઈ શીલ વેચવા લાગી. કલિયુગની આ પરિસ્થિતિ જોઈ. આ ઉપરાંત "કલિકાલસુલભ" અનેક દોષો જોયા. આમ હું પૃથિવીપર્યટન કરતો પૃથ્વીની પરિસ્થિતિ નજરે નિહાળતો જ્યાં ભગવાન શ્રી હરિની લીલાસ્થલી છે ત્યાં શ્રી યમુનાજીના તટે વસેલા શ્રી વૃન્દાવન પ્રદેશમાં આવી પહોંચ્યો. (૩૩-૩૪-૩૫-૩૬-૩૭)

ભક્તિદેવીનું દર્દ અને હમદર્દી સંતનો સમાગમ

શ્રી નારદજી બોલ્યા : 'મુનિવર, સનતકુમારો ! શ્રીયમુનાતટે મેં જે આશ્ચર્ય જોયું તેનું આપની પાસે વર્ણન કરું છું. આપ કૃપા કરીને સાંભળો. મેં ત્યાં અતિશય ઉદાસીન, દુઃખી હૃદયવાળાં પરંતુ તરુણાવસ્થાનાં એક દેવીને કિનારે બેઠેલાં જોયાં. (૩૮) આ દેવીનાં બન્ને પડખે નિઃશ્વાસ નાખતા અચેતન જેવા વૃદ્ધાવસ્થાવાળા સૂતેલા પુરુષોને જોયા. આ દેવી બન્ને પુરુષોની સારવાર કરતાં તેમ જ તે બન્નેને વારંવાર જગાડવાનો પ્રયત્ન કરતાં - આમ છતાં તે જાગતા ન હતા તેથી તે બન્નેની પાસે રુદન કરતાં હતાં તેમ જ તે પોતાના શ્રીઅંગની કોઈ રક્ષા કરનારને દશે દિશાઓમાં શોધી રહ્યાં હતાં. આ અવસરે આ દેવીની ચારે તરફ બિરાજેલી સેંકડો સ્ત્રીઓ તેમને વીંજણો ઢોળી રહી હતી; તેમ જ કોઈક આશ્વાસન પણ આપી રહી હતી. શ્રી યમુનાકિનારે વિચરતાં મેં દૂરથી આ દૃશ્ય જોયું અને કુતૂહલવશ હું આ સન્નારીવૃન્દની સમીપે પહોંચી ગયો અને તે નિર્દોષ બાલા મને નિહાળતાં જ એકાએક ઊભાં થઈ ગયાં અને વિહ્વળતાપૂર્વક વાક્યો બોલવા લાગ્યાં. (૩૯-૪૦-૪૧)

સર્વની હરકત હરે, સર્વમાં ભગવદ્ભક્તિ ભરે તે સાધુ - હે સંત

હે સાધુ ! હે સાધુપુરુષ ! આપ એક ક્ષણવાર ઊભા રહો. આપ સર્વની ચિંતાને હરો છો તો મારી ચિન્તાનો પણ નાશ કરો. આપ મહાપુરુષ છો. આપનું દર્શન સમસ્ત લોકોનાં સર્વ પ્રકારનાં પાપોને હરનારું શ્રેષ્ઠ સાધન છે. શાસ્ત્રોનું કહેવું છે : "સંતોના ક્ષણ અને સદાવ્રતના કણ" એ તો સમષ્ટિની સમ્પત્તિ છે, માટે પરિમિત પ્રમાણમાં જ વાપરવાં. (૪૨) હે મહર્ષિ ! આપના વાક્યથી અનેક પ્રકારે મારા દુઃખની શાંતિ થશે જ. હે ભગવન્ ! અનેક જન્મનાં પુણ્ય એકઠાં થયાં હોય ત્યારે - સદ્ભાગ્ય હોય ત્યારે જ આપ સમાન સાધુજનોનાં દર્શન થાય. (૪૩)

શ્રી નારદજીએ દેવી ભક્તિનું નિવેદન સાંભળી મધુરભાવે પ્રશ્નો પૂછ્યા : 'આપ કોણ છો ? આ બે સૂતેલા પુરુષો કોણ છે ? કમલલોચના આ નારીઓ કોણ છે ? દેવી ! સંકોચ ના કરો અને આપના દુઃખનું સવિસ્તર વર્ણન કરો. (૪૪)

દેવી ભક્તિનું નિવેદન

બાલા - નિર્દોષ ભક્તિદેવી બોલ્યાં : ભક્તવર નારદજી ! મારું નામ ભક્તિ છે, હું ભક્તિના નામથી પ્રસિદ્ધ છું, જ્ઞાન અને વૈરાગ્ય નામના આ બે મારા તનય - પુત્રો છે. આ બે મારા દીકરાઓ કાલબળથી જર્જરિત થઈ ગયા છે. (૪૫) વળી સમીપમાં બિરાજતી આ સન્નારીઓ એ તો મારી સેવા માટે પધારેલાં શ્રી ગંગાજી વગેરે દેવીઓ છે. સમસ્ત દેવોથી સેવાયેલી છતાં પણ ભગવન ! મને સુખ-શાંતિ નથી. (૪૬) હે તપસ્વી સંત ! મારી આપને ઓળખાણ આપી; હવે આપ મારી વાતને ધ્યાન દઈને સાંભળો. ભગવન્ ! મારી વાત પણ વિસ્તારવાળી છે. તોપણ તે વાતને સાંભળીને મને સુખી કરો. (૪૭) દ્રવિડદેશમાં મારો આવિર્ભાવ થયો. કર્ણાટક પ્રાન્તમાં હું ઉછેર પામી મોટી થઈ, મહારાષ્ટ્રમાં પણ કોઈ કોઈ સ્થાને મારો ઉછેર થયો; પરંતુ મથુરા પાસેના ગુર્જર નામના દેશમાં જર્જરિત દશામાં જીવી હું ત્યાં જીર્ણ બની. (૪૮) આ સ્થાનમાં આવતા ઘોર કલિયુગના પ્રતાપે પાપના ખંડોના પાપીઓનાં, નાસ્તિકોનાં પાપોના આચરણોથી મારાં નવેનવ અંગો ખંડિત થયાં. મારાં અંગો ખંડિત થતાં હું દીર્ઘકાલ પર્યન્ત દુર્બલ રહી અને મારા જ્ઞાન-વૈરાગ્ય નામના બે પુત્રો

સાથે હું પણ જીર્ણશીર્ણ થઈ ગઈ. ગુર્જર શબ્દનો ગુજરાત અર્થ થતો નથી. શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધના દશમા અધ્યાયમાં ગુજરાત-મહાગુજરાતનું “સૌવીર” નામ છે. દાનવીર-શૂરવીર-જ્ઞાનવીરોની ફલદ્રૂપ જન્મભૂમિ તો ગુજરાત છે. દેશના કોઈ પણ ખૂણે આપત્તિ આવી પડે ત્યાં તન-મન-ધનથી સેવા કરવા દુનિયાના કોઈ પણ ખૂણે વસતા ગુજરાતીઓ દોડી જશે અને ઉદાર હૃદયે સહાય અને સખાવત કરશે. (૪૯) મહારાજ ! પરંતુ જ્યારે હું વૃન્દાવનમાં પાછી આવી ત્યારે તો જાણે પુનઃ તરુણી, સૌન્દર્યમયી બની ગઈ. ભગવન ! હમણાં તો હું વૃન્દાવનવાસથી મનગમતા દિવ્ય સ્વરૂપવાળી યુવતી બની ગઈ છું. (૫૦) પરંતુ સંતવર ! મારી પીડા એ છે કે મારા આ બે પુત્રો શ્રમથી પીડાયેલા અહીં સૂઈ રહેલા છે. તેથી હવે હું આ સ્થાનનો ત્યાગ કરી બીજે સ્થાને જવા વિચારી રહેલ છું. (૫૧) મારા આ બે પુત્રો ઘડપણને પામ્યા છે તેના જ દુઃખથી હું દુઃખી છું. આ બન્ને વૃદ્ધો શાથી થયા ? અને હું કેવી રીતે યુવતી બની એ આશ્ચર્ય છે. (૫૨) ભગવન ! અમે તો ત્રણ સદા સાથે જ હરતાં ફરતાં હોવા છતાં આવો ફેરફાર શાથી થઈ ગયો ? મહારાજ ! માતા તો ઘરડી થાય અને સંતાનો તરુણ સંભવે ! આથી વિપરીત દશા બની છે. (૫૩) એટલે જ હું મારી જાતનો શોક કરું છું. આમાં મારું મન પણ આશ્ચર્યચકિત થઈ ગયું છે. આપ તો યોગના ભંડાર છો, જ્ઞાની છો, મહાન બુદ્ધિમાન છો, તો આપ મને કહો કે આ દિશામાં હવે શું થઈ શકે !” (૫૪)

મનઃસમાધાન સર્વ શાસ્ત્રોનું શ્રેષ્ઠ ફલ છે. સંતો અને શાસ્ત્રો સમાધાન કરી કલ્યાણ કરે છે.

સંતવર શ્રી નારદજી બોલ્યા : ‘દેવી ભક્તિ ! આપ નિર્દોષ છો, હું આપની આ સર્વ બાબતોનો મારા દિવ્ય જ્ઞાનથી મારા અન્તરાત્મામાં પ્રથમ વિચાર કરી જોઉં છું. આપે જરા પણ ખેદ કરવાની જરૂર નથી. ભગવાન શ્રીહરિ અવશ્ય આપનું કલ્યાણ કરશે જ. પુનઃ ક્ષણવારમાં જ દિવ્ય જ્ઞાન દ્વારા ભક્તિદેવીની સમસ્યાના કારણને જાણી ગયા અને મુનિશ્વર મધુર વાક્ય બોલ્યા. (૫૫, ૫૬)

સદાચારોના નાશનાં કારણો

ત્રિકાલદર્શી શ્રી નારદજીએ ધર્મહ્રાસનાં કારણોને ધ્યાનચક્ષુથી નીરખ્યાં અને બોલ્યા – હે બાલા ! હે નિર્દોષ ભક્તિદેવી, આપ સાવધાન થઈ સાંભળો. આ ભયાનક કલિયુગ પ્રવર્તી રહ્યો છે, તે કલિકાલે જ સદાચારનો લોપ કર્યો છે, કલિયુગે જ યોગમાર્ગ અને તપશ્ચર્યાઓનો નાશ કર્યો છે. (૫૭) આ કલિકાલમાં માનવો પાપપ્રિય સ્વભાવના બની ગયા છે. અને શઠતા ભરેલાં દુષ્કર્મો આચરી રહ્યા છે. જે સજ્જન પુરુષો છે તે દુઃખી થઈ રહ્યા છે અને અસજજનો તો હર્ષ ભોગવી રહ્યા છે ને આનંદમાં રાચી રહ્યા છે. ખરેખર આવા વિષમકાલમાં જે ધૈર્ય ધરે છે તે જ ધીરપુરુષ છે, અને તે જ જ્ઞાનીપુરુષ છે કે પંડિતજન છે. (૫૮) આ વસુંધરા પણ પ્રતિ વર્ષ ક્રમશઃ સ્પર્શ કરવા યોગ્ય તેમ જ દર્શન કરવા યોગ્ય પણ નથી રહી, કેવલ શેષભગવાનને શિરેભારરૂપ જ થઈ ગયેલ છે. નજર નાંખતા ક્યાંય મંગલમય વાતાવરણ જણાતું નથી. પણ મંગલનું નામનિશાન પણ જોવા મળતું નથી. (૫૯) પુત્રો સાથે તમને હાલમાં કોઈ પણ જોતું નથી. લોકો રાગથી અંધ બની ગયેલા હોઈને તમારા તરફ દુર્લક્ષ્ય સેવે છે. એને લીધે તો તમારી જર્જરિત હાલત થઈ ગઈ છે. (૬૦) દેવી ભક્તિ ! શ્રી વૃન્દાવનનો પુનઃ આપને સંયોગ થયો તેથી તમને નવીન તારુણ્ય પ્રાપ્ત થયેલ છે. આ કારણથી જ ખરેખર વૃન્દાવન ધન્યવાદપાત્ર છે કે જ્યાં શ્રી ભક્તિદેવી સતત નૃત્ય કરી રહેલ છે. (૬૧) પુનઃ આપના જ્ઞાન અને વૈરાગ્ય નામના બે પુત્રો અહીં કોઈ પણ ઉપાસક નથી; તેથી જ તેઓ-જર્જરિત દશાને છોડતા નથી. આમ છતાં આ વૃન્દાવનમાં જ્ઞાન -વૈરાગ્યને કંઈક અંશે આત્મસુખ મળ્યું છે તેથી કંઈક અંશે તેમને નિદ્રા આવી હોય તેમ માની શકાય છે.’ (૬૨)

ભક્તિદેવીનું દૈન્ય

[ભક્તિદેવી બોલ્યાં : સંતવર ! હે કૃપાનિધિ સાધુવર ! કૃપા કરો, કલેશ હરો, કૃષ્ણનાં મિલન કરાવો. આપને ચરણે વારંવાર કોટિકોટિ અભિનંદન. સંતાનનું દુઃખ કેમ વેઠાય ? વળી કહેવું કોને અને સહેવું શી રીતે ?]

શ્રી ભક્તિદેવીએ પ્રશ્ન પૂછ્યો : હે નારદજી ! રાજર્ષિ પરીક્ષિતે આવા અશુદ્ધ કળિયુગને શા માટે સ્થાન આપ્યું ? વળી કલિયુગ જ્યારે પ્રવૃત થયો ત્યારે ધર્મનો સર્વોત્તમ સાર ક્યાં ચાલ્યો ગયો ? (૬૩) કરુણાપરાયણ ભગવાન શ્રીહરિ પણ આવા અધર્મને કેમ સાંખી રહ્યા છે ? તે ફાલી રહ્યો છે છતાં કેમ જોઈ રહ્યા છે ? મહારાજ ! આપ મારા સંશયને છેદો. આપની વાણીથી હું સુખ પામી છું.’ (૬૪)

સમાધાન અને પ્રતિજ્ઞા

શ્રી નારદજી બોલ્યા : હે ભક્તિ ! જો આપે મને પ્રેમથી પ્રશ્ન કર્યો જ છે તો હવે આપ પ્રેમથી સમાધાન પણ સાંભળો ! હે ભદ્રે ! હું આપના સર્વ પ્રશ્નોનું સમાધાન કરીશ અને એ સમાધાનથી આપનો ક્લેશ-ખેદ ચાલ્યો જશે. (૬૫) ભગવાન શ્રીકૃષ્ણ જ્યારથી આ ભૂલોકનો ત્યાગ કરી નિજધામ પધાર્યા ત્યારથી આરંભી-તે જ દિવસથી ભગવત્પ્રાપ્તિનાં સર્વ સાધનોનો નાશકરનારા કલિયુગનો પ્રવેશ થઈ ચૂક્યો હતો. (૬૬) દિગ્વિજયભ્રમણ દરમિયાન પરીક્ષિત રાજાએ પૃથ્વીમાં પ્રવેશેલા કલિયુગને જોયો અને નાશ કરવાનો નિર્ણય પણ કર્યો ત્યારે તે કલિયુગ રાંકની જેમ રાજાને શરણે આવ્યો. આ અવસરે રાજાએ નિર્ણય કર્યો કે સારગ્રાહી સારંગ-મધુમક્ષિકાની માફક સર્વમાંથી સાર ગ્રહણ કરવો જોઈએ. માટે મારે કલિયુગને મારી નાખવો ના જોઈએ. (૬૭) જીવનનું સાચું ફળ ભગવાનની પ્રાપ્તિ છે. આ ફળ જે તપથી, યોગથી અને સમાધિથી નથી મળતું તે ભગવત્પ્રાપ્તિ નામનું દિવ્ય ફળ કેવલ શ્રીકૃષ્ણ ભગવાનું નામ-સંકીર્તન કરવાથી મળે છે. (૬૮) સર્વ વર્ણ આશ્રમને એકાકાર બનાવી દેનારા, સારવાળા પદાર્થોને-સાધનોને પણ નિઃસાર-નીરસ બનાવી દેનાર કલિયુગ હોવા છતાં, સારગ્રાહી મધુમક્ષિકાની માફક ગુણગ્રાહી પરીક્ષિત રાજાએ કલિયુગના જીવોના કલ્યાણ માટે કલિયુગને પૃથ્વીમાં સ્થાન આપ્યું, આશ્રય આપ્યો પણ નાશ ના કર્યો. (૬૯) વર્તમાન કલિકાલમાં દુષ્ટ કર્મોનું આચરણ થતું હોવાથી વિશ્વમાંની સારભૂત વસ્તુઓમાંથી સારસાર ચાલ્યો ગયો. ધાન્યના કણ-દાણા વિનાનાં ફોતરાંની માફક સકલ પદાર્થો પૃથ્વી ઉપર નિઃસાર બનીને રહ્યા છે. (૭૦) ભક્તિદેવી, વિશ્વના સમસ્ત પદાર્થોમાંથી જેમ સાર ચાલ્યો ગયો છે તેવી જ રીતે વિપ્રોએ પણ કેવલ મૂઠી ધાન્યના લોભથી શ્રોતા અધિકારી છે કે કેમ એનો વિચાર કર્યા વિના ઘરે ઘરે અને જને જને કથા કરવા માંડી, જેથી કથામાંથી સાર ચાલ્યો ગયો. (૭૧)

સાધનો નિઃસાધન થયાં

અતિશય ઉગ્ર કર્મ કરનારા, સર્વથા નાસ્તિક, ધર્મ-કર્મ કે ઈશ્વરને ન માનનારા, રૌરવ નરકના અધિકારી જનો પણ તીર્થોમાં આવી વસ્યા છે; તેથી તીર્થના દેવો પણ તીર્થોમાંથી તિરોહિત થઈ ગયા અને તીર્થો પણ નિઃસાર થયાં. (૭૨) કામવાસનાની પૂર્તિ માટે, ક્રોધવશ કોઈનો નાશ કરવાની વૃત્તિથી, અતિશય ધનલાલસાથી, અનેકવિધ તૃષ્ણાઓથી આકુળવ્યાકુળ ચિત્તવાળા જનો પણ જ્યારે તપ કરવા બેઠા છે ત્યારે તપશ્ચર્યામાંથી પણ તાકાત ચાલી ગઈ છે. તપશ્ચર્યા ચિત્તશુદ્ધિ માટે કે ભગવત્પ્રાપ્તિના ઉદ્દેશથી થાય તો જ તપશ્ચર્યાની તાકાત સમજાય. (૭૩) અલ્પ પ્રમાણમાં પણ મનોવિજય ન હોવાથી, લોભથી, દંભી જીવનથી, પાખંડનો આશ્રય કરવાથી, શાસ્ત્રોનો અભ્યાસ ત્યજી દેવાથી અને શ્રદ્ધાશૂન્ય થવાથી ધ્યાનનું અને યોગાનુષ્ઠાનનું ફળ ચાલ્યું ગયું. (૭૪) પંડિતો તો શાસ્ત્રો સાથે રમણ કરે તેને બદલે રમણી સાથે રમણ કરવા લાગ્યા, પુત્રની પ્રાપ્તિ કરવામાં કુશળ બન્યા, પરંતુ મુક્તિસંપાદનમાં મૂર્ખ રહ્યા અને પશુતુલ્ય ભોગપરાયણ બન્યા છે. (૭૫) ગુરુપરંપરાના પાલનપૂર્વકની સમ્પ્રદાયના સિદ્ધાંતોને અનુસરતી વૈષ્ણવતા પણ કોઈ સમ્પ્રદાયમાં ના રહી. આ બધાં કારણોને લીધે, સર્વ ઠેકાણે વ્યવહારો થવા લાગ્યા છે તેથી સર્વ વસ્તુઓમાંથી સાર સર્વથા નાશ પામ્યો. (૭૬) દેવી ! આ વસ્તુ ભગવાનથી અજાણી નથી. તેમ જ ભગવાનની ઉપેક્ષા પણ નથી, આ તો કલિયુગના ધર્મની ગોઠવણ જ આ પ્રકારની છે. અને તે પ્રમાણે જ કાલચક્ર ચાલે છે તેથી ભગવાનને દોષ ના અપાય. પુંડરીકાક્ષ ભગવાન પણ સમીપમાં રહેલા છતાં સર્વ સહન કરે છે.

ભક્તિમાતાનું આશ્ચર્ય

સૂતમહર્ષિએ કહ્યું : 'મુનિવર શૌનકજી ! મહર્ષિ નારદજીનાં ઉપર પ્રમાણેનાં વચનો સાંભળી દેવી ભક્તિ તો અતિશય આશ્ચર્યચકિત થયાં જેથી પુનઃ શ્રી ભક્તિદેવી નારદજીને નિવેદન કરવા લાગ્યાં તે પ્રસંગ પણ આપ સાંભળો. (૭૮) શ્રી ભક્તિદેવી કહેવા લાગ્યાં : 'હે દેવર્ષિ નારદજી ! આપને તો મારા ધન્યવાદ છે. મારા સદ્ભાગ્યે આપની આ સ્થાને પધરામણી થઈ છે. આ લોકમાં સાધુજનોનાં દર્શન સર્વ સિદ્ધિઓનું પ્રદાન કરે છે. (૭૯)

जयति जयति मायां यस्य कायाधवस्ते वचनरचनमेकं केवलं चाकलय्य ।

ध्रुवपदमपि यातो यत्कृपातोध्रुवोयं सकलकुशलपात्रं ब्रह्मपुत्रं नताऽस्मि ॥ ८० ॥

જે આપના કેવલ એક વચનામૃતને જ જીવનમાં ઉતારીને ભક્તપ્રવર પ્રહ્લાદજી જે ન જીતી શકાય એવી ભગવાનની માયાને જગતમાં જીતી જાય છે; વળી જે આપની કૃપાથી પણ ધ્રુવજી અવિચળ પદવી પામ્યા, તેવા સર્વ કુશળતાના ભંડાર સમા બ્રહ્મદેવના પુત્ર આપને હું નમન કરું છું. (૮૦)

શ્રી પદ્મપુરાણના ઉત્તર ખંડમાં શ્રીમદ્ ભાગવત માહાત્મ્ય પ્રસંગમાં "શ્રી ભક્તિદેવી અને દેવર્ષિ નારદજીના સમાગમ"નું વર્ણન કરતા પ્રથમ અધ્યાય સમાપ્ત.

श्री कृष्णार्पणमस्तु

અધ્યાય ૨જો

[શ્રીમદ્ ભાગવત માહાત્મ્યનો દ્વિતીય અધ્યાય શરૂ થાય છે. આ અધ્યાયમાં ૭૬ શ્લોકો છે. શ્રી ભક્તિદેવીની ઉર-અકળામણનું નિવારણ કરી ભક્તવર નારદજી સંતોની શોધ માટે અને સત્કર્મ કરવા માટે બદરીવનમાં પધારશે. વિશાલા ભૂમિમાં સનત્કુમારો પાસે ભક્તિની પરિસ્થિતિ વર્ણવશે. કુમારો મુનિમનનું સમાધાન કરશે. પુનઃ શ્રી નારદજી સત્સંગ માટે સનત્કુમારોને શરણે જશે.]

नारद उवाच – वृथा खेदयसे बाले ? अहो चिन्तातुरा कथम् । श्री कृष्णचरणांभोजं स्मर दुःखं गमिष्यति ॥ २–१

આશ્વાસન અમૃત છે

મહર્ષિ નારદજી આશ્વાસન આપતાં કહેવા લાગ્યા : 'હે બાલે ! હે નિર્દોષ દેવી ! આપ શાને વ્યર્થ ખેદ કરો છો ? આશ્ચર્યની વાત છે કે આપ આટલાં બધાં ચિંતાતુર છો ! શ્રીકૃષ્ણ ભગવાનના ચરણકમલનું ચિંતન કરો. તત્ક્ષણ દુઃખ ચાલ્યાં જશે. (૧) આપ જાણો છો જ કે જે ભગવાને કૌરવોના ત્રાસ અને અત્યાચારમાંથી દેવી દ્રૌપદીની રક્ષા કરી છે અને અનેક વિપત્તિઓમાંથી ગોપ-ગોપાંગનાઓનાં રક્ષણ કર્યાં છે તે કૃપાનિધાન શ્રીકૃષ્ણ ક્યાંય ચાલ્યા નથી જ ગયા. (૨) આપ તો ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રજીનાં સદાય પોતાના પ્રાણોથી-આત્માથી પણ અધિક પ્રિય છો. ભક્તિદેવી ! આપનું નિમંત્રણ થતાં નાથ શ્રીકૃષ્ણ ભગવાન સર્વૈશ્વર્ય સમ્પન્ન છતાં મોભો પડતો મૂકીને ક્ષુદ્ર જનને-નીચ જનને ઘરે પણ દોડી આવે છે. (૩) કૃતયુગ, ત્રેતાયુગ અને દ્વાપરયુગમાં તો જ્ઞાન અને વૈરાગ્ય મુક્તિના સાધકો છે જ પરંતુ કલિયુગમાં તો કૃષ્ણસાયુજ્ય પમાવનારાં તો કેવલ ભક્તિમહારાણી આપ જ છો. આવો નિર્ણય કરીને પરમાનંદ ચૈતન્યસ્વરૂપ ચિદ્વિગ્રહ ભગવાન શ્રીકૃષ્ણે પોતાનાં પ્રાણવલ્લભા સત્સ્વરૂપ શ્રીવિગ્રહવાળાં આપ સુંદરીને ભૂતલ ઉપર પ્રકટ કર્યાં. (૫)

ભક્તિદેવીનો વિનય

ભગવાને જ્યારે આપને પ્રગટ કર્યાં ત્યારે એક દિવસ આપે વિનયાંજલિ બાંધી, પ્રણામ કરી વિનયભરી વાણીથી પૂછ્યું : કહો કૃપાનાથ ! શી આજ્ઞા છે ? શી સેવા કરું ?' ત્યારે ભગવાને આપને આજ્ઞા કરી કે દેવી ભક્તિ ! મારા ભક્તોનું પાલન-પોષણ અને રક્ષણ કરો, અને મારા પ્રિય ભક્તોના હૃદયમાં વસી તેમના આનંદની અભિવૃદ્ધિ કરો. (૬) આપે તે અવસરે શ્રીહરિની આજ્ઞાનો અંગીકાર કર્યો ત્યારે કૃપાનાથ શ્રીહરિ આપના ઉપર પ્રસન્ન થઈ ગયા. અને ભગવાને અવિલંબે આપને મુક્તિ નામની દાસી આપી તેમ જ જ્ઞાન-વૈરાગ્યને આપની સેવામાં સોંપ્યા. (૭) હે દેવી ભક્તિજી ! આપ આપના નિત્ય અલૌકિક શ્રીવિગ્રહથી શ્રી વૈકુંઠનિવાસી ભક્તોનું નિત્ય પોષણ કરો છો અને પૃથ્વીલોક ઉપરના ભક્ત આત્માઓના સંપોષણ માટે છાયાસ્વરૂપનો સ્વીકાર કરી બિરાજ્યાં છો. (૮) આપ મુક્તિદેવીને દાસી બનાવીને, જ્ઞાન અને વૈરાગ્ય સુપુત્રોને સાથે લઈને ધરણી ઉપર પધાર્યાં છો. આપે કૃતયુગથી આરંભી દ્વાપરયુગ સુધીનો સમય પૃથ્વી પર ખૂબ જ આનંદપૂર્વક પસાર કર્યો.' (૯)

મુક્તિને ક્ષયરોગ

મહર્ષિ નારદજીએ આગળ વધીને કહ્યું : વર્તમાનકાલમાં પવિત્ર અને દિવ્ય મુક્તિદેવીને પાખંડ નામના રોગે ઘેરી લીધાં તેથી તેમની શક્તિનો હ્રાસ થયો છે. જાણે કે ભક્તિદેવીને ક્ષય જ લાગ્યો હોય એવું લાગતાં આપની આજ્ઞા મેળવીને મુક્તિદેવી વૈકુંઠલોકમાં ભગવાનની પાસે ચાલ્યાં ગયાં. (૧૦) ભક્તિદેવી ! આપ મુક્તિને યાદ કરશો જે અવિલંબે પાછાં આવે છે અને કાર્ય કરી આપની આજ્ઞા લઈ પાછાં વિદાય થાય છે. જ્યારે જ્ઞાન-વૈરાગ્યને તો આપે પુત્ર બનાવી પોતાના પડખે જ સુરક્ષિત રાખ્યા છે. (૧૧) દેવી ! જ્ઞાન અને વૈરાગ્ય નામના આપના એ બે પુત્રોની કલિયુગમાં ઉપેક્ષા

થઈ તેથી જ તે બન્ને નિષ્ક્રિય અને જર્જરિત જેવા લાગે છે. આમ છતાં આપ એમની ચિંતા ત્યજી દો. તેઓને તરુણ બનાવવા માટે હું ઉપાય વિચારી રહ્યો છું. (૧૨) હે ઉત્તમ મુખવાળી, હે મંગલમુખ માતા ! કલિ જેવો શ્રીકૃષ્ણપ્રાપ્તિ માટે કોઈ ઉત્તમ યુગ નથી. આ યુગમાં હું ઘરે ઘરે અને જને જને આપનું સ્થાપન કરીશ. (૧૩) ભક્તિ વિનાના અન્ય ધર્મોને ગૌણ બનાવીને, ભક્તિમાર્ગના મહોત્સવો આદરીને આપની સર્વત્ર સ્થાપના ન કરું તો હું આપનો સેવક ન ગણાઉં, સેવક ન મનાઉં. અધિક શું માતા ! હું હરિદાસ નહીં, જો ભક્તિની સ્થાપના ના કરું. (૧૪) જીવનમાં એક વાર પાપી હશે તે લોકો પણ જો ભક્તિનું સેવન કરશે તો તેઓ આ કલિયુગમાં સર્વથા ભયમુક્ત બની ભગવાનના દિવ્યલોકમાં પધારશે. (૧૫) જેમના ચિત્તમાં ભગવાનની પ્રેમલક્ષણા ભક્તિ સદા નિવાસ કરતી હોય તેઓ નિર્મલ અન્તઃકરણ, નિર્મલ કાયાવાળા થઈને જાય છે. તેઓ તો સ્વપ્નમાં પણ કીનાશને-યમરાજને નીરખતા નથી તો તેમને યમલોકમાં જવાનો સંભવ જ ક્યાં રહ્યો ! (૧૬) દેવી ! જેમના હૃદયમાં-મનમાં ભક્તિદેવી વસ્યાં છે અને જેમના ભક્તિરંગમાં રંગાયાં છે, તેઓને તો પ્રેત, પિશાચ, રાક્ષસ કે અસુર સ્પર્શ કરવા શક્તિમાન થતા નથી. (૧૭) દેવી ! અધિક શું વર્ણવું ! તપશ્ચર્યાઓ કરવાથી, વેદોના જ્ઞાનથી, અધ્યયનથી કે સ્તવનથી, જ્ઞાનથી કે સકામ-નિષ્કામ કર્મથી ભગવાન શ્રીહરિને મેળવી શકાતા નથી. એ તો કેવલ ભક્તિથી મેળવી શકાય. શ્રી ગોપીજનો એમાં પ્રત્યક્ષ પ્રમાણ છે. (૧૮) અનન્ત જન્મોનાં પુણ્યો એકઠાં થાય ત્યારે મનુષ્યોનો ભક્તિમાં પ્રેમ પ્રકટે છે. શાસ્ત્રો અને સંતો કહે છે કે કલિયુગમાં કેવલ ભક્તિ અને ભક્તિ જ શ્રેષ્ઠ સાધન છે. ભક્તિથી જ ભગવાન શ્રીકૃષ્ણ ભકતજન સમક્ષ સ્વયં પ્રકટ થાય છે. (૧૯) જેઓ ભક્તિનો અને ભક્તોનો દ્રોહ કરનારા છે તેઓ ત્રણે ભુવનમાં દુઃખી દુઃખી થઈ જાય છે. ભક્તવર અંબરીષ રાજાનો દ્રોહ કરનાર અને ભક્તની પુષ્કળ નિંદા કરનારા દુર્વાસાઋષિ દુઃખ પામ્યા હતા. (૨૦) વ્રતાચરણ, તીર્થાટન, યોગોપાસના, યજ્ઞયાગાદિનાં અનુષ્ઠાન તેમ જ શાસ્ત્રજ્ઞાનની ચર્ચાઓથી મોક્ષ મળશે; પરંતુ શ્રમ પડશે, અનેક જન્મો લાગશે અને અનેક સાધનો કરવાં પડશે; જ્યારે ભક્તિ એકલાં જ મોક્ષ અને ભગવાન બન્નેનાં દાન કરશે. (૨૧)

શ્રી ભક્તિદેવીની પ્રસન્નતા અને વરદાન

મહર્ષિ સૂતજીએ કહ્યું : 'હે મુનિવર શૌનક ! ઋષિવર નારદજીના મુખકમલથી વર્ણવાયેલા પોતાના માહાત્મ્યને સાંભળી શ્રી ભક્તિદેવી સર્વાંગે પરિપુષ્ટ થયાં, ભક્તિદેવીનાં નવ અંગો પણ પરિપુષ્ટ થયાં અને સ્વયં શ્રી નારદને મધુર વાક્યો કહેવા લાગ્યાં. (૨૨) ભક્તિદેવીએ વચનામૃતવર્ષણ કર્યું : 'હે ઋષિવર નારદ ! આપને ધન્યવાદ હો. આપે મને પુષ્કળ સંતોષ આપ્યો છે. આપના ઉપર પ્રસન્ન છું. આપની મારામાં અવિચળ જે ભક્તિ છે તે અખંડ રહો. આપને વચન આપું છું કે આપને કદી ત્યજીશ નહીં. સદાય આપના હૃદયમાં વસીશ. (૨૩) નારદ ! મારું નિવેદન છે કે હે સાધુ પુરુષ ! કૃપાસિંધુ, ક્ષણવારમાં જ આપે મારી પીડાનું નિવારણ કરી દીધું છે. બીજું, મારા આ જ્ઞાન અને વૈરાગ્ય નામના બન્ને પુત્રોમાં ચૈતન્ય રેડો, બન્નેનું ચૈતન્ય જાગૃત કરો અને બન્નેને જાગૃત કરો, અવશ્ય જાગૃત કરો. (૨૪) ભક્તિદેવીનાં વાક્યોથી શ્રી નારદજીના હૃદયમાં કરુણા ઊભરાઈ આવી અને તેમણે કોમલ કરકમલના અગ્રભાગથી ધીમે ધીમે પંપાળતાં જ્ઞાન-વૈરાગ્યને સચેતન કરવાનો આરંભ કર્યો. (૨૫) જ્ઞાન-વૈરાગ્યના કાન પાસે મુખ લાવી અત્યંત ઉચ્ચસ્વરે શબ્દ ઉચ્ચારવા લાગ્યાં : 'ભાઈ જ્ઞાન ! હે વૈરાગ્ય ! જલદી જાગો ! ભાઈ ઊઠો ઊઠો એમ વારંવાર પોકારવા લાગ્યા. (૨૬) વેદોના મંત્રોથી, વેદાંતનાં ઉપનિષદોનાં વાક્યોથી, શ્રીમદ્ ભગવદ્ગીતાજીનાં વચનોથી વારંવાર જ્ઞાન-વૈરાગ્યને પ્રબોધ- ઉપદેશ કરવાનો પ્રયત્ન કર્યો ત્યારે મહાપ્રયત્ને કંઈક અંશમાં અસર થઈ. (૨૭) આંખોમાં તો નિદ્રા જ ભરેલી હતી. કાંઈ દેખતા નહોતા, માત્ર આંખો ચોળતા, બગાસાં ખાતા, વારંવાર આળસ લેતા, બગલા જેવા શ્વેત પળિયાંવાળા, ઘણું કરીને શુષ્ક કાષ્ઠના શુષ્ક શરીરવાળા, ક્ષુધાથી કૃશ બની ગયેલા, પુનઃ પુનઃ નિદ્રાની જ ઈચ્છા કરતા જ્ઞાન-વૈરાગ્યને જોઈને નારદઋષિ અતિશય ચિંતાતુર થઈ વિચારવા લાગ્યા કે હવે જ્ઞાન-વૈરાગ્યની ચેતના માટે મારે શો ઉપાય કરવો ! (૨૮-૩૦) અરે ! આ બન્નેની ઊંઘ કેમ ઊડે ? ઘડપણ કેમ કરીને જાય ? આ પ્રકારે ચિંતન કરતા દેવર્ષિ નારદજી શ્રી ગોવિન્દ ભગવાનનું સ્મરણ કરવા લાગ્યા. (૩૧)

ભક્તવત્સલ ભગવાનનો અનુગ્રહ

શ્રી નારદજીની મૂંઝવણ ટાળવા ભગવાને આકાશવાણી દ્વારા કહ્યું : 'હે મહર્ષિ નારદ ! આપ થોડો પણ ખેદ ના કરશો.

જ્ઞાન-વૈરાગ્યને ચેતના આપવાનો આપનો પરિશ્રમ સફળ થશે જ એમાં સંશય નથી. (૩૧) દેવર્ષિ નારદ ! આપ આ માટે કોઈ પણ સત્કર્મ આદરો ! સાધુપુરુષોમાં પણ આભૂષણસમા સાધુશિરોમણિ મહાપુરુષો શું સત્કર્મ કરવું ? કયો ઉપયા કરવો તે આપને સારી રીતે બતાવશે. (૩૨) સત્પુરુષોના દર્શાવેલા સત્કર્મને આપ જ્યારે આચરશો ત્યારે ક્ષણવારમાં જ આ બન્નેની નિદ્રા ચાલી જશે. ઉભયની વૃદ્ધાવસ્થા ટળશે અને ભક્તિદેવી સર્વત્ર વિસ્તરશે. (૩૩) આકાશવાણીમાં સર્વે વાક્યોને સ્પષ્ટ રીતે સાંભળ્યાં. શ્રી નારદજીએ પણ સાંભળ્યાં. તોપણ નારદજીનો વિસ્મય ના ટળ્યો અને બોલ્યા : 'આકાશવાણીનાં વાક્યો તો સાંભળ્યાં પરંતુ સમજાયાં નહીં કે તાત્પર્ય શું છે ? (૩૪) આ આકાશવાણીએ પણ ગુપ્ત રીતે જ સંકેત કર્યો. જ્ઞાન-વૈરાગ્યની ચેતના માટે શું સાધન કરવું ? કયા સાધનનો ઉપયોગ કરવો ? જેથી આ બન્નેનું કાર્ય સિદ્ધ થાય. (૩૫) માર્ગદર્શક તે સત્પુરુષો ક્યું હશે ? તેઓ કયાં સાધન બતાવશે ! કયો ઉપાય બતાવશે ! આકાશવાણીએ જે સંકેત કર્યો એમાં પણ મારે શું કરવું ? (૩૬)

મહર્ષિ નારદજીનું ઉપાય શોધવા પર્યટન અને બદરીવનમાં આગમન

સૂતમુનિએ કહ્યું : હે શૌનક ઋષિ ! આકાશવાણી સાંભળ્યા પછી મુનિ નારદજી શ્રી વૃન્દાવનમાં ભક્તિમાતાની છાયામાં જ્ઞાન-વૈરાગ્યને મૂકીને વૃન્દાવન ભૂમિમાંથી બહાર નીકળી ઉપાય અને સંતને શોધવા એક તીર્થથી બીજા તીર્થે જતા માર્ગમાં મુનીશ્વરોને જ્ઞાન-વૈરાગ્યનાં યૌવન મેળવવા સંબંધમાં પ્રશ્ન પૂછતા દૂર દૂર નીકળી પડ્યા. (૩૭) માર્ગમાં જેઓની પાસે માર્દર્શન માગે છે તેઓ નારદજીની વાત સાંભળી તો લે છે : પરંતુ નિર્ણય કરીને કાંઈ ઉત્તર આપતા નથી કે કોઈ પણ ઉપાય બતાવતા નથી. કેટલાકે પ્રશ્ન તો સાંભળ્યો પણ ઉત્તર વાળ્યો કે જ્ઞાન-વૈરાગ્યને જાગૃત કરવાનું કામ લગભગ અશક્ય છે-જ્યારે બીજાઓ બોલ્યા : 'આકાશવાણીનું હૃદય જ સમજાય તેમ નથી'. કેટલાક તો વાત સાંભળીને જ અવાક્ બની ગયા ત્યારે વળી ઉત્તર નહીં આપી શકીએ એમ માનીને આશ્રમ છોડી ક્યાંક પલાયન કરી ગયા. (૩૮) ત્રણે લોકમાં આ પ્રસંગથી આશ્ચર્યજનક હાહાકાર વર્તાયો, ચારેગમ ખળભળાટ મચી ગયો, લોકો વાતો કરવા લાગ્યા કે જો વેદ પારાયણોથી, વેદાન્તોના બોધથી, ગીતા વગેરેના ઉપદેશથી અને પાઠોથી જગાડવામાં આવવા છતાં જો ભક્તિ-જ્ઞાન-વૈરાગ્યની ત્રિપુટી ના જ જાગી તો તો હવે બીજો કોઈ ઉપાય જ ન રહ્યો. એ પ્રમાણે લોકો એકબીજાના કાનોમાં વાતો કહેવા લાગ્યા. (૩૯-૪૦) જ્યારે ઋષિગણોને જ્ઞાન-વૈરાગ્યની જાગૃતિ માટે પૂછવામાં આવ્યું ત્યારે તેઓએ નિર્ણય કરીને કહ્યું કે ભાઈ ! શ્રી નારદજી તો દેવર્ષિ છે-વળી યોગી છે તેથી સર્વજ્ઞ અને ત્રિકાળજ્ઞ છે. જો શ્રી નારદજી જ સ્વયં કાંઈ નથી જાણી શકતા તો પછી અન્ય સામાન્ય માનવ તો કાંઈ પણ સમજી ન શકે એ માટે ઉપાય શોધવો કઠિન છે. (૪૧-૪૨) મુનિવરો પાસેથી પણ જ્યારે માર્ગદર્શન ન જ મળ્યું ત્યારે ચિન્તાતુર બનીને નારદજી શ્રી બદરિકાશ્રમમાં આવ્યા અને શ્રી ભક્તિએ સોંપેલા કાર્યની સિદ્ધિ માટે હું આ સ્થાનમાં જ્ઞાન-વૈરાગ્યના તારુણ્ય માટે તપશ્ચર્યા કરીશ એવો દૃઢ નિશ્ચય કર્યો (૪૩) બદરીવનમાં આવતાં જ કરોડો સૂર્ય સમાન પ્રકાશમાન સનકાદિકુમારોને પોતાની સમક્ષ જોયા અને મુનિશ્રેષ્ઠ શ્રી નારદજી સનત્કુમારોને વીનવવા અને નિવેદન કરવા લાગ્યા. (૪૪)

સનત્કુમારોનાં દર્શન-સ્તવન-નમન અને નિવેદન

શ્રી નારદજીએ કહ્યું : 'હે સનત્કુમારો ! સર્વ વૃત્તાન્ત મેં આપને કહ્યો. ખરેખર મહદ્ ભાગ્યથી જ વર્તમાનમાં આ સ્થાને આપનો સમાગમ થયો. હે કુમારો ! મારા ઉપર કૃપા કરો અને સત્વરે આપ મને હવે જ્ઞાન-વૈરાગ્યના દર્દને ટાળવાનો ઉપાય બતાવો (૪૫) એક તો યોગીઓ હોવાથી આપ ત્રિકાલજ્ઞાની છો; બહુશ્રુત છો-એટલે સર્વ શાસ્ત્રના, સર્વ વિદ્યાઓના જ્ઞાતા છો. તદુપરાંત નિશ્ચયાત્મક બુદ્ધિવાળા છો. આકૃતિમાં તો પાંચ વર્ષના લાગો છો તોપણ બ્રહ્માજીના પચાસ વર્ષના આયુષ્યવાળા પૂર્વજોના પણ પૂર્વજ છો. સદા વૈકુંઠના નિવાસી છો, સાથે નિત્યહરિસંકીર્તનમાં તરબોળ છો. ભગવત્ કથા-લીલા નામના અમૃતરસથી નિત્ય મસ્ત છો, કથા જ કેવલ આપનું સંજીવન છે, કથા નામનાં માતાનું ધાવણ જ આપનું જીવન છે. કથાનો એક માત્રાનાં દાન કરી આપ સર્વને જિવાડી શકો છો અથવા કથા નામની હિરણ્યગર્ભ માત્રા જ આપનું જીવન છે. (૪૬-૪૭) હે કુમારો ! આપના શ્રીમુખથી સતત "હરિઃશરણં હરિઃશરણં" નામની નામસંકીર્તનસુધાનાં અખંડ પાન કર્યા જ કરો છો તેથી કાલપ્રેરિત જરા સર્વને ઘેરી લે છે જ્યારે આપની પાસે તો આવી શકિત જ નથી - તો પછી પીડા તો કરે જ ક્યાંથી ? કુમારો ! પૂર્વે આપની માત્ર એક વાર વાંકી ભ્રૂકુટી થઈ

એટલામાં તો વૈકુંઠનાથના જયવિજય નામના બે દ્વારપાલો, પૃથ્વી ઉપર અસુર થઈ અવતર્યા. પાછા તે જ બન્ને આપની કૃપાનજર થતાં જ વૈકુંઠપતિના દ્વારે પાછા દ્વારાપાલપદ પામ્યા. (૪૯) પરમ આનંદની વાત છે કે સદ્ભાગ્યથી આ બદરીવનમાં આપશ્રીનાં મને દર્શન થયાં. સદા દયાપરાયણ હે કુમારો ! મુજ દીન ઉપર દયા રાખજો - અનુગ્રહ કરજો એ નિવેદન છે. (૫૦) મુનીશ્વરો ! આકાશવાણીએ મને જ્ઞાન- વૈરાગ્યની જાગૃતિ માટે જે સત્કર્મ નામનું સાધન કરવાનું સૂચન કર્યું તે સત્કર્મ શું હશે તેમ જ તે સત્કર્મ કરવું પણ કેવી રીતે ! તે મને આપ વિસ્તારપૂર્વક સમજાવો. (૫૧) ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યને કેવી રીતે સુખ ઊપજે તેમ જ સર્વ વર્ણોમાં પ્રેમપૂર્વકના પ્રયત્નથી તે ત્રણેની પ્રતિષ્ઠા કેવી રીતે થાય તે સર્વ વસ્તુ કહો. (૫૨)

નારદજીના સ્વરૂપનો પરિચય

શ્રી સનત્કુમારોએ સમાધાન કરતાં કહ્યું : 'દેવર્ષિ નારદ ! આપ ચિન્તા ન કરો, ચિત્તમાં હર્ષને સારી રીતે ધારણ કરો. જ્ઞાન-વૈરાગ્યના અને ભક્તિના પોષણને સરળતાથી અનાયાસે આચરી શકાય એવો ઉપાય પ્રથમથી જ નિશ્ચિત થઈ ગયેલો જ છે. (૫૩) અહો નારદજી ! આપ ધન્યભાગ્ય છો, આપ તો વિરક્ત પુરુષોમાં શિરોમણિ છો, આપ સદા શ્રીકૃષ્ણ ભગવાનના દાસજનોમાં અગ્રેસર છો, વળી યોગમાર્ગના પ્રકાશક પ્રત્યક્ષ સૂર્ય છો. (૫૪) ભક્તિદેવીના દુઃખનિવારણ માટે આપ આટલો શ્રમ લઈ રહ્યા છો એમાં જરા પણ આશ્ચર્ય નથી. ભક્તિદેવીનું સર્વત્ર સંસ્થાપન કરવું એ તો ભગવાન શ્રીકૃષ્ણ-સેવકને માટે સદા સ્વધર્મ છે, એ તો હરિભક્તનું કર્તવ્ય જ છે અને એ કરે તે ઘટે જ છે. (૫૫) ત્રિકાલદર્શી મહર્ષિઓએ, આ લોકમાં, કલ્યાણ સાધનારા ઘણા માર્ગો પ્રકટ કર્યા છે, પરંતુ તે સર્વ માર્ગો અતિશય શ્રમસાધ્ય છે. વળી સ્વર્ગફલને જ આપનારા છે. (૫૬) શ્રીવૈકુંઠ ભાગવાનને મેળવી આપનાર સરળ માર્ગો તો છે જ પરંતુ આ જ સુધી તે માર્ગ ગુપ્ત જ રહ્યા છે. તે સરલ માર્ગના ઉપદેશક પુરુષ સદ્ભાગ્ય હોય તો જ ઘણું કરીને મળી આવે છે. (૫૭) આકાશવાણીએ આપને પૂર્વમાં જે સત્કર્મ કરવાનું સૂચન કર્યું છે તે સત્કર્મ ક્યું છે તે હું આપને કહીશ, આપ સ્થિરચિત્ત બની પ્રસન્નબુદ્ધિથી આપ આજ એ સત્કર્મનું શ્રવણ કરો. (૫૮) હુતદ્રવ્યોથી થતા દ્રવ્યયજ્ઞો, તપશ્ચર્યાના યજ્ઞો, યોગમાર્ગ યજ્ઞો, સ્વાધ્યાય-યજ્ઞો, જ્ઞાનયજ્ઞો અને અન્ય સોમયાગાદિ યજ્ઞો તે બધા વૈદિક કર્મને જ સૂચવનારા યજ્ઞો છે. તેઓ તો કર્મ સુધીના જ માર્ગનું દર્શન કરાવે છે. હે નારદજી ! આપને ખ્યાલ હશે કે આકાશવાણીએ તો આપને "एतदर्थं तु सत्कर्म सुरर्षे त्वं समाचर" હે સુરર્ષિ ? "सत्कर्म" કરો એવા શબ્દથી "સત્કર્મ" કરવાનું સૂચવ્યું છે. **सतां कर्म** - સંતોનું કર્મ એ સત્કર્મની વ્યાખ્યા છે.

સત્કર્મ-સંતોએ આચરેલ કર્મ-શ્રીમદ્ ભાગવત સેવન છે

નારદજી ! વિચક્ષણ પુરુષોએ, શાણા પુરુષોએ તો "નિશ્ચયપૂર્વક સત્કમ તરીકે જ્ઞાનયજ્ઞને જ સૂચવેલ છે. તદુપરાંત શાણા પુરુષો કહે છે : 'તેથી જ તો શ્રીશુકદેવજી વગેરે ભક્તવર પરમહંસોએ શ્રીમદ્ ભાગવત કથા-કીર્તન જ સતત કર્યાં છે અને કરે છે.' (૬૦) નારદજી ! શ્રીમદ્ ભાગવતજીના મંગલ સંકીર્તનથી, સુમંગલઘોષથી, શ્રીભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યને મોટું બળ મળશે, જ્ઞાન-વૈરાગ્યનો બુઢાપો ચાલ્યો જશે અને ભક્તિદેવીને પરમ સુખ થશે. (૬૧) હે નારદજી ! સિંહનાદને સાંભળતાં વરુઓ જેમ પલાયન કરી જાય છે તેવી રીતે શ્રીમદ્ ભાગવતજીનું સંકીર્તન થતાંની સાથે જ દેખાતા આ સર્વ કલિદોષો પ્રલય પામી જશે. નારદજી ! સિંહગર્જનાથી વરુ, શિયાળ વગેરે તો પલાયન થયેલાં પાછાં આવે છે જ્યારે શ્રીમદ્ ભાગવત કથા -સંકીર્તનથી કલિદોષો તો પ્રલય પામતા હોઈ પુનરાગમનની સંભાવના સરખી પણ નથી. (૬૨) નારદજી ! શ્રીમદ્ ભાગવત કથા-કીર્તન થતાં જ જ્ઞાન-વૈરાગ્યથી છલકાતી, પ્રેમરસથી ઊભરાતી, શ્રી ભક્તિદેવી ઘરે ઘરે અને જને જને, નિરંતર બિરાજશે. (૬૩)

શ્રી નારદજીનું નમ્ર નિવેદન

શ્રી નારદજીએ નિવેદન કર્યું : 'હે મુનિવરો ! સનત્કુમારો ! હે વેદ-વેદાંતના ઘોષથી, ને શ્રીમદ્ ભગવદ્ ગીતાના પાઠોથી, જગાડવામાં આવતાં છતાં જો ભક્તિ જ્ઞાન-વૈરાગ્યની ત્રિપુટી ન જ જાગી તો પછી શ્રીમદ્ ભાગવતના સંકીર્તનથી તો તે ત્રિપુટી જાગશે જ શી રીતે ? મુનિવરો ! વેદ-વેદાંત ઘોષોમાં તો સાક્ષાત્ શ્રુતિવચનો હતાં જ્યારે શ્રીમદ્ ભાગવતમાં તો પદે પદે અને શ્લોકે શ્લોકે અને કથાઓમાં તો વેદનો અર્થ સમાયેલ છે, સાક્ષાત્ વેદવચનો તો નથી અથવા જે વેદ-વેદાંત

તત્ત્વ ગીતામાં ગાયેલ છે તે જ શ્રીમદ્ ભાગવતજીમાં છે તેથી જો વેદ-વેદાંતથી અસર ન થઈ તો શ્રીમદ્ ભાગવતથી પણ નહીં થાય એમ લાગે છે. (૬૪-૬૫-૬૬) હે બ્રહ્મકુમારો ! આપ તો અમોઘ-દર્શન સફલદર્શન સત્પુરુષો છો, વળી શરણાગતવત્સલ છો, મારા મનમાં રહેલા આ સંશયનું છેદન કરો. હે મુનિવરો ! જરા પણ વિલંબ ના કરશો હે ! નાથ ! વિલંબે ધૈર્ય ખૂટી જાય છે. (૬૭)

સનત્કુમારોએ કરેલ સમાધાન

સનત્કુમારોએ કહ્યું : 'દેવર્ષિ નારદ ! આપનો સંશય જાણ્યો. આપ સમાધાન સાંભળો ! જુઓ શ્રીમદ્ ભાગવતજીની કથા વેદ, વેદાંત, ઉપનિષદો વગેરેનો શબ્દાર્થ નથી પરંતુ તે સર્વના સારમાંથી કોઈ વિલક્ષણ રીતે, તેમાંથી પૃથક્ થઈ, અલગ થઈ, અતિ ઉત્તમ "ફલાકારે" બિરાજે છે. (૬૮) નારદજી ! જેમ કોઈ વૃક્ષમાં એના મૂલથી લઈ એના અગ્રભાગ પર્યન્ત એમાં રસ તો રહેલો હોય છે, છતાં તેમાંથી ચાખી શકાતો નથી કે પી શકાતો નથી, પરંતુ તેમાંથી તે અલગ થયેલો અને ફલસ્વરૂપે બનેલો જ્યારે મળે છે ત્યારે તો તે વિશ્વમનોહર સર્વ પ્રકારે મનને આનંદ આપનાર બને છે. (૬૮)

દૃષ્ટાંતથી સિદ્ધાંતની સ્પષ્ટતા

ભક્તવર ! જુઓ ! આપ જાણો છો કે દૂધમાં રહેલા ઘીનું આપણે ભક્ષણ કરી શકતા નથી એટલે ઘી તરીકે તેનો ઉપયોગ થઈ શકતો નથી; પરંતુ તે જ ઘી જ્યારે મંથન કરી તારવી કાઢવામાં આવે છે ત્યારે તે દેવોના રસને વધારનારું બને છે. (૬૯) વળી શેરડીના સાંઠાઓમાં સર્વત્ર સાકરનો વ્યાપ છે; પરંતુ જ્યારે તેમાંથી પ્રયત્ન કરી રસ, ગોળ કે સાકર રૂપે કાઢવામાં આવે છે ત્યારે તે ખવાય છે અને મધુર લાગે છે. શ્રીમદ્ ભાગવત પણ એ જ પ્રકારે પ્રયોગ કરી સર્વ વેદોપનિષદાદિમાંથી મેળવેલ સુધા-પીયૂષ-અમૃત છે. (૭૦)

શ્રીમદ્ ભાગવત સ્વયં સંહિતા છે, સાક્ષાત્ શ્રીકૃષ્ણ છે

નારદજી ! આ શ્રીમદ્ ભાગવતજી નામનું પુરાણ છે એ તો વેદસ્વરૂપ, બ્રહ્મસ્વરૂપ અને ભગવત્સ્વરૂપ છે. ભક્તિ-જ્ઞાન-વૈરાગ્યના પ્રતિષ્ઠાપન માટે - માનવ માત્રના જીવનમાં ઉતારવા માટે જ પ્રકટ કરેલ છે. (૭૧) વેદ-વેદાન્તના સ્નાતક, જ્ઞાનના પારંગત, શ્રીમદ્ ભગવદ્ ગીતાના રચયિતા, કૃષ્ણદ્વૈપાયન વ્યાસમુનિ જ્યારે અજ્ઞાન-મહાસાગરમાં જન-સમૂહને સંતાપવાળા જોઈને મૂંઝાતા હતા કે જીવોને ભગવાનમાં કેમ વાળવા, વળી પોતે પણ પરમાનંદ કેમ પામવો એમ ચિંતાતુર હતા, ત્યારે "ચતુઃશ્લોકી ભાગવત" ચાર શ્લોકવાળું જ શ્રીમદ્ ભાગવત પ્રાચી સરસ્વતીના કિનારે શમ્યાપ્રાસ આશ્રમમાં આપે જ શ્રીમુખે કહેલું ત્યારે તો તે શ્રીમદ્ ભાગવતજીનું શ્રવણ કરતાં તત્ક્ષણ શ્રી બાદરાયણ વ્યાસ મહારાજ સંતાપમુક્ત થયા હતા. (૭૨-૭૩) નારદજી ! આપને આ વિષયમાં આશ્ચર્ય થઈ રહ્યું છે, એ જ અમને આશ્ચર્ય છે કે આપ આ વિષયમાં પ્રશ્ન કરી રહ્યા છો ! નિશ્ચિત વાત છે કે શોક, મોહ, દુઃખને દૂર કરનાર કલિયુગમાં કોઈ હોય તો કેવલ શ્રીમદ્ ભાગવત જ છે - માટે શ્રીમદ્ ભાગવતનું જ સંકીર્તન અને પાન કરવું. (૭૪)

શ્રી નારદજીની પ્રપત્તિ અને પરમાનંદ

नारद उवाच–यद्दर्शनञ्च विनिहन्त्यशुभानि सद्यः– श्रेयस्तनोति भवदुःखदवार्दितानाम् ॥
विःशेषशेषमुखगीतकथैकपानाः प्रेमप्रकाशकृतये शरणं गतोऽस्मि ॥ ७५ ॥

શ્રી શેષનારાયણ ભગવાનના સમસ્ત મુખકમલમાંથી નીતરતી ભાગવતી કથાસુધાનું નિરંતર કેવલ પાન કરનારા, હે બ્રહ્માજીના પુત્રો સનત્કુમારો ! સાચે જ આપનું દર્શન તત્કાલ અનેક અમંગલોનો નાશ કરે છે. વળી સંસાર દુઃખદાવાનળથી પીડાયેલાઓને કલ્યાણ અર્પે છે. એવા હે સનત્કુમારો ! શ્રીહરિની સ્નેહલક્ષણા ભક્તિનો સર્વત્ર પ્રકાશ-પ્રસાર કરવા માટે હું આપને શરણે આવ્યો છું. (૭૫)

भाग्योदयेन बहुजन्मसमार्जितेन–सत्संगमं च लभते पुरुषो यदा वै ।
अज्ञानहेतुकृतमोहमदान्धकार–नाशं विधाय हि तदोदते विवेकः ॥ ७६ ॥

શ્રી નારદજીએ સનત્કુમારોને નિવેદન કર્યું : 'મહારાજ ! શ્રદ્ધાવિધિપૂર્વક સર્વ પ્રકારે અનન્ત જન્મમાં સંચય કરેલાં પુણ્યોના બળે ભાગ્યોદય થાય છે, ત્યારે જ પુરુષ મહાપુરુષોના સમાગમને અને સત્પુરુષોની સેવાને એટલે સત્સંગને

પ્રાપ્ત કરે છે. આ મળેલા સત્સંગના જ પ્રભાવે અજ્ઞાનના કારણે થયેલા ગાઢ મોહાન્ધકાર અને મદાન્ધકારનો નાશ થાય છે ત્યારે વિવેકસૂર્યનો ઉદય થાય છે. (૭૬)

શ્રી પદ્મપુરાણના ઉત્તર ખંડમાં વર્ણવેલા શ્રીમદ્ ભાગવતજીના માહાત્મ્યમાં શ્રી સનતકુમારો અને નારદજીના સત્સંગમાં થયેલા ભક્તિના દુઃખનિવારણ પ્રસંગવાળો બીજો અધ્યાય સમાપ્ત. (૨)

श्री कृष्णार्पणमस्तु

અધ્યાય ૩

[આ અધ્યાયમાં ૭૪ શ્લોકો છે, સનત્કુમારો અને નારદજી આનંદાશ્રમમાં પધારીને કથાસત્રનું આયોજન કરશે. નારદજી પ્રધાન મનોરથી થશે. તીર્થો, ક્ષેત્રો, વિરક્તો, સંતો, ભક્તો વગેરે દેવર્ષિના સત્રમાં પધારશે. ભક્તિ માતા યૌવન પામેલા જ્ઞાન-વૈરાગ્ય નામના બે પુત્રોને લઈને કથાસત્રમાં પધારશે. હૃદયમાં ભગવાન પધારશે અને કથારસ રેલાશે.]

नारद उवाच–ज्ञानयज्ञं करिष्यामि शुकशास्त्रकथोज्ज्वलम् भक्तिज्ञानविरागाणां स्थापनार्थं प्रयत्नतः ॥ १ ॥

જિજ્ઞાસા જ્ઞાનની જનની છે : [દેશ-કાલનો પ્રથમ વિચાર કરો. યોગ્ય સ્થળે અને સાનુકૂળ સમયે સેવા-સત્સંગ-સત્કર્મ કરવાં. ઋષિમુનિઓ સર્વ સત્કર્મોના આરંભમાં "**देशकालौ संकीर्त्य**" દેશ અને કાલનો વિચાર કરવાનું સૂચન કરે છે. શ્રી નારદજી સનત્કુમારોને દેશ-કાલ-વિધિ અને માહાત્મ્ય આ ચાર વસ્તુઓ પૂછશે. સનત્કુમારો તે સર્વનું સમાધાન કરશે અને આનંદાશ્રમમાં કથાનો પ્રારંભ કરશે.]

શ્રી નારદજી નિર્ણય ઉપર આવ્યા અને નિવેદન કર્યું : 'હે કુમારો ! હું શ્રીભક્તિ-જ્ઞાન અને વૈરાગ્યની સ્થાપના માટે શ્રી શુકદેવ મહર્ષિએ વર્ણવેલા શ્રીમદ્ ભાગવત શાસ્ત્રની કથાનો અત્યંત તેજસ્વી-નિર્દોષ જ્ઞાનયજ્ઞ પ્રયત્નપૂર્વક કરીશ. (૧) હે સનત્કુમારો ! આપ વેદપારંગત છો તો આપ મને કહો કે મારે આ વિશાલ ક્ષેત્રમાં શ્રીમદ્ ભાગવત કથાયજ્ઞ ક્યાં કરવો તે સ્થળનો સંકેત કરો; તેમ જ શ્રીમદ્ ભાગવતશાસ્ત્રનો મહિમા પણ આપ મને કૃપા કરીને કહો. (૨) તદુપરાંત મારે કેટલા દિવસોમાં શ્રીમદ્ ભાગવતજીની કથાનું શ્રવણ કરવું ? કથાશ્રવણનો વિધિ શો છે ? મારા આ પ્રશ્નોનું પણ સમાધાન કરો. (૩)

કથાસ્થળ સંકેત

સનત્કુમારોએ કહ્યું : 'નારદજી ! આપ અતિશય નમ્ર છો અને વિવેકી છો. આપના પ્રશ્નોનું સમાધાન કરીએ છીએ. તે હવે આપ સાંભળો. જુઓ, શ્રી હરિદ્વાર-ગંગાદ્વારની સમીપમાં જ આનંદ નામનો ગંગાતટ છે એનું આનંદાશ્રમ પણ નામ છે. હરિદ્વારનાં ગંગાદ્વાર, હરિદ્વાર, હરદ્વાર એવાં ત્રણ નામ છે. (૪) આ સ્થાનમાં અનેક ઋષિગણો વસે છે. દેવો પણ આ સ્થાને આવીને વસે છે. તે અનેક પ્રકારનાં વૃક્ષો અને વિવિધ પ્રકારની લતાઓથી ભરપૂર છે. કિનારાની-વાલુકા તો નવી સુકોમળ છે. (૫) તે અત્યંત રમણીય અને એકાન્ત પ્રદેશ છે, સુવર્ણવર્ણા કમળોથી સુશોભિત છે, તેની વિશેષતા એ છે કે ત્યાં નિવાસ કરી રહેલા કોઈ જીવોના ચિત્તમાં લેશ પણ વૈરભાવનો વાસ નથી. (૬) ભાઈ નારદ ! આવા પુણ્ય સ્થળે જ આપ કોઈ પણ પ્રકારના પ્રયત્ન વિના શ્રીમદ્ ભાગવત કથાયજ્ઞનું આયોજન કરો. નારદ ! એ સ્થળે અપૂર્વ અને રસરૂપ કથા ત્યાં થશે અને આનંદ પામશો. (૭) વૃન્દાવનમાં રહેલા, નિર્બળ થઈ ગયેલા, જરાથી જર્જરિત થયેલ કાયાવાળા તે જ્ઞાનને અને વૈરાગ્યને આગળ કરો. દેવીભક્તિ સ્વયં ત્યાં કથાશ્રવણ માટે પધારશે. નારદજી ! આપને વિચાર થશે કે ઊઠી જ શકતા નથી કે જાગી જ શકતા નથી તેવાં અશક્ત જ્ઞાન અને વૈરાગ્યને લઈને ભક્તિદેવી કેવી રીતે પધારશે, તો ચિંતા કરો મા. જ્યાં શ્રીમદ્ ભાગવત સંબંધી વાત પણ નીકળે છે ત્યાં ભાગવતજીની કથા થશે એવું સાંભળતાં જ ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યની ત્રિપુટી તરુણ બની જાય છે. (૮)

સંતસમાગમ, હરિકથા બન્ને દુર્લભ

મહર્ષિ સૂતજીએ કહ્યું, 'હે મુનિવરો ! સનત્કુમારોએ નારદજીને સર્વ માર્ગદર્શન આપ્યું અને ત્વરિત ગતિએ, શ્રી નારદજીની સાથે તે ચારે કુમારો કથારસપાન કરવા માટે ભગવતી ભાગીરથી ગંગાજીના તટે આનંદસ્થલમાં આવી

પહોંચ્યા. (૧૦) હે મુનિવરો ! સાંભળો ! સાંભળો ! જ્યારે શ્રી નારદજી અને સનત્કુમારો શ્રીમદ્ કથાસત્ર માટે ગંગાતટ ઉપર પધાર્યા એની માત્ર વધામણી કાન ઉપર પડી કે ભૂલોકમાં, દેવલોકમાં, બ્રહ્મલોકમાં અને અનેક સ્થળોમાં, કોલાહલ મચ્યો કે "ચાલો ! ચાલો ! ગંગાતટે આનંદાશ્રમમાં શ્રીમદ્ ભાગવતામૃતનાં પાન કરવા-ત્યાં સનત્કુમારો કથા કરવા પધાર્યા છે." આ વધામણી સાંભળતાં જ જે "કથારસિકો" હતા તેઓ સર્વ શ્રી ભાગવતપીયૂષનાં પાન કરવા દોડતા દોડતા આવી પહોંચ્યા, તેમાં પણ જે વૈષ્ણવો હતા તેઓ તો પોતાના કુટુંબ સાથે સર્વ પ્રથમ આવી પહોંચ્યા. (૧૧-૧૨) શ્રી ભૃગુઋષિ, વશિષ્ઠ મુનિ, ચ્યવનઋષિ, ગૌતમ મુનિ, મેધાતિથિ મુનિ, દેવલઋષિ દેવરાત-યાજ્ઞવલ્કયઋષિ, પરશુરામ ઋષિ, વળી ગાધિતનય વિશ્વામિત્ર મુનિ, શાકલ ઋષિ, મૃકંડ મુનિપુત્ર શ્રી માર્કંડેય મુનિ, અત્રિકુમાર શ્રીદત્ત ભગવાન, સોમ, દુર્વાસા,, પિવ્યલાદ (દધીચિ ઋષિની પુત્રીના પુત્ર), યોગેશ્વર-વામદેવઋષિ, વ્યાસ મહર્ષિ, પરાશર ઋષિ તેમ જ છાયાશુક મુનિ, જાજલિ મુનિ, જહ્નુ મુનિ-આ સર્વ ખ્યાતનામ મુનિઓ ઉપરાંત પોતાના પુત્રો અને શિષ્યો સાથે પોતાની પત્નીઓને લઈને અતિ અતિ ઉલ્લાસ ભરેલા સર્વ મુનિગણો ત્યાં દોડી આવ્યા. (૧૩-૧૪) મૂર્તિમંત સર્વ વેદાન્તો, સર્વ ઉપનિષદો, વેદો, મંત્રદેવો, તંત્રદેવો, સત્તર પુરાણો અને છ શાસ્ત્રો પણ આવી પહોંચ્યાં. (૧૫) અલૌકિક શ્રીવિગ્રહ ધારણ કરીને ગંગા, યમુના, સરસ્વતી વગેરે સરિતાઓ, પુષ્કરરાજ, બિંદુસરોવર વગેરે સરોવરો, કુરુક્ષેત્ર, પરશુરામ ક્ષેત્ર વગેરે ક્ષેત્રો, દિશાના દેવતાઓ., દંડકવન વગેરે વનદેવતાઓ, હિમાલય, મેરુ, કૈલાસ વગેરે પર્વતદેવો, દેવો, ગન્ધર્વો અને કિન્નરો, સર્વે હર્ષવિહ્વળ થઈ આવી પહોંચ્યા. જેઓ મોટાઈને લીધે ન આવ્યા, તેમને સમજાવીને અને જેઓ અવસ્થાને લઈને ચાલી ના શકે તેમને સમજાવીને વાહન દ્વારા શ્રી ભૃગુમુનિ લઈ આવ્યા. (૧૬-૧૭)

શ્રીમદ્ ભાગવતજીની કથા સર્વશ્રોતાઓએ વ્રત ગ્રહણ કરીને સાંભળી

[કથા યજ્ઞ છે. જેઓ યજ્ઞમાં દીક્ષા લઈ બેઠા હોય તેમને ધર્મશાસ્ત્રે વ્રતના નિયમો દર્શાવ્યા હોય છે, તે નિયમ-વ્રતનું પાલન કરી કથા સંભળાય. દેહશુદ્ધિ-પ્રાયશ્ચિત્ત, દર્ભાસનશયન, બ્રહ્મચર્ય, ક્રોધજય આ મુખ્ય નિયમો હોય છે.]

કથાસત્રનો આરંભ થયો અને શ્રોતા-વક્તાઓ દીક્ષિત થઈ કથામાં બેઠા ત્યારે તેમને બિરાજવા માટે નારદ ઋષિએ આસન આપ્યાં અને શ્રી સનત્કુમારોને ઉત્તમ સિંહાસને બિરાજમાન કર્યા. સર્વ શ્રોતાઓએ સનત્કુમારોને નમસ્કાર કર્યા. પુનઃ સર્વ શ્રોતાઓ શ્રીકૃષ્ણપરાયણ બની કથાશ્રવણ માટે બિરાજ્યા. (૧૮) અગ્રભાગમાં કુટુંબ પરિવાર સાથે વૈષ્ણવો-ગૃહસ્થાશ્રમીઓ,તેમની સાથે વિરક્ત સંતો, પરમહંસો અને બ્રહ્મચારીઓ બિરાજ્યા. (૧૯) એક ભાગમાં સપરિવાર ઋષિમુનિઓ, અન્ય ભાગમાં દેવવર્યો, એક વિભાગમાં સર્વ વેદો અને ઉપનિષદો, એક વિભાગમાં સર્વ તીર્થ દેવતાઓ અને અન્યત્ર સ્ત્રીવૃન્દો બિરાજ્યાં. (૨૦)

મંગલ નાદનાં મંગલાચરણ

શ્રી ગોવર્ધનનાથની જય, શ્રી દ્વારિકાધીશની જય, શ્રીકૃષ્ણચંદ્ર ભગવાનની જય વગેરે જયઘોષ સર્વત્ર થયા; શ્રી શુકદેવજી મહારાજને નમસ્કાર, પૂર્ણ પુરુષોત્તમ ભગવાનને પ્રણામ વગેરે પ્રણામ-મંગલઘોષ થયા. વળી શંખનાદ, ઘંટાનાદ, કાંસીજોડાં. ઢોલક, વાજિંત્રોના નાદો થયા. આ ઉપરાંત ઘણા મોટા પ્રમાણમાં અબીલ, ગુલાલ, હરિદ્રા ચૂર્ણો, સુગંધિત ચૂર્ણો, જવ, મકાઈ, ઘઉંની ધાણીનાં પુષ્પો, વિવિધ વૃક્ષોનાં પુષ્પો અને નવાંકુરોની ઘણી જ મોટી પુષ્પવૃષ્ટિ થઈ. (૨૧) શ્રદ્ધાસમ્પન્ન ઘણા ઘણા દેવશ્રેષ્ઠો પણ પોતપોતાનાં વિમાનોમાં બિરાજીને કથાસ્થળે આવી પહોંચ્યા અને સર્વત્ર કલ્પવૃક્ષોનાં કુસુમોની વૃષ્ટિ કરવા લાગ્યા અને સર્વને વધાવવા લાગ્યા. (૨૨)

શ્રી સૂતમુનિજી શૌનકાદિ મહર્ષિઓને નિવેદન કરવા લાગ્યા : 'હે મુનિવરો !' જ્યારે સર્વ કોઈ શ્રોતાજનો એકાગ્રચિત્ત થયા ત્યારે શ્રી સનકાદિક બ્રહ્મકુમારો, મહામના શ્રીનારદજીને અત્યંત સ્પષ્ટતા સાથે શ્રીમદ્ ભાગવતજીનું માહાત્મ્ય વર્ણવવા લાગ્યા. (૨૩)

સનત્કુમારોના શ્રીમુખેથી વહેતી શ્રીમદ્ ભાગવત માહાત્મ્યની ગંગા

सनत्कुमाराः उचुः अथ ते वर्ण्यतेऽस्माभिर्महिमा शुकशास्त्रजः । यस्य श्रवणमात्रेण मुक्तिः करतले स्थिता ॥२४॥

શ્રી સનત્કુમારોએ કહ્યું : 'ભક્તવર નારદ ! આપને હવે અમે શ્રી શુકદેવજીને વહાલા શ્રીમદ્ ભાગવત શાસ્ત્રને વર્ણવશું. આ શ્રીમદ્ ભાગવત શાસ્ત્રના મહિમાનું શ્રવણ કરતાં મુક્તિ તો હથેળીમાં જ રહેલી છે. (૨૪) જુઓ ભાઈ ! શ્રીમદ્ ભાગવતજીની કથાનું નિત્ય રસાયણની માફક સેવન કરવું. અરે ભાઈ ! સદા સેવન કરવું. કેવલ ભાગવતજીની કથાનું શ્રવણ કરીએ એટલામાં જ શ્રીહરિ ચિત્તમાં પધારશે. (૨૫) ભાઈ ! શ્રીમદ્ ભાગવત ૧૮૦૦૦ (અઢાર હજાર) શ્લોકનો ગ્રન્થ છે, એ ગ્રન્થ બાર સ્કંધોમાં સમાયેલ છે અને તેમાં રાજા પરીક્ષિત અને શ્રી શુકદેવજી મહારાજનો સંવાદ છે. (૨૬) આપ એ ભાગવતજીનાં શ્રવણ કરજો. (૨૭) શ્રી શુકદેવજી મહારાજની પ્રિય શ્રીમદ્ ભાગવત શાસ્ત્રની કથા જ્યાં સુધી એક ક્ષણ વાર પણ કાન ઉપર નથી પડી, ત્યાં સુધી પુરુષ અજ્ઞાનવશ, આ સંસારચક્રમાં ભટકે છે. (૨૮)

જે ઘરઆંગણે નિત્ય શ્રીમદ્ ભાગવતકથા થાય તે ઘર તીર્થ બની જાય

હે મુનિવર નારદ ! જેમના આંગણે નિત્ય શ્રીમદ્ ભાગવતજીની કથા થાય છે, તે ઘર તીર્થસ્વરૂપ જ છે એમાં સંદેહ નથી. તે ઘરમાં વસનારનાં સર્વ પાપો નાશ પામે છે. (૨૯) હજારો અશ્વમેધ યજ્ઞ કરીએ અને સેંકડો વાજપેય યજ્ઞ કરીએ તોપણ તે સર્વ શ્રીમદ્ ભાગવતજીની કથાની સોળમી કલા સમાન પણ ના થઈ શકે. (૩૦) હે તપસ્વરૂપ ધનવાળા મુનિવરો ! આ શરીરમાં પાપ ત્યાં સુધી જ નિવાસ કરીને રહે છે કે, જ્યાં સુધી મનુષ્યોએ વિધિપાલનપૂર્વક શ્રીમદ્ ભાગવતજીનું શ્રવણ કર્યું નથી. (૩૧) ગંગા, ગયા, કાશી, પુષ્કરરાજ, પ્રયાગરાજ જેવાં તીર્થો પણ શુકદેવજીના પ્રિય શ્રીમદ્ ભાગવતશાસ્ત્ર-કથાશ્રવણના ફલની સમાનતા ના ધરાવી શકે. (૩૨) ભાઈ ! જો પરમ પદને પ્રાપ્ત કરવાની ઈચ્છા છે, તો પછી શ્રીમદ્ ભાગવતજીનો અડધો શ્લોક, નહીં તો શ્લોકનું એક ચરણ પણ પોતાના મુખેથી જ ભણવું, એક શ્લોકનો કે એક પાદનો પાઠ કરવો. (૩૩)

આ સોળ તત્ત્વો સાક્ષાત્ પુરુષોત્તમ જ છે

वेदादिर्वेदमाता च पौरुषं सूक्तमेव च । त्रयी भागवतं चैव द्वादशाक्षर एव च ॥ ३४ ॥
द्वादशात्मा प्रयागश्च कालः संवत्सरात्मकः । ब्राह्मणाश्चाग्निहोत्रं च सुरभिर्द्वादशी तथा ॥ ३५ ॥
तुलसी च वसन्तश्च पुरुषोत्तम एव च । एतेषां तत्त्वतः प्राज्ञैर्नपृथग्भाव इष्यते ॥ ३६ ॥

શ્રીમદ્ ભાગવતનો મહિમા ગાતાં સૂતમુનિ કહેવા લાગ્યા : 'ૐકાર સર્વે વેદોનું મૂલ છે તેથી વેદના આદિ ૐકાર (૧) વેદનાં માતા શ્રી ગાયત્રીજી, (૨) પુરુષસૂક્ત અને શ્રીસૂક્ત (૩) ત્રયી-ત્રણ વેદો, (૪) શ્રીમદ્ ભાગવત, (૫) ૐ नमो भगवते वासुदेवाय નામનો દ્વાદશાક્ષર મંત્ર-અષ્ટાક્ષર મંત્ર, (૬) બાર રાશિમાં ફરતા ભગવાન સૂર્ય, (૭) બાર પ્રકારના પ્રયાગરાજ (૮) અષાઢ, ચૈત્ર, કાર્તક આ ત્રણે પ્રકારનો સંવત્સર કાલ (૯) બ્રાહ્મણો (૧૦) અગ્નિહોત્ર (૧૧) સુરભિ-કામધેનુ ગાય (૧૨) તેમ જ દ્વાદશી-દ્વાદશી તિથિ, (૧૩) તુલસીજી (૧૪) વસંતઋતુ (૧૫) પુરુષોત્તમ માસ (૧૬) આ સોળ તત્ત્વો તાત્ત્વિક દૃષ્ટિએ એક જ છે. વિદ્વાન લોકો આ તત્ત્વોને ભિન્ન દૃષ્ટિથી નથી ગણતા. (૩૪-૩૫-૩૬) શ્રદ્ધાશીલ કોઈ પણ ભક્ત દરરોજ અર્થના અનુસંધાન સાથે શ્રીમદ્ ભાગવત શાસ્ત્રનો પાઠ કરે છે, તેના કરોડો જન્મોમાં કરેલાં પાપો નાશ પામે છે, આ વિષે લેશ પણ સંદેહ નથી. (૩૭) જે કોઈ ભક્તજન શ્રીમદ્ ભાગવતજીનો અડધો શ્લોક કે શ્લોકનું એક ચરણ નિત્ય ભણે છે તેને રાજસૂય અને અશ્વમેધ યજ્ઞનું ફલ પ્રાપ્ત થાય છે. (૩૮)

સત્પુરુષનાં પાંચ નિત્યવ્રતો

ભક્તજન માટે શ્રીમદ્ ભાગવતજીનો પાઠ, ઠાકોરજીની સેવા, હરિચિંતન, તુલસીજીને જલસિંચન અને ગોસેવા : આ એકસરખું ફલ આપનારાં પાંચ વ્રતો છે. (૩૯) જે કોઈ મનુષ્ય અન્તકાલ સમયે શ્રી શુકશાસ્ત્ર શ્રીમદ્ ભાગવતજીની પ્રીતિપૂર્વક કથા સાંભળે છે અને કીર્તન કરે છે, તેને નિશ્ચયપૂર્વક શ્રી ગોવિન્દ ભગવાન વૈકુંઠલોકનાં અને વૈકુંઠ ભગવાનનાં દાન કરે છે. (૪૦) જે ભક્તજન, સુવર્ણના સિંહાસન ઉપર પધરાવી, વૈષ્ણવ વિપ્રને શ્રીમદ્ ભાગવતજીનાં દાન કરે છે તે જન, નિશ્ચયપૂર્વક શ્રીકૃષ્ણ ભગવાન સાથે સાયુજ્ય ભક્તિને પ્રાપ્ત કરે છે. (૪૧) જે શઠ પુરુષે સમગ્ર

જીવનમાં ક્ષણવાર પણ શ્રી શુકશાસ્ત્ર-શ્રીમદ્‌ ભાગવતની કથાસુધાનાં પાન નથી કર્યાં, સાંભળી નથી તે જને તો પોતાનો જન્મ ચાંડાલના જેવો કે ખરના જેવો નિષ્ફળ વિતાવ્યો-એટલું જ નહીં; પરંતુ તે શઠની માતાએ બિચારીએ કેવલ પ્રસવની પીડા જ વેઠી, પરંતુ પુત્ર તરીકેનો લાભ ના મેળવ્યો. (૪૨) અરે નારદજી ! દિવ્ય લોકોમાં દેવ સમાજના બ્રહ્મા ઈન્દ્રાદિ મુખ્ય દેવોનું તો સ્પષ્ટ કથન છે કે માનવદેહ ધરી જેણે શ્રી શુકદેવજીએ ગાયેલ ભાગવતકથાના સ્વલ્પ વચનામૃતનું પણ પાન ન કર્યું તે પાપાચારી તો જીવતું શબ છે, તેનો સ્પર્શ ના કરાય, એ જીવ તો ભૂમિમાતાને ભારરૂપ છે. અધિક શું કહીએ ? પશુતુલ્ય તે જીવને ધિક્કાર હો ! (૪૩) શ્રીમદ્‌ ભાગવતમાંથી પ્રકટતી શ્રીહરિની કથા તો નિશ્ચિતરૂપે મળવી દુર્લભ જ છે. જીવાત્માએ આચરેલાં કોટિકોટિ જન્મનાં પુણ્યોથી જ કથાશ્રવણ સાંપડે છે. (૪૪) માટે હે શ્રીમાન ! હે યોગનિધિ નારદજી ! આવી દુર્લભ અને દિવ્ય, શ્રી શુકદેવીજીએ ગાયેલી ગાથા પ્રયત્ન કરીને પણ સાંભળવી જોઈએ આ માટે દિવસોનો કોઈ નિયમ નથી કે અમુક જ દિવસે સાંભળવી કે આટલા જ દિવસોમાં સાંભળવી. જીવાત્માએ હરિકથાનું નિત્ય, શ્રવણ કરવું. (૪૫)

સપ્તાહ-શ્રવણનાં કારણો

સત્ય વાણી અને બ્રહ્મચર્યનું પાલન કરવું : આ બે મહત્ત્વના નિયમોનું પાલન કરી નિત્યનિરંતર શ્રીમદ્‌ ભાગવતજીના કથામૃતનું પાન કરવું. કલિયુગમાં આવો સંયમ પાળવો કઠિન હોવાથી શ્રી શુકદેવજીની આજ્ઞાથી સપ્તાહસ્વરૂપે સાંભળવાનો વિશિષ્ટ પ્રકાર બતાવ્યો. (૪૬) આ પ્રકારે સત્ય વાણી, બ્રહ્મચર્યપાલન, મનોવૃત્તિ ઉપર વિજય, એક વાર ભોજન વગેરે નિયમોનું આચરણ તેમ જ કથાશ્રવણ માટેના નિયમોવાળી દીક્ષા વગેરે કરવાં અશક્ય જ લાગે છે માટે શ્રીમદ્‌ ભાગવત સપ્તાહનો વિધિ માનવામાં આવ્યો. (૪૭) માઘ માસમાં મકરસ્નાન કરી શ્રદ્ધાપૂર્વક એક માસપર્યન્ત નિત્ય શ્રીમદ્‌ ભાગવત શ્રવણ કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે તે ફળ શ્રી શુકદેવ મહારાજે સપ્તાહવિધિથી શ્રીમદ્‌ ભાગવતજીના શ્રવણમાં દર્શાવ્યું છે. (૪૮) મનોવિજય ન હોવાથી, રોગ અને પરવશતાથી ઉત્તરોત્તર આયુષ્ય ઘટતું જતું હોવાથી, તદુપરાંત કલિયુગ દોષનો ખજાનો હોવાથી, સપ્તાહશ્રવણનો વિધિ બતાવવામાં આવ્યો. (૪૯) ભાઈ નારદ ! તપશ્ચર્યાથી જે ફળ નથી મળતું, યોગાનુષ્ઠાન કે સમાધિથી પણ જે ફળ નથી પ્રાપ્ત થતું તે સર્વ ફળ સપ્તાહવિધિથી શ્રીમદ્‌ ભાગવતજીના શ્રવણથી મળે છે. (૫૦) મનોનિરોધ, પાપશુદ્ધિ અને ભગવાનની પ્રાપ્તિ કરાવનાર, યજ્ઞાનુષ્ઠાનો કરતાં હું અધિક ફળ આપીશ; વ્રતાચરણો કરતાં પણ અધિક અને તપશ્ચર્યા કરતાં પણ હું અધિક ફળ આપીશ. વળી સપ્તાહ ગર્જના કરે છે કે તીર્થસેવન કરતાં પણ શીઘ્ર ફળ આપીશ. આ પ્રમાણે નિત્ય ગર્જના કરે છે. અરે નારદજી ! શું કહીએ, શું કહીએ, યોગ કરતાં, ધ્યાન કરતાં અને જ્ઞાન કરતાં પણ સપ્તાહ અધિક ગર્જના કરે છે, કે ચિંતા ના કરો, યજ્ઞાદિ અનુષ્ઠાનોના શ્રમમાંથી મુક્ત થઈ શ્રીમદ્‌ ભાગવતજીનું શ્રવણ કરી અનાયાસે ભક્તિ અને ભગવાનને પામો. (૫૧-૫૨)

शौनक उवाच : साश्चर्यमेतत् कथितं कथानकं । ज्ञानादिर्मान् विगणय्य साम्प्रतम् ॥
निःश्रेयसे भागवतं पुराणं जातं । कृतो योगविदादिसूचकम् ॥ ५३ ॥

મહર્ષિ શૌનકે મહત્ત્વનો પ્રશ્ન કર્યો કે હે શ્રી સૂતમુનિ ! આપે સર્વને આશ્ચર્ય ઉપજાવનાર શ્રીમદ્‌ ભાગવત સપ્તાહના ગૌરવની ગાથા ગાતું કથાનક કહ્યું, હે યોગવિદ્‌ મુનિ ! જ્ઞાન-યોગ-યજ્ઞ વગેરે વેદપ્રતિપાદિત ધર્મોને ગૌણ ગણાવી વર્તમાન કાલમાં પરબ્રહ્મ શ્રીકૃષ્ણ ભગવાનને અપાવનાર નિઃશ્રેયસ સાધવા માટે શ્રીમદ્‌ ભાગવત પુરાણને જ મહત્ત્વ આપ્યું. તો હે સૂતમુનિ ! કહો ને, આવું કેવી રીતે બન્યું ? (૫૩)

પરહિતપરાયણ કોમલચિત્ત ઉદ્ધવજીની વેદના

મહાત્મા સૂતમુનિએ સમાધાન કરતાં કહ્યું કે, મુનિવરો ! જ્યારે કૃપાનિધાન ભગવાન શ્રીકૃષ્ણ વસુંધરાનો નિવાસ ત્યજી પોતાના ગોલોકમાં પધારી રહ્યા હતા ત્યારે શ્રીમદ્‌ ભાગવતના એકાદશ સ્કંધમાં વર્ણવેલું જ્ઞાન ભગવાને ઉદ્ધવજીને સંભળાવ્યું. આમ છતાં ઉદ્ધવજીના મનનું સમાધાન ના થયું અને શ્રીકૃષ્ણ ભગવાનને નિવેદન કરવા લાગ્યા કે આપ તો ભક્તોનાં કાર્યો કરી, અને ભૂમિનો ભાર ઉતારી હે ગોવિન્દ પ્રભુ ! આપના દિવ્ય ગોલોક તરફ પ્રસ્થાન કરી જશો, પરંતુ મારા ચિત્તની મોટી વેદનાનું આપ શ્રવણ કરવા કૃપા કરો. (૫૪-૫૫) આપ તો જાણો છો કે આઘોર કલિકાલ આવ્યો

સનત્કુમારોના શ્રીમુખેથી વહેતી શ્રીમદ્ ભાગવત માહાત્મ્યની ગંગા

सनत्कुमाराः उचुः अथ ते वण्यंतेऽस्माभिर्महिमा शुकशास्त्रजः । यस्य श्रवणमात्रेण मुक्तिः करतले स्थिता ।।२४।।

શ્રી સનત્કુમારોએ કહ્યું : 'ભક્તવર નારદ ! આપને હવે અમે શ્રી શુકદેવજીને વહાલા શ્રીમદ્ ભાગવત શાસ્ત્રને વર્ણવશું. આ શ્રીમદ્ ભાગવત શાસ્ત્રના મહિમાનું શ્રવણ કરતાં મુક્તિ તો હથેળીમાં જ રહેલી છે. (૨૪) જુઓ ભાઈ ! શ્રીમદ્ ભાગવતજીની કથાનું નિત્ય રસાયણની માફક સેવન કરવું. અરે ભાઈ ! સદા સેવન કરવું. કેવલ ભાગવતજીની કથાનું શ્રવણ કરીએ એટલામાં જ શ્રીહરિ ચિત્તમાં પધારશે. (૨૫) ભાઈ ! શ્રીમદ્ ભાગવત ૧૮૦૦૦ (અઢાર હજાર) શ્લોકનો ગ્રન્થ છે, એ ગ્રન્થ બાર સ્કંધોમાં સમાયેલ છે અને તેમાં રાજા પરીક્ષિત અને શ્રી શુકદેવજી મહારાજનો સંવાદ છે. (૨૬) આપ એ ભાગવતજીનાં શ્રવણ કરજો. (૨૭) શ્રી શુકદેવજી મહારાજની પ્રિય શ્રીમદ્ ભાગવત શાસ્ત્રની કથા જ્યાં સુધી એક ક્ષણ વાર પણ કાન ઉપર નથી પડી, ત્યાં સુધી પુરુષ અજ્ઞાનવશ, આ સંસારચક્રમાં ભટકે છે. (૨૮)

જે ઘરઆંગણે નિત્ય શ્રીમદ્ ભાગવતકથા થાય તે ઘર તીર્થ બની જાય

હે મુનિવર નારદ ! જેમના આંગણે નિત્ય શ્રીમદ્ ભાગવતજીની કથા થાય છે, તે ઘર તીર્થસ્વરૂપ જ છે એમાં સંદેહ નથી. તે ઘરમાં વસનારનાં સર્વ પાપો નાશ પામે છે. (૨૯) હજારો અશ્વમેધ યજ્ઞ કરીએ અને સેંકડો વાજપેય યજ્ઞ કરીએ તોપણ તે સર્વ શ્રીમદ્ ભાગવતજીની કથાની સોળમી કલા સમાન પણ ના થઈ શકે. (૩૦) હે તપસ્વરૂપ ધનવાળા મુનિવરો ! આ શરીરમાં પાપ ત્યાં સુધી જ નિવાસ કરીને રહે છે કે, જ્યાં સુધી મનુષ્યોએ વિધિપાલનપૂર્વક શ્રીમદ્ ભાગવતજીનું શ્રવણ કર્યું નથી. (૩૧) ગંગા, ગયા, કાશી, પુષ્કરરાજ, પ્રયાગરાજ જેવાં તીર્થો પણ શુકદેવજીના પ્રિય શ્રીમદ્ ભાગવતશાસ્ત્ર-કથાશ્રવણના ફલની સમાનતા ના ધરાવી શકે. (૩૨) ભાઈ ! જો પરમ પદને પ્રાપ્ત કરવાની ઈચ્છા છે, તો પછી શ્રીમદ્ ભાગવતજીનો અડધો શ્લોક, નહીં તો શ્લોકનું એક ચરણ પણ પોતાના મુખેથી જ ભણવું, એક શ્લોકનો કે એક પાદનો પાઠ કરવો. (૩૩)

આ સોળ તત્ત્વો સાક્ષાત્ પુરુષોત્તમ જ છે

वेदादिर्वेदमाता च पौरुषं सूक्तमेव च । त्रयी भागवतं चैव द्वादशाक्षर एव च ।। ३४ ।।
द्वादशात्मा प्रयागश्च कालः संवत्सरात्मकः । ब्राह्मणाश्चाग्निहोत्रं च सुरभिर्द्वादशी तथा ।। ३५ ।।
तुलसी च वसन्तश्च पुरुषोत्तम एव च । एतेषां तत्त्वतः प्राज्ञैर्नपृथग्भाव इष्यते ।। ३६ ।।

શ્રીમદ્ ભાગવતનો મહિમા ગાતાં સૂતમુનિ કહેવા લાગ્યા : 'ઓંકાર સર્વે વેદોનું મૂલ છે તેથી વેદના આદિ ૐકાર (૧) વેદનાં માતા શ્રી ગાયત્રીજી, (૨) પુરુષસૂક્ત અને શ્રીસૂક્ત (૩) ત્રયી-ત્રણ વેદો, (૪) શ્રીમદ્ ભાગવત, (૫) ૐ नमो भगवते वासुदेवाय નામનો દ્વાદશાક્ષર મંત્ર-અષ્ટાક્ષર મંત્ર, (૬) બાર રાશિમાં ફરતા ભગવાન સૂર્ય, (૭) બાર પ્રકારના પ્રયાગરાજ (૮) અષાઢ, ચૈત્ર, કાર્તક આ ત્રણે પ્રકારનો સંવત્સર કાલ (૯) બ્રાહ્મણો (૧૦) અગ્નિહોત્ર (૧૧) સુરભિ-કામધેનુ ગાય (૧૨) તેમ જ દ્વાદશી-દ્વાદશી તિથિ, (૧૩) તુલસીજી (૧૪) વસંતઋતુ (૧૫) પુરુષોત્તમ માસ (૧૬) આ સોળ તત્ત્વો તાત્ત્વિક દૃષ્ટિએ એક જ છે. વિદ્વાન લોકો આ તત્ત્વોને ભિન્ન દૃષ્ટિથી નથી ગણતા. (૩૪-૩૫-૩૬) શ્રદ્ધાશીલ કોઈ પણ ભક્ત દરરોજ અર્થના અનુસંધાન સાથે શ્રીમદ્ ભાગવત શાસ્ત્રનો પાઠ કરે છે, તેના કરોડો જન્મોમાં કરેલાં પાપો નાશ પામે છે, આ વિષે લેશ પણ સંદેહ નથી. (૩૭) જે કોઈ ભક્તજન શ્રીમદ્ ભાગવતજીનો અડધો શ્લોક કે શ્લોકનું એક ચરણ નિત્ય ભણે છે તેને રાજસૂય અને અશ્વમેધ યજ્ઞનું ફલ પ્રાપ્ત થાય છે. (૩૮)

સત્પુરુષનાં પાંચ નિત્યવ્રતો

ભક્તજન માટે શ્રીમદ્ ભાગવતજીનો પાઠ, ઠાકોરજીની સેવા, હરિચિંતન, તુલસીજીને જલસિંચન અને ગોસેવા : આ એકસરખું ફલ આપનારાં પાંચ વ્રતો છે. (૩૯) જે કોઈ મનુષ્ય અન્તકાલ સમયે શ્રી શુકશાસ્ત્ર શ્રીમદ્ ભાગવતજીની પ્રીતિપૂર્વક કથા સાંભળે છે અને કીર્તન કરે છે, તેને નિશ્ચયપૂર્વક શ્રી ગોવિન્દ ભગવાન વૈકુંઠલોકનાં અને વૈકુંઠ ભગવાનનાં દાન કરે છે. (૪૦) જે ભક્તજન, સુવર્ણના સિંહાસન ઉપર પધરાવી, વૈષ્ણવ વિપ્રને શ્રીમદ્ ભાગવતજીનાં દાન કરે છે તે જન, નિશ્ચયપૂર્વક શ્રીકૃષ્ણ ભગવાન સાથે સાયુજ્ય ભક્તિને પ્રાપ્ત કરે છે. (૪૧) જે શઠ પુરુષે સમગ્ર

જીવનમાં ક્ષણવાર પણ શ્રી શુકશાસ્ત્ર-શ્રીમદ્ ભાગવતની કથાસુધાનાં પાન નથી કર્યાં, સાંભળી નથી તે જને તો પોતાનો જન્મ ચાંડાલના જેવો કે ખરના જેવો નિષ્ફળ વિતાવ્યો-એટલું જ નહીં; પરંતુ તે શઠની માતાએ બિચારીએ કેવલ પ્રસવની પીડા જ વેઠી, પરંતુ પુત્ર તરીકેનો લાભ ના મેળવ્યો. (૪૨) અરે નારદજી ! દિવ્ય લોકોમાં દેવ સમાજના બ્રહ્મા ઈન્દ્રાદિ મુખ્ય દેવોનું તો સ્પષ્ટ કથન છે કે માનવદેહ ધરી જેણે શ્રી શુકદેવજીએ ગાયેલ ભાગવતકથાના સ્વલ્પ વચનામૃતનું પણ પાન ન કર્યું તે પાપાચારી તો જીવતું શબ છે, તેનો સ્પર્શ ના કરાય, એ જીવ તો ભૂમિમાતાને ભારરૂપ છે. અધિક શું કહીએ ? પશુતુલ્ય તે જીવને ધિક્કાર હો ! (૪૩) શ્રીમદ્ ભાગવતમાંથી પ્રકટતી શ્રીહરિની કથા તો નિશ્ચિતરૂપે મળવી દુર્લભ જ છે. જીવાત્માએ આચરેલાં કોટિકોટિ જન્મનાં પુણ્યોથી જ કથાશ્રવણ સાંપડે છે. (૪૪) માટે હે શ્રીમાન ! હે યોગનિધિ નારદજી ! આવી દુર્લભ અને દિવ્ય, શ્રી શુકદેવીજીએ ગાયેલી ગાથા પ્રયત્ન કરીને પણ સાંભળવી જોઈએ આ માટે દિવસોનો કોઈ નિયમ નથી કે અમુક જ દિવસે સાંભળવી કે આટલા જ દિવસોમાં સાંભળવી. જીવાત્માએ હરિકથાનું નિત્ય, શ્રવણ કરવું. (૪૫)

સપ્તાહ-શ્રવણનાં કારણો

સત્ય વાણી અને બ્રહ્મચર્યનું પાલન કરવું : આ બે મહત્ત્વના નિયમોનું પાલન કરી નિત્યનિરંતર શ્રીમદ્ ભાગવતજીના કથામૃતનું પાન કરવું. કલિયુગમાં આવો સંયમ પાળવો કઠિન હોવાથી શ્રી શુકદેવજીની આજ્ઞાથી સપ્તાહસ્વરૂપે સાંભળવાનો વિશિષ્ટ પ્રકાર બતાવ્યો. (૪૬) આ પ્રકારે સત્ય વાણી, બ્રહ્મચર્યપાલન, મનોવૃત્તિ ઉપર વિજય, એક વાર ભોજન વગેરે નિયમોનું આચરણ તેમ જ કથાશ્રવણ માટેના નિયમોવાળી દીક્ષા વગેરે કરવાં અશક્ય જ લાગે છે માટે શ્રીમદ્ ભાગવત સપ્તાહનો વિધિ માનવામાં આવ્યો. (૪૭) માઘ માસમાં મકરસ્નાન કરી શ્રદ્ધાપૂર્વક એક માસપર્યન્ત નિત્ય શ્રીમદ્ ભાગવત શ્રવણ કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે તે ફળ શ્રી શુકદેવ મહારાજે સપ્તાહવિધિથી શ્રીમદ્ ભાગવતજીના શ્રવણમાં દર્શાવ્યું છે. (૪૮) મનોવિજય ન હોવાથી, રોગ અને પરવશતાથી ઉત્તરોત્તર આયુષ્ય ઘટતું જતું હોવાથી, તદ્દુપરાંત કલિયુગ દોષનો ખજાનો હોવાથી, સપ્તાહશ્રવણનો વિધિ બતાવવામાં આવ્યો. (૪૯) ભાઈ નારદ ! તપશ્ચર્યાથી જે ફળ નથી મળતું, યોગાનુષ્ઠાન કે સમાધિથી પણ જે ફળ નથી પ્રાપ્ત થતું તે સર્વ ફળ સપ્તાહવિધિથી શ્રીમદ્ ભાગવતજીના શ્રવણથી મળે છે. (૫૦) મનોનિરોધ, પાપશુદ્ધિ અને ભગવાનની પ્રાપ્તિ કરાવનાર, યજ્ઞાનુષ્ઠાનો કરતાં હું અધિક ફળ આપીશ; વ્રતાચરણો કરતાં પણ અધિક અને તપશ્ચર્યા કરતાં પણ હું અધિક ફળ આપીશ. વળી સપ્તાહ ગર્જના કરે છે કે તીર્થસેવન કરતાં પણ શીઘ્ર ફળ આપીશ. આ પ્રમાણે નિત્ય ગર્જના કરે છે. અરે નારદજી ! શું કહીએ, શું કહીએ, યોગ કરતાં, ધ્યાન કરતાં અને જ્ઞાન કરતાં પણ સપ્તાહ અધિક ગર્જના કરે છે, કે ચિંતા ના કરો, યજ્ઞાદિ અનુષ્ઠાનોના શ્રમમાંથી મુક્ત થઈ શ્રીમદ્ ભાગવતજીનું શ્રવણ કરી અનાયાસે ભક્તિ અને ભગવાનને પામો. (૫૧-૫૨)

शौनक उवाच : साश्चर्यमेतत् कथितं कथानकं । ज्ञानादिर्मान् विगणय्य साम्प्रतम् ॥
निःश्रेयसे भागवतं पुराणं जातं । कृतो योगविदादिसूचकम् ॥ ५३ ॥

મહર્ષિ શૌનકે મહત્ત્વનો પ્રશ્ન કર્યો કે હે શ્રી સૂતમુનિ ! આપે સર્વને આશ્ચર્ય ઉપજાવનાર શ્રીમદ્ ભાગવત સપ્તાહના ગૌરવની ગાથા ગાતું કથાનક કહ્યું, હે યોગવિદ્ મુનિ ! જ્ઞાન-યોગ-યજ્ઞ વગેરે વેદપ્રતિપાદિત ધર્મોને ગૌણ ગણાવી વર્તમાન કાલમાં પરબ્રહ્મ શ્રીકૃષ્ણ ભગવાનને અપાવનાર નિઃશ્રેયસ સાધવા માટે શ્રીમદ્ ભાગવત પુરાણને જ મહત્ત્વ આપ્યું. તો હે સૂતમુનિ ! કહો ને, આવું કેવી રીતે બન્યું ? (૫૩)

પરહિતપરાયણ કોમલચિત્ત ઉદ્ધવજીની વેદના

મહાત્મા સૂતમુનિએ સમાધાન કરતાં કહ્યું કે, મુનિવરો ! જ્યારે કૃપાનિધાન ભગવાન શ્રીકૃષ્ણ વસુંધરાનો નિવાસ ત્યજી પોતાના ગોલોકમાં પધારી રહ્યા હતા ત્યારે શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધમાં વર્ણવેલું જ્ઞાન ભગવાને ઉદ્ધવજીને સંભળાવ્યું. આમ છતાં ઉદ્ધવજીના મનનું સમાધાન ના થયું અને શ્રીકૃષ્ણ ભગવાનને નિવેદન કરવા લાગ્યા કે આપ તો ભક્તોનાં કાર્યો કરી, અને ભૂમિનો ભાર ઉતારી હે ગોવિન્દ પ્રભુ ! આપના દિવ્ય ગોલોક તરફ પ્રસ્થાન કરી જશો, પરંતુ મારા ચિત્તની મોટી વેદનાનું આપ શ્રવણ કરવા કૃપા કરો. (૫૪-૫૫) આપ તો જાણો છો કે આઘોર કલિકાલ આવ્યો

છે, લોકો ખલ થવાના છે જ, વળી તેમના પ્રસંગમાં રહેવાથી સન્તજનોમાં-સજ્જનોમાં પણ જ્યારે ઉગ્રતા આવી જશે ત્યારે તો ભારથી પીડાતી ગોરૂપા આ ભૂમિમાતા કોનો આશ્રય લેશે ? હે કમલનયન શ્રીકૃષ્ણ ! આપના વિના અન્ય કોઈ આ ભૂમિનું સંરક્ષણ કરનાર મળનાર નથી. (૫૬-૫૭) હે ભક્તવત્સલ પ્રભુ ! શ્રીકૃષ્ણ ! આપ સજ્જનો ઉપર કૃપા કરીને ભૂતલનો ત્યાગ ના કરો. આપ તો ચિદાકાર અને નિરાકાર ભગવાન સજ્જનોના શ્રેયસ માટે રસાકાર બની ભૂતલ ઉપર પધાર્યા છો. (૫૮) નાથ ! જે ભક્તો આપના જ અવલંબને જીવે છે તે ભક્તો આપના વિના આ ભૂતલ ઉપર કેવી રીતે રહી શકશે ! નિર્ગુણ ઉપાસનામાં તો કષ્ટ છે તે તો આપ જાણો છો, તો હવે આપ જ વિચાર કરો. (૫૯)

પ્રભાસક્ષેત્રમાં પ્રભુની પરમ ભાગવતો પર કૃપા

મહર્ષિ સૂતજીએ કહ્યું મુનિવરો ! પ્રભાસક્ષેત્રમાં ઉપર પ્રમાણેનાં ભક્તવર ઉદ્ધવલાલનાં વ્યથાપૂર્ણ વચન સાંભળી શ્રીહરિ વિચારવા લાગ્યા કે ઉદ્ધવની વેદના સાચી છે તો મારે ભગવદીય જનોના અવલંબન માટે હવે શું કરવું ઘટે ? (૬૦) વિચારને અંતે નિર્ણય કરી ભગવાને તિરોહિત-અન્તર્ધાન થઈ પોતાનું દિવ્ય તેજ હતું તે તેજને શ્રીમદ્ ભાગવતજીમાં પધરાવ્યું અને શ્રીમદ્ ભાગવતામૃત મહાસાગરમાં પ્રવેશીને પ્રભુ બિરાજ્યા. (૬૧) તે જ દિવસથી આ સમાધિભાષા શ્રીમદ્ ભાગવત, ભાગવાન શ્રીકૃષ્ણની પ્રત્યક્ષ વાઙ્મયી મૂર્તિસ્વરૂપે ભૂતલ ઉપર બિરાજમાન છે માટે ભાગવાનની આ વાઙ્મયી મૂર્તિની સેવા કરવાથી-શ્રવણથી-પાઠપારાયણ કરવાથી, તેમ જ દર્શન કરવાથી સર્વ પાપોનો નાશ થાય છે. (૬૨) આ કલિકાલમાં અનાયાસે ભગવત્પ્રાપ્તિ કેવલ "શ્રીમદ્ ભાગવતજીના શ્રવણથી થાય છે." આ અનુભવથી સર્વ સાધનોના અનુષ્ઠાનને જતું કરીને "સપ્તાહ શ્રવણ" સર્વ ધર્મો કરતાં ઉત્તમં ધર્મ તરીકે સ્વીકારવામાં આવેલ છે. (૬૩) દુઃખ, દારિદ્ર, દુર્ભાગ્યના નાશ માટે તેમ જ પાપોના પ્રક્ષાલન માટે, આ ઉપરાંત કામ-ક્રોધ ઉપર વિજય મેળવવા માટે "શ્રીમદ્ ભાગવત સપ્તાહ" શ્રવણધર્મને ઉત્તમ ધર્મ કહેવામાં આવેલ છે. (૬૪) જો સપ્તાહ શ્રવણધર્મ પ્રાપ્ત થયેલ ન હોત તો બ્રહ્માદિ દેવોને માટે પણ અજેય મનાતી માયાને મનુષ્યો તો જીતી જ કેવી રીતે શકવાના ? આવું વિચારીને જ "શ્રીમદ્ ભાગવત સપ્તાહ" ધર્મને જ ઉત્તમ ધર્મ માનેલ છે. (૬૫)

મહર્ષિ સૂતજીએ કહ્યું કે ઋષિવર શૌનક, સનકાદિક બ્રહ્મર્ષિઓ, જ્યારે શ્રીમદ્ ભાગવતશ્રવણને સર્વોત્તમ ધર્મ તરીકે વર્ણવી રહ્યા ત્યારે તે સ્થાનમાં, તે જ ક્ષણે એક આશ્ચર્યકારક ઘટના બની હે મુનિવર ! આપ એનું શ્રવણ કરો. (૬૬)

भक्तिः सुतौ तौ तरुणौ गृहीत्वा–प्रेमैकरूपा सहसाऽऽविरासीत् । श्रीकृष्ण गोविन्द हरे मुरारे नाथेति नामानि मुहुर्वदन्ति ।।६७।।

યુવાન પુત્રો લઈ સાથ ભક્તિ-પ્રેમસ્વરૂપા સહસા પધાર્યાં,
શ્રીકૃષ્ણ ! ગોવિન્દ ! હરે ! મુરારે ! નાથેતિ નામો બહુધા રટન્તાં.

હે મુનિવર શૌનક ! તે જ સમયે સનત્કુમારોની સભામાં, શ્રી ભક્તિદેવી તરુણાવસ્થાને પામેલા પોતાના જ્ઞાન અને વૈરાગ્ય નામના બન્ને પુત્રોને લઈને શ્રીકૃષ્ણ ! ગોવિન્દ ! હરે ! મુરારે ! હે નાથ ! એ પ્રમાણે હરિનામોનું વારંવાર રટણ કરતાં એકાએક પ્રકટ થયાં. (૬૭) શ્રીમદ્ ભાગવતજીના અર્થોરૂપ ઉત્તમ આભૂષણ ધારણ કરતાં, સાત્ત્વિક મનોહર વેષવાળાં, સભામાં પધારેલાં તે ભક્તિદેવીનાં સભાસદોએ દર્શન કર્યાં. તેઓ પરસ્પર તર્કવિતર્ક કરવા લાગ્યા કે મુનિઓની સભાની મધ્યમાં શ્રી ભક્તિદેવી ક્યાંથી પધાર્યાં અને કેવી રીતે પધાર્યાં હશે ! (૬૮) શ્રી સનત્કુમારો જ્ઞાન-વૈરાગ્ય સાથે દેવી ભક્તિને પધારેલાં જોઈને બોલી ઊઠ્યા કે ખરેખર આજ આ અવસરે શ્રીહરિકથા કથાના હેતુ પ્રમાણે ફલિત થયેલ છે. કથાફલસ્વરૂપે તો જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિની પ્રાપ્તિ થવી જોઈએ. આજે ભક્તિદેવીના પધારવાથી ફલ પ્રાપ્ત થઈ ગયું. શ્રી સનત્કુમારોની સ્નેહભરી વાણી સાંભળીને અતિશય નમ્ર ભાવે જ્ઞાન-વૈરાગ્ય સાથે શ્રી ભક્તિદેવી મધુર વાણીસુધા વરસાવતાં શ્રી સનત્કુમારોને કહેવા લાગ્યાં. (૬૯)

શ્રી ભક્તિદેવી કહેવા લાગ્યાં કે હે કુમારો ! કલિયુગના કઠોર પ્રભાવથી સર્વથા હું નષ્ટ થઈ ગઈ હતી. પરંતુ આપે કથારસનાં પાન કરાવીને આ જ ક્ષણે મને મારા પુત્રો સાથે પરિપુષ્ટ કરી છે. તો બ્રહ્મકુમારો ! કહો, હવે હું ક્યાં બિરાજું ! ભક્તિદેવીના દૈન્યથી પ્રસન્ન ચિત્તવાળા સનત્કુમારો શ્રી ભક્તિદેવીને મધુર વાણીથી કહેવા લાગ્યા. (૭૦) શ્રી સનતકુમારોએ કહ્યું કે હે ભક્તિદેવી ! ભક્તજનોના ભગવાન શ્રી ગોવિન્દના જેવું દિવ્યસ્વરૂપ આપનારાં, પ્રેમના એક જ સામર્થ્યથી સર્વ વિશ્વને ધારણ કરનારાં, સંસારરોગને હરનારાં, આપ ઉત્તમ કક્ષાના ધૈર્યનો આશ્રય કરીને નિરંતર

વૈષ્ણવોના હૃદયમાં બિરાજો. (૭૧) હે ભક્તિદેવી ! આજપર્યન્ત આ લોકમાં સમર્થ દેખાતા કલિકાલના દોષો, આપ જો ભક્તોના હૃદયમાં બિરાજશો તો તેઓ આપની સામે આંખ પણ ઊંચી કરી શકશે નહીં. જ્યારે શ્રી સનકાદિકુમારોએ ભક્તિદેવીને ભક્તોના હૃદયકમલમાં બિરાજવા નિવેદન કર્યું ત્યારે નિશ્ચયપૂર્વક હરિદાસ ભાગવતોના હૃદયસરોજમાં બિરાજ્યાં. (૭૨)

ભક્તિમાન જ સાચો ધનવાન

सकलभुवनमध्ये निर्धनास्तेऽपि धन्या निवसति हृदि तेषां श्रीहरे र्भक्तिरेका ।
हरिरपि निजलोकं सर्वथातो विहाय प्रविशति हृदि तेषां भक्तिसूत्रोपनद्धः ॥ ७३ ॥

જેમના હૃદયકમલમાં ભગવાન શ્રીકૃષ્ણની ફલાત્મિકા સેવામયી ભક્તિ બિરાજ્યાં છે તેઓ લૌકિક દૃષ્ટિએ કદાચ ભૌતિક ધનવાળા ન હોય તોપણ તેઓ નિર્ધન નથી. પરંતુ ધનવાન પણ છે અને ધન્યભાગ્ય પણ છે. ભગવાન શ્રીહરિનો પણ સ્વભાવ છે કે નિજભક્તજનોના હૃદયમાં ભક્તિદેવીને બિરાજમાન જાણી પોતાના અતિપ્રિય ગોલોકને પણ ત્યજી દઈને ભક્તિભર્યા સ્નેહસૂત્રે બંધાયેલા તે અનન્ય ભક્તોના હૃદયમાં પ્રવેશ કરી બિરાજે છે. (૭૩)

ब्रूमोऽद्य ते किमधिकं महिमानमेवं–ब्रह्मात्मकस्य भुवि भागवताऽभिधस्य ।
यत्संश्रयान्निगदिते लभते सुवक्ता – श्रोताऽपि कृष्णसमतामलमन्यधर्मैः ॥ ७४ ॥

શ્રી સનત્કુમારોએ અંતમાં નારદમુનિને કહ્યું કે મુનિરાજ ! ભૂતલ ઉપર બિરાજમાન સાક્ષાત્ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ ભગવાનની લીલાઓનું ગાન કરનાર તેમ જ શ્રીમદ્ ભાગવત નામના સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રના સ્વરૂપ શ્રીમદ્ ભાગવતજીનો આથી અધિક મહિમા શું કહીએ ! શ્રીમદ્ ભાગવતનો અને ભગવાન શ્રીકૃષ્ણનો શ્રદ્ધા સમેત આશ્રય લેતાં ભાગવતજીની કથાનું શ્રવણ કે કથાનું કીર્તન કરવાથી વક્તા તેમ જ શ્રોતા પણ શ્રીકૃષ્ણ ભગવાન સમાન સ્વરૂપ પામે છે, તો શ્રીમદ્ ભાગવતજીનું જ સેવન કરવું. અન્ય સાધનો-ધર્મોનું સેવન કરવાનું પ્રયોજન પણ શું ! (૭૪)

શ્રીપદ્મપુરાણના ઉત્તરખંડમાં વર્ણવેલા શ્રીમદ્ ભાગવતમાહાત્મ્યમાં સનત્કુમાર અને નારદના સંવાદ પ્રસંગનો ત્રીજો અધ્યાય સમાપ્ત થયો. (૭૪)

અધ્યાય ૪થો

[આ અધ્યાયમાં ૮૧ શ્લોકો છે. ભગવાનનું ભક્તોના હૃદયમાં પધારવું, બ્રહ્મનિષ્ઠ આત્મદેવ અને સંસારરત ધુંધુલીની કથાનો પ્રસંગ, ધુંધુકારી અને ગોકર્ણનો જન્મ, પુત્રદુઃખે દુઃખી આત્મદેવ પિતાને ભક્તવર પુત્ર ગોકર્ણજીનો ઉપદેશ, વૈરાગ્ય અને ભગવત્પ્રાપ્તિ વગેરે પ્રસંગો આ અધ્યાયમાં વર્ણવ્યા છે. પ્રારંભના ચાર શ્લોકોમાં "ષોડશકલા"થી પરિપૂર્ણ ભગવાનનું પ્રથમાન્ત સોળ પદોમાં માહાત્મ્ય ગાવામાં આવેલ છે.]

ભકતવત્સલ ભગવાનનું સ્વરૂપ

सूत उवाच –ः अथ वैष्णवचित्तेषु दृष्ट्वा भक्तिमलौकिकीम् निजलोकं परित्यज्य भगवान् भक्तवत्सलः ॥ १ ॥
वनमाली घनश्यामः पीतवासा मनोहरः काञ्चीकलापरुचिरो लसन्मुकुटकुंडलः ॥ २ ॥
त्रिभंगललितश्चारुकौस्तुभेन विराजितः कोटिमन्मथलावण्यो हरिचन्दनचर्चितः ॥ ३ ॥
परमानन्दचिन्मूर्तिर्मधुरो मुरलीधरः आविवेश स्वभक्तानां हृदयान्यमलानि च ॥ ४ ॥

સૂત મહર્ષિએ વ્યાખ્યાન આરંભ્યું અને બોલ્યા : 'હે મુનિવરો ! સભામાં બિરાજેલા ભગવદીય જનોના હૃદયમાં બિરાજતાં પ્રેમલક્ષણા ભક્તિદેવીને નિહાળીને ભક્તવત્સલ ભગવાને નિજ ગોલોકને ત્યજીને ભક્તોના હૃદયકમલમાં પ્રવેશ કર્યો. (૧) ભક્તોના હૃદયમાં પ્રવેશ કરતા ભગવાન સોળ કળાપૂર્ણ હોવાથી મહર્ષિ સોળ પદોનાં વિશેષણ આપી ભગવાનના સ્વરૂપનું વર્ણન કરી રહ્યા છે. આ સોળ પદોમાં પ્રથમ પદ ભગવાન છે. આ ભગવાન શબ્દ વિશેષ્ય છે; બાકીનાં પદો વિશેષણો છે. હવે તે સોળેસોળ લક્ષણો લઈએ : "ભગવાન, (૧) ભક્તવત્સલ, (૨) વનમાલાધારી, (૩) મેઘસમાન શ્યામ, (૪) પીતાંબરધારી, (૫) અત્યંત ચિત્તહર સ્વરૂપ (૬) ઘૂઘરીવાળી અનેક સેરોવાળા કંદોરાને ધારણ કરનારા, (૭) જાજ્વલ્યમાન મુકુટધારી, (૮) તેજોમય કુંડલધારી, (૯) ત્રિભંગલલિત, (૧૦) ચિત્તંહરકૌસ્તુભથી બિરાજમાન, (૧૧) કરોડો કામદેવના જેવા લાવણ્યપૂર્ણ, (૧૨) હરિચન્દનથી ચર્ચિત શ્રી અંગવાળા, (૧૩)

સચ્ચિદાનન્દમય સ્વરૂપ, (૧૪) મધુર, (૧૫) મુરલીધર-વેણુધારી ભગવાને નિર્મલ ભક્તોના હૃદયમાં પ્રવેશ કરીને આનંદનાં દાન આપ્યાં. (૪)

શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં દેવો-વૈકુંઠ નિવાસી ભક્તો-દિવ્યસ્વરૂપે બિરાજે છે

વક્તા શ્રોતાઓ લક્ષ્ય રાખી કથાસંકીર્તન અને શ્રવણ કરે; વક્તા ભાગવતમાં વર્ણવેલી કથા સિવાયની અન્ય વ્યર્થ વાતો ના કરે; શ્રોતા તન્મય થઈ કથા સાંભળે.

શ્રી ઉદ્ધવાદિ પરમભાગવતો, વળી વૈકુંઠવાસી ભક્તો આ શ્રીમદ્ ભાગવતજીના કથાશ્રવણ માટે આવ્યા હતા તેઓ તો ગૂઢસ્વરૂપે સભામાં બિરાજ્યા. (૫) જ્યારે તેઓ પધાર્યા ત્યારે જય હો ! જય હો ! જય હો ! નાદ થવા લાગ્યા. અલૌકિક પ્રકારની રસપુષ્ટિ થઈ, લાજાચૂર્ણ તેમ જ પુષ્પોની વારંવાર વૃષ્ટિ થવા લાગી, વળી ઉત્સાહવર્ધક શંખનાદો થવા લાગ્યા. (૬) આ હરિકથાસભામાં બિરાજેલા ભક્તજનોના દેહ-ગેહવિસ્મૃતિ થઈ ગઈ. સર્વ શ્રોતાવૃન્દની તન્મયાવસ્થાનાં દર્શન કરીને ભક્તવર નારદ બોલ્યા. (૭) હે મુનીશ્વરકુમારો ! આજે મેં શ્રીમદ્ ભાગવતના સપ્તાહથી પ્રાપ્ત થયેલ અલૌકિક મહિમા નજરે નિહાળ્યો. જે મૂઢ છે, વળી જે શઠજનો છે તેવાં પશુઓ અને પક્ષીઓ પણ સર્વ કોઈ સર્વ રીતે નિષ્પાપ થયાં છે. તો ચેતન મનુષ્યો માટે તો પૂછવું જ શું ? (૮) આ ઘોર કલિકાળમાં અને આ મનુષ્યલોકમાં પાપોના પુંજોનો સર્વથા નાશ કરનાર તેમ જ ચિત્તની શુદ્ધિ કરનાર શ્રીમદ્ ભાગવતની કથા જેવું પૃથ્વી ઉપર તો અન્ય સાધન નથી જ. (૯) કથામય સપ્તાહયજ્ઞથી કોણ કોણ વિશુદ્ધ થાય છે એ વાત પણ આપ મને કહો. કૃપાસિંધુ આપે જનકલ્યાણનો માર્ગ વિચારીને કોઈ અલૌકિક નવીન માર્ગ પ્રકટ કર્યો છે. (૧૦)

કથાગંગાને કાંઠે જે જાય તે સર્વ પાવન થાય

શ્રી સનત્કુમારો કહેવા લાગ્યા કે, હે નારદ ! જે માનવો સર્વદા પાપ કરનારા છે, સદા દુરાચારમાં તરબોળ છે, અવળે માર્ગે જનારા છે, ક્રોધ-અગ્નિથી બળેલા છે, કુટિલ છે, કામી છે,(૧૧) જેઓ સત્યથી વેગળા છે, માતા-પિતાને લાંછન લગાડનારા છે, સંસારની તૃષ્ણાઓથી ખદબદે છે, ધર્મોથી ભ્રષ્ટ છે, દંભી છે મત્સરથી જ છલકાય છે. વળી હિંસક છે, (૧૨) જે પાંચ પ્રકારનાં ઉગ્ર પાપો આચરનારા છે, છલ-કપટપરાયણ છે, ક્રૂર છે, પિશાચ જેવા નિર્દય છે, બ્રાહ્મણના ધનથી પોષાયેલા છે, વળી ચારિત્ર્યશૂન્ય છે, (૧૩) જે શઠ લોકો ઈરાદાપૂર્વક મન-વાણી-કાયાથી નિત્ય પાપ કરે છે, પારકા ધનથી જીવે છે, મલિન અને દુષ્ટ આશયવાળા છે, તેઓ પણ કલિકાલમાં સપ્તાહયજ્ઞથી પવિત્ર થાય છે. (૧૪)

આત્મદેવનો ઈતિહાસ

સનત્કુમારોએ કહ્યું, “નારદજી ! પંચ ઉગ્ર પાપોની વિશુદ્ધિ થાય છે. આ પ્રસંગમાં આપને હું પુરાતન ઈતિહાસ વર્ણવીશ. આપ તે પુરાતન ઈતિહાસ સાંભળો. એ ઈતિહાસના કેવલ શ્રવણથી પણ પાપોની હાનિ થઈ જાય છે. (૧૫) પૂર્વે તુંગભદ્રા નામની નદીના તટ ઉપર એક પ્રાચીન ઉત્તમ નગર હતું. આ નગરમાં વસતા ચારે વર્ણના લોકો સત્યપરાયણ, સત્કર્મપરાયણ અને સ્વધર્મનિષ્ઠ હતા. (૧૬) આ નગરમાં સર્વ વેદોમાં વિદ્વાન, શ્રૌત-વૈદિક યજ્ઞકર્મોમાં, સ્મૃતિઓએ બતાવેલાં સર્વ કર્મોમાં પ્રવીણ, ભૂતલ ઉપર અવતરેલ દ્વિતીય સૂર્ય જેવા તેજસ્વી હતા, (૧૭) ધનસમ્પન્ન હતા. પરંતુ ભિક્ષુકવૃત્તિથી આજીવિકા ચલાવતા હતા. આ આત્મદેવને ધુંધુલી નામની પત્ની હતી. એનામાં મોટો અને પ્રથમ અવગુણ એનો સદા “હઠીલો” સ્વભાવ હતો. વળી તે શરીરે અતિસુંદર હતી અને સત્કુલમાં જન્મેલી હતી; એથી સૌન્દર્ય અને કુલનું એને અભિમાન હતું. (૧૮) લોકકથાઓમાં-સંસારની વાતોમાં રચીપચી રેતી, સ્વભાવે ક્રૂર, વગર પ્રયોજનનું વધુ બોલનારી, કેવલ ઘર-સંસારનાં કામોમાં જ ગૂંથાયેલી; પરંતુ સેવાવિમુખ, સ્વભાવે કંજૂસ અથવા અજિતેન્દ્રિય, અન્તમાં ધાર્યું નિષ્ફળ જાય તો કલહ કરનારી ધુંધુલીના નામથી જાણીતી હતી. (૧૯) બન્ને દમ્પતી પ્રેમથી રહેતાં હતાં. વળી આનંદ કરતાં હતાં તોપણ તેમને ધન-દોલત-ઘરબાર અને વિવિધ પદાર્થો-વિષયભોગ પણ સંતાન ન હોવાથી સુખો આપતાં ન હતાં. (૨૦) બન્ને દમ્પતીએ અંતમાં સંતાનની પ્રાપ્તિ માટે ધર્મો આરંભ્યા. સદા દીનજનોને ગાયો, જમીન, સુવર્ણ, વસ્ત્રો વગેરે સંતાનપ્રાપ્તિ માટે આપવાં લાગ્યાં. (૨૧) આમ પુણ્ય કરતાં સંતાનની પ્રાપ્તિ માટે

ધર્મમાર્ગે અડધું ધન વાપરી દીધું. આમ કરવા છતાં ના પુત્ર થયો ના પુત્રી થઈ. તેથી આત્મદેવ મહારાજ અત્યંત ચિંતાતુર થયા. (૨૨) એક દિવસ દ્વિજદેવ આત્મદેવ સંતાન ન હોવાના દુઃખથી દુઃખી થઈ ગૃહત્યાગ કરી વનમાં ચાલ્યા ગયા. મધ્યાહ્નનો સમય થયો, તેમને પુષ્કળ પ્યાસ લાગી તેથી તેઓ એક સરોવર ઉપર જઈ પહોંચ્યા. (૨૩) જલપાન તો કર્યું પરંતુ પ્રજા ન હોવાના દુઃખથી ખૂબ જ કૃશ થઈ ગયેલા તેઓ સરોવર ઉપર ખેદમાં બેઠા હતા. બે ઘડી વીતી ના વીતી ને ત્યાં કોઈ એક સંન્યાસી પધાર્યા. (૨૪) યતિવરે સરોવર ઉપર આવી જલ પીધું અને ત્યાં બેઠા. તેમને જોઈ આત્મદેવ તે યતિજીની સમીપ જઈ પહોંચ્યા. તે યતિરાજનાં ચરણોમાં પ્રણામ કર્યા અને નિઃશ્વાસ નાખતા સન્મુખ ઊભા રહ્યા. (૨૫)

યતિરાજની અમાપ કૃપા અને આત્મદેવની આત્મવ્યથા

[સંતોની સમીપે જઈએ તો પાપ-તાપ-સંતાપ ટળે, શાંતિ મળે અને શ્રીહરિ તરફ મન ઢળે એ સંતોનો મહિમા છે.]

યતિવર વદ્યા : 'હે વિપ્રર્ષિ ! શા માટે રડો છો ? એવી આપને શિરે કઈ મોટી ચિંતા આવી પડી છે ? વિના વિલંબે, હે વિપ્ર ! આપના દુઃખનું કારણ આપ મને કહો. (૨૬) આત્મદેવે ઉત્તર વળ્યો કે, ત્રિકાલદર્શી ઋષિ ! આપ સર્વ જાણો છો. હું આપને શું કહું ! મારાં પૂર્વજન્મનાં સંચિત પાપોનું દુઃખ છે કે મારે આંગણે સંતાન નથી. મારા પિતૃઓ-પૂર્વજો મારાં ઉષ્ણ અશ્રુભર્યાં તર્પણાંજલિનાં જલ પીએ છે. (૨૭) હું દેવોને અને વિપ્રોને ભાવથી જે અન્નાદિ સેવાસામગ્રી સમર્પું છું તે પ્રસન્ન મને સ્વીકારતા નથી કારણ કે તેઓ વિચારે છે કે હવે આત્મદેવની પાછળ કોણ ભેટ-દાન કરશે. મહારાજ, પ્રજા નથી તેથી તે અસહ્ય દુઃખથી દુઃખી થયેલો હું શૂન્ય મનવાળો અને કર્તવ્યમૂઢ બનેલો અંતે આત્મત્યાગ-દેહત્યાગ કરવાના નિર્ણયથી ઘર ત્યજી અહીં આવ્યો છું. (૨૮) મને તો લાગે છે કે સંતાન વિનાના જીવનને ધિક્કાર છે, સંતાન વિનાના શૂન્ય આવાસને પણ ધિક્કાર છે, અનપત્યનું-સંતાન વિનાના-જનનું ધન પણ વ્યર્થ હો, મહારાજ ! સંતતિ વિનાના કુલને પણ ધિક્કાર હો. (૨૯) નાથ ! આંગણે જે ગાયને પાળું છું તે પણ સર્વથા વાંઝણી થાય છે. વળી જો વૃક્ષ રોપું છું તો તે વૃક્ષ પણ ફલ ન આપતાં વાંઝિયું રહે છે. (૩૦) મહારાજ ! મારે બારણે જે ફલ આવે છે તે ફલ જલદી સુકાઈ જાય છે. સંતાન વિનાના અને નિર્ભાગી મારા જીવે હવે જીવવાનું શું પ્રયોજન ? (૩૧) અત્યંત દુઃખથી પીડાયેલા તે આત્મદેવ મહારાજ પોતાના કષ્ટનું વર્ણન કરીને તે યતિ મહાપુરુષ પાસે ઉચ્ચ સ્વરે રડવા લાગ્યા ત્યારે તે યતિ મહાત્માના ચિત્તમાં અતિશય કરુણા પ્રકટી. (૩૨) યોગવેત્તા શ્રી પરમહંસજીએ આત્મદેવઋષિની કપાળરેખા વાંચી, સંતાન બાબતનું સર્વ રહસ્ય જાણી લીધું અને વિસ્તારપૂર્વક શ્રી આત્મદેવનું સમાધાન કરવા લાગ્યા. (૩૩)

આસક્તિ વિવેકથી ના ટળે ત્યારે તે પ્રારબ્ધનું ફલ ભોગવી પરિતાપથી ટળે

શ્રી યતિવર બોલ્યા કે આત્મદેવ ! સંતાન મેળવવાના અજ્ઞાનમૂલક મનોરથને-ઈચ્છાને પડતી મકો. આપના પૂર્વજન્મના કર્મની ગતિ અતિશય બલવતી છે. વિવેકને ધારણ કરો અને સંસારવાસનાને ત્યજી દો. (૩૪) વિપ્રવર આત્મદેવ ! સાંભળો, મેં આજે આપના પ્રારબ્ધનું અવલોકન-વાંચન કર્યું. શું કહું ! સાત જન્મ પર્યન્ત આપને પુત્ર નથી, નથી અને નથી જ. (૩૫) સાઠ હજાર પુત્રોને મેળવવા છતાં સગર રાજાનાં સર્વ સંતાનો ચાલ્યાં ગયાં અને રાજા સગર દુઃખી થયા. પૂર્વે અંગ નામના રાજા નાસ્તિકવેન જેવા પુત્રને મેળવી દુઃખી થઈ વનમાં ગુપચુપ ચાલ્યા ગયા. આથી આપને પણ વીનવું છું મહારાજ ! આપ આજ હવે કુટુંબી થવાની પિતા થવાની આશાનો ત્યાગ કરો. આપને માટે સંન્યાસ દીક્ષામાં સર્વપ્રકારે સુખ છે. (૩૬) આત્મદેવ બોલ્યા કે હે પરમહંસદેવ ! આપે મને આપેલા વિવેકથી મારું કાંઈ નહીં વળે. ભાગ્યમાં પુત્ર ન હોય તો આપના યોગબળથી, આપના કૃપાબળથી પણ મને પુત્ર આપો. જો મને પુત્ર નહીં આપો તો હું શોકમૂર્છિત થયેલો આપની સામે જ પ્રાણનો ત્યાગ કરીશ. (૩૭) પુત્ર-પૌત્ર પરિવારને ભોગવ્યા વિનાનો વૈરાગ્ય, મહારાજ ! શુષ્ક હોઈ ત્યાગનો આનંદ નહીં આપે. પુત્ર-પૌત્ર, ધનવૈભવ, માન-પ્રતિષ્ઠાના ઠાઠથી ભરેલો ગૃહસ્થાશ્રમ જ લોકમાં રસવાળો છે. (૩૮) આત્મદેવના પુત્રને જ પ્રાપ્ત કરવાના આગ્રહને જોઈને તપસ્વી યતિરાજ ફરીથી પણ વિવેક કરતાં બોલ્યા, આત્મદેવ ! વિધિના લેખ ઉપર પગ મૂકવાથી-પ્રારબ્ધને મિથ્યા કરવાના પ્રયત્નથી રાજા ચિત્રકેતુ કષ્ટ

પામ્યા હતા. (૩૯) ભાઈ, ભાગ્ય જ જેના ઉદ્યમોનો-પ્રયત્નોનો નાશ કરી નાખે તે પુરુષ પુષ્કળ પ્રયત્નો કરે તોપણ સુખ ના પામે તેમ આપ પણ બળપૂર્વક પુત્ર મેળવવા પ્રયત્ન કરશો તો સુખી નહીં થાવ. આપ હઠાગ્રહ કરો છો. આપ તો અર્થી-આર્તગરજુ છો તેથી આપને કહેવું શું ?(૪૦)

આત્મદેવના પ્રારબ્ધની અને પુણ્યશીલ સંતની કૃપાની એમ ઉભયની સિદ્ધિ

[સંતકૃપા અને હરિકૃપા નિષ્ફળ નથી જતી તેમ જ પ્રારબ્ધના ફળને પણ મિથ્યા નથી કરતી. યતિવરે આત્મદેવને ફળ તો આપ્યું, પરંતુ પ્રારબ્ધે ધુંધુલીને દુર્બુદ્ધિ આપી અને ફળ ન ખાવા દીધું. તેથી ઔરસપુત્ર ન થયો. તેથી પ્રારબ્ધ સત્ય થયું. પ્રભુકૃપાએ તે ફળને વ્યર્થ ના જવા દીધું અને ધુંધુલીને ફળની શક્તિની પરીક્ષા કરવાની બુદ્ધિ આપી. ધુંધુલીએ તે ફળ ગાયને આપ્યું. સંતકૃપાથી ગાયને ત્યાં ગોકર્ણ સત્પુત્ર થયા અને સંત કૃપા પણ સફળ થઈ]

પરમહંસદેવે આત્મદેવનો હઠાગ્રહ જોયો અને માર્ગ કાઢવા માટે તે આત્મદેવને એક ફળ આપીને કહ્યું કે હે વિપ્ર ! આપ આપની પત્નીને આ ફળ ખવરાવજો. ફળ ખાવાથી પુત્ર થશે. (૪૧)

મનોરથ કરવા માત્રથી મનોરથ ના ફળે પરંતુ વ્રત-જપ-તપ નિયમથી જ ફળે

ફળ આપવાની સાથે યતિરાજે નિયમો બતાવ્યા અને કહ્યું, હે આત્મદેવ ! એક વર્ષ પર્યન્ત સત્ય બોલવું, પવિત્રતા પાળવી, દયા રાખવી અને દાન કરવું. વળી એક વાર ભોજન કરવું. આટલા નિયમો આપનાં પત્ની ધુંધુલીએ એક વર્ષ પર્યન્ત પાળવાના. આ નિયમોના પાલનથી અત્યંત નિર્મલ-જ્ઞાની વિવેકી પુત્ર પ્રાપ્ત થશે. (૪૨) શ્રી યતિરાજ યોગી આટલું કહીને ત્યાંથી ચાલ્યા ગયા અને આત્મદેવ તો પોતાને આંગણે આવ્યા. ધુંધુલીના હાથમાં ફળ આપીને કોઈ પણ કાર્યવિશેષ માટે ક્યાંક બહાર ગયા. (૪૩)

કુટિલ કર્મોથી સ્વભાવ પણ કુટિલ થયો અને પ્રારબ્ધ ફલિત થયું

આત્મદેવની પત્ની ધુંધુલી સ્વભાવની કુટિલ હતી. પોતાની સખીની પાસે તે રુદન કરતી બોલી કે, મારે માથે મોટી ચિન્તા આવી પડી છે, હું તો આ ફળ ખાવની જ નથી. (૪૪) ફળ ખાવાથી ગર્ભ રહેવાનો. ગર્ભથી ઉદર મોટું થઈ જવાનું, વળી ખોરાક પણ ખવાય ના અને ઘટી જાય, તેથી અશક્તિ આવી પડે, ઘરકામનો ભારે બોજો કેમ ઉઠાવાય ? (૪૫) દૈવયોગે જો ગામમાં ધાડપાડુઓ આવે અને ધાડ પાડે તો હું તો ગર્ભિણી દોડી પણ કેવી રીતે શકું ? જો શુકદેવયોગી જેવો પુત્ર ગર્ભમાં આવ્યો અને બહાર જ ના આવે, અથવા પિંજરામાં ફસાયેલા પોપટની માફક ઉદરમાં ફસાયેલા બાળકને બહાર કેમ લાવું ! વળી બાળક ગર્ભમાંથી નીકળતાં જો વાંકો થઈ જાય તો સુખકર પ્રસવ પણ શી રીતે થાય ? આ પરિસ્થિતિમાં તો કેવલ મારું મરણ જ થાય. હું કાયાની ખૂબ કુમળી છું તેથી પ્રસવની પીડા કેમ વેઠી શકું ? (૪૬-૪૭) હું પ્રસૂતિના દિવસોમાં હોઉં અને ઘરમાં શું બને છે તે જોઈ ના શકું ત્યારે મારી પ્રસૂતિની સારવાર કરવા માટે આંગણે આવેલી મારી નનન્દ મારું ઘર જ સાફ કરી જાય. આ ઉપરાંત મારે માટે સત્ય બોલવું, પવિત્રતા જાળવવી, આ નિયમો તો અત્યંત કઠિન છે. (૪૮) આ બધું વેઠતાં માનો કે પુત્ર થયો તોપણ તે પુત્રના લાલન-પાલન-પોષણનું દુઃખ તો પ્રસૂતા નારીને વેઠવાનું જ રહ્યું : એટલે મારું તો માનવું જ છે કે આ જગતમાં સંતાન વિનાની વન્ધ્યા અને પતિ વિનાની વિધવા નારી જ સુખી છે. (૪૯) આવા કુતર્કોના યોગે આખરે ધુંધુલીએ તે સિદ્ધ ફળ ન જ ખાધું. જ્યારે પતિ આત્મદેવે પૂછ્યું, 'તેં ફળ ખાધું ને ?' તેણે કહ્યું, 'હા' સ્વામીનાથ, મેં ખાધું.' (૫૦)

પુણ્યશ્લોક યતિની કૃપા પણ ફલિત થઈ

એક દિવસ દૈવયોગે ધુંધુલીની બહેન આત્મદેવને ઘેર આવી. ધુંધુલીએ પોતાની બહેનને માંડીને સર્વ વાત કહી અને કહ્યું કે બહેન ! મારે શિરે તો મોટી ચિંતા આવી પડી છે. (૫૧) હે નાની બહેન ! આ દુઃખથી મને સુકારો લાગ્યો છે, "મેં તો ફળ ખાધું નહીં અને મારા પતિને મેં ખાધું એવું જૂઠું કહ્યું." આમ કરવાથી મોટું દુઃખ આવી પડ્યું. બહેન ! તું ઉપાય બતાવ કે હવે મારે શું કરવું ? ત્યારે તેની બહેને કહ્યું, મારા ઉદરમાં બાળક છે, એનો જન્મ થયા બાદ સાત માસનો બાળક તમને આપી દઈશ. (૫૨) આજથી તું સગર્ભા જેવું વર્તન શરૂ કરી દે. લોકો કપટ જાણી ના જાય માટે ગુપ્ત રીતે સુખેથી ઘરમાં જ રહેવું. મારા પતિ નિર્ધન છે. તેને તારે ધન આપી સંતોષવા તેથી તને બાળક આપી દેશે. (૫૩) મારા

પતિ લોકોને કહેશે કે મારો બાળક છ માસનો થઈ મરણ પામ્યો તેથી લોકોને શંકા જશે નહીં. બાળક તારો પ્રસવ નથી તેથી તને દૂધ નહીં આવે એટલે તારે ઘેર આવી મારા દૂધથી બાળકનું પોષણ કરીશ. (૫૪) તને ચિંતા થશે કે મારે ફળને શું કરવું ! તો તારે આંગણે ગાય બાંધેલી જ છે. ફળની પરીક્ષા કરવા માટે તું ગાયને ફળ ખવરાવી દે. સ્ત્રીસ્વભાવને અનુસરીને ધુંધુલીએ પોતાની બહેનના માર્ગદર્શન પ્રમાણે સર્વ કર્યું. (૫૫)

ભાગ્ય ભોગવવું જ પડે

[ધુંધુલીએ પેટ ચોળીને પીડા ઊભી કરી. સંતપ્રસાદીનું ફળ ના ખાધું, કૃપાબળનું ભક્તસંતાન ના લીધું, મા ના બની. પારકા દીકરાને દીકરો કરી, રાખી ઉછેરવાનાં કષ્ટ ભોગવ્યાં અને આખરે લાતો ખાધી. અંતે કૂવો પૂર્યો, પ્રારબ્ધવશ પેદા કરેલી પાપમતિનું ફળ ભોગવ્યું.]

મુનિવર નારદ ! સમય જતાં ધુંધલીની બહેને બાળકને જન્મ આપ્યો. બાળકના બાપે અનુકૂળ વખત જોઈ ગુપ્ત રીતે ધુંધુલીને બાળક આપ્યો, ધુંધુલીએ પોતાના ભર્તા આત્મદેવને વાત કરી કે વિના શ્રમે સુખપૂર્વક બાળકનો જન્મ થયો છે. ગામના લોકોને શ્રી આત્મદેવ મહારાજને ત્યાં પુત્રનો જન્મ થવાથી ખૂબ જ આનંદ થયો. (૫૬-૫૭) આત્મદેવે જાતકર્માદિ સંસ્કારો, પુણ્યાહવાચનાદિ કર્મ કરી બ્રાહ્મણોને ખૂબ જ દાન આપ્યાં. આત્મદેવને આંગણે મંગલ વધામણાં થયાં, વળી વેદગીત-મંગલગીત-વાંજિત્રગીતની સુરાવલી રેલાવા લાગી. (૫૮) ધુંધુલીએ આત્મદેવને કહ્યું, પુત્ર તો થયો પરંતુ મારા ધાવણિયામાં ધાવણ નથી, દૂધ વગરની મારે મારા બાળકને કેવી રીતે બીજાનાં ધાવણ ધવરાવવાં ! અને બાળકનું પોષણ કેમ કરવું ? (૫૯) હમણા જ પ્રસવ પામેલી મારી બહેનનો બાળક પ્રસવ પામીને મરણ પામેલો છે. આપ મારી બહેનને મનાવી આપણે ઘેર લઈ આવો અને ઘરે રાખો. મારી બહેન બાળકનું પોષણ કરશે. (૬૦) આત્મદેવ ઋષિએ આત્મજ-પુત્રના રક્ષણ-પોષણ માટે અર્ધાંગનાના કહેવા પ્રમાણે સર્વ કાંઈ કર્યું. ધુંધુલીએ 'ધુંધુકારી' એવું પુત્રનું નામ રાખ્યું. (૬૧) લોકમંગલ વરણી સિદ્ધ સંતની કૃપા ફળી અને ગોકર્ણ પ્રકટ્યા. આ પ્રસંગને ત્રણ માસ થયા પછી તે ભાગ્યશાળી ગાય માતાએ પણ સર્વાંગ સુંદર, સુડોળ, સુવર્ણ સમાન તેજસ્વી, દિવ્ય, નિર્મળ બાળકને જન્મ આપ્યો. (૬૨) વિપ્રવર આત્મદેવ અત્યંત પ્રસન્ન થયા. આત્મદેવે જાતે જ સંસ્કારો કર્યા. ગ્રામજનોને આશ્ચર્ય થયું કે "ગાયને બાળક જન્મ્યો ? ચાલો ચાલો દર્શન કરીએ"-અને સર્વ ગ્રામજનો દર્શનકાજે આત્મદેવને દ્વારે દોડી આવ્યાં (૬૩) લોકોના મુખેથી મંગલવાણી સંભળાવા લાગી કે જુઓ ! જુઓ ! ભાઈ ! આપણા આત્મદેવ મહારાજનો ભાગ્યોદય થયો તે તો જુઓ ! કૌતુકની કથા છે કે ગાયે બાળકને જન્મ આપ્યો. અને વળી તે દેવરૂપે આવેલ-અવતરેલ છે. (૬૪) વિધિયોગે, બની ગયેલા આ પ્રસંગનું રહસ્ય કોઈએ જાણ્યું જ નહીં, વળી આત્મદેવજીએ પુત્રના ગાયના જેવા કર્ણ જોયા અને નામ પાડ્યું ગોકર્ણ. વળી ગો એટલે વેદ વિદ્યા શ્રવણ ધારણમાં સતત અનુરાગવાળા હતા તેથી પણ ગોકર્ણ નામ રાખ્યું.

પુત્રનાં લક્ષણ પારણામાં

સમય જતાં આ બે તનયો તરુણાવસ્થાએ પહોંચ્યાં. શ્રી ગોકર્ણ મહારાજ જ્ઞાની અને સમર્થ પંડિત થયા જ્યારે ધુંધુકારી મહાન ખલ થયો. (૬૬) ષટ્કર્મ બ્રાહ્મણના દેહ ધર્મો હોવા છતાં તે નિત્યકર્મ કરવા માટે સ્નાન ના કરે, સંધ્યાવંદન પણ ના કરે, આચારવિચારની પવિત્રતા પણ ના સાચવે; ષટ્કર્મ અને સત્કર્મ ના કરે, નિષિદ્ધ ખોરાક લે, ક્રોધનો તો પાર જ નહીં. લોખંડ, ચામડાં અને પંથીદાન જેવાં નિષિદ્ધ દાન લે. ધન માટે શબોનાં વહન કરે, સ્તેન-ચોરો સાથે ભોજન કરે અથવા શબના હાથમાં મૂકેલા મોદક પિંડોનાં ભોજન કરે. (૬૭) ચોરી કરે, સર્વ કોઈનો દ્વેષ-દ્રોહ કરે, પારકાઓનાં મકાનોને બાળી નાખે, રમાડવા માટે લોકોનાં બાળકોને લઈ આવી કૂવામાં નાંખી દે. (૬૮) હિંસાખોર, શસ્ત્રધારી, દીનજનો અને અંધજનોને સતાવનાર, ચાંડાલોની જ સોબતવાળો, હાથમાં પાશ લઈ ફરનારો અને શ્વાનનાં ટોળાં લઈ વિચરનારો તે ધુંધુકારી બન્યો. (૬૯) ધુંધુકારીએ વેશ્યાઓના સંગમાં પિતાની સર્વ સંપત્તિ ફના કરી નાખી. એક દિવસે તો તેણે માતાપિતાને માર મારી ઘરમાંથી વાસણો લઈ જઈ વેચી નાંખ્યાં. (૭૦)

આત્મદેવનો પરિતાપ-ગોકર્ણ મુનિનો ઉપદેશ

આવા રાંક બની ગયેલ ધુંધુકારીના વર્તનથી પિતા આત્મદેવજી નિર્ધન બની ગયા, મુક્ત કંઠે રુદન કરવા લાગ્યા અને

કહેવા લાગ્યા કે નિઃસંતાન રહેવું સારું પરંતુ દુષ્ટ સંતાન તો દુઃખદાયક જ છે. (૭૧) હવે હું ક્યાં જાઉં ? ક્યાં રહું ? મારા દુઃખને કોણ દૂર કરે ! હવે તો દુઃખથી મારા પ્રાણોનો ત્યાગ કરી દઉં, મારે માથે મહાન કષ્ટ આવી પડ્યું છે. (૭૨) આ પ્રસંગે પિતાજી આત્મદેવની અસહ્ય વેદના જોઈ અને જ્ઞાનભંડાર ગોકર્ણજી પિતાજીની પાસે આવી પહોંચ્યા અને વૈરાગ્ય દર્શાવતા બોધ આપવા લાગ્યા. (૭૩) પિતાજી ! નિશ્ચય છે કે, અહંતા-મમતાનો બનેલો સંસાર દુઃખસ્વરૂપ જ છે. મોહ પેદા કરનાર જ છે. કોઈ પુત્ર નથી, કોઈ મિત્ર નથી, ધન પણ કોઈનું નથી થયું. स्नेहवान् ज्वलतेनिशम् આસક્તિવાળો સદા સળગતો જ રહેવાનો. (૭૪) સ્વર્ગરાજ ઈન્દ્રને પણ સુખ નથી, કે ચક્રવર્તીને સ્વલ્પ પણ સુખ નથી. જે વિરક્ત છે, જે મનનશીલ છે, અને ભગવન્મય જેનું જીવન છે એવો એકાન્તજીવી આત્મા જ સુખી છે (૭૫) પિતાજી ! આ પુત્ર છે કુટુંબ છે પરિવાર છે આવા અજ્ઞાનને પડતું મૂકો. મોહને લીધે તો નરકમાં જ ગતિ થવાની છે. આખરે આ દેહ પણ પડી જવાનો છે; માટે આ સર્વ ત્યજી દઈ વનમાં પધારો, પિતાજી ! સત્ય કહું છું. (૭૬)

શ્રદ્ધા-જિજ્ઞાસા અને પ્રપત્તિ

[પ્રતિકૂળ કુટુંબીજન પણ પ્રભુ કલ્યાણને માટે જ આપે છે. કુપુત્ર ધુંધુકારીએ પિતાને વિરક્ત બનાવ્યા અને ગુણસમ્પન્ન ગોકર્ણજીએ વિવેકરત બનાવ્યા.]

શ્રીગોકર્ણજીનું વાક્ય સાંભળી વનપ્રસ્થાનની આશા ધરાવતા પિતા આત્મદેવ બોલ્યા કે તાત ! ગોકર્ણ, વિસ્તારપૂર્વક કહો બેટા, કે મારે વનમાં જઈને શું કરવું ? (૭૭) હે પુત્ર ! હું મારા દુષ્ટ કર્મથી સ્નેહપાશથી બંધાયેલો, સંસાર નામના આંધળા કૂવામાં પડેલો, હું તો પાંગળો-પંગુ છું. હે દયાનિધિ દીકરા, હવે આપ જ મને બહાર કાઢો. (૭૮)

देहेऽस्थिमांसरूधिरेऽभिमतिं ज्यज त्वं जायासुतादिषु तथा ममतां विमुंच ।
पश्याऽनिशं जगदिदं क्षणभङ्गनिष्ठं वैराग्यरागरसिको भव भक्तिनिष्ठः ॥ ७९ ॥
धर्मं भजस्व सततं त्यज लोकधर्मान् सेवस्व साधुपुरुषाञ्जहि कामतृष्णाम् ।
अन्यस्य दोषगुणचिन्तनमाशुमुक्त्वा सेवाकथारसमहो नितरां पिबत्वम् ॥ ८० ॥
एवं सुतोक्तिवशतोऽपि गृहं विहाय यातो वनं स्थिरमतिर्गतषष्टिवर्षः ।
युक्तो हरेरनुदिनं परिचर्ययासौ श्रीकृष्णमाप नियतं दशमस्य पाठात् ॥ ८१ ॥

શ્રી ગોકર્ણ બોલ્યા કે પિતાજી ! અસ્થિ, માંસ, રુધિરથી ભરેલા અને ચર્મથી મઢેલા દેહમાં રહેલી અતિશય આસક્તિને આપ ત્યજી દો અને પત્ની, પુત્ર, ધન, પરિવારમાં રહેલી મમતાને પણ સર્વથા મૂકી દો. આ જગત ક્ષભંગુર ધર્મવાળું છે. આવું વિચારીને વૈરાગ્યમાં અનુરાગવાળા અને ભગવાનમાં રસવાળા બનીને ભક્તિમાં દૃઢ નિષ્ઠાવાળા બનો. (૭૯) ભગવત્સેવા, ભગવત્કથા-કીર્તન, શ્રવણ નામના દિવ્ય ભગવદધર્મનું સતત સેવન કરો. લોકસુખના ધર્મોનો ત્યાગ કરો. નિરંતર સાધુજનની સેવા કરો, કામતૃષ્ણાનો ત્યાગ કરો, અવિલંબે અન્યના ગુણ-દોષોનો વિચાર કરવાનો સર્વથા પડતો મૂકો, પુષ્કળ પ્રમાણમાં હરિસેવાપરાયણ, હરિકથારસપાનપરાયણ બનો. (૮૦)

આવાં વિવેક ભર્યાં પુત્રનાં વચનોનો સ્વીકાર કરી સાઠ વર્ષો પસાર થયેલાં છતાં સ્થિરમતિ થયેલા શ્રી આત્મદેવ મહારાજ ગૃહ-પરિવાર ત્યજીને વનમાં પધાર્યા. વિવેક-શ્રદ્ધા-ભક્તિયુક્ત આ શ્રી આત્મદેવજી પ્રતિદિવસ નિયમિત શ્રીહરિની સેવા કરતા, અને શ્રીમદ્ ભાગવત શાસ્ત્રના દશમ સ્કંધનો પાઠ કરતા ભગવાન શ્રીકૃષ્ણને પામ્યા.

શ્રી પદ્મપુરાણના ઉત્તરખંડમાં વર્ણવેલા શ્રીમદ્ ભાગવતના માહાત્મ્ય પ્રસંગમાં શ્રી આત્મદેવને ભાગવત્પ્રાપ્તિનું કથન કરતા ચતુર્થ અધ્યાની સમાપ્તિ થઈ.

અધ્યાય ૫

[શ્રીમદ્ ભાગવતજીના માહાત્મ્યના ૫મા અધ્યાયમાં ૯૦ શ્લોકો છે. ધુંધલીનું કૂવામાં પડી મરવું, ગોકર્ણજીનું તીર્થાટન, ધુંધુકારીનું અપમૃત્યુ, શ્રીમદ્ ભાગવત શ્રવણથી પ્રેત ધુંધુકારીને પ્રભુપદપ્રાપ્તિ, શ્રી ગોકર્ણજીનું શ્રોતાવૃન્દ સાથે ગોલોકપ્રસ્થાન વગેરે પ્રસંગો આ અધ્યાયમાં આવશે.]

सूत उवाच – पितर्युपरते तेन जननी ताडिता भृशम् । क्व वित्तं तिष्ठति ब्रूहि हनिष्ये लत्तया न चेत् ॥ १ ॥

સૂત મહર્ષિએ કહ્યું કે મુનિવરો ! પિતા પ્રભુપદને પામ્યા અને ધુંધુલી ઘરમાં રહેતી હતી. એક દિવસ ધુંધુકારીએ માતાને

પુષ્કળ માર માર્યો અને કહ્યું કે ધન ક્યાં રાખ્યું છે તે બતાવ નહીં તો લાતો મારી તારો જીવ લઈશ. (૧) ધુંધુકારીનાં વાક્યોથી દુઃખી થઈને તેમ જ પુત્રે દીધેલાં દુઃખોથી દુઃખી થઈને ધુંધુલીએ રાત્રીએ કૂવામાં પડતું મૂક્યું અને ધુંધુલી મરણ પામી. (૨) સુખદુઃખથી પર જેને નથી કોઈ શત્રુ કે નથી કોઈ બંધુજન એવા યોગરત શ્રી ગોકર્ણજી તીર્થયાત્રા કરવા માટે ઘરેથી નીકળી પડયા. (૩) પાંચ પાંચ વારાંગનાઓ-વેશ્યાઓથી વીંટળાયેલ તેમ જ તેમના જ પોષણમાં મૂઢબુદ્ધિવાળો ભયંકર કર્મો કરનાર ધુંધુકારી ઘરમાં રહેવા લાગ્યો. (૪) એક દિવસ વારાંગનાઓએ ધુંધુકારી પાસે અલંકારોની અભિલાષા કરી ત્યારે તેની ઈચ્છાની પૂર્તિ માટે કામાન્ધ ધુંધુકારી મૃત્યુને વીસરી ગયેલો ઘરથી ક્યાંક દૂર નીકળી પડ્યો. (૫) જ્યાં ત્યાંથી ચોરી-ચપાટી કરી, ધન ભેગું કરી ઘરે આવ્યો અને તે વારાંગનાઓને પેટભરી આભૂષણો અને ઉત્તમ વસ્ત્રો આપ્યાં. (૬)

ધુંધુકારીનું અપમૃત્યુ અને દુર્ગતિવાળી પ્રેતયોનિ

ધુંધુકારીએ એકઠા કરેલા પુષ્કળ ધનને જોઈને વારાંગનાઓ રાત્રીના સમયે વિચાર કરવા લાગી કે આ ધુંધુકારી નિત્ય ચોરી જ કરે છે, એક દિવસ રાજા એને પકડી લેશે. (૭) એની પાસેથી સર્વ ધન છીનવી લેશે. એને મારી પણ નાખશે એ નિશ્ચિત વાત છે. તો ધન સંતાડવા-સાચવવા માટે આપણે જ ગુપ્ત રીતે એને શા માટે મારી ના નાખીએ ! (૮) એને મારી નાખ્યા પછી સઘળા ધનને લઈને ક્યાંક પણ ચાલ્યાં જઈશું. આવો દુષ્ટ નિશ્ચય કરીને તે વારાંગનાઓએ ગાઢ સૂતેલા ગાઢ ધુંધુકારીને હાથેપગે દોરડાં બાંધીને, ગળામાં ફાંસો નાખીને મૃત્યુને ઘાટે ઉતારતી હતી પરંતુ ધુંધુકારી જલદી ના માર્યો ત્યારે તે વારાંગનાઓ ચિંતા કરવા લાગી કે હવે શી રીતે તે જલદી મરે ? (૯-૧૦) અંતે તે વેશ્યાઓએ તે ધુંધુકારીના મુખમાં ધગધગતા અંગારા નાખ્યા. અગ્નિની જ્વાલાઓની અત્યંત વેદનાથી આખરે ધુંધુકારી મરણને શરણ થયો. (૧૧) અત્યંત સાહસિક તે કુલટા-વારાંગનાઓએ ધુંધુકારીના દેહને ઊંડા ખાડામાં દાટી દીધો. આ રહસ્યની કોઈને પણ જરાય ગંધ સરખા ના આવી. (૧૨) લોકોએ પૂછ્યું કે ધુંધુકારી કેમ જણાતો નથી ત્યારે તે કુલટાઓ કહેવા લાગી, અમારો પ્રિયતમ ધનલાભની લાલસાથી દૂર દેશાવર ગયેલ છે તે આ વર્ષની આખરે આવી પહોંચશે. (૧૩) વિવેકી અને શાણા મનુષ્યે વારાંગનાઓનો કદી વિશ્વાસ રાખવો નહીં. જે કોઈ મૂઢ મનુષ્ય દુશ્ચરિત્ર વારાંગનાઓના વિશ્વાસમાં પડે છે તે દુઃખોના ડુંગરોથી પીડાય છે. (૧૪) કુલટાઓનાં વચન તો અમૃત સમાન મધુર હોય છે; પરંતુ કામીજનોની કામાસક્તિને પોષનારાં હોય છે. કુલટાઓનાં કાળજાં તો અસ્ત્રાની ધાર જેવાં કાતિલ હોય છે, વારાંગના-વેશ્યાઓને તો વિશ્વમાં કોઈ પ્રિય હોતા જ નથી. (૧૫) પોતાની લાલસાઓને પોષવા કાજ અનેકને ભર્તા કરનારી કુલટાઓ ધુંધુકારીના ધનના ઢગલાઓ લઈને ગામ છોડી ચાલી ગઈ. પોતાનાં અસંખ્ય દુષ્ટ કર્મોથી ધુંધુકારી ભયંકર પ્રેત થયો. (૧૬)

પ્રેતયોનિ અને પ્રેતપીડા

[દુર્ગતિ પામી પ્રેત બનેલાનો દેહ મનુષ્ય જેવો જ દેખાય પરંતુ તે દેહ વાયવીય હોય છે, તેને હાથથી પકડી શકાતો નથી.] વંટોળિયાનું રૂપ ધારણ કરેલો પ્રેત ધુંધુકારી દિન-પ્રતિદિન દશે દિશાઓમાં નાસાનાસ કરતો ઠંડી ગરમી, તાપટાઢને વેઠતો, ચારે બાજુ ભટકતો, ભૂખ્યો અને તરસ્યો અટવાતો રહેતો હતો. (૧૭) હા દૈવ ! હા દુર્ભાગ્ય ! આમ વારંવાર બોલતા તે પ્રેતદેહ ધુંધુકારીને ક્યાંય આશ્રય મળ્યો નહીં. આમ પીડાતાં એનો કેટલોય કાળ વીતી ગયો ત્યારે તીર્થમાં વિચરતા શ્રી ગોકર્ણજીને ભાઈના મૃત્યુની લોકો દ્વારા જાણ થઈ. (૧૮) ગોકર્ણજીએ ભાઈને અનાથ જાણીને તેનું ગયાજીમાં વિધિપૂર્વક દયાથી શ્રાદ્ધ કર્યું. વળી જે જે તીર્થોમાં ગોકર્ણ જવા લાગ્યા તે તે તીર્થોમાં ધુંધુકારીને ઉદ્દેશીને શ્રાદ્ધ કરવા લાગ્યા. (૧૯) આ પ્રમાણે તીર્થાટન કરતા શ્રી ગોકર્ણજી પોતાના નગરમાં આવી પહોંચ્યા. આવ્યા ત્યારે રાત્રી પડી ગઈ હતી, રાત્રીના સમયે નિદ્રા માટે ઘર-આંગણે પધારેલા ગોકર્ણજીના પાડોશીઓને ખબર ન પડી. (૨૦) પોતાના ધર્મબંધુ ગોકર્ણજીને રાત્રીએ ઘરમાં પોઢેલા જાણીને ધુંધુકારીએ મધ્યરાત્રીએ ગોકર્ણજીને પોતાનું ભયાનકરૂપ બતાવ્યું. (૨૧)

ધુંધુકારી કોઈ ક્ષણમાં ઘેટાનું રૂપ બતાવે, તો કોઈ ક્ષણે હાથીનું રૂપ ધારણ કરે, તો વળી કોઈક વાર પાડાનું રૂપ લે, તો કોઈ વાર ઊડતા ઈન્દ્રગોપ કીટનું રૂપ ધારણ કરે, તો બીજી જ ક્ષણમાં અંગારાનું રૂપ લે, વળી પાછો ધુંધુકારી તરીકે પોતાના પુરુષ રૂપમાં આવી જાય. (૨૨) ક્ષણે ક્ષણે બદલાતાં રૂપોને જોઈને ધૈર્યસમ્પન્ન ગોકર્ણજીને ખાતરી થઈ કે આ કોઈ દુર્ગતિ પામેલ જીવ છે; તેથી દયાવશ તે પ્રેતજીવને ઉદ્દેશીને બોલ્યા. (૨૩)

સંત સદા હિતકારી

શ્રી ગોકર્ણમુનિ બોલ્યા કે અરે ભાઈ ! મધ્યરાત્રીએ ઉગ્ર સ્વરૂપો ધારણ કરનાર તું કોણ છે ? એવાં કયાં કાર્યો કે કારણો છે કે તને આવી દશા પ્રાપ્ત થઈ ! ભાઈ ! તમો શું પ્રેત છો ? પિશાચ છો ? કે રાક્ષસ છો ? એ વાત પણ સ્પષ્ટ કરો. (૨૪) મહર્ષિ સૂતજીએ કહ્યું કે મુનિવર ! શ્રી ગોકર્ણજીએ દુઃખી પ્રેતને દુઃખની ગાથા પૂછી ત્યારે તેનું હૃદય ભરાઈ આવ્યું અને વારંવાર મુક્ત કંઠે રુદન કરવા લાગ્યું. વાણી બોલવાની તો પ્રેતમાં શક્તિ હોતી જ નથી તેથી સંકેતથી સૂચવ્યું કે મને આપ વાચા આપવાની કૃપા કરો તો હું દુઃખગાથા ગાઈ શકું. (૨૫) પ્રેતની પરિસ્થિતિને જાણી લીધી અને શ્રી ગોકર્ણજીએ અંજલિમાં જલ લીધું, અભિમંત્રિત કર્યું અને તે પ્રેત ઉપર છાંટ્યુ. ગોકર્ણે કરેલા પવિત્ર જલસિંચનથી આ પ્રેત ધુંધુકારીએ પોતાની ગાથા કહેવાનો આરંભ કર્યો. (૨૬) પ્રેતે કહ્યું કે ભાઈશ્રી ગોકર્ણમુનિ ! હું આપનો ભાઈ છું. મારું નામ ધુંધુકારી છે, મારા પોતાના જ દોષોથી મારા બ્રહ્મત્વનો મેં જ વિનાશ કર્યો છે. (૨૭) ઘોર અજ્ઞાનમાં અટવાતાં મારાં કુકર્મોની સંખ્યાનો અંત જ નથી. લોકોની હિંસા કરનાર એવા મારી મારી પોતાની જ ઘાતકી સ્ત્રીઓએ દુઃખ દઈ હત્યા કરી નાખી. (૨૮) એ કારણે હું પ્રેતપણાને પામ્યો છું અને દુર્દશાને ભોગવી રહ્યો છું, પવનના આહારથી જીવું છું. પુણ્યકર્મોના ફળનો ઉદય દૈવને આધીન છે. હે બંધુ ! આપ તો કૃપાના સિંધુ છો; તો હે ભાઈ ! જેમ બને તેમ જલદી મને પ્રેતયોનિમાંથી મુક્ત કરાવો. આ પ્રમાણેનાં ભાઈ ધુંધુકારીનાં વચનો સાંભળીને શ્રી ગોકર્ણજી કહેવા લાગ્યા. (૨૯-૩૦) કે 'ભાઈ ધુંધુકારી ! તારે માટે તો મેં શાસ્ત્રોક્તવિધિ પ્રમાણે ગયા તીર્થમાં શ્રાદ્ધ કરી પિંડ આપેલ છે, તો તારી મુક્તિ કેમ ના થઈ ? મને આ દિશામાં અત્યંત આશ્ચર્ય થાય છે. (૩૧) જો ગયા શ્રાદ્ધથી મુક્તિ જ ના થઈ શકી તો પછી બીજો કોઈ ઉપાય છે જ નહીં, આ સ્થિતિમાં મારે શું કરવું ? ભાઈ, તું જ વિસ્તારપૂર્વક કહે કે હવે મારે શું કરવું ? (૩૨)

શાસ્ત્રનું વિધાન

भूतः क्रियाविहीनः स्यात् प्रेतस्तु महतो ह्यघात । पिशाचः सूतिकास्पर्शो राक्षसो बहु हिंसकः ।

[શાસ્ત્રનું વિધાન છે કે જેની પાછળ શ્રાદ્ધક્રિયા ન થાય તે ભૂતયોનિ પામે; ભયંકર પાપોથી મૃતાત્મા પ્રેતયોનિ પામે; સૂતિકાગમન કરનાર પિશાચયોનિ પામે; ભયંકર હિંસક રાક્ષસયોનિ પામે.]

ધુંધુકારીએ પ્રત્યુત્તર આપ્યો કે ગોકર્ણમુનિ ! હું એટલું કહીશ કે ગયાશ્રાદ્ધથી મારી મુક્તિ નથી થઈ અને એવાં સેંકડો ગયાશ્રાદ્ધો થશે તોપણ મારી મુક્તિ થવાનો સંભવ નથી. આપ જ આ દિશામાં વિચાર કરો, હું તો આર્ત છું અને ઉપાય જાણતો નથી. (૩૩) પ્રેતયોનિમાંથી ધુંધુકારીની મુક્તિ નથી થઈ એ જાણી શ્રી ગોકર્ણઋષિ અત્યંત આશ્ચર્ય પામ્યા, અને પ્રેતને કહેવા લાગ્યા કે સેંકડો ગયાશ્રાદ્ધો જો તારી મુક્તિ કરી શકે તેમ નથી તો તારી મુક્તિ મને અસાધ્ય લાગે છે. પરંતુ ભાઈ, હતાશ ના થઈશ. (૩૪) ભાઈ ધુંધુકારી, હાલ તો તું નિર્ભય બની તારા સ્થાનમાં રહે. ખૂબ જ વિચાર કરીને, ભગવાનનું ધ્યાન કરીને ભગવાનની કૃપાથી કોઈ પણ ઉપાય કરીશ. ભાઈ ! ભગવત્કૃપાથી કોઈપણ વસ્તુ અસાધ્ય નથી. (૩૫) શ્રી ગોકર્ણ ઋષિની આજ્ઞા પ્રમાણે ધુંધુકારી પોતાના સ્થાને ચાલ્યો ગયો. શ્રી ગોકર્ણજીએ આખી રાત સતત વિચારમાં પસાર કરી તોપણ તેમને પ્રેતમુક્તિ માટેનું કોઈ પણ સાધન ધ્યાનમાં ના આવ્યું. (૩૬) પ્રાતઃકાલ થયો, ગ્રામજનોને સમાચાર મળ્યા કે શ્રી ગોકર્ણ મુનિ પધાર્યા છે એટલે તેઓ તેમનાં દર્શને આવ્યા. શ્રીગોકર્ણ મુનિએ રાત્રીમાં પ્રેતની સાથે થયેલ વાર્તાલાપનો સર્વ પ્રસંગ સજ્જન લોકોને કહી સંભળાવ્યો. (૩૭) શાસ્ત્રજ્ઞાતા વિદ્વાનો, યોગનિષ્ઠ પુરુષો, જ્ઞાની પુરુષો, બ્રહ્મવેત્તાઓએ અનેક શાસ્ત્રો અવલોક્યાં અને અવલોકવાનું ચાલુ રાખ્યું તોપણ

ધુંધુકારીની મુક્તિ માટેનો ઉપાય ના મેળવી શક્યા. (૩૮) સર્વ સભાસદો આખરે એક જ નિર્ણય ઉપર આવ્યા કે ધુંધુકારીની મુક્તિ માટે સૂર્ય ભગવાનના વાક્યને આધારભૂત માનીએ. આ નિર્ણય સાંભળી ભક્તરાજ શ્રી ગોકર્ણ ઋષિએ ભક્તિથી સૂર્યોપસ્થાન કરી સૂર્ય ભગવાનની ગતિને રોકી લીધી. (૩૯)

સૂર્યોપસ્થાન

[પ્રાચીન કાલમાં ત્રિકાલસંધ્યાનિષ્ઠ, ષટ્કર્મપરાયણ, શીલસમ્પન્ન, પરોપકારી ઋષિ- મુનિઓ નિત્ય સૂર્યોપસ્થાન કરતા અને પ્રસન્ન થયેલા ભગવાન સૂર્ય ઋષિ-મુનિઓની ભક્તિથી વશ બની તેઓને દર્શન આપતા અને માર્ગદર્શન પણ આપતા.]

तुभ्यं नमो जगत्साक्षिन् ब्रूहि मे मुक्तिहेतुकम् । तच्छ्रुत्वा दूरतः सूर्यः स्फुटमित्यभ्यभाषत ॥ ४० ॥
श्रीमद्भागवतान्मुक्तिः सप्ताहं वाचनं कुरु । इति सूर्यवचः सर्वैर्धर्मरूपं तु विश्रुतम् ॥ ४१ ॥

હે જગતસાક્ષી ભગવાન સૂર્ય ! આપને અમારા નમસ્કાર હો; આપ મને પ્રેત ધુંધુકારીની મુક્તિનો ઉપયા બતાવો. શ્રી ગોકર્ણ ઋષિના ઉપસ્થાનથી પ્રસન્ન થઈ સૂર્ય ભગવાન દૂરથી સંભળાય એવી સ્પષ્ટ વાણીથી આજ્ઞા કરવા લાગ્યા. (૪૦) "હે ગોકર્ણ મુનિ ! પ્રેત ધુંધુકારીની મુક્તિ શ્રીમદ્ ભાગવતજીના શ્રવણથી થશે. આપ સપ્તાહવિધિથી શ્રીમદ્ ભાગવતજીનું સંકીર્તન કરો"-આ પ્રમાણેનાં સૂર્યભગવાનનાં વચનામૃતને ધર્મસ્વરૂપે સર્વ સજ્જનોએ અત્યંત સ્પષ્ટ રીતે સાંભળ્યાં. (૪૧) સર્વ સજ્જનો એકી અવાજે બોલ્યા કે સૂર્ય ભગવાને સુખકર માર્ગ બતાવ્યો. આપણે આ ઉપાય પ્રયત્ન પૂર્વક કરવો જોઈએ. ત્યારે શ્રી ગોકર્ણ મુનિ પણ નિશ્ચય કરીને શ્રીમદ ભાગવત સપ્તાહ કથાપ્રવચન માટે પ્રવૃત્ત થયા. શ્રી ગોકર્ણ મહારાજને સર્વ સજ્જનોએ શ્રીમદ ભાગવત સપ્તાહના પ્રવક્તા થવા પ્રેર્યા. (૪૨)

શ્રીમદ્ ભાગવત સપ્તાહ મંગલ પ્રસ્તાવ-વંશગ્રન્થિવિભેદન-ભગવત્સારૂપ્ય પ્રાપ્તિ

શ્રી ગોકર્ણ મુનિએ યોજેલા તુંગભદ્રા નદીના તટ ઉપરના શ્રીમદ્ ભાગવત સપ્તાહ સત્રમાં શ્રદ્ધાપૂર્વક શ્રીમદ્ ભાગવતરસપાન કરવા માટે દેશ દેશમાંથી અને ગામે ગામેથી ટોળાબંધ લોકો આવ્યા. અમારાં પૂર્વનાં પાપો પણ ક્ષય થશે એવો ભાવ સેવતા પાંગળા, અન્ધ, વૃદ્ધ અને મન્દમતિ અબુધજનો અને અન્ય જન પણ સત્રમાં આવી પહોંચ્યાં. (૪૩) તુંગભદ્રાતટે દેવોને પણ આશ્ચર્ય પમાડનાર મહાન શ્રોતાસમાજ સપ્તાહશ્રવણ માટે એકત્રિત થયો, જ્યારે વ્યાસપીઠ ઉપર બિરાજી શ્રી ગોકર્ણ ઋષિ હરિકથામૃતનાં પાન કરાવવા લાગ્યા, ભગવદ ગુણાનુવાદ ગાવા લાગ્યા ત્યારે તે સપ્તાહસભામાં પ્રેત ધુંધુકારી પણ આવી પહોંચ્યો. (૪૪) અને આગળ-પાછળ ચારે બાજુ પોતાને બેસવા માટેનું સ્થાન નિહાળવા લાગ્યો ત્યાં તેણે એક ઊંચા, સાત ગાંઠવાળા ઊભા વાંસને જોયો. (૪૫) આ પ્રેત ધંધુકારી પોતે વાયવીય દેહવાળો છે. પંચભૌતિક દેહીની માફક તે સ્થિરાસને બેસી શકે એમ ન હોવાથી તેણે વંશમૂલ ભાગમાં આવેલા છિદ્રથી પ્રવેશ કર્યો અને કથાશ્રવણ કરવા માટે વાંસમાં જ પ્રવેશીને બેઠો. (૪૬)

સપ્તાહ મનોરથીએ એક વૈષ્ણવ વિપ્રનું મુખ્ય શ્રોતા તરીકે વરણ કરવું

શ્રી ગોકર્ણ મુનિએ એક વૈષ્ણવ વિપ્રને પ્રધાન શ્રોતા તરીકે આસને સ્થાપ્યા અને સ્પષ્ટ વાણીથી પ્રથમ સ્કંધથી આરંભી શ્રીમદ્ ભાગવતજીના કથાખ્યાનને સંભળાવવા લાગ્યા. (૪૭) સપ્તાહ કથાના ક્રમે શ્રીવરાહ ભગવાનના પ્રાકટ્ય કથાપ્રસંગે પ્રથમ દિવસની કથાનો સાયંકાલે કથાવિરામ કર્યો ત્યારે એક વિસ્મયકારક ઘટના બની. ધુંધુકારી વાંસમાં બેઠેલ હતો. સર્વ સજ્જનો કથા સાંભળી રહ્યા હતા ત્યાં તૂટવાના શબ્દ સાથે તે વાંસની એક ગાંઠ તૂટી. (૪૮) દ્વિતીય દિવસે સપ્તાહ ક્રમે ભરતાખ્યાન કથા પ્રસંગ વિરામ સમયે સાયંકાલે બીજા દિવસનો વિશ્રામ થયો ત્યારે વાંસની બીજી ગાંઠ તૂટી. તૃતીય દિવસના સપ્તાહક્રમે શ્રીનૃસિંહ ભગવાનના પ્રાદુર્ભાવ કથાપ્રસંગે ત્રીજા દિવસનો કથાવિશ્રામ થયો ત્યારે ત્રીજી ગાંઠ તૂટી. (૪૯) આ પ્રમાણે સાતે સાત દિવસોના કથાના વિશ્રામના ક્રમાનુસાર વિરામો થતા ગયા અને ક્રમવાર ગાંઠો તૂટતી ગઈ. ધુંધુકારીએ પ્રેતના વાયવીય દેહથી સાત જ દિવસોમાં પ્રથમ સ્કંધથી આરંભી દ્વાદશ સ્કંધ પર્યન્તના બારે સ્કંધોનું શ્રવણ કરી વાંસની અને વાસનાની સાત ગાંઠો ભેદીને પ્રેતયોનિનો ત્યાગ કર્યો. (૫૦) શ્રીમદ્

ભાગવત સપ્તાહના શ્રવણથી શરીરે પીતાંબર ધારી, મસ્તકે મુકુટ અને કર્ણોમાં કુંડલધારી, અંગે મેઘશ્યામ, કંઠે-વક્ષઃસ્થળે તુલસીજીની માલાથી વિભૂષિત બની દિવ્ય સ્વરૂપને પ્રાપ્ત કરનાર ધુંધુકારી ધર્માત્મા બની ગયા. (૫૧) આવા દિવ્ય સ્વરૂપ પુણ્યાત્મા ધુંધુકારી તત્ક્ષણ શ્રીગોકર્ણ ઋષિ પાસે આવી નમી પડ્યા અને દૈન્યવાણીમાં બોલ્યા કે હે કૃપાસિંધુ બન્ધુ ! આપે મને પ્રેતના ક્લેશમાંથી છોડાવી દીધો છે. (૫૨)

ધન્ય ધન્ય શ્રીમદ્ ભાગવતજીની કથા-મુક્તાત્મા મહાત્મા ધુંધુકારીનું વ્યાખ્યાન

પ્રેતયોનિને, પ્રેતપીડાને વિનાશ કરનારી શ્રીમદ્ ભાગવતજીની ગાથા ધન્ય ધન્ય છે. ભગવાનશ્રીકૃષ્ણચન્દ્રજીના શ્રીગોલોકવાસી ભકતોના સ્વરૂપ ફળનું દાન કરનાર શ્રીમદ્ ભાગવત સપ્તાહ તો અધિક અધિક ધન્ય છે. (૫૩) જ્યારે કોઈ પણ શ્રદ્ધાસમ્પન્ન ભક્તજન શ્રીમદ્ ભાગવત સપ્તાહનું શ્રવણ કરવા બિરાજે છે ત્યારે તો સર્વ પાપો કાંપી ઊઠે છે કે આ શ્રીમદ્ ભાગવતની “આ સપ્તાહ કથા અમારો વિનાશ તત્કાલ કરી દેશે.” (૫૪) અગ્નિહોત્રીજીની અગ્નિશાળાના હોમાગ્નિ જેમ અગ્નિવેદીમાં પધરાવેલાં સમિધોને ભસ્મ કરી દે છે, અથવા લીલાં સૂકાં કાષ્ઠનો અગ્નિ નાશ કરી દે છે તેવી જ રીતે, જાણી-સમજીને આચરેલ આર્દ્ર-આર્દ્ર નામના પાપને; અજ્ઞાત દશામાં થઈ ગયેલ શુષ્કં શુષ્ક નામના પાપને; જીવતંતુનો જાણે અજાણે કરેલ નાશ લઘુ લઘુ સંજ્ઞાના પાપને; પ્રાણીવધથી થયેલા સ્થૂલં સ્થૂલ સંજ્ઞાવાળાં પાપને શ્રીમદ ભાગવત સપ્તાહ ભસ્મ કરી દે છે. (૫૫)

ભારત ખંડમાં જન્મ લઈ ભાગવતશ્રવણ ના કર્યું તેવા દેહમાં મોહ શો અને એવા દેહનો અર્થ શો ?

એક વખત મળેલી દેવોની સભામાં દેવોમાં શ્રેષ્ઠ દેવોએ સંકીર્તન કર્યું-સ્પષ્ટ રીતે નિવેદન કર્યું કે આ ભારતવર્ષમાં જન્મ પામીને જે જનોએ શ્રીમદ્ ભાગવતજીની કથાનું શ્રવણ ન કર્યું તેઓનો જન્મ નિશ્ચિતરૂપે નિષ્ફળ ગયો. (૫૬) જે જીર્ણશીર્ણ થઈ જનાર જ છે એવા, વિનાશશીલ-ક્ષણભંગુર, પુષ્કળ પોષેલા, બલશાળી શરીરની સફળતા, તો શ્રીમદ્ ભાગવત નામની શ્રીશુકશાસ્ત્રકથાના શ્રવણમાં જ સમાયેલી છે. જો કથાશ્રવણ ન થયું તો મોહથી સંભાળ રાખવી જ વ્યર્થ છે. (૫૭)

શરીર નામના મકાનનાં સોળ દોષો કે સોળ લક્ષણો

વિવેકી પુરુષોએ સોળ સ્વભાવવાળા શરીરનો પરિચય આપ્યો છે. (૧) અસ્થિઓના સ્તંભ ઉપર ઊભું કરવામાં આવ્યું છે. (૨) સ્તંભ સરકી ના જાય માટે સ્નાયુ-નાડીઓની રજ્જુઓથી બાંધી રાખેલું. (૩) મકાન મનોહર લાગે માટે માંસ અને શોણિતથી ચણ્યું છે અને લીંપ્યું છે. (૪) ભાગો છૂટા ન થાય માટે ચામડીથી મઢેલું. (૫) દુર્ગન્ધથી ભરેલું, (૬) મલ-મૂત્રનું પાત્ર, (૭) જરા અને શોકનાં પરિણામોથી પીડા દેનારું, (૮) રોગનું રહેઠાણ, (૯) પીડાથી ભરપૂર, (૧૦) કદી એની ઈચ્છાઓની પૂર્તિ જ ન થાય. (૧૧) પ્રયત્નો કરીએ તોપણ ના સચવાય. (૧૨) દુષ્ટ, (૧૩) દોષોથી ભરેલું, (૧૪) ક્ષણભંગુર, (૧૫) દાટતાં, પાણીમાં તરતું મૂકતાં કે બાળતાં અનેક કીડા-મળ-ભસ્મરૂપ થનારું, (૧૬) શીર્ણ થઈ જનારું આ શરીર છે. એવું વિવેકી પુરુષોએ વર્ણવ્યું છે. વિચક્ષણ પુરુષ તો આવા ક્ષણિક દેહથી હરિકથાશ્રવણ, હરિસેવા-હરિપદપ્રાપ્તિ નામના લાક્ષણિક-સ્થિર ને સિદ્ધ કરી જ લે છે. (૫૮-૫૯-૬૦) પ્રાતઃકાલમાં જે અન્ન પકાવવામાં આવ્યું હોય છે-રાંધવામાં આવ્યું હોય છે તે ભોજન સાયંકાલે તો ઊતરી જાય છે અને ગંધાય છે. તેવા અન્નના ષડરસોથી પોષાયેલી કાયા કામની શી રીતે ? (૬૧) શ્રીમદ ભાગવત સપ્તાહનું શ્રવણ કરવાથી સર્વ પાપોનો આ જ લોકમાં ક્ષય થઈ જાય અને શ્રીહરિની સન્નિધિ મળી જાય છે. માટે સર્વ દોષોની નિવૃત્તિ માટે અને શ્રીહરિની પ્રાપ્તિ માટે આ શરીર જ શ્રેષ્ઠ સાધન છે. (૬૨) મનવદેહ ધારણ કરીને જો મનુષ્યો કથાશ્રવણથી વંચિત રહ્યા તો તે જીવો પાણીના પરપોટાની માફક અને જીવ-જંતુઓમાં જન્મનારી કાળી મસીની માફક ક્ષણે ક્ષણે જન્મવાના અને મરવાના. (૬૩) શ્રીમદ્ ભાગવતજીની કથાના શ્રવણથી જડ અને શુષ્ક વાંસની ગાંઠો તડાતડ તૂટી ગઈ તો સચેતન માનવની વાસનાઓ રૂપી મનની ગાંઠો તૂટી જાય એમાં તો આશ્ચર્ય જ શું ? (૬૪) શ્રીમદ્ ભાગવતજીની કથાના શ્રવણથી હૃદયવાસનાની ગાંઠ ભેદાય છે, સર્વ સંશયપાશો છેદાય છે, અને સર્વ પાપ-કર્મોનો ક્ષય થઈ જાય છે. (૬૫) શાણા પુરુષો માને છે કે સંસાર નામના કાદવ-કીચડના લેપને ધોવામાં કુશળ શ્રીમદ્ ભાગવતકથા તીર્થમાંના જો ચિત્તનો વસવાટ થાય તો મુક્તિ તો

હથેળીમાં જ છે. (૬૬)

કથામંડપમાં જ વિમાનની પધરામણી

૫૨મા શ્લોકથી ૬૬મા શ્લોક પર્યન્ત પંદર શ્લોકોથી મુક્તાત્મા મહાત્મા ધુંધુકારી પોતાના અનુભવ અને આનંદને વર્ણવી રહ્યા હતા અને સર્વ શ્રોતાજનો નિહાળી રહ્યા હતા ત્યાં તો વૈકુંઠનિવાસી ભગવાનના પાર્ષદોવાળા ઝળહળતી કાન્તિથી જ્યોતિર્મય મંડલવાળા અલૌકિક વિમાનને ધુંધુલીમાના પુત્ર ધુંધુકારી ભક્તરાજને લેવા માટે ભગવાને મોકલ્યું. શ્રી ગોકર્ણ મહારાજ આવેલા એક જ વિમાનને જોઈ વિમાનમાં બિરાજેલા વૈષ્ણવોને નમ્રતાથી નિવેદન કરવા લાગ્યા. (૬૭-૬૮)

શ્રી ગોકર્ણજીએ કહ્યું કે હે હરિપ્રિયો ! હે હરિદાસો ! આ અમારા શ્રીમદ્ ભાગવત સપ્તાહ સત્રમાં નિર્મલ અન્તઃકરણવાળા બહુ સંખ્યામાં શ્રોતાઓ છે તો આ વિમાનની સાથે તેઓને માટે પણ આપ વિમાનો કેમ ના લાવ્યા ? (૬૯) શ્રોતાવૃન્દનું કથાશ્રવણ તો આ સત્રમાં સર્વનું સમાન જોવમાં આવે છે તો પછી ફલમાં ભેદ શાથી થયો ? હે ભગવત પાર્ષદો, આપ સમાધાન કરવા કૃપા કરો. (૭૦) શ્રીહરિદાસો શ્રી ગોકર્ણજીનું સમાધાન કરતાં કહી રહ્યા છે : શ્રવણના પ્રકારોમાં ભેદ હોય છે ત્યારે ફળભેદ અવશ્ય તેમાં હોય છે. આ સત્રમાં ભાવપૂર્વક શ્રવણ તો સર્વ શ્રોતાગણે એક સરખું જ કર્યું છે છતાં સર્વ શ્રોતાઓએ ધુંધુકારી જેવું મનન નથી કર્યું. (૭૧) આ ઉપરાંત ધુંધુકારીએ ભગવત્સ્વરૂપે શ્રીમદ્ ભાગવતજીની સેવા પણ કરી છે માટે હે માનપાત્ર ગોકર્ણજી ! મનન અને સેવનના ભેદથી જ ફળમાં ભેદ થયો છે. વળી ધુંધુકારીએ સાત રાત્રી પર્યન્ત ઉપવાસ કર્યા છે તે ફળભેદમાં નિમિત્ત બનેલ છે. મુનિવર ! આર્ત ધુંધુકારીએ સ્થિર ચિત્તથી મનન, સેવન સાથે પુષ્કળ શ્રદ્ધાથી શ્રવણ કરેલ હોઈને જ વિમાન આવેલ છે. જુઓ (૧) જે જ્ઞાન પરિપક્વ-દૃઢ-સ્થિર નથી તે જ્ઞાન ટકતું નથી, (૨) બેધ્યાનથી કરેલું શ્રવણ વ્યર્થ જાય છે. (૩) સંદેહવાળા હૃદયને લીધે મંત્ર ફળતો નથી. (૪) વ્યગ્ર-ભટકતા મનથી કરેલ જપ જરા પણ કામ નથી આવતો. (૫) વૈષ્ણવના વાસ વિનાનો દેશ નકામો છે, અથવા નષ્ટ થાય છે, (૬) પાત્ર ન હોય તેવાને ભોજન કરાવતાં શ્રાદ્ધ ફળતું નથી. (૭) અગ્નિહોત્રી ન હોય કે શ્રીહરિપ્રિય ન હોય તેને આપેલ દાન નિષ્ફળ નીવડે છે, (૮) અનાચારથી કુલનો નાશ થાય છે, આ ઉપરાંત (૧૦) ગુરુજનોનાં વચનોમાં વિશ્વાસ (૧૧) પોતાનામાં દીનત્વ-નમ્રતા વાળી ભાવના, (૧૨) મનોદોષ ઉપર વિજય, (૧૩) અને હરિકથામાં અવિચલ મન, આવા નિયમનું પાલન કર્યું હોય ત્યારે જ શ્રવણ-કીર્તન-સ્મરણ-સેવન-જપ-તપ-દાન-જ્ઞાન-સર્વ સફળ થાય છે. (૭૧ થી ૭૬) હે ગોકર્ણમુનિ ! નિરાશ ના થશો. આપ પુનઃ જ્યારે શ્રીમદ્ ભાગવત સપ્તાહસત્રનું આયોજન કરશો ત્યારે સર્વ શ્રોતાઓનો વૈકુંઠવાસ થશે અને ભગવાન ગોવિન્દ આપને નિશ્ચયપૂર્વક ગોલોકમાં લઈ જશે. (૭૭) આટલાં મધુર વચનો સંભળાવી હરિનામસંકીર્તન કરતા સર્વ હરિદાસો વૈકુંઠમાં પધાર્યા. પુનઃ શ્રાવણમાસમાં શ્રીગોકર્ણ મુનિએ શ્રીમદ ભાગવતસપ્તાહનું આયોજન કર્યું. (૭૮) સર્વ શ્રોતાજનોએ, શ્રીહરિદાસોએ જે નિયમો કથાવ્રત અંગે વર્ણવ્યા હતા તે જ પ્રમાણે સાત રાત્રી સુધી પુનઃ શ્રીમદ્ ભાગવતસપ્તાહનું આયોજન કર્યું. ભક્તવર નારદજી ! કથાપ્રસંગની સમાપ્તિમાં શું બન્યું તે આપ સાવધાની પૂર્વક સાંભળો. (૭૯)

શ્રીહરિ હરિદાસોને લઈ હરિભક્તોને લેવા પધાર્યા

સનત્કુમારોએ કહ્યું, ભાઈ નારદ ! હરિભક્તો, પાર્ષદોની સાથે વિમાનો લઈને ભગવાન શ્રીહરિ સ્વયં ગોકર્ણમુનિના સપ્તાહસત્રમાં પધાર્યા ત્યારે તો, ત્યાં જય હો, જય હો, જય હો, વંદન હો, વંદન હો, વંદન હો, પ્રણામ હો, પ્રણામ હો, આવા પુષ્કળ મંગલધ્વનિ થવા લાગ્યા. (૮૦) અત્યંત પ્રસન્ન થયેલ ભગવાન શ્રી હરિએ-શ્રીકૃષ્ણે-હર્ષમાં આવીને પાંચજન્ય શંખનો મંગલ ઘોષ કર્યો. ભગવાન શ્રીકૃષ્ણ શ્રી ગોકર્ણ મુનિને તો ભેટી પડ્યા અને ભગવાને શ્રીગોકર્ણજીને પોતાના જેવા બનાવી દીધા. (૮૧) ભગવાન શ્રીકૃષ્ણે તે જ ક્ષણે અન્ય સર્વ શ્રોતાઓને પણ મેઘશ્યામ, પીતાંબરધારી, કિરીટકુંડલ ધારી બનાવી દીધા. (૮૨) તુંગભદ્રાતટના તે ગામમાં રહેલા શ્વાનચાંડાલથી માંડી સર્વ જીવોને પણ ગોકર્ણ

ઋષિજીની કૃપાથી ભગવાને વિમાનમાં પધરાવી દીધા. પુનઃ યોગીજનો જે લોકમાં પધારે છે તે લોકમાં-હરિલોકમાં-વૈકુંઠલોકમાં સર્વને મોકલી આપ્યા. કથાશ્રવણ કરવાથી પ્રસન્ન થયેલ ભક્તવત્સલ શ્રી ગોપાલકૃષ્ણ ભગવાન શ્રી ગોકર્ણમુનિ સાથે શ્રીગોપીજનોના વલ્લભ શ્રીગોલોકમાં પધારી ગયા. પૂર્વે શ્રીરામાવતારમાં અયોધ્યાનિવાસીજનો શ્રીરઘુનાથજીની સાથે સાકેત ધામમાં પધાર્યા હતા તેવી જ રીતે ભગવાન શ્રીકૃષ્ણ યોગીજનદુર્લભ ગોલોકમાં સર્વ હરિભક્તોને તેડી ગયા. જ્યાં સૂર્યની કે ચન્દ્રની, યોગીઓની કે સિદ્ધોની ગતિ અટકી જાય છે કે સ્વપ્ને પણગતિ થતી નથી તે દિવ્ય લોકમાં શ્રીમદ શ્રીભાગવતસપ્તાહશ્રવણથી સર્વ ચાલ્યા ગયા. (૮૩થી ૮૬) સનતકુમારો બોલ્યા કે નારદજી ! શ્રીમદ્ ભાગવત યજ્ઞ દ્વારા સાંભળેલ કથાઓમાં સંચિત કરેલા ઉજ્જ્વલ ફળ વૃન્દ માટે, અઢળક મેળવેલા ઉત્તમ ફળ માટે અમે અધિક શું વર્ણવીએ ! માત્ર એટલું જ કહીશું કે શ્રીગોકર્ણમુનિના મુખારવિંદથી જે શ્રોતાજનોએ શ્રીહરિકથાના એકાદ અક્ષરનું પણ અમૃતપાન કર્યું છે તે જનો તો પુનઃ માતાની કૂખે જન્મ લેવાના નથી. (૮૭)

वाताम्बुपर्णाशनदेहशोषणैस्तपोभिरुग्रैश्चिरकालसंचितैः । योगैश्च संयान्ति न तां गतिं वै सप्ताहगाथाश्रवणेन यान्ति याम् ।।८८।।

વાયુભક્ષણ, જલપાન, પર્ણભોજન વગેરે કઠિન તપશ્ચર્યા અને સાધનોથી દેહનું શોષણ કરવા છતાં, અરે સુદીર્ઘકાલ પર્યન્ત આચરેલાં ઉત્તમ કોટિનાં કઠિન તપશ્ચરણોથી પણ કે કષ્ટસાધ્ય યોગાનુષ્ઠાનોથી પણ જે ગતિ નથી મેળવી શકાતી તે ગતિને ભક્તજનો શ્રીમદ્ ભાગવતકથાના શ્રવણ માત્રથી જ મેળવે છે. (૮૮) શ્રી ચિત્રકૂટમાં બિરાજતા મુનીશ્વર શાંડિલ્ય મહારાજ પણ બ્રહ્માનંદમાં તરબોળ થઈને આ પવિત્ર ઈતિહાસનું નિત્ય પઠન કરે છે. (૮૯)

आख्यानमेतत्परमं पवित्रं श्रुतं सकृद्वै विदहेदघौघम् । श्राद्धे प्रयुक्तं पितृतृप्तिमावहेन्नित्यं सुपाठादपुनर्भवं च ।।९०।।

પરમ પવિત્ર આ ગોકર્ણકથાખ્યાન પ્રસંગનું એકાદ વખત પણ શ્રવણ કરવામાં આવે તો સમસ્ત પાપોના સમૂહનો નાશ કરી દે છે. પિતૃઓના શ્રાદ્ધપર્વના દિવસે જો પાઠ કરી પિતૃઓને સંભળાવવામાં આવે તો પિતૃઓને તૃપ્તિ આપે છે. પ્રતિ દિવસ શ્રદ્ધા-ભક્તિપૂર્વક જો પાઠ કરવામાં આવે તો જન્મ-મરણની પરંપરા છૂટે. (૯૦)

શ્રી પદ્મપુરાણના ઉત્તરખંડમાં વર્ણવેલા શ્રીમદ્ ભાગવતમાહાત્મ્ય પ્રસંગમાં ગોકર્ણમુનિએ ગોલોકપ્રસંગની કથાનો પંચમ અધ્યાય સમાપ્ત થયો.

અધ્યાય ૬

[શ્રીમદ્ ભાગવતજીના માહાત્મ્યના આ છઠ્ઠા અધ્યાયમાં ૧૦૩ શ્લોકો છે. આ અધ્યાયમાં સપ્તાહ પ્રસંગમાં વક્તાશ્રોતાની વ્રતદીક્ષા, વ્રત અંગેના નિયમો, શ્રી શુકદેવજી મહારાજની પધરામણી, ભક્તો સાથે ભગવાનનું પ્રાકટ્ય અને પ્રસન્નતા, શ્રી સનત્કુમારોને ભગવાને આપેલ વરદાન વગેરે પ્રસંગો આવશે.]

कुमारा उचुः–अथ ते संप्रवक्ष्यामः सप्ताहश्रवणे विधिम् । सहायैर्वसुमिश्चैव प्रायः साध्यो विधिः स्मृतः ।।१।।

શ્રી સનત્કુમારોએ કહ્યું કે ભાઈ નારદ ! ચાલો હવે આપને અમે શ્રીમદ ભાગવત સપ્તાહશ્રવણ અંગે જે શાસ્ત્રવિધિ છે તે બહુ જ સ્પષ્ટ રીતે કહીએ. આ વિધિ આઠ વિપ્રોની સહાયથી તેમ જ અનેક સહાયકોથી અને દ્રવ્યોથી સાધી શકાય છે. (૧) પ્રથમ પોતાને આંગણે જ્યોતિષ શાસ્ત્રના જાણકાર દૈવજ્ઞને આદરપૂર્વક તેડી લાવવા. તેમને પ્રણામપૂર્વક ભેટ ધરી ભક્તિપૂર્વક મુહૂર્ત પૂછવું. પુનઃ પ્રયત્નપૂર્વક કાર્ય આરંભવું, વિવાહ પ્રસંગે જેમ મુક્ત મનથી ધન વાપરીએ એવી જ રીતે સપ્તાહયજ્ઞમાં પણ વાપરવું. (૨) नभस्य-ભાદ્રપદ માસ, आश्विन આશ્વિન માસ, ऊर्ज-કાર્તિક માસ, માર્ગશીર્ષ માસ, शुचिः અષાઢ માસ, नमः શ્રાવણ માસ. આ છ માસ કથાપ્રારંભ માટે, શ્રોતાઓ માટે મોક્ષનું સૂચન કરનાર માસો છે. (૩) બારેબાર માસના ત્રીસેત્રીસ દિવસોમાં વ્રત-અનુષ્ઠાનને અંગે જે જે ક્રિયાઓ અને વસ્તુઓનો ભોજન વગેરેમાં ત્યાગ કરવાનું શાસ્ત્રોમાં કહ્યું છે તેનો સર્વથા ત્યાગ કરવો, સપ્તાહ મહત્ત્વનો ઉત્સવ છે માટે તેમાં રસવાળા ઉદ્યમી સ્વજનોની સહાય લેવી. તેઓને સહાયક રાખવા. બાર માસોના નિયમોમાં (૧) શ્રાવણમાં શાક, (૨) ભાદ્રપદમાં દહીં, (૩) આશ્વિનમાં દૂધ, (૪) કાર્તિક માસમાં કઠોળ, (૫) માર્ગશીર્ષ માસમાં કંદ, (૬) પોષ માસમાં ગાજર, (૭) મહા માસમાં મૂળા, (૮) ફાલ્ગુન માસમાં લીંબુ, (૯) ચૈત્ર માસમાં ચિત્રા નક્ષત્રનાં ધાન્ય, (૧૦) વૈશાખમાં કોળું, (૧૧) જ્યેષ્ઠ માસમાં

પંડોળાં, (૧૨) અષાઢ માસમાં કોઠાં, તુરિયાં વ્રતધારી જનોએ લેવાં નહીં. (૪)

ભાવભર્યાં નિમંત્રણ કરવાં-ભોજનાદિનો પ્રબંધ કરવો

ભગવતકૃપાથી અમારે આંગણે શ્રીમદ્ ભાગવતજીની કથા થશે. આ મંગલ પ્રસંગે આપ આપના કુટુંબ-પરિવાર સાથે અવશ્ય પધારજો એ પ્રકારનાં નિમંત્રણો પ્રયત્નપૂર્વક દેશે, દેશે મોકલવાં (૫) આવાં નિમંત્રણોથી, જેઓના ભાગ્યમાં કથા સાંભળવાનો સંભવ જ નથી, જેઓનાં ભાગ્ય હરિનામસંકીર્તનથી દૂર છે તેવા શૂદ્રજનો કે સ્ત્રીજનોને પણ જાણ થાય અને તેઓને કથાશ્રવણનું ભાગ્ય પ્રાપ્ત થાય. (૬) દેશેદેશમાં જ્યાં વિરક્તજનો હોય, ભગવન્નામસંકીર્તનમાં ઉત્કંઠાવાળા જે ભગવદીય જનો હોય તેઓને અવશ્ય નિમંત્રણ મોકલવાં તેમ જ તેઓને આ પ્રમાણે લખવું કે હે સત્પુરુષો ! આ અવસરે સાત રાત્રી પર્યન્ત મળવા દુર્લભ કે દર્શન થવાં દુર્લભ એવા સજ્જન પુરુષોનો સમાજ એકત્રિત થશે. અપૂર્વ રસવિભોર હરિકથા પણ આ સ્થાને થશે. (૭-૮) આપ શ્રીમદ ભાગવત કથામૃતનાં પાન કરનાર રસિકજન છો. આપ અને કુટુમ્બ, મિત્રજન સર્વ સ્વજન પ્રેમતત્પર બની વિનાવિલંબે પધારજો. (૯) સંભવ છે કે આપને સમયની ખેંચ પણ હોય, તો ભલે સંપૂર્ણ સાત દિવસ ન પધારી શકો તો કેવળ એક દિવસ પણ પધારજો. કથાની એક ક્ષણ પણ અતિ દુર્લભ છે. અધિક શું ! કથાનો આનંદ પણ અત્યંત દુર્લભ છે. (૧૦) સર્વ આપ્તજનોને વિનયથી અને સ્નેહથી નિમંત્રણ આપવાં. કથાશ્રવણ માટે જે ભક્તજનો પધાર્યા હોય તેમને માટે નિવાસ,ભોજન, શયન વગેરેનો પણ પ્રબંધ કરવો.(૧૧)

વિશાળ અને વિશુદ્ધ સ્થળ કથારસ માટે સાનુકૂળ મનાય

ગંગાજી જેવાં દિવ્ય તીર્થો, વૃન્દાવન જેવાં શ્રેષ્ઠ વન, કુરુક્ષેત્ર જેવાં પવિત્ર ક્ષેત્રો અને પોતાના ગૃહાંગણે, પરંતુ જ્યાં વિશાળ ભૂમિ હોય ત્યાં કથા માટેનું સ્થળ નિશ્ચિત કરવું. (૧૨) જે સ્થાને કથાનું આયોજન કરીએ તે સ્થાનની ભૂમિને પ્રથમ ગોમૂત્ર, ગોબર, ગંગાજળ વગેરેથી શુદ્ધ કરવી, સાફસૂફ કરવી, જલસિંચન કરી સ્વચ્છ કરવી, લીંપીગૂંપીને મંગલ બનાવવી, વિવિધ રંગરાગથી સુશોભિત કરવી, જો ઘર-આંગણે કથાનું આયોજન કરીએ તો વચમાં આવતી વસ્તુઓ ઉઠાવી એકાદ ખંડમાં કે એકાદ ખૂણે મુકાવી દેવી. (૧૩) પાંચ દિવસ પહેલાં તો શ્રોતાઓને બિરાજવા માટેનાં દર્ભાદિ પવિત્ર આસનો મેળવી લેવાં, કેળના સ્તંભોથી મંગલ બનતો ઊંચો મંડપ રચવો. (૧૩-૧૪) પુષ્પનાં, ફળોનાં, પંચપલ્લવદલનાં મંગલ તોરણ મંડપની ચારે બાજુ બાંધવાં અને ચંદરવાની ચારે બાજુ પણ તોરણ બાંધવાં. મંડપના ચારે ખૂણાના સ્તંભો ઉપર ધ્વજારોપણ કરવાં. પુષ્કળ પ્રમાણમાં મંડપ સુશોભિત કરવો. કથાના સ્થળની ઊંચી વેદીઓ ઉપર વિસ્તારપૂર્વક વિપ્રો-વિરક્તોને નિવેદન કરી બેસાડવા. (૧૫-૧૬) સર્વ પ્રથમ સર્વશ્રોતાજનોને બિરાજવા માટેનાં યથાયોગ્ય સ્થાને આસનો ગોઠવવાં. શ્રીમદ્ ભાગવતજીના વક્તા માટે પણ દિવ્ય અને ઊંચું આસન સિંહાસન ગોઠવવું. (૧૬-૧૭) જો કથામંડપમાં વક્તા ઉત્તરાભિમુખ બિરાજ્યા હોય તો શ્રોતા-મુખ્ય શ્રોતા પૂર્વાભિમુખ બેસે અને વક્તા જો પૂર્વાભિમુખ હોય તો શ્રોતા-પ્રધાન શ્રોતા ઉત્તરાભિમુખ બિરાજે. (૧૮) અથવા કથામંડપમાં પૂજ્ય અને પૂજકની મધ્યમાં બેસવામાં જેમ સાનુકૂળતા આવે તે પ્રમાણે તે દિશાને પૂર્વ અને ઉત્તર દિશા ગણી લેવી એ પ્રમાણે શાસ્ત્રના જાણકારોએ સ્પષ્ટતા કરી છે. (૧૯)

વક્તાનું સ્વરૂપ

विरक्तो वैष्णवो विप्रो वेदशास्त्रविशुद्धिकृत् । दृष्टान्तकुशलो धीरो वक्ता कार्योऽतिनिःस्पृहः ॥२०॥

સપ્તાહના વક્તા સપ્તગુણસમ્પન્ન હોવા જોઈએ તેમનો પ્રથમ ગુણ (૧) વિરક્ત-અસંગ્રહી, (૨) વૈષ્ણવ, (૩) વિપ્ર, (૪) વેદવાક્યો અને શાસ્ત્રવચનો દ્વારા મનુષ્યોની શંકાઓનાં સમાધાન કરનાર, (૫) દૃષ્ટાન્તો દ્વારા સિદ્ધાન્ત સમજાવવામાં કુશળ, (૬) સ્વભાવથી ધીર અને (૭) નિઃસ્પૃહ. આવા સાત ગુણવાળા વક્તાના મુખથી કથાશ્રવણ સફળ થાય છે. ૨૦

वक्ताव्याससमासवित् प्रियकथः प्रस्तावविवित् सत्कथः । संदेहच्छिदशेषशेषशास्त्र कुशलो नाख्यानविच्छेदकृत् ॥

अव्यङ्गो जनरञ्जको जित सभो नाहंकृतो धार्मिकः । संतोषीति चतुर्दशोत्तमगुणाः वक्तुः प्रणीता इमे ॥

ભલે ને વક્તા સમર્થ વિદ્વાન હોય પરંતુ જો તે સ્વયં કોઈ પણ એક ધર્મનિષ્ઠ ના હોય, અનેક ધર્મોમાં અટવાતા હોય,

સ્ત્રી-લંપટ હોય, અને પાખંડવાદી હોય તો તેને વક્તાનું સ્થાન આપવું નહીં. શ્રી શુકદેવના પ્યારા શ્રીમદ્ ભાગવતજી પ્રવચનમાં તેમનો ત્યાગ કરવો. (૨૧) વક્તાનાં લક્ષણ વર્ણવ્યાં એવા લક્ષણવાળા અન્ય એક વિદ્વાનનું સહાયક તરીકે વરણ કરવું. સહાયક વક્તા પણ પંડિત, સંશય છેદનાર, લોકસમૂહને બોધ આપવામાં તત્પર હોવો જોઈએ. (૨૨) શ્રીમદ્ ભાગવતના વક્તા વ્યાસ પણ કથાના વ્રતી ગણાય છે માટે કથાપ્રારંભના આગલા દિવસે ક્ષૌર કરાવવું. સૂર્યોદય પહેલાં જ શૌચ-સ્નાન, સંધ્યાદિથી પરવારી લેવું. (૨૩) સપ્તાહના સાત દિવસો માટે પોતાનું નિત્યકર્મ-ષટ્કર્મ ટૂંકાણમાં સમેટી લેવું. કથાપ્રસંગમાં કોઈ પણ વિઘ્ન ના આવે તે માટે પ્રથમ શ્રી ગણેશ ભગવાનનું સ્થાપન કરી નિત્ય પૂજન કરવું (૨૪) શ્રી ગણનાથનું સ્થાપન કર્યા પછી, નાંદી શ્રાદ્ધ કરી, પિતૃઓનું તર્પણ કરવું. દેહશુદ્ધિ પ્રાયશ્ચિત્ત પણ કરવું. ભગવાનને માટે સર્વતોભદ્રમંડળનું સ્થાપન બનાવી શ્રીરાધાકૃષ્ણ ભગવાનની કે શ્રીલક્ષ્મીનારાયણ ભગવાનની તેના ઉપર સ્થાપના કરવી. (૨૫) ભગવાન શ્રીકૃષ્ણનું વૈદિક મંત્રો દ્વારા વિધિસર આવાહન-સ્થાપન-પ્રતિષ્ઠાપનાદિથી આરંભી-રાજોપચાર વિધિથી નિત્ય અર્ચન કરવું. પૂજનસમાપ્તિ કરીને ભગવાનની પ્રદક્ષિણા કરી, દંડવત્ નમસ્કાર કરી પ્રેમપૂર્વક સ્તુતિ કરવી. (૨૬) સ્તુતિ સમયે પ્રભુને નિવેદન કરવું કે "संसारसागरे मग्नं दीन मां करुणानिधे । कर्ममोहगृहीताङ्गं मामुद्धर भवार्णवात्" હે કરુણાનિધિ ભગવાન શ્રીકૃષ્ણ ! સંસારસાગરમાં ડૂબેલા, તેમ જ કર્મનાં ફળોની આસક્તિના મોહસ્વરૂપ મગરે ગળાયેલા એવા દીન મને સંસારસાગરમાંથી ઉગારો. (૨૭)

પ્રસન્ન મનથી કરેલાં શ્રીમદ્ ભાગવત અર્ચન વિધિ અને સ્તુતિ ફળીભૂત થાય

સ્થાપિત દેવોનાં પૂજન કર્યા બાદ ભક્તિપૂર્વક વિધિને અનુસરી પ્રયત્નપૂર્વક પ્રેમથી શ્રીમદ્ ભાગવતજીનું પણ ગંધ-પુષ્પ-અક્ષત-ધૂપ-દીપ-નૈવેદ્ય વગેરે પૂજાની સામગ્રીથી અર્ચન કરવું. (૨૮) શ્રીમદ્ ભાગવતજીનું અર્ચન કર્યા પછી કરકમલમાં શ્રીફળ લઈ સન્મુખ ઊભા થઈ નમસ્કાર કરવા. પુનઃ પ્રસન્ન ચિત્તે કેવલ સજલ નયને ભાવભીના હૃદયે શ્રીમદ્ ભાગવત ભગવાનની પુષ્કળ સ્તુતિ કરવી. (૨૯) સ્તુતિ કર્યા પછી આ બે શ્લોકથી નિવેદન કરવું કે "श्रीमदभागवताख्योऽयं प्रत्यक्षः कृष्ण एव हि । स्वीकृतोऽसि मया नाथ मुक्त्यर्थं भवसागरे ॥३०॥ मनोरथो मदीयोऽयं सफलः सर्वथा त्वया । निर्विघ्नेनैव कर्तव्यो दासोऽहं तव केशव ॥३१॥" શ્રીમદ ભાગવતજી ! આપ સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણ જ છો. હે નાથ ! આ ભવસાગરમાં મેં મુક્તિ માટે આપનો સ્વીકાર કર્યો છે. હે કેશવ ! આપનો દાસ છું. શ્રીમદ ભાગવત સ્પતાહ કથાના આ અમારા મનોરથને આપ સર્વ પ્રકારે નિર્વિઘ્નતાપૂર્વક સફળ કરો એવી પ્રાર્થના છે. (૩૦-૩૧) આવાં ભક્તિભર્યાં વચનોથી શ્રીમદ્ ભાગવતજીની સ્તુતિ કર્યા બાદ શ્રીમદ ભાગવતજીના વક્તા વ્યાસજીનું વસ્ત્ર, અલંકારો, ભેટ વગેરે સામગ્રીથી પણ અર્ચન કરીને પૂજન પૂર્ણ થાય ત્યારે વક્તાની પણ સ્તુતિ કરવી. (૩૨) शुकरूप प्रबोधज्ञ सर्वशास्त्रविशारद । एतत्कथाप्रकाशेन मदज्ञानं विनाशय ॥३३॥ સર્વ શાસ્ત્રોના જ્ઞાનમાં નિપુણ, બ્રહ્મવેત્તા, હે વ્યાસ ! આપ પ્રત્યક્ષ શુકમુનિ છો, આપ આ શ્રીમદ ભાગવતજીનાં કથામૃતપાન કરાવીને મારા પણ અજ્ઞાનનો વિનાશ કરો. (૩૩) પુનઃ વક્તા સમીપ બેસીને શ્રીમદ ભાગવત સપ્તાહ વ્રત લેનારાના જે નિયમો હોય તે યજમાને આનંદપૂર્વક પોતાના શ્રેયસ્ માટે ધારણ કરવા. જે નિયમ લીધા હોય તેનું સાત રાત્રી પર્યન્ત યથાર્થરૂપે પાલન કરવું જ. (૩૪) શ્રીમદ ભાગવત સપ્તાહના શ્રવણ-કીર્તન મહોત્સવ પ્રસંગે કથામાં કોઈ વિઘ્નો ના આવે અને આવનારાં વિઘ્નો ચાલ્યાં જાય એ કારણથી "પાંચ વિપ્રો"નું સપ્તાહમાં "વરણ" કરવું અને સપ્તાહમાં વરાયેલા તે વિપ્રોએ દ્વાદશાક્ષર વિદ્યાથી ૐ नमो भगवते वासुदेवाय મંત્રથી શ્રીહરિનો જાપ કરવો. (૩૫) કથામાં પધારેલા બ્રાહ્મણોને, વૈષ્ણવોને, કીર્તનકારોને અને આપ્તજનોને પ્રણામ કરી તેઓનાં અર્ચન કરી તેઓની આજ્ઞા મેળવી યજમાને આસન ઉપર કથા શ્રવણ કરવા બિરાજ્યું. (૩૬) લોકકામોની ચિંતા, ધન, ઘર, પુત્ર, પરિવારની પણ ચિંતા સર્વથા છોડી દઈને. શુદ્ધમતિ થઈ સ્વસ્થ ચિત્તે કથા સાંભળવી. (૩૭)

કથાશ્રવણનો શાસ્ત્રે કહેલ સમય સાડા દશ કલાક

શ્રીમદ ભાગવતજીના ભક્તિમાન બુદ્ધિશાળી વક્તાઓએ સૂર્યોદયથી આરંભીને સાડાત્રણ પ્રહાર એટલે કુલ સાડાદશ

કલાક પર્યન્ત મધુર અને ધીર કંઠથી ભગવાનના ગુણાનુવાદ ગાવા. (૩૮) મધ્યાહ્ને માત્ર બે ઘડી વચમાં વિશ્રામ લેવો. મધ્યાહ્નના વિશ્રામ સમયે પણ ભગવદીયજનો ભગવન્નામસંકીર્તન જ કરે; પરંતુ લૌકિક વાર્તા ન કરે. (૩૯) શ્રોતા-વક્તાએ મલ-મૂત્ર ઉપર સંયમ રાખવા માટે સુખ આપનારો અલ્પાહાર જ કરવો. કથાનું લક્ષ્ય સાચવવા ચાહતા વ્રતીએ અલ્પાહારમાં પણ કેવલ હવિષ્યાન્ન જ લેવાનું રાખવું. (૪૦) કથાવ્રતીથી બની શકે તેમ હોય તો અને મનોબળ હોય તો, સાત રાત્રી પર્યન્ત ઉપવાસ કરીને પણ સપ્તાહનું શ્રવણ કરે. ઉપવાસ ન થઈ શકે તો થોડું ઘી લેવું અથવા દૂધ પીને કથાનું શ્રવણ કરવું જેથી સુખ સચવાય. (૪૧) ઘી-દૂધ ઉપર ના રહી શકાય તો ફળોનો આહાર કરીને પણ કથાશ્રવણ કરવું. અથવા એક વાર અલ્પ, સાત્ત્વિક ભોજન કરી કથાશ્રવણ કરવું. સાંભળવામાં અને કથાકીર્તનમાં જે સુખેથી પાળી શકાય તેવો ભોજનાદિ માટેનો નિમય લેવો. (૪૨) મારું તો માનવું છે કે અલ્પ અને સાત્ત્વિક અન્ન માત્ર એક વાર લેવાનું રાખવું જેથી કથાશ્રવણ કરવામાં મન રહે. જો આગ્રહવશ ઉપવાસ કરીએ અને તે ઉપવાસ કથાશ્રવણવ્રતમાં પ્રતિકૂળ નીવડે તો ઉપવાસ કરવો યોગ્ય નથી. (૪૩)

શ્રોતા-વક્તાના અનિવાર્ય નિયમો

સનત્કુમારો કહેવા લાગ્યા કે ભાઈ નારદ ! સપ્તાહશ્રવણના વ્રતધારી શ્રોતાજનોને પાળવાના જે નિયમો છે તે આપને કહીશ, આપ તે સાંભળો. સર્વપ્રથમ તો વૈષ્ણવમાર્ગની કે વૈષ્ણવવ્રતની દીક્ષા લીધી ન હોય તેઓનો શ્રવણાધિકાર સિદ્ધ નથી થતો. (૪૪) કથાવ્રતીએ પ્રથમ સર્વશ્રેષ્ઠ નિયમ (૧) બ્રહ્મચર્ય, (૨) ભૂમિશયન, (૩) કથાવિરામ પછીથી જ પત્રાવલીમાં જ ભોજન-આ ત્રણે નિયમો નિત્ય સાત દિવસો સુધી પાળવા જ જોઈએ. (૪૫) કઠોળ, મધ, તેલ, મીઠું, ભારે પડતાં ભોજન, તીખાં તમતમતાં ભોજન, ભાવ દૂષિત અન્ન, વાસી અન્ન, વગેરે કથાવ્રતીએ કદી લેવાં ન જોઈએ. (૪૬) વળી કથાવ્રતધારીએ તો કામ-ક્રોધ-મદ-માન-મત્સર, બીજાના સુખ-આનંદની અદેખાઈ લોભ-લાલસા-દંભ-મોહ-દ્વેષ - આ અને આવા દોષોને તો દૂરથી જ ફેંકી દેવા, એનું તાત્પર્યએ કે હૃદયમાં પેસવા જ ન દેવા નહીં તો આવેલા નીકળશે જ નહીં. (૪૭) વળી કથાવ્રતીએ વેદ, વૈષ્ણવ, વિપ્રજન, ગુરુજન, ગાયો, વ્રતીજનો, સ્ત્રીજન, રાજાઓ તેમ જ મહાન પુરુષોની નિંદાનો સર્વથા ત્યાગ કરવો. (૪૮) વળી શ્રીમદ્ ભાગવતસપ્તાહવ્રતીએ, રજઃસ્વલા, અંત્યજ, લેચ્છ, પતિત, વેદસંસ્કારોથી રહિત જનો સાથે બોલવું-ભાષણ કરવું નહીં. આ ઉપરાંત બ્રાહ્મણોનો દ્વેષ કરનારાઓ અને વેદ ધર્મોથી વિમુખ સાથે પણ વાર્તાલાપ ના કરવો. (૪૯) ભાઈ નારદ ! ઉપરના ત્યજવાના દોષોને જાણ્યા પછી જીવનમાં સ્થાપવાના જે ધર્મો છે તે સત્ય, તનમનની પવિત્રતા, દયા, મૌન, સરળતા, નમ્રતા, વળી વિનય, મનની ઉદારતા આદિ ગુણોનું-ધર્મોનું સેવન કથાવ્રતીએ અવશ્ય કરવું જોઈએ. (૫૦)

સકામ શ્રોતા પણ શ્રીમદ ભાગવતને જ વરે

ગરીબાઈ દૂર કરવા ઈચ્છતો દરિદ્ર-ક્ષયરોગી-રોગી-દુર્ભાગી-પાપકર્મ કરનારો-સંતાનરહિત-મોક્ષની અભિલાષાવાળા ભક્તજને પણ આ શ્રીમદ્ ભાગવતની જ કથા સાંભળવી. (૫૧) જે સ્ત્રીને ઋતુ ના આવતું હોય, નિયમિત ન આવતું હોય-એક વાર સંતાન થયા પછી ફરીથી સંતાન ન થતાં હોય-અથવા સંતાન ન જ થતાં હોય-સંતાન જીવતાં ના હોય કે મરેલાં બાળક જન્મતાં હોય, ગર્ભસ્રાવ થતો હોય, આવી સંસારદુઃખી પતિવ્રતા નારીએ શ્રીમદ્ ભાગવતનું શ્રવણ કરવું જોઈએ. (૫૨) ઉપર વર્ણવેલાં કષ્ટોમાંથી કોઈ કષ્ટવાળાં નરનારીએ-દમ્પતીએ વિધિપૂર્વક શ્રીમદ ભાગવતકથાનું શ્રવણ કરવું. એમને અવશ્ય અક્ષય ફળની પ્રાપ્તિ થશે. શ્રીમદ્ ભાગવતની કથા દિવ્ય છે તેમ જ કોટિકોટિ યજ્ઞોના ફળને આપે છે. (૫૩) ભાઈ નારદ ! આપને મેં કથાવ્રતનો વિધિ કહ્યો, વ્રતીએ આ વિધિનું આચરણ કર્યા પછીથી ઉદ્યાપન પણ વિધિપૂર્વક કરવું. ઉપર દર્શાવેલી કોઈપણ ઈચ્છા-ફળકામનાથી સપ્તાહ કરનાર વ્રતીએ જન્માષ્ટમી વ્રતના જેવું જ ઉદ્યાપન કરવું. (૫૪) જેઓ ભક્ત છે, અકિંચન છે, અકામ છે, પરમવૈષ્ણવ છે તેઓને માટે શાસ્ત્રે ઉદ્યાપન કરવાનો આગ્રહ નથી રાખ્યો. તેઓ તો કેવલ શ્રીમદ્ ભાગવત સપ્તાહના શ્રવણથી જ પાવન થઈ ગયા છે. (૫૫)

સપ્તાહસમાપ્તિ પ્રસંગે વૈષ્ણવોનો સત્કાર ભગવાનની સેવા ગણાય

નારદજી ! આ પ્રમાણે શ્રીમદ ભાગવત સપ્તાહ યજ્ઞ પરિપૂર્ણ થાય ત્યારે શ્રોતાજનોએ શ્રીમદ ભાગવતજીની તેમ જ વક્તાની ભક્તિભાવથી સેવા-પૂજા કરવી. (૫૬) વ્યાસ પૂજનવિધિ પૂર્ણ કરીને શ્રોતાજનોને ભગવાનનો પ્રસાદ અને તુલસીજીનાં માલાજી અર્પવાં. ત્યાર પછી મૃદંગતાલથી સુમધુર ભગવન્નામ સંકીર્તન કરવું. (૫૭) જય હો, જય હો ! નમસ્કાર હો, નમસ્કાર હો ! એવા મંગલ નાદનો વારંવાર ઉચ્ચાર કરવો, વિપ્રોને તેમ જ યાચકોને પુષ્કળ ધન અને પકવાન્ન આપવાં. (૫૮) જો શ્રોતા વિરક્ત હોય તો સમાપ્તિ પછી બીજે દિવસે શ્રીમદ ભગવદ્ગીતાજીનો પાઠ કરવો. જો શ્રોતા ગૃહસ્થાશ્રમી હોય તો સત્કર્મની શાંતિ માટે હોમ કરવો. (૫૯)

સપ્તાહ પ્રસંગે હોમવિધિ

સંપૂર્ણ શ્રીમદ્ ભાગવતજીના પ્રત્યેક શ્લોકથી હોમ કરવો અથવા કેવલ દશમ સ્કંધના પ્રત્યેક શ્લોકનો હોમ કરવો. શાસ્ત્રમાં જે પ્રકારે "હોમવિધિ" દર્શાવ્યો છે તે પ્રકારે હોમ કરવો. હોમ માટે હુતદ્રવ્ય તરીકે ચોખાનો દૂધમાં પાયસ બનાવી, તેમાં ઘી, તલ, જવ વગેરે શાસ્ત્રમાં કહેલાં સર્વ દ્રવ્યો પધરાવી હોમ કરવો. (૬૦) હોમ વિધિમાં એક વિશેષ વિધિ યાદ રાખવો - દશમ સ્કંધના પૂર્વાર્ધનો હોમ કરતાં પહેલાં શ્રી બ્રહ્માજીની સ્તુતિનો પાઠ કરી દશમ સ્કંધનો હોમ આરંભવો. ઉત્તરાર્ધના હોમને આરંભતાં પહેલાં શ્રી વેદસ્તુતિનો પાઠ કરી ઉત્તરાર્ધના શ્લોકની આહુતિ આપવી. આ ઉપરાંત પ્રત્યેક અધ્યાયની સમાપ્તિના અંતે ॐ विष्णवे नमः, ॐ नारायणाय नमः, ॐ ब्रह्मणे नमः, ॐ शिवाय नमः, ॐ वासुदेवाय नमः, ॐ प्रद्युम्नाय नमः, ॐ अनिरुद्धाय नमः, ॐ संकर्षणाय नमः એ આઠ મંત્રોની આહુતિ આપવી. (૬૧) મહાપુરાણ શ્રીમદ્ ભાગવત ભગવત્સ્વરૂપ છે તેમ જ શ્રી ગાયત્રીના અર્થમય છે તેથી તત્ત્વદૃષ્ટિએ તો તે ગાયત્રીનું જ સ્વરૂપ છે, તો યજમાન અત્યંત સાવધાનતાથી અને ભક્તિથી ગાયત્રીમંત્રથી આહુતિ પણ આપી શકે છે. (૬૨) કોઈ પણ કારણથી યજમાન હોમ કરવા અશક્ત હોય તો તે વિવેકી પુરુષ હોમના ફળની પ્રાપ્તિ માટે હોમમાં વપરાતાં હુતદ્રવ્યોનું અગ્નિહોત્રી વિપ્રને દાન કરે. વળી પાઠ-પારાયણ-હોમ આદિ વિધિમાં અનેક દોષો થઈ જાય છે તેમ જ આહુતિ પ્રદાન સમયે પણ ન્યૂનાધિકપણું પણ થઈ જાય છે. આ દોષો મહત્ત્વના દોષો મનાય છે. તે દોષોની નિવૃત્તિ માટે શ્રીવિષ્ણુસહસ્રનો પાઠ કરવો. શ્રીવિષ્ણુસહસ્રના પાઠથી સર્વ વિધિ સફળ થાય છે. શ્રીવિષ્ણુસહસ્રનામ સ્તોત્રથી કોઈ અધિક શ્રેષ્ઠ સાધન-વસ્તુ નથી. (૬૩) હોમાદિ વિધિ પૂર્ણ કરીને વ્રતની પરિપૂર્તિ માટે ઓછામાં ઓછી બારની સંખ્યામાં બ્રાહ્મણોને દૂધપાક, માલપુવા, ઘી-મધ વગેરે મિષ્ટાન્નોથી ભોજન કરાવવાં. ત્યાર બાદ બ્રાહ્મણોને સુવર્ણ અને વસ્ત્ર સાથે ગોપ્રદાન કરવાં. (૬૪) જો યજમાનની શક્તિ હોય તો ૧૨ તોલાનું સુવર્ણનું સિંહાસન બનાવવું, તેના ઉપર શ્રીમદ્ ભાગવત ભગવાનને પધરાવવા. શ્રીમદ ભાગવતજી પણ, ભોજપત્ર ઉપર સુલલિત અક્ષરોએ લખેલું હસ્તલિખિત ભાગવતજી ભેટમાં આપવું. (૬૫) સુવર્ણ સિંહાસને પધરાવેલા શ્રીમદ્ ભાગવતજીનાં, આવાહનાદિ ઉપચારોથી દક્ષિણા-ભેટ સાથે વસ્ત્રાભૂષણ-ગંધ આદિ સામગ્રીઓથી પ્રેમપૂર્વક પૂજન કરી, પુનઃ ગંધ-પુષ્પ-વસ્ત્ર-આભૂષણ-અલંકાર-દક્ષિણા વગેરે સામગ્રીઓથી અર્ચન કરીને વ્યાસાસને બિરાજેલા આચાર્યને શ્રીમદ્ ભાગવતજીનું સમર્પણ કરવું. આ ક્રિયા કરવાથી વિવેકીજન ભવબંધનોમાંથી મુક્ત થાય છે. આ પ્રમાણે સર્વવિધ પાપોનું નિવારણ કરનારા વિધિને કરવાથી ભવબંધન છૂટી જાય છે. ભાઈ, આ વિધિ કરવાથી શ્રીમદ્ ભાગવતપુરાણ શુભ ફળ આપે છે. શ્રીમદ્ ભાગવત ધર્મ, અર્થ, કામ, મોક્ષ નામના ચાર પુરુષાર્થોને સિદ્ધ કરે છે એમાં જરા પણ સંદેહ નથી. (૬૬ થી ૬૮) સનત્કુમારો બોલ્યા, નારદજી ! આપે પૂછ્યું હતું તે સર્વ આપને કહી સંભળાવ્યું. બોલો બીજું શું સાંભળવું છે,' શ્રીમદ્ ભાગવતના શ્રવણથી ભક્તિ અને મુક્તિ બન્ને હથેળીમાં જ વસે છે. (૬૯)

શ્રી સૂત મુનિએ કહ્યું કે મુનિવરો, આ ચાર મહાત્મા સનત્કુમારોએ શ્રીમદ્ ભાગવતમાહાત્મ્ય અને સપ્તાહ શ્રી નારદજીને કહી સંભળાવ્યાં. પુનઃ ભોગ, મોક્ષ, દાન આપવામાં સમર્થ, પુણ્ય, તેમ જ સર્વ પ્રકારનાં પાપોનું નિવારણ કરનારી શ્રીમદ્

ભાગવતજીની કથા કહી સંભળાવી. (૭૦) સનત્કુમારોએ સંયમ-નિયમનું પાલન કરી, જિતેન્દ્રિય બની, શ્રદ્ધાપૂર્વક સાત દિવસ સર્વ સભાસદોને સર્વ પ્રાણીઓના સાંભળતાં વિધિપૂર્વક કથા કહી હતી. ત્યાર બાદ તે સર્વ સભાજનો કથા-શ્રવણ કરીને ભગવાન દેવાધિદેવ પુરુષોત્તમની સ્તુતિ કરવા લાગ્યા. (૭૧)

કથાશ્રવણથી જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિ પરિપુષ્ટ થયાં અને નારદજી કૃતાર્થ થયા

શ્રીમદ્ ભાગવતજીની સમાપ્તિ થયા બાદ સર્વભૂતોના મનને હરનાર મનોહર, ઉત્તમ યૌવન, જ્ઞાન અને વૈરાગ્યને મળ્યું અને ભક્તિ-જ્ઞાન-વૈરાગ્યની ત્રિપુટીને પુષ્ટિ થઈ. (૭૨) શ્રી નારદજીની જ્ઞાન-વૈરાગ્યને યૌવન અપાવવાની કરેલી પ્રતિજ્ઞા સફળ થતાં તેમનો મનોરથ સિદ્ધ થયો તેથી નારદજી કૃતાર્થ થયા. તેઓને સર્વાંગ રોમાંચ થયાં અને પરમાનંદથી પરિપૂર્ણ થયા. (૭૩) શ્રી સનત્કુમારોના શ્રીમુખેથી કથાશ્રવણ કરી ભગવાનના લાડીલા શ્રી નારદમુનિજી, ઉભય કરકમલોની અંજલિ જોડી પ્રેમગદગદ વાણીથી સનત્કુમારોને નિવેદન કરવા લાગ્યા. (૭૪)

કૃતજ્ઞતા શ્રીકૃષ્ણ ભગવાનની જ સેવા છે

શ્રી નારદજી કહેવા લાગ્યા, હે કુમારો ! આજે મારો જનમ સફળ થયો, હું ધન્યભાગ્ય છું, કરુણાપરાયણ આપ સર્વેએ મને અનુગ્રહીત કર્યો છે. સર્વનાં સર્વ પાપ હરનાર ભગવાન શ્રીહરિ મને આજે મળ્યા. (૭૫) હે તપસ્વી મહાપુરુષો ! શ્રીહરિને પામવા શ્રીમદ્ ભાગવત કથાશ્રવણધર્મ સર્વ ધર્મો કરતાં પરમ શ્રેષ્ઠ ધર્મ છે. સાચે જ શ્રીમદ્ ભાગવતજીના શ્રવણથી વૈકુંઠવાસી ભગવાન શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થાય છે. (૭૬)

પરમહંસવર્યની પધરામણી

સૂત મહર્ષિ બોલ્યા, નારદજી ! પરમ ભાગવત ભક્તશિરોમણિ શ્રી નારદજી ભાવવિભોર બની આ પ્રમાણે વચનામૃત કરી રહ્યા ત્યારે પરમ યોગેશ્વર શુકાચાર્ય મહારાજ પર્યટન કરતા કરતા નારદજીની પરિષદમાં ગંગાદ્વારે પધાર્યા. (૭૭).

तत्रायया षोडशवार्षिकस्तदा व्यासात्मनो ज्ञान महाब्धिचन्द्रमाः । कथावसाने निजलाभपूर्णः प्रेम्णा पठन् भागवतं शनैः शनैः॥७८॥

સનત્કુમારોના શ્રીમુખેથી શ્રીમદ્ ભાગવત સપ્તાહકથાની સમાપ્તિ થઈ તે અવસરે, સોળ વર્ષની વયના, જ્ઞાનમહાસાગરમાં ભરતી લાવનાર પૂર્ણ ચન્દ્ર, ભગવાનની પ્રાપ્તિથી સદા આનંદપૂર્ણ, ધીરે ધીરે અત્યંત પ્રેમથી શ્રીમદ્ ભાગવતજીના શ્લોકોનું મધુર ગાન કરતા શ્રી શુકદેવજી મહારાજ સભામાં પધાર્યા. (૭૮) ઉત્તમ અને દિવ્ય તેજસ્વી ભગવાન શુકની સર્વને ઝાંખી થઈ અને સભામાં બિરાજેલા સદસ્યો એકાએક ઊભા થઈ ગયા. શ્રી શુકાચાર્યજીને દિવ્યાસન ઉપર પધરાવ્યા. દેવર્ષિ શ્રી નારદજીએ શ્રી શુકાચાર્યનાં અર્ચન કર્યાં. શ્રી શુકમુનિ સુખરૂપ આસન ઉપર બિરાજી નિર્મળ વચનામૃત વર્ષાવવા લાગ્યા. મુનિવરો ! શ્રી શુકાચાર્ય મહારાજશ્રીની નિર્મલ વચનસુધાનાં પાન કરો. (૭૯) શ્રી શુકાચાર્ય શ્રીમુખે બાલ્યા, અહો ! હે રસિકજનો ! હે ભાવભીના જનો, વેદો નામના કલ્પવૃક્ષ ઉપરથી પરિપક્વ બની પૃથ્વી ઉપર ગળેલ આ શ્રીમદ્ ભાગવત નામનું અમીમય ફળ છે. શ્રી શુકદેવના મુખામ્બુજથી અમૃતરસ એમાંથી છલકાય છે, આ તો સાક્ષાત્ ભગવલ્લીલારસ છે, આકંઠ તૃપ્તિ આપતા અને મુક્તિ પછી પરમ રસને પામવા આ રસનું પ્રેમથી પાન કરો. (૮૦) શ્રીમદ્ ભાગવતમાં માત્સર્ય નામના દોષથી સદા મુક્ત પરમ ભાગવત સંતો માટે ભગવાનના ગુણાનુવાદ નામના, ફલલાલસા નામનો કપટ વિનાનો સર્વશ્રેષ્ઠ ધર્મ વર્ણવવામાં આવ્યો છે; ત્રિવિધ તાપનું મૂળમાંથી જ નિકંદન કરનાર, કલ્યાણ આપનાર વાસ્તવિક વસ્તુ શ્રીકૃષ્ણ ભગવાન જ શ્રીમદ્ ભગવતમાં જાણવાનો વિષય છે; શ્રીકૃષ્ણદ્વૈપાયન નામના મહામુનિ શ્રી વ્યાસ મહર્ષિએ સમાધિ સ્થિતિમાં સાક્ષાત્કાર કરી પ્રકટ કરેલ આ શ્રીમદ્ ભાગવત જ ભગવત્પ્રાપ્તિ માટે સુલભ સાધન છે. સુકૃતશાળી શ્રોતાજનો આ ભાગવતજીનું શ્રવણ કરે કે તત્ક્ષણ શ્રીકૃષ્ણ ભગવાન હૃદયમાં પધારી સદા રોકાઈને હૃદયમાં જ બિરાજે છે. (૮૧) શ્રીમદ્ ભાગવત, પુરાણોમાં-પુરાણોના ભાલમાં શોભતા તિલક સમાન છે. વૈષ્ણવોની તો એ સમ્પત્તિ જ છે, શ્રીમદ ભાગવતમાં પરમહંસોનું પણ કલ્યાણ-હિત કરે એવું ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રજીની લીલા સંબંધી જ્ઞાનનું નિરુપણ છે-ગાન છે. શ્રીમદ ભાગવતમાં તો જ્ઞાન-વૈરાગ્ય-

ભક્તિ સાથે ફલની ઈચ્છા વિનાની કૃષ્ણસેવા નામના નિષ્કામ ધર્મનું પ્રકથન છે. ભક્તજન ભક્તિપૂર્વક આ શ્રીમદ ભાગવતજીનાં શ્રવણ-કીર્તન-પઠન કરતાં ભગવચ્ચરણારવિંદ નામની મુક્તિને મેળવે છે. (૮૨) સ્વર્ગલોકમાં, સત્યલોકમાં, કૈલાસલોકમાં કે વૈકુંઠલોકમાં પણ હરિકથારસ પીવાનો મળશે નહિ. તો હે પરમ ભાગ્યવાન વૈષ્ણવો ! આપ આ રસનું ખૂબ ખૂબ પાન કરો, આ રસને કદી છોડશો ના. (૮૩)

કૃપાસિંધુ ભગવાન શ્રીકૃષ્ણનું પ્રાકટ્ય

एवं ब्रुवाणे सति बादरायणौ–मध्ये सभायां हरिराविरासीत् । प्रह्लादबल्युद्धवफाल्गुनादिभिर्वृतः सुरर्षिस्तमपूजयच्च तान् ।।८४।।

બાદરાયણ કુમાર બાદરાયણી શુકાચાર્યજી આ પ્રમાણે વચનામૃતવર્ષા વર્ષાવી રહ્યા હતા ત્યારે શ્રી પ્રહ્‌લાદજી-બલિરાજા-શ્રી ઉદ્ધવજી-શ્રી અર્જુનજી વગેરે ભક્તવરોથી વીંટળાયેલા ભગવાન શ્રીકૃષ્ણ સભામધ્યે પધાર્યા. શ્રી નારદજીએ ભગવાન શ્રીકૃષ્ણનાં અને સાથે પધારેલા પરમ ભાગવતોનાં અર્ચન કર્યાં. (૮૪) સભામાં શ્રેષ્ઠ સિંહાસને પ્રસન્નતાથી બિરાજેલા શ્રીહરિની ઝાંખી કરીને પાર્વતીદેવી સાથે શંકર ભગવાન, બ્રહ્માણી સાથે કમલાસન બ્રહ્માજી સભામાં થતા ભક્તજનોના સંકીર્તન, શ્રવણ અને ભગવદદર્શન માટે આવી પહોંચ્યા. (૮૫) સંકીર્તનમાં શ્રી પ્રહ્‌લાદજી તાલપૂર્તી કરતા હતા, ચપળ ગતિવાળા હોવાથી ઉદ્ધવજી કાંસીજોડા બજાવી રહ્યા હતા, ભક્તવર નારદજી વીણાધારી હતા. સ્વરશાસ્ત્રના આરોહ-અવરોહમાં કુશળતા ધરાવતા અર્જુન સંકીર્તન કરી રહ્યા હતા, રાજા ઈન્દ્ર મૃદંગ બજાવતા હતા. નામસંકીર્તનમાં સનત્કુમારો જય જય ઘોષ કરતા હતા. રસમયવચનોની રચનાથી વ્યાસ કુમાર શુકાચાર્યજી ભાવપૂર્વક ગુણાનુવાદ કરવા લાગ્યા. (૮૬) તે સમયે સભામાં, દિવ્ય તેજસ્વી શ્રી જ્ઞાન-ભક્તિ-વૈરાગ્યની ત્રિપુટી નટના જેવું દિવ્ય નૃત્ય કરવા લાગી. આ અલૌકિક સંકીર્તનને નીરખીને પ્રસન્ન થયેલા ભગવાન શ્રીહરિએ વચનામૃત કર્યાં. (૮૭) હે પરમ ભાગવતો ! આપે ભાવથી મને આપનો બનાવ્યો છે. વર્તમાનમાં કરેલા આપના કથાકીર્તનથી પ્રસન્ન થયેલ છું આપને જે કોઈ વરદાન જોઈએ તે માગી લો. ભગવાનનાં કૃપામય વચનામૃતોનાં પાન કરી પ્રેમથી સર્વનાં ચિત્ત દ્રવી ઊઠ્યાં, તેઓ અત્યંત પ્રસન્ન થઈને ભગવાન શ્રીહરિને કહેવા લાગ્યા. (૮૮)

ભક્તવત્સલ ભગવાનનું વરદાન

સનત્કુમારો વગેરે ભક્તવરો આ અવસરે ભગવાનને વીનવવા લાગ્યા કે નાથ ! જ્યાં જ્યાં શ્રીમદ્ ભાગવત પારાયણ મહોત્સવનું આયોજન થતું હોય ત્યાં આપે શ્રમ લઈને પણ પધારવા કૃપા કરવી. આ અમારો મનોરથ છે, આપે એને પરિપૂર્ણ કરવો. ભગવાને પણ ઉત્તર વાળ્યો : 'તથાસ્તુ'-આપ જેમ ચાહો છો તેમ હું મારા ભક્તો સાથે અવશ્ય, સર્વત્ર સપ્તાહ મહોત્સવમાં ઉપસ્થિત થઈશ. એવું વચન આપી પ્રભુ નિજલોક તરફ મંગલ પ્રસ્થાન કરી ગયા. (૮૯) પુનઃ શ્રી નારદજીએ બ્રહ્મકુમારોનાં ચરણકમળોમાં પ્રણામ કર્યાં તેમ જ અન્ય તપસ્વીઓને પણ પ્રણામ કર્યાં. સત્રમાં પધારેલા મુનિવર મહાત્માઓ ખૂબ જ પ્રસન્ન થયા. કથામૃતનાં પાન કરવાથી સર્વના મોહનો સર્વથા નાશ થયો. બાદ તેઓ આનંદપૂર્ણ બની પોતાનાં સ્થાનોમાં પ્રસ્થાન કરી ગયા. (૯૦) શ્રી શુકદેવજીએ તે સમયે પોતાના પ્રાણપ્રિય શાસ્ત્ર શ્રીમદ્ ભાગવતમાં જ્ઞાન-વૈરાગ્ય નામના બે પુત્રો સાથે ભક્તિદેવીને પધરાવીને તેમની રક્ષા કરી દીધી; એટલે શ્રીમદ્ ભાગવતના સેવનથી ભગવાન શ્રીહરિ વૈષ્ણવોના ચિત્તમાં આવીને વસે છે. (૯૧) દારિદ્રથી તેમ જ ત્રિવિધ દુઃખોના તાપથી તપેલા તેમ જ માયા નામની પિશાચિણીએ સર્વ રીતે ચૂર્ણ કરી નાખેલા અને સંસારસાગરમાં પટકી દીધેલા જીવોના સર્વ પ્રકારે સંરક્ષણ માટે શ્રીમદ્ ભાગવત શાસ્ત્રગર્જના કરે છે કે ગભરાશો મા હું ગોવિંદ પાસે લઈ જઈશ. કારણ કે જીવોનું "ક્ષેમ" શ્રી ગોવિંદ ભગવાનનાં ચરણકમલોની પ્રાપ્તિમાં છે, (૯૨).

શ્રી શુકદેવજી, શ્રી ગોકર્ણજી અને સનત્કુમારોએ શ્રીમદ સપ્તાહ ક્યારે સંભળાવી ?

શ્રી શૌનકમુનિ મહારાજે જિજ્ઞાસા કરી કે હે સૂતમુનિ ! શ્રી શુકદેવજીએ પરીક્ષિત રાજાને શ્રીમદ્ ભાગવત કથાશ્રવણ ક્યારે કરાવ્યું ? ત્યાર પછી શ્રી ગોકર્ણમુનિએ ક્યારે શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન કર્યું ? પુનઃ શ્રી સનત્કુમાર

મહારાજોએ દેવર્ષિ નારદજીને ક્યારે શ્રીમદ્ ભાગવત કથા સંભળાવી એ વિષયમાં મારા સંશયનું નિવારણ કરવા કૃપા કરો. (૯૩) શ્રી રૌમહર્ષણિ મુનિવર બોલ્યા, હે મુનિવરો ! ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રજીના ગોલોકમાં પ્રસ્થાન પ્રસંગ પછી ત્રીસ વર્ષ કરતાં વધારે સમય પછી શુકદેવજીએ પરીક્ષિત રાજાને ભાદ્રપદ માસની નવમીથી પૂર્ણિમા પર્યન્ત શ્રીમદ્ ભાગવતજીની કથા સંભળાવી. (૯૪) પરીક્ષિત રાજાના સપ્તાહ પ્રસંગને પ્રાયઃ ૨૦૦ વર્ષો પસાર થયાં ત્યાર બાદ અષાઢ શુક્લ નવમીથી પૂર્ણિમા પર્યન્ત શ્રી ગોકર્ણજીએ ધુંધુકારીને કથા સંભળાવી. શ્રી ગોકર્ણજીએ ફરીથી શ્રાવણ શુક્લ નવમીથી પૂર્ણિમા પર્યન્ત સર્વ ભક્તો માટે કથાપ્રસંગ યોજ્યો હતો. ત્યાર પછી લગભગ કલિયુગમાં બીજાં ત્રીસ વર્ષ પસાર થયાં હશે તે સમયે કાર્તિક માસના શુક્લ પક્ષની નવમીથી પૂર્ણિમા પર્યન્ત શ્રી બ્રહ્માકુમારોએ શ્રી નારદજીને કથાપ્રસંગ કહ્યો હતો. (૯૫-૯૬) હે નિષ્પાપ શૌનકમુનિ ! આપે જે જે પ્રશ્નો કર્યા હતા તે તે પ્રશ્નોનું આપને સર્વ સમાધાન કર્યું છે. આ કલિયુગમાં ભવરોગનો વિનાશ કરવા માટે શ્રીમદ ભાગવતજીની કથા વિદ્યમાન છે. (૯૭)

कृष्णप्रियं सकलकल्मषनाशनं च मुक्त्यैकहेतुमिह भक्तिविलासकारि ।
सन्तः कथानकमिदं पिबतादरेण – लोके हि तीर्थ परिशीलनसेवया किम् ॥ ९८ ॥

હે સજ્જનો ! ભગવાન શ્રીકૃષ્ણને અત્યંત પ્રિય, સકળ પાપોનો નાશ કરનાર, આ દેહમાં જ મુક્તિ મેળવવા માટે એક જ ઉપાયસ્વરૂપ, ભક્તિના વિલાસને વધારનાર, આ શ્રીમદ્ ભાગવતના આખ્યાનનું ભક્તિભાવભર્યા આદરથી પાન કરો. તીર્થોનાં પર્યટન અને સેવનનાં ફળ શ્રીમદ્ ભાગવતપાનથી સફળ થશે. (૯૮) હાથમાં યમપાશ લઈ જીવોને પકડી લાવવા માટે જવા તૈયાર થઈ ઊભેલા પોતાના દૂતને દેખી શ્રી યમરાજા તેના કાનમાં કહેવા લાગ્યા કે હે દૂત ! આ ભૂતલ ઉપર જ ભગવાનના કથારસમાં તરબોળ છે એવા શ્રીહરિભક્તોનો સ્વામી હું નથી, ભૂલેથી પણ તેમને લાવશો નહિ-હું તો તે હરિભક્તોને છોડી સંસારમાં આસક્ત જીવોનો સ્વામી છું. (૯૯)

असारे संसारे विषयविषसङ्गाकुलधियः क्षणार्धं क्षेमार्थ पिबत शुकगाथातुलसुधाम् ॥
किमर्थं व्यर्थं भो व्रजत कुपथे कुत्सितपथे परीक्षित्साक्षी यत् श्रवणगत मुक्त्युक्ति कथने ॥ १०० ॥

આ સાર વિનાના સંસારમાં વિષયો નામના વિષપાનથી વ્યાકુળ બુદ્ધિવાળા હે ભાઈઓ ! સાચા આનંદનો સ્વાદ જ લેવો હોય તો અડધી ક્ષણ જેટલો સમય શ્રી શુકદેવજીના પ્રિય શાસ્ત્ર શ્રીમદ્ ભાગવતની અનુપમ કથા નામની સુધાનાં અજોડ કથામૃતનાં પાન કરો. પછી આનંદનો આસ્વાદ જુઓ, શ્રીમદ્ ભાગવત સુધાપાનથી પરીક્ષિત રાજા હરિપદને પામ્યા એ તો પ્રત્યક્ષ પ્રમાણ છે. પછી શા માટે નિંદ્ય, નિરુપયોગી અને નિરર્થક વિષયભોગના માર્ગે વ્યર્થ ભટકવું ? (૧૦૦) ભક્તિરસ પ્રવાહમાં સદા વહેતા-તણાતા શ્રીશુકદેવજી મહારાજે ગાયેલી શ્રીમદ ભાગવતજીની કથાને કંઠમાં ધારણ કરનાર ભક્તના વૈકુંઠ ભગવાન પતિ-નાથ બને છે. (૧૦૧) હે શૌનક મુનિ ! આ જગતમાં, શ્રી શુકશાસ્ત્ર શ્રીમદ્ ભાગવતજીની કથાથી અધિક કોઈ પણ ભગવત્પ્રાપ્તિનું નિર્મલ અન્ય સાધન નથી, આ અત્યંત ગુપ્ત વાર્તા આપને કહી છે, સર્વ શાસ્ત્રપુંજોનું શીઘ્રતાથી અવલોકન કરી, સર્વ સિદ્ધાન્તોથી સિદ્ધ થયેલ આ નિર્ણયો આપને કહેલ છે. જો આપ પરમાનન્દ પ્રાપ્ત કરવા ચાહતા હો તો બારેબાર સ્કંધોના સારનું અવશ્ય પાન કરો. (૧૦૨)

एतां यो नियततया श्रृणोति भक्त्या यश्चैनां कथयति शुद्धवैष्णवाग्रे ।
तौ सम्यग्विधिकरणात् फलं लभेते याथार्थ्यात् नहि भुवने किमप्यसाध्यम् ॥ १०३ ॥

હે શ્રી શૌનક મહર્ષિ ! આ શ્રીમદ્ ભાગવત સંહિતાને ભક્તિપૂર્વક નિયમિત રૂપે શ્રવણ કરે છે તેમ જ ભક્તિભાવપૂર્વક પરમ ભાગવત વૈષ્ણવજનને સંભળાવે છે-આ બન્ને ઉત્તમ કાર્ય કરી રહેલા છે તેઓ બન્ને શાસ્ત્રસંમત વિધિ કરી રહ્યા છે, તેથી ઉત્તમ ફળને પ્રાપ્ત કરે છે. જો યથાવિધિ અને યથાર્થ પદાર્થને મેળવવા માટે પુરુષાર્થ કરવામાં આવે તો ભગવદ કૃપાથી વસ્તુ સુલભ છે. (૧૦૩)

શ્રી પદ્મપુરાણ ઉત્તરખંડ શ્રીમદ્ ભાગવત માહાત્મ્ય કથાપ્રસંગમાં સપ્તાહ શ્રવણવિધિનું વર્ણન કરતો છઠ્ઠો અધ્યાય સમાપ્ત થયો.

શ્રીમદ ભાગવતમાહાત્મ્ય સ્કંદપુરાણ

અધ્યાય પ્રથમ

[આ અધ્યાયમાં ૪૨ શ્લોકો છે. સ્કંદપુરાણમાં વૈષ્ણવ ખંડ છે. આ વૈષ્ણવ ખંડમાં શ્રીમદ ભાગવતજીના માહાત્મ્યનું વર્ણન છે. માહાત્મ્યનો આ પ્રથમ અધ્યાય છે. શ્રી પરીક્ષિતરાજા અને વજ્રનાભનું મિલન થાય છે અને ચિંતાતુર વજ્રનાભની ચિંતાનું નિવારણ શાંડિલ્યમુનિ કરે છે.]

श्री व्यास उवाच – श्री सच्चिदानंदघनस्वरूपिणे कृष्णाय चानन्तसुखाभिवार्षिणे ।
विश्वोद्भवस्थाननिरोधहेतवे नुमो वयं भक्तिरसाप्तयेऽनिशम् ॥ १ ॥

મહર્ષિ વ્યાસજી સ્તુતિ કરવા લાગ્યા કે, શ્રીકૃષ્ણપ્રભુચરણોના ભક્તિરસની પ્રાપ્તિ અર્થે આ અખિલ બ્રહ્માંડની ઉત્પત્તિ-સ્થિતિ-પ્રલયના કારણ અનન્ત આનંદનું અભિવર્ષણ કરનાર, સચ્ચિદાનંદ વિગ્રહ ભગવાન શ્રીકૃષ્ણને અમે સર્વ નિરંતર નમસ્કાર કરીએ છીએ. (૧) શ્રીકૃષ્ણ કથામૃતપાન કરવામાં કુશળ શૌનકાદિ મહર્ષિઓ, નૈમિષારણ્યની સભામાં સિંહાસને બિરાજતા મહામતિ સૂતમહર્ષિને નમસ્કાર કરવા લાગ્યા. (૨) **ऋषयः ऊचुः** શૌનકાદિ ઋષિઓએ નિવેદન કર્યું કે શ્રી સૂત મહર્ષિજી ! શ્રી માથુર પ્રદેશમાં શ્રી વજ્રનાભનો અને હસ્તિનાપુરના સિંહાસને અર્જુનજીના પૌત્ર પરીક્ષિત યુવરાજનો અભિષેક કરીને ધર્મરાજ મહારાજ મહાપ્રસ્થાન કરી ગયા. ત્યાર બાદ ગાદી ઉપર બેઠેલા બન્ને યુવરાજોએ શું કર્યું ? (૩)

બે પરમ ભક્તોનો સમાગમ

સૂતમુનિએ નિવેદન કર્યું કે શ્રી નર ભગવાનને, શ્રી નારાયણ ભગવાનને, ભગવતી શ્રી સરસ્વતીદેવીજીને, તેમ જ શ્રીકૃષ્ણ દ્વૈપાયન વ્યાસજી મહારાજને નમસ્કાર કરીને ભગવદ્ ગુણાનુવાદનો પ્રારંભ કરવો. (૪) હે મુનિવરો મહારાજ ધર્મરાજ ભાઈઓ સાથે ભગવદધામ તરફ મહાપ્રસ્થાન કરી ગયા ત્યાર બાદ કોઈ એક દિવસે પૃથિવીપતિ પરીક્ષિત રાજાજી શ્રીવજ્રનાભજીને મળવા માટે શ્રી મથુરાપુરીમાં પધાર્યા. (૫) આંગણે પધારેલા પિતૃચરણ સમાન કાકાને જાણી પ્રેમરસમાં તરબોળ થયેલા શ્રી વજ્રનાભજી તેમને સન્મુખ લેવા પધાર્યા, તેમને પ્રણામ કર્યા અને આદરપૂર્વક નિજમંદિરે લઈ આવ્યા. (૬) શ્રી વજ્રનાભજીને ભેટ્યા અને ભગવાનનાં પટ્ટરાણી શ્રી રુકિમણીજી સાથે સર્વ માતાઓને વંદન કર્યાં. (૭) ભગવાનની પત્નીઓ શ્રી રુકિમણી વગેરે માતાઓએ ખૂબ જ સન્માન કર્યાં. પુનઃ વિશ્રામ કરી સુખપૂર્વક બિરાજેલા પૃથ્વીપતિ પરીક્ષિતજી મહારાજ શ્રી વજ્રનાભજીને કહેવા લાગ્યા. (૮)

ઉપકારસ્મરણ સજ્જનોનો શ્રેષ્ઠ સદ્ગુણ છે

રાજર્ષિ પરીક્ષિતજી કહેવા લાગ્યા કે તાત વજ્રનાભ ! આપના પૂજ્ય પિતૃચરણ ભગવાન શ્રીકૃષ્ણ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધજીએ અમારા પિતા-પિતામહ અભિમન્યુ અને પાંડવોને દુઃખના ઢગલાઓમાંથી પાર ઉતાર્યા છે અને મારી સર્વથા રક્ષા કરી છે. (૯) તાત ! વજ્રનાભ ! આપનું કોઈ પણ પ્રિય કરીને પણ એ સર્વના ઉપકારોનો પાર ઉતારી શકું તેમ નથી. કેવલ હે અંગ ! હે વત્સ ! એટલું કહું છું કે કોઈ પણ પ્રકારની ચિંતા કર્યા વિના સુખપૂર્વક રાજ્ય સંભાળો. (૧૦) તાત ! ધનભંડાર, સૈન્ય વગેરેની, વળી શત્રુઓના દમનની કે શત્રુથી સંરક્ષણની અલ્પ પણ ચિંતા ન કરશો. માત્ર માતૃચરણોની માનપૂર્વક આવી રીતે સેવા શુશ્રૂષા કરજો. (૧૧) કંઈ પણ કઠિનાઈ આવી પડે તો મને સૂચના આપી સર્વે ચિંતાઓનું નિવારણ કરજો. પરીક્ષિત રાજાનાં પ્રેમપૂર્ણ વચનો સાંભળી પુષ્કળ પ્રસન્ન થયેલા શ્રી વજ્રનાભ મહારાજા કહેવા લાગ્યા. (૧૨)

કૃતજ્ઞતા સજ્જનવૃન્દની સમ્પત્તિ છે

કૃતજ્ઞતા પ્રકટ કરતાં શ્રી વજ્રનાભજી બોલ્યા કે હે પિતૃચરણ ! આપે મારા પિતા, પિતામહો માટે જે કહ્યું એ તો આપની મહત્તા છે. મહાન પુરુષો પરમાણુ જેટલા ઉપકારને પર્વતતુલ્ય ગણે છે. આપ જાણતા જ હશો કે આપના પિતા અને

દાદા અર્જુનજીએ મને ધનુર્વિદ્યાનાં દાન કરી મારા ઉપર મહાન ઉપકાર કર્યો છે. (૧૩) આ કારણથી દૃઢ રીતે, ક્ષત્રિય ધર્મને અનુસરીને રાજ્યસંચાલન આદિ સંચાલન કાર્યોમાં આપની કૃપાથી તો નિશ્ચિંત છું; પરંતુ મારા મનમાં એક બીજી મોટી ચિંતા છે કે જેનું નિવારણ કરવા માટે આપ કંઈક વિચારો. (૧૪) મથુરા મંડળના રાજ્ય ઉપર મારો અભિષેક થયો છે. આમ છતાં હું તો નિર્જન વનમાં વસેલા જેવો છું. જ્યાં રાજ કરવું ગમે, એવી અહીંયાંની પ્રજા ક્યાં ચાલી ગઈ ? (૧૫) પરીક્ષિત રાજા સમક્ષ શ્રી વજ્રનાભજીએ આ પરિસ્થિત વર્ણવી ત્યારે વિષ્ણુરાત પરીક્ષિત મહારાજે વજ્રનાભના સંદેહનું નિવારણ કરવા માટે શ્રી નન્દરાય વગેરે વ્રજવાસીઓના પુરોહિતજી શ્રી શાંડિલ્ય મુનિજીને સન્માનપૂર્વક શીઘ્ર તેડાવ્યા. (૧૬) શ્રી શાંડિલ્યમુનિજી પોતાની પર્ણકુટીમાંથી નીકળી અવિલંબે આવી પહોંચ્યા. શ્રી વજ્રનાભજીએ મધુપર્કથી પૂજન કર્યાં અને શાંડિલ્ય મુનિ શ્રેષ્ઠાસને બિરાજ્યા. (૧૭) વિષ્ણુરાત પરીક્ષિત મહારાજે વસ્તુસ્થિતિ શૌનક મુનિ પાસે રજૂ કરી. ત્યાર બાદ તરત જ પ્રસન્નતાપૂર્વક શ્રી શાંડિલ્યમુનિ શ્રી વજ્રનાભ અને પરીક્ષિતજીના મનનું સમાધાન કરતા કહેવા લાગ્યા. (૧૮)

વ્રજનું રહસ્ય - વ્રજનું દિવ્ય સ્વરૂપ - વ્રજની વ્યાખ્યા

શ્રી શાંડિલ્યમુનિએ કહ્યું : આપ બન્ને એકાગ્રચિત્તથી, હું જે વ્રજભૂમિના માહાત્મ્યને અને રહસ્યને આપને કહી રહ્યો છું તે સાંભળો. व्रजनं इति व्रजः સર્વત્ર વ્યાપીને રહેવું એવો "વ્રજ" શબ્દનો અર્થ થાય છે. આ અર્થ પ્રમાણે સર્વત્ર વ્યાપક હોવાથી વ્રજ કહેવાય છે. (૧૯) તે વ્યાપક છે માટે જ ગુણોથી પર ગુણાતીત જે પરબ્રહ્મ છે તે જ વ્રજ છે. વ્રજ તો સદાનન્દસ્વરૂપ છે, પરમ ચૈતન્યમય મુક્ત પુરુષોનું અવિનાશી પરમ ધામ છે. (૨૦) આ વ્રજમાં સચ્ચિદાનન્દ વિગ્રહ શ્રી નન્દરાજકુમાર આત્મારામ આપ્તકામ શ્રીકૃષ્ણ નિત્ય બિરાજે છે, પરંતુ પ્રેમરસતરબોળ ભક્તો જ તેમનો અનુભવ કરી શકે છે. (૨૧) શ્રી રાધિકાજી ભગવાન શ્રીકૃષ્ણનાં આત્મા છે. ભગવાન કૃષ્ણ તેમની સાથે જ રમણ કરતા હોવાથી ભગવાનને, ગૂઢ રહસ્યને જાણનાર જ્ઞાનીજનોએ આત્મારામ કહ્યા છે. (૨૨) ભગવાન શ્રીકૃષ્ણે જે સંકલ્પો કર્યા તે સંકલ્પો ગાયો, ગોપજનો અને શ્રી ગોપજનો સ્વરૂપે બન્યા છે. ભગવાન શ્રીકૃષ્ણના ગોચારણ, રાસરમણ, ગિરિરાજધરણ વગેરે વિહારો નિત્ય છે જેથી તો શ્રીકૃષ્ણ આપ્તકામ છે. (૨૩) આ શ્રીકૃષ્ણ ભગવાનનું રહસ્ય તો પ્રકૃતિથી પર માનવામાં આવ્યું છે. પ્રકૃતિ સાથે વિહાર કરતાં શ્રીકૃષ્ણની લીલાઓના અન્યને અનુભવ થાય છે. (૨૪) રજોગુણ-સત્ત્વગુણ-તમોગુણને લીધે જ્યાં ઉત્પત્તિ-પાલન-સંહારલીલા થયા કરે છે. આ પ્રકારે પ્રકૃતિથી પર અને પ્રકૃતિને આધીન એવી બે પ્રકારની લીલા હોઈ એકને વાસ્તવિકી-નિત્ય અને બીજીને વ્યાવહારિકી લીલા કહેવામાં આવે છે. (૨૫)

ભગવાનની વાસ્તવિકી અને વ્યાવહારિકી-બે પ્રકારની લીલા

શાંડિલ્યમુનિ આગળ કહેવા લાગ્યા કે રાજન્ ભગવાનની પોતાને સમજાય તેવી જે લીલા છે તેને વાસ્તવિકી લીલા કહેવામાં આવે છે. પરંતુ જીવો જે લીલાને જાણે છે, જુએ છે અને સમજે છે તે વ્યાવહારિકી લીલા છે. જે ભગવાનની વાસ્તવિકી લીલા છે તે લીલા બીજી વ્યાવહારિકી લીલાનો આધાર છે. માટે પ્રથમ લીલા વિના બીજી લીલા સંભવી ન શકે. વ્યાવહારિકી લીલા કોઈ વાર પ્રથમ લીલા કરતાં જુદા પ્રકારની પણ થાય. (૨૬) હે વજ્રનાભ અને પરીક્ષિત રાજન્ ! આપને જે લીલા નજરે દેખાય છે તે વ્યાવહારિકી લીલા છે, જેમાં પૃથ્વી વગેરે લોકોનો અને મથુરા મંડલનો સમાવેશ થાય છે. (૨૭) તે અલૌકિક વ્રજભૂમિ આ જ સ્થળે છે, જે અલૌકિક વ્રજનું અને વ્રજભૂમિમાં રહેલાં તત્ત્વો અત્યંત ગુપ્ત રીતે રહેલ છે જે તત્ત્વ કોઈ વાર ભક્તિપૂર્ણ ભક્તોને સર્વ રીતે સમજાય છે ખરું. (૨૮) રાજન્ ! આપ જેમ અત્યારે બધા એકઠા મળ્યા છો તેમ કોઈ વખત દ્વાપરયુગના અન્તે ગુપ્ત લીલાના અધિકારી જીવો મળે છે ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ પોતાના પરિકર સાથે અવતાર લે છે. પ્રભુના તે પ્રાકટ્યે પોતાના દાસ-સેવકોમાં જેમનો સમાવેશ કરવાનો ભગવાને વિચાર્યો હોય તે દેવો અને દેવાંગનાઓ પણ અવતાર લે છે. (૨૯-૩૦) ભગવાને અવતરીને સર્વના

મનોરથો પૂર્ણ કર્યા. ત્યાર બાદ નિજલોકમાં પધારી ગયા. તેથી નિશ્ચિત છે કે અહીં પૂર્વે ત્રણ પ્રકારના લોકો-જીવો હતા: (૩૧) આ ત્રણ પ્રકારમાં (૧) નિત્ય લીલાના અધિકારી, (૨) બીજા, ભગવાનને મેળવવાની ઈચ્છાવાળા, (૩) ત્રીજા, દેવકોટિના જીવો-લોકો હતા. આ ત્રણમાં જે દેવકક્ષાના હતા તેમને ભગવાને પ્રથમ દ્વારિકાનગરી પ્રાપ્ત કરાવી આપી હતી. (૩૨) દ્વારિકામાં રહેલા તે દેવોને મુશલનું નિમિત્ત બનાવી પરસ્પર યાદવ વિગ્રહને બહાને સર્વને પોતપોતાના સ્થાનમાં મોકલી આપ્યા. જેઓ ભગવાનને મેળવવાની કામનાવાળા હતા તેઓને કાયમને માટે પ્રેમાનન્દ સ્વરૂપવાળા બનાવી ભગવાને પોતાના સ્વરૂપમાં સ્થાપી દીધા. (૩૩) જ્યારે જે નિત્ય લીલાના અધિકારી ભક્તો હતા તેઓએ તો વિચાર્યું કે જેઓની નિત્યલીલા જોવાની યોગ્યતા નથી તેથી અનધિકારીઓને દર્શન ન આપવાં એમ માની અન્તર્હિત થઈ ગયા. (૩૪) આ બધા જીવોમાં જે વ્યાવહારિક લીલાના જીવો છે. જેઓનો તો નિત્ય લીલામાં અધિકાર નથી, તેઓ અહીં આવીને જુએ છે, એમને બધે જ શૂન્યતા-નિર્જન જેવું દેખાય છે. (૩૫) માટે હે વજ્રનાભ ! આપ લગારે પણ ચિન્તા ન કરો. મારી આજ્ઞા છે કે આપ અહીં અનેક ગામો વસાવો જેથી ઈચ્છાઓ સારી રીતે સફળ થશે. (૩૬) તેમ જ જે જે ગામ વસાવો તે તે ગામોનાં નામો ભગવાન શ્રીકૃષ્ણની લીલાને અનુસરતાં રાખજો. આ પ્રમાણે ગામોનો વસવાટ કરતાં આ દિવ્યભૂમિનાં સારી રીતે સેવન કરજો. (૩૭) અત્યંત મોટા ગોવર્ધન નામના નગરમાં, મથુરાનગરમાં, શ્રીવૃન્દાવન ભૂમિમાં, નંદગાંવમાં અને શ્રીગિરિરાજમાં આપે રાજધાનીઓ-રાજ્ય વ્યવસ્થા રાખવી. (૩૮) શ્રીયમુના નદી, શ્રીગોવર્ધનગિરિ, ગોવર્ધનગિરિની સઘન કન્દરાઓ, રાધાકુંડ, કૃષ્ણકુંડ વગેરે કુંડો, કુંજોનું સારી રીતે સેવન કરજો. આ સર્વનું શ્રેષ્ઠ રીતે પાલન-સેવન કરતાં આપના રાજ્યની પ્રજા સમૃદ્ધ થશે અને સુખપૂર્વક જીવશે તેમ જ રાજન્ ! આપ પણ પ્રસન્ન થશો. (૩૯) રાજન્ વજ્રનાભ ! આ ભૂમિ સચ્ચિદાનંદમયી અલૌકિક ભૂમિ છે. આપે આ ભૂમિનું પ્રયત્નપૂર્વક પાલન-સેવન કરવું. રાજન્ ! મારો આપના ઉપર અનુગ્રહ છે, આપને આ ભૂમિમાં રહેલી ભાગવત શ્રીકૃષ્ણની અલૌકિક લીલાસ્થલીઓનો પ્રાદુર્ભાવ અને સાક્ષાત્કાર થાવ. (૪૦) ભાઈ વજ્રનાભ ! આ ભૂમિનાં સેવન કરતાં આપને પરમ ભાગવત શ્રીઉદ્ધવનાં દર્શન થશે. આપને શ્રી ઉદ્ધવજી દ્વારા આપની માતાઓ સાથે શ્રી વ્રજભૂમિનાં રહસ્યો, રહસ્યભૂમિ અને રહસ્યલીલાઓનાં દર્શન થશે. (૪૧) ભગવાન શ્રીકૃષ્ણનું સ્મરણકરતાં કરતાં શ્રી શાંડિલ્યમુનિજી શ્રી વજ્રનાભ અને પરીક્ષિત રાજાને ગુપ્ત મર્મ સમજાવી પોતાના આશ્રમમાં પધાર્યા અને શ્રી વિષ્ણુરાત પરીક્ષિત રાજા તેમ જ શ્રી વજ્રનાભજી બન્ને અત્યંત પ્રસન્ન થયા.

एवमुक्तवा तु शाण्डिल्यो गतः कृष्णमनुस्मरन् । विष्णुरातोऽथ वज्रश्च परां प्रीतिमवातुः ।।४२।।

શ્રી સ્કંદપુરાણના દ્વિતીય વૈષ્ણવખંડમાં વર્ણવેલા શ્રીમદ્ ભાગવતમાહાત્મ્ય પ્રસંગમાં શ્રી શાંડિલ્યમુનિએ ગાયેલા વ્રજભૂમિ માહાત્મ્યનો પ્રથમ અધ્યાય સંપૂર્ણ થયો.

અધ્યાય ૨ જો

[આ અધ્યાયમાં ૩૫ શ્લોકો છે, આ અધ્યાયમાં નગર વસાહત, કાલિન્દીજીનાં, ઉદ્ધવજીનાં દર્શન-મિલન-માર્ગદર્શન વગેરે પ્રસંગો આવે છે.]

કલાકારીગરો દ્વારા નગર સરોવરાદિનાં નિર્માણ

ऋषय ऊचुः-शाण्डिल्ये तौ समादिश्य परावृत्ते स्वमाश्रमम् । किं कथं चक्रतुस्तौ तु राजानौ सूत तद् वद ।।१।।

મહર્ષિવરોએ પ્રશ્ન કર્યો કે સૂતમુનિ, શ્રી શાંડિલ્યમુનિ, પરીક્ષિત રાજા અને વજ્રનાભને યોગ્ય માર્ગદર્શન આપી પોતાના આશ્રમમાં પધારી ગયા. ત્યાર બાદ બન્ને રાજાઓએ આગળ શું શું કર્યું, આપ એનું પણ કથન કરો. (૧)

સૂતમહર્ષિએ કહ્યું : મુનિવરો ! મુનિવર શાંડિલ્યના માર્ગદર્શનને લક્ષ્યમાં લઈ સમ્રાટ વિષ્ણુરાત-પરીક્ષિતજીએ પોતાની હસ્તિનાપુર રાજધાનીમાંથી પ્રત્યેક વિભાગના મુખ્ય મુખ્ય કલાકારોને વિપુલ પ્રમાણમાં આદરમાન સાથે લાવીને મથુરા મંડળમાં સ્થાન આપીને વસાવ્યા. (૨) નગરો વસતાં, જે માથુર-ચતુર્વેદી અને અન્ય વિપ્રો ત્યાં વસતા હતા તેમને તેમ જ ત્યાં જે વાનરો રહેતા તેઓને સર્વને સન્માનનીય જાણીને ચક્રવર્તી પરીક્ષિત રાજાએ આદરપૂર્વક તેઓનાં પુરાતન

સ્થાનોમાં જ તેમને રહેવા માટેની સર્વ વ્યવસ્થા કરી. (૩) શ્રી પરીક્ષિત રાજાની સહાયથી, તેમ જ શાંડિલ્યમુનિની કૃપાથી શ્રી વજ્રનાભ રાજાએ ગોપ-ગોપીજનોની જે જે લીલાસ્થલીઓ હતી તે સર્વનું ક્રમબદ્ધ ઈતિહાસ-વૃત્તાન્તોથી જ્ઞાન સમ્પાદન કર્યું. (૪) લીલાઓ પ્રમાણે જ્ઞાન મેળવી માહિતગાર બની તે તે નામો તે તે સ્થાનો સાથે જોડી તે નામનાં અનેક ગામો વસાવ્યાં, તે તે નામથી કુંડ, કૂવા, વાવ, તલાવ, સરોવર ખોદાવ્યાં, બંધાવ્યાં, દેવાલયો-શિવાલયોની સ્થાપના કરી. (૫) નિર્માણ કરેલાં દેવાલયોમાં શ્રીગોવિન્દદેવ, શ્રીહરિદેવ, શ્રીકેશવ દેવ, વગેરે ભગવાનના શ્રીવિગ્રહોને પધરાવી સેવા માટે ભૂમિ વગેરે ભેટ કરી સેવાનો પ્રબંધ કર્યો. તેમજ પોતાના રાજ્યમાં ભગવાન શ્રીકૃષ્ણની અનન્ય ભક્તિનો વિસ્તાર કરીને શ્રીવજ્રનાભ અત્યંત આનંદ પામ્યા. (૬) અત્યંત હર્ષ પામેલી રાજ્યની પ્રજા ભગવાન શ્રીકૃષ્ણ સંકીર્તનમાં તરબોળ બની પરમાનન્દનો આસ્વાદ લેતી આનંદસમ્પન્ન બનીને શ્રી વજ્રનાભના રાજ્યની સ્તુતિ કરવા લાગી. (૭)

શ્રી રુક્મિણી વગેરે શ્રીકૃષ્ણપત્નીઓ અને શ્રી કાલિન્દીજીનો સત્સંગ

એક દિવસે ભગવાન શ્રીકૃષ્ણના વિરહથી વિહ્વળ રહેતી શ્રીકૃષ્ણપ્રભુની પત્નીઓએ શ્રીકાલિન્દીજીને આનંદમગ્ન જઈ અસૂયા ન કરતાં તેમના તરફ સદ્ભાવ સેવતાં પ્રશ્ન પૂછ્યો. (૮) ભગવાનની પત્નીઓ આદરપૂર્વક શ્રી કાલીન્દીજીને પૂછવા લાગી કે હે શોભને કાલિન્દીજી ! અમે જેમ શ્રીકૃષ્ણપત્નીઓ છીએ, આપ પણ શ્રીકૃષ્ણ ભગવાનનાં પ્રિયતમા છો, પરંતુ અમે શ્રીકૃષ્ણ ભગવાનના વિરહદુઃખથી દુઃખી છીએ, આપનામાં તે દુઃખદર્દ નથી જોતાં તેથી આશ્ચર્ય થતાં પૂછીએ છીએ કે શ્રી કાલિન્દીજી !એનું શું કારણ હશે ? આપ અમને કહેશો ? (૯) ભગવાન કૃષ્ણની પટ્ટરાણીઓની વાત સાંભળી કંઈક સ્થિર મુખવાળાં કાલિન્દીજીના હૃદયમાં સદ્ભાવ આવ્યો કે જેમ હું કૃષ્ણપત્ની છું તેમ જ આ પણ ભગવાનની પત્નીઓ છે. ભગવાન મારા પતિ છે, એવા જ એમના પણ છે. તેઓ દુઃખી છે. આવો વિચાર કરી હૃદયમાં કરુણા ઉપજી. શ્રી કાલિન્દીજી મધુર વાક્યો બોલ્યાં. (૧૦) શ્રી કાલિન્દીજી કહેવા લાગ્યાં કે હે કૃષ્ણાંગનાઓ ! ભગવાન શ્રીકૃષ્ણ આત્મારામ છે. કૃષ્ણનો આત્મા શ્રી રાધિકાજી છે એ નિશ્ચિત વસ્તુ છે. હું શ્રી રાધિકાજીનું દાસ્ય કરું છું. તેમના દાસ્યની કૃપાથી અમને વિરહ કદી સતાવતો નથી. (૧૧) ભગવાન શ્રીકૃષ્ણની જેટલી સ્ત્રીઓ છે તે સર્વ સ્ત્રીઓ શ્રી રાધિકાજીના જ અંશો વિસ્તારો અને સ્વરૂપો છે. રાધિકાજીની સેવાથી ભગવાન શ્રીકૃષ્ણનો નિત્ય સમ્ભોગ-ભગવાન શ્રીકૃષ્ણની નિત્ય સેવા-અમારે માટે સિદ્ધ છે. (૧૨) શ્રી રાધિકા એ જ શ્રીકૃષ્ણ છે અને શ્રીકૃષ્ણ એ જ રાધિકા છે, બંશી એમના પ્રેમથી પ્રકાશિત છે; એટલે બંશીજી શ્રી રાધિકાજીના પ્રેમનું જ પ્રત્યક્ષ સ્વરૂપ છે. ભગવાન શ્રીકૃષ્ણના નખચન્દ્રોની ચન્દ્રાવલી-કિરણાવલીના સંગથી શ્રી ચન્દ્રાવલીજીનું સ્વરૂપ બન્યું છે. (૧૩) ભગવાન શ્રીકૃષ્ણની અને શ્રી રાધિકાજીની અત્યંત લાડભરી સેવાની લાલસાનું સ્વરૂપ એ જ સાક્ષાત્ ચન્દ્રાવલી છે. શ્રી રુક્મિણી વગેરેના સેવા લાલસાના સ્વરૂપમાં જ સમાવેશ થયેલો મેં જોયો છે. (૧૪) હે શ્રીકૃષ્ણાંગનાઓ આપનો પણ શ્રીકૃષ્ણ ભગવાન સાથે કોઈ પણ પ્રકારે વિયોગ નથી. પરંતુ આપ એ લીલાઓને જાણતાં નથી. માટે વ્યાકુળતા અનુભવો છો. (૧૫) પહેલાં જ્યારે અક્રૂરજી ભગવાન શ્રીકૃષ્ણને ગોકુલથી મથુરાજી લઈ ગયા, શ્રી ગોપીજનોને પણ આવો જ વિરહાભાસ થયેલો હતો પરંતુ શ્રી ઉદ્ધવજીએ આવીને સમાધાન કર્યું હતું. (૧૬) ભગવત્ કૃપાથી આપને જો આ સ્થાને ભક્તવર શ્રી ઉદ્ધવજીનો સમાગમ થાય તો આપ પણ આપણા પ્રિયતમ શ્રીકૃષ્ણ સાથે નિત્ય વિહારને માણી શકશો. (૧૭)

શ્રીકૃષ્ણસંકીર્તનથી ઉદ્ધવજીનો સાક્ષાત્કાર-ઉદ્ધવજી ઉત્સવસ્વરૂપ

શ્રી સૂતમહર્ષિએ કહ્યું કે શ્રી કાલિન્દીજીનાં ભાવમધુર વચનો સાંભળ્યાં, તેમ જ શ્રી કાલિન્દીજીને પ્રસન્ન પણ જોયાં અને મનમાં નિશ્ચય થયો કે શ્રી ઉદ્ધવલાલનો જો સમાગમ થાય તો પ્રિયતમ શ્રીકૃષ્ણનો સંગમ થશે જ એવી લાલસા જાગી અને શ્રીકાલિન્દીજીને પુનઃ પૂછવા લાગ્યાં. (૧૮) શ્રીકૃષ્ણ ભગવાનની અર્ધાંગનાઓ કહી રહી છે કે સખી કાલિન્દીજી ! આપ ધન્ય ધન્ય છો. આપને કદાચિત્ પણ ભગવાન શ્રીકૃષ્ણનાં આત્માસ્વરૂપ સ્વામિનીજી રાધિકાજીનો વિયોગ નથી.

તેથી જ ભગવત્સેવા નામના જીવનના સાચા પુરુષાર્થની સિદ્ધિ થઈ છે, તો આપની માફક અમે પણ રાધિકાજીની દાસીઓ થવાનો મનોરથ સેવીએ છીએ. (૧૯) પરંતુ જો શ્રી ઉદ્ધવલાલની પ્રાપ્તિ થાય તો જ અમારા સર્વ મનોરથો ફળે, માટે હે શ્રી કાલિન્દીજી ! શ્રી ઉદ્ધવજીનો અમને જે રીતે લાભ થાય તે રીત-ઉપાય કૃપા કરીને કહો. (૨૦) સૂતમુનિએ કહ્યું કે શૌનક મુનિ ! જ્યારે શ્રીકૃષ્ણ ભગવાનની પટ્ટરાણીઓએ શ્રી કાલિન્દીજીને ઉપર પ્રમાણે નિવેદન કર્યું ત્યારે શ્રી વૃષભાનદુલારી અને નંદદુલારાનું સ્મરણ કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ષોડશ કલાઓનાં સ્વરૂપ શ્રીકૃષ્ણપત્નીઓને શ્રીકાલિન્દીજી કહેવા લાગ્યાં. હે સખીઓ, ભગવાન શ્રીકૃષ્ણ ગોલોકમાં પધારતા હતા ત્યારે વિરહથી પીડાતા મંત્રીવર શ્રી ઉદ્ધવલાલને શ્રી બદરિકાશ્રમની ભૂમિ સાધન ભૂમિ તરીકે બતાવી તેથી ઉદ્ધવજી ત્યાં ભગવાનના સ્વરૂપનું, લીલાઓનું સર્વને જ્ઞાન આપતાં જ ત્યાં સાક્ષાત્ બિરાજે છે. (૨૧-૨૨) આ વ્રજભૂમિ ફલભૂમિ છે, સર્વ પ્રકારની સમૃદ્ધિથી ભરેલી છે. ભગવાને રહસ્યપૂર્વક શ્રી ઉદ્ધવજીને નિવાસ માટે આ ભૂમિ આપી છે. પરંતુ આજે ફળ તિરોહિત-અન્તર્ધ્યાન થઈ ગયું છે તેથી ઉદ્ધવજીનાં પણ દર્શન નથી થતાં. (૨૩) શ્રીગોવર્ધન શ્રીગિરિવરની સમીપમાં સખીવનસ્થલી આવેલ છે. શ્રી ઉદ્ધવજી સતત વ્રજભક્તોના ચરણરજની સેવાની કામના ધરાવે છે. ત્યાંનાં વૃક્ષોનાં અંકુર અને વેલીઓના સ્વરૂપે ત્યાં ઉદ્ધવજી અવશ્ય બિરાજે છે. (૨૪) ભગવાન શ્રીકૃષ્ણે પોતાનું ઉત્સવાત્મક સ્વરૂપ શ્રી ઉદ્ધવજીને સદાને માટે સમર્પેલ છે. આ વન કુસુમ સરોવરના વિશાળ પરિસરમાં આવેલ છે તેથી ત્યાં વ્રજની પ્રજા સાથે જવું અને ત્યાં રહીને વીણા-વેણુ-મૃદંગના નાદ સાથે સંકીર્તનરસ અને કાવ્યરસની સુરાવલીઓથી હરિકીર્તનમાં તરબોળ રહેતા હરિભક્તોને નિમંત્રિત કરી તેડી લાવી તેમની સાથે ઉત્સવ મનાવવો. (૨૫-૨૬) જ્યારે ઉત્સવરસ સર્વત્ર રેલાશે ત્યારે ત્યાં ઉદ્ધવજીનાં અવશ્ય દર્શન થશે જ. આપ સર્વની જે મંગલ મનોવાંછા છે, તે ત્યાં પ્રકટેલા ઉદ્ધવજી વિસ્તારપૂર્વક સંપૂર્ણ કરશે. (૨૭)

કુસુમ સરોવર ઉપર હરિદાસ શ્રી ઉદ્ધવજીનાં દર્શન

સૂતમહર્ષિએ કહ્યું કે મુનિવરો ! શ્રી કાલિન્દીજીના માર્ગદર્શનથી અત્યંત પ્રસન્ન થયેલ ભગવાનની પત્નીઓ પ્રસન્ન થઈ, શ્રી કાલિન્દીજીને પ્રણામ-અભિવાદન કર્યાં, રાજભવનમાં પાછાં આવીને સર્વ કથાપ્રસંગ શ્રી પરીક્ષિત રાજાને તેમ જ શ્રી વજ્રનાભપૌત્રને સવિસ્તર વર્ણવી સંભળાવ્યો. (૨૮) માતૃચરણોને મુખેથી સર્વ વૃત્તાન્ત જાણી વિષ્ણુરાજ પરીક્ષિત રાજા પ્રસન્ન થયા. પુનઃ વજ્રનાભ અને સર્વ માતાઓને સાથે લઈને શ્રી કાલિન્દીજીની આજ્ઞા પ્રમાણે વિનાવિલંબે સર્વ પ્રકારે ઉત્સવ આરંભ્યો. (૨૯) શ્રી ગોવર્ધન પર્વતની પાસે જ વૃન્દારણ્યમાં આવેલા સખીકુંજમાં કુસુમ સાગર ઉપર શ્રીકૃષ્ણસંકીર્તન મહોત્સવ આરંભ્યો. (૩૦) આ મહોત્સવમાં વૃષભાનુદુલારી શ્રીરાધિકાજી અને ભગવાન શ્રીકૃષ્ણનો રાસવિહાર શરૂ થયો. સંકીર્તનની શોભાથી સર્વ જાણે શ્રીકૃષ્ણમય બન્યાં. (૩૧) ઉત્સવમાં સર્વ જોઈ રહ્યાં હતાં ત્યાં તો તૃણ અને લતાઓના ગુચ્છોમાંથી વનમાલા ધારણ કરેલા, શ્યામમનોહર, પીતાંબરધારી, ગુંજામાલા ધારણ કરેલા વારંવાર શ્રી ગોપીજનવલ્લભ ભગવાન શ્રી કૃષ્ણલીલાઓનું મધુર ગાન કરતા શ્રી ઉદ્ધવલાલ પ્રકટ થયા. (૩૨) શ્રી ઉદ્ધવજીના પ્રાકટ્યની સાથે જ સંકીર્તન મહોત્સવમાં અદ્ભુત રંગ જામ્યો. (૩૩) પૂર્ણિમાના પૂર્ણ ચન્દ્રની કિરણાવલી છવાતાં સ્ફટિકમણિઓથી મઢેલી અટારી ઝળકી ઊઠે તે જ રીતે ઉદ્ધવજીના આગમનથી ઉત્સવ ઓપી ઊઠ્યો, ઉત્સવમાં પધારેલાં સર્વ સુખસાગરમાં ડૂબી ગયાં તેમ જ દેહ ગેહકાલનું અનુસંધાન ચાલ્યું ગયું. (૩૪) ઉત્સવાવિષ્ટ ચિત્તવાળા ભક્તો ક્ષણવારમાં સભાન દશામાં આવ્યા ત્યાં તો તેઓએ શ્રીકૃષ્ણ ભગવાનના સ્વરૂપમાં જ ઉદ્ધવજીને જોયા. એક ક્ષણ તો ભગવાન છે એવો ખ્યાલ આવ્યો પરંતુ જ્યારે સ્વસ્થ થયા ત્યારે શ્રી ઉદ્ધવજીને નિહાળ્યા; તેથી મનોરથ સફળ થયા અને પરમ ભાગવત શ્રી ઉદ્ધવજીનાં અર્ચન કર્યાં. (૩૫)

क्षणेनागतविज्ञाना दृष्ट्वा श्रीकृष्णरूपिणम् । उद्धवं पूजयाञ्चक्रुः प्रतिलब्धमनोरथाः ॥

શ્રી સ્કંધપુરાણના દ્વિતીય વૈષ્ણવખંડમાં વર્ણવેલા શ્રીમદ્ ભાગવતમાહાત્મ્ય કથનમાં ભગવાનની પટ્ટરાણીઓ સહિત સર્વને થયેલ શ્રી ઉદ્ધવજીનાં દર્શન-કથાનો દ્વિતીય અધ્યાય સમાસ.

અધ્યાય ૩

[આ અધ્યાયમાં ૭૩ શ્લોકો છે. આ અધ્યાયમાં ઉદ્ધવજીનો ઉપદેશ, ત્રણે દેવોએ જ્યારે શ્રીમદ્ ભાગવતભક્તિ સત્ર, શ્રીગિરિરાજની તળેટીમાં શ્રીમદ ભાગવતસપ્તાહ, પરિકર સાથે ભગવાનનાં દર્શન વગેરે કથાપ્રસંગો આવે છે.]

શ્રી ઉદ્ધવજીનો પરમાનન્દ

श्रीसूत उवाच – अथोद्धवस्तु तान् दृष्ट्वा कृष्णकीर्तन तत्परात् । सत्कृत्याथ परिष्वज्य परीक्षितमुवाच ह ।।१।।

મહર્ષિ સૂતજીએ કહ્યું : શૌનકમુનિ ! શ્રી ઉદ્ધવજીનો સત્કાર થયા બાદ શ્રી ઉદ્ધવજીએ ત્યાં આવેલાં સર્વને ભગવાન શ્રીકૃષ્ણના સંકીર્તનમાં તન્મય થયેલાં જોયાં ત્યારે તો આનંદમાં આવી સર્વનો સત્કાર કરી ભેટી પડ્યા અને રાજા પરીક્ષિતજીને કહેવા લાગ્યા. (૧) શ્રી ઉદ્ધવજીએ કહ્યું કે રાજન્ પરીક્ષિત ! આપ ધન્યભાગ્ય છો, આપ સદા શ્રીકૃષ્ણ ભગવાનની અનન્ય ભક્તિથી પરિપૂર્ણ છો. રાજન્ ! આપ શ્રીકૃષ્ણ સંકીર્તન મહોત્સવમાં મશગૂલ મનવાળા છો એ જ પરમ ભાગ્ય છે. (૨) હે વત્સ પરીક્ષિત ભાઈ ! આપે ભગવાન શ્રીકૃષ્ણની પત્નીઓ ઉપર તેમ જ શ્રી વજ્રનાથ ઉપર જે પ્રેમ દર્શાવ્યો છે તે રાજન્ આપને માટે યોગ્ય કર્તવ્ય છે. માતાની કૂખમાં બ્રહ્માસ્ત્રથી બળેલા પુનઃ ભગવાન શ્રીકૃષ્ણે આપેલા ભગવત્સેવોપયોગી નૂતન દેહસ્વરૂપ, વૈભવશાળી પરીક્ષિત ! આપને માટે તો આવી જ પ્રીતિ પ્રકટ કરવી ઘટે. (૩) સમસ્ત દ્વારિકાવાસીઓમાં શ્રી રુકિમણી વગેરે સર્વ ભાગ્યશાળી છે. તેઓ દિવ્ય વિગ્રહો છે એમાં સ્વલ્પ પણ સંદેહ નથી. ભગવાન શ્રીકૃષ્ણે આ સર્વને વ્રજમાં નિવાસ કરવાને માટે જ અર્જુનજીને આજ્ઞા કરેલી હતી. (૪) ભગવાન શ્રીકૃષ્ણનો મનશ્ચન્દ્ર શ્રી રાધિકાજીના મુખારવિંદની કાન્તિથી નિત્ય પરિપૂર્ણ છે. ભગવાન શ્રીકૃષ્ણની વિહારસ્થળી શ્રી વૃન્દાવન ભગવાન ચિત્તચન્દ્રની કિરણાવલીઓથી સદા વિકસિત રહે છે. (૫) ભગવાન શ્રીકૃષ્ણચન્દ્ર તો પરિપૂર્ણ આનન્દચન્દ્ર છે. આ આનંદ ચન્દ્રની જે ષોડશ-સોળ કળાઓ છે તે જ કળાઓ ચૈતન્યની-હજારો કાન્તિઓ જ અનેક દિવ્ય વિગ્રહવાળી ભગવાનની સોળ હજાર એકસોને આઠ પત્નીઓ છે. (૬) ભગવાન શ્રીકૃષ્ણપ્રપૌત્ર શ્રી વજ્રનાભજી તો હે રાજેન્દ્ર પરીક્ષિતજી ! શરણાગત ભક્તોના ભયનું ભંજન કરનાર ભગવાન શ્રીકૃષ્ણના દક્ષિણ ચરણારવિંદમાં નિત્ય બિરાજનાર "વજ્ર" નામના ચિહ્નનું જ પ્રત્યક્ષ સ્વરૂપ છે. (૭) આ અવતારમાં ભગવાન શ્રીકૃષ્ણ અતિપ્રબલ પોતાની યોગમાયાના પ્રભાવથી પ્રભાવિત થયેલા તેથી જ તે યોગમાયાના બલથી જ પોતાના નિત્યસ્વરૂપને વીસરી ગયેલાં શ્રી રુક્મિણીજી, વજ્રનાભ વગેરે દુઃખી થઈ રહેલાં છે એમાં લેશ શંકા નથી. (૮) ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રજીના સ્વરૂપજ્ઞાન માત્રથી જ સર્વને પોતાના સત્ય સ્વરૂપનું જ્ઞાન થાય છે એ વિના અન્ય સાધન નથી. વર્તમાનમાં તો ભગવાનની જ ઈચ્છાથી ભગવાનના સ્વરૂપનો પ્રકાશ જીવોને માટે ઢંકાયેલો છે. (૯) અઠ્ઠાવીસમા દ્વાપર યુગને અંતે ભગવાન શ્રીકૃષ્ણ પોતે જ પોતાની માયાને જ્યારે દૂર કરી દે છે ત્યારે જ તે પ્રભુના સ્વરૂપનું અને જીવને પોતાના સ્વરૂપનું જ્ઞાન થાય છે. (૧૦) પરંતુ તે દ્વાપર યુગના અંતનો અવતારી લીલાનો સમય તો પસાર થઈ ગયો; એટલે હવે ભગવાન સાધન ન રહ્યા પરંતુ બીજું એક અન્ય સાધન છે તે હું આપ સર્વને કહી રહ્યો છું. આ સાધન શ્રીમદ્ ભાગવત છે, માટે શ્રીમદ ભાગવતજીના જ આશ્રયબલથી સ્વરૂપજ્ઞાન-સ્વરૂપપ્રકાશ થશે. (૧૧) રાજેન્દ્ર પરીક્ષિત! જ્યાં પરમ ભગવદીયજનો જ્યાં સાથે મળીને શ્રીમદ્ ભાગવતશાસ્ત્રનું કીર્તન થાય, શ્રવણ થાય, પાઠ-પારાયણ થાય ત્યાં શ્રીકૃષ્ણ ભગવાન અવશ્ય બિરાજે છે. (૧૨) જ્યાં શ્રીમદ્ ભાગવત બિરાજે છે, એક શ્લોકનો કે અડધા શ્લોકનો પણ પાઠ થાય છે, ત્યાં ગોપીજનવલ્લભ ભગવાન શ્રીકૃષ્ણ શ્રી ગોપીજનો સાથે નિત્ય નિશ્ચિતરૂપે બિરાજે છે. (૧૩) જેમને મનુષ્યદેહ મળ્યો, વળી ભારત દેશમાં જન્મ મળ્યો તેઓએ જો શ્રીમદ્ ભાગવતજીની કથાનું શ્રવણ ન કર્યું તો ખરેખર પાપપરવશ બની તે જનોએ આત્મઘાત જ કર્યો. (૧૪) જે મનુષ્યોએ શ્રીમદ ભાગવતશાસ્ત્રનું નિત્ય પઠન-પાઠન-શ્રવણ-ચિન્તન દ્વારા સેવન કર્યું છે તેમણે તો પિતાની, માતાની તેમ જ પત્નીની કુળપરંપરાને સારી રીતે તારી દીધી છે. (૧૫) શ્રીમદ્ ભાગવતનું સેવન કરનારા વિપ્રોને વિદ્યાઓનો પ્રકાશ થાય છે, રાજાઓ શત્રુઓ ઉપર વિજય મેળવે છે, વૈશ્યો ધનને

મેળવે છે. શૂદ્રો સ્વાસ્થ્ય-આરોગ્યને પામે છે. (૧૬) સ્ત્રીઓ, શૂદ્રો કે કોઈ પણ અન્ય જનોની સર્વ મનોવાંછનાઓને પૂર્ણ કરવા માટે શ્રીમદ્ ભાગવત ભૂતલ ઉપર બિરાજમાન છે, માટે કયો ભાગ્યશાળી પુરુષ એવો છે કે જે નિત્ય શ્રીમદ્ ભાગવતનું સેવન ના કરે ! (૧૭) અનેક જન્મનાં સુકૃતો ફળે છે ત્યારે જ શ્રીમદ્ ભાગવતજીની પ્રાપ્તિ થાય છે. શ્રીમદ્ ભાગવતનું સેવન કરનારના હૃદયમાં ભગવદ્ ભક્તિનો પ્રકાશ થાય છે અને ભગવાનનો હૃદયમાં પ્રાદુર્ભાવ થાય છે. (૧૮) રાજન્ ! પૂર્વે શ્રી સાંખ્યાયન મહર્ષિની કૃપાથી દેવગુરુ શ્રી બૃહસ્પતિજીને શ્રીમદ્ ભાગવતની પ્રાપ્તિ થઈ અને શ્રી બૃહસ્પતિ મહારાજે કૃપા કરીને મને આપ્યું. પરીક્ષિત્ ! આ જ શ્રીમદ્ ભાગવતજીની કૃપાથી જ હું ભગવાન શ્રીકૃષ્ણનો પ્રીતિપાત્ર બન્યો છું. (૧૯) રાજન વિષ્ણુરાત ! ભગવાન શ્રીકૃષ્ણ-વિષ્ણુએ તો માતાના ગર્ભમાં આપની રક્ષા કરી છે તેથી તો આપનું નામ વિષ્ણુરાત છે. માટે વિષ્ણુરાતજી ! શ્રી બૃહસ્પતિ મહારાજે મને કહેલી આખ્યાયિકા-વાર્તાનું આપ શ્રવણ કરો. આ આખ્યાયિકાનું શ્રવણ કરવાથી આપને શ્રીમદ ભાગવતસંહિતાનો ઈતિહાસ અને સંપ્રદાય પણ જાણવા મળશે. (૨૦)

શ્રી બ્રહ્માજીને આંગણે શ્રીમદ્ ભાગવત સપ્તાહ

શ્રી બૃહસ્પતિ મહારાજ કહેવા લાગ્યા કે હે ઉદ્ધવજી ! જ્યારે એક વાર ભગવાન શ્રીકૃષ્ણે વિચાર્યું કે **એકોહંબહુશ્યામ્** લીલા નાટન માટે અનેક સ્વરૂપ બનું છું ? ત્યારે પોતાની માયા-શક્તિથી પુરુષાવતાર ધારણ કર્યો. ત્યાર પછી પોતાના કેવલ ઈક્ષણથી સત્ત્વ, રજસ અને તમસ નામના ત્રણ ગુણોની ક્રિયાવાળા વિષ્ણુ, બ્રહ્મા, શિવ, ત્રણ પુરુષોને પ્રકટ કર્યા. તેમ જ તેઓને જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનાં કાર્યોમાં ક્રમથી અધિકારાનુસાર કાર્યો કરવાનો આદેશ આપ્યો. (૨૧-૨૨) બ્રહ્માજી બોલ્યા - ભગવાનના નાભિકમળમાંથી ઉત્પન્ન થયેલા શ્રી બ્રહ્માજી ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિ કરતાં બોલ્યા કે હે નારાયણ ! હે આદિપુરુષ ! હે પરમાત્મન્ ! આપને નમસ્કાર કરું છું. સૃષ્ટિ રચવાની આપની આજ્ઞા શિરોધાર્ય છે. હું એનું પાલન કરીશ. કેવલ એક નિવેદન છે કે હે પ્રભુ ! ભગવદ્ વિમુખ કરવાના સ્વભાવવાળો, માટે પાપ પ્રકૃતિવાળો આ રજોગુણ આપના સ્મરણમાં બાધક ન બને, એટલી આપ કૃપા કરો. (૨૩-૨૪) શ્રી બૃહસ્પતિજીએ કહ્યું કે ભાઈ ઉદ્ધવ ! બ્રહ્માજીએ આ પ્રકારની પ્રાર્થના કરી ત્યારે પ્રથમ ભગવાન શ્રી બ્રહ્માજીને શ્રીમદ્ ભાગવતશાસ્ત્રનો ઉપદેશ કર્યો. પુનઃ પ્રભુ બોલ્યા, હે બ્રહ્મન્ ! આપના ધ્યેયની સિદ્ધિ માટે આપ શ્રીમદ્ ભાગવતજીનો આશ્રય લઈ ભાગવતજીનું જ સેવન કરો. (૨૫) ભગવાનના માર્ગદર્શનથી બ્રહ્માજી પુષ્કળ પ્રસન્ન થયા. ત્યાર બાદ બ્રહ્માંડ ઉપર આવેલાં સાત આવરણોને દૂર કરવા, અથવા માયાનાં સાત આવરણો દૂર કરવા અથવા તો સપ્ત ઉપરના અને સપ્ત નીચેના લોકોની ભંગ-રચના માટે શ્રીમદ્ ભાગવત સપ્તાહનાં આવર્તનો આરંભ્યા. (૨૬) શ્રી બ્રહ્માજીએ શ્રીમદ્ ભાગવત સપ્તાહના સેવનથી સર્વ મનોરથોને સફળ કર્યા. બ્રહ્માજી શ્રીમદ્ ભાગવત સપ્તાહનું સેવન કરતાં હવે નિરંતર સૃષ્ટિનો વિસ્તાર કરી રહ્યા છે. (૨૭) બૃહસ્પતિએ આગળ પ્રસંગ વર્ણવતાં કહ્યું કે ભક્તવર ઉદ્ધવજી ! આદિ પુરુષના આદેશથી પ્રજાપાલનમાં નિયુક્ત થયેલા ભગવાન વિષ્ણુ પણ પોતાના કાર્યની સિદ્ધિ માટે પૂર્ણ પુરુષોત્તમને વીનવવા લાગ્યા. (૨૮)

ભગવાન વિષ્ણુનું દૃઢ અવલંબન શ્રીમદ્ ભાગવત

શ્રી વિષ્ણુ બોલ્યા, હે દેવ ! વેદશાસ્ત્રોક્ત કર્મમાર્ગમાં જીવોને યોજીને પ્રવૃત્તિમાર્ગથી, તેમ જ વેદશાસ્ત્રોક્ત જ્ઞાનમાર્ગમાં જીવોને પરોવીને નિવૃત્તિમાર્ગ દ્વારા, જે જીવનો જેવો જેવો અધિકાર હશે તે રીતે તેને પરોવીને પ્રજાનું પાલન કરીશ. (૨૯) કાલધર્મના પ્રભાવથી જ્યારે જ્યારે વેદોક્તધર્મનો હ્રાસ થશે ત્યારે ત્યારે અનેક અવતારો લઈ આપની કૃપાથી હું અવશ્ય ધર્મનું પુનઃ પુનઃ સ્થાપન પણ કરીશ. (૩૦) જે જીવોની ભોગવૈભવોની લાલસા હશે તેઓને તો હું યજ્ઞયાગ આદિ પુણ્યકાર્યોનાં ફળ આપીશ. વળી મોક્ષ મેળવવા માટેની જેમની ભાવનાઓ હશે તે વિરક્તજનોને પાંચ પ્રકારની મુક્તિ પણ આપીશ. (૩૧) પરંતુ જે સકામ કે નિષ્કામ એમ કોઈ પણ પ્રકારના ઉપાસકો નથી તેમ જ ફળની કોઈ પણ

ઈચ્છા નથી અને મોક્ષમાં રસ નથી એવા જે દૈવી જીવો છે તેમનું પાલન કેવી રીતે કરીશ ? મારું અને દેવી લક્ષ્મીજીનું પણ પાલન કેવી રીતે કરીશ ? આપ એ માટે માર્ગ બતાવો. (૩૨) આદિ પુરુષ ભગવાને શ્રી વિષ્ણુ ભગવાનને પણ શ્રીમદ્ ભાગવતજીના આશ્રય માટે આદેશ કર્યો અને કહ્યું કે આપના સર્વ હેતુઓને સિદ્ધ કરવા શ્રીમદ્ ભાગવતનો જ નિત્ય પાઠ કરો. (૩૩) પ્રભુની આજ્ઞાથી વિષ્ણુ ભગવાન પુષ્કળ પ્રસન્ન થયા. પ્રત્યેક માસના ક્રમથી નિરંતર ભગવતી લક્ષ્મીજી સાથે શ્રીમદ્ ભાગવતજીનું પારાયણ કરતા રહ્યા અને પાલન-પોષણ સ્વરૂપ પરમાર્થને સિદ્ધ કરવામાં સંપૂર્ણ સફળ થયા. (૩૪) ઉદ્ધવજી ! આનંદની વાત તો એ છે જ્યારે ભગવાન વિષ્ણુ વકતા બને છે અને ભગવતી લક્ષ્મીજી તલ્લીન થઈ શ્રીમદ ભાગવતજીનું શ્રવણ કરે છે. ત્યારે માસિક પારાયણનો ક્રમ રહે છે. આ ક્રમ પ્રમાણે પ્રત્યેક માસે આ પ્રમાણે પારાયણ ચાલે છે. (૩૫) ભાઈ ઉદ્ધવ ! જ્યારે ભગવતી લક્ષ્મીજી સ્વયં શ્રીમદ્ ભાગવતજીનું વ્યાખ્યાન - પારાયણ કરે છે અને ભગવાન વિષ્ણુ શ્રીમદ ભાગવતશ્રવણમાં તરબોળ બને છે ત્યારે શ્રીમદ્ ભાગવતનો અનુપમ રસાસ્વાદ બે માસ પર્યન્ત ચાલે છે. (૩૬) ભગવાન વિષ્ણુ પાલનના અધિકારમાં-કાર્યમાં રહે છે, વળી લક્ષ્મીજી નિશ્ચિંત માનસ હોય છે તેથી તેમના શ્રીમુખેથી થતો કથાસ્વાદ વિલક્ષણ અને આનંદ દેનારો હોય છે. (૩૭)

શ્રી રુદ્ર ભગવાનનું નિવેદન

ભગવાન પુરુષોત્તમે જ્યારે રુદ્ર ભગવાનને સંહારકાર્યમાં નિયુક્ત કર્યા ત્યારે રુદ્રજી દેવાધિ દેવ પુરુષોત્તમ ભગવાને પોતાને સોંપેલા કાર્યમાં સામર્થ્યની વૃદ્ધિ થાય તે માટે પ્રાર્થના કરવા લાગ્યા. (૩૮) હે દેવાધિ દેવ ! હે પ્રભુ ! હે મારા નાથ ! આપની કૃપાથી નિત્ય પ્રલય, નૈમિત્તિક પ્રલય તેમ જ પ્રાકૃતિક પ્રલય માટે મારી શક્તિઓ છે, પરંતુ આપનાં શ્રીચરણોની પ્રાપ્તિ નામના આત્યંતિક પ્રલય માટે તો મારું સામર્થ્ય નથી, મને એનું મોટું દુઃખ છે, માટે જ આપની પ્રાર્થના કરું છું કે મારે શું કરવું ! (૩૯-૪૦) શ્રી બૃહસ્પતિજી ઉદ્ધવજીને કહેવા લાગ્યા કે આદિ પુરુષ ભગવાન નારાયણે ભગવાન સદાશિવજીને પણ શ્રીમદ્ ભાગવતનાં જ પ્રદાન કીધાં. રુદ્રજી તો શ્રીમદ ભાગવતજીના સંસેવનથી તમોગુણને નિશ્ચિતરૂપે તરી ગયા. ભગવાન શિવે શ્રીમદ ભાગવત સંસેવનનો વાર્ષિક ક્રમ રાખ્યો. ભગવાન સદાશિવે આત્યન્તિક લય નામના ચતુર્થ પ્રકારના પ્રલય માટે તેથી શક્તિ સંપાદન કરી લીધી. (૪૧-૪૨)

શ્રી ઉદ્ધવજી બોલ્યા, રાજન પરીક્ષિત ! શ્રીમદ્ ભાગવતજીના માહાત્મ્યનું વર્ણન કરતી આ આખ્યાયિકા મેં શ્રી બૃહસ્પતિ ગુરુજી પાસેથી સાંભળી ત્યારે પ્રણામ કરી શ્રીમદ્ ભાગવત બૃહસ્પતિજી પાસેથી મેળવ્યું અને અત્યંત આનંદ પામ્યો. (૪૩) ત્યાર પછી વૈષ્ણવી દીક્ષા અને રીતિથી માસિક પારાયણનું વ્રત લીધું અને શ્રીમદ્ ભાગવતજીનો દિવ્ય આસ્વાદ સારી રીતે અનુભવ્યો. (૪૪) શ્રીમદ ભાગવતજીના જ આશ્રયથી ભગવાન શ્રીકૃષ્ણનો પ્રિય સખા થયો, ભગવાન શ્રીકૃષ્ણે ત્યારે વ્રજમાં નિવાસ કરતાં પોતાના અત્યંત પ્રિય શ્રી ગોપીજન વૃન્દ પાસે મને સંદેશ વાહક દૂત તરીકે નિયુકત કર્યો. (૪૫) વ્રજમાં નિત્ય વિહાર કરતા શ્રી ગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણે, વિરહાર્ત ગોપીજનોના મનઃ સમાધાન માટે શ્રીમદ્ ભાગવતજીમાં ગાયેલ સંદેશ મારા મુખથી જ મોકલાવ્યો હતો. (૪૬) રાજન્ ! હૃદયની વાત કહું છું, શ્રી ગોપીજનોએ પોતાની બુદ્ધિ અનુસાર એ સંદેશનો સાર-રહસ્ય મેળવીને સર્વ વ્રજનારીઓ વિરહવેદનાથી વિમુક્ત થઈ. હું તો એ સંદેશામાં કાંઈ પણ સમજી ના શક્યો પરંતુ ભગવાનના પાઠવેલા સંદેશાનો પ્રભાવ તો પ્રત્યક્ષ જોઈ શક્યો. (૪૭) રાજન પરીક્ષિત ! તમને અધિક શું કહું ! જ્યારે બ્રહ્માદિ દેવો ભગવાન શ્રીકૃષ્ણને નિજધામમાં - સ્વનિવાસમાં પધારવા માટે વિજ્ઞપ્તિ કરીને વિદાય થયા ત્યાર પછી ભગવાન શ્રીકૃષ્ણે જ શ્રીમુખે મને તે સંદેશાનું રહસ્ય સમજાવ્યું જે શ્રીમદ ભાગવતમાં વર્ણવેલું છે. (૪૮) ભગવાને અશ્વત્થ-પીપળાના વૃક્ષમૂલે બિરાજીને મારામાં તે જ્ઞાન સુદૃઢ બનાવ્યું. પ્રભુના આપેલા એ જ જ્ઞાનના પ્રતાપથી બદરિકાશ્રમમાં ગયેલ છું છતાં આ શ્રી વ્રજવલ્લીઓમાં નિત્ય વસું છું. (૪૯) ભગવાને આપેલા જ્ઞાનના જ પ્રભાવથી સ્વેચ્છાનુસાર આ નારદકુંડના પ્રદેશમાં નિવાસ કરું છું. રાજન્ ! ખરેખર શ્રીમદ ભાગવતજીના સેવનથી જ ભગવાન શ્રીકૃષ્ણનો અનુગ્રહ પ્રાપ્ત થયો છે. (૫૦) રાજન્ ! આ વજ્રનાભ અને પૂજ્ય

માતૃજનો અને સર્વના કાર્યની સિદ્ધિ માટે હું શ્રીમદ્ ભાગવતજીનું શ્રવણ કરાવીશ, પરંતુ આપે સ્વયં સારી રીતે સહાયક થવાનું રહેશે. (૫૧) પરીક્ષિત રાજાએ કહ્યું કે હે પરમ ભાગવત હરિદાસ ! આપ ખૂબ જ ભાવથી શ્રીમદ્ ભાગવત સંકીર્તન કરવા કૃપા કરો, આપ વિનાસંકોચ, આ દિવ્ય કાર્યમાં મારે જે રીતે સેવા કરવાની હોય તેની મને આજ્ઞા કરો. (૫૨) સૂત મહર્ષિએ કહ્યું કે મુનિવરો ! પરીક્ષિત રાજાનાં આવાં નમ્ર વચનોથી પ્રસન્નમાનસ થયેલા શ્રી ઉદ્ધવલાલ વચનામૃત કરવા લાગ્યા. (૫૩) શ્રી ઉદ્ધવલાલ બોલ્યા, રાજન્ ! ભગવાન ભૂતલનો પરિત્યાગ કરશે ત્યારથી બલવાન કલિ પ્રાપ્ત થયેલાં પ્રત્યેક સત્કાર્યોમાં ભારે વિઘ્ન કરશે. (૫૪) રાજન્ ! આપ એક કાર્ય કરો, આપ દિગ્વિજય કરવા પધારો અને કલિનો નિગ્રહ કરો. હું વૈષ્ણવ રીતિ પ્રમાણે આપનો સહકાર મેળવી એક માસના સત્રના નિયમથી શ્રીમદ્ ભાગવતજીનું રસાસ્વાદન કરાવીશ, તેમ જ આ સર્વને મધુસૂદન ભગવાનના નિત્ય ધામમાં સુખેથી પહોંચાડીશ. (૫૫-૫૬) સૂત મુનિ બોલ્યા કે મુનિવરો ! શ્રી ઉદ્ધવલાલનાં વચન સાંભળીને પરીક્ષિત રાજા આનંદિત થયા, સાથે સાથે ચિંતાતુર પણ થયા કે મને કલિનિગ્રહ માટે દિગ્વિજય કરવા જવા માટે આજ્ઞા કરી રહ્યા છે તો હું સપ્તાહશ્રવણના લાભથી વંચિત થઈ જઈશ. આ પ્રકારની ચિંતાથી શ્રી ઉદ્ધવજીની પાસે તેઓ પોતાની ભાવના પ્રકટ કરતા કહેવા લાગ્યા. (૫૭) શ્રી પરીક્ષિતજીએ કહ્યું, શ્રીહરિદાસવર્ય ! હે તાત ! હે પૂજ્ય ! આપની આજ્ઞામાં રહીને કલિનો તો અવશ્ય નિગ્રહ કરીશ જ. પરંતુ ભગવન્ ! મને શ્રીમદ્ ભાગવતજીની પ્રાપ્તિ કેવી રીતે થશે ! મેં તો આપનાં શ્રી ચરણોનો આશ્રય લીધો છે તો આપ મારા ઉપર અનુગ્રહ કરી એમને અપનાવો. (૫૮) સૂત મહર્ષિ બોલ્યા કે મુનિવર શૌનક ! શ્રી પરીક્ષિત રાજાનાં ઉપરોક્ત વચન સાંભળીને શ્રી ઉદ્ધવલાલજીએ પરીક્ષિત રાજાને કહ્યું. (૫૯) શ્રી ઉદ્ધવજી બોલ્યા , રાજન્ ! આપે કોઈ પણ કાળે કોઈ પણ પ્રકારની ચિંતા ન કરવી. રાજન્ ! શ્રીમદ્ ભાગવતશ્રવણમાં આપનો જ મુખ્ય અધિકાર છે. (૬૦) રાજન્ ! મોટે ભાગે સકામ કર્મ કરવામાં આસક્ત જનો, અત્યાર સુધી શ્રીમદ્ ભાગવતશ્રવણના મહિમાને પણ જાણતા નથી અથવા શ્રીમદ્ ભાગવત સપ્તાહનું શ્રવણ થાય છે એટલું પણ જાણતા નથી. (૬૧) પરંતુ રાજન્ ! તમારી કૃપાથી, આ ભારતભૂમિના આંગણે શ્રીમદ્ ભાગવતજીની પ્રાપ્તિ થતાં અનેક મનુષ્યો ભગવચ્ચરણકમલની પ્રાપ્તિ અને ભગવચ્ચરણકમલસેવા નામના અનન્ત સુખને મેળવશે. (૬૨) નન્દનન્દનનું જ સ્વરૂપ ઋષિ મહારાજ ભગવાન શ્રી શુકદેવજી શ્રીનન્દનન્દના જ સ્વરૂપ શ્રીમદ્ ભાગવતજીનું સ્વયં શ્રવણ કરાવશે. (૬૩) (૬૩). રાજન્ ! આ શ્રીમદ્ ભાગવતજીના શ્રવણથી આપ વ્રજેશ્વર ભગવાન શ્રીકૃષ્ણના નિત્યધામને પ્રાપ્ત કરશો. ત્યારથી આરંભીને શ્રીમદ્ ભાગવતશાસ્ત્રના શ્રવણનો પ્રચાર પૃથ્વી ઉપર ખૂબ જ વિસ્તાર પામશે. (૬૪) રાજન્ ! આપ ચિંતા ન કરો. પધારો અને કલિના નિગ્રહનું આવશ્યક કાર્ય કરો. સૂત મહર્ષિએ કહ્યું કે મુનિવરો ! શ્રી પરીક્ષિત રાજાએ શ્રી ઉદ્ધવજીની પ્રદક્ષિણા કરી અને દિગ્વિજય માટે પ્રસ્થાન કર્યું. (૬૫)

શ્રી ગોવર્ધનગિરિ તળેટીમાં આવેલ શ્રી વૃન્દાવનમાં શ્રીમદ્ ભાગવતકથા મહોત્સવ

શ્રી પરીક્ષિત રાજાના પ્રસ્થાન પછી શ્રી વજ્રનાભ મહારાજ પોતાના પુત્ર શ્રી પ્રતિબાહુનો સિંહાસને અભિષેક કરી, કાર્યભાર સોંપી શ્રીમદ્ ભાગવતશાસ્ત્રના શ્રવણની અભિલાષાથી ત્યાં જ વસ્યા. (૬૬) પુનઃ શ્રી ગોવર્ધનગિરિવરની સમીપે શ્રી વૃન્દાવનમાં એક માસ પર્યંત શ્રી ઉદ્ધવજીએ શ્રીમદ્ ભાગવત કથા-રસપાનનો મહોત્સવ યોજ્યો. (૬૭) આ યોજેલા મહોત્સવમાં સર્વ ભક્તજન જ્યારે શ્રીમદ્ ભાગવત રસામૃતનાં પાન કરી રહ્યા હતા ત્યારે ભગવાન શ્રીહરિની સચ્ચિદાનન્દમયી લીલા પ્રકાશવા લાગી અને સર્વત્ર ભગવાન શ્રીકૃષ્ણનાં જ દર્શન થવા લાગ્યાં. (૬૮) મહોત્સવમાં બિરાજેલા દિવ્ય જીવોએ પોતાને ભગવાનમાં વસેલા જોયા. તે સમયે શ્રી વજ્રનાભજીએ પણ પોતાને શ્રીકૃષ્ણચન્દ્ર ભગવાનના દક્ષિણ ચરણકમલમાં નિહાળ્યા. (૬૯) પ્રભુનાં ચરણકમલમાં પોતાનું સ્થાન જોઈને ભગવાનના વિરહની વેદનાથી મુક્ત થઈ ગયા. આ દૃશ્ય પૃથ્વી ઉપર શોભવા લાગ્યું. શ્રીમદ્ ભાગવત કથાસત્રના આ મહોત્સવમાં શ્રી વજ્રનાભજીનાં માતૃચરણો - માતાઓ પણ રાસ - મહારાત્રીમાં પ્રકાશમાન ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રમાં પોતાને કલાપ્રભા સ્વરૂપે જોઈને આશ્ચર્ય પામ્યાં. પોતાના પ્રિયતમ ભગવાન શ્રીકૃષ્ણના વિરહકલેશથી મુક્ત થઈ પોતાના નિત્યપદને પ્રાપ્ત

થયાં. (૭૦-૭૧) આ મહોત્સવમાં અન્ય સર્વ જે દિવ્યાત્માઓ રસપાન કરી રહ્યા હતા તે બધા જ વ્યાવહારિક લોકોમાંથી અને કાર્યોમાંથી અવિલંબે નીકળી ગયા અને નિત્યલીલામાં જ પ્રવેશ પામી ગયા. (૭૨) આ સર્વ દિવ્ય જીવો શ્રી ગોવર્ધનગિરિવરની નિકુંજોમાં, ગોવૃન્દોમાં, શ્રી વૃન્દાવન આદિ લીલાસ્થલીઓમાં શ્રીકૃષ્ણપ્રેમમાં તરબોળ ભગવદ્‌ભક્તોની સાથે અને ભગવાન શ્રીકૃષ્ણની સાથે વિહાર કરતા પરમાનંદ પામે છે. (૭૩) સૂત મહર્ષિએ કહ્યું કે મુનિરાજ ! જે કોઈ શ્રદ્ધાશીલ ભક્તજન, આ ભગવત્ પ્રાપ્તિ કથાપ્રસંગનું શ્રદ્ધાથી શ્રવણ કરે તેમજ ભાવપૂર્વક કીર્તન કરે તેનાં સર્વ દુઃખોની નિવૃત્તિ થાય છે તેમ જ તેને ભગવચ્ચરણોની પ્રાપ્તિ થાય છે જ. (૭૪)

सूत उवाच–य एतां भगवत्प्राप्तिं शृणुयाच्चापि कीर्तयेत् । तस्य वै भगवत्प्राप्तिर्दुःखहानिश्च जायते ।।७४।।

શ્રી સ્કંદપુરાણમાં આવેલા દ્વિતીય વૈષ્ણવખંડમાં ગાયેલા શ્રીમદ્ ભાગવતમાહાત્મ્ય પ્રસંગમાં ભક્તોના કષ્ટની નિવૃત્તિ નામના ત્રીજા અધ્યાયની સમાપ્તિ થઈ.

અધ્યાય ૪

[આ ચતુર્થ અધ્યાયમાં ૪૮ શ્લોકો છે. શ્રોતા-વક્તાનાં લક્ષણ, શ્રેષ્ઠ શ્રોતાના ગુણ, સપ્તાહવિધિ, શ્રીમદ્ ભાગવત સેવનવિધિ-ફલશ્રુતિ વગેરે કથાપ્રસંગો આ અધ્યાયમાં આવે છે, ચાલો તન્મય થઈ રસપાન કરીએ.]

ऋषय ऊचुः– साधु सूत चिरं जीव चिरमेवं प्रशाधि नः । श्रीभागवतमाहात्म्यमपूर्व त्वन्मुखाच्छ्रुतम् ।।१।।
तत् स्वरूपं प्रमाणञ्च विधिं च श्रवणे वद । तद् वक्तुर्लक्षणं सूत श्रोतुश्चापि वदाधुना ।।२।।

શ્રી શૌનકાદિ મહર્ષિઓએ કહ્યું, મુનિવર સૂતજી ! આપને ધન્યવાદ, આપ ચિરં જીવો અને આ જ પ્રકારે અમને જ્ઞાન આપો. આપના શ્રીમુખેથી શ્રીમદ્ ભાગવતજીના અપૂર્વ મહિમાનું શ્રવણ કર્યું. (૧) હવે આપ શ્રીમદ્ ભાગવતજીનું સ્વરૂપ, સ્કંધ, શ્લોક વગેરેનું પ્રમાણ, શ્રીમદ્ ભાગવત શ્રવણનો વિધિ, વળી શ્રોતા-વક્તાનાં લક્ષણ, સપ્તાહનો વિધિ આદિ સર્વ પ્રસંગો કૃપા કરી સંભળાવો. (૨)

મહર્ષિ સૂતજીએ કહ્યું કે મુનિવરો ! શ્રીમદ્ ભાગવતજીનું અને ભગવાન શ્રીકૃષ્ણનું સચ્ચિદાનન્દ લક્ષણવાળું સદા એક જ સ્વરૂપ છે, બન્ને સચ્ચિદાનન્દસ્વરૂપ હોઈ બન્ને એક જ છે. (૩) મુનિવરો ! ભગવાનમાં જ અનન્ય ચિત્તવાળા પરમભક્ત-વક્તાના મુખારવિંદમાંથી ઝરતી ભગવાનની માધુર્યમયી વાક્સુધા-વચનામૃતધારા જ શ્રીમદ્ ભાગવત છે એ વાત સદા યાદ રાખવી. (૪) જ્ઞાન-વિજ્ઞાન-વૈરાગ્યાદિ ભક્તિનાં ચાર અંગોનું પ્રતિપાદક તેમ જ માયાનું મર્દન કરવામાં સમર્થ ભક્તોનું જે નિર્વચન છે તે જ શ્રીમદ્ ભાગવત છે એમ તમે જાણો. (૫) અક્ષરબ્રહ્મસ્વરૂપ શ્રીમદ્ ભાગવતના પ્રમાણને કોણ જાણી શકે ! શ્રીહરિએ બ્રહ્માજીને કેવલ ચાર શ્લોકોથી શ્રીમદ્ ભાગવતનું દિગ્દર્શન કરાવ્યું છે !(૬) બ્રહ્મા, વિષ્ણુ અને શિવજી વગેરે દેવો પણ શ્રીમદ્ ભાગવતના અત્યંત સેવનથી જ પોતાની ઈષ્ટ કાર્યધુરાને વહન કરવામાં સમર્થ થયેલા છે. (૭) પરમિત બુદ્ધિવાળા એટલે મન્દ મતિવાળા મન્દભાગ્ય, મન્દ શક્તિવાળા મનુષ્યોના હિત માટે અને કલ્યાણ માટે શ્રી વ્યાસ મહર્ષિએ પરીક્ષિત રાજા અને શ્રી શુકદેવજીના કથાપ્રસંગ સ્વરૂપે શ્રીમદ્ ભાગવતની રચના કરેલ છે. (૮) આ ગ્રન્થનું નામ શ્રીમદ્ ભાગવત છે. કલિયુગરૂપ મગરે ગળેલા જીવોના મોક્ષ માટે કેવલ શ્રીમદ્ ભાગવત જ એક ઉત્તમ આધાર છે. આ શ્રીમદ્ ભાગવતના અઢાર હજાર શ્લોકો છે. (૯)

શ્રીમદ્ ભાગવતજીના શ્રોતાઓના પ્રકાર અને લક્ષણ

ભગવાન શ્રીકૃષ્ણની કથાનું સેવન કરનારા શ્રોતાઓનું નિરૂપણ કરવામાં આવે છે. પ્રવર અને અવર એવા બે પ્રકારના શ્રોતાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. (૧૦) ચાતક, હંસ, શુક અને મીન-મત્સ્ય વગેરેના ગુણ-ધર્મ સ્વભાવવાળા શ્રોતાઓને "પ્રવર" નામના શ્રોતાઓ માન્યા છે, વરુ, ભૂરૂંડ, બળદ, ઊંટ વગેરેના સ્વભાવગુણ ધર્મવાળા શ્રોતાઓની "અવર" એવી સંજ્ઞા આપેલ છે. (૧૧) चातकः શ્રી સૂતજી ચાતક નામના શ્રોતાનું લક્ષણ બતાવે છે કે, તૃષાર્ત ચાતક પક્ષી પૃથ્વી ઉપરના પ્રત્યેક પ્રકારના જલનો ત્યાગ કરી, કેવલ મેઘ ભગવાને વરસાવેલાં જલબિંદુઓના જ આશ્રયે જીવે છે તેવી જ રીતે અન્ય સર્વ જ્ઞાન-ઉપાસના-વૈરાગ્યાદિ વિષયોનું વર્ણન કરનારાં સર્વ શાસ્ત્રોના શ્રવણને ત્યજી દઈને કેવલ

ભગવાન શ્રીકૃષ્ણની લીલાસુધાનું પાન કરાવતા શ્રીમદ્ ભાગવતશાસ્ત્રનું જ પાન કરે છે તે શ્રોતાને "ચાતક" નામ આપવામાં આવ્યું છે. (૧૨) हंसः હંસ નામના શ્રોતાનું એવું લક્ષણ છે કે, હંસ પક્ષી દૂધમાં ભળી ગયેલા જળમાંથી કેવલ નિર્મળ દૂધનું જ પાન કરે છે, તેવી જ રીતે જે શ્રોતા વિવિધ પ્રકારનાં શાસ્ત્રોના શ્રવણમાંથી "શ્રીકૃષ્ણકથા"ને જ સાર તરીકે ગ્રહણ કરી લે છે તેમની "હંસ" નામની સંજ્ઞા છે. (૧૩) સારી રીતે કેળવેલું શુકપક્ષીને જેવું શીખવ્યું હોય તેવું જ મધુર બોલીને શિક્ષણ આપનાર અને સમીપના સાંભળનારને સંતુષ્ટ કરે છે તેવી જ સમાધિભાષા શ્રીમદ્ ભાગવતશાસ્ત્રનો અભ્યાસ કરાવનાર પિતૃચરણ શ્રી વ્યાસજીને અને પરીક્ષિત રાજા જેવા પરમ શ્રેષ્ઠ શ્રોતાજનોને પરિમિત, પરિપૂર્ણ, પૂર્ણમધુર એવા જ કથામૃતનું પાન કરાવે છે તે શ્રી શુકદેવજી જેવા શ્રોતા મનાય છે. (૧૪) मीनः મત્સ્ય જેવી પ્રકૃતિના શ્રોતાનું લક્ષણ કરતાં કહે છે કે ક્ષીરસાગરમાં લીન બની, મૌન સેવી કેવલ અખંડ એકધારું જલપાન કરનારા માછલાની માફક કથામૃતસાગરમાં તન્મય બની, તલ્લીન બની, આંખનો પલકારો કર્યા વિના એકાગ્રતાથી મૌનનું અવલંબન કરતાં કથારસનું પાન કરનાર સ્નેહાળ શ્રોતાને "મીન" સંજ્ઞા આપવામાં આવી છે. (૧૫)

અવર શ્રોતાનાં લક્ષણ

वृकः વનમાં એકાગ્રતાથી વેણુ રસમાધુરીના પાનમાં તલ્લીન બનેલાં ગાન-પાન-રસિક મૃગોને દુઃખકર કઠોર અવાજ કરી ક્લેશ આપનાર વરુની માફક હરિકથાસુધારસપાનમાં તન્મય બનેલા કથારસિક શ્રોતાઓની વચમાં આવી આઘા ખસો-જગ્યા કરો એવા બૂમબરાડા પાડી વચમાં પેસનારા કે બેસવા જનારા શ્રોતાઓને "વરુ" જેવા કહ્યા છે. (૧૬) भूरुण्डः– હિમાલયમાં એક પક્ષીની જાત છે. એનું "ભૂરુંડ" નામ છે. એનો સ્વભાવ છે કે પોતે સાંભળીને તે પ્રમાણે જીવવાની સામાને શિખામણ આપે પણ પોતે જરા પણ એનું આચરણ ન કરે, તેમજ પક્ષીની માફક કથાશ્રવણ કરી, "એકાદશીવ્રત કરવું, સત્ય બોલવું" ઈત્યાદિ વાતો સાંભળી લાવી બીજાને સમજાવે, બતાવે પણ પોતે જરા પણ આચરણ ન કરે એને "ભૂરુંડ" પક્ષી જેવો શ્રોતા માન્યો છે. (૧૭) वृषः બળદ જેવા શ્રોતાનું લક્ષણ છે કે જેમ ખેતરમાં, ખળામાં કે ગમાણમાં પડેલા ઘાસને કે મીઠી દ્રાક્ષને કોઈ પણ પ્રકારના તફાવતને સમજ્યા વિના એકસરખી જ રીતે ખાય છે તેવી જ રીતે સારાસારની વિવેકબુદ્ધિ વિના ત્યજવાનું કે સ્વીકારવાનું કાંઈ પણ સમજ્યા વિના આંધળો બની સર્વ ગ્રહણ કરે તેને 'બળદ' જેવો શ્રોતા માન્યો છે. (૧૮) उष्ट्रः ઊંટની પ્રકૃતિ છે કે નીચેના ભાગમાં મીઠી કોમળ વેલી, હરિયાળું ઘાસ, આમ્રકુંપળો અને આમ્રમંજરી જેવો ઉત્તમ ખાવા લાયક ખોરાક હોવા છતાં કાંટાળા બાવળનો પાલો કે લીમડાનાં કડવાં પાન જ ખાય તેવી જ રીતે હરિકથામૃત મધુર રસને પડતો મૂકી સકામ, અલ્પ ફળવાળી, બીજાને ક્લેશ આપવા માટે થનારી અભિચાર આદિ ક્રિયાઓનું સેવન કરનાર વિવેકબુદ્ધિરહિત શ્રોતાને 'ઊંટ' જેવો માન્યો છે. (૧૯) ઉપર વર્ણવેલા પ્રવર અને અવર નામના શ્રોતાઓ સિવાય જે અન્ય શ્રોતાઓ કે જેમનો સ્વભાવ ભ્રમર માફક ગુનગુન કરવાનો અને ખરની માફક ભૂંકવાનો છે તેઓને તેમના આચાર, તેમની પ્રકૃતિ પ્રમાણે તેમને જાણી લેવા. (૨૦)

શ્રેષ્ઠ શ્રોતાની પરિભાષા

यः स्थित्वाऽभिमुखं प्रणम्य विधिवत् त्यक्तान्यवादो हरेः। लीलाः श्रोतुमभीप्सतेऽतिनिपुणो नम्रोऽथ कृप्ताञ्जलिः ।।२०।।
शिष्यो विश्वसितोऽनुचिन्तनपरः प्रश्नेऽनुरक्तः शुचि–। र्नित्यं कृष्णजनप्रियो निगदितः श्रोता स वै वक्तृभिः ।।२१।।

હરિગુણગાનમાં તન્મય વક્તાજનોએ શ્રોતાનું લક્ષણ વર્ણવતાં કહ્યું કે એ શ્રેષ્ઠતમ શ્રોતા છે કે જે સૌથી પ્રથમ વક્તા પાસે સન્મુખ થાય; વિવેકપૂર્વક વિધિ પ્રમાણે પ્રણામ કરે; અન્ય વ્યર્થ પ્રશ્નો અને વાર્તાઓનો ત્યાગ કરે; શ્રીહરિની લીલાઓનાં જ પાન કરવાની લાલસા ધરાવે; સમજવામાં અતિશય નિપુણ હોય; નમ્ર હોય; અંજલિબદ્ધ ઊભો હોય; આજ્ઞાંકિત ઉપદેશ દેવાને યોગ્ય હોય; પૂર્ણપણે કથામાં અને વક્તામાં વિશ્વાસ હોય; સતત મનન-ચિંતનપરાયણ હોય; પ્રશ્ન પૂછવામાં પણ વિવેકી હોય; સદાચારી અને પવિત્ર હોય; પરમ ભગવદીય કૃષ્ણભક્તોમાં નિત્ય પ્રેમ કરતો હોય આવા ૧૩ ગુણો ધરાવે તે શ્રેષ્ઠ પ્રકારનો શ્રોતા મનાય છે. (૨૧)

મુનિજનને માન્ય વક્તા

भगवन्मतिरनपेक्षः सुहृद्दो दीनेषु सानुकम्प्यो यः । बहुधा बोधनचतुरो वक्ता सम्मानितो मुनिभिः ।।२२।।

ઉત્તમ વક્તા-ભગવાનમાં અનન્ય મતિ, નિરપેક્ષ, કોમલ ઉદારહૃદયી, દીનજનો ઉપર દયાળુ, વિષય સમજાવવામાં અનેક રીતે કુશળ; મુનિવરોએ વક્તા તરીકે સ્વીકારેલ, આવા ષડ્ગુણસમ્પન્ન વક્તાને શ્રેષ્ઠ વક્તા માન્યા છે. એમના મુખમાંથી હરિકથારસનાં પાન કરવાં. (૨૨)

શ્રીમદ્ ભાગવતનો શ્રવણવિધિ

મુનિવર સૂતજીએ કહ્યું કે હે વિપ્રર્ષિઓ ! આ દિવ્ય ભારત ભૂમિમાં શ્રીમદ્ ભાગવતનું સેવન કેવી રીતે કરવું તેનો સર્વ વિધિ હવે આપને કહી રહ્યો છું તેનું આપ શ્રવણ કરો. વિધિ શ્રવણ કરવાથી સુખોની પરંપરાઓ પ્રાપ્ત થશે. (૨૩) સાત્ત્વિક, રાજસ, તામસ અને નિર્ગુણ આવા ચાર પ્રકારનું શ્રીમદ્ ભાગવતનું સેવન સમજાવ્યું છે-માન્યું છે. (૨૪) સાત દિવસની સપ્તાહનું આયોજન કરવામાં આવે છે તેમાં શ્રમ તો પડે, વળી ત્વરા પણ કરવી પડે. આમ છતાં અત્યંત ઉમંગ અને પ્રેમથી કરવામાં આવે, યજ્ઞની માફક જ દીક્ષા લઈ વિધિપૂર્વક કરાય, શ્રેષ્ઠ પ્રકારની પૂજાસામગ્રીનો વિનિયોગ થાય, વળી સુશોભિત રીતે થાય તો તેમાં અવશ્ય આનંદ આવે અને એને "રાજસ્' શ્રવણ કહેવામાં આવે છે. (૨૫) એક માસના ક્રમથી કે ઋતુક્રમ એટલે બે માસના ક્રમથી શ્રવણ કરાય તો પૂર્ણ રસાસ્વાદ થાય, અનાયાસે-વિના શ્રમે થાય, શ્રોતા વક્તા અને વિષય સર્વનો સર્વ પ્રકારનો આનંદ છલકાય, એને સાત્ત્વિક શ્રવણ કહ્યું છે. (૨૬) એક વર્ષની અવધિથી સંભળાય, એમાં આલસ્ય પણ આવી જાય, સાંભળેલું થોડું યાદ રહે અને યાદ ન પણ રહે પરંતુ શ્રદ્ધાથી સેવાય તો સુખકર બને. આમ તે વાર્ષિક શ્રવણને તામસ કહેવાય. (૨૭) સાત દિવસ, એક માસ, એક વર્ષ આવા નિયમોનો આગ્રહ ન રાખતાં જે પરમ ભગવદીય જનો પ્રેમલક્ષણા ભક્તિથી નિરંતર શ્રીમદ્ ભાગવતજીનું સેવન કરે છે તેને નિર્ગુણ માન્યું છે. (૨૮)

પરીક્ષિત રાજાનો સપ્તાહવિધિ નિર્ગુણવિધિ

પરીક્ષિત રાજાના આયુષ્યનો અવધિ માત્ર સાત દિવસનો હતો, માટે શ્રી પરીક્ષિત રાજાજી અને શ્રી શુકાચાર્યમુનિનો શ્રીમદ્ ભાગવત ગુણાનુવાદ સાત દિવસના ક્રમથી કરવામાં આવેલો; પરંતુ તે તો સર્વથા નિર્ગુણ પ્રકાર જ હતો. (૨૯) જેવી રીતે સાનુકૂળ બને તેવી રીતે ભગવદિચ્છાથી ગુણ કે નિર્ગુણ જેવી શક્યતા હોય તેવી રીતે કોઈ પણ પ્રકારે આ શ્રીમદ્ ભાગવત શ્રુતિનું અવશ્ય સેવન કરવું. (૩૦)

શ્રીમદ્ ભાગવત ભક્તોનું ધન-ભવરોગીઓનું ઔષધ-સંસારીઓની સિદ્ધિઓ છે

જે પરમ ભગવદીય જનો કેવલ ભગવાન શ્રી કૃષ્ણલીલાવિહારોની કથાઓના રસસેવનમાં જ મસ્ત છે અને લોલુપ છે, એવા શ્રેષ્ઠતમ ભક્તોને માટે તો શ્રીમદ્ ભાગવત-રસ પોતાનું સર્વસ્વ ધન છે. એ કક્ષાના ભક્તોને મુક્તિનો પણ વિચાર નથી આવતો અને મુક્તિની કામના પણ નથી થતી. (૩૧) જે જનો સંસારના ત્રિવિધ તાપથી નિરંતર તપેલા છે, ખૂબજ પ્રકારનાં દુઃખોથી ઘેરાયેલા છે, મોક્ષની જ આકાંક્ષાવાળા છે, તેઓને માટે તો આ ભવરોગ ટાળવાનું ઔષધ છે. કલિયુગમાં પ્રેમપૂર્વક શ્રીમદ્ ભાગવતનું સેવન કરવું જોઈએ. (૩૨) જે જીવો વિષયસુખનાં સાધનો મેળવવામાં જ રચ્યાપચ્યા રહે છે, જેમને સાંસારિક સુખોની જ સ્પૃહા છે તેઓને તો કર્મમાર્ગથી જે સિદ્ધિ પ્રાપ્ત થાય છે તે સિદ્ધિ તો આ કલિયુગમાં શ્રીમદ્ ભાગવતના સેવનથી જ મળશે. (૩૩) જેમની પાસે યોગ, તપ આદિ સામર્થ્ય નથી, ધન નથી, જ્ઞાન-વિજ્ઞાન નથી તેઓને તપ, યોગ, યાગ, કર્મ આદિ સાધનોથી સિદ્ધિ મેળવવી દુર્લભ છે, તેઓએ પણ શ્રીમદ્ ભાગવતજીની કથાનું જ સેવન કરવું. (૩૪)

શ્રીમદ્ ભાગવત-કલ્પતરુનું સેવન સર્વ ફળ આપે

શ્રીમદ્ ભાગવતજીની કથા ધન, પુત્ર, દારા-સ્ત્રી, પતિ, વાહન, વૈભાવ, યશ, ઘર, ઘરવખરી, શત્રુ વિનાનું નિષ્કલંક

રાજ્ય અને અન્ય અભિલષિત સર્વ પદાર્થો શ્રીમદ્ ભાગવતજી આપશે. (૩૫) શ્રીમદ્ ભાગવતજીનું સેવન કરનાર મનના ઈચ્છેલા ઉત્તમ ભોગોને ભોગવીને, સંતોષ પામીને અંતે શ્રીહરિના ચરણકમલોની પ્રાપ્તિ કરશે. (૩૬) જ્યાં જ્યાં શ્રીમદ ભાગવતજીની કથા થતી હોય તે તે પવિત્ર સ્થાનોનું, વળી શ્રીમદ્ ભાગવતજીના કથાકીર્તન અને શ્રવણમાં તરબોળ હોય તેવા પરમ ભગવદીયોનું તન, મન, ધન અને જીવન સર્વસ્વથી સેવન કરવું. (૩૭) આવા ઉત્તમ સ્થાનના સેવનથી અને આવા શ્રોતા-વક્તા ભગવદીય જનોના અનુગ્રહથી જ શ્રીમદ ભાગવતનું સેવન કરનારને સર્વ સિદ્ધિ અને ભગવાન શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થાય છે. શ્રીકૃષ્ણ ભગવાન જ સાચું ધન છે, બીજા બધાં ધન તો નામ માત્રનાં ધન છે. (૩૮) આ વિશ્વમાં કેટલાક કેવલ ભગવાન શ્રીકૃષ્ણની જ લાલસાવાળા હોય છે તો કેટલાક ધનની જ કામનાવાળા હોય છે. આવા બે પ્રકારના શ્રોતા-વક્તાઓ હોય છે. જ્યાં જે કક્ષાના વકતા હોય ત્યાં તે કક્ષાના શ્રોતા હોય ત્યાં આનંદની અને રસની અભિવૃદ્ધિ થાય. (૩૯) જો વક્તા શ્રોતા બન્ને જુદી જુદી કામનાવાળા હશે તો કથામાં રસાભાસ થશે અને ફળસિદ્ધિ થશે નહિ. પરંતુ બન્નેમાંથી કોઈ પણ પ્રકારના શ્રોતા-વક્તા ભલે હોય પણ જે "કૃષ્ણાર્થી" હશે તેને તો વિલંબે પણ કૃષ્ણપ્રાપ્તિનો પોતાનો મનોરથ ફળવાનો જ છે. (૪૦) જે કોઈ ધનાદિ વસ્તુઓની પ્રાપ્તિની કામનાવાળાઓ છે તેને તો સાંગોપાંગ સંપૂર્ણ રીતે વિધિધાં અનુષ્ઠાન કરવાથી જ ફળ મળશે. જે ભગવદીય શ્રોતા-વક્તા "શ્રીકૃષ્ણાર્થી" શ્રીકૃષ્ણપ્રાપ્તિની જ ભાવનાવાળા છે એમને માટે તો "પ્રેમપૂર્વક" સેવન-શ્રવણ વિધિ જ ઉત્તમ છે. (૪૧)

શ્રીમદ્ ભાગવતજીના સકામ સેવનનો વિધિ

શ્રીમદ ભાગવતજીની સકામ ઉપાસના કરનાર સકામ ભક્તે આરંભથી અંત પર્યન્તનો વિધિ સ્વયં કરવો. પ્રાતઃકાલમાં સૂર્યોદય પહેલાં વિધિપૂર્વક સ્નાન કરી, ષટ્કર્મ વિધિની નિત્યક્રિયા કરી, શ્રીહરિનું ચરણામૃત વિષ્ણુપાદોદક તીર્થ લેવું. (૪૨) ત્યાર બાદ હસ્તપ્રક્ષાલન કરી, ષોડશ ઉપચારથી કે રાજોપચારથી શ્રીમદ્ ભાગવતજીનું પૂજન કરવું. પુનઃ ગુરુપૂજન અને વક્તા વ્યાસજીનું પૂજન કરવું. ત્યાર પછી પ્રેમપૂર્વક શ્રીમદ્ ભાગવતજીનો પાઠ કરવો, પારાયણ કરવું કે શ્રવણ કરવું. (૪૩) સકામ ભક્ત શ્રોતા-વક્તાએ ભોજન માટે દૂધ ઉપર રહેવું, અથવા હવિષ્યાન્ન લેવું, મૌનનું પાલન કરવું, બ્રહ્મચર્યનું પાલન કરવું, પૃથ્વી ઉપર શયન કરવું, કામ-ક્રોધ-લોભનો ત્યાગ કરવો. (૪૪) કથાના વિરામ પ્રસંગે કીર્તન કરવું, સપ્તાહકથા પૂર્ણ કરી રાત્રીએ જાગરણ કરવું, વિપ્રોને ભોજન કરાવવાં, તેમ જ વિપ્રોને દક્ષિણા, વસ્ત્રો અલંકારો, સન્માન વગેરે સેવાથી સંતુષ્ટ કરવા. (૪૫) શ્રીમદ્ ભાગવતજીના વક્તાને તેમજ ગુરુને અર્ચન કરી વસ્ત્રો-અલંકારો-દક્ષિણા પ્રદાન કરી, ગોપ્રદાન કરવાં. આ પ્રકારે વિધિપૂર્વક અનુષ્ઠાન કરવાથી મનોવાંછિત ફળની પ્રાપ્તિ થાય છે. (૪૬) કોઈ સકામ ભક્ત, સ્ત્રી, પુત્ર, પતિ, ધન, રાજ્ય, વૈભવ આદિ કોઈ પણ ઈચ્છાઓને શ્રીમદ ભાગવતજીના અનુષ્ઠાનથી અવશ્ય મેળવે છે. પરંતુ શ્રીમદ્ ભાગવત સાક્ષાત્ શ્રીકૃષ્ણ છે માટે સકામ અનુષ્ઠાન કરવું શોભાસ્પદ નથી. (૪૭)

શ્રી શુકાચાર્યની આજ્ઞા

શ્રી શુકાચાર્ય મહારાજની તો આજ્ઞા છે કે આ કઠોર કલિકાલમાં તો શ્રીમદ્ ભાગવત જ શ્રીકૃષ્ણ છે, શ્રીકૃષ્ણ ભગવાનની પ્રાપ્તિ કરાવનાર છે, પ્રભુચરણોની સેવામાં પરમ પ્રેમ અને પરમાનંદનું દાન કરનાર છે. માટે શ્રીમદ્ ભાગવત શાસ્ત્રસ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણનો જ નિરંતર આશ્રય લેવો. (૪૮)

कृष्णप्राप्तिकरं शश्वत् प्रेमानन्दफलप्रदम् । श्रीमद् भागवतं शास्त्रं कलौ कीरेण भाषितम् ॥

શ્રી સ્કંદપુરાણના દ્વિતીય વૈષ્ણવ ખંડમાં વર્ણવેલા શ્રીમદ્ભાગવત મહાત્મ્યમાં શ્રોતા-વક્તાનાં લક્ષણ શ્રવણ તથા કીર્તન વગેરેના ફળનું નિરૂપણ કરતા ચતુર્થ અધ્યાયની સમાપ્તિ થઈ.

श्रीकृष्णार्पणमस्तु

શ્રીહરિઃ

શ્રીકૃષ્ણઃ શરણં મમ

શ્રીમદ્ ભાગવતપીયૂષ

પ્રથમ સ્કંધ

અધ્યાય ૧લો

શ્રીમદ્ ભાગવત શ્રીનાથજી બાવાનું વાઙ્મય સ્વરૂપ

શ્રીમદ્ ભાગવત સાક્ષાત્ શ્રીનાથજી બાવાનું એટલે શ્રીકૃષ્ણનું વાઙ્મય સ્વરૂપ છે. ભક્તવત્સલ ભગવાન શ્રીકૃષ્ણનાં નિજભક્તોનાં કલ્યાણ કરનારાં બે સ્વરૂપો છે. આ બન્ને સ્વરૂપોમાં એક સેવ્ય સ્વરૂપ છે અને બીજું શ્રોતવ્ય-સેવા સ્વરૂપ છે. પ્રથમ જે સેવ્ય સ્વરૂપ છે તે ભગવાન શ્રીકૃષ્ણ છે. આ ભગવાન શ્રીકૃષ્ણ શ્રી યશોદોત્સંગલાલિત આનંદ માત્ર કરપાદમુખોદરાદિ દિવ્ય વિગ્રહ સ્વરૂપ છે. એનું તાત્પર્ય એવું છે કે મનુષ્યનું શરીર પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશાદિ પંચમહાભૂતોમાંથી બનેલ છે. ભગવાનનું સ્વરૂપ તેવી રીતે અને તેવા પાંચભૌતિક પદાર્થોથી બનેલું નથી. પરંતુ સત્-ચિત્-આનંદમય સ્વરૂપ છે. ભગવાનનાં પ્રત્યેક અંગો, ભગવાનનાં આભૂષણો, આયુધો, પીતાંબરાદિ વસ્ત્રો પણ સચ્ચિદાનંદમય જ છે. ભલે તે સ્વરૂપ નરાકૃતિ લાગે પરંતુ તેને શરીર ન કહેવાય, એને તો શ્રીવિગ્રહ અથવા સ્વરૂપ કહેવાય. જે શીર્ણ થાય-ઘસાય એટલે ઘટે તે શરીર અને જે જન્મ્યા પછી વધે તે દેહ છે. માનવદેહ વધેઘટે અને અન્તે વિનાશશીલ છે. ભગવાનનું સ્વરૂપ સદા એક જ સ્વરૂપ છે. તે સ્વરૂપ નરાકાર જેવું છતાં રસાકાર છે, તે સ્વરૂપ સચ્ચિદાનંદમય છે. ભગવાન શ્રીકૃષ્ણ જ શ્રીનાથજી બાવા છે. ભગવાનની લીલાઓ પ્રમાણે ભગવાનનાં ભિન્ન ભિન્ન નામો અને ભિન્ન ભિન્ન સ્વરૂપો જોવા મળે; પરંતુ તે બધાં ભગવાન શ્રીકૃષ્ણનાં જ સ્વરૂપો છે. જેમ કે શ્રીનાથજી બાવાનું જે સ્વરૂપ છે તે "આશ્રાયલીલા"નું સ્વરૂપ છે. ભગવાનની આશ્રયલીલાની કથા દશમસ્કંધમાં પ્રસિદ્ધ જ છે. ઈન્દ્રયાગ અટકી જતાં રોષાવેશમાં આવેલા ઈન્દ્રદેવે જ્યારે ગોકુલના વિનાશ માટે કે આખા વ્રજના વિનાશ માટે સાતેસાત મેઘો ખાંગા કર્યા અને મુશળધાર વૃષ્ટિ કરી ત્યારે વ્રજભક્તો શ્રી ઠાકોરજીને એટલે ભગવાન શ્રીકૃષ્ણને શરણે ગયા. શરણાગતવત્સલ ભગવાને સર્વ જીવોને અભય વચન આપતાં કહ્યું કે "વ્રજવાસીઓ જરા પણ ભય ના પામો, સાંભળો ! મારું એક વ્રત છે તે સાંભળો ! મારી પ્રતિજ્ઞા છે તે સાંભળો ! "तस्मान्मच्छरणं गोष्ठं मन्नाथं मत्परिग्रहम् । गोपाये स्वात्मयोगेन सोऽयं मे व्रत आहितः" । इत्युकत्वैकेन हस्तेन कृत्वा गोवर्धनाचलम् । दधार लीलया कष्णश्छत्राकमिव बालकः ॥ ૧૦-૨૫-૧૮ અને ૧૯ આ બે શ્લોકોમાં ભગવાને વચનામૃત કર્યાં કે આ ગોકુલ આ અખિલ વ્રજ મારું કુટુંબ અને પરિવાર છે. હું સમસ્ત વ્રજનો નાથ છું. હું મારા આત્મસંયોગથી રક્ષણ કરીશ જ, આ મારું વ્રત છે. આ મારી પ્રતિજ્ઞા છે એટલું અભયવચન આપીને ભગવાને એક હસ્તથી શ્રી ગોવર્ધનગિરિને તૂટે નહીં, ભાંગે નહીં, એવો "અવિચલ" બનાવીને નાનો બાળક એક છત્રાકને-બિલાડીના ટોપને ધારણ કરે એવી જ રીતે આસાનીથી રમતમાં ને રમતમાં જ ઉઠાવી લીધો. ભગવાને આવાં વચનામૃત કહીને શ્રીગોવર્ધનજીને ઉઠાવ્યા અને સઘળા જીવોને આશ્રય આપ્યો. તે લીલામાં ભગવાને શ્રીગોવર્ધનજીને ધારણ કર્યા તેમ જ સર્વને આશ્રય આપ્યો તેથી "શ્રી ગોવર્ધનનાથજી" એવી ભગવાનની સંજ્ઞા થઈ અને શ્રી ગોવર્ધનધારીનું સ્વરૂપ થયું. આ લીલાપ્રસંગથી સર્વ ભક્તજનો શ્રીકૃષ્ણ ભગવાનને "શ્રીગોવર્ધનનાથજી" તરીકે ઓળખવા લાગ્યા અને "શ્રીગોવર્ધનનાથજીની જય" એ પ્રકારનો જયનાદ જયઘોષ કરવા લાગ્યા. ત્યારબાદ ભક્તોએ આ નામનું ટૂંકું લાડીલું નામ બનાવી દીધું, "શ્રીનાથજી બાવા" અને તેથી પણ ટૂંકું નામ બનાવી દીધું "શ્રીજી" બાવા, તેમ જ શ્રીજી બાવાના હુલામણા નામથી જ સર્વ બોલવા લાગ્યા. ભગવાનની આવી અનન્ત લીલાઓ હોવાથી નામો પણ અનન્ત થયાં. એમાં સાત ગાદીજીનાં સેવ્ય સાત સંજ્ઞાવાળાં સ્વરૂપોની સેવા પણ કરવા લાગ્યા. શ્રી મથુરાધીરાજજી, શ્રીવિઠ્ઠલનાથજી, શ્રી દ્વારિકાધીશજી, શ્રી ગોકુલનાથજી, શ્રી ગોકુલચન્દ્રમાજી, શ્રી

બાલકૃષ્ણલાલજી, શ્રી મદનમોહનલાલજી આ સર્વ ભગવાન શ્રીકૃષ્ણનાં જ સ્વરૂપો છે અને ભગવાન શ્રીકૃષ્ણનાં જ રસાલ નામો છે. શ્રી કલ્યાણરાયજી, શ્રી મુકુંદરાયજી, શ્રી નટવરાલાલજી, દાનીરાયજી, માનીરાયજી વગેરે શ્રીકૃષ્ણ ભગવાનનાં જ લીલાત્મક નામ-સ્વરૂપો છે. શ્રીકૃષ્ણ ભગવાનું દ્વિતીયનામાત્મક સ્વરૂપ શ્રીમદ્ ભાગવતજી છે. આ સ્વરૂપને ભગવાનના વાઙ્મય સ્વરૂપે પણ ઓળખાવાય છે. ભગવાનનાં આ બન્ને સ્વરૂપો સચ્ચિદાનંદમય છે અને અલૌકિક પણ છે. શ્રીવેદભગવાને આ બંને સ્વરૂપોનો વેદમાં "रसो वै सः" द्वादशाङ्गो वै पुरुषः આ બે વચનોમાં મહિમા ગાયો છે તેમ જ પરિચય આપ્યો છે. ભગવાન શ્રીકૃષ્ણ "રસમય" સ્વરૂપવાળા અને દ્વાદશ-બાર અંગવાળા પૂર્ણ પુરુષોત્તમ છે. ભક્તોને માટે આ બન્ને આશ્રયનાં સ્વરૂપો છે. શ્રીનાથજી પ્રભુજીના સ્વરૂપનાં દર્શન કરીશું ત્યારે ક્ષણવારમાં જ ખ્યાલ આવશે કે કટિભાગે મૂઠી વાળેલા દક્ષિણ હસ્તને પધરાવીને તેમ જ વામ હસ્તને આશ્રય મુદ્રાવાળો અને આમંત્રણ મુદ્રાવાળા સંકેતને સૂચવતો હસ્ત ધારણ કરી ઊભેલા શ્રીનાથજી પ્રભુ કંઈક સ્મિત સાથે સૂચવે છે કે હે જીવ, તું શા માટે અકળામણ કરે છે. તું મારો જ પુત્ર છે. હું જ તારાં માતાપિતા છું માટે તું વિના વિલંબે અને વિના સંદેહે મારી પાસે આવી જા. सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज । अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥ કોઈનો ઓશિયાળો થામા, ગરીબ બન મા, ગરીબી-લાચારીભર્યા શબ્દો બોલ મા, સર્વની આશા અને આશ્રયોને ત્યજી દે. કેવલ મારે શરણે આવી જા. હું તને સર્વ પ્રકારે પાર ઉતારીશ. ભગવાન શ્રીનાથજી ઊંચા રાખેલા વામ હસ્તથી ઉપરની બે વાતો સૂચવી રહ્યા છે. વળી કટિભાગ ઉપર પધરાવેલા દક્ષિણ હસ્તની મૂઠીમાં ભક્તવત્સલ ભગવાને ભગવદીય જનોનાં મનને મૂઠીમાં પકડી રાખ્યાં છે તે હવે પાછાં નથી આપવાનાં એવું વિનોદ-લીલા કરતા દક્ષિણ હસ્તના અંગૂઠાના ખીલાડાથી સૂચવી રહ્યા હોય એમ લાગે છે. ચિંતાનો સ્વભાવ મનનો છે તે મન તો ભગવાનની પાસે છે પછી ચિંતા થવાની જ ક્યાંથી ? "प्रभुः सर्वसमर्थो हि ततो निश्चिन्ततां व्रजेत्" શરણાગત આત્માએ પણ નિશ્ચય રાખવાનો કે ભગવાન સર્વસમર્થ છે માટે નિશ્ચિંત રહેવાનું.

સારસ્વત કલ્પમાં ભગવાન ભૂતલ ઉપર સ્વયં પધાર્યા અને દૈવી જીવોને આશ્રય આપ્યો અને અનવતાર દશામાં ભગવાને જ પોતાના સ્વરૂપ શ્રીમદ્ ભાગવતને ભૂતલ ઉપર પધરાવેલ છે. શ્રીનાથજી ભગવાનનાં બે ચરણ, બે કરકમલ. બે સાથળ, કટિભાગે પધરાવેલ દક્ષિણ શ્રીહસ્ત, વામ-દક્ષિણ બે સ્તન, હૃદય, લલાટ અને વામ હસ્ત - આ દ્વાદશ અંગો છે. શ્રીમદ્ ભાગવત અને શ્રીનાથજી ભગવાન બન્ને એક જ છે તેની સમજ આચાર્યચરણ શ્રી વલ્લભાચાર્યજી મહાપ્રભુજી આપી રહ્યા છે.

સ્કંધ	નામ	અંગ
પ્રથમસ્કંધ	અધિકારલીલા	શ્રીનાથજી પ્રભુજીનો દક્ષિણ ચરણકમલ
દ્વિતીયસ્કંધ	સાધન-જ્ઞાન-લીલા	શ્રીનાથજીબાવાનો વામ ચરણકમલ
તૃતીયસ્કંધ	સર્ગલીલા	શ્રીજીબાવાનો દક્ષિણ કરકમલ
ચતુર્થસ્કંધ	વિસર્ગલીલા	શ્રીજીબાવાનો વામ કરકમલ
પંચમસ્કંધ	સ્થાન-સ્થિતિ-લીલા	શ્રીજીબાવાનો દક્ષિણ સાથળ
ષષ્ઠસ્કંધ	પોષણ-પુષ્ટિ-લીલા	શ્રીજીબાવાનો વામ સાથળ
સપ્તમસ્કંધ	ઊતિલીલા-વાસનાલીલા	શ્રીનાથજી બાવાએ દક્ષિણ કટિ ભાગે મૂકેલ દક્ષિણહસ્ત
અષ્ટમસ્કંધ	સદ્ધર્મલીલા	શ્રીજીબાવાનો દક્ષિણ સ્તન
નવમસ્કંધ	ઈશાનુકથાલીલા	શ્રીજીબાવાનો વામ સ્તન
દશમસ્કંધ	નિરોધલીલા	શ્રીજીબાવાનું હૃદય
એકાદશસ્કંધ	મુક્તિલીલા	શ્રીજીબાવાનું લલાટ
દ્વાદશસ્કંધ	આશ્રયલીલા	શ્રીજીબાવાનો વામ હસ્ત

ઉપર પ્રમાણે લીલાવિગ્રહ શ્રીનાથજી પ્રભુ અને રસવિગ્રહ શ્રીમદ્ ભાગવતજી બન્ને એક જ છે. બન્ને સેવા અને સંકીર્તન-શ્રવણાદિ દ્વારા પ્રાપ્ત થાય છે. ચાલો આપણે ભગવાનના વાઙ્મય વિગ્રહ શ્રીમદ્ ભાગવતજીની સેવા કરીએ. વળી શ્રવણ-કીર્તન-સ્મરણ-નિદિધ્યાસન કરીએ. શ્રુતિ ભગવતીની પણ આજ્ઞા છે કે "आत्मा वा अरे श्रोतव्यः मंतव्यः" આત્માનું એટલે શ્રીકૃષ્ણ ભગવાનનું અને ભગવાનના જ વાઙ્મયસ્વરૂપ શ્રીમદ્ ભાગવતજીનું શ્રવણ-સંકીર્તન સેવન વગેરે કરીએ.

પ્રથમસ્કંધ અધિકારલીલા દક્ષિણ ચરણ

પ્રથમ સ્કંધના ૧૯ અધ્યાયો છે. અધિકારલીલા પ્રથમ સ્કંધનું નામ છે. પ્રથમ સ્કંધ ઠાકોરજીનો દક્ષિણ ચરણ છે. "અધિકાર" શબ્દનો અર્થ "યોગ્યતા" એવો થાય છે. અધ્યયન, શ્રવણ, કીર્તન, યોગ-ધ્યાન; વ્યાપાર-વ્યવહાર, વિવાહ-વ્યવસાય આદિ કોઈ પણ કાર્યક્ષેત્રમાં પ્રવેશતાં પહેલાં યોગ્યતા મેળવીને જ પ્રવેશતાં શ્રમ સફલ થાય છે અને ધ્યેય સિદ્ધ થાય છે. આપણે શ્રીમદ્ ભાગવતનું શ્રવણ અને સંકીર્તન કરવું છે. શ્રવણ કરનાર શ્રોતાના ધર્મો અને સંકીર્તન કરનારા વક્તાના ધર્મો પ્રથમ સ્કંધના ઓગણીસ અધ્યાયનાં ત્રણ પ્રકરણોમાં આપ્યા છે. પ્રથમ સ્કંધના (૧) સાધારણ (૨) અસાધારણ (૩) ગુણાતીત એવાં ત્રણ પ્રકરણો છે. એક બીજો પણ પ્રકરણવિભાગ છે તેમાં (૧) હીનાધિકાર, (૨) મધ્યમાધિકાર અને ઉત્તમાધિકાર એવા પણ પ્રકરણના ત્રણ પ્રકાર છે.

અધિકારલીલા: બે પ્રકારના પ્રકરણ વિભાગો

અધિકાર

સાધારણ પ્રકરણ ૧થી ૯-નવ અધ્યાય:　　**અસાધારણ પ્રકરણ ૯થી ૧૮, નવ અધ્યાય**　　**ગુણાતીત પ્રકરણ ૧૯મો એક અધ્યાય**

સામાન્ય પ્રકરણ : ૧થી ૩ અધ્યાય　　**મધ્યમ પ્રકરણ : ૪થી ૬ અધ્યાય**　　**ઉત્તમ પ્રકરણ : ૭થી ૧૯ અધ્યાય**

શ્રીમદ્ ભાગવતજીના ત્રણ વક્તાઓ અને ત્રણ શ્રોતાઓ છે. વક્તા અને શ્રોતાઓની ઉત્તમ, મધ્યમ, સામાન્ય કક્ષાઓ તેઓના સ્વભાવ-ગુણ-જ્ઞાનાદિ ધર્મોથી અને શ્રોતા-વક્તાનાં શાસ્ત્રો અને વેદોમાં વર્ણવેલાં લક્ષણોથી નિશ્ચિત થાય છે. શ્રી સૂત મુનિ અને શ્રી શૌનકાદિ મુનિઓનો સાધારણ કક્ષાના વક્તા-શ્રોતાઓનાં લક્ષણોમાં સમાવેશ થતો હોવાથી તેમને "સાધારણ" કક્ષાના વક્તા-શ્રોતા માન્યા છે. જે જ્ઞાની છે, તપસ્વી છે, યોગી છે, ભક્ત છે પરંતુ વૈદિક કર્મોમાં સતત ઓતપ્રોત છે અને સ્વર્ગાદિ ફળપ્રાપ્તિ માટે અગ્નિહોત્રાદિ યજ્ઞાનુષ્ઠાનમાં રચ્યાપચ્યા રહે છે તેઓ ફળાભિલાષાથી જ પ્રવૃત્ત થતા હોવાથી તેઓ શ્રીમદ્ ભાગવતજીના સાધારણ કક્ષાના અધિકારી ગણાય છે. શ્રી શૌનકાદિ ઋષિઓ અને સૂતજીનો પ્રસંગ ૧થી ૩ અધ્યાયોમાં આવે છે. શ્રી દેવર્ષિ નારદજી અને વ્યાસ મહર્ષિને અસાધારણ કક્ષાના-મધ્યમ કક્ષાના અધિકારી માન્યા છે. તેઓ જ્ઞાની, યોગી, તપસ્વી, ભક્ત, વિરક્ત, ભગવદનુરક્ત વગેરે ગુણ-લક્ષણોવાળા હોવા છતાં વિવિધ પ્રવૃત્તિરત છે. શ્રી વ્યાસ મહર્ષિજી ગ્રન્થરચનાના કાર્યમાં અને અધ્યાયનાદિ કાર્યમાં ઓતપ્રોત હોઈ કથાશ્રવણકીર્તનાદિમાં અનન્યતા પામી શકતા નથી; તેથી મધ્યમાધિકારી કહ્યા. આ બન્નેનો કથાપ્રસંગ ૪ થી ૬ અધ્યાયોમાં આવે છે. શ્રી શુકાચાર્ય અને પરીક્ષિત રાજા બન્ને ઉત્તમાધિકારી છે. બન્ને ભગવાનના અનન્ય છે, ભગવાનમાં એકતાન છે, ભક્ત છે, અનુરક્ત છે અને વિષયવિરક્ત છે. શ્રી પરીક્ષિત રાજાના જીવનપ્રસંગની કથા સાતમા અધ્યાયથી જ શરૂ થાય છે. ઉત્તરા માતાના ગર્ભમાં રહેલા પરીક્ષિતજી ઉપર અશ્વત્થામાએ મૂકેલા બ્રહ્માસ્ત્રના પ્રસંગથી કથા પ્રારંભાય છે. ઓગણીસમા અધ્યાયમાં શ્રી શુકદેવજી મહારાજ પરીક્ષિત રાજાજીની પરિષદમાં પધારે છે. શ્રી શુકદેવજીની પધરામણી થતાં જ સર્વ અભ્યુત્થાન અને અભિવાદન કરે છે. આ સાતમા અધ્યાયની કથાથી આરંભી ઓગણીસમા અધ્યાય સુધીના તેર અધ્યાયને ગુણાતીત પ્રકરણ કહેવામાં આવ્યું છે. જોકે ૧થી ૧૯ અધ્યાયના અધિકારલીલા કથાપ્રસંગમાં ૧૯ પ્રકારના વક્તા-શ્રોતાનાં લક્ષણો શ્રી મહાપ્રભુજીએ શ્રી નિબંધમાં શ્રી ભાગવતાર્થ

પ્રકરણમાં વિચાર્યાં છે, પરંતુ વિસ્તારભયથી વિરમીએ અને હરિકથામૃતનાં પાન કરીએ. ચાલો હવે આપણે મંગલાચરણ કરીએ.

મંગલાચરણ

जन्माद्यस्य यतोऽन्वयादितरतश्चार्थेष्वभिज्ञः स्वराट् तेने ब्रह्म हृदा य आदिकवये मुह्यन्ति यत्सूरयः ॥
तेजोवारिमृदां यथा विनिमयो यत्र त्रिसर्गोऽमृषा–धाम्ना स्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमहि ॥१॥

શ્રીકૃષ્ણ ભગવાનનું અમે ધ્યાન ધરીએ છીએ અને દંડવત્ પ્રણામ કરીએ છીએ. ઉપાદાન કારણભૂત અને નિમિત્ત કારણરૂપ જે પરબ્રહ્મ શ્રીકૃષ્ણથી આ વિશ્વનાં ઉત્પત્તિ, પાલન, સંહાર થાય છે; જે સર્વ કાર્યોમાં અને સર્વ અર્થોને સિદ્ધ કરવામાં સર્વજ્ઞ છે; જે શ્રીકૃષ્ણ પોતાના આનંદમાં રમણ કરનારા છે; જે શ્રીકૃષ્ણ ભગવાને આદિ કવિ શ્રી બ્રહ્માજીને હૃદયથી પુરાણો સહિત વેદાદિ જ્ઞાનનો ઉપદેશ કર્યો છે-વિસ્તાર કર્યો છે જે વેદોમાં જ્ઞાનમાં કે પરબ્રહ્મના સ્વરૂપજ્ઞાનમાં મહાન વિદ્વાનો પણ મૂંઝાય છે; જેમ તેજ, જલ અને મૃત્તિકામાં એકબીજાનો એકબીજામાં અધ્યાસ, આભાસ, દેખાવું એ જોનારના દૃષ્ટિદોષથી બુદ્ધિભ્રમથી કલ્પેલો હોઈ મિથ્યા છે; તેવા જ ભગવાન શ્રીકૃષ્ણના અવતારાદિકોમાં ત્રણ ગુણોના કર્મરૂપ ધર્મો-જીવોના ધર્મો જોવામાં આવે છે તે મિથ્યા છે; તે બ્રહ્મ શ્રીકૃષ્ણ પોતાના દિવ્ય સ્વરૂપથી જ સદા કપટને-માયાકાપટ્યને દૂર કરે છે તે સર્વશ્રેષ્ઠ સત્ય પરબ્રહ્મ શ્રીકૃષ્ણનું અમે ધ્યાન ધરીએ છીએ. (૧)

धर्मः प्रोज्झितकैतवोऽत्र परमो निर्मत्सराणां सतां–वेद्यं वास्तवमत्र वस्तु शिवदं तापत्रयोन्मूलनम् ।
श्रीमद् भागवते महामुनि कृते किं वा परैरीश्वरः–सद्यो हृद्यवरुध्यतेऽत्र कृतिभिः शुश्रूषुभिस्तक्षणात् ॥२॥

આ શ્રીમદ્ ભાગવતજીમાં ફળની લાલસા વિનાનો ભગવદ્ધર્મ-પરમધર્મ વર્ણવેલો છે. હૃદયમાં માત્સર્યનો દોષ લેશ પણ નથી તેવા ઉદ્ધવજી જેવા કે શુકદેવજી જેવા સત્પુરુષોને જે ધર્મો-ભગવદધર્મો જાણવા જેવા છે તે જ ધર્મોનું આ શ્રીમદ ભાગવતજીમાં નિરૂપણ કર્યું. આ શ્રીમદ્ ભાગવતજીમાં જે સર્વનું કલ્યાણ કરનાર વાસ્તવિક વસ્તુ શ્રીકૃષ્ણ છે તે શ્રીકૃષ્ણનું જ વર્ણન છે. મહામુનિ શ્રીકૃષ્ણ દ્વૈપાયન વ્યાસજીને ભગવાનની કૃપાથી સમાધિમાં જે ત્રણે લોકોના ત્રણ પ્રકારના તાપ-સંતાપને સમૂલ નાશ કરવા સમર્થ એવા જે ભાગવદ્લીલાત્મક ધર્મોનો સાક્ષાત્કાર થયો તેનું આ શ્રીમદ્ ભાગવતમાં નિરૂપણ છે. જો શ્રીમદ્ ભાગવતજીનું સેવન કરવામાં આવે તો તે જ ક્ષણે સર્વસમર્થ ભગવાન શ્રીકૃષ્ણ પુણ્યશાળી અને સેવાપરાયણ શ્રોતાજનોનાં હૃદયમાં સ્વયં પ્રવેશીને નિત્ય બિરાજે છે તો પછી ભગવાનને હૃદયમાં પધરાવવા માટે અન્ય સાધનો કરવાની આવશ્યકતા શી ? અન્ય કોઈ પણ સાધનોથી ભગવાન મેળવશું ત્યાં સાધનો અને સાધ્ય ભગવાન એ વસ્તુ જુદી હોય છે, જ્યારે શ્રીમદ્ ભાગવતજી ભગવાનનું જ સ્વરૂપ હોવાથી સાધન અને સાધ્ય બન્ને સ્વરૂપે છે. માટે ભગવાનને મેળવવામાં સરળતા અને સરસતા શ્રીમદ્ ભાગવતમાં વસેલાં છે આથી અધિક બીજાં કયાં ફળો હોઈ શકે ! (૨)

निगमकल्पतरोर्गलितं फलं शुकमुखादमृतद्रवसंयुतम् । पिबत भागवतं रसमालयं–मुहुरहो रसिका भुवि भावुकाः ॥३॥

શ્રી બ્રહ્માજીનો 'સત્યલોક' નામનો લોક છે એમાં નિગમ એટલે વેદ નામનું એક કલ્પતરુ નામનું વૃક્ષ છે. એના ઉપર અનેક ફળોમાં એક એવું ફળ આવ્યું કે જે ફળની છાલ, ડીંટ, ગોટલો, ગોટલી, રેસા વગેરે સર્વ રસરૂપ જ હતાં. તે રસરૂપ ફળ પરિપૂર્ણ પરિપકવ થઈ ગયેલું હતું; તેથી તે સ્વયં ગળી ગયું અને સત્યલોકમાંથી ભૂતળ ઉપર આવ્યું. આ રસરૂપ ફળને રસમય શ્રી શુકદેવજીના મુખારવિંદનો સંબંધ થયો; તેથી મુક્તિની લાલસાને શિથિલ કરનારો ભક્તિરસ છલકાવા લાગ્યો, તો ભૂતળ પર વસનારા હે રસિક અને ભાવશીલ ભક્તો ! આકંઠ તૃપ્તિ થાય તે રીતે કે મોક્ષનો આસ્વાદ લીધા પછી પરમાનંદનો આસ્વાદ પામવા માટે વારંવાર અને સર્વદા શ્રીમદ ભાગવત રસનું પાન કરો. (૩) શ્રી વ્યાસ મહર્ષિએ જે તત્ત્વનું શ્રીમદ્ ભાગવતમાં નિરૂપણ કર્યું તે સમગ્ર તત્ત્વ મંગલાચરણના ત્રણ શ્લોકોમાં વર્ણવી દીધું છે. શ્રીમદ્ ભાગવતજીના પ્રથમ શ્લોકના જ ૧૦૮ અર્થો વિદ્વાનોએ વર્ણવ્યા છે. એ વિસ્તાર પણ રસિકોના પરમાનંદને

પોષનારો છે. આપણે તો મહાપ્રભુજીએ તાત્પર્ય સમજાવ્યું છે તેને સહજ સમજીએ. સર્વ જ્ઞાનનું સૂક્ષ્મતમ બીજ પ્રણવ છે અને ગાયત્રી એ સ્પષ્ટ બુદ્ધિગોચર થતું પુષ્ટ બીજ છે. ગાયત્રી મંત્રનો ઉપયોગ બ્રહ્માજીએ અનેક પ્રકારે કરેલો છે. વળી વિવિધ પ્રકારનો ગાયત્રી મંત્ર છે. સૂર્યોપસ્થાનમાં-અગ્નિ ઉપસ્થાનમાં વળી ગાયત્રી મંત્રથી અભિમંત્રિત કરેલા જળ દ્વારા "મંદેહ" નામના દૈત્યોના નિવારણમાં ગાયત્રી મંત્રનો ઉપયોગ થાય છે. આ પ્રકારે થતા ગાયત્રી મંત્રના પ્રત્યેક અર્થના સૂચન માટે મંગલાચારણના પ્રથમ શ્લોકમાં "ગાયત્રી મંત્રના અર્થના" વર્ણનથી મંગલાચરણનો પ્રારંભ કરેલો છે. ૨૪ અક્ષરના મંત્રના तत् सवितुः વગેરે જે પદોના અર્થો થાય છે તે અર્થના વાચક શબ્દોવાળો જ મંગલાચરણનો પ્રથમ શ્લોક છે.

બીજને રોપ્યા બાદ તેમાંથી વૃક્ષ બને છે. ગાયત્રી મંત્ર નામના બીજમાંથી "વેદકલ્પતરુ" નામના વૃક્ષનું સ્વરૂપ થયું. આ વેદમાં સર્વધર્મોનું નિરૂપણ કર્યું છે. ભગવત્સેવા શ્રેષ્ઠ ધર્મ છે એવું વેદોમાં વર્ણવ્યું છે; પરંતુ એ પ્રકારના અર્થનું અનુસંધાન કેવલ શ્રીકૃષ્ણ ભગવાનની કૃપાથી શ્રીકૃષ્ણ દ્વૈપાયન મુનિને જ સમાધિમાં થયું અને એનું વર્ણન વ્યાસજીએ કર્યું. આ પ્રકારનો વેદોનો વાસ્તવિક અર્થ જ વિસ્તારથી શ્રીમદ ભાગવતમાં વર્ણવેલ છે-સમાવિષ્ટ કરેલ છે એવા તાત્પર્યને વર્ણવતો મંગલાચરણનો દ્વિતીય શ્લોક વ્યાસજીએ વર્ણવ્યો છે, માટે બીજો શ્લોક વૃક્ષસ્વરૂપ છે.

વેદવૃક્ષ ઉપરનો સાંખ્ય, યોગ, યજ્ઞ, તપ, જ્ઞાન આદિ તત્ત્વોનું વર્ણન કરનારાં અસંખ્ય ફળો આવ્યાં; પરંતુ તે ફળો સર્વને સ્વલ્પ સુખ અને સંતોષ આપનારાં હોવાથી શુકદેવજીને તે ફલોમાં અનુરાગ ક્યાંથી પ્રકટે ? પરંતુ પિતૃચરણ શ્રીકૃષ્ણ દ્વૈપાયન વ્યાસજીની કૃપાથી અને શ્રીકૃષ્ણકૃપાથી કેવલ "શ્રીમદ્ ભાગવત" નામના સર્વાંગ પરમાનંદમય-સર્વાંગરસમય ફલમાં જ અનુરાગ થયો અને એ રસનાં શુકદેવજીએ પાન કર્યાં અને સર્વને કરાવ્યાં. હવે આપણે પણ અન્ય ગ્રન્થોના શ્રવણ-કીર્તન આદિનો પરિશ્રમ પડતો મૂકીને ચાલો "શ્રીમદ્ ભાગવત રસ"નું જ પાન કરીએ.

નૈમિષારણ્યની પરિષદ

પરમ પાવન વિષ્ણુપદીના વિપુલ પુલિને શાંત અને પવિત્ર નૈમિષારણ્ય વનમાં કુલપતિ શૌનકમુનિનું ગુરુકુલ હતું. મુનિવર કુલપતિ એટલા માટે કહેવાતા હતા કે એમને આંગણે દશ હજાર વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસ કરતા હતા. મુનિવરને મિલકતમાં ગામમાં ઘર નથી, સીમમાં ખેતર નથી અને શ્રીમંતની પેઢીમાં લાખોની થાપણ નથી, તોપણ દશ હજાર છાત્રોને-અન્તેવાસીઓને નિવાસ, વિદ્યાભ્યાસ, ભોજન, ગણવેશ આદિ સર્વ કુલપતિ દમ્પતી જ જનની-જનક તરફથી જ વાત્સલ્યમાં મળતાં હતાં. વર્ષોપર્યન્ત વિદ્યાધ્યયન કરી વિદાય લેતા સમાપ્તવિદ્ય સ્નાતકની વિદાય વેળાની ગુરુકુલની ઉરવ્યથા, વિવાહ કરી પતિગૃહે પ્રસ્થાન કરી પ્રાણપ્યારી પુત્રીના માવતરની-પિયર-પરિવારની ઉરવેદનાને પણ વિસરાવી દેતી હતી. આ સર્વ અલૌકિક ભાવ ગુરુકુલના કુલપતિ શૌનકમુનિના શિષ્યાનુરાગનું અને શિષ્યવૃન્દની અનુપમ ગુરુભક્તિનું પ્રતિફલન હતું. આ આશ્રમમાં એક સઘન તરુવરની વનરાજિના મધ્ય હૃદયમાંથી ભગવતી ભાગીરથીનાં નીર વહી રહ્યાં હતાં. મુનિરાજે શાંત, પાવન આશ્રમમાં એક હજાર વર્ષના સુમંગલ સત્રનું આયોજન કર્યું છે. આ સત્રપરિષદમાં દૂરસુદૂર દેશદેશાવરથી અને આશ્રમ પ્રદેશમાંથી જ્ઞાની, ભક્ત, વિરક્ત એવા દિવ્ય શ્રોતાસમાજનું અધિવેશન ચાલી રહ્યું હતું. આંખના પલકારા પણ વિરમી જતા અને ઉરવૃત્તિઓનાં ગૂંચળાં પણ થંભી જતાં એવા નૈમિષારણ્યનો મહિમા ગાતાં શ્રુતિ ભગવતી પુલકિત થતી હતી. નૈમિષારણ્યની પરિષદમાં રૌમહર્ષણિ મુનિવર પધાર્યા છે એવી પધરામણીની વધામણી સર્વના કાનેકાને પહોંચી ગઈ હતી. સભા ક્ષણવારમાં ગોઠવાઈ ગઈ. આ મંગલ કાર્યમાં કોઈ વિઘ્ન-બાધા ન કરે એ હેતુથી જયઘોષ થવા લાગ્યા. શ્રી ગોવર્ધનનાથજીકી જય, શ્રી આચાર્યજી મહાપ્રભુજીકી જય-શ્રી ગુંસાઈજી પરમ દયાલકી જય, શ્રી શ્યામસુંદર યમુના મહારાણીજીકી જય વગેરે વિપુલ જયઘોષો થયા. શંખધ્વનિએ મંગલની વૃદ્ધિ કરી. ઘંટા, ઝાંઝ, પખાજના સુમંગલ ધ્વનિઓએ દૂર દૂર અમંગલોનાં નિરસન કરી નાખ્યાં. હરિકથારસ રેલાવા લાગ્યો. ચાલો ચાલો, આપણે આ હરિરસનાં પાન કરીએ, વિલંબ ના કરીએ, માતાપિતા, ગુરુ, ગોવિન્દને દંડવત્ કરીએ.

પ્રારંભમાં છ પ્રશ્નો

અનિમિષ-શ્રી વિષ્ણુ ભગવાનના ક્ષેત્ર નૈમિષારણ્યમાં શ્રી શૌનકાદિ મહર્ષિઓ, ભગવાનના આનંદના એક અંશરૂપ લોકાત્મક ઈન્દ્રના સ્વર્ગની પ્રાપ્તિ કરવા માટે નહીં પરંતુ પરમાનંદ ભગવાન શ્રીકૃષ્ણની પ્રાપ્તિ કરવા એકહજાર વર્ષના દીર્ઘ સત્રને આરંભીને બિરાજ્યા હતા. એક દિવસ પ્રાતઃકાલમાં અગ્નિહોત્રના અગ્નિમાં પ્રાતર્હોમ કર્યા બાદ પુનઃ હોમ કરીને, મુનિવરો હોમવિધિથી પરવારીને સભાસ્થાનમાં આવ્યા અને શ્રી રૌમહર્ષણિ મુનિવર સૂતજીને બ્રહ્માસને પધરાવી સત્કાર કરી આદરની ઉત્તમ ભેટ ધરી આ પ્રકારે પ્રશ્નો પૂછવા લાગ્યા. (૪, ૫)

ત્રણ શ્લોકોમાં ભક્તોનું યશોગાન

મુનિવરો બોલ્યા કે, હે પુણ્યાત્મન ! નિષ્પાપ ઉગ્રશ્રવા મુનિ ! આપશ્રીએ નિશ્ચયપૂર્વક ઈતિહાસ સહિત પુરાણોનું અને ધર્મશાસ્ત્ર વગેરેનું અધ્યયન કર્યું છે. વળી અધ્યયન કર્યા પછી શ્રવણ પણ કર્યું છે અને શ્રવણ પછીથી અન્ય સર્વની સમક્ષ તે સર્વનું વ્યાખ્યાન પણ કરેલું છે. (૬) હે મહર્ષિ સૂત ! સૂતપરંપરામાં જે જ્ઞાન મળે છે તે તો આપની પાસે છે જ; પરંતુ તદુપરાંત વિદ્વત્શિરોમણિ ભગવાન શ્રી કૃષ્ણદ્વૈપાયન વ્યાસજી જે જે શાસ્ત્રપુરાણ, વેદ વગેરેનું જ્ઞાન ધરાવે છે, તેમ જ ભગવાનના સગુણ-નિર્ગુણ સ્વરૂપને જાણનારા, વળી થઈ ગયેલા અને થવાના અર્થોને જાણનારા મુનિવરો જે જ્ઞાનને જાણે છે, તે બધું જ જ્ઞાન પરમ દયાળુ બાદરાયણ વ્યાસજીની પરમ કૃપાથી રહસ્યભર્યા અર્થ સાથે આપ જાણો છો, કારણ કે સદ્ગુરુજનો સ્નેહાળ શિષ્યને જ્ઞાનના ગુહ્ય અભિપ્રાયને પણ કહે છે. (૭, ૮)

પ્રથમ પ્રશ્ન-પરમશ્રેયસ્ શું ?

મુનિ શૌનકજીએ નિવેદન કર્યું કે હે આયુષ્મન્ ! આપશ્રીએ તે તે શાસ્ત્રગ્રન્થોનાં અધ્યયન-પ્રવચનાદિથી પ્રત્યેક પુરુષ માટે પરમ કલ્યાણમય જે કોઈ માર્ગ નક્કી કર્યો હોય તે અમને કહેવાને આપ જ યોગ્ય છો. (૯) મુનિવર હે સૂતજી ! આપ તો સભ્ય છો, સભાના સ્વરૂપ અને હેતુને આપ જાણો છો તેથી જ આપ સભ્ય છો ! તો આ કલિયુગમાં મનુષ્યો ઘણે ભાગે અલ્પ આયુષ્યવાળા, આળસુ, અત્યંત મંદ મતિવાળા, મન્દ ભાગ્યવાળા અને અનેક ઉપદ્રવથી ઘેરાયેલા જણાય છે એ વાત નિશ્ચિત છે. (૧૦)

બીજો પ્રશ્ન

મનુષ્યોને વિભાગ પુરઃસર સાંભળવા લાયક અનેક શાસ્ત્રો છે કે જે શાસ્ત્રોમાં વિવિધ પ્રકારનાં કર્મ કરવાનાં વિધાનો સમાયેલાં છે, તો સજ્જન પુરુષ ! સર્વશાસ્ત્રોમાં જે સારભૂત હોય તેને આપ આપની બુદ્ધિથી તારવીને અમને સંભળાવો કે જેના આચરણથી સર્વના આત્મા ભગવાન શ્રીકૃષ્ણ પ્રસન્ન થાય અને જેનાથી પ્રાણી માત્રનું કલ્યાણ પણ થઈ શકે. (૧૧)

ત્રીજો પ્રશ્ન

આપને અમે દક્ષિણામાં આશીર્વાદ આપીએ છીએ કે આપનું કલ્યાણ થાઓ, હવે આપ એ વાત કહો કે "દેવતાઓના અને મુક્ત પુરુષોના પતિ ભગવાન શ્રીકૃષ્ણ, શ્રી વસુદેવજીનાં અર્ધાંગના શ્રી દેવકીજીમાં જે કાર્ય કરવા માટે પ્રકટ થયા છે તે વસ્તુ પણ આપ જાણો છો; તેથી તે પણ અમને કહો. (૧૨) હે અંગ ! અમે સર્વ સાંભળવાની ઈચ્છાવાળા છીએ તેઓને આપ તે સર્વ હકીકતનું વર્ણન કરવાને યોગ્ય છો; જે ભગવાનનો અવતાર પ્રાણીઓનાં ઐહિક સર્વ સુખો માટે અને મોક્ષ આપવા માટે છે. (૧૩) વ્યાઘ્ર, સર્પ વગેરે ભયાનક યોનિને પ્રાપ્ત થયેલો અથવા પરવશ બનેલી પરિસ્થિતિનો પણ જીવ જો વિવશ દશામાં શ્રીકૃષ્ણ ભગવાનના નામનું ઉચ્ચારણ કરે છે તો તેથી વિનાવિલંબે વિમુક્ત થઈ જાય છે; કારણ કે ભગવાનના નામથી સર્વને ડરાવનારો ભય પણ ભય પામે છે. (૧૪) હે સૂત મુનિવર ! અધિક શું કહીએ, જે ભગવાન શ્રીકૃષ્ણના ચરણારવિન્દનો દૈન્યભાવથી આશ્રય કરનારા અને પરમશાંતિસમ્પન્ન ઋષિઓનો ભક્તિભાવથી સમીપમાં જઈ સ્પર્શ કરાય તો શીઘ્રતાથી પવિત્ર કરી દે છે, જેમ શ્રી ગંગાજી જલસેવન કરનારા ભક્તજનોને પાવન કરે છે. (૧૫) મહર્ષિ સૂતજી ! ભગવાનની લીલાઓનું, ભગવાનની કથાઓનું, ભગવાનના યશનું મોટા મોટા પુણ્યશ્લોક

પુરુષો પણ ગાન કરે છે, એવો ભગવાનનો ઉત્તમ યશ કલિકાલનાં સમસ્ત પાપોનો ક્ષય કરી નાખે છે. જે જીવાત્માઓ તો જીવનની શુદ્ધિની ઈચ્છાવાળા છે તેવા કયા પુરુષો છે કે જેઓ ભગવાનનાં યશોગાન ના કરે ? અને હરિકથામૃતનાં પાન ના કરે ? (૧૬)

પ્રભુકથા પુણ્યશ્લોકનું જીવન છે : ચતુર્થ પ્રશ્ન

મહર્ષિ સૂતજી ! કવિવરોએ વિવિધ પ્રકારે ગાયેલાં તેમ જ પાત્રાપાત્રનો ખ્યાલ રાખ્યા વિના પ્રત્યેકને ઉત્તમ ફળ આપનારા માટે ઉદાર એવાં ભગવાનનાં ચરિત્રો-લીલાઓ અમને સંભળાવો. ભગવન્ ! અમે શ્રદ્ધાવાળા છીએ માટે આપ કથાઓ કહો. હે મહર્ષિ ! પ્રભુ શ્રીકૃષ્ણ લીલાઓ દ્વારા જુદી જુદી કલાઓને ધારણ કરે છે. (૧૭)

પાંચમો પ્રશ્ન

હે મતિમાન સૂતજી ! હવે આપને પાંચમો પ્રશ્ન છે કે ભગવાન પોતાની સર્વભવન સામર્થ્ય માયા નામની શક્તિથી પોતાની અને પોતાના ભક્તજનોની ઈચ્છાનુસાર લીલાઓને ધારણ કરનાર સર્વતંત્ર સમર્થ છે તે ભગવાન શ્રીકૃષ્ણના મંગલમય અવતારોની કથાઓ આપ અમને સંભળાવો. (૧૮) નાથ ! અમે પ્રભુનાં કથામૃતનાં પાન નથી કર્યાં એવું નથી, વારંવાર પાન કર્યાં છે; પરંતુ ભગવાનનાં કથામૃત જ એવાં છે કે પીનારને તૃપ્તિ થતી જ નથી. કારણ કે સાંભળનાર રસજ્ઞજનોને પદે પદે, અક્ષરે અક્ષરે રસાસ્વાદ છલકાય છે. (૧૯) માયાથી મનુષ્ય જેવા શ્રી વિગ્રહને-કાયાને ધારણ કરી ગૂઢસ્વરૂપે બિરાજતા ભગવાન શ્રીકૃષ્ણે શ્રી બલભદ્રભૈયા સાથે જે જે લોકોત્તર પરાક્રમો આચર્યાં છે તે સર્વ અમને કહો. (૨૦) આપ જાણો છો જ કે "કલિયુગ" આવી લાગ્યો છે, પરંતુ આ નૈમિષારણ્ય નામના વૈષ્ણવક્ષેત્રમાં એનો પ્રભાવ નથી એ જાણીને આ ક્ષેત્રમાં અમે એક હજાર વર્ષ પર્યન્ત ચાલે એવા "કથાસત્ર"ની દીક્ષા લઈને બેઠા છીએ. ભગવન્ ! કેવલ કથાશ્રવણ માટે જ અમે સાવકાશ છીએ, અન્ય કોઈ કાર્ય માટે અમારી પાસે એક પણ ક્ષણ નથી. (૨૧) અધિક શું કહીએ સૂતજી ! મહામહેનતે પણ પાર ના કરી શકાય તેવા મહાસાગરને પાર કરવાની અભિલાષાવાળાને કોઈ કુશળ ખેવણહાર નાવિક મળી જાય એ જ પ્રકારે ભગવાનના જ અનુગ્રહથી હે સૂતજી ! આ બુદ્ધિને હરી લેનાર, માટે જ પાર ના કરી શકાય તેવા કલિયુગના ધર્મોને પાર કરવા માટે જ વિધાતાએ અમને આપનાં દર્શન દીધાં છે. (૨૨)

છઠ્ઠો પ્રશ્ન

ભગવન્ ! હવે આ અમારો છેલ્લો અને છઠ્ઠો પ્રશ્ન છે કે બ્રહ્મણ્યદેવ ધર્મસંરક્ષક, યોગેશ્વર ભગવાન શ્રીકૃષ્ણ દેવોની પ્રાર્થનાથી પોતાના નિત્યધામ નિજવૈકુંઠમાં પધાર્યા ત્યારે આ ભૂતળ ઉપર વર્તમાનકાલમાં ધર્મ કોને શરણે ગયો ? ધર્મને આધાર કોનો રહ્યો ? (૨૩)

શ્રીમદ્ ભાગવત પ્રથમ સ્કંધ અધિકારલીલાના સામાન્યાધિકાર પ્રકરણમાં "પ્રશ્નનિરૂપણ" નામનો પ્રથમ અધ્યાય સંપૂર્ણ

અધ્યાય ૨જો

[આ અધ્યાયમાં ૩૪ શ્લોકો છે. પ્રથમ, દ્વિતીય અને તૃતીય અધ્યાયોમાં શ્રોતા શૌનકાદિ મુનિઓ અને વકતા શ્રી ઉગ્રશ્રવા સૂત મુનિના સત્સંગની કથા આવેલી છે. પ્રથમ અધ્યાયમાં મુનિવરોએ જે છ પ્રશ્નો પૂછ્યા છે, તેના ક્રમશઃ ઉત્તરો આ અધ્યાયથી આપવામાં આવશે. શ્રી સૂત મહર્ષિ ત્રણ શ્લોકોમાં શુકાચાર્ય ગુરુદેવને અને ભગવાનને નમસ્કાર કરી મંગલાચરણ કરશે અને કથાનો પ્રારંભ કરશે. મહર્ષિ વ્યાસજી અધ્યાયના આરંભમાં શ્રી રૌમહર્ષણિ મુનિનો પરિચય આપી કથાનો પ્રારંભ કરાવે છે.]

ભગવત્કૃપાથી ભગવદીય શ્રોતા-વકતા મળે

કુલપતિ શૌનકાદિ ઋષિઓના ઉરમાં હરિકથા રસપાન કરવાનો ભાવ જાગ્યો. સર્વ મુનિવરો મનોરથ મહાસાગરમાં ડૂબવા લાગ્યા. ભગવાને મુનિવરોના દિવ્ય ભાવથી અત્યંત પ્રસન્ન થઈને મુનિવરોના મનોરથને પૂર્ણ કરવા માટે જ શ્રી રૌમહર્ષણિ મુનિવરનાં દાન દીધાં. કુશળ કેવટ સૂત મહર્ષિ હવે મુનિવરોને હરિકથારસનું પાન કરાવીને મનોરથની પૂર્તિ કરી રહ્યા છે. સૂત મુનિનું નામ "ઉગ્રશ્રવા" છે. તેમના પિતાજીનું નામ "રોમહર્ષણ" છે. રોમહર્ષણ મુનિના 'રોમે રોમે'

હર્ષ ભરેલો છે. જ્યારે તેઓ કહે છે ત્યારે તેઓશ્રીનાં અને શ્રોતાઓનાં રોમે રોમે હર્ષ-આનંદ ઊભરાય છે. લોકો તેથી તેમને "રોમહર્ષણ" મુનિના નામથી ઓળખે છે. રોમહર્ષણ મુનિના પુત્ર ઉગ્રશ્રવાને પિતાએ આ દિવ્ય સંપત્તિ વારસામાં આપી છે. જ્યારે "ઉગ્રશ્રવા" હરિરસનાં પાન કરાવે છે ત્યારે પોતાનાં અને શ્રોતાઓનાં "રોમે રોમ" હર્ષથી છલકાય છે, તેથી તેમનું નામ ઉગ્રશ્રવા હોવા છતાં "રૌમહર્ષણિ" એવા નામથી શ્રોતાઓ તેમને બોલાવે છે કથાકારો "સૂત" નામથી લગભગ ઓળખાય છે એટલે રોમહર્ષણ માટે પણ "સૂત" શબ્દ સંબોધનમાં વપરાય છે અને રૌમહર્ષણિ માટે પણ "સૂત" શબ્દ વપરાશે. આથી પ્રાયઃ સર્વત્ર "સૂત ઉવાચ" આવું જ વાક્ય આવશે. જ્યારે કોઈ વિશેષ આશય હશે ત્યારે "રૌમહર્ષણિ ઉવાચ" એવું પણ વાક્ય વપરાશે. આ પ્રકારનો સૂતજીનો પરિચય આપવા હવે "વ્યાસ મહર્ષિ" બોલશે. વ્યાસજીનું નામ પણ "બાદરાયણ" છે. પરંતુ જેઓ પૃથ્વી ઉપર ભગવાનનો અવતાર લઈને આવ્યા છે અને જ્ઞાનના બીજ "ॐ" - પ્રણવમાંથી સર્વ વેદોના અને પુરાણોના જ્ઞાનના વિસ્તારનું દાન કરે છે તેઓને વ્યાસ કહેવાય છે. પ્રત્યેક વ્યાસનાં નામો જુદાં જુદાં હોય છે. તેઓ પ્રત્યેક કલ્પના દ્વાપર યુગમાં અવતરે છે અને જ્ઞાનનો વિસ્તાર કરે છે. આ કલ્પના વ્યાસજીનું નામ "શ્રી કૃષ્ણ દ્વૈપાયન" વ્યાસજી છે.

व्यास उवाच–इति सम्प्रश्नसम्पृष्टः स विप्रै रौमहर्षणिः । प्रतिपूज्य वचस्तेषां प्रवक्तुमुपचक्रमे ।।१।।

મહર્ષિ વ્યાસજીએ કહ્યું કે આ પ્રકારે ૠષિવરોએ જ્યારે પુરુષાર્થ જ્ઞાનને સમજવા માટેના સ્પષ્ટ સમજાય તેવા છ પ્રશ્નો પૂછ્યા ત્યારે શ્રી રોમહર્ષણ મુનિના પુત્ર શ્રી ઉગ્રશ્રવા રૌમહર્ષણિ મુનિવરે, ૠષિવરોનાં વચનનું અભિનંદન કર્યું અને શ્રીમદ્ ભાગવતજીની કથાનો આરંભ કર્યો. (૧)

सूत उवाच– यं प्रवजन्तमनुपेतमपेतकृत्यं दैपायनो विरहकातर आजुहाव
पुत्रेति तन्मयतया तरवोऽभिनेदु स्तं सर्वभूतहृदयं मुनिमानतोऽस्मि ।।२।।
यः स्वानुभावमखिलश्रुतिसारमेक–मध्यात्मदीपमतितितीर्षतां तमोऽन्धम्
संसारिणां करुणयाऽऽह पुराणगुह्यं तं व्याससूनुमुपयामि गुरुं मुनीनाम् ।।३।।
नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तम् । देवीं सरस्वतीं व्यासं ततो जयमुदीरयेत् ।।४।।

રૌમહર્ષણિ મુનિવર ત્રણ શ્લોકમાં મંગલાચરણ કરે છે

શ્રી સૂત મહર્ષિજી પોતાના ગુરુદેવ શુકાચાર્યજીને બે શ્લોકોમાં અને એક શ્લોકમાં ભગવાનને અને શ્રીમદ્ ભાગવતજીના વકતાઓને નમસ્કાર કરવા લાગ્યા, કે જે શ્રી શુકદેવજીને યજ્ઞોપવીત સંસ્કાર નથી થયા પરંતુ ભગવાનના જ્ઞાન, વૈરાગ્ય, ધર્મનો અવતાર હોવાથી કોઈ પણ કર્મ કરવાનાં રહેલાં ન હોવાથી આશ્રમ ત્યજીને ચાલ્યા જતા પુત્ર શુકદેવજીને પુત્રવિયોગની વેદનાથી વ્યાકુળ થયેલા પિતાજી શ્રી દ્વૈપાયન વ્યાસ મુનિવર 'હે પુત્ર ! હે પુત્ર !' એવા સંબોધનથી પોકારવા લાગ્યા, ત્યારે શ્રી શુકદેવજીની બ્રહ્મરૂપની તન્મયતા-વ્યાકપતાને કારણે સર્વ વૃક્ષોએ "ઓ પિતાજી ! ઓ પિતાજી ! હું ક્યાંય નથી ગયો અહીં જ છું" એવો ઉત્તર આપ્યો, આવી વ્યાપકતાથી સર્વત્ર વસેલા સર્વના હૃદયરૂપ શ્રી શુકદેવજીને ચારે તરફથી નમસ્કાર કરું છું. (૨)

[શ્રીમદ્ ભાગવત ભગવાનનું સ્વરૂપ છે માટે પ્રમેયરૂપ છે; શ્રીમદ ભાગવત શ્રુતિસાર છે માટે પ્રમાણરૂપ છે; - શ્રીમદ્ ભાગવત સમાન અન્ય જ્ઞાન નથી માટે તે એક જ અસાધારણ-શ્રેષ્ઠ જ્ઞાન છે, તેમ જ હૃદયના અંધકારને દૂર કરનાર દીપક છે માટે શ્રેષ્ઠ સાધન છે. આ પ્રમાણે (૧) પ્રમેયરૂપ (૨) પ્રમાણરૂપ (૩) અસાધારણ સ્વરૂપ અને શ્રેષ્ઠ સાધન સ્વરૂપ (૪) આ ચારે પ્રકારની ઉત્તમતા આ મંગલાચરણના શ્લોકમાં વર્ણવી છે.]

શ્રીમદ્ ભાગવતનું પઠન-મનન કરનારને પોતાના સ્વરૂપનું દર્શન કરાવે છે; વળી સમગ્ર શ્રુતિઓના સારરૂપ છે; શ્રીમદ્ ભાગવત સમાન અન્ય જ્ઞાન નથી; તેથી તે એક છે; તેમ જ જીવનમાં રહેલા ઘોર અંધકારને તરવાની ઈચ્છા રાખનારાઓના અંતરાત્મામાં રહેલા મોહઅંધકારને દૂર કરનાર હૃદયના દીપકરૂપ શ્રીમદ્ ભાગવત્ સાધન છે; આવી

ચારે પ્રકારની યોગ્યતાવાળા અને સર્વે પુરાણોમાં ગુપ્તરૂપે રહેલા શ્રીમદ્ ભાગવતજીને સંસારી જીવો ઉપર કરુણા કરીને કહેલું છે તે વ્યાસ મહર્ષિજીના પુત્ર અને મુનિજનોના આચાર્ય શ્રી શુકાચાર્ય મુનિવર્યને હું શરણે જાઉં છું. (૩)

અષ્ટાદશ પુરાણોનું અને શ્રી મહાભારતનું નામ "જય" ગ્રન્થ છે :

શ્રી નારાયણ ભગવાનને નમસ્કાર કરીને, નરને નમસ્કાર કરીને, નરોત્તમ વાયુને નમસ્કાર કરીને, બ્રહ્માજીને નમસ્કાર કરીને, શ્રી નારદજીને નમસ્કાર કરીને, શ્રી સ્વામિનીજીને નમસ્કાર કરીને, શ્રી શેષ ભગવાનને નમસ્કાર કરીને, શ્રી સરસ્વતી દેવીને નમસ્કાર કરીને, અને વ્યાસ મહર્ષિને નમસ્કાર કરીને શ્રી ભાગવત આદિ જય કથાઓનો પ્રારંભ કરવો. (૪)

વકતાએ શ્રોતાઓનું કરેલ અભિનંદન

સ્વામિનીજી મહર્ષિ સૂતજીએ કહ્યું કે, મુનિવરો ! આપે મને અત્યંત ઉત્તમ પ્રશ્ન પૂછ્યો છે - આપના પૂછેલા પ્રશ્નોમાં લોકોનું સર્વવિધ મંગલ સમાયેલું છે. તેમજ આ પ્રશ્નો ભગવાન શ્રીકૃષ્ણ સંબંધના છે. હે મુનિવરો ! આ પ્રશ્નોના શ્રવણ માત્રથી-આત્મા-શ્રીકૃષ્ણ પ્રસન્ન થાય છે તો પછી ઉત્તર સાંભળવાથી ભગવાન પ્રાપ્ત થાય એમાં આશ્ચર્ય શું ! (૫)

પ્રથમ પ્રશ્નોનો પ્રત્યુત્તર

મુનિવરો ! ભગવાન અધોક્ષજ હોવાથી મનુષ્યની લૌકિક ઈન્દ્રિયોથી ભગવાનનું જ્ઞાન થઈ શકતું નથી એવા અધોક્ષજ ભગવાનની અકારણ અને અખંડિત કોઈ પણ પ્રકારના સ્વાર્થ-લાલસા વિનાની અને કદી પણ ખંડિત ના થાય એવી અનન્યભાવથી કરવામાં આવતી સેવા એટલે ભક્તિ. એ ઉત્તમ પુરુષોનો ઉત્તમ ધર્મ છે. આવા પ્રકારની ભક્તિ-સેવાથી જ ભગવાન શ્રીકૃષ્ણ પ્રસન્ન થાય છે. (૬) હવે ભક્તિ કોની કરવી એનો નિર્ણય કરતાં બોલ્યા કે, શ્રી વાસુદેવ ભગવાનની ભક્તિ કરવી. ભગવાન વાસુદેવમાં યોજેલો ભક્તિયોગ વિનાવિલંબે વિષયોમાં વૈરાગ્ય પેદા કરે છે અને અનુમાનથી ના સમજી શકાય તેવું આત્મામાં જ્ઞાન ઉત્પન્ન કરે છે. (૭) ઘણી સારી રીતે અને વિધિપૂર્વક આચરેલ યજ્ઞયાગ કે તીર્થસ્નાનાદિ ધર્મ જો વિષ્વક્સેન એટલે જે ભગવાનની ચારે તરફ સેના છે અથવા સર્વત્ર જે ભગવાનની આજ્ઞાથી જ કાર્ય થાય છે એવા વિષ્વક્સેન ભગવાનની કથાઓમાં પ્રીતિભાવને ઉત્પન્ન કરે નહિ તો તે કેવલ "શ્રમ" જ - મહેનત મનાશે; પરંતુ ધર્મ કહેવાશે નહિ. (૮) મોક્ષપર્યન્ત જેનું પાલન કરાય છે એવા ધર્મનું ફલ-પ્રયોજન, અર્થસિદ્ધ કરવા માટે સંભવી શકે નહિ. તેમ ધર્મમાર્ગમાં જેનો વિભિન્ન યોગ થાય છે એવા ધનની વપરાશ વિષયસેવનમાં ન થઈ શકે; જીવનનિર્વાહ જેનું પ્રયોજન છે એવા કામનો લાભ ઈન્દ્રિયોની પ્રીતિરૂપ હોઈ ના શકે, પરંતુ જેટલા કામ વડે જીવી શકાય તેટલો કામ પ્રાપ્ત કરવો એ કામનો લાભ છે, તેવો જ જીવનો લાભ પણ કર્મો દ્વારા અન્ય પુરુષાર્થોને સિદ્ધ કરવા માટે નથી પરંતુ તત્ત્વ જાણવાની ઈચ્છા માટે છે. (૯, ૧૦)

જીવનનું ફળ તત્ત્વજિજ્ઞાસા

જીવનનું ફલ તત્ત્વજિજ્ઞાસા છે એવું જાણ્યા પછી શાસ્ત્રો વિવિધ તત્ત્વોને વર્ણવે છે; તો એવું કયું "એક" જ તત્ત્વ છે જેને જાણ્યા પછી બીજું જાણવાનું બાકી જ ન રહે. એ ભાવનાથી કહે છે કે, બ્રહ્મ, પરમાત્મા અને ભગવાન એવા ત્રણ શબ્દના ભેદથી જુદું જુદું બોલાતું જે "એક જ્ઞાન" છે તેને જ તત્ત્વજ્ઞ પુરુષો તત્ત્વ તરીકે વર્ણવે છે. (૧૧) તે તત્ત્વમાં શ્રદ્ધા રાખનારા મુનિઓ, શાસ્ત્રજ્ઞાન દ્વારા ગ્રહણ કરાયેલી અને જ્ઞાનવૈરાગ્યવાળી ભક્તિથી પોતામાં આત્મરૂપ ભગવાનનાં દર્શન કરે છે. (૧૨) હે શ્રેષ્ઠ દ્વિજવરો, હે શૌનકાદિ મહર્ષિઓ, બ્રાહ્મણાદિ ચાર વર્ણો અને બ્રહ્મચર્યાદિ ચાર આશ્રમોના, વિભાગાનુસાર ખૂબ જ સારી રીતે આચરવામાં આવેલો ધર્મ ત્યારે જ વ્યવસ્થિત સિદ્ધ થયો ગણાય કે જ્યારે એ ધર્માચરણથી પોતાના આત્માના પણ આત્મા ભગવાન પ્રસન્ન થાય. (૧૩) તે કારણથી સાત્ત્વતોના-ભક્તોના પ્રતિપાલક ભગવાનનું એક ચિત્તથી નિરંતર શ્રવણ, કીર્તન, ધ્યાન, પૂજન, અર્ચન કરવું. (૧૪) જે ભગવાનના અન્ય ધ્યાનરૂપ ખડ્ગથી યુક્ત કુશળ વિદ્વાનો કર્મ અને કર્મની ગ્રંથિને છેદી નાખે છે તે ભગવાનની કથાઓમાં કયો પુરુષ પ્રેમ ના કરે !

(૧૫) હે વિપ્રો ! 'હે દ્વિજવરો ! શ્રવણ કરવાની ઈચ્છાવાળા અને શ્રદ્ધા રાખનાર પુરુષને મહાન પુરુષોની સેવા કરવાથી, પવિત્ર તીર્થનું સેવન કરવાથી, વાસુદેવ ભગવાનની કથામાં પ્રીતિ ઉત્પન્ન થાય છે. (૧૬) જે ભગવાનના ગુણોનું અને લીલાઓનું પુણ્યસ્વરૂપ છે એવા સત્પુરુષોના સુહૃદ શ્રીકૃષ્ણ પ્રભુ પોતાની કથાનું શ્રવણ કરનારા પુરુષોના હૃદયમાં બિરાજીને તે ભક્તોના પાપને ધોઈ નાખે છે. (૧૭) જ્યારે કથા, શ્રવણ-કીર્તન દ્વારા કામ-ક્રોધ આદિ અમંગલો નષ્ટ થાય ત્યારે નિરંતર શ્રીમદ્ ભાગવતજીના સેવનથી, પરમ ભાગવતોની સેવાથી ઉત્તમશ્લોક ભગવાનમાં નિષ્ઠાવાળી અવિચલ ભક્તિ થાય છે. (૧૮) ત્યારે રજોગુણ અને તમોગુણના ભાવરૂપ કામલોભાદિક ચિત્તમાં રહ્યા છે તેનાથી જરાપણ વીંધાયા વિનાનું, કામ-ક્રોધ લોભાદિના જરા સ્પર્શ વિનાનું ચિત્ત સત્ત્વગુણમાં સ્થિત થઈને પ્રસન્ન થાય છે. (૧૯) એવી રીતે પ્રસન્ન મનવાળા ભગવદીય જન જ્યારે ભગવાનની ભક્તિના યોગથી મુક્તસંગ બની જાય ત્યારે ભગવાન સંબંધી તત્ત્વનું વિશેષ સ્વરૂપમાં જ્ઞાન થાય છે. (૨૦)

વિશેષ સ્વરૂપમાં ભગવત્‌તત્ત્વનું જ્ઞાન થતાં જ હૃદયગ્રંથિઓ ભેદાય

આ ભગવાન તો મારા આત્માના આત્મા છે એવો જ્યારે અનુભવ થાય, એવો જયારે સાક્ષાત્કાર કે દર્શન થાય ત્યારે હૃદયની ગ્રંથિઓ ભેદાઈ જાય છે, દરેક સંશય છેદાઈ જાય છે અને આત્મદૃષ્ટાનાં સર્વ કર્મોનો અને કર્મોની વાસનાઓનો પણ ક્ષય થાય છે. (૨૧) આવું સમજીને જ કવિજનો એટલે વિવેકી પુરુષો પરમ હર્ષપૂર્વક આત્માને પ્રસન્ન કરનારી નિરંતર શ્રી વાસુદેવ ભગવાનની ભક્તિ કરે છે. (૨૨) આ બ્રહ્માંડમાં એક જ પુરુષ ભગવાન આ જગતનાં ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર કરવા માટે માયાના સત્ત્વ-રજ-તમ એવા ત્રણ ગુણોથી યુક્ત બનીને બ્રહ્મા-વિષ્ણુ-મહેશ એવી સંજ્ઞાને ધારણ કરે છે; તેમાં પણ સત્ત્વગુણના અધિષ્ઠાતા વિષ્ણુ ભગવાનથી જ મનુષ્યોનાં કલ્યાણ થાય છે. (૨૩) પૃથ્વીમાંથી ઉત્પન્ન થયેલા કાષ્ઠમાંથી - સૂકા કાષ્ઠમાંથી પ્રથમ ધૂમવાળો લૌકિક અગ્નિ ઉત્પન્ન થાય છે ત્યાર બાદ તે ધૂમવાળા અગ્નિમાંથી અગ્નિહોત્રાદિકનો વૈદિક અગ્નિ ઉત્પન્ન થાય છે. તેવી જ રીતે તમોગુણ બ્રહ્મથી રજોગુણરૂપ બ્રહ્મ થાય છે અને રજોગુણરૂપ બ્રહ્મથી સત્ત્વગુણરૂપ બ્રહ્મ થાય છે અને તે સત્ત્વગુણરૂપ બ્રહ્મ અનુભવરૂપ છે.[1](૨૪) આ જ કારણથી પૂર્વના મનનશીલ ઋષિ-મુનિઓ, વિશુદ્ધ સત્ત્વવાળા તેમ જ ઈન્દ્રિયાતીત અધોક્ષજ ભગવાનનું ભજન કરતા હતા. આજે પણ આ લોકમાં તેવા મુનિ-ઋષિવરોના જે અનુગામી ભક્તજનો છે તેઓ પણ અધોક્ષજ ભગવાનને મેળવે છે. (૨૫) જે મોક્ષની અભિલાષાવાળા મુમુક્ષુજનો છે તેઓ તો ઉગ્ર સ્વરૂપવાળા ભૂતપતિઓનાં ભજન ત્યજીને કોઈની નિંદા નહિ કરનારા, અસૂયા વિનાના બનીને શાંત પુરુષો ભગવાન શ્રી નારાયણની કલાઓને જ સેવે છે. (૨૬) પરંતુ આ વિશ્વમાં જે શાંત પ્રકૃતિથી ભિન્ન રજોગુણ અને તમોગુણની પ્રકૃતિવાળા જે જીવો છે તેઓ તો લક્ષ્મી, ઐશ્વર્ય અને પ્રજા વગેરે પદાર્થોની કામનાવાળા હોવાથી પોતાના સમાન સ્વભાવ-પ્રકૃતિવાળા પિતૃપતિ, ભૂતપતિ અને પ્રજાપતિઓનું સેવન કરે છે. (૨૭)

વેદો, શાસ્ત્ર, તપ, યોગ આદિ સાધનો ભગવાનમાં જ સમાપ્ત થાય છે

સમગ્ર વેદો વાસુદેવ ભગવાનનું જ પ્રતિપાદન કરે છે, યજ્ઞોનું ફળ પણ વાસુદેવની જ પ્રાપ્તિ છે, યોગાનુષ્ઠાનનું ફળ અને વિધાન વાસુદેવને જ મેળવવા માટે છે; ધર્મ- શાસ્ત્રની દર્શાવેલી સમગ્ર ક્રિયાઓ પણ વાસુદેવપ્રાપ્તિ માટે જ છે. (૨૮) જ્ઞાન પણ કેવલ વાસુદેવપરક હોવાથી વાસુદેવનું જ પ્રતિપાદન કરે છે, તપનું ફળ પણ વાસુદેવ જ છે, ધર્મો પણ વાસુદેવને મેળવવામાં જ વિરામ પામે છે અને પ્રત્યેક જીવોની પરમ ગતિ, અંતિમ પદાર્થની પ્રાપ્તિ કેવલ વાસુદેવ ભગવાન જ છે. (૨૯) નિર્ગુણ અને સર્વસમર્થ ભગવાને નિર્ગુણ હોવા છતાં ઉચ્ચ અને નીચ સ્વરૂપવાળી પોતાની ગુણમયી માયાથી આ જગતને રચેલું છે. (૩૦) વિજ્ઞાનથી પ્રકાશમાન પ્રભુ, માયાથી ભાસતા આ ત્રણ ગુણોની અંદર

---

[1] તાત્પર્ય છે મનુષ્યમાં પણ ભગવાન્નામ રૂપ અગ્નિનો પ્રવેશ થતાં વિષયાસકિત-જડતા દૂર થાય છે તેમાં સત્સંગ નામનો પવન લાગતાં જ ભકિત પ્રાપ્ત થાય છે હું પ્રભુનો દાસ છું અને પ્રભુ મારા સ્વામી છે એવો આત્મપ્રકાશ સિદ્ધ થાય છે.

પ્રવેશેલા હોવાથી ગુણવાળાના જેવા દેખાય છે. (૩૧) જેમ એક જ અગ્નિ પોતાને પ્રકટ કરનારાં કાષ્ઠોમાં રહેલ કાષ્ઠોના નાનામોટા ઢગલાના પ્રમાણથી અનેક પ્રકારનો હોય તેમ ભાસે છે તે જ પ્રમાણે સર્વ પ્રાણીમાત્રની અંદર રહેલ આ એક જ પરમપુરુષ ભિન્ન ભિન્ન પ્રકારે પ્રકાશી રહ્યા છે. (૩૨) ગુણમય પંચમહાભૂત, તન્માત્રાઓ અને ઈન્દ્રિયરૂપ ભાવ-પદાર્થોથી રચેલાં પ્રાણીઓમાં નિરંતર રહેલો આ જીવ તેના ગુણોને ભોગવે છે. (૩૩) દેવ, મનુષ્ય, પક્ષી વગેરે યોનિઓમાં લીલાથી અવતારોને ધારણ કરતા અને એ રીતે લોકોનું પાલન કરતા ભગવાન શ્રીહરિ સત્ત્વગુણથી લોકોનું કલ્યાણ કરે છે. (૩૪)

भावयत्येष सत्वेन लोकान् वै लोकभावनः । लीलावतारानुरतो देवतिर्यङ्नरादिषु ॥३४॥

શ્રીમદ્ ભાગવત પ્રથમ સ્કંધ અધિકારલીલાના સામાન્યાધિકાર નામના પ્રકરણમાં શ્રી સૂતમહર્ષિએ શૌનકાદિ ઋષિઓના પ્રશ્નોના પ્રત્યુત્તર આપવાનો આરંભ કરેલા બીજા અધ્યાયની સમાપ્તિ.

અધ્યાય ૨જો સમાપ્ત

અધ્યાય ૩ જો

[આ અધ્યાયમાં શ્રીમદ્ વલ્લભચાર્યજી મહાપ્રભુજીના મત પ્રમાણે ૪૪ શ્લોકો છે. અન્ય પાઠો પ્રમાણે ૪૫ શ્લોકો છે. પ્રથમ સ્કંધનો આ ત્રીજો અધ્યાય છે. પ્રથમ સ્કંધના પ્રથમ ત્રણ અધ્યાયનું આ પ્રથમ પ્રકરણ છે. વકતા અને શ્રોતાઓના અધિકારના સ્વરૂપનો તેમજ કક્ષાનો નિર્ણય આ સ્કંધમાં થયેલો હોવાથી આ સ્કંધની "અધિકારલીલા" એવી સંજ્ઞા નક્કી કરી છે. શ્રી સૂતશૌનકજીની કક્ષા સાધારણ હોવાથી એને "સામાન્યાધિકાર - સાધારણાધિકાર કે હીનાધિકાર" એવી રીતે ઓળખવામાં આવેલ છે. સાધારણાધિકાર નામના ત્રણ અધ્યાયના પ્રકરણનો આ ત્રીજો અધ્યાય છે તેમજ સ્કંધના અધ્યાયોની સંખ્યા પ્રમાણે પણ આ ત્રીજો અધ્યાય છે. આ અધ્યાયમાં ભગવાનના ૨૩ અવતારોની કથા છે. આ અધ્યાયના આરંભમાં ભગવાનના પુરુષાવતારની ગાથા ગાવામાં આવી છે. એ વાત પાંચ શ્લોક સુધી કહી છે. ત્યારબાદ છઠ્ઠા શ્લોકથી ૨૨ અવતારોની કથા છે. આવા દિવ્ય ત્રીજા અધ્યાયની કથાસુધાનું આપણે પાન કરીએ. ભગવાનના ગુણાવતારની કથા તો બીજા અધ્યાયમાં આવી ગયેલ છે. ભગવાનના કુલ ૨૪ અવતારો છે.]

વિરાટ પુરુષાવતાર

सूत उवाच–जगृहे पौरुषं रूपं भगवान्महदादिभिः । संभूतं षोडशकलमादौ लोकसिसृक्षया ॥१॥

સૂત મહર્ષિએ કહ્યું કે, મુનિવરો ! ભગવાનને સૃષ્ટિના આરંભમાં લોકોની સૃષ્ટિને રચવાની ઈચ્છા થઈ ત્યારે મહત્તત્ત્વ - અહંકાર વગેરે ત્રેવીસ તત્ત્વોથી ઉત્પન્ન થયેલ ષોડશકળાવાળા વિરાટ પુરુષના અવતારને ધારણ કર્યો. (૧) મહાસાગરમાં પોઢેલા અને યોગનિદ્રાનો વિસ્તાર કરનારા ભગવાન વિષ્ણુના - નારાયણના નાભિસરોવરમાંથી પ્રકટ થયેલા કમળમાંથી વિશ્વને રચનારા પ્રજાપતિઓના પતિ બ્રહ્માજી પ્રકટ થયા. (૨) જે ભગવાનના કરચરણાદિક અવયવોમાંથી પૃથ્વી-અન્તરિક્ષ-વગેરે લોકોનો વિસ્તાર કલ્પવામાં આવેલો છે તે નિરતિશય એટલે સંપૂર્ણ શુદ્ધ વૃદ્ધિ પામેલું સત્ત્વગુણવાળું ભગવાનનું વિશુદ્ધ સ્વરૂપ છે. (૩) મુનિવરોનું આ સ્વરૂપ અતિશય દિવ્ય સ્વરૂપ છે. કેવલ યોગીઓ ભગવત કૃપાથી મળેલી જ્ઞાનદૃષ્ટિથી આ સ્વરૂપનાં દર્શન કરે છે. ભગવાનના આ સ્વરૂપમાં અસંખ્ય ચરણ, સાથળ, હસ્ત અને મુખવાળુ; વળી અસંખ્ય મસ્તક, કાન, નેત્ર, નાસિકાવાળું; વળી અનંત મુકુટ, પીતાંબર, વસ્ત્ર, કુંડલોથી અત્યંત જળહળતા આ અદ્ભુત સ્વરૂપનાં દર્શન યોગી વિના અન્યને થવાં કઠિન છે. (૪) શ્રી નારાયણ ભગવાનનું આ દિવ્ય સ્વરૂપ સર્વ અવતારોનું નિવાસસ્થાન છે; તેમ જ સર્વ અવતારોનું અવિનાશી બીજ પણ છે, જેના અંશમાંથી અને અંશોના અંશમાંથી દેવ, મનુષ્ય, પશુ, પક્ષી વગેરેનું સર્જન થાય છે. (૫)

ભગવાનના છ વિપ્ર અવતારો

પ્રથમ સનત્કુમારોનો અવતાર એ બ્રહ્મચર્યાવતાર છે. ભગવાન નારાયણ પોતે સનત્કુમારરૂપે પ્રકટ્યા. જે નારાયણ પ્રભુએ યોગનિદ્રાનો વિસ્તાર કર્યો હતો તે જ ભગવાન પ્રથમ સૃષ્ટિમાં કૌમાર અવસ્થાનો આશ્રય કરીને સનત્કુમારરૂપે પ્રકટ થયા અને બ્રાહ્મણ સ્વરૂપે અત્યંત કઠિન એવા નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન કર્યું. (૬) બીજો વરાહાવતાર આ યજ્ઞનો અવતાર છે. આ વિશ્વના નિર્માણ માટે તેમ જ વૃદ્ધિ માટે રસાતળમાં ગયેલી પૃથ્વીનો ઉદ્ધાર કરવા માટે યજ્ઞેશ ભગવાને

બીજો વરાહ અવતાર લીધો. (૭) ત્રીજો નારદજીનો અવતાર. આ ભક્તિનો અવતાર છે. ભગવાને ત્રીજા અવતારમાં ઋષિઓના સ્વરૂપનું-ઋષિઓના સ્વભાવનું અવલંબન કરીને દેવર્ષિ નારદજીનો અવતાર લઈ નારદ પાંચરાત્ર નામના વૈષ્ણવ તંત્રનો એટલે ભકિત શાસ્ત્રનો વિસ્તાર કર્યો કે જે શાસ્ત્રના અનુષ્ઠાનથી નિષ્કામ કર્મયોગ સિદ્ધ થાય છે. (૮) ચતુર્થ અવતાર નર અને નારાયણ. આ આત્મશાંતિવાળા દિવ્ય તપનો અવતાર છે. ચતુર્થ અવતારમાં ધર્મ અને કલા-મૂર્તિની સૃષ્ટિમાં નર અને નારાયણ બન્ને ઋષિઓ થઈને કોઈથી પણ ના આચરી શકાય એવું આત્મશાંતિને આપનારું તપ આદર્યું. (૯) પંચમ શ્રી કપિલ અવતાર. આ સાંખ્ય જ્ઞાનનો અવતાર છે. પંચમ અવતારમાં ભગવાન સિદ્ધોના સ્વામીશિરોમણિ શ્રી કપિલ સ્વરૂપે ભૂતલ ઉપર પ્રકટ થયા અને કપિલ ભગવાને કાળબલથી લુપ્ત થયેલાં પચીસ તત્ત્વોની સંખ્યાનો નિર્ણય દર્શાવનાર એવા સાંખ્યશાસ્ત્રનો આસુરિ નામના મુનિને ઉપદેશ કર્યો. (૧૦) છઠ્ઠો શ્રીદત્ત અવતાર. આ યોગનો અવતાર છે. છઠ્ઠા અવતારમાં શ્રી અનસૂયા માતાએ ભગવાન પાસે પુત્ર પ્રાપ્ત થાવ એવું વરદાન માગ્યું તેથી તે ભગવાન શ્રી અત્રિઋષિજીને ત્યાં શ્રીદત્ત સ્વરૂપે પુત્ર થઈ અવતર્યા અને અલર્ક, પ્રહ્લાદ, યદુ રાજા વગેરેને આત્મજ્ઞાન કરાવનારી આન્વીક્ષિકી વિદ્યાનો ઉપદેશ કર્યો. (૧૧)

ક્ષત્રિય સ્વભાવના ત્રણ ક્ષત્રિય અવતાર

સપ્તમ શ્રી યજ્ઞાવતાર. આ અવતાર શત્રુવિજય નામના ધર્મનો અવતાર છે. બ્રાહ્મણ ધર્મના છ અવતારો લીધા બાદ ક્ષાત્ર ધર્મો દ્વારા ધર્મની સ્થાપના માટે તે પછી સાતમા અવતારમાં રુચિ નામના ઋષિવરનાં પત્ની શ્રી આકૃતિ દેવીમાં, ભગવાને "યજ્ઞપુરુષ"નો અવતાર લીધો અને યામ વગેરે ચાર પ્રકારના દેવગણોની સાથે તપ કરીને યાતુધાનોનો નાશ કરીને ધર્મની રક્ષા કરી સ્વાયંભુવ નામના મનુનું રક્ષણ કર્યું. (૧૨) આઠમો શ્રી ઋષભદેવનો અવતાર. આ અવતારમાં ધર્મરક્ષણ કર્યું. આઠમા અવતારમાં ભગવાન નાભિરાજનાં પત્ની શ્રી મેરુદેવીમાં સર્વ આશ્રમોથી વંદનીય એવા ધીર પુરુપોના પરિવ્રાજક માર્ગને દર્શાવનારા શ્રી ઋષભદેવ તરીકે પ્રકટ થયા. (૧૩) નવમો શ્રી પૃથુરાજાનો અવતાર. આ અવતારમાં પ્રજાનું પરિપાલન કર્યું. ભગવાન આ નવમા અવતારમાં પૃથુરાજા થયા. આ અવતારમાં ઋષિઓની પ્રાર્થનાનો સ્વીકાર કરી પાર્થિવ એટલે પૃથુરાજાનો દેહ ધારણ કરી આ પૃથ્વીનું તેમ જ આ ધરામાં રહેલી ઓષધિઓનું દોહન કર્યું. ભગવાનનો આ અવતાર પ્રશંસનીય અને અત્યંત મનોહર કહેવાયો. (૧૪)

વૈશ્ય સ્વભાવના ચાર વૈશ્યાવતર

દશમો શ્રી મત્સ્ય અવતાર. ચાક્ષુષ નામના ચૌદમા મન્વંતરમાં જ્યારે પ્રલય થયો. ત્યારે ભગવાને "મત્સ્ય" સ્વરૂપે અવતાર ધારણ કર્યો અને વૈવસ્વત મનુને પૃથ્વીરૂપ બનેલ નાવમાં ઓષધિ-વનસ્પતિઓ સાથે બેસાડીને તેમનું રક્ષણ કર્યું. (૧૫) અગિયારમો શ્રી "કૂર્મ" અવતાર. જ્યારે દેવો અને દાનવો સમુદ્રમંથન કરી રહ્યા હતા ત્યારે સર્વ સમર્થ પ્રભુએ અગિયારમા અવતારમાં કૂર્મ સ્વરૂપે પોતાની પીઠ ઉપર મન્દરાચલ પર્વતને ધારણ કર્યો. (૧૬) બારમો અને તેરમો શ્રી ધન્વંતરિ અને શ્રી મોહિની અવતાર. ભગવાને એક જ અવતારમાં બે અવતારો ધારણ કર્યા, અવતારના ક્રમ પ્રમાણે બારમા અવતારમાં પ્રથમ ભગવાને ધન્વન્તરિનું સ્વરૂપ લઈ દેવોની રક્ષા કરી અને બીજા મોહિની સ્ત્રીસ્વરૂપે અસુરોને મોહિત કર્યા. (૧૭) **ચૌદમો શ્રી નૃસિંહ અવતાર :** આ ચૌદમો અવતાર પુષ્ટિનો અવતાર છે. ભગવાને ચૌદમા નૃસિંહ અવતારને ધારણ કરી. અતિ બલિષ્ઠ બની ગયેલા હિરણ્યકશિપુને છાતીમાં નખોથી, જેમ સાદડી બનાવનાર કારુક પાન નામના ઘાસને ચીરે તેમ ચીરી નાખ્યો. (૧૮) **પંદરમો શ્રી વામન અવતાર :** ભગવાનનો આ પુષ્ટિ અવતાર છે. પંદરમા અવતારમાં મનોહર વામન સ્વરૂપ ધારણ કરી. બલિરાજા પાસેથી સ્વર્ગનું રાજ્ય લઈ દેવોને પાછું આપવા માટે ત્રણ પગલાં પૃથ્વીની યાચનાના નિમિત્તે બલિરાજાના યજ્ઞમાં પધાર્યા. (૧૯) **સોળમો "શ્રી પરશુરામ"નો અવતાર :** સોળમા અવતારમાં બ્રહ્મદ્રોહી રાજાઓને જોઈને ગુસ્સે થયેલા ભગવાને પરશુરામ સ્વરૂપે એકવીસ વાર પૃથ્વીને ક્ષત્રિયરહિત બનાવી. (૨૦) **સત્તરમો "શ્રી વ્યાસજી"નો અવતાર :** ત્યાર બાદ સત્તરમા અવતારમાં પરાશર મુનિ દ્વારા

શ્રી ઉપરિચર વસુની પુત્રી શ્રી સત્યવતીદેવીમાં શ્રીકૃષ્ણ દ્વૈપાયન વ્યાસ સ્વરૂપે પધાર્યા અને અલ્પ બુદ્ધિવાળા પુરુષોને જોઈને વેદવૃક્ષની અનેક શાખાઓ કરી. (૨૧) **અઢારમો "શ્રી રામચંદ્રજી"નો અવતાર :** શ્રીકૃષ્ણ દ્વૈપાયન સ્વરૂપે વેદના વિભાગો કર્યા પછીથી દેવોમાં કાર્યોને સિદ્ધ કરવા માટે નૃપતિપણું પ્રાપ્ત કરીને ભગવાન શ્રી રામચંદ્રજીએ ભૂતલ ઉપર પધારીને સમુદ્ર પર પુલ બાંધવો વગેરે દિવ્ય પરાક્રમો કર્યા. (૨૨) ઓગણીશમા અને વીશમા શ્રી બલભદ્ર અને શ્રીકૃષ્ણચન્દ્રના બે અવતાર. ઓગણીશ અને વીશમા અવતારમાં વૃષ્ણિકુળમાં રામ અને કૃષ્ણ ભગવાને અવતાર લઈને પૃથ્વી ઉપરનો ભાર ઉતાર્યો. (૨૩) એકવીશમો "શ્રી બુદ્ધ" અવતાર : ત્યાર પછી કલિયુગ જ્યારે ઠીક ઠીક વેગ ધારણ કરશે અને કલિનાં લક્ષણો પુષ્કળ વિસ્તરશે ત્યારે દેવોના દ્વેષ કરનારા દૈત્યો અને રાક્ષસોને મોહ ઉપજાવવા માટે કીકટ દેશમાં ગયામાં "જિન"ના અથવા "અજિન"ના પુત્ર બુદ્ધરૂપે ભગવાન અવતરશે. (૨૪) બાવીશમો "શ્રી કલ્કિ" ભગવાનનો અવતાર. ત્યાર બાદ કલિયુગ અને સત્યયુગની સંધિમાં વૈદિક ધર્મોની પુનઃ પ્રતિષ્ઠા માટે આ જગત્પતિ પ્રભુ કલિયુગના સંધિકાળમાં બધા રાજાઓ ચોર-લૂંટારા અને ડાકુ જેવા થઈ જતાં 'વિષ્ણુયશસ્' વિપ્રવરના આંગણે પુત્ર "શ્રી કલ્કિ"ના સ્વરૂપે પ્રકટ થશે. (૨૫)

ભગવાનના અવતારો અનન્ત છે

મહર્ષિ સૂતજીએ ભગવાનના અવતારોનું નિરૂપણ કરી ઉપસંહાર કરતાં કહ્યું કે હે દ્વિજવર્યો ! જેમ અક્ષય જળવાળા સરોવરમાંથી અસંખ્ય નાની નાની નહેરોની શાખાઓ પ્રકટે છે તેવી જ રીતે સત્ત્વગુણના ભંડારરૂપ ભગવાન શ્રીહરિના અસંખ્ય અવતારો છે. (૨૬) ઋષિઓ, મનુઓ, દેવો, અતિ પરાક્રમી મનુ- પુત્રો અને પ્રજાપતિઓ આ સર્વ શ્રીહરિના જ અંશાવતારો જ કહ્યા છે. (૨૭) આ સર્વ તો પૂર્ણપુરુષ ભગવાનના અંશાવતારો છે, કલાવતારો છે; પરંતુ ભગવાન શ્રીકૃષ્ણ સાક્ષાત્ અવતારી પુરુષોત્તમ છે. આ ભગવાન તો અત્યંત દયાળુ છે. જ્યારે વિશ્વ ઈન્દ્રના શત્રુઓથી પીડાય છે ત્યારે પ્રત્યેક યુગમાં વિશ્વને સુખી કરે છે. (૨૮) ભગવાનના જન્મ તો અત્યંત રહસ્યથી ભરેલા છે, નિયમપૂર્વક પવિત્રતાનું સેવન કરનાર જે કોઈ પુરુષ ભગવાનના જન્મપ્રસંગનું સાયંકાલે કે પ્રાતઃકાલે ભક્તિપૂર્વક પઠન-પાઠન કરે છે તે દુઃખોના સમૂહમાંથી મુક્ત થાય છે. (૨૯) પાંચ મહાભૂતોમાંથી બનતા લૌકિક રૂપ જેવા રૂપ વિનાના કેવલ ચૈતન્યમાત્ર સ્વરૂપવાળા ભગવાનનું આ બ્રહ્માંડાત્મક જે રૂપ છે તે તો ભગવાનની પોતાની આધિદૈવિક માયાના મહદ અહંકાર વગેરે ગુણોથી પોતાનામાં જ રચાયેલું છે. (૩૦) આકાર વિનાના આકાશમાં વાદળોના સમૂહનો અને રૂપ વગરના વાયુમાં પૃથ્વીનાં રજકણોનો વ્યવહાર અણસમજુ જનોએ જેમ કર્યો છે; તે જ પ્રકારે બ્રહ્માંડાત્મક શરીરવાળા ભગવાન દૃષ્ટા છે એવો દૃષ્ટા વા પરમાત્મામાં અબુદ્ધિમાનોએ દૃશ્ય રૂપનો આરોપ કર્યો છે. જેમ અવિવેક લોખંડના તપેલા ગોળાને અગ્નિ તરીકે જુએ છે જ્યારે વિવેક ગોળામાં અગ્નિને જુએ છે. (૩૧) ઉપરના શ્લોકમાં બ્રહ્માંડ રૂપ શરીરનું નિરૂપણ કરીને હવે જીવના સ્વરૂપનું નિરૂપણ કરતાં કહ્યું કે આ બ્રહ્માંડ શરીરથી ભિન્ન જે સૂક્ષ્મ અને પરિણામ પામેલા ગુણોથી વ્યાપ્ત છે તે અદૃષ્ટ છે, એટલે આંખે ન દેખાય તેવું છે, અને અશ્રુત વસ્તુ છે એટલે કાને ના સંભળાય તેવું છે. તે જીવનું સ્વરૂપ છે કે જેથી તેનો વારંવાર પુનર્જન્મ થાય છે. તેથી આ જીવ પણ ભગવાનનું રૂપ છે. (૩૨) વાસ્તવિક રીતે તો જીવ કે જડ કાંઈ પણ છે જ નહિ. સર્વ કાંઈ ભગવાન જ છે; તોપણ જીવની અને જડની જે પ્રતીતિ થાય છે તે કેવળ અવિદ્યાને લીધે જ થાય છે. જ્યારે આ સ્થૂલરૂપ સૂક્ષ્મરૂપ બ્રહ્મના અનુભવથી નિવૃત્ત થઈ જાય છે અને આ તો અવિદ્યાએ પોતાના રૂપમાં કરેલાં છે એમ સમજાય છે ત્યારે જ તે બ્રહ્મનું દર્શન થાય છે. (૩૩)

બ્રહ્મદર્શન ક્યારે થાય ?

આ માયા ચતુરશિરોમણિ એવા ભગવાનના સંબંધવાળી હોવાથી તે દેવતારૂપ છે; તેથી તે પૂર્વની અવસ્થાથી શાંત થતી નથી પરંતુ તે સત્ય હોવાથી મતિરૂપ થાય છે. જ્યારે તે માયા પ્રવૃત્તિરૂપ થાય છે ત્યારે તેને માયા કહેવાય છે અને જ્યારે તે નિવૃત્તિરૂપ થાય છે ત્યારે તેને મતિરૂપ કહેવાય છે. માટે વિશારદ એટલે વિચક્ષણ ભગવાનના સંબંધવાળી માયા

મતિરૂપ બની જાય ત્યારે આ જીવ પોતાના મહિમામાં સમ્પન્ન થાય છે. પછી તે સ્વરૂપને પ્રાપ્ત કરી સ્વરાજ્ય કરે છે, આવું તત્ત્વને જાણનારાઓ જાણે છે. (૩૪) ભગવાન તો હૃદયના પતિ છે એટલે સ્વામી છે, એ હૃદયના પતિ અજન્મા છે અને અકર્મા છે. આ અજન્મા ભગવાનના જન્મ અને કર્મ વેદોમાં પણ ગુહ્ય છે, કવિઓએ તેનું એવી રીતે વર્ણન કર્યું છે. (૩૫)

ભગવાનના પ્રાક્ટ્યનું કારણ

स वा इदं विश्वममोधलीलः सृजत्यवत्यत्ति न सज्जतेऽस्मिन्। भूतेषु चान्तर्हित आत्मतंत्रः षाड्वर्गिकं जिध्रति षड्गुणेशः ।।३६।।

સફળ લીલાવાળા તે સમર્થ ભગવાન પુરુષોત્તમ આ વિશ્વને રચે છે, રક્ષે છે અને સંહારે પણ છે, સ્વરૂપમાં લીન કરે છે; પરંતુ ભગવાન એમાં આસક્ત થતા નથી. મન સાથે ઈન્દ્રિયોના નિયન્તા અને પ્રાણીમાત્રની અંદર રહેલા ષડ્ગુણોના ઈશ્વર છે તેથી તે પુરુષોત્તમ પ્રભુ તે આત્મતંત્ર સ્થિતિમાં રહીને મન સહિત ઈન્દ્રિયોના સુખની સુગંધ લે છે. (૩૬) અજ્ઞાની માનવ નટની ચેષ્ટાઓને જેમ ન સમજી શકે તેમ અલ્પમતિ કુમતિ કોઈ પણ જંતુ-જીવ, મન અને વાણીથી વિવિધ નામો અને રૂપોને ધારણ કરતા આ વિભુની લીલાઓને - ચરિત્રોને પરિપૂર્ણપણે જાણી શકતો નથી. (૩૭)

ભગવાનની સેવા કરે તેને ભગવાન સમજાય

स वेद धातुः पदवीं परस्य दुरन्तवीर्यस्य रथाङ्गपाणेः । योऽमायया संततयाऽनुवृत्या भजेत तत्पादसरोजगन्धम् ।।३८।।

अथे ह धन्या भगवन्त इत्थं यद् वासुदेवेऽखिललोकनाथे । कुर्वन्ति सर्वात्मकमात्मभावं न यत्र भूयः परिवर्त उग्रः ।।३९।।

જે ભક્તજન નિષ્કપટભાવે, નિત્ય-નિરંતર સેવાથી ભગવાનનાં શ્રી ચરણકમળોની સુગન્ધને સેવે છે, અનન્ય ભાવથી શ્રી ઠાકુરની સેવા કરે છે, તે ભક્તજન, સુદર્શનચક્રધારી અનન્ય પરાક્રમી, પરમપુરુષ ભગવાન શ્રીકૃષ્ણની ગતિને, લીલાને, લીલાઓના રહસ્યને જાણે છે. (૩૮) હે ષડ્ગુણસમ્પન્ન મહર્ષિઓ આપ તો ભગવન્સ્વરૂપ છો માટે આપ સર્વને આ સંસારમાં ધન્યવાદ ઘટે છે; કારણ કે અખિલ લોકના નાથ એવા શ્રી વાસુદેવ ભગવાનમાં તમે આવો સર્વાત્મભાવ ધરાવો છો ! આપ પાસે જે ભગવદ્ભાવ છે એના બળથી તો ફરીથી, સંસારના કાળચક્ર રૂપ ભયંકર ફેરાઓમાં ફરવું પડતું નથી. (૩૯)

શ્રીમદ્ ભાગવત સાક્ષાત્ વેદ છે

શ્રી કૃષ્ણ દ્વૈપાયન મુનિ તો ભગવાન છે તેથી તો તેઓને આર્ષજ્ઞાન છે. આવા ઋષિ અને આત્મજ્ઞાની ભગવાન વ્યાસે શ્રીમદ્ ભાગવત નામના પુરાણની રચના કરી છે. આ ભાગવતમાં ઉત્તમશ્લોક ભગવાનનું ચરિત્ર ગાયેલું છે. આ શ્રીમદ્ ભાગવતમાં પુરાણ તો સાક્ષાત્ વેદ છે. આ શ્રીમદ્ ભાગવતજી તો ભક્તિ અને શ્રદ્ધા નામના શ્રેષ્ઠ ધનને આપનાર હોવાથી "धन्य" ધન્ય છે; સર્વ પ્રકારનાં કલ્યાણોનાં મંગલોનું ધામ છે માટે તો તે स्वस्त्ययनम् સ્વતિનું અયન એટલે નિવાસસ્થાન છે; વળી महत् છે એટલે ભગવત્પ્રાપ્તિનાં સર્વ સાધનોમાં "શ્રેષ્ઠ" સાધન છે. જગતના જીવોના પરમ કલ્યાણ માટે તો શ્રી વ્યાસ મહર્ષિજીએ શ્રીકૃષ્ણ ભગવાનના ભક્તોમાં સર્વશ્રેષ્ઠ અને પરમભાગવત પોતાના પુત્ર શ્રી શુકદેવજીને ભણાવેલ છે. (૪૦, ૪૧)

પરમભાગવત શ્રી શુકાચાર્યજીએ પરમભાગવત પરીક્ષિતજીને કથા કહી

હે મુનિવરો ! ભગવતી શ્રી ગંગાજીના કિનારે જીવનસમાપ્તિ પર્યન્તના અન્નજળના ત્યાગ નામના "પ્રાયોપવેશન" વ્રતનું આચરણ કરીને બેઠેલા, પરાશર મુનિ, શ્રી વ્યાસમુનિ વગેરે શ્રેષ્ઠ મહર્ષિઓની મધ્યમાં રહેલા મહારાજા પરીક્ષિતજીને શ્રી શુકાચાર્ય મહારાજશ્રીએ મહર્ષિ દ્વૈપાયન મુનિએ સર્વ વેદ, શાસ્ત્ર, પુરાણો અને ઈતિહાસોમાંથી સાર સાર ભાગનો સંગ્રહ કરી પ્રકટ કરેલા શ્રીમદ ભાગવતજીનું રસપાન કરાવ્યું હતું. હે મહર્ષિવર્યો ! જ્યારે આ સભામાં જ્ઞાન, વૈરાગ્ય, બ્રહ્મચર્યાદિના દિવ્ય તેજવાળા શ્રી શુકાચાર્યજી આ શ્રીમદ ભાગવતજીનાં કથામૃતનાં પાન કરાવી રહ્યા હતા ત્યારે તે પરિષદમાં ભગવદ અનુગ્રહથી હું ગયો હતો. પરમકૃપાળુ શ્રી શુકાચાર્યના પૂર્ણ અનુગ્રહથી આ સભામાં મને સ્થાન

મળ્યું. શ્રીકૃષ્ણ દ્વૈપાયન મુનિવર્ય પાસે મારી મતિ અનુસાર હું જે શ્રીમદ્ ભાગવતજીને ભણ્યો હતો તે જ ભાગવતજીનું મને ઉપદેશ-સભામાં શ્રવણ કરવાનું સૌભાગ્ય સાંપડ્યું. આપ સર્વને હું જે પ્રમાણે ભણ્યો છું અને સાંભળ્યું છે તે શ્રીમદ્ ભાગવતનું શ્રવણ કરાવીશ. (૪૨, ૪૩, ૪૪) મુનિવરો ભગવાન શ્રીકૃષ્ણ જ્યારે નિજલોકમાં પધાર્યા ત્યારે શ્રી ઉદ્ધવજીની વિજ્ઞપ્તિથી ધર્મજ્ઞાન, વૈરાગ્ય વગેરે ઐશ્વર્યો સાથે શ્રીમદ્ ભાગવતજીમાં પણ પ્રવેશ કર્યો હતો. વર્તમાન કલિયુગના ઘોર અંધકારમાં જ્ઞાનદૃષ્ટિશૂન્ય બનેલા સર્વ જીવોને માટે આ શ્રીમદ્ ભાગવતજી નામના દિવ્ય સૂર્યનો ઉદય થયેલ છે. (૪૫)

कृष्णे स्वधमोपगते धर्मज्ञानादिभिः सह । कलौ नष्टदृशामेष पुराणार्कोऽधुनोदितः ।।४५।।

શ્રીમદ્ ભાગવત પ્રથમ સ્કંધ અધિકારલીલાના સાધારણ પ્રકરણમાં શ્રી સૂતમુનિ શૌનકાદિ મુનિના સત્સંગનું વર્ણનકરતો ત્રીજો અધ્યાય સમાપ્ત થયો.

અધ્યાય ૩જો સમાપ્ત

અધ્યાય ૪ થો

[હવે શ્રોતા અને વક્તાની યોગ્યતાનું દર્શન કરાવતા આ પ્રથમ સ્કંધના ૪થી ૬ અધ્યાયના બીજા પ્રકરણનો આરંભ થાય છે. આ ત્રણ અધ્યાયનું નામ "મધ્યમાધિકાર" પ્રકરણ છે. આ પ્રકરણમાં વક્તા મહર્ષિ, નારદજી અને શ્રોતા કૃષ્ણદ્વૈપાયન વ્યાસ મહર્ષિજીના સમાગમનો રસભર્યો સત્સંગમહિમા ગાયેલો છે. દેવર્ષિ અને મહર્ષિના આ સમાગમની ફલશ્રુતિમાં શ્રીમદ્ ભાગવત સમાધિ ભાષાની આપણે પ્રાપ્તિ કરી શક્યા છીએ. લોકમંગલની દિવ્ય ઈચ્છાવાળા વ્યાસ મહર્ષિજીની મનોવ્યથાનું નિવારણ શ્રી નારદજી દ્વારા થશે, વળી સમાજક્લેશ નિવારણનું રસાયણ વ્યાસ મહર્ષિને મળશે.]

व्यास उवाच : इति बुवाणं संस्तूय मुनीनां दीर्घसत्रिणाम् । वृद्धः कुलपतिः सूतं बह्वृचः शौनकोऽब्रवीत् ।।१।।

શ્રી વ્યાસ મહર્ષિજીએ વચનામૃત વર્ષાવતાં કહ્યું કે એક હજાર વર્ષના દીર્ઘકાલપર્યન્ત ચાલતા સત્રમાં દીક્ષા લઈને બેઠેલા ઋષિવરોની સભામાં "શ્રી સૂતમહર્ષિ કથા કહી રહેલા હતા, ત્યારે ચાલુ પ્રસંગમાં હર્ષના આવેશમાં આવી ગયેલા ઋગ્વેદીજી વેદજ્ઞાનના નિષ્ણાત, વયોવૃદ્ધ, કુલપતિ શ્રી શૌનકઋષિજીએ મધુર વચનોથી સૂતમુનિનું સન્માન કરી કંઈક પ્રશ્ન પૂછવાનો પ્રારંભ કર્યો. (૧)

મહર્ષિ શૌનકે કરેલા વક્તા, શ્રોતા, ગ્રંથકર્તા અને ગ્રંથરચનાને સ્પર્શતા ચાર પ્રશ્ન

શૌનક મહર્ષિએ પ્રશ્નો પૂછ્યા કે સૂતજી ! હે વક્તાઓમાં શ્રેષ્ઠ અને કુશળ વક્તા શ્રી સૂતમુનિજી ! હે પરમ ભાગ્યવાન મહાત્મન્ ! અમારી અભિલાષા છે કે ભગવાન શ્રી શુકાચાર્ય મહર્ષિએ પરીક્ષિત રાજાની પરિષદમાં પુણ્યમયી શ્રીમદ્ ભાગવતજીની જે કથા વર્ણવી છે તે કથા કહેવા કૃપા કરો. (૨)

ગ્રંથ અને ગ્રંથકર્તાના સંબંધમાં પ્રશ્ન

મહર્ષિ શૌનક પ્રથમ ગ્રંથ માટે પ્રશ્ન કરી રહ્યા છે કે મુનિવર સૂતજી ! શ્રીમદ્ ભાગવત સંહિતાનો પ્રારંભ કયા યુગમાં થયો, (૧) કયા સ્થાનમાંથી પ્રવૃત્તિ થઈ, (૨) કયા કારણથી સંહિતા પ્રવર્તિત થઈ, (૩) વળી શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસ મહર્ષિજીએ શા માટે આ સંહિતાને પ્રકટ કરી, (૪) આ ઉપરાંત કોની પ્રેરણાથી શ્રીમદ્ ભાગવત સંહિતાની રચના કરાઈ, (૫) આપ મને આ પ્રકારે ગ્રંથકર્તા અને ગ્રંથ સંબંધી મારી જિજ્ઞાસાનું સમાધાન કરવા કૃપા કરો. (૩)

વક્તા સંબંધી પાંચ શ્લોકોમાં પ્રશ્ન

ભગવન્ ! શ્રી શુકદેવજી માટે પણ પ્રશ્નો જાગે છે કે મહર્ષિ વ્યાસજીના પુત્ર શ્રી શુકદેવજી તો મહાન યોગી છે. (૧) વળી સમદર્શી છે. (૨) માયાના વિકલ્પોથી તેઓ પર છે. (૩) એકાન્તવાસમાં મનવાળા છે. (૪) વળી તેઓ નિદ્રાથી પર છે. (૫) સદા ગુપ્ત રહે છે-ગુપ્તાવાસમાં વસે છે. (૬) લોકસંગ ના થાય માટે મૂઢ જેવો વ્યવહાર કરીને રહે છે, આવા ષડ્ગુણસમ્પન્ન ભગવાન જેવા શ્રી શુકદેવજી મહારાજ ભણે શા માટે ? કે કથા પણ કરે શા માટે ? (૭) ભગવન્ સૂતજી ! શ્રી શુકદેવજીને તો બહારના પદાર્થોમાં મન જ નથી. જુઓ, અમે સાંભળ્યું છે કે સરોવરમાં વિના વસ્ત્રે સ્નાન કરતી

દેવાંગનાઓએ શ્રી અંગે વસ્ત્ર વિનાના દિગંબર વ્યાસજીના પુત્ર શ્રી શુકદેવજીને પોતાની સામેથી જ પસાર થતા જોયા ત્યારે તો વસ્ત્રો ન પહેર્યાં પણ પોતાના પુત્રની પાછળ પાછળ દોડતા તેમ જ વસ્ત્ર ધારણ કરેલા ઋષિવર વ્યાસજીને નિહાળ્યા એટલે એકાએક સરોવરમાંથી નીકળીને લજ્જાવશ વસ્ત્રોને ધારણ કરતી તે દેવીઓને જ્યારે વ્યાસજીએ આશ્ચર્યપૂર્વક પ્રશ્ન કર્યો કે "મારા યુવાન અને અવસ્ત્ર પુત્રને જોઈને પણ વસ્ત્રો ના ધારણ કર્યાં, મને જોઈને કપડાં પહેર્યાં એનું શું કારણ ?" ત્યારે તે દેવાંગનાઓએ ઉત્તર વાળ્યો કે, મહર્ષિજી ! આપ અમારા વર્તનથી અમારા ઉપર નારાજ થશો. મહારાજ વ્યાસજી ! આપની દૃષ્ટિમાં સ્ત્રી અને પુરુષ એવું ભેદજ્ઞાન છે અને આપના પુત્રને તો सर्वं खल्विदं આ સર્વ કાંઈ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ જ છે એવું બ્રહ્મદર્શન છે, બ્રહ્મજ્ઞાન છે, વિવેકદૃષ્ટિ છે, માટે જ અમે ધર્મમર્યાદા સાચવી છે. હે સૂતમુનિજી ! આવા બ્રહ્મસ્વરૂપ શ્રી શુકાચાર્યજીને કથા કરવાની ઈચ્છા શા માટે થાય ? (૫) વળી હે સૂતજી ! શ્રી હસ્તિનાપુરના કુરુ અને જાંગલ નામના પેટા દેશોમાં શ્રી શુકાચાર્યજી પધાર્યા ત્યારે તેઓ તો ઉન્મત્ત દશામાં મૂક જેવી અને જડ જેવી જ અવસ્થામાં વિચરતા હતા, - આવી પરિસ્થિતિના શુકદેવજીને આ બ્રહ્મનિષ્ઠ શ્રી શુકદેવજી છે એવી રીતે હસ્તિનાપુરના સામાન્ય જનો શી રીતે જાણી શક્યા ? (૬) હે તાત ! હે મુનિવર સૂતજી ! આપ એ પણ સ્પષ્ટ કરો કે, પાંડવકુમાર શ્રી પરીક્ષિત રાજાનો શ્રી શુકદેવજી મુનિવર સાથે સમાગમ અને સંવાદ શી રીતે થયો કે જેમના સંવાદમાંથી શ્રીમદ્ ભાગવત નામનાં આ સાત્વતસંહિતા એટલે ભક્તિસંહિતા પ્રકટ થયાં. (૭) હે મહારાજ ! હે મહાભાગ સૂતજી ! ક્ષણભર માની લો કે પુણ્યયોગે કદાચ શુકમુનિનો સમાગમ થઈ ગયો તો પણ મહાભાગ શ્રી શુકાચાર્યજી સમાન પરમહંસવર્યો તો અગ્નિહોત્રી ગૃહસ્થાશ્રમી જનોના ગૃહસ્થાશ્રમને તીર્થરૂપ બનાવતા ગોદોહનકાળ જેટલો જ સમય કૃપા કરતા બિરાજે છે. (૮)

શ્રોતાને સ્પર્શતા પ્રશ્નો

શૌનક મહર્ષિએ આગળ વધતાં પૂછ્યું કે હે શ્રી સૂતમુનિ ! પ્રજાના શાસન માટે ઉપરનો આવશ્યક એવો મન્યુ એટલે રોષ ધરાવતા પરંતુ હૃદયના પુષ્કળ દયાળુ એવા પરમ વૈષ્ણવ અભિમન્યુજીના સુપૂત શ્રી પરીક્ષિત રાજાને તો સર્વ જનો પરમ ભગવદીય માને છે, તો આવા ભક્તવરના પરમાશ્ચર્યજનક જન્મ, તેવાં જ આશ્ચર્યપૂર્ણ પરાક્રમો અને તેઓશ્રીની ભગવત્પ્રાપ્તિની કથા પણ આપ અમને કૃપા કરીને કહો. (૯) પાંડવોની ઉજ્જ્વલ કીર્તિને વધારનારા ખ્યાતનામ સમ્રાટ શ્રી પરીક્ષિત રાજા સાર્વભૌમ રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરીને જે ભગવતી ગંગાજીના નીરનું સેવન કરવાથી જ સર્વ પુરુષાર્થો સિદ્ધ થાય છે ત્યાં અન્નજળત્યાગનું આજીવન વ્રત કયા કારણથી આદરીને બેઠા ? (૧૦) શત્રુ રાજાઓ પોતાનાં ગયેલાં રાજ્યોને પાછાં મેળવવા માટે જેના ચરણની પાદપીઠિકા સમીપે લાવી લાવીને વિવિધ પ્રકારનાં નજરાણાં સમર્પે છે એવા વીર પરીક્ષિત રાજાએ અસામાન્ય જનથી પણ ન ત્યજાય એવી સામ્રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરી પોતાના પ્રાણો ત્યાગ કરવાનું શા માટે ઈચ્છ્યું ? એ વિગત પણ આપ અમને કહો. (૧૧) પાપનિવૃત્તિ માટે પ્રાયશ્ચિત્ત તરીકે પણ વૈષ્ણવજનથી આમરણ અનશન વ્રત ના આચરાય કારણ કે ભગવત્સેવાપરાયણ ભક્તજનો લોકકલ્યાણ માટે, સમાજની સમૃદ્ધિ માટે તેમ જ લોકોના ઐશ્વર્યની આબાદી માટે જીવન જીવે છે; પરંતુ પોતાના સ્વાર્થ માટે કદી જીવતા નથી. જો આ પ્રમાણે તેમનું જીવન છે તો આ પરીક્ષિત રાજાએ સર્વને આશ્રય આપનારા પોતાના શરીરનો વૈરાગ્ય પામીને શા માટે ત્યાગ કર્યો ? (૧૨) ભગવન્ ! આ વિષયમાં આપને જે કાંઈ વાત પૂછી છે, તેને આપ વિસ્તારપૂર્વક વર્ણવો; મુનિવર ભલે વેદ આપનો વિષય ન હોય તો પણ શ્રીમદ્ ભાગવતજીમાં અને અન્ય સર્વ શાસ્ત્રોમાં આપ પરિપૂર્ણ નિષ્ણાત છો. (૧૩)

બ્રાહ્મ કલ્પના પ્રથમ મન્વંતરના ત્રીજા દ્વાપર યુગમાં થયેલા શ્રીમદ્ ભાગવતસંહિતાના પુરસ્કર્તા વ્યાસજીની ગાથા

સૂતમુનિવર બોલ્યા કે શૌનક મહર્ષિ આપના પ્રથમ પ્રશ્નોનો તો પ્રત્યુત્તર બીજા સ્કંધમાં આવશે; પરંતુ આપનો બીજો પ્રશ્ન હતો કે શ્રી શ્રીમદ્ ભાગવત સંહિતાના દૃષ્ટા વ્યાસજી સંબંધે જે પ્રશ્નો છે તેનો પ્રત્યત્તર સાંભળો ! પ્રત્યેક કલ્પમાં

બ્રહ્માજીના એક દિવસમાં ચૌદ મન્વંતરો થાય છે. બ્રહ્માજીના આ ચૌદ મન્વંતરના દિવસને કલ્પ કહેવામાં આવે છે. આ ચૌદ મન્વંતરના મનુરાજાઓનાં જુદાં જુદાં નામો હોય છે. પ્રત્યેક મન્વંતરનો ૭૧ ચતુર્યુગનો સમય મનાય છે. ચૌદ મન્વંતરમાં કુલ એક હજાર ચર્તુયુગો આવે છે. આ ચર્તુયુગ એટલે સત્યુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગ. આવાં એનાં ચાર નામો છે. આ ચાર યુગનો એક પર્યાય એટલે પ્રથમ આવર્તન પૂર્ણ થાય ત્યારે બીજું આવર્તન આવે છે. આવા ક્રમ પ્રમાણે "બ્રાહ્મ કલ્પ" નામના પ્રથમ રાજસ કલ્પમાં ચાર યુગનું એક આવર્તન પૂર્ણ થયું, ત્યાર બાદ બીજું આવર્તન પણ પૂર્ણ થયું અને જ્યારે ત્રીજું આવર્તન એટલે ફેરો શરૂ થયો તેમાં જ્યારે "દ્વાપર" નામનો યુગ આવ્યો ત્યારે આ બ્રાહ્મ કલ્પના ત્રીજા દ્વાપર યુગમાં શ્રી પરાશર મહર્ષિને આંગણે શ્રી ઉપરિચર નામના વસુનાં પુત્રી શ્રી વાસવી દેવીજી નામનાં પત્નીમાં ભગવાન શ્રીહરિની કલાસ્વરૂપે ભક્તિયોગના પ્રવર્તક ભક્તયોગી શ્રીકૃષ્ણ દ્વૈપાયન નામના વ્યાસ મહર્ષિ પ્રકટ થયા. (૧૪)

પર દુઃખે દુઃખી દુઃખભંજક શ્રી વ્યાસજીની વ્યથા

સમાજના જીવનમાંથી કર્મ, જ્ઞાન અને ભક્તિનો લોપ થયેલો જોયો એ અવસરે સ્વયં સર્વજ્ઞ મહર્ષિ વ્યાસજી સૂર્યમંડલના ઉદયના બ્રાહ્મમુર્હૂતમાં શ્રી સરસ્વતીજીના જલનું પાન કરી સદા પવિત્ર દિવ્ય ભૂમિકામાં-એકાન્ત પ્રદેશમાં બિરાજ્યા હતા. (૧૫) ભૂત, ભવિષ્ય, વર્તમાનકાલનાં જ્ઞાન ધરાવનાર તે શ્રી વ્યાસ મહર્ષિએ જેનો વેગ ના સમજી શકાય કે ના રોકી શકાય તેવા વેગીલા કાલના બળથી યુગે યુગે યુગધર્મોનું પરિવર્તન જોયું તેમ જ કાલધર્મે કરેલા, ભૌતિક પદાર્થોની શક્તિનો હ્રાસ થયેલો જોયો; આ ઉપરાંત શ્રદ્ધા વિનાના, બલ વિનાના, દુર્બુદ્ધિવાળા, અલ્પ આયુષ્યવાળા અને દુર્ભાગી એવા જગતના જનોને જોયા; ત્યારે અમોઘ-સફળ દૃષ્ટિવાળા મહર્ષિ વ્યાસજીએ પોતાની દિવ્ય દૃષ્ટિથી સર્વ વર્ણોનું તેમ જ સર્વ આશ્રમોનું જે હિત હતું તે ધ્યાનથી વિચાર્યું. (૧૬-૧૮)

કૃપાનું પરિણામ

[વાચક ભક્તજને આ બે શ્લોકોનો અર્થ ચાર પાંચ વાર વિચારીને વાંચવો.] "ચાતુર્હોત્ર" એવી વૈદિક કર્મની સંજ્ઞા છે. અધ્વર્યુ, ઉદ્ગાતા, હોતા અને બ્રહ્મા આ ચાર ઋત્વિજોની એટલે ચાર વિપ્રોની વૈદિક કર્મમાં આવશ્યકતા હોય છે. આ ચાર વિપ્રો મુખ્ય છે, તેઓ બધા જ ઋત્વિજ ગણના અધ્યક્ષ હોવાથી તેઓ ચારેયને "હોતા" કહેવામાં આવે છે. આ ચાર વિપ્રો મળીને જે વૈદિક કર્મ કરે છે તેને "ચાતુર્હોત્ર" નામનું કર્મ કહે છે. આ જે સોમયાગ નામનું વૈદિક કર્મ છે તેની વ્યવસ્થા માટે છે. પરંતુ "ચાતુર્હોત્ર"નો આવો અર્થ કરવાથી કેવલ સોમ માત્રનું ગ્રહણ થશે. અગ્નિહોત્ર વગેરે પાંચ કર્મને ચાતુર્હોત્ર કર્મ કહેવામાં આવે છે તેનું ગ્રહણ નહીં થાય. માટે એક બીજો અર્થ એવો કરવો કે સાત હોતા, પાંચ હોતા, છ હોતા, સાત હોતા, દશ હોતાઓ દ્વારા કરવામાં આવતા અગ્નિહોત્રાદિ પાંચ ચાતુર્હોત્ર નામના વિશુદ્ધ વૈદિક કર્મોને જોઈ, યજ્ઞનો વિસ્તાર કરવા માટે એક જ વેદની ચાર વિભાગોમાં વહેંચણી કરી. (૧૯) વિભાગ પાડેલા આ વેદની ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ એવી સંજ્ઞાઓ કરી ઉપર કહેલા ચાર ઋત્વિજોમાંથી, હોતા ઋગ્વેદથી હોમાદિ કર્મ કરે, યજુર્વેદ વડે અધ્વર્યુ કર્મ કરે, ઉદ્ગાતા સામવેદથી અને બ્રહ્મા અથર્વવેદથી વૈદિક કર્મ કરે એવી પણ વ્યાસજીએ વ્યવસ્થા ગોઠવી. આ ઉપરાંત તે તે વૈદિક કર્મોનું પ્રતિપાદન કરનારા મંત્ર ભાગ અને બ્રાહ્મણ ભાગના ખંડોનો પણ ઉદ્ધાર કર્યો. આ સર્વનું "વેદ" એવું નામ આપ્યું. આ વેદોને જેટલા ધર્મની આવશ્યકતા હતી તેટલા ધર્મને બતાવનાર પુરાણો અને ઈતિહાસ રચ્યાં અને એમની "પાંચમો" વેદ એવી સંજ્ઞા બની. (૨૦)

શ્રી પૈલ, શ્રી જૈમિનિ, શ્રી વૈશંપાયન, શ્રી સુમન્તુ - ચાર મહામુનિઓ

આ ચારે વેદોમાંથી શ્રી ઋગ્વેદને "શ્રી પૈલ" નામના મુનિવરે ધારણ કર્યો; શ્રી સામવેદને સામગાન નિપુણ મહામુનિ "જૈમિનિજી"એ ધારણ કર્યો; યુજુર્વેદમાં નિષ્ણાત એક જ કેવલ "શ્રી વૈશંપાયન" નામના મુનિવર્ય હતા. અંગિરા ઋષિઓમાં જે "સુમંતુ" મુનિ હતા તેઓ વનસ્પતિ ઔષધિઓ, રસાયણ નિર્માણ, અભિચારાદિ કઠોર કર્મમાં સમર્થ

હોવાથી તેઓએ અથર્વવેદને ધારણ કર્યો જ્યારે મારા પિતૃચરણ "શ્રી રોમહર્ષણ મુનિ"એ ઈતિહાસ અને પુરાણ નામના પંચમ વેદની રક્ષા કરી. (૨૧, ૨૨)

વેદકલ્પતરુની વિવિધ શાખાઓ

શ્રી પૈલ, વૈશંપાયન આદિ ઋષિ-મહર્ષિઓએ પોતાના શિષ્યો દ્વારા, શિષ્યોના શિષ્યો દ્વારા તેમ જ તેઓના પણ શિષ્યો દ્વારા પોતપોતાના વેદોના અનેક પ્રકારે ઉત્તરોત્તર વિભાગ કરીને આપ્યા તેથી તેઓ વેદોને ધારણ કરી શક્યા અને આવો વિભાગ કરવાથી વેદોની પણ શાખાઓ થઈ. કારણ એ હતું કે આ પ્રમાણે જો શાખા - વિભાગ કરીશું તો જ સ્વલ્પમતિવાળા પુરુષો પણ પોતાની શાખાના વેદને ધારણ કરી શકશે એવું વિચારીને આ પ્રકારની શાખાયોજના, દીનવત્સલ શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસ મહર્ષિએ વિચારી અને વેદોની સંપૂર્ણ રક્ષા કરી. (૨૩, ૨૪) જે સ્ત્રીને પુત્ર અને પતિ હોય તેને માટે જ વૈદિક કર્મ કરવું આવશ્યક છે અન્ય સ્ત્રીઓને વૈદિક કર્મનું પ્રયોજન નથી. સ્ત્રીઓના કલ્યાણ માટે મહામુનિએ "મહાભારત" નામના મહાન ગ્રંથની રચના કરી. વળી દ્વિજ એટલે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય આ ત્રણને દ્વિજ કહેવાય. તેઓના ઘરે જે શ્રમજીવીઓ રહે છે તેઓ ખૂબ શ્રમ કરીને ઘરનાં સ્ત્રી-પુરુષોને શોકમાંથી મુક્ત કરે છે માટે તેમને શૂદ્ર કહેવાય છે. તેઓને તો યજ્ઞાદિ વિધિ થતો હોય ત્યારે તેમની સેવા ચાલુ હોય જ અને તેમને વેદનો લાભ મળે. પરંતુ જેઓ સ્વતંત્ર મહેનત કરનારા છે અને અન્નાદિનું ઉત્પાદન કરી સર્વને શોકમુક્ત કરનારા છે તે કોટીના શૂદ્રજનોને વેદ સાંભળવાનું કોઈ પ્રયોજન નથી. પરંતુ તેમને સ્વર્ગાદિ ફલો તો મેળવવાનાં છે તે માટે મહાભારતની વ્યવસ્થા ગોઠવી અને તેના શ્રવણથી તેઓ કલ્યાણ પામે. વળી જેઓ નામ માત્રના દ્વિજ છે; પરંતુ વૈદિક ધર્મોથી રહિત છે એમને માટે પણ મહાભારતની યોજના કરવામાં આવી. કારણ કે સ્ત્રી, શૂદ્ર અને દ્વિજબંધુ આ ત્રણ વૈદિક કર્મો કરી શકે તેવી શક્યતા નથી; તેથી વૈદિક કર્મો દ્વારા શ્રેયસ્-કલ્યાણ ના પામી શકે તેમને પણ કલ્યાણપ્રાપ્તિનો અધિકાર છે જ એટલે તેમને માટે મહાભારતની યોજના કરી. (૨૫)

કરુણામય શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસમુનિ

હે દ્વિજવર્ય શૌનકાદિ મુનિઓ, ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રજીના જ્ઞાનાવતાર મહર્ષિ વ્યાસજીએ સર્વ કલ્યાણ માટે વેદવિભાગ, બ્રાહ્મણવિભાગ, પુરાણરચના, મહાભારતનિર્માણ વગેરે પ્રાણી માત્રના કલ્યાણ કાર્યોમાં પ્રવૃત્ત રહેવા છતાં વ્યાસજીનું હૃદય સર્વાત્મકપણાથી સંતુષ્ટ ન જ થયું ત્યારે તેઓ અત્યંત ખિન્ન થયા, હૃદયમાં અત્યંત પ્રસન્નતા ના દેખાઈ, તેથી તેઓશ્રી ભગવતી સરસ્વતી સરિતાજીના તટ ઉપર એકાંતમાં બિરાજીને ઊંડો વિચાર કરતા ધર્મવિદ્ મહાત્મા આ પ્રમાણે બોલવા લાગ્યા, (૨૬, ૨૭) પરોપકારપરયાણ વ્યાસ મહર્ષિ મનમાં ને મનમાં બોલવા લાગ્યા કે બ્રહ્મચર્યાદિ વ્રતોનું યથાવિધિ પાલન કરીને મેં નિષ્કપટ હૃદયથી વેદો, અગ્નિઓ, ગુરુજનોનું પૂર્ણ સન્માન કર્યું છે. તેમ જ અધ્યાપન કરવાનું કાર્ય પણ કર્યું છે. તેમ જ તે માટેનું જ્ઞાન પણ સંપાદન કર્યું છે. (૨૮) મહાભારતાદિની રચના કરીને વેદોનો અર્થ પણ સર્વને સમજાવ્યો છે. આ ઉપરાંત સ્ત્રી, શૂદ્ર વગેરે માટે પણ ધર્મો દર્શાવ્યા છે. (૨૯) હવે વ્યાસજી એવા નિર્ણય ઉપર આવ્યા કે, આટલી બધી પ્રવૃત્તિ આદરવા છતાં હવે આ દેહમાં રહેલો બ્રહ્મના તેજથી યુક્ત એવો મારો સમર્થ આત્મા અથવા તો બ્રહ્મવર્ચસ્ ધરાવતા મુનિઓમાં શ્રેષ્ઠ એવો મારો આત્મા, અથવા તો બ્રહ્મતેજથી ઉત્તમ એવો મારો આત્મા કોણ જાણે અપૂર્ણ હોય, અધૂરો હોય એવું મને લાગે છે. (૩૦)

શું મેં શ્રીહરિના ગુણો નથી ગાયા ?

અથવા એવું તો નથી બન્યું ને કે વિશેષ કરીને ભગવાનના ધર્મો, ભગવાનની લીલાઓ, ભગવાનનાં ચરિત્રોનું સ્વતંત્ર અને સમ્પૂર્ણ પ્રમાણમાં વર્ણવ્યાં નથી. જે ધર્મો પરમહંસોને અત્યંત પ્રિય હોય છે. (૩૧) આ પ્રમાણે પોતાના આત્માને અપૂર્ણ માનનારા અને તેથી જ ખેદ અનુભવતા શ્રીકૃષ્ણ દ્વૈપાયન વ્યાસ મહર્ષિજીના પૂર્વમાં વર્ણવેલા સરસ્વતીના તટ ઉપર આવેલા આશ્રમમાં શ્રી દેવર્ષિ નારદજી પધાર્યા. (૩૨) આશ્રમના આંગણે પધારેલા શ્રી નારદજીનાં દર્શન થતાં

જ એકાએક આસન ઉપરથી ઊભા થઈ, સન્મુખ જઈ, દેવવરોથી સેવાયેલા મહર્ષિ નારદજીનું વિધિપુરઃસર અર્ચન કર્યું. (૩૩)

तमभिज्ञाय सहसा प्रत्युत्थायागतं मुनिः । पूजयामास विधिवन् नारदं सुरपूजितम् ।।३३।।

શ્રીમદ્ ભાગવત પીયૂષ પ્રથમ સ્કંધ અધિકારલીલાના અસાધારણ પ્રકરણમાં મહર્ષિ વ્યાસજી અને દેવર્ષિ નારદજીના સમાગમનું વર્ણન કરતો ચતુર્થ અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૪થો સમાપ્ત

અધ્યાય ૫મો

[પ્રથમ સ્કંધનો આ પાંચમો અધ્યાય છે. આ અધ્યાયમાં ૪૦ શ્લોકો છે. અધિકારલીલાનું આ બીજું પ્રકરણ છે. આ પ્રકરણના ત્રણ અધ્યાયો છે. તે ત્રણ અધ્યાયોમાં આ બીજો અધ્યાય ગણાય. પરંતુ સ્કંધના સળંગ અધ્યાયોની ગણનામાં આ પાંચમો અધ્યાય છે. ઋષિવર નારદજી મુનિવર વ્યાસજીને પોતાની આત્મગાથા સંભળાવીને ભગદ્ગુણોનું ગાન કરવા માટે માર્ગદર્શન આપશે. આ અધ્યાયની કથા હૃદયને સ્પર્શી જશે. આંખો અશ્રુભીની થશે અને કાયા પુલકિત થશે. ચાલો વિલંબ ના કરીએ અને મુનિવર નારદજીના ચરિતામૃતમહાસાગરમાં સ્નાન કરી ભક્ત થઈએ.]

વ્યાસજીના નિર્વેદ-ખેદમાંથી ભક્તિના વેદ-શ્રીમદ્ ભાગવતજીનો આવિર્ભાવ :

सूत उवाच : अथ तं सुखमासीनउपासीनं बृहच्छ्रवाः । देवर्षिः प्राह विप्रर्षिं वीणापाणिः स्मयन्निव ।।१।।

શ્રી સૂતમુનિ બોલ્યા કે હે શૌનક મહર્ષિ, દેવર્ષિ નારદજી સરસ્વતી તટે આવેલા વ્યાસજીના શમ્યાપ્રાસ આશ્રમમાં પધાર્યા. અલ્પ વિશ્રામ લીધો. પુનઃ સત્સંગ માટે સુખપૂર્વક આસને બિરાજેલા, કરકમલમાં વીણાને ધારણ કરતા, પ્રસિદ્ધ યશવાળા દેવર્ષિ નારદજી મંદ સ્મિતથી દુઃખ દૂર કરતા હોય એવા હસતા મુખે વિપ્રર્ષિ વ્યાસજીને ઉદ્દેશીને કહેવા લાગ્યા. (૧)

ત્રણે લોકનો શોક હરવા ત્રણ શ્લોકમાં પ્રશ્ન

શ્રી નારદજી બોલ્યા કે હે વૈષ્ણવશિરોમણિ પરાશરમુનિના કુલભૂષણ વ્યાસજી ! હે મહાન ભાગ્યવાન ભક્તવર વ્યાસજી ! આપનો શરીર સંબંધી અને મન સંબંધી આત્મા બન્ને પ્રસન્ન છે વારુ ? ભગવન્ ! આપના તનનો આત્મા તંદુરસ્ત છે ને ? અને મનનો આત્મા આનંદમગ્ન છે ને ? (૨) માનવે જાણવા જેવું જે કાંઈ તે સર્વ તેમ જ અત્યંત અદ્ભુત; અત્યંત વિસ્તૃત; ધર્મ, અર્થ, કામ, મોક્ષ નામના ચારે ચાર પુરુષાર્થનું પ્રતિપાદન કરનાર, ચારે પુરુષાર્થોના નિરૂપણથી સંપૂર્ણ ભરેલ "મહાભારત" નામના શાસ્ત્રની વિશ્વને પ્રસાદી પીરસી છે. (૩) ભગવન્ વ્યાસ ! આપે કેવલ 'પરોપદેશે પાંડિત્ય' નથી કર્યું. પરંતુ જાણવા યોગ્ય જે સનાતન બ્રહ્મતત્ત્વ છે તેને આપે જાણ્યું છે; તેમજ એ સનાતન બ્રહ્મનું અધ્યયન પણ કરેલ છે; તોપણ હે સમર્થ પ્રભુ વ્યાસજી ! જાણે આપ અપૂર્ણ કે અકૃતકૃત્ય હો એમ પોતાને માટે શોક કરતા હો એવું મને લાગે છે, તો તે શું સાચું છે ? (૪)

તબીબથી તનવ્યથા છુપાવીએ અને સંત સમીપે મનોવ્યથા છુપાવીએ તો રોગ અને શોક ના ટળે

व्यास उवाच : अस्त्येव मे सर्वमिदं त्वयोक्तं तथापि नात्मा परितुष्यते मे । तन्मूलमव्यक्तमगाधबोधं पृच्छामहे त्वात्मभवात्मभूतम् ।।५।।

મહર્ષિ કૃષ્ણ દ્વૈપાયન બોલ્યા કે હે ઋષિવર નારદજી !

આપે ગણાવ્યું સઘળું સમીપે, છતાંય આત્મા નહીં થાય તૃપ્ત;
તો શું હશે મૂલ અગાધ બોધ, મને કહો બ્રહ્મકુમાર સંત. (૫)

મુનિવર ! શું કહું ! આપે જે કાંઈ વર્ણવ્યું અને ગણાવ્યું તે સર્વ મને પ્રાપ્ત થયેલ છે અને સર્વ કાંઈ રચેલ છે, તો પણ મુનિ ! મારું મન પ્રસન્નતાનો અનુભવ કરતું નથી. તો તેમાં ગૂઢ એવું મૂળ કારણ શું હશે ? તે આપને પૂછીએ છીએ. કારણ કે આપ અગાધ જ્ઞાની છો, સંત છો, સ્વયંભૂ છો અને સ્વયંભૂ બ્રહ્માજીના સુપુત્ર છો. (૫)

સર્વજ્ઞ સંતના જ શરણે જવાય

મહારાજ ! આપ તો તે સમસ્ત ગૂઢ જ્ઞાનને જાણો છો, કારણ કે આપે પુરાણપુરુષ ભગવાન શ્રીકૃષ્ણની ઉપાસના-ભક્તિ કરી છે કે જે ભગવાન સ્થાવરજંગમના સ્વામી છે. વળી તેઓ પ્રકૃતિના ગુણોથી અસંગ છે, કેવલ પોતાના સંકલ્પ માત્રથી જ વિશ્વની ઉત્પત્તિ કરે છે, વિશ્વને પાળે છે, પોષે છે અને સમેટે છે. (૬) ભગવન્ ! આપ તો ભગવાન સૂર્યની માફક ત્રણ લોકમાં વિચારનારા છે અને વાયુની માફક જીવોના અંદરના પ્રદેશમાં પણ પ્રાણવાયુની માફક વિચરનારા સર્વના આત્માના સાક્ષી છો, તો આપ ધર્મથી તેમજ બ્રહ્મચર્યાદિ વ્રતોથી વેદોના જ્ઞાનમાં નિષ્ણાત એવા મને, તેમજ વેદાન્તથી પ્રતિપાદ્ય એવા પરબ્રહ્મ અને વેદરૂપ અપર બ્રહ્મમાં હું નિષ્ણાત છું છતાં મારામાં જે ન્યૂનતા રહી હોય તેનો તલસ્પર્શીય વિચાર કરવા અને રહેલી ન્યૂનતાને - કહેવાની પણ કૃપા કરો. (૭)

સર્વજ્ઞ સંતે કરેલ સમાધાન

શ્રી નારદજીએ કહ્યું, મુનિવર્ય ! આપે પુરાણો અને મહાભારત વગેરેમાં ભલે ભગવાનના ગુણો ગાયા હોય તો પણ કોઈ પણ અન્ય ચરિત્રોના, સંમિશ્રણ વિનાના નિર્મલ અને નિરાળા ભગવાનના યશનું યથાર્થ વર્ણન કર્યું નથી. ભગવન્ જે જ્ઞાનથી કે ધર્માચરણથી સર્વના આત્મા શ્રીહરિ અને પોતાનો આત્મા પ્રસન્ન ના થાય તે જ્ઞાન તો અપૂર્ણ મનાય એમ મારું મન્તવ્ય છે. (૮) મુનિવર્ય વ્યાસ મહર્ષિજી ! આપે શ્રી મહાભારતાદિ જય ગ્રંથોમાં જેટલા પ્રમાણમાં ધર્મ, અર્થ, કામ, મોક્ષ વગેરે પુરુષાર્થોનું પ્રાધાન્યથી વર્ણન કર્યું છે તે હિસાબે ભગવાન શ્રીહરિનો ગુણાનુવાદ વર્ણવ્યો નથી. (૯)

વાયસ, પાયસ, પીયૂષ ત્રણ પ્રકારનાં વાઙ્મય

મુનિસત્તમ વ્યાસજી ! જે વચનો રમણીય અને આલંકારિક ભાષાવાળાં હોવા છતાં જગતને જગદ્વન્દ્યને પણ પવિત્ર કરનાર એવો ભગવન્મહિમા, એવો ભગવાનનો યશ જે વાઙ્મયમાં, કાવ્યોમાં વર્ણવાયેલ ના હોય તો વિવેકશીલ પુરુષો તે વાણીને "વાયસ" એટલે કાકતીર્થ તરીકે વર્ણવે છે. આવા ક્ષુદ્ર વાઙ્મયમાં એટલે કાકતીર્થ જેવા જળાશયમાં, શ્રેષ્ઠ અને સુંદર સ્થાનમાં નિવાસ કરનારા પરમહંસો કોઈપણ કાળે આવા કાવ્યમાં રસ લેતા નથી કે ત્યાં નિવાસ કરતાં નથી. (૧૦) જેમાં પ્રત્યેક શ્લોક કે જે વાણીમાં ભલે છંદોબદ્ધ રચના ના હોય; આલંકારિક ભાષા ના હોય; તોપણ તે વચનોનો પ્રયોગ, તે વાણી, જનતાના પાપસમૂહનો નાશ કરે એવા અનન્ત ભગવાનના ઉજ્જ્વલ યશથી વિભૂષિત હોય તો તેને જ સત્પુરુષો સાંભળે છે, ગાય છે અને વર્ણવે છે. (૧૧) મુનિવર ! જે જ્ઞાન ભલેને કર્મનું નિરૂપણ કરે, પ્રતિપાદન કરે કે નિરંજન બ્રહ્મનું પણ વર્ણન કરે કે પ્રતિપાદન કરે; પરંતુ તે જ્ઞાન, તે વાણી, તે કાવ્ય, તે સાહિત્ય અચ્યુત ભગવાનના ભક્તિભાવથી રહિત હોય તો તે શોભતું નથી, તો પછી સાધન કરતી વખતે તેમ જ ફળપ્રાપ્તિ વખતે પણ દુઃખમય એવું સકામ કર્મ જે ભગવાનને અર્પણ કરવામાં ના આવ્યું હોય તો તે શોભે જ ક્યાંથી ! (૧૨)

જ્ઞાન કે કર્મની સફળતા ભક્તિથી જ છે

હે વ્યાસજી ! જો જ્ઞાન કે કર્મ ભક્તિ વિના સફળ નથી જ તો પછી હે મહાભાગ મુનિ ! આપ તો સફળ દૃષ્ટિવાળા છો, પવિત્ર યશવાળા છો; સત્ય યશવાળા છો; સત્યપરાયણ છો; વળી બ્રહ્મચર્ય, સ્વાધ્યાય, તપ વગેરે વ્રતપરાયણ છો, તો હે મુનિવર ! સમગ્ર જનનાં સમસ્ત બંધનોની નિવૃત્તિ માટે સમાધિમાં, સાક્ષાત્કાર કરેલી એવી પૂર્ણ પરાક્રમી પુરુષોત્તમ ભગવાનની લીલાઓનું શ્રીકૃષ્ણ ભગવાનના ચરિત્રોનું જ સ્મરણ-કીર્તન કરો એવી મારી ભાવના છે. (૧૩)

ततोऽन्यथा किञ्चन यदविवक्षतः पृथग् दशस्तत्कृतरूपनामभिः । न कर्हिचित् क्वाऽपि च दुःस्थितामति र्लभेत वाताहतनौरिवास्पदम् ॥१४॥

મહર્ષિ વ્યાસજી વધું શું કહું ? ભગવાનના યશ, ભગવાનના ગુણાનુવાદ સિવાય અન્યથા કોઈ પણ વર્ણન કરવાની ઈચ્છા ધરાવનાર પુરુષની તો ભગવાને સ્વીકારેલાં નૃસિંહાદિ સ્વરૂપો અને નામથી ભિન્ન દૃષ્ટિ હોય છે; તેથી તે વક્તાની બુદ્ધિ કોઈ પણ વખત ક્યાંય પણ સ્થિર થઈને રહી શકતી નથી. એના પરિણામે પવનના સપાટાથી ડામાડોળ સ્થિતિવાળી નૌકાની સમાન પોતાના ધ્યેયને પ્રાપ્ત કરી શકતી નથી. (૧૪) મહર્ષિ, આપે સ્વભાવથી જ વિષયો-સુખોમાં

લોલુપ પ્રાકૃત જીવોની ધર્મમાં પ્રવૃત્તિ થાય એ કારણથી જીવોને સકામ કર્મ, કામ્ય કર્મને કરવા માટે વિધાન કર્યું, ઉપદેશ કર્યો એથી તો અજાણે પણ આપના હાથે મોટો અનર્થ થયો છે; કારણ કે આપના વચનને પ્રમાણ માનીને જે જીવો "સકામ કર્મ" એ જ સાચો ધર્મ છે એવું માનીને રહેલા છે; તે મનુષ્યોની તેવી માન્યતાનું નિવારણ બીજા કોઈ પણ મહાન પુરુષના ઉપદેશથી થઈ શકવાનું નથી. (૧૫) એવો ભય કે શંકા રાખવાની આવશ્યકતા નથી કે કોઈ વ્યક્તિ યજ્ઞયાગાદિ કે સકામ કર્મો જે વેદમાં વર્ણવ્યાં છે તેઓ તો દેહધર્મ છે પરંતુ આત્મધર્મ નથી એમ માની તેનો ત્યાગ કરીને શ્રીહરિના ચરણારવિંદનું ભજન કરનાર ભક્ત પૂર્ણતાને ન પામ્યો, પક્વ ના થયો અને માર્ગમાં સંભવ છે કે ચ્યુત થયો તો પણ કોઈ રીતે તે ભકતનું કોઈ પણ અમંગલ થવાનું જ નથી. કારણ કે ભક્તના રક્ષણની જવાબદારી ભગવાનની છે. તેથી ભગવાન તેનું અકલ્યાણ થવા દેશે જ નહીં; પરંતુ જેઓ કેવલ દેહધર્મોને જ સર્વશ્રેષ્ઠ માની સેવનારા છે તેઓને કયો મહાન લાભ થયો ! તેઓ સ્વર્ગ ભોગવી પાછા નરલોકમાં જ આવવાના, તેથી તેમને કાંઈ પણ મળ્યું નહીં. (૧૭)

વિચક્ષણનું લક્ષણ એ છે કે તે ક્ષણિક સુખોનાં સાધનોમાં ના ખૂંપે

વિચક્ષણ એવા વિવેકી પુરુષે તો ભગવદ્ભક્તિના જ સુખ માટે પ્રયત્ન કરવો જોઈએ કે જે સુખ ઉપરના સ્વર્ગાદિ લોકમાં તેમ જ નીચેના પાતાલાદિ લોકમાં ફરવાથી પ્રાપ્ત થતું નથી. વિષયસુખ તો કોઈ પણ યોનિમાં ગંભીર વેગવાળા કાળ વડે, મનથી કદી ન ઈચ્છ્યું હોય છતાં જેમ દુઃખ આવી પડે છે તેમ તે સુખ તો સર્વત્ર મળી જ રહેવાનું છે. (૧૮) હે અંગ ! હે વ્યાસજી ! મુકુન્દ ભગવાનની સેવા કરનાર ભક્તજન તો કોઈ પણ કાળે, કોઈ પણ રીતે, ભગવત્સેવાવિમુખ મનુષ્યની જેવી દુર્ગતિ થાય છે તેવી દુર્ગતિને તે પામવાનો જ નથી. તે ભક્તજન તો ભગવાનના ચરણારવિંદોના આલિંગનના સુખનું પુનઃ સ્મરણ કરે છે, તેને તો તે આનંદને છોડવાની કદી ઈચ્છા થતી જ નથી, કારણ કે તેણે ભગવત્સેવા-શ્રવણ-કીર્તનાદિમાં રસાસ્વાદ અનુભવ્યો છે. (૧૯)

इदं हि विश्वं भगवानिवेतरो यतो जगत्स्थाननिरोधसम्भवाः । तद्धि स्वयं वेद भवांस्तथापि बै प्रादेशमात्रं भवतः प्रदर्शितम् ॥२०॥

હે મહર્ષિ ! આ વિશ્વમાં ત્રણ પ્રકારના અધિકારીઓ છે. જેઓ ઉત્તમ જ્ઞાન ધરાવનારા છે તેઓ તો સમજે છે કે "इदं हि विश्वं भगवान्" આ સમગ્ર વિશ્વ ભગવાન જ છે, માટે જ શ્રુતિમાં "सर्व खल्विदं ब्रह्म" આ સર્વ કાંઈ જે છે તે બ્રહ્મ છે. હવે જે મધ્યમ કક્ષાના જ્ઞાની છે તેઓને એની પ્રતીતિ થાય છે કે,इदं हि विश्वं भगवानिव આ વિશ્વ ભગવાન હોય તેવું લાગે છે. જે સામાન્ય જ્ઞાન ધરાવે છે તેઓને એવી પ્રતીતિ થાય છે કે,इदं हि विश्वं આ વિશ્વ છે અને भगवान् इतरः इव ભગવાન તો જુદા છે. ભગવન્ ! આપ તો જે ભગવાનથી આ જગતની સ્થિતિ, લય અને ઉત્પત્તિ થાય છે તે ભગવાનને પણ સારી રીતે જાણે છો, આમ છતાં આપે તો માત્ર સંકેત રૂપે વર્ણવ્યું છે. (૨૦) હે વ્યાસ મહર્ષિ ! આપ તો સફળ જ્ઞાનવાળા છો તેથી આપ પોતાનો આત્મા "અજન્મા" છે એમ સારી રીતે સમજો છો અને અજન્મા એવા છતાં આપ જગતનાં કલ્યાણ માટે પરમ પુરુષ ભગવાનની "જ્ઞાન" નામની કલારૂપે ભૂતલ પધાર્યા છો, તો હવે મહારાજ વ્યાસ ! આ વિશ્વના હિત માટે મહાન્ પ્રભાવશાળી ભગવાન શ્રીકૃષ્ણના મહિમાથી ભરેલા શ્રીમદ્ ભાગવતજીનું હવે વર્ણન કરવાનું મહાન કાર્ય કરો. (૨૧)

જીવનનો એક અને સત્ય લાભ

इदं हि पुंसस्तपसः श्रुतस्य वा स्विष्टस्य सूक्तस्य च बुद्धिदत्तयोः ।
अविच्युतोऽर्थः कविभिर्निरूपितो यदुत्तमश्लोकगुणानुवर्णनम् ॥२२॥

વિવેકી પુરુષે પોતાના જીવનમાં વર્ણાશ્રમના ધર્મ અનુસાર આચરેલી તપશ્ચર્યાનું, શાસ્ત્રોના અધ્યયનનું; શ્રદ્ધાપૂર્વક કરેલા યજ્ઞયાગનું, ભાવ અને ભક્તિપૂર્વક કરેલા ભગવાનના યશોગાનનું, ભગવાનના સંકીર્તનનું કાર્ય નિપુણ-બુદ્ધિનું કે શ્રેષ્ઠભાવથી કરેલા દાનનું વાસ્તવિક ફલ જો કાંઈ હોય તો ઉત્તમશ્લોક ભગવાન શ્રીકૃષ્ણનો ગુણાનુવાદ સર્વશ્રેષ્ઠ ફલ છે એવું કવિજનોએ એટલે વિવેકી મહાપુરુષોએ યુક્તિ અને પ્રમાણપૂર્વક સમજાવ્યું છે. (૨૨)

Digitization by Arya Samaj Chaitable Foundation, Chennai

સંતચરિત્રથી સર્વનાં ચિત્ત, વિત્ત અને ચરિત્ર પવિત્ર થાય

કોમલ હૃદયના નારદજી પધાર્યા. આઠથી બાવીસ શ્લોકો સુધીના કુલ ૧૫ શ્લોકોમાં ઉપદેશામૃતનાં બાદરાયણ મુનિવરને-વ્યાસ મહર્ષિજીને પાન કરાવ્યાં અને હવે ત્રેવીસમા શ્લોકથી ઓગણચાલીસમા શ્લોકપર્યંત સત્તર શ્લોકોમાં પોતાની જીવનગાથાનું ગાન કરી વ્યાસ મહર્ષિને પુનઃ પ્રોત્સાહન આપી રહ્યા છે. ચાલો આપણે પણ શ્રી નારદજીની જીવનસરિતા ગંગાજીમાં અવગાહન કરી પાવન થઈએ અને પ્રભુના ભક્ત થઈએ.

अहं पुरातीतभवेऽभवं मुने दास्यास्तु कस्याश्चन वेदवादिनाम् । निरूपितो बालक एव योगिनां शश्रूषणे प्रावृषि निर्विविक्षताम् ।।२३।।

ઋષિપ્રવર શ્રી નારદજી આત્મગાથા ગાતાં બોલ્યા કે હે મુનિવર !આપ મનનશીલ અને સર્વજ્ઞ છો તેથી હવે હું આપની પાસે મારા પૂર્વજન્મની કથા આરંભુ છું. હું પૂર્વકલ્પમાં, મારા આ જન્મના પૂર્વના જન્મમાં વેદવાદી મહર્ષિઓના આશ્રમમાં સતત સેવામાં તત્પર રહેતી માતાનો પુત્ર હતો. મારા પિતાજી ઋષિવર હતા અને મારાં માતાજી સેવાપરાયણ દાસી હતાં. અમે આશ્રમમાં એક પર્ણકુટીમાં રહેતાં હતાં ત્યાં અષાઢ શુક્લ પૂર્ણિમાને દિવસે ચાતુર્માસ નિવાસ કરવા માટે મુનિવરોના આશ્રમમાં યોગીવર એવા ચાર પરમહંસો પધાર્યા. તેઓ શ્રી યોગનિષ્ઠામાં તરબોળ હતા. તેમની સેવામાં ઋષિવરોએ દયા કરી મને મૂક્યો અને કહ્યું કે તારે "સેવા જ કરવાની બીજું કાંઈ પણ કરવાનું નહિ." (૨૩)

"કૃપા-સમદૃષ્ટિ-મનન" આ સંતના ત્રણ ગુણો અને સેવકમાં ત્રણ દોષોનો અભાવ અને ચાર સદ્ગુણો

ભગવન્ વ્યાસ ! આશ્રમમાં પધારેલા તે સંતવર્યો તો સર્વથા તુલ્ય દૃષ્ટિવાળા એટલે સમદૃષ્ટિવાળા હતા, તો પણ દેહ, ઈન્દ્રિય અને મનની સકલ ચંચલતાથી રહિત. (૧) ઈન્દ્રિયોના વિષયોના સુખની ઈચ્છા વિનાના એવા "दान्त" એટલે સંતોષી અને સંયમી, (૨) તેમ જ રમત અને રમકડામાં રસ વિનાના, (૩) નાનેરા બાળક જેવા, તેમ જ મુનિઓની આજ્ઞાનુસાર વર્તનાર-આજ્ઞાંકિત (૧) મિતભાષી, (૨) સંતસેવાપરાયણ, (૩) દીન બાળક, (૪) જાણી મનનશીલ કૃપાળુ તે સંતોએ મારા ઉપર અપારકૃપા કરી. (૨૪) મુનિવર ! એક વાર મારા મનમાં એવી અભિલાષા થઈ કે મને જો પરમહંસોની પ્રસાદી મળે તો મારા મનની શીઘ્ર શુદ્ધિ થાય; મારી આ મનોવૃત્તિને દ્વિજવરોએ જાણી અને મને તે તપેલીમાં અને પાતળમાં રહેલી પ્રસાદીને લેવાનું અનુમોદન મળ્યું ત્યારે મેં એકવાર તે પ્રસાદ લીધો, અથવા તેમની તે યોગીવરોની યજ્ઞશિષ્ટ પ્રસાદીનું હું ચાતુર્માસના વ્રતાનુસાર એક ટંક ભોજન લેતો અથવા સંતો આરોગી લે ત્યાર પછી તેમનાં ભોજનપાત્રો સ્વચ્છ કરતાં, જમતાં પહેલાં ને પછી ભોજનની ભૂમિ પર પોતું કરવું, વસ્ત્રાદિ પ્રક્ષાલન કરવું વગેરે તમામ સેવા કરતો અને એકટાણું ભોજન કરતો હતો. આ પ્રમાણે સંતપ્રસાદીથી અને સેવાથી મારાં સમસ્ત પાપો ધોવાઈ ગયાં. આ પ્રકારે ચાતુર્માસમાં પ્રતિદિન વર્તતાં વિશુદ્ધ અન્તઃકરણવાળા મારા મનની,ભગવાનની અને ભગવાનના ચિંતન નામના યોગીઓના ધર્મમાં જ વિશેષ અભિરુચિ ઉત્પન્ન થઈ.(૨૫) પરમહંસ ભક્ત યોગીવરો પ્રતિદિન ચાતુર્માસમાં મનને પરમાનંદ દેનારી ભગવાન શ્રીકૃષ્ણની કથાનું મધુરું ગાન કરતા હતા ત્યાં તેઓની જ આજ્ઞાથી અને અનુગ્રહથી હું પણ તે કથાઓનું પ્રેમપૂર્વક શ્રણવ કરતો હતો. વ્યાસજી ! અધિક શું કહું. હરિકથાનું પ્રત્યેક પદેપદ અને અક્ષરે અક્ષરનું શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરતાં ભગવાન શ્રીકૃષ્ણમાં મારી અભિરુચિ થઈ. (૨૬) મહામુનિ વ્યાસજી ! આ પ્રમાણે જ્યારે ભગવાન શ્રીકૃષ્ણમાં મારી અસ્ખલિત સ્થિર બુદ્ધિ થઈ ગઈ ત્યારે આવી બુદ્ધિથી "હું-જગતથી પર પરબ્રહ્મરૂપ" છું અને આ સ્થૂલ, સૂક્ષ્મ શરીર તેમ જ આ જગત ભગવાનની સદ્-અસત્ નામની માયાશક્તિથી પરબ્રહ્મસ્વરૂપ એવા મારામાં જ કલ્પેલું જોયું. (૨૭)

પરમહંસોનો પાંચ માસ સત્સંગ

इत्थं शरत्प्रावृषिकावृतू हरेर् विशृण्वतोमेऽनुसवं यशोऽमलम् ।
संकीर्त्यमानं मुनिभिर्महात्मभिः भक्तिः प्रवृत्ताऽऽत्मरजस्तमोपहा ।।२८।।

મુનિવર ! આ પ્રમાણે વર્ષાથી શરદઋતુ પર્યન્ત પાંચ માસથી પણ અધિક સમય મહામના પરમભક્ત પરમહંસ મુનિઓ

પાસેથી ભગવાન શ્રીહરિનો નિર્મળ યશ, રસસભર ગુણાનુવાદ ગવાતો રહ્યો અને તેનું શ્રવણ કરતાં ભગવાનમાં મારા અન્તઃકરણના રજોગુણ અને તમોગુણ દોષોનો નાશ કરનારી અત્યંત દૃઢ ભક્તિ ઉત્પન્ન થઈ. નારદજીના કથન ઉપરથી લાગે છે કે પરમહંસોનો સત્સંગ પાંચ માસથી પણ વધારે હોવો જોઈએ. મહર્ષિ વ્યાસજીની વાણી તો સમાધિભાષા છે, તેથી તે વેદ જેવી સત્ય અને ગૂઢ રહસ્યમયી હોય છે. 'પરમહંસો ચાતુર્માસ વસ્યા' એવું વાક્ય નથી લખ્યું પરંતુ વર્ષાઋતુ અને શરદઋતુ પર્યંત વસ્યા એવો ઉલ્લેખ કર્યો છે. એનું તાત્પર્ય એવું છે કે આયુર્વેદશાસ્ત્રમાં એવો ઉલ્લેખ છે કે મિથુનરાશિ અને કર્કરાશિનો કાળ પ્રાવૃટ્ઋતુનો ગણાય; સિંહ અને કન્યારાશિ એ વર્ષાઋતુ છે; તુલા અને વૃશ્ચિકનો કાળ શરદઋતુ છે. કેટલાક શાસ્ત્રના સિદ્ધાન્ત પ્રમાણે કેવલ પાંચ જ ઋતુઓ છે. તેમાં વર્ષાઋતુનો સમય ચાર માસનો માન્યો છે અને બીજી ચાર ઋતુઓના આઠ માસ ગણ્યા છે. સંન્યાસીઓના ધર્મ પ્રમાણે અષાઢ માસની પૂર્ણિમાથી આરંભીને પરમહંસોએ એક સ્થાને રહેવું જોઈએ. અષાઢ માસમાં કર્કરાશિનો સૂર્ય શરૂ થાય અને શરદઋતુ વૃશ્ચિકના અંતમાં સમાપ્ત થાય છે એટલે કુલ કર્ક-સિંહ-કન્યા-તુલા-વૃશ્ચિકાંત માસ સુધીના પાંચ માસ પર્યન્ત પરમહંસો મુનિઓના આશ્રમમાં વસ્યા એવું સ્પષ્ટ લાગતું હોવાથી મહાપ્રભુજી સુબોધિનીજીમાં પરમહંસો ત્યાં પાંચ માસ રહ્યા એવું સ્પષ્ટીકરણ કરે છે. (૨૮)

સેવકના સાત સદ્‌ગુણો એ સંતોને માટે વશીકરણ છે

આ પ્રમામે ચાતુર્માસના સત્સંગમાં હરિકથામૃતનું પાન (૧) ભગવજ્જનોમાં અનુરાગ, (૨) વિનય, (૩) નિષ્પાપ, (૪) શ્રદ્ધાળુ, (૫) બાળક, (૬) જિતેન્દ્રિય અને (૭) સેવાપરાયણ મનવાળા બની પરમહંસોની સેવામાં રહેલા મારા ઉપર કૃપા કરીને દીનવત્સલ એ જ્ઞાની મહાપુરુષોએ ચાતુર્માસ વ્રત સમાપ્ત કરીને પ્રસ્થાન કરતી વેળાએ ભગવાનના સાક્ષાત્કાર સમયે ભગવાને ઉપદેશલું જે જ્ઞાન "ગુહ્યતમ" જ્ઞાન કહેવાય તેવું જ્ઞાન મને આપ્યું. (૨૯, ૩૦) મહર્ષિવર વ્યાસજી પરમહંસોએ મને આપેલા ભગવત્સંબંધી તે જ્ઞાનથી સર્વના સર્જક ભગવાન વાસુદેવની માયાના મહિમાને મેં જાણ્યો, જે જ્ઞાન મેળવીને જ્ઞાનીઓ પરમપદને પ્રાપ્ત કરે છે. (૩૧) હે બ્રહ્મન્ ! આ વિશ્વમાં ત્રિવિધ તાપને દૂર કરવાનું ઉત્તમ સાધન એ જ છે કે જે કાંઈ ધર્મ કર્મ કરવામાં આવે તે સર્વસમર્થ ષડૈશ્વર્ય સમ્પન્ન ભગવાન શ્રીકૃષ્ણમાં યોજી દેવું. (૩૨)

રોગવર્ધક વસ્તુ આયુર્વેદના પ્રયોગથી રોગનાશક રસાયણ બને

જે પદાર્થ કે વસ્તુ ખાવાપીવાથી પ્રાણીઓને રોગ પેદા કરે છે, તે જ રોગોત્પાદક વસ્તુની ચિકિત્સા કરીને તેનો ઉપયોગ કરાય તો તે વસ્તુ રોગનાશક રસાયણ નથી બનતી શું ? જીવનાશક "સોમલ" વિષનું સંશોધન કરી બનાવેલ જ્વરાંકુશ નામનું ઔષધ જ્વર હરનાર અને જીવાડનાર શું નથી બનતું ? (૩૩) એ જ પ્રમાણે મનુષ્યનાં બધાં સકામ કર્મ સંસાર પરંપરાને પ્રાપ્ત કરવામાં કારણરૂપ થાય છે, પરંતુ એ બધાં નિષ્કામ ભાવે ભગવાનને સમર્પિત થાય તો તે કર્મના ફળ સ્વરૂપે સંસારનો નાશ કરનાર બને છે. (૩૪) મનુષ્યદેહથી આ લોકમાં જે કાંઈ કર્મ કરાય તે ભગવાનને સંતોષ થાય તેવું કરાય છે, તેથી તેમ જ ભગવાનને આધીન અને ભક્તિયોગથી યુક્ત જે જ્ઞાન છે, તેનાથી કર્મનો ક્ષય થાય છે. (૩૫) (૧) જ્યાં ભગવાનની આજ્ઞાથી કર્મ કરતા હોય, (૨) હંમેશાં શ્રીકૃષ્ણના ગુણગાનનો ઉચ્ચાર કરતા હોય અને (૩) નિરંતર ભગવાનનું સ્મરણ કરતા હોય, તે કર્મો કરનારને સંસાર નથી થતો. (૩૬)

શ્રી પંચરાત્રતંત્રમાં ગાયેલી ગાયત્રી

नमो भगवते तुभ्यं वासुदेवाय धीमहि। प्रद्युम्नायानिरुद्धाय नमः संकर्षणाय च ॥३७॥

इति मूर्त्यभिधानेन मन्त्रमूर्तिममूर्तकम् । यजते यज्ञपुरुषं ससम्यग्दर्शनः पुमान् ॥३८॥

હે ભગવન્ ! આપને નમસ્કાર કરું છું; હે વાસુદેવ, આપનું અમે ધ્યાન ધરીએ છીએ, તેમ જ શ્રી પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ અને સંકર્ષણ ભગવાનને પણ નમસ્કાર કરીએ છીએ (૩૭) આ પ્રમાણે ભગવાન વાસુદેવ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ અને સંકર્ષણ

ભગવાનની મૂર્તિનું એટલે સ્વરૂપના વાચક મંત્રોથી અપરિચ્છિન્ન, મંત્રની મૂર્તિરૂપ, એવા યજ્ઞપુરુષ ભગવાનનું જ યજન કરે છે તે પુરુષ સાચા અને સત્ય દર્શનવાળો બને છે. (૩૮) હે વ્યાસ મહર્ષિજી ! મેં આ પ્રકારે ભગવાનની આજ્ઞાનું અનુષ્ઠાન કર્યું છે એવું જાણીને હે બ્રહ્મન્ ! કેશવ ભગવાને મને જ્ઞાન, ઐશ્વર્ય અને પોતાનામાં ભક્તિ એટલે ભાવ આપ્યાં છે. (૩૯)

વૈષ્ણવવર નાદરજીની વાણી

હે મહર્ષિ વ્યાસજી ! આપ તો અગાધ શાસ્ત્રજ્ઞાન ધરાવો છો, આપે તો અગાધ શાસ્ત્રોનું શ્રવણ કર્યું છે, તેથી સમર્થ ભગવાનનાં ચરિત્રોનું આપ વર્ણન કરો. વિદ્વાનોને જે જ્ઞાન મેળવવાની કે જાણવાની ઈચ્છા થાય છે તે સર્વ જિજ્ઞાસા ભગવાનનાં ચરિત્રોમાં સમાય છે. હે વ્યાસજી ! ભગવાનનો યશ, ભગવાનની કથા, એ તો વિવિધ પ્રકારનાં દુઃખોથી પીડાતા સર્વ જીવોના સર્વવિધ ક્લેશોનું નિવારણ કરવા માટે સમર્થ છે. પ્રમાણવેત્તાઓનો નિર્ણય છે કે ભગવચ્ચરિત્ર શ્રવણ સિવાય દુઃખનિવારણનો બીજો કોઈ ઉપાય નથી. (૪૦)

त्वमप्यदभ्रश्रुत विश्रुतं विभोः समाप्यते येन विदां बुभुप्सितम् । आख्याहि दुःखैर्मुहुरर्दितात्मनां सङ्क्लेशनिर्वाणमुशन्ति नान्यथा ।।४०।।

શ્રીમદ્ ભાગવત પીયૂષ પ્રથમ સ્કંધ અધિકારલીલાના મધ્યમ પ્રકરણમાં શ્રી નારદજીએ વ્યાસ મહર્ષિને આપેલા ઉપદેશનું વર્ણન કરતો પાંચમો અધ્યાય સમાપ્ત થયો.

અધ્યાય ૬ઠ્ઠો

[પ્રથમ સ્કંધ અધિકારલીલાનો આ છઠ્ઠો અધ્યાય છે. આ અધ્યાયમાં ૩૯ શ્લોકો છે. ત્રીજા અધ્યાયથી છઠ્ઠા અધ્યાય સુધીનું મધ્યમ પ્રકારના શ્રોતા અને વક્તાની અધિકાર-યોગ્યતાનું વર્ણન કરનારું આ પ્રકરણ છે. આ અધ્યાયમાં શ્રી નારદજી અધૂરી રહેલી પોતાની જીવનની ગાથાનું વ્યાસ મહર્ષિની જિજ્ઞાસાથી સંપૂર્ણ વર્ણન કરશે. પાંચમા અધ્યાયના ૩૯મા શ્લોકમાં નારદજીએ કહ્યું કે હે વ્યાસજી ભગવાન, કેશવે મને પ્રસન્ન થઈને 'જ્ઞાન, ઐશ્વર્ય અને ભક્તિનાં' દાન કર્યાં. આ વચન સાંભળી વ્યાસજીના મનનાં જાણવાની ઈચ્છા થઈ કે ભગવાને નારદજીને દર્શન આપ્યું ત્યારે જ્ઞાન અને ભક્તિ આપ્યાં પણ "ઐશ્વર્ય" ક્યારે આપ્યું, તેનું સમાધાન આ અધ્યાયમાં થશે.]

सूत उवाच : एवै निशम्य भगवान् देवर्षेर्जन्म कर्म च । भूयः पप्रच्छ तं ब्रह्मन् व्यासः सत्यवतीसुत ।।१।।

મહર્ષિ સૂતજીએ કહ્યું કે હે શૌનક મુનિ ! આ પ્રમાણે દેવર્ષિ નારદજીનો જન્મ અને જીવનગાથાનું શ્રવણ કરીને પુનઃ માતા સત્યવતીના કુલદીપક પુત્ર શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસજી પૂછવા લાગ્યા. (૧)

સંતોના ચરિતામૃતનાં પાન કરતાં આત્મા ધરાતો જ નથી

મહર્ષિ વ્યાસજી હવે ત્રણ શ્લોકોથી ત્રણ પ્રશ્ન કરવા લાગ્યા કે હે દેવર્ષિ મહારાજ ! મારો પ્રથમ પ્રશ્ન છે કે આપને વિજ્ઞાનનો ઉપદેશ દેનારા તે શ્રી પરમહંસો જ્યારે આશ્રમમાંથી વિદાય થયા પછી પ્રથમાવસ્થા બાલ્યકાળમાં રહેલા આપે શું કર્યું ? (૨) હે બ્રહ્મકુમાર! નારદજી હવે મારો બીજો પ્રશ્ન છે કે, પછીની અવસ્થામાં આપે આપના જીવનનો નિર્વાહ કરવા માટે શો ઉપાય કર્યો ? આજીવિકા કેવી રીતે ચલાવી ? તેમ જ જ્યારે શરીર ત્યજવાનો સમય આવ્યો ત્યારે દેહત્યાગ કેવી રીતે કર્યો ? (૩) હે દેવવર ! હવે ત્રીજો પ્રશ્ન છે કે પૂર્વકલ્પ સંબંધી આપના આ જીવનવૃત્તાન્તના પ્રસંગને કાળ કેમ ન વ્યવધાન કરી શક્યો કે આજે પણ આપને એ વૃત્તાન્તનું સ્મરણ છે. આપ મારા આ ત્રણ પ્રશ્નોનું કૃપા કરી સમાધાન કરો. (૪)

ભક્તવર નારદજીની જીવનગાથા

મહર્ષિ નારદજી કહેવા લાગ્યા કે ભગવન્ ! મને વિજ્ઞાનનો ઉપદેશ આપનાર ભિક્ષુવર પરમહંસો જ્યારે ચાતુર્માસ્ય વ્રતની સમાપ્તિએ અન્યત્ર પધારી ગયા પછી પ્રથમાવસ્થામાં રહેલા મેં શું કર્યું ? આજીવિકા કેમ ચલાવી ? કાયા કેમ ત્યજી ? વગેરે આપના પ્રશ્નોનું સમાધાન કરું છું જે આપ સાંભળો : (૫) ભગવન્ ! મારી માનો હું એકાકી પુત્ર હતો. મહારાજ ! મારી માતા દેહે સ્ત્રી અને વળી સ્ત્રીજનોમાં પણ તદ્દન અબુધ, તેમાં પણ જાતે દાસી એટલે કિંકરી એવી મારી માતાએ જેની બીજી કોઈ પણ ગતિ નથી એવા નાના બાળક-મારામાં સ્નેહનાં બાંધણ બાંધ્યાં. (૬) મારી માતા દાસી

હોવાથી સદા પરાધીન હતી; તેથી તે મારા યોગક્ષેમની ઈચ્છા રાખતી હતી છતાં તેમ કરવા માટે હું અસમર્થ હતો. સાચે જ આ જગતમાં સર્વ કોઈ જીવ કઠપૂતળીની માફક ઈશ્વરને આધીન છે. (૭) ભગવન્ ! હું પાંચ વર્ષનો નાનેરો બાળક હતો. દિશા, દેશ, રાત કે દિવસ એવું કાળનું કોઈ પણ મને ભાન ન હતું. કેવલ માની નજર નીચે તેની છાયામાં હું તે ઋષિકુલમાં રહેતો હતો અને માતાના અને દેહના બંધનમાંથી ક્યારે છુટાય તેની રાહ જોતો હતો. (૮)

વહાલી માની વિદાય

મહારાજ ! એક દિવસ એવું બન્યું કે, અંધારી રાત હતી, સર્વ મુનિવરો પોતાના કાર્યમાં ગૂંથાયેલા હતા. લગભગ રાત્રીનો સમય હતો. મારી-માતા ઘરમાંથી બહાર નીકળી રસ્તા વચ્ચે ગાયનું દોહન કરતી હતી, ત્યાંથી કાળનો કે કૃષ્ણનો પ્રેરેલો સર્પ પસાર થઈ રહ્યો હતો. દોરડાની ભ્રાન્તિથી કે દૂર કરવાની વૃત્તિથી માતાના પગનો સર્પને સ્પર્શ થયો અને સર્પે મારી ગરીબ માને દંશ દીધો. (૯) ભગવન્ ! આ સર્પદંશને પણ મેં મારો અંગીકાર કરવા ચાહતા અને ભક્તોનું કલ્યાણ વાંછતા કૃપાનિધિ શ્રીકૃષ્ણનો અનુગ્રહ માન્યો. મારી ગરીબ માને ગો-દોહન કરવાનું ભાગ્યમાં ક્યાંથી ! પરંતુ ગોદોહન કરવાનું મળ્યું તેથી ગોસેવા મળી, સર્વ દેવોના નિવાસવાળી ગાયનો સ્પર્શ થયો, વનમાં જ દેહ છૂટ્યો અને મને ભગવાને ખોળે મૂકી મા વૈકુંઠમાં પધારી ગઈ. હું આ સર્વ કાંઈ ભગવાનની લીલા માનતો ઉત્તર દિક્ષા તરફ ચાલ્યો. (૧૦) મહારાજ ! આ ઉત્તર દિશામાં જઈ રહ્યો હતો ત્યારે માર્ગમાં, ધાન્યથી સમૃદ્ધ માળવા વગેરે દેશો જોયા, રાજધાનીનાં નગરો જોયાં, થોડી વસ્તીવાળાં ગામો જોયાં, ગાયોના નેસડા નિહાળ્યા. માર્ગમાં જતાં મીઠાના અગર જોયા. ખેડૂતોના ખેટોને-વસવાટોને-કમ્પાઓને જોયા, વળી "ખર્વટો" જોયા એટલે એક તરફ સરિતા અને બીજી તરફ પર્વત અને વચમાં અગ્નિહોત્રીઓની અગ્નિશાળાઓવાળા નિવાસો જોયા, પુષ્પવાટિકાઓ, વનો અને ઉપવનો જોયાં અને આ શ્લોકમાં આપેલા 'ચ' અવ્યયથી અનાજનાં ખળાં પણ જોયાં. (૧૧) વિવિધ તરેહની ધાતુઓથી ચિત્રવિચિત્ર રમણીય સોહામણા પર્વતોને જોયા, હાથીઓએ ભાંગી નાખેલ શાખાઓવાળાં તરુવરો જોયાં, પવિત્ર નિર્મળ જળ ભરેલાં જલાશયો નિહાળ્યાં, દેવાલયોથી દીપતાં સરોવર અને કમળોથી સૌન્દર્ય ભરી વાવો અને સરોવરો જોયાં. ચારે તરફ જુદાં જુદાં કલરવ કરતાં અને ચિત્રવિચિત્ર ચીંચીં અવાજ કરતાં પક્ષીઓ તેમજ ભ્રમરોના ગુંજારવોથી સોહામણાં દેવાલયો જોયાં.(૧૨) મહારાજ વ્યાસ ! આ સર્વ પ્રદેશોને જોતો હું વટેમાર્ગુઓ સાથે આગળ વધી રહ્યો હતો ત્યાં એક વિશાળ વન આવ્યું. આ વનમાં નેતર, વાંસ, બરુનાં થૂંબડાં દર્ભનાં થૂંબડાં અને પોલા કીચક નામના વાંસથી ઘીચોઘીચ ભરેલ ઘાડુ વન જોયું. અને ઘણા જ લાંબા, ભયંકર તેમ જ ભયાનક પશુઓને ભય ઉપજાવનાર આકારવાળા અજગરો, ઘૂવડો અને શિયાળોના સમૂહને ફરવાના આંગણા સમાન આ વનને હવે હું એકલો જ વટાવી રહ્યો હતો. (૧૩)

ક્ષણ વાર બહિર્મુખતા અને અનુગ્રહે બીજી જ ક્ષણે અંતર્મુખતા

હે વ્યાસમુનિજી ! આવા ખુલ્લા અને ભયાનક વનને નિહાળતાં ભગવાનનું ક્ષણભર ચિંતન ચાલ્યું ગયું; તેથી હું બહિર્મુખ બની ગયો. હવે મારી ઈન્દ્રિયો અને દેહ અતિશય થાકી ગયાં હતાં. વળી હું ક્ષુધા અને તૃષાથી પુષ્કળ પીડાવા લાગ્યો. ત્યાં પર્વતમાંથી નીકળેલી કોઈ નદીનો કુંડ જોયો. વૃક્ષોની છાયાથી શીતલ કુંડના જલમાં સ્નાનાદિ ક્રિયા કરી પુનઃ આત્મચિંતન કરવાના આશયથી જ આચમન કીધું. ભગવન્, આચમન કરતાં જ થાક તો ક્યાંય ચાલ્યો ગયો પરંતુ અંતઃકરણના સર્વ ક્લેશો દૂર થઈ ગયા. (૧૪) મનુષ્યોના વસવાટના અભાવે પાપ અને કોલાહલથી પર આ પાવન વિજન વનમાં પીઠનો ભાગ પીપળાના વૃક્ષના થડને સ્પર્શે તે રીતે શીતળ છાયામાં આત્મધ્યાન કરવા બેસી ચાર મુનિવરોના મુખેથી સાંભળ્યા પ્રમાણે ધ્યાન કરતાં આત્માથી જ આત્માના સ્વરૂપને મેં જોયું. મને આ પ્રકાશમાન આત્મા કોના તેજથી પ્રકાશે છે તેનો વિચાર થવા લાગ્યો. અને તેનું હું ચિંતન કરવા લાગ્યો. (૧૫) પછી મુનિવરોએ દર્શાવેલ રીતે ભગવાનનું ધ્યાન કરવા લાગ્યો. ધ્યાન કરતાં ભક્તિભાવ જાગ્યો, ભાવ જાગતાં ભગવાનનાં ચરણારવિંદનાં દર્શન થયાં. ચરણદર્શન થતાં જ હૃદયમાં સ્વરૂપદર્શનની ઉત્કંઠા જાગી. આંખલડીઓ અશ્રુઓથી છલકાઈ ગઈ અને કૃપાનિધિ

શ્રીહરિ હૃદયમાં ધીમે ધીમે પ્રકટ થયા. (૧૬)

આનંદનો આવિર્ભાવ

હે મુનિ મહારાજ ! શ્રી ગંગાજીના જલમાં ધ્યાન કરતાં શ્રી ગંગાજીનો સાક્ષાત્ આવિર્ભાવ થાય છે તે જ પ્રમાણે સનતકુમારોએ વર્ણવેલી માનસી મૂર્તિમાં ધ્યાન કરતાં જ સાક્ષાત્ શ્રીહરિનો આવિર્ભાવ થયો. હવે તો દર્શનથી ઉદ્ભવેલો પ્રેમ હૃદયમાં સમાઈ શક્યો નહિ, તે ઊભરાવા લાગ્યો અને શરીરે રોમાવલી પુલકિત થઈ, આનંદની સીમા જ ના રહી. આનંદના મહાસાગરમાં ડૂબી ગયો. હવે હું મારા જીવસ્વરૂપને અને શ્રીહરિના આનન્દ સ્વરૂપને જોઈ શકતો જ ન હતો, કેવલ આનંદમય ભૂમિકામાં હતો. (૧૭)

આનંદનો તિરોભાવ

મુનિવર ! હવે મારી વેદના આપને શું વર્ણવું ? મને અત્યંત સુંદર લાગતું અને શોકને સર્વથા હરી લેતું ભગવાનનું તે સ્વરૂપ ભગવદિચ્છાથી એકાએક તિરોહિત થઈ ગયું. હૃદયમાંથી સ્વરૂપ ચાલ્યું જતાં વિકળતા વધી પડી અને બેચેન બનેલો હું જાણે તે સ્વરૂપ ક્યાંક બીજે ચાલ્યું ગયું એમ માની તે શોધવા એકાએક ઊભો થઈ ગયો. (૧૮) ભગવાનના સ્વરૂપનાં દર્શનથી હજી ધરાયો ન હતો ત્યાં જ તે સ્વરૂપ ચાલ્યું જતાં પુનઃ તે સ્વરૂપનાં દર્શનની લાલસાથી, મનને હૃદયમાં સ્થિર કરીને ધ્યાન કરવા લાગ્યો. ત્યારે ભગવાનની માનસી મૂર્તિનાં દર્શન થવા છતાં તે આનંદમય ભગવાનના ચરણારવિંદથી મસ્તક પર્યન્તના તે દિવ્ય સ્વરૂપનાં તો દર્શન ન જ થયાં અને તે દર્શનની આતુરતા સેવતો અતૃપ્ત જ રહ્યો. (૧૯) હવે તે સ્વરૂપનાં દર્શન થાય એ આશાથી હું વિજન વનમાં પુનઃ પ્રયત્ન કરી રહ્યો હતો ત્યારે, વાણીના અવિષય તે કૃપાળુ ભગવાન મધુર વાણીથી મારા શોકને શમાવતા હોય તેવાં વચનામૃત વરસાવવા લાગ્યા. (૨૦)

માધવની મધુર વચનવર્ષા

મધુર વાણીથી ભગવાન કહેવા લાગ્યા : બેટા નારદ ! દુઃખી થા મા. હું સમજું છું કે મારા દર્શનની, મિલનની, બેટા, તને ઉત્કંઠા છે. પરંતુ દુઃખની વાત છે કે આ જન્મમાં તો તને મારા દર્શનની શક્યતા નથી. કારણ કે જેના મનના મળ પરિપક્વ થયા ના હોય તેવા કુયોગીઓને મારાં દર્શન દુર્લભ છે. (૨૧) બેટા નારદ ! તું તો નિષ્પાપ છે તેથી તો આ જન્મમાં મેં જે એક વખત મારું સ્વરૂપદર્શન કરાવ્યું છે તે કેવલ મારા દર્શનની ઉત્કંઠા વધે માટે જ આપ્યું છે. કારણ કે જેમ લોકો કાંટાથી કાંટો કાઢી નાખે છે. તેમ જ ભગવાનની કામનાથી, ભગવાનના દર્શનની ઈચ્છાથી સત્પુરુષો ધીમે ધીમે પોતાના હૃદયમાં રહેલા તમામ રાગાદિ રોગોની કામનાઓને છોડી દે છે, નિર્મૂલ કરી નાખે છે. (૨૨) હે નિષ્પાપ નારદ ! સ્વલ્પ સમયની, ટૂંકા સમયની પણ સત્પુરુષોની જે તેં સેવા કરી તેથી તો તારી મારામાં દૃઢ મતિ થઈ ગઈ છે. હવે અનુપયોગી આ દેહ છૂટી જતાં પુનઃ સેવોપયોગી એવા મારા ભકતનો પાર્ષદ દેહ તને પ્રાપ્ત થશે. (૨૩) ભગવાન વળી કહેવા લાગ્યા, બેટા નારદ ! મારામાં મજબૂત થયેલી, સુદૃઢ થયેલી આ મતિ ક્યારેય પણ નાશ પામતી નથી. બેટા નારદ! આ જન્મમાં થયેલી આ સર્વ પ્રસંગની સ્મૃતિ મારી કૃપાથી પ્રજાની સૃષ્ટિ અને પ્રલયમાં પણ કોઈ વખત નાશ પામશે નહીં. (૨૪)

શ્રી નારદજીએ કરેલા નમસ્કાર

શ્રી નારદજીએ કહ્યું કે હે વ્યાસજી ! આ પ્રમાણે કહીને આકાશરૂપ જ જેનું ચિહ્ન છે, તેવું અને ચિહ્ન વગરનું સમર્થ ને મહત્ તેજ શાન્ત થયું. આ રીતે અપાર કૃપાપાત્ર બનેલ મેં મહાનમાં પણ મહાન ભગવાનને નમસ્કાર કર્યા. (૨૫)

શ્રી હરિના નામનું અખંડ સંકીર્તન વિષયરાગ, વિષયવાસના અને અવિદ્યાને હરે

नामान्यनन्तस्य हतत्रपः पठन् गुह्यानि भद्राणि कृतानि च स्मरन् । गां पर्यटन् तुष्टमना गतस्पृहः कालं प्रतीक्षन् विमदो विमत्सरः ॥२६॥

હે વ્યાસ મહર્ષિ ! હવે હું લાજ નેવે મૂકી અને અનન્ત ભગવાનનાં અનન્ય નામોનું ઉચ્ચ સ્વરે ઉચ્ચાર કરતો અને ગૂઢાર્થ ભરેલાં કલ્યાણમય ચરિત્રોનું સ્મરણ કરતો પૃથ્વી ઉપર પર્યટન કરતો હતો. ભગવાનની કૃપાથી મનથી સંતુષ્ટ હતો.

સ્પૃહાઓનો ત્યાગ કર્યો હતો. હવે હરિકૃપાથી, મદ-મત્સરથી મુક્ત બનીને કેવલ બ્રહ્માજીએ આપેલા શાપની નિવૃત્તિના કાળની અથવા ઈશ્વરનિર્ધારિત સમયની પ્રતીક્ષા કરી રહ્યો હતો. (૨૬) હે બ્રહ્મવેત્તા વ્યાસ મહર્ષિજી ! આ પ્રકારે નામરટણ અને પૃથ્વી ઉપર પર્યટન કરતાં ભગવાન શ્રીકૃષ્ણમાં પ્રીતિવાળી મતિ થતાં અન્ય આસક્તિ તૂટી ગઈ, અન્તઃકરણ નિર્મળ થઈ ગયું; ત્યારે વર્ષાઋતુમાં જેમ "સ્ફટિકમણિના" સુદામ નામના પર્વત ઉપર થનારી સૌદામિની નામની વીજળી જેવો શીઘ્ર શરીર છૂટનારો ઈશ્વરનિર્ધારિત કાળ આવી પહોંચ્યો. (૨૭) જ્યારે મારા દેહને છૂટવાનો કાળ આવી રહ્યો ત્યારે પ્રથમથી જ શુદ્ધ સત્ત્વગુણ વિશિષ્ટ અને ભગવત્સેવોપયોગી અલૌકિક એવી ભક્તકાયા તૈયાર જ હતી. આ કાયાનો સંબંધ જોડવા માટે મને કાળ લઈ જઈ રહેલ હતો ત્યારે મારા પ્રારબ્ધ કર્મનો પણ ક્ષય થઈ ગયો. તેથી મારો પંચભૌતિક દેહ પડી ગયો. (૨૮) હે વ્યાસજી ! બ્રાહ્મકલ્પની સમાપ્તિ થઈ ત્યારે આ જગતનો ઉપસંહાર કરીને મહાસાગરના જલમાં જ્યારે શ્રી નારાયણ ભગવાન પોઢી રહ્યા હતા ત્યારે નારાયણમાં શયન કરવાની ઈચ્છા ધરાવતા શ્રી બ્રહ્મદેવજીના શ્વાસોચ્છ્વાસ-પ્રાણવાયુની સાથે મેં પણ તેમાં પ્રવેશ કર્યો. (૨૯) બ્રહ્માજીના શરીરમાં પ્રવેશ કરી રહેલા મને સત્ય-ત્રેતા-દ્વાપર-કલિયુગોનો એક હજાર વર્ષનો યુગ વીતી ગયો. ત્યાર બાદ જાગીને જગતની રચના કરવા ચાહતા બ્રહ્માજીના પ્રાણોમાંથી મારીચિઋષિ નામના મુખ્ય જેમાં છે એવા ઋષિઓ ઉત્પન્ન થયા અને હું પણ ઉત્પન્ન થયો. મને ભક્ત જોઈ બ્રહ્માજીએ અત્યંત વહાલથી ખોળામાં લીધો તેથી મને ખોળામાંથી ઉત્પન્ન થયો એમ બધા કહેવા લાગ્યા. (૩૦)

એકવાર ભગવાનની મળેલ કૃપા અનન્ત જન્મપર્યન્ત રહે છે

મહારાજશ્રી વ્યાજી ! સર્વસમર્થ ભગવાન મહાવિષ્ણુની કૃપાથી મારી ગતિને ક્યાંય પણ અવરોધ આવતો નથી, તેથી જ હું ત્રણે લોકની અંદર અને બહાર પર્યટન પણ કરું છું, તેમ જ ભગવાનના નિત્ય દર્શનનું મારું વ્રત પણ ખંડિત થતું નથી. (૩૧) હે ભગવન્ ! દેવોએ આપેલી, નાદબ્રહ્મથી વિભૂષિત એટલે સંગીતશાસ્ત્રમાં બતાવેલા ષડ્જ વગેરે સ્વરોથી ભરેલી આ વીણાને સંગીતશાસ્ત્રમાં વર્ણવેલી મૂર્ચ્છના આપીને બજાવતો હરિકથાનું ગાન-સંકીર્તન કરતો સર્વત્ર વિચરણ કરું છું. (૩૨) જ્યારે હું ભગવાનું યશોગાન કરું છું ત્યારે ભગવાન મારા ચિત્તમાં જાણે મેં નિમંત્રણ કર્યું હોય તેમ માનીને હૃદયમાં પધારીને દર્શન આપે છે. આ ભગવાનનું નામ તીર્થપાદ છે. અખિલ બ્રહ્માંડનાં તીર્થો પ્રભુના પદકમલમાં વસે છે; તેથી ભગવાનનું નામ તીર્થપાદ છે. વળી "સાયુજ્ય મુક્તિ" પામેલા મુક્ત પુરુષોનું નામ પણ "તીર્થપુરુષ" છે. તે તીર્થપુરુષોનો ભગવાનના ચરણમાં નિવાસ હોવાથી પણ ભગવાનનું નામ "તીર્થપાદ" છે. આ તીર્થજનોને તેમ જ તીર્થપાદપ્રભુને પોતાનો યશ ઘણો જ પ્રિય છે તેથી સંકીર્તન કરનારા ભક્તના હૃદયમાં ભગવાન શીઘ્ર પ્રવેશે છે. (૩૩) શ્રીનારદજી બોલ્યા કે, મેં તેમ જ જ્ઞાનીજનોએ અનુભવ્યું છે કે વિષયભોગના સુખની લાલસાથી સતત આતુર ચિત્તવાળા પુરુષોને માટે તો આ શ્રીહરિની કથા ભવસાગર પાર કરવાની નાવ છે. અરે, મોટું વહાણ છે. (૩૪) ભગવન્ ! કામ અને લોભથી હણાયેલું મન, ભગવાન મુકુન્દની સેવાથી જેટલું અને જેવું શાન્ત થાય છે અને પ્રસન્નતા અનુભવે છે તેટલી પ્રસન્નતા યમ, નિયમ, પ્રાણાયામ આદિ યોગમાર્ગમાં દર્શાવેલા ઉપાયોથી અનુભવાતું નથી. (૩૫)

સજ્જન પુરુષનું સૌજન્ય અને સારલ્ય

નારદજી પોતાના કથાપ્રસંગનો ઉપસંહાર કરતાં બોલ્યા કે, હે વ્યાસજી ! આપ તો નિષ્પાપ મહર્ષિ છે. લોકો મને માનતા હશે કે હું પ્રથમથી જ ઘણો મહાન હોઈશ, પરંતુ તેમ નથી તે જણાવવા માટે આપના જેવા નિષ્પાપ પુરુષને મારી જીવનગાથા મેં કહી છે. આજે આપ જેવો ક્લેશ અનુભવો છો તેવો જ ક્લેશ મેં અનુભવ્યો છે અને હરિલીલામૃતથી તે ક્લેશ દૂર કર્યો છે. આપ પણ તેમ કરશો તો જ આપનો ક્લેશ ટળશે. આવું સરલ હૃદયથી" નારદજીએ પોતાનું ગુપ્ત ચરિત્ર કહી સંભળાવ્યું અને બોલ્યા કે, ભગવન્ આપે મને મારા જન્મ અને કર્મની ગુપ્ત હકીકત પૂછી હતી, તેમ જ

આપને અન્તઃકરણમાં સંતોષ કેવી રીતે થાય એ માટે મને ઉપાય પણ પૂછ્યો હતો તે સર્વના ઉત્તરમાં મેં આપને મારી સમગ્ર વાત કહી સંભળાવી છે. પોતાની ગુપ્ત ગાથા નિષ્પાપજનોને જ કહેવાય અને આપ સર્વથા નિષ્પાપ છો. (૩૬)

શ્રી નારદજીનું પ્રસ્થાન

શ્રી સૂત મહામુનીજીએ શૌનકાદિ મહર્ષિઓને કહ્યું કે, ભગવાન નારદજીએ આ પ્રમાણે શ્રીવાસવી માતાના સુપુત્ર વ્યાસ મુનિને પોતાનો જીવનવૃત્તાંત સંભળાવ્યો, પુનઃ વિદાય વેળાએ વ્યાસજીની અનુમતિ મેળવી, વીણાનો નાદ કરતા મુનિવર ભગવદિચ્છાનુસાર શ્રી વ્યાસજીના સરસ્વતીતટના આશ્રમેથી ચાલી નીકળ્યા. (૩૭)

ધન્ય ધન્ય સંત નારદ

મહર્ષિવર વ્યાસજી બોલ્યા કે અહો ! આશ્ચર્યની વાત છે કે આ શ્રી દેવર્ષિ ધન્ય ધન્ય છે, કે જેઓ શાર્ઙ્ગ નામના ધનુષ્યધારી ભગવાન શ્રીકૃષ્ણની લીલાનું ગાન કરતા, તેમ જ ગાનના તાનમાં મસ્ત થઈ જતા આ દુઃખી દુનિયાને વીણાના નાદથી હરિગુણ ગાતા આનંદ પમાડે છે. (૩૮)

अहो देवर्षिर्धन्योऽयं यत्कीर्तिंशार्ङ्गधन्वनः । गायन्माद्यन् गिरा तन्त्र्या रमयत्यातुरं जगत् ।।३९।।

શ્રીમદ્ ભાગવત પીયૂષના પ્રથમ સ્કંધ અધિકારલીલાના મધ્યમ પ્રકરણમાંનો શ્રી નીરદજીની જીવનકથા પ્રસંગનું વર્ણન કરતો છઠ્ઠો અધ્યાય સમાપ્ત.

અધ્યાય છઠ્ઠો સમાપ્ત

અધ્યાય ૭ મો

[આ સાતમા અધ્યાયથી ઓગણીસમા અધ્યાયની સમાપ્તિ પર્યન્ત તેર અધ્યાયોનું "ઉત્તમાધિકાર" પ્રકરણ વર્ણવાયું છે. શ્રોતા-વક્તાનો અધિકાર એટલે યોગ્યતા વિચારી છે શ્રોતાવકતા છે તેથી બન્ને ઉત્તમ હોવાથી આ પ્રકરણને "ઉત્તમ" પ્રકરણ કહેવામાં આવ્યું છે. ભગવાનના દ્વાદશ અંગોના બાર અધ્યાયો અને તેરમા અંગીનો એક અધ્યાય મળીને કુલ ૧૩ અધ્યાયો ઉત્તમ પ્રકરણમાં આવેલા છે. એનો એવો પણ ભાવ થઈ શકે કે ભગવાનનાં બાર શ્રીઅંગોમાં અને તેરમા અંગી પુરુષોત્તમમાં તન્મયતા ધરાવતા શ્રોતા-વક્તાઓ ઉત્તમ મનાય છે. આ લક્ષણ પ્રમાણે શ્રી રાજર્ષિ પરીક્ષિત અને શ્રી બ્રહ્મર્ષિ શુકાચાર્યજી બન્ને મહાપુરુષો ભગવાન શ્રીકૃષ્ણમાં તન્મય છે, એકતાન છે અને તેમની જીવનગાથા પણ આ પ્રકરણમાં આવે છે માટે આ તેર અધ્યાયના પ્રકરણને ઉત્તમ પ્રકરણ કહેવામાં આવેલ છે. આ અધ્યાયમાં ૫૮ શ્લોકો છે. આ અધ્યાયમાં બાદરાયણ વ્યાસજીને સમાધિમાં ભગવાનનું દર્શન, શ્રીમદ્ભાગવતનો આવિર્ભાવ, દ્રૌપદીજીના પુત્રોનો વધ, અર્જુનજીની સ્તુતિ, બ્રહ્માસ્ત્રનિવારણ, અશ્વત્થામાની શિખાનો ઉચ્છેદ વગેરે પ્રસંગોની કથાઓ આવશે. ચાલો આપણે હવે હરિકથારસમાં લીન થઈએ.]

शौनक उवाच : निर्गते नारदे सूत भगवान् बादरायणः । श्रुत्वा तु तदभिप्रेतं ततः किमकरोद् विभुः ।।१।।

મહર્ષિ શૌનકજીએ પ્રશ્ન પૂછ્યો કે હે સૂતમુનિ ! દેવર્ષિ નારદજીએ શ્રી વ્યાસાશ્રમમાંથી પ્રસ્થાન કર્યા બાદ, બોરનો આહાર કરી જીવન નિર્વાહ કરનારા તપસ્વી શ્રી બાદરાયણ વ્યાસ ભગવાને શ્રીહરિના ગુણોનું ગાન કરો, એવા શ્રી નારદજીના અભિપ્રાયને સાંભળ્યા પછી શું કર્યું તે આપ કહો. (૧)

શમ્યાપ્રાસ આશ્રમનો દેવયજન પ્રદેશ

सूत उवाच : ब्रह्मनद्यां सरस्वत्यामाश्रमः पश्चिमे तटे । शम्याप्रास इति प्रोक्तः ऋषीणां सत्रवर्धनः ।।२।।

મહર્ષિ સૂતજીએ કહ્યું કે મુનિવરો ! શ્રી સરસ્વતી નદીના તદ્દન સમીપમાં પશ્ચિમ તટે "શમ્યાપ્રાસ" નામનો વ્યાસ મહર્ષિનો આશ્રમ હતો. આ નદીના બ્રહ્માજી દેવતા હતા. ઋષિવરોનાં જ્ઞાનસત્રો ત્યાં નિરંતર વિસ્તાર પામી રહ્યાં હતાં. તૈત્તરીય ઉપનિષદમાં ઉલ્લેખ છે કે જ્યાં દેવોનું યજન થતું હોય ત્યાં યજ્ઞવિધિ કરનારા હોતા પ્રાતઃકાળમાં ઊઠતાં જ મૌન રાખી પ્રથમ પર્ણશાળાના પૂર્વ ભાગમાં નદીનાં, અગ્નિનારાયણનાં, જલનાં અને સૂર્યનાં દર્શન કરે છે. આ આશ્રમના અનેક ઋષિઓ સત્ર-યજ્ઞ કરનારાઓ હતા. તેથી શ્રી સરસ્વતી નદી પૂર્વ દિશામાં રહે એ રીતે પશ્ચિમ તટ ઉપર આશ્રમ રચ્યો હતો. આ આશ્રમનું નામ શમ્યાપ્રાસ હતું. (૨)

સમાધિમાં સમાધિભાષા શ્રીમદ્ ભાગવતસંહિતાનો સાક્ષાત્કાર

બદરીવૃક્ષોથી અત્યંત મનોહર તે શમ્યાપ્રાસ નામના આશ્રમમાં બિરાજેલા તે શ્રી વ્યાસ મહર્ષિજીએ એક વાર ત્રણ વાર જલનું આચમન કરી વેદઋચાઓને સંતૃપ્ત કરી સમાધિમાં પ્રવેશીને ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરી મનને સ્થિર કર્યું. (૩) આ પ્રકારના ભક્તિયોગથી શુદ્ધ થયેલા મનને જ્યારે મહર્ષિવરે સ્થિર કર્યું ત્યારે કરોડો બ્રહ્માંડો અને અનન્ત જીવોથી પૂર્ણ એવા શ્રી પુરુષોત્તમ ભગવાનનાં દર્શન થયાં, તેમ જ ભગવાનને આધીન થઈ રહેલી ભગવાનની શક્તિ, માયાનાં દર્શન થયાં તેમ જ ચ અવ્યયથી ભગવાનની સર્વલીલાઓનો પણ સાક્ષાત્કાર થયો. (૪) વ્યાસજીએ સમાધિમાં જોયું કે પ્રપંચ રચનામાં માયા સાધનરૂપ છે અને જીવોને મોહ કરવામાં તે કારણરૂપ હોવાથી તે માયાથી મોહિત કરેલો જીવ માયાથી પર છે છતાં પોતાને ત્રણ ગુણવાળો માને છે અને માયાએ કરેલા જન્મમરણ વગેરે અનર્થોને પ્રાપ્ત કરે છે. (૫) માયાના આ કરેલા અનર્થોને સાક્ષાત્ અધોક્ષજ ભગવાનમાં કરેલો ભક્તિયોગ શાંત કરી દે છે, પરંતુ આ વાતને જીવો જાણતા નથી. આ વસ્તુના જાણકાર વિદ્વાન શ્રી વ્યાસજીએ આ શ્રીમદ્ ભાગવત નામની સાત્વતસંહિતા રચી. (૬) મુનિવરો ! જો આ શ્રીમદ્ ભાગવત નામની સાત્વતસંહિતાનું શ્રવણ કરવામાં આવે તો તે ભક્તપુરુષને પરમપુરુષ ભગવાન શ્રીકૃષ્ણમાં શોક, મોહ અને ભય દૂર કરનાર ભક્તિ ઉત્પન્ન થાય છે. (૭)

શ્રી શુકાચાર્યજીને સ્નેહપૂર્વક સંહિતાનું અધ્યાપન

શ્રી વ્યાસ મહર્ષિજીએ પ્રથમ તો છૂટીછવાઈ ભગવાનની લીલાઓનું શ્રી શુકાચાર્યજીને શ્રવણ કરાવ્યું ત્યારે શ્રી શુકમુનિને શ્રીમદ્ ભાગવતસંહિતાનો અભ્યાસ કરવાની અભિલાષા જાગી, તે અભિલાષાની પૂર્તિ માટે મનનશીલ શ્રી વ્યાસજીએ, અધિકારલીલા, સાધનલીલા વગેરે બાર સ્કંધોના ક્રમથી સર્વ લીલાઓનું સંકલન કરીને નિવૃત્તિરસમાં નિરંતર તરબોળ પોતાના પુત્ર શ્રી શુકાચાર્યજીને સાત્વતસંહિતાનું અધ્યયન કરાવ્યું. (૮)

श्रीशौनक उवाच : स वै निवृत्तिनिरतः सर्वत्रोपेक्षको मुनिः । कस्य वा बृहतीमेतामात्मारामः समभ्यसत् ॥९॥

મહર્ષિ શૌનકે જિજ્ઞાસા કરી કે હે શ્રી સૂતમુનિજી ! શ્રી શુકદેવજી તો નિવૃત્તિના પરમાનંદમાં મશગૂલ છે. વળી પ્રવૃત્તિના સર્વ કાર્યપ્રસંગોમાં સર્વથા ઉદાસીન છે, મનનશીલ છે અને આત્મારામ છે. આ ભૂમિકા શ્રી શુકાચાર્યજીએ અધ્યયનના નિયમો પ્રમાણે ઉપનયન ધારણ કરવું, ગુરુકુલવાસ કરવો, ગુરુશુશ્રૂષા કરવી વગેરે વ્રતોના અનુષ્ઠાન સાથે આવડી મોટી શ્રીમદ્ ભાગવત નામની સંહિતાનો શા માટે અભ્યાસ કર્યો ? (૯)

શ્રીહરિના ગુણોએ વિરક્ત મુનિ શુકદેવજીના મનનું હરણ કર્યું

શ્રી સૂત મહર્ષિએ ઉત્તર વાળ્યો કે મુનિવર હે શૌનકજી ! આત્મારામ મનનશીલ મુનિજનો, જ્ઞાનીજનો અને ભક્તજનોની ભેદ અને વાસનાગ્રંથિઓ નિર્મૂલ થઈ છે અથવા તેઓને ગ્રન્થોના પાઠનું કોઈ પ્રયોજન નથી હોતું તોપણ અલૌકિક પરાક્રમવાળા શ્રી ઉરુક્રમ ભગવાનમાં કોઈ પણ પ્રયોજન વિનાની અલૌકિક ભક્તિ કરે છે. કારણ કે ભગવાન શ્રીહરિ એવા દિવ્ય ગુણોવાળા છે કે જ્ઞાનીઓ પણ આકર્ષાય છે. (૧૦) શ્રી શુકદેવજી તો "ભગવાન" છે એટલે શ્રી શંકર ભગવાનનો અવતાર છે, તેઓશ્રી બાદરાયણ વ્યાસ મુનિજીના પુત્ર છે તેમ જ ભગવાન વિષ્ણુના ભક્તો વૈષ્ણવજનો તેઓશ્રીને નિરંતર અત્યંત વહાલા છે. આ કોટિના શ્રી શુકદેવજીની નિર્મલ મતિ શ્રીહરિના ગુણરાશિથી આકર્ષણ પામી તેથી જ શ્રીહરિના વિશાળ કથાનકથી પૂર્ણ એવા શ્રીમદ્ ભાગવતજીનું ગુરુકુલવાસ આદિ વિદ્યાર્થીઓના વ્રત પ્રમાણે અધ્યયન કર્યું. (૧૧)

પરમ ભાગવત પરીક્ષિત રાજાની જીવનગાથા

શ્રી સૂત મુનિએ શૌનકમુનિના બે પ્રશ્નોનો ઉત્તર આપ્યો, હવે ત્રીજા પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં કહેવા લાગ્યા કે, મુનિવર ! હવે આપ આપના ત્રીજા પ્રશ્નનો પ્રત્યુત્તર સાંભળો. હું રાજર્ષિ પરીક્ષિતના જન્મની કથા, રાજાના જીવનની કથા, રાજાના શ્રીહરિચરણ શરણની કથા, પાંડુપુત્ર પાંડવોની સુખકર સ્થિતિ, પાંડવોની મુક્તિ, ધૃતરાષ્ટ્રની મુક્તિ વગેરે પ્રસંગો

વર્ણવીશ; કારણ કે આ કથાનકમાં ભગવાન શ્રીકૃષ્ણનો મહિમા રહેલો છે. (૧૨) હે મુનિ મહારાજ ! મહાભારતના મહાયુદ્ધની સમાપ્તિ થઈ ચૂકી હતી. સૃંજય વંશમાં થયેલા દ્રૌપદીના ભાઈ ધૃષ્ટદ્યુમ્ન પાંડવોના સેનાપતિ હોઈ પાંડવોને પણ સૃંજય કહેવામાં આવ્યા છે. આ સૃંજયો અને કૌરવોના રણસંગ્રામમાં રણવીર પુરુષો, વીરપુરુષોને મળતી મુક્તિને પામી ગયા હતા, તે અવસરે વૃક નામના દશ પ્રાણો જેમના ઉદરમાં સદા વસેલા છે તે શ્રી ભીમસેનની ગદાથી અંધ પિતા ધૃતરાષ્ટ્રના જેવા જ વિવેકવિહોણા અંધ દુર્યોધન રાજાની સાથળ ભાંગી જતાં યોગ્ય દંડ પામેલ દુર્યોધન જ્યારે રણભૂમિમાં સૂતેલ છે ત્યારે હું આ કાર્યથી મારા સ્વામીનું પ્રિય કરી રહેલ છું એવું માનનારા શ્રી દ્રૌણપુત્ર અશ્વત્થામાએ ભગવાને જેને પોતાનું "કૃષ્ણા" નામનું બિરુદ આપી બહેન બનાવી છે તે દ્રૌપદી કૃષ્ણાનાં પાંચ સંતાનો સૂતેલાં હતાં તેમનાં મસ્તકો ધડ ઉપરથી ઉતારી લીધાં અને દુર્યોધન પાસે લઈ ગયા. આ કાર્ય દુર્યોધન માટે તો "અપ્રિય" જ હતું. દુર્યોધન આવા લોકનિંદિત કાર્યને કરવાની તરફેણમાં ન હતો. (૧૪) વંશની વેલીને વધારનારાં, ઊછળતી વયનાં બાળકોની માતા દ્રૌપદી આવા અમંગલ મરણને નિહાળીને સર્વથા પરિતાપ પામતાં હતાં, એની આંખલડી અશ્રુધોધથી છલકાઈ રહી હતી અને આકુલ વ્યાકુલ બની રહી હતી, ત્યારે દેવી દ્રૌપદીને આશ્વાસન આપતા કિરીટમાલી અર્જુન બોલ્યા. (૧૫)

પત્નીના આશ્વાસન માટે પતિ અર્જુનજીની પ્રતિજ્ઞા

હે દ્રૌપદી ! જ્યોતિષશાસ્ત્રનાં લક્ષણો પ્રમાણે તમે અખંડ સૌભાગ્યવાળાં સતી છો, તેથી હે ભદ્રે ! હે દેવી !-

तदाशुचस्ते प्रमृजामि भद्रे यद् ब्रह्मबन्धोः शिर आततायिनः । गाण्डीवमुक्तैर्विशिखैरुपाहरे त्वाक्रम्य यत्स्नास्यसि दग्धपुत्रा ।।१६।।

હાથમાં હથિયાર લઈ સન્મુખ ઊભેલા, નામ માત્રના બ્રાહ્મણ સર્વથા બ્રાહ્મણના ગુણો વિનાના ક્ષુદ્ર બ્રહ્મબન્ધુ અશ્વત્થામાના મસ્તકને, મારા ગાંડીવ ધનુષ્યના બાણોના પ્રહારથી ઉતારી લાવી તારી પાસે મૂકીશ ત્યારે તે મસ્તકનો જ બાજઠ બનાવી તે ઉપર બેસીને દેવી તું સ્નાન કરીશ ત્યારે મેં તારાં આંસુડાં લૂછ્યાં એમ માનીશ. (૧૬) આ પ્રમાણે અર્જુનજીએ, પોતાનાં પત્ની દ્રૌપદીજીને મનોહર અને ચિત્ર-વિચિત્ર વાક્યોથી આશ્વાસન આપીને સાંત્વન આપ્યું અને શ્રીકૃષ્ણ મિત્ર છે તેમ જ સારથિ છે, તેવા શ્રી અર્જુનજી કવચથી સજ્જ થઈ, ગાંડીવ નામના ઉગ્ર ધનુષ્યને ધારણ કરી, કપિધ્વજવાળા રથમાં આરોહણ કરી ગુરુપુત્ર અશ્વત્થામાની પાછળ દોડ્યા. (૧૭) અશ્વત્થામાએ પોતાની પાછળ પૂરવેગથી દોડી આવતા અર્જુનને દૂરથી જોયા, ત્યારે પોતે નાના કોમલ કુમારોની હત્યા કરેલ હોવાથી અપરાધી હોઈ, મનમાં ઉદ્વેગ-ક્લેશને અનુભવતા, પોતાના પ્રાણોની રક્ષા કરવા ચાહતા પૃથ્વી ઉપર જ્યાં સુધી દોડી શકાય ત્યાં સુધી દોડી રહ્યા હતા, ત્યારે જાણે વિદ્યુન્માલી નામના શંકર ભગવાનના ભક્તને મારનાર ભગવાન સૂર્ય પોતાને મારવા માટે હાથમાં ત્રિશૂલધારી રુદ્ર ભગવાન પાછળ દોડતા હોય ને શું એવું લાગતું હતું. (૧૮) અશ્વત્થામાના રથના અશ્વો થાકી જવાથી દોડી શકાય તેમ હતું નહિ, તેથી પોતાની જાતને નિરાધાર જાણીને વિચાર્યું કે હવે બ્રહ્માસ્ત્ર મારી રક્ષા કરશે એવું વિચારીને દ્વિજપુત્ર અશ્વત્થામાએ દીર્ઘદૃષ્ટિ વાપર્યા વિના પાછું ન વાળી શકાય તેવા આધિદૈવિક બ્રહ્માસ્ત્રનો શ્રી અર્જુનજી ઉપર પ્રયોગ કરવાનું વિચાર્યું. આ બ્રહ્માસ્ત્રનું નામ "બ્રહ્મશિર" છે. ભગવાન શંકરે પ્રસન્ન થઈ ગુરુ દ્રોણાચાર્યજીને સાત પ્રકારનાં "બ્રહ્માસ્ત્ર, બ્રહ્મદંડ, બ્રહ્મશિર, પાશુપત, વાયવીય, આગ્નેય અને નારસિંહ" આ નામનાં દિવ્ય અસ્ત્રો શીખવ્યાં હતાં તેમાંનું "બ્રહ્મશિર" નામના પાછું વાળી ના શકાય તેવા બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કરવા માટે પ્રથમ અશ્વત્થામાએ જલથી આચમન કર્યું, પુનઃ પૂર્ણ સાવધાન થઈને "બ્રહ્મશિર" નામના અસ્ત્રનું સંધાન કર્યું. અશ્વત્થામા બ્રહ્માસ્ત્રને પાછું વાળવાની ઉપસંહાર ક્રિયાને જાણતા નથી તો પણ પ્રાણસંકટ સમીપમાં આવી પડતાં તે બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો. (૧૯, ૨૦) અશ્વત્થામાના છોડેલા તે બ્રહ્માસ્ત્રમાંથી ચતુર્દિશામાં પ્રસરતું ઉગ્ર તેજ પ્રકટ થયું. પ્રાણલેણ એવા આવતા તે ઉગ્ર તેજને જોઈ જરા પણ ગભરામણ વિના જિષ્ણુ વિજયશીલ અર્જુનજી શેનું તેજ છે તે જાણવા માટે ભગવાન શ્રીકૃષ્ણને નિવેદન અને સ્તવન કરવા લાગ્યા. (૨૧)

દુઃખમાં સ્તુતિ ધૈર્યનાં દાન કરે; સુખમાં સ્તુતિ ધર્મમાં નિષ્ઠા રાખે; દેહ છૂટતાં સ્તુતિ હરિનાં દર્શન દે

अर्जुन उवाच : कृष्ण कृष्ण महाबाहो भक्तानामभयंकर । त्वमेको दह्यमानानामपवर्गोऽसि संसृतेः ।।२२।।
त्वमाद्यः पुरुषः साक्षादीश्वरः प्रकृतेः परः । मायां व्युदस्य चिच्छक्त्या कैवल्ये स्थित आत्मनि ।।२३।।
स एव जीवलोकस्य मायामोहितचेतसः । विधत्से स्वेन वीर्येण श्रेयो धर्मादिलक्षणम् ।।२४।।
तथायं चावतारस्ते भुवो भारजिहीर्षया । स्वानां चानन्यभावानामनुध्यानाय चासकृत् ।।२५।।

શ્રી અર્જુનજી ચાર પુરુષાર્થોની સિદ્ધિ કરતા ચાર શ્લોકોથી સ્તુતિ કરવા લાગ્યા કે, હે કૃષ્ણ, હે કૃષ્ણ !આપના તો લાંબા હાથ છે, વળી ભક્તોને તો અભય આપનારા છો, જનમ અને મરણ નામના સંસારદાહને દૂર કરનાર આપ એક જ મોક્ષસ્વરૂપ છો. (૨૨) હે નાથ ! આપ તો આદ્ય પુરુષ છો; સાક્ષાત્ ઈશ્વર છો; પ્રકૃતિથી પર છો; આપ આપની ચૈતન્યશક્તિથી માયાને દૂર કરીને કેવળ પોતાના આત્મામાં રહેલા છો. (૨૩) ચારે પુરુષાર્થોને દેનારા આપ તો દયાળુ હોવાથી, માયાને વશ બનેલા ચિત્તવાળા આ જીવલોકનું માંગેલું સર્વ કાંઈ આપો છો, અને પોતાના દિવ્ય પરાક્રમથી ધર્મ, અર્થ, કામ લક્ષણવાળા શ્રેયસ્‌ને સાધી આપો છો. (૨૪) ભગવન્ ! જેમ આપ નિર્દોષ છો તેવી જ રીતે આપનો આ અવતાર પણ નિર્દોષ છે, તેમ જ આપનો અવતાર પૃથ્વીનો ભાર ઉતારવા અને પોતાના અનન્ય ભાવવાળા ભક્તજનોને નિરંતર ધ્યાન કરવા માટે જ છે. (૨૫) કહોને કૃપાનાથ ! દેવાધિદેવ ! આ શું આવી રહ્યું છે ? ક્યાંથી આવી રહ્યું છે, કાંઈક તેજ જેવું છે, ચારે બાજુથી આવી રહેલ છે, પરમ ભયંકર છે, અતિ ઉગ્ર છે, મને તો તે શું છે તેની સમજ પડતી નથી. (૨૬) કૃપાનિધાન શ્રીકૃષ્ણ ભગવાન બોલ્યા ભાઈ અર્જુન, અકળા મા ! ભાઈ, આપના ગુરુચરણ દ્રોણાચાર્યજીએ તમારી જ નજર સમક્ષ અશ્વત્થામાને આપેલ આ બ્રહ્માસ્ત્ર છે. આ અશ્વત્થામાને બ્રહ્માસ્ત્રની ઉપસંહાર વિદ્યાંનું-પાછા વાળવાની વિદ્યાનું જ્ઞાન નથી. આવા અબુધજને કરેલ પ્રયોગથી તે ચોતરફથી બાળતું આવી રહેલ છે. અશ્વત્થામાએ અવશ બની પ્રાણસકંટાળે છોડેલ આ બ્રહ્માસ્ત્ર છે. (૨૭) ભાઈ રે અર્જુન, આ બ્રહ્માસ્ત્રને પાછું હઠાવનાર બીજું કોઈ પણ અસ્ત્ર નથી, અને ભાઈ અર્જુન, તમે તો સર્વ અસ્ત્રશાસ્ત્રના જાણકાર છો, માટે બ્રહ્માસ્ત્ર સામે બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કરીને, તમારા બ્રહ્માસ્ત્રના તેજથી તેના વધતા જતા બ્રહ્માસ્ત્રના તેજનો નાશ કરી નાખો. (૨૮)

વીર અર્જુનની વીરતા અને શાણા અર્જુનનું શાણપણ

શ્રી સૂત મહર્ષિએ કહ્યું કે મુનિવરો ! ભગવાન શ્રીકૃષ્ણે દર્શાવેલા ઉપાયનું શ્રવણ કરીને, શૂરવીર શત્રુને પણ મારનાર વીરવરશ્રી અર્જુનજીએ શરસંધાન માટે આચમન કર્યું, શ્રીકૃષ્ણ ભગવાનની પ્રદક્ષિણા કરી અને બ્રહ્માસ્ત્રની સામે બ્રહ્માસ્ત્રનું અનુસંધાન કર્યું. (૨૯) આ અવસરે બન્ને બ્રહ્માસ્ત્રોનાં બન્ને તેજ પરસ્પર ભેગાં મળીને બાણમાં પ્રવેશીને, આકાશ, સ્વર્ગ અને પૃથ્વીમાં ફેલાઈ વળ્યાં અને પ્રલયકાળના અગ્નિ અને સૂર્યના તેજની માફક સર્વત્ર વધવા લાગ્યાં. (૩૦) ત્રણે લોકને સળગાવી નાખનારા તે બન્ને બ્રહ્માસ્ત્રોના મોટા તેજને જોઈને તેજથી બળી રહેલ સર્વ પ્રજાજનોએ તો આ તેજને પ્રલયકાળનો અગ્નિ જ છે એમ માની લીધું. (૩૧) શ્રી અર્જુનજીએ આ પ્રકારના પ્રજાના ક્લેશને અને લોકોના નાશને જોઈને તેમ જ ભગવાન શ્રી વાસુદેવનો પણ બ્રહ્માસ્ત્ર સમેટી લેવાનો અભિપ્રાય જાણીને અને પોતાની પણ સમેટી લેવાની જ ઈચ્છા હતી તેથી બન્ને અસ્ત્રોને પાછાં વાળી લીધાં. (૩૨)

જો અશ્વત્થામાને ન બાંધે તો જાતે મરે, મારે, કે શાપ આપે આવું ન બને માટે બાંધ્યા

બન્ને તેજનો ઉપસંહાર થતાં નિસ્તેજ બનેલા, તો પણ સ્વભાવથી ઉગ્ર, ગૌતમી માતાના તનય અશ્વત્થામાની પાસે એકાએક અર્જુન આવી પહોંચ્યા. આ પ્રસંગે ક્રોધ-રોષને લીધે રાતા-પીળા નેત્રવાળા બની ગયેલા અર્જુનજીએ પશુને જેમ બાંધે તેમ અશ્વત્થમાને રશનાથી બાંધી લીધા. (૩૩) મજબૂત રીતે બાંધીને અશ્વત્થામાને જ્યારે અર્જુનજી છાવણી તરફ લઈ જઈ રહ્યા ત્યારે રોષે ભરાયેલા કમલનયન ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનજીને કહેવા લાગ્યા. (૩૪)

કસોટી પણ કંચનની થાય-પરીક્ષા પણ પુણ્યશીલની થાય

ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનજીની પરીક્ષા કરતાં કહ્યું કે, ભાઈ ! પૃથાકુમાર, ભાઈ કૌન્તેય ! આ અશ્વત્થામાની રક્ષા કરવી યોગ્ય નથી. તેનું પ્રથમ કારણ છે કે આ બ્રહ્મબંધુ છે, એટલે તેનો વધ થઈ શકે. તદુપરાંત, રાત્રીના સમયે, સૂતેલા, નિરપરાધી એવા બાળકોનો તેણે વધ કરેલ હોઈ તેનો વધ કરવો જોઈએ. (૩૫) (૧) મદિરા વગેરે પીણાના નશામાં રહેલા, (૨) અસાવધ, (૩) સૂતેલા, પાગલ અથવા ભૂત-પ્રેત વગેરેના આવેશવાળા, (૪) બાળક, (૫) જડ, (૬) સ્ત્રી, (૭) શરણાગત, (૮) રથ વગરના, (૯) અને ભયભીત, (૧૦) આવી અવસ્થામાં રહેલા શત્રુઓ હોય તો પણ ધર્મનો જાણકાર પુરુષ એમનો વધ કરતો નથી. (૩૬) ભાઈ અર્જુન ! જે નિર્દય દુષ્ટ પુરુષ એટલે ખલ પુરુષ બીજાઓના પ્રાણોથી પોતાના પ્રાણોને પોષે છે, તેનો વધ કરવો એ જ તેના કલ્યાણ માટેનો માર્ગ છે. જો તે જીવશે તો અનેકનો નાશ કરશે તેથી જીવોને ત્રાસ થશે તેમજ તેવાં પાપોથી તેની વધુ અધોગતિ થશે, માટે અશ્વત્થામાનો વધ અશ્વત્થામાના હિતમાં છે. (૩૭) ભાઈ અર્જુન ! મારા સાંભળતાં જ તમે દ્રૌપદીને વચન આપ્યું છે, તમે જાતે જ પ્રતિજ્ઞા કરી છે કે "હે ભામિની ! હે માનિની ! જેણે તારા પુત્રોને મારી નાખ્યા છે તેનું મસ્તક છેદી લાવી તને આપીશ. (૩૮) તેથી હે વીર અર્જુન ? આ અશ્વત્થામા તારા પુત્રોનો વધ કરનાર પાપી, ક્રૂર અને આતતાયી છે, માટે તેનો વધ કરવો જોઈએ. વળી કુળમાં કલંકરૂપે રહેલા અશ્વત્થામાએ પોતાના સ્વામી દુર્યોધનની પણ અપકીર્તિ કરી છે. (૩૯)

વીરપુરુષ વિવેકી અને નિર્વૈર હોય છે

મહર્ષિ સૂતજીએ કહ્યું કે મુનિવર ! શ્રી અર્જુનજી તો મહાન પુરુષ છે, ધર્મનું સૂક્ષ્મ રીતે અવલોકન કરતા ભગવાન શ્રીકૃષ્ણે અશ્વત્થામાનો વધ કરવા માટે પ્રેરણા કરી, તો પણ મહાન વિવેકી અને ભગવાનની વિભૂતિ એવા શ્રી અર્જુનજીએ, જોકે અશ્વત્થામાએ પોતાના નિર્દોષ પુત્રોની હત્યા કરી છે છતાં અશ્વત્થામા બ્રાહ્મણ અને ગુરુપુત્ર હોવથી તેનો વધ ન જ કર્યો. (૪૦) ત્યાર બાદ, શ્રીકૃષ્ણ ભગવાન જેના પ્રિય મિત્ર છે, તેમ જ સારથિ છે, એવા શ્રી અર્જુનજી પોતાની શિબિરમાં જઈ પહોંચ્યા. ત્યાં અશ્વત્થામાને હાથે હણાયેલા પોતાના આત્મજોનો શોક કરી રહેલી દેવી દ્રૌપદીની સમક્ષ અશ્વત્થામાને રજૂ કર્યો. (૪૧)

દયામયી દેવી દ્રૌપદી

तथाऽऽहृतं पशुवत् पाशबद्ध–मवाङ्मुखं कर्म जुगुप्सितेन । निरीक्ष्य कृष्णाऽपकृतं गुरोः सुतं वामस्वभावा कृपया ननाम च ॥४२॥

દ્રૌપદીએ જોયું તો પોતાની સામે પશુની માફક દોરડાથી બાંધેલા; પોતે કરેલા નિન્દિત પાપકર્મની લજ્જાથી અવનત મુખ કરી ઊભેલા; અપકારી અથવા અઘટિત કર્મ કરનારા; ગુરુપુત્ર અશ્વત્થામાને નિહાળીને સરળ સ્વભાવનાં દેવી દ્રૌપદીનું દિલ દયાથી દ્રવી ઊઠ્યું અને અશ્વત્થામાને પ્રણામ કરી પુનઃ બોલવા લાગ્યાં. (૪૨)

દયા અને ન્યાય ન્યાયાધીશના નેત્રમાંથી નીતરે

દેવી દ્રૌપદીજી દયાની મૂર્તિ છે, એના ઉરમાં દયાનું પૂર ભરેલ છે, આજે તે ઊભરાયું અને ધર્મ-ન્યાય-કરુણા-નિષ્કપટ-સમતા અને અર્થગૌરવભર્યાં છ વાક્યો બોલીને શ્રી અર્જુનજીને વિનવ્યા કે નાથ ! અશ્વત્થામાજીને છોડી મૂકો. ચાલો, દ્રૌપદીજીની દયામાં ડૂબકી લગાવીએ અને દુશ્મન તરફ પણ દયાવાળા થઈએ. "વૈર વૈરથી વધે અને પ્રેમથી વૈર ઘટે....પ્રેમ વૈરનું મારણ રસાયણ છે."

શ્રી દ્રૌપદીજીનું ધર્મવાક્ય

(૧) અશ્વત્થામાને પોતાની સમક્ષ બાંધીને આણેલા અર્જુનના કાર્યને દ્રૌપદી જોઈ જ ના શક્યાં તો સહન તો કેમ કરી શકે ? આથી પતિવ્રતધર્મવતી સતી દ્રૌપદી બોલી ઊઠ્યાં કે નાથ ! આ બાંધેલા શ્રી અશ્વત્થામાને છોડી મૂકો, છોડી દો, બ્રાહ્મણ સર્વથા પૂજ્ય છે, તેમ જ જ્ઞાનોપદેશક ગુરુ છે. અરે બ્રાહ્મણ તો ભગવાનનું મુખ છે. (૪૩)

શ્રી દ્રૌપદીજીનું ન્યાયવાક્ય

(૨) નાથ ! નીતિ પણ વધ કરવાની ના પાડે છે. શ્રી દ્રોણાચાર્યે આપને અસ્ત્રવિદ્યા આપી છે એ એમનો ઉપકાર છે. એમના અનુગ્રહથી આપે અસ્ત્રોને છોડવાની તેમ જ પાછાં વાળવાની "વિસર્ગ અને ઉપસંયમ" નામની અસ્ત્રવિદ્યાનો સમૂહ મેળવ્યો છે. આ એમનો ઉપકાર છે તેના બદલામાં અશ્વત્થામાનો વધ કરી અપકાર કેમ કરાય ? (૪૪)

દયાભર્યું દ્રૌપદજીનું વાક્ય

(૩) નાથ ! આપને એમ લાગશે કે અશ્વત્થામામાં ક્યાં દ્રોણાચાર્ય છે ! તો શ્રુતિની આજ્ઞા છે કે ''आत्मा वै पुत्र नामासि'' પુત્ર તો પિતાનો આત્મા છે,' આ વાક્ય પ્રમાણે, ભગવાન દ્રોણાચાર્ય જ પુત્રરૂપે અહીં રહેલા છે, તેમની અર્ધાંગના પત્ની કૃપી પણ આજે પૃથ્વી ઉપર જીવી રહ્યાં છે. એ ગૌતમી માતા એ પરાક્રમી પુત્ર અશ્વત્થામાને જન્મ આપનારાં, શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે પતિની પાછળ સતી નથી થયાં અને પુત્ર માટે જ જીવી રહ્યાં છે. (૪૫)

દ્રૌપદીજીનું નિષ્કપટ વાક્ય

(૪) નાથ ! આપ તો ધર્મજ્ઞ છો, વળી પરોક્ષ અને અપરોક્ષમાં ગુરુચરણોની જે સેવા કરે તેને "મહાભાગ" કહેવાય, આપ તેવા ભાગ્યવાન છે, તો આપના જેવા ધર્મજ્ઞ અને ગુરુભક્ત પુરુષના હાથે સદા વંદનીય અને પૂજવાયોગ્ય ગુરુનું કુલ દુઃખમાં મુકાય તે યોગ્ય ના મનાય. (૪૬)

સમબુદ્ધિવાળું દ્રૌપદીજીનું વાક્ય

(૫) નાથ ! મારી એક અરજ સાંભળો ! જેમ હું પુત્રોના મરણથી દુઃખી થઈ છું તેમજ વારંવાર નેત્રોમાંથી અશ્રુ સારતી રુદન કરી રહી છું તેથી હું એક આશા રાખું છું પતિવ્રતા ગૌતમી માતા પોતાના પુત્ર અશ્વત્થામાના મૃત્યુદુઃખને ના અનુભવો, ના અશ્રુઓ સારો અને ના રડો. (૪૭)

દ્રૌપદીનું મહત્ વાક્ય

(૬) અસંયમી જે રાજાઓ કે રાજાના પુત્રોએ બ્રાહ્મણના કુલને કુપિત કર્યું તો તે ક્રોધે ભરાયેલ બ્રાહ્મણકુળ, શોકને દેનારા તે ક્ષત્રિય કુળને સપરિવાર શીઘ્ર બાળીને ભસ્મીભૂત કરી નાખે છે. (૪૮)

શ્રી સૂતજીએ કહ્યું કે હે દ્વિજવરો ! મહારાણી શ્રી દ્રૌપદીજીના મુખમાંથી પ્રકટેલા ધર્મયુક્ત-ન્યાયયુક્ત-કરુણાયુક્ત-કપટરહિત-સમત્ત્વબુદ્ધિયુક્ત-અર્થગૌરવયુક્ત મહદ્ વાક્યનું શ્રવણ કરીને ધર્મદેવના સુપુત્ર શ્રી યુધિષ્ઠિર રાજાજીએ દ્રૌપદીજીનાં વાક્યોને અભિનંદન આપ્યાં. (૪૯) શ્રી નકુલ-સહદેવજી-અર્જુનના શિષ્ય યુયુધાન સાત્યકિ-અર્જુનજી-દેવકીમાતાના મનોરથપૂરક ભગવાન શ્રીકૃષ્ણ, તેમ જ તે અવસરે ત્યાં જે ઉપસ્થિત સ્ત્રી-પુરુષો હતાં તે સર્વેએ દ્રૌપદજીના વાક્યને અનુમોદન કે અભિનંદન દીધાં. (૫૦) આ પ્રસંગે ત્યાં ઉપસ્થિત રહેલા અને રોષે ભરાયેલા શ્રી ભીમસેનજી બોલ્યા કે, મારા મન્તવ્ય પ્રમાણે તો અશ્વત્થામાનો વધ કરવો એ જ સર્વ રીતે હિતાવહ છે, આ અશ્વત્થામાએ સૂતેલાં બાળકોનો વ્યર્થ વધ કરેલો છે. એનું આ પાપકર્મ અશ્વત્થામા પોતાને માટે કે તેના સ્વામી દુર્યોધન માટે ઉપયોગી કે ફલદાયી નથી. (૫૧)

ભગવાને શ્રી ભીમસેનનું વાક્ય સાંભળ્યું, તેમ જ દ્રૌપદીજીનું વાક્ય સાંભળ્યું, જો અર્જુનજીએ બેમાંથી એકના પણ વાક્ય પ્રમાણે કર્યું હોત તો ભવિષ્યના અનર્થ અટકી જાત, પરંતુ અર્જુનજી જ્યારે નિષ્ક્રિય જ રહ્યા ત્યારે શ્રી ભીમસેન અને દ્રૌપદીજી એમ બન્નેના અભિપ્રાયને સંભાળવા ચતુર્ભુજ બન્યા. પુનઃ પોતાના સખા અર્જુનજીના મુખની રેખા દેખી અને હસતા હોય તેમ શ્રી મધુસૂદન બોલ્યા. (૫૨) ભાઈ અર્જુન ! ભીમસેનના વાક્યાનુસાર આતતાયી હોવાથી અશ્વત્થામાનો વધ કરાય, તેમ જ દ્રૌપદીજીના વાક્યાનુસાર જો આતતાયી નામમાત્રનો પણ બ્રાહ્મણ હોય તોપણ ના મારી શકાય. મેં તો આ બન્ને વાક્યોને પ્રમાણિત કરેલાં છે માટે બન્ને વાક્યોને સાચવી કાર્ય કરો. (૫૩) એક વાત અર્જુનજી ના વિસરાય કે તમે દ્રૌપદીજીને સાંત્વન કરતાં પ્રતિજ્ઞા કરેલી કે પુત્રોનો વધ કરનારનું મસ્તક લાવી આપીશ,

આ તમારા વાક્યની પણ રક્ષા કરો જ ભીમસેન ભાઈ તો વધ કરવાના નિર્ણય ઉપર છે, તેના નિર્ણયને પણ સાંભળો, દ્રૌપદીજી તો અશ્વત્થામાને સર્વથા મુક્ત જ, કરવા અને પૂજન કરવાના નિર્ણયવાળાં છે. આ ત્રણેયનું પ્રિય થાય તેમ કરશો એટલું જ મારું પણ પ્રિય થશે જ. (૫૪)

સૂત મુનિએ કહ્યું કે શ્રી અર્જુનજી ઉપર ભગવાનની કૃપા હોવાથી ક્ષણવારમાં જ ભગવાનના હૃદયગત અભિપ્રાયને જાણી લીધો અને અશ્વત્થામાને છોડતાં પહેલાં જ મસ્તકમાં રહેલા મણિને તેમ જ કેશની શિખાગ્રન્થિને તલવારથી છેદીને લઈ લીધાં. (૫૫) ત્યાર બાદ અર્જુનજીએ અશ્વત્થામાનાં બંધનો છેદી નાખ્યાં અને બાલહત્યાના પાપથી નિસ્તેજ બનેલા તેમ જ મણિને લઈ લેવાથી અને શિખાગ્રભાગ કાપી લેવાથી વધુ નિસ્તેજ થયેલા અશ્વત્થામાને સજ્જનોના નિવાસસ્થાનમાંથી દૂર મૂકી આવ્યા. (૫૬) મુનિવરો ! બ્રાહ્મણની શિખા કાપી લેવી, મુંડન કરાવવું, દ્રવ્ય લૂંટી લેવું, ઉત્તમ સ્થાનમાંથી હદપાર કરવા, આ ત્રણ ક્રિયાઓ જ બ્રાહ્મણને વધદંડ તરીકે માની છે, કારણ કે શાસ્ત્રે દેહનો વધ કરવાની ક્રિયાને સંમતિ નથી આપી અને આજ્ઞા પણ નથી આપી. (૫૭) આ સર્વ કાર્ય થયા પછી પુત્રશોકથી અતિ આતુર બનેલાં દ્રૌપદી સાથે સર્વ પાંડવોએ મૃત્યુ પામેલા પોતાના પુત્રો અને સંબંધીજનોના અગ્નિદાહાદિ અન્ત્યેષ્ઠિ કાર્યને કર્યું. (૫૮)

पुत्रशोकातुराः सर्वे पाण्डवाः सह कृष्णया । स्वानां मृतानां यत्कृत्यं चक्रुर्निहरणादिकम् ।।५८।।

શ્રીમદ્ ભાગવત પીયૂષના પ્રથમ સ્કંધ અધિકારલીલાના ગુણાતીત તૃતીય પ્રકરણમાંનો શ્રી વ્યાસજીને શ્રીમદ્ ભાગવતસંહિતા પ્રાપ્તિ, શ્રી શુકાચાર્યજીનો અભ્યાસ અને અશ્વત્થામાના દુશ્ચરિત્ર વગેરે વિષયોનું કથન કરતો સાતમા અધ્યાયની સમાપ્ત થઈ.

અધ્યાય ૮મો

[પ્રથમ સ્કંધના ત્રીજા ગુણાતીત પ્રકરણ અથવા ઉત્તમાધિકાર પ્રકરણનો આ બીજો અધ્યાય છે અને પ્રથમ સ્કંધના અધ્યાય ક્રમ પ્રમાણે આ આઠમો અધ્યાય છે. આ અધ્યાયના કથાપ્રસંગમાં ભક્તતનયા અને ભક્તકુલવધૂ શ્રી ઉત્તરાજીએ દુઃખમાં કરેલી ભગવાનની સ્તુતિ અને શરણાગતિની કથા આવે છે, તેમ જ ભક્તહૃદયા ભક્તિમયી શ્રી કુન્તીમાતાની સ્તુતિનો કથાપ્રસંગ આવે છે. શપથની આણથી પણ આગળ વધી જતી કુન્તીમાતાજીના અશ્રુની આણે તો શ્યામસુંદર શ્રીકૃષ્ણનાં રોકાણ કરી દીધાં અને શ્રીકૃષ્ણ દ્વારિકાપથે પ્રસ્થાન કરવા નીકળેલા પાછા વળ્યા, અને લાંબો ગાળો રહી ગયા. ભક્તિસરિતાને વહાવતી આ અધ્યાયની કથાસુધાનાં વિના વિલંબે પાન કરીએ. ૫૧ શ્લોકોમાં આ અધ્યાયની કથાઓ વર્ણવાયેલી છે.]

ત્રણ દાહાંજલિ જલદાનથી દાહતાપ નિવારણ

सूत उवाच : अथ ते संपरेतानां स्वानामुदकमिच्छताम् ।। दातुं सकृष्णा गङ्गयां पुरस्कृत्य ययुः स्त्रियः ।। १ ।।

ते निनीयोदकं सर्वे विलप्य च भृशं पुनः । आप्लुता हरिपादाब्ज–रजःपूतसरिज्जले ।। २ ।।

સૂત મહર્ષિએ કહ્યું કે હે મુનિવર્યો ! શ્રીકૃષ્ણ ભગવાનની સન્નિધિમાં પાંડવોએ અગ્નિદાહાદિ ધર્મસંસ્કાર વિધિ કર્યો બાદ સદ્ગત થયેલા કુટુંબીજનો દાહસંસ્કાર થયા પછી પોતાના કુટુંબીજનો પાસે તર્પણ જલની ત્રણ અંજલિઓના જલથી દાહની શાંતિ ચાહતા હોય છે તે અંજલિ જલ આપવા માટે સ્ત્રીજનોને આગળ કરીને ભગવાન શ્રીકૃષ્ણની સાથે ગંગાજીમાં જલ દેવા પધાર્યા. (૧) તેઓ સર્વ ગંગાજીમાં ઊતર્યા, સ્નાન કર્યું, દાહશાન્તિ માટે અગ્નિસંસ્કાર પામેલા સ્વજનોને ત્રણ ત્રણ અંજલિઓ આપીને મુક્તકંઠે પુષ્કળ વિલાપ કર્યો. તો પણ મન હળવાં ન થયાં ત્યારે ભગવાન શ્રીકૃષ્ણના ચરણારવિંદ શ્રી ગંગાજીમાં પધરાવી, પ્રભુના પદરજથી અધિક પવિત્ર થયેલા શ્રીગંગાજીના જલમાં પુનઃ સ્નાન કર્યું. (૧,૨).

ભગવાન શ્રીકૃષ્ણે દીધેલું સાન્ત્વન

પ્રભુપદરજથી પુનિત ગંગાજીના સલિલમાં સ્નાન કરી ગંગાતટ ઉપર નકુલ આદિ નાના ભાઈઓ સાથે બેઠેલા કુરુપતિ યુધિષ્ઠિર રાજાને, તેમ જ નાના ભાઈ વિદુરજી સાથે બેઠેલા કુરુપતિ ધૃતરાષ્ટ્ર રાજાને, પુત્રશોકથી શેકાતાં શ્રી ગાન્ધારીમાતા, કર્ણ જેવા પુત્ર અભિમન્યુજી, વિન્ધ્ય પ્રતિવિન્ધ્ય વગેરે પૌત્રોના અને પુત્રોના કલેશથી સીદાતાં

કુન્તીમાતાજી, દ્રૌપદીજી, શ્રી સુભદ્રાજી વગેરે સર્વને ભગવાન માધવે આશ્વાસન આપ્યું, તેમ જ પોતાના બંધુજનોના મૃત્યુના શોકથી વ્યાકુળ બનેલા સર્વ બન્ધુજનોને ભગવાને પુનઃ વ્યાસમુનિ અને ધૌમ્યમુનિ વગેરે મુનિવરોના મુખેથી ઉપદેશ કરાવ્યો. મુનિઓએ શાસ્ત્રનાં વચનો દ્વારા કહ્યું કે પ્રાણી માત્ર ઉપર કાલની ગતિનો પ્રભાવ છે, તે કાલની ગતિને કોઈ રોકી શકતું નથી કે પાછી વાળી શકતું નથી, કે કોઈ પ્રતિકાર-સામનો કરી શકતું નથી. (૩,૪)

ત્રણ અશ્વમેધથી તન-મન-ધનની શુદ્ધિ કરી ત્રણેને સેવાપયોગી બનાવ્યાં

હસ્તિનાપુરનું રાજ્ય પાંડુ રાજાનું જ હતું તેથી યુધિષ્ઠિર મહારાજ તેમના ઉત્તરાધિકારી હોવાથી તેઓ હસ્તિનાપુરના રાજા હતા. ઈન્દ્રપ્રસ્થ વસાવીને ધર્મરાજાએ એને રાજધાની બનાવી હતી. દ્યૂત રમવામાં છલકપટ કરીને ધર્મરાજને અધર્મથી હરાવીને દુર્યોધન વગેરેએ બન્ને રાજ્યો લઈ લીધાં હતાં. તે બન્ને રાજ્યો પાંડવોને પાછાં અપાવીને; કુરુદેવદેવી શ્રી દ્રૌપદીના મહાપ્રાણરૂપ કેશોના સ્પર્શના મહાપાપથી ક્ષીણ - આયુષ્ય બનેલા દુષ્ટ રાજાઓને યુદ્ધના માધ્યમથી મરાવીને; ઉત્તમ સામગ્રી, ઉત્તમ શ્રદ્ધા, ઉત્તમ વિધિવાળા એકી સાથે ત્રણ અશ્વમેધ યજ્ઞો દ્વારા યજન કરાવીને; ભગવાન શ્રીકૃષ્ણે પાંડવોના પવિત્રતમ યશને સો અશ્વમેધ યજ્ઞ કરી "શતમન્યુ" નામની સંજ્ઞા પામેલા ઈન્દ્ર રાજાના ઉજ્જ્વલ યશ સમાન યશને દશે દિશાઓમાં પ્રસરાવ્યો. (૫૬)

શ્રી દ્વારિકાપુરી તરફ પ્રસ્થાનાભિમુખ દ્વારિકાધીશ

હે શૌનક મહર્ષિ ! હે બ્રહ્મન્ ! ભગવાન શ્રીકૃષ્ણ દ્વારિકાપુરી તરફ પ્રસ્થાન કરી રહ્યા હતા. સાત્યકિ સારથિએ રથની લગામ હાથમાં લીધી છે, ઉદ્ધવજી ભગવાનની સાથે છે. વિદાય વેળાએ પાંડવોની તેમ જ કુટુંબીજનોની અનુજ્ઞા માગી, ત્યારે પાંડવો અવાક્ બની ગયા. બીજી બાજુ વિશ્વથી પૂજાયેલા એવા શ્રી વ્યાસ, ધૌમ્ય, વૈશંપાયન વગેરેએ ભગવાનનાં અર્ચન કર્યાં અને અનિચ્છાએ પણ "ભલે નાથ ! આપની જેવી ઈચ્છા," એવું કહીને અનુમોદન આપ્યું. ભગવાને પણ પ્રસ્થાનનો પૂર્ણ નિર્ણય કરી લીધો અને પુરુષોત્તમ પ્રભુ રથમાં બિરાજ્યા. (૭)

પરમભક્ત ઉત્તરાજીની પ્રપત્તિ

पाहि पाहि महायोगिन् देवदेवजगत्पते । नान्यं त्वदभयं पश्ये यत्र मृत्युः परस्परम् ॥ ८ ॥
अभिद्रवति मामीश शरस्तप्तायसो विभो । कामं दहतु मां नाथ मा मे गर्भो निपात्यताम् ॥ ९ ॥

હે મુનિવર ! ભગવાન તો રથમાં બિરાજીને જ્યાં રથ ચલાવવાની તૈયારી હતી ત્યાં એકાએક ભયવિકળ બની દોડી આવતી વિરાટ રાજકુમારી શ્રી ઉત્તરાજી ભગવાન શ્રીકૃષ્ણની સામે આવી ઊભાં રહી નિવેદન કરવા લાગ્યાં. હે મહાન્ યોગી ! હે દેવાધિદેવ ! હે દયાનિધિ ! હે જગતના નાથ ! હે અનાથના નાથ ! બન્ને હાથ જોડી વિનવું છું કે, આપ મારી રક્ષા કરો, મારી રક્ષા કરો. સત્ય કહું છું કે આપના વિના આ અખિલ બ્રહ્માંડમાં હું કોઈને અભય દેખતી નથી. જ્યાં નજર કરીએ ત્યાં સર્વકોઈ પરસ્પર મૃત્યુથી જ ઘેરાયેલા છે. જુઓ, જુઓ, નાથ ! લોખંડનું તપેલું આ બાણ મારી સામે ધસી આવે છે. હે વિભો ! જો એ બાણ વારણ કરી શકાય તેવું ન હોય તો તે મને ભલે બાળે, આપે મારી રક્ષા કરવાની જરાયે આવશ્યકતા નથી. આ માત્ર મારા વૈષ્ણવ ગર્ભની રક્ષા કરો એટલું જ વિનવું છું. (૯)

પરમ ભાગવત પરીક્ષિત રાજાના ગર્ભની પુરુષોત્તમે કરેલી રક્ષા

સૂત મહર્ષિએ કહ્યું કે હે શૌનકજી ! ભગવાન શ્રીકૃષ્ણ તો ભક્તવત્સલ છે. ભગવાનનું ઉરપૂર વાત્સલ્યપૂરથી ઊભરાયું. શ્રી ઉત્તરાજીનું વચન સાંભળી દયાનિધિ દ્રવી ઊઠ્યા. ભગવાને જાણી લીધું કે પાંડવ વિનાનું જગત કરવા ચાહતા દ્રોણપુત્ર અશ્વત્થામાનું જ આ દુષ્કૃત્ય છે. (૧૦) મુનિરાજ ! ભગવાન એક દુઃખનો ઉકેલ કરે એટલામાં તો અપર દુઃખ ઊભું થયું. પાંડવોએ નિહાળ્યું કે ધગધગતા અગ્નિસમાં પોતાના ઉપર જ પાંચ બાણો ધસી આવે છે, તેઓએ તે જ ક્ષણે પ્રતિકાર કરવા માટે પોતાનાં અસ્ત્રો ઉઠાવ્યાં. (૧૧) પાંડવોએ ક્ષાત્ર ધર્માનુસાર પોતાની ક્રિયા કરી પરંતુ ભક્તવત્સલ ભગવાન શ્રીકૃષ્ણે વિચાર્યું કે આ પાંડવોના આત્મા-ચિત્તમાં કેવલ હું જ વિષયરૂપે વસ્યો છું. એમના હૃદયમાં ધનદોલત,

પરિવાર આદિ કાંઈ વસ્યું નથી એવા મારા અનન્ય ભક્તો ઉપર આ અસાધારણ આપત્તિ આવી પહોંચી છે. હું જ તેઓની અને શ્રી ઉત્તરાજીના ગર્ભની રક્ષા કરું એવો નિમેષ માત્રમાં નિર્ણય લઈને પાંડવોના ઉપર આવતાં પાંચ બાણો અને પાંડવોની મધ્યમાં સુદર્શન ચક્રને પરિભ્રમણ કરતું ગોઠવી દીધું. (૧૨)

ભક્તવત્સલ ભગવાન ભક્તગર્ભને સ્વયં વીંટળાયા

અહો, અકારણ કરુણ કરુણાનિધાન શ્રીકૃષ્ણની કૃપાનાં દર્શન કરીએ. પાંડવોના રક્ષણ માટે તો સુદર્શન ચક્રને વચમાં મૂકી દીધું જ્યારે "ભક્તવંશ પરિરક્ષક પ્રેમપીયૂષ પારાવાર શ્રીકૃષ્ણ કવચ તરીકે ગર્ભને વીંટળાયા (૩) અને "હરિ" બનીને અંદરની, બહારની, પરિવારની જીવનભરની ભગવાને રક્ષા કરી. અને વૈષ્ણવવર્ય વિરાટ રાજાની ભક્તતનયા વૈરાટીના ગર્ભને, ભક્તવર કુરુરાજાના વંશના વેલાને વિસ્તાર માટે પોતાની કરુણા નામની માયાથી વીંટળાઈ વળ્યા. (૧૩) જોકે બ્રહ્માસ્ત્ર તો "અમોઘ" હોઈ કદી નિષ્ફળ ના જાય, તેમ જ "અનિવાર્ય" હોઈ પ્રતિકાર ન કરાય એવું હતું છતાં, હે ભૃગુવંશમાં ઉત્પન્ન થયેલ ભૃગુવર્ય શૌનકમુનિ ! વૈષ્ણવ તેજ સામે આવતાં જ બ્રહ્માસ્ત્ર શાંત થઈ ગયું. (૧૪) મુનિરાજ, શ્રી અચ્યુત ભગવાન સર્વવિધ આશ્ચર્યોના નિધિ છે, ભંડાર છે, એવા ભગવાન માટે પાંડવરક્ષા, ગર્ભરક્ષા આદિ જે કોઈ કાર્ય છે તેમાં આશ્ચર્યને અવકાશ જ નથી. આ તો અજન્મા ભગવાન છે. તે પોતાની જ દિવ્યશક્તિ માયા દ્વારા આ અખિલ બ્રહ્માંડને રચે છે, પાળે છે અને સમેટે પણ છે. (૧૫) અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રોના તેજના નાશમાંથી મુક્ત થયેલા પોતાના પુત્રોને - પરિવારને જોયાં ત્યારે દ્વારિકાજી તરફ પ્રયાણ કરવા તત્પર થયેલા ભગવાન શ્રીકૃષ્ણને સતી પૃથામાતા વિનવવા લાગ્યાં. (૧૬)

છવ્વીસ શ્લોકોમાં ઉત્તમશ્લોક ભગવાન શ્રીકૃષ્ણની સુખકાલમાં કુન્તીમાતાની સ્તુતિ

શ્રી કુન્તીમાતાજી ભક્તિનું જ સ્વરૂપ છે. દ્વારિકાધીશ પ્રસ્થાન કરી રહ્યા છે ત્યારે "નવધાભક્તિના" ભાવથી નવ પ્રકારે સ્તુતિ કરે છે. એ સ્તુતિના ૨૬ શ્લોકો છે. સ્તુતિ બાદ નવ વિશેષણવાળાં નવ સંબોધનપદોથી નવધાભક્તિથી પર કેવલ પ્રેમલક્ષણા ભક્તિથી જ પ્રાપ્ત થતા ભગવાનને નમસ્કાર કરે છે. શ્રી કુન્તીમાતાની સબીજ ભક્તિ હોવાથી તેઓશ્રી યોગના સિદ્ધાન્ત પ્રમાણે છવ્વીસ તત્ત્વોના નિયમથી છવ્વીસ શ્લોકોમાં ઉત્તમશ્લોક ભગવાનને ગાય છે. કુન્તીમાતાની સ્તુતિના નવ પ્રકારોનું સ્વરૂપ ચાલો હવે જોઈએ : ત્રણ શ્લોકોમાં સ્વરૂપમહિમા; બે શ્લોકોમાં ગુણમહિમા; ત્રણ શ્લોકોમાં લીલાગાન; ચાર શ્લોકોમાં ભગવાન દુષ્ટજન માટે તો દુર્જ્ઞેય છે એવું કથન; બે શ્લોકોમાં લક્ષણ; ચાર શ્લોકોમાં અવતારહેતુ; એક શ્લોકમાં ફલનિર્દેશ; ચાર શ્લોકોમાં દૈન્ય; બે શ્લોકોમાં પ્રાર્થના; આ રીતે ૩+૨+૩+૪+૨+૪+૧+૪+૨=૨૫ શ્લોકો સ્તુતિના નવ પ્રકારના થયા અને એક શ્લોક નવધા નમસ્કારનો થયો. આમ કુલ છવ્વીસની સંખ્યા થઈ.

ત્રણ શ્લોકોમાં સ્વરૂપમાહાત્મ્ય

कुन्त्युवाच : नमस्ये पुरुषं त्वाद्यमीश्वरं प्रकृतेः परम् । अलक्ष्यं सर्वभूतानामन्तर्बहिरवस्थितम् ॥ १७ ॥

શ્રી કુન્તીમાતાજી સ્તવન કરતાં બોલ્યાં કે તમે આદ્ય છો, ઈશ્વર છે, માયા નામની પ્રકૃતિથી પર છો, બ્રહ્માદિ દેવો માટે પણ સાધનબળથી અલક્ષ્ય છો, એટલે સ્વપ્રકાશ છો કે ગુરુ દ્વારા દર્શન આપો છો; પ્રાણી માત્રની અંદર અને બહાર પણ રહેલા છો; એવા ભગવાન પૂર્ણપુરુષને હું નમસ્કાર કરું છું. (૧૭) માયાના આચ્છાદનથી ઢંકાયેલા છો; આપનાં દર્શન આ ભૌતિક ઈન્દ્રિયોથી તો ન જ થઈ શકે; કારણ કે અધોક્ષજ છો; વળી અવિનાશી છો; જ્ઞાનીઓથી પણ અજ્ઞ છો તો પણ મારા જેવી સ્ત્રી તો સદા અજ્ઞ જ ગણાય. તે તો ક્યાંથી જાણે ? રંગભૂમિ ઉપર નટનો વેષ ધારણ કરેલ નટ, જેમ સ્થૂલ દૃષ્ટિવાળા સાધારણ મનુષ્યથી ઓળખાય નહીં તે જ પ્રમાણે આપ પણ પૃથ્વી ઉપર મત્સ્યાદિ સ્વરૂપ લઈને પધારો છો ત્યારે ઓળખી શકાતા નથી. (૧૮) આપનું તો પૃથ્વી ઉપર પધારવું, જેમનાં નિર્મલ મન છે, જેઓ સતત મનનશીલ છે, તેવા પરમવિવેકી ભક્તોને ભક્તિયોગનાં દાન કરવા માટે જ થયેલ છે. નાથ ! આવા આપ ઐશ્વર્યપરિપૂર્ણ ભગવાન આપને અમે સ્ત્રીઓ તો કેમ કરી જાણી શકીએ. (૧૯)

બે શ્લોકોમાં ગુણમાહાત્મ્ય

कृष्णाय वासुदेवाय देवकीनन्दनाय च । नन्दगोपकुमाराय गोविन्दाय नमो नमः ॥ २० ॥
नमः पंकजनाभाय नमः पंकजमालिने । नमः पंकजनेत्राय नमस्ते पंकजांघ्रये ॥ २१ ॥

મારા લાડકવાયા લાલ નન્દલાલ શ્રીકૃષ્ણ ! આપને નમસ્કાર કરું છું ; હે લાલ ! હે શ્રીકૃષ્ણ ! મારી લાયકાત સામે જોશો મા ! અને લાયકાત જાણવી હોય તો જાણો કે જેવી છું તેવી છું તો પણ આપના પિતા મારા માડીજાયા અને કાળજાની કોર સમા ભાઈ વસુદેવજીની બહેન છું એટલે આપની તો ફોઈ થાઉં છું. તો હે વસુદેવજીના કુળદીપક વાસુદેવ આપને પ્રણામ કરું છું. સાંભળો શ્યામસુન્દર ! શ્રી દેવકીજીના કુળદીપક દેવકીનન્દન, એક વાત ના વિસરશો કે આપનાં જનની દેવકીજીની તો હું નણંદ થાઉં છું, તો એ નાતે પણ કૃપા વરસાવજો. મેં તો મારા ભાઈ વસુદેવના સપૂત શ્રીકૃષ્ણ આપનો પાલવ પકડયો છે; આ દુનિયામાં ભાઈ-બહેનનો નાતો ઘણો ઉત્તમ, પવિત્ર અને પ્રેમભર્યો માન્યો છે.બહેનના દુઃખના દિ'માં બહેન, ભાણેજાંને ભાઈનો સથવારો મળે, બહેનનાં સંતાનોને પાળે, પોષે ઉછેરે અને ઠેકાણે પાડે. જ્યારે ભાઈના દુઃખના દિવસોએ માડીજાઈ બહેનડી દોડી આવે અને બહેનના ભાઈની ઓથ બને અને ભાઈનાં પોતરોને પોતાની ગોદમાં ઘાલે. હે વાસુદેવ ! હે દેવકીનન્દન ! આપે આ સર્વ અમારે માટે કર્યું છે તેવા કૃપાસિંધુ આપને પ્રણામ કરું છું. ગોપરાજ શ્રી નંદરાયકુમારને નમસ્કાર કરું છું અને ગાયોના તારણહાર ગોવર્ધન ગિરિધારી ગોવિન્દને નમસ્કાર કરું છું. (૨૦) અખિલ બ્રહ્માંડના કારણ, પંકજ-કમળને નાભિમાંથી પ્રકટ કરનાર પંકજ-નાભ શ્રીકૃષ્ણને વારંવાર પ્રણામ; લગ્ન પ્રસંગે શ્રી લક્ષ્મીજીએ આપના કંઠમાં કદી ના કરમાય તેવી કમલમાલા ધરાવેલી તેથી કમલમાલા શ્રીકૃષ્ણને વારંવાર નમસ્કાર; નિરંતર નેત્રામાંથી અમીવૃષ્ટિ કરનારા કમલનયન શ્રીકૃષ્ણને વારંવાર પ્રણામ; બન્ને ચરણોમાં પ્રણામ કરનાર ભક્ત જ્ઞાન અને ભક્તિનાં દાન કરનાર પંકજપાદ શ્રીકૃષ્ણને વારંવાર નમસ્કાર. (૨૧)

ત્રણ શ્લોકમાં નાથની દિવ્ય લીલાઓનાં ગાન

यथा हृषीकेश खलेन देवकी कंसेनि रुद्धाऽतिचिरं शुचार्पिता । विमोचिताहं च सहात्मजा विभो त्वयैव नाथेन मुहुर्विपद्गणात् ॥ २२ ॥
विषान्महाग्नेः पुरुषाददर्शना दसत्सभाया वनवासकृच्छ्रतः । मृधे मृधेऽनेकमहारथास्त्रतो द्रौण्यस्त्रतश्चास्म हरेभिरक्षिताः ॥ २३ ॥
विपदः सन्तु नः शश्वत्तत्र तत्र जगद्गुरो । भवतो दर्शनं यत्स्यादपुनर्भवदर्शनम् ॥२४॥

હે શ્રીકૃષ્ણ ! હે ઋષીકેશ ! ભક્તજનોની ઈન્દ્રિયોને પોતાના સ્વરૂપદર્શન અને સ્વરૂપસેવાથી પોતાના તરફ વાળનારા ઋષીકેશ ભગવન્ ! મારી કથની કહેતાં કોચવાઉં છું ! ઘણા લાંબા સમય સુધી ખલ કંસે કેદમાં પૂરી રાખેલાં અને છ-છ બાળકોનો નાશ કરી શોકસાગરમાં ડુબાડેલાં નિજજનની દેવકી માતાજીને અને પિતાજી શ્રી વસુદેવજીને આપે કલેશમાંથી અને કેદમાંથી મુક્ત કર્યાં, પરંતુ હે નાથ ! હે વિભો ! આપે મને અનાથ જાણી, પોતાનાં માત-પિતા કરતાં પણ મારા ઉપર વિશેષ કૃપા કરીને એક વાર નહીં પરંતુ અનેક વાર, મારી એકલીની નહીં પણ મારા પરિવારની દુઃખોના પરિવારમાંથી, દુઃખોની પરંપરામાંથી આપે જ રક્ષા કરી છે. (૨૨) કૃપાનાથ ! કેટલી અને ક્યાં ક્યાં આપે કૃપા કરી એ રક્ષા પ્રસંગોની ગણાના કરું કે ગાથાઓનાં ગાન કરું, અનેક ઉપકારોમાંથી અલ્પ જેટલા ગાઉં છું. મારા પુત્રને આપેલા વિષવાળા ભોજનના વિષમાંથી (૧), સર્પના ઝેરની (૨), લાક્ષાગૃહમાંથી (૩), હિડંબાદિ રાક્ષસોથી (૪), સભામાં દ્રૌપદીને વસ્ત્રો આપી લાજમાંથી (૫), વનમાં દ્રૌપદીના અપરહરણમાંથી (૬), દશ હજાર શિષ્યો સાથે ભોજન માટે પધારેલા શ્રી દુર્વાસામુનિના શાપમાંથી (૭) વનમાં અતિથિઓને ભોજન કરાવવા સૂર્ય દ્વારા અક્ષયપાત્રનાં દાન કરાવવાથી (૮), વિરાટ નગરના યુદ્ધથી (૯), કુરુક્ષેત્રના સંગ્રામથી (૧૦), મારા પુત્રો ઉપર છોડેલાં બ્રહ્માસ્ત્રોમાંથી (૧૧), મારા પ્રપૌત્ર પરીક્ષિતના ગર્ભ ઉપર છોડેલા બ્રહ્માસ્ત્રથી, હે હરિ ! આપે અખંડ રક્ષા કરી છે. આ પ્રસંગો તો માત્ર સંકેતરૂપે છે પરંતુ આવા તો અસંખ્ય પ્રસંગોમાં અમારી રક્ષા કરી છે. તેથી હવે હે જગદ્ગુરુ ! હે શ્રીકૃષ્ણ ! પાલવડો પાથરી વારી જાઉં છું અને કરગરી, કરજોડી વિનવું છું હે નાથ ! અમને વિવેકનાં દાન દેનારી, ભક્તિનાં લક્ષણ

અર્પનારી અમારા સર્વની શાન ઠેકાણે રાખનારી અને અમારા અકિંચનને આંગણે વારંવાર આપને તેડી લાવનારી મારી મોંઘી મૂડી સમી વિપત્તિઓ સદા અમારા જીવનમાં વરસ્યા કરો કે વસ્યા કરો કે વિપદ્‌ગંગા વહ્યા કરો કે જેના પ્રતાપે જન્મમરણના ફેરા ટાળનારાં, દેવોને પણ દુર્લભ એવાં આપનાં દર્શન તો થયા કરે. આવું કહેતાં કુન્તીમાતા ગાવા લાગ્યાં કે –

વિપદ્‌ગંગે વહું વિવિધજનને પાવન કરું - શરીરે રોગો તું, સ્વજનસંગે વિરહ તું ;
મહાકીર્તિ પ્રાંતે અપયશ બની નિત્ય વિચરું અને લક્ષ્મી નાશે શુભમતિ બની નિત્ય વિલસું.

ચાર શ્લોકોમાં ભગવાન દુષ્ટજનને માટે દુર્જ્ઞેય છે અને સજ્જનને માટે સુખબોધ છે

કુન્તીમાતાજી બોલ્યાં કે હે કૃષ્ણ ! શ્રેષ્ઠકુળમાં જન્મ, અખૂટ ઐશ્વર્ય, શાસ્ત્રજ્ઞાન અને લક્ષ્મી, પ્રભુપ્રાપ્તિમાં અવરોધ કરનારાં નથી. પરંતુ જો તે સર્વે વસ્તુઓથી મનુષ્ય મદાન્ધ બને કે આ સર્વને પામીને છકી જાય છે ત્યારે તો તે મદોન્મત્ત બની જાય છે. તેના મુખમાંથી આપનું નામ ક્યાંથી નીકળવાનું ? કે આપનાં મંગલ નામસંકીર્તન થવાનું ? આપનાં નામસંકીર્તન તો અકિંચન ભક્તજનોનું પરમ ધન છે, તેમ જ ઉપર જણાવેલા ઉત્તમ કુલ, ઐશ્વર્ય, જ્ઞાન અને ધન હોવા છતાં જેઓ દૈન્યભર્યા પ્રહ્‌લાદ જેવા ભકતોને પ્રાપ્ત થાઓ છો કે કેવલ અકિંચન ભકતજનોને પ્રાપ્ત થાઓ છો. (૨૫) અકિંચનના પરમ ધન આપને નમસ્કાર, ગુણવૃત્તિઓ જેમની નિવૃત્ત થઈ છે એવા આત્મારામ આપને નમસ્કાર, શાંતસ્વરૂપ આપને નમસ્કાર, મોક્ષના પતિરૂપ આપને નમસ્કાર, (૨૬) હે ભગવન્ ! આપ, સર્વને નિયમમાં રાખનાર; આદિ અને અંતની ઉપાધિ વિનાના, સર્વત્ર સમાનતાથી વર્તનાર એવો જે કાળ છે તે કાળ પણ આપ જ છો. જે કાળને લીધે પ્રાણીઓમાં પરસ્પર કલેશ અને કલહ થાય છે. (૨૭) હે નાથ ! મનુષ્યોના જેવા આકારવાળા અને મનુષ્યના જેવી ક્રિયાનું અનુકરણ કરી રહેલા છો. ત્યાં હે ભગવન્ ! આપ શું કરવા ચાહો છો કે શું કરશો એને કોણ સમજી શકશે, વાસ્તવિક રીતે તો આપનો કોઈ અતિશય પ્રિય જન નથી કે કોઈ અપ્રિય જન નથી કે કોઈ દ્વેષપાત્ર પણ નથી, આપ સર્વમાં "સમત્વવાળા" છો, આમ છે, તો પણ લોકોને આપનામાં વિષમમતિ થાય છે. (૨૮) હે અખિલ વિશ્વના આત્મા ! હે ભગવન્ ! ઋષિઓમાં, મનુષ્યોમાં, પશુઓમાં કે જળ-જન્તુઓમાં, આપનો જન્મ થવો કે જન્મ લઈ અવતરવું કે કર્મ કરવાં એ તો કેવલ આપનું તે પ્રકારનું અનુકરણ માત્ર છે. (૨૯)

બે શ્લોકોમાં ભગવાનનાં લક્ષનું વર્ણન

गोप्याददे त्वयि कृतागसि दाम तावद् या ते दशाश्रुकलिलाञ्जनसम्भ्रमाक्षम् ।
वक्त्रं निनीय भयभावनया स्थितस्य सा मां विमोहयति भीरपि यद् विभेति ॥ ३० ॥

હે પ્રભુ ! હું એક દિવસ ગોકુલમાં ફોઈના કોડ ધરાવતી આપને બાલપણમાં રમાડવા આવી હતી. ત્યારે હે મનમોહન ! આપે મનમોહક લીલા કરી હતી. સારસ્વત કલ્પમાં જ સ્વયં પધારતા, દેવાધિદેવોને પણ દુર્લભ એવા આપ નન્દયશોદા રાણીને ભાગ્યશાળી કરવા ગોકુળમાં પધાર્યા હતા. મા યશોદા દધિમંથનમાં મશગૂલ હતાં. આપ ભૂખ્યા થયા હતા. માનાં મીઠાં ધાવણ ધાવવા આપ માની પાસે દોડી આવ્યા. બ્રહ્માદિ દેવાધિદેવો અને લક્ષ્મીજી પણ જેની પદરજ તલસે તે માતાની ગોદ ખૂંદવા તલસે, માતા યશોદાનો પાલવડો પકડી પાડી મુખની સામે નિહાળ્યા કરે, પણ મારા લાડકવાયા માટે આજે મંથન કરી નવનીત કાઢી નવનીતપ્રિયને આરોગાવું કે કોઈને આંગણે જાય ના અને ઠપકા આવે ના. આવા વાત્સલ્યભાવથી તરબોળ બનેલી મા મંથનમાં જ મશગૂલ હતી ત્યારે આપને ઓછું આવ્યું, આપ રોષે ભરાયા અને આપે- " એક પથ્થર લીધો અને ગોરસની મથની ફોડી નાખી. એ જાણે મોટો અપરાધ ના થઈ ગયો હોય ને શું એમ માની આપને બાંધવા માટે માતા યશોદાજી દામણું લઈને આવ્યાં ત્યારે હે પ્યારા નન્દદુલારા અંજન આંજેલી આપની આંખલડીમાંથી મા મારશે, મા મને બાંધશે એવા ભયથી અશ્રુઓ ટપકવા લાગ્યાં. આપે કાંડાથી આંખો ચોળેલી, તેથી આપના ગુલાબી ગાલ પર અંજનનાં ધાબાં પડી ગયેલાં હતાં, અશ્રુ પણ અંજન મિશ્રણવાળાં હોઈ શ્યામ ગજમોતી શાં

બની ચૂક્યાં હતાં, નેત્રમાંથી પળેપળે ટપ ટપ ટપકી રહ્યાં હતાં, વિશ્વના દાતાર લાચાર બની, અમીર પણ ગરીબ જેવી દશામાં માડીની સામે અપરાધી બની ઊભા હતા, ભયભાવનાથી કમલકોમલ મુખડું નીચું ઢાળી દીધું હતું. દુશ્મનને પણ દયા ઉપજાવે તેવું દયાનિધિ તમારું દયામણું ને કમનીય કે રમણીય મુખદર્શન આજ પણ મારા હૃદયથી દૂર નથી થતું, નયનમાં તર્યા જ કરે છે, હજી એ કોયડો નથી ઊલકતો કે ભય પણ જેની સામે ભયભીત બનીને થર થર ધ્રૂજ્યા કરે તે મારા નાથ ! શું સાચે જ ભયભીત બની માડી પાસે મુક્તિ માંગતા હશે કે માફી માગતા હશે કે માને વાત્સલ્યરસમાં ડુબાડી દેતા હશે. જે હશે તે હશે, હું એટલું સમજું છું મને માતા યશોદા જેવી શ્રી યશોદાત્સંગલાલિત તમારા ચરણોમાં અહેતુકી પ્રેમલક્ષણા ભક્તિનાં દાન કરો, હું મારાં દુઃખડાં તમારી પાસે રડતી, દુઃખડાં હરવા માટે વિનવતી અને આપને શ્રમ દેતી, ત્યારે માતા યશોદા તમને લાડ લડાવતાં, તમારા ભૂખ્યા મુખડાને દેખીને તમને તૃપ્ત કરવા રોતી માતા યશોદાનું વાત્સલ્ય અને હૃદય મને આપો. આવું બોલતાં માતા કુન્તીજી આજે રથની થાંભલી પકડી દ્વારિકા તરફ પ્રસ્થાન કરતા શ્યામસુંદરની સામે અશ્રુ ઢાળી રહ્યાં છે. ચાલો ભાઈ, આપણે યશોદા મા જેવી કે શ્રી કુન્તી મા જેવી શ્રીકૃષ્ણમાં પ્રીતિ ક્યારે મેળવશું ! આપણે આ શ્લોક ગાઈને હૃદયમાં ગોવિંદને વસાવીએ. (૩૦)

ચાર શ્લોકમાં પ્રભુપ્રાકટ્યનાં પ્રયોજન

ભગવન્ ! મલયાચલ નામના પર્વતમાં થતાં ચંદન વૃક્ષો મલયાચલ પર્વતની કીર્તિ વધારવા માટે થાય છે, એ જ પ્રકારે પુષ્ટિભક્ત અને પુણ્યશીલ યદુરાજાના યશને ઉજ્જ્વલ કરવા માટે યદુવંશમાં અજન્મા છતાં આપ અવતર્યા છો, ભક્તજનો આવું માને છે અને કહે છે. (૩૧) જ્યારે કેટલાક શાસ્ત્રોનાં વચનોને લક્ષ્યમાં લઈને કહી રહ્યા છે કે 'જગતનું કલ્યાણ કરવા માટે, દૈત્યોનો વધ કરવા માટે, શ્રી વસુદેવજીની પ્રાર્થનાને વશ બનીને શ્રી વસુદેવજીને આંગણે શ્રી દેવકીમાતાજીને ત્યાં અજન્મા છતાં અવતાર લઈ પધાર્યા છે. (૩૨) હે નાથ ! ભક્તજનોનું એવું માનવું છે કે ઉચ્છૃંખલજનોની ખલક્રિયાઓથી પૃથ્વીમાતાનું મન દુઃખના ભારથી ભરાઈ ગયું અને પીડાવા લાગ્યું, તેથી પૃથ્વીમાતાએ બ્રહ્માજીને 'ધા' નાખી ત્યારે બ્રહ્માજીએ ભગવાનને વિનવ્યા તેથી ભગવાને જોયું તો લાગ્યુ કે સમુદ્રમાં સફર કરતી નાવમાં બોજ વધી જતાં બૂડી જવાની જેમ ભીતિ રહે છે તેમ પૃથ્વી પણ માનસિક પીડા ભોગવી રહી છે. માટે તે મનોવ્યથા નામના ભારને હળવો કરવા ભગવાન ભૂતલ ઉપર અવતર્યા છે. (૩૩) ઋષિમુનિઓનું મન્તવ્ય છે કે અવિદ્યા, અજ્ઞાનને લીધે જીવોના હૃદયમાં કામલાલસાઓ થાય છે. આવી કામ- લાલસાઓથી મન-કાયા-વાણીથી સંસારસુખનાં કાર્યો કરી સંસારમાં સર્વથા કલેશો ભોગવતા મનુષ્યો ભગવાનનાં નામ-ગુણ-લીલાનાં શ્રવણ-કીર્તન-સ્મરણ-સેવા વગેરે પુણ્યકાર્યો મન-વાણી-કાયાથી કરી પરમાનંદ પ્રાપ્ત કરે એ હેતુથી લીલા વિસ્તારવા પ્રભુ ભૂતલ ઉપર પધાર્યા છે. (૩૪)

એક શ્લોકમાં પ્રભુ પ્રાકટ્યનું ફલ ગાય છે

શ્રૃણ્વન્તિ गायन्ति गृणन्त्यभीक्ष्णशः स्मरन्ति नन्दन्ति तवेहितं जनाः ॥ त एव पश्यन्त्यचिरेण तावकं भवप्रवाहोपरमं पदाम्बुजम् ॥ ३५ ॥

ભગવન્ ! મને તો આપના પ્રાકટ્યનો લાભ એ જ લાગે છે કે જે ભક્તજનો આપના મધુર ચરિતામૃતનું સતત અને સદા કીર્તન કરનાર મળે ત્યારે શ્રવણ કર્યા જ કરે છે અને શ્રોતા મળે ત્યારે ગાન કર્યા જ કરે છે. પરીક્ષિત જેવા પરમ ભાગવત શ્રોતા મળે તો પદે પદે ભાવ નિરૂપણ કરે છે, એકલા પડે ત્યારે સ્વયં સ્મરણ-મનન કરે છે, કોઈ ભક્તહૃદયથી લીલાકીર્તન કરે તો તેનું અભિનંદન કરે છે, તે ભક્તજનો, પરમ ભગવદીયો જન્મમરણના પ્રવાહને - પરંપરાને ક્ષણમાં જ અટકાવી દેનારા આપના સુમંગલ ચરણાવિંદનાં અવિલંબે દર્શન કરે છે. (૩૫)

ચાર શ્લોકમાં કુન્તીમાતાના દૈન્યનું દર્શન

अप्यद्य नस्त्वं स्वकृतेहित प्रभो जिहाससि स्वित्सुहृदोनुजीविनः । येषां न चान्यद् भवतः पदाम्बुजात् परायणं राजसु योजितांहसाम् ॥३६॥

ભગવતી કુન્તીમાતા નાથને પ્રસ્થાને બન્ને હાથ જોડી વિનવી રહ્યાં છે કે નાથ ! આજ આપ અમને ત્યજી જશો ત્યાં જ અમે અનાથ બની જઈશું ! આપ જાણો છો કે અમારાં સર્વ રાજાઓ સાથે વૈર બંધાયેલાં છે. આપના ચરણારવિંદના

આશ્રય વિના અમારો કોઈ અન્ય ઉત્તમ આશ્રય નથી. પુનઃ આપ પાછા પધારશો એવી સંભાવના નથી. કારણ કે અમારે માટે જે કાર્યો કરવાનાં હતાં તે સર્વ કાર્ય થઈ ચૂક્યાં છે. પ્રથમ તો એક દુઃખ અમારું ટળે તો માથે બીજું લટકતું રહેતું અને દુઃખને ટાળવા આપ પધારતા, હવે અમને રાજ્ય આપી સર્વ કાર્ય સમાપ્ત કર્યાં તેથી પધરામણીની સંભાવના ના રહી, તો નાથ ! અમને ના ત્યજો, અનાથ ના કરો. (૩૬) નાથ ! અમે તો નામ અને સ્વરૂપથી જ ઈજ્જત પામ્યાં છીએ, અન્યથા અમારી આ જગતમાં ગણના શી ! યદુપણું કે પાંડવપણું જે કાંઈ છે તે તો આપના સાન્નિધ્યને જ કારણે છે. જુઓ ઈન્દ્રિયોનો નિયામક પ્રાણ ચાલ્યો જાય ત્યારે ઈન્દ્રિયોનું નામ કે રૂપ કાંઈ રહી શકે નહીં તેમ જ આપના પધારી જતાં જ અમે બેહાલ બનશું. (૩૭) અરે ગદાધર ! આ ધરણી પણ આપના ચરણારવિંદના બિરાજવાથી આપનાં ચરણચિહ્ન-ધ્વજ-કમળ-અંકુશ-વજ્ર વગેરે વિશિષ્ટ ચિહ્નોવાળાં ચરણોના સાન્નિધ્યથી જ શોભાયમાન છે કે પુલકિત છે. તે આ ધરા આપ પધારી જશો ત્યાં શોભશે નહીં ? હે ગદાધર ! ગયાજીમાં જેમ એક રૂપ લઈને બિરાજો છો તેમ એક રૂપ લઈ હસ્તિનાપુરમાં બિરાજો અને બીજા એક રૂપથી ભલે દ્વારિકા પધારો. (૩૮) અને નાથ સાંભળો, લીલીછમ ધરણીવાળા ફળદ્રૂપ અને સમૃદ્ર જે દેશો દેખાય છે, ઔષધિઓ, લતાઓ, વનો, પર્વતો, નદીઓ અને સાગરો પણ જે સમૃદ્ધ ભાસે છે તે સર્વ આપની કૃપાદૃષ્ટિવાળા અવલોકનું જ સુફળ છે. (૩૯)

બે શ્લોકમાં કુન્તીમાતાની પુરુષોત્તમ પ્રભુને પ્રાર્થના

अथ विश्वेश विश्वात्मन् विश्वमूर्ते स्वकेषु मे । स्नेहपाशमिमं छिन्धिदृढं पाण्डुषु वृष्णिषु ॥ ४० ॥
त्वयि मेऽनन्यविषया मतिर्मधुपतेऽसकृत् । रतिमुद्वहतादद्धा गङ्वौधमुदन्वति ॥ ४१ ॥

ભગવતી કુન્તીજી બોલ્યાં કે હે વિશ્વેશ્વર ! હે વિશ્વાત્મન્ ! હે વિશ્વમૂર્તિ ! શ્રીકૃષ્ણ ભગવન્ ! આપને એક વિનંતી છે કે આત્મીય એવા મારા પાંડુપુત્રો અને યાદવોમાં એટલે સાસરિયા અને પિયરિયાનાં સગાંસ્નેહીજનોમાં જડમૂળ કરી બેઠેલા સ્નેહપાશનો ઉચ્છેદ કરવાની કૃપા કરો. (૪૦) આ ઉપરાંત અન્ય પણ અભ્યર્થનાને સાંભળો ! મારી આશા પૂર્ણ કરો. ભગવતી ગંગાજીનો પ્રવાહ અવિરત અને અબાધિત મહાસાગરમાં જેમ મળે છે તે જ રીતે હે મધુપતિ ભગવાન ! મારી બુદ્ધિ બીજા કોઈ પણ વિષય તરફ ના ઢળતાં નિરંતર આપના જ સ્વરૂપમાં, આપની જ સેવા અને સ્મૃતિમાં સ્નેહવાળી રહો. (૪૧)

પ્રેમભરી એકાદ નતિમાં સમસ્ત સ્તુતિની સમાપ્તિ થાય છે

श्रीकृष्ण कृष्ण सख वृष्ण्यृषभावनिध्रुग्राजन्यवंशदहनानपवर्गवीर्य ।
गोविन्द गोद्विजसुरार्तिहरावतार योगेश्वराखिलगुरो भगवन्नमस्ते॥४२॥

હે શ્રીકૃષ્ણ ! હે અર્જુનજીના સખા ! હે યાદવશ્રેષ્ઠ ! ધરણીનો દ્રોહ કરનાર નામ માત્રના રાજાઓના વંશનું દહન કરનાર હે અગ્નિનારાયણ ! હે અખૂટ પ્રતાપશાળી ! હે ગો-બ્રાહ્મણ-દેવતાઓનાં દુઃખોને હરવા અવતાર લેનાર કૃષ્ણ ! હે યોગેશ્વર ! હે સર્વના ગુરુ ! હે ભગવન્ ! આપને મારા નમસ્કાર હો. (૪૨)

દયાનિધિ દયા કરી રોકાયા

સૂત મહાત્માજીએ કહ્યું કે શ્રી કુન્તીમાતાએ સમસ્ત ઉદયોથી ભરેલી ભગવાનની સ્તુતિ કોમલ મધુર અને કંઠમાં રૂંધાયેલી વાણીમાં કરી ત્યારે માયાથી જાણે મોહ પમાડતા હોય ને શું એમ વૈકુંઠપતિએ મન્દ સ્મિત કર્યું. (૪૩) ભગવાને શ્રી કુન્તીમાતાજીની સ્તુતિ સાંભળી કહ્યું, ફોઈબા, આપ ઈચ્છો છો એવી જ દિવ્ય ભક્તિ આપને પ્રાપ્ત થાઓ. એટલું કહીને દ્વારિકા તરફ પ્રસ્થાન કરતાં કાંઈક અપશુકન થયા એમ લાગતાં હસ્તિનાપુરમાં રથ પાછો વાળી, પુનઃ સ્નેહી-સંબંધી-કુટુંબી-ઋષિ-મુનિજનની અનુજ્ઞા મેળવી શ્રી દ્વારિકેશ દ્વારાવતીપુરી તરફ પ્રસ્થાન કરતા હતા ત્યારે મહારાજા યુધિષ્ઠિરે કહ્યું નાથ ! માનું મન અને સર્વનું મન ખૂબ દુભાય છે તો થોડા દિવસ રોકાઈ જાઓ. એમ કહી પ્રેમથી પ્રભુને રોકી લીધા. (૪૪)

મહારાજ યુધિષ્ઠિરજીના ઉદ્વેગની સપ્તપદી

શ્રી યુધિષ્ઠિર રાજાને રાજ્ય મળ્યું, અને સિંહાસને બિરાજ્યા પરંતુ યુદ્ધ કર્યું એ મહાન અપરાધ કર્યો એ પ્રમાણે સતત કોચવાયા કરતું તેનું અદ્ભુત કર્મ કરનારા ભગવાન શ્રીકૃષ્ણે શાસ્ત્રોનાં, ઈતિહાસોનાં પ્રમાણોથી સમાધાન કર્યું તેમ જ ભગવાનની ઈચ્છાને જાણતા શ્રી વ્યાસ આદિ મુનિવરોએ પણ સમાધાન કર્યું. છતાં શોકસાગરમાં ડૂબેલા ધર્મરાજના મનને સંતોષ ના થયો અને ઊંડે ઊંડે એમ જ લાગ્યા કર્યું કે આ ઠીક ના થયું. (૪૫) સ્વજનોનો યુધ્ધમાં વધ કર્યો એ યોગ્ય ના કર્યું એ પ્રકારના શોકથી ઘેરાયેલા, પ્રાકૃત મનવાળા થયેલા, વળી સ્નેહ અને મોહને વશ બનેલા ધર્મપુત્ર શ્રી યુધિષ્ઠિરજી કહેવા લાગ્યા કે હે ધૌમ્ય મહર્ષિજી ! હે વ્યાસ મહર્ષિજી અને હે વેદ જાણનારા સર્વ વિપ્રો ! મેં મારા સુહૃજ્જનોનો રાજ્ય માટે વધ કર્યો એ અયોગ્ય જ કર્યું છે.(૪૬) જુઓ ! તો ખરા મુનિવરો ! કે હું કેવો દુર્મતિ બની ગયો ? અને મારા હૃદયમાં અજ્ઞાન કેવું દૃઢમૂલ થયું ? કે જે અજ્ઞાનને વશ બની આખરે અગ્નિને આધીન થાનારા એવા આ મારા પારકા દેહના સુખ માટે મારી અનેક અક્ષૌહિણી સેનાઓનો નાશ કરી નાખ્યો. આ પાપથી મારો આ લોક તો બગડ્યો પરંતુ અભિમન્યુ વગેરે બાળકો, દ્રોણાચાર્ય વગેરે વિપ્ર-જનો, શલ્ય વગેરે સુહૃજ્જનો, કર્ણ વગેરે મિત્રજનો, ભીષ્મ આદિ પિતૃજનો, દુર્યોધનાદિ બંધુજનો, તેમ જ જે ગુરુજનો ગણાય, પૂજનીય ગણાય એવા સર્વનો યુદ્ધ કરીને દ્રોહ કર્યો છે તેથી લાખો વર્ષો નરક ભોગવીશ; તો પણ તેમાંથી છુટકારો થશે નહીં. (૪૭, ૪૮) આપ મારા મનનું સમાધાન કરશો કે પ્રજાના સ્વામી પ્રજાનું ભરણ-રક્ષણ કરનારા રાજાને ધર્મયુદ્ધના ટાણે શત્રુઓનો સંહાર કરતાં પાપ નથી લાગતું એવું શાસ્ત્રવચન પણ મારા મનના સમાધાન માટે સમર્થ નથી નીવડતું. (૪૯) જુઓ આ યુદ્ધમાં જે બન્ધુજનો મર્યા છે તેમની પત્નીઓ પોતાના મૃત પતિઓના દેહો લઈ લઈને રુદન કરતી કરતી અસંખ્ય સ્ત્રીઓ, અગ્નિમાં પ્રવેશીને મરણશરણ થાય છે. આ પ્રકારના કરેલા દ્રોહનું, ગૃહસ્થાશ્રમી પુરુષોને કરવા યોગ્ય પાપનિવર્તક યજ્ઞો કરવા છતાં પણ, નિવારણ કરવા હું સમર્થ નથી. (૫૦) જુઓ ! હે ઋષિવરો ! કાદવકીચડથી ખરડાયેલા પગને અથવા કાદવવાળા જળને સ્વચ્છ કરી શકાતું નથી અને મદિરાથી અપવિત્ર થયેલા ઘડાને મદિરા જલથી શુદ્ધ નથી કરી શકાતો, તેવી જ રીતે એક પ્રકારે થયેલી પ્રાણીઓની હત્યાને નાના પ્રકારના વધવાળા યજ્ઞોથી શુદ્ધ કરી શકવાને કોઈ સમર્થ નથી. આટલું બોલી ધર્મરાજે રાજસભામાં મૌન લઈ લીધું. (૫૧)

यथा पङ्केन पङ्काभः सुखा वा सुराकृतरयाम् । भूतहत्यां तथैवैकां न यज्ञौमार्ष्टुमर्हति ॥ ५१ ॥

શ્રીમદ ભાગવત પીયૂષના પ્રથમ સ્કંધના અધિકારલીલા ઉત્તમ પ્રકારમાં શ્રી ઉત્તરા પ્રપત્તિ, શ્રી કુન્તીસ્તુતિ, ધર્મરાજનો પશ્ચાતાપ વગેર પ્રસંગોનું વર્ણન કરતો આઠમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૯ મો

[ઉત્તમ પ્રકરણના આ ત્રીજા અધ્યાયમાં ૪૯ શ્લોકો છે. ધર્મરાજ ભગવાન શ્રી કૃષ્ણ સાથે કુરુક્ષેત્રમાં મનનું સમાધાન મેળવવા જાય છે.
પિતામહજી અમૃતમય ઉપદેશ આપી રાજાને સંતોષે છે. ત્યારબાદ ઉત્તરાયણ કાળ પણ આવી પહોંચે છે. ભગવાનનું સાન્નિધ્ય છે. આવા
દિવ્ય લાભને લેતા દાદા અગિયાર શ્લોકોમાં ભગવાનની સ્તુતિ કરતા ભગવત્પદની પ્રાપ્તિ કરે છે. દુઃખમાં અર્જુનજી અને ઉત્તરાજીએ
ભગવાનની પ્રપત્તિ લીધી અને સ્તુતિ કરી; સુખના છલકાતા સાગરો છતાં માતા કુન્તીજીએ સુખો ના ભોગવ્યાં પરંતુ ભગવાનના જ ગુણો
ગાયા; શ્રી ભીષ્મપિતામહજી દેહાવસાન સમયે ભગવચ્ચરણોમાં પ્રીતિ ધરાવતા, સ્તુતિ કરતા શ્રી હરિચરણોને પ્રસન્ન કરે છે. ચાલો
આપણે એ સ્તુતિસુધાનાં પાન કરીએ અને સ્તુતિ કંઠે કરી નિત્ય ગાન કરી ગોવિંદ ભગવાન અને ગોલોકધામને મેળવીએ.]

सूत उवाच : इति भीतः प्रजाद्रोहात् सर्वधर्मविवित्सया । ततो विनशनं प्रागाद्यत्र देवव्रतोऽपतत् ॥ १ ॥

શ્રી સૂતજીએ કહ્યું મુનિવર શૌનકજી ! શ્રી ધર્મરાજ યુધિષ્ઠિર સમરવીર છતાં ધર્મભીરુ હતા. એ જ એમનું ગૌરવ હતું. તેઓ પ્રજાના દ્રોહથી ભય પામેલા સર્વધર્મને જાણવાની અભિલાષા સેવવા જ્યાં ભીષ્મપિતામહ બાણશય્યા ઉપર પોઢેલા છે ત્યાં કુરુક્ષેત્રમાં જઈ પહોંચ્યા. (૧) જ્યારે ધર્મજિજ્ઞાસાથી ધર્મરાજ કુરુક્ષેત્રમાં પ્રસ્થાન કરી રહ્યા હતા ત્યારે મોટાભાઈની પાછળ ધર્મરાજના ભીમસેન વગેરે ભાઈઓ, શ્રેષ્ઠ અશ્વવાળા અને સુવર્ણ મઢેલા ઉત્તમ આરોહણ કરીને

ચાલ્યા તેમની સાથે મહર્ષિ વ્યાસ, શ્રી ધૌમ્યઋષિ, વૈશંપાયન પણ દેવવ્રતના દર્શને સીધાવ્યા. (૨) હે વિપ્રર્ષિ શૌનકજી ! અર્જુનજી આજે સારથિ બન્યા છે, ભગવાન શ્રીકૃષ્ણ રથમાં બિરાજ્યા છે અને કુરુક્ષેત્રમાં ધર્મરાજની પાછળ ચાલ્યા. ગુહ્યક નામના સેવકોથી વીંટાયેલા કુબેર શોભે તેવી જ રીતે સર્વ ભાઈઓથી વીંટાયેલા ધર્મરાજ શોભવા લાગ્યા. (૩) કુરુક્ષેત્રની ધર્મ પ્રાણભૂમિમાં શરપિંજરની સુતીક્ષ્ણ શચ્યા ઉપર સુવર્ણતેજને ઝાંખું પાડે તેવા દેવવ્રત શ્રીભીષ્મપિતામહજી પોઢ્યા હતા ત્યાં બ્રહ્મનિષ્ઠ શૌનકમુનિ શ્રી બ્રહ્મરાજ શુકદેવજી મહારાજ વગેરે નિર્મળ મનવાળા મુનિવરો પધાર્યા. આ મુનિવરો સાથે પોતાના શિષ્યો સાથે કશ્યપ વગેરે મુનિઓ આવ્યા અને અંગિરામુનિના પુત્ર શ્રી બૃહસ્પતિ ગુરુ પણ પોતાના શિષ્યો સાથે પધાર્યા. (૮)

મુનિવરોનાં અર્ચન અને કૃપાલુવર ભગવાન શ્રીકૃષ્ણનાં સમર્થન

હે મહાભાગ શૌનકમુનિ ! ધર્મના જાણકાર, તેમ જ દેશ અને કાળના ધર્મના પણ જાણકાર અણુ વસ્તુઓમાં શ્રેષ્ઠ એવા શ્રી ભીષ્મપિતામહે આંગણે પધારેલા અતિથિઓનાં યથાયોગય અર્ચન કર્યા. (૯) સાથે સાથે નિરંતર અંતઃકરણમાં વિરાજમાન, પોતાની દિવ્ય માયાનું એવું આવરણ કર્યું છે કે કોઈ પણ આ પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણ છે એવું ના જાણે અને મારા મિત્ર છે, પુત્ર છે આવું જાણે એવા ભગવાનના મહિમાને અને પ્રભાવને સારી રીતે જાણનારા ભીષ્મપિતામહે સન્મુખ બિરાજેલા જગદીશ ભગવાન શ્રીકૃષ્ણનાં વિધિપુરઃસર પૂજન કર્યા. (૧૦) વિધિવિધાન પ્રમાણે પૂજન-અર્ચન કર્યા બાદ પોતાની નજર સામે તદ્દન સમીપમાં બેઠેલા, ભાઈ પાંડુરાજાના, વિનયી, વિવેકી અને સ્નેહભક્તિથી ભરેલા, ધર્મરાજ વગેરે પુત્રોને સ્નેહાશ્રુથી છલકાતી આંખલડીઓથી પુત્રોની સ્પષ્ટ મુખાકૃતિ પણ દેખાતી નથી એવી સ્થિતિમાં મુકાયેલા પિતામહે દયાનાં વ્રતોની વર્ષા આરંભી. (૧૧)

દાદાના દયા-ધર્મ-દૈન્યભર્યા ૧૩ શ્લોકો

ભીષ્મપિતામહ બોલ્યા કે, હે પુત્રો ! હે વહાલાં સંતાનો ! તમે સર્વ, ધર્મને પણ જાણનારા, ક્ષાત્રધર્મથી સર્વ જનોને આનંદ દેનારા ધર્મનિષ્ઠ કુમારો છો. તદ્દુપરાંત વિપ્રો, ધર્મ અને અચ્યુત ભગવાનના નિત્ય આશ્રયવાળા છો. આવા ઉત્તમ જીવન જીવનારા આપને દુઃખના ડુંગરો માથે આવી પડ્યા એ ખરેખર ખૂબ જ ખેદની વાત છે તેમ જ ભારે અન્યાય છે. (૧૨) વળી અતિરથ પાંડુરાજા પૃથ્વી ઉપરથી નિજલોકમાં પધાર્યા, ત્યારે નાનેરાં બાલકોવાળી, પુત્રવતી, અમારી કુલવધૂ ભક્ત કુન્તીજી આપ સર્વના ઉછેર-સંભાળના ટાણે કૃષ્ણના જ કેવલ આશ્રયવાળી તમારી માડીએ કષ્ટો વેઠવામાં પાછી પાની નથી કરી.(૧૩) મને તો આપને શિરે જે અકારણ દુઃખો આવી પડયાં અને જે કાંઈ અપ્રિય થયું તે જોતાં એમ લાગે છે કે, વાયુને આધીન થઈ વર્ષા કરતાં પરાધીન વાદળોની જેમ, લોકપાલ સહિત સર્વલોક, જે કાલને આધીન છે તે કાલનું જ આ સર્વ કાંઈ કૃત્ય છે. (૧૪) ભાઈઓ, આ વાત વિચારવા જેવી છે કે જ્યાં ધર્મનું પાલન કરનારા, અને ધર્મનું પાલન કરાવનારા "ધર્મપુત્ર" રાજા હોય; ગદાધારી વીર વૃકોદર ભીમસેન જેવા દંડનાયક હોય, સદા વિજયી ગાંડીવ ધનુર્ધારી ભગવાન કૃષ્ણનું જ અપર સ્વરૂપ અર્જુનજી જ્યાં હોય અને હિત-અહિતનું સૂચન કરી હિતમાર્ગે દોરનારા અહિતથી પાછા વાળનારા "શ્રીકૃષ્ણ ભગવાન" સ્વયં સુહૃદ હોય ત્યાં વિપત્તિ હોઈ શકે ખરી ? (૧૫) હે ધર્મરાજ યુધિષ્ઠિર ! આ સર્વ કાળે પણ કર્યું નથી. કારણ કે કાળ પણ શ્રીકૃષ્ણની જ આજ્ઞાનુસાર સર્વ કાંઈ કરે છે, એટલે આ સર્વ કાંઈ ભગવાન શ્રીકૃષ્ણની જ ઈચ્છાથી થયેલ છે. રાજન્ ! સુનિશ્ચિત વાત છે કે ભગવાન શ્રીકૃષ્ણની શી ઈચ્છા છે અને તેમણે શું કરવા વિચાર્યું છે તે વાત કોઈપણ પુરુષ ક્યારે પણ જાણતો નથી. આ ભગવાનની ઈચ્છા અને વિધાનના મર્મને જાણવાની ઈચ્છાવાળા કવિઓ એટલે બ્રહ્માદિ જ્ઞાનીજનો પણ ખરેખર મોહ પામ્યા છે. (૧૬) હે ભરતકુલશિરોમણિ ધર્મરાજ ! આ અખિલ વિશ્વ દૈવાધીન એટલે ઈશ્વરની ઈચ્છાને આધીન છે, આવો મનમાં નિર્ણય કરી લ્યો. પુનઃ ભગવાનના આદેશને અનુસરીને અનાથ બનેલી આ સમગ્ર પ્રજાનું તમે પાલન કરો. હે રાજન્ ! તમે ભગવાનની ઈચ્છાથી પ્રજાના નાથ બન્યા છો. વળી પ્રજાપાલનં માટે સમર્થ છો. માટે હે વત્સ ! હે નાથ ! હે પ્રભો ! અન્ય

વિચારો છોડી દો. (૧૭) ધર્મરાજ ! આ આપણી નજર સમક્ષ બિરાજેલા શ્રીકૃષ્ણ છે તે સાચેસાચ સાક્ષાત્ ભગવાન છે, આદ્ય છે, નારાયણ છે, વિરાટ પુરુષ છે, તેઓએ જ સ્વયં વિચાર્યું કે મારા આ વિરાટ દેહ બ્રહ્માંડમાં ભાર વધ્યો છે તે તમને નિમિત્ત બનાવીને ઉતાર્યો છે. હજી પણ તે ભગવાન સર્વ લોકને માયાશક્તિથી મોહ પમાડતા ગૂઢ અભિપ્રાયવાળા યાદવોમાં વિચરી રહ્યા છે. (૧૮) રાજન્ ! આ ભગવાન શ્રીકૃષ્ણના અત્યંત ગૂઢ મહિમાને ભગવાન શંકર જાણે છે, દેવર્ષિ શ્રી નારદજી જાણે છે, તેમ જ કપિલ ભગવાન જાણે છે. (૧૯) રાજન્ ! આપ જ વિચારો કે આપે ભગવાનનાં અનેક અને અનન્ત સામર્થ્ય જોયાં તો પણ ભગવાનને, આ તો અમારા મામાના પુત્ર છે, અમારા પ્રિય સ્વજન છે, મિત્ર છે, શ્રેષ્ઠતમ સુહૃદ છે, એવું સમજીને તો તમે તમારાં કાર્યોમાં સચિવ બનાવ્યા, વિષ્ટિકાર બનાવ્યા અને અધૂરું હતું તે સ્નેહાતિરેકમાં મુકાઈને સારથિપદે પણ પધરાવ્યા. (૨૦) ભગવાન તો સર્વના આત્મા છે એટલે એ તો જાણે છે કે હું ક્યાં કોઈ અન્યનો સારથિ વગેરે છું, હું તો મારા આત્માનું જ કાર્ય કરું છું એવી સમદૃષ્ટિવાળા છે, દ્વૈતભાવથી પર છે, નિરહંકાર છે અને નિર્દોષ છે. આ ભગવાનને આ મેં હીન ભાવવાળું કાર્ય કર્યું અથવા શ્રેષ્ઠ કાર્ય કર્યું એવા પ્રકારનું મતિવૈષમ્ય હોતું જ નથી કે એવા ભેદભાવવાળી બુદ્ધિ હોતી જ નથી. (૨૧) હે રાજન્ ! હે ધર્મરાજ ! ભગવાન ભલે સમત્વવાળા છે તો પણ પોતાના અનન્ય આશ્રયવાળા ભક્તો માટે મમત્વભાવવાળા પણ છે. જુઓ તો ખરા કે ભગવાનની અનન્ય ભક્તો ઉપર કેવી કૃપા છે, અરે આ દયાનિધિની દયાનું હું શું કથન કરું ? "ભગવાનનો તિરસ્કાર કરનાર, ભક્તોનો દ્રોહ કરનાર, ભક્તદ્વેષી અને ભક્તદ્રોહીઓનું અન્ન ખાનાર અને પક્ષપાતી એવા અનેક અપરાધોવાળા" મારા ઉપર ભગવાને દયા કરી તેથી જ મારા પ્રાણત્યાગ કાળે ભગવાન દર્શન દેવા પધાર્યા છે. (૨૨) આમ બોલતાં બોલતાં દાદાના દિલમાં દર્દ થવા લાગ્યું, દિલ આર્દ્ર બની ગયું, આંખલડી અશ્રુથી ઊભરાવા લાગી, અને આગળ વધીને ધર્મરાજને કહેવા લાગ્યા કે, જે કોઈ ભક્ત, ભક્તિભાવથી ભગવાનમાં મનને સ્થિર કરીને, વાણીથી શ્રીકૃષ્ણનામસંકીર્તન કરતાં કરતાં કાયાનો ત્યાગ કરે છે તે યોગી સકામ કર્મનાં બંધનોમાંથી મુક્ત થઈ જાય છે. (૨૩)

ભીષ્મદાદાની દયાનિધિ દેવદેવ વાસુદેવને વિજ્ઞપ્તિ

स देवदेवो भगवान् प्रतीक्षतां कलेवरं यावदिदं हिनोम्यहम् । प्रसन्नहासारुणलोचनोल्लसन् मुखाम्बुजो ध्यानापथश्चतुर्भुजः ॥२४॥

ધર્મરાજ સાથે વાર્તાલાપ કરતા શ્રી પિતામહજીએ ભગવાન તરફ દૃષ્ટિ કરી અંજલિબદ્ધ નિવેદન કરવા લાગ્યા કે ભક્તહિતકારી હે દેવાધિદેવ ભગવાન શ્રીકૃષ્ણ ! હું આ કાયમ આયુષ્યને ગળી જનાર કલેવરનો ત્યાગ કરું ત્યાં સુધી પ્રસન્નહાસ્ય ભરેલા, સ્નેહલાલિમાના લાવણ્યભર્યા લાલવર્ણા, નયનોથી વિલસતા મુખકમળવાળા, મારા ધ્યાનમાર્ગમાં વસેલા, ચાર પુરુષાર્થોને ચારે હસ્તમાં રાખતા, ચતુર્ભુજ ભગવાન શ્રીકૃષ્ણ મારા ઉપર કૃપાનજરથી નિહાળતા સન્મુખ બિરાજો એ એક જ પ્રાર્થના છે. (૨૪)

ધર્મરાજની ધર્મપૃચ્છા

મહર્ષિ સૂતજીએ કહ્યું કે મુનિવર શૌનકજી ! પિતામહનાં મમતાભર્યાં અને ભગવાનમાં ભાવભર્યાં વાક્યોનું ધર્મરાજ યુધિષ્ઠિરે શ્રવણ કર્યું અને શરપંજરમાં પોઢેલા ભીષ્મપિતામહને સર્વવિધ ધર્મો સંબંધી પ્રશ્નો કર્યા, ત્યારે ઋષિવરો તે સાંભળી રહ્યા હતા. (૨૫) ભીષ્મપિતામહે વેદ, પુરાણો અને ઈતિહાસને લક્ષમાં રાખીને મહાભારતમાં જેની ચર્ચા કરેલી તે વાર્તાનું ત્રણ શ્લોકમાં વ્યાસ મહર્ષિ સંકલન કરતાં કહે છે કે, વર્ણધર્મોને લક્ષ્યમાં રાખીને, આશ્રમધર્મોનો ખ્યાલ રાખીને, પુરુષના સ્વભાવને અનુસરીને શાસ્ત્રોમાં વર્ણવેલા ધર્મો; વેદોમાં પૂર્વકાંડમાં ફલમાં અનુરાગને લક્ષમાં રાખીને કહેલા પ્રવૃત્તિલક્ષણ ધર્મો; તેમ જ વેદના ઉત્તરકાંડમાં વૈરાગ્યને લક્ષ્યમાં રાખી સૂચવેલા નિવૃત્તિલક્ષણ ધર્મોનું વર્ણન કર્યું. (૨૬) ત્યાર બાદ ગોદાન, અન્નદાન, તુલાદાન વગેરે દાનધર્મો, રાજધર્મો, ભક્તિ અને જ્ઞાનના વિભાગ વાર મોક્ષધર્મો, સ્ત્રીધર્મો, કાર્તિકવ્રત, ચાતુર્માસ્યવ્રત, એકાદશીવ્રત વગેરે ભગવત્પ્રાપ્તિના ધર્મો વગેરે સર્વેનું સંક્ષેપ અને વિસ્તારથી કથન કર્યું. (૨૭) મુનિવર શૌનક ! ધર્મ, અર્થ, કામ, મોક્ષ નામના ચાર પુરુષાર્થોનું સ્વરૂપ અને લક્ષણ તેમ જ ચારે

પુરુષાર્થોને આચરવાના ઉપાયોને ભિન્ન ભિન્ન પ્રકારના કથાનકો અને ઈતિહાસોમાં વણી લઈને તત્ત્વનિષ્ઠ શ્રી ભીષ્મપિતામહજીએ સ્નેહપૂર્વક વર્ણવી સંભળાવ્યા. (૨૮) આ પ્રકારે દાદા ભીષ્મ ધર્મનું વર્ણન કરી રહ્યા હતા ત્યાં દાદા ભીષ્મનો ભગવચ્ચરણારવિંદમાં પધારવા માટેનો સાનુકૂળ ઉત્તરાયણ કાળ પણ આવી પહોંચ્યો. જે દિવ્ય ઉત્તરાયણ કાળની સ્વચ્છન્દ મૃત્યુને વરેલા સમર્થ યોગીજનો ઈચ્છા કરતા હોય છે-ચાહના કરતા હોય છે. (૨૯)

વાણીનો ઉપસંહાર શ્રીહરિના ગુણાનુવાદમાં કરવો

तदोपसंहृत्य गिरः सहम्रणी विंमुक्तसंगं मन आदिपूरुषे । कृष्णे लसत्पीतपटे चतुर्भुजे पुरः स्थितेऽमीलितद्दग् व्यधारयत् ।।३०।।

विशुद्धया धारणयाहताशुभः- तदीक्षयैवाशु गतायुधव्यथः । निवृत्तसर्वेन्द्रियवृत्तिविभ्रम-स्तुष्टाव जन्यं विसृजन्जनार्दनम् ।।३१।।

ભીષ્મપિતામહજીએ ઉત્તરાયણકાલ નિહાળ્યો, તે જ ક્ષણે વાણીનો વિરામ કરી લીધો, એ વસ્તુ ભીષ્મદાદા માટે સહજ હતી. તેઓ તો યુદ્ધથી કે માત્ર યુદ્ધના પડકારથી હજારો સેનાનાયકોને સ્વાધીન કરી દેનારા "સેનાની" હતા. હવે તેઓએ પ્રથમ તો વાણીનું મૌન લઈ લીધું, પછી પોતાની સન્મુખ જ બિરાજેલા તેજોમય પીતાંબરધારી, ચતુર્ભુજ, આદિપુરુષ ભગવાન શ્રીકૃષ્ણમાં પોતાની દૃષ્ટિને કેન્દ્રિત કરીને સર્વ સંગથી મુક્ત થયેલા પોતાના મનને ક્ષણવારમાં જ ભગવાનમાં પરોવી દીધું. (૩૦) પાંપણમાં પલકારો પણ ના આવે એવી એકાગ્રદૃષ્ટિને ભગવાનના પ્રત્યેક અવયવોમાં પરોવી દેવાથી સહજ રીતે સિદ્ધ થઈ ગયેલી "વિશુદ્ધ ધારણા"થી શ્રી ભીષ્મ પિતામહજીનાં સર્વ પાપો નષ્ટ થઈ ગયાં તેમ જ ભગવાને કૃપાભરી દૃષ્ટિ દાદા ભીષ્મ ઉપર કરી એટલે અમીભરી દૃષ્ટિથી ભગવાને ભીષ્મને નિહાળ્યા તેથી દાદાનો યુદ્ધ સંબંધી આયુધો ચલાવવાનો કે આયુધોના પ્રહારોનો શ્રમ ચાલ્યો ગયો. વળી સર્વ ઈન્દ્રિયોના વિલાસો પણ નિવૃત્ત થઈ ગયા. ત્યાર બાદ દેહનો ત્યાગ કરતાં દાદા ભીષ્મ અવિદ્યાનો નાશ કરનારા શ્રી જનાર્દન ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. (૩૧) ભીષ્મપિતામહ અગિયાર શ્લોકમાં ભગવાનની સ્તુતિ કરે છે. પ્રથમ શ્લોકમાં આત્મસમર્પણ કરી, વચલા નવ શ્લોકોમાં ભગવાનના માહાત્મ્યનું વર્ણન કર્યું છે. ભક્તિમાહાત્મ્ય જ્ઞાનપૂર્વક થાય તો જ સ્થિર બને છે. ભક્તિનો અર્થ "સર્વ કરતાં ભગવાનમાં અધિક સ્નેહ થવો" યાદ રાખવો. નવ શ્લોકો નવધા ભક્તિના ભાવથી ગાયા છે. સાત પ્રકારની ભક્તિ જીવ સ્વયં કરે-કરી શકે, પરંતુ "સખ્ય અને પાદસેવન" ભક્તિ તો સ્વામીની સંમતિથી જ થાય છે. આ ન્યાય પ્રમાણે ભગવાન ભીષ્મપિતામહની સામે સુદર્શનચક્ર લઈ દોડી આવશે" એ ભાવના બે શ્લોકોમાં ભગવાનના અનુરાગ અને અનુમોદન ભાવનું વર્ણન છે. આ રીતે નવ શ્લોક નવધા ભક્તિના ભાવદર્શક તરીકે ગાયા છે અને અગિયારમા શ્લોકમાં અન્તે આત્મસમર્પણ છે. ચાલો નિત્ય સાયંકાલે આ શ્લોકોથી નંદદુલારાનાં ગાન કરીએ. સ્તુતિપ્રિય માધવ અવશ્ય આપણા જીવનના સાયંકાલે, અવશ્ય દર્શન દેશે અને નિજચરણકમલની સેવાનાં સુખ દેવા માટે નિજલોકમાં લઈ જશે.

ભગવાનનાં ચરણોમાં સર્વસમર્પણ

भीष्म उवाच : इतिमतिरूपकल्पिता वितृष्णा भगवति सात्वतपुंगवे विभून्नि। स्वमुखमुपगते क्वचिद्विहर्तुं प्रकृतिमुपेयुषि यद्‌भवप्रवाहः ।।३२।।

ભગવાનનાં ચરણારવિંદોમાં સર્વ સમર્પણ કરતા શ્રી ભીષ્મપિતામહે દૈન્યપૂર્વક નિવેદન કરતાં કહ્યું કે, હે કૃપાનાથ ! હે જગદીશ ! આ ત્રણે જગતમાં જ્યાં સર્વસ્વ આપનું જ છે ત્યાં આપને હું શું સમર્પણ કરું ? માત્ર આ સર્વ પદાર્થોમાં મમતા રાખી બેઠેલી - આ મારી મતિનું આપના શ્રી ચરણોમાં સમર્પણ કરું છું. આવો દૈન્યભાવ પ્રક્ટ કરતાં બોલ્યા કે, યાદવકુલમાં શ્રેષ્ઠપણાથી પ્રક્ટ થયેલા છો, અક્ષરબ્રહ્મથી પર આપ પરબ્રહ્મ છો; આપ નિત્ય નિજાનંદમાં જ બિરાજો છો; વળી કોઈ સ્થાને કે કોઈ વાર લીલા વિસ્તારવાની આપની ઈચ્છા થાય છે ત્યારે એટલે કે વિહાર કરવાનો વિચાર થાય છે ત્યારે તે સ્થળે પધારો છો અને વિહાર કરવા માટે આપની જ શક્તિસ્વરૂપ પ્રકૃતિને પ્રાપ્ત થાઓ છો. આ પ્રકૃતિ તો આપનો જ સ્વભાવ છે, તેથી આપ પ્રકૃતિથી જરા પણ ભિન્ન નથી. આ પ્રકૃતિનો સંબંધ થતાં આ જગતનો પ્રવાહ ચાલુ થાય છે. આવાં છ ઐશ્વર્યોથી પરિપૂર્ણ ભગવાન શ્રીકૃષ્ણમાં મારા અંતિમ શ્વાસ પર્યન્ત કાંઈ પણ આશા વિનાની આ

મતિ-બુદ્ધિનું સમર્પણ કરું છું. (૩૨)

શ્રીકૃષ્ણ ભગવાનના કમનીય સ્વરૂપમાં સુદૃઢ રતિની પ્રાર્થના

त्रिभुवनकमनं तमालवर्णं रविकरगौरवराम्बरं दधाने । वपुरलककुलावृताननाब्जं विजयसखे रतिरस्तु मेऽनवद्या ।।३३।।

શ્રી ભીષ્મપિતામહ આ બીજા શ્લોકમાં ભગવાનને વિનવે છે કે નાથ ! યુદ્ધ સમયે તો મેં અન્તઃકરણને વિવેકી બનાવ્યું હતું. આજે આપના દયામયનાં દર્શનથી અંતઃકરણને નિર્મળતા અને સાત્ત્વિકતા પ્રાપ્ત થયાં છે; તેથી આપનામાં અંતઃકરણની "એકનિષ્ઠા" થયેલ છે તો હવે એક કૃપા કરો કે, મારી દૃષ્ટિ સન્મુખ બિરાજતા આપના ત્રૈલોક્યસુંદર સ્વરૂપમાં મારી દૃઢ પ્રીતિ રહો એ મારી હૃદયની અભ્યર્થના છે. વળી જેનો નીલવર્ણ કદી નથી બદલાતો, તેમ જ તેના જેવો વર્ણ અન્યનો કદી હોતો નથી તેવા "તમાલ તરુવર"ના શ્યામવર્ણવાળા આપના સ્વરૂપમાં પ્રેમ રહો. આપનાં શ્રી અંગ ઉપર જે પીતાંબર છે તે તો સૂર્યનાં કિરણો જેવા ગૌરવર્ણવાળું છે. આપનું તે પીતાંબર તો વેદનું સ્વરૂપ છે. જેમ સૂર્યના પ્રકાશમાં સર્વ પદાર્થો ઓળખાય છે તેવી જ રીતે આ પીતાંબરે જ આપના આ સચ્ચિદાનંદ સ્વરૂપનો મહિમા સમજાવ્યો છે; તેથી તો આજે આપના ચરણોમાં ભક્તિ પ્રકટ થઈ છે. નાથ ! નારાજ ના થશો. આપ ખૂબ જ ચતુર છો. આપ તો વિવિધ પ્રકારનાં "પીતવર્ણ"નાં પીતાંબર જુદા જુદા પ્રસંગે ધારણ કરો છો. યુદ્ધમાં પીતાંબર ધારણ કર્યું હતું એનો "પીતવર્ણ" સુવર્ણ જેવો હતો. સુવર્ણનો પીતરંગ માયાનો રંગ છે, એ તો સગા ભાઈ સાથે પણ વેર કરાવે, પિતા-પુત્ર વચ્ચે અને પતિ-પત્ની વચ્ચે પણ વેર સર્જાવે છે. આપની જ યુદ્ધ કરવાની ઈચ્છા હશે તેથી તો યુદ્ધ પ્રસંગે "માયાત્મક પીતાંબર ધારણ કરી પધાર્યા અને સંગ્રામ કરાવી ધરણીનો ભાર હળવો કર્યો" આજે "જ્ઞાનાત્મક" પીતાંબર ધારણ કરીને પ્રકાશબોધ દીધો. હવે તો દયા કરીને આપના આ કમનીય રસમય સ્વરૂપમાં સદા અહૈતુકી પ્રીતિનાં દાન કરો. આપનું આ જે "वपुः" એટલે "શ્રી અંગ" છે તે પાંચભૌતિક નથી, પરંતુ આનંદમય છે અને અમૃતમય છે. હે નાથ ! જે જન્મે અને વધે તેને દેહ કહેવાય અને જે ઘટે-ઘસાય અને નષ્ટ થાય તેને શરીર કહેવાય છે. જે નિત્ય છે, સચ્ચિદાનંદમય છે. તેને તો સ્વરૂપ કહેવાય અને તેનું બીજું નામ वपुः-वपु કહેવાય. આપના આ નિત્યાનંદ સ્વરૂપમાં મારી પ્રીતિ થાઓ. વળી, કૃપાસિંધુ કેશવ ! આપનું મુખારવિંદ ભરાવદાર, ગુચ્છાદાર, રેશમ સમાન કોમલ, શ્યામલ "કેશવૃન્દથી" છવાયેલું અતિશય નયનાભિરામ છે, તેમ જ હૃદયાભિરામ છે. પ્રભુ ! આપના શ્રી મસ્તકે જે "अलककुल" કેશોનો કલાપ છે તે કાંઈ વાળ ઓછા છે, એ તો अल એટલે અતિશય क એટલે આનંદથી છલકાતા ભક્તો, જ્ઞાનીઓ, વિરક્તો, તાદૃશીજનો વૈષ્ણવો જ છે. એ જ્ઞાની, વિરક્ત, ભક્તજનોના વૃન્દમાં વસતા આપના મુખારવિંદની મધુરિમા તો અત્યંત અલૌકિક છે. વળી નિત્યવિજયી હે શ્રીકૃષ્ણ ! અર્જુનના આપ સખા બન્યા ત્યારે જ તેને સદા સર્વત્ર વિજય મળ્યો છે, તેથી જ તો અર્જુનજીનું નામ "વિજય" પડ્યું છે. હું તે વિજયસખા શ્રીકૃષ્ણમાં મારી "નિર્દોષ અને નિર્મલ બુદ્ધિની નિષ્ઠા" રહો એવી પ્રાર્થના કરું છું (૩૩)

युधि तुरगरजो विधूम्रविष्वक् कचलुलितश्रमवार्यलंकृतास्ये । मम निशितशरैर्विभिद्यमान त्वचि विलसत्कवचेऽस्तु कृष्ण आत्मा ।। ३४ ।।

શ્રી ભીષ્મપિતામહ હવે ત્રીજા શ્લોકમાં પ્રભુચરણોમાં પ્રીતિની પ્રાર્થના કરે છે કે હે શ્યામસુંદર ! હે કૃપાનિધાન શ્રીકૃષ્ણ ! ખૂનખાર જંગ જામ્યો હતો તે સમયે મારાં ધારદાર તાતાં બાણોથી અનેક યોદ્ધાઓની ચામડી વીંધાઈ ગઈ હતી. વળી આપના આશ્રયથી અભય બનેલા શ્રી અર્જુનજીનાં તીક્ષ્ણ બાણોથી મારી પણ ત્વચા વીંધાઈ ગઈ હતી. આવા ઘોર યુદ્ધમાં અશ્વોની ખરીઓથી ઊડતી ધૂળ આપના મુખકમલ ઉપર ચારે તરફ પથરાયેલા કેશોમાં છવાઈ ગઈ. આપના મુખારવિંદ ઉપર શ્રમવારિબિંદુઓ પણ ઊપસી આવ્યાં હતાં. આ શ્રમબિંદુઓ પણ કેશની મધ્યમાં રજના સ્પર્શથી સ્થિર થઈ ગયાં. અરે કેશવ ! આપનો કેશકલાપ ધૂસરવર્ણો થઈ ગયો, કેશલટની વચમાં ખળાઈ રહેલાં તે ધૂળધૂસરાં શ્રમબિંદુઓ "ગજ મોતીની" શોભા દઈ રહ્યાં હતાં. આવી ભક્તવત્સલ ભગવાનની ભક્તવત્સલતાના સૌન્દર્યનું દર્શન કરવા મુખકમલથી સુશોભિત તેમ જ સુદૃઢ કવચવાળા શ્રીકૃષ્ણ પ્રભુ ! આપનામાં મારું ચિત્ત અખંડ રહો. (૩૪)

सपदि सखिवचो निशम्य मध्ये निजपरयोर्बलयो रथं निवेश्य। स्थितवति परसैनिकायुरक्ष्णा हृतवति पार्थसखे रतिर्ममास्तु ॥३५॥

શ્રી ભીષ્મ પિતામહ હવે ચતુર્થ શ્લોકમાં ભગવાનનું યશોગાન ગાવા લાગ્યા કે હે નાથ ! છલકાતા સખ્યભાવે સખા અર્જુન કહેવા લાગ્યા કે, હે અચ્યુત પ્રભુ ! કૃપા કરી મારા રથને ઉભય સેનાઓની મધ્યમાં લઈ જઈ ઊભો રાખો ! હું જરા જોઉં તો ખરો કે મારે આ સંગ્રામમાં કોની સાથે રણ ખેલવાનું છે -પ્રિય સખા અર્જુનના વચનને સાંભળતાં જ અવલિંબે હે ભગવાન ! આપ પોતાનાં અને કૌરવોનાં બન્ને સૈન્યોની મધ્યમાં રથ સ્થાપી ઊભા રહેલા; વળી માત્ર દૃષ્ટિ માત્રથી શત્રુ-સૈનિકોના આયુષ્યને હરી લેનારા, આવા સખાવત્સલ પાર્થસખા ! હે શ્રીકૃષ્ણ આપનામાં મારી મતિ અખંડ રહો. (૩૫)

व्यवहितपृतनामुखं निरीक्ष्य स्वजनवधाद्विमुखस्य दोषबुद्धया । कुमतिमहरदात्मविद्यया यश्चरणरतिः परमस्य तस्य मेऽस्तु ॥३६॥

ભીષ્મપિતામહ હવે પાંચમા શ્લોકમાં ભગવાનની સ્તુતિ કરતાં બોલ્યા કે, ગીતામૃતનું દાન કરવા ચાહતા હે ગોવિન્દ ! બન્ને પક્ષોની સેનાઓ દૂર દૂર વ્યવસ્થિત ગોઠવાઈ હતી, બન્ને સેનાઓ વિશેષ કરીને હિતશૂન્ય હતી, અથવા તો વ્યવસ્થિત સુસજ્જ હતી, સેનાની મોખરે ઊભેલા મને એટલે પિતામહને, ગુરુવર્ય દ્રોણાચાર્ય, ભાઈ કર્ણ, દુર્યોધનાદિને તેમ જ નિજપક્ષના અને પરપક્ષના સ્વજન-સ્નેહીજન-કુટુંબીજનોને જોઈને આ બધાનો વધ કરવો એ તો ભારે અધર્મ છે, એ તો ભારે દોષ છે એવી અકારણ અને અસ્થાને કરુણા ઊભરાઈ, આખરે આ તો મહાપાપ છે એમ માની ક્ષાત્રધર્મ વિરુદ્ધ "न योत्स्ये" યુદ્ધ નહીં કરું એવો અયોગ્ય નિર્ણય લીધો, ત્યારે આપે અર્જુનજીની કુમતિ દૂર કરતાં કહ્યું કે અર્જુન, કોઈ નાપિત એમ વિચાર કરે કે મનુષ્યના માથા ઉપરના વાળ કાપવા એ તો મહાપાપ છે, એ જેમ એનું અજ્ઞાન છે અને અધર્મ છે, તે જ રીતે ભાઈ અર્જુન ! આ પૃથ્વીમાતાના મસ્તકના બોજારૂપ બનેલા આ ક્ષત્રિયો વાળ છે તેને ઉતારવાનું કાર્ય તારામાં બેઠેલા મારે કરવાનું છે. "निमित्तमात्रंभव सव्यसाचिन्" ભાઈ અર્જુન ! તમે તો 'નિમિત્ત બનો છો,' મેં માર્યા એવી વ્યથા ના કરો, આવું વિવેકજ્ઞાન આપનારા હે શ્રીકૃષ્ણ ! આચાર્યવર ! હે ગુરુવર ! આપના પાદસરોજમાં મારી પ્રીતિ રહો. (૩૬)

स्वनिगममपहाय मत्प्रतिज्ञा मृतमधिकर्तुमवप्लुतो रथस्थः । धृतरथचरणोऽभ्ययाद् चलद्गु–र्हरिरिव हन्तुमिभं गतोत्तरीयः ॥ ३७ ॥

શ્રી ભીષ્મપિતામહ છઠ્ઠા શ્લોકમાં ભગવાનની પ્રાર્થના કરે છે કે હે નાથ ! આપે દંતવક્ર અને વિદૂરથને માર્યા ત્યારે શસ્ત્રસંન્યાસ લીધેલો. ત્યાર બાદ મહાભારતનો રણસંગ્રામ આવી પડ્યો. આપની સહાય માગવા માટે દુર્યોધન અને અર્જુન બન્ને આવ્યા, ત્યારે આપે બન્નેની ઈચ્છાનુસાર રાજા દુર્યોધનને પોતાનું સૈન્ય સહાય માટે આપ્યું, અને "શસ્ત્ર નહીં ગ્રહણ કરું" એવી પ્રતિજ્ઞા સાથે આપ અર્જુનનો રથ ચલાવવા પધાર્યા અને યુદ્ધ શરૂ થઈ ચૂક્યું. ભગવન્ ! યુદ્ધના આરંભમાં દુર્યોધનથી ઉત્તેજિત થયેલા મેં પ્રતિજ્ઞા કરી કે હું ત્યારે જ ભીષ્મપ્રતિજ્ઞ સાચો કે જ્યારે શ્રીકૃષ્ણને શસ્ત્ર ગ્રહણ કરાવીશ. નાથ ! આ પ્રમાણે શસ્ત્ર ન ગ્રહણ કરવાની આપની પ્રતિજ્ઞાને પડતી મૂકી કેવલ ભક્તવત્સલ આપે અર્જુનજીની રક્ષા કરવા અને મારી પ્રતિજ્ઞાને સત્ય કરવા માટે યુદ્ધના ત્રીજે દિવસે અને નવમા દિવસે પુષ્ટિના વિરુદ્ધ ધર્મનો સમાશ્રય કરતા યુદ્ધની મર્યાદાઓ તોડી અર્જુનજીના ઉપર શસ્ત્રો ઝીંકવા માંડ્યાં ત્યારે સારથિ તરીકે રથના અગ્રભાગમાં બેઠેલા આપે પણ એકાએક રથમાંથી કૂદી પડીને નિજકરકમલમાં રથના ચક્રને ધારણ કરી દીધું. તેમાં આપે સુદર્શનચક્રનું દિવ્ય તેજ અને તીક્ષ્ણ ધાર પણ સ્થાપી દીધાં. અને આવેગ-આવેશપૂર્વક ગજવધ કરવા ગજકેશરી ગજરાજ ઉપર ધસી આવે તે જ રીતે આપ પણ ચક્ર લઈ મારા સામે ધસી આવ્યા. પરંતુ આપના પાદપ્રહારથી ધરણીદેવી ધ્રૂજી ઊઠ્યાં તે જોઈ આપના ઉરમાં દયાનાં પૂર ઊભરાયાં અને આપે આપના શ્રીઅંગ ઉપરથી ઉત્તરીય વસ્ત્ર સરકાવી પૃથ્વીદેવી ઉપર પધરાવી અભય, આશ્રય અને આશ્વાસન આપ્યાં, મારી પ્રતિજ્ઞા પણ સત્ય કરી, આપ તો સદા "સત્યપ્રતિજ્ઞ" રહ્યા અને ભક્તવત્સલ પ્રભુ ! આપે નિજભક્ત અર્જુનની પણ રક્ષા કરી ! નાથ ! આ દૃશ્ય નજરથી જરા પણ દૂર નથી થતું. જાણે આજે પણ બાણશય્યા ઉપર સૂતેલા મારી સામે આપ એવી જ રીતે પધારતા હો, એમ દેખાઓ છો. (૩૭)

शितविशिखहतो विशीर्णदशः क्षतजपरिप्लुत आततायिनो मे । प्रसभमभिससारमद्वधार्थ स भवतु मे भगवान् गतिर्मुकुन्दः ॥३८॥

શ્રી ભીષ્મપિતામહ હવે સાતમા શ્લોકમાં ભગવાનની સ્તુતિ કરતાં કહેવા લાગ્યા કે, મહાભારતના યુદ્ધનો નવમો દિવસ આવી લાગ્યો, બુઝાતો દીપક બમણો ઝળકે એ રીતે હું પણ આસન્નમરણ થઈ ચૂકેલો આવેશમાં આવી આવેગથી તીક્ષ્ણ બાણોની ઝડીઓ આપના ઉપર વર્ષાવવા લાગ્યો, પરંતુ બાણો બુઠ્ઠાં થઈ નીચે પડવા લાગ્યાં, આપના બખ્તરને પણ આંચ ના આવી, એવા આપ, ખૂબ ઘવાયેલા અને શોણિતે નહાવાયેલા વીર ક્ષત્રિયોથી વીંટળાયેલા હે શ્રીહરિ ! યુદ્ધ ન કરનાર અને સારથિ એવા આપના ઉપર બાણ છોડનાર આતતાયી-અપરાધી-દોષિત એવા મને મારવા માટે, મારો વધ કરવા માટે, પુષ્કળ વેગથી મારા ઉપર ધસી આવ્યા. આવા મોક્ષનું દાન કરનારા મુકુન્દ ભગવાન ! મારી ગતિ બનો. (૩૮)

विजयरथकुटुम्ब आत्ततोत्रे धूतहयरश्मिनि तच्छ्रियेक्षणीये । भगवति रतिरस्तु मे मुमूर्षो र्यमिह निरीक्ष्य हता गताः स्वरूपम्॥३९॥

શ્રી ભીષ્મપિતામહ હવે આઠમા શ્લોકમાં ભગવાનની સ્તુતિ કરે છે : હે નાથ ! શ્રી અર્જુનજીના રથને જ પોતનું કુટુમ્બ ગણી રક્ષનારા અને રથને ચલાવનારા, હાથમાં ચાબૂકને ધારણ કરનારા, ઘોડાઓની લગામને પકડી રહેલા આવી દિવ્ય શોભાથી અત્યંત સુંદર લાગતા દર્શનીય ભગવાન શ્રીકૃષ્ણમાં મૃત્યુના મુખમાં જઈ રહેલા એવા મારી ભીષ્મની અનન્ય અને અખંડ પ્રીતિ રહો. નાથ ! અધિક શું નિવેદન કરું ? રણસંગ્રામમાં આપનું દર્શન કરીને દેહ છોડનારા યોદ્ધાઓ પણ આપના સ્વરૂપને પામ્યા છે, તો હે નાથ ! હે મુકુન્દ ! મૃત્યુ સમયે જો જીવોની આપનામાં મતિ રહે તો મુક્તિ થાય એમાં તો પૂછવું જ શું ? (૩૯) એક એવી કથા કર્ણપથે રણકે છે કે યુદ્ધના દસમા દિવસે મધ્યાહ્ને ભીષ્મદાદાનો દેહ ધરણીમાની ગોદમાં ઢળી પડ્યો અને દાદાએ સંગ્રામ છોડ્યો. તે જ ક્ષણે દાદાની કાયા ઢળી પડ્યાના સમાચાર છાવણીઓમાં પણ છવાઈ ગયા. મહાન પુરુષના પ્રસ્થાનના માનમાં એકાએક યુદ્ધ વિરમી ગયું. ઉભય પક્ષના સૈન્યે અને રણવીરોએ રણધીર ગંભીર મહાવ્રતી સત્યવ્રત દાદા ભીષ્મને સાદર પોતાનાં શસ્ત્રો નમાવી શસ્ત્રોથી નમસ્કાર કરી બહુમાન દીધાં. આંખલડીઓ અને અન્તર ભીનાં થઈ ગયાં. સર્વના મુખમાંથી એક જ વાક્ય નીકળી પડ્યું : આજે ભૂતલ ઉપરથી બ્રહ્મચર્યે વિદાય લીધી. ભગવાનના શ્રીમુખમાંથી વાક્ય પ્રકટ્યું - પિતૃભક્તિ ચાલી ગઈ અને મારા અનન્ય ભક્તે વિદાયને વધાવી લીધી. દુર્યોધને નિસાસો નાખ્યો કે મારો આશ્રય ચાલ્યો ગયો. પુનઃ યુદ્ધ આરંભાયું. ગમગીની ભરી સંધ્યા વધુ ને વધુ ગમગીન બની ! દુર્યોધનની ઉદાસીનતાનો સીમાડો પણ દેખાતો નથી. રાજા દુર્યોધન બેચેન દશામાં મૂંઝાતા દાદાની પાસે આવી પહોંચ્યા. વીલા પડેલા મુખે અને નિરાશ આંખે બોલ્યા : આપ તો પધારી જશો, પરંતુ હવે મારું કોણ ? દાદાએ દુર્યોધનનું અન્ન ખાધેલું એટલે સ્વાભાવિક મન દુર્યોધન તરફ ઢળે. દાદાએ દિલાસો દેતાં કહ્યું કે, રાજન્ ! આજ સંધ્યા ટાણે હું સંધ્યાહવન વિધિમાંથી પરવારું ત્યારે ભાનુમતીને મોકલજો. હું સંધ્યાનાં જલ સીંચી અખંડ સૌભાગ્યની આશિષો આપીશ. રાજન્ ! એ જલથી તમારી રક્ષા અને વિજ્ય બન્ને થશે. આશાનાં ઐશ્વર્ય અજબ છે. આશીર્વાદ મળવાની આશાના આનંદમાં દુર્યોધન ગેલમાં આવી ગયો. મિત્રો વાતો કરતા શિબિર નિકટ પહોંચી રહ્યા હતા ત્યાં જ "વાત વાયરે ફેલાય"એ કહેવત પ્રમાણે વાર્તાહરે આ વાત ભગવાન શ્રી કૃષ્ણચન્દ્રજીને કાને પહોંચાડી. સર્વજ્ઞ ભગવાનથી વાત છાની શાની રહે ? દિવસભરના યુદ્ધશ્રમથી પરિશ્રાન્ત અર્જુનજી ગાઢ નિદ્રામાં હતા. અર્જુનજીના મસ્તક સમીપે બેઠેલાં દેવી દ્રૌપદી પતિની સંભાળ લઈ રહ્યા હતાં. ભગવાન દ્વાર સમીપે હતા. લોકો કહે છે, દ્વારિકાપાલ તંબુના દ્વારપાલ બની પહેરગીરનું કામ કરી રહ્યાં હતા. દ્વારેથી દ્વારિકાનાથે અંગૂલીનો સંકેત કરી દ્રૌપદીજીને બહાર બોલાવી સર્વ વાત સંક્ષેપમાં સમજાવી બન્ને કૌરવોની છાવણી તરફ પવનવેગે પ્રસ્થાન કરવા લાગ્યાં. ચાલતાં ચાલતાં દ્રૌપદીજીની મોજડીનો અવાજ થવા લાગ્યો અને ઝાંઝરની ઘૂઘરીઓનો રણકાર થવા લાગ્યો. ભગવાને વિચાર્યું - માર્ગના પહેરગીરો જાગી જશે અને કામ કથળી જશે. મન્દ સ્વરે મધુસૂદન ભગવાને કહ્યું, બહેની ! પગમાંથી મોજડી અને ઝાંઝર કાઢી નહીં લે તો જાગરૂકો જાગી જશે. અને બાજી બગડશે. શ્યામસુંદરની સૂચના સ્વીકારી દ્રૌપદીએ ઝાંઝર ને મોજડી પગમાંથી ઉતારી દીધાં અને ભગવાને એકાએક હાથમાં લઈ લીધાં. દ્રૌપદીજી અકળાઈ

ઊઠ્યાં અને બોલ્યાં, જગદીશ ! પરુષોત્તમ ! આપ આ શું કરો છો ! હું ક્યા નરકમાં જઈશ ! દેવાધિદેવોને અને શ્રી લક્ષ્મીદેવીને પણ જેની પદરજ ના મળે તે પુરુષોત્તમ આજે વહાલસોયી બહેનના ભાઈ બન્યા; અને ભીની આંખલડીએ બોલ્યા, બહેન, એક દિવસ શેરડી છોલતાં છેદાયેલી મારી આંગળીએ પાલવડો ચીરી પાટો તેં બાંધેલો ! ભગવાનના ભાવસૂચક પ્રશ્નનો ઉત્તર વાળતાં દ્રૌપદીજી બોલ્યાં, વહાલા ભાઈ ! એ તો આપની આંગળી ઓછી હતી ! એ તો મારી આંગળી હતી. બહેન, જો એ આંગળી તારી હતી તો મોજડી મારી નહીં ? ભગવાને સજલ નયને ઉત્તર વાળ્યો. દ્રૌપદી મૂક બની ગયાં, ભક્તવત્સલતાનું લોકોત્તર વાતાવરણ ચોમેર છવાઈ ગયું. નિશારાણી વારી ગઈ. નીરવ શાંતિ પ્રસરી ગઈ અને પગરવ પણ ના થાય તેમ મંદમંદ પગલીએ પ્રભુ અને દ્રૌપદીજી પરિમિત ક્ષણોમાં જ દાદાની ડેરીએ આવી પહોંચ્યાં. પ્રભુએ સૂચવેલ સંકેતાનુસાર દ્રૌપદી ધ્યાનનિમગ્ન દાદાની સમીપે પહોંચ્યાં. મલાજામાં છુપાયેલા મુખડાવાળી પાંડવ ગૃહલક્ષ્મીએ પાલવડો પાથરી, પ્રણામ કરી મંદ સ્વરે વિનય કર્યો, દાદા ! આપની કુલવધૂ આપને વંદન કરું છું. આ અવસરે દાદાના મુખમાંથી બે શબ્દોમાં આશીર્વાદ સરી પડ્યો કે, “બેટા ! અખંડ સૌભાગ્યવતી ભવ.” દાદાના મુખમાંથી સરેલા અખંડ સૌભાગ્યનાં આશીર્વાદવાક્ય સાંભળતાં દ્રૌપદીદેવીના નયનમાંથી આનંદાશ્રુ સરી પડ્યાં. ભાવથી ભારે થયેલા કંઠમાંથી બે વચન સરી પડ્યાં કે દાદા ! આપ ભલે રહ્યા કૌરવોના પક્ષમાં, પણ વહાલા આપના પુત્ર પાંડવોને નથી વિસર્યા, સદા આવી દયા રાખજો. આવાં લાગણીભર્યાં પણ ભાનુમતીના વિરોધાભાસનું સૂચન કરતાં વાક્ય સાંભળતાં આશ્ચર્યચકિત ચિત્તે પ્રશ્ન પૂછ્યો : બેટા ! તું કોણ ? અને દ્રૌપદીજીએ ઉત્તર વાળ્યો કે દાદા ! એ તો આપની કુલવધૂ હું દ્રૌપદી. ભકતહૃદયવાળા પિતામહ બોલ્યા : માનવ કાંઈક વિચારે છે અને માધવ કાંઈક વિચારે છે. સાચે જ ધાર્યું ધરણીધરનું જ થયું. માધવ તારે માથે બિરાજ છે એ જ તારા સૌભાગ્યના સંરક્ષક છે, મારા આશીર્વાદ તો નિમિત્ત છે, પરંતુ વાત તો એ સાચી છે કે કદાચ મેં ભાનુમતી આવી હોત અને આશીર્વાદ આપ્યા હોત તો સર્વેશ્વરને એ સંમત વાત ન હતી અને મારાં વાક્યો મિથ્યા થાત. માત્ર એવું ના થાય માટે ભગવાને મારાં વાક્યની રક્ષા માટે જ બેટા તને મોકલી છે. એ ગોવિન્દનાં ચરણોમાં મારું સદાચિત્ત રહો. કોટિ કોટિ વંદન હો એ કૃપાસિંધુ શ્રીકૃષ્ણનાં ચરણકમલોમાં. બેટા ! દ્રૌપદી ! રાત વધી રહી છે, જલદી જાઓ અને પહોંચી જાઓ છાવણીમાં. આવા અર્જુનના રથના અને કુટુંબના રક્ષણ દ્વારા હે શ્રીકૃષ્ણ ! આજ મારી અંતિમ પળે સમીપ પધાર્યા છો તે સમયે નિવેદન કરું છું કે કરકમલમાં લગામ અને ચાબૂકવાળા કૃષ્ણમાં મારી અખંડ પ્રીતિ રહો.

ललितगतिविलासवल्गुहास प्रणयनिरीक्षणकल्पितोरुमानाः। कृतमनुकृतवत्य उन्मदान्धाः–प्रकृतिमगन् किल यस्य गोपवध्वः ॥४०॥

શ્રી ભીષ્મપિતામહજી હવે નવમા શ્લોકમાં નાથને વિનવે છે કે, હે ભગવન્ ! આપની લાલિત્યમય ગતિ, આપનો સુમધુર વિલાસ, હૃદયહારી આપનું હાસ અને આપનાં સ્નેહભીનાં અવલોકનથી માન પામનારી, આપની લીલાઓનું અનુકરણ કરનારી મદઘેલી કે મદે છકેલી વ્રજગોપવનિતાઓ પણ ખરેખર આપના સ્વરૂપને પામ્યાં છે, એવા આપ કૃપણ ઉપર કૃપા વર્ષાવનાર કૃપાવર છો તો મારી પણ સદ્ગતિ કરો એવી અંતિમ લાલસા છે. (૪૦)

मुनिगणनृपवर्यसंकुलेन्तः सदसि युधिष्ठिरराजसूय–एषाम् । अर्हणमुपपेद ईक्षणीयो मम दृशिगोचर एषआविरात्मा ॥४१॥

શ્રી ભીષ્મપિતામહ દશમા શ્લોકમાં બોલ્યા કે, હે રાજાધિરાજ ! શ્રી યુધિષ્ઠિર રાજની રાજસૂય સભામાં, સમસ્ત જગતના સમગ્ર શ્રેણીના શ્રેષ્ઠ પુરુષો મળ્યા હતા જેમાં મુનિવરો, ઋષિવરો, નૃપવરો અને બુધવરોના સમૂહો બિરાજમાન હતા. આ અવસરે અભિષેક પ્રસંગે તેઓમાં અગ્રણી અર્ચનનો પ્રશ્ન ઊઠતાં, સર્વ અર્ચનીય જ હતા ત્યારે સર્વોત્તમ પુરુષોત્તમ તરીકે આપ જ અગ્ર અર્ચનને પામ્યા, તે દર્શન કરવા યોગ્ય, સર્વના આત્મા, ભગવાન શ્રીકૃષ્ણ આજે મારી સમક્ષ દૃષ્ટિગોચર થયા છે. (૪૧)

तमिमहमजं शरीरभाजां–हृदि हृदि धिष्ठितमात्मकल्पितानाम् । प्रतिदृशमिव नैकधार्कमेकं समाधिगतोऽस्मि विधूत भेदमोहः॥४२॥

આપના સ્વરૂપમાંથી જ આપના કલ્પેલા શરીરને ધારણ કરનારા, પ્રત્યેક જીવના હૃદયમાં બિરાજતા, સૂર્યની માફક પોતે એક છતાં પ્રત્યેકની દૃષ્ટિએ અનેક રૂપે ભાસનાર, અજન્મા, એક એવા શ્રીકૃષ્ણને ભેદભાવ અને મોહભાવથી મુક્ત થયેલ હું સર્વભાવે શરણે જાઉં છું. (૪૨)

ભીષ્મપિતામહ ભગવાનને પામ્યા

સૂત મહર્ષિએ કહ્યું કે મુનિવરો ! એ પ્રમાણે ભીષ્મપિતામહે મન, વાણી તથા દૃષ્ટિઓની વૃત્તિઓ સહિત પોતાના આત્માને સર્વાત્મા ભગવાન શ્રીકૃષ્ણમાં પ્રવેશ કરાવીને અંદર શ્વાસવાળા ભીષ્મપિતામહનો શ્વાસ અન્તઃશાંત થયો અને દેહનો ત્યાગ કર્યો. (૪૩) ભીષ્મપિતામહ, નિષ્કલ બ્રહ્મમાં એટલે ઉપાધિરહિત પરબ્રહ્મમાં જ્યારે જોડાઈ ગયા ત્યારે એક મોટી કાંતિ નીકળી, તે તેજને શ્રીકૃષ્ણમાં પ્રવેશતાં નિહાળી સર્વે જાણ્યું કે દાદા બ્રહ્મમાં લીન થયા. તે વખતે સૂર્યાસ્ત સમયે માળાઓમાં મૌન ભજીને પક્ષીઓ શાંત થઈ જાય તે પ્રકારે સર્વ લોકો શાંત બની ગયાં. (૪૪) શ્રી ભીષ્મપિતામહ જ્યારે ભગવાનમાં લીન થયા ત્યારે પોતાના દેવગણોમાંના અષ્ટ વસુમાંના એક વસુનો મોક્ષ થયો જાણી દેવોએ, દાનવોએ અને ભૂતલ ઉપરના માનવોએ બજાવેલ દુન્દુભિઓના નાદ થવા લાગ્યા. રાજાઓમાં જેઓ સજ્જન હતા તેઓ પ્રશંસા કરવા લાગ્યા અને આકાશમાંથી પુષ્પની વૃષ્ટિઓ થઈ. (૪૫) ભીષ્મપિતામહના આત્માને લઈને ભગવાન જ્યારે અન્તર્હિત થયા ત્યારે ભરતકુલોત્પન્ન ધર્મરાજ યુધિષ્ઠિર રાજાએ ભીષ્મપિતામહના દેહનાં અગ્નિસંસ્કાર આદિ ઉત્તર કાર્ય કરાવ્યાં અને મુહૂર્તભર દુઃખમાં ગરકાવ થઈ ગયા. (૪૬)

મહાપુરુષના પ્રસ્થાને મુનિવરોનાં મન પૂર્ણ પુરુષમાં પરોવ્યાં

ભીષ્મપિતામહજીના પ્રસ્થાન પ્રકારને જોઈને ઋષિમુનિઓ પ્રસન્ન થઈ ગયા અને શ્રીકૃષ્ણ ભગવાનનાં રહસ્યભર્યાં નામોથી સ્તુતિ કરવા લાગ્યા અને ભગવાન શ્રીકૃષ્ણને નિજ નિજ હૃદયકમલમાં પધરાવી નિજ નિજ આશ્રમોમાં સિધાવ્યા. (૪૭) ભીષ્મ-પ્રસ્થાનથી જ્ઞાન પામેલા ધર્મરાજ યુધિષ્ઠિરજી પણ મુનિવરોના પધાર્યા પછી હસ્તિનાપુરમાં આવ્યા અને પિતા ધૃતરાષ્ટ્રને તેમ જ સો પુત્રોના વિયોગથી ગરીબ બનેલી મા ગાંધારીજીને અને શોકસંતપ્ત સર્વને સાંત્વન આપવા લાગ્યા. (૪૮) ત્યાર બાદ પિતા ધૃતરાષ્ટ્રજીએ, રાજ્યાધિકારીજનોએ, પ્રજાજનોએ અને ભગવાન શ્રી વાસુદેવે અનુમોદન આપેલા પોતાના બાપ-દાદાના પરંપરાગત રાજ્યને ધર્મરાજા યુધિષ્ઠિર ધર્મનીતિથી પાળવા લાગ્યા. (૪૯)

શ્રીમદ્ ભાગવત પીયૂષના પ્રથમ સ્કંધ અધિકારલીલાના ઉત્તમ પ્રકરણમાંનો ભીષ્મપિતામહની સ્તુતિ, મુક્તિ અને ધર્મરાજની ભક્તિનું વર્ણન કરતો નવમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૦ મો

[પ્રથમ સ્કંધમાં ઉત્તમ પ્રકરણનો પ્રસંગ ચાલુ છે. આ પ્રકરણ ૭મા અધ્યાયથી આરંભાયેલ છે. સાત, આઠ અને નવમા અધ્યાયોમાં ત્રણ પ્રકારની સ્તુતિનું વર્ણન કરી દશ, અગિયાર અને બારમા અધ્યાયોમાં ક્રમાનુસાર સ્વસુખ, ભગવત્સુખ અને સર્વસુખ એવા ત્રણ પ્રસંગોનું નિરૂપણ કરવામાં આવેલું છે. આ અધ્યાયમાં પાંડવોના સ્વસુખનિરૂપણની કથા આવેલી છે. સ્વસુખની વ્યાખ્યા વીસરવા જેવી નથી, ''कृष्णाधीनं सुखं यस्य स सुखीति निगद्यते'' શ્રીકૃષ્ણમાં ચિત્ત રહેતાં જે સુખની પ્રાપ્તિ થાય તે સુખ કહેવાય.'' આ પ્રકારનું શ્રીકૃષ્ણને આધીન પાંડવોને સુખ મળ્યું છે તેનું વર્ણન આ અધ્યાયમાં નિહાળીએ. આ અધ્યાયમાં ૩૫ શ્લોકો છે.]

शौनक उवाच :–हत्वा स्वरीक्थस्पृध आततायिनो युधिष्ठिरो धर्मभृतां वरिष्ठः ।
सहानुजैः प्रत्यवरुद्धभोजनः कथं प्रवृत्तः किमकारषीत् ततः ॥ १ ॥

શ્રી શૌનક મુનિનો પ્રશ્ન : શૌનક મુનિવરે પૂછ્યું કે, ભગવન્ સૂત ! જરા પણ યુદ્ધ ન ચાહતા ધર્મપરાયણ ધર્મરાજે ધર્મપરવશ બનીને, પોતાના ભાગને પડાવી લેનારા, આતતાયી એવા કૌરવાદિનો સંહાર કરીને રૂંધાયેલા રાજ્યોપભોગોને પાછા મેળવીને ધર્મધુરંધર યુધિષ્ઠિર રાજા પોતાના ભાઈઓ સાથે રાજ્યકારભારમાં કેવી રીતે પ્રવૃત્ત થયા તેમ જ તે પછી તેમણે શું કર્યું તે અમને કહો. (૧)

ભક્તજનને ભગવત્પ્રસાદીરૂપે મળેલી લક્ષ્મી કદી કંકાસ ના કરાવે કે વિલાસી ના બનાવે

સૂત મહર્ષિએ પ્રત્યુત્તર આપ્યો કે મુનિવર ! વંશમાં સળગેલા દાવાનલથી બળી ગયેલા કુરુવંશના બીજને - અંકુરને પરીક્ષિત પુત્રને પાછો ઉગાડીને, તેમ જ ધર્મરાજ યુધિષ્ઠિરને પોતાના રાજ્યાસને સ્થાપીને સર્વને મોક્ષ આપનાર, સર્વના દુઃખહારી, સર્વસમર્થ ભગવાન શ્રીહરિ ખરેખર પ્રસન્નચિત્ત થયા. (૨) ધર્મરાજ યુધિષ્ઠિર, શ્રી ભીષ્મ-પિતામહે આપેલા ઉપદેશને તથા ભગવાને કહેલાં વચનોને સાંભળીને વિશિષ્ટ પ્રકારના જ્ઞાનથી ભ્રમ અને મોહથી મુક્ત બની

અને શ્રીકૃષ્ણનો દૃઢ આશ્રય મેળવીને, પોતાના નાનેરા બાંધવોથી સતત સેવાયેલા, મહારાજા ઈન્દ્રની માફક સમુદ્ર પર્યન્તની પૃથ્વીનું શાસન કરતા હતા. (૩)

રાજા ધર્મશીલ તો પ્રજા ધર્મપરાયણ

અજાતશત્રુ મહારાજ યુધિષ્ઠિરજી જ્યારે રાજ્ય કરતા હતા ત્યારે ઈચ્છાનુસાર આવશ્યક કાલે અને આવશ્યક માપમાં વૃષ્ટિ થતી હતી. મહી-પૃથ્વીમાતા કામધેનુ બની મનવાંછિત સર્વ પદાર્થોનું વર્ષણ કરતાં હતાં. ગાયો પણ મોટાં આઉ-અડાણમાં ભરેલાં દૂધથી વ્રજને અને ગૌશાળાઓને હર્ષથી સિંચન કરતી હતી. (૪) સરિતાઓ, સમુદ્રો, સર્વ વનસ્પતિઓ અને લતાઓ સહિત પર્વતો તેમ જ અન્ય સર્વ ઔષધિઓ પણ પોતપોતાની ઋતુઓને અનુસરીને ફળતી હતી. (૫) લોકોને કોઈ પણ કાલમાં માનસિક ચિંતા આધિ, શારીરિક પીડા વ્યાધિ, સાંસારિક ક્લેશો ઉપાધિ, આધિદૈવિક આધિભૌતિક કે આધ્યાત્મિક હેતુઓથી ભોગવવાં પડતાં ન હતાં. (૬)

પ્રસ્થાનપ્રસંગે ઉત્સવ-મંગલ

ભગવાન શ્રીકૃષ્ણ પોતાનાં સંબધીજનોને શોકમુક્ત કરવા માટે તેમ જ પોતાની બહેન સુભદ્રાજીનું અને ધર્મભગિની દ્રૌપદીજીનું પ્રિય કરવા સર્વના શોકની નિવૃત્તિ થાય એટલા દીર્ઘકાળ પર્યન્ત “હસ્તિનાપુર” નામના નગરમાં રોકાયા. પૂર્વે “હસ્તી” નામના વૈષ્ણવ રાજા થયેલા, તેઓએ ધર્મનિષ્ઠામાં રહીને એક નગર વસાવ્યું; એનું નામ વસાવનાર રાજાના નામથી “હસ્તિનાપુર” રાખવામાં આવ્યું. આ રાજાના સર્વ વંશજો ભગવાનની કૃપાથી મુક્ત થવાના. (૭) વિદાય વેળા ભગવાને મહારાજ યુધિષ્ઠિરજીની અને સર્વની અનુમતિ મેળવીને, સખ્યભક્તિ પ્રાપ્ત કરેલા નિજભક્તોને આલિંગન આપીને શ્રી વ્યાસ ધૌમ્ય, કુન્તી ફોઈ વગેરેને અભિવાદન કરીને, સ્નેહીજનોથી વંદન, અભિવાદન અને આલિંગન પામીને તેમ જ પુષ્કળ દાન-પુણ્ય કરીને પ્રસ્થાન કાજે પુરુષોત્તમ રથમાં બિરાજ્યા. (૮) મુનિવરો ભગવાનની વિદાય વેળાએ માડીજાઈ બહેન સુભદ્રા ઢીલી થઈ ગઈ, ધર્મભગિની દ્રૌપદીજી તો ઢગલો થઈ પડી, કુન્તીમાતાની કથની તો કહેવી જ શી ? વળી પતિવિહોણી વિરાટરાજતનયા શ્રી ઉત્તરાજી અને પુત્ર- વિહોણી ગાન્ધારી માતા અને રાજા ધૃતરાષ્ટ્ર, ધૃતરાષ્ટ્રના અન્ય સ્ત્રીના પુત્ર યુયુત્સુ, ગૌતમવંશોત્પન્ન કૃપાચાર્ય, સહજન્મા શ્રી નકુલ-સહદેવજી, શ્રી ભીમ ભૈયા અને અન્ય ક્ષત્રિઓ, પાંડવપુરોહિત ધૌમ્યમુનિ, અન્ય ઋષિમુનિઓ અને ઋષિપત્નીઓ, સત્યવતી માતા વગેરે મોહવશ બની ગયાં, ભાન ના રહ્યાં તો પણ ભગવાન શ્રીકૃષ્ણના વિરહને વેઠી શક્યાં નહીં. આ અવસરે અર્જુનજી અને ધર્મરાજ યુધિષ્ઠિરજી ભગવાનના વિદાયમાનના ઉત્સવની તૈયારીમાં તન્મય હતા તેથી તેમને ભાન જ ન રહ્યું કે ભગવાન પધારી રહ્યા છે. (૧૦)

કયો સદ્‌ભાગી સત્સંગને અને શ્રીહરિને ત્યજી શકે

ભગવત્કૃપાથી કે સજ્જનના સંગથી દુઃસંગમાંથી મુક્ત થયેલ સુજન પ્રાજ્ઞપુરુષ ભક્તજનોથી ગવાતા હૃદયહારી શ્રીહરિના ગુણાનુવાદને એકાદ વાર પણ જો સાંભળી લે છે તો પછી, તે જનસત્સંગને કે સજ્જનોને પણ ત્યજી શકતો નથી; તો પછી પાંડવોએ તો સર્વથા ભગવાન શ્રીકૃષ્ણમાં જ પોતાની બુદ્ધિને સ્થાપી દીધેલ છે, તેઓ તો શી રીતે શ્રીહરિના વિયોગને વેઠી શકે ? (૧૧) પાંડવો તો મહાભાગ હતા કારણ કે ભગવાનનાં દર્શન, સ્પર્શ, વાર્તાલાપ, સહવાર્તાલાપ, સહશયન, સહઆસન અને સહભોજનની મહત્ત્વપૂર્ણ ક્રિયાઓમાં જ તેઓનાં મન પરોવાયેલાં હતાં જેથી પલકારા વિના કે મટકું પણ માંડ્યા વિનાની આંખલડીએ જેઓ ભગવાનનાં દર્શન કરનારા અને પ્રભુના સ્નેહથી બંધાયેલા પાંડવો પ્રભુ માટેની વ્યવસ્થાઓમાં ચારેકોર આમતેમ ફરવા લાગ્યા. (૧૨)

વહાલાની વિદાય વેળાએ અશ્રુઓને અટકાવ્યાં અને મંગલો વર્તાવ્યાં

દેવકીમાના લાડકવાયા ભગવાન શ્રીકૃષ્ણ જ્યારે રાજભવનમાંથી મંગલ પ્રસ્થાન કરી રહ્યા હતા ત્યારે બંધુજનની સ્ત્રીઓનાં નયનકમળોમાંથી વિરહવેદનાનાં અશ્રુ ઊભરાવા લાગ્યાં તો પણ વહાલાની વિદાય વેળાએ અશ્રુ આવે તો અમંગલ થાય એમ જાણીને આવતાં અશ્રુઓને ખાળી રાખ્યાં. (૧૩) શ્રી દ્વારિકાનાથ શ્રીકૃષ્ણના મંગલ પ્રસ્થાન પ્રસંગે મૃદંગો, શંખો, નગારાં, વીણાઓ, ઢોલ અને રણશિંગાં, ઝાલર, ઢોલકીઓ, ઘંટાઓ વગેરે હાથે બજાવાય અને મુખે

બજાવાય એવાં દશ પ્રકારનાં વાંજિંત્રો એકી સાથે વાગવા લાગ્યાં. (૧૪) ભગવાન શ્રીકૃષ્ણના પ્રસ્થાન પ્રસંગના ઉત્સવનાં દર્શન કરવાની ઈચ્છાથી મહેલોની અગાશીઓ અને ઊંચા શિખરભાગો ઉપર ચઢીને કૃષ્ણ ભગવાનનાં પ્રેમ, લજ્જા તથા સ્મિતપૂર્વક દર્શન કરતી કુરુદેશની નારીઓ પ્રભુને પુષ્પોની વૃષ્ટિથી વધાવવા લાગી. (૧૫) આ અવસરે ભગવાન શ્રીકૃષ્ણ પ્રિયપાત્ર ગુડાકેશ શ્રી અર્જુનજીએ પ્રિયતમ ભગવાન શ્રીકૃષ્ણચન્દ્ર ઉપર મોતીસેરથી અલંકૃત કરેલા રક્તવર્ણના દંડવાળા શ્વેતચ્છત્રને ભક્તિભાવથી ધારણ કર્યું. (૧૬) જ્યારે શ્રી ઉદ્ધવજીએ અને સાત્યકિજીએ પરમ અદ્ભુત એવાં ચામર-વ્યજન ધારણ કર્યાં. માર્ગમાં આવતાં મકાનો અને દુકાનોમાંથી અઢળક પુષ્પવૃષ્ટિઓ મધુપતિ પ્રભુ ઉપર થતી હોઈ ઉત્સવની શોભા અધિક વધી રહી હતી. (૧૭) ભગવાનની વિદાય વેળાએ ઠેકાણે ઠેકાણે વિપ્રોના મુખમાંથી અપાતા આશીર્વાદો સંભળાતા હતા. ભગવાનના નિર્ગુણ સ્વરૂપ માટે સગુણ થવાની ભાવનાવાળા હોઈ સુસંગત ન લાગતાં પ્રભુના સગુણ સ્વરૂપ માટે જે ગુણો ભગવાનમાં બિરાજે છે તે જ ગુણોના કથનવાળા હોઈ સર્વથા સંગત લાગતા ખરેખર શુભ તેમ જ સત્ય જ હતા. (૧૮) સર્વશ્રેષ્ઠ યશવાળા તે શ્રીકૃષ્ણ ભગવાનમાં આસક્ત ચિત્તવાળી કુરુરાજ શ્રી ધર્મરાજ મહારાજના નગરની ધર્મપરાયણ સન્નારીઓના મુખારવિંદમાંથી સર્વને કર્ણપ્રિય મધુર વાણીવિલાસ સંભળાવા લાગ્યો. (૧૯)

દશ શ્લોકોમાં કુરુકુલનારીઓનો શ્રુતિમનોહર હરિગુણાનુવાદ છે કે ભક્તિભર્યો વાદવિવાદ

स्त्रियः ऊचुः : स वै किलायं पुरुषः पुरातनो य ऐक आसीदविशेष आत्मनि ।
अग्रे गुणेभ्यो जगदात्मनीश्वरे निमीलितात्मन् निशि सुप्तशक्तिषु ॥ २० ॥

હસ્તિનાપુરની નારીઓ કહેવા લાગી કે જ્યારે પ્રલયમાં સર્વશક્તિઓ સૂતેલી હોય છે, ત્યારે જગતમાત્રના આત્મારૂપ ભગવાનમાં જીવાત્માઓ લીન થાય છે. તે સમયે ત્રણે ગુણથી પણ આગળ પોતાના સ્વરૂપમાં જે એકલા રહે છે, તે જ આ પુરાણ પુરુષ નિશ્ચયપણે શ્રીકૃષ્ણ છે. (૨૦) વેદાદિક શાસ્ત્રોના રચનારા આ શ્રીકૃષ્ણ ભગવાન નામ અને રૂપ રહિત પોતાના સ્વરૂપમાં નામ અને રૂપને રચવાની ઈચ્છાવાળા થયા ત્યારે પોતાના વીર્યરૂપ કાલથી પ્રેરણા પામેલી, પોતાના અંગભૂત જીવોને મોહ પમાડનારી અને સૃષ્ટિને રચવાની ઈચ્છાવાળી માયાને ફરીથી પણ અનુસર્યા. તાત્પર્ય કે ભગવાને પૂર્વે પણ આવી રીતે સૃષ્ટિ કરી હતી અને ફરીથી પણ જીવોના કલ્યાણ માટે સૃષ્ટિ કરી. (૨૧) શ્રી હસ્તિનાપુરના પ્રજાજનોએ ભગવાનનાં દર્શનથી ભગવાનને ઓળખ્યા તેથી તેઓ કહી રહ્યા છે કે જુઓ ભાઈ ! ઈન્દ્રિયો ઉપર સંપૂર્ણ વિજય મેળવેલા અને પ્રાણાયામના પ્રતાપે પ્રાણો ઉપર પણ વિજય પામેલા મહાન યોગીજનો અને જ્ઞાની પુરુષો પણ ઊભરાતા ભક્તિભાવના બળે જ્યારે શુદ્ધ અન્તઃકરણવાળા બને છે ત્યારે જ પ્રભુના ચરણકમલનાં દર્શન પામે છે, તે પ્રભુએ કૃપા કરી આપણને દર્શન આપ્યાં છે ભગવાન વેદ "तत्त्वमसि" વગેરે મહાવાક્યોથી જે બ્રહ્મનો યશ ગાય છે તે જ આ શ્રીકૃષ્ણ છે. આ એક જ ભગવાન આપણા સર્વની અને ભક્તજનોની બુદ્ધિને શુદ્ધ કરવા સમર્થ છે. (૨૨) હે સખીજનો ! જે એક જ છે, સર્વસમર્થ છે, જે ભગવાન પોતાની લીલાઓથી આ સૃષ્ટિને રચે છે, પાળે છે, પોષે છે અને સમેટે છે, વેદો અને ઉપનિષદોનાં "विष्णोः कर्माणि पश्यत - ભગવાનની દિવ્ય લીલાઓનાં દર્શન કરો." આવાં વાક્યો દ્વારા ભગવાનના સદા યશ ગવાયા છે. આ ભગવાનની એ તો ખૂબી છે કે સર્વનું સૃજન-વિસર્જન કરે છે તોપણ તેમાં આસક્ત નથી થતા. (૨૩) જુઓ ભગવાન ! આ ભૂતલ ઉપર જ્યારે તમોગુણ બુદ્ધિવાળા રાજાઓ અધર્મમય જીવન જીવે છે ત્યારે આ ભગવાન શ્રીકૃષ્ણ સત્ત્વગુણનો આશ્રય કરીને યુગે યુગે વિવિધ સ્વરૂપો-અવતારો લઈને જગતના કલ્યાણ માટે ખરેખર ઐશ્વર્ય, સત્ય, સત્યાચરણ, દયા અને યશને ધારણ કરે છે. (૨૪)

अहो अलं श्लाध्यतमं यदोः कुलं-अहो अलं पुण्यतमं मधोर्वनम् । यदेष पुंसामृषभः श्रियः प्रियः-स्वजन्मना चंक्रमणेन चाञ्चति ॥२६॥
अहो बत स्वर्यशसःतिरस्करी कुशस्थली पुण्ययशःकरी भुवः । पश्यन्ति नित्यं यदनुग्रहेषितं स्मितावलोकं स्वपतिंस्म यत्प्रजाः ॥

યદુકુલ-મધુવન-દ્વારિકાપુરી અને પુરીનાં પ્રજાજનો પૂર્ણ ભાગ્યશાળી

હસ્તિનાપુરના નાગરિકજનો કહેવા લાગ્યા કે ભાગ્યશાળીનાં ભાગ્ય ગાઈને ભાગ્યશાળી બની જઈએ. જુઓ, આ શ્રી યદુરાજાના કુલની ભૂરિ ભૂરિ પ્રશંસા કરીએ તો પણ ઓછી છે. વળી મધુદૈત્યના વાસથી નામ પામેલ આ મધુવન પણ પવિત્રતમ બની ગયું; કારણ કે લક્ષ્મીપતિ શ્રી પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણ પોતાના જન્મથી, યદુકુલને તેમ જ વનવિચરણથી શ્રી મધુવનને પવિત્ર કરે છે. સર્વ તીર્થક્ષેત્રોમાં પણ પૂજ્ય બનાવે છે. (૨૫) અહો ભાઈ ! અતિશય આશ્ચર્ય છે કે આ શ્રી દ્વારિકાનગરીએ તો સ્વર્ગના મૂલ્ય પણ ઉતારી દીધાં ! સ્વર્ગના યશને તો ઝાંખો કરી દીધો. કારણ કે આ કુશદૈત્યની ભૂમિ તેમાં પણ આ તો ઊખર-ભૂમિ અને નિર્જલ-ઉજ્જડ ભૂમિ હતી; પરંતુ ભગવાનના ચરણારવિંદના સ્પર્શથી સુજલા-સુફલા રમ્ય ભૂમિ બની તો ગઈ પરંતુ દ્વારિકાનાં પ્રજાજનો ઉપર અનુગ્રહ કરવાને ઇચ્છતા, પ્રસન્ન મુખવાળા, પોતાના નાથ, શ્રીકૃષ્ણ ભગવાનનાં નિત્ય દર્શન કરે છે. (૨૬, ૨૭) હે સખીજનો ! જે સ્ત્રીઓએ આ શ્રીકૃષ્ણ ભગવાનનું પાણિગ્રહણ કર્યું છે, તેમણે પૂર્વજન્મમાં ચાન્દ્રાયણાદિ વ્રતો, માઘાદિ માસોમાં તીર્થસ્નાનો અને હોમહવન આદિ ધર્મકર્મોથી આ શ્રીકૃષ્ણ ભગવાનની અવશ્ય આરાધના કરી જ છે. કારણ કે સ્ત્રીઓ નિત્ય નિરંતર શ્રીકૃષ્ણના અધરામૃતનાં પાન કરે છે, આ અધરામૃતના માધુર્યને કોણ ગાઈ શકે કે શ્રી વ્રજનારીઓ આ અધરામૃતના પાનમાં અન્તઃકરણવાળાં પ્રભુમાં મુગ્ધ બનીને રહ્યાં જ છે. (૨૮) જુઓ ભાઈ ! રુક્મિણી વગેરે દિવ્ય નારીરત્નોની કામનાવાળા બલિષ્ઠ શિશુપાલ, જરાસંઘ વગેરે વીરરાજાઓને સ્વયંવરોમાં પરાજિત કરીને પરાક્રમરૂપી મૂલ્યથી હરણ કરી આણેલી, શ્રી પ્રદ્યુમ્ન, સાંબ, અંબ વગેરે વીર ભક્ત પુત્રોની શ્રી રુક્મિણી, જામ્બવતી, નાગ્નજીતી વગેરે માતાઓ તેમ જ ભૌમાસુરનો વધ કરીને હરેલી પ્રભુની હજારો પત્નીઓ સાચે જ બડભાગિની ગણાય. કારણ કે જેઓ સ્વતંત્રતાનો જ્યાં લેશ નથી, કે ભગવાનનાં સૌન્દર્ય સામે જેમના સૌન્દર્યનું કાંઈ પણ મૂલ્ય નથી, તેમજ ભૌમાસુરે જેમાં આસક્તિ રાખી છે જેથી પવિત્રતા અન્તર્હિત થઈ છે એવા પોતાના સ્ત્રીપણાને આ જે સાર્થક કરી રહ્યાં છે, અરે ભગવાનની સેવા કરી કૃતાર્થ કરી રહ્યાં છે, કારણ કે આ નારીઓના નિવાસમાંથી કમલનયન કેશવ પતિદેવ શ્રીકૃષ્ણ એકાદ ક્ષણ પણ બહાર જતા તો નથી; પરંતુ પ્રિય મધુર વાર્તાલાપથી કે કલ્પવૃક્ષાદિ પ્રિય વસ્તુઓને લાવી આપવાથી તેઓના હૃદયને આનંદનાં દાન આપ્યા જ કરે છે. (૨૯, ૩૦)

શ્રી દ્વારિકધીશનું મંગલ પ્રસ્થાન

શ્રી હસ્તિનાપુરની પુણ્યવતી નારીઓના મુખકમલમાંથી ઝરતી ભાવભીની વાણીનું મંદ મધુર સ્મિત કરી બહુમાન કરતા અને કૃપાભરી નજરે નિહાળતા સર્વના હૃદયને હરતા શ્રીહરિ હસ્તિનાપુરમાંથી દ્વારિકા તરફ પ્રસ્થાન કરવા લાગ્યા. (૩૧) શ્રી અજાતશત્રુ ભક્તવર ધર્મરાજના હૃદયમાં શંકા જન્મી કે શ્રી મધુસૂદન ભગવાનને રસ્તામાં કોઈ ક્લેશ આપે નહીં માટે ચતુરંગિણી સેના વિશ્વના રક્ષક દ્વારિકાનાથની રક્ષા કાજ સાથે મોકલી અને ભગવાને સ્નેહથી સ્વીકારી પ્રસ્થાન કર્યું. (૩૨) પ્રસ્થાન કરતા પ્રાણપ્રિય પુરુષોત્તમને વિદાયમાન આપતા વિરહાતુર સ્નેહાળ પાંડવો ભગવાનની સાથે દૂર દૂર સુધી આવ્યા. ત્યારે ભક્તવત્સલ ભગવાને સ્નેહભરી વાણીથી પાંડવોને પાછા વાળીને પોતાના પ્રિયવર્ગની સાથે નિજ દ્વારિકાનગરી તરફ પધાર્યા. (૩૩) ભગવાને દ્વારિકા પધારતાં માર્ગે અનેક સ્થળોને ભાગ્યશાળી બનાવ્યાં. માર્ગમાં હસ્તિનાપુરના "કુરુજાંગલ" નામના પ્રદેશને પાવન કરી આગળ વધ્યા તો પાંચાલ નામનો દેશ આવ્યો. પરંતુ હાલમાં જે પાંચાલ દેશ છે તેવો તે વખતે ન હતો. પાંચાલ દેશનું "કપિલા દેશ" પણ નામ છે. પાંચાલથી આગળ વધતાં "નરેશ્વર" પ્રદેશ આવ્યો જેનું પૂર્વનામ શૂરસેન દેશ છે. ત્યાંથી આગળ વધ્યા. શ્રીયમુનાજીના પેલે કિનારે આવેલા દેશોને પસાર કરી, બ્રહ્માવર્ત દેશમાં આવ્યા. સરસ્વતી નદી અને દૃષદ્વતી બન્ને નદીઓના મધ્યના પ્રદેશને "બ્રહ્માવર્ત" દેશ કહેવામાં આવે છે. જ્યારે યમુનાજીની સામે પારે આવેલા દેશોની પછીનો ભાગ કુરુક્ષેત્ર છે. વિરાટ રાજાનો દેશ મત્સ્ય દેશ છે. આ દેશોને પસાર કરી આગળ વધતાં સારસ્વત દેશો આવ્યા. સરસ્વતીના તીરના પ્રદેશોને સારસ્વત કહેવામાં

આવે છે. આ દેશોનું અંબિકાવન નામ છે. (૩૪) આ દેશોથી આગળ વધતાં "મરુ" દેશ આવ્યો. આ દેશમાં અલ્પવૃષ્ટિ થાય છે. આગળ વધતાં "ધન્વ" દેશ આવ્યો. આ પ્રદેશમાં તો સર્વથા જલનો અભાવ હોય છે. ભગવાન આ સર્વ પ્રદેશોને પાવન કરતા આગળ પધાર્યા. હવે આગળ વધતાં સૌવીર એટલે સોરઠ નામનો દેશ આવ્યો. ત્યાંથી આગળ વધતાં આભીર દેશ એટલે કુંતીપુર આવ્યા. આ દેશથી પર ભાગે અને દ્વારિકાના પડખે આવેલ આનર્ત દેશમાં આવી પહોંચ્યા. હે શૌનક મહર્ષિ ! જ્યારે ભગવાન આનર્ત દેશ પધાર્યા ત્યારે રથના અશ્વો સામાન્ય થાક્યા હતા. (૩૫) હસ્તિનાપુરથી નીકળીને દ્વારિકા પર્યન્ત પધાર્યા ત્યારે માર્ગમાં જે જે દેશો આવતા ગયા તે તે દેશોમાં વસતા ભક્તજનો, ગ્રામજનો, અને પ્રજાજનોએ અત્યંત ભાવથી અર્ચન, બહુમાન કર્યાં. હવે પ્રસ્થાન કરતા ભગવાન સંધ્યાકાળના ગોરજ મુહૂર્તમાં પશ્ચિમ સમુદ્રના તટ ઉપર પધાર્યા. ભગવાનનો મનોરથ ગોધૂલિક લગ્નમાં દ્વારિકાપ્રવેશનો જાણી સૂર્ય ભગવાન પણ વિના વિલંબે પશ્ચિમ સમુદ્રના જલમાં પ્રવેશવા લાગ્યા અને મુહૂર્ત દિવ્ય અને મંગલમય બન્યું. (૩૬)

तत्र तत्र ह तत्रत्यैर्हरिः प्रत्युद्यतार्हणः । सायं भेजे दिशंद्पश्चाद्गर्विष्ठो गां गतस्तदा ॥ ३६ ॥

શ્રીમદ ભાગવત પીયૂપ પ્રથમ સ્કંધ અધિકારલીલાના ઉત્તમ પ્રકરણમાંનો શ્રીકૃષ્ણ ભગવાને હસ્તિનાપુરથી દ્વારિકા પ્રસ્થાન કર્યું એ પ્રસંગનું વર્ણન કરતો દશમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૧મો

[આ અગિયારમા અધ્યાયમાં શ્યામસુંદર ભગવાનના દ્વારિકામાં કરેલા મંગલપ્રવેશ અવસરના ઉત્સવનું વર્ણન છે. આ અધ્યાયમાં ખાસ કરીને દ્વારિકાવાસી ભગવદીયજનોના સુખનો વિચાર કર્યો છે. પ્રજાજનોએ ઉજવેલા ઉત્સવના પ્રકાર ઉપરથી ત્રણ પ્રકારે ઉત્સવ મનાવ્યો છે એ સ્પષ્ટ થાય છે. પ્રથમ ભગવાને દ્વારિકામાં પ્રવેશ કર્યો ત્યારે વાજિંત્રવાદન વેદઘોષાદિથી પ્રથમ દ્વારિકાપુરી ઉત્સવ મનાવ્યો, ત્યારબાદ રાજભવનમાં ભગવાને પ્રવેશ કર્યો ત્યારે ગૃહમંગલ ઉત્સવ મનાવ્યો. પુનઃ અન્તઃપુર મહોત્સવ મનાવ્યો. દશમા અને અગિયારમા અધ્યાયમાં બન્ને નગરના ભક્તજનોના સુખનું વર્ણન છે. ભગવત્સેવા, ભગવદ્દર્શન, ભગવત્સ્તવન વગેરેથી જે સુખો મળે છે તે જ ભક્તજનોનાં સુખો છે. આ વસ્તુ બન્ને અધ્યાયોમાં સ્પષ્ટ થયેલી છે.]

મંગલાયતન શ્રીહરિનાં મંગલમય સ્વાગત

શંખઘોષ, વેદઘોષ, વાજિંત્રઘોષ, જયઘોષ, સ્તુતિઘોષ, સસ્નેહ અવલોકનોથી પ્રથમ અત્યંત દૂરથી મંગલમય સ્વાગત કર્યાં, ઘરઆંગણે ધ્વજા, તોરણ, રંગોળીરચના વગેરે મંગલ શોભારચનાથી સમીપનાં મંગલ સ્વાગત કર્યાં અને પોતાના વિયોગથી દર્દી બનેલાં દિલડાંના દુઃખ દૂર કરવા દયાસિંધુ હૃષીકેશે પાંચજન્ય શંખનો નાદ કરી વિષાદને વિદાય દીધી. પુનઃ ભગવાને પ્રથમ આનર્ત દેશમાં પધારી, દ્વારિકામાં મંગલ પ્રવેશ કર્યો.

सुत उवाच : आनर्तान् स उपव्रज्य स्वृद्धान् जनपदान् स्वकान् । दध्मौ दरवरं तेषां विषादं शमयन्निव ॥ १ ॥

स उच्चकारो धवलोदरो दरो–प्युरुक्रमस्याधरशोणशोणिमा । दाध्मायमानः करकंजसंपुटे यथाब्जखंडे कलहंस उत्स्वनः ॥२॥

વારિધિ જલના કિલ્લાથી મંગલ દર્શનવાળી અને સુરક્ષિત દ્વારિકા નગરીની સમીપમાં આવેલાં ધનધાન્ય સમૃદ્ધ, આરોગ્યભર્યાં, આનર્ત વગેરે ઉપનગરોની સમીપે પધારી આનંદનિધિ ભગવાન શ્રીકૃષ્ણે સર્વના હૃદયોના ખેદનું ક્ષણ વારમાં જ નિવારણ કરતા હોય ને શું એમ મંગલમય શંખનાદ કર્યો. (૧) શ્રીકૃષ્ણ ભગવાનના રક્તવર્ણા કરકમલ સંપુટની મધ્યમાં બિરાજેલ તેમાં વળી અધરોષ્ઠની લાલિમાના સંગથી લાવણ્યભર્યા લાલ લાગતા, પરંતુ ઉદર ભાગમાં તો શ્વેતવર્ણવાળા તે શંખને જ્યારે શ્રીકૃષ્ણે ઉચ્ચ સ્વરે બજાવ્યો ત્યારે તો શંખ જાણે રક્તવર્ણી કમલના દલની ઢગલીમાં બેઠેલા તેમ જ ઉચ્ચસ્વરે નાદ કરતા કલહંસના સૌન્દર્યની સાક્ષી પૂરી રહ્યો હતો. (૨) જગતે સર્જેલા ભયને પણ ભય કરનારા તે મંગલ શંખનાદનું શ્રવણ કરીને, ઘણા વિલંબે પધારેલા નિજનાથના દર્શનની લાલસા સેવતી સર્વ પ્રજા સ્વામીના સ્વાગતે સન્મુખ આવી પહોંચી. (૩) ભગવાન તો સદા સર્વદા પોતાના આનંદસ્વરૂપના લાભથી પૂર્ણ છે. વળી આપ્તકામ અને આત્મારામ છે. એમને વળી ભેટ સામગ્રી કાંઈ ઓછી પ્રસન્ન કરવાની છે તો પણ જેમ સૂર્ય ભગવાનને શાસ્ત્રવિધાન પ્રમાણે દીપનાં સમર્પણ થાય છે તે પ્રકારે પ્રજાજનો, પ્રભુ સન્મુખ પોતાનાં સમર્પણ કરી દૈન્ય

અને ભક્તિભાવને પ્રકટ કરી રહ્યાં હતાં. (૪) લાંબા ગાળે તાતપાદને નિહાળી ભાવભીનાં બનેલાં બાળકો, ઉપર સ્નેહ વર્ષાવતા તેમ જ સર્વનું લાલન પાલનપોષણ કરતા પોતાના પિતાને જેમ કાલીઘેલી વાણીથી રીઝવે તેમ જ પ્રભુદર્શને પ્રફુલ્લિત વદનવાળાં પ્રજાજનો હર્ષભરી ગદ્ગદ્ ગિરાથી ગોવિન્દના ગુણો ગાવા લાગ્યાં. (૫)

ત્રણ શ્લોકમાં ત્રિલોકીનાથ ઉત્તમશ્લોકનું યશોગાન

नताः स्म ते नाथ सदाङ्घ्रिपंकजं विरिञ्चिवैरञ्चसुरेन्द्रवन्दितम्। परायणं क्षेममिहेच्छतां परं-न यत्र कालः प्रभवेत्परः प्रभुः ।६।

भवाय नस्त्वं भव विश्वभावन त्वमेवमाताथ सुहृत्पतिः पिता । त्वं सद्गुरुर्नः परमं च दैवतं यस्यानुवृत्त्या कृतिनो बभूविम।।७।।

अहो सनाथा भवता स्म यद्वयं त्रैविष्टपानामपि दूरदर्शनम् । प्रेमस्मितस्निग्धनिरीक्षणाननं पश्येम रूपं तव सर्वसौभगम् ।। ८ ।।

જ્ઞાની ભક્તો ગોવિન્દના યશને ગાવા લાગ્યા કે, હે નાથ ! હે દ્વારિકાનાથ ! બ્રહ્મા, વિષ્ણુ, શિવ અને સુરરાજ ઈન્દ્રાદિ દેવવરોથી નિત્ય વંદન કરાતા, આપના ચરણકમળને અમે નિત્ય નમીએ છીએ; કારણ કે આ વિશ્વમાં કલ્યાણને પ્રાપ્ત કરવા ચાહતા જનોને આપ એક જ ઉત્તમ અવલંબન છો. સર્વત્ર સફળતા પામેલો કાળ આપના ચરણકમલ સામે ઊભો રહેવા પણ સમર્થ નથી. (૬) સંસારના વિષયોને વશ થયેલા નિવેદન કરવા લાગ્યા કે, હે વિશ્વભાવન ! આપ જ વિશ્વરૂપ વિષયના રચનાર છો, માટે માતા-પિતા વગેરે જે વિષયો છે તે હવે આપ જ અમારા વિષયો, એટલે સંબંધો બનવા કૃપા કરો. આપ અમારા સર્જક પિતા, આપ અમારા હિત કરનારા સુહૃદ જ છો. પતિ જેમ પત્નીને વૈભવો આપી આનંદ આપે છે તેવા આપ અમારા પતિ છો. વળી, કોઈ પણ યોગ્યતા વિનાના પુત્રનું પણ પિતા જેમ રક્ષણ-પાલન કરે છે તેવા આપ જ સાચા પિતા છો. અધિક શું કહીએ નાથ ! આપ સદ્બુદ્ધિ દેનારા સુદ્ગુરુ છો અને અન્તે મેળવવાના તો ભગવાન હોય છે તે આપ જ અમારું દૈવત છો. (૭) હવે ભક્તજનો ગાવા લાગ્યા કે હે નાથ ! અહો, અમે બડભાગી છીએ કે આપને લીધે જ અમે સનાથ છીએ; કેમ કે દેવોને પણ દુર્લભ દર્શન એવા આપના પ્રેમ અને મંદસ્મિતથી સ્નેહભર્યાં અવલોકન કરતા આપના મુખારવિન્દનું અને સૌભાગ્યસંપન્ન આપના સ્વરૂપનું અમે દર્શન કરીએ છીએ. (૮)

ભક્તનારીઓની ભક્તિભરી વાણી

यर्ह्यम्बुजाक्षापससार भो भवान् कुरून् मधून् वाऽथ सुहृद्दिदृक्षया । तत्राब्दकोटिप्रतिमः क्षणो भवेद्रविं विनाक्ष्णोरिव नस्तवाच्युत ।।९।।

સ્નેહ છલકાતાં ભક્ત નર-નારી બોલ્યાં કે, હે કમલનયન શ્રીકૃષ્ણ ! આપ જ્યારે સ્વજનોની અને સ્નેહીજનોની સંભાળ લેવા કાજે હસ્તિનાપુર દેશમાં કે મધુ દેશ એટલે શ્રી મથુરા દેશ પધારો છો ત્યારે સૂર્ય વિનાનાં નેત્રોની જે દશા થાય છે તે - અમારી દશા થાય છે. નાથ ! આપના વિયોગની અમારી એક એક ક્ષણ અમારે મન તો કોટિ કોટિ યુગો જેવી કઠોર વીતે છે. હે અચ્યુત ! આપ તો અચ્યુત છો તો એક પણ ક્ષણ આપનાથી ચ્યુત ના થઈએ એવી કૃપા કરો. (૯) ઉપર વર્ણવેલા પ્રકારે ચાર પ્રકારના પ્રજાજનોએ પ્રભુનાં યશોગાન કીધાં, ભક્તવત્સલ પ્રભુ પણ પ્રજાજનોના મુખથી ગાયેલા ગુણાનુવાદનું શ્રવણ કરતા તેમ જ કૃપાભરી નજરથી સર્વત્ર અનુગ્રહને પ્રસરાવતા શ્રી દ્વારિકાપુરીમાં પ્રવેશ્યા. (૧૦)

પાંચ શ્લોકોમાં દ્વારિકાપુરીનાં વર્ણન

મધુ, ભોજ, દશાર્હોમાં પણ શ્રેષ્ઠ એવા દાશાર્હ, કુકુર, અંધક અને વૃષ્ણિ નામના છ પ્રકારના યાદવો દ્વારિકાની રક્ષા કરે છે. આ યાદવો પાસે ભગવાનના જેવી જ સેનાઓ છે, અથવા પોતાના બળ જેવી જ બળવાળી સેના છે. જેવી રીતે નાગલોકમાં પાતાળમાં આવેલી પોતાની ભોગવતી નગરીની અને ભોગવતી ગંગા નદીની રક્ષા કરે તેવી જ રીતે ગંગાતુલ્ય પવિત્ર દ્વારિકાનગરીની રક્ષા કરતા હતા. (૧૧) આ શ્રી દ્વારિકાનગરી સર્વ ઋતુઓનાં, સર્વ પ્રકારનાં વૈભવશાળી પુણ્ય વૃક્ષો અને લતાઓના આશ્રયવાળાં ઉદ્યાન, ઉપવન, આરામથી વીંટળાયેલ છે. વળી સદા વિકસિત કમલોવાળાં સલિલાશયોથી પણ સુશોભિત છે. (૧૨) વળી શ્રી દ્વારિકાનગરીના પ્રવેશદ્વારે, દ્વારે દ્વારે અને રાજમાર્ગે હર્ષ ભરેલા પ્રજાજનોએ તોરણો સજાવ્યાં છે. આ ધજા-પતાકાઓના ફરકતા અગ્રભાગો નગરના મધ્યભાગના મધ્યાહ્નના તાપનું નિવારણ કરતા હતા. (૧૩) તેમ જ રાજમાર્ગો, શેરીઓ, બજારો, ચૌટાં, ચોક વગેરે પણ નિત્ય અત્યંત સ્વચ્છ

રખાતાં હતાં. સર્વ માર્ગો સુગંધિત જલના સિંચનથી શીતલ અને સુવાસિત છે. ઠેકાણે ઠેકાણે પ્રભુને વધાવવા માટે ભાવપૂર્વક પધરાવેલાં સુવાસિત પુષ્પો, રસભર્યાં ફલો, લાજાક્ષતો અને જવારાથી છવાયેલી દ્વારિકાનગરીની શોભા સર્વના હૃદયને હરી લે છે. (૧૪) વળી મકાનોના દ્વારે દ્વારે દહીં, અક્ષત, ફળ, શેરડી, પૂર્ણકલશ, પૂજાબલિ, ધૂપ, દીપથી તપતી દ્વારિકાની સૌન્દર્યગાથા શી રીતે ગાવી ! (૧૫)

સાડા ત્રણ શ્લોકોમાં સામૈયાની ગાથા

હે મુનિવર શૌનક ! પોતાના પ્રાણપ્યારા શ્રીકૃષ્ણ ભગવાન દ્વારિકામાં આવી પહોંચ્યાની વધામણી મળતાં જ સર્વ હર્ષના આવેશમાં આવી ગયાં. કોઈએ શયન ત્યજ્યાં તો કોઈ આસન ત્યજીને, તો કોઈ ભોજન ત્યજી દઈને અત્યંત આદરભાવ સાથે સ્નેહના આવેગથી ખૂબ જ ઉતાવળા થતા દોડી આવી રહ્યા હતા. સર્વના મોખરે ઉદારમના પિતૃચરણ શ્રી વસુદેવજી, પૂજ્ય કાકાશ્રી અક્રૂરજી, રાજા ઉગ્રસેનજી, અદ્ભુત પરાક્રમી બડેભૈયા બલભદ્રજી, કુમાર પ્રદ્યુમ્ન, ચારુદેષ્ણ, જામ્બવતીતનય સામ્બ વગેરે હાથીને અંબાડીના સાજથી સજાવી અગ્રેસર કરી, વિપ્રવર્યોની સાથે રથોમાં બિરાજી શંખનાદ, તૂરીનાદ, વાજિંત્રધ્વનિ કરતા મધુર કંઠે સામગાનાદિ શ્રુતિમનોહર વેદ શ્રુતિગાન કરતા સામૈયા માટે સન્મુખ આવી પહોંચ્યા. (૧૬-૧૮) ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શનની ઉત્કંઠાવાળી, તેજોમય સૌન્દર્યભર્યાં કુંડલોની ગાલ ઉપર પડતી કાન્તિથી મુખની કાન્તિમાં વધારો કરતી સેંકડો વારાંગનાઓ, તેમજ નટ, નર્તક, ગન્ધર્વ, સૂત, માગધ, બંદીજનો વગેરે પણ દ્વારકાનિવાસી જનો પાલખી વગેરે પોતાને યોગ્ય વાહનોમાં બેસીને ભગવાનનાં અદ્ભુત ચરિત્રોનાં ગાન કરતાં, નૃત્ય, કીર્તન કરતાં સ્વાગત કરવા લાગ્યાં. (૧૯, ૨૦)

શ્યામમનોહરનાં સફળ દર્શન અને સર્વ સંકલ્પોની સિદ્ધિ

ભક્તિથીભાવવિભોર દ્વારિકાજનોએ શ્રી દ્વારિકાધીશનું સામૈયું કર્યું ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે પણ આવેલા સામૈયાના સ્વજનોને, સેવકજનોને, નગરજનોને અને કુટુમ્બીજનોને યથાયોગ્ય રીતે મળી, ભેટી, મધુર વચનો કહીને સર્વનાં સારી રીતે સન્માન કર્યાં. (૨૧) સર્વસમર્થ ભગવાન શ્રીકૃષ્ણે પૂજ્યવરોને, ગુરુજનોને નમ્રતાપૂર્વક નમન કરી સન્માન્યા, સ્વસમાન વયસ્કોને અને મિત્રજનોને આલિંગન દીધાં, સેવકોના શિર પર શ્રીહસ્ત ધર્યો, સર્વ સામાન્ય જનોનું મંદસ્મિત કરી માન વધાર્યું, પ્રત્યેકનાં ઈચ્છેલાં વરદાનોને પૂર્ણ કર્યાં. આ પ્રકારે ભગવાને આશ્વાસન, આલિંગન, આશીર્વાદ વગેરે આપીને એક બ્રાહ્મણથી લઈ ચાંડાલ પર્યન્ત પ્રત્યેકનાં મનને સંતુષ્ટ કર્યાં. (૨૨) પુનઃ રાજભવન તરફ પ્રસ્થાન કરવા રાજમાર્ગેથી પસાર થતાં ગુરુજનો, ગુરુજનોની પત્નીઓ, વિપ્રર્ષિઓ અને વડીલજનોના શ્રીમુખેથી આશીર્વાદ મેળવતા બન્ધુજનોથી સ્નેહભાવ સમ્પાદન કરતા દ્વારિકામાં પધાર્યા. (૨૩) હે વિપ્રર્ષિઓ ! કૃષ્ણ ભગવાનની મંગલ શોભા નગરયાત્રા જ્યારે રાજમાર્ગે વળી ત્યારે નાથની પધરામણીને-નગર શોભા યાત્રાને જીવનના મહાન ઉત્સવ તરીકે માનતી દ્વારિકાની કુલવતી નારીઓ નાથનાં દર્શનાર્થે હવેલીઓ ઉપર ચઢી ગઈ. (૨૪) શ્રી દ્વારિકાનગરનાં નરનારીજનો અચ્યુત ભગવાનનાં દર્શન નિત્ય કરતાં જ હતાં તો પણ તેમની દૃષ્ટિ કદી તૃપ્ત થતી જ ન હતી; કારણ કે ભગવાન શ્રીકૃષ્ણનું શ્રીઅંગ જ શોભા-સૌન્દર્યનું ધામ છે. (૨૫) વળી નાથનું વક્ષઃસ્થળ તો ભગવતી શ્રી લક્ષ્મીજીનું નિવાસસ્થાન છે; જ્યારે પ્યારા શ્યામસુંદરનું મુખારવિંદ તો સર્વ પ્રાણીઓની આંખોને સૌન્દર્ય-અમૃતપાન કરવાનું દિવ્ય પાત્ર છે. ભગવાનના બાહુઓ લોકપાલોનું રહેઠાણ છે, જ્યારે પ્રભુનાં પાદામ્બુજ તો ભક્ત નામના ભક્તિરસજ્ઞ ભ્રમરોનું નિવાસસ્થાન છે. (૨૬)

રાજાધિરાજની રાજમાર્ગે સવારી

सितातपत्रव्यजनैरुपस्कृतः प्रसूनवर्षैरभिवर्षितः पथि । पिशङ्गवासा वनमालया बभौ धनो यथार्कोडुपचापबैद्युतैः ।।२७।।

રાજાધિરાજ રસરાજ શ્રીકૃષ્ણની સવારી જ્યારે રાજમાર્ગથી પસાર થઈ રહી હતી ત્યારે માર્ગમાં ભક્તજનોના કરકમલોમાંથી પુષ્પની વૃષ્ટિ થવા લાગી. પ્રભુનાં બન્ને પડખે ચામરો ઢોળાવા લાગ્યાં, શ્રીમસ્તકે છત્ર ધર્યું, શ્રી હરિએ

શ્રીઅંગે પીતામ્બર ધારણ કર્યાં હતાં, તેમ જ વક્ષઃસ્થળે વનમાળા બિરાજમાન હતાં. આ દર્શન થતાં લાગ્યું કે જાણે આકાશમાં મેઘરાજને માથે સૂર્યસ્વરૂપ છત્ર હોય અને બન્ને બાજુનાં બે ચામરો તો જાણે બે ચંચલ ચાલતાં બે ચામરો હોય ! પ્રભુ ઉપર થતી પુષ્પવૃષ્ટિનાં પુષ્પો તો જાણે પ્રત્યક્ષ નક્ષત્ર તારાગણો જ દીસતા ન હોય ! વાદળમાં ઝબૂકતી વીજળી તો પીતાંબર જ લાગે, વક્ષઃસ્થળની વનમાલા તો જાણે મેઘને આવરીને રહેલ મેઘધનુષ્ય જ હોય એવી દિવ્ય શોભા ધરાવતા નાથની સવારી રાજમાર્ગે પધારી. (૨૭) ભગવાન શ્રીકૃષ્ણે માતાપિતાના ભવનમાં પ્રવેશ કર્યો ત્યારે સાતે સાત માતાઓને એકસાથે સાત સ્વરૂપો લઈ નાથે નમસ્કાર કર્યા અને માતાઓએ પ્રણામ કરતા પુત્ર પુરષોત્તમને છાતી સરસા ચાંપીને ખોળામાં લીધા. જ્યારે ભગવાનને ગોદમાં પધરાવ્યા ત્યારે વાત્સલ્યસ્નેહમાં ડૂબેલાં માતાઓના સ્તનમાંથી દૂધ ઝરવા લાગ્યાં. માતાઓનું હૃદય હર્ષથી વિહ્વળ બની ગયું અને નયનમાંથી નીતરતાં સ્નેહસલિલે શ્રીકૃષ્ણના શ્રીમસ્તકે મંગલસિંચન કર્યાં. (૨૮, ૨૯)

પૂર્ણ પુરુષોત્તમ પટ્ટરાણીઓના અને રાણીઓના અન્તઃપુરે પધાર્યા

શ્રી રાજાધિરાજે રાજભવનમાં પ્રવેશ કર્યો, પ્રભુના સર્વ રાણીઓમાં નિવાસો સર્વ કામનાપૂરક કલ્પવૃક્ષો જ હતાં. આ મહેલોની તુલનામાં કોઈ પણ મહેલો નથી. સોળ હજાર એકસો આઠ રાણીઓના રાજમહેલોની શોભા અદ્વિતીય હતી. (૩૦) જ્યારે વિદેશમાં લાંબો ગાળો ગાળી ઘર આંગણે પધારેલા ગોવિંદનાં દર્શન કરીને મહારાણીઓના એટલે પ્રભુની પત્નીઓના મનમાં મહાન ઉત્સવ થયો. પ્રભુની પત્નીઓ પતિવ્રતાનાં વ્રતને અનુસરીને પતિ વિદેશ જાય ત્યારે ભૂમિશયન, અંગપ્રસાધનત્યાગ, શૃંગારત્યાગ, મિષ્ટાન્નત્યાગ વગેરે વ્રતનું પાલન કરતાં પ્રભુની પત્નીઓ નિજ અન્તઃપુરમાં પધારેલા પતિદેવનાં દર્શન કરી સફાળાં પોતાના આસન ઉપરથી ઊભાં થઈ ગયાં, પરંતુ ભાન ના રહ્યું. તેઓ તો કેવલ લજ્જામય નયન અને મુખવાળાં બની ભગવાનની સામે ઊભાં રહી એકીટસે નીરખી રહ્યાં. (૩૧) મુનિવર શૌનક ! ભાવવિભોર ભગવાન શ્રી કૃષ્ણની સર્વ ગૃહિણીઓ કાંઈક સ્વાસ્થ્ય સમ્પાદન કરી પોતાનાં બાળકોને ઉઠાવી કરસંપુટમાં લઈ નિજનાથના કરકમળમાં સમર્પ્યાં ત્યારે સંવેદનશીલ ભગવાનના અંગસ્પર્શને પામતાં પ્રથમ બાળકોથી પછી નયનોથી, ત્યાર બાદ અંતરાત્માથી પતિદેવને ભેટી રહ્યાં હતાં, ત્યારે વિશેષ લજ્જાવાળી પત્નીઓનાં નેત્રોમાંથી રોકી રાખવા છતાં સ્નેહવિહ્વળતાને કારણે અશ્રુબિંદુ સરી પડ્યાં. (૩૨) જોકે શ્રી દ્વારિકાધીશ શ્રીકૃષ્ણ પોતાની અર્ધાંગનાઓના નિરંતર પડખે જ રહેતા હતા તો પણ પ્રભુનાં ચરણયુગલ ક્ષણે ક્ષણે અને ડગલે પગલે નિત્ય નવાં જ જણાય છે. તો હે મુનિવરો ! આવા સુંદરવરનુ અવલોકનસુખ કોણ જતું કરે ! અન્યની વાત શી કરવી ? પરંતુ ચંચલચિત્ત ભગવતી કમલાલયા શ્રી લક્ષ્મીજી પણ ક્યારેય પણ પ્રભુનાં ચરણને વીલાં નથી મૂકતાં તો પછી ભક્તિવિભોર ભગવાનની નારીઓ માટે તો કહેવું જ શું ? (૩૩)

ભગવાનની ઉપસંહાર લીલા અને દુર્ગમ લીલા

પૃથ્વીનો ભાર હરવા ભૂતલ ઉપર પધારેલા પુરુષોત્તમે જ્યારે જોયું કે, આ સર્વ રાજાઓ નામમાત્રના રાજાઓ છે. તેઓ તો ભૂતલ ઉપર ભાર કરવા જ જન્મેલા છે, વળી તેઓ અક્ષૌહિણી સેનાઓના સહારે પ્રબળ તેજવાળા બન્યા છે એવું લાગ્યું ત્યારે ભગવાને રાજાઓમાં પરસ્પર વૈરવિસ્તારનો સંઘર્ષ સર્જ્યો. આ સંઘર્ષે જેમ પરસ્પર ટકરાતાં વાંસનાં વન સ્વયં સળગી શાન્ત થાય છે તે જ પ્રમાણે રાજાઓમાં સંઘર્ષ કરાવી ભાર ઉતારી દઈ ભગવાન નિરાયુધ બની શાંત થઈ બિરાજ્યા. (૩૪) આવા વિરુદ્ધ ધર્મસમાશ્રયી જનાર્દન શ્રીકૃષ્ણ આજ પોતાની રચનાત્મિકા માયાનું અવલંબન કરીને, નરલોકમાં અવતરી, ઉત્તમ સ્ત્રીવૃન્દની મધ્યમાં બિરાજી પ્રાકૃત જનની જેમ ખેલી રહ્યા છે. (૩૫) અનન્ત સ્ત્રીવૃન્દમાં વિહરતા છતાં, તેમ જ નિજાંગનાઓના ઉત્કટ ભાવને સૂચવનારાં સુંદર હાસ્ય, વળી લજ્જામધુર નયનોનાં અવલોકન વગેરે હાવભાવોથી હારી ગયેલા, ભાન ભૂલેલા મદન કામદેવે પણ પૂર્ણ પરવશ બનીને અને મુગ્ધ થઈ જઈને પોતાનાં મોહક અસ્ત્રો પણ હાથમાંથી મૂકી દીધાં, તે વિજયશાલિની પ્રમદાઓ આજ અનેક પ્રકારનાં હાવ-ભાવ-કટાક્ષ વગેરે

કામકપટલીલાઓથી આ હૃષીકેશ ભગવાન શ્રીકૃષ્ણની ઇન્દ્રિયોનું મંથન કરવા કામયાબ ના નીવડ્યાં. (૩૬) મુનિવરો ! નવાઈ પમાડતી તો એ વાત છે કે, ભગવાન શ્રીકૃષ્ણ તો વાસ્તવિક રીતે સર્વ સંગથી રહિત અને અસંગ છે, તો પણ આ અબુધજન એ જનાર્દનને પોતાના જેવા જ સામાન્ય જન ગણે છે તેમજ સંગમાં આસક્ત થઈ સર્વ વ્યવહાર કરનારા સમજે છે. (૩૭) સર્વસમર્થ ઈશ્વરનું જો કોઈ ઐશ્વર્યબળ હોય તો આ બળ છે કે પોતે પ્રકૃતિમાં રહેલા છે છતાં પ્રકૃતિના ગુણોથી લેપાતા નથી. દૃષ્ટાંતથી સમજાવે છે કે બુદ્ધિ આત્માનો આશ્રય કરીને બેઠેલી છે છતાં તે આત્માના આનંદાદિ ગુણોવાળી થતી નથી, તેવી જ રીતે ભગવાન પ્રકૃતિના ગુણોથી લેપાતા નથી. (૩૮) જેમ શાસ્ત્રના પ્રમાણને ન સમજનારી બુદ્ધિ ઈશ્વરને જાણી શકતી નથી તેમ સ્વામીના મહિમાને ન જાણનારી માટે જ સ્વભાવમૂઢ સર્વ અબળાઓ ભગવાન શ્રીકૃષ્ણને, પોતાની પાછળ અન્તઃપુરમાં ફરનારા સ્ત્રીવશ જ છે એમ માને છે. (૩૯)

तं मेनिरेऽबला मूढाः स्त्रैणं चानुव्रतं रहः । अप्रमाणविदो भर्तुरीश्वरं मतयो यथा ।। ३९ ।।

શ્રીમદ્ ભાગવત પીયૂષના પ્રથમ સ્કંધ અધિકારલીલાના ઉત્તમ પ્રકરણમાંનો શ્રીકૃષ્ણ પ્રભુના દ્વારિકાપ્રવેશનું વર્ણન કરતો અગિયારમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૨મો

[આ અધ્યાયમાં ભગવાનના અનન્યાશ્રયી ભક્તોના સુખની કથા વર્ણવાશે. ઉત્તમાધિકાર પ્રકરણનો આ છઠ્ઠો અધ્યાય ગણાય. આ અધ્યાયમાં શ્રીધરાદિ આચાર્યોના પાઠાનુસાર ૩૬ શ્લોકો છે. આચાર્યશ્રી મહાપ્રભુજીના પાઠાનુસાર ૩૪ શ્લોકો છે, તેમાં છેલ્લા બે શ્લોકો નથી. નવમા શ્લોકમાં ત્રણ પંક્તિઓ છે. આ અધ્યાયમાં પરીક્ષિત રાજાના જન્મની કથા તેમ જ તેમના જાતક-સંસ્કારો સમયે ભવિષ્યકથન અને હોનહાર પરીક્ષિત રાજાના ગુણધર્મોનું વર્ણન આવશે. ચાલો અત્યંત રસમયી કથાનાં રસપાન કરીએ.]

ત્રણ શ્લોકોમાં પરીક્ષિતજીના વિષયમાં પ્રશ્નો

शौनक उवाच : अश्वत्थाम्नोपसृष्टेनं ब्रह्मशीर्ष्णोरुतेजसा । उत्तराया हतो गर्भ ईशेनाजीवितः पुनः ।। १ ।।

મહર્ષિ શૌનક પ્રશ્ન પૂછી રહ્યા છે કે હે સૂત મુનિ ! અશ્વત્થામાએ છોડેલા અમોઘ અને અત્યંત તેજસ્વી બ્રહ્માસ્ત્રથી પ્રથમ એકવાર પરીક્ષિત રાજાનો ગર્ભ નાશ પામેલો ત્યારે ભગવાને કોઈની પણ પ્રાર્થના વિના સ્વયં બીજમાં પ્રવેશીને રક્ષા કરેલી. ત્યાર બાદ બીજાં છ બ્રહ્માસ્ત્રો છોડ્યાં તે વખતના બ્રહ્માસ્ત્રથી બીજ બળી ગયું. તે ગર્ભને પણ ભગવાને કૃપા કરી પુનઃ સજીવન કર્યો. (૧) આ પ્રમાણે બીજી વાર જીવન પામેલા, ભગવાનમાં મતિવાળા મહાત્મા વિવેકશીલ પરીક્ષિતરાજાનો જન્મ તેમ જ તેમનાં કાર્યો, તેમનું જીવન, તેમના દેહનો ત્યાગ અને દેહ ત્યજ્યા પછી તેમનું ભગવાનના લોકમાં જે રીતે પ્રસ્થાન થયેલું-આ સર્વ પ્રસંગોની કથા સાંભળવા હું ચાહું છું. પરંતુ આપને લાગે કે આ પ્રસંગ કહેવા યોગ્ય છે તો ભગવન્ ! અમે એને સાંભળવા શ્રદ્ધાવાળા છીએ; તેથી શ્રી શુકદેવજીએ જે જ્ઞાન પરીક્ષિત રાજાને આપ્યું છે તે જ્ઞાન કહેવાની કૃપા કરો. (૨,૩)

સૂતમુનિનું સૌજન્ય

શ્રી શૌનક મુનિના પ્રશ્નોનો ઉત્તર વાળતાં શ્રી સૂત મુનિએ કહ્યું કે, મુનિરાજ ! ભગવાન શ્રીકૃષ્ણની અપાર કૃપાથી અને પ્રભુનાં ચરણકમલની સેવાથી સર્વ પ્રકારની કામનાઓથી નિઃસ્પૃહ થયેલા મહારાજ યુધિષ્ઠિર, પિતા પોતાનાં સંતાનોનું મન પ્રસન્ન રાખી પાલન કરે તે જ પ્રકારે સર્વ પ્રજાના મનનું રંજન કરતાં પ્રજાપાલન કરતા હતા. (૪) હે મહર્ષિઓ ! ધર્મરાજ યુધિષ્ઠિરજીને સર્વવિધ સમ્પત્તિઓ, આચરેલા રાજસૂયાદિક યજ્ઞો, પટ્ટરાણી દ્રૌપદીજી, વિજયી વિવેકી ભાઈઓ, નિષ્કંટક વસુધા અને જંબુદ્વીપનું સર્વોપરી સામ્રાજ્ય અને સ્વર્ગ સુધી પ્રસરેલો યશ વગર માગ્યાં મળ્યાં હતાં; જે વસ્તુઓને માટે ઈન્દ્રાદિક દેવો નિરંતર લાલસા સેવતા હતા. આમ છતાં અન્નનાં ભૂખ્યાંને અન્ય સુખવિલાસો સુખ આપી શકે નહીં તે જ પ્રમાણે આ વૈભવવિલાસો આ ભક્તજનોને ક્યાંથી આનંદ આપે ? (૫,૬)

ગર્ભગત પરીક્ષિતને શ્રીકૃષ્ણનાં દર્શન અને પૂર્ણપુરુષનાં ૧૫ વિશેષણ

હે મુનિવર શૌનક ! ઉત્તરા માતાના ગર્ભમાં રહેલા અને બ્રહ્માસ્ત્રના તેજથી બળી રહેલા તે ગર્ભગત પરીક્ષિતે કોઈ દિવ્ય

સ્વરૂપનાં દર્શન કર્યાં. (૭) આ દિવ્ય સ્વરૂપ, કેવલ અંગૂઠાના જેટલા જ કદવાળા (૧) નિર્મલ શુદ્ધ, (૨) તેજોમય સુવર્ણના મુકુટવાળા, (૩) રમણીય દર્શનવાળા, (૪), શ્યામસુંદર, (૫) વિદ્યુતવર્ણ પીતાંબરધારી, (૬) અચ્યુત-કદી પણ ભક્તનો ત્યાગ ન કરનારા, (૭) દીર્ઘ, સૌન્દર્યપુર્ણ-ચતુર્ભુજ, (૮) તપાવેલા સુવર્ણનાં તેજોમય કુંડલવાળા, (૯), લાવણ્યભર્યાં રક્તવર્ણાં નેત્રવાળા, (૧૦), ગદાધારી (૧૧), ચારે બાજુ ભ્રમણ કરતા, (૧૨) અગ્નિના જેવી તેજસ્વી ગદા હાથમાં લઈને ભમાવતા ,(૧૩) સૂર્ય ઝાકળને જેમ હઠાવે તેવી જ રીતે પોતાની ગદાથી બ્રહ્માસ્ત્રના તેજને દૂર કરતા, (૧૪) પૂર્ણપુરુષને, (૧૫) જોયા અને પરીક્ષિત મનમાં વિચારવા લાગ્યા કે આ કોણ હશે ? (૯, ૧૦) મનથી પણ ન માપી શકાતા, પ્રમાણથી ન ઓળખી શકાતા, ધર્મસંરક્ષક, સર્વસમર્થ, ષડૈશ્વર્યસમ્પન્ન, ભગવાન શ્રીકૃષ્ણ, માતા ઉત્તરાજીના ગર્ભમાં દશ માસ પર્યન્ત બિરાજ્યા; એટલું જ નહીં પરંતુ અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રના તેજને ધોઈ નાખ્યું. અને ભક્તના દુઃખને હરનારા શ્રીહરિ સમય પૂર્ણ થતાં સ્વયં અન્તર્ધાન થયા. (૧૧)

પરીક્ષિતજીનો જન્મ અને શ્રેષ્ઠ લક્ષણો

પછી જ્યારે સર્વ ગ્રહો ઉચ્ચ રાશિ સ્થાનમાં હતા, ગ્રહો ઉચ્ચ હતા તેમ જ સાનુકૂળ હતા ત્યારે જાણે પરાક્રમમાં બીજા પાંડુ રાજા જ હોય તેવા પાંડુ રાજાના વંશને ધારણ કરનારા પુત્ર પરીક્ષિતનો જન્મ થયો. (૧૨) પુત્રજન્મથી અત્યંત પ્રસન્ન થયેલા મનથી ધર્મરાજ યુધિષ્ઠિરજીએ કુલપુરોહિત શ્રી ધૌમ્યગુરુજી, શ્રી કૃપાચાર્ય મુનિજી અને અન્ય વિપ્રો પાસે સ્વસ્તિ પુણ્યાહવાચન કરાવીને પુત્રના જાતકર્માદિ સંસ્કારો કરાવ્યા. (૧૩) શાસ્ત્રની આજ્ઞા છે કે "પુત્રજન્મ દિવ્ય પર્વ છે. તે અવસરે અઢળક પુણ્યદાન કરવાં," આ આજ્ઞાનુસાર સમય અને પાત્રને જાણનાર તીર્થવેત્તા વિપ્રો સાથે રહેલા યુધિષ્ઠિર રાજાએ "પુત્રજન્મ" પ્રસંગે પ્રજા નામના તીર્થક્ષેત્રમાં, શ્રેષ્ઠ વિપ્રોને અને સર્વ ક્ષેત્રોમાં સુવર્ણ-ગાયો-ભૂમિ-ઉત્તમ ગામો-શ્રેષ્ઠ હાથી-ઘોડા-વિવિધ પ્રકારનાં વરદાનો તેમ જ વિવિધ પ્રકારનાં અન્નાદિનાં દાન કર્યાં. (૧૪) વિવેકપૂર્વક પ્રણામ કરતા મહારાજ યુધિષ્ઠિરજી ઉપર પ્રસન્ન થયેલા મુનિવરો કહેવા લાગ્યા કે, હે કુરુકુલશ્રેષ્ઠ યુધિષ્ઠિર ! કુરુવંશની પ્રજાનો અત્યંત વિશુદ્ધ તેમ જ એકના એક આ પરીક્ષિત નામના વંશના વેલાનો, આપણે જેનો સામનો ના કરી શકીએ એવા પ્રબલ દૈવે, જ્યારે નાશ કર્યો, ત્યારે આપ સર્વ ભાઈઓના ઉપર મહાન અનુગ્રહ કરવા માટે જ અત્યંત દયાળુ અને પ્રભાવશાળી વિષ્ણુ ભગવાને જ તે ગર્ભની-વંશના વેલાની રક્ષા કરી છે. (૧૫,૧૬) રાજન્ ! અધિક શું કહીએ, આપના આ ચિરંજીવી પુત્ર સર્વલોકમાં યશસ્વી, તેમ જ પરમ ભગવદીય થશે. વળી વિષ્ણુ ભગવાને રક્ષા કરેલી હોઈ "વિષ્ણુરાત"ના નામથી ખ્યાતનામ થશે, વળી મહાન પુરુષ થશે. રાજન્ ! આ અમારા ભવિષ્યકથનમાં સંદેહને સ્થાન નથી. (૧૭) શ્રી ધૌમ્યાદિ વિપ્રર્ષિઓના મુખમાંથી ઉપરનાં વચનો સાંભળ્યા પછી, શ્રી રાજા યુધિષ્ઠિરજીએ મહત્ત્વનો પ્રશ્ન પૂછ્યો કે હે સત્પુરુષો ! હે ઋષિવર્યો ! અમારો આ વંશજ પુત્ર, સત્પુરુષોના મુખમાંથી "સાધુ" સાધુ "ધન્ય ધન્ય જીવન" આવાં "સાધુવાદ" વાક્યોને પામનાર, પોતાના વંશમાં પૂર્વે ઉત્પન્ન થયેલા પુણ્યશ્લોક પુરુષોના, મહાત્માઓના અને રાજર્ષિઓના પગલે ચાલશે ? ચીલે ચાલશે ? હે મુનિવરો ! મારો પુત્ર આવા ઉત્તમ જીવનથી યશસ્વી થશે ! (૧૮)

પરમ ભાગવત પરીક્ષિતનાં ઉત્તમ ૨૪ સુલક્ષણો

૧૯ થી ૨૫મા શ્લોક પર્યન્ત પરીક્ષિત રાજાનાં ઉત્તમ ચોવીસ લક્ષણોનું વર્ણન કરતાં ઋષિયો બોલ્યા કે રાજન્ યુધિષ્ઠિર ! આપના આ સુપુત્ર, (૧) વૈવસ્વત મનુરાજાના જ્યેષ્ઠપુત્ર ઈક્ષ્વાકુ રાજાની માફક મંત્રીઓ દ્વારા રાજ્ય ન ચલાવતાં સ્વયં પ્રજાના સંપર્કમાં રહીને સાક્ષાત્ પ્રજાના પાલક થશે. (૨) દશરથ રાજાના રાજકુમાર શ્રી રામચન્દ્ર ભગવાન જેવા બ્રાહ્મણભક્ત તેમ જ વનગમન કરી પ્રતિજ્ઞાનું પાલન કરનારા સત્યપ્રતિજ્ઞાવાળા થશે. તેમ જ કાલને પણ દંડ દેનારા થશે. (૩) ઉશીનર વંશ અને દેશના અધિપતિ શિબિ રાજાના જેવા દાતાર અને શરણાગતવત્સલ પુરુષ થશે. (૪) દુષ્યન્તકુમાર ભરત રાજા જેવા તેજસ્વી પુરુષ થશે અને પોતાના વંશના પૂર્વજોના વંશને વધારનાર, તેમ જ યજ્ઞકર્તા

પૂર્વજ રાજાઓની કીર્તિને વધારનાર પુણ્યકીર્તિ પુરુષ થશે. (૫) આપના આ સુપુત્ર, ધનુર્ધર વીરોમાં અગ્રસર રાજા કાર્તવીર્ય સહસ્ત્રાર્જુન અને પાંડુપુત્ર અર્જુનજી જેવા બાણવાળી બનશે. તે ઉપરાંત કલિનો નિગ્રહ કરનારા થશે. (૬) કોઈથી પણ તાપ વેઠી ના શકાય તેવા અગ્નિના જેવા તેજસ્વી હોવાથી જેમની આજ્ઞાનું કોઈપણ ઉલ્લંઘન ના કરી શકે તેવા, દિવ્ય પ્રતાપી અને તેજસ્વી પુરુષ થશે. (૭) તેમ જ સમુદ્રના જેવા પાર ના કરી શકાય અને માપી ના શકાય તેવા ગંભીર અને યુદ્ધમાં જેમનો પાર ના કરી શકે તેવા અગાધ અપાર શક્તિશાળી અને અગાધ સેનાવાળા પુરુષ થશે. (૮) સિંહના જેવા પરાક્રમી (૯), હિમાલય જેવા દેવોને પણ આશ્રય દેનાર સેવનીય પુરુષ થશે. (૧૦) સર્વ પદાર્થોને, રત્નાદિ વસ્તુઓને અને ક્ષમા કરવાની શક્તિ ધરાવતી ભગવતી વસુંધરા જેવા ક્ષમાશીલ પુરુષ થશે. (૧૧) માતા-પિતા જેમ બાળકોના અપરાધોને સહન કરે તેમ પ્રજાજનોના અપરાધો સહન કરનાર સહિષ્ણુ થશે. (૧૨) દેવો અને દૈત્યોમાં સમાન દૃષ્ટિવાળા જગતના પિતામહ બ્રહ્માજીના જેવા જ શત્રુમિત્ર સર્વ પ્રજાજનોમાં સમદૃષ્ટિ થશે. (૧૩) ભક્ત ઉપર પ્રસન્ન થઈ ઈચ્છિત વરદાન આપનારા મહાદેવજીના જેવા વરદાન આપી કૃપા કરનાર થશે.(૧૪) લક્ષ્મીજીને હૃદયમાં આશ્રય આપનાર ભગવાન રમાનાથ સમાન સર્વ પ્રજાજનોના આશ્રયદાતા થશે. (૧૫) સર્વશ્રેષ્ઠ એવા સત્ય, શૌચ, દયા વગેરે સદ્‌ગુણોના મહિમાવાળા તેમ જ "શ્રીકૃષ્ણાશ્રય"ના વ્રતી હોવાથી ભગવાન કૃષ્ણ જેવા પુરુષ થશે (૧૬). રન્તિદેવ રાજા જેવા ઉદાર થશે. (૧૭) યયાતિરાજા જેવા ધર્મનિષ્ઠ પુરુષ થશે. (૧૮) બલિરાજા સમાન ધૈર્યશાલી થશે. (૧૯) ભગવાન શ્રીકૃષ્ણમાં અને શ્રીકૃષ્ણની ભક્તિમાં આગ્રહ રાખનારા પ્રહ્લાદજી જેવા સત્યાગ્રહી પરીક્ષિત થશે. રાજન્ ! આ ઓગણીસ લક્ષણો ઉપરાંત (૨૦) અશ્વમેધ યજ્ઞોના કર્તા, (૨૧) વૃદ્ધજનોની સર્વવિધ સેવા કરનારા, (૨૨) રાજર્ષિ પુત્રોના જન્મદાતા પિતા, (૨૩) ઉચ્છૃંખલ અને ઉન્માર્ગગામી ખલ પુરુષોનું કડક હાથે શાસન કરનારા, (૨૪) પૃથ્વીની રક્ષા અને ધર્મની રક્ષા કરવા માટે કલિયુગનો નિગ્રહ કરનારા, આવાં દિવ્ય લક્ષણોવાળા તમારા પુત્ર થશે. (૧૯-૨૬)

અંતે વૈરાગ્ય અને હરિભક્તિ

રાજન્ ધર્મરાજ ! જ્યારે આપના પુત્રને જાણવા મળશે કે મહર્ષિ શમીકના સિદ્ધવચન પુત્ર શ્રી શૃંગીએ શાપ આપી મોકલેલા તક્ષક નાગથી દેહ છૂટવાનો છે, ત્યારે એવો સંદેશો મળતાં જ સર્વસ્વનો ત્યાગ કરી, સંગરહિત બની, હરિચરણકમળની પ્રાપ્તિ કરશે. (૨૭) રાજન્ યુધિષ્ઠિરજી ! આપના આ કુલદીપક પરીક્ષિત પુત્ર મહર્ષિ વેદવ્યાસના સુપુત્ર શ્રી શુકદેવજી પાસેથી શ્રીમદ્ ભાગવત કથાના શ્રવણ દ્વારા યથાર્થ ભગવત્‌સ્વરૂપ જ્ઞાનને સંપાદન કરી ગંગાજીમાં પોતાના શરીરનો ત્યાગ કરી ખરેખર નિર્ભય એવા ભગવચ્ચરણારવિંદને મેળવશે. (૨૮) જાતક શાસ્ત્રના જાણકાર નિષ્ણાત વિપ્રોએ કેવલ ધર્મરાજ યુધિષ્ઠિર પાસે એકાન્તમાં તક્ષકથી મૃત્યુ અને શ્રી શુકાચાર્યથી હરિપદપ્રાપ્તિ વગેરે પ્રસંગોનું પરીક્ષિતના "જાતક"નું વર્ણન કર્યું. પુનઃ ધર્મરાજાએ વિપ્રોનું બહુમાન પુરઃસર પૂજન, અર્ચન, ભેટસમર્પણ કર્યાં અને સર્વ મુનિવરો, પોતપોતાને સ્થાને પધારી ગયા. (૨૯) હે મુનિવરો ! સર્વ જગતમાં ખ્યાતનામ રાજપુત્ર આ પરીક્ષિત જન્મ પૂર્વે માતાની કૂખમાં ગર્ભાવસ્થામાં પોતાના નયને નિહાળેલા સ્વરૂપનું જ વારંવાર સ્મરણ કરતા, તે જ સ્વરૂપને સર્વમાં શોધતા અને શોધવા માટે ચારે બાજુ અવલોકન કર્યા કરતા હોવાથી મુનિવરોએ પરીક્ષિતની આ ચારે તરફ જોવાની ક્રિયાથી જ "પરીક્ષિત" નામ આપ્યું. અને એ જ નામથી પ્રખ્યાત થયા. (૩૦) હવે તો રાજપુત્ર પરીક્ષિત "જાતકકથન" પ્રસંગે કહેલાં સર્વ સદ્‌ગુણી લક્ષણોથી જેમ શુકલ પક્ષમાં કલાઓથી પૂર્ણ થતા ચન્દ્ર જેમ દિન-પ્રતિદિન વિકસે તેમ પરીક્ષિત રાજા વિકસવા લાગ્યા અને પોતાના વડીલોનાં લાલન-પાલન-પોષણ-નાં લાડ પામવા લાગ્યા. (૩૧)

યુધિષ્ઠિરજીએ ચલાવેલું નીતિ અને પ્રીતિથી રાજ્ય અને કરભારથી મુક્ત ઉત્તમ કારભાર યુક્ત રાજ્યવહીવટ

મુનિવરો ! મહાભારતના યુદ્ધના કારણે થયેલા જ્ઞાતિજનોના થયેલા દ્રોહને દૂર કરવાની ભાવના થઈ આવતાં મહારાજ

ધર્મરાજે અશ્વમેધ યજ્ઞ દ્વારા પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણનું આરાધન, યજન કરવાનું વિચાર્યું. યજ્ઞ માટે ઉપયુક્ત ધન, પ્રજાજન ઉપર કરનો અને દંડનો બોજો વધાર્યા વિના મેળવવા વિચાર્યું. (૩૨) ધર્મરાજ યુધિષ્ઠિરજીના આ મન્તવ્યની જાણ થતાં જ, ભગવાન શ્રીકૃષ્ણની પ્રેરણાથી ભીમસેનજી, અર્જુનજી વગેરે ભાઈઓ, મરુત રાજાએ કરેલા યજ્ઞોમાં બ્રાહ્મણોએ ત્યજી દીધેલા ધનવાળી ઉત્તર દિશાની યજ્ઞભૂમિમાં જઈ પહોંચ્યા અને ત્યાંથી અઢળક દ્રવ્ય લઈ આવ્યા. (૩૩) ધર્મરાજાએ આણેલા દ્રવ્યમાંથી યજ્ઞીય સામગ્રી એકત્રિત કરી લીધી. ત્યાર બાદ ધર્મપુત્ર યુધિષ્ઠિરજીએ રણસંગ્રામમાં થયેલા પાપના ભયમાંથી મુક્ત થવા માટે ત્રણ અશ્વમેધ યજ્ઞો દ્વારા યજ્ઞનારાયણ ભગવાન શ્રીકૃષ્ણનું સારી રીતે યજન કર્યું. (૩૪) આ યજ્ઞપ્રસંગમાં ભગવાન શ્રીકૃષ્ણનું નિમંત્રણ કરી હસ્તિનાપુરમાં પધરાવ્યા અને ભગવાન શ્રીકૃષ્ણે ત્યાં પધારીને વિપ્રો દ્વારા ધર્મરાજ વગેરે બન્ધુજનોને યજ્ઞો કરાવ્યા. યજ્ઞ સમાપ્ત થયા પછી પ્રિય બંધુજનોનું પ્રિય કરવા કેટલાક મહિનાઓ પ્રભુ પાંડવોને ત્યાં બિરાજ્યા. (૩૫) હે શૌનકાદિ મુનિવરો ! ત્યાર બાદ ધર્મરાજ યુધિષ્ઠિરજીએ અને બન્ધુજનોએ, સ્નેહપૂર્વક પ્રભુને દ્વારિકા તરફ પ્રસ્થાન કરવાની અનુમતિ આપી એટલે યદુજનો સાથે વીંટળાયેલા યદુનાથ ભગવાન સખા અર્જુનજીની સાથે દ્વારિકાપુરીમાં પધાર્યા. આ ૩૫ અને ૩૬ શ્લોક માટે આચાર્યચરણનું મંતવ્ય છે કે તે પ્રક્ષિપ્ત છે; પરંતુ સર્વ ગ્રન્થોમાં બે શ્લોકો મળે છે માટે અહીં પણ આપ્યા છે. (૩૬)

ततो राज्ञाभ्यनुज्ञातः कृष्णया सह बन्धुभिः । ययौ द्वारवतीं ब्रह्मन् सार्जुनो यदुभिर्वृतः ॥ ३६ ॥

પ્રથમ સ્કંધ અધિકારલીલાના ઉત્તમ પ્રકરણમાંનો પરીક્ષિત રાજાના જન્મ પ્રસંગની કથાનું વર્ણન કરતો બારમો અધ્યાય સમાપ્ત થઈ.

અધ્યાય ૧૩મો

[સાતમા અધ્યાયથી "ઉત્તમાધિકાર"નામના પ્રકરણનો આરંભ થયો છે. વક્તા અને શ્રોતા બન્ને ઉત્તમ કક્ષાના હોય તો કથારસ પણ અલૌકિક રસનું દાન કરનારો બને છે. ઉત્તમાધિકાર પ્રકરણનો આ સાતમો અધ્યાય શરૂ થાય છે. સ્કંધના અધ્યાયોની સંખ્યાનુસાર આ તેરમો અધ્યાય છે. પૂર્વના અધ્યાયોમાં પરીક્ષિત "રાજાનો જન્મ, ત્રણ પ્રકારની સ્તુતિ અને ત્રણ પ્રકારનું સુખ" આ પ્રસંગો વર્ણવાયા છે. હવે પરીક્ષિત રાજાની ત્રણ પેઢીના પુરુષોની મુક્તિનું વર્ણન આ અધ્યાયથી શરૂ થશે. પિતા અભિમન્યુ ચન્દ્રના અંશ છે અને રણસંગ્રામમાં દેહ સમર્પણ કરી મુક્ત થયા છે. યુધિષ્ઠિર રાજા, તેમ જ પાંડવોની મુક્તિનું વર્ણન અને પ્રપિતામહ રાજા શ્રી પાંડુરાજા, ધૃતરાષ્ટ્ર સંત શ્રી વિદુરજી વગેરેની મુક્તિની કથા આ ત્રણ અધ્યાયોમાં આવશે. જેમના ત્રણ પૂર્વજો મુક્ત ન થયા હોય તેઓએ મુક્તિ મેળવતાં પહેલાં પૂર્વજોની મુક્તિ કરવા માટેના શાસ્ત્રે દર્શાવેલા પ્રયોગો કે ઉપાયો કરીને પછી પોતાની મુક્તિ માટે પ્રયત્ન કરવો જોઈએ. આ સિદ્ધાન્તાનુસાર ત્રણ પુરુષોની મુક્તિનો પ્રસંગ આરંભાય છે. શ્રી ધૃતરાષ્ટ્રજીને મુક્તિ આપવાનું કાર્ય ભગવાનની કૃપાથી શ્રી વિદુરજીએ કરેલ છે તેથી આ અધ્યાય શ્રી વિદુરજીનાં આગમનનું વર્ણન કરતો શરૂ થાય છે. આ અધ્યાયમાં ૫૯ શ્લોકો છે. શ્રી વિદુરજીને યાત્રામાં જાણ થઈ કે મહાભારતનું યુદ્ધ થયું અને કૌરવો યુદ્ધમાં ખપી ગયા, પરંતુ ધૃતરાષ્ટ્રજી હજી જીવે છે એ સમાચાર જાણી વિદુરજી હસ્તિનાપુર પધાર્યા, પાંડવોને મળ્યા, તેમ જ શ્રી ગાંધારીજીને અને ધૃતરાષ્ટ્રજીને વિવેકબુદ્ધિ આપીને પાંડવોને કહ્યા વિના જ રાત્રીના સમયે બન્નેને સાથે લઈને ચાલ્યા ગયા. તેથી પાંડવોને દુઃખ થયું. એના સમાધાન માટે દેવર્ષિ નારદજી હસ્તિનાપુરમાં પધાર્યા. આ કથાપ્રસંગો આ અધ્યાયનો વિષય છે. હવે આપણે આ કથારસમાં ડૂબી જઈએ.]

सूत उवाच : विदुरस्तीर्थयात्रायां मैत्रेयादात्मनो गतिम् । ज्ञात्वागाद् हास्तिनपुरं तयाचात्मविवित्सितः ॥ १ ॥

મહર્ષિ સૂતજીએ કહ્યું કે શ્રી વિદુરજી તીર્થયાત્રાએ પધાર્યા હતા ત્યાં માર્ગમાં બેઠેલા ઉદ્ધવજીના કથનથી મૈત્રેય મહર્ષિના આશ્રમે પધાર્યા. શ્રી મૈત્રેયઋષિ પાસેથી આત્માની ગતિનું જ્ઞાન મેળવ્યું. આ જ્ઞાનથી આત્માના સ્વરૂપનું વ્યવસ્થિત રીતે જ્ઞાન પામેલા શ્રી વિદુરજી હસ્તિનાપુરમાં પધાર્યા. (૧) આ શ્રી વિદુરજી જ્યારે ગંગાદ્વારે મૈત્રેય મહર્ષિને આશ્રમે પધાર્યા ત્યારે તે જીતેન્દ્રિય વિદુરજીએ જેટલા પ્રશ્નો કર્યા હતા તે બધા જ પ્રશ્નોના પ્રત્યુત્તરો સાંભળવાની આવશ્યકતા ન રહી તેમ જ ઈચ્છા ન રહી; કારણ કે ભગવાનની લીલાઓ શ્રવણ કરવાથી ભગવાનમાં મુખ્ય ભક્તિ જાગૃત થઈ અને અન્ય વાતો જાણવાની વૃત્તિ પણ શાન્ત થઈ ગઈ. (૨)

આંગણે સંત પધાર્યા

ધર્મરાજ સંત શ્રી વિદુરજીને અગિયાર ઈન્દ્રિયોની પ્રસન્નતા થાય માટે અગિયાર શ્લોકોથી સત્કાર કરી કુશળ પ્રશ્નો પૂછે

છે. "સંત" તો માનઅપમાનથી પર સદા સમાન દૃષ્ટિવાળા જ હોય છે. એક વાર કૌરવોથી તિરસ્કાર પામેલા પણ સંતહૃદયના શ્રી વિદુરજી શ્રી ધૃતરાષ્ટ્ર અને ગાંધારીજીનું શ્રેયસ્ સાધવા હસ્તિનાપુરમાં પધાર્યા. પાંડવો તેમનું સ્વાગત કરે છે. "૩જા શ્લોકથી ૧૩" શ્લોક સુધી આ વિષયની કથા આવશે.

સૂત મહર્ષિ કથાપ્રસંગ આગળ વિસ્તારતાં કહેવા લાગ્યા કે, મહર્ષિ શૌનક ! આંગણે પધારેલા, તીર્થયાત્રાથી શુદ્ધ થયેલા તેમ જ કથાશ્રવણથી વિશુદ્ધ ભક્ત બનેલા તે શ્રી વિદુરજીને નિહાળીને, નાનેરા ભાઈઓ સાથે ધર્મકુમાર ધર્મરાજ શ્રી ધૃતરાષ્ટ્રજી, શ્રી યુયુત્સુ એટલે સાત્યકિજી, શ્રી સંજયજી, શારદ્વત એટલે શ્રી કૃપાચાર્યજી, (શ્રી કૃપાચાર્યજી બાણોના ગુચ્છામાંથી પ્રકટયા છે તેથી તેમનું નામ શારદ્વત છે) તેમ જ શ્રી કુન્તીમાતાજી સન્મુખ પધાર્યા. (૩) આ ઉપરાંત શ્રી ગાન્ધારીજી, શ્રી દ્રૌપદીજી, શ્રી સુભદ્રાજી, શ્રી ઉત્તરાજી, દ્રોણાચાર્યજીનાં પત્ની શ્રી કૃપીદેવી, પાંડુરાજની અન્ય કુલસ્ત્રીઓ, પુત્રો અને પુત્રની સ્ત્રીઓ અને પાંડુરાજાનાં જ્ઞાતિજનો (૪) શ્રી વિદુરજીનું સન્માન કરવા સામે આવ્યા. આ ટાણે જાણે, શરીરમાં પ્રાણનો પ્રવેશ થતાં હસ્તપાદ આદિ અંગોમાં એકાએક ચેતન આવે અને ચાલવા લાગે તેવી જ રીતે સમગ્ર સ્નેહી-કુટુંબીજનો અત્યંત આનંદથી સન્મુખ દોડી આવ્યાં અને આંગણે પધારેલા સંતવર શ્રી વિદુરજીને પોતાની યોગ્યતા અનુસાર શાસ્ત્રવિધિ પ્રમાણે આલિંગન, અભિવાદન, આદર, અર્ચન વગેરે કરવા લાગ્યાં. લાંબા ગાળાના વિરહથી વધી પડેલા પ્રેમ અને મિલનની ઉત્કંઠાથી અતિશય દીન દિલડાંવાળાં સર્વ સ્વજનોનાં નયનો નેહજલથી છલકાયાં, ઉર પ્રેમપૂરથી ઊભરાયું, કાયા પુલકિત થઈ. પુનઃ શ્રી વિદુરજીને આસન ઉપર પધરાવીને સર્વ વીંટળાઈ વળ્યાં અને ધર્મરાજ યુધિષ્ઠિરજીએ અર્ઘ્યપ્રદાન વિધિથી વિદુરજીની અર્ચના કરી. (૫, ૬) શ્રી વિદુરજી પ્રસાદ લઈ વિશ્રામ કરી, પુનઃ આસન ઉપર સુખપૂર્વક બિરાજ્યા ત્યારે વિનયથી વિનમ્ર બનેલા શ્રી યુધિષ્ઠિર મહારાજ સર્વના સાંભળતાં કુશળ ગાથા પૂછવા લાગ્યા. (૭)

ઉપકારસ્મૃતિ અને કૃતજ્ઞતા

શ્રી ધર્મરાજ યુધિષ્ઠિરજી બોલ્યા, પિતૃવર ! અમારી મા કુંતી અને ભાઈઓ સાથે અમને આપે વિષ, અગ્નિ આદિ અનેક વિપત્તિની પરંપરાઓમાંથી ઉગારી લીધા અમે આપની જ પડખાની છાંયડીમાં ઊછરી મોટા થયા છીએ એ અમારાથી કેમ વિસરાય ? કાકા ! અમને યાદ કરો છો ને ? (૮) કાકા ! આપ ભૂમંડળના પર્યટનમાં હતા ત્યારે આપે કેવા પ્રકારે આપની આજીવિકા નભાવી ? કેવી રીતે વર્ત્યા ? વળી ભૂતલ ઉપરનાં ક્ષેત્રોમાં મુખ્ય એવાં ક્યાં ક્યાં પ્રધાન તીર્થોનું સેવન કર્યું ? કાકા ! એ કથા કૃપા કરીને અમને કહો ને ! (૯) હે વિભો ! હે સમર્થ શ્રી વિદુરજી ! આપના જેવા ભગવદીયજનો તો સ્વયં તીર્થરૂપ જ છે, જેઓ પોતાના અન્તઃકરણમાં બિરાજેલા ગદાધારી શ્રી ગોવિંદના સાન્નિધ્યથી તીર્થોને પણ તીર્થરૂપ બનાવે છે. (૧૦) હે પિતૃવર ! વિદુરજી ! આ યાત્રામાંથી આવતાં માર્ગમાં, ભગવાન શ્રીકૃષ્ણને દેવ માનનારા એવા અમારા બંધુજનો-સ્નેહીજનો યાદવોને આપે જોયા છે ? અથવા એમના સમાચાર સાંભળ્યા છે ? તેઓ પોતાની દ્વારિકાનગરીમાં સુખપૂર્વક રહ્યા છે ને ? (૧૧)

સંત કોમલચિત્ત અતિ દીનદયાલા

જ્યારે ધર્મરાજ યુધિષ્ઠિરે આ પ્રમાણે પૂછ્યું ત્યારે શ્રી વિદુરજીએ જે તીર્થાટનમાં અનુભવ્યું અને જે વિધિથી તીર્થયાત્રા કરી, જે જે તીર્થોમાં વિચર્યા તે સર્વ ક્રમપુરઃસર વર્ણન કરી કહી સંભળાવ્યું. કેવલ યાદવ કુળના વિનાશની વાર્તા ના વર્ણવી. (૧૨) જન્મથી જ નિત્ય દુઃખી એવા નિજજન પાંડવોને વધુ દુઃખી થયેલા જોવાને અસમર્થ દયાળુ શ્રી વિદુરજી, મનુષ્યોને માથે આવી પડેલ અને ના વેઠી શકાય એવા યદુકુળ-વિનાશ નામના અપ્રિયને સ્વયં કહી ના શક્યા. (૧૩) ત્યાર બાદ પાંડવોથી સર્વદા દેવ જેવા સત્કારને પામતા શ્રી વિદુરજી પોતાના જ્યેષ્ઠબંધુ શ્રી ધૃતરાષ્ટ્રનું કલ્યાણ વિચારતા, સર્વના સ્નેહને ધારણ કરતા કેટલોક સમય સુખપૂર્વક હસ્તિનાપુરમાં રહ્યા. (૧૪) શ્રી વિદુરજી તો શ્રી યમદેવનો અવતાર છે. યમદેવને શ્રી માંડવ્ય મુનિનો શૂદ્ર થઈ સો વર્ષ ભૂતલ રહેવાનો શાપ થયો. શ્રી યમરાજ

વિદુરજીના દેહે ભૂતલ ઉપર પધાર્યા, તે સમયે તેમના અધિકાર સ્થાન ઉપર બિરાજેલા અર્યમા-શ્રી સૂર્યદેવ પાપાચરણ કરનારાઓ ઉપર યથાયોગ્ય પ્રકારે દંડપ્રદાન કરતા હતા. આ અર્યમા બાર સૂર્યોમાંના બીજા સૂર્ય હતા. (૧૫) પિતૃપરંપરાની રાજગાદી મેળવતા શ્રી યુધિષ્ઠિર મહારાજ કુલધુરાને ધારણ કરનાર પૌત્ર પરીક્ષિતજીને પ્રાપ્ત કરીને અને ઈન્દ્ર વગેરે લોકપાલોના જેવા જ તેજસ્વી ભાઈઓ તેમ જ શ્રેષ્ઠ રાજ્યલક્ષ્મીથી પુષ્કળ આનંદ પામ્યા. (૧૬) આ રીતે, નિજ નિજ ગૃહસ્થાશ્રમોમાં આસક્ત રહેલાઓને અને ઘરબાર વ્યવહારની ક્રિયાઓમાં મશગૂલ બની રહેનારા પાંડવોએ કદી નહી કલ્પેલો, તેમ જ દુઃખથી પણ પાર ના કરી શકાય તેવો કઠિન કાલ સમીપે આવી પહોંચ્યો. (૧૭)

સંત સદા સાવધાન - સંતશ્રી વિદુરજીનું વ્યાખ્યાન

વિવેકશીલ વિદુરજી આવેલા કરાલ કાલની સ્થિતિને જાણીને મોટાભાઈ શ્રી ધૃતરાષ્ટ્રજીને કહેવ લાગ્યા કે, રાજન્ ! સાવધાન બનો, સત્વર ઘરબાર સર્વ ત્યજી તપોવનમાં ચાલી નીકળો, જુઓ ! જુઓ ! આ નજર સામે જ ભય આવી લાગ્યો છે. (૧૮) હે પ્રભુ ! હે મોટાભાઈ ! આપણે સર્વથા પ્રતીકાર કરી ના શકીએ, જેને કદી પણ પાછો વાળી ના શકીએ તેવો વિકરાલ કાલ આપણી સામે જ આવીને ઊભો છે, અરે ! ભગવાન જ કાલ સ્વરૂપે સન્મુખ આવેલ છે. (૧૯) આ કાલ એવા પ્રકારનો છે કે જે કાલથી પરાભવ પામેલો મનુષ્ય અતિશય પ્રિય એવા પોતાના પ્રાણોથી પણ વિખૂટો પડે છે ત્યારે તો બીજા ધનવૈભવ વગેરેથી વિખૂટો પડશે એમાં તો આશ્ચર્ય શું ! (૨૦) મોટાભાઈ ! અધિક શું કહું ? ભીષ્મપિતામહ વગેરે પિતા, ભૂરિશ્રવા વગેરે ભાઈઓ, શલ્ય વગેરે સુહૃજ્જનો અને દુર્યોધનાદિ પુત્રો વગેરે માર્યા ગયા છે, યૌવન ઓસરી ગયું છે, વૃદ્ધાવસ્થાને લીધે ગાત્રો ગળી ગયાં છે તો પછી આ પારકા ઘરની શાને માટે ઓથ લઈ રહ્યા છો ? (૨૧) અહો આશ્ચર્ય છે કે, જન્તુ માત્રને સર્વ આશા કરતાં જીવવાની આશા ઘણી મોટી હોય છે. મોટાભાઈ ! આપ પણ જીવવાની એ જ આશાથી આજે ભીમસેને નાખેલા રોટલાના ટુકડાને-અન્નના પિંડને, ઘરની ચોકી કરનારા પહેરગીરની માફક આપ ભોગવી રહ્યા છો. (૨૨) જેમને બાળવા આપે અગ્નિ નાખ્યો, જેમનો જીવ લેવા ઝેર દીધાં, જેમની પત્નીઓને દૂષિત કરવાનાં દુષ્ટ કાર્યો કર્યાં, જેમનું રાજ્ય છીનવી લીધું, ધન હરી લીધું, ક્ષેત્ર લૂંટી લીધાં, તેઓના જ હાથથી આપેલા, પ્રાણોને ટકાવનારા રોટલાના ટુકડાથી જીવવાનો શો અર્થ ? (૨૩) આપ ઈચ્છો કે ના ઈચ્છો તો પણ, આટલી બધી - દીનતા દાખવી જીવી રહેલા કે જીવનદોરી લંબાવવાને ચાહતા આપનો આ દેહ ઉત્તરોત્તર જીર્ણ થયેલાં વસ્ત્રોની માફક વૃદ્ધાવસ્થાથી ઘસાઈ રહ્યો છે, અરે ઘસાઈ ગયો છે. (૨૪) વિષયરાગથી વિમુક્ત તેમ જ સંસારબંધનથી મુક્ત થનારો પુરુષ, પોતે ઘર પરિવાર વગેરે ત્યજી રહ્યો છે એવી એની પ્રવૃત્તિની કોઈને પણ જાણ થવા દીધા વિના જ નિષ્પ્રયોજન બની ગયેલા આ દેહનો જો ત્યાગ કરી દે તો તેને ધીરપુરુષ કહેવાય; (૨૫) મોટાભાઈ ! અધિક શું કહું ? જે કોઈ વ્યક્તિને સ્વયં વિવેકથી અથવા તો અન્ય સત્પુરુષાદિના ઉપદેશથી વિષયો ઉપર વૈરાગ્ય ઉપજ્યો હોય તેવો ધૈર્યશાલી પુરુષ તો હૃદયમાં શ્રીહરિને ધારણ કરીને ઘરમાંથી ગુપ્ત રીતે ચાલ્યો જાય છે. તેને પુરુષશ્રેષ્ઠ માનવો. (૨૬)

ભાઈ ! ભાઈ, મારે શું કરવું એવી પૃચ્છા કરતાભાઈ ધૃતરાષ્ટજીની કાળજી કરતા ભાઈ તો વિદુરજી જ !

શ્રી ધૃતરાષ્ટ્રજી ઉપરની વાત સાંભળીને પૂછે છે કે "મારે શું કરવું ? તો સમાધાન કરતાં, શ્રી વિદુરજી કહેવા લાગ્યા : આપે તો હવે આપણા આપ્તજનોમાંથી કોઈ ને પણ જાણ ન થાય એ રીતે ઉત્તર દિશા તરફ પ્રસ્થાન કરવું જોઈએ. હવે જે સમય આવી રહ્યો છે તે તો પુરુષોના વિવેકાદિ ગુણોનો હ્રાસ કરનાર જ આવી રહ્યો છે. (૨૭)

પ્રજ્ઞાચક્ષુ શ્રી ધૃતરાષ્ટ્રજીનું પુણ્યપ્રસ્થાન

एवं राजा विदुरेणानुजेन प्रज्ञाचक्षुर्बोधितो आजमीढः । छित्वा स्वेषु स्नेहपाशान् द्रढिम्नो निश्चक्राम भ्रातृसन्दर्शितात्मा ॥

આ પ્રમાણે લઘુબંધુ શ્રી વિદુરજીના મુખેથી વિવેકબોધ પામેલા, અજમીઢ રાજાના વંશમાં જન્મ પામેલા પ્રજ્ઞાચક્ષુ શ્રી ધૃતરાષ્ટ્રજી શ્રી વિદુરજીએ દર્શાવેલ પંથે સ્વજનોના સુદૃઢ મોહપાશને છેદી નાખી ચાલી નીકળ્યા. (૨૮) પતિદેવ ઉત્તર દિશા તરફ પ્રસ્થાન કરી રહ્યા છે એવું જાણીને અત્યંત સુશીલ, સાધ્વી અને પ્રતિવ્રતા શ્રી સુબલ રાજપુત્રી શ્રી ગાંધારી

માતાજી અને શ્રી વિદુરજી પણ, શૂરવીર પુરુષોને હર્ષ પમાડનારા, તીવ્ર પ્રહારવાળી રણસંગ્રામની ભૂમિની માફક, દંડનો ત્યાગ કરનારા પરમહંસોને પરમહર્ષ આપનારા હિમાલય તરફ પ્રયાણ કરતા પતિદેવ ધૃતરાષ્ટ્ર રાજાની પાછળ પાછળ ચાલી નીકળ્યાં. (૨૯)

નિત્યક્રિયાનિરત ધર્મરાજ

पतिं प्रयान्तं सुबलस्य पुत्री पतिव्रता चानुजगाम साध्वी । हिमालयं न्यस्तदण्डप्रहर्षं मनस्विनामिव सत्सम्प्रहारम् ।।२९।।
अजातशत्रुः कृतमैत्रो हुताग्निर्विप्रान्नत्वा तिलगोभूमिरुक्मैः। गृहं प्रविष्टो गुरुवन्दनाय न चापश्यत् पितरौ सौवलीं च।।३०।।

અજાતશત્રુ મહારાજ યુધિષ્ઠિર પ્રાતઃસંધ્યા, વંદન, અગ્નિહોમ આદિ પ્રાતઃકાલીન ષટ્કર્મથી નિવૃત્ત થઈ, તલ-ગાય-ભૂમિ-સુવર્ણ વગેરેનાં નિત્ય દાન કરી, વિપ્રવરોને વંદન કરીને શ્રી કુંતીમાતાજીને પ્રણામ કરીને પુનઃ પિતૃચરણોને પ્રણામ કરવા કાજે રાજગૃહમાં પ્રવેશ્યા ત્યારે રાજભવનમાં પિતૃચરણ શ્રી ધૃતરાષ્ટ્ર તથા સંતવર, વિદુરજી તેમ જ માતૃચરણ શ્રી ગાંધારીજીને ના નિહાળ્યાં. (૩૦) આમ આ પુણ્યશાળી ત્રિપુટીની ઝાંખી ના થતાં ઉદ્વિગ્ન મનવાળા મહારાજ શ્રી યુધિષ્ઠિરજીએ, દ્વારે બેઠેલા સંજયજીને પૃચ્છા કરી કે શ્રી ગવલ્ગણ પિતાના સપૂત હે સંજયજી ! હે ગાવલ્ગણે ! નેત્રવિહોણા અને શરીર વૃદ્ધ થયેલા અમારા પિતૃચરણ શ્રી ધૃતરાષ્ટ્રજી, રાજભવનમાં કેમ દેખાતા નથી ? વળી પુત્રોના મૃત્યુથી ખૂબ જ દુઃખી થયેલાં માતા શ્રી ગાંધારીજી તેમ જ અમારા ઉપર નિત્ય અનુરાગ રાખનારા કાકા શ્રી વિદુરજી ક્યાં ચાલ્યા ગયા ? (૩૧) સંભવ છે કે અમારામાં પુત્રભાવ ન હોય કે અમારામાં પુત્રત્વ પ્રજ્ઞા ના હોય જેથી અમે શત્રુ હોય તેથી તેમ જ પોતાના જ પુત્રાદિ બંધુજનો મૃત્યુવશ થયેલા હોવાથી, પુષ્કળ દુઃખી થયેલા, કદાચ અમે એમનું અમંગલ કરીશું એવી અમારે માટેની પાપશંકાથી તો શું તેઓએ ગંગાજીમાં જઈને પડતું તો નહીં મૂક્યું હોય ! (૩૨) જ્યારે અમારા પિતૃચરણ પાંડુરાજા હરિશરણ થયા ત્યારે દયા અને સ્નેહપાત્ર અમે સર્વ બાળકોની અમારા બન્ને પિતૃચરણ શ્રી ધૃતરાષ્ટ્રજી અને વિદુરજી તેમ જ મમતાભર્યાં ગાંધારી માતાજીએ ખૂબ કાળજી લઈ અમને દુઃખોમાંથી ઉગાર્યા હતા તે પુણ્યાત્માઓ એકાએક ક્યાં પધારી ગયા ? (૩૩)

વફાદાર ભક્ત સંજયની વિરહ મૂર્ચ્છા

સૂત મહર્ષિએ કહ્યું કે, મુનિવરો ! યદ્યપિ ધર્મરાજ ગૃહમંત્રી સંજયજીને પૂછવા આવ્યા; પરંતુ કૃપાશીલ સ્વભાવથી તેમ જ ધૃતરાષ્ટ્રજી વગેરેમાં સહજ સ્નેહ હોવાથી વિહ્વલતાથી અને પુણ્યાત્માઓના વિરહથી ક્ષણવારમાં જ સુકાઈ ગયેલા શ્રી સંજય પોતાના સ્વામીને ન જોતાં અને તેઓની માહિતી ના જાણતાં અત્યંત પીડા પામેલા, મૂર્ચ્છિત થઈ ગયેલા સંજયજી શ્રી ધર્મરાજને કાંઈ પણ ઉત્તર ના આપી શક્યા. (૩૪) પુનઃ સંજયજી કાંઈક સ્વસ્થ થયા, ગભરાયેલ સ્થિતિમાં બોલવું નહીં, એવી સ્મૃતિની આજ્ઞાથી તેમજ સ્વામી પ્રશ્ન પૂછે ત્યારે મૌન ના રાખવું એવી મર્યાદાને લીધે શ્રી સંજયજીએ પોતાના હાથની હથેળીથી આંખનાં અશ્રુઓને પોછી નાંખીને, વિવેકવૃત્તિવાળાં પોતાનાં મન અને બુદ્ધિથી પોતાના અન્તઃકરણને સ્વસ્થ કરીને પોતાના સ્વામી ધૃતરાષ્ટ્ર રાજાનાં પદકમલોનું સ્મરણ કરતા અજાતશત્રુ મહારાજ શ્રી યુધિષ્ઠિરજીને કહેવા લાગ્યા. (૩૫)

સંજયજીનું સમાધાન

શ્રી સંજયજી સમાધાન કરતાં કહેવા લાગ્યા કે નિરંતર કુલને આનંદ દેનારા કુલનંદન હે મહાબાહુ મહારાજ યુધિષ્ઠિરજી ! આપશ્રીના ઉભય પિતૃવર્ય શ્રી વિદુરજી અને મહારાજ ધૃતરાષ્ટ્રજી તેમ જ માતૃચરણ શ્રી ગાંધારીજીએ વિચાર્યું છે કે તેઓ ક્યાં પધાર્યાં હશે તે અંગે હું કાંઈ પણ જાણતો નથી. તેઓ તો મહાન આત્મા છે, તેઓ ભક્ત છે, અથવા તો તેમનામાં કોઈ દિવ્ય આત્માનો આવેશ છે તેથી તે મહાત્માઓ કાંઈ પણ જાણ કર્યા વિના ચાલ્યા ગયા લાગે છે, હું તો તે પુણ્યાત્માઓની સેવાથી સાચે જ વંચિત થયો છું. (૩૬)

સર્વજ્ઞ-સર્વહિતકારી સંત પધાર્યા - સંતદર્શને શોક-મોહ-નિવૃત્તિ

મહારાજ શ્રી યુધિષ્ઠિરજીના મોહનું નિવારણ કરવા શ્રી તુમ્બુરુ મહર્ષિ સાથે ભગવદવતાર શ્રી નારદમુનિ હસ્તિનાપુર પધાર્યા. શ્રી ધર્મરાજ યુધિષ્ઠિર પોતાના નાના ભાઈઓ સાથે આંગણે પધારેલા બન્ને મુનિવરોનો આદર કરવા ઊભા થઈ, સન્મુખ જઈ, નમન કરીને, સંતોનું અર્ચન-આદર કરતા અભિવાદન કરતાં બોલવા લાગ્યા. (૩૭) નારદજીનાં દર્શન થતાં જ આત્મહત્યાદિ કરવાના પ્રમાદની નિવૃત્તિ થઈ ગઈ, તો પણ સંતનું સ્વાગત કરવાનું વિસર્યા અને શ્રી યુધિષ્ઠિરજી બોલી ઊઠ્યા કે "મહારાજ નારદજી ! મારા બન્ને પૂજ્ય પિતૃચરણો શ્રી ધૃતરાષ્ટ્રજી અને શ્રી વિદુરજી અહીંથી ક્યાં પધાર્યા હશે તે સ્થાનને હું જાણતો નથી, તેમ જ યુદ્ધમાં સર્વ પુત્રો સદ્ગત થવાથી દુઃખી અને ગરીબ બનેલાં શ્રી ગાંધારીજી અમ્મા પણ ક્યાં ચાલ્યાં ગયાં હશે તેની પણ મને ખબર નથી. હે ભગવન્ નારદજી ! આપ તો અગાધ અને અપાર સાગરમાં વહાણ ચલાવનાર કર્ણધાર નાવિકની માફક કિનારાને જાણનારા અને કિનારે લઈ જનારા પુરુષ અમને મળ્યા છો." આ પ્રકારની યુધિષ્ઠિર મહારાજાની અત્યંત વિહ્વલ પરિસ્થિતિનો તાગ કાઢીને હે મુનિસત્તમ શૌનક મહર્ષિ ! ભગવાન નારદજી હવે શ્રી યુધિષ્ઠિર મહારાજને કહેવા લાગ્યા. (૩૮, ૩૯)

આશ્વાસન અલૌકિક અમૃત છે

શ્રી નારદજી વચનામૃત કરવા લાગ્યા કે, ધર્મરાજ ! શાને માટે શોક કરો છો ? અરે રાજન્ ! કોઈનો પણ શોક ના કરો ! આ અખિલ વિશ્વ ભગવાનને જ વશ છે. કાલસ્વરૂપ તે જ ભગવાન પ્રત્યેક પ્રાણીઓને સંયુક્ત કરે છે અને વળી વિમુક્ત કરે છે. ભગવાન પોતાની ક્રીડા માટે અથવા બીજાને માટે જગત કરે છે. આ બન્ને પ્રકારે પણ ભગવાન સર્વનું હિત જ કરે છે એમ સમજીને જરા પણ શોક કરવો નહીં. (૪૦) જેમ નાકે નાથેલા અને રાશે બાંધેલા બળદો, ખેડૂતો જ્યાં લઈ જાય છે ત્યાં, તે જાય છે, તેવી જ રીતે વેદવાણીરૂપ રજ્જુથી બાંધેલા દરેક જીવાત્માઓ પોતાના નિયંતા ભગવાન શ્રીકૃષ્ણને આધીન રહી સેવા આપે છે. (૪૧) જેમ કઠપૂતળીઓ કે શેત્રંજનાં પ્યાદાંઓના ક્રીડા કરનારા ખેલાડીઓની ઈચ્છાને અનુસરીને સંયોગ અને વિયોગ બને છે એ જ પ્રકારે ભગવાનની ઈચ્છાને આધીન મનુષ્યના સંયોગ અને વિયોગો થાય છે. (૪૨) ઉપરના બે શ્લોકોમાં ઈશ્વરવાદીના મતે પણ શોક ના કરવો એવું પ્રતિપાદન કરી નિરીશ્વરવાદીઓના મત પ્રમાણે પણ શોક ના કરવો એવું વિધાન હવે ૪૩ મા શ્લોકમાં કરે છે. આ લોક નિત્ય છે, અથવા અનિત્ય છે, અથવા બન્ને પ્રકારનો નથી એટલે નિત્યાનિત્યથી વિલક્ષણ છે એવું પણ માનનારા હો, તો પણ મોહથી થયેલા સ્નેહ વગર, દરેક રીતે તે શોક કરવા યોગ્ય નથી, કેવળ સ્નેહથી જ શોક થાય છે. (૪૩)

શ્રી નારદજીનું માર્ગદર્શન

હવે આગળ વધતાં શ્રી નારદજી બોલ્યા કે હે ધર્મરાજ ! યુધિષ્ઠિર મહારાજ ! આપ તો મારું અંગ છો, તેથી આપને યથાર્થ વાત કરું છું કે સ્નેહથી જ શોક થાય છે એ વસ્તુ તો ઉપર વર્ણવી છે, માટે હવે આપ અજ્ઞાનને લીધે કરેલી અન્તઃકરણની વિકલતાનો ત્યાગ કરો. રાજન્ ! આપના મનમાં શંકા થાય કે કોઈની ઓથ વિનાનાં અને દયાપાત્ર એવાં ત્રણે મારાં આપ્તજનો "વનમાં" રહીને શી રીતે જીવનનિર્વાહ કરતાં હશે ? કેવી રીતે જીવતાં હશે ? તો એવી ચિંતા કરશો નહીં. કારણ કે કોઈ કોઈનો રક્ષક નથી; પરંતુ ભગવાન કેવલ સર્વના સંરક્ષક છે. (૪૪) રાજન્ ! સ્વયં સર્પથી ગળાએલો પુરુષ જેમ બહાર રહેલા એટલે વગર ગળાએલા મનુષ્યની રક્ષા કરી શકતો નથી તે જ પ્રકારે કાલ, કર્મ અને ગુણને આધીન આ પંચમહાભૂતનો દેહ બીજાની રક્ષા શી રીતે કરી શકે ? રાજન્ ! ખરું વિચારો તો કાલ, કર્મ, ગુણને આધીન રહેલા આપ, કાલ, કર્મ, ગુણની આધીનતાથી મુક્ત રહેલા ધૃતરાષ્ટ્ર, વિદુરજી વગેરેની રક્ષા કરી શકો તેમ નથી; તેમજ ધૃતરાષ્ટ્ર વગેરે તમારું રક્ષણ કરી શકે તેમ નથી માટે રાજન્ ! આપે એમનો શોક કરવો યોગ્ય નથી, વનમાં રહેલા ધૃતરાષ્ટ્ર, ગાંધારીજી, વિદુરજીની ભગવાન સ્વયં રક્ષા કરનાર છે માટે શોક ના કરશો. (૪૫) આહારનો નિયમ જ કોઈ વિલક્ષણ છે. બળવાન નિર્બળનું ભક્ષણ કરતા આવ્યા છે એ ન્યાયે જલચર જન્તુ મત્સ્ય વગેરેનું હાથપગવાળા નિર્દય

જીવો ભક્ષણ કરે છે. ઘાસ-પાન-લતા વગેરે હાથ પગથી રહિત વસ્તુઓનું ચાર પગવાળાં પશુઓ ભક્ષણ કરે છે, તુચ્છ જીવો મોટા જીવોનું જીવન છે. આ રીતે વિશ્વમાં એક જીવ બીજા જીવનું જીવન છે. (૪૬) માટે હે રાજન્ ! સર્વ જીવોના આત્મારૂપ, સ્વયં પ્રકાશમાન, આ જગતરૂપ ભગવાન એક જ છે. તે અંદર અને બહાર પ્રકાશે છે અને માયાથી ઘણાં રૂપવાળા થયા છે, તેને તમે જુઓ. (૪૭) હે મહારાજ ધર્મરાજ ! પ્રત્યેક પ્રાણીને ઉત્પન્ન કરનાર આ ભગવાન વર્તમાનમાં દેવતાઓનો દ્વેષ કરનારાઓનો નાશ કરવા માટે કાલસ્વરૂપે આ પૃથ્વી ઉપર અવતરેલા છે. (૪૮) ભગવાને દેવતાઓનું જે કાર્ય કરવાનું હતું, તે કાર્ય પૂર્ણ કર્યું છે. હવે થોડા બાકી રહેલા કાર્યની ભગવાન રાહ જુએ છે, માટે જ્યાં સુધી પ્રભુ પૃથ્વી ઉપર બિરાજે છે ત્યાં સુધી તમે તેની પ્રતીક્ષા કરો. જોકે શ્રી નારદજી આ વાર્તા કરી રહ્યા છે ત્યારે યાદવ સંહારલીલા અને ભગવાનની આસુર વ્યામોહલીલા થઈ ગયેલ છે, તેથી નારદજીના કથનનું એવું તાત્પર્ય છે કે અર્જુનજીના પધાર્યા બાદ, તેમના હૃદયમાં બિરાજીને પધારેલા ભગાવન શ્રીકૃષ્ણના અર્જુનજીના મુખેથી ગીતાજીનું શ્રવણ કર્યા બાદ આપ પાંચે પાંડવો મહાન પ્રયાણ કરવા તત્પર રહો. (૪૯)

ધૃતરાષ્ટ્રના મોક્ષની ગાથા

શ્રી નારદજીએ કહ્યું કે રાજન્ મહારાજ ધૃતરાષ્ટ્રજી, પોતાના ભાઈ શ્રી વિદુરજી અને પોતાનાં પત્ની શ્રી ગાંધારીજી સાથે, ગંગાજીની દક્ષિણ દિશાએ આવેલા પોતાના નિવાસસ્થાન રાજભવનમાંથી નીકળી હિમાલયના દક્ષિણ તરફના ઋષિઓના આશ્રમો છે ત્યાં સર્વ સાથે શ્રી ધૃતરાષ્ટ્રજી ગયા છે. (૫૦) સપ્તર્ષિઓની પ્રીતિ માટે કે સપ્તર્ષિઓ પ્રસન્ન રહે માટે સાત ધારાઓ બનાવી સાત પ્રવાહરૂપે જ્યાં સ્વર્ગંગા વિભક્ત થયાં છે તે "સપ્ત સ્રોતસ્' નામથી વિખ્યાત સ્થળમાં તેઓ રહ્યા છે. (૫) હે ધર્મરાજ યુધિષ્ઠિર ! તે સપ્તર્ષિઓના પવિત્ર આશ્રમમાં ત્રિકાલ સમયનું સ્નાન કરીને, વિધિપુરઃસર અગ્નિમાં આહુતિ આપીને, કેવલ જલનું જ ભક્ષણ કરીને શાંત ચિત્તવાળા થઈને, ત્રણ પ્રકારની એષણાથી એટલે લોકેષણા, વિત્તેષણા, પુત્રેષણા નામની ત્રણે એષણાઓથી મુક્ત થઈને ધૃતરાષ્ટ્રજી રહેલા છે. (૫૨) આસન ઉપર વિજય મેળવીને પ્રાણાયામ દ્વારા પ્રાણો ઉપર સંયમ સમ્પાદન કરીને, છએ છ ઈન્દ્રિયોને તેમના વિષયોમાંથી પાછી વાળી લઈને, સતત ભગવાનની ભાવનાને કેળવીને, રજોગુણ, સત્ત્વગુણ અને તમોગુણના મલનો નાશ કરીને રહેલા શ્રી ધૃતરાષ્ટ્રજીએ વિજ્ઞાનમય આત્મામાં જીવાત્માને જોડી દીધેલ છે. હવે તે વિજ્ઞાનમય આત્માને ક્ષેત્રજ્ઞમાં જોડી રહેલા ધૃતરાષ્ટ્રજી પુનઃ તે ક્ષેત્રજ્ઞ આત્માનો, જેમ ઘટાકાશનો મહાકાશમાં લય થાય તે પ્રકારે અક્ષરબ્રહ્મમાં લય કરીને ધૃતરાષ્ટ્ર ઉત્તમ અવસ્થામાં રહેલા છે. (૫૩,૫૪)

શ્રી ધૃતરાષ્ટ્રજી બ્રહ્માવસ્થામાં

શ્રી ધૃતરાષ્ટ્રજી આવી બ્રહ્મમય અવસ્થામાં રહેલા હોવાથી માયાના ગુણોના પરિણામથી થનાર મોહ નામનું ફલ શ્રી ધૃતરાષ્ટ્રજીનું નાશ પામેલ છે. તેમ જ ઈન્દ્રિયો અને અન્તઃકરણના આશયોને-સુષુપ્ત વાસનાઓને ફરીથી જાગે નહીં એવી રીતે તેઓએ રોકી લીધેલ છે. વળી સર્વ પ્રકારના આહારો પણ ત્યજી દીધેલા છે. આવા પ્રકારની બ્રાહ્મી સ્થિતિને પામેલા ધૃતરાષ્ટ્રજી "સ્તંભ" સમાન અચલ બનીને રહેલા છે. રાજન્ યુધિષ્ઠિર ! આવી ઉત્તમ સ્થિતિમાં રહેલા અને સમસ્ત ક્રિયાકલાપનો સન્યાસ કરી બેઠેલા ધૃતરાષ્ટ્રજીની પાસે જઈ તેમની આ ઉત્તમ બ્રહ્માવસ્થાના અન્તરાયરૂપ ના બનો એવી આપને ભલામણ છે. (૫૫) હે ધર્મરાજ ! મહારાજ ધૃતરાષ્ટ્રજી આજના દિવસને છોડી પછીના પાંચમા દિવસે પોતાના કલેવરનો ત્યાગ કરશે. તેઓની અંદર રહેલા યોગાગ્નિને તેઓ બહાર પ્રકટ કરશે ત્યારે તે બહારના અગ્નિ સાથે યોગાગ્નિથી દેહ ભસ્મ થશે અને પર્ણશાળા પણ ભસ્મ થવા માંડશે. પતિના દેહને અને પર્ણશાળાને ભસ્મ થતાં નિહાળી પર્ણકુટીથી બહાર રહેલાં પતિવ્રતા પત્ની શ્રી ગાંધારીજી પોતાના પતિદેવની સાથે અગ્નિમાં પ્રવેશવા પર્ણકુટીમાં પ્રવેશ કરશે. (૫૬, ૫૭)

કૃતકૃત્ય શ્રી વિદુરજીનું પ્રસ્થાન

હે કુરુનંદન યુધિષ્ઠિરજી ! શ્રી વિદુર શ્રીધૃતરાષ્ટ્રજી અને ગાંધારીજીની દિવ્ય ગતિ થયેલી જોઈ, જાણીને હર્ષ પામ્યા કે આ દમ્પતી અલ્પ સમયમાં જ ઉત્તમ ગતિ પામ્યાં એ આનંદની વાત છે. સાથે સાથે એક ભાઈ જેવા ભાઈ પત્ની સાથે વિશ્વમાંથી ચાલ્યા ગયા તેના વિયોગથી મનમાં શોક થયો. પરંતુ તેઓ પરમ ભક્ત હોવાથી હર્ષ અને શોકને ત્યજીને સપ્તગંગાના સ્થાનેથી તીર્થોનું સેવન કરવા પ્રસ્થાન કરી જશે. (૫૮)

મહર્ષિ નારદજીની વિદાય

પરમકૃપાળુ સંત નારદજીએ મહારાજ ધર્મરાજને સર્વ પ્રકારનો વૃત્તાંત કહ્યો અને શ્રી તુંબુરુઋષિ સાથે તેઓએ સ્વર્ગલોક તરફ પ્રસ્થાન કર્યું. આ અવસરે યુધિષ્ઠિરજીએ શ્રી નારદજી અને તુંબુરુજીનાં સમર્ચન કર્યાં, તેમ જ શ્રી નારદજીનાં બોધ વચનોને હૃદયમાં ધારણ કરીને હૃદયમાં રહેલા શોકનું નિવારણ કર્યું. (૫૯)

इत्युक्त्वाथारुहत्स्वर्गं नारदः सहतुम्बुरुः । युधिष्ठिरो वचस्तस्य हृदि कृत्वाजहाच्छुचः ।। ५९ ।।

શ્રીમદ ભાગવત પીયૂષના પ્રથમ સ્કંધ અધિકારલીલાના ઉત્તમાધિકાર પ્રકરણમાંનો શ્રી ધૃતરાષ્ટ્ર ગાંધારીજીની મુક્તિ નામના પ્રસંગનું વર્ણન કરતો તેરમા અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૪મો

[પ્રથમ સ્કંધ અધિકાર લીલાનો ૧૪મો અધ્યાય છે. આ અધ્યાયમાં પાંડવોની મુક્તિના પ્રસંગનું વર્ણન આવશે. પરીક્ષિત રાજાની મુક્તિ વર્ણવાય તે પૂર્વમાં ત્રણ પૂર્વજોની પણ મુક્તિ થવી અનિવાર્ય માની છે. પરીક્ષિતજીના પિતા અભિમન્યુજીનું યુદ્ધમાં આત્મસમર્પણ થવાથી તેઓ મુક્ત થયા છે. શ્રી અભિમન્યુ ચન્દ્રના અંશ છે. પરીક્ષિતજીના પ્રપિતામહ એટલે પરદાદા શ્રી ધૃતરાષ્ટ્રજીની મુક્તિ શ્રી વિદુરજીના સમાગમથી સપ્તગંગા ભગવતીના તીર્થમાં થયેલી છે તેનું નિરૂપણ આગળના તેરમા અધ્યાયમાં કરવામાં આવ્યું છે. ધૃતરાષ્ટ્રજીને અક્ષરબ્રહ્મની પ્રાપ્તિ થયેલી છે પરંતુ પાંડવોને અક્ષરબ્રહ્મ પ્રાપ્તિથી સંતોષ નથી. તેઓને સાયુજ્ય મુક્તિ મેળવવી છે. સાયુજ્ય મુક્તિ તો જ્યાં સુધી ભગવાન શ્રીકૃષ્ણ ભૂતલ ઉપર બિરાજતા હોય ત્યાં સુધી તો સંભવે નહીં. ચૌદમા અને પંદરમા એમ બે અધ્યાયોમાં પાંડવોની મુક્તિનાં નિમિત્તોનું વર્ણન કરવામાં આવ્યું છે. જો ભગવાન ભૂતલ ઉપર બિરાજતા નથી એ વિગત પાંડવો જાણે તો વૈરાગ્ય આવે અને રાજ્યવૈભવ ત્યજી ભગવલ્લોકમાં જવા માટે સક્રિય બને. આ કારણથી ચૌદમા અધ્યાયમાં અશુભ શુકનોનાં દર્શન અને શ્રી ભીમસેન સાથે ધર્મરાજ યુધિષ્ઠિરનો વ્યથાભર્યો વાર્તાલાપ વર્ણવ્યો છે. આ અધ્યાયની સમાપ્તિમાં અર્જુનનું દ્વારકામાંથી હસ્તિનાપુરમાં આવવું અને તેમની ઉદાસીન મુખાકૃતિને નિહાળી ધર્મરાજને ઉદ્વેગ થવો તેમ જ નિસ્તેજ મુખાકૃતિના હેતુઓની પૃચ્છા કરવી આ સર્વ પ્રસંગો વર્ણવાશે. આ અધ્યાયમાં કુલ ૪૪ શ્લોકો છે.]

सूत उवाच : सम्प्रस्थिते द्वारकायां जिष्णौ बन्धुदिदृक्षया । ज्ञातुं च पुण्यश्लोकस्य कृष्णस्य च विचेष्टितम् ।। १ ।।

મહાત્મા સૂતજી શ્રી શૌનકાદિ મહર્ષિઓને કહેવા લાગ્યા કે હે મુનિવરો ! ધર્મરાજ મનમાં ચિંતા કરતા ભીમસેનની સાથે હૃદય ખાલી વાર્તા કરતાં બોલ્યા કે ભાઈ, પુણ્યશ્લોક ભગવાન શ્રીકૃષ્ણના સમાચાર મેળવવા અને બંધુજનોને મળવા માટે જિતેન્દ્રિય ભાઈ, અર્જુનજીને દ્વારિકા તરફ પ્રસ્થાન કર્યે આજે સાત સાત મહિના વીતી ગયા. વળી ભયંકરતાભર્યાં અમંગલ દૃશ્યો અને લક્ષણો જોવા મળે છે ! તો શું થયું હશે ? એ પ્રમાણે કુરુવંશને વહન કરનારા યુધિષ્ઠિરજી વિચારવા લાગ્યા કે ભાઈ અર્જુન તો જિષ્ણુ-સતત સંયમી જિતેન્દ્રિય છે અને "श्रीकृष्णः शरणं मम" મહામંત્રનો જપ કરનારા અને મન-વાણી ઈન્દ્રિયાદિના વિજેતા છે. વળી ભગવાન શ્રીકૃષ્ણ પુણ્ય અર્જુનજી કાંઈ સુદીર્ઘ સમય દ્વારિકામાં નિવાસ નિમિત્ત ગયા નથી, કેવલ કુટુંબીજનની કુશલતા જાણવા જ પધાર્યા છે તો આટલો લાંબો વિલંબ શાને થયો એવું દીર્ઘદૃષ્ટિ શ્રી પાંડુનંદન ધર્મરાજ વિચારવા લાગ્યા. (૧, ૨)

વડીલ ધર્મરાજ દશે દિશામાં દશવિધ અમંગલ નિહાળી ભાઈ ભીમસેન સાથે પરામર્શ કરે છે

ધર્મરાજ બોલ્યા : ભાઈ ભીમસેન ! (૧) જ્યોતિષશાસ્ત્રથી જોતાં કાલની ગતિ તો અત્યંત ક્રૂર લાગે છે. (૨) વર્ષાદિ ઋતુઓના ધર્મો વિપરીત બન્યા છે, અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ કે અકાલવૃષ્ટિ વગેરે ઋતુધર્મો વિપરીત થયા છે. (૩) આપત્તિકાલ ન હોવા છતાં માનવોની આજિવિકા પાપાચારવાળી થઈ ગઈ છે. (૪) ઉત્તરદાયિત્વ ધરાવતા એવા

ઉત્તમજનોનાં મન-ઇન્દ્રિયો વગેરે ક્રોધ અને લોભથી તરબોળ બન્યાં છે. (૫) નિશ્ચયાત્મિકા બુદ્ધિને બદલે કપટ ભરેલી મતિ થઈ છે. (૬) વળી સ્નેહ ભરેલા સંબંધોને બદલે શઠતાભર્યા સંબંધો જોવા મળે છે. (૭) પિતા, માતા, સુહૃદજન, ભાઈ-ભાંડુ, બંધુજનો અને દમ્પતીઓના જીવનમાં કલેશ-કંકાસે વાસ કર્યો છે. (૮) અત્યંત અમંગલની એંધાણી સૂચવતાં નિમિત્તો જોવા મળે છે. (૯) કાલ પણ પાપાચારાદિ માટે અનુકૂળ બની ગયેલ છે. (૧૦) પ્રાયઃ મનુષ્ય માત્રની પ્રકૃતિ અને પ્રવૃત્તિ લોભ વગેરે અધર્મથી છલોછલ ભરેલી જોવા મળે છે. આ પ્રકારની પરિસ્થિતિ નિહાળીને નરેશ ધર્મરાજ નાનાભાઈ ભીમસેન સાથે વિવેકવાર્તા કરવા લાગ્યા. (૩-૪-૫)

શું પુરુષોત્તમ શ્રીકૃષ્ણ પ્રસ્થાન વિચારતા હશે ?

વ્યક્તિનું અન્તઃકરણ જેમ જેમ વિશુદ્ધ બને તેમ તેમ તેને ભવિષ્યદર્શન થાય છે. ધર્મરાજનું હૃદય અત્યંત શુદ્ધ છે તેથી જ ત્રણે પ્રકારનાં અમંગલને સૂચવતાં અશુભ લક્ષણો જોઈને કહેવા લાગ્યા કે ભાઈ ભીમસેન ! વર્તમાનમાં ભગવાનનો શો અભિપ્રાય છે તેની જાણ માટે કુટુંબીજનોને મળવા અને કુશળ જાણવા વળી કાલાદિકનું વર્તમાનમાં શું કર્તવ્ય હશે તે પણ જાણવા માટે સદા જપપરાયણ અને જિતેંન્દ્રિય ભાઈ અર્જુનજીને દ્વારિકામાં મોકલ્યા છે. (૬) આજ ભાઈ અર્જુનને દ્વારિકાજી ગયે સાત સાત માસનો લાંબો સમય વીતી ગયો તો પણ હે ભાઈ ભીમસેન ! તમારા લઘુ વીરબંધુ ભાઈ અર્જુનજી પાછા નથી આવ્યા, એની પાછળ શું કારણ હશે એ સંબંધમાં વિચારવા છતાં સ્પષ્ટ રીતે સમજાતું નથી. આ પ્રમાણે મહારાજ ધર્મરાજ ચિંતિત થયા. (૭) ભાઈ ભીમસેન ! મહર્ષિ શ્રી નારદજીએ સૂચવ્યું હતું અથવા સૂચવેલ હતો તે કાલ તો સમીપમાં નહીં આવતો હોય ? ભગવાન શ્રીકૃષ્ણ આનંદમય ક્રીડા કરવા માટે જે દિવ્ય સ્વરૂપ લઈને ભૂતલ ઉપર પધાર્યા છે, વળી ભગવાનનું જે શ્રીઅંગ ભગવતી લક્ષ્મીજીની ક્રીડાના સાધનરૂપ છે એવા દિવ્યાંગને ત્યજી દેવા તો નહીં વિચારતા હોય ને ? (૮) ભાઈ ! આપણો તો સર્વ આધાર શ્રીકૃષ્ણ જ છે, એ જ શ્રીકૃષ્ણ ભગવાનની કેવલ કૃપાથી જ સર્વ સમૃદ્ધિઓ, રાજ્ય, દ્રૌપદીજી, સુભદ્રાજી વગેરે સ્ત્રીઓ, પ્રાણો, પરીક્ષિતના રક્ષણથી વંશરક્ષા-કુલરક્ષા, પ્રજાનું રક્ષણ, તેમ જ શત્રુઓ ઉપર વિજય તેમ જ શ્રીકૃષ્ણની સહાયથી રાજસૂયાદિ યજ્ઞો કરવાથી સ્વર્ગાદિ દિવ્યલોકો વગેરે પ્રાપ્ત થયાં છે તેવા ઉપકારપરાયણ પુરુષોત્તમનો ભૂતલ ઉપરથી પ્રસ્થાન કરવાનો સમય તો સમીપમાં આવી પહોચ્યો નહીં હોય ને ? (૯) હે પુરુષસિંહ ! ભાઈ ભીમસેન ! મારી નજરે તો આકાશાદિ લોકના, સ્વર્ગાદિ લોકોના, સૂર્યાદિ ગ્રહલોકના, પૃથ્વી ઉપરના અને શરીરસંબંધી ભયાનક ઉત્પાતો જોવા મળે છે, જે ઉત્પાતો અત્યંત ખતરનાક છે. આ ઉત્પાતો આપણી બુદ્ધિને પણ મોહ કરનારા સમીપમાં જ આવી રહેલા કોઈ અજ્ઞાત ભયની જ આગાહી કરી રહેલા છે. (૧૦)

આધ્યાત્મિક અપશુકન

પુરુષનાં વામ અંગો અને સ્ત્રીઓનાં દક્ષિણ અંગો ફરકતાં લાગે તો નિકટવર્તી અનિષ્ટનું સૂચન કરે છે એવી શાસ્ત્રની સૂચના છે. આ દૃષ્ટિએ જોતાં હે લાડીલા ભાઈ ભીમસેન, તમે તો મારું જ અંગ છો, તેથી વધું શું કહું ! મારી ડાબી સાથળ, વામ નેત્ર, અને વામ હાથ વારંવાર ફરકે છે. વળી મારા હૃદયમાં પણ વારંવાર કંપ થાય છે. ભાઈ ? આ જોતાં લાગે છે કે શું થોડા સમયમાં આપણું કાંઈ અનિષ્ટ તો નહીં થાય ને ? (૧૧)

૩૨ પ્રકારના આધિભૌતિક ઉત્પાતો કોઈ બત્રીસલક્ષણા પુરુષથી આપણને વંચિત તો નહીં કરે ને ?

ધર્મરાજ યુધિષ્ઠિર વિશુદ્ધ હૃદયના વૈષ્ણવશિરોમણિ મહાન આત્મા છે. તેઓ આવા પ્રકારના ઉત્પાતોથી ભગવાનનું વધુ સ્મરણ કરશે પણ અકળાશે નહીં. જગતના જીવોને પણ આવા ઉત્પાતો થતા હોય ત્યારે તે જીવો પણ અન્તર્મુખ બને, ભગવત્પરાયણ બને, એ આશયથી ઉત્પાતોનું વર્ણન કરે છે. (૧) મુખમાંથી અંગારા ઓકતી અથવા મુખમાં અંગારા ભરેલી શિયાળ ઉદય પામતા સૂર્ય ભગવાન સામે નિહાળીને રુદન કરે છે; (૨) વહાલા ભાઈ ભીમસેન, આ આપણો પાળેલો શ્વાન નિર્ભય બની મારી સામે જોઈને ભસી રહ્યો છે. મેં પૂર્વમાં કદી આવી ભૂમિમાં એને નથી જોયો.

(૩) અશ્વો અને હરણ જેવાં શ્રેષ્ઠ પ્રાણીઓ માર્ગમાં સામાં મળે છે. તે મારા ડાબા પડખેથી જાય છે. (૪) બીજું અશુભ દર્શન ગધેડાં વગેરે પશુઓ જમણે પડખે જઈ રહ્યાં છે તેમ જ ભૂંકી રહ્યાં છે. (૫) હે પુરુષસિંહ ભાઈ ! હું જેના ઉપર સવારી કરું છું તેવા હસ્તીઓ, અશ્વો અને જેની પૂજા કરું છું તેવી ગાયોને, મારી સામે જોઈને રડતાં હોય તેમ હું જોઈ રહ્યો છું. દક્ષિણ દિશાએથી આવતું અને શબ્દ કરતું આ કબૂતર પણ સામે મૃત્યુદેવના દૂત જેવું ભયાનક ભાસે છે. (૬) છાપરે બેસી બોલતો આ ઘૂવડ અને તેની સામે ઉત્તર આપતો પ્રત્યુલૂક એટલે બીજો ઘૂવડ, અથવા ઘૂવડની સ્પર્ધા કરતું વૈર અને વિરોધ કરતું આ પ્રત્યુલૂક નામનું બીજું પક્ષી, તેમ જ ઘૂવડ અને કાગડાઓ અખંડ જાગીને રાત્રીભર હૃદયને કંપાવી નાંખતા ભયાનક શબ્દો કરી રહ્યાં છે. (૭) ધુમાડાઓનાં કુંડાળાઓથી ઘેરાયેલી આ દિશાઓ ભૂખરી ભાસે છે. (૮) પર્વતોની સાથે પૃથ્વી પણ કંપી રહી છે. (૯) વાદળ નથી તોપણ વીજળીઓ પડે છે, મેઘ આકાશમાં નથી તો પણ ગર્જનાઓ થાય છે. (૧૦) ધૂળથી ચારે બાજુ અંધકારને વેરતો, કઠોર સ્પર્શવાળો પવન ફૂંકાઈ રહ્યો છે. ખૂબ જ બિહામણા દર્શનવાળા મેઘો આકાશમાંથી રુધિર વર્ષાવતા હોય તેમ લાગે છે. (૧૧) ભગવાન સૂર્ય પણ કેવા નિસ્તેજ ભાસે છે ! (૧૨) ગુરુ-શુક્રાદિ ગ્રહો પણ પરસ્પર સંગ્રામ કરતા ભાસે છે. (૧૩) આકુલવ્યાકુલ બનેલા ભૂત-પ્રેત-પિશાચાદિ ગણો જાણે પૃથ્વીના નીચેના ભાગને અને સ્વર્ગાદિના ઉપરના ભાગને બાળતા હોય તેમ લાગે છે. (૧૪) નદીઓમાં ખળભળાટ છે. (૧૫) શોણ વગેરે મહાન નદો પણ ખળભળી ઊઠ્યા લાગે છે. (૧૬) માનસ, બિંદુ, નારયણ આદિ સરોવરો પણ ખળભળાટભર્યાં લાગે છે. (૧૭) સંતોના મનમાં પણ અકળામણ ઊઠતી લાગે છે. (૧૮) આહુતિઓમાં ધૃત હોમાય છે છતાં અગ્નિ ભગવાન પ્રજ્વલિત નથી થતા. આ સર્વ જોતાં કાલ શું કરશે તે જ સમજાતું નથી. (શ્લોક ૧૨ થી ૧૮) (૧૯) વાછરડાં ગાયોને ધાવતાં નથી. (૨૦) વાછરડાં ધાવવા આવે તો ગાયો ધવરાવતી નથી, દૂધ ખેંચી લે છે, કાં તો લાતો મારે છે. (૨૧) આંસુના રેલા નીતારતી ગાયો રુદન કરતી જોવા મળે છે. (૨૨) વ્રજમાં અને નેસડામાં ગાયોની સમીપે રહેલા છતાં સાંઢો જરા પણ આનંદમાં નથી લાગતા. (૨૩) દેવોની પ્રતિમાનાં નેત્રોમાંથી અશ્રુના રેલાઓ નીતરતા દેખાય છે. (૨૪) ભગવદ્‌વિગ્રહો પણ પરસેવાવાળાં લાગે છે. (૨૫) પ્રતિમાઓ એક સ્થળમાંથી બીજા સ્થળમાં આપોઆપ ચાલી જાય છે, અથવા ચલિત થઈ જાય છે. (૨૬) મોટા મોટા દેશો, (૨૭) નાનાં નાનાં ગામડાંઓ, (૨૮) નગરો અને ઉપનગરો, (૨૯) નાનાં-મોટાં ઉદ્યાનો, (૩૦) સુવર્ણ-રત્નાદિ ખાણો ખાલી થઈ ગઈ છે. (૩૧) આશ્રમો નિસ્તેજ બન્યા છે, (૩૨) સંતો નિરાનંદ ભાસી રહ્યા છે. આ સર્વ અપશુકનો ક્યા અમંગલને સૂચવતાં હશે એ કહેવું કઠિન છે. ભાઈ ભીમસેન ! આવા ખતરનાક મોટા ઉત્પાતો નિહાળતાં મને એમ લાગે છે, અરે મારું એવું માનવું છે કે આજપર્યન્ત કોઈને જે શ્રી અને સૌભાગ્ય નથી મળ્યાં તેવાં સૌભાગ્ય અને શ્રી, ધ્વજ-વજ્ર-અંકુશ-કમલ વગેરે ષોડશ ચિહ્નવાળ શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરણકમલોના કોમલ સ્પર્શથી કેવલ પૃથ્વીદેવી જ પામ્યાં હતાં તેથી જ પૃથ્વી દેવી સર્વવિધ મંગલોનું મંદિર બન્યાં હતાં. આજે જોવા મળતા ઉત્પાતોથી એમ લાગે છે કે શ્રી અને સૌભાગ્યનાં કારણ એવા પ્રભુના ચરણકમલોના સ્પર્શથી રહિત તો પૃથ્વી દેવી નહીં બન્યાં હોય ? (૨૧)

ઉત્કટ અપશુકનો અવિલંબે અનિષ્ટ ફળ આપે

સૂત મહર્ષિજીએ કહ્યું કે હે શ્રી શૌનકાદિ મહાભાગો ! ભક્તિથી શુદ્ધ થયેલ અન્તઃકરણવાળા મહારાજ યુધષ્ઠિરજી જ્ઞાનદૃષ્ટિથી નિહાળેલા ઉપરોક્ત ઉત્પાતોનું નિરૂપણ કરી રહ્યા હતા ત્યાં તો યાદવપુરી દ્વારિકાથી કપિધ્વજ શ્રી અર્જુનજી વાયુવેગે આવી પહોંચ્યા. (૨૨) પ્રવાસથી આવી વારંવાર ચરણો ચૂમતા અર્જુનજી આજ કોઈ વિષમ દશામાં હતા, એકાએક ચરણમાં પડતું મૂકતાં, અત્યંત આતુર, પગમાં જ મુખ નાખી દીધેલા જરા પણ ઊંચું ના જોઈ શકતા મહાપ્રયત્ને ખાળી રાખેલો અશ્રુધોધ નયનકમલોમાંથી વહી રહેલા કે વહાવી રહેલા શરીરે અને સુકાઈ ગયેલા મુખે નિસ્તેજ બનેલ ભાઈ અર્જુનને નિહાળી ભાગી ગયેલા હૃદયવાળા અને ભારે ઉદ્વેગવાળ જ્યેષ્ઠ ભ્રાતા શ્રી ધર્મરાજજી, મહર્ષિ નારદજીએ ઉપદેશમાં કહેલાં વાક્યોનું સ્મરણ કરતા, પોતાનાં કુટુંબીજનોની મધ્યમાં ભાઈ અર્જુનને પૂછવા લાગ્યા. (૨૩, ૨૪)

વિશિષ્ટ વેદના વિવેકીને પણ વિવેક વિસરાવે

મુખાકૃતિ નિસ્તેજ જોતાં ધર્મરાજે ભાઈ અર્જુનને તેનાં કારણોની ચર્ચા એકાન્તમાં કરવી જોઈતી હતી. પરંતુ પોતે પણ અર્જુનજીની અસહ્ય વેદના નિહાળી નિસ્તેજ બની ગયા અને સર્વના સાંભળતાં પૂછવા લગ્યા. કે ભાઈ અર્જુન ! શ્રી દ્વારિકાપુરીમાં એક સંપથી વસતા મધુ, ભોજ, દશાર્હમાં શ્રેષ્ઠ એવા દાશાર્હ સાત્વત (કુકુર) અન્ધક અને વૃષ્ણિ કુળનાં આપણાં કુટુંબીઓ, સંબંધીજનો સુખપૂર્વક રહેતાં કુશળ છે ને ? (૨૫) આપણા નાના એટલે માતામહ શ્રી શૂરસસેનદાદા તો ખૂબ જ વૃદ્ધ છે તેઓ કુશળ છે ? અને ભાઈ આપણા મામાશ્રી પૂજ્યશ્રી આનકદુંદુભિ વસુદેવજી પોતાના લઘુબંધુઓ સાથે કુશળ છે ને ? (૨૬) શ્રી વસુદેવજીની પત્ની દેવકીજી વગેરે સાત બહેનો જે આપણાં મામીઓ થાય છે તે સર્વ પણ, પોતાનાં પુત્ર - પુત્રીઓ, પુત્રવધૂઓ અને પરિવાર સાથે કુશળ છે ને ? (૨૭) ભાઈ અર્જુન ! રાજા ઉગ્રસેન આહુક કુશલ છે ને ? જોકે “આહુક” ઉગ્રસેન રાજાના પિતાનું નામ છે, તે આહુક તો સદ્‌ગત થયેલા છે, પરંતુ રાજા ઉગ્રસેનને આહુકના નામથી સર્વ બોલવે છે. આ ઉગ્રસેનના પુત્ર કંસ હરિશરણ થયા છે તેથી પુત્રના મૃત્યુના દુઃખથી અત્યંત દુઃખી થયેલા ઉગ્રસસેનના દુઃખની નિવૃત્તિ થાય માટે તેમને રાજ્યાધિકાર આપ્યો છે માટે પ્રશ્ન પૂછતી વખતે “રાજા” એવું માન ઉગ્રસેનને વિશે પણ આપ્યું છે તે ઉગ્રસેનદાદા પોતાના ભાઈઓ સાથે કુશલ છે ? પોતાનાં સંતાનો સાથે હૃદીક નામના યાદવ, શ્રી અક્રૂરજી વગેરે કુશળ છે ? જયંત, ગદ, સારણ અને શત્રુજિત વગેરે યાદવો પણ કુશળ છે ? ને ભાઈ અર્જુન ! યાદવોના સ્વામી ભગવાન બલભદ્રજી પણ સુખપૂર્વક દ્વારિકામાં બિરાજે છે ને ? (૨૮, ૨૯) ભાઈ અર્જુન ! સર્વ વૃષ્ણિઓમાં એટલે યાદવોમાં મહારથી તરીકે બિરાજતા પ્રદ્યુમ્નકુમાર કુશલ છે ને ? તેમ જ ગંભીર વેગવાળા ભગવાન શ્રી અનિરુદ્ધજી સુખપૂર્વક વસે છે ને ? બલભદ્રજી, પ્રદ્યુમ્નજી અને અનિરુદ્ધજી તો સર્વ યાદવોના સુખના દાતાર છે. (૩૦) આ ઉપરાંત સુષેણજી, ચારુદેષ્ણજી, જામ્બવતીકુમાર સ્રી સામ્બજી તેમ જ અન્ય ઋષભ વગેરે ભગવાન શ્રીકૃષ્ણના પુત્રો પોતાના પુત્રો સાથે કુશળ છે ને ? (૩૧) શૌરિ ભગવાન શ્રીકૃષ્ણના અનન્ય ભાવવાળા અનુચરો, શ્રીકૃષ્ણના પુત્રો, પોતાના પુત્રો, કુશળ છે ને ? વળી સુનન્દ, નન્દ વગેરે જેમાં અગ્રેસર છે એવા અન્ય શ્રેષ્ઠ યાદવો કુશળ છે ને ? (૩૨) ભગવાન શ્રીકૃષ્ણ અને શ્રી બલભદ્ર પ્રભુના સુદૃઢ ભુજબલથી સુરક્ષિત સર્વ યાદવજનો કે સર્વજનો સર્વ પ્રકારે સુખી છે ને ? આપણી સાથે સુદૃઢ સ્નેહ ધરાવતા આપણા સુહૃદજનો આપણા કુશળનું સ્મરણ કરે છે ને ? આપણને યાદ કરે છે ? (૩૩)

પાંચ શ્લોકથી પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણની પ્રકારાન્તરે કુશળ પૃચ્છા

બ્રાહ્મણોની રક્ષા કરનારા બ્રહ્મણ્યદેવ, ભક્તવત્સલ, ભગવાન ગોવિંદ શ્રીકૃષ્ણ, પોતાના સુહૃદ વર્ગ અને સ્નેહીજનોથી વીંટળાયેલા દ્વારિકાપુરીમાં સુધર્મા નામની સભામાં બિરાજે છે કે સર્વ કલ્યાણ કાર્ય માટે અન્યત્ર પધાર્યા છે ? (૩૪) લોકોના મંગલ માટે, ક્ષેમકલ્યાણ માટે અને સર્વના ભલા માટે કે ઉત્પત્તિ માટે અનન્તના સખા આદ્ય પુરુષ ભગવાન યદુકુલરૂપ મહા સમુદ્રમાં બિરાજ્યા છે. (૩૫) જે ભગવાન શ્રીકૃષ્ણના ભુજદંડના બલથી નિરંતર સુરક્ષિત એવી નિજપુરી દ્વારિકામાં સંપૂર્ણ પ્રકારે સન્માન પામેલા સર્વ યાદવો મહાન પરાક્રમી હોય તેમ પરમાનંદની પ્રાપ્તિપૂર્વક આનંદમાં રહ્યા છે. (૩૬) શ્રી સત્યભામા વગેરે ભગવાનની પટ્ટરાણીઓ અને સોળ હજાર રાણીઓ શ્રીકૃષ્ણ ભગવાનના ચરણસરોજની સેવાને જ સર્વશ્રેષ્ઠ કર્મ માનીને સેવામાં જ તરબોળ રહીને વસ્યાં છે, તે સર્વ ભગવાનની પત્નીઓ પરમ ભાગ્યશાળી છે કે સંગ્રામમાં સર્વ દેવતાઓને પરાજિત કરી લાવેલા તેમ જ વજ્રના આયુધને ધારણ કરવાના ગર્વને સેવતા ઈન્દ્રની પત્ની ઈન્દ્રાણીને ભોગવવા લાયક ગણાતા પારિજાતાદિક દિવ્ય વૈભવોને ભોગવી રહ્યાં છે. (૩૭)

શ્રી કૃષ્ણાશ્રયનું સૌભાગ્ય

यद्‌बाहुदण्डाभ्युदयानुजीविनो यदुप्रवीरा ह्यकुतोभया मुहुः । अधिक्रमन्त्यङ्घ्रिभिराहृतां बलात्सभां सुधर्मां सुरसत्तमोचिताम् ॥

ધર્મરાજ કહેવા લાગ્યા કે ભાઈ અર્જુન ! યાદવોએ કરેલા શ્રીકૃષ્ણાશ્રયના સૌભાગ્યનો મહિમા શી રીતે ગાઈ શકાય ! જેઓ ભગવાન શ્રીકૃષ્ણના ભુજદંડના આશ્રયથી વિવિધ અભ્યુદયને પામતા અને જીવી રહેલા યદુવર્યો નિર્ભય બની દિવ્ય ભોગો ભોગવી રહ્યા છે. આજે દ્વારિકામાં "સુધર્મા" નામની સભા બિરાજે છે. આ સભાની એવી પ્રતિષ્ઠા છે, એવી મર્યાદા છે કે જેમાં સો અશ્વમેધ યજ્ઞો કર્યા હોય તેવા ઈન્દ્રાદિક દેવો જ તે સભામાં જઈ શકે અને બેસી શકે. તેમાં એવી મર્યાદા છે કે સ્નાન કર્યા બાદ જ સુધર્મા સભામાં દેવો જઈ શકે અને એક જ વાર બેસી શકે. પુનઃ સભામાં પ્રવેશવું હોય તો પુનઃસ્નાન કરવું પડે. તેમ જ સભામાં બેસતાં પગનો સ્પર્શ ના થાય એ રીતે દેવોને બેસવું પડે છે. આવી દિવ્ય સુધર્મા સભાને પુરુષાતનથી પુરુષોત્તમ શ્રીકૃષ્ણ દ્વારિકામાં લઈ આવ્યા છે. એટલું જ નહીં પણ દેવદુર્લભ આ સભામાં કેવલ કૃષ્ણાશ્રયના જ બળથી યાદવો વારંવાર તેમાં પ્રવેશી રહ્યા છે અને પાદસ્પર્શથી ભોગવી રહ્યા છે. (૩૮)

જયેષ્ઠ ભ્રાતાનું પિતૃતુલ્ય વાત્સલ્ય

હે વહાલા ભાઈ અર્જુન ! હે તાત ! હે વત્સ, હે બેટા ! ભાઈ કહે ને તારું આરોગ્ય સારુ છે ને ? શરીર સારું છે ને ? ભાઈ ! મને આજે તું નિસ્તેજ કેમ લાગે છે ? સાત સાત માસથી અધિક દ્વારિકામાં વસવા મન માન્યું માન ના મળ્યું અથવા તારો અનાદર તો કોઈએ નથી કર્યો ?

મુખ નિસ્તેજ થવાનાં નિમિત્તો

(૧) અનારોગ્ય એ પ્રથમ કારણ છે, (૨) યોગ્યતાનુસાર સન્માનની અપ્રાપ્તિ, (૩) અપમાન કે તિરસ્કાર, (૪) શ્વસુરાલયમાં અધિક વાસ, આ ચાર કારણો દર્શાવ્યા બાદ બીજાં કારણોની ચર્ચા કરે છે. (૩૯) ઉપરનાં ૪ કારણો વર્ણવ્યા બાદ આગળ કહે છે કે, (૫) ભાઈ અર્જુન કોઈએ તને સ્નેહરહિત કઠોર વચનો દ્વારા મર્મ પ્રહાર તો નથી કર્યો ને ? (૬) કોઈએ ગાળો દઈ પરાજ્ય તો નથી કર્યો ને ? (૭) આંગણે આવેલ યાચકને "આપીશ" એવી આશા આપીને પછી તેનો આશાભંગ તો નથી કર્યો ને ? (૮) અથવા ભાઈ શરણાગતનું રક્ષણ કરવાને સમર્થ એવા તારે હાથે (૯) શરણાગત બ્રાહ્મણનો, (૧૦) શરણે મૂકેલા બાળકનો, (૧૧) કસાઈ વગેરેથી બચવા આવેલી શરણાગત ગાયનો, (૧૨) આશ્રયે આવેલ વૃદ્ધજનનો, (૧૩) આશ્રયે લીધેલ રોગીજનનો, (૧૪) શરણાગત સ્ત્રીનો, (૧૫) અથવા પારધિ વગેરેથી બચવા શરણે આવેલા કોઈ પણ હરણ વગેરે પ્રાણીનો ત્યાગ તો નથી થયો ને ? (૪૧) અથવા ભાઈ, (૧૬) વીર પુરુષ થઈને કોઈ અગમ્ય સ્ત્રી પ્રત્યે ગમન તો નથી કર્યું ને ? (૧૭) અથવા સમીપમાં આવેલ ઋતુપ્રાપ્ત પત્નીનો અનાદર કરીને પુનઃ કામવશ બની પછી ગમન તો નથી કર્યું ને ? (૧૮) પોતાનાથી ઊતરતા સાધરણ અથવા તો પોતાની તુલનામાં ના આવે એવા તુચ્છજન દ્વારા માર્ગમાં પરાજ્ય તો નથી થયો ને ? (૪૨) (૧૯) સારી રીતે જેમને પ્રથમ ભોજન કરાવવું જોઈએ તેવા વૃદ્ધજનોને અને બાળકોને પડતાં મૂકીને પ્રથમ ભોજન તો નથી કરી લીધું ને ? (૨૦) લોકમાં નિંદા થાય કે પાછળ પણ ના વેઠી શકાય એવું જાણેઅજાણે પણ કાંઈ નિંદિત કાર્ય તો નથી થઈ ગયું ને ? (૪૩) અથવા તો ભાઈ અર્જુન ! મને તારા જેવા શીલ, શૌર્ય, ધર્મસમ્પન્ન, વીર, વિવેકી અને વૈષ્ણવ ભાઈ માટે ઉપર દર્શાવેલાં કોઈ પણ કારણો સંભવે નહીં. પરંતુ એક જ મુખ્ય કારણ મને લાગે છે કે, અત્યન્ત પ્રિયતમ, સાક્ષાત્ પોતાના જ હૃદય સ્વરૂપ, અથવા હૃદયમાં જ નિત્ય બિરાજતા અને આત્મીય ભાવથી નિત્ય બંધુ થયેલા ભગવાન શ્રીકૃષ્ણને મૂકીને દ્વારિકાથી અહીં હસ્તિનાપુર આવેલ હોઈ ભગવાનનો જે અપ્રિય વિયોગ થયેલ છે તેથી જ ભાઈ આ સર્વ જગત અકારું - અપ્યારું બન્યું લાગે છે. એ વિના બીજું કાંઈ પણ કારણ સંભવે નહીં, આ શ્રીકૃષ્ણના વિયોગના રોગ વિના બીજો કોઈ રોગ સંભવે નહીં એમ હું અવશ્ય માનું છું. (૪૪)

कच्चित्प्रेष्ठतमेनाथ हृदयेनात्मबन्धुना । शून्योऽसि रहितोनित्यं मन्यसे तेऽन्यथा न रुक् ॥

શ્રીમદ્ ભાગવત પીયૂષ પ્રથમ સ્કંધ અધિકારલીલાના ઉત્તમાધિકાર પ્રકરણમાંનો ધર્મરાજ યુધિષ્ઠિરજીએ જોયેલા અપશુકનોનું કથન અને શ્રી અર્જુનજીના મુખ ઉપરના નિસ્તેજપણાનાં કારણોની જિજ્ઞાસાનું નિરુપણ કરતો ચૌદમો અધ્યાય સમાપ્ત થયો.

અધ્યાય-૧૫ મો

["દ્રૌપદીજી અને સર્વ ભાઈઓ સાથે મહારાજ યુધિષ્ઠિર ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ-મુક્તિ પામ્યા છે" એ પ્રસંગનું આ "ત્રણ પુરુષોની" મુક્તિ નામના પ્રકરણમાં વર્ણન કરવામાં આવ્યું છે. ઉપરાંત ભગદાશ્રયનો મહિમા પણ આ અધ્યાયમાં ગાયો છે. ભગવદ્દુપકારોનું અને ભગવદનુગ્રહનું નિરૂપણ કરી રહેલા શ્રી અર્જુનજીની વાણીમાં "પ્રેમ, ઉપકાર અને જ્ઞાનનું માધુર્ય છલોછલ છલકાઈ રહ્યું છે." આ છલકાતા રસનું પાન કરતા ધર્મરાજના હૃદયમાં પણ તે રસ ઊભરાવા લાગ્યો છે. આ સર્વ વર્ણન આ અધ્યાયમાં આવશે. આ અધ્યાયમાં કુલ ૫૧ શ્લોકો છે.]

सूत उवाचः : **एवं कृष्णसखः कृष्णो भ्रात्रा राज्ञाऽऽविकल्पितः । नानाशंकास्पदं रूपं कृष्णविश्लेषकर्शितः ॥ १ ॥**
शोकेन शुष्यद्वदनहृत्सरोजो हतप्रभः । विभुं तमेवानुध्यायन्नाशक्नोत्प्रतिभाषितुम् ॥ २ ॥

સૂત મહર્ષિએ કહ્યું કે હે મુનિવરો ! (ભગવાન શ્રીકૃષ્ણ શ્રી અર્જુનજી દ્વારા હસ્તિનાપુર પધાર્યા છે, માટે વ્યાસ મહર્ષિએ આ શ્લોકમાં અર્જુનજીને કૃષ્ણઃ પદથી વર્ણવ્યા છે. આગળના અધ્યાયમાં શ્રી નારદજીએ ધર્મરાજ યુધિષ્ઠિરજીને એમ કહેલું કે ભૂતલ ઉપર ભગવાન શ્રીકૃષ્ણ જ્યાં સુધી બિરાજે છે ત્યાં સુધી હે ધર્મરાજ ! આપ રાહ જુઓ, ત્યાર બાદ મહાપ્રસ્થાન માટે પ્રવૃત્ત થજો, એ કથન ઘટતું નથી કારણ કે શ્રી નરાદજી જ્યારે આ વાર્તાલાપ કરી રહ્યા છે ત્યારે તો શ્રીકૃષ્ણ ભગવાને આસુર વ્યામોહ લીલા કરી છે. આમ છતાં ભગવાન ભૂતલ ઉપર બિરાજે છે એવું નારદજીએ એવા આશયથી કહેલું કે ભગવાન શ્રીકૃષ્ણ મહાપ્રસ્થાન પછી પણ અર્જુનજીના સ્વરૂપે હસ્તિનાપુરમાં આવવાના છે માટે કહેલું કે જ્યાં સુધી ભગવાન ભૂતલ ઉપર બિરાજે ત્યાં સુધી આપ ભૂતલ ઉપર રહો.) મોટાભાઈ ધર્મરાજ યુધિષ્ઠિર રાજાએ ભગવાન શ્રીકૃષ્ણના મિત્ર એટલે અર્જુનને નિસ્તેજ મુખવાળા જોઈ વિવિધ પ્રકારની શંકાઓના કારણરૂપ વિવિધ પ્રશ્નો પૂછ્યા ત્યારે ભગવાન શ્રીકૃષ્ણના વિયોગથી શરીરે દૂબળા બની ગયેલા અને ભગવાનના વિયોગના શોકથી સર્વથા સુકાઈ ગયેલા મુખવાળા, તેમ જ સુકાયેલા હૃદયકમલવાળા, સર્વથા નિસ્તેજ બનેલા અર્જુનજીને ભગવાન શ્રીકૃષ્ણનું અત્યંત સ્મરણ થઈ આવ્યું, હૃદય ભરાઈ આવ્યું, દુઃખ ઊભરાવા લાગ્યું, સર્વસમર્થ ભગવાનનું જ ધ્યાન કરવા લાગ્યા અને ધર્મરાજને ઉત્તરો આપવા માટે શક્તિમાન ના બન્યા. (૧-૨)

શ્રીકૃષ્ણના ઉપકારભારવશ અર્જુનજી

શ્રી અર્જુનજીએ આનંદમય ભગવાન શ્રીકૃષ્ણનું અનુસંધાન કરી શ્રમ કરી શોકનું નિવારણ કર્યું, હૃદયમાં રહેલાં અશ્રુઓને હૃદયમાં જ રોકી રાખ્યાં અને નયનમાંથી નીતરતી અશ્રુધારા બન્ને હાથોથી લૂછી નાખીને, પરોક્ષ રીતે ભગવાન શ્રીકૃષ્ણ હૃદયમાં પ્રવેશેલા હોવાથી સ્નેહ છલકાઈ જવા લાગ્યો. ઉત્કંઠા વધી ગઈ, ઉત્તરો આપવા માટે વિહ્વલતા થવા લાગી. (૩) ભગવાને સારથિ તરીકે, વિષ્ટિકાર તરીકે, સખા તરીકેનાં કરેલાં વિવિધ કાર્યોમાં વસેલ ભગવાનનું સખ્ય, ભગવાનની મૈત્રી અને ભગવાનના સ્નેહનું સંસ્મરણ કરતા શ્રી અર્જુનજી, હૃદયમાં ભરાઈ આવેલાં અશ્રુઓને લીધે ગદ્ગદ્ કંઠવાળી વાણીથી મોટાભાઈ શ્રી ધર્મરાજ યુધિષ્ઠિરને નિવેદન કરવા લાગ્યા. (૪)

સ્નેહાધીન સખા અર્જુનજીને શ્રીકૃષ્ણને સલિલ આપી સંતોષ્યા

સ્નેહ ભારવશ અર્જુનજી બોલ્યા, હે મહારાજ ! હે મોટાભાઈ ! મારું હિત કરનારા બન્ધુરૂપ બનેલા શ્રીહરિ ભગવાનથી હું ઠગાયેલ છું, વંચિત થયેલ છું, વિછુરિત થયેલો છું. દેવોને પણ દિગ્મૂઢ કરી નાખનાર મારું દિવ્ય તેજ પ્રભુના વિયોગે હરાઈ ગયું અથવા વિયોગકાલે ભગવાને જ હરી લીધુ. એક અદ્ભુત આખ્યાયિકા છે : એક વાર એકાન્ત ગોષ્ઠી કરતાં ગોવિન્દે સખા અર્જુનને કહ્યું કે ભાઈ અર્જુન ! યદુકુલનો ઉપસંહાર કર્યા બાદ પ્રભાસપાટણ પાસે મને તૃષાર્ત દશામાં પાણી પાણી એમ પોકાર કરતાં તું જ્યારે નિહાળે, અને પાણીની યાચના કરું ત્યારે ભાઈ અર્જુન તારે જલ પાવું નહીં. જો ભાન ભૂલી જલપાન કરાવશો તો ભાઈ સર્વ તેજ જલ પીતાં જ હરી લઈશ. ભગવાનની આ સૂચનાનું અનુસંધાન છતાં શ્રી અર્જુનજીએ તૃષાર્ત પ્રિયતમને હસ્તિનાપુર પ્રસ્થાન કરતાં માર્ગમાં નિહળ્યા. શ્રી અર્જુનજી તો સ્નેહના સાગર સમા હતા. એમણે મનમાં વિચાર્યું કે મારા જીવનસર્વસ્વ શ્રીહરિની તૃષા ટળતી હોય, તૃષા શમતી હોય તો, જલ આપતાં મારાં

તેજ કાલે જતાં હોય તો ભલે ને આજે જાય, પરંતુ સ્નેહસિંધુ પ્રિયબંધુ શ્રીકૃષ્ણની તૃષા તો છીપશે ને ! આવા ઉદાર ભાવે પ્રાણ પ્યારાને જલ પાયાં અને તેજ હણાયાં. મોટાભાઈ ! ભગવાન શ્રીકૃષ્ણ જ મારું સમગ્ર તેજ હતા. તે તેજના ક્ષણમાત્રના વિયોગથી, આ સમગ્ર લોક ખરેખર નજરે નિહાળવો જ ગમતો નથી. ભલેને મંત્રોના સ્મરણ અને બળવાળો મારો આ દેહ હોય પરંતુ પ્રાણ વિનાના મૃતક દેહ જેવો જ હું અસ્પૃશ્ય અને શીઘ્ર દાહ યોગ્ય છું. (૫-૬)

ચૌદ શ્લોકમાં ચૌદ લોકના નાથનો અનુગ્રહ અને અનુરાગનું યશોગાન શ્રીકૃષ્ણના આશ્રયથી કૃષ્ણા-દ્રૌપદી, કૃષ્ણા-અર્જુનને પ્રાપ્ત થયાં :

यत्संश्रयाद् द्रुपदगेहमुपागतानां राज्ञां स्वयंवरमुखे स्मरदुर्मदानाम् ।
तेजो हृतं खलु मयाऽभिहतश्च मत्स्यः सज्जीकृतेन धनुषाऽधिगता च कृष्णा ॥ ७ ॥

શ્રી અર્જુનજી સાતમા શ્લોકથી એકવીસમા શ્લોક પર્યન્ત ૧૪ શ્લોકમાં “ભગવાનના અનન્યાશ્રયનું અને દૃઢાશ્રયનું ફલ વર્ણવતાં સર્વપ્રથમ શ્રી દ્રૌપદીજીના સ્વયંવરનું યશોગાન ગાતાં કહેવા લાગ્યા કે, હે મોટાભાઈ ! ભગવાન શ્રીકૃષ્ણનો જ કેવલ આપણ સર્વને આશ્રય હતો. એ એક જ આશ્રય બલથી દ્રુપદરાજાના દ્વારે યોજેલા કૃષ્ણા-દ્રૌપદીજીના સ્વયંવરમાં આપણે કૃષ્ણાને પામી શક્યા. આ સ્વયંવરમાં આવેલા રાજાઓ કામદેવના મદથી માતેલા હતા. આ સર્વ રાજાઓનું તેજ મત્સ્યવેધ કરી હરી લીધું, દૃષ્ટિથી ના દેખાય તેવી યોજનાવાળા મત્સ્યને નિહાળી વેધ કર્યો, અને અનાવલંબ સ્થાને ઊભા રહી ધનુષ્ય સજ્જ કરવાની રીતનું પણ જ્ઞાનદાન ભગાવને જ કર્યું અને સર્વ કાર્ય કરવા યોગ્ય તેજ પણ ભગવાને મારામાં મૂક્યું. આ સર્વ શ્રીકૃષ્ણાશ્રયનું જ ફળ છે. (૭) હે આર્ય ! ભગવાનના સાન્નિધ્યથી જ હું ગાંડીવ ધનુષ્ય પામ્યો, વળી એ જ ગાંડીવ ધનુષ્યના આધારે દેવતાઓના સમૂહ સાથે સંગ્રામે આવેલા રાજા ઈન્દ્રનો પરાજય કર્યો, અને ઈન્દ્રનું તેજ લઈ લીધું. આ સાથે અગ્નિદેવને દેવોના દિવ્ય ખાંડવ વનનું દાન કર્યું. અગ્નિદાહમાંથી મયદાનવની રક્ષા કરી, તેમ જ રક્ષિત મયદાનવ દ્વારા અનેકવિધ આશ્ચર્યોથી ચક્તિ કરતી સર્વોત્તમ કલાનૈપુણ્યથી ભરેલી “સભા” સમ્પાદન કરી. અધિક શું કહું મોટાભાઈ ! કેવલ શ્રીકૃષ્ણના સાન્નિધ્ય માત્રથી આપના રાજસૂય યજ્ઞમાં દશે દિશાઓમાંથી નૃપતિઓ આપને વિપુલ પ્રમાણમાં ભેટ આપી ગયા. આ સર્વ કાંઈ શ્રીકૃષ્ણ પ્રભુના સાન્નિધ્યનું જ ફળ અને બળ હતું. (૮) મહારાજ ! આપના નાનેરા ભાઈ અને મારા મોટેરા ભાઈ શ્રી ભીમસેન દશ હજાર હાથીનું બળ અને વીર્ય ધરાવતા હતા. તેઓ રાજસૂય યજ્ઞ સમયે ભગવાન શ્રીકૃષ્ણ અને મારી સાથે માગધ જરાસંધવને જીતવા ગયા. પોતાના બળથી દિવસો સુધી જરાસંધ સાથે દ્વન્દ્વ યુદ્ધ ચાલ્યું પણ વિજયનું નામ-નિશાન જોવા ના મળ્યું. પુનઃ દૈન્યભાવે જ્યારે શ્રીકૃષ્ણ ભગવાનને શરણે આવ્યા ત્યારે ભગવાને પોતાનું તેજ ભીમસેન ભૈયામાં સ્થાપ્યું ત્યારે વીસ હજાર આઠસો રાજાઓનાં માથા ઉપર પગ મૂકનારિ એટલે જીતનાર જરાસંધને પળવારમાં એક દાતણની ચીરીની માફક ચીરી નાખ્યો. આ જરાસંઘે પ્રમથનાથ એટલે મહાભૈરવને બલિદાન આપવા માટે સમગ્ર રાજાઓને બંદીવાન બનાવ્યા હતા, તેઓને મુક્ત કરાવ્યા. મુક્ત થયેલા આ સમગ્ર રાજાઓ આપના રાજસૂય યજ્ઞમાં પધાર્યા અને અઢળક નજરાણાં આપને ચરણે ધર્યાં. આ સર્વ કાંઈ શ્રીકૃષ્ણના આશ્રય અને સાન્નિધ્યથી જ થયું. (૯)

શ્રીકૃષ્ણા ઉપર શ્રીકૃષ્ણાનુકમ્પા

पत्न्यास्तवाधिमखकॢप्तमहाभिषेक श्लाधिष्ठचारुकबरं कितवैः सभायाम् ।
स्पृष्टं विकीर्य पदयोः पतिताश्रुमुख्याः यस्तत् स्त्रियोऽकृतहतेशविमुक्तकेशाः ॥ १० ॥

હે આર્ય બંધુ ! આપના રાજસૂય યજ્ઞ અવસરે સ્વસ્તિપુણ્યાહવાચન વિધિ પૂર્ણ થતાં अथाभिषेकः अभिषेके पत्नी वामतः” યજમાન દમ્પતી ઉપર મહાભિષેક વિધિનો પ્રસંગ આવ્યો અથવા અવભૃથ સ્નાન પ્રસંગે મહાભિષેક પ્રસ્તાવ આરંભાયો. આ અવસરે દ્રૌપદીજીની દેહલતા ઉપર પથરાયેલા દિવ્ય કેશને નિહાળી સભાસદોના મુખમાં કેશનાં ભૂરિભૂરિ વખાણ થયાં હતાં. આવા સુંદર સૌભાગ્યવર્ધક ઉત્તમ કેશોનું ખલ એવા દુઃશાસન આદિ દુષ્ટજનોએ દ્રૌપદીને હોડમાં મૂક્યાં ન હતાં તો પણ “દ્યૂતમાં દ્રૌપદીને હોડમાં મૂકેલ છે માટે અમે લઈ જઈશું” એવા અસત્યનું અવલંબન કરી, વળી ધર્મરાજ

હાર્યા ન હતા તો પણ હાર્યા છે એવા બીજા પણ અસત્યનો આશ્રય લઈને દ્રૌપદીજીના કેશનો સ્પર્શ કરી ખેંચવા લાગ્યા. આ આપત્તિના અવસરે ''हा नाथ द्वारिकावासिन्'' હા નાથ ! હે અનાથની ઓથ ! દ્વારિકાવાસી હે પ્રભો ! હું તો આપને શરણે છું. આપ જ મારી ઓથ છો અને આપ જ મારા નાથ છો એવી હૃદયમાં ઊભરાતી ભક્તિથી અને અશ્રુથી છલકાતી આંખલડીથી ભગવાનની સ્તુતિ કરી ત્યારે દયાનિધિ દ્વારિકાધીશ ત્યાં પધાર્યા, કેવલ ભક્તહૃદયા દેવી દ્રૌપદીજીને જ દર્શન દીધાં, દેવી દ્રૌપદીજીએ અશ્રુના ધોધથી નાથનાં ચરણકમળ પખાળ્યાં. પ્રભુનાં નયનોમાં નીર ઊભરાણાં અને સ્વયં શ્રીહરિ દ્રૌપદીજીના શ્રીઅંગનાં આવરણ વસ્ત્રો બન્યા. દ્રૌપદીજીએ પોતાના કેશને પવિત્ર કરવા કેશવ ભગવાનની ચરણરજમાં રગદોળી પાવન કર્યા અને પોતાના સૌભાગ્યની રક્ષા કરી. આ પ્રસંગે પ્રભુએ કરેલી પ્રતિજ્ઞા પ્રમાણે દ્રૌપદીના કેશનો જેમણે સ્પર્શ કર્યો હતો અને જેઓ મૂક સંમતિ આપી કેવલ પ્રેક્ષક બની રહ્યા હતા તેઓનો રણસંગ્રામમાં નાશ કરી તેમની પત્નીઓને કેશ-સૌભાગ્યશૂન્ય બનાવી કુકર્મનું ફલ આપ્યું. (૧૦)

यो नो जुगोप वनमेत्य दुरन्तकृच्छ्राद् दुर्वाससोऽरिविहितादयुताग्रभुग् यः ।
शाकान्नशिष्टमुपभुज्य यतस्त्रिलोकीं तृप्ताममंस्त सलिले विनिमग्नसङ्घः ॥ ११ ॥

શ્રી અર્જુનજીએ કહ્યું કે હે મોટાભાઈ ! મહર્ષિ દુર્વાસાજીએ ષડ્ માસ પર્યન્ત ઉપોષણ-ઉપવાસનું વ્રત આચર્યું. પુનઃ વ્રતાંતે પારણાં કરવાનો અવસર આવ્યો ત્યારે દૈત્યોએ વિનવ્યું કે આપ શ્રી દુર્યોધન રાજાને ત્યાં પારણાં કરવા પધારો. શ્રી દુર્વાસાજીએ દૈત્યોને તેમ કરવાનું વચન આપ્યું અને રાજા દુર્યોધનને ત્યાં દશહજાર શિષ્યો સાથે વ્રતાંત પારણાં કરવા પધાર્યા. રાજા દુર્યોધને અત્યંત આદરથી અને અનેકવિધ વૈભવોથી મહર્ષિનું શિષ્યો સાથે સ્વાગત કરી ભોજન કરાવ્યું. સરલ હૃદયના મુનિ દુર્વાસા પ્રસન્ન થયા અને રાજા દુર્યોધનને કહ્યું કે ''वरं ब्रूहि રાજન્, વરદાન યાચો.'' આ અવસરે દુર્યોધન રાજાને દુર્મતિ પેદા થઈ. તેણે મહામના શ્રી દુર્વાસા મુનિને વિનવ્યું કે, મહારાજ આપે મારે આંગણે જેવી રીતે દશ હજાર શિષ્યો સાથે પધારવાની અને ભોજન લેવાની કૃપા કરી તેવી જ અનુકમ્પા મારા પૂજ્ય મોટાભાઈ ધર્મરાજને આંગણે દશ હજાર શિષ્યો સાથે પધારવાની અને ભિક્ષા આરોગવાની કૃપા કરવી ! સહૃદયી દુર્વાસા મુનિ દુષ્ટ મતિ દુર્યોધનનો પ્રપંચ પામી ગયા. વળી દુર્યોધને એમ પણ કહ્યું કે દ્રૌપદીદેવી ભોજન કરી લે પછી આપે પધારવું, અન્યથા દ્રૌપદીજીને કષ્ટ થશે. કારણ કે આપ સર્વ ભોજન કરી લો અને દેવી માટે ના બચે તો તે ભૂખ્યાં રહે તેથી તેમને દુઃખ થાય. દુર્યોધનની આવી કુટિલ નીતિથી દુર્વાસા વ્યથિત થયા. પરંતુ વચનબદ્ધ મુનિએ યોગબળથી જાણ્યું કે દ્રૌપદીદેવી આંગણે આવતા અતિથિ મુનિ ઋષિવરોની રાત્રીના એક પ્રહર પર્યન્ત પ્રતીક્ષા કરતાં અને સર્વનું સ્વાગત કરી પછી પ્રસાદ લેતાં. ભગવાન શ્રીકૃષ્ણની પ્રેરણાથી સૂર્ય ભગવાનની ઉપાસના કરી ત્યારે ભગવાન સૂર્યે અક્ષયપાત્ર આપ્યું અને સાથે સૂચના આપી કે શ્રી દ્રૌપદી જ્યાં સુધી ભોજન નહીં કરે ત્યાં સુધી અન્ન ખૂટશે નહીં. દુર્યોધને માગેલા વરદાન પ્રમાણે પરવશ મુનિવર દ્રૌપદીજીના જમ્યા બાદ શિષ્યો સહિત અતિથિ થયા. દ્રૌપદીજી અકળાઈ ઊઠ્યાં કે હવે આંગણે પધારેલા મુનિવરોને કેમ કરી જમાડીશ ? કોઈ રસ્તો ના સૂઝ્યો ત્યારે દ્રૌપદીજીએ અંતે શ્રી કૃષ્ણને આર્તનાદે પોકાર્યા ત્યાં પ્રભુ અવિલંબે પધાર્યા. વનમાં પધારેલા શ્રીકૃષ્ણ પાંડવોની પૂર્ણકુટીઓમાં પ્રવેશે તે પૂર્વમાં જ બહારથી મુનિવરોને કહ્યું કે ''ભોજન તૈયાર છે, આપ સ્નાન કરી પાછા પધારો અને પ્રસાદ સ્વીકારો.'' ભગવાનનાં વચનો પ્રમાણે મુનિ મહારાજ સ્નાનસંધ્યાદિ માટે યમુનાતટે પધાર્યા. પુનઃ ભગવાને પર્ણશાળામાં પ્રવેશ કરીને કહ્યું કે, બહેની દ્રૌપદી મને ખૂબ ક્ષુધા લાગી છે તો ભોજન આપી દે. દ્રૌપદીજી બોલ્યાં, હે પરુષોત્તમ ! જેમ દુકાળમાં અધિકમાસ-પુરુષોત્તમ માસ આવે તેમ એક તો આંગણે દશ હજાર શિષ્યો સહિત મુનિ દુર્વાસા ભિક્ષા લેવા પધાર્યા છે તે જાણે અધૂરું હોય તેમ આપ પણ ભૂખ્યા થઈ પધાર્યા છો. નાથ ! આ તે આપની કેવી લીલા ! ભગવાને કહ્યું, સર્વ વાત પછી. પ્રથમ ભોજન કરાવી દે એમ કહી પાકાલયમાં પ્રવેશીને અન્નસ્થાલીમાં અવશિષ્ટ રહેલો એક ગ્રાસ અને અલ્પ શાક આરોગ્યાં. આ અન્નનો ગ્રાસ અને શાક નિત્યનિયમ પ્રમાણે સર્વને ભોજન આપતાં પહેલાં દ્રૌપદીદેવી ભગવાન શ્રીકૃષ્ણ માટે કાઢી રાખતાં હતાં તે

અથવા તો સર્વને જમાડ્યા પછી અક્ષયપાત્રમાં અવશિષ્ટ રહ્યું હતું તે આરોગતાં અને મુખમાં પધરાવતાં. મુકુન્દ બોલ્યા કે “अनेन त्रैलेक्यं तृप्यताम्’ મારા મુખમાં મુકેલા આ ભોજનના કોળિમાંથી ત્રણ લોક તૃપ્ત થશે અને થયું પણ તેમ જ. મુનિ દુર્વાસા અને દશ હજાર શિષ્યો જલમાં સંધ્યોપાસના કરતા હતા ત્યાં જ તેઓ તૃપ્ત થઈ ગયા. તેઓના મનમાં થયું કે પાંડવોનાં પકવાન્ન બગડશે અને પાંડવો નારાજ થશે એમ માની મનથી આશીર્વાદ આપી વિદાય થયા. (૧૧)

પાશુપતાસ્ત્રની પ્રાપ્તિ

હે મોટાભાઈ, પ્રસન્ન થતાં વરદાન આપનારા અને નારાજ થતાં વિનાશ કરનારા ભગવાન શૂલપાણિ, અર્જુનજીની શક્તિનું માપ કાઢવા શ્રી ગિરિજા પાર્વતીજીની સાથે કિરાતરાજ અને કિરાતરાજ્ઞીના સ્વરૂપે આવ્યા અને પ્રથમ શસ્ત્ર પછી અસ્ત્ર, મુષ્ટિ અને બાહુયુદ્ધ કરવા લાગ્યા. બાહુયુદ્ધમાં ભગવાન શંકર પૃથ્વી ઉપર પડ્યા અને અર્જુન ભગવાન શંકરના ઉપર પડ્યા ત્યારે અર્જુનજીની પીઠ ઉપર ચિહ્ન જોઈ ઉમા અને ઉમાપતિએ હાસ્ય કીધાં તેથી ભયભીત થયેલા અર્જુનજીએ સ્તુતિ કરી શિવને આરાધ્યા. ત્યારે મહાદેવજી પ્રસન્ન થયા. અને પોતાનું પાશુપત અસ્ત્ર અર્જુનજીના ઉપર અનુગ્રહ કરીને આપ્યું. આ ઉપરાંત હું મારા આ જ શરીરથી ઈન્દ્રભવને ગયો, ત્યાંના ઈન્દ્રાસનનો અડધાથી પણ અધિક ભાગ આ દેહથી જ ભોગવવા મળ્યો. આ રીતે શિવજીની પ્રસન્નતા, પાશુપતાસ્ત્રની પ્રાપ્તિ, અને અર્ધ ઈન્દ્રાસને આરોહણ આ ત્રણ વસ્તુઓ કેવલ ભગવાન શ્રીકૃષ્ણના તેજથી પ્રાપ્ત થયાં. (૧૨)

મોટાભાઈ ! ત્યાં ઈન્દ્રપુરીમાં હું વિહાર કરતો હતો ત્યારે ચાર ભુજાવાળા અને અધિક ભુજાવાળા ઈન્દ્ર સહિત સર્વ દેવોએ, નિરંતર ગાંડીવ ધનુષ્યને ચઢાવવા, ચલાવવાના કારણે હાથોમાં ગાંડીવનાં ચિહ્નો થઈ ચૂકેલાં એવા અને ભગવાન શ્રીકૃષ્ણના પ્રભાવવાળા, એવા બે હાથવાળા મારો દૈત્યોના વધ માટે દેવોએ આશ્રય લીધો હતો. હે આજમીઢ, જેમ અજમીઢ, રાજા પોતાના ત્રણ પૂર્વજો સાથે મુક્ત થયા હતા, તેમ આપની પણ ત્રણ પુરુષો સાથે મુક્તિ થવાની જ છે. માટે હે આજમીઢ યુધિષ્ઠિર મહારાજ ! આવા દિવ્ય તેજના દાતા ભગવાનથી હું વંચિત થયો છું. (૧૩) હે મોટાભાઈ ! ભગવાન શ્રીકૃષ્ણ સમ્પત્તિ અને વિપત્તિના સદા સંરક્ષક, સહાયક અને સાથીદાર સ્વકીય બંધુ હતા. તે ભગવાન શ્રીકૃષ્ણના જ કેવલ સથવારાથી, કદી ના તરી શકાય અને પાર ના કરી શકાય એવા કુરુઓના અપાર સૈન્યસાગરને સરલતાથી પાર કરી ગયો. આ સાગર પણ કર્ણાદિ મહાન મગરોથી ભયાનક હતો. સાગરમાં ક્ષણે ક્ષણે જેમ જલ આવ્યા જ કરે તેમ કુરુ સેનામાં ક્ષણે ક્ષણે સૈન્યનો ઉમેરો થયા જ કરતો હતો. આમ છતાં કેવલ શ્રીકૃષ્ણાશ્રયથી એકલો એક રથથી પાર કરી ગયો. શત્રુઓનું ધન, શત્રુઓનાં મસ્તકો, મસ્તકોના મુકુટોના મણિઓ; તેમ જ તેઓના મણિમય તેજનું સ્થાન પણ સંમોહન અસ્ત્રના પ્રભાવથી હરી લીધું. (૧૪)

હે આર્યવર્ય ! ભગવાન શ્રીકૃષ્ણ કુરુક્ષેત્રમાંના રણસંગ્રામમાં સારથિ તરીકેના બહાનાથી મારી રક્ષા માટે આગળ રહ્યા, તેમ જ યુદ્ધમાં પણ સંરક્ષક તરીકે અગ્રેસર રહ્યા હતા. ભગવાનના આ પ્રકારના અનુગ્રહથી, જે કૌરવોની સેના ભીષ્મ-કર્ણ-ગુરુદ્રોણાચાર્ય અને શલ્ય નામના સમર્થ ચાર સેનાપતિઓથી સુરક્ષિત હતી, તેમ જ તે ચાર સેનાપતિઓ તેજસ્વી, વીર રાજકુમારોના મંડલથી સંરક્ષિત અને સુશોભિત હતા, તેથી સેના અને સેનાપતિઓ સર્વથા અજેય હતા તો પણ, ભગવાને મારા અગ્રસર રહીને રથ, રથીઓ અને મહારથીઓનાં આયુષ્ય, મનોબળ, ઈન્દ્રિયશક્તિ તેમ જ વિવેક, ધૈર્ય વગેરે સામર્થ્યો સાથે સર્વ હરી લીધું, મોટાભાઈ ! હું તો તેમાં કેવલ નિમિત્ત માત્ર જ હતો. (૧૫) મોટાભાઈ ! ભગવાન શ્રીકૃષ્ણના હસ્તોની ઓથ અને આશ્રયની નીચે સર્વથા હું સચવાયેલો હતો તેથી જ, મને મારી નાખવા માટે મારા ઉપર એકીસાથે ઝીંકેલાં, ભીષ્મપિતામહ, કર્ણ, દ્રોણાચાર્ય, ત્રિગર્ત સુશર્મા, શલ એટલે શલ્ય, સૈન્ધવ એટલે તો જયદ્રથ, અને બાલ્હિક વગેરે મહારથીઓનાં કદી નિષ્ફળ નહિ ગયેલાં પ્રતાપશાલી એવાં સમગ્ર અસ્ત્રો નિષ્ફળ નીવડ્યાં. પરંતુ અસુરોએ નૃહરિદાસ એટલે ભક્ત હરિદાસ શ્રી પ્રહ્લાદજીના ઉપર છોડેલાં ત્રિશૂલાદિ શસ્ત્રો, અસ્ત્રો અને વિષભક્ષણ, અગ્નિદહન આદિ પ્રયોગો જેમ પ્રહ્લાદજીને મારી તો ના શક્યા પરંતુ સ્પર્શી જ ના શક્યા તેવી જ રીતે ભીષ્માદિનાં અસ્ત્રો મને પણ સ્પર્શી ના શક્યાં. (૧૬)

પોતાના અવિવેકનો અને અપરાધોનો અર્જુનજીએ કરેલો એકરાર

હે આર્યવર્ય ! મારી કુમતિની ગાથાની તો સીમા ન હતી. જે જીવ ભગવાનને શરણે જાય છે તેને ભગવાન એટલા બધા સરલ છે અને સ્નેહસભર છે કે પ્રભુ તે જીવને પોતાનો આત્મા સમર્પી દે છે. આવા શરણાગત વત્સલ ભગવાનને મેં મારી મોટાઈ દેખાડવા માટે "સારથિ તરીકે"ના તુચ્છ કામમાં પરોવ્યા. મારી કેવી ક્ષુલ્લક બુદ્ધિ અને મારો કેવો અસહ્ય અપરાધ ? આવા અપરાધના ફલ સ્વરૂપે તો મારું સર્વસ્વ નષ્ટ થવું જોઈએ તેના બદલે દયાનિધિ દેવાધિદેવે મારા ઉપર અપાર કૃપા કરીને, જ્યારે રણસંગ્રામમાં યુદ્ધ કરતાં મારા અશ્વો પરિશ્રાન્ત થયા ત્યારે તેમને આર્દ્રપૃષ્ઠ કરવા રથથી છોડીને હું રથ વિનાનો ભૂમિ ઉપર ઊભો રહ્યો હતો. આ અવસરે ભગવાનના પ્રભાવથી અને ઈચ્છાથી અંજાઈ ગયેલા મારા વિપક્ષી શત્રુઓ રથમાં હતા, અસ્ત્રશસ્ત્રથી સજ્જ હતા અને મને શત્રુને મારી નાખવાની કદી ના મળે તેવી તક મળી હતી તો પણ તેઓને મારવાની વૃત્તિ સરખી પણ જો પેદા ન થવા દીધી હોય તો એ કેવલ ભગવાનના જ પ્રભાવનું પરિણામ છે. (૧૭)

સ્નેહભર્યાં સ્વજનનાં સંબોધનો વિરહમાં વધુ યાદ આવે

મોટાભાઈ, ભગવાન તો દયાળુ છે, એમની વાત શું કહું ? ભગવાન મને વારંવાર સંબોધન કરતા. જ્યારે હું ભગવાનની આજ્ઞાને ના સ્વીકારું ત્યારે મને પાર્થ ! સંબંધોન કરી સૂચવતા કે પરમ ભક્તહદયા શ્રી પૃથાફોઈના કૂખદીપક પુત્ર ! તને મારી વાત ગળે નથી ઊતરતી ? આમ કહી સ્નેહથી વશ કરતા. કો'ક વાર સ્તબ્ધ બની ઊભો રહું, આજ્ઞાનું પાલન ના કરું કે ઉત્તર ના આપું ત્યારે વૃક્ષ જેવો જડ શું બની જાય છે ? સચેતન રહે એમ સૂચવવા અર્જુન શબ્દનું સંબોધન કરતા, કોઈ વાર ભગવાનને ઠગવા પ્રયત્ન કરતો ત્યારે મને સખે હે સખા ! એમ કહી સૂચવતા કે સખા બની ભલા ભાઈ ઠગાઈ કરે છે ? વળી મને ચતુરાઈનાં દાન દેવા 'કુરુનંદન" એવું સંબોધન કરતા. પ્રભુએ આવાં નર્મ-વિનોદમાં કહેલાં ઉદારતા, ચિત્તાકર્ષક, હદયંગમ, સ્મિતહાસ્ય ભરેલાં મર્મસ્પર્શી સંબોધનો જે હદયમાં કોતરાઈ ગયાં છે, માધવનાં તે મધુરાં વચનોનું સ્મરણ મારા હૃદયને હે મોટાભાઈ, હચમચાવી નાખે છે. (૧૮)

અર્જુનજીનો વિવેકજન્ય પરિતાપ

અર્જુનજીએ કહ્યું કે હે મોટાભાઈ ! ભગવાન શ્રીકૃષ્ણે ઉદારભાવે મારી સાથે ઐક્ય- ભાવ દાખવ્યો. મેં પ્રભુની તે ઉદારતાનો દુરપયોગ કર્યો અને ભગવાનને હું કટાક્ષમાં કહેતો હે वयस्य હે સખા, હે મિત્ર ! મિત્ર તરીકે તેમ જ વયથી છો તો મારા સરખા છતાં મારાથી મોટાઈ શેના રાખો છો ? વળી ઘણી વાર नरो वा कुञ्जरो वा વગેરે પ્રતારણ કાર્યો કરો છો, કરાવો છો પછી ऋतवान् સત્યશીલ શાના છો ? આવાં કટાક્ષ વાક્યો મેં કહ્યાં. આ ઉપરાંત શયન, આસન, ભોજન વગેરેમાં ભગવાન સાથે સમાનતાથી વ્યવહાર કર્યો પરંતુ ભગવાન માટેનું જે ગૌરવ અને પૂજ્યત્વ સાચવવાં જોઈએ તે ના સાચવ્યાં, ભગવાનની સાથેની વાતોમાં પણ મેં "विकत्थन" મારી બડાઈ જ હાંક્યા કરી. આમ છતાં હે મોટાભાઈ ! કેટલાક મારા સહ્ય લાગે તેવા દોષોને સખા તરીકે માફ કર્યા અને કેટલાક અસહ્ય દોષોને પિતા પુત્રવાત્સલ્યથી વેઠે તેવી રીતે વેઠી લીધા, તો કોઈ વાર એમ પણ વિચાર્યું કે कुमतेः અર્જુનમાં કુમતિ છે તેથી તેનો શો દોષ ? કુમતિ તો આવું જ વર્તે અને આવું જ બોલે એવા દયાભાવથી સર્વ સહન કર્યું. (૧૯)

હે નરનાથ ! હે અંગ ! નિરંતર ભગવદાશ્રયથી જ જીવનાર હું મિત્ર, પ્રિય અને સુહૃદ એવા પુરુષોત્તમ પ્રભુથી વિયુક્ત થયો છું સાચું પૂછો તો હૃદયથી શૂન્ય બન્યો છું. ભગવાનનાં પત્નીવૃન્દને લઈને તેમનું રક્ષણ કરતો આવતો હું ખલ એવા ગોવાળોને હાથે એક સામાન્ય અબળાની માફક હારી ગયો - પરાજિત થયો. (૨૦)

ભગવાન અન્તર્હિત થયા એટલે સર્વ અસત્ થયું

तद्वै धनुस्त इषवः स रथो हयास्ते सोऽहं रथी नृपतयो यत आनमन्ति ।
सर्व क्षणेन तदभूदसदीशरिक्तं भस्मन् हुतं कुहकराद्धमिवोप्तमूष्याम् ॥२१॥

હે ધર્મરાજ ! આથી આપને અધિક શું કહું ! એક વાર ઈન્દ્રાદિ દેવો જેના આશ્રયે વિજયી થતા આ એ જ ગાંડીવ ધનુષ્ય છે. યુદ્ધમાં ભીષ્મપિતામહ જાણી શક્યા હતા આ કાંઈ શિખંડીનાં બાણ ના હોય, આ તો મારી વજ છાતીને વીંધી નાંખનારાં શિખંડીની આડમાં છૂટેલાં અર્જુનનાં જ બાણો છે. આજે ગોપો સાથેના સંગ્રામમાં તે જ બાણો હતાં. શરણાગતોની કુમકે જે રથમાં બેસીને દોડી જતો અને રથનો ધ્વનિ સાંભળતાં જ આપન્ન જીવો આનંદમાં આવી જતા તે જ અભેદ્ય એવો "નંદીઘોષ" નામનો રથ છે, રોકાણ વિના સર્વત્ર પહોંચી જતા અને વિજયી તે જ આ જ શ્વેત અશ્વો છે, અને ભીષ્મ જેવા વીરવરોનો વધ કરનાર હું એ જ અર્જુન છું કે જેના ચરણને આવીને વીર નૃપતિઓ નમન કરતા, અરે ચરણ ચુંબન કરતા તે જ હું અર્જુન, ભગવાન શ્રીકૃષ્ણનો વિયોગ થતાં, જેમ ભસ્મમાં કરેલો હોમ, કપટી નરેશની કરેલી સેવા, તેમ જ ઊખર ભૂમિમાં વાવેલાં બીજ વ્યર્થ જાય તે જ પ્રમાણે સર્વ સાધનસમ્પન્ન એવો પણ હું માત્ર ભગવાનના અભાવે નિરર્થક થયો અને સાધનો નિષ્ફળ ગયાં. હે મોટાભાઈ ! ધનુષ્ય વગેરે સાધનોમાં અને મારામાં ભગવાન બિરાજતા હતા તેથી જ સર્વ કાર્યની સિદ્ધિ થતી હતી તેવું જ્ઞાન જ્યારે આજે હું હાર્યો ત્યારે થયું અને મારું અભિમાન ગળી ગયું. (૨૧)

યાદવકુલનિકંદન

રાજન્ ! આપે મને આપ્તજનોના કુશળ પૂછ્યા તેના ઉત્તરમાં એટલું જ કહેવાનું રહ્યું કે આપણા સગા-સ્નેહીજનોની દ્વારિકા નગરીમાં રહેલા સર્વ સંબંધી જનો, ઋષિઓના શાપથી અત્યંત મૂઢ બન્યા. તેમાં પણ તાડનાં ઝાડોમાંથી પેદા કરેલી વારુણી મદિરાનાં પાન કરવાથી મદોન્મત્ત ચિત્ત થઈ ગયા તેથી એકબીજાને ઓળખતા જ ન હતા તેવા સર્વ યાદવો પરસ્પર મુષ્ટિપ્રહારથી યુદ્ધ કરતાં કરતાં હરિશરણ થયા. માત્ર તેમનામાં રહેલાં પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, કાલ, દિશા, આત્મા અને મન આ નવ દ્રવ્યોમાંથી પૃથ્વી, જલ, તેજ અને વાયુનાં પરમાણુઓ બાકી રહ્યાં છે અને આકાશ, કાલ, દિશા, આત્મા, અને મન એ પાંચ તત્ત્વો જ એમનાં રહ્યાં છે. આ અભિપ્રાયથી કહ્યું કે चतुःपञ्चा वशेसिताः ચાર અને પાંચ બાકી રહ્યાં છે. (૨૩, ૨૪) મોટાભાઈ ! પ્રાણીમાંત્ર જો એકબીજાને ઉત્પન્ન કરતાં હોય કે એકબીજાને મારતાં હોય તો તે કાર્ય ભલે તેમણે કર્યું લાગે, પરંતુ મોટે ભાગે એ સર્વ ભગવાનનું જ ચેષ્ટિત છે. સાગર, સરિતાના સલિલમાં વસતાં જલચર મત્સ્ય વગેરે પ્રાણીઓમાં જેમ મોટાં બલવાન મત્સ્યો નાનાં નાનાં નિર્બળ મત્સ્યોનો આહાર કરી જાય છે અને મોટા મત્સ્યો પરસ્પરને પરસ્પર મારે છે તેવી જ રીતે કાલસ્વરૂપ વિભુ ભગવાને જ બલવાન મોટા શક્તિશાળી યાદવો દ્વારા નાના અને નિર્બળ યાદવોનો સંહાર કરાવીને બલિષ્ઠોનો પરસ્પર સંગ્રામ કરાવીને પૃથ્વીનો ભાર ઉતાર્યો છે, એમાં કોઈ પણ કારણ નથી આ સર્વ ભગવાનની સંહારલીલા જ છે. (૨૫, ૨૬) દેશ અને કાલના અર્થોને અનુસરતાં તેમ જ હૃદયના તાપ અને સંતાપને શાંત કરનારાં ભગવાનનાં વચનામૃતોનું સ્મરણ કરું છું. તેથી કૃપાસિંધુ ભગવાનનાં આ વચનો મારા ચિત્તને હરી લે છે. (૨૭)

ભગવાન શ્રીકૃષ્ણના સ્મરણથી ચિત્તની શાંતિ થઈ અને અર્જુનજી અર્જુન એટલે શ્વેત-સ્વચ્છ બન્યા

મહર્ષિ સૂતજીએ કહ્યું કે હે શ્રી શૌનકાદિ મહર્ષિઓ ! જિતેન્દ્રિય શ્રી અર્જુનજી, ભગવાનના ચરણકમળનું અત્યંત દૃઢ સ્નેહથી અને સૌહાર્દથી ચિન્તન કરી રહ્યા હતા તેથી સત્ત્વગુણનો ઉદય થયો, તમોગુણ અને રજોગુણના દોષો દૂર થયા અને બુદ્ધિ નિર્મલ અને શાંત થઈ. (૨૮) ભગવાન વાસુદેવના સતત ધ્યાનથી પુષ્કળ વેગીલી બનેલી ભક્તિ મહારાણીના અનુગ્રહથી કષાયો એટલે મન, ઈન્દ્રિયાદિના સમસ્ત દોષો ધોવાઈ જતાં સર્વથા શુદ્ધ બનેલા શ્રી અર્જુનજીને મહાભારતના સમરાંગણના આરંભમાં ભગવાન શ્રીકૃષ્ણે ભગવદ્ગીતાજીના જે દિવ્ય જ્ઞાનનું દાન કર્યું હતું તે જ્ઞાન લાંબો સમય થઈ જવાથી, કાલકર્મના ધર્મોથી તેમ જ તમોગુણથી ઢંકાઈ ગયેલું તે પાછું પ્રભુકૃપાથી પુનઃ પ્રાપ્ત થયું. (૨૯, ૩૦) શ્રી અર્જુનજીને "ब्रह्मविद् ब्रह्मैव भवति" ब्रह्मને જાણનાર "ब्रह्म" બને છે એવા શ્રુતિવચનાનુસાર બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થતાં જ શોકમુક્ત થયા. હું, આ અને મારું એવા દ્વૈતપણાના એટલે ભેદભાવના સંશયો ચાલ્યા ગયા. પ્રકૃતિ-એટલે

માયા સર્વની દૂર થઈ ગઈ, નિર્ગુણ અવસ્થા પ્રાપ્ત થઈ; તેથી લિંગ શરીર-વાસનાદેહનો નાશ થયો. હવે અર્જુનજીને પુનઃ સંશયો ઉત્પન્ન થવાની સંભાવના જ ના રહી અને પોતાના નામના અર્થ પ્રમાણે શ્રી અર્જુનજી, "અર્જુન" થયા એટલે વિશુદ્ધ આત્મસ્વરૂપ બન્યા. (૩૧)

ભક્તિમયી કુન્તીમાતા શ્રીકૃષ્ણનાં સાયુજ્ય પામ્યાં

पृथाप्यनुश्रुत्य धनञ्जयोदितं नाशं यदूनां भगवद्गतिञ्च ताम् । एकान्तभक्त्या भगवत्यधोक्षजे निवेशितात्मोपरशम संसृतेः ॥ (३३)

શ્રી કુન્તીમાતાજીએ શ્રી અર્જુનજીના મુખેથી યાદવોના વિનાશની વાર્તા સાંભળી, તેમ જ ભગવાને નિજ ગોલોકમાં પધારવાની લીલા કરી એ પ્રસંગનું શ્રવણ કર્યું તેથી ભગવાનનો વિરહ થતાં તે જ ક્ષણે ભગવાન શ્રીકૃષ્ણનું ઉત્કૃષ્ટ ધ્યાન ધર્યું. માતા કુન્તીજીના આવા ઉત્કૃષ્ટ પ્રેમથી ભગવાન શ્રીકૃષ્ણ ત્યાં જ પ્રક્ટ થયા અને શ્રી કુન્તીમાતા ભગવાન શ્રીકૃષ્ણમાં સાયુજ્ય પામ્યાં એટલે ભગવાનમાં મળી ગયાં. આ પ્રસંગનું સ્મરણ કરતાં આચાર્યચરણ શ્રી નિરોધલક્ષણમાં બોલ્યા કે कुन्तीवद् ईर्दशं भाग्यं कस्य भाग्यवतो भवेत् શ્રી કુન્તી માતાજીના જેવું કોણ ભાગ્યશાળી હશે કે શ્રીકૃષ્ણના વિરહની ગાથા સાંભળતાં જ પ્રાણ ત્યજીને પણ શ્રીકૃષ્ણને પામ્યાં. ભક્ત માત્રનો આવો ઉત્કૃષ્ટ પ્રેમ શ્રીકૃષ્ણમાં હોવો જોઈએ. (૩૩)

કંટકથી કંટક નીકળે

પગમાં વાગેલા કાંટાને કાઢવા માટે હાથમાં કાંટો એટલે સોય લેવી પડે છે, કાંટો કાઢ્યા પછીથી તે સોયને કાંટો કાઢનાર હાથમાંથી ત્યજી દે છે ત્યારે તેને કાંઈ દુઃખ થતું નથી તેવી જ રીતે ભગવાને જાણ્યું કે યાદવો પૃથ્વી ઉપર ભારરૂપ છે ત્યારે અજ એટલે अजन्मा ભગવાને જે યાદવવિગ્રહથી પૃથ્વીના ભારરૂપ યાદવોરૂપ શરીરોને પૃથ્વી ઉપરથી દૂર કર્યા એટલે પોતાના યાદવરૂપ શરીરને પણ ત્યજી દીધું કારણ કે ભગવાન તો જગતના નિયામક છે એટલે ભગવાનને ભારરૂપ યાદવોને પણ દૂર કરવા જોઈએ તેમ જ યાદવોને દૂર કરનારા પોતાના યાદવ શરીરને પણ નિજલોકમાં લઈ જવું જોઈએ. (૩૪) શ્રી વ્યાસ મહર્ષિજી ભગવાનના શ્રી વિગ્રહ ત્યાગની વધુ સ્પષ્ટતાં કરતાં કહેવા લાગ્યા કે કોઈ એક નટ ખેલો ખેલતાં જેમ સ્ત્રી, રાજા, રાણી, વગેરેના વિવિધ વેષો ધારણ કરે છે અને તે ખેલ પૂરો થતાં તે વેષને ત્યજી દે છે તેવા જ ભગવાન પોતે અજ છે અને મત્સ્યાદિ સ્વરૂપોનો સ્વીકાર કરે છે અને અવતારકાર્યો કરે છે. જ્યારે તે તે અવતારોનાં કાર્યો પૂર્ણ થાય છે ત્યારે તે તે સ્વરૂપોનો ત્યાગ કરી દે છે તેવી જ રીતે ભગવાને જે દેહથી પૃથ્વીનો ભાર ઉતાર્યો તે દેહનો-વિગ્રહનો ત્યાગ કર્યો, આ વિષયમાં સમજવાનું એટલું જ છે ભગવાને લીધેલાં આ શરીરોને વપુઃ કહેવાય છે. વ એટલે અમૃત ને પુઃ એટલે પોષનારાં આ અલૌકિક સ્વરૂપો "सत्-चित-आनन्द"મય હોય છે. મનુષ્યના જેવાં લૌકિક એટલે પાંચભૌતિક નથી હોતાં. ભગવાને શરીર-દેહનો ત્યાગ કર્યો નથી પરંતુ દેહ છોડનાર જીવ દેહ છોડે તેવું કેવલ નાટક કર્યું છે. (૩૫)

હરિવિમુખ જનો ઉપર જ કલિનો પ્રભાવ

ભગવાન શ્રીકૃષ્ણ મુકુન્દ છે. પૃથ્વીના જીવોને પોતાના સ્વરૂપ સાન્નિધ્યથી મોક્ષનાં દાન દેવા ભૂતલ ઉપર પધાર્યા હતા તે મુકુન્દ ભગવાન પૃથ્વી ઉપર જ બિરાજ્યા છે. ભગવાન તો નિત્ય અને સર્વત્ર છે તેથી પૃથ્વીને ત્યજીને કેમ જઈ શકે ! પરંતુ સર્વત્ર બિરાજતા ભગવાન અમુક દેશમાં જેમ દર્શન આપતા હતા તેમ દર્શન આપવાનું ભગવાને બંધ કર્યું તેથી ભગવાનના સ્વરૂપનું તિરોધાનપણું કહેવાયું. ભગવાન તો ક્યાંય નથી ગયા, સર્વત્ર બિરાજેલા જ છે. હવે એક પ્રશ્ન થશે કે જો ભગવાને તિરોધાનલીલા કરી તો જીવોનો ઉદ્ધાર કોણ કરશે ? ત્યારે કહ્યું કે ભગવાનની આનંદમયી કથાઓ જીવોનો ઉદ્ધાર કરશે. ભગવાને પ્રાતઃકાલમાં જે દિવસે તિરોધાનલીલા કરી તે જ દિવસે પ્રાતઃકાલમાં કલિધર્મોની પ્રવૃત્તિ શરૂ થઈ હતી. પરંતુ જેઓના હૃદયમાં ભગવાન બિરાજે છે તેમના ઉપર કલિયુગનો પ્રભાવ નથી. કેવલ ભગવત્કથા-સેવા-સ્મરણથી વિમુખ છે તે જીવો ઉપર જ કલિધર્મોની પ્રવૃત્તિ છે. (૩૬) ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન વિનાના દેશમાં

નહિ રહેવાનો નિર્ણય કરનારા વિચક્ષણ અને શાણા ધર્મરાજ યુધિષ્ઠિરજીએ નજરે નિહાળ્યું કે, દેશમાં-નગરોમાં-દેહોમાં અને ગૃહોમાં કલિયુગ પ્રસરી રહ્યો છે. તે એકલો નથી પરંતુ તેના પરિવાર સાથે આવ્યો છે તેથી તેની સ્થાયી નિવાસ કરવાની વૃત્તિ છે. કલિયુગના પરિવારમાં સર્વ દોષોના મૂલરૂપ અન્તઃકરણમાં વસનારા લોભને નીરખ્યો; વાણીના દોષ અનૃત-અસત્યને જોયો; બુદ્ધિમાં વસનારા મતિદોષ જિહ્મ-કુટિલતાને જોઈ; શરીરથી થનારા હિંસા-ત્રાસ નામના "हिंसन" દોષને જોયો, આ ઉપરાંત રોગ, શોક, મોહ વગેરે અધર્મના આખા ચક્રને એટલે પરિવારને જોઈ લીધો અને મહાપ્રયાણનો નિર્ણય કર્યો. (૩૭)

ધર્મરાજ યુધિષ્ઠિરજીનું મહાપ્રસ્થાન

ધર્મરાજ યુધિષ્ઠિર કલિયુગને નિવારવા સમર્થ છતાં, ભગવાનના વિયોગને ના વેઠી શક્યા તેથી કલિયુગના નિવારણનું કાર્ય કરવા સમર્થ પૌત્ર પરીક્ષિતજી ઉપર તે કાર્ય છોડી દઈ ઉત્તમ ગુણોથી પોતાના જેટલા જ સમર્થ, યોગ્ય, વિનયશીલ, પોતાના પૌત્ર પરીક્ષિતજીનો સાગરોની સીમાવાળી, સાગરોના જલરૂપ વસ્ત્રોના આવરણવાળી પૃથ્વી ઉપર હસ્તિનાપુરમાં રાજ્યાભિષેક કર્યો. પૃથ્વીના પતિ તો ભગવાન જ છે પરંતુ પરીક્ષિત રાજાને તો માત્ર રાજ્ય વ્યવસ્થાપક નીમ્યા. (૩૮) પરીક્ષિત રાજાને વ્યવસ્થાપક બનાવ્યા પછીથી માથુર અને શૂરસેન નામનાં પરગણાંના એટલે પ્રદેશોના સંચાલન માટે અનિરુદ્ધજીના પુત્ર "વજ્રનાભજી"નો અભિષેક કર્યો. શ્રી પરીક્ષિત અને વજ્રનાભને રાજ્ય આપ્યા પછી સમર્થ રાજા ધર્મરાજે પ્રજાપતિ સંબંધી શાસ્ત્રોક્ત ઈષ્ટ-યજ્ઞ કરીને પોતાના આત્મામાં અગ્નિનું સ્થાપન કર્યું. (૩૯) પ્રથમ તો ધર્મરાજે રેશમી વસ્ત્રો, રત્નનાં કંકણ વગેરે આભૂષણો આદિ જે કાંઈ રાજાનાં ચિહ્નો હતાં તે સર્વ ત્યાંને ત્યાં જ ત્યજી દીધાં, મેં સર્વનો ત્યાગ કર્યો એવી વૃત્તિનો પણ ત્યાગ કરી, અહંકારથી સર્વથા મુક્ત થઈ જઈને, સર્વ પ્રકારનાં બંધનોને ખૂબ જ વ્યવસ્થિત રીતે છેદી નાખ્યાં. (૪૦)

નવ પ્રકારના અગ્નિમાં નવ આહુતિપ્રદાન

ધર્મરાજ યુધિષ્ઠિરે દેહ અને આત્માના સંબંધવાળી બન્ને પ્રકારની વાણીને મનમાં પરોવી દીધી-હોમી દીધી એટલે લીન કરી દીધી. પુનઃ મનને પ્રાણમાં પરોવ્યું; ત્યાર બાદ પ્રાણને અપાનવાયુમાં હોમી દીધો, ત્યારબાદ ઉત્સર્ગની સાથે અપાનને મૃત્યુમાં હોમ્યો, પુનઃ મૃત્યુને પંચ મહાભૂતરૂપ ભગવાનના સ્વરૂપમાં હોમેલ છે. પુનઃ એ પંચત્વને-એ પંચપણાને ત્રિગુણાત્મક રૂપમાં હોમીને ત્રિગુણાત્મક રૂપને પુરુષમાં હોમેલ છે અને તે પુરુષને અવિનાશી અક્ષરબ્રહ્મમાં હોમેલ છે. (૪૧, ૪૨) રાજા યુધિષ્ઠિરજીએ મૌનપૂર્વક ઉપર કહ્યા પ્રમાણે અક્ષરબ્રહ્મનો ભગવાનમાં લય કર્યાબાદ, વલ્કલ વસ્ત્રો અથવા રસ્તામાં કે દુકાનમાં પડી રહેલાં જીર્ણ વસ્ત્રો ધારણ કર્યાં. ત્યાર પછીથી પ્રાણોને ટકાવનાર આહારનો ત્યાગ કરીને પ્રાણનો દંડ ધારણ કર્યો, મૌન ધારણ કરીને વાણીનો દંડ સ્વીકાર્યો, મસ્તકના કેશ છૂટા મૂકીને દેહનો દંડ ધારણ કર્યો, આ પ્રમાણે ધર્મરાજ યુધિષ્ઠિરજી ત્રિદંડી થઈ વિચરવા લાગ્યા. સર્વત્ર વિચરતા ધર્મરાજે દેહને જડ, ઉન્મત્ત અને પિશાચના જેવો બનાવી દીધો હતો. (૪૩) ધર્મરાજે યોગીની માફક નાસિકાના અગ્રભાગ ઉપર દૃષ્ટિ રાખીને ચાલતા, બીજે ક્યાંય પણ નજર ના નાખતા, કોઈની પણ વાત ન સાંભળતા, બધિરની માફક ઘરમાંથી બહાર ચાલી નીકળ્યા. ધર્મરાજ હૃદયમાં ભગવાન શ્રીકૃષ્ણનું જ ધ્યાન કરતા હતા. પરાપૂર્વથી ત્યાગી-વિરક્ત મહાત્માઓ ઉત્તર દિશામાં જ પ્રસ્થાન કરે છે તે બ્રહ્મજ્ઞાનીઓને વસવા માટેની ઉત્તમ ગણાતી ઉત્તર દિશા તરફ ચાલી નીકળ્યા. આ દિશામાં ગયેલા દિવ્યાત્માઓની પુનરાવૃત્તિ થતી નથી. સંભવ છે કે જ્યાં ગળા સુધી બરફ આવે કે જલ આવે તેવા સ્થાનમાં ચાલી ગયા છે. (૪૪)

ધર્મરાજને પગલે અનુજ ભાઈઓનું પ્રસ્થાન

શ્રી અર્જુનજીએ અને ચારે ભાઈઓએ પણ નિહાળ્યું કે પૃથ્વી ઉપર અધર્મના મિત્ર કલિયુગનો સર્વત્ર પ્રસાર થઈ ગયેલ છે, સમગ્ર પ્રજા તેની જ અસર નીચે આવી ગયેલ છે, માટે આપણે આપણા મોટાભાઈ ધર્મરાજજીએ જે દિવ્ય માર્ગ

અપનાવ્યો છે તે જ માર્ગે પ્રસ્થાન કરીએ એવો નિશ્ચય કરી નીકળી પડ્યા. (૪૫) આ સર્વ ભાઈઓએ સત્પુરુષોના સત્સંગથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ નામના ચતુર્વિધ પુરુષાર્થોને યોગ્ય રીતે સંપાદન કર્યા હતા, તેમ જ પોતાના આત્મા ભગવાનના સ્વરૂપને પણ સારી રીતે જાણી લીધેલ હોવાથી ભક્તિ નામના પંચમ પુરુષાર્થનો આશ્રય કરી એકાગ્ર મનથી ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રના ચરણસરોજનું ધ્યાન કરતાં હૃદયમાં ચરણકમલને ધારણ કરી લીધાં. (૪૬) ભગવાન શ્રીકૃષ્ણના ચરણારવિંદનું ધ્યાન કરવાથી શક્તિનાં પૂર ઊભરાયાં અને સર્વ અંગોમાંથી ભક્તિ છલકાઈ. આ છલકાતી ભક્તિના મહિમાથી અને સામર્થ્યથી અંતરના સર્વ દોષો બહાર નીકળી ગયા. બુદ્ધિ સંપૂર્ણ નિર્મલ થઈ ગઈ. તેમની શુદ્ધ થયેલી મતિને આ સમગ્ર બ્રહ્માંડ જે ભગવાનનું એક "પદ" છે, એક ચરણ છે એવા પૂર્ણ પુરુષોત્તમમાં પૂર્ણ એકાગ્રતા અને દૃઢતાથી પરોવી દીધી. પ્રભુના અનુગ્રહવાળી દૃઢ ભક્તિથી અન્તઃકરણના મલદોષો સંપૂર્ણ ધોવાઈ ગયા. શુદ્ધ હૃદયવાળા પરમભક્ત આ ભાઈઓ આચારરહિત અને વિષયોમાં જ મન વાળા એવા અસત્ પુરુષો ભલે જ્ઞાનવાળા હોય છતાં જે ગતિને કદી પામી શકતા નથી તેવી દિવ્ય ગતિને કેવલ અનન્ય ભક્તિથી પામ્યા. (૪૮, ૪૯)

ભક્તવર શ્રી વિદુરજી વૈવસ્તપુરમાં પધાર્યા

આ સર્વ ભાઈઓના પ્રસ્થાન પછી વિદુરજીએ પ્રભાસપાટણમાં આવીને પોતાનો વર્તમાનનો જે દેહ હતો તે દેહનો વિદુરજીએ ત્યાગ કરી પોતાના મૂલ દેહ "ધર્મરાજા"ના દેહનો સ્વીકાર કર્યો. ભગવાન શ્રીકૃષ્ણની આજ્ઞા હતી કે શ્રી વિદુરજીએ પોતાને સોંપેલા ધર્મરાજાના અધિકારનું વૈવસ્વતપુરમાં વસીને પાલન કરવું. ભક્તરાજ વિદુરજીએ એ માટે મોક્ષનો આગ્રહ ના રાખ્યો અને ધર્મરાજાના શાસનના કાર્યને ભગવાનની સેવા તરીકે સ્વીકાર્યું. શ્રી વિદુરજીને પ્રભાસપાટણમાં પિતૃઓના ગણો લેવા માટે આવ્યા. તેઓની સાથે શ્રી વિદુરજી સ્વક્ષય એટલે પોતાના પુર વૈવસ્વતપુરમાં પધાર્યા અને પોતાનો અધિકાર સંભાળી લીધો. (૪૯)

ભક્તહૃદયા દ્રૌપદી ભગવાનને પામ્યાં

શ્રી દ્રૌપદીજી તો પ્રથમથી જ ભગવદ્ભક્ત છે પરંતુ ભગવાને પાંડવોને આપ્યાં હતાં. શ્રી દ્રૌપદીજીએ જાણ્યું કે હવે પાંડવોને પોતાની આવશ્યકતા નથી રહી એમ જાણી લીધું એટલે શ્રીકૃષ્ણ ભગવાનમાં જ સ્થિર મતિવાળાં શ્રી દ્રૌપદીજી ઈન્દ્રિયોના સમુદાયમાંથી નીકળી શ્રીકૃષ્ણ ભગવાનને પામ્યાં. (૫૦)

ભક્તચરિત શ્રવણની ફલશ્રુતિ

यः श्रद्धयैतद् भगवत्प्रियाणां पाण्डोः सुतानामिति सम्प्रयाणम् । शृणोत्यलं स्वस्त्ययनं पवित्रं लब्ध्वा हरौ भक्तिमुपैति सिद्धिम् ॥ ५१ ॥

વ્યાસ મહર્ષિજી કહી રહ્યા છે કે તેર, ચૌદ અને પંદરમા અધ્યાયોમાં ભગવાનના અત્યંત લાડીલા, શ્રી પાંડુરાજાના સુપુત્રોના કલ્યાણ કરનારા, પૂર્ણ પવિત્ર, ચરિત્રનું અને પૂર્ણ ભક્તિપૂર્વક વિના શ્રમે પ્રભુચરણકમલોમાં કરેલા પ્રસ્થાન ચરિત્રનું શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરનાર ભગવદીયજન શ્રીહરિ ભગવાનનાં ચરણોમાં સુદૃઢ ભક્તિને પામીને ભગવત્પ્રાપ્તિ નામની શ્રેષ્ઠ સિદ્ધિને પામે છે. (૫૧)

શ્રીમદ્ ભાગવત પીયૂષના પ્રથમ સ્કંધના અધિકારલીલાના ઉત્તમાધિકાર પ્રકરણમાંનો ભક્તવર પાંડવોના મહાપ્રસ્થાનનું નિરૂપણ કરતો પંદરમો અધ્યાય સમાપ્ત થયો.

અધ્યાય ૧૬મો

[આ અધ્યાયમાં ૩૬ શ્લોકો છે. આ અધ્યાયથી ત્રણ અધ્યાયોમાં પોતાનો ઉત્કર્ષ, કાલનો ઉત્કર્ષ અને સર્વનો ઉત્કર્ષ એવા ત્રણ પ્રકારના ઉત્કર્ષની કથાનું વર્ણન આવે છે. આ સોળમા અધ્યાયની પૂર્વના ત્રણ અધ્યાયોમાં પરીક્ષિત રાજાના પિતાશ્રી અભિમન્યુજીની, પાંચ પિતામહ શ્રી ધર્મરાજ વગેરે પાંચ પાંડવોની અને પ્રપિતામહ શ્રી ધૃતરાષ્ટ્રની તેમ જ દ્રૌપદીજી, કુન્તીજી, ગાંધારીજી વગેરેની મુક્તિના પ્રસંગો વર્ણવાયા છે. શાસ્ત્રનો ધારો છે કે ભૂતલ ઉપર જન્મ લેનાર પુરુષે પોતાના ત્રણ પુરુષોની મુક્તિ કરવી જોઈએ. એ ત્રણ પુરુષોની મુક્તિ માટે શાસ્ત્રે દર્શાવેલાં, તપ, શ્રાદ્ધ, ભક્તિ વગેરે સાધનો કરવાં જોઈએ. ત્યાર પછી પોતાની મુક્તિનો અધિકાર મળે છે. પરીક્ષિત રાજાને આ પ્રકારનું ઉત્તરદાયિત્વ માથે રહેતું નથી. કારણ કે તેમના ત્રણે પૂર્વજો મુક્ત થયા છે તે વસ્તુની સ્પષ્ટતા ઉપરના ત્રણ અધ્યાયોની કથામાં

કરવામાં આવી છે. હવે પછીના ત્રણ અધ્યાયોમાં રાજા પરીક્ષિતને રાજ્યપ્રાપ્તિ, દિગ્વિજય, પૃથ્વીના ધર્મનો ઉત્કર્ષ અને કલિનિગ્રહ વગેરે પ્રસંગો વર્ણવાશે. આ સોળમા અધ્યાયમાં રાજાને રાજ્યપ્રાપ્તિ થઈ, ત્યારબાદ પરીક્ષિતજીને ત્યાં પુત્રજન્મ, રાજાએ કરેલા રાજસૂય યજ્ઞો, દિગ્વિજય માટે પ્રસ્થાન, આધિદૈવિક સ્વરૂપવાળાં પૃથ્વીદેવી, ધર્મ ભગવાન અને કલિયુગનાં દર્શન અને તેઓના વાર્તાલાપનું શ્રવણ અને કલિયુગનો નિગ્રહ વગેરે પ્રસંગોની કથા વર્ણવાશે.]

બ્રહ્મણ્યદેવ રાજા પરીક્ષિત

सूत उवाच : ततः परीक्षिद् द्विजवर्यशिक्षया महीं महाभागवतः शशास ह । यथा हि सूत्यामभिजातकोविदाः समादिशन् विप्र महद्गुणास्तथा ॥१॥

મહર્ષિ સૂતજીએ કહ્યું કે મુનિવરો, પાંડવો પરીક્ષિત રાજાનો રાજ્યાભિષેક કરી ભગવચ્ચરણકમલમાં પધાર્યા બાદ રાજા પરીક્ષિતજીએ રાજ્યાસન ઉપર આવીને પોતાની સ્વેચ્છાનુસાર રાજ્ય ન ચલાવતાં તે સમયમાં જે વિદ્યમાન મહર્ષિઓ હતા તેમણે ઉપદેશેલા વેદોક્ત-શાસ્ત્રોક્ત ધર્મોને અનુસરીને જ પૃથ્વીની પ્રજાનું પાલન કરવા માંડયું. રાજા પરીક્ષિત કેવલ રાજાના જ ધર્મ અને ગુણોવાળા ન હતા, પરંતુ સર્વોત્તમ વૈષ્ણવ હતા. રાજા પરીક્ષિતજીના જન્મ સમયે જ્યોતિષશાસ્ત્રના સંપૂર્ણ જાણકાર જ્યોતિર્વિદ ઋષિઓએ જે જે ગુણો પરીક્ષિતના વર્ણવ્યા હતા તે તે ગુણો સંપૂર્ણ વ્યક્ત થઈ રહ્યા હતા. આ ગુણો સાથે વિપ્રર્ષિઓમાં ભક્તિ ધરાવતા બ્રહ્મણ્યદેવ પુરુષ પણ હતા. (૧) રાજા પરીક્ષિત રાજા ઉત્તરની પરમ વૈષ્ણવ અને વીર્યવતી ઈરાવતી નામની પુત્રીને પરણ્યા. ભગવત્કૃપાથી ચાર દિશાઓ અને ચાર પુરુષાર્થોની રક્ષા કરવા યોગ્ય ચાર પુત્રોનો રાજાને ત્યાં જન્મ થયો. (૨) મહારાજ પરીક્ષિતે પુષ્કળ દક્ષિણાઓવાળા ત્રણ અશ્વમેધ યજ્ઞો શ્રી ગંગાજીના વિપુલ પુલિનમાં આચર્યા. બાણના ગુચ્છમાં જન્મ પામેલા તેજસ્વી કૃપાચાર્ય મુનિ પરીક્ષિતજીના કુલગુરુ હતા. તેઓને યજ્ઞના આચાર્યપદે સ્થાપી તેઓના અધ્યક્ષપદે યજ્ઞો કર્યા. નૃપતિના આ યજ્ઞોમાં દેવો પ્રત્યક્ષ પધાર્યા હતા. (૩) પરીક્ષિતરાજા દિગ્વિજય કરવા નીકળ્યા હતા ત્યાં માર્ગમાં પાપરૂપ, વળી રાજાના વેષ અને ચિહ્નોને ધારણ કરનાર શૂદ્ર રૂપવાળા આધિદૈવિક કલિયુગને પરીક્ષિત રાજાએ કુરુક્ષેત્રમાં જોયો. આ કલિયુગે ગાય અને બળદને ગાડામાં જોડ્યાં હતાં, તેઓ વૃદ્ધ હતાં, કલિયુગ તેમને વારંવાર પાટુ મારતો હતો અથવા ગાય અને બળદના જોડાને બળાત્કારે ખેંચી જતો હતો અને રસ્તામાં તેમને વારંવાર લાતો મારી ચલાવતો હતો. આવા ખલ કલિનો પરીક્ષિત રાજાએ દિગ્વિજયમાં નિગ્રહ કર્યો. (૪)

સંશયગ્રસ્ત શૌનક મુનિ

શ્રી શૌનક મુનિ કલિયુગને અને ગાય-બળદને પ્રહાર કરતા શૂદ્રને જુદા સમજે છે. ભવિષ્યના લોકોને પણ પોતાના જેવી જ ભ્રાન્તિ થાય નહિ માટે તેનું સમાધાન કરવા મુનિ શૌનક પૂછી રહ્યા છે કે હે સૂત મહર્ષિજી ! પરમ ભાગવત પરીક્ષિત નૃપતિએ દિગ્વિજયમાં પૃથ્વીના રાજાઓને જીતવા જોઈએ. તેમને કાલને વિજય કરવાનું તો કોઈ કારણ ન હતું તો પછી ક્યા કારણથી કલિયુગનો નિગ્રહ કર્યો ? તેમ જ નૃપતિના જેવાં આયુધો અને વેષને ધારણ કરતો, તેમ જ ગાયને પગથી પ્રહાર કરતો તે શૂદ્ર કોણ હતો ? આવા બે પ્રશ્નો પૂછયા. (૫)

આયુષ્ય અમૂલ્ય છે એનો સદ્વ્યય થાય

શ્રી શૌનક મહર્ષિએ આગળ વધતાં કહ્યું કે હે શ્રી સૂતમુનિ ! આપશ્રી તો પરમ ભગવદીય છો. ભગવત્કથામૃતનાં પાન કરાવવા માટે તો આપનું વરણ કરેલ હોઈ આપ ખરેખર મહાભાગ છો. આપને જે પ્રશ્નો પૂછેલા છે તેના ઉત્તરોમાં જો ભગવાન શ્રીકૃષ્ણની કથા ભરેલી હોય તો જ ઉત્તર આપવા કૃપા કરશો અથવા તો ભગવાનના ચરણકમલના મકરન્દનું નિરંતર આસ્વાદન કરનારા મહત્પુરુષોના ચરિતામૃતથી પૂર્ણ કથાપ્રસંગ હોય તો જ આપ આ બે પ્રશ્નોનો પ્રત્યુત્તર આપશો. મહારાજ ભગવત્કથાથી રહિત અથવા તો પરમભગવદીયોના ચરિત્રામૃતથી રહિત એવા અસત્પુરુષોના વ્યર્થ વાર્તાલાપોથી શો લાભ ? માત્ર મનુષ્યના અમૂલ્ય સમયનો દુર્વ્યય જ થવાનો. આચાર્યચરણ આજ્ઞા કરે છે કે "કોટિ કોટિ સોનામહોરો આપતાં પણ "ક્ષણ માત્ર" નું આયુષ્ય મળતું નથી એવા આયુષ્યને એળે ના જવા દેવાય." હે અંગ ! હે

સૂતમુનિ ! તુચ્છ અને અલ્પ આયુષ્યવાળા અને મરણ અનિવાર્ય છે એવા મનુષ્યોના મૃત્યુ નામના કલેશના નિવારણ માટે જ આ હરિકથા એક જ અમૃત છે. (૬) આ એક હજાર વર્ષ પર્યન્ત ચાલનાર કથાસત્રમાં પ્રાણીઓના આયુષ્યની અવધિ પૂરી થાય ત્યારે તેમને લઈ જવાનું જે મૃત્યુ નામનું કર્મ છે તે કર્મનો આદેશ આપનારા મૃત્યુ નામના આધિદૈવિક દેવ જે ભગવાન છે તેઓને આ દીર્ઘસત્રમાં સર્વસમર્થ શ્રેષ્ઠ મહર્ષિઓએ નિમંત્રિત કર્યા છે. તે મૃત્યુ ભગવાન અહીં પધાર્યા છે. તે મૃત્યુ ભગવાન વર્તમાનમાં કથામૃતપાન કરવામાં જ એકતાન થઈ ગયા છે તેથી જ્યાં સુધી આ એક હજાર વર્ષનું સત્ર ચાલશે ત્યાં સુધી કથાસત્રમાં બેઠેલાઓનું આયુષ્ય સમાપ્ત થયું હશે તેઓનું તેમ જ તેમના પરિવારમાં પણ જેમના આયુષ્યની અવધિ પૂર્ણ થયેલ છે તેઓનું મૃત્યુ થશે નહીં. મૃત્યુ ભગવાન કોઈ પણ જીવને મૃત્યુલોકમાં લઈ જવા માટે ન તો "યમભટો"ને આદેશ આપશે કે ન તો પોતે તે કાર્ય પણ કરશે. વેદની આજ્ઞા છે કે એક હજાર વર્ષનું જ્યાં સત્ર કરવામાં આવે છે ત્યાં "અમૃત" પ્રકટ થાય છે. આ અમૃત હરિકથામૃત નામનું વચનામૃત છે. માટે તો લોકો મનુષ્યલોકમાં આ હરિકથામૃતનું પાન કરે છે. હે સૂત મહર્ષિ ! આપ નિર્ભય રહો. આ દીર્ઘસત્રમાં ભગવાન સ્વયં પધાર્યા છે એ જ મોટું આશ્ચર્ય થયું છે. જ્યાં ભગવાન બિરાજ્યા હોય ત્યાં મૃત્યુ કેવી રીતે હોઈ શકે. (૭, ૮) જેઓ મંદમતિવાળા છે તેઓને જ્ઞાન નથી કે હરિકથામૃતનું પાન કરીએ તેવા મંદમતિ અને મંદ આયુષ્યવાળા મંદ આળસુ મનુષ્યોનું આયુષ્ય નિદ્રામાં-ઊંઘવામાં રાત્રી અને વ્યર્થ એવાં પ્રપંચ કાર્યોમાં દિવસ વપરાઈ જાય છે. તેઓ વિવેકશીલ બની નિદ્રા અને પ્રપંચ કાર્યોમાંથી સમય બચાવી લે અને હરિકથામૃતપાન અને હરિચરણસેવા કરી કૃતાર્થ બની જાય. (૯)

શ્રીકૃષ્ણાશ્રયથી અને શ્રીકૃષ્ણકૃપાથી કલિનિગ્રહ

सूत उवाच ः यदा परीक्षित् कुरुजांगलेऽवसत् कलिं प्रविष्टं निजचक्रवर्तिते । निशम्य वार्तामनतिप्रियां ततः–शरासनं संयुगशौण्डिराददे।।१०।।

स्वलंकृतं श्यामतुरंगयोजितं–रथं मृगेन्द्रध्वजमास्थितः पुमान् । वृतो रथाश्वद्विपपत्तियुक्तया–स्वसेनया दिग्विजयाय निर्गतः ।।११।।

સૂત મુનિએ કહ્યું કે "મુનિવરો ! આપનો મનોરથ છે કે શ્રીકૃષ્ણ ભગવાનની કથા કે શ્રીકૃષ્ણ ભગવાનના મહિમાથી ભરેલી પરમ ભાગવતોની કથા સાંભળવી. તો હવે ભગવાન શ્રીકૃષ્ણના આશ્રયવાળી મહાભાગવત પરીક્ષિત રાજાએ કરેલ કલિનિગ્રહની કથા સાંભળો." હે મુનિવરો ! જ્યારે કુરુ અને જાંગલ નામના દેશમાં આવેલા હસ્તિનાપુર નામના રાજધાનીપુરમાં પરીક્ષિત રાજા રાજ્યનું સંચાલન કરતા હતા ત્યારે તેમણે સાંભળ્યું કે પોતાના શાસન ચક્રની અંદર રહેલા પ્રદેશમાં કલિયુગે એટલે કલિયુગના અધર્મોએ પ્રવેશ કર્યો છે, ત્યારે તેઓને આ વાત જરા પણ ના રુચી અને યુદ્ધવીર પરીક્ષિતજીએ સજ્જબાણવાળા ધનુષ્યને હાથમાં ઉઠાવ્યું. (૧૦)

રાજા પરીક્ષિતના શ્યામ અશ્વો અને સિંહનો ધ્વજ

શ્રી અર્જુનજીના રથના અશ્વો દેવોના સંબંધવાળા સાત્ત્વિક હતા તેથી રંગમાં શ્વેત હતા અને અર્જુનજી ભક્ત હતા તેથી કપિધ્વજ હતા. તેઓએ દેવોને જીતવાના હતા તેથી તેમના અશ્વો સત્વગુણી શ્વેત હોવા જોઈએ. પરંતુ પરીક્ષિતને દૈત્યોના ઉપર વિજય મેળવવાનો હોવાથી શ્વેતવર્ણવાળા સાત્ત્વિક અશ્વોનો ઉપયોગ ન થાય તેથી દૈત્યોની સામે વિજયી નીવડનારા "શ્યામ અશ્વો" રથને જોડ્યા. વળી કલિયુગ હાથીનું રૂપ છે તેને સિંહ મારી શકે માટે પોતાના રથને સિંહધ્વજ ચઢાવ્યો, અથવા કલિયુગ હિરણ્યકશિપુ જેવો દૈત્ય છે તેને નૃસિંહ ભગવાન જ મારી શકે, તેથી નૃસિંહ ભગવાનને રથમસ્તકે ધ્વજમાં પધરાવ્યા અને વિના સૈન્યે પણ દિગ્વિજય કરવા સામર્થ્ય ધરાવતા રાજા સંગ્રામના નિયમોને અનુસરીને રથ, ઘોડા, હાથી, પાયદળવાળી ચતુરંગિણી સેનાને લઈ દિગ્વિજય માટે નગરમાંથી નીકળી પડ્યા. (૧૧) જંબુદ્વીપના સમ્રાટ રાજા પરીક્ષિતે પ્રથમ પશ્ચિમે આવેલા "ભદ્રાશ્વ" ખંડમાં, પછી પૂર્વ ભાગે આવેલા "કેતુમાલ" ખંડમાં, ત્યાર પછી દક્ષિણે આવેલ ભરતખંડમાં અને ઉત્તરમાં આવેલા કુરુખંડમાં વિચરણ કરી વિજય મેળવી પુનઃ મધ્યભાગમાં આવેલા કિંપુરુષ, હરિવર્ષ વગેરે પાંચ ખંડો ઉપર વિજય મેળવી નવે નવ ખંડવાળા જમ્બુદ્વીપ ઉપર

દિગ્વિજય કર્યો. (૧૨)

દિગ્વિજયમાં મળેલ દ્રવ્યનો તે તે દેશો અને દિશાઓના વિકાસમાં વિનિયોગ

પરીક્ષિત રાજા જે ખંડોમાં વિજય માટે વિચરે છે ત્યાં સ્થાને સ્થાને નિવાસ કરનારા પ્રજાજનોના મુખેથી પોતાના પિતા અને પિતામહોની ગાથાઓ સાંભળવા મળે છે કે આ રાજા પરીક્ષિતના પૂર્વજો તો મહાન પુરુષો હતા. ઉત્તમશ્લોક ભગવાન શ્રીકૃષ્ણનો એમના ઉપર અપાર અનુગ્રહ હતો. ભગવાન શ્રીકૃષ્ણ સંગ્રામમાં અર્જુનજીના સારથિ બન્યા હતા. અર્જુનજીના રથની વાયુ જેવી વેગીલી ગતિ હતી. (૧૩) આ પરીક્ષિત રાજા માતાની કૂખમાં હતા ત્યારે તેમનો અશ્વત્થામાએ બ્રહ્માસ્ત્રથી દાહ કરેલો, પરંતુ કૃપાસિંધુ શ્રીકૃષ્ણે નવ તનુનાં દાન દીધેલાં અને દશ માસ પર્યન્ત ગદાધારી ગોવિંદે ચતુર્ભુજ સ્વરૂપે રક્ષણ કરેલાં. યાદવો અને પૃથા- માતાના કુમારો પાંડવોની પરસ્પરની પ્રીતિ તો અપાર હતી. ભગવાન કેશવમાં પાંડોવોની પરાભક્તિ હતી. આપણાં પુણ્યભાગ્ય કે આપણે પરીક્ષિત રાજાનાં દર્શન પામ્યા. (૧૪) રાજા પરીક્ષિત જ્યારે દિવ્ય ભક્તિરસથી છલકાતી ભગવાન કૃષ્ણની અને પૂર્વજોની ગાથા સાંભળતા ત્યારે તેમનાં નયન સ્નેહનીરથી ઊભરાતાં અને યશોગાન ગાનારાઓ ઉપર વારી જતા. પરમ ઉદારદિલ પરીક્ષિત તેઓને વસ્ત્રો, આભૂષણ, સુવર્ણમુદ્રાઓ, રત્નમાલાઓ અને હીરાના હારોથી નવાજતાં ધરાતા ન હતા. (૧૫) ભગવાન સારથિ થયેલા, પાંડવોની પરિષદમાં બિરાજેલા, વિષ્ટિકાર થયેલા, અર્જુનના સખા થયેલા, રાત્રીએ જાગરણ કરી વીરાસને બિરાજેલા અર્જુનની રક્ષા કરેલી. પાંડવોની પાછળ વિચરતા, કુન્તીમાતાને ફોઈ માની, ધર્મરાજને વડીલ ભાઈ માની વંદન કરતા, ઉત્તમ પાંડવોને વખાણતા. આવી ન સમજાય તેવી પૂર્ણપુરુષોત્તમની લીલાઓનું શ્રવણ કરતાં વિશ્વ માત્ર જેનાં ચરણકમલોની રજને ચૂમે છે એવા પ્યારા શ્રીકૃષ્ણમાં નૃપતિ પરીક્ષિતની ભક્તિમાં પૂર આવ્યાં. (૧૬) પોતાના વાછરડા વિના વલોપાત કરતી માતા ગાયના જેવી દશા પૃથ્વી માતાની દેખી પોતાના પૂર્વજ પુણ્યશ્લોક પિતૃચરણોનાં પવિત્ર આચરણોનું પાલન કરતા અને તેમના જ પગલે ચાલતા પુણ્યાત્મા પરીક્ષિત રાજાને આશ્ચર્ય ઉપજાવનાર એવું તદ્દન સમીપમાં એક દૃશ્ય દૃષ્ટિગોચર થયું. (૧૭)

દેવી પૃથ્વી અને ધર્મનું મિલન અને પૃથ્વીમાતાને ધર્મે પૂછેલા સોળ પ્રશ્નો

ધર્મ અને પૃથ્વીદેવી બન્ને પરીક્ષિત રાજાને શોધી રહ્યાં હતાં. ચાર ચરણોમાંથી ત્રણ તૂટેલાં છે. કેવલ એક જ ચરણે ધર્મ ચાલી રહેલા છે. ધર્મે નયનોમાંથી ખળખળ વહેતી નીરધારથી ધરણીને ભીંજવતી અને વાછરડા વિના વલોપાત કરતી, છાયા વિનાની નિસ્તેજ માને નિહાળી પૂછવા માંડ્યુ. (૧૮) હે ભદ્રે ! હે કલ્યાણમયી જનની ! હે મા ! શું કોઈ રોગથી પીડાઓ છો ! આપનો આત્મા નિરોગી છે ને ? ૧ મા, મુખ ઉપર કાન્તિ નથી દેખાતી, કાંઈક મુખ મ્લાન લાગે છે; છાયા વિનાનાં તમને નજરે નિહાળી રહ્યો છું. તો શું ઉરમાં ઊંડે ઊંડે કોઈ ઘેરી ચિંતાથી ઘેરાયેલાં છો ? ૩. હે અમ્બ ! હે મા ! કહો ને કોઈ વહાલા સ્વજનના વિયોગની વ્યથા તો નથી ને ! ૪. મા ! હું તમારો પુત્ર છું તો શું દુઃખ છે તે વિના સંકોચે મને કહો ને કે શું થયું છે ? (૧૯) હે જનની ! શું મારા દુઃખથી દુઃખી છો ? કે વહાલા વરાહ ભગવાનના વિરહથી વ્યથિત છો ? ૫. કે પછી ત્રણ ચરણ વિનાના કેવલ એક પગવાળા મારા કષ્ટનું તમને કષ્ટ છે ! ૬. જેઓ વિલાસપરાયણ છે તેવા શૂદ્ર રાજાઓ તમને ભોગવી રહ્યા છે તેનો તમને કલેશ છે. ૭. હે માતા ! દેવલોકોના પવિત્ર યજ્ઞભાગોને દૈત્યો છીનવીને લઈ રહ્યા છે તેની ચિંતા છે ! ૮. યથાવસર યથા આવશ્યક મેઘરાજ વૃષ્ટિ નથી કરતા તેની પીડા છે ? ૯. નરપતિઓ અને ધનપતિઓ દુષ્કાળમાં જનસમાજની રક્ષા નથી કરતા માટે દુઃખી છો. મા ? ૧૦. હે ઉર્વિ ! હે પૃથ્વીમાતા ! ખલજનથી પીડાતી સ્ત્રીઓનું રક્ષણ નથી થતું માટે ચિંતાતુર છો ? ૧૧. નરભક્ષક રાક્ષસોથી પિડાઈ રહેલાં રક્ષા વગરનાં બાળકોની ચિંતાથી તો આપ ચિંતિત નથી ને ? ૧૨. કુત્સિત કર્મ કરનારા કે દુષ્ટ કર્મ કરનાર બ્રાહ્મણોના કુળમાં રહેલી વેદવાણીની ચિંતા કરી રહ્યાં છો ? ૧૩. બ્રાહ્મણોમાં આદર વિનાના અને બ્રાહ્મણો પ્રત્યે અસાધુ વર્તન કરનારાં ખલ નૃપકુળોમાં રહેવાથી પીડાતા બ્રાહ્મણોનો શોક નથી કરતાં ને માતા ? ૧૪. કલિકાલથી ઘેરાયેલા નામ

માત્રના ક્ષત્રિયો અનેક કાલ દોષોથી ભરેલા બન્યા છે તેનો શોક કરો છો ? ૧૫. કે મા ! નામ માત્રના ક્ષત્રિયો છે; પરંતુ પ્રજાનું અલ્પ પણ રક્ષણ કરતા નથી કેવલ શોષણ જ કરે છે તેઓએ વસાવેલા દેશોની ચિંતા કરો ! છો ? ૧૬. કે પછી ભક્ષ્યનો અને પેયાપેયનો વિચાર કર્યા વિના ગમે ત્યાં અને ગમે તેવું વર્જ્ય ભોજન કરવું, નિષિદ્ધ પીણાં પીવાં, નિષિદ્ધ સ્થાનોમાં - દેશોમાં વસવું, સ્નાન કરવું અને કેવલ વિષયવિલાસભર્યું જીવવું. આવું લોકો કલુષિત જીવન જીવી રહ્યા છે તેનું દુઃખ છે ! (૧૯-૨૨)

શ્રી ધર્મ પુનઃ પૂછી રહ્યા છે : મા શ્રીકૃષ્ણ વિયોગનો કલેશ નથી ને ?

यद् वाम्ब ते भूरिभरातारकृतावतारस्य हरेर्धरित्रि । अन्तर्हितस्य स्मरती विसृष्टा–कर्माणि निर्वाणविलम्बितानि ।।२३।।

હે જનની ! હે વસુંધરા ! હે ધરણી મા ! આપના ભારને ઉતારવા શ્રીહરિ ભગવાન ધરા ઉપર પધાર્યા હતા. તે ભગવાન વાસુદેવનું આજ નિજલોકમાં પધારવું થયું. તેમના વિયોગ શોકથી મા ! શું આપ આટલાં સુકાઈ ગયાં તો નથી ? કે મા ! તે પ્યારા નંદદુલારાના વિરહ સ્મરણથી તો આટલાં બધાં લેવાઈ ગયાં તો નથી ને ? અથવા તો હરિલીલા અને હરિકથાનાં કીર્તન પણ કુપાત્રના મુખોમાંથી અને આજીવિકા માત્ર માટે જ કરાતાં હોવાથી શ્રોતૃવૃન્દને મુક્તિ દેવામાં વિલંબ કરી રહ્યાં છે તેથી તો દુબળાં નથી બન્યાં ને ? (૨૩) હે વસુંધરા મા ! આ વર્ણવ્યાં તે કે પછી મારાથી અજાણ્યાં હોય તે કે પછી જે હોય તે આપના ચિંત્તની ચિંતાનાં કારણો મને નહીં કહો ? જુઓને જનની શોકથી આપ કેવાં અને કેટલાં બધાં સોષવાઈ ગયાં છે ? મા ! મને તો એમ લાગે છે. દેવાધિદેવો પણ આપના સૌભાગ્યની સ્તુતિ કરતા અને ભૂમિ ઉપર દેવ દેહ ત્યજી ભજનશીલ મર્ત્ય દેહ લેવા તલસતા, મા ! પ્રભુના પધારી જવાથી પ્રભુના ચરણકમલનાં ચિહ્નો પણ લોપાઈ ગયાં ? શું તે ચરણસ્પર્શનું સૌભાગ્ય ચાલી ગયું તેથી ચિંતિત છો ? બલવાનોમાં પણ અતિશય બલવાન કાલની શું આ સર્વ બોલબાલા છે વારુ ? (૨૪)

પૃથ્વી માતાનો એકરાર

માતા ધરણી બોલ્યાં, બેટા ! હે વત્સ ! હે ધર્મ ! હે દીકરા ! ભાઈ, તું તો ધર્મ છે. સર્વ કારણ જાણું છું, તું કહી રહેલ છે તેમ જ છે. શ્રી વિહારીજીની વિદાયથી, ફાલેલા કલિના પ્રભાવથી જ આ સર્વ અનર્થો થયા છે. દીકરા દ્વાપરમાં તારાં ત્રણ ચરણ હતાં; પરંતુ પ્રભુ ભૂતલ બિરાજતા તેમના બલથી, તેમના આશ્રયથી ચારે ચરણોથી, ચારે ચાર પાદોથી તું સર્વમાં વસતો હતો. તપ, શૌચ, સત્ય, દયા નામના આ ચરણો લોકોને સર્વ સુખનાં દાન દેતા. આજ કલિના આગમનથી તારા તે ત્રણ પાદો તિરોહિત થયા છે તેનું અપાર દુઃખ છે. બેટા ! દ્વાપરના અંતમાં કલિના સંધિકાળમાં પણ તારા ત્રણ પાદો તો નાશ પામેલા, પરંતુ ભગવાન ત્યારે બિરાજતા તેથી તું ચારે પગે ચાલતો, આજ તે બલ દેનારા બલભદ્ર ભૈયા અને કૃષ્ણ પધારી ગયા છે, તેથી ધર્મો તારામાં નથી રહ્યા. બેટા સાંભળ ! ભગવાનમાં જ આ ગુણો હોય છે તે ભગવાનના ચરણસ્પર્શથી તારામાં અને મારામાં આવે છે. આજે તે ક્યાંથી મળે ! હવે વત્સ હું તને ભગવાનના તે નિત્ય ગુણો ગણાવું ! (૨૫)

ભગવાનના નિત્ય ગુણો

ધરણીમા બોલ્યાં, સાંભળો, લાડકવાયા લાડ ! સર્વનું સર્વમંગલ કરનારા આ રહ્યા ભગવદ્ગુણો. એમ કહી મા ધરાદેવી ગુણો ગણાવવા લાગ્યાં. ૧. सत्यम् -યથાર્થ ભાષણ કરવું, ૨. शौचम्-મન-તન-ઈન્દ્રિયોની પવિત્રતા, ૩. दया-પરદુઃખે સદા દાઝવું અને દુઃખ દૂર કરવું, ૪. क्षान्तिः-ક્રોધ આવે ત્યારે પણ મન-વાણી-કાયા ઉપર સંયમ રાખવો, ૫. त्यागः-યાચકને ઉદાર હાથે દાન, ૬. सन्तोषः-ભગવદિચ્છાથી જે મળે તેમાં "પૂર્ણ" છે એવી બુદ્ધિ, ૭. आर्जवम्-સરલતા, ૮. शमः-મનની સ્થિરતા, મનની નિશ્ચલતા, ૯. दमः-કર્મેન્દ્રિય ઉપર સંયમ, ૧૦. तपः-સ્વધર્મને અનુસરી જીવવું એ તપ છે. ૧૧. साम्यम्-શત્રુભાવ કે મિત્રભાવથી પર રહેવું અને સર્વમાં આત્મભાવ કેળવવો, ૧૨ तितिक्षा-સર્વ કોઈના અપરાધને સહન કરવાની શકિત, ૧૩. उपरतिः-કોઈપણ પ્રકારનો લાભ મેળવવાની વૃત્તિથી પર થવું, ૧૪. श्रुतम्-શાસ્ત્રનું ચિંતન કરવું, શાસ્ત્રજ્ઞાન

મેળવવું, ૧૫. ज्ञानम्-આત્માના સ્વરૂપને જાણવું, ૧૬. विरक्तिः-તૃષ્ણાનો ત્યાગ, ૧૭. ऐश्वर्यम्-સર્વને સ્વાધીન રાખવા, ૧૮. शौर्यम्-રણમાં સંગ્રામમાં ઉત્સાહ, ૧૯. तेजः-પ્રભાવશાળી, ૨૦. बलम्-ચતુરતા, ૨૧. स्मृतिः-સ્મરણશક્તિ-યાદશક્તિ, ૨૨ स्वातन्त्र्यम्-પરાધીન ન રહેવું. ૨૩. कौशलम्-કાર્યનિપુણતા, ૨૪. कान्तिः- સૌન્દર્ય સમ્પાદન કરવું અથવા સર્વ અંગોની સુંદરતા, ૨૫. धैर्यम् - ધીરજ ખમવી-વ્યાકુળ ના થવું, ૨૬. मार्दवम्-ચિત્તની કોમલતા-સ્વભાવની મૃદુતા, ૨૭. प्रागल्भ्यम्-પ્રતિભા, ૨૮. प्रश्रयः વિનયશીલતા, ૨૯. शीलम्-ઉત્તમ સ્વભાવ, ૩૦. सहः-મનની શક્તિ, મનોબળ ૩૧. ओजः-પ્રત્યેક ઈન્દ્રિયની શક્તિ, ઓજસ્, ૩૨. बलम्-શારીરિક સામર્થ્ય, ૩૩. भगः-સામર્થ્ય, ભોગનું સ્થાન, ૩૪. गाम्भीर्यम्-ગંભીરતા, કોઈથી ક્ષોભ ના થવો, ૩૫. स्थैर्यम्-સ્થિરતા ચંચલતાથી દૂર રહેવું, ૩૬. आस्तिकयम्-શ્રદ્ધાસમ્પન્ન રહેવું - આસ્તિક બુદ્ધિ, ૩૭. कीर्तिः-યશસ્વી જીવન, ૩૮. मानम्-સર્વનો સદ્ભાવ મળવો, ૩૯. अनहंकृतिः-ગર્વથી પર થવું. આ ગણાવેલા ગુણો અને ब्रह्मण्य-એટલે બ્રાહ્મણમાં સદ્ભાવ, वत्सलता-ભક્તમાં વત્સલતા વગેરે અન્ય મહાન ગુણો ભગવાનમાં નિત્ય સહજભાવે વસેલા છે. તે ગુણો તેમ જ કોઈના પણ સંસર્ગથી-સંગથી કોઈ પણ દોષ પોતામાં ન આવે એવા મહાન ગુણોથી જેઓને મહાન પુરુષ થવાની ઈચ્છા હોય છે તેઓ આ સર્વ ગુણોની પ્રાર્થના કરતા હોય છે. આ સર્વ ગુણો ક્યારેય પણ ભગવાનથી વિખૂટા પડી શકતા નથી એવા ગુણભંડાર શ્રી લક્ષ્મીજીના નિવાસ શ્રી લક્ષ્મીવર શ્રીકૃષ્ણ વિનાનો લોક બન્યો છે. વળી હું ધરણી પણ લક્ષ્મીવર નામના ધણી વિનાની બની છું. એના પરિણામે પાપપૂર્ણ કલિયુગે પોતાનો પૃથ્વીમાં પગપેસારો કર્યો છે. બેટા ધર્મ ! એથી હું શોકાતુર બની છું. (૨૬-૩૦)

ભગવાન પધારી ગયા-ભગવદ્‌ગુણો સાથે ગયા, લક્ષ્મીજી પધારી ગયાં અને કલિના ભયાનક દોષો આવ્યા

આગળ વધતાં શ્રી પૃથ્વીમાતા બોલ્યાં કે, દેવવર ધર્મ ! હું ભગવાનના વિયોગવાળી અને કલિના સંયોગવાળી બનેલ હોવાથી મારો શોક કરું છું, તેમ જ જનસમાજ ધર્મનું આચરણ નથી કરતો તેથી હે ધર્મ ! તમારો પણ શોક કરું છું. યજ્ઞ પણ નથી થતા, શ્રાદ્ધ-તર્પણ વગેરે પણ નથી થતાં. તેથી દેવો, પિતૃઓ, ઋષિઓની તથા સાધુ-સંતોની સેવા-આરાધના નથી થતી તેથી તેમનો શોક કરું છું. યજ્ઞ-યાગ-સેવા વગેરે કરવાનો ધર્મ આશ્રમો અને ચારે વર્ણોનો છે તેઓ પણ ધર્મશૂન્ય હોવાથી તેમનો સર્વનો શોક કરું છું. (૩૧)

સ્વદોષદર્શન ભગવત્ કૃપાનું ફલ છે

શ્રી પૃથ્વીદેવી આગળ વધીને બોલ્યાં કે –

ब्रह्मादयो बहुतिथं यदपाङ्गमोक्ष कामास्तपः समचरन् भगवत्प्रपन्नाः ।।
सा श्रीः स्ववासमरविन्दवनं विहाय यत्पादसौभगमलं भजतेऽनुरक्ता ।।३२।।
तस्याहमब्जकुलिशाङ्कुशकेतुकेतैः श्रीमत्पैदर्भगवतः समलङ्कृताङ्गी ।।
त्रीनत्यरोच उपलभ्य ततो विभूतिं लोकान्स मां व्यसृजदुत्स्मयतीं तदन्ते ।।३३।।

બેટા ધર્મ ! મને અભિમાન થયું તેની ગાથા ગાઉં છું. બ્રહ્માજી જેવા સમર્થ દેવોને લાલસા થઈ કે કો'કવાર ભગવતી શ્રી લક્ષ્મીજીનાં કૃપાકટાક્ષ અમારા ઉપર થાય, આ આશાને સફળ કરવા તેઓ ભક્તવત્સલ ભગવાનના ચરણશરણ બની, હૃદયમાં ભગવાનને પધરાવી ચિરકાલ પર્યન્તથી તપશ્ચર્યા આચરી રહ્યા છે. એવાં દેવદુર્લભ ભગવતી શ્રીદેવી પોતાના નિવાસસ્થાન કમલવનને સર્વથા ત્યજીને અતિશય અનુરક્ત બનીને ભગવાનના ચરણરૂપ પરમ સૌભાગ્યની અખંડ સેવા કરે છે. (૩૨) શ્રીદેવીના સેવ્ય તે શ્રીપતિના ચરણારવિંદમાં કમલ, વજ્ર, અંકુશ અને ધ્વજ વગેરે ચિહ્નોવાળા શ્રીચરણોનો, પ્રભુના પૃથ્વી ઉપર પધારવાથી મને સ્પર્શ થવાથી હર્ષ થયો. વળી ગર્વ થયો. મનમાં ને મનમાં હું મદછકેલી ઘમંડ કરવા લાગી કે જે શ્રી પૂર્ણપુરુષોત્તમના પદકમલોના સ્પર્શનું સૌભાગ્ય ત્રણ લોકમાંના કોઈ પણ લોકને નથી થયું તે મને થયેલું છે. હું જ બ્રહ્માંડમાં સૌભાગ્યશાલિની છું. આ પ્રકારના મારા ગર્વને હરવા, ભક્ત ગર્વહારી શ્રી હરિ આ ભૂતલ ઉપરથી પધારી ગયા છે. બેટા ધર્મ ! એ દુઃખથી હું અપાર દુઃખિની છું. (૩૩) વહાલા ધર્મ, આ

ભગવાન તો સર્વતંત્ર છે. નિખિલ બ્રહ્માંડ ભગવાનને આધીન છે. આવા શ્રી આત્મતંત્ર ભગવાને પૃથ્વી ઉપર એટલે મારા ઉપર થઈ પડેલા અસહ્ય ભારરૂપ અને અસુરવંશમાં જન્મેલા રાજાઓની અક્ષૌહિણી સેનાઓનો નાશ કર્યો, તેમ જ ભાઈ ધર્મ ! તારા ચારે ચરણ નાશ પામવાથી મહા કષ્ટે પણ ઊભા રહેવાને અસમર્થ તેથી તમારામાં પ્રવેશ કરી પોતાના પરાક્રમથી ચાર ચરણવાળા બનાવી તમને ઊભા રાખ્યા, આજે આપણે બન્ને તે શ્રી યદુકુલવિભૂષણ મનોહર સ્વરૂપ ભગવાનના સ્મરણથી વંચિત થયાં છીએ. (૩૪) ભાઈ ધર્મ, વિશ્વમાં એવી કઈ સ્ત્રી છે કે એવો ક્યો પુરુષ છે કે આવા દિવ્ય પતિના અને ભક્તવત્સલ પિતા પૂર્ણપુરુષોત્તમના વિરહની વેદનાને વેઠી શકે ! ભાઈ, ચિત્તચોર આ શ્રી લલિતનાથે તો, પ્રેમભર્યાં અવલોકન, હૃદયહારી મન્દસ્મિત અને મનોહર મીઠા વાર્તાલાપથી મથુરાનગરીની માનવતી માથુર નારીઓનાં મદ, માન, ધીરજ અને મનની સ્થિરતાને હરી લીધાં હતાં. આવા સર્વોત્તમ શ્રીકૃષ્ણચન્દ્ર પ્રભુનાં શ્રીચરણોનાં ચિહ્નોનો મને સ્પર્શ થતો, ચિહ્નો મારામાં બિરાજતાં મને નિરંતર રોમાંચ થતો, આજ તે પ્રભુના વિયોગની વેદના અસહ્ય થઈ પડી છે. (૩૫) શ્રી પૃથ્વીદેવી અને શ્રી ધર્મદેવ આ પ્રકારે પરસ્પર વાર્તાલાપ કરી રહ્યાં હતાં તે અવસરે મહારાજ પરીક્ષિત રાજર્ષિ ત્યાં પ્રાચી સરસ્વતીજીના પાવન તીરે આવી પહોંચ્યા. ૩૬

तयोरेवं कथयतोः पृथ्वीधर्मयोस्तदा परीक्षिन्नाम राजर्षिः प्राप्तः प्राचीं सरस्वतीम् ।।३६।।

શ્રીમદ્ ભાગવત પીયૂષ પ્રથમ સ્કંધ અધિકારલીલાના ઉત્તમ પ્રકરણમાંનો શ્રી ધરણીદેવી અને શ્રી ધર્મદેવના વાર્તાલાપને વર્ણવતા સોળમા અધ્યાયની સમાપ્ત થયો.

અધ્યાય ૧૭મો

[આ અધ્યાયયમાં ૪૪ શ્લોકો છે. ઉત્તમ કોટિના વક્તા અને ઉત્તમ કોટિના શ્રોતાનાં લક્ષણોનું વર્ણન કરનારા આ ત્રીજા પ્રકરણમાં ધર્મોન્નતિની કથા ચાલે છે. સોળ, સત્તર અને અઢાર આ ત્રણ અધ્યાયોમાં ધર્મોન્નતિ દ્વારા જ સર્વોન્નતિ થવાની તેથી કલિયુગનો નિગ્રહ કરી ધર્મોન્નતિ કરવામાં આવી છે. શ્રી પૃથ્વીદેવી, ભગવાન ધર્મ અને કલિયુગ આ ત્રણે આધિદૈવિક સ્વરૂપે રાજર્ષિ પરીક્ષિતજીને મળ્યાં છે. રાજર્ષિએ પ્રથમ ધર્મને અને પછી ધરાદેવીને આશ્વાસન આપ્યાં છે, ત્યારબાદ કલિને શિક્ષા કરી તેથી કલિયુગ શરણે આવ્યો. રાજાએ શરણાગત કલિને અધર્મવાળાં સ્થાનો નિવાસ માટે આપ્યાં. આવી અદ્ભુત કથા આ અધ્યાયમાં આવેલી છે.]

ધર્મહીન પૃથ્વીની પ્રજા દીન અને દુઃખી

तत्र गोमिथुनं राजा हन्यमानमनाथवत् । दण्डहस्तंचवृषलं ददृशे वृषलांछनम् ।।१।।
वृषं मृणालधवलं मेहन्तमिव बिभ्यतम् । वेपमानं पदैकेन सीदन्तं शूद्रताडितम् ।।२।।
गां च धर्मंदुधां दीनां भृशं शूद्रपदाहताम् । विवत्सां साश्रुवदनां कृशां यवसमिच्छतीम् ।।३।।

શ્રી સૂતમુનિજીએ કહ્યું કે મુનિવરો, રાજર્ષિ પરીક્ષિતે જાણે કોઈ અનાથ હોય એવા ગાયના જોડાને પ્રહાર કરતા કલિને જોયો. આ કલિના હાથમાં દંડ હતો, રાજાનો વેષ અને ચિહ્નો ધારણ કર્યાં હતાં, જાતનો શૂદ્ર હતો. (૧) પરીક્ષિત રાજાએ જોયું તો વૃષ એટલે વાછરડાના આકારમાં રહેલો ધર્મ, કમલના શ્વેતનાલ જેવો શ્વેતવર્ણનો હતો. એ શ્વેતપણું સૂચવે છે કે પાંડુરોગ લાગુ પડ્યો છે વળી તે શ્વેત છે એટલે તે સ્વભાવથી સર્વથા શુદ્ધ છે. જાણે ભયભીત થયેલો લાગે છે કારણ કે તે વારંવાર મૂત્ર કરી રહ્યો છે. આ ધર્મ નામનો વત્સ કેવલ એક પગ ઉપર જ ઊભેલ છે તેમ જ શૂદ્રદેહી કલિ તેને પ્રહાર કરી રહેલ હોઈ કાયાથી થરથર કાંપી રહેલ છે. આ ઉપરથી લાગે છે, જ્ઞાન, તપ, અને શૌચ નામના ત્રણ ચરણોનો નાશ થયેલ હોઈ કેવલ સત્ય નામના એક જ ચરણ ઉપર ઊભેલ છે. (૨) રાજર્ષિ એક તરફ ધર્મની અવદશા અને બીજી બાજુ પૃથ્વીદેવી ગાયના સ્વરૂપમાં ઊભાં છે એમની પરિસ્થિતિ જોઈ રહેલ છે - ધર્મ નામના દૂધને દેનારી ગાય ભયભીત તો છે, કંપે છે, પરંતુ જાણે પોતાને દીન-અનાથ માને છે, કારણ કે શૂદ્રકલિ એને વારંવાર પગનો પ્રહાર કરે છે, વાછરડા વિનાની ગરીબ દીન છે, મુખ ઉપરથી વારંવાર ધડધડ અશ્રુ વહી રહ્યાં છે, કાયાથી દૂબળી પડી ગયેલ છે, ઘાસ ખાવા ચાહે છે પરંતુ મળતું નથી કે કોઈ નીરતું નથી. આ હાલતમાં ગાયને જોઈ. (૩)

કલિને રાજર્ષિ પરીક્ષિતના પ્રશ્નો અને પડકાર

સુવર્ણથી મઢેલા અને સુવર્ણથી સજેલા રથમાં બિરાજેલા, પ્રત્યંચા ચઢાવેલા, બાણથી સજ્જ કરેલા, ધનુષ્યધારી રાજર્ષિ

પરીક્ષિત, શત્રુને પડકારતી અને સંતપ્તને સાન્ત્વન કરતી મેઘગંભીર વાણીથી પડકારતા પૂછવા લાગ્યા છે (૪) અરે ધૃષ્ટ ! તું કોણ છે; મારા રક્ષણમાં રહેલાં આ ભૂતલમાં નિર્બલ પ્રાણીઓને બલના ગર્વથી બલાત્કારથી પ્રહાર કરી રહ્યો છે ? નિર્બળોને હણી રહ્યો છે ? વેષથી તો જાણે નરદેવ લાગે છે. પરંતુ સાચે જ રાજા નથી અને કપટથી નૃપવેશ ધાર્યો છે. ગાયને અને વાછરડાને પ્રહાર કરતો હોવાથી કર્મથી શૂદ્ર લાગે છે. (૫) બહાદુર હતો કે રાજા હતો તો પછી તું ભગવાન શ્રીકૃષ્ણ અને ગાંડીવી શ્રી અર્જુનજી ભૂતલનું રક્ષણ કરતા હતા ત્યારે ક્યાં છુપાયો હતો ? સાચેસાચ તું તિરસ્કારને પાત્ર છે. જેઓ સત્કારપાત્ર છે કે જેઓ સન્માનપાત્ર છે તેઓને તું એકાન્તમાં રહીને સતાવી રહ્યો છે. તારા આ ઢંગને જોતાં તું વધને યોગ્ય છે એમ નિશ્ચય થાય છે. (૬)

પૃથ્વીદેવી અને ધર્મદેવ પ્રત્યે સહાનુભૂતિ અને ભક્તિ

અરે ભાઈ ! કમલના બિસતંતુ જેવા શ્વેતવર્ણવાળા, ત્રણ ચરણ વિનાના, તો પણ એક ચરણે ચાલતા હોવાથી આદર ઉત્પન્ન કરનાર હે દિવ્યાત્મન્ ! સાચે જ આપ બળદના, વૃષભના સ્વરૂપમાં પધારેલા અવશ્ય કોઈ દેવ જ છો. એક પગે ચાલનાર પશુ તો હોઈ શકે જ નહીં. (૭) કુરુકુલના રાજાઓના મજબૂત બે બાહુઓની મધ્યમાં સુરક્ષિત રહેલા આ ભૂતલ ઉપર ભાઈ ધર્મ ! તમારા સિવાય કોઈના પણ નેત્રમાં કદાપિ અશ્રુ નથી નિહાળ્યાં. (૮) હે કામધેનુના કુમાર ધર્મ ! આપ અલ્પ પ્રમાણમાં પણ શોક કરો મા; આ ક્ષુદ્ર અને ખલ પુરુષનો ભય જતો રહો... હે અમ્બ ! હે ધરામાતા, આપ કૃપા કરી રુદન કરો મા. ખલ પુરુષોનું શાસન કરવું એ મારું કાર્ય છે, મા ! આપનું નિત્ય કલ્યાણ જ હો. (૯) સર્વનું હિત સાધનારી હે સાધ્વિ ! હે પૃથ્વી માતા ! જે નરેશના રાષ્ટ્રમાં ખલ અને દુષ્ટોથી પ્રજાઓ પીડાતી હોય તે ગોકુલ રાજાની કીર્તિ, તેનું આયુષ્ય, તેનાં ભાગ્ય-સૌભાગ્ય અને પરલોક અથવા જ્ઞાન આ ચાર તત્ત્વો નાશ પામે છે. (૧૦) હે જનની ! રાજાઓનો આ સર્વશ્રેષ્ઠ ધર્મ છે કે જે આર્તજનો છે, જે પીડિત જનો છે તેમના કલેશનું નિવારણ કરવું જોઈએ. અનકને મારનાર એવા એકને મારવામાં કોઈ પાપ નથી. આ કલિ અત્યંત દુષ્ટ છે, કારણ કે અનેક પ્રાણીઓનો દ્રોહ કરનાર છે એથી એનો હું અવશ્ય નાશ કરીશ. (૧૧)

દુષ્ટની દુષ્ટતાના પ્રમાણમાં શિક્ષા થવી જ જોઈએ

ભાઈ ધર્મ ! હે કામધેનુના પુત્ર ! આપ તો ચાર પગવાળા હતા. આપનાં ત્રણ ચરણોનો કોણે નાશ કર્યો ? પદ છેદનારને દંડ કરવો જોઈએ. આપના ત્રણ પગનો નાશ કરનારના બે પગ અરે એક હાથ છેદવામાં આવે તો જ તેના અપરાધના પ્રમાણમાં દંડ કર્યો મનાય. ભગવાનં શ્રીકૃષ્ણના અનુયાયી રાજાઓના રાજ્યમાં આપના જેવા સજ્જનો દુઃખી થવા ના જોઈએ. (૧૨) હે સત્પુરુષ ! હે ધર્મ ! આપના ત્રણ ચરણ કાપી આપને અપંગ અને કુરૂપ કરનાર કઈ વ્યક્તિ છે તે આપ વિના સંકોચે કહો. આપ એનું નામ આપતાં ડરશો મા ! અપરાધીને જાણીને જ દંડ કરાય. હે ધર્મ ! આપના જેવા નિર્દોષ નિરપરાધી અને સદાચારીઓનું કલ્યાણ થાઓ. આપના પદ છેદનાર ખલે પાર્થોની કીર્તિને દૂષિત કરી છે. (૧૩) નિરપરાધી જનોને જેઓ સતાવે છે, પીડે છે તેમનો તો પ્રજાનું રક્ષણ કરતા રાજાઓ તરફથી તન-મન-ધન વગેરે સર્વ પ્રકારે દંડ કરવામાં આવે છે. હે ધર્મ ! જેઓ નિરપરાધી છે, જેઓ નિર્દોષ છે, તેઓને ત્રાસ આપનાર જે નિરંકુશ ખલ જન છે તે તો શિક્ષાપાત્ર જ છે. આવો નિરંકુશ કદાચ ઈન્દ્ર સમાન દેવ પણ કેમ નથી ? પરંતુ હું એ જે લોકમાં હોય તે સ્વર્ગાદિ લોકમાં જઈને બાજુબંધવાળા બાહુને કાપી નાખીશ. (૧૪) આપત્તિ ન હોય તો પણ જે જનો અવળે માર્ગે જાય છે તેવા જનોને શાસ્ત્રના આદેશને અનુસરીને શિક્ષા કરવી જ જોઈએ એ રાજાનો પોતાનો ધર્મ છે. રાજાએ પોતાના ધર્મનું અવશ્ય પાલન કરવું જ જોઈએ. (૧૫)

ધર્મનું ધાર્મિક અને માર્મિક ભાષણ

ધર્મ કહેવા લાગ્યા કે રાજર્ષિ પરીક્ષિત ! પાંડવોના વંશમાં જન્મેલા આપના જેવા ભગવદીયોના મુખકમલમાંથી દુઃખીજનોને અભય આપનારું આવું ઉત્તમ વચન નીકળે તે સર્વથા યોગ્ય જ છે. "નિરપરાધીને સતાવનાર ઈન્દ્ર જેવાનો

પણ હાથ છેદીશ” એવું આપનું વાક્ય અભિમાન જેવું લાગે; પરંતુ તેમાં આપની આત્મશ્લાઘા નથી પરંતુ સ્વધર્મપાલનનું પ્રતિબિંબ છે. પાંડવોના આ પ્રકારના શ્રેષ્ઠ ગુણોથી તો ભગવાન શ્રીકૃષ્ણ સ્વજન બન્યા, સારથિ બન્યા અને વિષ્ટિકાર પણ થયા. (૧૬) હે શ્રેષ્ઠ પુરુષ પરીક્ષિત રાજા ! આપે પૂછ્યું કે ધર્મ ! આપને પીડા કોણે કરી ? ક્લેશ ક્યાંથી આવ્યો ?ક્યા પુરુષે આપ્યો એ વિષયમાં શો ઉત્તર આપવો કે ક્લેશ આપનાર કોણ છે ? તેની જાણ ન હોવાથી ઉત્તર શી રીતે આપવો ! કારણ કે શ્રુતિ અને સ્મૃતિનાં વાક્યોનો પોતાનાં મન્તવ્યો પ્રમાણે ભિન્ન અર્થ ઘટાવાય છે. આ પ્રકારે ભિન્ન મન્તવ્યો હોવાથી અમે મૂંઝવણમાં છીએ, તેથી ઉત્તર આપવો શક્ય નથી. (૧૭)

વ્યષ્ટિ, સમષ્ટિ, પુરુષ, કાલ, પુરુષોત્તમ આમ પાંચ પ્રકારના પુરુષો છે

શ્રીધર્મ બોલ્યા કે, અનેક વાદીઓમાંથી જે માયાને માનનારા વેદાન્તીઓ છે તેઓ તો માયાની ચાદર ઓઢીને બેઠા હોઈ તેઓ આત્મા એટલે દેહમાં રહેલા વ્યષ્ટિરૂપ આત્માને જ સુખદુઃખનું કારણ માને છે. તેઓની જુદી જુદી કલ્પનાઓ જ અજ્ઞાનરૂપી વસ્ત્ર છે. આવી ભિન્નભિન્ન કલ્પનાના વસ્ત્રથી ઢંકાયેલા આત્માને જ કારણ માને છે. બીજા જ્યોતિર્વિદ અને પૌરાણિક નામના વિચારકો સમષ્ટિના અભિમાની આત્માને અથવા કાલને અને કાલના અંશો ગ્રહોને સુખ-દુઃખનું કારણ માને છે. ત્રીજા કેટલાક પાતંજલ યોગનાં મન્તવ્યો પ્રમાણે પ્રકૃતિના નિયામક પુરુષને સુખદુઃખના કારણ તરીકે માને છે. વળી કેટલાક “દૈવ-ભાગ્ય”ને સુખદુઃખનું કારણ માને છે, ત્યારે વળી મીમાંસકો કર્મને જ સુખદુઃખનું કારણ માને છે. જ્યારે ઘણાખરા સ્વભાવને સુખદુઃખનું નિમિત્ત માને છે. ભક્તજનો કે અન્ય જનો પ્રભુને જ એટલે ભગવાનને જ સુખદુઃખાદિના નિયામક માને છે. (૧૮) હે રાજન્ ! આ મન્તવ્યોમાં મતિ મૂંઝાય છે, તર્ક ત્યાં સુધી પહોંચી શકતા નથી, તેમ જ વાણી પણ તેમાં કોઈ પણ નિર્ણય આપી શકતી નથી; માટે હે રાજન્ ! આપ તો ઋષિ છો માટે અધિકારને અનુસરીને આપની વિવેકબુદ્ધિથી આપ જ નિર્ણય કરવા કૃપા કરો. (૧૯) ધર્મના વક્તવ્યને સમાપ્ત કરતાં શ્રી સૂતજી બોલ્યા કે મહર્ષિવર શૌનક ! જ્યારે શ્રી ધર્મદેવ ખૂબ જ વિવેકપૂર્વક સિદ્ધાંતનું વર્ણન કરી રહ્યા હતા ત્યારે ચક્રવર્તી પરીક્ષિત રાજા ખેદમુક્ત થઈ, મનથી સંપૂર્ણ સ્વસ્થ થઈ કહેવા લાગ્યા. (૨૦)

વાણી જ મનુષ્યના સ્વરૂપનો નિર્ણય કરે

શ્રી પરીક્ષિત રાજાએ કહ્યું કે, હે ધર્મજ્ઞ ! હે ધર્મને જાણનાર ભાઈ ! આપ ધર્મયુક્ત વાણી બોલી રહ્યા છો માટે વૃષભનું એટલે બળદનું રૂપ લઈને સ્વયં ધર્મ જ પધાર્યા છો. અધર્મનું આચરણ કરનારને જે નરકાદિ લોકોની પ્રાપ્તિ થાય છે, તે જ લોક અધર્મનું સૂચન કરનારને પણ મળે છે. તાત્પર્ય કે આ પાપી છે એવું બોલવાથી કે આ પાપી છે એવી આંગળી ચીંધવાથી પણ “પાપ” જ લાગે છે. એવું આપ સમજો છો તેથી દુઃખ કોણે આપ્યું તેનું સૂચન ના કરતાં સુખદુઃખ પણ પ્રભુની જ પ્રસાદી છે એવું કહી રહ્યા છો. (૨૧) સાથે સાથે ભગવાનની માયા ભગવાનની જ શક્તિ હોવાથી ભગવાન જેમ વેદવાણીથી, યોગીના મનથી પણ જાણી નથી શકાતા તેવી જ રીતે માયા પણ જાણી શકાતી નથી. એ તો ભગવાન કૃપા કરે તો જ સમજાય. મને લાગે છે, ગોરૂપ ધારણ કરીને આપ પૃથ્વીદેવી જ પધાર્યા છો, વૃષના સ્વરૂપે ધર્મ પોતે જ આવ્યા છો, અને ક્ષુલ્લક રાજાના વેષવાળા કલિયુગ છે. (૨૨)

ધર્મ વૃષભના રૂપે અને અધર્મ રાસભના રૂપે રહેલ છે

“તપ, શૌચ, દયા અને સત્ય” આ ચાર ધર્મના પગ છે. એ ચારે ચાર સંપૂર્ણ આચરણમાં હોય છે ત્યારે તે સમયને “કૃતયુગ”નું નામ આપેલ છે. અધર્મના પણ ચાર ચરણો છે. તેમાં ગર્વ નામના પગે તપનો નાશ કર્યો, કુસંગ નામના બીજા અંશે શૌચ-પવિત્રતાનો નાશ કર્યો, મદ નામના ત્રીજા અંશે દયાનો નાશ કર્યો, હાલમાં કેવલ “સત્ય” નામનો એક જ અંશ અવશિષ્ટ રહેલો છે. બળદના પગમાં બે ખરીઓ હોય છે. એક ખરીનું નામ વિધિ એટલે આ કાર્ય કરવું એવી આજ્ઞા છે અને બીજી ખરી એટલે “નિષેધ” આ કાર્ય ના કરવું એવું કથન છે. સત્યં વદ આ વાક્યને “વિધિ” વાક્ય કહેવાય અને મા હિંસ્યાઃ સર્વાણિ ભૂતાનિ કોઈ પણ પ્રાણીની હિંસા ના કરવી એ વાક્યને “નિષેધ” વાક્ય કહેવાય છે.

વેદમાં આ બન્નેને પ્રમાણ વાક્યો કહ્યાં છે માટે ધર્મમાં પ્રવૃત્તિ અને નિવૃત્તિ બન્ને શાસ્ત્રસંમત છે, જ્યારે અધર્મમાં તો મન ફાવતી કેવલ પ્રવૃત્તિ જ છે. (૨૩) હે ભાઈ ધર્મ ! વર્તમાન સમયમાં "સત્ય" નામનો આપનો એક અંશ અવશિષ્ટ છે. તેના આધારે જ ભાઈ આપ ટકી રહ્યા છો, સત્યના જ અવલંબને આપનો વ્યવહાર ચાલે છે, અધર્મરૂપ કલિ હવે અસત્યનો આશ્રય લઈ ફાલી રહ્યો છે, તે હવે "સત્ય" નામના પગનો પણ નાશ કરવા ચાહે છે. (૨૪)

પૃથ્વીદેવીના સ્વરૂપનું જ્ઞાન

પરીક્ષિત રાજા આગળ વધીને કહેવા લાગ્યા કે, ગાયના સ્વરૂપાં રહેલી આ પૃથ્વીદેવી છે, પૃથ્વી સતી પતિવ્રતાદેવી છે. ભગવાન શ્રીકૃષ્ણે પૃથ્વીનો મોટા ભાગનો ભાર તો ઉતારી નાખ્યો જ છે. શ્રીસમ્પન્ન પ્રભુનાં શ્રીચરણકમલોના પાવન સ્પર્શથી પૃથ્વીએ સર્વ લોકોને પોતાના સૌભાગ્યથી આશ્ચર્યચક્તિ કરી દીધા હતા. (૨૫) ભગવાન નિજ્ટના સમયમાં ભૂતલને ત્યજી ગયા છે તેની અસહ્ય વેદનાથી પરમ સાધ્વી પૃથ્વીદેવી પોતાને ભાગ્યહીન માને છે, વારંવાર નયનોમાંથી અશ્રુધારા વહાવે છે, ઉરમાં અકળામણ કરી રહેલ છે કે કેવલ રાજાનું નામ ધારણ કરતા પરંતુ પ્રજાને રંજાડતા, સર્વનું કલ્યાણ કરનારા બ્રાહ્મણોની ભક્તિ વિનાના, ક્ષુદ્ર અસુરો મને હવે ભોગવશે તેની અસહ્ય વેદના અનુભવે છે. (૨૬)

પરીક્ષિતજીએ તલવાર સજી અને કલિ શરણે આવ્યો

સૂત મહર્ષિ પ્રસંગનું વર્ણન કરતાં આગળ વધ્યા અને કહેવા લાગ્યા કે, હે મુનિવર્ય ! મહારથી પરીક્ષિત રાજાએ ધર્મદેવ અને ધરાદેવીને જ આશ્વાસન અને શાંતિનાં દાન દીધાં, કલિયુગને દંડવો જ છે માટે આશ્વાસન ન આપતાં અધર્મના કારણ સ્વરૂપ કલિયુગને દંડ દેવા તીક્ષ્ણ તલવાર હાથમાં ઉઠાવી. (૨૭) કલિએ રાજાને ધારણ કરવા યોગ્ય છત્ર, ચામર વગેરે ત્યજી દીધાં. એને ખાતરી થઈ કે મારો વધ કરશે તેથી તે અત્યંત ભયવિહ્વળ બનીને પરીક્ષિત રાજર્ષિના ચરણોમાં ઢળી પડ્યો અને મસ્તક પગમાં મૂકી દીધું. (૨૮) પરીક્ષિત રાજા શરણાગતરક્ષક છે, દીનવત્સલ છે, વળી વીર છે અને ખ્યાતકીર્તિ હોઈ યશસ્વી છે. તેથી હૃદયમાં કરુણા જાગી, કલિનો વધ કરી પાંડવોની કીર્તિનું રક્ષણ કરવાનું વિસરી ગયા અને શરણાગતનું રક્ષણ કરવાના ક્ષત્રિય ધર્મનું અનુસંધાન કરતા રાજા, પાયે પડેલા કલિયુગને જાણે અભયદાન દેવા સ્મિત - હાસ્ય કરતા હોય તેમ કહેવા લાગ્યા. (૨૯)

કલિનું નિયમન અને અનુગ્રહ

રાજર્ષિ પરીક્ષિતજી બોલ્યા કે હે કલિ ! મારી સન્મુખ અંજલિબદ્ધ ઊભેલ શરણાગત એવા તને અમારાથી મૃત્યુના દંડનો ભય રાખવાનું પ્રયોજન નથી. અમે ગુડાકેશ શ્રી અર્જુનજીના યશનું પાલન કરનારા અને તેઓને પગલે ચાલનારા કાલથી પણ અભય છીએ તેમ જ શરણાગતને અમારાથી પણ ભય નથી. પરંતુ હે કલિ ! તું અધર્મનો બંધુ છે એ કારણથી તારે મારી હકૂમતમાં રહેલા કોઈ પણ, દેશમાં જંબુદ્વીપમાં કે પછી કોઈ દેશમાં કોઈ પણ અંશથી રહેવું નહિ. (૩૦) રાજાએ આગળ વધતાં કહ્યું કે કલિ ! કેવલ તેં નરસમૂહમાં જ પ્રવેશ નથી કર્યો પરંતુ નરપતિઓના દેહમાં પણ પ્રવેશ કરેલો છે, તેથી તારા વસવાટની સાથે જ અધર્મનો પરિવાર પણ સર્વને ઘેરી વળતો હોવાથી, અધર્મના નવ પ્રાણ સરખા ૧. લોભ, ૨. અસત્ય ભાષણ, ૩. ચોરી, ૪. અનાચાર એટલે દુર્બલજનોનાં ધન, સ્ત્રી, વગેરેને પડાલી લેવાં, ૫. અહઃ પાપ, ૬. દરિદ્રતા, ૭. કપટ, ૮. કલેશ, અને ૯. દંભ નામના નવ દોષો પણ નર અને નરદેવમાં પણ પ્રવેશે છે. (૩૧) આ કારણને લીધે હે અધર્મના બંધુ કલિ, ધર્મ અને સત્યને નિવાસ કરવાયોગ્ય ક્ષેત્રમાં તારે નિવાસ કરવો નહિ. હે કલિ, આ બ્રહ્માવર્ત નામનો પ્રદેશ છે, જ્યાં યજ્ઞના વિવિધ પ્રકારોને જાણનારા શ્રેષ્ઠ યાજ્ઞિકો, અનેક યજ્ઞો દ્વારા યજ્ઞેશ્વર ભગવાનનું યજન કરે છે. આવા ક્ષેત્રોમાં તો કદાપિ ન રહેવું. (૩૨) આ બ્રહ્માવર્ત 'દેવયજન' નામનું ક્ષેત્ર છે. આ દિવ્ય ક્ષેત્રમાં વિવિધ યજ્ઞો, વિવિધ સ્વરૂપ અને નામોવાળા દેવોનાં થતાં યજન-અર્ચન, સર્વના આત્મરૂપ અને સર્વની આકૃતિ સ્વરૂપ "યજ્ઞપતિ ભગવાન વિષ્ણુ"નું જ યજન થાય છે. આ યજન કરાતા યજ્ઞમૂર્તિ ભગવાન પ્રત્યક્ષ પધારીને યજન કરનારા ભગવદીયજનોને દર્શન આપે છે અને મનોરથોની પૂર્તિ કરે છે. વાયુદેવ જેમ પ્રાણીઓની અંદર

પ્રાણવાયુ અને બહાર રહીને બહિર્વાયુ સ્વરૂપે પ્રત્યેકનું અંદર અને બહાર એમ બન્ને પ્રકારે કલ્યાણ કરે છે તેવી જ રીતે પ્રાણીઓની અંદર અને બહાર રહેલા ભગવાન વિષ્ણુ સ્થાવર અને જંગમનાં સર્વ કલ્યાણોને વિસ્તારે છે અને યજમાનના કાર્યને સફળ કરે છે. (૩૩)

સત્યશીલ રાજર્ષિ પરીક્ષિત અને પ્રતારણશીલ કલિ

પ્રથમ તો કપટશીલ કલિએ રાજર્ષિ પરીક્ષિતજીના પગમાં પડવાને બહાને પાદસ્પર્શ કરી પરીક્ષિતના હૃદયમાં કુપાત્ર ઉપર કૃપા કરવાની કરુણા મતિ પેદા કરીને મૃત્યુમાંથી મુક્તિ મેળવી. હવે કપટભરી વાણીથી કાકલૂદી કરીને રહેવા માટેનાં રહેઠાણો મેળવવાની કૂટ નીતિ કરી રહેલ છે, છતાં મર્મજ્ઞ અને સર્વ જાણનારા રહસ્યજ્ઞ પરીક્ષિત રાજા ગુણગ્રાહી હોઈ કલિનો નિગ્રહ કરશે અને અનુગ્રહ પણ કરશે. મહર્ષિ સૂતે કહ્યું કે મહર્ષિવર શૌનકજી ! શ્રી પરીક્ષિત રાજાએ જ્યારે 'કલિને' પોતાના પ્રદેશમાં ન વસવાની આજ્ઞા કરી ત્યારે તે કંપી ઊઠ્યો, તેમાં પણ ઉગામેલ સજ્જ તીક્ષ્ણ તલવાર જોઈને હાથમાં દંડ લઈ દંડ કરવા તત્પર થયેલા પરીક્ષિત રાજા ઊભા રહેલ છે એવું લાગ્યું. તેથી તે રાજર્ષિ પરીક્ષિતને વીનવવા લાગ્યો. (૩૪)

કલિની કબૂલાત અને પરીક્ષિત નૃપચરણે પ્રાર્થના

કલિએ નિવેદનમાં કહ્યું કે રાજન્ ! આજ દિન સુધી તો હું સ્વૈરવિહારી હતો પરંતુ અથ આજથી આરંભીને મારે માટે વસવાનું જે સ્થાન બતાવશો ત્યાં આપની આજ્ઞાથી નિવાસ કરીશ. આ પ્રકારની પ્રાર્થના દ્વારા કલિએ નૃપતિ પાસે કબૂલ કરાવ્યું કે હું આપની આજ્ઞાથી વસેલો હોઈ મને કોઈ કાઢી શકશે નહિ. હે ચક્રવર્તી રાજન્ અખિલ ભૂમિ આપની છે તેમ હું પણ આપનો જ છું એટલે આપે મને આશ્રય આપવો જ રહ્યો. વળી હું જ્યાં જ્યાં વસું ત્યાં ત્યાં આપને હાથમાં ધનુષ્યવાળા જોઉં છું. પરંતુ આપની આજ્ઞાથી જ રહેતો હોવાથી હવે આપને અભય સ્વરૂપવાળા જોવા ચાહું છું. ધર્મનિષ્ઠ નૃપતિઓમાં શ્રેષ્ઠ હે રાજન્ ! હવે આપ મને નિવાસ માટે સ્થાન સૂચવવા કૃપા કરો. તે સ્થાનમાં આપની આજ્ઞાનુસાર નિશ્ચિત થઈ નિવાસ કરીશ. (૩૫, ૩૬) મહાત્મા સૂતે કહ્યું કે મુનિવર ! જ્યાં કલિયુગે નિવાસસ્થાન માટે યાચના કરી ત્યારે જ્યાં ચારે પ્રકારનો અધર્મ થાય છે તેવાં જુગાર, મદિરાપાન, વારાંગનાઓ અને હિંસા નામનાં ચાર સ્થાનો વસવાટ માટે આપ્યાં. (૩૭) ચતુર કલિયુગે કહ્યું કે શ્રુતિમાં મારે માટે પાંચ સ્થાન નિવાસનાં કહેલ છે તો આપ મને પાંચ સ્થાન આપવા કૃપા કરો. એવી પુનઃ પ્રાર્થના કરી ત્યારે જેને સદા ચોરી કરી લઈ જવાનું ગમે એવા સુવર્ણ નામનું પાંચમું સ્થાન આપ્યું. રાજા પરીક્ષિતે જે પાંચ સ્થાનો આપ્યાં. તેના સેવનથી સુવર્ણને લીધે, વૈરવૃત્તિ, મદિરાપાનથી મદ, દ્યૂત રમવામાં અસત્યભાષણ, વારાંગનાના સંગમાં કામ, કોઈ કોઈની હિંસા કરવામાં ક્રોધ, આ પાંચ દોષો પેદા થાય છે. (૩૮) હે મુનિવરો ! અધર્મને ઉત્પન્ન કરનારો કલિ આ પાંચ સ્થાનોમાં નિવાસ કરતો હોવાથી દ્યૂત વગેરે પાંચ સ્થાનોમાં વિવેકશીલ જનોએ આ સ્થાનોનું સેવન કરવું નહીં. કલિયુગને તો ઉત્તરાકુમાર પરીક્ષિતે આ પાંચ સ્થાન આપ્યાં તે શાણપણ નથી કર્યું. રાજા ઉત્તરાના પુત્ર હોવાથી કુપુત્રમાં જેમ માતાનો સ્વભાવ દયાવાળો હોય છે તેમ કુપાત્રમાં રાજાએ દયાનો સ્વભાવ દર્શાવ્યો. (૩૯) ઉદયાભિલાષી માનવે સ્વપ્ને પણ આ પાંચ વસ્તુઓનું સેવન કરવું નહિ. તેમાં પણ જે લોકગુરુ છે, વળી પ્રજાપાલક જે રાજા છે તેમણે તો વિશ્વનો ઉદય કરવાનો હોવાથી પોતે કદી સેવવા નહિ. (૪૦)

પુનઃ ધર્મનું પ્રતિષ્ઠાપન

શ્રી સૂત મુનિજીએ કલિનિગ્રહની વાર્તા પૂર્ણ કરીને આગળની કથા સંભળાવતાં કહ્યું કે રાજન્ ! ધર્મદેવના કાલબળે નાશ પામેલાં તપ, શૌચ એટલે પવિત્રતા અને દયા નામનાં ત્રણે ચરણોનું સંપૂર્ણ સ્થાપન કર્યું. પ્રજા પુનઃ પરીક્ષિત રાજાના પ્રભાવથી ચારે પ્રકારના ધર્મનું આચરણ કરવા લાગી. ધર્મને સંપૂર્ણ આશ્વાસન આપ્યું. પૃથ્વીદેવીને પણ આશ્વાસન દીધાં, તેમ જ પૃથ્વીમાં ભક્તિનો પ્રસાર કરી, ખેતીનો ઉત્કર્ષ કરી, પાખંડનું નિકંદન કરી શ્રી નન્દનન્દન પ્રભુનાં ચરણો

તરફ વાળી પૃથ્વીની આબાદી કરી. (૪૧) હે મુનિવરો ! આપ વર્તમાનમાં એક હજાર વર્ષના દિવ્ય કથાસત્રમાં દીક્ષિત થઈ બિરાજ્યા છો ત્યારે સુપાત્ર નૃપતિઓને બેસવા યોગ્ય, ધર્મરાજ યુધિષ્ઠિર, અર્જુનજી વગેરે પિતૃચરણોએ વનમાં સિધાવતી વેળાએ સ્નેહથી સમર્પેલ રાજ્યાસને પરીક્ષિત રાજા જ પોતાના પ્રભાવ અને કીર્તિથી પોતાના પુત્ર જનમેજયમાં સાક્ષાત્ બિરાજીને સામ્રાજ્યનું સંચાલન કરી રહ્યા છે. (૪૨) હે મુનિવરો ! એમ આપ રખે ને માનતા કે પરીક્ષિત જનમેજયનો બીજો દેહ લઈ રાજ્ય કરતા હશે. ના, ના. પ્રત્યક્ષ પરીક્ષિત રાજા, કૌરવકુલના નૃપતિઓની પુણ્યલક્ષ્મીથી રાજાને જેવી રીતે શોભે તેવી રીતે ઉજ્જ્વલ યશવાળા, ચક્રવર્તી રાજર્ષિ મહારાજ પરીક્ષિત હસ્તિનાપુરમાં જનમેજયના દેહમાં જાતે જ બિરાજે છે. ભગવાનની સાથે સાયુજ્ય પામેલા પુણ્ય આત્માઓમાં ભગવાનના જેવું સામર્થ્ય આવે છે એટલે પરીક્ષિતનું જનમેજયમાં બિરાજવું એ અતિશયોક્તિ નથી. (૪૩)

પરીક્ષિતનો પૂર્ણ પરિચય

હે મુનિવરો ! પૃથ્વી ઉપરથી વિદાય લેવા છતાં વસતા, આવા પ્રભાવશાળી, પ્રતાપશાળી, કીર્તિમાન, મહાન વીર અભિમન્યુકુમાર પરીક્ષિત રાજાના હાથે રાજ્યશાસન, સંચાલન, પૃથ્વીપાલન થઈ રહ્યું હતું તેવા અભય સમયે આપ સર્વ મુનિવરોએ, આ એક હજાર વર્ષના દીર્ઘસત્રનો આરંભ કરેલ છે. (૪૪)

इत्थंभूतानुभावोऽयमभिमन्युसुतो नृपः । यस्य पालयतः क्षोणीं यूयं सत्राय दीक्षिताः ।।४४।।

શ્રીમદ્ ભાગવત પીયૂષના પ્રથમ સ્કંધ અધિકારલીલાના ઉત્તમ પ્રકરણમાંનો કલિનિગ્રહાદિ પ્રસંગનું નિરૂપણ કરતો ૧૭મો અધ્યાય સમાપ્ત

અધ્યાય ૧૮મો

[આ અધ્યાયમાં ૪૯ શ્લોક છે. ઉત્તમતાથી ભરપૂર પરીક્ષિત રાજર્ષિના ઉત્તરકાલના જીવનની ગાથા આ અધ્યાયમાં વર્ણવી છે. પરીક્ષિતજીનું મૃગયા માટે ગમન, શમીક મહર્ષિના કંઠમાં મૃત સર્પનું મૂકવું, શૃંગી મહર્ષિનો શાપ વગેર પ્રસંગોનું વર્ણન આ અધ્યાયમાં આવશે.]

કૃષ્ણાનુગ્રહથી શ્રીકૃષ્ણમાં અનુરાગ

सूत उवाच : यो वै द्रौण्यस्त्रविप्लुष्टो न मातुरुदरे मृतः । न अनुग्रहाद् भगवतः कृष्णस्याद्भुतकर्मणः ।। १ ।।
ब्रह्मकोपोत्थिताद्यस्तु तक्षकात्प्राणविप्लवात् । न सम्मुमोहोरुभयात् भगवत्यर्पिताशयः ।। २ ।।

શ્રી સૂત મહર્ષિજીને શૌનકાદિ મુનિવરોએ રાજર્ષિ પરીક્ષિતજીના જન્મની, જીવનની અને જીવનસમાપ્તિની કથા પૂછી હતી તેમાં જન્મ અને જીવનની કથાનું વર્ણન કર્યા બાદ રાજર્ષિએ ભગવત્પ્રાપ્તિ કરી એવા ઉત્તમ ઉત્તરજીવનની કથાનો પ્રારંભ કરતાં શ્રી સૂત મહર્ષિ કહેવા લાગ્યા.

શ્રી સૂત મુનિ બોલ્યા કે હે મુનિવરો ! પુણ્યશીલ જે પરીક્ષિત રાજા, એક વાર રાજાનું બ્રહ્માસ્ત્રથી રક્ષણ કરનાર અને બીજી વાર પરીક્ષિતનો બ્રહ્મશાપનો ઉપસંહાર કરનાર અદ્ભુતલીલાશાળી પૂર્ણાનન્દ પૂર્ણ ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રજીની અપાર કૃપાથી દ્રોણમુનિના પુત્ર અશ્વત્થામાના અમોઘ બ્રહ્માસ્ત્રથી ઉત્તરામાતાના ઉદરમાં બળેલા છતાં મૃત્યુ પામ્યા ન હતા. (૧) તે કૃપાપાત્ર પરીક્ષિત રાજા શૃંગીમુનિના બ્રહ્મકોપથી ઉત્પન્ન થયેલા, પ્રાણનો સંપૂર્ણ નાશ કરનારા અતિશય ભયંકર તક્ષકદંશથી પણ મોહ પામ્યા ન હતા કે ગભરાઈ ગયા ન હતા. કારણ કે ગર્ભવાસથી જ ભગવાન શ્રીકૃષ્ણમાં અનુરાગવાળા પરીક્ષિતજીએ પોતાના અન્તઃકરણને સદાનન્દ શ્રીકૃષ્ણમાં જ સ્થાપ્યું હતું. (૨) સર્વથા સ્વસ્થચિત્ત પરીક્ષિત રાજાએ મુનિકુમારના શાપનું શ્રવણ થતાં પૂર્વમાં જ પોતાના અપરાધના દંડમાં પોતે જ સર્વ પ્રકારના ત્યાગનો નિર્ણય કરેલો, તેમાં શાપનું શ્રવણ થતાં જ વિના વિલંબે સર્વ તરફના સંગનો ત્યાગ કરી, વ્યાસકુમાર શ્રી શુકમુનિવરના શિષ્ય બની કથા શ્રવણ કરી, ભગવાન શ્રીકૃષ્ણના મહિમાનું, સ્વરૂપનું સર્વ પ્રકારે જ્ઞાન મેળવી, ભગવતી ગંગાજીની ગોદમાં બિરાજી રાજી થઈ પોતાના ક્લેવરનો ત્યાગ કર્યો (૩)

ભગવદ્વાર્તામાં ડૂબેલાને ભય શાનો ?

હે મુનિવરો ! જેમના જીવનમાં પ્રત્યેક વાર્તા ભગવાનના સંબંધવાળી જ હોય છે, તેમજ જેઓ ભગવાનના કથામૃતનું સતત સેવન કરતા જ હોય છે; વળી જેમનું અન્તઃકરણ અખંડ હરિસ્મરણ જ કરતું હોય છે તેવા પરમ ભગવદીય જનોને જીવનના કોઈ પણ પ્રસંગમાં કે મૃત્યુના કપરા ગણાતા અન્તિમ કાલમાં પણ કોઈ પ્રકારનો મોહ થતો જ નથી. (૪) હે મુનિવર્ય ! ભક્તવર શ્રી અભિમન્યુના કુલના કૌસ્તુભમણિ સમા સર્વસમર્થ શ્રી પરીક્ષિત રાજા એકછત્ર ચક્રવર્તી તરીકે પૃથ્વીનું રક્ષણ કરતા હતા ત્યારે કલિયુગે જંબુદ્વીપમાં પ્રવેશ કરેલ હોવા છતાં રાજાના પ્રભાવથી કલિ કાંઈ પણ પ્રતિકૂલ કરવા સમર્થ થઈ શકે નહીં; કારણ કે ભગવાને પરીક્ષિત રાજામાં પોતાનું સામર્થ્ય મૂકેલ હોઈ રાજા આધિદૈવિક કાલ ઉપર પણ શાસન કરવા સમર્થ છે. (૫) ભગવાન શ્રીકૃષ્ણે જ્યારે જે દિવસે અને જે ક્ષણે ભૂમિ ઉપરથી નિજલોકમાં પધરામણી કરી તે જ ક્ષણે કલિયુગે પાંડવોના શાસનકાલમાં જ પૃથ્વી ઉપર પ્રવેશ કરેલ હતો. કલિએ ભૂતલ ઉપર પ્રવેશીને અધર્મની પ્રવૃત્તિઓ પ્રારંભી દીધી હતી. પરીક્ષિત રાજા કલિને પૃથ્વી પ્રદેશમાંથી દૂર કરવા સમર્થ હતા તો પણ કલિને દૂર ન કર્યો. એનું એક કારણ હતું કે કલિને ભૂતલ ઉપર નિવાસ માટે ભગવાને જેટલો કાલ આપ્યો હોય તેમાં ફેરફાર ન કરાય. જો રાજા પરીક્ષિત પોતાના શાસનકાલમાં કલિને આવતાં અટકાવે કે દેશનિકાલ કરે તો કલિનો કાલ આગળ લંબાય અને સત્યાદિ યુગપ્રવૃત્તિમાં મોટી અવ્યવસ્થા થાય. તેમ થવા ન પામે માટે રાજાએ કલિયુગને પ્રવેશ આપ્યો, પરંતુ કલિયુગની અસર થવા ના દીધી; તેથી તેના કાલની સમાપ્તિ થતાં તે ચાલ્યો જશે. (૬)

અનેક અવગુણોવાળા કલિમાં પણ એક ગુણ

પરીક્ષિત રાજા ગુણગ્રાહી છે. સારગ્રાહી છે, સમ્રાટનો આવો જ ધર્મ અને સ્વભાવ હોવાં જોઈએ. જેમ એક ભ્રમર કડવા પુષ્પને પણ ત્યજતો નથી પરંતુ તેમાંથી મીઠાંમધુ બિંદુને મેળવી લે છે. વળી ખેડૂત જેમ ડાંગરનાં ફોતરાંને ચોખાને સાચવવા માટે કામનાં માને છે અને સાચવે છે એવી જ રીતે વિવેકશીલ રાજાએ દોષ ભરેલા કલિયુગ ઉપર દ્વેષ ના કર્યો. પરંતુ "શાસ્ત્રની આજ્ઞા છે કે કલિયુગમાં પુણ્યકર્મ શીઘ્ર ફલ આપે છે, શીઘ્ર સિદ્ધ થાય છે તેમ જ પુણ્ય કરનારના સંસર્ગીઓને પણ તેટલું જ ફળ આપે છે, જ્યારે પાપ કરનારને જ અનિષ્ટ ફળ ભોગવવાનાં હોય છે. પરંતુ તેના સંસર્ગીને ફલ ભોગવવાનાં નથી હોતાં આવી કલિકાલની સ્વતંત્ર વ્યવસ્થાને લીધે કલિનો નાશ કે દેશનિકાલ ગુણગ્રાહી રાજાએ ના કર્યો. સત્યયુગમાં પાપનું ફલ તાત્કાલિક મળે છે, ત્રેતામાં બારમે દિવસે મળે, દ્વાપરમાં એક માસના અંતે મળે અને કલિયુગમાં એક વર્ષે મળે છે; જ્યારે પુણ્યનું ફળ સત્યયુગમાં એક વર્ષના અંતે મળે, ત્રેતામાં બે માસને અંતે, દ્વાપરમાં બારમે દિવસે અને કલિયુગમાં તાત્કાલિક મળે છે. આવી વ્યવસ્થા હોવાથી રાજા પરીક્ષિતે કલિને નિવાસ આપ્યો. (૭) વનમાં વરુ નામનું એક પ્રાણી થાય છે. તે પ્રાણી મનુષ્યો રાત્રે જ્યારે સૂઈ જાય ત્યારે જ ઘરમાં ઘૂસે છે. તેનો સ્વભાવ ગાફેલ પ્રાણીઓમાં પોતાની શૂરવીરતા દાખવવાનો છે. કલિ પણ ધીર, ધર્મવીર પુરુષોથી સતત ડરે છે. તે કેવલ ધર્મબળ વિનાના નિર્બલ બાલિશ જનોમાં જ પોતાનો પ્રભાવ જમાવે છે. (૮) હે મુનિવર્યો, આપે મને કુલ ત્રણ પ્રશ્નો પૂછેલા, તેમાંનો ત્રીજો પ્રશ્ન, પરીક્ષિત રાજાનો જન્મ, જીવન અને ભગવચ્ચરણ કેવી રીતે પામ્યા, એવો હતો. તેનું મેં આપની પાસે વર્ણન એટલા માટે કર્યું કે પરીક્ષિત રાજાની જીવનગાથા ભગવાનની ગાથાથી તેમ જ ભગવાનની લીલાથી તરબોળ છે, તેમ જ પરીક્ષિતનું આખ્યાન પુણ્યમય છે. સાંભળનારને પુણ્ય અને પ્રભુભક્તિનાં દાન કરનાર છે. (૯) હે મહર્ષિવર્યો ! આત્માના ઉત્કર્ષના અભિલાષી પુણ્યજનોએ ભગવાનના ઐશ્વર્ય વગેરે ગુણો, કારુણ્ય વગેરે ગુણો અને ગોવર્ધનધરણ વગેરે લીલાઓનું વર્ણન કરતી જે જે કથાઓ હોય તે તે કથાઓ અવશ્ય સાંભળવી. અખિલ વિશ્વમાં ભગવાન જ વર્ણવવા યોગ્ય ઉત્તમ અને અનન્ત લીલાઓવાળા છે. (૧૦)

શ્રોતાજનોનો શ્રવણાનુરાગ વક્તાના ઉત્સાહનો આત્મા બને

મહર્ષિવરો બોલ્યા કે સૌમ્ય એટલે હે સુશીલ, હે વિવેકશીલ સૂતમુનિ ! આપ અનન્ત યુગ યુગ જીવો. આપ તો

સંસારસુખોમાંથી આસક્તિને છોડાવનાર અને ભગવાનની સેવામાં અને ભગવાનના સ્વરૂપમાં ભક્તિ ઉત્પન્ન કરનાર એવા શ્રીકૃષ્ણ ભગવાનના "વિશદ" યશનું અમને પાન કરાવી રહ્યા છો. હે મુનિવર ! સદાનંદ શ્રીકૃષ્ણની કથા,-લીલા-ચરિત્ર એ તો મરણશીલ મનુષ્યોને માટે અમૃત છે. (૧૧) સૂત મહર્ષિ ! ફલાભિલાષાનાં કર્મનો તો કોઈ અંત નથી કે કોઈ સમાપ્તિ નથી, આજપર્યન્ત હોમપ્રધાન સકામ કર્યો કરતાં અમારી દાઢી, કેશ અને કાયા પણ ધૂમિલ થઈ ગયાં. ભગવત્કૃપાથી આપ આજ અમને વેદો અને ઉપનિષદોએ જે ભગવાન ગોવિંદનાં ગાન કર્યાં છે તે ભગવાન ગોવિંદના દેહ-ગેહને વિસરાવનાર ચરણકમલના મકરન્દ રસનાં પાન કરાવી રહ્યા છો. (૧૨)

સત્સંગના આનન્દને બ્રહ્માનન્દ સાથે પણ સરખાવાય

तुलयाम लवेनापि न स्वर्गं ना पुनर्भवम् । भगवत्सङ्गिसङ्गस्य मर्त्याना किमुताशिषः ।। १३ ।।

સ્વર્ગ એટલે અપ્સરાઓના વિલાસવાળો ઈન્દ્રલોક નહીં પરંતુ દુઃખનો પરમાણુ જેટલો પણ જેમાં સ્પર્શ નથી એવું ઉત્તમ સુખ અને अपुरनर्भव એટલે મોક્ષનો આનંદ. આ બન્ને સાથે મળે અને જે આનંદ થતો હોય તે આનંદ પરમ ભગવદીયજનોના એકાદ ક્ષણ સત્સંગના આનંદની સાથે જો ના સરખાવી શકાય તો પછી આ પૃથ્વીના સમ્રાટ બની ભોગવેલાં સામ્રાજ્યાદિ સુખોની તો ત્યાં સરખામણીની કલ્પના જ ક્યાંથી થાય. (૧૪)

को नाम तृप्येद्रसवित्कथायां महत्तमैकान्त परायणस्य । नान्तं गुणानामगुणस्य जगमुर्योगेश्वरा ये भवपाद्ममुख्याः ।।१४।।

મુનિવરો કહેવા લાગ્યા કે હે સૂતમુનિ ! સકામ કર્મ કરનાર કરતાં નિષ્કામ કર્મયોગી મહાન છે, મોક્ષાનુરાગી महत्तर એટલે એથી પણ મહાન છે અને જ્ઞાની અને કર્મયોગીઓમાં પણ જે જનો ભક્તિરસભીના છે તેઓ તો અત્યંત મહાન પુરુષ છે. એવા પુરુષોને તો કેવલ શ્રીકૃષ્ણ ભગવાનનો જ અનન્યાશ્રય છે. તેઓ તો ભગવાનની કથારસના અને ભગવાનની સેવાના રસના અને આનંદના અનુભવી છે, તેઓ તો સેવાથી અને કથારસથી કદી ધરાતા જ નથી. નિરંતર સેવામાં અને હરિકથા રસપાનમાં તરબોળ જ રહે છે. કારણ કે નિર્ગુણ એવા ભગવાનના અનંત ગુણોનો મહિમા જ એવો છે કે તેનું સેવન કરનાર વેદસ્વરૂપ શિવજી અને પ્રમેય સ્વરૂપ બ્રહ્માજી યોગેશ્વરો પણ રસલુબ્ધ બની સતત ભગવાનનાં યશોગાન કરી રહ્યા છે અને કથામૃતનાં પાન કરી રહ્યા છે, તો મહારાજ અમે ન ધરાઈએ તેમાં નવાઈ શી ! (૧૪)

ભગવાનની કથા પ્રમાણરૂપ છે અને ભગવાનના ગુણો પ્રમેયરૂપ છે

હે સૂતમહર્ષિજી ! ભગવદીયજનોએ તો જીવનમાં ભગવાનને જ શ્રેષ્ઠ સ્થાન આપ્યું છે, તેથી તો પરમ ભાગવતો ભગવાનની સેવા અને કથાનો જ રસસ્વાદ માણે છે. હે સૂતજી ! આપ તે શ્રેષ્ઠ કોટિના ભગવદીય જન છો. આપને અમારું નમ્ર નિવેદન છે કે હે વિદ્વન્ ! ભક્તજનોના અનન્ય આધાર એક જ આશ્રય શ્રીહરિ ભગવાનનાં સર્વ પુરુષોનું દાન દેનારાં પરમ ઉદાર અને શ્રવણ માત્રથી અન્તઃકરણ વગેરેની પૂર્ણ શુદ્ધિ કરનારાં ચરિત્રામૃતનું અમને દાન કરો. અમે આપના શ્રી મુખેથી જ શ્રીહરિની કથાસુધાનું પાન કરવા ઈચ્છીએ છીએ. (૧૫) હે સૂત મહર્ષિજી ! પરીક્ષિત સર્વશ્રેષ્ઠ ભગવદીય હતા. એમણે તો શ્રીકૃષ્ણકથા, શ્રીકૃષ્ણ પ્રાપ્તિનું સાધન અને શ્રીકૃષ્ણકથા ફલ પણ છે એવા વિવેકપૂર્વક કથાશ્રવણ કર્યું હતું. માતાની કૂખમાં ભગવાનનાં દશ માસ પર્યન્ત દર્શન કરેલાં તે પ્રભુના સ્વરૂપને ઉદરમાંથી બહાર આવ્યા બાદ ચારે તરફ દૃષ્ટિ ફેરવીને શોધતા હોવાથી તો તેમનું ઋષિવરે પરીક્ષિત નામ આપ્યું હતું. રાજાની બુદ્ધિ પણ વિશાલ હતી. અન્ય શાસ્ત્રો જે જ્ઞાનને બ્રહ્મ તરીકે અને મોક્ષ તરીકે જાણે છે, ભક્તિશાસ્ત્ર તે જ્ઞાનને तद् विष्णोः परमं पदम् ભગવાનના ચરણકમલોને પધરાવવાની પીઠ તરીકે વૈકુંઠલોક નામથી વર્ણવે છે. આવા જ્ઞાનને શ્રી શુકાચાર્ય મહારાજશ્રીના શ્રીમુખેથી શ્રવણ કરીને શ્રીગરુડધ્વજ ભગવાનના શ્રીચરણકમલના મૂલને પ્રાપ્ત કરી ગયા છે, તે શ્રીમદ્ ભાગવત આપ અમને કહો. (૧૭) હે ભગવન્ ! આ શ્રીમદ્ ભાગવત સ્વયં સર્વશ્રેષ્ઠ પુણ્ય છે, આ શ્રીમદ્ ભાગવતમાં ચારે પુરુષાર્થો છુપાવ્યા નથી પણ પ્રત્યક્ષ દર્શાવ્યા હોઈ ચારે પુરુષાર્થ સ્વરૂપ છે, અદ્ભુત યોગનિષ્ઠાથી ભરેલ

છે, ભગવાનનાં અપાર ચરિત્રોથી ભરપૂર છે, તાદશીજનોને તો પરમ આનંદનાં દાન કરનાર છે, આવા દિવ્ય ભાગવતનું શ્રવણ, કરી પરીક્ષિત ભગવાનને પામ્યા છે. તેથી ભગવાનની આ કથા પરીક્ષિતની કથા સાથે સંકળાયેલી છે. તો હે કૃપાનાથ પરમ ભાગવત પરીક્ષિત રાજાની આગળની કથા અને શ્રીમદ્ ભાગવતની કથા આપ અમને સંભળાવવા કૃપા કરો. (૧૭)

છ ઐશ્વર્ય પૂર્ણ ભગવાનના ચરિત્રને કહેવાના આનંદને પ્રકટ કરતા સૂતજી શ્રોતાઓના ઉત્સાહને છ શ્લોકોથી પોષે છે

મહર્ષિ સૂતજી બોલ્યા કે હે મુનિવરો ! સાચે જ આજ અમારો જન્મ અને જીવન સફળ થયાં છે. અમારાં માતા બ્રાહ્મણ અને પિતા ક્ષત્રિય હોવાથી અમારી વિલોમ જાતિ કહેવાય; તો પણ ષડૈશ્વર્યવાળી હરિકથાના સેવનથી અને આપ સમાન જ્ઞાનવૃદ્ધ, તપોવૃદ્ધ અને વયોવૃદ્ધ મહત્પુરુષોની સેવાથી અમારી સૂતજાતિ સફળ થઈ, અમે ખ્યાતકીર્તિ બન્યા. હવે અમારા હૃદયમાંથી અમે ક્ષુદ્રજાતિ છીએ એવો ખટકો ચાલ્યો ગયો. આપ તો પરમ મહાન મહર્ષિઓ છો. અમારા જેવાને આપનાં દર્શન કે પાદસ્પર્શ દુર્લભ મનાય, પરંતુ પ્રભુકૃપાથી અને આપની ઉદારતાથી આપની સમક્ષ અમને હરિકથા કહેવાને પ્રેરણા આપી. (૧૮) હે મુનિવરો, પરમ ભગવદીય જનોના ઉત્તમ આશ્રયરૂપ ભગવાનનાં કેવલ હે કૃષ્ણ ! હે ગોવિંદ ! એવા નામ માત્રનો ઉચ્ચાર કરવાથી સર્વ પુરુષાર્થો સિદ્ધ થઈ જાય છે, ત્યાં પ્રભુનાં પરમ પાવન ચરિત્ર ગાવાથી થતા ફલનું માહાત્મ્ય તો ક્યાંથી ગાઈ શકાય ! મહારાજ ભગવાન સ્વયં અનન્ત છે, ભગવાનની શક્તિ અનન્ત છે, એમના ગુણો પણ અનન્ત છે મહિમા પણ અનન્ત છે; તેથી તો વેદો, પુરાણો અને શાસ્ત્રો ભગવાનને "અનન્ત" નામથી ગાય છે. (૧૯) હે મહારાજ ! ભગવાનના માહાત્મ્યને ગાવાની વાત તો જવા દો પરંતુ ભગવાનનો મહિમા એટલો કથનપૂર્ણ છે કે આ અનન્ત બ્રહ્માંડોમાં ભગવાનના જેવા ગુણોવાળો કે ભગવાનના કરતાં અધિક ગુણોવાળો કોઈ પુરુષ જ નથી. જો આ સત્યમાં પ્રમાણ જોઈતું હોય તો, જે ભગવતી પરાલક્ષ્મી શ્રીદેવી, પોતાને ચાહતા અને મેળવવા પુષ્કળ તપ કરતા દેવોની સામે નજર પણ ન કરતાં, પોતાની કામના સરખી પણ ન કરતા ભગવાન શ્રીકૃષ્ણના પાદપરાગપુંજને સદા સેવે છે; એથી અધિક ભગવાનના મહિમા માટે શું વર્ણવવું ? (૨૦) હે મુનિવરો ! ચાલો ભગવાનના મહિમાની અન્ય ગાથા કરીએ. ક્ષણવાર માની લઈએ કે લક્ષ્મીજી તો સ્ત્રી છે અને ભગવાનને ભજે એમાં શી મોટાઈ ! તો એમ ના માનશો લક્ષ્મીજી પરાશક્તિ છે, તે પણ ભગવાનને ભજે તે કાંઈ સામાન્ય વાત નથી. આમ છતાં બીજી વાત કરીએ. ભગવાન શ્રીકૃષ્ણના ચરણારવિન્દના નખનાં બ્રહ્મલોકમાં બ્રહ્માજીએ ગન્ધ, પુષ્પ, જલ વગેરે અર્ચન સામગ્રીથી અર્ચન કર્યા ત્યારે તે અર્ચનનાં નીચે વહેતા જલની 'ગંગાજી' સંજ્ઞા થઈ. તુલસીદલ તેને શિરે ધારણ કરીને શિવજી ગંગાધર સંજ્ઞા પામ્યા. આ ગંગા સર્વ લોકને પાવન કરી રહ્યાં છે, આથી વધીને ભગવાનનો બીજો અધિક મહિમા શો હોઈ શકે ! (૨૧) હે મુનિવરો ! જે ભગવાનમાં અપાર અનુરાગ કોઈ પણ ધીરપુરુષો વિના વિલંબે, દેહ, ગેહ, દ્રવ્ય, સુત, દારા વગેરેમાં ઘર કરી બેઠેલા દૃઢ મોહને ત્યજી દઈને પરમહંસોને અન્તમાં જે પદ પ્રાપ્ત કરવાનું છે, જે પદને કૃષ્ણકથાનું પાન કરીને પામ્યા છે, જે ભગવાનના આશ્રયમાં અહિંસા નામનો પૂર્વ મીમાસામાં વર્ણવેલો યાગાદિ ધર્મ અને ઉત્તર મીમાંસામાં વર્ણવેલો ઉપરમ-શાંતિ નામનો સ્વધર્મમાં સમાઈ જાય છે. (૨૨) હે મુનિવર્યો ! અનન્ત મહિમાના નાથ શ્રીનાથ ભગવાનના મહિમાને ગાનારો હું કોણ ? પણ, આપે મને હરિગુણ ગાવાનું વિધાન કર્યું છે તો હે અર્યમનઃ સૂર્ય સમાન પ્રકાશમાન મહર્ષિઓ ! આપની કૃપાથી મારી મતિને પ્રકાશિત કરીને, મારી મતિ પ્રમાણે પરીક્ષિત રાજાના જીવનની કથા સાથે વણાયેલા ભગવાનના દિવ્ય ચરિત્રનું ગાન કરીશ. ભગવન્ ! આપ તો જાણો છો કે આભ તો અપાર છે, પણ પંખીડાં તો પોતાની પાંખની શક્તિ પ્રમાણે જ ઊડે છે, તે રીતે ભગવાનના ગુણો-લીલાઓ પણ અપાર અને અગમ છે. આમ છતાં પાવન થવાની લાલસાએ વિદ્વજ્જનો પોતાની મતિ-શક્તિ અનુસાર ભગવાનને ગાય છે. (૨૩)

પરીક્ષિત રાજાની ઉત્તમ જીવનગાથા

સૂત મહર્ષિ બોલ્યા, હે મુનિવરો ! વાંકા ભાગ્યના કોઈ વાંકા દિવસે કે પરિણામે ભાગ્યોદયના કો'ક દિવસે રાજા પરીક્ષિત ઘરઆંગણેથી નીકળેલા-સજ્જ ધનુષ્યવાળા-વનમાં શિકાર માટે નીકળી પડેલા. શોક પીડાતાં મૃગોની પાછળ દોડવાથી રણસંગ્રામમાં કદી ન થાકેલા થાકી ગયા. ક્ષુધા, તૃષા અને થાકના થાકે ત્રિદોષથી રાજા ઘેરાઈ ગયા. રાજાએ પશુઓ પાછળ દોડવાનો દોષ કરેલો હોવાથી રસ્તામાં રહેલાં જલાશયોના દેવતાઓએ જલાશયો છુપાવી દીધાં; તેથી રાજા જલાશય શોધી રહ્યા છતાં એક પણ જલાશય નજરે ના પડ્યું. ત્યાં માર્ગમાં એક આશ્રમ આવ્યો. આ આશ્રમ અત્યંત પ્રસિદ્ધ હતો. મહાભારતના યુદ્ધમાં હારેલા મુનિ અશ્વત્થામા આત્મચિંતન કરવા માટે આ આશ્રમમાં આવ્યા હતા. આવા પુણ્ય આશ્રમમાં પ્રવેશ કરતાં પહેલા પ્રવેશની અનુમતિ મેળવવી જોઈએ તે પણ વિવેક વિસરી ગયા અને ત્રિદોષે ઘેરાયેલા રાજા આશ્રમમાં ધસી ગયા. (૨૪)

ત્રિદોષ વધુ વિકાર પામતાં સન્નિપાત બન્યો

રાજાએ ઋષિવરનાં દર્શન કર્યાં. ૧ मुनिम् ઋષિ બ્રહ્મનું મનન કરી રહ્યા હતા. ૨ आसीनम् મનનની ક્રિયા પછી નિદિધ્યાસનની ભૂમિકામાં હતા. ૩ शान्तम् પ્રાણાયામ કરીને મનને પ્રભુમાં પરોવી રહેલા હતા. ૪ मिलित लोचनम् નેત્ર મીંચેલાં હોવાથી બહારનું કાંઈ દેખી શકતા ન હતા. ૫ प्रतरुद्धेन्द्रियप्राणमनोबुद्धिम् ઈન્દ્રિયો, પ્રાણ, મન અને બુદ્ધિના વ્યાપારોને રોકીને ભગવાનમાં પરોવ્યાં હતાં. ૬ उपारतम् ભગવાનના સ્વરૂપમાં ડૂબી ગયા હતા. ૭ स्थानत्रयात्परं प्राप्तं જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ એવી ત્રણ અવસ્થાથી પરે પર એવી સમાધિ અવસ્થામાં હતા. ૮ ब्रह्मभूतम् મુનિ બ્રહ્મસ્વરૂપ બનેલા હતા. ૯ अविक्रियम् સર્વ ક્રિયા કે વિકારોથી પર હતા. ૧૦ विप्रकीर्णजटाच्छन्नम् મસ્તક ઉપરની જટાઓ આખાયે મુખ ઉપર છવાયેલી હતી. ૧૧ रौरवेणाजिनेन રુરુ નામના કાળિયાર મૃગચર્મથી કાયા ઢાંકેલી હતી. મુનિવરની આ ભૂમિ જોતાં રાજાને ભાવભક્તિ તો ના થયાં. ખરે રાજાને ભાગ્યે ભુલાવ્યા. સમીપમાં જલ તો હતું. કોઈના ઘરમાંથી પૂછ્યા વિના કાંઈ ના લેવાય એ નિયમ સાચો છતાં પ્રાણસંકટને અવશ્ય આપદ્ધર્મ માનેલ હોઈ રાજાએ પ્રાણરક્ષણ માટે જલ પીધું હોત તો કાંઈ પણ અનુચિત કાર્ય ના થાત. પરંતુ ભાવિ પ્રબલ અને ભગવદ્ઈચ્છા જ કારણ તેથી રાજા વિવેક વિસર્યા. રાજાનું તાળવું તૃષાથી સુકાવા લાગ્યું અને સમાધિનિષ્ઠ મુનિવર પાસે જલની યાચના કરી. (૨૫, ૨૬) રાજા ભૂમિ, આસન, જલ, આવકાર વગેરે કોઈ પણ સત્કારને ના પામ્યા. વળી રાજા તરીકે અર્ધ્ય કે મધુર વાણી પણ ના પામ્યા. મુનિવર તો સમાધિમાં જ હતા; તેથી કાંઈ રાજાનું અપમાન કર્યું ન હતું. પરંતુ પોતાને અપમાનિત કર્યા હોય એમ માન્યું. રાજા ક્ષુધાર્ત, તૃષાર્ત અને પરિશ્રાન્ત તો હતા, તેમાં વળી અપમાન થવાની ગંધ આવી અને સન્નિપાત રોગ લાગુ પડતાં મુનિવર ઉપર રોષે ભરાયા અને મુનિવરને શિક્ષા આપવા પ્રેરાયા. (૨૭)

ક્રોધ અનર્થનું મૂલ છે

હે બ્રહ્મન્ ! હે શૌનક મુનિ ! અસહ્ય ક્ષુધા-તૃષાથી અત્યંત અકળાયેલા રાજાને, એકાએક પૂર્વમાં કદી પણ ન થયેલો મત્સર અને મહાન ક્રોધ મુનિવર ઉપર જાગી ઊઠ્યો. ક્રોધ સાથે અવિવેક વગેરે દોષો પણ પેદા થયા. (૨૮) હે મુનિ ! પરીક્ષિત રાજા રોષે ભરાયેલ હોઈ ભાન ભૂલ્યા, અને આશ્રમમાંથી નીકળતાં દરમાંથી બહાર નીકળતા સર્પને મારી ધનુષ્યકોટિથી ઉઠાવી, બ્રહ્મર્ષિ શ્રી શમીક મુનિના ખભા ઉપરના ગળાના ભાગમાં મૂકીને પોતાના નગરમાં આવી પહોંચ્યા. (૨૯) રાજાએ એમ માનેલું કે અમે ક્ષુદ્ર ક્ષત્રિયો છીએ, અમારે એમની શી પરવા છે ? અમને એ શું કરવાના છે ? એવો અમારે માટે આ મુનિને ભાવ હોવો જોઈએ માટે કદાચ સમાધિનો ડોળ કરી અમારી ઉપેક્ષા કરવા બેઠેલ છે કે ખરેખર સાચી જ સમાધિ છે કે શું ? એમ વિચારીને ખાત્રી કરવા ખાતર રાજાએ આવું અવિચારી પગલું ભર્યું. (૩૦)

તેજસ્વી અને તપસ્વી સિદ્ધવચન ઋષિકુમાર શૃંગી

શ્રી સૂતજી આગળ વધતાં બોલ્યા કે હે શૌનકમુનિ શ્રી શમીકમુનિના પિતૃઓને મુક્તિ અપાવનારા શક્તિશાળી પરમ

તેજસ્વી શૃંગી નામના પુત્ર હતા. પરંતુ તે બાલક હોવાથી તેમની પાસે વધુ વિવેકની આશા ન રખાય. શ્રી શૃંગીકુમાર સમાન વયના બાળકો સાથે વનમાં ફરતા હતા ત્યાં તેમણે સાંભળ્યું કે પોતાના પિતૃચરણ શમીકમુનિનો રાજા પરીક્ષિતે ગળામાં સર્પ મૂકવાનો મહાન અપરાધ કર્યો છે. ત્યારે શૃંગી બાલક ત્રણ શ્લોક બોલ્યા. (૩૧) હે મિત્રો ! હે ઋષિ બાલકો ! પૃથ્વીમાં વધી રહેલા અધર્મને જુઓ. ઓટલા ઉપર રોટલો આપી દ્વારરક્ષા માટે શ્વાન કે દ્વારપાલને રાખવામાં આવે છે. સ્વામીના અનુગ્રહથી પુષ્ટ થયેલ શ્વાન કે દ્વારપાલ સ્વામીનો જેમ દ્રોહ કરે તેમ ધર્મ પાલન કરવા માટે નિયુક્ત કરેલા ધન-અધિકાર વગેરેના મદથી મત્ત બનેલા ક્ષત્રિય રાજાઓએ આચરેલા અધર્મને તો જરા જુઓ. (૩૨) પ્રથમ બ્રહ્માજીએ, ત્યારબાદ કશ્યપમુનિએ, પરશુરામઋષિએ અને શ્રી રામચન્દ્રજીએ તે વસુંધરા બ્રાહ્મણોને દાનમાં આપી ત્યારે તે બ્રાહ્મણોએ પૃથ્વીનું રક્ષણ કરવા ક્ષત્રિયોને દ્વારપાલ તરીકે નિયુક્ત કર્યા. બ્રાહ્મણોએ સમાધિનું કાર્ય સ્વીકાર્યું અને ક્ષત્રિયોને રક્ષાનું કાર્ય સોંપ્યું ત્યારે તેમણે રક્ષા કરવી જોઈતી હતી. પરંતુ જેમ દ્વારપાલ રસોઈ કરવાના પાત્રમાં ખાવા માટે મોઢું નાખે તે અઘટિત ગણાય તેવી જ રીતે રાજા બ્રાહ્મણોના ઘરમાં બ્રાહ્મણો પાસેથી કર લેવાનું કાર્ય કરે તે કેટલું અનુચિત લાગે. (૩૩) અવળે માર્ગે ચાલનારા ખલોનું શાસન કરનારા ભગવાન શ્રીકૃષ્ણ પૃથ્વીલોક ઉપરથી નિજગોલોક પધારી ગયા ત્યાર પછી પ્રભુએ બાંધેલી મર્યાદાનું ઉલ્લંઘન કરનારાઓનું હું શાસન કરું છું, તો હે મિત્રો ! તમે જુઓ. (૩૪)

નૃપતિના કલ્યાણ માટે શાપ

રોષથી રાતાં નેત્રવાળા ઋષિપુત્ર શૃંગીઋષિએ પોતાના મિત્રને ઉપર પ્રમાણે કહીને, સમીપમાં વહેતાં શ્રી વિશ્વામિત્રી નદીના જલનું પાન કરી सट् कट् जहि વગેરે મંત્રોનો ઉચ્ચાર કરી વાણીરૂપ અફર વજ્ર ફેંક્યું. (૩૫) ઋષિપુત્ર બોલ્યા કે આ રીતે શાસ્ત્રની મર્યાદાને તોડનાર, તેમ જ પોતાના કુલને બાળનાર અંગારા સમાન બનેલ અને મારા પિતૃચરણ શ્રી શમીકમુનિનો દ્રોહ કરનાર પરીક્ષિત રાજાને આજથી સાતમે દિવસે એટલે કુલ આઠમે દિવસે મારો મોકલેલ તક્ષક નાગ કરડશે. (૩૬) શાપ આપ્યા પછી પિતાના લાડકવાયા પુત્ર શૃંગી આશ્રમમાં પધાર્યા. ત્યાં ગળામાં સર્પના કલેવરવાળા પોતાના પિતાજીને જોયા. શૃંગી ભારે દુઃખથી પીડાવા લાગ્યા, ધીરજ ખૂટી ગઈ અને મોકળે કંઠે પોક મૂકી રડવા લાગ્યા. (૩૭) સૂતજી બોલ્યા હે મુનિવર ! હે બ્રહ્મન્ ! શ્રી અંગિરામુનિકુલભૂષણ, સહનશીલ અને કૃપાશીલ શમીકમુનિએ પોતાના એકના એક લાડકવાયા પુત્રનો ઉગ્ર વિલાપ સાંભળીને ધીરેથી સમાધિમાંથી વિરામ પામીને નેત્ર ખોલ્યાં ત્યારે પોતાના કંઠમાં રહેલા મરેલા સર્પને જોઈને તત્ક્ષણ તે સર્પને દૂર કરી લઈને પ્યારા પુત્રને પૂછવા લાગ્યા કે વત્સ ! વહાલા લાલ ! કહોને શા માટે આવડું કલ્પાંત કરો છો. બેટા ? તમારું કોણે ભૂંડું કર્યું ? કોણે તમને ક્લેશ આપ્યો ? કહો દીકરા શું થયું છે ? પિતાના પ્રશ્નોને સાંભળીને શૃંગીકુમારે બધી વાત કહી સંભળાવી. (૩૯)

કારુણ્યમૂર્તિ મુનિવર્યની કરુણા

શૃંગી-પુત્રના મુખથી, શાપ આપવાને અયોગ્ય રાજા પરીક્ષિતને શાપ આપ્યાની વાર્તા સાંભળીને તે કોમલ હૃદયના ઋષિવર્યે પોતાના પુત્રના કાર્યનું અનુમોદન પણ ના કર્યું અને અભિનંદન ના આપ્યાં. પિતા-પુત્રને કહેવા લાગ્યા, હે બેટા ! હે અબુધ બાળક ! ખૂબ ખેદની વાત છે. તેં ઘણો મોટો અપરાધ કર્યો, મોટું પાપ કર્યું બેટા, આપણે તો ક્ષમા નામનો દંડ ધારણ કરીએ.જો આપણે શાપ નામનો ઉગ્ર દંડ ધારણ કરીએ તો આપણામાં ભગવાને મૂકેલી "બ્રાહ્મણ્ય" નામની દેવતા ચાલી જાય. બેટા ! તું તો મારો આત્મજ છે, આત્મા છે. આત્મા જેટલો વહાલો છે. તેથી બીજો કોઈ ભૂલ કરે તો તેની ઉપેક્ષા કરાય પણ તારી ભૂલ જો સુધારાય નહિ તો મારો દોષ મનાય, રાજાનો અપરાધ તદ્દન નહીં જેવો હતો જ્યારે તેં તો ભયાનક દંડ દીધો. અરે બેટા, ઘણું મોટું પાપ થયું. (૪૦) જો બેટા ! શાપ આપવાથી પાપ શી રીતે થયું તે સમજાવું. પૃથ્વીના રક્ષક પ્રજાના નાથનો શાપથી નાશ કરવાથી ચોર-લુંટારુ લોકો લોકોનાં ધનમાલ વગેરેની ચોરી કરશે તેનું પાપ ચોરની માફક આપણને પણ લાગશે, કારણ કે આપણે સીધી ચોરી નથી કરી તો પણ રક્ષકનો

નાશ કરવાથી ચોરોને તક મળી તેથી આપણે પરંપરાથી પાપના ભાગીદાર થઈશું. રાજાના નાશથી ચોરો વધી પડશે. પ્રજામાં મોટો ઉપદ્રવ થશે. એકબીજાનો નાશ કરશે, ગાળો દેશે, લૂંટશે, વળી લૂંટારું લોકો લોકોનાં ગાય, બળદ વગેરે પશુઓને, સ્ત્રીઓને અને ધનને લૂંટી જશે. (૪૩) જ્યારે રક્ષકના અભાવમાં આવા ઉપદ્રવો થશે તેથી વર્ણ અને આશ્રમના સદાચારવાળો, વેદભગવાને સૂચવેલો, શ્રેષ્ઠ સનાતન ધર્મ નાશ પામશે. બેટા, ધર્મની મર્યાદા તૂટતાં જ પ્રજા સ્વૈરવિહારી, અર્થલોલુપ અને અનાચારી અન્તઃકરણવાળી બની જશે. પરિણામે શ્વાન અને વાનરોમાં થનારી પ્રજા જેવી વર્ણસંકર પ્રજા થશે. (૪૪)

પરીક્ષિત રાજાના ગુણોનો પરિચય

મુનિરાજ શમીક પોતાના સુપુત્રને પરીક્ષિત રાજાનો પરિચય આપતાં કહેવા લાગ્યા : હે વત્સ ! પરીક્ષિત રાજા તો નવ પ્રકારે સન્માનપાત્ર છે. સૌથી પ્રથમ ૧ धर्मपालः-ધર્મનું રક્ષણ કરનાર હોવાથી ધર્મમાર્ગથી આદરપાત્ર છે. ૨ नरपतिः-નરપતિ હોવાથી નીતિમાર્ગથી પણ સન્માનયોગ્ય છે. ૩ सम्राट-સામ્રાજ્યલક્ષ્મીવાળા સર્વજનોની ઈચ્છાઓને પૂર્ણ કરનારા છે માટે કામ પુરુષાર્થના પૂરકની દૃષ્ટિએ પણ પૂજ્ય છે. ૪ बृहच्छ्रवाः-રાજા ખ્યાતકીર્તિ હોવાથી પ્રસિદ્ધિની દૃષ્ટિએ સન્માનયોગ્ય છે. ૫ साक्षात् महाभागवतः-સર્વ સામાન્ય ભક્તજનોનો ભગવાન ગુરુજનના માધ્યમથી સ્વીકાર કરે છે પરંતુ પરીક્ષિતજીનો ભગવાને સાક્ષાત્ અંગીકાર કરેલો હોઈ ભક્તિમાર્ગની દૃષ્ટિ પરમ ભાગવત તરીકે પણ માનપાત્ર છે. ૬ राजर्षि-રાજા વેદરક્ષક છે તેમ જ મંત્રદ્રષ્ટા છે માટે વેદ માર્ગથી પણ પરમ માનનીય છે. ૭ हयमेघराट्-અશ્વમેધયજ્ઞ કરનાર હોવાથી વૈદિક માર્ગની દૃષ્ટિથી પણ સન્માનનીય છે. શમીકઋષિએ યોગમાર્ગથી જાણ્યું હતું કે રાજા ૮ ક્ષુધા, તૃષા અને પરિશ્રમથી અત્યંત દુઃખી હતા. આ પ્રમાણે લૌકિક દુઃખવાળા હોઈ તે પણ સન્માનપાત્ર છે. ૯ दीनः-રાજાનું તાળવું સુકાયા કરે છે તેથી તે દીન હોવાથી પણ સન્માનપાત્ર છે. પુત્ર, આવા નવ નવ ગુણોવાળા રાજાનું સંરક્ષણ અને અર્ચન કરવું ઘટે, જ્યારે આપણે શાપ આપ્યો તે યોગ્ય નથી કર્યું. (૪૫)

પિતાએ પુત્રના અપરાધને પોતાનો અપરાધ માન્યા

अपापेषु स्वमृत्येषु बालेनाऽपक्वबुद्धिना । पापं कृतं तत् भगवन् सर्वात्मा क्षन्तुमर्हति ॥

શ્રી શમીક ઋષિ ભગવાનને વિનવી રહ્યા છે કે હે ભગવન્ ! કાચી બુદ્ધિવાળા, ટૂંકી નજરવાળા મારા પુત્રે બાલકબુદ્ધિથી આપના નિષ્પાપ અને અનન્ય સેવકોમાં જે પાપ આચર્યું છે તે હે ભગવન્ ! આપ તો સર્વજ્ઞ છો તો સર્વાત્મા તરીકે આપ ક્ષમા કરવાને યોગ્ય છો. (૪૬) હે મુનિવર ! ભગવદ્ભક્તોના મહિમા માટે તો શું કહેવું ? તેઓનો કોઈ તિરસ્કાર કરે, તેઓને કોઈ ઠગે, કોઈ તેમને શાપ આપે, કોઈ તેમને ઉતારી પાડે કે તરછોડે, કોઈ પ્રહાર કરે તો પણ પુણ્યશાળી પ્રભુના ભક્તો બદલો લેવા કે શાપ દેવા સમર્થ હોવા છતાં શાપ નહીં આપે કે બદલો લેશે નહીં. (૪૭)

ભગવાનના મનની વાત જાણે તે મહામુનિ

સૂત મહર્ષિએ કહ્યું કે મુનિવર શૌનક ! શ્રી શમીક ઋષિ તો મહામુનિ હોવાથી, પુત્રે શાપ આપ્યો છે તે વાત ભગવાને પણ જાણી છે એવું ભગવાનના હૃદયનું પણ મુનિને જ્ઞાન થઈ ગયું છે તેથી પુત્રે કરેલા અપરાધથી હૃદયથી અત્યંત સંતપ્ત થયા. પુત્રના અપરાધને પોતાનો માન્યો; પરંતુ પોતાના કંઠમાં સાપ મૂકવાના કરેલા રાજાના અપરાધનો મનમાં ખ્યાલ પણ ના રાખ્યો. આટલી શ્રેષ્ઠ કક્ષાના શમીક મુનિ ભગવદ્ભક્ત હતા. સાચે જ હે મુનિવર સાચે જ સાધુજનની એ જ સર્વશ્રેષ્ઠ સાધુતા છે કે કેવલ પોતાના જ દોષો જુએ છે; પરંતુ પારકા દોષો જોતા નથી. (૪૮) અસાધુજનો સત્પુરુષોને માન-અપમાન, સત્કાર-તિરસ્કારના દ્વન્દ્વોમાં જોડે છે તો પણ નિશ્ચિત રીતે માનાદિથી હર્ષ કે અપમાનાદિથી શોક કે દુઃખ વગેરેની અસરથી સર્વથા પર રહે છે. કારણ કે એમનું અન્તઃકરણ હર્ષ-શોક વગેરે ગુણોનો આશ્રય કરતું નથી પરંતુ ગુણાતીત ગુણનિધિ ગોવિંદનો જ આશ્રય કરે છે. (૪૯)

प्रायशः साधवो लोके परैर्द्वन्द्वेषु योजिताः । न व्यथन्ति न हृष्यन्ति यत आत्मा गुणाश्रयः ॥ ૪૯ ॥

શ્રીમદ્ ભાગવત પીયૂષના પ્રથમ સ્કંધ અધિકાર લીલાના ઉત્તમ પ્રકરણમાં પરીક્ષિત રાજાને શૃંગી મુનિના શાપનું અને શમીક મુનિના પરિતાપનું વર્ણન કરતો અઢારમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૯મો

[આ અધ્યાયમાં ૪૦ શ્લોકો છે. શ્રી પરીક્ષિત રાજાનો પરિતાપ, રાજ્યાદિ પરિત્યાગ, પુણ્યશ્લોક શ્રી શુકાચાર્ય મુનિની પ્રાપ્તિ અને અન્ય પુણ્યશીલ ઋષિમુનિઓનું પરીક્ષિત રાજાની ભાગવત પરિષદમાં ભાગીરથી ભગવતીના પાવન તટે પધરામણી વગેરે પ્રસંગોના પ્રસ્તાવની કથા આવશે. "જીવનનો પ્રત્યેક પ્રસંગ પ્રભુની ઈચ્છાથી જ થાય છે એવા દૃઢ ભાવવાળા સંતસ્વભાવ ભગવદીયજનો સદા મોહથી પર રહે છે. પરમ ભદવદીય શમીક મુનિના ગળામાં પરીક્ષિત રાજાએ સાપ મૂક્યો તેનો પરિતાપ કે પીડા મુનિને ન થયાં અને શૃંગીના શાપથી ભક્તવર પરીક્ષિત રાજાને શોક, મોહ ન થતાં ભગવત્કૃપાસ્વરૂપે જ સ્વીકારી લીધાં. અત્રિ વગેરે મહર્ષિઓ ત્રિકાલજ્ઞાની હોય છે. તેઓએ જાણ્યું કે પરીક્ષિત રાજા પ્રભુના દિવ્ય ધામમાં પધારે છે અને પરમ ભાગવત શ્રી શુકાચાર્ય શ્રીમદ્ ભાગવતરસ પીરસે છે તો ચાલો લહાવો લેવા જઈએ. એમ વિચારીને પરિષદમાં પધાર્યા છે. આવી સુમંગલ કથાઓ આ ગુણાતીત પ્રકરણના અન્તિમ અધ્યાયમાં આવી રહી છે. ચાલો આપણે ભાવવિભોર હૃદયે રસનિધિ શ્રી રાસેશ્વર ભગવાનના કથાસાગરમાં અવગાહન કરીએ.]

सूत उवाच–महीपतिस्त्वथ तत् कर्म गर्ह्यं विचिन्तयन्नात्मकृतं सुदुर्मनाः ।
अहो मया नीचमनार्यवत्कृतं निरागसि ब्रह्मणि गूढतेजसि ॥ १ ॥

પરમ ભગવદીયનો પરિતાપ

શ્રી સૂત મહર્ષિએ કહ્યું કે મુનિવરો ! अथ હવે એટલે મૃગયાથી પુરમાં પાછા આવી, સ્નાનાદિ ક્રિયા કરી, સિંહાસને બેસવાનો રાજવેષ ધારણ કરી, મહીપતિ પરીક્ષિત રાજા રાજ્યસભામાં આવી સિંહાસનારૂઢ થઈ રાજ્યકાર્ય આરંભતાં પ્રથમ પોતાનાં જ અપરાધ અને દોષનું ચિંતન કરતાં બોલ્યા કે, "સભાસદો, મારા નિંદ્ય કર્મનું નિવેદન કરું છું તે સાંભળો. રાજા કે ન્યાયાધીશ પાપીને શિરચ્છેદ કે પ્રહાર વગેરે પાપનો દંડ કરે તે જાતે તો ન જ કરે પણ દંડનાયક મારફત કરે તેને બદલે મેં તો નિર્દોષ અને સમાધિનિષ્ઠ મહામુનિ શમીકજીના કંઠમાં સર્પને મારી જાતે મૂકવાનું "મહાપાપ" આજ આચર્યું છે. મુનિરાજ સમાધિમાં હતા, નિરપરાધી હતા, બ્રહ્મસ્વરૂપ હતા તેમ જ ગુપ્ત તેજવાળા હતા. એક નીચ જન કે અનાડી પુરુષ કરતાં પણ મેં હીન કાર્ય કર્યું છે." આ પ્રમાણેનો એકરાર કરતાં રાજા सुदुर्मनाः અતિશય શોકયુક્ત સંતોષયુક્ત મનવાળા થયા, પાપ કર્યું તેથી શોકયુક્ત મનવાળા થયા અને પાપથી કરેલા શોકમાં ભગવાનની સ્ફૂર્તિ થઈ શોક સારા માટે થયો તેથી સંતોષ થયો. (૧) હે સભાજનો ! શ્રી શમીકમુનિ તો શ્રીકૃષ્ણ ભગવાનને બિરાજવાનું દિવ્ય મંદિર હતા. સમાધિમાં તેમના હૃદયમાં ભગવાન બિરાજેલા હતા. તેથી જે મોટો "દેવાપમાન" નામનો મહાન અપરાધ કર્યો છે તેથી નિશ્ચયપૂર્વક નિકટના સમયમાં ના ટાળી શકાય તેવું વિક્ટ સંક્ટ આવી રહ્યું છે. ભલે તે સંકટ આવો, તે તો મારા પાપના ધોવાણ માટે, નિવારણ માટે તીર્થ બનશે. જેથી હું આવું સાક્ષાત્ કલુષિત કાર્ય નહીં કરું. (૨). મેં કરેલા અપરાધથી પ્રકોપિત થયેલો વિપ્રકુલનો અગ્નિ આજે જ મારા સામ્રાજ્ય સંબંધને, મારા સૈન્ય સંબંધને અને અઢળક સમૃદ્ધ થયેલા કોષભંડારોના મારા સંબંધોને બાળી નાખો. જો આ સર્વના અધિકારો પાછા જો મારી પાસે રહ્યા તો પાછી જ કુબુદ્ધિ થશે, તેથી મારી સત્તા નાશ પામો. તેના પરિણામે અકલ્યાણકારી એવા મને ઋષિઓ, દેવો અને ગાયો માટે કદી પણ પાપભરી કુમતિ થાય નહીં. (૩) હે મુનિવરો ! પુણ્યાત્મા અને મહાત્મા પરીક્ષિત રાજાનો દેખાવ પૂરતો ઉપરઉપરનો પરિતાપ ના હતો, પરંતુ સાચા હૃદયથી જ પોતાના પાપની શિક્ષા ચાહતા હતા, તેથી કહ્યું કે વિવેકશીલ તે પરીક્ષિત રાજા આ પ્રમાણે વિચારી રહ્યા હતા ત્યાં તો તે જ અવસરે શ્રી શમીક મહર્ષિના પુત્ર શૃંગીમુનિએ આપેલ "તક્ષક નામના નાગથી તમારું મૃત્યુ થશે" એ પ્રમાણેનો શાપ, શમીક મુનિવરે મોકલેલા ગૌર મુનિના મુખથી જાણ્યો. પરીક્ષિત રાજાએ સાતમા દિવસે તક્ષક નામનો નાગથી મૃત્યુ આવશે એ સમાચારને તે જ ક્ષણે ઘણા જ ઉત્તમ ગણ્યા કે જેથી અવલિંબે આ તક્ષક નામના અગ્નિથી સંસારાસક્ત હૃદયને વૈરાગ્યની પ્રાપ્તિ થશે. (૪) રાજા પરીક્ષિતજીએ તો શાપ થતાં પહેલાં અને મુનિના ગળામાં સર્પ મૂકવાનું પાપ કરવા પૂર્વમાં જ એક એવો વિચાર કર્યો જ હતો કે ભગવાનની સેવામાં આ લોક અને પરલોક બન્ને અન્તરાય રૂપ હોવાથી ત્યજવા જેવા છે જ. આ વિચારને આજે મુનિપુત્રના શાપથી પોષણ મળ્યું, તેથી બન્નેનો ત્યાગ કરી, કેવલ ભગવાન શ્રી કૃષ્ણની સેવાને જ સર્વશ્રેષ્ઠ ગણી અમર

નદી ભગવતી શ્રી ગંગાજીના તટ ઉપર પ્રાયોયવેશન અન્નજલત્યાગ નામનું વ્રત લઈને ભગવત્સેવા માટે બેઠા. (૫)

या वै लसच्छ्रीतुलसीविमिश्र कृष्णाडि.घ्ररेण्वभ्यधिकाम्बुनेत्री । पुनाति लोकानुमयत्र सेशान् कस्तां न सेवेत मरिष्यमाणः ॥ ६ ॥

ભગવની શ્રી લક્ષ્મીજીએ પ્રક્ષાલિત કરેલાં જલ તેમ જ ચઢાવેલાં શ્રી તુલસીદલ જે ચરણકમલમાં શોભી રહ્યાં હતાં તે તુલસીદલ અને ચરણામૃતયુક્ત શ્રીચરણોની સત્યલોકમાં બ્રહ્માજીએ અર્ચના કરી ત્યારે જે ચરણામૃત પ્રભુપદપદ્મમાંથી સરીને ભૂતલ ઉપર પધાર્યાં ત્યારે શ્રી ગંગાજી નામ ધર્યાં. શ્રી તુલસીજીની મંજરીના પરાગના મિશ્રણવાળા પ્રભુપદપરાગને અને પ્રભુચરણામૃતને અધિક પ્રમાણમાં ધારણ કરતાં ભગવતી ગંગાજી બ્રહ્મલોકમાંથી પૃથ્વી ઉપર પધારતાં માર્ગમાં આવતા શ્રી શિવજીના કૈલાસલોક સાથેના સર્વ દેવ લોકોને પોતાના સિંચનથી અંદરથી અને ઉપરથી પાવન કરે છે, આવા સામર્થ્યવાળાં ગંગાજીની સમીપમાં આવી રહેલ મૃત્યુને ક્યો પુરુષના સેવે ! ક્યો પુરુષ ભગવતી ભાગીરથીનો આશ્રય ન લે ? (૬)

વિષ્ણુભક્ત રાજર્ષિએ લીધેલો શ્રી વિષ્ણુપદીજીનો આશ્રય

इति व्यवच्छिद्य स पाण्डवेयः प्रायोपवेशं प्रति विष्णुपद्याम् । दध्यौ मुकुन्दाङ्घ्रिमनन्यभावो मुनिव्रतो मुक्तसमस्तसङ्गः ॥ ७ ॥

શ્રી વિષ્ણુભગવાનના ચરણારવિંદમાંથી પ્રકટેલાં શ્રી ગંગાજીમાં "પ્રાયોપવેશ" નામના અન્નજળત્યાગના વ્રતનો નિશ્ચય કરીને રાજા પરીક્ષિત "મુનિવ્રત" સ્વીકારીને બેઠા. આ મુનિવ્રતમાં ભગવદ્વાર્તા સિવાય અન્ય કોઈ પણ વાર્તા ન કરવી એવો નિયમ લીધો હતો. પુત્ર, પત્ની, સેવક, સચિવ આદિ કોઈને કોઈ પણ આજ્ઞા સરખી ન કરવી આવું દૃઢ વ્રત હતું. આ પ્રકારે સમસ્ત ત્યાગ કરનાર પાંડવપુત્ર પુણ્યશીલ પરીક્ષિત રાજાએ શ્રીકૃષ્ણ ભગવાનના શ્રીચરણકમળનું ધ્યાન કર્યું. (૭) જ્યારે આ રીતે રાજર્ષિ પરીક્ષિતે જીવન પ્રભુચરણે સમર્પ્યું ત્યારે ભગવાને પણ પોતાનું કાર્ય કર્યું. તે વાત કહે છે કે જ્યાં પરીક્ષિત ગંગાજીના તટે આવી બિરાજ્યા ત્યાં જ ચૌદ લોકને પાવન કરવાના સામર્થ્યવાળા મુનિવરો નિજ પુત્રો અને શિષ્યો સહિત સપરિવાર પરીક્ષિત રાજાની પરિષદમાં તત્ક્ષણ આવી પહોંચ્યા. ઘણું કરીને સંત પુરુષો તીર્થાટનનું નિમિત્ત લઈને ભુવનોને અને તીર્થોને પાવન કરવા પદયાત્રા કરતા વિચરે છે. (૮)

ભગવાનની સોળ કલા સમા ષોડશ ઋષિઓની પધરામણી

अत्रिर्वसिष्ठच्च्यवनः शरद्वान् अरिष्टनेमिर्भृगुरङ्गिराश्च । पराशरो गाधिसुतोऽथ राम उतथ्य इन्द्रप्रमदेध्मवाहौ ॥९॥
मेघातिथिर्देवल आर्ष्टिषेणो भारद्वाजो गौतमः पिप्पलादः । मैत्रेय और्वः कवषः कुम्मयोनिर्द्वैपापनो भगवान्नारदश्च ॥१०॥
अन्ये च देवर्षिब्रह्मर्षिवर्याः–राजर्षिवर्या अरुणादयश्च । नानर्षेयप्रवरान् समेतान् अभ्यपर्च्य राजा शिरसा ववन्दे ॥११॥

પ્રથમ જ્ઞાનમાર્ગના નવ ઋષિઓ પધાર્યા તેમનાં નામ લઈને ચાલો પાવન થઈએ, ૧. अत्रिः અત્રિમુનિ બ્રહ્માજીના દ્વિતીય પુત્ર તેઓ બ્રહ્માજીના નેત્રમાંથી જન્મ્યા હતા. ૨. वसिस्ठः મહારાજ વસિષ્ઠજી બ્રહ્માજીના અષ્ટમ પુત્ર છે, તેઓ બ્રહ્માજીના પ્રાણમાંથી પ્રક્ટયા છે. ૩. च्यवनः ચ્યવન મુનિને શર્યાતિ રાજાએ પોતાની સુકન્યા નામની કન્યા પરણાવેલી. ૪. શરદ્વાન્ શ્રીકૃપાચાર્ય મુનિનું નામ છે. ૫. अरिष्टनेमिः અરિષ્નેમિ મુનિ. ૬. भृगु ભૃગુ મુનિ બ્રહ્માજીના સાતમા પુત્ર તેઓ બ્રહ્માજીની ત્વચામાંથી પ્રક્ટેલા. ૭. अङ्गिराः અંગિરામુનિ બ્રહ્માજીના ત્રીજા પુત્ર, તેઓ બ્રહ્માજીના મુખમાંથી પ્રક્ટેલા. ૮. पराशरः શ્રી વ્યાસજીના પિતા થાય અને સ્વયં પણ વ્યાસ હતા. ૯. गाधिसुतः શ્રી વિશ્વામિત્ર મુનિ જેઓ ગાધિરાજના સુપુત્ર હતા. આ નવ મુનિઓ જ્ઞાનપ્રવર્તક હતા. ત્યાર બાદ કર્મમાર્ગના દશ ઋષિઓ પધાર્યા. તેઓ પાંચ પ્રકારનાં કર્મ અને પ્રકૃતિ યાગ અને વિકૃતિ યાગના દશ પ્રકારના પ્રવર્તક હતા. ૧. रामः પરશુરામજી પધાર્યા. ૨. उतथ्यः ઉતથ્ય ઋષિ અંગિરા મુનિના પુત્ર અને બૃહસ્પતિજીના ભ્રાતા થાય. ૩. इन्द्रप्रमदः ઈન્દ્રપ્રમદ નામના મુનિ પધાર્યા. ૪. इध्मवाह મુનિ ઈધ્મવાહ આવ્યા. ૫. मेधातिथिः મેધાતિથિ નામના મુનિ પધાર્યા, આ મુનિવર અતિથિને સાક્ષાત્ વિષ્ણુ સ્વરૂપે માનતા અને સત્કાર કરતા. ૬. देवलः નામના ઋષિ આવ્યા દેવલમુનિના અપરાધથી હૂ હૂ નામના ગન્ધર્વ મગર બનેલા. ૭ आर्ष्टिषेणः આર્ષ્ટિષેણ મુનિ. ૮. भरद्वाजः ભારદ્વાજ મુનિ. ૯. गोतमः ગૌતમ મુનિ. ૧૦. पिप्पलादः પિપ્પલાદ

મુનિ પધાર્યા, આ દશ મુનિઓ યજ્ઞધર્મમાર્ગીય હતા. હવે ભક્તિમાર્ગ પ્રવર્તક મુનિનાં મંગલ નામ આપે છે તેઓની સંખ્યા છની છે. मैत्रेयः મૈત્રય મુનિ કષારુ મુનિના પૌત્ર અને કૌષારવ મુનિના પુત્ર થાય તેમનું નામ "કૌષારવિ" છે. તેમની માતાનું નામ મિત્રા હતું. તેઓ પરમ ભક્ત હતાં તેથી મુનિનું બીજું નામ મૈત્રેય પડ્યું. ૨ और्वः ઔર્વ મુનિ-માતાની સાથળમાંથી પ્રક્ટયા હતા તેથી તેમનું નામ ઔર્વ પડ્યું હતું. ૩. कवषः કવષ નામના મુનિ હતા. ૪. कुम्भयोनिः અગત્સ્ય મુનિ આવ્યા. ૫ द्वैपायनः શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસ ભગવાન પધાર્યા. તેઓ ભગવાનના જ્ઞાનાવતાર છે. ૬ नारदश्च ભગવાનની ભક્તિનો અવતાર શ્રી નારદ ભગવાન પધાર્યા. સાથે તેઓના શિષ્યો પણ પધાર્યા છે. તેઓ દેવર્ષિવર્ય, બ્રહ્મર્ષિવર્ય અને રાજર્ષિવર્ય હતા. શ્રી અરુણ નામના મહર્ષિ પણ તેમાં પધાર્યા હતા. આ સર્વ મહર્ષિઓ કોઈ સ્થળે યજ્ઞમાં વરાયેલા હતા, ત્યાંથી એક સાથે પરીક્ષિત રાજાની ભક્તિપરિષદમાં પધાર્યા હોય એમ લાગે છે. સભામાં પધારેલાં અનેક પ્રકારના ઋષિવર્યોનાં અર્ધ્ય આદિથી અર્ચન કરી અર્ચનસમાપ્તિમાં નતમસ્તકે વંદન કર્યાં. (૧૧)

સભામાં ઊભા થઈ કરબદ્ધ બની રાજાએ કરેલું વિજ્ઞાપન

सुखोपविष्टेष्वथ तेषु भूयः कृतप्रणामः स्वचिकीर्षितं यत् । विज्ञापयामास विविक्तचेताः उपस्थितोऽग्रेऽमिगृहीतपाणिः ।।१२।।

પ્રથમ સ્વાગત કર્યા પછી પધારેલા તે ઋષિવર અતિથિઓ અલ્પવિરામ કરી, સ્નાન-જલપાનાદિથી સ્વસ્થ થઈ સુખશાંતિપૂર્વક સભામંડપમાં બિરાજ્યા ત્યારે પુનઃ પ્રશ્નારંભ કરતાં ભેટસ્વરૂપે પ્રણામ કરી, ભગવાનમાં ચિત્ત પરોવી, ઋષિવરોની મધ્યમાં ઊભા થઈ, વિવેકપૂર્વક સર્વ મુનિવર તરફ અંજલી જોડી, પરીક્ષિત નૃપતિ પોતાના કર્તવ્ય માટે પોતાની ઈચ્છાનું વિજ્ઞાપન કરવા લાગ્યા. (૧૨)

વિનમ્રભાવે રાજા બોલ્યા, અહો ! આશ્ચર્યની વાત અને આનંદની વાત છે કે અસંખ્ય રાજાઓમાં અતિશય બડભાગી છીએ કે આપ સમાન પરમ ભાગવત પુરુષોના અનુગ્રહને પાત્ર સ્વભાવવાળા બન્યા છીએ. જો સાચું પૂછો તો, રાજાઓનાં કુલ તો નિંદિત કર્મોનું નિવાસ બનતું હોય છે તેથી વિપ્રવરોનાં ચરણારવિંદોના પ્રક્ષાલન જલથી પણ ક્યાંય દૂર રહેલ હોય છે. આથી અમારે માટે વધારે ખેદની વાત કઈ હોઈ શકે ? કાં તો બ્રાહ્મણો રાજભવનમાં પધારતાં સંકોચ કરે તેથી અર્ધ્યઆદિથી પાદપ્રક્ષાલનનાં જળ ક્યાં મળવાનાં ? અથવા તો બ્રાહ્મણો જ્યાં વસતા હોય અને ચરણ ધોતા હોય એવા પવિત્ર દેશમાં જવાનું ભાગ્ય પણ રાજાઓનું નથી હોતું. (૧૩)

હે મુનિવરો ! ભગવાનની મારા ઉપર કૃપા ઊતરી છે, કારણ કે રાજકુલમાં જન્મેલા, નિંદ્ય કર્મમાં રસવાળા, મૂર્તિમંત પાપદેહવાળાં, પુત્ર, પત્ની વગેરે ઘરનાં સુખોમાં સદા તરબોળ રહેલાંને વૈરાગ્ય ઉત્પન્ન કરનાર શૃંગી મુનિના શાપના સ્વરૂપમાં સાક્ષાત્ પરાવરેશ ભગવાન જ પ્રાપ્ત થયા છે. પરાવરેશ એટલે પર ઉત્તમ પુરુષોના પ્યારા અને અમારા જેવા અવર એટલે અધર્મનો પણ ઉદ્ધાર કરનાર ભગવાન જ શાપરૂપે પધાર્યા છે. કારણ કે ઘરમાં લાગેલો જે શાપ તે જલદી હૃદયમાં ભયને ધારણ કરે છે. તે ભયની નિવૃત્તિ માટે જ આમ બન્યું છે. (૧૪)

પરીક્ષિત રાજાની પ્રપન્તિ અને પ્રણામ

तं मोपयातं प्रतियन्तु विप्राःगङ्गा च देवी धृतचित्तमीशे ।द्विजोपसृष्टः कुहकस्तक्षको वा दशत्वलं गायत विष्णुगाथाः ।। १५ ।।

पुनश्च भूयाद् भगवत्यनन्ते रतिः प्रसङ्गश्च तदाश्रयेषु । महत्सु यां यामुपयामि सृष्टिं मैत्र्यस्तु सर्वत्र नमो द्विजेभ्यः ।। १६ ।।

હે વિપ્રવરો ! આપની અને પ્રભુની કૃપાનો પાત્ર બનેલ હું આજ આપને શરણે આવ્યો છું. મારું નિવેદન છે કે આપ મહર્ષિઓ તેમ જ ભગવતી ગંગાજી મને શરણાગત જાણીને હરિકથાનાં પાન કરાવો. હું ભગવત્કથાસુધાનાં પાન કરતો ભગવાનમાં ચિત્ત પરોવીને બેઠેલો હોઉં પછી, દ્વિજકુમાર શૃંગીમુનિનો મોકલેલ તક્ષક સ્વયં આવીને અથવા કોઈ બીજા સ્વરૂપે આવીને ભલે મને બાળે મને એની વ્યથા નથી. માત્ર કૃપા કરીને કૃષ્ણકથામૃતવર્ષા મારા ઉપર વરસાવો. (૧૫) હે ઋષિવરો ! વળી વિશેષમાં એક બીજી પણ પ્રાર્થના છે કે, પ્રારબ્ધ યોગે જ્યાં જ્યાં જે જે સૃષ્ટિમાં, યોનિમાં જન્મ પામું ત્યાં ત્યાં, તે તે યોનિમાં, અનન્ત ભગવાન શ્રીકૃષ્ણમાં અખંડ સ્નેહ પ્રાપ્ત થાઓ, તદુપરાંત, ભગવાનના અનન્યાશ્રયવાળા

પરમ ભાગવત પુરુષોનો સતત સંગ થાઓ, પ્રત્યેકમાં મૈત્રીભાવ રહો, જે મૈત્રીભાવથી મને કોઈ માટે તિરસ્કારવૃત્તિ કે અપમાન કરવાની વૃત્તિ સ્વપ્ને પણ ન થાય. હે વિપ્રવર્યો ! વિપ્રનો અપરાધ કરવાથી અપરાધી તો છું પરંતુ नमो द्विजेभ्यः વિપ્રવરોને નમસ્કાર કરું છું. મોટા પુરુષો મોટા મનવાળા હોય છે. તેઓ નમસ્કાર માત્રથી કૃપા કરે છે અને ક્ષમા કરે છે. (૧૬)

દર્ભાસન રાક્ષસોના અવરોધોને દૂર કરે

વિવેકશીલ ભક્ત પરીક્ષિત રાજા ઉપર પ્રમાણે ઋષિવરોને વિજ્ઞાપન કરી, દૃઢ નિશ્ચય કરી દર્ભાસન ઉપર બિરાજ્યા. દર્ભાસન રાક્ષસોના પ્રવેશને અટકાવી દે છે. રાજાએ પુત્રને રાજ્યભાર સોંપી દીધો. દર્ભાસનના દર્ભનો અગ્રભાગ પૂર્વ તરફ હતો અને મૂલ પશ્ચિમ તરફ હતું. પૂર્વાભિમુખ દર્ભો ઉપર બેસવાથી દેવભાવ સિદ્ધ થયો. તક્ષકના ભયથી પર હોવાથી રાજાને ધીરઃ ધીર કહ્યા. રાજાજી ઉત્તરાભિમુખે ભગવતીજીના સન્મુખ બેઠા. ગંગાજીના દૂર તટ ઉપરના ભાગે બિરાજતાં દક્ષિણ તરફના ગંગાજીના પટની ગોદમાં બેઠા. ભગવતી ગંગાજી સમુદ્રનાં પત્ની છે તેથી સમુદ્રમાં બિરાજતા લક્ષ્મીપતિને ભક્ત પાસે લઈ આવશે અથવા ભક્તને લક્ષ્મીપતિજીની સમીપે લઈ જશે. (૧૭) ઈન્દ્રરાજાના જેવા મહાન નરદેવ દેવ પરીક્ષિત રાજા પ્રાયોપવેશ વ્રત આદરીને ગંગાજીની ગોદમાં બિરાજ્યા ત્યારે દિવ્ય લોકનિવાસી દેવવૃન્દો રાજાની ભક્તિનાં યશોગાન કરતાં, આનંદવિભોર બની, ભૂતલ ઉપર પુષ્પવૃષ્ટિ વરસાવવાં લાગ્યાં, આ અવસરે દેવલોકમાં દુંદુભિના અને દિવ્ય વાજિંત્રોના નાદ થવા લાગ્યા. આ દુંદુભિ અને વાજિંત્રનાદો શ્રી શુકાચાર્ય મહારાજની પધરામણીની જાણે વધામણી દેતાં હોય અને પરીક્ષિતજીની ઉત્તમ ગતિની આગાહીના શુકન હોય તેમ બન્યું. (૧૮)

મહર્ષિઓનાં અભય, અનુમોદન અને અભિનંદન દેતાં વચનામૃત

પરીક્ષિત રાજાનું કલ્યાણ કરવા ભગવતી ગંગાજીના તીરે પધારેલા મહર્ષિઓ કૃપાવર્ષા કરતા કહેવા લાગ્યા કે રાજન્ ! ધન્ય ધન્ય છો, ઉત્તમ ભક્તે જે કરવું જોઈએ તે જ કર્યું છે. પરીક્ષિત રાજન્ ! આપે 'પ્રાયોપવેશ વ્રત' કર્યું તેને અમારાં અનુમોદન અને અભિનંદન છે. સૂતમુનિ કહેવા લાગ્યા કે મહર્ષિઓ, प्रजानुग्रहशीलसाराः રાજાઓને પોતાની પ્રજા માની તેમના ઉપર અનુગ્રહ કરવાના સ્વભાવરૂપી સારવાળા હોય છે. ઋષિઓનું પરીક્ષિત રાજાને અનુમોદન અને અભિનંદન ખરેખર ઉત્તમશ્લોક ભગવાન શ્રીકૃષ્ણના ગુણોના શ્રવણ કરનાર માટે અથવા શ્રવણ કરવા માટે સુસંગત હતું. (૧૯) મહર્ષિવરો કહેવા લાગ્યા કે હે રાજર્ષિશ્રેષ્ઠ પરીક્ષિત રાજન્ ! ભગવાન શ્રીકૃષ્ણની સેવા અને પ્રાપ્તિના "પુણ્યવ્રત"ને પાળનારા આપના સમાન ભગવદીય પુરુષો માટે પ્રાયોપવેશ લઈ હરિકથાશ્રવણ માટે બેસવું એમાં કાંઈ આશ્ચર્ય જેવું નથી, એ તો ગળથૂથીમાં જ મળેલું હોય છે. રાજન્ ! ભગવાનના નિત્ય સાન્નિધ્યમાં રહેવાની કામનાવાળા આપના પુણ્યશીલ વડીલ પાંડવો અને પરમ ભગવદીય રાજાઓએ, ચક્રવર્તીઓના મુકુટથી વરાયેલાં સામ્રાજ્ય-સિંહાસનોને તત્કાલ ત્યજી દીધાં છે. રાજન્ ! એ પગલે ચાલનાર આપ ધન્ય ધન્ય છો. (૨૦) પરીક્ષિત રાજાને સંતોષ દેતા ઋષિવર્યો પરસ્પરમાં કહેવા લાગ્યા કે, આ પરીક્ષિત રાજા પ્રભુના અનન્યાશ્રયી ભગવદીયોમાં મુખ્ય ભક્ત છે, તેઓશ્રી પોતાના પંચભૌતિક દેહને ત્યજીને અવશ્ય વ્યાપી વૈકુંઠમાં જ પધારવાના છે. આ વૈકુંઠલોક સર્વ લોકોથી પર છે, શોકમોહથી સર્વથા મુક્ત છે, વળી રજોગુણથી સંપૂર્ણ મુક્ત છે. આવા વ્યાપી વૈકુંઠમાં રાજા પધારે ત્યાં સુધી આપણે સર્વ અહીં જ રહીશું. (૨૧) ચારેચાર પુરુષાર્થના ગુણોવાળા, समं બ્રહ્મ જેવા નિર્દોષ, मधुच्युत् અમૃતસ્રાવી મધુર, गुरु મહત્ત્વવાળું च अव्यलीकम् રાજાના કાર્યનું અભિનંદન કરતું પણ નિષ્કપટ ઋષિવૃન્દના વચનામૃતોનું પાન કરીને, મુનિવરોને વારંવાર વંદન કરતા, ભગવાન શ્રીકૃષ્ણનાં લીલામૃતનાં પાન કરવા ચાહતા, युक्तं વિવેકયુક્ત નિવેદન કરવા લાગ્યા. (૨૨)

વિગ્રહધારી વેદોનાં સાક્ષાત્ દર્શન

પરીક્ષિત રાજા બોલ્યા કે, સત્યલોકમાં દિવ્ય વિગ્રહ ધારી એટલે દેહધારી વેદો બિરાજે છે. જાણે તે સર્વ મૂર્તિમંત વેદો આજે મારા જેવા અનાથને આંગણે આપ સર્વના સ્વરૂપે અનુગ્રહ કરીને પધાર્યા છે. આપનો દીન ઉપર દયા કરવાનો

સહજ આત્મસ્વભાવ જ આ સ્થાનમાં પધારવાનું કારણ છે. આપને આ લોકના કોઈ લાભોની કે પરલોકના કોઈ પદાર્થોની કામના જ નથી હોતી; ઊલટું આ લોક અને પરલોકના જનો ઉપર કૃપા કરવાની આપની સહજ પ્રકૃતિ છે. (૨૩) હે મહર્ષિવર્યો ! આપ તો પ્રમાણરૂપ પણ છો અને પ્રમેયરૂપ પણ છો તેથી આપનામાં પૂર્ણ વિશ્વાસ ધરાવતા, મારે મારા કર્તવ્યની દિશામાં જે પૂછવાનું છે તે આપનાં શ્રીચરણોમાં પૂછી રહેલ છું કે માનવ માત્રે નિરંતર શું કરવું ? તેમ જ મરણાસન્ન જનોએ પણ શું કરવું ? તેઓનું વિશુદ્ધ કૃત્ય ક્યું છે ? આ પ્રકારે બન્ને સ્થિતિના "કર્તવ્ય"ની મારી જિજ્ઞાસા છે, તો તેનો આપ સર્વસમર્થ સિદ્ધ મહર્ષિવર્યો મારે માટે વિચાર કરી, આદેશ કરો. હું તેનું પાલન કરું. (૨૪)

ભક્તિ-ત્યાગ-વૈરાગ્ય-જ્ઞાનસિંહાસનાસીન ૩૨ લક્ષણપૂર્ણ શ્રી શુકાચાર્યનો સાક્ષાત્કાર

तत्राऽभवद् भगवान् व्यासपुत्रो यदृच्छया गाममटमानोऽनपेक्षः । अलक्ष्मलिङ्गो निजलाभतुष्टो वृतश्चबालैरवधूतवेषः ॥ २५ ॥

સૂત મુનિએ કહ્યું કે મુનિવર શૌનક ! ભગવાન શ્રી શુકાચાર્ય ભગવાન શ્રીકૃષ્ણની માફક પરિષદમાં પ્રક્ટ થયા; પરંતુ સર્વ દ્રષ્ટાઓની દૃષ્ટિમાં એ વાત ના આવે માટે વિચરતા વિચરતા આવ્યા એવું દર્શન કરાવ્યું. તેઓ ૧. **भगवान्** હતા. ભગવા ન જેવા જ બત્રીસલક્ષણવાળા હતા. રાજામાં સોળ લક્ષણો હોય છે, રાજાધિરાજમાં, ભગવાનમાં અને બ્રહ્મવિદમાં બત્રીસ લક્ષણો હોય છે ૨. व्यासपुत्रः શ્રીકૃષ્ણદ્વૈપાયન મહર્ષિ વ્યાસજીના તે પુત્ર છે. જ્ઞાનાવતાર જેમ વ્યાસ મહર્ષિ છે તેમ જ્ઞાન વૈરાગ્યાવતાર શુકદેવજી છે. ૩. यदृच्छयां ૪. गामटमानः પરમહંસના ધર્મ તરીકે ભગવદિચ્છાનુસાર પૃથ્વી ઉપર પર્યટન કરે છે. ૫. अनपेक्षः ભિક્ષા વગેરે માટે વિચરતા નથી કેવલ નિરપેક્ષ છે. ૬. अलक्ष्मलिङ्गः મહાપુરુષનાં લક્ષણોમાંથી કોઈ પણ લક્ષણ કોઈની નજરે ના ચઢે તેનું તેઓ ધ્યાન રાખે છે. ૭. निजलाभ ૮. तुष्ट આત્મલાભથી સંતુષ્ટ છે. बालैश्च वृतः બાલકોથી, સ્ત્રીઓથી અને અબુધ ગ્રામીણ જનોના ટોળાથી વીંટાયેલા છે. अवधूतवेषः જો દેહ ઉપર આચ્છાદન ન હોય તો વિચક્ષણ લોકો તેમનાં બત્રીસ લક્ષણો જાણી જાય અને પૂજવા વળગી જાય. તેમ ન બને માટે જાણી જોઈને, અવધૂત વેષ ધારણ કર્યો છે. તેમ જ સ્ત્રી, બાળકો અને બાલિશોથી વીંટાયેલા હતા. આ શ્લોકમાં શ્રી શુકદેવજીનાં ૩૨ લક્ષણોમાંથી આઠ પદમાં આઠ ગુણો ગણાવ્યા છે. બાકીના ૨૪ પછીના શ્લોકોમાં આવશે. ૩૨ લક્ષણમાં કેટલાક ગુણ યોગીની અંદર રહેલા હોય છે. કેટલાક બહાર રહેલા હોય છે. (૨૫)

तं द्वयष्टवर्ष सुकुमारपाद करोरुबाह्वंसकपोलगात्रम् । चार्वायताक्षोन्नसतुल्यकर्ण सुभ्र्वाननं कुम्बुसुजातकण्ठम् ॥ २६ ॥
निगूढजत्रुं पृथुतुङ्गवक्ष समावर्तनाभिं वलिवल्गूदरञ्च । गिदम्बरं वक्त्रविकीर्णकेशं प्रलम्बबाहुं स्वमरोत्तमाभम् ॥ २७ ॥
श्यामं सदापीच्यवयोऽङ्गलक्ष्म्या स्त्रीणां मनोज्ञं रुचिरस्मितेन । प्रत्युत्थितास्ते मुनयः स्वासनेभ्यः तल्लक्षणज्ञा अपि गूढवर्चसम् ॥ २८ ॥

પૂર્વશ્લોકમાં આઠ ગુણો-લક્ષણોનું વર્ણન કરી આગળનાં લક્ષણો ગણાવે છે. (૯-૧૦) तं द्वयष्टवर्षम् શ્રી શુકાચાર્યજીની વય તો સોળ વર્ષની છે પરંતુ "સોળ વર્ષના" એમ ન કહેતાં ૮ × ૨, આઠ દુ સોળ વર્ષના એટલા માટે કહ્યું છે કે, જ્ઞાન, ભક્તિ, બળ વગેરે વધ્યાં છે, પરંતુ કામવિકાર કે શરીરમાં જરાવસ્થા નામના દોષો આવ્યા નથી. શુકદેવજી તો વ્યાસજીની માફક ચિરંજીવી જ છે એટલે આયુષ્યનાં વર્ષો તો વધે પરંતુ દેહની આકૃતિ તો "સોળ" વર્ષની જ રહે. સોળ વર્ષની આકૃતિ તો દેખાય પણ આઠ વર્ષના બાળકના જેવા તે નિષ્કામ-નિર્વિકાર હોય એ નવમો ગુણ બતાવ્યો અને આઠ વર્ષના હોવા છતાં સોળ વર્ષના જેવા જ્ઞાની, બુદ્ધિબળશાળી હતા. આ ભાવ સમજવા માટે "આઠ-દુ" સોળ વર્ષના એવું પદ કહ્યું, सुकुमारपादकरोरुबाहवंसकपोलगात्रम् ૧૧. સુકુમાર ચરણકમલ, ૧૨ સુકુમાર કરકમલ, ૧૩ સુકુમાર સાથળ, ૧૪. સુકુમાર બાહુ, ૧૫. સુકુમાર ખભા, ૧૬. સુકુમાર ગાલવાળું શ્રી અંગ હતું. चार्वायताक्षोन्नसतुल्यकर्णसुभ्र्वाननम् ૧૭. સુંદર નેત્રવાળા, ૧૮. ઊંચી ગરુડસમી સુંદર નાસિકાવાળા, ૧૯. સરખા અને સુંદર બન્ને કાનવાળા, ૨૦. મુખ ઉપર વાંકી પણ મનોહર ભૃકુટિવાળા, ૨૧. ત્રણ રેખાવાળા શંખ જેવા સુંદર કંઠવાળા निगूढजत्रुम् ૨૨. ભરાવદાર માંસલ પાંસળીના ભાગવાળા, पृथुतुङ्गवक्षसम् ૨૩. વિશાળ અને ઉન્નત છાતીવાળા आवर्तनाभिम् ૨૪. સુડોળ અને ગોળ ચકરીવાળી નાભિવાળા, वलिवलगूदरम् ૨૫. ત્રણવલીવાળા પીપળાના પાન જેવા

પાતળા અને સુંદર ઉદરવાળા, च ૨૬. પુરુષના ચિહ્નવાળા, શ્રી શુકદેવજીનાં દર્શન કર્યાં. **दिगम्बर** શ્રી શુકદેવજી તો બ્રહ્મ સમાન સર્વવ્યાપી હોવાથી ચાર દિશાઓ જ તેમનાં વસ્ત્ર હતાં. वक्त्रविकीर्ण केशं ૨૭. શ્રી શુખદેવજીનું મુખકમલ વાંકડિયા કેશથી છવાયેલું હતું. प्रलम्बबाहुम् ૨૮. વળી શુકાચાર્યજી આજાનબાહુ હતા. બત્રીસ લક્ષણવાળા પુરુષોના બન્ને હાથ ઢીંચણથી પણ લાંબા હોય છે. स्वमरोत्तमाभम् ૨૯. દેવાધિદેવ શ્રીકૃષ્ણ ભગવાન જેવા કાન્તિમાન હતા. श्यामम् ૩૦. મેઘશ્યામ શ્રી વિગ્રહ હતો. सदापीच्यवयोङ्गलक्ष्म्या स्त्रीणां मनोज्ञम् ૩૧. સદા સુડોળ અને સદા ષોડશવર્ષની અંગ શોભાથી સ્ત્રીવૃન્દ સાથે સર્વના ચિત્તનું આકર્ષણ કરતા હતા. रुचिरस्मितेन मनोज्ञम् ૩૨. ભગવાનમાં રુચિ પેદા કરનારું તેઓનું સ્મિત-હાસ્ય હતું. કૃપા કરી સ્મિતવદને જેમને નિરખતા તેમનાં મન ભગવાનમાં ઢળી જતાં. શુકાચાર્યજી પોતાના તેજને છુપાવીને રાખતા છતાં તેઓના લક્ષણોના જાણકાર મુનિવર્યો તેમને ઓળખી ગયા. પરીક્ષિત રાજા તો ઊભા હતા જ અને સર્વ ઋષિવર્યો એકાએક શ્રી શુકમુનિની ઝાંખી થતાં જ સન્માન આપવા ઊભા થઈ ગયા. (૨૮)

શ્રી શુકાચાર્યજીનાં અર્ધ્યવંદન

स विष्णुरातोऽतिथय आगताय तस्मै सपर्यां शिरसाऽऽजहार । ततो निवृत्ता ह्यबुधाःस्त्रियोऽर्भकाः महासने सोपविवेश पूजितः ।।२९।।

ભગવતી ભાગીરથીજીના પાવન પુલિનમાં બિરાજેલ ઋષિવૃન્દની સભામાં પરીક્ષિત રાજાના પરમ શ્રેયસ માટે વિદ્યાનિધિ ભગવાન શ્રી શિવજી જ શ્રી શુકાચાર્યજીનો અવતાર લઈ આંગણે આદરણીય અતિથિ પધાર્યા. અણધાર્યા એકાએક આવેલા શ્રી શુકાચાર્યજીને પ્રથમ ક્ષણે તો પરીક્ષિત રાજાએ મસ્તકથી પ્રણામ કર્યા. ચારે તરફ ઘેરી વળેલાં બાલકો, બાલિશ જનો અને સ્ત્રીઓ ત્યાંથી ચાલી નીકળ્યાં. પુનઃ શ્રી શુકાચાર્યજીને સર્વશ્રેષ્ઠ આસન ઉપર પધરાવ્યા. પુનઃ પરીક્ષિત રાજાએ અર્ઘ્યવંદનથી અર્ચન કર્યાં. ૨૯ જ્યાં શ્રી શુકાચાર્ય મહારાજ વ્યાસપીઠે બિરાજ્યા ત્યારે તેઓશ્રીની ચારે બાજુ બ્રહ્મર્ષિ, રાજર્ષિ અને દેવર્ષિવર્યોનાં વૃન્દો પણ વીંટળાઈ વળ્યાં. આ સર્વ બ્રહ્મર્ષિવર્ય વગેરેનાં દિવ્ય તેજસ્ શ્રી તેજોરાશિ શ્રી શુકાચાર્યજીના તેજસ્ પુંજમાં ભળી જતાં મુનિવર શુકાચાર્ય વધુ શોભવા લાગ્યા. જાણે જોનારને લાગતું હતું કે ગ્રહ-નક્ષત્ર-તારાઓના સમૂહથી પૂર્ણિમાના પૂર્ણકલાપૂર્ણ ભગવાન ચન્દ્ર શોભતા હોય તેવા શ્રી શુકાચાર્ય ઝળકી રહ્યા છે. (૩૦)

વક્તા આસનસિદ્ધ જોઈએ

प्रशान्तमासीनमकुण्ठंमेघसं मुर्नि नृपो भागवतोऽभ्युपेत्य । प्रणम्य भूर्ध्नाऽवहितः कृताञ्जलिर्–नत्वा गिरा सूनृतयाऽन्वपृच्छत् ।। ३१ ।।

પરીક્ષિત રાજા પ્રશ્ન પૂછી રહ્યા હતા ત્યાં જ શ્રી શુકાચાર્ય પધાર્યા છે તેથી ભગવાન જ સ્વયં પધાર્યા છે માનીને મુનિવરોને પૂછેલા પ્રશ્નો શ્રી શુકાચાર્યજીની સમીપે કરી રહ્યા છે તે સમયે, શ્રી शुक्राचार्यजी प्रशान्तं પૂર્ણશાન્ત છે કારણ કે પૂર્ણજ્ઞાની છે, - आसीनम् આસન ઉપર બિરાજ્યા છે, તેથી પૂર્ણ સ્વસ્થ છે, अकुण्ठमेधसम् શુકદેવજીની મેધા-બુદ્ધિ સતેજ છે તેઓ કોઈ પણ પ્રશ્નોત્તર દેતાં ખચકાતા નથી, मुनिम् મનનશીલ ઋષિ છે. રાજા વિનયપૂર્વક પુષ્પ-ફલ અંજલિમાં લઈ સમીપમાં જઈ ચરણકમલોમાં મસ્તક મૂકી પ્રણામ કરી સ્વસ્થ ચિત્તે સુમધુર વાણીથી વિવેકપુરઃસર પ્રશ્નો પૂછવા લાગ્યા. (૩૧)

પરીક્ષિત રાજા પોતાના ભાગ્યની પ્રશંસા કરતા કહેવા લાગ્યા કે હે બ્રહ્મન્ ! ખરેખર ભગવત્કૃપાની શી વાત કરવી. અમે ક્ષુદ્ર ક્ષત્રિયો ગણાઈએ. અમારા ભાગ્યમાં સંતનાં ચરણકમલોની સેવા ક્યાંથી ! અમારે આંગણે કદી પણ મહાન પુરુષો પધારે જ નહીં, તેને બદલે આપે અતિથિ થઈને અમારે આંગણે પધારી અમને તીર્થ બનાવ્યા. ગંગાદિ તીર્થોમાં સન્તો સ્નાન કરવા પધારે અને પાપીઓના મૂકેલા પાપમલોને પોતાના અંગસંગથી દૂર કરી દે છે અને તીર્થોને તીર્થ બનાવી દે છે એ રીતે આપે પધારીને અમને સંતોના આદરપાત્ર બનાવ્યા છે. (૩૨) હે ભગવન્ ! ભક્તિભાવથી માત્ર ઘરમાં બેસીને આપનાં સ્મરણ કરીએ તો અમારા ઘરોની અશુદ્ધિ દૂર થાય છે તો પછી કોટિ કોટિ સૂર્યના સરખી કાન્તિ ધારણ કરનારા આપનાં દર્શન થઈ જાય, વળી ગંગાજીના જલની માફક આપનો સાક્ષાત્ સ્પર્શ થઈ જાય; અને તેમાં અર્ઘ્યવંદન

વિધિ અવસરે આપનાં શ્રીચરણોનું પ્રક્ષાલન કરતાં તો જે ચરણતીર્થ પ્રાપ્ત થઈ જાય તે તો વિષ્ણુ ભગવાનના પાદોદક તીર્થની માફક અલૌકિક દેહ સાથે યોગી દેહ આપનારું થઈ જાય છે. આપને આસને પધરાવવા, આપ અમારે આંગણે બિરાજો તો આપની સેવા પરિચર્યા અમને પ્રાપ્ત થતાં અમારી અનન્ત પેઢીઓ તરી જાય ત્યારે ઘર પવિત્ર થાય તેમાં તો શી નવાઈ ! (૩૩)

મહાયોગીઓનું સાન્નિધ્ય મહાપાપોને ટાળે

હે મહાયોગિન્ ! આપના સાન્નિધ્યથી કે પાસે આવવાથી તો, ભગવાન મહાન્ વિષ્ણુના સાન્નિધ્ય માત્રથી જેમ દેવોનો વિરોધ કરનારા સર્વ અસુરો ક્ષણવારમાં નાશ પામી જાય છે તેમ મહા પાતકો સર્વનાશ પામી જાય છે. ભગવન્ ! એ મહાપાતકો તોં એવાં હોય છે કે શાસ્ત્રોમાં જેનાં પ્રાયશ્ચિત્ત નથી બતાવ્યાં તેવાં પાપ નાશ પામે છે. (૩૪)

હે શ્રી શુકાચાર્ય મહારાજ ! આપના પધારવાના માહાત્મ્યને શી રીતે વર્ણવી શકું ? હું તો એટલું કહીશ કે સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણ જ મારા ઉપર અનુગ્રહ કરી રહ્યા છે. ભગવાન શ્રીકૃષ્ણના અનન્ય ભક્ત શ્રી પાંડુ રાજાના પૌત્ર તરીકે ભગવાને અમારો ઉદ્ધાર કર્યો છે. વળી મારાં પિતામહી દાદીમા શ્રી કુન્તીમાતાજી ભગવાનનાં બાફોઈ થાય તેથી ભગવાને પાંડુ રાજાના ગોત્રને પોતાના કુટુંબ તરીકે સ્વીકાર્યું છે, તેમની કૃપાની પ્રસાદીમાં આપની પ્રાપ્તિ થઈ છે. (૩૫)

હે ભગવાન ! જો ભગવાન શ્રીકૃષ્ણ પ્રસન્ન ન જ થયા હોય તો આપનાં દર્શન જ ક્યાંથી થાય ! કારણ કે આપની ગતિ ક્યાંય પણ સ્પષ્ટ નથી, આપ ક્યાં બિરાજો છો, ક્યાં પધારશો, આપની આકૃતિ કેવી છે તેનું કોઈને જ્ઞાન નથી તેથી તો આપ અવ્યક્તગતિ છો. અમારા જેવા મૃત્યુના મુખના ગ્રાસ કોળિયા થઈ બેઠેલાને અવ્યક્ત ગતિવાળા આપનાં દર્શન જ ક્યાંથી સંભવે ! આપ સર્વે પ્રકારના પુરુષાર્થોનાં દાન કરનારા, મૃત્યુનું નિવારણ કરનારા અને આંગણે પધારી સર્વ પદાર્થોને દેનારા પરમ સિદ્ધ પુરુષ છો. (૩૬)

પરીક્ષિત રાજાના પ્રશ્નો

अतः पृच्छामि संसिद्धिं योगिनां परमं गुरुम् । पुरुषस्येह यत्कार्यं म्रियमाणस्य सर्वथा ॥ ३७ ॥
यच्छ्रोतव्यमथो जप्यं यत्कर्तव्यं नृभिः प्रभो ! । स्मर्तव्यं भजनीयं वा ब्रूहि यद् वा विपर्ययम् ॥ ३८ ॥

શ્રી પરીક્ષિત રાજા શ્રી શુકાચાર્યજીને નિવેદન કરતાં બોલ્યા કે હે પ્રભો ! આપશ્રી યોગીઓના પરમગુરુ છો અને યોગીઓની સર્વશ્રેષ્ઠ સિદ્ધિનું નિવાસસ્થાન છો. તેથી યોગીઓને સર્વસિદ્ધિ આપનારા છો, વળી તેમને ભક્તિનાં દાન કરી ભગવાનનાં પણ દાન ગુરુ તરીકે કરી રહ્યા છો. આવા દિવ્ય પુરુષનાં મને દર્શન થયેલાં છે તેઓશ્રીના ચરણે એક પ્રશ્ન એ છે કે આ પૃથ્વીલોકમાં દેહ લઈને આવેલા પુરુષનું આજીવન ક્યું કર્તવ્ય છે, તેમ જ સર્વથા જે મૃત્યુના ગળામાં કોળિયો થઈ બેઠેલ છે તેનું શું કર્તવ્ય છે કે જે વેદશાસ્ત્રોમાં કે પુરાણોમાં કહેલાં હોય. (૩૭) હે ભગવન્ ! આ બન્નેમાં શું કરવું શું ન કરવું ? શું સાંભળવું ? શું ન સાંભળવું ? શું જપવું ? શું ન જપવું ? શું સ્મરણ કરવું ? શું સ્મરણ ના કરવું ? કોની અને શી સેવા કરવી અને ના કરવી ? આ પાંચ પ્રશ્ન અને સર્વસામાન્ય છઠ્ઠો પ્રશ્ન કે શું કરવું અને શું ના કરવું ? આ છ પ્રશ્નોનો આપ ઉકેલ કરો. (૩૮)

પરમ યોગી અગ્નિહોત્રીને આંગણે ગોદોહન કાલ પ્રતીક્ષા કરે

नूनम् भगवतो ब्रह्मन् गृहेषु गृहमेधिनाम् । न लक्ष्यते ह्यवस्थानमपि गोदोहनं क्वचित् ॥ ३९ ॥

હે ભગવન્ ! આપ તો મહાયોગી છો. પરમહંસથી અને યોગીઓથી પણ પર છો. ભગવદ્ભાવને પ્રાપ્ત થયેલા મહાનુભાવ મહાત્મા છો. ચતુર્થાશ્રમી સન્યાસીના જેવા નિયમો આપને માટે નથી હોતા, આપને ભિક્ષાદિકની કદિ આવશ્યકતા નથી. જેઓ ગૃહ-કુટુંબ-પરિવારમાં પારાવાર આસક્ત છે તેઓના આંગણે કદી પણ પધારતા નથી. કો'કવાર અગ્નિહોત્રીને આંગણે ભિક્ષા માટે પધાર્યા હો અને દમ્યંતી નારાયણની સેવામાં પરોવાયાં હોય તો આપ ગોદોહન જેટલો સમય તેને આંગણે પ્રતીક્ષા કરતા બિરાજીને તેના તૃતીય આશ્રમને" આશ્રમ સેવી નિવાસને "તીર્થ" બનાવી દો છો,

તેવા દુર્લભ પુરુષ જે સાત ક્ષણ પણ ન બિરાજે તેઓશ્રીની પાસે મારે માટે સાત દિવસ બિરાજવાની આશા કેમ રખાય? કે પ્રાર્થના પણ કેમ કરાય? (૩૯)

सूत उवाच : एवमाभाषितः पृष्टः स राज्ञाश्लक्ष्णयागिरा । प्रत्यभाषतधर्मज्ञो भगवनाबादरायणिः ।।४०।।

મહર્ષિ સૂતજી પ્રથમ સ્કંધની સમાપ્તિમાં શ્રી શૌનકાદિ મુનિવરોને નિવેદન કરી રહ્યા છે કે – જ્યારે ભક્તહૃદયના પરમભાગવત પરીક્ષિત રાજાજીએ પરમભાગવત શ્રી શિવાવતાર શ્રીશુકાચાર્ય મહારાજને વિવેક અને ભક્તિરસ તરબોળ વાણીથી સ્તુતિપૂર્વક પ્રશ્નો પૂછ્યા, ત્યારે શ્રીકૃષ્ણદ્વૈપાયન બાદરાયણ વ્યાસ મુનિકુમાર ધર્મનિષ્ઠ, શુકાચાર્ય બાદરાયણિ ભગવાને વચનામૃતવર્ષા દ્વિતીય સ્કંધથી શરૂ કરી. (૪૦)

શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીનો દિવ્ય વિનય

सुज्ञेषु हस्तयुगलं पुरतो निधाय विज्ञापयामि मुरवैरि पदाब्ज निष्ठः ।
उच्छूंखलापि विवृतिर्मम चिन्तनीया श्रीकृष्ण पादयुगले विनिवेशितेति ।।

દિવ્ય દૈન્યનું દર્શન કરાવતા શ્રીમદાચાર્ય ચરણ નિવેદન કરી રહેલ છે કે શાસ્ત્રજ્ઞ, રસજ્ઞ, સુજ્ઞ, વિદ્વદ્વર્યોએ શ્રીમદ્ ભાગવત ઉપર જ્ઞાન-ભક્તિ-ઉપાસનાના સિદ્ધાન્તની શૃંખલા-મર્યાદામાં રહીને અનેક વિવૃતિઓ કરી છે, તેઓશ્રી સમીપ, તેમ જ તેવા સમર્થ સુજ્ઞવરોની સમક્ષ "અંજલિબદ્ધ" નમ્રતાપૂર્વક વિજ્ઞાપન છે કે, કેવલ મેં શ્રી મુરારિપદપંકજમાં સર્વાત્મ નિવેદન કરી, તચ્ચરણ પરાયણ થઈ, તત્સેવાપરાયણ થઈ તદાજ્ઞાનુસાર આ વિવૃત્તિ કરી છે. આપને એમાં મર્યાદાશાસ્ત્ર, મીમાંસાશાસ્ત્ર, યોગ શાસ્ત્ર કે ભક્તિશાસ્ત્રનાં મન્તવ્યોથી પર જો "પુષ્ટિભક્તિ અનુગ્રહ ભક્તિનાં દર્શન થાય તેથી કદાચ તેની ઉપેક્ષા કરવાનું ન કરતાં અવશ્ય ચિન્તન કરવા કૃપા કરશો. આ સમગ્ર વિવૃત્તિ ભગાવન શ્રીકૃષ્ણચન્દ્રજીનાં ચરણયુગલોમાં ભકિતભાવથી સમર્પિત કરી છે.

અનુનય

श्रीकृष्णस्य चरित्रकौस्तुभभरो लीलापयोधिर्महान् श्रीकृष्णेन महर्षिणा विरचितस्तस्यादिमार्थो लघुः
श्रीकृष्णास्यमुखाम्बुजात्सृतसुबोधिन्याशयानाश्रितः श्रीकृष्णात्मजकर्दमेन शिशुना भाषान्तरेणार्पितः
दोषान्वितोपि भगवन्महिमामृताब्धौ संगाहनाद् विमलतां किल यास्यतीति
विश्वस्य यद्विलिखि तो विषुधा गुणज्ञा आलोकेयन्तु करुणापश्यार्द्र दृष्टया ।।

શ્રીકૃષ્ણચન્દ્ર ભગવાનનાં ચરિત્ર કૌસ્તુભ રત્નોથી સભર શ્રીમદ્ ભાગવત તો મહાન્ કૃષ્ણલીલાક્ષીર મહાસાગર છે. શ્રીકૃષ્ણદ્વૈપાયન મહર્ષિનો રચેલ છે. તે શ્રીમદ્ ભાગવતજીના પ્રથમ સ્કંધનો આ નાનોશો ગુજરાતી ભાષાનુવાદ છે. શ્રીમદ્ આચાર્ય ચરણ શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીના મુખાંબુજમાં સહજભાવે સરેલાં શ્રી સુબોધિજીના આશયોના આશ્રયવાળું. આ ગુજરાતી ભાષાન્તર છે. હું તો મારા પિતા શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીનો નાનો શિશુ છું, મારું જ્ઞાન કેટલું! હું જાણું છું કે મારું ભાષાન્તર દોષના ભંડારથી ભરેલું છે તો પણ શ્રીકૃષ્ણ ભગવાનના લીલામૃત મહાસાગરમાં અવગાહન કરી બહાર આવેલ હોવાથી તે નક્કી નિર્મલ બની જશે જ એ વિશ્વાસે આલેખ્યું છે. ગુણગ્રાહી વિદ્વદ્જનો કરુણામયી આર્દ્ર દૃષ્ટિએ નિહાળો એવા વિનય અનુનય સાથે વિરમું છું.

શ્રીમદ્ ભાગવત પીયૂષના પ્રથમ સ્કંધ અધિકારલીલાના ઉત્તમ પ્રકરણમાંનો શ્રી શુકાચાર્યજી મહારાજની પધરામણીનું નિરૂપણ કરતો ઓગણીસમો અધ્યાય સમાપ્ત થયો.

પ્રથમ સ્કંધ સમાપ્ત.

શ્રીકૃષ્ણાય નમઃ

શ્રીહરિ :

દ્વિતીય સ્કંધ

શ્રીમદ્ ભાગવતપીયૂષ

દ્વિતીય સ્કંધ-સાધન જ્ઞાનલીલાઃ ૧૦ અધ્યાય શ્રી નાથજીનું વામચરણ

અધ્યાય ૧લો : તત્ત્વધ્યાન પ્રકરણ

[શ્રીમદ્ ભાગવતજીના પ્રથમ સ્કંધમાંના ૧૯ અધ્યાયોમાં ભગવત્ કથાના શ્રવણના અધિકારીઓનાં, તેમ જ શ્રીહરિની કથાના વક્તાના અધિકારીઓનાં લક્ષણો સમજાવવામાં આવ્યાં. શ્રી શૌનકાદિ મુનિવરો અને મહર્ષિ લોમહર્ષણિજી સાધારણ કક્ષાના શ્રોતા-વક્તાઓનાં સ્વરૂપ અને લક્ષણો પ્રથમ ત્રણ અધ્યાયોમાં કહ્યાં. ત્યારબાદ ત્રણ અધ્યાયોમાં મધ્યમ કક્ષાના શ્રોતા-વક્તા શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસ મહર્ષિજી અને દેવર્ષિવર્યશ્રી નારદજીનાં સ્વરૂપ અને લક્ષણો વર્ણવ્યાં. પુનઃ તેર અધ્યાયોમાં ઉત્તમાધિકારી શ્રોતા-વક્તા શ્રી પરીક્ષિત રાજા અને ભગવાન બાદરાયણિ શ્રી શુકાચાર્યજીનાં સ્વરૂપ, જીવનગાથા અને લક્ષણો વર્ણવીને પ્રથમ સ્કંધ પૂર્ણ કર્યો.]

કર્તવ્યનો નિર્ણય

પ્રથમ સ્કંધ ભગવાનનું દક્ષિણ ચરણકમલ છે અને દ્વિતીય સ્કંધ ભગવાનનું વામ ચરણકમલ છે. આ સ્કંધનું નામ "જ્ઞાનલીલા" છે અને આ સ્કંધના ૧૦ અધ્યાયો છે. આ ૧૦ અધ્યાયોમાં ૨ + ૨ + ૬ મળી કુલ ૧૦ અધ્યાયો છે. આ દશ અધ્યાયોમાં "દશ લીલાવાળા ભગવાન શ્રીકૃષ્ણનું સાંગ શ્રવણ કરવું એ માનવમાત્રનું આવશ્યક અને ઉત્તમ કર્તવ્ય છે એવું નક્કી કરવામાં આવેલ છે. દ્વિતીય સ્કંધનું નામ જે જ્ઞાનલીલા કહેવામાં આવ્યું તેનો ભાવ એવો છે કે જો આપણે ભગવાનને જાણવા હોય તો ક્યા સાધનથી જાણી શકીએ ? કારણ કે લોકવ્યવહારમાં જે આંખથી આ ફળ છે, ફૂલ છે, જલ છે વગેરે જાણી શકીએ છીએ, વળી કાન વગેરે ઈન્દ્રિયો દ્વારા રૂપ, રસ, ગંધ વગેરે જાણી શકીએ છીએ; પરંતુ ભગવાન તો અતીન્દ્રિય છે. આપણી આ લૌકિક ઈન્દ્રિયોથી તો ઓળખાય જ નહીં તો પછી ભગવાન કેવા હશે ? એમને રૂપ હશે ? રૂપ કેવું હશે ? આ બધું સમજવાની ઈચ્છાઓ થવાની. તે બધાનું જ્ઞાન, સમાધાન, સમજ આ દ્વિતીય સ્કંધમાં આપવામાં આવી છે. તેથી આ સ્કંધનું નામ "જ્ઞાન લીલા" છે. જ્ઞાન લીલાનું જ બીજું નામ"સાધન લીલા" છે.

૧૦ અધ્યાયનાં ત્રણ પ્રકરણ

આ દશ અધ્યાયોનાં બે, બે અને છ અધ્યાયોમાં વહેંચાયેલાં ત્રણ પ્રકરણો છે. ક્રમે કરીને (૧) તત્ત્વધ્યાન (૨) મનની પ્રસન્નતા અને (૩) મનન એવાં ત્રણ પ્રકરણોનાં ત્રણ નામો છે. "તત્ત્વધ્યાન" નામના પ્રથમ પ્રકરણમાં બે અધ્યાયો છે. "મનની પ્રસન્નતા" નામના બીજા પ્રકરણમાં પણ બે અધ્યાયો છે, તેમ જ "મનન" નામના ત્રીજા પ્રકરણમાં છ અધ્યાયો છે.

પ્રથમ પ્રકરણ "તત્ત્વધ્યાન" અધ્યાય-૨

વિશ્વમાં સર્વશ્રેષ્ઠ તત્ત્વ ભગવાન શ્રીકૃષ્ણ છે जानीत परमं तत्त्वं यशोदोत्सङ्गलालित्तम् શ્રી યશોદાજીની ગોદમાં નિત્ય લાલનપાલન કરાતા ભગવાન શ્રીકૃષ્ણ જ પરમ તત્ત્વ છે. આ શ્રીકૃષ્ણ ભગવાન નામના પરમ તત્ત્વનાં સ્થૂલ એટલે વિરાટ્ અને સૂક્ષ્મ એટલે રાહૂચન્દ્ર નામનાં બે તત્ત્વો છે. આ બન્નેનું ધ્યાન શ્રી શુકાચાર્યજીએ પ્રથમ અને દ્વિતીય અધ્યાયમાં રાજા પરીક્ષિતજીને સમજાવ્યું છે. આ અખિલ વિશ્વ બ્રહ્માંડ ભગવાન શ્રીકૃષ્ણનું સ્વરૂપ હોવાથી તે નિત્ય છે એવો નિર્ણય થાય છે.

દ્વિતીય પ્રકરણ "મનની પ્રસન્નતા" બે અધ્યાય ૩ અને ૪

આ પ્રકરણનું નામ હૃદયની પ્રસન્નતા આપવામાં આવ્યું છે. મનની પવિત્રતા વિના મનની પ્રસન્નતા ક્યાંથી થવાની ? ભગવાન જ પરમ તત્ત્વ છે એવું જાણીને ભગવાનનું ધ્યાન કરવાથી શ્રોતાના અને વક્તાના હૃદયની પવિત્રતા અને પ્રસન્નતા થાય છે. આ વસ્તુનું કથન ત્રીજા અને ચોથા અધ્યાયમાં સ્પષ્ટ દેખાય છે. ત્રીજા અધ્યાયમાં શૌનકાદિ

ઋષિવરો હરિકથાશ્રવણથી પુષ્કળ પ્રસન્ન થયા અને શ્રીમુખેથી વચનામૃત વર્ષાવ્યાં કે જે કાન કથાનાં શ્રવણ ના કરે એને તો સર્પનાં દર જાણવાં અને જે નયન નાથનાં દર્શન ના કરે તેને તો મયૂરનાં પીછાંની આંખ જાણવી, આ સર્વ વાક્યો શ્રોતાના મનની પ્રસન્નાતાનાં પ્રમાણભૂત છે. પુનઃ ચતુર્થ અધ્યાયમાં શુકાચાર્યજી મહારાજશ્રીએ કરેલી ૧૩ શ્લોકોમાં શ્રીકૃષ્ણ ભગવાનની સ્તુતિ જ પ્રસન્નતાનું પ્રત્યક્ષ પ્રમાણ છે.

તૃતીય પ્રકરણ ''મનન''ના છ અધ્યાયો ૫થી ૧૦

આ "મનન" નામના પ્રકરણમાં કુલ છ અધ્યાયો છે. જ્યાં સુધી મનમાં આનંદ ના હોય ત્યાં સુધી "મનન" થઈ શકે જ નહીં એ સ્વાભાવિક વસ્તુ છે. મનન એટલે કોઈ પણ વસ્તુના સ્વરૂપને સમજવાના શાસ્ત્રીય વિચારોને જ મનન કહેવામાં આવે છે. આ મનનને "વિમર્શ" કહેવામાં આવે છે. આ વિશ્વ કોણે બનાવ્યું ? કેવી રીતે બન્યું ? એના બનાવનાર ભગવાન કેવા ? ભગવાને એકલાએ બનાવ્યું કે બીજાની સહાય લેવી પડી ? જો બીજાની સહાય લીધી તો ભગવાન સર્વશક્તિમાન કેવી રીતે થયા ? આ બધી જિજ્ઞાસાઓનાં વિવેકપૂર્વકના સમાધાન કરતા વિચારો આ ત્રીજા પ્રકણના છ અધ્યાયોમાં અત્યંત વિસ્તાપૂર્વક દર્શાવ્યા છે. આ દ્વિતીય સ્કંધનું રેખાંકન નીચે પ્રમાણે થાય છે.

દ્વિતીય સ્કંધ-સાધનલીલા

- તત્ત્વધ્યાન ૧થી૨ (૧)
- મનની પ્રસન્નતા ૩ અને ૪ (૨)
- (૩) મનન ૬ થી ૧૦ અધ્યાય

પ્રથમ પ્રકરણ : તત્ત્વધ્યાન

- સ્થૂલ ધ્યાન : અધ્યાય ૧લો
- સૂક્ષ્મ ધ્યાન : અધ્યાય ૨જો

દ્વિતીય પ્રકરણ : મનની પ્રસન્નતા

- શ્રોતાના હૃદયની પ્રસન્નતા : અધ્યાય ૩જો
- વક્તાના હૃદયની પ્રસન્નતા : અધ્યાય ૪થો

તૃતીય પ્રકરણ : મનન

- ઉત્પત્તિ ૫-૬-૭
  - અનિત્યનો જન્મ : અ. ૫
  - પરિચ્છિન્નમાં સમાગમ, અ. ૬
  - અપરિચ્છિન્નમાં પ્રાકટ્ય અ.૭
- ઉપપત્તિ-યુક્તિ ૮-૯-૧૦
  - આશંકા અ. ૮
  - ઉત્તર અ. ૯
  - ફલ અ. ૧૦

કથાપ્રારંભ

પ્રથમ સ્કધંના ૧૯મા અધ્યાયમાં ભગવતી શ્રીકૃષ્ણચન્દ્ર ચરણામ્બુજા શ્રી ભાગીરથીજીના પાવન તટ ઉપર બિરાજતા શ્રી શુકતાલ તીર્થની વિશાલ ગોદમાં વિરાજમાન ઋષિમંડલની મધ્યમાં પ્રધાનાસનને અલંકૃત કરતા શ્રી શુકાચાર્યજીના શ્રીચરણકમલોમાં પ્રપન્ન થઈ નૃપવર પરીક્ષિતજીએ પાંચ પ્રશ્નો પૂછ્યા. શ્રી શુકાચાર્યજીએ પ્રથમ સ્કંધમાં રાજાના પ્રશ્નનો પ્રત્યુત્તર નથી આપ્યો, પરંતુ દ્વિતીય સ્કંધના પ્રથમ અધ્યાયથી પ્રશ્નોત્તર મધુર વાણીથી આપી રહ્યા છે. આ અધ્યાયમાં ૩૯ શ્લોકો છે. શ્રી શુકદેવજી મહારાજશ્રીના ૩૮ શ્લોકો છે અને પરીક્ષિત રાજાજીનો કેવલ એક જ શ્લોક છે. આ અધ્યાયમાં ભગવાનના વિરાટ સ્વરૂપના ધ્યાયનું સ્વરૂપ વર્ણવાય છે.

(ચૌદ લોકના જનોના ઈન્દ્રિય અન્તઃકરણના ચૌદ શોકોને નિવારતાં શ્રી શુકાચાર્યજીનાં ૧૪ વચનામૃત)

શ્રી શુકવચનામૃત

श्रीशुक उवाचः જનોના वरीयानेष ते प्रश्नः उपकाराय ते यतः । आत्मवित्संमतःपुंसां, श्रोतव्यादिषुयः परः॥१॥

"સંતનાં હ્રદય તો માખણથી પણ વધુ મૃદુ હોય છે. જરા જેટલા પણ જીવોના દુઃખને દેખીને તરત જ દ્રવી જાય છે." આ ન્યાયે શ્રી શુકાચાર્ય મહારાજ વચનામૃત વર્ષાવતા બોલ્યા કે રાજન્ ! આપનો પ્રશ્ન છે કે સર્વાત્મના સર્વાત્મભાવથી મનુષ્યે શું કરવું જોઈએ, એ જે પ્રથમ પ્રશ્ન પૂછ્યો તે પ્રશ્ન ખરેખર આપના ઉપકાર-કલ્યાણ માટે છે, વળી આત્મવેત્તાઓ પણ આ પ્રશ્ન સાથે સંમત છે.. લોકોના પણ કલ્યાણને સાધનારો છે અને શ્રવણ કરવા જેવા વિષયોમાં પણ સર્વશ્રેષ્ઠ પ્રશ્ન છે. (૧) રાજેન્દ્ર પરીક્ષિત ! આપ તો ઘણા વિવેકી છો, તેથી વધુ કહેવાની જરૂર નથી. આપ જાણો છો જ કે "આત્મતત્ત્વનું જ્ઞાન ન ધરાવતા વળી પોતાનાં ગૃહોનાં સુખોને જ સુખ સમજનારા ગૃહી જીવો, તો લૌકિક સુખોના લાખો પ્રશ્નોમાં જ ખૂંપેલા છે, તેઓને આત્મતત્ત્વનો વિચાર ક્યાંથી આવે ? પછી તેઓ આત્મતત્ત્વનો પ્રશ્ન કરે જ ક્યાંથી ? (૨)

પ્રપંચરત જીવને સત્સંગનો સમય ક્યાંથી મળે !

निद्रया हियते नक्तं व्यवायेन च वा वयः । दिवा चार्थेहया राजन् कुटुम्बभरणेन वा ॥३॥ રાજન્ શું વધારે કહે ! રાત્રી કીર્તન-સ્મરણમાં જવી જોઈએ તેને બદલે ભોગવિલાસમાં અને નિદ્રામાં હરાઈ જાય છે, વળી ભોગવિલાસનાં સાધનો વસાવવામાં સમય જાય છે, દિવસ અર્થાર્જનની પ્રવૃત્તિમાં અને ધનપ્રાપ્તિના સાધનોની ચિંતામાં જાય છે. ભગવત્સેવમાં અત્યંત ઉપયોગી વયઃ યૌવનનો ઉદ્યાન તો જોતજોતામાં વેડફાઈ જાય છે અને યૌવન વેરાન થઈ જાય છે. સુખી લોકો તો દિવસે પણ નિદ્રાધીન થાય છે. આમ કરતાં સમય જો બચ્યો તો કુટુંબના ભરણપોષણમાં જ પૂરો થઈ જાય છે. (૩) સેવા વિમુખ રાજન્ ! કુટુંબ, કાયા, કાન્તા, સંતાન અને સમ્પત્તિ અને પતિ વગેરે સર્વ સેવોપયોગી બને માટે જ ગૃહસ્થાશ્રમ સ્વીકાર્યો; પરંતુ તે સર્વ હરિવિમુખ હોવા છતાં વળી તેઓનો વિનાશ થતો જોવા છતાં, તેમાં જ રચ્યોપચ્યો રહેલ પ્રમાદી જીવ પોતાના આયુષ્યના અને જીવનના નાશને જોતો નથી એ જ આશ્ચર્ય છે. (૪)

"જીવનનો વહીવટ વટવાળો જોઈએ"

(માનવે ધનના હિસાબો જોવા રોજમેળ-ખાતાવહીઓ રાખ્યાં, જીવનના વ્યયનો હિસાબ ના રાખ્યો. આખો દિવસ નહીં તો દિવસનો આઠમો કે સાળમો ભાગ પણ જો નિત્ય "પ્રભુસેવામાં અને પુણ્ય- કાર્યમાં" વાપર્યો હોત તો જીવનના જમા પાસામાં પુણ્યના પુંજો-સંતોના સમાગમ, પ્રભુપ્રેમની પૂંજી જમા હોત. ચિંતા નહીં રાજન્ ! "જાગ્યા ત્યારથી સવાર" એ ન્યાયથી વીતી વાત વીસરી જઈ બચી જિંદગી ગોવિંદમાં વાપરી લેવી, એવી શીખ હવે પાંચમાં શ્લોકમાં આપે છે.)

आत्मा वा अरे द्रष्टव्यः વેદનો ઉપદેશ : કલ્યાણવાંછુ આત્માએ શ્રી કૃષ્ણનું એટલે આત્માના આત્માનું દર્શન, શ્રવણ, મનન કીર્તન કરવું જોઈએ

तस्मात् भारत सर्वात्मा भगवान् हरिरीश्वरः । श्रोतव्यः कीर्तितव्यश्च स्मर्तव्यश्चेच्छ्ताऽभयम् ॥२॥

રાજન્ પરીક્ષિત ! આપ તો ભરતકુલોત્પન્ન છો, આપના પૂર્વજો માયાને જીતતા આવ્યા છે. તો આપને માટે તો માયા-વિજય સુલભ છે તેથી અભયની એટલે મોક્ષની કે ભગવચ્ચરણકમલની પ્રાપ્તિની ઈચ્છાવાળા માનવ માત્રે સર્વના આત્મા, સમર્થ ઈશ્વર ભગવાન શ્રીહરિનું-શ્રીકૃષ્ણનું જ શ્રવણ કરવું, કીર્તન કરવું તેમ જ સ્મરણ કરવું. વળી બે વાર ચ અવ્યય આવેલ હોવાથી મનન તેમ જ નિદિધ્યાસન પણ સહજભાવે કરવાં. (૫) રાજન્, માનવ જીવનનો એટલો જ લાભ છે કે 'અંતમાં શ્રી નારાયણનું-ભગવાન શ્રીકૃષ્ણનું સતત સ્મરણ રહે. આ લાભ સાંખ્યથી કે પોતાના ભગવત્સેવા સ્મરણ નામના ધર્મના સંપૂર્ણ સેવનથી થાય છે. (૬)

આત્મારામો પણ હરિકીર્તનમાં રમણ કરે છે

રાજન્ પરીક્ષિત, જે આત્મારામ અવધૂતો છે, મુક્ત પુરુષો છે, જેઓની ભુમિકા વિધિ-નિષેધના નિયમોના પાલનથી પર છે તેમ જ નિર્ગુણ દશામાં નિરંતર રહેલા છે તેવા મુનિવરો પણ શ્રીહરિના ગુણાનુવાદમાં, ગુણસંકીર્તનમાં જ એકતાન થઈ સામાન્ય રીતે નિત્ય રમણ કરતા હોય છે એ વાત પ્રસિદ્ધ છે. (૭)

શ્રીમદ્ ભાગવતજીનાં વિવિધ નામ

રાજન્ પરીક્ષિતજી ! આ શ્રીમદ્ ભાગવત અષ્ટાદશ પુરાણમાં આવેલ પુરાણ છે. એની બીજી સંજ્ઞા શ્રીમદ્ ભાગવત છે. ત્રીજું નામ સમાધિભાષા છે, ચોથી સંજ્ઞા શ્રુતિ એટલે વેદ છે. પાંચમું નામ સાક્ષાત્ બ્રહ્મ છે. વળી ભગવાનનું પ્રત્યક્ષ દ્વાદશાંગ સ્વરૂપ છે. શ્રીમદ્ ભાગવત સાક્ષાત્ શ્રીકૃષ્ણ છે. ભગવાને સ્વયં શ્રીમુખે કહેલ હોવાથી એનું નામ ભાગવત છે. ભગવાનના સ્વરૂપને ગાનાર હોઈને પણ ભાગવત નામ આપ્યું છે. ભગવાનના જેવું ફલ આપનાર હોવાથી પણ ભાગવત નામ પડ્યું. આગળ વધતાં શ્રી શુકાચાર્યજીએ વચનસુધા વર્ષાવી કે રાજન્ ? દ્વાપર યુગના પ્રારંભમાં મારા પિતૃચરણ શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસ મહર્ષિ પાસેથી અર્થના જ્ઞાનપૂર્વક શ્રુતિના અધ્યયનની માફક મેં શ્રીમદ્ ભાગવતજીનું અધ્યયન કર્યું છે. (૮)

परिनिष्ठितोऽपि नैर्गुण्ये उत्तमश्लोकलीलया । गृहीतचेता राजर्षे आख्यानं यदधीतवान् ॥९॥
तदहं तेऽभिधास्यामि महापौरुषिको भवान् । यस्यश्रद्दधतामाशु स्यान्मुकुन्दे रतिः सती ॥१०॥

સંક્ષેપમાં શ્રી શુકાચાર્યજીની મધુર જીવનાગાથા સુધા

રાજન્ ! મારી જીવનગાથા કહું ? હું મારાં માતાજીના ઉદરમાં હતો ત્યારથી જ જ્ઞાન અને વૈરાગ્ય સ્વભાવમાં વસી ગયાં હતાં. જન્મ લેતાં જ જ્ઞાન અને વૈરાગ્યના સંસ્કારોને લીધે પિતૃચરણના આશ્રમને ત્યજી વૈરાગ્યના તાનમાં તણાઈ વનમાં ચાલવા લાગ્યો. કારણ કે મારા મનમાં ભય હતો કે મારાં માતા-પિતા મને સંસારી બનાવશે. પરંતુ મારી એ સમજ ખોટી હતી, અરે ઠગારી હતી. મારા પિતાજીને કેવલ મને યજ્ઞોપવીત સંસ્કાર આપીને, આત્માનંદથી ઊભરાતા આત્મરસથી, શ્રીહરિકથારસથી છલકાતા, શ્રીકૃષ્ણલીલામૃત' મહાસાગરને શ્રીમદ્ ભાગવત નામની ગાગરમાં ભરી મને પાઈ દેવો હતો. પરંતુ રાજન્ ! મને તો ત્યાગનું "તાન" ચઢેલું તેથી "તાત"નું કહ્યું શેનો માનું ? મારાં કરુણામયી મા અને પુણ્યશ્લોક તાત રડતાં રહ્યાં, મારી પાછળ દોડતાં રહ્યાં. વળી હે પુત્ર ! હે પુત્ર ! હે તાત ! હે તાત ! એમ પોકારતાં જ રહ્યાં. પરંતુ માતપિતાની આર્તિને કોણ સાંભળે ? હું તો બાપને થાપ આપી કોઈ ઘોર ઝાડીમાં જઈ ભરાઈ બેઠો, નિર્ગુણ અને નીરૂપ બ્રહ્મનું ધરાઈ ધરાઈ ધ્યાન કરવા લાગ્યાં. ત્યારે એકાદ ક્ષણ આનંદ આવે પરંતુ પાછું સર્વત્ર શુષ્ક જ ભાસે. હવે ક્યાંય ચેન ના પડે. શું કરું ? ક્યાં જાઉં ? કોને પૂછું ? કાંઈ પણ ના સૂઝે, ના રસ્તો જડે. રાજન્ ! હું તો તાતને વીસર્યો પણ તાત તો મને શેના વીસરે ! મારા વિરહમાં, મારી ચિંતામાં રાતદિ વીતાવતા તાતચરણે મારા ઉપર કૃપા કરવા વિચાર્યું. એમનું તો એક જ રટણ હતું કે મારા પુત્રને મારે શ્રીમદ્ ભાગવતજીનાં દાન દેવાં છે, શ્રીકૃષ્ણલીલામૃતનાં પાન કરાવવાં છે, એમાં જ એનું અને અખિલ વિશ્વનું પરમ કલ્યાણ છે. આ પ્રમાણે વિચારીને પોતાના બે શિષ્યોને બોલાવી વાત્સલ્યભાવે કહ્યું કે હે વત્સો ! હું તમને बर्हापीडं नटरवपुः અને अहो बकीयं स्तनकालकूटं આ શ્લોકો આપું છું. પ્રથમ શ્લોકમાં ભગવાનના દિવ્યસ્વરૂપનાં વર્ણન છે અને બીજા શ્લોકમાં શ્રીહરિની દયાનાં દર્શન છે. હે વહાલા વત્સો ! તમે આ બે શ્લોકોનું ગાન કરતાં કરતાં વન-વગડે વિચરજો. જો શ્રીમદ્ ભાગવતજી ભગવાનનું જ સ્વરૂપ હશે તો, જો શ્રીમદ્ ભાગવતજી બ્રહ્માનંદથી પણ અધિક પરમાનંદનું દાન કરનાર હશે તો, જો મારો શુક કેવલ પરમાનંદને જ તલસતો હશે તો, જો મારા પુત્રમાં મારી લૌકિક આસક્તિ નહીં હોય તો, ભગવાનને શ્રીમદ્ ભાગવતજીના કથામૃતના દાન દ્વારા સમગ્ર જીવોનો અંગીકાર કરવો હશે તો, આ બે શ્લોકોનું શ્રવણ ક્યાંય પણ વનમાં સમાધિમાં બેઠેલા મારા પુત્રને અવશ્ય ભગવદિચ્છાથી સાંભળવા મળશે. સાંભળતાં જ મારો શુક પરમાનંદમાં આવી જશે, તમને બન્નેને ભેટી પડશે, તમારી સાથે જ આશ્રમમાં પાછો આવશે, અને અવશ્ય શ્રીમદ્ ભાગવતજીનાં અધ્યયન કરશે. રાજન્ ! મારા પિતૃચરણની ભાવનાનુસાર વનવગડે વિચરતા અને તે બે શ્લોકોને ગાતા પુણ્યશીલ શિષ્યોના શ્રીમુખમાંથી બે શ્લોકોનું મેં શ્રવણ કર્યું. अहो बकीयं શ્લોકનું શ્રવણ કરતાં દયાનિધિના અપાર દયાસાગરમાં હું ડૂબવા લાગ્યો, बर्हापीडं नटवरवपुः શ્લોકનું શ્રવણ કરતાં તો હું, ઉત્તમ શ્લોક ભગવાનના પરમાનંદ સ્વરૂપની ઝાંખી થતાં, આનંદ મહાસાગરમાં વિહરવા

લાગ્યો. હૃદયમાં પરમાનંદમય પુરુષોત્તમજીનું સ્વરૂપ સ્થિર થઈ ગયું, હૃદય ભીંજાઈ ગયું ! પછી તો નયનયુગલમાંથી સતત અશ્રુધારા વહેવા લાગી, આનંદવિભોર બની હું તે બે પુણ્યશીલ ઋષિકુમારોની પાછળ પાછળ પાગલ થઈ ચાલવા લાગ્યો, ત્યાં તો હું તે મારી જન્મભૂમિ-અતિપાવન મનભાવન શમ્યાપ્રાસ આશ્રમમાં આવી પહોંચ્યો, પિતૃચરણ અને માતૃચરણોમાં ઢળી પડ્યો. મારા વિરહમાં ઝૂરતાં મારાં માત-તાત હે તાત ! હે વત્સ ! હે પુત્ર ! હે બેટા ! હે શુક ! કહી મને ભેટી પડ્યાં, સર્વનાં ઉર ઠર્યાં. પિતૃચરણે મને અતિ અનુરાગ અને ઉત્સાહથી શ્રીમદ્ ભાગવતજીનાં દાન કર્યાં એટલે રાજન્, સમજી લ્યો કે મને શ્રી યશોદોત્સંગ લાલિત ભગવાન શ્રીકૃષ્ણનાં જ સમર્પણ કર્યાં. રાજન્ ! આ તો મેં આપને મારી આત્મગાથા ગાઈ સંભળાવી. હવે શ્રીહરિગુણગાથા એકાગ્ર બની સાંભળો. રાજર્ષિ પરીક્ષિતજી ! મારી પરિસ્થિતિ સંબંધમાં હું શું કહું ? હું તો ગુણાતીત બ્રહ્મની સમાધિમાં સંપૂર્ણ નિષ્ઠાવાળો હતો, પરંતુ ઉત્તમશ્લોક ભગવાન શ્રીકૃષ્ણની રસસભર લીલાઓના શ્રવણથી મારું ચિત્ત ભગવાનની લીલાઓમાં જ ઢળી ગયું. તેથી સમજપૂર્વક સમસ્ત વેદાન્તનો અભ્યાસ કર્યા બાદ શ્રીમદ્ ભાગવતજીનું એટલે ભગવદાખ્યાનનું અધ્યયન કર્યું. (૯) રાજન્ ! આપ મહાપુરુષ ભગવાન શ્રીકૃષ્ણના પરમભક્ત છો, તેથી જ હું આપને ભગવલ્લીલાઓનું શ્રવણ કરાવીશ. રાજન્ ! આ શ્રીહરિની લીલાઓમાં રસ ધરાવનાર શ્રદ્ધાશીલ ભગવદીયજનની શ્રીમુકુન્દ ભગવાનમાં અનન્ય પ્રીતિ થાય છે. (૧૦)

હે નૃપ પરીક્ષિત ! સંસારસુખોથી ઉપશમવૃત્તિવાળા, વળી ક્યાંયથી પણ ભય ના થાય એવી વૃત્તિ સેવનારા, યોગિજનોએ શ્રીહરિનું ગુણસંકીર્તન કરવું એ જ "જીવનું કર્તવ્ય" છે એવા નિર્ણય ઉપર આવેલા છે. (૧૧) રાજન્, "ગાફેલ થઈ ઘણું લાંબુ જીવવા કરતાં સાવધ રહી સ્વલ્પ જીવવું એ જ સર્વશ્રેષ્ઠ છે" એ ન્યાયે જીવન ભગવત્સેવા માટે છે, આયુષ્ય ભગવત્પ્રાપ્તિ માટે છે. એ પ્રકારના જીવનના મહત્ત્વને ન સમજનારા અને વિષયપરાયણ જીવનારા પ્રમાદી જન લાંબા આયુષ્યવાળાં અનેક વર્ષો જીવે, આ ભૂમિ ઉપર જીવે, એનો શો અર્થ ? પરંતુ જીવનનું ધ્યેય ભગવત્સેવા છે એવી સમજપૂર્વક અને ક્રિયાપૂર્વક માત્ર એક મુહૂર્તનું બેઘડી જીવન જિવાય તો તે જીવન કલ્યાણપ્રાપ્તિ કરાવનાર ગણાય અને તેવું જ જીવન શોભે. (૧૨)

મુહૂર્તમાત્રના આયુષ્યમાં પણ શ્રીહરિને પામ્યા

રાજન્ ! ખટ્વાંગ નામના રાજર્ષિ હતા. એમનું બીજું નામ દિલીપરાજા હતું. રઘુ રાજાના તેઓ પિતાશ્રી થાય. એક વાર દેવોને સહાય કરી દૈત્યોને હરાવી સ્વર્ગનું સામ્રાજ્ય જીતી દેવોને પાછું આપ્યું, ત્યારે દેવોએ વરદાન માંગવા કહ્યું. રાજાએ-રાજર્ષિએ વરદાનમાં પોતાનું આયુષ્ય એક જ મુહૂર્તનું છે એમ જાણ્યું કે શીઘ્ર ભૂતલ ઉપર પધારી ક્ષણવારમાં સર્વસંગ ત્યજી, સર્વસ્વ શ્રીહરિ એ એક જ અભય સ્વરૂપ છે એમ સમજી તે શ્રીહરિને જ પામ્યા. પરંતુ વરદાનમાં દેવો પાસે દીર્ઘાયુષ્ય ના માગ્યું કે ના સ્વર્ગના ભોગવિલાસો ભોગવ્યા. (૧૩)

રાજન્ ! શૃંગીનો શાપ તો આયુષ્યની અવધિનો સૂચક આશીર્વાદ છે

હે કુરુકુલદીપક પરીક્ષિત રાજન્ ! દયાળુ શૃંગી ઋષિકુમારે આપના આયુષ્યનો અવધિ કેવલ સાત દિવસનો છે એવું જાણનારે "સપ્તમ દિવસે તક્ષક દંશ દેશે" એવા શાપના બહાને આયુષ્યના અવધિની આગાહી કરી છે. તો અકળામણ શી ? હજી આપના હાથમાં સાત દિવસનું આયુષ્ય છે એટલા દિવ્ય સમયમાં શ્રીહરિને પ્રાપ્ત કરી લેવાના પરલોક પ્રાપ્તિના પંથે પ્રસ્થાન કરતાં ઉપયોગી થનારા હરિકથા શ્રવણ નામના પાથેયને આપ મેળવી પાન કરી લ્યો ! (૧૪) રાજન્ ! અંતકાલ આંખ આગળ આવે ત્યારે સર્વથા નિર્ભય થઈને વિવેકી પુરુષે પ્રથમ પોતાના દેહની આસક્તિના પાશને પુનઃ દેહ સાથે સંબંધ ધરાવનારા પરિવારની મમતાના પાશને-"અસંગ" નામના શસ્ત્રથી છેદી નાખવો અને સર્વની મમતાને ત્યજી દેવી. (૧૫) મમતાને ત્યજ્યા પછી ધૈર્ય ધારણ કરી, ઘર-પરિવારને ત્યજી બહાર નીકળી જઈ પવિત્ર તીર્થે જઈ, તીર્થજલમાં સ્નાન કરી, યોગ માર્ગના નિયમ પ્રમાણે બનાવેલ આસન ઉપર એકાન્ત સ્થાનમાં બેસવું. (૧૬) દર્ભ, મૃગચર્મ અને વલ્કલના ક્રમથી રચેલા આસન ઉપર બેઠા પછી સાધક પુરુષે મનથીअ-उ-म् આ ત્રણ અક્ષરોથી બનેલા,

અત્યંત શુદ્ધ, ૐકાર રૂપ ત્રણ અક્ષરોવાળા, મંગલમય પરબ્રહ્મનો "ૐ" એવો ઉચ્ચાર કરવો. ૐકારનો ઉચ્ચાર મનથી કરવો, પુનઃ ૐકારના મનમાં થતા ઉચ્ચાર સાથે ત્રણ પ્રકારનો એટલે પૂરક-કુંભક-રેચક નામનો પ્રાણાયામ કરી શ્વાસને જીતી લેવો. આ પ્રકારે વાયુને જીતીને બ્રહ્મબીજનું સ્મરણ કરતાં મનને વશ કરવું. (૧૭)

પ્રાણાયામ પછી પ્રત્યાહારનો પ્રકાર

પ્રાણાયામથી પ્રાણવાયુને વશ કરી પ્રણવમંત્રનું અખંડ સ્મરણ રાખી, બુદ્ધિને સારથિ બનાવી બુદ્ધિના સહારે વિષયો તરફ ઢળતી ઈન્દ્રિયોને મનની મજબૂત લગામ દ્વારા પાછી વાળવી. પ્રત્યાહાર વગેરે ક્રિયાઓથી સારી રીતે પાછા વાળેલા મનને સર્વાંગ શુભ એવી ભગવાનની માનસી મૂર્તિના ચરણથી મસ્તક પર્યન્તના પ્રત્યેક અંગોમાં શુદ્ધ બુદ્ધિના સહારે ભગવાનમાં જોડી દેવું. (૧૮)

ભગવાનના સર્વ અવયવોને મનમાં રાખવા અથવા અવયવોમાં મનને રાખવું એટલે ધારણા અને મનને એક અવયવમાં રાખવું એ ધ્યાન : ધ્યાનનો પ્રકાર સમજાવતાં શ્રી શુકાચાર્ય મુનિવર કહેવા લાગ્યા કે રાજન્ !માનસી મૂર્તિમાં જેડોલા મનથી ભગવાનના એક અવયવનું ધ્યાન કરવું. પુનઃ એક અવયવ સ્થિર થાય ત્યારે તેની સાથે બીજા અવયવને જોડી આગળ વધવું. આ પ્રમાણે ધ્યાન કરતાં વિષયથી રહિત થયેલા મનને ભગવાનના સ્વરૂપમાં પરોવી રાખેલું મન જ્યાં પ્રસન્નતામાં રહે છે તે વિષ્ણુનું પરમપદ કહેવાય છે, રજોગુણ અને તમોગુણથી પરાજય પામેલા, તેથી મૂઢ બનેલા પોતાના મનને ધારણાથી પકડી રાખવામાં આવે તો તે ધારણા ધીરપુરુષના મનના મલને દૂર કરે છે. (૨૦) ભગવાનના મંગલમય સ્વરૂપની ધારણા કરતાં યોગીજનોને શીઘ્રભક્તિલક્ષણવાળો યોગ સિદ્ધ થાય તે ધારણાના મનોહર આશ્રયરૂપ ભગવાનના મંગલમય સ્વરૂપનું ધ્યાન કરવું. (૨૧)

નૃપતિની જિજ્ઞાસા છે કે ધારણા કેવી રીતે કરવી

राजोवाचः यथा संधार्यते ब्रह्मन् धारणा यत्र संमता । यादृशी वा हरेदाशु पुरुषस्य मनोमलम् ॥२२॥

પરીક્ષિત રાજા પૂછી રહેલ છે કે હે બ્રહ્મનિષ્ઠ ! હે બ્રહ્મસ્વરૂપ શુકાચાર્યજી ! ધારણા કેવી રીતે કરવી ? ક્યાં કરવી ? જે પ્રકારની ધારણા કરવાથી પુરુષના મનના મલ દૂર થાય તે પ્રકારની ધારણા આપ મને કૃપા કરીને બતાવો. શું માનસી મૂર્તિ બનાવી તેમાં મન પરોવવું કે પછી શાસ્ત્ર દ્વારા કે સંતો દ્વારા શ્રવણ કરેલી ભગવાનની મધુરાકૃતિનું ધ્યાન કરવું ? નાથ ! નાથનાં અનંત સ્વરૂપો છે ! તેમાં શાન્ત સ્વરૂપનું કે સ્નેહાળ સ્વરૂપનું ધ્યાન કરવું ? આ મારી જિજ્ઞાસાનું સમાધાન કરવા કૃપા કરો. (૨૨)

ધ્યાનનો પ્રકાર અને સ્વરૂપનો સંકેત

श्री शुक उवाच–जितासनो जितश्वासो जितसङ्गो जितेन्द्रियः । स्थूले भगवतो रूपे मनः संधारयेद्धिया ॥२३॥

શ્રી શુકાચાર્ય મહારાજે કહ્યું કે રાજન્, પ્રથમ તો આસનસિદ્ધિ મેળવવી, ત્યારે પ્રાણવાયુને પ્રાણાયામથી વશ કરવો, પુનઃ વિષયોથી મુક્ત કરીને મનને નિઃસઙ્ગ કરવું, ઈન્દ્રિયો ઉપર સંયમ પ્રાપ્ત કરવો. આ આરંભની ભૂમિકા સિદ્ધ કરીને વિવેકબુદ્ધિથી વશ કરેલા મનને પ્રથમ ભગવાનના સ્થૂલ સ્વરૂપમાં પરોવવું. (૨૩) રાજન્ ! ભગવાનનું વિશ્વસ્વરૂપ એટલે વિરાટસ્વરૂપ કેવું હોય તેનો હવે પરિચય આપું. જેની અંદર, ભૂતકાળમાં થયેલું, ભવિષ્યમાં થનારું અને વર્તમાનમાં જે છે તે આ વિશ્વ દેખાય છે તે આ પૃથ્વી સ્થૂલમાં પણ સ્થૂલતર એટલે મોટા પદાર્થોમાં સર્વથી અધિક મોટો એ ભગવાનનો દેહ છે. (૨૪) પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર અને મહત્તત્ત્વ એ સાત એનાં આવરણ છે. આ પ્રકારનાં સાત આવરણવાળા આ બ્રહ્માંડ કોશાત્મક શરીરમાં આ જે વૈરાજ પુરુષ ભગવાન છે. તે ધારણાનો આશ્રય છે. (૨૫)

ચૌદ શ્લોકોમાં વિરાજ પુરુષના ધ્યાનનો પ્રકાર

पातालमेतस्य हि पादमूलं पठन्ति पार्ष्णिप्रपदे रसातलम् ॥ महातलं विश्वसृजोऽथगुल्फौ तलातलं वै पुरुषस्य जङ्घे ॥२६॥

રાજન્ ! હવે વિરાજ પુરુષનું ધ્યાન કરતાં એ ખ્યાલ રાખવો કે લોખંડના ગોળામાં અગ્નિ હોય, કમલમાં ભ્રમર હોય, કે રાજમહેલમાં રાજા હોય તે રીતે વિરાજમાં બ્રહ્માંડો વસેલ છે. પાતાલ આદિ ચૌદ લોકો ભગવાનનાં અંગોમાં સમાયેલા છે પરંતુ ભગવાનનાં અંગો લોકો નથી બન્યાં એ અનુસંધાન રાખી ધ્યાન કરવું. આટલી મહત્ત્વની વસ્તુ સમજાવી શુકાચાર્ય આગળનું વર્ણન કરી રહ્યા છે કે, હે પરીક્ષિત નરેશ ! પાતાલ લોક ભગવાનના લાલ એવા ચરણતલનો પ્રદેશ છે; ભગવાનના ચરણની એડી અને આગળનો પંજો એ બે ભાગો રસાતલ છે, પછી વિશ્વના રચનાર ભગવાનની ચરણની ગાંઠ રૂપ ઘૂંટીઓ મહાતલ છે, તલાતલ ખરેખર વિરાજ પુરુષની બે પીંડીઓ છે. (૨૬) સુતલ વિશ્વમૂર્તિ ભગવાનના બે ઢીંચણો છે; વળી વિતલ અને અતલ એ બે વિરાજની સાથળો છે. પૃથ્વી નીચેના સાત તલ-પાતાલનું સ્વરૂપ સમજાવી પૃથ્વી ઉપરના સાત લોકના સ્વરૂપને સમજાવતાં શુકાચાર્યજી બોલ્યા કે હે રાજન્ ! હે મહીપતિ ! તમે જે પૃથ્વીના પોતાને પતિ માનો છો એ પૃથ્વી તો મહીપતિ ભગવાનનું જગત છે, અને આ નભસ્તલ તે ભગવાનનું નાભિ સરોવર છે. (૨૭) સૂર્યથી આરંભી ધ્રુવપર્યન્તના જ્યોતિશ્ચક્રનું "જ્યોતિરનીક" એવું નામ છે. આ જ્યોતિશ્ચક્ર ભગવાનનું વક્ષઃસ્થળ એટલે છાતીનો પ્રદેશ છે; મહર્લોક ગ્રીવા છે; જનલોક સાચે જ ભગવાનનું વદન છે; તપોલોકને આદિ પુરુષની રુંવાટી માની છે અને સત્યલોક અનન્ત મસ્તકવાળા વિરાટ પુરુષનાં મસ્તકો છે. (૨૮)

ચૌદ લોકમાં વસેલા જીવોનાં સ્થાનોનું સૂચન

રાજન્, કર્મોનું ફલ આપનાર, વળી ભાર વહન કરવાને શક્તિશાળી उस्राः ઉસ્ર એટલે ઈન્દ્રાદિ દેવો ભગવાનના બાહુઓ છે; દિશાઓ કાન છે; શબ્દ ભગવાનની શ્રવણેન્દ્રિય છે; બે અશ્વિની કુમાર યજ્ઞસ્વરૂપ પરમ ભગવાનની બે નાસિકાનાં દ્વાર છે; ગંધ ભગવાનની ઘ્રાણેન્દ્રિય છે; વળી પ્રજ્વલિત અગ્નિ ભગવાનનું મુખ છે. (૨૯) द्यौः ઘૌ એટલે સ્વર્ગલોક બે નેત્રો છે; અને पतङ्गः એટલે સૂર્ય ચક્ષુ ઈન્દ્રિય છે; રાત્રી અને દિવસ એ બે विष्णोः એટલે કાલસ્વરૂપ અથવા યજ્ઞસ્વરૂપ ભગવાનની પાંપણો છે; परमेष्ठि-धिष्ण्यम् એટલે સત્યલોકમાં રહેલ બ્રહ્માજીનું સ્થાન એ તો ભગવાનની પાંપણનો પલકારો છે; તાત્પર્ય એ છે કે ભગવાન જેના ઉપર કૃપાથી પાંપણને પ્રસારે છે એને બ્રહ્માસન આપે છે; आपः વરુણની પત્ની રૂપજલ એ તો ભગવાનનાં બે તાળવાં છે; રસ એ તો ભગવાનની રસેન્દ્રિય છે. (૩૦) ગાયત્રી વગેરે અનન્ત છન્દો અનન્ત ભગવાનનાં યશોગાન કરે છે; યમરાજ ભગવાનની દાઢ છે; દાંત એ તો ભગવાનના સ્નેહની કલાઓ છે; હાસ્ય એ તો પ્રાણીઓને ઉન્માદ કરાવનારી ભગવાનની માયા છે; दुरन्तसर्गः જેનો અન્ત નથી એવી નિત્ય પ્રવાહરૂપ સૃષ્ટિ એ તો ભગવાનનો કટાક્ષપાત છે. (૩૧) લજ્જા એ તો ઉપરનો હોઠ છે; નીચેનો હોઠ લોભાત્મક છે; એનું સ્તન ધર્મનું સ્થાન છે, અને અધર્મનો માર્ગ એની પીઠ છે; પ્રજાપતિ ભગવાનની ગુહ્યેન્દ્રિય છે; મિત્રા વરુકા નામના બે દેવો ભગવાનના બે અંડકોશ છે; સમુદ્રો ભગવાનનું ઉદર છે અને પર્વતો અસ્થિઓના સમૂહ છે. (૩૨) સરિતાઓ ભગવાનની નાડીઓ છે; હે નરનાથ પરીક્ષિત ! પૃથ્વી ઉપરનાં તરુવરો એ તો વિરાટ ભગવાનનાં શ્રીઅંગનાં રોમ છે; વાયુ અનન્ત પરાક્રમશાળી ભગવાનના શ્વાસોચ્છ્વાસ છે; કાલ ભગવાનની ગતિ-ગમનક્રિયા છે; દેવ, ક્ષુદ્ર જીવો અને મનુષ્યોની સૃષ્ટિ રૂપ સત્ત્વ, તમ અને રજોગુણોનો પ્રવાહ એ ભગવાનનું કર્મ છે. (૩૩)

મેઘો તો ભગવાનના મસ્તકના કેશો છે

રાજન્ ! જલભર્યા મેઘો એ તો ઈશ્વરનાકેશો છે. હે કુરુવર્ય પરીક્ષિત ! બન્ને સંધ્યાઓ એ તો ભૂમા ભગવાનનાં પીતાંબર છે. પરંતુ એ પીતાંબર માયાત્મક નથી; પ્રકૃતિ એટલે અવ્યક્ત નામનું તત્ત્વ ભગવાનનું હૃદય છે; અને સર્વ વિકારોના ખજાનારૂપ આધિદૈવિક ચન્દ્ર ભગવાનનું મન છે; ૩૪ महिम એટલે "મહત્તત્ત્વ" એ તો વિજ્ઞાનશક્તિ છે; गिरित्र એટલે મહાદેવજી ભગવાનનું અન્તઃકરણ એટલે अहम् નામનું તત્ત્વ છે; ઊંટ અને હાથીઓ ભગવાનાં નખો છે, સર્વ મૃગો તેમજ પશુઓ એ ભગવાનનાં બે જઘન સ્થાનો છે; (૩૫) મયૂરાદિ પક્ષીઓ ભગવાનની વિચિત્ર રચનાવાળી સૌન્દર્યકલા છે; સ્વયંભુવ વગેરે મનુઓ ભગવાનની મનીષા બુદ્ધિ છે; મનુષ્યો ભગવાનનું નિવાસસ્થાન છે; ગન્ધર્વ, વિદ્યાધર, ચારણ

અને અપ્સરાઓ ભગવાને રચેલા રાગો તેમ જ અસુરશ્રેષ્ઠ શ્રી પ્રહ્લાદજી ભગવાનની સ્મૃતિ છે.

ચારે વર્ણો મળી ભગવાનનું શ્રીઅંગ બને છે

બ્રાહ્મણો ભગવાનનું મુખ છે; ક્ષત્રિય ભુજાવાળા મહાત્મા છે; વૈશ્ય સાથળ છે; શ્રીકૃષ્ણના શ્યામ વર્ણને સ્વીકારનાર શૂદ્ર ભગવાનનો ચરણ છે; જુદા જુદા પ્રકારના દેવગુણોથી યુક્ત જે હુતાદિ દ્રવ્યોનો સમુદાય છે એ તો યજ્ઞ છે. (૩૭) રાજન્ ! વિરાટ દેહવાળા ઈશ્વરના દેહની-એના અવયવોની જે ગોઠવણ કહી તે આટલી જ છે. ભાઈ, આ વિરાટ જેવું કાંઈ નથી, આ તો ભગવાનનો સ્થૂલ દેહ છે. આવા આ ભગવાનના સ્થૂલ દેહમાં પોતાની બુદ્ધિના સહારાથી મનને પરોવવામાં આવે છે. (૩૮)

स सर्वधीवृत्त्यनुभूतसर्व आत्मा यथा स्वप्नजनेक्षितैकः। तं सत्यमानन्दनिधिं भजेत नान्यत्र सज्जेद् यत आत्मपातः ।।३९।।

રાજન્ ! સ્વપ્નમાં અનેક દેહોના દ્રષ્ટા-આત્મા વિરાટ જેમ એક છે, તેમ એ વિરાટ સર્વનો આત્મા હોવાથી સર્વની બુદ્ધિવૃત્તિમાં રહી સર્વનો અનુભવ કરનાર છે. એ ભગવાન સત્ય છે. આનંદનો નિધિ છે, એ જ ભજનીય છે, એને ત્યજી અન્યત્ર આસક્ત ન થવું, કારણ કે આસક્ત થનારનો આત્મપાત થાય છે. (૩૯)

શ્રીમદ્ ભાગવત પીયૂષના દ્વિતીય સ્કંધના તત્ત્વધ્યાન પ્રકરણનો પ્રથમ અધ્યાય સંપૂર્ણ.અધ્યાય પહેલો સમાપ્ત

અધ્યાય ૨જો

[બીજા સ્કંધના "તત્ત્વધ્યાન" નામના પ્રકરણનો આ બીજો અધ્યાય છે. આ અધ્યાયમાં ૩૭ શ્લોકો છે. આ અધ્યાયમાં, ભગવાનના ચતુર્ભુજ સ્વરૂપનું વર્ણન આવશે. તેમ જ ભગવાનના ચતુર્ભુજ સ્વરૂપનાં અંગોમાંથી ચોવીસ અવતારો પ્રકટે છે તે પ્રસંગ સમજાવાશે. ત્યાર પછી સદ્યોમુક્તિ અને ક્રમમુક્તિના પ્રકાર વર્ણવી અધ્યાય પૂર્ણ થશે.]

બ્રહ્માજીએ ધ્યાનથી દૃષ્ટિ મેળવી

श्रीशुक उवाच : एवं पुरा धारणयाऽऽत्मयोनि र्नष्टां स्मृतिं प्रत्यवरुध्य तुष्टात् ।
तथा ससर्जेदममोघदृष्टि र्यथाऽप्ययात् प्राग् व्यवसायबुद्धिः ।।१।।

શ્રી શુકાચાર્યજીએ કહ્યું કે હે રાજન્ ! બ્રહ્માજીના દિવસને કલ્પ કહેવામાં આવે છે. પ્રત્યેક દિવસને અન્તે આવતી રાત્રીને પ્રલય કહેવામાં આવે છે. સૃષ્ટિના પ્રારંભમાં બ્રહ્માજીની પાસે સૃષ્ટિને રચવાની જે બુદ્ધિ હતી તે નષ્ટ થઈ ત્યારે પૂર્વ અધ્યાયમાં વર્ણવેલી વિરાજની ધારણા કરી તેથી ભગવાન પ્રસન્ન થયા. ભગવાનની કૃપાથી બ્રહ્માજીએ નષ્ટ થયેલી બુદ્ધિ પ્રાપ્ત કરી અને સૃષ્ટિનું નિર્માણ કરવાની ઈચ્છાથી પ્રલયના પૂર્વમાં જેવું જગત હતું તેવા જગતની રચના કરી. કારણ કે બ્રહ્માજી અમોઘદૃષ્ટિ એટલે સફળ જ્ઞાનવાળા છે. (૧) રાજન્ ! વેદમાં બતાવેલ અગ્નિહોત્રાદિ ઉપાસનાના આ વૈદિક માર્ગનાં વિધાનોને સમજવાં કઠિન છે. શબ્દબ્રહ્મ ભગવાનનું જ પ્રતિપાદન કરે છે, વેદ ભગવાનને જ પ્રાપ્ત કરવાનું કહે છે એવી જો વિવેકબુદ્ધિ ના આવે અને શબ્દોના ખોટા અર્થો કરી બેસે અને સાધકની બુદ્ધિ તે તે ફલોને મેળવવાની પાછળ ફર્યા કરે તો તે ફલોની કેવલ વાસનાઓમાં જ અટવાયા કરશે. પરિણામે તે વાસ્તવિક પદાર્થોને મેળવી શકશે નહીં. (૨) રાજન્ ! વિવેકીજને નામસુ વેદના શબ્દોમાં, વાક્યોમાં, વેદનાં વિધાનોમાં, જેટલો અર્થ હોય તેટલો જ અર્થ સાવધાન રહી નિશ્ચયાત્મક બુદ્ધિથી કરવો. બીજી રીતે કાર્ય સિદ્ધ થતું હોય તો તે કાર્યમાં જુદો જુદો પરિશ્રમ જોતાં એમાં પ્રયત્ન ના કરવો. (૩)

અનાયાસે મળે તે અમૃત છે

सत्यां क्षितौ किं कशिपोः प्रयासैर्बाहौ स्वसिद्धे ह्युपबर्हणैः किम् ।
सत्यञ्जलौ किं पुरुधान्नपात्र्या दिग्वल्ककलादौ सति किं दुकूलैः ।।४।।
चीराणि किं पथि न सन्ति दिशन्ति भिक्षां नैवांध्रिपाः परभृतः सरितोऽप्यशुष्यन् ।
रुद्धा गुहाः किमजितोऽवति नोपसन्नान् कस्माद् भजन्ति कवयो धनदुर्मदान्धान् ।।५।।

રાજન્ ! ભગવદીય જનો તો વિરક્ત હોય છે, એમનું તો સ્પષ્ટ વલણ હોય છે કે ભગવાને શયન માટે વિશાળ પૃથ્વીની કોમલ પથારી બનાવી છે તો પછી સુંવાળી શય્યા અને પલંગો વસાવવા પાછળ સમય અને ધનનો વ્યર્થ પ્રયાસ શા માટે ? શરીર સાથે જ સ્વયં કુમળી બે ભુજાઓ પ્રાપ્ત થયેલ છે તો પછી ઓશીકાં, ગાલમસૂરિયાં તકિયા વગેરે વસાવવાની ઝંઝટ શાને માટે ? જો ઉભય કરકમલની અંજલિ સલામત છે તો પછી જલપાન કે ભોજન માટે સોના, ચાંદી, તામ્ર આદિ મોંઘાં પાત્રો વસાવવાં જ શા માટે ? દિશાઓ કે વૃક્ષની છાલનાં વસ્ત્રોથી અંગો ઢંકાય છે તો પછી મોંઘાં પટોળાં, અમ્બર, રેશમી વસ્ત્રો વસાવવાની મિથ્યા મહેનત શાને ? (૪) માર્ગે વિચરતાં જ વિના આયાસે ચીંથરાં મળી જાય છે તેનાથી શરીરની લાજ સચવાય છે, પ્રત્યેકનું ભરણપોષણ કરનારાં પરોપકારી વૃક્ષો શું પરિપક્વ ફળોની વગર યાચનાએ ભિક્ષા નથી આપતાં ? જલપાન માટે સરિતાઓ ક્યાં સુકાઈ ગઈ છે ? વસવાટ માટે ગુફાઓ ક્યાં પુરાઈ ગઈ છે કે બંધ કરી દેવાઈ છે ? વળી અજિત ભગવાન સર્વત્ર રક્ષણ કરતા વિરાજમાન છે તો પછી કવિજનો, ભગવદીયજનો વિવેકી પુરુષો શા માટે ધનમદાંધની સ્તુતિ કરે ? (૫)

સંતોનો સંતોષ

શય્યા મળી જો ધરણી વિશાળ પલંગ માટે શ્રમ લે વૃથાં કાં ! હસ્તો મળ્યા મસ્તક ટેકવામાં શાને રચે મંજુલ તું ઉશીકાં !
કરાંજલિ જો જલપાન કાજે સુવર્ણપાત્રો રચવાં વૃથા શાં ? દિશા અને વલ્કલ દેહ ઢાંકે દૂકૂલ વસ્ત્રો દિલ કેમ તાકે !
જો ચીર પંથ ચરતાં સહસા મળે છે, ને વૃક્ષ જો ચરણમાં ફલ ભેટ દે છે ! ના શુષ્ક થઈ નદી ન સર્વ ગુફા પુરાઈ તોયે ભજે કવિજનો ધનમુગ્ધ ને કાં ?

કર્તવ્યનિર્ધાર

રાજન્ ! આગળના બે શ્લોકોમાં દર્શાવ્યા પ્રમાણેનો નિશ્ચય જો સહજભાવે પોતાના ચિત્તમાં આવી જાય, સ્થિર થઈ જાય તો પછી, એ નિર્ણય ઉપર આવે કે સર્વ ત્યજી ભગવાનની સેવા કરવી. કારણ કે તે ભગવાન આત્માનો આત્મા છે તેથી अनन्त સમીપ છે, આત્મા છે તેથી તે प्रियः-પ્રિય છે, તે પ્રિય છે માટે જ સાચો પદાર્થ છે, भगवान ષડ્ઐશ્વર્ય-સમ્પન્ન ભગવાન अर्थः છે, માટે તો તે અનંત છે. આ પાંચ પ્રકારના ધર્મવાળા ભગવાનને નિવૃત્ત થઈ નિશ્ચયપૂર્વક સેવવા જેથી સંસારનાં કારણો સ્વયં શાન્ત થઈ જશે. (૬)

રાજન્ પરીક્ષિત ! ભગવાનના ઉત્તમ ચિંતનને ત્યજીને, ભગવત્સેવા જ સર્વોત્તમ છે એને મૂકીને, જડ જન સિવાય કઈ અન્ય વ્યક્તિ પ્રપંચની વ્યર્થ ચિંતા કર્યા કરે ? કારણ કે ભગવાનનું ચિંતન કરનાર ભગવાનનાં છ ઐશ્વર્યોનું ચિંતન કરશે અને દેહાદિ પદાર્થોનું ચિંતન કરનાર દેહાદિમાં રહેલા છ દોષોનું જ ચિંતન કરશે . વિવેકી જન નજરે જોઈ શકે છે કે પોતાના કર્મથી ઉત્પન્ન થયેલાં દુઃખોને ભોગવતા લોકો વૈતરિણીમાં પડેલા પીડાઈ રહ્યા છે. (૭)

આનંદમય ભગવાનના ચતુર્ભુજ સ્વરૂપનું ધ્યાન

પ્રથમ અધ્યાયમાં ધારણા પ્રકરણમાં ભગવાનના વિશિષ્ટ અવયવોમાં "વિરાજ સ્વરૂપને સ્થાપ્યું તેના સ્થાનમાં સેવા કરવા યોગ્ય" એવા ભગવાનના આનંદમય ચતુર્ભુજ સ્વરૂપને ધ્યાનના વિષય તરીકે હવે મૂકીએ. ભગવાનનાં સેવા કરવા યોગ્ય કે ધ્યાન કરવા યોગ્ય ૧. અંગૂષ્ઠના માપનું સ્વરૂપ, ૨. વેંતના માપનું સ્વરૂપ, ૩. પુરુષના માપનું સ્વરૂપ અને ૪. ચતુર્થ વિરાટ સ્વરૂપ, આવાં ચાર સ્વરૂપો છે. આ ચારમાંથી ૩જા પુરુષના સ્વરૂપના માપનું, વેદોમાં વર્ણવેલું. अत्यतिष्ठत् દશાંગુલથી મોટું જે સ્વરૂપ વર્ણવ્યું છે તેનું ધ્યાન કરવું. આ સ્વરૂપમાં ભગવાનના ૨૪ અવતારો પણ સમાયેલા છે :

केचित् स्वदेहान्तर्हृदयावकाशे प्रादेशमात्रं पुरुषं वसन्तम् । चतुर्भुजं कञ्जरथाङ्गशंख गदाधरं धारणया स्मरन्ति ॥८॥
प्रसन्नवक्त्रं नलिनायतेक्षणं कदम्बकिञ्जल्कपिशङ्गवाससम् । लसन्महारत्नहिरण्याङ्गदं स्फुरन्महारत्नकिरीटकुण्डलम् ॥९॥
उन्निद्रहृत्पङ्कजकर्णिकालये योगेश्वरास्थापितपादपल्लवम्। श्रीलक्ष्मणं कौस्तुभरत्नकन्धर मम्लानलक्ष्म्या वनमालयाऽञ्चितम्॥१०॥

विभूषितं मेखलयाऽङ्गुलीयकै र्महाधनैर्नूपुरकङ्कणादिभिः । स्निग्धामलाः कुञ्चितनीलकुन्तलै र्विरोचमानानहासपेशलम् ॥११॥
अदीनलीलाहसितेक्षणोल्लसद् भ्रूभङ्गसंसूचितभूर्यनुग्रहम् । ईक्षेत चिन्तामयमेनमीश्वरं यावन्मनो धारणयावतिष्ठते ॥ १२ ॥

રાજન્ ! કેટલાક ભગવદીય જનો, પોતાના દેહમાં રહેલા હૃદયાકાશમાં નિત્ય નિરંતર બિરાજમાન ચતુર્ભુજ, કમલ, ચક્ર, શંખ અને ગદા નામનાં ચાર આયુધોને ધારણ કરતા, પ્રાદેશના માપના પુરુષનું ધારણાથી સ્મરણ કરે છે. આ સ્વરૂપ દશ આંગળથી જરા મોટું હોય છે. પ્રાદેશમાપ એટલે મનુષ્યના અંગૂઠાથી લઈ પ્રથમ આંગળીની વચમાંના માપને પ્રાદેશ માપ માન્યું છે. (૮) આ પુરુષ ભગવાન પ્રસન્ન મુખવાળા છે, એમનાં કમલ સમાન સુંદર દીર્ઘ નયન છે, કદમ્બ પુષ્પના-કેશર જેવા લાલાશવાળા પીતવર્ણા અમ્બરવાળા છે, અતિ અમૂલ્ય રત્નોથી જડેલા બાજુબંધવાળા છે, ઝળહળતા અણમોલ રત્નોથી મઢેલા મુકુટ અને કુંડલવાળા છે, (૯) વિકસિત હૃદયકમલના કોશરૂપ મંદિરમાં યોગેશ્વરોએ ભગવાનના ચરણકમલને પધરાવેલ છે, વક્ષઃસ્થલમાં શ્રીવત્સ ચિહ્ન બિરાજમાન છે, કંઠમાં કૌસ્તુભમણિ છે, કદી ના કરમાતી વનમાલા વક્ષઃસ્થલની સેવા કરી રહેલ છે, (૧૦) રત્નજડિત મેખલાથી વિભૂષિત છે, આણમોલ મુદ્રિકાઓથી નૂપુર અને કરકંકણોથી સુશોભિત છે, ચિક્કણ, સુંદર અને વાંકડિયા શ્યામ કેશથી સુશોભિત છે. તેમ જ મુખસરોજ ઉપર મધુર સ્મિત-હાસ્ય ફરકી રહ્યું છે. (૧૧) જાણે મધુર લીલાઓ અને મધુર અવલોકનથી નિજજનો ઉપર કૃપા વરસાવી રહ્યા છે, આવા ભગવાનનાં ધારણાથી મન જ્યાં સુધી સ્થિર રહે ત્યાં સુધી એકીટસે દર્શન કર્યા કરવાં. (૧૨) આ પાંચ શ્લોકોમાં દર્શાવેલા દ્વિતીયાન્ત ૨૪ પદોમાં ભગવાનના ૨૪ અવતારોનું ધ્યાન કરવાનું હોય છે.

૧. प्रादेशमात्रम् - આ પદથી શ્રી વરાહાવતાર - વરાહ ભગવાનનું સૂચન કર્યું છે. ભગવદીય જનના ઘરમાં નિત્ય સેવ્યસ્વરૂપ દશાંગુલ એટલે પ્રાદેશના માપનું હોવું જોઈએ.
૨. पुरुषम् - શ્રી યજ્ઞાવતાર-ભગવદ્ધ્યાન પુરુષાકારનું જ હોવું જોઈએ.
૩. वसंतम् - શ્રી કપિલાવતર - આ સ્વરૂપના ધ્યાનથી સદ્બુદ્ધિ અને વિવેક મળે છે. તેથી તો રમણીય છે
૪. चतुर्भुजम् - શ્રી દત્તાવતાર - શ્રી દત્તભગવાનના ધ્યાનથી ચાર પુરુષાર્થો સિદ્ધ થાય છે.
૫. कञ्जरथाङ्गशंखगदाधरम् - શ્રી સનત્કુમાર : ચક્રદર્શનથી જ્ઞાન મળે, શંખદર્શનથી મંગલ થાય અને ગદાનું દર્શન દુશ્મનોનો નાશ કરે. કમલ દર્શનથી સ્નેહ-ભકિત મળે.
૬. प्रसन्नवक्त्रम्-શ્રી નરનારાયણ ભગવાન-પ્રભુના પ્રસન્ન મુખદર્શનથી મનોવાંછિત વસ્તુ મળે.
૭. नलिनायतेक्षणम्-શ્રી ધ્રુવાવતાર-પ્રભુના નયનકમલના ધ્યાનથી કૃપામૃત પ્રાપ્ત થાય.
૮. कदम्बकिंजल्कपिशङ्ग वाससम्-પૃથુ અવતાર-પ્રભુના પીતાંબરના દર્શનથી વેદોનું જ્ઞાન મળે.
૯. अंगदम्-શ્રી ઋષભાવતાર-પ્રભુના બાજુબંધના ધ્યાનથી પ્રપંચનિવૃત્તિ થાય.
૧૦. किरीटकुण्डलम् - શ્રી હયગ્રીવાવતાર-મુકુટ અને કુંડલના ધ્યાનથી તત્ત્વજ્ઞાન મળે.
૧૧. पादपल्लवम् - શ્રી મત્સ્યાવતાર-પ્રભુના ચરણકમલના ધ્યાનથી અનન્યાશ્રય સિદ્ધ થાય.
૧૨. श्रीलक्ष्मणम्-શ્રી કૂર્માવતાર-શ્રીવત્સના ધ્યાનથી આધિદૈવિક લક્ષ્મી મળે.
૧૩. कौस्तुभम्-શ્રી નૃસિંહવતાર-કૌસ્તુભમણિના ધ્યાનથી આત્મસ્વરૂપનું ભાન થાય.
૧૪. वनमालयाचितम्-શ્રીહરિ અવતાર-વનમાલાના ધ્યાનથી કીર્તિ મળે.
૧૫. मेखलयाविभूषितम्-શ્રી વામનઅવતાર-મેખલાનાં ધ્યાનથી માયાબંધન છૂટે.
૧૬. अंगुलीयकैर्विभूषितम्-શ્રી નારદાદિ ભકતોના અવતાર-મુદ્રિકાધ્યાનથી ભગવાન ભક્તવશ થાય.
૧૭. नूपुरकंकणादिभिर्विभूषितम्-શ્રી મનુઅવતાર-નૂપુર-કંકણના ધ્યાનથી ધર્મજ્ઞાન થાય.
૧૮. स्निग्धायलैःकुञ्चितमौलाकुन्तलैर्विरोचमानम्-શ્રી મોહિની અને ધન્વંતરિ અવતાર-નીલ કેશના ધ્યાનથી સ્નેહ મળે.
૧૯. नीलाकुन्तलैर्विरोचमानम्-શ્રી પરશુરામાવતાર વાંકડિયા કેશના ધ્યાનથી શત્રુ નાશ પામે.

૨૦. हासपेशलम्-શ્રી રામાવતાર-હાસ્યના ધ્યાનથી શોક નાશ પામે.
૨૧. अदीनलीला-શ્રી કૃષ્ણાવતાર-લીલાઓનાં ધ્યાનથી નિરોધ સિદ્ધિ થાય.
૨૨. भूरि अनुग्रहम्-શ્રી બલભદ્રાવતાર--ભગવદનુગ્રહના ધ્યાનથી લીલાઓ સ્ફુરે.
૨૩. चिन्तामयम्-શ્રી વ્યાસાવતાર-ભગવદ્દ્ચિંતનથી હરિરસ મળે.
૨૪. इश्वरम्-શ્રી કલ્કિઅવતાર-ઈશ્વરના ધ્યાનથી અધર્મ ટળે.

ધારણાનો પ્રકાર અને ફલ

રાજન્ ! શ્રી ગદાધર ગોવિંદ ભગવાનના ચરણકમલથી આરંભી મુખારવિંદના સ્મિત - હાસ્ય પર્યન્તનાં અંગોનું ક્રમશઃ બુદ્ધિથી ધ્યાન કરવું. ધ્યાનથી વશ કરેલા સ્થાનને બુદ્ધિથી હૃદયમાં સ્થિર કરીને જેમ જેમ બુદ્ધિ શુદ્ધ થતી જાય તેમ તેમ ઉપરનાં અંગોનું ધ્યાન કરવું. (૧૩) રાજન્ પરીક્ષિત ! આ પ્રકારે ધારણ કરતાં જ્યાં સુધી પરાવર એટલે રાજાધિરાજ સર્વશ્રેષ્ઠ દ્રષ્ટા વિશ્વેશ્વર ભગવાનમાં ભક્તિયોગ સિદ્ધ ના થાય ત્યાં સુધી ઉપાસકે પોતાનું દૈનિક નિત્યકર્મ સમાપ્ત કરી પુનઃ સાવધાન બની પુરુષના સ્થૂલ સ્વરૂપનું ચિંતન કરવું. (૧૪)

અન્તકાલ સમયનું ધ્યાન

રાજન્ પરીક્ષિત ! હવે સાવધાન બની સાંભળો. યતિની જ્યારે યોગ દ્વારા પ્રાણ ત્યાગ કરવાની વૃત્તિ થાય ત્યારે તે સ્થિર બેસવામાં સુખ રહે એવા પદ્માસન આદિ આસન ઉપર બિરાજીને હું બદરિકાશ્રમ જેવા ઉત્તમ દેશમાં દેહ ત્યજું છું કે હું ઉત્તરાયણકાલમાં પ્રાણ ત્યજી રહ્યો છું એવી પણ વૃત્તિ ન રાખતાં કેવલ ભગવાનમાં જ મન રાખીને પ્રાણનો નિગ્રહ કરતાં મનથી શ્વાસોને સ્વાધીન કરી લે. (૧૫) ત્યારબાદ ભક્તિ વગેરે દ્વારા વિશુદ્ધ બનેલી પોતાની બુદ્ધિથી મનને સ્થિર કરી દે એટલે મનને બુદ્ધિ સાથે જોડી દે. ત્યાર પછી મન સાથે તે બુદ્ધિના ક્ષેત્રજ્ઞ એટલે શરીર આત્મામાં પ્રવેશ કરાવે. પુનઃ આ ક્ષેત્રજ્ઞ આત્માને સર્વ જીવોના સમૂહરૂપ આત્મામાં એટલે ભગવાનના વિભૂતિરૂપ આત્મામાં જોડી દેવો. હવે યતિ તે વિભૂતિરૂપ આત્માને आत्मनि ભગવાનમાં જોડી દે તે અવસરે શાન્ત સ્થિતિમાં રહેલા તે ધીર પુરુષે "कृत्यात्" કરોડો જન્મમાં કરેલાં અથવા કરવા યોગ્ય "પ્રયત્નો"થી વિરમી જવું. (૧૬)

મુક્તિનું સ્વરૂપ-સામર્થ્ય અને મહિમા

રાજન્ ! ભગવાનમાં પ્રવેશી ચૂકેલા આત્માની એવી દિવ્ય સ્થિતિ હોય છે કે જ્યાં દેવોને પણ વશ રાખનાર કાલ પણ તે આત્માને ભગવાનથી વિખૂટો પાડવા સમર્થ નથી તો પછી જગત ઉપર શક્તિ ચલાવતા દેવો તો શક્તિવાળા બને ક્યાંથી ? ત્યાં તો સત્ત્વ પણ શક્તિશાળી નથી કે રજસ્ કે તમ્ પણ તે સ્થિતિમાં રહેલા આત્માને ભગવાનમાંથી છૂટો પાડવા સમર્થ નથી. અરે રાજન્ ! विकारः એટલે અહંકાર મહત્તસત્ત્વ, પ્રકૃતિ કે પ્રકૃતિના ગુણો પણ ભગવાનમાં રહેલા આત્માને ખસેડી શકતા નથી. (૧૭) રાજન્ ! સ્વર્ગાદિ સ્થાનો કરતાં પણ ઉત્તમ સ્થાન "વૈષ્ણવપદ" છે, જે વૈષ્ણવપદ અક્ષરપુરુષોત્તમના ચરણરૂપ છે. જેઓ આ ઉત્તમ પદની આકાંક્ષાવાળા છે તેઓ તો આ નહીં, આ નહીં એથી પર એવી "અતદ્બુદ્ધિ" ધરાવનારા દુરાત્મભાવને ત્યજી ભગવાનમાં જ અનન્ય સ્નેહ ધરાવતા ક્ષણે ક્ષણે ભગવાનના શ્રીચરણારવિંદનું હૃદયમાં આલિંગન કરતા ઉત્તમ એવા વૈષ્ણવ પદનું જ અર્ચન કરે છે. (૧૮)

ત્રણ શ્લોકોમાં મુનિના દેહત્યાગનો બીજો પ્રકાર

રાજન્ ! હવે મનનશીલ વ્યક્તિને માટે દેહત્યાગનો ત્રણ શ્લોકમાં બીજો પ્રકાર વર્ણવું છું તે સાંભળો. હવે મુનિએ આ પ્રમાણે કરવું કે ઉત્તમ આકારવાળા અક્ષરસ્થાનમાં મનને સ્થિર કર્યા પછી બ્રહ્મભાવનો દીર્ઘ સમય સુધી અનુભવ કરી વિજ્ઞાનનું બલ મેળવી સારી રીતે શુદ્ધ થયેલ અન્તઃકરણવાળા થઈને, શ્રમ ઉપર વિજય મેળવી પોતાના પગની એક એડીથી ગુદાદ્વારને દબાવી ત્યાં રહેલા "વાયુને" ઉપર લઈ જવો. આ પ્રથમ સ્થાન મૂલાધાર સ્થાન છે. આ મૂલાધાર સ્થાનને પગની એડીથી દબાવવું. વાયુને દબાવવાથી કુંડલિની જાગૃત થતી હોવાથી એ મૂલાધાર ચક્રમાંથી વાયુને

ઉઠાવી ક્રમે કરીને છ ચક્રોનું ભેદન કરી વાયુને ઉપર લઈ જવો. ૧. ચાર પાંખડીવાળું મૂલાધારચક્ર ગુદાપ્રદેશમાં છે. ૨. છ પાંખડીવાળું સ્વાધિષ્ઠાનચક્ર ગુહ્યસ્થાનમાં છે. ૩. આઠ પાંખડીવાળું મણિપૂરક નાભિસ્થાનમાં છે. ૪. બાર પાંખડીવાળું અનાહત સ્થાન હૃદયમાં છે. ૫. સોળ પાંખડીવાળું વિશુદ્ધિચક્ર તાલુમૂલમાં છે અને ૬. બે પાંખડીવાળું આજ્ઞાચક્ર ભ્રૂકુટિ પ્રદેશમાં રહેલ છે. રાજન્ ! વાયુને આ છ ચક્રોમાંથી ઉપર લઈ જવો ઘણો કઠિન છે માટે મુનિએ આ ક્રિયા કરતાં શ્રમ પડે તો પણ પરવા ના કરવી પરંતુ વાયુને સંયમમાં રાખવો. (૧૯) રાજન્ ! નાભિ સુધીનાં ત્રણ સ્થાનો સીધાં છે તેથી ત્યાં સુધી લાવેલા વાયુને પ્રયત્નપૂર્વક હૃદયમાં ચઢાવવો કઠિન છે. કારણ કે હૃદય કમલ ઉપર પોલાણવાળું અને નીચે મુખવાળું છે. આ નીચા મુખને વાયુના દબાણથી ઉપર મુખવાળું કરવું. હવે યતિએ હૃદયમાં રહેલા વાયુને વક્ષઃસ્થલમાં રહેલા ઉદાનની ગતિથી છાતીમાં લઈ જવો. હવે છાતીમાંથી તાલુમૂલમાં વાયુને લઈ જવાનું કાર્ય અત્યંત કઠિન હોવાથી ધીરે ધીરે વાયુનું અનુસંધાન કરતા વિવેકશાળી મનસ્વી યતિએ ધીમી ગતિથી વાયુને તાલુમૂલમાં લઈ જવો. (૨૦) રાજન્ સંભવ છે કે જો વાયુને ઉતાવળથી લાવવામાં આવે તો તે મુખમાંનાં સાત છિદ્રોમાંથી કોઈ પણ છિદ્રમાંથી બહાર ચાલ્યો જશે. તેથી તે વાયુને ધીમેથી ઉપર લાવી બે ભ્રૂકુટીની વચમાં લાવીને મૂકવો. ભ્રૂકુટીમાં મૂકેલ વાયુ મુખ, બે નાસિકા, બે આંખ, અને બે કર્ણ નામનાં સાત પ્રાણવાયુનાં છિદ્રોમાંથી પાછો છટકી ના જાય તે સપ્ત છિદ્રોને સુદૃઢ બંધ કરીને નિરપેક્ષ યોગી ભ્રૂકુટિમાં પ્રાણવાયુને એક ઘડી રોકી રાખી ભગવાનમાં પ્રાણવાયુને લગાડી બ્રહ્મરન્ધ્રને ભેદીને દેહનો ત્યાગ કરે છે. (૨૧)

સદ્યોમુક્તિનું દિગ્દર્શન કરાવી ક્રમમુક્તિનું કથન કરે છે

હે નૃપવર પરીક્ષિત ! યોગીની વાસનાનો ક્ષય થયેલ ન હોવાથી જો તે વાસના પ્રમાણે બ્રહ્માજીના બ્રહ્મલોકમાં જવા ચાહે કે સ્ત્રીઓ સાથે વિમાનમાં બેસી અન્તરિક્ષમાં વિહાર કરતા દેવતાઓનાં વિહારસ્થાનોનું અવલોકન વાંછે કે પછી અષ્ટગુણોનું આધિપત્ય પ્રાપ્ત કરવા વિચારે અથવા ગુણોની ગૂંથણીવાળા બ્રહ્માંડમાં ફરવા ચાહે તો તે તે સ્થાનોમાં મન-ઈન્દ્રિયો અને વાસના સાથે તે જાય છે. (૨૨) રાજન્ ! યોગેશ્વરની પાસે લિંગ દેહ હોય છે, તેઓ પવનલોકમાં વિચરતા હોય છે. આવા યોગેશ્વરોની ગતિ ત્રણ લોકની અંદર તેમ જ બહાર પણ હોય છે. કર્મ કરનારા આવી ગતિ પામી શકતા નથી; કારણ કે યોગીઓ વિદ્યા, તપ યોગ અને સમાધિની સહાયથી ભગવદ્ભજન કરનારા હોય છે.

ક્રમમુક્તિથી જનાર યોગીનો માર્ગ

રાજન્ ! હવે આપને ૨૪થી ૩૧ સુધીના શ્લોકોમાં આનંદમય લોક પર્યન્ત ક્યા પ્રકારથી અને ક્યા ક્રમથી યોગી જાય છે તે પ્રકાર કહી રહ્યો છું તે સાંભળો. વિમાન દ્વારા વાયુની માફક શીઘ્ર ગતિથી પ્રસ્થાન કરતો યોગી બ્રહ્મના માર્ગે ચાલતાં તેજોમય સુષુમ્ણા માર્ગથી પ્રસ્થાન કરતો અગ્નિ જેનો અધિષ્ઠાતા દેવતા છે એવા વૈશ્વાનર લોકમાં જાય છે. આ તેજોમય માર્ગ હોવાથી રહ્યાંસહ્યાં પાપો બળીને સાફ થઈ જાય છે. હવે તે યોગી વૈશ્વાનર લોકથી આગળ વધતો ભગવાન શ્રીહરિના શિશુમારચક્રમાં પ્રવેશે છે. શિશુમારચક્ર તો ભૂમિની સર્વ બાજુ હોવા છતાં, પ્રસ્થાન કરતો યોગી ઊંચે જ જાય છે. (૨૪) રાજન્, હવે આ યોગી પ્રથમના દેહનો વૈશ્વાનરલોકમાં ત્યાગ કરી બીજો દેહ લઈ ધ્રુવલોકમાં જાય છે. ત્યાં તે બીજા દેહનો ત્યાગ કરીને રજ વિનાના સૂક્ષ્મ દેહથી આગળ વધતો યોગી વિષ્ણુ ભગવાનની નાભિરૂપ ગણાતા શિશુમારચક્રને એટલે ધ્રુવલોકને ઓળંગીને મહર્લોકમાં પ્રવેશે છે. આ મહર્લોક ભગવાન વિષ્ણુનું સ્થાન મનાય છે. કલ્પ પર્યન્તના દીર્ઘાયુષ્યવાળા પુષ્કળ જ્ઞાનવાળા આ લોકમાં રમણ કરતા હોય છે, વળી બ્રહ્મવિદ્ પુરુષો પણ આ લોકને આદરથી નમસ્કાર કરે છે. આ લોકમાં યોગી બ્રહ્મકલ્પ પર્યન્ત રહેશે. (૨૫)

પરમેષ્ઠી લોકમાં પ્રસ્થાન

મહર્લોકમાં વસેલ યોગી અનન્ત ભગવાનના મુખમાંથી નીકળતા અગ્નિથી ત્રણે લોકને બળતા જોઈને ત્યાંથી નીકળી જઈને આગળ વધી સિદ્ધેશ્વરોથી સેવાયલાં જનલોક, તપોલોક નામનાં સ્થાનોમાં જાય છે. ત્યાર પછી સિદ્ધેશ્વર સેવિત

બ્રહ્મલોકમાં જાય છે. આ સત્યલોકની દ્વિપરાર્ધકાલની અવધિ છે. આ સ્થાનમાં તે યોગી વસે છે. (૨૬) આ બ્રહ્મલોકમાં અજ્ઞાનથી જન્મનાર એવો શોક નથી, જ્યાં મૃત્યુ નથી, જ્યાં જરાવસ્થા નથી, જ્યાં આધિ-માનસિક ચિંતા નથી, જ્યાં અસહિષ્ણુતા નામનો માનસિક ઉદ્વેગ નથી; પરંતુ ત્યાં રહેનારને જો દુઃખ હોય તો કેવલ ભગવાનને મેળવાનું દુઃખ છે. ભગવાનને મેળવવાનાં સાધન અને મેળવવાના પ્રકારને ન જાણવાથી અપાર દુઃખને ભોગવવું પડે છે. (૨૭)

બ્રહ્માંડભેદન

રાજન્ ! આ યોગીનું અન્ય જનોની માફક પુનરાવર્તન નથી; પરંતુ તે યોગી બ્રહ્માંડનું ભેદન કરે છે. જ્યારે તે સત્યલોકમાંથી આગળ વધે છે ત્યારે તે પ્રથમ આવરણરૂપ પૃથ્વીને મળે છે, ત્યાર બાદ પૃથ્વીના આવરણરૂપને પ્રાપ્ત કરી નિર્ભય થઈ, પૃથ્વીમાં રહી, પોતે જ જલરૂપ થઈ જલનું સાયુજ્ય પ્રાપ્ત કરી ત્યાં તે તે ભોગ ભોગવતો જાય છે. ત્યાર બાદ ત્યાંથી તેને જ્યારે જવાની ઈચ્છા થાય છે ત્યારે તે અગ્નિના દેહવાળો બને છે. ત્યાર બાદ અગ્નિનું ઉલ્લંઘન કરી વાયુરૂપ બની, વાયુમાંથી બહાર નીકળી, ભગવાનના દેહરૂપ મનાતા આકાશનું રૂપ લે છે. (૨૮)

યોગીનો પંચભૂતોના અંશનો અને વિષયોનો ત્યાગ

હવે યોગી નાસિકાઈન્દ્રિય દ્વારા ગંધગુણને પામે છે, રસના દ્વારા નિશ્ચયરૂપે રસને, દૃષ્ટિ દ્વારા રૂપને, ત્વગિન્દ્રિય દ્વારા વાયુને, શ્રોત્ર દ્વારા આકાશગુણને પામે છે, ત્યાર પછી તે યોગી પ્રાણથી કર્મેન્દ્રિય સાથેના એના રૂપથી આકૂતિમ્-આકૂતિ એટલે પાંચે ક્રિયાઓને જણાવ્યા પ્રમાણે પ્રાપ્ત કરે છે. (૨૯)

ત્રણ પ્રકારના અહંકાર વગેરેનું ઉલ્લંઘન

હે અંગ ! હે વત્સ ! આ યોગની દુર્બોધ અને દુર્ગમ પ્રક્રિયાના શ્રવણથી તમને શ્રમ થયો હશે, પરંતુ વત્સ, ભગવત્કૃપાથી એ ગતિ પ્રાપ્ત કરવી સરલ છે એવું ધૈર્ય આપતાં અંગ ! સંબોધન કરી શુકાચાર્ય આગળ બોલ્યા કે રાજન્ ! આ યોગી, પંચમહાભૂતો અને સૂક્ષ્મ ઈન્દ્રિયોના ઉત્પત્તિસ્થાન તામસ અહંકારને, મનોમય રાજસ અહંકારને, દેવમય સાત્ત્વિક અહંકારને અને વિકાર્યમ્-વિકાર્ય એટલે મૂલ અહંકારને પ્રાપ્ત કરીને, એ રૂપથી ગતિ સાથે વિજ્ઞાન તત્ત્વને-મહત્તત્ત્વને પ્રાપ્ત કરે છે. ત્યાર બાદ ગુણોનો જ્યાં લય છે એવા પ્રધાનને પામે છે. ત્યારબાદ એ દેહથી પર આત્માને, પામી પછી શાંત અને અંતે આનંદમય બની આનંદમય પુરુષોત્તમને પ્રાપ્ત કરે છે. હે રાજન્ ! જે યોગી આ પ્રકારે ભાગવતી ગતિને પ્રાપ્ત થયેલ હોય તે યોગી પુનઃ આ લોકમાં આવતો નથી. (૩૦, ૩૧) હે નૃપદેવ પરીક્ષિતજી ! આપે મને પૂછેલ સદ્યોમુક્તિ અને ક્રમમુક્તિ નામના બે સનાતન માર્ગો આપને સમજાવ્યા. પૂર્વે બ્રહ્માજીએ આ માર્ગો સંબંધી પ્રશ્નો શ્રી વાસુદેવ ભગવાનને પ્રસન્ન કરી પૂછેલા અને શ્રી વાસુદેવ ભગવાને આ બે માર્ગો બતાવેલા એ જ પ્રસંગ મેં આપને કહ્યો. (૩૨)

ભક્તિયોગ નિર્ભય પંથા

રાજન્ ! આપને જે મેં આગળ દર્શાવ્યો એથી શ્રેષ્ઠ બીજો કોઈ માર્ગ આ સંસારને પાર કરવા માટે જોવામાં આવ્યો નથી. આ માર્ગના સેવનથી ભગવાન વાસુદેવમાં ભક્તિયોગ સિદ્ધ થાય છે. આ માર્ગથી કલ્યાણકારી અન્ય માર્ગ નથી. (૩૩) રાજન્ ! શ્રીબ્રહ્માજીએ સમગ્ર વેદના તાત્પર્યનું વિવેકબુદ્ધિપૂર્વક ત્રણ ત્રણ વાર ચિંતન કરીને નિશ્ચય કર્યો કે જીવોની ભગવચ્ચરણોમાં, ભગવત્સેવામાં પ્રીતિ થાય એ જ જીવનનો સાર છે અને એ જ જીવનનું શ્રેષ્ઠ ફલ છે. (૩૪) ભગવાન શ્રીહરિ સર્વ પ્રાણીઓને અનુભવથી જણાયેલા છે. પરંતુ ભક્તોને અનુગ્રહથી સમજાયા છે. શાસ્ત્રકારોએ પોતાના શાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે લક્ષણાથી ભગવાનને સમજાવ્યા છે, નૈયાયિકોએ કર્તા તરીકે, મીમાંસકોએ ક્રિયા તરીકે, વેદાન્તચિંતકોએ આત્મા તરીકે, સાંખ્યવિદોએ કારણ તરીકે, આ રીતે ભિન્ન પ્રકારે ભગવાનને સમજ્યા અને સમજાવ્યા છે. (૩૫)

ઉપસંહાર

तस्मात् सर्वात्मनाराजन् हरिः सर्वत्र सर्वदा । श्रोतव्यः कीर्तितव्यश्च स्मर्तव्यो भगवान्नृणाम् ॥३६॥

पिबन्तियेभगवत आत्मनः सतां-कथामृतं श्रवणपुटेषुसंभृतम्।पुनन्ति ते विषयविदूषिताशयं व्रजन्ति तच्चरणसरोरुहान्तिकम् ।।३७।।

રાજન્ ! આ અધ્યાયના પ્રારંભમાં तस्माद् भारत सर्वात्मा પાંચમા શ્લોકમાં જે વાત કરી તે જ વાત હવે ઉપક્રમમાં કહેવામાં આવે છે કે મોટે ભાગે દર્શનોએ એક દેશથી ભગવાનનું સ્વરૂપ વર્ણવેલું હોવાથી વેદનો નિશ્ચય કહું છું કે જે શ્રુતિગેય ભગવાન શ્રીહરિ છે તે જ ભગવાનનું મનુષ્ય માત્રે સર્વ પ્રકારે શ્રવણ કરવું, કીર્તન કરવું, સ્મરણ કરવું અને સેવા કરવી. (૩૬)

રાજન્ ! રહસ્ય સાંભળો ! જે પુણ્યાત્માજનોએ પોતાનાં શ્રવણો નિંદા, પાપ, પ્રપંચાદિના શ્રવણથી દૂર રાખીને જેમ કોરી વિશુદ્ધ માટલીમાં મીઠું શીતલ જલ ભરી રાખી પાન કર્યા કરે તેઓ જેમ અત્યંત તૃપ્તિ પામે છે તે જ પ્રકારે પોતાના પવિત્ર કર્ણરૂપ સંપુટોમાં સંચિત કરી રાખેલા સંતોના-ભક્તોના આત્મા ભગવાન શ્રીકૃષ્ણનાં કથામૃતનાં પાન કરે છે તેઓ પોતાના વિષયસેવન ધ્યાનથી દૂષિત થયેલાં હૃદયોને પવિત્ર કરે છે, તેની સાથે સાથે તે પુણ્યાત્માઓ, ભગવચ્ચરણકમલથી અલંકૃત થયેલા વૈકુંઠને તેમ જ ભગવચ્ચરણકમલ ચંચરીક ભક્તજન વૈકુંઠને પામે છે. (૩૭)

શ્રીમદ્ ભાગવત પીયૂષના દ્વિતીય સ્કંધના તત્ત્વધ્યાન પ્રકરણમાંનો બીજો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૩જો

[આ દ્વિતીય સ્કંધનો ૩જો અધ્યાય છે. આ અધ્યાયમાં ૨૫ શ્લોકો છે. આ સ્કંધના ૩જા અને ૪થા બે અધ્યાયોનું બીજું પ્રકરણ આરંભાય છે. આ બે અધ્યાયોના પ્રકરણનું નામ છે શ્રોતા-વક્તાના હૃદયની પ્રસન્નતા, તત્ત્વનું ધ્યાન-શ્રવણ-કીર્તનાદિથી જ હૃદયની પવિત્રતા અને પ્રસન્નતા થાય છે. આ ૩જા અધ્યાયમાં શ્રોતાના હૃદયની પ્રસન્નતાનું વર્ણન આવશે.]

પ્રત્યેક માનવે પ્રત્યેક ક્ષણે પ્રભુને ભજવા

श्रीशुक उवाच-एवमेतन्निगदितं पृष्टवान् यद्भवान् मम । नृणां यन्म्रियमाणानां मनुष्येषु मनीषिणाम् ।। १ ।।

શ્રી શુકાચાર્ય મહારાજ વચનસુધા વર્ષાવતાં કહેવા લાગ્યા કે રાજન્ ! આપે મને આસન્નમૃત્યુ એટલે જીવનની અંતિમ ક્ષણોમાં મનુષ્યોએ શું કરવું ? તેમ જ મનુષ્યોમાં જ વિવેકશીલ મનીષી પુરુષોએ શું કરવું ? એવા બે પ્રશ્નો પૂછેલા તેના ઉત્તરમાં મેં બે અધ્યાયો દ્વારા સમજાવ્યું કે શ્રીહરિ ભગવાન સર્વના આત્મા છે, કૃપાળુ છે, એમનાં જ શ્રવણ-કીર્તન-સ્મરણ સેવન કરવાં. (૧)

સકામ ઉપાસકોની સકામ ઉપાસના

(પ્રજાપતિથી આરંભી સોમ સુધી અઠ્ઠાવીસ તત્ત્વરૂપ દેવો છે. આ દેવો ભગવાન વિષ્ણુની કલા છે. તેઓ પરિમિત અને પોતાને માટે નિશ્ચિત થયેલાં જ ફલો આપે છે. વિવેકશીલ ભગવદીય જન પૃથક્ પૃથક્ ઉપાસના કરે અને અલ્પ ફલ પ્રાપ્ત કરે અને શક્તિ અને સમયનો વ્યય કરે તે ઠીક નહીં. તેથી ભગવદીયે તો સર્વાત્મ ભાવથી શ્રીહરિને જ સેવવા એવું વિધાન કરતાં સકામ ઉપાસકો માટેનાં અલ્પ ફલ સમજાવી રહ્યા છે.)

ब्रह्मवर्चसकामस्तु यजेत ब्रह्मणस्पतिम् । इन्द्रमिन्द्रियकामस्तु प्रजाकामः प्रजापतीन् ।। २ ।।

૧ વેદના દ્રષ્ટા અને વિશ્વના વિધાતા શ્રી બ્રહ્મણસ્પતિ બ્રહ્માજીનું યજન કરનાર ઉપાસકને "બ્રહ્મતેજ" મળે છે. ૨. ઈન્દ્રિયસુખોની અભિલાષાવાળા દેવવર ઈન્દ્રનું અર્ચન કરે. ૩. પુત્રાદિ સંતતિની કામનાવાળા ઉપાસકે મરીચિ વગેરે પ્રજાપતિઓનું આરાધન કરવું. (૨) ૪. શ્રીકામ એટલે ધનાભિલાષી જન, પ્રકૃતિનાં સ્વામિની માયાદેવીનાં પૂજન કરે. ૫. અસહ્ય તેમ જ અનિવાર્ય તેજને મેળવવા ચાહતા ઉપાસકે અગ્નિનાં આરાધન કરવાં. ૬. વસુની કામનાવાળો ઉપાસક દ્રોણ વગેરે આઠ વસુઓનું સેવન કરે. ૭. વીર્ય પ્રાપ્ત કરવાની વૃત્તિવાળા ઉપાસક વામદેવ વગેરે એકાદશ રુદ્રોની ઉપાસના કરી વીર્યવાન બને છે. (૩) ૮. અન્ન પચાવવાની શક્તિ આપતા શ્રી અન્નપૂર્ણાને પ્રાપ્ત કરવાની વૃત્તિવાળા ભકતજને ભૂમિની અધિષ્ઠાત્રી "અદિતિ" દેવીનાં અર્ચન કરવાં. ૯. સ્વર્ગ કામનાવાળાએ અદિતિ માતાના બાર પુત્રો આદિત્યોનાં પૂજન કરવાં. ૧૦. રાજ્ય કામના સેવનારે વિશ્વાના પુત્રો વિશ્વેદેવોનાં આરાધન કરવાં. ૧૧.

સ્વદેશની પ્રજાને સ્વાધીન રાખવા ચાહતા નૃપતિએ સાધ્યાના પુત્રો સાધ્યદેવોનાં અર્ચન કરવાં. (૪) ૧૨. દીર્ઘાયુષ્યની કામનાવાળા બે અશ્વિનીકુમારોને ભજે. ૧૩. સર્વ પ્રકારના પોષક પદાર્થોની પ્રાપ્તિની ઈચ્છાવાળા ભૂમિની અધિષ્ઠાત્રી "ઈલા" દેવીનાં અર્ચન કરે. ૧૪. લોકમાં પ્રતિષ્ઠા મેળવવાની ઈચ્છાવાળો પુરુષ રોદસી એટલે આકાશ અને પૃથ્વી નામની બે લોકમાતાનાં પૂજન કરે. (૫) ૧૫. સુડોળ દેહની કામનાવાળા ગન્ધર્વોનું અર્ચન કરે. ૧૬. સુપાત્ર અને સુંદર સ્ત્રીની કામનાવાળા ઉર્વશીનું આરાધન કરે. ૧૭ સર્વત્ર સામ્રાજ્ય સ્થાપવા ચાહનાર કે સર્વના અધિપતિ થવા ઈચ્છનારે પરમેષ્ઠીનાં પૂજન કરવાં (૬) ૧૮. યશોભિલાષી યજ્ઞપુરુષનાં અર્ચન કરે. ૧૯. કોષ-ભંડારની કામનાવાળા વરુણ ભગવાનનાં ભજન કરે. ૨૦. બ્રહ્મવિદ્યા મેળવવા ચાહનારે ઉમાનાથ શિવજીનાં સેવન કરવાં. ૨૧. દામ્પત્ય પ્રેમની પ્રાપ્તિ માટે "ઉમા માતાનાં" અર્ચન કરવાં (૭) ૨૨. ધર્મની પ્રાપ્તિની માટે ઉત્તમશ્લોક ભગવાન શ્રીકૃષ્ણનું આરાધન કરવું. ૨૩. વંશવેલાના વિસ્તાર માટે અગ્નિષ્વાત્ત નામના પિતૃઓનાં અર્ચન કરે. ૨૪. ભૂતપ્રેતાદિથી રક્ષા ચાહનારે યક્ષ વગેરે પુણ્યજનોની સેવા કરવી. ૨૫. ઓજસ્ એટલે ઈન્દ્રિયોના બલની ઈચ્છવાળો ૪૯ મરુતોનાં પૂજન કરે. (૮) ૨૬. રાજ્ય મેળવવાની કામનાવાળા મન્વન્તરના દેવો ૧૪. મનુનાં અર્ચન કરે. ૨૭. અભિચાર શક્તિની કામનાવાળા "નિર્ઋતિ" નામના મૃત્યુ દેવતાને ભજે. ૨૮. કંદર્પની વૃદ્ધિ માટે સોમ-ચન્દ્રનાં પૂજન કરવાં. પંરતુ अकामः જે નિષ્કામ ભક્ત છે એ તો પુરુષોત્તમની સેવા કરે છે. (૯)

ભગવત્સેવા જ સર્વશ્રેષ્ઠ ઉપાસના

अकामः सर्वकामो वा मोक्षकाम उदारधीः । तीव्रेण भक्तियोगेन यजेत पुरुषं परम् ॥ १० ॥

હે રાજન્ ! अकामः એટલે વિરક્તજન અથવા નિષ્કામજન, सर्वकामः આગળ વર્ણવેલી સર્વ કામનાવાળો, मोक्षकामः મોક્ષાભિલાષીએ તેમ જ उदारधीः ભગવાનમાં દૃઢ મતિવાળા ભગવદીય જનોએ તીવ્ર ભક્તિયોગથી પરમ પુરુષની જ સેવા કરવી. (૧૦) શ્રી ઠાકોરજીમાં અવિચલ પ્રેમ અને તદીયજન સમાગમ, આ ઉભય પદાર્થોની પ્રાપ્તિને જ ભગવચ્ચરણાર્ચન કરનારા ભક્તજનોના કલ્યાણનો ઉદય માનેલ છે. (૧૧)

શ્રીહરિકથાનુરાગનું માહાત્મ્ય

રાજન્ ! શ્રીહરિકથામાં અનુરાગનું માહાત્મ્ય શી રીતે વર્ણવું ? સાંભળો પ્રથમ તો હરિકથામાં અનન્ય પ્રીતિવાળા ભગવદીય જનને તાદૃશી જનસમાગમ અને ભગવાનમાં પરમપ્રેમ પ્રાપ્ત થાય, ત્યાર બાદ કામાદિ છ દોષોનો નાશ અને સત્ત્વાદિ ગુણોના પ્રવાહોના ચક્કરોમાંથી નિવૃત્તિ કરનારું જ્ઞાન પ્રાપ્ત થાય છે. તદુપરાંત આત્મપ્રસાદ એટલે અન્તઃકરણની પ્રસન્નતા મળે છે, ત્યારબાદ આ લોક અને પરલોકનાં ફલોમાં વિરાગ મળે છે. રાજન્ ! કૈવલ્ય પથમાં જેની પ્રતિષ્ઠા છે એવો ભક્તિયોગ તો કોઈ દિવ્યપથ છે. આ સર્વ વસ્તુપ્રાપ્તિ જો હરિકથાસુધારસપાનથી થતી હોય તો જે ઉપરામ વૃત્તિવાળા નિવૃત્ત ભગવદીય જન છે તે શ્રીહરિસુધાસરિતાઓનાં પાન અને અવગાહન નામના અનુરાગને શા માટે ના કરે ? (૧૨)

ભક્તોના સમાગમમાં ભગવદ્દ્વાર્તા જ હોય

મહર્ષિ શૌનક પૂછી રહ્યા છે કે હે મહામના સૂતજી ! બે અધ્યાયો દ્વારા શ્રી શુકાચાર્યચરણોએ જ્યારે ભરતશ્રેષ્ઠ શ્રી
પરીક્ષિત રાજાને ઉપદેશામૃતનાં પાન કરાવ્યાં, ત્યારે પરમભાગવત પરીક્ષિતજીએ વિસ્તારપૂર્વક ભગવદ્ લીલાનાં પાન
કરાવનાર શ્રી વૈયાસકિત એટલે શ્રી વ્યાસપુત્ર, ત્રિકાલજ્ઞ ઋષિ, કવિવર શ્રી શુકાચાર્યજીને અન્ય ક્યા પ્રશ્નો કર્યા ? હે
વિદ્વદવર સૂત મુનિજી ! અમે આપશ્રીના શ્રીમુખેથી આ વસ્તુ સાંભળવા ચાહીએ છીએ. આપશ્રી પણ કહેવા માટે સર્વ
રીતે યોગ્ય છો. સત્પુરુષોની સભામાં શ્રીહરિકથા જેમાં પ્રધાન હોય છે તેવી જ ચર્ચાઓ ચર્ચાય છે. (૧૩,૧૪) હે સૂત
મહર્ષિ ! રાજા પરીક્ષિત પાંડુરાજાના વૈષ્ણવ કુલદીપક હતા, વળી સ્વયં ભગવદીય હતા, વળી મહારથી હતા.
પરીક્ષિતજીને તો વારસામાં જ વૈષ્ણવતા મળી હતી. જ્યારે બાલક્રીડામાં રમકડાનાં સાથે રમતા ત્યારે રમતાં ભગાવનને

રાજા તરીકે સ્થાપતા અને પોતે રાજસેવક તરીકેનો ભાવ ધરાવતા, તો શ્રી વૃન્દાવનવિહારીજીની લીલાઓનું જ અનુકરણ કરતા. (૧૫) ભગવન્ સૂત ! શ્રોતા પરીક્ષિતજી જેમ તાદૃશી જન હતા તેવી જ રીતે પ્રધાન વક્તા શુકદેવજી પણ પરમભક્ત વ્યાસજીના પુત્ર હતા, સ્વયં ભગવદીય હતા, આચાર્યોચિત ષડ્ગુણસમ્પન્ન ભગવાન હતા, શ્રી વાસુદેવપરાયણ વૈષ્ણવ હતા. આ રીતે ઉત્તમ કક્ષાના શ્રોતા-વક્તાઓનો સમાગમ હતો. મહારાજ એ વસ્તુ નિશ્ચિત છે કે સત્પુરુષોના સમાગમમાં, ઉત્તમ પુરુષોથી નિત્ય ગવાતા ભગવાનના પરમોદાર ગુણોથી ગૂંથાયેલી ગાથાઓ જ ગવાય છે. (૧૬)

ભજનશીલનું આયુષ્ય કાલ પણ ના હરી શકે

आयुर्हरति वै पुंसां उद्यन्नस्तं च यन्नसौ । तस्यर्ते यत्क्षणो नीत उत्तमश्लोकवार्तया ।। १७ ।।

મહારાજ સૂત ! ભગવાન વેદની આજ્ઞા છે કે, જે જન, જનાર્દન ભગવાનની વાર્તા વિના સમય ગાળે છે, આયુષ્ય પસાર કરે છે તેઓના આયુષ્યને ઉદય પામતા અને અસ્ત પામતા સૂર્ય ભગવાન હરી લે છે. પરંતુ જેઓ ઉત્તમશ્લોક ભગવાનના ગુણાનુવાદમાં સમય ગાળે છે તેઓના આયુષ્યને લઈ શકતા નથી, ઊલટું સૂર્ય ભગવાન અન્યનું આયુષ્ય લઈ ભજન કરનારને વધુ આયુષ્ય આપે છે. મહારાજ સૂત ! शतायुर्वै पुरुषः પુરુષ સો વર્ષના આયુષ્યવાળો હોય છે. (૧૭) મહારાજ ! શું જે શ્વાસો લેતા હોય તેમને જીવતા મનાય ? તો પછી વૃક્ષો શું નથી જીવતાં ? ધમણો શું શ્વાસો નથી લેતી ? ઘરઆંગણે પાળેલાં અન્ય પશુઓ મનુષ્ય પશુની માફક શું ખાતાં નથી ? શું પાણી પીતાં નથી કે શું સંસારભોગ ભોગવતાં નથી ? ખાન, પાન, ભોગવિલાસથી જીવન જીવન નથી ગણાતું પરંતુ ભજનથી જીવન જીવન ગણાય. (૧૮)

પ્રભુસેવા-પરોપકાર અને પુણ્યવિમુખ જનોનો પશુઓ ઉપહાસ કરે છે

પૃથ્વી ઉપર ભગવાનના ભજનથી વિમુખ મનુષ્યને જોઈને એવું કહેવામાં આવે છે કે આ મનુષ્ય કરતાં શ્વાન વગેરે સારાં એવી પશુઓની પ્રશંસા થતી જોવામાં આવે છે. આવું જાણીને પશુઓ પ્રસન્ન થાય છે અને કહે છે કે મનુષ્ય તું ઘણો સારો છે કે અમારી કીર્તિ વધારે છે. લોકો કહે છે કે પશુની જાતમાં શ્વાન, વરાહ, ઊંટ અને ખર આ ચાર પશુ અતિશય તુચ્છ મનાય છે, પરંતુ મનુષ્ય તો એનાથી પણ તુચ્છ છે; કારણ કે ભગવાનનું ભજન કરવાને યોગ્ય ઇન્દ્રિયો એને મળવા છતાં એના કાન ઉપર શ્રી ગદાગ્રજ ભગવાનની કથા વગેરે સંભળાતાં જોવામાં આવ્યાં નથી. જ્યારે શ્વાન તો વધુ સારો છે કે સ્વલ્પમાં સંતોષ માને છે અને સ્વામીની સેવા કરે છે. શ્વાન માલિકને ઓટલે સૂએ છે, રોટલાના ટુકડે જીવે છે, રાતદિન પહેરો ભરે છે અને ચોર વગેરે આવે ત્યારે સ્વામીને ચેતવે છે, જ્યારે મનુષ્ય તો રોટલો દેનાર માલિકને જ દગો દે છે. "વરાહ" એટલે જગત જેને ભૂંડ કહે છે તે. એ તો મલિન મલ વગેરે ખાય છે અને જમીનને નિર્મલ-વિશુદ્ધ બનાવે છે, જ્યારે મનુષ્ય તો માલમલીદા ખાય છે અને ભૂમિને મળમૂત્રથી મલિન અને દૂષિત કરે છે. ઊંટ તો કાંટા વગેરે ખાય, દેહે રાંટા દેખાય તો પણ પીઠ ઉપર પાંચ જણાને ઉપાડે છે રેતાળ રણમાં જલ વિના તલસતા પીઠ ઉપર બેઠેલા સ્વામીને પોતાના દેહનું સમર્પણ કરી પેટમાં ભરેલા જલની કોથળીના જલથી જીવાડે છે. જ્યારે મનુષ્ય તો માલિકથી વાંકો ચાલે છે અને હરિભજન કરતો નથી તેથી લાગે છે એના કરતાં તો ઊંટ સારું. ચોથા પશુનું નામ "ખર." ખર ખાય ભૂસું પણ પોતાના સ્વામીનાં વસુઓને-દ્રવ્યોને પીઠ ઉપર વહે છે અને માલિકને વફાદાર રહે છે. આ જોતાં લાગે છે કે બેવફાદાર, હરિભજનવિમુખ, બહિર્મુખ, મનુષ્ય કરતાં પશુઓ સારાં. (૧૯)

ઇન્દ્રિયોનો સેવામાં અને સત્કર્મમાં વિનિયોગ

વિલે बतोरुक्रमविक्रमात् ये न श्रृण्वतः कर्णपुटे नरस्य । जिह्वा सती दार्दुरिकेव सूत न चोपगायत्युरुगायगाथाः ।।२०।।

મહર્ષિવર્ય શૌનકજી પાંચ શ્લોકોમાં કહી રહ્યા છે કે હે સૂત મહારાજ ! ૧. જે પામર નરના બે કર્ણપુટો, શ્રીહરિનાં પવિત્ર અને વિચિત્ર અનંત ચરિત્રોનું શ્રવણ નથી કરતા તે તો ખરેખર સર્પોનાં દર છે-સર્પોનાં ઘર છે. ૨. જે જિહ્વા ઉત્તમ મુનિવરોથી ગવાતા ઉત્તમશ્લોક ભગવાનની ગુણગાથા ગાતી નથી તે તો દેડકીની જીભના જેવી ક્રૂર અને દુષ્ટ જીભ છે.

(૨૦) ૩. ભલે મસ્તકે અભિષેક કરાયેલ હોય, મણિમય મુકુટ કે શિરપેચથી તે મસ્તક સેવાયેલ હોય, પરંતુ મુકુંદ ભગવાનને ના નમતું હોય તો મસ્તક જ ભારરૂપ છે. ૪. રત્ન કે સુવર્ણાદિ કંકણોથી અલંકૃત બે 'કર' જો શ્રીહરિસેવામાં વિનિયોગ નથી પામ્યા, તો તે બે હાથ શબના હાથ સમાન છે. હરિસેવાવિમુખ હાથથી જલ પીવાં કે જમણ જમવાં એ મહા પાપ છે. (૨૧) ૫. મહારાજે નરોનાં બે નયનો, શ્રીહરિના દિવ્યવિગ્રહો, સંતો, પુણ્યજનો, પુણ્યસ્થાનો વગેરેનાં દર્શન નથી કરતાં તે તો મયૂરપિચ્છ જેવાં મનાય છે. ૬. વળી સૂત મહરાજ! વ્રજપરિક્રમા, તીર્થયાત્રા કે શ્રીહરિનાં મંદિરાદિ સ્થાનોમાં જે મનુષ્યોના બે પગ નથી જતા તેને તો ઝાડના જન્મ જેવા જાણવા એમ કહેવું પણ અસ્થાને છે. કારણ કે વૃક્ષનાં મૂળ તો જમીનમાં છે તેથી તે પરતંત્ર છે તો પણ પોતાનાં પત્ર-પુષ્પ વગેરે બારેબાર અંગોથી નિત્ય પરોપકાર કરનાર પરમભગવદીય છે એમની ઉપમા આપવી એ પણ વૃક્ષોનું અપમાન છે. (૨૨) ૭. આંગણે પધારેલા ભગવદીયજનોની, અતિથિજનો કે મહત્પુરુષોના ચરણકમલોની સેવા કરતો નથી, કે પુણ્યપુરુષોના પદરજની કદી પણ કામના કરતો નથી તે મરણશીલ જન તો સચેતન શબ સમાન છે. ૮. મહારાજ ! જે મનુજ એટલે પરમ ધર્મનિષ્ઠ મનુમહારાજનો વંશજ બનેલ મનુષ્ય શ્રીવિષ્ણુ ભગવાનના શ્રીચરણોમાં નિત્ય બિરાજતાં ભગવતી શ્રી તુલસીજીની સુગંધનું ગ્રહણ નથી કરતો તે તો શ્વાસ લેતા શબ સમાન છે. (૨૩) ૯. અરેરે ! એ તો દુઃખની કહાની છે કે શ્રીહરિનાં મંગલમય નામ લેતાં જેની કાયા પુલકિત નથી થતી, નેત્રમાં સ્નેહાશ્રુ નથી, કંઠ ગદ્ગદ નથી, હૃદયમાં આર્દ્રતા નથી, રોમમાં હર્ષ નથી તેનું હૃદય તો "વજ્રસાર" નામના પથ્થરથી પણ અધિક કઠોર છે. (૨૪)

શ્રી શૌનકાદિ મહર્ષિઓની આર્દ્રભાવે આર્તિ

अथाऽभिधेह्यङ्ग मनोऽनुकूलं प्रभाषसे भागवतप्रधानः । यदाह वैयासकिरात्मविद्या विशारदो नृपतिं साधु पृष्टः ॥२५॥

હર્ષાતિરેકમાં આવેલા મહર્ષિવર્યો બોલ્યા કે કૃપાસિંધુ સૂતજી ! હે અંગ ! હે વત્સ ! આપનું કલ્યાણ થાઓ ! આપને અમારી આશિષ છે, આપ અમારા મનને અનુકૂલ કલ્યાણ કરનારી શ્રીહરિની ઉત્તમ કથાઓ કહી રહ્યા છો. હવે આપ અધિક અનુકંપા કરીને, આત્મવિદ્યાવિશારદ શ્રી શુકાચાર્ય મહારાજે હરિભક્તશિરોમણિ પરીક્ષિત રાજાજીને જે જે શ્રીહરિની કથાઓ કહી તે અમને કહો. (૨૫)

શ્રીમદ્ ભાગવત પીયૂષના દ્વિતીય સ્કંધના "હૃદયપ્રસાદ" પ્રકરણમાંનો ૩જો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૪થો

શ્રી શુકાચાર્યજીએ કરેલી સ્તુતિ

[આ ચતુર્થ અધ્યાય છે. હૃદયની પ્રસન્નતા નામનું પ્રકરણ છે. વક્તાના હૃદયાનંદનું આ અધ્યાયમાં દર્શન થાય છે. રાજર્ષિ પરીક્ષિત હરિકથાને સ્પર્શતા પ્રશ્નો પૂછે છે અને કથારસપાન કરાવતાં પહેલાં ભગવાનમાં એકતાન થતા શ્રી શુકાચાર્ય મહારાજ ૧૩ શ્લોકમાં ભગવાનની સ્તુતિનાં ગાન કરે છે. આ અધ્યાયમાં ૨૫ શ્લોકો છે. આપણે હરિકથારસપાનમાં એકતાન અને મસ્તાન થઈએ.]

નિશ્ચલમતિ, મમતાત્યાગ, શ્રદ્ધા અને વૈરાગ્ય એ ચાર કથાના આધારસ્તંભ

सूत उवाच : वैयासकेरिति वचस्तत्त्वनिश्चयमात्मनः । उपधार्यं मतिं कृष्णे औत्तरेयः सतीं व्यधात् ॥ १ ॥

શ્રી શૌનકમહર્ષિ પૂર્વ અધ્યાયમાં પ્રશ્ન પૂછી વિરામ પામ્યા. શ્રોતાની શ્રવણાતુરતા નિહાળી અને સૂત મહર્ષિ વચનામૃત-વર્ષા કરી રહ્યા છે હે શ્રી કુલપતિ શૌનકજી ! પરીક્ષિત રાજાજી ઉત્તરા માતાની કૂખને દીપાવનાર કુલદીપક કુમાર છે. એમણે માતાના ધાવણમાંથી શ્રદ્ધા-ભક્તિ મેળવ્યાં છે. પૂર્વાધ્યાયોમાં ભગવાનના સ્વરૂપનો મહિમા સાંભળતાં તેમ જ પરમતત્ત્વ ભગવાન શ્રીકૃષ્ણના સ્વરૂપને જાણતાં હતાં તેનાથી અધિક ભાવવાળી મતિ ભગવાનમાં સ્થિર થઈ. રાજાને નિશ્ચય થયો કે ભગવાન સેવ્ય છે અને પોતે સેવક છે. (૧) ભગવતપ્રેમના પ્રભાવથી દેહ, સ્ત્રી, પુત્ર, પરિવાર, પશુ, ઘર, દ્રવ્ય, કુટુંબીજન અને બંધુજનોમાં તેમ જ વૈભવશાળી સામ્રાજ્યમાં વસેલી મમતાને ત્યજી દઈને ભગવાન શ્રીકૃષ્ણમાં પ્રીતિ જોડી દીધી. (૨) હે શ્રેષ્ઠ મુનિવરો ! હે મહત્ પુરુષો ! આપ મને જે પ્રશ્નો પૂછી રહેલ છો એ જ પ્રશ્નો, ભગવાન

શ્રીકૃષ્ણચન્દ્રજીના મહિમામાધુર્યનું પાન કરવા માટે અત્યંત આતુર, શ્રદ્ધાધન, મહામના પરીક્ષિત રાજાએ શ્રીશુકાચાર્યના શ્રીચરણે રજૂ કર્યા હતા. (૩) હે મુનિવરો ! પરીક્ષિત રાજાને જાણ થઈ કે આજથી સાતમા દિવસે ભગવાનના ધામમાં જવાનું છે, એટલે ધર્મ, અર્થ અને કામ નામના ત્રણ પુરુષાર્થોનાં કાર્યોને ત્યજી દઈ દયાનિધિ દામોદર ભગવાનના ચરણકમલોમાં હૃદયની દૃઢ સ્થિતિ પ્રાપ્ત કરી પ્રશ્નો પૂછવા લાગ્યા. (૪)

પરીક્ષિત રાજાનું દૈન્ય અને પાંચ પ્રશ્નો

राजोवाच : समीचीनं वचो ब्रह्मन् सर्वज्ञस्य तवानद्य । तमो विशीर्यते मह्यं हरेः कथयतः कथाम् ।। २ ।।

રાજર્ષિએ પૂછ્યું કે મહર્ષિવર્ય શુકાચાર્યજી ! હું તો તદ્દન અજ્ઞ છું. પરંતુ આપ તો સર્વજ્ઞ છો, આપ પ્રત્યક્ષ નિર્દોષ બ્રહ્મ છો, અભિમાનાદિ દોષથી રહિત નિષ્પાપ પુણ્યશ્લોક પુરુષ છો, આપનાં વચનો સર્વશ્રેષ્ઠ છે, આપ જેમ હરિકથામૃતપાન કરાવો છો તેમ તેમ મારું અજ્ઞાન ટળે છે. (૫) આપનાં શ્રીચરણોમાં મારા પાંચ પ્રશ્નો છે : ૧. સામાન્ય જન અને ઈશ્વર ન હોય તેવા જન જેનું ચિંતન પણ ના કરી શકે એવા વિશ્વની, સર્વસમર્થ ભગવાન પોતાની માયાથી રચના કેવી રીતે કરે છે ? ૨. સમર્થ શ્રીહરિ આ વિશ્વનું રક્ષણ કેવી રીતે કરે છે ? ૩. વળી આ વિશ્વનો સંહાર શી રીતે કરે છે ? ૪. અપાર શક્તિ ભગવાન જે જે શક્તિનો આશ્રય લઈ પોતાને આનંદ કરાવતા સ્વયં પણ ખેલતા કાંઈક કરે છે, નથી કરતા અને વિરુદ્ધ પણ કરે છે ? ૫. તેમ જ જગતનાં રચનાદિ કાર્યોમાં ક્યાં ક્યાં સાધનોનો ઉપયોગ કરે છે ? આગળ વધતાં રાજા પરીક્ષિત કહેવા લાગ્યા કે મહારાજ ! આ જગતમાં પાંચ પ્રકારે ઉત્પત્તિ થતી જોવામાં આવી છે. તો શું ૧. ભગવાન જેમ ઘડો રચે છે તેમ બ્રહ્માંડની રચના કરે છે ? ૨. કે જેમ સિદ્ધજનો સૃષ્ટિને રચે છે તેવી રીતે ભગવાન સૃષ્ટિ બનાવે છે ? ૩. કે ભગવાન સ્વયં પોતાનામાંથી સૃષ્ટિને પ્રકટ કરે છે ? ૪. કે ભગવાન યોગીની માફક મનથી સૃષ્ટિ રચે છે ? ૫. કે પછી કલ્પવૃક્ષની માફક સૃષ્ટિને રચે છે ? હે ભગવન્ ! આ મારા પ્રશ્નો જેમ સૃષ્ટિ માટે છે તેમ પાલન અને સંહારને માટે પણ છે. તો તેનું સમાધાન કરવા કૃપા કરો. (૭) હે શુકાચાર્ય ! હે બ્રહ્મ ! અત્યંત અદ્‌ભુત કર્મ કરનાર ભગવાન શ્રીહરિનું ચરિત્ર મોટા તાર્કિકો અને કવિઓની મતિને અગમ્ય તેવું સાચેસાચ લાગે છે તો મારા જેવા અલ્પમતિનું તો પૂછવું જ શું ? (૮) હે ભગવન્ ! ભગવાન્ પ્રકૃતિના ગુણોને તો એકસાથે કે ક્રમથી જ ધારણ કરે છે, કે પછી એકલા રહી જન્મોથી કર્મો કરતા સમૂહથી જ ધારણ કરે છે ? (૯) હે નાથ, આપ તો ભગવાન છો અને મારે આ રહસ્ય જાણવું છે, તો હું સમજી શકું તે રીતે સમાધન કરવા કૃપા કરો. ભગવન્ ! આપ તો સાચે-સાચ શબ્દબ્રહ્મમાં અને પરબ્રહ્મના જ્ઞાનમાં પ્રવીણ છો. (૧૦) સૂત મુનિએ કહ્યું કે હે મુનિવરો ! જ્યારે ઉપર પ્રમાણે રાજર્ષિ પરીક્ષિતજીએ શ્રીહરિની ગુણગાથાના વર્ણન માટે શ્રી શુકાચાર્યચરણોને વિનવ્યા ત્યારે શ્રી હૃષીકેશ ભગવાનનું સ્મરણ કરી શ્રી ઠાકોરજી અને ગુરુદેવને નમસ્કાર કરી ઉત્તર આપવાનો આરંભ કર્યો. (૧૧)

૧૩ શ્લોકમાં મુનિવરનું મંગલાચરણ

૧૨ મા શ્લોકથી આરંભી ૨૪ મા શ્લોકપર્યન્ત કુલ ૧૩ શ્લોકમાં મુનિવર મંગલાચરણ કરી રહ્યા છે. આ તેર શ્લોકમાં પ્રથમ ૧૨થી ૧૮ સુધીના ૭ શ્લોકમાં ભગવાનને નમસ્કાર કરી રહ્યા છે. પુનઃ ૧૯ થી ૨૩ સુધીના પાંચ શ્લોકોમાં પ્રાર્થનાપૂર્વક શ્રીહરિના માહાત્મ્યનું ગાન અને ૨૪મા શ્લોકમાં એટલે એક શ્લોકમાં પિતૃચરણ શ્રી વ્યાસજીને પ્રણામ કરશે. આપણે ૧૩ શ્લોકોના પરમરસમાં તન્મય થઈએ.

મૂલસ્વરૂપ-સમષ્ટિસ્વરૂપ-વ્યષ્ટિસ્વરૂપ-અન્તર્યામીરૂપ અને ફલરૂપ ભગવાનને પ્રણામ

श्रीशुक उवाच : नमः परस्मै पुरुषायभूयसे सदुद्भवस्थाननिरोधलीलया । गृहीतशक्तित्रितयाय देहिना मन्तर्भवायानुपलक्ष्यवत्मने ।।१२।।

શ્રી શુકાચાર્ય સ્તુતિ કરે છે કે હે નાથ ! અસંગ ઉદાસીન પુરુષોત્તમ ભગવાનને પ્રણામ, આપના એकोहं बहु स्याम-હું અનેક બનું એવા મનોરથથી બહુસ્વરૂપ થયેલા भूयसे બીજા સ્વરૂપે નમસ્કાર. પુનઃ વિશ્વની ઉત્પત્તિ-સ્થિતિ-લયની લીલા કરવાની ઈચ્છાથી પોતાની માયાના ગુણરૂપ ત્રણ શક્તિઓનો સ્વીકાર કરનાર ભગવાનને નમઃસ્કાર, દેહીઓના

અન્તઃકરણમાં બિરાજેલા અન્તર્યામી સ્વરૂપને નમસ્કાર અને જેમનો માર્ગ જાણી શકાતો નથી એવા ભગવાનના ફલાત્મક સ્વરૂપને નમસ્કાર. (૧૨)

भूयो नमः सदवृजिनच्छिदेऽसता मसंभवायाऽखिलसत्त्वमूर्तये । पुसां पुनः पारमहंस्य आश्रमे व्यवस्थितानामनुमृग्यदाशुषे ॥ १३ ॥

હવે બીજા શ્લોકથી ભક્તો અને પરમહંસો વગેરેના કલ્યાણ માટે અવતાર લેતા ભગવાનને પ્રણામ કરતા શ્રી શુક મુનિવર બોલ્યા કે સજ્જનોનાં સેવામાં અન્તરાય નામનાં પાપને સર્વથા નિર્મૂલ કરનારા સંતોને ફરી જન્મ ધારણ ન કરવો પડે માટે અવતાર લઈને પ્રક્ટ થતા; પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરી ચૂકેલા પરમહંસોના ચતુર્થ આશ્રમમાં વસેલા પુરુષો પણ જે ભગવાનને શોધી રહ્યા છે તે દિવ્ય સ્વરૂપનું દાન કરવા અવતાર લેતા ભગવાનને વારંવાર પ્રણામ કરું છું. (૧૩)

नमो नमस्तेऽस्त्वृषभाय सात्वतां विदूरकाष्ठाय मुहुः कुयोगिनाम् । निरस्तसाम्यातिशयेन राधसा स्वधामनि ब्रह्मणि रंस्यते नमः ॥ १४ ॥

ભગવાનની ભક્તિપૂર્વક સ્તુતિ અને નમન કરતાં શ્રી શુકાચાર્ય મહારાજશ્રીને ભગવાનનો સાક્ષાતકાર થયો અને ભાવવિભોર બની ભગવાનના શ્રીચરણે ઢળી પડતાં કહેવા લાગ્યા કે, આપને નિત્ય આધીન રહેલા તેમ જ સર્વ સમર્પણ કરી ચૂકેલા સાત્વતાં એટલે નિજ અનન્યાશ્રિત ભક્તોના સ્વામીવર્યને વારંવાર પ્રણામ. વળી અમે યોગથી ભગવાનને પામશું એવા અભિમાનમાં રાચતા અને પૃથ્વી ઉપર રહી અણિમાદિ સિદ્ધિઓને ભોગવતા કુયોગીજનો તો જે ભગવાનને ત્યાં જવાની દિશાના પણ અજ્ઞાત છે એવા પ્રભુને વારંવાર વંદન. વળી જેનાથી અન્ય કોઈ મહાન કે જેની સમાન પણ નથી એવા પોતાની "राधस्" નામની દિવ્ય શક્તિ સાથે નિજ અક્ષરધામમાં નિરંતર રમણ કરનારા ભગવાનને પ્રણામ. (૧૪)

यत्कीर्तनं यत्स्मरणं यदीक्षणं–यद्वंदनं यच्छ्रवणं यदर्हणम्। लोकस्य सद्यो विधुनोति कल्मषं तस्मै सुभद्रश्रवसे नमो नमः ।।१५।।

શ્રી શુકાચાર્યજી ષડ્વિધ ભક્તિ દ્વારા ભગવાનને પ્રણામ કરતા, કીર્તન દ્વારા વક્તાનાં અને શ્રોતાનાં એમ ઉભયનાં પાપપુંજનો પૂર્ણ નાશ કરનાર હોવાથી કીર્તનભક્તિને શ્રવણ કરતા શ્રેષ્ઠ માનીને કીર્તન ભક્તિથી પ્રારંભ કરતાં કહેવા લાગ્યા કે, હે કૃપાનાથ ! આપનું ગુણસંકીર્તન, આપનું સ્મરણ, હૃદયમાં પ્રકટેલા આપના આનંદ સ્વરૂપનું દર્શન, આપના શ્રી ચરણોમાં વંદન, ભગવદીય જનોના મુખકમલથી આપના ગુણ અને લીલાઓનું શ્રવણ અને ભાવપૂર્વક આપના શ્રીચરણોનું સેવન, ભક્તોના મનોબલને વિના વિલંબે નાશ કરે છે એવા અતિ મંગલ યશવાળા નાથને વારંવાર પ્રણામ. (૧૫)

विचक्षणा यच्चरणोपसादनात् संगं व्युदस्योभयतोऽन्तरात्मनः। विन्दन्ति हि ब्रह्मगतिं गतक्लमा स्तस्मै सुभद्रश्रवसे नमो नमः।।१६।।

વિવેકી પુરુષો ઉપર દર્શાવેલી છ પ્રકારની ભક્તિના અવલંબનથી ચાતુર્ય પામેલા ભક્ત ભગવદીયો આપના ચરણકમલની સેવામાં રહીને, અંદરથી તેમ જ બહારથી એમ બન્ને રીતે સંગને ત્યજી દે છે અને કલેશમુક્ત થઈ બ્રહ્મગતિને પામે છે તેવા મંગલ વેશવાળા એવા કલ્યાણ કીર્તિવાળા નાથને વારંવાર નમસ્કાર. (૧૬)

तपस्विनो दानपरा यशस्विनो मनस्विनो मन्त्रविदः सुमङ्गलाः । क्षेमं न विन्दन्ति विना यदर्पणं तस्मै सुभद्रश्रवसे नमो नमः ॥ १७ ॥

ઉપરની સ્તુતિમાંથી જ્ઞાનથી ભગવાનને પામે છે એ નિર્ણય કરીને કર્મમાર્ગમાં ભગવદ્ભજન અત્યાવશ્યક છે એવું વર્ણવતાં શ્રી શુકાચાર્યજી કહેવા લાગ્યા કે : તપસ્વીજનો, દાનવીરો, યશ માટે યત્ન કરનારા કૂપ, વાપિકા, વિશ્રામભવનો રચનારા મજબૂત મનવાળા યોગીઓ, મંત્રવેત્તાઓ અને સુમંગલાચારીઓ પણ જે ભગવાનને સમર્પણ કર્યા વિના ક્ષેમ-કલ્યાણને પામતા નથી તેવા પવિત્ર કીર્તિવાળા પ્રભુને પુનઃ પુનઃ પ્રણામ. (૧૭)

किरात हूणान्ध्र पुलिन्द पुल्कसाः आभीरकंकाः यवनाः खसादयः। येऽन्ये च पापा यदपाश्रयाश्रयाः–शुध्यन्ति तस्मै प्रभविष्णवे नमः ।।१८।।

કિરાત-હૂણ-આન્ધ્ર-પુલિન્દ-પુલ્કસ-આહીર-કંક-યવન અને ખશી કરનારા, આ નવ જાતિના અને અન્ય પાપપરાયણ પણ જીવો જો ભગવાનનો अपाश्रय એટલે અધિક આશ્રય કરનારા, સર્વવિધ આશ્રય કરનારા ભગવદીય જનોનો આશ્રય કરી તરી જાય છે એવા સમર્થ શ્રીહરિને વારંવાર વંદન. (૧૮)

स एष आत्माऽऽत्मवतामधीश्वर स्त्रयीमयो धर्ममयस्तपोमयः । गतव्यलीकैरजशंकरादिभिर्वितर्क्यलिङ्गो भगवान् प्रसीदताम्॥१९॥

આત્મજ્ઞાનીઓ પણ આત્મા અને સંયત, અન્તઃકરણવાળાઓના અધીશ્વર, શ્રુતિથી ગવાતા ત્રયીમય, સ્મૃતિથી વર્ણવાતા ધર્મમય, પુરાણોથી સ્તવાતા તપોમય અને સર્વથા નિષ્કપટ એવા બ્રહ્માજી અને શંકર ભગવાન વગેરે દેવો પણ જેમનાં લક્ષણ અને સ્વરૂપની દિશાઓમાં તર્કવિર્તક-પરાયણ જ રહ્યા છે તેવા ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ. (૧૯)

श्रियः पतिर्यज्ञपतिः प्रजापतिर्धियां पतिर्लोकपतिर्धरापतिः । पतिर्गतिश्चन्धक–वृष्णि–सात्वतां–प्रसीदतां मे भगवान् सतां पतिः ॥२०॥

હે નાથ ! આપની સ્તુતિ કરવા માટે યોગ્યતા જોઈએ. આમ છતાં આપ પતિ છો તેમ જ કૃપાળુ છો તેથી જ નિવેદન છે કે શ્રી દેવીના સ્વામી, યજ્ઞના સ્વામી, પ્રજાજનના સ્વામી, બુદ્ધિમાનોના સ્વામી સ્વર્ગામી, સ્વર્ગાદિલોકોના સ્વામી, પૃથ્વીનિવાસી લોકોના સ્વામી, અન્ધક-વૃષ્ણિ અને સાત્વત નામના યાદવોના પતિ અને ગતિ તેમ જ સજ્જનોના સર્વસ્વ એવા છ પ્રકારના ધર્મવાળા અને સાતમા ધર્મી सतांपतिः સન્તસ્વામી મારા ઉપર પ્રસન્ન થાઓ. (૨૦)

यदङ्ध्यनुअमिध्यानसमाधिधौतया धियानुपश्यन्ति हि तत्त्वमात्मनः । वदन्ति चैतत् कवयो यथारुचं स मे मुकुन्दो भगवान् प्रसीदताम् ॥२१॥

શ્રી શુકાચાર્યજી વર્ણવી રહ્યા છે કે હે ભગવન્ ! પૂર્ણાનન્દમય ભગવાનના ચરણકમલનું ધ્યાન કરવારૂપ સમાધિથી સંશુદ્ધ થયેલી બુદ્ધિ દ્વારા કવિજનો-વિવેકી પુરુષો આપના સ્વરૂપને અવશ્ય જાણે છે અને પોતાની અભિરુચિ અનુસાર વર્ણવે છે તે મુકુન્દ ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ. (૨૧)

प्रचोदिता येन पुरा सरस्वती–वितन्वताडजस्य सतीं स्मृतिं हृदि । स्वलक्षणा प्रादुरभूत किलास्यतः स मे ऋषीणामृषभः प्रसीदताम् ॥ २२ ॥

શ્રી શુકાચાર્ય મહારાજશ્રી શ્રીહરિની લીલાનાં ગાન કરવા આરંભતાં વાણીના સ્વામી ભગવાનને વિનવે છે કે હે પ્રભો ! સૃષ્ટિનો પ્રારંભ કરતાં પૂર્વે બ્રહ્માજીએ પ્રથમ આપનું ધ્યાન ધરી આપને પ્રાર્થના કરી ત્યારે આપે બ્રહ્માના હૃદયમાં પ્રવેશ કરીને પોતાનો પ્રકાશ કરનારી વેદરૂપ દિવ્ય વાણી બ્રહ્માજીના મુખકમલમાંથી પ્રક્ટ કરી હતી, તે કૃપાળુ ઋષિઓમાં શ્રેષ્ઠ ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ અને આપ મને પણ સ્વલક્ષણા વાણીનાં દાન કરો. (૨૨)

भूतैर्महद्भिर्य इमा पुरो विभु र्निर्माय शेते यदमूषु पूरुषः । भुंक्ते गुणान् षोऽश षोडशात्मकः सोऽलंकृषीष्ट भगवान् वचांसि मे ॥ २३ ॥

હે પ્રભુ ! પંચમહાભૂતો દ્વારા આ સમગ્ર શરીરોને રચો છો, તેમ જ તેમાં બિરાજીને પંચભૂંત થઈ તથા એકાદશ ઈન્દ્રિયરૂપ થઈ એના રસને ભોગવો છો, એથી તો આપની પુરુષ સંજ્ઞા થઈ છે, તે સોળ કલાસમ્પન્ન ભગવાન મારા ઉપર કૃપા કરો અને આપના ગુણ ગાઈ શકે એવી વાણીને સમલંકૃત કરો. (૨૩)

नमस्तस्मै भगवते वासुदेवाय वेधसे । पपुर्ज्ञानमय सौम्या यन्मुखाम्याुरुहासवम् ॥ २४ ॥

શ્રી શુકાચાર્યજી પિતૃચરણોને ગુરુદેવની નિષ્ઠાથી પ્રણામ કરતા કહેવા લાગ્યા કે જેઓશ્રીએ શ્રી સમાધિભાષા શ્રીમદ્ ભાગવતજીની રચના કરી છે, જેમનું મુખ જ રસ સ્રવતું કમલ છે, જેમાંથી અખંડ સ્રવતા જ્ઞાનમય અમૃતાસવનું સૌમ્ય પ્રકૃતિના પરમ ભાગવતો પાન કરે છે તે વાસુદેવસ્વરૂપ વ્યાસ ભગવાનને નમસ્કાર કરું છું. (૨૪)

एतदेवात्मभूराजन् नारदाय विपृच्छते । वेदगर्भोऽभ्यघात् साक्षाद् यदाह हरिरात्मने ॥ २५ ॥

હે રાજન્ પરીક્ષિત ! આપે જે પ્રશ્નો મને કર્યા તે જ પ્રશ્નો એક વાર શ્રી નારદજીએ બ્રહ્માજીને કરેલા ત્યારે સાક્ષાત્ શ્રીહરિએ બ્રહ્માજીને જે જ્ઞાન આપેલું તે જ્ઞાન વેદગર્ભ સ્વયંભૂ બ્રહ્માજીએ શ્રી નારદજીને આપ્યું હતું તે જ્ઞાન આપને આપીશ. (૨૫)

શ્રીમદ્ ભાગવત પીયૂષના દ્વિતીય સ્કંધના હૃદયની પ્રસન્નતા નામના પ્રકરણમાંનો શ્રી શુકાચાર્યજીની સ્તુતિ નામનો ચતુર્થ અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય - ૫મો

[દશ અધ્યાયના દ્વિતીય સ્કંધનું ૫મા અધ્યાયથી ૧૦મા અધ્યાય પર્યન્તનું ત્રીજું પ્રકરણ શરૂ થાય છે. આ પ્રકરણનું "વિમર્શ" એવું નામ છે. આ વિશ્વની ઉત્પત્તિ કેવી રીતે થઈ તેમજ તેમાં યુક્તિ કઈ એવા બે પ્રકારના વિચારનું નામ વિમર્શ કહેવાય છે. આ પ્રકારનો વિચાર કુલ છ અધ્યાયથી કરવામાં આવે છે. આ બ્રહ્માંડનો વિસ્તાર પુરાણોમાં પચાસ કરોડ યોજનના માપનો વર્ણવ્યો છે. એની ઉત્પત્તિ કોણે કરી ? કેવી

રીતે કરી ? અને ક્યા પદાર્થોમાંથી કરી ? આ એક મહત્ત્વનો વિચાર છે. શું ભગવાન કેવલ નિમિત્ત કારણ છે અને માયા દ્વારા આ બ્રહ્માડ રચે છે ? જો એમ જ હોય "सर्व खलु इदं ब्रह्म" એવાં શ્રુતિવાક્યોનો વિરોધ આવશે, માટે બ્રહ્મ એટલે ભગવાન પોતે જ બ્રહ્માડના નિમિત્ત અને ઉપાદન કારણ છે એવું આ પાંચમા અધ્યાયમાં વર્ણવવામાં આવશે. હવે લાંબી ચર્ચા કર્યા વિના પાંચમા અધ્યાયની કથાસુધાનું પાન કરીએ. આ અધ્યાયમાં ૪૨ શ્લોકો છે. આ અધ્યાયમાં શ્રી બ્રહ્માજી અને નારદજીનો મધુરો સત્સંગ સાંભળવા મળશે. શ્રી નારદજી (૧) આત્માવિષયક (૨) જગતવિષયક અને (૩) ભજનવિષયક એમ ત્રણ પ્રશ્નો પૂછે છે અને પિતાજી પ્રાણપ્યારા પુત્રને વિસ્તારથી પ્રત્યુત્તર આપશે.]

નારદજી નમસ્કારપૂર્વક પ્રશ્ન કરે છે

नारद उवाच : देवदेव नमस्तेऽस्तु भूतभावन पूर्वज । तद्विजानीहि यत् ज्ञानमात्मतत्त्वविमर्शनम् ॥१॥

નારદજી નિવેદન કરી રહ્યા છે કે હે દેવાધિદેવ ! આપ તો મારા પૂજ્ય ગુરુદેવ છો અને સેન્ય ઈષ્ટદેવ છો, વળી પિતાજી તો છો જ. આપના શ્રીચરણોમાં નમસ્કારની ભેટ ધરું છું. સર્વસ્વનાં દાન દેનારા પિતાજીને પુત્ર શી ભેટ આપી શકે ? આજ્ઞાનું પાલન કરે અને પદસરોજે પ્રણામ કરે એ જ ભેટ સંભવે, नमस्तेऽस्तु મારા નમસ્કાર મંગલાચરણ સ્વરૂપે હો. હું જે જ્ઞાન મેળવવા ચાહું છું તેની પ્રાપ્તિપર્યન્ત "નમસ્કાર" મંગલાચરણ સ્વરૂપે રહો. તાત ! આપ તો પ્રાણીઓને પવિત્ર કરનાર છો, મારા તો પિતાજી છો પરંતુ સર્વના અગ્રજ છો. તો આત્માના તત્ત્વના વિચારવાળું જ્ઞાન આપ મને જણાવો. હે તાત ! શ્રુતિઓ અને શાસ્ત્રો જ્ઞાન જ્ઞાન એવું વારંવાર કહે છે તો તે જ્ઞાન શું આત્મા છે ? ૧. કે આત્માનો સાક્ષાત્કાર છે ૨ કે ભગવાનનો સાક્ષાત્કાર છે ? ૩. કે શ્રુતિ સાથે ભગવાનનો સાક્ષાતકાર છે ? ૪. કે ભક્તિને ઉત્પન્ન કરનારું છે ? ૫ કે જ્ઞાનસ્મૃતિરૂપ છે કે પરોક્ષ છે એટલે આત્મા અને ભગવાનને સમજવા માટે "અનુમાન" સ્વરૂપ જ્ઞાન છે. (૧) હે પિતાજી, ૧. જ્ઞાનતત્ત્વનું સ્વરૂપ કેવું ? ૨. તત્ત્વ એટલે શું ? ૩. આ તત્ત્વનું અધિષ્ઠાન-આધાર શો ? ૪. આ વિશ્વ શેમાંથી રચાયું ? ૫. આ વિશ્વ અથવા જ્ઞાન શેમાં રહેલું છે ? ૬. કોણે સ્થાપન કરેલું ? અને ૭. તે તત્ત્વ શું છે ? એ સર્વ તત્ત્વપૂર્વક કહો. (૨) હે પિતાજી આપના તો કરતલમાં-હથેળીમાં રહેલા આમળાની જેમ સર્વ દિશાઓનું જ્ઞાન હોય તેવી જ રીતે ભૂત, ભવિષ્ય અને વર્તમાન વસ્તુઓનું આપ સર્વ પ્રકારનું જ્ઞાન ધરાવો છો, આ વિશ્વ કેવું છે અને જ્ઞાનતત્ત્વ શું છે ? એ તો આપે આપના જ્ઞાનથી નિશ્ચિત કરેલું જ છે. (૩)

બ્રહ્માજીના સ્વરૂપની જિજ્ઞાસા

પિતાજી ! પૂછું છું તેથી નારાજ ના થશો હોં. આપનું જ્ઞાન શું ? અથવા આપને જ્ઞાન કોણે આપ્યું ? ૧. આપનો આશ્રય કોણ ? ૨. આપના નિયામક કોણ ? ૩. આપનું સ્વરૂપ કેવું ? ૪ તાતપાદ ! આ મારા ચાર પ્રશ્નો છે. પિતાજી ! હું તો એમ જાણું છું કે વણથાક્યો અને વણથંભ્યો એક નાનો કરોળિયો જેમ પોતાના મુખમાંથી લાળના તંતુઓ સરજે, એના ઉપર વિહાર કરે અને સમેટે તેવી જ રીતે આપ એકલા આપની જ શક્તિ ઉપર નિર્ભર થઈ આપની માયાથી મહાભૂતોથી પંચભૂતોને, આપ એકલા જ ઉત્પન્ન કરો છો, આપ જ પાલન કરો છો, (આ શ્લોકમાં आत्मन् પદ સંબોધન લાગે છે પણ સપ્તમી વિભક્તિનો લોપ કરીને સપ્તમી વિભક્તિમાં વાપર્યો છે) તેમ આપ સ્વયં એ સર્વનો નાશ કરો છો. (૪)

હે પિતાજી, માનું છું આપ જ પરમેશ્વર છો

શ્રી નારદજીએ ઉપર પ્રમાણે પ્રશ્નો પૂછ્યા બાદ પોતાના મન્તવ્યને પ્રકટ કરતાં કહ્યું કે હે તાતપાદ ! વિભો ! આપ સર્વ શક્તિશાળી છો; તેથી આ જગતમાં આપનાથી જ આ સર્વ કાંઈ થાય છે એમ હું માનું છું. આપનાથી परम् ઉત્તમ अपरम् આપનાથી ઊતરતું समम् આપના સરખું અન્ય કાંઈ હોય એમ હું નથી સમજતો. આ વિશ્વમાં नाम વેદો, रूपम् જગત, गुणैः બ્રાહ્મણ વગેરે ગુણોથી જે કાંઈ सत् ઉત્તમ અને असत् ઊતરતું જે કાંઈ કાર્ય અને કારણરૂપ જોવામાં આવે છે તે સર્વ આપ જ છો એમ માનું છું. (૬) હે તાત ! આવું જાણ્યા પછી આજ મને ચિંતા એટલા માટે થવા લાગી કે આપ જો આટલા સામર્થ્ય સમ્પન્ન છો તો પછી આપે અત્યંત સાવધ રહીને ઘોર-કઠિનતાવાળું જે તપ આદર્યું તેનાથી મને ખેદ તો

થયો અને સંશય પણ થયો કે શું આપનાથી કોઈ પરતત્ત્વ છે ? (૭) હે સર્વજ્ઞ અને હે સર્વેશ્વર તાતપાદ ! આપ નારાજ ના થશો હોં. મેં આપને એક જ્ઞાનનો પ્રશ્ન, બે આત્માના પ્રશ્નો, તત્ત્વસંબંધી છ પ્રશ્નો, બ્રહ્મવિષયક ચાર પ્રશ્નો અને એક છેલ્લો આ પ્રશ્ન એમ મળીને કુલ તેર પ્રશ્નો પૂછ્યા છે, તો કૃપા કરીને હું જે રીતે સમજી શકું તે રીતે આપ મારું સમાધાન કરો ! (૮)

પિતૃચરણનાં વાત્સલ્ય અને વિવેકનાં દાન

બ્રહ્માજીએ વચનામૃત-વર્ષા કરતાં કહ્યું કે વત્સ ! શાને ખેદ કરે છે ? તું તો નિષ્કપટ અને દયાળુ દીકરો છે. હે સૌમ્ય ! હે સજ્જન પુત્ર ! આ સર્વ પ્રશ્નો પૂછીને ભગવાનના દિવ્ય પરાક્રમનાં વર્ણન કરવાની મને પ્રેરણા આપી છે. (૯) વહાલા સુત ! હવે સાંભળ. તેં જે અંતિમ ૧૩મો પ્રશ્ન કે આપનાથી પર કોઈ પરમેશ્વર છે ? તો બેટા, તે વાત સર્વથા સત્ય છે. દીકરા ! તેં પરમ સમર્થ પરમેશ્વરને નથી જાણ્યા પરંતુ મને જ તું સર્વેશ્વર અને સર્વજ્ઞ જાણે છે તેથી તને આવું જ લાગે તેમાં આશ્ચર્ય નથી. (૧૦) જેમ ભગવાને પોતાના પ્રકાશથી પ્રકાશિત કરેલા વિશ્વનો જે ભગવાનથી જ પ્રકાશ પામેલા સૂર્ય, અગ્નિ, ચન્દ્ર, નક્ષત્ર, ગ્રહો અને તારાઓ પ્રકાશ કરે છે તેવી જ રીતે ભગવાનના પ્રકાશથી પ્રકાશ પામેલ હું સર્વનો પ્રકાશ કરું છું. (૧૧)

કૃપાનિધિ નાથને નમસ્કાર

तस्मै नमो भगवते वासुदेवाय धीमहि । यन्मायया दुर्जयया मां ब्रुवन्ति जगद्गुरुम् ।।१२।।

હે વહાલા પુત્ર નારદ ! બેટા ! વેદમાં ગવાતા વિશ્વવિખ્યાત તે શ્રી વાસુદેવ ભગવાનને મારા નમસ્કાર હો. તે પૂર્ણ પરમેશ્વરનું જ અમે ધ્યાન ધરીએ છીએ કે જે કોઈથી પણ ન જીતી શકાય એવી અજેય માયાના જ માત્ર કારણથી, ભાઈ, તમે કે અન્ય લોકો મને જગદ્‌ગુરુ તરીકે માનો છો. પરંતુ જગદ્‌ગુરુ તો શ્રીકૃષ્ણ છે. (૧૩) જો બેટા ! આ માયા તો ભગવાનની દૃષ્ટિ સામે ઊભી રહેતાં જ શરમાય છે, તેથી જેઓ ભગવત્સન્મુખ થયેલા છે તેમને તો તે માયા મોહ કરી શકતી નથી પરંતુ જે વિમુખ છે, તે તો માયાથી મોહ પામેલા ક્ષુદ્ર બુદ્ધિવાળા હું અને મારું એવું માનતા, હું જ સર્વસ્વ છું એવાં બણગાં ફૂંકે છે. (૧૩)

પાંચ તત્ત્વો પ્રભુથી ભિન્ન નથી

સાંભળ બેટા ! હે બ્રહ્મન્ ! ૧. द्रव्यम् દ્રવ્ય એટલે પાંચ મહાભૂતો કે જેમાંથી જગત બન્યું છે, ૨. कर्म કર્મ એટલે જગતની ઉત્પત્તિનું સાધારણ કારણ. ૩. कालः કાલ એટલે ત્રણ ગુણોમાં ખળભળાટ કરનાર, ૪ स्वभावः સ્વભાવ એટલે સર્વ વસ્તુઓમાં થતા ફેરફારનું કારણ, ૫. जीवः જીવ એટલે જગતમાં ભોગ કરનારો ભગવાનનો અંશ - આ પાંચે પાંચ પદાર્થો વાસુદેવથી નથી તો જુદા કે નથી કોઈ બીજાં તત્ત્વો. (૧૪)

नारायणपरा वेदा देवा नारयणाङ्गजाः । नारायणपरा लोका नारायणपरा मखाः ।।१५।।
नारायणपरा योगा नारायणपरं तपः । नारायणपरं ज्ञानं नारायणपरा गतिः ।।१६।।

જે વેદો નારાયણનું જ નિરૂપણ કરે છે તેમ જ વેદો સ્વયં નારાયણના જ અંગમાંથી પ્રકટ્યા છે; ચૌદ લોકો નારાયણમાં સમાયેલા છે; યજ્ઞો પણ નારાયણ માટે જ છે; યોગો પણ નારાયણની જ પ્રાપ્તિ માટે છે, તેમજ તપશ્ચર્યા પણ નારાયણમાં જ સમાય છે; જ્ઞાન નારાયણનું જ સ્વરૂપ છે; સર્વ સાધ્યો અને સર્વ સાધનો પણ નારાયણમાં જ સમાય છે. (૧૫,૧૬)

ચતુર્થ શ્લોકમાં પૂછેલા ૪ પ્રશ્નોના પ્રત્યુત્તર

પ્રથમ પ્રશ્ન પૂછ્યો કે પિતાજી આપને જ્ઞાન ક્યાંથી મળ્યું ? તેનો ઉત્તર આપ્યો કે બેટા નારદ, મેં આગળ નારાયણનું વર્ણન કર્યું તે ભગવાન સ્વયંદ્રષ્ટા છે, સ્વયં ઈશ્વર છે, નિર્વિકાર છે અને સર્વના આત્મા છે, તે ભગવાનની કૃપાદૃષ્ટિથી જ હું પ્રકટ થયેલ છું. તે પ્રભુની અનુગ્રહદૃષ્ટિથી પ્રેરાયેલ હું ભગવાનની જ સર્જેલી સૃષ્ટિને રચું છું. (૧૭) પ્રકૃતિના ગુણોથી રહિત એવા નિર્ગુણ ભગવાનના સત્ત્વ, રજસ્ અને તમસ્ એવા ત્રણ ગુણો છે, તે ભગવાને જગતને રચનારી પોતાની

માયાથી સ્થિતિ, સર્ગ અને પ્રલય માટે સ્વીકારેલા છે. કાર્ય-કાર્ય એટલે જડ દેહ, કારણ કારણ એટલે અધ્યાત્મ ઈન્દ્રિયો અને કર્તૃત્વ એટલે આધિદૈવિક અન્તઃકરણની સ્થિતિ માટે એ ત્રણ ગુણો દ્રવ્ય, જ્ઞાન અને ક્રિયાનો આશ્રય કરીને માયાને વશ થયેલા નિત્ય અને મુક્ત આત્માને બાંધે છે. (૧૮,૧૯) હે બ્રહ્મન્ ! હે નિર્દોષ પુત્ર ! તમે પૂછ્યું હતું કે આપના કોઈ ઈશ્વર છે ?અને છે તો કોણ ? એ તમારા પ્રશ્નના સમાધાનમાં જણાવાનું કે વહાલા પુત્ર ! ભગવાન તો અધોક્ષજ હોવાથી ઈન્દ્રિયાતીત છે, તેમ જ માયાને વશ કરનારા છે, પરંતુ એમના આ ત્રણ ગુણોની અસર ગજબ છે. તેને લીધે કેવલ ભક્તો જ ભગવત્ કૃપાથી ભગવાનને જાણી શકે છે. એ અધોક્ષજ ભગવાન સર્વના અને મારા ઈશ્વર છે. (૨૦)

બીજા શ્લોકથી કરેલા છ પ્રશ્નોનો ઉત્તર

હે વત્સ નારદ ! એક વાર માયાનાથ શ્રીહરિએ એકમાંથી અનેક થવાની ઈચ્છાથી પોતાની માયાથી પોતાના સ્વરૂપમાં પ્રાપ્ત થયેલા કાલ, કર્મ અને સ્વભાવનો સ્વીકાર કર્યો. (૨૧) પુરુષમાં પ્રવેશેલા કાલથી ગુણોનો સંબંધ થયો. પુનઃ સ્વભાવથી ગુણોનો સંબંધ થતાં ગુણો પરિણામવાળા થયા. પુનઃ કર્મો અને ગુણોનો સંબંધ થતાં મહત્ તત્ત્વનો જન્મ થયો, પરંતુ સર્વ કાંઈ એ સર્વમાં પુરુષે પ્રવેશ કર્યો ત્યારે થયું. (૨૨) પુનઃ ભગવાને પ્રેરેલા ગુણો મહત્ તત્ત્વના સંબંધમાં આવ્યા ત્યારે મહત્ તત્ત્વ વિકારવાળું થયું. હવે તમસ્ જેમાં મુખ્ય છે અને રજસ્ ને સત્ત્વ જેમાં ગૌણ રહેલા છે એવા મહત્ તત્ત્વમાં વિકાર થયો ત્યારે મહત્ તત્ત્વ દ્રવ્ય, ગુણ અને ક્રિયારૂપ બન્યું. (૨૩) હે પ્રભો ! જ્યારે તે ત્રણે પદાર્થો એક બન્યા ત્યારે તેની અહંકાર એવી સંજ્ઞા થઈ. આ અહંકારમાં પરમ વિકાર પેદા થતાં સાત્વિક, રાજસ્ અને તામસના ભેદથી દ્રવ્યશક્તિ, ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ એવા ત્રણ ભેદ થયા. તે ત્રણમાંથી તામસ અહંકારદ્રવ્ય કરવાની શક્તિવાળો થયો. જ્યારે રાજસ્ અહંકાર ક્રિયાશક્તિવાળો થયો અને સાત્ત્વિક અહંકાર તો જ્ઞાન શક્તિવાળો છે. (૨૪)

તામસ અહંકારની સૃષ્ટિ

હે નારદ ! તામસ અહંકારનું બીજું નામ ભૂતાદિ પણ છે. વિકાર પામેલા આ તામસ અહંકારમાંથી આકાશ ઉત્પન્ન થયું. એનો માત્રા ગુણ શબ્દ થયો. એ શબ્દ દ્રષ્ટા અને દૃશ્યને કહેનારું સાધન છે, કારણ કે શબ્દથી દૃશ્ય અને દ્રષ્ટા બન્ને જણાય છે. (૨૫) હે નારદ ! ત્યાર પછી વિકાર પામેલા આકાશમાંથી સ્પર્શગુણવાળા વાયુની ઉત્પત્તિ થઈ. આ વાયુનો મુખ્ય ગુણ સ્પર્શ છે. વાયુના કારણ એવા આકાશમાંથી શબ્દગુણ વાયુમાં આવવાથી વાયુમાં શબ્દ અને સ્પર્શ નામના બે ગુણવાળો વાયુ બન્યો. દશ પ્રકારનો प्राणः- પ્રાણ, ओजः- ઈન્દ્રિયોની શક્તિ सहः-મનોબળ, बलम् શારીરિક શક્તિ. આ ચાર વાયુનાં કાર્યો છે. (૨૬) કાલ-કર્મ અને સ્વભાવના સમ્પર્કથી વિકાર પામેલા વાયુમાંથી શબ્દ સ્પર્શ અને રૂપવાળું તેજ પ્રક્ટ થયું. (૨૭) પરંતુ વિકાર પામતા તેજમાંથી તો રસાત્મક “જલ” ઉત્પન્ન થયું. જલમાં ઉપરનાં તત્ત્વોના ગુણો વારસામાં આવતાં શબ્દ-સ્પર્શ-રૂપવાળું જલ બન્યું. (૨૮) વિકાર પામતા તે જલમાંથી વિશેષ ગન્ધગુણવાળી પૃથ્વી ઉત્પન્ન થઈ. પૃથ્વીમાં ઉપરનાં તત્ત્વોના સંબંધને કારણે વારસામાં શબ્દ, સ્પર્શ, રૂપ અને રસ ગુણો આવતાં પૃથ્વી પાંચ ગુણોવાળી બની. (૨૯)

સાત્ત્વિક અહંકારની સૃષ્ટિ

હે નારદ ! વૈકારિક એવી જેની સંજ્ઞા છે એવા સાત્ત્વિક અહંકારસાંથી મન, દિશા, વાયુ, સૂર્ય, વરુણ, અશ્વિનીકુમારો, અગ્નિ, ઈન્દ્ર, ઉપેન્દ્ર, મિત્ર અને બ્રહ્મા એ દશ વૈકારિક દેવ ઉત્પન્ન થયા. સત્ત્વ ચિહ્નવાળા સત્-રૂપમાંથી પ્રથમ વિકારવાળો થયેલ તેથી તેનું વૈકારિક નામ પડ્યું. (૩૦)

રાજસ અહંકારનું કાય

વિકાર પામતા રાજસ અહંકારમાંથી દશ ઈન્દ્રિયો ઉત્પન્ન થઈ. જ્ઞાનશક્તિવાળી બુદ્ધિ અને ક્રિયાશક્તિવાળો પ્રાણ એ રાજસ અહંકારંમાંથી ઉત્પન્ન થયાં. શ્રોતૃ-ત્વક્, ઘ્રાણ, ચક્ષુ, જિહ્વા, વાક્પાણિ, પાદ, વાયુ, ઉપસ્થ આ દશ ઈન્દ્રિયો છે. (૩૧) હે બ્રહ્મવિદ જનોમાં ઉત્તમ ! હે સર્વશ્રેષ્ઠ બ્રહ્મવેત્તા નારદ ! ભાઈ, આ મહાભૂતો ઈન્દ્રિયો, મન, ગુણો જ્યારે

એકબીજાની સાથે મળ્યાં ન હતાં અને અલગ અલગ રહ્યાં હતાં ત્યારે આયતનનિર્માણ એટલે બ્રહ્માંડ નામના ભગવાનના શરીરને રચવા માટે તે સમર્થ ન થયા. પરંતુ ભગવાનની આજ્ઞાશક્તિથી પ્રેરાયેલા તે ગુણો સત્વે વગેરેમાંથી એક ગૌણ બન્યા, બીજા મુખ્ય બન્યા. એ રીતે પરસ્પરે સહકાર સાધ્યો ત્યારે તેઓએ સત્ કારણ અને અસત્ કાર્ય અથવા, બ્રહ્મ-જગત, અથવા ઉચ્ચનીચ ઉભયનો ઉપયોગ કરીને આ બ્રહ્માંડ શરીરનું નિર્માણ કર્યું. (૩૨,૩૩)

નિર્જીવ બ્રહ્માંડપિંડમાં ભગવાનનો પ્રવેશ

દેવર્ષિ નારદ ! મહાભૂત વગેરે ભગવાનની આજ્ઞાથી એકત્રિત થયાં અને તેમાંથી બ્રહ્માંડનો એક જે પિંડ થયો તે હજારો વર્ષના સમૂહ પર્યન્ત જલમાં જ રહ્યો. ત્યારે તે નિર્જીવ બ્રહ્માંડને કાલ-કર્મ-સ્વભાવથી જીવથી ભિન્ન એવા અજીવ ભગવાને પ્રવેશીને સજીવ બનાવ્યું. ત્યારે તે વિરાટ પુરુષ બ્રહ્માંડની સ્થિતિનો ત્યાગ કરીને, પુરુષ બની, સુખ પ્રાપ્ત થાય એવું વિચારીને હજાર મસ્તક, હજાર મુખ, હજાર સાથળ-ચરણ-બાહુ અને નેત્રવાળા થયા. (૩૪, ૩૫) હે નારદ ! આ સ્વરૂપનું ધ્યાન થઈ શકે એમ વિચારીને બુદ્ધિશાળીઓ, વિદ્વાનો આ વિરાટનાં અવયવોમાં ચૌદ લોકની ભાવના કરે છે. કટિભાગની નીચે અતલ-વિતલ-સુતલ-તલાતલ-મહાતાલ-રસાતલ અને પાતાલ, તેમજ કટિથી ઉપરના ભાગમાં ભુર્-ભુવર્-સ્વર્-મહર્-તપઃ અને સત્ય લોકની ભાવના કરે છે. (૩૬) બ્રહ્મણ્ય દેવ વિરાટ પુરુષનું મુખ છે, ક્ષત્રિયો વિરાટની ભુજાઓ છે, વૈશ્યો વિરાટની સાથળમાંથી થયા અને શૂદ્રો વિરાટનાં ચરણોમાંથી પ્રક્ટ થયા. (૩૭)

સપ્તલોકની ભાવના

બે ચરણોમાંથી ભૂરલોક કલ્પેલ છે, વિરાટની નાભિમાંથી ભુવર્‌લોક કલ્પેલ છે, હૃદયમાંથી સ્વર્લોક અને મહાત્માના વક્ષઃસ્થલમાંથી મહર્લોક, ગ્રીવામાંથી જનલોક, બે નાસિકાનાં છિદ્રોમાંથી તપોલોક અને મસ્તકોમાંથી તો સત્યલોક કલ્પેલા છે. બ્રહ્મલોક સનાતન છે. (૩૮,૩૯) વિરાટના કટિ ભાગમાં અતલલોક ગોઠવાયેલ છે; વિભુની સાથળમાં વિતલ, ઢીંચણોથી શુદ્ધ સાથળ, બન્ને પગની પિંડીઓમાંથી તલાતલ, બે ઘૂંટીઓમાંથી મહાતલ, ચરણના પાંચા અને એડીમાંથી રસાતલ અને પાદતલમાંથી પાતાલ કલ્પેલાં છે. એ રીતે પુરુષ લોકમય છે. (૪૦,૪૧)

ત્રણ લોકની ભાવના

भूर्लोकः कल्पितः पद्भ्यां भूवर्लोकोऽस्य नाभितः । स्वर्लोकः कल्पितो मूर्ध्नां इति वा लोककल्पना ।

હે દેવર્ષિ નારદો સાત અને સાત મળી ચૌદ લોકની જેમ વિરાટમાં ભાવના કરી અથવા ચરણોથી ભૂર્લોક, નાભિથી ભુવર્લોક અને મસ્તકથી સ્વર્લોક - આવી પણ એક લોક કલ્પના છે. ભાઈ ! ગુણથી, વિદ્યાથી અને યજ્ઞથી આ ત્રણ પ્રકારની કલ્પના કરાય છે, વળી સાત્ત્વિકો માટે ચૌદ લોકની ભાવના છે, રાજસો માટે સપ્ત લોકની ભાવના છે અને તામસ જીવો માટે ત્રણ લોકની ભાવના છે. (૪૨)

શ્રીમદ્ ભાગવત પીયૂષના દ્વિતીય સ્કંધમાં "વિમર્શ" નામના તૃતીય પ્રકરણમાં વિરાટનું પ્રાક્ટય નામનો પાંચમો અધ્યાય સંપૂર્ણ

અધ્યાય ૬ઠ્ઠો

[દ્વિતીય સ્કંધનો આ છઠ્ઠો અધ્યાય છે. પાંચમા અધ્યાયથી આ બ્રહ્માંડ વગેરે કેવી રીતે બને છે એનો વિચાર આરંભ્યો છે. વિચારનું બીજું નામ વિમર્શ છે. આ અધ્યાયમાં જે અમૂર્ત જીવો છે જેમની ઈન્દ્ર વગેરે સંજ્ઞા છે. તેમનો મૂર્ત પદાર્થ સાથે ક્યાં અને કેવી રીતે સંબંધ થાય છે એ વિષયનું સરલતાથી વર્ણન કરવામાં આવે છે. વેદોમાં વર્ણવેલા પુરુષસૂક્ત પ્રમાણે ભગવાનના સ્વરૂપનું વર્ણન છે. આ અધ્યાયમાં ૪૫ શ્લોકો છે અને શ્રી બ્રહ્માજી અને દેવર્ષિ નારદજીની ચાલતી જ્ઞાનચર્ચા છે.]

ब्रह्मोवाच : वाचां वह्नेर्मुखं क्षेत्रं छन्दसां सप्त धातवः । हव्यकव्यामृतान्नानां जिह्वा सर्वरसस्य च ॥१॥

શ્રી બ્રહ્માજી કહેવા લાગ્યા કે હે નારદ ! मुखं क्षेत्रम् ભગવાનનું મુખારવિંદ, વાણીઓનું અને અગ્નિનું નિવાસસ્થાન છે; સાત છંદોનું સપ્ત ધાતુઓ સ્થાન છે એમાં ક્રમ પ્રમાણે ગાયત્રીછંદનું ત્વચાસ્થાન છે; જગતીછંદનું નિવાસસ્થાન માંસ છે; ઉષ્ણિક્ છંદનું સ્થાન રુધિર છે; ત્રિષ્ટુપ્ છંદનું મેદ સ્થાન છે; અનુષ્ટુપ્ છંદનું મજ્જા સ્થાન છે, પંક્તિ છંદનું સ્નાયુ સ્થાન છે અને બૃહતી છંદનું અસ્થિ સ્થાન છે. દેવોને અપાતા હવ્યનું, પિતૃઓને અપાતા કવ્યનું અને દેવો તેમ જ પિતૃઓને

આપ્યા પછી અવશિષ્ટ રહેલા અન્નને અમૃત કહેવામાં આવેલ છે અથવા અતિથિને જમાડ્યા પછી અવશિષ્ટ રહેલા અન્નને અમૃત કહેલ છે તે મનુષ્યો માટેનું અમૃતાન્ન છે. આ ત્રણે પ્રકારનાં અન્નોનું અને સર્વ રસોનું સ્થાન, વિરાટ ભગવાનની જિહ્વા છે. (૧) तन्नासे -વિરાટ ભગવાનની નાસિકાઓ સર્વના પ્રાણોનું અને વાયુનું નિવાસસ્થાન છે. તેમ જ વિરાટ પુરુષની ઘ્રાણેન્દ્રિય અશ્વિનીકુમારો, ઔષધિઓ, મોદ અને પ્રમોદનું નિવાસસ્થાન છે. દૂરથી આવતી સુગંધનું નામ મોદ છે અને સર્વશ્રેષ્ઠ સુગંધનું નામ પ્રમોદ છે. (૨)

चक्षुः-વિરાટ પુરુષની ચક્ષુઈન્દ્રિય અનેક પ્રકારનાં રૂપ અને નક્ષત્ર વગેરે તેજોનો આધાર છે, બે નેત્રગોલક સૂર્ય અને સ્વર્ગનો આધાર છે, વિરાટ પુરુષના બે કર્ણો, દિશાઓ અને તીર્થોનો આધાર છે અને શ્રોત્રઈન્દ્રિય આકાશ અને શબ્દનો આધાર છે. (૩)

तद्गात्रम्-વિરાટ ભગવાનનું ગાત્ર એટલે શરીર સર્વ પ્રકારની વસ્તુઓ અને સૌન્દર્યનું આધારસ્થાન છે. વિરાટ પુરુષની ત્વક્ નામની ઈન્દ્રિય સ્પર્શ, વાયુ અને સર્વ પ્રકારની પવિત્રતાનો આશ્રય છે. (૪) रोमाणि - વિરાટ ભગવાનના દેહનાં રોમ, યજ્ઞક્રિયામાં વપરાતાં વિવિધ પ્રકારનાં જમીનમાં અંકુર થઈ ઊગનારાં વૃક્ષો વગેરેનું આશ્રયસ્થાન છે. વિરાટ પુરુષના કેશ વાદળોનું, દાઢી વીજળીઓનું અને વિરાટના નખો શિલા અને લોખંડનું નિવાસસ્થાન છે. વિરાટ પુરુષના બાહુઓ ઘણો ધર્મ કરનારા અને કલ્યાણ કરનારા લોકપાલોનો આધાર છે. (૫)

विक्रमः – વિક્રમ એટલે ચરણસ્થાપન કરવાની ક્રિયા અને બે ચરણો એ તો ભૂર્લોક, ભુવર્લોક, સ્વર્ગલોક, તેમ જ ક્ષેમનું સ્થાન છે. વળી પ્રપત્તિનું અને ભક્તનું પણ આશ્રયસ્થાન છે, અને શ્રીહરિનું ચરણ સર્વ પ્રકારની કામનાઓ અને સર્વ વરદાનોનું સ્થાન છે. (૬)

शिश्नः – વિરાટ ભગવાનનું લિંગ, સર્વ પ્રકારનાં જલોનું, વીર્યનું, વૃષ્ટિનું, પ્રજાપતિ-બ્રહ્માનું આશ્રયસ્થાન છે. વિરાટ પુરુષની ઉપસ્થ ઈન્દ્રિય ઋતુકાલ પછી પોતાની પત્નીમાં સ્થાપન કરવામાં આવતું प्रजातिः-વીર્ય સ્થાપન, आनन्दः સ્પર્શજન્ય સુખ અને निवृर्त्तिः-કામશાંતિનું આશ્રયસ્થાન છે. (૭)

पायुः- હે નારદ, વિરાટ પુરુષની "પાયુ" નામની ઈન્દ્રિય પિતૃઓના રાજા યમનું, પાયુના અધિષ્ઠતા દેવ મિત્રનું, મલત્યાગરૂપ ક્રિયા સાથેની ઈન્દ્રિય "પરિમોક્ષ"નું આશ્રયસ્થાન છે. અને વિરાટનું ગુદાદ્વાર પ્રાણીઓના વધનું, દિશાઓના પતિ નિર્ઋતનું, મૃત્યુદેવનું, નરકનું સ્થાન મનાયેલું છે. (૮)

पश्चिमः- વિરાટ ભગવાનનો પૂંઠનો ભાગ પરાજયનું, અધર્મનું, અજ્ઞાન અથવા અંધકારનું અને સંસારનું આધારસ્થાન છે. અને વિરાટ પુરુષની નાડીઓ શોણ અને ભદ્ર નામના મોટા નદો, ગંગા-યમુના વગેરે નદીઓનું આશ્રયસ્થાન છે અને વિરાટનાં અસ્થિઓ પર્વતોનું આશ્રયસ્થાન છે. (૯)

उदरम् – વિરાટ પુરુષનું ઉદર પ્રકૃતિનું, રસના સિન્ધુઓનું, પંચમહાભૂતોનું, મૃત્યુનું અને પ્રલયોનું આધારસ્થાન છે અને પુરુષનું હૃદય સર્વના મનનું સ્થાન છે. (૧૦)

परमात्मा-વિરાટ પુરુષનો આત્મા એટલે અન્તઃકરણ ધર્મનું, ચતુર્મુખ બ્રહ્માજીનું, નારદ ! તમારું, તમારા ચાર ભાઈ સનત્કુમારોનું, મહાદેવજીનું, મહત્તત્ત્વનું અને હિરણ્યગર્ભનું એટલે સૂત્રનું ઉત્તમ સ્થાન છે. (૧૧)

पुरुष एवेदं सर्वं : सर्वं पुरुषं एवेदम् – બેટા નારદ ! અધિક શું કહેવું ? હું બ્રહ્મા, તમે નારદ, તમારા શ્રેષ્ઠ ભાઈઓ, ચાર કુમારો, મહાદેવજી, મહાદેવના સંબંધી ગણાદિ, મરીચિ આદિ મુનિઓ અને અન્ય મુનિઓ, દેવો, અસુરો, પર્વતો, નાગો, પક્ષીઓ, મૃગાદિ પશુઓ, સર્પાદિ પ્રાણીઓ, (૧૨) ગન્ધર્વો, અપ્સરાઓ, યક્ષો, રાક્ષસો, ભૂતોના સમૂહો, ઉરગો, પશુઓ, પિતૃઓ, સિદ્ધો, વિદ્યાધરો, ચારણો, વૃક્ષો તેમ જ જલમાં, જમીનમાં અને નભદેશમાં વસનારા અન્ય જાતજાતના જીવો, ગ્રહો, નક્ષત્રો, કેતુઓ, તારાઓ, વીજળીઓ, ગર્જના કરતા મેઘો - આ ગણાવ્યાં તે સર્વ ભૂતકાલમાં થયેલ, ભવિષ્યમાં થનાર, વર્તમાનમાં રહેલ સર્વ કાંઈ શ્રીપુરુષ ભગવાન જ છે. આ સમગ્ર વિશ્વ ભગવાનથી જ ભરેલું છે

તો પણ ભગવાન તો વિશ્વને વટાવીને ઉપર વેંત વધારે છે. (૧૩-૧૫) આકાશની મધ્યમાં બિરાજમાન ભગવાન પ્રાણઃ એટલે સૂર્ય પોતાના સ્થાનને તપાવતાં બહારના પ્રદેશને પણ તપાવે છે - પ્રકાશે છે. એ જ પ્રમાણે વિરાટને તપાવતા પુરુષ અંદર અને બહારને પણ તપાવે છે, પ્રકાશે છે. (૧૬)

વિરાટથી પર સ્થિતિપાદ ભગવાન

ભાઈ નારદ ! આ ભગવાન તો मर्त्यम्-ચરણરૂપ વિરાટ દેહને ઓળંગીને રહેલા હોવાથી અમૃતનાં દાન કરનારા છે, અને अन्नम् - મૃત્યુને અથવા કર્મનાં ફલને ઓળંગીને રહેલા હોવાથી આનંદના દાતા છે. એ ભગવાન અમૃતના અને મોક્ષના સ્વામી છે એ જ પુરુષનો અગાધ મહિમા છે. (૧૭) હે નારદ ! આ ભગવાનનું નામ ''स्थितिपाद'' છે. ભૂર્લોક, ભુવર્લોક અને સ્વર્લોક આ ત્રણ લોકનું એક નામ છે स्थिति. આ ત્રણે લોક અથવા સર્વ લોકો ભગવાનનાં ચરણમાં રહેલાં હોવાથી ભગવાનનું નામ ''स्थितिपाद'' છે. ભાઈ નારદ ! આ સ્થિતિપાદ ભગવાનના ચરણમાં સર્વ પ્રાણીઓ રહેલાં છે એવો અનુભવ છે. ભાઈ નારદ ! એક બીજી વાત કે આ ભગવાનનું નામ ''त्रिमूर्धा'' છે. આ ત્રિમૂર્ધા ભગવાનનાં ''જન, તપઃ, સત્ય'' નામના ત્રણ લોકો ત્રણ મસ્તકો છે. આ ત્રણ લોકો ''महर्'' લોકની ઉપર આવેલા છે. હવે ભાઈ ! એક વાત ખાસ ધ્યાનમાં લેવાની કે ભગવાનમાં એક અનિત્ય સુખ છે, બીજાં ત્રણ નિત્ય સુખો છે. ભૂર્-ભુવર્ અને સ્વર્લોકમાં અનિત્ય સુખ છે એના પછી આવેલ ''महर्'' મહર્લોકમાં પણ અનિત્ય જેવું જ સુખ છે. મહર્લોક ઉપર આવેલા જનલોકમાં અમૃત નામનું સુખ છે, તપઃ લોકમાં ક્ષેમ નામનું સુખ છે અને સત્યલોકમાં અભય નામનું સુખ રહેલું છે. (૧૮)

ચતુષ્પાદ ભગવાન

ભાઈ નારદ ! આ ભગવાનના ચાર આશ્રમો ચાર પાદો છે. એ ચારમાં બ્રહ્મચર્ય, વાનપ્રસ્થ અને સંન્યસ્ત એ ત્રણ બ્રહ્મચર્યવ્રતવાળા આશ્રમો છે. તેઓ ત્રણ લોકની બહાર છે. આ ઉપરાંત જે ગૃહસ્થાશ્રમ છે તેને अबृहद्व्रतः એટલે બ્રહ્મચર્ય નામના बृहद् મોટા વ્રતથી તે રહિત છે. ''ગૃહમેધી'' એનું નામ છે. ગૃહમેધી ત્રણ લોકની અંદર રહેલ છે. (૧૯) ભાઈ ! આ વિશ્વમાં બે માર્ગો છે : એક કર્મનાં ફલના ભોગવાળો માર્ગ છે અને બીજો કર્મનાં ફલોના ભોગ વિનાનો માર્ગ છે. ભગવાને આ માર્ગ ઉપર વિચરણ કર્યું. જીવો એ બન્ને માર્ગો ઉપર જાય છે. આ બે માર્ગો પૈકી અવિદ્યા ભોગ માર્ગે જાય છે વિદ્યા ભોગ વિનાના માર્ગે જાય છે.

એ ઉત્તમ પુરુષમાંથી વિરાટ પુરુષનો પ્રાદુર્ભાવ

દેવર્ષિ નારદ ! એ ઉત્તમ પુરુષ નારાયણમાંથી બ્રહ્માંડની ઉત્પત્તિ થઈ. આ આધિદૈવિક બ્રહ્માંડમાંથી આધ્યાત્મિક બ્રહ્માંડ ઉત્પન્ન થયું. એ બ્રહ્માંડમાંથી પંચમહાભૂત, ઈન્દ્રિયો અને ગુણરૂપ વિરાટ ઉત્પન્ન થયાં. સૂર્ય જેમનાં પોતાના મંડળને તપાવી બહાર પ્રકાશ આપે છે તેમ આખા વિશ્વને તપાવતા અને પ્રકાશતા એમ બ્રહ્માંડરૂપ દ્રવ્યે વિશ્વનું ઉલ્લંઘન કર્યું. (૨૧)

નાભિકમલમાંથી બ્રહ્માજીનું પ્રાકટ્ય

બ્રહ્માજીએ કહ્યું કે હે નારદ ! જ્યારે આ મહાત્માના નાભિદેશમાંના કમલમાંથી હું પ્રકટ થયો ત્યારે મારા મનમાં થયું કે મારે આ ભગવાનની આરાધના કરવી જોઈએ. ત્યારે હું તે પુરુષના અવયવો સિવાય યજ્ઞમાં ઉપયોગી થઈ શકે એવી સામગ્રી મેં જોઈ નહીં. (૨૨) હે ઋષિવર નારદ ! ભગવાનનાં અવયવોમાં મેં દર્શાવેલી સામગ્રીઓ જોઈ. યજ્ઞમાં ઉપયોગી પાયસ આદિ માટે દૂધ અને ઘી વગેરે આપનાર ગાયો, વનસ્પતિઓ, વનસ્પતિના સ્તંભો, યજ્ઞની શ્રેષ્ઠ ભૂમિ, ઉત્તમ ગુણવાળો વસંતઋતુ વગેરે કાળ, યજ્ઞમાં ઉપયોગી પાત્રો વગેરે વસ્તુઓ, યવ, અક્ષત વગેરે ઔષધિઓ, ઘી વગેરે સ્નિગ્ધ પદાર્થો, દહીં-મધ વગેરે રસ, ચરુસ્થાલી આજ્યસ્થાલી વગેરે પકડવા માટે સાણસી વગેરે લોહ; ઘટ, કલશ વગેરે બનાવવા માટે મૃત્તિકા, વસતીવરી નામનું જલ, તેમ જ સંસ્કારો માટે જલ, ત્રણે વેદના મંત્રો, ચાતુર્હોત્ર નામની ક્રિયા કરવામાં વપરાતા મંત્રો, જ્યોતિષ્ટોમ વગેરે યજ્ઞનાં નામો, મંત્રના ઉચ્ચારો, ગાયો, સુવર્ણ વગેરે દક્ષિણા, યજ્ઞની દીક્ષા

વગેરે વ્રતો, માંસાદિ ભક્ષણનો નિષેધ, દેવતાઓના પૂજનનો ક્રમ, કલ્પસૂત્ર, ક્રિયા માટેના સંકલ્પ, મીમાંસાદિ ન્યાયસૂત્ર, વિષ્ણુ ભગવાનનાં પાદચાલન વગેરે ગતિઓ, દેવતાઓનાં ધ્યાનરૂપ મતિઓ, પ્રાયશ્ચિત્ત, સમર્પણ વગેરે સર્વ સામગ્રીઓ પુરુષનાં અવયવોમાંથી જ મેળવી. હે વત્સ નારદ ! મારે કોઈ પણ ફલ મેળવવા માટે યજ્ઞ કરવાનો ન હતો, પરંતુ કેવલ ભગવાનની સેવા માટે જ યજ્ઞ કરવાનો હોઈ પુરુષનાં અવયવોમાંથી મેળવેલી સામગ્રી દ્વારા યજ્ઞનારાયણનું યજન કર્યું. (૨૩-૨૭)

યજ્ઞની પરંપરા

વત્સ નારદ ! મારા કરેલા યજ્ઞ પછીથી પરંપરા ચાલી અને તમારા મરીચિ વગેરે નવ પ્રજાપતિ નામના ભાઈઓએ સાવધાનીપૂર્વક યજ્ઞપુરુષનું યજન કર્યું. આ યાજકોમાં જે સાત્ત્વિકમાં પણ સાત્ત્વિક હતા તેમને ભગવાન પ્રક્ટ થયા. જેઓ તામસોમાં પણ તામસ હતા તેઓને ભગવાન અપ્રક્ટ રહ્યા અને જેમાં મધ્યકક્ષાના હતા તેમને માટે અપ્રક્ટ અને પ્રક્ટ જેવા ભગવાન રહ્યા. (૨૮) પ્રજાપતિઓના યજન પછી સમય જતાં મુનિઓએ, ઋષિઓએ, બીજાઓએ, પિતૃઓએ, દેવોએ, દૈત્યો અને મનુષ્યોએ સમર્થ શ્રીહરિનું યજ્ઞથી યજન કર્યું. (૨૯) આ દૃશ્યમાન પ્રસિદ્ધિ વિશ્વનારાયણ ભગવાનમાં વસેલું છે. આ ભગવાને જોકે સૃષ્ટિનિર્માણકાર્ય માટે માયાના મહાન ગુણોને ધારણ કર્યા છે તો પણ નારાયણ સ્વયં નિર્ગુણ છે. (૩૦) વત્સ નારદ ! તે કૃપાળુ ભગવાનની આજ્ઞાનુસાર હું સૃષ્ટિની પરંપરા ચાલુ રાખું છું, તેમ જ ભગવાનને વશ રહીને ભગવાન હર વિશ્વનો ઉપસંહાર કરે છે. અમને બન્નેને એ ભગવાન બન્ને પ્રકારની શક્તિ આપે છે. તે પોતે ત્રણે શક્તિવાળા ભગવાન પુરુષરૂપથી વિશ્વનું પરિપાલન કરે છે. (૩૧) હે તાત નારદ ! તમે મને જે પ્રશ્નો પુછ્યા હતા તે સર્વ કહી સંભળાવ્યા. ભાઈ નારદ ! શ્રી મધ્વ અને રામાનુજ આચાર્યશ્રીના મત પ્રમાણે પણ સર્વના આધાર તરીકે અને વસ્તુના તત્ત્વ તરીકે સર્વ ભગવાન જ છે અને બ્રહ્મવાદમાં તો આ સર્વ બ્રહ્મ જ છે. સદ્રૂપ અને અસદ્રૂપ કાંઈ પણ ભગવાનથી ભિન્ન નથી. (૩૨)

નારદ ! નાથની નિરૂપમ કૃપા

न भारती मेऽङ्ग मृषोपलक्ष्यते न वै क्वचिन्मे मनसो मृषा गतिः । न मे हृषीकाणि पतन्त्यसत्पथे यन्मे हृदौत्कऽठयवता धृतो हरिः ॥३३॥

હે અંગ ! હે વત્સ ! શ્રી ઠાકોરજીને અતિ અનુરાગ અને ઉત્સાહથી હૃદયમાં પધરાવ્યા છે અને સ્વયંકૃપા કરી હૃદયમાં બિરાજ્યા છે. એ ભગવાનને ભેટીને મુખમાંથી પ્રકટ થતી મારી વાણી કદી મિથ્યા થતી જણાતી નથી, કે કોઈ પ્રસંગે મનની ગતિ મિથ્યા જતી જણાતી નથી અને એ જ હૃદયનાથ શ્રીનાથ ભગવાનની કૃપાથી મારી ઈન્દ્રિયો નિન્દિત માર્ગે વિચરતી નથી. (૩૩) બેટા ! હું નિરંતર સારી રીતે અને સર્વ બાજુથી વેદાભ્યાસપરાયણ હોવા છતાં; નિરંતર તપઃપરાયણ રહેવા છતાં; સમર્થ પ્રજાપતિઓથી અત્યંત વંદન કરાયેલો છતાં; વળી નિરંતર નિપુણતાપૂર્વક એકાગ્રતા સાધીને યોગનું આરાધન કર્યું હતું તો પણ મને પ્રક્ટ કરનારા પુરુષોત્તમને હું જાણી શક્યો ન હતો. (૩૪) વત્સ ! જેમ અનન્ત આકાશ પોતાના અનન્તને જાણતું નથી તેમ અનન્ત માયાવાળા સ્વયં અનન્ત પ્રભુ પોતાની માયાના પારને પામતા નથી, તે ભગવાનનાં ચરણે હું શરણે ગયો. તે શ્રીહરિના ચરણને નમન કર્યું. આ દયાળુ દેવનું શ્રીચરણ શ્રદ્ધાભક્તિપૂર્વક શરણે જનાર અને પામવાનો પ્રયત્ન કરનાર ભક્તોના ભવનું ભંજન કરે છે. પ્રભુનું આ ચરણ મંગલનિધાન છે, સમગ્ર કલ્યાણનું કેન્દ્ર છે. (૩૫) વત્સ નારદ ! આપણે બધા જે ભગવાનના નિક્ટવર્તી ગણાઈએ એવા હું, તમે, તમારા સનત્કુમાર આદિ ભાઈઓ, મરીચિ આદિ મહર્ષિઓ અને જ્ઞાનાવતાર અને સર્વના ગુરુ ભગવાન શંકર પણ ભગવાન ક્યા માર્ગે પધારે છે તે પણ જાણતા નથી, તો ભગવાનને જાણવાની વાત તો રહી જ ક્યાંથી ? ભાઈ, જ્યારે આપણી જ્યાં ગતિ નથી ત્યાં અન્ય દેવોની તો ગતિ જ ક્યાંથી ? ભગવાનની માયાથી મુગ્ધ મતિવાળા આપણે ભગવાને રચેલા આ વિશ્વને આપણી મતિના માપ પ્રમાણે જાણીએ છીએ. (૩૬) ભાઈ ! જ્ઞાનમાર્ગના પથિકોની વાત જવા દો પરંતુ ભક્તિમાર્ગના આપણે પથિકો નિરંતર ભગવાનના અવતારો, ગણો, લીલાઓનું નિરંતર નેહથી ગાન કરીએ છીએ

તો પણ તત્ત્વથી તે ભગવાનને જાણી શક્યા નથી તે ભગવાનને નમસ્કાર. (૩૭) બેટા નારદ ! આપણે જે ભગવાનને જાણતા નથી તે અજન્મા અને સર્વના આદિ પુરુષ ભગવાન કલ્પે કલ્પે સ્વયં પોતાની અંદર જ રહેલાને પોતાની અંદર પોતે જ રચે છે, પોતે જ સંહારે છે અને પોતે જ પાલન કરે છે. (૩૮)

આત્માના બાર ગુણો

બેટા નારદ ! દેહથી આત્માને ભિન્ન સમજાવનારા બાર ગુણો છે તેનો જરા વિચાર કરીએ. ૧. विशुद्धम्-આત્મા વિશુદ્ધ છે, દેહ મલનો ભંડાર છે. ૨. केवलम्-આત્મા તો સર્વનો સહાયક એક જ છે દેહ પરવશ છે. ૩. ज्ञानम्-આત્મા જ્ઞાનરૂપ છે. દેહ જડ અને જ્ઞેય છે. ૪. प्रत्यक्-આત્મા સર્વની અંદર રહેલ છે, દેહ તો બહાર છે. ૫. सम्यक्‌આત્મા તો સાધુ છે દેહને તો શુદ્ધ કરવાનો છે. ૬. अवस्थितम्-આત્મા તો સ્થિર છે. અવિચલ છે, દેહ તો ચલાયમાન છે. ૭. सत्यम्-આત્મા સત્ય છે, દેહ અસત્ છે. ૮. पूर्णम्-સર્વત્ર વ્યાપક છે, અમાપ છે. જ્યારે દેહ તો સાડાત્રણ હાથના માપવાળો છે. ૯. अनादि अनन्तम्-આત્મા સર્વનો આદિ છે. દેહ તો આદિવાળો છે અનન્ત-આત્મા તો અંતરહિત છે, દેહ તો અંત સહિત છે. ૧૦. निर्गुणम्-આત્મા નિર્ગુણ છે, દેહ સગુણ છે. ૧૧. नित्यम्-આત્મા નિત્ય છે, દેહ તો અનિત્ય છે. ૧૨. अद्वयम्-આત્મા એક છે, દેહ તો અનેક છે. હે ઋષિ નારદ ! જ્યારે પૂર્ણશાન્ત મનવાળા, સ્વસ્થ ઈન્દ્રિયોવાળા અને શુદ્ધ અન્તઃકરણવાળા બની મનન કરે ત્યારે જ મુનિવરો બાર ધર્મવાળા આત્માનો સાક્ષાત્કાર કરે છે. પરંતુ અસત્ પુરુષોના તર્કોથી કે અસત્-ખોટા તર્કોથી નાશ પામી તિરોધાન થાય છે. (૪૦)

પરબ્રહ્મનો પ્રથમ અવતાર

વત્સ નારદ ! પરબ્રહ્મ પુરુષોત્તમનો પ્રથમ જે અવતાર છે તેનું નામ पुरुषः-પુરુષ છે જે પ્રકૃતિનો ભર્તા છે. બીજા અવતારનું નામ कालः-"કાલ" છે. "स्वभावं" નામનો ત્રીજો અવતાર છે, ત્યાર પછી सदसत्-સત્-અસત્ પ્રકૃતિનો અથવા સત્ અસત્ કર્મનો અવતાર થયો. પછી मनः- "મન"નો અવતાર થયો, 'પુનઃ द्रव्यम् એટલે પંચમહાભૂતોનો અવતાર થયો. પછી विकारः-વિકાર એટલે અહંકારનો અવતાર થયો. પુનઃ गुणः-ગુણોનો અથવા પંચતન્માત્રાઓનો અવતાર થયો. इन्द्रियाणि-ત્યાર પછી દશ ઈન્દ્રિયોનો થયો, विराट બ્રહ્માંડ દેહનો અવતાર થયો. स्वराट्-વિરાટના અભિમાની સ્વરાટ્નો થયો. स्थास्नु-સ્થાવર અને चरिष्णु-જંગમ નામના અવતારો થયા. વત્સ ! આ સર્વ भूम्नः-પરબ્રહ્મ પુરુષોત્તમના અવતારો છે. (૪૧) વત્સ નારદ ! ૧. હું બ્રહ્મા, ૨. મહાદેવજી, ૩. યજ્ઞનારાયણ, ૪. મરીચિ, દક્ષ વગેરે નવ પ્રજાપતિઓ, ૫. વત્સ નારદ, તમે બધા ભક્તો, અને સનત્કુમારો, ૬. ભૂલોકના પાલક, ૭. ભુવર્લોકપાલ, ૮. સ્વર્લોકપાલ, ૯. પાતાલલોકપાલો, ૧૦. ગન્ધર્વો, ૧૧. વિધાધરો, ૧૨. ચારણોના ઈશ્વરો, ૧૩. યક્ષો, ૧૪. રાક્ષસો, ૧૫. સર્પો, ૧૬. નાગનાથો, ૧૭. સાત્ત્વિક ઋષિવર્યો, ૧૮. પિતૃવર્યો, ૧૯. બલિ-પ્રહ્લાદાદિ દૈત્યવર્યો, ૨૦. સિદ્ધેશ્વરો, ૨૧. દાનવશ્રેષ્ઠો, ૨૨. પ્રેત-ભૂત, ૨૩. પિશાચ, ૨૪. કુષ્માંડ, ૨૫. જલચર પ્રાણીઓ, ૨૬. મૃગરાજ, ૨૭. પક્ષીરાજ-આદિ ભગવાનના અવતારો છે. આ ઉપરાંત લોકમાં અન્ય જે કાંઈ છ પ્રાકરના ઐશ્વર્યવાળાં છે, તેજવાળાં છે, ઓજસ્ એટલે ઈન્દ્રિયોની શક્તિવાળાં છે, सहः મનની શક્તિવાળાં છે, દેહબલવાળાં છે, ક્ષમાશીલ છે. શ્રી લજ્જા-લક્ષ્મી બુદ્ધિવાળાં છે, ઉત્તમ વર્ણવાળાં છે, રૂપવાળાં છે કે રૂપ વિનાનાં છે તે સર્વ કાંઈ ભગવત્-તત્ત્વ જ છે (૪૨-૪૫)

અવતારકથાઓ કર્ણના મલોને કાપે

प्राधान्यतो यानृष आमनन्ति लीलावतारान् पुरुषस्य भूम्नः । आपीयतां कर्णकषायशोषा ननुक्रमिष्ये त इमान् सुपेशान् ॥४५॥

ભગવદવતારોનું નિરૂપણ કરવાની પ્રતિજ્ઞા કરતા બ્રહ્માજી બોલ્યા, હે ઋષિ હે સર્વજ્ઞ નારદ ! મેં ઉપરના શ્લોકોમાં સર્વ સામાન્ય ભગવાન જ છે એમ તમને કહ્યું. પરંતુ હવે આગળના અધ્યાયમાં પૂર્ણ પુરુષોત્તમના, જેને પુરાણો, શાસ્ત્રો અને લોકો મહત્ત્વ આપે છે એવા પ્રધાન લીલાવતારોનું વર્ણન કરીશ. શ્રદ્ધાપૂર્વક આ લીલાવતારોનું પાન કરનાર ભક્તોના કર્ણના મલોનું શોષણ-શોધન કરનારા છે. વત્સ ! આ અવતારોને ક્રમશઃ કહીશ. વહાલા કુમાર ! આ સુમનોહર

અવતારામૃતનાં પાન કરો. (૪૫)

શ્રીમદ્ ભાગવત પીયૂષના ના દ્વિતીય સ્કંધમાંનો મનન નામના ત્રીજા પ્રકરણનું નિરૂપણ કરતો છઠ્ઠો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૭ મો

[આ અધ્યાયમાં ૫૩ શ્લોકો છે. પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાનના અવતારોની કથાનું નિરૂપણ છે. બીજા અધ્યાયમાં केचित् स्वदेहान्तर् ૮મા શ્લોકથી ૧૨મા શ્લોક પર્યન્ત અન્તર્યામી ભગવાનનું વર્ણન કર્યું છે તેમાં દ્વિતીય વિભક્તિનાં એકવચનવાળાં ૨૪ પદો છે. તેમાં ૨૪ અવતારોનો સંકેત દર્શાવ્યો છે તે પદોનું સ્પષ્ટ નિરૂપણ આ અધ્યાયમાં કરવામાં આવ્યું છે.]

૧ प्रादेशमात्रम् પદનું સ્વરૂપ : ૧. શ્રી વરાહ અવતાર - બ્રહ્માજી ચિંતામાં હતા કે પૃથ્વીનો ઉદ્ધાર શી રીતે કરવો ત્યારે ભગવાન પ્રથમ બ્રહ્માજીની નાસિકામાંથી અગૂંઠાના ટેરવાના માપવાળા બહાર પ્રક્ટ થયા અને વેંતના "સ્વરૂપે દર્શન આપ્યું. કારણ કે બ્રહ્માજીએ ભગવાનનું "વેંત"ના માપવાળા સ્વરૂપનું પ્રથમ ધ્યાન કર્યું હતું.

વરાહ અવતાર

ब्रह्मोवाच : यत्रोद्यतः क्षितितलोद्धरणाय बिभ्रत् –क्रौडीं तनुं सकलयज्ञमयीमनन्तः ।
अन्तर्महार्णव उपागतमादिदैत्यं –तं दंष्ट्रयाद्रिमिव वज्रधरो ददार ।।१।।

શ્રી બ્રહ્માજી અવતારોનું નિરૂપણ કરતાં બોલ્યા કે હે નારદ ! રસાતલમાં રહેલી ભૂમિ હું કેવી રીતે ઉપર લાવીશ ? એવી જ્યારે ચિંતામાં પડેલો મને જોયો, ત્યારે શ્રી અનન્ત પ્રભુએ સમાન પટવાળી સમતલભૂમિને સમુદ્રમાંથી ઉપર લાવવા માટે સર્વયજ્ઞમય શ્રી વહાર વિગ્રહને ધારણ કરીને જેમ વજ્રધર ઈન્દ્રરાજાએ વજ્રથી પર્વતને ચીરી નાખેલો તેવી જ રીતે શ્રી વહરાહજીએ મહાસાગરની મધ્યમાં જ ભૂમિ પડાવી લેવા આવેલા આદિદૈત્ય હિરણ્યાક્ષને તીક્ષ્ણ દાઢથી વિદાર્યો. (૧)

जातो रुचेरजनयत् सुयमान् सुयज्ञ–आकूतिसूनुरमरानथ दक्षिणायाम् । लोकत्रयस्य महतीमहरद् यदार्तिं–स्वाथम्भुवेन मनुना हरिरित्यनुक्तः ।।

पुरुषम्–પદનું સ્વરૂપ ૨. શ્રી યજ્ઞાવતાર નામનો ભગવાને બીજો અવતાર ધારણ કર્યો. હે વત્સ નારદ ! પૃથ્વી દૈત્યોથી દુઃખી હતી, વૃષ્ટિ થતી ન હતી, કારણ કે યજ્ઞો અટકી ગયા હતા, વૈદિક કર્મ પણ વિરમી ગયાં હતાં ત્યારે ત્રણે લોકને પીડાતા નિહાળીને મનુરાજકુમારી આકૂતિદેવીની કૂખેથી ઋષિવર રુચિ મહારાજને આંગણે "સુયજ્ઞ" સ્વરૂપે શ્રીહરિ અવતર્યા. સાથે દક્ષિણા પણ અવતર્યાં. નારદ ! પુરુષ સ્વરૂપે પ્રક્ટેલા આ યજ્ઞ ભગવાને પ્રથમ મન્વંતરના દેવોને પ્રક્ટ કર્યા, ત્યાર પછી દક્ષિણાદેવીમાં દેવોને પ્રક્ટ કર્યા. ત્રણે લોકોની પીડાનું નિવારણ કર્યું. આ અવસરે શ્રી સ્વાયંભુવ મનુએ ભૂમિના દુઃખ હરનારા યજ્ઞ ભગવાનને "શ્રીહરિ" એવું નામ આપ્યું. (૨)

૩ वसन्तम् પદનો ૩જો શ્રી કપિલ" અવતાર - આ અવતારની વિશેષતા છે કે દેહમાં રહેલો કોઈ પણ આત્મા એક પણ પળ નિષ્ક્રિય રહી શકતો નથી ત્યારે શ્રી કપિલ ભગવાન કેવલ ઉદાસીન પુરુષ તરીકે વસ્યા માટે ભગવાન वसन्तम्-ક્રિયા રહિત વસનારા વર્ણવ્યા. (૩)

કપિલ અવતાર

जज्ञे च कर्दमगृहे द्विज देवहूत्यां –स्त्रीभिः समं नवभिरात्मगतिं स्वमात्रे ।।
ऊचे यथात्मशमलं गुणसङ्गपङ्क –मस्मिन् विधूय कपिलस्य गतिं प्रपेदे ।।३।।

હે દ્વિજવર નારદ ! સાંભળો. વત્સ ! મહર્ષિવર્ય શ્રી કર્દમજીને આંગણે મનુકુમારી શ્રી દેવહૂતિજીમાં નવ સ્ત્રીઓ સાથે શ્રી કપિલ ભગવાન પ્રક્ટ થયા. પુનઃ નિજ જનનીને આત્મવિદ્યાનાં દાન દીધાં, આ સાંખ્યવિદ્યાની કૃપાથી માતા દેવહૂતિજીએ શ્રવણ કરતાં જ અવલિંબે ગુણોના સંગના કાદવરૂપ કાળજાની આસક્તિ નામના કાદવને કે અન્તઃકરણમલરૂપ પાપને કાઢી નાખ્યાં અને શ્રી કપિલ ભગવાનની દિવ્ય ગતિને પ્રાપ્ત કરી. (૩)

૪ चतुर्भुजम्-પદનો ૪થો "શ્રીદત્તાત્રેય" અવતાર - ચાર પુરુષાર્થો ભગવાનના ચાર હસ્ત છે. વળી ભગવાનના ચાર

હસ્તોમાં યોગ, તપ, વંશ અને ભગવદ્ભક્તિ નામની ચાર ક્રિયાઓ રહેલી છે. અત્રિઋષિને ત્યાં આ ચાર ક્રિયાઓનાં ચાર વ્યક્તિને દાન કર્યાં. સોમને વંશ આપ્યો, દત્તને યોગ આપ્યો, દુર્વાસાજીને તપ આપ્યું અને અત્રિને ભક્તિ આપી. આ ચારે પુરુષાર્થોનું દાન કરવા માટે "શ્રીદત્તાવતાર" સ્વીકાર્યો. આ વસ્તુ દર્શાવવા કહ્યું કે -

શ્રી દશાવતાર

अत्रेरपत्यमभिकांक्षत आह तुष्टो दत्तो मयाहमिति यद् भगवान् स दत्तः ।
यत्पादपंकजपरागपवित्रदेहा योगर्द्धिमापुरुभयीं यदुहैहयाद्याः ।।४।।

વત્સ નારદ ! શ્રી અત્રિઋષિ પુત્રપ્રાપ્તિની કામનાથી તપ કરવા લાગ્યા ત્યારે અત્યંત પ્રસન્ન થઈ ભગવાને ઔદાર્ય દર્શાવતાં કહ્યું કે, હે મુનિવર ! मया अहं दत्तः– હું મને આપને આપું છું. એ વચનમાં दत्तः શબ્દ આવ્યો તે શબ્દ ધ્યાનમાં રાખીને અત્રિમુનિએ આંગણે પ્રકટેલા ભગવાનનું "दत्त" નામ રાખ્યું. આ શ્રી દત્તભગવાનના ચરણકમલના પરાગની એટલે પ્રભુની પદરજની સેવાથી પવિત્રકાય થયેલા શ્રી યદુરાજા, કાર્તવીર્ય રાજા, પ્રહ્લાદજી વગેરે અનેક પુરુષોએ સદ્યોમુક્તિ અને ક્રમમુક્તિ અથવા જ્ઞાન અને ભક્તિ નામની બન્ને પ્રકારની દિવ્ય સમૃદ્ધિ પ્રાપ્ત કરી હતી. (૪)

૫. कंजरथाङ्गशंखगदाधरम् પદનો ૫મો અવતાર શ્રી સનત્કુમારો છે. ભગવાનનાં ચાર આયુધોમાં કમલ કાર્યતત્ત્વ છે, ચક્ર તેજસ્તત્ત્વ છે, શંખ જલતત્વ છે અને ગદા પ્રાણતત્ત્વ છે. આ ચારે તત્ત્વોનો અવતાર તે સનક્-સનંદન-સનાતન અને સનત્કુમાર નામના ચાર કુમારો થયા. હે વત્સ નારદ ! સૃષ્ટિ રચતાં પહેલાં મને ચાર પ્રકારનાં પ્રાણીઓના સમૂહની રચના કરવાની ઈચ્છા થઈ ત્યારે મેં તપશ્ચર્યા કરી. પરંતુ તે તપથી કાંઈ પણ અર્થ ના સર્યો એટલે તે તપને મેં નાથનાં શ્રીચરણોમાં સમર્પિત કર્યું. આ તપના सनात् એટલે દાનથી-સમર્પણથી ભગવાને ચાર ગણું મને सन એટલે દાન પાછું વાળ્યું અને ચાર કુમારો થયા. એ ચારે કુમારોનાં નામ "સન' શબ્દથી શરૂ થતાં હોઈ સનક્, સનંદન, સનાતન અને સનત્કુમાર એવાં થયાં. આ ચારે કુમારોના દેહમાં એક જ ભગવાનનો આવેશ હોવાથી આ ચારે એક જ કહેવાય છે. આ કુમારોએ કૃપાનાથ ભગવાનનાં દર્શન કર્યાં હતાં. તેઓએ પ્રલયકાલમાં નષ્ટ થયેલા આત્મતત્ત્વનો સારી રીતે ઉપદેશ કર્યો. ૬. प्रसन्नवक्त्रम् પદનો છઠ્ઠો અવતાર "શ્રી નરનારાયણ ભગવાનનો છે. આ અવતારમાં મુખની પ્રસન્નતાનાં બે કારણોનું સૂચન કર્યું છે, હૃદયમાં કામ અને ક્રોધ ન હોય તો જ મુખની પ્રસન્નતા રહે છે. આ બન્ને ધર્મો કામનો અભાવ અને ક્રોધનો અભાવ દર્શાવતા "શ્રી નરનારાયણના" અવતારનું બે શ્લોકોમાં વર્ણન કરે છે - ધર્મ નામના ઋષિનાં પત્ની દક્ષકુમારી શ્રી મૂર્તિદેવીની કૂખેથી શ્રી નારાયણ અને નર ભગવાનનો અવતાર થયો. નર અને નારાયણનું પધારવું એ ધર્મમુનિના તપનો મહિમા હતો. રાજા ઈન્દ્ર પાસે વ્રત લીધેલું કે અમે શ્રી નર અને નારાયણના તપનો ભંગ કરીશું. પરંતુ તે ભગવાનના તપનો ભંગ તો ન કરી શક્યાં ઊલટો પોતાના જ નિયમનો - લીધેલા વ્રતનો જ ભંગ થયો. આ સ્થિતિ જોતાં આ કામદેવની સેનારૂપ આ દેવીઓ પોતાના મનસુબાને સફળ ના કરી શક્યાં. (૬) હે નારદ ! આ પ્રમાણે ભગવાન ઉપર કામનો તો પ્રભાવ ન ચાલ્યો પરંતુ ક્રોધની પણ અસર ન થઈ. ભાઈ નારદ ! કેટલાક સુકૃતિ પુરુષો રોષભરી દૃષ્ટિથી કામને તો બાળી શકે છે, પરંતુ ખરેખર તેઓ પોતાને બાળતા અસહ્ય એવા ક્રોધને નથી બાળી શકતા. ભાઈ નારદ ! આવો પ્રભાવશાળી ક્રોધ જો ભગવાનના નિર્મલ મનમાં પ્રવેશ કરતાં જ ગભરાય છે તો પછી બેટા ! આ સર્વસમર્થ શ્રી નરનારાયણ ભગવાનના હૃદયમાં કેવી જ રીતે રહી શકે ! ૭. नलिनायतेक्षणम् પદનો ૭મો શ્રી ધ્રુવજી માટેનો ભગવાન વૈકુંઠાધિપતિનો અવતાર થયો. પિતા ઉત્તાનપાદ રાજાની નજર સમક્ષ અપર માતા સુરુચિનાં "આ પિતાની ગોદમાં બેસવા તમે યોગ્ય નથી" એવાં તીક્ષ્ણ વાક્બાણોથી વીંધાયેલ શ્રી ધ્રુવકુમાર પાંચ વર્ષના બાળક હતા તે તપ કરવા માટે વનમાં પધાર્યા. તપ કરતા બાળકને નિહાળવા નાથ મધુવનમાં પધાર્યા ત્યારે શ્રી ધ્રુવકુમારે ભગવાનની સ્તુતિ કરવા માંડી. તે અવસરે અત્યંત પ્રસન્ન થયેલા શ્રી વૈકુંઠનાથે શ્રી ધ્રુવજીને અવિચલ ધ્રુવપદનાં દાન દીધાં. આ ધ્રુવપદ સર્વ ગ્રહ-નક્ષત્રોની ઉપર આવેલ છે. આ સ્થાનની નીચે વસેલા મુનિઓ તે દિવ્ય પદની સ્તુતિ કરે છે. (૮)

८. कदम्बकिंजल्कपिशङ्गवाससम् પદનો ૮મો શ્રી પૃથુરાજાનો અવતાર થયો ભગવાનનું પીતાંબર કદમ્બ પુષ્પના કેસર સમાન પીતવર્ણવાળું છે, વર્ષાકાળમાં કદમ્બની કળીઓ ખીલે છે અને એના ઉપર પીળા વર્ણનું કેસર છવાય છે. ભગવાનના પીતાંબરમાંથી પ્રક્ટેલા પૃથુરાજાએ યજ્ઞો કરી પૃથ્વીને વૃષ્ટિ આપેલી. વત્સ નારદ ! વેન નામના રાજા વેદનિંદક બની વેદનિષિદ્ધ માર્ગે ચાલ્યા ત્યારે વેનને સન્માર્ગે લાવવા પ્રયત્ન કરી ચૂકેલા અને નિષ્ફળ નીવડેલા દ્વિજવરોના મુખમાંથી નીકળેલાં વજ્ર જેવાં શાપવાક્યોથી રાજા વેનનું સૌભાગ્ય અને સામર્થ્ય નષ્ટ થયાં તેમ જ નરકમાં પડવા લાગ્યા. તે અવસરે એ મુનિજનોએ ભગવાનની પ્રાર્થના કરી તેથી પ્રસન્ન થઈ ભગવાને પુત્રપદ પ્રાપ્ત કર્યું અને વસુધાને સનાથ બનાવી દોહન કરી સકલ વસ્તુઓ મેળવી. (૯)

९. लसन्महारत्नहिरण्मयाङ्गदम् પદનો ૯મો શ્રી ઋષભદેવનો અવતાર થયો. ભગવાનના બાહુ ઉપર વસેલા अङ्गद અંગદ નામના અલંકારનો એ અવતાર છે. રત્નોથી મઢેલ અંગદ જેમ પ્રકાશ આપે છે તેવી જ રીતે શ્રી ઋષભદેવજીએ ઉપદેશ-વચનનાં રત્નો દ્વારા આત્મપ્રકાશ આપ્યો છે. શ્રી નાભિ નામના રાજાનાં ધર્માંગના શ્રી સુદેવીજીની કૂખે શ્રી ઋષભદેવ નામના પુત્ર થયા. ભગવાન શ્રી ઋષભ દેવજી સર્વમાં સ્વસમાન દૃષ્ટિવાળા, પોતાના સ્વરૂપમાં જ રહેલા, શાન્ત અન્તઃકરણવાળા તેમ જ ઈન્દ્રિયોના પૂર્ણ વિજય, સર્વ સંગથી પર અને અન્તર્મુખ યોગી સમાન જડ જેવો જીવનવ્યવહાર દર્શાવતા યોગચર્યા આચરતા હતા. સર્વ લોકો ભગવાન ઋષભને પરમહંસ પદથી જ ઓળખતા અને વ્યવહાર કરતા.

१०. स्फुरन्महारत्नकिरीटकुण्डलम् પદનો (૧૦)મો હયગ્રીવનો અવતાર થયો. શ્રી ઠાકોરજીના સાંખ્ય અને યોગ નામનાં બન્ને કુંડલોનો અને ઉપનિષદ વેદમય મુકુટમાંથી થયેલો શ્રી હયગ્રીવ ભગવાનનો અવતાર છે. આ અવતારથી વેદોની અને યજ્ઞોની રક્ષા કરી છે. વત્સ નારદ ! મારા યજ્ઞમાં બ્રહ્મવિદ્યાના પ્રવર્તક શ્રી હયગ્રીવ ભગવાન પ્રક્ટ થયા હતા. આ સાક્ષાત્ યજ્ઞપુરુષ વેદમય હતા. તપાવેલા વિશુદ્ધ સુવર્ણ સમી શ્રીઅંગની કાન્તિ હતી. આ ભગવાન સર્વયજ્ઞમય છે અને સર્વ દેવતાઓના આત્મા છે. આ નાથ શ્વાસોચ્છ્વાસ લેતા ત્યારે પ્રભુની નાસિકામાંથી કમનીય મનનીય અને રમણીય વાણી પ્રક્ટ થતી હતી. (૧૧)

११. पादपल्लवम् પદનો ૧૧મો મત્સ્યાવતાર થયો. આ શ્રી મત્સ્યનારાયણ પ્રભુના ચરણમાંથી થયેલ છે. મત્સ્ય જેમ અગાધ સાગરમાં અનાયાસે તરે છે તેવી જ રીતે જે ભક્તજનો, યોગીજનો કે જ્ઞાનીજનો ભગવાનના ચરણકમલનું ધ્યાન કરે છે તે જનો અનાયાસે ભવસાગરને પાર કરે છે. વત્સ નારદ ! યુગપ્રલયનો અંત સમય હતો. આ પ્રલયકાલમાં દ્રવિડ દેશના સત્યવ્રત રાજાએ મત્સ્યનારાયણનાં દર્શન કર્યાં હતાં અને ભગવાને સત્યવ્રતને પાર કર્યા હતા. આ સત્યવ્રત પછીના મન્વન્તરમાં મનુરાજા થવાના છે. આ ભગવાન અખિલ જીવોના આશ્રય-નિવાસસ્થાન છે અને પ્રભુ મત્સ્ય, પૃથ્વીમય છે. બેટા નારદ ! ભયભીત થયેલા મારા મુખમાંથી જલમાં સરી ગયેલા જ્ઞાનમય-કર્મમય-ભક્તિમય વેદમાર્ગોને અને વેદોને લઈ લીધા અને પ્રલયની રાત્રીપર્યન્ત વિહાર કર્યો. (૧૨)

१२. श्रीलक्ष्मणम् પદનો ૧૨મો શ્રી કૂર્માવતાર થયો. ભગવાનના શ્રીવત્સ ચિહ્નમાંથી શ્રી કૂર્મભગવાન પ્રક્ટ થયા. સાગરમંથન સમયે શ્રી કૂર્મભગવાને મંદરાચલને પીઠ ઉપર ધારણ કર્યો ત્યારે રત્નો, લક્ષ્મીજી અને અમૃત પ્રક્ટયાં શ્રી એટલે લક્ષ્મીજીને સૂચવનારું "લક્ષ્મ" એટલે ચિહ્ન એ "શ્રીવત્સલક્ષ્મ" છે. વત્સ નારદ ! અમરવરો અને દાનવોના સમુદાયનું રક્ષણ કરનારા ઈન્દ્રાદિ દેવો અને બલિરાજ વગેરે દૈત્ય-દાનવો અમૃતપ્રાપ્તિ માટે ક્ષીરમહાસાગરનું મંથન કરતા હતા ત્યારે આદિદેવ કૂર્મ ભગવાને कच्छप કાયા ધારણ કરીને પીઠ ઉપર મન્દર નામના गोत्र એટલે પર્વતને ધારણ કર્યો. આ અવસરે પીઠ ઉપર मन्दर પર્વત નામના મંથનદંડના ગોળ ગોળ ફરવાથી જાણે ભગવાનની પીઠ ઉપર આવતી ચળને ખંજવાળની ક્રિયા થતાં કૂર્મ પ્રભુ નયનમાં નિદ્રાદેવીના આનંદને માણી રહ્યા હોય એમ લાગતું હતું. (૧૩)

१३. कौस्तुभरत्नकन्धरम् પદનો ૧૩મો શ્રી નૃસિંહાવતાર થયો છે. શ્રીહરિના કંઠમાં બિરાજતા કૌસ્તુભમણિમાંથી શ્રીનૃસિંહ ભગવાનનું પ્રાક્ટ્ય છે. કંઠમાં રહેલ કૌસ્તુભમણિની કિરણાવલી વક્ષઃસ્થલ ઉપર જાણે કેશવાળી છવાયેલી હોય એમ

લાગે છે. તેવી જ રીતે નૃસિંહ ભગવાનની પીઠ ઉપર કેસરવર્ણી કેશવાળી છવાયેલી છે. કંઠમાં રહેલ કૌસ્તુભમણિ જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિયોનું દેહલીદીપક ન્યાયથી પ્રકાશન કરે છે. વત્સ નારદ ! ત્રણ લોકનું પાલન કરનારા દેવોના ઉપર આવી પડેલા મહાન ભયનો નાશ કરનારા ભગવાને ઘૂમરીઓ લેતી બે ભૃકુટિવાળા, તીક્ષ્ણ દાઢોથી વિકરાળ મુખવાળા શ્રીનૃસિંહ સ્વરૂપનો સ્વીકાર કર્યો અને અત્યંત વેગીલી ગતિથી દોડી આવતા અને ચારે બાજુ ઘૂમતા ગદાધારી દૈત્યરાજ હિરણ્યકશિપુને દૂરથી જ પકડી સાથળ ઉપર પટકી તીક્ષ્ણ નખો દ્વારા વિદારી નાખ્યો. નખથી ચીરવાથી તેની મુક્તિ ન થતાં તે અત્યંત કામી રાવણ થશે. (૧૪)

१४. अम्लानलक्ष्म्यावनमालयाऽञ्चितम् પદનો ૧૪મો "શ્રીહરિ" નો અવતાર થયો છે. ભગવાનના વક્ષઃસ્થલમાં બિરાજતી, કદી ના કરમાતી વનમાલામાંથી ગજેન્દ્રમોક્ષ કાજે "શ્રીહરિ"નો અવતાર થયો. ઠાકોરજીના શ્રીઅંગમાં શોભતી વનમાલા કદી કરમાતી નથી તેવી જ રીતે નિઃસાધન, દીન, આર્ત જીવોનો ઉદ્ધાર કરનાર શ્રીહરિના નામોચ્ચારની કીર્તિ અખંડ રહેલી છે એ સૂચવતો શ્રીહરિનો અવતાર છે. વત્સ નારદ ! મહાસરોવરની મધ્યમાં રહેલા ગજેન્દ્રને મજબૂત મગરે પગમાં પકડ્યો ત્યારે અત્યંત પીડા પામતો ગજરાજ સૂંઢ નામના કરમાં કમલ ધારણ કરી આર્તનાદે પોકારવા લાગ્યો કે, હે આદિપુરુષ ! હે અખિલ વિશ્વના નાથ ! હે પાપનાશક ! પાવનકીર્તિ ! હે શ્રવણ થતાં મગંલ કરનારા મંગલનામ ! મારી રક્ષા કરો, ત્યારે ગજેન્દ્રના મુખમાંથી નીકળતાં નિજ નામોનું શ્રવણ કરતાં જ, શરણાગત તે આર્ત ગજેન્દ્રની રક્ષા કરવા કાજ સુદર્શન ચક્રધારી, પક્ષીરાજ શ્રી ગુરુડજીની પાંખો ઉપરથી નીચે સરોવરમાં - પ્રવેશી વહારે દોડી આવ્યા અને સુદર્શનચક્રથી મગરના મુખને ચીરી નાખી, ગજેન્દ્રની કેવલ સૂંઢને પકડી લઈને, કૃપાનાથે કૃપા કરીને, મગરના મુખમાંથી ઉગારી ગજરાજને ચતુર્ભુજ રૂપનાં દાન દઈ વૈકુંઠનાં દાન દીધાં. (૧૫,૧૬)

१५. विभूषितं मेखलया પદનો ૧૫મો શ્રી વામનઅવતાર વર્ણવાય છે. શ્રી ઠાકોરજીની મેખલાજીમાંથી શ્રી વામનપ્રભુ પ્રકટ થયા છે. મેખલા કટિભાગને જેમ બાંધવાની ક્રિયા કરે છે તેવી જ રીતે સુતલાદિ લોકોમાં રહેલા અસુરોને શ્રી વામન પ્રભુએ બાંધ્યા છે. એ પ્રસંગનું સૂચન શ્રી વામન અવતારથી થાય છે. હે વત્સ નારદ ! શ્રી અદિતિ માતાના પુત્રોમાં વયથી તો નાના હતા પરંતુ ગુણોથી સર્વશ્રેષ્ઠ શ્રી વામન પ્રભુ ત્રણે લોકોને ઓળંગી ગયા. અને ભગવાન પુનઃ અધિયજ્ઞ બન્યા. આ શ્રી વામનભગવાને ત્રણ પગલાના શબ્દછલથી પૃથ્વીને સ્વીકારી. કારણ કે સન્માર્ગગામી સજ્જન પુરુષોનો શક્તિસમ્પન્નો યાચના વિનાના અન્ય કોઈ ઉપાયોથી પરાભવ કરી શકતા નથી કે તેઓને સ્થાનભ્રષ્ટ કરી શકતા નથી. (૧૭) વત્સ નારદ ! હે બેટા ! બલિની મહત્તાની વાર્તા તને શી રીતે કહું, કારણ કે શ્રદ્ધાસમ્પન્ન અને સર્વસમર્પણ કરનાર, વળી શુક્રાચાર્ય ગુરુના શાપથી પણ ના ડગનાર, પોતાના વચનમાં અવિચલ રહેનાર અને શ્રી ત્રિવિક્રમ ભગવાનનાં શ્રીચરણકમલોનું અર્ચન કરી પ્રભુપાદતીર્થને નિજ મસ્તકે ધારણ કરનાર શ્રી બલિરાજાને વર્તમાનમાં સુતલનું પદ આપ્યું અને ભવિષ્યમાં ઈન્દ્રપદ આપશે એમાં કાંઈ ભગવાને મહત્ત્વનું કાર્ય કર્યું નથી કે બલિરાજાના સમર્પણના કે ભક્તિના બદલમાં જે મહત્ત્વનું લેખાય. (૧૮)

१६. विभूषितं अङ्गुलीयकैः પદનો ૧૬મો નારદાદિ ભક્તોનો અવતાર. ભગવાનની બે હાથની દશ, ચાર હાથની વીશ અને અનન્ત હાથની અનન્ત અંગુલિઓ પર ધારણ કરેલી વીંટીઓમાંથી પ્રક્ટ થયેલા શ્રીહરિના અસંખ્ય અવતારોનું નિરૂપણ કરે છે. હે વત્સ નારદ ! તમે અને તમારા જેવા ભક્તજનોનો હરિકથાશ્રવણકીર્તનાદિથી હરિચરણોમાં અતિશય અનુરાગ ઊભરાતાં સર્વ પ્રકારે પ્રસન્ન થયેલા ભગવાને તમારા સર્વના કલ્યાણ માટે ભગવાનનું દર્શન કરાવનાર ભકિત યોગનું દાન કર્યું, શ્રીમદ્ ભાગવતજીનું દાન કર્યું, અને સેવકત્વ નામના જીવના સ્વરૂપનું તેમ જ સેવ્ય પુરુષોત્તમ ભગવાનના સ્વરૂપનું દાન કર્યું. નારદ ! જે ભક્તો શ્રી વાસુદેવ ભગવાનના શરણાગત છે તેઓ અનાયાસે સંપૂર્ણપણે જાણી શકે છે. (૧૯)

१७. नूपुरकंकणादिभिर्विभूषितम् પદનો ૧૭મો ચૌદ મનુઓનો અવતાર. ભગવાનનાં દ્વાદશ અંગોનાં બાર આભૂષણ અને

મેખલા તેમ જ વનમાલા મળી કુલ ચૌદ આભૂષણોમાંથી ભગવાન ચૌદ મનુ રૂપે અવતર્યા અને પ્રત્યેક મન્વંતરમાં દિવ્ય ધર્મોનો ઉપદેશ કરેલ છે એ વિષયનું વર્ણન કરે છે. વત્સ નારદ ! ભગવાન મન્વંતરોમાં મનુવંશને ધારણ કરે છે તેમ જ પ્રત્યેક મન્વંતરમાં પોતાની પાલન કરવાની શક્તિ નામના "તેજ"ને ધારણ કરે છે. વળી સર્વ દિશાઓમાં પોતાની આજ્ઞારૂપ વ્યવસ્થિત ચક્રને ચલાવે છે, દુષ્ટ રાજાઓનું દમન કરે છે અને ત્રણે લોક ઉપર સત્યલોક પર્યન્ત પોતાનાં દિવ્ય ચરિત્રો દ્વારા કમનીય કીર્તિને પ્રસરાવે છે. (૨૦)

૧૮. स्निग्धामलैःनील कुन्तलैर्विरोचमानम् પદનો ૧૮મા શ્રી ધન્વંતરિ ભગવાનના અવતારનું ચરિત્ર વર્ણવે છે. આ અવતાર શ્રીહરિના સુંવાળા અને સ્નિગ્ધ કેશમાંથી થયેલ છે. સુંવાળા અને સ્નિગ્ધ કેશ આરોગ્યનું સૂચન કરે છે. ભગવાને આરોગ્યનાં દાન દેવા માટે જ શ્રી ધન્વંતરિ સ્વરૂપ ધારણ કર્યું છે. શરીર નીરોગી હોય તો જ ધર્માચરણ થઈ શકે છે. વત્સ નારદ ! अच्युतानन्दगोविन्द नामोच्चारणभेषजात् । नश्यन्ति सकला रोगाः सत्यं सत्यं ब्रवीम्यहम् અચ્યુત, અનન્ત, ગોવિન્દ આદિ નામના ઉચ્ચારણરૂપ રસાયણનાં સેવન કરનારાઓના સકલ રોગો વિનાશ પામે છે. આ પ્રકારનો ભગવાનના નામોનો અપાર મહિમા છે. ભગવાનનો આ મહિમા, ભગવાનની આ કીર્તિ જ શ્રી ધન્વંતરિ ભગવાનનું સ્વરૂપ લઈ ભૂતલ ઉપર અવતરેલ છે. આ શ્રી ધન્વંતરિ ભગવાને યજ્ઞોમાં અટકાવેલા પોતાના ભાગને મેળવ્યો, આ ભગવાને આયુર્વેદનાં દાન કર્યાં, આ ભગવાન અમૃતાયુ આપનારા છે અને અસાધ્ય અને જટિલ મહારોગીઓના દૃઢમૂલ રોગોનો વિના વિલંબે વિનાશ કરનારા છે. (૨૧)

૧૯. कुञ्चितनीलकुन्तलैर्विरोचमानम् પદનો ૧૯મો અવતાર શ્રી પરશુરામજીનો છે, વિશ્વમાં ખલ જનો વાંકા હોય છે. એ વાંકા ખલોનો નાશ કરવા ભગવાનના વાંકા કેશોમાંથી પરશુરામ ભગવાનનું પ્રાકટ્ય થયું. ભગવાનના વાંકડિયા વાળનું ધ્યાન કરવાથી ખલ જનોનો નાશ થાય છે. વત્સ નારદ ! વિધિની ગતિ અગમ્ય છે. આ વિધિની વિચિત્ર ગતિથી ક્ષત્રિયો ભૂતલ ઉપર પુષ્કળ પ્રમાણમાં વધી પડ્યા, તેઓએ પ્રજારક્ષણ નામના કર્તવ્ય પથને વેગળો મૂક્યો, સન્માર્ગે દોરનારા બ્રાહ્મણવૃન્દનો દ્રોહ કરવા લાગ્યા. સાચે જ તેઓ નરકની પીડા પામવાની જ ચેષ્ટાવાળા હતા ત્યારે પૃથ્વીમાં કંટકરૂપ અને બોજારૂપ ક્ષાત્રસમૂહનો મહાત્મા શ્રી પરશુરામજીએ એકવીસવાર તીક્ષ્ણ ધારવાળી ફરશી ઉઠાવી અને એકવીસ યુદ્ધો કરીને હણી નાખ્યા. (૨૨)

૨૦. हासपेशलम् પદનો ૨૦મો અવતાર શ્રી રઘુવરનો થયો. શ્રી રઘુનાથજીનું ચરિત્ર તો શતકોટિ, શ્લોકોના વિસ્તારથી વર્ણવાયેલ છે, પરંતુ પ્રકૃત વર્ણનમાં સ્મિતહાસ્યનાં ત્રણ કાર્યોનું વર્ણન ત્રણ શ્લોકોમાં કરવામાં આવે છે. શ્રી રઘુનાથજીનું હાસ્ય, (૧) ગર્વનાશ, (૨) મોહસર્જન ! (૩) કૃપાદાન નામનાં, ત્રણ કાર્યો કરે છે. આ ત્રણ ગુણોનાં ત્રણ કાર્યો છે તે પૈકી કૃપાપ્રસાદ વર્ષાવવાના પ્રથમ સાત્ત્વિક કાર્યનું પ્રસ્તુત શ્લોકમાં નિરૂપણ કરે છે. વત્સ નારદ ! ભગવાન સદા અમારા ઉપર કૃપા વર્ષાવવા ઉન્મુખ છે, આતુર છે. ભગવાન તો ૧૬ કલાઓના નાથ છે, સંરક્ષણ વગેરે કલાઓના સ્વામી છે, તેઓ પોતાની સમગ્ર કલાઓ સાથે, પોતાની નિત્ય શક્તિ શ્રી સીતાજીની સાથે ઈક્ષ્વાકુ કુલમાં અવતર્યા છે. પિતૃચરણ શ્રી દશરથરાજાની આજ્ઞાનું વ્રતની માફક પાલન કરવા પોતાનાં પ્રિયતમા શ્રી જાનકીજી સાથે અને લઘુબંધુ શ્રી લક્ષ્મણલાલ સાથે વનમાં પધાર્યા. તેઓ સંકર્ષણ નામની કલા અને સીતાજી નામની પૂર્ણ કલા સાથે ભૂતલ ઉપર અનેક કાર્યો કરવા અવતર્યા હતા તેથી જ બન્નેની સાથે વનમાં પ્રવેશ્યા ત્યારે કૃપાસિંધુ શ્રી રામનો અકારણ વિરોધ કરીને દશ માથાવાળો રાવણ સમર્થ છતાં વિનાશ પામ્યો. (૨૩) વત્સ નારદ ! શ્રી રઘુવરના રાજસ ચરિત્રનું શ્રવણ કરો. બેટા ! રાવણે અપહૃત કરેલાં શ્રી રઘુનાથજીનાં પ્રિયા શ્રી જાનકીજી દૂર દૂર અશોકવાટિકામાં લંકામાં હતાં. લંકા પહોંચવામાં મધ્યમાં સાગર આડો હતો. પોતાના પૂર્વજ સગર રાજાનો રચેલ હોઈ તેમાં પાદાર્પણ અવિવેક છે માની શ્રી રઘુવરે સાગરને સમજાવવા તપોવ્રત આદર્યું. સાગર શરણે ના આવ્યો. બીજી બાજુ સાગર માને છે કે મારા વંશજ રઘુનાથમાં સાગર પાર કરવા જેટલા ઉપાયની પણ જાણ નથી તેથી લંકામાં જઈ રાવણને શી રીતે હણશે ? તેથી ભલેને આ કિનારે

જ રહે. આવી ઉભયની વચમાં વિચારધારા ચાલતી હતી. આમ થવાથી વિલંબ થયો. શ્રી રઘુનાથજીનું મનોમંથન ચાલતું હતું કે હું સાગરની સાન ઠેકાણે લાવું અને આ મનોમંથનના અંતે રઘુનાથને રોષ વ્યાપ્યો. સાગરને સુકાવી નાખવાનો નિર્ણય થયો, આંખમાં આગ ભભૂકી ઊઠી, લાલચોળ નયન થઈ ગયાં. તાપ તપેલી દૃષ્ટિ સાગર ઉપર પડી, સાગર ઊકળવા લાગ્યો, અંદર વસેલ મગરો, સર્પો, મગરમચ્છ, ચક આદિ જલચર પ્રાણીઓનો સમૂહ આગથી બળવા લાગ્યો, ક્ષીરસાગર પણ ધ્રૂજી ઊઠ્યા અને તેમનાં અંગેઅંગો કાંપવા લાગ્યાં. ક્ષીરસાગરને લાગ્યું કે રોષે ભરાયેલા ભગવાન શંકર જેમ ત્રિપુરનગરને બાળી નાખવા ચાહતા હતા તેમ મને અને લંકાને શ્રી રામ બાળી નાખશે, એમ સમજી શ્રી રઘુવરચરણે શરણે આવી, અર્ચન કરી પ્રભુને માર્ગ આપ્યો. (૨૪) વત્સ નારદ ! શ્રી રઘુવરની તામસ લીલા-કથાનું કથન કરું છું. સર્વ દિશાઓને જીતી સ્વર્ગને જીતવા રાવણે દેવધાની નગરી ઉપર ચઢાઈ કરી. તેને પોતાના દેહબલનું અભિમાન હતું તેથી તે ખુલ્લી છાતીથી ઐરાવત હાથી ઊપર બેઠેલા ઈન્દ્ર સામે આવી લાગ્યો ત્યારે ઈન્દ્રે હાથીને રાવણ ઉપર ઉશ્કેર્યો. તેથી ઐરાવતના દાંત રાવણની છાતીને કેવલ અડકયા એટલામાં જ તે વજ્રની છાતીના સ્પર્શમાત્રથી ભાંગીને લોટ થઈ ગયા. તે જોઈ પોતાની છાતીની મજબૂતાઈના ગર્વથી રાવણે અટ્ટહાસ્ય કર્યું. તે સમયે હાસ્યનો પવન બહાર આવ્યો. એ પવનથી હાથીદાંતનો લોટ દશે દિશામાં ઊડીને પ્રસર્યો તેથી જાણે આ દશે દિશાઓ સફેદ થઈ ગઈ હોય એમ માનનારા, શ્રી જાનકીકજીનું અપહરણ કરનારા અને રણસંગ્રામમાં પોતાના અને રઘુનાથના સૈન્યમાં મદમાતા થઈ વિચરતા ગર્વિષ્ઠ રાવણનો ધનુષ્યના ટંકારવ સાથે છોડેલાં બાણોથી પળવારમાં જ પ્રાણ લઈ લીધા, ત્યારે રાવણને ભાન થયું કે શ્રી રઘુનાથના બાણોમાં કેવી શક્તિ છે. (૨૫)

૨૧. "अदीनलीलाहसितेक्षणोल्लसद्भ्रूभङ्गसंसूचितभूर्यनुग्रहम्" આ દ્વિતીયાન્ત પદ ૨૧મો શ્રીકૃષ્ણાવતાર. બીજી વિભક્તિવાળા આ પદમાં १. अदीन २. लीला ३. हसित ४. ईक्षण ५. उल्लसत् ६. भ्रू ७. भङ्ग ८. संसूचित ९. भूरि १०. अनुग्रहम् કુલ દશ શબ્દો છે. આ પ્રત્યેક શબ્દ સર્ગ - વિસર્ગ - સ્થાન પોષણ - ઉતી - સદ્ધર્મ ઈશાનું કથા - નિરોધ - મુક્તિ અને આશ્રય લીલાઓનું સૂચન કરે છે. ભગવાન દશલીલા પરિપૂર્ણ છે એ પૂર્ણ પુરુષની પ્રત્યેક સર્ગાદિ લીલાઓના સૂચક દશ શ્લોકોમાં ભગવાન શ્રીનાથજી બાવાની કથાનું વર્ણન કરે છે.

શ્રી પુરુષોત્તમ પ્રાકટ્ય

૨૬મા શ્લોકથી ૩૫મા શ્લોક પર્યન્ત શ્રીકૃષ્ણ ભગવાનની લીલાઓનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ શ્લોકોમાં ૨૬મા શ્લોકથી આનંદમય શ્રીકૃષ્ણ ભગવાનના પધારવાથી ભૂમિદેવી, શ્રી દેવકીમાતા અને ભકતવૃન્દ આ ત્રણેનાં ત્રણ પ્રકારનાં દુઃખો દૂર થયાં. આ ત્રણે દુઃખોમાં કંસથી, કાલથી અને અજ્ઞાનથી જે દુઃખો હતાં તે તે ભગવાનને દૂર કર્યાં છે આ વિષયનું બ્રહ્મા વર્ણન કરે છે કે -

भूमेः सुरेतरवरूथविमर्दितायाः क्लेशव्यवाय कलया सितकृष्णकेशः ।
जातः करिष्यति जनानुपलक्ष्यमार्गः कर्माणि चात्ममहिमोपनिबन्धनानि ॥२६॥

વત્સ નારદ ! ભૂમિદેવી દૈત્ય, દાનવ અને રાક્ષસોના સૈન્યોના પાદપ્રહારથી પુષ્કળ પીડાયેલી હતી ત્યારે તેના વિવિધ પ્રકારના કલેશોનો સંપૂર્ણ વિનાશ કરવાની શ્વેત અને શ્યામ કેશ આનંદમય શ્રીકૃષ્ણ ભગવાનના હૃદયમાં કરુણા જાગી અને પોતાની કલા સંકર્ષણ ભગવાન સાથે સ્વયં પ્રકટ થયા. આ આનંદમય પુરુષોત્તમના માર્ગને સામાન્ય જન જાણી ના શકે તેવો છે. પરંતુ સર્વના સર્વવિધ દુઃખોને હરવા જ્ઞાન ભક્તિ, અને ધર્મનો ઉપદેશ કરશે તેમ જ ભક્તિ, જ્ઞાનાદિના મહિમાને દર્શાવનારી દિવ્ય લીલાઓ કરશે. (૨૬) વત્સ નારદ ! ભગવાને ચાર વ્યૂહ દ્વારા જે ચાર લીલાઓ કરી તેનું માહાત્મ્ય સાંભળો. ભાઈ ! છ દિવસના તદ્દન બાલ મુકુન્દે ઘુવડ જેવી આંધળી પૂતનાનો જીવ લીધો, એનો અને ઉદરમાં રહેલા જીવોનો વાસુદેવે વ્યૂહલીલા દ્વારા મોક્ષ કર્યો (૧) જ્યારે લાલન કેવલ ત્રણ માસના હતા ત્યારે કોમલ ચરણતલના સ્પર્શમાત્રથી ગાડાને ઉલટાવીને સંકર્ષણ વ્યૂહલીલા આચરી. ભૂમિ ઉપર ભોંખોડિયા લીલા કરતા કટિ ભાગે બંધાયેલા

દામોદરે બે વૃક્ષોની મધ્યમાં પ્રવેશી આકાશચુંબી વૃક્ષોને સ્પર્શ માત્રથી પાડી અનિરુદ્ધ વ્યૂહલીલા કરી અને બન્ને યમલાર્જુન નામનાં વૃક્ષોને મૂલમાંથી ઉખેડી નાખી નલકુબેરને શાપથી મુક્ત કરવાની શ્રી પ્રદ્યુમ્ન વ્યૂહલીલા આચરી. (૨૭)

વત્સ નારદ ! તાલફલ ભક્ષણ કર્યા પછી કુમળાં વ્રજબાલકોએ અને વ્રજનાં નિર્દોષ ગોધને કાલીયના વિષથી ઝેરીલાં બનેલાં શ્રી કાલિન્દીજીનાં જલપાનથી મૃત્યુ પામેલાંને ભગવાને કૃપાવૃષ્ટિ વર્ષાવતી દૃષ્ટિથી સાચે જ સજીવ બનાવ્યાં અને શ્રી કાલિન્દીમાં વિહાર કરી શ્રી વિહારીજીએ કાલિન્દી હૃદમાં-ઝરામાં રહેલા ભયાનક ઝેરીલા વીષથી લબકારા મારતી જીભવાળા કાલીયનાગને દૂર કર્યો અને કલિન્દીજીને નિર્મલ કર્યાં. (૨૮) વત્સ નારદ ! હવે ભગવાનની દૃષ્ટિની દિવ્યતાનું ચરિત્ર સાંભળો. ભાઈ ! એક વાર કાલિન્દીજીના ધરાની સમીપ મધ્યરાત્રીએ નિશ્ચિત થઈ નિદ્રામાં સૂતેલા નન્દાદિ સર્વ વ્રજજનોને દાવાગ્નિપાન કરાવીને બચાવ્યા. તેમ જ ભાંડીર વટ સમીપમાં આવેલા પવિત્ર મુંજવનમાં વિહાર કરતાં ગોપબાલકો અને ગાયો વગેરે ઘોર દાવાનળમાં બળતાં અને હવે તો મૃત્યુના મુખમાં આવી લાગ્યા છે એમ પીડાતાં ગોપબાળકોને નિહાળી બલભદ્ર સાથે સર્વ બાળકોનાં નેત્રો બંધ કરાવી, સર્વને ઉઠાવી ભાંડરી વટ સમીપ લઈ ગયા. આ તો અનંત પરાક્રમી ભગવાન શ્રીકૃષ્ણની દિવ્ય લીલાનું જ પરિણામ છે. (૨૯) પ્રિય નારદ ! ભગવાનની પૂર્ણતાને દર્શાવનારાં ભગવાનનાં બે ચરિત્રોનું વર્ણન કરું છું તે સાંભળો. આ પૂર્ણ પુરુષોત્તમની માતા શ્રી યશોમતી લાલને બાંધવા માટે જે જે નેતરાં લેતાં હતાં તે તે નેતરાં પ્યારા પુત્રના બંધનના માપનાં થયાં નહીં અને બે આંગળ ટાંચાં પડ્યાં. પછી કૃપાથી બંધાયા. તેમજ જ્યારે ભગવાને બગાસું ખાધું ત્યારે પ્યારાના મુખારવિંદમાં અનન્ત બ્રહ્માંડોને જોઈને શંકિત મનવાળાં બની ગયાં ત્યારે ભગવાને માડીના મનમાં સમાધાન કર્યાં. આ બે ભગવાનની પૂર્ણતાનાં સૂચક ચરિત્રો છે. (૩૦) ભાઈ નારદ ! હવે શ્યામસુંદરની વરુણદેવ વિજયની લીલાનું શ્રવણ કરો ! ભગવાન શ્રી નંદબાવાને વરુણના દૂતોએ બાંધેલા વરુણના પાશને છોડાવશે. તેમ જ મયદાનવના પુત્ર વ્યોમાસુરે ગોપબાલક બનીને રમતના બહાને ગુફામાં પૂરી દીધેલાં બાળકોને છોડાવશે. તેમ જ દિવસે ઘરવ્યવસાયમાં ગળાડૂબ ગૂંથાયેલા અને રાત્રીએ થાકીપાકી લોથપોથ થઈ પડેલા ઘસઘસાટ નિદ્રામાં સૂતેલા પોતાના સમગ્ર ગોકુલની સમીપે જ ભગવાન વ્યાપી વૈકુંઠને લઈ આવશે. (૩૧) પ્યારા પુત્ર નારદ ! હવે શ્રીનાથજીબાવાની અનાથની ઓથ બનેલાની ગોવર્ધનધરણલીલાનાં રસપાન કરો - હે નિષ્પાપ નારદ ! જ્યારે શ્રીકૃષ્ણ ભગવાને અવૈધ થતા ઈન્દ્રયાગને ગોપો દ્વારા અટકાવ્યો ત્યારે નેસડાનો નાશ કરવા રાજા ઈન્દ્રદેવે બેસુમાર વૃષ્ટિ આરંભી. આ જોઈને સાત વર્ષના શ્રીકૃષ્ણ ભગવાને પશુ સહિત વ્રજભક્તોનું સંરક્ષણ કરવા માટે રમત રમતમાં નાના બાળકની માફક શ્રી ગોવર્ધન ગિરિવરને એક નાના સરખા બિલાડાના ટોપની જેમ સાત દિવસ પર્યન્ત કૃપા કરી ધારણ કર્યા. (૩૨) પુત્ર નારદ ! હવે રાસેશ્વરની રસસભર રાસલીલાનાં રસમાધુર્યનાં પાન કરો ! શરદ પૂર્ણિમાની પૂર્ણ નિશાકરનાં કિરણોથી પરિપૂર્ણ ઉજજવલ બનેલી પૂર્ણિમાની રાત્રીમાં વનમાં રાસોત્સવ કરવા માટે ક્રીડા કરતા વ્રજપાલક શ્રી રાસવિહારીજી પોતાની અવ્યક્ત મધુરપદાવલીવાળાં શ્રી વેણુજીનાદની લાંબી મૂર્ચ્છનાથી શ્રી વ્રજસીમન્તીઓના ઉરમાં પ્રેમરોગનું પૂર ઉતરાવતા હતા ત્યારે ગોપીજનોને ત્રાસ આપતા અને હરણ કરતા શંખચૂડના મસ્તકને ઉડાવી દેશે. (૩૩) વત્સ નારદ ! હવે તમે નાથના ઐશ્વર્યનું શ્રવણ કરો ! પ્રલંબાસુર, ધેનુકાસુર, બકાસુર, કેશી દાનવ, વૃષભાસુર, ચાણૂરાદિ મલ્લો, કુવલયાપીડ, કંસરાજા, કાલયવનાદિ યવનો, બૌમાસુર, પૌંડ્રક, કાશીરાજ, શાલ્વ, દ્વિવિધ વાનર, બલ્વલ, દન્તવક્ત્ર, સાત સાંઢ, શંબરાસુર, વિદૂરથ, રુકમી, વિંદ, અનુવિંદ વગેરે સર્વ આસુરી વૃત્તિવાળા હતા તેમ જ તેઓ રણસંગ્રામમાં ભગવાનની સામે પરાક્રમ દાખવતા હતા. વળી ધનુષ્યબાણ, શસ્ત્રાસ્ત્ર વગેરેથી સુસજ્જ હતા. આ સર્વ દૈત્ય દાનવો સાથે સજ્જ શસ્ત્રવાળા કામ્બોજ, મત્સ્ય, કુરુ, કૈકેય, સંજય એટલે પાંચાલો, અને દશાર્ણો શ્રી બલભદ્રજી, અર્જુનજી, અને ભીમસેનાદિમાં પ્રવેશ કરી તે ત્રણને નિમિત્ત બનાવીને ભગવાને પોતે જ માર્યા. તેઓ મરણ પામી અદૃશ્ય રહ્યા અને અંતે ભગવાન શ્રીહરિ નિજલોક પધાર્યા ત્યારે

તેઓ સર્વને સાથે લીધા. (૩૪-૩૫)

ભગવાનની ચિંતામાંથી ચિંતનમય શ્રી વ્યાસ મહર્ષિનો આવિર્ભાવ

૨૨. **इक्षेत च्निामयमेनम्** ૨૨મો મહર્ષિ વ્યાસજીનો અવતાર બ્રહ્માજીએ કહ્યું કે ભાઈ નારદ ! દ્વાપર કાલથી જ આરંભીને કાલના પ્રભાવથી મતિમાનોની પણ જ્ઞાનદૃષ્ટિ ઢંકાઈ જશે, મનુષ્યો અલ્પાયુષ્ય બની જશે, પ્રત્યેકની શાખા પ્રમાણે ભણવામાં આવતા વેદો પણ વિસરાશે, પોતાનું શાસ્ત્ર જાણવું પણ અશક્ય થઈ જશે ત્યારે પ્રત્યેક દ્વાપરયુગમાં ભગવાન શ્રી સત્યવતી દેવીમાં આવિર્ભાવ પામી શ્રીવેદકલ્પતરુનો વિવિધ શાખાઓમાં વિભાગ કરશે. (૩૬)

૨૩. આસુરીવૃત્તિવાળાના મોહ માટે શ્રી બુદ્ધાવતાર

વત્સ નારદ ! અમે જ સાચા વૈદિક છીએ, અમે જ વેદે દર્શાવેલા યાગો કરીએ છીએ અને જાણીએ છીએ એવી સર્વત્ર ભ્રાન્તિ ફેલાવવા વેદમાર્ગમાં રહેલા, વળી દેવોનો નિત્ય દ્વેષ કરનારા, લોકોને લોભાવનાર વેષને ધારણ કરનારા, મય દાનવે બનાવેલા અને જેની કલ્પના પણ ના આવે એવી રચનાવાળા, ત્રણલોકગામિની ત્રણ ધાતુવાળી પુરી બનાવી લોકોનો નાશ કરનારા અને દેવોનો દ્વેષ કરનારા દૈત્યોને મોહાવવા માટે બુદ્ધસ્વરૂપે ઉપધર્મનો ઉપદેશ કર્યો. (૩૭)

૨૪. કલ્કિ ભગવાન કલિનાશ માટે પધારશે

વત્સ નારદ ! સજ્જનોના નિવાસોમાં પણ જ્યારે હરિકથામૃતનાં પાન નહીં થાય, દ્વિજજનો પણ પાખંડપથે વિચરશે, શૂદ્ર અને મ્લેચ્છો રાજાઓ થશે; સ્વાહા, સ્વધા અને વષટ્‌ના ઉચ્ચારપૂર્વકની વેદવાણી સાંભળવા મળશે નહીં, ત્યારે કલિયુગના સમાપ્તિના કાલમાં ભગવાન શ્રી કલ્કિસ્વરૂપે અવતરશે. (૩૮)

ભગવાનની માયાવિભૂતિઓ

ભાઈ નારદ ! ભગવાન તો અપાર શક્તિના ભંડાર છે. જ્યારે ભગવાન જગનતી રચના કરવા વિચારે છે ત્યારે (૧) તપ (૨) બ્રહ્મા (૩) નવ મરીચિ વગેરે ઋષિઓ અને (૪) વેદો આ ચાર વિભૂતિઓનું સ્વરૂપ સ્વીકારે છે, પરંતુ તે ભગવાન જ્યારે સંરક્ષણનો વિચાર કરે છે ત્યારે (૧) ધર્મો (૨) યજ્ઞ (૩) મનુઓ (૪) ઈન્દ્રાદિ દેવો અને (૫) પૃથ્વીનું પાલન કરનારા નૃપતિઓનું સ્વરૂપ સ્વીકારે છે. રચનારક્ષણનું કાર્ય વધુ પુરુષાર્થની અપેક્ષા રાખે છે માટે ભગવાન પાંચ સ્વરૂપો સ્વીકારે છે. સંહાર માટે (૧) અધર્મ (૨) યજ્ઞ વિરોધી હર (૩) ક્રોધવશ સર્પો અને (૪) અસુરો વગેરે સ્વરૂપો સ્વીકારે છે. આ સર્વ ભગવાનની વિભૂતિઓ છે. (૩૯)

બ્રહ્માજીની વાણીનો ઉપસંહાર

ભાઈ નારદ ! સંભવ છે કોઈ વિચક્ષણ કવિ પૃથ્વીના પરમાણુઓને કોઈ વિલક્ષણ ગતિથી ગણી શકે, પરંતુ અનંતવીર્ય શ્રી વિષ્ણુ ભગવાનનાં અનન્ત પરાક્રમોનું, અપાર લીલાઓનું નિરૂપણ ના કરી શકે તેમ જ ગણના પણ ના કરી શકે. અધિક શું કહું ? જ્યારે વામનસ્વરૂપે વિષ્ણુ ભગવાને અખંડિત વેગથી પોતાના ચરણને ઉપર ઉપરના લોકોમાં ચલાવ્યો ત્યારે ચરણવેગથી સત્ય પર્યન્તના સમગ્ર લોકો ધ્રૂજી ઊઠ્યા હતા, તે અવસરે શ્રી વિષ્ણુજીએ પોતાના સામર્થ્યથી થોભી રાખ્યા હતા. (૪૦) અરે વત્સ નારદ ! અન્ય દેવોની કે કવિઓની કથાને પડતી મૂકો. હું મારી જ કહું કે અનન્ત માયાબલ ધરાવતા શ્રી પુરુષોત્તમ ભગવાનના અંતને હું જ નથી જાણતો. આ તમારા જ્યેષ્ઠ બંધુઓ સનત્કુમારો, મરીચિ વગેરે મુનિવરો પણ પાર નથી પામતા તો સામાન્ય જનોની તો વાત જ શી કરવી ? અરે નારદ ! સહસ્રાવધિ મુખોથી આદિદેવ શેષ ભગવાન અદ્યાપિ પર્યન્ત નાથનાં ગુણગાન કર્યા જ કરે છે તો પણ નિર્ણય નથી પામી શક્યા તો સામાન્ય જનની શી શક્તિ ? (૪૧)

શ્રીનાથનાં શ્રીચરણોના આશ્રિત તદીયજનો તે નાથની માયાને તરે

येषां स एष भगवान् दययेदनन्तः सर्वात्मनाऽऽश्रितपदो यदि निर्व्यलीकम् ।
ते दुस्तरामतितरन्ति च देवमायां नैषां ममाहमिति धीः श्वशृगालभक्ष्ये ॥४२॥

વત્સ નારદ ! આ એક વાત ધ્યાનમાં રાખો દીકરા ! કે કૃપાનાથ શ્રીનાથ ભગવાનની કૃપાનાં જેમના ઉપર અવતરણ થાય તેઓ સર્વાત્મભાવથી, સર્વથા નિષ્કપટ હૃદયથી શ્રીનાથનાં શ્રીચરણોના આશ્રિત બને અને સર્વ સમર્પણ કરે છે. તેઓ મહાન આયાસે પણ પાર ના કરી શકાય એવી દેવાધિદેવની માયાને સુખેથી તરી જાય છે એમને માટે અધિક શું કહું ! તેઓને તો આ નશ્વર અને શ્વાન-શિયાળવાંના ખોરાક બનનારા દેહ-ગેહાદિમાં આ મારું અને તમારું એવી કુમતિ પણ કદી નથી હોતી. (૪૨)

તદીતજનો માયા તરી ગાય છે. તેમનાં નામધેય લેનાર પણ માયાને તરે

षेदाहमङ्ग परमस्य हि योगमायां यूयं भवश्च भगवानथ दैत्यवर्यः
पत्नी मनोः स च मनुश्च तदात्मजाश्च प्राचीनबर्हिर्ऋभुरङ्ग उत ध्रूवश्च ।।४३।।
इक्ष्वाकुरैलमुचुकुन्दविदेहगाधि रध्वम्बरीषसगरा गयानाहुषाद्याः
मान्धात्रलर्कशतधन्वनुरन्तिदेवा देवव्रतो बलिरमूर्त्तरयो दिलीपः ।।४४।।
सौमर्युतङ्कशिबिदेवलपिप्पलाद–सारस्वतोद्धवपराशरभूरिषेणाः ।
येऽन्ये विभीषणहनूमदुपेन्द्रदत्त पार्थार्ष्टिषेणविदुरश्रुतदेववर्याः ।।४५।।
ते वै विदन्त्यतितरन्ति च देवमायां स्त्रीशूद्रहूणशबरा अपि पापजीवाः ।
यद्यद्भुतक्रमपरायणशीलशिक्षा स्तिर्यग्जना अपि किमु श्रुतधारणा ये ।।४६।।

બ્રહ્માજી ભગવાનની માયાને જાણનારા અને ભગવાનની કૃપાથી તરી જનારા દિવ્ય પુરુષોનાં નામોનો નિર્દેશ કરતા શ્રી નારદજીને કહેવા લાગ્યા કે, હે વત્સ ! હે અંગ ! હે પ્રિય પુત્ર ! હું હવે તમને ત્રણ શ્લોકોમાં શ્રી પુરુષોત્તમ ભગવાનના કૃપાપાત્ર ત્રણ પ્રકારના ભગદીયજનોનું નામ સંકલન કરું છું તે તમે શ્રદ્ધાથી શ્રવણ કરો કે જેઓ પરમ પુરુષની માયાને કંઈક અંશમાં જાણે છે. આ સર્વમાં પ્રથમ હું એટલે ૧. બ્રહ્મા ૨. યૂયં એટલે તમે મરીચિ ૩. અત્રિ ૪. અંગિરા ૫. પુલસ્ત્ય ૬. પુલહ ૭. ક્રતુ ૮. ભૃગુ ૯. વસિષ્ઠ ૧૦. દક્ષ ૧૧. નારદ ૧૨. ભગવાન શિવ ૧૩. સતક ૧૪. સનાતન ૧૫. સનંદન ૧૬. સનતકુમાર ૧૭. વળી 'દૈત્યવર્ય પ્રહ્લાદજી ૧૮. શતરૂપા રાણી ૧૯. સ્નાયંભુવ મનુ ૨૦. પ્રિયવ્રત ૨૧. ઉત્તાનપાદ ૨૨. આકૂતિ ૨૩. દેવહૂતિ ૨૪. પ્રસૂતિ ૨૫. પ્રાચીનબર્હી ૨૬. ઋભુઋષિ ૨૭. અંગરાજા અને પરમ ભક્ત ધ્રુવકુમાર ભગવાનની કૃપાથી માયાને તર્યા છે. બેટા નારદ ! ઉપર વર્ણવ્યા તે સાત્ત્વિક ભક્તો છે . હવે આગળ હું રાજસ ભક્તોનાં નામોનું પુણ્યગાન કરું છું તે સાંભળો. ૨૮. ઈક્ષ્વાકુ રાજા, ૨૯. રાજા પુરુરવા, ૩૦. મુચુકુન્દ, ૩૧. વિદેહ, ૩૨. ગાધિરાજા, ૩૩. રઘુ રાજા, ૩૪. અંબરીષ રાજા, ૩૫. સગરરાજા ગયરાજા, ૩૬. યયાતિ રાજા, ૩૭. માંધાતા, ૩૮. અલર્ક, ૩૯. શતધનુ, ૪૦. અનુ, ૪૧. રન્તિદેવ, ૪૨. દેવવ્રત ભીષ્મપિતામહ, ૪૩. બલિરાજા, ૪૩. અમૂર્તરય, ૪૪. દિલીપ રાજા વગેરે પ્રભુના રાજસ ભક્તો છે. હે નારદ ! હવે અન્ય ભગવદીય જનોનાં નામ વર્ણવું છું - સૌભરિમુનિ, ૪૫. ઉત્તંક ઋષિ, ૪૬. શિબિરાજા, ૪૭. દેવલ ઋષિ, ૪૮. પિપ્પલાદ ઋષિ દધીચિઋષિના દૌહિત્ર ૪૯. સારસ્વત, ૫૦. ઉદ્ધવજી, ૫૧. પરાશર મુનિ, ૫૨. ભૂરિષેણ, ૫૩. આ ઉપરાંત વિભીષણજી, ૫૪. શ્રી હનુમાનજી ૫૫. ઉપેન્દ્ર ૫૬. દત્ત, ૫૭. પરીક્ષિત, ૫૮. અર્જુનજી, ૫૯. આર્ષ્ટિષેણ, ૬૦. વિદુર, ૬૧. શ્રુતદેવ, ૬૨. આર્સના પુત્રો ૬૩. ઋષિઓના શિષ્યો, ૬૪. બહુલાશ્વરાજા વત્સ, ૬૫. નારદ ! આ સર્વ ભગવાનની ૬૪ કળાસમાન ૬૪ વિભૂતિઓ કે ભગવદીયજનો કેવલ શ્રીહરિની કૃપાથી જ શ્રીહરિની માયાને જાણી શક્યા છે તેમ જ પાર કરી ગયા છે. (૪૩-૪૫)

વત્સ નારદ ! જેઓ અદ્ભુત પરાક્રમવાળા અનન્ય જનો પાસેથી જીવન જીવવાનો પથ પામ્યા છે, માર્ગદર્શન પામ્યા છે, તેમની પાસેથી શીલ સમ્પાદન કર્યું તેઓ શબરી સમાં સ્ત્રીજનો હશે કે શૂદ્રજનો હશે, હૂણ જાતના હશે કે પછી શબર જાતિના હશે કે જેઓ સતત હિંસાપરાયણ જીવન જીવતા હશે, પાપપરાયણ જીવન જીવંતા હશે કે પછી પોપટ, મયૂર વગેરે હશે તે પણ તદીયજનોના સંગથી માયાને પાર કરી ગયા છે. (૪૬)

પ્રભુચરણ કમલાના દશ વિધ લીલાવાળા દશ ધર્મો

शाश्वत्प्रशान्तम भयं प्रतिबोधमात्रं शुद्धंसमंसद्सतः परमात्मतत्वम् ।
शब्दो न यत्र पुरुकारकवान् क्रियार्थो–मायापरैत्यभिमुखेच विलज्जमाना ।।

વત્સ નારદ ! પરમ પુરુષ શ્રીકૃષ્ણ ભગવાનનાં શ્રી ચરણનાં દશ લક્ષણો છે : ૧. પ્રભુપદકમલ નિત્ય છે ૨. પ્રશાંત છે અભય છે, ૩. કેવલજ્ઞાન સ્વરૂપ છે, ૪. શુદ્દ છે ૫. સમ છે ૬ સત્-અસત્થી પર છે ૭ પરમાર્થ સ્વરૂપ છે ૮ જે ચરણમાં સપ્ત વિભક્તિના કારકવાળા શબ્દનો જ્યાં સંબંધ નથી તેમ જ ક્રિયારૂપ ન હોવાથી અને ક્રિયાથી જણાતું ન હોવાથી ક્રિયાના અને કારકના વ્યવહારથી પર છે, ૯. પ્રભુના ચરણ સમીપમાં જ માયા લજ્જાયમાન થાય છે અને ૧૦. દૂરથી ચાલી જાય છે. ૪૭ નારદ ! પરબ્રહ્મનું દશવિધ લક્ષણવાળું તે પદ શોકરહિત આનંદમય છે. જેમ સ્વરાટ ઈન્દ્ર વાદળાં વગેરેનો અને મેઘનો સ્વામી હોવાથી પાણી મેળવવા માટે કોદાળી વગેરેનો ત્યાગ કરી દે તેમ યતિજનો પ્રભુચરણમાં મનને સારી રીતે પરોવી રાખીને અભેદ સાધનારાં સાધનોને ત્યજી દે છે. તેમ યતિજનો ભગવાનમાં મનને પરોવીને જપ-તપ આદિ સાધનોને ત્યજી દે છે. (૪૮) વત્સ નારદ ! સર્વસમર્થ એ ભગવાન સર્વને શ્રેયસ આપનારા છે, ભાવ અને સ્વભાવવાળા જગતની એ પ્રભુથી પ્રસિદ્ધિ થઈ છે. જ્યારે દેહની સપ્ત ધાતુઓ ચાલી જાય છે ત્યારે દેહ પડી જાય છે છતાં તેમાં રહેલો આત્મા કદી નાશ પામતો નથી. (૪૯) હે વત્સ નારદ ! ભાઈ મેં તમને વિશ્વપાલક ભગવાનનું સ્વરૂપ સંક્ષેપમાં કહ્યું. ભાઈ નાનું-મોટું સત્-અસત્ જે કાંઈ વિદ્યમાન છે તે શ્રીહરિ વિના અન્ય કાંઈ નથી અને અન્ય કોઈથી ઉત્પન્ન થયેલ નથી. (૫૦) ભાઈ નારદ ! મેં જે આપની પાસે વર્ણવ્યું તે શ્રીમદ્ ભાગવતશાસ્ત્ર છે. આ ભાગવતશાસ્ત્ર તમને ભગવાને કહેલ હતું. મેં તો આ સર્વ વિભૂતિઓના સંગ્રહને સંક્ષેપમાં કહેલ છે. પરંતુ ભાઈ નારદ ! આપ એને વિસ્તારથી વર્ણવો. (૫૧) ભાઈ નારદ, એવો સંકલ્પ કરીને વર્ણવો કે સાંભળનાર મનુષ્યોને સર્વના આત્મા અને સર્વના આધાર ભગવાન શ્રીહરિમાં ભક્તિભાવ જાગે.

मायां वर्णयतोऽमुष्य ईश्वरस्यानुमोदतः । श्रृण्वतः श्रद्धया नित्यं माययात्मा न मुह्यति ।।५३।।

પ્રિય પુત્ર નારદ નારદની ! ભગવાનની દશ પ્રકારની લીલા દશ પ્રકારની માયા છે, એ ભગવાનની દશ પ્રકારની શક્તિઓ છે. આ શક્તિ નામની ભગવાનની માયાનું જે વર્ણન કરે, અનુમોદન કરે અને શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરે તો એનો આત્મા માયાથી મોહિત થશે નહીં. (૫૩)

શ્રીમદ્ ભાગવત પીયૂષના દ્વિતીય સ્કંધના વિમર્શ નામના ત્રીજા પ્રકરણમાંનો ભગવાનના અવતારો અને વિભૂતિઓનું વર્ણન કરતો સાતમો અધ્યાય સંપૂર્ણ થયો.

અધ્યાય ૮મો

[દ્વિતીય સ્કંધના "મનન" નામના પ્રકરણમાં (૧) ઉપપત્તિથી મનન અને ઉત્પત્તિથી મનન આવાં બે પ્રકારનાં અવાન્તર પ્રકરણોની ચર્ચા ચાલે છે. તેમાં પ્રથમ ૫ થી ૭ અધ્યાયોમાં વિરાટ અને બ્રમસંબંધી તત્ત્વનો નિર્ણય સમજાવ્યો. વિરાટની કેવી રીતે ઉત્પત્તિ થાય છે તે પણ સમજાવ્યું. ત્યારબાદ ૮મા અધ્યાયથી ૧૦ મા અધ્યાયોમાં આક્ષેપ, સિદ્ધાન્ત અને ફલ નામની ત્રણ વસ્તુઓ ક્રમે કરી ત્રણ અધ્યાયોમાં વિચારવામાં આવી છે. આ અધ્યાયમાં કુલ ૨૯ શ્લોકો છે.]

राजोवाच : ब्रह्मणा चोदितो ब्रह्मन् गुणाख्यानेऽगुणस्य च । यस्मै यस्मै यथा प्राह नारदो देवदर्शनः ।। १ ।।

પરીક્ષિત મહારાજ પૂછે છે કે, હે સર્વજ્ઞ બ્રહ્મન્ ! શ્રી મહર્ષિ નારદજી તો દેવાધિદેવ શ્રીકૃષ્ણ જેવા દર્શનીય પુરુષ છે. બ્રહ્માજીએ નારદજીને ભગવાનનો મહિમા સંભળાવ્યો અને કહ્યું કે નારદ ! હવે આપ નિર્ગુણ એટલે ગુણાતીત શ્રીકૃષ્ણ ભગવાનના ગુણોનું ગાન કરો. બ્રહ્માજીના આદેશ પછી શ્રી નારદ મુનિવરે જેમને જેમને શ્રીહરિના ગુણોનું જે જે વર્ણન કર્યું હતું તે સર્વ આપ મને કૃપા કરી સંભળાવો. (૧)

શ્રીહરિકથા સર્વ લોકનાં સર્વ સુમંગલ સાધે

હે તત્ત્વજ્ઞવર્ય ! શુકાચાર્ય મહારાજ ! ભગવાન શ્રીકૃષ્ણ તો અત્યંત અદ્ભુત પરાક્રમવાળા છે. આ પ્રભુના તત્ત્વની મને

જિજ્ઞાસા છે, નાથ ! મંગલ તો અનેક પ્રકારનાં છે. પુત્રાદિ જન્મ કુલમંગલ છે; રક્ષાબંધન વ્યક્તિમંગલ છે; સંત પધરામણી ગૃહમંગલ છે; યજ્ઞ-યાગાદિ દેશમંગલ છે; તીર્થાટન-સ્નાન દેહમંગલ છે; જ્યારે શ્રીહરિની કથા અખિલ બ્રહ્માંડ સુમંગલ છે. મહારાજ ! કૃષ્ણકથા સર્વ દિશાઓનું સર્વવિધ મંગલ સાધે છે. નાથ ! આપ મને શ્રીનાથજી પ્રભુની કથાસુધાનાં પાન કરાવો. હે મહાભાગ ! શ્રીકૃષ્ણ-કથામૃતનાં પાન કરી મારા મનને નિઃસંગ બનાવી ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રજીનાં શ્રીચરણોમાં જોડી મારી કાયાનો અનાયાસે ત્યાગ કરું. (૨-૩) ભગવન્ ! શ્રદ્ધાપૂર્વક સદા શ્રીકૃષ્ણ ભગવાનની લીલાઓનાં સંકીર્તન અને હરિકથા-સુધાનાં પાન કરતાં જ ભગવાન અવિલંબે અવશ્ય પધારે છે. (૪) હે ભગવન્ ! ભગવાન શ્રીકૃષ્ણ નિજજનોના ભાવસરોવરમાં વિકસેલા હૃદયકમલમાં કથાશ્રવણના માધ્યમથી કર્ણપથ દ્વારા પ્રવેશે છે. પુનઃ હૃદયમાં પ્રવેશેલા શ્રીહરિ વર્ષાકાલમાં મલિન બનેલા સલિલ-જલને જેમ શરદ ઋતુ માફક નિર્મલ બનાવે છે એ રીતે કૃપાસિંધુ ભક્તજનના મનોમલને દૂર કરી નિર્મલ કરે છે. (૫) હે પ્રભો ! જ્યારે આ જીવ ભગવાનની કૃપાથી અને પ્રવેશથી વિશુદ્ધ બને છે અને હૃદયમાં પ્રભુના ચરણકમલને પધરાવી આનંદ અને શાંતિનો અનુભવ કરે છે ત્યારે તો જેમ કોઈ પથિક ચિરપ્રવાસ કરી અનેક શ્રમનો અનુભવ કરતો પોતાના ઘરે આવતાં કલેશમુક્ત બની જતાં પોતાના ઘરને છોડવા ચાહતો નથી તેમ સંસારપ્રવાસી હરિચરણના સાન્નિધ્યને ત્યજતો નથી. (૬)

પરીક્ષિત રાજાની પ્રશ્નપરંપરા

હે ભગવન્ ! શાસ્ત્રોના સિદ્ધાન્ત પ્રમાણે જીવાત્મા તો સચ્ચિદાનંદ ભગવાનનો અંશ હોવાથી એમાં સપ્ત ધાતુઓનો સંબંધ સંભવે નહીં, આમ છતાં સપ્ત ધાતુથી બનેલા દેહનો સંબંધ થયો એમાં પ્રારબ્ધાદિ કાંઈ કારણ છે કે ભગવાનની ઇચ્છા કારણ છે ? આ વિષયમાં આપ તો સર્વજ્ઞ છો તેથી મારું સમાધાન કૃપા કરી કરો. (૭-૮) ભગવન્ ! પૂર્વના બે શ્લોકમાં એક પ્રશ્ન પૂછ્યો હવે આપને બીજો પ્રશ્ન વિનયપૂર્વક કરું છું કે, આપે મને કહ્યું કે ભગવાનના નાભિકમલમાંથી જે કમલ ઉત્પન્ન થયું તેમાંથી ત્રણ લોકની અથવા ચૌદ લોકની ઉત્પત્તિ થઈ. વળી આગળ વધીને કહ્યું કે જીવના દેહમાં જેવા અને જેટલા અવયવો છે તેવા અને તેટલા અવયવોવાળો પરમાત્મનો દેહ બન્યો એ પણ કેવી રીતે ઘટે ? આવા પ્રકારના લોકોરૂપી અવયવવાળા આ વિરાટ પુરુષ જાણે છે કે પોતે ભગવાનની કૃપાથી ભૂતાત્મક બ્રહ્માજી સ્વયં અજન્મા રહીને ભૂતોને ઉત્પન્ન કરે છે. (૯)

ભગવન્ ! ભગવાનના નાભિકમળમાંથી બ્રહ્માજી પ્રક્ટ થયા. પુનઃ ભગવાનની કૃપાથી જે ભગવાનના સ્વરૂપનાં દર્શન કર્યાં, તે જ ભગવાનમાંથી વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે તે ભગવાનમાં જ બ્રહ્માંજી પોતાની માયાને ત્યજીને શયન કરે છે. (૧૦) પ્રત્યેકના હૃદયમાં બિરાજતા એ ભગવાન માયાને ત્યજીને શયન કરે છે કારણ કે પોતે સમર્થ છે તેથી માયાનો ત્યાગ કરી શકે છે, એથી એ તો માયાપતિ છે. (૧૧) હે ભગવન્ ! આપે એક વાર એવું કહ્યું કે પુરુષનાં અવયવોમાંથી સર્વ લોકો થયા તેમ જ તે તે લોકોના પાલકો પણ ભગવાનના તે તે અવયવના દેવો છે. બીજી વાર આપે એમ પણ કહ્યું કે લોકો વડે આ જ પુરુષના અવયવોની કલ્પના કરી છે તો પછી આ બન્નેનો સમન્વય સમજાવો. (૧૨)

અવાન્તર પ્રશ્નો

પ્રભો ! ૧. કેટલા સમયનો કલ્પ બને તેનું માપ કહો, ૨. વિકલ્પ કોને કહેવાય એનો કેટલો કાલ થાય, ૩. કાલનું સ્વરૂપ શું, ૪. પુરુષના આયુષ્યનું પ્રમાણ, ૫. સૂક્ષ્મ કાલ કોને કહેવાય ?, ૬. સ્થૂલ કાલ પણ કોને કહેવાય ?, ૭. વળી હે દ્વિજવર ! કર્મની જેટલી ગતિઓ થતી હોય તે સર્વ મને કહો ૭, (૧૩) સત્ત્વ વગેરે અને ગુણવાળા જીવોમાં કર્મનો સમૂહ જે પ્રકારે ગ્રહણ કરાય અને જે જે પ્રકારે પરિણમે તે પણ કહો. (૧૪) ૮. પૃથ્વીનું સ્થાન અને માપ, ૯, પાતાળનું સ્થાન તેમ જ માપ, ૧૦. દિશોઓનું સ્થાન ૧૧, આકાશનું માપ અને સ્થાન, ૧૨. (૧૯) એવી જ રીતે ગ્રહોનું, ૨૧, નક્ષત્રોનું, ૨૨, પર્વતોનું, ૨૩, નદોનું, ૨૪, સરિતાઓનું, ૨૫, સમુદ્રોનું, ૨૬ અને દ્વીપોનાં માપ અને સ્થાનો કહો અંડકોશનું પ્રમાણ કેટલું ? અંદરથી અને બહારથી માપ કેટલું ? ૨૮. મહાન જનોનાં અનુચરિતો કહો, ૨૯. વર્ણાશ્રમના ધર્મોનો

નિર્ણય કહો, ૩૦. યુગો કેટલા ?, ૩૧. યુગોનાં માપ, ૩૨. યુગુયુગના ધર્મો, ૩૩. પ્રત્યેક યુગોમાં થતા ભગવદવતારો અને ૩૪. આશ્ચર્ય કરનારી અવતારકથાઓ કહો, માનવના સામાન્ય ધર્મો, ૩૫. મનુષ્યના વિશેષ ધર્મો, ૩૬. વર્ણાશ્રમના વિભાગ અનુસાર જીવનારા જીવોના ધર્મો, ૩૭. રાજર્ષિના ધર્મો, ૩૮. આપત્કાલના ધર્મો, ૩૯. આ સર્વ વિષયો સવિસ્તર વર્ણવવા કૃપા કરો. પ્રકૃતિ વગેરે ૪૦. તત્ત્વોની સંખ્યા કેટલી અને સંજ્ઞા શી ? તત્ત્વોનાં સ્વરૂપ અને લક્ષણ, ૪૧. ભગવાનના અર્ચનના પ્રકારો, ૪૨. યોગ-ઉપાસનાનો પ્રકાર, ૪૩. યોગેશ્વરોનાં ઐશ્વર્ય, ૪૪. યોગીઓની અર્ચિરાદિ માર્ગની ગતિનો પ્રકાર, ૪૫. લિંગ દેહની નિવૃત્તિનો પણ પ્રકાર કહો. ૪૬. વેદો કેટલા ?, ૪૭. ઉપવેદો કેટલા ?, ૪૮. આયુર્વેદના ધર્મો, ૪૯. ઈતિહાસ, ૫૦. પુરાણોની સંખ્યા, સંજ્ઞા અને લક્ષણ કહો, ૫૧. પ્રલયો કેટલા ?, ૫૨. વિશ્વનો પ્રલય કેવી રીતે થાય ?, ૫૩. વિશ્વની સ્થિતિ કેવી રીતે થાય ?, ૫૪, મહાપ્રલયમાં વિશ્વ ભગવાનમાં કેવી રીતે મળી જાય ?, ૫૫. કૂવા, તળાવ, વાવ વગેરે જલાશયોની સેવાનું શું ફલ ?, ૫૬, ધર્મશાળા વગેરે બાંધવાનું શું પુણ્ય ? ૫૭,૫૮. યજ્ઞયાગો કરવાથી શું ફલ ?, ૫૯. ધર્મનો વિધિ, ૬૦. અર્થનો વિધિ, ૬૧. કામનો વિધિ ૬૨, ભગવાનમાં રહેલા જીવો ઉત્પન્ન કેવી રીતે થાય ?, ૬૩. પાખંડ ધર્મની ઉત્પત્તિ શી રીતે થઈ ?, ૬૪. જીવનો બંધ અને મોક્ષ કેવી રીતે થાય ? તે પણ દર્શાવો. હે શુકાચાર્ય મહારાજ ! મારા ઉપર પ્રમાણે પૂછેલા, પ્રથમના બે પ્રશ્નો, અવાન્તર ૬૪ પ્રશ્નો અને સમાધાન કર્યા બાદ ભગવાનને સ્પર્શતો એક પ્રશ્ન છે કે ભગવાન પોતાની માયાથી કેવી ક્રીડાઓ કરે છે તેમ જ માયાને ત્યજીને ઉદાસીન બની સાક્ષી બની કેવી રીતે રહે છે તે પણ કહો. (૨૨) પરીક્ષિત નૃપ આગળ વધી કહેવા લાગ્યા કે હે શુકાચાર્ય ગુરો ! હે મહામુનિ ! હું તો આપના ચરણે શરણે થયેલ દાસ છું તેથી નિવેદન કરું છું કે મેં ઉપર આપને જે જે પ્રશ્નો પૂછ્યા છે અને જે પૂછવા જેવા રહી ગયા હોય એ સર્વનું યથાર્થ સ્વરૂપમાં જ્ઞાન આપવા કૃપા કરો. (૨૩) હે મુનિવર મેં જે આપને પૂછ્યું છે તેનો સવિસ્તર સુબોધ પ્રકારે ઉત્તર આપો એવી અભ્યર્થના છે; કારણ કે હું આપનો શરણાગત છું. (૨૪) હે મુનિવર ! જ્ઞાનક્ષેત્રમાં જેમ ભગવાનથી પ્રકટેલા શ્રી બ્રહ્માજી પ્રમાણિત મનાય છે તેવી જ રીતે અને તેટલા પ્રમાણમાં જ્ઞાનક્ષેત્રમાં આપ પૂર્ણ પ્રમાણિત છો. અન્ય સર્વ જનો તો પોતાના પૂર્વજોએ જે પ્રમાણે આચર્યું તેમના પગલે પગલે ચાલ્યા જાય છે. (૨૫)

હે નાથ : આપના શ્રી મુખથી હરિકથામૃત પાન કરતો અભય હું

न मेऽसवः परायन्ति ब्रह्मन्ननशनाद्मीः । पिबतोऽच्युत पीयूषमन्यत्र कुपितात् द्विजात् ।। २६ ।।

ભગવન્ શુકાચાર્યજી ! આપને નિવેદન કરી રહ્યો છું કે પ્રાયોપવેશ નામનું અનશન વ્રત લીધેલ હોઈ અન્નજલ નથી લેતો તો પણ જ્યાં સુધી આપના મંગલમય શ્રીમુખમાંથી ઝરતી હરિકથાસુધાનાં પાન ચાલશે ત્યાં સુધી શૃંગીમુનિના શાપથી મારા પ્રાણ નહીં જાય. પરંતુ જો આપશ્રીના શ્રીમુખમાંથી કથાસુધાધારા જો વિરમી ગઈ તો તે પ્રાણ સાત દિવસની પૂર્વમાં જ ચાલ્યા જશે. નાથ ! હવે પ્રાણ છૂટવાને વિપ્રશાપના અવધિને સંબંધ નથી, કેવલ કથાને જ સંબંધ છે. (૨૬) સૂત મહર્ષિ કહેવા લાગ્યા કે મુનિવરો જ્યારે દૈન્ય અને ભક્તિભાવપુરઃસર પરીક્ષિત રાજાએ, શ્રી શુકાચાર્યને પ્રાર્થના કરી ત્યારે શ્રીહરિકથાકીર્તન માટે પ્રેરાયેલા અને અત્યંત પ્રસન્ન થયેલા શુકદેવજી મહારાજ પરીક્ષિત નૃપની પરિષદમાં અત્યંત પ્રસન્નતાથી વચનામૃત-વર્ષા કરવા લાગ્યા. (૨૭)

प्राह भागवतं नाम पुराणं ब्रह्मसम्मितम् । ब्रह्मणे भगवत्प्रोक्तं ब्रह्मकल्प उपागते ।। २८ ।।
यद् यद् परीक्षिद्‌ऋषभः पाण्डूनामनुपृच्छति । आनुपूर्व्येण तत्सर्वमाख्यातुमुपचक्रमे ।। २९ ।।

ભગવાને બ્રહ્મકલ્પમાં જે શ્રીમદ્ ભાગવત કહ્યું હતું તે શ્રીમદ્ ભાગવત સાક્ષાત્ વેદ ભગવાન જ છે. એ જ શ્રીમદ્ ભાગવત શ્રી શુકાચાર્યજીએ પરીક્ષિત રાજાને કહેલ છે. (૨૮) હે મુનિવરો ! પાંડુકુલશિરોમણિ શ્રી પરીક્ષિત નૃપતિએ જે જે પ્રશ્નો કર્યા હતા તે સર્વ પ્રશ્નોના ઉત્તરો ક્રમાનુસાર શ્રી શુકાચાર્ય મહારાજે આપ્યા હતા. (૨૯)

શ્રીમદ્ ભાગવત પીયૂષના દ્વિતીય સ્કંધમાંનો મનન નામના ત્રીજા પ્રકરણમાં પરીક્ષિત રાજાએ પૂછેલા પ્રશ્નોનું નિરૂપણ કરતો આઠમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૯મો

[આ નવમા અધ્યાયમાં ૪૫ શ્લોકો છે. પરીક્ષિતજીના પ્રશ્નોના ઉત્તર સંબંધી સમાધાન અને ચતુઃશ્લોકી ભાગવતનો ઉપદેશ આ અધ્યાયમાં વર્ણવાશે, ચાલો આપણે ચતુઃશ્લોકી ભાગવતજીનાં રસપાન કરીએ.]

श्रीशुक उवाच : आत्ममायामृते राजन् परस्यानुभवात्मनः । न घटेतार्थसंबंधः स्वप्नद्रष्टुरिवाञ्जसा ॥ १ ॥

શ્રી શુકાચાર્યજી બોલ્યા કે રાજન્ ! આપે આગળ પ્રશ્ન કર્યો હતો કે જીવત્વ એવી જીવની સંજ્ઞા કેવી રીતે થઈ ? અને જીવને દેહસંબંધ કેવી રીતે થયો ? આ પ્રશ્નોનું સમાધાન સાંભળો ! વિષયોથી અને પ્રકૃતિથી પર તેમ જ અનુભવ સ્વરૂપ આત્માવાળા આ જીવને સ્વપ્નદ્રષ્ટાની માફક દેહનો સંબંધ થાય છે એવી રીતે ઘટતો નથી. (૧) બહુરૂપી જે માયા છે તેના સંબંધથી પોતે બહુ રૂપવાળો દેખાય છે. આ બહુરૂપી માયાના ત્રણે ગુણોમાં રમણ કરતો જીવાત્મા હું અને મારું એમ માને છે. (૨) પરંતુ એ જીવ જ્યારે ભગવાનની કૃપાથી કાલથી પર તેમ જ માયાથી પર ભગવાનમાં નિઃસંદેશ રહીને રમણ કરે છે ત્યારે તે જીવાત્મા દેહમાં अहम् પણું અને દારાગારપુત્રાદિમાં मम મમત્વને ત્યજી દઈને દેહાદિને તેમ જ દેહાદિને દેનારી માયાને પણ ત્યજી દઈ અસંગ અને આત્મરત થઈને રહે છે. (૩) આત્મતત્ત્વની વિશુદ્ધિ માટે બ્રહ્માજીને ભગવાને જે પોતાના સત્યસ્વરૂપનાં દર્શન કરાવ્યાં તે બ્રહ્માજીના સત્યવ્રતથી પ્રસન્ન થઈને કરાવ્યાં છે. (૪)

બ્રહ્માજીની અકળામણ અને નાથનો અનુગ્રહ

રાજન્ ! પોતાના સત્યલોકમાં બિરાજેલા જગતના શ્રેષ્ઠ ગુરુ આદિદેવ શ્રી બ્રહ્માજી સૃષ્ટિ નિર્માણ કરવાની વૃત્તિથી વિચારવા લાગ્યા ત્યારે આ પ્રપંચનું એટલે વિશ્વનું નિર્માણ કરવાની દૃષ્ટિ મળી નહીં. (૫)

स चिन्तयन् द्वयक्षरमेकदाम्भ – स्युपाश्रृणोद् द्विर्गदितं वचो विभुः ।
स्पर्शेषु यत्षोडशमेकविंशं निष्किञ्चनानां नृप यद् धनं विदुः ॥ ६ ॥

રાજન્ ! આમ વિચારતા એક દિવસ બ્રહ્માજી ઊંડા ચિંતનમાં ઊતરી પડ્યા ત્યારે સ્પર્શોમાં ૧૬મો અને ૨૧મો એ બે અક્ષરોનો બનેલો तप શબ્દ બે વાર કાન ઉપર પડ્યો એટલે तपस्तपः એવું બ્રહ્માજીએ સાંભળ્યું. ભાઈ ! બ્રહ્માજી વિભુ હતા તેથી જ તે तपः શબ્દ સાંભળી શક્યા. બ્રહ્માજીએ આજે બે અક્ષરો સાંભળ્યા એ તો અકિંચનોનું અલૌકિક કિંચન-વિત્ત છે. (૬)

निशम्य तद् वक्तृदिदृक्षया दिशो विलोक्य तत्रान्यदपश्यमानः ।
स्वधिष्ण्यमास्थाय विमृश्य तद्धितं तपस्युपादिष्ट इवादधे मनः ॥ ७ ॥

રાજન્ ! બ્રહ્માજીએ એ બે અક્ષરો તો સાંભળ્યા, પરંતુ આ શબ્દના બોલનાર કોણ હશે ? એવું મનમાં વિચારતાં ચારે તરફ બ્રહ્માજીએ નિહાળ્યું; પરંતુ કાંઈપણ દેખાયું નહીં ત્યારે તે પોતાના સ્થાનમાં રહીને "આ આદેશમાં મારું હિત છે" એવો વિચાર કરી મને આ અવ્યક્ત દેવે "તપ" કરવાનો ઉપદેશ કર્યો છે એવા નિર્ણય ઉપર આરભ્યું અને બ્રહ્માજીએ તપ કરવાનું મન કર્યું. (૭)

दिव्यं सहस्त्राब्दममोघदर्शनो जितानिलात्मा विजितोभयेन्द्रियः । अतप्यत स्माखिललोकतापनं तपस्तपीयांस्तपतां समाहितः ॥८॥
तस्मै स्वलोकं भगवान् समाहितः सन्दर्शयामास परं न यत्परम् । व्यपेतसंक्लेशविमोहसाध्वसं स्वदृष्टवद्भिर्विबुधैरभिष्टुतम् ॥९॥
प्रवर्तते यत्र रजस्तमस्तयोः सत्वं च मिश्रं न च कालविक्रमः । न यत्र माया किमुतापरे हरे रनुव्रता यत्र सुरासुरार्चिताः ॥१०॥

સદા સફળદૃષ્ટિ બ્રહ્માજી

રાજન્ ! અમોઘ એટલે સફળ દૃષ્ટિવાળા બ્રહ્માજી સમાધિમાં બિરાજ્યા. પ્રાણાયામ કરી વાયુને અને મનને વશ કર્યાં, પુનઃ જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિયોના વર્ગને સર્વ રીતે વશ કરી લીધાં. સાચે જ તપસ્વીઓમાં સર્વશ્રેષ્ઠ શ્રી બ્રહ્માજી, સર્વ જનોની જડતાને નિવારવા દેવતાઓના એક હજાર વર્ષ પર્યન્ત અત્યંત કઠોર તપ કરી રહ્યા હતા. બ્રહ્માજીનું આ તપ તો અનશન વ્રતવાળું હતું. બ્રહ્માજીના આ તપથી અન્ય લોકો પણ તપી ઊઠ્યા. (૮) બ્રહ્માજીના તપથી દયાનિધિ

દેવાધિદેવે પોતાના દિવ્યલોકનાં દર્શન કરાવ્યાં. આ લોક સર્વોત્તમ લોક છે. આ લોકમાં મોહ નથી કે ભય નથી. બ્રહ્મજ્ઞાની દેવો આ નિત્ય લોકમાં નિરતર નાથની સ્તુતિ કરતા હોય છે. આ વૈકુંઠલોકમાં નથી રજોગુણ કે નથી તમોગુણ, તેમ જ રજસ્તમસના મિશ્રણવાળો સત્ત્વગુણ પણ ત્યાં નથી, આ લોકમાં તો દેવ-દૈત્યોથી નિત્ય સેવાયેલા ભગવાનના સેવકો વસે છે. (૧૦)

વ્યાપિ વૈકુંઠમાં ભગવાનના જેવાં જ સેવકોનાં સ્વરૂપનાં દર્શન

श्यामवदाताः शतपत्रलोचनाः पिशङ्गवस्त्रा सुरुचः सुपेशसः । सर्वे चतुर्बाहव उन्मिषन्मणि प्रवेकनिष्काभरणाः सुवर्चसः ॥
प्रवालवैडूर्यमृणालवर्चसः परिस्फुरत् कुण्डलमौलिमालिनः ॥११॥
भ्राजिष्णुमिर्यः परितो विराजते लस् मिविमानावदलिभिर्महात्मनाम्, विद्योतमानः प्रमदोत्तमाद्युभिः सविद्युदभ्रावलिभिर्यथा नभः ॥१२॥
श्रीर्यत्र रूपिण्युरुगायपादयोः करोति मानं बहुधा विभूतिभिः प्रेङ्खं श्रिता या कुसुमाकरानुरागै–र्विगीयमाना प्रियकर्म गायती ॥ १३ ॥
ददर्श तत्राखिलसात्वतां पतिं श्रियः पतिं यज्ञपतिं जगत्पतिम् । सुनन्दनन्दप्रबलार्हणादिभिः स्वपार्षदमुख्यैः परिसेवितं विमुम् ॥ १४ ॥
भृत्यप्रसादाभिमुखं दृगासवं प्रसन्नहासारुणचारुलोचनाननम् । किरीटिनं कुण्डलिनं चतुर्भुजं पीताम्बरं वक्षांसि लक्षितं श्रिया ॥ १५ ॥
अध्यर्हणीयासनमास्थितं परं वृतं चतुःषोडशपञ्चशक्तिभिः । युक्तं भगैः स्वैरितरत्र चाध्रुवैः स्व एव धामन् रममाणमीश्वरम् ॥ १६ ॥
तद्दर्शनाह्लादपरिप्लुतान्तरो हृष्यत्तनुः प्रेमभराश्रुलोचनः । ननाम पादाम्बुजमस्य विश्वसृग् यत्पारमहंस्येन पथाऽधिगम्यते ॥ १७ ॥
तं प्रीयमाणं समुपस्थितं तदा प्रजाविसर्गे निजशासनार्हणम् । बभाष ईषत्स्मितशोचिषा गिरा प्रियः प्रियं प्रीतमनाः करे स्पृशन् ॥ १८ ॥

રાજન્ ! શ્રી વૈકુંઠનાથના સેવકો નાથના જેવા જ વિશુદ્ધ અને મેઘશ્યામવર્ણા હોય છે. સેવકોનાં કમલ સમાન કોમલ નયન છે. શ્રીઅંગો પીતાંબરથી સુશોભિત છે. રમણીય કાંતિવાળા છે, તેમનાં શ્રીઅંગો અત્યંત સુકોમલ પ્રવાલ, વૈડૂર્યમણિ અને કમળના જેવાં કોમલ બિસતન્તુ અને કમનીય કાંતિથી ભરેલાં હોય છે. એમના કર્ણોમાં કર્ણપૂર લટકતાં હોય છે અને શ્રીમસ્તકે મુકુટો શોભી રહ્યા હોય છે. (૧૧) મહાન પુરુષોના બિરાજવાથી અત્યંત સુશોભિત બનેલાં વિમાનોથી શ્રી વ્યાપિ વૈકુંઠલોકની કોઈ અલૌકિક શોભા હૃદયને આકર્ષી રહી છે. જેમ વાદળ અને વીજળીઓ આકાશને દીપાવે તેમ કમનીય કાંતિવાળી સ્ત્રીઓની કાંતિ શોભા વધારી રહી છે. (૧૨) રાજન્ ! શ્રી વ્યાપિ વૈકુંઠમાં તો ભગવતી જગજ્જનની સાક્ષાત્ શ્રી રમાદેવી સેવાપયોગી શ્રીઅંગ ધારણ કરીને વિવિધ વૈભવોથી શ્રી ઉરુગાય એટલે વિધિ-હરિ-શંભુ-શુક-સનકાદિ શ્રેષ્ઠ દેવવરોથી નિત્ય ગવાતા શ્રી વૈકુંઠનાથને અનેક પ્રકારે સેવી રહ્યાં છે અને પ્યારા પતિનું બહુમાન કરી રહ્યાં છે, પરંતુ રાજન્ ! જ્યારે પલનામાં બિરાજી પ્રિયતમા શ્રીદેવી નિજનાથનાં દિવ્યલીલાચરિતોનું ગાન કરે છે ત્યારે વસંતઋતુના ગાયક ભ્રમરો શ્રી લક્ષ્મીજીનાં ગુણગાન કરવા લાગી જાય છે. (૧૩) પરીક્ષિત રાજન્ ! ભગવદિચ્છાથી બ્રહ્માજીએ શ્રી વ્યાપિ વૈકુંઠમાં સર્વ ભક્તોના પતિ, યજ્ઞોના પતિ અને ત્રિજગત્પતિનાં દર્શન કર્યાં ત્યારે શ્રી ઠાકોરજીની નંદ-સુનંદ-પ્રબલ-અર્હણ વગેરે સોળ મુખ્ય પાર્ષદો પુરુષોત્તમની સેવા કરી રહ્યા હતા. (૧૪) રાજન્ ! નાથનાં દર્શન અત્યંત દિવ્ય હતાં. નિજ સેવકજન ઉપર નિરંતર કૃપા નીતરતી દૃષ્ટિ નિહાળી. પ્રભુની નજર અતિ માદક અને મોહક હતી. પ્રસન્નતાનું સૂચન કરતું મંદ મધુર સ્મિતવદન હતું, પ્રભુ કિરીટી હતા, કુંડલી હતા, ચતુર્ભુજ હતા, પીતાંબરધારી હતા અને વક્ષઃસ્થલમાં લક્ષ્મીજીને વાસ આપી ભક્તિનાં પોષણ કરી રહ્યા હતા. (૧૫) અત્યંત પૂજ્ય, શ્રેષ્ઠ આસન ઉપર બિરાજમાન, ચાર દળ, સોળ દળવાળા કમલ ઉપર વસેલા પાંચ શક્તિઓથી ઘેરાયાલ ગોવિંદ હતા. તો પણ નાથ તો નિજાનંદમાં વિચરતા જ હતા. બ્રહ્માજી પ્રાણ પ્યારાનાં દર્શન કરી કૃતાર્થ થયા.

હરિદર્શનથી રોમહર્ષ અને અશ્રુવર્ષા

રાજન્ ! શ્રી ઠાકોરજીનાં દર્શન થતાં જ બ્રહ્માજીનું ઉરપુર પ્રેમપુરથી ઊભરાયું, હર્ષનો અતિરેક થયો, હૃદય ભીંજાઈ ગયું. રોમરાજિ, રાજી રાજી થઈ ગઈ, આંખલડી અશ્રુવર્ષાથી છલકાવા લાગી, મુખ મલકાવા લાગ્યું, બ્રહ્મવિદ્યાના માર્ગથી સુલભ થતાં શ્રીનાથના ચરણસરોજમાં વિશ્વવિધાતા બ્રહ્માજી સાષ્ટાંગ કરતા સરી પડ્યા. (૧૬) વિશ્વ રચવામાં આ વિધાતા સર્વથા યોગ્ય છે, આજ્ઞાને માટે સર્વથા શ્રેષ્ઠ છે એવું જાણીને નિજ દર્શનથી પ્રસન્ન થયેલા બ્રહ્માજીના

કરસરોજને પોતાના કરકમલમાં ધારણ કરીને મન્દ સ્મિત હાસ્યના સુમધુર પ્રકાશથી રસવર્પા વર્પાવતી વાણીથી વાગ્પતિ વદવા લાગ્યા. (૧૮)

श्रीभगवानुवाच : त्वयाहं तोषितःसम्यग् वेदगर्भसिसृक्षया । चिरं भृतेन तपसा दुस्तोषः कूटयोगिनाम् ॥ १९ ॥
वरं वरय भद्र ते वरेशंमाभिवांछितम् । ब्रह्मन् श्रेयः परिश्रामः पुंसो मद्दर्शनावधिः ॥ २० ॥
मनीषितानुभावोऽयं मम लोलावलोकनाम् । यदुपश्रुत्य रहसि चकर्थ परमं तपः ॥ २१ ॥
प्रत्यादिष्टं मया तत्र त्वयि कर्मविमोहिते । तपो मे हृदयं साक्षादात्माहं तपसोऽनधः ॥ २२ ॥
सृजामि तपसैवेदं ग्रसामि तपसा पुनः । बिभर्मि तपसा विश्वं वीर्यं मे दुःश्चरं तपः ॥ २३ ॥

પ્રિય પરીક્ષિત્ ! પ્રિયતમ પુરુષોત્તમનાં પ્રિયવચનામૃતનાં હવે અતૃપ્ત કર્ણપુટોથી પાન કરો ! શ્રી વૈકુંઠપતિ બોલ્યા, કે હૃદયમાં અખિલ વેદોને વસાવનારા હે વેદગર્ભજી ! સૃષ્ટિનિર્માણની કામનાથી આપે સુદીર્ઘકાલ પર્યન્ત દિવ્ય તપશ્ચર્યા કરી, મને સંપૂર્ણ સંતોષનાં દાન દીધાં છે, આપનો નિઃસ્વાર્થ અને નિષ્કપટ યોગ મને વશ કરી ગયો છે. કપટી ઉપર હું કદી પ્રસન્ન થતો નથી. (૧૯) બ્રહ્મન્ ! આપનું કલ્યાણ થાઓ ! આપ અભિલષિત વરદાન માગો ! બ્રહ્મન્ ! મારું દર્શન ન થાય ત્યાં સુધી શ્રેયસ સિદ્ધિ માટે પરિશ્રમ કરવાનો રહે છે. મારું દર્શન એ જ પરિશ્રમની પૂર્ણતા અને પૂર્ણ સફળતા છે. (૨૦) બ્રહ્માજી ! આપને મારા વ્યાપિ વૈકુંઠલોકનાં જે દર્શન થયાં તેમાં આપના તપને નિમિત્ત ના ગણતા પરંતુ મારી ઈચ્છાને જ કારણ માનજો. આપે એકાંતમાં "तपस्तपः" બે વાર તપ, તપ એવું જે અવ્યક્ત વાણીમાં સાંભળેલું, પુનઃ જે તપ આદરેલું એ સર્વમાં પણ મારી ઈચ્છાનો જ પ્રતાપ જાણજો. (૨૧) હે સર્વથા નિર્દોષ બ્રહ્માજી ! જ્યારે આપ કર્તવ્યપથમાં ખૂબ મુઝાઈ ગયા ત્યારે મેં આપને તપનું સૂચન કર્યું. બ્રહ્માજી ! તપ તો મારું હૃદય છે અને હું પોતે જ તપનો આત્મા છું. (૨૨) આ વિશ્વની તપથી રચના કરું છું, તપથી રક્ષા કરું છું તપથી ધારણ કરું છું અને તપથી સમેટું છું. દુઃસહ અને કઠિન તપ જ વીર્ય છે. (૨૩)

શ્રી બ્રહ્માજીની વરયાચના

બ્રહ્માજી ! કહેવા લાગ્યા કે હે કૃપાનિધાન નાથ ! આપ સર્વ પ્રાણીઓના હૃદયઆકાશમાં બિરાજીને અકુંઠિત અને અબાધિત જ્ઞાનથી પ્રાણીમાત્રના અભિલષિત કર્તવ્યને સર્વ પ્રકારે જાણો છો. (૨૪) હે નાથ ! આપની પાસે એટલી જ યાચના કરું છું કે આપના પરસ્વરૂપને અને અપરસ્વરૂપને એટલે આપના કાર્ય-કારણ બન્ને સ્વરૂપોને સારી રીતે સમજી શકું એવી કૃપા કરો. (૨૫) નાથ ! આપ તો નીરૂપ છો તો પછી રૂપો આવ્યાં ક્યાંથી ? એ તો મને સમજાવો પ્રભુ ? પ્રભુ ! આપ તો અનેક શક્તિઓ દ્વારા વિસ્તરેલા, નજરે દેખાતા આ વિશ્વને આપની આત્મમાયાના યોગથી રચો છો, રક્ષો છો અને સમેટો છો. તેમ જ આત્માથી આત્માને ધારણ કરો છો. હે ભગવન્ ! એક કરોળિયો જેમ પોતાના મુખમાંથી તુંતુઓ પ્રકટ કરે, એના ઉપર વિહરે અને પુનઃ મુખમાં સમેટે, એ તો એમાં ફસાય ખરો પણ આપ તો સફળ સંકલ્પ છો અને અનાસક્ત રહી બ્રહ્માંડમાં રમણ કરો છો. હવે નાથ ! હે શ્રીનાથ ! હે માધવ ! હવે આપ મને પ્રથમ વરદાન આપો કે ૧ આપના વિષયમાં એટલે આપની બાબતમાં સમજી શકે તેવી મને પ્રજ્ઞા આપો, ૨ બીજા વરદાનમાં આપની ઈચ્છાનુસાર સાર જગતની રચના કરું એવી મતિ આપો, ૩ ત્રીજા વરદાનમાં આપની આજ્ઞાપાલનમાં મને આલસ્ય ના થાય; ૪ ચોથા વરદાનમાં આપની આજ્ઞાથી રચેલા આ વિશ્વમાં હું આસક્ત ના થાઉં અને આપને વિસરી ના જાઉં એવો મારા ઉપર અનુગ્રહ કરો. (૨૮) નાથ ! મિત્ર મિત્રનું કાર્ય કરે એવી રીતે મારા ઉપર કૃપા કરી હવે મને એવી શક્તિનાં દાન કરો કે હું જ્યાં સુધી સૃષ્ટિમાં પ્રજાઓની રચના કરું, પ્રજાના ભોગોના વિભાગો કરી દઉં, ત્યાં સુધી આપના કાર્યમાં સતત સાવધ રહીને સર્વ પ્રવૃત્તિ આચરું. આ સર્વ કાર્ય કરતાં કદાપિ મને હું તો અજ છું - અજન્મા છું એવો મદ ઘેરી ના વળે આટલી પણ બીજી કૃપા કરો. (૨૯) ભગવાન શ્રીહરિ કહેવા લાગ્યા કે હે બ્રહ્માજી ! હવે એકાગ્રચિત્તથી શ્રવણ કરો. હું આપને મારા પુરુષોત્તમ સ્વરૂપનું જે પરમ ગુહ્યજ્ઞાન છે તે કહીશ. જુઓ બ્રહ્માજી ! મારા

વિના કોઈને મારા પુરુષોત્તમ સ્વરૂપનું જ્ઞાન નથી, વળી એ જ્ઞાન કહેવામાં આવે તો પણ મારી કૃપા વિના તે જ્ઞાન સમજાય નહીં. જુઓ બ્રહ્માજી ! એ પુરુષોત્તમનું વિજ્ઞાન છે કે પોતે સાત્ત્વતોના પતિ છે. સાત્ત્વત શબ્દનો અર્થ થાય છે, સમર્પિત જીવો, ભગવત્પરાયણ તદીયજનો, ધર્મપરાયણજનો અને સાત્ત્વિકજનોને सात्वत् કહ્યા છે. આ સર્વના સ્વામી એ જ સાત્વતપતિ છે ભગવાન જે લક્ષ્મીજીના પતિ છે, યજ્ઞપતિ છે અને જગત્પતિ છે. ભગવાનના જ્ઞાનનું રહસ્ય ભક્તિ છે. સર્વ જીવો કરતાં ભક્તજનો પ્રભુને વધુ વહાલા છે કારણ કે ભક્તો ભગવાનનું અંગ છે. વળી પુરુષોત્તમ જ્ઞાનનું પણ અંગ છે. બ્રહ્માજી, ઉપર કહ્યા પ્રમાણેના સરહસ્ય જ્ઞાન અને રાગ સાથેના જ્ઞાનનો ઉપદેશ કરું છું તેને તમે ધારણ કરો. (૩૦) હું જેવો છું, જેટલો છું, જેવડો છું, મારા જેવા ભાવ છે, મારા જેવા ગુણો છે, મારું જેવું સ્વરૂપ છે અને મારાં જે કર્મો છે તે સર્વનું તત્ત્વવિજ્ઞાન આપને મારી કૃપાથી પ્રાપ્ત થાઓ. (૩૧)

ચતુ:શ્લોકી ભાગવત

श्रीभगवानुवाच : अहमेवासमेवाग्रे नान्यत् यत्सदसत्परम् । पश्चादहं यदेतच्च योऽवशिष्येत सोऽस्म्यहम् ।
ऋतेऽर्थं यत्प्रतीयेत न प्रतीयेत चात्मनि । तद्विद्यादात्मनो मायां यथाऽऽभासो यथा तमः ॥ ३२ ॥
यथा महान्ति भूतानि भूतेषूच्चावचेष्वनु । प्रविष्टान्यप्रविष्टानि तथा तेषु न तेष्वहम् ॥ ३३ ॥
एतावदेव जिज्ञास्यं तत्त्वजिज्ञासुनात्मनः अन्वयव्यतिरेकाभ्यां यत्स्यात्सर्वत्र सर्वदा ॥ ३४ ॥

હે બ્રહ્માજી ! હવે આપ શ્રવણ કરો ! આ સૃષ્ટિના આરંભમાં હું જ એટલે ભગવાન જ હતો. આ વિના કાર્યકારણ એવું બીજું કાંઈ ન હતું તેમ જ આ કાર્યકારણથી પર ત્રીજું પણ કોઈ તત્ત્વ ન હતું. પછીથી પણ હું જ હોઈશ. આ જે કાંઈ દેખાય છે તે પણ હું જ છું. પ્રલય પછીથી પણ જે કાંઈ શેષ રહે છે અને રહેશે તે હું ભગવાન જ હોઈશ. (૩૨) ભગવદ્રૂપપ્રપંચમાં જીવને જગદ્રૂપતા દેખાય છે તે મોહ કરનારી માયાનું જ પરિણામ છે તેથી મોહિત બનેલી મતિ પદાર્થોને ભગવદ્રૂપ ન માનતાં જગત્ગુરૂપ માને છે. માયા બે પ્રકારનો ભ્રમ પેદા કરે છે : જે વસ્તુ છે તેનો પ્રકાશ કરતી નથી અને જે નથી તે પદાર્થને બતાવે છે. તેથી બીજા શ્લોકમાં સમજાવ્યું કે જે અર્થ નથી-વસ્તુ નથી છતાં જેની પ્રતીતિ થાય છે અને આત્મામાં જે નથી દેખાતું તેને, જેમ "તમ" અને આભાસ દેખાય છે તેવી આત્માની માયા જાણો. (૩૩) જેમ મહાભૂતો પાછળથી પંચભૂતોમાં પ્રવેશ કરે છે તેમ છતાં તે ભૂતોથી બહાર પણ રહે છે. હે બ્રહ્માજી ! એવી જ રીતે હું તેમાં રહું છું છતાં નથી પણ રહેતો. (૩૪) બ્રહ્માજી ! તત્ત્વજિજ્ઞાસુએ આત્માના સંબંધમાં એટલું જ જાણવું આવશ્યક છે અને પૂર્ણ છે કે જે પદાર્થ અન્વય-વ્યતિરેકથી સર્વત્ર અને સર્વદા હોઈ શકે એને જાણવાથી જ સર્વ જણાય તે આત્મા છે. (૩૫) બ્રહ્માજી ! જો આપ આ મારા મતને પરમ સમાધિથી હૃદયમાં ધારણ કરશો તો તમે કોઈ પણ સમયે કલ્પ કે વિકલ્પમાં મોહ પામશો નહીં. (૩૬)

પ્રભુ દર્શન આપી નિજલોકમાં પધાર્યા

શ્રી શુકાચાર્ય મુનિએ કહ્યું કે રાજન્ ! આ અલૌકિક સ્વરૂપ અજન્મા ભગવાને સર્વ લોકોના નિયામક તેમ જ સત્યલોકનિવાસી બ્રહ્માજીને ઘણી સારી રીતે સમજી શકે તેવી વાણીથી ઉપદેશનાં દાન દીધાં અને બ્રહ્માજીની નજર સામે જ પોતાના અલૌકિક સ્વરૂપનું તિરોધાન કર્યું. (૩૭) ભગવાન શ્રીહરિ ઈન્દ્રિયના વિષય નથી પરંતુ ભક્તોને દિવ્ય દૃષ્ટિ આપી પોતાના સ્વરૂપનાં દર્શન કરાવે છે, તે ભગવાન શ્રીહરિને બ્રહ્માજીએ કરબદ્ધ અંજલિ પુરઃસર દંડવત્પ્રમાણ કર્યા. પછી બ્રહ્માજી સર્વભૂતમય બન્યા અને પૂર્વ કલ્પમાં જેવી સૃષ્ટિ રચી હતી તેવી જ રીતે પુનઃ આ વિશ્વની રચના કરી. (૩૮) એક દિવસ ધર્મના પતિ અને પ્રજાપતિ બ્રહ્માજી પોતાના સ્વાર્થને માટે એટલે ભગવાને કરેલા વ્રતનું પાલન કરવા પ્રજાજનનું મનમાં કલ્યાણ વિચારીને યમ અને નિયમોનું અનુષ્ઠાન કરવા લાગ્યા. (૩૯)

શ્રી બ્રહ્માજી જ્યારે વ્રતાચરણ કરી રહ્યા હતા ત્યારે પિતાની જ્ઞાન-ભક્તિ અને તપ નામની દિવ્ય વારસાસમ્પત્તિના ઉત્તરાધિકારી અને પિતાજીના અત્યંત પ્રિય અને કૃપાપાત્ર શ્રી નારદજી જિતેન્દ્રિય બની વિનય અને શીલસમ્પન્ન રહી

સેવા કરવા લાગ્યા. (૪૦) રાજન્ પરીક્ષિત ! પરમ ભગવદીય મહામુનીશ્વર શ્રી નરાદજીએ માયાપતિ ભગવાન વિષ્ણુની માયાને જાણવા માટે પોતાના પિતૃચરણ બ્રહ્માજીને પ્રસન્ન જાણીને હે રાજન્ ! આપ મને જે પ્રશ્નો પૂછી રહ્યા છો તે જ પ્રશ્નો કર્યા હતા. (૪૨) બ્રહ્માજીને પણ આ પ્રકારના જ પ્રશ્નોના ઉત્તરમાં બ્રહ્માજીની ભક્તિથી પ્રસન્ન થયેલા ભગવાને જે ઉત્તર આપી સમાધાન કર્યું હતું તે જ સર્ગ-વિસર્ગ નામના દશ પ્રકારની લીલાઓના લક્ષણવાળું ભાગવત મહાપુરાણ પ્રસન્ન હૃદયથી બ્રહ્માજીએ નારદજીને કહ્યું હતું. (૪૩) રાજર્ષિ પરીક્ષિતજી ! શ્રી નરાદજીએ શ્રી બ્રહ્માજીની કૃપાથી બ્રહ્માજીની પાસેથી મેળવેલો શ્રીમદ્ ભાગવતશાસ્ત્રનો ઉપદેશ શ્રી સરસ્વતીજીના પાવન તટ પર ભગવદ્ધ્યાનપરાયણ અપાર તેજસ્વી શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસ મુનિને કહી સંભળાવ્યો. (૪૪)

यदुताहं त्वया पृष्टो वैराजात्पुरुषादिदम् । यथासीत्तदुपाख्यास्ये प्रश्नानन्यांश्च कृत्स्नशः ॥ ४५ ॥

આપે મને કે વિરાટ પુરુષથી આ વિશ્વ કેવી રીતે થયું એ પ્રશ્ન તેમ જ બીજા અન્ય પ્રશ્નો પણ કર્યા તે બધા જ પ્રશ્નોના ઉત્તર હું આપને અનેક પ્રકારે સંતોષે તે પ્રકારે વર્ણવીશ. (૩૫)

શ્રીમદ્ ભાગવત પીયૂષના દ્વિતીય સ્કંધમાં “મનન” નામના પ્રકરણમાંનો ચતુઃશ્લોકીનું વર્ણન કરતો નવમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૧૦મો

[આ અધ્યાયમાં ૫૧ શ્લોકો છે. ઉપપત્તિ નામના પ્રકરણનો આ ત્રીજો અધ્યાય છે. આ અધ્યાયમાં સર્ગ-વિસર્ગ વગેરે દશ લક્ષણોનું સ્વરૂપ સમજાવામાં આવ્યું છે. સર્ગ વગેરે દશ પ્રકારની ભગવાનની અલૌકિક લીલાઓ ત્રીજા સ્કંધથી બારમા સ્કંધ સુધી વર્ણવાયેલ છે. ભગવાન આ દશ પ્રકારની લીલાઓના કર્તા છે અને લીલાઓનું સ્વરૂપ છે. આ લીલાઓનું શ્રવણ કરવું એ વિવેકીજનનું કર્તવ્ય છે અને વિવેકીજનના જીવનનું ફલ છે. આ દશ પ્રકારની લીલાઓથી વર્ણવાયેલા ભગવાનને સાંભળવાથી ભગવાન હૃદયમાં બિરાજે છે, ભગવાનમાં સ્નેહ થાય છે, ભગવાનનું માહાત્મ્ય સમજાય છે. માહાત્મ્ય જાણવાથી થયેલ સ્નેહને ભક્તિ કહેવાય. એ ભક્તિ એટલે જ સ્નેહપૂર્વક ભગવાનની સેવા. શ્રી શુકદેવજી પરીક્ષિત રાજાને એ વસ્તુ સમજાવે છે કે રાજન્ ! શ્રી વિદુરજીએ કેવલ ભગવાનની સર્ગ અને વિસર્ગ નામની બે જ લીલાઓનું શ્રવણ કર્યું અને ભગવાનમાં પ્રેમ થઈ ગયો અને ભગવચ્ચરણને પામ્યા. તો પછી દશ લીલાઓનું શ્રવણ કરનારને ભગવાનમાં અનન્ય અનુરાગ થઈ જાય એમાં આશ્ચર્ય શું ? તો ચાલો રાજન્ ! હવે આ અધ્યાયમાં સર્ગ-વિસર્ગ આદિ લીલાઓનાં લક્ષણ સમજાવું. આ પ્રમાણે પ્રોત્સાહન આપી કથાનો પ્રારંભ કર્યો.]

શ્રીમદ્ ભાગવતજીનું સ્વરૂપ

श्रीशुक उवाच : अत्र सर्गो विसर्गश्च स्थानं पोषणभूतयः । मन्वन्तरेशानुकथा निरोधो मुक्तिराश्रयः ॥१॥

શ્રી શુકાચાર્યચરણે કહ્યું કે, રાજન્ ! આ શ્રીમદ્ ભાગવતજીમાં ૩જા સ્કંધથી આરંભીને ૧૨મા સ્કંધ પર્યન્ત શ્રીહરિની સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, વાસના, મન્વન્તર, ઈશાનુકથા, નિરોધ, મુક્તિ, આશ્રય નામની દશ લીલાઓનું વર્ણન કરવામાં આવેલ છે. (૧) આ દશ પ્રકારની લીલામાં આશ્રય નામની દશમી લીલા છે. આ આશ્રય નામની લીલાના વાસ્તવિક જ્ઞાન માટે નવ લીલાઓનાં લક્ષણો કહેવામાં આવ્યાં છે, મનીષીજનોએ-બુદ્ધિસમ્પન્ન મહાત્માઓએ શ્રુતિથી અને અર્થથી સરલતાથી આમ સમજાવ્યું છે. (૨) સર્ગલીલા-પંચમહાભૂતો એટલે પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ પાંચ વિષયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, ચાર અન્તઃકરણ એટલે મનઃ, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર મળીને ૫ + ૫ + ૫ + ૫ + ૪ = ૨૪ તત્ત્વો થયાં એ ચોવીસના જન્મનું નામ “સર્ગ” કહેવામાં આવેલ છે. આ ચોવીસમાં સત્ત્વ-રજસ્-તમસ્ એ ત્રણે ગુણો પણ આવશે. કારણ કે જ્યારે આ ત્રણ ગુણો ઓછાવત્તાપણામાં મળે ત્યારે જ સૃષ્ટિ વગેરે થશે. વળી આ ત્રણે ગુણોનું કારણ બ્રહ્મ છે એટલે ૨૪ + ૩ + ૧ મળીને ૨૮ તત્ત્વોની સૃષ્ટિનું નામ “સર્ગ” થયું. આ સર્ગ પ્રત્યેકનો થાય છે અને સમૂહનો પણ થાય છે એટલે ૨૮ + ૨ તે ૩૦ પ્રકારનો થયો. આ ૩૦માં ગુણોની ત્રણ પ્રકારની વિષમતા ઉમેરીએ એટલે ૩૦ + ૩ મળીને કુલ “૩૩” થયા. આ ૩૩નો સર્ગ એનું નામ સર્ગલીલા, અને એ ત્રીજો સ્કંધ, અને એના ૩૩ અધ્યાય છે. સંક્ષેપમાં ત્રણ ગુણો, મહાન અહંકાર અને પ્રકૃતિ આ સર્વનો પરબ્રહ્મ-ભગવાનથી વિરાટસ્વરૂપે જે જન્મ થયો તેને સર્ગ કહ્યો. ભાગવતજીના મત પ્રમાણે પુરુષ વિનાના

વિષ્ણુએ પુરુષ શરીરનો સ્વીકાર કર્યો તેને સર્ગ કહેવાય.

વિસર્ગ, પુરુષથી, બ્રહ્માથી જ સૃષ્ટિ થાય તેને વિસર્ગ કહેવાય છે. શ્રી ભાગવતજીના મત પ્રમાણે પુરુષ બ્રહ્માદિ દેવોની ઉત્પત્તિને વિસર્ગ કહેવામાં આવે છે. આ વિસર્ગલીલા એ ચતુર્થ સ્કંધ છે. સ્થિતિલીલા-ભગવાનના વિજયનું નામ સ્થિતિલીલા છે. સ્થિતિનું નામ સ્થાન છે. સર્વ લોકોના જીવોનાં નિવાસસ્થાનને "સ્થિતિ" શબ્દથી ઓળખાવાય છે. સ્થિતિલીલા પંચમ સ્કંધનું નામ છે. પોષણલીલા, ષષ્ઠસ્કંધની સંજ્ઞા "પુષ્ટિ" લીલા છે. પુષ્ટિ એટલે જીવો ઉપરના ભગવાનના અનુગ્રહનું નામ પોષણ એટલે પુષ્ટિ છે. ઊતિલીલા–કર્મની વાસનાઓને ઊતિલીલા કહેવામાં આવેલ છે. ઊતિલીલા સપ્તમસ્કંધનું નામ છે.

મન્વંતરલીલા-ચૌદ મન્વતરોનાં અને મન્વતરોમાં ભગવદવતારોની કથા અને સદ્ધર્મોની કથા આવે છે માટે "સદ્ધર્મોને" મન્વંતર કહેવામાં આવ્યા છે. મન્વંતર લીલા અષ્ટમસ્કંધમાં છે.

ઈશાનુકથા ભગવાનના અવતાર વગેરેનાં ચરિત્રો અને ભગવદીયોનાં ચરિત્તામૃતને ઈશાનુકથા કહ્યાં છે. આ ઈશાનુકથા ભાગવતજીનો નવમસ્કંધ'છે એના ૨૪ અધ્યાય છે.

નિરોધલીલા-પોતાની શક્તિઓ સાથે ભગવાનનું શયન એને નિરોધલીલા કહેલ છે. ભગવાન પ્રથમ શક્તિઓને સુવરાવે છે, ત્યાર બાદ એના ભોગને માટે પાછળ પોતે શયન કરે છે. નિરોધલીલા દશમ સ્કંધ છે.

મુક્તિલીલા-તત્ત્વોના વગેરેના લીધેલા સ્વરૂપોનો ત્યાગ કરીને પોતાના મૂળ સ્વરૂપનો સ્વીકાર કરવો એનું નામ મુક્તિલીલા છે. મુક્તિલીલાલ એકાદશસ્કંધનું નામ છે. એના અધ્યાય ૩૧ છે.

આશ્રયલીલા - ઉત્પત્તિ અને પ્રલય જેનાથી થાય છે, વળી જેનાથી પ્રકાશે છે તે આશ્રય. એ જ પરબ્રહ્મ છે અને એ જ પરમાત્મા નામથી ઓળખાય છે. આ દશ પ્રકારની લીલાનું નિરૂપણ શ્રી શુકદેવજી મહારાજ મૂલ શ્લોકોમાં લક્ષણ સાથે પરીક્ષિત રાજાને સંભળાવે છે કે -

भूतमात्रेन्द्रियधियां जन्म सर्ग उदाहृतः । ब्रह्मणो गुणवैषम्यात् निसर्गः पौरुषः स्मृतः ।। ३ ।।
स्थितिर्वैकुण्ठविजयः पोषणं तदनुग्रह । मन्वन्तराणि सद्धर्मः ऊतयः कर्मवासना, ।। ४ ।।
अवतारानुचरितं हरेश्चास्यानुवर्तिनाम् । पुंसामीशकथाः प्रोक्ता नानाख्यानोपबृंहिताः ।। ५ ।।
निरोधोऽस्यानुशयनमात्मनः सह शक्तिभिः । मुक्तिर्हित्वाऽन्यथारूपं स्वरूपेण व्यवस्थितिः ।। ६ ।।
आभासश्चनिरोधश्च यतश्चाध्यवसीयते । स आश्रयः परं ब्रह्म परमात्मेति शब्द्यते ।। ७ ।।

જે આધ્યાત્મિક પુરુષ છે એ જ ચક્ષુ આદિ ઈન્દ્રિયોના અભિમાની જીવ છે. અને એ જ જીવ આધિદૈવ છે તેમ જ ચક્ષુ-શ્રોત્ર વગેરે ઈન્દ્રિયોના સૂર્ય-ચન્દ્ર આદિ દેવોના નિયામક છે. એ બન્નેનો વિભેદ કરનાર એ આધિભૌતિક દેહસ્થિત ગોલકાદિરૂપ એ આધિભૌતિક છે. અને એને લીધે આધ્યાત્મિકાદી બે ભેદ થાય છે. (૮) એ ત્રણમાં બેમાંથી એક ન હોય તો એ જણાતા નથી. જેમ કે આધિદેવ વિના આધિભૂત અને આધ્યાત્મિક બન્ને નકામાં છે; કારણ કે વિના દેવ ભૂત નકામાં છે, આને જે જાણે એ સ્વાશ્રયવાળો આશ્રય સમજવો. (૯)

નારાયણનો આવિર્ભાવ

જ્યારે વિરાટ પુરુષ મહાન અંડને ભેદીને બહાર પધાર્યા ત્યારે પોતાને રહેવા માટે સ્થાન જોઈએ એવો વિચાર થયો ત્યારે પોતે પવિત્ર થઈને પોતે જ જલને ઉત્પન્ન કર્યું. (૧૦) ત્યાર પછી પોતે જ રમેલા જલમાં જ પોતે હજારો વર્ષ પર્યંત બિરાજ્યા, તેથી આપનું નામ "નારાયણ" થયું. કારણ કે "નર" થી જે ઉત્પન્ન થયેલ તેને "નાર" કહેવામાં આવે છે. નરમાંથી જલ ઉત્પન્ન થયું માટે તે જલનું નામ "નાર" પડ્યું. હવે એ "નાર" છે એટલે જે જલ છે તે જલ જે પુરુષનું અયન-નિવાસસ્થાન થયું તેથી તો જલનિવાસી ભગવાન "નારાયણ" છે. કારણ કે પુરુષથી પ્રથમ જલ થયું હતું. (૧૧) જો નારાયણ ભગવાન કૃપા કરી સૃષ્ટિ રચવા વિચારે તો તેમનામાંથી દ્રવ્ય, કાલ, કર્મ, સ્વભાવ, જીવ આ પાંચ તત્ત્વો ઉત્પન્ન

થાય. પરંતુ જો નારાયણ આત્મરત રહી કોઈ પણ સર્જન કરવા ના વિચારે તો તે પાંચ તત્ત્વો ઉત્પન્ન ના થાય. (૧૨)

શ્રી નારાયણનો મનોરથ

શ્રી શુકાચાર્યજી આગળ વધી કહેવા લાગ્યા કે રાજન્ ! શ્રુતિ ભગવતી બોલ્યાં કે **सोऽकामयत** તે ભગવાન નારાયણ ભગવાન એક વાર પોતાની યોગ શય્યામાં જાગ્રત થઈ બિરાજમાન હતા ત્યારે મનમાં એક મનોરથ જાગ્યો કે હું "એક અનેક સ્વરૂપ બનું" આ ભાવના થતાં જ પોતાની યોગમાયા નામની શક્તિમાં પોતાના સુવર્ણમય તેજને ત્રણ પ્રકારે સ્થાપ્યું. (૧૩) રાજન્ આ વિરાટ પુરુષનું તે હિરણ્યમય તેજ એટલે સુવર્ણમય વીર્ય આધિદૈવ, આધ્યાત્મ અને આધિભૂત "એવા ત્રણ પ્રકારોથી ત્રણ ભાગે કેવી રીતે વહેંચાયું એ વિષય સમજાવું છું. રાજન્ ! સ્વસ્થચિત્તે શ્રવણ કરો. (૧૪) જ્યારે પુરુષ ચેષ્ટા કરવા લાગ્યા ત્યારે પોતાના શરીરની અંદર વસેલા આકાશતત્ત્વમાંથી **ओजस्** ઓજસ્ તત્ત્વ, **सहः** સહસ્ તત્ત્વ અને **बलम्** બલ નામનાં ત્રણ તત્ત્વો થયાં. આ ત્રણ પદાર્થો થયા પછી પ્રાણ થયો અને એ પ્રાણને મહાન કહ્યો અથવા તે પ્રાણ મહાન થયો. ઈન્દ્રિયોમાં રહેલ શ્રવણ કરવું ઈત્યાદિ જે સામર્થ્ય છે તેને "ઓજસ્" કહેવામાં આવે છે અને મનમાં વસેલા સામર્થ્યને સહસ્ કહેવામાં આવે છે, જ્યારે શરીરમાં રહેલા સામર્થ્યને "બલ" કહેવામાં આવે છે. (૧૫) રાજન્ જેમ કોઈ એક નૃપતિ નિજ નૃપનિવાસમાંથી પ્રસ્થાન કરે કે ક્રિયા કરવા લાગે કે તરત જ તેનો અનુચર વર્ગ ક્રિયારત થઈ જાય છે તે જ પ્રકારે વિરાજ પુરુષ ક્રિયાશીલ બને, અને ઈન્દ્રિયો ક્રિયાશીલ બને છે ત્યાં જ જગતની ઈન્દ્રિયો પણ ક્રિયારત થાય છે. જ્યારે વિરાજ પુરુષની ઈન્દ્રિયો વિરામ પામે કે તરત જ જગતની ઈન્દ્રિયો પણ ઉપરામ પામી જાય છે. (૧૬)

मुखं निरभिद्यत-રાજન્ ! પ્રાણ તત્ત્વે જ્યારે શરીરની અંદર રહેલા મળને આમતેમ ફેંકવાનું કાર્ય આરંભ્યું કે તરત જ અંદરથી ક્ષુધા તેમ જ તૃપા જાગ્યાં. જ્યારે તે પુરુષને જલપાન અને ભોજન કરવાની વૃત્તિ થઈ ત્યારે સૌથી પ્રથમ "મુખ" થયું. મુખમાં તાલુપ્રદેશ થયો તેમાં જિહ્વા પ્રક્ટી,ત્યાર બાદ અનેક રસો થયા અને જિહ્વા તે રસોને જાણી શકે છે.(૧૭-૧૮)

विवक्षोः - રાજન્ ! જ્યારે પુરુષ ભગવાનને બોલવાની ઈચ્છા થઈ ત્યારે મુખમાં અગ્નિદેવ પ્રક્ટ થયા. **वाक्** નામની ઈન્દ્રિય થઈ. અને "બોલવું" એ ઈન્દ્રિયનો વિષય થયો. તે પહેલાં ઘણો સમય તે જલમાં રહ્યા છતાં બોલી શક્યા ન હતા. (૧૯)

नासिके- રાજન્ ! જ્યારે વાયુ વધવા લાગ્યો ત્યારે બે નાસિકા પ્રક્ટ થઈ. તે નાસિકામાં ગંધને વહન કરનાર વાયુ થયો. ગંધ ગ્રહણ કરવા માટે "ઘ્રાણ" ઈન્દ્રિય થઈ અને ગંધ એનો વિષય થયો. (૨૦)

अक्षिणी - રાજન્ ! જ્યારે પુરુષને જોવાની ભાવના થઈ ત્યારે પ્રથમ બે નેત્રો બન્યાં. ચક્ષુ નામની ઈન્દ્રિય થઈ અને સૂર્ય અને ચન્દ્ર નામના બે દેવતા થયા. રૂપ ચક્ષુઈન્દ્રિયનો વિષય થયો. (૨૧)

कर्णौ - રાજન્ જ્યારે પુરુષને ઋષિવરોના મુખકમલમાંથી પ્રક્ટ થતી સામગાનાદિની સ્તુતિઓનું શ્રવણ કરવાનું મન થયું ત્યારે પ્રથમ બે કર્ણદ્વારો બન્યાં. તેમાં "શ્રોત્ર" નામની ઈન્દ્રિય થઈ અને દિશા નામના દેવતાઓ થયા, વળી શ્રવણ નામનો વિષય થયો. (૨૨)

त्वक् निर्मिन्ना – જ્યારે પુરુષને પદાર્થોની કોમલતા, કઠોરતા, લઘુતા, ગુરુતા, શીતલતા, ઉષ્ણતા આદિ જાણવાની ભાવના થઈ ત્યારે વિરાટ પુરુષને પ્રથમ ત્વચા-ચામડી થઈ અને તેમાં "લોમ" નામની ત્વક્ નામની ઈન્દ્રિય બની. વૃક્ષો-વનસ્પતિ નામની દેવતા થઈ. આ "ત્વક્' નામની જે ઈન્દ્રિય છે તેની અંદર અને બહાર વાયુ દેવતા રહેલ છે. તેના દ્વારા પદાર્થની મૃદુતા વગેરે ધર્મોનું જ્ઞાન થાય છે. (૨૩)

हस्तौ જ્યારે વિરાજ પુરુષને ક્રિયા કરવાની વૃત્તિ થઈ આવી ત્યારે વિરાટ દેહમાંથી બે હાથ પ્રક્ટ થયા. આ બન્ને હાથના અત્યંત બલિષ્ઠ ઈન્દ્રદેવ થયા. વસ્તુને-પદાર્થને પકડવો એ બે હસ્તનો વિષય થયો. (૨૪)

पादौ – જ્યારે વિરાટ પુરુષને ચાલવાની વૃત્તિ થઈ આવી અને જ્યાં ઈચ્છા થાય પહોંચવાની ભાવના થઈ ત્યારે વિરાજ દેહને બે ચરણ પ્રકટ્યાં. શ્રી વિષ્ણુ ભગવાન દેવતા થયા. ગમન વિષય થયો. યજ્ઞ પ્રભુ મનુષ્યોના પગથી ચાલવાની ક્રિયા દ્વારા દ્રવ્યો, સમિધો આદિ પદાર્થોને લાવવા લાગ્યા. (૨૫)

प्रजानन्द – વિરાટ પુરુષની ભાવના થઈ કે પ્રજાની પ્રાપ્તિ થાય અને આનન્દરૂપ અમૃતની પ્રાપ્તિ થાય ત્યારે શિશ્ન નામના અંગની ઉત્પત્તિ થઈ. શિશ્નનું બીજું નામ જનનેન્દ્રિય છે. આ શિશ્નમાં ઉપસ્થ નામની ઈન્દ્રિયે પ્રવેશ કર્યો. પ્રજાપતિ એ ઈન્દ્રિયના દેવતા થયા. કામ - વિષયનું સુખ પ્રજાપતિ દેવતા અને ઉપસ્થ ઈન્દ્રિયને આધીન રહેલું છે. (૨૬)

उत्सिसृक्षोः – ધાતુઓના મળને દેહમાંથી બહાર ત્યજવાની વૃત્તિ થઈ ત્યારે ગુદા નામનું દ્વાર બન્યું, તેમાં "વાયુ" નામની ઈન્દ્રિયનો પ્રવેશ થયો, મિત્ર એના અધિષ્ઠાતા દેવ થયા. વાયુ નામની ઈન્દ્રિય અને મિત્ર નામના દેવતા બન્ને મળીને મલને બહાર કાઢવાનું કાર્ય કરે છે. (૨૭)

आसिसृक्षोः – આ દેહનો ત્યાગ કરીને અપાન દ્વારા અન્ય શરીરમાં પ્રવેશ કરવાની વૃત્તિ થઈ ત્યારે "નાભિદ્વાર" પ્રકટ થયું. એમાંથી અપાનવાયુ અને મૃત્યુ નામના દેવતા થયા. આ બન્નેના આશ્રયથી પ્રાણ અને અપાન બન્ને વિખૂટા પડે છે એને મૃત્યુ કહેવાય છે. (૨૮)

आदित्सोः – વિરાજ પુરુષની ભોજન કરવાની અને જલપાન કરવાની વાંછા થઈ ત્યારે કૂખ આંતરડાંની અને નાડીઓની ઉત્પત્તિ થઈ. સરિતા, સાગર, સરોવરો એના દેવ થયા. તૃષ્ટિ એટલે સંતોષ, પુષ્ટિ એટલે પોષણ એ બે એનાં કાર્ય થયાં, એટલે વિષયો થયા. (૨૯)

निदिध्यासोः – પોતાની માયાનું જ્યારે વિરાજે ધ્યાન કર્યું ત્યારે પ્રથમ હૃદય પ્રકટ્યું, ત્યાર બાદ મનની અને ચન્દ્રની ઉત્પત્તિ થઈ પુનઃ મનમાંથી સંકલ્પ થયો. (૩૦)

सप्त धातवःત્વક્ એટલે અંદરની ચામડી અને ચર્મ એટલે બહારની ચામડી, માંસ, રુધિર, મેદ, મજ્જા અને અસ્થિ નામની સપ્ત ધાતુઓ ભૂમિ, જલ અને તેજોમય છે, જ્યારે "પ્રાણ" આકાશ, વાયુ અને જલમાંથી થયેલ છે તે જલમય છે. (૩૧)

गुणात्मकानि - સર્વ-ઈન્દ્રિયો તો ત્રિગુણાત્મક છે, ગુણોની ઉત્પત્તિ અહંકારમાંથી થયેલ છે, મન સર્વ વિકારાત્મક છે અને બુદ્ધિ વિજ્ઞાનમયી છે. (૩૨) ભગવાનના વિરાટ સ્વરૂપનું નિરૂપણ કરી પ્રસંગ સમાપ્ત કરતાં શ્રી શુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! ઉપરના ૮મા શ્લોકથી ૩૨મા શ્લોક પર્યન્ત જે સ્વરૂપનું વર્ણન કર્યું છે તે ભગવાનના સ્થૂલ સ્વરૂપને "પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, અહંકાર, મહત્તત્ત્વ-પ્રકૃતિ" આ આઠ વસ્તુનાં આવરણ છે. (૩૩)

ભગવાનનું સૂક્ષ્મ રૂપ

રાજન્ ! મેં આપને ભગવાનના સ્થૂલ સ્વરૂપનું વર્ણન કરી સંભળાવ્યું. આ સ્વરૂપથી એક બીજું પણ ભગવાનનું સૂક્ષ્મ સ્વરૂપ છે, તે તો અત્યંત સૂક્ષ્મ છે. તે વ્યક્ત દેખાતું નથી તેથી તેને અવ્યક્ત સ્વરૂપ કહ્યું છે. એ સ્વરૂપને કોઈ વિશેષણ આપી અલગ પાડી શકાતું નથી. આ સ્વરૂપ આદિ, મધ્ય અને અન્ત વિનાનું છે એ નિત્ય છે. મન અને વાણીથી પર છે. (૩૪) રાજન્ ! જે વિદ્વાન લોકો છે તે તો મેં જે આ સ્વરૂપો સમજાવ્યાં તે બન્નેને માયાથી રચેલાં છે એમ માનીને તેનું ગ્રહણ કરતા નથી. રાજન્ ! એ ભગવાન અનાથ અને અરૂપ હતા તે વાચ્ય અને વાચક બન્યા. એ નામ, રૂપ અને ક્રિયાઓને ધારણ કરે છે. એ સકર્મક અને અકર્મક અને સર્વના નિયામક છે અને એનાથી જુદા પણ થાય છે. (૩૬)

ભગવાન સૃષ્ટિરચના માટે ત્રણ ગુણો ધારણ કરે છે

પ્રજાપતિઓ-મનુઓ-દેવો-ઋષિઓ-પિતૃગણો-સિદ્ધો-ચારણો-ગન્ધર્વો-વિદ્યાધરો-દેવતાઓ-ગુહ્યકો-કિન્નરો-અપ્સરાઓ-નાગો-સર્પો તેમ જ કિંપુરુષોને પણ, માતૃકાઓ-રાક્ષસો-પિશાચોને પણ, પ્રેતજનો-ભૂતો-વિનાયકો (૩૭-૩૮) કૂષ્માંડ-ઉન્માદ-વેતાલ-યાતુધાન-ગ્રહો-ખગો-મૃગો-પશુઓ-વૃક્ષો-પર્વતો-પેટ ઘસીને ચાલનારાં પ્રાણી-સ્થાવર અને જંગમ પદાર્થો, જરાયુજ-અંડજ-સ્વેદજ-ઉદ્ભિજ્જ આ ચાર પ્રકારની જાતિઓ, જલચર-સ્થલચર-નભચર પ્રાણીઓને માટે ભગવાન ત્રણ

ગુણોને ધારણ કરે છે. (૩૯)

ત્રિવિધ કર્મગતિ

રાજન્ ! કર્મની ગતિ પણ ત્રણ પ્રકારની છે. કુશળ-અકુશળ અને મિશ્ર એવી એની ત્રણ સંજ્ઞા છે. સત્ત્વગુણના પ્રધાનપણાથી દેવોની, રજોગુણના પ્રધાનપણાથી મનુષ્યની અને તમોગુણના મુખ્યપણાથી નારકી યોનિ મળે છે. પશુઓની યોનિ નારકી યોનિ ગણાય છે. ૪૦ સત્ત્વાદિ ત્રણ ગુણોમાંથી જ્યારે કોઈ પણ એક ગુણ પ્રધાન બને અને બીજા ગુણો ગૌણ બને છે ત્યારે, એટલે બે ગુણોથી દબાય છે ત્યારે, દરેક ગતિના બીજા ત્રણ ત્રણ ભેદો થઈ જાય છે. રાજન્ ! એ ત્રણ પ્રકારની ગતિ પણ અનેક ભેદવાળી થાય છે. પરંતુ જ્યારે એકબીજા બેથી દબાવાય છે ત્યારે તેમાંથી કરોડો ભેદ થાય છે. સત્વનો રજોગુણ, તમોગુણ જેમ પરાજય કરે તો એના અનેક ભેદો થાય તેમ આ ભેદો છે. (૪૧)

પોષણ માટે પ્રભુનું અવતરણ

स एवेदं जगद्धाता भगवान् धर्मरूपधृक् । पुष्णाति स्थापयनविश्वं तिर्यऽनरसुरात्मभिः ॥ ४२ ॥

રાજન્ ! ઉપર જે ભગવાનનો મહિમા ગાયો તે જ ભગવાન ધર્મના રૂપને ધારણ કરનાર છે, જગતની રચના કરનાર છે, રચેલા જગતનું નિત્ય પાલન કરનાર છે - પોષણ કરનાર છે - આ માટે જ મત્સ્ય વગેરે સ્વરૂપે જલચરયોનિમાં, રઘુવર વર તરીકે નરવર યોનિમાં અને શ્રી વામનસ્વરૂપે દેવવર યોનિમાં અવતરે છે. (૪૨) જ્યારે વિશ્વનો ઉપસંહાર કરવાનું જણાય ત્યારે કાલાત્મક ભગવાન સ્વયં અગ્નિરૂપ રુદ્રસ્વરૂપનો સ્વીકાર કરીને પોતાના રચેલા જગતનો નાશ પણ કરે છે. આ કાર્ય તો જેમ આકાશમાં વસેલાં વાદળોને પવન અનાયાસે પળવારમાં વિખેરી નાખે છે એવી જ રીતે વિના આયાસે કરી દે છે. (૪૩)

इत्थं भावेन कथितो भगवान् भगवत्तमाः । नेत्थं भावेन हि परं द्रष्टुमकृन्ति सूरयः ॥ ४४ ॥

શ્રી સૂત મહર્ષિએ શૌનકાદિ મુનિવરોને નિવેદન કર્યું કે હે પરમ ભવદીય ઋષિવરો ! શ્રી શુકાચાર્ય મુનિએ ! પરીક્ષિત રાજાને સમજાવવા માટે આ પ્રમાણે વર્ણવ્યા. પરંતુ સૂરિજનો એટલે જે વિદ્વાન લોકો છે તેઓ ભગવાનને આ પ્રકારે સમજવા માટે યોગ્ય નથી. તેઓ માટે તો ભગવાન અવતાર લઈ કર્મ કરે છે, એ તો માત્ર અનુવાદ છે અને એવું વિધાન પણ ભગવાનના કર્તાપણાના નિષેધ માટે છે. ભગવાનમાં કર્તૃત્વ તો માયાનું આરોપિત છે. (૪૫)

કલ્પોની વ્યવસ્થા અને પરિચય

अयं तु ब्रह्मणः कल्पः सविकल्प उदाहृतः । विधिः साधारणो यत्र सर्गाः प्राकृतवैकृताः ॥ ४६ ॥

હે મુનિવરો ! શ્રી શુકદેવજીએ જે વર્ણવેલો છે તે આ બ્રહ્મ નામનો જે કલ્પ છે તે વિકલ્પ સાથે વર્ણવ્યો. આને "બ્રહ્મકલ્પ" અથવા "બ્રાહ્મકલ્પ" કહેવામાં આવે છે. આ બ્રાહ્મકલ્પમાં "પ્રાકૃત સર્ગ" અને "વૈકૃત સર્ગ" નામના બે પ્રકારના સર્ગો થાય છે. ચાલુ કલ્પમાં જે અવાંતર "કલ્પ" થાય છે તેને વિકલ્પ કહેવામાં આવે છે. "બ્રહ્મકલ્પ" એ મહાકલ્પ છે. મહાકલ્પમાં પ્રાકૃત સર્ગાદિ થાય છે. અવાંતરમાં વૈકૃત સર્ગાદિ થાય છે અને એ ઉત્પત્તિનો પ્રકાર પણ અન્ય જેવો સર્વસામાન્ય છે. (૪૬) હે મુનિવરો ! વર્તમાનમાં તો પ્રાદ્મકલ્પનું શ્રવણ કરો છો. તૃતીય સ્કંધમાં જ્યારે "કાલની" ચર્ચા આવશે ત્યારે કાળનું લક્ષણ, કાળનું પરિમાણ એટલે માપ, વળી કલ્પનું સ્વરૂપ અને પરિમાણ કહેવામાં આવશે. (૪૭)

शौनक उवाचः यदाह भगवान् सूत क्षत्ता भागवतोत्तमः । चचार तीर्थानि भुवस्त्यक्त्वा बन्धून् सुदुस्त्यजान् ॥ ४८ ॥

कुत्र कौषारवेस्तस्य संवादोऽध्यात्मसंश्रितः । यद्वा स भगवांस्तस्मै पृष्टस्तत्त्वमुवाच ह ॥ ४९ ॥

ब्रूहि नस्तदिदिं सौम्य विदुरस्य विवेष्टितम् । बन्धुत्यागनिमितं च तथैवागतवान् पुनः ॥ ५० ॥

મહર્ષિ શૌનક વિનમ્રભાવે સૂત મુનિને વિનવતા કહેવા લાગ્યા કે મહારાજ સૂત ! આપશ્રીએ આગળ એ વાત અમને કહી હતી કે પૂર્ણપરિશ્રમ કરતાં પણ કુટુંબજનને ત્યજવા અતિ કઠિન છે તો પણ પરમ ભગવદીય જિતેન્દ્રિય શ્રી વિદુરજી પોતાના બન્ધુજનોને ત્યજીને ભૂતલ ઉપરનાં તીર્થોના પરિક્રમણ માટે વિચરણ કરવા લાગ્યા. (૪૮) તેઓશ્રીના

આ યાત્રા- વિચરણમાં શ્રી કુષારુમુનિવરના પુત્રશ્રી મૈત્રેયમહર્ષિ સાથે અધ્યાત્મતત્ત્વ ચિંતન ભરેલો ભગવદ્ ગુણાનુવાદ કથાક્ષેત્રમાં થયો. અને વળી ભક્તવર શ્રી વિદુરજીના પૂછવાથી મૈત્રેય ભગવાને સંત વિદુરજીને કથાતત્ત્વનો ઉપદેશ કર્યો ? પ્રભો ! એ પણ કહો. (૪૯) હે સૌમ્ય ! હે અતિ કોમલ સ્વભાવવાળા સૂતમુનિ ! આપ અમને કૃપા કરીને શ્રી વિદુરજીના ચરિતામૃતનાં પાન કરાવો. એવો ક્યો પ્રસંગ આવ્યો કે સંતવર વિદુરજીને પોતાના બંધુઓનો ત્યાગ કરવો પડ્યો ! અને વળી ત્યાગ પછી પાછા હસ્તિનાપુર પણ પધાર્યાં એનું પણ શું કારણ ? (૫૦)

सूत उवाच : राज्ञा परीक्षिता पृष्टो यदवोचन्महामुनिः । यद्वोऽमिधास्ये शृणुत राज्ञः प्रश्नानुसारतः ।। ५१ ।।

શ્રી સૂતમુનિવર કહેવા લાગ્યા કે ઋષિવર શૌનક ! રાજા પરીક્ષિતજીએ પણ આ પ્રકારે જ શ્રી શુકાચાર્ય સન્મુખ પ્રશ્ન કરેલો અને મુનિવર શ્રી શુકજીએ જે પ્રત્યુત્તર વાળ્યો હતો, હું આપને તે જ વાત કહીશ તો આપ સાવધાનીથી સાંભળો. (૫૧)

શ્રીમદ્ ભાગવત પીયૂપના દ્વિતીય સ્કંધમાંના મનન નામના તૃતીય પ્રકરણમાં પુરાણ વગેરેનું લક્ષણ વર્ણન કરતો અધ્યાય ૧૦મો સમાપ્ત

દ્વિતીય સ્કંધ સંપૂર્ણ

શ્રી હરિઃ

શ્રીમદ્ ભાગવતપીયૂષ

અથ તૃતીય : સ્કંધ

અધ્યાય ૩૩ : સર્ગલીલા શ્રીનાથજી ભગવાનનો દક્ષિણ કર

[આપણા કરુણાનિધાન આચાર્યચરણ શ્રીમહાપ્રભુજીએ સ્પષ્ટ સમજાવ્યું છે કે શ્રીમદ્ ભાગવત ભગવાન શ્રીકૃષ્ણનું નામસ્વરૂપ છે. આ નામસ્વરૂપને જ શ્રીજીબાવાનું વાઙ્મય સ્વરૂપ કહેલ છે. હવે ભગવાનના આ નામાત્મક સ્વરૂપનો ત્રીજો સ્કંધ પ્રારંભાય છે. ઓગણીસ અધ્યાયના પ્રથમ સ્કંધમાં શ્રોતા અને વક્તાઓનો અધિકાર વર્ણવ્યો છે. એ પ્રથમ સ્કંધ ભગવાનનો દક્ષિણ ચરણારવિંદ છે. દશ અધ્યાયના દ્વિતીય સ્કંધમાં "સાધનલીલા"નું વર્ણન કરવામાં આવ્યું છે. આપણે એવા ક્યા સાધનનું શ્રવણ કરવું જોઈએ, તેમ જ એવા ક્યા સાધનનું કીર્તન કરવું જોઈએ કે જેના શ્રવણ-કીર્તનથી આપણે ભગવાનનો મહિમા જાણીએ અને ભગવાનમાં પ્રેમવાળા થઈએ, એવું વર્ણન બીજા સ્કંધમાં કરવામાં આવ્યું છે. આ બીજો સ્કંધ ભગવાનનો "વામચરણ કમલ" છે. આ દ્વિતીય સ્કંધમાં સમજાવ્યું છે કે (૧) સર્ગ, (૨) વિસર્ગ, (૩) સ્થિતિ, (૪) પુષ્ટિ, (૫) વાસના-ઊતિ, (૬) મન્વંતર, (૭) ઈશાનુકથા, (૮) નિરોધ, (૯) મુક્તિ અને (૧૦) આશ્રય આ નામની ભગવાનની દશ લીલાઓનું જો આપણે શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરીએ તો અવશ્ય ભગવાનનો મહિમા જાણવાથી ભગવાનમાં સ્નેહ થશે જ. એ જ પ્રમાણે બીજા સ્કંધના પ્રતિપાદન પ્રમાણે. હવે આપણે "ત્રીજા સ્કંધથી આરંભી બારમા સ્કંધ" પર્યન્ત ભગવાનની દશ લીલાઓનું શ્રવણ કરીશું. આ દશ લીલાઓના શ્રવણમાં પ્રથમ લીલાનું નામ "સર્ગલીલા" છે અને આ સર્ગલીલા ત્રીજા સ્કંધમાં તેત્રીસ અધ્યાયોમાં વર્ણવી છે તેનું સ્વરૂપ પ્રથમ જાણીએ. આ ત્રીજો સ્કંધ શ્રીનાથજી બાવાનો "દક્ષિણ કરકમલ" છે તેમ જ ત્રીજા સ્કંધનું નામ "સર્ગ" છે]

આ સર્ગ શબ્દનો (૧) "સૃષ્ટિ રચવી જગત બનાવવું" એવો એક અર્થ થાય છે. તેમ જ (૨) આ રચેલા સમસ્ત બ્રહ્માંડનું નામ પણ સર્ગ કહેવાય છે એવો બીજો અર્થ થાય છે. તાત્પર્ય એવું થયું કે આ બ્રહ્માંડને રચવાની જે ક્રિયા કરી તે ક્રિયાનું નામ સર્ગ; તેમ જ આ રચેલા બ્રહ્માંડનું નામ પણ "સર્ગ" એવો ભાવ થયો. આપણી નજરે જોઈ શકીએ છીએ કે કોઈ પણ નાનીમોટી ક્રિયા બે હાથથી જ થાય છે. ભગવાને આ બ્રહ્માંડને પણ પોતાના કરકમલથી જ રચ્યું છે. ભગવાનના કરકમલોનું નામ દેવો અને તત્ત્વો છે. આ દેવો તેમ જ તત્ત્વો પણ તેત્રીશ છે એવું શ્રુતિમાં વર્ણવ્યું છે; માટે જ આ સ્કંધના તેત્રીસ અધ્યાયો છે. શ્રુતિની આજ્ઞા છે કે અષ્ટવસુઓ, એકાદશ રુદ્રો, બાર આદિત્યો, ઈન્દ્ર અને પ્રજાપતિ મળીને કુલ તેત્રીસ દેવો ભગવાનના તેત્રીસ કરકમલો છે અને આ તેત્રીસ દેવો દ્વારા આ સૃષ્ટિનું નિર્માણ થાય છે. ભગવાને બ્રહ્માંડની રચના માટે ઉપર શ્રુતિમાં વર્ણવ્યા એવા ૩૩ દેવોને પોતાના જ હાથ અથવા કરકમલ સ્વરૂપે બનાવ્યા અથવા ભગવાન સ્વયં તેત્રીસ દેવોના સ્વરૂપે પ્રકટ થયા અને સૃષ્ટિની રચના કરી. ભગવાને જેમ તેત્રીસ દેવોને રચ્યા એવી જ રીતે પંચ મહાભૂત, ૫ તન્માત્રા, ૫ જ્ઞાનેન્દ્રિય, ૫ કર્મેન્દ્રિય, ૪ અન્તઃકરણ, ૩ ગુણો અને ૧ બ્રહ્મ મળીને ૨૮ તત્ત્વોનું સ્વરૂપ રચ્યું. ૨૯મો કાલ રચ્યો અને ૪ પ્રાણીઓમાં બીજને રચ્યાં, તેથી ૫ + ૫ + ૫ + ૫ + ૪ + ૩ + ૧ + ૧ + ૪ = મળી કુલ તેત્રીસ તત્ત્વોની સંખ્યા થઈ. ભગવાને આ પ્રકારે "૩૩" તત્ત્વોની પણ રચના કરી એને પણ "સર્ગલીલા" કહેવામાં આવે છે.

સર્ગ-સૃષ્ટિ પણ અલૌકિક અને લૌકિક એવા બે પ્રકારની છે. તેત્રીસ દેવોનો સર્ગ અલૌકિક સર્ગ છે તેમ જ તેત્રીસ તત્ત્વોનો સર્ગ લૌકિક સર્ગ છે. શ્રીમદ્ ભાગવતજીના ત્રીજા સ્કંધમાં વર્ણવેલો જે આ સર્ગ છે તે સર્ગ (૧) ભગવાને પોતે ઈચ્છેલો, (૨) અસાધારણ ગુણોવાળો તેમ જ (૩) ભગવાનને ઉપયોગી થાય તેવા ફળવાળો છે. શ્રીમદ્ ભાગવત સિવાયનાં અન્ય પુરાણોમાં જે સર્ગ વર્ણવ્યો છે, તેનાથી આ ભિન્ન પ્રકારનો ઉત્તમ સર્ગ છે. આ તેત્રીસ અધ્યયોમાંનાં પ્રકરણોને પણ જાણીએ. તેત્રીસ અધ્યાયનાં કુલ ૧ થી ૧૯ અધ્યાયનું એક પ્રકરણ છે એની "બદ્ધસૃષ્ટિ" એવી સંજ્ઞા છે અને ૨૦ થી ૩૩ અધ્યાયનું બીજું પ્રકરણ છે એની "મુક્ત સૃષ્ટિ" એવી સંજ્ઞા છે. નીચે દર્શાવેલા રેખાંકનથી વધુ સ્પષ્ટ સમજાશે.

૩૩ અધ્યાયોના લૌકિક સર્ગ તેમ જ અલૌકિક સર્ગ

બદ્ધ સૃષ્ટિ	મુક્ત સૃષ્ટિ
(૧ અધ્યાયથી ૧૯ અધ્યાય)	(૨૦ અધ્યાયથી ૩૩ અધ્યાય)

બદ્ધ સૃષ્ટિ (૧ થી ૧૯ અધ્યાયો)

પ્રકરણ ૧ લું	પ્રકરણ ૨ જું	પ્રકરણ ૩ જું	પ્રકરણ ૪ થું	પ્રકરણ ૫ મું
ગુણાતીત સૃષ્ટિ	સગુણ સૃષ્ટિ	કાલસૃષ્ટિ-તત્ત્વસૃષ્ટિ	મુક્તજીવ સૃષ્ટિ	મુક્તજીવ સૃષ્ટિનો ઉપોદ્ઘાત
(અધ્યાય ૧ થી ૬)	(અધ્યાય ૭ થી ૯)	(અધ્યાય ૧૦ અને ૧૧)	(અધ્યાય ૧૨)	(અધ્યાય ૧૩ થી ૧૯)

દ્વિતીય પ્રકરણ-મુક્ત સૃષ્ટિ (૨૦ થી ૩૩)

પ્રકરણ ૬	પ્રકરણ ૭ મું	પ્રકરણ ૮ મું	પ્રકરણ ૯ મું	પ્રકરણ ૧૦ મું
તત્ત્વમુક્તિ	કાલમુક્તિ	ગુણાતીતમુક્તિ	સગુણમુક્તિ	જીવમુક્તિ
(અ. ૨૦ થી ૨૪)	(અ. ૨૫)	(અ. ૨૬ થી ૨૮)	(અ. ૨૯)	(અ. ૩૦ થી ૩૩)

તૃતીય સ્કંધના પરિચય માટે વધુ જિજ્ઞાસા થાય તો શ્રી નિબંધ અને શ્રી સુબોધિનીજીનું અવલોકન કરવાથી આનંદ આવશે. આપણે હવે તૃતીય સ્કંધના કથામૃતના પાનનો આસ્વાદ લઈએ.

અધ્યાય ૧ લો

[આ અધ્યાયમાં ૪૫ શ્લોકો છે. પ્રથમ અધ્યાયથી ૪થા અધ્યાયનું "અધિકાર લીલા પ્રકરણ" એવું પણ વર્ગીકરણ છે. આ પ્રકારના વર્ગીકરણ પ્રમાણે તૃતીય સ્કંધનાં ચાર પ્રકરણો થાય છે અને ઉપર દર્શાવેલી રીત પ્રમાણે દશ પ્રકરણો થાય છે. આ ચાર અધ્યાયોમાં ઉત્તમ કોટિના શ્રીમદ્ ભાગવતજીના શ્રોતા તરીકે શ્રી વિદુર સંતનો મહિમા વર્ણવ્યો છે. આ અધ્યાયમાં ભગવાનના માર્ગદર્શનની ઉપેક્ષા, શ્રી વિદુરજીનું અપમાન, શ્રી વિદુરજીનું ભૂતલતીર્થ પરિક્રમા માટેનું પ્રસ્થાન, શ્રી યમુના મહારાણીજીના કિનારા ઉપર ભક્તવર શ્રી ઉદ્ધવજીનો સમાગમ અને સત્સંગ વગેરે ભગવદ્ભાવપોષક કથામૃતનું પાન કરવાનું મળશે.]

શ્રી શુકામૃત

श्रीशुक उवाच : एवमेतत्पुरा पृष्टो मैत्रेयो भगवान् किल । क्षत्त्रा वनं प्रविष्टेन त्यक्त्वा स्वगृहमृद्धिमत् ॥ १ ॥

શ્રી શુકાચાર્યજીએ વચનામૃત વર્ષાવતાં કહ્યું કે રાજન્ ! આપે જે પ્રકારે પ્રશ્નો પૂર્વ સ્કંધમાં પૂછયા, તેવા જ પ્રશ્નો જ્યારે પરમ વિરક્ત શ્રી વિદુરજીએ, સમૃદ્ધિઓથી ભરપૂર પોતાના મંત્રી ભુવનનો ત્યાગ કરી વનમાં પધાર્યા અને તીર્થાટન કરતાં માર્ગમાં, મહારાજશ્રી મૈત્રેય ભગવાનને ભેટયા ત્યારે એવા જ પ્રશ્નો પૂછ્યા હતા. (૧) રાજન્ ! શ્રીકૃષ્ણ ભગવાન જ્યારે પાંડવો તરફથી મંત્રણા કરવા માટે શ્રી હસ્તિનાપુર નગરીમાં પધાર્યા ત્યારે કૌરવરાજ દુર્યોધન અને દુઃશાસનના અભિમાન ભરેલા રાજભવનનો ત્યાગ કરીને, પોતાના ચરણે સમર્પણ કરેલા તેથી જ પોતાનું જ ઘર માનીને શ્રી વિદુરજીના ઘરમાં બિરાજેલા હતા. પરંતુ હવે તે ઘર પ્રભુને બિરાજવા યોગ્ય ન રહ્યું ત્યારે શ્રી વિદુરજીએ તે ઘરને ત્યજી દીધું અને વનમાં પધારી ગયા. (૨)

બે સજ્જનોનો સમાગમ સૃષ્ટિનું મંગલ કરે

પરીક્ષિત રાજા પ્રશ્ન કરી રહ્યા છે કે ભગવન્ શુકાચાર્યજી ! આપે હમણાં જ કહ્યું કે શ્રી મૈત્રેય મહર્ષિને વનમાં શ્રી વિદુરજીએ મારા જેવા જ પ્રશ્નો પૂછ્યા હતા તો ભગવન્ ! કૃપા કરીને દર્શાવો કે પૂર્ણજિતેન્દ્રિય તેમજ રાજ્યમંત્રી અને ગૃહમંત્રીપદને અલંકૃત કરતા સંતવર શ્રી વિદુરજીનો ભગવદ્ ધર્મોથી ભરેલા શ્રી મૈત્રેય મહર્ષિજી સાથે (૧) કયાં સમાગમ થયો ? (૨) સમાગમ ક્યારે થયો ? તેમ જ (૩) સત્સંગ વિષયનો સંવાદ પણ શો થયો ? હે સમર્થ પ્રભુ શુકાચાર્યજી ! આ સર્વ વસ્તુ આપ મને કહો. (૩) હે ભગવન્ ! નિર્મલમનવાળા મહાપુરુષ શ્રી વિદુરજીના જીવનનો એ

મહાન ઉત્કર્ષ મનાય કે જ્ઞાનીઓ, યોગીજનો અને ભક્તવરોમાં શ્રેષ્ઠ મનાતા શ્રીમૈત્રેય મહર્ષિ સાથે સમાગમ થયો તેમ જ સાધુજનોની સભામાં સદા ચર્ચાતો દિવ્ય વાર્તાલાપ તે બે સંતોના વચમાં થયો. ખરેખર આવા ઉત્તમ વાર્તાલાપ માટે કે આવી ભગવદ્ વિષયક ચર્ચા માટે આપણે શ્રી વિદુરજીનાં જેટલાં ગુણગાન ગાઈએ તેટલાં ઓછાં છે ! (૪)

સંતવર શ્રી સૂતજી બોલ્યા કે હે ઋષિરાજ શૌનક મુનિ ! પરીક્ષિત રાજાએ જ્યારે ઋષિવર્ય શ્રી શુકાચાર્ય મુનિને આવા પ્રશ્નો પૂછ્યા ત્યારે સર્વ શાસ્ત્રોના રહસ્યજ્ઞાનને ધરાવતા બહુશ્રુત શ્રી શુકદેવજી મહારાજ રાજર્ષિ પરીક્ષિતજી ઉપર અત્યંત પ્રસન્ન થયા અને વચનામૃત વર્ષાવવા લાગ્યા. તે પ્રસંગ હે મુનિવરો ! આપ હવે સાંભળો. (૫)

પુત્રોને પુણ્યપથે ના વાળવા એ પિતાનો અપરાધ

श्रीशुक उवाच– यदा तु राजा स्वसुतानसाधून् पुष्णन्नधर्मेण विनष्टदृष्टिः ।
भ्रार्तुयविष्ठस्य सुतान्विबन्धून् प्रवेश्य लाक्षाभवने ददाह ॥ ६ ॥
वदा सभायां कुरुदेवदेव्याः केशभिमर्शं सुतकर्म गर्ह्यम् ।
न वारयामास नृपः स्नुषायाः स्वास्त्रैर्हरन्त्याः कुचकुङ्कुमानि ॥ ७ ॥
द्यूते त्वधर्मेण जितस्य साधोः सत्यावलम्बस्य वनागतस्य । न याचतोऽदात्समयेन दायं तमो जुषाणो यदजातशत्रोः ॥૮॥
यदा च प्रार्थप्रहितः सभायां जगदगुरुर्यानि जगाद कृष्णः । न तानि पुंसाममृतायनानि राजोरु मेने क्षतपुण्यलेशः ॥ ९ ॥

મહારાજ ધૃતરાષ્ટ્રનાં મહાન પાંચ પાપ કે પાંચ મહાન અપરાધો

શ્રી શુકાચાર્યજીએ કથામૃતનાં પાન કરાવતાં આગળ વધીને કહ્યું કે રાજન્ ! નેત્રનો અંધાપો તો સારો કે જે નેત્રનાં પાપોમાંથી નેત્રને બચાવે; પરંતુ અનીતિની અંધતા તો પાપોની પરંપરા પેદા કરે, એ વિષયનું હવે શ્રવણ કરો ! ધૃતરાષ્ટ્ર રાજાએ અસાધારણ પાંચ અપરાધો કર્યા : (૧) ધૃતરાષ્ટ્ર રાજા હોવા છતાં, વિવેકબુદ્ધિનો નાશ થયો હતો તેથી પોતાના ખલપથગામી પુત્રોને અધર્મથી પોષતા હતા. (૨) પોતાના નાના ભાઈ રાજા પાંડુના, પિતા વિનાના નિરાધાર પુત્રોને આગ્રહ કરી લાક્ષાગૃહમાં પ્રવેશ કરાવી અગ્નિમાં બાળવાની ક્રિયા કરી, (૩) કુરુકુલની કુલદેવતા શ્રી દ્રૌપદીદેવીને ભર સભામાં ખેંચી લાવી, જે કેશો ઉપર તીર્થાભિષેક થયો હતો તે કેશોને, પાપીઓ સ્પર્શ કરી ખેંચવા લાગ્યા ત્યારે પોતાની પુત્રીતુલ્ય પુત્રવધૂનાં નયનોમાંથી વહી જતી અશ્રુધારાથી વક્ષઃસ્થલના કુંકુમ-કેસરના લેપો ધોવાતાં, જાણે ચિરાયેલા હૃદયમાંથી શોણિતધારા વહી જતી હોય ને શું ! તેને જોવા અને જાણવા છતાં અંધ પિતાએ અધમ કૃત્ય કરતા અધમ પુત્રોને જરા પણ અટકાવ્યા નહીં. (૮) વળી (૪) દ્યૂત ખેલવા ન ચાહતા ધર્મરાજ યુધિષ્ઠિરને આજ્ઞા કરી દ્યૂત ખેલવાની ફરજ પાડી અને અધર્મભરી નીતિથી દ્યૂત ખેલી પાંડવોને અન્યાયથી જીતી, તે સજ્જન પુત્ર પાંડવોને વનવાસ દીધો. પાંડવો આવો અન્યાય વેઠીને વનમાં રહી કરેલા કરારો પાળી સમય થતાં પાછા આવ્યા અને પોતાનો ભાગ માગવા લાગ્યા છતાં જ્યારે મોહાન્ધ પિતા ધૃતરાષ્ટ્રે તેમનો હક્કપૂર્વકનો દાય ભાગ ન જ આપ્યો. (૮) રાજન્ પરીક્ષિત ! આ ચાર ચાર પાપાચારો સાથે (૫) પાંચમો અપરાધ કર્યો કે વિવેકશીલ પાંડવોએ મંત્રણા કરી માર્ગ ઉકેલવા માટે જગદ્ગુરુ ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રજીને પધારવા વિજ્ઞપ્તિ કરી, તેથી ભગવાન કૌરવોની સભામાં પધાર્યા અને નીતિ-પ્રીતિ-રીતિભર્યાં અમી વર્ષાવતાં વચનો અત્યંત સ્નેહથી કહેવા છતાં ક્ષીણપુણ્ય રાજા ધૃતરાષ્ટ્રે પ્રભુનાં વચનો હૃદયે ધારણ કર્યાં નહીં; પરંતુ ઉત્તેજિત દુર્યોધને ઉત્તર આપ્યો કે હે કૃષ્ણ ! પાંડવોને જઈને કહેજો કે सूच्यग्रं नैव दास्यामि विना युद्धेन केशव ! સંગ્રામ વિના સોયની અણી જેટલી પણ ભૂમિ પાંડવોને આપવામાં આવશે નહીં. આવાં ઉદ્ધત વચનો સંભળાવ્યાં. પરીક્ષિત રાજા ! સંતો કહે છે કે

"સુણજો સજ્જન નરનારીજી, હિત શિખામણ સારીજી;
રીસ કરે દેતાં શિખામણ, ભાગ્યદશા પરવારજી (૨) (૯)

શ્રી શુકમુનિ કહી રહ્યા છે કે રાજન્ ! ભગવાન શ્રીકૃષ્ણ સાથેની મંત્રણા નિષ્ફળ નીવડ્યા બાદ, પોતાના પુત્રોના

ઉચ્છૃંખલ વ્યવહારથી વ્યથિત થઈ રાજા ધૃતરાષ્ટ્રે પોતાની સભામાં એટલે દીવાનેખાસમાં ખાસ મંત્રણા કરવા માટે શ્રી વિદુરજીને નિમંત્રણ આપ્યું ત્યારે પોતાના વડીલ ભાઈ ધૃતરાષ્ટ્રની આજ્ઞાથી શ્રી વિદુરજી પધાર્યા અને પાંડવોના પ્રશ્ન અંગે શું કરવું એ વિષયમાં વિચારશીલ શ્રેષ્ઠ વિચારક શ્રી વિદુરજીએ જે વિચારધારા દર્શાવી તે આજે પણ "શ્રી વિદુરનીતિ"ના નામથી નીતિવિદોમાં પ્રચલિત અને પ્રસિદ્ધ છે. (૧૦)

શ્રીવિદુરનીતિ

अजातशत्रोः प्रतियच्छ दायं तितिक्षतो दुर्निषहं तवागः । सहानुजो यत्र वृकोदराहिः श्वसन् रुषा यत्त्वमलं विभेषि ।।११।।
पार्थांस्तु देवो भगवान् मुकुन्दो गृहीतवान् सक्षितिदेवदेवः । आस्ते स्वपुर्यां यदुदेवदेवो बिनिर्जिताशेषनृदेवदेवः ।।१२।।
स एष दोषः पुरुषद्धिडास्ते गृहान्प्रविष्टो यमपत्यमत्या। पुष्णासि कृष्णाद्विमुखो गतश्री स्त्यजाश्वशैवंकुलकौशलाय ।।१३।।

શ્રી વિદુરજી સંતે નીતિપૂર્વક વાત કરી કે પાંડવો પાસે (૧) "પિંડબળ, (૨) પુણ્યબળ, (૩) પીઠબળ, (૪) પુણ્યશીલબળ અને (૫) પ્રભુબળ" આ પાંચ પ્રકારનાં બળ હોઈ હે મોટાભાઈ ! આપ યુદ્ધથી વિરમી જઈ સમાધાન ઉપર આવો. આ પ્રકારે પોતાનો અભિપ્રાય આપતાં ત્રણ શ્લોકથી નીતિ નિરૂપણ કરી રહ્યા છે કે યુધિષ્ઠિર રાજા અજાતશત્રુ છે, એ નિર્દોષ પુત્રોના આપે અસહ્ય અપરાધો કર્યા છે તો પણ તેઓ આપના અપરાધોને સહન કરી રહ્યા છે તો આપ હવે તેમનો ભાગ તેઓને પાછો આપો. મોટાભાઈ ! આપ એક વાત કદી ન ભૂલો કે જેના ક્રોધભર્યા ફૂંફાડાથી આપ નિત્ય ડરો છો અને જેના ઉદરમાં વિશ્વને બાળવાની શક્તિ છે તેવા વૃક નામના અગ્નિવાળા અને સર્પ જેવા ઉગ્ર ભાઈ ભીમસેન તેમના નાના ભાઈઓ સાથે સદા સાવધ રહેલા છે. પરંતુ ધર્મરાજની આમન્યાને માનીને મૌન લઈ બેઠા છે (૧૧) આગળ વધી વિદુર કહી રહ્યા છે કે વડીલ બંધુ ! એ વાત ના વીસરો કે જે શ્રીકૃષ્ણ ભગવાને પૃથ્વીના સમસ્ત નરપતિઓ ઉપર સર્વ પ્રકારે વિજય સંપાદન કર્યો છે, વળી સ્વયં યદુરાજ સમ્રાટ છે અને બ્રહ્માંડના અખિલ દેવો ઉપર પણ જેમણે વિજય મેળવેલ છે, તે ભગવાન દ્વારિકાધીશ મુકુંદે પૃથા ફોઈના પુણ્યશીલ પુત્રોને પોતાના કરી માન્યા છે તેથી પાંડવો પાસે પ્રભુબળ છે. (૧૨) મોટાભાઈ ! મતિ ક્યાં મૂકી આવ્યા છો ? આપ જે આપના પુત્ર દુર્યોધનને પોષી રહ્યા છો અને પુત્ર માની રહ્યા છો તે તો આપના કુલનો કુલવિઘાતક દુરાચાર નામનો દુષ્ટ રોગ છે. વળી ભગવાન શ્રીકૃષ્ણનો નિત્ય દ્વેષ કરનાર દુષ્ટજન છે, શ્રી અને સંપત્તિથી રહિત છે, આપના ધ્યાન બહાર આપના ઘરમાં પુત્રના દેહે શત્રુ સ્વરૂપે રહેલ છે કુલાંગાર છે. જો કુલકુશળ અને કુલકલ્યાણ ચાહતા હો તો એક દુર્યોધનને અવિલંબે દૂર કરી દઈ અનેક પુત્રોને, ધર્મને, નીતિને અને કલ્યાણને અભયદાન દેવાની કૃપા કરો. (૧૩)

ખલની ઉચ્છૃંખલતા

મહર્ષિ શુક કહી રહ્યા છે કે હે મુનિવર ! મંત્રીવર વિદુરજી જ્યારે પોતાનો સત્ય અને સ્પષ્ટ નીતિ વિષયનો નિર્ણય ધૃતરાષ્ટ્રજીને સંભળાવી રહ્યા હતા ત્યાં જ ક્રોધે સળગતા અને ફરકતા ઓષ્ઠવાળા, દાંત પીસતા, કર્ણ દુઃશાસન અને સુબલ પુત્ર મામા શકુનિથી ઉશ્કેરાયેલા સુયોધને સભાની મધ્યમાં, સજ્જનો સદા જે શ્રી વિદુરજીના શીલની સ્તુતિ અને શીલનું પાલન કરી રહ્યા છે, વળી જેઓ સંપૂર્ણ સંયમી છે તેવા સંતશિરોમણિને તિરસ્કારપૂર્વક નીચેનાં નીચ વચનો કહ્યાં : (૧૪)

क एनमत्रोपजुहाव जिह्मं दास्याः सुतं यद् बलिनैव पुष्टः । तस्मिन्प्रतीपः परकृत्यआस्ते निर्वास्यतामाशु पुरात् श्वसानः ।।१५।।

આ કપટી, વળી દાસીના દીકરા અને અમારે ઓટલે અને રોટલે વસેલા અને પોષાયેલ છતાંય વિપક્ષમાં ભળી ગયેલા અને શત્રુના કાર્યને સાધનારા આ વિદુરને અહીં કોણે બોલાવેલ છે ? અરે છે કોઈ રાજસેવક ? કે આ નગરમાંથી નિઃસાસા નાખે તે રીતે તિરસ્કાર કરી નગર બહાર કાઢી મૂકો એટલે દેશનિકાલનો દંડ કરો. (૧૫)

સંતની સરલતા

શ્રી શુકાચાર્ય મુનિ બોલ્યા, રાજન્ ! ઉપરના શ્લોકમાં દર્શાવેલા, અહીં કોણે બોલાવ્યા, કપટી વગેરે મર્મને ભેદનારાં, દશ

પ્રાણોને હરી લેનારાં કર્ણાદિનાં વિષૈલાં અને તિરસ્કારભર્યાં દશ તીક્ષ્ણ વાક્બાણોથી, ભાઈ ધૃતરાષ્ટ્રજીની સામે જ હૃદયથી વીંધાયેલા મહાત્મના શ્રી વિદુરજી કોઈને પણ દોષિત ના માનતાં પોતાની આસક્તિને છોડાવા માટે આ પ્રકારના ખેલને ખેલતી ભગવાનની માયાને જ મહત્ત્વ આપીને સર્વથા સર્વ પ્રકારે વ્યથામુક્ત થયેલા મુક્ત પુરુષ વિદુરજીએ નૃપચિહ્ન તરીકે ગણાતાં ધનુષ્ય આદિ મંત્રીનાં જે ઉપકરણો હતાં તે સર્વ નૃપદ્વારે સ્થાપી દઈ સદા માટે નગરમાંથી વિદાય લીધી. (૧૬)

પુણ્ય આવે કીડીના વેગે અને વિદાય લે વીજળીના વેગે :

રાજન્ ! પુણ્ય પુરુષ કુરુ રાજા અને પુણ્યશીલ કુરુકુલજનોના અનેક જન્મનાં અનેકવિધ પુણ્યોના ફલસ્વરૂપે પુણ્યાત્મા શ્રી વિદુરજી આ કુરુરાજાના કુલમાં અવતર્યા હતા, આજે ઉચ્છૃંખલ કૌરવોએ એ પુણ્યને ગુમાવ્યું. હસ્તિનાપુરમાંથી પુણ્યમૂર્તિ શ્રી વિદુરજી કેવળ પુણ્ય સંપાદન કરવાની પવિત્ર ભાવનાથી જે ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રજીનાં ચરણોમાં અનન્ત તીર્થો બિરાજે છે તે ભગવાનનાં જ્યાં જ્યાં દિવ્ય સ્વરૂપો બિરાજે છે અને ભગવાનનું સ્મરણ કરાવે છે તેવાં પાવન તીર્થસ્થાનોમાં યાત્રા કરવા નીકળી પડ્યા. (૧૭)

તીર્થયાત્રાનાં ચૌદ વ્રતો

રાજન્ ! શ્રી વિદુરજી તીર્થયાત્રાએ નીકળી પડ્યા અને તીર્થાટનનાં ચૌદ વ્રતો આચરવા લાગ્યા. અયોધ્યા, મથુરા, જગન્નાથ વગેરે પુણ્ય પુરી અને શ્રી ગોવર્ધનગિરિ વગેરે પર્વતોની યાત્રા કરી પૃથ્વીતત્ત્વની શુદ્ધિ કરવા લાગ્યા; લતાકુંજ નિકુંજ, મધુવન, બહુલાવન, વૃન્દાવન વગેરે પુણ્ય વનો અને પર્વતોની કુંજોમાં વિચરીને વાયુ તત્ત્વની શુદ્ધિ કરવા લાગ્યા. કાદવ-કીચડથી રહિત દિવ્ય સરોવર અને દિવ્ય યમુનાજી, ગંગાજી, મહાનદી, કૃષ્ણાનદી વગેરે સરિતાઓમાં સ્નાન કરી જલ તત્ત્વની શુદ્ધિ કરવા લાગ્યા; શેષશાયી, કેશવદેવ, જગન્નાથ પ્રભુ વગેરે ભગવાનનાં દિવ્ય શ્રીવિગ્રહો બિરાજે છે તે દેવમંદિરોનાં નાથનાં દર્શન કરી તેજસ્તત્ત્વની શુદ્ધિ કરવા લાગ્યા; અને એકલા અસંગ બની નામસ્મરણ કરતાં વિચરતાં આકાશ તત્ત્વની શુદ્ધિ કરતા વિદુરજી યાત્રા કરતા આગળ વધ્યા આ પાંચ સ્થાનોમાં પધારી પંચ તત્ત્વોની શુદ્ધિ કરી. (૧૮)

गां पर्यटन्मेध्यविविक्तवृत्तिः सदाऽऽप्लुतोऽधः शयनोऽवधूतः। अलक्षितः स्वैरवधूतवेषो व्रतानि चेरे हरितोषणानि ।।१९।।
ईत्थं व्रजन्भारतमेवर्षं–कालेन यावद्गतवान् प्रभासम् । तावच्छशास क्षितिमेकचक्रा–मेकातपत्रामजितेन पार्थः ।। २० ।।

રાજન્ ! ભૂમિદેવી તો કામધેનુ ગાયનું સ્વરૂપ હોવાથી ખુલ્લા ચરણે પરિક્રમા કરતા, સાત્ત્વક અન્ન એટલે હવિષ્યાન્ન એક જ વાર અને એક દિવસને અંતરે લેતા, એકાન્તસેવન કરતા, ત્રિકાલ સ્નાન અને ત્રિકાલ સંધ્યા કરતા, માર્ગમાં આવતા પ્રત્યેક તીર્થમાં સ્નાન કરતા, ભૂમિશયન કરતા, અવધૂતચર્યા આચરતા, નિજકુટુંબી અને સ્વજનની નજરોમાં ન આવતા, શરીરે તેલ વગેરે ન લગાવતા, એકાદશી જન્માષ્ટમી વગેરે ઉપવાસનાં વ્રતોને આચરતા, પ્રાણીમાત્રમાં દયા દર્શાવતા, સર્વ ઇન્દ્રિયો ઉપર સંયમ રાખતા અને યથા લાભ વસ્તુથી સંતોષ પામતા, શ્રી વિદુરજી સમગ્ર ભારતની યાત્રા કરતાં કરતાં પ્રાયઃ છત્રીસ વર્ષના અંતે શ્રી પ્રભાસ તીર્થમાં આવી પહોંચ્યા ત્યારે ધર્મરાજ યુધિષ્ઠિર મહારાજ પૃથ્વીના એક ચક્રવર્તી સમ્રાટ તરીકે અખિલ પૃથ્વીનું શાસન કરી રહ્યા હતા. (૨૦)

વાંસડાનું વન પરસ્પર અથડાય અને સળગે એ રીતે વંશના કુટુંબીજનો પરસ્પરના સંઘર્ષે સળગે

રાજન્ ! પૃથ્વીમાં વાંસના વનમાં કોઈ દેવતા મૂકવા નથી જતુ; પરંતુ પવનના જોશે પરસ્પર ઘસાય અને સળગે એ રીતે ભાઈ, ભાઈઓ પરસ્પરની સ્પર્ધા, અસૂયા, કલહ આદિ દોષોથી સળગે છે. આ ન્યાયે દુર્યોધન વગેરે ભાઈઓ અને પાંડવોનો સંઘર્ષ થયો અને સુહૃદ્જનો નાશ પામ્યા, તેમાં પણ ભીષ્મપિતામહ અને દ્રોણાચાર્ય જેવા ગુરુવરનો પણ નાશ થયો એ દુઃખદ સમાચાર પ્રભાસ તીર્થમાં પધારતાં શ્રી વિદુરજીએ જાણ્યા અને સંત હૃદયમાં શોક થયો; તેની શાંતિ માટે મૌન સેવતા, નામસ્મરણ કરતા શ્રી સરસ્વતીના સ્નાને પધાર્યા. (૨૧)

એકાદશ તીર્થોમાં સ્નાન કરી ચાર અંતઃકરણ અને સાત ધાતુ મળી એકાદશ તત્ત્વોની શુદ્ધિ કરી

तस्यां त्रितस्योशनसो मनोश्च पृथोरथाग्नेरसितस्य वायोः । तोर्थं सुदासस्य गर्वां गृहस्य यच्छ्राद्धदेवस्य स आसिषेवे ॥२२॥

રાજન્ ! ભગવતી સરસ્વતીજીમાં આવેલા એકાદશ તીર્થમાં શ્રી વિદુરજી સ્નાન કરવા લાગ્યા. સૌથી પ્રથમ "त्रितकूप" ત્રિતરાજાએ કુટુંબકલેશથી મુક્ત થવા જે "કૂપ"માં પડતું મૂક્યું હતું તે "त्रिततीर्थ"માં સ્નાન કરી કુટુંબ વિયોગ કલેશમાંથી મુક્ત થયા. ત્યાર બાદ ઉશના મુનિ એટલે શુક્રાચાર્ય મહારાજે જ્યાં મૃતસંજીવિની વિદ્યા મેળવી હતી, તે "ઉશનાતીર્થ"માં સ્નાન કરી મરેલ મનને સંજીવ કર્યું. ત્યાર પછી "મનુ" મહારાજે જ્યાં તપ કર્યું હતું તે મનુતીર્થમાં સ્નાન કર્યું, પુનઃ પૃથુ મહારાજે જ્યાં તપ કર્યુ હતું તે "પૃથુતીર્થ"માં સ્નાન કરી આગળ વધતાં અગ્નિતીર્થ,અસિતતીર્થ,વાયુતીર્થ, સુદાસતીર્થ, ગોતીર્થ, ગુહતીર્થ અને શ્રાદ્ધદેવ તીર્થ નામનાં સપ્તતીર્થોમાં સ્નાન કરી સપ્તધાતુની શુદ્ધિ મેળવી શ્રી વિદુરજી ક્રમે કરી આગળ વધ્યા. (૨૨)

માર્ગમાં પ્રસ્થાન કરતા અનેક ભગવદ્ વિગ્રહોનાં દર્શન કર્યાં

રાજન્ ! શ્રી સંતવર વિદુરજી આગળ વધી રહ્યા હતા. તેઓએ ઋષિવરોએ રચેલાં અને રચાવેલાં તેમ જ દેવોએ નિર્મિત કરેલાં પૂર્ણપુરુષોત્તમ ભગવાનનાં દિવ્ય દેવાલયોમાં બિરાજતા ભગવાનનાં અને સુદર્શનચક્ર, શંખ, ગદા, પદ્મ આદિ આયુધોનાં દર્શન કરતાં ભગવાન શ્રીકૃષ્ણનું સ્મરણ કરતાં કરતાં શ્રી વિદુરજી તીર્થયાત્રા કરવા લાગ્યા. (૨૩) આ પ્રમાણે યાત્રા કરતાં, તીર્થસ્નાન, દર્શન વગેરે કરતાં શ્રીકૃષ્ણ પ્રભુના બિરાજવાના કારણે સર્વ પ્રકારે સમૃદ્ધ થયેલા સૌરાષ્ટ્ર, સૌવીર, ગુજરાત, મત્સ્યદેશ, કુરુદેશ, જાંગલદેશ વગેરે સ્થાનોમાં આવેલાં તીર્થોમાં સ્નાન કરતા અને પૃથ્વી પરિક્રમા કરતા જ્યારે તેઓ શ્રી યમુના મહારાણીના પુણ્ય પ્રદેશમાં આવી પહોંચ્યા ત્યારે તેમણે શ્રી ઉદ્ધવલાલનાં દર્શન કીર્યાં. (૨૪)

જ્યાં બે ભક્તહૃદયો ભેટે ત્યાં ભગવાનનો આવિર્ભાવ થાય

स वासुदेवानुचरं प्रशान्तं बृहस्पतेः प्राक्तमयं प्रतीतम्। आलिङ्गय गाढं प्रणयेन भद्रं स्वानामपृच्छद्भगवत्प्रजानाम् ॥२५॥

શ્રી દ્વારિકાધીશ ભગવાનના પરમ સેવક, પૂર્ણશાન્ત, બૃહસ્પતિજીના આદ્ય પટ્ટશિષ્ય અને બૃહસ્પતિજી પાસેથી નીતિનિપુણતા પ્રાપ્ત કરેલા, જ્ઞાનીવર શ્રી ઉદ્ધવજીને શ્રી વિદુરજીએ સ્નેહપૂર્વક આલિંગન કર્યું, પુનઃ પ્રેમપૂર્વક ભગવાન શ્રીકૃષ્ણનું-પ્રભુના કુટુંબપરિવાર અને ભગવચ્ચરણના આશ્રિત પ્રજાજનોનું કુશળ મંગલ પૂછવા લાગ્યા. (૨૫)

દશ પ્રકારની લીલા વિસ્તારનાર ભગવાન શ્રીકૃષ્ણના અને પ્રજાજનોના દશ શ્લોકોમાં કુશળ પ્રશ્નો

ભક્તવર શ્રી વિદુરજી પરમ ભાગવત શ્રી ઉદ્ધવજીને કુશળ વૃત્તાન્તની જિજ્ઞાસાથી પૂછવા લાગ્યા કે, હે ઉદ્ધવજી ! સાચે જ ભગવાનના નાભિકમલમાંથી પ્રક્ટેલા બ્રહ્માજીની અનન્ય સેવા અને અનુનયથી પ્રસન્ન થઈને પુરાણપુરુષ શ્રી બલભદ્ર અને ભગવાન શ્રીકૃષ્ણ બન્ને ભૂતલ ઉપર પ્રક્ટ થયેલ છે તે બન્ને પૃથ્વીનું કલ્યાણ કરવાનું હતું તેટલું કાર્ય કરી અત્યારે શ્રી વસુદેવજીના ગૃહે સુખપૂર્વક બિરાજે છે ને ? (૨૬) હે ઉદ્ધવજી, કુરુકુળના ઉત્તમ સુહૃદ અને અમારા બનેવી શ્રી વસુદેવજી સર્વ પ્રકારે કુશળ છે ને ! જે શ્રી વસુદેવજી પોતાના પિતાજી જેવા જ ઉદાર અને પોતાની બહેનોનો પિતાજીના જ જેવો નિત્ય કરિયાવર કરનાર અને પિતાની ખોટ પૂરનાર અમારા વંદ્ય વસુદેવજી કુશળ છે ને ? (૨૭) અરે ભાઈ ઉદ્ધવલાલ ! અમારા લાડીલા લાલ, યદુ સેનાઓના સેનાપતિ, વીરવર શ્રી પ્રદ્યુમ્નજી, જે પૂર્વમાં - પૂર્વજન્મમાં કામદેવ સ્વરૂપે હતા, તેમ જ ભગવતી રુકિમણીજી માતાજીએ ઋષિવરોની આરાધના કરીને પુત્ર તરીકે પ્રાપ્ત કરેલા છે તે અમારા શ્રી પ્રદ્યુમ્નકુમાર પણ કુશળ છે ને ? (૨૮) પોતાના કુલાંગાર પુત્રે કારાગૃહમાં પૂરેલા, તેથી જ કાયમ માટે રાજ્યાસનની આશા છોડીને બેઠેલા ; પરંતુ કમલનયન ભગવાન શ્રીકૃષ્ણે, કંસનો વધ કરીને રાજ્યાસને સ્થાપેલા સાત્વત-ભોજ-દાશાર્હ વગેરેના સ્વામી ઉગ્રસેન કુશળ છે ને ? (૨૯) હે સૌમ્ય ઉદ્ધવજી ! શ્રી જાંબવતીદેવીએ વ્રતચર્યા આચરી પ્રાપ્ત કરેલા અને પૂર્વમાં અંબિકાદેવીએ પ્રથમ કાર્તિકેય નામના પુત્ર તરીકે પ્રાપ્ત કરેલા, મહારથીઓમાં અગ્રસર તેમ જ

ભગવાન શ્રીકૃષ્ણના જેવાજ શક્તિસંપન્ન શ્રી સાંબકુમાર કુશળ છે ને ? (૩૦) ભાઈ ઉદ્ધવ ! ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રજીની અનન્ય સેવા કરીને, યોગીવરો પણ જે ગતિને પામી નથી શક્યા તે ગતિ સહજ રીતે પ્રાપ્ત કરનાર, વીરવર ફાલ્ગુનઅર્જુનજીની પાસેથી ધનુર્વિદ્યાના રહસ્યજ્ઞાનને મેળવનાર શ્રી યુયુધાનજી એટલે સાત્યકિજી કુશળ છે ને ? (૩૧) હે ઉદ્ધવલાલજી ! જ્યારે ભગવાન કૃષ્ણ અને બલભદ્રજીને લેવા માટે ગોકુલમાં પધાર્યા ત્યારે ગોરજ મુહૂર્તમાં નંદાલયે પધારતા શ્રી નંદનંદનજીનો પદરજનાં દર્શન થતાં ભક્તિભાવે વિહ્વળ બની ધૈર્ય ત્યજીને ઢળી પડેલા, શ્વફલ્કજીના સુપુત્ર શ્રી અક્રૂરજી સર્વથા કુશળ છે ? (૩૨) શ્રી ઉદ્ધવજી ! શ્રી દેવક ભોજનાં પુત્રી શ્રી દેવકી માતા કુશળ છે ને ? કે જે દેવકી માતાજીએ દેવોને જન્મ આપનારાં દેવમાતાની માફક પૂર્ણ પુરુષોત્તમ ભગવાનને પૃથ્વી ઉપર પ્રક્ટ કર્યા છે, તેમ જ ભગવતી વેદત્રયી યજ્ઞોના વિસ્તારને ધારણ કરે તેમ ભગવાનને પોતાના હૃદય દેશમાં ધારણ કર્યા હતા તેવાં ભગવજ્જનની શ્રી દેવકીજી તો આનંદમાં છે ? (૩૩) વળી ઉદ્ધવજી ! આપના, સમર્પણશીલ સાત્વતોના-ભક્તોના મનોરથોને પૂર્ણ કરનારા, તેમ જ અન્તઃકરણના તુરીય તત્ત્વ-ચતુર્થ તત્ત્વસ્વરૂપે અવતરેલા છે તે શ્રી અનિરુદ્ધજી સુખમાં બિરાજે છે ને ? (૩૪) હે સદા સૌમ્ય સ્વભાવવાળા ઉદ્ધવલાલ ! નિજ હૃદયના નાથ, શ્રીકૃષ્ણ ભગવાનના અનન્ય ભક્ત શ્રી હૃદીકજી વગેરે શ્રી સત્યભામાજીના કુમારો, શ્રી પ્રદ્યુમ્નલાલના ભાઈ ચારુદેષ્ણ અને ગદ કુમાર વગેરે સર્વ કુશળ છે ને ? (૩૫)

ભગવચ્ચરણકમલના આશ્રિત પાંડવોના કુશલ પ્રશ્નો

શ્રી શુકાચાર્ય મુનિવર બોલ્યા કે રાજન્ ! શ્રી ઉદ્ધવજીને દશ શ્લોકોમાં ભગવાન અને ભગવાનના કુટુંબનું કુશળ પૂછીને શ્રીવિદુરજી છ શ્લોકોમાં પોતાના કુટુંબનું કુશળ પૂછવા લાગ્યા કે હે શ્રી ઉદ્ધવજી ! પોતાના દક્ષિણ અને વામ હસ્ત સમા શ્રીકૃષ્ણ ભગવાન અને શ્રી અર્જુન ભૈયાની ઓથવાળા, શ્રી ધર્મરાજ યુધિષ્ઠિર કુશળ છે ? હે ભાઈ ઉદ્ધવ ! આ શ્રી ધર્મરાજની સુધર્મા નામની લોકોત્તર સભા, અનેક પ્રકારના વિજયોની પરંપરાથી ચક્રવર્તિની લક્ષ્મીને ધારણ કરે છે. રાજા ધર્મની આ દિવ્ય લક્ષ્મીને નીરખી રાજા દુર્યોધનનું દિલ અસૂયાની આગે સળગી ઊઠ્યું હતું તેવા લક્ષ્મીસમ્પન્ન ધર્મરાજ ધર્મનિષ્ઠ રહી ધર્મસેતુનું ધર્મથી પાલનપોષણ રક્ષણ કરે છે ને ? લક્ષ્મીના મદથી છલકાયા તો નથી ને ? (૩૬) ભાઈ ! નિત્ય ન્યાયનિષ્ઠ દંડનાયક શ્રી વાયુતનય ભીમસેનજી અપરાધીજનો માટે જરાપણ ઉપેક્ષા કરે તેવા નથી ! અપરાધીને દેખતાં જ સર્પની સમાન ભભૂકી ઊઠતા તે શ્રી ભીમસેન ક્રોધને ત્યજીને દંડનાયકપદનું પાલન કરે છે ને ? ઉદ્ધવજી ! આપ તો જાણો છો કે જ્યારે દુર્યોધનની સામે અને યુદ્ધપ્રસંગોમાં ગદાયુદ્ધ કરતી વખતે અનેકવિધ પેંતરાઓ ખેલતા ત્યારે તો તેમના પાદપ્રહારથી ધરણી થરથર ધ્રૂજી ઊઠતી તેઓ કુશળ છે ને ? (૩૭) વળી ભાઈ ઉદ્ધવજી ! રણસંગ્રામમાં મહારથીઓના વિજેતા અને ઉજ્જ્વલ યશસ્વી, ગાંડીવ ધનુષ્યધારી શ્રી અર્જુનજી હવે તો શત્રુઓ નાશ પામ્યા હોઈ સ્વસ્થતાપૂર્વક રહેતા હશે ? ભાઈ ! એ પરાક્રમી શ્રી અર્જુનજી છે કે વ્યાસમહર્ષિની આજ્ઞાથી પાશુપતાસ્ત્ર પ્રાપ્ત કરવા માટે તપશ્ચર્યા કરતા અર્જુનજીનો સુવર્ણબાણ માટે કિરાતરાજ વેષમાં પધારેલા કૈલાસનાથ સાથે સંગ્રામ છેડાયો ત્યારે ગાંડીવીની બાણવર્ષામાં શિવજી છવાઈ ગયા હતા, તેવા પરાક્રમી અર્જુન ઉપર પ્રસન્ન થઈ પાશુપત અસ્ત્રનાં દાન કર્યાં હતાં તે ગાંડિવી કુશળ છે ને ? (૩૮)

ભાઈશ્રી ઉદ્ધવજી ! પાંપણો જેમ કીકીની કાયમ કાળજી કરે તેમ શ્રી માદ્રી માતાના કુમાર શ્રી નકુલ-સહદેવજીના ભગવતી કુન્તી માતા રખોપણ કરતાં, આ બે વીર પુત્રો કુશળ છે ? ભાઈ ! આ બન્નેની વીરતાની ગાથા કેમ ગવાય ? આ બન્ને એ તો જેમ અમૃતપાન કરતા રાજા ઈન્દ્રના મુખમાંથી શ્રી ગરુડજી અમૃત ઝૂટવી લાવ્યા હતા તેમ જ દિગ્વિજયમાં સંગ્રામ કરી શત્રુ નૃપતિઓ પાસેથી અઢળક લક્ષ્મી લઈ આવ્યા હતા તે બન્ને ભાઈઓ સુખી છે ને ? (૩૯) ભાઈ ઉદ્ધવજી ! કુન્તીમાતાની કથાનાં કથન શું કહીએ, રાજર્ષિવર્ય પાંડુ રાજાનાં તે અર્ધાંગના છે, જે પાંડુ રાજા કોઈની પણ ઓથ લીધા વિના સ્વયં એકવીરે એકલા હાથે, કેવલ ધનુષ્યની એક જ ઓથે ચારે દિશાઓને જીતી હતી

તેવા વીર પતિદેવના વિયોગમાં ધર્મના આદેશને માન આપી પુત્રોને માટે જીવી રહેલાં કુન્તીદેવી તો કુશળ છે ને ? (૪૦) હે સજ્જનવર ઉદ્ધવજી ! મને તો મારા મોટાભાઈ ધૃતરાષ્ટ્રનો વિચાર આવતાં અત્યંત શોક થાય છે કે જેમણે વિશ્વાસે વિશ્વમાંથી વિદાય લેનારા ભાઈ પાંડુ રાજાને પૂઠ પાછળ દગો દીધો અને દ્રોહ કર્યો ! અને આવી અધોગતિને પામ્યા ! અરે ભાઈ ! ભાઈ જેવા ભાઈ મને પણ પુત્રોને પરવશ બની દેશવટો દીધેલો તે હજુ પણ હરિવિમુખ છે તેનો શોક થાય છે. (૪૧)

મેં તો મોટાભાઈનો પાડ માન્યો

જો મને નગરમાંથી દૂર કર્યો તો જ આજે હું ભગવાન શ્રીકૃષ્ણ પરબ્રહ્મ હોવા છતાં મનુષ્યના જેવું વર્તન કરતા "માનવ નાટ્યલીલા" આચરતા અને જીવ માત્રને મોહમાં નાખી દઈ સર્વથા ગુપ્ત રીતે વર્તે છે તેવી રીતે ભગવાનની કૃપાથી ભૂતલ ઉપર ગુપ્તવેશમાં તીર્થાટન કરતો શ્રીહરિની જ અનુકંપાથી વિચરી રહ્યો છું. (૪૨) હે ઉદ્ધવલાલ ! આ પરબ્રહ્મ શ્રીકૃષ્ણને કોણ ઓળખશે ? ખલ રાજાઓ પોતાના ભારે સૈન્યોથી વારંવાર ધરણીદેવીને ધ્રુજાવતા હતા, વળી પોતાના વિદ્યા-ધન-વિશિષ્ટ કુલના ગર્વથી છકેલા ઉન્માર્ગગામી બન્યા હતા તેઓનો ભગવાને નાશ કરી ધરણીનો ભાર દૂર કર્યો, પરંતુ કૌરવોને મારી ભાર ન ઉતાર્યો, કારણ પોતાના ચરણે શરણે આવેલા ભીમસેનજી, અર્જુનજી, દ્રૌપદીજી વગેરે ભક્તોએ દુઃશાસનનાં હૃદય ચીરવા અને દુર્યોધનના સાથળ તોડવા વગેરે જે પ્રતિજ્ઞાઓ કરી હતી, તે પ્રતિજ્ઞાઓને ભગવાને પૂર્ણ કરાવવી હતી. તેથી જ ઈશ્વર છતાં કૌરવાદિની ઉપેક્ષા કરીને માર્યા નહીં. (૪૩) ભગવાન તો સ્વયં અજન્મા છે, તે તો ઉન્માર્ગે ચાલનારાનો વિનાશ કરવા જન્મ લે છે. જો વાત યથાર્થ ન હોય તો ગુણાતીત ભગવાન કર્માધીન ગણાતા એવા દેહનો અંગીકાર શા માંટે કરે ? (૪૪)

तस्य प्रपन्नाखिललोकपाना मवस्थितानामनुशासने स्वे । अर्थाय जातस्य यदुष्वजस्य वार्तां सरवे कीर्तय कीर्थकीर्तेः ।।४५।।

શ્રી વિદુરજી આગળ વધી બોલ્યા કે હે ઉદ્ધવલાલ ! સઘળા લોકોના નાથ અને પાલક, ઈન્દ્ર વગેરે દેવોના શરણ-આશ્રયનો એક જ આધાર તેમ જ શરણાગતોની રક્ષા કાજે જ કેવલ યદુકુલમાં અવતરેલ ભગવાન શ્રી કૃષ્ણની કીર્તિગંગા, ગંગાદિ તીર્થની માફક સર્વને પવિત્ર કરનારી છે તો હે સખા ! તે તીર્થ, કીર્તિ ભગવાનનાં કીર્તિતીર્થોમાં આપ અમને કૃપા કરી સ્નાન કરાવો. (૪૫)

શ્રીમદ્ ભાગવત પીયૂષના તૃતીય સ્કંધનો શ્રી વિદુરજી અને ઉદ્ધવલાલ સંતવર સમાગમનું વર્ણન કરતો પ્રથમ અધ્યાય સમાપ્ત થયો.

અધ્યાય ૨જો

[આ બીજા અધ્યાયમાં કુલ ૩૪ શ્લોકો છે. શ્રી વિદુરજી અને ઉદ્ધવજીના સત્સંગનો પ્રસંગ ચાલુ છે. પ્રથમ અધ્યાયમાં સામાન્ય કુશળ વિશિષ્ટ વ્યક્તિઓનું કુશળ અને ભગવચ્ચરિત્રને સ્પર્શતા જ્યારે વિદુરજીએ પ્રશ્નો પૂછ્યા ત્યારે ઉદ્ધવજી આ અધ્યાયથી તે પ્રશ્નોના સમાધાનનો પ્રારંભ કરે છે. આ અધ્યાયમાં ક્ષણ ભર ઉદ્ધવજી ભક્તિભાવના પ્રાકટ્યથી સ્થૂલદેહથી વિખૂટા પડી ભગવાનના નિજ લોકમાં પધારી ભગવાનને ભેટીને પાછા પધારી ભગવલ્લીલાઓનું વર્ણન કરશે.]

श्रीशुकउवाच : इति भागवतः पृष्टः क्षत्त्रा वार्ता प्रियाश्रयाम् । प्रतिवक्तुं न चोत्सेह औत्कण्डयात्स्प्रारितेश्वरः ।।१।।

શ્રી શુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! પૂર્વ અધ્યાયમાં પ્રભુના અન્તરંગ સેવક શ્રી ઉદ્ધવજીને પરમભગવદીય શ્રી વિદુરજીએ પ્રિયતમ ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રજીને સ્પર્શતા અને પ્રભુના પરિવારને સ્પર્શતા પ્રશ્નો પૂછ્યા ત્યારે ભગવદ વિરહમાં મુકાયેલા શ્રી ઉદ્ધવજીને ભગવાનનું સ્મરણ તાજું થઈ આવ્યું, હૃદય અત્યંત ઉત્કંઠાથી ભરાઈ આવ્યું અને એક પણ અક્ષર બોલવા માટે સમર્થ ના થઈ શક્યા. (૧)

બાલ્યકાલના સંસ્કારો જીવનમાં સુદૃઢ થઈ જાય છે

શ્રી ઉદ્ધવજી જ્યારે પાંચ વર્ષના નાના બાળક હતા ત્યારે બાલપણથી જ ભગવાનની સેવામાં મગ્ન રહેતા હતા. તેઓ બાલપણ રમતમાં - શ્રીકૃષ્ણની સેવાની જ રમતમાં - પ્રેમ ધરાવતા એટલા બધા તલ્લીન બની જતા કે તેઓશ્રીનાં

માતાજી જ્યારે પ્રાતઃકાલે કલેઉ માટે-પ્રાતઃભોજન માટે બોલવતાં ત્યારે તે સેવામાં લીન હોઈ સમાધિભૂમિમાં મુકાઈ જતા અને માતાનો સાદ પણ સાંભળતા નહીં. (૨) રાજન્ ! આજે તો ઉદ્ધવજી શ્રીકૃષ્ણ ભગવાનની સેવા કરતાં કરતાં જીવનના આરે-કિનારે આવ્યા હતા. તેઓશ્રીના વિદુરજીના પ્રશ્નોથી ભગવાનનાં ચરણકમલોનું સ્મરણ થઈ આવ્યું. વિરહને લીધે વિકળતા વધી પડી; તેથી ભગવાનની કુશળતાના પૂછેલા પ્રશ્નોના ઉત્તર આપવા સમર્થ ક્યાંથી થાય ? ૩

ભાવવિભોર ઉદ્ધવજીની ભૂમિકા

स मुहूर्तभूत्तूष्णीं कृष्णाऽग्घ्रिसुधया भृशम् । तीव्रेण भक्तियोगेन निमग्नः साधु निर्वृतः ।।४।।
पुलकोद्भिन्नसर्वाङ्गो मुञ्चन्मीलद्दशाशुचः । पूर्णार्थो लक्षितस्तेन स्नेहप्रसरसम्प्लुतः ॥ ५ ॥
शनकैर्भगवल्लोकान्नृलोकं पुनरागतः । विमृज्य नेत्रे विदुरं प्रत्याहोद्धथउत्स्मयन् ॥ ६ ॥

શ્રી વિદુરજીના પ્રશ્નોના શ્રવણથી પ્રથમ તો ઉદ્ધવજી શ્રીકૃષ્ણ ભગવાનના ચરણકમલની વિરહ સુધામાં ગાઢ ડૂબી ગયા, બે ઘડી મૂક બની ગયા, તીવ્ર ભક્તિયોગના બળથી ભગવાનના પરમાનંદમય સ્વરૂપમાં નિમગ્ન થઈ ગયા, (૪) અંગે અંગે રોમ જાગૃત થઈ ગયાં, સઘળાં શ્રીઅંગો આનંદથી પ્રફુલ્લિત થયાં, નિજ નયનસંપુટમાંથી સ્નેહાશ્રુસરિતા વહેવા લાગી, પ્રભુભક્તિના પૂરમાં પૂરેપૂરા ડૂબી ગયેલ હોઈ જાણે નિજાનંદથી પરિપૂર્ણ હોય એમ આકૃતિ અને મુખાકૃતિથી દેખાવા લાગ્યું. (૫) પુનઃ ધીમે ધીમે સમાધિદશા ઉપરામ લેવા લાગી. ભગવાનના આલિંગનથી ગયેલા પ્રાણો પાછા આવ્યા, સ્વયં ઉદ્ધવજીનો પણ સૂક્ષ્મદેહ ભગવાનના નિજલોકમાંથી પાછો આવી પોતાના સ્થૂલદેહમાં પ્રવેશ્યો; કંઈક સ્વાસ્થ્ય અનુભવ્યું, નેત્રોમાંથી વહી જતી અશ્રુધારાને અટકાવી દીધી અને જાણે હાસ્ય કરતા હોય તેમ કાંઈક બોલવાનો પ્રારંભ કર્યો. (૬)

શ્રી ઉદ્ધવજીનાં વચનામૃત

શ્રી ઉદ્ધવલાલ બોલ્યા કે હે વિદુરજી ! ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર નામનો આધિદૈવિક સૂર્ય જ્યારે પૃથ્વીલોકમાં પ્રેમ-ભક્તિનો પ્રકાશ પ્રસરાવા-લોકાન્તરને પ્રકાશવા પધાર્યો હોય ત્યારે અંધકાર નામનો અજગર જગતને ગળી રહ્યો હોય, સર્વનાં નિવાસો લક્ષ્મીશૂન્ય, બન્યાં હોય શ્રીશૂન્ય બન્યા હોય, શોભાશૂન્ય ત્યારે આપ, સર્વનું કુશળ પૂછી રહ્યા છો ત્યારે આપને કુશળ વૃત્તાન્ત કેવી રીતે સંભળાવુ ? (૭) ભાઈ વિદુરજી ! "અતિપરિચય અનાદરનું કારણ" એ ન્યાય સાચે જ સત્ય છે. જલધિ-સાગરમાં રહેનારા મત્સ્યોએ સાગરનિવાસી અમૃતસ્રાવી ચંદ્રને ના ઓળખ્યા અને માછીમારના કાંટાના માંસમાં ફસાયા તેવી જ રીતે યાદવોએ યદુકુલ મહાસાગરમાં વસેલા પૂર્ણાનંદપૂર્ણ શ્રીકૃષ્ણચંદ્રને ના ઓળખ્યા અને પોતાના જેવા જ માનવ માન્યા અને પરમાનંદના લાભથી વંચિત થયા. (૮) વિદુરજી ! યાદવો જેવા કોણ કમભાગી હશે ? જેઓ ભગવાનની સાથે સતત વસ્યા, ખેલ્યા, રમ્યા, વળી યાદવો ગંભીર હતા, ભગવાનના અભિપ્રાયને જાણતા પણ હતા, આમ છતાં સર્વ જગતના નિયંતા નાથ શ્રી યદુનાથને જાણી ન શક્યા. તેમને તેમણે કેવળ શ્રેષ્ઠ યદુવર માન્યા અને મોક્ષાદિ સિદ્ધિઓ ભગવાન પાસેથી ના મેળવી શક્યા. (૯) હે વિદુરજી ! જે વિવેકશીલ ભગવદીય જનોએ પોતાના અન્તઃકરણને પોતાના જ આત્મા એટલે પોતાના આત્માના આત્મા ભગવાન શ્રીકૃષ્ણમાં જ ઓતપ્રોત કરીને રાખેલ છે તેઓના મનને જેમના ઉપર દેવ-માયાની અસર છે તેમનાં વચનોની, તેમ જ શિશુપાલ જેવા અસજ્જનોના નિત્ય સંગમાં રહેલા છે તેમનાં વચનોની કદી અસર થઈ નથી તેમ જ પ્રભુચરણ-કમલમાંથી તે ભક્તજનોની બુદ્ધિ કદી વિચલિત થઈ નથી. (૧૦) વિદુરજી ! ભગવાન તો એટલા બંધા કૃપાળુ છે કે જે જીવાત્માઓએ પૂર્વજન્મોમાં તપશ્ચરણ નથી કર્યાં અને જેમની દૃષ્ટિ હરિદર્શનની પ્યાસી છે, તેમ જ દર્શન કરી કદી ધરાતી નથી તેવા પણ જનોને લોકના જ્ઞાનરૂપ પોતાના આત્મસ્વરૂપનાં ખૂબ સારી રીતે દર્શન આપીને પુનઃ તે દિવ્ય સ્વરૂપને લઈને ભગવાન તિરોહિત થઈ ગયા. (૧૧)

સચ્ચિદાનંદમય ભગવાનના સ્વરૂપનું નિરૂપણ કરતી શ્લોકત્રયી

यन्मर्त्यलीलौपयिकं स्वयोग मायाबलं दर्शयता गृहीतम् ।। विस्मापनं स्वस्य च सौभगर्थेः परं पदं भूषणभूषणाङ्गम् ।।१२।।

હે વિદુરજી ! ભગવાનનો વિગ્રહ એટલે શ્રીકૃષ્ણ ભગવાનનું દિવ્ય સ્વરૂપ, પોતાની યોગમાયાનો પ્રભાવ દર્શાવવા માટે માનવીલાલાને યોગ્ય જે દિવ્ય શ્રીઅંગ પ્રકટ કર્યું તે એટલું સુંદર હતું કે જે શ્રીઅંગની ઝાંખી કરીને સમસ્ત વિશ્વ તો મુગ્ધ થઈ જતું, પરંતુ ભગવાનને પણ વિસ્મય પેદા કરતું હતું કે શું હું આટલો બધો સુંદર છું ? વિદુરજી શ્રીઅંગોની વિશેષતા તો એ હતી કે સામાન્ય શરીરો તો શૃંગાર-અલંકારથી શોભતાં હોય છે જ્યારે ભગવાનનું આ શ્રીઅંગ અલંકારોને શોભાવતું હતું. (૧૨) વિદુરજી ! ઉપરના શ્લોકમાં ભગવાનના "સત્' સ્વરૂપનો મહિમા ગાયો, હવે ભગવાનના ચિદ્રૂપનો મહિમા સાંભળો : ધર્મરાજ યુધિષ્ઠિરજીના રાજસૂય યજ્ઞમાં નેત્રોનું નિત્ય કલ્યાણ-મંગલ કરનાર ભગવાનના દિવ્ય સ્વરૂપને નિહાળીને ત્રણે લોક એવા નિર્ણય ઉપર આવ્યાં કે બ્રહ્માજીએ રચેલી માનવસૃષ્ટિમાં જે સર્વોત્તમ નિપુણતા છે તે સંપૂર્ણપણે આજે ભગવાન શ્રીકૃષ્ણના જ સ્વરૂપમાં સમાયેલી છે. (૧૩) શ્રી ઉદ્ધવજી ભગવાનના આનંદમય સ્વરૂપનું વર્ણન કરે છે કે રાસલીલા સમયે ભગવાને અનુરાગ ભરેલા હાસ્યસહિત શ્રી વ્રજવનિતાઓ પ્રત્યે એવું તો અવલોકન કર્યું કે તેથી માન પ્રાપ્ત કરેલ વ્રજલલનાઓ, પોતાની દૃષ્ટિ સાથે બુદ્ધિથી પણ શ્રીકૃષ્ણ ભગવાનમાં તન્મય બની જઈ, ઘરનાં સર્વ કાર્યો ત્યજી દઈ કેવલ ભગવાનની સન્મુખ સ્થિર થઈ ઊભાં રહ્યાં. (૧૪)

શ્રીકૃષ્ણ પ્રાકટ્યનું પ્રયોજન

હે વિદુરજી ! જ્યારે ભૂમિ ઉપર પોતાનાં સર્વ શાંત ભક્ત સ્વરૂપો અન્ય અશાન્ત અને ઉગ્ર સ્વરૂપોથી ક્લેશ પામે છે, ત્યારે કરુણામય હૃદયવાળા, અગુણ અને સગુણના સ્વામી સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન, પોતે અજન્મા છે તો પણ જેમ અગ્નિનો પ્રાદુર્ભાવ કાષ્ઠમાં થાય છે તેમ "મહદ અંશ" વડે એટલે પ્રકૃતિ પુરુષને પોતાના સ્વરૂપને લઈને પ્રકટે છે. (૧૫)

શ્રી ઉદ્ધવજીની અકળામણ

શ્રીહરિના મહિમાનું વર્ણન કરતાં ઉદ્ધવજીને ત્રણ અકળામણ થઈ કે અજન્મા અને પૂર્ણસ્વરૂપ ભગવાનને જન્મ જ શા માટે લેવો પડે ? અને જન્મ લે તો વસુદેવજીને જ ઘેર શા માટે ? (૧) વળી વ્યાપિ વૈકુંઠનિવાસી ભગવાન શ્રીકૃષ્ણ વ્રજમાં નાના શા ગોકુલ ગામમાં જન્મ શા માટે તેમ જ ગુરુકુલમાં નિવાસ અને અભ્યાસ શા માટે ? (૨) આ ઉપરાંત ત્રીજી વ્યથા છે કે ભગવાન તો "અનન્તવીર્ય" છે. તેમને ભયભીત થઈ મથુરાથી ભાગી જવું અને વ્રજમાં વસવું (૩) આવી ભગવાનની ન સમજી શકાય તેવી લીલાઓ એ તો માત્ર અનુકરણ છે- કેવલ વિનોદ છે. (૧૬) હે પિતાજી ! હે માતાજી ! અમે કંસરાજાથી અત્યંત ભયભીત બનીને ગોકુલ ચાલ્યા ગયા, આપની કોઈ પણ પ્રકારની સેવા ન કરી શક્યા; તો આપ અમને ક્ષમા કરો, આપ અમારા પર પ્રસન્ન રહો - આ પ્રમાણે કંસનો વધ કરી માતાપિતાનાં ચરણે વંદન કરી બોલી રહેલા શ્રીકૃષ્ણચંદ્રજીનાં વચનોનું સ્મરણ થતાં જ અમારાં હૃદય પીડાય છે કે પૂર્ણ પુરુષોત્તમને આવું બોલવું શોભે ? (૧૭) હે વિદુરજી ! આવા વિવેકશીલ ભગવાન શ્રીકૃષ્ણના ચરણકમળની રેણુની સુગંધને સૂંઘનાર એવો કયો પુરુષ છે કે જે ભગવાનને ભૂલી શકે ! વિદુરજી આ તો એ શ્રીકૃષ્ણ પ્રભુ છે કે જે ભગવાનની સારી રીતે ફરકતી ભ્રૂકુટીના શાખારૂપ કાલ દ્વારા ભૂમિના ભારને દૂર કરે છે. (૧૮) સંતવર વિદુરજી !રાજા ધર્મરાજના રાજસૂયયજ્ઞમાં ભગવાન શ્રીકૃષ્ણનો દ્વેષ કરનાર અને અપાર નિંદા કરનાર શિશુપાલને પણ દિવ્ય સિદ્ધિ-ભગવાને આપી તે ભગવાનની કરુણા આપે તો નજરે નિહાળી છે. ખરેખર આ પ્રકારની સિદ્ધિ સંપાદન કરવા માટે તો યોગીજનો સુવ્યસ્થિત પ્રકારે આચરેલા યોગમાર્ગથી ઉત્કંઠા સેવે છે તો પણ શિશુપાલના જેવી સદ્ગતિને પામી શક્યા નથી. (૧૯) આવી જ રીતે નેત્રોને પરમાનંદનું દાન કરનાર ભગવાનના શ્રીમુખકમલનું સમરાંગણમાં પોતાનાં નેત્રોથી પાન કરતાં કરતાં તેમ જ શ્રી અર્જુનજીનાં દિવ્ય અસ્ત્રોથી પવિત્ર નરલોકવીરો પણ પરમ પદને પામ્યા છે. (૨૦)

પૂર્ણપુરુષોત્તમની દીનતાની પરાકાષ્ઠા

શ્રી ઉદ્ધવજીએ કહ્યું કે વિદુરજી ? ભગવાન શ્રીકૃષ્ણ તો ત્રણ લોકના અધીશ્વર છે, જે ભગવાનની સમાન કોઈ નથી, તો એમનાથી અધિક કોણ હોઈ શકે ? ભગવાન તો પોતાનામાં જ રહેલી રાજ્યલક્ષ્મીથી નિત્ય પરિપૂર્ણ કામ છે, તેમ જ ચિરકાલ રાજ્યશ્રી ભોગવતા લોકપાલો અને ઈન્દ્રાદિ દેવો પ્રભુચરણે અનંત પ્રકારની ભેટો સમર્પે છે. વિદુરજી પ્રભુના ચરણોને બિરાજવા માટેની જે ચરણચોકીઓ છે તેમને પ્રણામ કરતાં દેવાધિદેવો પોતાનાં મસ્તકોના મુકુટમણિઓના અગ્ર ભાગથી અર્ચન કરે છે, એથી તો ભગવાનની ચરણચોકીની સ્તુતિ કરતાં દેવો ધરાતા નથી, હે વિદુરજી ! આવા સમર્થ અને સર્વેશ્વર ભગવાન શ્રીકૃષ્ણ, જ્યારે સિંહાસને બેઠેલા રાજા ઉગ્રસેનને એક છડીદારની માફક સન્મુખ ઊભા ઊભા નિવેદન કરતા હોય કે હે દેવ ! જરા અમારા ઉપર કૃપાનજર કરો ! હે દેવ ! કહો ને આપનો શો આદેશ છે ! આ પ્રકારની સેવક સમી શાલીનતા અને દીનતાનાં અવલોકન કરીએ ત્યારે અમારા જેવા ભગવાનના કિંકરોને ક્લેશ થાય કે ભગવાન આવી દીનતા શા માટે દર્શાવતા હશે ? (૨૧-૨૨)

દયાનિધિ દેવાધિદેવની દયાલુતા : અતિશય તુચ્છને અત્યંત સ્વચ્છ ગતિનું દાન

अहो बकी यं स्तनकालकूटं जिधांसयापायदप्यसाध्वी । लेभे गतिं धात्र्युचितां ततोऽन्यं कं वा दयालुं शरणं व्रजेम ॥२३॥

શ્રી ઉદ્ધવજી કહી રહ્યા છે, વિદુરજી શ્રીકૃષ્ણ ભગવાનની લીલાઓ સમજવી અત્યંત ગૂઢ છે. જુઓ અતિશય સ્વચ્છ ભગવાને રાજા ઉગ્રસેનની પ્રતિહારી તરીકે તુચ્છ ગણાતી સેવા કરી, એ પ્રસંગ તો આપે સાંભળ્યો.હવે અતિશય તુચ્છ એવી પૂતનાને ભગવાને માતાના જેવી સ્વચ્છ ગતિનાં દાન કર્યાં તે પ્રસંગ સાંભળ્યો. સાચે જ પાપમતી પૂતનાએ પોતાના વક્ષઃસ્થલ ઉપર લગાવેલા હલાહલ વિષનું ભગવાન શ્રીકૃષ્ણના પ્રાણ લેવાની દુષ્ટ દાનતથી જ પાન કરાવ્યું હતું. આવી તુચ્છ ક્રિયા કરનારી પૂતનાને દયાનિધિદેવે માતાને ઘટતી સદ્ગતિનાં દાન દીધાં, આવા દયાળુ ભગવાનને ત્યજીને કોને શરણે જઈએ ? (૨૩) વિદુરજી ! મને એમ લાગે છે અને મારું મન પણ એમ માને છે ત્રિલોકીનાથ ભગવાન શ્રીકૃષ્ણમાં ક્રોધના માધ્યમથી, ભગવાનમાં પરોવેલ ચિત્તવાળા અસુરોને ભગવદીય માનું છું. જો તેઓ પૂર્વના ભક્તો ના હોય તો રણાંગણમાં તે અસુરો, ચક્રધારી ભગવાનને પોતાની પીઠ ઉપર પધરાવી ધસી આવતા ગુરુડજીને નિહાળવા કેમ બડભાગી બની શકે ? (૨૪)

દશ શ્લોકોમાં નાથની વ્રજલીલાનાં યશોગાન

ઉદ્ધવજી વર્ણન કરતાં બોલ્યા કે વિદુરજી ! આ પૃથ્વીનું કલ્યાણ કરવાની ઈચ્છાથી, તેમ જ બ્રહ્માજીએ પ્રાર્થના કરેલ હોવાથી, ભગવાન શ્રીકૃષ્ણ, શ્રી વસુદેવજીનાં પત્ની શ્રી દેવકીજીમાં કંસ રાજાના કારાગૃહમાં પ્રકટ્યા અને કંસથી ડરતા પિતાજી શ્રી વસુદેવજીને પ્રેરણા આપી મથુરાજીથી નંદરાયજીના વ્રજમાં પધાર્યા. પધાર્યા બાદ અત્યંત ગૂઢ તેજસ્વી ભગવાન શ્રીકૃષ્ણ શ્રી બલભદ્રજી સાથે અગિયાર વર્ષ પર્યન્ત નંદાંગણે બિરાજ્યા. (૨૫-૨૬)

વ્યાપિ-વૈકુંઠમાં ભગવાનનું યશ ગાતાં પ્રણવ, ગાયત્રી વગેરે વ્રજમાં પક્ષી સ્વરૂપે પધાર્યા

વિદુરજી ! મથુરાજીથી નંદનિકેતને પધારેલા ભગવાન શ્રીકૃષ્ણ, કલ્લોલ કરતાં પક્ષીવૃન્દથી ભરપૂર વૃક્ષોવાળા શ્રી યમુનાજીના કિનારાના ઉપવનમાં વ્રજબાળકોથી વીંટાએલા, વાછરડાંઓથી ઘેરાએલા, વાછરડાંઓને ચારતા, વિહાર કરતા હતા. (૨૭-૨૮) હવે ભગવાન શ્રીકૃષ્ણજી ધીમે ધીમે મોટા થવા લાગ્યા એટલે શ્વેતવર્ણી સર્વાંગસુંદર સાક્ષાત્ લક્ષ્મીજીના ધામ સમાન ગાયો ને બળદના ધણને ચારતા, વેણુ બજાવતા પોતાના સેવક એવા ગ્વાલબાલને ખેલાવતા હતા. (૨૯) આ અવસરે રાજા કંસે મોકલેલ જુદા જુદા અનેક માયાવી શરીરો લઈ લઈને આવેલા રાક્ષસોનો, બાળક જેમ રમકડાં તોડી નાખે તે રીતે શ્રીકૃષ્ણે સહજ રીતે અનાયાસે નાશ કર્યો. (૩૦) કાલીય નાગને નાથી, કાલિંદીજીના ધરામાંથી દૂર કરી, ઝેરીલાં જળપાનથી મૃત્યુ પામેલા ગ્વાલબાલ અને ગાયોને સજીવ કરી, પૂર્વના જેવું નિર્મલ સ્વચ્છ પીવા લાયક જલ બનાવી, સર્વને પીવરાવ્યું. (૩૧) વળી નંદરાયજીને ત્યાં વધેલા આધિદૈવિક દ્રવ્યનો સદ્વ્યય કરવાની

સદ્ભાવનાથી ભગવાને ઉત્તમ ઋષિવરોને નિમંત્રિત કરી તેઓના દ્વારા શ્રી ગોપરાજ નંદબાવા પાસે ગોસવયાગ-ગોવર્ધન મહોત્સવ કરાવ્યો અને વૈશ્ય ધર્મનું પાલન કર્યું. આ ગોસવયાગનું નામ વેદોમાં **"वैश्यस्तोम"** કહયું છે પ્રતિપદા અને અમાવસ્યાના સંયોગમાં ગોસવયાગ કરવો એવું વિધાન છે. આ ઉત્સવસમયે વત્સ, નંદી, બળદો સાથે ગોધનનાં અર્ચન કરવાં, ગોધનને વિવિધ પ્રકારે શૃંગાર કરવા, ગોવૃંદને કંસાર-લાપસી વગેરે ખૂબ અરોગાવવાં તેમ જ નિરાજન વિધિ અને અન્નકૂટ મહોત્સવ કરવો. શ્રુતિના વચનને અનુસરીને ભગવાને શ્રી ગોર્વધન મહોત્સવ વ્રજવાસીઓ પાસે કરાવ્યો. તે ભગવાને સભાપર્વના આરંભથી કાલીયમર્દન કર્યું અને સપ્તમ વર્ષના અંતે શ્રી ગોવર્ધન ગિરિવરને ધારણ કર્યા. ૩૨

હે ભદ્રશીલ વિદુરજી ! કરુણાનિધાન શ્રીકૃષ્ણ ભગવાને, માનભંગ થયેલા અને વધુ રોષે ભરાયેલા રાજા ઈન્દ્રે વ્રજ વિનાશ માટે મુશળધાર વૃષ્ટિ શરૂ કરી ત્યારે ખૂબ જ ગભરાઈ ગયેલા વ્રજનિવાસીઓની વિના વિલંબે રમત રમતમાં એક નાનેરો બાલક જેમ ઈન્દ્ર ગોપ ટોપને ધારણ કરે તે રીતે ઉઠાવેલ શ્રીગોવર્ધન ગિરિવરને ધારણ કરી રક્ષણ કર્યું હતું.

(૩૩) હે વિદુરજી ! વળી શરદઋતુના ઉડુરાજ ચંદ્રનાં અમૃતમય કિરણોથી ઉજ્જવલ બનેલી રાત્રીના પ્રારંભને માન આપી વ્રજવનિતાઓનાં મંડલના આભૂષણરૂપ ભગવાન મધુર રવવાળા વેણુનાં કલગાન કરતા રમણ કરતા હતા. ૩૪

शरच्छशिकरैर्मृष्टं मानयन् रजनीमुखम् । गायन्कलपदं रेमे स्त्रीणां मण्डलमण्डनः ॥ ३४ ॥

શ્રીમદ્ ભાગવત પીયૂષના તૃતીય સ્કંધનો શ્રી ઉદ્ધવજી અને શ્રી વિદુરજીના સત્સંગમાં ભગવાનની લીલાઓનું ટૂંકાણમાં વર્ણન કરતો બીજા અધ્યાયની સમાપ્તિ.

અધ્યાય ૩જો

[આ ત્રીજા અધ્યાયમાં ૨૮ શ્લોકો છે. ૧૦ ઈન્દ્રિયો અને ચાર અન્તઃકરણ મળીને ૧૪ તત્ત્વો થયાં અને આ ૧૪ તત્ત્વોના ૧૪ દેવતાઓ છે તેથી ઈન્દ્રિયો અને દેવતાઓ કુલ ૨૮ તત્વો થયાં. આ અધ્યાયમાં ૨૮ તત્ત્વોનું નિરૂપણ છે તેનો સંકેત જણાવવા ૨૮ શ્લોકો છે. આ અધ્યાયમાં મથુરાલીલા અને દ્વારિકાલીલાનું વર્ણન આવશે.]

નાથનું ગોકુલથી મધુરા-દ્વારિકામાં પ્રસ્થાન

उद्धव उवाच : ततः स आगत्य पुरं स्वपित्रो–श्चिकीर्षया शं बलदेवसंयुतः ।
निपात्य तुङ्गादि् रिपुयूथनाथं–हतं व्यकर्षद् व्यसुमोजसोव्याम् ॥ १ ॥

શ્રીઉદ્ધવજી વચનસુધા વર્ષાવતા કહેવા લાગ્યા કે વિદુરજી ! ભગવાન શ્રીકૃષ્ણ ગોકુલમાંથી પોતાનાં માતાપિતાનું પ્રિય કંરવા માટે શ્રી મથુરાપુરીમાં શ્રી બલભદ્રજીની સાથે પધાર્યા. ત્યાં પધારીને શત્રુઓના યૂથાધિપતિ રાજા કંસને ઊંચા મંચ ઉપરથી ધરણી ઉપર નીચે પટકી દઈને નિષ્પ્રાણ બનેલા કંસનું કલ્યાણ કરવા માટે પૃથ્વી ઉપર ખૂબ જ રગદોળવા લાગ્યા. કારણકે કંસ રાજાની કાયાને પ્રભુપદરજનો સ્પર્શ થાય તો કંસની સદ્ગતિ થાય એવી ભગવાનના હૃદયમાં કરુણા હતી. (૧) પુનઃ યજ્ઞોપવીત સંસ્કાર પ્રાપ્ત કરી, શ્રી સાંદીપનિ મુનિને ત્યાં વેદાધ્યયન માટે પધાર્યા, ત્યાં ગુરુદેવે એકવાર ઉચ્ચારેલા વેદોને, વેદોનાં અંગ-પ્રત્યંગો સાથેના સંપૂર્ણ વિસ્તારનો અભ્યાસ કર્યો. ત્યારબાદ વેદાધ્યાન પૂર્ણ થતાં ગુરુદક્ષિણામાં, ગુરુના મરણ પામેલા પુત્રને પાંચજન્ય દૈત્યનો વધ કરી, પાંચજન્ય શંખ ઉદરમાંથી લઈ, યમરાજને દ્વારે જઈ, શંખનાદ કરી ગુરુપુત્રને યમલોકમાંથી પરત લાવી ગુરુજીને ચરણે સમર્પણ કર્યો. (૨)

ગૃહસ્થાશ્રમ ધર્મોનો આદર

હે વિદુરજી ! શ્રીકૃષ્ણ ભગવાને ગુરુકુલવાસ અને વેદાભ્યાસ કરી બ્રહ્મચર્યાશ્રમના ધર્મોનો સમાદર કરી ગૃહસ્થાશ્રમ ધર્મોનો આદર કરતી લીલાઓનો વિસ્તાર કરવા માંડ્યો. શ્રી ભીષ્મરાજ રાજકુમારી શ્રી રુક્મિણીજીએ ગાંધર્વવિવાહવિધિનું અવલંબન લઈને વરણ કરવાની વૃત્તિથી श्रियः सवर्णन શ્રી લક્ષ્મીજીના જેવી સમાન કાંતિવાળા ભાઈ રુકમી દ્વારા અથવા શ્રી એટલે રુક્મિણીજીના નામના "રુકમ" નામના વર્ણો-અક્ષરો જે ભાઈના નામમાં રહ્યા છે તે ભાઈ રુકમી દ્વારા અનેક રાજાઓને સ્વયંવરમાં આમંત્ર્યા હતા. સ્વયંવરમાં સર્વ રાજાઓની નજર સામે જ સર્વ રાજાઓના મસ્તકો ઉપર પગ મૂકીને એટલે સર્વ રાજાઓને પરાજિત કરીને, શ્રી ગરુડજી પોતાનાં શ્રી "વિનતાજી"

નામનાં માતાજીની ઈચ્છાને-આજ્ઞાને માન આપી અમૃતનો કલશ જેમ સ્વર્ગમાંથી લઈ આવ્યા; તેવી જ રીતે, ભગવાન શ્રીકૃષ્ણે દેવકીજી માતાની આજ્ઞાનો-ઈચ્છાનો આદર કરી પોતાના જ ભાગ ગણાતાં શ્રી લક્ષ્મીજી નામના અમૃતને લક્ષ્મીપતિ ભગવાન લઈ આવ્યા. (૩) વિદુરજી ! ભગવાનના સોમ વંશના રુક્મિણીજીના વિવાહની કથા આપે સાંભળી; હવે સૂર્યવંશના લગ્નની મંગલ ગાથા સાંભળો-વણનાથેલા સાત સાંઢનાં, સાતસ્વરૂપો લઈ એકસાથે સાતે સાત નાક વીંધી સાતે સાત નાકમાં નાથ નાંખી, સર્વ સાંઢને વશ કરી સ્વયંવરમાં સર્વ વીરવરોની હાજરીમાં જ શ્રી નાગ્નજીતીજીનાં વરણ કર્યું. આ અવસરે માનભંગ પામેલા છતાં વીર નૃપતિઓ નાગ્નજીતીજીની આશા સેવતા, અજ્ઞાની રાજાઓ શસ્ત્રો અસ્ત્રો સજી સંગ્રામે ચઢ્યા, ભગવાન પોતે જરા પણ ઘવાયા વિના હેમખેમ રહીને સર્વ રાજાઓને શસ્ત્રોથી હણી વિજયી બની નાગ્નજીતીજીને લઈ દ્વારિકા પધાર્યા. (૪)

દામ્પત્યજીવન મર્યાદા અને પુષ્ટિથી રસાલ બને

ઉદ્ધવજીએ શ્રીકૃષ્ણ ભગવાનની લગ્ન લીલાઓનું વર્ણન કરી "પત્નીના મનોરથને પૂર્ણ કરે તે પતિ" એવા લક્ષણને લક્ષમાં લઈને શ્રી વિદુરજીને કહેવા લાગ્યા કે વિદુરજી ! સમર્થ અને જિતેન્દ્રિય ભગવાન શ્રીકૃષ્ણ જાણે કોઈ કહ્યાગરા કંથના જેવો વ્યવહાર-લીલા આચરતા હોય ને શું ? એ રીતે શ્રી સત્યભામાજીનું પ્રિય કરવાની કામનાથી એટલે સત્યભામાજીના કોડને પૂર્ણ કરવા કાજે સ્વર્ગમાંથી પારિજાત તરુવરને શ્રી યદુવર ઉપાડી લાવ્યા, ત્યારે ક્રોધાંધ બનેલા રાજા ઈન્દ્રે દેવગણોની કુમક લઈ શ્રીકૃષ્ણ ભગવાન ઉપર આક્રમણ કર્યું. હે વિદુરજી ! આવી ઈન્દ્રની બાલિશ ચેષ્ઠા જોતાં લાગે કે સ્વર્ગની અપ્સરાઓના રમકડા સમાન ઈન્દ્ર પાસે વિવેક ક્યાંથી મળે ? (૫) વિદુરજી ભૂમિતનય ભૌમાસુર જ્યારે પોતાની વિશાળ કાયાથી આકાશને પણ ગળી જતા, સમર્થ પુત્ર ભૌમાસુરને રણસંગ્રામમાં શ્રીહરિએ સુદર્શનચક્રથી હણ્યો ત્યારે પૃથ્વીમાતાએ પોતાના કુંવર ભૌમાસુરના પુત્ર ભગદત્તની રક્ષા માટે શ્રીકૃષ્ણ પ્રભુને પાલવ પાથરી વીનવ્યા ત્યારે કોમલચિત્ત શ્રીકૃષ્ણે ભૌમાસુરના પુત્ર ભગદત્તને અભયદાન અને રાજ્યનું દાન આપી ભૌમાસુરના રાણીવાસ-અન્તઃપુરમાં પ્રવેશ કર્યો. (૬) ભૌમાસુરે અનેક નૃપત્તિઓને જીતીને તેઓની રાજકુમારીઓને પોતાના અન્તઃપુરમાં રૂંધી રાખી હતી. આ સર્વ રાજકન્યાઓ કૃપાનિધાન દીનબંધુ શ્રીકૃષ્ણનાં દર્શન થતાં એકાએક ઊભી થઈ ગઈ અને અત્યંત આનંદ, ઉમંગ, લજ્જા અને સ્નેહભરી નજરોએ નાથને એકીસાથે વરી. (૭) પ્રભુનાં હૃદયથી વરણ કરી ચૂકેલી આ સર્વ કન્યાઓની સાથે શ્રીકૃષ્ણ પ્રભુએ પોતાની દિવ્ય યોગશક્તિથી અનેક સ્વરૂપોનો સ્વીકાર કરી પ્રત્યેક માટે રચેલા જુદા જુદા રાજભવનોમાં એક જ મુહૂર્તમાં વિધિપૂર્વક પાણિગ્રહણવિધિ કર્યો. (૮) પ્રકૃતિદેવીને વિવિધ પ્રકારે વધવાની વાંછા થઈ અને યોગ્ય વર શ્રી યદુવર મળ્યા ત્યારે તેમની કામનાઓની પૂર્તિ કરવા શ્રી પુરુષત્તમે પ્રત્યેક પત્નીઓમાં પોતાના જેવા જ દશદશ કુમારો અને એક એક કન્યાનો જન્મ આપ્યો. (૯)

ભક્તવર શ્રી મુચુકુંદ અને ભક્તવર શ્રી ભીમકુમારમાં શ્રીકૃષ્ણ ભગવાનનો શક્તિપાત

શ્રી મથુરાપુરીને મોટાં મોટાં સૈન્યોથી ઘેરી લેનાર શાલ્વ, જરાસંઘ, કાલયવન વગેરે, ભગવાને હણ્યા અને તેમનો નાશ કરવામાં જેઓ નિમિત્ત બનાવ્યા તેવા શ્રી મુચુકુન્દ રાજાજી શ્રી ભીમકુમાર ભૈયા વગેરેમાં ભગવાને પોતાના દિવ્ય તેજનાં સ્થાપન કર્યાં. (૧૦) દયાળુ દેવ શ્રી વાસુદેવે શ્રી પ્રદ્યુમ્ન દ્વારા શંબરાસુરને બલભદ્રજી દ્વારા દ્વિવિદ્ વાનરને, પોતે લાક્ષાસુર અને મુરદાનવને, બલભદ્ર દ્વારા બલ્વલને, પોતાના હાથે દંતવક્ત્ર વગેરેને માર્યા. બાણાસુરના હજાર હાથ કાપી કેવલ ચાર હાથ અખંડ રાખી મારવા જેવી જ દશા કરી તેથી શુકાચાર્યજીએ બાણાસુરને માર્યો એવો ઉલ્લેખ કર્યો. (૧૧)

કૌરવોનો અને યદુકુલનો નાશ

શ્રી ઉદ્ધવજી શ્રીકૃષ્ણલીલાનું ગાન કરતા કહેવા લાગ્યા કે ભાઈ વિદુર ! ખલ રાજાઓના નાશથી પણ ધરણીનો ભાર જ્યારે ઓછો ન જ થયો ત્યારે કુરુક્ષેત્રમાં ધસી આવતાં ભયંકર સૈન્યોના ભારથી કુરુક્ષેત્રની ધરણી ધ્રૂજી ઊઠી ત્યારે

ભગવાને હે વિદુરજી ! આપના ભાઈ પાંડુરાજા અને ધૃતરાષ્ટ્રના પક્ષમાં રહેલા રાજાઓનો પણ ભગવાને નાશ કરાવ્યો. રાજન્ ! નજરે જોતાં તો એમ લાગતું કે પાંડવોએ કુરુસૈન્યનો સંહાર કર્યો; પરંતુ ભગવાને પોતાના પાંચ પાંડવોરૂપ પોતાના પાંચ નખથી પૃથ્વીનો ભાર ઉતાર્યો હતો. (૧૨)

હે વિદુરજી ! દુર્યોધન, દુઃશાસન, કર્ણ, શકુનિ વગેરેની કલુષિત કુમંત્રણાઓના પરિણામે નાશ પામેલ આયુષ્ય અને લક્ષ્મીવાળા રાજાઓનો નાશ કરી તેમ જ સેવકો સાથે રણભૂમિમાં કાયમ માટે સોડ તાણી સૂતેલા અને ભાંગેલી સાથળવાળા દુર્યોધનને જોઈને પણ ભગવાનને સંતોષ ન થયો ત્યારે ભગવાને વિચાર્યું કે દ્રોણાચાર્ય, ભીષ્મપિતામહ, અર્જુનજી અને શ્રી ભીમકુમાર જેમાં મુખ્ય છે એવા મારા જ અંશોથી અઢાર સંખ્યાની અક્ષૌહિણી સેનાઓનો બોજો જો કે ઉતાર્યો તો છે છતાં આ યાદવોનું અસહ્ય સૈન્ય તો અવિશિષ્ટ રહેલ છે. માટે જો યાદવો માધ્વી મદિરાના પાનથી ઉન્મત થયેલ અને કાંઈક લાલ નેત્રવાળા પરસ્પરમાં કલહ કરે અને સંગ્રામ ખેલે તો જ તેમનો નાશ થાય, ધરણીનો ભાર હળવો થાય; આ વિના એમને માટે અન્ય કોઈ ઉપાય નથી એવો નિર્ણય કર્યો અને પ્રભુએ આ કાર્ય માટે પોતે જ તૈયાર થવાનો નિશ્ચય કર્યો. (૧૩-૧૪-૧૫)

શ્રી ધર્મરાજાનો ધર્મરાજ્ય ઉપર રાજ્યાભિષેક

હે વિદુરજી ! ઉપર દર્શાવ્યા પ્રમાણે કૃપાસિંધુ શ્રીકૃષ્ણે વિચારીને ધર્મરાજ યુધિષ્ઠિરજીનો પોતાના રાજ્ય ઉપર રાજ્યાભિષેક કરાવીને સત્પુરુષોના માર્ગનું દર્શન કરાવતાં સુહૃદજનને પરમાનંદનાં દાન કર્યાં. (૧૬) ત્યાર પછી શ્રી ઉત્તરાજીની ઉત્તમ કૂખમાં અભિમન્યુજીએ ઉત્તમ પ્રકારે સ્થાપેલ પુરુરાજાનો પવિત્ર વંશ જ્યારે અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી નાશ પામ્યો ત્યારે ભગવાને તેને સંજીવન આપી પુનઃ વંશનું સ્થાપન કર્યું. (૧૭) હે વિદુરજી ! પરીક્ષિતજીને પુનઃ જીવન આપીને શક્તિસમ્પન્ન શ્રીકૃષ્ણ ભગવાને ત્રણ અશ્વમેઘયજ્ઞ દ્વારા શ્રી ધર્મરાજ યુધિષ્ઠિરજી દ્વારા યજ્ઞપુરુષનું યજન કરાવ્યું. વિદુરજી ! એવી પણ માન્યતા છે કે એક જ યજ્ઞમાં ત્રણગણી દક્ષિણા આપી ત્રણ યજ્ઞનું કાર્ય કર્યું. યજ્ઞ કર્યા પછી, સિંહાસને બિરાજેલા યુધિષ્ઠિર મહારાજ પણ પોતાના નાના ભાઈઓ સાથે રાજ્યનું રક્ષણ કરતા શ્રીકૃષ્ણના સેવક થઈ જીવન જીવવા લાગ્યા. (૧૮)

શ્રી દ્વારિકાનાથનો દ્વારિકાનિવાસ અને ચાર પ્રકારે ચાર જણને આનંદનાં દાન

વિદુરજી ! ભગવાન તો વિશ્વરૂપ છે અને આત્મરૂપ છે. વિશ્વરૂપ હોવાથી વસ્તુની હદથી પાર છે અને આત્મરૂપ હોવાથી દેશની હદથી પર છે. વળી ભગવાન નિત્ય છે તેથી કાલની હદથી પર છે તેથી ભગવાન વિશ્વાત્મા છે. આવા વિશ્વાત્મા ભગવાન લોક અને વેદના માર્ગને અનુસરનારા શ્રીકૃષ્ણ ભગવાન સાંખ્ય તત્ત્વનો આશ્રય કરતા સર્વથા અલિપ્ત રહીને દ્વારિકામાં વસી કામ-ભોગાદિ પદાર્થોને ભોગવતા હતા. (૧૯) શ્રી દ્વારિકાનાથ પ્રભુ સ્નેહાળ અને હાસ્યપૂર્ણ અમીમય દૃષ્ટિથી પૃથ્વીલોકના જીવોને આનંદનાં દાન કરતા હતા, અમૃત જેવી મધુર વેદવાણીથી પરલોક જનોને આનંદ દેતા હતા. વિશુદ્ધ ચરિત્રથી-અલૌકિક રસપૂર્ણ લીલા-ચરિત્રોથી ભક્તોને આનંદ દેતા હતા અને લક્ષ્મીજીના ધામ સ્વરૂપ પોતાના શ્રી-અંગથી આ લોક તેમ જ પરલોક જનોને આનંદ પ્રદાન કરતા હતા. આ પ્રમાણે ચાર જણને આનંદનાં દાન દીધાં. (૨૦-૨૧) આ પ્રકારે દ્વારિકામાં બિરાજતાં અને અનેક વર્ષો સુધી વિહાર કરતાં કરતાં નાથને ગૃહસ્થાશ્રમ સંબંધી કાર્યોમાં વૈરાગ્ય પ્રકટ્યો. (૨૨) જગતમાં એક વાત નિશ્ચિત છે કે માનવે વાંછેલા પદાર્થો દૈવને આધીન છે, ત્યારે યોગથી શ્રીકૃષ્ણને અનુસરનાર પોતે દૈવને આધીન છે એવું જાણનાર કયો વિવેકીજન વિષયભોગમાં વિશ્વાસ રાખે ! (૨૩)

યાદવોને શાપ, યાદવોનો ત્યાગ, દાન અને ભક્તિ

હે વિદુરજી ! ભગવાનની લીલા અગમ્ય છે, તે જુઓ પ્રભુએ વિચારેલા કોઈ એક દિવસે યદુકુમારો અને ભોજવંશ બાલકોએ દ્વારિકાનગરીની નજદીકમાં રમતાં રમતાં મુનિવરોને ગુસ્સે કર્યાં, ત્યારે ભગવાનના અભિપ્રાયને જાણનાર

મુનિઓએ યદુકુમારોને શાપ આપ્યો. (૨૪) યદુકુમારો કે યદુકુલને મુનિઓના શાપ થયે ત્રણ માસ વીત્યા બાદ આનંદમાં આવીને વૃષ્ણિ, ભોજ, અન્ધક વગેરે યાદવો ભગવાનની માયાથી મોહ પામીને રથમાં બેસીને સર્વ પ્રભાસ તીર્થ ઉપર ગયા. યાદવોએ ત્યાં આવી પ્રભાસતીર્થમાં સ્નાન કર્યું, પુનઃ તે તીર્થજલથી પિતૃ-દેવ-ઋષિઓનું તર્પણ કયુ ત્યારબાદ વિપ્રવરોને શ્રેષ્ઠ ગુણોવાળી ગાયોનાં દાન કર્યાં (૨૫-૨૬) કેવલ આટલાં દાનથી સંતોષ ના પામતાં ભગવાન શ્રીકૃષ્ણની પ્રસન્નતા માટે સર્વ યાદવોએ, સુવર્ણ-રજત-શય્યા-વસ્ત્રો-મૃગચર્મ-કામળા-ઘોડા-રથ-હાથી-ભૂમિ-અને આજીવિકાપૂર્ણ વર્ષાસન ભૂમિનાં દાન કર્યાં પુનઃ પુષ્કળ રસવાળાં વિવિધ પકવાન્ન આપ્યાં, ગો-બ્રાહ્મણ પરિપાલક અને ગોબ્રાહ્મણ રક્ષણ માટે પ્રાણ પાથરનારા યદુવીરોએ ભૂમિ ઉપર પોતાનાં મસ્તકો ટેકવીને તીર્થોને, વિપ્રવરોને પ્રણામ કર્યા. (૨૭-૨૮)

अन्नं चोरुरसं तेभ्यो दत्वा भगवदर्पणम् । गोविप्रार्थासवः शूराः प्रणेमुर्भुवि मूर्धभि ।। २८ ।।

શ્રીમદ્ ભાગવત પીયૂષના તૃતીય સ્કંધનો દ્વારિકાનાથની લીલાઓનું વર્ણન કરતો તૃતીય અધ્યાય સમાપ્ત થયો.

અધ્યાય ૪ થો

[આ ચતુર્થ અધ્યાયમાં ૩૬' શ્લોકો છે. આ અધ્યાયમાં યાદવોનો પ્રમાદ, ભગવાનની ઉપરામવૃત્તિ, પીપળા વૃક્ષ નીચે ષોડશ કલાપૂર્ણ પુરુષોત્તમજીનાં ઉદ્ધવજીને દર્શન, ઉદ્ધવજીની બદરિકાશ્રમમાં વિદાય વગેરે પ્રસંગો આવશે.]

યાદવોનો સ્વૈરવિહાર

उद्धवउवाच : अथ ते तदनुज्ञाता भुक्त्वा पीत्वा च वारुणीम् । तया विभ्रंशितज्ञाना दुरुक्तैर्मर्म पस्पृशुः ।। १ ।।

શ્રી ઉદ્ધવજીએ કથા-પ્રસંગનું વર્ણન કરતાં કહ્યું કે વિદુરજી ! માયાની ઘૂંટી ઘણી અટપટી છે. જે યાદવોએ ક્ષણપૂર્વમાં દાન,ધ્યાન,ભક્તિ આદિ આચર્યાં તે યાદવો બીજી જ ક્ષણે બીજી જ દિશામાં ચાલ્યા ગયા. આ રીતે પ્રથમની અવસ્થા કરતાં બીજી જ અવસ્થામાં યાદવોએ પ્રવેશ કર્યો એ પ્રસંગનું ''अथ''અવ્યયથી વર્ણન આરંભ્યું છે, હે વિદુરજી ! દાનાદિ કર્યા બાદ યાદવોએ ભગવાનની અને મુનિઓની આજ્ઞાથી મહાપ્રસાદ લીધો. પુનઃ ભોજન કર્યા પછી ભાન ભૂલીને વારુણી નામની મદિરાનું પાન કર્યું. તેથી યાદવો મદોન્મત્ત બન્યા - નશામાં ચકચૂર બન્યા અને દુષ્ટ વચનો પરસ્પરમાં ઉચ્ચારી એકબીજાનાં મર્મને પીડવા લાગ્યા. (૧) એમ કરતાં સાયંકાલ થવા આવ્યો ત્યારે નશાની અસર વધવા લાગી, સર્વ યાદવો સમતુલા ગુમાવી બેઠા અને વાંસડાના વનમાં વાંસમાં પરસ્પર ઘર્ષણ જામે તેમ યાદવોમાં ઘર્ષણ શરૂ થયું. (૨) ભગવાન પોતાની માયાની આ વિચિત્ર ગતિને જોઈને સરસ્વતીજીના સલિલ-જલનું આચમન કરી પિપ્પલ વૃક્ષના મૂળમાં પ્રભુ બિરાજ્યા. (૩) આ વખતે સમીપમાં ઊભેલા મને, પોતાના કુલને પોતાની સાથે લઈ જવાની ઈચ્છાવાળા શરણાગતવત્સલ ભગવાન શ્રીકૃષ્ણે આજ્ઞા કરી કે હે ઊદ્ધવજી ! પ્રથમ પ્રભાસ થઈ પછી આપ બદરિકાશ્રમ પધારો. (૪) હે જિતેંદ્રિય વિદુરજી ! ભગવાનની આજ્ઞા થયા પછી ભગવાનના અભિપ્રાયને જાણીને, ભગવાનનો વિરહ અસહ્ય થઈ પડતાં ભગવાનને શોધતો શોધતો સ્વામીની પાછળ ગયો. (૫)

ષોડશ કલા પરિપૂર્ણ પ્રભુની ઝાંખી

अद्राक्षमेकमासीनं विचिन्वन् दयितं पतिम्। श्रीनिकेतं सरस्वत्यां कृतकेतमकेतनम्।।६।।
श्यामावदातं विरजं प्रशान्तारुणलोचनम् । दोर्भिश्चतुर्भिर्विदितं पीतकौशाम्बरेणच ।।७।।
वाम ऊरावधिश्रित्य दक्षिणाङ्घ्रिसरोरुहम् । अपाश्रितार्भकाश्वत्थमकृशं त्यक्तपिप्पलम् ।।८।।

પ્રિય વિદુર ! ભગવાનને શોધતાં શોધતાં હું ચાલતો જ હતો ત્યાં મેં પીપળાના મૂળમાં બિરાજેલા સોળ કલા પરિપૂર્ણ પ્રભુનાં દર્શન કર્યાં ભાઈ ! આ નાથ કેવા હતા તે સાંભળો. (૧) "एकम्" એટલે સર્વના કારણરૂપ અને સર્વ પ્રપંચને પોતાનામાં સમાવીને બિરાજેલા હતા. (૨) "आसीनम्" સર્વથા સ્વસ્થ અવસ્થામાં બિરાજેલા-વૈષ્ણવવૃન્દની મધ્યે જાણે બિરાજેલા - જાણે ઉદ્ધવજીને દર્શન દેવા બિરાજેલા (૩) "दयितम्" દયાનિધિ હતા, અત્યંત પ્રિયતમ હતા. (૪) "पतिम्"

પરબ્રહ્મ સ્વરૂપ હતા. (૫) "श्रीनिकेतम्" સૌન્દર્યના ધામ હતા. યજ્ઞના સ્વામી શ્રીપતિ હતા. (૬) "सरस्वत्यां कृतकेतम्" વેદોથી જ ઓળખાતા અને વેદોમાં જ વસેલા. (૭) "अकेतनम्" સર્વના આધાર-આશ્રયરૂપ હતા - આનન્દ સ્વરૂપ હતા. (૮) "श्यामावदातम्" શ્રુતિમાં વર્ણવેલા "આદિત્યવર્ણ" હતા. આ પ્રભુ સારૂપ્ય મુક્તિનું સ્વરૂપ હતા. શ્યામ વર્ણ મેઘના જેવો હતો અને अवदात એટલે તેજોમય હતા. (૯) "विरजम्" અત્યંત નિર્મલ હતા. જ્યાં રજોગુણ નથી એવા વ્યાપિ વૈકુંઠમાં બિરાજતું આ દિવ્ય સ્વરૂપ હતું. (૧૦) "प्रशान्तारुणलोचनम्" પ્રભુનાં લોચન પ્રશાન્ત લાલવર્ણનાં હતાં. પ્રશાન્ત ગુણ જ્ઞાનનો છે અને "લાલ" ગુણ ક્રિયાનો છે. પ્રભુનાં પ્રશાન્ત અને લાલવર્ણનાં નેત્રો જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિનાં દાન કરતાં હતાં. ભગવાનના આ સ્વરૂપના દર્શનથી सार्ष्टि નામની મુક્તિની પ્રાપ્તિ થાય છે; એટલે ભગવાન પોતાના જેવું ઐશ્વર્ય આપે ત્યારે "સાર્ષ્ટિ" મુક્તિ કહેવાય છે. (૧૧) "दोर्भिः चतुर्भिः विदितम्"-શ્રી ઉદ્ધવજી કહી રહ્યા છે કે મેં "ચતુર્ભુજ" સ્વરૂપે પ્રભુને નીરખ્યા. આ સ્વરૂપનાં દર્શનથી ભગવાન "સાયુજ્ય" મુક્તિનાં દાન કરે છે. "ભગવાનમાં મળી જવું" એ સાયુજ્ય મુક્તિનું સ્વરૂપ છે. પાદસેવનથી લઈ ચાર પ્રકારની ભક્તિથી સાયુજ્ય મુક્તિ પ્રાપ્ત થાય છે. (૧૨) "पीत कौश–अम्बरेण च" પીતવર્ણનાં રેશમી વસ્ત્રને ધારણ કરેલા નાથને નિહાળ્યા. ભગવાનની આ બ્રાહ્મી સ્થિતિ હતી. पीत શબ્દથી વૈરાગ્ય, कौच શબ્દથી તપશ્ચરણ "अम्बर" શબ્દથી સમાધિનાં સૂચન કર્યાં. (૧૩) "वाम ऊरावधिश्रित्य" ડાબા સાથળ ઉપર कौश જમણા ચરણકમલને પધરાવીને બિરાજેલા પ્રભુને જોયા. વામ સાથળ પુષ્ટિ છે. દક્ષિણ ચરણ અધિકાર છે. ભક્તિનો આશ્રય આપી અનધિકારીને પણ અધિકારી બનાવનાર પ્રભુનાં દર્શન કર્યાં. (૧૪) "अपाश्रितार्भकाश्वत्थम्" પીપળાનો આશ્રય લઈ બિરાજેલા પુરુષોત્તમનાં દર્શન કર્યાં. આ સ્વરૂપ કર્મમાર્ગનું ગૌરવ દર્શાવે છે. (૧૫) "अकृशम्" સર્વથા જ્ઞાન અને આનંદથી પરિપૂર્ણ પ્રભુને જોયા. (૧૬) "त्यक्तपिप्पलम्" કર્મના ફલનો ત્યાગ કરીને બિરાજેલા ભગવાનને જોયા. હે વિદુરજી ! ભગવાન પોતાના આ દિવ્ય સ્વરૂપથી જ્ઞાનોપદેશ કરવાના છે; માટે ભગવાનની આ પ્રસંગે સોળ કલાઓ વર્ણવી છે. ઉપદેશક ગુરુ સોળ કલા પરિપૂર્ણ હોય તો જ દીક્ષા અને શિક્ષા ફલીભૂત થાય. (૬-૭-૮) પ્રભુ જ્યાં બિરાજ્યા હતા અને હું જ્યાં પ્રભુચરણમાં પહોંચ્યો ત્યાં તે જ અવસરે મુનિવર દ્વૈપાયનજીના પરમહિતૈષી સખા, મહાન ભક્ત, યોગી એવા શ્રીમૈત્રેય મહર્ષિ લોકમાં વિચરતા સ્વાભાવિક રીતે ભગવદિચ્છાથી ત્યાં આવી પહોંચ્યા. (૯)

तस्यानुरक्तस्य मुने र्मुकुन्दः प्रमोदभावानतकन्धरस्य । आश्रृण्वतो मामनुरागहास समीक्षया विश्रमयन्नुवाच ॥ १० ॥
वेदाहमन्तर्मनसीप्सितं ते–ददामि यत् तद् दुरवापमन्यैः । सत्रे पुरा विश्वसृजां वसूनां मत्सिद्धिकामेन वसो त्वयेष्टः।।११।।

પ્રેમ-ઉપદેશ-કૃપા એકાન્તમાં કરાય

શ્રી ઉદ્ધવજી કહી રહ્યા છે, વિદુરજી ! પ્રભુચરણમાં શરણ થઈ હું બેઠો હતો, ત્યાં યોગસિધ્ધિ મુનિવર ભક્તવર મૈત્રેયજી પણ પધાર્યા, અન્યની ઉપસ્થિતિમાં પ્રેમ ના કરાય કે ઉપદેશનાં દાન ના દેવાય; પરંતુ શ્રી મૈત્રેયજી વિવેકી અને અનુરક્ત-એટલે પરમ ભક્ત હતા, પ્રેમથી પ્રભુચરણે નતમસ્તક બની બિરાજ્યા હતા, તેઓના સાંભળતાં જ મુકુંદ ભગવાને મારા તરફ પ્રેમપૂર્વક નિહાળીને જાણે મારા કલેશને કે શ્રમને નિવારતા હોય ને શું એમ નાથ વચનામૃત વર્ષાવવા લાગ્યા, (૧૦) શ્રીહરિ બોલ્યા, ભાઈ રે ઉદ્ધવ ! તમે મનમાં જે વિચાર્યું છે તે હું સર્વ જાણું છું. અન્ય ન મેળવી શકે તેવું તે તત્ત્વજ્ઞાન તમને આપું છું. હે વસુ ! પૂર્વમાં એકવાર વિશ્વને રચનારા પ્રજાપતિઓના અને વસુઓના યજ્ઞમાં મને મેળવવાની ઈચ્છાથી તમે મારું પુષ્કળ અર્ચન કર્યું હતું. (૧૧) ભાઈ ઉદ્ધવ ! તમે પૂર્વજન્મમાં તો મને રીઝવ્યો છે જ, પરંતુ આ જન્મમાં પણ મારી પુષ્કળ પ્રીતિ-કૃપા સંપાદન કર્યાં છે, તેથી અત્યંત સંતુષ્ટ છું. ભાઈ ! હવે તમારી આ અંતિમ જન્મ છે. ભાઈ ઉદ્ધવ ! મારી નિર્મળ સેવા કરી છે તેના જ ફળ સ્વરૂપે જ્યાં નરલોકનો હું એકાંતમાં ત્યાગ કરવા ચાહી રહ્યો છું ત્યાં તે સમયે તમને સદ્ભાગ્યથી મારાં દર્શન પ્રાપ્ત થયાં છે. (૧૨) ભાઈ ઉદ્ધવ ! પૂર્વે મારા આદિ એટલે મૂળ સર્ગમાં મારી નાભિમાંથી કમલ પ્રકટેલું તેમાં બેઠેલા બ્રહ્માજીને, મારા માહાત્મ્યને અને મારા સ્વરૂપને પ્રકાશનારું ઉત્તમ

જ્ઞાન મેં આપેલું. ભાઈ ! આ જ્ઞાનને જ્ઞાનીજનો "શ્રીમદ્ ભાગવત" નામના જ્ઞાનથી જાણે છે તે જ્ઞાનનાં આજે દાન કરીશ.

કરુણાનિધાનની કરુણાથી આર્દ્ર થયેલા ઉદ્ધવજી

इत्याद्दतोक्तः परमस्य पुंसः प्रतिक्षणानुग्रहभाजनोऽहम् । स्नेहोत्थरोमा स्खलिताक्षरस्तं मुञ्चन् शुचः प्राञ्जलिराबभाषे ।।१४।।

को न्वीश ते पादसरोजभाजां सुदुर्लभोऽर्थेषु चतुर्ष्वपीह । तथापि नाहं प्रवृणोमि भूमन्–भवत्पदाम्भोजनिषेवणोत्सुकः ।। १५ ।।

ઉદ્ધવજી કહી રહ્યા છે, ભાઈ વિદુરજી ! દયાભર્યાં-સ્નેહભર્યાં વચનામૃતથી ભગવાને મને અપનાવ્યો, હું આદર પામ્યો અને ક્ષણે ક્ષણે પૂર્ણપુરુષની કૃપાનો પાત્ર બનેલો હું ભગવાનના સ્નેહથી રોમાંચિત થયો. મારો કંઠ રૂંધાઈ ગયો, અક્ષરો પણ કંઠમાં જ અટકી પડ્યા, નયનવેલીમાંથી અશ્રુમૌક્તિક વર્ષા વર્ષવા લાગી, પુનઃ પ્રયત્ન કરી અંજલિ જોડી નાથને નિવેદન કરવા લાગ્યો. (૧૪) હે નાથ ! કૃપાનિધાન !આપશ્રીના શ્રીચરણકમળોની સેવા કરનાર સેવકજનોને ચારેચાર પુરુષાર્થોમાં, ચારેચાર પદાર્થોમાં ક્યો પુરુષાર્થ પ્રાપ્ત કરવો કઠિન છે ! તો પણ નાથ ! હું તો કાંઈ પણ યાચતો નથી. હા, ચાહુ છું નાથ ! કેવલ આપનાં શ્રીચરણોની નિત્ય સેવા અને ધરાવું છું સેવાની ઉત્સુકતા. (૧૫) નવાઈની ગાથા તો નાથ ! એ છે. કે આપને કોઈપણ ઈચ્છા નથી છતાં કર્મો કરો છો; અજન્મા છતાં જન્મ, ધરો છો આપ સ્વયં સર્વના કાળસ્વરૂપ છો છતાં ભય દર્શાવતા આપનો કિલ્લામાં આશ્રય; વળી શત્રુના ભયથી પલાયન; નિત્ય નિજાનંદપરાયણ પૂર્ણ પુરુષોત્તમને વળી અનંત વિવાહો; આ સર્વ વિચારતાં પ્રભુ ! મતિમાનમાં વધારે મતિમાન મનાતા જ્ઞાનીઓની મતિ પણ ગોથાં ખાય તો પછી મારી મતિની શી હાલત થાય ? એ શું વદું ! આપ તો સર્વજ્ઞ છો અને સમર્થ છો; વળી તેજસ્વી છો અને અખંડ એકધારા જ્ઞાની છો; તો પણ મંત્રણા ટાણે મને બોલાવીને, આપ પૂર્ણસાવધાન છતાં જાણે સર્વથા અજાણ હોવ તેવું વર્તન કરતા મને પૂછતા કે ઉદ્ધવ ! જરાસંઘને જીતવા જઈએ કે ફોઈબાના રાજસૂય યાગમાં જઈએ ? અમને કાંઈ ઉકેલ નથી મળતો, તો ઉદ્ધવ તમે માર્ગદર્શન આપો. પ્રભુ ! આપનો આ વ્યવહાર હજી મનને મૂંઝવે છે. (૧૭) ઉપર કહ્યા પ્રમાણે ઉદ્ધવજીએ ભગવાનની કૃપાનાં અને મહિમાનાં ગાન કર્યાં, પુનઃ કહેવા લાગ્યા કે નાથ ! આપે પોતાનું તેમજ જ્ઞાનનાં રહસ્યોને પ્રકાશનારું જે સર્વશ્રેષ્ઠ ગાન બ્રહ્માજીને ઉપદેશેલું હતું. પ્રભો ! તે જ્ઞાન જો મારી-અમારી ધારણ કરવાની કે સમજવાની શક્તિ લાગે તો કૃપા કરીને કહો કે જેથી અમે અનાયાસે સંસારદુઃખોને તરી શકીએ. (૧૮) ભાઈ વિદુર ! મેં ભગવાનનાં ચરણોમાં મારું હૃદય ઠાલવ્યું ત્યારે કમલનયન, પરમપુરુષ ભગવાન શ્રીકૃષ્ણે આત્માની ઉત્તમ સ્થિતિનો મને ઉપદેશ આપ્યો. (૧૯) હે વિદુરજી ! ભગવાનનાં ચરણકમળોની સ્તુતિ અને સેવા કરી તેથી તીર્થપાદ ભગવાન પ્રસન્ન થયા અને મેં ગુરુસ્વરૂપ શ્રીકૃષ્ણ પાસેથી આત્મતત્ત્વના વિશેષ બોધરૂપ માર્ગનો અભ્યાસ કર્યો, ભગવાન પાસેથી બોધમાર્ગ શીખ્યો. પુનઃ દક્ષિણામાં પ્રભુનાં ઉભય ચરણકમલોમાં દંડવત્ કર્યાં. દેવની પ્રદક્ષિણા કરી અને વિરહવેદનાથી વ્યથિત ચિત્તવાળો હું અહીં આવેલ છું. (૨૦) વિદુરજી ! ભગવાનનાં દર્શનથી આનંદ અને ભગવાનના વિયોગથી વ્યાકુળ થયેલ હવે હું સમર્થ શ્રીહરિના અત્યંત પ્રિય તે બદરિકાશ્રમ મંડળ તરફ જઈ રહ્યો છું. (૨૧) એ દિવ્ય પ્રદેશ બદરિકાશ્રમ છે કે જ્યાં દેવાધિદેવ ભગવાન નારાયણ અને ભગવાન નર ઋષિ બન્ને બિરાજે છે તેમ જ લોકમંગલ માટે કોમલ તપ કે જે તપ બીજાને કલેશ ન કરે તેવું મૃદુ તપ, (૧) તેમ જ સમર્થ પુરુષ જ કરી શકે તેવું तीव्रं બ્રહ્મચર્ય નામનું તપ (૨) અને એકકલ્પ પર્યન્ત ચાલનાર હોવાથી दीर्घतप : (૩) લાંબા ગાળાનું તપ આચરી રહ્યા છે. (૨૨)

વિવેકી અને જિતેંદ્રિય શોકને શમાવી શકે

શ્રી શુકાચાર્ય મુનિએ કહ્યું, રાજન્ ! શ્રી યમુનાતટે જિતેંદ્રિય અને જ્ઞાનશીલ શ્રી વિદુરજીએ ભક્તવર ઉદ્ધવજીના મુખેથી અસહ્ય વેદનાભર્યા સ્નેહીજનોના વધની વાત સાંભળીને ઉરમાં ઊભરાતા શોકપૂરને વિવેકથી શમાવી દીધો. ત્યારબાદ હે કૌરવવર્ય ! પરમ ભગવદીય અને પ્રભુના સેવક પરિવારમાં શ્રેષ્ઠ શ્રી ઉદ્ધવજીના બદરીધામ પ્રસ્થાન સમયે શ્રી

વિદુરજી વિનયપૂર્વક કહેવા લાગ્યા. (૨૩-૨૪)

વિદુરજીનો વિનય

विदुर उवाच : ज्ञानं परं स्वात्मरहः प्रकाशं यदाह योगेश्वर ईश्वरस्ते । वक्तुं भवान्नोऽर्हति यद्धिविष्णोर्भृत्याः स्वभृत्यार्थकृतश्चरन्ति ॥२५॥

શ્રી વિદુરજીએ ચિત્તમાંથી શોક હળવો કરી નમ્ર ભાવે શ્રી ઉદ્ધવલાલને નિવેદન કરતાં કહ્યું કે યોગેશ્વર ભગવાન શ્રીકૃષ્ણે પોતાના ગૂઢતત્ત્વનો પ્રકાશ કરનાર સર્વશ્રેષ્ઠ જે જ્ઞાન આપને કહ્યું તે જ્ઞાન આપ મને કહેવા યોગ્ય છો, કારણ કે વિષ્ણુ ભગવાનના સેવકો ભગવદીય જનોને માટે હિતકાર્ય કરતાં સદા વિચરે છે. (૨૫)

ઉદ્ધવજીનો ઉત્તર

શ્રી ઉદ્ધવજીએ કહ્યું કે ભક્તવર વિદુર ! આપ જે તત્ત્વજ્ઞાન મેળવવા ચાહો છો એને માટે આપ તત્ત્વદર્શી મૈત્રેયઋષિના આશ્રમમાં પધારી તેઓની આરાધના કરો, કારણ કે ભગવાન શ્રી દ્વારિકાધીશ જ્યારે આ મનુષ્યલોકને ત્યજી નિજલોકમાં પ્રસ્થાન કરી રહ્યા હતા ત્યારે મારા સાંભળતાં મૈત્રેય મુનિને સૂચના કરી હતી કે મારા વિરહથી વ્યથિત મારા વિદુરને આપ મારો જ્ઞાન-સંદેશો પહોંચાડજો. (૨૬)

ભગવદ્ વાર્તામાં રાત્રી ક્ષણ જેવી ટૂંકી લાગે

श्रीशुक उवाच : इति सह विदुरेण विश्वमूर्तेः गुणकथया सुधया प्लावितोरुतापः ॥
क्षणमिव पुलिने यमस्वसुस्तां समुषित औपर्गविर्निशां ततोऽगात् ॥ २७ ॥

શ્રી શુકાચાર્ય મહારાજશ્રી કહી રહ્યા છે, રાજન્ ! શ્રી યમુના મહારાણીજીના પાવન પ્રદેશમાં ઉપર વર્ણવ્યા પ્રમાણે શ્રી ઉદ્ધવજીએ ભક્તવર્ય શ્રી વિદુરજીની સાથે વિશ્વમૂર્તિ ભગવાનની કથાસુધાનું પાન કરાવતાં શ્રી વિદુરજીના સર્વ તાપોને શમાવી દીધા. ભગવદ્ વાર્તા કરતાં ઉભય ભગવદીયોની આખી રાત પણ ક્ષણ જેવી પસાર થઈ ગઈ. પુનઃ વિદુરજીની અનુમતિ મેળવી ઉદ્ધવજીએ બદરિકાશ્રમ તરફ પ્રસ્થાન કર્યું. (૨૭)

બ્રહ્મશાપ પણ ઈશ્વરની ઈચ્છાને અનુસરે છે

રાજા પરીક્ષિતે પ્રશ્ન પૂછ્યો કે શુકાચાર્યજી ! વિપ્રોના શાપના કારણથી વૃષ્ણિઓ અને ભોજો પણ યદુ સંઘર્ષમાં મૃત્યુવશ થયા, તો પછી મોટા મોટા અધિરથીઓની સેનાઓના પણ સેનાપતિઓની સેનાનું રક્ષણ કરનાર મુખ્ય વીર ઉદ્ધવજી કેવી રીતે બચી શક્યા ? અથવા કેમ બાકી રહ્યા ? કારણ કે ત્રણ લોકના નાથ શ્રીહરિએ પોતાના શ્રીવિગ્રહનો એટલે પોતાના શ્રી અંગનો પણ ત્યાગ કરી દીધો હતો. (૨૮)

ત્રણ શ્લોકથી શાપ નિવારણના હેતુનું કથન

શ્રી શુકાચાર્યજીએ રાજાની શંકાનું સમાધાન કરતાં કહ્યું કે રાજન્ ! ભગવાનના સંકલ્પો તો વ્યર્થ હોતા જ નથી. સિદ્ધસંકલ્પ ભગવાને ઋષિઓના શાપને નિમિત્ત બનાવી કાલ દ્વારા પોતાના કુલનો સંહાર કરી સમેટી લીધા બાદ, પોતાના શ્રીઅંગનો પણ ત્યાગ કરવા વિચારી રહ્યા ત્યારે મનમાં એક વિચાર આવ્યો કે હું પણ જ્યારે ભૂતલ ઉપરથી પ્રસ્થાન કરી રહ્યો છું તે ટાણે મારામાં વસેલા દિવ્ય જ્ઞાનને આત્મજ્ઞાનીઓમાં અગ્રસર જ્ઞાનીવર કેવળ શ્રી ઉદ્ધવજી એકલા જ ધારણ કરવાની યોગ્યતા ધરાવે છે. એ વાત ચોક્કસ છે કે જ્ઞાન ધારણ કરવા સમર્થ ઉદ્ધવજી મારા કરતાં જ્ઞાનમાં અણુ જેટલા પણ ઊતરતા નથી. આ ઉદ્ધવજી સત્ત્વાદિ ગુણો દ્વારા કદી ક્ષોભ પામતા નથી. માટે ભૂતલમાં મારું જ્ઞાન લોકોને આપવા મારા પ્રતિનિધિ ભૂતલ ઉપર ભલે રહો. (૨૯-૩૦-૩૧) હવે વેદનું નિર્માણ કરનાર અને ત્રણ લોકના ગુરુ શ્રીકૃષ્ણ પાસેથી આજ્ઞા પ્રાપ્ત કરીને શ્રી ઉદ્ધવજી બદરીધામમાં જઈને સમાધિ યોગ દ્વારા શ્રીકૃષ્ણનાં સમર્ચન કરવા લાગ્યા. (૩૨) એક બાજુ ઉદ્ધવજી બદરીધામ તરફ વળ્યા, ત્યારે બીજી બાજુ શ્રી વિદુરજી પણ, લીલા વિગ્રહધારી ભગવાન શ્રીકૃષ્ણનાં સદા સ્તુતિ કરવા યોગ્ય મંગલ ચરિત્રોને શ્રી ઉદ્ધવજી પાસેથી સાંભળ્યા તેમ જ મનમાં ધારણ કર્યાં. પ્રભુનાં આ ચરિત્રો ધીર ભક્ત જનોના ધૈર્યને વધારનારાં હતાં, જ્યારે ચંચળ ચિત્તવાળા માટે તો સમજવાં

પણ કઠિન હતાં. ભગવાને જે રીતે પોતાના શ્રીઅંગનો ત્યાગ કર્યો તે પ્રસંગ વિવેકી જનના વિવેકનું પોષણ કરનાર હતો જ્યારે વિવેકવિહીન અને હિત અને અહિત સમજવાની બુદ્ધિ વિનાના સામાન્ય જીવો માટે તો તે સમજવા અત્યંત કઠિન છે તે પ્રસંગોને પણ વિદુરજીએ ઉદ્ધવજી પાસેથી સાંભળ્યા હતા. વળી ભગવાને ભૂતલને ત્યજતી વેળા પોતાના જેવા ક્ષુદ્ર જીવને યાદ કર્યા એવું પણ ઉદ્ધવજી પાસેથી શ્રવણ કર્યું તેમ જ આ સર્વ વસ્તુનું જ મનમાં ને મનમાં ચિંતન કરવા લાગ્યા. પુનઃ જ્યારે શ્રી ઉદ્ધવજી વિદુરજી પાસેથી બદરીનાથ પ્રભુને ત્યાં પ્રસ્થાન કરવા લાગ્યા ત્યારે તો વિદુરજી ધૈર્યથી હારી ગયા અને એક નાનું બાળક વિછુરતાં રડી પડે તેમ વિદુરજી ધ્રુસકે અને ધ્રુસકે રડી પડ્યા ! રાજન્ પરીક્ષિત ! હરિભક્તોના વિયોગની વિહ્વલતા તો હરિભક્તો જાણે. (૩૩-૩૪-૩૫)

પ્રભુનું પ્રાકટ્ય

શ્રી શુકદેવજીએ વચનામૃત વર્ષાવતાં કહ્યું કે રાજન્ ! હે ભરતકુલશિરોમણિ પરીક્ષિત ! ભગવાન ખૂબ કૃપાળુ છે. તેનું શ્રવણ કરો. ભગવાને વિદુરજીને યાદ કર્યા એ વાત ઉદ્ધવજીના મુખેથી સાંભળી ત્યારે વિદુરજીને પારાવાર પરિતાપ થયો કે કૌરવોના તિરસ્કારથી વિરક્ત બની મેં તીર્થયાત્રા કરી તેને બદલે દ્વારિકામાં જઈ ભગવાનના સાન્નિધ્યમાં રહી, ભગવચ્ચરણસેવા કરી હોત તો કેવું સારું ! એવું લાગી આવ્યું. અને ઉદ્ધવજીના વિયોગથી મૂર્ચ્છિત થયા. શ્રી વિદુરજીની આ દશાથી દયાનિધિને દયા આવી. મૂર્ચ્છામાં રહેલા વિદુરજીને પ્રભુએ દર્શન દીધાં અને ઉપદેશ દીધો. ભગવત્કૃપાથી વિદુરજી વિવેક-ભક્તિથી સિદ્ધ થયા. પુષ્ટિ -ભક્તિનાં પોષણ કરવા કેટલાક દિવસો કાલિંદીજીના તટનાં સેવન કર્યાં. પુનઃ યમુનાજીના પુલિનથી પ્રસ્થાન કરી ગંગાદ્વારે મૈત્રેય મહર્ષિના આશ્રમે પધાર્યા. (૩૬)

कालिन्द्याः कतिभिः सिद्ध अहोभिर्भरतर्षभ । प्रापद्यत स्वःसरितं यत्र मित्रासुतो मुनिः ॥ ३६ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના તૃતીય સ્કંધનો શ્રી ઉદ્ધવજી અને વિદુરજીના સમાગમસંત્સંગનું વર્ણન અને બદરિકાશ્રમમાં ઉદ્ધવજીનું પ્રસ્થાન અને વિદુરજીના મૈત્રેય મુનિના આશ્રમ તરફ પ્રસ્થાનનું વર્ણન કરતા ચતુર્થ અધ્યાયની સમાપ્તિ થઈ. અધ્યાય ૪'થો સમાપ્ત

અધ્યાય ૫મો

[આ અધ્યાયમાં ૫૦ શ્લોકો છે. દેવનદી ગંગાજીના દ્વારે એટલે દેવનદી ગંગાજીના દ્વારે "બ્રહ્મકુંડ" ઉપર શ્રી મૈત્રેય મુનિનાં વિદુરજીને દર્શન, મૈત્રેય મહારાજનું મિલન, ૧૫ શ્લોકોમાં વિદુરજીના પ્રશ્નો, વિદુરજીના સ્વરૂપનો પરિચય, દેવોનીસૃષ્ટિ અને દેવોએ ૩૮ થી ૫૦, ૧૩ શ્લોકોમાં કરેલી સ્તુતિ વગેરે વિષયોનું મધુર વર્ણન આ અધ્યાયમાં આવશે.]

श्रीशुक उवाच–ः द्वारि द्युनद्या ऋषभः कुरूणां मैत्रेयमासीनमगाधबोधम् । क्षत्तोपसृत्याच्युतभक्तिशुद्धः पप्रच्छ सौशील्यगुणाभितृप्तः ॥ १ ॥

શ્રીશુકદેવજીએ કહ્યું કે રાજન્ ! શ્રી દેવનદી ગંગાજીના દરવાજે બ્રહ્મકુંડ ઉપર બિરાજેલા પૂર્ણબોધ શ્રી મૈત્રેય મહર્ષિના, શ્રી અચ્યુત ભગવાનની અનન્ય ભક્તિથી વિશુદ્ધ ભાવવાળા, શ્રી મૈત્રેય મહર્ષિજીના સુશીલતા વગેરે સૌમ્ય સદ્ગુણોથી સર્વથા તૃપ્ત થયેલા-સંતુષ્ટ થયેલા શ્રી વિદુરજીએ દર્શન કર્યાં અને વિવેકપૂર્વક પૂછવા લાગ્યા. ૧

श्री विदुर उवाच ः सुखाय कर्माणि करोति लोको न तैः सुखं वान्यदुपारमंवा । विन्देत भूयस्तत एव दुःखं–यदत्र युक्तं भगवान् वदेन्नः ॥ २ ॥

સુખાર્થ લોકો કરતા જ કર્મ છતાં ન પામે સુખ, દુઃખનાશ,
ને, મેળવે દુઃખ વિશેષ શાથી ? કહો હવે તથ્ય વિશેષ ખાસ.

જિજ્ઞાસા પંચદશી

સંતવર વિદુરજી મૈત્રેય સમીપે જિજ્ઞાસા પ્રકટ કરી રહ્યા છે કે મુનિવર મૈત્રેયજી ! સમસ્ત જીવો, સુખ પામવા માટે કર્મ કરે છે. પરંતુ તે કર્મથી નથી સુખ મળતું કે નથી ટળતું. ઊલટું ફરીથી વધુને વધુ દુઃખ જ મેળવે છે. તો આ વિષયમાં કરવા જેવું યોગ્ય હોય કે જાણવા જેવું જે યોગ્ય હોય તે આપ બતાવો. હે ભગવન્ ! ખરેખર જે જીવો દૈવવશ દેવાધિદેવ ભગવાન શ્રીકૃષ્ણથી વિમુખ છે, અધર્માચરણ સ્વભાવવાળા હોઈ અતિશય દુઃખી જીવો છે તેમના ઉપર કેવળ કૃપા કરવા કાજે, આપના જેવાં શ્રી જનાર્દન પ્રભુનાં કૃપાળુ પુણ્યશીલ તત્ત્વો ભૂતલ ઉપર વિચરે છે. (૨,૩) હે સાધુવર ! હે

સાધુશિરોમણિ મૈત્રેય મુનિ ! તો આપ અમને કલ્યાણ પરિપૂર્ણ પથ દર્શાવો, કે જે માર્ગથી આરાધન કરતાં પુરુષના હૃદયમાં બિરાજેલા ભગવાન, ભક્તના હૃદયને ભક્તિથી પવિત્ર કરી તત્ત્વબોધના જ્ઞાન સાથે પુરાણના જ્ઞાનનું દાન કરે. (૪)

પાંચમા શ્લોકમાં વિદુરજીના સાત પ્રશ્ના

હે મૈત્રેયજી ! ત્રણ ગુણોના સ્વામી ભગવાન, करोति कर्माणि શા માટે કર્મો કરતા હશે ? (૧) कृतावतारः વળી ભગવાન અવતારો શા માટે લેતા હશે ? (૨) વળી ससर्ज જગતની ઉત્પત્તિ, (૩) જગતની સ્થિતિ-પાલન (૪) અને જગતનો પ્રલય શા માટે કરે છે ? (૫) આ ઉપરાંત જગત રચી તેમાં પ્રવેશ કરી અનેક સ્વરૂપો શા માટે રચે છે ? (૬) वृत्तिं विधत्ते અને જગતના જીવોની આજીવિકા શા માટે ચલાવી ? પ્રભો ! ભગવાન તો સ્વતંત્ર છે. ચેષ્ટા અને ઈચ્છારહિત છે; પછી આવું શા માટે કરતા હશે ? હે મૈત્રેય મુનિ ! વળીએ પણ કહો કે ખરેખર તે ભગવાન પોતાના હૃદયાકાશમાં આ વિશ્વને દાખલ કરીને નિવૃત્તિપરાયણ બનીને પોઢે છે એવા યોગેશ્વરોના ઈશ્વર એક છતાં જગતમાં અનુપ્રવેશ કરીને જે પ્રકારે અનેક પણ બને છે તે સર્વ વસ્તુ પણ સમજાવો. (૬) મહારાજ ! આવા પ્રશ્નો પૂછવાની પાછળ અમારો એક સ્વાર્થ છે કે આપના શ્રીમુખે અમને ભગવાનની કથાસુધાનાં પાન કરવાનાં મળે, કે જે ભગવાન વિવિધ પ્રકારના અવતારોથી ક્રીડા કરતા ગો, બ્રાહ્મણ, સાધુ, દેવતાઓનાં કુશળ અને કલ્યાણ માટે મંગલ ચરિત્રો આચરે છે, એવા ઉત્તમ યશસ્વીઓના પણ શિરોમુકુટ સમા ભગવાનનાં ચરિતામૃતોનાં પાન કરતાં અમારાં મન ધરાતાં જ નથી. ૭

[અવતારભેદપ્રકાર : મહર્ષિ વ્યાસ,કપિલ ભગવાન વગેરે જ્ઞાનકલાના અવતારો; કૂર્મ ભગવાન, વરાહ પ્રભુ વગેરે ક્રિયાકલાઓના અવતારો; જ્યારે ભગવાનશ્રીકૃષ્ણ તો જ્ઞાન-ક્રિયાની પૂર્ણતાનું સ્વરૂપ]

પુનઃ વિદુરજી પૂછી રહ્યા છે કે હે મુનિવર ! ખરેખર આ અધિલોકનાથ ભગવાન, લોક-અલોક અને લોકાલોકથી પર એવા લોકોને રચે છે. જેમાં લોકપાલો હોય છે તેને લોક અને અલોક નામથી ઓળખવામાં આવે છે, જ્યારે જેમાં લોકપાલો નથી હોતા એને "લોકાલોકથી" પર એવા નામથી ઓળખવામાં આવે છે. આ લોકોમાં પોતપોતાના અધિકારોમાં યોજેલા પ્રાણીઓના સમૂહના ભેદો જોવામાં આવે છે તેવા લોકોપાલો સહિત લોકોને, અને આ લોકોને જુદાં જુદાં તત્વોના ભેદથી જે રીતે રચે છે તે અમને કહો. (૮) વળી હે વિપ્રવર્ય ! જે કારણથી વિશ્વના રચનાર સ્વયંભૂ ભગવાન નારાયણ, પ્રજાઓનાં સ્વરૂપ, કર્મ, રૂપ અને નામનો ભેદ કરે છે તે વિષય પણ મને સમજાવો. (૯) હે ભગવન્ ! હે મૈત્રેય મહર્ષિ ! આપ તો કૃપાનિધિ છો ! મારા પ્રશ્નોથી અકળાશો નહીં એવી મને શ્રદ્ધા છે. હે ભગવન ! મેં મહર્ષિ વ્યાસના મુખકમલેથી परावरेषाम् શ્રી બ્રહ્માદિ દેવો અનેતેમના રચેલા જીવો વગેરે નાના મોટાનાં ચરિત્રો, તેમ જ व्रतानि નીતિધર્મ, રાજધર્મ, યજ્ઞ, યાગ, દાન, પુણ્ય, તીર્થમાહાત્મ્ય વગેરે પણ પુષ્કળ સાંભળ્યાં છે; કારણ કે સતત વ્યાસજીના સાન્નિધ્યમાં નિવાસ મળ્યો છે, પરંતુ શ્રીકૃષ્ણકથાસુધાનાં પૂરનાં પાવન સ્નાન કરવાની લાલસા સંતોષાઈ નથી અને અલ્પસુખને આપનારી કથાઓના શ્રવણથી ધરાઈ ગયા છીએ. હવે કૃષ્ણકથામૃતનાં પાન કરાવો. ૧૦

कस्तृप्नुयात् तीर्थपदोऽभिधानात् सत्रेषु वः सूरिभिरीडयमानात्। यः कर्णनाडीं पुरुषस्य यातो भवप्रदां गेहरतिं छिनत्ति।।११।।

હે મૈત્રેય મુનિવર ! ભગવાનનું નામ તીર્થપદ છે. અથવા તીર્થપાદ છે. त्रिस्त्रः कोटयोऽर्धकोटी च तीर्थानां वायुरब्रवीत्" શ્રી વાયુદેવે કહ્યું છે : ભૂમિ, આકાશ. દેવલોક આદિમાં સાડા ત્રણ કરોડ તીર્થો છે. તે તીર્થો શ્રીગંગાજીના જલમાં વસેલાં છે તે સમસ્ત તીર્થો ભગવાન શ્રીકૃષ્ણના પાદારવિંદમાં છે. તેથી ભગવાનનું નામ તીર્થપાદ છે. આવા તીર્થપાદ ભગવાનનાં ઉજ્જવલ યશ, ઉજ્જવલ ચરિત્રો, મોટાં મોટાં જ્ઞાનસત્રોમાં શ્રી વ્યાસજી, વશિષ્ઠ પરાશરાદિ જ્ઞાનીવર્યોના મુખારવિંદમાંથી નિત્ય ગવાય છે, ત્યારે આ અતિ મધુર-મંગલ ગોવિંદ ગુણાનુવાદ, પુરુષના કર્મદ્વારમાં પ્રવેશ કરીને સંસારને પેદા કરનારી ગૃહાસક્તિ ક્ષણવારમાં છેદી નાખે છે એવી હરિકથાસુધાનાં પાનથી કોણ ધરાય ! (૧૧) હે મહર્ષિ મૈત્રેયજી ! આપશ્રીના પરમ સખા, ભગવાન શ્રીકૃષ્ણ દ્વૈપાયન વ્યાસ મુનિએ શ્રી ઠાકોરજીના મધુર દિવ્ય ગુણોનું

ગાન કરવાના સ્વભાવથી શ્રી મહાભારતની પણ રચના કરી, જેમાં લોકધર્મસુખોનું વર્ણન કરીને મનુષ્યોની મનોવૃત્તિને શ્રી હરિકથાશ્રવણમાં વાળી છે. (૧૨) જ્યારે આ પ્રકારની ભગવદ્ કથાસુધાશ્રવણની રુચિ, કથાશ્રવણની બુદ્ધિ, શ્રદ્ધાળુ ભક્તજનના હૃદયમાં વધવા લાગે છે ત્યારે સહજ રીતે જ તે હરિકથા ભક્તના હૃદયમાં બીજા વિષયોમાંથી તેને વિરક્ત બનાવી દે છે અને નિરંતર ભગવાનના ચરણકમલોના ચિંતનથી આનંદમગ્ન બનેલા પુરુષનાં સકળ દુઃખોનો તત્કાલ અંત આણે છે. (૧૩)

વૃથાવાદ,વૃથાગતિ,વૃથાસ્મૃતિથી વિમુખ રહે તે વૈષ્ણવજન કહેવાય

ताञ्छोच्यशोच्यान् अविदोऽनुशोचे हरेः कथायां विमुखानधेन । क्षिणोति देवोऽनिमिषस्तु येषा मायुर्वथावादगतिस्मृतीनाम् ॥१४॥

तदस्य कौषारव शर्म दातु हरैः कथामेव कथासुसारम् । उद्धृत्य पुष्पेभ्य इवार्तबन्धो शिवाय नः कीर्तय तीर्थकीर्तेः ॥१५॥

શ્રી વિદુરજીએ કહ્યું કે હે શ્રી મૈત્રેયજી ! આ વિશ્વમાં બે પ્રકારના જીવો છે મનુષ્યો અને પશુઓ. તેમાં પશુઓ, પક્ષીઓ કેવળ દયાપાત્ર છે કે એમની પાસે ભગવદ્ભજન યોગ્ય ઈન્દ્રિયો વગેરે નથી. પરંતુ બીજા, જે જીવો છે કે જેમની પાસે સેવાયોગ્ય દેહ, ઈન્દ્રિય, બુદ્ધિ વગેરે સર્વ સાધનો છે, આમ છતાં પૂર્વનાં પાપોથી તેઓ હરિકથા અને હરિસેવાથી વિમુખ છે. તેમને જોઈને પશુઓ પણ તેમનો શોક કરે છે કે ઈન્દ્રિયોવાળા ભગવાનથી આ વિમુખ જીવો કરતાં જો પ્રભુએ અમને સેવાયોગ્ય શરીર દીધાં હોત તો અમે અવશ્ય સેવા કરી કૃતાર્થ થાત. મૈત્રેયજી ! આવા જીવો તો વૃથાવાદ, વૃથાગતિ અને વૃથાસ્મૃતિમાં જ પોતાના સમયનો વ્યર્થ વ્યય કરતા હોઈ સાવધાન કાલ તેમના આયુષ્યનો ક્ષય કરે છે ત્યારે મને, તે જીવો માટે ખૂબ દુઃખ થાય છે; (૧૪) માટે હે દુઃખીજનોના બેલી ! હે દીનબંધુ મૈત્રેય ! જેમ હે કુષારુ મુનિના પુણ્યશાલી પુત્ર કૌષારવ ! શ્રીહરિની કથા જ સર્વ કથાઓમાં સાર છે, તેથી જેમ એક મધુકર - મધમાખી વિવિધ પુષ્પોમાંથી મકરંદરસ નામના મધને વિવેકથી બહાર કાઢીને મધપૂડો બનાવીને આપે છે તે જ રીતે આપ, કૃપા કરીને સુખ આપનાર, પવિત્ર યશવાળા ભગવાનનાં ચરિત્રોમાં ભગવાન શ્રીકૃષ્ણની કથા જ સારરૂપ છે તેથી તેનાં જ આપ એમને પાન કરાવો. (૧૫) હે ભગવન ! વિશ્વની ઉત્પત્તિ, પાલન અને ઉપસંહાર માટે અવતારો સ્વીકારતા ઈશ્વરે શક્તિઓનો સ્વીકાર કરીને પુષ્કળ પુરુષાર્થવાળાં જે ચરિત્રો આચર્યાં છે તે ચરિત્રો મને કહો. (૧૬)

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! સંયમી શ્રી વિદુરજીએ જીવોના કલ્યાણ માટે ઉપરોક્ત પ્રશ્નો પૂછ્યા ત્યારે કૌષારવિ મુનિ મૈત્રેયજીએ શ્રી વિદુરજીની અત્યંત પ્રશંસા કરી બોલવાનો આરંભ કર્યો, (૧૭)

શ્રી વિદુરજીનું બહુ માન અને પૂર્વજન્મની ગાથા

મહર્ષિ મૈત્રેયજીએ કહ્યું કે હે સજ્જનવર વિદુરજી ! આપે ઉપરોક્ત પ્રશ્નો કરીને જનસમૂહ ઉપર અપાર અને ઉત્તમ કૃપા વર્ષાવી છે. શ્રી અધોક્ષજ ભગવાનમાં આપની વૃત્તિ રહેલી છે. આપે એવા પ્રકારના પ્રશ્નો કર્યા છે કે જે આપના ઉજ્જવલ યશને વધારનારા છે. (૧૮) હે વિજિતેંદ્રિય વિદુરજી ! આપ તો મહર્ષિ બાદરાયણ વ્યાસજીના આત્મતેજમાંથી પ્રકટ્યા છો, તેથી જ આવા ઉત્તમ લોકમંગલ પ્રશ્નો આપ કરી રહ્યા છો, આપના આવા પ્રશ્નોથી જરાપણ આશ્ચર્ય ન થાય; કારણ કે આપે તો અનન્ય ભક્તિભાવથી સમર્થ શ્રીહરિને હૃદયમાં ધારણ કર્યા છે. (૧૯) ભગવન્ ! આપ તો લોકનિયામક સાક્ષાત્ ભગવાન યમરાજાનો અવતાર છો. યમરાજાનું બીજું નામ ધર્મરાજા છે. પૃથ્વીમાં માંડવ્ય નામના ઋષિ હતા અને તપશ્ચર્યા કરતા. એકવાર રાજાના રાજભવનમાં ચોરી થઈ, ત્યારે રાજસેવકો ચોરને શોધવા નીકળ્યા. માલ સાથે ચોરો મુનિ મહારાજના આશ્રમમાં છુપાયા. રાજસેવકોએ પ્રારબ્ધવશ, મુનિ મહારાજને ચોરોના આશ્રયદાતા માનીને ચોરો સાથે પકડી રાજા પાસે રજૂ કર્યા. પૂરી તપાસ કર્યા વિના જ રાજાએ સર્વને શૂળીએ ચડાવવાનો આદેશ આપ્યો. મુનિરાજને શૂળીએ ચઢાવ્યા ત્યારે મુનિવરે પ્રાણ નિરોધ કર્યો તેથી સર્વના પ્રાણો સંકટમાં મુકાયા. રાજાને પોતાનો પ્રમાદ સમજાયો અને મુનિ મહારાજની ક્ષમા માગી. માંડવ્ય નામના આ મુનિએ રાજાને અભય આપ્યું અને પોતાને થયેલ શૂળીની શિક્ષાનું કારણ પૂછવા શ્રી ધર્મરાજને ત્યાં યમલોકમાં આવ્યા. ધર્મરાજે ચિત્રગુપ્તને પૂછ્યું અને

ચિત્રગુપ્તે કહ્યું કે જ્યારે મુનિ નાના બાલક હતા ત્યારે તેઓએ એક પતંગિયાને બાવળની શૂળથી વીંધી નાખ્યું હતું તેનો તેઓને આ દંડ કરવામાં આવ્યો છે. શ્રી માંડવ્ય મુનિ બોલ્યા, ધર્મરાજ ! આપ આટલા બધા બેધ્યાન છો ! પાંચ વર્ષની વયની અંદરના બાળકના અપરાધોનો દંડ સ્વપ્નદશામાં કરાય છે જ્યારે આપ જાગ્રત દેહને આ શિક્ષા કરી તે અનુચિત કર્યું છે; તેથી આપ પૃથ્વી ઉપર સો વર્ષ શૂદ્રયોનિને પ્રાપ્ત કરો. આ શાપથી જે ભૂમિ ઉપર અવતર્યા તે શ્રી વિદુરજી છે. હે વિદુરજી ! આ શાપાનુસાર આપ પ્રથમ શ્રી વ્યાસ મહર્ષિમાં પ્રવેશ્યા ત્યારબાદ શ્રી વિચિત્રવીર્ય રાજાનાં ભોગ્ય પત્નીમાં પ્રવેશ્યા અને પૃથ્વી ઉપર આપે જન્મ લીધેલો છે. આપ તો પરમ ભક્તો છો અને સાક્ષાત્ "ધર્મ" છો. ભગવાન શ્રીકૃષ્ણના અત્યંત પ્રિય છો; તેથી નિજધામમાં પ્રસ્થાન કરતાં ભગવાને આપને યાદ કર્યા અને આજ્ઞા કરી કે જ્યારે આપની પાસે શ્રી વિદુરજી આવે ત્યારે મારો આ તત્ત્વોપદેશ આપ વિદુરજીને આપજો. (૨૦,૨૧) વિદુરજી, ભગવાનની આ આજ્ઞાનુસાર હવે હું આપને યોગમાયાના સંબંધવાળી, વિશ્વના રક્ષણ, સર્જન અને લયના પ્રયોજનવાળી ભગવાનની લીલાઓ અનુક્રમે આપને વર્ણવીશ. (૨૨)

તત્ત્વોપદેશ

હે વિદુરજી ! આ સૃષ્ટિના પૂર્વ આત્માઓના આત્મા સમર્થ ભગવાન સ્વયં એક જ હતા. આત્માના ધર્મો પાછળ તેમનામાં જતાં ભગવાન ભિન્ન ભિન્ન બુદ્ધિઓથી આત્મા તરીકે જણાતા હતા. (૨૩) સર્વના આત્માએ ભગવાન જ્યારે સ્વયં દ્રષ્ટા તરીકે સર્વત્ર જોવા લાગ્યા ત્યારે તે સ્વયંપ્રકાશ ભગવાનને "દૃશ્ય" નામની કોઈ પણ વસ્તુ ન જોવા મળી, ત્યારે પોતાની અપ્રકટ થયેલી શક્તિવાળા, તેમ જ જ્ઞાનશક્તિવાળા પોતાને જાણે પોતે ન હોય તેમ માનવા લાગ્યા. (૨૪) હે મહાભાગ વિદુરજી ! તે પૂર્ણ ભગવાન, જે સર્વના દ્રષ્ટા બન્યા, વિરાટ જીવ બન્યા અને બ્રહ્મારૂપ બન્યા. જ્યારે તે જીવ બન્યા ત્યારે પોતાનાં ઐશ્વર્ય, વીર્ય વગેરે ગુણોનું તિરોધાન કર્યું અને પોતાની જે સદ્ અને અસદ્ નામની શક્તિ છે તે શક્તિથી સમર્થ ઈશ્વરે આ વિશ્વને રચ્યું. (૨૫) ત્યાર પછી તીર્થસમ્પન્ન ભગવાને પોતાની કાલ નામની શક્તિથી, ક્ષોભવાળી, ગુણમયી માયામાં પોતાના દેહમાં રહેલા વિશ્વને પ્રકાશનાર, અંધકારનો નાશ કરનાર, વિજ્ઞાનરૂપ મહાન પુરુષ એટલે (મહતત્ત્વ) પ્રકટ થયો. (૨૬)

મહત્પુરુષે વધારેલી સૃષ્ટિ

હે વિદુરજી ! હવે વિજ્ઞાનરૂપ મહાન પુરુષ પ્રકટ થયા કે જેમને "મહત્તત્ત્વ" નામથી પણ સર્વ જાણે છે. તે મહાન પુરુષે એટલે અંશ,ગુણ,કાલ અને જીવરૂપ એવા ચતુર્મૂર્તિ તે વિશ્વાત્માએ ભગવાનની કૃપા દૃષ્ટિ થતાં આ વિશ્વની રચના કરવાની ઈચ્છાંથી પોતાને વિવિધરૂપે બનાવ્યો. (૨૭,૨૮) હવે વિવિધરૂપે રચવાના કાર્યમાં વિશેષ મગ્ન બનેલા તે મહાન પુરુષમાંથી (મહત્તત્ત્વમાંથી) કાર્ય-કારણ અને કર્તારૂપ તેમ જ પંચમહાભૂત, દશ ઈન્દ્રિય, અને મનોમય એવો અહંકાર ઉત્પન્ન થયો. (૨૯) પ્રકટ થયેલો આ અહંકાર સાત્વિક, રાજસ, તામસ એવા ત્રણ ભેદવાળો થયો. હવેઆ ત્રણ પ્રકારનો અહંકાર જ્યારે પોતાના રચના નામના કાર્યમાં ખૂબ જ લાગી ગયો ત્યારે તે સાત્ત્વિક અહંકારમાંથી મન તેમ જ સાત્ત્વિક દેવો પ્રકટ થયા કે જે દેવોથી પદાર્થોનું ભાન-જ્ઞાન થાય છે. (૩૦) ત્યાર પછી પુષ્કળ કાર્યે લાગેલા, તે રાજસ અહંકારમાંથી જે તૈજસમય છે તે જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય પ્રકટ થયાં. પુનઃ કાર્યે લાગેલા તે તામસ અહંકારમાંથી, પંચમહાભૂત કે જેમને સૂક્ષ્મભૂત અથવા પંચતન્માત્રાઓ કહેવામાં આવે છે તે તામસ અહંકારમાંથી પ્રકટ થયા, આ તામસ અહંકારમાંથી શબ્દગુણવાળા આકાશની ઉત્પત્તિ થઈ છે કે જે શબ્દ-વેદશબ્દ દ્વારા ભગવાનનો બોધ થાય છે. (૩૧)

આકાશાદિમાંથી થયેલી સૃષ્ટિ

હે વિદુરજી "શબ્દ" નામના ગુણવાળા આકાશની તામસ અહંકારમાંથી ઉત્પત્તિ થયા પછી તે આકાશ ઉપર ભગવાનની દૃષ્ટિ પડતાં કાલ, માયા અને પુરુષ અંશના સંબંધવાળા આકાશની કાર્યમાં પ્રવૃત્તિ થઈ ત્યારે તે આકાશતત્ત્વમાંથી

"સ્પર્શ"ની ઉત્પત્તિ થઈ. આ સ્પર્શ નામનો ગુણ જ્યારે કાર્યમાં પરોવાયો ત્યારે તેમાંથી 'વાયુ'ની રચના થઈ. (૩૨) હવે આકાશના સંબંધથી વધુ બળશાળી બનેલો વાયુ પણ કાર્યરત થયો ત્યારે તે વાયુએ "રૂપ" નામની તન્માત્રાને રચી. આ રૂપતન્માત્રામાંથી સમસ્ત લોકનું જે નેત્ર ગણાય છે તે "તેજસ્' તત્ત્વની ઉત્પત્તિ થઈ. (૩૩) પુનઃ પ્રભુની દૃષ્ટિ પડતાં વાયુ સાથે તેજ જ્યારે કાર્યરત બન્યું ત્યારે તે તેજે એટલે તે જ્યોતિએ કાલ,માયા અને જીવના સંબંધથી "રસ" તન્માત્રાવાળા "જલ"ની રચના કરી. (૩૪) પુનઃ ભગવાનની દૃષ્ટિ પડતાં તેજનો સહયોગ પામેલ "જલ" પણ કાર્યરત થયું ત્યારે કાલ, માયા અને જીવના સંબંધથી "ગંધ" નામની તન્માત્રાવાળી પૃથ્વીને ઉત્પન્ન કરી. (૩૫) હે વિદુરજી ! આકાશ વગેરે પંચમહાભૂતોમાંથી ક્રમેક્રમે જ વાયુ વગેરેની ઉત્પત્તિ થાય છે. તેમનામાં ઉત્તરોત્તર એકએકના ગુણો વધતા જાય છે. આકાશમાં "શબ્દ" ગુણ હતો, તેમાંથી સ્પર્શ ગુણવાળો વાયુ ઉત્પન્ન થતાં વાયુમાં શબ્દ અને સ્પર્શ બે ગુણો આવ્યા. વાયુમાંથી રૂપ ગુણવાળા તેજની ઉત્પત્તિ થતાં તેજમાં શબ્દ,સ્પર્શ અને રૂપ નામના ત્રણ ગુણો આવ્યા. હવે તેજમાંથી, અગ્નિમાંથી રસગુણવાળા જલની ઉત્પત્તિ થતાં જલમાં શબ્દ,સ્પર્શ, રૂપ અને રસ નામાના ચાર ગુણો આવ્યા. પુનઃ જલમાંથી ગંધ ગુણવાળી પૃથ્વી ઉત્પન્ન થતાં પૃથ્વીમાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ નામના પાંચ ગુણો આવ્યા. આ બાબત બધાં જ તત્ત્વો જાણે છે. (૩૬) આ પચીસ તત્ત્વો એટલે (૧) માયા, (૧) કાલ (૧) મન, (૧) અહંકાર (૧) અને મહતત્ત્વ, મળીને "૫" થયાં, તેમાં ૫ જ્ઞાનેન્દ્રિય અને ૫ કર્મેન્દ્રિયો મળતાં કુલ ૧૫ થયાં, આ ૧૫ માં પંચભૂત અને પંચ તન્માત્રાઓ મળતાં કુલ ૨૫ થયાં. આ પચીસ તત્ત્વોના ૨૫ દેવો છે. પરંતુ આ તત્ત્વોને અને ૨૫ દેવોને એક જ માન્યા છે. આ ૨૫ તત્ત્વો અને દેવો કાલ, માયા અનેજીવના લિંગ-ચિહ્નવાળા ભગવાન વિષ્ણુની "કલા" ગણાય છે. આ પચીસ તત્ત્વો-દેવો-કલાઓ અલગ અલગ રહેલાં હોવાથી પોતપોતાનાં કાર્યો કરવાની તેમનામાં ક્ષમતા ન હતી. તેથી જ તેઓ કાર્ય કરવા સમર્થ ન હતાં. તેઓએ સામર્થ્ય મેળવવા વિચાર્યું અને અંજલિ જોડી ભગવાનની સ્તુતિ કરવા લાગ્યાં.

૧૩ શ્લોકોમાં દેવોની - તત્ત્વોની સ્તુતિ

આ તૃતીય સ્કંધનું ૧ થી ૧૯ અધ્યાયનું પ્રથમ પ્રકરણ છે. આ પ્રથમ પ્રકરણમાં ત્રણ સ્તુતિઓ છે '૫'મા અધ્યાયમાં તત્ત્વોની અથવા ૧૩ શ્લોકમાં દેવોની સ્તુતિ છે તેમાં ભક્તિ છે. નવમા અધ્યાયમાં ૨૫ શ્લોકોમાં બ્રહ્માજીની સ્તુતિ છે; તેમાં જ્ઞાન છે. તેરમા અધ્યાયમાં ૧૨ શ્લોકોમાં ઋષિઓની સ્તુતિ છે તેમાં યજ્ઞપુરુષના સ્વરૂપનો મહિમા છે.

देवा ऊचु-तमाम ते देव पदारविन्दं प्रपन्नतापोपशमातपत्रम् ॥ यन्मूलकेता यतयोऽञ्जसोरु संसारदुःखं बहिरुत्क्षिपन्ति ॥ ३८ ॥

૨૫ તત્ત્વો અને ૨૫ દેવો બન્ને એક જ બનીને કાલપ્રેરિત ભક્તિના અવલંબને સ્તુતિં કરી રહ્યા છે. જે સહજ ભક્તિ હોય છે તે તો સ્નેહમૂલક શુદ્ધ હોય છે. બીજી ભક્તિ સંયોગવશ ઉત્પન્ન થાય છે, તે ભક્તિ કાલપ્રેરિત હોય છે. આ ૨૫ તત્ત્વોને સૃષ્ટિ રચવાની આવી ત્યારે કાલવશ સ્તુતિ કરવા લાગ્યાં. કાલ તેર પ્રકારનો હોય છે તેથી સ્તુતિના પણ ૧૩' શ્લોકો છે; દેવો વિનવે છે કે હે દેવ ! શરણાગતના સંતાપને દૂર કરનારા, મસ્તક ઉપર બિરાજતા છત્ર સમાન આપશ્રીના શ્રીચરણકમલોને નમસ્કાર કરીએ છીએ, આપશ્રીના આ ચરણતલનો આશ્રય લઈને યોગીજનો ભારે મનાતા સંસારદુઃખને સરલતાથી દૂર સુદૂર ફેંકી દે છે. (૩૮) દેવો દેવાધિદેવને વિનવવા લાગ્યા કે હે પિતા ! હે ઈશ્વર ! ત્રિવિધ તાપથી તપેલા જીવો, આ સંસારમાં શાંતિ નથી પામતા તેથી હે આત્મસ્વરૂપ ભગવાન ! આપની વિદ્યાયુક્ત-જ્ઞાનમયી એવી ચરણકમલની છાયાનો આશ્રય કરી છીએ. (૩૯) હે ભગવન્ ! આપનું ચરણકમલ તો સમસ્ત તીર્થોનું એક જ નિવાસસ્થાન છે, આપનું આ ચરણકમલ તો પાપોનો નાશકરનારી સમસ્ત સરિતાઓનાં શ્રેષ્ઠ "શ્રીગંગાજી"નું ઉત્પત્તિસ્થાન છે. આપના આ ચરણારવિંદને, આપશ્રીના મુખકમલરૂપ માળામાં વસેલા ઋષિઓ એકાન્તનું સેવન કરી તપ-જપ-ધ્યાન-સમાધિ દ્વારા સતત શોધે છે. તેવા દુર્લભ અને દિવ્ય પ્રભુપદના અમે શરણાગત છીએ. (૪૦) જે ભગવાનમાં સુદૃઢ શ્રદ્ધા અને શ્રવણકીર્તન વગેરે નવ પ્રકારે પોષાયેલી ભક્તિથી શુદ્ધ બનેલા હૃદયમાં ભગવાનનાં

ચરણકમલોને બિરાજવાની ચરણચોકીને-પ્રભુચરણની પાદુકાજીને ધારણ કરી વૈરાગ્યવાળા જ્ઞાનથી ધીર બનેલા અમે દેવો આપશ્રીના ચરણકમલને શરણે જઈએ છીએ. (૪૧) વિશ્વની ઉત્પત્તિ-સ્થિતિ-લય માટે અવતાર લેનારા આપના ચરણાંબુજને અમે સર્વે શરણે આવ્યા છીએ, કારણ કે આપનું ચરણસરોજ નિજજનોને સ્મૃતિ તેમ જ અભયનાં દાન કરે છે. (૪૨) હે દેવ ! દુષ્ટ પરંપરાવાળા દેહ અને ગેહમાં હું અને મારું એવા દૃઢમૂલ આગ્રહને સેવનારા પુરુષોના હૃદયમાં વસતા છતાં તેઓને માટે અત્યંત દૂર રહેલા આપના ચરણકમલનો આશ્રય લઈને છીએ. (૪૩) હે પરમેશ ! હે પુષ્કળ કીર્તિવાળા નાથ ! જે ભક્તવર્યો આપની ચરણધરીની શોભાથી પ્રસિદ્ધિ પામ્યા છે, તેવા ભક્તજનોને,જેઓ ખરેખર દુષ્ટ પદાર્થોમાં વલણવાળી ઈન્દ્રિયો દ્વારા પરવશ મન અને અન્તઃકરણવાળા છે તેવા જનો કેવલ બહિર્મુખતાના જ કારણે આપના ભક્તજનોને જોઈ શકતા નથી. તો પછી આપનાં તો દર્શન પામે જ ક્યાંથી ? (૪૪) હે દેવ ! જેઓ આપના કથામૃતના પાનથી વધેલ ભક્તિને કારણે નિર્મલ મનવાળા બન્યા છે, તેઓ વૈરાગ્યવાન સારરૂપ જ્ઞાનને પામીને અનાયાસે વૈકુંઠધામમાં જેમ સિધાવે છે, તેમ અન્ય ધીર ભક્તો પણ ચિત્તનિરોધરૂપ સમાધિના બળથી બલવતી પ્રકૃતિને જીતીને પૂર્ણ પુરુષ આપમાં જ પ્રવેશે છે. જો કે તેમને શ્રમ પડે છે; પરંતુ સેવાથી પામનારને શ્રમ નથી થતો. (૪૫, ૪૬) હે દેવ ! હાલ આપે લોકનિર્માણ વૃત્તિથી ત્રણ ગુણોથી અમારી રચના કરી છે, અમે તો આપના સેવકો છીએ, પરંતુ છૂટાછવાયા છીએ તેથી અમે આપના પ્રસિદ્ધ વિહારધામને રચી આપની સેવામાં સમર્પણ કરવા સમર્થ નથી. (૪૭) તો હે કૃપાનાથ ! હે અજ ભગવન ! જ્યાં સુધી આપને યોગ્ય સમયે ભેટ-કર અર્પણ કરીએ ત્યાં સુધી, અમે જ્યાં અને જેવી રીતે અન્ન ખાઈએ; અને જેવી રીતે આપના આ લોકો આપને ભેટ-કર વગર વિઘ્ને અર્પણ કરતા અન્ન ખાય; તેવા પ્રકારનું ચક્ષુ આપો. (૪૮) આપ તો અમારા પરિવાર સાથે અમ દેવોના આદ્ય, વિકારરહિત પુરાણ પુરુષ છો. હે દેવ ! ગુણ અને ધર્મની યોનિવાળી અજાશક્તિમાં આપ અજે, તો વીર્ય કવિને સ્થાપન કરેલ છે. (૪૯) હે ભગવન્ ! સાત્ત્વિક અહંકાર જેમાં મુખ્ય છે એવા અમે દેવો તેમાંથી જેમના કાર્ય માટે ઉત્પન્ન થયા છીએ તેઓનું શું કાર્ય કરીએ ? હે દેવ !આપના કૃપાપાત્રઅમને આપ ક્રિયા કરવા માટે સાથે આપનું ચક્ષુ એટલે જ્ઞાન આપો. (૫૦)

ततो वयं सत्प्रमुखा यदर्थे बभूविमात्मन् करवाम किं ते । त्वं नः स्वचक्षुः परिदेहि शक्त्वादेव क्रियार्थे यदनुग्रहाणाम् ।।५०।।

શ્રી ભાગવતપીયૂષના તૃતીય સ્કંધના શ્રી વિદુર-મૈત્રેય મહર્ષિના સત્સંગનાં સૃષ્ટિક્રમનિરૂપણ અને દેવોની સ્તુતિનું વર્ણન કરતો પમો અધ્યાય સમાપ્ત

અધ્યાય-૬

[આ અધ્યાયમાં ૪૦ શ્લોકો છે. પાંચમા અધ્યાયમાં ભૂતોની સૃષ્ટિનું નિરૂપણ કર્યું. પુનઃ છઠ્ઠા અધ્યાયમાં બ્રહ્માંડની ઉત્પત્તિનું વર્ણન છે. આ છઠ્ઠો અધ્યાય (૧) બ્રહ્માંડની ઉત્પત્તિ, (૨) શક્તિનું દાન, (૩) ભોગ અને (૪) માહાત્મ્ય આ ચાર પ્રકારે તન્માત્રોઓની ઉત્પત્તિ થઈ છે તેનું વર્ણન કરે છે.]

ऋषि उवाच : इति तासां स्वशक्तीनां सतीनामसमेत्य सः । प्रसुप्तलोकतन्त्राणां निशाम्य गतिमीश्वरः ।। १ ।।
कालसंज्ञां तदा देवीं विभ्रच्छक्तिमुरुक्रमः । त्रयोविंशतितत्त्वानां गणं युगपदाविशत् ।। २ ।।

ત્રિકાલદર્શી મૈત્રેય ઋષિએ કહ્યું કે વિદુરજી !જ્યારે તે પચીસ તત્ત્વોએ ભગવાનની સ્તુતિ કરી ત્યારે ભગવાને એકત્રિત થયા વિનાની ભિન્ન ભિન્ન રહેલી.વળી લોકને રચવાની જ્ઞાન વિનાની પોતાની શક્તિઓની પરિસ્થિતિને નિહાળી ત્યારે તે દયાળુ, પૂર્ણ પરાક્રમી ભગવાને કાલ નામની દૈવી શક્તિને ધારણ કરીને ત્રેવીસ તત્વોના સમૂહમાં એક સાથે પ્રવેશ કર્યો. ૫ તન્માત્રા, ૫ મહાભૂત, ૧૦ ઈન્દ્રિયો, ૧ મન ૧ અહંકાર ૧ મહાન આ સર્વ મળીને ૨૩ તત્ત્વોનો સમૂહ-ગણ બને છે (૧,૨) જ્યારે આ તત્ત્વોએ કે દેવોએ ભગવાનની પાસે જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિની યાચના કરી ત્યારે દયાળુ ભગવાને ચેષ્ટારૂપે એટલે પ્રયત્નરૂપે ભગવાને સ્વયં પ્રવેશ કર્યો. તેથી જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ આપોઆપ આવી ગયાં. પુનઃ ભગવાને જડ થયેલાં કર્મોને જાગૃત કરતાં ભિન્ન ભિન્ન રહેલાં તે ત્રેવીસ તત્ત્વોના ગણને એટલે સમૂહને એકત્રિત કર્યો. (૩) દૈવે એટલે આ ત્રેવીસ તત્ત્વોના પ્રેરક અને કર્મોને જાગૃત કરનાર કાલરૂપ ભગવાને જ્યારે ત્રેવીસ

તત્ત્વોના સમૂહનાં કર્મ જાગૃત કર્યાં અને કર્મ માટે પ્રેરણા કરી ત્યારે તે ત્રણે પોતાની તન્માત્રાંઓ દ્વારા બ્રહ્માંડને ઉત્પન્ન કર્યું. (૪) વિશ્વની રચના કરનારો આ ત્રેવીસ તત્ત્વોનો સમૂહ પોતાનામાં પ્રવેશેલા ભગવાનના સંબંધથી પરસ્પર મળીને પોતાના અંશથી વિરાટ દેહના આકારમાં પરિણામ પામ્યો. આ વિરાટ દેહમાં સ્થાવર અને જંગમ નામના સર્વ લોકો રહ્યા છે. (૫)

હિરણ્મય વિરાટ પુરુષ

हिरण्मयः स पुरुषः सहस्त्रपरिवत्सशन् । आण्डकोश उवासाप्सु सर्वतत्त्वोपबृंहितः ॥६॥

આ હિરણ્મય-સુવર્ણમય બ્રહ્માંડ પુરુષે સર્વ તત્ત્વના સંબંધમાં રહી એક હજાર વર્ષ પર્યન્ત બ્રહ્માંડના કોશમાં નીચે રહેલા જલમાં નિવાસ કર્યો. આ હિરણ્મય પુરુષ છે તે બ્રહ્માંડનો આત્મા છે અથવા બ્રહ્માંડનો આત્મા હિરણ્મય છે. પૃથ્વી, જલ, તેજ એ ત્રણના સરખા ભાગોથી જે કાર્ય થાય એટલે એ ત્રણમાંથી જે વસ્તુ બને તે સુવર્ણ કહેવાય છે. આ ત્રણમાં જલ ભાગ વધારે હોય ત્યારે “રજત-ચાંદી” બને છે અને પૃથ્વીનો ભાગ જ્યારે વધારે હોય ત્યારે અન્ય ધાતુઓ બને છે. આ હિરણ્મય વિરાટ પુરુષ સુવર્ણની મૂર્તિ જેવો છે અને તે શ્રીફળના જેવો છે. આ હિરણ્મય પુરુષે એક હજાર વર્ષ પર્યન્ત બ્રહ્માંડના કોશમાં નીચે રહેલા જલમાં નિવાસ કર્યો. (૬) આ ત્રેવીસ તત્ત્વોના બનેલા, વિશ્વની રચના કરનારા વિરાટ પુરુષના તે ગર્ભ એટલે “કાર્યરૂપ વિરાટ” કાલશક્તિનો પોતાનામાં પ્રવેશ થયેલ હોવાથી દૈવશક્તિવાળો બન્યો; ચેષ્ટારૂપ ભગવાનના પ્રવેશથી ક્રિયાશક્તિવાળો બન્યો; વિશ્વને રચનારાં તત્ત્વોની સહજ શક્તિથી આત્મશક્તિવાળો બન્યો. આ ત્રણે પ્રકારની શક્તિ મેળવીને તે “કાર્યરૂપ વિરાટે-હિરણ્મયગર્ભે” પોતે પોતાના એક દશ અને ત્રણ વિભાગો કર્યા. જ્ઞાનશક્તિરૂપે એક, પ્રાણશક્તિરૂપે દશ, આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિકરૂપે ત્રણ એવા વિભાગો કર્યા (૭)

ભગવાનનો આદ્ય અવતાર

एष ह्यशेषसत्वानामात्मांशः परमात्मनः । आद्योऽवतारो यत्रासौ भूतग्रामो विभाव्यते ॥ ८ ॥

સર્વ પ્રાણીઓનો આત્મા એવો આ અંશ પરમાત્માનો પ્રથમ અવતાર છે. જેમાં ભૂતોનો સમુદાય જોવામાં આવે છે. બ્રહ્માંડની અંદર થનારા અવતારોમાં આ પ્રથમ અવતાર છે; કારણ કે અક્ષરથી પર રહેનારા ભગવાને પ્રથમ આ વિરાટનો અવતાર ધારણ કર્યો છે. પછી બીજા અવતારો ધારણ કર્યા છે, આ અવતારમાં સમગ્ર ભૂતસમૂહ સમાયેલ છે. આ વિરાટ સાધ્યાત્મ, સાધિદૈવ અને સાધિભૂત એવા ત્રણ પ્રકારનો છે. साध्यात्म એટલે આત્માના સંબંધવાળો “અધ્યાત્મદેહ.” બીજો અર્થ થાય છે દેહમાં રહેલો આત્મા એટલે જીવ દેહમાં રહેલ ભગવાનનો અંશ. साधिदैव અધિદેવોની સાથે રહેલા વિરાટના દેહનો અંશ તે સાધિદૈવ કહેવાય: સાધિદેવો એટલે ઈન્દ્રિયોના દેવો-ઈન્દ્રાદિદેવો કે દિશાના દેવોનું ગ્રહણ કરવું. વિરાટનો પ્રાણ દશ પ્રકારનો છે અને વિરાટ હૃદયથી એક જ પ્રકારનો છે. (૯) વિશ્વને રચનારા ત્રેવીસ તત્ત્વોના સ્વામી ભગવાન અધોક્ષજે વિશ્વસૃષ્ટિઓની પ્રાર્થનાનું સ્મરણ કરીને, વિશ્વસૃષ્ટિઓના વિવિધ પ્રકારના વસવાટ માટે પોતાના તેજથી વિરાટને તપાવ્યાં, (૧૦) જ્યારે ખૂબ સારા પ્રમાણમાં વિરાટને તપાવામાં આવ્યા ત્યારે તે વિરાટમાંથી કેટલાં સ્થાનો સ્પષ્ટ પ્રમાણમાં ખૂલ્યાં. હે વિદુરજી ! હવે સ્થાનોને સંભળાવું છું તે આપ સાંભળો. (૧૧)

૧૨મા શ્લોકથી ૨૫મા શ્લોક પર્યન્ત વિરાટમાં વિકસેલાં ૧૪ સ્થાનોની ગાથા

૧. तस्यास्यम् વિરાટનું મુખ : હે વિદુરજી વિરાટને તપાવતાં તે વિરાટનું મુખ ખૂલ્યું. લોકપાલ એવા અગ્નિએ પોતાના અંશ વાણી સાથે મુખના સ્થાનમાં પ્રવેશ કર્યો. વિરાટ આ વાણી દ્વારા વાણીનો-બોલવાનો વ્યવહાર કરે છે.અગ્નિ અધિદૈવ છે (૧) આસ્ય મુખ અગ્નિનું નિવાસસ્થાન (૨) વાગ ઈન્દ્રિય અધ્યાત્મ છે અને બોલવું એ વિષય છે (૩) તેને અધિભૂત કહે છે. (૧૨)

૨. **निर्भिन्नं तालु** વિરાટનું તાળવું : હે વિદુરજી ! વિરાટને તપાવતાં તે મુખના ભાગમાં "તાળવું" ખૂલ્યું. તેમાં વરુણ નામના લોકપાલે પોતાની જિહ્વાશક્તિના અંશથી પ્રવેશ કર્યો તેથી તેને રસનો અનુભવ થયો. વરુણ અધિદેવ છે (૧) તાળવું ગોલક તાળવું એટલે સ્થાન છે (૨) રસના ઈન્દ્રિય છે. (૩) સ્વાદ લેવો વિષય છે. (૧૩)

૩. **निर्भिन्ने अश्विनौ नासे** વિરાટનાં નાસિકા છિદ્રોઃ હે વિદુરજી ! વિરાટને તપાવતાં નાસિકાનાં બે છિદ્રો ખૂલ્યાં. આ બે છિદ્રોમાં "અશ્વિનીકુમારો"એ પોતાના અંશ ઘ્રાણેન્દ્રિય સાથે પ્રવેશ કર્યો. જે ઘ્રાણેન્દ્રિય દ્વારા ગન્ધનું ગ્રહણ થાય છે. (૧) અશ્વિનીકુમારો દેવો છે એ ઉત્તર દિશાના દિક્પાલો છે. (૨) નાસિકાનાં છિદ્રો નિવાસસ્થાન છે (૩) "ઘ્રાણ" નામની ઈન્દ્રિય છે જે અધ્યાત્મ છે. (૪) સૂંઘવું એ વિષય છે જે અધિભૂત છે. (૧૪)

૪. **निर्भिन्ने अक्षिणी** વિરાટની આંખો : હે વિદુરજી ! વિરાટને તપાવતાં બે નેત્રોનાં ગોલક ખૂલ્યાં. તેમાં "ત્વષ્ટા" નામના લોકપાલે પોતાની અંશ ચક્ષુ નામની ઈન્દ્રિય સાથે પ્રવેશ કર્યો. આ ચક્ષુઈન્દ્રિયથી રૂપ જ્ઞાન થાય છે. પૂર્વ દિશાના દિક્પાલ "ત્વષ્ટા" અધિકદેવ છે. (૧) નેત્રગોલકો નિવાસસ્થાન છે (૨) ચક્ષુ નામની ઈન્દ્રિય અધ્યાત્મ છે (૩) રૂપ જોવું એ વિષય છે તે અધિભૂત છે. (૧૫)

૫. **निर्भिन्नानि चर्माणि** વિરાટનાં રોમ છિદ્રો : હે વિદુરજી ! ત્યાર બાદ તપાવેલા વિરાટનાં ચામડીમાં રહેલાં ગોલક છિદ્રો ખૂલ્યાં. તેમાં "વાયુ" નામના લોકપાલે પોતાના અંશ પ્રાણો સાથે પ્રવેશ કર્યો. તેનાથી સ્પષ્ટ રીતે સ્પર્શનું જ્ઞાન થાય છે. વાયુ અધિદેવ છે (૧) છિદ્રો સ્થાન છે. (૨) પ્રાણ ઈન્દ્રિય છે તે અધ્યાત્મ છે, અને (૩) સ્પર્શ વિષય છે તે અધિભૂત છે. (૪) ૧૬

૬. **कर्णौ विनिर्भिन्नौ** વિરાટના બે કાન : હવે તપાવેલા તે વિરાટના બે કર્ણ છિદ્રો પ્રક્ટ થયાં. તેમના સ્થાનમાં દિશા નામની દેવતાએ પોતાના શ્રોત્ર અંશ સાથે પ્રવેશ કર્યો, જેનાથી શબ્દનું જ્ઞાન થાય છે. (૧) દિશાઓ અધિદેવ-દેવતા છે (૨) શ્રોત્રઈન્દ્રિય છે તે અધ્યાત્મ છે (૩) કર્ણ છિદ્રો સ્થાન છે (૪) શબ્દ વિષય છે તે અધિભૂત છે. ૧૭

૭. **त्वचमस्य विनिर्भिन्नाम्** વિરાટની ત્વચા : હવે તપાવેલા તે વિરાટની "ત્વચા" પ્રક્ટ થઈ. તેના "ત્વચા" નામના સ્થાનમાં ઔષધિ દેવતાઓએ પોતાના અંશભૂત રોમ સાથે પ્રવેશ કર્યો. આ રોમ-રૂંવાટાં દ્વારા આ વિરાટ પુરુષ શરીરની ચળનો અનુભવ કરે છે. (૧) ઔષધિ દેવો અધિ દૈવો છે. (૨) ગોલક અધિષ્ઠાન છે (૩) રોમરૂંવાટાં ઈન્દ્રિયો છે તે અધ્યાત્મ છે (૪) ચળ આવવી એ વિષય છે. (૧૮)

૮. **मेढ्रं विनिर्भिन्नं** વિરાટના લિંગનો ઉદ્ભવ : તપોમય તે વિરાટ પુરુષના લિંગનો ઉદ્ભવ થયો. આ લિંગ નામના સ્થાનમાં "પ્રજાંપતિ" નામના દેવે, પોતાના અંશ-વીર્ય સાથે પ્રવેશ કર્યો. જેનાથી આ વિરાટ આનંદનો અનુભવ કરે છે. (૧) "પ્રજાપતિ અધિદૈવ છે (૨) મેઢ્ર-એટલે લિંગસ્થાન છે (૩) વીર્ય-ઉપસ્થ નામની જે ઈન્દ્રિય છે તે અધ્યાત્મ છે. (૪) રતિસુખ એ એનો વિષય છે તે અધિભૂત છે. ૧૯

૯. **गुदं विनिर्भिन्नम्** વિરાટની ગુદાનો ઉદ્ભવ : તપોમય વિરાટ પુરુષનું ગુદાસ્થાન પ્રકટ થયું. તેમાં "મિત્ર" નામના લોકપતિએ પોતાના અંશ "પાયુ" નામની ઈન્દ્રિય સાથે પ્રવેશ કર્યો. આ વિરાટ જેના દ્વારા મલનો ત્યાગ કરે છે; (૧) મિત્ર નામની દેવતા અધિદૈવ છે (૨) ગુદાનું છિદ્ર અધિષ્ઠાન-સ્થાન છે, (૩) "પાયુ" નામની ઈન્દ્રિય અધ્યાત્મ છે (૪) મલત્યાગને "વિસર્ગ" કહેવામાં આવે છે તે અધિભૂત છે. (૨૦)

૧૦. **हस्तौ विनिर्भिन्नौ**– વિરાટના બે હાથ પ્રક્ટયા : ત્યારબાદ તપાવેલા તે વિરાટના બે હાથ પ્રકટ થયા. આ બે હાથોમાં "ઈન્દ્ર" નામના ઈંદ્રે પોતાના અંશ "વાર્તા" એટલે બલ સાથે પ્રવેશ કર્યો જે બન્ને હસ્તોથી પુરુષ પોતાના જીવનની નિર્વાહવૃત્તિને મેળવે છે. (૧) ઈન્દ્ર નામના લોકપાલ અધિદૈવ છે. (૨) બે હસ્ત અધિષ્ઠાન - સ્થાન છે. (૩) વાર્તા નામની ઈન્દ્રિય અધ્યાત્મ છે. (૪) વૃત્તિ એટલે હસ્તક્રિયા વિષય છે અને તે અધિભૂત છે. આ શ્લોકમાં વાર્તા શબ્દ ઈન્દ્રિયવાચક છે. કોશમાં વાર્તા શબ્દના વૈશ્યોની આજીવિકા અને જીવનવૃત્તાંત આવા બે અર્થો દર્શાવ્યા છે. પરંતુ તે

અર્થો અહીં નથી લીધા. (૨૧)

૧૧. पदौतिविनिर्भिन्नौ– વિરાટનાં બે ચરણો થયાં : તપાવેલા તે વિરાટનાં બે ચરણ પ્રક્ટ થયાં, તે બે ચરણોમાં “વિષ્ણુ” નામના લોકપાલ ભગવાને પોતાના અંશ “ગતિ” નામની ક્રિયા સાથે પ્રવેશ કર્યો, જેથી પુરુષ જવાના સ્થળે પહોંચે છે. (૧) વિષ્ણુ અધિદૈવ છે (૨) ચરણ અધિષ્ઠાન (૩) ગતિ ઈન્દ્રિય છે તે અધ્યાત્મ છે. (૪) પ્રાપ્ત કરવાનું સ્થાન વિષય અધિભૂત છે . (૨૨)

૧૨. बुद्धिं विनिर्भिन्नां વિરાટની બુદ્ધિ બની : તપાવામાં આવેલા તે વિરાટમાં બુદ્ધિ પ્રક્ટ થઈ તે બુદ્ધિના સ્થાનમાં વાગીશ બ્રહ્માજીએ પોતાના બોધ નામના અંશ સાથે પ્રવેશ કર્યો, જેનાથી જાણવાના વિષયનું જ્ઞાન થાય છે. (૧) વાગીશ બ્રહ્મા અધિદેવ છે, (૨) બુદ્ધિ ગોલક અધિષ્ઠાન છે, (૩) જ્ઞાન ઈન્દ્રિય છે તે અધ્યાત્મ છે, (૪) જાણવાનો વિષય-પદાર્થ અધિભૂત છે. (૨૩)

૧૩. हृदयं निर्भिन्नम् વિરાટના હૃદયની ઉત્પત્તિ થઈ : તપાવેલા તે વિરાટના હૃદયની ઉત્પત્તિ થઈ તે હૃદય નામના સ્થાનમાં ચન્દ્રમાએ પોતાના મન નામના અંશ સાથે પ્રવેશ કર્યો. જેનાથી આ વિરાટ વિક્રિયાને જાણે છે. (૧) ચન્દ્રમા અધિદૈવ છે, (૨) હૃદય ગોલક અધિષ્ઠાન છે, (૩) મન ઈન્દ્રિય અધ્યાત્મ છે. (૪) સંકલ્પ-વિકલ્પ વિષય છે. (૨૪)

૧૪. आत्मानं चास्य निर्भिन्नम् વિરાટના અહંકારની ઉત્પત્તિ : તપ્યમાન વિરાટના આત્મા અહંકારની ઉત્પત્તિ થઈ. આ અહંકાર નામના સ્થાનમાં અભિમાને પોતાના અંશ કર્મ સાથે પ્રવેશ કર્યો; જેનાથી આ વિરાટ ચેતનાને પ્રાપ્ત કરે છે. (૧) અભિમાન અધિદૈવ છે, (૨) અહંકાર અધિષ્ઠાન છે, (૩) દેહાદિમાં अहम् નામની બુદ્ધિ ઈન્દ્રિય છે તે અધ્યાત્મ છે, અને (૪) “કર્તવ્ય” નામનો વિષય અધિભૂત છે. (૨૫)

૧૫. सत्त्वं निर्भिन्नम् વિરાટના “સત્ત્વ”ની ઉત્પત્તિ થઈ : હવે તે વિરાટના “સત્ત્વ” નામના પ્રક્ટ થયેલા સ્થાનમાં મહત્ તત્ત્વે પોતાના ચિત્ત નામના અંશથી પ્રવેશ કર્યો જેના દ્વારા આ વિરાટ ચેતનપણાને પામે છે. મહત્તત્ત્વ એટલે (૧) “મહાન” નામની દેવતા અધિદૈવ છે, (૨) સત્ત્વ નામનું ગોલક અધિષ્ઠાન છે, (૩) ચિત્ત નામની ઈન્દ્રિય અધ્યાત્મ છે (૩) વિજ્ઞાન વિષય અધિભૂત છે. (૨૬)

આ વિરાટ પુરુષના મસ્તકમાંથી સ્વર્ગલોક ઉત્પન્ન થયો. પગથી પૃથ્વીલોક ઉત્પન્ન થયો, નાભિમાંથી અન્તરિક્ષ-આકાશની ઉત્પત્તિ થઈ. ઉત્પન્ન થયેલા આ લોકોમાં ગુણોની વૃત્તિઓ, તેમ જ દેવ, મનુષ્ય, પ્રેત વગેરેની પ્રતીતિ થાય છે. (૨૭) દેવોમાં સત્ત્વ ગુણ અધિક હોવાથી અથવા વિશુદ્ધ સત્ત્વગુણ હોવાથી સ્વર્ગલોકમાં વસ્યા, મનુષ્યો અને મનુષ્યોની સાથે રહેનારાં ગાય વગેરે પ્રાણીઓએ રાજસ સ્વભાવને લીધે પૃથ્વીને પ્રાપ્ત કરી. (૨૮) રુદ્રના પાર્ષદો, ગણો, ભૂત વગેરેમાં ત્રીજો તમોગુણ વિશેષ પ્રમાણમાં હોવાથી સ્વર્ગ અને પૃથ્વીની મધ્યમાં આવેલા અને ભગવાનની નાભિરૂપ રહેલા અન્તરિક્ષલોકમાં નિવાસ કર્યો, (૨૯) હે કુરુશ્રેષ્ઠ ! પુરુષના મુખમાંથી “બ્રહ્મ”ની ઉત્પત્તિ થઈ, આ બ્રહ્મ દેવતા છે. એ બ્રહ્મનો આશ્રય કરે તેને બ્રાહ્મણ કહ્યા છે. અથવા બ્રહ્મ જેનામાં પ્રવેશે છે તે બ્રાહ્મણ કહેવાય છે. આચાર,સંસ્કાર અને જન્મ, આ ત્રણે પ્રકારથી બ્રાહ્મણની ઉત્પત્તિ માની છે. આવા ગુણોને લીધે બ્રાહ્મણ સર્વ વર્ણોમાં મુખ્ય-પ્રધાન મનાયો અને ગુરુ ગણાયો. (૩૦) ભગવાનના બાહુમાંથી “ક્ષત્ર” તત્ત્વ ઉત્પન્ન થયું. આ ક્ષત્રને જે અનુસરે કે આ ક્ષત્ર જેનામાં પ્રવેશે તે ક્ષત્રિય કહેવાય છે. આ ક્ષત્રિય સામર્થ્યવાળો હોઈ ત્રણે વર્ણોને દૈત્યો, ચોરો, શત્રુઓ, અધર્મીઓ નામના કંટકોમાંથી રક્ષે છે; તેથી તે ક્ષત્રિય ગણાય છે (૩૧) આ વિરાટ ભગવાનની બે સાથળોમાંથી લોકોની આજીવિકા ચલાવનારી “વિશ” નામની દેવતા પ્રક્ટ થઈ. આ દેવતા જેમનામાં પ્રવેશી તે વૈશ્ય થયા. આ વૈશ્યો મનુષ્યો વગેરેની આજીવિકાને સારી રીતે ચલાવે છે. (૩૨) ધર્મની સિદ્ધિ માટે ભગવાનનાં બે ચરણમાંથી શુશ્રૂષા ઉત્પન્ન થઈ. આ વર્ણમાં શુશ્રૂષા-સેવા નામની વૃત્તિ રહેલી હોવાથી તેને શૂદ્ર કહેવાયા અને સેવાવૃત્તિથી ભગવાન તેમના ઉપર પ્રસન્ન થયા. (૩૩)

ચારે વર્ણ ધર્મનિષ્ઠ રહી ભગવાનની સેવા કરે છે

હે શ્રી વિદુરજી ! ઉપર દર્શાવેલા ચારે વર્ણો અન્તઃકરણની શુદ્ધિ માટે શ્રદ્ધાપૂર્વક પોતાના ધર્મો પ્રમાણે પોતાના ગુરુ અને ઈષ્ટદેવ શ્રીહરિનાં યજન કરે છે; કારણ કે તેઓ પોતાની આજીવિકા સાથે પોતાના ધર્મ સાથે શ્રીહરિથી ઉત્પન્ન થાય છે. (૩૪) હે સંયમશીલ સંત વિદુરજી ! દૈવ, કર્મ, અને સ્વભાવરૂપ શક્તિવાળા ભગવાનની યોગમાયાના બલના ઉદયવાળા આ ભગવાનના ચરિત્રનું વર્ણન કરવાનું કોણ સાહસ કરે ! (૩૫) શ્રી મૈત્રેય મહર્ષિ કહી રહ્યા છે કે વિદુરજી ! ભગવાનના મહિમાનાં ગાન કરવાનું સાહસ હું પણ એટલા માટે કરી રહ્યો છું કે ભગવાનના માહાત્મ્ય વિનાની વાર્તાઓથી, વ્યર્થ વર્ણનોથી દૂષિત બનેલી મારી અપવિત્ર વાણીને પવિત્ર કરવાના આશયથી મારી મતિને અનુસરીને આજે પણ શ્રીહરિની કીર્તિનું ગાન કરું છું. (૩૬)

શ્રીહરિનાં ગુણગાન જ વાણીના ઉત્તમ લાભ

एकान्त लाभं वचसो नु पुंसां सुश्लोकमौलेर्गुणवादमाहुः । श्रुतेश्च विद्वद्भिरुपाकृतायां–कथासुधायामुपसंप्रयोगम् ।।३७।।

હે શ્રી વિદુરજી !સાચે સાચ ભાઈ ! સર્વોત્તમ કીર્તિમય મુકુટને ધારણ કરનારા ભગવાનના ગુણાનુવાદને જ પુરુષોની વાણીના વાસ્તવિક ઉત્તમ લાભ તરીકે સ્વીકારેલ છે. તેમ જ વિદ્વદ્જનો દ્વારા નિત્ય ગવાતી હરિકથાસુધાના શ્રવણમાં કાનના ઉપયોગને સર્વોત્તમ લાભ ગણ્યો છે. (૩૭) હે વત્સ વિદુરજી ! બ્રહ્માજી તો સર્વથી આદિ છે, વળી આત્માના મહિમાને જાણનારા આદિ કવિ છે. તેઓએ પણ દેવોના આયુષ્યવાળા એક હજાર વર્ષના તપ અને યોગના સેવનના અંતે પરિપક્વ થયેલી બુદ્ધિથી જ્યારે ભગવાનનો મહિમા જાણ્યો ત્યારે સામાન્ય જન માટે તો કહેવું જ શું ? (૩૮) હે શ્રી વિદુરજી ! આ ભગવાનની માયા તો માયાવાળાઓને પણ મુગ્ધ કરી દેનારી છે, ભાઈ, ભગવાન સ્વયં પણ પોતાના મહિમાને ગાઈ ના શકે એવો અનન્ત છે; તો જેઓનું સામર્થ્ય કે જ્ઞાન હદવાળું છે તેઓ તો ક્યાંથી જાણી શકે ? (૩૯)

यतोऽप्राप्यन्यवर्तन्त वाचश्च मनसा सह । अहं चान्य इमे देवास्तस्मै भगवते नमः ।। ४० ।।

હે વિદુરજી ! જે ભગવાનના મહિમાને જાણ્યા વિના અને ભગવાનને પ્રાપ્ત કર્યા વિના મન સાથે વાણી અહંકાર અને અન્ય દેવો પાછા વળ્યા છે તે ભગવાનને અમે નમસ્કાર કરીએ છીએ. (૪૦)

શ્રીમહાચાર્ય ચરણ હૃદ્ગત ભાવ વ્યક્ત કરી રહ્યા છે કે "**यादृशोऽसि हरे कृष्ण तादृशय नमोनमः यादशेऽस्मि हरे कृष्ण तादृशं मां हि पालय** હે હરિ ! આપ કેવા છો તે જાણવાનો હું શા માટે મનોરથ કરું ! હું તો કેવલ આપને વારંવાર દંડવત્ પ્રણામ જ કરીશ. કૃષ્ણ હું કેવો છું ? એનું મારે કથન કરવાનું પણ ન હોય, કારણ કે આપ સર્વજ્ઞ છો. હું તો અંતે એટલું જ કહીશ કે આપનો છું. આપ મને પાળજો.

શ્રીમદ્ ભાગવતપીયૂષના તૃતીય સ્કંધનો સર્વ ભૂતોનો ભગવાનની શક્તિના પ્રવેશનું વર્ણન, કાલની ઉત્પત્તિનું વર્ણન અને બ્રહ્માંડની ઉત્પત્તિનું પણ વર્ણન કરતો છઠ્ઠો અધ્યાય સમાપ્ત થયો.

અધ્યાય ૭મો

[આ અધ્યાયમાં ૪૨ શ્લોકો છે. આ સપ્તમ અધ્યાયમાં મનની સૃષ્ટિ વર્ણવવામાં આવશે. મનની સૃષ્ટિ પણ સંકલ્પ-વિકલ્પ બે પ્રકારની છે, તે પણ સાતમા અધ્યાયમાં વર્ણવાશે. શ્રી મૈત્રેય મુનિવરે એક વાત એવી કહી કે ભગવાન પણ પોતાના માર્ગના મહિમાને ન વર્ણવી શકે, તો બીજાનું તો સામર્થ્ય શું !આ વાર્તા સાંભળી વિદુરજીના મનમાં વિચાર આવ્યો કે જીવમાં અસામર્થ્ય છે તેમ ભગવાનમાં પણ જો અસામર્થ્ય વસ્યું તો પછી જીવાત્મામાં અને ભગવાનમાં અન્તર શાં ! આવા જાગેલા પ્રશ્નોનું સમાધાન પણ આ અધ્યાયમાં થશે.]

श्रीशुक उवाच ः एवं ब्रुवाणं मैत्रेयं द्वैपायनसुतो बुधः । प्रीणयन्निव भारत्या विदुरः प्रत्यभाषत ।।१।।

શ્રી શુકાચાર્ય મુનિવરે કહ્યું, રાજન્ પરીક્ષિતે છઠ્ઠા અધ્યાયમાં કાલની ઉત્પત્તિ અને બ્રહ્માંડની ઉત્પત્તિનું વર્ણન કરતાં, ભગવાનનો મહિમા ભગવાન પણ ના વર્ણવી શકે એવું જ્યારે મૈત્રેયજી મુનિએ કહ્યું ત્યારે પરમ વિવેકી, વિદ્વાન, વ્યાસ મહર્ષિના પુત્ર શ્રી વિદુરજી મધુર વાણીથી મહારાજ મૈત્રેયજીને પ્રસન્ન કરતા હોય તેમ કહેવા લાગ્યા (શ્રીમદાચાર્ય ચરણ શ્રીવલ્લભપ્રભુના મતમાં આ શ્લોક ક્ષેપક છે એમ માનવું છે.) (૧)

શું નિર્ગુણ બ્રહ્મને ગુણો સંભવે ?

વિદુરઉવાચ : ब्रह्मन्कथं भगवतश्चिन्मात्रस्याविकारिणः । लीलया चापियुज्येरन्निर्गुणस्यगुणाःक्रियाः ।।२।।

શ્રી વિદુરજીએ પૂછ્યું, હે બ્રહ્મનિષ્ઠ ! હે બ્રહ્મસ્વરૂપ ! હે મૈત્રેયજી ! નિર્ગુણ અને નિર્વિકાર ચૈતન્ય સ્વરૂપ ભગવાનને લીલાઓથી પણ ક્રિયાઓ અને ગુણો કેવી રીતે સંભવી શકે ? (૨) મહારાજ ! કદાચ આપ એમ કહો કે બાલકની માફક નિર્દોષ લીલાઓ હોય છે, ત્યાં એવો વિચાર આવે છે કે બાલકના મનમાં રમણવૃત્તિ હોય છે તેથી તેને અન્યની સાથે રમવાની વૃત્તિ અને રમતમાં પ્રવૃત્તિ થાય એમાં નવાઈ નથી; પરંતુ બ્રહ્મ તો સ્વતસ્તૃપ્ત હોય છે તેમ જ બીજાના સંબંધથી પર છે. તો પછી બાલકની માફક લીલાઓ કરે તે કેમ ઘટે ! (૩) ભગવન્ ! આપે કહ્યું અને શાસ્ત્રો પણ કહે છે કે, ભગવાન, ગુણોથી ભરેલી પોતાની માયાથી વિશ્વને રચે છે, તેમ જ માયાથી સ્થાપન-રક્ષણ કરે છે અને માયાથી જ સમેટે છે; તો એક જિજ્ઞાસા થાય છેં કે ભગવાનનું દેશથી (૧) કાલથી (૨) અવસ્થાથી (૩) પોતાથી (૪) અને અન્યથી (૫) જ્ઞાન કદી નષ્ટ થતું નથી એવા સમર્થ ભગવાનનો માયા સાથે સંબંધ શી રીતે સંભવે ! (૪-૫) મહારાજ ! વળી એક બીજી જિજ્ઞાસા થાય છે કે આ એક જ ભગવાન સર્વના દેહોમાં સાક્ષી તરીકે રહેલા છે. આવા ભગવાનને જન્મ કેવી રીતે ? અવતાર શા માટે ? અને કર્મજન્ય કલેશો કે દુર્ભાગ્ય શી રીતે ઘટે ! (૬) હે વિદ્વન્ મૈત્રેયજી ! મારું મન આ પ્રકારના અજ્ઞાન સંકટમાં અકળામણ અનુભવી રહ્યું છે તો ભગવન્ ! આપ તો મહાન છો, તો મારા આ મહાન માનસિક કલેશનું નિવારણ કરવા કૃપા કરો. (૭)

શ્રી શુકાચાર્ય મુનિ, એકાગ્રચિત્તથી હરિકથા રસપાન કરતા શ્રી પરીક્ષિતજીને કહી રહ્યા છે કે જ્યારે તત્ત્વજ્ઞાનની જિજ્ઞાસા ધરાવતા વિવેકી અને જિતેંન્દ્રિય શ્રી વિદુરજીએ ઉપરોક્ત પાંચ પ્રશ્નો પૂછયા ત્યારે પ્રશ્નોના પ્રત્યુત્તર આપવા પ્રેરાયેલા શ્રી મૈત્રેય મહર્ષિ ભગવાનમાં મનને પરોવીને સર્વથા અભિમાનથી પર સંતવર સ્મિત હાસ્ય વેરતા હોય એ પ્રકારે બોલવા લાગ્યા. (૮)

મૈત્રેયજીએ આપેલ વિવેકપૂર્ણ સમાધાન

મહર્ષિ મૈત્રેયજીએ કહ્યું કે વિદુરજી ! ભગવાનની એવી એક વિલક્ષણ માયા છે કે જેથી જીવને નિત્ય મુક્ત તેમ જ પૂર્ણ સમર્થ ભગવાનમાં દીનતા, અથવા અજિતેન્દ્રિયપણું અને બંધન જોવામાં આવે છે જે તર્કથી કે, વિશુદ્ધ વિવેકદૃષ્ટિથી જોતાં અસંગત લાગે છે, પરસ્પર વિરુદ્ધ લાગે છે; પરંતુ ભગવાનની માયાનો એ જ મહિમા છે. (૯) મૈત્રેય મહારાજ માયાની વિલક્ષણતાનું દૃષ્ટાન્ત આપી વર્ણન કરતાં કહેવાં લાગ્યા કે જેમ સ્વપ્ન જોનાર મનુષ્યને પોતાનું મસ્તક કપાતું ન હોવા છતાં પોતાનો શિરચ્છેદ વગેરે વસ્તુઓ દેખાય છે,તેવી જ રીતે જીવાત્માને પણ અન્તઃકરણ અને દેહના ધર્મો, કાર્પણ્ય સુખદુઃખ, બંધન આદિ અજ્ઞાનવશ પોતાનામાં-જીવાત્મામાં દેખાય છે. (૧૦) જલમાં-સરોવરના જલોમાં કમ્પવું વગેરે જે જલના ધર્મો છે તે ધર્મો તેમાં પ્રતિબિંબરૂપે પડેલા ચન્દ્રના ધર્મો નથી તો પણ જલમાં રહેલા ચન્દ્રમાં દેખાય છે; તેવી જ રીતે આ આત્મા દ્રષ્ટા છે તો પણ તેનામાં જડ પદાર્થના ગુણો દેખાય છે. (૧૧)

નિવૃત્તિ ધર્મોથી, કૃષ્ણકૃપાથી, ભગવદ્ ભક્તિ યોગથી માયાનો સંબંધ દૂર થાય

ભાઈ વિદુર ! જો માયાનો સંબંધ દૂર કરવો હોય તો, અગિયાર પ્રકારના નિવૃત્તિ ધર્મોથી, ભગવાન વાસુદેવની કૃપા-અનુકમ્પાથી અને ભગવદ્ ભક્તિના બલથી આ જ જન્મમાં ધીરે ધીરે દૂર થાય છે. આ ત્રણ ઉપાયોમાં જે પ્રથમ નિવૃત્તિ ધર્મોને સૂચવ્યા તે નિવૃત્તિ ધર્મો : (૧) શાસ્ત્રસંમત પરિત્યાગ, (૨) ત્યાગ કરેલાનો પુનઃ અસ્વીકાર, (૩) એકાન્તવાસ, (૪) તીર્થસેવન-તીર્થનિવાસ, (૫) મૌન સેવન, (૬) શ્રીકૃષ્ણ ચિંતન, (૭) ત્રિદુઃખ સહન, (૮) અપકારનો અપકારથી બદલો ના વાળવો પરંતુ ઉપકાર કરવો (૯) દયા, (૧૦) સંતોષ અને (૧૧) મનોવિજય, આમ અગિઆર પ્રકારના છે. (૧૨) ભાઈ વિદુર ! જ્યારે ઈન્દ્રિયો વિષયોમાંથી પાછી વળીને જ્યારે સર્વના દૃષ્ટા પરમાત્મા શ્રીહરિમાં ઈન્દ્રિયો વળે છે ત્યારે જેમ સુષુપ્તિ અવસ્થામાં રહેલાનાં સર્વ દુઃખો નિવૃત્ત થાય છે તેમ ભગવાનમાં વળેલા પુણ્યાત્માના સર્વ કલેશો

નિવૃત્ત થાય છે. (૧૩) શ્રીહરિ ગુણગાથાસુધાનાં પાન સર્વ કલેશોને હરે તો પછી સેવાના માહાત્મ્યની વાત જ શી કરવી ?

अशेषसंक्लेशशमं विधत्ते गुणानुवादश्रवणं मुरारेः । कुतःपुनस्तच्चरणाविन्द परागसेवारतिरात्मलब्धा ।।१४।।

હે શ્રી વિદુરજી ! ભક્તિભાવપૂર્વક જો ભક્તજન, શ્રી મુરારિ ભગવાનની ગુણગાથાસુધાનાં શ્રવણ અને સેવન કરે છે તો તેનાં સમસ્ત દુઃખોનો સંપૂર્ણ ક્ષય થાય છે-તો પછી શ્રીહરિની કેવલ કૃપાથી મળેલી શ્રીહરિ ચરણકમલરજની સેવામાં જેનું વરણ થયું અને જેની પ્રીતિ જાગી અને ચિત્ત પરોવાયું તેના સર્વ કલેશો નષ્ટ થાય એમાં નવાઈ શી ! (૧૪)

વિદુરજીનું સૌજન્ય, દૈન્ય અને સ્વીકાર

विदुर उवाच : संच्छिन्नः संशयो मह्यं तव सूक्तासिना विभो । उभयत्रापि भगवन्मनो मे सम्प्रधावति ।।१५।।

શ્રી વિદુરજીએ કહ્યું, હે મૈત્રેય મહારાજ ! આપ તો સમર્થ છો. આપની યુક્તિયુક્ત અને શાસ્ત્રયુક્ત વાણી નામના તીક્ષ્ણ ખડ્ગથી મારો સર્વ સંશય છેદાઈ ગયો. હે ભગવન્ ! હવે મારા મનમાં ભગવાનની સર્વથા સ્વતંત્રતા અને જીવની પરતંત્રતા સંબંધની પૂરી સમજ આપના વચનામૃતથી મળી છે અને સારી રીતે સમજ પડી છે. (૧૫) હે વિદ્વાન ! આપે કહ્યું છે તે બરાબર છે કે ભગવાનના જ અંશરૂપ જીવને મોહ કરનારી માયાએ રચેલું અને મૂલ વિનાનું જગત નિરર્થક ભાસે છે. આ વિશ્વનું જે મૂલ છે તે તો ભગવાન વિના અન્ય સંભવે જ નહીં. (૧૬) આ લોકમાં જે તદ્દન નિરક્ષર છે અથવા તો જે સંપૂર્ણ સાક્ષર તેઓ બન્ને તો સુખ પામે છે. જે નિરક્ષર છે તે ગુરુ-શાસ્ત્ર-સંતના માર્ગદર્શન પ્રમાણે ચાલે છે તેથી સુખી છે; જે સાક્ષર છે તેને તો પોતાની વિવેકબુદ્ધિથી નિર્ણય કરવાનો હોઈ તે સુખી છે, પરંતુ જેમની ડામાડોળ દશા છે તેઓ નિર્ણય વિનાના અટવાયા કરે છે. (૧૭) આ સર્વ કાંઈ આત્મા જ છે, એવું શ્રુતિ કહે છે; તેથી અનાત્મામાં કાંઈ પણ અર્થ - વસ્તુ નથી એ વાત નિશ્ચિત છે માટે આત્માથી ભિન્નરૂપે જે પ્રતીત થાય છે તે અનર્થરૂપ છે, અર્થરૂપ તો બ્રહ્મ છે એની પ્રતીતિ થતી નથી. પ્રતીતિ જે પ્રકારની થાય છે તે તો બ્રહ્મ નથી; તેથી આપના ચરણની સેવા કરીને તે ખોટી થતી પ્રતીતિને દૂર કરી આત્મરૂપ પ્રતીતિ અવશ્ય કરીશ. (૧૮) ગુરુચરણની સેવાથી, સત્પુરુષોનાં ચરણકમલોની સેવાથી મધુ નામના દૈત્યનો તેમ જ કૈટભ નામના દૈત્યનો નાશ કરનાર તેમ જ નિર્વિકાર એવા મધુસૂદન ભગવાનનાં ચરણકમલોમાંથી સ્નેહનો-પ્રીતિનો વિલાસ થાય છે. ભગવાનનાં ચરણકમલમાં થયેલ આ પ્રીતિવિલાસ જ સમસ્ત દુઃખોને દૂર કરશે. (૧૯) એ વાત પણ અત્યંત નિશ્ચિત છે કે અલ્પ પુણ્યવાળાને **वैकुंठवर्त्मसु** વૈકુંઠ ભગવાનના માર્ગ સમાન ગુરુજનોમાં, ભગવદીય જનોમાં અને સત્પુરુષોમાં સેવાભાવ પ્રાપ્ત થવો જ દુર્લભ છે. આ સંતજનોની સભામાં દેવાધિદેવ ભગવાન જનાર્દનના ગુણોનું નિત્ય ગાન થાય છે. (૨૦) સમર્થ વિભુએ પ્રથમ વિકારયુક્ત મહદ અહંકાર વગેરે ૨૩ તત્ત્વોને ઉત્પન્ન કર્યાં. પુનઃ તેમાંથી વિરાટનો ઉદ્ધાર કરી પાછળથી તેમાં વિભુએ પ્રવેશ કર્યો. આ વિરાટને હજારો ચરણ, અનંત સાથળો, અનન્ત બાહુવાળા આદિ પુરુષ તરીકે વર્ણવે છે, આ આદિ પુરુષમાં સર્વ લોકો છૂટ પૂર્વક રહેલા છે. (૨૧-૨૨) પુનઃ વિરાટ ત્રણ પ્રકારના થયા. આ ત્રણ પ્રકારમાં (૧) દશ પ્રકારના પ્રાણ (૨) દશ પ્રકારની ઈન્દ્રિયો (૩) અને દશ ઈન્દ્રિયોના દશ વિષયો આવેલા છે. આ ત્રણ પ્રકારના વિરાટથી વર્ણો થયા એવું પણ આપે કહેલું છે. કેટલાક ત્રિવૃતનો અર્થ (૧) ઈન્દ્રિયો (૨) ઈન્દ્રિયોના વિષયો (૩) અને દેવો એ પ્રકારે કરે છે તે પણયોગ્ય છે. હવે મહારાજ મૈત્રેય ! આપ અમને વિરાટની વિભૂતિઓનું વર્ણન કરો. (૨૩)

૨૪ થી ૩૪ મા શ્લોકમાં વિદુરજીએ પૂછેલા ૭૫ અથવા ૮૪ પ્રશ્નોની માલા

શ્રી વિદુરજી પ્રશ્નાવલી પ્રક્ટ કરતા કહી રહ્યા છે કે ભગવન્ મૈત્રેયજી ! મેં જે વિભૂતિઓ સંબંધી જિજ્ઞાસા કરી છે તેમાં તેઓના પુત્રો, પૌત્રો, એટલે પ્રપૌત્રો અથવા તો કન્યાના પુત્રો, વંશજો-ગોત્રજોની સાથે વિચિત્ર આકૃતિવાળી પ્રજાઓ ઉત્પન્ન થઈ જેમનાથી આ જગત ભરપૂર થયું છે તે કહો. (૨૪) હે મૈત્રેયજી ! પ્રજાપતિઓના પતિએ ક્યા પ્રજાપતિઓને ! ક્યા સર્ગોને ! વળી અનુસર્ગોને, મનુઓને, તેમ જ મન્વંતરોને ઉત્પન્ન કર્યા તે કહો. (૨૫) હે મૈત્રેય મુનિ ! પુનઃ આ

બધા મનુના વંશો, વંશજ ચરિત્રો તેમ જ પૃથ્વીની ઉપર અને પૃથ્વીની નીચે જે લોકો રહેલા છે તેમની અને ભૂલોકની મર્યાદા અને તેમનાં માપ કેટલાં ? તે પણ વર્ણવો. (૨૬) આ ઉપરાંત ક્ષુદ્ર જંતુઓ, મનુષ્યો, દેવો, સર્પો, મૃગો, અન્ય પશુઓ, પક્ષીઓના સર્ગ-સમૂહને કહો તેમ જ ગર્ભમાંથી, પસીનામાંથી, ઈંડામાંથી અને અઁકુરોમાંથી થયેલાના સર્ગ સમૂહને પણ અમને કહો. (૨૭) બ્રહ્માજી, વિષ્ણુજી, રુદ્રજી આદિ ગુણાવતારોથી થતાં વિશ્વનાં ઉત્પત્તિ-સ્થિતિ-સંહારોને અને વિશ્વના આધાર અને રચતા શ્રીનિવાસ ભગવાનનાં ઉત્તમ પરાક્રમો પણ વર્ણવો. (૨૮) રૂપ,શીલ,સ્વભાવની સાથે રચાતા વર્ણોના અને આશ્રમોના વિભાગોને, વળી ઋષિઓના જન્મ, કર્મ, સ્વભાવ વગેરેને વર્ણવો અને વેદો અને વેદોના શાખા વિભાગોને પણ વર્ણવો. (૨૯) આ ઉપરાંત હે પ્રભુ ! યજ્ઞના પ્રકાર, ભેદોને સાથે સાથે યોગના અને જ્ઞાનના પ્રકારોને અને માર્ગોને સાંખ્યતંત્રને, ભાગવતશાસ્ત્ર એટલે વૈષ્ણવતંત્રને અને શ્રી નારદજીએ સ્મરેલા પાંચરાત્ર તંત્રને પણ વર્ણવો. (૩૦) પાખંડ માર્ગની વિષમતા, પ્રતિલોમ જાતિની ઉત્પત્તિ, ગુણથી અને કર્મથી થતી જીવોની જેવી અને જે જે ગતિઓ થતી હોય તે પણ અમને કહો. (૩૧) પરસ્પરની સાથે વિરોધ ના આવે એવી રીતે ધર્મ,અર્થ,કામ,મોક્ષ નામના પુરુષોર્થોનાં સાધનો તેમ જ ચારે વર્ણ આશ્રમીઓની આજીવિકા, દંડનીતિ અને વેદશાસ્ત્રના અધ્યયનનો સ્વતંત્ર વિધિ પણ આપ વર્ણવો. (૩૨) હે બ્રહ્મન્ ! શ્રાદ્ધના પ્રકારો અને વિધિ, પિતૃઓની સૃષ્ટિ, આ ઉપરાંત ગ્રહ-નક્ષત્ર-તારાઓનું જ્યોતિશ્ચક્રમાં આવેલાં રહેઠાણ વગેરે પણ વર્ણવો. (૩૩) દાનનો વિધિ, તપનો વિધિ, યજ્ઞનું ફળ, કૂવા-તળાવ આદિ જલાશય નિર્માણનાં ફળ તેમ જ પ્રવાસધર્મો, વિદેશપ્રવાસના ધર્મો, આપત્તિ માર્ગમાં આચરી શકાય તેવા ધર્મો પણ આપ વર્ણવો. (૩૪)

ભગવાનની પ્રસન્નતા કેમ પ્રાપ્ત થાય ?

येन वा भगवांस्तुष्येद्धर्मयोनिर्जनार्दनः। सम्प्रसीदति वा येषामेतदारव्याहि चानघ ।।३५।।

શ્રી વિદુરજીએ કહ્યું કે મહારાજ ! આપશ્રી તો મન-વાણી-કાયાથી સર્વથા નિષ્પાપ છો. નાથ ! અત્યાર પર્યન્ત પૂછેલા ૮૪ પ્રશ્નોનો પ્રત્યુત્તર આપ ન આપો અને એક જ પ્રશ્નનો ઉત્તર આપો કે સર્વધર્મનું મૂલ અને આધાર શ્રી જનાર્દન ભગવાન કેવી રીતે સંતુષ્ટ થાય અને કોના ઉપર સંતુષ્ટ થાય એ વસ્તુ પણ આપ મને કૃપા કરીને કહો. (૩૫)

કૃપાળુ ગુરુ જનો તો વિના પૂછે પણ શિષ્યોનું કલ્યાણ સૂચવે છે

अनुव्रतानां शिष्याणां पुत्राणां च द्विजोत्तम । अनापृष्टमपि ब्रूयुर्गुरवो दीनवत्सलाः ।।३६।।

હે ગુરુવર્ય ! ગુરુજનો તો પરમ દયાળુ હોય છે. સેવાશીલ અને આજ્ઞાપાલક પોતાના શિષ્યો અને પુત્રો કેટલીક વાર પોતાના કલ્યાણની વાતો ના પૂછે તો પણ તેમના ઉપર દયા ધરાવતા તે મહાપુરુષો વિના પૂછ્યે પણ હિતમાર્ગોને સૂચવે છે. (૩૬) હે ભગવન્ ! આ તત્ત્વોનો કેટલા પ્રકારે અને કેવી રીતે પ્રલય થાય છે અને તેમાં પણ પ્રલય સમયે કોણ આપની ઉપાસના કરે છે અને કોણ આપનામાં લીન થાય છે તે પણ કહો. (૩૭) આ સાથે પુરુષના નાશને એટલે વિરાટ પુરુષના તિરોધાનને, વ્યષ્ટિના તિરોધાન-નાશને, વ્યષ્ટિના સ્વરૂપને, વેદોમાં વર્ણવેલા જ્ઞાનને પણ કહો. (૩૮) હે પુણ્યશીલ પુરુષ મૈત્રેયજી ! આ દેહમાં, આ સ્થાનમાં કે આ લોકમાં વિદ્વાન પુરુષોએ કહેલાં જ્ઞાનનાં સાધનો તેમ જ પુરુષોને વાસ્તવિક જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય શી રીતે મળે તે પણ આપ મને કહો. (૪૦)

હે પુણ્યપુરુષ મૈત્રેયજી ! સર્વ વેદો, સર્વ યજ્ઞો અને સર્વવિધિ દાનો જીવને અભય આપનારા જ્ઞાનની તુલનામાં તેઓની એક કલાની સાથે પણ તુલના પામી ના શકે, એવો જ્ઞાનનો મહિમા છે. (૪૧)

श्रीशुक उवाच : स इत्थमापृष्टपुराणकल्पःकुरुप्रधानेन मुनिप्रधानः ।। प्रवृद्धहर्षो भगवत्कथायां संचोदितस्तं प्रहसन्निवाह ।।४२।।

શ્રી કુરુકુલ વડેરા વિદુરજી, સંતે, જ્યારે ઉપર પ્રમાણે ૭૫ + ૧૩ = ૮૪ પ્રશ્નો તેમ જ ભગવાન કેવી રીતે પ્રસન્ન થાય એવો એક પ્રશ્ન મળીને કુલ ૮૫ પ્રશ્નો ૨૪મા શ્લોકથી આરંભીને અધ્યાયની સમાપ્તિ પર્યન્ત પૂછ્યા ત્યારે મુનિવરોના વડેરા, સાક્ષાત્ પુરાણપુરુષ કે સાક્ષાત્ સર્વ પુરાણોનું જ સ્વરૂપ ગણાતા મૈત્રેય મુનિ, ભગવાનની કથાસુધાનાં પાન

કરાવતા વ્રતમાં તણાતા અત્યંત હર્ષવાળા થઈ સ્મિતવદને શ્રી વિદુરજીને કહેવા લાગ્યા. (૪૨)

શ્રી ભાગવપીયૂષના તૃતીય સ્કંધનો નિર્ગુણનો માયા સાથે સંબંધ કેવી રીતે અને વિદુરજીના ૮૫ પ્રશ્નોનું નિરૂપણ કરતા ૭મા અધ્યાયની સમાપ્તિ થઈ.

અધ્યાય ૮મો

[આ આઠમાં અધ્યાયમાં ૩૩ શ્લોકો છે. આ આઠમા અધ્યાયમાં ભગવાનની બુદ્ધિનું વર્ણન કર્યું છે અને ભગવાનની બુદ્ધિના આધારને આધેયરૂપ વિષયોનો ઉદ્‌ગમ આ અધ્યાયમાં વર્ણવાયો છે. વિશેષમાં શ્રીમદ્ ભાગવત પુરાણ ગ્રંથ રૂપિણી બુદ્ધિ આ અધ્યાયમાં કહેવાશે. ભગવાનની બુદ્ધિના છ પ્રકારો છે. સ્વરૂપમાં પ્રીતિવાળી, જગતના સંબંધવાળી, અને કૃતિવાળી એમ મળીને બુદ્ધિના ત્રણ ભેદો છે.]

પુરુવંશ સંતોને જન્મ લેવા લાયક, આશ્રય લેવા લાયક અને જ્ઞાન લેવા લાયક છે :

मैत्रेयउवाच : सत्सेवनीयो बत पूरुवंशो यल्लोकपालो भगवत्प्रधानः ।। बभूविथेहाजितकीर्तिमालां पदे पदे नूतनयस्यभीक्षणम् ।।१।।

મૈત્રેય મહર્ષિએ કહ્યું કે હે વિદુરજી ! સાચે જ આપનો આ પુરુવંશ સજ્જન પુરુષોને સેવવા યોગ્ય છે. વંશની મહત્તા ત્રણ પ્રકારે છે. જે વંશ, જ્ઞાન લેવા વાંછતાને જ્ઞાન આપે; આશ્રય લેવા ચાહતા જનોને આશ્રય આપે અને જન્મ લેવા ચાહતાને પોતાના કુલમાં જન્મ આપે. આપનો પુરુવંશ આ ત્રણે પ્રકારે શ્રેષ્ઠ છે. આ વંશમાં ભગવાનમાં અનન્ય પ્રેમવાળા આપના જેવા લોકપાલ પુરુષે જન્મ લીધો છે. આપ તો અજિત ભગવાનની કીર્તિ નામની માળાને ક્ષણે ક્ષણે સદા તાજી કરો છો. વિષયોના તુચ્છ સુખોની પ્રાપ્તિ માટે મનુષ્યો સાધનાનાં મોટાં કષ્ટો ઉઠાવે છે, તેઓને તેવો શ્રમ ના કરવો પડે માટે તેમનાં દુઃખોના નિવારણના ઉપાય તરીકે હું શ્રીમદ્ ભાગવત નામની પુરાણ-સંહિતા આપને કહી રહ્યો છું. આ શ્રીમદ્ ભાગવત ભગવાને ઋષિઓને કહેલું છે. (૨)

શ્રીમદ્ ભાગવત શાસ્ત્ર પરંપરા

હે વિદુરજી ! એકવાર પુરુષોત્તમ ભગવાનના રહસ્યજ્ઞાનને જાણવાની વૃત્તિથી શ્રી સનત્કુમાર નામના ચાર મુનિવરો, ભૂમિ ઉપર સ્વસ્થચિત્તે બિરાજેલા, અંકુઠિત બુદ્ધિવાળા આદિદેવ સંકર્ષણ ભગવાનને પૂછવા લાગ્યા. (૩) આ શ્રી સંકર્ષણ ભગવાન શ્રી વાસુદેવના નામથી સન્માન આપે છે તેમ જ ભગવાન વાસુદેવને પોતાના આધાર તરીકે માને છે, એવા શ્રી સંકર્ષણ ભગવાનદેવોના કલ્યાણ માટે પોતાની અંતર્મુખ નયનકલિકાનેકંઈકઅંશમાંખોલીને જ્યારે બિરાજ્યા હતા ત્યારે સનત્કુમારો પૂછવા લાગ્યા કે (૪) હે વિદુરજી ! શ્રી વાસુકિનાગરાજની રાજકુમારિકાઓ, યોગ્ય પતિને પ્રાપ્ત કરવાની અભિલાષાથી વિવિધ પ્રકારની સેવા-સામગ્રી કરકમલોમાં લઈશ્રી સંકર્ષણ ભગવાનની કમલાકાર અથવા ચરણ કમલ-પીઠિકાનાં અર્ચન કરે છે. આવી દિવ્ય શ્રી ચરણચોકીનાં, સ્વર્ગગંગાના પવિત્ર જલથી આર્દ્ર બનેલી પોતાની જટાઓના અગ્ર ભાગથી સ્પર્શ કરી વંદન કરતા સનત્કુમારો પૂછવા લાગ્યા. (૫) શ્રી સંકર્ષણ ભગવાનની મંગલમય લીલાઓનાં ગાન કરતાં વાણી વિરમી જતી, રૂંધાઈ જતો હતો, મર્મ અને માધુર્યને જાણતા હોઈ તેવા સનતકુમારો ભાવ વિભોર બની, મુકુટોમાં મઢેલા અણમોલ અનન્ત મણિઓથી ઝળકતી અનન્ત ફણાઓવાળા શ્રી અનન્ત ભગવાનને નિવેદન કરવા લાગ્યા. (૬)

શ્રી સંકર્ષણ ભગાવને શ્રી સનત્કુમારોને અને સનત્કુમારોએ સાંખ્યાયન મુનિને જ્ઞાન મળ્યું

હે શ્રી વિદુરજી ! પ્રથમ તો સંકર્ષણ ભગવાને મુનિઓને આપ્યું અને હે ભાઈ વિદુર ! જ્યારે વ્રતધારી શ્રી સાંખ્યાયન મુનિવરે ભાગવતશાસ્ત્રના સંબંધની જિજ્ઞાસા સેવી, ત્યારે શ્રી સનતકુમારોએ શ્રી સાંખ્યાયન મુનિજીને આ જ્ઞાન આપ્યું. (૭) ભાઈ ! આ ભાગવતશાસ્ત્રના જ્ઞાનની ત્યાર પછી પરંપરા ચાલી અને જ્યારે ભગવાનની વિભૂતિઓનો મહિમા ગાવાની ભાવના સેવતા મારા ગુરુદેવ તેમ જ જ્ઞાન ધારણ કરવાની પૂર્ણ યોગ્યતાવાળા અથવા પોતાના અનુયાયી પરાશર મુનિવરને તેમ જ તેવી જ યોગ્યતાવાળા દેવગુરુ શ્રી બૃહસ્પતિ મહારાજને, પરમહંસશિરોમણિ શ્રી સાંખ્યાયન મુનિજીએ તે જ્ઞાન આપ્યું. (૮) હે સંતવર્ય વિદુરજી ! હું તો આવા દિવ્ય જ્ઞાનને મેળવવા માટે યોગ્ય ન હતો, પરંતુ મારા ગુરુદેવ શ્રી પરાશર મુનિ અતિશય દયાળુ હતા તેમ જ મુનિવર પુલસ્ત્યજીએ પણ પરાશર મુનિને ભલામણ કરી કે આપ

મૈત્રેય મુનિને જ્ઞાન અવશ્ય આપો ત્યારે મને પરાશરજીએ જ્ઞાન આપ્યું. વિદુરજી ! શ્રી પરાશરજી "શક્તિ" નામના મુનિના પુત્ર થાય. પરાશરજી તો ગર્ભજ્ઞાની મહા પુરુષ છે. તેઓ માર્કણ્ડેય મુનિ કરતાં પણ વૃદ્ધ છે, પરમ તપસ્વી છે. તેઓશ્રીના જીવનમાં એક એવી ઘટના બની કે એકવાર મુનિવર પરાશરજી પોતાના આશ્રમમાંથી બહાર પધાર્યા હતા તે અવસરે એક રાક્ષસ આવ્યો અને તેમના પિતા શક્તિમુનિનું ભક્ષણ કરી ગયો. ત્યારે રોષે ભરાઈને પરાશર મુનિએ રાક્ષસોના નાશ માટે "રાક્ષસસત્ર" આરંભ્યો. મુનિવર પુલસ્ત્યજીએ પરાશરજીને "રાક્ષસસત્ર" ન કરવા વીનવ્યા અને દયાળુ મુનિવરે "રાક્ષસ-સત્ર" ન કર્યો, તેથી પૂર્ણ પ્રસન્ન થઈ પુલસ્ત્યજીએ પરાશર મુનિજીએ આપશ્રી "પુરાણાચાર્ય થાઓ," એવું દિવ્ય વરદાન આપ્યું તે શ્રી પુરાણાચાર્યજીએ મને જે જ્ઞાન આપ્યું છે તે જ્ઞાન આપ શ્રદ્ધાળુ છો, વળી સંતોના અનુગામી અને સદા સેવાશીલ છો એવા આપને આ આદ્ય પુરાણ એટલે ભાગવતશાસ્ત્ર અવશ્ય આપીશ. (૯)

પદ્મકલ્પની સર્ગલીલાનો પ્રારંભ

વિદુરજી ! પદ્મકલ્પના પૂર્વનો કલ્પ બ્રહ્મકલ્પ હતો. આ બ્રહ્મકલ્પમાં જલપ્રલય થયો, તેથી આ વિશ્વનો લય થયો હતો. આ સમયે ભગવાન શેષશય્યા ઉપર પોઢ્યા હતા, તો પણ ભગવાનનું રમણ તો હતું જ. પરંતુ પ્રલયસમયે ભગવાનનું સ્વરૂપ રમણ હોય છે અને સૃષ્ટિરચના સમયે પ્રપંચ રમણ હોય છે. આ પ્રલય પ્રસંગે જાગૃત શક્તિવાળા, શેષશય્યામાં પોઢેલા, એકલા, આત્મરમણમાં મનવાળા, ક્રિયારહિત ભગવાને જ્યારે નિદ્રાથી નેત્ર બંધ કર્યાં ત્યારે આ વિશ્વ જલમાં ડૂબેલું હતું. (૧૦) સંત વિદુરજી ! કાષ્ઠમાં અગ્નિ જેમ ગુપ્ત તેજસ્વરૂપે વસે છે તેવી જ રીતે પોતાના શરીરમાં પંચભૂત અને તન્માત્રાઓને સમાવીને કાલ નામની શક્તિને પ્રેરણા કરતા તે ભગવાન પોતાના સ્થાનરૂપ જલમાં કેટલોક સમય રહ્યા (૧૧) આ રીતે ચાર યુગના દેવોના એક હજાર વર્ષના પર્યાયફેરા જેટલો સમય જલમાં પોઢેલા અને પોતે પ્રેરેલી પોતાની કાલ નામની શક્તિ દ્વારા લોકનિર્માણની સામગ્રીને મેળવવા તે ભગવાને લય પામેલા લોકોને પોતાના દેહમાં નિહાળ્યા. (૧૨) ભગવાને જ્યારે જીવોને ભોગવવા લાયક સૂક્ષ્મ પદાર્થોમાં દૃષ્ટિ કરી ત્યારે તે સૂક્ષ્મ પદાર્થોમાં જે રૂપ ન હતું તે રૂપ થયું, અને પદાર્થોનો મોટો ફેરફાર કહ્યો. ત્યાર પછી કાલથી પ્રેરણા પામીને તે ચિત અને જડ પદાર્થ નાભિમાંથી બહાર નીકળ્યો. (૧૩) નાભિમાંથી પ્રક્ટ થયેલ તે પદાર્થ, કમળની વણખીલી કળી જેવો હતો, એનું નામ "પદ્મકોશ" હતું. પ્રભુમાંથી પ્રક્ટેલ તે પદ્મકોશ, કર્મે જાગૃત કરેલા કાળને લીધે પોતાના તેજથી વિપુલ જલને સૂર્યની માફક પ્રકાશ કરતો એકાએક બહાર આવ્યો. (૧૪) ભાઈ વિદુર ! હવે તે સર્વ ગુણોનો પ્રકાશ કરનારા લોકરૂપ કમળમાં શ્રીવિષ્ણુ ભગવાને પ્રવેશ કર્યો. આ કમલમાં વેદસ્વરૂપ વિધાતા સ્વયં પ્રક્ટ થયા, આ વિધાતાને સ્વયંભૂ કહેવામાં આવે છે. (૧૫) ખીલેલી-વિકાસ પામેલી આ કમલની કલિકામાં બિરાજમાન તે સ્વયંભૂ બ્રહ્માજીએ કોઈ પણ લોકને ના જોયો ત્યારે નેત્ર ખુલ્લાં રાખીને આકાશમાં ચારે દિશામાં નજર ફેરવતાં ચાર મુખ મેળવ્યાં. (૧૬)

સ્વયં, સ્વયંભૂ સ્વયંને પણ ના જાણી શક્યા

યુગોના પ્રલયકાળના તે પવનથી ધૂમરી લેતા જલતરંગોના કુંડાળાવાળા તે અપાર સલિલમાંથી ઊગેલા કમલના આશ્રયે બેઠેલા આદિદેવ બ્રહ્માજીએ લોકના કારણરૂપ કમળને અને પોતાને પણ જ્યારે ન જાણ્યા, એ તો ખરેખર આશ્ચર્યની જ કથા કહેવાય. (૧૭)

क एष योऽसावहमब्जपृष्ठ एतत्कुतो वाब्जमनन्यदप्सु । अस्ति ह्यधस्तादिह किंचनैत दधिष्ठितं यत्र सता नु भाव्यम् ॥१८॥

અરે ભાઈ ! આ હું કમલપીઠમાં રહેલ છું તે કોણ છું ? વળી આ જલમાં એકલું કમળ છે તે પણ ક્યાંથી આવ્યું ! કેવી રીતે થયું ? વળી આ કમળ જ્યાં કોઈપણ આધારે રહેલું છે તેની નીચે અહીં પણ સતરૂપે આધાર તરીકે અવશ્ય હોવું જોઈએ. (૧૮) આમ વિચાર કરતાં શ્રી બ્રહ્માજીએ કમલની પોલી નાળ દ્વારા જલની અંદર પ્રવેશ કર્યો. પ્રવેશીને તે કમલની નાલીના મધ્યબિંદુને શોધતાં નીચે ગયેલા બ્રહ્માજી તેના કારણને કે મધ્યબિંદુને ના જોઈ શક્યા. (૧૯) ભક્તવર વિદુરજી ! અપાર અને ગાઢ તિમિરમાં પોતાને ઉત્પન્ન કરનાર પોતાના પિતૃચરણને શોધતાં બ્રહ્માજીને સો વર્ષ

જેટલો લાંબો ગાળો પસાર થઈ ગયો જે કાલચક્રશરીરધારીઓને ભય પેદા કરનાર મનાયો છે તેમ જ બ્રહ્માજીના આયુષ્યને પણ હરનાર છે. (૨૦) પોતાના સર્જક પોતાના પિતાને શોધવાની પોતાની કામના જ્યારે સફળ ન થઈ ત્યારે તે કમલની નાલીના નીચેના ભાગથી પાછા પધારી, તે તપસ્વી શ્રી બ્રહ્માજી પુનઃ પોતાના કમલના આસન ઉપર આવીને બિરાજ્યા. ત્યાર બાદ પ્રાણાયામ કરતાં, ધીમેધીમે પ્રાણ ઉપર વિજય મેળવતાં શાંતચિત્ત થઈને સમાધિયોગમાં બિરાજ્યા. (૨૧) પુરુષના આયુષ્ય જેટલો એટલે સો વર્ષ જેટલો ગાળો યોગનું આચરણ કરી બોધ પામેલા શ્રી બ્રહ્માજી, જે પ્રથમ ન જોઈ શક્યા તેને પોતાની મેળે જ પોતાના હૃદયમાં સ્પષ્ટ થતું જોવા લાગ્યા. (૨૨)

નવ શ્લોકમાં ઉત્તમ શ્લોક મરકત પર્વત જેવા પુરુષોત્તમ પ્રભુનાં દર્શનનું વર્ણન

અનન્ત ફણારૂપ અનન્ત છત્રોવાળા મસ્તકોમાં રહેલાં રત્નોની કાન્તિઓથી દૂર થયેલ અંધકારવાળા પ્રલયજલમાં મૃણાલદંડ જેવા શ્વેત સુદીર્ઘ અંગવાળા શ્રીશેષ ભગવાનરૂપ પર્યંકમાં પોઢેલા પુરુષોત્તમનાં દર્શન થયાં. (૨૩) (૧) સંધ્યાકાલમાં પીત અને રક્ત વર્ણનાં વાદળરૂપ કટિવસ્ત્રવાળા, (૨) શ્રી મસ્તકે શોભતા પૂર્ણ સુવર્ણના મુકુટવાળા ભગવાનને નીરખ્યા. (૧) પદ્મરાગમણિની લાલ માલાઓ ધારણ કરેલા (૨) જલધારા જેવી શ્વેતવર્ણની મૌક્તિક માલાઓવાળા. (૩) પર્વત ઉપર થતી તેજોમય ઔષધિઓના જેવી પ્રકાશમાન શ્વેતરત્નમાલાઓથી અલંકૃત. (૪) પર્વત ઉપર વિકસેલાં વિવિધ પુષ્પોના જેવી અનેક રંગથી રચેલી વનમાલાથી વિભૂષિત, પર્વત ઉપર ઊગેલી હરિયાળી તરુવરરાજિના જેવી શોભતી તુલસીજીની માલાઓ ધારણ કરતા, વળી પર્વત ઉપર ઊગેલા વાંસ જેવા દિવ્ય ભુજાઓવાળા, અને વૃક્ષરૂપ ચરણોવાળા મરક્ત મણિઓના પર્વતની કાન્તિને પણ ટક્કર મારતા ભગવાનનાં દર્શન કર્યાં. (૨૪) ત્રણે લોકોનો સમાવેશ થઈ જાય તેવા લંબાઈ અને પહોળાઈમાં માપવાળા પોતાના દેહથી ઓળખાતા, વિચિત્ર અને દિવ્ય આભૂષણો અને વસ્ત્રોની શોભાથી સુશોભિત વેષ અને શ્રીઅંગવાળા ભગવાનને જોયા. (૨૫) પોતાના મનોરથોને પૂર્ણ કરવા માટે વિવિધ પ્રકારનાં ભક્તિ-ઉપાસના વગેરે માર્ગોથી આરાધના કરનારા ભક્તજનોને, દશનખરૂપી દશ ચન્દ્રની કિરણાવલીથી વિલક્ષણ અને સુંદર લાગતા, અંગુલિઓરૂપ પાંદડીવાળા, કામનાપૂરક ચરણકમલનું કૃપા કરી દર્શન આપતા ભગવાનનાં દર્શન કર્યાં. (૨૬) લોકોની પીડાનો નાશ કરનારા, મનોહર સ્મિતવાળા, ચારે તરફ ચળકતાં, કુંડલોથી સુશોભિત, સહજ રક્તવર્ણા અધર બિમ્બની કાન્તિવાળા, સુઘાટિલી નાસિકાવાળા અને સુશોભિત ભ્રૂકુટિથી શોભતા પોતાના ભક્તજનોને નિહાળતા અને સત્કાર કરતા શ્રીહરિનાં દર્શન કર્યાં. (૨૭) કદમ્બપુષ્પોના કેશ જેવા પીતવર્ણના પીતાંબરવાળા, નિતંબ કટિપ્રદેશ ઉપર મેખલા ધારણ કરેલા, ચિહ્નરૂપે શ્રીવત્સ નામના લાંછનને વક્ષઃસ્થલમાં ધારણ કરેલ હોઈ, ભક્તવત્સલ તરીકે અતિશય પ્રિય લાગતા, અત્યંત અમૂલ્ય રત્નહારથી અલંકૃત થયેલા ભગવાનને જોયા. (૨૮) અત્યંત અમૂલ્ય, અનન્તમણિ જડેલા ગોળાકારે ધારણ કરેલા બાજુબંધને શોભાવતા, હજારો દિવ્ય હસ્તદંડોને ધારણ કરતા, જે ભગવાનનું ક્યાંય પણ મૂલ-એટલે કારણ પણ નથી જણાતું, વળી શ્રીહરિના સ્કંધપ્રદેશોને છત્રસ્વરૂપે સેવા કરતી શેષ ભગવાનની ફણાઓ સ્પર્શી રહી હતી, તેવા જાણે ભુવન નામનું કલ્પતરું શોભતું હોય તેવા નાથને નિહાળ્યા. (૨૯) હે વિદુરજી ! આ નાથ તો સચરાચરના આધાર હતા, શ્રીશેષ ભગવાનના બંધુ હતા, વળી ક્ષીરસાગરની મધ્યમાં બિરાજતા હતા, શ્રીહરિનાં અસંખ્ય શ્રીમસ્તકો ઉપર ધરેલા મુકુટો જાણે અનન્ત સુવર્ણનાં શિખરો ભાસતાં હતાં, જાણે કૌસ્તુભમણિ શ્રીહરિમાંથી પ્રકટતા હોય ને શું મરકતમણિ પર્વતની કાંતિને હરતા શ્રીહરિનાં દર્શન કર્યાં. (૩૦)

વનમાલા વિભૂષિત વનમાલી

હે વિદુરજી ! શ્રીનાથના વક્ષઃસ્થલમાં શોભતી અને કંઠથી ચરણ પર્યન્ત ઝૂલતી વનમાલાજી ઉપર સાક્ષાત્ વેદો જ ભ્રમર બની ભગવાનનાં ગુણગાનનાં ગુંજન કરતા હતા, સૂર્ય,ચંદ્ર,વાયુ અને અગ્નિ આદિ દેવોથી પણ અગમ્ય, ત્રણે કાલમાં મૂર્તિવાળા, પાર્ષદ તરીકે સ્વામીના રક્ષણ માટે ચારે તરફ પ્રદક્ષિણા કરતા સુદર્શનાદિ શાસ્ત્રો અને જયવિજયાદિ

પાર્ષદોથી પણ ના મેળવી શકાતા શ્રીહરિનાં દર્શન કર્યાં. (૩૧) શ્રી બ્રહ્માજીએ જ્યારે ષડૈશ્વર્યસમ્પન્ન ભગવાનની ઝાંખી કરી ત્યારે જ, તે જ ક્ષણે ભગવાનના નાભિસરોવરમાં ઊગેલા કમળને પોતાને, જલને, વાયુને અને આકાશને જોયાં. લોકોને રચવાની વૃત્તિવાળા જગદ્વિધાતા બ્રહ્માજીએ આ વિના અન્ય કાંઈપણ ના જોયું. (૩૨)

स कर्मबीजं रजसोपरक्तः प्रजाः सिसृक्षन्नियदेव दृष्ट्वा ॥ अस्तौद् विसर्गाभिमुखस्तमीड्य मव्यक्तवर्त्मन्यभिवेशितात्मा ॥३३॥

પ્રજાને રચવા ચાહતા, રજોગુણથી રંગાયેલા, તે વિધાતા આટલા જ કર્મના બીજને જોઈને સૃષ્ટિનિર્માણ કરવા તત્પર બની, અસ્પષ્ટ માર્ગમાં અન્તઃકરણને પરોવી સ્તુતિ યોગ્ય ભગવાનને ગાવા લાગ્યા. (૩૩)

[શ્રીમદ્ ભાગવતપીયૂષના તૃતીય સ્કંધના બ્રહ્માજીને થયેલ ભગવદ્ દર્શનનું વર્ણન કરતો અધ્યાય ૮ મો સમાપ્ત થયો]

અધ્યાય ૯મો

આ અધ્યાયમાં ૪૪ શ્લોકો છે. ચોવીસ તત્ત્વોથી પર ૨૫ મા શ્લોકમાં પુરુષોત્તમ ભગવાનનાં સુમંગલ ગુણગાન શ્રી બ્રહ્માજીએ કર્યાં, ત્યારબાદ વિરામ પામ્યા. ભગવાન પ્રસન્ન થયા, દર્શન આપ્યાં, માર્ગદર્શન આપ્યું અને વરદાન આપ્યાં.

ब्रह्मोवाच : ज्ञातोऽसि मेऽद्यसुचिरान्ननुदेहभाजां न ज्ञायते भगवतो गतिरित्यवधम् ॥
नान्यत् त्वदस्ति भगवन्नपि तन्न शुद्ध मायागुणव्यतिकराद्यदुरुर्विभाति ॥१॥

બ્રહ્માજી બોલ્યા કે હે નાથ ! પ્રાણનાથ ! પુષ્કળ લાંબા સમયે મેં આજ આપનાં દર્શન કર્યાં. મનુષ્ય કે દેવ જેઓ શરીરધારી છે તેઓને જો આપની લીલા, આપનું સ્વરૂપ કે આપનું જ્ઞાન નથી હોતું એમાં આશ્ચર્ય નથી અને નથી સમજાતું એ એમનો અપરાધ છે, એ મોટો દોષ છે કે પ્રમાદ છે. આ અખિલ બ્રહ્માંડમાં આપના વિના અન્ય કાંઈ નથી. જો હોય તો તે શુદ્ધ નથી. કારણ કે માયાના ગુણોના મિશ્રણથી આપ અનેક પ્રકારે દેખાઓ છો (૧) ભગવન ! આપનું સ્વરૂપ તો નિરંતર અજ્ઞાનથી નિવૃત્ત હોઈ અજ્ઞાનનો તો એમાં લેશ પણ સમાયેલ નથી. અનુભવના રસથી તે ભરપૂર છે, વળી સજ્જનો ઉપર અનુગ્રહ કરવા માટે જ આપે આદિમાં જન્મ ધારણ કરેલ છે. આપનું આ આદિ સ્વરૂપર અનન્ત અવતારોના એક બીજ સ્વરૂપે છે, જેના નાભિકમળમાંથી હું પ્રક્ટ થયેલ છું. (૨) હે પરમશ્રેષ્ઠ પુરુષોત્તમ ! આપના માત્ર આનંદરૂપ, વિકારરહિત, પ્રક્ટ તેજસ્વી સ્વરૂપથી અન્ય કોઈ શ્રેષ્ઠ સ્વરૂપ છે જ નહીં. આપનું સ્વરૂપ વિશ્વને રચનારું, એક-અદ્વિતીય વિશ્વથી ભિન્ન પ્રકારનું, ભૂત અને ઈન્દ્રિયોના આત્મારૂપ આ સ્વરૂપને હું જોઈ રહ્યો છું તેથી જ આપના સ્વરૂપનો આશ્રય લઉં છું. (૩)

ભગવદિચ્છાથી જ ભગવત્સ્વરૂપનો સાક્ષાત્કાર થાય

तद् वा इदं भुवनमङ्गल मङ्गलाय ध्याने स्मै नो दर्शितं त उपासकानाम् ।
तस्मै नमो भगवतेऽनुविधेम तुभ्यं योऽनाद्दतो नरकभाग्भिरसत्पसङ्गैः ॥४॥
ये तु त्वदीयचरणाम्बुजकोशगन्धं जिघ्रन्ति कर्णविवरैः श्रुतिवातनीतम् ॥
भक्तया गृहीतचरणः परया च तेषां नापैषि नाथ हृदयाम्बुरुहात्स्वपुंसाम् ॥५॥

હે ભગવન્ ! હે ભુવનમંગલ નાથ ! આપનું આ જ નિશ્ચિત સ્વરૂપ છે. આપની સેવા કરનારાઓ એમ સેવકજનોના ધ્યાનમાં રહે માટે જ આપે આ સ્વરૂપનાં દર્શન કરાવ્યાં છે, તેવા કૃપાળુ ભગવાનને અમારા નમસ્કાર વિના શું આપવું શક્ય છે ! અમે આપની પ્રાપ્તિ માટે સદા આપની આજ્ઞામાં રહીએ છીએ. નરક તરફ જ જેમની ગતિ છે, એવા ખલજનોના સંગીઓ તો આપનો આદર જ કરતા હોતા નથી, પછી આપની કૃપાનાં અવતરણ ક્યાંથી થાય ? (૪) હે નાથ ! ભગવતી શ્રુતિદેવતા નામના પાવન પવનથી લાવવામાં આવેલા આપના ચરણકમલની કલિના સુમનોહર ગંધ-કીર્તિને, જે ભક્તજનો પોતાની શ્રુતિ-કર્ણ નામની નાસિકાના છિદ્રોથી સૂંઘે છે અને ઉત્તમ ભક્તિ દ્વારા આપનાં ચરણોનો આશ્રય લઈ રહ્યા છે, તે ભગવદીય જનોના હૃદયકમલમાંથી આપ કદાપિ દૂર થઈ શકતા જ નથી. (૫)

ભગવચ્ચરણના આશ્રય પછીથી ભય ક્યાંથી

तावद् भयं द्रविणदेहसुहृन्निमितं शोकः स्पृहा परिभवो विपुलश्च लोभः ।
तावन्ममेत्यसदवग्रह आर्तिमूलं यावन्न तेऽङ्घ्रिमभयं प्रवृणीत लोकः ।।६।।

નાથ ! જીવો જ્યાં સુધી આપનાં નિર્ભય એવાં ચરણકમલોનો આશ્રય લેતા નથી, ત્યાં સુધી જે તેમ જ દેહ-દ્રવ્ય-સુહૃદ-સ્વજનને નિમિત્તે થનારા ભય, શોક, ઈચ્છા, તિરસ્કાર અને પુષ્કળ લોભ નામના દોષો સતાવે છે, તેમ જ આ મારું છે એવો દુઃખ દેનારો મિથ્યા આગ્રહ પણ તેઓને રહે છે. (૬) હે નાથ ! જીવોના દુર્ભાગ્યની દશાની કહાની શી કહેવી ! સર્વ પ્રકારના અશુભને દૂર કરનારા. આપના પ્રસંગથી વિમુખ એટલે વિષયપરાયણ ઈન્દ્રિયોવાળા, વળી લોભથી પરવશ મનવાળા, કંગાલજનો, ખરેખર કામસુખના તુચ્છ ટુકડા માટે નિરંતર અમંગલ કાર્યોને આચરે છે, તે સર્વ જીવો પોતાના દુર્ભાગ્યથી સર્વથા નષ્ટ થયેલ બુદ્ધિવાળા જ માનવા. શુકદેવજી મહારાજ કહે છે કે, **“भगवतः प्रसंगात् विमुखाः** ભગવાનના પ્રસંગ”થી રહિત એટલે “સેવા, સત્કર્મ, અને સત્સંગ” આ ત્રણને ભગવત્પ્રસંગ કહેવાય. જે જીવોના જીવનમાં આ ત્રણેમાંથી એકાદ વસ્તુ પણ નથી તે જીવોને પ્રભુવિમુખ માન્યા છે. (૭)

બાર પ્રકારના દુઃખી જીવોનું બ્રહ્માજીને દુઃખ

હે અચ્યુત ભગવાન્ ! આપ તો વિશાળ પગલાંવાળા શ્રી વામન ભગવાન છો ! માટે ત્રિવિક્રમ ! આ જગતમાં જીવોને ક્ષુધા-તૃષા-વાત-પિત્ત-કફ-ઠંડી-ગરમી-વાયુ-વૃષ્ટિ-એકબીજા ઉપર આક્રમણ-કામાગ્નિ-ક્રોધ નામના અસહ્ય અગ્નિથી વારંવાર દુઃખી થતાં જોઈને, હે અચ્યુત ભગવાન ! મારું મન અતિશય અકળાય છે. (૮) હે ઈશ ! હે સમર્થ શ્રીહરિ ! જ્યાં સુધી “ઈન્દ્રિયોના પદાર્થો” નામનું ભગવાનની માયાનું ગજબ બળ છે, આ માયાબળને લીધે જીવો પોતાને ભગવાનથી ભિન્ન એટલે જુદા તરીકે જુએ છે ? તેના પરિણામે દુઃખોના ઢગલાઓથી ભરેલી ક્રિયાઓના ફળવાળી, વ્યર્થ એવી આ સંસાર-પરંપરા વિરામ પામતી નથી પરંતુ જ્યારે જીવને સાયુજ્યભાવ પ્રાપ્ત થાય ત્યારે સર્વ ક્રિયાઓ અને સંસારપરંપરા સ્વયં શાન્ત થઈ જાય. (૯) હે દેવ ! દિવસે સંસાર-વ્યાપારથી પૂર્ણ થાકેલા, રાત્રીમાં ગાઢ નિદ્રામાં સૂતેલા, તેમ જ વિવિધ પ્રકારના સંકલ્પોવાળી મતિને કારણે ક્ષણે ક્ષણે ખંડિત નિદ્રાવાળા ઋષિઓ પણ આપની કૃપાથી વિમુખ થવાથી આ સંસારમાં ભમે છે. (૧૦)

પુષ્ટિ-ભક્તિમાં ભાવ યોગથી હૃદયકમલ વિકસે

त्वं भावयोगपरिभावितहृत्सरोज आस्से श्रुतेक्षितपथो ननु नाथ पुंसाम् ।
यद्यद्धिया त उरुगाय विभावयन्ति तद् तद् वपुः प्रणयसे सदनुग्रहाय ।।११।।

હે નાથ ! આપની ઉત્તમ લીલાઓ અને આપની દિવ્ય કથાઓના શ્રવણથી જે ભક્તજનોને આપના માર્ગનાં દર્શન થયાં છે, તે ભક્તજનોના પ્રેમયોગથી વિકસેલા હૃદયકમલમાં આપ બિરાજો છો. હે નાથ ! આપ તો એટલા બધા ઉદાર અને દયાળુ છો કે ભક્તજનો જેવા જેવા આપના સ્વરૂપની પોતાની બુદ્ધિમાં ભાવના કરે છે તેવાં તેવાં સ્વરૂપોને આપ નિજજનોના ઉપર ઉત્તમ કૃપા કરવાને પ્રકટ કરો છો. (૧૧) હે નાથ ! મોટા સમર્થ દેવોનાં હૃદયો પણ વિવિધ પ્રકારની અપાર કામનાઓથી ભરેલાં છે; તેથીતે દેવો ભલે ને ઉત્તમ અને ઉચિત સામગ્રીઓથી આપની આરાધના કરતા હોય તો પણ તેઓ આપને પ્રસન્ન કરી શકતા નથી. અથવા આપ એવા આરાધના પરાયણ દેવોથી જેટલા અને જેવા પ્રસન્ન નથી થતા તેટલા અને તેવા અસજ્જનોથી કદી નથી કરી શકાતી એવી ભક્તજનોના હૃદયમાં વસેલી પ્રાણી માત્ર ઉપરની દયાથી પ્રસન્ન થાઓ છો, કારણકે આપ ભલે એક જ છો છતાં આપ સર્વ પ્રાણીઓના હૃદયમાં બિરાજો છો, સર્વ પ્રાણીઓના અન્તરાત્મા છો અને સર્વના સુહૃદ્ છો; તેથી સર્વ ભૂત ઉપર દયા કરવી એ ભગવાનની જ સેવા છે. (૧૨) હે નાથ ! આપ સર્વમાં વસેલા છો તેથી ભક્તજનોએ કે સજ્જન પુરુષોએ, આચરેલા યજ્ઞ, કૂવા, વાવ, તલાવ વગેરે સત્કર્મોથી, ધન વગેરેથી આચરેલાં દાનાદિથી, ચાન્દ્રાયણાદિ દિવ્ય તપથી, એકાદશી વગેરે વ્રતોનાં આચરણથી જે આપ

ભગવાનનું આરાધન કર્યું છે એ જ ક્રિયાઓનું શ્રેષ્ઠ ફલ છે. પ્રભુના ચરણે સમર્પણ કરેલો ધર્મ ક્યાંય કદી પણ નાશ પામતો નથી. (૧૩)

નાથ ! નમસ્કાર

સ્તુતિ કરતાં પાર ના પામતા બ્રહ્માજીએ નમસ્કાર કરતાં વીનવ્યું કે હે નાથ ! નિરંતર સ્વ-સ્વરૂપના તેજથી જ ભેદ-મોહને દૂર કરનારાં, જ્ઞાનમાં બુદ્ધિવાળા, ભગવાનને હું નમસ્કાર કરું છું. વળી આ વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ, પાલન અને લયમાં નિમિત્ત બનેલી લીલામાં રસવાળા છે એવા સમર્થ ઈશ્વરને અમે નમસ્કાર કરીએ છીએ. (૧૪) હે નાથ ! અંતકાલે, સર્વથા પરાધીન દશામાં પ્રાણવિયોગકાલે જે પુરુષો જે ભગવાનનાં અવતાર, ગુણ અને લીલાઓનું અનુકરણ કરનારાં-લીલા વગેરેનું સ્મરણ કરાવનારાં નામોનું અવશ અવસ્થામાં પણ ઉચ્ચારણ કરે છે તેઓ અનેક જન્મોનાં પાપોમાંથી તરત જ મુક્ત થઈને જેનાં દ્વાર ખુલ્લાં છે એવા બ્રહ્મલોકને પામે છે. આવા સામર્થ્યવાળા અજન્મા ભગવાનને શરણે જાઉં છું. (૧૫) જે ભગવાન આત્માનાં મૂળરૂપ મનાતી પ્રકૃતિને ભેદીને, મહત્તત્ત્વ આદિ તત્ત્વોના રૂપે, અથવા મરીચિ,કશ્યપ,કર્દમ આદિ સ્વરૂપે એક છતાં અનેક સ્વરૂપે વધ્યા, તેમ જ ઉત્પત્તિ, સ્થિતિ, લયના કારણભૂત પોતે વિષ્ણુ, હું એટલે બ્રહ્માસ્વરૂપે અને શંકરસ્વરૂપે ત્રણ ચરણવાળા અનેક સ્વરૂપે-પ્રકારે વધ્યા તે ભુવન-વૃક્ષ સ્વરૂપ ભગવાનને નમસ્કાર. (૧૬)

ગફલતમાં ગુમાવ્યું

હે મહારાજ ! આ, લોક-એટલે જીવસમૂહ નિંદિત કર્મોમાં નિત્ય રચ્યાંપચ્યાં રહે છે તેમ જ આપે કહેલાં આપની સેવાનાં કાર્યમાં તથા પોતાના કલ્યાણકારી ધર્મકર્મમાં ગાફેલ રહેલો છે એટલામાં, તો બલવાન કાલ દોડી આવી જીવનની આશાને છેદી નાખે છે, તે કાલરૂપ ભગવાનને નમસ્કાર હો. (૧૭) હે નાથ ! કાલનો ભય તો ભારે છે, કારણકે જે બ્રહ્મલોકને સર્વલોક નમસ્કાર કરે છે એવા બે પરાર્ધ વર્ષ સુધીના દિવ્ય આસન ઉપર બેઠેલો હું પણ જે કાલના સ્વામી ભગવાનથી ભય પામું છું, અને જે ભગવાનને પ્રાપ્ત કરવા મેં ઘણા યજ્ઞો કરી તપ આચર્યું છે તેવા યજ્ઞનાથ આધિદૈવિક ભગવાન, આપને નમસ્કાર. (૧૮) હે નાથ ! આપને, વિષયોમાં વિષયોપભોગમાં જરા પણ રસવૃત્તિ નથી; છતાં પણ આપે રચેલી વ્યવસ્થાને અને મર્યાદાને સંભાળવા માટે સ્વેચ્છાથી પશુ-પક્ષી-મનુષ્ય-દેવ વગેરે જીવયોનિઓમાં અવતારો લઈ રમણ કરો છો તે પુરુષોત્તમ ભગવાનને નમસ્કાર કરું છું. (૧૯)

આ શ્લોકમાં કારણ અવસ્થાના નારાયણને નમસ્કાર કર્યા છે, અને ૨૧માં શ્લોકમાં કાર્યાવસ્થાના પ્રભુને નમે છે; સૃષ્ટિનું નિર્માણ કરે છે તે કાર્યાવસ્થા છે અને "શયન" કરે છે તે કારણાવસ્થા છે. બન્ને અવસ્થા વિશ્વના માંગલ્ય માટે છે.

જે ભગવાન દશની અડધી સંખ્યાના કાર્યવાળી એટલે અવિદ્યા, અસ્મિતા, રાગ દ્વેષ, અભિનિવેશ સંજ્ઞાવાળી પાંચપર્વવાળી અવિદ્યાને આધીન ન હોવા છતાં લોક-પરંપરાને ઉદરમાં ધારણ કરી, આપ જન સમાજને સુખના સ્વરૂપને સમજાવવા ભયાનક તરંગમાલાથી શોભતા જલની અંદર શેષની શય્યાના સુખકર સ્પર્શને લીધે અનુકૂળ નિદ્રાને ધારણ કરો છે તે ભગવાનને નમસ્કાર કરું છું. (૨૦) હે ઈડ્ય ! એટલે સ્તુતિ કરવા યોગ્ય નારાયણ પ્રભુ ! જેમના નાભિકમળરૂપ ભુવનમાંથી હું ઉત્પન્ન થયો છું અને જેની કૃપાથી ત્રણ લોકની સંપત્તિવાળો છું તેવા ઉદરમાં જગતને ધારણ કરતા અને યોગનિદ્રાને અંતે ખૂલતાં કમલનયનવાળા ભગવાન ! આપને નમસ્કાર કરું છું. (૨૧)

પદાર્થજ્ઞાન,ભગવચ્ચરિત્રોમાં ચિત્તની તન્મયતા, વેદોની સ્મૃતિ અને સંતોષવૃત્તિ આ ચાર પદાર્થોની પ્રાપ્તિની પ્રભુ પાસે પ્રાર્થના : હે નાથ ! સમસ્ત વિશ્વના સુહૃદ્ એકલા-અને સર્વના આત્મા એવા, પ્રસિદ્ધ ભગવાન ઐશ્વર્યરૂપ સત્ત્વથી જે જગતને સુખ આપે છે, તેનાથી જ હું પૂર્વની પેઠે આ વિશ્વને રચું, તેવી રીતે મારી દૃષ્ટિને સ્પર્શ કરો; જેથી મને પદાર્થજ્ઞાન થાય. હે નાથ ! પ્રણામ કરનાર ભકત જન આપને પ્રિય લાગે છે એવા **‘प्रणतप्रिय’’** પ્રભુને પ્રણામ કરું છું. (૨૨) શરણાગતને વરદાન આપનાર, આ ભગવાન ગુણાવતાર ધારણ કરીને પોતાની શક્તિ રમાદેવી દ્વારા જે જે ચરિત્રો-લીલાંઓ કરશે,

તે તે કર્મમાં તેમના પોતાના પરાક્રમરૂપ, આ જગતને હું રચું ત્યારે કર્મમાં પાપોનો મને સ્પર્શ ના થાય તે માટે મારું ચિત આપની લીલાઓમાં પરોવાયેલું રહો એવી મારા ઉપર કૃપા કરો. (૨૩) હવે ભગવન્ ! એક અન્ય પ્રાર્થના છે કે આ સ્થાને જલમાં બિરાજેલા અનંત શક્તિવાળા જે ભગવાનના નાભિસરોવરના ઊંડાણમાંથી જ્ઞાનશક્તિરૂપ હું ઉત્પન્ન થયો છું તે હું આપ ભગવાનના વિલક્ષણ સ્વરૂપના જગતનો વિસ્તાર કરું, મારું વેદાધ્યયન-વેદપઠન અને વેદજ્ઞાન વિસારે ન પડતાં અખંડ સ્વાધ્યાય અને સ્મરણ ચાલુ રહો. (૨૪) તે આ અપાર કરુણામય, પુરાણપુરુષ ભગવાન ! ઉત્તરોત્તર વધતા સ્નેહભર્યા મંદસ્મિતથી, નિજ નયનકમળને, વિકસાવતા, પોઢેલા પ્રભુ બિરાજમાન બની, મારા ઉપર અમી નજર ઢાળી, વિશ્વ ઉપર વિજય માટે તેમ જ વિશ્વને રચવાની શક્તિનાં દાન કરતી આપની મધુર વાણી સંભળાવી મારા સંતાપને હરો અને સંતોષને ભરો એવી વિનંતી છે. (૨૫)

શ્રી મૈત્રેય મહર્ષિએ કહ્યું કે વિદુરજી ! આ રીતે તપ વિદ્યા અને સમાધિથી પોતાના પિતાને જાણી પુનઃ પિતા ભગવાનની વાણીથી બને તેટલી સ્તુતિ કરીને જાણે નિરાશ થયા હોય અથવા ખેદ પામ્યા હોય તેમ વિરામ પામ્યા. ભગવાન ન મળ્યા અથવા દર્શન ના દીધાં તેથી ખેદ નથી થયો; પરંતુ પોતાને માટે પ્રાર્થના કરી તેથી ખેદ થયો. (૨૫) હે વિદુરજી ! બ્રહ્માજીની સ્તુતિ સાંભળી, બ્રહ્માજીના અભિપ્રાયનો વિચાર કરી, કલ્પનો નાશ કરનારા તે જલથી ચિંતાતુર ચિત્તવાળા, તેમ જ પ્રલય સમયમાં લોકોની સ્થિતિ કેવી રીતે થાય તેના પૂર્ણ જ્ઞાન માટે ચારે તરફથી અકળાતા બ્રહ્માજીને જાણીને શ્રી મધુસૂદન ભગવાન, અગાધ વાણીથી દુઃખને શમાવતા હોય ને શું ! એમ વચનસુધા વર્ષાવવા લાગ્યા. (૨૭-૨૮)

વેદગર્ભ બ્રહ્માજીને આશ્વાસન અને તપશ્ચર્યાનું સૂચન

ભગવાન બ્રહ્માજીને કહેવા લાગ્યા કે હે વેદગર્ભ એટલે વેદપુરુષ ! વેદજ્ઞાન તો આપના હૃદયમાં જ વસેલ છે; તો પછી અકળામણ શાને ? અલ્પ પ્રમાણમાં પણ આળસને ના વરો, સૃષ્ટિનિર્માણ માટે ઉદ્યમ આરંભો હે બ્રહ્મન્ ! આપે મને જે ચાર વસ્તુઓની પ્રાર્થના કરી છે મેં તે ચારે વસ્તુ આપ પ્રાર્થના કરો તે પૂર્વમાં જ આપને માટે વિચારી જ છે. (૨૯) હે બ્રહ્માજી ! હવે આપ ફરીથી સુદૃઢ તપ આચરો અને મારા આશ્રયવાળી વિદ્યાને મેળવો. આપ તપ અને વિદ્યા દ્વારા આપના જ અન્તઃકરણમાં આવરણ વિના લોકને સ્પષ્ટ સ્વરૂપમાં જોઈ શકશો. (૩૦) હે બ્રહ્માજી ! ત્યારબાદ આપ ભક્તિયુક્ત મનવાળા અને સંપૂર્ણ સાવધાન થઈ, આપના પોતામાં અને લોકોમાં મને વ્યાપ્ત થઈ રહેલને જોશો, તેમ જ મારામાં સર્વ લોકોને-તમને પોતાને જોશો. (૩૧) હે બ્રહ્માજી ! આપે કહેલું કે આપની પાપમાં મતિ ન રહે એનો તો એક જ ઉપાય છે કે જેમ વિવેકશીલ પુરુષ કાષ્ઠમાં રહેલા અગ્નિને જુએ છે તે રીતે સર્વત્ર અને સર્વ પ્રાણીમાં રહેલા મને જુએ છે ત્યારેજ તે પાપને ત્યજી દે છે. (૩૨) હે બ્રહ્માજી ! જ્યારે વિવેકશીલ પુરુષ, આત્મા પંચભૂત નથી, ઈન્દ્રિય કે ગુણરૂપ નથી તેમ જ અન્તઃકરણ સ્વરૂપ નથી; પરંતુ "ઔડુલોમિ" મુનિના મત પ્રમાણે 'ચેતનરૂપે" સ્વરૂપથી ભગવાનમાં જ રહેલ છે એવું સમજે છે ત્યારે સ્વારાજ્યની પ્રાપ્તિ એટલે સ્વરૂપાનંદનો અનુભવ થાય છે. (૩૩) હે બ્રહ્માજી ! આપના ઉપર મારો અસાધારણ અનુગ્રહ છે કે ભિન્નભિન્ન પ્રકારના વિસ્તાર કરી, વિવિધ પ્રકારની પ્રજાઓને ઉત્પન્ન કરશો તો પણ આપનું અન્તઃકરણ ખેદ નહીં પામે, કારણ કે તમે સૃષ્ટિ રચી રહ્યા છો તેમાં મારી જ ઈચ્છા છે. (૩૪) બ્રહ્માજી ! આપ તો આદિ ઋષિ છો, વળી તમારું મન નિરંતર મારામાં જ પરોવાયેલ છે, તેથી પાપ પ્રવૃત્તિ કરાવનાર આ રજોગુણ, ગમે તેટલા પ્રમાણમાં અને ગમે તેટલા પ્રકારની પ્રજાની રચના કરશો તો પણ તમને તે બંધનકારક બનશે નહીં. (૩૫) હે બ્રહ્માજી ! આપ આજ સુધી મેં પંચભૂત, તન્માત્રાઓ ઈન્દ્રિયોવાળો, અન્તઃકરણવાળો અને ગુણોવાળો છું એમ માનતા હતા, હવે હું એ સર્વથી પર છું એમ જાણી શક્યા છો, તે મારી જ કૃપા છે. દેહાસક્તજનો મને ન જાણી શકે તેમાં નવાઈ નથી. (૩૬) બ્રહ્માજી ! તમને યાદ હશે જ કે મારા સ્વરૂપને સમજવાની ઈચ્છા થતાં તમે કમલદંડ દ્વારા જલમાં કમલના મૂલને શોધતા હતા ત્યારે મેં તમને મારા આત્મનાં બહાર દર્શન કરાવ્યાં નહીં; કારણકે તમારી શોધવાની રીત સાચી ન હતી.

મારા અનુગ્રહે આપે મને જાણ્યો

यच्चकर्थाङ्ग मत्स्तोत्रं मत्कथाभ्युदयार्कितम् । यद्वा तपसि ते निष्ठा स एष मदनुग्रहः ॥३८॥
प्रीतोऽहमस्तु भद्रं ते लोकानां विजयेच्छया । यदस्तौषीर्गुणमयं निर्गुणं मानुवर्णयन् ॥३९॥
य एतेन पुमान्नित्यं स्तुत्वा स्तोत्रेण मां भजेत् । तस्याशु संप्रसीदेयं सर्वकामवरेश्वरः ॥४०॥

ભગવાનનું વાત્સલ્ય વધવા લાગ્યું અને વચનસુધા વર્ષાવી કે હે વત્સ ! હે બેટા ! હે બ્રહ્માજી ! મારી કથા અને મારા મહિમાથી ભરેલ, તેમ જ મારા ઐશ્વર્યના લક્ષણવળું જે આપે મારું સ્તોત્ર કર્યું, તેમ જ તપમાં તમારી જેનિષ્ઠા છે એ મારી કૃપાનો સાક્ષાત્કાર છે. (૩૮) હે બ્રહ્માજી ! હું આપના ઉપર પ્રસન્ન છું. આપ ચાહો છો કે આપનું ચિત્ત મારા ચરિત્રમાં-લીલામાં તરબોળ રહે તો ભલે તેમ થાઓ. બ્રહ્મન્ ! તમારું કલ્યાણ હો. આપે લોકોના ઉપર વિજય મેળવવાની વૃત્તિથી નિર્ગુણ અને ગુણવાળા મારા મહિમાનું વર્ણન કરતાં આપે મારી સ્તુતિ કરી છે; તેથી હું પ્રસન્ન છું (૩૯) હે બ્રહ્માજી ! જે કોઈ પુરુષ નિત્ય આપના કરેલા આ સ્તોત્રથી મારી સ્તુતિ કરશે અને મને ભજશે તેના ઉપર પ્રસન્ન રહીશ અને તેનાં ચાહેલાં સર્વ વરદાનો તેને આપીશ. (૪૦) પુણ્યશીલ પુરુષોને કૂપ, તલાવ, વાવ વગેરેનાં જલસેવાથી, તપથી, યજ્ઞથી, દાનોથી, યોગથી અને સમાધિથી જે મોક્ષ વગેરે ફલો પ્રાપ્ત થાય છે તે મારી પ્રીતિને લીધે મળે છે, તત્ત્વવેત્તાઓ આ પ્રમાણે માને છે અને જાણે છે. (૪૧) હે બ્રહ્માજી ! હે વિધાતા ! હું આત્માઓનો આત્મા છું. આ આત્માને માટે જ દેહ વગેરે પદાર્થો અત્યંત પ્રિય લાગે છે. માટે સર્વ પ્રિય પદાર્થો કરતાં હું વધું પ્રિય છું એમ સમજીને દેહ-ગેહ સ્ત્રી-પુત્રાદિથી પણ અધિક સ્નેહ મારામાં કરવો. (૪૨) હવે હે બ્રહમાજી ! આત્મયોનિ આપ સર્વ વેદરૂપ આપના દેહથી પૂર્વની માફક આ બ્રહ્માંડ અને પ્રજાઓ જે મારામાં સૂતેલ છે-સુપ્ત રીતે રહેલ છે તેમને ઉત્પન્ન કરો. (૪૩)

मैत्रेय उवाच : तस्मा एवं जगत्स्त्रष्ट्रे प्रधानपुरुषेश्वरः । व्यज्येदं स्वेन रूपेण कञ्जनाभस्तिरोदधे ॥४४॥

મૈત્રેય મહર્ષિએ કહ્યું કે વિરદજી ! પ્રકૃતિ અને પુરુષના સ્વામી કમલનાભ ભગવાને જગતના સ્ત્રષ્ટા બ્રહ્માજીને આ પ્રમાણે આ જગતને રચવાનું વિધાન કરીને તે જ ક્ષણે અન્તર્ધાન થયા. (૪૪)

[શ્રીમદ્ ભાગવતપીયૂષના તૃતીય સ્કંધનો બ્રહ્માજીની સ્તુતિ અને બ્રહ્માજી ઉપર ભગવાનની કૃપાનું વર્ણન કરતો અધ્યાય નવમો સમાપ્ત]

અધ્યાય ૧૦મો

[આ દશમા અધ્યાયમાં ૩૦ શ્લોકો છે. આ અધ્યાયમાં તન્માત્રાઓની સૃષ્ટિની રચનાની કથા છે. ભગવાને દર્શન આપી તપ કરવાની બ્રહ્માજીને સૂચના આપી ત્યારે બ્રહ્માજીએ વંદન કરી તપશ્ચર્યાનો આરંભ કરી સૃષ્ટિનિર્માણનું કાર્ય શરૂ કર્યું એ પ્રસંગ વર્ણવાશે.]

विदुर उवाच : अन्तर्हिते भगवति ब्रह्मा लोकपितामहः । प्रजाःससर्ज कतिधा दैहिकी र्मानसीर्बिभुः ॥
ये च मे भगवन्पृष्टास्त्वय्यर्थां बहुवित्तम । तान् वदस्वानुपूर्व्येण छिन्धि नः सर्वसंशयान् ॥२॥

શ્રી વિદુરજીએ કહ્યું કે ભગવન્ મૈત્રેય ! આપે બ્રહ્માજીને જે ભગવદ્દર્શન થયાં તેનું વર્ણન કર્યું તેનો મને કૃપા કરી સાક્ષાત્કાર કરાવ્યો. હે ભગવન્ ! બ્રહ્માજીને દર્શન આપી ભગવાન અન્તર્ધાન થયા પછીથી લોકોના પિતામહ સમર્થ બ્રહ્માજીએ કેટલા પ્રકારની શારીરિક અને માનસિક સૃષ્ટિનું નિર્માણ કર્યું તે આપ કહો. (૧) વળી હે ભગવન્ ! હે બહુશ્રુત ? મેં જે પદાર્થો આપને પૂછેલા છે તેને આપ અનુક્રમે કૃપા કરી વર્ણવો. તેમ જ મારા સર્વ સંશયોને દૂર કરો. (૨) મહર્ષિ સૂતે કહ્યું કે ભાર્ગવ ! હે શ્રી શૌનક મુનિ ! પરમ વિવેકી અને સંયમી શ્રી વિદુરજીએ જ્યારે મુનિ મૈત્રેયને આગળનો કથા-પ્રસંગ વર્ણવવા પ્રસ્તાવ કર્યો, ત્યારે કૌષારવ મુનિ મૈત્રેયજી, વિદુરજીના પ્રશ્નો જે પોતાના હૃદયમાં જ હતા તેનો પ્રત્યુત્તર પુષ્કળ પ્રસન્નતાપૂર્વક આપવા લાગ્યા. (૩) મૈત્રેયજીએ કહ્યું કે હે વિદુરજી ! બ્રહ્માજીએ અજન્મા ભગવાનની આજ્ઞાનુસાર ભગવાનમાં જ મનને તન્મય બનાવીને દેવોનું વર્ષ પર્યન્ત તપ આદર્યું. (૪) બ્રહ્માજી જે કમળ ઉપર બિરાજેલા હતા, તે કમલને અને જલને કાળે કરેલ બળવાળા વાયુથી કંપાવેલા જોઈને, વધતા તપથી તેમ જ અન્તઃકરણમાં રહેલી ઉપાસનાથી-બ્રહ્મવિદ્યાથી વધેલ વિજ્ઞાન બળવાળા બ્રહ્માજી જળની સાથે વાયુનાં પાન કરી ગયા.

(૫-૬) હે વિદુરજી ! શ્રી બ્રહ્માજી જે કમલ ઉપર બિરાજ્યા હતા તે કમલને આકાશમાં વ્યાપેલ જોયું ત્યારે બ્રહ્માજીએ પ્રથમ દિવસે વિચાર્યું કે લય પામેલા લોકને આ કમલ-પદ્મમાંથી પ્રકટ કરીશ. બ્રહ્માજીએ પદ્મમાંથી સૃષ્ટિ કરી; તેથી તેને પદ્મકલ્પ કહેવામાં આવ્યો. બ્રહ્માજીનાં સો વર્ષમાં સો કલ્પો થાય છે. આવા ત્રીસ કલ્પો છે. પ્રત્યેક દિવસનો એક કલ્પ મનાય છે; એટલે એક વર્ષમાં ૩૬૦ કલ્પો થાય. (૭) ભગવાનની આજ્ઞાથી પ્રેરાયેલા બ્રહ્માજીએ તે કમલની કળીમાં પ્રવેશ કર્યો અને તે એક કમલને અનેક પ્રકારે વહેંચ્યું. વહેંચાયેલા આ કમલના ત્રણ અથવા તો ચૌદ વિભાગો થયા. (૮) આ જીવ લોકનો મર્યાદાથી ચૌદ પ્રકારનો જ ભેદ સ્થાપનામાં આવેલ છે. આ બ્રહ્માજી તો નિષ્કામ ધર્મના ફલરૂપ છે. તેમણે એકસો જન્મથી કરેલા એક હજાર અશ્વમેઘ યજ્ઞરૂપ યજ્ઞનું ફલ સ્વયં બ્રહ્માજી છે - અથવા બ્રહ્માજીનો પરમેષ્ઠી લોક છે. (૯)

કાલના સ્વરૂપની જિજ્ઞાસા

શ્રી વિદુરજી પ્રશ્ન કરી રહ્યા છે કે હે બ્રહ્મન્ ! હે મૈત્રેય મુનિ ! અનન્ત સ્વરૂપવાળા અને અદ્ભુત લીલાઓવાળા ભગવાન શ્રીહરિનું આપે, જે કાલ નામનું લક્ષણ કહ્યું તેનું આપ અમે સમજી શકીએ તે રીતે વિશદ વર્ણન કરો. कलयत्ति એટલે બધી જ વસ્તુઓની ગણના કરે અને બધી જવસ્તુઓ ગળી જાય એને કાલ કહેવાય.આવું સામર્થ્ય તો કેવલ ભગવાનનું જ હોઈ શકે. (૧૦)

મુનિવર મૈત્રેય બોલ્યા કે વિદુરજી ! આ, જે કાલ છે તે गुणव्यतिकराकारः ગુણોના મિશ્રણ એટલે ભેળસેળ રૂપ આકારવાળો છે. (૧) निर्विशेषः એટલે વિશેષ રહિત છે. જેમ સંકલ્પ, ઈચ્છા વગેરે જે મનના ગુણો છે તેવી રીતે કાલનો કોઈ ગુણ નથી; પરંતુ તે સર્વનો આધાર છે (૨) અને કાલ अप्रतिष्ठितः કોઈપણ રીતે અંતરહિત છે. આ કાલને પુરુષ એટલે ભગવાને પોતાને જ લીલાથી આ જગતના ઉપાદાન તરીકે કાલને બનાવેલ છે; તેથી ભગવાન તે કાલનું ઉપાદાન છે. (૧૧) ભકતવર ! વિદુરજી ! આ જગતની હદ-મર્યાદા બાંધવા માટે કાલની આવશ્યકતા છે. જેમ પંચમહાભૂતોની પંચ તન્માત્રાઓ છે; તેવી જ રીતે विश्वं ब्रह्म तन्मात्रम् આ વિશ્વની "બ્રહ્મ" સૂક્ષ્મ તન્માત્રા છે. જગતની પૂર્વાવસ્થાએ બ્રહ્મ છે અને પછીની જે અવસ્થા છે તે વિશ્વ છે. આ કાલ ભગવાન વિષ્ણુનીઃ માયાથી નભે છે, ન દેખાય તેવા આકારવાળા ઈશ્વરની કાળથી હદ બંધાય છે. (૧૨) આ વિશ્વ હાલ જેવું છે તેવું પ્રથમ પણ હતું અને પછી પણ આવું જ હશે. આ વિશ્વ માયાથી ભિન્ન પ્રકારનું અને સંકોચ વિનાનું દેખાય છે. (૧૩)

"કાલ આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક એમ ત્રણ પ્રકારનો છે એમાં ૧૧-૧૨-૧૩ શ્લોકોમાં કાલનું આધિદૈવિક-સ્વરૂપ વર્ણવ્યું છે અને ૧૪ મા શ્લોકથી અધ્યાયની સમાપ્તિ પર્યન્ત કાલનું આધિભૌતિક સ્વરૂપ વર્ણવાશે અને ૧૧ મા અધ્યાયમાં આધ્યાત્મિક સ્વરૂપ વર્ણવાશે."

હે વિદુરજી ! જગતનો જે પ્રાકૃત સર્ગ છે અને વૈકૃત સર્ગ છે તે નવ પ્રકારનો છે અને જગતનો જે લય થાય છે તે કાલથી, દ્રવ્યોથી અને ગુણોથી ત્રણ પ્રકારનો प्रतिसंक्रमः એટલે પ્રલય થાય છે. ઉત્પત્તિ તો ત્રણે પ્રકારના ગુણોથી થાય છે; તેથી સર્ગ નવ પ્રકારનો છે. જ્યારે પ્રલય તો તામસોથી થાય છે; તેથી તે ત્રણ પ્રકારનો છે. (૧૪) આ નવ પ્રકારની સૃષ્ટિમાં મહત્તત્ત્વની સૃષ્ટિ પ્રથમ સૃષ્ટિ છે. આ સૃષ્ટિમાં આત્મામાંથી ગુણમાં વિષમ ભાવ થાય ત્યારે સૃષ્ટિ થાય. મહતત્ત્વની સૃષ્ટિ એટલે બુદ્ધિની સૃષ્ટિ અન્ય સૃષ્ટિઓને મહત્તત્ત્વની સૃષ્ટિની આવશ્યકતા છે. બીજી સૃષ્ટિ અહંકારની છે, જેમાં દ્રવ્ય, જ્ઞાન અને ક્રિયાની ઉત્પત્તિ થાય છે. (૧૫) भूतसर्गस्तृतीयः અને ત્રીજી સૃષ્ટિ તો તન્માત્રા રૂપ દ્રવ્યની શક્તિવાળી મહાભૂતોની સૃષ્ટિ છે. શબ્દાદિની તન્માત્રાઓમાંથી પંચ મહાભૂતોની સૃષ્ટિ થાય છે. चतुर्थ ऐन्द्रियः सर्गः ચોથી ઈન્દ્રિયોની સૃષ્ટિ છે. જ્ઞાનરૂપ અને ક્રિયારૂપ એમ બે પ્રકારની તે સૃષ્ટિ છે. જ્ઞાનરૂપ ઈન્દ્રિયો જ્ઞાન કરાવે છે અને ક્રિયારૂપ ઈન્દ્રિયો ક્રિયા કરાવે છે. (૧૬) देवसर्गः पञ्चमः, ઈન્દ્રિયોના દેવતાઓની સૃષ્ટિ પાંચમી સૃષ્ટિ છે. મન જે દેવોથી ભરપૂર છે એવી દેવોની સાત્ત્વિક સૃષ્ટિ છે.ક્રિયાત્મક અને જ્ઞાનાત્મક મન આથી દેવરૂપ છે षष्ठस्तु तमसः सर्गः (૬) સર્વ સમર્થ

ભગવાનનો છઠ્ઠો સર્ગ તામસ છે આ સર્ગ અવિદ્યારૂપ-અજ્ઞાનરૂપ છે. (૧૭)

છ પ્રાકૃત સર્ગો કહ્યા-હવે ત્રણે વૈકૃત સર્ગો વર્ણવે છે

હે વિદુરજી ! ઉપરના શ્લોકોમાં પ્રાકૃત સર્ગોની કથા વર્ણવી. આ પ્રાકૃતસર્ગ છ પ્રકારનો કહ્યો. હવે આપ મારી પાસેથી વૈકૃતસર્ગો વર્ણવું છું તેસાંભળો. રજોગુણને ભોગવનાર, સર્વનાં દુઃખોને હરવાની બુદ્ધિવાળા ભગવાનની જ આ લીલા છે. (૧૮) આ સાતમો સર્ગ मुख्य सर्गः મુખ્ય સર્ગ છે. અહીં મુખ્ય શબ્દનો અર્થ થાય છે : मुखे भवः વૃક્ષો વગેરનાં જે ફલો થાય છે તે પ્રાણીમાત્રના મુખમાં જાય છે તેથી તેને "મુખ્ય સર્ગ" કહેલ છે.આ સાતમો મુખ્યસર્ગ છ પ્રકારનો છે : (૧) वनस्पतिः જેના ઉપર પુષ્પો ના થાય પરંતુ ફલો થાય તેને વનસ્પતિ કહેવાય. પીપળો, વડ, ઉમરડો વગેરેને વનસ્પતિ કહેવાય (૨) औषधयः ફલ આવ્યા પછી જે સુકાઈ જાય તેને ઔષધિ કહેવાય. બધી જ જાતનાં ધાન્યને ઔષધિ કહેવાય. ડાંગર,જવ,ઘઉં, મગ વગેરેના છોડ ઉપરથી ફાલ લઈ લીધા બાદ તે સુકાઈ જાય છે. (૩) लताः–કોળાં વગેરે આવાં ફલો જે વેલા ઉપર આવે છે અને જેનું ભક્ષણ કરતાં શરીરમાં ચરબીનો ભાગ પેદા કરે છે. (૪) त्वक्सारः– વાંસ વગેરેને त्वक्सारः કહેવામાં આવે છે. તેનાં બી અને છાલ ઉપયોગમાં આવે છે. (૫) वीरुधः-સોમ લતા વગેરેને વીરુધ કહેવામાં આવી છે. (૫) द्रुमाः-પુષ્પ અને ફલો બન્ને જેના ઉપર આવે તેને દ્રુમ કહેવામાં આવ્યાં છે. આ જે છ પ્રકારના સ્થાવરોનો જે સર્ગ છે તે સાતમો મુખ્ય સર્ગ છે. તેઓ ઊંચે જનારાં એટલે ઉપર ઊગવાની ગતિવાળાં છે, ખાનારની પુષ્ટિ કરનારાં હોય છે, ઘણે ભાગે અજ્ઞાની અને અન્તઃસ્પર્શવાળાં. એમાં કોઈપણ જાતનું વિશેષ જ્ઞાન હોતું નથી. (૨૦) હવે આઠમી સૃષ્ટિનું વર્ણન કરે છે, तिरश्चामष्टमः सर्गः પશુ પક્ષીઓ વગેરે પ્રાણીઓનો સર્ગ આઠમો સર્ગ છે. આ સર્ગ અઠ્ઠાવીસ પ્રકારનો છે, તેઓ અજ્ઞાની અને વધુ તમોગુણવાળાં છે. સૂંઘવાથી જ્ઞાન મેળવનારા, અને હૃદયમાં સ્મૃતિ વિનાનાં હોય છે. (૨૧) હે સજ્જનવર વિદુરજી ! (૧) ગાય, (૨) બકરી, (૩) ભેંસ, (૪) કળિયાર મૃગ, (૫) સૂકર, (૬) ગવય અને (૭) રુરુ નામના અનેક શૃંગવાળા હરણ (૮) અવિ એટલે ઘેટાં, (૯) અને ઊંટ આ બે ખરીવાળાં પશુઓની ઉત્પત્તિ કરી. આ બે ખરીવાળાં પશુઓ સાત્ત્વિક છે આ પશુઓના નવ પ્રકાર છે. (૧) ખર, (૨) અશ્વ, (૩) અશ્વતર-એટલે ખચ્ચર, (૪) ગૌરમૃગ, (૫) શરભ, (૬) ચમરી ગાય આ છ પશુઓ એક ખરીવાળાં છે. આ પશુઓ રાજસ છે. હે જિતેન્દ્રિય વિદુરજી ! જે પશુઓ પાંચ નખવાળાં છે તે તામસ છે અને તેમના ૧૩ પ્રકાર છે તેમનાં નામ કહું છું તે હવે સાંભળો : (૧) શ્વાન, (૨) શિયાળ, (૩) વરુ, (૪) વાઘ, (૫) માર્જાર, (૬) સસલાં, (૭) શલ્લક એટલે શાહુડી (૮) સિંહ (૯) કપિ (૧૦) હાથી (૧૧) કૂર્મ (૧૨) ગોધાવાગોલ અને (૧૩) મગર વગેરે પશુઓની રચના કરી. આ સૃષ્ટિમાં બે પ્રકારની સૃષ્ટિ છે. ભગવાને રચેલી, ૨૮ પ્રકારની છે વિશ્વામિત્ર વગેરેએ ઋષિઓ, યોગબળથી રચેલી સૃષ્ટિ પણ છે. જે પશુ વગેરેના આ અઠ્ઠાવીશમાં સમાવેશ ન થતો હોય તે વિશ્વામિત્ર વગેરેએ રચેલી સૃષ્ટિ જાણવી. ચમરી ગાય ઘણે ભાગે વનમાં જ રહે છે અને તે એક ખરીવાળી છે તે ભગવાને રચી છે અને જે બે ખરીવાળી ગાયો ગામાંમાં રહે છે તે મુનિ વિશ્વામિત્રે રચી છે એવું આચાર્યો કહે છે. (૨૨-૨૪) ભાઈ વિદુરજી ! (૧) કંક, (૨) ગીધ, (૩) વટ, (૪) બાજ પક્ષી, (૫) ભાસ, (૬) ભલ્લૂક, (૭) મંયૂર, (૮) હંસ, (૯) સારસ, (૧૦) ચક્રવાક, (૧૧) કાક અને (૧૨) ઘૂવડ વગેરે પક્ષીને રચ્યાં. આ સૃષ્ટિની રચનામાં 'રીંછ'નો ઉલ્લેખ નથી; તેથી પદ્મકલ્પમાં તેની રચના ના હોય કે વિશ્વામિત્રે રચેલ હોય એમ માનવામાં આવે છે. (૨૫) अर्वाक् स्त्रोतस्तु नवमः- હે વિદુરજી ! જે નવમી સૃષ્ટિ છે તેનો નીચ પ્રવાહ છે. તેની નીચે ગતિ છે. તે એક પ્રકારનો છે અને તે મનુષ્ય સૃષ્ટિ છે, તેઓ અધિક રજોગુણવાળા છે, કર્મપરાયણ છે અને દુઃખમાં સુખ માનનારા છે. સ્થાવર વૃક્ષલતા વગેરેનો પ્રરોહ ઊગવાની ગતિ ઉપરની છે. પશુ પક્ષીઓની વાંકી છે અથવા આડી છે, મનુષ્યની સૃષ્ટિનો પ્રવાહ નીચે વહેનારો છે. (૨૬)

દેવોની સૃષ્ટિ સાત્ત્વિક છે અને તે આઠ પ્રકારની છે

હે સજ્જનવર વિદુરજી ! ઉપર વર્ણવેલાં વૃક્ષો, લતાઓ, (૨) પશુ, પક્ષીઓ અને (૩) મનુષ્યોના ત્રણ સર્ગો વર્ણવ્યા તે

કેવલ વૈકૃત છે. એ બધા પ્રાકૃત તત્ત્વોના વિકારમાંથી થયેલ હોઈ તેમને વૈકૃત કહ્યા છે. દેવોના સર્ગ વૈકારિક છે; એટલે સાત્ત્વિક છે. આ દેવોની સૃષ્ટિ પ્રાકૃત સર્ગમાં વર્ણવી છે. કૌમારસૃષ્ટિ દેવસૃષ્ટિ પણ છે અને મનુષ્ય સૃષ્ટિ પણ છે; તેથી તે ઉભયાત્મક છે. (૨૭) આ દેવોના સર્ગને દશમો સર્ગ સ્વતંત્ર સર્ગ પણ માન્યો છે તેમાં (૧) દેવો, (૨) પિતૃઓ અને અસુરો, (૩) ગન્ધર્વો અને અપ્સરાઓ, (૪) સિદ્ધો, (૫) યક્ષો રાક્ષસો અને ચારણો (૬) ભૂત-પ્રેત-પિશાચો, (૭) વિદ્યાધરો, (૮) કિન્નરો વગેરે દેવોનો સર્ગ આઠ પ્રકારનો છે. હે વિદુરજી વિશ્વ સ્રષ્ટાએ રચેલા આ કુલ દશ સર્ગો તમને વર્ણવ્યા છે. (૨૮-૨૯)

दशैते विदुराख्याताः सर्गास्ते विश्वसृक्कृताः ।। अतः परं प्रवक्ष्यामि वंशान्मन्वन्तराणि च ।।२९।।
एवं रजःप्लुतः स्त्रष्टा कल्पादिष्वात्मभूर्हरिः । सृजत्यमोधसंकल्पः आत्मैवात्मनमात्मना ।।३०।।

શ્રી મૈત્રેય મુનિ કહી રહ્યા છે કે વિદુરજી આપને દશ પ્રકારની સૃષ્ટિ તો વર્ણવી; પરંતુ આગળ પ્રસંગોપાત્ વંશો તેમજ મન્વંતરો પણ કહીશ. વંશો ઈન્દ્રિયરૂપ છે અને મન્વંતરો બુદ્ધિરૂપ છે. હે વિદુરજી કલ્પોના પ્રારંભમાં પોતાનામાંથી જ પ્રકટ થયેલા, સત્ય સંકલ્પ શ્રીહરિ રજોગુણથી વ્યાપ્ત થયેલા બ્રહ્મા બનતાં પોતે જ પોતાનાથી પોતાને સરજે છે. સૃષ્ટિની બાબતમાં વિદ્વાનોએ આ નીચેના શ્લોકો ઉપર પણ ચિંતન કરવું:

प्रोक्ता अष्टविधा देवाः विबुधाः सर्व एव तु । पितृणां शतमेवात्र ह्यसुरास्त्रिशदेव तु ।।
गन्धर्वाप्सरसां चैव द्विशतं परिकीर्तितम् । सप्ततिर्यक्षरक्षःसु त्रिंशच्चारणजातिषु ।।
शतं सिद्धास्तथान्यासु सप्ततिः सर्वजातिषु । उर्ध्वस्त्रोतस एवैते ह्यन्येऽर्वाक् स्त्रोतसः स्मृताः ।।
गुणव्यत्यय एतस्मिन् मायावित्वादपीशितुः । न पोर्वापर्यमिच्छन्ति सृष्टे नद्यां यथा भ्रमे ।।
देवासुरादयो नामरूपाभ्यां ये प्रकीर्तिताः । अस्मिन् कल्पे त एवासन् क्षत्तर्मन्वन्तरान्तरे ।।

શ્રીમદ્ ભાગવત પીયૂષના તૃતીય સ્કંધનો આધિદૈવિક કાલસૃષ્ટિ તેમજ આધિભૌતિક કાલસર્ગનું વર્ણનકરતો દશમો અધ્યાય સમાપ્ત થયો.

અધ્યાય ૧૧મો

[આ અગિયારમાં અધ્યાયમાં ૪૧ શ્લોકો છે. આખા અધ્યાયમાં કાલનું આધ્યાત્મિક સ્વરૂપ વર્ણવ્યું છે. આ ઉપરાંત સૂક્ષ્મ કાલનું સ્વરૂપ અને મહાન કાલનું વર્ણન આવશે. પરમાણુ નામના કાલનું લક્ષણ અને મહાન નામના કાલનો પરિચય પણ આ અધ્યાયમાં આપ્યો છે.]

પરમાણુનો પરિચય: મૈય બોલ્યા

मैत्रेय उवाच : चरमः सद्विशेषाणामनेकोऽसंयुतः सदा । परमाणुः स विज्ञयो नृणामैक्यभ्रमो यतः ।।१।।
सत एव पदार्थस्य स्वरूपावस्थितस्य यत् । कैवल्यं परममहानविशेषो निरन्तरः ।।२।।

ઘડો, કોડિયું વગેરે માટી નામના કારણનાં કાર્યો છે. સદ્ વિશેષ શબ્દનો અર્થ થાય છે કે સત્ એટલે કાર્ય-ઘડો વગેરે વસ્તુનો વિશેષ છેલ્લામાં છેલ્લો રહેલો અંશ-ટુકડો એટલે પદાર્થનો અંતિમ અંશ, જે એક નહીં પણ અનેક સંખ્ય છે, તેમ જ બીજા અંશો સાથે જોડાણ વિનાનો જે અવયવ છે તે પરમાણુ તરીકે ઓળખાય છે. રેતીના કણને તોડતાંતોડતાં જે આખરનો કણ રહે અને જે ટૂટી નથી શકતો એવો જ સૂક્ષ્મમાં સૂક્ષ્મ કણ છે તે પરમાણુ છે અને આવા પરમાણુઓ તો અસંખ્ય છે, તેમ જ તેઓ અલગ અલગ અસ્તિત્વવાળા છે, જે જોડાયેલા નથી હોતા; છતાં મનુષ્યોને એકપણાનો ભ્રમ થાય છે. (૧)

મોટામાં મહાન સંજ્ઞાવાળા કાલનું સ્વરૂપ

હે વિદુરજી ! પરમાણુનું લક્ષણ તો ઉપરના શ્લોકમાં કહ્યું; હવે "परममहान्" તત્વને સમજાવું તે સાંભળો. सत एव पदार्थस्य સતનામનો પદાર્થ એટલે સંપૂર્ણ બ્રહ્માંડ એવો અર્થ થાય. આ સત પદાર્થ એટલે સઘળું બ્રહ્માંડ, પોતાના સ્વરૂપમાં રહેલું હોય; પરંતુ ત્રણ લોક અથવા ચૌદ લોકના આકારરૂપે પ્રકટ થયેલ ના હોય, તેની જે એકતા-એકપણું તે પરમ મહાન છે. એટલે બ્રહ્માંડની પોતાના સ્વરૂપ-બ્રહ્મની સાથે એકતા-એકપણું તે પરમ મહાન કહેવાય છે. આ પરમ પદાર્થ બ્રહ્માંડમાં

રહેલા ભગવાનનો જ પ્રતિપાદક છે. (૨)

પરમાણુ ઉપરથી અને મહાન પદાર્થ ઉપરથી કાલનો ખ્યાલ

હે શ્રીવિદુરજી ! ઉપરના બે શ્લોકોમાં વસ્તુના અંતિમ અવશેષથી અને પદાર્થના સમૂહથી પરમાણુ અને પરમ મહાનનું જેમ અનુમાનથી લક્ષણ બાંધ્યું; તેવી જ રીતે "દેખાતા પદાર્થનો ભોગ કરનાર, આંખે ન દેખાતો અવ્યક્ત અને પાછો સમર્થ, એવો જે કાલ ભગવાન પણ એ જ પ્રમાણે સ્થૂલપણામાં અને સૂક્ષ્મપણામાં સ્થાનના ભોગથી અનુમાનથી સમજાય. તાત્પર્યએ કે "પરમાણુ" જેટલા સ્થાનમાં રહે તેટલા સ્થાનને સૂર્ય ભોગવે એને પરમાણુ કાલ કહેવામાં આવે છે. (૩) આ વિષયની સ્પષ્ટતા કરતાં મૈત્રેય મુનિ આગળના શ્લોકથી કહેવા લાગ્યા કે જે કાલ પરમાણુ દેશનો-સ્થાનનો ભોગ કરે છે તે કાલને ખરેખર પરમાણુકાલ કહે છે અને સત્પદાર્થની જાતિને એટલે સંપૂર્ણ બ્રહ્માંડને ભોગવે તે કાલ પરમ મહાન કાલ કહેવાય છે. (૪)

કાલ ગણવાની રીત

સૂક્ષ્મમાં સૂક્ષ્મ કાલનું નામ પરમાણુ છે. બે परमाणुઓ મળીને એક अणु થાયઃ ત્રણ अणु એટલે છ परमाणुઓ મળીને એક त्रसरेणु થાય. એ પ્રકારે (१) परमाणु (२) अणु (३) त्रसरेणु એવી ત્રણ અવસ્થા થઈ. આપણા મકાનના જાળિયામાંથી પ્રવેશતાં સૂર્ય કિરણોના પ્રકાશથી તે અંધારા ઓરડામાં રહેલ त्रसरेणु આપણને જોવા મળે છે. આ त्रसरेणु જમીન ઉપર નીચે પડતો નથી પરંતુ આકાશ તરફ ઉપર ને ઉપર જ જતો હોય છે. (१) परमाणु સ્થાનને જે કાલ ભોગવે તેનું નામ परमाणु કાલ (२) अणु સ્થાનને જે કાલ ભોગવે તેનું નામ अणु કાલ અને (૩) त्रसरेणूं સ્થાનને જે કાલ ભોગવે તેનું નામ त्रसरेणु કાલ(૩) આવી ગણના કાલની સમજ માટે કરવામાં આવે છે (૫) त्रण त्रसरेणु પ્રદેશને જે ભોગવે તે કાલને ત્રુટિ કાલ નામ આપવામાં આવ્યું છે. (૫) ત્રણ त्रसरेणु એટલે કુલ અઢાર પરમાણુઓ થયા. सो त्रुटि સ્થાનને જે કાલ ભોગવે તે કાલનું वेधकाल. વેધકાલ નામ આપ્યું છે. (૬) त्रणवेधने જે કાલભોગવે તે કાલની "लवकाल" નામની સંજ્ઞા આપી છે. त्रणलव કાલને ભોગવે તે કાલની निमेषकाल (૮) નિમેષકાલ સંજ્ઞા માની છે. ત્રણ निमेषने જે કાલ ભોગવે તેને क्षणकाल ક્ષણકાલ નામની સંજ્ઞા આપી છે, (૯) पांच क्षणने ભોગવે તે કાલની काप्ठाकाल કાષ્ઠાકાલ નામની સંજ્ઞા આપી છે. (૧૦) पंदर काष्ठाने જે કાલ ભોગવે તે કાલને लघुकाल લઘુકાલ નામની સંજ્ઞા આપી છે. (૧૧) पंदर लघुने ભોગવે તે કાલની नाडिका काल નાડિકા કાલ નામની સંજ્ઞા આપી છે. (૧૧) बे नाडिकाने ભોગવે તે કાલને मुहूर्तकाल મુહૂર્તકાલ નામ આપ્યું છે. (૧૩) छ नाडिका એટલે त्रणमुहूर्तने જે કાલ ભોગવે તે કાલને यामकाल-અથવા प्रहरकाल એવી સંજ્ઞા આપી છે. આ ગણના પ્રમાણે परमाणुकाल થી આરંભીને प्रहरकाल પર્યન્તની સંજ્ઞાઓ થઈ. "પરમાણુ, અણુ, ત્રસરેણુ, ત્રુટિ, વેધ, લવ, નિમેષ, ક્ષણ, કાષ્ઠા, લઘુ, નાડિકા, મુહૂર્ત-પ્રહર" આ પ્રકારે તેર સંજ્ઞાઓ કાલની ઉત્તરોત્તર વૃદ્ધિ થતાં થાય છે. (૬-૮)

કાલ ગણનાનો પ્રકાર

૨ પરમાણુઓ ૧ અણુ
૩ ત્રણ અણુનો ૧ ત્રસરેણુ
૩ ત્રણ ત્રસરેણુનો ૧ ત્રુટિકાલ
૧૦૦ ત્રુટિકાલનો ૧ વેધકાલ

૩ ત્રણ વેધનો ૧ લવકાલ
૩ ત્રણ લવનો ૧ નિમેષકાલ
૩ ત્રણ નિમેષનો ૧ ક્ષણકાલ
૫ પાંચ ક્ષણનો ૧ કાષ્ઠાકાલ

૧૫ પંદર કાષ્ઠાનો ૧ લઘુકાલ
૧૫ લઘુકાલનો ૧ એક નાડિકા
૨ નાડીનું ૧ મુહૂર્ત
છ અથવા ૭ સાંતનાડીનો ૧ પ્રહર.

નાડીકાલનો પરિચય

હે વિદુરજી ! છ "પલ"ના વજનનું એટલે ૨૪ તોલાના વજનનું એક ત્રાંબાનું પાત્ર બનાવવું. ચાર તોલાનો એક પણ માનવમાં આવ્યો છે. આ તાંબાના પાત્રમાં એક પ્રસ્થ એટલે ૬૪ તોલા પાણી રહી શકે તેવું હોવું જોઈએ. આવા તાંબાના પાત્રને બનાવ્યા પછી ચાર માષા સુવર્ણની એટલે પા તોલા સુવર્ણના ચાર આંગળની ચારસળીઓ તે તાંબાના પાત્રની

મધ્યમાં પ્રવેશી શકે અથવા ચાર માષા સુવર્ણનો ચાર આંગળનો તાર તે પાત્રમાં પ્રવેશી શકે એવું છિદ્ર બનાવવું. આ પાત્રને જલમાં મૂકવું. તેમાં નીચેના છિદ્રથી જલ ભરાતાં જેટલા સમયમાં તે પાત્ર ડૂબી જાય, તે સમયને નાડી કાલ કહેવામાં આવ્યો છે. (૯) હે માનનીય પુરુષ વિદુરજી ! ચાર પ્રહરની રાત્રી અને ચાર પ્રહરનો દિવસ મળીને આઠ પ્રહરનો મનુષ્યોનો એક રાત્રીદિવસ થાય છે. આ પ્રકારના ૧૫ દિવસનો એક પક્ષ એટલે પખવાડિયું બને છે આ બન્ને પક્ષોની શુક્લપક્ષ અને કૃષ્ણપક્ષ એવી સંજ્ઞા થાય છે. (૧૦) શુક્લપક્ષ અને કૃષ્ણપક્ષનો મળી એક માસ થાય છે. મનુષ્યોના એક માસનો પિતૃઓનો એક રાત્રી દિવસ મનાય છે. મનુષ્યોના બે માસની એક ઋતુ કહેવાય છે. મનુષ્યોના છ માસનું એક અયન કહેવાય છે. આવાં દક્ષિણાયન અને ઉત્તરાયણ નામનાં બે અયનો છે. આવાં બે અયનોનું મનુષ્યોનું એક વર્ષ થાય છે. બે અયન એટલે કુલ ૧૨ માસનું મનુષ્યોનું એક વર્ષ મનવામાં આવ્યું છે. આ પ્રકારનાં સો વર્ષનું મનુષ્યનું આયુષ્ય માનવામાં આવ્યું છે. મનુષ્યોનો દક્ષિણાયન દેવોની રાત્રી છે અને મનુષ્યોના ઉત્તરાયણ દેવોનો દિવસ મનાય છે. આ પ્રકારે મનુષ્યોનો અને દેવોના રાત્રીદિવસની વ્યવસ્થા છે. (૧૧-૧૨)

કાલ વિષયમાં વિશેષ વિવેક

तयोः समुच्चयो मासः બેપક્ષોનો સમુચ્ચય એટલે માસ. આ માસ બે પ્રકારના છે. આ ઠેકાણે શુક્લપક્ષ અને કૃષ્ણપક્ષ એવા ભેદથી માસ બે પ્રકારનો વર્ણવ્યો નથી; પરંતુ ચાન્દ્ર માસ અને સૌર માસ એવા ભેદથી સમજાવ્યો છે. ચાન્દ્ર માસ બે પખવાડિયાંનો અને સૌર માસ, સવા બે નક્ષત્ર એટલે એક રાશિને સૂર્ય ભોગવે તેથી સૌર માસ કહેવામાં આવેલ છે. પિતૃઓના રાત્રિદિવસ ચાન્દ્ર માસ પ્રમાણે બે પખવાડિયાનો થાય અને દેવોના રાત્રિદિવસ સૂર્યના બે અયનથી માન્યા છે. તેથી પિતૃઓનો રાત્રિ-દિવસ એક મહિનાનો થયો અને દેવોનો રાત્રિ-દિવસ એક વર્ષનો થયો.

ગ્રહ,નક્ષત્ર અને તારાઓના ચક્રમાં રહેલ સૂર્ય ભગવાન સાવધાનીપૂર્વક એક વર્ષ પૂર્ણ થતાં સુધી પરમાણુથી આરંભી, ચક્રની આસપાસ ફરીને જગતને ભોગવે છે. બુધ વગેરે ગ્રહો, અશ્વિની વગેર નક્ષત્રો અને અન્ય તારાઓ આ સર્વના ચક્રનું નામ જ્યોતિશ્ચક્ર છે આ જ્યોતિશ્ચક્રમાં રહેલ સૂર્ય પરમાણુ પ્રદેશથી આરંભી વર્ષ પૂર્ણ થતાં સુધી પર્યેતિ ફરે છે. આ સ્થાને પર્યેતિના બે અર્થ થાય છે. ફરીફરીને મંડલાકારે ફરે છે તેમ જ અર્ધજગતનો ભોગ કરે છે. (૧૩)

પાંચ પ્રકારનો વત્સર

હે શ્રી વિદુરજી ! સંવત્સર, પરિવત્સર, ઈડાવત્સર, અનુવત્સર અને વત્સર એવી પાંચ પ્રકારની વત્સરની સંજ્ઞા છે. બ્રાહ્મણ ગ્રન્થમાં એક ઉલ્લેખ છે કે "બાર માસનું વર્ષ છે, તેર માસનું વર્ષ છે" આ પ્રકારનો ઉલ્લેખ એવા પ્રકારથી કરેલ છે કે "નાક્ષત્ર વર્ષ" તેર માસનું છે અને "ચાન્દ્ર વર્ષ" કોઈવાર તેર માસનું આવે છે જ્યારે "સૌર વર્ષ" તો બાર મસનું જ નક્કી હોય છે.

(૧.) નાક્ષત્ર વર્ષ - જે એક નક્ષત્ર પૂર્વમાં ઊગેલ હોય તે જ નક્ષત્ર બીજે દિવસે તે જ સ્થાને ઊગે તે નાક્ષત્ર દિવસ કહેવાય. તેવા ૩૬૦ દિવસનું વર્ષ નાક્ષત્ર વર્ષ કહેવાય.

(૨.) ચાન્દ્ર વર્ષ - સૂર્ય અને ચન્દ્ર ભેગા થઈ ચાલન કરે ત્યારબાદ બન્ને ફરીથી ભેગા થાય તે સમય ચાન્દ્ર માસ કહેવાય. તેવા બાર માસનું ચાંદ્ર વર્ષ કહેવાય.

(૩.) સૌર વર્ષ-સૂર્ય મેષના આરંભથી ચાલવા માંડે ત્યારબાદ પુનઃ મેષના આરભમાં આવે તેટલા સમયને સૌર વર્ષ કહે છે. સૂર્યના આ વર્ષનો સમય ૩૬૫ દિવસ, ૧૫ ઘડી, ૩૧ પલ અને ૩૧ વિપલનો છે એને સૌર વર્ષ કહેલ છે.

૪.બાર્હસ્પત્ય વર્ષ-સૂર્ય એક રાશિમાં જેટલો સમય રહે તેને બાર્હસ્પત્ય વર્ષ કહે છે.

૫.સાવન વર્ષ-સૂર્ય એક દિવસે ઊગે અને બીજે દિવસે ફરી ઊગે તે વચ્ચેનો સમય સાવન દિવસ છે. તેવા ૩૦ દિવસનો માસ અને ૩૬૦ દિવસું સાવન વર્ષ છે.

બાર્હસ્પત્ય મતમાં તો પ્રભવ વગેરે વર્ષો નક્કી કરેલ છે.આ સાઠ વર્ષનાં જુદાં જુદાં નામ છે. પ્રથમ પ્રભવ, બારમું

બહુધન્ય, તેરમું પ્રમાણથી આવી સાઠ વર્ષની સાઠ સંજ્ઞાઓ છે. વૈષ્ણવ માસ પણ નક્કી કરેલ છે; પરંતુ સાવન માસ નક્કી કરેલ નથી. કારણ કે તે હરકોઈ દિવસે પૂરો થાય છે. તેથી સંવત્સર શબ્દ યોજેલો હોવાથી પ્રભવ વગેરે નામો સિદ્ધ તે માટે બાર્હસ્પત્ય માનની પણ આવશ્યકતા છે.

(૧) સંવત્સર ચાન્દ્ર છે, (૨) પરિવત્સર વૈષ્ણવ છે (૩) ઈડાવત્સર સૌર છે (૪) અનુવત્સર નાક્ષત્ર છે. (૫) વત્સર બાર્હસ્પત્ય છે. (૧૪)

यः सृज्यशक्तिमुरुधोच्छ्रूसयन् स्वशक्त्या पुंसोऽभ्रमाय दिवि धावति भूतभेदः ।
कालाख्यया गुणमयं क्रतुभिर्वितन्वन् तस्मै वलिं हरत वत्सरपञ्चकाय ।।१५।।

જે ભૂતોનો, પંચમહાભૂતોનો નાશ કરનાર છે; કાલ નામની પોતાની શક્તિથી ઉત્પન્ન કરવાના પદાર્થોમાં ઉત્પન્ન કરવાની શક્તિને અનેક પ્રકારે ઉત્પન્ન કરે તેમ જ યજ્ઞોની ક્રિયાઓથી આનંદ વગેરે ગુણોવાળા સ્વર્ગને વિસ્તાર આપે છે અને જે કાલ ભગવાન, પુરુષોને વૈરાગ્ય ઉત્પન્ન કરવા માટે સ્વર્ગમાં વિચરે છે અને જે પાંચ પ્રકારના વર્ષના પ્રવર્તક છે તે કાલને કાલ સ્વરૂપ ભગવાનનાં ભેટ, અર્ચન આદિ સામગ્રીથી પૂજન કરો. (૧૫)

કલ્પોથી અધિક જીવન જીવનારના આયુષ્યની જિજ્ઞાસા

શ્રી વિદુરજીએ કહ્યું કે ભગવન્ મૈત્રેય મહર્ષિજી ! દેવ-મનુષ્ય-પિતૃઓના સો વર્ષના મોટા મોટા આયુષ્ય માપ વિશે આપે કહ્યું; પરંતુ જે જ્ઞાનીજનો એક કલ્પના આયુષ્યથી અધિક આયુષ્ય ધરાવતા હોય તેમના આયુષ્યની ગાથા હવે સંભળાવો. (૧૬) આપ તો ભગવાન છો તેથી કાલની ગતિને ઘણી સારી રીતે જાણો છો. ધીર યોગી પુરુષો તો યોગથી મેળવેલી દૃષ્ટિ દ્વારા વિશ્વનાં દર્શન કરે છે. (૧૭) મૈત્રેય મહર્ષિજીએ કહ્યું કે વિદુરજી ! કૃતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગ નામ ધરાવતા ચાર યુગો, પ્રત્યેક યુગની વચમાં રહેલા સંધિકાલના સમયના જોડાણની સાથે બાર હજાર વર્ષોવાળા સમયને ધરાવે છે. (૧૮) આ ચાર યુગોમાં કૃતયુગનાં દિવ્ય ચાર હજાર વર્ષો હોય છે, ત્રેતાયુગનાં ત્રણ હજાર વર્ષો હોય છે, દ્વાપરયુગનાં બે હજાર વર્ષો હોય છે અને કલિયુગનાં એક હજાર વર્ષો હોય છે. આ વર્ષો દેવોના વર્ષોના માપવાળાં હોય છે. પ્રત્યેક યુગના વર્ષોના દશમા ભાગના વર્ષોની સંખ્યા ધરાવતાં સંધ્યા અને સંધ્યાનાં અંશનાં વર્ષોની સંખ્યા માનવામાં આવે છે એનું તાત્પર્ય કે પ્રત્યેક યુગ પોતાની સંખ્યાથી બમણા સો વર્ષોની સંખ્યા સંધ્યા અને સંધ્યાના અંશોની માનવામાં આવી છે. જેમકે કૃતયુગમાં ચાર હજાર વર્ષો છે તો કૃતયુગની સંધ્યા અને સંધ્યાનાં અંશોની વર્ષોની સંખ્યા ૮૦૦ વર્ષની છે. ત્રેતાયુગનાં સંધ્યા અને સંધ્યાના અંશની સંખ્યા ૬૦૦ વર્ષની છે, દ્વાપરયુગની સંધ્યા અને સંધ્યાના અંશ સંખ્યા ૪૦૦ છે અને કલિયુગની સંધ્યા અને સંધ્યાના અંશની વર્ષોની સંખ્યા ૨૦૦ વર્ષની છે. (૧૯)

યુગરહસ્ય

હે વિદુરજી ! જે "तज्ज्ञ" પુરુષો છે એટલે જે તત્ત્વજ્ઞાનના જાણકારો છે, જેમને આપણે આપ્ત અથવા "तज्ज्ञ" પુરુષો કહીએ છીએ તે પુરુષોનું માનવું છે કે બન્ને યુગની વચ્ચેનો જે ગાળો છે, જેને આપણે સંધ્યા અને સંધ્યાના અંશકાલ કહીએ છીએ. તે કાલને "યુગકાલ"ના નામથી વર્ણવવામાં આવ્યો છે. આ યુગકાલમાં ઋષિઓ ચાતુવર્ણ્ય પ્રજાના જીવનમાં ધર્મની સ્થાપના કરે છે. (૨૦) વિદુરજી ! કૃતયુગમાં ચાર ચાર ચરણોવાળો ધર્મ કૃતયુગના મનુષ્યોમાં વ્યવસ્થિત રીતે સંપૂર્ણ પ્રમાણે વ્યાપેલો હોય છે. પરંતુ તે ચારે ચરણવાળો ધર્મ બીજા ત્રેતા વગેરે યુગોમાં ચોથા ભાગથી વધતા અધર્મથી એક એક ચરણથી ક્ષય પામતો હોય છે. કૃતયુગમાં ચારે વર્ણો હોય છે, ત્રેતાયુગમાં બ્રાહ્મણો ઓછા થાય છે, દ્વાપરમાં ક્ષત્રિયો ઓછા થાય છે. કલિયુગમાં કેવલ ચતુર્થ વર્ણોવાળા જ જીવો હોય છે. (૨૧)
હે તાત ! હે વિદુરજી ! ત્રણ લોકની બહાર બ્રહ્મલોક પર્યન્ત એક હજાર યુગનો એક દિવસ હોય છે અને રાત્રિ પણ એટલી જ એક હજાર યુગની લાંબી હોય છે, તાત્પર્ય એવું છે કે ભૂર્લોક, ભૂર્વ લોક અને સ્વર્લોકથી બહાર આવેલા મહર્લોક, જનલોક, તપોલોક અને સત્યલોકમાં એક હજાર યુગનો દિવસ અને એક હજાર યુગની રાત્રી હોય છે. (૨૨)

હે વિદુરજી ! રાત્રીના અંતે એટલે દિવસ ઊગતાં જે લોક રચવાની શરૂઆત કરી હોય છે તે રચના પરંપરા ભગવાનના દિવસ પર્યન્ત ચાલુ રહે છે, તે એક દિવસમાં ચૌદ મનુઓને ભોગવે છે. (૨૩) વિદુરજી ! શ્રી બ્રહ્માજીના એક કલ્પમાં એટલે એક દિવસમાં "ચૌદ મનુઓ" બદલાય છે. બદલાતા આ પ્રત્યેક મનુ ૭૧ કૃતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કલિયુગના કાલને ભોગવે છે. એક મનુ જાય બાદ બીજા મનુ આવે છે, પ્રત્યેક મન્વંતરોમાં મનુઓ, મનુ રાજાના પુત્રો, ઋષિઓ, દેવો, તેમજ ઈન્દ્રો અને જેઓ તેમને અનુસરનારા છે તેઓ, એક સાથે જ ઉત્પન્ન થાય છે. (૨૪) વિદુરજી ! આપની સમીપે આ પ્રમાણેની જે સૃષ્ટિનું વર્ણન કર્યું તે બ્રહ્માજીની ત્રણ લોકના ફેરા કરાવનારી એક દિવસની સૃષ્ટિ છે. આ સૃષ્ટિમાં ભૂમિ ઉપર વિચરનારાં, આકાશમાં વાંકુ વિહરનારાં પ્રાણીઓ, દેવો, મનુષ્યો, પિતૃઓની કર્મથી ઉત્પત્તિ થાય છે. (૨૫)

પ્રત્યેક મન્વન્તમાં ભગવાનના અવતાર

હે વિદુરજી ! પ્રત્યેક મન્વન્તરમાં સત્ત્વગુણને ધારણ કરનારા, તેમજ પ્રકટ પરાક્રમવાળા ભગવાન, મનુ વગેરે દ્વારા, અને પોતાના અવતારો દ્વારા આવિશ્વનું પાલન કરે છે. (૨૬) વિશ્વનું પાલન કરનારા ભગવાન દિવસ આથમતાં-સાયંકાલે પોતાના પરાક્રમને પોતાનામાં જ સમાવી રાખીને તેમ જ કાલને લીધે, જગત જેમનામાં લય પામેલ છે એવા ભગવાન તમોગુણની માત્રાને ધારણ કરીને શાંત બિરાજે છે. (૨૭)

પ્રલય કે લયનો પ્રકાર

હે વિદુરજી ! સંધ્યાકાલે ભગવાન શાંત થઈને બિરાજ્યા ત્યારે પ્રવાહને કોઈ રોકનાર ના રહ્યું ભૂર, ભુવર અને સ્વર આ ત્રણે લોકો અવ્યક્તામાં પ્રવેશી ગયા ત્યારે ચંન્દ્ર અને સૂર્ય બન્ને વિખૂટા થાય તે પ્રમાણે રાત્રિ શરૂ થતાં શક્તિરૂપ સંકર્ષણ ભગવાનના અગ્નિથી ત્રણ લોકો બળવા માંડતાં, તાપથી ત્રાસેલા ભૃગુ વગેરે મહર્લોકમાંથી જનલોકમાં ચાલ્યા જાય છે. તેટલામાં કલ્પના અંતે, વૃદ્ધિ પામેલા સમુદ્રો પુષ્કળ ખળભળી ઊઠે છે, તેમનામાં પ્રચંડ વાયુના પ્રવેશથી ભયાનક તરંગો ઊછળે છે અને તે તોફાની સાગરો તત્ક્ષણ ત્રણે લોકને ડુબાડી દે છે. (૨૮-૨૯-૩૦) વિદુરજી ! આ અવસરે જલની અંદર, ભગવાન નેત્રો મીંચીને અનંત ભગવાનની શય્યામાં બિરાજેલા હોય છે. આ અવસરે આવી યોગનિદ્રામાં બિરાજેલા ભગવાનની જનલોકનિવાસી જનો સ્તુતિ કરે છે. (૩૧) હે વિદુરજી ! આપને જે કાલગતિનું માપ દર્શાવ્યું તે માપ પ્રમાણે નક્કી કરેલા બ્રહ્માજીના દિવસ-રાત્રીના માપથી મોટામાં મોટું ગણાતું બ્રહ્માજીનું સો વર્ષનું આયુષ્ય પણ બ્રહ્માજીને અત્યંત અલ્પ લાગે છે. (૩૨) બ્રહ્માજીના સો વર્ષના આયુષ્યના અર્ધા ભાગને પરાર્ધ કહેવામાં આવે છે એટલે પચાસ વર્ષના આયુષ્યની પરાર્ધ એવી સંજ્ઞા છે અને બીજા ૫૦ વર્ષને દ્વિતીય પરાર્ધ કહેવાય છે. આ પ્રકારના સંકેતથી બ્રહ્માજીનું આયુષ્ય બે પરાર્ધનું માન્યું છે. હે વિદુરજી ! વર્તમાન કાલમાં બ્રહ્માજીના આયુષ્યનો "પ્રથમ પરાર્ધ" કાલ પૂર્ણ થઈ ગયો અને દ્વિતીય પરાર્ધ હાલ ચાલી રહ્યો છે. (૩૩)

બ્રાહ્મકલ્પ

હે વિદુરજી ! એક વાત ધ્યાનમાં રહેવી જોઈએ કે આપણે જેને કલ્પ કહીએ છીએ તે બ્રહ્માજીના એક દિવસનું નામ છે. બ્રહ્માજીના પૂર્વ પરાર્ધની જે વાત કરી તે પરાર્ધના આદિમાં "બ્રાહ્મ" નામનો કલ્પ હતો. આ કલ્પમાં ભગવાન સ્વયં "બ્રહ્મા" થયા છે. તેથી એ કલ્પનું "બ્રાહ્મકલ્પ" એવું નામ છે. આ કલ્પ એક દિવસનો ન હતો પરંતુ એક વર્ષનો હતો. આ બ્રહ્માજીને સર્વ ઋષિમુનિઓ "શબ્દ બ્રહ્મ" નામથી વર્ણવે છે. (૩૪)

પદ્મકલ્પ

હે શ્રી વિદુરજી ! બ્રહ્માજીના પ્રથમ પરાર્ધના અંતમાં જે કલ્પ થયો તેને પદ્મકલ્પ કહેવામાં આવે છે. પદ્મમાંથી લોકોની રચના કરવામાં આવી છે કે પદ્મમાં લોકોની કલ્પના કરવામાં આવી છે; તેથી તેનું નામ પદ્મકલ્પ છે. આ કલ્પમાં શ્રીહરિનાં નાભિકમલમાંથી લોકરૂપી પદ્મ-કમલ થયું હતું. (૩૫)

વરાહકલ્પ

હે ભારત ! હે વિદુરજી ! કે હે પરીક્ષિત રાજન્ ! આપને “વરાહકલ્પ”નો હવે પરિચય આપું છું. બ્રહ્માજીના પ્રથમ પરાર્ધની સમાપ્તિ પછી જે દ્વિતીય પરાર્ધ આરંભાયો તેનું જે પ્રથમ સંવત્સર શરૂ થયું તેનો જે પ્રથમ દિવસ આવ્યો તે દિવસે ભગવાન સ્વયં “વરાહસ્વરૂપે” પ્રકટ થયેલા; તેથી તે કલ્પને એટલે તે દિવસને “વરાહકલ્પ” નામ આપવામાં આવ્યું છે. ક્રમે કરીને આવતા ત્રણ કલ્પનોની પ્રથમ આદિ વરાહકલ્પ, બીજાની વહારકલ્પ અને ત્રીજાની શ્વેતવરાહકલ્પ એવી સંજ્ઞાઓ વર્ણવી છે. (૩૬)

ભગવાનનો નિમેષકાલ

વિદુરજી ! આ બે પરાર્ધ નામો, બ્રહ્માજીના સો વર્ષનો આયુષ્યનો નામનો જે કાલ છે એ, તો આવિર્ભાવરહિત તેમ જ અનાદિ અને અનંત એવા જગતના આત્મા અક્ષરબ્રહ્મ ભગવાનનો એક માત્ર “નિમેષ” કાલ કહેવાય છે. (૩૭)

હે શ્રી વિદુરજી ! પરમાણુથી આરંભી બે પરાર્ધ પર્યન્તનો બ્રહ્માજીનો આ સો વર્ષનો સમર્થ મનાતો જે કાલ છે તે કાલ અક્ષરબ્રહ્મ એવા ભગવાન ઉપર પોતાનો અધિકાર ચલાવવા સમર્થ નથી; પરંતુ આ કાલ તો જેઓ દેહાભિમાનવાળા છે તેમનો તે નિયામક ઈશ્વર છે. (૩૮)

પચાસ કરોડ યોજન વિસ્તારવાળો બ્રહ્માંડ કોશ

હે શ્રી વિદુરજી ! પંચતન્માત્રા, પ્રકૃતિ, મહાન, અહંકાર નામના આઠ વિકારો અથવા એકાદશ ઈન્દ્રિયો અને પંચમહાભૂત નામના ષોડશવિકાર સાથેનો આ “બ્રહ્માંડ કોશ” પચાસ કરોડ યોજનના વિસ્તારવાળો છે. આ બ્રહ્માંડ કોશ ભેગા મળેલા વિકારોથી તેમજ અલગ અલગ રહેલા અને એક પછી એક બીજા દશગણા મોટા વિશેષોથી વીંટાએલો આ પદ્મકોશ છે. આ વિશેષોનું “આવરણ” એવું બીજું નામ છે આ આવરણો પૃથ્વી, જલ વગેરેની સંજ્ઞાવાળાં દશ છે. આ આવરણો ક્રમે કરી એક કરતાં બીજાં દશગણાં મોટાં ગણ્યાં છે.આવાં તો અનન્ત બ્રહ્માંડો છે અથવા બ્રહ્માંડ કોશો છે તે સર્વ જેમાં વસેલાં છે તેની “અક્ષરબ્રહ્મ” એવી સંજ્ઞા છે. આ અક્ષરબ્રહ્મમાં વસેલાં આ અન્તના બ્રહ્માંડો પરમાણુ જેવાં ભાસે છે. આ અક્ષરબ્રહ્મ સર્વ કારણોનું કારણ છે અને તે પરમપુરુષ મહાત્મા ભગવાન વિષ્ણુનું નિવાસ માટેનું પરમ ધામ છે. પ્રત્યેક કાલમાં બ્રહ્માંડ કોશના માપમાં ફેરફાર હોય છે તેનો જેઓને ખ્યાલ ન હોય તેમને ઘણીવાર ભ્રમ થાય છે કે પુરણોમાં-જ્યોતિષ આદિ શાસ્ત્રોમાં કોઈ સ્થાને બ્રહ્માંડ કોશનું અંદરથી પચાસ કરોડ યોજનનું માપ, કોઈ સ્થાને બ્રહ્માંડ કોશનાં બહારનાં આવરણોનું પચાસ કરોડ યોજનનું માપ, તો કોઈ સ્થાને કેવલ ભૂમિનુંજ માપ પચાસ કરોડ યોજનના વિસ્તારનું વર્ણવ્યુ છે; તો આવા ભિન્નભિન્ન મતો કેમ હશે ? તેનું સમાધાન કરવામાં આવ્યું છે કે કલ્પે કલ્પે ઘણીવાર ઉપર વર્ણવ્યા એવા પ્રકારના જુદા જુદા વિસ્તારોવાળાં બ્રહ્માંડ કોશો હોય છે. (૩૯-૪૦)

तदाहुरक्षर्र ब्रह्म सर्वकारणकारणम् । विष्णोर्धाम परं साक्षात्पुरुषस्य महात्मनः ।।४१।।

શ્રીમદ્ ભાગવતપીયૂષના તૃતીય સ્કંધનો કાલના પરમાણુથી આરંભી ભગવાનના નિમેષકાલ પર્યન્તના સ્વરૂપનું વર્ણન કરતો અગિયારમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૨મો

[આ ૧૨મા અધ્યાયમાં ૫૬ શ્લોકો છે. અગિયારમાં અધ્યાયમાં આદિદૈવિક આદિ ત્રણ પ્રકારના કાલનું વર્ણન કર્યા પછીથી આ અધ્યાયમાં બુદ્ધિસૃષ્ટિનું નિરૂપણ કરવામાં આવે છે. આ બુદ્ધિ સાધારણ જીવોની છે તેમ જ આઠ પ્રકારની છે. આ આઠ પ્રકારની બુદ્ધિમાં (૧) - प्रथमा प्राकृत बुद्धिसृष्टि–પહેલી પ્રાકૃત બુદ્ધિ છે અને તે બુદ્ધિ સૃષ્ટિમાં તામિસ્ત્ર-અન્ધતામિસ્ત્ર એવી અવિદ્યાની સૃષ્ટિ વર્ણવી છે. (૨) द्वितीया ज्ञानयुक्त बुद्धिसृष्टि- બીજી જે જ્ઞાનવાળી બુદ્ધિસૃષ્ટિ છે તેમાં સનત્કુમારોની સૃષ્ટિની ઉત્પત્તિ વર્ણવી છે. (૩) तृतीया श्रेष्ठ बुद्धिसृष्टि-ત્રીજી બુદ્ધિસૃષ્ટિમાં ભવની અગિયાર પ્રકારની સૃષ્ટિ છે, આ સૃષ્ટિ ભગવાનની આજ્ઞાનું પાલન કરવામાં તત્પર છે. (૪) चतुर्थी भगवदाज्ञापालिका बुद्धिसृष्टि ચોથી ભગવાનની આજ્ઞાનું પાલન કરનારી બુદ્ધિવાળી સૃષ્ટિ છે. આ સૃષ્ટિમાં દક્ષ વગેરે પ્રજાપતિઓની સૃષ્ટિનું વર્ણન છે (૫) पञ्चमीव्यामोहिका बुद्धिसृष्टि આમાં પાંચમી જે બુદ્ધિસૃષ્ટિ તે વ્યામોહિકા સૃષ્ટિ છે. આ સૃષ્ટિની ઉત્પત્તિમાં સરસ્વતીજીની સૃષ્ટિ છે અને તે ઉત્તમ સૃષ્ટિ છે (૬) षष्ठी श्रुतिनिष्णात बुद्धिसृष्टि–આ છઠ્ઠી સૃષ્ટિ શ્રુતિનિષ્ણાત બુદ્ધિની જે સૃષ્ટિ છે તે વેદોના પ્રાદુર્ભાવની સૃષ્ટિ છે (૭)

सप्तमी "वेदार्थनिष्णात बुद्धि सृष्टि" - આ સાતમી સૃષ્ટિ છે એમાં વેદોના અર્થરૂપ યોગ ઉપાસનાનો નિર્દેશ છે (૮) अष्टमी -उत्तम बुद्धिसृष्टि આ આઠમી સૃષ્ટિમાં "મનુરાજા અને શતરૂપાની" સૃષ્ટિ છે.]

मैत्रेय उवाच : इति ते वर्णितः क्षत्तः कालाख्यः परमात्मनः । महिमा वेगदर्मोऽथ यथास्त्राक्षीन्निबोध मे ।।१।।

મૈત્રેય મહર્ષિ કહેવા લાગ્યા કે હે વિજિતેંદ્રિય શ્રી વિદુરજી ! પૂર્વના અધ્યાયમાં પરમાત્માના કાલ નામના માહાત્મ્યનું આપની પાસે મેં વર્ણન કર્યું છે. હવે વેદગર્ભ શ્રી બ્રહ્માજીએ જે પ્રકારે સૃષ્ટિનું નિર્માણ કર્યું તે વસ્તુનું આપ મારી પાસેથી વર્ણન સાંભળો ! (૧)

અવિદ્યાની પાંચ પ્રકારની સૃષ્ટિ

હે વિદુરજી ! બ્રહ્માજીએ પ્રથમ "अन्ध तामिस्र" એટલે અજ્ઞાન અને અંધકારની સૃષ્ટિ રચી ત્યાર પછી "तामिस्र" નામની સૃષ્ટિ રચી. આ સૃષ્ટિમાં પોતાના સ્વરૂપનું અને પદાર્થનું જ્ઞાન તો હોય છે પરંતુ "તીવ્ર કામનાવાળી બુદ્ધિ થાય છે તેથી તેને "તામિસ્ર" કહેવામાં આવે છે. ત્યાર બાદ મહામોહની સૃષ્ટિ રચી. વિષયને અને આત્મા પોતાને એમ બન્નેને એક સમજે છે તે "મહામોહ" નામની ત્રીજી સૃષ્ટિ છે. પુનઃ મોહ નામની ચતુર્થ સૃષ્ટિ રચી. આ મારું છે એવી જે મતિ-બુદ્ધિ થાય છે તેને मोह કહેવાય છે. ત્યાર બાદ પાંચમી तम એટલે "અજ્ઞાન"ની સૃષ્ટિ રચી. હું કોણ છું એનું तमः અજ્ઞાનને લીધે થતું નથી. (૨)

જ્ઞાનબુદ્ધિવાળી સૃષ્ટિ

હે વિદુરજી ! બ્રહ્માજીને પોતાની પ્રથમની અવિદ્યાની સૃષ્ટિ ન રૂચી, કારણ કે આ સૃષ્ટિ ભગવાનથી વિમુખ કરાવનારી સૃષ્ટિ હતી. આવી સૃષ્ટિ રચવાથી બ્રહ્માજીને પોતાને માટે પરિતાપ થયો. ત્યારબાદ ભગવાનનું ધ્યાન કરી મનને પવિત્ર કરી સ્વયંભૂ બ્રહ્માજીએ સકામ ક્રિયાઓમાં રસ ન ધરાવતા નૈષ્ઠિક બ્રહ્મચારી એવા સનક, સનન્દન, સનાતન અને સનતકુમાર નામના ચાર કુમારોને ઉત્પન્ન કર્યા જેઓ મનનશીલ હતા. (૩-૪) ચાર કુમારોને શ્રી સ્વયંભૂ બ્રહ્માજીએ કહ્યું કે હે પુત્રો ! હે કુમારો, આપ ચારે ભાઈઓ ગૃહસ્થાશ્રમ સ્વીકારી સુપાત્ર પુત્રોને જન્મ આપો. પિતાની આજ્ઞા હોવા છતાં આ ચારે કુમારો મોક્ષધર્માનુરાગી હતા, નૈષ્ઠિક બ્રહ્મચર્યમાં રસવાળા હતા ભગવાન વાસુદેવમાં અનન્ય ભક્તિવાળા હતા; તેથી તેમણે ગૃહસ્થાશ્રમ ધર્મ સ્વીકાર્યો નહીં, તેથી બ્રહ્માજીને લાગ્યું કે મારા પુત્રોએ મારો અનાદર કર્યો છે એવી વ્યથા હૃદયમાં પેદા થઈ અને પોતાની આજ્ઞાના થયેલા ભંગથી અસહ્ય આવેશ-રોષ હૃદયમાં આવ્યો છતાં બ્રહ્માજીએ તે ક્રોધને વિવેક પૂર્વક રોકી રાખ્યો. (૫-૬)

-વિવેકી જને ક્રોધને જ્ઞાનથીઅને પ્રયત્નથી રોકવા જોઈએ.જ્ઞાન અને ક્રિયા બન્ને મનનાં કાર્યો છે.બ્રહ્માજીએ જ્ઞાનથી ક્રોધને રોક્યો પરંતુ ક્રિયાથી રોકી ના શક્યા. ક્રોધ જો બહાર પ્રક્ટ થાય તો બીજાનો નાશ કરે અને પોતાનામાં રહે તો પોતાનો નાશ કરે માટે કોઈપણ પ્રકારે ક્રોધને રોકવો-ક્રોધ પ્રભુકૃપાથી અને પ્રભુસ્મરણથી જ રોકાય.

હે વિદુરજી ! ક્રોધને બુદ્ધિપૂર્વક રોક્યો છતાં તે ક્રોધ શ્રી બ્રહ્માજીની બે ભ્રમરની મધ્યમાંથી જ તે ક્ષણે ભૂખરા રંગના કુમારરૂપે પ્રક્ટ થયો. (૭)

શ્રી રુદ્રભગવાનનું પ્રાક્ટ્ય

શ્રી મૈત્રેય મહર્ષિ કહેવા લાગ્યા કે વિદુરજી ! ચાર સનતકુમારો નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતના અનુરાગી હોવાથી, જ્યારે બ્રહ્માજીની આજ્ઞા પ્રમાણે ગૃહસ્થાશ્રમ ધર્મ સ્વીકારવા તત્પર ના થયા ત્યારે બ્રહ્માજીને પોતાના પુત્રોએ પોતાની આજ્ઞાનો અનાદર કર્યો એમ લાગતાં જ રોષ ઉત્પન્ન થવા લાગ્યો ત્યારે બ્રહમાજી અસહ્ય એવા ક્રોધને રોકવા પ્રયત્નશીલ થયા. બુદ્ધિ અને વિવેકપૂર્વક રોષને રોકવામાં આવ્યો છતાં તે ક્રોધ શ્રી બ્રહ્માજની ભ્રૂકુટિના મધ્યમાંથી તે જ ક્ષણે ભૂખરા રંગને ધરાવતો કુમારના સ્વરૂપે પ્રક્ટ થયો, આ પ્રકટેલ કુમાર "सद्योजात नील लोहित" શ્રુતિ ભગવતીના વચનાનુસાર "શ્રીનીલલોહિત" રુદ્રભગવાન હતા. (૭) આ નીલલોહિત દેવોના પૂર્વજનું "ભવ" એવું નામ પણ હતું.

તેઓ પ્રકટીને તરત જ "रोदन"– રુદન કરવા લાગ્યા. આ રુદન કોઈ બાળકના જેવું ન હતું;પરંતુ પ્રાણીઓને સંસારની પીડાથી પીડાતાં જોઈ કરુણામય સ્વભાવનું રુદન હતું. તેઓ રુદન કરતાં કરતાં બ્રહ્માજીને વીનવવા લાગ્યા કે હે પિતાજી ! હે જગદ્‌ગુરો ! આપ મારાં નામ પાડો અને કૃપા કરી મને નિવાસસ્થાન આપો, (૮) શ્રી નીલલોહિતકુમારનાં વચનોનો સ્વીકાર કરતા કોમલ કમલમાંથી પ્રકટેલા, કોમલ હૃદયવાળા બ્રહ્માજી મધુર વાણીથી બોલ્યા કે હે કુમાર ! હે નીલલોહિત ! દુનિયાના જીવોનાં દુઃખોને જોઈને આપ રડો મા ! હું આપનાં નામ પણ પાડુ છું અને આપને માટે સ્થાનો પણ નિશ્ચિત કરું છું. (૯) હે સુરવર્ય ! હે નીલલોહિત ! આપ જે કારણથી ખિન્ન મનવાળા થયા અને બાળકની માફક આપે રુદન કર્યું; તેથી શ્રુતિના વાક્યાનુસાર સર્વ લોકો આપને "રુદ્ર" એવા સંબોધનથી સંબોધશે. (૧૦) આપે મારી પાસે જે નિવાસસ્થાન માગ્યાં તે મેં આપને માટે "હૃદય, ઈન્દ્રિયો, પ્રાણ, આકાશ, વાયુ, અગ્નિ, જલ, પૃથ્વી, સૂર્ય, ચન્દ્ર અને તપ" નામનાં અગિયાર સ્થાનો પ્રથમથી જ રચી રાખ્યાં છે. (૧૧) હે નીલલોહિત ! જેમ આપને માટે એકાદશ સ્થાન નક્કી કર્યાં છે તે પ્રમાણે આપના "મન્યુ, મનુ, મહેશાન, મહાન, શિવ, ઋતુધ્વજ, ઉગ્રરેતા, ભવ, કાલ, વામદેવ અને ધૃતવ્રત" આ દર્શાવેલાં "એકાદશ" નામો પણ અનાદિ કાલથી નક્કી કર્યાં છે. (૧૨) હે કુમાર ! આપનાં જેમ અગિયાર નામો છે, અને તેમ અગિયાર સ્થાનો છે, તેમ જ હે રુદ્ર ! ધી, વૃત્તિ, ઉશના, ઉમા, નિયુત, સર્પિ, ઈલા, અંબિકા, ઈરાવતી, સુધા, દીક્ષા નામની આ એકાદશ પત્નીઓ પણ નક્કી કરી છે. લોકો તેમને રુદ્રાણીઓના નામથી સંબોધશે. (૧૩) હે રુદ્ર, હે કુમાર ! હે ભવ ! આ એકાદશ નામો, એકાદશ સ્થાનો, એકાદશ સ્ત્રીઓનો સ્વીકાર કરો અને આ સ્ત્રીઓ દ્વારા આપ પુષ્કળ પ્રજાને ઉત્પન્ન કરો, કારણ કે આપ તો પ્રજાના સ્વામી છો. (૧૪)

શ્રી બ્રહ્માજીની આજ્ઞાનો શ્રીનીલલોહિતજીએ અંગીકાર કર્યો, બ્રહ્માજીને ગુરુ-પિતા જાણીને અવિલંબે આજ્ઞાનું પાલન કર્યું અને સમર્થ શ્રીનીલલોહિતજીએ બલ,આકૃતિ અને સ્વભાવથી પોતાના જ જેવી પ્રજા ઉત્પન્ન કરી. (૧૫) નીલલોહિત રુદ્રે ઉત્પન્ન કરેલી આ, રુદ્ર પ્રજા જગતને ગળવા લાગી. આવાં તો અસંખ્ય રુદ્ર જૂથો જોયાં અને પ્રજાપતિ બ્રહ્માજી શંકા કરવા લાગ્યા કે આ તો સર્વનો અને મારો પોતાનો પણ નાશ કરશે એમ લાગે છે. ૧૬ ઉપર પ્રમાણેની શંકાથી બ્રહ્માજી બોલ્યા કે હે સુરશ્રેષ્ઠ નીલલોહિત ! આ પ્રજા અત્યંત ઉગ્ર ચક્ષુઓથી મારી બધી દિશાઓને બાળી રહેલ છે માટે તમે તો દેવવર્ય છો તેથી આવી ઉગ્ર પ્રજાની રચના ના કરો અને સૃષ્ટિ રચનાથી વિરમી જાઓ. (૧૭) હવે આપ સર્વ પ્રાણીઓને સુખનાં દાન કરે એવું શાન્ત તપ આરંભો. આપનું કલ્યાણ થાઓ, આપ તપોબલથી જ પૂર્વના જેવા આ વિશ્વને રચી શકશો. (૧૮) "તામસકલ્પમાં શ્રી શિવજી દ્વારા સૃષ્ટિ રચાય છે તે સૃષ્ટિ તામસ ગણાતી; પણ લોકનું મંગલ કરે એવી શાન્ત અને સાત્ત્વિક તપથી સૃષ્ટિ રચવાનો આદેશ કરતા શ્રી બ્રહ્માજી કહેવા લાગ્યા કે હે નીલલોહિતજી – ભક્તિભર્યા નિર્ગુણ શાંત તપથી જ પુરુષ સર્વશ્રેષ્ઠ જ્યોતિર્મય અને પ્રાણી માત્રની હૃદયકમલ ગુફામાં બિરાજેલા અધોક્ષજ ભગવાનને અનાયાસે મેળવી શકે. (૧૯)

પૂજ્ય પિતૃચરણની આજ્ઞાનો સ્વીકાર, પ્રદક્ષિણા, પુનઃ તપશ્ચર્યા માટે પ્રસ્થાન

મૈત્રેય મહર્ષિજી કથાપ્રસંગ વર્ણવતા આગળ વધ્યા અને બોલ્યા કે સંતવર વિદુર ! શ્રી બ્રહ્માજીએ જ્યારે આ પ્રમાણે આજ્ઞા કરી ત્યારે શ્રી નીલલોહિત રુદ્રજી બોલ્યા કે ભલે પિતાજી, જેવી આપની આજ્ઞા. એટલું કહી વાગ્પતિ શ્રી બ્રહ્માજીની પરિક્રમા કરી તપશ્ચર્યા માટે વનમાં સીધાવ્યા.(૨૦) આ રીતે ત્રણ પ્રકારની રુદ્રોની સૃષ્ટિ થઈ રુદ્રે જે રુદ્રોગણો ઉત્પન્ન કર્યા તે આધિભૌતિક સૃષ્ટિ થઈ; ગણરુદ્રોને ઉત્પન્ન કર્યા તે આધ્યાત્મિક સૃષ્ટિ થઈ અને સ્વયં શ્રીનીલલોહિતજી આધિદૈવિક છે.

નવ ગુણવાળા નવ ઋષિઓ અને નિર્ગુણ નારદઋષિની સૃષ્ટિ

મૈત્રેય મુનિ કહેવા લાગ્યા કે ભાઈ વિદુર ! પંચપર્વા અવિદ્યાની તામસ સૃષ્ટિ, સનકાદિ કુમારોની રાજસ્ સૃષ્ટિ અને શ્રીનીલલોહિતની સાત્ત્વિક સૃષ્ટિની રચના કરવાથી સંતુષ્ટ ન થયેલા શ્રી બ્રહ્માજીએ ત્યાર બાદ સૃષ્ટિનિર્માણનું ચારે

બાજુથી ધ્યાન કરતાં, ભગવાનના પુત્ર હોવાથી ભગવાનના જેવી શક્તિ ધરાવતા બ્રહ્માજીએ, લોકપંરપરાને ચલાવનારા દશ પુત્રોને પ્રક્ટ કર્યા. બ્રહ્માજીએ સૃષ્ટિ રચતાં ભગવાનનું ધ્યાન કર્યું હતું તેથી ભગવાનની જ શક્તિ દશ પુત્રોના સ્વરૂપમાં પ્રક્ટ થઈ છે. (૨૧) આ દશ પુત્રો થયા. તેમાં (૧) મરીચિ, (૨) અત્રિ, (૩) અંગિરા-ત્રણ સાત્ત્વક પુત્રો, (૪) પુલસ્ત્ય, (૫) પુલહ અને (૬) ક્રતુ-ત્રણ તામસપુત્રો અને (૭) ભૃગુ, (૮) વસિષ્ઠ, (૯) દક્ષ ત્રણ સાત્ત્વિક પુત્રો થયા જ્યારે ભક્તવર શ્રી નારદજી ગુણાતીત પુત્ર થયા. આ મુનિવરોનાં નામ સંકીર્તન કરીએ –

मरीचिरत्र्यङ्गिरसौ पुलस्त्यः पुलहः क्रतुः । भृगुर्वसिष्ठो दक्षश्च दशमस्तत्र नारदः ॥ २२ ॥
उत्सङ्गान्नारदो जज्ञे दक्षोऽङ्गुष्ठात्स्वयंभुवः । प्राणाद्वसिष्ठः सञ्जातो भृगुस्त्वचि करात्क्रतुः ॥ २३ ॥
पुलहो नाभितो जज्ञे पुलस्त्यः कर्णयोर्ऋषिः । अङ्गिरा मुखतोऽक्ष्णोऽत्रिर्मरीचिर्मनसोऽभवत् ॥

(૧) પ્રીતિનું સ્થાન ગણાતા ઉત્સંગમાંથી બ્રહ્માજીએ નારદજીને પ્રક્ટ કર્યા. (૨) શ્રી દક્ષકુમારને અંગૂઠામાંથી પ્રક્ટ પ્રત્યેક ક્રિયાઓ કરનારા હસ્તની હોશિયારી અંગૂઠાને આભારી છે તેથી કાર્યદક્ષ દક્ષ અંગૂઠામાંથી પ્રકટ્યા; (૩) શ્રી વસિષ્ઠ મહારાજ દશ પ્રાણોમાંથી મુખ્ય પ્રાણમાંથી પ્રક્ટયા; તેથી તેમનો વંશ અખંડ રહ્યો (૪) શ્રી ભૃગુ મહર્ષિ, બહારથી રક્ષણ કરવાનું કામ ત્વચા-ચામડી કરે છે માટે ત્વચામાંથી પ્રક્ટયા. શ્રી ભૃગુ મહર્ષિ બહારથી રક્ષણ કરવા સમર્થ છે. (૫) શ્રીક્રતુમુનિ યજ્ઞક્રિયા કરવા માટે નિપુણ બને માટે "કર"માંથી પ્રક્ટ કર્યા. (૬) શ્રી પુલહ મુનિને યોગ ચલાવવા માટે બ્રહ્માજીએ નાભિમાંથી પ્રક્ટ કર્યા. (૭) શ્રી પુલસ્ત્ય મુનિને વેદ પ્રવર્તનના કાર્ય માટે બે કાનમાંથી પ્રક્ટ કર્યા; કારણ કે વેદો કાનથી શ્રવણ કરી ધારણ કરવાના હોય છે; પરંતુ પુસ્તકથી ભણવાના હોતા નથી. (૮) શ્રી અંગિરા મુનિને શાપ તેમજ અનુગ્રહ કરવાના સામર્થ્યવાળા બનાવાના હોવાથી મુખમાંથી પ્રક્ટ કર્યા. (૯) શ્રી અંગિરા મુનિને શાપ તેમજ અનુગ્રહ કરવાના સામર્થ્યવાળા બનાવાના હોવાથી બે નેત્રોમાંથી પ્રક્ટ કર્યા; કારણ કે બ્રહ્માજીનાં બે નેત્રો જ્ઞાન અને યોગના પ્રવર્તક છે. (૧) શ્રી મરીચિ મહારજને બે પ્રકારની સૃષ્ટિ રચવા માટે બે પ્રકારના સ્વભાવવાળા મનમાંથી પ્રક્ટ કર્યા. (૨૩-૨૪) શ્રી નર અને શ્રી નારાયણને પ્રક્ટ કરનારા શ્રી ધર્મ શ્રીબ્રહ્માજીના દક્ષિણ સ્તનમાંથી પ્રક્ટ થયા. ૠષિઓ તો કહે છે શ્રી નારાયણ પોતે જ ધર્મસ્વરૂપે પ્રક્ટ થયા હતા. લોકને ભય પેદા કરનાર જે મૃત્યુ મનાય છે તે મૃત્યુને દેનાર અધર્મ બ્રહ્માજીની પૂઠમાં-પીઠમાંથી પ્રક્ટ થયો. (૨૫) શ્રી બ્રહ્માજીના હૃદયમાંથી એટલે મનમાંથી કામ ઉત્પન્ન થયો, ભ્રૂકુટિમાંથી ક્રોધ પેદા થયો, નીચેના ઓઠમાંથી લોભની ઉત્પત્તિ થઈ, મુખમાંથી વાણી પ્રક્ટ થઈ, લિંગ, ઈન્દ્રિયમાંથી સાગરો ઉત્પન્ન થયા, અસ્થિર અને આશ્રયરહિત પાયુ, ગુદા ઈન્દ્રિયમાંથી વિનાશ ઉત્પન્ન થયો. (૨૬) ભગવાનની સેવામાં ઉપયોગી નીવડે એવી દિવ્ય સૃષ્ટિની રચના માટે નામમાત્ર જ જેમાં રજોગુણ હોય છે એવી શ્રી બ્રહ્માજીની છાયામાંથી મહર્ષિ કર્દમ પ્રક્ટ થયા તેમ જ વિશ્વસ્ત્રષ્ટા બ્રહ્માજીના મનમાંથી અને શ્રી અંગમાંથી આ અખિલ વિશ્વ ઉત્પન્ન થયું. (૨૭)

શ્રી સરસ્વતી ઉપાખ્યાન

वाचं दुहितरं तन्वीं स्वयंमूर्हरतीं मनः । अकामां चकमे क्षत्तः सकाम इति नः श्रुतम् ॥ २८ ॥

શ્રી મૈત્રેય મહર્ષિ કહેવા લાગ્યા કે હે જિતેન્દ્રિય શ્રી વિદુરજી ! એકવાર યજ્ઞાત્મક બ્રહ્માજીની લૌકિક રસવાળી અને સકામ વાણી તેમ જ કોમલ અંગોવાળી પુત્રી જેવી સાહિત્ય રસપ્રચુર વાણીને રચવાની કામના થઈ એમ અમે સાંભળ્યું છે. હે વિદુરજી ! જ્યારે પિતાજીની આવી ઈચ્છા છે એમ જાણ્યું ત્યારે વિવેકશીલ મરીચિ વગેરે પુત્રોને અધર્મ મતિ છે એમ લાગ્યું કે આ ઈચ્છા ભગવાનને નહીં રૂચે એમ માની કહેવા લાગ્યા કે હે પિતાજી આપ તો સમર્થ છો ઘણા લૌકિક વાણીના રચનારા છો. આપ આ પ્રકારની કામ લાલસાને ત્યજી દો. આપના પૂર્વે કોઈએ આવું નથી કર્યું; તો આપ એ માર્ગે જશો મા. હે પિતાજી આપ તો જગદ્‌ગુરુ છો. જેમના આચરણને સર્વ સમાજ અનુસરે છે અને કલ્યાણ મેળવવા યોગ્ય બને છે, તેવા તેજસ્વી પુરુષોને પણ આ પ્રશંસનીય ગણાય નહીં. આ પ્રમાણે નિવેદન કરીને ભગવાન શ્રીકૃષ્ણને

વિનયપૂર્વક પ્રાર્થના કરવા લાગ્યા કે જે ભગવાને પોતામાં રહેલા આ વિશ્વને પ્રક્ટ કર્યું છે તે ભગવાનને અમારા નમસ્કાર હો તેમજ તે ભગ઼વાન ધર્મનું રક્ષણ કરો. (૨૮-૩૨)

માત્ર પુરાણની આ કથા નથી, આ તો શ્રુતિની કથા છે. કાવ્યમય ભાષામાં લખાઈ છે એની મૂળ કાવ્યમય ભાષામાં એમ લખ્યું કે એક વાર બ્રહ્માજી કામનાવાળા થઈ મનનું હરણ કરનારી કોમલાંગી તેમજ કામનારહિત વાણી-સરસ્વતી નામની પુત્રીની કામના કરી આવી સમાધિભાષાની કથા છે સામાન્યજન ના સમજી શક્યા અને બોલવા-લખવા લાગ્યા કે બ્રહ્માજી સરસ્વતી પુત્રીમાં કામભાવવાળા થયા. પરંતુ આ તો વેદનો વિષય છે, તેથી આ વેદવાણીને નિરુક્તકાર શ્રી યાસ્ક મુનિ તેમજ વાક્પતિ શ્રી વલ્લભાચાર્ય મહા પ્રભુજી આ વિષયને સ્પષ્ટ કરી રહ્યા છે. શ્રી બ્રહ્માજીએ ભગવાનની આજ્ઞાથી સૃષ્ટિ રચના શરૂ કરી ત્યારે અવિદ્યાની પ્રથમ રચના કરી; તેથી અભિમાન કારણાવસ્થામાં તદ્દન અલ્પ હોય છે, કાર્યાવસ્થામાં તે વિપુલ હોય છે, આ અવિદ્યાની રચના કર્યા પછી બ્રહ્માજીએ મરીચિ, અત્રિ, અંગિરા આદિ ઋષિઓની સૃષ્ટિ કરી, તેઓ પુરુષરૂપ હતા. ઋષિઓની સાથે વેદવાણીની આવશ્યકતા હોય છે; તેથી વાણી-સરસ્વતીની રચના કરી તે આધિદૈવિક દેવતા સ્વરૂપ હોઈ શ્રી સ્વરૂપ હતી. આ વાણી બે પ્રકારની હોય છે; એક અલૌકિક ભગવદર્થ કામનાવાળી સરસ્વતી છે, જે સરસ્વતીમાં ભગવાનનું નિરૂપણ, ભગવદ્ યશોગાન અને ભગવત્સ્વરૂપગાન હોય છે, આ વાણીને કહેવામાં "अकामा" આવે છે. હવે બીજી વાણી લૌકિક વાણી છે, જે વાણી કર્મનું-કર્મના ફલનું-સ્વર્ગાદિલોકોનું પ્રતિપાદન કરનારી હોય છે. આ વાણી પણ બે પ્રકારની છે : એક યજ્ઞોનું વિધાન કરનારી વાણી છે જેમાં દેવતા, યજ્ઞવિધિ, હુતદ્રવ્ય-સામગ્રી વગેરેનું વર્ણન હોય છે. બીજી વાણી સાહિત્યકારોની હોય છે જેમાં કાવ્યરચનાઓ થાય છે. આ કાવ્યરચનાઓ પણ ગદ્યપદ્યાત્મક હોય છે. કવિ કાલિદાસાદિઓની પદ્યાત્મક રઘુવંશ, શિશુપાલવધ, કિરાતાર્જુનીય વગેરે પદ્યાત્મક હોય છે અને બાણ કવિની કાદમ્બરી જેવી ગદ્ય રચનાવાળી વાણી હોય છે, બ્રહ્માજી આ પ્રકારની "ગદ્યાત્મક, આલંકારિક, શૃંગારાદિ રસપ્રધાન ગદ્ય રચના કરવાની કામનાવાળા થયા, ત્યારે ઋષિમુનિઓએ એટલે તેમના મરીચિ વગેરે પુત્રોએ કહ્યું કે પિતાજી આવી રચના કરનારા તો લાખો છે માટે આપ, એ કામનાને ત્યજો કારણ કે તે બકરી અને ઘેટી જેવી છે. તેને બદલે વેદ વાણીને વર્ણવો, એ વાણીની સૃષ્ટિ કરો. આ વાત બ્રહ્માજીએ સ્વીકારી, પૂર્વનો દેહ ત્યજી, દિવ્ય દ્વિતીય દેહ લઈ વેદોની રચના આરંભી. આ પ્રસંગ હવે ૩૪મા શ્લોકથી વેદ શરૂ થાય છે. દિશાઓ કાનની અધિષ્ઠાત્રી દેવતાઓ છે, તેઓ જગતને બોધ આપે માટે બ્રહ્માજી પોતાના તે "નીહીર" દેહનાં દિશાઓને દાન કરે છે તે કથા હવે કહે છે.

બ્રહ્માજીનું સૌજન્ય

મુનિવર મૈત્રેયે કહ્યું કે વિદુરજી ! બ્રહ્માજીએ જ્યારે મરીચિ વગેરે મહર્ષિઓની અભિલાષા જાણી, તેમજ ભગવચ્ચરણોની સ્તુતિ કરતા સાંભળ્યા ત્યારે સહજ સંકોચવશ બની પોતાના તે સકામ દેહનો ત્યાગ કરી દીધો. પ્રજાપતિના પતિ બ્રહ્માજીના આ ઘોર દેહને દિશાઓએ ગ્રહણ કર્યો. આ દેહને ધુમ્મસ, નીહાર, ઝાકળ, તમ આવા શબ્દોથી લોકો જાણે છે. (૩૩)

વેદોનો આવિર્ભાવ

બ્રહ્માજી કોઈ એક વાર ધ્યાન કરવા લાગ્યા કે પૂર્વની માફક સુવ્યવસ્થિત રીતે લોકોને કેવી રીતે રચીશ ? ત્યારે તેઓશ્રીના ચાર મુખોમાંથી ચાર વેદો પ્રક્ટ થયા. આ ચાર વેદો પ્રત્યેક કલ્પોમાં પ્રક્ટ થતા નથી પરંતુ ભગવદિચ્છા થાય ત્યારે, તે કલ્પમાં બ્રહ્માજીના મુખમાંથી વેદો પ્રક્ટ થાય છે. (૩૪) વેદોના પ્રાક્ટય પછીથી બ્રહ્માજીના મુખમાંથી બ્રહ્મા, હોતા, અધ્વર્યુ, ઉદ્ગાતા નામના ચાર હોતાઓ મળીને કરવામાં આવતું ચાતુર્હોત્ર નામનું કર્મતન્ત્ર, ઉપવેદો, નીતિશાસ્ત્ર, તપ, શૌચ, દયા, સત્ય નામના ધર્મનાં ચાર પાદો, તેમ જ ચાર આશ્રમો અને આશ્રમોની ચાર વૃત્તિઓ પ્રક્ટ થઈ. (૩૫)

વિદુરજીની જિજ્ઞાસા

શ્રી વિદુરજીએ પ્રશ્ન પૂછ્યો કે મહારાજ ! હે તપસ્વી મુનિવર ! આપે કહ્યું કે વિશ્વસ્રષ્ટા સમર્થ બ્રહ્માજીએ વેદ, ઉપવેદ વગેરેને ચાર મુખોમાંથી પ્રકટ કર્યા તો આ વિષયમાં પ્રશ્ન છે કે મહારાજ સમર્થ તે દેવો જેને જેને જે જે મુખમાંથી ઉત્પન્ન કર્યા તે તે સર્વ માહિતી કૃપા કરી મને આપો. (૩૬)

મુનિવર મૈત્રેય બોલ્યા કે વિદુરજી ! શ્રી બ્રહ્માજીએ પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર એ પ્રમાણેના ક્રમ પ્રમાણે, ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદને, તેમજ શસ્ત્ર; ઇજ્યા એટલે યજ્ઞ; સ્તુતિસ્તોમ અને પ્રાયશ્ચિત શાસ્ત્ર રચ્યાં. શાસ્ત્ર રચનાનું કાર્ય ઋગ્વેદનું છે તે હોતા કરે છે. ઈજ્યા એટલે યજનકાર્ય ભેટસામગ્રી આપવાનું કાર્ય યજુર્વેદનું છે તે કાર્ય અધ્વર્યુ કરે છે. દેવતાઓની સ્તુતિનું કામ સામવેદનું છે તે કાર્ય ઉદ્‌ગાતા કરે, આ સ્તુતિમાં એક સ્તુતિમંત્ર બીજા સ્તોત્રમંત્ર નામના મંત્રો હોય છે, જ્યારે યજ્ઞક્રિયા ચાલતી હોય અને સ્તુતિવિશેષ થાય તે મંત્રોને “સ્તોત્રમંત્રો” કહેવાય છે અને અન્ય સમયે કરવામાં આવતી સ્તુતિના મંત્રોને “સ્તુતિ મંત્રો” કહેવામાં આવે છે. પ્રાયશ્ચિત આથર્વણકર્મ હોવાથી આશ્વલાયનના મત પ્રમાણે તે કર્મ બ્રહ્માજીને કરવાનું હોય છે. (૩૭) પુનઃ બ્રહ્માજીએ ક્રમાનુસાર પૂર્વાદિ ચાર મુખોમાંથી આયુર્વેદ, ધનુર્વેદ, ગાન્ધર્વવેદ, સ્થાપત્ય કલાનો વેદ આવા ચાર ઉપવેદોને પ્રકટ કર્યા. (૩૮) બ્રહ્માજીએ ચારે વર્ણો અને ચારે આશ્રમોના જનો માટે તેમ જ સર્વજનોને ઉપયોગમાં આવનાર એવા પંચમવેદસ્વરૂપ મનાતા ઈતિહાસો અને પુરાણોની પોતાના ચારે મુખોમાંથી રચના કરી. (૩૯)

યજ્ઞોની ઉત્પત્તિ

ષોડશી અને ઉક્થ નામના બે યજ્ઞો સર્વોપયોગી યજ્ઞો છે. આ બંન્ને યજ્ઞો બ્રહ્માજીના પૂર્વ મુખમાંથી પ્રકટ થયા. યજ્ઞના ક્રમ પ્રમાણે “અગ્નિષ્ટોમ” પ્રથમ આવે; પરંતુ ઉપયોગિતાના ક્રમ પ્રમાણે અહીં વ્યાસજીએ ક્રમ આપ્યો છે. પુરીષી અને અગ્નિષ્ટુત નામના બે યજ્ઞો દક્ષિણ મુખમાંથી પ્રકટ કર્યા. “पुरीषमस्यास्तीति” આવી વ્યુત્પત્તિ “પુરીષી” શબ્દની થાય છે. વેદ પ્રમાણે પુરીષનો અર્થ “જલ” થાય છે. આપ્તોર્યામ અને અતિરાત્ર આ બન્ને યજ્ઞોને પશ્ચિમ મુખમાંથી પ્રકટ કર્યા. આપ્તોર્યામ યજ્ઞ અતિરાત્ર યજ્ઞનો જ એક પ્રકાર છે. “વાજપેય અને ગોસવ” નામના બન્ને યજ્ઞોને ઉત્તર મુખમાંથી પ્રકટ કર્યા. વાજપેય પુષ્કળ ફળ આપનારો યજ્ઞ છે અને ગાયોના ઉત્કર્ષ માટે કરવામાં આવતો ગોસવ યજ્ઞ છે. (૪૦)

ધર્મનાં ચાર ચરણો : એટલે જ્ઞાનની ઉત્પત્તિ બ્રહ્માજીએ પૂર્વ મુખમાંથી કરી, દાન એટલે સુવર્ણના બનાવેલ તુલાપુરુષની દક્ષિણ મુખમાંથી ઉત્પત્તિ કરી, દેહને શુદ્ધ કરનારી તપશ્ચર્યાની ઉત્પત્તિ પશ્ચિમ મુખમાંથી કરી; એટલે સત્ય ભાષણની ઉત્તર મુખમાંથી ઉત્પત્તિ કરી. આ ક્રમ પ્રમાણે ચાર મુખોમાંથી ચાર આશ્રમો અને ચાર વૃત્તિઓની ઉત્પત્તિ કરી. (૪૧)

ચાર આશ્રમોની ચાર આજીવિકાઓ

બ્રહ્મચારીની સાવિત્ર, પ્રાજાપત્ય, બ્રાહ્મ અને બૃહત નામની ચાર આજીવિકાઓ બ્રહ્માજીએ બનાવી છે. યજ્ઞોપવીત ધારણ કર્યા પછી ત્રણ રાત્રી પર્યન્ત ગાયત્રીનું જ્ઞાન મેળવવાના વ્રતને सावित्रीव्रत् કહેવામાં આવેલ છે, તેમ જ યજ્ઞોપવીત ધારણ કર્યા પછી બાર વર્ષ પર્યન્ત ગુરુકુલમાં વિદ્યાભ્યાસ માટે વસવું એને સાવિત્ર વ્રત કહેવાય છે. એક વર્ષ પર્યન્ત વેદનું વ્રત રાખવું એને પ્રાજાપત્ય વ્રત કહ્યું છે. લગ્ન પર્યન્ત અને અધ્યયન પર્યન્ત બ્રહ્મચર્ય પાલનને બ્રાહ્મવ્રત કહ્યું છે અને આજીવન નૈષ્ઠિક બ્રહ્મચારી રહેવાને “બૃહત’ વ્રત ગણ્યું છે.

વાર્તા, સંચય, શાલીન, શિલોંચ્છ એ ગૃહસ્થની ચાર વૃત્તિઓ છે. કૃષિ, વ્યાપાર, ગોપાલન, ધીરધાર : આ ચાર પ્રકારની વૃત્તિને “વાર્તા” વૃત્તિ કહી છે. અધ્યયનાદિ દ્વારા જીવનનિર્વાહ કરવાની વૃત્તિને ‘સંચયવૃત્તિ’ કહી છે. યદૃચ્છાલાભ સંતોષથી જીવવાની વૃત્તિને તેમ જ અયાચક વૃત્તિને ‘શાલીનવૃત્તિ’ કહી છે. ખેતરમાં પકવેલા ધાન્યને ખળામાં ઘાસથી છૂટા પાડવામાં આવે છે ત્યારબાદ ખેડૂત.ખળામાંથી દાણા ઘરે લાવે છે. આ વખતે જે ઘણા દાણા ખળામાં વેરાયા હોય અને જમીનમાં રહ્યા હોય તે દાણા ઘરે લાવી આજીવિકા ચલાવવી, તેમ જ દાણાપીઠમાં વેરાયેલા દાણાઓને વીણી લાવી

આજીવિકા ચલાવવી એને "શિલ વૃત્તિ" કહી છે, ખાંડણીમાં ખાંડતાં જે દાણા વેરાય તેને વીણી લાવવાની વૃત્તિને "ઉંછ" વૃત્તિ કહી છે. (૪૨)

વાનપ્રસ્થના ચાર પ્રકાર છે, તેમાં વેખાનસ, વાલખિલ્ય, ઔદુંબર, ફેનપ નામની ચાર વૃત્તિઓ દર્શાવી છે. બ્રહ્માજીનું નામ "વિખના" છે. વિખના એટલે બ્રહ્માજીએ બનાવેલા શાસ્ત્રનું નામ – વૈખાનસ સૂત્ર છે. આ સૂત્રમાં બતાવેલા નિયમો પ્રમાણે આજીવિકા ચલાવે તે વૈખાનસવૃત્તિવાળા વાનપ્રસ્થ કહેવાય છે, પંચાગ્નિની ઉપાસના કરનાર, સૂર્યે પકવેલ અન્નનું ભોજન કરનાર, વનમાં ઊગેલા ધાન્યથી જીવનનિર્વાહ કરનાર વાલખિલ્ય કહેવાય. ફલાહારથી જીવે પંચકેશ રાખે, નખરોમ નછેદે એને ઔદુમ્બર કહેવાય. જલ અને વાયુનો આહાર કરનાર "ફેનપ" વાનપ્રસ્થી કહેવાય. (૪૩)

સન્યાસ આશ્રમીઓ કુટીચક, બહ્વોદ, હંસ, નિષ્ક્રિય આ પ્રકારની વૃત્તિઓથી જીવન વ્યવહાર ચલાવતા હોય છે. તેમાં જે પુત્રોએ બાંધી આપેલી પુર્ણકુટીમાં રહે, પુત્રોનું જ અન્ન ભોજનમાં લે અને આત્મચિંતનમાં સમય ગાળે તે કુટીચક સન્યાસી કહેવાય. પુષ્કળ જલોવાળાં તીર્થોમાં રહી ભિક્ષાટન કરી આત્મચિંતન કરનાર "બહ્વોદ" સન્યાસી મનાય. "હંસ" નામના વિરક્તો નિત્ય પર્યટન કરે, એક રાત્રીથી અધિક ક્યાંય ના રહે અને મન, વાણી, ક્રિયાના સંયમના ત્રણ દંડોને ધારણ કરનાર ત્રિદંડી સન્યાસી કહેવાય. નિષ્ક્રિય નામના વિરક્ત શ્રી યોગીરાજ ભરતજીના જેવા જીવન વ્યવહારથી જીવતા હોય છે તેઓને નિષ્ક્રિય પરમહંસો માન્યા છે. (૪૩)

બ્રહ્માજીના પૂર્વ મુખમાંથી આન્વીક્ષિકી નામની વિદ્યા પ્રક્ટ થઈ. આ વિદ્યાનું નામ આત્મવિદ્યા પણ છે તેમ જ પરમહંસો અને વિપ્રોને વ્યવહારમાં વર્તવાની નીતિનું નામ પણ આન્વીક્ષિકી નીતિ છે. "ત્રયી" જેમ વેદોની જ સંજ્ઞા છે તેવી જ રીતે "ત્રયીનીતિ" પણ છે, તે બ્રહ્માજીના દક્ષિણ મુખમાંથી પ્રક્ટી. બ્રહ્માજીના ચારે મુખમાંથી "વાર્તા, નામની, નીતિ" પ્રકટી. વાર્તાનો અર્થ થાય છે ચારે વર્ણની આજીવિકા. વર્ણો ચાર છે માટે તે ચાર મુખમાંથી પ્રક્ટ થઈ. ભૂર્ ભુવઃ સ્વઃ નામની ત્રણ વ્યાહૃતિ ત્રણ મુખમાંથી ક્રમે પ્રક્ટી અને ત્રણે વ્યાહૃતિઓનો સમુદાય ચતુર્થ મુખમાંથી પ્રક્ટ થયો. પ્રણવ જેની સંજ્ઞા છે તે ૐકાર બ્રહ્માજીના હૃદયમાંથી પ્રક્ટ થયો. (૪૪)

છંદોનું પ્રાકટ્ય

૨૧ અક્ષરનો ત્રણ ચરણવાળો ઉષ્ણિક્ છંદ વિશ્વસ્ત્રષ્ટા સમર્થ બ્રહ્માજીની રોમાવલીમાંથી પ્રક્ટ થયો. ૨૪ અક્ષર ત્રણ પાદવાળો ગાયત્રી છંદ બ્રહ્માજીની ત્વચામાંથી પ્રક્ટ થયો. ૪૪ અક્ષરનો ચાર ચરણનો ત્રિષ્ટુપ છંદ બ્રહ્માજીના માંસમાંથી પ્રક્ટ થયો. ૩૨ અક્ષરનો અને ચાર પદોવાળો અનુષ્ટુપ છંદ બ્રહ્માજીના સ્નાયુમાંથી પ્રક્ટ થયો. અડતાલીસ અક્ષરનો જગતી નામનો છંદ બ્રહ્માજીના અસ્થિઓમાંથી પ્રક્ટ થયો. શરીરમાં અસ્થિઓ અધિક હોય છે તેથી આ છંદના અક્ષરો અધિક છે. ચાલીસ અક્ષરનો પંક્તિ નામનો છંદ બ્રહ્માજીની મજ્જામાંથી પ્રક્ટ થયો. છત્રીસ અક્ષરનો બૃહતી નામનો છંદ પ્રાણમાંથી પ્રક્ટ થયો. શ્રુતિમાં બૃહતી છંદનું માહાત્મ્ય અધિક માન્યું છે. આ છંદ બધા છંદો કરતાં વધુ પ્રભાવશાળી છે. (૪૫)

સ્વર-વ્યંજનોની ઉત્પત્તિ

શબ્દ બ્રહ્મનો સ્પર્શ-એટલે સ્પર્શવ્યંજનો ક્ થી મ્ સુધીના ૨૫ અક્ષરો કે વર્ણો (તેનો) જીવ થયા. અ થી અઃ વિસર્ગ સુધીના સોળ સ્વરો તે શબ્દબ્રહ્મનું શરીર બન્યા. ય્-ર્-લ્-વ્ નામના અન્તસ્થ અક્ષરો કે અર્ધસ્વરો તે શબ્દબ્રહ્મના બલ તરીકે માન્યા અને શ્-ષ્-સ્-હ્ નામના ચાર ઉષ્માક્ષરો તે શબ્દબ્રહ્મની ઈન્દ્રિયો બની. ષડ્જ, ઋષભ, ગાંધાર, મધ્યમ, પંચમ, ધૈવત, નિષાદ નામના સાત સ્વરો શબ્દ બ્રહ્મની ગતિ સ્વરૂપ વિહારસ્વરૂપ બન્યા. શ્રી મૈત્રેય મહર્ષિ કહેવા લાગ્યા કે શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મ બન્ને એક જ છે. (૪૬-૪૭) જેનું સ્વરૂપ સ્પષ્ટ અને અસ્પષ્ટ દેખાય છે એવા તે શબ્દબ્રહ્મનું અનેક પ્રકારની શક્તિઓથી વૃદ્ધિ પામતું આ વિસ્તારવાળું જ જગતરૂપ કાર્ય, બ્રહ્મ દેખાય છે. (૪૮)

મૈત્રેય મુનિ કહેવા લાગ્યા કે હે વિદુરજી ! શબ્દાબ્રહ્માત્મક જગત રચ્યા પછી બ્રહ્માજીએ વિચાર્યું કે આ મારા ઉત્પન્ન કરેલા મરીચિ વગેરે ઋષિઓ મારા જેટલી શક્તિવાળા ન જ હોય; તેથી તેઓ કેમે કરીને સૃષ્ટિ રચી શકશે નહીં, આવા નિર્ણય ઉપર આવીને બીજી કાયાનો સ્વીકાર કર્યો. હે કૌરવ ! હે વિદુરજી ! આ દિશામાં બ્રહ્માજીએ ઊંડું ચિંતન કર્યું, વળી મનમાં વિમાસણમાં મુકાયા અને મનમાં ને મનમાં જ બોલ્યા કે આ કેવી વિચિત્ર સમસ્યા છે કે હું સદા સૃષ્ટિનો વિસ્તાર કરવા પ્રયત્નશીલ છું તો પણ વાસ્તવિક રીતે સૃષ્ટિનો વિસ્તાર થતો જ નથી. આ વસ્તુ જોતાં લાગે છે કે આ દિશામાં દૈવ જ આડે આવે છે. મારે આ પ્રકારના બાધક દૈવના પ્રતિબંધને નિવારવા શ્રીહરિનું જ શરણ સ્વીકારવું જોઈએ. આવા નિશ્ચય ઉપર આવી જ્યારે તે ભગવાનનું ધ્યાન કરતા પ્રતીક્ષા કરવા લાગ્યા ત્યારે બ્રહ્માજીના સ્વરૂપના બે વિભાગ થયા. તે વિભાગોને લોકોએ "કાયા" કહી. (૪૯-૫૨) બ્રહ્માજીના તે દેહના બે વિભાગોમાંથી એક યુગલ બન્યું. તેમાં જે પુરુષાકૃતિ હતા તે ચક્રવર્તી સ્વાયંભુવ મનુ બન્યા અને જે સ્ત્રી આકૃતિ હતી તે "શતરૂપા" નામના પટ્ટરાણી થયાં. (૫૩)

માનવસૃષ્ટિનાં મૂલબીજ

મનુને સમ્રાટ કહેવામાં આવ્યા કારણ કે તેઓ સ્વયં પ્રકટ્યા હોવાથી સમ્રાટ સ્વાયંભુવના નામથી ઓળખાયા અને અનેક સ્વરૂપો લેવાની શક્તિ ધરાવતાં હોવાથી "શતરૂપા" કહેવાયાં. પુનઃ સ્વાયંભુવ અને શતરૂપા દમ્પતી બન્યાં અને તે બન્નેએ દામ્પત્ય ધર્મથી સૃષ્ટિ વધારવા માંડી. મહારાજ સ્વાયંભુવજીએ શ્રીશતરૂપા રાણીમાં પાંચ સંતાનોને જન્મ આપ્યો. હે ભારત ! હે શ્રેષ્ઠ પુરુષ ! આ પાંચ સંતાનોમાં પ્રિયવર્ત અને ઉત્તાનપાદ નામના બે પુત્રો થયા અને આકૂતિ, દેવહૂતિ, પ્રસૂતિ નામની ત્રણ કન્યાઓ થઈ. (૫૪-૫૫) શ્રી મનુ મહારાજે આકૂતિ નામની કન્યા રુચિ નામના ઋષિને આપ્યાં, મધ્યમ પુત્રી સ્રી દેવહૂતિજી શ્રી કર્દમ મુનિને આપ્યાં અને શ્રી પ્રસૂતિકુમારીને દક્ષ પ્રજાપતિને દીધાં. આ ત્રણ કન્યાઓથી આ સૃષ્ટિનો આખો વિસ્તાર થયો અને બ્રહ્માંડ આખું ભરાઈ ગયું. (૫૬)

आकूतिं रुचये प्रादात्कर्दमाय तु मध्यमाम् । दक्षायादात्प्रसूतिं च यत आपूरितं जगत् ॥ ५६ ॥

શ્રીમદભાગવત પીયૂષના તૃતીય સ્કંધ સનકાંદિની ઉત્પત્તિ વર્ણવતો અધ્યાય ૧૨ મો સમાપ્ત.

અધ્યાય ૧૩મો

[આ તેરમા અધ્યાયમાં ૫૧ શ્લોકો છે. આ તેરમા અધ્યાયમાં શ્રી વરાહ ભગવાનના પ્રાક્ટયનું વર્ણન આવશે. શ્રી વરાહ ભગવાન સર્વ વેદોના અર્થસ્વરૂપ છે, તેમ જ વૈદિક સૃષ્ટિના કારણ છે. વૈદિક સૃષ્ટિના નિર્માણ માટે જ ભગવાન સ્વયં વરાહ બન્યા છે. વરાહ ભગવાન યજ્ઞો માટે પ્રક્ટ થયા. યજ્ઞો માટે ભૂમિ આવશ્યક છે. વેદોમાં ભૂમિનું નામ "દેવયજન" આપ્યું છે. ભૂમિ જેટલા દર્ભો પણ યજ્ઞક્રિયા માટે આવશ્યક છે. તે દર્ભો શ્રી વરાહ ભગવાનની રોમાવલીમાંથી થયા અને યજ્ઞનાં પાત્રો પણ શ્રી વરાહજીનાં અવયવોમાંથી થયાં. આ પ્રકારે શ્રી વરાહજી સર્વના ઉપયોગી છે. સૃષ્ટિની ઉત્પત્તિ વિશે એક વાત અવશ્ય યાદ રાખવી કે પ્રત્યેક કલ્પમાં આખા જગતની ઉત્પત્તિ નથી. મુખ્ય કલ્પના આરંભમાં આખા જગતની ઉત્પત્તિ થાય છે. પેટા કલ્પોમાં તો નાશ પામેલા લોકોની ઉત્પત્તિ થાય છે. આ પ્રમાણે કલ્પોની સમજ નહીં આવે તો પુરાણોની બાબતમાં સંદેહો થશે. "દાખલા તરીકે આ ૧૩મા અધ્યાયમાં હિરણ્યાક્ષના યુદ્ધની કથા છે. હિરણ્યાક્ષ મનુ રાજાની પુત્રીના વંશમાં ઉત્પન્ન થયેલ છે. મનુ રાજાને સંતાન ઉત્પન્ન થયાં નથી, તો હિરણ્યાક્ષનું અસ્તિત્વ જ નથી. સંતાન ઉત્પત્તિની આજ્ઞા તો બ્રહ્માજી મનુ રાજાને આ અધ્યાયમાં કરશે." આવા સંદેહો ના થાય માટે સૃષ્ટિની બાબતમાં સમજવું પડે છે. મનુ રાજાની ઉત્પત્તિ પ્રથમ કલ્પમાં થઈ છે. આ કલ્પમાં મનુ રાજાને પાંચ સંતાનો થયાં છે. બ્રહ્માજીની રાત્રી થઈ ત્યારે કાંઈ બધા લોકોનો નાશ થયો નથી; તેથી સત્યલોક હતો જ. તેમાં બ્રહ્માજી પોઢ્યા છે અને મનુ રાજા પણ ત્યાં જ રહ્યા છે. સૃષ્ટિ રચવાની જે વાત થઈ છે તે બીજા કલ્પમાં થઈ છે તેમાં બ્રહ્માજીએ પોતાના જેવા જ સંતાનોને રચનાની વાત કહી છે. પાદ્મ કલ્પના પ્રલય સમયે સર્વનાશ થયેલો. પછી આદિવરાહકલ્પનો પ્રારંભ થયો ત્યારે પાતાળ-રસાતલ અને સત્યલોકનું નિર્માણ કમલના સારવાળા ભાગમાંથી કર્યું. બાકીના કમળના ભાગમાં જે મૃત્તિકા રહી તે બ્રહ્માજીએ યજ્ઞની ભૂમિને માટે રાખી મૂકી. બ્રહ્માજીએ પોતે સત્યલોકમાં રહી સ્વર્ગાદિલોકોની રચના કરી અને વિદ્યાથી આરંભી મનુ રાજા સુધીની સૃષ્ટિ રચી નિદ્રાવશ બન્યા ત્યારે મનુ કશ્યપ વગેરેની સ્થિતિ સત્યલોકમાં હતી અને દિતિ વગેરેની સ્થિતિ રસાતલમાં હતી બીજા લોકોનો નાશ થયેલો. જ્યારે આદિવરાહકલ્પના પ્રથમ દિવસની રાત્રી પૂર્ણ થઈ અને વરાહકલ્પનો પ્રાતઃકાલ થયો ત્યારે બ્રહ્માજીને પૃથ્વી ડૂબી છે તેનો ખ્યાલ ન હતો. એ તો જાણે છે કે પૃથ્વી છે જ એમ સમજીને મનુ રાજાને પ્રજા રચવાની આજ્ઞા કરી ત્યારે નિવાસ માટે પૃથ્વીની યાચના કરી. બ્રહ્માજીને પૃથ્વી ડૂબેલી જાણી ચિંતા થઈ અને ભગવાન ચિંતા નિવારવા માટે વરાહસ્વરૂપે પ્રક્ટ થયા.]

श्री शुक उवाच–निशम्य वाचं वदतो मुनेः पुण्यतमां नृप । भूयः पप्रच्छ कौरव्यो वासुदेवकथादृतः ॥१॥

શ્રી શુકાચાર્ય મુનિ બોલ્યા કે રાજન્ ! શ્રી મૈત્રેય મુનિ જ્યારે રસમયી હરિકથાનું પાન કરાવી રહ્યા હતા ત્યારે મુનિવરના મુખારવિંદમાંથી ઝરતી પવિત્ર વાણીનું શ્રવણ કરી શ્રીકૃષ્ણકથામાં અતિ આદરવાળા થયેલ કુરુ કુલભૂષણ વિદુરજી પુનઃ પૂછવા લાગ્યા. (૧)

ત્રણ શ્લોકમાં વિદુરજીનો પ્રશ્ન

શ્રી વિદુરજીએ પૃચ્છા કરી કે હે મુનિવર મૈત્રેયજી ! આપે કથા કહી કે સ્વયંભૂ કુમાર સમ્રાટ ચક્રવર્તી સ્વાયંભુવ મનુએ શ્રી શતરૂપા નામનાં હૃદયંગમ દેવી સાથે દામ્પત્ય ધર્મ સ્વીકાર્યો તો મહારાજ ! પછી સમ્રાટે ખરેખર શું કર્યું તે કહેશો ! (૨) હે શ્રેષ્ઠતર પુરુષ મૈત્રેયજી ! મારા હૃદયમાં શ્રદ્ધા છે. શ્રવણની લાલસા છે તો, આદિરાજ રાજર્ષિ મનુ મહારાજની ગુણગાથા આપ ગાશો ! ખરેખર આ આદિરાજ મનુ વિષ્વક્સેન શ્રીકૃષ્ણ ભગવાનના અનન્યાશ્રિત ભક્ત છે. મહારાજ હું તો માનું છું કે –

श्रुतस्य पुंसां सुचिरश्रमस्य नन्वञ्जसा सूरिभिरीडितोर्थः । तत् तद्गुणानुश्रवणं मुकुन्द पादारविन्दं हृदयेषु येषाम् ॥४॥

"સુજ્ઞો કહે શાસ્ત્ર, મુકુન્દ વાર્તા-સુધા સુણ્યાનું ફળ એક ભદ્ર, સુણો સદા સંત ચરિત્ર જેના ઉરે વસ્યાં કૃષ્ણ પદારવિન્દ"

સંતોનું કહેવું છે કે મનુષ્યે જીવનપર્યન્ત પુષ્કળ વસ્તુઓનું પરિશ્રમપૂર્વક શ્રવણ કર્યું પરંતુ એનો કોઈ પણ લાભ દેખાતો નથી, માટે સંત કવિવરોનું કથન છે કે આજ સુધીના શ્રવણ થઈ થયેલા થાકને ઉતારવા માટે તો જેઓના હૃદયકમલમાં મુકુન્દ ભગવાનનું ચરણકમળ બિરાજતું હોય તેમને તો શ્રીકૃષ્ણ ભગવાનના ગુણ સુધાનાં જ પાન કરવાં જોઈએ. (૪)

श्री शुक उवाच : इति ब्रुवाणं विदुरं विनीतं सहस्त्रशीर्ष्णश्चरणोपधानम् ॥ प्रहृष्टरोमा भगवत्कथायां प्रणीयमानो मुनिरभ्यचष्ट ॥ ५ ॥

સહસ્ત્રશીર્ષા પ્રભુપાદ પીઠ-વિનીત એવા વિદુરે પૂછેલા રોમાંચવાળા ભગવત્ કથામાં તણાઈ જવાતા મુનિરાજ બોલ્યા. શ્રી શુકાચાર્યજી વચનસુધા વર્ષાવવા લાગ્યા કે રાજન્ ! શ્રી વિદુરજીનો ઉત્સંગ અને હૃદય તો સહસ્ત્ર મસ્તક ભગવાન શ્રીકૃષ્ણના ચરણકમલોને પધરાવવાની પાદપીઠ છે. તેઓશ્રીએ નિષ્ઠાપૂર્વક શ્રીહરિકથા સુધાસરિતાનાં પાન કરાવવા માટે મૈત્રેય મુનિને કથારસમાં ખેંચ્યા અને રોમાંચિત થયેલા શ્રી મૈત્રેય મુનિરાજ બોલ્યા. (૫) વિદુરજી ! જ્યારે સમ્રાટ શ્રી મનુ રાજા પોતાનાં અર્ધાંગના શ્રી શતરૂપા રાણી સાથે પ્રકટ્યા ત્યારે બન્ને કરકમલ જોડી પિતૃ ચરણે પ્રણામ કરી નમ્ર ભાવે નિવેદન કરવા લાગ્યા. (૬) હે પિતાજી ! આપશ્રી તો પ્રાણી માત્રના જન્મદાતા એક જ પિતા છો. સર્વજીવોની આજીવિકાને આપ જ પૂરી પાડનારા છો, અમે તો આપના પ્રજાજન છીએ. આપ આજ્ઞા કરો કે અમે ક્યા પ્રકારની આપની સેવા કરીને કૃતાર્થ થઈએ. (૭) મનુ મહારાજશ્રી બોલ્યા કે હે ઈડ્ય ! સ્તુતિ કરવા યોગ્ય પિતાજી ! આપશ્રીના શ્રીચરણોમાં, મારા નમસ્કાર હો, આપે જ અમારામાં શક્તિ મૂકી છે, તો આપ અમારી શક્તિને અનુરૂપ કાર્યોમાં અમને જોડો કે જે કાર્ય કરવાથી આપ પ્રસન્ન થાઓ, આ લોકમાં ઉજ્જ્વલ યશ થાય અને પરલોકમાં સદ્ગતિની પ્રાપ્તિ થાય. (૮)

સેવા અને આજ્ઞાપરાયણ સંતાનોને માવતરના નિત્ય આશીર્વાદ છે

શ્રી બ્રહ્માજી કહેવા લાગ્યા કે હે તાત ! હે મનુકુમાર બેટા ! તમે મને કહ્યું કે "હે પિતાજી આપ જે આજ્ઞા કરશો તે હું અવશ્ય કરીશ'. આવાં તમારાં હૃદયમાંનાં નિષ્કપટ વચનોથી અને નિષ્કપટ હૃદયથી પ્રસન્ન થયો છું, હે ભૂપતિ, આ વચનો ઉચ્ચારતાં જ આપે આપના આત્માની સાથે સર્વ સમર્પણ કર્યું છે. વત્સ, હું તમારા ઉપર પ્રસન્ન છું અને મારા આશીર્વાદ છે કે તમારું નિત્ય કલ્યાણ થાઓ. (૯) હે વીર ! પુત્રો તો પિતાના જ આત્મામાંથી જન્મ્યા હોઈને આત્મજ છે. એમને તો પિતાની એટલી જ સેવા કરવાની છે કે સદા સાવધાન રહી મત્સરથી મુક્ત બની, આદરપૂર્વક શકિત અનુસાર પિતાની સેવા કરવી (૧૦) બેટા, આ શતરૂપા સર્વ રીતે તમારે માટે અનુરૂપ તમારાં પત્ની છે હવે આપ ગુણ, ક્રિયા, સ્વભાવ વગેરેથી તમારા જેવાં જ સંતાનોને જન્મ આપી, ધર્મથી પૃથ્વીનું પાલન કરી, યજ્ઞો દ્વારા પૂર્ણ પુરુષોત્તમનું યજન કરો (૧૧) વત્સ ! તમે પ્રજાનું રક્ષણ કરશો એ જ પવિત્ર કાર્યથી મારી આપે ઉત્તમ સેવા કરી ગણાશે. રાજન !

શ્રી હૃષીકેશ ભગવાન પ્રજાનું પાલન કરનારા તમારા ઉપર અત્યંત પ્રસન્ન રહેશે. (૧૨) યજ્ઞપુરુષ શ્રી જનાર્દન ભગવાન જેમના ઉપર પ્રસન્ન ન થયા તેમનો સઘળો શ્રમ વ્યર્થ ગયો. કારણ કે તેમણે પોતાના આત્માના આત્મા ભગવાનનો અનાદર કર્યો છે. (૧૩)

શ્રી મનુ રાજાએ સંતાનોને ઉત્પન્ન કરવાની આજ્ઞા આપી એટલે બ્રહ્માજીને નિવેદન કરતાં મનુ મહારાજ બોલ્યા કે હે પાપનાશક પિતાજી ! હું આપની આજ્ઞામાં અવશ્ય રહીશ અને પ્રજા ઉત્પન્ન કરીશ; પરંતુ હે પ્રભો ! પ્રજાઓને રહેવા માટે અને મારે માટે પણ અહીં નિવાસસ્થાન આપો. (૧૪) પિતાજી ! પ્રાણી માત્રનું જે નિવાસ સ્થાન તો પૃથ્વી છે તે તો પ્રલયના જલમાં ડૂબેલા છે તો દેવ ? આપ શ્રી મહીદેવીનો ઉદ્ધાર કરવા માટે પ્રયત્ન કરવાની કૃપા કરો. (૧૫)

ધ્યાનમગ્ન બ્રહ્માજી

શ્રી મૈત્રેય મહર્ષિએ કહ્યું કે વિદુરજી ! શ્રી મનુ મહારાજની વિજ્ઞપ્તિને સાંભળીને બ્રહ્માજીએ વિચાર્યું કે આ પૃથ્વી તો જલની અંદર ડૂબેલી હતી, એકવાર ડૂબેલી પૃથ્વીને પોતે રસાતલમાં જઈને લઈ આવ્યા હતા ત્યારે બ્રહ્મા કમલાસન હતા. આજે પરમેષ્ઠી પોતે સત્યલોકમાં બેઠેલા છે તો હું તે પૃથ્વીને કેવી રીતે ઉપર લાવું ? એ પ્રમાણે બુદ્ધિપૂર્વક સુદીર્ઘ કાલપર્યન્ત વિચાર કરવા લાગ્યા. (૧૬) કે હું નેત્રોથી અને વાણીથી સૃષ્ટિ રચતો હતો; તેથી તે સૃષ્ટિ પુષ્કળ પ્રમાણની હતી તેનો ભાર વધી જવાથી પૃથ્વી ડૂબી ગયેલ હોય તેમજ તે સૃષ્ટિમાં દૈત્યોના અંશો મોટા ભાગમાં ઉત્પન્ન થયા હતા તેથી પણ પૃથ્વી ડૂબી ગયેલ છે. આ પરિસ્થિતિમાં સૃષ્ટિ રચવાના કાર્યમાં ભગવાને મને આજ્ઞા કરી છે તેમ જ કાર્ય સોંપ્યું છે તો મારે શું કરવું ? આવું વિચારી નિર્ણય ઉપર આવ્યા કે જે પ્રભુના હૃદયકમલમાંથી હું ઉત્પન્ન થયેલ છું તે ભગવાન કરુણાસિંધુ છે, વીર્યમયી કીર્તિવાળા છે અને અધોક્ષજ એટલે સ્વતઃ જ્ઞાનવાળા છે તે ભગવાન હવે મને માર્ગદર્શન આપો કે મારે શું કરવું ? (૧૭-૧૮)

શ્રી વરાહ ભગવાનનો આવિર્ભાવ

શ્રી બ્રહ્માજી કર્તવ્ય દિશામાં ધ્યાન કરતા હતા ત્યારે શ્રી બ્રહ્માજીના નાસિકાના દ્વારમાંથી અંગૂઠાના માપવાળા શ્રી બાલવરાહ એકાએક પ્રક્ટ થયા ! હે ભારત ! હે વિદુરજી ! બ્રહ્માજી જોઈ રહ્યા હતા ત્યાં તો આકાશમાં બિરાજેલ બાલવરાહ પ્રભુ બ્રહ્માજીના એક ક્ષણમાં જ હાથીના જેવડા કદવાળા થયા. ખરેખર આ અત્યંત આશ્ચર્યકારક ઘટના હતી. (૧૯-૨૦) ગજ માત્રના માપવાળા એટલે ૬૦ વર્ષની વયવાળા આ શ્રીવરાહ ભગવાનનાં દર્શન કરી મરીચિ વગેરે મુનિવરો, સનત્કુમારાદિ દેવો અને સ્વાયંભુવ મનુ રાજા વગેરે, ક્ષણ માત્રમાં વધેલા વરાહ ભગવાનના સ્વરૂપનાં દર્શન કરી અનેક પ્રકારના તર્કવિતર્ક કરવા લાગ્યા. શ્રીવરાહના આકારમાં રહેલ આ વરાહ ભગવાન વેદોમાં ગાયેલા वराहोऽयं वाममोषः વામદેવના ધનને લઈ જનારા વરાહ હશે કે "पशूनां वा एष मन्युर्वराहः" પશુઓના આ ક્રોધનું સ્વરૂપ વરાહ હશે, એવો તર્કવિતર્ક કરવા લાગ્યા. બ્રહ્માજી બોલ્યા કે આ તો અત્યંત આશ્ચર્યકારક વસ્તુ છે કે આ મારા નાકના દ્વારમાંથી પ્રક્ટ થયેલ છે. (૨૧-૨૨) બ્રહ્માજી વધુ વિચારમાં ગરકાવ પામીને બોલ્યા, પ્રથમ તો તેઓને મેં અંગૂઠાના ટેરવા જેટલા જોયા હતા, તે જ પ્રભુ ક્ષણવારમાં તો પર્વતના શિખર સમાન બની ગયા સાચેસાચ મારા મનમાં થયેલા ઉદ્વેગને જોઈને મારા ઉપર દયા કરવા જ આ ભગવાન પ્રક્ટ થયા છે. પોતાના પુત્રો સાથે બ્રહ્માજી આવું વિચારી રહ્યા હતા ત્યાં જ પર્વતરાજ સમાન મહાન સ્વરૂપધારી યજ્ઞપુરુષ વહાર ભગવાને ગર્જના કરી. (૨૩-૨૪) સર્વ સામર્થ્ય સમ્પન્ન શ્રી હરિવરાહજીએ દિશાઓમાં પડઘા પાડતી પોતાની ગર્જનાથી બ્રહ્માજીને તેમ જ દ્વિજવર્યોને હર્ષ ઉત્પન્ન કર્યો અને પ્રસન્ન કર્યા. (૨૫) જનલોક, તપોલોક, સત્યલોકના તે મુનિવરો, પોતાના ખેદનો ક્ષય કરનારી અને આનંદનાં દાન દેનારી શ્રી વરાહ ભગવાનની ઘર્‌ઘર્‌ એવા શબ્દવાળી ગર્જનાનું શ્રવણ કરીને પૂર્ણ પવિત્ર ત્રયી શ્રુતિ ભગવતીના મંત્રોથી સ્તુતિ કરવા લાગ્યા. (૨૬)

શ્રીવરાહ ભગવાનનો જલપ્રવેશ

વેદોમાં વર્ણવેલા યજ્ઞના વિસ્તારરૂપ મૂર્તિવાળા શ્રીવરાહ ભગવાને જ્યારે સત્પુરુષો-ઋષિમુનિઓના મુખમાંથી નીકળતા ગુણગાનનું શ્રવણ કર્યું અને આ તો શ્રુતિઓનો ધ્વનિ છે એવો ખ્યાલ આવ્યો કે દેવોના ઉદય માટે શીઘ્રતાથી પુનઃ ગર્જના કરતા કરતા ગજરાજ સમી લીલા કરતા વરાહ પ્રભુએ જલમાં પ્રવેશ કર્યો.

શ્રીવરાહ ભગવાનનાં સ્વરૂપ અને કાર્યનાં ગાન કરતી સપ્તશ્લોકી

ઋષિવરો વરાહ ભગવાનના સ્વરૂપનું ગાન કરતા નવ વિશેષણો આપીને બોલ્યા કે (૧) उत्क्षिप्तबालः યજમાનની ઊર્ધ્વગતિને દર્શાવનારા ઊંચા પુચ્છવાળા, (૨) खचरः સર્વત્ર ગામી આકાશની માફક યજ્ઞના સર્વ પદાર્થમાં રહેલા. (૩) कठोरः પૃથ્વીના ઉદ્ધાર કરવાના કઠિન કાર્ય માટે સુદૃઢ, કાયાને ધારણ કરનારા, (૪) सटा विधुन्वन् કેશવાળીને કમ્પાવતા, (૫) खररोमशत्वक् કઠિન દર્ભ જેવા રોમ રાશિની શ્રીથી છવાયેલી ત્વચા-ચામડીવાળા, (૬) खुराहताभ्रः વરાહ ભગવાન પોતાની ચાર ખરીઓથી ભૂમિને ડૂબાડનાર જલના આધારભૂત વાદળોને વિખેરી નાખતા, (૭) सितदंष्ट्रः પૃથ્વીનું પુનઃ સ્થાપન કરનારી શ્વેત દાઢવાળા, (૮) ईक्षाज्योतिः તેજોમય કોમલ દૃષ્ટિથી સ્તુતિ કરતા ઋષિવરોને નિરખતા અને મૃત્યુનું નિવારણ કરતા, (૯) महीध्रः દયા કરી પૃથ્વીને ધારણ કરતા શ્રીવરાહ ભગવાનનાં દર્શન કર્યાં. (૨૮) યજ્ઞસ્વરૂપી અંગોને ધારણ કરતા કેવલ વરાહસ્વરૂપના બહાનાવાળા, ઘ્રાણેન્દ્રિય નાસિકા દ્વારા પૃથ્વીના માર્ગને સૂંઘતા, ભયંકર દાઢવાળા છતાં સ્તુતિ કરનારા, ઋષિવરોને સૌમ્ય નજરે નિહાળતા, શ્રીવરાહ પ્રભુએ જલમાં પ્રવેશ કર્યો (૨૯) હે વિદુરજી ! વજ્રના સમૂહ જેવી મજબૂત કાયાવાળા શ્રીવરાહ ભગવાને જલ મહાસાગરમાં પડતું મૂક્યું ત્યારે મહાસાગરની કૂખ ચિરાઈ ગઈ, તેમજ મહાસાગર નિઃશ્વાસ નાખવા લાગ્યા, પુનઃ પોતાના ઊંચાં ઊછળતાં મોજાં નામના લાંબા હાથોથી આર્ત સ્વરે વિનવવા લાગ્યા કે હે યજ્ઞેશ્વર મારી રક્ષા કરો. (૩૦) त्रिपृ એટલે બબ્બે પગનાં બે પર્વો અને મુખરૂપી ત્રીજા પર્વની તીક્ષ્ણ અણીઓથી જલનો છેડો ના આવે, - અંત ના આવે ત્યાં સુધી જલને જ્યારે કાપ્યું ત્યારે રસાતલમાં પૃથ્વીને નિહાળી. જીવધાની જીવ માત્રને જીવાડનારી હોવાથી વ્યાકરણ શાસ્ત્રમાં પૃથ્વીનું નામ જીવધાની છે. આ પૃથ્વીમાં ભગવાનની શયન કરવાની ઈચ્છા હતી તેથી ભગવાને તેને ધારણ કરી, (૩૧) હે વિદુરજી ! જલમાં આખા ડૂબી ગયેલી પૃથ્વીને જ્યારે પોતાની દાઢમાં દબાવી, રસાતલમાંથી ઉપર લાવી રહ્યા હતા ત્યારે શ્રીવરાહ ભગવાન અત્યંત શોભી રહ્યા હતા. ભગવાનના ઉત્કર્ષનને ન સહન કરનાર, અસહ્ય પરાક્રમવાળા, વરાહ ભગવાનના માર્ગમાં અવરોધ કરનાર હિરણ્યાક્ષ આડે આવ્યો ત્યારે ભારે રોષને પ્રક્ટ કરતા વરાહ ભગવાને મૃગરાજ સિંહ જેમ રમતાં રમતાં હાથીને ચીરી નાખે તેવી જ રીતે સમુદ્રની મધ્યમાં જ હિરણ્યાક્ષને વિદારી નાખ્યો. હિરણ્યાક્ષને ચીરવાથી એના રુધિરના જામેલા કાદવ-કીચડથી ખરડાયેલ રક્તવર્ણા બનેલાં મુખ અને ગાલવાળા શ્રીવરાહ ભગવાન, અનેક પ્રાણીઓને મારવાથી ખરડાયેલ ગંડસ્થલવાળા હાથી જેવા શોભવા લાગ્યા. (૩૨-૩૩) હે વત્સ ! તમાલ વૃક્ષ જેવી, શ્યામવર્ણવાળી પૃથ્વીને શ્વેતવર્ણવાળા દાંતની અણી ઉપર ધારણ કરતા, હાથીની માફક રમત કરતા વરાહ ભગવાનની, બ્રહ્માજી અને અન્ય દેવો પોતાના કરકમલોની અંજલિ બાંધીને વેદોના અનુવાકોથી સ્તુતિ કરવા લાગ્યા. (૩૪).

"तमालनीलां" આ ચોત્રીસમા શ્લોકમાં तमालनीलां અને नीलं એવા બે પાઠ મળે છે. नीलां પાઠ લઈએ ત્યારે પૃથ્વીનું વિશેષણ થાય અને તમાલવૃક્ષ જેવાં શ્યામ વર્ણનાં પૃથ્વીને ઉપર લઈ આવ્યા એવો અર્થ થશે; પરંતુ જો नीलं પાઠ લઈએ તો તે શ્રીવરાહ ભગવાનનું વિશેષણ બનશે અને નીલવર્ણના શ્રી વરાહ પ્રભુ પૃથ્વીને ઉપર લઈ આવ્યા એવા અર્થ થશે આ પ્રમાણે અર્થ થતાં શંકા થશે કે શ્રીવરાહ ભગવાન નીલવર્ણના હશે કે શ્વેતવર્ણનાં હશે ? ત્યાં સમાધાન છે કે શ્રીવરાહ ભગવાન એક જ કલ્પમાં બે વાર પ્રક્ટ થયા છે. એકવાર શ્વેત વરાહ પ્રક્ટયા છે અને બીજીવાર નીલવર્ણના પ્રક્ટ થયા છે. એવું પણ મન્તવ્ય છે કે પ્રથમ સ્વાયંભુવ નામના મન્વંતરમાં પૃથ્વીનો ઉદ્ધાર કરવા બ્રહ્માજીની નાસિકામાંથી પ્રક્ટ થયા અને ચાક્ષુષ મન્વતંરમાં જલમાંથી પ્રક્ટ થયા છે. શ્રી નૃસિંહ ભગવાન કોઈવાર ચતુષ્પાદ

સૂકરસ્વરૂપે પધારે છે તો કોઈવાર દ્વિપાદ નૃવરાહરૂપે પ્રકટે છે. કોઈવાર નીલમેઘશ્યામરૂપે પ્રકટે છે તો કોઈવાર શ્વેત ચંદ્રવર્ણ લઈ પ્રકટે છે."

૧૨ શ્લોકમાં શ્રીવરાહ ભગવાનનાં સ્તવન

ऋषय ऊचुः जितं जितं तेऽजित यज्ञाभावन त्रयीं तनुं स्वां परिधुन्वते नमः। यद्रोमगर्तेषु निलिल्युरध्वरास्तस्मै नमः कारणविग्रहाय ते ॥३५॥

હે અજિત ભગવાન ! આપનો વિજ્ય હો ! વિજ્ય હો ! હે યજ્ઞને ચલાવનાર પ્રભુ આપનું આ શ્રીઅંગ ત્રણ વેદોનું બનેલ છે આપ ત્રણ વેદથી બનેલ સ્વરૂપથી સર્વ યજ્ઞોને ચલાવો છો. ત્રણ વેદોરૂપ આપના શ્રીઅંગને ચારે તરફ કંપાવતા આપને નમસ્કાર છે. આપશ્રીના રોમકૂપમાં અનંત યજ્ઞો વસેલા છે; માટે આપ આપના શ્રીઅંગને ન કંપાવશો. જો કંપાવશો તો યજ્ઞોનાં દર્શન થશે નહીં. આપ તો કારણ વરાહ છો; તેથી આપનું આ શ્રીઅંગ પૃથ્વી આદિ પાંચ તત્ત્વોનું બનેલ નથી; પરંતુ યજ્ઞ કર્મના સંચાલન માટે વેદોમાંથી જ બનેલ છે; તેથી कारणसूकर- કારણ સૂકર એવું આપનું મંગલ નામ છે. (૩૫)

रूपं तवैतन्ननु હે નાથ ! હે દેવ ! આપનું આ નજર સામે દેખાતું સ્વરૂપ છે તે પાપપૂર્ણ જેમની કાયા અને આંખો છે તેમને તે દેખાય તેવું નથી. આપની ત્વચામાં ગાયત્રી ત્રિષ્ટુપ વગેરે સાત છંદો અથવા અનંત છંદો સમયેલા છે. આપની રોમરાશિમાં દર્ભો વસેલા છે. આપનાં નેત્રોમાં આજ્ય ઘી વસેલ છે. હોતા, ઉદ્ગાતા, અધ્વર્યુ અને બ્રહ્મા નામના ચાર ઋત્વિજો મળી યજ્ઞકર્મને ચલાવે છે; તેથી આ ચાર ઋથ્વિજો આપનાં ચાર ચરણો છે અને આ ચાર ચરણોમાં ચાતુર્હોત્ર નામનું યજ્ઞકર્મ સમાયેલ છે. (૩૬) स्त्रुक् तुण्ड-"હે ઈશ ! આપના મુખમાં ઘી હોમવાના કાર્યમાં વપરાતું स्त्रुक् નામનું પાત્ર વસેલ છે. આ પાત્રનું બીજું નામ "જૂહુ" છે. આ પાત્ર આપની જિહ્વા ગણાય છે. આ જૂહુપાત્ર ચોવીસ આંગળ લાંબુ, ચાર આંગળ ઊંચું, બે આંગળ ઊંડું અને હંસની મુખાકૃતિવાળું હોય છે. આપની નાસિકામાં स्त्रुव નામનું પાત્ર સોમરસ હોમવાના કર્મમાં વપારય છે. ખદિર વૃક્ષમાંથી તે બને છે. આ પાત્ર ચોવીસ આંગળ લાંબું હોય છે. તે દંડાકારનું પાત્ર છે. આગળનો ઘી હોમવાનો ભાગ, ગોળ કડછીના આકાર જેવો હોય છે. इडा-ઈડા નામનું પાત્ર આપના ઉદરમાં છે. હોમ કરતાં વધેલા દ્રવ્યને રાખવાના કાર્યમાં તેનો ઉપયોગ થાય છે. ઈડાપાત્રમાં સાચવી રાખેલા હુત દ્રવ્યને યજ્ઞમાં વપરાયેલા બાર ઋત્વિજો તેને પ્રસાદ સ્વરૂપે વહેંચીને લે છે. चमसाः આપના કર્ણ છિદ્રોમાં "ચમસ" નામનાં પાત્રો રહેલાં છે. સોમરસના પાનમાં આ પાત્રનો ઉપયોગ થાય છે. આ ચમસ આઠ આંગળનું લગભગ ચોરસ પાત્ર છે. प्राशित्रम्-પ્રાશિત્ર નામનું પાત્ર આપના મુખના છિદ્ર ભાગમાં રહેલ છે. કારણ કે બ્રહ્માનો ભાગ દાંતનો સ્પર્શ કર્યા વિના ગળવાનો હોય છે. ગાયના કાન જેવો આ પાત્રનો આકાર હોય છે. ग्रसने ग्रहाः-ગ્રહપાત્રો આપના ગળાના પ્રદેશમાં રહેલાં છે. સોમવલ્લીના પાન વગેરેને કચરીને તેનો રસ કાઢવાના કામમાં તેનો ઉપયોગ થાય છે. હે દેવ ! અગ્નિહોત્ર તો આપની ચાવવાની ક્રિયા છે અથવા ચાવવાની ક્રિયા અગ્નિહોત્ર છે. (૩૭) दीक्षानुजन्मोपसदः-હે દેવ ! વારંવાર અવતાર લેવો એ દીક્ષણીય ઈષ્ટિ છે. એનું તાત્પર્ય એવું છે કે અગ્નિષ્ટોમ આદિ યજ્ઞોમાં વરાહ ભગવાન યજમાન રૂપે અવતરે છે. તેને અનુ જન્મ કહેવામાં આવે છે. "उपसदः शिरोधरम्"-ઉપસદ્ નામની ત્રણ ઈષ્ટિઓ છે. જ્યોતિષ્ટોમ યજ્ઞ કરતી વખતે કરવામાં આવતા વિધિને ઉપસદ કહેવામાં આવે છે. આ ઉપસદ્ ઈષ્ટિને શ્રીવરાહ ભગવાનની ગરદન માનવામાં આવી છે. "प्रायणीयोदयनीयदंष्ट्र"-પ્રાયણીય નામની ઈષ્ટિ અને ઉદયનીય નામની ઈષ્ટિઓ યજ્ઞવરાહ ભગવાનની દાઢ છે. ઉપસદ નામની ઈષ્ટિમાં સોમ લાવવામાં આવે છે. આ સોમને લાવતાં પહેલાં અને સોમ લાવ્યા બાદ જે યજ્ઞક્રિયા કરવામાં આવે છે તેને प्रायणीय ઈષ્ટિ અને उदयनीय ઈષ્ટિ કહેવામાં આવે છે. जिह्वा प्रवर्ग्यः હે વરાહ ભગવાન ! "પ્રવર્ગ્ય" નામનું જે યજ્ઞસંબંધી કર્મ છે તે યજ્ઞરૂપ આપ વરાહ ભગવાનની જિહ્વા અને મસ્તક છે. આ "પ્રવર્ગ્ય" નામનો વિધિ એટલે કર્મ સોમ યજ્ઞના પ્રારંભમાં કરવામાં આવે છે. હે દેવ ! "सभ्यावसत्थ्यं चितयोऽसवः - સભ્ય-આવસથ્ય-અને ઈષ્ટિકાચયન એટલે ઈંટો લાવવી ગોઠવવી, આ ક્રિયા શ્રી વરાહ ભગવાનના "પ્રાણો" છે. (૩૮) सोमसुरेत-હે વરાહ દેવ ! "સોમ" યજ્ઞ

કે સોમરસ આપનું વીર્ય છે. પ્રાતઃકાલ, મધ્યાહ્‌ન કાલ અને સાયંકાલ આ ત્રણે કાલમાં સોમરસ કાઢવામાં આવે છે તે ત્રણ શ્રીવરાહ ભગવાનની જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ નામની ત્રણ અવસ્થાઓ છે. સોમયજ્ઞના સર્વ પ્રકારો આપના દેહની સાત ધાતુઓ છે. સર્વસત્રો આપના દેહના સંધિઓ છે. આપ સર્વ યજ્ઞરૂપ ક્રતુરૂપ અને હોમરૂપ બંધનવાળા છો. યજ્ઞો સત્તર છે, સોમસહિત કરવામાં આવે તેને ક્રતુઓ કહ્યા છે અને સોમરહિત કરવામાં આવે તેને યજ્ઞ કહેવામાં આવે છે. (૩૯) હે ભગવન ! આપ સર્વ મંત્ર રૂપ દેવતારૂપ અને દ્રવ્ય રૂપ છો. આપ સર્વ ક્રિયા સ્વરૂપ છો, આપને વારંવાર નમસ્કાર હો. વળી વૈરાગ્ય, ભક્તિ અને અન્તઃકરણના વિજયથી અનુભવાતા જ્ઞાનસ્વરૂપે અને વિદ્યાગુરુ સ્વરૂપે આપને નમસ્કાર હો. (૪૦)

ઉપરના છ શ્લોકોમાં યજ્ઞરૂપ વરાહની સ્તુતિ કરી હવેના છ શ્લોકોમાં આધિદૈવિક વરાહનું યશોગાન છે

હે ભગવન્ ! હે ભૂધર ભગવન્ ! આપે દાઢની અગ્ર અણિ ઉપર પર્વતો સાથે ધારણ કરેલી પૃથ્વી તો જાણે જલમાંથી બહાર આવતાં કોઈ મદોન્મત્ત હાથીએ પોતાના દાંતે પકડેલી પત્રો સાથેની કમલિની લતા સમાન શોભી રહેલ છે. (૪૧) હે નાથ ! જાણે મોટા વિશાળ શિખર ઉપર ધારણ કરેલ મેઘમંડળથી જેમ પર્વતરાજ કુલાચલનો વિલાસ શોભે તેવી જ રીતે આપશ્રીએ દાંત ઉપર ધારણ કરેલ ભૂમંડળથી આપનું વેદવાળું આ વરાહ સ્વરૂપ શોભી રહ્યું છે. (૪૨) હે નાથ ! હે વરાહપ્રભુ ! હવે આપને નમ્ર નિવેદન છે કે સ્થાવરજંગમ આ જગતના હિત માટે સર્વની માતા અને આપની પત્ની શ્રીપૃથ્વી દેવીનું આપ સારી રીતે સ્થાપન કરો, કારણ કે આપ તો પિતા છો, અરણી વૃક્ષના કાષ્ઠમાં અગ્નિની માફક આપે આ પૃથ્વીમાં આપનું તેજ પધરાવ્યું છે, એવાં શ્રીપૃથ્વીમાતાને આપની સાથે નમન કરીએ છીએ અને આપ ઉભયની અમે સેવા કરી કૃતાર્થ થઈશું (૪૩) હે નાથ ! રસાતલમાં ચાલી ગયેલ આ પૃથ્વીને ઉપર લાવવા માટે આપના વિના બીજું કોણ સમર્થ થઈ શકે ? વળી આવું કાર્ય કરવા કોણ બીડું ઝડપે ? વિશ્વના સઘળા વિસ્મયોથી ભરેલા આપને માટે આ કાર્ય જરા પણ આશ્ચર્યજનક નથી; કારણ કે સર્વસમર્થ આપે જ આ અખિલ વિશ્વની આપની વિસ્મય કારક શક્તિથી રચના કરી છે. (૪૪) હે દેવ ! આપના વેદમય શરીરને ધુણાવતાં આપની કેશવાળીની શિખાઓમાંથી પ્રકટેલાં કલ્યાણમય જલબિંદુઓથી અત્યંત આર્દ્ર થતા જનલોક, તપોલોક અને સત્ય લોકમાં વસનારા અમને આપે અત્યંત પવિત્ર કર્યા છે. (૪૫) હે દેવ ! અગણિત પરાક્રમોવાળા આપના મહિમાનો પરાક્રમોનો જે કોઈ પાર પામવાને ચાહે છે તો ખેદપૂર્વક કહેવું પડે છે કે તે તેની બાલમતિ છે અથવા ભ્રષ્ટમતિ છે. કારણ કે સઘળું વિશ્વ યોગમાયાના ગુણોના સંબંધથી મોહ પામેલ છે માટે હે ભગવન્ ! આપ એનું કલ્યાણ કરો. (૪૬)

પૃથ્વીનું સ્થાપન

મહર્ષિ મૈત્રેયે કહ્યું કે વિદુરજી ! જ્યારે બ્રહ્મવાદી મુનિવરો શ્રીવરાહ ભગવાનનાં આ પ્રમાણે સ્તવન કરી રહ્યા હતા ત્યારે, સર્વરક્ષક શ્રીવરાહ ભગવાને પોતાની ખરીઓથી દબાયેલા જલમાં પૃથ્વીને પધરાવી. (૪૭) આ પ્રમાણે અનાયાસે રસાતલમાંથી ઉપર લાવવામાં આવેલી પૃથ્વીને જલ ઉપર પધરાવીને સર્વ તરફ સેનાવાળા માટે જ "विष्वक्सेनः" વિષ્વક્સેન નામથી ગવાતા પ્રજાઓના સ્વામી શ્રીહરિ ભગવાન પ્રસ્થાન કરી ગયા. (૪૮)

य एवमेतां हरिमेधसो हरेः कथां सुभद्रां कथनीयमायिनः । श्रृण्वीत भक्त्या श्रवयेत वोशतीं जनार्दनोऽस्याशु हृदि प्रसीदति ॥ ४९ ॥
तस्मिन्प्रसन्ने सकलाशिषां प्रभौ किं दुर्लभं ताभिरलं लवात्मनः । अनन्यदृष्ट्या भजतां गुहाशयः स्वयं विधत्ते स्वगतिं परःपराम् ॥ ५० ॥
को नाम लोके पुरुषार्थसारवित् पुराकथानां भगवत्कथासुधाम् । आपीय कर्णाञ्जलिभिर्भवापहा महो विरज्येत विना नरेतरम् ॥ ५१ ॥

કલેશને હરનારી મતિવાળા, વળી વર્ણવવા યોગ્ય
શ્રીમૈત્રેય મુનિ બોલ્યા કે હે વિદુરજી ! જે કોઈ ભક્ત આ પ્રમાણે કલેશને હરનારી મતિવાળા, વળી વર્ણવવા યોગ્ય માયાવાળા, શ્રીહરિ ભગવાનંની કલ્યાણમયી અને રસમયી આ મંગલ કથાને જે કોઈ ભક્તિપૂર્વક સાંભળે, જે કોઈ ભક્તિપૂર્વક શ્રવણ કરાવે, એના હૃદયમાં શ્રીજનાર્દન ભગવાન પ્રસન્નતાપૂર્વક વિના વિલંબે બિરાજે છે. (૪૯) હે શ્રીવિદુરજી ! સમસ્ત આશિષોના સ્વામી તો શ્રીહરિ જ છે. જો તે કૃપાળુ સ્વયં પ્રસન્ન થયા તો પછી કઈ વસ્તુ દુર્લભ

છે ? પરંતુ આવા કૃપાળુ ભગવાન પાસેથી તુચ્છ કામનાઓ કદી ના ચાહવી જોઈએ, હૃદયમાં જ બિરાજતા પૂર્ણપુરુષોત્તમ તો અનન્ય ભાવથી ભજનારા ભક્તજનને પોતાની ઉત્તમ ગતિનાં દાન કરે છે, (૫૦) અહીં, આ લોકમાં ચારેચાર પુરુષાર્થના સારને જાણનાર મનુષ્ય વિના અન્ય કોણ હોઈ શકે કે જેને પુરાતન કથાઓમાંથી ભવબંધન છેદનારી હરિકથા સુધાનાં પોતાની કર્ણસ્વરૂપ અંજલિથી પાન કર્યા પછીથી આવી રસમયી-મંગલમયી-કલ્યાણમયી કથામાં અરુચિ ઉત્પન્ન થાય. (૫૧)

જગે ક્યો અર્થ રહસ્યવેત્તા પુરાકથાનો, હરિની કથાને પી શ્રોત્ર પાત્રે ભવનાશિનીને, સંતોષ માને પશુને ત્યજીને !

શ્રીમદ્ ભાગવત પીયૂષના તૃતીય સ્કંધનો શ્રીવરાહ પ્રાદુર્ભાવ, શ્રી વરાહસ્તુતિ આદિ વિષયોનું વર્ણન કરતો અધ્યાય તેરમો સમાપ્ત.

અધ્યાય ૧૪મો

[આ અધ્યાયમાં ૫૦ શ્લોકો છે. આ-૧૪મા અધ્યાયથી ૧૯મા અધ્યાય સુધીના ૬ અધ્યાયોની કથા "મતાંતર ભાષા" છે. કારણ કે સમાધિ ભાષામાં ટૂંકાણથી શ્રીવરાહલીલાના શ્રવણથી, રાજર્ષિ શ્રીપરીક્ષિત રાજાની શ્રવણાતુરતા સચેત બની, હૃદયમાં ભક્તિરસ ઉભરાયો, પુનઃ પ્રશ્નારંભ કર્યો. શ્રીવરાહ ભગવાનના ચાલુ પ્રસંગની કથાની પોષકકથા હોવાથી મુનિવર્યે પુનઃ શ્રીવરાહ ચરિત્ર વિસ્તારથી વર્ણવવાનો આરંભ કર્યો. તૃતીય સ્કંધના પ્રારંભથી બાર અધ્યાયો પર્યંત સૃષ્ટિલીલાનું વર્ણન કર્યું છે. ૧૪મા અધ્યાયથી શરૂ થતી કથામાં મુક્તજીવોની ઉત્પત્તિ વર્ણવી છે. તેમાં જોવા મળશે કે કામથી કર્મનો નાશ, ક્રોધથી જ્ઞાનનો નાશ અને લોભથી ભક્તિનો નાશ થાય છે. જ્યારે આ ત્રણે નાશ પામે છે ત્યારે ભગવાનને પુનઃ ભૂતલ ઉપર અવતાર લેવો પડે છે. આ વિષય આ પ્રકરણમાં જોવા મળશે. તેરમા અધ્યાયમાં શ્રીવરાહ ભગવાનની સૂત્રાત્મક કથા હતી, તેના વિસ્તારની કથા હવે આરંભાય છે. પ્રારંભમાં આ ૧૪મા અધ્યાયમાં એક બીજા સાથે સંકળાયેલા ત્રણ ચાર કથા પ્રસંગો આવશે. દિતિકશ્યપ સંવાદ, દિતિની કામવૃત્તિ, પુત્રેષણા, મુનિએ સાયંકાલનું સ્વરૂપ સમજાવી ઈચ્છાપૂર્તિ કરવા માટે યોગ્ય કાલ નથી એવી આપેલી વિવેકબુદ્ધિ, શિવમહિમા, સંધ્યામહિમા, દિતિનો વિધિવશ આગ્રહ, મુનિવરે કરેલી કામનાપૂર્તિ, દિતિનો પરિતાપ, મુનિનો અનુગ્રહ વગેરે પ્રસંગો આ અધ્યાયની અદ્ભુત સામગ્રી છે.]

श्रीशुक उवाचः निशम्य कौषारविणोपवर्णितां हरेः कथां कारणसूकरात्मनः । पुनः स पप्रच्छ तमुद्यताञ्जलिर्नचातितृप्तो विदुरो धृतव्रतः ।।१।।

શ્રીશુકાચાર્ય મુનિએ કહ્યું રાજન્ પરીક્ષિત ! કારણરૂપ યજ્ઞ જેમના દેહમાં બિરાજે છે એવા શ્રીહરિ વરાહભગવાનનો સુમંગલ કથાને કુષારુ મુનિના પુત્ર કૌષારવિ શ્રીમૈત્રેય મહર્ષિના મુખ કમલમાંથી શ્રવણ કરતાં ન ધરાયેલા, વળી શ્રવણ વ્રતવાળા શ્રીવિદુરજી બન્ને કરકમલથી અંજલિ જોડી પુનઃ પૂછવા લાગ્યા. (૧)

કે હે મુનિવર્ય ! તે પ્રસિદ્ધિ યજ્ઞમૂર્તિ શ્રીહરિએ આદિ દૈત્ય હિરણ્યાક્ષને માર્યો એ તો અમે આપના શ્રીમુખેથી શ્રવણ કર્યું. (૨) હે બ્રહ્મન્ હવે એ વસ્તુને સાંભળવાની ઈચ્છા થઈ છે કે વિના આયાસે-રમતાં રમતાં જ પોતાની દાઢના-દાંતના અગ્ર ભાગથી રસાતલમાંથી પૃથ્વીને ઉપર લઈ આવતા શ્રીવરાહ ભગવાનનો અને દૈત્યરાજ હિરણ્યાક્ષનો ક્યા કારણથી સંગ્રામ થયો એ પ્રસંગ કહો. (૩)

મૈત્રેય મહર્ષિ બોલ્યા, હે વીર ! હે કથાશ્રવણવીર વિદુરજી ! આપનો પ્રશ્ન અત્યંત ઉત્તમ છે. કારણ કે આપે તો મનુષ્યોને મૃત્યુના પાશમાંથી મુક્ત કરાવનારી શ્રીહરિના અવતારની લોકમંગલ કથાને ઉદ્દેશીને પ્રશ્ન કર્યો છે. (૪) હે વિદુરજી આપે તો એ કથા સંબંધી પ્રશ્ન પૂછ્યો છે કે, શ્રી ઉત્તાનપાદ રાજાના રાજકુમાર બાલક ધ્રુવજી, શ્રીમુનિવર નારદજીના મુખકમલથી વર્ણવેલી શ્રીહરિની કથાનું શ્રવણ કરીને, મૃત્યુના મસ્તક ઉપર પગ મૂકીને, શ્રીહરિના ચરણ કમલને પામ્યા હતા. (૫) વિદુરજી ! ચાલો હવે હું આપને આ વિષયમાં પૂર્વે દેવાધિદેવ શ્રી બ્રહ્માજીએ દેવોના પૂછવાથી પ્રસન્ન થઈ જે વૃત્તાંત વર્ણવેલ તે વૃત્તાંત મારા સાંભળવામાં આવ્યું હતું તે પ્રસંગ હવે હું વર્ણવીશ. (૬)

અઘટિત અભિલાષા

હે શ્રીવિદુરજી ! દક્ષરાજકુમારી દિતિ મહર્ષિ કશ્યપનાં પત્ની થાય. એમના હૃદયમાં પુત્રપ્રાપ્ત કરવાની ઈચ્છા જાગી. સંધ્યાકાળનો સમય હતો, શ્રીસૂર્ય ભગવાન અસ્તાચલ તરફ પ્રસ્થાન કરી રહ્યા હતા. દિતિ અત્યંત કામાતુર હતાં. મરીચિ મહર્ષિના પુત્ર મુનિરાજ કશ્યપજી અગ્નિની જ્વાલા રૂપી જિહ્વાવાળા, યજુર્વેદના પતિ, યજ્ઞ નારાયણના અગ્નિ સ્વરૂપ મુખમાં દૂધનો હોમ આપી, અગ્નિશાળામાં ધ્યાનમગ્ન થઈ બિરાજ્યા હતા. આ સમયે દિતિદેવી સંતાનની

લાલસાથી મુનિરાજને કામસુખની યાચના કરવા લાગ્યાં. (૭-૮) દિતિ દેવી બોલ્યાં, હે નાથ ! હે કશ્યપમુનિ ! આપ તો વિદ્વાન છો આપને શું સમજાવું ? મદોન્મત્ત હાથી કેળને જેમ ચોળી નાખે-તેને પીંખી નાખે તેવી જ રીતે ધનુષ્યધારી આ કામદેવ, આપને લક્ષ્ય બનાવીને મારા જેવી નિર્બળ નારી ઉપર ચઢાઈ કરી મને સતાવી રહેલ છે. (૯) હે કશ્યપમુનિ મારી કૂખે સંતાન નથી, જ્યારે આપની અન્ય પત્નીઓની પુત્ર સંપત્તિને જોઈને હું શોકાગ્નિથી શેકાઈ રહી છું. આપ મારા ઉપર કૃપા કરો. નાથ ! એમ કરવામાં આપનું કલ્યાણ થશે. (૧૦) પતિના સમીપમાં પુષ્કળ સન્માન પ્રાપ્ત કરનારી, વળી જેમનામાં પતિદેવ જ પુત્ર રૂપે પ્રકટ થાય છે એવી પુત્રવતી નારીઓનો ચૌદે ચૌદ લોકમાં યશ ફેલાય છે. (૧૧) નાથ ! અમારી બહેનોની પૂર્વ કથા કહું તે સાંભળો ! એક દિવસ પુત્રીવત્સલ અમારા પિતાજી દક્ષ પ્રજાપતિએ અમને સર્વ બહેનોને એકાન્તમાં મળીને પૂછ્યું કે દીકરીઓ, બેટીઓ, તમે ક્યા નરને વરવા વિચારો છો ? (૧૨) અમારા સમર્થ પિતાજી અમારા દ્વારા શ્રેષ્ઠ પ્રજાની ઉત્પત્તિની આશાવાળા હતા તેઓશ્રીએ જાણ્યું કે અમે સર્વ બહેનો સાઠ સંખ્યામાં હતાં. તેમાંથી અમારા તેરનો આપને વરવાનો મનોરથ જાણ્યો અને અમને તેરને આપને પરણાવ્યાં. નાથ આપ જાણો છો જ કે અમે સર્વ બહેનો આપના સ્વભાવને અનુસરીને આપની સેવા કરીએ છીએ. (૧૩) હે કમલલોચન ! હે કલ્યાણપુરુષ ! અધિક શું કહું ? આપ મારા મનોરથને પૂર્ણ કરો. હું જાણું છું કે આર્ત જનોએ મહાન પુરુષોમાં કરેલા મનોરથો ફળે છે અને કરેલાં નિવેદન સફળ થાય છે. (૧૪) હે વિવેકવીર વિદુરજી ! શ્રીકશ્યપ મુનિને પુષ્કળ વિનયકારી વાણીથી વિનવતી, દયાપાત્ર, તેમજ અતિશય કામાવેગથી પીડાતી શ્રીદિતિ દેવીને વિવેક-સ્નેહ ભરી વાણીથી આશ્વાસન આપતાં મુનિવર કશ્યપ કહેવા લાગ્યા. (૧૫)

છ શ્લોકમાં મુનિવરે દીધેલ શાસ્ત્રોપદેશ

મુનિવર કશ્યપ બોલ્યા, હે ભીરુ ! હે પ્રિયે ! આપ અકળાવ મા ! જરા ધીરજ ધરો, આપ જે કાંઈ આપનું પ્રિય વાંછો છો તેની અવશ્ય પૂર્તિ કરીશ. પત્ની તો પુરુષના ધર્મ, અર્થ અને કામ નામના ત્રણે પુરુષાર્થોને પૂર્ણ કરનારી કામધેનુ છે. તેની ઈચ્છાની પૂર્તિ કોણ ના કરે ? (૧૬) જુઓ દેવી સાંભળો ! યાત્રિકો વહાણોમાં બેસીને દુસ્તર મહાસાગરોને તરી જાય છે. તેવી જ રીતે સુપાત્ર પત્નીને પ્રાપ્ત કરીને પુરુષ પોતાના ગૃહસ્થાશ્રમના સામર્થ્યથી-ગૃહસ્થાશ્રમ ધર્મના સેવનથી પ્રત્યેક આશ્રમનું પોષણ કરતાં કરતાં દુઃખોના દરિયાને અનાયાસે તરી જાય છે. (૧૭) હે ભામિની ! હે માનિની ! સ્ત્રી તો, કલ્યાણની કામના ધરાવતા પુરુષના દેહની અર્ધાંગના છે. પુરુષ પત્નીનો આધાર - આશ્રય લઈ પોતાની ગૃહસ્થાશ્રમની ધૂંસરી પત્ની ઉપર મૂકીને નિશ્ચિંત થઈ વિચરે છે. (૧૮) દેવી ! કોઈ વીર દુર્ગપતિ દૃઢદુર્ગનો-કિલ્લાનો આશ્રય લઈને અનાયાસે સ્વશત્રુઓને જિતે છે તેવી જ રીતે અમે પુરુષો ઉત્તમ સ્ત્રીઓનો આશ્રય લઈને ગૃહસ્થાશ્રમ સિવાયના અન્ય ત્રણ આશ્રમોથી ન જિતાય એવા ઈન્દ્રિય-શત્રુઓને અતિ આસાનીથી જીતીએ છીએ. (૧૯) હે ગૃહરાણી ! અમે તો ગુણપૂજકો છીએ. તમારા અમારા ઉપર ઉપકારો છે. અમે નિત્ય આપના ઋણી છીએ. અમે કે દેવો પણ અમારા ઉપર થતાં આપના ઉપકારોના ઋણમાંથી મુક્ત થઈ શકીશું નહીં, આપના ઉપકારોનું વળતર વાળી શકીશું નહીં. અમારા સો વર્ષના આયુષ્યથી પણ તમારા થયેલા ઉપકારોનું વળતર કેમ વાળી શકશું ? (૨૦) દેવી ! હું અવશ્ય આપની સંતાન પ્રાપ્તિની ઈચ્છાને પૂર્ણ કરીશ. અત્યારે સંધ્યાકાળ હોવાથી થોડાં થોભી જાવ. જે રીતે લોક અને શાસ્ત્ર મારી તમારી નિંદા ન કરે તેવી રીતે આપણે વર્તીશું. (૨૧)

સંધ્યાવેલા રજઃસ્વલા છે

દેવી ! આ સંધ્યાવેલાને રજઃસ્વલા માની છે. આ વેલાને સાધુવેલા નથી માની. સંધ્યાવેલામાં ત્રણ દોષો છે : (૧) एषा घोरतमा, (२) घोरदर्शना (३) भूतेशचर्यावेला. આ સંધ્યાવેલામાં ઘોરપણું, ઘોરદર્શન અને ભૂતવિચરણ નામના ત્રણ દોષો છે. આ વેલામાં ગમગીનતા હોય છે. આ સમયે ભોજન ના કરાય, જલ ના પીવાય, પાન પણ ના ખવાય ત્યારે સંસારરતિ તો કેમ થાય ? આ વેલા ઘોર દર્શન વેલા છે; માટે એમાં ઉગ્રતા વિકારિતા વગેરે દોષો છે સૂર્યચન્દ્રનો પ્રકાશ

નથી હોતો તેથી બુદ્ધિ અને મન તેજોમય નથી હોતાં. આ સમયે ભૂતપ્રેત પિશાચો વિચરે છે. આપણે મંત્રોના ઉચ્ચારથી પણ તે સમયે ભૂતપ્રેતોને દૂર કરી શકતા નથી. (૨૨) હે સાધ્વી ! હે સન્નારી ! આ સંધ્યાવેલામાં પ્રાણીઓનું પાલન કરનારા ભગવાન ભૂતપતિ પોતાના ભૂતસભાસદો સાથે નંદી ઉપર વિરાજીને વિચરે છે. આ ઉગ્ર વેલામાં કોઈ વ્યક્તિ અધર્માચરણ ના કરે તેનું ધ્યાન રાખતા વૃષ-નંદીજી ઉપર બિરાજેલા, ભૂત માત્રનું કલ્યાણ કરનારા ભગવાન ભૂતભાવન વિચરતા હોય છે. આ સંધ્યાકાલ-ઉગ્રકાલ હોઈ વિનાશ કરવાના સ્વભાવવાળો છે; તેથી આ સમયે જો જીવ માતાના ઉદરમાં પ્રવેશ કરે તો તે પૃથ્વી ઉપર જન્મ લઈ ધર્મ, પુણ્ય, સદાચાર સજ્જન આદિ પુણ્ય તત્ત્વોનો તે નાશ કરશે. શાસ્ત્રનું સૂચન છે કે સંધ્યા સમય-એકાદશી, અમાવસ્યા, પૂર્ણિમા, ચતુર્દશી, દ્વાદશી, અષ્ટમી, ક્ષયતિથિ, જન્મનક્ષત્ર, વ્યતિપાત, સંક્રાંતિ, શ્રાદ્ધ તિથિ, પરાન્ન ભોજન કરેલો દિવસ, ચાતુર્માસ આ બધા દિવસો સંસાર ભોગ માટે વર્જ્ય માન્યા છે.

પંચવક્ત્ર ભગવાનનો પાંચ શ્લોકોમાં પરિચય

હે સાધ્વી ! આ ભગવાન શંકર ત્રણ નેત્રોથી નીરખી રહ્યા છે; તેથી તેમનું નામ ત્રિનેત્ર છે. ગાર્હસ્પત્યાગ્નિ,આહ્વનીયાગ્નિ, દક્ષિણાગ્નિ નામના ત્રણ અગ્નિઓ તેમનાં નેત્રો છે. આપણે અગ્નિશાલામાં બેઠા છીએ; તેઓ જોઈ રહ્યા છે તેથી આપણે સંયમી અને વિવેકી રહેવું જોઈએ. દંપતીએ પોતાનો દાંપત્યરસવિલાસ ત્રીજાની નજર સામે ન ભોગવાય એ તો મહાન પુરુષોની મર્યાદા છે. વળી ઉમાપતિ તો તમારા દિયર થાય તેથી પણ તમને સંકોચ થવો જોઈએ, તેઓ શ્મશાનના વંટોળિયાના પવનથી ઊડેલી ધૂસર-ભૂખરી બનેલી અને વીખરાયેલી ચળકતી જટાજૂટવાળા છે. અને ભસ્મથી ધોવાયેલ તેમજ ભસ્મથી ધારણ કરેલ, સુવર્ણ સમાન તેજસ્વી દિવ્ય અંગથી દીપી રહ્યા છે. તેમને ભસ્મ ખૂબ પ્રિય છે; તેથી જો કોઈ અધર્માચરણ કરે તો કદાચ તેને બાળી ભસ્મ બનાવી દે. માટે દેવી ! શાસ્ત્રે સાંયકાલે સંસારભોગ-રતિક્રિયાને અધર્મ કહેલ છે; માટે અધર્માચરણથી અટકી જઈએ. (૨૪) ખરેખર ભગવાન શંકરને મન, આ લોકમાં કોઈ સ્વજન નથી કે કોઈ શત્રુજન નથી, કોઈ અતિશય આદરણીય નથી કે કોઈ ઉપેક્ષણીય નથી, કોઈ દ્વેષ કરવા યોગ્ય નથી કે મિત્રજન નથી. આશ્ચર્યની તો એ વાત છે કે જેમણે ત્યજી દીધેલી, જેમણે ઉપેક્ષા કરેલી અને ભોગવેલી એવી સમૃદ્ધિને આપણે તલસીએ છીએ અને મેળવવા માટે વ્રતાનુષ્ઠાનો કરીએ છીએ, (૨૫) દેવી ! મહાન મનસ્વી મનાતા મતિમાન પુરુષો, અવિદ્યાના આવરણને હટાવવા માટે ભગવાન શંકરના નિર્મલ ચરિતોને સાંભળે છે શ્રીશંકર ભગવાનથી કોઈ મોટો નથી, તેમજ જગતમાં એમનો કોઈ જોટો નથી, વળી જે પ્રભુ સજ્જનોની ગતિરૂપ છે, તે ભગવાન બાલિશોને બુદ્ધિભેદ કરવા પિશાચચર્યા આચરી રહ્યા છે. (૨૬) સામાન્યજનની બુદ્ધિથી ના સમજી શકાય એવા ભગવાન શંકરના ચરિત્રોની દુર્ભાગીજનો હાંસી ઉડાવે છે, ભગવાની ઠેકડી ઉડાવે છે. આ વિષયાસક્ત જીવો તો પોતાના દેહને જ આત્મા સમજીને ઉત્તમ વસ્ત્રો આભૂષણો સુવાસિત ચંદનાદિના લેપોથી લાડ લડાવે છે; પરંતુ એમને એ ખ્યાલ નથી કે એક દિવસ આ દેહની રાખ થવાની છે કે શ્વાનનો ખોરાક થવાનો છે. સાચે જ આત્મામાં રમણ કરનારા શ્રી શંકરભગવાન તો સદા સેવા કરવા યોગ્ય છે. (૨૭) હે વિદુરજી બ્રહ્માદિ દેવો ભગવાન સદાશિવે રચેલા સેતુઓનું એટલે જીવન જીવવા માટેના ઘડેલા નિયમોનું સેવન કરે છે. શ્રીસામ્બ સદાશિવ તો આ વિશ્વનું કારણ છે, અજેય મનાતી માયા પણ તેઓશ્રીની આજ્ઞાને આધીન છે, તેમની પિશાચચર્યા તો એક પ્રકારનો વિલાસ છે. આ પ્રકારની પિશાચચર્યા તો જડજગતને મુગ્ધ કરવા માટે છે. (૨૮)

વિધિ બલવાન કે વૃંદાવન વિહારીજીની ઈચ્છા બલવતી ?

મૈત્રેય મહર્ષિએ કહ્યું કે વિદુરજી ! શ્રી કશ્યપ મહર્ષિ દિતિદેવીને આ પ્રમાણે સમજાવતા જ રહ્યા; પરંતુ પરાકાષ્ઠાએ પહોંચેલા કામદેવને વશ બનેલાં દેવી સ્વસ્થ ના રહી શક્યાં. ઈન્દ્રિયો કામદેવને આધીન બની, લાજ વિસારે પડી, તદ્દન અબુધ ગ્રામ્ય જડ નારીની માફક દિતિદેવીએ મુનિવરનાં વલ્કલ પકડી મુનિ મહારાજને ખેંચવા માંડ્યા. (૨૯) યદ્યપિ મુનિવર વિવેકી હતા; પરંતુ માત્ર સ્ત્રીકલેશથી કંટાળી અને વિશ્વવિધાતાની અજ્ઞેય ઈચ્છાને આધીન થઈ, ભગવાનને

નમસ્કાર કરી 'કામપૂર્તિ માટે કાંતાને સાનુકૂળ થયા અને અગ્નિશાલામાંથી નીકળી એકાન્ત પર્ણશાલામાં પ્રવેશ કર્યો. (૩૦) ભગવદિચ્છાને માન આપી. મુનિએ ગર્ભાધાનવિધિ સમાપ્ત કર્યો. પુનઃ સંધ્યાવેલા ઉગ્ર હતી, તે ગર્ભાધાન માટે યોગ્ય ન હતી; એવું જાણતા મુનિવરે પ્રાયશ્ચિત માટે જલદીથી સ્નાન કર્યું, પ્રાણાયામ કર્યો અને વાણીનો સંયમ કરી, મૌન સ્વીકારી, અવિદ્યાનો વિનાશ કરનારા અને બુદ્ધિનો પ્રકાશ કરનારા સનાતન બ્રહ્મનું - ભગવાનનું ધ્યાન કરતા પ્રણવનો જાપ જપવા લાગ્યા. ૩૧

દિતિનું દૈન્ય અને ક્ષમા પ્રાર્થના

હે શ્રીવિદુરજી ! દેવી દિતિજીને પોતાના અનુચિત આચરણની લજ્જા આવી, મનમાં ખૂબ ક્ષોભ થયો, તેઓ શ્રીકશ્યપ મુનિ પાસે સંકોચાતાં સંકોચાતાં ગયાં, મુખ નીચું પડી ગયું, લાજ ઘેરી વળી અને અવનત મુખે કહેવા લાગ્યાં, હે બ્રહ્મન્ ! હે કશ્યપ ઋષિ ! ક્ષમા કરો. કસમયે ગર્ભાધાન માટે મેં આપને પરવશ બનાવી ઈચ્છા પૂર્ણ કરી એ અપરાધને માફ કરો. દિતિનું આ કાર્ય શાસ્ત્રનિષિદ્ધ પાપ ન હતું; કેવલ કાલ પ્રતિકૂલ હતો અને ગર્ભાધાન થયું તેથી વિનવવા લાગ્યાં કે મહારાજ ! રોષે ભરાયેલ ઉગ્ર એવા રુદ્ર મારા ગર્ભનો નાશ ના કરે એવી કૃપા કરો કે એવો ઉપાય કરો એવી મારી પાલવ પાથરીને પ્રાર્થના છે. આવું દૈન્ય દર્શાવતાં દેવી દિતિ ભગવાન શંકરને નવ વિશેષણ આપી નવવાર કે વારંવાર નમસ્કાર કરવા લાગ્યાં.

नमो रुद्राय महते देवायोग्राय मीढुषे । शिवाय न्यस्तदण्डाय धृतदण्डाय मन्यवे ॥ ३४ ॥
स नः प्रसीदतां भामो भगवानुर्वनुग्रहः । व्याधस्याप्यनुकभ्प्यानां स्त्रीणां देवः सतीपतिः ॥ ३५ ॥

(૧) रुद्राय नमः–પ્રાણીઓના દુઃખને જોઈને રડી પડતા એવા દયાળુ રુદ્રને નમસ્કાર. (૨) महते नमः-ક્ષમા દેવામાં ઉદાર દિલવાળા મહાન શિવને નમસ્કાર. (૩) देवाय नमः -પ્રપન્ન જીવોના દોષોને વિસરી જનારા દેવ-શિવને નમસ્કાર. (૪) उग्राय नमः ક્રૂર અને દુષ્ટ જનોને દંડ દેનાર ઉગ્ર દેવને નમસ્કાર. (૫) मीढुषे नमः-ભક્તજનની કામનાના પૂરક કલ્પતરુ (૬) शिवाय नमः-કલ્યાણ સ્વરૂપ શિવજીને નમસ્કાર. (૭) धृतदण्डाय नमः–ખલનાશ કરવા દંડ ધારણ કરનારા રુદ્રને નમસ્કાર. (૮) न्यस्तदण्डाय नमः-દક્ષનો વધ કરી દંડને ત્યજીને રહેલા સત્વમય શિવને નમસ્કાર. (૯) मन्यवे नमः–મન્યુ સ્વરૂપ રુદ્ર ભગવાનને નમસ્કાર. (૩૪) દેવી દિતિ સ્વયં શિવજીને પ્રાર્થના ન કરતાં કશ્યપ મુનિ દ્વારા અપરાધની ક્ષમા કરાવતાં બોલ્યાં કે મુનિ મહારાજ ! શિવજીને વિનવો કે મારા અપરાધને ક્ષમા કરે. એક તો હું સ્ત્રી છું એ રીતે પણ તેઓને દયા આવશે અને શિવજી મારા બનેવી થાય; કારણ કે મારી નાની બહેન સતીના પતિ-"सतीपतिः" છે તેથી પણ દયાળુ દયા કરશે. અમને જોઈ એ પારધી જેવા નિર્દયોને પણ દયા ઊપજે છે. તો આ શિવજી તો દયાનિધિ હોઈ દયા કરશે જ એટલું બોલી વિરમી ગયાં. (૩૫)

શ્રીમૈત્રેય મુનિ બોલ્યા કે વિદુરજી ! મુનિ કશ્યપને લાગ્યું કે પોતાના સંતાનોની રક્ષા "સર્વ કોઈ ચાહે એ તો ત્રણે લોકમાં પ્રસિદ્ધ વસ્તુ છે એમાં નવાઈ શી ! આવી હૃદયમાં સદ્ભાવના જાગી, પોતે સંધ્યા વંદન, જાપ આદિ સાયંકાલના નિત્ય વિધિમાંથી પરવાર્યા અને સ્ત્રીના સ્વભાવથી અથવા કરેલા અપરાધથી કે પતિના સ્વભાવથી કંપી રહેલાં દિતિદેવી ઉપર અનુકમ્પા વર્ષાવતા મુનિવર કશ્યપ બોલ્યા. (૩૬) દેવી ! દુઃખી થાવ મા. હું અને તમે સમાન દોષિત છીએ, વળી આ પ્રમાણે બનવામાં દૈવેચ્છા પણ બલિષ્ઠ છે. જુઓ દેવી આપણાથી ચાર મોટા અપરાધો થયા છે : (૧) તે अप्रत्ययादात्मनः તમે ઋતુ સ્નાત ન હતાં અથવા મનથી અશુચિ હતાં : તેથી (૨) दोषान्मौहूर्तिकात् - વળી સંધ્યાવેલાનું ૪૮ મિનિટનું મુહૂર્ત હતું તે આસુર વેલા હતી; તેથી, मन्निदेशातिचारेण-મારી આપેલી વિવેક વૃત્તિને ઠોકરે ચઢાવી; તેથી (૪) देवानां चैव हेलनात्–ગાર્હસ્પત્ય આદિ ત્રણે અગ્નિ દેવોની ઉપેક્ષા કરી આપણે કામપૂર્તિ માટે શયનખંડમાં ગયાં તેથી હે અભદ્ર આવેશમાં આવેલાં દિતિ ! મેં અને તમે અપરાધો કર્યા તેના ફલ સ્વરૂપે બે અભદ્ર અમંગલ—સ્વભાવથી અધમ પુત્રો થશે. આ બે પુત્રો जाठराधमौ-ઉદરના અપરાધી થશે, મુનિ કશ્યપના બીજમાંથી-તેજસ્વી અને પવિત્ર તીર્થમાંથી ઉત્પન્ન

થવાના છે વળી ભગવાનના પાર્ષદો જ ભૂતલ ઉપર આવવાના છે; તેથી તેઓ બીજથી તો ઉત્તમ હોવાથી જ ભવિષ્યમાં પ્રહ્લાદજી જેવા પરમ ભાગવત પુત્રના પિતા થશે. દેવી તમારો સ્વભાવ "ચણ્ડ" ઘણો ઉગ્ર છે; તેથી ત્રણે લોકને પ્રચંડ પ્રમાણમાં રંજાડનારા પુત્રો થશે. (૩૭-૩૮) હે દિતિ ! આ બન્નેના હાથે રાંક સ્વભાવનાં નિર્દોષ પ્રાણીઓનો સંહાર થશે, સ્ત્રીઓને ઉઠાવી લાવી પોતાના જનાનામાં કેદ કરશે, મહાપુરુષોને ક્રોધ ઉપજાવે એવાં વર્તન કરશે. દેવી ! જ્યારે આવી કરુણભૂમિ પેદા થશે ત્યારે રોષે ભરાયેલા લોકમંગલ કરનારા દયાનિધિ વિશ્વપતિ ભગવાન અવતાર લેશે, અને જેમ પૃથ્વીને પીડનારા પર્વતોની વજ્રધારી ઈન્દ્રે વજ્રથી પાંખો કાપી પર્વતોનો નાશ કર્યો તેવી જ રીતે ભગવાન આ બન્ને દૈત્યોનો નાશ કરશે. (૩૯-૪૦)

મુનિવર પતિદેવ કશ્યપનાં વચનો દિતિને મન વરદાન બન્યાં

દિતિદેવી બોલ્યાં, નાથ ! કરસરોજમાં સુદર્શન ચક્ર ધરનારા, મંગલ હસ્તવાળા ભગવાન શ્રીકૃષ્ણના વરદ હસ્તેજ મારા બે પુત્રોનો વધ થાય, પરંતુ હે પ્રભો ! ક્રોધે ભરાયેલા સનત્કુમારો જેવા કોઈ ઋષિઓના શાપથી તો તેમનો વધ ના થાય એવું ચાહું છું. (૪૧) હે ભગવન્ ! હે પતિદેવ ! જેનો બ્રાહ્મણના શાપથી દાહ થયેલો છે તેનો અને પ્રાણીઓને સદા સતાવનારા, જીવાત્મા જે જે યોનિઓમાં જાય છે ત્યાં નરકવાસીઓ પણ તેનો સ્પર્શ નથી કરતા. હે મુનિવર ! મારા પુત્રોની બ્રાહ્મણના અપરાધથી અવગતિ ના થાય એટલું ચાહું છું. (૪૨)

મુનિકશ્યપ બોલ્યા કે, હે દિતિદેવી ! (૧) તમે પોતાના કરેલા અનુચિત કાર્યના શોક યુક્ત પરિતાપથી તથા (૨) પશ્ચાત્તાપથી, (૩) તમે કરેલા અપરાધની શીઘ્ર કબૂલાત અને ક્ષમા કરાવવાની વાણીથી, (૪) ભગવાનમાં દર્શાવેલા અનન્ય ભાવથી, (૫) શંકર ભગવાનમાં રહેલા આદર ભાવથી, (૬) મારામાં રહેલા તમારા આદરભાવથી દેવી તમારું કલ્યાણ થશે. દેવી ! તમારા પુત્રોને ત્યાં સંતોનું સતત સન્માન કરનાર અને સંતોથી સન્માનિત પુત્ર થશે. તમારા તે પૌત્રના ઉજ્જ્વલ યશને ભગવાનના યશની સાથે ભક્તો ગાશે. (૪૩-૪૪)

પરમ ભાગવત પ્રહલાદ્જીના અઢાર ઉત્તમ ગુણો

(૧) सतां मतः આપના પૌત્ર સંતોના સમાજમાં સન્માન્ય થશે. (૨) (२) गास्यन्ति तद्यशः शुद्धम्–ભગવાનના યશની માફક જ સંતપુરુષો પ્રહ્લાદના યશને ગાશે. (૩) योगैर्हेमेव-જેમ અનેક રસાયણ દ્રવ્યોથી-દ્રવ્યોના સંયોગથી સુવર્ણ શુદ્ધ થાય છે; તેવી જ રીતે સજ્જનો આપના પૌત્રના શીલને-વર્તનને અનુસરવાથી ભક્તજનો થશે. વળી આપના પૌત્ર પ્રહ્લાદજીના નિર્વૈર ભાવ વગેરે ઉત્કૃષ્ટ ગુણોનું ગાન કરવાથી પોતાને પવિત્ર કરશે. (૪૫) (૪) स स्वद्वम् भगवान् यस्य तोष्यतेऽनन्धया दशा–ભગવદ્રૂપ એવું આ વિશ્વ જે ભગવાનની કૃપાથી પ્રસન્ન થાય છે તે સર્વના સાક્ષી ભગવાન દેવી તમારા પૌત્રની અનન્ય ભક્તથી પ્રસન્ન થશે. (૪૬)

स वै महाभागवतो महात्मा महानुभावो महतां महिष्ठः । प्रवृद्धभक्त्या ह्यनुभाविताशयेः निवेश्य वैकुण्ठमिमं विहास्यति ॥४७॥

अलम्पटः शीलधरो गुणाकरो हृष्टः परद्धर्या व्यथितो दुःखितेषु । अभूतशत्रुर्जगतः शोकहर्त्ता नैदाधिकं तापमिवोडुराजः ॥४८॥

अन्तर्बहिश्चामलमब्जनेत्र स्वपूरुषेच्छानुगृहीतरूपम् । पौत्रस्तव, श्रीललनाललामं द्रष्टा स्फुरत्कुण्डल भण्डितानननम् ॥४९॥

પ્રહ્લાદજીના ૪ ગુણો ઉપરના બે શ્લોકમાં ગાયા. હવે આ ૪૭મા શ્લોકમાં ૫ થી ૯ ગુણોનું વર્ણન કરતાં કહેવા લાગ્યા કે તે શ્રીપ્રહ્લાદજી महाभागवतः–મહાભાગત થશે. જન્મ લીધા પછી તાદૃશીજનનો સંગ કરી ભગવદીય બની, ભગવત્સેવા કરે અને પોતાના આત્માસહિત સર્વ ઈન્દ્રિયાદિનું સમર્પણ કરે, તેને "ભાગવત" કહેવામાં આવે; પરંતુ જન્મ લેતાં જ જે પરમ ભક્ત બને અને સમગ્ર જીવન અને સામગ્રી ભગવાનની સેવામાં જ વાપરે તેને પરમભાગવત મહાભાગવત કહેવાય. (૬) महात्मा-ભગવાનના અને પોતાના સ્વરૂપના જ્ઞાનવાળો થશે. (૭) महानुभावः-પૂર્ણ પ્રભાવશાળીબનશે. અગ્નિ બાળશે નહીં. શસ્ત્રોથી મરશે નહીં, જલમાં ડૂબશે નહીં તેવા પ્રતાપશાળી બનશે. (૮) महतां महिष्ठः–જગતના માન્યપુરુષો પણ માન આપશે. (૯) प्रवृदद्यभक्त्या–ભગવતકૃપાથી સમૃદ્ધ થયેલી ભક્તિ દ્વારા આર્દ્ર અને આતુર થયેલા

પ્રભાવશાળી હૃદયમાં ભગવાનને પધરાવી આ દેહનો ત્યાગ કરશે. ૪૮'મા શ્લોકમાં ૧૦ થી ૧૭, ગુણોનું વર્ણન કરતાં બોલ્યા કે, (૧૦) अलम्पटः-વિષયોમાં અનાસક્ત અને ભગવત્સ્વરૂપમાં નિત્ય, મન. બુદ્ધિ, ઈન્દ્રિયદેહાદિ દ્વારા ભગવત્સેવામાં ઓતપ્રોત, (૧૧) शीलधरः-મધુર મંગલ સ્વભાવવાળા, (૧૨) गुणाकरः-ગુણોના ભંડાર થશે. પ્રથમ સ્કંધના ૧૬મા અધ્યાયના ૨૧ થી ૨૯મા શ્લોક સુધી ગાયેલા ૩૯ ગુણોથી ભરપૂર (૧૩) हृष्टः परर्द्धर्या-પરસુખ સમ્પત્તિ દેખી પ્રસન્ન થનારા, (૧૪) व्यथितो दुःखितेषु-પરદુઃખ દેખી દાઝનાર, (૧૫) अभूतशत्रुः–અજાતશત્રુ, (૧૬) जगतः शोकहर्ता–સમષ્ટિના શોકને હરનારા, (૧૭) उडुराजः-ઉડુ એટલે ભક્ત નામના નક્ષત્રોની મધ્યમાં રાજા જેવા "ભક્તરાજ" થશે. (૪૮) अन्तर्बहिः श्रीललनाललामं द्रष्टा હે દેવી ! વળી આપના પૌત્ર દોષરહિત, નિર્દોષ, કમલ સમાન નેત્રવાળા, નિજભક્તોની ઈચ્છા પ્રમાણે અવતાર લેનારા, લક્ષ્મીરૂપ લલનાથી સુંદર, તેજોમય કુંડલોથી સુશોભિત મુખકમળવાળા ભગવાનનાં અંદર અને બહાર દર્શન કરશે. (૪૯).

મૈત્રેય મહર્ષિ કહેવા લાગ્યા કે, પોતાના પૌત્ર પરમ ભાગવત થશે એવું જાણીને દિતિ દેવી ખૂબ જ પ્રસન્ન થયાં અને શ્રીકૃષ્ણ ચંદ્ર પ્રભુના કરકમલે બન્ને પુત્રોનો મોક્ષ થશે જાણીને ઉદાર મનવાળાં થયાં (૫૦).

मैत्रेय उवाच : श्रुत्वा भागवतं पौत्रंमुमोदत दितिर्भृशम् ॥ पुत्रयोश्च वधं कृष्णाद्विदित्वाऽऽसीन्महामनाः ॥ ५० ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષનો તૃતીય સ્કંધનો દિતિકથા, દિતિ ગર્ભાધાન. પુત્ર અને પૌત્રોના ભાવિકથન વગેરે પ્રસંગોનું વર્ણન કરતો અધ્યાય

અધ્યાય ૧૫મો

[આ અધ્યાયમાં ૫૦ શ્લોકો છે, કામાવેશ, સત્કર્મનો નાશ કરે છે એ વસ્તુની સ્પષ્ટતા ૧૪મા અધ્યામાં કરી. આ ૧૫મા અધ્યાયમાં ક્રોધથી જ્ઞાનનો નાશ થાય છે એ વસ્તુનું નિરુપણ થશે. ખાસ તો એક વાત કે વૈકુંઠમાં કામ, ક્રોધ વગેરે સંભવતા નથી. આમ છતાં બ્રહ્મનિષ્ઠ સનત્કુમારોને અરે ભક્તિનિષ્ઠ જયવિજયને પણ ક્ષણિક રોષ થયો એ ભગવાનની લીલાવિલાસઈચ્છાનું ફળ છે, વૈકુંઠની વિશેષતા એ જ છે કે ત્યાં વસતાં સ્ત્રી, પુરુષ, પશુ, પક્ષીઓ વગેરેમાં વૈરવૃત્તિ હોતી નથી, તેમજ તેઓ સર્વથા નિર્દોષ હોય છે. ચાલો આપણે વધુ વિવેચન ન કરતાં વૈકુંઠ દર્શનનો અને વૈકુંઠ મહિમાનો આનંદ લઈએ.]

मैत्रेव उवाच – प्राजापत्यं तु तत्तेजः परतेजोहनं दितिः । दधार बर्षाणि शतं शङ्कमाना सुरार्दनात् ॥ १ ॥

મૈત્રેયમહર્ષિ બોલ્યા કે વિદુરજી ! પ્રજાઓના પતિ, બ્રહ્મતેજસ્વી મહર્ષિ કશ્યપનું, અન્ય તેજોનો પરાભવ કરવાના સામર્થ્યવાળું મહત તેજ, ગર્ભસ્વરૂપે દિતિદેવીના ઉદરમાં વસેલું હતું. જો ગર્ભ પ્રક્ટ થાય તો તે તેજનો ઈંદ્રાદિ દેવો વિનાશ કરશે એવી મનમાં શંકા હોવાથી સતી દિતિએ સો વર્ષ પર્યંત ઉદરમાં ધારણ કરી રાખ્યું. (૧) દિતિના ઉદરમાં રહેલા પ્રતાપશાળી તે તેજથી લોકનો પ્રકાશ નષ્ટ થયો ત્યારે બલહીન બનેલા લોકપાલો, બ્રાહ્મીશક્તિનો અને વૈષ્ણવી શક્તિનો પરાભવ કરવા સમર્થ થઈ શક્યા, દશેદિશામાં અંધકાર છવાઈ ગયો, અંધાધૂંધી ફેલાવા લાગી; તેથી અકળાયેલા દેવો બ્રહ્માજીને આ શ્લોકોથી નિવેદન કરવા લાગ્યા. (૨)

દેવો પ્રથમ શ્લોકમાં શ્રીબ્રહ્માજીના જ્ઞાનનું સમર્થન કરતાં બોલ્યા કે હે વિભો ! જે અકલ્પ્ય અને અસહ્ય અંધકારથી અમે દુઃખી થઈ રહ્યા છીએ તે અંધકારને આપ જાણો છો, આપનું નિત્યજ્ઞાન છે, સર્વ સામાન્ય જ્ઞાનીઓનાં જ્ઞાન કાલથી બાધિત થાય છે; પરંતુ આપનું જ્ઞાન નિર્બાધ છે; કારણ કે આપ સમર્થ ભગવાન છો. (૩) દેવો બીજા શ્લોકમાં કહી રહ્યા છે કે આપ સર્વજ્ઞ છો, કારણ કે આપ દેવાધિદેવ છો, જગત વિધાતા છો, લોકનાથોના પણ આપ નાથ છો, હે દેવ ! હે સર્વજ્ઞ ભગવન્ ! આપ નાના મોટા પ્રાણીઓના હૃદયના ભાવને જાણો છો. દેવો ત્રીજા શ્લોકથી ક્ષમાપન માગતાં અને નમન કરતા બોલ્યા કે વિજ્ઞાન રૂપ વીર્યવાળા આપને નમસ્કાર, માયાથી આ દિવ્યદેહને ધારણ કરનાર આપને નમસ્કાર, ત્રણ ગુણોને લીધે ભેદનો સ્વીકાર કરનાર આપને નમસ્કાર, અવ્યક્તના કારણ એવા આપને નમસ્કાર, (૫) દેવો હવે ચોથા અને પાંચમા બે શ્લોકમાં દેવો કૃપાની અને અભયની યાચના કરતા બોલ્યા કે જેઓ પોતાના જીવોના દેહોને ઉત્પન્ન કરનાર, પોતાનામાં સમસ્ત ભુવનોને સમાવી રાખનાર, સમગ્ર ભુવનોને વશ રાખનાર, સદ્અસદ્ રૂપ એવા આપને અનન્ય ભાવથી ભજે છે તેવા પરિપક્વ યોગવાળા પ્રાણ, અન્તઃકરણ, ઈન્દ્રિય ઉપર વિજય પામેલા અને

આપની કૃપા પામેલાઓનો ક્યાંયથી કે કોઈથી પરાજય નથી થતો. (૬-૭) હવે નિવેદનના છઠ્ઠા શ્લોકમાં દેવો કહી રહ્યા છે કે અમે તો આપના સેવક છીએ હે નાથ ! જેમ ખેડૂતના બળદો નાકે નાથવાળા, ગળે દોરડા વાળા, ખેતી કરી માલીકને માલ લાવી આપે છે, એ રીતે સમસ્ત લોકોની પ્રજાઓ સાવધાન રહીને, આપની આપેલી પિતા-પુત્ર-માતા-ભ્રાતા સ્વામી સેવક નામની સંજ્ઞાઓની નાથની નથાયેલા નિરંતર ભેટપૂજા કરી રહ્યા છે એ સર્વ આપનો મહિમા છે. આવાં સર્વને નાથનારા નાથને નમસ્કાર. (૮) હવે સાતમા શ્લોકથી કૃપાની ભિક્ષા માગતા દેવો બોલ્યા કે હે મહાન ! ઉપર વર્ણવેલા એવા આપ અંધકારથી જેમના કર્મનો લોપ થયેલ છે એવા લોકોનું-દેવોનું આપ કલ્યાણ કરો. તેમજ અમ શરણાગત જીવો ઉપર પુષ્કળ કૃપા ભરી દૃષ્ટિથી નિહાળો. (૯) દેવો આ આઠમા અંતિમ શ્લોકથી દૈત્યોના અવતરણનો ભય દર્શાવતા દેવો બોલ્યા કે હે દેવ! દિતિ પત્નીમાં સ્થાપેલ કશ્યપમુનિનું વીર્ય આ દિતિના ગર્ભ રૂપે છે તે દશેદિશાઓમાં અંધકાર ફેલાવી રહેલ છે. તે તેજ કાષ્ઠમાં મૂકવામાં આવેલ અગ્નિની માફક પુષ્કળ વધી રહેલ છે. (૧૦) મુનિવર મૈત્રેય બોલ્યા કે હે વિદુરજી ! કેવલ વેદોથી સમજાય તેવા જ સ્વયંભૂ બ્રહ્માજી છે. તેવા બ્રહ્માજી મંદસ્મિત કરતા, દેવોને રાજી કરતા રુચિકર વાણીથી કહેવા લાગ્યા. (૧૧)

પુત્રગાથા કે પુણ્યકુમારગાથા

શ્રીબ્રહ્માજી બોલ્યા કે હે દેવો ! તમારા જન્મપૂર્વે જન્મેલા સનત્કુમાર વગેરે મારા ચાર કુમારો મારા માનસ પુત્રો છે. તેઓ સર્વ લોકોમાં નિઃસ્પૃહ થઈને આકાશ માર્ગે લોકોને પાવન કરતા વિચરી રહ્યા હતા. (૧૨) તેઓને એક દિવસ શ્રીવૈકુંઠ દર્શનની લાલસા જાગી તેથી તેઓએ સર્વથા નિર્મલ સ્વરૂપ અને સર્વલોકવંદ્ય શ્રી વૈકુંઠ ભગવાનના દિવ્ય શ્રીવૈકુંઠલોક તરફ પ્રસ્થાન કર્યું (૧૩)

શ્રીવૈકુંઠલોક સચ્ચિદાનન્દ સ્વરૂપ છે ત્યાં વસનારા પણ સચ્ચિદાનંદ સ્વરૂપ છે

બ્રહ્માજી કહેવા લાગ્યા કે હે દેવો ! આ શ્રીવૈકુંઠલોકમાં વિષયોમાં અનાસક્ત વૈરાગ્ય પૂર્ણ સ્વભાવવાળા અને શ્રીવૈકુંઠ ભગવાન સમાન સ્વરૂપવાળા ભક્તપુરુષો, પોતાની પતિવ્રતા પત્નીઓ સાથે નિરંતર વસે છે. આ પુરુષો કેવલ કૃષ્ણાર્પણ બુદ્ધિથી સ્વધર્માચરણ કરનારા અને શ્રીહરિને પ્રસન્ન કરનારા પરમભગવદીય જનો હોય છે. (૧૪) વૈકુંઠલોક નિવાસી શ્રીવૈકુંઠ ભગવાન તો વેદોથી જ જાણી શકાય છે, ષડૈશ્વર્ય સમ્પન્ન છે, આદ્યપુરુષ છે, શ્રીવૈકુંઠનાથ રજોગુણથી પર છે સત્વગુણને સમ્પૂર્ણ વ્યવસ્થિત રાખીને નિજભક્તોનો તેમ જ આપણા બ્રહ્માદિદેવોને સદા આનંદ દાતા સ્વામી તરીકે બિરાજે છે. (૧૫) હે દેવો ! આ વૈકુંઠ ધામમાં સર્વઋતુઓનાં ફલ ફૂલ વગેરે અઢળક સમૃદ્ધિવાળા કામનાપૂરક કલ્પવૃક્ષોથી અતિશય રમણીય, જાણે મૂર્ત્તિમંત મુક્તિધામ ન હોય ને શું ! "એવું નૈઃશ્રેયસ્' નામનું વન વિલસી રહ્યું હોય છે. (૧૬)

वैमानिकाः सललनाश्चरितानि यत्र गायन्ति लोकशमलक्षपणानि भर्तुः ।
अन्तर्जलेऽनुविकसन्मधुमाधवीनां गन्धेन खण्डितधियोऽप्यनिलं क्षिपन्तः ॥ १७ ॥

આ વૈકુંઠ ધામમાં જલાશયોમાં આપોઆપ વિકસતી મકરંદરસ ભરેલી માધવી લતાઓની સુગંધ, વિવેકશીલ જનોની વિવેક બુદ્ધિને-મતિને પણ ખંડિત કરી દે તેવો હોય છે, આ લતાઓ જલ ઉપર જ થાય છે. જમીન ઉપર નથી થતી. મતિ ખંડિત કરતા, માધવી લતા સુગંધનો જરાપણ દરકાર ન કરતા, વિમાનવિહારી ગન્ધર્વો પોતાની પતિવ્રતા લલનાઓ સાથે, લોકોના પાપોનો નાશ કરતાં ભગવાન શ્રીવૈકુંઠનાથનાં મંગલ ચરિત્રોનાં ગાન કરે છે. (૧૭) હે દેવો ! વૈકુંઠનો મહિમા શું વર્ણવું ? ત્યાંના પક્ષીઓ પણ સત્ત્વગુણ સપન્ન ભક્તો છે, જેમ કોઈ પરમ ભગવદીયો, શ્રીહરિની કથાનાં ગાન કરે તેમ ઉત્તમ ભ્રમરો જ્યારે હરિકથાનાં ગુંજન કરતા હોય છે ત્યારે કથામાં વિક્ષેપ ના થાય જ્યારે તેનું ધ્યાન રાખીને કબૂતર, કોયલો, સારસ પક્ષીઓ, ચકવાકો, ચાતકો, હંસો, પોપટો, તેતરો અને મયૂરો કલરવ કરતાં વિરમી જાય છે. (૧૮) હે દેવો ! શ્રીવૈકુંઠ નાથ ભગવાનના વક્ષ-સ્થળમાં વનમાલા બિરાજે છે એમાં શ્રી તુલસીજી વિલસી રહ્યાં છે.

શ્રીલક્ષ્મીજીની માફક શ્રીતુલસીજી અમૃતમાંથી ઉત્પન્ન થયાં છે. શ્રીવૈકુંઠનાથ તુલસીજીનો યશ ગાય છે તે સાંભળીને ભક્તિની લાલસા સેવતાં મંદાર, મોગરો, કુરબક, રાત્રીવિકાસી કમલો, ચંપો, અર્ણ, પુન્નાગ, નાગ, બોરસલી, કમલ, પારિજાત વગેરે પુષ્પો શ્રીતુલસીજીના તપની પુષ્કળ પ્રશંસા કરવા લાગ્યાં. (૧૯) હે દેવો! વૈકુંઠનિવાસી ભક્તનારીઓ, પરમ ભક્ત છે. તેઓ વૈકુંઠનાથનાં ભક્ત હોઈ શ્રીવૈકુંઠ પ્રભુનાં શ્રીચરણોમાં દંડવત્ પ્રણામ કર્યા. એટલામાં તો દયાળુ પ્રભુ પાસેથી વૈદૂર્યમણિ, મરકતમણિઓથી મઢેલાં સુવર્ણનાં વિમાનો પ્રસાદીમાં પ્રાપ્ત થઈ ગયાં. આ વિમાનોમાં બેસીને વિચરતી, ઉત્તમ નિતંબોવાળી, મધુર મન્દસ્મિતથી શોભતા મુખકમલ વાળી દિવ્ય લલનાઓ, પોતાના સ્મિત-હાસ્યથી, હાવભાવોથી, અને કટાક્ષભર્યાં અવલોકનોથી ભગવાન શ્રીકૃષ્ણમાં મનવાળા મહામના ભક્તજનોને સકામવૃત્તિવાળા બનાવી શકતી નથી. કારણ કે ભગવાન શ્રીકૃષ્ણ જેના હૃદયમાં બિરાજતા હોય તેના હૃદયમાં કામનો પ્રવેશ સંભવે જ ક્યાંથી ! (૨૦) હે દેવો ! જે લક્ષ્મીજીનો અનુગ્રહ મેળવવા અન્ય દેવો અખંડ પ્રયત્ન કરે છે તો પણ કૃપા કટાક્ષ નથી પામ્યા, તે ભગવતી, મૂર્તિમતી, સાક્ષાત્ દિવ્ય વિગ્રહવતી, મહા લક્ષ્મીજી, સદા અચલા બનીને કરમાં કમલ ધારણ કરીને સુવર્ણથી જડેલા સ્ફટિક મણિઓની દિવાલોવાળા શ્રીહરિના વૈકુંઠ ભુવનમાં શ્રીચરણોમાં સુવર્ણની કિંકિણીઓના ઝંકાર કરતા ઝાંઝરો ધારણ કરી વિચરી રહ્યાં હોય છે; ત્યારે પ્રિયતમ શ્રીકૃષ્ણના ભુવનમાં જાણે બુહારીજીની સેવા કરતાં હોય એમ ભાસે છે. વૈકુંઠમાં કોઈ પણ વ્યક્તિ કે વસ્તુ દોષવાળી હોય જ નહીં પછીથી શ્રીલક્ષ્મીજી તો નિર્દોષજ હોય. આમ છતાં मुक्तदोषा એવું લક્ષ્મીજીને વિશેષણ આપ્યું છે એનું રહસ્ય એ છે કે દિવસે ભગવાનની સેવામાં સ્વયં પરોવાયેલાં રહે છે; તેથી તો ચરણારવિંદના ઝાંઝરનો ઝણકાર સંભળાયા કરે છે, વળી સ્વહસ્તે જ સેવા કરતાં હોવાથી मुक्तदोषा એટલે શ્રીલક્ષ્મીજી પ્રતિનિધિ કે દાસીઓ દ્વારા શ્રીઠાકોરજીની સેવા નથી કરતાં કે કરાવતાં; પરંતુ રાત્રીદિવસ સ્વયં मुक्त સેવામાં ઓતપ્રોત, સેવા પરાયણ દોષા કરમલવાળાં હોય છે. સેવકજનના સદાય બન્ને હસ્ત લાંબા જ રહ્યા કરે છે, સંતો કહે છે "સેવા એક જ ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત કરવાનું સાધન છે." શ્રીલક્ષ્મીજીની સેવા નિષ્ઠાનું ગાન શ્રીશુકાચાર્ય મધુર શબ્દાવલીમાં આમ ગાઈ રહ્યા છે :

श्रीरुपिणी क्वणयती चरणाविन्दं । लीलाम्बुजेन हरिसद्मनि मुक्तदोषा ।
संलक्ष्यते स्फटिककुडय उपेतहेम्नि । संभार्जतीव यदनुग्रहणेऽन्ययत्नः ॥ २१ ॥
वापीषु विदुमतटास्वमलामृताप्सु प्रेष्यान्विता निजवने तुलसीभिरीशम् ।
अभ्यर्चती स्वलकमुन्नसमीक्ष्य वक्त्र । मुच्छेषितं भगवतेत्यमताङ्ग यच्छ्रीः ॥ २२ ॥
यन्न व्रजंत्यधभिदो रचनानुवादात् । श्रृण्वन्ति येऽन्यविषयाः कुकथा मतिध्नीः ।
यास्तु श्रुता हतभगैर्नृभिरात्तसारा । स्तांस्तान् क्षिपन्त्यशरणेषु तमःसु हन्त ॥ २३ ॥

હે વત્સ ! વૈકુંઠની વાપિકાઓના સોપાનોમાં તે વિદ્રુમ મણિઓ મઢેલા છે. વળી વાવોની દિવાલો પણ વિદ્રુમ મણિઓની છે, વાવોનાં જલ પણ અમૃતથી મધુર છે. આ વાપિકાના પગથાર ઉપર બિરાજેલાં, સુંદર અને ચરણની એડીઓને ચૂમતી અલકાવલીથી શોભતાં, ઊંચી મનોહર નાસિકાવાળાં, વૈકુંઠવાસિની જગજનની શ્રી લક્ષ્મીદેવી, સુવર્ણરત્નના થાળોમાં પધરાવેલ, સુકોમલ અને સુવાસિત દલવાળાં, સહસ્ત્રદલોવાળાં, શ્રીતુલસીજીથી વાપીના જલમાં ભગવાનનું અર્ચન કરતાં હતાં ત્યારે, કે પછી પ્રાતઃસ્નાન કરતાં હતાં ત્યારે પોતાનું પ્રતિબિંબ જલમાં જોતાં જ ભગવાન પોતાના મુખકમલને ખૂબ જ સન્માની રહ્યા હોય એમ અનુભવવા લાગ્યાં. (૨૨) જે જીવો, પાપોના પુંજોને હરનારી ભગવાન શ્રીકૃષ્ણની લીલાકથા સુધા માધુરીનાં પાન કરવાનાં પડતાં મૂકીને, સન્મતિનો નાશ કરનારી વિષય વાર્તાઓમાં-કુથલીઓમાં જ રચ્યાપચ્યા રહ્યા છે, તેઓ વૈકુંઠમાં તો જવાના જ ક્યાંથી પરંતુ તેથી પણ અધિક દુઃખની વાત છે કે તે હતભાગી જીવોએ જે પાપ-કુથલીઓ સાંભળી તે તેમના પુણ્યોના પૂંજોનો નાશ કરી ક્યાંય હરિ શરણની સંભાવના નથી તેવા નરકોમાં તેમને પટકી દે છે. (૨૩) બ્રહ્માજી કહેવા લાગ્યા કે હે દેવો !આપણે સદા સેવોપયોગિની માનવ કાયાની

કામના કરીએ છીએ, જે કાયાથી ધર્મજ્ઞાન અનુષ્ટાન સાથે તત્ત્વજ્ઞાનની સરલતાથી પ્રાપ્તિ કરાય છે, આવી સુમંગલ મનુષ્યયોનિને મેળવીને જેઓ શ્રી હરિચરણ સરોજની સેવા નથી કરતા તેઓ સાચેસાચ, પારવિનાના વિસ્તારવાળી શ્રીહરિની માયાથી મોહ જ પામ્યા છે. (૨૪)

પ્રભુકથા સેવાપરાયણ પુણ્યશ્લોક ભગવદીયજનો વૈકુંઠલોકના પથિકો છે

યચ્ચ વ્રજન્ત્યનિમિષામૃષભાનુવૃત્ત્યા । રેદૂરેયમા હ્યુપરિ નઃ સ્પૃહણીયશીલાઃ ।
ભર્તૃર્મિથઃ સુયશસઃ કથનાનુરાગ । વૈક્લવ્યબાષ્પકલયા પુલકીકૃતાઙ્ગાઃ ।।૨૫।।

બ્રહ્માજી કહેવા લાગ્યા કે હે દેવેન્દ્ર ઈન્દ્રરાજ ! જે પુણ્યશ્લોક જનોનું ચરિત્ર દેવોને પણ અનુકરણીય છે, જેઓ નિરંતર અહંકારથી મુક્ત છે, વળી જે તાદૃશીજન ટોળે મળી, જે વૈષ્ણવજન ભેળા મળી પરસ્પર ઉત્તમ શ્લોક ભગવાનની લીલા કથાના ગાનમાં ભાન ભૂલેલા, પ્રેમ રસમાં તરબોળ બનેલા, કાયાલતા ઉપર વિકસિત પુલકોની પુષ્પાવલી ધરાવતા, નેત્રોમાં આનંદાશ્રુ કલાથી છલકાતા, હરિકથાના સેવનથી અને હરિચરણારવિંદની સેવાથી આપણા લોકને ત્યજીને ઉપર આવેલા વૈકુંઠ લોકમાં પધારે છે. (૨૫)

વૈકુંઠમાં પ્રવેશતાં સનત્કુમારોએ કરેલા પાંચ અપરાધો

હે દેવો, મારા ચાર કુમાર સનત્કુમારો લોકવિચરણ કરતા કરતા, વિશ્વગુરુ ભગવાન વૈકુંઠાધીશના અધ્યક્ષપદે બિરાજવાથી અત્યંત ઉત્તમ ગણાતા ચૌદે લોકો અને સર્વ દિવ્ય ભુવનોથી વંદન કરાતા, દેવોનાં દિવ્ય અનંત વિમાનોના પર્યટનથી પુષ્કળ શોભતા જ્યાં ચરણોથી ચાલીને જવાતું નથી તેવા લોકોત્તમ શ્રીવૈકુંઠલોકમાં-કેવલ ભક્તિ માત્રથી પ્રાપ્ય એવા-શ્રીવૈકુંઠમાં, યોગશક્તિના યોગમાયાના બલથી પ્રવેશ કરીને તે સનત્કુમારો પુષ્કળ આનંદ પામ્યા; પરંતુ હે દેવો મારા તે કુમારો વિવેકને નેવે મૂકીને વૈકુંઠાધીશ પ્રભુના લોકમાં ગયા. તેમણે (૧) ફલ, ફૂલ કે વિનમ્ર અંજલિ તેમણે ભેટ લીધા વિના કેવલ ખાલી હાથે ઉદ્ધતાઈથી પ્રવેશવાનો, (૨) શ્રીવૈકુંઠ ભુવનમાં વંદન કરી પ્રવેશવાને બદલે પગે ચાલવાનો, (૨) ભક્તિ ભાવને બદલે કુતૂહલથી જવાનો, (૪) વિશ્વવંદ્ય લોકને વંદન ન કરવાનો, (૫) ભક્તિભર્યા દૈન્યભાવને બદલે યોગમાયાના અહંભાવના બલથી પ્રવેશવાનો, એવા પાંચ અપરાધો કર્યા. (૨૬)

ભક્તિ નામના સાતમા ઐશ્વર્ય વિના વૈકુંઠમાં પ્રવેશ ક્યાંથી :

હે દેવો ! હે ઈંદ્ર ! મારા તે ચાર કુમારો યદ્યપિ ષડ ઐશ્વર્ય સમ્પન્ન હતા; છતાં તેઓ ભક્તિ નામના ભગવતકૃપાથી મળતા સાતમા ઐશ્વર્ય વિનાના હતા; તેથી આ શ્રીવૈકુંઠ લોકમાં છ દોઢીઓ સુધી તો પહોંચ્યા; પરંતુ સાતમી દોઢી-કક્ષા ઉપર આવતાં જ ત્યાં તેઓએ, એક સરખી વયના, હાથમાં ગદાવાળા, અત્યંત અમૂલ્ય બાજુબંધ વાળા, મહામોંઘાં કુંડલો અને મુકુટોથી મનોહર શોભાવાળા બે દિવ્ય પાર્ષદોને નિહાળ્યા. આ બન્ને જયવિજય વૈકુંઠપતિના સમાન સ્વરૂપવાળા હોવાથી સારૂપ્ય મુક્તિ પામ્યા હતા, આ સત્ય પ્રાણરૂપ ગદા હાથમાં હોવાથી મૃત્યુ ઉપર અને દૈત્યો ઉપર વિજયનું સૂચન થઈ રહ્યું હતું. બાજુબંધ, કુંડલ, મુકુટ ધારણ કરેલ હોવાથી કર્મ, સાંખ્ય યોગ અને (૨૭) હે દેવો ! આ સાતમી દોઢી-સાતમું દ્વાર કાંઈ વૈકુંઠ ભુવનનું અંતિમ દ્વારા ન હતું. આ દ્વારે, જે બે પાર્ષદો દ્વારપાલ તરીકે સેવા બજાવી રહ્યા હતા તે - વર્ણે મેઘશ્યામ હતા, તેઓ ચતુર્ભુજ હતા, તેઓના ચાર હસ્તોની મધ્યમાં કંઠે ધારણ કરેલી ભ્રમરના ગુંજન વાળી વનમાલા શોભી રહી હતી, વાંકી ભ્રમરોથી ફૂલી આવેલાં નસકોરાંવાળી મુખાકૃતિથી, વળી લાલ લાગતાં નેત્રોથી જાણે આ બે જય-વિજય નામના પાર્ષદો કાંઈક સકારણ રોષવાળા લાગતા હતા. (૨૮) હે દેવો ! દ્વારે દ્વારપાલ ઉપસ્થિત હતા, આમ છતાં જેમ આગળની રત્નજડિત સુવર્ણના દ્વારવાળી છ દોઢીઓમાં પ્રવેશ્યા હતા, તેવી જ રીતે સાતમી દોઢીએ પણ, પહેરો ભરતા. ફરજ ઉપર સજ્જ થઈ ઊભેલા, બન્ને પાર્ષદ દેવોને દેખતાં પૂછ્યા વિના જ પ્રવેશવા લાગ્યા. કારણ કે આ સનત્કુમારો આવી જ રીતે ટેવાયેલા હતા, તેઓ રોકાણ કર્યા વિના સર્વત્ર જતા હતા, સ્વયં સમદૃષ્ટિવાળા હતા, નિઃશંક રીતે તેથી સર્વત્ર પ્રવેશી શકતા હતા અને સર્વ લોકોમાં વિચરતા હતા. (૨૯) હે દેવો !

શ્રીવૈકુંઠનિવાસી ભગવાનના કોમલ અને કૃપાળુ સ્વભાવથી વિપરીત સ્વભાવવાળા તે બે દ્વારપાલોએ, વાયુરૂપ વસ્ત્રોવાળા, પવનરૂપ કંદોરાવાળા, વયમાં વૃદ્ધ છતાં પાંચ વર્ષની આકૃતિવાળા, આત્મતત્ત્વના જાણકાર, તે ચાર કુમારોને જોઈને, તેઓની તેજસ્વિતાની પણ પરવા કર્યા વિના ન રોકવા યોગ્ય તે મુનિવરોને છડી દ્વારા રોક્યા. (૩૦) હે દેવો ! સદાચારી, પરમહંસ અને જ્ઞાની એવા ઉત્તમ ગુણસમ્પન્ન ચાર સનત્કુમારો જો વૈકુંઠનાથને દ્વારે પધાર્યા હોય તો સ્વયં ભગવાન તેમના સ્વાગત માટે દ્વાર સન્મુખ પધારે તેવી યોગ્યતા ધરાવતા કુમારોને, અન્ય દેવોના દેખતાં, શ્રીહરિના તે બે દોઢીરક્ષક દ્વારપાલોએ બે પ્રતિહારીઓએ જ્યારે છડી આડે ધરી દ્વાર ઉપર અટકાવ્યા ત્યારે, ભગવદ્ દર્શનની ઉત્કટ ઈચ્છાનો ભંગ થતાં કામદેવના નાનાભાઈ ક્રોધથી આકુળવ્યાકુળ નેત્રવાળા તે કુમારો બોલી ઊઠ્યા. (૩૧)

જય-વિજયને કુમારોનો શાપ ? આશીર્વાદ ? કે ભગવાનની વિલક્ષણ લીલા ?

સનત્કુમારો બોલ્યા કે હે પ્રતિહારીઓ ! શ્રીવૈકુંઠનાથના આ વૈકુંઠલોકમાં ભગવાનની અનન્ય સેવાથી આવી શકાય છે અને વસી શકાય છે. આ લોકમાં ભગવાનના સેવકોનો જ વાસ સંભવે છે, ત્યાં ભક્તોના સેવકોના સ્વભાવથી ઊલટા સ્વભાવવાળા, વિષમ સ્વભાવવાળા તમે બન્ને કોણ છો વારુ ? આ લોકનાનાથ તો લૌકિક દેહવાળા નથી-તેમનો કલહકારી સ્વભાવ નથી; તેથી તેમનો કોઈ શત્રુ નથી-તેમજ તેઓ દુરાગ્રહી સ્વભાવવાળા નથી; તેથી અયોગ્ય કોઈ પગલું ભરનારા નથી, તેમજ પરમ શાન્ત પુરુષ છે, તો આવા દિવ્ય લોકમાં અને આવા દિવ્ય પુરુષોત્તમને ત્યાં કપટી સ્વભાવવાળા તમારા બે જણ માટે શું સમજવું ? પોતાના જેવા જ કપટી સ્વભાવવાળા સામાને જોનાર તમે બન્ને જણ કોણ છો ? (૩૨) બ્રહ્માજી બોલ્યા કે હે દેવો ! સનત્કુમારો હવે આગળ વધીને કહેવા લાગ્યા કે ધીર અને વિવેકી પુરુષો જેમ આત્મામાં આત્માને જુએ છે અને આકાશમાં આકાશને જુએ છે, તેમજ સમસ્ત બ્રહ્માડને ઉદરમાં ધારણ કરનારા ભગવાનમાં અને આ વિશુદ્ધ વૈકુંઠમાં ભેદ ભાવ નથી, ત્યાં દેવતાઓના વેશને ધારણ કરનારા તમે આ વૈકુંઠ નિવાસીઓ અને અમારી વચમાં ભેદભાવ કરીને ભગવાનના અભેદભાવ નામના ઉદરમાં પ્રવેશીને ભેદભાવ સરજ્યો છે. (૩૩) સનતકુમારો બોલતાં આગળ વધ્યા અને કહેવા લાગ્યા કે હે પાર્ષદો ! તમારો આવો અવિવેક ભર્યો વર્તાવ જોતાં એમ લાગે છે કે ભગવાન તો સર્વના સ્વામી છે, એ જોતાં વૈકુંઠપતિનું ઉત્તમ કરવામાં જે યોગ્ય છે તેનો ખ્યાલ કરીને તમને બન્નેને તમારા કલ્યાણ માટે શાપ આપીએ છીએ કે તમારી આવી મંદ મતિને લીધે આ ઉત્તમ લોકમાંથી પાપી લોકમાં જાવ, કે જ્યાં કામ, ક્રોધ અને લોભ નામના ત્રણ શત્રુઓ વસે છે. (૩૪)

હે દેવો ! હજારો અસ્ત્રશસ્ત્રોના સમૂહથી પાછા ન વાળી શકાય તે શાપ વચનોને ભયાનક બ્રહ્મદંડ તરીકે સમજીને શ્રીહરિના તે બે જય-વિજય નામના પાર્ષદો, અત્યંત ભયભીત બની ગયા અને વિના વિલંબે ઋષિવર સનત્કુમારોના ચરણ કમલોને પકડી, પુષ્કળ કાંપી ઊઠેલા બે પાર્ષદો પગમાં પડી ગયા. (૩૫)

જયવિજય બન્ને પાર્ષદોએ કુમારો પાસે માગેલી ક્ષમા

જય અને વિજય બોલ્યા કે હે સનત્કુમારો આપ તો સાક્ષાત્ ભગવાન છો, અમને પાપીઓને-અપરાધીઓને આપે જે દંડ કર્યો તે યોગ્ય જ કર્યું છે, આપ સરખા દેવો ઉપર આચરેલા અમારા અપરાધોના સર્વ દોષોનો હરનાર શાપ નહીં પણ ઉપકાર છે કે આશીર્વાદ છે. ભલે તે શાપ કે દંડ અમારે માથે રહો. આપ તો દયાળુ છો, અમને શાપ આપવાથી આપના હૃદયમાં જે અનુતાપ થયો, જે પરિતાપ થયો તે આપનો દયાભર્યો પરિતાપ અમારું ભલું કરશે, આપનો અનુતાપ-પશ્ચાતાપ કૃપાથી ભરેલો છે, હવે જ્યારે અમે વૈકુંઠમાંથી નીચે પડી રહ્યા છીએ ત્યારે આપની કૃપાથી અમને ભગવાનનું વિસ્મરણ ના થાઓ, સંસારમાં મોહ ન થાઓ, સંસારમાં મોહ થાઓ પરંતુ ભગવાનમાં જ અમારો મોહ થાઓ એવો અનુગ્રહ કરો. (૩૭)

एवं तदैव भगवानरविन्दनाभः। स्वानां विबुध्य सदतिक्रममार्यहृद्यः। तस्मिन् ययौ परमहंसमहामुनीना-मन्वेषणीयचरणौ चलयन् सहश्रीः॥३७॥

જ્યારે પોતાના પાર્ષદોએ સજ્જનવર સનત્કુમારોનો અપરાધ કર્યો છે - અનાદર કર્યો છે એવું જાણ્યું ત્યારે વિલંબ કર્યા વિના ભક્તજનોના પ્રાણ પ્યારા, વળી ભક્તજનોને પ્રાણ પ્યારા કરતા, નાભિપ્રદેશમાં કમલવાળા-કમલનાભ, પરમહંસો અને મહામુનિઓ જે નાથના ચરણકમલને સેવવા શોધી રહ્યા છે, તેવા કૃપાળુ ભગવાન ગરુડજી અને ભગવતી શ્રીલક્ષ્મીજીની સાથે કોમલ ચરણોને ચલાવતા દ્વારદેશે પધાર્યા. (૩૭) જેવા ભગવાન દ્વારે પધાર્યા કે ભગવાનને માટે ઉપયોગી સાધનો છત્ર ચામર અને પાદુકા વગેરે સામગ્રી સેવામાં રજૂ કરી દીધી. શ્રીવૈકુંઠપતિને નિહાળતાં જ સનત્કુમારોને એમ લાગ્યું કે આ શ્રીવૈકુંઠનાથ તો અમારી સમાધિનું દર્શનીય સૌભાગ્ય. આ જ પ્રભુ છે, હંસના જેવાં શ્વેતવર્ણાં ચામરોને ઉરાડવાથી ઉત્પન્ન થયેલા પવિત્ર પવનને લીધે હાલતી શ્વેતચ્છત્રની ઝાલરની મોતીની હારો જાણે ચન્દ્રકિરણોમાંથી ટપકતાં જલ બિંદુઓની શીતલતાનો વૈકુંઠનાથને અનુભવ કરાવતી હોય એવા પ્રભુનાં સનત્કુમારોએ દર્શન કર્યાં. (૩૮)

શ્રી વૈકુંઠનાથનાં સ્વરૂપ દર્શન

कृत्स्नप्रसादसुमुखं स्पृहणीयधाम – स्नेहावलोककलया हृदि संस्पृशन्तम् ।
श्यामे पृथावुरसि शोभितया श्रिया स्वः – चूडामणिं सुभगयन्तमिवात्मतत्त्वम् ॥ ३९ ॥
पीतांशुके पृथनितम्बिनि विस्फुरन्त्या – काञ्च्यालिभिर्विरुतया वनमालया च ।
वल्गुप्रकोष्ठवलयं विनतासुतांसे – विन्यस्तहस्तमितरेण धुनानमब्जाम् ॥ ४० ॥
विद्युत्क्षिपन्मकरकुण्डलमण्डनार्ह – गण्डस्थलोन्नसमुखं मणिमत् किरीटम् ।
दोर्दण्डखण्डविवरे हरता परार्ध्य – हारेण कन्धरगतेन च कौस्तुमेन ॥ ४१ ॥
अत्रोपसृण्टमिति चोत्स्मितमिन्दिरायाः – स्वानां धिया चिरचितं बहुसौष्ठवाढ्यम् ।
मह्यं भवस्य भवतां च भजन्तमङ्गं – नेमुर्निरीक्ष्य न वितृप्तदृशो मुदा कैः ॥ ४२ ॥

બ્રહ્માદિ દેવો ઉપર-સર્વ લોકો ઉપર-જયવિજય અને સનત્કુમાર વગેરે कृत्स्न प्रसादसुमुखं સર્વભક્તજનો ઉપર કૃપા વરસાવવા માટે આતુર પ્રસન્નમુખ; દર્શનીય શાન્ત તેજોમય; સ્નેહ સભર અવલોકનના એકાદ કૃપાકટાક્ષથી હૃદયને સ્પર્શી જતા, શ્યામવર્ણા વિશાળ વક્ષઃસ્થલમાં બિરાજતાં લક્ષ્મીજીને લીધે, સ્વર્ગાદિ લોકોના શિખામણિ ગણાતા શ્રીવૈકુંઠલોકને સૌભાગ્યપૂર્ણ બનાવતા શ્રીવૈકુંઠાધીશ પ્રભુને જોયા. (૩૯) શ્રીવૈકુંઠાધીશે પીતાંબર ધારણ કર્યું હતું, વિસ્તૃત નિતંબ ઉપર ધારણ કરેલ પીતાબંર ઉપર કેડ ભાગે કંદોરાની સેર ચળકી રહી હતી, વક્ષઃસ્થળ ઉપર ભ્રમરોના ગુંજનવાળી વનમાલા વિલસી રહી હતી, રત્નકંકણથી શોભતો પોતાનો એક કરકમલ ભક્તવર શ્રીગરુડજીના ખભા ઉપર પધરાવીને ઊભા હતા, જ્યારે બીજા કરકમલમાં ધારણ કરેલા કમલને ફેરવી રહ્યા હતા. દિવ્ય દર્શનીય ભગવાનનાં દર્શન કર્યાં (૪૦) વીજળીની કાંતિને ઝાંખી પાડી દેનાર રત્ન મઢેલાં મકર જેવી આકૃતિવાળાં કુંડલો ગંડસ્થલ ઉપર ઝળકતાં હતા, ઊંચી નાસિકાવાળું મુખારવિંદ મનને આકર્ષી રહ્યું હતું, શ્રીમસ્તકે મણિમંડિત મુકુટ શોભતો હતો, ભગવાનની ચાર ભુજાઓની મધ્યમાં રહેલા અને મનને હરી લેતા મણિમય હારથી વક્ષઃસ્થળ શોભતું હતું અને કંઠમાં કૌસ્તુભમણિ બિરાજતો હતો આવા નયનમનોરમ્ય શ્રીવૈકુંઠનાથનાં દર્શન કરી કુમારો શ્રીહરિના ચરણ કમળોમાં ઢળી પડ્યા. (૪૧) હે દેવો ! શ્રીવૈકુંઠનાથનાં સર્વાંગ સુંદર લોકોત્તર સૌન્દર્યને નિહાળી લક્ષ્મીજીનો સૌન્દર્યગર્વ પણ ગળી જતો હતો. નિજ ભક્તજનોની ઈચ્છાઓને માન આપી તેમજ બ્રહ્માજી માટે, શ્રીશંકર ભગવાન માટે, સનત્કુમારો માટે સર્વાંગ સુંદર, સુડોળ, શ્રીઅંગની આકૃતિ ધરાવતા, પ્રભુનાં દર્શન કરી, હર્ષમાં આવી ગયેલા દેહની શુધબુધ વિસરી ગયેલા સનત્કુમારો મસ્તકથી પ્રભુ ચરણોમાં ઢળી પડ્યા (૪૨)

શ્રીસનકાદિકુમારોને વૈકુંઠનાથનાં દર્શનથી સેવા લાલસા જાગી

શ્રીબ્રહ્માજી કહી રહ્યા છે. કે હે દેવો ! જ્યારે સનકાદિકુમારો પ્રભુપદે ઢળી ગયા ત્યારે કમલનયન શ્રીવૈકુંઠાધીશના

ચરણકમલના કેશરો સાથે મિશ્રિત થયેલ શ્રીતુલસીજીના મકરન્દરસવાળો સુવાસિત વાયુ પોતાનાં નાસિકાના દ્વારોમાંથી સનત્કુમારોના શ્રીઅંગોમાં પ્રવેશ કરતો બ્રહ્માનંદના ઉપાસકોના પણ તન, મન અને જીવનમાં ખળભળાટ મચાવી ગયો. (૪૩)

હે દેવો ! આ સનકાદિકુમારો, અત્યંત સુંદર રક્તવર્ણાઅધરોષ્ઠઉપર મોગરાની કળી જેવા હાસ્યવાળા, આ વૈકુંઠપ્રભુના શ્યામકમલની કળી જેવા મુખકમલને નિહાળી આશિષ પ્રાપ્ત કરી, પુનઃ નખરૂપ લાલમણિના આશ્રયવાળા નાથના ચરણયુગલનું ધ્યાન કરવા લાગ્યા. (૪૪) હે દેવો !આ નાથ કેવા હતા તે કહું છું તે સાંભળો ! આ વિશ્વમાં યોગમાર્ગો દ્વારા પુરુષોનીગતિને શોધનારાઓને માંટે ધ્યાન કરવા યોગ્ય, સર્વથા સન્માન પામેલ, નેત્રોને આનંદ દેનાર અન્ય જનોને માટે દુર્લભ, ભક્તજનો માટે જ સુલભ, પ્રાક્ટ્યની સાથે જ અષ્ટવિધ ઐશ્વર્યોને ધરાવતા, પુરુષોત્તમના સ્વરૂપને દર્શાવતા ભગવાનની ઝાંખી થતાં જ કુમારો સ્તુતિ કરવા લાગ્યા. (૪૫)

સનત્કુમારો બોલ્યા કે હે અનંત પ્રભો ! હૃદયમાં નિત્ય બિરાજતા છતાં દુષ્ટ હૃદયવાળા દુષ્ટજનોને માટે સદા અદૃશ્ય જ છો તે નાથ શું અમારા નથી બન્યા ? શું આજ અમારા નયનગોચર નથી બન્યા ? પરંતુ આપના નાભિકમલમાંથી પ્રક્ટેલા અમારા પિતાજીએ જ્યારે આપનો રહસ્ય ભર્યો મહિમા અમારી પાસે ગાયો તે જ ક્ષણે આપ અમારા કર્ણદ્વારમાંથી હૃદયમાં પધાર્યા છો તે નાથનો આજ અમે નેત્રથી સાક્ષાત્કાર કરી રહ્યા છીએ. (૪૬) હેભગવન ! અમે જાણીએ છીએ કે આપ પરમાત્મતત્ત્વ સ્વરૂપ છો, આપ આ વૈકુંઠમાં વસતા ભક્તજનોને, વર્તમાનમાં સત્ત્વમય સ્વરૂપ ધારણ કરી તેમાં અનુરાગ ઉત્પન્ન કરાવી રહ્યા છો, હે નાથ ! જીવાત્માઓ અનેક યોનિઓમાં અનંત કલેશોને અનુભવે છે, ત્યારે ભગવાના હૃદયમાં અનુતાપ થાય છે કે હવે આ ભટકતા જીવોને સ્વાનંદાનુભવ કરાવું ત્યારે આપની કૃપાથી જે જીવના હૃદયમાં દૃઢ ભક્તિ જાગે છે, તે જીવો અવિદ્યાની ગ્રન્થિઓથી મુક્ત થાય છે અને વૈરાગ્ય પ્રાપ્ત થાય છે, ત્યારે તે મુનિઓ હૃદયમાં આપનો અનુભવ પામે છે, તે પ્રભુનાં આજે અમને દર્શન થયાં છે. (૪૭) હે નાથ ! જેઓ આપને ચરણે - શરણે આવેલા છે અને કીર્તનીય તીર્થરૂપ યશવાળા એવા આપની કથાના કુશળ રસજ્ઞો છે, તેઓ તો આ મોક્ષરૂપ પ્રસાદનો પણ આદર કરતા નથી, તો પછી આપની ભ્રૂકુટિના ઊંચા થતા એક પલકારાથી ભય પામતા અન્ય લોકોની તો લાલસા શા માટે કરે ! (૪૮)

સનત્કુમારોનો નિર્મલ મનોરથ

कामं भवः स्ववृजिनैर्निरयेषु नः स्तात् । चेतोऽलिवद्यदि नु ते पदयो रमेत ।
वाचश्च नस्तुलसिवद्यदि तेऽङ्घ्रिशोभाः । पूर्येत ते गुणगणैर्यदि कर्णरन्ध्रः ॥४९॥

હે કૃપા સિંધુ ! જો ખરેખર અમારું ચિત્ત આપના ચરણસરોજમાં ભ્રમરની માફક રમે; જો અમારી વાણી શ્રીતુલસીજીની માફક આપના ચરણકમલના આશ્રયથી શોભે; જો અમારા કાનનાં દ્વાર આપના ગુણગણોથી ભરપૂર રહે તો નાથ અમારા પાપોથી ભલે અમારો નરકોમાં વાસ થાય ! પરંતુ આપનું અનુસંધાન રહેશે (૪૯)

प्रादुश्चकर्थ यदिदं पुरुहूतरुपं – तेनेश निर्वृंतिमवापुरलं दृशो नः ।
तस्मा इदं भगवते नम इद्विधेम –. योऽनात्मनां दुरुदयो भगवान् प्रतीतः ॥ ५० ॥

હે યજ્ઞસ્વરૂપ પ્રભુ ! હે વિપુલ કીર્તિ ભગવાન ! આપે આ જે સ્વરૂપ પ્રક્ટ કરેલું છે તેનાથી અમારાં નયન પરમાનંદ પામ્યાં છે. જે ભગવાન અજિતેન્દ્રિય જનોને કદી નયનગોચર નથી થતા તે ભગવાન પ્રત્યક્ષ થયા છે તેમને શાસ્ત્રવિધિથી નમસ્કાર કરવાનું તો અમારું ગજું નથી; પરંતુ કેવલ નમસ્કાર જેવું કાંઈક કરીએ છીએ. (૫૦)

શ્રીમદ્ ભાગવતપીયૂષનો તૃતીય સ્કંધનો જયવિજયશાપ, શ્રીવૈકુંઠવર્ણન આદિ પ્રસંગોનું વર્ણન કરતો ૧૫મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૬મો

[આ ૧૬મા અધ્યાયંમાં ૩૬ શ્લોકો છે. ભગવાન પોતાનાં વચનામૃતો દ્વારા સનત્કુમારોને સંતોષ આપે છે. કૃપાળુ ભગવાન સનત્કુમારોની સ્તુતિ કરે છે. તેમ જ તેઓએ આપેલ શાપને કબૂલ રાખે છે. પુનઃ સનત્કુમારો વૈકુંઠમાંથી વિદાય લઈ સત્યલોકમાં પાછા ફરે છે. આ અધ્યાયની લીલામાં ભક્તોનું કર્તવ્ય સત્ય હોય છે. બ્રહ્મવાદી જ્ઞાનીઓની વાણી સત્ય હોય છે અને ભગવાનની ઈચ્છા અથવા મન સત્ય હોય છે; આવી ત્રણ વસ્તુઓનાં દર્શન થશે. ભગવાનના પરમ ભક્ત જય-વિજય પાર્ષદોએ નરક જવાનું કબૂલ્યું; પરંતુ પોતાનું કર્તવ્ય પાળ્યું અને દ્વારપાલનો ધર્મ અદા કર્યો; ભગવાનના પાર્ષદો જેવા ઉન્નત અધિકારે રહેલાને શાપ ના સ્પર્શે; પરંતુ બ્રહ્મવાદીઓની વાણી ભગવાને સત્ય કરી; જય-વિજયને શાપ થવો અને સનત્કુમારો જેવા દયાળું અને બ્રહ્મનિષ્ઠને પણ શાપ આપવાની મતિ થવી એ ભગવાનની વિચારેલી લીલાનું પ્રાલલ્ય છે. તેથી લાગે છે કે ભગવાનની ઈચ્છા સત્ય છે.]

ब्रह्मोवाच : इति तद्‍गृणतां तेषां मुनीनां योगधर्मिणाम् । प्रतिनन्द्य जगादेदं विकुण्ठनिलयो विभुः ॥ १ ॥

શ્રીબ્રહ્માજીએ કહ્યું કે દેવો ! સનત્કુમારોને પરિતાપ થયો અને યોગધર્મ પારાયણ જ્ઞાની અને ભક્ત હૃદયના તે મુનિવરોએ ખૂબ દૈન્યપૂર્વક ભગવાનની સ્તુતિ કરી અને ક્ષમા માગી, ત્યારે ભગવાને તેમનું સન્માન કર્યું અને શ્રીવૈકુંઠનાથ ભગવાન સનત્કુમારોને કહેવા લાગ્યા (૧)

"શ્રી વૈકુંઠનાથની પુત્રાધિક ભક્ત વત્સલતા, વિપ્રો માટે સ્નેહાર્દ્રભાવ : ભક્તના દોષને પોતાનો દોષ ગણી ક્ષમાર્થના"

श्री भगवानुवाच : एतौ त्तौ पार्षदौ मह्यं जयो विजय एव च । कदर्थीकृत्य मां यद्वो बहवक्रान्तामतिक्रमम् ॥ २ ॥

શ્રીવૈકુંઠનાથે કહ્યું કે કુમારો ! હે વત્સો ! एतौ-આ બે જયવિજય નામના પાર્ષદો પૂર્વ કલ્પમાં મધુકૈટભ નામના બે દૈત્યો હતા. તેઓને મેં કહ્યું કે તે યથેચ્છ વરદાન માગો, ત્યારે તેઓ તો ખલ હતા તેથી સામેથી મને કહ્યું કે તમે અમારી પાસે અભીષ્ઠ વરદાન માંગો. મેં તેમને કહ્યું કે તમે બન્ને મારે હાથે મૃત્યુ પામો એ વરદાન આપ્યું ત્યાર બાદ તેઓ મારા ઉત્સંગમાં મૃત્યુ પામ્યા; તેથી તેમને હું મારા વૈકુંઠમાં લાવ્યો તે આ બે જયવિજય નામના પાર્ષદો છે. एतौ -પાદનો આવો ભાવાર્થ છે. આ બન્નેમાં એક जय નામનો પાર્ષદ છે. જે બીજાને માટે ઈન્દ્રિયોને જીતે તે जय" નામનો પાર્ષદ છે અને જે ભગવાનની (મારી) સેવા માટે અન્તઃકરણને જીતે તે ભક્તિમાર્ગનો વિજય છે, તેઓની આ પ્રકારની યોગ્યતાથી તેઓ પાર્ષદ બન્યા છે. તેઓએ મારી ઉપેક્ષા કરી-મારી અવહેલના કરી, સાચે જ આપનો અસાધારણ અનાદર કર્યો છે. (૨) આપ ચારે કુમારો મારા જેવા ષડૈશ્વર્યોવાળા છો આવી યોગ્યતાવાળા આપે આ પાર્ષદોનો જે દંડ કર્યો છે તે તો હે કુમારો ! હે મુનિઓ ! તેઓએ આપ દેવોનું અપમાન કર્યું છે તે મારું અપમાન કર્યું છે એમ માનીને આપણે તે દંડને સંમત થઈએ છીએ. હે કુમારો ! મારે મારા પુત્રતુલ્ય પાર્ષદોને દંડ કરવો ન પડ્યો અને મારે બદલે મારું કાર્ય આપે કર્યું તેનો મને સંતોષ થયો છે. (૩) પુનઃ "દાસના દોષને, સ્વામીએ પોતાનો દોષ માની પોતે જ પ્રાયશ્ચિત કરવું જોઈએ" એ ન્યાયે હું આજે આપની ક્ષમા માગું છું. હું સ્વીકારું છું કે તેઓએ કરેલું અપમાન મેં જ કર્યું છે; તેથી ક્ષમા માગું છું. હે કુમારો **ब्रह्म** એટલે બ્રાહ્મણ્ય નામની દેવતા જેમનામાં વિલસે છે, તેથી તો હુ વિષ્ણુ, મારા કરતાં પણ બ્રાહ્મણોને પરમ શ્રેષ્ઠ.માનું છું. શ્રુતિમાં એક ગાથા છે કે विष्णु र्वा अकामयत पुण्यं श्लोकं श्रुण्वीथ" હું પુણ્ય યશનું શ્રવણ કરું તો મને પાપી અપકીર્તિ સ્પર્શે નહીં. તેથી હું બ્રાહ્મણોનો સદા આદર કરું છું. (૪) હે કુમારો ! આપ જાણો છો કે, લોકો તો સેવકો જે અપરાધો કરે છે તે અપરાધો સ્વામીએ જ કર્યા છે એવું માને છે અને એવું બોલે છે, સ્વામીની સેવક દ્વારા થયેલી આ અપકીર્તિ, કોઢ નામનો રોગ જેમ ચામડીને કદ્રૂપ બનાવે છે તેવી જ રીતે સેવકનો દોષ સ્વામીને અને પુત્રનો દોષ પિતાને કલંકિત કરે છે. વળી કીર્તિનો નાશ કરે છે. (૫)

ભગવાનનાં વચનામૃત છે કે ઋષિઓ અને વિપ્રવર્યો તો મારા યશના નિર્માતા અને ઉદ્‍ગાતાઓ છે

यस्यामृतामलयशः श्रवणावगाहः – सद्यः पुनाति जगदाश्चपचाद्विकुण्ठः ।
सोऽहं भगवद्‍भ्य उपलब्धसुतीर्थकीर्तिः – छिन्द्यांस्वबाहुमपि वः प्रतिकूलवृत्तिम् ॥ ६ ॥

હે સનત્કુમારો ! यस्यामृतामलयशः મારી કથા, મારો યશ, મારાં ચરિત્ર, મારી કથાસુધાનાં પાન કરનાર મારી કથાસુધા

સરિતામાં અવગાહન-સ્નાન કરનાર ગોતાં લગાવનાર-શ્વાનનું ભક્ષણ કરનારા નીચ વૃત્તિથી જીવનારા ક્ષુદ્રજનને પણ અત્યંત પવિત્ર કરે છે, આ ભગવાનની કથા ચાંડલ-શ્વપચથી આરંભીને જડજગત પર્યન્ત અખિલ વિશ્વને પાન કરતાં જ પવિત્ર કરે છે,આવી જ મારી વૈકુંઠ-ભગવાનની ઉત્તમ તીર્થરૂપ કીર્તિસુધા પ્રસરી રહી છે, સર્વત્ર વહી રહી છે તે મારા યશઃ પીયૂષ તીર્થના નિર્માતા અને ઉદ્‌ગાતા તો આપ જ છો ને ! હે મુનિવરો આ કોટિની આપ મહાન વિભૂતિઓનો જો મારો હાથ અપરાધ કરે તો હું તેનો પણ ઉચ્છેદ કરું તો પછી અન્યની શી વાત કરવી ! તો પછી આપની વિરુદ્ધ વલણ કરતી વ્યક્તિઓને માટે તો પીછવું જ શું ?

यत्सेवया चरणपद्मपवित्ररेणुं – सद्यः क्षताखिलमलं प्रतिलब्धशीलम् ।
न श्रीर्विरक्तमपि मां विजहाति यस्याः – प्रेक्षालवार्थ मितिरे नियमान् वर्हान्त ।। ७ ।।

હે કુમારો ! આપના જેવા મહર્ષિવરોના અને વિપ્રર્યોનાં ચરણકમલની સેવાથી મારા ચરણની રેણુઓ પવિત્ર થઈ, વળી મનના સમસ્ત મલ પણ આપણા ચરણની સેવાથી જ નષ્ટ થયા, આપના ચરણોની સેવાથી તો શીલ જેવા સર્વ ગુણો પ્રાપ્ત થયા, અને આપના ચરણોની સેવાના ફલસ્વરૂપે વિષયોમાં અનાસક્તિ નામના વૈરાગ્યની પ્રાપ્તિ થઈ છે. હે કુમારો આપ જાણો છો કે વૈરાગ્યશીલ જનોની સામે ભગવતી શ્રી દૃષ્ટિ પણ કરતાં નથી તે લક્ષ્મીજી વિરક્ત એવા મને કદી ત્યજતાં નથી. હે કુમારો, લક્ષ્મીજીનું મહત્ત્વ આપને શું કહું કે ભલભલા સમર્થ ઈશ્વરો, લક્ષ્મીજી માત્ર અમારા ઉપર નહીં જેવી કૃપા નજર કરે એ આશાથી લક્ષ્મીજીના કૃપા કટાક્ષના એક "લેશ"ની આશા સેવતા કઠિનતર કૃચ્છ્ર ચાન્દ્રાયણ નામનું વ્રતો આચરે છે. (૭)

नाहं तथाद्मि यजमानहविर्विताने श्च्योतद्घृतप्लुतमदन् हुतभुङ्मुखेन ।
यद्ब्राह्मणस्य मुखतश्चरतोऽनुघासं तुष्टस्य मध्यबहितैर्निजकर्मपाकैः ।। ८ ।।

હે કુમારો ! વેદોના વિધાનોને અનુસરીને કરવામાં આવતા મહાન યજ્ઞોમાં અગ્નિરૂપ મારા મુખમાં આપવામાં આવતી, નીતરતા ઘીવાળી યજમાન અને ઋત્વિનોના હાથની આહુતિઓ અવશ્ય આરોગું છું. પ્રસન્નતા અનુભવું છું આમ છતાં, આંગણે નિમંત્રેલા વિપ્રોને ભોજન કરાવતાં તેઓના મુખમાં જતા કોળીએ કોળીએ હું અતિશય તૃપ્તિ અને સંતોષ અનુભવું છું. હે કુમારો યજ્ઞની આહુતિનો અગ્નિ નામના મારા મુખથી અંગીકાર કરું છું. વળી એ આહુતિમાં મંત્ર બોલનાર ઉદ્‌ગાતા-હોતા, જેનો યજ્ઞ થતો હોય તેનો, દેવતાનો અને વષટ્ બોલનાર ઋત્વિજનો આમ ચાર ઋત્વિજોનો ભાગ હોય છે જ્યારે આરોગતા બ્રાહ્મણના પ્રત્યેક કોળીઓ મને જ મળે છે તેમાં કોઈ ભાગીદાર નથી; તેથી સંતોષ અધિક થાય એમાં નવાઈ નથી. વળી વિપ્ર પોતાનાં પૂર્વનાં કર્મફલોથી કદાચ કલેશ ભોગવતો હોય તો પણ તેને કોઈ સુખોની પ્રાપ્તિથી સંતોષ નથી થતો તેને તો મારી પ્રાપ્તિમાં જ સંતોષ છે. (૮) હે કુમારો ! ક્યાંય ન અટકતી અને અખંડિત એવી મારી યોગમાયા મારી વિભૂતિ છે, મારી યોગમાયાનો ક્યાંય પરાભવ નથી થતો તેવી યોગ શક્તિવળો; તેમજ જેનાં ચરણોદક શિવ ભગવાનની સાથે સમસ્ત લોકોને પાવન કરે છે તેવો હું બ્રાહ્મણોના ચરણકમલોની રજને મારા મસ્તકના મુકુટો ઉપર ધારણ કરું છું. આટલી બધી મહત્તા ધરાવનાર વિપ્રવરો ક્વચિત કે કદાચિત્ કોઈ અપરાધ કરે તો પણ તેને કોણ ન સહન કરે ? (૯)

ભગવાનના ત્રણ વિગ્રહો

ભગવાન બોલ્યા કે હે કુમારો ! વેદોને ધારણ કરનારા દ્વિજવર્યો-વિપ્રવર્યો; સદાય યજ્ઞયાગાદિ કર્મો માટે અને સર્વ જીવો માટે દૂઝતી ગાયો અને વેદો આ ત્રણ તો મારાં જ શરીરો છે. પરંતુ જેઓની મતિપાપોથી નષ્ટ થયેલ તેવા પાપ પુરુષો ભગવાનનાં આ ત્રણે દિવ્ય સ્વરૂપોને ભગવાનથી ભિન્ન સમજી તિરસ્કાર કે ક્રોધ દૃષ્ટિથી નિહાળે છે તેઓને દંડ કરવા માટે જેમને યોજ્યા છે તે શ્રી ધર્મરાજની આજ્ઞાથી પ્રેરાયેલા ગીધો તેઓની આંખો કોરી ખાય છે. (૧૦) જે સજ્જનો શાપ આપનારા પણ બ્રાહ્મણોને ભગવાનનાં સ્વરૂપો સમજીને પ્રસન્ન મનથી સદા સેવે છે. અર્ચન કરે છે. તેમ જ

મંદસ્મિતરૂપ અમૃતથી સિંચેલા મુખ કમલવાળા, અનુરાગ ભરી મધુરવાણીથી, પુત્રોમાં વહાલ કરે તે રીતે પ્રેમ કરે છે, આદરપૂર્વક સંબોધે છે તેમણે મારાં જ અર્ચન કર્યાં છે કે મારી જ પ્રાપ્તિ કરી છે. (૧૧) હે સનત્કુમારો ! આ જય-વિજય નામના મારા બે દ્વારપાલો મારા અભિપ્રાયને જાણી ન શકે તે સ્વાભાવિક છે; તેથી જ તો તેઓએ આપનો અનાદર કર્યો અને ફલરૂપે શાપ પામ્યા છે, હવે મારી ઈચ્છા છે કે તેઓ શાપને ભોગવીને અવિલંબે મારી પાસે પાછા ફરે એવો મારા ઉપર અનુગ્રહ કરો, જેથી આ બે દ્વારપાલોનો દેશવટો શીઘ્ર પૂર્ણ થાય. (૧૨)

ભગવાનની પીયૂષ ઝરતી વાણીથી તૃપ્તિ કોને થાય ?

બ્રહ્માજીએ કહ્યું કે હે દેવો ! ભગવાનના શ્રીમુખમાંથી ઝરતી, હૃદયંગમ, દૈવી, તેમજ ઋષિકુલ માટે છાજતી અમીમય સરસ્વતીનાં પાન કરતાં ક્રોધીને કોઈનું બોલેલું ના ગમે એવું હોવા છતાં સનત્કુમારો ભગવાનની વાણી સાંભળીને ધરાતા જ ન હતા, કારણ કે ભગવાનની વાણી ઋષિકુલ્યા (૧) પીયૂષ, (૨) જ્ઞાન પ્રકાશ; (૩) અલૌકિકતા અને પરમાનંદથી ભરેલી વાણી હતી. (૧૩) જ્ઞાની ગણાતા પણ સનત્કુમારોએ ભગવાનની વાણીને ધ્યાનપૂર્વક સાંભળી તો પણ તે વાણી અલ્પ અક્ષરોવાળી છતાં વિપુલ અર્થથી ભરેલી અર્થગંભીર, સત્ય અને ગહન હોવાથી તેનું પુષ્કળ અવગાહન કરવા છતાં તાત્પર્ય, ના જાણી શક્યા. અને નિર્ણય ના કરી શક્યા કે ભગવાન શું કહેવા ચાહે છે. (૧૪) કરુણામયી ભગવાનની વાણી સાંભળતાં જ પ્રસન્નચિત્ત થતા ક્રોધથી જાગેલ રોમવાળા ક્ષણમાં જ શાન્ત બની ગયેલા અંજલિ જોડતા ચાર બ્રહ્મકુમારો, યોગમાયાથી પોતાના પરમ ઐશ્વર્યના ઉદયને પ્રકટ કરનારા ભગવાનને કહેવા લાગ્યા, (૧૫) કે ભગવાન ! હે દેવ ! આપે શું કરવા વિચાર્યું હોય તે અમે જાણી નથી શકતા, નાથ ! આપ તો અમારા સ્વામી છો છતાં અમને સેવકોને આપે એમ કહ્યું કે “ હે સનત્કુમારો આપે મારા ઉપર અનુગ્રહ કર્યો” નાથ, આ વાણી સાંભળતાં અમારું મન અકળાય છે. (૧૬-૧૭) હા, નાથ ! એક વાત સાચી છે કે આપ તો બ્રહ્મણ્ય- બ્રાહ્મણોનું હિત કરનારા, બ્રાહ્મણોના દેવ છો છતાં આપ બ્રાહ્મણોને દેવ માનો છો તે તો આપનું ગૌરવ છે. આપ ભગવાન છો, દેવોના દેવ છો બ્રાહ્મણોના દેવ છો અને બ્રાહ્મણોના આત્મા છો. (૧૭) આપ તો સનાતન ધર્મ છો, આપમાંથી સનાતન ધર્મ ઉત્પન્ન થયેલ છે. આપના અવતારો દ્વારા ધર્મની રક્ષા થાય છે. આપ ધર્મનું પરમ ગોપ્ય તત્ત્વ છો, અને ગુણરહિત મનાયેલા છો. (૧૮) નાથ ! નિવૃત્તિપરાયણ યોગીઓ આપના અનુગ્રહથી મૃત્યુને અનાયાસે તરી જાય છે. આપ આવા સમર્થ છો તેના ઉપર અનુગ્રહ કોઈ કરી શકે ખરો ? (૧૯) નાથ ! આપે કહ્યું કે કુમારો ! હું તો વિરક્ત છું છતાં લક્ષ્મીજી આપની કૃપાથી મને ચાહે છે અને ત્યજતાં નથી, એ તો આપની નમ્રતા છે. ખરું કારણ તો એ છે કે લક્ષ્મીજીની લાલસા સેવતા અનેક ઈશ્વરો, શ્રીલક્ષ્મીજીની ચરણરજને સદા મસ્તકે ધારણકરે છે. તે શ્રીલક્ષ્મીજી, ભગવદીય જનોએ-પુણ્યાત્માઓએ કરતા ભાગ્યશાળીજનોએ આપશ્રીના શ્રીચરણોમાં સમર્પેલા તુલસીજીની નવ માલા-વનમાલા-નિત્ય તાજી માલામાં નિત્ય ગુંજાર કરતા ભ્રમરોની સમાન ભકતોના નિવાસસ્થાન ગણાતા આપના ચરણસરોજની જો સેવા ચાહતાં હોય તેમ નાથ ? આપની અનુકૂળતાને વિચારી ચરણસેવા કરવા પધારતાં હોય તો તે અમારા અનુગ્રહથી નહીં પરંતુ ભગવતી લક્ષ્મીજી નિર્વ્યાજ ભક્તિવાળાં આપના ગુણગણોથી આકર્ષાઈને આપને સેવી રહ્યાં છે (૨૦) હે ભગવન્ ! ભગવતી શ્રીલક્ષ્મીજી તો વિવેકપરિપૂર્ણ વર્તનવાળાં છે તેઓ અનન્ય ભાવથી એકાન્તમાં આપના ચરણકમલોની સેવા કરતાં હોય છે, પરંતુ જ્યારે પરમ ભગવદીયજનો-તાદેશીજનોના પ્રસંગમાં આપ આવો છો ત્યારે શ્રીલક્ષ્મીજીનો પણ આપ અત્યંત આદર કરતા નથી, તેવા ભકત વત્સલ ભગવાન શું ? બ્રાહ્મણોની પાછળ ચાલી તેમની પદરજથી પાવન બનો છો ? અને ભૃગુલાંછન સ્વરૂપે ભૃગુના ચરણપ્રહારના વક્ષઃ સ્થલે ચિહ્ન ધારણ કરો છો” એ વાત સાચી નથી કારણ કે આપ સ્વયં સર્વ ઐશ્વર્ય ષડૈશ્વર્ય પરિપૂર્ણ છો ત્યાં આપને ઐશ્વર્યમાં કે લક્ષ્મીજીનાં દાન કરનાર કોણ હોઈ શકે ! (૨૧)

ત્રિયુગાવતાર ભગવાન શ્રીકૃષ્ણ

હુ ત્રિયુગ ! આપ તો ત્રિયુગ પુરુષ છો. સત્યત્રેતા-દ્વાપર નામના ત્રણ યુગોમાં અવતાર ધારણ કરો છો. કૃયુગમાં "જ્ઞાન અને વૈરાગ્ય" નામનાં ઐશ્વર્યોથી પૂર્ણ અવતાર લઈ ધર્મની સંભાળ લો છો; દ્વાપર યુગમાં ઐશ્વર્ય અને વીર્ય નામના બે એશ્વર્યોનો અવતાર લઈ ધર્માદિની રક્ષા કરો છો, જ્યારે કલિયુગમાં પોતાના કથા કીર્તનમાં ષડ્ ઐશ્વર્યો દ્વારા ધર્મ-ભક્તિ વગેરેની રક્ષા કરો છો, તેમજ આચાર્યના સ્વરૂપે, ભક્તોના સ્વરૂપે, સંતોના સ્વરૂપે તેમજ સંતોના ચરિત્રોથી અને ભગવચ્ચરિત્રોથી ધર્મની રક્ષા કરો છો. તેથી આપનું "ત્રિયુગ" નામ પડ્યું છે, તો હે ત્રિયુગ ભગવન્ ! રજોગુણ અને તમોગુણ બન્ને સત્ત્વગુણનો પરાભવ કરે છે ત્યારે આપના સ્વતંત્ર સત્ત્વગુણથી પરિપૂર્ણ આપના મંગલ સ્વરૂપથી તે તમોગુણ અને રજોગુણનો પરાભવ કરો છો. અને આપના ત્રણ ચરણોથી સ્થાવરજંગમ જગત, દેવતા અને દ્વિજોના કલ્યાણ માટે ખરેખર અવતાર ધારણ કરો છો (૨૨) હે વૃષ ! નાથ આપ જ સ્વયં વૃષ એટલે ધર્મ સ્વરૂપ છો માટે હે ધર્માત્મક ભગવાન ! આત્મજ્ઞાનનું રક્ષણ કરનારા અને ધર્મનું રક્ષણ કરનાર आत्मगोपं-આત્મરક્ષક એવા શ્રેષ્ઠ દ્વિજકુલનો-બ્રાહ્મણોનો આદર કરનારી મધુરવાણીથી તેમજ ઉત્તમ સામગ્રીઓ ભેટ કરી, શ્રેષ્ઠ અર્ચનથી જો હે પ્રભુ ! આપ વિપ્રકુલનું રક્ષણ નહીં કરો તો તે જ ક્ષણે કલ્યાણકારી આપનો પંથ નાશ પામશે; કારણ કે લોકો 'મહાજન-મહાપુરુષ'ની વાણી અને પગલાંને અનુસરીને તેમના ચીલે ચાલશે. (૨૩) ભગવન્ ! આપ તો સત્ત્વગુણના ભંડાર છો, સત્ત્વગુણનિધિ સ્વરૂપ છો, લોક કલ્યાણના ચાહક છો, આપ આપની વિવિધ શક્તિઓ દ્વારા સત્રુઓનો પણ ઉદ્ધાર કરનારા છો, તેથી તો શત્રુવધએ આપનું મુખ્ય કાર્ય નથી, વિશ્વનું પાલન કરનારા તેમ જ ત્રણ લોકના અધિપતિઓના પણ અધિપતિ છો, આમ છતાં આપ બ્રાહ્મણોને વંદન કરો છો; તેથી આપનું તે જ ક્ષીણ થતું નથી કે આપનાં સ્વરૂપની કે પ્રભાવની હાનિ થતી નથી. મોટાઓ નમ્રતા દેખાડે એ તો એમનો મહિમા છે; એ તો એમની મહત્તા છે હે નાથ ! આપને અમારું નિવેદન છે કે આ બન્ને દ્વારપાલ જય-વિજયને અમે આપેલા શાપની બાબતમાં આપને ઓછી શિક્ષા કરવી હોય, ક્ષમા કરવી હોય, દંડમાં ફેરફાર કરવો હોય, તેમની વૃત્તિ આજીવિકા બાંધવી હોય અથવા વૃત્તિ એટલે આ લોકમાં રહે એવી ચાહના હોય તો તે સર્વ આપની આજ્ઞાનુસાર કરશું. આ બાબતમાં આપના આદેશને શુદ્ધ હૃદયથી સ્વીકારીએ છીએ આ ઉપરાંત અમને પણ જે દંડ કરવો ઉચિત લાગે તે દંડ પણ ફરમાવો, ખરેખર અમે આ બે નિર્દોષ ભગવદીય દ્વારપાલોને અપરાધી ઠેરવાનો અપરાધ કર્યો છે. (૨૫)

દ્વારપાલો ઉપર દયાનિધિની દયા

શ્રીવૈકુંઠનાથે કહ્યું કે હે કુમારો ! આ દેવો અત્યારે જે દેવ યોનિમાં છે તેથી ભિન્નયોનિમાં જન્મ પામે, તેમજ તેઓને
આસુરાદિ દેહ મળતાં સેવા વગેરે સાધન તો ના કરી શકે માટે ક્રોધ નામના સાધનથી સારી રીતે સમાધિ સાધી,
યોગવાળા થઈ વિના વિલંબે પુનઃમારી સેવામાં ઉપસ્થિત થાય એમ કરો. કુમારો ! આપે જે શાપ આપ્યો છે તે મેં જ
આપેલો છે એમ જાણો અને હે વિપ્રો આપ પરિતાપ ના કરો. (૨૬)
બ્રહ્માજીએ કહ્યું કે દેવો ! ત્યાર બાદ તે ચાર મુનિકુમારો નયનોના આનંદના નિવાસ સમા નયનાભિરામ શ્રીવૈકુંઠનાથ
પ્રભુનાં તેમજ ભગવાનના ધામ, અને સાક્ષાત્ ભગવત્સ્વરૂપ વૈકુંઠ ધામનાં દર્શન કરી, ભગવાનની પરિક્રમા કરી, પ્રભુ
ચરણોમાં પ્રણામ કરી, નાથની આજ્ઞા મેળવી. આનંદ વિભોર થયેલા વૈષ્ણવી શ્રીની પ્રશંસા કરતા પાછા વળ્યા. (૨૭-
૨૮) ભગવાને બે દ્વારપાલો જય-વિજયને કહ્યું કે આપ બન્ને સુખેથી જાઓ, જરા પણ ભય ના હો, તમારું કલ્યાણ
થાઓ, હે દ્વારપાલો ! હું સમર્થ છું; છતાં બ્રહ્મતેજને નિવારવા નથી ચાહતો, તેમનો નિશ્ચય મેં સંમત રાખ્યો છે. (૨૯) હે
જયવિજય પાર્ષદો ! એક વાત કહું ધ્યાન આપીને સાંભળો ! એક વાર રમાવૈકુંઠમાં મારે અને રમાદેવીને પ્રણયકલહ
થયો. ત્યારે કલહ ના વધે માટે મેં મૌન લઈ લીધું, તેમ જ શાંતિ માટે હું નિદ્રાધીન થયો, અને લક્ષ્મીજી રીસાઈને ચાલ્યાં
ગયાં. પુનઃ લક્ષ્મીજી પાછાં આવ્યાં, ત્યારે હું નિદ્રામાં હોઈ તમે તેમને પ્રવેશ કરતાં અટકાવ્યા હતા ત્યારે ગુસ્સે થયેલાં

લક્ષ્મીજીએ જે શાપ આપ્યો હતો તે આજે બ્રહ્મકુમારોની વાણીમાં પ્રકટ થયો. (૩૦) હે પાર્ષદો જે બની ગયું તે બની ગયું. હવે શોક કરશો મા. તમે મારામાં ક્રોધ કરશો તે જ યોગ નામનું સાધન બની જશે અને યોગ દ્વારા બ્રાહ્મણના તિરસ્કારનું ફલ ભોગવીને સરલતાથી તરી જશો અને અલ્પ સમયમાં જ મારી સમીપે પાછા આવશો. (૩૧) આ પ્રમાણે બન્ને દ્વારપાલોનું ભગવાને સમાધાન કર્યું, તેઓને ભૂતલ ઉપર જવાની આજ્ઞા આપી, સર્વવિધ સૌન્દર્ય પરિપૂર્ણ અને માનયુક્ત દિવ્યાત્માઓના નિવાસ સ્વરૂપ પોતાના અન્તઃપુરમાં પધાર્યા. દયાળુ ભગવાને આ દ્વારપાલોને સ્થાને કોઈ દ્વારપાલોની નિયુક્તિ કરી નહીં. કારણ કે વૈકુંઠમાં કોઈ અનધિકારી આવી શકવાના જ નથી. દ્વાર ઉપર લોકના ગૌરવ માટે અને રાજાધિરાજના મોભા માટે દ્વારપાલોની યોજના કરવી જોઈએ માટે જ કરી હતી. (૩૨)

જયવિજયનું ભૂતલગમન

શ્રીવૈકુંઠનાથના આ બે દિવ્ય દેવો, પાર ના પામી શકાય તેવા વૈકુંઠલોકમાંથી, સર્વથી ગર્વ રહિત બનેલા, તેઓ મુખથી પણ નિસ્તેજ બની ગયા પુનઃકથા પ્રસંગની સમાપ્તિ કરતાં બ્રહ્માજી બોલ્યા કે હે દેવો ! હે દીકરાઓ ! આ બે પાર્ષદો વૈકુંઠ લોકમાંથી નીચે આવી રહ્યા હતા ત્યારે દેવલોકોના વિમાનોમાં મોટો હાહાકાર મચી ગયો. (૩૩-૩૪) શ્રીહરિના આ બે ઉત્તમ પાર્ષદોએ દિતિદેવીના ઉદરમાં સાયંકાલે કશ્યપ મહર્ષિના દિવ્ય તેજ દ્વારા પ્રવેશ કરેલ છે. તે બન્ને પાર્ષદો જોડકાં રૂપે આવેલા હોઈ તેમજ આસુરાવેશવાળાં હોઈ તે બન્ને અસુરોના તેજથી સ્વર્ગનું તેજ ક્ષીણ થયેલ છે તેનો જ અંધકાર વ્યાપો છે આ ભગવાનની વર્તમાનમાં આવી જ ઈચ્છા છે, (૩૬) હે દેવો ! વૈકુંઠાધીશ ભગવાન તો વિશ્વના નિર્માતા, પાલનકર્તા, પ્રલયકર્તા છે. તેઓ સર્વથા આદ્ય છે, આ ભગવાનની યોગમાયાનું યોગેશ્વરો પણ ઉલ્લંઘન કરી શકે એમ નથી તેઓ તો ત્રણે લોકના સ્વામી છે, ભગવાન છે, દયાળું છે, તે પ્રભુ આપણું કલ્યાણ જ કરશે. ભગવાનની લીલાના વિષયમાં આપણા વિચારોથી શું વળવાનું છે ? આપણે તો તેમને ભજવાના, એમાં જ આપણું શ્રેયસ છે. આટલું દેવોને કહી બ્રહ્માજી વિરામ પામ્યા. (૩૭)

विश्वस्य यः स्थितिलयोद्भवहेतुराद्यो – योगेश्वरैरपि दुरत्यययोगमायः ।।
क्षेमं विद्यास्यति स नो भगवांस्त्र्यधीशः – तत्राऽस्मदीयविमृशेन क्रियानिहार्थः ।। ३७ ।।

શ્રીમદ્ભાગવત પીયૂષના તૃતીય સ્કંધનો જય-વિજય પતન, કુમારોનું ક્ષમાપન, ભગવાનના શ્રીમુખે વિપ્રોના સ્વરૂપનું નિરૂપણ કરતો અધ્યાય ૧૬મો સમાપ્ત.

અધ્યાય ૧૭મો

[આ ૧૭મા અધ્યાયમાં ૩૧ શ્લોકો છે, વિશ્વમાં અમંગલ વસ્તુઓ થવાની હોય ત્યાર પૂર્વનું તે સમયનું કેવું ઉગ્ર વાતાવરણ હોય છે અને સુમંગલ સ્વરૂપ પ્રકટવાનાં હોય ત્યારે કેવા મંગલ અને ભદ્ર લક્ષણો હોય તેનું વર્ણન આ અધ્યાયમાં આવશે. હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુની ઉત્પત્તિ તામસ છે, સ્થિતિ રાજસ છે, અને વિનાશ સાત્ત્વિક છે.]

मैत्रेय उवाच : निशम्यात्मभुवा गीतं कारणं शङ्कयोज्झिताः । ततः सर्वे न्यवर्तन्त त्रिदिवाय दिवौकसः ।। १ ।।

શ્રીમૈત્રેય મહર્ષિએ કહ્યું કે હે વિદુરજી ! ચારે બાજુ અંધાધૂંધી અને ભયાનકતાભર્યા વાતાવરણનું કારણ દેવોના સમક્ષ વર્ણવ્યું અને દેવો તે કારણ સાંભળીને નિર્ભય બન્યા ત્યારબાદ સ્વર્ગલોકનિવાસી સર્વ દેવોએ સ્વર્ગલોક તરફ પ્રસ્થાન કર્યું. (૧)

ઉગ્ર વાતાવરણ

હે વિદુરજી ! હઠીલા સ્વભાવવાળાં સતી દિતિએ પોતાના પતિ કશ્યપ ઋષિનાં વચનથી પુત્રોની બાબતમાં શંકા ધરાવતાં હોવાથી શતવર્ષ પર્યન્ત જઠરમાં ધારણ કરેલા જોડકાનો અવધિ પૂર્ણ થતાં બે પુત્રોના સ્વરૂપે જન્મ આપ્યો. (૨) જ્યારે દિતિમાતાની કૂખમાંથી બન્ને પુત્રોનો જન્મ થયો ત્યારે લોકોને ભયભીત કરી નાખતા અસંખ્ય ઉત્પાતો સ્વર્ગમાં, અન્તરિક્ષમાં અને પૃથ્વીમાં થવા લાગ્યા. હિરણ્યાક્ષ-હિરણ્યકશિપુના જન્મકાળથી કથાનું કથન ૧૩ શ્લોકમાં કહ્યું છે; તેથીલાગે છે કે તેમના જન્મ સમયે અધિક માસ તેરમો માસ હોવો જોઈએ. જે ઉત્પાતો અન્ય સ્થળોમાં થયા તે

આશ્રમમાં પણ થયા. (૩) પર્વતોમાં અને પૃથ્વીમાં કમ્પ થવા લાગ્યા, ધરતી ધ્રુજવા લાગી, સમગ્ર દિશાઓ સળગવા લાગી, અન્તરિક્ષમાંથી ઉલ્કા-ઉંબાડિયાં અને અગ્નિ વર્ષવા લાગ્યા ત્યારે વજ્રો પણ પડવા લાગ્યાં, એટલેથી ના અટકતાં ધૂમકેતુઓ પણ પડવા લાગ્યા. (૪) વારંવાર સિત્કાર કરતો, સૂસવાટા મારતો, દુઃખ દેનારા સ્પર્શવાળો કઠોર વાયરો વાવા લાગ્યો અને ચારે તરફ ધૂળની ડમરીઓ ઉરાડતો વંટોળિયો વૃક્ષોને ઊખાડી નાખતો સર્વત્રં ફાટી નીકળ્યો (૫) પુષ્કળ અને મોટા ઝબકારા મારતી વીજળીઓ ચમકવા લાગી, વાદળોની ઘટાઓથી અંધકાર છવાઈ ગયો ઘનઘોર ગર્જના કરતા મેઘો તૂટી પડવા લાગ્યાં, મેઘ ઘટાઓથી તેજ ઢંકાઈ ગયાં, અંધકારે આકાશને ઘેરી લીધું અને દિશાઓ દેખાતી બંધ થઈ ગઈ. (૬) ઊંચા ભયંકર મોજાંવાળા અને અંદરથી ખળભળી ઊઠેલો મહાસાગર આક્રન્દ કરવા લાગ્યો, દુઃખી દેખાયો, અમંગલની આગાહી કંરતાં કમળો સુકાઈ જતાં સરિતાઓ સૌન્દર્યહીન બની અને સરોવરો ખળભળી ઊઠ્યાં. (૭) વારંવાર સૂર્યચંદ્રને ઘેરતાં કુંડાળાં થવા લાગ્યાં અને રાહુ વારંવાર ચંદ્ર-સૂર્યને ગળવા લાગ્યો. વૃષ્ટિ અને વાદળ વિનાની ઉગ્ર વીજળીઓ પડવા લાગી અને ગુફાઓમાંથી રથના ધ્વનિ-ઘરઘરાટ જેવા પડઘા સંભળાવા લાગ્યા. (૮) ગામોમાં શિયાળવીઓ, ઘૂવડો અને વરુ જેવાં પ્રાણીઓ મુખમાંથી ઉના-ઉના અંગારાઓ-આગ ઓકવા લાગ્યાં. તેમ જ શિયાળો સાથે શિયાળવીઓ રડવા લાગી અને ઘૂવડો સામાસામી ઘૂ-ઘૂ-ઘૂ અવાજ કરવા લાગ્યા. (૯) શ્વાનો ઊંચી ડોક કરીને ખૂબ જ ભસવા લાગ્યા. વળી કો'કવાર જાણે રોતા હોય તેવા ઠેકાણે ઠેકાણે અવાજો સંભળાવા લાગ્યા, (૧૦) હે વિદુરજી ! કઠોર ખરીઓથી પૃથ્વીને ઠોકતા અને ખોદતા, તેમજ ભૂંકવાના બળથી પાગલ બનેલા રાસભો ટોળે મળી ચારે તરફ દોડવા લાગ્યા. (૧૧) ગધેડાંની ભૂંકોથી ભયભીત બનેલાં પંખીડાં રડતાં-રડતાં માળામાંથી ઊડવા લાગ્યાં અને નેસડામાં તેમ જ અરણ્યો અને જંગલોમાં પશુઓ મલમૂત્ર કરવા લાગ્યાં. (૧૨) ગાયો ગભરાવા લાગી, દૂધને બદલે રુધિર દૂઝવા લાગી, જલ વર્ષાવનારા મેઘો પરુ વર્ષાવવા લાગ્યા, દેવતાઓની પ્રતિમાઓ રુદન કરવા લાગી, વગર વાયરે વૃક્ષો એકાએક તૂટી પડવા અને ઊખડી પડવા લાગ્યાં. (૧૩) બુધ, ગુરુ, શુક્ર જેવા ઉચ્ચ અને શાન્ત ગ્રહો ઉપર ક્રૂર ગ્રહો પડવા લાગ્યા, નક્ષત્રો પણ સળગતાં થઈ અવળી ગતિથી અતિચાર કરવા લાગ્યાં અને પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. (૧૪) આવા અને બીજા ખતરનાક ઉત્પાતોને નિહાળીને ચાર સંન્તકુમારો સિવાય આ ઉગ્ર ઉત્પાતોનાં રહસ્ય ન જાણનારી પ્રજા ભયભીત થઈ ગઈ અને વિશ્વનો પ્રલય માનવા લાગી. (૧૫)

બે દૈત્યો ભૂતલ ઉપર આવતાં જ પોત પ્રકાશ્યાં

વિદુરજી ! હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ બન્ને જન્મ્યા અને પ્રકટ થતાં જ ભારે પરાક્રમવાળા તે બે આદિ દૈત્યો પથ્થર જેવા દૃઢદેહથી મોટા બે પર્વતોની માફક વધવા લાગ્યા. (૧૬) આ બે દૈત્યો એટલા તો લાંબા પહોળા હતા કે મસ્તકે રહેલા સુવર્ણમુકુટોની ટોચ સ્વર્ગ લોકને ચૂમતી હતી, વળી વિશાળ કાયાથી દશે દિશાઓને રોકી લેતા હતા ત્યારે ચળકાટ મારતા બાજુબંધ વાળા હાથોથી અને ચરણોથી ચાલતા ચાલતા પગલે પગલે ધરણીને ધ્રુજાવતા હતા અને સુંદર કંદોરાવાળી કટિથી સૂર્યને પણ ઓળંગી જતા હતા. (૧૭) કશ્યપ પ્રજાપતિને ત્યાં બે પુત્રો જન્મ્યા. આ પુત્રો જોડકાં જન્મ્યા હતા. આ બે પુત્રોમાંથી કશ્યપ પ્રજાપતિએ જેને પોતાના વીર્યથી દિતિના દેહમાં પ્રથમ પ્રવેશ આપ્યો તેનું નામ હિરણ્યકશપુ આપ્યું અને લોકોએ એ નામથી મોટા પુત્રને ઓળખ્યો તેમજ દિતિએ જેને પ્રસવ કાળે પ્રથમ પ્રસવ આપ્યો તેને સર્વે હિરણ્યાક્ષના નામથી જાણ્યો. (૧૮) "કોઈથી પણ મૃત્યુ નહીં પામીશ" એવા બ્રહ્માજીના વરદાનથી ઉદ્ધત અને બલવાન બનેલ હિરણ્યકશિપુએ લોકપાલો સાથે ત્રણે લોકોને વશ કર્યા તેમજ સર્વ લોકોને ભોગવવા માંડ્યા. (૧૯) જ્યારે હિરણ્યકશિપુનો નાનોભાઈ હિરણ્યાક્ષ હિરણ્યકશિપુનો પ્રિય તેમજ પ્રીતિ સંપાદન કરનારો વીર હતો. તેની યુદ્ધ કરવાની લાલસા હતી; તેથી તે લડાઈને જ શોધતો હાથમાં ગદા લઈને વિચરતો સ્વર્ગમાં ગયો. અસહ્ય વેગવાળા, શબ્દ કરતા પગમાં સુવર્ણના ઝાંઝરવાળા, વૈજ્યન્તી માલાને ધારણ કરતા, ખભા ઉપર મોટી ગદા ધારણ કરતા, ઉત્સાહ, વીર્ય, મદના નશાથી ખૂબ જ માતેલા, નિરંકુશ, નિર્ભય એવા હિરણ્યાક્ષને નિહાળીને ગરુડજીથી ડરેલા

સર્પોની માફક ભયભીત થયેલા દેવો ક્યાંય પલાયન થઈ ગયા, જે નજરે આવતા જ ન હતા. (૨૧-૨૨) રાજા ઈન્દ્ર સાથે ભય પામેલા સર્વ દેવગણો, પોતાનાથી ગભરાઈને સંતાઈ ગયા છે એવું જાણ્યું ત્યારે તો તે દૈત્યરાજ તે નિર્વીર્યોને ન નિહાળતો અત્યંત નાદ કરવા લાગ્યો. (૨૩) આખરે દેવલોકોથી પાછા વળીને મદોન્મત ગજરાજની માફક ઘૂમતો મહાબલવાન હિરણ્યાક્ષ ગંભીર તેમજ ભયંકર ગર્જના કરતો મહાસાગરમાં ક્રીડા કરવા માટે કૂદી પડ્યો. (૨૪) હિરણ્યાક્ષે જ્યારે જલમાં પ્રવેશ કર્યો ત્યારે વરુણના સૈનિકોતેમજ જલચર પ્રાણીના ગણો, પોતાના સ્થાન જલમાં જ રહેનારા છતાં બેબાકળા બનીને પ્રહાર નહોતો થતો છતાં તેના તેજથી દબાઈ ગયેલા ઘણે દૂર દોડી ગયા. (૨૫) મહાબલવાન દૈત્ય હિરણ્યાક્ષ ઘણા વર્ષો સુધી એટલે કલ્પના અંત સુધી મહાસાગરમાં વિચર્યો, તેના શ્વાસોચ્છ્વાસથી જલમાં મોજાં સર્જાયાં. હાથમાં પુષ્કળ ચળ આવવાથી હિરણ્યાક્ષ ઘાસથી વીંટેલ ગદાથી મોજાં ઉપર પ્રહાર કરવા લાગ્યો. હિરણ્યાક્ષ આટલાથી સંતોષ ના પામ્યો અને વરુણની વિભાવરી નગરીમાં પહોંચ્યો. (૨૬) ઉદ્ધત દૈત્ય, વિભાવરી નગરીમાં અસુરોના લોકના પાલક, જલચર જીવસમૂહના સ્વામી, પ્રચેતા નામના વરુણદેવની પાસે જઈ પહોંચ્યો અને નમ્ર જનનો દેખાવ કરતો અને નમસ્કાર કરતો કરતો જાણે મશ્કરી કરતો હોય તેમ તે બોલ્યો કે મહારાજ આપ મને યુદ્ધ આપો. (૨૭)

વ્યંગવાણીમાં વરુણદેવોનો ઉપહાસ

હે વરુણદેવ ! આપ તો લોકપાલ છો. સમર્થ રાજા છો. કીર્તિ સંપન્ન છો. આપે તો, ભલભલા, વીરનું અભિમાન ધરાવતા મહાન વીરોના ગર્વના ચૂરા કરી નાખ્યા છે, ક્ષણવારમાં તેમના ગર્વ ઉતાર્યા છે, મહારાજ ! આપે તો આ લોકમાં દૈત્ય-દાનવોને જીત્યા છે, ખરેખર પૂર્વે એવા આપે રાજસૂય યજ્ઞથી યજન કર્યું છે. તો હવે આપ મને યુદ્ધ આપો. (૨૮) આ પ્રમાણે ખૂબ ગર્વથી છલકાતા મદોન્મત હિરણ્યાક્ષ શત્રુએ જ્યારે અતિશય પ્રમાણમાં વરુણ ભગવાનનું અપમાન કર્યું ત્યારે હૃદયમાં અત્યંત પ્રમાણમાં ઉત્પન્ન થયેલા રોષને વિવેક બુદ્ધિથી રોકી રાખી સ્પષ્ટ વાણીથી શ્રીવરુણદેવ બોલ્યા કે અંગ, હાલ તો અમે શસ્ત્ર સન્યાસ કરી શાંત થઈ બેઠા છીએ, તેથી તમારી સાથે અમારી હાલ યુદ્ધ કરવાની વૃત્તિ નથી. (૨૯)

હિરણ્યાક્ષજી ! મને તો લાગે છે કે હાલના સંયોગમાં આપના જેવા રણમાર્ગકુશળ વીરપુરુષને યુદ્ધમાં પુરાતન પુરુષ વિના અન્ય કોઈ સંતોષી શકે એવા વીર પુરુષને હું જોતો નથી. હે અસુરવર્ય, એ પુરાણપુરુષત્તોમ ભગવાન તમારા કોડપૂરા કરશે. યુદ્ધમાં નિત્ય ઉત્તમ અસુરોની અપેક્ષા રાખનાર ભગવાનને આપના જેવા વીરપુરુષો વખાણે છે. (૩૧) હે દૈત્યરાજ ! તમારા જેવા ઉદ્ધત અને ઉચ્છૃંખલ જનોના નાશ માટે અને સજ્જનો ઉપર ઉપકાર કરવા માટે જે પ્રભુ અનેક અવતારો ધારણ કરે છે તે યુદ્ધવીર ભગવાનનો તમને અવિલંબે ભેટો થશે. તે ભગવાન સાથે પેટ ભરીને યુદ્ધ કરતાં રણસંગ્રામમાં વીરપુરુષોને શોભતી શય્યામાં ગાઢનિદ્રા તમને મળશે ત્યાં તમને નિદ્રામાં કોઈ ખલેલ નહીં કરે અને સુખેથી પોઢણ કરજો તમારી ચારે બાજુ શ્વાનો વીંટળાયેલા હશે અને તમારા શરીરની ઉજાણી માણતા હશે. (૩૧)

तं वीरमारादभिपद्य निर्भयः शयिष्यसे वीरशये श्वभिर्वृतः । यस्त्वद्विधानामसतां प्रशान्तये रूपाणि धत्ते सदनुग्रहेच्छया ॥३१॥

શ્રીમદ્ભાગવતપીયૂષના તૃતીય સ્કંધનો હિરણ્યાક્ષ-હિરણ્યકશિપુના જન્મની કથાનું વર્ણન કરતો અધ્યાય ૧૭મો સમાપ્ત

અધ્યાય ૧૮મો

[આ ૧૮માં અધ્યાયમાં ૨૮ શ્લોકો છે. ૧થી ૧૩ શ્લોકોમાં શ્રી સંતવર નારદજીનાં હિરણ્યાક્ષને દર્શન અને નારદજીએ આપેલું માર્ગદર્શન, ૧૪થી ૧૯ શ્લોકોમાં યુદ્ધ કથા, ૨૦થી ૨૮ બ્રહ્માજીએ ભગવાનને કરેલ નિવેદન. આવા ત્રણ પ્રસંગો ૨૮ શ્લોકોમાં આવશે.]

સંતનાં દર્શન-માર્ગદર્શન

मैत्रेय उवाच : तदेवमाकर्ण्य जलेशभाषितं । महामनास्तद् विगणय्य दुर्मदः ॥
हरेर्विदित्वा गतिमङ्ग नारदात् । रसातलं निर्विविशे त्वरान्वितः ॥ १ ॥

શ્રીમૈત્રેય મહર્ષિએ કહ્યું કે હે વિદુરજી ! સાગરમાં ગયેલા અને ચિરકાલપર્યન્ત રહેલા હિરણ્યાક્ષે શ્રીવરુણ ભગવાનની વિભાવરી નામની નગરીમાં પ્રવેશ કર્યો, ત્યાં શ્રીવરુણ ભગવાનનાં દર્શન થયાં. શ્રીવરુણ ભગવાન પાસે દૈત્યે યુદ્ધ માગ્યું, ત્યારે ભગવાન વરુણે કહ્યું કે દૈત્યવર્ય, તમને અલ્પ સમયમાં જ યુદ્ધ કરનાર વીર પુરુષની પ્રાપ્તિ થશે, શ્રીવરુણ ભગવાનનાં વચન સાંભળી દુષ્ટ મદવાળો હિરણ્યાક્ષ, હવે મને મારા જેવો બલિષ્ઠ યુદ્ધ કરનાર મળશે એવા ઉત્સાહમાં આવી જઈને, પોતાના મૃત્યુની પરવા કર્યા વિના વીર યોદ્ધાની શોધમાં ચાલતાં માર્ગમાં શ્રીનારદજીનાં દર્શન થયાં, પુનઃ શ્રીનારદજી પાસેથી હાલ શ્રીહરિ ક્યાં મળશે ? તેનું માર્ગદર્શન મળ્યું કે રસાતલમાં પ્રભુ બિરાજે છે. તે સાંભળી રસાતલમાં પ્રવેશ કરતાં જ હિરણ્યાક્ષને પૃથ્વી દેવીના આધાર, દાઢના અગ્રભાગે ધરણીને ઊંચે ધારણ કરનાર, રોષથી રક્તવર્ણાં નયનોવાળા, ધરણીધર શ્રીવરાહ ભગવાનનાં દર્શન થયાં, નાથને નીરખતાં જ નેત્રોની કાન્તિથી હિરણ્યાક્ષ નિસ્તેજ બની ગયો; પરંતુ ખલ સ્વભાવથી ભગવાનનો ઉપહાસ કરતો બોલ્યો કે અહો, આ તો વનમાં વિચરનાર મૃગ છે. (૨) આવું માની લઈ શ્રીવરાહ ભગવાનને કહ્યું કે હે અજ્ઞ ! હે અબુધ ! આવી જાવ ! આ ભૂમિને મૂકી દો, વિશ્વનિર્માતા વિધાતાએ આ રસાને-ભૂમિને અમને-રસાતલ નિવાસીઓને આપી છે, દેવોમાં ક્ષુદ્ર હે વરાહ ? આ આકારને સ્વીકારનાર મારી નજર સામે તમારી તાકાત નથી કે આ પૃથ્વીને સુખપૂર્વક અહીંથી લઈ જઈ શકો. (૩) હું આપનાં પરાક્રમો જાણું છું કે આપ માયાથી અસુરોને મારો છો, વળી સંતાઈને કપટથી શત્રુને મારીને વિજય મેળવો છો. અમારા શત્રુ સનત્કુમારો વચ્ચે અમારા વિનાશ માટે તમને પાળ્યા પોષ્યા છે ખરુને ? પરંતુ હે બાલિશ ! અલ્પ શક્તિવાળા, યોગમાયાના બળવાળા, તમારો નાશ કરી હું મારા મિત્રોના શોકનો નાશ કરીશ. (૪) અમારા હાથમાંથી તમારા ઉપર ધબાધબ પડેલી ગદાના મૂઢ મારથી તમારા મસ્તકના ચૂરા થઈ જશે અને તમે નાશ પામશો ત્યારે આ ઋષિઓ અને દેવો જે આપને ભેટો આપે છે, તેઓનો એટલે તે દેવો વગેરેનો પણ અંત આવી જશે. પૃથ્વી દેવીને ભયભીત થયેલાં જોઈને, હિરણ્યાક્ષનાં તીક્ષ્ણ વાકબાણોને સહન કરતા પરંતુ તેના વાક્યોનો તાત્કાલિક ઉત્તર ના આપતા, મગરથી પીડાયેલો હાથી-હાથિણી સાથે જલમાંથી જેમ બહાર આવે તેમ જ ભગવાન વરાહ મૌન રાખી ધરાદેવીને દાઢમાં લઈને બહાર આવ્યા. (૬) સુવર્ણ સરખા કેશરી કેશવાળાં ધરાદેવીને દાઢમાં ધારણ કરી બહાર પધારતા શ્રીવરાહ ભગવાનની પાછળ જેમ હાથીની પાછળ મગર દોડે તેમ દૈત્ય હિરણ્યાક્ષ દોડ્યો, તેમ જ બોલ્યો કે નિર્લજ્જ અસજ્જનોને માટે ક્યાં કાર્યો નિન્દિત છે. (૭) હિરણ્યાક્ષ આ પ્રમાણે બોલતો જ રહ્યો અને ભગવાન પોતાનું કાર્ય કરતા જ રહ્યા. આ અવસરે પૃથ્વીને ઉપર લઈ આવી રહેલા ભગવાનની બ્રહ્માજી સ્તુતિ કરવા લાગ્યા દેવોએ પુષ્પવૃષ્ટિથી પુરુષોત્તમ ભગવાનને છાઈ દીધા અને હિરણ્યાક્ષની નજર સામે જ વરાહ પ્રભુ એ જલ ઉપર નિર્ભય સ્થળે પૃથ્વીદેવીને પધરાવી દીધાં અને પૃથ્વી પડી ના જાય, ડોલી ના જાય માટે પ્રભુએ તેમાં પોતાનું તેજ અને સત્વ પધરાવ્યું. (૮)

"ક્રિયા એ જ કર્તવ્યનિષ્ઠ પુરુષોનો ઉત્તર છે" એ ન્યાયે ભગવાને ધરાદેવીને સ્થિર કરી પુનઃ વચન સુધા વર્ષાવી

परानुषक्तं तपनीयोपकल्पं–महागदं काञ्चनचित्रंशम् । मर्माण्यभीक्ष्मं प्रतुदन्तं दुरुक्तैः–प्रचण्डमन्युः प्रहसंस्तं बभाषे ।।९।।

પરબ્રહ્મમાં પ્રીતિવાળા, તપસ્વીને યોગ્ય સામગ્રી વાળા, ભક્તિ રસાયણથી પોષાયેલા, કાંચનના રચેલા વિચિત્ર ચિહ્નવાળા, પોતાના ચિહ્નોને વારંવાર સંયમથી પીડતા, તે હિરણ્યાક્ષને જ્ઞાનોપદેશક ભગવાન શંકરનું સ્વરૂપ લઈ ઉપદેશ આપતા ભગવાન વરાહ હસતાં હસતાં બોલ્યા. (૯)

નવમા શ્લોકનો સ્તુતિપરક અર્થ કરીને હવે બીજો અર્થ કરે છે : ભગવાન વરાહની પાછળ દોડી આવતા, સુવર્ણના અલંકારવાળા, હાથમાં મોટી ગદાવાળા, મર્મને વારંવાર કટુવાક્યોથી પીડતા તે હિરણ્યાક્ષને પ્રચંડ ક્રોધવાળા ખૂબ જ હાસ્ય કરતા ભગવાન વરાહ કહેવાય લાગ્યા (૯)

श्रीभगवानुवाच : सत्यं वयं भो वनगोचरा मृगाः । युष्मद्विधान् मृगये ग्रामसिंहान् ।
न मृत्युपाशैः प्रतिमुक्तस्य वीरा । विकत्थनं तत्र गृहणन्त्यभद्र ।। १० ।।

શ્રીવરાહભગવાન બોલ્યા કે ભાઈ હિરણ્યાક્ષ, હે અભદ્રજીવનજીવી હિરણ્યાક્ષ ! સાચેસાચ જ તમે ખૂબ જ સત્ય વાત કહી છે, તમારા કહેવા પ્રમાણે અમે વનવાસી મૃગો જ છીએ પરંતુ તમારા જેવા જ ગ્રામવાસી સિંહોને (શ્વાનોને) શોધીએ છીએ. મૃત્યુપાશથી બંધાયેલા તમારા જેવાની ડંફાસ મારતી બડાશોની અમે કીંમત મૂકતા નથી. (૧૦) તમારા વચન પ્રમાણે અમે પાતાલવાસીઓની થાપણ ગણાતી ધરાને અમે લઈ જનારા નિર્લજ્જ છીએ. વળી તમારી ગદાના પ્રહારની બીકથી અમે નાસતા-ભાગતા ફરીએ છીએ. આમ છતાં ચિંતા કરશો મા ! અમે સંગ્રામમાં સામે મુખે તમારા કહેવા પ્રમાણે માંડમાંડ ઊભા રહીશું કે અમારે ઊભા રહેવું જોઈએ; કારણ કે હિરણ્યાક્ષ બળિયા સાથે બાથ ભીડીને ક્યાં જાશું ? (૧૧) વળી તમે તો પાયદળ અને રથોના સમૂહોના પાલન કરનારા પણ અધિપતિ છો. હવે મને કે કમને આવી જાઓ ! અમારી સાથે વિના વિલંબે વિના તર્ક વિતર્કે, યુદ્ધમાં ભીડાઈ જાઓ, અમારો વિનાશ કરી દો અને આપના સ્વજનોનાં અશ્રુઓને સૂકવી નાખો કે લૂછી નાખો. જે વ્યક્તિ પ્રતિજ્ઞા લીધા પછી પ્રમાણિકતાથી પૂર્ણ પ્રમાણમાં પાલન નથી કરતો તે ખરેખર અસભ્ય છે. (૧૨) શ્રીમૈત્રેય મહારાજ બોલ્યા કે વિદુરજી ! શ્રીવરાહ ભગવાનનાં વચનોથી તિરસ્કૃત થયેલા અને ભારે વાચનોથી ઘવાયેલા તે દૈત્ય હિરણ્યાક્ષે મદારીના હાથથી રમાડાતા સર્પની માફક ભારે ક્રોધથી તમ તમી ઊઠયો. (૧૩) હિરણ્યાક્ષ ભગવાનનાં વચનોને સહન ન કરી શક્યો. ક્રોધથી રાતીપીળી ઈન્દ્રિયોવાળો થઈ ગયો, શ્વાસ છોડતો વરાહ ભગવાનની લગોલગ આવી ગયો અને વરાહ ભગવાન ઉપર ગદાથી પ્રહાર કર્યો. (૧૩-૧૪) યોગારુઢ યોગી જેમ આવી પડેલા મૃત્યુને ફગાવી દે તેમ વરાહ ભગવાને હિરણ્યાક્ષ શત્રુએ છાતી ઉપર ફેંકેલ ગદાના આ વેગને જરા વાંકા વળીને ચુકાવી દીધો. (૧૫) પુનઃ પોતાની ગદાને હાથમાં લઈ વારંવાર ભમાવતા દૈત્ય સામે ક્રોધથી હોઠને પીસતા તેમજ ક્રોધે ભરાયેલા ભગવાન શ્રીહરિ દોડી આવ્યા. (૧૬) ત્યારબાદ સામે આવીને વરાહ પ્રભુએ હિરણ્યાક્ષની જમણી બાજુની ભ્રમર ઉપર ગદાથી પ્રહાર કર્યો; પરંતુ હે સૌમ્ય વિદુરજી તે કુશળ દૈત્યે ભગવાનની ગદાની ઉપર ગદાથી પ્રહાર કર્યો. (૧૭) હે વિદુરજી ! એ પ્રમાણે હિરણ્યાક્ષ અને શ્રીહરિ પરસ્પર વિજયની વાંછા સેવતા ક્રોધના આવેશમાં આવી જઈ ભારે ગદાઓથી એકબીજાને પ્રહાર કરવા લાગ્યા. (૧૮) હે વિદુરજી ! પ્રચંડ ગદાઓના પ્રહારથી પરસ્પર ઘવાયેલા અંગવાળા, ઘામાંથી ઝરતા રુધિરની ગંધથી વધુ રોષે ભરાયેલા, એકબીજાને જીતવાની વૃત્તિથી ગદાયુદ્ધની વિવિધ યુક્તિઓ અજમાવતા, સ્પર્ધા કરતા યુદ્ધે ચઢેલા હિરણ્યાક્ષ અને શ્રીવરાહભગવાનું યુદ્ધ ભૂમિ ઉપર લડતા બે સાંઢના જેવું શોભવા લાગ્યું, (૧૯) હે કુરુકુલવિભૂષણ વિદુરજી ! દૈત્ય હિરણ્યાક્ષ અને માયાથી વરાહાકૃતિનો સ્વીકાર કરતા, પરમ ઉદાર યજ્ઞસ્વરૂપ અવયવવાળા ભગવાન એમ બન્ને શત્રુઓના ભૂમિ માટે ભૂમિ ઉપર ખેલાતા યુદ્ધને નિહાળવાની વૃત્તિથી ઋષિવૃન્દને સાથે લઈને બ્રહ્માજી રણભૂમિમાં પધાર્યા. (૨૦) યુદ્ધના ઉત્સાહથી છલકાતા અને ભયને પણ ગળી ગયેલા સામનો કરતા અને વિજ્યશીલ પરાક્રમી તે દૈત્યને જોઈને હજારો ઋષિઓના નિયંતા બ્રહ્માજી આદિ વરાહ નારાયણને નિવેદન કરવા લાગ્યા. (૨૧)

સાયંકાલ અસુરો અને આસુર વૃત્તિઓનો પોષક છે

હે દેવ ! અમારું નિવેદન સાંભળો. આ દૈત્ય ખૂબ જ ખલ છે, દેવોને કે જે આપના ચરણકમલના આશ્રિત શરણાગત ભક્તોને, વેદ રક્ષક વિપ્રોને, યજ્ઞોપયોગી એવી ગાયોને અને નિર્દોષ જીવોને સતાવનાર, ભય કરનાર અને દુષ્ટ કર્મ કરનાર છે. આ દૈત્ય મારી પાસેથી વરદાન મેળવી ઉચ્છૃંખલ થયો છે. વળી અજોડ લડવૈયો છે, પોતાના જેવા સમબલ યોદ્ધાને શોધી રહ્યો છે. ત્રણે લોકનો કંટક બની સર્વત્ર વિચરી રહ્યો છે. (૨૨-૨૩) ! નાથ નિવેદન સાંભળો ! આ દૈત્ય માયાવી, ગર્વિષ્ઠ, નિરંકુશ અને અત્યંત દુષ્ટ છે, આ તો ફુંફાડા મારતો ભયાનક સર્પ છે. એને રમાડવા જેવો નથી. નાથ ! આ વિશ્વકંટકને શીઘ્ર ઉખેડી નાખો. (૨૪) આ ભયાનક દૈત્ય સાયંકાલની આસુરી વેલા વધતાં જ વધી પડશે, માટે

સાયંકાલ ડોકિયાં કરી રહ્યો છે તે પહેલાં જ આપ આપની દૈવી માયાનો સ્વીકાર કરી હે અચ્યુત, આ પાપીનો નાશ કરી નાખો. (૨૫) નાથ ! આપને ઝાઝું નિવેદન કરવાનું ના હોય પરંતુ લોકોનો નાશ કરનારી સંધ્યા કાલની ઘોર વેલા આવી રહેલ છે માટે હે સર્વાત્મન્ ! ભગવન્ ! આપ હવે દેવો ઉપર દયા કરીને તેમને વિજય અપાવો. (૨૬) હે નાથ ! હમણાં જ અભિજિત નામનો મુહૂર્તયોગ પસાર થયેલ છે, તુલા સંક્રાન્તિના આઠ દિવસ ગયા બાદ તે જ દિવસે ઉત્તરાષાઢા નક્ષત્રના ચતુર્થપાદમાં દિવસનો મધ્યાહ્ન આવતાં "મુહૂર્ત" માટે અભિજિત નામનો યોગ માનવામાં આવે છે. આ યોગ દૈત્યોને જીતવા માટેનો યોગ્ય સમય માનવામાં આવે છે. આ યોગ લગભગ પસાર થવાની ક્ષણોમાં છે તો તે પસાર થાય તે પહેલાં હિરણ્યાક્ષનો વધ કરવો ઉચિત ગણાશે. એક એવુ મન્તવ્ય છે કે अभिजित् નક્ષત્ર એવો પણ અભિજિત યોગનો અર્થ થાય છે. અભિજિત નક્ષત્ર હવે પસાર થઈ ગયેલ છે. અભિજિત નક્ષત્ર પાપથી પરાજિત થયેલું છે. દેવો માટે તે સાનુકૂલ નથી. તે હવે પસાર થઈ ગયેલ છે, અને સંધ્યાવેલા આવી રહેલ છે તે પહેલાં હિરણ્યાક્ષવધ ઉચિત મનાશે. માટે અમારા કલ્યાણ માટે અવિલંબે આ અજેય મૃત્યુ સમાન દૈત્યને દૂર કરો. નાથ ! આખરે અમે આપના સેવક છીએ (૨૭) નાથ ! આ દૈત્ય પણ દૈવ સંકેતે આપના હાથે મરવા માટે જ આપની પાસે આવેલ છે. ખરું જોતાં તે મૃત્યુ પામેલ જ છે. હે પ્રભો, આપ પરાક્રમપૂર્વક આ દૈત્યનો યુદ્ધમાં નાશ કરી સર્વલોકોને શાન્તિ આપો. (૨૮)

दिष्ट्या त्वां विहितं मृत्युमयमासादितः स्वयम् । विक्रम्यैनं मृधे हत्वा लोकानाधेहि शर्मणि ॥ २८ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના તૃતીય સ્કંધનો હિરણ્યાક્ષ અને વરાહ ભગવાનના યુદ્ધનું વર્ણન કરતો અધ્યાય ૧૮મો સમાપ્ત.

અધ્યાય ૧૯મો

[આ અધ્યાયમાં ૩૮ શ્લોકો છે. આ અધ્યાયમાં ભગવાનના કરુણાવાત્સલ્યનું દર્શન થશે. રક્ષા અને શિક્ષા બન્ને પ્રભુને કરવાં તો પડે; પરંતુ પ્રભુની શિક્ષામાં ભારોભાર દયા ભરેલી હોય છે, આ પ્રકારના ભગવાનના સ્વભાવનું આ અધ્યાયની લીલામાં દર્શન થશે.]

मैत्रेय उवाच : अवधार्य विरिञ्चस्य निर्व्यलीकामृतं वचः । प्रहस्य प्रेमगर्भेण तदपाङ्गेन सोऽग्रहीत् ॥ १ ॥

મૈત્રેય મહર્ષિએ કહ્યું કે વિદુરજી ! હિરણ્યાક્ષના કાંટાને દૂર કરવા માટે વિજ્ઞપ્તિ કરતાં બ્રહ્માજીનાં અમીમય અને નિષ્કપટ વચનોને સાંભળીને પ્રભુ હસ્યા. દીર્ઘદૃષ્ટિ વાળા ભગવાને નેત્રના માત્ર અણસારથી પ્રેમપૂર્વક બ્રહ્માજીના વચનનો સ્વીકારતાં કહ્યું કે બ્રહ્માજી ! આપનાં વચન પણ સત્ય છે તેમજ હિરણ્યાક્ષની યુદ્ધ કરવાની લાલસા, જો નહીં સંતોષાય તો વળી તેને બીજો જન્મ લેવો પડશે માટે આપ ચિંતા ના કરશો, યુદ્ધથી તેને સંતુષ્ટ કરી આજની રાત્રીએ એનો મોક્ષ કરીશ. (૧) બ્રહ્માજીનું સમાધાન કરીને શ્રીવરાહ ભગવાને, પોતાની સામે નિર્ભય બની ચક્કર લગાવતા અને ગદાના અટાપટા ખેલતા હિરણ્યાક્ષની હડપચી ઉપર કૂદકો લગાવીને જોરથી ગદાનો પ્રહાર કર્યો. (૨) હિરણ્યાક્ષે પણ વળતો ઉત્તર વાળવા ભગવાનની ગદાને પોતાની ગદાથી લલકારીને ફટકારી, ત્યારે ભગવાનના કરકમલમાંથી કૌમોદકી નામની ગદા છટકી ગઈ અને ચક્કર લેતી જમીન ઉપર પડી અને પૃથ્વીને શોભાવવા લાગી ! હે વિદુરજી ! આ તો આશ્ચર્યકારક ઘટના ગણાય (૩) જ્યારે શ્રીવરાહ પ્રભુના હાથમાંથી છટકીને ગદા ધરણી ઉપર પડી ત્યારે તક મળવા છતાં તે હિરણ્યાક્ષે રણસંગ્રામના સિદ્ધાન્તોને માન આપ્યું અને સર્વત્ર જે ભગવાનની સેના વિચરે છે તેવા શ્રી વિષ્વક્સેન ભગવાનને કોપાવવા માટે આયુધ વિનાના વરાહ ભગવાન ઉપર આક્રમણ કર્યું નહીં. (૪) ભગવાનના હાથમાંથી ગદા સરી પડતાં સર્વત્ર હાહાકાર મચી ગયો ત્યારે કૃપાસિંધુ સર્વશક્તિ માન ભગવાને વિવેકશીલ હિરણ્યાક્ષનો આદર કર્યો અને નીચે પડેલી ગદાને હાથમાં ના લેતાં સુદર્શન ચક્રનું સ્મરણ કર્યું. (૫) પોતાના મુખ્ય પાર્ષદ અને દિતિ દેવીના ક્ષુદ્ર દીકરા હિરણ્યાક્ષ સાથે સુદર્શન ચક્ર ઉઠાવી યુદ્ધ કરતા ભગવાન ખરેખર યુદ્ધ નથી ખેલતા; પરંતુ રમત રમી રહ્યા છે એવું સમજીને અધીરા થયેલા વિમાનમાં બેસી આકાશમાં વિચરતા દેવો ચિત્ર-વિચિત્ર વાતો કરતા હે નાથ ! આપનો જય થાઓ ! આપનું મંગલ થાઓ, નાથ દૈત્યનો નાશ કરો એવું બોલવા લાગ્યા. (૬)

ભક્તના મનોરથ પૂર્ણ કરનાર ભગવાને હિરણ્યાક્ષ સાથે ખેલેલો જીવલેણ સંગ્રામ

હિરણ્યાક્ષે જાણ્યું કે વરાહ ભગવાને પોતાના હસ્તમાં ચક્ર લીધું છે ત્યારે સામે આવી લાગ્યો તો તેણે કમલદલ સમાન મનોહર નેત્રવાળા શ્રીવરાહ ભગવાનને નિહાળીને હિરણ્યાક્ષની સર્વ ઈન્દ્રિયો ક્રોધમાં ડૂબી ગઈ અને ક્રોધ ભરાયેલ તે ફૂંફાડા મારતો પોતાના હોઠને કરડવા લાગ્યો. (૭) ભગવાનના ઉપર ચઢી આવેલો હિરણ્યાક્ષ જાણે નેત્રોના અગ્નિથી બાળી નાખતો હોય તેમ નિહાળતો, ભયંકર દાઢવાળો, હિરણ્યાક્ષ હાથમાં ગદા લઈ, ધસી આવી હે વરાહ ! હવે તમને પોતાને મર્યા સમજી લો એમ બોલીને વરાહ ભગવાન ઉપર તૂટી પડ્યો. અને ભગવાન ઉપર ગદાનો પ્રહાર કર્યો. (૮) ભગવાન ઉપર ગદાનો પ્રહાર થયો એવું સાંભળી દુઃખી ચિત્તવાળા થયેલા વિદુરજીને જોઈને આશ્વાસન દેતા મૈત્રેયમુનિ બોલ્યા કે હે સાધુપુરુષ! હિરણ્યાક્ષ જોઈ રહ્યો હતો ત્યાં જ તેણે ભગવાન ઉપર ફેંકેલી પવનસમ વેગીલી ગદાને ડાબા પગની ઠેસથી ક્યાંય દૂર ફેંકી દીધી. (૯) પુનઃ શ્રીવરાહ ભગવાને કહ્યું કે હે હિરણ્યાક્ષ ! ભાઈ તમારી તો મને જીતવાની ઈચ્છા છે ને ! તો હાથમાં હથિયાર ઉઠાવો અનેયુદ્ધ કરવા માટે સજ્જ બનો ! ભગવાને આ પ્રમાણે જ્યારે હિરણ્યાક્ષને પડકાર્યો ત્યારે તે ગદાથી પુનઃ પ્રહાર કરતો પુષ્કળ ગર્જના કરવા લાગ્યો. (૧૦) પરવશ બનેલા હિરણ્યાક્ષે ધરણી ઉપર પડેલી પોતાની ગદાને ફરી ઉઠાવી રમરમાવી ભગવાનના ઉપર ફેંકી ત્યારે સ્થિર ઊભેલા ભગવાને તે સામે આવતી વેગીલી ગદાને ગરુડજી જેમ નાગણને પકડી લે તેમ અનાયાસે તે ગદાને પકડી લીધી. (૧૧) હિરણ્યાક્ષના હાથમાંથી ગદા નામનું શસ્ત્ર શત્રુના હાથમાં ચાલ્યું ગયું; તેથી તેમજ પોતાનું પુરુષાતન પણ ક્ષીણ થયું; તેથી સર્વથા ગર્વમુક્ત બનેલા, વળી નિસ્તેજ બનેલા મહાન્ અસુર હિરણ્યાક્ષને સામે પગલે ચાલી શ્રીહરિ વરાહ ભગવાને ગદા આપવા માંડી તો પણ લેવાની ચાહના ના કરી. (૧૨) જેમ કોઈ અભિચાર મંત્રનો જાણકાર સર્વ વેદોના જાણકાર બ્રહ્મસ્વરૂપ બ્રહ્મવિદનો વિનાશ કરવા અભિચાર પ્રયોગ કરે; પરંતુ તે નિષ્ફળ નીવડે, તેવી જ રીતે સર્વ મંત્રોની અધિષ્ઠાત્રી દેવતા શ્રીવરાહ ભગવાનને બાળવા માટે એકાદ મંત્ર શક્તિથી બનેલ ત્રણ પાંખવાળું તીવ્ર અણીદાર શસ્ત્ર અને અસ્ત્રના સ્વરૂપે વપરાઈ શકાતું ત્રિશૂલ નામનું અગ્ન્યસ્ત્ર હાથમાં ઉઠાવ્યું. (૧૩) સમર્થ બળવાન યોદ્ધા હિરણ્યાક્ષે દૈવી બળથી ફેંકેલા, આકાશમાં ચળકી રહેલા અને અંદરથી વધતા તેજસ્વી તે ત્રિશૂલને ભગવાન વરાહ રાજા ઈન્દ્રે એકવાર રોષે ભરાઈને શ્રીગરુડજીને મારવા માટે વજ્ર છોડેલું પરંતુ તે પરમભક્ત ગરુડજીને મારી શકે તેમ ન હતું; પરંતુ તેને સાર્થક કરવા માટે ગરુડજીએ પોતાનું એક પીછું છોડ્યું અને ઈન્દ્રના વજ્રે જેમ પીછાને છેદી નાખ્યું, તેમ દેવતાના બળ વિનાના ત્રિશૂળને છેદી નાખ્યું (૧૪) શત્રુ મનાતા અથવા તીક્ષ્ણ ધારદાર ભગવાનના સુદર્શને જ્યારે ત્રિશૂલના ટુકડા કરી નાખ્યા ત્યારે તો હિરણ્યાક્ષ ખૂબ જ ક્રોધે ભરાયો અને આવેશમાં આવી એકાએક શ્રીવરાહભગવાન ઉપર ધસી આવ્યો. આટલેથી જ ના અટક્યો પણ પૂર્વના વૈરનું સ્મરણ રાખતો લક્ષ્મીજીના નિવાસસ્થાન, ભગવાનના વક્ષઃસ્થલ ઉપર ભારે ગર્જના કરી મુક્કો મારી અન્તર્ધાન થઈ ગયો. (૧૫) હે વિદુરજી ! ભક્તહૃદય ! આપ ચિત્તમાં ચિંતા કરો મા, કે મારા નાથના કોમલ હૃદયને મુક્કાના પ્રહારથી કેવી વેદના થઈ હશે ? શ્રી આદિવરાહ ભગવાનના વક્ષઃસ્થલ ઉપર પ્રહાર કરેલા મુક્કાથી હાથીના દેહ ઉપર ફેંકેલી પુષ્પમાળા કાંઈ પણ કરી ના શકે કે મારી ના શકે તેવી જ રીતે તે મુક્કાના પ્રહારની કોઈ અસર ના થઈ કે શ્રીવરાહ ભગવાનને જરાપણ કંપારો ના થયો. (૧૬)

આઠ શ્લોકોમાં માયાવી યુદ્ધનું વર્ણન

“હારેલો જુગારી બમણું રમે” આ ન્યાયે હતાશ બનેલા તે હિરણ્યાક્ષે યોગમાયાના સ્વામી શ્રીવરાહપ્રભુ ઉપર અનેક પ્રકારે માયાને છોડી જેને જોઈને ત્રાસ પામેલી પ્રજાને તો એમ લાગ્યું કે શું જગતનો પ્રલયકાળ તો પાસે નથી આવ્યો ને ! (૧૭) આકાશમાં પ્રચંડ વાયુ વાવા લાગ્યા, ધૂળની ભયંકર ડમરીઓ આકાશને ઘેરવા લાગી, ચારે બાજુ અંધકાર છવાઈ ગયો, દશે દિશામાં જાણે યંત્રોથી ફેંકાતા હોય તેમ પથ્થરો ફેંકાવા લાગ્યા. (૧૮) ચારે બાજુ ભયાનક વીજળીના કડાકાઓ સાથે પરુ, વાળ, રુધિર, મળમૂત્ર અને અસ્તિઓના વરસાદને વર્ષાવતા વાદળોના સમૂહથી સઘળું આકાશ

જ્યોતિશ્ચક્ર વિનાનું નિસ્તેજ જણાવા લાગ્યું, (૧૯) હે નિષ્પાપ વિદુરજી ! ભિન્ન ભિન્ન પ્રકારનાં આયુધોને છોડનારા પર્વતો દેખાવા લાગ્યા. ચારે તરફ વસ્ત્ર ધારણ કર્યા વિનાની હાથોમાં ત્રિશૂલો ધારણ કરેલા છૂટા કેશોવાળી રાક્ષસીઓ દેખાવા લાગી. (૨૦) પાયદળ, હાથીઓ, અશ્વો, રથો સાથે અસંખ્ય શસ્ત્રોને ધારણ કરનારા યક્ષો અને રાક્ષસો વગેરે શત્રુઓ મારણ, ઉચ્ચાટન મંત્રવાળી 'હું ફટ્'વગેરે ઘાતકી વાણી બોલતા હતા. (૨૧) આમ ભયંકર રૂપમાં પ્રકટેલી તે આસુરી માયાનો સર્વથા નાશ કરનાર ભગવાનના અત્યંત પ્રિય એવા સુદર્શન નામના ચક્રને-અસ્ત્રને યજ્ઞસ્વરૂપ ભગવાને છોડ્યું (૨૨) ભગવાને જ્યારે સુદર્શન ચક્રને છોડ્યું ત્યારે કશ્યપ મુનિની ભવિષ્ય વાણીના આદેશને યાદ કરતાં દિતિમાતાના હૃદયમાં કંપારો થયો, તેમજ સ્તનમાંથી રુધિર વહેવા લાગ્યું. (૨૩) જ્યારે હિરણ્યાક્ષની આસુરી માયાઓ નાશ પામી, ત્યારે ફરીથી પણ તે દૈત્યે કેશવ ભગવાનની લગોલગ આવીને રોષપૂર્વક વરાહભગવાનને બાથમાં પકડી લીધા. આમ છતાં સૂક્ષ્મરૂપે બાથમાંથી છટકી જઈ બહાર ઊભેલા વરાહભગવાનને જોયા. (૨૪) વજ્ર જેવી કઠોર મુઠ્ઠીઓથી પ્રહાર કરતા તે દૈત્ય હિરણ્યાક્ષને ઈંદ્રિયાતીત વરાહ ભગવાને, દેવેન્દ્ર ઈન્દ્રરાજાએ જેમ વૃત્રાસુરનો વધ કર્યો; તેમ કાનના મૂળ ભાગ ઉપર એક તમાચો લગાવ્યો. (૨૫) હે વિદુરજી ! વિશ્વનિર્માતા ભગવાને તદ્દન ઉપેક્ષાથી જ નહીં જેવો જ તમાચો લગાવ્યો ત્યાં જ તે દૈત્ય હિરણ્યાક્ષનો દેહ ચારે તરફ ભમવા લાગ્યો, તેની આંખો ઊંચી ચઢી ગઈ, હાથપગ પહોળા થઈ ગયા, વાળ વીખરાઈ ગયા અને વાવાઝોડાથી વૃક્ષ ઊખડીને જેમ જમીન દોસ્ત થાય તેમ હિરણ્યાક્ષ ભૂમિ ઉપર પછાડ ખાઈને પડ્યો (૨૬) ધરા ઉપર નિરાંતની સોડ તાણીને સૂતેલા અખંડ તેજસ્વી, વિકરાળ દાઢીવાળા, પીસાયેલા હોઠવાળા, હિરણ્યાક્ષને નિહાળીને, યુદ્ધ નિરખવા આવેલા બ્રહ્માદિ દેવો કહેવા લાગ્યા કે આ બ્રહ્માંડમાં એવો તો કોણ ભાગ્યશાળી હશે કે આ હિરણ્યાક્ષના જેવી સદ્ગતિને દેનાર મૃત્યુને પામે. (૨૭) ભાઈ ! જે સિદ્ધ યોગી પુરુષો પોતાના પ્રાકૃત દેહમાંથી મુક્ત થવા માટે સમાધિ દ્વારા જે ભગવાનનું એકાન્તમાં ધ્યાન કરે છે તે જ ભગવાનના ચરણપ્રહાર સ્વરૂપ પ્રસાદને પામતો આ ઉત્તમ દૈત્ય ભગવાનનાં મુખકમલનાં દર્શન કરતો, દેહત્યજી વિદેહી બન્યો-દેહ મુક્ત થયો (૨૮) દેવો બોલ્યા કે આ તો જયવિજય નામના બે ભગવાનના દ્વારના દ્વારપાલ પાર્ષદો છે. તેઓ કર્તવ્ય પાલન કરતાં સનત્કુમારોના શાપથી અસદ્ પામ્યા છે, તે બે પાછા કેટલાક જન્મને અન્તે શ્રીવૈકુંઠનાથ પ્રભુના દ્વારે દ્વારપાલની સેવા પ્રાપ્ત કરશે. (૨૯)

દેવાધિદેવ શ્રીવરાહ ભગવાનને દેવોના દંડવત્

देवा उचुः नमो नमस्तेऽखिलयज्ञातन्तवे। स्थितौ गृहीतामलसत्त्वभूर्तये। दिष्ट्या हतोऽयं जगतामुरुन्तुदः त्वत्पादभक्त्या वयमीश निर्वृताः ॥३०॥

દેવો સ્તુતિ કરવા લાગ્યા કે હે શ્રીવરાહ ભગવાન ! આપ તો સર્વ યજ્ઞોના આધાર સ્વરૂપ છો, જગતના પાલન માટે શુદ્ધ સત્ત્વ ગુણપૂર્ણ વિમલ સ્વરૂપને ધારણ કરો છો એવા નાથને પુનઃ પુનઃ પ્રણામ હો. આ ત્રણે લોકોના મર્મસ્થાનોને પીડનાર દૈત્યનો વધ થયો એ ઘણા જ આનંદની વાત છે. હે ઈશ ! આપનાં ચરણકમલની ભક્તિથી અમે આનંદ પામ્યા છીએ. (૩૦)

મૈત્રેય મહર્ષિએ કહ્યું કે વિદુરજી આ અસહ્ય પરાક્રમી હિરણ્યાક્ષ દૈત્યનો નાશ કરીને, કમલાસન બ્રહ્માજી વગેરે દેવોની સ્તુતિનાં શ્રવણ કરતા અખંડ ઉત્સવ ભરેલા નિજલોકમાં શ્રીહરિ વરાહ ભગવાને પ્રસ્થાન કર્યું. (૩૧) મૈત્રેયમુનિ બોલ્યા કે સન્મિત્ર વિદુરજી ! વીર અને ઉત્તમ પરાક્રમશીલ હિરણ્યાક્ષ દૈત્યનો રણ સંગ્રામમાં રમકડાની માફક વધ કરનારા, શ્રીવરાહ અવતાર ધારણ કરનારા, શ્રીહરિ ભગવાનનું દિવ્ય ચરિત્ર હું જેટલું ભણ્યો હતો, જેટલું જાણતો હતો તેટલું મેં આપને સંભળાવ્યું. (૩૨)

શ્રીસૂત મહર્ષિએ કહ્યું કે હે મહર્ષિઓ ! મહર્ષિ મૈત્રેયજીના શ્રીમુખકમલથી વર્ણવાયેલી શ્રીવરાહ ભગવાનની કથાનું શ્રવણ કરીને ભક્તવર વિદુરજી અતિશય આનંદ પામ્યા. (૩૩) હે વિદુરજી વિશ્વ વિખ્યાત યશવાળા પુણ્યશ્લોક મહાપુરુષોનાં મંગલ ચરિત્રોનું શ્રવણ કરતાં જો હૃદય ભાવવિભોર બની જાય તો પછી શ્રીવત્સલાંછનવાળા વક્તવત્સલ

શ્રીહરિ ભગવાનનાં ચરિતામૃત પીવાનાં મળે ત્યાં તો કહેવું જ શું ? (૩૪) શ્રી હરિનો મહિમા ક્યાં છાનો છૂપો રહ્યો છે ? જ્યારે ગજેન્દ્ર મગરના મુખમાં ગળાયેલ હતો અને હાથિણીઓ પતિને છોડાવવા માટે આક્રન્દ કરતી હતી ત્યારે દયાળુ શ્રીહરિ પધાર્યા અને પોતાના ચરણારવિંદનું ધ્યાન કરતા તે સંક્ટગ્રસ્ત ગજેન્દ્રને શીઘ્ર મુક્ત કર્યા, એ વાત ક્યાં અજાણી છે ? (૩૫) આ ભગવાન તો જે પોતાના સંપૂર્ણ શરણાગત છે, તેમજ હૃદયના સહજ સરલ છે તેઓને માટે તો અત્યંત સુલભ છે, સુખેથી મેળવી શકાય તેવા છે, પરંતુ જેઓ લંપટ અને ઉદરંભર છે તેમને માટે તો તે પ્રભુ દુરારાધ્ય છે, આવા પ્રભુના સ્વભાવને જાણનાર ક્યો કૃતજ્ઞ પુરુષ ભગવાનને ન ભજે ! (૩૬) હે વિપ્રવરો ! હિરણ્યાક્ષવધ જેવાં કાર્યો માટે વરાહના સ્વરૂપને ધારણ કરનારા શ્રીહરિનું ચરિત્ર તો એટલા માટે અત્યંત અદ્ભુત છે કે કોઈપણ વ્યક્તિ જો બ્રહ્મવધની કેવલ કથા જ સાંભળે તો તેને બ્રહ્મવધનું પ્રાયશ્ચિત લાગે ત્યારે આ તો આ હિરણ્યાક્ષનો વધ તો બ્રહ્મવધ છે છતાં કારણસૂકર આ શ્રીહરિનું બ્રહ્મવધ કરતું ચરિત્ર સાંભળનાર બ્રહ્મવધમાંથી મુક્ત થાય છે. વળી આ ચરિત્રનું કીર્તન કોઈ કરે કે કોઈ આ ચરિત્ર કહેતો હોય કે શ્રવણ કરતો હોય તેને અનુમોદન આપે તે પણ બ્રહ્મવધમાંથી મુક્ત થાય છે. (૩૭) હે વત્સ ! હે અંગ ! શ્રીવરાહ ભગવાનનું આ ચરિત્ર તો ધર્મ, અર્થ, કામ, મોક્ષ અને ભગવત્સેવા નામના પાંચ પુરુષાર્થોની પૂર્તિ કરનારું પાંચ પ્રકારના ફલોને દેનારું ચરિત્ર છે. હે વત્સ ! તેથી વ્યાસજી આ ચરિત્રને પાંચ વિશેષણો આપે છે : (૧) આ ચરિત્ર સ્વર્ગાદિ સુખ આપનાર અને દેહાદિને પવિત્ર કરનાર ધર્મ પુરુષાર્થને સિદ્ધ કરે છે (૨) धन्यं यशस्यं-આ ચરિત્રના શ્રવણથી સેવોપયોગી ધન ભગવદ્ ભક્ત તરીકેનો યશ આપી અર્થ નામના પુરુષાર્થને સિદ્ધ કરે છે. (૩) આ ચરિત્ર આરોગ્ય, દીર્ઘાયુષ્ય, ઐશ્વર્ય પ્રાપ્તિ, શત્રુવિજય નામની ત્રણ મહત્ત્વ પૂર્ણ ઈચ્છાઓને પૂર્ણ કરી "કામ" નામના પુરુષાર્થને સિદ્ધ કરે છે. (૪) नारायणोऽन्ते-આ ચરિત્રના શ્રવણથી નારાયણ સાથે સાયુજ્ય અને અક્ષર બ્રહ્મ સાથે મળી જવું એ નામના મોક્ષની પ્રાપ્તિ થાય છે (૫) હે વિદુરજી જે કોઈપણ વ્યક્તિ આ ચરિત્રનું શ્રવણ, કીર્તન, અનુમોદન, પઠન આદિ કરે તેને ભગવાન નારાયણ એટલે પૂર્ણ પુરુષોત્તમ ભગવાનનાં ચરણ કમલોની સેવા નામના પાંચમા પુરુષાર્થની પ્રાપ્તિ થાય છે. (૩૮)

यो वै हिरण्याक्षवधं महाद्भुतं – विक्रीडितं कारणसूकरात्मनः । श्रृणोति गायत्यनुमोऽञ्जासा – विमुच्यते ब्रह्मवधादपि द्विजाः ॥ ३७ ॥

एतन्महापुण्यमलं पवित्रं – धन्यं यशस्यं पदमायुराशिषाम् । प्राणेन्द्रियाणां युधि शौर्यवर्धनं – नारायणोऽन्ते गतिरङ्ग श्रृण्वताम् ॥ ३८ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષનો તૃતીય સ્કંધમાંનો શ્રીવરાહભગવાને કરેલા હિરણ્યાક્ષ વધ કથાના પ્રસંગનું વર્ણન કરતો અધ્યાય ૧૯મો સમાપ્ત.

અધ્યાય ૨૦ મો

[આ ૨૦મા અધ્યાયમાં ૫૩ શ્લોકો છે. ૨૦માં અધ્યાયથી સર્ગલીલાનું દ્વિતીય પ્રકરણ શરૂ થાય છે. તૃતીય સ્કંધમાં સર્ગલીલાનાં બે પ્રકરણો છે. ૧ થી ૧૯ અધ્યાયના પ્રથમ પ્રકરણમાં ભગવાને કરેલ અને અન્ય માટે ઉપયોગી સર્ગ લીલાનું વર્ણન કર્યું. હવે ૨૦ થી ૩૩ અધ્યાયોમાં એટલે કુલ ૧૪ અધ્યાયોમાં ભગવાનને માટે રચવામાં આવેલી સૃષ્ટિનું વર્ણન છે. ૨૦ થી ૨૪ અધ્યાયોમાં પંચમહાભૂતો, ઈન્દ્રિયો, તન્માત્રાઓ, બુદ્ધિના ગુણોના સંસ્કારના જન્મનું વર્ણન છે અને ૨૫ થી ૨૮ અધ્યાયોમાં આધિદૈવિક, ૨૯ થી ૩૨ અધ્યાયોમાં આધ્યાત્મિક અને ૩૩મા અધ્યાયમાં ભક્તિ માર્ગમાં ઉપયોગી અને સેવામાં ઉપયોગી ગુણોનું વર્ણન છે.

શ્રી શુકદેવજી મહારાજ કથાકીર્તનમાં પુષ્કળ તન્મય છે. તેઓ વરાહચરિત્રની સમાપ્તિ કરી શ્રીકપિલગાથા ગાવા માટે અત્યંત ઉત્સુક છે. શ્રીપરીક્ષિત રાજા પણ કપિલકથા સુધાપાન માટે તેટલા જ ઉત્સુક છે. તેથી शुक उवाच કે राजोवाच નથી આવતું; પરંતુ शौनक उवाच થી જ પ્રારંભ થાય છે.]

અસિધારા વ્રતધારી વિદુરજી

शौनक उवाच : महीं प्रतिष्ठामध्यस्य सौते स्वायम्भुवो मनुः । कान्यन्वतिष्ठद् द्वाराणि मार्गायावरजन्मनाम् ॥ १ ॥

શ્રી શૌનકમુનિએ પ્રશ્ન કર્યો કે હે મહર્ષિ સૂત મહારાજ ! સ્વાયંભુવ નામના મનુરાજાએ પ્રત્યેકના આધાર તરીકે પ્રતિષ્ઠિત કરવામાં આવેલી પૃથ્વીને પ્રાપ્ત કરી ત્યારબાદ પછી જન્મ લેનારાઓના નિર્ગમ માટે ક્યાં દ્વારો સ્થાપ્યાં. (૧) હે ભગવાન ! શ્રીવિદુરજી તો આરૂઢ શ્રોતા છે. તેઓ તો महाभागवत એટલે પરમ ભગવદીય છે. તેઓશ્રી તો क्षत्ता-સંપૂર્ણ

જિતેન્દ્રિય પુરુષ છે. પુરાણોમાં શ્રીવિદુરજી જેવા સંયમશીલ ભક્તોને असिधाराव्रती-અસિધારા વ્રતવાળા વર્ણવ્યા છે. અસિધારાવ્રતનું લક્ષણ છે :

"स्वयं पुष्टश्च तरुणः सकामः सन्निधौ स्त्रियाः । नित्यं स्थितोऽपि मनसा विकारं यो न गच्छति ॥ १ ॥
स्त्रियः सर्वाङ्गसंहृद्याः सर्वाभरणभूषिताः । अप्राप्तकामास्तं प्राप्य साभिलाषा अपि स्वयम् ॥ २ ॥
स्वकीयासु तथाऽन्यासु स्वभार्यास्वपि कुत्रचित् । पञ्चाग्निमध्यवत् तिष्ठेत् असिधाराव्रतं तु तत् ॥ ३ ॥

વળી વિદુરજી શ્રીકૃષ્ણ ભગવાનના પરમ સેવક અને શ્રીકૃષ્ણ દ્વૈપાયન વ્યાસજીના ઉત્તમ સુહૃદ છે, આ વિદુરજીએ પોતાના વડીલબંધુ ધૃતરાષ્ટ્ર રાજા ભગવાન શ્રીકૃષ્ણની વાણીનો અનાદર કરવાના કારણથી, તેમજ ભગવાનમાં દોષ ભાવવાળા હોવાથી, તેમજ પુત્રો ઉન્માર્ગગામી હોવાથી, પુત્રો સાથે ભાઈ ધૃતરાષ્ટ્રનો ત્યાગ કરી તીર્થાટન માટે ચાલ્યા ગયા હતા. (૨) વળી શ્રીવિદુરજી યોગ્યતામાં શ્રીવ્યાસ મહર્ષિ જેવા જ હતા. વળી મહર્ષિ બાદરાયણજીના તેજમાંથી જન્મ્યા હતા. ભગવાન શ્રીકૃષ્ણના સર્વાત્મભાવથી સેવક હતા અને પરમ ભગવદીયોના તેઓ દાસ હતા. (૩) તીર્થાટન કરી તીર્થસેવનથી રજોગુણથી મુક્ત થયા હતા. તેઓશ્રી ગંગાદ્વારમાં આવેલા હરિદ્વાર, કુશાવર્ત, બિલ્વક વન, નીલપર્વત અને કનખલ નામનાં પાંચ તીર્થોમાં કુશાવર્તનામના શ્રેષ્ઠતીર્થમાં બિરાજતા, પરમ વિવેકી તત્ત્વજ્ઞમુનિ શ્રીમૈત્રેયઋષિ પાસે-ભગવદાજ્ઞાથી હરિકથામૃત પાન માટે પધાર્યા હતા. તેમણે શ્રીવરાહચરિત્રનું શ્રવણ કર્યા પછી પુનઃ કેવા પ્રશ્નો કર્યા હતા તે કહો : (૪) મહારાજ રોમહર્ષણિજી ! મારું અવશ્ય માનવું છે કે શ્રીમૈત્રેય મુનિવરજી અને ભક્તવર શ્રીવિદુરજી કુશાવર્તમાં શ્રીહરિનાં ગુણગાન પાનમાં તન્મય બન્યા હતા ત્યારે શ્રીહરિના ચરણકમલનો આશ્રય કરી રહેલી , સર્વ પાપોને હરનારી, ભગવતી ગંગાજીના જલ જેવી મધુર પાવનકારી પાપહારિણી શ્રીકૃષ્ણકથાસુધની સરિતાઓ જ વહી હશે. (૫) હે મુનિમહારાજ શ્રીસૂતજી ! અમે આપના જેવા પૂર્ણપુરુષને શું આપી શકવાના છીએ ! આપનો મહિમા શું ગાઈએ ! નિત્ય સંકીર્તન કરવા યોગ્ય, પવિત્ર ચરિત્રવાળા પુરુષોત્તમ ભગવાનની કથાઓ અમને સંભળાવો. અધિક શું કહીએ ! ભગવાન આપનું કલ્યાણ કરો. હે મુનિવર આ ભૂતલમાં એવો કયો પુરુષ હશે કે જે હરિકથામૃતનાં પાન કરતાં ધરાયો હોય ? (૬) આ પ્રમાણે જ્યારે નૈમિષનિવાસી શૌનકાદિ મહર્ષિઓએ પ્રશ્નો પૂછ્યા ત્યારે શ્રીકૃષ્ણ ભગવાનમાં મન, બુદ્ધિ, ઈન્દ્રિયોને પરોવીને રહેલા, પવિત્ર અને પ્રસિદ્ધ કીર્તિવાળા શ્રીસૂતમહર્ષિ કહેવા લાગ્યા કે મુનિવરો આપ હવે કૃષ્ણ કથામૃતનું પાન કરો. (૭)

सूत उवाच : हरेर्धृतक्रोडतनोः स्वमायया निशम्य गोरुद्धरणं रसातलात् । लीलां हिरण्याक्षमवज्ञया हतं संजातहर्षो मुनिमाह भारतः ॥८॥

શ્રીસૂત મહર્ષિ વચનામૃત વર્ષાવવા લાગ્યા કે હે મુનિવરો ! પૂર્ણપુરુષોત્તમ શ્રીહરિએ પોતાની દિવ્ય યોગમાયા શક્તિથી વરાહ ભગવાનના સ્વરૂપનો સ્વીકાર કરીને રસાતલમાંથી ધરાદેવીને ઉપર લઈ આવ્યા, તેમજ રમત માત્રમાં જ દૈત્ય હિરણ્યાક્ષનો વધ કર્યો આ હરિલીલાનાં પાન કરી અત્યંત હર્ષ પામેલા શ્રીવિદુરજી મુનિવર મૈત્રેયજીને કહેવા લાગ્યા. (૮)

વિદુરજીના પ્રશ્નો

શ્રીવિદુરજી બોલ્યા કે હે મૈત્રેય મુનિ ! પ્રજાપતિઓના સ્વામી શ્રીબ્રહ્માજીએ પ્રજાઓની ઉત્પત્તિ માટે પ્રજાપતિઓને ઉત્પન્ન કર્યા ત્યારપછી સૃષ્ટિ રચના માટે શું કર્યું ? શું કાર્ય આરંભ્યું ? આ સર્વ પ્રસંગ મને સંભળાવો (૯) બ્રહ્માજીએ મરીચિ, અત્રિ, અંગિરા વગેરે ઋષિઓને ઉત્પન્ન કર્યા હતા, તેઓએ તેમજ સ્વયંભુવ મનુએ નિશ્ચયપૂર્વકની બ્રહ્માજીની આજ્ઞાથી આ વિશ્વની કેવી રીતે ઉત્પત્તિ કરી તે કથા પણ કહો. (૧૦) આ ઋષિઓ પોતાની અર્ધાંગનાઓ સાથે તેમજ સ્વાયંભુવ મનુરાજાએ શતરૂપા રાણી સાથે રહી કેવું વિશ્વ રચ્યું, વળી સ્વતંત્રતાપૂર્વક કેવી સૃષ્ટિ રચી અને સર્વ સમૂહમાં મળી આ સર્વ કેવી રીતે સુવ્યવસ્થિત કર્યું તે સર્વ વસ્તુ કૃપા કરીને કહો. (૧૧)

૧૭ પ્રકારની સૃષ્ટિ

છ પ્રકારની પ્રાકૃત સૃષ્ટિ અને અગિયાર પ્રકારની વૈકૃત સૃષ્ટિ મળીને

'શ્રીવિદુરજી (૧) દૈવેન-કોઈ પણ જ્ઞાની વગેરે કળી ના શકે એવી

૧ મહત્તત્ત્વનો સર્ગ – મૈત્રેય મુનિ કહી રહ્યા છે કે

અકલ્પ્ય ભગવાનની ઈચ્છાથી, (૨) પુરુષ અથવા અક્ષર બ્રહ્મથી (૩) અને કાળથી એટલે આ ત્રણથી ક્ષોભ-ખળભળાટ પામેલા ભગવાનના ત્રણ ગુણોમાંથી મહત્ તત્ત્વ ઉત્પન્ન થયું. (૧૨) (૨) અહંકારની સૃષ્ટિ-દૈવથી પ્રેરાયેલા અને રજોગુણની પ્રધાનતાવાળા તે "મહત્ નામના તત્ત્વમાંથી ત્રણ ગુણવાળો અહંકાર ઉત્પન્ન થયો. આ અહંકારનું भूतादिः-પંચભૂતોના પહેલાં તે આવેલ છે તેથી તેનું भूतादिः એટલે અહંકાર એવું નામ પડ્યું. આ अहंकार-અહંકારમાંથી (૧) वियदादीनि-આકાશ, વાયુ, અગ્નિ, જલ, પૃથ્વી વગેરે મહાભૂતો અને શબ્દ, સ્પર્શ વગેરે પંચ તન્માત્રાઓ (૨) પંચ જ્ઞાનેંદ્રિય, પંચકર્મેન્દ્રિય, પંચમહાપ્રાણ દેવાદિઓમાં-પંચ પંચદેવોને, પંચાગ્નિઓને, મનને અને અન્તઃકરણના દેવોને ઉત્પન્ન કર્યા. (૧૩) (૩) हैममण्डमवासृजत्-હે વિદુરજી આકાશાદિ પંચ મહાભૂતો, તન્માત્રાઓ સર્વ અલગ-અલગ હતાં, તેઓને કોઈ એકઠાં કરે તો જ સૃષ્ટિ બની શકે. આવું વિચારીને ભગવાનની ઈચ્છાથી તે સર્વ એકત્રિત થયાં અને તેમાંથી એક સુવર્ણમય "અંડ" ઉત્પન્ન કર્યું. (૧૪) (૪) अन्ववात्सीत्-પંચમહાભૂતાદિ વસ્તુઓથી બનેલ તે સુવર્ણનો અંડકોશ જલમાં એક હજાર વર્ષ પર્યન્ત રહ્યો, ત્યાર પછી ભગવાને તે અંડકોશમાં પ્રવેશ કરી વાસ કર્યો. (૧૫) (૫) तस्य नाभेरभूत्पद्म – પેલા અંડમાં રહેલા નારાયણ ભગવાનની નાભિમાંથી હજારો સૂર્યો કરતાં અધિક તેજસ્વી, સર્વજીવોનું નિવાસ સ્થાન એવું દિવ્ય કમલ થયું, આ કમલ સુવર્ણનું હતું અને બ્રહ્માજીનું તે ઘર હતું. (૧૬) (૬) પેલા જલરૂપ રાજમહેલમાં બિરાજતા શ્રીનારાયણ ભગવાન સાથે કમલમાં રહેલા બ્રહ્માજીએ પ્રથમ જેવા આકારો, નામ, ગુણો વગેરે હતા તેવા જ લોકોની રચના કરી, એનો અર્થ એવો થાય છે કે ભગવાન સ્વયં સર્વસ્વરૂપ બન્યા (૧૭) (૭) अविद्यां ससर्ज - શ્રી બ્રહ્માજીએ સૃષ્ટિની વૃદ્ધિ માટે હવે ઉપરના મહત્ તત્ત્વનું નિર્માણ કરી પ્રથમ તામિસ્ત્ર, અન્ધતામિસ્ત્ર, તમ, મોહ અને મહામોહ નામની પાંચ પર્વવાળી અવિદ્યાને ઉત્પન્ન કરી. ભગવાનથી જ્યારે વિમુખ હોઈએ ત્યારે મહાભોગની ઈચ્છા થાય છે તે तामिस्त्र છે. ભોગો ભોગવવા તે अन्धातमिस्त्र છે. પોતાના અને ભગવાનના સ્વરૂપનું અજ્ઞાનતે तमः છે. પુત્રપૌત્રાદિનો હું જ આધાર છું એવો ભાવ થવો मोह છે. દેહાદિનો અહંકાર, દેહમાં આત્મભાવ महामोह છે. (૧૮) (૮) विससर्ज कायम्- પંચ પર્વાત્મિકા અવિદ્યાવાળો તમોગુણ ભરેલો દેહ ભગવાનથી વિમુખ કરશે એવું સમજીને બ્રહ્માજીએ તે તમોમય દેહને આદર ન આપતાં તેનો ત્યાગ કર્યો. ત્યારે ક્ષુધા, તૃષાને ઉત્પન્ન કરનારા તે રાત્રી નામના દેહને યક્ષો અને રાક્ષસોએ સ્વીકાર્યો. (૧૯) (૯) क्षुत्तृड्भ्याम् -ક્ષુધા અને તૃષાના તાબેદાર થયેલા તે યક્ષો અને રાક્ષસો બ્રહ્માજીને ખાવા માટે દોડી ગયા અને ભૂખ, તરસથી અકળાયેલા તે બોલ્યા કે આમનું ભક્ષણ કરો; પણ રક્ષણ ના કરો (૨૦ (૧૦) देवस्तानाह-આ યક્ષો અને રાક્ષસોએ રચનાને બદલે ભક્ષણ કરવાની જે ઈચ્છા કરી તે ભગવાનની ઈચ્છાનો અનાદર હતો તેનું બ્રહ્માજીને દુઃખ થયું; તેથી દુઃખી બ્રહ્માજી બોલ્યા કે તમે ખાઈ જવાનો ઈચ્છા ના કરો; પરંતુ મારું રક્ષણ કરો કારણ કે યક્ષો અને રાક્ષસો તમે સર્વ મારી સંતતિ બન્યા છો. (૨૧) (૧૧) देवताः प्रभया -દીપમણિ કે સૂર્યના પ્રકાશની માફક પોતાના પ્રકાશમાંથી જે જે સૃષ્ટિ રચીને તે સન્મુખ ક્રીડા કરવા લાગી તેમાં જો કે દોષ ન દેખાયો પણ એ ભિન્ન ભાવવાળી હોવાથી એ પ્રભાને પણ બ્રહ્માજીએ ત્યજી ત્યારે દેવોએ તે પ્રભાને દિવસ જાણી ગ્રહણ કરી. (૨૨) (૧૨) देवो देवान्- - બ્રહ્માજીએ જઘનમાંથી અત્યંત કામાસક્ત દૈત્યોને ઉત્પન્ન કર્યા. તેઓ કામલંપટપણાને લીધે બ્રહ્માજી તરફ કામ લાલસાથી દોડયા (૨૩) (૧૩) ततो हसन् ત્યાર પછી બ્રહ્માજી હસવા લાગ્યા કે ખરેખર આ તો જડ અને અત્યંત વિષયાસક્ત છે, તેથી તો તેઓ નિર્લજ્જ બન્યા છે. આ બાલિશોને સમજાવવા શક્ય નથી; માટે બ્રહ્માજી પોતાની પાછળ પાગલ થઈ આવતા અસુરોને રોકવા માટે ત્યાંથી જાણે ભય પામ્યા હોય તેવું બતાવી ચાલવા લાગ્યા અથવા ચાલ્યા ગયા. (૨૪)

શ્રી વૈકુંઠાધિપતિના શ્રીચરણે બ્રહ્માજીની શરણાગતિ

શ્રીબ્રહ્માજી શ્રીવૈકુંઠલોકમાં પધાર્યા. તેઓ ભગવાનને નિવેદન કરવા ચાહતા હતા. ભગવાન તો શરણાગત ભક્તજનની આર્તિ-પીડાને હરનારા છે, વરદાન દેનારા છે, ભક્તજન ઉપર કૃપા કરવા માટે ભક્તોને મનગમતા શ્રીવિગ્રહોને-

સ્વરૂપને સ્વીકારી દર્શન આપે છે. તેથી જ બ્રહ્માજી શ્રીહરિના ચરણે-શરણે જઈ નિવેદન કરવા લાગ્યા કે હે પરમાત્મા! આપ મારી રક્ષા કરો. મેં આપની આજ્ઞાથી પ્રજાને ઉત્પન્ન કરી છે. આ પાપી અસુરો વિષય લંપટ છે તેઓ કામલંપટ બની પાછળ દોડી રહ્યા છે (૨૫-૨૬) આપ એકલા જ દુઃખી જીવોના દુઃખ હરનારા છો. વળી જેઓ શરણે નથી આવતા તેઓ મોહાંધ હોઈ કષ્ટ ભોગવે છે. તેમને આપ કષ્ટ પણ ઔષધરૂપે આપનારા નારાયણ વૈદ્ય છો. (૨૭) ભગવાન જાણતા હતા કે આ બ્રહ્માજીની "ઘોરકાયા" છે તેનો ત્યાગ કરવો જોઈએ તેમ સમજીને આજ્ઞા કરી કે આપના દેહમાં રહેલા સર્વ પદાર્થોનું અવલોકન કરતાં લાગે છે કે આ "કાયા" ત્યજવી હિતાવહ છે. તો તેનો ત્યાગ કરી દેવો જોઈએ, બ્રહ્માજીએ ભગવદાજ્ઞાનો સ્વીકાર કર્યો અને કાયા ત્યજી દીધી. (૨૮)

સંધ્યા દેવતા

શ્રીબ્રહ્માજીએ જે કાયાનો ત્યાગ કર્યો તેમાં સ્ત્રીની આકૃતિ હતી, આ આકૃતિનું નામ સંધ્યા દેવતા હતું. હે ધર્માવતાર વિદુરજી! આ શ્રીસંધ્યાદેવીના ચરણકમલોમાં ઝંકાર કરતાં ઝાંઝરો હતાં, મદઘેલી આંખલડી હતી. રેશમી કોમલ શાટિકાથી કટિભાગ આચ્છાદિત હતો. સાડી ઉપર સુવર્ણ રત્નજડિત મેખલાની રેશમી રક્તવર્ણી સેર શોભામાં વધારો કરતી હતી. અન્યોન્યને સ્પર્શતા, મધ્યમાં જરાય અન્તર વિનાના ઉન્નત સ્તનથી દીપતાં વક્ષઃસ્થલવાળાં હતાં, સ્નેહકાળ, હાસ્ય પૂર્ણ અને વિલાસપૂર્વક નજરે સર્વને નિરખી રહ્યાં હતાં, નાસિકા શુક સમાન નમણી અને નયન રમ્ય હતી, એક સરખી દાડમશી દંતપક્તિ ચિત્ત ચોરતી હતી, વળી સ્ત્રીસ્વભાવ સુલભ શરમથી પોતાના શ્રીઅંગને સાડીથી ઢાંકતાં હતાં, શ્યામવર્ણી અલકલટથી રમણીય, સુકુમારી સંધ્યારમણીને નિહાળી સર્વ અસુરો એકદમ મુગ્ધ થઈ ગયા. (૨૯-૩૧)

કામુક અસુરોની કામુક કવિતા

અહો આ નમણી નારીના રમણીયરૂપને તો જુઓ, એની ગજબ ધીરજ, વળી નવી ઉછળતી ઊગતી યુવાની જરા નિરખો તો ખરા! એના ચાહકો તો સર્વ સકામ છે જ્યારે આ તો સ્વયં નિષ્કામ હોય તેમ જ વિચરે છે. (૩૨) સ્ત્રીની સુડોળ આકૃતિવાળી તે સંધ્યા દેવીને નિહાળીને, સંધ્યાને અનુલક્ષી વિવિધ પ્રકારે તર્ક-વિતર્ક કરતા કુમતિ અસુરો તેની સ્તુતિ કરતા વિશ્વાસપૂર્વક તેને પ્રશ્નો પૂછવા લાગ્યા. (૩૩) હે સુંદરી! હે સન્નારી! આપ શ્રીમતી કોણ છો? આપ કોનાં કુમારી છો? કોણ આપના ભ્રાતા-ભગિની-માતા વગેરે છે? હે ભામિની આપનું આ સ્થળે કેમ પધારવું થયું? તમારા સ્વરૂપસૌન્દર્યની અઢળક સમૃદ્ધિથી અમ દરિદ્રોને શાને સતાવો છો? તલસાવો છો? (૩૪) હે અબલા! આપ ગમે તે હો! ભલે હો! અમારાં કોઈ સદ્ભાગ્યે અમને આપના દર્શન થયાં છે. તમે જે કન્દુક ખેલનથી ક્રીડા આરંભી છે તેનાથી તો તમે અમારાં હૈયાં હચમચાવી મૂકો છો. (૩૫) હે નમણી નારી, કંદુકખેલ ખેલતાં હથેળીથી કંદુકને ઉછળતાં આડે
આવતા ભ્રમરોએ વારંવાર નિવારણ કરતી તમારી કમનીય કાન્તિભરી, ક્રિયા અને ચાલ સર્વત્ર વિજયશાલિની બની
રહી છે. વિપુલ અને વજનદાર સ્તનભારથી તમારી કાયાવેલી અને કટિતટી લચી પડતી લાગે છે, તમારી
આંખલડીમાંથી થાક ડોકિયાં કરતે દેખાય છે. તમારો કેશકલાપ તો અતિ અતિ સોહામણો છે. (૩૬)
ભોગવિલાસ ના ઘટે
સંધ્યાટાણે સંધ્યા સેવા-આરતિ સ્તુતિ સંભવે પણ
સંધ્યાકાલ પરિમિત સમય જ હોય છે તે હાથમાંથી સરી જાય તે પહેલાં જ સંધ્યોપાસના કરી લઈએ. વિવેકહીન અસુરો
સંધ્યાદેવીને સુંદરી સમજી પકડવા પાછળ પડ્યા પણ પળવારમાં સંધ્યાદેવી સરી ગયાં સરકી ગયાં; તો પણ તે અસુરો
મદભરી નારી માની, વિલાસભરી રમણી સમજી ભલભલાને લોભાવતી તે સાયંતની સંધ્યા દેવીની પાછળ જઈ રહ્યા છે,
પોતાના જ હાથને સ્પર્શ કરતા તે ભ્રાન્ત અસુરો સંધ્યાના હસ્તનો સ્પર્શ માનતા પોતાના જ હાથને સૂંઘી રહ્યા છે કે કેવી
મનમોહક સુવાસ છે અને કેવો સુંવાળો સ્પર્શ છે. (૧૪) બ્રહ્માજીની કાન્તિમાંથી ૧૪મી ગન્ધર્વસૃષ્ટિ રચી જેમાં કાંતિથી
ગન્ધર્વો અને અપ્સરાઓના સમૂહને ઉત્પન્ન કર્યા. આ કાર્ય પૂર્ણ થતાં જ પોતાની તેજોમય અને પ્રિય "કાન્તિ કાયા"નો

ત્યાગ કર્યો એટલે પોતાની કાયામાંથી કાન્તિને ઉત્પન્ન કરી ત્યારે વિશ્વાવસુ વગેરે ગન્ધર્વો જેમાં મુખ્ય છે તે ગન્ધર્વોએ પ્રીતિપૂર્વક તે કાયાનો સ્વીકાર કર્યો. તેથી ગન્ધર્વો કાન્તિમય બન્યા. (૩૯) (૧૫) બ્રહ્માજીએ પોતાની આળસમાંથી ભૂતો અને પિશાચોને ઉત્પન્ન કર્યા. આ સર્વ દિગંબર હતા. વળી છૂટા કેશવાળા હતા. બ્રહ્માજીએ તેમને જોઈને નેત્રો બંધ કરી દીધાં. (૪૦) (૧૬) ઉન્માદ નામની સત્તરમી સૃષ્ટિ બ્રહ્માજીએ ત્યજી દીધેલ પોતાની "जृम्भा" એટલે તંદ્રા નામની કાયાને ભૂતપિશાચોએ સ્વીકારી લીધી. આ તંદ્રાની સાથે પ્રાણીઓમાં જેનાથી ઈન્દ્રિયોની શિથિલતા આવે છે તેને નિદ્રા કહેવામાં આવે છે. આ નિદ્રાને જે ભૂતસમૂહે સ્વીકારી તેને ઉન્માદ કહેવામાં આવે છે. એ નિદ્રા ઉન્માદથી એંઠા-જૂઠા મુખવાળાઓનું આક્રમણ કરે છે. (૪૧) (૧૭) સાધ્યાદિ ગણોની સત્તરમી સૃષ્ટિ-પોતાને બલશાળી માનતા બ્રહ્માજીએ પોતાની उर्जस् નામની શક્તિથી સાધ્યોના ગણોને અને પિતૃઓના ગણોને પોતાની કાયાના અદૃશ્ય સ્વરૂપે ઉત્પન્ન કર્યા હતા. આ उर्जस् શક્તિનું इषे त्वोर्जित्वा મંત્રમાં સ્વરૂપ બતાવ્યું છે. इषे त्वा અને ऊर्जेत्वा એમ બોલીને સમિધોમાં ઉપયોગી વનસ્પતિઓની શાખા છેદવામાં આવે છે. ક્ષુધા અને તૃષાને ઉત્પન્ન કરનારી સક્તિને ઈડ્ નામથી ઓળખવામાં આવે છે અને ઈંદ્રિયોમાં વિષયોને ગ્રહણ કરવાના સામર્થ્યવાળી અને આત્મામાં રહેલી વિચાર કરવાના સામર્થ્યવાળી શક્તિને ऊर्जस् કહેવામાં આવે છે. આ બે શક્તિઓ ભગવાનની જ છે; છતાં ભગવાને જીવમાં અને વનસ્પતિમાં મૂકી છે. આ ऊर्जस् નામની શક્તિ ભગવાન બ્રહ્માજીમાં રહેલ હોવાથી બ્રહ્માજીમાં આવી છે; તેથી જ બ્રહ્માજીએ પોતાની જાતને ऊर्जस्वान् માન્યા છે અને સૃષ્ટિ રચી છે. (૪૨) જ્યારે બ્રહ્માજીએ પિતૃગણ અને સાધ્યગણની ઉત્પત્તિ કરનારી "તે અદ્રશ્ય" કાયાનો ત્યાગ કર્યો ત્યારે પિતૃઓએ તે બહ્માજીની અદૃશ્ય કાયાનો સ્વીકાર કર્યો. તેથી કર્મકાંડવિધિના નિપુણ કવિઓ, સાધ્યગણોને અને પિતૃગણોને હવ્યકવ્ય આપે છે. (૪૩) બ્રહ્માજીની જે તિરોધાન થવાની શક્તિ છે તે શક્તિમાંથી સિદ્ધ ગણોને અને વિદ્યાધરોને ઉત્પન્ન કર્યા; તેથી તો વિદ્યાધરોને પોતાને અન્તર્ધાન થવાનું સામર્થ્ય પ્રાપ્ત થયું. (૪૪) બ્રહ્માજીએ જ્યારે પોતાના પ્રતિબિંબ તરફ દૃષ્ટિ કરી ત્યારે તેમને પોતાના બિંબ પ્રત્યે પુષ્કળ આદર થયો, અને પોતાના પ્રતિબિંબમાંથી કિંપુરુષો અને કિન્નરોને રચ્યા. કારણ કે પ્રતિબિંબના જેવાં સ્વરૂપોને જોવાની ઈચ્છા હતી તેથી જ કિન્નર અને કિંપુરુષની રચના કરી હતી. (૪૫) કિન્નરો યુગલ સ્વરૂપે રહે છે - બ્રહ્માજીએ કિન્નર-કિંપુરુષની રચના કરીને જ્યારે પોતાના તે પ્રતિબિંબનો ત્યાગ કર્યો ત્યારે તે પ્રતિબિંબ સ્વરૂપ તેઓએ સ્વીકાર્યું. પુનઃ તેઓ સ્ત્રી અને પુરુષનાં યુગલો બનીને બ્રાહ્મ મુહૂર્તમાં શ્રી બ્રહ્માજીનાં ગુણકર્મોથી સ્તુતિ ગાન કરે છે. (૪૬)

આશાનો અવરોધ થતાં ક્રોધ અને ક્રોધને અંતે અને શોક, શોકને અંતે નિદ્રા

બ્રહ્માજીએ પોતાને સંતોષ થાય તેવી સૃષ્ટિની રચના માટે પુષ્કળ પ્રયત્ન કરવા છતાં જ્યારે સફળતા ના મેળવી ત્યારે નિશ્ચયપૂર્વકની વાતએ છે કે તેઓ ભોગ ભોગવનારા સ્થૂલ દેહથી લાંબા થઈને સૂઈ ગયા અને આવેશને કારણે તે સ્થૂલ દેહનો ત્યાગ કર્યો. (૪૭) બ્રહ્માજીના આ સ્થૂલના જે કેશો ખરી પડ્યા અથવા તો રોષથી ખેંચી કાઢ્યા તેમાંથી સર્પોની अहि નામની જાત થઈ, દેહનાં પડખાં બદલતાં થયેલી હિલચાલમાંથી सर्प જાતિ થઈ, કેવલ નિષ્ક્રિય દશામાં કાયા પડી રહી તેમાંથી નાગ જાતિ થઈ, નિષ્ક્રિય દશાવાળા - દેહથી ગરદનમાંથી ફણાવાળા નાગો થયા છે. (૪૮)

બ્રહ્માજીની કૃતકૃત્યતામાંથી મનુઓની સૃષ્ટિ

શ્રીનારાયણમાંથી પ્રકટેલા શ્રી બ્રહ્માજીએ ચિંતાને ત્યજીદઈને ભગવાનનું ચિંતન કર્યું, ત્યારે તેઓ પોતાને कृतकृत्य-कृतार्थ માનવા લાગ્યા. આચાર્યવરોનું કથન છે કે "यदैव पुरुषः स्वामिन् गुणातीतेऽवतिष्ठते । तदैव कृतकृत्योऽहमित्यात्मानं स मन्यते ॥" જ્યારે પુરુષ ગુણોથી પર એવા પોતાના આત્મા- ભગવાનમાં સ્થિર થાય છે ત્યારે તેને જ લાગે કે હું कृतकृत्य કૃતાર્થ છું. બ્રહ્માજી પોતાને આ રીતે કૃતાર્થ માનવા લાગ્યા. પુનઃ લોકોને આનંદ આપનારા મનથી મનુઓને પ્રકટ કર્યા. બ્રહ્માજીએ નવ પ્રકારની સૃષ્ટિ રચી પછી મનુઓની સૃષ્ટિ રચી. (૪૯) પ્રસન્ન થયેલા બ્રહ્માજીએ મનુઓને પોતાનું પુરં પુર-શરીર-માનવશરીર આપ્યું. મનુઓ પોતાને મળેલા માનવ આકારના પોતાના શરીરથી પ્રસન્ન થઈ પ્રજાપતિ

બ્રહ્માજીની પ્રશંસા કરવા લાગ્યા. (૫૦)

બ્રહ્માજીનાં યશોગાન

શ્રીબ્રહ્માજીએ જ્યારે મનુઓની સૃષ્ટિ કરી, ત્યારે તેઓ બ્રહ્માજીનાં યશોગાન ગાતાં બોલ્યા કે હે જગતવિધાતા પ્રભુ ! અત્યંત આનંદની વાત છે કે આપનું આ કાર્ય શ્રેષ્ઠકાર્ય છે જેની અંદર સમસ્ત ક્રિયાઓ સમાયેલી છે. આ ક્રિયાઓમાં ધર્મ, યજ્ઞ, પુરુષાર્થો વગેરે અનેક સુકૃતો સમાયેલાં છે. અમને જ્યારે અન્ન વગેરે મળશે ત્યારે અમે આપની સાથે જ ભોજન કરીશું. (૫૧) तपसा એટલે જ્ઞાનથી, विद्यया એટલે ભક્તિથી, योगेन ભગવાનની દિવ્ય શક્તિવાળા યોગથી સંયુક્ત, ઋષિ એટલે ત્રિકાલદર્શી એવા હૃષીકેશ ભગવાને સૃષ્ટિના કાર્યમાં સદા સંસ્કાર આપનાર, પોતાને અભીષ્ટ એવા ઋષિઓની રચના કરી. (૫૨) ઋષિઓની રચના કર્યા પછી સંતુષ્ટ થયેલા, અજન્મા શ્રીબ્રહ્માજીએ, પોતાના દેહનો એક એક અંશ, જે સમાધિ-યોગ-ઋદ્ધિ-તપ-વિદ્યા-વૈરાગ્યવાળો છે તે અંશને ઋષિઓને આપ્યો. શ્રીબ્રહ્માજીનાં આ છ ઐશ્વર્યો છે. समाधि એ તો ચિત્તની એકાગ્રતા છે. योग એ તો એકાગ્રતાના સર્વ સાધનો છે. ऋद्धि એટલે વૈભવો જે સમાધિનું ફળ છે. तप એ જ્ઞાનનું સ્વરૂપ છે. विद्या એ ભક્તિનું સ્વરૂપ છે. विरक्ति એ વિષયોમાંથી પાછી વાળી લીધેલી ઈન્દ્રિયોની ઉપરામ દશા છે. (૫૩)

तेभ्यश्चैकैकशः स्वस्य देहस्यांशमदादजः । यत्तत्समाधियोगर्द्धितपोविद्याविरक्तिमत् ॥ ५३ ॥

શ્રીમદ્ ભાગવત પીયૂષના તૃતીય સ્કંધનો વિવિધ, સૃષ્ટિરચના પ્રકરણનો અધ્યાય ૨૦મો સમાપ્ત.

અધ્યાય ૨૧’ મો

[આ એકવીશમા અધ્યાયમાં ૫૬ શ્લોકો છે. ૨૧, ૨૨ અને ૨૩ આ ત્રણ અધ્યાયોમાં મહર્ષિ કર્દમજીનાં ચરિતામૃતનાં પાન કરવાનાં મળશે. આ એકવીશમા અધ્યાયમાં તપ, દર્શન, સ્તુતિ, ભગવદ્ વચનામૃત, મનુરાજાનો સમાગમ, આશ્રમ સમૃદ્ધિ આ છ વિષયો સમાયેલા છે. આ છ વિષયોથી ધર્મનું નિરૂપણ થશે. ધર્મ સદા સફળ છે તે વસ્તુ સમજાશે.]

પંચશ્લોકીમાં વિદુરજીના પ્રશ્નો

विदुर उवाच : स्वायम्भुवस्य च मनोर्वंशः परमसम्मतः । कथ्यतां भगवन् यत्र मैथुनेनैधिरे प्रजाः ॥ १ ॥ શ્રીવિદુરજી નિવેદન કરતાં બોલ્યા કે હે સર્વજ્ઞ મહર્ષિ ! હે ભગવન્ ! આપે બ્રહ્માજીની સૃષ્ટિનું વર્ણન કરતાં સ્વાયંભુવન મનુની શ્રીશતરૂપા રાણીની ઉત્પત્તિનું વર્ણન કર્યું છે. સ્વાયંભુવ મનુના વંશને મહાન પુરુષો માન આપે છે. પ્રભુ ! આપ આ વંશનું વિસ્તારથી વર્ણન કરો. આ વંશમાં દામ્પત્ય ધર્મથી, જે પ્રજાઓ વિકાસ પામી છે, તે વસ્તુવિસ્તાર પણ કહો. (૧) શ્રીસ્વાયંભુવ મનુના શ્રીપ્રિયવ્રત અને શ્રીઉત્તાનપાદ નામના બન્ને પુત્રો પરમ ધાર્મિક હતા. તેઓ સપ્તદ્વીપવતી ધરણીને ધર્મને અનુસરીને સદા સંભાળતા હતા. (૨) હે બ્રહ્માજી ! મનુરાજાની મધ્યમ કન્યા શ્રીદેવહૂતિજી પોતાના નામ-યશથી ત્રણે લોકમાં ખૂબ જ માનીતાં અને જાણીતાં છે. હે મૈત્રેયજી આપ તો અનઘ પુણ્યાત્મા છો, પાપરહિત છો અને પુણ્યપુંજ છો, આપ નિર્વિકાર છો; તેથી આપને સર્વ ब्रह्मन् -બ્રહ્માજી કહે છે, આપનાં દર્શનથી પાપ ટળે છે તેવા આપ “અનઘ” છો. આપે શ્રીદેવહૂતિ દેવીજીને મહર્ષિ કર્દમજીનાં પત્ની કહ્યાં છે. મહર્ષિ કર્દમજી તો મહાન યોગી છે જ તેમાં વળી શ્રી દેવહૂતિ દેવીજી યોગ લક્ષણોથી પરિપૂર્ણ છે. શ્રીકર્દમ પ્રજાપતિજીએ યોગ અને ભક્તિના માધ્યમથી શ્રીદેવહૂતિજીમાં કેટલા પ્રકારે વીર્યનું આધાન કર્યું. તે સર્વ ગાથા શ્રવણની લાલસાને આપ પૂર્ણ કરો. ક્ષણભર એમ લાગશે કે આકૂતિ, દેવહૂતિ અને પ્રસૂતિ આ ત્રણ કન્યાઓમાંથી પ્રથમ પુત્રી આકૂતિનું ચરિત્ર પૂછવું જોઈએ અને શ્રી વ્યાસજીએ વર્ણવવું જોઈએ, છતાં દેવહૂતિજીના ચરિત્રનું પ્રથમ વર્ણન શા માટે ? મને દેવહૂતિજીના ચરિત્ર માટે પ્રથમ જિજ્ઞાસા કેમ થઈ ? શું દેવહૂતિ માટે પક્ષપાત છે ? તો આવા વિચારો કરવા નહીં. તૃતીય સ્કંધનું નામ છે : સર્ગલીલા સૃષ્ટિનો વિસ્તાર અને વિકાસ કર્દમઋષિ અને દેવહૂતિજી દ્વારા પ્રાપ્ત થયેલ નવ કન્યાઓ દ્વારા અને નવ બ્રહ્માજીના પુત્રો નવઋષિઓ દ્વારા થયેલ છે; તેથી સર્ગલીલામાં એમની કથાનું પ્રથમ વર્ણન છે. હવે હે ભગવન્ ! જે રુચિ નામના ઋષિ છે જે સ્વયં

ભગવાન-બ્રહ્માજી જેવા સમર્થ છે તેઓએ શ્રીમનુકુમારી આકૃતિ દ્વારા કઈ પ્રજા આપી. તેમજ બ્રહ્મકુમાર દક્ષ પ્રજાપતિએ મનુરાજની રાજકુમારી પ્રસૂતિદેવીને પત્ની તરીકે પ્રાપ્ત કરીને જે સંતાનોને જન્મ આપ્યો, તેમજ જે કાર્યો કર્યાં તે સર્વ કથા કહી સંભળાવો. (૫)

મહર્ષિ કર્દમજીની તપશ્ચર્યા અને શ્રીહરિદર્શન

મૈત્રેય મહર્ષિ બોલ્યા કે વિદુરજી ! શ્રીબ્રહ્માજીએ આજ્ઞા કરી કે મહર્ષિ કર્દમ ! આપ પ્રજાને ઉત્પન્ન કરો ત્યારે કર્દમ ઋષિ તો એકલા હતા અવિવાહિત હતા. તેમણે વિચાર્યું કે બ્રહ્માજી કોઈ સામાન્ય પ્રજાની ઉત્પત્તિ માટે વિધાન કરતા નથી; પરંતુ મારે દિવ્ય સંતાન પ્રદાન કરવાનાં છે તેથી જ દેવોના દશ હજાર વર્ષ પર્યંત શ્રીસરસ્વતીના તીરે દિવ્ય અને દીર્ઘતપ આચર્યું કે જેથી પ્રભુ દર્શન આપે. (૬) શ્રીકર્દમ મહર્ષિના આ તપમાં "ક્રિયાયોગ, સમાધિયોગ અને ભક્તિ યોગ" એ ત્રણેનો સમન્વય હતો. કેવલ રૂપ ધ્યાન ન હતું; પરંતુ ભગવાનના દિવ્ય સ્વરૂપનું ધ્યાન હતું. જ્યારે મુનિવરે આવું તપ કર્યું ત્યારે વરદાન દેવાના સ્વભાવવાળા શરણાગત વત્સલ ભગવાનનો સાક્ષાત્કાર થયો. (૭) હૃદયમાં બિરાજતા ભગવાને દર્શન દેવામાં વિલંબ ના કર્યો; પરંતુ કૃતયુગના પ્રારંભમાં કમલનયન ભગવાને શબ્દબ્રહ્મના સ્વરૂપને ધારણ કરી દર્શન દીધાં. મુનિવરની તપશ્ચર્યા ચાર યુગની હતી. મુનિરાજે પ્રથમ કૃતયુગમાં તપશ્ચર્યા કરી ચિત્ત શુદ્ધ કર્યું. પુનઃ ત્રેતામાં યોગ આરંભ્યો અને મુનિ તપોમય યોગી થયા. ત્યારબાદ દ્વાપરયુગમાં તપ અને યોગ સાથે સેવા આરંભી. ત્યારબાદ કલિયુગમાં ભગવાનમાં પ્રેમ થયો. પુનઃ કૃત યુગ આવ્યો અને ભગવાનનો સાક્ષાત્કાર થયો. (૮)

વેદ પુરુષ ભગવાનનો સાક્ષાત્કાર

स तं विरजमर्काभं सितपद्मोत्पलस्त्रजम् । स्निग्धनीलालकव्रातवक्त्राब्जं विरजोऽम्बरम् ।। ९ ।।
किरीटिनं कुण्डलिनं शङ्खचक्रगदाधरम् । श्वेतोत्पलक्रीऽनकं मनःस्पर्शस्मितेक्षणम् ।। १० ।।
विन्यस्तचरणाम्भोजमंसदेशे गुरुत्मतः । दृष्ट्वा खेऽवस्थितं वक्षःश्रिंयं कौस्तुभकन्धरम् ।। ११ ।।
जातहर्षोऽपतन्मूर्धा क्षितौ लब्धमनोरथः । गीर्भिस्त्वभ्यगृणात् प्रीतिस्वभावात्मा कृताञ्जलिः ।। १२ ।।

શ્રીકર્દમ મુનિએ શબ્દબ્રહ્મ સ્વરૂપ ભગવાન વેદપુરુષનાં દર્શન કર્યાં. ભગવાનના સ્વરૂપનો મહિમા વર્ણવતાં ચૌદ વિશેષણો છે. તેમાં ચારે વિશેષણો પુરુષાર્થોના આશયથી આપ્યાં છે અને દશ વિશેષણો દશ પ્રકારની સૃષ્ટિના અભિપ્રાયથી આપ્યાં છે. જેના ફલ સ્વરૂપે નવ કન્યાઓ અને દશમા સાંખ્ય પુરુષ ભગવાન પધાર્યા છે. બન્ને-દંપતી ઉત્તમ ગુણ સમ્પન્ન હતાં તેથી નવધા ભક્તિ મુનિના આંગણે એક જ સાથે પ્રકટ થઈ છે, તેવા શ્રીહરિનાં ચાલો દર્શન કરીએ.

૧. विरजम् : ભગવાનના સ્વરૂપમાં મલિનતા અને રજોગુણ અલ્પ પ્રમાણમાં પણ નથી હોતાં તેથી તે વિરજમ્ કહેવાય છે.

૨. अर्काभम् : શ્રીસૂર્ય ભગવાનના જેવી તેજોમય તો પણ આહ્લાદજનક કાન્તિના જેવી શ્રીહરિની સુમંગલ કાન્તિનાં દર્શન કર્યાં.

૩. सितपद्मोत्पलस्त्रजम् : દિવસ વિકાસી સિત અને રાત્રી વિકાસી શ્યામ વર્ણની સુમનોહર કમલ માલા વિભૂષિત પ્રભુનાં દર્શન કર્યાં.

૪. स्निग्धनीलालकस्त्रजम् : સ્નિગ્ધ મુલાયમ-શ્યામ અલકાવલીથી ભક્તોને સર્વસુખ અને ભક્તિનાં દાન દેતા નાથને નિહાળ્યા.

૫. विरजाम्बरम्: વેદ સ્વરૂપ શ્વેતવર્ણના અમ્બરને ધારણ કરી વેદમાં વર્ણવેલી જ્ઞાનશક્તિનું પ્રદાન કરતા પ્રિયતમને જોયા.

૬. किरीटिनम् : ઉપનિષદ સ્વરૂપ મુકુટધારી પ્રભુને જોયા.

૭. कुण्डलिनम् : સાંખ્ય અને યોગ શાસ્ત્ર નામના કુંડલ ધારી પ્રભુને જોયા.

૮. शंखचक्रगदाधरम् : જલતત્ત્વના પ્રતીક શંખ, તેજસ્તત્ત્વના પ્રતીક ચક્ર અને ભૂમિતત્ત્વના પ્રતીક ગદાધારી ગોવિંદને જોયા.

૯. श्वेतोत्पलाक्रीडनकम् : અજ્ઞાનને દૂર કરનારા, શ્વેત કમલને ધારણ કરનારા, વળી બ્રહ્માંડ રૂપકમલને હાથમાં રમાડતા હરિને જોયા.

૧૦. मनः स्पर्शस्मितेक्षणम् : હૃદયને સ્પર્શી જતી, હૃદયને હરી લેતી, સ્મિતભરી દૃષ્ટિથી નિહાળતા શ્રી હરિને નિરખ્યા.

૧૧. विन्यस्तचरणाम्भोजम् : ધર્મમાં વિઘ્ન કરતા, પ્રતિકૂલ કાલનો કાલરૂપ ગરુડ ઉપર બિરાજીનો પરાભવ કરતા પ્રભુને જોયા.

૧૨. खेऽवस्थितम् : ભક્તોની અભિલાષાઓની પૂર્તિ કરવા આતુરતાવાળા ઊભેલા પ્રભુને જોયા.

૧૩. वृक्षः श्रियम् : ભક્તો નામની સંપત્તિને હૃદયમાં રાખી સંભાળતા પ્રભુને જોયા.

૧૪. कौस्तुभकन्धरम् : કંઠમાં મોક્ષ નામના કૌસ્તુભ મણિ ધારણ કરી ભક્તોને મુક્તિનું દાન કરતા દયાળુ દેવને જોયા.

નવધા ભક્તિનાં દાન દેનારા નાથનાં નવ શ્લોકોથી સ્તવન અને નમન

ऋषिरुवाच : जुष्टं बताद्याखिलसत्त्वराशेः–सांसिध्यमक्ष्णोस्तव दर्शनान्नः । यद्दर्शनं जन्ममिरीडयसद्भि–राशासते योगिनो रुढयोगाः ॥१३॥

મહર્ષિ કર્દમજી શ્રી હરિને વિનવી રહ્યા છે કે હે નાથ ! આપ સર્વ પ્રકારે સ્તવન યોગ્ય છો. સમસ્ત સત્ત્વોના નિવાસધામ આપ છો, તેથી જ આપ સર્વ સિદ્ધિઓના દાતા છે. આપનાં દર્શનથી અમારી આંખો સફળ થઈ અને દર્શન યોગ્ય દિવ્યશક્તિવાળી થઈ. આપનાં દર્શન માટે યોગનિપુણ યોગીજનો અનેક જન્મ પર્યન્ત તપ કરે છે અને તલસે છે. તે પ્રભુ આજ પોતાની કૃપાથી મળ્યા. (૧૩) હે નાથ ! આપની માયાના પ્રભાવથી મતિ મુંઝાઈ જતાં, ભવસાગરને પાર કરનારા નાવ સમાન ચરણકમલને સંસારસુખના તુચ્છ ટુકડા માટે સેવે છે, આવા ક્ષુદ્ર-તુચ્છ સુખોની કામના વાળાઓને નરકમાં પણ જે મળે છે તેવાં સુખોને પણ આપો છો. નાથ ! હું એવો જ ક્ષુદ્ર સુખાર્થી છું એવું જ લાગશે.

तथा स चाहं परिवोढुकामः–समानशीलां गृहमेघधेनुम् । उपेयिवान्मूलमशेषमूलं – दुराशयः कामदुधाङ्घ्रिपस्य ॥ १५ ॥

હે ભગવન્ ! પૂર્વમાં વર્ણવ્યો તેવો જ હું કામકલુષિત મનવાળો છું; માટે જ આપની પાસે યાચના કરવા ચાહું છું. ભગવન્ મને બ્રહ્માજીનો આદેશ સંતતિ ઉત્પન્ન કરવાનો છે, એ માટે લગ્ન અનિવાર્ય છે. પત્ની પ્રાપ્ત કરવી જોઈએ. પત્ની પ્રાપ્ત કરવા માટે "પ્રારબ્ધ યોગબળ અને પ્રભુકૃપા" નામના ત્રણ ઉપાયો છે. યોગબળથી હું પત્ની પ્રાપ્ત કરી શકું છું કે પ્રારબ્ધથી પણ સ્ત્રીને પ્રાપ્ત કરી શકું છું, પરંતુ હું તો આપને કે આપના જેવા પુત્રને ચાહું છું, એ માટે યોગ બળથી કે પ્રારબ્ધથી મેળવેલી સ્ત્રીથી અર્થ નહીં સરે. તો ભગવન્ હવે આપ આ વસ્તુનો ખ્યાલ કરીને મને સમાન અને સાનુકૂળ સ્વભાવવાળી, ગૃહસ્થાશ્રમમાં કામધેનુ ગાય જેવી કામના પૂરક પત્નીને ચાહું છું. આ પ્રકારની કામનાપૂર્તિ માટે સમસ્ત સુખના મૂલ અને કામના પૂરક કલ્પતરુ સમાન આપના ચરણે શરણે આવેલ છું. (૧૫) હે અધીશ ! આપ પ્રજાના પતિ છો. આ સમસ્ત જીવલોક આપના વાણીરૂપ તાંતણામાં કામનાઓમાં વણાઈને બંધાયેલ છે. હે વિશુદ્ધ સ્વરૂપ ભગવાન ! હું પણ એ લોકને અનુસરીને આપની આજ્ઞાનું પાલન કરું અને આપની સેવામાં એ રીતે ઉપયોગી થાઉં. તેથી કાલસ્વરૂપ આપને પ્રણામ કરું છું. (૧૬) ભગવન્ ! આપના અનન્ય ભક્તો તો એવા હોય છે કે લોકાન્-ભક્તિ રહિત કુટુંબીજનોને-ભક્તિ રહિત શાસ્ત્રોને, અનુસરતા જનોને, વિષયાસક્તજનોને, લોક સુખાસક્ત ભક્તજનોને, (૧) લોકાનુગતાન્ -લોકોના ચાલુ ચીલેચાલનારા જનોને, (૨) આ અયોગ્ય અને અઘટતું છે એવું સમજવા છતાં અનુચિત આચરણ કરનારા, પશૂન્-પશુ જેવા વિવેક શૂન્ય જીવનને જીવતા જનોને ત્યજી દે છે. આપના તે અનન્ય ભગવદીયો તો આપના ચરણ છત્રનો આશ્રય લઈ બેઠેલા અને આપના ગુણગાન નામના અમૃત મહાસાગરમાંથી પ્રાપ્ત કરેલા પીયૂષ પાનથી દેહધર્મોને ત્યજી દે છે. (૧૭) હે ભગવન્ ! નાશરહિત અક્ષરબ્રહ્મ નામનીધરી ઉપર વિચરનાર આપનું કાલ નામનું ચક્ર છે. આ અક્ષરબ્રહ્મ નામની ધરી ઉપર રહેલ ચક્ર ત્રણ સો સાઠ દિવસ નામના પર્વવાળું - સાંધાવાળું છે. અધિક માસ સાથે ૧૩

માસના આરાવાળું છે, એને છ ઋતુઓ નામની "નેમિ" છે. શીત, વર્ષા, ઉષ્ણકાલ નામની ત્રણ નાભિ વાળું છે, પળ, વિપળ, ક્ષણ વગેરે અનન્ત પત્રોવાળું છે, ભયાનક ઝડપથી ચાલનારું છે, જગત્ એટલે ગમનશીલ એવા આયુષ્ય નામના વૃક્ષને તે સતત છેદવાનું કાર્ય કરે છે, આમ છતાં ભક્તોના આયુષ્યનો ગ્રાસ કે નાશ એ કાલ ચક્ર કરતું નથી, કારણ કે એ ચક્ર ભગવાનની આજ્ઞાને અનુસરીને ચાલે છે. (૧૮) હે ભગવન્ ! આપ સ્વયં એકલા જ કરોળિયાની માફક તન્તુ વિસ્તારી આ વિશ્વની રચના કરો છો. માત્ર આપને જ્યારે વિશ્વને રચવાની ઈચ્છા થાય છે, ત્યારે આપે આપનામાં જ રાખેલી યોગમાયાને પ્રેરણા આપીને આ વિશ્વને રચ્યું છે, સંભાળ્યું છે અને આપનામાં સમાવી દેવાના છો. (૧૯) હે ભગવન્ ! હે અધીશ્વર ! અહંકાર વગેરે પદાર્થો સંસારના સર્જક છે. આવા અહંકારાદિ વિષયોને આપ ભક્તને આપવાનું કદી પસંદ કરતા નથી. આમ છતાં આપ કો'ક વાર કોઈ એક ભક્ત ઉપર એવા પદાર્થો આપવાનો અનુગ્રહ કરો તો તે સંસારરત ના બની જાય માટે આપશ્રી તુલસીજી મિશ્રિત વનમાલાથી શોભતા આપના શ્રીઅંગનાં દર્શન આપીને તે ભક્તને આપના તરફ જ વાળો છો. કારણ કે આપના આપેલા દેહ ગેહ પરિવાર આદિ કદી પણ બંધન કર્તા બનશે નહીં. પરંતુ આપની સેવા આદિ સાધનો દ્વારા આપના સ્વરૂપમાં જ આસકિત થતાં જ સંસાર તરી જશે. (૨૦)

શ્રીહરિના ચરણોમાં

કૃપાભાર વશ અને ઉપકારભાર વશ બનેલા મુનિવરના દંડવત્

ભગવન્ ! આપ સ્વયં આનંદ સ્વરૂપ છો. આપને આદિની પ્રાપ્તિ માટે સૃષ્ટિ નિર્માણ આદિ કોઈ પણ ક્રિયા કરવાની રહેતી જ નથી. માયા આપની આજ્ઞાને આધીન છે. વળી આપની માયા નામની જે દિવ્ય શક્તિ છે તે તો નિત્ય આ લોકરચના નામના કાર્યને ચલાવ્યા જ કરે છે. નાથ ! આપનાં ચરણકમલયુગલ નિત્ય નમસ્કાર કરવા યોગ્ય છે, નાથ ! કોઈ ભક્ત નામ માત્રની, વળી તદ્દન ન જેવી અલ્પ પણ ભક્તિ કરે તો તે ભક્તને માટે તો આપ કલ્પતરુ સ્વરૂપ હોઈ તેના સમસ્ત અભિલાષોને પૂર્ણ કરો છો. (૨૧)

त्वं त्वानुभूत्योपरतक्रियार्थं–स्वमायया वर्तितलोकतन्त्रम् । नमाम्यभीक्ष्णं नमनीयपाद–सरोजमल्पीयसि कामवर्षम् ॥ २१ ॥

इत्यव्यलीकं प्रणुतोऽब्जनाभः – तमाबभाषे वचसामृतेन । सुपर्णपक्षोपरि रोचमानः–प्रेमस्मितोद्वीक्षणविभ्रद्भ्रूः ॥ २२ ॥

હે વિદુરજી, સર્વથા નિષ્કપટ હૃદયવાળા કર્દમ મુનિએ નિર્મળ ભાવથી ભગવાનની ખૂબ જ સ્તુતિ કરી. ભગવાન ખૂબ જ પ્રસન્ન થયા. શ્રીગુરુડજીની પાંખ ઉપર બિરાજેલા, અત્યંત સુંદર સ્વરૂપવાળા, પ્રેમ અને સ્મિત-હાસ્ય મધુર દૃષ્ટિથી મુનિને નિરખતા અમૃતમય વાણી વર્ષાવવા લાગ્યા. (૨૨)

શ્રીહરિનાં વચનામૃત

ભગવાને કહ્યું કે મુનિરાજ ! આપના ઉરપુરની સર્વ વાતો મેં જાણી છે. તમારા વિશુદ્ધ ભાવો પણ જાણું છું. આપે શરીર ઉપર સંપૂર્ણ સંયમ કેળવી, ભક્તિસભર તપશ્ચર્યા કરી મને સંતુષ્ટ કરેલ છે. આપની ચાહેલી વસ્તુ મેં પ્રથમથી જ વિચારી રાખી છે. (૨૩) મુનિવર ! મનમાં નિશ્ચય રાખો કે મારું અર્ચન કદી નિષ્ફળ જતું નથી. તેમાં આપના જેવા મારામાં અનન્ય મનવાળા ભક્તની તો કામના નિષ્ફળ જતી જ નથી. (૨૪) મુનિવર ! હવે આપ મારું વચન ધારણ કરો. શ્રીસ્વાયંભુવ મનુ ચક્રવર્તી રાજા છે, બ્રહ્માજીના પુત્ર છે, સદાચારી અને ખ્યાતનામ રાજર્ષિ છે, સ્વયં ધર્મપરાયણ છે, તેઓ વર્તમાનમાં બ્રહ્માવર્તમાં વસે છે અને સપ્ત સાગરની મેખલાવાળી પૃથ્વીનું તેઓ પાલન કરે છે. તેઓશ્રીની દેવહૂતિ નામની પુત્રી છે. નામથી ખ્યાતનામ, વંશ, ક્રિયા, ગુણ, સ્વભાવ અને સંગથી ઉત્તમ કુલની ઉત્તમ પુત્રી છે. વચમાં એક દિવસને આંતરે એટલે પરમ દિવસે પોતાનાં સમ્રાજ્ઞી શ્રીશતરૂપારાણી સાથે આપને નિરખવા માટે-આપનાં દર્શને અને પોતાની પુત્રીનાં કન્યાદાન કરવા પધારશે-આપના આશ્રમે આવશે. સરસ્વતી અને દૃશદ્વતી નામની બે સરિતાઓને દેવ નદીઓના નામથી વેદોમાં વર્ણવી છે. તે બન્નેની વચમાંના પ્રદેશને બ્રહ્માવર્ત કહ્યો છે. આ પ્રદેશમાં તેઓની "પ્રતિષ્ઠાન" નગર નામની રાજધાની આવેલી છે. આપને આંગણે આવનારા નિર્માન અને નિર્મોહ સ્વાયંભુવ

રાજા સન્માન પાત્ર હોઈ તેમનાં સ્વાગત કરજો. તેઓ શાસ્ત્રના જાણકાર હોઈ આર્ષવિધિને અનુસરી લગ્ન કરશે. अभिगम्य स्वयं कन्यामलंकृत्य यथाविधि । सद्वराय प्रयच्छेद् यः स कूकुद इति स्मृतः॥ માતા અને પુત્રી સાથે છે એટલે પરસ્પર ચર્ચા વિચારણા કરી લેશે, અને આપને કન્યાનાં પ્રદાન કરીને જ જશે. (૨૫-૨૬) હે પ્રભો ! હે સમર્થ મુનિરાજ ! રાજકુમારી દેવહૂતિજી શ્યામ મનોહર નયના છે, વય, શીલ, રૂપ, ગુણ, વિદ્યા વગેરે ધર્મોથી આપને માટે યોગ્ય કન્યા છે. કન્યા માટે યોગ્ય ગુણવાળા આપ છો. કન્યાની સમાન યોગ્યતા તો સર્વ વરોમાં જોવા મળે, જ્યારે આપ તો શ્રેષ્ઠગુણ સમ્પન્ન છો, તેઓ કન્યાનાં લગ્ન કરીને જ પાછા વળશે. (૨૭) હે પ્રજાપતિ ! હે કર્દમઋષિ ! આપનું મન દશ હજાર વર્ષથી દેવહૂતિજીને પત્ની બનાવવા ચાહે છે તે રાજકુમારી રાજપત્ની થવા યોગ્ય છતાં, આપની સાત્ત્વિક મનોવૃત્તિને સંપૂર્ણ રીતે અનુસરશે અને સત્વર આપની સેવા કરશે. (૨૮) આ રાજકુમારી દેવહૂતિજી આપના જેવાં જ દિવ્ય શક્તિવાળાં છે. ભિન્ન ભાવથી આપ દેવહૂતિમાં જે આપના વીર્યને સ્થાપન કરશો, તે વીર્યને નવ પ્રકારે ધારણ કરી નવ પ્રકારે તેનો પ્રસવ કરશે. આપને ત્યાં નવ કન્યાઓના સ્વરૂપે પ્રસવ પામેલી તે કન્યાઓમાં મરીચિ વગેરે મહર્ષિઓ સુખપૂર્વક સંતાનોને જન્મ આપશે. (૨૯) हे उशत्तम હે સુડોળ શ્રીઅંગ ! હે મુનિ ! આપ તો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ અને સુંદરમાં સુંદર પુરુષ છો. આપ તો નિરંતર મારી આજ્ઞાનું પાલન કરનારા છો, વળી ક્રિયા અને ક્રિયાના ફલને સમર્પણ કરવાના યોગ્ય પાત્ર તરીકે મને જાણો છો. અને સર્વ કર્મ અને ફલ સમર્પણ કરતા આવ્યા છો અને સમર્પણ કરશો. તેમ જ અન્તે મને જ પામશો. (૩૦) આપ જીવ માત્રમાં દયા કરનારા છો, તેઓને અભય દેનારા છો. વળી બ્રહ્મવિદ છો બ્રાહ્મસ્થિતિ સમ્પન્ન છો, આપ આપની સાથે અખિલ વિશ્વને અને મને તમારામાં જોશો. (૩૧) હે સમર્થ મુનિવર્ય ! હું અંશ અને કલાઓ સાથે તમારા ક્ષેત્રરૂપ શ્રીદેવહૂતિજીમાં પુત્ર તરીકે અવતરીશ. તેમજ શ્રીદેવહૂતિજીને સાંખ્ય શાસ્ત્રનું કથન કરનારી તત્વસંહિતાનું વિતરણ કરીશ. ચાર વેદોની જેમ ચાર સંહિતાઓ છે તેવી જ પુરાણોની ચાર સંહિતાઓ છે. વેદોમાં સંહિતાઓ પછી બ્રાહ્મણ ગ્રંથો આવે છે. યજ્ઞો કરવાના વિધિને જણાવનારા મંત્રો બ્રાહ્મણગ્રંથો છે. (૩૨)

ગરુડની પાંખો ગોવિંદનાં ગુણગાન ગાતી રહે છે

મુનિવર મૈત્રેયે કહ્યું કે વિદુરજી ! જ્યારે ભક્તની અન્તર્મુખ દૃષ્ટિ થાય છે ત્યારે ભગવાન પ્રક્ટ થાય છે. શ્રીકર્દમ મહર્ષિજીની અન્તર્મુખ દૃષ્ટિથી ભગવાન પ્રક્ટ થયા હતા. પુનઃ ઉપરોક્ત પ્રકારે શ્રીકર્દમઋષિ સાથે વાર્તા ગોષ્ઠી કરીને શ્રીબિંદુ સરોવર ઉપરથી પોતાના નિજલોકમાં પધાર્યા. (૩૩) બિંદુ સરોવરથી વિદાય લેતા ભગવાનનાં, સમર્થ સિદ્ધેશ્વરો યશોગાન ગાઈ રહ્યા હતા. પોતાનાથી જ સિદ્ધ થતા માર્ગવાળા ભગવાન શ્રીગરુડજી ઉપર બિરાજમાન હતા. શ્રીગરુડજીની પાંખોમાંથી નિત્ય સામગાનો પ્રક્ટ થતાં જ હોય છે અને ગરુડજી સ્તુતિગાનો દ્વારા ભગવાનનાં નિત્યગાન કર્યા જ કરે છે. (૩૪) ભગવાને વિદાય લીધી અને મહર્ષિ કર્દમજી શ્રી શુકલ નારાયણ ભગવાન પોતાના આશ્રમેથી પ્રસ્થાન કરી ગયા ત્યાર બાદ તે ક્ષણે ભગવાને કહેલ ક્ષણ હવે ક્યારે આવશે એમ વિચારતા પ્રતીક્ષા સેવી રહ્યા હતા. આથી અધિક દેવહૂતિનું દિવ્ય ભાગ્ય ક્યું હોઈ શકે ? (૩૪)

બિંદુ સરોવર પર મનુરાજાની સપરિવાર પધરામણી

મુનિવર મૈત્રેય કહેવા લાગ્યા કે હે ઉત્તમ ધનુર્ધર વિદુરજી ! બિંદુ સરોવર ઉપર પ્રક્ટેલા ભગવાને જે કાલનો અને જે પ્રકારનો સંકેત કર્યો હતો તે પ્રમાણે, સુવર્ણે મઢેલા રથમાં વિવિધ સાજ પધરાવી રાણી શતરૂપા મહારાણીજીને અને દીકરી દેવહૂતિજીને સાથે લઈ રથમાં બિરાજીને ભૂમિ ઉપર પરિક્રમા કરતા આશ્રમે આવી પહોંચ્યા. શાન્તવ્રત મુનિવર કર્દમજીનો આશ્રમ અત્યંત હૃદયહારી અને અત્યંન્ત પ્રશાન્ત હતા. ચક્રવર્તી મનુરાજા આશ્રમની લગભગ પાસે આવી પહોંચ્યા. તપોમય આશ્રમમાં શાન્તવ્રતી મુનિ બિરાજ્યા હતા. કોઈ પણ દુષ્ટતા કે ધૃષ્ટતાવાળી વ્યક્તિ આશ્રમમાં પ્રવેશી શકતી ન હતી. (૩૬-૩૭)

यस्मिन् भगवतो नेत्रात् न्यपतन्नश्रुबिन्दवः । कृपया संपरीतस्य प्रपन्नेऽर्पितया भृशम् ॥ ३८ ॥

મુનિવરને કોઈ પણ આશા ન હતી કે ન તો કોઈ દુઃખ હતું; પરંતુ તેઓ ભગવાનના શરણાગત પરમ ભક્ત હતા. તેથી જ તે નિષ્કામ પરમ ભગવદીય પ્રત્યે ભગવાન દયાર્દ્ર બની ગયા હતા. ભગવાન તેમના ઉપર કૃપા વર્ષાવવા ચાહતા હતા તેથી દયાપરવશ પુરુષોત્તમ ભગવાનના નેત્રોમાંથી અશ્રુઓ સરી પડ્યાં અને સરોવરમાં પડ્યાં. આ દૃશ્ય દેખી સર્વ જનો તે સરોવરને બિંદુ સરોવર તરીકે કહેવા લાગ્યા. આવા દિવ્ય આશ્રમે મનુરાજા પધાર્યા. (૩૮)

વિદુરજી ! આ બિંદુ સરોવર નામ માત્રથી બિંદુ સરોવર ન હતું પરંતુ ભગવાનનાં કૃપા બિંદુઓ અને કૃપા સિંધુ પ્રભુના કરુણા-વાત્સલ્ય આદિ ગુણોથી બનેલું હતું. વેદમયી સરસ્વતી સરિતાથી વીંટળાએલ હતું. પવિત્ર આરોગ્યમય સુધામય એનાં સલિલ હતાં. મહર્ષિગણ એના તટને સેવી રહેલ હતા. (૩૯) પ્રત્યેક ઋતુનાં પુષ્પો અને ફલોને દેનાર કલ્પતરુસમ તરુવરોથી-પુણ્યશાળી વૃક્ષોથી અત્યંત સમૃદ્ધ હતું. પવિત્ર પશુ, પક્ષીઓ વિચરી રહ્યાં હતાં અને એમ લાગતું હતું કે પક્ષીઓ માટે કર્દમ મુનિએ રચેલું પક્ષી સદાવ્રત વન હતું. તરુવરોની હારમાલાઓ વનરાજિઓ ઉપર પક્ષીવૃન્દ કલ્લોલ ગાન કરતાં હતાં. મદોન્મત મકરન્દરસ પાન કરનારા ભ્રમરોનાં ગુંજન મનોરંજન કરી રહ્યાં હતાં. મદોન્મત મયૂરરૂપ દક્ષ નટો જાણે નર્તન કરી અતિથિઓનાં સ્વાગત કરતા હતા. આંગણે પધારેલા મોંઘેરા મહેમાનોને કુહૂકુહૂના ટહૂકા કરતી કોકિલાઓ નિમંત્રણ - આવકાર દઈ રહી હતી. વળી કલવાણીથી પધારો, પધારો પાન્થ ! પાવન જલપાન કરો. ક્ષણ વિસામો કરો અને ભક્તિરસનાં પાન કરી પાવન બનો. (૪૦-૪૧)

ષડ્રસ વર્ષાવતી કલ્પતરુ સમી તરુવરરાજિ

વિદુરજી ! વૃક્ષોની તો વાત શી કરીએ ! કદંબતરુ ચંપકવૃક્ષ, અશોકવૃક્ષ, કણજી, બોરસલી, અસનવૃક્ષ, આ છ જાતનાં વૃક્ષો, વળી મોગરા, મંદાર, કુટજવૃક્ષો અને વિવિધ આમ્રવૃક્ષોથી વન અત્યંત શોભી રહ્યું હતું (૪૨) બતક, જલ, કાગ, હંસલા, ટિટોડીઓ, જલકૂકડાઓ, સારસ પક્ષીઓ, ચક્રવાકો અને ચાતકોથી મધુર ગાજતું આશ્રમસ્થાન સર્વનાં મન હરી રહ્યું હતું. (૪૩) હરણો, વરાહો, શાહુડીઓ, નીલગાયો, હાથીઓ, વાનરો, સિંહો, મર્કટો, નોળિયાઓ અને કસ્તૂરી મૃગો વગેરે દશવિધ પશુઓ વનનો આશ્રય કરી નિર્વૈર મુનિવરોની માફક આશ્રમને સેવી રહ્યા હતા. (૪૪)

વરણીય વર મુનિવર કર્દમમુનિનાં દર્શન

સમ્રાટે આશ્રમમાં પ્રવેશ કરીને મુનિસમ્રાટ કર્દમજીનાં દર્શન કર્યાં. સેવકવર્ગ, પરિકરવર્ગ, વગેરે મનુરાજાના આશ્રયથી પુનિત તીર્થક્ષેત્ર આશ્રમમાં પુણ્યશ્લોક મુનિનાં દર્શન પામ્યા. હમણા જ મુનિ મહારાજ અગ્નિ નારાયણમાં આહુતિનાંદાન કરી હોમથી નિવૃત્ત થઈ કુશાસને બિરાજ્યા હતા. દીર્ઘકાલ પર્યન્ત તપશ્ચર્યામાં પરોવેલી મુનિવરની કાયા તપાવેલી સુવર્ણ પ્રતિમા સમ તેજસ્વિની બની હતી. દશ હજાર વર્ષના કઠોર તપશ્ચરણથી શુદ્ધ બનેલી સુકલકડી શી કાયા ભગવાનની સ્નેહાળ, કરુણામય, કટાક્ષ પૂર્ણ દૃષ્ટિથી અને કૃપાળુ કૃષ્ણનાં વચનરૂપ ચંદ્ર કિરણોનાં પીયૂષપાનથી પોષાયેલી હતી; તેથી મુનિ મહારાજ જરાપણ દુબળા દેખાતા ન હતા. પરંતુ નયન રમ્ય સુડોળ અંગથી શોભતા હતા. ખાસી પાંચ હાથની ઊંચેરી કાયા હતી કમલદલ સમાન કોમલ રસાલ નયન હતાં. જટા સુશોભિત મસ્તક હતું, તપસ્વીના સ્વરૂપને સાનુકૂલ કાયા વલ્કલ વસ્ત્રથી શોભતી હતી. ખાણમાંથી નીકળેલા પણ શાણ ઉપર ન ચઢેલા અણમોલ મણિસમા દેહથી મલિનશા માલૂમ પડતા મુનિરાજ કર્દમજીની સમીપમાં જઈને નૃપતિ મનુએ દર્શન કર્યાં. (૪૫-૪૭)

સમ્રાટનું સપરિવાર સ્વાગત

પર્ણકુટી સમીપે પધારેલા અને મુનિવરજીના ચરણયુગલ સમીપે પ્રણામ કરતા નરદેવ શ્રી સ્વાયંભુવ મનુરાજાને આવકાર આપી અર્ઘ્યની યોગ્ય સામગ્રીથી મુનિ મહારાજે અર્ઘ્યદાનથી સ્વાગત કર્યાં (૪૮) શ્રીમનુમહારાજે સ્વાગતનો સ્વીકાર કર્યો, પુનઃ પ્રસન્ન ચિત્તે આસન ઉપર બિરાજ્યા. મહારાણી શતરૂપાજીએ આસન લીધું અને રાજકુમારી દેવહૂતિજીએ તો મુનિના આશ્રમની પુણ્યભૂમિને જ આસન બનાવી દીધી. ક્ષણભર માની લો કે મુનિરાજના હૃદયમાં

વિવેક અને શીલથી સ્થાન મેળવી લીધું. આસન સ્વીકાર વિધિ થયા બાદ ભગવાનના આદેશનું સ્મરણ કરતા કર્દમમુનિ મહારાજ મધુર વાણીથી રાજાના મનને પ્રસન્ન કરતા બોલ્યા. (૪૯)

મુનિ મુખારવિંદથી વચનામૃત વર્ષા

મુનિરાજ બોલ્યા, હે સમ્રાટ નરદેવ ! આપશ્રી તો ભગવાન શ્રીકૃષ્ણની વિશ્વપાલન કરનારી સાક્ષાત્ મૂર્તિ છો. સાચે જ મહારાજ ! આપનું ભૂતલ પર્યટન ખલકંટક નિર્મૂલન-ઉખેડવા માટે અને સત્પુરુષોના સંરક્ષણ માટે હોય છે. (૫૦) વિશ્વવિધાતા વિષ્ણુ ભગવાન વિશ્વમંગલ માટે યોગ્ય અવસરે જે સૂર્ય, ચન્દ્ર, અગ્નિ, ઈંદ્ર, વાયુ, યમ, ધર્મ, વરુણનાં યોગ્ય સ્વરૂપોને સમ્રાટના સ્વરૂપે સ્વીકારે છે તે શુકલ નારાયણને નમસ્કાર હો. (૫૧) જુઓ રાજન્ વાસ્તવિકવાત કહું છું કે જ્યારે આભૂતલ ઉપર ચાતુર્માસને ત્યજી અષ્ટ માસ પર્યન્ત ધરણી પતિ રાજા, સુવર્ણ મણિ મઢેલા વિજયશાલી રથમાં બિરાજીને ટંકારાવ કરતા પ્રચંડ ધ્વનિવાળા ધનુષ્યને હાથમાં લઈને રથથી પર્યટન કરતા રથના ધડધડાટથી ધરણીને ધ્રુજાવતા, વિશાલ ચતુરંગિણી સેના સાથે લઈ શ્રીસૂર્યનારાયણની માફક જો ભૂમંડલમાં વિચરણ કરે નહીં તો તે જ ક્ષણે ભગવાને રચેલા વર્ણાશ્રમની વ્યવસ્થાવાળા સમસ્ત ધર્મ સેતુઓ લૂંટારાઓ અને ઉદ્દંડ ખલોને હાથે અવશ્ય નાશ પામી જાય. હે સમ્રાટ મનુજી ! જો રાજાઓ શાસનમાં જરાપણ બેદરકાર રહ્યા તો લોભી અને નિરંકુશ ખલો દ્વારા દુનિયામાં અધર્મ વધી પડે અને લૂંટારુઓના હાથમાં આવી પડેલા લોકોનો નાશ થઈ જાય. (૫૨--૫૫) આમ છતાં હે વીર પુરુષ ! હે પુણ્યપુરુષ મનુમહારાજ ! કહો આજ આપશ્રી ક્યો આશય લઈ આ આશ્રમમાં પધાર્યા છો ? મારા હૃદયમાં આ પ્રશ્ન ઉઠ્યો છે તે આપ સમક્ષ મૂક્યો છે. આપ વિના સંકોચે મને જે કહેશો તે હું નિષ્કપટ હૃદયથી અવશ્ય સ્વીકારીશ. (૫૬)

अथापि पृच्छे त्वां वीर यदर्थं त्वमिहागतः । यद् वयं निर्व्यलीकेन प्रतिपद्यामहे हृदा ॥ ५६ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના તૃતીય સ્કંધમાંનો મનુ શતરૂપા મુનિવરમિલન વાર્તાલાપનું વર્ણન કરતો અધ્યાય ૨૧મો સમાપ્ત.

અધ્યાય ૨૨મો

[આ બાવીશમા અધ્યાયમાં ૩૯ શ્લોકો છે. બાવીસમા અધ્યાયની કથામાં બીજા શ્લોકથી ચૌદમા શ્લોક સુધી ચક્રવર્તી મનુ મહારાજે મુનિરાજના પ્રશ્નોના સમાધાનમાં ઉત્તર આપતાં પોતાની પુત્રીના સમર્પણ અંગે નિવેદન કર્યું. પંદરમા શ્લોકથી બાવીસમા શ્લોક પર્યન્ત કર્દમ મુનિએ લગ્નની કરેલી સ્વીકૃતિ અને આર્ષલગ્ન માટે અનુમતિ; ૨૩મા શ્લોકથી ૨૬મા શ્લોક પર્યન્ત દેવહૂતિજીનું લગ્ન, ૨૭મા શ્લોકથી ૩૯મા શ્લોક પર્યન્ત મનુરાજાના રાજ્યપાલનની વ્યવસ્થા વગેરે પ્રસંગો કુલ ૩૯ શ્લોકોમાં શ્રીશુકાચાર્ય મહારાજે વર્ણવ્યા છે. ચાલો આપણે માતાપિતાનાં પુત્રીવાત્સલ્યનાં અમૃત પાન કરીએ.]

मैत्रेय उवाच –ः एवमाविष्कृताशेषगुणकर्मोदयो मुनिम् । सव्रीड इव तं सम्राहुपारममुवाच ह ॥ १ ॥

મૈત્રેય મહર્ષિએ કહ્યું કે વિદુરજી ! શ્રીકર્દમ મુનિએ મનુરાજાના ગુણો, કર્તવ્યધર્મ આદિ વસ્તુઓનું કથન કર્યું અને મનુ સ્વાયંભુવના તે ગુણોનાં જ દર્શનથી તેમની મહત્તાનાં ગાન કર્યાં, ત્યારે ચક્રવર્તી સ્વાયંભુવને સ્વગુણમહિમા શ્રવણથી સંકોચ થવા લાગ્યો. પુનઃ વચન વર્ષા વર્ષાવી નૃપદેવના ઉત્તર શ્રવણની મનીષા ધરાવતા મનીષી મુનિજીએ મૌન લઈ લીધું. (૧)

ચૌદ શ્લોકોમાં ચક્રવર્તીએ વ્યક્ત કરેલું પુત્રી વાત્સલ્ય

સ્વાયંભુવ મનુરાજા બોલ્યા, મુનિમહારાજ કર્દમઋષિજી ! આપનો મહિમા કેવી રીતે ગવાય ? વેદમૂર્તિશ્રી બ્રહ્માજીને વિશ્વમાં વેદોની પૂર્તિ કરવા, તેમજ વેદોના રક્ષણ, શિક્ષણ, નિરૂપણ વગેરે કાર્યો કરવા પોતાના મુખકમલમાંથી તપસ્વી, જ્ઞાની અને ભક્તિ સંપન્ન અનાસક્ત, અલંપટ એવા આપ સમાન ઋષિવરોને પ્રકટ કર્યા. (૨) વેદોના પ્રવર્તક અને રક્ષક એવા આપનું રક્ષણ કરવા માટે સહસ્ત્ર મસ્તકોવાળા ભગવાને, પોતાના હજારો હસ્તોમાંથી અમને - ક્ષત્રિયોને ઉત્પન્ન કર્યા આપ ઋષિ, મુનિઓ, વિપ્રો શ્રીહરિનું હૃદય છો, અમે ક્ષત્રિયો અનંત હસ્ત ભગવાનનું અંગ-શરીર છીએ. (૩) વાસ્તવિક સૃષ્ટિના આદિથી જ બ્રહ્મણ્ય દેવતા અને ક્ષત્ર નામની દેવતા પરસ્પરનું રક્ષણ કર્યા કરે છે, તે યોગ્ય જ છે. વાસ્તવિક રીતે તેમાં પોતાનું જ રક્ષણ થાય છે. મહારાજ ! જે સર્વસ્વરૂપ છે, સર્વશક્તિમાન ભગવાન છે તે તો ક્ષત્ર અને બ્રહ્મ એમ

બન્નેની રક્ષા કરે છે. (૪) મુનિ મહારાજ ! હવે મારા આવવાનો હેતુ આપની સમક્ષ મૂકું છું. મહર્ષિ કર્દમજી ! આપનાં દર્શન થતાં જ મારા સર્વ સંશયો ટળી ગયા. આપ તો ભગવત્ સ્વરૂપ છો. આપે તો પ્રીતિપૂર્વક, મને સંરક્ષણ કરનારા ક્ષત્રિયોના ધર્મો સમજાવ્યા છે. (૫) ભગવન્ ! જે જીવોનું અંતઃકરણ ભગવાનને માટે-ભગવાનના પધરાવવા માટે નથી તેમજ જેઓએ સુકૃતો નથી કર્યાં તેઓને આપનાં દર્શન નથી થતાં. મને આપનાં દર્શન થયાં; તેથી મારું પરમ સૌભાગ્ય સમજું છું. એથી અધિક તો મહર્ષિજી આપના ચરણ કમલોની પવિત્ર રજનો મુકુટથી આપના ચરણે વંદન કરતાં મસ્તકે સ્પર્શ થયો એને તો અહોભાગ્ય માનું છું. (૬) ખૂબ જ આપની કૃપા અને ખૂબ ખુશીની વાત છે કે આપે મને મારા કર્તવ્યનું અને મારા ધર્મનું ઉદ્બોધન કર્યું એ તો મહાન અનુગ્રહ જ કર્યો છે. મારાં ખુલ્લાં કર્ણરન્ધ્રોથી આપનાં અત્યંત મધુર વચનામૃતોનાં પાન કરવાનાં મળ્યાં એ પણ સદ્ભાગ્ય જ છે. (૭) હે મહર્ષિ ! આપ તો પૂજ્ય, પવિત્ર અને ખ્યાતનામ છો, હવે આપશ્રી મારી પુત્રીના વાત્સલ્ય-સ્નેહથી સદાય ચિંતાવાળા-યોગ્યવર ક્યારે મળે ! ક્યાં મળે ! એવી વ્યથાવાળા મારા દીન જનની પ્રાર્થનાને દયા કરી સાંભળશો એવી શ્રદ્ધા છે. (૮)

કન્યાના પિતાનાં કલ્યાણ વચનો

મહર્ષિજી ! આ મારી દેવહૂતિ નામની મધ્યમા કન્યા છે. પ્રિયવ્રત અને ઉત્તાનપાદ નામના તેના બે ભાઈઓ છે. તે પોતાના શીલરૂપ વય, ગુણ, આચારને અનુરૂપ વરને વરવા ચાહે છે. (૯) શ્રીનારદજી મહર્ષિના મુખારવિંદથી મારી કન્યાને, આપશ્રીનાં શીલ, ગુણ, રૂપ, વય સાથે અનંત મહાન ગુણોનો મહિમા જ્યારથી સાંભળવામાં આવ્યો,ત્યારથી જ મારી આ પુત્રી આપશ્રી માટે કૃતનિશ્ચય બની છે. (૧૦) હે દ્વિજવર્ય ! હું આપશ્રીને સમર્પવા માટે અત્યંત શ્રદ્ધાપૂર્વક આપની પાસે આવ્યો છું. આપશ્રીના ગૃહસ્થાશ્રમને મારી પુત્રી સર્વ પ્રકારે અનુકૂળ આવશે એવી ખાત્રી આપું છું અને આશા રાખું છું કે આપ મારી દીકરીનો દયા કરી સ્વીકાર કરો. (૧૧) ભગવન્ ! શાસ્ત્રોનું સૂચન છે કે સંગથી પણ મુક્ત થયેલા મનુષ્યોએ વિના યાચનાએ, વિના ઈચ્છાએ સ્વયં સન્મુખ આવેલા પદાર્થનો અનાદર ના કરવો. દૃષ્ટાન્ત તરીકે વિરક્ત પુરુષ છે તેને દેહ છે, આહાર એના રક્ષણનું સાધન છે. ભલે તે આહાર માગે નહીં પણ જો સ્વાભાવિક રીતે આવી મળે તો તેનો સ્વીકાર કરવો યોગ્ય મનાય. એ જ પ્રકારે જે આ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશવા ચાહે તેમને કન્યાની આવશ્યકતા રહે. તે જો સામે પગલે આવે અને સુપાત્ર હોય તો અનાદર ના કરવો. (૧૨) જો કોઈ સ્વયં પ્રાપ્ત થયેલ પદાર્થનો અનાદર કરે કે ઉપેક્ષા કરે, પછી પાછળથી તે વસ્તુ માટે કૃપણ જન પાસે તે માંગણી કરવાની દશામાં મુકાય તો તે વ્યક્તિના વિપુલ યશનો નાશ થાય છે અને અંતમાં સ્વમાનહાનિ થાય છે. (૧૩) હે પરમ વિવેકી, હે વિદ્વાન ! મેં સાંભળ્યું છે કે આપ ગૃહસ્થાશ્રમ ધર્મમાં દીક્ષિત થવા ચાહો છો. વેદાધ્યયન પૂર્ણ કરી સમાવર્તન સંસ્કાર કરી ગૃહસ્થાશ્રમ ધર્મમાં પ્રવેશ ચાહતા આપ ઉપકુર્વાણ બ્રહ્મચારી છો. આપ તપ અને વિદ્યાર્થી સિદ્ધ થયા છો, આ વાત જાણીને આપને વિનવું છું કે મારી પુત્રીનો પત્ની તરીકે સ્વીકાર કરો. કન્યાના માવતરે આથી અધિક શું કહેવું ? (૧૪)

મુનિવરનું સૌજન્ય અને સ્વીકાર અને ષડૈશ્વર્યનું નિરૂપણ

મહર્ષિવર બોલ્યા કે નરદેવ ! હે રાજન ! આપનું કથન અક્ષરશઃ સત્ય છે. હું લગ્નની લાલસા-અભિલાષા ધરાવું છું. આપની કન્યા મારે માટે સર્વથા યોગ્ય છે. વળી આપે એનાં અન્યત્ર વાગ્દાન કર્યાં નથી અને મારામાં આપની કન્યાનો અનન્ય અનુરાગ છે; તેથી અમારો બન્નેનો વિવાહ ઉભય માટે હિતાવહ છે, આશા રાખું લગ્નના આઠ પ્રકારોમાંનો આદ્યવિવાહ વિધિ આપને અવશ્ય સંમત હશે. બ્રાહ્મ, દૈવ, આર્ષ, પ્રાજાપત્ય, આસુર, ગાધર્વ, રાક્ષસ, પૈશાચ આવા આઠ પ્રકારના વિવાહો સ્મૃતિઓમાં વર્ણવ્યા છે. તેમાંનો પ્રથમ “બ્રાહ્મ” વિવાહ આદ્યવિધિ મનાય છે. શ્રદ્ધા છે કે આપ એ વિધિને સંમત થશો. હે રાજન્ હું સ્વયં આપની કન્યાને વરવા તત્પર થયો છું. એ તો આપની કન્યામાં વસેલો ઐશ્વર્ય ધર્મ છે. સર્વ કોઈ જેને ભજે તે ઐશ્વર્ય કહેવાય. (૧૫) હવે આપની પુત્રીના વીર્યધર્મનું શ્રવણ કરોઃ હે નરદેવ આપની પુત્રી સ્વયંભક્તિ છે, ભક્તિ તો લક્ષ્મીમાં આસકત ન બને એ એનો વીર્યધર્મ છે. આપની કન્યાનો વિવાહ વિધિ જે

શાસ્ત્રમાં વર્ણવ્યો છે તે પ્રમાણે ભલે થાય. કન્યાદાનથી એક સુકૃત ઉત્પન્ન થાય છે. માટે આપની ઈચ્છાને મારું અનુમોદન છે. પોતાની ભક્તિ નામની દિવ્યશ્રીથી લક્ષ્મીજીથી પણ વધુ યોગ્યતાવાળી આપની કન્યાનો સ્વીકાર કોણ ના કરે ? (૧૬) રાજન્ ! હવે આપની કન્યાના યશોધર્મનું શ્રવણ કરો : રાજન્ ! આપની રાજકુમારી એકવાર રાજમહેલની અગાશીમાં સરખી સાહેલીઓ સાથે કન્દુક ક્રીડા ખેલી રહી હતી. નર્તનશીલ ચરણોમાં પાયલની કિંકિણીઓની ગુંજન વધુ રસરંજન કરી રહી હતી. આકાશમાં ઉછળતા કંદુકને પકડવા સખીઓ સાથે આમ તેમ દોડતી અને કરકમલોને ઊંચા કરતી, આપની કન્યા દેવહૂતિ દેવીનાં દર્શનથી ભાન ભૂલેલ અતિ મોહિત થયેલા વિશ્વાવસુ નામના ગન્ધર્વ પોતાના વિમાનમાંથી નીચે પડી ગયા હતા. (૧૭) રાજન્ રાજકુમારિકાનો “શ્રી”નો મહિમા પણ મારો જાણીતો છે – રાજન્ ! રાજકુમારી સૌન્દર્યમયી લલનાઓમાં અગ્રિમ સ્થાને બિરાજે છે; શ્રીદેવી તો લલનાઓમાં અગ્રિમ સ્થાને બિરાજે છે; શ્રીલક્ષ્મીદેવીનાં, શ્રીલક્ષ્મીપતિજીનાં ચરણો ન સેવ્યાં હોય તેમને તો ભક્તિમયી દેવહૂતિનાં દર્શન જ દુર્લભ છે, વળી સ્વાયંભુવ મુનની પુત્રી અને શ્રીઉત્તાનપાદ રાજકુમારની બહેન સ્વયં મને વરવા સન્મુખ પગલે પધારેલ છે. આવાં અનેકવિધ ઉત્તમ ષડૈશ્વર્ય ખ્યાતકીર્તિ કુમારી દેવહૂતિજી દ્વારા પધારે છે. તો એવો ક્યો વિવેકશીલ જન કે જે સ્નેહથી ના સ્વીકારે. (૧૮) રાજન !આપનાં કુમારી જ્ઞાનની કલા છે એટલે જ્ઞાનાવતાર શ્રીકપિલદેવનાંજનની થવાનાં છે તો હવે ઐશ્વર્યનું શ્રવણ કરો : જ્યાં સુધી મારા આત્મરૂપ બીજસ્વરૂપ તેજને આ પતિવ્રતા ધારણ કરશે ત્યાં સુધીના સમયના અવધિથી સાધ્વી દેવહૂતિ દેવીજી સાથે ગૃહસ્થાશ્રમ જીવન ગાળીશ. રાજન્ દામ્પત્યજીવનનું લક્ષ્ય દમ્પતીએ સાથે મળી ભક્તિ-સેવા કરીને ભગવત્ પ્રાપ્તિ કરવી. હું પુત્રનો પિતા બનીશ પછીથી નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળી ઉધ્વરિતા થઈ પરમ હંસના ધર્મોની દીક્ષા સ્વીકારીશ. (૧૯) કર્દમઋષિ વૈરાગ્ય ધર્મનું વર્ણન કરતા બોલ્યા કે જે પૂર્ણપુરુષોત્તમ શુકલ નારાયણ ભગવાને મને દર્શન આપ્યાં. માર્ગદર્શન આપ્યું, લગ્નનો આદેશ આપ્યો તે ભગવાનની આજ્ઞા મારે શિરોધાર્ય છે. આ શુકલનારાયણ ભગવાન આ વિચિત્ર વિશ્વના જનક છે, પાલક છે, પોષક છે અને પોતાનામાં સર્વને સમાવે છે તે ભગવાનનો આદેશ મારે શિરોધાર્ય છે. (૨૦)

मैत्रेय उवाचः– स उग्रधन्वन् यिदेवाबभाषे । आसीच्च तूष्णीमरविन्दनाभम् ।
धियोपगृह्णन् स्मितशोभितेन । मुखेन चेतो लुलुभे देवहूत्याः ॥ २१ ॥

મૈત્રેય મુનિવર બોલ્યા કે વિદુરજી ! હે તેજસ્વી ધનુર્ધર, ! મુનિવર કર્દમજી, પરિમિત પરંતુ અર્થગંભીર, ભાવભીનાં, મધુર દેવહૂતિજીમાં આદર દર્શાવતાં આદર્શ વચનો બોલીને વિરામ પામ્યા અને હૃદયમાં પદ્મનાભ ભગવાનના પદપદ્મને પધરાવી શાંત બન્યા ત્યારે સ્મિત હાસ્યથી શોભતા મુનિરાજના મુખસરોજને નિહાળી દેવહૂતિજીનું ચિત્ત મુનિવર તરફ આકર્ષાયું અને નિજવર બની જાય એવી કામના સેવવા લાગ્યાં. (૨૧) મહારાજ મનુએ શતરૂપા રાણી અને દેવહૂતિ પુત્રીનો મત જાણીને અતિશય હર્ષ પામીને સર્વગુણ સમૃદ્ધ મુનિરાજ કર્દમજીને પોતાનાં પુત્રી દેવહૂતિ દેવી પરણાવ્યાં. (૨૨) મહારાજ્ઞી શ્રીશતરૂપાજીએ કરિયાવરમાં અને પહેરામણીમાં અમૂલ્ય અલંકારો, વસ્ત્રો, ભેટો, રાચરચીલાની ચીજો વગેરે ઘણા જ ભાવથી ભેટમાં દીધાં. (૨૩) યોગ્ય વરને વરાવીને વ્યથામુક્ત થયેલા, સ્વયં ચક્રવર્તી, સર્વ આપવા સમર્થ છતાં પિતા સ્વાયંભુવ, સમકક્ષ વરને વરાવેલી દીકરી દેવહૂતિને વિદાય દેતાં બન્ને બાહુથી હૃદય સરસી ચાંપી ભેટી પડ્યા. પુત્રીના અતિશય પ્રેમથી પિતાનું અન્તઃકરણ વિહ્વલ બની ગયું. દીકરી દેવહૂતિના વિરહને વેઠી ના શક્યા. વારંવાર અશ્રુવર્ષા વર્ષાવવા લાગ્યા, બેટા ! બેટા ! દીકરી ! વત્સે એમ બોલતા દીકરીના શ્રીમસ્તકને સૂંઘતા, તેના કેશ કલાપને આશીર્વાદભર્યા અશ્રુઓ સિંચતા, રાજા, પિતા સ્વાયંભુવ, પુત્રીને કે જામાતા કર્દમ મુનિને પૂછી ના શક્યા બેટા હું જાઉં ! અત્યંત પ્રયત્ને સ્વસ્થતા મેળવી અનુમોદન મેળવી મહારાજ્ઞી સાથે રથમાં બિરાજી, સેવકવર્ગ સાથે ચક્રવર્તી મનુરાજા પોતાનાં નગર તરફ સીધાવ્યા. (૨૪-૨૬)

“પુત્રી પ્રાણથકી થઈ કુલતણી કલ્યાણની તો લતા-આપી છે, વિધિએ સુપાત્ર વરને જાતી ગૃહે કંથના,

આપું શું ? ધનવૈભવો ન સરખાં તારાં મને ભાસતાં-દેવાનાં, મન, તાત, માત, ભગિની, ભ્રાતાતણું, છે તને,
સેવા, તેં કુલની કુટુંબજનની કીધી વિના સ્વાર્થથી-ભૂલાશે નહીં તે કદાપિ ઉરમાં જે કોતરેલી દિસે,
વંચાશે, વહશે સદા નયનથી વર્ષા સમા ધોધ જે, તે છે માતપિતા સ્વબન્ધુજનનાં આશીષને દાયજો."

પુત્રીને પરણાવી, ઋષિકુલનું કલ્યાણ સાધનારી શ્રીસરસ્વતી સરિતાના ઉભય બાજુના ઉત્તમ તટ ઉપર વસેલા,શાંત સ્વભાવના મહર્ષિઓના આશ્રમની સાત્ત્વિક સમૃદ્ધિને નિહાળતા નરનાથે મુનિનાથને ત્યાંથી વિદાય લીધી. (૨૭) બર્હિષ્મતી નામની નગરી સર્વ પ્રકારની સંપત્તિઓથી ભરેલી છે. જે નગરીમાં જલમાંથી બહાર પધારતાં શ્રીયજ્ઞવરાહ ભગવાને જલકણ ખંખેરવા પોતાના શ્રીઅંગને કંપાવેલ હતું ત્યારે શ્રીઅંગમાંથી રોમ ખરી પડેલા અને તે દર્ભ બન્યા હતા. (૨૮)

શ્રીવરાહ ભગવાનના તે રોમ સદા લીલા વર્ણવાળા કુશ અને કાશ થયા. એ કુશ અને કાશોથી ઋષિવરો યજ્ઞાદિ ધર્મ, કર્મ, વિધિઓ કરતી વખતે યજ્ઞવિધ્વંસ કરનારાઓને દૂર હટાવી શ્રીયજ્ઞનારાયણનાં યજન કરે છે. (૩૦) ભગવાન સ્વાયંભુવ મનુ બ્રહ્માજી પાસેથી ભૂમિના સ્થાનને મેળવીને કુશ અને કાશમય બર્હિષને બિછાવી જે ભગવાન યજ્ઞનારાયણ પાસેથી ભૂમિને મેળવ્યાં છે તે યજ્ઞપુરુષનાં યજન કરતા હતા. (૩૧)

મનુ રાજાજીનું નિત્ય કથાશ્રવણ વ્રત

હે વિદુરજી ! શ્રીસ્વાયંભુવ મનુની સત્કીર્તિનાં દેવો, ગન્ધર્વો, સ્ત્રીઓ નિત્ય ગાન કરતાં હતાં. રાજાનો નિત્ય નિયમ હતો કે પ્રતિદિન પ્રાતઃકાલે એકાગ્ર હૃદયથી શ્રીહરિની કથાનાં શ્રવણ કરવાં. પોતના પરિવાર અને પ્રજાજનો પણ રાજાની સાથે હરિકથામૃતનાં પાન કરતાં હતાં. ધર્મ, અર્થ, કામ, મોક્ષ નામના પુરુષાર્થોને ક્યાંય આંચ ના આવે એવું સુખ ભોગવતા હતા. (૩૩) યોગમાયામાં નિપુણ, મનનશીલ, શ્રીહરિ પરાયણ, બ્રહ્માજીના પુત્ર શ્રીમનુ મહારાજને, સંસારના ભોગો સ્વરૂપભ્રંશ કરવા માટે સમર્થ થઈ શક્યા ન હતા. પરંતુ તેથી રાજાની જીવનગાથા તો જુદા જ પ્રકારની હતી. તેઓ નિત્ય ભગવાનની કથાનું શ્રવણ કરતા, વિચારતા, કથાનકો રચતા, કથાઓનું કીર્તન કરતા, ચક્રવર્તી રાજાના પોતાના ૭૧ યુગના દીર્ઘ મન્વતરને પસાર કરનારા પ્રહરો ભક્તિભર્યા, ઓજસ ભર્યા પસાર થઈ રહ્યા હતા. (૩૪-૩૫) સ્વાયંભુવ મનજીએ ત્રણે ગુણોની ઉપર કે જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ નામની ત્રણે અવસ્થાઓ ઉપર શ્રીભગવાન વાસુદેવની કથાથી વિજય મેળવ્યો હતો. આ પણ પ્રભુની કથાનું જ મહાત્મ્ય છે. રાજાનો પ્રાયઃ વાર્તાલાપ પણ ભગવતકથાને જ લગતો રહેતો હતો. મહારાજ મનુની ભગવાનમાં જ કાયિક, વાચિક, માનસિક આસક્તિ રહેતી હતી. તેના પરિણામે હરિ સ્વરૂપનું ધ્યાન, કીર્તન, સેવામાં જ સમગ્ર સમય પસાર થતો. પ્રભુકૃપા બળથી ત્રણ ગુણોમાંથી ઉદ્ભવ પામતી ગતિનું મનુરાજા ઉલ્લંઘન કરીને રહ્યા હોવાથી દેવ, અસુર, મનુષ્ય યોનિની ગતિથી પણ પર થયા હતા. અને હરિભક્તને જે સ્થિતિ પ્રાપ્ત થાય તે સ્થિતિ પ્રાપ્ત કરી હતી. (૩૬) હે વૈયાસે એટલે વ્યાસપુત્ર હે વિદુરજી ! આપ જાણો છો કે શ્રીહરિના શરણાગત ભક્તો છે તેઓને શારીરિક, માનસિક, દેવકૃત કે માનવકૃત કલેશો સતાવી શકે જ નહીં તેમ જ બીજા પણ કોઈ કલેશો તેમના ભજનમાં બાધક બની શકે જ ક્યાંથી ? (૩૭) મનુરાજા સ્વયં ધર્મવેત્તા અને ધર્મપ્રવર્તક હતા, છતાં ઋષિમુનિઓના શાસ્ત્રીય માર્ગદર્શન પ્રમાણે જ ચાલતા હતા. જ્યારે જ્યારે ઋષિમુનિઓને સંબંધી પ્રશ્નો પૂછતા ત્યારે અનેક પ્રકારના શુભધર્મો, મનુષ્યધર્મો, વર્ણ કે આશ્રમધર્મો માટે પ્રશ્ન કરતા ત્યારે તેઓ પ્રસન્નતાથી વર્ણન કરતા હતા. (૩૮) વિદુરજી ! મેં આપની સમક્ષ વર્ણન કરવા યોગ્ય આદિરાજા-મનુરાજાનું દિવ્ય ચરિત્ર વર્ણવ્યું છે. હવે આ અલૌકિક આખ્યાનનું શ્રવણ કર્યા બાદ તેમના જેવી તેમની ઉત્કૃષ્ટ સંતાનકથાઓ પણ સાંભળો. (૩૯)

एतत्ते आदिराजस्य मनोश्चरितमद्भुतम् । वर्णितं वर्णनीयस्य तदपत्योदयं श्रृणु ।। ३८ ।।

શ્રીમદ્ ભાગવતપીયૂષના તૃતીય સ્કંધમાંનો શ્રી કર્દમ-દેવહૂતિકથા પ્રસંગ અને શ્રી મનુરાજ ચરિત્રકથા વગેરેનું વર્ણન કરતો ૨૨મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૨૩મો

[આ અધ્યામાં ૫૭ શ્લોકો છે. આ અધ્યાયમાં દેવહૂતિની પતિસેવા, દિવ્ય દામ્પત્ય સ્નેહ, પૂર્ણ સંયમ, દિવ્ય સિદ્ધિઓ, વિશ્વચકિત વિમાનની પ્રાપ્તિ, નવ કન્યાઓનો જન્મ, મુનિવરનો વિવેકપૂર્ણ વૈરાગ્ય, દેવહૂતિજીનો નિર્વેદ અને નિવેદન વગેરે પ્રસંગો આવશે.]

मैत्रैय उवाच –ः पितृभ्यां प्रस्थिते साध्वी पतिमिङ्गितकोविदा । नित्यं पर्यचरत्प्रीत्या भवानीव भवं पतिम् । १ ।

શ્રીમૈત્રેય મહર્ષિએ કહ્યું કે વિદુરજી ! આશ્રમમાંથી માતા-પિતાએ વિદાય લીધા બાદ, મુનિવરની મનોવૃત્તિ જાણવામાં નિપુણ પરમ સાધ્વી શ્રીદેવહૂતિજી, શ્રીપાર્વતીદેવી જેમ શંકર ભગવાનની સેવા કરે છે એવી જ રીતે પ્રતિદિન, દીનતાથી, સ્નેહપૂર્વક પતિદેવ શ્રીકર્દમમુનિની પરિચર્યા આચરી રહ્યાં હતાં. (૧) હે શ્રી વિદુરજી ! શ્રી દેવહૂતિજીની પતિનિષ્ઠા અપૂર્વ છે. પૂર્ણ વિશ્વાસ, હૃદયની પવિત્રતા, આદરભાવ, ઈંદ્રિયો ઉપર નિગ્રહ-સંયમ અને મનની શમવૃત્તિ સાથે સેવા; સૌહાર્દભાવ આ છ ગુણો અને સર્વ ગુણોની જનની જેવી પ્રિયમધુર વાણી નામના સપ્ત ગુણોની સાથે નિત્ય સેવા કરતાં હતાં, તેમ જ સેવામાં સદા નડતરસમા, કામ, ક્રોધ, દંભ દ્વેષ, લોભ, પાપ, અભિમાન સાત દોષોનો ત્યાગ કરીને નિત્ય સાવધાન રહીને તેમ જ કિંકરની માફક ક્ષણે ક્ષણે સેવામાં તત્પર રહીને દેવહૂતિજીએ તેજસ્વી મહર્ષિને ખૂબ જ સંતુષ્ટ કર્યા. (૨-૩)

કૃતજ્ઞ સુજાણ સ્વામીની પ્રેમગદ્ગદ વાણી

મુનિવર કર્દમજી શ્રીદેવહૂતિદેવી સમક્ષ કૃતજ્ઞતા પ્રકટ કરતા બોલ્યા, દેવી દેવહૂતિ ! રાજકુમારીજી ! સત્ય કહી રહ્યો છું કે આપ નિરંતર મારી ઈચ્છાને સ્નેહથી અનુસર્યા છો, “મારા સ્વામી દૈવથી પણ મહાન છે. મારા પતિદેવ દેવોથી પણ વધુ સમર્થ અને હૃદયના ઉદાર છે, તેઓશ્રી, ભગવાનની મારે “મા” થવું છે એવી દુર્લભ મનાતી ઈચ્છાને પૂર્ણ કરશે એવી તમે અનેક આશાઓમાં શ્રેષ્ઠ ગણાતી આશા સેવી છે, વળી મહાન યોગીજનો પણ ભાગ્યે જ સાચવી શકે એવું એક રાજકુમારી મનાતાં આપે સુદીર્ઘકાલ પર્યન્ત બ્રહ્મચર્ય વ્રત સેવ્યું છે. આવા તપોવ્રત અને સંયમવ્રતથી તમારી કાયા કલ્પવેલી પુષ્કળ શુષ્ક બની ગઈ છે. હે મનુરાજકુમારી ! આપના આ અલૌકિક ગુણો અને ભક્તિથી હું સદા તમારે આધીન બન્યો છું. એમ બોલતા મુનિ ગદગદકંઠ બની ગયા અને કેટલોક સમય મૂક બની ગયા બાદ વચન સુધા વર્ષાવતા કહેવા લાગ્યા. (૪-૫)

कर्दम उवाच ः तुष्टोऽहमद्य तव मानवि मानदायाः – शुश्रूषया परमया परया च भक्तया ।
यो देहिनामयमतीव सुहृत्स्वदेहो – नावेक्षितः समुचितः क्षपितुं मदर्थे ॥ ६ ॥

હે મનુરાજપુત્રી ! તમે તો સ્વયં નિર્માન રહીને મને બહુ માન આપીને મારી સર્વશ્રેષ્ઠ શુશ્રૂષા-સેવા કરી છે. તે સેવાથી તેમ જ તમારી ઉત્કૃષ્ટ ભક્તિથી તમારા ઉપર હું અતિશય પ્રસન્ન છું. દેહધારી પ્રાણી માત્રમાં હિતકારી અને અત્યંત અમૂલ્ય માનવ દેહ મનાય છે, વળી માનવ માત્રને તે પોતાનો દેહ અત્યંત વહાલો હોય છે, તેવા મોંઘા દેહને હે દેવી ! આપે મારી સેવા કરતાં સૂકવી નાખ્યો અને મારી સેવામાં જરા પણ ઊણપ નથી રાખી અને તમારા પોતાના દેહની જરાપણ કાળજી નથી રાખી, આ તમારું મારા ઉપર અસાધારણ ઋણ છે. હું તેનું વળતર શી રીતે વાળી શકીશ ! (૬) હે દેવી દેહહૂતિજી, ભગવાનની કૃપાથી જ નિરંતર સ્વધર્મમાં રહીને આચરેલાં મારાં તપ, સમાધિ, બ્રહ્મવિદ્યા, આત્મયોગથી પ્રસન્ન થયેલા ભગવાનને આપેલા જે ભગવત્પ્રસાદો છે, તે સદા આપના જ છે, હું વળી તે પદાર્થોને આપનાર કોણ છું ? તે સર્વ પદાર્થો કૃતાર્થ થવા-સફળ થવા તમારી પાસે આવ્યા છે. જુઓ દેવી, તે ભગવત્પ્રસાદો ભય અને શોકથી રહિત છે. દેવી ! તે પદાર્થો ઉપર એક આછી કૃપા નજર ફેરવો. તે પદાર્થો જોવા માટે હું એક દિવ્યદૃષ્ટિ આપને આપું છું. (૭) દેવી ! આ પ્રસાદ સ્વરૂપે મળેલા પદાર્થોનું કોઈ પણ વ્યક્તિ મૂલ્યાંકન આંકી શકશે નહીં. મોટા સિદ્ધ પુરુષો પણ તપોબળથી જે સ્વર્ગાદિ પદાર્થોને પ્રાપ્ત કરે છે તે પદાર્થો તો ભગવાન શ્રીકૃષ્ણની આંખના એક જ પલકારામાં નાશ પામનારા છે, તેથી તેનું મહત્ત્વ શું ? દેવી આપ પણ દિવ્યભક્તિ અને તપોવ્રતથી સિદ્ધ બન્યાં છો. જે

પદાર્થો ભગવાને આપ્યા છે તે તો ભગવત્સેવા નામના આત્મધર્મનું દાન દેનારા કલ્પતરુ સમા છે. દેવી ! ભગવત્પ્રસાદી તરીકે તેમનું સેવન કરો. દેવહૂતિજી ! આ એવા દિવ્ય પદાર્થો છે કે જેઓ અમે તો સિદ્ધ છીએ, અમે ભૂપતિઓ છીએ, અમે તો યોગીઓ છીએ એવા સન્નિપાતના વિકારોથી ગળાયેલા છે તેમનાથી મેળવી શકાય તેવા નથી. (૮) હે વિદુરજી ! સમગ્ર યોગમાયા અને સમસ્ત વિદ્યામાં વિચક્ષણ, પોતાના નિજનાથ શ્રીકર્દમ મુનિવરને દેવી દેવહૂતિજીએ ઓળખી લીધા, આવા પતિનાં પત્ની બની સમ્પૂર્ણ પ્રસન્ન થયાં, સર્વથા ચિંતામુક્ત થયાં. મુનિરાજની સામે જોવા સમર્થ ના થઈ શક્યાં, આંખમાં કાંઈક શરમ પ્રવેશી ગઈ અને લજ્જામય દૃષ્ટિથી ખીલી ઊઠેલા હાસ્યપૂર્ણ મુખવાળાં દેવહૂતિજી, વિનય અને પ્રણયથી ગદ્ગદ વાણીવાળાં કહેવા લાગ્યાં. (૯)

શ્રીદેવહૂતિજીની સરલતા, નિખાલસતા અને દૈન્ય

देवहूतिरुवाच– राद्धं बत द्विजवृषैतदसोधयोग । मायाधिपे त्वयि विभो तदवैमि भर्तः ।
यस्तेऽभ्यधायि समयः सकृदङ्गसंगो । भूयाद्गरीयसि गुणप्रसवः सतीनाम् ।।१०।।

શ્રીદેવહૂતિ દેવી બોલ્યાં કે હે ઋષિવર ! આપ તો દ્વિજોમાં વૃષ છો વૃષનો અર્થ એ છે કે આપ આત્મવિદ્ પુરુષોમાં શ્રેષ્ઠ છો, તેમ જ ભક્તિ, જ્ઞાન અને ધર્મની સાથે જરા પણ વિરોધ ન આવે એ પ્રકારના શ્રેષ્ઠ દ્વિજ છો. ક્યાંય પણ નિષ્ફળ ના નીવડતી યોગમાયા ઉપર આપ સંપૂર્ણ પ્રભુત્વ ધરાવનારા માયાના અધિપતિ છો. હે સ્વામીનાથ ! આપે કહ્યા પ્રમાણે સમસ્ત ઐશ્વર્યો આપે પ્રાપ્ત કર્યાં છે એ સત્ય વસ્તુ છે અને એ વસ્તુ હું જાણું છું. હવે તો આપને એક નમ્ર નિવેદન છે કે લગ્ન પ્રસંગે વિચારેલા આદર્શો પ્રમાણે અથવા આપની પ્રતિજ્ઞા પ્રમાણે, એક વાર આપના શ્રીઅંગના સંગનો પ્રસંગ થતાં સતી-પવિત્રતા સ્ત્રીઓના ગુણોના અને આપના દિવ્યગુણોના સંયોગથી સર્વશ્રેષ્ઠ સંતાનોની જ પ્રાપ્તિ થશે. (૧૦) હે નાથ ! ગૃહસ્થાશ્રમના ક્ષેત્રમાં જે કોઈ શાસ્ત્રસંમત સિદ્ધાંતો હોય, તેમજ આપના પણ જે આદર્શો હોય તેનો આપ મને વિના સંકોચે આદેશ કરવા કૃપા કરશો, હું એ સર્વનુ પાલન કરીશ. લગ્નોત્તર એકવાર સંસાર પ્રસંગ કરવો અને પુનઃ સંતોષપૂર્વક સંયમનું સેવન કરવું એ પણ જે આપનો નિયમ અથવા નિશ્ચય હશે તેના પાલનમાં પણ કોઈ કઠણાઈ નહીં આવે. નાથ, એની ખાત્રી આપું છું. પ્રભુ ! એક વાત કરતાં સંકોચ થાય છે કે આપની સાથે દામ્પત્ય સુખ ભોગવવાની ઈચ્છા ધરાવતાં હવે તો મારી કાયા પણ કૃશ બની ગઈ છે અને સંસાર ભોગક્ષમ પણ રહી નથી. તો તે દેહ રમણ યોગ્ય રમણીય બને તેનો પણ વિચાર કરવો ઘટે. નાથ ! આપની અર્ધાંગના થયા પછી આપની સાથે દામ્પત્ય સુખ ભોગની જે કામવૃત્તિ જાગૃત થઈ છે તે વૃત્તિએ મારો પરાજય કરી નાખ્યો છે, તો હવે આપ એવી કૃપા કરો કે મારે હાથે એ કામદેવનો પરાજય થાય. યદિ આપનું મન માને તો રમણયોગ્ય એકાદ રમણીય ભવનની પણ રચના થાય તો ઉત્તમ. (૧૧)

પતિદેવ શ્રીકર્દમ ઋષિએ રચેલ દિવ્ય વિમાન

મહર્ષિ મૈત્રેયે કહ્યું કે વિદુરજી ! પોતાનાં પ્રિયતમા દેવી દેવહૂતિજીનું પ્રિય કરવાની ઈચ્છાથી યોગમાર્ગમાં સર્વથા પ્રથમથી જ જે વિમાન સિદ્ધ હતું તે જ વિમાન મુનિવરે યોગશક્તિથી મેળવ્યું. આ વિમાન ઈચ્છાનુકૂલ ગતિવાળું હતું. (૧૨) આ વિમાન કામધેનુ ગાયની માફક સર્વ પ્રકારની ઈચ્છા પૂર્ણ કરનાર સર્વવિધ સાધન સામગ્રીથી સમ્પન્ન હતું. વિમાનની દિવ્ય રત્ન મણિઓથી રચના કરવામાં આવી હતી. સર્વ પ્રકારની સંપત્તિઓની ઉત્તરોત્તર વૃદ્ધિ કરનાર તે વિમાન હતું. તેને માણિક્ય મણિઓના તો સ્તંભો હતા; પ્રત્યેક ઋતુમાં માફક આવે એવી રચના અને રાચરચીલાથી ભરેલ હતું; ચિત્રવિચિત્ર તોરણો અને ધ્વજાઓથી સુશોભિત હતું; સર્વ સજાવટ સર્વશ્રેષ્ઠ હતી. પુષ્પની માળાઓમાં ભ્રમરાવલી ગુંજારવ કરી રહી હતી. વિવિધ પ્રકારનાં કીમતી, ભારે બારીક રેશમી અને સુતરાઉ વસ્ત્રોથી સુશોભિત હતું. ઉપરા ઉપરી અનેક માળ હતા. પ્રત્યેક માળે સુંદર સુખ શય્યાઓ, પલંગો, પંખાઓ અને આસનો વગેરે ભોગની વસ્તુઓ જ્યાં જોઈએ ત્યાં વ્યવસ્થિત મૂકેલી હતી. (૧૩-૧૬) વિમાનમાં અત્યંત કારીગરીવાળાં કોતરકામ જોવામાં આવતાં હતાં.

કોઈક સ્થાને ભોંયતળિયાં, મેડાઓ રત્નજડિત હતા. બેસવાની વેદીઓ પણ પ્રવાલમણિની હતી. (૧૭) દ્વારમાં પ્રવેશતાં મધ્યમાં આવતી દેહલી-ઉંબરાઓ વિદ્રુમ મણિના બનાવેલા હતા. દ્વારનાં કમાડ પણ કલામય અને રત્નજડિત હતાં. વિમાનનાં શિખરો ઈંદ્રનીલમણિનાં રચેલાં હતાં. શિખરો ઉપર સુવર્ણકુંભો સ્થાપેલા હતા. હીરાની રચેલી દીવાલોમાં મઢવામાં આવેલા પદ્મરાગમણિઓથી જાણે તેજસ્વી વિમાનનાં નેત્રો હોય તેવું વિમાન ઝાલરવાળાં, સુવર્ણનાં તોરણથી સેવાયેલ હતું. (૧૯) વિમાનની વિશેષતાએ હતી કે ચેતનવંત કબૂતર હંસ, વગેરે પક્ષીવૃન્દો, કૃત્રિમ રચનાથી રચેલા હંસ-કબૂતરોને સાચાં માનીને તેમના ઉપર ચઢી ચઢીને કૂજન કરતાં હતાં. (૨૦) વિમાનમાં આવેલાં વિહારસ્થાનો, વિશ્રામસ્થાનો, બેઠકો, આંગણાં, ચોખંડીઓ, ચોક વગેરે એવાં તો અવર્ણનીય હતાં કે જેને જોઈને મહર્ષિ કર્દમજી પણ આશ્ચર્યચકિત થઈ જતા હતા. (૨૧) દેવહૂતિજીએ વિમાન જોયું તો ખરું; પરંતુ મનમાં પ્રસન્નતા ન જાગી, તે વસ્તુ સર્વના હૃદયની વાત જાણનાર મુનિવર્ય દેવહૂતિજીના મનની વાત જાણી ગયા અને સ્વયં જ કહેવા લાગ્યા. (૨૨)

પતિનો પ્રેમ અને કૃપાનાથની સિદ્ધિ

શ્રીદેવહૂતિજીની "કાયા સંસારસુખયોગ્ય નથી" એવી વ્યથાનો ઉકેલ કાઢતા ઋષિવર શ્રીકર્દમજી બોલ્યા કે દેવી ! ચિંતા ન કરશો, હે ભીરુ ! આ બિંદુ સરોવરમાં સ્નાન કરીને પછીથી આ વિમાનમાં પધારો. શ્રીયુક્તનારાયણ ભગવાને રચેલ આ બિંદુ સરોવર મનુષ્યોની સર્વ કામનાઓને સિદ્ધ કરે છે, અને કરશે. (૨૩)

શ્રીદેવહૂતિજીની દિવ્ય કાયા

તપશ્ચર્યા અને તપોવ્રતરત પતિવ્રતા દેવહૂતિજીની કાયાનાં વસ્ત્રો રજથી ખરડાયેલાં મલિનશાં લાગતાં હતાં. વ્રતના નિયમોને લીધે કેશોનું નિત્ય માર્જન ન થવાથી વાળની લટો પણ જામી ગઈ હતી, વક્ષઃસ્થલ ઉપર અને શરીરના અંગો ઉપર મેલના થર જામ્યા હતા. દેવહૂતિની આ સ્થિતિ સંયમવ્રતની શોભા હતી. કમલનયના શ્રીદેવહૂતિ દેવીએ સ્વામીના વચનને સ્વીકારી લઈને સરસ્વતીના કલ્યાણકારી જલવાળા સરોવરમાં સ્નાન માટે પ્રવેશ કર્યો. (૨૪-૨૫) શ્રીદેવહૂતિજીએ બિંદુ સરોવરમાં પ્રવેશતાં જ તેમની સેવામાં તત્પર થઈ ગયેલી એક હજાર કુમારિકાઓને જોઈ. આ સર્વ કન્યાઓ કિશોર વયની હતી, તેમનાં શ્રીઅંગો લાલકમલ જેવાં સુંદર અને સુવાસમય હતાં. બિંદુ સરોવરમાં આવેલ દિવ્ય પ્રાસાદ ભગવાને સ્વયં રચ્યો હતો. કિશોર વયની કુમારિકાઓ આનંદાંશમાંથી ઉત્પન્ન થયેલી હોઈ સદા કિશોરાવસ્થામાં રહેશે. (૨૬) શ્રીદેવહૂતિજીએ જેવો સરોવરમાં પ્રવેશ કર્યો કે તેમનાં દર્શન કરતાં જ સર્વ કુમારિકાઓ કોમલ કરકમલની અંજલિ બાંધી સન્મુખ આવી વિનયપૂર્વક નિવેદન કરવા લાગી કે અમે આપની સેવા માટે તલસી રહ્યાં છીએ, અમે આપની પરિચારિકાઓ છીએ, આપ આજ્ઞા કરો તે પ્રમાણે સેવા કરશું. (૨૭) આ પ્રમાણે વિનય કરીને સર્વ કિશોરીઓ અભ્યંગ-સ્નાનની સુગંધિ ચૂર્ણ, તેલ વગેરે સામગ્રી લઈ આવી, અને દેવીજીને સ્નાન કરાવવા લાગી. સ્નાનવિધિ પૂર્ણ કરી શ્રીઅંગનાં પ્રોંછન કરી કોમલ નિર્મલ અને નૂતન વલ્કલ વસ્ત્રો આપ્યાં. વળી અત્યંત કાન્તિમય, અમૂલ્ય અને હૃદયંગમ સુવર્ણ, મણિ, રત્નોનાં આભૂષણો આપ્યાં. દેવીજીને ઉત્તમ રસનાં પાન કરાવ્યાં અને વિશિષ્ટ પ્રકારની અમૃતમય ભોજનસામગ્રી સન્મુખ લાવી ઉપસ્થિત કરી દીધી. (૨૮-૨૯)

દેવીએ દર્પણમાં મુખ કાન્તિનાં દર્શન કર્યાં

શ્રીદેવહૂતિજી સુવાસિતપુષ્પોની માલાઓથી અત્યંત સુંદર, ઉત્તમ દુકૂલવસ્ત્રને ધારણ કરેલા તદ્દન નિર્મલ ચારે તરફ કુમારિકાઓથી સેવાયેલા, કુમારિકાઓથી વારંવાર સન્માન પામતા, પ્રથમ કંઠપર્યન્ત સ્વસ્તિપુણ્યાહવાચનથી સ્નાન કરેલા, પુનઃ શ્રીમસ્તકની અલકાવલીને ધોઈને સર્વાંગે સ્નાન કરેલા, સર્વ પ્રકારના શ્રેષ્ઠ આભૂષણોથી સુશોભિત લાગતા, સુવર્ણરત્નના પદકવાળી સુવર્ણ કંઠી કંઠમાં ધારણ કરેલા, રત્ન સુવર્ણના કંકણોને કરમાં ધારણ કરેલા, ખણખણ રણકાર કરતાં નૂપુરોને ચરણોમાં ધારણ કરેલા, કટિપ્રદેશ ઉપર અનંત રત્નોથી મઢેલી-જડેલી દિવ્ય મેખલાઓથી અતિ સુશોભિત; વક્ષઃસ્થલમાં અત્યંત મૂલ્યવાળા હાર-કંઠીઓને ધારણ કરેલા; લલાટમાં ધારણ કરેલા કુંકુમના સૌભાગ્ય

તિલક-ચાંદલાથી શોભતા-પ્રત્યેક અંગના ઉત્તમોત્તમ અલંકારોથી અલંકૃત; શ્વેત દંતપંક્તિવાળા; મનોહર ભ્રૂકુટિવાળા, સુંદર સ્નેહાળ, કટાક્ષમય નેત્રોથી મનોહર કમલની તાજી કલિકાની સરસાઈ કરતા મુખાંબુજ અત્યંત મધુર, નીલ અલકાવલીથી સૌભાગ્યપૂર્ણ; સર્વાંગભૂષિત, એવા ષોડશ શૃંગારથી સુશોભિત પોતાના રમણીય દેહને દર્પણમાં નિહાળી રહ્યાં હતાં. આ દેહનું દર્શન કરતાં જ શ્રદ્ધા, ઉત્પન્ન થતી હતી કે દેવહૂતિજી મુનિવર કર્દમજીના ચતુર્વિધ પુરુષાર્થોને પૂર્ણ કરનારાં દિવ્યશક્તિ હતાં. (૩૦-૩૩)

પતિ સેવા પરાયણ પતિવ્રતા દેવહૂતિજી

દેવીએ દર્પણમાં પોતાની પુણ્યકાયાને નિહાળીને સંતોષ અનુભવ્યો, પુનઃ ઋષિવર, પ્રજાપતિ કર્દમ મહર્ષિજીની સેવામાં પહોંચવાની તીવ્ર ઉત્કંઠા ઉત્પન્ન થઈ અને જાણે તેજ ક્ષણે પોતાના ચિરપરિચિત આશ્રમમાં પતિદેવ પાસે જ પહોંચી ગયાં હોય ને શું એમ લાગ્યું. સર્વાંગ દિવ્ય એવી કિશોરીઓ સાથે મુનિવરની સેવામાં ઉપસ્થિત થઈ ગયાં. (૩૪) પોતાના દેહની દિવ્યતા, સર્વાંગ મનોહર અલંકારોની પ્રાપ્તિ, ક્ષણવારમાં સરોવરના રાજમહેલમાંથી મુનિવર પાસે પહોંચવું અને સતત સેવામાં હજારો કિશોરવયની કુમારિકાઓની સન્નિધિ આ સર્વ મુનિવરની દિવ્ય સિદ્ધિઓનો જ મહિમા છે એવું દેવહૂતિજીએ જાણ્યું, જોયું અને આશ્ચર્યચકિત થઈ ગયાં. (૩૫) હે ષડરિપુ વિજયી વિદુરજી ! બિંદુસરોવરમાં સ્નાન કરી નિર્મલ બનેલાં, પુષ્કળ કાન્તિવાળાં, નવ યૌવનમાં પ્રવેશતાં, પુનઃ કન્યાકાલના જ સૌન્દર્યને ધરાવતાં, રમણીય સ્વરૂપથી હૃદયને ચોરી લેતાં, વસ્ત્રાવૃત મનોહર વક્ષઃસ્થલવાળાં, એક હજાર વિદ્યાધરીઓથી સેવાતાં, મનને હરી લેતાં દેવી દેવહૂતિને સેવામાં પધારેલાં જોઈને હૃદયમાં સ્નેહાવિર્ભાવ થતાં જ પ્રજાપતિ કર્દમજીએ દિવ્ય વિમાનમાં બેસાડ્યાં. (૩૬-૩૭)

तस्मिन्नलुप्तमहिमा प्रिययानुरक्तो । विद्याधरीभिरुपचीर्णवपुर्विमाने ।
बिभ्राज उत्कचकुमुद्‌गणवानपीच्य । स्ताराभिरावृत इवोडुपतिर्नभःस्थः ॥३८॥

મુનિની સ્થિતપ્રજ્ઞતા

પ્રસરેલા કેશના સૌંદર્યવાળી, અનેકવિધ સુખ આપનારી એક હજાર વિદ્યાધરીઓ સતત જેમની સેવામાં, તત્પર છે એવાં પોતાનાં પ્રિયતમા શ્રીદેવહૂતિ દેવીમાં પૂર્ણ પ્રમાણમાં અનુરાગવાળા છતાં સ્થિતપ્રજ્ઞ કર્દમ મહર્ષિનો જિતેંદ્રિયપણાનો મહિમા તેવો ને તેવો જ રહ્યો. આ ટાણે જાણે આકાશમાં તારાગણથી વીંટળાયેલા અને નીચે કુમુદગણથી વીંટાયેલા નક્ષત્રરાજ ચંદ્ર શોભે તેમ વિદ્યાધરીઓ દ્વારા શ્રીઅંગે સંસ્કાર પામતા કમનીય કાન્તિવાળા કર્દમ મુનિરાજ શોભી રહ્યા હતા. (૩૮) લલનાઓના સમૂહની મધ્યમાં રહેલા અનેક સિદ્ધ જનોથી સ્તવન કરાતા મુનિરાજ કર્દમજીએ કામદેવના મિત્ર મારુત-પવનને લીધે સુખકર બનેલી, સ્વર્ગમાંથી ભૂતલ પધારતાં ભગવતી ગંગાજીના મંગલમય કલકલ નાદથી ગુંજતી, અષ્ટ લોકપાલોના વિહાર માટે બનેલી મેરુ પર્વતની કન્દરાઓમાં યક્ષરાજ કુબેરદેવની સમાન વિહાર કર્યો. (૩૯) શ્રી દેવહૂતિજી સાથે વિમાનમાં બિરાજીને છ લોકોના વૈશ્રંભક, સુરસન, નન્દનવન, પુષ્પભદ્રક, માનસ અને ચૈત્રરથ્ય નાથના છ ઉદ્યાનોમાં મુનિરાજને આનંદ આપનારાં રમણીયરામા શ્રીદેવહૂતિજી સાથે મુનિરાજ વિહાર કરવા લાગ્યા. (૪૦) તેજસ્વી અને મનોનુકૂલ ગમનશીલ, વિપુલ વિશાલ વિમાનમાં વાયુની સમાન ગતિથી સર્વલોકોમાં કર્દમમુનિ પ્રસ્થાન કરતા દેવોની દિવ્ય ગતિવાળાં વિમાનોને પણ ઓળંગી જતા હતા. (૪૧) સમસ્ત તીર્થો જેના ચરણકમલમાં છે, વળી સમગ્ર દુઃખોને જે દૂર કરનાર છે તે પુરુષોત્તમ પ્રભુના ચરણારવિંદનો આશ્રય કરનાર બંધનમુક્ત મનવાળા મહાનપુરુષોને માટે કઈ વસ્તુ અપ્રાપ્ય છે ? (૪૨) વિમાનમાં વિચરતા મુનિરાજ, વિવિધ પ્રકારના આશ્ચર્યથી ભરેલા સમસ્ત ભૂમંડલના ગોળ ઉપર ફરી ફરીને જ્યાં જ્યાં, જે વસ્તુઓ આવી છે, જેટલી ભૂમિની અવસ્થા છે, તે સર્વ વસ્તુઓ દેવી દેવહૂતિજીને બતાવીને સમર્થ યોગીરાજ કર્મદમજી પોતાના આશ્રમે પાછા ફર્યા.

ભગવદનુગ્રહથી એકસાથે નવધાભક્તિની પ્રાપ્તિ

મુનિ મહારાજે નવ પ્રકારની ભક્તિ અને નવ પ્રકારના સ્વભાવને અનુસરીને યોગશક્તિથી પોતાના આત્માને નવ પ્રકારે વિભાગમાં વહેંચીને મનુરાજપુત્રી રમણીય હૃદયનાં રામા શ્રીદેવહૂતિજીને રસાનુભૂતિ કરાવતા એક મુહૂર્ત જેવાં અનંત વર્ષો સુધી રમણ કર્યું. (૪૪) વિમાનમાં વિહાર કરતાં સુખકર સુકોમલ શય્યામાં બિરાજતાં દેવહૂતિજીએ પોતાના મનોહર સ્વામી સાથે વસતાં વીતી ગયેલા વિપુલ કાલને જાણ્યો પણ નહીં. (૪૫) આ પ્રકારે યોગના બળથી રમણ કરતાં દંપતીનો સો વર્ષનો સમય વીતી ગયો; પરંતુ રતિસુખ લાલસાવાળાં, દંપતીને તદ્દન ન જેવો લાગ્યો. (૪૬) સર્વના સંકલ્પોને જાણનારા, આત્મજ્ઞાની, સમર્થ મુનિરાજ કર્દમે, પોતાના સ્વરૂપને નવ પ્રકારે વિચારીને અર્ધાંગના સ્વરૂપે મનથી ચિંતન કરતા દેવહૂતિ દેવીજીમાં વીર્યનું નવધા આધાન-સ્થાપન કર્યું. (૪૭) વીર્યાધાન થયા પછી વિનાવિલંબે લોકખ્યાત એવાં પરમ ભક્ત અને યોગિની શ્રીદેવહૂતિજીએ કન્યાસંતતિને જન્મ આપ્યો. તે સર્વ કન્યાઓ સર્વાંગે સુડોળ હતી, તેમજ આ રક્તવર્ણા કમલોના સરખી સુવાસિત હતી. (૪૮) લગ્ન સમયે લીધેલા નિર્ણયાનુસાર, નવકન્યાઓનો જન્મ થતાં જ જ્યારે મુનિવર્ય પરમ હંસ દીક્ષા લેવા વિચારી રહ્યા છે ત્યારે સર્વાંગ સુંદર સતી શ્રીદેવહૂતિજી વ્યાકુળ હૃદયવાળાં બન્યાં અને તેમની કાયાલતા કંપવા લાગી. (૪૯) દેવીજીએ મંદસ્મિત મલકાતા મુખે ધરણી તરફ ઢળતી નજરે નિહાળતાં પદ્મરાગમણિસમ કાન્તિવાળા રક્તવર્ણા નખમણિથી ધરણીના ઉપર કાંઈક આલેખન કરતાં, નેત્રયુગમાંથી નીતરતાં નીરને અટકાવી રાખતાં દેવી લલિત વાક્યાવલીથી નિવેદન કરવા લાગ્યાં. (૫૦)

પુત્રપ્રાપ્તિની લાલસા

શ્રીદેવહૂતિજી બોલ્યાં, હે ભગવન્ ! આપ સમર્થ નાથે મને જે જે વચનો આપ્યાં હતાં તે પ્રમાણે આપ સર્વ રીતે વર્ત્યા છો. આમ છતાં શરણે આવેલ આપની અર્ધાંગનાને અભયદાન આપવા કૃપા કરો. (૫૧) હે નાથ ! આપ તો જ્ઞાની છો. આપને શું કહેવું ! પણ આપની જેવી દિવ્ય કન્યાઓ છે તેવા જ સુપાત્ર તેમને માટે વર પણ આપે જ શોધવા રહ્યા. વળી આપશ્રી વનતરફ પ્રસ્થાન કરશો ત્યારે મારા શોકના નિવારણ માટે કોઈપણ જોઈશે ને ! (૫૨)

હે મુનિવર ! આપ તો પ્રભુ એટલે સમર્થ છો. ઈંદ્રિયોના વિષયસુખના લાંબા સંગથી પરમાત્માને વિસરીને વિષય અભિમુખ જીવન જીવતાં મારો ખૂબ જ સમય પસાર થઈ ગયો. ભગવન્ ! હવે બસ થયું. ૫૩ નાથ ! આપના અલૌકિક સામર્થ્યને મેં જાણ્યું નહીં અને ઈંદ્રિયોના વિષયોમાં આસક્તિ ધરાવીને સ્થૂલ કામનાથી આપની સાથે પ્રસંગ કીધો છે, તો પણ મને શ્રદ્ધા છે કે આપનો પ્રસંગ અભય આપનારો થશે. (૫૪) અણસમજમાં દુષ્ટ જન સાથે થઈ ગયેલ સંગ અવશ્ય સંસાર જનક થવાનો જ તે જ પ્રકારે જો સત્પુરુષને ના જાણ્યા હોય છતાં તેમનો સંગ થઈ ગયો તો તે સંસાર નિવૃત્તિ કરાવનારો અને ભગવત્પ્રાપ્તિ કરાવનારો થશે જ. (૫૫) ભગવન ! જે વ્યક્તિનું કર્મ આ લોકમાં ધર્મ માટે નથી, વૈરાગ્યોત્પત્તિ માટે નથી કે તીર્થપાદ પુરુષોત્તમની સેવા માટે નથી; તેવો કર્મ કરનાર પુરુષ કેવળ શ્વાસ લેનાર મનાય પરંતુ જીવન જીવતો ના ગણાય. પણ હે નાથ ! સાચેસાચ આપ જેવા સમર્થ પુરુષની માયાથી વંચિત બની છું કારણ કે આપ તો મુક્તિના દાતા છો, મુક્તિનું ધામ છો, મુક્તિ ધામ એવા આપને પામીને પણ બંધનમાં જ રહી હરિપથગામિની, કે હરિપદસરોજસેવિની ના બની. (૫૭)

શ્રીમદ્ ભાગવતપીયૂષના તૃતીય સ્કંધમાંનો શ્રી કર્દમ મહર્ષિ અને દેવહૂતિ દેવીજીના દિવ્ય દામ્પત્ય જીવન ગાથાનું ગાન કરતો ૨૩મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૨૪મો

[આ અધ્યાયમાં ૪૭ શ્લોકો છે. તેવીસમા અધ્યાયના ૫૭ શ્લોકોમાં મુનિવર કર્દમજીની યોગૈશ્વર્ય કથા અને ભક્તિસુધાનાં વર્ણન કર્યાં, તેમ જ શ્રીદેવહૂતિજીનો વૈરાગ્ય અને શ્રીહરિચરણાનુરાગનાં વર્ણન કર્યાં. પુનઃ આ ૨૪'મા અધ્યાયમાં મોક્ષતત્ત્વનું વર્ણન આવશે.]

મુનિમહારાજે આપેલ અભયદાન અને આશીર્વાદ

मैत्रेय उवाच – निर्वेदवादिनीमेव मनोर्दुहितरं मुनिः । दयालुः शालिनीमाह शुक्लाभिव्याहृतं स्मरन् ॥ १ ॥

શ્રીમૈત્રેય મુનિએ કહ્યું કે વિદુરજી ! શ્રીદેવહૂતિદેવીજીમાં વૈરાગ્યની જાગૃતિથઈ ત્યારે વિવેકવતી શ્રીમનુરાજપુત્રી દેવહૂતિજીને, ભગવાન શુકલનારાયણનું વચન યાદ કરાવતા, દયાળુ મુનિવર્ય શ્રીકર્દમઋષિ કહેવા લાગ્યા. (૧) શ્રીકર્દમઋષિ બોલ્યા કે સર્વથા નિર્દોષ હે મનુરાજકુમારી, આપ આપને માટે મનથી જરાપણ ઓછું ના લાવશો. કે મનમાં રંચપણ ખેદ કરશો મા. નજદીકના ભવિષ્યમાં-અરે દેવી, અવિલંબે અક્ષર ભગવાન આપને ત્યાં અને વળી આપની જ કુક્ષિમાં પધારશે. જે ભગવાને સરસ્વતીતીરે બિંદુસરોવર ઉપર તપશ્ચર્યાને અંતે દયા કરીને દર્શન આપ્યાં હતાં અને શ્રીશુક[illegible]નારાયણના નામથી સર્વત્ર પ્રસિદ્ધ છે. (૨) પ્રિયતમા આપે પાતિવ્રત્ય નામનું દિવ્યવ્રત ધારણ કર્યું છે. મારા આપને અંતરના આશીર્વાદ છે. દેવી, આપનું સર્વથા કલ્યાણ થાવ. હવે આપ સંયમપૂર્વક તપ, દ્રવ્ય અને દાન નામનાં ત્રણ શ્રેષ્ઠ સાધનો દ્વારા સેવા આચરી ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત કરજો. કૃચ્છ્રચાંદ્રાયણ નામનું તપ કરજો, વિવિધ સામગ્રીઓ અને સુવર્ણાદિના શૃંગારોથી ઠાકોરજીની સેવા કરજો અને શાસ્ત્રમાં દર્શાવેલા દશ પ્રકારનાં દાન કરજો. (૩) દેવી ! એક મહત્ત્વનીવાત કહું ? આપે સેવેલા અને હૃદયમાં ધારણ કરેલા, બ્રહ્મભાવને અપાવનારા, તે શ્રીશુકલનારાયણ ભગવાન પોતાના જ્ઞાનથી મારા યશનો વિસ્તાર કરતા, આપના હૃદયની ગ્રંથિઓને ઉકેલશે. દેવી ઉજ્જ્વલ યશસ્વી પુત્રથી જ પિતાની કીર્તિ સર્વત્ર ફેલાય છે ને ! (૪)

દેવહૂતિ દેવીનું દિવ્ય જીવન

ભગવતી શ્રીદેવહૂતિજીએ પણ નિજ નાથ મુનિનાથના માર્ગદર્શનને અને આદેશને અતિશય આદરપૂર્વક પોતાના જીવનમાં શ્રદ્ધા સાથે ઉતાર્યો અને કૂટસ્થ ભગવાનનું પૂર્ણપુરુષ અને ગુરુ તરીકે સંપૂર્ણ સેવન કર્યું. (૫) અનેક તિથિઓવાળા સમય પર્યંત શુકલનારાયણ શ્રી દેવહૂતિજી માતાજીના હૃદયમાં બિરાજ્યા અને અરણી કાષ્ઠમાં રહેલા અગ્નિનારાયણ જેમ મંથનથી પ્રક્ટ થાય તે રીતે શ્રીકર્દમઋષિના દિવ્ય તપ અને તેજથી પધારેલા શ્રીમધુસૂદન ભગવાન પ્રક્ટ થયા ત્યારે આકાશે ધનાધન મેઘોએ વાજીંત્રોનો નાદ કર્યો. ગંધર્વોએ કપિલ ભગવાનનાં ગાન કીધાં, અપ્સરાઓ આનંદવિભોર બની નૃત્ય કરવા લાગી, દેવોના કરસરોજમાંથી દિવ્ય કુસુમાવલીની વર્ષા થવા લાગી, દિશાઓ પ્રસન્ન થઈ. જલભર્યાં સરોવર, સંતોના મનઃ સરોજ અને પ્રાણી માત્ર પ્રસન્ન થયાં. (૭-૮)

લોકપિતામહ બ્રહ્માજીની પુત્રને આંગણે પધરામણી

મહર્ષિ કર્દમજીનો સિદ્ધાશ્રમ સરસ્વતીસરિતાના આશ્રયમાં આવેલો હતો. આશ્રમ અત્યંત રમણીય હતો અને નિતાન્ત શાન્ત હતો. મરીચિ, અત્રિ, અંગિરા, પુલહ, પુલસ્ત્ય, ક્રતુ, ભૃગુ, વશિષ્ઠ અને દક્ષ નામના નવ તેજસ્વી, ઋષિવર્યોને સાથે લઈને સ્વયંભૂ શ્રીબ્રહ્માજી આ દિવ્ય આશ્રમમાં ભગવાન કપિલનાં સન્માન કરવા પધાર્યા. (૯) હે શત્રુમર્દન વિદુરજી ! બ્રહ્માજી તો સ્વરાટ્ છે. તેથી તો તેઓ જાણે છે કે આ કપિલ ભગવાન તો સ્વયં અજન્મા છે, પરબ્રહ્મ છે, ભગવાન છે, તેઓ તો સાંખ્યશાસ્ત્ર નામના તત્ત્વજ્ઞાનના ઉપદેશ માટે જ પોતાના સત્વપૂર્ણ અંશથી પ્રક્ટ થયા છે. આથી આનંદનો અનુભવ કરતા બ્રહ્માજીએ મહર્ષિ કદર્મજીના નિર્મલ મનોરથનો મનથી અત્યંત આદર કર્યો. તેમનું શુદ્ધ ચિત્ત જોઈ સર્વ ઈંદ્રિયોથી અને પ્રાણોથી પ્રસન્નતા પ્રક્ટ કરતા બ્રહ્માજી દેવી દેવહૂતિજીનેઅને મુનિવર્ય કર્દમજીને કહેવા લાગ્યા. (૯-૧૧)

બ્રહ્માજીની પ્રસન્નતાનું ૧૨ થી ૧૯ શ્લોક પર્યન્ત દર્શન

શ્રીબ્રહ્માજી બોલ્યા કે માતાપિતાજીની આજ્ઞાને અને ઉપદેશને માન આપનાર હે માનદ ! કર્દમમુનિ ! હે સુપુત્ર ! આપે સર્વથા નિષ્કપટ હૃદયથી મારી સેવા આચરી છે, અધિક શું કહું ? આપે મારાં વચનનો આદર કરી પ્રેમપૂર્વક પાલન કર્યું છે એ જ મારી સર્વોત્તમ સેવા કરી છે. (૧૨) બેટા ! સુપુત્રોનું એટલું જ કર્તવ્ય છે. સુપુત્રોએ પિતાની આટલી અવશ્ય

સેવા કરવી જોઈએ કે આપ્તજનોનાં વચનોને "ઘણું જ સારું. જેવી આપની આજ્ઞા" એવું કહીને આદરપૂર્વક એ વચનોનું પાલન કરવું જોઈએ. એ તો આપે કર્યું જ છે. (૧૩) હે વત્સ ! હે સજ્જનતનય ! આ આપની કોમલસુંદર કટિતટીવાળી સુપુત્રીઓ પોતાના સ્વતંત્ર પ્રભાવોથી આ સૃષ્ટિનો વિવિધ પ્રકારે વિસ્તાર કરશે (૧૪) હે પુત્ર ! આપની પુત્રીઓના વિવાહ માટે જ હું આ નવ ઋષિવરોને અહીં લઈ આવ્યો છું. આ નવ ઋષિઓ સર્વ ઋષિઓમાં મુખ્ય છે. બેટા, આપની આ જે નવ કન્યાઓ છે તેમને જેઓનાં પરસ્પર શીલ અને પરસ્પરના ગુણ, કર્મ, સ્વભાવ અનુકૂલ આવે તેમનાં તેમની સાથે લગ્ન કરાવો. તેઓ યોગ્ય પ્રજા ઉત્પન્ન કરશે. આ પૃથ્વીમાં સર્વત્ર યશ પ્રસરશે (૧૫) હે પુત્ર ! આપને ત્યાં પ્રકટેલા આ આદિ પુરુષ શ્રીકપિલભગવાન છે. તેઓશ્રી પોતાની માયાથી પ્રાણીઓના જ્ઞાનના નિધિસ્વરૂપ શ્રીવિગ્રહને ધારણ કરીને અવતરેલા છે. એ વાર્તા હું સારી રીતે જાણું છું. (૧૬) હે મનુરાજ રાજકુમારી દેવહૂતિ ! આ હિરણ્યકેશ એટલે સુવર્ણના જેવા કેશવાળા કપિલ ભગવાન સાંખ્ય શાસ્ત્રના પ્રવર્તક થશે. વળી આ ભગવાન કમલનયન હોઈને અનુભવયુક્ત જ્ઞાનનો ઉપદેશ કરશે. તેમજ આ પ્રભુના ચરણકમલમાં કમલનું ચિહ્ન હોવાથી ભૂતલ ઉપર સબીજ અને ભક્તિયુક્ત યોગશાસ્ત્રના પ્રવર્તક થશે. (૧૭) હે મનુપુત્રી ! આ ભગવાન તો "કૈટભ" નામના દૈત્યને મારનાર "કૈટભારિ" ભગવાન છે. આ ભગવાન આપના બુદ્ધિગર્ભમાં બિરાજેલા છે. તેઓશ્રી જ્ઞાન અને વૈરાગ્ય દ્વારા, અવિદ્યાથી ઉત્પન્ન થયેલા સંશયોની ગ્રંથિઓને છેદતા ભૂતલ ઉપર સર્વત્ર વિચરશે. (૧૮) હે મનુકુમારી ! આ કપિલ તો સિદ્ધગણોના અધિપતિ છે. તેઓશ્રીનાં સમર્થ સાંખ્યાચાર્ય મુનિઓ સ્તવન કરશે. આલોકમાં અને સર્વલોકમાં પણ આપની કીર્તિ-યશને ફેલાવશે અને કપિલ ભગવાનના નામથી પ્રસિદ્ધ થશે. (૧૯)

શ્રીબ્રહ્માજીનાં પ્રસ્થાન અને નવ કન્યાઓનાં નવ ઋષિઓને પ્રદાન

મહર્ષિ મૈત્રેયે કહ્યું વિદુરજી ! દેવહૂતિજીને તેમજ કર્દમ ઋષિને આ પ્રમાણે આશ્વાસન આપીને જગતની રચના કરનારા વિધાતા બ્રહ્માજી પોતાના ઉર્ધ્વરેતસ ચાર સનત્કુમારો, શ્રીનારદજી નામના પુત્રોને સાથે લઈને પોતાના હંસવિમાનમાં બિરાજીને પ્રસ્થાન કરી ગયા. (૨૦) હે વિજિતેંદ્રિય વિદુરજી ! શ્રીશતધૃતિ બ્રહ્માજીનાં પ્રસ્થાન થયા પછી બ્રહ્માજીની પ્રેરણ પ્રમાણે મુનિવર કર્દમજીએ પોતાની નવ કન્યાઓને નવ વિશ્વસૃજ ઋષિઓને પરણાવી દીધી. (૨૧) (૧) સર્વ કલામયી શક્તિ શ્રીકલાકુમારીને સાક્ષાત્ સૂર્ય સમાન તેજોમય મરીચિ ઋષિને પ્રેમથી પરણાવી; (૨) સ્નેહમયી શક્તિ શ્રીઅનસૂયાજીને ગુણાતીત અત્રિમુનિને વરાવ્યાં; (૩) તપોમય વિભૂતિ અંગિરા ઋષિની સાથે તપશ્ચર્યા શ્રદ્ધાવાળી હોવી જોઈએ માટે શ્રદ્ધાનામની કન્યાનાં લગ્ન કર્યાં. (૪) હવિર્ભૂ હોમમાંથી ઉત્પન્ન થનારી ધન ધાન્યાદિ ઐશ્વર્યશક્તિ હોવાથી સમર્થ પુલસ્ત્ય નામનાઋષિની સાથે લગ્ન કર્યાં (૫) યોગ્ય દિશામાં ગતિ કરવાની શક્તિવાળી ગતિ નામની કન્યાને પુલહ નામના ઋષિની સાથે પરણાવ્યાં, (૬) ક્રતુ નામના ઋષિને સાત્ત્વિક ક્રિયાશક્તિવાળાં શ્રીક્રિયા નામનાં કન્યા પરણાવ્યાં (૭) કર્મમાર્ગના ઉપાસક ભૃગુ નામના મુનિને જગતમાં કર્મથી વિખ્યાત એવી ખ્યાતિનામની કન્યા પરણાવી. (૮) જ્ઞાનના સમર્થ ઉપાસક "વસિષ્ઠ"નામના ઋષિને પતિની ઈચ્છાનો કદીપણ અવરોધ ના કરનારી અરુંધતી નામની કન્યા પરણાવી. (૯) વેદની રક્ષા કરવાના અભિમાનવાળા અથર્વાનામનામુનિને શાંતિનામની કન્યા પરણાવી, આ શાંતિદેવી દ્વારા યજ્ઞનો વિસ્તાર થયો. આ નવ ઋષિઓને નવ કન્યાઓનાં દાન કર્યા પછી વરકન્યાનાં પુષ્કળ સન્માન કર્યાં તેમજ સારા પ્રમાણમાં કરિયાવર કર્યાં. (૨૨-૨૪) નવ મહર્ષિઓ લગ્ન કર્યા પછી પોતાની પત્ની સાથે સન્માન પામીને પુષ્કળ આનંદનો અનુભવ કરતા પોતપોતાના આશ્રમ સ્થાનો તરફ પ્રસ્થાન કરી ગયા. (૨૫)

કપિલ ભગવાનના ચરણોમાં શરણાગતિ

મહર્ષિકદર્મજીએ પોતાના આંગણે અને પોતાના વંશમાં પ્રકટ થયેલા, દેવાધિદેવ, તેમજ ત્રણ યુગોમાં અવતાર લેતા ત્રિયુગ ભગવાનને ભગવાનની કૃપાથી જાણી લીધા. પુનઃ એકાંતમાં કપિલ ભગવાનની સમીપે જઈને નમ્રતાપૂર્વક નિવેદન કરવા લાગ્યા કે હે કપિલ પ્રભુ ! આ લોકમાં પોતાનાં જ અમંગલ આચરણોથી જે લોકો નરકમાં રીબાતા હોય

છે, તેમને જોઈને ભગવાનને દયા આવે છે ત્યારે પ્રભુ અવતાર લે છે. બાકી તો મહારાજ ઘણા તપને અંતે દેવતાઓ દીર્ઘ કાળે પ્રસન્ન થાય છે. (૨૭)

હે નાથ ! આપનાં શ્રીચરણોનાં દર્શન માટે તો અનેક જન્મોથી પરિપકવ થયેલા ઉત્તમ પ્રકારના યોગથી સાધેલી સમાધિ દ્વારા એકાન્ત સ્થાનોમાં નિવાસ કરી યતિવરો પ્રયત્ન આચરે છે, તે જ ભગવાન કે જે નિજજનોના પક્ષનું પોષણ કરે છે. તે આજ અમારા પ્રમાદને અને અમારી ઉપેક્ષાને નજરમાં પણ ના લેતાં અમારા જેવા વિષયી જનોના નિવાસમાં પ્રકટ થયા છે એથી અધિક કૃપા કઈ હોઈ શકે ? (૨૮-૨૯) મહારાજ ! મારું તો ચોક્કસ માનવું છે કે આપે વચન આપેલ કે હું આપને ત્યાં પુત્ર તરીકે અવતરીશ એ આપનાં વચનોને સત્ય કરવા માટે તેમજ ભક્તજનોના માનને વધારનારા ભગવાન જ્ઞાનનો વિસ્તારકરવા માટે જ અમારા જેવા તુચ્છ જનોના ઘરે અવતરેલા છે. નાથ ! આપ તો પાંચ ભૌતિક તત્ત્વોથી બનેલા રૂપવાળા નથી હોતા, આમ છતાં ભક્તોની ઈચ્છા પ્રમાણેનાં દિવ્ય સ્વરૂપો તેમજ અત્યંત મનોહર ચતુર્ભુજ વગેરે સચ્ચિદાનંદમય સ્વરૂપો અને મંગલ નામોનો સ્વીકાર કરો છો તે તો આપની અપાર દયાનું જ કારણ છે. (૩૦-૩૧)

त्वां सूरिभिस्तत्त्वबुभुत्सयाद्धा–सदाभिवादार्हणपादपीठम् । ऐश्वर्य वैराग्ययशोवबोध – वीर्यश्रिया पूर्णमहं प्रपद्ये ॥ ३२ ॥

હે કપિલ ભગવાન ! તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવાની વૃત્તિથી મહાન વિદ્વાનો આપના વંદનીય શ્રીચરણોને પધરાવવામાં આવતી પાદપીઠને નિરંતર નમસ્કાર કર્યા કરે છે. આપ તો ઐશ્વર્ય, વૈરાગ્ય, યશઃ જ્ઞાન, વીર્ય, અને શ્રી નામના ષડૈશ્વર્યોથી પરિપૂર્ણ છો (૩૨) હે ભગવન ! (૧) અક્ષર સ્વરૂપ. (૨) પ્રકૃતિ સ્વરૂપ. (૩) પ્રકૃતિના અધિષ્ઠાતા પુરુષ સ્વરૂપ. (૪) મહત્ તત્વ સ્વરૂપ (૫) કાલ સ્વરૂપ (૬) કવિ સ્વરૂપ એટલે મહતત્ત્વના અભિમાની સ્વરૂપ અથવા મૂલ બ્રહ્માસ્વરૂપ અથવા સૂત્રાત્મા સ્વરૂપ. (૭) અહંકાર સ્વરૂપ. (૮) અને લોકપાલોના સ્વરૂપ એવા આઠ વિભાગવાળા આપ ભગવાનને નમસ્કાર કરું છું તેમજ પોતાના જ્ઞાનથી પ્રપંચની ઉત્પત્તિને ધરાવનાર સ્વચ્છંદ શક્તિશાળી શ્રીકપિલ ભગવાનને પ્રણામ કરું છું (૩૩) હે કપિલ ભગવન્ ! આપના પ્રાકટ્યથી હવે હું ત્રણે ઋણમાંથી મુક્ત થયેલ છું, તેમજ મારા સમસ્ત મનોરથો પણ પૂર્ણ થયેલા છે, તો હવે આપ પ્રજાપતિ જ હૃદયમાં સાન્નિધ્ય રાખી નિરંતર વિચરણ કરવાની ઈચ્છા છે. (૩૪)

કપિલ ભગવાનનું અનુમોદન અને અભયદાન

ભગવાન કપિલજીએ કહ્યું કે હે સત્ય ! હે સત્ય સ્વરૂપ પિતાજી ! લોકમાં મેં જે કહ્યું છે તે લોકમાં પ્રમાણ ગણાય છે. મુનિવર, મારા એ વચનને અનુસરીને મેં આપને ત્યાં જન્મ લીધો છે. હે મુનિ ! જે મેં આપને કહ્યું છે તે સત્ય છે. (૩૫) પૃથ્વી ઉપર મારો આ જન્મ, જે લોકો દેહ બંધનમાંથી મુક્ત થવા ચાહે છે તેઓને આત્મ દર્શનમાં આવશ્યક અને ઉપયોગી જે તત્ત્વો છે તે તત્વોની ગણના માટે છે. (૩૬) ઘણા લાંબા સમયથી આ માર્ગ નષ્ટ થયેલો હોવાથી આ આત્મદર્શનનો માર્ગ અસ્પષ્ટ થયો છે તે માર્ગની પ્રવૃત્તિ માટે આ દેહને મેં ધારણ કરેલ છે એ વાત આપ જાણો છો. (૩૭) મુનિવર ! આપને વિચરણ કરવાની મારી અનુમતિ છે. માટે આપ યથેચ્છ વિહરો. આપે સર્વ કર્મ મને સમર્પણ કરેલાં છે. હવે આપ અજેય એવા મૃત્યુને જીતીને પરમાનંદની પ્રાપ્તિ કરવા માટે નિત્ય મારું ભજન કરો (૩૮), હું પ્રાણી માત્રના અન્તઃકરણમાં રહેલ છું, સ્વયં પ્રકાશ છં પ્રાણી માત્રના આત્માનો પણ હું આત્મા છું. આપ મને આપના આત્મામાં આત્મા રૂપ મને નિહાળી શોકમુક્ત બનો અને અભયને મેળવો. (૩૯) હે પિતાજી ! મારાં માતૃશ્રી અંગેની આપની ચિંતાને હું જાણું છું; પરંતુ આપ તેની જરા પણ ચિંતા ના કરો, હું મારા માતુશ્રી દેવહૂતિજીને સર્વકર્મોને શાંત કરનારી અધ્યાત્મવિદ્યાનું વિતરણ કરીશ કે જે વિદ્યાથી મારાં માતૃશ્રી ભય તેમ જ શોકને સર્વથા તરી જશે. (૪૦)

મુનિવરનું પ્રસ્થાન

મુનિમૈત્રેયજી બોલ્યા કે વિદુરજી ! ભગવાન કપિલજીએ અત્યંત સ્નેહ અને વિવેકપૂર્વક વિનવેલા મહર્ષિ કર્દમ પ્રજાપતિ

શ્રીકપિલભગવાનની પ્રદક્ષિણા કરી વન તરફ મહા પ્રસ્થાન કરી ગયા. (૪૧) શ્રીકર્દમમુનિના વનપ્રસ્થાન પછી, કેવલ આત્મશરણ વૃત્તિવાળા મુનિવર કર્દમજી મૌનનો સ્વીકાર કરી, સર્વત્ર નિઃસંગ બની, અગ્નિહોત્રી હોઈ અગ્નિનું પણ આત્મામાં આધાન કરી, ગૃહ-આશ્રમ આદિ સર્વ વસ્તુઓનો ત્યાગ કરી પૃથ્વીમાં વિચરવા લાગ્યા. (૪૨) હવે મુનિરાજ સત અને અસતથી પર; સમસ્ત ગુણો જે ભગવાનમાં પ્રકાશે છે અને નિર્ગુણ છે વળી અનન્ય ભક્તિથી જ જે ભગવાનનો અનુભવ થાય છે તે પરબ્રહ્મ પુરુષોત્તમમાં મનને પરોવીને મુનિવર સાયુજ્ય પામ્યા. (૪૩) મુનિવર અહંતા મમતાથી પર થયા હતા, વળી સમદ્રષ્ટા-આત્મદર્શી, અન્તર્મુખ દૃષ્ટિવાળા, શાંત બુદ્ધિ, તેમજ ધીર, ગંભીર, મુનિવ્રત, સાંત, તરંગ વગરની સરિતા જેમ વિચરતા સાયુજ્યને પામ્યા. (૪૪) મુનિ કર્દમજીએ સર્વના અન્દરના આત્મા ભગવાન શ્રીવાસુદેવમાં શ્રેષ્ઠ ભક્તિ પધરાવી હતી; તેથી મુનિ આત્મસમ્પન્ન થયા હતા. તેમજ મુક્ત બંધન મુનિ બન્યા હતા. (૪૫) મુનિ કર્દમજીએ પોતાના આત્મા સ્વરૂપ ભગવાનમાં સર્વ પ્રાણીઓને મુનિમહારાજે નિહાળ્યાં, તેમજ ભગવદ્રૂપ પોતાના આત્મામાં સર્વ પ્રાણીઓને જોયાં. (૪૬) ઈચ્છા અને દ્વેષથી રહિત બનેલા, સર્વત્ર સમાન દૃષ્ટિવાળા, ભગવાનના શ્રીચરણોમાં અનન્ય ભક્તિવાળા મુનિવર ભગવાન સાથે સાયુજ્ય પામ્યા. (૪૭)

इच्छाद्वेष विहीनेन सर्वत्र समचेतसा । भगवद्भक्तियोगेन प्राप्ता भागवती गतिः ॥ ४७ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના તૃતીય સ્કંધમાંનો શ્રીકપિલ ભગવાનનું પ્રાક્ટ્ય અને મહર્ષિ કર્દમજીના વનપ્રસ્થાન પ્રસંગનું વર્ણન કરતો અધ્યાય ૨૪મો સમાપ્ત.

અધ્યાય ૨૫મો

[આ અધ્યાયમાં ૪૪ શ્લોકો છે. તૃતીય સ્કંધમાં ૩૩ અધ્યાયો છે. સર્ગલીલા તૃતીય સ્કંધનો વિષય છે. ૧ થી ૧૯ અને ૨૦ થી ૩૩ એવા બે વિભાગો છે. પ્રથમ વિભાગમાં શ્રીવરાહ ભગવાનની લીલાનું વર્ણન આવ્યું છે. બીજા વિભાગમાં ૨૦મા અધ્યાયમાં સંધ્યાની સૃષ્ટિનું વર્ણન કર્યું અને ૨૧ થી ૨૪ સુધીના ચાર અધ્યાયોમાં શ્રીકપિલભગવાનના પ્રાદુર્ભાવ સંબંધની કથા આવી. હવે ૨૫ થી ૩૩ અધ્યાયોમાં જ્ઞાન ચારિત્રનું વર્ણન આવે છે. સાત્ત્વિક રાજસ આદિ ત્રણ ગુણોનું પરસ્પર મિશ્રણ થવાથી જ્ઞાનના નવ પ્રકારો થશે. તૃતીય સ્કંધમાં શ્રીશૌનક મુનિજીએ શ્રીમનુ ભગવાનની અને મનુ ભગવાનના વંશ સંબંધની કથા પૂછી હતી. આ પ્રશ્નમાં કપિલ ભગવાનની કથાનો સમાવેશ નહીં થાય એમ માનીને હવે ૩ શ્લોકોમાં કપિલ ભગવાનનું ચરિત્ર પૂછી રહ્યા છે.]

કપિલ ભગવાનના ચરિત્ર શ્રવણની ઉત્કંઠા

श्रीशौनक उवाच–कपिलस्तत्त्वसंख्याता भगवान् । भगवान् स्वा त्ममायया । जातःस्वयमजः साक्षात् आत्मप्रज्ञाप्तये नृणाम्।१।

શ્રીશૌનક મહર્ષિએ કહ્યું કે તત્ત્વોની સંખ્યા ગણનાર શ્રીકપિલ ભગવાન પોતે તો અજન્મા છે. તો પણ મનુષ્યોને આત્મજ્ઞાન પ્રાપ્ત કરાવવા માટે પોતાની આત્મ માયાથી સાક્ષાત્ પ્રક્ટ થયા છે (૧) પુરુષોમાં શ્રેષ્ઠ અને સર્વ યોગીઓને વરવા યોગ્ય અને શ્રવણથી મેળવાતા આ શ્રીહરિની કથાનું નિત્ય શ્રવણ કરવા છતાં ખરેખર મારા પ્રાણો સંતોષાતા નથી. તેઓને તો અધિક ને અધિક હરિકથામૃતનાં પાન કરવાં છે. (૨) ભગવાન શ્રીહરિ તો પોતાના સ્વજનોની ઈચ્છાને અનુસરવાના સ્વભાવવાળા છે, તેથી ભક્તોની ઈચ્છાઓને માન આપીને પોતાની શક્તિ દ્વારા જે જે લીલાઓ આચરે છે તે તે કીર્તન કરવા યોગ્ય ચરિત્રોનું શ્રવણ કરવાની મને ખૂબ જ શ્રદ્ધા છે તે તે ચરિત્રોનું શ્રવણ કરાવવા કૃપા કરો. (૩)

શ્રીસૂતમહર્ષિજીએ કહ્યું કે મુનિવર શૌનકજી ! શ્રીકૃષ્ણદ્વૈપાયન વ્યાસજીના સખા, શ્રીમૈત્રેય ભગવાનને પણ આપ મને જેમ પ્રશ્ન પૂછી રહ્યા છો. તેમ શ્રીવિદુરજીએ પણ આવા જ પ્રશ્નો પૂછ્યા હતા. ત્યારે પ્રશ્નોનું શ્રવણ કરી અત્યંત પ્રસન્ન થયેલા મૈત્રેય મહર્ષિ શ્રીવિદુરજીને જે રીતે કથા કહેવા લાગ્યા તે કથા પ્રસંગ હવે આપ સાંભળો. (૪)

મુક્તિપ્રાપ્તિ કરતાં પણ માતૃસેવા મહત્ત્વની

मैत्रेय उवाच– पितरि प्रस्थितेऽरण्यं मातुः प्रियचिकीर्षया । तस्मिन् बिन्दुसरेऽवात्सीत् भगवान् कपिलः किल ॥५॥

શ્રી મૈત્રેય મહર્ષિએ કહ્યું કે વિદુરજી ! વેદોની આજ્ઞા છે કે "मातृदेवो भव" આ આજ્ઞાનું અનુમોદન કરવા કપિલ ભગવાન,

પોતાના પિતૃચરણ કર્દમમહર્ષિજી જ્યારે વનમાં પધાર્યા ત્યારે કેવલ માતાજીનું પ્રિય કરવાની વૃત્તિથી ખરેખર શ્રીબિંદુ સરોવર ઉપર કપિલ પ્રભુ બિરાજ્યા. (૫) હે વિદુરજી ! બ્રહ્માજીનાં વચનનું સ્મરણ કરતાં માતા દેવહૂતિજી એક દિવસ, તપશ્ચર્યામાંથી નિવૃત્ત થઈ બિરાજેલા, તત્ત્વજ્ઞાનના તાત્પર્યના નિષ્ણાત દ્રષ્ટા, સ્વસ્થતાપૂર્વક બિરાજેલા, શ્રીકર્દમઋષિની કીર્તિને વધારનાર પોતાના લાડકવાયા પુત્ર કપિલભગવાનને પૂછવા લાગ્યા. (૩)

સંસારભોગ સર્વને થકવી નાખશે

શ્રીદેવહૂતિજી કહેવા લાગ્યાં કે હે નાથ ! હે પ્રભુ ! હે સર્વ શક્તિ સમ્પન્ન પ્રભુ ! દુષ્ટ ઈંદ્રિયોની વૃત્તિઓના નિરંતર પોષણથી હવે હું હારી ગયેલ છું, થાકી ગયેલ છું, કંટાળેલ છું અને ઈંદ્રિય વૃત્તિઓનો જ આદર કરવાથી આખરે અંધકારને આરે આવી ઊભેલ છું. હવે બહાર નીકળવા ચાહું છું. (૭) હે ભગવન્ ! મનુષ્યના પ્રયત્નથી પાર કરી ના શકાય એવા અન્ધઃતમ નામના ઊંડા ગર્તમાંથી બહાર લઈ જવા આપ સમર્થ છો. આપ જ અમારા અંધજનોની ઉત્તમ આંખ છો, કેવલ આપની જ કૃપાથી આપને અનેક જન્મોને અંતે મેં પ્રાપ્ત કર્યા છે, (૮) આપ ભગવાન છો, પુરુષોમાં આદ્ય છો, તેમજ પુરુષોના ઈશ્વર છો, આપ ભગવાન સૂર્યની માફક અંધકારથી અંધ બનેલા લોકના પ્રકાશક ચક્ષુતરીકે ઉદય પામેલા છો. (૯) હે દેવ ! આ દેહમાં હું અને મારું એવો જે મનુષ્યનો દુરાગ્રહ છે તે તો આપની જ માયાથી ઉત્પન્ન થયેલો હોવાથી તે દુરાગ્રહને અને તે ભારે સંમોહને આપ જ ટાળી શકવા સમર્થ છો; તેથી જ આપને વિનવું છું. (૧૦)

तं त्वा गताऽहं शरणं शरण्यं–स्वभृत्यसंसारतरोः कुठारम् । जिज्ञासयाऽहं प्रकृतेः पूरुषस्य–नमामि सद्धर्मविदां वरिष्ठम् ।।११।।

હે નાથ ! આપ તો શરણાગત વત્સલ છો, વળી નિજ ભક્તોના સંસાર વૃક્ષના છેદનારા છો, સંસારવૃક્ષના મૂલને નિર્મૂલ કરનારા કુઠાર-કુહાડા છો, હું આપના શ્રીચરણોની શરણાગત છું. પ્રકૃતિ અને પુરુષ નામના તત્ત્વને સમજવાની વૃત્તિવાળી છું, આપશ્રી તો સંતોના ધર્મોને ધારણ કરનારાઓમાં શ્રેષ્ઠ અગ્રસર છો, આપના ચરણોમાં મારા દંડવત્ હો. (૧૧)

હૃદયમાં હરિને રાખનાર પ્રસન્નમન અને પ્રસન્નમુખ ગુરુ જ જ્ઞાન દાતા બની શકે

મહર્ષિ મૈત્રેયજી કહેવા લાગ્યા કે વિદુરજી જ્યારે શ્રીદેવહૂતિમાતાજીએ કપિલભગવાનના શ્રીચરણોની શરણાગતિ લીધી ત્યારે પોતાનાં જનનીનાં નિર્દોષ, તેમજ પુરુષોના મોક્ષમાર્ગમાં પ્રેમને વધારનારાં પરમપવિત્ર વચનોનું શ્રવણ કરીને કપિલ ભગવાનના હૃદયમાં ખાત્રી થઈ કે મારાં માતુશ્રીની જ્ઞાનને જાણવાની દૃઢ ઈચ્છા છે, ત્યારે દયાભરી બુદ્ધિથી માતાજીના મનોરથને અભિનંદન આપ્યાં અને સહજ સ્મિત-હાસ્યથી શોભતા મુખકમલવાળા તેમજ પરમ ભગવદીયોના ગતિરૂપ શ્રીકપિલભાગવાન વચનસુધા વર્ષાવવા લાગ્યા. (૧૨) કપિલ ભગવાને કહ્યું કે માતાજી ! આધ્યાત્મિક નામનો યોગ છે, તે યોગનો મહિમા છે કે જેના સેવનથી સર્વથા દુઃખની નિવૃત્તિ અને સર્વથા ભૌતિકાદિ સુખોની પણ નિવૃત્તિ રહેલી છે. આ યોગ પુરુષોના કલ્યાણમાટે અને મોક્ષ માટે ઘણો મહાન માન્યો છે. માતાજી ! મેં પણ એ યોગને સ્વીકાર્યો છે. (૧૩) હે માતાજી આપશ્રી તો મારાં જનની છો, પૂર્ણ પવિત્ર અને નિર્દોષ છો, આ યોગને એટલે આધ્યાત્મિક યોગને સાંભળવાની ઈચ્છાવાળા ઋષિઓને મેં પૂર્વમાં આ યોગ વર્ણવ્યો છે. આ યોગના શ્રવણથી અને સેવનથી સર્વાંગોની નિપુણતા પ્રાપ્ત થાય છે. આ યોગ પુરાતન છે, પૂર્વે મેં કહેલ છે. પુનઃ આપને હું આ યોગ વર્ણવીશ. (૧૪) માતાજી ! વાસ્તવિક રીતે તો આપણું ચિત્ત જ આ આત્માને બંધન કરાવનાર છે, તેમજ મુક્તિમાં પણ મન જ કારણ છે. આપણું તે મન વિષયના ગુણોમાં આસક્ત બન્યું હશે તો બંધનકારક થશે અને જો તે ભગવાનમાં અનુરાગવાળું થશે તો આનંદ અપાવનાર થશે. (૧૫) હે માતાજી ! જ્યારે આ મન "હું અને મારું" એવા અભિમાનથી ઉત્પન્ન થતા કામ અને ક્રોધ, લોભ અને મોહ વગેરે મનોમલોથી મુક્ત થઈ શુદ્ધ બને છે ત્યારે તે દુઃખ રહિત બને છે. તેમજ સુખરહિત બને છે, પુનઃ સમતોલ બને છે. (૧૬) માતાજી ! જ્યારે ઉપર દર્શાવ્યા પ્રમાણે મનશુદ્ધ થાય છે ત્યારે તે મન આત્મદર્શન કરે છે. આ આત્મા (૧) કેવલમ્-દેહથી ભિન્ન છે. (૨) પ્રકૃતેઃ પરમ્-સ્વભાવ ઉપર વિજય મેળવનાર

પ્રકૃતિથી પર છે. (૩) निरंतरम्-ભેદથી રહિત છે, (૪) स्वयंज्योतिः-સ્વયં પ્રકાશ છે (૫) अणिमानम्-એ આત્મા અણુ પરિણામ એટલે માપવાળો છે એવું ન સમજવું; પરંતુ યોગીઓના મનથી પણ ના દેખી શકાય તેવો સૂક્ષ્મમાં પણ સૂક્ષ્મ છે. (૬) अखंडितम्-અને અખંડિત છે. તે મનુષ્ય, દેવ, વગેરેમાં આવે તો પણપોતાના જ્ઞાન અને આનંદથી ખંડિત થાય નહીં. (૧૭) હે માતાજી ! મનની નિર્મલતા સાથે તે મન જ્ઞાન અને વૈરાગ્યથી પૂર્ણ બને, તેમજ પરાભક્તિથી પરિપૂર્ણ બને, ત્યારે જ તે દિવ્ય મન આવા ત્રિવેણી સંગમથી ષડ્ગુણપૂર્ણ આત્માનાં દર્શન કરે છે, તેમ જ આત્મદર્શનના બળથી નિસ્તેજ બનેલી પ્રકૃતિને જોઈ શકે છે. (૧૮) માતાજી ! સમર્થ મનાતા યોગીજનોને બ્રહ્મપ્રાપ્તિને માટેના સાધન તરીકે તો સર્વ પ્રાણીના આત્મા એવા ભગવાનમાં કરવામાં આવતી અનન્યાશ્રિત ભક્તિ સમાન શ્રેયઃસ્કર અન્ય કોઈ પણ માર્ગ નથી. (૧૯)

પ્રસંગ અજરપાશ છે અને પ્રસંગ જ અમૃતની પરબ છે

प्रसङ्गमजरं पाशमात्मनः कवयो विदुः । स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम् ॥ २० ॥

માતાજી ! આપણે જેને શાણા અને વિવેકી જનો કહીએ છીએ, શાસ્ત્રો તેને કવિઓ કહે છે. આ કવિજનોનું કથન છે કે-અતિશય આરૂઢ 'સંસર્ગ'ને આત્માના સુદૃઢપાશ તરીકે માન્યો છે. પરંતુ તે આરૂઢસંગ જો સાધુજનો સાથે સધાય તો મુક્તિનાં દ્વાર ખૂલી જાય છે. (૨૦)

શ્રીહરિની ષોડશકલા જેવા સાધુનાં સોળ લક્ષણો

तितिक्षवः कारुणिकाः सुहृदःसर्वेदेहिनाम् । अजातशत्रवः शान्ताः साधवःसाधुभूषणाः ॥ २१ ॥
मय्यनन्येन भावेन भक्तिं कुर्वन्ति ये दृढाम् । मत्कृते त्यक्तकर्माणः त्यक्तस्वजनबान्धवाः ॥ २२ ॥
मदाश्रयाः कथा मृष्ठाः शृण्वन्ति कथयन्ति च । तपन्ति विविधास्तापा नैतान् मद्गतचेतसः ॥ २३ ॥
त एते साधवः साध्वि सर्वसङ्गविवर्जिता; । सङ्गस्तेष्वथ ते प्राथ्यः सङ्गदोषहरा हि ते ॥ २४ ॥

હે જનની ! આ જગતમાં સાધુજનો સોળ લક્ષણા હોય છે :(૧) तितिक्षवः– કટુવાક્યો, કટાક્ષ, વાક્યો, તિરસ્કાર અપમાન આદિ કલેશોને સહન કરનારા હોય છે. (૨) कारुणिकाः -તેઓ અપાર કરુણના સાગરો હોય છે. (૩) सुहृदः-સર્વ જનોનું સદા હિત કરનારા હોય છે. (૪) अजातशत्रवः -જેઓ અનેક જન્મના પુણ્યશાળી અને સર્વ દોષોથી મુક્ત બન્યા હોય છે તે બીજા જન્મમાં અજાતશત્રુ બને છે. (૫) शान्ताः -તેઓ ભય અને વ્યગ્રતાથી પર હોય છે. (૬) साधवः-તેઓ સદાચારી છે કે જેમના દેહથી એકાદપણ દોષ દુષ્કૃત્ય-દુરાચાર થતા નથી તે સદાચારી કહેવાય છે. (૭) साधुभूषणाः-સાધુતા જ એમનાં ભૂષણ છે. (૮) मय्यनन्येन भावेन-भकितं कुर्वन्ति મારામાં અનન્ય ભાવથી દૃઢભક્તિ કરે છે, (૯) मत्कृते त्यक्तकर्माणः-મારે માટે પ્રત્યેક કર્મનો ત્યાગ કરે છે. ભગવત્સેવામાં આડે આવતાં સમગ્ર લૌકિક વૈદિક કર્મોમાં અનાસક્ત હોય છે. (૧૦) त्यक्तस्वजनबान्धवाः-મારી સેવામાં આડે આવતા સ્વજન અને બંધુજનનો સદા ત્યાગ કરી દે છે. (૧૧) मदाश्रयाः कथाः-ભગવદલીલા અને ઐશ્વર્યોથી ભરેલી મધુર કથાઓનું શ્રવણ કરે છે (૧૨) कथयन्ति-મારી જ કથાઓનાં કીર્તન કરે છે. (૧૩) च स्मरन्ति–મારી જ કથાઓનું સ્મરણ કરે છે. (૧૪) मद्गतचेतसः -મારામાં જ મન પરોવીને રહેલા, મારા ભગવદીય જનોને આધિ, વ્યાધિ, ઉપાધિ નામના ત્રણે તાપો કદી પણ તપાવતા નથી. (૨૩) હે સાધ્વી માતાજી ! આ ઉપરાંત મારા ભક્તોમાં બીજા બે ગુણો પણ છે. (૧૫) सर्वसंगविवर्जिताः -ઉપર દર્શાવેલા ચૌદ ગુણો સાથે તેમનો પંદરમો મહત્ત્વનો એક ગુણ છે : તેઓ સર્વ પ્રકારના સંગથી પર અને પ્રાયઃ એકાન્તસેવી હોય છે. તેથી ભાગ્યે જ કોઈ તેઓના સંગમાં આવે છે, તેઓનો એક એવો અલૌકિક સોળમો ગુણ છે કે "संगदोषहराः"-સંગથી ઉત્પન્ન થનારા દાષોને દૂર કરી દેનારા હોય છે. આ પ્રકારના સાધુજનો મળવા દુર્લભ છે; પરંતુ માતાજી ! આપ તો સાધ્વી છો, સાધુતાથી ભરેલાં છો; તેથી અવશ્ય આ પ્રકારના સાધુઓનો સંગ સાધી શકશો. (૨૪)

સત્પુરુષોના સમાગમમાં કેવલ હરિકથા જ સાંભળવાની મળે

सतां प्रसंगाद् मम वीर्यसंविदो–भवन्ति हृत्कर्णरसायनाः कथाः। तज्जोषणादाश्व पवर्गवर्त्मनि–श्रद्धा रतिर्भक्तिरनुक्रमिष्यति ॥२५॥

હે જનની ! ઉપર દર્શાવેલા સોળ લક્ષણથી પરિપૂર્ણ સંતો પ્રાયઃ ગુપ્તવાસ કરનારા હોય છે. એમનું સામર્થ્ય તો આખા જગતની મુક્તિ કરવાનું હોય છે; તેથી તો ભગવાને તેમને એકાતમાં વાસ કરવાની વૃત્તિવાળા બનાવ્યા છે. જેમનો પૂર્ણ પુણ્યોદય થાય તેઓને તેમનો સંગ થઈ જાય છે. માટે માતાજી ! આ કોટિના મહાન પુરુષોના સતત સમાગમમાં આવશો તો તેમના પ્રસંગથી જ મારાં સર્વ પ્રકારનાં ઐશ્વર્યોથી છલકાતી, મારાં ઐશ્વર્યોનું યથાર્થ જ્ઞાન કરાવતી, હૃદયંગમ અને અતિશય કર્ણ મધુર કથાઓ ચર્ચાતી સાંભળવા મળશે. આ દિવ્ય કથાઓના સેવનથી વિના વિલંબે પ્રભુના પંથે વળવાની વૃત્તિ, શક્તિ, શ્રદ્ધા, પ્રેમ અને ભક્તિનો અનુક્રમે વિકાસ થશે. એનાં પરિણામ નજરે નિહાળેલાં અને કાને સાંભળેલા ઈન્દ્રિયનાં સુખોમાંથી મન પાછું વળી જશે. આવી દિવ્ય પ્રભુ ભક્તિના જ બળથી સહજ વૈરાગ્ય સિદ્ધ થઈ જશે. વૈરાગ્ય પ્રાપ્ત થતાં જ ભગવદીય જન, મારી લીલાઓનું, મારી રચનાઓનું સતત ચિંતન કરીને અત્યંત સાવધાની અને એકાગ્રતાપૂર્વક યોગનું આચરણ કરશે. સરલતાભર્યા આ યોગમાર્ગનું માર્ગદર્શન મેળવી, યોગમાર્ગના દર્શાવેલા કોમલ ઉપાયોથી ચિત્તનો નિગ્રહ કરવા પ્રયત્ન કરશે. આ માર્ગે વળેલા મારા ભક્તના જીવનમાંથી પ્રકૃતિના ગુણોનું સેવન છૂટી જશે; વૈરાગ્ય દ્વારા જ્ઞાનનો વિકાસ થશે, સંતોષપૂર્વક મારી ભક્તિ કરતાં ભક્તજન પોતાના આત્માના આત્મા એવા મને આ દેહમાં જ અને આ લોકમાં જ મને પ્રાપ્ત કરી લેશે. (૨૫-૨૭)

કઈ ભક્તિ સર્વ શ્રેષ્ઠ ગણાય એવી દેવહૂતિ માતાજીની જિજ્ઞાસા

માતાએ પૂછ્યું, બેટા ! એ વાત આપ કહો ને કે આપના ચરણકમલોમાં કેવા પ્રકારની ભક્તિ ઉચિત મનાય ? વળી મારાથી પણ આચરી શકાય એવી સુલભ અને સરલ ભક્તિ કઈ ? કે જે ભક્તિના અવલંબનથી હું આપના નિર્વાણધામને અનાયાસે પામી શકું. હે નાથ ! આપ જ નિર્વાણ સ્વરૂપ છો, તો હે ભગવન્ ! ભગવાનને પ્રાપ્ત કરાવનાર, ભગવાનના દર્શન તાપાર્તિ નામના નામના લક્ષ્યને વીંધી શકે તેવા બાણ જેવો વિજયી અને તેજસ્વી જે યોગ આપે કહ્યો તે યોગ કેવો હોય ! તેનાં અંગો કેટલાં હોય તે સર્વ વસ્તુઓ-મારા જેવીને મંદમતિથી સમજી શકાય તે પ્રકારે સમજાવો. (૨૮-૩૦)

કરુણાસિંધુ શ્રીકપિલ ભગવાન

શ્રીમૈત્રેય મહર્ષિએ કહ્યું કે વિદુરજી ! શ્રીદેવહૂતિ માતાજીના દૈન્ય અને શ્રદ્ધાપૂર્ણ પ્રશ્નોના અભિપ્રાયને જાણીને, જે જનનીનાં શ્રીઅંગોમાંથી શ્રીકપિલ ભગવાન પ્રકટ થયા હતા. તેમનાં ચરણોમાં ભક્તિભાવ છલકાઈ આવ્યો, અને તે માતૃચરણને-માતાજીને, "સમસ્ત તત્ત્વામ્નાય" સ્નેહપૂર્વક સંભળાવ્યો. આ તત્ત્વામ્નાયને સાંખ્યશાસ્ત્ર નામથી સર્વ જાણે છે. ભગવાને આ સાંખ્યશાસ્ત્ર ભક્તિશાસ્ત્ર અને યોગશાસ્ત્ર આવાં ત્રણે શાસ્ત્રોને અત્યંત પ્રેમપૂર્વક જનની સમીપે વર્ણવ્યા. (૩૧)

શ્રીકપિલ ભગવાને ૧૧ શ્લોકોમાં ગાયેલી ભક્તિમીમાંસા

માતાજી ! કથાકીર્તનશ્રવણ, સ્વરૂપસેવન, દર્શન વગેરે અલૌકિકગુણો દ્વારા ઓળખાતી, ભગવત્ પ્રાપ્ત્યર્થ જ વેદોક્ત કર્મોને કરનારી, ભગવાનમાં જ મનવાળા "એક" મનવાળા પુરુષની દૈવીવૃત્તિવાળી ઈંદ્રિયોની , સત્ત્વમૂર્તિ શ્યામસુંદર શ્રીકૃષ્ણ ભગવાનની જ સેવામાં સહજ પ્રીતિ અને સહજ પ્રવૃત્તિ થવી, તેમ જ કોઈદિ સેવા ખંડિત ના થવી, તદુપરાંત કોઈપણ લાભની કે ફલની લાલસા ન રહેવી એ પ્રકારની ભક્તની સેવામાં રહેલી સ્થિતિને ભક્તિ કહેવામાં આવે છે. માતાજી ! આ ભક્તિનાં અકારણભક્તિ, અહૈતુકી ભક્તિ, અખંડિત ભક્તિ, નિર્વ્યાજ ભક્તિ, ફલાત્મિકાભક્તિ, પરાભક્તિ, આવાં વિશિષ્ટ નામો છે. ભગવાનની આ પ્રેમલક્ષણા ભક્તિમાં એવું સામર્થ્ય છે કે જેમ જઠરાગ્નિ ભોજનને જીર્ણ કરી નાખે છે, તે જ પ્રકારે આ પરાભક્તિ લિંગદેહોને દાહ કરી નાખે છે, માતાજી ! આ "ભાગવતીભક્તિ"

સિદ્ધિઓ કરતાં તો અનન્તગણી ઉત્તમ છે. (૩૨-૩૩) માડી સાંભળો ! મારાં ચરણોની સેવામાં જ મસ્ત અને મારા ચરણોની સેવામાં જ આનંદવાળા, મારે માટે જ કાર્ય કરનારા કેટલાક અનન્ય ભગવદીયો મારામાં જ પ્રીતિ કરતા હોય છે જ્યારે આવા તાદૃશી ભક્તજનો ભેળા મળે ત્યારે મારા જ મહિમાનાં ગાન-સન્માન કરતા હોય છે, તેઓ તો મારી સાથે થતી સાયુજ્યમુક્તિને પણ નથી ચાહતા. (૩૪) હે જનની ! મારામાં જ ડૂબેલા મારા ભગવદીય જનોને મારાં દિવ્ય સ્વરૂપોનાં દર્શન થાય છે. આ દર્શન અનેક પ્રકારનાં છતાં ત્રણ પ્રકારનાં હોય છે : (૧) પ્રથમ પ્રકારનાં रुचिरावतंस-એટલે રમણીય કર્ણભૂષણવાળા જેઓ મારા અષ્ટપ્રહરની સેવામાં પરોવાયેલા હોય છે, તેમને મારી માનસીસેવા નિત્ય સિદ્ધ થયેલી હોવાથી તેઓને વૃન્દાવનવિહારી, સ્વામિની કરસરોજ સંસેવિત નિત્ય નૂતન શૃંગારવિલસિત શ્યામસુંદરવરનાં દર્શન થાય છે. (૨) બીજો प्रसन्नवक्त्र-પ્રસન્ન મુખ કમલવાળા શ્રીરઘુનાથજી, શ્રીવામનજી વગેરે શ્રીહરિનાં સ્વરૂપોનાં દર્શન થાય છે (૩) ત્રીજો अरुणलोचनानि-લાલ નેત્રવાળાં નાથનાં દર્શન થાય છે, આ સ્વરૂપ તો, ભક્તોને ત્રાસ આપનારા ખલોનો ઉચ્છેદ કરવા ધારણ કરેલ લીલા પીળાં નેત્રવાળાં નૃસિંહવરાહ આદિ વિરુદ્ધધર્મ સમાશ્રયી સ્વરૂપો હોય છે. નાથના આ નેત્રોમાં ખલો માટે ઉગ્રતાનાં અને સરલ ભક્તજનો માટે વાત્સલ્યપૂર્ણ નયનોવાળાં દર્શનો હોય છે. મારી લીલાના રસાવેશમાં નિમગ્ન થયેલા મારા ભક્તોને મારાં દિવ્ય, અનુરાગભર્યાં અને વરદાન અર્પનારાં આવાં સ્વરૂપોનાં દર્શન પણ થાય છે અને મારી સાથે મીઠડી ગોઠડીઓ પણ થાય છે. આ વાર્તાઓ તો હૃદયસ્પર્શિણી હોય છે. (૩૫) માતાજી ! જ્યારે ભગવાનનાં લાવણયમય મનોહર શ્રીઅંગવાળાં સ્વરૂપોનાં દર્શન થાય છે ત્યારે તે મધુર સ્મિતથી છલકાતાં અમીમય નજરોવાળાં અને માધુર્યપૂર્ણ વાર્તાલાપ કરતાં દિવ્યસ્વરૂપો ચિત્તને ચોરી લે છે, ભક્તો ભગવદવશ બની જાય છે. પ્રાણો પ્રાણનાથને સમર્પી દીધા હોય છે. આ ભગવદીય જનોને ભક્તિદેવી अण्वींगतिं–સૂક્ષ્મસ્થાનને એટલે સાયુજ્યને આપવા ચાહે છે; પરંતુ તેનો આનંદ તો કેવલ એકાદ આનંદના અંશરૂપે હોય છે, જ્યારે ભગવાનની સેવાનો આનંદ તો પૂર્ણાનંદરૂપ હોય છે. તેથી તે ભક્તજનો સાયુજ્યસુખની સ્વપ્ને પણ કામના કરતા નથી (૩૬) માતાજી ! મધ્યમકક્ષાના ભક્તો અને ઉત્તમકક્ષાના ભક્તો આવા બે પ્રકારનાં ભક્તો હોય છે. ભગવલ્લોકમાં ગયેલા તે ભક્તોને, (૧) विभूतिम्-એટલે સ્ત્રી-પુત્ર-વિત્ત-સ્વર્ગાદિ વિભૂતિઓ, (૨) अष्टाङ्गमैश्वर्यम्-અણિમાદિ અષ્ટ સિદ્ધિઓ, (૩) भागवतीम्-ભગવાને રચેલી સમ્પત્તિ, (૪) श्रियम्-ભગવાને સંતુષ્ટ થઈ આપેલી સમ્પત્તિ, (૫) भद्राम्-ભગવાને પ્રસન્ન થઈ આપેલી પ્રભુદત્ત મોક્ષ નામની સંપત્તિ આવી પાંચ પ્રકારની સંપત્તિ આપે છે; પરંતુ તે ઉત્તમ ભક્તોને પ્રસાદીરૂપે આપીને ભોગવાવે છે. (૩૭) હે માતાજી ! આ પાંચ પ્રકારની આપેલી સમ્પત્તિઓ ભોગવનારાં તે પરમ ભગવદીયજનોનો (૧) પ્રિયજન, (૨) દેહ, (૩) પુત્ર, (૪) મિત્ર, (૫) ગુરુ, (૬) બંધુજન, (૭) દૈવ અને (૮) ભક્તિનામનું ફલ આ, આઠે પદાર્થો તો હું પોતે જ છું; તેથી તે મારા ભક્તવર્યો, મારા શાંતસ્વરૂપ વૈકુંઠમાં વસતા અને મારામાં જ મન પરોવેલા હોવાથી, કોઈપણ પરિસ્થિતિમાં તેઓ પોતાના સ્વરૂપથી કે કર્તવ્યથી નાશ નથી પામતા, એટલું જ નહીં પરંતુ મારું કાલચક્ર પણ તેઓને ગળી શકતું નથી. (૩૮) ભગવાન કપિલજી કહેવા લાગ્યા કે હે જનની ! આ લોક, પરલોક, ઉભયલોકમાં જનારા આત્મા અને આત્માની પાછળ રહેલા ચાર પ્રકારનું અતઃકરણ, ધન, પશુધન, સ્ત્રીધન, ઘર, ઘરનું રાચરચીલું વગેરે સર્વ પદાર્થોને ત્યજીને સર્વમાંથી સ્નેહને સંકેલી લઈને, જલકમલવત્ નિર્લેપ બનીને મને એકલાને જ અનન્યભાવે ભક્તિથી ભજે છે તેને હું મૃત્યુથી પેલે પાર લઈ જાઉં છું. તે ભક્તોની મૃત્યુ પણ નહીં અને મુક્તિ પણ નહીં એવી સનકાદિકુમારોના જેવી સ્થિતિ થાય છે. (૩૯-૪૦) આ ભૂમિકામાં રહેલા મારા ભક્તોને પ્રકૃતિ પુરુષના ઈશ્વર, સર્વ પ્રાણીઓના આત્મા, એવા મારા ભગવાન વિના અન્ય કોઈથી તીવ્રભય ટાળી શકાતો નથી. (૪૧) માતાજી ! આ પવન મારા ભયથી વાય છે; સૂર્ય મારા ભયથી તપે છે; મારા ભયથી ઈંદ્ર વૃષ્ટિ કરે છે; અગ્નિદાહ કરે છે અને મૃત્યુ પણ મારા જ ભયથી સર્વત્ર વિચરે છે. (૪૨) હે મા ! યોગીજનો મોક્ષ મેળવવા માટે જ્ઞાન અને વૈરાગ્યથી પૂર્ણ છલકાતા ભક્તિયોગથી સર્વથી નિર્ભય મારા ચરણકમલમાં પ્રવેશ કરે છે. (૪૩) હે જનની ! અંતે એક જ રહસ્ય છે,

એક જ સિદ્ધાન્ત છે કે તીવ્ર ભક્તિયોગના બળથી મારામાં સમર્પેલ મનને મારા જ સ્વરૂપમાં સ્થિર કરવું. ભક્તજનો માટે આ લોકમાં મોક્ષનો ઉદય કરનાર આટલો જ ઉપાય છે. (૪૪)

एतावानेव लोकेऽस्मिन् पुंसां निःश्रेयसोदयः । तीव्रेण भक्तियोगेन मनो मय्यर्पितं स्थिरम् ॥ (૪૪)

શ્રીમદ્ ભાગવતપીયૂષના તૃતીયસ્કંધમાંનો શ્રીકપિલ ભગવાને દેવહૂતિજી માતાને ઉપદેશેલા ભક્તિયોગનું વર્ણન કરતો અધ્યાય ૨૫મો સમાપ્ત.

અધ્યાય ૨૬ મો

[આ અધ્યાયમાં ૭૨ શ્લોકો છે. આ અધ્યાયમાં તન્માત્રોઓની ઉત્પત્તિની ચર્ચા છે. ભગવાન કપિલે સાંખ્યશાસ્ત્રમાં બંધ અને મોક્ષ નામના બે પદાર્થો વિચાર્યા છે. બંધ અને મોક્ષના ભેદથી જ જીવ અને બ્રહ્મની વચમાં રહેલ તફાવત સમજાય છે. દેવહૂતિ માતાજી પ્રકૃતિ અને પુરુષનાં લક્ષણો પૂછશે અને ભગવાન કપિલ એનાં લક્ષણો સમજાવશે. સૃષ્ટિ કેવી રીતે ઉત્પન્ન થાય છે એની પ્રક્રિયા વિસ્તારપૂર્વક આ અધ્યાયમાં વર્ણવી છે. સૃષ્ટિનું જે વર્ણન કર્યું છે તે જોતાં ઋષિમુનિઓ પાસે કોઈપણ કલ્પનામાં ના આવે એવી અગમ્ય શક્તિ હોય છે કે જેનાથી તેઓ સૂક્ષ્મમાં સૂક્ષ્મ પદાર્થોને જાણે છે, જુએછે અને વર્ણવે છે.]

श्रीभगवानुवाच – अथ ते सम्प्रवक्ष्यामि तत्त्वानां लक्षणं पृथक् । यद्विदित्वा विमुच्येत पुरुषः प्राकृतैर्गुणैः ॥ १ ॥

ભગવાન કપિલજી માતાજીને કહી રહ્યા છે કે માડી ! આ અધ્યાયમાં હું આપને તત્ત્વોનાં જે ભિન્ન ભિન્ન લક્ષણો છે તેનું સ્પષ્ટ રીતે વર્ણન કરીશ. આ લક્ષણોને સમજવાથી પુરુષ પ્રાકૃતિક ગુણોમાંથી મુક્ત થાય છે. (૧) હે જનની ! પુરુષ માત્રના સર્વોત્તમ શ્રેયસ માટે શાસ્ત્રોએ, આત્મદર્શન જ્ઞાનને મહત્ત્વનું માન્યું છે. હું આ જ્ઞાનને આપની સમીપ વર્ણવીશ. (૨) આ આત્મદર્શનના શ્રવણથી હૃદયગ્રંથિઓ ભેદાય છે. હે માતાજી ! સાંખ્યશાસ્ત્રમાં બ્રહ્મને કે ભગવાનને “પુરુષ” શબ્દથી વર્ણવે છે, આ પુરુષ સાત લક્ષણોથી ઓળખાય છે : (૧) आत्मा-આ આત્મા એટલે સાંખ્યપુરુષ જે પુદ્ગલ-દેહથી ભિન્ન છે તેનાં કારણો છે. (૨) अनादिः -આત્મા આરંભ રહિત છે, દેહનો તો આરંભ થાય છે. (૩) निर्गुणः-આ આત્મા સત્ત્વાદિ ત્રણ ગુણોથી રહિત છે; પરંતુ દયા-આનંદ આદિ નિત્ય ગુણોથી પૂર્ણ છે. (૪) प्रकृतेःपरः-આ પુરુષ પ્રકૃતિથી પર છે અને પ્રકૃતિ ઉપર એનું પ્રભુત્વ છે. (૫) प्रत्यग् धामा-આ આત્મા આંતર દૃષ્ટિથી જાણી શકાય છે. (૬) स्वयं ज्योतिः-સ્વયં પ્રકાશ છે. (૭) विश्वं येन समन्वितम्–આ આત્મા એટલે સાંખ્યપુરુષ સાથે અખિલ વિશ્વ સંકળાયેલ છે. (૩) સમર્થ આ પુરુષને એટલે આ આત્માને સૂક્ષ્મ, દૈવી, ગુણમયી, દૈવી ઈચ્છાથી પ્રકૃતિ આવી મળી ત્યારે તે પુરુષે લીલાથી તે પ્રકૃતિનો સ્વીકાર કર્યો. (૪) હે માતાજી ! સત્ત્વાદિ ગુણોવાળી આ વિચિત્ર પ્રકૃતિ પોતાના જેવી પ્રજાને ઉત્પન્ન કરવા લાગી. આ પ્રકૃતિએ પુરુષના જ્ઞાનનું આચ્છાદાન કરી દીધું. જ્ઞાનનું આચ્છાદન થતાં પુરુષ એમાં મોહિત થયો. ત્યારબાદ જીવે એટલે પુરુષે પ્રકૃતિનું સતત ધ્યાન કર્યું ત્યારે પુરુષે પારકાને એટલે પ્રકૃતિને પોતે હોવાનું માની લીધું. એને ખ્યાલ ના રહ્યો કે પ્રકૃતિ કર્ત્રી છે અને પુરુષમાં જ્ઞાન શક્તિ છે. પરંતુ પુરુષે પ્રકૃતિને સ્વ સ્વરૂપાત્મક માની; તેથી પ્રકૃતિના ગુણો દ્વારા કરાતાં કર્મોને હું કરું છું એવું માનવા લાગ્યો. હે માતાજી ! પુરુષ તો કતૃત્વરહિત છે, સ્વયં ઈશ્વર છે, સાક્ષી છે, તેમ જ આનંદ સ્વરૂપ છે. આમ છતાં હું કર્તા છું એવું જે અનુસંધાન છે તે જ સંસાર છે. પુરુષને બંધ અને પરતંત્રતા પણ તેથી જ થયેલાં છે. (૭) कार्य–એટલે આધિભૌતિક દેહ, कारण-એટલે આધ્યાત્મિક ઈંદ્રિયો અને कर्तृत्वे એટલે આધિ દૈવિક અન્તઃકરણપણામાં પ્રકૃતિને કારણ હોવાનું કહેલ છે. જ્યારે સુખ અને દુઃખોના ભોગવનારાપણામાં પ્રકૃતિને વશ રાખનાર પુરુષને કારણ હોવાનું કહેલ છે. (૮)

શ્રીદેવહૂતિ માતા પૂછી રહ્યાં છે કે હે પુરુષોત્તમ ! આ જગતમાં કારણ મનાતાં પ્રકૃતિ અને પુરુષનું લક્ષણ કહો તેમજ જે सत् અને असत् છે તે પણ પુરુષ અને પ્રકૃતિ સ્વરૂપ જ છે તો તેનું પણ લક્ષણ કહો ! (૯)

શ્રીકપિલ ભગવાને કહ્યું કે માતાજી ! આપ હવે મૂલ પ્રકૃતિનું લક્ષણ સાંભળો : આ પ્રકૃતિનું નામ “પ્રધાન” તત્ત્વ છે. તે પ્રધાનતત્ત્વ ત્રણ ગુણવાળું છે : તે અવ્યક્ત છે; તે નિત્ય છે ત્રણે કાલ એક સ્વરૂપ છે; કાર્ય અને કારણ રૂપ છે; વિશેષ રહિત છે; અને બધા જ ગુણો એનાથી ઉત્પન્ન થતા હોવાથી વિશેષવત્ છે. માતાજી ! આ રીતે પ્રકૃતિ અથવા પ્રધાન

તત્ત્વ (૧) ત્રિગુણ, (૨) અવ્યક્ત, (૩) નિત્ય, (૪) સદસદાત્મક, (૫) અવિશેષ અને (૬) વિશેષવત્ એવા છ ધર્મોવાળી પ્રકૃતિ છે. (૧૦) પંચતન્માત્રાઓઃ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, પંચમહાભૂતો પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, ચાર અન્તઃકરણઃ મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર અને દશ ઈંદ્રિયો, મળીને કુલ ૨૪ તત્ત્વોના સમૂહને વિદ્વાન પુરુષો જગતરૂપે કહે છે અને આ જગત બ્રહ્મ છે. (૧૧) ભૂમિ, જલ, અગ્નિ, વાયુ અને આકાશ એ મહાભૂત પાંચ જ છે. તેમજ ગંધ, રસ, રૂપ, સ્પર્શ અને શબ્દ નામની તન્માત્રાઓ પણ મેં પાંચ જ માની છે. (૧૨) માતાજી, ઈંદ્રિયો પણ દશ છે : શ્રોત્ર, ત્વક, દ્રષ્ટિ, રસના, નાસિકા, વાણી બે હાથ બે ચરણ, લિંગ અને દશમી ગુદા. (૧૩) મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત આ ચારને અન્તઃકરણ કહેવામાં આવે છે. તે ચારની ક્રિયાઓથી ચારનાં ચાર લક્ષણો જુદાં જુદાં થાય છે ત્યારે તે ક્રિયાઓ ઉપરથી ઓળખાય છે. (૧૪) સગુણબ્રહ્મનો આ ચોવીસ તત્ત્વોનો સમૂહ આટલી જ સંખ્યાનો છે તેનું મેં વર્ણન કર્યું છે આ ચોવીસ તત્ત્વો સિવાય કાલને પચીસમો પદાર્થ માનેલો છે. જો કે કાલ પણ પ્રકૃતિમાંથી જ થયેલ છે. માતા મેં આપની સામે આ ચોવીસ તત્ત્વોનો સન્નિવેશ એટલે સમૂહ ગાયો છે (૧૫) માતાજી, હવે આપને કાલનું લક્ષણ સમજાવું છું-કેટલાક જ્ઞાનીઓના મતે પુરુષનો એક અસાધારણ "પ્રભાવ" છે જેનું બીજું નામ, ઈશ્વરનું સંહાર કરવાનું સામર્થ્ય છે. આ પ્રભાવ અથવા સામર્થ્યને "કાળ" એવું નામ આપ્યું છે. પ્રાણીમાત્રને આકાળનો ભય હોય છે. હું કરું છું એવા અહંકારથી જ્યારે જીવ વિશેષ અહંકારને પામે છે ત્યારે પ્રકૃતિના કર્મને પોતે સ્વીકારે છે; તેથી તેને કાળ ગળી જાય છે, હે મનુરાજપુત્રી, હે જનની ! સત્ત્વ, રજ અને તમ એ ત્રણે ગુણો સમાન સપાટીમાં હોય છે તેને સામ્યાવસ્થા અથવા પ્રકૃતિ કહેવામાં આવે છે. જ્યારે કાળ ચેષ્ટા કરે ત્યારે તે ત્રણે ગુણોમાં ઓછાવત્તાપણું આવે અને તેના દ્વારા સૃષ્ટિ, પાલન, લય વગેરે ક્રિયાઓ થાય, આ પ્રકારે પ્રકૃતિમાં ક્રિયાનો પ્રેરક ભગવાનના જેવો, ભગવાનના નામથી ઓળખાતો પણ ભગવાન નહીં એવો જે કાલ તેને કાળ કહેવાય છે. (૧૭) હે માતા, ભગવાન પુરુષરૂપે સર્વની અંદર રહે છે. તો કાળ રૂપે સર્વની બહાર રહે છે. એ પોતાની માયાથી બન્નેરૂપે લોકોને ભય અને અભય આપી બન્નેનો સમન્વય કરીને રહે છે. (૧૮) દૈવથી એટલે આ કાળથી જ્યારે ત્રણે ગુણોમાં ક્ષોભ પેદા થાય છે ત્યારે જેમ પુરુષ પોતાના ક્ષેત્રમાં એટલે પત્નીમાં વીર્યનું સ્થાપન કરે છે; તેવી રીતે ભગવાને પ્રકૃતિમાં પોતાનું સચ્ચિદાનંદાત્મક વીર્ય સ્થાપ્યું, તેણે એટલે તે પ્રકૃતિએ સુવર્ણમય "महत्" તત્ત્વને જન્મ આપ્યો. (૧૯) આ "महत्" તત્ત્વ વિશ્વનો આધાર છે. આ "महत्" તત્ત્વ પ્રકૃતિથી ભિન્ન તત્ત્વ છે. જેમ એક વૃક્ષની અંકુર અને વૃક્ષ એવી બે અવસ્થાઓ છે; તેવી જ રીતે જગતની "મહત" તત્ત્વ અને જગત તત્ત્વ' એવી બે અવસ્થાઓ છે. આ નિર્વિકાર "મહત્" તત્ત્વે પોતાનામાં રહેલા વિશ્વને પ્રકટ કરવા એ જગતનાં અંકુરે પોતાનો લય કરાવનાર તીવ્ર અંધકારનું પોતાના તેજથી પાન કર્યું. (૨૦) આ "મહત" તત્ત્વનાં ત્રણ સ્વરૂપો છે "महान्" એવી એની આધિભૌતિક સંજ્ઞા છે, चित्तम्-એવી એની આધ્યાત્મિક અવસ્થા છે અને વાસુદેવ એવી એની આધિદૈવિક અવસ્થા છે. તે જે "મહત" તત્ત્વ સત્ત્વગુણવાળુ, સ્વચ્છ અને શાન્ત ભગવાનનું સ્થાન છે, જેને વાસુદેવના નામથી ઓળખે છે તે "મહતત્ત્વ" ચિત્ત છે. (૨૧) સ્વચ્છતા જેમ જલનો સ્વભાવ છે એ રીતે સ્વચ્છતા, અવિકારિતા, શાંતતા એ ચિત્તનું લક્ષણ છે અને આ ત્રણ તેની વૃત્તિઓ છે. (૨૨)

મહત્ તત્ત્વમાંથી ત્રણ પ્રકારનો અહંકાર ઉદભવ્યો

માતાજી ! ભગવાનના વીર્યમાંથી ઉત્પન્ન થયેલા અને કાર્ય કરવાની તત્પરતાવાળા તે "મહત" તત્ત્વમાંથી વિકાર પામતાં, ક્રિયાશક્તિવાળો ત્રણ પ્રકારનો અહંકાર ઉત્પન્ન થયો. (૨૩) આ અહંકારની વૈકારિક, તૈજસ અને તામસ એવી ત્રણ પ્રકારની અવસ્થા થઈ અને ત્રણ સંજ્ઞાઓ થઈ. પુનઃ આ ત્રણ પ્રકારના અહંકારમાંથી મનની, ઈંદ્રિયોની, પંચમહાભૂતોની અને તન્માત્રાઓની પણ ઉત્પત્તિ થઈ. (૨૪) માતાજી ! આ અહંકારના સંકર્ષણ દેવતા છે, તેમને અનન્ત ભગવાનના નામથી પંડિતો વર્ણવે છે, તે અનન્ત પ્રભુ સહસ્ત્ર મસ્તકો, મહાભૂતો, ઈંદ્રિયો અને મનથી ભરપૂર છે. (૨૫) પ્રાણીઓમાં સાત્ત્વિક અહંકારનું લક્ષણ કર્તાપણું એટલે कर्तृत्व નામનું લક્ષણ છે. રાજસ અહંકારનું લક્ષણ कारणत्वं-કારણપણું છે,

અને તામસ અહંકારનું લક્ષણ" कार्यत्वं-કાર્યપણું છે અથવા સાત્ત્વક અહંકારનું લક્ષણ शान्तत्वं–શાન્તપણું છે. રાજસ અહંકારનું લક્ષણ घोरत्वं–ઘોરપણું છે અને તામસ-અહંકારનું લક્ષણ સ્વરૂપ मूढत्वं-મૂઢપણું છે. (૨૬) માતાજી, હવે મનની ઉત્પત્તિનું વર્ણન સાંભળો : કાર્ય કરવા તત્પર બનેલા સાત્ત્વિક અહંકારમાંથી "मनस्तत्त्व"-મનઃ તત્ત્વ ઉત્પન્ન થયું, જેના સંકલ્પો અને વિકલ્પોમાંથી કામની ઉત્પત્તિ થાય છે, આ મનના શ્રી અનિરુદ્ધભગવાન સ્વામી છે. આ શ્રીઅનિરુદ્ધ, શરદ રાત્રીના શ્યામ કમલ તુલ્ય શ્યામવર્ણા છે, તેમ જ ઈંદ્રિયોના તે સ્વામી છે. યોગીજનોએ આ મનને ધીમે ધીમે વશ કરવા જેવું છે, પોતાને સ્વાધીન કરવા જેવું છે. (૨૭-૨૮)

માતાજી ! બુદ્ધિની ઉત્પત્તિ સાંભળો

હે સતી, હે માતા ! કાર્યશીલ થવા તત્પર થતા રાજસ અહંકારમાંથી બુદ્ધિતત્ત્વ ઉત્પન્ન થયું. તે બુદ્ધિથી ઈન્દ્રિયોને દ્રવ્યનું ભાન થતાં ખાસ પ્રકારનું જ્ઞાન થાય તે ઈંદ્રિયો ઉપર અનુગ્રહ છે. (૨૯) સંશય એટલે સંદેહ; અને વિપર્યાસ એટલે વિપરીત જ્ઞાન; નિશ્ચય, સ્મરણ અને સ્વાપ જેને કહેવામાં આવે છે. એવું બુદ્ધિનું ક્રિયાથી ભિન્ન લક્ષણ છે (૩૦) ક્રિયા અને જ્ઞાનના વિભાગથી ક્રિયા કરાવનારી અને જ્ઞાન કરાવનારી ઈંદ્રિયો રાજસ છે. કારણ કે ક્રિયા ઉત્પન્ન કરનારી શક્તિ પ્રાણની છે અને વિજ્ઞાન ઉત્પન્ન કરનારી શક્તિ બુદ્ધિની છે. (૩૧)

આકાશની ઉત્પત્તિ

હે માતાજી ! ભગવાનના વીર્યથી પ્રેરાયેલા તામસ અહંકારમાંથી શબ્દ તન્માત્રા થઈ અને તે શબ્દ તન્માત્રામાંથી આકાશ ઉત્પન્ન થયું. "श्रोत्र" નામની ઈંદ્રિયથી તો તે શબ્દનું ગ્રહણ થાય છે. (૩૨) અર્થ એટલે સર્વ પદાર્થો અને સર્વ વસ્તુઓ, શબ્દના આશ્રયે રહેલા છે, કમલ શબ્દ બોલીએ તો જ કમલ નામની વસ્તુનો બોધ થાય છે. વસ્તુને એટલે પદાર્થને જોનારને શબ્દ માત્રથી વસ્તુનો અનુભવ કરાવે છે. ઘટઃ બોલ્યા કે ઘટઃ સાંભળ્યું કે તરત જ ઘટ નામની વસ્તુનો બોધ થયો. આથી અર્થના આધાર તરીકે હોવાપણું (૧) જોનાર છે એમ દર્શાવનાર હોવાપણું (૨) અને આકાશનું સૂક્ષ્મપણું હોવાપણું એ શબ્દનું લક્ષણ એમ કવિઓ કહે છે. (૩૩) આ આકાશ પ્રાણીઓને અવકાશ-જગ્યા આપે છે, બહાર અને અંદર એવા ભેદને બતાવનાર આકાશ છે, આકાશ પૃથ્વી વગેરેનો આધાર છે. તેમ જ પ્રાણ ઈંદ્રિયો અને અન્તઃકરણ આદિના આધાર થવું એવું આકાશનું કાર્યથી લક્ષણ છે. (૩૪)

વાયુની ઉત્પત્તિ

શબ્દ તન્માત્રાનું કાર્ય ગણાતા આકાશની કાલની ક્રિયાથી કાર્ય કરવાની તત્પરતા થઈ ત્યારે તે આકાશ તેમ જ શબ્દ તન્માત્રામાંથી સ્પર્શ ઉત્પન્ન થયો, તેમ જ વાયુની ઉત્પત્તિ થઈ તેમ જ ત્વક્નામની ઈંદ્રિય ઉત્પન્ન થઈ. તે ત્વચા એટલે ચામડીથી સ્પર્શનો સારી રીતે અનુભવ થાય છે. (૩૫) વસ્તુની કોમલતા, કઠિનતા, ઉષ્ણતા, સીતતા આ સ્પર્શ ઈંદ્રિયનું સ્પર્શપણું છે અને તે સ્પર્શનું સૂક્ષ્મ સ્વરૂપ છે. સ્પર્શ એ વાયુની તન્માત્રા છે. તે વાયુનું સૂક્ષ્મ સ્વરૂપ છે. (૩૬) વૃક્ષોની શાખા વગેરે હલાવવાં, જલનાં તરંગોને હલાવવાં, તૃણ, ઘાસ, રજ વગેરેને ભેગાં કરવાં; સર્વત્ર ગતિ કરવી; ગંધાદિ વસ્તુઓને ઘ્રાણેંદ્રય પાસે લઈ આવવું, દ્રવ્ય અને શબ્દને લઈ જવા કાન પાસે સર્વ ઈન્દ્રિયોને કાર્યશક્તિ આપવી આ વાયુની વૃત્તિનાં લક્ષણ છે. (૩૭)

તેજની ઉત્પત્તિ

માતાજી ! સ્પર્શ તન્માત્રામાળા વાયુને દૈવની પ્રેરણા થતાં, એ વાયુમાંથી રૂપને બતાવનાર એવા "તેજસ"ની ઉત્પત્તિ થઈ, ત્યાર પછી રૂપ ઉત્પન્ન થયું. ત્યારબાદ રૂપને બતાવનાર चक्षु નામની ઈન્દ્રિય ઉત્પન્ન થઈ. (૩૮) કપિલ પ્રભુએ કહ્યું માતાજી ! દ્રવ્ય-પદાર્થના જેવા આકારવાળા હોવું, અન્ય પદાર્થને આધીન રહેવું. વ્યક્તિના જેવી સ્થિતિવાળા થવું એ तेजस् નું તેજપણું રૂપ તન્માત્રાની વૃત્તિઓ છે. (૩૯) પ્રકાશવું, પચાવવું, ખાવું, પીવું, ઠંડીને દૂર કરવી, શોષણ કરવું, તેમજ ક્ષુધા અને તૃષા લાગવી આ સર્વ તેજની વૃત્તિઓ છે. (૪૦)

જલની ઉત્પત્તિ

હુ માતાજી ! દૈવે પ્રેરેલ અને કાર્ય કરવા તત્પર થયેલ રૂપતન્માત્રામાંથી અને તેજમાંથી રસતન્માત્રા ઉત્પન્ન થઈ અને તેમાંથી જલ ઉત્પન્ન થયું અને રસને ગ્રહણ કરનારી રસનેંદ્રિય ઉત્પન્ન થઈ. (૪૧) આમળાં, આમલી, મરચાં, શેરડી વગેરે ભૌતિક પદાર્થોના ફેરફારને લીધે એક જ પ્રકારનો રસ, તૂરો, મધુર, કડવો, તીખો, ખાટો, ખારો એવા અનેક પ્રકારે ભિન્ન સ્વાદવાળો થાય છે. (૪૨) જલનો ધર્મ છે ભીંજવવું, ગોળો બનાવવો, તૃપ્ત કરવું, જીવાડવું-સંતર્પણ કરવું, વહી જવું, તાપ દૂર કરવો, ભરી દેવું આ બધી જલની વૃત્તિઓ છે. (૪૩)

પૃથ્વીની ઉત્પત્તિ

દૈવે કાર્ય કરવા પ્રેરેલા અને કાર્ય કરવા તત્પર થયેલા, જલમાંથી ગન્ધતન્માત્રા ઉત્પન્ન થઈ, આ ગન્ધ તન્માત્રામાંથી પૃથ્વી ઉત્પન્ન થઈ. તેમાંથી ગંધને ગ્રહણ કરનારી ઘ્રાણેંદ્રિય થઈ, જે ગંધને ગ્રહણ કરે છે. (૪૪) યદ્યપિ ગંધ તો એક જ પ્રકારની છે છતાં દ્રવ્યના અવયવોના ભેદથી મિશ્રગંધ, દુર્ગન્ધ, શાંતગન્ધ ઉગ્રગંધ, ખાટોગંધ વગેરે પ્રકારોથી જુદી જુદી ગંધમાં છે—અનુભવાય છે. ગુજરાતીમાં ગન્ધ શબ્દ સ્ત્રીલિઙ્ગમાં વપરાય છે અને સંસ્કૃતમાં પુલિઙ્ગે બોલાય છે. (૪૫) (૧) भावनम्- સર્વ પદાર્થને આકાર અપાવવો, (૨) ब्रह्मणः स्थानम्–શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મના કંઠ અને હૃદય સ્થાન હોવું, (૩) धारणम्- સમસ્ત જગતને ધારણ કરવું. (૪) सद्विशेषणम्–વિદ્યમાન સમસ્ત તત્ત્વોનો ભેદ બતાવવો (૫) सर्वसत्त्वगुणोद्भेदः- બ્રહ્માથી તૃણપર્યન્ત ભેદોને બતાવવા, સર્વ પ્રાણીઓના ગુણોને પ્રકટ કરવા એ પૃથ્વીનું કાર્યથી થતું લક્ષણ છે. (૪૬)

આકાશ આદિતત્ત્વોના વિશેષ ગુણો

આકાશનો વિશેષ ગુણ શબ્દ છે. જેનો વિષય છે તે શ્રોત્ર કહેવાય છે, વાયુનો વિશેષ ગુણ સ્પર્શ જેનો તે વિષય છે તે સ્પર્શેન્દ્રિય છે, તેજનો વિશેષ ગુણ રૂપ, જેનો તે વિષય છે તેને ચક્ષુ કહેવાય છે, જલનો વિશેષ ગુણ રસ, જેનો તે વિષય છે તેને રસનેંદ્રિય કહેવાય છે, ભૂમિનો વિશેષ ગુણગંધ, જેનો તે વિષય છે તેને ઘ્રાણેંદ્રિય કહે છે. (૪૭) (૪૮) વાયુ વગેરે કાર્ય તત્ત્વોમાં આકાશ વગેરે કારણ તત્ત્વો સારી રીતે રહેલાં છે; તેથી, આકાશ, વાયુ, અગ્નિ વગેરેના ગુણો ઉત્તરોત્તરના કાર્યોમાં જોવામાં આવે, આકાશ, વાયુ, તેજના શબ્દ, સ્પર્શ, રૂપ નામના ત્રણ ગુણો જલમાં જોવામાં આવે છે; પરંતુ તે અત્યંત સ્પષ્ટપણે તો સર્વ ભૂતોના ગુણો ભૂમિમાં જોવામાં આવે છે. પૃથ્વીનો પોતાનો ગંધ અને આકાશાદિના શબ્દ, સ્પર્શ, રૂપ, રસ વગેરે મળીને પાંચ ગુણો પૃથ્વીમાં સ્પષ્ટ જોવા મળે છે. (૪૯)

જડ બ્રહ્માંડની ઉત્પત્તિ

માતાજી ! જ્યારે મહત્તત્વ, અહંકાર, પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ આ સાત તત્ત્વો એકઠાં મળ્યાં ન હતાં અને અલગ અલગ રહ્યાં હતાં, ત્યારે તેમાં કાલ, કર્મ અને ગુણોની સાથે ભગવાને પ્રવેશ કર્યો. આ સાત પદાર્થોમાં ભગવાનના પ્રવેશ પછી, ભગવાનથી ભરપૂર થઈ ભેગાં મળેલાં તે તત્ત્વોમાંથી જડ બ્રહ્માંડ ઉત્પન્ન થયું અને તે જડ બ્રહ્માંડમાંથી વિરાટપુરુષ પ્રકટ થયા. (૫૦-૫૧)

હે માતાજી ! આ અંડનું એટલે-બ્રહ્માંડનું નામ છે 'વિશેષ' આ વિશેષ નામના બ્રહ્માંડની અંદર જ શ્રીહરિના સ્વરૂપભૂત ચૌદ ભુવનોનો વિસ્તાર છે. એ ચાર બાજુએ ક્રમે કરીને એક બીજાથી દશગણા વિસ્તારવાળાં છે.આ વિશેષ નામનું બ્રહ્માંડ પચાસ કરોડ યોજન વિસ્તારવાળું છે. તેમાંથી એક પછી એક પહેલાંના કરતાં બીજો દશગણો વધારે જલ વગેરથી સર્વ તરફ ઘેરાયેલ છે. આ વિશેષ નામના બ્રહ્માંડથી દશગણું જલ (૧) જલથી દશગણો અગ્નિ, (૨) અગ્નિથી દશગણો વાયુ, (૩) વાયુથી દશગણું આકાશ, (૪) આકાશથી દશગણો અહંકાર, (૫) અહંકારથી દશગણા મહતતત્ત્વના આવરણથી ઘેરાયેલ છે. (૭) અને સર્વથી બહારનું આવરણ પ્રકૃતિનું છે. એનું નામ વિશેષ બ્રહ્માંડ છે જેની અંદરનો આ લોકનો વિસ્તાર શ્રીહરિનું સ્વરૂપ છે. (૫૨)

સુવર્ણમય દેહમાં છિદ્રો

જલમાં રહેલા સુવર્ણમય દેહમાંથી ઊભા થઈ, મહાનનામના દેવે તેમાં પ્રવેશ કરી આકાશમાં અનેક છિદ્રો કર્યાં. (૫૩)

(૧) પ્રથમમુખ : આ સુવર્મમયદેહમાં સર્વથી પ્રથમ વિરાટનું મુખનામનું છિદ્ર થયું, તેમાં વાણી અને વાણી સાથે અગ્નિએ પ્રવેશ કર્યો.

(૨) બે નાસિકા : એ સુવર્ણમય દેહમાં ત્યારબાદ બે નાસિકાનાં છિદ્રો થયાં. પ્રાણ તેમના સંબંધમાં આવ્યો. આ બન્ને છિદ્રોમાં ઘ્રાણેંદ્રિયે પ્રવેશ કર્યો-પ્રાણમાંથી વાયુ નીકળ્યો. (૫૪)

(૩) બે નેત્રગોલક :આ સુવર્ણમય દેહમાં ત્યારબાદ બે નેત્રગોલક થયાં. આ બન્નેમાં चक्षु ઈંદ્રિયે પ્રવેશ કર્યો, તેમાંથી સૂર્ય પ્રક્ટ્યો.

(૪) બે કર્ણ : આ સુવર્ણમય દેહમાં ત્યારબાદ બે કાન થયા. તેમાં "श्रोत्र" ઈંદ્રિયે પ્રવેશ કર્યો. તેમાંથી દિશાઓ પ્રક્ટ થઈ (૫૫)

(૫) ત્વચા : પુનઃ આ સુવર્ણમય દેહમાં વિરાટની ત્વચા ઉત્પન્ન થઈ, તેમાં રોમાવલી દાઢી વગેરેએ પ્રવેશ કર્યો તેમાંથી ઔષદિઓ ઉત્પન્ન થઈ.

(૬) લિંગ : પુનઃ આ સુવર્ણમય દેહમાં લિંગ પ્રક્ટ થયું. તેમાં વીર્યે પ્રવેશ કર્યો. વીર્યમાંથી જલ ઉત્પન્ન થયું.

(૭) ગુદાદ્વાર : પુનઃ આ સુવર્ણમય દેહમાં ગુદાનું દ્વાર પ્રક્ટ થયું. તેમાં અપાન વાયુએ પ્રવેશ કર્યો અને અપાનમાંથી લોકને ભય કરનાર મૃત્યુ નીકળ્યું (૫૬/૫૭)

(૮) બે હસ્ત : ત્યારબાદ આ સુવર્ણમય દેહમાં વિરાટના બે હસ્ત પ્રક્ટ થયા. તે બન્ને હસ્તોમાંથી બલ પ્રક્ટ થયું. બલમાંથી ઈંદ્ર ઉત્પન્ન થયા.

(૯) બે પાદ : પુનઃ એ વિરાટ દેહમાં બે પાદ પ્રક્ટ થયા. તેમની સાથે ગતિ ઉત્પન્ન થઈ તેમાંથી શ્રીહરિ પ્રક્ટ્યા. (૫૮)

(૧૦) નાડીઓ : ત્યારબાદ આ સુવર્ણમય દેહમાં વિરાટની નાડીઓ પ્રક્ટ થઈ. તેમાંથી રુધિર થયું, તેમાં નદીઓએ પ્રવેશ કર્યો.

(૧૧) ઉદર : પુનઃ વિરાટમાંથી ઉદર પ્રક્ટ થયું, તેમાં ક્ષુધા અને તૃષા જાગ્યાં. આ બન્નેમાં સમુદ્રે પ્રવેશ કર્યો.

(૧૨) હૃદય : હવે વિરાટનું હૃદય ઉત્પન્ન થયું. હૃદયમાંથી મન ઉત્પન્ન થયું, પછી બુદ્ધિ ઉત્પન્ન થઈ, બુદ્ધિમાં વાક્પતિએ પ્રવેશ કર્યો.

(૧૩) અહંકાર : ત્યાર પછી વિરાટનો અહંકાર થયો. તેમાં રુદ્ર પ્રક્ટ્યા. પછી ચિત્ત થયું તેમાં "ચૈત્ય" પ્રક્ટ્યા. (૫૯-૬૧)

હે માતાજી ! આ ઊભા થયેલા દેવો ખરેખર આ વિરાટ પુરુષને ઉઠાડવામાં સમર્થ જ ન થયા ત્યારે વિરાટને ઉઠાડવા માટે તે તે દેવોએ ક્રમાનુસાર તે તે ઈંદ્રિયોના છિદ્રોમાં પુનઃપ્રવેશ કર્યો. (૬૨)

(૧) अग्नि-અગ્નિ એ વાણી દેવતા સાથે મુખમાં પ્રવેશ કર્યો પરંતુ વિરાટ ના જાગ્યા, (૨) वायु-वायुએ ઘ્રાણેંદ્રિય સાથે નાસિકાના છિદ્રોમાં પ્રવેશ કર્યો ત્યારે પણ વિરાટના જાગ્યા, (૩) आदित्य-આદિત્યદેવે ચક્ષુ સાથે બે આંખોમાં પ્રવેશ કર્યો ત્યારે પણ વિરાટ ના જાગ્યા,(૪) દિશાઓએ કર્ણેન્દ્રિય સાથે બે કર્ણનો આશ્રય લીધો તો પણ વિરાટ ના જાગ્યા, (૫) ઔષધિઓએ રોમાવલી સાથે ત્વચાનો આશ્રય લીધો તો પણ વિરાટ જાગ્યા નહીં, (૬) જલોએ વીર્ય સાથે લિંગનો આશ્રય લીધો ત્યારે પણ વિરાટ ના જાગ્યા, (૭) મૃત્યુએ અપાન સાથે ગુદામાં પ્રવેશ કર્યો ત્યારે પણ વિરાટ ના જાગ્યા (૮) ઈન્દ્રે બલ સાથે બન્ને હસ્તોનો આશ્રય લીધો તો પણ વિરાટ ના જાગ્યા, (૯) વિષ્ણુએ ગતિ સાથે બન્ને ચરણોનો આશ્રય લીધો તો પણ વિરાટ જાગ્યા નહીં, (૧૮) નદીઓએ રુધિર સાથે નાડીઓમાં પ્રવેશ કર્યો તો પણ વિરાટ ના જાગ્યા, (૧૧) સમુદ્રે ક્ષુધા તૃષા સાથે ઉદરમાં પ્રવેશ કર્યો તો પણ વિરાટ જાગ્યા નહીં, (૧૨) ચન્દ્રે મન સાથે હૃદયમાં

પ્રવેશ કર્યો ત્યારે પણ વિરાટ ના જાગ્યા, (૧૨) બ્રહ્માજીએ બુદ્ધિ સાથે હૃદયમાં પ્રવેશ કર્યો ત્યારે પણ વિરાટ જાગ્યા નહીં. (૬૩-૬૯)

વિરાટ જાગ્યા

જ્યારે શરીરાભિમાની ક્ષેત્રજ્ઞ જીવે ચિત્તની સાથે હૃદયમાં પ્રવેશ કર્યો ત્યારે જ વિરાટ પુરુષ જલમાંથી ઊભા થયા. હે માતાજી ! પુરુષ જ્યારે સારી રીતે ગાઢ નિદ્રામાં હોય ત્યારે એનાં પ્રાણ, ઈંદ્રિયો, મન અને બુદ્ધિ જાગૃત હોવા છતાં એ સર્વ એને ઉઠાડવામાં સમર્થ થતાં નથી. પરંતુ જ્યારે જીવ ચિત્તપ્રદેશમાંથી બહાર આવે છે ત્યારે જ પુરુષ જાગૃત થાય છે. તેવી જ રીતે વિરાટ પુરુષને પણ હૃદય, ઈંદ્રિયો, પ્રાણ વગેરે હોવા છતાં જીવે જ્યાં સુધી પ્રેવશ ના કર્યો ત્યાં સુધી એ જળમાંથી ઉઠવાને સમર્થ ન થયા. (૭૧) દેહમાં રહેલા જીવને એ અંદર રહેલો હોવાથી બહારથી ઈંદ્રિયો જોઈ ના શકે, માટે જીવમાં પ્રવૃત્તિ નથી, યોગથી પરિપક્વ થતી બુદ્ધિ વડે ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનની સહાયતાથી પુરુષ આત્માનું ચિંતન કરે અને બીજા કોઈ માયિક પદાર્થને ના દેખે તો એને આગળ જતાં પરબ્રહ્મનું દર્શન થાય છે. (૭૨)

तमस्मिन् प्रत्यगात्मानं धिया योगप्रवृत्तया । भक्त्या विरक्त्या ज्ञानेन विविच्यात्मनि चिन्तयेत् ॥ ७२ ॥

શ્રીમદ ભાગવતપીયૂપના તૃતીય સ્કંધમાંનો કપિલમુનિએ માતાજીને સાંખ્યતત્ત્વના કરેલા ઉપદેશનું નિરૂપણ કરતો અધ્યાય ૨૬મો સમાપ્ત.

અધ્યાય ૨૭મો

[આ અધ્યાયમાં ૩૦ શ્લોકો છે. ૨૬મા અધ્યાયમાં આત્મા દેહથી ભિન્ન છે એવી વાત કરવામાં આવી તેનું યુક્તિથી વિસ્તૃત પ્રતિપાદન કરવા માટે ૨૭મા અધ્યાયનો પ્રારંભ કર્યો છે. આ અધ્યાયને "આત્મચિંતન" નામથી ઓળખવો. આ અધ્યાયમાં આત્માનું સ્વરૂપ સમજાવનારાં અને આત્માને બ્રહ્મરૂપ જાણવાનાં સાધનો પણ વર્ણવાશે.]

श्रीभगवानुवाच –प्रकृतिसथोऽपि पुरुषो नाज्यते प्राकृतैर्गुणैः । अविकारादकर्तृत्वान्निर्गुणत्वाज्जलार्कवत् ॥ १ ॥

શ્રીકપિલ ભગવાને કહ્યું કે માતાજી ! આ આત્મા જેની પુરુષ નામની સંજ્ઞા છે તે વિકારરહિત છે, (૧) કર્તાપણાના અભિમાનથી રહિત છે (૨) અને સત્ત્વાદિ ગુણોથી રહિત છે (૩) આવાં ત્રણ કારણોથી તે પ્રકૃતિની સાથે રહેવા છતાં, જેમ જલમાં પ્રતિબિંબિત થતો સૂર્ય જલના કંપારા વગેરે ગુણોથી રહિત છે, તેવી રીતે પ્રકૃતિના ગુણોથી રહિત હોવાથી પુરુષ પ્રકૃતિના ગુણોથી લિપ્ત થતો નથી. (૧) જ્યારે આ પ્રકારના ધર્મવાળો નિર્લેપ આત્મા પ્રકૃતિમાં આસક્ત થાય છે ત્યારે તે અહંકારથી વિમૂઢ બનેલ અન્તઃકરણવાળો હું કર્તા છું એવું અભિમાન ધરાવે છે. (૨) કર્તાપણાના અભિમાનથી પરાધીન બનેલ જીવ,સંસારની પદવી પામે છે, આમ છતાં સંતોષ ન પામતાં પ્રસંગોપાત્ત થતા કર્મના દોષોને લઈને સારી-નરસી કે મિશ્ર યોનિમાં તે ભમે છે. (૩) જેમ આ સંસારમાં વિષયોનું ધ્યાન કરતાં અને સંસારી પદાર્થોનું ચિંતન કરતાં સ્વપ્નમાં અનર્થો દેખાય છે તેમ વિષયનું ધ્યાન કરતાં પદાર્થ ન હોય છતાં તે જીવનો સંસાર નિવૃત્ત નથી થતો. (૪) આ કારણોને ધ્યાનમાં લઈને અનાદિ કાળથી ચિત્ત દુર્માર્ગમાં આસક્ત હોવાથી એકાએક એ માર્ગમાંથી ચિત્ત બહાર નીકળી શકતું નથી; છતાં ધીમે ધીમે વૈરાગ્ય દ્વારા ચિત્તને સંસારમાંથી બહાર કાઢવા અને ભગવાનની તીવ્ર ભક્તિ દ્વારા અને ભગવદીય જનોમાં સ્નેહ દ્વારા ચિત્તને ભગવન્મય બનાવવા જીવે અવશ્ય પ્રયત્ન કરવો જોઈએ. (૫)

વિષયમાં વૈરાગ્ય અને ભગવચ્ચરણોમાં અનુરાગ પ્રાપ્ત કરવાનાં ૨૧ સાધનો આચરવાં

હે માતાજી ! હવે હું આપને શી રીતે વિષયોમાંથી મન વિખૂટું પડી, શ્રીનાથજીમાં સુદૃઢ સ્નેહવાળું બને તેના ઉપાયો દર્શાવું છું તેનું આપ ધ્યાન પૂર્વક શ્રવણ કરો : (૧) यमादिभिर्योगपथैः -યોગ માર્ગમાં બતાવેલા પાંચ પ્રકારના યમ પાંચ પ્રકારના નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણ અને સમાધિ નામના અષ્ટાંગ યોગનું સેવન; (૨) अभ्यासात्-ચિત્તને ભગવાનમાં પરોવવાનો સતત પ્રયત્ન; (૩) श्रद्धायान्वितः-યોગમાર્ગ, ભક્તિમાર્ગમાં બતાવેલા ઉપાયો અને સાધનોમાં દૃઢ શ્રદ્ધાવાળા થવું; (૪) मयि भावेन -ભગવાનમાં અપૂર્વ સ્નેહ કરવો; (૫) सत्येन-મન-વાણી-કાયાથી યથાર્થ સત્યનું સેવન કરવું; (૬) **सर्वभूतसमत्वेन** - પ્રાણી માત્રને પોતાના જેવા ભાવથી જોઈ તેમનાં સુખદુઃખને પોતાના સમજી તેમના સુખને

જોઈ પ્રસન્ન રહેવું અને દુઃખને જોઈ દૂર કરવા પ્રયત્ન કરતા રહેવું; (૭) मत्कथाश्रवणेन-મારી કથાનું સતત શ્રવણ, કીર્તન, સ્મરણ કરવું; (૮) निर्वैरेण-જગતના સર્વ પ્રાણીઓ ભગવાનનાં જ સ્વરૂપો છે એવું સમજીને કોઈ પણ પ્રાણી સાથે વૈરના કરવું; (૯) असंगतः-બિનજરૂરી સંગથી પર રહેવું; (૧૦) ब्रह्मचर्येण-અષ્ટાંગ બ્રહ્મચર્યનું નિત્ય સેવન કરવું; (૧૧) मौनेन-અત્યાવશ્યક વાર્તા કરવી; (૧૨) स्वधर्मेण बलीयसा-વર્ણધર્મ અને આશ્રમધર્મનું દૃઢતાપૂર્વક આચરણ કરવું, આ કુલ ૧૨ સાધનો હે માતાજી, મુક્તિના અંગ તરીકે સહકારી સાધનો છે. હવે બીજા નવ અન્તઃસાધનો વર્ણવું છું તે સાંભળો : (૧) यदृच्छयोपस्थितेन संतोषः-દૈવ ઈચ્છાથી મળી આવતાં અન્ન, વસ્ત્ર, નિવાસ આદિ સાધનોમાં સંતોષ; (૨) मितभुक्-મિતાહારી થવું; (૩) मुनिः આત્મચિન્તન કરવું (૪) विविक्तशरणः-એકાન્ત સેવી થવું; (૫) शान्तः-શાન્ત સ્વભાવ; (૬) मैत्रः-પ્રાણી માત્રના મિત્ર થવું; (૭) करुणः-દયાળુ બનવું; (૮) आत्मवान्-અન્તઃકરણ ઉપર વિજય મેળવવો; (૯) सानुबन्धे च देहे-દેહ, ગેહ, કુટુંબ-કબીલામાં આસક્તિ ન રાખવી, કેવલ તેમનું પોષણ કરવું. આ પ્રકારનાં ૨૧ સાધનોનું સેવન કરતાં (૧) ज्ञानेन दृष्टतत्त्वेन-પ્રકૃતિ તત્ત્વનું જ્ઞાન અને પુરુષતત્ત્વનું વાસ્તવિક જ્ઞાન પ્રાપ્ત થશે. જ્યારે આ જ્ઞાન-વિવેક વૃત્તિ જાગશે ત્યારે (૨) निवृत्तबुद्ध्यवस्थानः-તેની જાગૃત-સ્વપ્ન-સુષુપ્તિ નામની બુદ્ધિની અવસ્થાઓ નિવૃત્ત થઈ જતાં; (૩) दूरीभूतान्यदर्शनः-એને સર્વત્ર ભગવદ દર્શન જ થશે. આવો બ્રહ્મદર્શી આત્મા, જેમ કોઈ પુરુષ ચક્ષુથી સૂર્યનું દર્શન કરે છે તેવી જ રીતે આત્માથી આત્માને મેળવી આત્મદર્શન કરશે. (૬-૧૦)

જ્યારે આત્મદર્શન થાય ત્યારે

જ્યારે આત્માનું દર્શન થાય છે ત્યારે તેને પોતાને આ સંઘાતમાં એટલે દેહમાં લિંગરહિત, સતના આભાસરૂપ, સતના બંધુરૂપ, અસતના ચક્ષુરૂપ, સર્વમાં પરોવાયેલો અને એકલો છે એવા છ પ્રકારના ધર્મવાળો જાણે છે. (૧૧) જેમ કે ઘરની ભીંત ઉપર પડેલા પ્રતિબિંબથી ઘર બહારના જલમાં રહેલું સૂર્યનું પ્રતિબિંબ દેખાય છે અને વળી તે જલમાં રહેલા પોતાના પ્રતિબિંબથી આકાશમાં રહેલ સૂર્ય દેખાય છે, તેવી જ રીતે મહાભૂત-ઈંદ્રિયો અને મનમાં પડેલા પોતાના આભાસોથી ત્રણ વિભાગવાળો અહંકાર દેખાય છે અને આ સતના આભાસથી સત્ય આત્માનું જ્ઞાન થાય છે. (૧૨-૧૩) જ્યારે પંચમહાભૂતો, તન્માત્રાઓ, ઈંદ્રિયો, મન, બુદ્ધિ વગેરે અહીં સ્વપ્ન વિનાની નિદ્રાથી લય પામે છે ત્યારે ત્યાં અસતમાં નિદ્રારહિત અને અહંકારરહિત પ્રકાશે છે તેને આત્મા જાણવો. (૧૪) ત્યારે અહંકારનો નાશ થતાં નષ્ટ થયેલ ધનવાળો જેમ કલેશયુક્ત થાય છે, તેમ દ્રષ્ટાપણું નાશ પામેલ ન હોવા છતાં, ખોટી રીતે પોતાને નષ્ટ થયેલ હોય તેમ માને છે. (૧૫) હે માતાજી, ઉપર દર્શાવેલા પ્રકારથી આત્માનો વિચાર કરીને આ જ આત્મા આત્માને જાણે છે. અહંકાર સાથેના દ્રવ્ય - આત્માનું જે પાછળથી સ્મરણ થાય છે તે અનુગ્રહ છે. (૧૬)

દેવહૂતિ માતાજીની જિજ્ઞાસા

શ્રીદેવહૂતિ માતાજીએ પૂછયું કે હે બ્રહ્મન ! હે કપિલ ભગવાન્ ! પ્રકૃતિ પુરુષને કોઈપણ કાળે છોડતી નથી; કારણ કે બન્નેમાં નિત્યત્વ છે અને ઉભયનો ઉભયને આશ્રય છે. (૧૭) મેં સાંભળ્યું છે કે મહારાજ ! જેમ ગંધની અને પૃથ્વીની ભિન્ન સ્થિતિ સંભવતી નથી, વળી જલ અને રસની ભિન્ન સ્થિતિ સંભવતી નથી, એ પ્રકારે પુરુષની અને બુદ્ધિની ભિન્ન સ્થિતિ સંભવી શકે નહીં. (૧૮) હે ભગવન્ ! કતૃત્વરહિત એવા પુરુષનું કર્મથી થતું આ બંધન જેના આશ્રયવાળું છે, તે પ્રકૃતિના ગુણોની હાજરી હોય ત્યારે તેનો મોક્ષ કેવી રીતે થાય ? (૧૯) નાથ ! કોઈક વાર તત્ત્વજ્ઞાનથી અસહ્ય એવો ભય દૂર થયેલ હોય, પણ કારણ દૂર થયેલું ન હોવાથી ભય પાછો આવી પડે છે.

દશ સાધનોથી પ્રકૃતિ અને પુરુષનો સંબંધ નષ્ટ થઈ શકે છે

(૧) अनिमित्तनिमित्तेन-આ સ્થાને निमित्त શબ્દનો અર્થ कर्म થાય છે. જે વ્યક્તિ નિષ્કામ કર્મ કરે અથવા ભગવત્પ્રીત્યર્થ કર્મ કરે, (૨) स्वधर्मेण-વેદે દર્શાવેલા વર્ણાશ્રમ ધર્મના સેવનથી, (૩) अमलात्मना-નિષ્કામ કર્મ અને વર્ણાશ્રમ ધર્મના અનુષ્ઠાનથી અન્તઃકરણને નિર્મલ બનાવવાથી, (૪) तीव्रया भक्तया- વિઘ્નો આવે તો પણ કદી ખંડિત ન થતી ભક્તિ-

સેવાથી, (૫) श्रुतसम्भृतया-નિત્ય સેવા અને નિત્ય કથાશ્રવણના બલથી હૃદયમાં ખીચોખીચ ભરેલી ભક્તિથી (૬) च-ગુરુ ચરણની સેવાથી (૭) ज्ञानेन दृष्टतत्त्वेन–સર્વ તત્ત્વોના સાક્ષાત્કારવાળા, સાંખ્યશાસ્ત્રના અનુભવાત્મક જ્ઞાનથી, (૮) वैराग्येण बलीयसा-આંખ સામે અનેક વિષયો આવી ઊભા રહે તો પણ ચલિત ન થનારા દૃઢ વૈરાગ્યથી, (૯) **तपोयुक्तेन योगेन**-યોગશાસ્ત્રમાં કહેલ તપશ્ચર્યા સાથેના અષ્ટાંગ યોગથી, (૧૦) आत्मसमाधिना-અને આત્માનો સાક્ષાત્કાર કરાવનારી સમાધિ દ્વારા, રાત્રી દિવસ બળી રહેલી પુરુષની પ્રકૃતિ, અગ્નિને ઉત્પન્ન કરનાર અગ્નિકાષ્ઠ જેમ અગ્નિથી બળીને નિઃશેષ થઈ જાય છે; તેવી જ રીતે ધીરે ધીરે પ્રકૃતિ પણ તિરોધાન પામે છે. (૨૧-૨૩) નિત્ય પ્રકૃતિમાં રહેલા દોષોને જોવાથી, ભોગવીને ત્યજી દીધેલી એ પ્રકૃતિ, પોતાના નિજાનંદ સ્વરૂપમાં રહેલા અને બંધનમુક્ત દશામાં રહેલ સ્વતંત્ર એવા પુરુષનું પ્રકૃતિ કાંઈપણ અનિષ્ટ કરી શકતી નથી. (૨૪) ખરેખર જેમ નિદ્રામાં જ રહેલા અને જાગૃત ન થયેલા પુરુષને સ્વપ્ન-નિદ્રાવસ્થા અતિશય અનર્થ પેદા કરનાર બને છે તે જ નિદ્રા કે સ્વપ્નદશા, જાગૃત થયેલાને નિશ્ચયપૂર્વક મોહ પેદા કરી શકતી નથી. આ જ પ્રકારે તત્વને જાણનાર, ભગવાનમાં મનને પરોવીને રાખનાર, આત્મારામ પુરુષને પ્રકૃતિ કોઈપણ કાળે કલેશ આપી શકતી નથી. (૨૫-૨૬) હે માતાજી ! ઉપરના શ્લોકોમાં વર્ણવેલાં સાધનોનું સેવન કરી અનેક જન્મપર્યન્ત આત્મજ્ઞાનમાં અનુરાગ સંપાદન કરનાર, તેમજ બ્રહ્મલોક પર્યંતના સર્વ પદાર્થોમાં વૈરાગ્ય મેળવેલ વિવેકી બનેલ મારો ભક્ત બની, સાચા પુરુષાર્થને જાણી લે છે. ત્યાર પછી તેના ઉપર મારો અતિશય અનુગ્રહ ઊતરે છે ત્યારે તે પરમ કલ્યાણરૂપ કૈવલ્ય નામના મારા આશ્રયવાળા મારા ધામને આ દેહથી જ અનાયાસે મેળવે છે. માતાજી, આ ધામ એવા પ્રાકરનું છે કે પોતાની જ્ઞાન ભરી વિવેકદૃષ્ટિથી સર્વ સંશયોનો નાશ કરનાર મારો ભક્ત ધૈર્યસમ્પન્ન યોગી બનીને લિંગ દેહનો નાશ કરી દઈને મારા આ ધામમાં ગયેલો ત્યાંથી કદી પાછો ફરતો નથી. (૨૭-૨૯) હે માતાજી ! હવે મુદ્દાની વાત સાંભળો ! જ્યારે સિદ્ધ પુરુષનું ચિત, યોગ દ્વારા સમીપમાં આવેલી, અન્ય. કોઈપણ કારણ વિનાની, માયાઓમાં સાચે સાચ આસક્ત થતું નથી ત્યારે હે જનની ! ત્યાં આવા ભક્તની હાંસી કરનારો મૃત્યુનો ગર્વ ત્યાં રહી શકતો નથી, કારણ કે તે ભક્ત યોગી પુરુષને મારી પરમોત્કૃષ્ટ ગતિ પ્રાપ્ત થયેલી હોય છે. (૩૦)

यदा न योगोपचितासु चेतो, मायासु. सिद्धस्य विषज्जतेऽङ्ग ॥ अनन्यहेतुष्वथ मे गतिः स्यात आत्यन्तिकी यत्र न मृत्युहासः ॥ ३० ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના તૃતીય સ્કંધમાંનો પ્રકૃતિપુરુષનું સ્વરૂપ અને આત્મદર્શનના ઉપાયોનું નિરૂપણ કરતો અધ્યાય ૨૭મો સમાપ્ત.

અધ્યાય ૨૮મો

[આ અધ્યાયમાં ૪૪ શ્લોકો છે. પ્રથમ ૨૫, ૨૬ અને ૨૭ આ ત્રણ અધ્યાયોમાં ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય નામના ત્રણ ઉપાયોથી ચિત્તની શુદ્ધિ થાય છે એ વસ્તુ વર્ણવી છે. હવે આ અધ્યાયમાં સબીજ યોગદ્વારા ચિત્તની શુદ્ધિ કેવી રીતે થાય છે એનું નિરૂપણ કરવામાં આવશે, આ અધ્યાયમાં વર્ણવેલા સબીજ યોગમાં "ભગવાનના દિવ્ય સર્વ મંગલ સ્વરૂપનું ધ્યાન કેવી અલૌકિક ભૂમિકા બનાવે છે એ તો સ્વરૂપ વર્ણનના આનંદમાં ડૂબી જઈએ ત્યારે અનુભવાય. ચાલો શ્રી હરિના સ્વરૂપનાં માધુર્યના પીયૂષનાં પાન કરીએ.]

श्रीभगवानुवाच –ः योगस्य लक्षणं वक्ष्ये सबीजस्य नृपात्मजे । मनो येनैव विधिना प्रसन्नं याति सत्पथम् ॥ १ ॥

ભગવાન શ્રીકપિલજી સબીજ રાજયોગની ગાથા ગાવાના હોઈ માતાજીને સંબોધી રહ્યા છે કે હે રાજકુમારી ! હવે હું આપને સબીજ યોગનું લક્ષણ સમજાવીશ. જે યોગના વિધિથી અવશ્ય મન પ્રસન્ન થશે અને અવશ્ય સત્પથે જશે. (૧)

પચીસ લક્ષણવાળો સબીજ યોગ

दैवाल्लब्धेन संतोष आत्मविच्चरणार्चनम् ॥ २ ॥
स्वधर्माचरणं शक्त्या विधर्माच्च निवर्तनम् – दैवाल्लब्धेन संतोष आत्मविच्चरणार्चनम् ॥ २ ॥
ग्राम्यधर्मनिवृत्तिश्च मोक्षधर्मरतिस्तथा – मितमेध्याशनं शश्वत् विविक्तक्षेमसेवनम् ॥ ३ ॥
अहिंसा सत्यमस्तेयं यावदर्थपरिग्रहः – ब्रह्मचर्यं तपः शौचं स्वाध्यायः पुरुषार्चनम् ॥ ४ ॥
मौनं सदाऽऽसनजयः स्थैर्यं प्राणजयः शनैः – प्रत्याहारश्चेन्द्रियाणां विषयान्मनसा हृदि ॥ ५ ॥
वैकुण्ठलीलाभिध्यानं समाधानं तथाऽऽत्मनः ॥ ६ ॥
धिष्ण्यानामेकदेशे मनसा प्राणधारणम् – वैकुण्ठलीलाभिध्यानं समाधानं तथाऽऽत्मनः ॥ ६ ॥

एतैरन्यैश्च पथिभिर्मनो दुष्टमसत्पथे – बुद्धया युञ्जीत शनकैर्जितप्राणो ह्यतन्द्रितः ।। ૭ ।।

માતાજી આ સબીજયોગનાં ૨૫ સાધનો છે તે હવે આપ સાંભળો ! (૧) स्वधर्माचरणं शक्तया–પોતાની શક્તિપ્રમાણે વર્ણાશ્રમધર્મનું પાલન કરવું; (૨) विधर्माच्च निवर्तनम्–પરધર્મથી પાછા વળવું. બ્રહ્મચારીએ ગૃહસ્થના ધર્મો ના પાળવા એ રીતે પ્રત્યેકે પોતાના વર્ણના અને આશ્રમના ધર્મોનું સેવન કરવું; પરંતુ અન્યના ધર્મોનું પાલન ના કરવું; (૩) दैवाल्लब्धेन संतोषः-ભગવદ્ ઈચ્છાથી મળી આવેલા તન, મન, ધન, સ્વજન, સુખ, સાધન આદિમાં સંતોષ રાખવો; (૪) आत्मविच्चरणार्चनम्-મનની સમતુલા અને હૃદયની પ્રસન્નતાને પ્રાપ્ત કરી ચુકેલા આત્મવિદ્જનોનાં ચરણકમલની સેવા; (૫) ग्राम्यधर्मनिवृत्तिः–વિષયસુખ અને લૌકિક સુખોમાંથી વિવેક પૂર્વક પાછા વળવું; (૬) मोक्षधर्मरतिः–અહિંસા-સત્ય વગેરે "સ્વાનન્દ" પ્રાપ્તિનાં સાધનો છે, ધર્મો છે, તેનું પ્રેમથી સેવન કરવું; (૭) मितमेध्याशनम्–શરીર પોષણ જેટલું "मित" અને મેધ્ય એટલે પવિત્ર અને પ્રભુને નિવેદિત વસ્તુનું ભોજન કરવું; (૮) विविक्तक्षेमसेवनम्-એકાન્ત અને નિર્ભય દેશમાં નિવાસ કરવો; (૯) अहिंसा-મનવાણી-ક્રિયાથી કોઈને પણ કષ્ટ ન આપવું. (૧૦) सत्यम्-જેવુ જોયું અને જાણ્યું તેવું જ બોલવું; (૧૧) अस्तेयम्-કોઈની વસ્તુ ચોરી ન લેવી. (૧૨) यावदर्थपरिग्रहः-પ્રયોજન પૂરતા પદાર્થોને લેવા. (૧૩) ब्रह्मचर्यम् અષ્ટાંગ સંયમ પાળવો; (૧૪) तपः-દેહની શુદ્ધિ કરનારાં વ્રત કરવાં; (૧૫) शौचम्-બહારની અને અંદરની બન્ને પ્રકારની પવિત્રતા જાળવવી; (૧૬) स्वाध्यायः-વેદોનું નિત્ય અધ્યયન કરવું; (૧૭) पुरुषार्चनम्–ભગવચ્ચરણ કમલોની સેવા કરવી (૧૮) मौनम्-આવશ્યક અને સત્ય બોલવું; (૧૯) सदासनजयः-એક આસને બેસવા ઉપર વિજય મેળવવો (૨૯) स्थैर्यम् મનની સ્થિરતા રાખવી, (૨૧) शनैःप्राणायामः-ધીમેધીમે પ્રાણાયામ કરી પ્રાણ ઉપર વિજય મેળવવો; (૨૨) प्रत्याहारश्चेन्द्रियाणां विषयान् मनसा हृदि च-મનના સહકારથી ઈન્દ્રિયોને પાછી વાળી તેના ઉપર વિજય મેળવી હૃદયમાં રહેલા ભગવાનમાં પરોવીને રાખવી. (૨૩) धिष्ण्यानामेकदेशेन मनसा प्राणधारणम्-એક સ્થાનમાં મન સાથે પ્રાણોને ધારણ કરવા; (૨૪) वैकुण्ठलीलाभिध्यानम्-શ્રીવૈકુંઠનાથ પ્રભુની લીલાઓનું નિત્યધ્યાન કરવું. (૨૫) समाधानं तथात्मनः-અન્તઃકરણનું સમાધાન હે માતાજી, અન્તઃકરણનું ભગવાનના સ્વરૂપમાં સ્થિર કરવું ઉપર દર્શાવેલા ૨૫ સાધનોનું સેવન કરવા સાથે; (૨૬) एतैरन्यैश्च पथिभिः-કથા શ્રવણ-કીર્તન-સ્મરણ-નામ રટણ વગેરે પવિત્ર અને પ્રભુમાં પ્રેમ કરનારા ઉપયોગી, (૨૭) अतन्द्रितः-બિલકુલ આલસ્ય કર્યા વિના, (૨૮) जितप्राणः-પ્રાણો ઉપર વિજય મેળવીને લૌકિક માર્ગમાં રચ્યાપચ્યા રહેતા મનને વિવેકબુદ્ધિથી ધીમે ધીમે પ્રભુના ચરણોમાં જોડી દેવું (૩-૭).

આસન અને ઉત્તમદેશ

હે માતાજી ! સર્વ પ્રથમ પવિત્ર અને શાંત સ્થાન જોઈ તેમાં આસન ગોઠવવું. તે આસન દર્ભ, અજિન અને વલ્કલનું બિછાવવું. પુનઃ શરીરને એક સીધી લાકડીની માફક સ્થિર અને સીધું રાખવું; પરંતુ અક્કડ ન થઈ જવું, ત્યારબાદ "સ્વસ્તિક" આસને બેસવું અને યોગાભ્યાસ કરવો. (૮)

પ્રાણાયામ પ્રકાર

માતાજી ! પૂરક, કુંભક, રેચકના ક્રમથી અથવા ઊલટા ક્રમથી; પરંતુ જે રીતે ચિત્ત ચંચલતા ત્યજે અને સ્થિર બને એ પ્રકારે પ્રાણના માર્ગને શુદ્ધ કરવો. (૯) મા ! વાયુ અને અગ્નિ દ્વારા ધમેલી લોહધાતુ કે સુવર્ણાદિ સર્વધાતુઓ જેમ મલિનતાને ત્યજી દે છે તે જ પ્રકારે પ્રાણાયામથી પ્રાણ ઉપર વિજય મેળવનાર યોગીનું મન શીઘ્ર નિર્મલ થાય છે. (૧૦) માતાજી ! એવો ક્રમ છે કે પ્રાણાયામોના બળથી મલ-દોષોને બાળવા, ધારણાવિધિથી પાપો બાળવાં, પ્રત્યાહારથી સર્વ સંસર્ગદ્રોષોને બાળવા અને ધ્યાન દ્વારા સંસર્ગદોષોને અને સંસારસંપાદન કરાવનારા રાગદ્વેષાદિ દોષોને બાળવા અને ભગવાનના ધ્યાનના બળથી, ઈશ્વરના ધર્મોનો હૃદયમાં આવિર્ભાવ થાય છે. (૧૧) જ્યારે પોતાનું મન શુદ્ધ થાય, અને યોગમાર્ગથી યોગ્યરીતે સ્થિર થાય ત્યારે પોતાની નાસિકાના અગ્રભાગ ઉપર નજર રાખી ભગવાનના પ્રદેશનું ધ્યાન કરવું. (૧૨)

प्रसन्नवदनांभोजं पद्मगर्भारुणेक्षणम् – नीलोत्पलदलश्यामं शंखचक्रगदाधरम् ॥ १३ ॥
लसत्पकङ्जकिञ्जल्कपीतकौशेयवाससम् – श्रीवत्सवक्षसं भ्राजत्कौस्तुभामुक्तकन्धरम् ॥ १४ ॥
मत्तद्विरेफकलया परीतं वनमालया – परार्ध्यहारवलयकिरीटाङ्गदनूपुरम् ॥ १५ ॥
काञ्चीगुणोल्लसत् श्रोणिं हृदयाम्भोजविष्टरम् – दर्शनीयतमं शान्तं मनोनयनवर्धनम् ॥ १६ ॥
अपीच्यदर्शंनं शश्वत्सर्वलोकनमस्कृतम् – सन्तं वयसि कैशोरे भृत्यानुग्रहकातरम् ॥ १७ ॥
कीर्तन्यतीर्थयशसं पुण्यश्लोकयशस्करम् – ध्यायेद्देवं समग्रांगं यावन्न च्यवते मनः ॥ १८ ॥
स्थितं व्रजन्तमासीनं शयानं वा गुहाशयम् – प्रेक्षणीयेहितं ध्यायेत् शुद्धमावेन चेतसा ॥ १९ ॥

પૂર્ણપુરુષોત્તમના ધ્યાનનાં ૨૫ વિશેષણ

(૧) प्रसन्नवदनांभोजम्–વરદાન દેવા તત્પર અને સંતોષ દેનાર મુખકમલવાળા, (૨) पद्मगर्भारुणेक्षणम्-પ્રસન્નપ્રેમભર્યા-યોગસિદ્ધિઆપનારા કમલની મધ્યકલિકા જેવા અરુણ નયનથી શોભતા, (૩) नीलोत्पलदलश्यामम्–સૌંદર્ય, શુદ્ધિ, સાત્વિકતા, શૃંગારરસનાં દાન દેનાર શ્યામકમલ સમાન શ્યામસુંદર, (૪) शंखचक्रगदाधरम्-શંખચક્રગદા કમલધારી (૫) लसत्पंकजकिंजल्कपीतकौशेयवाससम्–પ્રભુનું સંપૂર્ણ પીતાંબાર વેદનું સ્વરૂપ છે, રેશમ ભાગ દેવો છે, પીતાંબરના છેડાના રેશમના દોરાઓ ઉપરનાં મૌક્તિકો તો મુક્તજીવો છે. આ પીતાંબર પંકજના કેશરના પીતવર્ણ જેવું દિવ્ય છે. (૬) श्रीवत्सवक्षसम्–શ્રીવત્સ બ્રહ્માનંદનું સ્વરૂપ છે. આ બ્રહ્માનન્દ સદા હૃદય ઉપર પ્રકાશે છે, (૭) भ्राजत्कौस्तुभकन्धरम् ભક્ત અને મુક્ત જીવોને કૌસ્તુભરૂપે બનાવી ભગાવને કંઠમાં ધારણ કર્યાં છે, નાથના કંઠથી કૌસ્તુભમણિ પ્રકાશી રહેલ છે (૮) मत्तद्विरेफकलया-કંઠથી ચરણ પર્યંત ઠાકોરજી શ્રીવનમાલાજીથી શોભી રહ્યા છે. ભગવાનનાં યશઃસુધાનાં પાન કરી મસ્ત બનેલા જ્ઞાનીઓ વનમાલાના મિલિન્દ એટલે ભ્રમર બની ભગવાનનાં ગાન કરી રહ્યા છે (૯) परार्ध्यहारवलयकिरीटाङ्गदनूपुरम्-ભગવાનના શ્રીઅંગ ઉપર અમૂલ્ય રત્નહાર, કંકણ, કિરીટ, બાજુબંધ અને નૂપુર શોભી રહ્યાં છે. આ પાંચ આભૂષણોમાં हार એ તો ભક્તમાલા છે; વલય એ તો ભક્તોનો સેવા માર્ગ છે; किरीट ઉપનિષદનું જ્ઞાન છે; अङ्गद તો ભગવાનની ભક્તિ છે; नूपुर તો પ્રભુના માર્ગની ગતિ છે. (૧૦) कांचीगुणोल्लसत् श्रोणिम्-ભગવાનના નિતંબબિંબે બિરાજતી મેખલા મનને ખેંચી રહી છે. સુવર્ણની મેખલા તે સ્ત્રી અને ધનથી સંસારની વૃદ્ધિને સૂચવે છે. (૧૧) हृदयाम्भोजविष्टरम्–ભગવાનનું ધ્યાન કરતા ભક્તના હૃદય કમલને આસન બનાવી ભગવાન તેના ઉપર બિરાજે છે. (૧૨) दर्शनीयतमम्–પ્રભુ અત્યંત દર્શનીય છે કારણ કે પ્રભુના સ્વરૂપનું સૌંદર્ય પ્રપંચ આસક્તિને દૂર કરે છે. (૧૩) मनोनयनवर्धनम्–મનને અને નેત્રને ગમી જતા નાથ નિત્ય ભક્તને પોતાનું સ્મરણ કરાવે છે. (૧૪) शान्तम्-કામાદિ દોષોને વિસરાવનાર જ્ઞાનમય શાંતસ્વરૂપ છે. (૧૫) अपीच्यदर्शनम्–ભગવાનના દર્શનથી મોક્ષ અને પરમાનંદની પ્રાપ્તિ થાય છે એવા અતિ સુંદર છે. (૧૬) सर्वलोकनमस्कृतम्-ચતુર્દશલોકના તે વંદનીય નાથ છે. (૧૭) सन्तं वयसि कैशोरे–જ્યારે નિરખીએ ત્યારે કિશોરાવસ્થામાં જ દર્શન દેનારા છે. (૧૮) भृत्यानुग्रह कातरम् નિજભક્તજન ઉપર નિરંતર અનુગ્રહ કરવા આતુર છે, (૧૯) पुण्यश्लोकयशस्करम्–પુણ્યશ્લોક જનોના યશને વધારનારા નાથનાં ધ્યાન કરવાં. હે ભાઈ ! વિદુરજી ! મુખારવિંદથી આરંભી ક્રમશઃ પ્રત્યેક અંગમાં મનને પરોવી મન ચલિત ન થાય એવી રીતે શ્રીકૃષ્ણચંદ્રજીનાં સમસ્ત અંગોનું ધ્યાન કરવું. (૧૩થી૧૮) પ્રભુના આવા દિવ્ય સ્વરૂપનું ધ્યાન કરતી વખતે ચારમાંથી કોઈ પણ એક સ્વરૂપનું હૃદયમાં ધ્યાન કરવું તેમાં (૨૧) स्थितम्–ઊભેલા ઢાકા સ્વરૂપનું ધ્યાન કરી વિચારવું કે ભગવાન ભક્ત નામના પુત્રની પ્રતીક્ષા કરતા ઊભા રહ્યા છે, (૨૨) व्रजन्तम्–દ્રૌપદીજી, શબરી, શ્રુતદેવ આદિ ભક્તોનાં કાર્ય માટે દોડી રહ્યા છે અથવા પ્રાતઃકાલમાં નંદાલયથી ગોવૃન્દને લઈને શ્રીવૃન્દાવન વિહારી વનમાં પધારી રહ્યા છે (૨૩) आसीनम्–ભક્તજનને સેવાનાં સુખ દેવા નવનીતપ્રિય સ્વરૂપે બાલમુકુંદજી બિરાજ્યા છે, (૨૪) शयानम्–પાલનામાં પોઢેલા प्रेष्ठपर्यङ्कशयनम् અથવા શેષ ઉપર પોઢેલા નાથનાં દર્શન કરવાં (૨૫) નાથ प्रेक्षणीयेहितम्-દર્શનીય

દિવ્યલીલાઓને આચરી રહ્યા છે. (૨૬) આવા દિવ્ય સ્વરૂપવાળા પ્યારા શ્રીવ્રજનાથનું ગોપ-ગોપીજન ગોપબાલા ગાયો વગેરેથી ઘેરાયેલા વળી તેઓની સાથે ક્રીડા કરતા દિવ્ય લીલાવાળા હરિનું શુદ્ધ ચિત્તથી હૃદયમાં ધ્યાન કરવું. (૧૯) હે માતાજી ! જ્યારે ભક્તનું ચિત્ત ભગવાનના સર્વસ્વરૂપમાં લીન બની જાય ત્યાર પછી તે તલ્લીન બનેલા ચિત્તને પ્રભુના પ્રત્યેક અંગમાં તન્મય બનેલ જાણીને ભગવાનના એક એક અંગમાં યોજવું. (૨૦)

૧૩ શ્લોકમાં શ્રીઠાકુરજીનાં સર્વાંગમાધુર્ય રસપાન

संचिन्तयेद्भगवतश्चरणारविन्दं वज्राङ्कुशध्वजसरोरुहलाञ्छनाढयम् । उत्तुङ्गरक्तविलसन्नखचक्रवाल, ज्योत्स्नाभिराहतमद्दृहृदयान्धकारम् ।।२१।।

(૧) श्रीचरणारविन्दध्यानम्–હે માતાજી ! શ્રીઠાકોરજીના ચરણારવિંદના પદતલનું ધ્યાન કરતાં વજ્રની ઝાંખી કરતાં વિચારવું કે પ્રભુના ચરણકમલની સેવામાં પહોંચતાં, આડે આવતાં, પર્વતજેવાં વિઘ્નોને નાથ વજ્રથી વિદારી નાખે છે, બીજું ચિહ્ન અંકુશ છે તેનું ધ્યાન કરતાં યાદ રાખવું કે મદસભર ભક્તના મન નામના ઉમત્ત હાથીને ભગવાન અંકુશથી વશરાખે છે ત્રીજું ચિહ્ન ધ્વજ છે તેનું ધ્યાન કરતાં ન વિસરવું કે ભગવાનના ધ્વજનો આશ્રય લેતાં કાળ અને કાળ જેવા કઠોર ભયમાંથી ભગવાન મુક્ત કરે છે. ચોથું सरोरुह-કમલ નામના લાંછન ચિહ્નથી ચરણારવિંદ સમૃદ્ધ છે. પ્રભુના ચરણનું કમલ સૂચવે છે કે ચિંતા કર મા ! ભગવાન સુખ સેવ્ય છે. હે માતા, નાથના ઉભય ચરણકમલની દશ અંગુલિઓ ઉપર ઊપસી આવેલા કૂર્મની પીઠ જેવા, સંપૂર્ણ રક્તવર્ણા, અત્યંત ચળકતા, દશનખ તો દશમણિ છે. તે નખમણિઓની દિવ્ય કાન્તિઓથી જ્ઞાનીઓ જેવા મહાપુરુષોના હૃદયમાં વસેલા મહાન અંધકારને દૂરકરી દે છે (૨૧)

(૨) પ્રભુચરણતીર્થનું ધ્યાન

यच्छौचनिःसृतसरित्प्रवरोदकेन, तीर्थेन मूर्ध्न्यधिकृतेन शिवःशिवोऽभूत् ।
ध्यातुर्मनःशमलशैलनिसृष्टवज्रं, ध्यायेच्चिरं भगवतश्चरणारविन्दम् ।।२२।।

માતાજી, જરા ભગવાનના ચરણતીર્થનો મહિમા તો વિચારો ! શ્રી ઠાકોરજીના ઉભય ચરણકમલનું પ્રથમ બલિરાજાએ ધ્યાન કર્યું અને પુનઃ પ્રક્ષાલન કર્યું ત્યારે તે ચરણકમલ ઉપર જતાં સત્યલોકમાં પધાર્યાં. ત્યાં રહેલા શ્રીબ્રહ્માજીએ ભગવાન ચરણસરોજનાં પ્રક્ષાલન કર્યાં. આ અવસરે અતિપાવન પ્રભુ પદ સરોજરજના સમાગમવાળાં ચરણ તીર્થજલ વિશ્વને પાવનકરનારાં શ્રીગંગાજી બન્યાં. સર્વમંગલ ભગવાન શંકરજીએ સદાશિવ બનીને તે તીર્થજલને પોતાના જટાકમંડુલમાં સંભાળી રાખ્યાં. આવા પ્રતાપશાલી પ્રભુના શ્રીચરણસરોજનું ધ્યાન કરતાં જ ભક્તના મનમાં ભરાઈ રહેલા કામાદિ મળો રૂપી પર્વતોને તોડી નાખવા વજ્રનું કાર્યસારતા શ્રીહરિચરણસરોજનું સતત ધ્યાન કરવું,

जानुद्वं जलजलोचनया जनन्या, लक्ष्म्याखिलस्य सुरवन्दितया विधातुः ।
ऊर्वोर्निधाय करपल्लवरोचिषा यत् संलालितं हृदि विभोरभवस्य कुर्यात् ।। २३ ।।

(૩) શ્રીલાલિતજાનુયુગલ

માતાજી, હવે પ્રભુના બન્ને જાનુયુગલનું - ચરણયુગલનું દર્શન કરીએ; જુઓ માતાજી ! શ્રીલક્ષ્મીદેવીજી તો અખિલ વિશ્વનાં જનની છે, વળી કમલ સમાન રસાલ વાત્સલ્યરસ છલકાવતાં નયનકમલવાળાં છે,સમસ્ત દેવો દેવીલક્ષ્મીજીના ચરણોને સદા વંદન કરે છે, તે શ્રીલક્ષ્મીજી કોમલ ગાદી કંરતાંય વધુ કોમલ અને અતિરસાલ, પોતાના ઉત્સંગમાં શ્રીઠાકોરજીના ચરણયુગલને આદરથી પધરાવીને, રખેને મારા નાથને કઠોર કરનો સ્પર્શ થતાં કષ્ટ તો નહીં થાયને એમ વિચારતાં, પોતાના અતિસુકુમાર કરકમલના અતિમૃદુ અગ્રભાગથી સેવી રહ્યાં છે-સંલાલન કરી રહ્યાં છે એવા સંસારમોચક ભગવાન શ્રીકૃષ્ણજીના ઉભય જાનુને નિત્ય હૃદયમાં જ પધરાવી રાખવા. (૨૩)

(૪) શ્રીહરિના સાથળ અને નિતંબનું ધ્યાન

ऊरु सुपर्णभुजयोरधिशोभानौ–बोजोनिधी अतसिकाकुसुमावभासौ ।
व्यालम्बिपीतवरवाससि वर्तमान, काञ्चीकलापपरिरंभि नितम्बबिम्बम् ।। २४ ।।

ચાલો માતાજી ! ચિત્તચોર નંદકિશોરની સાથળનાં ધ્યાન કરીએ, હે માતાજી ! આ સમર્થ શ્રીહરિ કાલ, કર્મ અને સ્વભાવના વિજેતા છે; તેથી જ ગરુડજીના ઉપર બિરાજ્યા છે. જુઓ જનની ! સામવેદ, કાલ અને ભક્તિ નામનાં ગરુડજીનાં ત્રણ સ્વરૂપો છે. આ સ્વરૂપમાં ભગવાન શ્રીગરુડના ખભા ઉપર બિરાજ્યા છે અને ગરુડ મહારાજના બે હાથમાં પ્રભુજીના બે સાથળ છે, આ બે સાથળ પ્રકાશના-તેજના તો ભંડાર છે અને શ્યામ વર્ણા અળસીનાં કોમલ કુસુમોના જેવા કાન્તિ ધરાવતા બે સાથળો અત્યંત શોભી રહ્યા છે. માતાજી, ગરુડજી અહીં કાળનું સ્વરૂપ છે અને એમના બન્ને હસ્ત છે એ તો કર્મ અને સ્વભાવનાં સ્વરૂપ છે. ભગવાને એ કાલને, કર્મને અને સ્વભાવને સ્વવશ કરી દીધાં છે. માતાજી ! પ્રભુજીએ પગોવઈ પીળાં પીતાંબર પહેર્યાં છે. પીતાંબર અત્યંત મુલાયમ અને મોંઘા છે. એના ઉપર કટિ ભાગે સુવર્ણ મેખલાની સેરો સટીને ધારણ કરેલી છે; તેથી બન્ને નિતંબબિંબો પણ દીપી રહ્યાં છે. (૨૪)

(૫) શ્રીનાથની નાભિનાં ધ્યાન

नाभिह्रदं भुवनकोशगुहोदरस्थं, यत्रात्मयोनिधिषणाखिललोकपद्म ।
व्यूढं हरिन्मणिवृषस्तनयोरमुष्य, ध्यायेद् द्वयं विशदहारमयूखगौरम् ॥ २५ ॥

ચાલોને માતાજી ! નાથનાં નાભિદેશનાં ધ્યાન કરીએ, નાથની નાભિ તો જાણે ઘણા ઊંડા અને અગાધ ગંભીર જલ ભરેલા "જલધરા" જેવી છે અને પ્રભુનું ઉદર અત્યંત વિશાળ અને તુંદિલ છે. માતા ! નાભિ નામનો જલધરો-નાભિ નામનું સરોવર, આ ચૌદ ભુવન નામની કમળની કળીને નિત્ય નિવાસ માટેનું ગુપ્ત સ્થાનરૂપ ભગવાનનું ઉદર છે. આવા પ્રભુના ઉદરમાં રહેલા નાભિ સરોવરનું ધ્યાન કરવું.આ નાભિમાં બ્રહ્માજી, બ્રહ્માજીની બુદ્ધિ અને અખિલ લોકો રહેલા છે. મા ! આ પ્રકારની નાભિનું ચિંતન કર્યા પછી ભગવાનના બે સ્તનોનું ધ્યાન કરવું. મા ! આ બે સ્તનો ભક્તોને માટે બે ચિંતામણિ છે, નીલવર્ણા મરકતમણિ સમાન કાન્તિવાળા છે; પરંતુ બન્ને સ્તનની મધ્યમાં ધારણ કરેલા ઉજ્જ્વલ મુક્તાહારની શ્વેતવર્ણી કિરણાવલીથી શ્વેતવર્ણા નજરોને આકર્ષી રહ્યા છે તે સ્તનનું ધ્યાન કરવું. (૨૫)

(૬) ભક્તવત્સલ ભગવાનના વક્ષઃસ્થલનું ધ્યાન

वक्षोऽधिवासमृषभस्य भहाविभूतेः पुसां मनोनयननिर्वृतिमादधानम् ।
कण्ठं च कौस्तुभमणेरधिभूषणार्थं, कुर्यान्मनस्यंखिललोकनमस्कृतस्य ॥ २६ ॥

માતાજી ! હવે આપણે કૃપાસિંધુ શ્રીકૃષ્ણના વક્ષઃસ્થલનું ધ્યાન કરીએ, આ પૂર્ણપુરુષોત્તમ ભગવાનનું વક્ષઃસ્થલ ભગવતી શ્રીઈન્દિરાદેવીનું અધિનિવાસ સ્થાન છે અને ભક્તોના મન અને નયનોને ન્યાલ કરી નાખનારું છે. મા ! મનમાં વક્ષઃસ્થળનું ધ્યાન કર્યા બાદ શ્રીનાથના શ્રીકંઠ સ્થાનનું ધ્યાન કરીએ, આ કંઠમાં ચૌદે લોકમાં જેને વંદન થાય છે એવા કૌસ્તુભમણિ બિરાજે છે. ભગવાનનો શ્રીકંઠ કૌસ્તુભ મણિની કીંમત અને કાન્તિ વધારી રહ્યો છે. (૨૬)

(૭) નાથના મોહક બાહુનાં ધ્યાન

बाहूंश्च मन्दरगिरेः परिवर्तनेन, निर्णिक्तबाहुवलयानधिलोकपालान् ।
सञ्चिन्तयेद्दशशतारमसह्यतेजः, शङ्खं च तत् करसरोरुहराजहंसम् ॥ २७ ॥

મા ! મંથનકાલે મન્દરાચલ પર્વતના પરિભ્રમણથી ચારે ચાર હસ્તોમાં ચોંટી ગયેલા અથવા કાંડા ઉપર ચઢાવેલા, અથવા તો ઘર્ષણથી અત્યંત શ્વેત બની ગયેલા કંકણ અને કેયૂરવાળા ચાર પુરુષાર્થોનું દાન કરનારા નાથના ચાર બાહુનું ધ્યાન કરવું. તેમજ હજારો આરાવાળા, અસહ્ય તેજસ્વી સુદર્શન ચક્રનું ધ્યાન કરવું. આ સાથે સાથે શ્રીનાથના કરસરોજમાં બિરાજતા રાજહંસ સમા શંખનું ધ્યાન કરવું. (૨૭)

(૮) ગદા, માલા, કૌસ્તુભનાં ધ્યાન

कौमोदकीं भगवतो दयितां स्मरेत, दिग्धामरातिभटशोणितकर्दमेन ।
मालां मधुव्रतवसथिगिरोपधुष्टां, चैत्यस्य तत्त्वममलं मणिमस्य कंठे ॥ २८ ॥

જુઓ માડી ! હવે ગદાનું ધ્યાન કરીએ, એનું નામ કૌમોદકી છે, આ ગદા તો ભગવાનની પ્રિયતમા છે એમ જ માનો. રણસંગ્રામમમાં પ્રહાર થતાં, શત્રુપક્ષના મોટા ભડવીરોના શરીરે ઘા થતાં, ચામડી કચડાઈ જતાં, જામેલા રુધિરના કાદવથી રગદોળાયેલી ગદાનું સતત ધ્યાન કરવું. વળી વેદગાનના મધુર વ્રતવાળા મધુકર પુંજની ગુંજનવાણીથી ગાજતી શ્રીવનમાલાજીનું ધ્યાન ધરવું અને નાથના કંઠમાં બિરાજમાન જીવના તત્ત્વસ્વરૂપ મણિનું પણ સ્મરણ કરવું. (૨૮)

(૯-૧૦) નાથનું મુખકમલ

भृत्यानुकम्पितधिययेह गृहीतमूर्तेः, सञ्चिन्तयेद् भगवतो वदनारविन्दम् ।
यद्विस्कुरन्मकरकुण्डलवल्गितेन, विद्योतितामलकपोलमुदारहासम् ॥ २९ ॥
यच्छ्रीनिकेतमलिभिःपरिसेव्यमानं, भृत्या स्वया कुटिलकुन्तलवृन्दजुष्टम् ॥
मीनद्वयाश्रयमधिक्षिपदब्जनेत्रं, ध्यायेन्मनोमयमतन्द्रितमुल्लसद्भ्रु ॥ ३० ॥

હે માતાજી ! ચાલો હવે ભગવાનના વદનસરોજનાં ધ્યાન કરીએ. ભગવાને ભક્તોના ઉપર કૃપા કરવા જ પ્રાક્ટ્ય સ્વીકાર્યું છે. પ્રભુના મુખકમલ ઉપર બન્ને કાનોમાં અત્યંત તેજોમય, મકરાકૃતિ, કુંડલો, ગંડસ્થલની બન્ને ગાલની શોભા વધારી રહ્યા છે, ઉન્નત ઘાટીલી નાસિકા અને ઔદાર્ય ભર્યા સ્મિતહાસ્યથી શોભાયમાન મુખકમલ ચિત્તને ચોરી રહ્યું છે. મુખકમલ તો શ્રીલક્ષ્મીજીદેવીનું નિવાસ સ્થાન છે, મુખકમલના ગંધના લોભી ભ્રમરો ચારે તરફ ગુંજતા સેવા માટે ઘૂમી રહ્યા છે, વળી આગવી કાન્તિથી તે અત્યંત શોભી રહેલ છે, વાંકીડિયા વાળનાં ગુચ્છાદાર વૃન્દોથી વંટળાયેલ છે, બે મત્સ્યથી શોભાને પોતાના સૌંદર્યથી ઝાંખા પાડી દેતા કમલ તુલ્ય બે નેત્રને ધારણ કરનાર, ભક્તજનના મનનું નિત્ય નિવાસસ્થાન એવા મનોમય અને સાવધાની પૂર્વકના ભ્રૂકુટિના વિલાસથી પુષ્કળ હૃદયંગમ બનેલ પ્રભુના મુખ સરોજનાં અખંડ ધ્યાન કરવાં. (૨૯-૩૦)

(૧૧) કૃપાનિધાનની કૃપાદૃષ્ટિ

तस्यावलोकमधिकं कृपयातिगोर, तापत्रयोपशमनाय निसृष्टमक्ष्णोः ।
स्निग्धस्मितानुगुणितं विपुलप्रसादं, ध्यायेच्चिरं विततभावनया गुहायाम् ॥ ३१ ॥

માતાજી ! દયાનિધિની દયાદૃષ્ટિનું જરાધ્યાન ધરીએ, નાથ પોતાની કૃપાથી છલકાતાં ભક્તોનાં અવલોકન કરે છે એટલામાં તો ભક્તોના અતિશય ભયાનક ત્રણે પ્રકારના તાપોની ક્ષણ માત્રમાં શાંતિ થઈ ગઈ. પ્રભુની આ કૃપા નજરમાંથી છલકાતા સ્નેહથી તરબોળ મધુર મંદ સ્મિતહાસ્યપૂર્વકનું અતિઅનુગ્રહ ભર્યા અવલોકનનું આપણી હૃદય નામની ગુફામાં સતત ચિંતન કરતાં જ ચિત્તની સહજ પ્રસન્નતા સિદ્ધ થઈ જશે. (૩૧)

(૧૨) શ્રીહરિના હાસ્યનું ધ્યાન

हासं हरेरवनताखिललोकतीव्र, शोकाश्रुसागरविशोषणमत्युदारम् ।
संमोहनाय रचितं निजमाययाऽस्य, भ्रूमण्डलं मुनिकृते मकरध्वजस्य ॥ ३२ ॥

હે જનની ! નિજ ચરણોમાં નમસ્કાર કરતાં, સમસ્ત નિજજનના તીવ્ર શોકાશ્રુ સાગરને સૂકવનારા પરમ ઉદાર શ્રીહરિના હાસ્યનું ધ્યાન કરવું અને સાથે સાથે, મુનિવરોના ધ્યાનમાં આડે આવતા મકરના ધ્વજવાળા કામદેવને મોહ પમાડવા પોતાની માયાથી રચેલા શ્રીહરિના ભ્રૂમંડલનું ધ્યાન કરવું. (૩૨)

(૧૩) અચ્યુત ભગવાનનું પ્રહસિત

ध्यानायनं प्रहसितं बहुलाधरोष्ठ, भासारुणायिततनुद्विजकुन्दपङ्क्ति ।
ध्यायेत्स्वदेहकुहरेऽवसितस्य विष्णो, भक्त्याऽऽर्द्रयाऽर्पितमना न पृथग्दिदृक्षेत ॥ ३३ ॥

હે મા ! ભક્ત પોતાના દેહમાં રહેલા આકાશમાં, બિરાજમાન ભગવાન વિષ્ણુના સર્વ ધ્યાનોના સ્થાનરૂપ અલ્પ પ્રયત્ને

ધરી શકાતા તેમજ બન્ને હોઠોની રતુમડી કાન્તિથી અંગપ્રભાને રક્તવર્ણી બનાવતા મોગરાની કળી જેવી દંતપંક્તિવાળા, અટ્ટહાસ્યનું સ્નેહમયી દૃષ્ટિથી ધ્યાન કરવું. આ ધ્યાન કરતી વખતે અન્ય કોઈપણ વસ્તુ જોવાની કામના ના કરવી. (૩૩) પ્રભુના આવા રમણીય અને કમનીય ધ્યાનથી ભક્તજન ભગવાનમાં પ્રેમ પ્રાપ્ત કરી લે છે, તેનું હૃદય ભક્તિથી આર્દ્ર બની જાય છે, આનંદથી રોમાંચ અનુભવે છે, પ્રભુદર્શનની અને પ્રભુદર્શનથી ઉત્પન્ન થતી અત્યંત ઉત્કંઠાને લીધે પ્રકટ થનારી અશ્રુધારાથી ભક્તનું હૃદય વારંવાર આર્દ્ર બની જાય છે, અન્તે આવા ધ્યાનપરાયણ ભક્તજનો, પોતાના ચિત્તનામના આંકડાથી ભગવાનને પકડવાનું પણ છોડી દે છે; કારણ કે ભગવાને જ એને પકડી રાખ્યો છે. (૩૪) આધાર ત્યજી દેનાર મન જ્યારે વિરક્ત થઈ વિષયમુક્ત બની જાય છે ત્યારે તો જેમ દીપકમાં નું તેલ ખલાસ થઈ જાય કે જેમ, લાકડાં ખલાસથાય તેમ દીપકની કે અગ્નિની જ્વાલા સ્વયં શાંત થઈ જાય છે. એ જ પ્રકારે મનનો લય થઈ જતાં જ ત્રણ ગુણનો પ્રવાહ અટકી જશે અને ધ્યાનનિષ્ઠ ભક્તિપુરુષ ભગવાનને આવરણ વિનાના કેવલ એકલાને જ જુએ છે. (૩૫) ભગવાનના આ દિવ્ય સ્વરૂપનો અનુભવ કરનાર આત્મદર્શી આત્મા પણ મનની અંતિમ શાંતિથી, સુખ અને દુઃખ વિનાના મોક્ષરૂપ આત્મામાં દૃઢ થઈ જાય છે. પ્રથમ જ સુખ દુઃખનાં કારણને આત્મામાં જે રાખતો હતો તે મિથ્યાકતૃત્વમાં-મિથ્યા કર્તાપણામાં રહેલ જાણીને આત્માની ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત કરાવનાર થાય છે. (૩૬)

ભગવદ્ ભક્તની મસ્તદશા

હે માતાજી ! કોઈ મદિરા પાન કરી નશામાં ચકચૂર બનેલો મનુષ્ય પોતાના શરીર ઉપર વસ્ત્ર છે કે સરી ગયેલ છે, એનું એને જરા પણ ધ્યાન હોતું નથી એ રીતે ભગવાનમાં તલ્લીન બનેલો આત્મરત ભગવદીય જન, હવે પોતાનો દેહ આ સ્થાને રહેલ છે કે બીજા સ્થળે રહેલ છે ? આસન ઉપર રહેલ છે કે આસન ઉપરથી ઊભો થયેલ છે એવું કાંઈપણ નથી જાણતો. કારણ કે તેને સ્વરૂપની પ્રાપ્તિ થયેલ છે. (૩૭) અન્તે, એનો દૈવાધીન દેહ પણ જ્યાં સુધી પોતાનો આરંભ કરનારું કર્મ હોય ત્યાં સુધી પ્રાણને ધારણકરતો પ્રતીક્ષા જ કરે છે. આ આત્મા તો સમાધિપર્યંતના યોગ ઉપર આરૂઢ થઈ ચુકેલ છે તેમજ આત્મ સ્વરૂપનું જ્ઞાન મેળવી ચુકેલ છે; તેથી તે મુક્તાત્મા તો પ્રપંચ સહિત-સ્વપ્ન જેવા તે દેહનો ફરીથી આદર કરતો નથી. (૩૮) એક વાર જેણે પુત્રને અને ધનને પોતાના આત્મા તરીકે માનેલું તે જ્યારે વિવેકથી જાણ્યું કે તે આત્માથી ભિન્ન છે ત્યારે તે પોતાને પુત્રથી અને વિત્તથી ભિન્ન છે એમ જાણે છે. (૩૯) આ વસ્તુ દૃષ્ટાન્તથી સમજાશે કે લાકડામાંથી જ ઉત્પન્ન થયેલાં ઉંબાડિયાં અને તણખા કે ધુમાડો પ્રથમ પોતાના રૂપે એટલે અગ્નિના રૂપે જાણેલો; પરંતુ તે બળીને જ્યારે શાંત થયાં ત્યારે તે અગ્નિ નથી એમ સમજાય છે તેવી જ રીતે દ્રષ્ટા આ આત્મા પંચમહાભૂતો, ઈંદ્રિયો, અંતઃકરણ, લિંગ, દેહ તરીકે ઓળખાતા પ્રધાનતત્ત્વ-એટલે પ્રકૃતિ તત્ત્વથી ભિન્ન છે એમ વિવેક થશે અને સમજાશે કે બ્રહ્મ તરીકે બોલાતો આ આત્મા તો ભગવાનની પ્રકૃતિવાળો છે. (૪૧) હવે આત્મતત્ત્વનું સ્વરૂપ સમજાવતાં કહે છે કે સર્વ પ્રાણીઓમાં આત્માને અને આત્મામાં સર્વ પ્રાણીઓને અનન્ય ભાવથી જોવાં તેમજ મહાભૂતોમાં પણ આત્માપણાને જોવું એ બ્રહ્મ દર્શન છે. (૪૨) હે જનની ! જેમ અગ્નિ પોતાના પ્રાકટ્યનાં સ્થાનો રૂપ કાષ્ઠની નાની મોટી ઢગલીઓના કારણે જ નાનો મોટો ઢગલીઓમાં અને ભિન્ન ભિન્ન દેખાય છે. તે તો સ્વયં નાનો મોટો કે ભિન્ન ભિન્ન નથી. તે જ પ્રમાણે પ્રકૃતિમાં રહેલો આત્મા ભિન્ન-ભિન્ન દેખાય છે તો પણ તે ભિન્ન નથી. (૪૩) તેથી જ માતાજી ! ભગવત્ કૃપાથી પ્રકૃતિને જીતવી જોઈએ. હે માતાજી ! કાર્ય અને કારણ રૂપ આ પ્રકૃતિ ભગવાનના સંબંધવાળી છતાં, એ ભગવાનની કૃપા વગર, મહાન શ્રમ કરવા છતાં, પ્રયત્ન કરવા છતાં ન સમજી શકાય તેવી છે. કાર્ય કારણ રૂપ પ્રકૃતિનો પરાભવ કરી પ્રકૃતિને જીતી સ્વરૂપમાં સ્થિતિ કરવી. તાત્પર્ય આ અધ્યાયનું એટલું જ છે કે પ્રકૃતિ અને એના વિકારનો વિલય થતાં સ્વ-સ્વરૂપાવસ્થાનની પ્રાપ્તિ થવી એ સાંખ્યશાસ્ત્રનો મોક્ષ છે. (૪૪)

तस्मादिमां स्वां प्रकृतिं दैवीं सदसदात्मिकाम् । दुर्विबाव्यां पराभाव्य स्वरुपेणावतिष्ठते ॥ ४४ ॥

શ્રીમદ્ભાગવત પીયૂષના તૃતીયસ્કંધમાંનો "ભગવદ્ધ્યાન" નામના પ્રસંગનું નિરૂપણ કરતો અધ્યાય ૨૮મો સમાપ્ત.

અધ્યાય ૨૯મો

[આ અધ્યાયમાં ૪૫ શ્લોકો છે. ૨૯ થી ૩૨ સુધી ચાર અધ્યાયોમાં વૈરાગ્યનું નિરુપણ કરવામાં આવશે. મનુષ્યને કાળ દ્વારા ભય પણ પ્રાપ્ત થાય છે અને વૈરાગ્ય પણ પ્રાપ્ત થાય છે. ભગવાને જેમ "યમરાજાને" શિક્ષા કરવાનો અધિકાર આપ્યો છે એ રીતે કાળને પણ અધિકાર આપ્યો છે.]

देवहूतिरुवाच- लक्षणं महदादीनां प्रकृतेः पुरुषस्य च । स्वरूपं लक्ष्यतेऽमीषां येन तत्पारमार्थिकम् ।।१।।
यथा सांख्येषु कथितं यन्मूलं तत्प्रचक्षते । भक्तियोगस्य मे मार्गं ब्रूहि विस्तरशः प्रभो ।।२।।

શ્રીદેવહૂતિજીએ કહ્યું કે ભગવાન ! આપે જે સાંખ્યશાસ્ત્રના જ્ઞાનથી, મહત્તત્ત્વ-પ્રકૃતિપુરુષનું સ્વરૂપ સમજાય છે તે સાંખ્યજ્ઞાન કહ્યું છે, તેમજ મહત્તત્ત્વ-પ્રકૃતિ અને પુરુષનું લક્ષણ પણ આપે કહ્યું છે. આ જ્ઞાનને સાંખ્યજ્ઞાન કહેવામાં આવે છે. સાંખ્યશાસ્ત્રમાં જે પ્રમાણે આ સર્વનાં સ્વરૂપ અને લક્ષણ સમજાવ્યાં છે તે જ પ્રમાણે કહેલ છે. હવે આપ કૃપા કરી મને વિસ્તારપૂર્વક ભક્તિયોગનો માર્ગ વર્ણવો. (૧-૨) હે ભગવન્ ! ભક્તિયોગના બળથી પુરુષ સર્વ તરફથી આસક્તિરહિત બને છે. વળી જીવલોકના જીવોની ભિન્ન ભિન્ન પ્રકારની થતી ગતિનું પણ વર્ણન કરો. (૩) હે કપિલ પ્રભુ ! આ કાળ સમર્થ છે, વળી તે ઈશ્વરનું સ્વરૂપ છે. આ કાળ તો મોટા મનાતા બ્રહ્માદિ દેવોને પણ વશ રાખે છે. કાળના ભયને લીધે તો લોકો કુશળ-મંગલ કર્મ કરે છે, એ કાળનું સ્વરૂપ પણ મને કહો. (૪) હે નાથ ! આ લોક મિથ્યાભિમાની છે, વિવેકનેત્ર વિનાનો અંધ છે, અવલંબન વિનાનો અંધકારમાં ચિરકાલ પર્યંત સૂઈ રહેલો છે. વળી સંસારનાં કર્મોમાં રચીપચી રહેલી બુદ્ધિને કારણે થાકી ગયેલ છે, આવા લોકને માટે આપ જ દોરવણી દેનારા સૂર્ય છો; આપ જ યોગ ભાસ્કર છો. (૫)

મૈત્રેય મહર્ષિએ કહ્યું કે વિદુરજી ! હે કુરુવર્ય ! માતા દેવહૂતિજીનાં આવાં મીઠાશ ભર્યાં વચનો સાંભળીને માતાજીના વચનોને માન આપી, અત્યંત પ્રસન્ન થયેલા કરુણાથી આર્દ્ર ચિત્તવાળા કપિલ ભગવાન માતા દેવહૂતિજીને કહેવા લાગ્યા. ભગવાન કપિલ બોલ્યા કે મા ! મેં આપના પ્રશ્નો સાંભળ્યા. હે ભામિની ! અનેક ભિન્ન ભિન્ન મન્તવ્યોને અનુલક્ષીને ભક્તિયોગ પણ અનેક પ્રકારનો બને છે. મા ! સ્વભાવ અને ગુણોના માર્ગથી પુરુષોની મતિ ભિન્ન પ્રકારની થાય છે. (૭) **તામસભક્તિ :** હે માતાજી કોઈ પણ વ્યક્તિ હૃદયમાં વૈરભાવ, હિંસાવૃત્તિ, દંભ કે ઈર્ષાને લક્ષ્ય બનાવીને ક્રોધથી ભરેલો, પોતાના આત્માથી બીજાના આત્માને ભિન્ન સમજનારો, બીજાનું અનિષ્ટ કરવાની વૃત્તિથી જપ-તપ-હોમ-અનુષ્ઠાન કરે તો તેની તામસભક્તિ સમજવી. આ ભક્તિમાં ભગવાનનાં શ્રવણ-કીર્તન આદિ કાંઈ પણ અંગો નથી હોતાં. (૮) **રાજસ ભક્તિ :** વિષય સુખો મેળવવા કે વિષય સુખનાં સાધન સામગ્રી મેળવવા, યશઃ, ઐશ્વર્ય, માન, સ્થાન, પદ, પ્રતિષ્ઠા વગેરે મેળવવા જે સાધક બીજાના કરતાં પોતાનાં ઐશ્વર્યોને વધારવાની ભેદદૃષ્ટિ હૃદયમાં રાખીને, જપ, તપ આદિમાં કે પ્રતિમામાં મારી ભાવનાથી મને સેવે છે તે રાજસ ભક્ત છે. (૯)

ત્રિવિધ ભક્તિ અને સાત્ત્વિક ભક્તિ : મનુષ્યના હાથથી થઈ ગયેલાં પાપાદિ કર્મોનાં પ્રાયશ્ચિત્તની બુદ્ધિથી તેમ જ રોગ વગેરેને દૂર કરવાની દૃષ્ટિથી જે તપ, જપ, સાધના વગેરે કરવામાં આવે તેને તામસ સાત્વિક ભાવ સમજવો. કર્મ કરવું પણ તેનું ફલ પોતે ન લેતાં પ્રભુને સમર્પણ કરવું એને રાજસ સાત્ત્વિક ભાવ કહેવો. આ આપણો ધર્મ છે અને આપણે અવશ્ય પૂજન કરવું જોઈએ એવા આશયથી જે ઉપાસના કરે છે તે ભિન્ન દૃષ્ટિવાળો સાત્વિક સાધક છે. (૧૦)

નિર્ગુણ ભક્તિયોગ : ભગવાન પ્રાણી માત્રના હૃદયાકાશમાં રહેલ છે, એવા ભગવાનના ગુણોના શ્રવણથી, સર્વના હૃદયાકાશમાં બિરાજતા ભગવાનમાં, જેમ હિમાલયના ગિરિશૃંગથી ઊતરતી અને ઉત્તરોત્તર વધતી ભગવતી ગંગાજીનો પ્રવાહ મહાસાગર તરફ અવિરત ગતિ કર્યા જ કરે તેવો જ મનનો અવિરત પ્રવાહ વહ્યા જ કરે એને નિર્ગુણ ભક્તિયોગનું લક્ષણ માન્યું છે. (૧૧)

અહૈતુકી ભક્તિ : સાલોક્ય, સામીપ્ય, સાર્ષ્ટિ અને સાયુજ્ય નામની ચાર પ્રકારની મુક્તિ છે. વૈકુંઠમાં વાસ કરવો એને સાલોક્યમુક્તિ કહેવાય, ભગવાનની પાસે રહેવું એને સામીપ્યમુક્તિ કહેવાય, ભગવાનના જેવું ઐશ્વર્ય મેળવવું એને

સાર્ષ્ટિમુક્તિ કહેવાય, ભગવાનના જેવું ચતુર્ભુજ સ્વરૂપ મેળવવું એને સાયુજ્યમુક્તિ કહેવાય. આવી ચાર પ્રકારની મુક્તિમાં પણ મન ના રાખવું, કે કોઈપણ ફળનો ઉદ્દેશ ના હોય અને ભક્તિ કરવી. આ ભક્તિ પુરુષોત્તમમાં કરવી; પરંતુ પુરુષોત્તમના અંશ સ્વરૂપોમાં ના કરવી; અવિરત કરવી એટલે રોકાણ વિનાની ભક્તિ કરવી, મનના નિરોધપૂર્વકની ભક્તિ કરવી એ ભક્તિને અહૈતુકી ભક્તિ કહેવામાં આવે છે. મારા અન્ય ભક્તને ખુદ ભગવાન સાલોક્યાદિ મુક્તિનાં દાન કરે તે પણ ના સ્વીકારે નિર્ગુણભક્ત અથવા અનન્યભક્ત ભક્તિયોગના બળે ત્રણે ગુણોનું ઉલ્લંઘન કરીને મારી સ્થિતિ પ્રાપ્ત કરવા યોગ્ય થાય છે. (૧૨-૧૪)

૧૬ કલાવાળા અન્તઃકરણની શુદ્ધિ માટે ૧૬ ગુણોવાળો શ્રેષ્ઠ સ્વધર્મ

(૧) स्वधर्मेणः સ્વધર્મ એટલે આત્મધર્મ એનું નામ છે સેવા. શ્રીકૃષ્ણસેવા નામના આત્મધર્મથી ભગવાન પ્રાપ્ત થાય છે. આ ધર્મ, (૧) महीयसा "અત્યંત ઉત્તમ પ્રકારે આચરેલો (૨) क्रियायोगेन-કોઈપણ પ્રકારના ફલની ઈચ્છા વિનાનો અને (૩) સેવાની ઉત્તમ સામગ્રી અને ભાવવાળો" આવા ત્રણ ગુણોવાળો હોવો જોઈએ. (૨) કોઈપણ પ્રકારનાં મન, વાણી, કર્મની હિંસા વિનાના, શાસ્ત્રસંમત અગ્નિહોત્રાદિ અખંડિત ક્રિયાયોગથી શુદ્ધ અન્તકરણવાળો ભક્ત, ભગવાન શ્રીકૃષ્ણને મેળવે છે. (૧૫) હવે આગળ બીજાં સાધનો ગણાવે છે; (૩) मद्धिष्ण्यदर्शन-ભગવાનની દિવ્યલીલા સ્થળીઓ, નગરીઓ, ક્ષેત્રો, અને તેજોમય ભગવાનનાં વિગ્રહો સ્વરૂપોનાં દર્શન, સ્પર્શ, અર્ચન, સ્તવન અને સ્વાત્માર્પણ સાથેનું અભિનંદન કરવાથી શ્રીકૃષ્ણ મળે છે. (૪) भूतेषु मद् भावनया-પ્રાણી માત્રમાં કે ભૂત માત્રમાં શ્રીકૃષ્ણની ભાવના કરવાથી, (૫) सत्त्वेन–સત્ત્વગુણ સંપાદન કરવાથી (૬) असङ्गमेन च–સર્વથા નિઃસંગ થવાથી અને તાદૃશીજનના જ સંગથી ભગવાન મળે છે. (૧૬) માતાજી ! આ છ સિવાય બીજા પણ ધર્મો સાંભળો; (૭) महतां बहुमानेन-શ્રેષ્ઠ ભગવદીયજનોને,સાધુ મહાત્માઓને બહુમાન આપવાથી (૮) दीनानामनुकम्पया-દીનજનો ઉપર પ્રેમપૂર્વક દયાકરવાથી, (૯) मैत्र्या–પોતાના સજાતીય ભગવદીય જનો સાથે મૈત્રી કરવાથી (૧૦) यमेन–ઈંદ્રિયો ઉપર સંયમ કરવાથી (૧૧) नियमेन-મનનો સંયમ અને પાંચ નિયમોના સેવનથી અને અવાન્તર નાનામોટા નિયમો વ્રતાદિ પાળવાથી ભગવાન પ્રાપ્ત થાય છે. (૧૭) હે માતાજી ! હવે આગળ સાંભળો (૧૨) आध्यात्मिकानुश्रवणात्-ગુરુમુખે-વિપ્રમુખે, ભગવદ્ શાસ્ત્રોનાં શ્રવણ કરવાથી, (૧૩) नामसंकीर्तनात्–ભગવલ્લીલાઓ અને ભગવન્નામોનાં સંકીર્તનથી, (૧૪) आर्जवेन-વાણી અને વર્તનની સરળતાથી, (૧૫) आर्यसङ्गेन–સત્પુરુષો અને મહત્પુરુષોનાં સમાગમથી, (૧૬) निरहंक्रियया-અહંકારના ત્યાગથી અંતઃકરણ શુદ્ધ થઈ ભગવાનમાં અનુરાગ થતાં ભગવાનની પ્રાપ્તિ થાય છે. (૧૮) હે માતાજી ! મેં આપને જે મારા ધર્મો તરીકે મનાતા મારા આ સોળ ગુણોથી, મારા આ સોળ સાધનોથી સ્પષ્ટ રીતે મનુષ્ય શુદ્ધ અન્તઃકરણવાળો થાય છે અને અનાયાસે મારા ગુણોનું શ્રવણ કરતાં જ મને નિશ્ચયપૂર્વક મેળવે છે. (૧૯) માતાજી ! વાયુ નામના રથઉપર બેઠેલા ગંધ-પુષ્પાદિનો સુગંધ પોતાના સ્થાનમાંથી ઘ્રાણેંદ્રિય તરફ સ્વાભાવિક રીતે જાય છે, તે જ રીતે જે ભક્તનું ચિત્ત નિર્વિકાર એવા યોગમાં ઓતપ્રોત છે તે ચિત્ત આપો-આપ ભગવાન તરફ જ ઢળે છે. કે વળે છે. (૨૦) સર્વ ભૂતોમાં પ્રાણીઓનો આત્મા હું જ સર્વદા રહેલો છું આમ છતાં મરણશીલ મનુષ્ય સર્વમાં વસેલા એવા મારી અવગણના કરીને કેવલ મૂર્તિની પૂજામાં લાગ્યા રહે છે. તેઓની પૂજા કેવલ કૌતુક છે. (૨૧) માતાજી ! સર્વભૂતોમાં હું રહેલો આત્મા છું ઈશ્વર છું ત્યાં મારાં અર્ચનની ઉપેક્ષા કરે છે અને અજ્ઞાનથી મૂર્તિમાં જ હું વસેલો છું એવું સમજીને મારું અર્ચન કરનારે તો અગ્નિમાં આહુતિ આપવાને બદલે ભસ્મમાં હોમ કર્યો લાગે છે (૨૨) મા ! એક વાત અવશ્ય કહીશ કે અન્યના દેહમાં રહેલા મને નથી ઓળખતા અને તેમનો દ્વેષ કરનાર મારો જ દ્વેષ કરે છે તેવા અભિમાની અને ભેદનજરે જોનાર અને પ્રાણીમાં વૈર કરનાર મનુષ્યનું મન શાંતિ પામતું નથી. (૨૩) પાપથી પર એવાં મારાં માડી ! સાંભળો, અનેક પ્રકારની અને ઉત્તમ સામગ્રીઓથી કેવલ મારી મૂર્તિમાં મારી પૂજા કરે; પરંતુ પ્રાણી માત્રમાં રહેલા મારો તિરસ્કાર કરે, અનાદર કરે, તેનાં અર્ચન મને પ્રસંન્ન કરી શકશે નહીં. (૨૪) માતાજી ! મારી મૂર્તિમાં પૂજા કરવી એ કાંઈ

અઘટતું નથી, યોગ્ય છે, જે મનુષ્ય જ્યાં સુધી નિત્યકર્મ કરતો તેમજ સર્વ પ્રાણીઓમાં વાસ કરીને રહેલા ઈશ્વરરૂપ મને ના સમજે ત્યાં સુધી અવશ્ય મૂર્તિમાં મારાં અર્ચન કરે, એક દિવસ મૂર્તિપૂજનના બળથી તેને બધામાં મારાં દર્શન થશે. (૨૫) મા ! પોતાની અને પારકાની વચ્ચે ભેદ જોનાર મનુષ્ય ભેદજ્ઞાનવાળો કહેવાય. એવા ભેદજ્ઞાનવાળાને હું મહાનભય પેદા કરું છું. એવા ભેદજ્ઞાનવાળો ભલેને મારી ભક્તિ કરતો હોય, પણ એને હું કાળરૂપી મહાનભય પેદા કરાવું છું. (૨૬) મા ! પ્રાણીઓમાં વાસ કરીને રહેલા પ્રાણીઓમાં આત્મારૂપ મને દાન, માન, મૈત્રી અને અભેદ ભાવથી સદા ભજવો, એનું તાત્પર્ય એ છે કે સર્વમાં આત્મભાવ રાખી જેને જે યોગ્ય, આવશ્યક હોય તે આપવું. ક્ષુદ્રને દાન આપવું, ભદ્ર પુરુષને માન આપવું, સમાનમાં સ્નેહ આપવો અને સર્વત્ર બ્રહ્મભાવથી વર્તવું. જ્ઞાનીને માટે એ જ અર્ચન યોગ્ય મનાય. (૨૭)

હે જનની ! નિર્જીવ વસ્તુઓથી જીવોવાળા શ્રેષ્ઠ છે; જીવોમાં પ્રાણધારી વૃક્ષો કરતાં ચિત્તવાળા ઉત્તમ છે, ચિત્તવાળાઓમાં ઈંદ્રિયોની ક્રિયાવાળા શ્રેષ્ઠ છે, ઈંદ્રિયોની ક્રિયાવાળાઓમાં પણ સ્પર્શના જ્ઞાનવાળા ઉત્તમ છે. સ્પર્શના જ્ઞાનવાળા કરતાં રસના જ્ઞાનવાળા ઉત્તમ છે. રસના જ્ઞાનવાળાથી ગંધના જ્ઞાનવાળા ઉત્તમ છે. ગંધના જ્ઞાનવાળા કરતાં શબ્દજ્ઞાનવાળા શ્રેષ્ઠ છે, શબ્દના જ્ઞાનવાળાથી રૂપના ભેદના જાણનારા શ્રેષ્ઠ છે. રૂપભેદના જાણનાર કરતાં બમણી દંતપંક્તિવાળા ઉત્તમ છે. બમણી દંતપંક્તિવાળાઓમાં અનેક પગવાળા ઉત્તમ મનાયા છે. ઘણા પગવાળા કરતાં ચાર પગવાળા ઉત્તમ છે, ચાર પગવાળા કરતાં બે પગવાળા ઉત્તમ છે. બે પગવાળાઓમાં પણ બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરે ચાર વર્ણોના ધર્મ પાળનારા શ્રેષ્ઠ છે. ચતુર્વર્ણમાં વેદ અને ઉપનિષદ્‌ને જાણનાર બ્રાહ્મણ ઉત્તમ છે. વેદના જાણનાર વિપ્રોમાં પણ વેદોના અર્થના જાણકાર ઉત્તમ માન્યા છે. અર્થ વેત્તાઓમાં પણ સંશયોનું છેદન કરનાર અને સંદેહોનું સમાધાન કરનાર શ્રેષ્ઠ છે, સંશય છેદન સામર્થ્ય સાથે નિત્ય કર્મનિષ્ઠ પુરુષો ઉત્તમ મનાય. નિત્યાનુષ્ઠાન તત્પર હોય અને દેહાભિમાન રહિત હોય તે ઉત્તમ છે. દેહાભિમાનથી મુક્ત હોય અને સ્વધર્મ નામની કામધેનુ ગાયનું દોહન કરી તેનો ઉપદેશામૃત અન્યને પાનારા ઉત્તમ માન્યા છે. (૨૮-૩૨.)

ધર્મનિષ્ઠ હોય અને ધર્મનાં ફલોને પોતે દોહન કરી ના લે; પરંતુ સમસ્ત કર્મોનાં ફલ અને પોતાનો આત્મા ભગવાનને સમર્પિત કરનાર "આત્મનિવેદિત આત્મા"ને પરમ શ્રેષ્ઠ માનેલ છે કારણ કે તે પુરુષ ભેદદૃષ્ટિથી પર છે. કપિલ ભગવાનના કથનનું રહસ્ય એ છે કે કર્મનો નિરર્થક ત્યાગ કરવા કરતાં, ભગવાનને સર્વકર્મ ફલનું અને આત્માનું સમર્પણ કરનાર (૧) કર્તા તરીકેના અભિમાનથી પર રહેનાર, (૨) અને સમદૃષ્ટિ ધરાવનાર મારો ભગવદીય જન સર્વશ્રેષ્ઠ છે. (૩૩) આ પ્રકારે ત્રણે યોગ્યતાવાળા ભગવદીય જને એમ સમજવું કે સર્વ પ્રાણીઓમાં સર્વેશ્વર ભગવાને પોતાના જીવરૂપ અંશથી નિવાસ કરેલો હોઈને પ્રાણી માત્રને મનથી પ્રણામ કરવા અને સર્વને બહુમાન આપવું. (૩૪) કપિલ ભગવાન માતૃચરણને નિવેદન કરતાં બોલ્યા કે જનની ! હે સ્વાયંભુવ મનુતનયાજી ! મેં આપને ભક્તિયોગ અને યોગ એમ બન્ને માર્ગો સમજાવ્યા છે અને સંભળાવ્યા છે તો આ બેમાંથી કોઈપણ એક યોગનું અનુષ્ઠાન કરવાથી પુરુષ ભગવાનને મેળવી શકે છે. (૩૫)

કાલનું કાર્ય અને કાલનું સ્વરૂપ

હે જનની ! આ સર્વ જગત્ ભગવાનનું સ્વરૂપ છે. પ્રકૃતિ અને પુરુષના નિયામક એવા (૧) परं–પરમ પુરુષ, (૨) प्रकृति (૩) पुरुषः પુરુષ, (૪) दैवं એટલે ભગવદિચ્છા, (૫) कर्म એટલે અદૃષ્ટ (૬) विचेष्टितम् ભિન્નભિન્ન ચેષ્ટાવાળો સ્વભાવ, (૭) વગેરે ભેદવાળું જગત નામનું બ્રહ્મ ભગવાન-પરમાત્માનું સ્વરૂપ છે. ભિન્નભિન્ન આકારોનું સ્થાન અને ના દેખાતું એવું આ જગત 'કાલ' એવા નામથી ઓળખાય છે. કે જે કાલથી ભેદદૃષ્ટિવાળા મહત્તત્ત્વ વગેરે ભેદને જોનાર ભૂતોને ભય થાય છે. (૩૬-૩૭)

આ જે કાલ છે એ તો મહાભૂતોની સાથે અંદર પ્રવેશ કરીને, સર્વનો આશ્રય બની ભૂતોનું ભક્ષણ કરે છે, તે વિષ્ણુ

નામનો આ યજ્ઞનો અધિપતિ કાલ છે તે પ્રેરણા કરનારાઓનો પ્રભુ છે. (૩૮) એ કાળને એટલે કાલાત્મા ભગવાનને ન તો કોઈ પ્રિયતમ છે, કે ન કોઈ દુશ્મન છે, કે ન કોઈ બંધુ છે. નાશ કરનાર આ ભગવાન સાવધ રહીને પ્રમાદી મનુષ્યમાં પ્રવેશે છે. (૩૯) આ કાલભગવાનના ભયથી આ વાયુ વાય છે, એના જ ભયથી સૂર્ય તપે છે, જેના ભયથી દેવ વૃષ્ટિ કરે છે. જેના ભયથી નક્ષત્રગણ પ્રકાશે છે, જે કાલના ભયને વશ રહેલી લતાઓ, વનસ્પતિઓ, ઔષધિઓ સર્વ સમયે સમયે પુષ્પ, ફલ, રસ, ગંધ વગેરેને ધારણ કરે છે. (૪૦-૪૧) જેનાથી ભયભીત રહેતી સરિતાઓ સતત વહ્યા કરે છે, જેના ભયથી મહાસાગરો મર્યાદામાં રહ્યા છે, અગ્નિ પણ પ્રજ્વલિત રહે છે, પર્વતો સાથે પૃથ્વી ડૂબી જતી નથી. વળી જેના નિયમનથી આકાશ, પ્રાણીઓના પ્રસિદ્ધ સ્વર્ગાદિ સ્થાનને ધારણ કરે છે, સાત તત્ત્વોથી વીંટાયેલ મહતતત્ત્વ, લોકરૂપ પોતાના દેહને વિસ્તારે છે. (૪૨-૪૩) જેના ભયથી ગુણાભિમાની દેવો કે જેને આ ચરાચર વિશ્વ આધીન છે, તેઓ વિશ્વનાં આ સૃષ્ટિ વગેરે કાર્યોમાં પ્રત્યેક યુગમાં વશ રહે છે. તે કાલ નાશ કરનારો હોઈ અનન્ત છે આરંભ કરનારો હોઈ અનાદિ છે, તેમ જ અવિનાશી છે, તે કાળ જનથી જનને ઉત્પન્ન કરતાં મારનારને મૃત્યુથી મારે છે. (૪૪-૪૫)

सोऽनन्तोऽन्तकरः कालो, नादिरादिकृदव्ययः । जनं जनेन जनयन्मारयन्मृत्युनाऽन्तकम् ॥ ४५ ॥

શ્રીમદ ભાગવતપીયૂષના તૃતીયસ્કંધમાંનો કપિલભગવાને દેવહૂતિમાતાજીને વૈરાગ્ય માટે વર્ણવેલા કાળનાસ્વરૂપનું કથન કરતો અધ્યાય ૨૯મો સમાપ્ત.

અધ્યાય ૩૦મો

[આ અધ્યાયમાં ૩૪ શ્લોકો છે. "જે વ્યક્તિ અન્તર્મુખ છે તેમ જ ભગવત્સેવાપરાયણ છે તે વ્યક્તિ સુખી છે અને નિર્ભય છે. જ્યારે બહિર્મુખને તો બન્ને લોકોમાં અનેક વિધ દુઃખો અને ભય છે." આ પ્રસંગનું વિવેચન આ અધ્યાયમાં આવશે. આ અધ્યાયના આરંભમાં ૧ થી ૧૮ શ્લોકો પર્યન્ત જન્મથી આરંભી મૃત્યુ પર્યન્તના દુઃખનું વર્ણન અને ૧૯માંથી ૩૪મા શ્લોક પર્યન્ત પુર્નજન્મ પર્યન્તની વેદનાનું વર્ણન આવશે. પ્રભુના ચરણોમાં સમર્પિત જન બન્ને દુઃખોથી પર રહે છે.]

श्रीभगवानुवाच – तस्यैतस्य जनो नूनं नायं वेदोरुविक्रमम् । काल्यमानोऽपि बलिनो वायोरिव घनावलिः ॥१॥

શ્રીકપિલ પ્રભુએ કહ્યું કે માતાજી ! આ અખિલ મેઘમાલા જેમ વાયુને વશ છે તે જ પ્રમાણે પ્રાણી માત્ર આ બલિષ્ઠ કાળને વશ છે. તેમ જ તે કાળથી પ્રેરાય છે. છતાં ખરેખર કાલના તે મહાન પરાક્રમને જાણતો નથી. (૧) સુખ મેળવવાની વૃત્તિથી પુરુષ જે જે પદાર્થને સ્વીકારે છે તે તે વસ્તુને સમર્થ કાલ નષ્ટ કરે છે અને નાશ થયેલ વસ્તુ માટે પુરુષ શોક કરે છે, (૨) મા ! શું કહીએ ? મનુષ્ય પાસે સન્મતિ નથી, તેથી આ નશ્વર દેહ સાથે નાતો રાખનારા નાશશીલ એવા પુત્રો, પરિવાર, ઘર, જમીન, ધન, દારા વગેરેને તેમજ કીર્તિને કાયમનાં ગણીને તેમાં તદ્રૂપ રહે છે અને નષ્ટ થતાં દુઃખી થાય છે. (૩) મનુષ્ય, જે જે યોનિમાં જાય છે તે તે યોનિમાં ગયેલો જીવ આ સંસારનાં સ્ત્રી, પુત્ર, ધન વગેરે સુખોને મેળવે છે, ભોગવે છે તેમાં તે ધરાતો નથી કે વિરક્ત થતો નથી. (૪) માતા ! મનુષ્ય યોનિની વાર્તા તો બાજુએ મૂકી પરંતુ સાક્ષાત્ નરકમાં રહેલો કે નારકી યોનિમાં કે નારકી દેહમાં રહેલો જીવ દેવમાયાથી એવો તો મોહિત થયેલો છે કે જે નરકનું સુખ છે તે તો ખરેખર દુઃખ રૂપ છે તો પણ તેને ભોગવવામાં સુખ માને છે, પરંતુ નારકી દેહને છોડવા ચાહતો નથી. (૫)

ભૌતિકસુખોના ભોગોને ભોગવવામાં પોતાને પરમ ભાગ્યશાળી માનવું એ કેવું દુર્ભાગ્ય

સાનુકૂલ પ્રાપ્ત થયેલા દેહ, સ્ત્રી, પુત્ર, ઘર, ઘોડાગાડી, ધન, સ્વજન, બંધુજનમાં દૃઢમૂલ મમતાવાળો જીવ આ સુખો જ શ્રેષ્ઠ અને સર્વોત્તમ સુખો છે એમ માની ભોગવતો પોતાની જાતને નશીબદાર ગણે એથી વધુ દુર્ભાગ્ય શું હોઈ શકે ? (૬) દેહ, કુટુંબ, ઘરબારને ચલાવવાની, પોષવાની ચિંતાથી ચોમેર બળતરા અનુભવતો, દુર્બુદ્ધિવાળો, મૂઢ મનુષ્ય ન કરવાનાં નાનાં મોટાં સદાં પાપો જ આચરતો હોય છે. (૭) માર્ગભ્રષ્ટ થયેલો મનુષ્ય, સન્નારી ધર્માંગનાને ત્યજીને દુરાચારથી ભરેલા વારાંગનાઓના સહવાસમાં આવતો એકાન્તમાં એમની સાથેનાં ભાષણોમાં ડૂબ્યો રહે છે. એ

ઉપરાતં એમના કપટ વિલાસોથી આકર્ષાયેલ રહે છે, વળી કાલું-ઘેલું બોલતાં બાળકોની કાલીવાણીથી પણ આકર્ષાયેલા મન-ઈદ્રિયોવાળા બને છે, ખરેખર આવો ગૃહાસક્ત જીવ, કૂડ-કપટવાળાં અને દુઃખની પરંપરાવાળાં ઘરોમાં રચ્યોપચ્યો રહીને દુઃખોને દૂર કરવાના ઉપાયોને આચરતો એમાં જ સુખ માને છે. (૮-૯) આ જીવ મન ફાવે તેવી ક્રિયાઓ કરી અનેકને ત્રાસ આપી, પાપ આચરી, હિંસાઓ કરી મેળવેલા પરિવારનું પારાવાર પોષણ કરે છે, કે જેમનાં પોષણ કરતાં બચેલી બચતને ભોગવતો અધોગામી થાય છે. (૧૦) જ્યારે એની વારંવાર આજીવિકા તૂટી જાય છે, ધંધા અટવાઈ જાય છે, વ્યાપાર રોજગાર તૂટી જાય છે, ત્યારે તે લોભ પરવશ બનેલો ધન વિના નિરાશ બનેલો, પરધનની પ્રાપ્તિ માટે પુનઃ પુનઃ લાલસા સેવે છે. (૧૧) કુટુંબનું ભરણપોષણ કરવામાં અસમર્થ બની જતાં, અલ્પ ભાગી, વ્યર્થ ઉદ્યમી, ધન વિનાનો મૂઢમતિ લાચાર બની ચિંતા કરતો નિસાસા નાંખે છે. (૧૨) આવો નિર્ધન જ્યારે કુટુંબ પોષણમાં કામિયાબ નથી નીવડતો ત્યારે તે નિર્ધન જનનો, વૃદ્ધથયેલા અને ખેતીના ઉપયોગમાં ના આવતા બળદની, કૃપણ કિસાનો કાંઈ પણ કાળજી નથી રાખતા તેમ કુટુંબીજન-પરિવારજન પણ આ નકામા પડેલા વૃદ્ધની કોઈપણ દરકાર નથી રાખતા. (૧૩) આવી કરુણા જનક ભૂમિને ભોગવતો, પગલેપગલે અપમાન પામતો વિષમ દશામાં મુકાવા છતાં તેને વૈરાગ્ય તો આવતું જ નથી. એકવાર જે સઘળા કુટુંબનું સારી રીતે પોષણ કરતો હતો તે હવે કુટુંબીજનોની દયા ઉપર અને પોષણ ઉપર ગરીબ બનીને નભે છે, જરાવસ્થાથી તે કદ્રૂપ બન્યો છે. જાણે આંગણે પાળેલા શ્વાનના જેવી જિંદગી જીવે છે, અનાદરથી અને તિરસ્કારથી નાંખેલા રોટલાના ટુકડા ઉપર નભે છે. તે રોગી બન્યો છે. તે મંદાગ્નિ થયો છે, ખોરાક લઈ શકતો નથી, પોતાના શરીરના ધર્મો આચરવા માટે પણ શક્તિશાળી નથી. કેવળ મરણની વાટ જોતો ઘરના ખૂણે પડ્યોપડ્યો સળે છે. (૧૪-૧૫) કંઠમાં કફવધી પડ્યો છે, તેથી નાડીઓના માર્ગ રુંધાયા છે. વાયુની પણ ઉર્ધ્વગતિ થઈ ગઈ છે. વાયુને ક્યાંય બહાર નીકળવાનું છિદ્ર મળતું નથી તેથી તે વાયુ નેત્ર તરફ વળે છે. વાયુના જોશને લીધે આંખોની બે કીકીઓ પહોળી સ્થિર અને ફાટી ગઈ હોય છે. તેને ઉધરસ વધી ગઈ હોય છે, શ્વાસ લેવાની શક્તિ રહેતી નથી. કંઠનો ઘરેડો ચાલતો હોય છે, આ પરાધીન જીવ પથારીમાં નિષ્ક્રિય પડેલો હોય છે, ચારે તરફ શોકાતુર સ્વજનો તેને ઘેરીને બેઠાં હોય છે. એની એવી અવસ્થા આવી જાય છે કે એના કાનમાં મુખ દઈ ઊંચે અવાજે બોલાવે તો તે બોલી શકતો નથી. (૧૬-૧૭) આ પ્રકારની પરવશ પરિસ્થિતિમાં મુકાયેલો જીવ, જીવનભર એણે કુટુંબના ભરણમાં જ રચ્યોપચ્યો હોઈ, કોઈ પણ જપ-તપના સાધનો કર્યાં ન હોવાથી ઈંદ્રિયો ઉપર સંયમ વિનાનો, વેદનાઓને વેઠી શકતો પણ નથી, તેની મતિ પણ નાશ પામી છે, આગળ પાછળ સ્વજનો રુદન કરતાં હોય છે અને જીવ શરીર છોડી દે છે અને ચાલ્યો જાય છે. (૧૮)

પુણ્યપાપના સાક્ષી બે યમદૂતો

જ્યારે આ જીવ લિંગદેહ સાથે વિદાય લઈ રહ્યો છે ત્યારે તેને લેવા માટે બે યમદૂતો આવીને ઊભા હોયછે, પુણ્યના સાક્ષીની આંખ એટલા માટે ક્રોધથી લાલચોળ હોય છે કે ભગવાને તને પુણ્ય કરવાની પ્રત્યેક સગવડ આપી છતાં તેં પુણ્ય ન કર્યાં; તેથી તેના ઉપર રોષ ભરાયેલો હોય છે, જ્યારે પાપો કરવામાં પાછી પાની કરી નથી તેથી પાપના સાક્ષી યમદૂતની આંખનું લાલ હોવું સ્વાભાવિક હોય છે, જીવ આવા ભયાનક યમરાજના દૂતોને દેખી હૃદયથી કંપી ઊઠેલા તે પ્રાણીનાં તે જીવાત્માનાં મલમૂત્ર છૂટી જાય છે. (૧૯) મલમૂત્ર છોડતાં દેહ છૂટતાં જ તેને યાતના દેહમાં પૂરીને, જેમ અપરાધીને બાંધીને રાજદૂતો લઈ જાય છે તેમ તેના ગળામાં પાશ નાખીને દૂર પંથે તે જીવને લઈ જાય છે. (૨૦) જ્યારે તે જીવાત્માને યમદૂતો લઈ જઈ રહ્યા છે ત્યારે તે બે યમદૂતોની ભયાનકતાથી તેનું હૃદય ચીરાઈ જાય છે, યમદૂતોના પ્રહારથી અને ત્રાસથી થરથરી ઊઠે છે. રસ્તામાં શ્વાન તેને ફાડી નાંખે છે, બીજી પણ અનેક પીડાઓથી તે પીડાય છે, તેને પોતાના પાપોનું સ્મરણ થઈ આવે છે. તે ક્ષુધા અને તૃષાથી અકળાઈ જાય છે. તપેલા રેતાળ પ્રદેશમાં તેને ચાલવું પડે છે, રસ્તામાં ચાલતા સૂર્યનો તાપ, દાવાનળનો તાપ અગ્નિનો તાપ વગેરે તાપોથી તે પીડાય છે, પવનની સખત

ઝડીઓથી તે પીડાય છે. તેમ જ તેની પીઠ ઉપર ચાબૂકના પ્રહાર થતા હોય છે. ચાલવાની તાકાત નથી રહી તો પણ ચાલવું પડે છે. તેના માર્ગમાં જલ માટે પ્રબંધ નથી અને આશ્રય માટે કોઈ આશ્રમ નથી તો પણ આ કષ્ટ વેઠતો ચાલ્યા કરે છે. (૨૧-૨૨)મા, આ જીવ રસ્તામાં પડતો, આખડતો, થાકેલો, મૂર્ચ્છા પામતો પડી જાય છે અને ઘડીએ ઘડીએ પડી જાય છે. આ અવસ્થાના આ જીવને જેમ કોઈ નિર્દય પાપી જેમ કોઈનું બલિદાન આપવા જલદી લઈ જતો હોય તેમ તે નારકી જીવને યમદ્વાર તરફ લઈ જવાય છે. તેને નવ્વાણુ હજાર યોજનના માર્ગે ત્રણ કે બે મુહૂર્તમાં લઈ જવાતો યાતનાદેહી જીવ યાતનાઓને ભોગવે છે. (૨૧ થી ૨૪)

યાતના દેહને દંડો

આ નારકી યાતના દેહવાળા જીવના શરીરે ઉંબાડિમાં વગેરે કાકડાઓ વગેરે બાંધીને સળગાવીને શરીરના ભાગોને બાળવામાં આવે છે. કોઈ સ્થળે તો પોતાના દેહને પોતે જ છેદીને પોતાના દેહનું ભક્ષણ કરવું પડે છે ત્યારે વળી અન્યના હાથે છેદેલા પોતાના દેહના માંસને ખવડાવવું પડે છે, આવા કલેશો ભોગવવા પડે છે. હવે તેને યમના ઘરમાં શ્વાનો, ગીધો તેના શરીરના અંગોને ખેંચે છે ત્યારે પોતાને આ જીવે માર્યા છે તેનું સ્મરણ કરતા સર્પો, વીંછીઓ, અને મારેલા મોટા મચ્છરો-ડાંસો તેનાં જીવતાં અંગોને બહાર ખેંચી કાઢે છે. તેમજ તેના શરીરના અવયોવના ટુકડા કરવામાં આવે છે અથવા હાથી વગેરે ક્રૂર પશુઓ પાસે તેના દેહને પછાડવામાં આવે છે. કોઈવાર પર્વત ઉપરથી ફેંકી દેવામાં આવે છે. તો કોઈ ઊંડા જલાશયોમાં કે ખાડાઓમાં નાખી દેવામાં આવે છે. આવી અને આ પ્રકારની બીજી તામિસ્ત્ર, અન્ધ, તામિસ્ત્ર-રૌરવ વગેરે જે નરક યાતનાઓ સ્ત્રી-પુરુષના પરસ્પરના સંગથી ઉત્પન્ન થયેલ પાપ કર્મોને ભોગવે છે. આ યાતનાઓ ભોગવતાં સ્ત્રી કે પુરુષ આવો તફાવત હોતો નથી. (૨૫ થી ૨૮)

નરક અને સ્વર્ગ આ લોકમાં પણ છે

માતાજી ! આ લોકમાં સ્વર્ગ પણ છે અને નરક પણ છે. એવું એના જાણકારોનું કહેવું છે; કારણ કે નરકની જે પીડાઓ વર્ણવી છે તે ખરેખર આ લોકમાં પણ જોવામાં આવી છે. (૨૯) માડી ! કુટુંબનું પોષણ કરનારો તેમજ પોતાના ઉદરનું પોષણ કરનારો તે પાપી જીવ પોતાના કુટુંબને અને પોતાના ઉદરને આ લોકમાં જ ત્યજીને મરણ પામતાં તે તે કર્મોના ફલને ભોગવે છે (૩૦) પ્રાણીઓનો દ્રોહ કરી, અન્યાય કરી મેળવેલ દ્રવ્યાદિ પદાર્થોને આ દેહની સાથે આ લોકમાં જ ત્યજીને કલ્યાણમય કે કલેશમય ભાથા-પાથેયને સાથે લઈને આખરે એકલો જ યમ માર્ગને પામે છે. (૩૧) કુટુંબનું પોષણ કરનારા પાપી જીવો, દૈવને આધીન થઈને અથવા દૈવની ઈચ્છાથી પ્રાપ્ત થયેલાં પોતાનાં પાપના ફલને ધનનાશ પામેલ રોગીની માફક એકલો જ નરકમાં ભોગવે છે. (૩૨) હે માતા ! કેવલ અધર્મથી કુટુંબનું પોષણ કરવામાં તત્પર રહેલો જીવ અંધકારના આખરી સ્થાન ગણાતા અંધ તામિસ્ત્ર નરકમાં જાય છે. (૩૩) નરલોકની નીચે જેટલાં નરકો છે તેમાં તે અનુક્રમે જઈ યાતના ભોગવી શુદ્ધ થઈ પાછો અહીં આવે છે. (૩૪)

अधस्तान्नरलोकस्य यावतीर्यातनादयः । क्रमशः समनुक्रम्य पुनरत्राव्रजेत् शुचिः ॥ ३४ ॥

શ્રીમદ ભાગવતપીયૂષનો તૃતીય સ્કંધમાંના આસક્ત જીવને દેહ છૂટતાં થતી પરિસ્થિતિનું વર્ણન કરતો અધ્યાય ૩૦મો સમાપ્ત.

અધ્યાય ૩૧મો

[આ અધ્યાયમાં ૪૮ શ્લોકો છે. ૧૧ શ્લોકમાં જીવનો ગર્ભ પ્રવેશ અને દેહનું બંધારણ, ૧૦ શ્લોકમાં ગર્ભસ્થ જીવે કરેલી, ૨૨'મા શ્લોકથી ૪૮'મા શ્લોક સુધી ભગવાનની સ્તુતિ, ગર્ભનો જન્મ બાલ્યાદિ અવસ્થા વગેરે વિષયોનાં નિરૂપણ આ અધ્યાયમાં આવશે. આશ્ચર્યની કથા તો એ આવશે કે ગર્ભ પ્રવેશની પ્રથમ ક્ષણે તે ગર્ભદેહનું માપ કેટલું હશે ! તે દિશામાં અદ્યતન યંત્રાદિનાં વૈજ્ઞાનિક સાધનો નથી નક્કી કરી શકતાં ત્યાં યૌગિક પ્રત્યક્ષ એનું શબ્દથી માપ બતાવશે.]

દેહનું ક્રમશઃબંધારણ

श्रीभगवानुवाच – कर्मणा दैवतन्त्रेण जन्तुर्देहोपपत्तये। स्त्रियाःप्रविष्ट उदरं पुंसो रेतःकणाश्रयः ॥१॥

શ્રીકપિલભગવાન કહી રહ્યા છે કે કર્મના નિયામક ભગવાન શ્રીકૃષ્ણ છે. એ ભગાવનની ઈચ્છાને આધીન કર્મથી જીવને

દેહ પ્રાપ્ત થાય માટે તે જીવ પુરુષના વીર્યના કણનો આશ્રય લઈ સ્ત્રીના ઉદરમાં પ્રવેશ કરીને તે પ્રથમ રાત્રીએ "કલલ"નું માપ લે છે. પાંચમી રાત્રીએ તો તે ગર્ભ પરપોટો બને છે. દશ દિવસમાં તો તે બોરની ગોળી જેવું કદ લે છે. ત્યાર પછી તે ક્રમે કરીને ખારેક જેવો કે માંસની પેશી જેવો કે વૃષણ-અંડ જેવો આકાર લેશે. (૧/૨) આ જીવના દેહને પ્રથમ માસે તો મસ્તક બંધાય છે બે-માસમાં તો બાહુ બંધાય છે, બાહુ સાથે પગ વગેરે અંગો દેખાય છે. તે દેહને ત્રીજો માસ થતાં નખ, કેશ, અસ્થિઓ, લિંગ, તેમજ નવ છિદ્રોની ઉત્પત્તિ થાય છે. (૩) ચતુર્થ માસે સપ્ત ધાતુઓ, પાંચમા માસે ક્ષુધા અને તૃષાની ઉત્પત્તિ થાય છે. જ્યારે તેને છઠ્ઠા માસે "ઓળ" વીંટાઈ જાય છે અને તે દેહ જમણી કૂખમાં ભમે છે. પુનઃમાતાના ખાધેલા અન્ન, દૂધ, રસ વગેરેનાં ખાનપાન વગેરેથી તેની ધાતુઓ જેવી વધવા માંડે છે કે તે દેહ-તે પરવશ જન્તુ જેમાં જંતુઓ ઉત્પન્ન થાય છે એવા અત્યંત ખરાબ વિષ્ટા અને મૂત્રની ખાડીમાં તે જંતુઓ સાથે શયન કરે છે. (૪/૫) આ મલ-મૂત્રના ગર્તમાં રહેલા તે દેહને તે ગર્તમાં રહેલાં કીટાણુઓ પ્રતિક્ષણે તેના શરીરનાં સર્વ અંગોમાં તેને કોરી ખાય છે એના પરિણામે તે ગર્ભદેહની કોમળતાને લીધે વારંવાર અમાપ કલેશ પામતો મૂર્ચ્છિત થાય છે. (૬) માતા તે અવસ્થામાં નિત્યના લીધેલા તીવ્ર, તીક્ષ્ણ એટલે ડુંગળી જેવા ઉગ્ર, ગરમ, ખારા, ખાટા, લૂખા એવા તીવ્ર આહારોથી અને તેના રસોથી અને તે ખોરાકના સ્પર્શથી ગર્ભમાં રહેલા તે બાળકના શરીરના સર્વ ભાગોમાં પુષ્કળ પીડા ઉત્પન્ન થાય છે. (૭) તે ગર્ભમાં રહેલો 'ઓર' થી વીંટાયેલો, તેમ જ બહાર આંતરડાંથી ઘેરાયેલો કૂખમાં માથુ રાખી વાંકી વળેલી પીઠ અને ડોકવાળો પરવશ બનીને રહે છે. (૮) ગર્ભમાં વસેલ તે દેહ પાંજરામાં પૂરાયેલ પક્ષી જેવો પરવશ હોઈને પોતાના શરીરનાં અંગોના હલન-ચલનમાં સર્વથા અસમર્થ બને છે, ત્યારે તેને પોતાના અનેક જન્મોમાં આચરેલાં કર્મોનું સ્મરણ થઈ આવે છે. તેમાં જો ભગવાનની કૃપા અને ઈચ્છા થાય તો તેને ગર્ભમાં જ્ઞાન ઉત્પન્ન થાય છે અને અત્યંત લાંબા નિસાસા નાંખે છે ત્યાં તે પરવશ પશુ ક્યાંથી શાંતિ મેળવી શકે ? (૯) હવે સાતમા માસથી આરંભીને જ્ઞાન પ્રાપ્ત કરેલ તે જીવનો દેહ પ્રસૂતિના પવનોથી પુષ્કળ કમ્પારા લેતો હોય છે. જેમ વિષ્ટામાં રહેલો કીટ એક સ્થાને રહી શકતો નથી તેવી જ રીતે ગર્ભ એક સ્થાને રહી શકોત નથી, તેમ જ પ્રસૂતિનો પવન પણ તેને એક સ્થાને રહેવા દેતો નથી. તે દેહ સાત બંધનવાળો હોય છે. હવે તે દેહમાં પીડાતો ભયભીત દશામાં રહેલો પરંતુ ભગવાનની કૃપાથી તે મંત્રદ્રષ્ટા ઋષિ બનેલો કોક પુણ્યાત્મા જીવ બંને કરની અંજલી જોડીને જે ભગવાને પોતાને ઉદરમાં મૂક્યો છે તે ભગવાનની ગદ્‌ગદ્‌ વાણીથી સ્તુતિ કરે છે. (૧૧)

ગર્ભમાં નિવાસ કરતા શ્રીકૃષ્ણના કૃપાપાત્ર ઋષિ તુલ્ય જીવની સ્તુતિ

जीव उवाच : तस्योपसन्नमवितुं जगदिच्छयात्त, नानातनोर्भुवि चलच्चरणारविन्दम् ।
सोऽहं व्रजामि शरणं ह्यकुतोभयं मे येनेदृशी गतिरदर्श्यसतोऽनुरूपा ॥१२॥

જીવ ભગવાનને નિવેદન કરે છે કે નાથ, હું તો કુપાત્ર છું આમ છતાં આપે મારા ઉપર કૃપા વર્ષાવી ! એટલું જ નહીં પરંતુ માતાના ગર્ભમાં રહેલા મને સંસારમાં આસક્ત રહેનારની કેવી દુર્ગતિ થાય છે તેનું સત્ય ભાન કરાવ્યું ! આપ કેવા દયાળુ છો પ્રભો ! આપે આ જગતને ઉત્પન્ન કર્યું અને એ જગતની રક્ષા કરવા માટે ભૂમિ ઉપર અનેક પ્રકારના વિગ્રહો લઈ અનેક અવતારો ધારણ કર્યા છે. આવા કૃપાસાગર પ્રભુના સર્વતઃ અભય કરનારા મંગલ વિલાસ ભર્યા ચરણોને શરણે જાઉં છું (૧૨) હે પ્રભુ ! હું તો પ્રથમ માતાના ઉદર નામના પાંજરામાં પક્ષીની માફક પુરાયેલો છું-બંધાયેલો છું (૧) મારું આપના દાસ તરીકેનું સ્વરૂપ મારાં કર્મોથી ઢંકાયેલું અને (૨) દેહ-ઈંદ્રિયો અને અંતઃકરણવાળી માયાને આધીન બન્યો છું. તેવો પરાધીન, દીન, દુઃખી હું ચારે બાજુના તાપથી તપેલા હૃદયવાળો છું, છતાં મારા તે તાપને હરવા મારા હૃદયમાં વસેલા જણાતા, અત્યંત શુદ્ધ, વિકારશૂન્ય, અને અખંડ જ્ઞાનમય એવા આપને-ભગવાનને શરણે આવ્યો છું. (૧૩) હવે હું આપને દંડવત્‌ કરું છું. હે ભગવન્‌ ! પંચમહાભૂતોથી બનેલા આ શરીરમાં ઈંદ્રિયો, ગુણો અને પંચમહાભૂતોથી ચૈતન્ય સ્વરૂપ હોવા છતાં ઢંકાયેલો હું, આજે આપની કૃપાથી જે દેહથી મુક્ત છે, જેનો અમોઘ મહિમા

છે જે સ્વયં પ્રકૃતિ અને પુરુષને વશ રાખનાર છે, વેદોમાં પ્રસિદ્ધ છે અને પુરુષસ્વરૂપ છે તેવા આદ્ય ઋષિ ભગવાનને નમસ્કાર કરું છું. (૧૪)

મહાન પુરુષોની કૃપાથી જ માયા તરાય

આપની માયાથી અનેક ગુણ અને કર્મના બંધનવાળા આ સંસારના માર્ગમાં ફરતા ખૂબ શ્રમથી થાકી ગયો છું. વળી આ થાકથી મારું જ્ઞાન પણ નાશ પામી ગયું છે. આ દશામાં મુકાયેલો હું અને મારા જેવા જીવો મહાપુરુષોની કૃપા વિના અન્ય કોઈ યુક્તિથી, ઉપાયથી કે સાધનથી આ લોકને તરી શકે તેમ નથી. (૧૫) હે ભગવન્ ! આપે સૌથી પ્રથમ, (૧) પ્રથમ દેહાવસ્થા (૨) ત્યારબાદ જીવાવસ્થા અને તે પછી ત્રીજી (૩) બ્રહ્માવસ્થાનું જ્ઞાન આપ્યું છે. આ ત્રણ અવસ્થાના જ્ઞાન પછી (૪) "ભગવદદાસ્ય" અવસ્થા નામની ઉત્તમ અવસ્થા સિદ્ધ થાય છે. આ પ્રકારની ચારે અવસ્થાઓનું આપે મને જે જ્ઞાન આપ્યું છે તે જ્ઞાન આપનાર આપ સ્થાવર અને જંગમ પદાર્થોમાં પોતાના અંશને સ્થાપનારા દેવ છો. આપના વિના આવું સામર્થ્ય અન્યમાં ક્યાંથી હોઈ શકે ? અમે તો જીવોના કર્મને અનુસરનારા ત્રણે પ્રકારના તાપોથી તપેલા છીએ. તે ત્રણેય તાપોની શાંતિ માટે જ આપનાં સેવન કરીએ છીએ. (૧૬) હે ભગવાન્ ! આ દેહમાં રહેલા દેહી-જીવને તો માતાની કૂખમાંથી બહાર નીકળવું છે, એ તો માની કૂખમાં રહેલા જઠરાગ્નિથી પુષ્કળ તપેલા શરીવાળો છે, વળી રુધિર, મલ, મૂત્રના ગર્ભમાં પડેલો છે. તે તો આ દેહપાંજરામાંથી બહાર નીકળવા ચાહે પણ છે. મહિના પણ ગણી રહ્યોછે, તો હે ભગવાન ! તો હવે આપ આ દીન બુદ્ધિવાળા જીવને ક્યારે બહાર લઈ આવશો ? (૧૭)

येनेदर्शी गतिमसौ दशमास्य ईश, संग्राहितः पुरुदयेन भवादृशेन ।
स्वेनैव तुष्यतु कृतेन स दीननाथः, को नाम तत्प्रति विनाञ्जलिमस्य कुर्यात् ।।१८।।

હે કૃપાસિંધુ ! પરમેશ્વર ! આપે જ આ દશ મહિમાના જીવાત્માને આ પ્રકારના જ્ઞાનને પાત્ર બનાવ્યો છે તેવા પૂર્ણકૃપાળુ, દીનબંધુ, દયાસિંધુ, પ્રભુ, જીવને સન્મતિ આપવાના આપના જ સત્કૃત્યથી સંતુષ્ટ થાઓ, પ્રભુ ! બ્રહ્માંડમાં એવો ક્યો જીવ છે કે આ પ્રકારના ઉપકાર કરનારા નાથને, બદલામાં કેવલ બે હાથની અંજલિ જોડયા વિના બીજું કાઁઈ પણ સુકૃત કરી શકે ? (૧૮) પ્રભુ ! આપે જ આપેલી સદ્બુદ્ધિથી સંયમ સાધી શકાય એવા દેહવાળો ખરેખર સાત પ્રકારના બંધનવાળો હું છું તો પણ એટલું જોઈ રહ્યો છું કે જાણી શક્યો છું કે આ શરીરના સંબંધવાળા પોતાના આ દેહમાં જે બીજા અંદર રહેલા છે તે જીવના જેવા જ જણાય છે તો પણ તે તો પુરાણપુરુષ ભગવાન છે તે ભગવાનને હું હૃદયમાં અને બહાર પણ જોઈ રહ્યો છું. (૧૯) હે ભગવન્ ! ઘણા જ કષ્ટથી રહી શકાય તેવી રીતે આ ગર્ભવાસમાં રહેલો છું છતાં પણ આ ગર્ભવાસમાંથી આ અંધારકૂપમાંથી બહાર નીકળવા નથી ચાહતો. કારણ કે આ સંસાર કૂપમાંથી બહાર જતાં જ આ દેવમાયા આવીને ઘેરી લે છે. ત્યારબાદ તે જીવને મિથ્યામતિ પેદા થાય છે અને તેનું આખુંય સંસાર ચક્ર આરંભાય છે. (૨૦)

तस्मादहं विगतविक्लव उद्धरिष्ये, आत्मानमाशु तमसः सुहृदाऽऽत्मनैव ।।
भूयो यथा व्यसनमेतदनेकरन्ध्रं मा मे भविष्यदुपसादितविष्णुपादः ।।२१।।

હે ભગવન ! માટે શ્રીવિષ્ણુચરણકમલનો આશ્રય લઈને જે રીતે હું, ભવિષ્યમાં મારે આવાં અનેક દોષોવાળાં દુઃખો અને કલેશો ભોગવવાં ના પડે તે પ્રમાણે, વ્યાકુલતાથી મુક્ત થઈ મારા પોતાના આત્માને, જે મારો મિત્ર રૂપ છે તેને વિના વિલંબે આ ઘોરતમવાળા સંસારમાંથી બહાર કાઢી લઈશ. (૨૧)

ભગવાન કપિલ બોલ્યા, માતાજી ! મારે તો માતાના ગર્ભમાં જ રહી ભગવાનની કૃપા સંપાદન કરવી અને જન્મ મરણના બંધનમાંથી મુક્ત થવું એવા નિર્ણય ઉપર આવેલો, ભગવાનની કૃપાથી મંત્રદૃષ્ટા એવો ઋષિ બનેલો, દશ માસની અવસ્થાને પામેલો સ્તુતિ કરી રહ્યો હતો ત્યાં જ પ્રસૂતિનો પવન તે ગર્ભની પ્રસૂતિ માટે માતાના ઉદરમાંથી પ્રસવ માટે ભૂમિ ઉપર ધકેલી દે છે. (૨૨) પ્રસૂતિના પવનથી એકાએક પૃથ્વી ઉપર ધકેલેલો અને નીચે મસ્તકવાળો, અતિદુઃખી

થઈ, શ્વાસ પણ ના લઈ શકતો, સ્મરણ શૂન્ય બનેલો, કષ્ટથી ઉદરમાંથી બહાર આવે છે. ભૂમિ ઉપર બહાર આવેલો પોતાના જ મલમૂત્રમાં પડેલા વિષ્ટાના કીટની માફક તેમાં જ તે આળોટતો હોય છે. આ વખતે તેનું ગર્ભજ્ઞાન ચાલ્યું ગયું હોવાથી વિપરીત દશાને પામેલો બાળક અંતે રુદન કરતો હોય છે. (૨૩-૨૪) આ બાળકને વાણી નથી તેની શી ઈચ્છા છે એને ન જાણનાર પોતાનાં સ્વજનોથી પોષણ પામતા બાલકને પોતાને ન ગમતી વસ્તુઓ પણ આંખ આગળ આવી પડે છે તો પણ તેને ભોગવવી પડે છે; આ બાળકમાં આ ટાણે ના પાડવાની કોઈ સમજ નથી અને સામર્થ્ય પણ નથી. માંકડ, મચ્છર, ચાંચડ વગેરે ઉપદ્રવથી ભરેલા પ્રસૂતિના અપવિત્ર ખાટલામાં સૂતેલો તે શિશુ પોતાનાં પાસાં ફેરવવાં, પોતાનાં અંગોને હલાવવાં ચલાવવાં, વગેરે કોઈ પણ શારીરિક ક્રિયાઓ કરવા માટે તે સમર્થ નથી હોતો. (૨૫-૨૬) મા, આ બાળક પણ એક નાના કીટ જેવો જ છે. જેમ નાના કીટને મોટા કીડા કરડે છે તેમ આ નાના બાળકને મોટા મચ્છર, ડાંસ, માંકડ વગેરે તેની કુમળી ત્વચાવાળી કાયાને કરડે છે. આ અબુધ બાલક બોલી શકતો નથી પરંતુ રડે છે. (૨૭) આ રીતે બાલપણના તેમજ પૌગંડવયના દુઃખને ભોગવીને મનમાનીતી વસ્તુઓ પ્રાપ્ત કરી ન શકવાથી અબોધ વયને કારણે મનમાં રોષ પેદા થતાં તે શોકાર્ત બની જાય છે. (૨૭-૨૮)

વય વધતાં વિલાસો વધ્યા, દુર્જનોના સંગ થયા અને જીવનમાંથી ૧૨ દિવ્ય ભગવદ્ ધર્મો નષ્ટ થયાં

માતાજી ! આ બાળકની વય જતાં દેહ વધવા માંડે છે ત્યારે વય સાથે ક્રોધ, કામ, અભિમાનાદિ પણ વધે છે. ત્યારે કામી પોતાના કામને નાશ કરનારા કામીઓ સાથે વૈર બાંધે છે. પાંચ મહાભૂતોથી બનેલા દેહોમાં કુબુદ્ધિવાળા, મિથ્યા આગ્રહ રાખનાર અબુધ આ દેહીઓ હું અને મારું એવી વારંવાર બુદ્ધિ કરે છે. (૨૯-૩૦) આ જીવને હું અને મારું એવી જ્યારે દૃઢમતિ થાય છે ત્યારે તે વિવેક વિસરે છે અને તે દેહના બંધનથી જન્મ અને મરણને પામે છે. તે દેહ કલેશ આપતો પાછળ આવ્યા જ કરે છે, અવિદ્યા અને કર્મથી જે દેહનો સંબંધ થાયછે તે દેહ માટે તે કર્મ કેર છે. દુઃખની કથા તો એ છે કે જે દુર્જનોના સંગથી (૧) सत्यम्-પરમાર્થનો નાશ, (૨) शौचम्-અંદર અને બહારની પવિત્રતાનો નાશ, (૩) दया-બીજાના દુઃખને દૂર કરવાની ભાવનાનો નાશ, (૪) मौनम्-મૌન નામના તપનો નાશ, (૫) बुद्धिः : ભગવાનના અનુરાગવાળી સદ્બુદ્ધિનો નાશ, (૬) श्री-ધન અને શોભાનો નાશ, (૭) ह्रीः ; લજ્જાનો નાશ, (૮) यशः : શુભ કીર્તિનો નાશ (૯) क्षमा -શાંતિનો નાશ (૧૦) शम-મનોનિગ્રહનો નાશ, (૧૧) दम-ઈંદ્રિયોના સંયમનો નાશ, (૧૨) भगः પુણ્ય-ઐશ્વર્ય અને સદ્ભાગ્યનો નાશ થાય છે. તેવા વિષય સુખમાં ડૂબેલા અને પેટપોષણ માટે જ પ્રયત્ન કરનારા દુર્જનોની સાથે રહેલો જીવન પુનઃ સંસાર પથમાં જ રમણ કરે છે. તેથી જે જીવ ગર્ભમાંથી ભગવતકૃપા નથી લઈને આવ્યો અને જે ઋષિ જેવો પુણ્યશીલ નથી હોતો તે તો પ્રથમની માફક નરકમાં જ અટવાય છે. (૩૧-૩૩)

દુઃસંગથી દૂર રહેવું દુર્જનો છ દોષોથી ભરેલા છે

માતાજી ! દુષ્ટ જન છ દોષથી ભરેલા હોય છે. (૧) अशान्तेषु : દુર્જનોની પાસે સત્ત્વગુણનું ફલ અને બલ શાંતિ નામનું તત્ત્વ નથી હોતું. (૨) मूढेषु : શાસ્ત્રજ્ઞાન વિનાના તેઓ મૂઢ જીવો હોયછે, (૩) खण्डितात्मसु : વિષયમાં રચ્યાપચ્યા હોઈ અંતઃકરણનું ચૂર્ણ કરી ચૂકેલા હોય છે, (૪) असाधुषु : અસદાચારી હોય છે, (૫) शोच्येषु : હરિ સેવા-કથા-સત્સંગવિમુખ હોય છે, (૬) योषित्क्रीडामृगेषु : સ્ત્રીઓના રમકડા જેવા હોય છે. આ પ્રકારના દુર્જનો છ દોષથી ભરેલા હોઈ તેમનો સંગ ના કરવો. દુર્જનોના સંગમાં આવેલા આવા માયાવશ જીવોને જેવાં સ્ત્રી સંગથી તેમ જ જેવાં સ્ત્રીઓના સંગીઓના સંગથી મોહ અને બંધન થાય છે, તેવાં કોઈ પણ અન્ય પ્રસંગથી થતાં નથી. સાંભળ્યું છે કે સ્વયં પ્રજાપતિ પોતાની પુત્રીને નિહાળી તેના લાવણ્યથી આકર્ષાઈ વિવેકવિહીન બન્યા, ત્યારબાદ પ્રજાપતિથી બચવા મૃગીનું રૂપ લઈ જ્યારે પુત્રી જવા લાગી ત્યારે પ્રજાપતિ તેની પાછળ ઋક્ષનું રૂપ લઈને દોડ્યા હતા. (૩૫-૩૬) આ આધ્યાત્મિક કથા છે અને આગળ આનો વિસ્તારથી વિચાર કર્યો છે; તેથી વધુ વિવેચન ત્યાંથી જોઈ લેવું. (૩, ૧૨, ૨૮ આ શ્લોકોના વિવેચનમાં સમાધાન મળશે) હે જનની ! બ્રહ્માજીએ ઉત્પન્ન કરેલા આ જીવસમૂહમાં ભગવાન નારાયણ ઋષિને

અપવાદરૂપમાં ગણતાં સ્ત્રી સ્વરૂપ માયાથી, ખરે અખંડિત મતિ રહી શકે એવી કોણ વ્યક્તિ છે ? માતાજી ! સ્ત્રીની આકૃતિમાં મેં મારી માયાને પ્રક્ટ કરી છે. જરા તેનું બલ તો જુઓ, કે જેઓ જગતમાં દશદિગંત વિજયી ગણાયા છે, તેઓને મારી માયાએ કેવલ એક જ ભ્રૂવિલાસથી પગ નીચે કચડી નાખ્યા છે. (૩૭-૩૮)

યોગીએ સ્ત્રી પ્રસંગથી બચવું

જો યોગીજન, યોગના પારને પામવા ચાહે તો, તે પ્રથમ મારી સેવામાં પરોવાય અને સર્વત્ર ભગવદભાવ સંપાદન કરી લે, સદા યોગાનુષ્ઠાનમાં તત્પર રહે અને દુઃખના દ્વાર તરીકે મનાતા અને યોગમાંથી પાછા વાળનારા પ્રમદાજનના પ્રસંગમાં કદી ના આવવું. (૩૯) માતાજી ! આથી સ્ત્રીજનની નિંદા નથી પરંતુ યોગીના માર્ગ માટે પ્રમદાજન પ્રતિબંધક બનશે. માટે દૈવે રચેલી પ્રમદારૂપ માયાથી દૂર રહેવું. પ્રમદા સેવાના બહાને સમીપે આવશે અને ઉપરના ભાગમાં ઊગેલા ઘાસવાળા કૂપ જેવી તે પ્રમદા એકવાર યોગીને વિયોગી બનાવી દેશે. (૪૦) માતાજી ! આ જીવ સ્ત્રીરૂપ કે પુરુષરૂપ નથી; પરંતુ તેને સ્ત્રીનો સંગ થયો ત્યારે તેની સ્ત્રીમય વાસના બંધાઈ, તેથી તેણે સ્ત્રીનું ધ્યાન ધર્યું અને સ્ત્રી બન્યો. આ સ્ત્રીરૂપ બનેલો જીવ પુરુષરૂપે આચરણ કરતી મારી માયાને વિત્ત, પુત્ર, ઘર વગેરે આપનાર છે એમ માને છે; પરંતુ તેની તે સમજ યથા યોગ્ય નથી. કારણ કે શિકારીનો બજાવાતો પાવો કે ગવાતું ગાયન હરણ માટે, દૈવે મોકલેલ મૃત્યુ છે તેમ, પતિ, પુત્ર, ઘરરૂપ મોકલેલ માયા દૈવે જ મોકલેલ પોતાનું મૃત્યુ છે એમ માનવું. (૪૧-૪૨) મનુષ્ય દેહને જ જીવરૂપ માની બેઠેલો હોવાથી એને એક લોકમાંથી બીજા લોકમાં જવું પડે છે ત્યાં તે કર્મોનો ભોગ કરીને પાછો એ કર્મ કરી શકે તેથી ભૂતલ ઉપર આવે છે. (૪૩) મહાભૂતો, ઈંદ્રિયો અને મનોમય દેહ જીવની પાછળ જનારો છે, તેનો નિરોધ કરવો તેને મરણ કહેવામાં આવે છે અને પેદા થાય એને જન્મ કહે છે. (૪૪) ઈંદ્રિયગોલક, દ્રવ્યનું ગ્રહણ કરતું બંધ થાય એને મૃત્યુ અને ગ્રહણ કરવાને લાયક થાય ત્યારે દેહની ઉત્પત્તિ સમજવી. જીવને તો જન્મ મરણ નથી; પરંતુ જીવના દેહ સાથેના અધ્યાસરૂપ સંબંધથી એવું દર્શન થાય છે. (૪૫) જ્યારે આંખને વસ્તુના અવયવ જોવાની અયોગ્યતા આવે ત્યારે ચક્ષુ ઈંદ્રિયને એના દ્રષ્ટાના અભાવથી એનો નાશ કહેવાય જ્યારે એ દેખાવા લાગે ત્યારે ચક્ષુ દ્રષ્ટાનો આવિર્ભાવ ગણાય. (૪૬) ધીર પુરુષે ભય, લાચારી અને વ્યાકુળતાથી રહિત થઈ જીવની ગતિ જાણી લઈ ભૂમિમાં ફર્યા કરવું; પણ એક સ્થાને રહેવું નહીં. (૪૭) યોગ અને વૈરાગ્યવાળી સમ્યગ્દર્શન નામની બુદ્ધિથી આત્માને સ્થિર કરવો અને માયારચિત લોકમાં શરીરને રોકીને પોતે એનાથી ઉદાસીન રહી કાળક્ષેપ કરવો. (૪૮)

सम्यग्दर्शनया बुद्ध्या योगवैराग्ययुक्तया । मायाविरचिते लोके चरेन्न्यस्य कलेवरम् ।।४८।।

શ્રીમદ્ ભાગવતપીયૂષનો તૃતીયસ્કંધમાંનો જીવની ગર્ભસ્તુતિનું વર્ણન કરતો અધ્યાય ૩૧મો સમાપ્ત.

અધ્યાય ૩૨મો

[આ અધ્યાયમાં ૪૩ શ્લોકો છે. આ અધ્યાયમાં મોક્ષ મેળવી આપનારી ઉત્તમ ગતિનું નિરુપણ કરવામાં આવશે. પૂર્વના બે અધ્યાયોમાં જન્મદુઃખ વર્ણવ્યું એ વર્ણનથી મનુષ્યને વિષયોમાં વૈરાગ્ય ઉત્પન્ન થશે. પુનઃ આ અધ્યાયમાં સામાન્ય ધર્મ, મધ્યમ ધર્મ અને ઉત્તમ ધર્મ વર્ણવાશે. સામાન્ય અને મધ્યમ ધર્મ વૈરાગ્ય ઉત્પન્ન કરશે અને ઉત્તમ ધર્મનું આચરણ થતાં જ્ઞાનની પ્રાપ્તિ થશે. માનવને મળેલા જ્ઞાન દ્વારા બુદ્ધિનો સંસ્કાર થાય છે.]

कपिल उवाच : अथ यो गृहमेधीयान् धर्मानेवावसन् गृहे । काममर्थं च धर्मान् स्वान् दोग्धि भूयःपिपर्तितान् ।।१।।

શ્રીકપિલભગવાને કહ્યું કે માતાજી ! જે પુરુષ ઘરમાં રહીને જ ગૃહસ્થના ધર્મને સેવતો, ગૃહસ્થાશ્રમના ધર્મનું યોગ્ય આચરણ કરતો તે પુનઃ કામને અને અર્થને પ્રાપ્ત કરીને પુનઃ પુનઃ એનું અને એનું જ પોષણ કરે છે. પરિણામ એ આવે છે કે તે પુરુષ તેતે ઈચ્છાઓની પૂર્તિમાં જ પૂરો ખૂંપીને રહેલો કામમૂઢ બની જાય છે ત્યારે તે બાર બાર પ્રકારના સત્ય, દયા, શૌચ વગેરે ભગવદીયજનના ધર્મોથી વિમુખ બની જાય છે અને યજ્ઞો દ્વારા દેવોને તેમ જ પિતૃઓને શ્રદ્ધાપૂર્વક પૂજે છે. (૨) આ વ્યક્તિની દેવોના ઉપરની અને પિતૃઓ ઉપરની શ્રદ્ધા દૃઢ થઈ; પરંતુ ભગવાનમાં શ્રદ્ધા દૃઢ નથી થઈ તેથી વિષયાક્રાન્તમતિવાળો બની જાય છે અને દેવોનાં અને પિતૃઓનાં જ વ્રતોને આચરે છે, યજ્ઞો દ્વારા જે સોમરસનું પાન

કરે છે. તે ઉપાસક ચંદ્રલોકમાં જાય છે પરંતુ પુણ્ય ક્ષીણ થતાં પાછો આવે છે. કારણ કે આ ચાંદ્રમસ લોકો જ્યારે શેષ ભગવાનની શય્યામાં અનંતાસન ભગવાન શ્રીહરિ પોઢે છે ત્યારે તે ગૃહસ્થાશ્રમીઓને જવાના લોકોનો ક્ષય થાય છે. (૩/૪.)

સાત્ત્વિક સાધક અને નિષ્કામ ઉપાસકના આઠ ધર્મો

માતાજી, જે વિવેકી પુરુષો છે તેવા ધીર પુરુષો કામ અને અર્થની પ્રાપ્તિ માટે પોતાના સ્વધર્મનું દોહન કરતા નથી. તે મહાન પુરુષો નિઃસંગ સકામકર્મનો ત્યાગ કરનારા, અત્યંત શાંત, શુદ્ધ સાત્ત્વિક બુદ્ધિવાળા, નિવૃત્તિધર્મમાં નિરંતર રસ લેનારા, મમતા વિનાના, અહંકાર વિનાના પોતાના સ્વધર્મના સત્ત્વથી અત્યંત શુદ્ધ અન્તઃકરણવાળા બનીને જેઓ નિવૃત્તિ ધર્મનું સેવન કરે છે તે પુણ્યાત્માઓ અર્ચિમાર્ગ અથવા દેવયાન નામના માર્ગ દ્વારા એટલે સૂર્યમાર્ગથી સર્વવ્યાપી વેદોમાં અને પુરુષસૂક્તમાં વર્ણવેલા પૂર્ણપુરુષ શ્રીહરિને જ પ્રાપ્ત કરે છે. આ ભગવાન જગતના સમવાયી કારણ છે કારણ કે એમનામાંથી જગત બને છે. પોતેજ કાર્યરૂપ છે, પોતે કારણ રૂપ છે, જગતના નિયંતા છે અને જગતની ઉત્પત્તિસ્થિતિલય કરનારા છે. (૫-૭) આ ધીર પુરુષો પૂર્ણપુરુષોત્તમના ચિંતકો છે તેઓ બ્રહ્માજીના સો વર્ષના બેપરાર્ધ નામના સમયને અંતે જે "પ્રલય" થાય છે તે પ્રલયપર્યંત તે પરચિંતકો તે પરનામના લોકમાં રહેશે. (૮) માતાજી ! આ વિશ્વ, પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, મન, ઈંદ્રિયો, વિષયો, અહંકાર વગેરે પદાર્થોનું બનેલું છે. ભગવાનની જ્યારે આ વિશ્વનો ઉપસંહાર કરવાની ઈચ્છા થાય છે ત્યારે બ્રહ્માજી દ્વિપરાર્ધકાલનું - સો વર્ષનું આયુષ્ય ભોગવીને પ્રકૃતિમાં પ્રવેશ કરે છે. (૯)

યોગીઓ અક્ષરબ્રહ્મને પામે છે

માતાજી ! બ્રહ્માજીની સાથે યોગીઓ વિચરતા હોય છે. આ યોગીઓ બે પ્રકારના છે. તેમાંથી એક પ્રકારના નારદાદિયોગીઓ ભગવાનમાં પ્રવેશ કરીને રહેલા છે, બીજા પ્રકારના યોગીઓ પ્રાણાયામ વગેરે સાધનોથી પ્રાણ વાયુને અને મનને જીતનારા છે.આ બન્ને યોગીઓને યોગનું ફલ વૈરાગ્ય પ્રાપ્ત થયેલ છે. તેઓના રાગ છૂટી ગયા છે; પરંતુ અભિમાન રહી ગયો છે. ભગવાન તે યોગીઓને અમૃતમય અક્ષરબ્રહ્મના દાન કરે છે; પરંતુ તેમને પુરુષોત્તમની પ્રાપ્તિ માટે તો વિલંબ છે. યદ્યપિ અક્ષરબ્રહ્મ અને પુરુષોત્તમ પ્રાયઃ ઉભય એક જ હોવા છતાં બન્નેની વચમાં થોડો તફાવત રહેલો છે. એક ગણિતાનંદ છે અને એક અગણિતાનંદ છે. (૧૦)

શ્રીકપિલ પ્રભુની માતાજીને સર્વાત્મ ભાવે પુરુષોત્તમને શરણે જવા પ્રાર્થના

હે માતાજી ! હવે આપ પ્રાણી માત્રના હૃદયકમલમાં નિવાસસ્થાન બનાવીને બિરાજતા શ્રીપુરુષોત્તમ ભગવાનની ભાવપૂર્વક શરણાગતિ સ્વીકારો. માતાજી ! મેં એ નાથને આગળ ૨૮મા અધ્યાયમાં પ્રેમપૂર્વક વર્ણવ્યા છે. (૧૧) હે માતાજી ! આ બ્રહ્માજી તો સ્થાવર, જંગમના આદ્ય ઉત્પાદક છે. શ્રીબ્રહ્માજી અને ઋષિઓ, યોગેશ્વરો, સનતકુમારો, સિદ્ધો અને યોગપ્રવર્તક યોગીઓ અભિમાન સાથે ભેદવાળી દૃષ્ટિ હોવાથી, તેમજ પોતે કર્તા હોવાના અભિમાનવાળા છે. યદ્યપિ તે અનાસક્ત થઈ કર્મ કરવા છતાં કતૃત્વના અભિમાનને લીધે ઉત્તમ પુરુષરૂપ સગુણ બ્રહ્મને પામે છે. ત્યાર પછી સારી રીતે ભ્રમણ કરીને ભગવાનની મૂર્તિ સમાન ઘણા કાલથી ત્રણે ગુણોમાં ક્ષોભ પેદા થાય છે ત્યારે યથાપૂર્વ બ્રહ્માજી અને સર્વ ઋષિઓ વગેરે પુનઃ પ્રકટ થાય છે. (૧૨-૧૪) જેવી રીતે બ્રહ્માદિ દેવો પણ આવે છે; તેવી જ રીતે સમર્થ સિદ્ધો પણ. તેઓને માટે તેઓના નિવૃત્ત ધર્મને અનુરૂપ બ્રહ્માજીએ ઐશ્વર્યોનું નિર્માણ કરેલ છે તે ઐશ્વર્યોને ભોગવીને ગુણોનો ક્ષોભ થાય છે ત્યારે પાછા આવે છે. (૧૫)

હરિવિમુખ જીવો પુનરાવર્તનના ચક્કરમાં

માતાજી ! જો કે જીવો કેવલ સંસારાસક્ત ચિત્તવાળા છે, તો પણ વૈદિકાદિ કર્મોમાં શ્રદ્ધાસંપન્ન છે. શાસ્ત્રે જે કર્મોનો નિષેધ નથી કર્યો એવાં શાસ્ત્રસંમત નિત્ય-નૌમત્તિકાદિ કર્મોને યથાર્થ રીતે આચરે છે, તે પુરુષો, તેમ જ રજોગુણથી

ઘેરાયેલી અકુંઠિત થયેલી મનોવૃત્તિ વાળા છે, હૃદય-અંતઃકરણ કામ પરવશ છે, પોતાના કુટુંબપરિવાર સુખચેનને જ પરમ આનંદ છે એવું માનનારા છે, તેમની સમજમાં તો ધર્મ, અર્થ અને કામ એ ત્રણ જ પુરુષાર્થો છે તે પુરુષો તો શ્રીહરિની કથાસુધામાધુરીથી વંચિત છે. તેઓ જાણતા નથી કે શ્રીહરિની કથા સર્વ દુઃખોને હરનારી છે, નિત્યનિરંતર ગાવા જેવા અલૌકિક પરાક્રમો અને લીલાઓથી છલકાતી છે, મધુ નામના દૈત્યનો કાંટો કાઢી નાખનાર ભગવાન મધુસૂદનના મહિમાથી છલકાતી છે, જો એનાં પાન કરીએ તો પાર ઊતરીએ. આવું ના જાણવાથી કથાવિમુખ બની પિતૃઓનું અર્ચન કરે છે. (૧૬-૧૮) તેઓની તો દયા આવે છે કારણ કે તેઓ અચ્યુત ભગવાનની કથાસુધાનું પાન કરવાનાં ત્યજીને, જંગલમાં ભટકતાં ભૂંડો જેમ દૂષિત મલાદિ પદાર્થોને ખાય છે; તેવી જ રીતે કથાવિમુખ જીવો દુષ્ટ લોકગાથારૂપ મલ જેવી તુચ્છ વાર્તાઓમાં જ રચ્યાપચ્યા રહે છે. તેઓ તો દૈવથી જ ઠગાયા છે. (૧૯)

દક્ષિણ માર્ગથી જનારા જીવો

માતાની કૂખમાં આવાવાથી આરંભી સંવત્સરાદિ શ્રાદ્ધપર્યંત અને પાર્વણ શ્રાદ્ધાદિના સંસ્કારો જેમને થયા છે તે જીવો શ્રીઅર્યમાં દેવના દક્ષિણ માર્ગથી પિતૃલોકમાં જાય છે. તેઓ શ્રુતિનાં વચનોને અનુસરી પુત્રોપૌત્રોને ત્યાં પુત્રાદિ રૂપે જન્મ લઈ, સંસ્કારો પામી, ઉત્તરોત્તર જ્ઞાની અને ભક્ત થઈ મોક્ષને અને ભગવાનને મેળવે છે. (૨૦) હે સતીમાતા ! પિતૃલોકમાં ગયા પછી ભોગથી ક્ષીણપુણ્ય થયેલા દેવોએ તાત્કાલિક વૈભવોથી ભ્રષ્ટ કરેલા, પરવશ બનેલા તે આત્માઓ પુનઃ આ લોકમાં આવે છે. (૨૧)

સર્વાત્મભાવથી શ્રીહરિને સેવો

માતાજી, આ વિશ્વમાં સેવવા યોગ્ય, શરણે જવા યોગ્ય કેવલ શ્રીહરિ જ છે. એ કૃપાળુ નાથના ચરણારવિંદની સેવા કરો. એ ભગવાનની દિવ્ય લીલાઓથી સભર અને ષડ્ ઐશ્વર્યોથી અને દયાદિગુણોથી ભરપૂર એવી કથાઓનું શ્રવણ કરી ભક્તિભાવપૂર્વક ભગવાનને સર્વાત્મભાવથી ભજો. (૨૨) માડી, ભગવાન વાસુદેવમાં યોજવામાં આવેલો ભક્તિયોગ વિના વિલંબે વૈરાગ્યને ઉત્પન્ન કરે છે, તેમ જ જેમાં બ્રહ્મદર્શન રહેલ છે, એવા જ્ઞાનને પણ ઉત્પન્ન કરે છે. (૨૩) માતાજી ! પ્રભુના અનન્ય ભક્તનું સ્વરૂપ હવે સાંભળો. શ્રીવાસુદેવ ભગવાનની શરણાગતિ ભક્તે લીધેલ હોવાથી, ઈંદ્રિયોની વૃત્તિઓ દ્વારા પણ તે અનન્યાશ્રિત ભક્તનું ચિત્ત, ઈંદ્રિયોના વિષયોમાં-પદાર્થોમાં આ પ્રિય છે કે આ અપ્રિય છે, એવી વિષમતાનો અનુભવ નથી કરતું, એને તો સર્વત્ર ભગવાન જ દેખાય છે, એ જ વખતે તે ભક્ત સંગરહિત, સર્વમાં સમાનરૂપથી સ્થિત, ત્યાગ અને શ્રવણ કરવા યોગ્ય ગુણ-દોષથી રહિત હોય તેવા સ્થાનને પ્રાપ્ત કરે છે અને પોતાના આત્માનો બ્રહ્મ તરીકેનો અનુભવ કરે છે. (૨૪-૧૫) એજ જ્ઞાન છે, એ જ પરબ્રહ્મ છે, એ જ પરમાત્મા છે, એ જ ઈશ્વર છે, એ જ પુરુષ છે તેનું નામ ભગવાન છે. આ ભગવાન જ સ્વયં જીવ, શરીર, વિષય, ઈંદ્રિયો વગેરે અનેક રૂપે દેખાય છે. (૨૬) માતાજી ! આ ભક્તને સઘળા સંસારમાં આસક્તિનો અભાવ થઈ જાય છે. ભક્તયોગીની આ પ્રકારની સ્થિતિ થવીએ જ એના સર્વ પ્રકારના યોગોની સાધનાઓનું એક માત્ર અભીષ્ટ ફળ છે. (૨૭) માતાજી ! જ્ઞાન એક જ છે. એ બ્રહ્મરૂપ છે, એ નિર્ગુણ છે, તે જ્ઞાન પ્રાકૃત ઈંદ્રિયોના જ કારણે ભ્રાન્તિથી શબ્દ વગેરે ગુણોવાળા પદાર્થોના આકારે ભાસે છે. જેમ એક ભગવાન, મહતતત્ત્વ, ત્રણ પ્રકારનો અહંકાર, પાંચ પ્રકારનો સ્વરાટ્, પ્રાણ, વિષયો, એકાદશ, ઈંદ્રિયોના પ્રકારનો દેહ, બ્રહ્માંડ અને જગત જેને લીધે ભાસે છે તેમ જ્ઞાન વિવિધ રૂપે ભાસે છે. (૨૮-૨૯)

વૈરાગ્ય સમ્પન્નને બ્રહ્મનું રહસ્ય સમજાય

ભગવાને કહ્યું, માતાજી ! ઉપરના ૨૨થી ૨૯ આઠ શ્લોકોમાં પ્રમાણ-યુક્તિ વગેરેનો આશ્રય લઈને આ સર્વ કાંઈ છે તે બ્રહ્માત્મક છે એવું રહસ્ય જ્ઞાન વર્ણવ્યું. એ રહસ્ય જ્ઞાનને કેવલ વિરક્ત પુરુષ શ્રદ્ધાથી અને ભક્તિથી નિત્ય યોગાભ્યાસ આચરીને શાંત અંતઃકરણ બનતાં જ્યારે મનુષ્ય નિઃસંગ બને છે ત્યારે તેને તેવું બ્રહ્મ દર્શન થાય છે. (૩૦)

હે પૂજ્ય માતાજી, આપ તો સ્વયં ગુરુ છો. આપને જ્ઞાનનો ઉપદેશ કરવાનો ના હોય. કેવલ જ્ઞાનતત્ત્વના નિરૂપણના જ

હેતુથી જે જ્ઞાનથી બ્રહ્મદર્શન થાય છે અને જે જ્ઞાનથી પ્રકૃતિ અને પુરુષ તત્ત્વનો બોધ થાય છે એવું જે જ્ઞાન કહેવાય છે તેનું આપની પાસે કેવલ પુનરૂચ્ચારણ જ કર્યું છે. (૩૧) મારા આશ્રયવાળો જ્ઞાનયોગ અને મને ઉદ્દેશીને આચરવામાં આવતો નિર્ગુણ ભક્તિયોગ બન્નેનો "ભગવાન" શબ્દથી વ્યવહાર થાય છે અને બન્નેનો એકજ અર્થ છે. (૩૨) જેમકે માતા, "પુષ્પ, મધુ" વગેરે પદાર્થ તો એક જ છે. પરંતુ જુદા જુદા માર્ગવાળી ઈંદ્રિયોથી તે પદાર્થ અનેક ગુણના આશ્રયવાળો અનેક પ્રકારનો દેખાય છે. આંખને એ પદાર્થરૂપ દેખાય, નાસિકાને ગંધરૂપ દેખાય છે તેમ શાસ્ત્રના ભિન્ન માર્ગોથી ભગવાન જુદા જુદા પ્રકારના દેખાય છે.

ભગવાનને પ્રાપ્ત કરાવનારાં સાધન તો પંદર છે પણ પ્રાપ્ત થતાં પુરુષ તો એક જ

હે માતાજી ! (૧) क्रियया:-શાસ્ત્રમાં વર્ણવેલી તીર્થસ્નાનાદિ ક્રિયાઓથી, (૨) क्रतुभि:-યજ્ઞાનુષ્ઠાન કરવાથી, (૩) दानै:; તુલાદાન, અનંદાન, વસ્ત્રદાન, રત્નદાનથી, (૪) तपसा - તપશ્ચર્યા કરવાથી, (૫) स्वाध्यायेन - વેદો શાસ્ત્રો વગેરેના અધ્યનનથી, (૬) अवमर्शनै: - વેદના અર્થોની મીમાંસા કરવી. (૭) आत्मजयेन - અન્તઃકરણ ઉપર વિજય મેળવવાથી, (૮) इन्द्रियजयेन – ઈંદ્રિયો ઉપર સંયમ કરવાથી, (૯) संन्यासेन - અહંતા અને મમતાના ત્યાગથી, (૧૦) कर्मणां योगेन - ષડંગ કે અષ્ટાંગ એવા આવશ્યક કર્મોના યોગથી, (૧૧) भक्तियोगेन - ભક્તિ યોગથી, (૧૨) धर्मेणोभयचिह्नेन ; વૈરાગ્યથી આચરવામાં આવતો નિવૃત્તિ લક્ષણ ધર્મ, અને આસક્તિથી આચરવામાં આવતો પ્રવૃત્તિ લક્ષણ ધર્મ આ બન્ને પ્રકારના ધર્મોથી, (૧૩) आत्मावबोधेन – આત્મજ્ઞાનથી, (૧૪) तत्त्वावबधेन - તત્ત્વોના જ્ઞાનથી, (૧૫) वैराग्येण – દ્રઢ વૈરાગ્ય જણાવનારા શાસ્ત્રથી નિર્ગુણ એટલે સર્વ દોષોથી રહિત અને સદ્‌ગુણ એટલે સર્વ કલ્યાણમય ગુણોથી પરિપૂર્ણ એવા સ્વદૃક્ સ્વયંપ્રકાશ ભગવાન પમાય છે. (૩૪-૩૬)

ચતુર્વિધ ભક્તિયોગ

ભક્તિયોગનું ચાર પ્રકારનું સ્વરૂપ કહ્યું. નિર્ગુણ ભક્તિયોગ અને તામસ-રાજસ-સાત્ત્વિક ભક્તિયોગ. મેં તેનાં પ્રતિપાદક વચનો દ્વારા વર્ણવ્યો. આ ઉપરાંત જે નિર્ગુણ ભક્તિયોગ છે, તેમાં શ્રી વિષ્ણુ સ્વામીના સેવકો, તત્ત્વવાદીઓ, રામાનુજ સેવકો અને પુષ્ટિ સંપ્રદાયના સેવકોનો પણ સમાવેશ થાય છે. ભક્તિયોગના વર્ણન સાથે ન સમજી શકાય તેવી ગતિવાળા કાલનું સ્વરૂપ પણ આપને સમજાવ્યું. (૩૭) માતાજી, અવિદ્યા અને કર્મથી જીવના અનેક જન્મો થતા હોય છે. આવા જન્મોમાં પ્રવેશ કરતાં આત્મા પોતાની ગતિને જાણતો નથી. (૩૮)

ઉપદેશના નવ અનધિકારીઓ

માતાજી ! આ ઉપદેશ ખલને આપવો નહીં. અવિનયીને ઉપદેશ આપવો નહીં. ગર્વિષ્ઠ-ઘમંડીને પણ ના આપવો. મતાન્તરવાદીને, નાસ્તિકને ના આપવો. પાખંડીને પણ ના આપવો આ ઉપદેશ લોભીને પણ ના આપવો. તેમજ ઘરમાં ચિત્તાસક્તિવળાને પણ ના આપવો. અભક્તને ના આપવો તેમજ મારા ભક્તોનો દ્વેષ કરનારને કદી પણ ના આપવો. (૩૯-૪૦)

ઉપદેશના ૧૧ અધિકારીઓ :-

(૧) श्रद्धानाय : શાસ્ત્ર-ગુરુ-સંત વચનમાં શ્રદ્ધાવાળા, (૨) भक्ताय : ભગવદ્ભક્ત અને ગુરુભક્તને ઉપદેશ આપવો, (૩) विनीताय : નમ્રતા અને ભાવનાવાળાને, (૪) अनसूयवे : કોઈના ઉપર અદેખાઈ વિનાનાને, (૫) भूतेषु कृतमैत्राय : ભૂત માત્રમાં દયાળુ-પ્રાણીમાત્રના મિત્રને, (૬) शुश्रूषाभिरताय : સેવામાં આસ્ય વિનાનાને, (૭) बहिर्जातविरागाय : સંસારના સુખોમાં રસ રહિત છે. (૮) शान्तचित्ताय : સ્થિર મનવાળાને, (૯) निर्मत्सराय : કોઈનો પણ દ્રોહ ન કરનારને, (૧૦) शुचये: પાપ મુક્તને, (૧૧) यस्याहं प्रेयसां प्रिय: : જેને સર્વથી અધિક ભગવાન વહાલા હોય આવાં અગિયાર લક્ષણોવાળામાંથી એકાદ પણ લક્ષણ હોય તેને ઉપદેશ અપાય. (૪૧-૪૨) માતાજી ! આત્માનું દર્શન કરવાની ઈચ્છાવાળો ભક્તજન શ્રદ્ધાથી, શ્રવણમાં મન રાખીને શ્રવણ કરે તેમજ શ્રદ્ધાસમ્પન્ન અને મારામાં મન રાખનાર

કોઈપણ વક્તા આ સંસારનું કીર્તન કરે તે બન્ને ભક્તજનો મારા દિવ્ય પદને પામે છે.

य इदं श्रुणुयादम्ब श्रद्धया पुरुषः सकृत् । यो वाभिधत्ते मच्चित्तः स ह्येति पदवीं च मे ॥४३॥

શ્રીમદ્ ભાગવતપીયૂષનો તૃતીય સ્કંધમાંનો ગૃહસ્થના ધર્મોનું વર્ણન કરતો અધ્યાય ૩૨મો સમાપ્ત.

અધ્યાય ૩૩મો

[આ અધ્યાયમાં ૩૭ શ્લોકો છે. આ અધ્યાયમાં દેવહૂતિ માતાજીએ કપિલ ભગવાનની કરેલી સ્તુતિ, ભગવાન કપિલજીની કૃપા અને દેવહૂતિ માતાજીની મુક્તિઃ આ ત્રણ વિષયો વર્ણવ્યા છે. સ્ત્રી અવશ્ય મુક્ત થાય છે એ આ અધ્યાયનું ખાસ નિરૂપણ છે. તૃતીય સંકધની સમાપ્તિનો આ અંતિમ અધ્યાય છે.]

કેવલ કૃષ્ણકૃપાથી જ મુક્તિ થાય

मैत्रेय उवाच : एवं निशम्य कपिलस्य वचो जनित्री, सा कर्दमस्य दयिता किल देवहूतिः ।
विस्रस्तमोहपटला तमभिप्रणम्य, तुष्टाव तत्त्वविषयाङ्कितसिद्धिभूमिम् ॥१॥

મૈત્રેય મહર્ષિ બોલ્યા કે વિદુરજી ! કોઈપણ પ્રકારના સંબંધ કે સાધનથી મુક્તિ સંભવતી નથી. તે કેવલ ભગવાનની કૃપાથી જ થાય છે. કૃપા પણ ભગવાન પ્રસન્ન થાય ત્યારે જ થાય છે, ભગવાનમાં ભક્તિ થતાં કૃપા થવાની જ. આ સિદ્ધાન્ત પ્રમાણે દેવહૂતિ માતાજી ભગવાની કૃપાથી મુક્ત થશે. માતા દેવહૂતિજી શ્રીકપિલ ભગવાનનાં વચનામૃતોનાં પાન કરીને ખૂબજ ભક્ત બન્યાં. તેઓ તો મહર્ષિ કર્દમજીનાં અર્ધાંગના છે. પ્રભુકૃપાથી તેમનો મોહનો અંધારપટ ચિરાઈ ગયો. પુનઃ દેવહૂતિ માતાજી તત્ત્વનું પ્રતિપાદન જે સાંખ્ય શાસ્ત્ર છે તેના ઉપદેશક અને તેના મૂલઆધાર શ્રીકપિલ ભગવાનને પ્રણામ કરીને સ્તુતિ કરવા લાગ્યાં. (૧)

કપિલ ભગવાનની યશઃસપ્તશ્લોકી

શ્રીદેવહૂતિજી બોલ્યાં, હે કપિલ ભગવાન ! આપના દિવ્ય શ્રીવિગ્રહનું હું ધ્યાન ધરું છું. નાથ ! આપ જલમાં પોઢેલા છો, પંચ મહાભૂતો, ઈંદ્રિયો, તન્માત્રાઓ અને અન્તઃકરણના સત્ તત્ત્વરૂપ આપ છો, સર્વ જગતના બીજરૂપ પણ આપ છો, આપના દિવ્ય સ્વરૂપમાં ગુણોનો પ્રવાહ દેખાય છે, તે આપ ભગવાન છો, ભગવન્ ! આ પ્રકારના આપના સ્વરૂપનું બ્રહ્માજીએ ધ્યાન ધર્યું તો પણ જલમાં પોઢેલા આપના તે સ્વરૂપનું દર્શન ના કરી શક્યા, તે જ આપ સાક્ષાત્ ભગવાન છો. આવા પ્રભુ મારા ઉદરમાંથી પ્રકટ થયા છે એ તો આશ્ચર્યની વાત જ ગણાય ને ! (૨) હે ભગવાન ! સત્ત્વાદિ ગુણોના પ્રવાહથી વિભાગ કરીને બ્રહ્માવિષ્ણુ અને રુદ્રરૂપે આપ જ આ જગતને રચો છો, પાળો છો, સમેટો છો; છતાં આપને એ માટે કાંઈપણ ક્રિયા કરવી પડતી જ નથી, આપ તો સર્વથા શાંત, ક્રિયા વિનાના યોગી જેવા જ બિરાજ્યા હોવ છો અને કેવલ આપના સંકલ્પથી જ સર્વ બને છે; કારણ કે આપ સત્યસંકલ્પ છો, આપ તો કલ્પનાતીત અનંત શક્તિવાળા છો, આપ સર્વ સમર્થ ઈશ્વર છો, તેમજ સર્વના આત્મા છો.. (૩) નાથ ! આશ્ચર્યની વાત તો એ છે કે આ અખિલવિશ્વ આપના ઉદરમાં વસ્યું છે. એવા નાથને મેં મારા ઉદરમાં કેવી રીતે પધરાવ્યા ! એવું જ બીજું આશ્ચર્ય છે કે સમસ્ત વિશ્વને પોતાનામાં સમાવીને યુગના અંતે આપ એકલા માયાથી બાલકરૂપ બની વડના પાનમાં, પગનો અંગૂઠો મુખમાં પધરાવીને પોઢો છો. (૪) હે નાથ ! પાપી જનોનો નાશ કરવા તેમજ આજ્ઞાંકિત જીવોનું કલ્યાણ કરવા માટે આપ આ દેહનો સ્વીકાર કરો છો. જેમ વરાહ વગેરે આપના અવતારો છે તે પ્રકારે આ અવતાર પણ આત્મપથના જ્ઞાન બોધ માટે છે. (૫) નાથ ! આપના નામનું શ્રવણ કર્યા પછી કીર્તન કરવાથી, વળી આપના નામને નમન કરવાથી અને જે નાથના નામનું સ્મરણ કરવાથી પણ કોઈક વાર શ્વાનભક્ષી પણ યજ્ઞ કરવાને માટે યોગ્ય બને છે તો પછી હે ભગવન્ ! ખરેખર આપના દર્શનથી યોગ્ય બને એમાં તો કહેવાનું જ ક્યાં રહ્યું ! (૬) નાથ ભલેને તે ચાંડાલ હોય, (શ્વાનને રાંધીને ખાનારને ચાંડાલની જાતનો કહ્યો છે) કે જેની જિહ્વાગ્રે ભગવાનનું નામ નિરંતર વસતું હોય. તો તે આ કારણથી જ મહાન છે; ખરી રીતે જેઓએ તપ તપ્યાં છે, પછી યજ્ઞો આચર્યા છે; પુનઃ તીર્થસ્નાનો કર્યા અને ત્યાર પછી આર્યો થઈને

બ્રહ્મનો ઉપદેશ કરેલ છે તેઓ આપનું નામ લઈ શકે છે. આટલી બધી કક્ષાઓ પસાર કર્યા પછીથી નામ લેવાના અધિકારી થવાય છે. (૭)

तं त्वामहं ब्रह्म परं पुमांसं, प्रत्यक् स्त्रोतस्यात्मनि संविभाव्यम् । स्वतेजसा ध्वस्तगुणप्रवाहं, वन्दे विष्णुं कपिलं वेदगर्भम् ॥८॥

હે કપિલ ભગવન્ ! આપ પરબ્રહ્મ પુરુષ છો, અન્તર્મુખ ચિત્તમાં ચિંતન કરવા યોગ્ય છો, પોતાના તેજથી ગુણોના પ્રવાહનો નાશ કરનારા છો, વેદને હૃદયમાં રાખનારા છો. સાક્ષાત્ વિષ્ણુ છો. હે કપિલપ્રભુ, આપને પ્રણામ કરું છું. (૮) મુનિવર મૈત્રેય બોલ્યા કે શ્રીદેવહૂતિ માતાજીની સપ્તશ્લોકી સ્તુતિ સાંભળી ત્યારે માતાજી ઉપર અપાર ભક્તિવાળા, માતૃવત્સલ પરમ પુરુષ શ્રી કપિલ ભગવાન, ગદગદ વાણીથી જનનીને કહેવા લાગ્યા. (૯)

કપિલભગવાને કહ્યું કે માતાજી ! આપ વિના શ્રમે સુખપૂર્વક જીવનમાં ઉતારી શકો એવો મેં માર્ગ આપને બતાવ્યો છે. આ માર્ગના આચરણથી આપ અલ્પ સમયમાં ઉત્તમ સ્થિતિને પ્રાપ્ત કરી શકશો. (૧૦) માતાજી, આ મારા સાંખ્ય મતને બ્રહ્મવાદીઓએ સ્વીકારેલો છે. માતાજી, આ મત ઉપર આપ શ્રધ્ધા રાખો. આ મતને ન જાણનાર મૃત્યુને પામે છે; પરંતુ આ મતના જાણકાર ભયરહિત થઈ મને પામે છે. (૧૧)

મૈત્રેય મહારાજ બોલ્યા, શ્રીકપિલ ભગવાને આત્માની સુંદર ગતિનું માતાજીને જ્ઞાન કરાવ્યું અને માતાજી પાસે વિદાય માગી. ત્યારે માતાજીએ અનિચ્છાએ પણ પ્રેમથી અનુમોદન આપ્યું અને કપિલ ભગવાને પ્રસ્થાન કર્યું. દેવહૂતિજીને વૈરાગ્ય થયો છે એટલે આસક્તિરહિત થયાં હતાં; તેથી, જવા માટે અનુમોદન આપ્યું, પરંતુ ભગવાન જાય તે કોને ગમે ! તેથી અનિચ્છાએ સંમતિ આપી એવું મૈત્રેય મહારાજે કહ્યું. (૧૨) માતા દેવહૂતિજી પણ પોતાના પુત્ર શ્રીકપિલ ભગવાને કહેલા યોગના ઉપદેશાનુસાર, સરસ્વતીજીના પ્રાંગણે આવેલા આશ્રમોના મુકુટરૂપ શ્રીકપિલાશ્રમમાં કે કર્દમાશ્રમમાં યોગસમાધિમાં પ્રવૃત્ત થવા સાવધાન થયાં. (૧૩)

તપશ્ચર્યા અને ત્યાગ

વારંવાર સ્નાન કરવાથી પરંતુ મનોહર કેશકલાપને ઓળવાચોળવા, તેલ નાખવા, વેણી ગૂંથવી વગેરે કેશ પ્રસાધનક્રિયાઓ ત્યજી દીધેલી હોવથી ગુચ્છેદાર વાંકડિયા વાળ ગુંચળાંવળા થઈ ગયા અને પીળા પડી ગયા. યોગીના જેવો જટાજૂટ વાળનો બંધાઈ ગયો તેમજ ઉગ્ર તપશ્ચર્યાને લીધે દેહ ચીંથરેહાલ દૂબળો પડી ગયો. (૧૪) મહર્ષિ પ્રજાપતિ કર્દમ ઋષિનાં તપ અને યોગના ફલ સ્વરૂપ તુલનામાં ના આવી શકે તેવો આશ્રમ હતો. સદા વિમાનમાં વિચારનારા ઈંદ્રાદિ દેવો પણ મુનિવરના આશ્રમ અને પુણ્ય ગૃહસ્થાશ્રમની પ્રાર્થના-કામના કરતા હતા. માતાજી પુત્રના વિરહમાં અને વિવેકના પ્રભાવમાં તે આશ્રમના વૈભવોમાં પણ ઉદાસીન વૃત્તિવાળાં થઈ ગયાં. (૧૫) દૂધના ફીણ જેવી શ્વેત, સ્વચ્છ અને સુકોમળ શય્યાઓ, ઉપર નીચે ઈસ, ઉપરાં અને પાયાઓ સુવર્ણજડિત, હાથી દાંતના હૃદય સ્પર્શી હતા તેવા પર્યંકો, સુવર્ણનાં આસનો, સુખકર સ્પર્શવાળી સુકોમળ શય્યાઓની ચાદરો, મોંઘા અને મોટા મરકત મણિઓથી મઢેલી તેમજ અત્યંત સ્વચ્છ સ્ફટિક મણિની રચેલી દિવાલોમાં રત્નના દીપકો દીપી રહ્યા હતા અને રત્નના અલંકારોવાળી સેવિકાઓ શોભી રહ્યાં હતાં. આશ્રમના ઉદ્યાનો પણ પુષ્કળ લચેલાં પુષ્પોવાળાં દિવ્ય દેવતરુવરોથી દીપી રહ્યાં હતાં. પંખીડાઓની બેલડીઓ મધુરમધુર કલરવ અને કોકિલોના કૂજન કર્ણનું આકર્ષણ કરી રહ્યાં હતાં અને મદઘેલા મધુકરનાં ગુંજન મનને મુગ્ધ કરી રહ્યાં હતાં. જ્યારે આ દિવ્ય વિમાનમાં શ્રીદેવહૂતિજી મુનિવર કર્દમજી સાથે બિરાજી વિહાર કરવા જતાં ત્યારે દેવતાઓ ગાંધર્વો દેવી દેવહૂતિજીનાં અને મુનિદેવનાં ગુણગાન કરતા હતા. જે પુષ્પવાટિકામાં પ્રવેશેલાં દેવહૂતિજીનું તેમજ કમલના સુવાસવાળી વાપિકાઓમાં કર્દમ મુનિથી લાડ લડાવાયેલાં દેવહૂતિજીનું દેવાનુચરો નિત્યગાન કરતા હતા અને દેવાધિ દેવ ગણાતા ઈન્દ્રદેવની અર્ધાંગનાઓ પણ આવા વિમાનની ઈચ્છા-લાલસા સેવતાં તે વિમાનને અને વિમાન ભુવનને ત્યજી દેતાં દેવહૂતિના મનને ક્યાંય પણ દુઃખભાવ ના દેખાણો, પરંતુ પુરુષોત્તમ પુત્રને મૂકી દેતાં માતાનું મન પુત્રવિરહની વ્યાકુળતા અનુભવવા લાગ્યું. (૧૬થી ૨૦)

માની વ્યથા અને સમાધિ

મહર્ષિ કર્દમજી પરમહંસ દીક્ષા લઈ વનપ્રસ્થાન કરી ગયા અને પુત્ર કપિલપ્રભુ પણ વિદાય થયા ત્યારે વિરહવેદનાથી વ્યથિત થયેલી વાત્સલ્યમયી માડી દેવહૂતિ જો કે તત્વજ્ઞા હતી તો પણ વાછડો ગુમાવતાં અત્યંત વહાલસોયી ગાયમાતાની માફક દેવહૂતિમા વિહ્વલ બની ગયાં. (૨૧) હે વિદુરજી ! તે તેજોમય દિવ્ય સ્વરૂપવાળા સાક્ષાત્ શ્રીહરિ શ્રીકપિલ ભગવાનનું પુત્ર સ્વરૂપે ધ્યાન કરતાં માતાજી,વિના વિલંબે વૈભવ ભરેલા તે ઘરમાં સ્પૃહા રહિત થયાં. (૨૨) કપિલ ભગવાને ધ્યાન માટે નિરૂપણકરેલા તે ભગવદ્રૂપનું ધ્યાન કરતાં તે માતાના મનમાં પ્રસન્ન મુખવળા કપિલ ભગવાનના સમગ્ર અને છુટાં છવાયાં અંગોનો આવિર્ભાવ થયો.ભક્તિના પ્રવાહ સ્વરૂપ યોગથી, અત્યંત દૃઢ થયેલા અનુરાગથી, પુણ્ય પવિત્ર, યોગ્ય અને વિશુદ્ધ આચરણોથી, બ્રહ્મપ્રાપ્તિ કરાવનાર જ્ઞાનથી સર્વત્ર રહેલા પોતાના અનુભવથી માયાના ગુણોનું જ્યાં અસ્તિત્વ નથી તેમજ પ્રપંચનાં કાર્યો જ્યાંથી તિરોહિત થઈ ગયેલાં છે એવા દિવ્ય આત્મા ભગવાનનું ધ્યાન કરવા લાગ્યાં. (૨૩-૨૫)

દેહાદિ વિસ્મૃતિ

માતા દેવહૂતિજી પોતાના આત્મામાં જ ખૂબ સારી રીતે રહેલા પરબ્રહ્મ ભગવાનમાં દૃઢમતિવાળાં બની ગયાં અને જીવભાવ સર્વથા ચાલ્યો ગયો. હૃદયમાં ક્યાંય ક્લેશનો લેશ રહ્યો નથી, મા આનંદથી - પરમાનંદથી ભરેલાં હતાં. પોતે પૂર્ણ સમાધિમાં પૂર્ણ આરૂઢ હતાં. જ્યાં ગુણોના ભ્રમોનું નામનિશાન પણ ન હતું આ ભૂમિકામાં રહેલાં માતાજી દેવહૂતિજીને સ્વપ્નમાંથી ઊઠેલાને જેમ સ્વપ્નના દેહનું સ્મરણ નથી હોતું તેમ દેવહૂતિ માતાજીને પણ દેહનું સ્મરણ ન રહ્યું (૨૬-૨૭) હવે તો દેવહૂતિ માતાજી યોગસમાધિની દશામાં હોઈ દેહની કોઈપણ ક્રિયાઓનું અનુસંધાન પણ ન હોવાથી તેઓની પરિચર્યામાં રહેલા પરિજનથી દેહનું પોષણ થવા છતાં, કોઈપણ પ્રકારની માનસિક આધિ ના હોવાને કારણે દેહ દૂબળો ના લાગ્યો. મલથી લદાયેલો છતાં સધૂમ અગ્નિ સમાન લાગતો દેહ તો દીપી જ રહ્યો હતો. માતાજી દેવહૂતિજી તો ભગવાન વાસુદેવમાં પ્રવિષ્ટ બુદ્ધિવાળાં હતાં તેથી તપથી અને યોગથી ભરપૂર દૈવથી સ્વતઃ રક્ષણ પામતા પોતાનો દેહ છૂટા કેશવાળો છે કે વસ્ત્ર વિનાનો છે એનું કાંઈપણ અનુસંધાન ધરાવતાં જ ન હતાં (૨૮-૨૯)

બ્રહ્મપદ પ્રાપ્તિ

શ્રીવિદુરજી ! આનંદની અતિ મંગલગાથા છે, શ્રીકપિલ ભગવાને માતા દેવહૂતિજીને જે યોગમાર્ગનો ઉપદેશ કર્યો હતો તે પ્રમાણે યોગ-ભક્તિ યોગનું સેવન કરતાં માતાજી દેવહૂતિજીએ પરબ્રહ્મ પરમાત્મા ભગવાન વાસુદેવજીને અલ્પ સમયમાં જ પ્રાપ્ત કર્યાં. ભાઈ વિદુરજી, આનું નામ ભગવાનની અપાર કૃપા. (૩૦)

પુણ્યતમ તીર્થ ક્ષેત્ર સિદ્ધિપ્રદ માતૃગયા સિદ્ધપુર

તદ્વીરાસીત્પુણ્યતમં ક્ષેત્રં ત્રૈલોક્યવિશ્રુતમ્ । નામ્ના સિદ્ધપદં યત્ર સા સંસિદ્ધિમુપેયુષી ।।૩૧।।

હે વીર ! જ્યાં શ્રીદેવહૂતિજી માતાજી ઉત્તમ સિદ્ધિ પામ્યાં તે પુણ્ય-પવિત્ર ક્ષેત્ર સર્વત્રસિદ્ધ સ્થળ શ્રીસિદ્ધપુરના નામથી ત્રણે લોકમાં પ્રસિદ્ધ થયેલ છે. વિદુરજી ! અન્ય ક્ષેત્રો પુણ્યક્ષેત્ર કહેવાય છે, શ્રી સિદ્ધપુર પુણ્યતમક્ષેત્ર કહેવાય છે. આ ક્ષેત્રમાં કર્દમ મહર્ષિનું તપ છે, ભક્તિ છે, ભગવાનનું પ્રાકટ્ય છે, શ્રી દેવહૂતિજી માતાને ભગવત્પ્રાપ્તિ થયેલ છે. (૩૧)

સિદ્ધિદા સરિતા

ભાઈ સાધુશીલ વિદુરજી ! શ્રીદેવહૂતિ માતાજીનો મહિમા કેમે કરી ગવાય તેમ નથી. માતાજીએ ભક્તિયોગનો પ્રયોગ કર્યો. તેમનો પાંચ ભૌતિક, ભૌતિકદેહ તો ક્યારનો મટી ગયો હતો. આનંદમય ભગવાનનું ધ્યાન કરતાં કરતાં તેમનાં સમગ્ર અંગો આનંદાત્મક જલમય બની ગયાં. જેમ સાકર સિંધવ કે બરફ ઓગળી જાય તેમ તેમનો દેહ ઓગળી ગયો. તે દેહ, કપિલાશ્રમમાં કે કર્દમાશ્રમમાં સરિતાઓમાં શ્રેષ્ઠ સિદ્ધોથી સેવાયેલી, સિદ્ધિ આપનારી સરિતા બન્યો. (૩૨)

શ્રીકપિલગાથા

મહાન યોગી સમર્થ કપિલભગવાન પણ માતાજીની અનુમતિ લઈને પિતાજી કર્દમજીના આશ્રમમાંથી ઈશાન દિશામાં પ્રસ્થાન કરી ગયા. (૩૩) ત્યાં સિદ્ધો, ચારણો, મુનિવરો, અપ્સરાઓ, સર્પો, નાગો, આદિ સર્વજનો શ્રીકપિલ ભગવાનનાં પુણ્યતમ યશોગાન ગાવાં લાગ્યાં. મુનિ જ્યાં જ્યાં પધાર્યા ત્યાં ત્યાં તેમનાં સમર્ચન થયાં. શ્રી સાગરદેવે શ્રી કપિલ ભગવાનનાં અર્ચન કીધાં, આસન દીધાં અને નિજસ્થાને ભગવાન કપિલને પધરાવ્યા. (૩૪) સાંખ્યાચાર્યો કપિલભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. સ્વયં યોગના આચરણમાં જ ઓતપ્રોત રહ્યા હતા. ખરેખર ત્રણે લોકમાં શાંતિ પ્રવર્તાવતા તેઓ બ્રહ્મ ચિંતન કરી રહ્યા હતા. (૩૫)

સ્નેહાતિરેક

શ્રીકપિલ ભગવાનની ગાથા ગાતા શ્રીમૈત્રેય મહર્ષિના હૃદયમાંથી ભક્તચિત્ત ભક્તવર વિદુરજી માટે સ્નેહ ઉભરાયો અને વધ્યા કે હે તાત ! હે નિષ્પાપ ! હે વિદુરજી ! આપે મને પૂછેલ તે સર્વ આપને મેં વર્ણવ્યું. વિશેષમાં શ્રીકપિલ ભગવાનની અને દેવહૂતિ માતાજીની ગાથાનાં ગાન કર્યાં. હે ભક્તવર ! હરિગુણગાન ગવરાવી આપે મારી વાણી પાવન અને કૃતાર્થ કરી. (૩૬)

य इदमतुशृणेति योऽमधते–कपिलमुनेर्मतमात्मयोगगुस्यम् । भगवति कृतधोः सुपर्णकेता–बुपलभते भगवत्पदारविकस् ।।३७।।

હે શ્રીવિદુરજી ! આ તો ભગવાન કપિલજી એ ગાયેલું આત્માની-ભગવાનની પ્રાપ્તિનું ગુહ્યજ્ઞાન છે. ભગવાન કપિલજીના આ સાંખ્યમતને જે કોઈ પ્રેમથી સાંભળે, વળી જે કોઈ વર્ણવે તે ગરુડધ્વજગોવિંદ ભગવાનમાં દૃઢબુદ્ધિ ધરાવી ભગવાનના ચરણકમલને મેળવે છે. (૩૭)

શ્રીમદ્ ભાગવતપીયૂષના તૃતીય સ્કંધમાંનો શ્રીદેવહૂતિ માતાજીને શ્રીહરિપદપ્રાપ્તિ અને શ્રીકપિલ ભગવાનના પ્રસ્થાનનું ગાન કરતો અધ્યાય ૩૩મો સમાપ્ત.

તૃતીય સ્કંધ સમાપ્ત.

હરિઃ

શ્રીકૃષ્ણાય નમઃ

શ્રીમદ્ ભાગવતપીયૂષ

ચતુર્થ સ્કંધ

અધ્યાય ૩૧ : વિસર્ગલીલા : વામકરકમલ

તૃતીય સ્કંધના ૩૩ અધ્યાયો અને ચતુર્થ સ્કંધના ૩૧ અધ્યાયો મળીને કુલ ૬૪ અધ્યાયો ભગવાનની ૬૪ કલાઓ છે. આ ચતુર્થ સ્કંધનું નામ વિસર્ગલીલા છે. વિસર્ગનો અર્થ વિવિધ પ્રકારની સૃષ્ટિ એવો નથી થતો; પરંતુ વિશિષ્ટ પ્રકારની એટલે "ઉત્તમ પ્રકાર"ની સૃષ્ટિ એવો અર્થ થાય છે. ભગવાન વિસર્ગલીલામાં જ ઉત્તમ જીવોની રચના કરશે. તે જીવો સર્વ પ્રકારની શક્તિવાળા હશે. આ જીવો પોતાનું સર્વ સામર્થ્ય પ્રકટ કરશે અને મુક્ત થશે. આ પ્રકારનું આ જીવોનું ઉત્તમપણું જોવામાં આવશે. આ સ્કંધના ૩૧' અધ્યાયોમાં શ્રુતિ વચનાનુસાર अष्टौ वसवः આઠ વસુઓ, एकादश रुद्राः અગિયાર રુદ્રો અને द्वादश आदित्याः : બાર આદિત્યોની સૃષ્ટિ વર્ણવાશે. विसर्गः पौरुषः स्मृतः એ પ્રકારે જે બીજા સ્કંધના પ્રથમ અધ્યાયમાં લક્ષણ બતાવ્યું છે તેનો એવો અર્થ છે કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ નામના ચાર પ્રકારના ઉત્તમ સામર્થ્યવાળા જીવોની ભગવાને સૃષ્ટિ રચી છે.આ ચાર પુરુષાર્થોનું ક્રમે કરીને પ્રથમ સાત અધ્યાયમાં ધર્મનું નિરૂપણ, બીજા પાંચ અધ્યાયોમાં અર્થનું નિરૂપણ, ત્રીજા અગિયાર અધ્યાયોમાં काम પુરુષાર્થનું નિરૂપણ અને ચોથા આઠ અધ્યાયોમાં मोक्षનું નિરૂપણ કરેલું હોઈ ૭ + ૫ + ૧૧ + ૮ અધ્યાયોનાં, સંખ્યા પ્રમાણે ચાર પ્રકરણો અને એકત્રીસ અધ્યાયો થશે. ૩૧ અધ્યાયોના ચાર પ્રકરણોની સંકલના નીચે દર્શાવેલા પ્રકરણોના વર્ગીકરણ ઉપરથી સરલતાથી સમજાશે.

ચતુર્થ સ્કંધ ૩૧ અધ્યાય - વિસર્ગલીલા - ચાર પ્રકરણ

(૧) ધર્મપ્રકરણ ૧ થી૭ (૨) અર્થપ્રકરણ ૮ થી૧૨ (૩) કામપ્રકરણ ૧૨થી૨૩ (૪) મોક્ષપ્રકરણ ૨૪થી૩૧ અધ્યાય

પ્રથમ ધર્મપ્રકરણ ૭ અધ્યાય

(૧) અગ્નિષ્ટોમ (૨) અત્યગ્નિષ્ટોમ (૩) ષોડશી (૪) ઉક્થ (૫) અતિરાત્ર (૬) આપ્તોર્યામ (૭) વાજપેય

ધર્મનું દર્શન યજ્ઞથી થઈ શકે છે. ભગવાને સૃષ્ટિની રચના યજ્ઞો કરવા માટે કરી છે. વેદોમાં યજ્ઞને સપ્તતંતુ સાત તંતુઓવાળો, સાત અવયવોવાળો વર્ણવ્યો છે. આ યજ્ઞનાં અગ્નિષ્ટોમ, અત્યગ્નિષ્ટોમ, ષોડશી, ઉકથ, અતિરાત્ર, આપ્તોર્યામ અને વાજપેય યજ્ઞ એવાં સાત નામ છે અને યજ્ઞની આ સપ્ત સંસ્થાઓ છે.

દ્વિતીય ધર્મપ્રકરણના ૮થી૧૨ પાંચ અધ્યાયો છે.

(૧) સાધનથી અ.૮ (૨) સાધ્યથી અ.૯ (૩) ઉપદેશથી અ.૧૦ (૪) દોષનિવૃત્તિથી અ. ૧૧ (૫) ફલપ્રાપ્તિથી અ. ૧૨

શ્રીધ્રુવજીને ભગવાનની પ્રાપ્તિ થઈ એ અર્થ નામનો પુરુષાર્થ સિદ્ધ થયો છે. "અર્થ" શબ્દ તો અનેક પ્રકારના અર્થોમાં વપરાય છે પરંતુ 'ભગવાન' જ સર્વશ્રેષ્ઠ અર્થ છે. શ્રીધ્રુવજી એટલે ભગવાનને મેળવે છે પાંચ વર્ષની વયમાં પાંચ સાધનો દ્વારા શ્રીધ્રુવકુમાર અર્થ સંપાદન કરે છે. શ્રીધ્રુવજીએ તપ સાથે ભક્તિ અને સેવા નામનું સાધન આચરીને ભગવાનને મેળવ્યા છે. તે કથા ૮મા અધ્યાયમાં આવશે એટલે "સાધનથી" અર્થ-ભગવાનની પ્રાપ્તિ થઈ. શ્રીધ્રુવજીને "સાધ્યથી" એટલે ભગવાનના દર્શનથી ભગવચ્ચરણોમાં પુષ્કળ પ્રેમ અને ભગવત્પ્રસાદરૂપ રાજ્યની પ્રાપ્તિ નામના અર્થની સિદ્ધિ થઈ તે વર્ણવ્યું છે ત્યારબાદ ધ્રુવજીને 'ઉપદેશ'થી અર્થની પ્રાપ્તિ વર્ણવી છે. મનુરાજાએ ઉપદેશ કર્યો કે ભાઈ ભક્તથી વેર અને ક્રોધ ના કરાય. આ વાત માની શ્રીધ્રુવજી યક્ષો સાથેના યુદ્ધથી વિરમી ગયા અને શ્રીકુબેર દ્વારા 'અવિચલ' ભક્તિ

નામના અર્થની પ્રાપ્તિ થઈ છે. પુનઃધ્રુવજીને ક્રોધ વગેરે દોષોની નિવૃત્તિ થવાથી અર્થની પ્રાપ્તિ થાય છે. અને અન્તમાં ૧૨મા અધ્યાયમાં 'ફલપ્રાપ્તિથી' ભગવાનના દિવ્ય લોકની પ્રાપ્તિ નામના ફલની પ્રાપ્તિ થતાં ભગવચ્ચરણોની સેવા પામ્યા છે. આ પ્રકારે પાંચ અધ્યાયોમાં પાંચ પ્રકારે ભગવત્પ્રાપ્તિનાં ગાન કર્યાં છે.

તૃતીય કામપ્રકરણના ૧૩થી ૨૩, અગિયાર અધ્યાયો

પૃથુરાજાનો આવિર્ભાવ
સર્વકામ
સ્વકામ

કામપ્રકરણની કુલ ૧૩થી ૨૩, સુધીના અગિયાર અધ્યાયો છે. ભગવાનમાં ૧૧ ઈંદ્રિયોનો વિનિયોગ કરવો એ 'કામ' નામના પુરુષાર્થનું સ્વરૂપ છે શ્રીપૃથુમહારાજના ચરિત્રનાં ઉપર વર્ણવેલાં ત્રણ પ્રકરણો દ્વારા તેનું વર્ણન કરવામાં આવ્યું છે.

ચતુર્થ મોક્ષ પ્રકરણના ૨૪થી૩૧ સુધીના આઠ અધ્યાયો

બ્રહ્મભાવ નામનો મોક્ષ ૨૪ થી ૨૮ પાંચ અધ્યાયો સાયુજ્યપ્રાપ્તિ નામનો મોક્ષ ૨૯ થી ૩૧ ત્રણ અધ્યાયો ઉપર દર્શાવ્યા પ્રમાણે ચતુર્થ સ્કંધનાં ચાર પુરુષાર્થોનું નિરૂપણ કરનારાં ચાર પ્રકરણો છે.

પ્રથમ ધર્મ પ્રકરણ

ચતુર્થ સ્કંધનાં ચાર પ્રકરણો છે. એમાં પ્રથમ પ્રકરણ સાત અધ્યાયનું છે. ધર્મ પ્રકરણ એવું પ્રકરણનું નામ છે. ચાર પુરુષાર્થ પૈકી પ્રથમ પુરુષાર્થ ધર્મ નામનો પુરુષાર્થ છે. દક્ષ પ્રજાપતિએ શ્રીકૃષ્ણ ભગવાનની કૃપાથી ધર્મ નામનો પુરુષાર્થ સિદ્ધ કરેલો છે. પ્રારંભમાં અહંકારવશ બનેલા પ્રજાપતિ દક્ષરાજે ધર્મનો આરંભ કર્યો. તેથી તે યજ્ઞનો નાશ થયો. પરંતુ જ્યારે વિવેકપૂર્વક ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિનો આશ્રય લઈ યજ્ઞ પ્રારંભ્યો ત્યારે ધર્મ પુરુષાર્થની સિદ્ધિ થઈ છે. કોઈવાર આપણે ભ્રાંતિથી એવું માની બેસીએ છીએ કે ચતુર્થ સ્કંધમાં સ્ત્રીચરિત્ર એટલે સતીચરિત્ર, બાલકચરિત્ર એટલે ધ્રુવચરિત્ર અને યુવાચરિત્ર એટલે પૃથુચરિત્ર અને વૃદ્ધચરિત્ર એટલે પ્રાચીનબર્હિષ ચરિત્રઃ આ પ્રકારનાં ચાર ચરિત્રો વર્ણવ્યાં છે. પરંતુ આવું સમજવું પ્રસંગ સંગત નથી. આ ચાર ચરિત્રો પ્રસંગોપાત્ત વર્ણવ્યાં છે. મુખ્ય તો પુરુષાર્થ ચરિત્રો છે.

અધ્યાય ૧લો

[આ અધ્યાયમાં ૬૬ શ્લોકો છે. શ્રી આકૂતિ, દેવહૂતિ અને પ્રસૂતિજીની દિવ્ય સંતતિની કથાસુધાનાં પાન આ અધ્યાયમાં કરવાનાં મળશે. મનુઓ ધર્મનું સ્થાપન, પાલન અને સંચાલન કરવા માટે હોય છે. બ્રહ્માજીના એક દિવસમાં ૧૪ મનુઓ થાય છે. પ્રત્યેક મનુનો મન્વંતરકાલ ૭૧ ચતુર્યુગનો હોય છે. મનુરાજા-મનુપુત્રો-ઋષિઓ-દેવો-ઈન્દ્ર અને ભગવાન આ છ મળીને મન્વન્તરમાં ધર્મનું સંચાલન કરે છે. પ્રત્યેક મન્વંતરમાં આ છએ છ અંગોનાં વર્ણન આવશે. વિશેષ કરીને ૧૪ મનુઓનો ઉલ્લેખ અષ્ટમ સ્કંધમાં આવશે. ચૌદ મનુઓમાંના પ્રથમ શ્રીસ્વાયંભુવ મનુની કથાનો પ્રારંભ તૃતીય સ્કંધમાં ૨૧'મા અધ્યાયથી શરૂ થયો છે. શ્રીદેવહૂતિ દેવીની કથાનો પ્રસંગ વિસ્તારપૂર્વક વર્ણવાયા પછી આ ચતુર્થ સ્કંધમાં આકૂતિજી, દેવહૂતિજી અને પ્રસૂતિજીની તેજસ્વિની સંતતિની કથાનો પ્રારંભ કરતા શ્રીમૈત્રેય મહર્ષિ વચનસુધા વર્ષાવી રહ્યા છે; તેથી હવે આપણે એકાગ્ર ચિત્તે હરિચરિતામૃતનાં પાન કરીએ.]

મનુરાજાની ત્રણ પુત્રીઓ

मैत्रेय उवाच : मनोस्तु शतरुपायां तिस्त्रः कन्याश्च जज्ञिरे । आकूतिर्देवहूतिश्च प्रसूतिरिति विश्रुताः ।।१।।

મૈત્રેય મહર્ષિજી બોલ્યા કે હે ભક્તવર શ્રીવિદુરજી ! શ્રીસ્વાયંભુવ નામના મનુરાજાને ત્યાં તો, ખ્યાત નામ પાંચ સંતાનોની ઉત્પત્તિ થઈ. તેમાં શ્રીપ્રિયવ્રત અને ઉત્તાનપાદ નામના બે દિવ્યપુત્રો થયા અનેઉજ્જ્વલ તેજસ્વિની પ્રજા આપનારી આકૂતિ, દેવહૂતિ અને પ્રસૂતિ નામની વિશ્વવિખ્યાત ત્રણ કન્યાઓ થઈ. (૧) આકૂતિ નામનાં જે પ્રથમ જ્યેષ્ઠ કન્યા હતાં તેમને "પુત્રિકાધર્મ"ના નિયમ પ્રમાણે શ્રીરુચિ નામના મુનિવરને પરણાવ્યાં. શ્રીઆકૂતિજીને પ્રિયવ્રત અને ઉત્તાનપાદ નામના બે ભાઈઓ હોવા છતાં શ્રીશતરૂપા મહારાણીની અનુમતિ મેળવીને 'પુત્રિકા' ધર્મથી આકૂતિજીને

પરણાવ્યાં હતાં. શાસ્ત્ર એવી આજ્ઞા કરે છે કે अभ्रातृकां प्रदास्यामि तुभ्यं कन्यामलङ्कृताम् । अस्यां यो जायते पुत्रः स मे पुत्रो भविष्यति । હે સત્પુરુષ મારી આ કન્યાને ભાઈ નથી, આપને આ કન્યા પરણાવું છું. ધર્મશાસ્ત્રે "પુત્રિકા" ધર્મનું વિધાન કર્યું છે કે જો લગ્નઅવસરે કન્યા, કન્યાનાં માતાપિતા અને કન્યાના વર પણ સંમત થાય તો કન્યાનો પુત્ર કન્યાનાપિતાને પુત્રિકા ધર્મથી આપવામાં આવે અને એનાથી વંશ અને ધર્મની રક્ષા થાય માટે હે મુનિવર રુચિજી ! આપ અનુમોદન આપો એવી મારી, મારી કન્યાની અને રાણીની વિજ્ઞપ્તિ છે. આ પ્રસંગે શંકા થશે કે મનુ રાજાને પ્રિયવ્રત ઉત્તાનપાદ નામના બે પુત્રો હતા છતાં ધર્મજ્ઞ મનુરાજાએ પુત્રિકા ધર્મથી પુત્ર પ્રાપ્ત કરવાની આ પ્રમાણે ઈચ્છા કેમ કરી અને ધર્મજ્ઞ રુચિ ઋષિએ અનુમતિ કેમ આપી ? તો તેનું સમાધાન છે કે મનુરાજા અને રુચિ મહારાજ બન્ને ત્રિકાલજ્ઞ છે. તેઓ જાણે છે કે આકૂતિદેવીની કૂખે જે પુત્ર થવાના છે તે સ્વયં યજ્ઞાવતાર ભગવાન પ્રકટ થવાના છે. મનુરાજાજીને મન્વંતર સંચાલનમાં છ અંગો જોઈએ તેમાં ભગવાન શ્રીયજ્ઞ મુખ્ય મનાયા છે. તેઓ રુચિ ઋષિના પુત્ર છે તેથી જ રાજા યાચના કરે છે અને ધર્મની નિષ્ઠાના અનુરાગી મુનિવર શ્રીરુચિજી પણ સંમત થયા છે. (૨) શ્રીરુચિ મહર્ષિ પ્રજાપતિ હતા. સ્વયં ષડૈશ્વર્ય સમ્પન્ન હતા, વળી ભગવાનના અનન્ય ચિંતનથી સ્વયં બ્રહ્મવર્ચસ, દિવ્ય બ્રહ્મતેજ ધરાવતા હતા. આવા સમર્થ મુનિવરે સમાધિમાં ભગવાનનું ધ્યાન કર્યું અને તેજસ્વિની આકૂતિદેવીમાં પોતાની દિવ્ય સમાધિના સામર્થ્યથી એક કન્યા અને અક કુમાર એવા બન્નેના યુગ્મને જન્મ આપ્યો. (૩) આ પુત્ર અને પુત્રીના યુગ્મમાં જે પુત્ર હતા, તે તો સાક્ષાત્ યજ્ઞ-અવતાર ભગવાન વિષ્ણુ હતા. અને જે સ્ત્રી આકૂતિ હતાં એમની શ્રી "દક્ષિણા" એવી સંજ્ઞા હતી. તેઓ તો નિરંતર ભગવાન વિષ્ણુની સેવામાં તત્પર રહેતાં, શ્રીલક્ષ્મીજીના સ્વરૂપમાંથી પ્રકટ થયાં હતાં. (૪) મહારાજ સ્વાયંભુવ મનુ અત્યંત આનંદ પૂર્વક અને રુચિઋષિ અને આકૂતિ પુત્રીના મનની પ્રસન્નતા સાથે તેજોમય કાન્તિથી પરિપૂર્ણ દૌહિત્ર શ્રીયજ્ઞ ભગવાનને પોતાના રાજભુવને પધરાવી લાવ્યા અને પુત્રી દક્ષિણાને રુચિમુનિ અને આકૂતિદેવીએપોતાની પાસે રાખીને સંભાળ લેવા માંડી (૫) આ શ્રીદક્ષિણા કુમારી અને શ્રીયજ્ઞજીનો જન્મ કોઈ ભાઈ બહેનના સંબંધથી થયો ન હતો પરંતુ આ તો સાક્ષાત્ શ્રીલક્ષ્મીજી અને લક્ષ્મીપતિ નારાયણ યજ્ઞવિધિને ચલાવવા માટે જ ભૂતલઉપર પ્રકટ થયા. તેઓ દમ્પતી જ હતાં. તેથી જ્યારે દક્ષિણાકુમારી વિવાહ યોગ્ય વયનાં થયાં ત્યારે શ્રીયજ્ઞ ભગવાન શ્રીદક્ષિણાજીને પરણ્યા. ત્યારબાદ અત્યંત પ્રસન્ન હૃદયવાળાં શ્રીદક્ષિણાજી દ્વારા બાર પુત્રોને જન્મ આપ્યો (૬)

દક્ષિણા વિના યજ્ઞ ના થાય

દક્ષિણાજી તો યજ્ઞનાં પત્ની છે. તેઓ યજ્ઞ સાથે જ રહે છે. જેમ યજમાન પુરુષ, પત્ની રહિત એકલા યજ્ઞ કરી ન શકે તેવી જ રીતે યજ્ઞક્રિયા, ધર્મક્રિયા, કર્મકાંડવિધિ કરાવ્યા પછી યજ્ઞની સિદ્ધિ-સફલતા માટે યજ્ઞક્રિયા કરાવનાર યાજક વિપ્રોને દક્ષિણા આપ્યા વગર યજ્ઞ થઈ ના શકે. દક્ષિણા આપવાથી જ યજ્ઞની પૂર્ણાહૂતિ થાય છે. દક્ષિણા દાનમાં ગણાતી નથી; પરંતુ યજ્ઞના અંગમાં ગણાય છે. દક્ષિણા પ્રતિગ્રહમાં ગણાતી નથી; પરંતુ કાર્યની કૃતજ્ઞતા ગણાય છે. દક્ષિણા લેવાથી કદી પણ બ્રાહ્મણનું ગૌરવ ઓછું થતું નથી અને ન લેવાથી કાંઈ ગૌરવ વધતું નથી. મહર્ષિ વસિષ્ઠજી પણ દશરથ રાજા પાસેથી દક્ષિણા લેતા હતા. બ્રાહ્મણ તો બ્રહ્મ તેજ અને બ્રહ્મવિદ્યાથી ઉત્તમ બને છે.

શ્રીયજ્ઞનારાયણના ૧૨ પુત્રો

શ્રીદક્ષિણાદેવીએ ભગવાન યજ્ઞ નારાયણ દ્વારા (૧) તોષ, (૨) પ્રતોષ, (૩) સંતોષ, (૪) ભદ્ર, (૫) શાંતિ, (૬) ઈડસ્પતિ, (૭) ઈધ્મ (૮) કવિ, (૯) વિભૂ, (૧૦) સ્વહ્ન, (૧૧) સુદેવ, (૧૨) રોચન નામના દ્વાદશ પુત્રોને જન્મ આપ્યો. (૭) આ બાર યજ્ઞપુત્રો, શ્રી સ્વાયંભુવ નામના પ્રથમ મન્વંતરમાં દેવો થયા. મરીચિ, અત્રિ, અંગિરા વગેરે સ્વાયંભુવ મન્વતંરના દશ ઋષિઓ હતા. આ મન્વતંરમાં ઈન્દ્ર ન હતા તેથી "યજ્ઞ" અવતાર ભગવાને ભગવાનનું અને ઈંદ્રનું એમ બન્ને સ્વરૂપે કાર્ય કર્યું હતું. (૮) શ્રીસ્વાયંભુવ મનુરાજાને શ્રી પ્રિયવ્રતજી અને શ્રીઉત્તાનપાદજી નામના બે

તેજસ્વી પુત્રો હતા. આ બન્ને મનુકુમારોના પુત્રો, પૌત્રો અને પ્રપૌત્રોના વંશોના રાજાઓના સંતાનોના વિસ્તારથી મન્વન્તર છવાઈ ગયો હતો (૯) હે તાત ! હે વિદુરજી ! મનુ મહારાજનાં દ્વિતીય કુમારી શ્રીદેવહૂતિજીની કથા તો આપે તૃતીય સ્કંધમાં ઘણીખરી સાંભળી છે કે જેમને કર્દમ મહર્ષિ સાથે પરણાવ્યાં હતાં. તેમની નવ કન્યાઓની કથા કહેવાની અવશિષ્ટ રહી છે. (૧૦) મનુરાજાનાં તૃતીય કુમારી શ્રી પ્રસૂતિજીને શ્રીબ્રહ્માજીના નવમા કુમાર દક્ષ પ્રજાપતિને પરણાવ્યાં હતાં. તેમની સોળ કન્યાઓની સૃષ્ટિ સૃષ્ટિમાં સંપૂર્ણ વિસ્તાર પામી હતી. (૧૧)

નવ ભક્તિનાં નવસ્વરૂપ શ્રીકર્દમઋષિની પુત્રીઓ

હે શ્રીવિદુરજી ! મહર્ષિ કર્દમજીની નવ કન્યાઓ તો પ્રત્યક્ષ ભક્તિનાં જ સ્વરૂપ હતી. આ નવ કન્યાઓ નવ બ્રહ્મર્ષિઓ સાથે પરણી હતી. આ નવ કન્યાઓના વંશના વિસ્તારનું શ્રવણ કરતાં પાપો ટળે છે અને ભક્તિ જાગ્રત થાય છે. વિદુરજી, આપને ધ્યાનપૂર્વક તેઓની કન્યાઓના વંશવેલાની ગાથાનાં શ્રવણ કરતાં હૃદયમાં ભક્તિ જાગશે. (૧૨)

પ્રથમ કુમારી શ્રીકલાદેવી

કર્દમઋષિકુમારી 'કલા'કુમારી શ્રીમરીચિ મુનિને પરણાવ્યાં હતાં કલાદેવીને આંગણે શ્રીકશ્યપમુનિ અને પૂર્ણિમાઋષિ નામના બે પુત્રો થયા. આ બન્ને તેજસ્વી પુત્રોના વંશથી બ્રહ્માંડ છલોછલ ભરાઈ ગયું. (૧૩) હે પરમ તપસ્વી વિદુરજી ! શ્રીપૂર્ણિમા મુનિને ત્યાં વિરજ અને વિશ્વગ્ નામના બે પુત્રો થયા. તેમજ દેવકુલ્યા નામની પુત્રી થઈ. શ્રીકલાદેવીનાં આ દેવકુલ્યા નામનાં કુમારી બીજા જન્મમાં ભગવાન શ્રીહરિના ચરણકમલનાં પ્રક્ષાલનથી જે દેવસરિતા પ્રકટ થયાં તે ગંગાજીના નામથી પ્રખ્યાત થયાં. (૧૪)

દ્વિતીય કુમારી શ્રીઅનસૂયાજી

શ્રીકર્દમ મુનિનાં દ્વિતીય પુત્રી જેઓ મહર્ષિ અત્રિજીનાં અર્ધાંગના હતાં, તેઓશ્રીએ શ્રીદત્ત. શ્રીદુર્વાસાજી અને શ્રીસોમ નામના પરમ તેજસ્વી અને યશસ્વી પુત્રોને જન્મ આપ્યો. આ ત્રણ પુત્રો અનુક્રમે શ્રીવિષ્ણુ, ભગવાનશ્રી શંકર અને શ્રીબ્રહ્માજીના અંશમાંથી ઉત્પન્ન થયા હતા.

શ્રીદત્ત ચરિતામૃત અને અત્રિ મુનિવરનું મહત્ત્વ

મહર્ષિ મૈત્રેયજીના મુખકમલમાંથી શ્રી અનસૂયા માતાજીની કથા સાંભળતાં સત્ત્વર વિદુરજી પૂછી રહ્યા છે કે ભગવન્ મૈત્રેય ! હે ગુરુવર્ય ! ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરનારા ત્રણ દેવોને એવું તો શું કારણ થયું કે તેઓ અત્રિમુનિને આંગણે પુત્ર તરીકે અવતર્યા ? (૧૬) મુનિવર મૈત્રેયજી વદ્યા કે હે વિદુરજી ! શ્રીબ્રહ્માજીએ સૃષ્ટિનિર્માણ કરવાની આજ્ઞા કરી ત્યારે બ્રહ્મવેત્તાઓમાં અગ્રસર મુનિવર શ્રીઅત્રિજી તપ કરવાનો નિશ્ચય કરી પોતાનાં અર્ધાંગના શ્રીઅનસૂયાદેવી સાથે ઋક્ષ નામના કુલાચલ પર્વત ઉપર પધાર્યા. (૧૭) કુલાચલ પર્વતમાં પલાશ-ખાખરવૃક્ષ અને અશોક વૃક્ષોનું એક વિશાલ રમણીય વન હતું. વનમાં સર્વ વૃક્ષો કોમલ પાન અને ગુચ્છોથી લચી રહ્યાં હતાં. તેમાં વળી વણથંભી વિપુલ જલ ભરેલી ખળખળ વહેતી નિર્વિન્ધ્યા સરિતાનો મધુર કર્ણપ્રિય કલરવ સર્વનાં મનને મોદ આપી રહ્યો હતો. (૧૮) કુલાદ્રિપર્વતના શિખર ઉપર મુનિ અત્રિજીએ પ્રાણાયામ કરી ચિત્તનો નિરોધ કર્યો, ક્ષુધા, તૃષાની ચિંતા વિનાના, સુખદુઃખની દરકાર વગરના કેવલ પવનનો જ આહાર કરી એક પગ ઉપર ઊભા રહી એક સો વર્ષ પર્યન્ત દૃઢતપશ્ચર્યા આદરી. (૧૯) તપશ્ચર્યા કરતા મુનિવર ગાવા લાગ્યા કે "शरणं तं प्रपद्येऽहं य एव जगदीश्वरः । प्रजामात्मसमां मह्यं प्रयच्छत्विति चिन्तयन्"॥ આ વિશ્વના જે કોઈ ઈશ્વર છે, સર્વેશ્વર છે તે ભગવાનને હું શરણે જાઉં છું અને વિનવું છું કે પોતાના સમાન દિવ્ય અને તેજસ્વી સંતાનનાં દાન કરો. (૨૦) આ પ્રમાણે ધ્યાન કરતા મુનિવરના મસ્તકમાંથી પ્રકટ થતાં તપશ્ચર્યાના તેજોમય અગ્નિથી ત્રણે લોકો તપવા લાગ્યા. (૨૧) આ અવસરે અપ્સરાઓ, મુનિવરો, ગંધર્વો, વિદ્યાધરો, સિદ્ધગણો અને નાગલોકો નિરંતર જેઓનાં યશોગાન કરી રહ્યા છે તે શ્રીવિષ્ણુ, શંકર અને બ્રહ્માજી નામના ત્રણે જગન્નાથો તત્ક્ષણ તે મુનિવરના આશ્રમમાં પધાર્યા. (૨૨) હે વિદુરજી !એકાએક ત્રણે દેવાધિદેવોની પધરામણીથી મુનિમહારાજ શ્રી

અત્રિજીનું અન્તઃકરણ પ્રકાશી ઊઠ્યું અને એક પગ ઉપર ઊભા રહેલા મુનિવર, એકીટસે દેવવરોનાં દર્શન કરવા લાગ્યા. (૨૩)

દંડવતપ્રણામ, દેવાર્ચન અને દેવસ્તવન

મુનિવરે પ્રેમાવેશમાં આવીને ત્રણે દેવવરોને દંડવતપ્રણામ કર્યા પ્રસન્ન મુખવાળા, વૃષભ ઉપર બિરાજેલા પોતાના ચિહ્નથી ઓળખાતા, ડમરુધારી શ્રીશિવજીને, કમંડલુધારી, હંસારૂઢ શ્રીબ્રહ્માજીને અને ચક્રધારી ગરુડ શોભી શ્રીવિષ્ણુને નિહાળીને ભાવવિભોર બની અર્ચનની સામગ્રી પોતાના કરસરોજમાં લઈ તે દેવાધિદેવોનાં અર્ચન કર્યાં. આ ત્રણે દેવો પોતાના નંદી, હંસ, ગરુડ ઉપર બિરાજ્યા હતા, તેમજ પોતાનાં ડમરુ ત્રિશૂલ, ચક્ર આદિ દિવ્ય ચિહ્નોથી દીપતા હતા. (૨૪) જ્યારે મુનિ મહારાજે અર્ચન અને દંડવતપ્રણામ કર્યા ત્યારે તે દેવો કૃપામય કટાક્ષોને વરસાવતા હસતા મુખારવિંદવાળા મુનિવર ઉપર સંપૂર્ણ પ્રસન્ન હોય એમ લાગતા હતા. ભગવાનના દિવ્ય તેજે અત્રિમુનિને આંજી દીધા અને મુનિનાથે ઉભય નયનો મીંચી દીધાં (૨૫) ત્યારબાદ મુનિવર પોતાના મનને આ ત્રણે દેવાધિદેવોમાં લગાવીને, ઉભય કરકમલની અંજલિ જોડીને, અતિમધુર અને અત્યંત ભાવપૂર્ણ હૃદયંગમ વચનોથી, સર્વલોકોમાં સર્વશ્રેષ્ઠ એવા બ્રહ્મા, વિષ્ણુ, મહેશ નામના દેવોની સ્તુતિ કરવા લાગ્યા. (૨૬)

अत्रिरुवाच : विश्वोद्भवस्थिति लयेषु विभज्यमानै – र्मायागुणैरनुयुगं विगृहीतदेहाः ।
ते ब्रह्मविष्णुगिरिशाः प्रणतोऽस्म्यहं व, स्तेभ्यः क एव भवतां म इहोपहूतः ॥ २७ ॥
एको मयेह भगवान् विबुधप्रधानै, श्चित्तीकृत; प्रजननाय कथं नु यूयम् ।
अत्रागतास्तनुभृतां मनसोऽपिदूरा । ब्रूत प्रसीदत महानिह विस्मयो मे ॥ २८ ॥

મહર્ષિ અત્રિજી સ્તુતિ કરી રહ્યા છે કે હે દેવવરો, પ્રત્યેક કલ્પના પ્રારંભમાં વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયકાર્ય માટે જે માયાના સત્ત્વ, રજસ, તમસ નામના ત્રણ ગુણોનો વિભાગ કરી ભિન્નભિન્ન શ્રીવિગ્રહોને ધારણ કરે છે તે બ્રહ્મા, વિષ્ણુ અને ગિરીશ નામના આપ જ ત્રણ દેવવરો છો. આપનાં શ્રીચરણોમાં મારા સાષ્ટાંગ પ્રણામ હો.

આપ મને કૃપા કરી કહેશો કે આપ દેવોમાંથી મેં જે દેવને નિમંત્રણ આપ્યું છે તે ત્રણમાંથી કોણ હશે. (૨૭) હે દર્શન દુર્લભ દેવાધિદેવો ! મેં તો પુત્રપ્રાપ્તિ માટે વિવિધ પ્રકારના અનેક ઉપચારોથી એક જ પરમેશ્વરને ચિત્તમાં વસાવ્યા છે. હે નાથ માનવોનાં મન પણ જેમનાં ધ્યાન કરવા પહોંચી ના શકે તેવા દુર્લભ દેવો સર્વ દેવરો અહીં પધારેલા છો. એટલા માટે મને અતિશય આશ્ચર્ય થઈ રહેલ છે તો આપ દેવવરો જ મને આ વિષયનું સ્પષ્ટીકરણ કરો એવી પ્રાર્થના છે. (૨૮)

વિશ્વોદ્ભવ સ્થિતિ-લયે, હરિ ભિન્નભિન્ન, માયાગુણે પ્રતિયુગે ધરતા શરીર
તે બ્રહ્મવિષ્ણુગિરિજાપતિને નમું મેં કોને નિમંત્રણ કર્યું ત્રણમાં હરીશ,
મેં માત્ર એક ભગવાન વિવિધ પ્રકારે ચિત્તે ધર્યા, પ્રજનહેતુ અનેક કેમ ?
આવ્યા ભલે, મનુજના મનથી અલભ્ય, બોલો, પ્રસન્ન થઈ વિસ્મય થાય આમ.

મૈત્રેય મુનિવર બોલ્યા કે હે સમર્થ વિદુરજી, શ્રી અત્રિ મહર્ષિનાં નિર્દોષ, કોમલ, મધુર વચનો સાંભળીને ત્રણે દેવવરો મન્દસ્મિતપૂર્વક મધુરવાણીથી ઋષિઅત્રિજીને કહેવા લાગ્યા. (૨૯) દેવાધિદેવો બોલ્યા કે હે બ્રહ્મન્ ! આપ જેવો મનોરથ કરો તેમજ આપને જેવો મનોરથ થાય તેમાં કોઈપણ અંતર-તફાવત થાય જ નહીં. આપનો સંકલ્પ સત્ય છે. આપે જે તત્ત્વનું ધ્યાન કર્યું હતું તે અમે છીએ. (૩૦) પ્રિય ઋષિવર અત્રિજી ! આપનું કલ્યાણ હો ! આપને આંગણે અમારા જ અંશતત્ત્વ વિશ્વવિખ્યાત એવા ત્રણ પુત્રો થશે. તે ત્રણ પુત્રો આપના ઉજ્જ્વલ યશને સમૃદ્ધ કરશે અને આપનું મંગલ થશે. (૩૧) મૈત્રેયમહર્ષિએ કહ્યું કે વિદુરજી ! આ પ્રસંગે પુણ્યશાળી દમ્પતી શ્રીઅત્રિમુનિજી અને અનસૂયાદેવીજીએ ત્રણે દેવાધિદેવોનાં અતિશય આદરભાવપૂર્વક અર્ચન કર્યાં, ત્યાર પછી તે દેવોએ દમ્પતીને વરદાન આપ્યાં અને સર્વ નિહાળી રહ્યા; એટલામાં તો તે દેવો નિજ નિજધામ પધાર્યા. (૩૨) દેવોની વિદાય થયા બાદ

અત્રિમુનિને આંગણે શ્રીબ્રહ્માજીના અંશમાંથી શ્રીસોમ, ભગવાન વિષ્ણુના અંશમાંથી યોગાવતાર શ્રીદત્ત ભગવાન અને શ્રીશિવજીના અંશમાંથી મુનિવર દુર્વાસાજી પુત્રરૂપે પ્રકટ થયા હે વિદુરજી, હવે આપ શ્રીઅંગિરા ઋષિના વંશનું શ્રવણ કરો. (૩૩)

અંગિરા ઋષિનો વંશ

શ્રીકર્દમ મહર્ષિજીનાં તૃતીય કુમારી શ્રી શ્રદ્ધાદેવી મહર્ષિ અંગિરાને વર્યાં. એમને ત્યાં સિનીવાલી, કુહૂ, રાકા, અનુમતિ નામની ચાર કન્યાઓ જન્મી. અમાવાસ્યાને દિવસે અલ્પચંદ્ર દેખાય તેને સિનીવાલી અમાવાસ્યા કહેવાય અને જ્યારે બિલકુલ ચંદ્ર ના દેખાય ત્યારે તેને કુહૂ અમાવાસ્યા કહેવાય. એવી જ રીતે જે પૂર્ણિમાની રાત્રીએ અલ્પાંશમાં ચંદ્ર ઓછો દેખાય તેને અનુમતિ પૂર્ણિમા કહી છે. અને પૂર્ણચન્દ્ર દેખાય તેને રાકાપૂર્ણિમા કહેવામાં આવી છે. (૩૪) શ્રી અંગિરામુનિને ત્યાં આ ચાર કન્યાઓ ઉપરાંત સાક્ષાત્ ભગવાન ઉતથ્ય નામના એક પુત્ર થયા અને બીજા બ્રહ્મનિષ્ઠ શ્રી બૃહસ્પતિજી થયા. આ બન્ને પુત્રો સ્વારોચિષ નામના બીજા મન્વંતરમાં વિખ્યાત થયા. (૩૫)

પુલસ્ત્ય મુનિનો વંશ

શ્રી કર્દમઋષિનાં ચતુર્થ કુમારી શ્રીહવિર્ભૂ બ્રહ્માજીના ચતુર્થ કુમાર શ્રીપુલસ્ત્ય મુનિને વર્યાં હતાં તેઓને આંગણે શ્રી અગસ્ત્યઋષિ અને મહાનતપસ્વી વિશ્રવામુનિ નામના બે પુત્રો થયા. આ અગસ્ત્યમુનિ અન્ય જન્મમાં દહાગ્નિ એટલે જલદ જઠરાગ્નિવાળા ઋષિ થયા કે જેમના ઉદરમાં આતાપિ અને વાતાપિ નામના દૈત્યો પચી ગયા હતા. ભોજન કર્યા પછી અન્નના પાચન માટે આજે પણ अगस्त्यं वैनतेयं च शनिं च वडवानलम् । अन्नस्य परिणामार्थं स्मरेद् भीमञ्च पञ्चमम् શ્રી અગસ્ત્ય, ગરુડજી, શનિશ્વરજી, વડવાગ્નિ અને ભીમસેનનાં નામ લઈ મંદાગ્નિનને દૂર કરવામાં આવે છે. (૩૬) શ્રી વિશ્રવા ઋષિને ત્યાં ઈડવિડા પત્નીમાં યક્ષરાજશ્રી કુબેરજીનો જન્મ થયો અને મુનિ વિશ્રવાને આંગણે બે અન્ય પત્ની કેશિનીથી રાવણ, કુંભકર્ણ અને વિભીષણ નામના ત્રણ પુત્રો થયા. (૩૭)

પુલહ મુનિનો વંશ

શ્રી બ્રહ્માજીના પંચમપુત્ર શ્રી પુલહ મુનિજીથી શ્રી કર્દમમુનિનાં પંચમ કુમારી પરમ સાધ્વી ગતિ દેવીજીને ત્યાં, કર્મશ્રેષ્ઠ, વરિયાન, સહિષ્ણુ નામના ત્રણ પુત્રો થયા. (૩૮)

ક્રતુ મુનિનો વંશ

શ્રી બ્રહ્માજીના છઠ્ઠા પુત્ર ક્રતુ નામના મુનિથી કર્દમમુનિનાં છઠ્ઠાં કુમારિકા શ્રીક્રિયાદેવીને આંગણે બ્રહ્મતેજથી ઝળહળતા વાલખિલ્ય નામના આઠ હજાર ઋષિઓ પુત્ર થઈ અવતર્યા. (૩૯)

વસિષ્ઠ મુનિનો વંશ

તૃતીય સ્કંધમાં દર્શાવેલા ઋષિઓના ક્રમ પ્રમાણે બ્રહ્માજીના અષ્ટમ પુત્ર વસિષ્ઠમુનિની સાથે કર્દમમુનિનાં નવમી કન્યા 'ઊર્જા' પરણ્યાં. આ ઊર્જાજીનું જ નામ અરુંધતીજી છે. શ્રી અરુંધતીજી દ્વારા ચિત્રકેતુ જેમાં પ્રથમ પુત્ર છે એવા સપ્તર્ષિ પુત્રો થયા. આ સાતે નિર્મળ ચરિત્રવાળા બ્રહ્મર્ષિઓ હતા. તેઓ ચિત્રકેતુ, સુરોચિ, વિરજા, મિત્ર, ઉલ્બણ, વસુભૃઘાન, ઘુમાનના નામથી ખ્યાતનામ હતા. આ સિવાય અન્ય પત્નીમાંથી શક્તિ વગેરે અનેક પુત્રો પણ થયા. (૪૦-૪૧)

અથર્વા મુનિનો વંશ

બ્રહ્માજીના દશ પુત્રો સિવાય 'અથર્વા' નામના અન્ય પુત્ર હતા. આ અથર્વાઋષિની સાથે કર્દમમુનિનાં ચિત્તિ નામની કન્યાનાં લગ્ન થયાં. એમનું બીજું નામ શાન્તા હતું આ ચિત્તિને આંગણે દધ્યંચ નામના તપસ્વી પુત્ર થયા. આ દધ્યંચ એટલે દધીચિ મુનિનું બીજું નામ અશ્વશિરા પણ છે, દધીચિ મુનિને એકવાર અશ્વનું મસ્તક ચોંટાડવામાં આવેલું એટલે જ એમનું અશ્વશિરા પણ નામ છે.

ભૃગુમુનિનો વંશ

તૃતીય સ્કંધમાં કરેલા मरीचिरत्रिरङ्गिराः पुलस्त्यः पुलहः क्रतुः । भृगुर्वसिष्ठो दक्षश्च दशमस्त्वथ नारदः ॥ આ નવ નામોના ઉલ્લેખ પ્રમાણે સાતમા પુત્ર ભૃગુઋષિની સાથે ખ્યાતિ નામનાં કર્દમઋષિનાં સાતમી પુત્રીને પરણાવ્યાં. એમનો વંશ સાંભળો. શ્રી ખ્યાતિદેવીની કૂખે કુલ ત્રણ સંતાનો થયાં. તેમાં ધાતા અને વિધાતા નામના બે પુત્રો હતા અને શ્રી એટલે લક્ષ્મી નામનાં કન્યા હતાં. આ શ્રીદેવી ભગવત્પરાયણા હતાં. શ્રીદેવીને પુત્ર તુલ્ય માન્યાં છે કારણ કે પુત્રીને શાસ્ત્રકારે પુત્ર સમાન માની છે એથી મૈત્રેય મુનિ અથવા વ્યાસમુનિ આ શ્લોકમાં पुत्रानजीजनत् ત્રણ પુત્રોને જન્મ આપ્યો એવું કહી રહ્યા છે. ભૃગુમુનિના ધાતા અને વિધાતા નામના બે પુત્રોને પર્વતરાજ મેરુએ ક્રમે કરીને પોતાની આયતિ અને નિયતિ નામની કન્યાઓ પરણાવી. તેમાં આયતિ પત્નીમાં ધાતાએ મૃકંડમુનિને જન્મ આપ્યો અને નિયતિ પત્નીમાં વિધાતાએ પ્રાણમુનિને જન્મ આપ્યો. શ્રીમૃકંડમુનિને ત્યાં માર્કણ્ડેય નામના પુત્ર થયા અને પ્રાણ મુનિએ વેદશિરાઋષિને જન્મ આપ્યો. (૪૩-૪૪) ભૃગુઋષિના કવિ નામના પણ એક પુત્ર હતા તેથી પણ વ્યાસજીએ ત્રણ પુત્રોને જન્મ આપ્યો એવું કહ્યું હોય. કવિમુનિને ત્યાં શુક્રાચાર્ય નામના પુત્ર થયા. કવિના પુત્ર શુક્રાચાર્યનાં ઉશના અને ભાર્ગવ એવાં બે નામ હતાં. (૪૫) હે ભક્તવર વિદુરજી ! બ્રહ્માજીના પુત્રોએ આ પ્રકારે સૃષ્ટિની રચના કરીને લોકોનું કલ્યાણ કર્યું. મેં આપની સમક્ષ મુનિવર કર્દમજીની પુત્રીઓની કથા કહી છે. આ કન્યાઓની કથાઓનું શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરે તેનાં સર્વ પાપો શીઘ્ર નાશ પામે છે. (૪૬)

સ્વાયંભુવમનુનાં તૃતીય પુત્રી પ્રસૂતિની પ્રસૂતિની કથા

હે વિદુરજી ! સ્વાયંભુવમનુનાં તૃતીય કુમારી શ્રી પ્રસૂતિદેવીને બ્રહ્માજીના નવમ કુમાર દક્ષ પ્રજાપતિ પરણ્યા હતા. પ્રસૂતિને આંગણે નિર્મલ નેત્રવાળી સોળ કન્યાઓનો જન્મ થયો. (૪૭) આ સોળ કન્યાઓમાંથી તેર કન્યાઓ ધર્મને આપી. એક કન્યા અગ્નિને આપ્યાં અને એક કન્યા પિતૃઓના ગણને પરણાવ્યાં. જ્યારે સોળમા સુપુત્રી શ્રી સતીજીને સંસારનાં સમગ્ર બંધનોનો છેદ કરનાર ભગવાન શ્રી સદાશિવને પરણાવ્યાં. (૪૮)

ધર્મનો વંશ

શ્રી ધર્મનાં શ્રદ્ધા, મૈત્રી, દયા, શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ, ક્રિયા, ઉન્નતિ, બુદ્ધિ, મેઘા, તિતિક્ષા, હ્રી અને મૂર્તિ નામની દક્ષની તેર કુમારીઓ, તેર પત્નીઓ હતાં. (૪૯) આ તેર કન્યાઓમાંથી શ્રદ્ધાદેવીએ શુભને જન્મ આપ્યો. (૧) મૈત્રીએ પ્રસાદને આપ્યા. (૨) દયાદેવીના અભય નામના કુમાર થયા. (૩) શાંતિકુમારીને સુખ નામના પુત્ર થયા. (૪) તૃષ્ટિદેવીને ત્યાં મુદકુમાર જન્મ્યા. (૫) પુષ્ટિનો સ્મય નામના પુત્ર થયા. (૬) ક્રિયાને આંગણે યોગનો જન્મ થયો. (૭) ઉન્નતિને દર્પ નામના પુત્ર થયા. (૮) બુદ્ધિને અર્થ નામના પુત્ર થયા. (૯) મેઘાને સ્મૃતિકુમાર થયા. (૧૦) તિતિક્ષાને ત્યાં ક્ષેમ જન્મ્યા. (૧૧) હ્રીને ત્યાં વિનય નામના પુત્ર થયા. (૧૨) જ્યારે સર્વ ગુણ સમ્પન્ન શ્રી મૂર્તિકુમારીની કૂખે નારાયણ ભગવાનનો અવતાર થયો અને ભગવાનના આવેશાવતાર નરનો જન્મ થયો. શ્રી નર અને નારાયણ ભગવાનના પ્રાકટ્ય સમયે વિશ્વમાં સર્વત્ર આનંદ પ્રસર્યો તેમજ તેમના પ્રાકટ્યથી સર્વત્ર સુખની સમૃદ્ધિ થઈ. (૫૦ થી ૫૨) સર્વ મનુષ્યોનાં મન, સરિતા, સાગરો અને સર્વ દિશાઓ, પૃથ્વી અને પર્વતોમાં સર્વત્ર આનંદ ઉભરાયો. આકાશમાં દુંદુભિના નાદ થયા. આકાશમાંથી પુષ્પોની વૃષ્ટિ થવા લાગી. નભોમંડલમાં વિવિધ વાજીંત્રના નાદ થવા લાગ્યા, સંતુષ્ટ થયેલા મુનિવરો સ્તુતિપાઠ કરવા લાગ્યા, ગંધર્વો અને કિન્નરો ગાંધર્વ ગાન કરવા લાગ્યા. (૫૩-૫૪) દેવાંગનાઓ અને અપ્સરાઓ નૃત્ય કરવા લાગ્યાં. સર્વત્ર પરમમંગલ વાતાવરણ છવાયું. બ્રહ્માદિ દેવો પણ શ્રી નરનારાયણ ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. (૫૫)

देवा ऊचुः यो मायया विरचितं निजयाऽऽत्मनीदंन्, खे रूपभेदमिव तत्प्रतिचक्षणाय ।
एतेन धर्मसदने ऋषिमूर्तिनाद्य - प्रादुश्चकार पुरुषाय नमः परस्मै ॥ ५६ ॥

सोऽयं स्थितिव्यतिकरोपशमायसृष्टान् – सत्त्वेन नः सुरगणाननुमेयतत्त्वः ।
दृश्याददभ्रकुरुणेन विलोकनेन, यच्छ्रीनिकेतममलं क्षिपतारविन्दम् ॥ ५७ ॥

દેવો શ્રી નર અને નારાયણ ભગવાનનાં યશોગાન ગાવા લાગ્યા કે હે નાથ ! જેમ આકાશમાં ભિન્ન ભિન્ન પ્રકારનાં સ્વરૂપોની કલ્પના કરી શકાય છે એવી જ રીતે આપે આપની માયા દ્વારા માયા નામની શક્તિ દ્વારા, પોતાના જ સ્વરૂપમાં આ અખિલ વિશ્વની રચના કરી છે.તેમ જ આપના એ દિવ્ય સ્વરૂપનો પ્રકાશ પ્રક્ટ કરવા આપના આંગણે આપે નરનારાયણ ઋષિવિગ્રહ સ્વરૂપે આપે જ આપને ધર્મ મહારાજ અને મૂર્તિ માતાને આંગણે પ્રકટ કર્યાં છે તે આપ પરમ પુરુષને અમારા દંડવત પ્રણામ હો. (૫૬) હે ભગવન્ આપના સ્વરૂપનો વિચાર ઉપરથી શાસ્ત્રોના આધારે અનુમાન માત્રથી, જ થઈ શકે છે. તે આપ ભગવાન જગતની વ્યવસ્થા સંભાળવા માટે ઉત્પન્ન કરેલા પુત્રો પ્રત્યે દેવો અપાર કરુણામય નજરે નિહાળજો, વળી લક્ષ્મીજીના નિવાસ સ્વરૂપ ગણાતા કમલ કરતાં પણ અધિક કોમલ અને સરસ દૃષ્ટિએ જોજો એવી વિજ્ઞપ્તિ છે. (૫૭)

તપશ્ચર્યા માટે નરનારાયણ ભગવાનનું પ્રસ્થાન

પુનઃ પ્રકટ થયેલા શ્રી નરનારાયણ ભગવાનનાં દેવોએ દર્શન કર્યાં અને અત્યંત આદરપૂર્વક અર્ચન કર્યાં. ત્યાર પછી બન્ને ભાઈઓ નરનારાયણ ભગવાન શ્રી ગંધમાદન પર્વત તરફ તપશ્ચર્યા માટે પ્રસ્થાન કરી ગયા. (૫૮) હે વિદુરજી ! ભગવાન શ્રીહરિના અંશ સ્વરૂપ એ જ સાક્ષાત્ નર અને નારાયણ આ પૃથ્વીનો ભાર ઉતારવા માટે યદુકુલવિભૂષણ શ્રીકૃષ્ણ અને કુરુકુલ તિલક શ્રી અર્જુનજી આ ભૂતલ ઉપર પધાર્યા હતા. (૫૯)

સ્વાહાદેવીની સંતતિ

શ્રી દક્ષ પ્રજાપતિનાં પુત્રી શ્રી સ્વાહાદેવી અગ્નિદેવને પરણ્યાં હતાં. એમને આંગણે અગ્નિના અભિમાની ત્રણ દેવ સ્વરૂપ પાવક, પવમાન, શુચિ નામના યજ્ઞના હવિષ્યનું ભક્ષણ કરનારા ત્રણ પુત્રોનું અવતરણ થયું હતું. (૬૦) આ ત્રણે દેવોને ત્યાં તેમના જેવા તેજસ્વી પિસ્તાલીસ અગ્નિઓ ઉત્પન્ન થયા. આ પિસ્તાલીસ, ત્રણ પિતાઓ અને એક પિતામહ મળીને કુલ ઓગણપચાસ અગ્નિ કહેવાયા. (૬૧) વેદવિદ્વાન વિપ્રવર્યો વૈદિક પદ્ધતિથી યજ્ઞ કાર્યોમાં ઓગણપચાસ અગ્નિઓના નામથી આગ્નેયી નામની જે ઇષ્ટિઓ કરે છે તે આ ગણાવેલા અગ્નિઓ આ જ છે. (૬૨)

પિતૃઓની કથા

ભાઈ વિદુર ! અગ્નિષ્વાત્ત, બર્હિષદ, સોમપ, આજ્યપ નામના ચાર પિતૃઓ છે. આ ચાર પિતૃઓ પૈકી જેમને અંગે શ્રાદ્ધમાં અગ્નૌકરણ કરવામાં આવે છે તેઓને "સાગ્નિ"-અગ્નિવાળા પિતૃઓ કહેવામાં આવે છે અને અનગ્નિ એટલે અગ્નૌકરણ કરવામાં નથી આવતું તેમને નિરગ્નિક કહેવામાં આવે છે. આ સર્વ પિતૃઓની વચ્ચે દક્ષકુમારી "સ્વધા દેવી" નામનાં એક જ પત્ની છે. (૬૩) આ પિતૃઓથી સ્વધાને વયુના અને ધારિણીની નામની બે પુત્રીઓ થઈ, તે બન્ને પુત્રીઓ જ્ઞાનવિજ્ઞાનમાં પારંગત બ્રહ્મોપદેશ કરનારી બની. (૬૪)

સતીદેવી

દક્ષ પ્રજાપતિનાં કુમારી શ્રી સતી ગુણ અને શીલથી પિતાજી દક્ષના જેટલાં જ તેજસ્વી હતાં, તેમજ શ્રી સતીજી ભગવાન શંકરની શુશ્રૂષાપરાયણ હતાં,તેમને આંગણે પુત્ર ન હતા. (૬૫) ભગવાન શંકર નિરપરાધી હોવા છતાં પણ સતીકુમારીના પિતા દક્ષ પ્રજાપતિ ભગવાન શંકરના વિરોધી થયા; તેથી દુઃખી થઈને શ્રી સતીમાતાએ આવેશમાં આવી પોતાની યુવાવસ્થામાં જ યોગનો આશ્રય કરી પોતાના દેહનો ત્યાગ કર્યો હતો. (૬૬)

पितर्यप्रतिरूपे स्वे भवायानागसे रुषा । अप्रौढैवात्मनाऽऽत्मानमजहाद्योगसंयुता ॥ ६६ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના ચતુર્થસ્કંધના ધર્મપ્રકરણમાંનો શ્રી સ્વાયંભુવ મનુની કન્યાઓનાં વંશ તથા તેમના વંશમાં થયેલા "યજ્ઞ" આદિ ભગવાનના અવતારોનું વર્ણન કરતો પહેલો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૨ જો

[સાત અધ્યાયના ધર્મપ્રકરણના આ અધ્યાયમાં ૩૫શ્લોકો છે. આ અધ્યાયમાં દક્ષપ્રજાપતિના અવિવેકનું વર્ણન આવશે. વાણીનો વિવેક ગુમાવતાં સર્વ મંગલ શિવજીને અમંગલ શબ્દો સંભળાવશે; તો પણ મંગલનિધાન શિવજી શબ્દોને મંગલ ભાવથી સમજશે કારણ કે સમગ્ર વિદ્યાઓના પતિ ભગવાન શિવજી વ્યાકરણશાસ્ત્રના પણ રચયિતા હોવાથી વાણીના મૂળભૂત અર્થનું જ અનુસંધાન કરી વિવેકનિધિ શિવજી મનથી પ્રસન્ન જ રહેશે, તેમજ વગર કારણે વેર ના વધે તે સમજી સભાસ્થાન ત્યજી પ્રસ્થાન કરી જશે. આ કથાનું પાન આપણે બીજા અધ્યાયમાં કરીએ.]

श्रीविदुर उवाच – भवे शीलवतां श्रेष्ठे दक्षो दुहितृवत्सलः । विद्वेषमकरोत्कस्मादनादृत्यात्मजां सतीम् ॥ १ ॥

સંતવર શ્રી વિદુરજી પૂછી રહેલ છે કે મુનિવર મૈત્રેયજી ! આપ હવે અમારું એ વિષયમાં સમાધાન કરો કે વિશ્વમાં ઉત્તમ શીલવાળા ગણાતા દેવોમાં ભગવાન ભવ-શંકરભગવાન સર્વશ્રેષ્ઠ તરીકે પ્રસિદ્ધ છે. વળી દક્ષપ્રજાપતિ પણ પોતાની પ્રત્યેક દુહિતા પર અપાર વાત્સલ્ય ધરાવતા હતા. આવી ઉભયની ઉત્તમ ભૂમિકા હોવા છતાં પોતાનાં અતિશય વહાલાં તેમજ સર્વથી વયમાં નાનાં પોતાની પુત્રી સતીદેવીનો અનાદર કરી શિવજી સાથે શા માટે દ્વેષભાવ આચર્યો ? (૧) મહારાજ ! મહદાશ્ચર્યની ગાથા ગણાય કે ભગવાન શંકર તો, ચરઅચર એટલે સચરાચર વિશ્વના પૂજ્ય ગુરુવર્ય છે, નિર્વૈર છે, સદા શાન્તસ્વરૂપ છે, આત્મારામ છે, મહાન છે અને અખિલ વિશ્વના દેવ છે એવા ષડૈશ્વર્યસમ્પન્ન છે. તેઓની સાથે દક્ષપ્રજાપતિ વૈર કરે ! (૨) હે મહાનુભાવ મૈત્રેયજી ! શ્વશુર દક્ષપ્રજાપતિ અને જામાતા ભગવાન શંકરના પરસ્પરના વૈર વિધ્વેષને નિમિત્તે સતીદેવીએ પોતાના પ્રિય અને તેથી જ ન ત્યજી શકાય એવા દેહનો-પ્રાણોનો ત્યાગ કર્યો ! નાથ એ કથાપ્રસંગ મને વર્ણવી સંભળાવો ! (૩)

અવિવેકથી વૈરનો પ્રાદુર્ભાવ

શ્રી મૈત્રેય મહર્ષિએ કહ્યું કે વિદુરજી ! એકવાર પ્રથમ કલ્પમાં સ્વાયંભુવ નામના મન્વન્તરમાં મરીચિ વગેરે પ્રજાપતિઓએ એક સત્ર યોજ્યું હતું. આ સર્વ ઋત્વિજો સમાન કક્ષાથી કર્મ કરી રહ્યા હતા. પ્રસ્તુત સત્રમાં ઈન્દ્રાદિ દેવો, સમર્થ ઋષિઓ, મુનિવરો, અગ્નિ આદિ દેવો પણ પોતપોતાના અનુયાયીઓ સાથે એકત્રિત થયા હતા. (૪) સત્ર ચાલતું હતું ત્યારે તે મોટી ગૌરવશાલિની પરિષદમાં દિવ્ય કાંતિથી દેદીપ્યમાન અને પોતાના પ્રકાશથી જાણે, સભાભવનના ચારે તરફના અંધકારને ઉલેચી નાખતા હોય એવા લાગતા દક્ષપ્રજાપતિએ પ્રવેશ કર્યો. (૫) પ્રજાપતિ દક્ષ દૃષ્ટિગોચર થતાં તેઓશ્રીના તેજથી પ્રભાવિત થયેલા સર્વ સભાસદો, ઈંદ્ર અગ્નિ આદિ દેવો વગેરેએ પણ પોતાના આસનોથી અભ્યુત્થાન આપી આદર કર્યો. આ અવસરે બ્રહ્માજી અને શિવજી કેવલ પોતાના આસન ઉપર જ બિરાજી રહ્યા હતા. (૬) પરિષદમાં પ્રવેશેલા પ્રજાપતિ દક્ષનો સર્વ સભાસદોએ ઉત્તમ પ્રકારે આદર કર્યો, ત્યારબાદ દક્ષપ્રજાપતિએ જગતપિતા શ્રી બ્રહ્માજીને પ્રણામ કર્યા અને બ્રહ્માજીની આજ્ઞાથી દક્ષ પોતાના આસને બિરાજ્યા. (૭) આ અવસરે ભગવાન શંકરને તો સભામાં પ્રથમથી જ બિરાજેલા નિહાળ્યા, વળી શિવજી તરફથી સભામાં અભ્યુત્થાન, પ્રણામ આદિ કોઈપણ પ્રકારનો પોતાનો આદર થયો ન જોતાં શિવજી પોતાનો અનાદર કરતા હતા એવું સમજીને શિવજી તરફ દક્ષપ્રજાપતિએ વક્ર નજરે એવી રીતે જોયું કે જાણે ક્રોધાગ્નિથી શિવજીને સળગાવી દેશે, પુનઃ વિવેકને નેવે મૂકી દક્ષપ્રજાપતિએ આવેશમાં બોલવું આરંભ્યું (૮)

દક્ષપ્રજાપતિના અવિવેકની પરાકાષ્ઠા

[ઉદ્દંડ દક્ષ પ્રજાપતિએ અભિમાનના અતિરેકમાં, વિવેકને વિસરીને વિવેકનિધિ ભગવાન શંકર માટે વાપરેલી અમંગલ વાણીમાં પણ શિવજીએ મંગલભાવો નિહાળ્યા અને વિશ્વંભરે વિશ્વને વિવેક બુદ્ધિનાં દાન કર્યાં કે ગાલીપ્રદાન માટે પણ કલ્યાણ ભાવના કેળવવી કારણ કે ગાલીપ્રદાન પણ ગુણગાન છે.]

દક્ષપ્રજાપતિ કહી રહેલ છે કે હે દેવવરો ! હે અગ્નિ દેવતાઓ અને બ્રહ્મર્ષિઓ, આપ સર્વ મારી વાત સાંભળો ! હું શિષ્ટજનોના શિષ્ટાચારને લક્ષ્યમાં લઈને કહી રહેલ છું. ભ્રમથી, અજ્ઞાનથી કે મત્સર ભાવ કે દ્વેષ ભાવથી કંઈપણ કહેતો

નથી. (૯) (૧) આ રુદ્ર નામના લોકપાલે તો ઈંદ્ર, યમ, વરુણ, કુબેર, અગ્નિ, નિર્ઋતિ, વાયુ, બ્રહ્મા, શેષ નામના પોતાના સજાતીય લોકપાલોની પોતાના વર્તનથી કીર્તિને કલંકિત કરી છે. તેઓના ઉજ્જ્વલ યશનો નાશ કર્યો છે. સ્તુતિનો અર્થ તો એવો થાય છે કે દસેદશ દિકપાલોના પણ શિવજી સ્વામી છે અને તે તે દિક્પાલોના પરાક્રમોને પણ ટપી જાય તેવાં પરાક્રમો કરીને દિક્પાલોના યશને ઓળંગી ગયા છે. (૨) વસ્ત્રો ધારણ ન કરવાથી નિર્લજ્જ છે પરંતુ ખરો અર્થ તો એવો છે કે સ્વયં બ્રહ્મ સ્વરૂપ હોવાથી માયાના આવરણથી પર છે (૩) અભિમાની અને ઘમંડી આ શિવજીએ ઊભા થવાના સદાચારનું ઉલ્લંઘન કરીને શિષ્ટજનોના માર્ગનું ઉલ્લંઘન કર્યું છે. (૧૦) (૪) મારી કમલનયના સાવિત્રી જેવી પવિત્ર પુત્રી સતીનો મંગલ કરકમલ, સાધુજન જેવો, સરલજન જેવો દેખાવ કરીને શ્રી અગ્નિનારાયણ અને વિપ્રર્ષિઓની સન્મુખ સ્વીકારેલ હોઈને મારા શિષ્ય એટલે આજ્ઞાંકિત પુત્ર સમાન મનાય તેથી પુત્ર તરીકે પણ મને માન આપુવં જોઈએ તે પણ ના આપ્યું. એથી સાધુ-સરલ નથી લાગતા પણ કુટિલ લાગે છે (૫) સાચે જ આ શિવ મર્કટ લોચન છે. જો મર્કટને આચાર વિચારનો વિવેક હોય તો આ શિવજીને હોય. (૬) ખરી રીતે તો મને સભામાં અભ્યુત્થાનથી માન આપવું જોઈએ ભલે તેમ ન કર્યું તો બેઠાંબેઠાં બે હાથ જોડવા જોઈએ કે આખરે શિર તો નમાવવું જોઈએ, તેમાંનું કાંઈ ન કર્યું પરંતુ પધારો એટલો વાણીનો પણ વિવેક ના કર્યો. (૧૧-૧૨) મને તો લાગે છે કે (૭) ધર્મ, કર્મ, નિત્યકર્મ, ષટ્કર્મ સન્ધ્યા, વન્દનાદિની ક્રિયાઓ પણ નેવે મૂકી છે, (૮) અશુચિ છે કારણ કે સન્ધ્યા વંદનાદિના આચરે તે અશુચિ-અપવિત્ર છે, (૯) મિથ્યાભિમાની છે, (૧૦) સદાચારસેવન નામના સેતુઓને તોડનાર છે, (૧૧) શૂદ્ર સમાન સંસ્કારરહિત છે. આમ છતાં મેં મારી નિર્દોષ કમનીય કુમારી સતીને કેમ પરણાવી તે જ મને નથી સમજાતું. મારી તો આપવાની ઈચ્છા જ ન હતી. યજ્ઞોપવીત આદિ સંસ્કારરહિતને વેદવિદ્યા આપવાથી વિદ્યા લેનારનું કોઈ હિત સચવાતું નથી અને આપનાર અપરાધી મનાય છે. હું પણ તેવો જ લાગું છું. (૧૨) કન્યા આપતાં ઘર જોવું જોઈએ તે પણ મેં ના જોયું. આ તો ભયંકર ગણાતા એવા પ્રેતોના નિવાસસ્થાન સ્મશાનોમાં રહે છે, (૧૩) વળી કન્યા દેતાં સંગ પણ ના જોયો. પ્રેતો અને ભૂત ગણો સાથે સદાય વીંટાઈને સર્વત્ર વિચરે છે. (૧૪) સ્વયં ઉન્મત્ત-પાગલ સમાન છે, (૧૫) નિર્લજ્જ છે, નાશરમા છે, (૧૬) જીંથરિયાળા વાળવાળા છે, (૧૭) ગાંડાની જેમ હસ્યા કરે છે, (૧૮) પાગલની માફક રુદન કરે છે, (૧૯) ચિતાની ભસ્મથી કાયાને લપેટી કાયમ વિચરે છે, (૨૦) પ્રેતનાં માથાઓની માળા કંઠમાં કાયમ પહેરે છે, (૨૧) અસ્થિઓના તો અલંકારો પહેરે છે, (૨૨) "શિવ" નામનું નામ પણ નામના અર્થને અનુસરતું નથી; તેથી નામ પણ ખોટું છે, (૨૩) સાચે જ સ્વયં અશિવ-અમંગલ છે, અપવિત્ર છે. (૨૪) જાણે કોઈ નશામાં ચકચૂર-મત્ત લાગે છે, (૨૫) વ્યસન-મત્ત લોકો જ એના પ્રિયજનો છે. (૨૬) નર્યા તમોગુણમાં તરબોળ મનવાળા "પ્રમથ" નામના ગણોના પતિ છે, (૨૭) તેમજ એવા જ પ્રેતોના પતિ છે, (૨૮) તેમજ તેવા જ ભૂતોના પતિ છે. (૨૯) સદા જે ઉન્મત્ત જીવો છે. તેમના તે અધિપતિ છે. (૩૦) પવિત્રતાનો નિતાન્ત નાશ કરનાર છે. (૩૧) હૃદય પણ કોમલ નથી (૩૨) તેવાં લક્ષણોથી ખ્યાતનામ શિવને મેં મારી કન્યા કેમ આપી ! મારી બિચારી ભોળીભાળી કોમલ અને દયાપાત્ર દીકરીને, મેં મારા પિતા પરમેષ્ઠી બ્રહ્માજીની પ્રેરણાથી જ આપી કે આ શિવજી તો સર્વેશ્વર છે અને સર્વ ગુણસમ્પન્ન છે.પરંતુ આજે મને પારાવાર પરિતાપ થાય છે, કે મેં આવી ભૂલ કેમ કરી ? આવું વિચારી દક્ષપ્રજાપતિ મનથી ખિન્ન થયા. (૧૩-૧૬)

પ્રથમ શ્લોકથી સોળ શ્લોક પર્યંત ૩૨ પ્રકારનાં અમંગલ વચનો ઉચ્ચારતા દક્ષપ્રજાપતિએ શિવજીનો તિરસ્કાર કર્યો તો પણ શિવજીએ કૃપા જ કરી. સજ્જનો ! કોઈના સંતાનોના લગ્નસંયોજક ના થવું. સંયોજિત દમ્પતી સર્વરીતે સુખી થતાં સર્વ કોઈ પોતાનું સદ્ભાગ્ય માનશે પરંતુ કાંઈક કષ્ટ આવશે કે પરસ્પર દુઃખી થશે તો દોષનો ટોપલો વરદર્શકને માથે આવશે, આ છે સમાજની વિપરીત રીત. દક્ષ પ્રજાપતિએ પિતા બ્રહ્માજીને દોષિત ઠેરવ્યા અને શિવજીને શાપ આપવાની શરુઆત કરી.

મૈત્રેયમહર્ષિએ કહ્યું, કે હે વિદુરજી ! દક્ષપ્રજાપતિએ ભગવાનશંકરની પારાવાર નિંદા કરી તો પણ પૂર્ણગુણપૂર્ણ

ભગવાનશંકર, શાંતમૂર્તિ શાંત જ રહ્યા અને વળતો કોઈ ઉત્તર ના વાળ્યો, ત્યારે દક્ષપ્રજાપતિના ગુસ્સાએ મર્યાદા નેવે મૂકી અને કમંડલુમાંથી જલ લઈ શિવજીને શાપ આપવાનો ઉપક્રમ કર્યો. (૧૭) અવિવેકી દક્ષે બકવાનો આરંભ કર્યો, આ મહાદેવ, આ શંકર દેવોનાગણોમાં તદ્દન ઊતરતી કોટિના છે, માટે આજથી દેવયજનોમાં કે યજ્ઞમંડપમાં, દેવેન્દ્ર ઈંદ્ર, ભગવાન ઉપેન્દ્ર વગેરે દેવવરો સાથે યજ્ઞમાં ભાગ ન મળો, એવો મારો શાપ છે. (૧૮) હે વિદુરજી ! સભામાં બિરાજેલા શ્રેષ્ઠ અને સન્માન્ય સદસ્યોએ દક્ષપ્રજાપતિને શાપ આપતાં અટકાવ્યા, સમજાવ્યા તો પણ કોઈની વાત ના માની અને મહાભિમાની દક્ષે શાપ આપી, અતિશય ક્રોધાવિષ્ટ થઈ, પ્રજાપતિઓના સત્રમંડપમાંથી નીકળી પોતાના નિવાસે ચાલ્યા ગયા. (૧૯)

શાપનું વળતર પ્રતિશાપ અને શાપ પરંપરા

જ્યારે દક્ષપ્રજાપતિએ ભગવાન શંકરને આવો શાપ આપ્યો ત્યારે રોષથી રાતી પીળી આંખવાળા, ભગવાન શંકરના અનુચરોમાં અગ્રસર શ્રીનંદીશ્વર મહારાજે દક્ષ પ્રજાપતિને તેમજ પ્રજાપતિના પીઠમર્દક અને ઉત્તેજક બ્રાહ્મણોને પણ ભયંકર પ્રતિશાપ આપ્યો. (૨૦) નંદીશ્વરજી શાપ આપતાં બોલ્યા કે, આ દક્ષપ્રજાપતિ, મરણશીલ શરીરને મહત્ત્વ આપનાર અને દેહસુખને જ સુખ માનનાર છે, આ દક્ષે દ્રોહ કરવા છતાં દ્રોહ ન કરનાર ભગવાન શંકરમાં અસાધારણ દ્રોહ કરેલ છે કારણ કે સ્વયં અજ્ઞાની અને ભેદદૃષ્ટિવાળા છે; તેથી દક્ષ તત્ત્વજ્ઞાનથી વિમુખ રહો. (૨૧) આ દક્ષપ્રજાપતિ તો ચાતુર્માસ્ય યાજિનઃ ચાતુર્માસ્ય વગેરે સકામ યજ્ઞો કરનારાઓ અક્ષય્ય પુણ્ય પ્રાપ્ત કરે છે એવાં વેદોમાં વર્ણવેલાં અર્થવાદ વચનો ઉપર મુગ્ધ થઈને ભ્રાન્તમતિ અને વિવેકવિહીન મતિ બનેલ હોઈને વિષયસુખને નિત્ય માનનાર નશ્વર સુખો માટે ભક્તિવિમુખ ફલાસક્તિથી ભરેલા ગૃહસ્થાશ્રમ ધર્મમાં જ અને કર્મકાંડમાં જ રચ્યાપચ્યા રહે છે. (૨૨) આ દક્ષપ્રજાપતિની બુદ્ધિ દેહને જ આત્મા માનનારી છે, આવી કુમતિને કારણે આત્મ સ્વરૂપને-ભગવદ્ અનુરાગને વિસરી ગયેલ છે, આથી પશુ સમાન જડ મતિ હોઈને સ્ત્રીકામ એટલે કામસુખલંપટ બનીને રહો તેમ જ તત્કાલ અજમુખ બનો. (૨૩) આ સભામાં શિવજીની નિંદા કરનાર દક્ષના સૂરમાં સૂર પૂરવાનારા જે દક્ષના અનુયાયીઓ છે તેઓ, તેમજ કર્મજડ અને અવિદ્યાને જ વિદ્યા માનનાર આ દક્ષ જન્મ મરણની પરંપરા સ્વરૂપ આ સંસારચક્રમાં ફર્યા કરે. (૨૪) શ્રુતિ નામની સકામ કર્મનું વર્ણન કરનારી એક લતા છે. અમે સોમરસનાં પાન કરી અમર બનીએ, અમે સ્વર્ગમાં જઇએ એવાં વેદનાં વાક્યો સાંભળવામાં આવે છે. આ વાક્યોમાં બતાવેલા સ્વર્ગસુખ નામના તુચ્છ ફલો નામના ગન્ધથી લોકો લોભાય છે. યજ્ઞનું ફલ તો ભગવત્પ્રાપ્તિ છે. પરંતુ તેવી સમજ વિનાના સદા સકામ કર્મમાં જ રચ્યાપચ્યા રહેનારા દક્ષ અને દક્ષના અનુયાયીઓ રહેશે. અને શિવજીનો અકારણ દ્રોહ કરનારા થાઓ. (૨૫) આવા કર્મમાર્ગના જાળામાં ગુંચાયેલા દ્વિજોને ભક્ષ્ય કે અભક્ષ્યનો વિચાર નહીં આવે. તેઓ કેવળ આજીવિકા માટે જ તપ, વિદ્યા, વ્રત, અનુષ્ઠાનોનાં સેવન કરશે, તનધનનાં સુખોમાં જ રચ્યાપચ્યા રહેશે. તેઓ ઈંદ્રિયારામ બનશે. પરંતુ આત્મારામ થશે નહીં. તેમજ ક્ષુદ્ર પદાર્થોની ભિક્ષા માગતા લોકોમાં સર્વત્ર વિચરશે. (૨૬)

ભૃગુમુનિએ આપેલ શાપ પંચશ્લોકી

મુનિ મૈત્રેયજીએ કહ્યું કે વિદુરજી ! જ્યારે શિવજીના સેવકશ્રી નંદીજીએ આ પ્રમાણે બ્રાહ્મણના કુલને ઉગ્ર શાપ આપ્યો ત્યારે રોષે ભરાયેલા ભૃગુમુનિએ જે શાપને પાછો ના વાળી શકાય તેવો બ્રહ્મદંડરૂપ શાપ આપ્યો કે જેઓ શિવવ્રતધારી છે તેમજ તેઓને જે અનુસરનારા છે તે વૈદિક તાંત્રિકપથથી વિરુદ્ધ આચરણવાળા, પાખંડ પથચારી અને ભગવત્ શાસ્ત્રોથી વિરુદ્ધ વર્તનવાળા બનો. (૨૮) ભવવ્રતવાળા આ જીવો શુદ્ધ આચાર શૂન્ય બનો, મંદમતિ થાઓ, જટાધારી, ભસ્મધારી અને અસ્થિઓની માળા ધારણ કરનારા બનો, શિવતંત્ર દીક્ષાના દીક્ષિત બની નિષિદ્ધ ખાનપાનવાળા થાઓ. (૨૯) હે શિવગણો ! આપ લોકો વેદની નિંદા કરો છો વળી બ્રાહ્મણોની નિંદા કરો છો કે જે વેદો અને વિપ્રો વિશ્વકલ્યાણના આધાર સમા વર્ણાશ્રમ ધર્મના સેતુઓના સંરક્ષકો છે. જો તે સેતુઓ તૂટી જશે તો વિશ્વશાંતિ તૂટી જશે.

આપના આવા વર્તનથી પાખંડનો આશ્રય કરેલો લાગે છે. (૩૦) આ વૈદિક માર્ગ અને વર્ણાશ્રમમાર્ગ લોકોના કલ્યાણનો એક જ માર્ગ છે, સનાતન માર્ગ છે, આ માર્ગને પૂર્વકાલથી ઋષિ મુનિઓ અનુસરતા આવ્યા છે અને આ માર્ગની શ્રીજનાર્દન વિષ્ણુ ભગવાને સ્થાપના કરી છે. (૩૧) દુઃખની વાત છે કે આપ સંતોના આ સનાતન માર્ગની નિંદા કરો છો, તે તેમની નિંદા નથી પરંતુ વિશુદ્ધ પર બ્રહ્મની જ નિંદા છે. વેદ ભગવાનની નિંદા છે, ખુદ ભગવાનની જ નિંદા છે, આથી આપ પાખંડપથગામી બનો, તમે તે માર્ગના અનુયાયી બનો કે જે માર્ગમાં ભૂત અને પ્રેતોના રાજા નિવાસ કરે છે, તે ભૂતપતિ તમારા ઈષ્ટદેવ છે. (૩૨)

પ્રસંગનો ઉપસંહાર કરતાં મુનિ મૈત્રેયે કહ્યું કે વિદુરજી ! જ્યારે ભૃગુઋષિએ ઉપર કહ્યા પ્રમાણે શિવાનુગામીઓને શાપ આપ્યો ત્યારે ભગવાન શંકર હૃદયથી કંઈક ખિન્ન થયા કે આ ઠીક ના થયું, અંતે નિર્ણય કર્યો કે હરિ ઈચ્છા, એવું સમાધાન કરી વિશ્વસૃજનો પ્રસંગ ના બગડે એમ વિચારીને પોતાના પરિવાર સાથે શિવજી ત્યાંથી પધારી ગયા. (૩૩) હે દિવ્ય ધનુર્ધારી વિદુરજી ! શ્રી વિશ્વસ્રષ્ટા પ્રજાપતિઓનો આ યજ્ઞ એક હજાર સંવત્સરનો હતો. ભગવાન વિષ્ણુના યજન માટે આ યજ્ઞ હતો. પ્રજાપતિઓએ આ યજ્ઞ પૂર્ણ કર્યો. (૩૪) પ્રજાપતિઓએ આ યજ્ઞ સમાપ્ત કર્યો, પુનઃ શ્રી ગંગા યમુનાસંગમ પ્રયાગ પ્રદેશ તીર્થમાં યજ્ઞાન્તે કરવામાં આવતું અવભૃથ સ્તાન કર્યું. પવિત્ર થયા અને સર્વ યાજકો પોત પોતાના સ્થાને પધારી ગયા. (૩૩)

શ્રીમદ્ ભાગવતપીયૂષનો ચતુર્ત સ્કંધ ધર્મ પ્રકરણમાંનો દક્ષપ્રજાપતિએ શિવજીનો વિદ્વેપ કર્યો એ પ્રસંગનું વર્ણન કરતો અધ્યાય ૨જો સમાપ્ત થયો.

અધ્યાય ૩જો

[આ અધ્યાયમાં ૨૫ શ્લોકો છે. બ્રહ્માજીએ દક્ષપ્રજાપતિને પ્રજાપતિઓના અધિપદે નિયુક્ત કર્યા, ત્યારે દક્ષપ્રજાપતિને મદ થયો, પ્રજાપતિએ વાજપેય યજ્ઞ કર્યો, દક્ષકુમારી શ્રી સતીજીનું પતિ સદાશિવજીની અનુમતિ ન હોવા છતાં પિતાને આંગણે પધારવું આદિ પ્રસંગો આવશે.]

मैत्रेय उवाच – सदा विद्विषतोरेवं कालो वै घ्रियमाणयोः । जामातुःश्वशुरस्यापि सुमहानतिचक्रमे ॥ १ ॥

મહર્ષિ મૈત્રેયજી કહેવા લાગ્યા કે હે શ્રી વિદુરજી ! આપે પ્રથમ જે પ્રસંગ વર્ણવ્યો તે પ્રમાણે દક્ષપ્રજાપતિ અને ભગવાન શંકરજીનાં ઊંચાં મન થતાં પરસ્પર દ્વેષ વધવા લાગ્યો. ભગવાન શંકર તો બ્રહ્મસ્વરૂપ છે; તેથી તેમણે તો દ્વેષ નથી કર્યો. આ રીતે મનમાં વૈરવૃત્તિને કેળવતાં સસરાજમાઈનો લાંબો સમય પસાર થયો. (૧) એમાં પણ બ્રહ્મલોકના સ્વામી શ્રી બ્રહ્માજીએ જ્યારે સમગ્ર પ્રજાપતિના અધ્યક્ષપદે દક્ષપ્રજાપતિજીનો પટ્ટાભિષેક કર્યો ત્યારે તો પ્રજાપતિને ભારે ગર્વ થયો. (૨)

પદ મળે પણ મદ ન ચઢે તો પ્રભુકૃપા

દક્ષપ્રજાપતિનો પટ્ટાભિષેક થતાં મદ વધ્યો અને ભગવાન શંકર અને અન્ય બ્રહ્મનિષ્ઠોને યજ્ઞમાં નિમંત્રણ આપ્યા વિના પોતાને પ્રાંગણે બૃહસ્પતિ સવનના પૂર્વાંગ તરીકે કરાતા વાજપેયયજ્ઞનો આરંભ કર્યો. શ્રુતિ ભગવતીની આજ્ઞા છે કે બ્રાહ્મણે “બૃહસ્પતિ સવ” નામનો યાગ કરવો. આ યજ્ઞમાં वाजपेयेनेष्ट्वा ब्रृहस्पतिसवेन यजेत એવી આજ્ઞા છે કે વાજપેય યજ્ઞ દ્વારા યજન કરી બૃહસ્પતિસવ નામનો યજ્ઞ કરવો. (૩) આ યજ્ઞમાં સર્વ બ્રહ્મર્ષિઓ, દેવર્ષિઓ, પિતૃઓ અને દેવતાઓ પધાર્યા હતા. આવેલા આ નિમંત્રિત દેવર્ષિઓ વગેરે સાથે તેમની અર્ધાંગનાઓ પણ હતાં. આ સર્વનાં સ્વસ્તિપુણ્યાહવાચનપૂર્વક સ્વાગત થયાં. (૪) કૈલાસપતિનાં પ્રિયા સતીદેવીજીએ આકાશમાં દેવો વગેરેનાં વિમાનોની અવરજવર જોઈ, તેમજ ખેચરોની પરસ્પર વાર્તા સાંભળી; તેથી દક્ષકુમારીજીને જાણ થઈ કે પોતાના પિતાજીના આંગણે યજ્ઞ મહોત્સવ પ્રસંગ છે (૫) શ્રી સતીદેવીએ નજરે નિહાળ્યું કે દશે દિશાઓમાંથી ઉજ્જ્વલ કુંડલવાળી પોતાના પતિ દેવો સાથે વિમાનમાં બિરાજેલી, કંઠમાં સુવર્ણ અને રત્નની કંઠીઓ ધારણ કરેલી, ઉત્તમ વસ્ત્રો અને અલંકારોથી સમલંકૃત દેવાંગનાઓ અને યક્ષ-ગન્ધર્વોની ગૃહિણીઓ પણ પોતાના પતિદેવો સાથે કૈલાસ પર્વત ઉપરથી પસાર થઈ

રહેલ છે. આ દૃશ્ય નિહાળી સતીએ પિતાને બારણે જવાના ઉમળકા ભર્યાં ભૂતનાથ ભગવાનને નિવેદન કર્યું કે નાથ ! જરા દૃષ્ટિપાત તો કરો ! (૬-૭)

सत्युवाच : प्रजापतेस्ते श्वशुरस्य साम्प्रतं निर्यापितो यज्ञमहोत्सवः किल ।
वयं च तत्राभिसराम वाम ते यद्यर्थितामी विबुधा व्रजन्ति हि ।

સતી બોલ્યાં કે નાથ ! આપશ્રીના સસરાજી દક્ષપ્રજાપતિને આંગણે વર્તમાનમાં જ યજ્ઞ મહોત્સવ વર્તાઈ રહ્યો છે. નાથ ! આપની ઈચ્છા હોય વળી આપ સંમત થાઓ તો આપણે સપરિકર યજ્ઞમાં જઈએ. જુઓ નાથ ! યજ્ઞમાં આ દેવો જઈ રહ્યાં છે. (૮) હે નાથ આ યજ્ઞમાં આવેલાં સુહૃજ્જનોને અને કુટુંબીજનોને મળવાની અભિલાષાથી પોતપોતાના પતિદેવોની સાથે મારી બહેનો શીઘ્રત્વરાથી અવશ્ય આવશે. મારી ભાવના છે કે આપની સાથે જ હું મારે માવતરે જાઉં અને મારા માવતરની પહેરામણી મેળવવાનો લહાવો પામું. (૯) હે મૃડ ! હે આનંદમય નાથ ! જો હું ત્યાં જઈશ તો ત્યાં મારાં સર્વ કુટુંબીજનોને મળીશ. નાથ ! મારું મન ચિરકાલથી માવતરે જવા ઉત્કંઠિત છે, અતિશય અધીર પણ છે. મારી બહેનો અને બનેવીઓ, મારી માસીઓ અને વહાલસોયી મારી માને નિરખીને મનને સંતોષીશ. આ સાથે અનેક મહર્ષિઓના દર્શન પામીશ (૧૦)

ઉદાર ચરિતને વસુધા કુટુંબ છે અને જ્ઞાનીને કુટુંબની આસક્તિ ક્યાંથી

હે નાથ આપ તો અજન્મા છો; એટલે આપને કુટુંબાસક્તિ ક્યાંથી ! ભગવાને માયાથી રચેલ આશ્ચર્ય ભર્યું આ ત્રિગુણાત્મક વિશ્વ આપનામાં સહજ સ્ફુરે છે; તેથી આપને આવા મિલનમાં અનુરાગ ક્યાંથી કે આપને તો કાંઈપણ આશ્ચર્ય પણ ક્યાંથી લાગે ! પરંતુ હું તો આપના તત્ત્વની અજાણ સ્ત્રી છું વળી દીન છું. તેમાં પણ પિતાને આંગણે જવાને તલસતી પરવશ છું હે ભવ ! આપ તો કલ્યાણ સ્વરૂપ છો અથવા હે અભવ ! આપને જન્મભૂમિનો મોહ જ ક્યાંથી, મને તો જન્મભૂમિમાં સ્વાભાવિક આસક્તિ હોય જ. (૧૧) હે અભવ ! હે અજન્મા શંકર ! આપ નજરે નિહાળો કે અમારા કુટુંબી પણ ના મનાય એવી અનેક સન્નારીઓ-અંગનાઓ અંગે અંગે શૃંગાર સજી બનીઠની પોતાના પતિદેવો સાથે ટોળે મળી મારા બાપને ત્યાં યજ્ઞમાં જઈ રહેલ છે. એમનાં રાજ હંસ જેવાં શ્વેત અને રમણીય વિમાનોથી જુઓ તો ખરા હે નીલકંઠ ! આ આકાશ કેવું દીપી રહ્યું છે ! (૧૨)

જુઓ જતાં આ શિવ અન્ય જૂથો બનીઠની કામિની કાન્ત સાથે જેના જતાં હે નીલકંઠ શોભતું આકાશ હંસોજ્જ્વલ વાયુયાને ૧
શું દીકરીની પિતૃગેહ ઉત્સવે જવા ન કાયા તલસે સુરેશ તેડ્યાં ન તોયે સહુ જાય મિત્ર, સ્વામી, પિતા, સદ્દ્ગુરુના નિવાસ. ૨
પ્રસન્નતા દાખવતા મહેશ ? વાંછા કરો પૂર્ણ, દયાળું દેવ. આપે મને અર્ધ શરીર ભાગે સ્થાપી કૃપા શંભુ ! કરો પિનાકિન ૩

હે સુરવર ! બાપને બારણે મહોત્સવ થઈ રહેલ છે એવું સાંભળી કઈ કન્યાની કાયા માવતરે જવા આતુર ના બને ? ભલેને નિમંત્રણ ના હોય તો પણ કે માનભર્યાં તેડાં ના હોય તો પણ મિત્રને આંગણે, માતાપિતાને બારણે, પતિને દ્વારે ગુરુગેહે કે સત્સંગ, કથા, હરિદર્શન કે યાત્રા મહોત્સવમાં તો દોડી જવાનું જ હોય. (૧૩) હે અમરવર શંકર ! તો આપ આપની આ અર્ધાંગના ઉપર અનુગ્રહ કરો ! પ્રસન્ન થાઓ, આપ તો દયાળુ છે. મારી આટલી આશાને પૂર્ણ કરો. આપે તો અનુરાગપૂર્વક આપના અંગના અર્ધાંગમાં મને વસાવી અર્ધાંગના બનાવી છે; તેથી લળીલળી માંગી લઉં છું કે મારા પિતાને બારણે આપની સાથે જવાની આર્તિને પૂર્ણ કરો. (૧૪)

મુનિવર મૈત્રેયે કહ્યું કે વિદુરજી ! શિવજી, દક્ષના અપમાન પ્રસંગને સર્વથા વિસરી આત્મરત રહ્યા હતા; પરંતુ પ્રિયતમા સતીકુમારીએ પોતાના પિતાના આંગણે થઈ રહેલા યજ્ઞની વાર્તા કહી અને આપ પણ સાથે યજ્ઞમાં પધારો એવી માગણી કરી, ત્યારે કૈલાસપતિને પ્રથમ પામેલા અપમાનનો પ્રસંગ તેમજ પ્રજાપતિનાં હૃદયવેધક કટુ-તીક્ષ્ણ વચનો તાજાં થયાં કે જે વચનો પ્રજાપતિઓની સમક્ષ પરિષદમાં કહ્યાં હતાં; તો પણ દયાળું શંકર તેની દરકાર કર્યા વિના વચનસુધા વર્ષાવવા લાગ્યા (૧૫)

પ્રિયતમા સતીના દશ પ્રાણોની રક્ષા સમા શ્રી શિવજીના સ્નેહ સભર દશ શ્લોકો : શ્રી મહાદેવજી સ્મિત હાસ્યપૂર્વક કહેવા લાગ્યા કે-

त्वयोदितं शोभनमेव शोभने अनाहुता अप्यभियान्ति बन्धुषु । ते यद्यनुत्पादितदोषदृष्टयो बलीयसानात्म्यमदेन मन्युना ॥१६॥

તમે કહ્યું સુંદર વાક્ય સુંદરી ! તેડ્યા વિના જાય કુટુંબ ગેહે, ન દ્વેષ દોષાદિ ભરેલ નેત્ર, કે ક્રોધ કે ગર્વ છકેલ ગાત્ર.

હે શોભને ! હે સુંદરી ! આપે સાચે જ સુંદર હૃદયંગમ વાત કહી છે. વિના નિમંત્રણે પણ કુટુંબીજનોના આંગણે ઉત્સવમંગલ આદિ અવસરે જરૂર જઈએ, પણ દેવી ક્યારે ! કે જ્યારે આપણાં સ્વજનો કે કુટુંબીજનો મદાન્ધ બન્યા ના હોય, તેમજ આપણે માટે ક્રોધનાં માર્યા દ્વેષ-દોષ દૃષ્ટિવાળાં બન્યાં ન હોય તો.

હે દેવિ ! વિદ્યા, તપ, શરીર, યૌવન અને ઉત્તમ કુલ નામની ઉત્કૃષ્ટ સમ્પત્તિઓ સજ્જનોને મળે છે ત્યારે તો સુવર્ણમાં સુવાસ મળવાનો સુયોગ સધાય છે; સજ્જનો આ સામગ્રીઓથી વધુ વિનમ્ર અને વિવેકી બને છે, ત્યારે તે જ વસ્તુઓ જો તુચ્છ જનોને મળે છે તો તે દોષરૂપ બની જાય છે. તેમની સારાસાર વિવેકબુદ્ધિ ચાલી જાય છે. તેઓનું મિથ્યાભિમાન પોષાય છે. તેઓ ઉદ્દંડ બની જાય છે. મહાપુરુષોના મહિમાને તે જાણી શકતાં નથી અને મહાત્મા પુરુષોને તે સન્માની શકતા નથી. (૧૭) દેવિ ! જુઓ સજ્જન પુરુષ, વિદ્યાર્થી જ્ઞાન મેળવી શ્રીભક્તવર પ્રહલાદજીની માફક ભગવાનના પ્રપન્ન ભક્ત બને છે જ્યારે અસત્પુરુષ-હિરણ્યકશિપુ જ્ઞાનથી સ્વયં ભગવાન બની બેસે છે ! (૧) બ્રહ્માજી જ્યારે તપથી બ્રહ્માંડની રચના કરે છે ત્યારે તપથી હિરણ્યકશિપુ સૃષ્ટિનો સંહાર કરે છે. (૨) વિત્તથી વૈષ્ણવજન શ્રીવૃન્દાવન વિહારીજીની સેવા, દાન, પુણ્ય વગેરે સુકૃતો કરે છે ત્યારે નલકૂબર વગેરે વ્યસન, વારાંગના, વિલાસ અને દ્યૂત વગેરેમાં વેડફે છે. (૩) સુંદર શરીર મળે તો દેશધર્મ, આર્તનું સંરક્ષણ વગેરે દિવ્ય કાર્યોમાં વાપરે છે, તે જ શરીરથી ખલ સજ્જનોને પીડે છે. (૪) યૌવન મળે તો સજ્જનો સદાચારસમ્પન્ન બની શ્રેષ્ઠ કાર્યો કરે છે જ્યારે ખલ પુરુષો ખોટે માર્ગે ખર્ચે છે. (૫) શ્રેષ્ઠ કુલ મળે તો રઘુરાજાની માફક કૌત્સ વગેરે અતિથિઓને આપેલાં વચનોનું પાલન કરી કુલનું ગૌરવ વધારે છે. જ્યારે રાવણાદિ કુલ મદથી છકી જાય અને કુલને કલંકિત કરે છે. (૬) સતી ! આપના પિતાજીને સદ્ભાગ્યે છએ વસ્તુઓ મળી પણ તેઓ પચાવી ના શક્યા. (૧૭)

અભિમાનીનાં આંગણાં ના સેવાય

દેવિ ! અભિમાનથી છકેલાંના આંગણે તેઓ આપણાં સ્વજન છે એમ સમજીને ના જઈએ, તેઓ તો અવ્યવસ્થિત ચિત્તવાળા છે. તેમનો અનુરાગ પણ સળગતી આગ જેવો હોય છે, તો તેમનો ક્રોધ કેવો હશે ! આવા મદછકેલા જનો તો પ્રેમ કરી પોતાને આંગણે પધારેલા આપ્તજનોને વાંકી બુદ્ધિથી નિહાળે છે. તેઓ માને છે કે ધનભૂખ્યાં બારણે આવ્યાં છે. તેઓ અતિથિઓને કુટુંબીજનોને ભવાં ચડાવેલી રોષભરેલી નજરે જ નિહાળતા હોય છે. (૧૮) સતી ! અધિક શું કહું ? કુટિલ કુટુંબીજનોનાં કર્કશ કુવચનોથી જેવાં કાળજાં પીડાય છે તેવાં તીક્ષ્ણ બાણોના પ્રહારથી પણ પીડાતાં નથી. બાણે વીંધાયેલો વીર પુરુષ તો રણ ભૂમિમાં સુખેથી ઊંઘે છે. પરંતુ વાક્બાણોથી વીંધાયેલા મર્મસ્થાનવાળા મનુષ્યો તો કાયમ માટે રાતદિવસ વ્યથિત રહે છે. (૧૯) હે સુભ્રૂ ! દેવિ ! દિલની વાત કહું ? ખરેખર આપ તો પ્રજાપતિઓમાં પણ મહાન પ્રજાપતિનાં માનીતાં કુંવરી છો, પરંતુ મારાં તો હૃદય સામ્રાજ્ઞી ધર્મપત્ની છો.આ એક જ કારણથી આપના પિતા દક્ષપ્રજાપતિજી આપને પુત્રી તરીકે સર્વથા વિસરી ગયા છે, આ પરિસ્થિતિ નજરે જોતાં મને નથી લાગતું કે આપ પિતાજીને આંગણે આદર પામો. તમારા પિતાજી તમને મારાં પત્ની તરીકે ગણે છે, પરંતુ પોતાનાં પુત્રી તરીકે તો સાવ વિસરી ગયા છે. આ એક જ કારણથી તેઓ કાયમ સંતાપ પામી રહ્યા છે. (૨) દેવિ ! એક મહત્ત્વની વાત કહું છું તો સાવધાન થઈ સાંભળો ! આ વિશ્વમાં કેટલાકનો એવો સ્વભાવ હોય છે કે તેઓ કોઈની પણ ઉન્નતિ સાંખી શકતાં નથી, તેઓ તો સામાની ઉન્નતિ દેખીને નિરંતર બળ્યા જ કરે છે. તેમનાં હૃદય તો બીજાની ચઢતીને જોતાં જ તપી ઊઠે છે તેમને ઈંદ્રિયોમાં અકળામણ પેદા થાય છે. આવા અસૂયાવાળા જીવો કાંઈ ઉત્તમ પુરુષોની ઉત્તમ કક્ષાને સહેલાઈથી

મેળવી શકતા તો નથી. પરંતુ દૈત્યો જેમ શ્રીહરિનો દ્વેષ કરે છે તેમ આવા જીવો સત્પુરુષોનો કેળલ દ્વેપ જ કરે છે. (૨૧) હે કોમલાંગી દેવિ ! સત્કાર માટે સન્મુખ જવું, નમ્રતા દર્શાવવી, ઊભા થવું, અભિવાદન કરવાં, આ પ્રકારના વ્યવહારને જે સજ્જનો પરસ્પરની મધ્યમાં સાચવે છે તે વ્યવહાર લૌકિક દૃષ્ટિથી કે દેહના સન્માનની દૃષ્ટિથી કરવામાં આવતો નથી. પરંતુ પ્રત્યેક વ્યક્તિના હૃદયમાં બિરાજમાન ભગવાન સુદેવને લક્ષ્યમાં રાખીને જ કરવામાં આવે છે આવો પવિત્ર વ્યવહાર દેહાભિમાનીઓને માટે કરાય નહીં. સતી ! તમે જાણો છો કે મારો સ્વભાવ છે કે વ્યક્તિમાત્રના હૃદયમાં વસેલા ભગવાન વાસુદેવને મનથી હું નિત્ય નમસ્કાર કરતો જ હોઉં છું. (૨૩) હે સુંદરી ! હવે મારું મન્તવ્ય તમારી પાસે રજૂ કરું છું. શ્રીદક્ષપ્રજાપતિ યદ્યપિ આપના દેહદાતા પિતાજી છે, પરંતુ મારી સાથે વૈરવૃત્તિવાળા છે; તેથી તેમના આંગણે ના જવું એ હિતકર છે; એટલું જ નહીં પરંતુ દક્ષપ્રજાપતિના પક્ષપાતીઓને મળવું પણ લાભકારક નથી. આ તો મારું મન્તવ્ય છે, પછી તો આપની જેવી ઈચ્છા. આપ જાણો છો કે આપના પિતાજીએ પોતાના સાથીઓ સાથે મરીચિ વગેર પ્રજાપતિઓના સત્રમાં મારો તિરસ્કાર કર્યો હતો. મારો કોઈ દોષ પણ ન હતો. (૨૪) સતી ! આપને મારી સલાહ રુચે કે ના રુચે આપનું મન માને કે ના માને ! આપ રોકાઓ કે પધારો આપની ઈચ્છા; પરંતુ હું તો નિશ્ચયપૂર્વક કહી રહ્યો છું કે પ્રજાપતિને ત્યાં જવામાં આપનું કલ્યાણ નજરે દેખાતું નથી. દેવિ ! સંભાવિત અને સમાજ સંમાનિત વ્યક્તિનું જો સ્વજન તરફથી અપમાન થાય તો તે અપમાન મૃત્યુ નીપજાવે છે કે મરણ તુલ્ય ક્લેશ દેનારું બને છે. પ્રિયાજી ! તમે પ્રાણપ્રિયા છો, સ્વભાવે સ્વમાની છો માનહાનિ સહી નહીં શકો અને હું તમને ગુમાવીશ તો કેમ જીવાશે !(૨૫)

यदि व्रजिष्यस्यतिहाय मद्वचो भद्रं भवत्या न ततो भविष्यति । संभावितस्य स्वजनात् पराभवो यदा स सद्यो मरणाय कल्पते ॥२५॥

શ્રીમદ્ ભાગવત પીયૂષના ચતુર્થ સ્કંધનો, વિસર્ગલીલા, ધર્મપ્રકરણ, શ્રીસતી શિવ વાર્તાલાપ પ્રસંગ વર્ણવતો અધ્યાય ૩ જો સમાપ્ત.

અત્યાય ૪ થો

[આ ચતુર્થ અધ્યાયમાં ૩૪ શ્લોકો છે. તૃતીય અધ્યાયમાં ભગવાન સદાશિવજીએ શ્રી સતીજીને યજ્ઞમાં ન જવામાં હિત વસેલું છે એટલું સમજાવ્યું; પરંતુ સતીના ચિત્તને શાંતિ ના વળી. શિવજી અને દક્ષપ્રજાપતિની વચ્ચે ઉત્પન્ન થયેલ દ્વેષનું નિવારણ કેવલ પોતાના દેહના ત્યાગથી જ થઈ શકશે એવો નિર્ણય કર્યો. સતીના દેહનો નાશ દક્ષપ્રજાપતિથી કે શિવજીથી થવો શક્ય નથી. તે પોતે જ ત્યજે તો જ દ્વેપ ટળે (૧) કેલાસપતિને ત્યાં દેહ પડતાં વૈર વધે; પરંતુપિતાને ત્યાં દેહ પડવાથી વૈર શાંત થાય (૨) પોતનાં પતિવ્રાત્યનું રક્ષણ થાય, (૨) અન્ય દેહે સ્વીકારી ભગવાન શંકરની જ સેવા થાય, (૩) પતિભક્તિ થાય, (૪) નંદીજીએ વિપ્રોને આપેલ શાપ સત્ય થાય, (૫) શિવજીના દ્વેષી દક્ષપ્રજાપતિના દેહથી જન્મેલો દેહ શિવજીની સેવામાં સુપાત્ર ન મનાય, તેથી અન્ય દેહ લેવો જ જોઈએ. આ બધાં કારણોને લક્ષમાં લઈને જ સતી દક્ષપ્રજાપતિના દ્વારે પધાર્યાં.]

मैत्रेय उवाच : एतावदुक्त्वा विरराम शंकरः पत्न्यङ्गनाशं ह्युभयत्र चिन्तयन् ।
सुहृद्दिदृक्षुः परिशंकिता भवान् निष्क्रामती निर्विशती द्विधाऽऽस सा ॥ १ ॥

ચાલુ કથા પ્રસંગે મુનિરાજ મૈત્રેય બોલ્યા કે વિદુરજી ! આ પ્રમાણે બોલીને ભગવાન શંકર વિરમી ગયા. વિવેકી પુરુષો વધુ કાંઈ બોલે નહીં. શ્રી શિવજી સમજે છે કે સતીનું શરીર તો મારે આંગણે કે દક્ષપિતાને ઘરે છૂટવાનું જ છે. ચાલો હરિઈચ્છા, આવું મનથી સમજી મૌન લીધું. જ્યારે બીજી તરફ સ્વજન કુટુંબીજનને મળવાની આતુરતા અને જો હું મારા પિતાને ત્યાં જઈશ તો ભગવાન શંકર નારાજ તો નહીં થાયને ? આવી બમણી મૂંઝવણમાં મુકાયેલાં ઘરમાંથી જવા નીકળતાં અને પાછાં વળતાં સતી ડામાડોળ દશામાં મુકાઈ ગયાં. (૧) કુટુંબીજનોના મિલનની આશામાં સતીને અડચણ આવતી લાગતાં મનથી કોચવાતાં, સ્નેહથી રુદન કરતાં, અશ્રુથી વિકળ બનેલાં, કાયાથી થરથર કંપતાં, લાલચોળ લોચને ત્રિલોચન શિવજીને નિહાળતાં ત્યારે લાગતું કે શિવજીને સળગાવી તો નહીં દે કે શું ? (૨) એવાં રોષે ભરાયેલા પિયરનાં ખેંચાણે ક્ષણવાર એક વાત વીસરી ગયાં કે ભગવાન શંકરે મને પોતાનું અર્ધાંગ આપી દીધું છે તે સ્નેહને આજે ઠોકરે ચઢાવું છું. વળી શિવ કૃપાસાગર છે. સંતોના પ્રિયજન છે, આ પણ ભૂલી ગયાં. સતીનો એમાં દોષ

શો ? માનવ માત્ર જ્યારે ભારે રોષે ભરાય છે ત્યારે ભાન ભૂલે છે. વિવેક ચૂકે છે અને એવું ખોટું પગલું ભરે છે કે તે કાયમ માટે પસ્તાય છે. સતીજીનું પણ આખરે એવું જ બન્યું અને પ્રિયતમ શિવજીને ત્યજીને પિતાને બારણે સીધાવ્યાં (૩) રોષ તો એટલો વ્યાપ્યો કે, ના તો સ્વામીની રજા લીધી ના તો નમન કીધાં, ના તો કાંઈ વસ્ત્ર-આભૂષણ લીધાં, ન તો વાહનની પરવા કરી અને પગે ચાલી નીકળ્યાં. એટલી ત્વરાથી ચાલ્યાં કે સેવકોને પાછળ દોડવું પડ્યું (૪)

સદાશિવજીની સદાશિવતા-મંગલતા

પરંતુ વિવેકભંડાર ભગવાન શ્રી વામદેવે પોતાના નેત્રના સંકેતથી સેવકગણને સૂચના આપી અને નંદીશ્વર મણિમાન, મદ આદિ દેવગણ અતિશય ઉતાવળે આગળ પાછળ સતીની સંભાળ લેતા સાથે જવા લાગ્યા. (૪) મહાદેવજીના સંકેતથી નંદીશ્વરે સવારી સજાવી દીધી. ભગવાને મેના, પોપટ, કન્દુક, દર્પણ, શ્વેતછત્ર, ચામર, પુષ્પમાલા વગેરે મહારાજનાં રાજચિહ્નો, વસ્ત્ર, આભૂષણો સુવ્યવસ્થિત કરી સતીને સ્નેહથી સમર્પતા, શ્રી સદા શિવ ભગવાન નામદેવ એટલું બોલ્યા કે દેવી સંભાળીને જજો. આ કૈલાસ અને હું સદા આપનાં છીએ. અવિલંબે પાછાં પધારજો. આટલું બોલી સજલ નયન બની વિરમી ગયા. અને શંખ, દંદુભિ, વાજિંત્ર, વેણુના મંગલ નાદ સાથે સતીને વાજતે ગાજતે નંદીશ્વરની સવારીએ ચઢાવી મંગલ વિદાય દીધી. ભગવાનશંકર સમાન મહાન સ્નેહાળ સ્વામી મળે એ છે ગૃહિણીના જીવનનો આનંદ. (૫) માન-સન્માન પામતાં માનિની સતી માવતરે ઉતાવળે ચાલ્યાં. ક્ષણવારમાં તો જાણે બાપને બારણે આવી પહોંચ્યાં. સર્વત્ર યજ્ઞ-મંડપમાં ઊંચા સ્વરે વેદઘોષ થઈ રહ્યો હતો. સામવેદનાં ગાન સંભળાતાં હતાં. યજ્ઞ સંબંધી શાસ્ત્રચર્ચાઓ ચાલતી હતી. વેદના જાણકારો, ઋષિઓ અને દેવવૃંદોથી યજ્ઞમંડપ ખીચોખીચ ભરેલ હતો. યજ્ઞમંડપમાં અને યજ્ઞકુંડ તેમજ વેદી પાસે, યજ્ઞના સાધનોમાં ખાંડણીઓ, દર્ભ, કાષ્ઠ, માટી સુવર્ણનાં પાત્ર, લોહપાત્ર અને મગૃચર્મ વગેરેનાં દર્શન થતાં હતાં. (૩) આવા મંડપમાં સતીએ આવીને પ્રવેશ કર્યો. આ સાથે મંડપમાં બેઠેલા બાપને જોઈ ઉમળકા ભરી દીકરી બાપપાસે આવી ત્યાં તો બાપને લાગ્યું કે બારણે પાપ આવ્યું એવા દુર્ભાવે દીકરી સામે ન જોતાં મુખ ફેરવી લીધું. સતીથી આ આઘાત સહન ન થઈ શક્યો. વળી સત્કાર માટે નીમેલી કોઈ પણ વ્યક્તિએ જ્યારે સતીનો સત્કાર જ ન કર્યો, ત્યારે જે દુઃખ થયું તેના કરતાં બાપે મુખ ફેરવી લીધું ત્યારે તો સતીની વેદનાનો પાર જ ન રહ્યો. લાગણીની મૂર્તિ લાડકવાયી મા, માડીજાયી બહેનો, માની જ છાયા બે માસીઓ, કેવલ આટલાં જ સતીને વીંટળાઈ વળ્યાં. મા બોલી, બેટા ! બેટા ! આવી ? ત્યાં તો માનું ઉરપૂર પ્રેમથી ઊભરાઈ ગયું. વહાલી દીકરીને આંસુના ઓઘથી નવરાવી દીધી. મા પુત્રીને ભેટી પડી, બહેનડીઓ બાઝી પડી, કંઠ ગદ્ગદ થઈ ગયા. વાણી વિરમી ગઈ. (૭) કુશળના પ્રશ્નોની ઝડીઓ વરસાવી. ભોળી અબુધ બહેનોએ ઠપકોય આપ્યો કે બહેન તું તો બહુ મોંઘી થઈ ગઈ. બા તો ગળામાં જીભ પણ ઘાલતાં ન હતાં. વારંવાર "સતી ના આવી, સતી ના આવી" જ રટ્યાં કરતા'તાં ઠીક થયું તું આવી ગઈ. માસીઓએ પણ મીઠાં વેણ સંભળાવ્યાં. પીવાને પાણી દીધું, બેસવાને આસન આપ્યું પણ સતીએ ના તો ટીપું પાણી પીધું કે ના તો આસને પગ દીધો, એકાએક ઢગલો થઈ ધરણી પર ઢળી ગઈ. મહામહેનતે માએ પુત્રીને ઉઠાવી બેઠી કરી. પુનઃ સતીએ યજ્ઞમંડપ તરફ એક નજર નાંખી, ત્યાં સર્વનાં સ્થાન-સ્થાપન જોયાં, માત્ર નાજોયું નિજનાથ વિશ્વનાથ ભગવાનનું યજ્ઞમાં સ્થાપન. આત્મા અકળાઈ ઊઠ્યો. પિતાએ જાણીબૂઝીને કરેલા શંકર ભગવાનના અનાદરથી હૃદયના ભાંગીને ભુક્કા થયા. પતિદેવનાં પ્રાણપ્યારાં વચનો અને પ્રેમનાં સ્મરણ થઈ આવ્યાં, તેમાંય બળતામાં ઘી હોમાયું. પોતાના થયેલા અનાદરે તો હદ કરી નાખી. સતીની રોષ ભરાયેલ આગ ઝરતી આંખો જાણે ચૌદ લોકને સળગાવી તો નહીં દેને ? (૯) સતી અને ભૂતપતિના અનાદરથી અકળાયેલા શિવજીના ગણો જ્યારે શિવજીનો દ્વેષ કરનાર કર્માનુષ્ઠાનના અભિમાનથી ઘમંડી બનેલા દક્ષપ્રજાપતિનો વધ કરવા ઉશ્કેરાયા ત્યારે પોતાના તેજથી તેમને અટકાવી ત્રણે લોક સાંભળે તેમ સતીએ બોલવાનું શરૂ કર્યું. (૧૦)

તેર શ્લોકથી સતીનું નિવેદન

न यस्य लोकेऽस्त्यतिशायनः प्रियस्तथाप्रियो देहभृतां प्रियात्मनः । तस्मिन् समस्तात्मनि मुक्तवैरके–ऋते भवन्तं कतमः प्रतीपयेत् ॥ ११ ॥

दोषान् परेषां हि गुणेषु साधवः गृहणन्ति केचिन्न भवादृशां द्विज ॥ गुणान् च फल्गून् बहुलीकरिष्णवो–महत्तमास्तेष्वविदद्भवानधम् ॥१२॥

સતીની વાણી સૌમ્ય હતી, પિતા તરફની મમતા પણ હતી. ક્ષુલ્લક વચન એકેય નથી બોલ્યાં. સતી બોલ્યાં, બાપાજી ! હે તાત ! શિવજી તો સમદૃષ્ટિ છે, એમને તો નથી કોઈ અતિશય પ્રિય કે નથી કોઈ એમને અપ્રિય, એ તો છે નિર્વૈરપુરુષ, એ તો છે પ્રાણી માત્રના આત્મા, બાપાજી ! આપના વિના એમની સાથે અન્ય કઈ વ્યક્તિ વૈર કરે ? (૧૧) અરે બાપુજી ! જગતનાં ચાર પ્રકારના જીવો છે : એક તો (૧) કેવલ સર્વના ગુણોને જ જોનારા, (૨) બીજા ગુણ અને દોષ બન્નેને જુદા કરીને જોનારા, (૩) ત્રીજા કેવલ દોષને જોનારા, (૪) ચોથા ગુણને પણ અવગુણરૂપે જોનારા-આવા ચાર પ્રકારના જીવો છે. આ ચારથીયે જુદી કોટિના કોટિકોટિ દેવોથી પૂજાતા શિવજી તો સામાના દોષને અને અવગુણને પણ ગુણસ્વરૂપે જોનારા છે, એવા શિવજી સાથે આપને વૈરભાવ કરવો રુચ્યો ? પિતાજી ! આપે ખૂબ જ મોટો અનાચાર કર્યો. (૧૨) અથવા એમાં આપનો શો દોષ ? દુનિયાદારીનો ધારો છે કે જે જીવોએ પોતાના દેહને જ આત્મા માન્યો છે તે દેહાત્મવાદી જનો પાસે તો મહાપુરુષોની નિંદા - તિરસ્કાર ઈર્ષ્યા વિના બીજા શેની આશા રાખીએ ? મહાપુરુષના તેજને ના સહી શકતા તેઓ તો નિંદા વિના કરે પણ શું ? મહાપુરુષો તો નિંદા કરનારા ખલજનોની ક્ષુદ્ર ચેષ્ટાને ધ્યાનમાં લેતા જ નથી, મહાપુરુષોની પદરજ તો દુષ્ટજનોનો તેજોવધ કરી નાખે છે. તેથી મહાપુરુષોની નિંદા જેવું અધર્મ કાર્ય તો દુષ્ટજનોને જ છાજે. હે પિતાજી ? આપે શિવજીને જરાય ના જાણ્યા સાંભળો ! (૧૩)

ગુણ ઉપર ગુણ કરે એ તો રીત જગતમાં પ્રકાશ, અવગુણ ઉપર ગુણ કરે તે તો મોટા હરિના દાસ;
દાસ દોષ સહુ ના સંતાડે, ગુણ હોય અલ્પ તે અધિક દેખાડે, સાગર લાંછન વિષ શિવે પીધું શશીયશ પ્રગટ લલાટે દીધું.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.

અરે પિતાજી ! કેવલ "શિવ" એટલા બે અક્ષરનું નામ બોલીએ તોપણ કલ્યાણ થઈ જાય છે. અને પાપપુંજ દૂર થઈ જાયછે, એમની સાથે આપે વૈર બાંધ્યું. પિતાજી આ શું કર્યું ? આપ મારા પતિ સાથે વૈર કરી બેઠા ? હું હવે કેમ જીવી શકીશ ? આપે શિવજીને ના પિછાણ્યા ? તાત ! જે સદાશિવની આજ્ઞાને કોઈ લોપી શકતું નથી એવા પવિત્ર કીર્તિ શંકરપ્રભુનો આપે દ્વેષકર્યો, ખરે ! આપ જ અમંગલરૂપ છો. શિવજી તો સદાશિવ છે. (૧૪) મોટા જ્ઞાની પુરુષોના મન-મધુકરો બ્રહ્માનંદ રસ-મકરન્દની લાલસા ધરતા શિવજીના ચરણકમલને સદા સાદર સેવે છે, આવા દયાળુ ભગવાન સામે શાને બાખડી બાંધી ? સકામ ભક્તો માટે પણ એમનું ચરણકમલ તો કલ્પવૃક્ષ સમાન છે. પિતાજી ! પુત્રી જેના ઘરમાં હોય તેની સાથે વૈર બાંધી શો લાભ મેળવવીએ ? મારા નાથ તો દયાળુ છે. (૧૫) શ્મશાનની માલા-ખપ્પર-ભસ્મના શૃંગાર સજતા, વિખરાયેલી જટાવાળા જટાધર યોગીરાજને આપના વિના "અશિવ" એવું નામ કોણ આપે ? કેવલ બ્રહ્માદિ દેવો જ એમના મંગલ સ્વરૂપને જાણે છે અને તેઓશ્રીના ચરણનિર્માલ્યને મસ્તકે ધારણ કરે છે. (૧૬) શાસ્ત્રનો એક ઉપદેશ છે કે જો ક્યાંય પણ સંત, ભગવાન, ધર્મ કે મહાપુરુષોની નિંદા થતી હોય તેને જો રોકી ન શકીએ તો કાનમાં આંગળીઓ નાખીને ચાલ્યા જવું. જો શક્તિ હોય તો બકવાસ કરતા તે ખલની જીભ ખેંચી કાઢવી. પણ જો આ બેમાંથી કાંઈ ન બને તો આખરે પ્રાણ ત્યજી દેવા, પણ પુણ્ય જનોની નિંદા તો ન જ સાંભળવી. (૧૭) પિતાજી ! આપે શંકરભગવાનની નિંદા કરી છે. આ દેહ આપે આપ્યો છે. હવે આ દેહ શિવજીની સેવામાં શી રીતે વાપરીશ ? જે ભગવાન સર્વ જીવના રક્ષણ માટે ઝેર પીને નીલકંઠ બન્યા, તે દયાળુનો આપે દ્વેષ કર્યો. વિષવાળો ખોરાક ઓકી નાંખતાં દેહશુદ્ધિ થાય તેમ આ દેહ ત્યજતાં આત્મશુદ્ધિ થશે અનેબીજા પવિત્ર બાપને બારણે જન્મ લઈ દેહ મેળવી મહાદેવની સેવા કરીશ. (૧૮) ભગવાન શંકર લોકનિષ્ઠ નથી, એ તો બ્રહ્મનિષ્ઠ છે. એ કોઈ લોકસુખફલોમાં ઓછા રમે છે ? બ્રહ્મનિષ્ઠને વિધિનિષેધો પાળવાના નથી હોતા. એઓ તો પ્રવૃત્તિમાર્ગ અને નિવૃત્તિમાર્ગ એ બન્ને માર્ગોથી પર થઈને જ

રહ્યા હોય છે. (૧૯) ફળમાં અનુરાગવાળાએ પ્રવૃત્તિમાર્ગે અને ફળમાં વિરાગવાળાએ નિવૃત્તિમાર્ગે ચાલવું રહ્યું. બન્ને એક સાથે એક વ્યક્તિમાં રહી કેમ શકે ? શંકરજી તો બ્રહ્મમય છે માટે નિવૃત્તિ કે પ્રવૃત્તિ કર્મમાંનું કાંઈ એમને કરવાનું નથી હોતું. પિતાજી, મારા પતિનો પંથ નિરાળો છે. એમનું ઐશ્વર્ય પણ નિરાળું છે. તે ઐશ્વર્ય, યજ્ઞના પુરોડાશમાં જ તૃપ્તિ માનનારા અને સ્વર્ગને જ સમસ્ત સુખ માની વિરમી જનારને ક્યાંથી મળવાનું ? (૨૦-૨૧) હે પિતાજી ! આ શરીર હવે શિવજીની સેવા માટે ઉપયોગી ન રહેવાનું હોય તો પછી સાચવી રાખવાનું કારણ શું ? આ દેહથી હવે કાર્ય પૂર્ણ થયું ! વળી આ દૂષિત જન્મથી હવે હદ થઈ. મહાપુરુષોનો અપરાધ કરનારથી જન્મેલ દેહની જરૂર શી ? ધિક્કાર હો એ દેહને ! (૨૨) મને કો'કવાર ધર્મનિષ્ઠ ભગવાનશંકર "દક્ષકુમારી" કહીને જો સંબોધશે કે તે નામે બોલાવશે તો મારાં આનંદ, વિનોદ અને સ્મિત હાસ્યને ઓસરી જતાં વાર નહીં લાગે. તે કરતાં તો આપનાથી જન્મેલ શબ સમા શરીરને ત્યજવામાં જ સુખ સમાયેલ છે. (૨૩) મૈત્રેય મહર્ષિએ કથા પ્રસંગનું કથન કરતાં આગળ વધતાં કહ્યું કે હે શત્રુતાપન ! હે શ્રીવિદુરજી આ પ્રકારે અંતિમ નિર્ણય કરી, મૌનને અવલંબીને સતી ઉત્તર દિશામાં ભૂમિ-ઉપર આસન લગાવી, પીત વસ્ત્ર ધારણ કરી, આચમન કરી, આંખો મીંચી, શરીર છોડવા માટે કૃતનિશ્ચયી બન્યાં. (૨૪) પુનઃ શરીરને સ્થિર કરી દીધું. પ્રાણ અપાન વાયુને એકરૂપ બનાવી નાભિચક્રમાં એટલે મણિપૂરચક્રમાં સ્થિર કર્યો. ત્યારબાદ ઉદાન વાયુને ઉપર ઉઠાવીને ધીરેધીરે હૃદયમાં સ્થિર કર્યો ! ત્યારપછી વક્ષસ્થલમાં કંઠદેશથી નીચે વિશુદ્ધચક્રમાં સ્થિરકરી, ત્યાંથી ઉઠાવી ભ્રૂકૂટિની મધ્યમાં આજ્ઞાચક્રમાં લાવીને મૂક્યો. (૨૫) ભગવાનશંકરે સતીજીના શ્રીઅંગને વારંવાર પોતાની ગોદમાં સ્થાપેલ તે દેહને દક્ષપ્રજાપતિ ઉપરના રોષને લીધે ત્યજવાને ચાહતાં મનસ્વિની સતીદેવીએ પોતાના દેહમાં આજે ભગવાન શંકરના ધ્યાન સાથે અગ્નિ અને વાયુની સ્થાપના કરી દીધી. (૨૬) આમ અગ્નિવાયુની ધારણા કર્યાબાદ જગદ્ગુરુ અને પોતાના સ્વામીનાથ શંકરજીના ચરણકમલ મકરન્દનું ચિંતન કરતાં સતીનો નિષ્પાપ દેહ સમાધિના અગ્નિથી ક્ષણમાં ભસ્મ થઈ ગયો. (૨૭) આ દૃશ્ય દેખનારા દેવો આકાશમાં અરે ! અરે ! આ શું ? આ શું ? એવો ભારે હાહાકાર કરવા લાગ્યા. સર્વત્ર અરેરાટી પ્રસરી ગઈ. ભગવાન શંકરના પ્રાણતુલ્ય પ્રિય શ્રી સતીદેવીને બાપે જ ગુસ્સે કર્યાં અને આ પરિણામ આવ્યું. (૨૮) દક્ષને તો સમસ્ત વિશ્વની સંતતિ પોતાનાં સંતાન મનાય. આવા દક્ષે વહાલસોયી દીકરીને પ્રેમ-માન આપવાં જોઈએ ત્યાં કન્યાનો ત્યાગ કર્યો ! જોયું ભાઈ ! બાપે પોતાનો ત્યાગ કર્યો તેના આઘાતે પુત્રીએ પ્રાણનો ત્યાગ કર્યો. (૨૯) આનું પરિણામ સારું નહીં આવે, અત્યંત અદેખા અને બ્રહ્મદ્રોહી દક્ષ દુનિયામાં અપકીર્તિ પામશે. કેવું કાળજું કઠોર કે મરતી પુત્રીને બાપે અટકાવી પણ નહીં ? (૩૦) જનસમૂહ બીજું તો શું કરે ? પોતાની લાગણી વાણીથી પ્રક્ટ કરી રહ્યો હતો ત્યાં જ સતીના દેહને યોગાગ્નિથી થયેલા દાહને દેખી દુઃખી થયેલા, રોષે ભરાયેલા શંકરભગવાનના પાર્ષદો અને ગણો દક્ષનો વધ કરવા આયુધો લઈ ઊભા થયા. (૩૧) આ મુશ્કેલી જોઈ ભૃગુઋષિએ યજ્ઞના વિઘ્નનો નાશ કરનારા યજુર્વેદના ઈત્યાદિ મંત્રોથી દક્ષિણાગ્નિમાં હોમ શરૂ કર્યો. (૩૨) આ પ્રમાણે સામાને કે શત્રુને મારવા માટે અભિચાર એટલે મારણમંત્રોથી ભૃગુઋષિએ હોમ કર્યો ત્યારે પૂર્વના તપથી ચંદ્રલોકને પામેલા ઋભુ નામના દેવો યજ્ઞકુંડમાંથી પ્રકટ થયા. (૩૩) બ્રહ્મર્ષિ ભૃગુના મંત્રથી અને બ્રહ્મતેજથી તેજસ્વી બનેલા ઋભુઓ બળતાં લાકડાનાં આયુધો લઈ તૂટી પડ્યા ત્યારે દેવો અને ગુહ્યકો દશેદિશામાં પલાયન કરી ગયા. (૩૪)

तैरलातायुधैः सर्वे प्रमथाः सहगुह्यकाः । हन्यमाना; दिशो भेजुरुशद्भिर्ब्रह्मतेजसा ॥ ३४ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના ચતુર્થસ્કંધનો વિસર્ગલીલા ધર્મપ્રકરણ સતી દેહ વિસર્જન નામનો ચતુર્થ અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૫મો

[આ અધ્યાયમાં ૨૬ શ્લોકો છે. આમાં દક્ષના યજ્ઞનો નાશ, તેમજ પાપોના પરિણામે દક્ષપ્રજાપતિના નાશની કથા આવે છે.]

भवोभवान्या निधनं प्रजापतेरसत्कृताया अवगम्य नारदात्।स्वपार्षदसैन्यं च तदध्वरर्भुभिर्विद्रावितं क्रोधमपारमादधे ॥ १ ॥

પ્રસંગોપાત્ કથાનું નિરૂપણ કરતા મૈત્રેયમુનિએ કહ્યું કે વિદુરજી ! પિતાના તિરસ્કારથી સંતાપ પામી સતીએ શરીર

ત્યજ્યું અને ઋભુ નામના દેવોએ ભગવાનના પાર્ષદોને નસાડી મૂક્યા આ વાત નારદજીએ ભગવાન શંકરજીને જણાવી. આથી રુદ્રજીને રોષ થયો. (૧) દાંતોની વચમાં હોઠ પીસવા લાગ્યા. પોતાની પીળી અને લાલ વીજળી જેવી જટાઓ ઉખાડી. બાદ એકાએક ઊભા થઈ ગયા. ભયંકર હાસ્ય કરતાં કરતાં ધૂર્જટિએ જમીન ઉપર જટાઓ પછાડી. (૨) જમીન ઉપર પછાડેલી જટામાંથી વિશાળ કાયા ધરાવતા, દેહથી આકાશને અડકતા, મેઘ જેવા શ્યામવર્ણા, સૂર્યસમા તેજસ્વી, ત્રણ નેત્રવાળા, વિકરાળ દાઢોવાળા, અગ્નિની જ્વાળા જેવી લાલ જટાવાળા, ખોપરીની માળા ધારણ કરતા "વીરભદ્ર" નામના ઊંચા આયુધવાળા શંકરજીના ગણ ઉત્પન્ન થયા. (૩) પ્રકટેલા વીરભદ્રજીએ બન્ને હાથ જોડ્યા, વિનંતિ કરવા લાગ્યા કે કહો નાથ ! શી આજ્ઞા છે ? મારે શું કાર્ય કરવાનું છે ? આપે મને ઉત્પન્ન કરવાનો શ્રમ કેમ લીધો ? ત્યારે શિવજીએ આજ્ઞા કરી, વીરભદ્ર ! આપ મારા સૈન્યના પ્રધાનસેનાપતિ બનો અને જલદી જઈ યજ્ઞ સાથે દક્ષપ્રજાપતિનો નાશ કરો. (૪)

વીરભદ્રનું પ્રયાણ

શિવજીની આજ્ઞા શિરે ચઢાવી, શ્રી વીરભદ્રજીને ભગવાન શંકરની પ્રદક્ષિણા કરી ત્યારે ભગવાનની શક્તિએ વીરભદ્રમાં પ્રવેશ કર્યો. તેથી હે વિદુરજી ! વીરભદ્રજીને અનુભવ થયો કે હવે હું ખરેખર, અજેય છું. સંસારમાં મારો કોઈ સમોવડિયો નથી. (૫) મારે મહાનમાં મહાનનો મુકાબલો કરવો હોય તો પણ હું સમર્થ છું એમ માની વીરભદ્રજી ભયંકર સિંહગર્જના કરતા અને મૃત્યુને પણ મહાત કરે એવું ત્રિશૂલ હાથમાં ઉપાડી દોડવા લાગ્યા ત્યારે તેમના પગના ઘૂઘરા ખૂબ ખખડી રહ્યા હતા. એમની પાછળ બીજા પાર્ષદો પણ દોડી રહ્યા હતા. (૬) આ બધા દક્ષના યજ્ઞમંડપ પાસે આવી રહ્યા હતા ત્યારે યજ્ઞવિધિ કરતા ઋત્વિજો, બ્રાહ્મણો, દક્ષપ્રજાપતિ, સભાસદો અને વિપ્રપત્નીઓ વગેરે ઉત્તર દિશામાં ઊડતી ધૂળની ડમરીઓ જોઈ વિચારમાં પડી ગયાં કે દિશાઓને અંધારી કરી દેતી ધૂળ ક્યાંથી આવી રહી છે ? (૭) વળી વિચાર્યું કે અત્યારે ક્યાંય આંધીના એંધાણ તો માલૂમ પડતાં નથી. વળી ખલનું શાસન કરનાર ઉગ્ર દંડ દઈ શકતા રાજા પ્રાચીનબર્હિનું રાજ્ય ચાલે છે તેથી કોઈ ચોરો, ગાયોને ચોરી જવાનો સંભવ નથી, પછી ધૂળ ઊડે જ ક્યાંથી ? તો શું આ ત્રિલોકીનો પ્રલય તો થવાનો નહીં હોય ને ? (૮) આ સમયે મુઝાયેલાં દક્ષપત્ની શ્રી પ્રસૂતિજી અને અન્ય સ્ત્રીઓ બોલી ઊઠ્યાં, કે આ અપરાધ વગરની દીકરી સતીનો બાપે બધી બહેનોની વચમાં અનાદર કર્યો એના પાપનું જ આ પરિણામ છે. (૯) અથવા તો રુદ્રમૂર્તિ ભગવાન રુદ્રજીનું અપમાન કર્યું તેનું જ આ કારણ છે. આ તો રુદ્ર જ્યારે પ્રલયનો સમય આવે ત્યારે બાંધેલી જટાઓને વિખેરી નાખી, હસ્તોમાં ત્રિશૂલ વગેરે શસ્ત્રોને લઈને તાંડવ નૃત્ય કરે છે એ ટાણે ઊંચે ઊછળતા ત્રિશૂલનાં ત્રણ પાંખિયાથી દિગ્ગજો વીંધાઈ જાય છે અને વાદળો તૂટી પડે છે અને અટ્ટહાસ્યથી દિશાઓ ચિરાઈ જાય છે. (૧૦) આ સમયનું તેજ ભારે ઉગ્ર હોય છે, એમની વાંકી ભ્રૂકુટિ જોઈ સૌ ગભરાઈ જાય છે,રોષે ભરાયેલા શંકર સામે વિધાતાની પણ ઊભા રહેવાની હિંમત નથી હોતી, તેમનો વિરોધ કરી કોણ કલ્યાણ પામી શકે ? (૧૧) આવી તરેહ તરેહની વાતો યજ્ઞમંડપમાં ચાલતી હતી, ત્યાં જ યજ્ઞમાં આકાશમાં અને પૃથ્વીમાં અસંખ્ય ઉત્પાતો થવા લાગ્યા. (૧૨) કોઈ નગર ઉપર લશ્કર તૂટી પડ્યું હોય તેમ પ્રજાપતિ દક્ષના યજ્ઞ ઉપર પીળા, પિંગળા, ઠીંગણા મગર જેવાં પેટ અને મુખવાળા શસ્ત્રધારી સેંકડો રુદ્રગણો તૂટી પડ્યા. (૧૩) કોઈએ યજ્ઞનાં પાત્રો તોડી નાંખ્યાં તો કોઈએ પૂર્વ-પશ્ચિમ સ્તંભ ઉપરનું કાષ્ટ ભાંગી નાખ્યું, તો કેટલાક ગણોએ યજ્ઞશાળાની પશ્ચિમ દિશાએ આવેલી પત્નીશાળાનો નાશ કરી નાખ્યો. ત્યારે કોઈ પાર્ષદોએ યજ્ઞશાળાની સામેનો સભામંડપ અને મંડપની આગળ ઉત્તર દિશાએ આવેલી આગ્નીધ્રશાળાનો નાશ કર્યો, તો કેટલાકે યજમાનગૃહ અને પાકઘરનો નાશ કર્યો. (૧૪) કોઈએ યજ્ઞનો નાશ કર્યો, તો કોઈએ અગ્નિકુંડોને દૂષિત કર્યા, તો કોઈએ અગ્નિ બુઝાવી નાખ્યા, તો કોઈએ યજ્ઞનાં પાત્રો ભાંગી નાખ્યાં, તો કેટલાક ગણોએ વેદીઓ ઉખાડી નાખી, તો કોઈએ વળી મેખલા ભાગી નાખી. (૧૫) કેટલાક ઋષિઓને મારવા લાગ્યા ત્યારે કેટલાક સ્ત્રીઓને તતડાવા લાગ્યા. ત્યાં ભાગી જતા અને હડફેટમાં આવતા દેવોને

પકડી લીધા. (૧૬) વીરભદ્રે દક્ષપ્રજાપતિને, મણિમાને ભૃગુને, ચંડીશે પૂષાદેવને અને નંદીશ્વરે ભગદેવને પકડી લીધા. (૧૭) ભગવાનના પાર્ષદો દેવોને, ઋષિઓને, સભાસદોને તાકી તાકીને પથ્થરો મારવા લાગ્યા ત્યારે દેવો વગેરે ફાવે ત્યાં નાસી જવા લાગ્યા. (૧૮) આ અવસરે યજ્ઞમાં હોમ કરતા ભુગુઋષિનો શ્રુવઃ "પડાવી લીધો અને દાઢીમૂછ ખેંચી કાઢ્યાં. કારણ કે મહાદેવજીની મજાક કરતાં તે દાઢી અને મૂછ ઉપર તાલ દેતા હતા. ત્યાં તો નંદીશ્વરે "ભગદેવ" ની ખબર લઈ નાખી. ભગદેવે દક્ષપ્રજાપતિ જ્યારે શિવજીનો તિરસ્કાર કરતા હતા ત્યારે આંખના અણસારાથી ઉશ્કેરી વધુ અપમાન કરવા દક્ષપ્રજાપતિને પાનો ચઢાવ્યો હતો; તેથી તેની આંખ કાઢી લીધી. (૨૦) વીરભદ્રગણે પૂષાના દાંત, જેમ કલિંગ દેશના રાજાના દાંત બલભદ્રજીએ તોડી નાંખ્યા હતા તેવી જ રીતે તોડી નાખ્યા; કારણ કે ભગવાન શંકરની નિંદા થતી હતી ત્યારે તે હસ્યા હતા. (૨૧) અંતમાં દક્ષપ્રજાપતિની છાતી ઉપર બેસીને ધારદાર તલવારથી માથું છેદવા લાગ્યા પણ માથું ધડથી અલગ ન થયું (૨૨) તેમજ કોઈ ધારદાર ઓજારથી જ્યારે ચામડી ઉપર ઉઝરડો સરખોય ન પડ્યો ત્યારે તેમને અતિશય નવાઈ લાગી કે હવે શું કરવું ? (૨૩) આખરે ગળે ટૂંપો દઈ દક્ષના પ્રાણ લીધા. આ દૃશ્ય જોઈ ભૂત-પ્રેત-પિશાચો વીરભદ્રની વાહવાહ પોકારવા લાગ્યાં. (૨૪) ત્યારે બ્રાહ્મણોને અરેરાટી છૂટી, તેઓ બોલ્યા, આ તો ગજબ થયો. અંતે પ્રજાપતિદક્ષના મસ્તકને દક્ષિણાગ્નિમાં હોમી દીધું. યજ્ઞના આખા સ્થાનને સળગાવી દઈ મેદાન બનાવી દઈ વીરભદ્ર ત્યાંથી કૈલાસ તરફ ચાલ્યા ગયા. (૨૫-૨૬)

जुहावैतत् शिरस्तस्मिन् दक्षिणाग्नावमर्षितः । तद् देवयजनं दग्ध्वा प्रातिष्ठद् गुह्यकालयम् ॥ २६ ॥

શ્રીમદ્ ભાગવત પીયૂષ ચતુર્થસ્કંધમાંનો વિસર્ગલીલાના ધર્મ પ્રકરણનું નિરુપણ કરતો, દક્ષયજ્ઞ વિધ્વંસનું વર્ણન કરતો પાંચમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય છઠ્ઠો

[આ છઠ્ઠા અધ્યાયમાં કુલ ૫૩ શ્લોકો છે. આ શ્લોકોમાં પ્રથમ ત્રણ શ્લોકોમાં દેવોનું બ્રહ્માજી પાસે ગમન; બ્રહ્માજીએ દેવોને આપેલ ઉપદેશ; અલકનંદાકૈલાસનું વર્ણન; શિવજીની સ્તુતિ અને પ્રાર્થના આ પાંચ પ્રકરણોનું ક્રમશઃ ૪-૩-૩૩-૮-૫, શ્લોકોમાં કરવામાં આવશે. દેવોએ યજ્ઞમાં જવાનો અપરાધ કર્યો હતો તેની ક્ષમા માગવા અને બ્રહ્માજી પોતાના પિતાજી હોવાથી, પોતાના પક્ષપાતથી શિવજીને ઠપકો આપશે અથવા કાંઈક કહેશે આવી ભાવનાથી બ્રહ્માજી પાસે ગયેલા પરંતુ બ્રહ્માજીએ દેવોએ અપરાધ કરેલો હોઈ દેવોને જ ઠપકો આપ્યો અને પોતે અને શિવજી એક જ સ્વરૂપ છે એવો દેવોને વિવેક આપ્યો અને શિવજીના સ્વરૂપનું ભાન કરાવ્યું આ કથાપ્રસંગ આવશે.]

मैत्रेय उवाच –ः अथ देवगणाः सर्वे रुद्रानीकैः पराजिताः । शूलपट्टिशनिर्स्त्रिंशगदापरिघतोमरैः ॥ १ ॥

મુનિ મૈત્રેય બોલ્યા કે સંત વિદુરજી ! દેવોનો, મહાપુરુષોનો કે કોઈનો પણ જ્યારે દ્રોહ કરીએ ત્યારે તેનું ફળ ખૂબ જ ખરાબ ભોગવવું પડે છે. દક્ષ અને દક્ષના અનુયાયીઓએ જ્યારે વિના કારણે શંકર ભગવાનનો તિરસ્કાર કર્યો ત્યારે દ્રોહના ફળ સ્વરૂપે યજ્ઞનાશ, દક્ષનાશ વગેરે અનેક અમંગલો ભોગવ્યાં. તેથી મંગલ ચાહનારે કોઈનુંય બૂરું કરવું નહીં. યજ્ઞના દેવોની હાર થઈ. તેઓ ત્રિશૂલ, તલવાર, ગદા, ભોગળ, મુગ્દગળ વગેરે શસ્ત્રો સામે ટકી ન શક્યા અને હારીને બ્રહ્માજીને શરણે ગયા. બ્રહ્માજીની પાસે જઈ દેવોએ ત્યાં બનેલ આખો પ્રસંગ વર્ણવી સંભળાવ્યો. બ્રહ્માજી અને વિષ્ણુજી તો જાણતા જ હતા કે આવું પરિણામ આવશે જ એટલે પ્રથમથી યજ્ઞમાં ગયા જ ન હતા. ૧-૩.

દેવોને બ્રહ્માજીનું માર્ગદર્શન અને કૈલાસ તરફ પ્રયાણ

બ્રહ્માજીએ કહ્યું કે હે દેવો ! કોઈ સમર્થ પુરુષથી કોઈ દોષ થઈ જાય તો પણ તેનો વિરોધ કે અપરાધ ન કરવો જોઈએ. જો તેઓનો અપરાધ કરીએ તો કદાપિ આપણું કલ્યાણ ન થાય (૪) શિવજી તો નિર્દોષ છે, મહાન છે, યજ્ઞભાગના અધિકારી છે, દક્ષે તેમનો બહિષ્કાર કરી યજ્ઞ કર્યો. આવા યજ્ઞમાં તમારે ભાગ લેવો જોઈતો ન હતો. હવે એક જ ઉપાય છે. શિવજી સરલ છે. તમે સર્વ શુદ્ધ હૃદયથી તેમની સમીપે જઈ ચરણગ્રહી ક્ષમા માગો. તેઓ આશુતોષ હોઈ શીઘ્ર પ્રસન્ન થશે. (૫) જો તેઓ કોપશે તો પ્રલય સર્જાશે. હે દેવો, આપની અભિલાષા હોય કે યજ્ઞનું પુનઃ અનુસંધાન થાય તો આપ એક કાર્ય કરો કે જે શિવજીનું સુકુમાર હૃદય દક્ષના મર્મ ભેદી વચનોથી વીંધાઈ ગયેલ છે, તેમ જ પ્રિયતમા

સતીદેવીના જેઓ વિરહી બન્યા છે તેઓને પ્રણામ કરી પ્રસન્ન કરો. અન્યથા પ્રલય સર્જાશે. (૬) હે દેવો શિવ ભગવાનની ભક્તિ-શક્તિ અને એમના તત્ત્વનું મને જ જ્ઞાન નથી તો દેવરાજ ઈંદ્રને, અન્ય દેવોને કે બીજાને ક્યાંથી હોય ! માટે સન્મુખ થવાથી સર્વ પ્રકારે ક્ષમા મળશે. (૭) મુનિવર મૈત્રેય બોલ્યા કે બ્રહ્માજીના આદેશાનુસાર બ્રહ્માજીની સાથે દેવોએ કૈલાસ તરફ પ્રયાણ કર્યું. (૮) આ કૈલાસને કેટલાક જન્મથી સિદ્ધિ પામેલા સિદ્ધજનો તો, કેટલાક ઔષદિ, તપ, યોગ, મંત્રથી સિદ્ધ થયેલા સિદ્ધો, કિન્નરો, ગન્ધર્વો અને અપ્સરાઓ નિત્ય સેવે છે. (૯) આ કૈલાસનાં વિવિધ મણિઓનાં શિખરો સૂર્યના પ્રકાશમાં રંગબેરંગી લાગે છે, લતાકુંજ અને અનેક પ્રકારનાં વૃક્ષોની ગીચ ઝાડીવાળો કૈલાસ, શિવજી જેટલો જ પવિત્ર લાગે છે. (૧૦) કૈલાસની ગુફાઓ અને શિખરો સિદ્ધ લોકોની સ્ત્રીઓનું આકર્ષણ સ્થાન હતું. ત્યાં અનેક શીતલ સલિલનાં ઝરણાં અને સરિતાઓ વહે છે. (૧૧) ત્યાં કલાપીના કેકારવ, ભ્રમરોના ગુંજારવ, કોકિલાનાં કૂજન અને પક્ષીઓના કલરવ તો, પક્ષીઓના સ્વરૂપે રહેલા સંત, સાધક ભક્તજનોની સત્સંગની વાતો હતી. (૧૨) મંદાર, પારિજાત, દેવદારુ, તમાલ, તાલ, શાલ, કોવિદાર, અસન, આમ્ર, કદંબ, લીમડા, નાગ, પુન્નાગ, લતાઓ સૌન્દર્યનો સદા વધારો કરે છે. (૧૩ થી ૧૫) ઉમરડા, ફણસ, પીપળા, વડ, ગૂગળ, પીપળ, હિંગોલ, ભૂર્જ વગેરે ઔષધિ તરુવરો તો સંત સમાં ભાસે છે. વળી સોપારી, રાજસોપારી, જાંબુ, ખજૂરી, આંબળા, આમ્ર, રાયણ, મહુડા, ઈંગોરિયાં, પોલાવાંસ અને અન્ય અનેક પ્રકારનાં તરુવરો તો પરમત્યાગી અને પરોપકારી મહાત્મા સમાં શોભી રહ્યાં હતાં. (૧૬-૧૮) ઉત્તમ સરોવરોમાં કુમુદ, નીલકમળ, કલ્હાર અને શતપાંખડી કમળોનાં વન સર્વના ચિત્તને આનંદ દેતાં હતાં. કમળોના મકરંદના અને સુવાસના લોભે બેઠેલાં પંખીઓના કલરવ મનોહરતા વધારી રહેલ છે. (૧૯) હરણ, વાનર, સૂકર, સિંહ, રીંછ, સાહુડી, રોઝ, શરભ, વાઘ, કડિયાર હરણ, પાડા, કલ્લોલુ, એકપદ, હરણ, કસ્તૂરીમૃગ, વરુ, અશ્વમુખ પશુઓ તો નિર્ભય થઈ નિત્ય વિચર્યા જ કરે છે. સર્વ જલાશયોના કિનારા કેળોના વનથી રમણીય લાગે છે. (૨૦-૨૧) વનમાં નંદા નામની નદી વહી રહી છે. એનાં જલ, જ્યાં જલ પ્રપાતમાં સતીના નિત્ય સ્નાનથી સુગંધિત અને પવિત્ર બને છે. સ્વપ્ને પણ નહિ નિહાળેલા કૈલાસ પર્વતને નીરખી દેવો ચકિત થઈ ગયા. (૨૨) આગળ વધતાં કુબેરની અલબેલી અલકાપુરી નગરી અને સૌગન્ધિક નામના વનનાં દર્શન કીધાં. (૨૩) અલકાપુરી નગરીની બહાર નંદા અને અલકનંદા નામની નદીઓ આવેલી છે. ભગવાન શંકરની ચરણરજથી તે અતિ પાવન બનેલી છે. (૨૪) આ સરિતાઓમાં દેવદેવાંગનાઓ જલવિહાર કરી પોતાના પતિઓને જલથી ભીંજવી રહી ક્રીડાના થાક ઉતારે છે. (૨૫) દેવાંગનાના અને દેવોના અંગોના ધોવાયેલા કેસરથી કેસરિયા અને સુગન્ધવાળા જલમાં પાન કરતા અને પોતાની હાથણીઓને પાન કરાવતા હાથીઓ ધરાતા જ નથી. (૨૬) વિમાનોની હારમાળાઓથી સદા આકાશ ઘેરાયેલું જ રહેતું. કુબેર મહારાજની રાજધાનીને વટાવીને દેવો સૌગન્ધિક વનમાં આવી પહોંચ્યા. (૨૭) આ વનના રંગબેરંગી કુસુમવાળાં કલ્પતરુવરો નીરખી ને દેવોનું મન પાવન થયું. (૨૮) આ વનમાં કોકિલ આદિ પક્ષીઓનાં કૂજન અને કલરવ, ભ્રમરોનો ગુંજારવ, થઈ રહ્યો હતો તેમજ આ વન રાજહંસોને અત્યંત પ્રિય એવાં કમલકુસુમોથી વિભૂષિત સરોવરથી સુમંડિત હતું. (૨૯) વનનાં હરિચંદન વૃક્ષોનાં થડોને ચળ મટાડવા કાયા ઘસતા હાથીઓથી છોલાયલાં વૃક્ષોને સ્પર્શીને આવતો સુવાસિતવાયુ યક્ષપત્નીઓના મનને હચમચાવી મૂકે છે. (૩૦) મધુરજલની મનોહર વાપિકામાં ઊતરવા માટે વૈડૂર્યમણિનાં પગથિયાં છે. વાપિકાઓમાં વિવિધ પ્રકારનાં કમલો વિકસિત હતાં. કિંપુરુષો આ શાંત પ્રદેશમાં મનની શાંતિ મેળવવા આવ્યા હતા. (૩૧)

ભગવાન ધૂર્જટિનાં દર્શન

વનને વટાવી આગળ વધતા દેવોની દૃષ્ટિને, એક વિશાળ વટવૃક્ષે હરી લીધી. સો યોજનાના ઊંચાઈવાળા અને પંચોતેર યોજનના ઘેરાવવાળા, ચારે બાજુ ફરતી અવિચળ છાયાવાળા અને પક્ષીઓના માળા વિનાના વટવૃક્ષનાં દર્શન થવાથી કોઈ સંતવરનાં દર્શનનો સંતોષ થયો. (૩૨) એ વિશાળકાય વટવૃક્ષની નીચે રોષને નેવે મૂકીને બિરાજેલા મુમુક્ષુના

શરણસ્વરૂપ, અત્યંત શાંત, પ્રસન્ન, ભગવાન સદાશિવની ઝાંખી થઈ. (૩૩) સનત્કુમારો, સિદ્ધો, યક્ષો, કુબેરજી, શાંતસ્વરૂપ ભગવાનશંકરની સેવા કરી રહ્યા હતા. રાક્ષસોના અધિપતિ શ્રી કુબેરજી શિવજીના સખા થવા ભાગ્યશાળી થયા હતા. તેઓ પણ શિવજીની સેવા કરી રહ્યા હતા. (૩૪) વિશ્વના વહાલા ભગવાન વિશ્વંભર, વિશ્વના સાચા બંધુ નીલકંઠ ભગવાન કેવલ વિશ્વકલ્યાણ માટે જ સમાધિ, ઉપાસના, ચિત્તની એકાગ્રતા વગેરે સાધનો કરે છે. (૩૫) સંધ્યાકાલના મેઘના જેવી કાંતિવાળા શ્રી શંકરભગવાનના શ્રીઅંગ ઉપર ભસ્મ દીપી રહી હતી. શિર પરની જટા, દંડ, મૃગચર્મ અને લલાટમાં બીજના ચંદ્રને ધારણ કરતા શિવજીનું દર્શન એ તો પરમ સૌભાગ્ય મનાય. (૩૬) સમીપમાં બિરાજેલા નારદજીને સદાશિવ જ્ઞાનોપદેશ કરી રહ્યા હતા, ભગવાન સદાશિવજીએ જમણી સાથળ ઉપર વામચરણ પધરાવી અને વામચરણ ઉપર હાથ રાખી, હાથના કાંડામાં બેરખો ધારણ કરી, પ્રથમ આંગળી અને અંગૂઠાને જોડી, પણ બાકીની આંગળીઓ સીધી રાખી બનાવેલી તર્કમુદ્રાવાળા, જ્ઞાનનિધિ શંભુજી દર્ભાસને બિરાજ્યા હતા. (૩૭-૩૮) બ્રહ્માનંદમાં નિત્ય ડૂબેલા, બગલમાં યોગપટ્ટ એટલે લાકડાની ઘોડી રાખી બિરાજેલા, જ્ઞાનમંદિર સદાશિવજીને લોકપાલો સાથે દેવોએ અને મુનિવરોએ પ્રણામ કર્યા. (૩૯) ભગવાન સદાશિવે આંગણે પધારેલા બ્રહ્માજીને નીરખ્યા. આનંદ ઉરમાં આવી ગયો અને ઊભા થઈ આવેલા અતિથિવરનો આદર કર્યો. ભગવાન વામન પિતૃભાવે પિતૃચરણ શ્રીકશ્યપ મુનિને જેમ પ્રણમે તેમ વિવેકનિધિ ભગવાન શ્રી નીલલોહિતે નમસ્કાર કર્યા. (૪૦) અન્ય સિદ્ધિગણોએ પણ શ્રી ચન્દ્રમૌલિ ભગવાનને પ્રણામ કર્યા. બ્રહ્માજીએ અને સર્વ દેવોએ શિવજીથી સન્માન પામી પ્રણામ કરી આસનોને અલંકૃત કીધાં. (૪૧)

આઠ શ્લોકોથી બ્રહ્માજીનું નિવેદન અને સ્તુતિ

વિશ્વવિધાતા બ્રહ્માજી હસતાં હસતાં બોલ્યા કે આપ સકલ વિશ્વના સ્વામી છો એવું હું સમજું છું. એ પણ જાણું છું કે વિશ્વની યોનિ જે પ્રકૃતિ છે, તેનું જે બીજ, પુરુષ છે તેનાથી પર જે એકરસ બ્રહ્મ છે તે આપ જ છો. (૪૨) પ્રકૃતિ અને પુરુષના સંયોગવાળા એક જ આકારમાં ક્રીડા કરતા કરોળિયાની માફક આ વિશ્વની રચના કરો છો, સંભાળો છો અને સમેટી લો છો. આપે જે ધર્મની અને અર્થની પ્રાપ્તિ કરનાર વેદ ભગવાનની રક્ષા કરવા માટે દક્ષ પ્રજાપતિને નિમિત્ત બનાવી યજ્ઞને પ્રકટ કરેલ છે. (૪૩) વર્ણ અને આશ્રમની વ્યવસ્થા આપે જ ગોઠવી છે. બ્રાહ્મણ વગેરે શ્રદ્ધાથી એનું જ પાલન કરે છે. (૪૪) મંગલમય શિવજી, શું ઝાઝું કહેવું ? શુભ કર્મ કરનારને સ્વર્ગ અને અશુભ કર્મ કરનારને નરક પણ આપની જ આજ્ઞા પ્રમાણે મળે છે આમ છતાં જો કોઈ વ્યક્તિ માટે ઊલટું ફળ જોવામાં આવે તો અપરાધ અને અનુગ્રહને લીધે જ આવું બને છે. (૪૫) નાથ ! આપની કૃપાનું એવું એક બળ છે કે ભકતો આપના ચરણને શ્રદ્ધાપૂર્વક સેવે છે તેમને તુચ્છ જનોની માફક કદી ક્રોધ થતો નથી. આપને તો ક્રોધ થાય જ ક્યાંથી ? દયાનિધિ ! એક વાતનું આપને નિવેદન કરું ! ભેદબુદ્ધિવાળા કર્મને જ બ્રહ્મ માનનારા, વાસનાથી ભરેલા, કોઈની ચઢતી જોઈ સદાય કાળજામાં બળનારા, વળી કટાક્ષ વચનોથી સર્વનાં હૃદયને વેધનારા જે તુચ્છ જીવો છે તે તો જાતે જ મરેલા છે. એમને મારવાના ક્યાં રહ્યા ? એ તો બિચારા દયાપાત્ર છે. (૪૭) ભગવાનની માયા પણ એવી છે કે ભલભલાને ભુલાવે છે. એવા માર્ગ ભૂલેલ ઉપર કૃપા કરવી રહી. હે નાથ ! મહાત્મા પુરુષોનો સ્વભાવ પરદુઃખનિવારક છે, વળી પર દુઃખને જોઈ નથી શકતા. આવા કોમળ સ્વભાવને લીધે જે કાંઈ બની જાય છે તેને નભાવી લે છે, તેમજ તેને થતાંને રોકી લે છે. (૪૮) હે શંભો ! આપ તો ભગવાનની અપાર માયાથી મોહ નહિ પામેલા સર્વજ્ઞ પ્રભુ છો. માયાથી મોહ પામેલા અને કર્મમાં જ આસક્ત રહેલા જીવો ઉપર આપે દયા કરવી રહી. મહારાજ ! અજ્ઞાનવશ આ દક્ષપ્રજાપતિએ યજ્ઞનું ફળ આપનાર આપનો જ યજ્ઞભાગ બંધ કર્યો એ કેવી જડતા ગણાય ! આપે જે યજ્ઞનો ભંગ કરાવ્યો તે યોગ્ય જ છે. હવે તે યજ્ઞનું પાછું સંધાન કરાવો. (૫૦) મારી વિનંતિ છે કે યજમાન દક્ષ સજીવ થાય, ભગદેવને આંખો પાછી મળે, ભૃગુમુનિનાં દાઢીમૂછ ઊગે, પૂષાદેવના દાંત ઊગે, ભાંગેલાં અંગવાળા દેવોનાં અને બ્રાહ્મણોનાં અંગ સરખાં થાય, આવી કૃપા કરો ! (૫૧-

૫૨) હે રુદ્રપ્રભુ ! હવેથી અમે નિર્ણય કરીએ છીએ કે યજ્ઞમાં જે ઉચ્છિષ્ટ એટલે ઉત્તમ વસ્તુ છે તેનું - અવશેષ રહે એનું આપને સમર્પણ કરવાનો વિધિ થાય ત્યારે યજ્ઞપૂર્ણ ગણાશે. આ માટે अग्नये स्विष्टकृते स्वाहा આવું બોલીને યજ્ઞની પૂર્ણાહુતિ આજે કરવામાં આવે છે. "ઉચ્છિષ્ટ"નો અર્થ જાણવો હોય તો અથર્વવેદના અગિયારમા કાંડના ચોથા અનુવાકના આરંભમાં જોવા મળશે.

एष ते रुद्रभागोऽस्तु यदुच्छिष्टोऽध्वरस्य वै । यज्ञास्ते रुद्रभागेन कल्पतामद्य यज्ञहन् ॥ ५३ ॥

શ્રીમદ્ભાગવત પીયૂષના ચતુર્થસ્કંધમાંના વિસર્ગલીલાના ધર્મપ્રકરણમાંનો શ્રીબ્રહ્માજીનું દેવો સાથે કૈલાસમાં પધારવું અને શિવજીનું મિલન થવું એ પ્રસંગનું વર્ણન કરતો છઠ્ઠો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૭મો

[આ અધ્યાયમાં ૬૧ શ્લોકો છે. શ્રી બ્રહ્માજી ભગવાન સદાશિવને યજ્ઞમાં પધારવા વિનવે છે, વળી દેવોના અંગો પુનઃ અનુસંધાન પામે તેમ પ્રાર્થે છે, તેથી ભગવાન શંકરે યજ્ઞમાં પધારી દક્ષને જીવિત કર્યા. યજ્ઞ આરંભ્યો, ભગવાન પ્રકટ થયા દેવોએ સ્તુતિ કરી અને યજ્ઞ પૂર્ણ કરાવ્યો. આ સર્વ પ્રસંગ આ અધ્યાયમાં આવશે.]

इत्यजेनानुनीतेन भवेन परितुष्यता । अभ्यधायि महाबाहो प्रहस्य श्रूयतामिति ॥ १ ॥

મુનિરાજ મૈત્રેય બોલ્યા, હે વિદુરજી ! બ્રહ્માજીએ હસતાં હસતાં શિવજીને નિવેદન કર્યું હતું, એનું કારણ હતું કે એક વાર આ દેવો જ યજ્ઞમાં જઈ યજ્ઞને ઉત્તેજન આપનારા હતા. આજે શિવજીના સામર્થ્યથી કેવા નમસ્કાર કરે છે. આવા દેવોના પ્રમાદને હસતાં હસતાં બ્રહ્માજી બોલી રહ્યા હતા. (૧) ભગવાન શિવજી પણ હસતાં હસતાં જ બોલ્યા કે આપણે કાંઈ બાળકો ઉપર ઓછા ક્રોધે ભરાયા હોઈએ છીએ. આ તો તે ભૂલ ન કરે માટે જરા આંખ કાઢીએ. બાકી માબાપના મનમાં કદી સંતાનોના દોષો રહેતા જ નથી. બ્રહ્માજી ! આપ તો સ્વયં પ્રજાના પિતા છો. મારા જેવા જ અનુભવી છો સંતાનોથી વહાલું શું ? આ તો શિક્ષા નથી, શિખામણ છે કે નીતિ ના ચૂકે. (૨) દક્ષપ્રજાપતિનું મસ્તક બળી ગયું છે માટે એમનું "અજ" મસ્તક બનો, ભગદેવતાની આંખો ગઈ છે તો તેઓ "મિત્ર" દેવની આંખથી જુઓ. (૩) પૂષાદેવતા પિષ્ટ-થૂલીનું ભોજન કરે અને યજમાનના દાંતથી જમે તેમજ જે દેવોએ મને યજ્ઞાવશિષ્ટ સામગ્રી આપી છે તે દેવોનાં અંગો સરખાં થાય. (૪) જે યજ્ઞ કરનારા અધ્વર્યુ હોતા વગેરે છે એમના હાથપગ પાછા સાજા થાય. ભૃગુની દાઢી-મૂછ પાછાં ઊગી જશે પણ બકરા જેવાં ઊગશે. સ્વર્ગના વૈદ્યોશ્રી અશ્વિનીકુમારો દેવોનાં અંગો સરખાં કરશે. (૫)

દેવોની પ્રસન્નતા અને યજ્ઞમાં પ્રસ્થાન

દેવો શિવજીનું વચન સાંભળી ખૂબ જ પ્રસન્ન થયા. મુખમાંથી "ધન્ય" "ધન્ય" ધ્વનિ કરવા લાગ્યા. ત્યાર પછી દેવો અને ઋષિઓ શિવજીને નમન કરી આજ્ઞા લઈ બ્રહ્માજીને અને શિવજીને સાથે લઈ યજ્ઞસ્થાનમાં આવી ગયા. (૭) ક્ષણવારમાં યજ્ઞપ્રદેશમાં ઉત્સાહ આવી ગયો. દેવો-ઋષિઓનાં અંગ સાજાં થઈ ગયાં. દક્ષપ્રજાપતિને "અજનું મસ્તક" મળી ગયું. (૮) આ પ્રમાણે શિરસંધાન થતાં શિવજીએ એના ઉપર માત્ર નજર કરી અને દક્ષપ્રજાપતિ સજીવન થયા, જાણે કોઈ ઊંઘમાંથી ઊઠે એમ ઊભા થયા. સમીપમાં કૃપા કરતાં શિવજીનાં દર્શન થયાં. (૯) પૂર્વે નિંદા કરી હતી; તેથી મલીન થયેલ દક્ષપ્રજાપતિનું મન આજ શ્રીસદાશિવજીનાં દર્શન કરતાં જ શરદઋતુના સરોવરના જલ જેવું નિર્મલ બની ગયું. (૧૦) પોતાના પ્રમાદે અને અપરાધે મરણ પામેલી સતીપુત્રીનું સ્મરણ થઈ આવ્યું. પુત્રીના સ્મરણે સ્નેહથી મન ભરાઈ આવ્યું. આંખો અશ્રુથી છલકાઈ ગઈ, કંઠ ગળગળો થઈ ગયો. કાંઈ પણ ઝાંઝું ન બોલી શક્યા. (૧૧) પુનઃ મહામતિ દક્ષપ્રજાપતિ એ મહામહેનતે મનને સ્વસ્થ કર્યું. પરિતાપનો પાર ન રહ્યો. મેં જેમનો તિરસ્કાર કર્યો, નિંદા કરી, તે જ દયાળુ સદાશિવજીએ મને સજીવ બનાવ્યો. કેવા કૃપાળુ ! દક્ષપ્રજાપતિ ભગવાનની સ્તુતિ વિના બીજું શું કરે ? તેથી સદાશિવજીની સ્તુતિ કરવા લાગ્યા તેમજ નમસ્કાર કરવા લાગ્યા. (૧૨)

સદાશિવ ભગવાનની પ્રજાપતિ દક્ષે કરેલ સ્તુતિ-ત્રિશ્લોકી

भूयाननुग्रह अहो भवता कृतो मे, दण्डस्त्वया मयि भृतो यदपि प्रलब्धः ॥
न ब्रह्मबन्धुषु च वां भगवन्नवज्ञा, तुभ्यं हरेश्च कुत एव धृतव्रतेषु ॥ १३ ॥

પ્રજાપતિ દક્ષ બોલ્યા, મહારાજ ! મેં તો આપની નિંદા અને અપમાન કરવામાં પાછી પાની નથી કરી, તો પણ આપે તો દયા કરી દર્શન આપ્યાં. મને જે દંડ કર્યો તે મારા ઉપર કૃપા કરી મને શુદ્ધ કરવા માટે કરેલ છે. આપનો અને ભગવાન વિષ્ણુનો તો સ્વભાવ છે કે કેવલ નામ માત્રથી બ્રાહ્મણ હોય તેની પણ કાળજી કરો છો તો પછી યજ્ઞયાગ કરનાર બ્રાહ્મણોની દરકાર કરો જ કરો એ તો સ્વાભાવિક છે. (૧૩) હે નાથ ! આપે તો વેદ અને ધર્મની રક્ષા કરવા માટે વ્રત અને તપ કરનારા વિપ્રોને શ્રી મુખમાંથી પ્રકટ કર્યા છે. જેમ ગોપાલ હાથમાં લાઠી લઈ ગાયોની રક્ષા કરે છે તેમ આપ વિપ્રોની વિપત્તિઓમાંથી રક્ષા કરો છો. મેં તો આપને ના ઓળખ્યા તેથી જ ભરસભામાં આપને મર્મવેધક વચનોથી કલેશ આપ્યો. પરંતુ આપે તો તે વાત મનમાં જ ના રાખી, ઉપરથી મને નિંદા કરવાને કારણે નરકમાં પડતાને કૃપાનજર કરી બચાવી લીધો. આપને પ્રસન્ન કરવા કોઈ સાધન નથી. કેવલ આપના દયાળુ સ્વભાવથી અને ઉદાર વર્તનથી મારા ઉપર પ્રસન્ન રહો. નાથ ! આપના ઉપકારનો બદલો વાળવાની મારી તો શક્તિ જ નથી. આટલું બોલી ભગવાન શંકરના પગ પકડી બોલતા બંધ થઈ ગયા. (૧૪-૧૫)

યજ્ઞનો પ્રારંભ

ત્યારબાદ દક્ષપ્રજાપતિએ શ્રી શિવજીની ક્ષમા માગી, બ્રહ્માજીની આજ્ઞા માગી યજ્ઞનો પ્રારંભ કર્યો. ઉપાધ્યાયો અને ઋત્વિજોએ, અગ્નિને નમ્ર ભાવે નમસ્કાર કરી યજ્ઞ શરૂ કરાવ્યો. (૧૬) ભૂતપ્રેતના સ્પર્શદોષે દૂષિત થયેલી યજ્ઞભૂમિની પવિત્રતા માટે યજ્ઞ કરનાર બ્રાહ્મણોએ ત્રણ કપાલ ઉપર સિદ્ધ કરેલા પુરોડાશચરુનો ભગવાન વિષ્ણુને ઉદ્દેશી હોમ કર્યો. (૧૭) હે વિદુરજી હાથમાં હવિષ્ય લઈ ઊભેલા અધ્વર્યુ સાથે દક્ષપ્રજાપતિએ શુદ્ધબુદ્ધિથી શ્રીહરિનું ધ્યાન ધર્યું ત્યારે યજ્ઞમાં ભગાવન શ્રીહરિ પ્રકટ થયા. (૧૮)

શ્રીહરિનાં દર્શન

શ્રીહરિ ભગવાન "બૃહત્' અને "રથંતર" એ નામના સામવેદોની બે પાંખોવાળા ગરુડજી ઉપર બિરાજેલા હતા. પ્રભુની ઝળહળતી કાંતિથી દશે દિશાઓ ઝાંખી પડી ગઈ. (૧૯) સ્વરૂપે શ્યામ, શ્રીઅંગે પીતાંબર, કટિભાગે મેખલા, મસ્તકે સૂર્યસમો તેજસ્વી મુકુટ, ભ્રમર શા શ્યામ કેશ, તેજોમય કુંડલ, પ્રસન્ન મુખકમલ, અષ્ટભુજાવાળાં, શંખ, ચક્ર, પદ્મ, બાણ, ધનુષ્ય, ગદા, ઢાલ, ખડ્ગ નામના આઠ આયુધવાળા, ભક્તોની રક્ષા માટે સદાય તત્પર સુવર્ણ સમા તેજસ્વી, અષ્ટવિધ ઐશ્વર્યવાળા, અષ્ટ કરકમલથી શોભતા, વક્ષઃસ્થળમાં લક્ષ્મીજી અને વનમાલાને ધારણ કરતા, ઉદાર હાસ્યવાળા, કૃપા નજરથી જગતને રાજી કરતા, ચન્દ્ર સમા શ્વેત છત્રથી શોભતા, રાજહંસ સમા ચામરથી ઢોળાતા ભગવાન શ્રીહરિ પધાર્યા. (૨૦-૨૨) પ્રભુનાં દર્શન થતાં જ બ્રહ્માદિ દેવોએ ઊભા થઈ પ્રણામ કર્યા. પ્રભુની કાંતિથી સર્વ દેવો પ્રભાવિત થઈ ગયા. વાણી પણ શરમાઈ ગઈ, જિહ્વા પણ જકડાઈ ગઈ અને દેવો દિગ્મૂઢ થઈ ગયા, પુનઃ લલાટે અંજલિ લગાવી શ્રીહરિની સન્મુખ ઊભા રહ્યા. (૨૩) પ્રભુના ગુણો ગાવા માટે યદ્યપિ બ્રહ્માદિક દેવોની મતિ તો ભગવાનના ગુણ ગાનમાં ચાલી શકે તેમ ન હતી તો પણ કૃપાનિધાન સાકારસ્વરૂપ પ્રભુનાં દર્શન કરી યથામતિ સ્તુતિ કરવા લાગ્યા. (૨૪) દક્ષપ્રજાપતિ યજ્ઞના નાથનું અર્ચન કરવા માટે, સર્વેશ્વર શ્રીહરિ પાસે સેવાની સામગ્રી, અર્ધ્યપાત્ર વગેરે લઈને જ્યારે આવ્યા ત્યારે પાર્ષદોથી વીંટાયેલા ભગવાને પ્રસન્નતા પ્રક્ટ કરતાં સેવાની સામગ્રી અને અર્ધ્યપાત્ર પોતાના કરકમલમાં ઉઠાવી લીધું. (૨૫)

૨૨ શ્લોકોમાં ૧૯ દેવોએ કરેલી ભગવાનની સ્તુતિ

બાવીસ શ્લોકોમાં દક્ષપ્રજાપતિ અને દેવો પોતાના અપરાધોની ક્ષમા માગવા ભગવાનની સ્તુતિ કરે છે. હવે ભાવવિભોર બની બ્રહ્માદિ દેવો પ્રભુમાં અનુરાગને લીધે સ્તુતિ કરી રહ્યા છે. (૧) દક્ષ, (૨) ઋત્વિજો, (૩) સભાસદો, (૪) રુદ્ર, (૫) ભૃગુ, (૬) બ્રહ્મા, (૭) ઇંદ્ર (૮) ઋત્વિજ પત્નીઓ, (૯) ઋષિઓ, (૧૦) સિદ્ધો, (૧૧) યજમાનપત્ની, (૧૨) લોકપાળો, (૧૩) યોગેશ્વરો, (૧૪) બ્રહ્મા, (૧૫) અગ્નિ, (૧૬) દેવો, (૧૭) ગન્ધર્વો, (૧૮) વિદ્યાધરો, (૧૯)

બ્રાહ્મણો વગેરે મળીને ૧૯ દેવો સ્તુતિ કરે છે. (૧) **દક્ષપ્રજાપતિ :** યજ્ઞ કરવાના અપરાધી તરીકે પ્રથમ દક્ષપ્રજાપતિ સ્તુતિ કરતાં બોલી રહ્યા છે કે હે નાથ ! જીવના જેવી જાગૃત સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થાઓ આપને નથી. આપ શુદ્ધ છો, એક છો, અભય છો, સ્વ સ્વરૂપમાં રહેલા છો, માયાનો પરાજ્ય કરનાર છો, સ્વતંત્ર છો, મનુષ્યનું શરીર ધારણ કરો છો તેથી લાગે કે આપ રાગ-દ્વેષવાળા હશો, પણ રાગાદિથી પર છો. આપને પ્રણામ કરું છું. (૨૬)

(૨) **ઋત્વિજો :** યજ્ઞ કરાવનારા, યજ્ઞમાં વરાયેલા ઋત્વિજો ક્ષમા માગે છે કે હે નાથ ! અમારી બુદ્ધિ શ્રી નંદીજીના શાપથી દૂષિત થઈ ગઈ તેથી અમે કર્મજડ બની કર્મના આગ્રહી રહ્યા. કર્મને જ બ્રહ્મ માન્યું. આપ પરબ્રહ્મ છો એવું ન જાણ્યું અને યજ્ઞકર્મના ફળ આપનારા ઈન્દ્ર વગેરે દેવોએ જ આ સર્વવિશ્વની વ્યવસ્થા ગોઠવી છે એવું અમે માની બેઠા અને આપને ભૂલ્યા અને આપ પરબ્રહ્મ છો, યજ્ઞના વિધાતા અને યજ્ઞથી સેવાતા, વેદોથી ગવાતા આપ જ છો એવું ન જાણી શક્યા તો કૃપા નાથ ક્ષમા કરો. (૨૭)

(૩) **સભાસદો :** સભાસદોનો ધર્મ છે કે સભામાં અધર્મ થાય તો અટકાવે પરંતુ સ્વાર્થવશ સદસ્યોએ જ્યારે વિધિરહિત યજ્ઞને કરતાં દક્ષને ન રોક્યા તેથી ભગવાનની ક્ષમા માગીને વિનવેછે કે મહારાજ, આ સંસારમાર્ગ કલેશથી ભરેલો છે. કાલ નામનો ભયંકર નાગ ટાંપીને બેઠો છે, સુખદુઃખના મોટા ખાડાવાળો છે, દુર્જન નામના ક્રૂર પશુવાળો છે, શોક-દાવાનળ ભડભડ સળગી રહ્યો છે, એમાં ક્યાંય વિશ્રામનું સ્થાન નથી, કામનાઓથી ભરેલ છે, દેહ અને ગેહનો કમ્મરતોડ અને કાળજાતૂટ ભાર માથે લઈ વિષયસુખની મૃગતૃષ્ણાને લઈ ભટકવાનું છે, ત્યાં પ્રભુના ચરણમાં શરણે આવવાનું ક્યાંથી સંભવે ? માટે હે આશ્રયદાતા પ્રભુ ! આપ હવે આશ્રય આપવા કૃપા કરો. (૨૮)

(૪) **રુદ્રજી :** હે કૃપાસિંધુ ! સકામ ઉપાસકો કે નિષ્કામ ઉપાસકો આપના ચરણકમલનું આરાધન કરે છે, આપનું ચરણકમલ સકામ ઉપાસકોને સર્વ પુરુષાર્થોનું દાન કરનાર કલ્પતરુ છે અને નિષ્કામ ભક્તજનોનું તો સદા સેવ્ય સ્થાન છે તેથી બન્નેને માટે આપનું ચરણ આશ્રય છે. મારું ચિત્ત તો આપની ચરણસેવામાં જ ચોંટેલું છે છતાં જો કોઈ અણજાણ વ્યક્તિ હું આચારરહિતછું એમ માને તો તેનું મને દુઃખ નથી. (૨૯)

(૫) **ભૃગુ :** ભૃગુએ વિનવ્યું કે ભગવન્ ! એક ગાઢ મોહનિદ્રા છે, જેમાં બ્રહ્માદિ દેવો પણ સૂતેલા હોઈ આપ પ્રત્યેક વ્યક્તિમાં રહેલા છો છતાં, તેમજ પોતાનામાં રહેલા છો છતાં આપના તત્ત્વને નથી જાણતા. માટે હે શરણાગત વત્સલ, ભક્તોના પ્રિય બંધુ ! મારા ઉપર કૃપા કરો અને આપનું સ્વરૂપ જણાવો. (૩૦)

(૬) **બ્રહ્માજી :** ઈંદ્રિયોના આશ્રયથી પદાર્થોને ભિન્નભિન્ન રૂપે જોનારી ઈંદ્રિયોથી જે સ્વરૂપ જાણવામાં આવે છે તે કાંઈ આપનું સ્વરૂપ નથી કારણ કે આપ જ્ઞાન-પદાર્થ અને ઈંદ્રિયોના આધારરૂપ માયાના પદાર્થોથી ભિન્ન છો. (૩૧)

इन्द्र उवाच – इदमप्यच्युत विश्वभावनं वपुरानन्दकरं मनोदृशाम् ॥
सुरविद्विट्क्षपणैरुदायुधै–र्भुजदण्डैरुपपन्नमष्टभिः ॥ ३२ ॥

(૭) **ઈંદ્ર :** હે અચ્યુત ! આપનું આ આઠ ભુજાઓવાળું સ્વરૂપ અતિશય રમણીય છે. આપે આઠ ભુજાઓમાં જગતને પાળનાર અને દૈત્યોના નાશ કરનાર ઊંચા આયુધવાળું આપનું આ સ્વરૂપ મનોનયને પરમાનંદ દેનારું છે તે મારાં નયનને આનંદ દેનારું હો. (૩૨)

(૮) **સ્ત્રીવૃન્દ :** યજ્ઞમાં વરાયેલા ઋત્વિજવર વિપ્રોની પત્નીઓ ભગવાનની સ્તુતિ કરી રહ્યાં છે, નાથ ! આ યજ્ઞ આપનું જ આરાધન કરવા માટે આદર્યો હતો, પરંતુ દક્ષ ઉપરના ક્રોધથી મહાદેવજીએ યજ્ઞનો નાશ કર્યો; તેથી ઉત્સવહીન બન્યો છે. માટે આપ કૃપાનજરથી યજ્ઞને પાવન કરો. (૩૩)

(૯) **ઋષિઓ :** હે નાથ ! આપની લીલા નિરાળી જ છે. આપ કર્મ કરો છો તો પણ કદી લેપાતા નથી. અન્ય લોકો વૈભવને મેળવવા માટે સદા વલખાં મારે છે અને લક્ષ્મીજીનું ભજન કરે છે. તે લક્ષ્મીજી આપની સેવા કરે છે, ત્યારે આપ લક્ષ્મીજીને જરાય મહત્ત્વ નથી આપતા એ કેવું આશ્ચર્ય છે ! (૩૪)

सिद्धा ऊचुः – अयं त्वत्कथामृष्टपीयूषनद्यां मनोवारणः कलेशदावाग्निदग्धः ।
तृषार्तोऽवगाढो न सस्मार दावं न निष्क्रामति ब्रह्मसम्पन्नवन्नः ॥ ३५ ॥

(૧૦) સિદ્ધગણો : મહારાજ આ મન નામનો મદોન્મત હાથી બિચારો ક્લેશરૂપી દાવાનળથી સદા બળ્યોઝળ્યો ક્યાંય શાંતિ ન પામ્યો, એની તૃષા ના છીપી ત્યારે જ તેણે આપની વિશુદ્ધ અમૃતમયી કથાસુધાસરિતામાં ડૂબકી મારી છે. ત્યાં એને અલૌકિક આનંદ આવ્યો છે કે જાણે તે બ્રહ્માનંદમાં લીન થઈ ગયો હોય તેમ તેને નથી તો દાવાનળની પીડા થતી કે નથી તે બહાર નીકળવા ચાહતો. (૩૫)

(૧૧) દક્ષપત્ની : હે શ્રીનિવાસ ભગવન્ ! હે શ્રીનિવાસજી ! આપ શ્રી લક્ષ્મીજી સાથે ભલે પધાર્યા. આપનું સ્વાગત કરતાં ખૂબ જ આનંદ થાય છે. આપને મારા પ્રણામ છે. અમારા ઉપર આપ કૃપા કરો. અમારી આપ રક્ષા કરો. મસ્તક વિનાની કાયા ન શોભે તેમ અંગોથી પૂર્ણ યજ્ઞ પણ, આપના વિના નથી શોભતો. (૩૬)

(૧૨) લોકપાલો : હે ભગવન્ ! આ સમસ્ત દૃશ્યજગતને જાણનાર પ્રત્યેકના અન્તઃકરણમાં રહેલા સાક્ષીરૂપ એવા આપને ખોટા પદાર્થ જાણનારી અમારી ઈંદ્રિયો ક્યાંથી જાણી શકે ? કેમ કે પંચભૂતથી બનેલા આ દેહમાં છઠ્ઠા જીવરૂપે જણાવ છો તે તો આપની માયા છે. (૩૭)

(૧૩) યોગેશ્વરો : સ્તુતિ કરતાં યોગેશ્વરો બોલ્યા, ભગવન્ ! આપ બ્રહ્મ છો, પરબ્રહ્મ છો, એનાથી પોતાને ભિન્ન ન ગણે તેવા પુરુષ કરતાં આપને અન્ય પ્રિય નથી લાગતો. તો પણ હે ભક્તવત્સલ ! હે નાથ ! અનન્ય ભાવે ભજનાર અમ નિજ જન ઉપર આપ કૃપા કરો. વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયમાં જીવના પ્રારબ્ધને લીધે એના ગુણોના અનેક પ્રકારે ભેદ થાય છે. માયાએ એના સ્વરૂપમાં બ્રહ્મા-વિષ્ણુ-રુદ્ર એવા ભેદ રચ્યા છે. પણ સ્વરૂપની વાસ્તવિક સ્થિતિ વિચારતાં તો ભેદની ભ્રાંતિ, ગુણ કે એનું કારણ કાંઈ પણ નથી. એવા આપ પરબ્રહ્મને અમારા નમસ્કાર છે. (૩૮-૩૯)

(૧૪) ब्रह्मोवाच એવા બે વાર ઉલ્લેખ આવે છે તેમાં પ્રથમ **ब्रह्मा उवाच** બ્રહ્માજી બોલ્યા છે અને બીજી વખત **ब्रह्म उवाच** એવો ઉલ્લેખ થાય છે તેથી ब्रह्म શબ્દનો વેદ ભગવાન બોલ્યા એવો અર્થ કરવો. હવે પ્રથમ વેદો સ્તુતિ કરે છે. વેદનું નામ શબ્દબ્રહ્મ છે. તે ભગવાનના ગુણો ગાય છે. સત્ત્વગુણનો સ્વીકાર કરનાર આપને નમસ્કાર છે, ધર્માદિ ચાર પુરુષાર્થના દાતા આપને નમસ્કાર છે, નિર્ગુણ સ્વરૂપ આપને નમસ્કાર છે. આપ એક જ નિર્ગુણ-સગુણ અને ફલદાતા એવા ત્રણ કેમ બની શકો ? એનું રહસ્ય મને-વેદને પણ સમજાય તેવું નથી તો અન્યને તો ક્યાંથી સમજાય ! (૪૦)

(૧૫) અગ્નિદેવ : શ્રી અગ્નિદેવ ભગવાનને વિનવે છે કે ભગવન્ ! મારું સ્વતંત્ર કોઈ તેજ નથી. આપે જ મને તેજ આપ્યું છે આ તેજ દ્વારા ઘૃતમિશ્રિત હવિષ્ય હું દેવતાઓને મોકલી આપું છું. આપ યજ્ઞપુરુષ છો, વેદના રક્ષક છો, કુલ પાંચ પ્રકારના યજ્ઞોમાં અગ્નિહોત્ર, દર્શ, પૂર્ણમાસ્ય, ચાતુર્માસ્ય, પશુ-સોમ આ પાંચ યજ્ઞો આપનાં જ સ્વરૂપો છે, યજુર્વેદના (૧) આશ્રવય, (૨) અસ્તુ શ્રૌષટ, (૩) યજે, (૪) યે યજામહે, (૫) વષટ આ પાંચ મંત્રો દ્વારા આપનું જ યજન થાય છે. હું આપને પ્રણામ કરું છું. (૪૧)

(૧૬) દેવો : ભગવાનને દેવો વિનવી રહ્યા છે કે ભગવન્ ! પૂર્વે જ્યારે પ્રલય થયો ત્યારે આપે રચેલા આ વિશ્વને આપના ઉદરમાં સમાવી લઈ પ્રલયના જલમાં શેષશય્યા ઉપર પોઢ્યા હતા. આપ તે જ આદિ પુરુષ છો. (૪૨)

(૧૭) ગંધર્વો : ગંધર્વો ભગવાનના ગણો થાય છે, કે હે દેવ ! મરીચિ વગેરે ઋષિઓ, બ્રહ્માદિ દેવો, આપના અંશો તેમજ અંશના અંશો છે, આ સમગ્ર વિશ્વ આપની ક્રીડાસામગ્રી છે, આપ સ્વામીને અમારા નમસ્કાર હો. (૪૩)

(૧૮) વિદ્યાધરો : વિદ્યાધરો ભગવાનની સ્તુતિ કરે છે કે આ નરદેહ સર્વ પુરુષાર્થને સાધનારો છે, આવો દિવ્ય દુર્લભ નરદેહ મેળવ્યા પછી પણ હું અને મારું એવું જ્યારે અભિમાન કરે છે અને ઉચ્છૃંખલ કુટુમ્બીઓ આ જીવનો તિરસ્કાર કરે છે તો પણ તેની મમતા મરતી જ નથી. પરંતુ આપની કથાનું સેવન કરનારા ભક્ત તો અનાયાસે આ મોહને તરી જાય છે. (૪૪)

(૧૯) **યજ્ઞીય ઋત્વિજો :** યજ્ઞમાં વરણ પામેલા વિપ્રો ભગવાનની સ્તુતિ કરે છે અને કહે છે કે આપ જ યજ્ઞ છો, આપ જ હુતદ્રવ્ય છો, આપ જ અગ્નિ છો, આપ જ મંત્ર છો, સમિધાઓ છો, દર્ભો છો, યજ્ઞપાત્રો પણ આપ છો. સદસ્યો ઋત્વિજો, યજમાન, ઘૃત અને યજ્ઞીય પશુ પણ આપ છો. (૪૫) યજ્ઞના કર્તા અને યજ્ઞનું પ્રેરક બળ પણ આપ છો. આપે વરાહ સ્વરૂપ લીધેલું અને ઘરઘર કરતા આપ જ ધરાને રસાતલમાંથી હાથી જેમ સૂંઢમાં પોયણીને લઈ આવે તેમ લઈ આવેલા. આપનાં દિવ્ય ચરિત્રોનું યોગીજનો નિત્ય ગાન ગાય છે. (૪૬) હે યોગેશ્વર ! આપના નામના કીર્તન માત્રથી સર્વ વિઘ્નો દૂર થાય છે. આ યજ્ઞ તો નાશ પામેલ હતો. અમે ઈચ્છતા હતા કે આપનું દર્શન થાય, પરંતુ કોઈ સાધન અમારી પાસે નથી કે જેનાથી આપનાં દર્શન પામીએ, નાથ ! કેવલ નમસ્કાર કરીએ છીએ. હે નાથ આપ અમારા ઉપર પ્રસન્ન થાઓ. (૪૭) મુનિ મૈત્રેય બોલ્યા, પ્યારા વિદુરજી ! આ પ્રમાણે ઓગણીશ સંખ્યામાં દેવો વગેરેએ બાવીસ શ્લોકમાં ભગવાનની સ્તુતિ કરી. તેમાં યોગેશ્વરોએ બે શ્લોકથી સ્તુતિ કરી છે. અને ઋત્વિજો ત્રણ શ્લોકથી સ્તુતિ કરે છે. તેથી સ્તુતિના બાવીસ શ્લોકો થયા છે. શ્રીહૃષીકેશ ભગવાનની સ્તુતિ થતાં જ દક્ષપ્રજાપતિએ પુનઃ યજ્ઞ આરંભી દીધો. (૪૮) સર્વના અન્તર્યામી ભગવાન જ યજ્ઞના સર્વ ભાગના ભોક્તા છે તો પણ આજે ત્રણ કપાલમાં સિદ્ધ કરેલા પુરોડાશને આરોગી અધિક પ્રસન્ન થયા અને દક્ષને વરદાન આપતાં બોલ્યા. (૪૯)

ભગવાનનાં વચનામૃત

હે દેવો ! સભાસદો ! યજમાન વગેરે ! સ્વસ્થ ચિત્તે આપ સાંભળો. આ બ્રહ્માંડોનું પરમકારણ બ્રહ્માજી, મહાદેવ અને વિષ્ણુ તે હું જ છું. પ્રત્યેકનો આત્મા, ઈશ્વર કે સાક્ષી પણ હું જ છું, સ્વયં પ્રકાશ અને ઉપાધિરહિત હું જ છું. (૫૦) હે વિપ્રવર ! મારી ત્રણ ગુણવાળી માયાશક્તિ છે. જગતની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય નામના કાર્યો કરવાની ઈચ્છા થાય ત્યારે કાર્ય માટે ઘટતાં બ્રહ્મા,વિષ્ણુ,મહેશ્વરનાં સ્વરૂપો સ્વીકારું છું. (૫૧) જેમની અણસમજ છે તે બ્રહ્મા,વિષ્ણુ,રુદ્ર અને પ્રાણીઓને ભિન્ન સ્વરૂપે ગણે છે, (૫૨) પરંતુ વિવેકથી નિહાળો તો શું પગ,પેટ,માથું એ ત્રણ નામ જુદાં છતાં એક જ દેહનાં અંગો નથી ? (૫૩) ડાહ્યો માનવ તો ત્રણે એક દેહનાં જ અંગો છે એમ સમજે છે, તેવી જ રીતે અમારા આ ત્રણ સ્વરૂપમાં મને એકને જ સમજે, તેને જ શાંતિ મળે છે. (૫૪)

શ્રીમુનિવર મૈત્રેયે કહ્યું કે ભગવાનના મધુર વચનામૃતોનું શ્રવણ કરી સર્વ પ્રસન્ન થયા. દક્ષપ્રજાપતિએ શ્રીહરિનાં તેઓના ભાગથી અર્ચન કર્યાં. પુનઃ અન્ય દેવોનું અંગકાર્ય અને પ્રધાન કાર્યથી અર્ચન કર્યું અને મનને સ્વસ્થ કરી યજ્ઞના અવશેષ ભાગથી ભગવાન રુદ્રનું અર્ચન કર્યું. યજ્ઞની સમાપ્તિનો અવસર આવ્યો ત્યારે 'ઉદવસાન' નામની ઈષ્ટિ કરી. આ ઉદવસાન ઈષ્ટિમાં પાંચ કપાલ ઉપર પુરોડાશ રાંધવામાં આવે છે, પછી તેના દ્વારા ઈષ્ટિ-યજ્ઞ થાય છે, આ કર્મને "ઉદવાસન" કર્મ કહેવામાં આવે છે. આ ઈષ્ટિ કર્યા પછીથી "અવભૃથ" સ્નાન કર્યું. ભગવાન તો પધારી ગયા. દક્ષપ્રજાપતિ પાસે સિદ્ધિઓ તો હતી પરંતુ ધર્મમાં મતિ રહે એવું વરદાન આપી દેવોએ વિદાય લીધી. (૫૫થી ૫૭)

સતીનો દ્વિતીય અવતાર અને લગ્ન

દક્ષનાં પુત્રી સતી ભગવાનશંકરનું ધ્યાન કરી શરીર ત્યજી ગયાં હતાં તે ફરીથી હિમાલયજીને ત્યાં માતા મેનાદેવીની કૂખે અવતર્યાં એવી ગાથા સાંભળી છે, (૫૮) પ્રલયના અંતે સૂતેલ શક્તિ પુનઃ જાગીને ઈશ્વરને વરે તેમ સતીજી અંબા, પાર્વતી, ઉમા, અપર્ણા વગેરે વિવિધ નામ ધારણ કરી અનન્ય ભક્તિથી મહેશ્વર શંકરજીને વર્યાં. (૫૯)
કથાપ્રસંગની સમાપ્તિ કરતાં શ્રી મૈત્રેય મહારાજ બોલ્યા કે, વિદુરજી ! ભગવદ્ભક્ત અને બૃહસ્પતિજીના પરમ શિષ્ય શ્રી
ઉદ્ધવજી પાસેથી આ સમગ્ર યજ્ઞવિધ્વંસનો પ્રસંગ, દક્ષ અને સતીચરિત્ર મેં સાંભળેલ તે આપને સંભળાવ્યું છે. (૬૦)
આ પવિત્ર, ઉત્તમ યશ આપનાર, આયુષ્ય વધારનાર, પાપપુંજનો નાશ કરનાર, શ્રીહરિના અને હરના ચરિત્રને
ભક્તિભાવથી સાંભળે, એનો નિત્ય પાઠ કરે અને સંભળાવે તેના પાપનો નાશ થાય છે. (૬૧)

इदं पवित्रं परमीशचेष्टितं यशस्यमायुष्यमघौघमर्षणम् । यो नित्यदाऽऽकर्ण्य नरोनुकीर्तयेत् धुनोत्यधं कौरव भक्तिभावतः ॥६१॥

શ્રીમદ્ ભાગવતપીયૂષનો ચતુર્થ સ્કંધમાંનો, વિસર્ગલીલા, ધર્મપ્રકરણમાંનો દક્ષયજ્ઞસમાપ્તિ અને શ્રીહરિની પ્રાપ્તિનું વર્ણન કરતો સાતમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૮મો

અર્થપ્રકરણ : ધ્રુવચરિત્ર

ધ્રુવજીના ચરિત્રના પ્રકરણનું નામ અર્થ પ્રકરણ છે. અર્થનો આપણે ધન-દ્રવ્ય એવો અર્થ જાણીએ છીએ પરંતુ અર્થ શબ્દનો અર્થ ભગવાન થાય છે ; કારણ કે અર્થ એટલે સાચો પદાર્થ ભગવાન છે. ભગવાનની પ્રાપ્તિ કરી એણે સાચું ધન સંપાદન કર્યું. ધ્રુવજીને ભક્તિયુક્ત તપશ્ચર્યા નામના સાધનથી, ભગવાનથી, મનુમહારાજના ઉપદેશથી દોષનિવૃત્તિથી અને ફલપ્રાપ્તિથીઃ એવી રીતે પાંચ પ્રકારે અર્થની પ્રાપ્તિ થઈ છે, માટે અર્થ પ્રકરણના પાંચ અધ્યાય છે. તપશ્ચર્યા, ભગવાનની પ્રાપ્તિ, રાજ્યપ્રાપ્તિ, યક્ષો સાથે યુદ્ધ, મનુરાજાનો ઉપદેશ, ભગવત્પદપ્રાપ્તિ વગેરે પ્રસંગો આ પ્રકરણમાં આવે છે.

[આ પાંચ અધ્યાયના પ્રકરણમાં પ્રથમ અધ્યાય એટલે આઠમા અધ્યાયમાં ૮૨ શ્લોકોછે. પિતાની ઉપેક્ષા,માતાની કડવી વાણી ધ્રુવજીને ભગવાનની લહાણી કરાવનારા બન્યા તેથી ધ્રુવજી તપ કરવા પધાર્યા; આ પ્રસંગ આ અધ્યાયની કથામાં આવશે.]

सनकाद्या नारदश्च ऋभुर्हंसोरुणिर्यतिः । नैते गृहान् ब्रह्मसुता ह्यावसन्नूर्ध्वरेतसः ।। १ ।।

મુનિવર મૈત્રેયજી એ સાત અધ્યાયની ધર્મકથા વર્ણવી, પુનઃ ધ્રુવકથા દ્વારા અર્થકથાનો આરંભ કરતાં કહ્યું કે વિદુરજી! બ્રહ્માજીના ચાર સનકાદિકુમારો, નારદજી, ઋભુ, હંસ, અરુણિ અને યતિ નામા નવ પુત્રોએ લગ્ન ન કર્યાં. પરંતુ ઉર્ધ્વરિતસ્ બની બ્રહ્મચર્યનું પાલન કર્યું તેથી તેમનો વંશ આગળ ન વધ્યો. (૧)

અધર્મ પરિવાર

શ્રી મૈત્રેયજી બોલ્યા કે અન્તઃ શત્રુનો નાશ કરનાર હે વિદુરજી ! હવે બ્રહ્માજીની પીઠમાંથી ઉત્પન્ન થયેલ "અધર્મ" નામના પુત્રની કથા સંભળાવું છું તે આપ એકાગ્રતાપૂર્વક સાંભળો. "મૃષા" અધર્મની સ્ત્રી હતી તેથી તેને ત્યાં માયા અને દંભ નામનાં બે સંતાન થયાં, "निऋति" નામના નરકલોકના અધિષ્ઠાતા મૃત્યુદેવે પોતાને સંતાન ન હતાં; તેથી બંનેને પોતાના સંતાન તરીકે ગૌદ રાખ્યાં, (૨) દંભ અને માયાનું લગ્ન થયું ત્યારે બન્નેને ત્યાં શઠતા અને લોભ એ બે જન્મ્યાં. લોભ અને શઠતા પરણ્યાં ત્યારે તેમનાથી ક્રોધ અને હિંસાનો જન્મ થયો. વળી ક્રોધ અને હિંસા પરણ્યાં ત્યારે કલિ અને દુરુક્તિ નામનાં બે સંતાન થયાં. (૩) કલિ અને દુરુક્તિ વે પરણ્યાં તેમને ત્યાં ભય અને મૃત્યુ નામનાં બે સંતાન થયાં. ભયકુમાર અને મૃત્યુ કન્યા બે પરણ્યાં ત્યારે નરક અને યાતનાનો જન્મ થયો. (૪) હે નિષ્પાપ વિદુરજી? સંક્ષેપમાં આ અધર્મના પરિવારની કથા કહી. ત્રણ વાર આ કથાને જે સાંભળે અને પછી તેને ત્યજે તેના મનની મલિનતા મટે છે કારણ કે અધર્મને સાંભળવાથી જ તેનો ત્યાગ કરવાની વૃત્તિ થાય છે. (૫)

શ્રી ધ્રુવજીનું ચરિત્ર

મુનિવર મૈત્રેય બોલ્યા, ભક્તવર હે વિદુરજી ! પુણ્યકીર્તિ શ્રીસ્વાયંભુવનો વંશ આપને વર્ણવુ છું, (૬) મહારાજ મનુના બે કુમારો હતા તેમાં મોટા પ્રિયવ્રત અને નાના ભાઈ ઉત્તાન પાદ હતા. વિસર્ગલીલામાં ઉત્તાનપાદનું પ્રયોજન હોવાથી તેમની કથા પ્રથમ તમને કહું છું. (૭) ઉત્તાનપાદ રાજાની એક માનીતી રાણી સુરુચિ અને અણમાનીતી સુનીતિ નામની બીજી પત્ની હતાં. તેમાં ઉત્તમકુમારની જનની સુરુચિ અતિપ્રિય હતાં અને શ્રી ધ્રુવજનની અપ્રિય હતાં. (૮) રાજા રાજભુવનમાં બેઠા હતા. ત્યાં પિતાની ગોદમાં ઉત્તમકુમાર ખેલતા હતા અને રાજા ખોળામાં લઈ ખેલાવતા હતા. બાપની ગોદમાં બેસવાની ધ્રુવકુમારની પણ ઈચ્છા થઈ આવી ઉમળકાભર્યો પુત્ર પિતાની ગોદમાં બેસવા માટે આવ્યો. પરંતુ બાપે તેને બોલાવ્યો નહીં, રમાડ્યો નહીં કે સામું પણ જોયું નહિ, તો પણ ભલો કુમાર ધ્રુવ તેનું દુઃખ મનમાં લાવ્યા વિના જ્યારે ખોળામાં બેસવા ગયો ત્યારે ઉરમાં અદેખાઈ ઉભરાતી સુરુચિ રાણી બોલી, રાજપુત્ર છો તેથી શું થયું ?

તમારો સિંહાસને બેસવાનો અધિકાર નથી; કારણ કે તમારા બાપ તમારી માતાને પોતાની પત્ની છે એવું કહેતાં પણ સંકોચાય છે તેના તમે દીકરા છો. મારી કૂખે નથી જન્મ્યા. તમે તદ્દન અણસમજુ અને નાદાન બાળક છો. નહીંતર તમે બાપના ખોળામાં બેસવા જાત ખરા ? જો તમારે બાપની ગોદ અને ગાદી બે જોઈતાં હોય તો કુમાર ! તપકરો, ભગવાનની કૃપા મેળવી અને જો મારી કૂખે જન્મ લેશો તો બધાય કોડ પૂરા થશે. (૯ થી ૧૨)

સુનીતિ માતાની અકથ્ય પીડા અને ઉપદેશ

કુલીન સતીમાની કૂખે અવતરેલ ધ્રુવકુમારે માતાપિતાને કાંઈ ન કહ્યું, મા તો સાવકી છે તે આવું બોલે; પણ પિતાએ પણ મારી ઉપેક્ષા કરી ! મારી સામે પણ ના જોયું ! મને બેટા કહીને પણ ના બોલાવ્યો ! કે માતાને આવાં વેણ બોલતાં પણ ન અટકાવ્યાં ! હશે હરિ ઈચ્છા જેવું મારું ભાગ્ય ! આવું વિચારી માતાનાં હૃદયભેદી કટાર જેવાં કટાક્ષવચનોથી પીડાતા, દંડો પડતાં છંછેડાયેલા નાગ જેવા નાનાશા કુમાર ઊંડે ઊંડે શ્વાસલેતા, પુષ્કળ રુદન કરતા, મૌન લેતા અશરણની શરણ એવી મા સુનીતિ પાસે આવ્યા. (૧૪) નિસાસા નાખતા, હોઠ ફફડાવતા, બેબાકળા બાળકને માડીએ ખોળામાં લીધો, છાતીસરસો ચાંપ્યો અને વારંવાર પૂછ્યું, કહોને વહાલા કુમાર ! કેમ રડો છો ? બેટા, લાકડવાયા લાલ તમને કોણે દૂભવ્યા ? પરંતુ પુણ્યમયી માતાના પુણ્યશાલી પુત્ર કાંઈ ના બોલ્યા. ધ્રુવજી જો બનેલી વિગત પોતે કહે તો પિતામાતાની નિંદા કરવાનું પોતાને અને સાંભળવાનું માતાને પાપ લાગે એટલે મૂક રહ્યા. ત્યારે કોઈ નગરજનના મુખેથી બધી જ વિગત જાણી સુરુચિ માતાના કાળજાને વીંધતાં વેણ સાંભળી, મા સુનીતિના કાળજાના કટકા થઈ ગયા. (૧૫) દાવાનળમાં બળતી વેલડી સમી મુરઝાઈ ગયેલી સાવકી રાણીના શબ્દો યાદ કરતાં ધીરજ ગુમાવી ધ્રુસકે ધ્રુસકે રડતી, વિલાપ કરતી, કમલશાં કોમલ નયનોમાંથી અશ્રુના ધોધ વહાવતી, લાંબા નિઃશ્વાસ લેતી અને દુઃખનો આરો ના નિહાળતી મા, મનને સ્વસ્થ કરતાં બોલી. (૧૬)

दीर्घं श्वसन्ती वृजिनस्य पारमपश्यती बालकमाह बाला । मामङ्गलं तात परेष्वमंस्था भुंक्ते जनो यत्परदुःखदस्तत् ॥१७॥

બેટા ! વહાલા કુમાર, મારી કાળજાની કોર ! મારા જીવનના આધાર પુત્ર ! મારો જ પુત્ર છે ને બેટા ! મારા દીકરા ! સાંભળ, કદી કોઈનું અમંગલ ના વિચારીશ, વહાલાપુત્ર ! જે માનવ બીજાને દુઃખ દે છે તેને પોતાને જ તેનું ફળ ભોગવવું પડે છે. બેટા, કોઈ જન્મમાં તેં મા સુરુચિને દુઃખ દીધું હશે તેથી તને દુઃખ પડ્યું છે એમ માનજે. વહાલા લાલ ! તમારો, માતા સુરુચિનો કે તમારા તાત કે કોઈનોય દોષ નથી. તાત ! મારું જ ભાગ્ય વિપરીત છે. બેટા ! તમે એવી માની કૂખે અવતર્યા છો અને એવી માનાં દૂધપાન કરી ઊછર્યા છો કે તમારા પિતા જે, "મને સ્ત્રી તરીકે તો શું પણ દાસી તરીકે સ્વીકારતાં સંકોચાય છે-શરમાય છે તેનાં ફળ તમને આજ મળ્યાં છે (૧૭-૧૮) બેટા ! સાવકીમાનાં વચન સાચાં છે, માટે સુરુચિ મા ઉપર જરાય દ્વેષ કરશો મા ! એનો દોષ કાઢશો મા. સુરુચિના કથન પ્રમાણે જો ઉત્તમની માફક તમને જો રાજ્યાસનની ઈચ્છા હોય તો વનમાં જાઓ ભગવાનનાં ચરણકમલની આરાધનામાં લાગી જાઓ. (૧૯) તમારા પરદાદા શ્રી બ્રહ્માજી જગતનું પાલન કરવા, સત્ત્વ ગુણનો આશ્રય કરીને રહેલા શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરણકમલને સેવીને જ ઉત્તમ પદ પામ્યા છે, મનને અને પ્રાણને વશ કરનારા મોટા યોગીજનો પણ પ્રભુનાં ચરણોને વંદન કરે છે, વળી તમારા દાદા સ્વાયંભુવ મનુરાજાએ પણ એ જ ભગવાનનાં ચરણકમલોની સેવા કરીને બીજા કોઈ ઉપાયથી ન મળે તેવું પૃથ્વીનું સામ્રાજ્ય સુખ, સ્વર્ગસુખ અને મોક્ષનું સુખ મેળવ્યું છે. બેટા ! મોક્ષની કામનાવાળા મોટા મુનિવરો ભગવાનના ચરણાવિંદના માર્ગને નિત્ય શોધ્યા કરે છે, તે ભક્તવત્સલ ભગવાનનો આશ્રય લો. (૨૦-૨૨)

नान्यं ततः पद्मपलाशलोचनाद् दुःखच्छिदं ते मृगयामि कंचन । यो मृग्यते हस्तगृहीत पद्मया श्रियेतरैरङ्ग विमृग्यमाणया ॥२३॥

તાત ! એ કમલનયન શ્રી કૃષ્ણ વિના એ શ્રી હરિ વિના, તારી હરકત દૂર કરે એવું મને તો આ દુનિયામાં કોઈ દેખાતું નથી. એ ભગવાનને પ્રસન્ન કરવા બ્રહ્માજી વલખા મારે છે, જ્યારે સ્વયં લક્ષ્મીજી પણ હાથમાં દીપકની માફક કમલ લઈ શોધ્યા કરે છે તે જ ભગવાન તમારું મંગલ કરશે, બેટા મારી આશિષ છે, જાઓ તમને ભગવાન મળશે. (૨૩)

- કુમારનું વનગમન અને સંતવર શ્રી નારદજીનાં દર્શન

મૈત્રેયજી કથા કરતાં કરતાં ક્ષણ વીરમી ગયા. એમનું હૃદય ભરાઈ આવ્યું. પુનઃ મન સ્વસ્થ કરીને બોલ્યા, હે સંતવર વિદુરજી ! શ્રી ધ્રુવકુમાર મનના કોડ પૂરે તેવાં માડીનાં વચન માથે ચઢાવી, બુદ્ધિથી મનને સ્થિર કરી, માતાની પરિક્રમા કરી, માના ચરણની ધૂળ આંખે લગાવી,શિરે ચઢાવી તપ કરવા માટે પિતાના નગરમાંથી નીકળી પડ્યાં. પરંતુ માતાના ઉરમાં જડાઈ ગયા. (૨૪) સંત નારદજીએ શ્રીધ્રુવના વનગમનની વાત સાંભળી, એક નાના બાળકના કર્તવ્યનો નિરધાર જાણી આશ્ચર્ય પામી, મનમાં વિચારવા લાગ્યા કે માનભંગ નહીં સહી શકતા ક્ષત્રિયોનું કેવું અજબ તેજ છે...! અરે કેવી નાની કુમળી વય છે છતાં માતાનાં વચન મનમાં કેવું ઘર કરી ગયાં છે, આવું વિચારતા કારુણ્યમૂર્તિ નારદજી માર્ગમાં ધ્રુવજીને મળવા આવ્યા. ચરણમાં માથું મૂકતાં બાળકને માથે હાથ મૂકતા નારદમુનિ બોલ્યા, (૨૫-૨૬) બેટા ધ્રુવ ! હજુ તો તમે રમતગમતમાં ખેલતા કુમળી વયના નાના કુમાર છો. દીકરા ! આ નાની વયમાં તમારે માન કે અપમાન શાં ? મને તો બેટા ! આ વાત ગળે જ ઊતરતી નથી. માની લઉં ક્ષણ માટે કે તમે માન-અપમાનમાં સભાન હો તો પણ માનવને જો અસંતોષનું કાંઈ પણ કારણ હોય તો મોહ વિના બીજું કાંઈ સંભવતું જ નથી. જગતમાં માન, અપમાન, સુખ આદિ સર્વ કાંઈ પોતાનાં કર્મનું ફળ છે. કુમાર, કર્મની કથની તો અકથ છે, ઈશ્વરની ગતિ તો અટપટી છે, માટે મતિમાન પુરુષે તેના ઉપર વિચાર કરીને દૈવસંયોગે જે પરિસ્થિતિ આવી પડે તેનો સામનો કરી સંતોષ માનવો રહ્યો. મને લાગે છે કે તમારાં માતાજીએ તમને જે ઉપાય બતાવ્યો છે તે માર્ગે તમે કૃષ્ણની કૃપા મેળવવા ચાહો છો, પણ તે નાથને પ્રસન્ન કરવા તે અતિશય કઠિન છે, એમ મારું તો માનવું છે. અરે બેટા ! મોટા મુનિવરો તપ, જપ, યોગ, સમાધિથી અનેક જન્મ પર્યન્ત હજી તો ભગવાનને મેળવવાનો રસ્તો જ શોધ્યા કરે છે પણ માર્ગ મળતો નથી. માટે બેટા ! મારું માની જાઓ, હઠ ત્યજી દો, ઘરે પાછા વળો. જ્યારે તપ કરવા જેવી વય થાય ત્યારે સર્વ ત્યજી કેડ બાંધી, કઠોર તપ કરજો જો તમને એક સંદેશો આપું છું તે સ્વસ્થ મનથી મનમાં ધારણ કરો. (૨૭ થી ૩૩)

ત્રણ નિયમો લે તે ત્રણે લોકમાં સુખી

"દૈવ દુઃખ આપે તો પાપ મટે છે અને સુખ આપે તો પુણ્ય ઘટે છે" એમ માની જે માનવ મનને વિવેક આપે છે તે મોક્ષ પામે છે. સાંભળો કુમાર !

गुणाधिकान्मुदं लिप्सेदनुक्रोशं गुणाधमात् । मैत्रीं समानादन्विच्छेन्न तापैरभिभूयते ।। ३४ ।।

આ ત્રણ નિયમ લઈ લો, ગુણિયલમાં પ્રેમ કરવો પણ અદેખાઈ ન કરવી, પોતાના કરતાં ઓછા ગુણવાળામાં દયા કરવી પણ તેનો તિરસ્કાર ન કરવો; સમાન ગુણવાળામાં સ્નેહ કરવો પણ વૈર ન કરવું. બેટા ! ત્રણ લોકમાં સુખી થવાના આ ત્રણ ઉપાયછે. (૩૪)

ધ્રુવજીનું નમ્ર નિવેદન અને નિશ્ચય

ૠષિવર નારદજીની મધુર મંગલ શિખામણ સાંભળી, નૃપવર કુમાર ધ્રુવકુમાર બોલ્યા, મહારાજ ! સુખદુઃખના આઘાતે વિવેકવૃત્તિ ખોઈ બેઠેલા મારા જેવા જન માટે આપે મહામહેનતે પણ ન મળે તેવો શાંતિ પામવાનો મોંઘો માર્ગ બતાવ્યો છે એ તો મોટી દયા ! પરંતુ મુનિ મહારાજ ! મારા ઉપર કૃપા કરજો કે આ શમગુણ કેળવવાની વાત મારે માટે આચરવી શક્ય નથી. કારણ કે હું ક્ષત્રિય પુત્ર છું. રજોગુણથી બનેલા અમને સ્વભાવમાં જ અને વારસામાં ઉગ્રતા વરી છે. આથી હું આપની સલાહ નથી માનતો એવું ન માનશો. હે ગુરુવર્ય ! મારા અવિનયને માફ કરજો. સુરુચિ માતાનાં ધારદાર વચનબાણોથી વીંધાયેલા મારા મનમાં ચણા ચાળવાના ચાળણામાં પાણી ટકે તો અપર માતાનાં વચનથી વીંધાયેલા છિદ્રવાળા કાળજામાં આપની મંગલમય વાણી ટકે. મુનિનાથ ! મારા બાપ-દાદા જે ઉત્તમ પદ નથી પામ્યા તે પદ પામવાનો મારો નિર્ધાર છે, માટે મને એવો સરસ માર્ગ બતાવો કે 'મારું લક્ષ્ય સિધ્ધ થાય હે સિદ્ધવર મુનિ ! આપ તો સ્વયંભૂના સુપુત્ર છો, સ્વયં સમર્થ છો, દયાના દરિયા છો, દુનિયાના દુઃખને હરવા વીણાનું ગાન કરતા અને હાથમાં

વીણા લઈ વિચરતા, સૂર્યની માફક સર્વનું અંધારું હરતા મુનિમહારાજ ! મારી મનોવેદના હરો. (૩૫-૩૮) શ્રી મૈત્રેય મહર્ષિ બોલ્યા કે વિદુરજી ! શ્રી ધ્રુવજીની ઉપરોક્ત વિનમ્ર વાણી સાંભળી, તેથી અનુકમ્પા ઉરમાં ઉભરાવા લાગી અને પૂર્ણ પ્રસન્ન થઈ બાલક ધ્રુવકુમારને કહેવા લાગ્યા. (૩૯)

સંતની કૃપા

બાળકનાં મધુર અને નિશ્ચયવાળાં વચનથી પ્રસન્ન થયેલા મુનિ નારદ, દયાભર્યાં મંગલ વચનોથી ધ્રુવજીને દિલાસો દેતા બોલ્યા, બેટા ધ્રુવ ! તમારાં પુણ્યમયી સુનીતિ માતાજીએ ભગવાનની સેવાનો જે માર્ગ દર્શાવ્યો છે તે જ કલ્યાણનો માર્ગ છે. માટે મનને એકતાર બનાવી વાસુદેવ ભગવાનનું ભજન કરો, દીકરા ! (૪૦) ધર્મ અર્થ કામ મોક્ષ આ ચાર કે ચારમાંથી કોઈ પણ પુરુષાર્થની પ્રાપ્તિ માટે ભગવાનના ચરણકમલની સેવા એક જ સાધન છે, હે તાત ! કૃપામયી યમુના મહારાણી માતાના કિનારે પાવનકારી મધુવન છે ત્યાં તમે જાઓ, બેટા ! તમારું કલ્યાણ થાઓ. મારા આશીર્વાદ છે, બેટા ! મધુવનમાં ભગવાન મધુસૂદનનો નિત્ય નિવાસ છે. ત્યાં નિત્ય શ્રી યમુનાજીના પાવન જલમાં ત્રિકાલસ્નાન ત્રિકાલસંધ્યા, નિત્યકર્મ કરી આસન લગાવી સ્થિર બની તપ કરજો. હે બેટા, પૂરક, કુંભક અને રેચક એવા ત્રણ પ્રકારના પ્રાણાયામથી ધીરે ધીરે, પ્રાણો, ઈન્દ્રિય અને મનની ચંચલતાને ધીરે ધીરે હઠાવી ધીર ચિત્તથી ચિત્તચોર શ્યામમનોહર ગુરુના પણ ગુરુ શ્રીહરિને જ પરમ ગુરુ કરી શ્રી હરિ ભગવાનનું જ ધ્યાન કરજો. (૪૧-૪૪)

ભગવાનનું ધ્યાન અને જપ

જુઓ બેટા ! આ ભગવાન કેવા છે તે સાંભળો ! કાયમ કૃપા કરવા માટે તલસતા, કાયમ પ્રસન્ન મુખ અને કૃપામય આતુર નેત્રવાળા છે. તેમની ઘાટીલી નાસિકા છે, સુંદર ભ્રૂકુટિ છે, કુમળા કપોલ છે, સર્વ દેવોમાં સુંદર છે, વયમાં તરુણ છે, ઘાટીલાં સુડોળ અંગો છે, લાલ લાલ હોઠ છે, અનુરાગભરી આંખ છે, પ્રણામ કરતા ભક્તના સદાય આશ્રય છે, અપાર સુખ દેનાર છે. શરણાગતવત્સલ છે, કરુણાના સાગર છે, શ્રીવત્સચિહ્નવાળા છે, ઘનશ્યામ છે અને પુરુષાકાર છે. વળી વનમાલાવિભૂષિત છે, ચાર કરકમલોમાં શંખ-ચક્ર-ગદા-પદ્મ નામના ચાર આયુધવાળા છે, મસ્તકે મુકુટ છે, કાને કુંડલ છે, બન્ને હાથે બાજુબંધ છે, કંઠે કૌસ્તુભ છે,પીળાં પીતાંબરવાળા છે, કટિભાગે સુવર્ણની મેખલા છે, ચરણકમલોને ચૂમતાં નૂપુર છે, અત્યંત મનોહર છે, દર્શનીય છે, મન અને નયનના હર્ષને નિત્ય વધારનારા છે, નખમણિની કાંતિથી નિરંતર શોભતા, ચરણકમલની સેવા કરનારના સર્વ મનોરથને પૂર્ણ કરનાર, ભક્તના હૃદયકમલની કલિકામાં સ્નેહથી બિરાજેલાછે, વળી મંદસ્મિત કરતા, અત્યંત પ્રેમાળ-સ્નેહભરી નજરે નિહાળતા, સદા વરદાન દેવાને આતુર, અનન્ય મનથી આરાધના કરનારના મનમાંથી જરાય દૂર ન જનાર પરમ કૃપાળુ છે. બેટા ! આ પ્યારા શ્યામસુંદર શ્રીકૃષ્ણભગવાનના મંગલસ્વરૂપનું સદા ધ્યાન કરજો. જોજોને બેટા ! આ મધુર સ્વરૂપમાં મન એવું તો ચોંટી જશે કે તે સ્વરૂપમાંથી પાછું બહાર આવશે જ નહીં (૪૫-૫૨) હે રાજકુમાર ! ભગવાનના આ સ્વરૂપનું ધ્યાન કરતી વેળા અત્યંત ગોપ્ય એવો 'ૐ नमो भगवते वासुदेवाय' નામનો બાર અક્ષરનો મંત્ર સતત જપજો. જે કોઈ વ્યક્તિ સાત રાત્રી સતત આ મંત્રનો જપ કરે તેને આકાશમાં વિહરતા દેવો અને સિદ્ધોનું દર્શન થાય છે. (૫૩)

ભગવાનની સેવા

જુઓ બેટા ધ્રુવ ! દ્વાદશાક્ષર મંત્રથી ભગવાનની સતત સેવા કરવી. કોઈ પણ વસ્તુઓનો આગ્રહ ન રાખવો, પરંતુ દેશ અને સમયને અનુસરીને જ્યારે જ્યાં જે વસ્તુ મળે ત્યારે તે સામગ્રીથી અત્યંત આનંદપૂર્વક શ્રીહરિની સેવા કરવી. (૫૪) તીર્થનાં જલ, પુષ્પોની પોતાને હાથે બનાવેલી માલાઓ, સુવાસિત પુષ્પો, વનમાં થતાં કંદમૂલ, ઠાકોરજીને વહાલાં તુલસીજી, વલ્કલ વગેરે વિવિધ સામગ્રીથી ભગવદર્ચાવિગ્રહની સેવા કરવી. (૫૫) જો બેટા ! બને તો ઉત્તમ કોટિની શિલામાંથી શ્રી વિગ્રહ-પ્રતિમા બનાવી અર્ચન કરવું. તેમ ન બને તો જલમાં કે પૃથ્વીમાં પણ ભગવાનનું અર્ચન કરાય છે. સાધકના મૌન, મિતભાષણ, શાંતપ્રકૃતિ આવા નિયમો હોય છે તે, બધા જ પ્રેમથી પાળવા. વનમાં થયેલાં ફલફૂલ,

શાક, અંકુર વગેરેનો અલ્પ આહાર કરવો. (૫૬) ઉત્તમશ્લોક શ્રીકૃષ્ણભગવાન સ્વેચ્છાથી અવતાર સ્વીકારીને જે જે લીલા કરેછે અને કરશે તે બધાંનું એકાગ્રચિત્તે ધ્યાન કરવું, વેદમંત્રોમાં વર્ણવ્યા પ્રમાણે જે ભગવાનની મૂર્તિ બનેછે તેવા મંત્રમૂર્તિ ભગવાનની 'ॐ नमो भगवते वासुदेवाय' મૂર્તિ હૃદયમાં રાખીને એ જ મંત્રથી ભગવાનની સર્વવિધ સેવા કરવી. (૫૮) પૂર્વના આચાર્યોએ આ મંત્રથી જ ભગવાનની સેવા કરી છે. માટે આ મંત્રથી મન, વાણી, કાયાથી ભક્તિભાવપૂર્વક નિષ્કપટ હૃદયથી ભગવાનની સેવા કરવી. (૫૯) આ રીતે ભજનારના ભાવની વૃદ્ધિ થાય છે અને ચારે પુરુષાર્થોમાં જે પુરુષાર્થની ઈચ્છા હોય તે પ્રભુ આપે છે. પરંતુ કોઈ પણ પુરુષાર્થને લેવાની વૃત્તિ ન કરતાં વિષયોમાં વૈરાગ્ય રાખી કેવલ અનન્ય ભાવથી ભગવાનને સેવવા. આ પ્રકારની અવિચ્છિન્ન ભાવપૂર્વકની ભક્તિ જ પરમ પુરુષાર્થ છે. (૬૦-૬૧)

શ્રી ધ્રુવજીનું પ્રસ્થાન અને નારદજીની આશિષ

કૃપાસાગર શ્રી નારદજીએ ધ્રુવજીને તપોવનગમન અને હરિસેવાનો માર્ગ દર્શાવ્યો ત્યારબાદ ભક્તિભાવપૂર્વક સર્વ વિધિ જાણી, નારજીની પ્રદક્ષિણા કરી દંડવત્પ્રણામ કરી, રાજકુમાર ધ્રુવજી શ્રીહરિના ચરણકમલથી પાવન બનેલા મધુવનમાં પધાર્યા. (૬૨) પુનઃ કરુણાસિંધુ શ્રી નારદજી, ધ્રુવજીને આશિષ આપી રાજા ઉત્તાનપાદ પાસે રાજભવનમાં આવ્યા. તેમને ચિંતા હતી કે પોતાના પુત્રના વિયોગદુઃખથી વિવેકી બનેલા રાજા રખેને ધ્રુવને શોધવા નીકળે અને ધ્રુવજીને પાછા લઈ આવે તો ધ્રુવજીના તપમાં ભંગ થાય અને ધ્રુવજીને ભગવાન ન મળે. આવો વિચાર કરી રાજાને સમાધાન આપવા અને દુઃખીને દિલાસો આપવા રાજભવનમાં પધાર્યા. મહારાજ ઉત્તાનપાદ, નારદજીનાં પાદપદ્મ પૂજી, ઉત્તમઆસને પધરાવી નમસ્કારકરી સન્મુખ બેઠા. (૬૩) ઉદાસીન મુખાકૃતિવાળા રાજાને નારદમુનિજીએ પૂછ્યું, રાજન્ ! કેમ મુખનો ચહેરો પડી ગયો છે ? કાંઈ ઊંડા વિચારમાં લાગો છો, તો કહો શું થયું છે ? તમારા ત્રિવિધ પુરુષાર્થમાં કાંઈ કઠિનાઈ આવી પડી છે ? કે કાર્યમાં કાંઈ હાનિ થઈ છે ? (૬૪)

પિતાનો પરિતાપ અને નારદજીનું આશ્વાસન

રાજા ઉત્તાનપાદે ઉત્તર આપ્યો, હે પ્રભુ ! હે નારદજી, મેં કામવશ બની, વાત્સલ્યશૂન્ય થઈ, નિર્દય બની નિર્દોષ પાંચ વર્ષના મારા પ્યારા પુત્રને ઘરમાંથી કાઢી મૂક્યો તેમજ પવિત્ર સાધ્વી પતિ-પુત્ર-ધર્મ પરાયણ સતી સુનીતિનો તિરસ્કાર કર્યો છે, તેના પરિતાપે ભડકે બળું છું. (૬૫) હે મહારાજ ! ચાલતાં થાકી ગયેલા અને રસ્તામાં ગમે ત્યાં સૂતેલા અસહાય અને ભૂખ્યા-તરસ્યા મારા પુત્રને કોઈ વાઘ-વરુ ખાઈ તો નહીં જાયને ? (૬૬) હે ભગવન્ ! સ્ત્રીવશ મારી દુષ્ટતાની સીમા નથી, હે મહારાજ ઉમળકાભર્યો પુત્ર પિતાના ખોળામાં બેસવા ચાહતો હતો તેવા દીકરાને મેં જરાય માન-પાન ન આપ્યાં. (૬૭) આ પ્રકારની રાજાની વ્યથાનું સમાધાન કરતાં સંતવર નારદજી ! બોલ્યા, રાજન્ ! ચિંતા ન કરો ! તમારા કુમારના તો ભગવાન શ્રીકૃષ્ણ સંરક્ષક છે, રાજન્ આપે આપના પુત્રને નથી ઓળખ્યા. એમના પ્રભાવનો આપને પરિચય નથી (૬૮) રાજન્, ધ્રુવકુમારનો તો ત્રણે લોકમાં યશ ફેલાયેલ છે. જે કાર્ય લોકપાલોથી નહીં થઈ શકે તેવું કાર્ય કરી આપની કીર્તિને વધારી અલ્પ દિવસોમાં ધ્રુવકુમાર પાછા પધારશે. (૬૯) આમ કથા કરતા મુનિ મૈત્રેયે કહ્યું કે વિદુરજી ! રાજા ઉત્તાનપાદનું મન હવે રાજ્યમાં ન રહેતાં, નારદજીની આજ્ઞાથી વનમાં ન જતાં તેઓ રાતદિવસ પુત્રનું જ ચિંતન કરવા લાગ્યા. (૭૦)

ધ્રુવજીની ધ્રુવતપશ્ચર્યા

પુણ્યશીલ ધ્રુવકુમાર મધુવનમાં પધાર્યા અને શ્રી મહારાણીજીનાં પાન કરી, સ્નાન કરી, પ્રણામ કરી, આશ્રય મેળવી, આજ્ઞા પામી, શ્રી યમુનામહારાણીજીના કિનારે રાતવાસો અને ઉપવાસ કરી, સાવધાન રહી, પુનઃ શ્રી નારદજીના દર્શાવ્યા પ્રમાણે ઠાકોરજીની સેવાનો આરંભ કરી દીધો. શરીર ટકાવવા પૂરતો ત્રણ દિવસના અંતે કેવલ કોઠાં અને બોરાંનો આહાર લેતા; આ પ્રમાણે "શ્રીહરિ"ની સેવામાં પ્રથમ માસ પસાર થઈ ગયો. શ્રી હરિએ મન હરી લીધું તેથી

ભૂખ, તરસ, થાક કાંઈ ન લાગ્યાં. (૭૧-૭૨)

પુનઃ તપશ્ચર્યા કરતાં બીજો માસ આવ્યો ત્યારે કુમાર ધ્રુવ શરીરનિર્વાહ પૂરતાં છઠ્ઠે દિવસે સૂકાં અને ખરીને નીચે પડેલાં પાન અને ઘાસ ચાવી ભગવત્સેવામાં મન લગાવી વિભુ ભગવાનની સેવા કરવા લાગ્યા. (૭૩) ત્યાં તો આંખના પલકારમાં ત્રીજો માસ આવી લાગ્યો અને નવમે દિવસે કેવળ "જળભક્ષણ" કરતાં સમાધિ કરી "શ્રી ઉત્તમશ્લોક" ભગવાનની સેવા કરવા લાગ્યા. (૭૪) હવે તો જોતજોતામાં ચોથો માસ આવ્યો અને જલનો પણ ત્યાગ કર્યો, માત્ર બારમે દિવસે વાયુનો આહાર કરે છે અને શ્વાસને જીતીને શ્રીકૃષ્ણ ભગવાનનું સેવન કરે છે. (૭૫) ત્યાં તો ક્ષણવારમાં પાંચમો માસ આવી ગયો, ત્યારે ધ્રુવે પ્રાણાયામથી શ્વાસો જીતી લીધા અને શ્રી પરબ્રહ્મ કૃષ્ણનું જ ધ્યાન કરતા અડગ થાંભલાની માફક એક પગે ખડા રહીને તપ કરવા લાગ્યા. (૭૬) હવે તો ઈન્દ્રિયો અને વિષયો ઉપર કાબૂ રાખનાર પોતાના મનને સર્વમાંથી ઉઠાવી લીધું અને નિર્મલ મનમાં ભગવાનના જ સ્વરૂપને પધરાવી તેનું જ ધ્યાન કરવા લાગ્યા ત્યારે તેમને ભગવાન વિના કાંઈ જ નયન ગોચર થતું નથી. (૭૭) મહત્તત્ત્વ અને પ્રકૃતિ-પુરુષના આધાર ભગવાનનું ધ્યાન કરતા શ્રી ધ્રુવજીના તેજથી ત્રણે લોક ગભરાઈ ઊઠયા. (૭૮) એકપગે ઊભા રહેલા અને આખરે અંગૂઠા ઉપર ઊભેલા ધ્રુવજીના ભારથી દબાયેલી પૃથ્વી જાણે હાથી ચઢાવેલી નાવની માફક ડાબી જમણી બાજુ ડામાડોળ થવા લાગી. (૭૯) હવે ભક્તવર ધ્રુવજીએ ઈન્દ્રિયોનાં દ્વારો અને પ્રાણોને રોકી લીધા અને અનન્ય ચિત્તે શ્રીહરિનું જ ચિંતન કરવા લાગ્યા. સમષ્ટિના પ્રાણો સાથે પોતાના પ્રાણોની એકતા થતાં પ્રાણનિરોધને લીધે સમસ્ત પ્રાણીઓના શ્વાસ-પ્રશ્વાસ રૂંધાવા લાગ્યા. સમગ્ર લોક અને લોકપાલો અકળાઈ ઊઠયા. આરો ન દેખાતાં શ્રીહરિને શરણે ગયા. (૮૦) નિવેદન કરતાં દેવવરો બોલ્યા, હે પ્રભુ ! સમગ્ર બ્રહ્માંડમાં સ્થાવર-જંગમ જીવોના શ્વાસ રૂંધાય એવું અમે કદી નથી જોયું. તો કહો કે હવે આ શું છે ? આ કષ્ટથી કેમ છૂટાય એ તો આપ જાણો ! હે શરણાગતવત્સલ ! અમે તો શરણે આવ્યા છીએ. (૮૧) આ અવસરે કૃપાળુ શ્રી કૃષ્ણ બોલ્યા, દેવો ડરશો મા ! ઉત્તાનપાદકુમાર ધ્રુવે પોતાનું મન વિશ્વાત્મા મારામાં લીન કરી દીધું છે. હાલ મારી સાથે અભેદ ધારણા સિદ્ધિ થઈ ગઈ છે. એ બાળકના નિરોધથી તમારા સર્વના શ્વાસ રૂંધાઈ ગયા છે; માટે ના અકળાશો. હું એ બાળકને એના દુષ્કર તપમાંથી પાછો વાળી લઉં છું. તમે સર્વ દેવો નિજધામમાં સુખે સિધાવો. (૮૨)

मा भैष्ट बालं तपसो दुरत्ययात्–निवर्तिष्ये प्रतियात स्वधाम। यतो हि वः प्राणनिरोध आसीद्–औत्तानपादिर्मयि संगतात्मा ॥८२॥

શ્રીમદ્ભાગવતપીયૂષના ચતુર્થ સ્કંધના વિસર્ગલીલા અર્થપ્રકરણનો ધ્રુવજીની તપશ્ચર્યાનું નિરૂપણ કરતો આઠમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૯મો

[આ નવમા અધ્યાયમાં ૬૭ શ્લોકોછે. આ અધ્યાયમાં શ્રી ધ્રુવકુમારની સ્તુતિ, ભગવાનની કૃપા, વરદાનપ્રાપ્તિ અને પિતાને દ્વારે પાછા પધારવું વગેરે પ્રસંગો આવશે.]

मैत्रेय उवाच–त एवमुच्छिन्नभया उरुक्रमे कृतावनामाः प्रययुस्त्रिविष्टपम् । सहस्रशीर्षापि ततो गुरुत्मता मधोर्वनं भृत्यदिदृक्षया गतः ॥१॥

શ્રી ધ્રુવજીના ચરિત્રથી તરબોળ બનેલા અને રસસમાધિમાં ડૂબેલા ભક્તવર વિદુરજીને જાણે જાગ્રત કરતા હોય તેમ મુનિવર મૈત્રેય કહેવા લાગ્યા, ભાઈ વિદુર ! દયાળુ દેવાધિદેવે દોવોનો ભય ટાળ્યા. દેવો નિજનિજ ધામમાં સિધાવ્યા. કૃપાસિંધુ શ્રીકૃષ્ણ સ્વયં ગરુડ ઉપર બિરાજી લાડકવાયા લાલ ધ્રુવની ખબર લેવા મધુવનમાં પધાર્યા. (૧) તીવ્ર યોગાભ્યાસથી ભગવાનમાં એકાગ્રમતિ થવાના કારણે ધ્રુવને પોતાના હૃદયકમલમાં વીજળી જેવા તેજસ્વી ભગવાનનાં સ્વરૂપનું જે દર્શન થતુંહતું તે એકાએક દેખાતું બંધ થયું એટલે અકળાઈ ઊઠ્યા. સમાધિમાંથી મન બહાર આવ્યું ત્યારે એમને ભગવાનનું દર્શન થયું. પ્રાણપ્યારા પુરુષોત્તમની ઝાંખી થતાં આંખમાં ઝળઝળિયાં આવી ગયાં, આશ્ચર્ય વધી ગયું, કંઠ રૂંધાઈ ગયો, પ્રેમથી અધીરા બની ગયા, બોલવાનું કાંઈ આવડ્યું નહીં અને એકાએક હાથમાંથી દંડ પડી જાય તેમ પ્રભુપાદસરોજમાં દંડવત પડી ગયા. (૨) પ્રેમ નીતરતી આંખલડીથી પ્રાણ-પ્યારાની સામે ધારી ધારી નીરખવા લાગ્યા

અને જાણે નાથને નેત્રોથી પી જવા લાગ્યા, જાણે મુખથી ચૂમી લેવા લાગ્યા અને જાણે બન્ને બાહુથી પ્રભુને બાથમાં સમાવી લેતા હશે, વારુ ! આવી ભૂમિકામાં મુકાયેલા ધ્રુવકુમાર હાથ જોડીને ભગવાનની સામે મૂક બની ઊભા રહ્યા. (૩) સર્વના હૃદયમાં વસતા ભગવાન શ્રીવાસુદેવ જાણે છે કે આ અબુધ બાળક શી રીતે મારા ગુણ ગાઈ શકે ? મારે જ વાણી આપવી જોઈએ એમ દયાનિધિએ દયા વિચારી ધ્રુવકુમારજીના ગાલે વેદસ્વરૂપ શંખનો સ્પર્શ કર્યો. (૪) ભગવતકૃપાથી શંખનો સ્પર્શ થતાં વેદસ્વરૂપ વાણી મળતાં નિજસ્વરૂપ અને ભગવત્સ્વરૂપનું અનુસંધાન થયું, ભક્તિભાવ ઉભરાયો, વિશ્વવિખ્યાત કીર્તિવાળા ભગવાન શ્રીકૃષ્ણની ધીરજપૂર્વક શ્રીધ્રુવજી સ્તુતિ કરવા લાગ્યા.

ધ્રુવસ્તુતિ

योऽन्तः प्रविश्य मम वाचमिमां प्रसुप्तांसंजीवयत्यखिलशक्तिधरः स्वधाम्ना ।
अन्यांश्च हस्तचरणश्रवणत्वगादीन् प्राणान्नमो भगवते पुरुषाय तुभ्यम् ॥ ६ ॥

જેણે વસી હૃદયમાં મુજ સુપ્ત વાણી જાગૃત કરી અખિલ શક્તિધરે સ્વતેજે,
ને અન્ય હસ્ત-ચરણ-શ્રવણત્વચાદિ પ્રાણો, નમું પુરુષપુંગવ તે પ્રભુને. ૬

હે કૃપાસિંધુ ! આપે કૃપા કરી દર્શન આપ્યાં. વળી આપ જ મારા હૃદયમાં પધારીને સૂતેલી વાણીને જગાડો છો, વળી અખિલ શક્તિવાળા આપ જ પોતાના તેજથી હાથ,પગ,કાન-વચા અને પ્રાણ વગેરેને પણ જાગૃત કરો છો તે પૂર્ણ પુરુષોત્તમપ્રભુને હું પ્રણામ કરું છું. (૬) હે ભગવન્ ! આપ એક જ છો છતાં આપની અનેક ગુણવાળી માયાનામની જ શક્તિ છે તેમાંથી આ સર્વજગતને આપ ઉત્પન્ન કરો છો. ઉત્પન્ન કરી તેમાં પ્રવેશ કરો છો. એક જ અગ્નિ જેમ અનેક કાષ્ઠમાં જુદાજુદા સ્વરૂપે દેખાય છે તેમ જ આપ અનેક ઈન્દ્રિયોના દેવતા સ્વરૂપે અનેક સ્વરૂપે દેખાઓ છો. (૭) સૃષ્ટિનિર્માણના આરંભમાં આપના શરણાગત બ્રહ્માજીને પણ આપે જ જ્ઞાન આપેલું ત્યારે નિદ્રામાંથી જાગેલને જેમ પૂર્વનું જ્ઞાન પ્રાપ્ત થાય તેમ બ્રહ્માજીને પણ જ્ઞાન મળેલું. હે દીનબંધુ ! આપનાં ચરણારવિંદ, મુક્ત લોકોને પણ આશ્રય સ્વરૂપ છે. એવો તે કોણ કૃતજ્ઞ જન છે કે આપના ચરણને વીસરે ! (૮) ભગવન્ ! આપની ભક્તિ, કલ્પતરુ સમાન છે. કૃતજ્ઞ પુરુષો તો તે વાત કેમ ભૂલે ! હે નાથ ! માનવો શા માટે નરકમાં પણભોગવવા મળે એવા તુચ્છ ભોગો ભોગવવા આ શબતુલ્ય શરીરથી લાલાયિત રહેતા હશે ? હે નાથ ! મને તો લાગે છે કે આપની ભક્તિ તો આપની પ્રાપ્તિનું જ સાધન છે, લોકો લૌકિક પદાર્થોની પ્રાપ્તિ માટે જો ભક્તિ આચરતા હોય તો તેમની મતિ ખરેખર આપની માયાથી ઠગાઈ ગઈ લાગે છે. (૯)

या निर्वृतिस्तनुभृतां तव पादपद्म–ध्यानाद्भवज्जनकथाश्रवणेन वा स्यात् ।
सा ब्रह्मणि स्वमहिमन्यपि नाथ मा भूत्–किन्त्वन्तकासिलुलितात्पततां विमानात् ॥ १० ॥

હે કૃપાવર ! જે આનંદ આપના ચરણકમલના ધ્યાનમાં છે કે આપના ભક્તજનોની કથા સાંભળવામાં છે તે સુખ તો આનંદમય બ્રહ્મચિંતનમાંય નથી મળતું તો પછી કાલના ખડગથી કપાતાં સ્વર્ગીય વિમાનોમાંથી નીચે પડતા પુરુષોને તો ક્યાંથી મળવાનું ? (૧૦) હે અનંત પ્રભુ ! મને તો નિર્મલ મનવાળા, વળી સતત આપની સેવા કરતા મહાપુરુષોનો અને તાદૃશી જનોનો નિત્ય સમાગમ દેજો. એમના સંગમાં રહેતાં એમના શ્રીમુખમાંથી નીતરતી કથાસુધાનું પાન કરતો મસ્ત બની જઈશ અને અનાયાસે અનેક કષ્ટથી ભરેલા ભવસાગરને પાર કરી જઈશ. (૧૧) હે ભગવન્ ! હે કમલનાભ ! આપના ચરણકમલની સુગંધમાં અનુરાગી ભક્તજનોના સત્સંગમાં આવેલા જનો તો, મનુષ્ય માત્રને અત્યંત પ્રિય છે એવા પોતાના દેહ, પુત્ર, ઘર, ધન, સ્ત્રી જનોનું સ્મરણ પણ કરતા નથી (૧૨)

ભગવન્ ! આપ તો અજન્મા છો. પશુ, પક્ષી, વૃક્ષ, પર્વત, દેવ, દૈત્ય, સર્પ, મનુષ્ય, ગંધર્વથી પરિપૂર્ણ, મહત્ તત્ત્વ વગેરે અનેક કારણવાળું સદ્ અને અસદ્‌ના ભેદવાળું આપનું વિશ્વનાથનું સ્થૂલસ્વરૂપ તેને જાણું છું પરંતુ એનાથી જે પર પરબ્રહ્મનામનું જ બીજું સ્વરૂપ છે ત્યાં તો મારી વાણી જ નથી પહોંચતી, તો પછી દેહાદિ અન્યનું તો કહેવું જ શું ! (૧૩)

હે નાથ ! કલ્પના, અંતે સર્વ સમેટી પોતાના ઉદરમાં સમાવી શેષનાગ ઉપર પોઢનાર, કલ્પના, આદિમાં નાભિમાંથી કલમને અને કમલયોનિ બ્રહ્માને પ્રકટ કરનાર પણ આપ જ છો. નાથ ! હું તો કેવલ આપને પ્રણામ કરું છું. (૧૪) આપ તો નિત્યમુક્ત શુદ્ધબુદ્ધ સ્વરૂપ છો. અવિનાશી આદિપુરુષ ભગવાન છો, ત્રણે લોક અને ત્રણે ગુણના સ્વમી છો, આપ દ્રષ્ટા છો, આપ જ પાલનકરનાર વિષ્ણુ છો (૧૫) વિદ્યા અને અવિદ્યા નામની બન્ને શક્તિઓ આપનામાંથી જ પ્રકટ થાય છે, જગતને ઉત્પન્ન કરનાર એક અખંડ, અનંત, અનાદિ, આનંદમય અવિકારી બ્રહ્મ આપ જ છો, હું આપનો શરણાગત છું. (૧૬) જીવ માત્રને આનંદમૂર્તિ, ચૈતન્યમૂર્તિ આપ જ પ્રાપ્ત કરવાની વસ્તુ છો, આવું સમજીને નિષ્કામ ભાવે આપના ચરણનું ભજન કરનાર તો રાજ્ય વગેરે ભાગોને જીવનનું ફળ નથી માનતા પરંતુ આપના ચરણની સેવાને જ પરમ ફળ માને છે. આવી માન્યતા રાખનાર ભક્તજનની, તાજી વિયાયેલી ગાય જેમ નાના વાછરડાને ધવડાવતી અને વાઘ વગેરેથી બચાવતી કાળજીથી સંભાળ લે છે, તેમ આપ પણ અમારા જેવા દીનજનોની સદા કૃપાથી સંભાળ રાખો છો. (૧૭) મહર્ષિ મૈત્રેયજીએ કહ્યું કે હે શ્રીવિદુરજી ! આ પ્રમાણે શુભ સંકલ્પવાળા અને મતિમાન શ્રીધ્રુવજીએ સ્તુતિ કરી ત્યારે ધ્રુવજીને અભિનંદન આપતા ભક્તવત્સલ ભગવાન વચનામૃત વર્ષાવતા બોલ્યા. (૧૮)

ભગવાનની કૃપા

કૃપાસિંધુ ભગવાન બોલ્યા, કે બેટા ધ્રુવ ! તેં ઉત્તમ વ્રત પાળ્યું છે. હે રાજકુમાર ! તારું કલ્યાણ થાઓ. તારા મનની વાત હું જાણું છું. ભલે તારા મનમાં વિચારેલ વસ્તુ આપવી દુર્લભ હોય તો પણ તું ભક્ત છે તેથી તે તને આપીશ. (૧૯) લાડીલા કુમાર ! તારી કામના ભદ્ર છે, હું તને તેજોમય, અવિચળ પદ આપું છું. આજ સુધી આ સ્થાન કોઈને નથી મળ્યું. આ સ્થાન સપ્તર્ષિમંડળ ઉપરનું સ્થાન છે. ખેતરના ખળામાં જેમ "હાલરા"માં બંધાયેલા બળદો ગોળ ગોળ ચક્કર લે છે તેવી જ રીતે ગ્રહનક્ષત્ર, તારાગણ વગેરેનું ચક્ર બંધાઈને ફર્યા કરે છે. (૨૦) ધર્મ, અગ્નિ, કશ્યપ, ઈન્દ્ર, નક્ષત્ર, તારાગણ સાથે સાત ઋષિઓ એ સ્થાનની નિત્ય પ્રદિક્ષણા કરે છે. આ નિત્ય સ્થાનનો પ્રલયમાં પણ નાશ નથી થતો. (૨૧) આ ઉપરાંત તને પૃથ્વીનું પણ રાજ્ય આપું છું. તારી યોગ્ય વય થતાં તારા પિતાજી, તને સિંહાસને પધરાવી તપ કરવા વનમાં ચાલ્યા જશે. તારે છત્રીસ હજાર વર્ષ પર્યન્ત રાજ્યનું પાલન કરવાનું છે. તારું શરીર અને ઈન્દ્રિયો સદાય સતેજ રહેશે. (૨૨) વળી કેટલાક સમય પછી વનમાં શિકારે ગયેલ ભાઈ ઉત્તમકુમાર યક્ષોનેહાથે માર્યા જશે ત્યારે પુત્રને શોધવા પાછળ ગયેલી માતા સુરુચિ વનમાં દાવાનળમાં બળી મરશે. (૨૩) બેટા ! "યજ્ઞ" મારું સ્વરૂપ છે. પુષ્કળ દક્ષિણા આપીને તું મારું યજ્ઞમૂર્તિનું આરાધન કરીશ, પૃથ્વીનાં પુષ્કળ સુખો ભોગવીને પણ તું તારું મન મારામાં પરોવીશ. (૨૪) અંતે તપોવનમાં જઈ તપશ્ચર્યા કરી વિશ્વવંદ્ય સપ્તર્ષિલોકના ઉપર આવેલા મારા પવિત્ર ધામને પ્રાપ્ત કરી મને પામીશ, આ સ્થાનમાંથી પાછું નહીં આવવું પડે. (૨૫)

મુનિ મૈત્રેયે ઉપરની કથા કહીને વિદુરજીને કહ્યું કે હે વિદુરજી ! આમ બોલતાં દયાળુ દેવાધિદેવ ગરુડધ્વજે મધુર વચનોથી ધ્રુવજીને સંતોષ આપી, ઉત્તમ અવિચળ પદ આપી, પ્રણામ કરતાં પુત્રને મસ્તકે કોમલ કરકમલ પધરાવી નિજલોકમાં વિદાય લીધી. (૨૬) શ્રીહરિના ચરણસરોજની સેવા કરતા, સર્વ કામનાઓથી મુક્ત થયેલા ધ્રુવકુમાર ધ્રુવપદ પામીને મનથી પ્રસન્ન ન થયા, પરંતુ પ્રભુનું વચન માથે ચઢાવી પિતાજીના નગર તરફ પાછા વળ્યા. (૨૭)

ધ્રુવકુમારનું નગરપ્રયાણ, પ્રસન્નતા અને ધ્રુવજીનો પરિતાપ

કથાનું શ્રવણ કરતાં વિદુરજીએ પૂછ્યું, ભગવન્ મૈત્રેય ! પરમદુર્લભ પરમપદને પામવાના વરદાનને પામી તેમજ પિતાના રાજ્યને પામવાના વરદાન પામ્યા પછી પણ ધ્રુવકુમારને, પોતે કૃતાર્થ નથી થયા એવું કેમ લાગ્યું ? વળી પરિતાપ કેમ કરવા લાગ્યા ? મહારાજ ! આ તો અતિશય નવાઈની વાત લાગે છે. (૨૮) શ્રી મૈત્રેય મહર્ષિએ સમાધાન કર્યું કે જ્યારે ધ્રુવજીને ભગવાનનાં દર્શન થયાં ત્યારે મનમાં સુરુચિમાતાનાં કડવાં વચનોનું સ્મરણ થયાં કર્યું, ઊંડેઊંડે અપમાનની વેદના ઉરમાં રહી ગઈ હતી તેથી મુક્તિનું વરદાન માગી ન શક્યા, પરંતુ પ્રભુકૃપાથી મનની મલીનતા અને વૈરભાવ તો

ચાલ્યાં જ ગયાંહતાં, તેના પરિણામે પુષ્કળ પસ્તાવો થયો. (૨૯) ભગવાન મળ્યા તો પણ હવે ધ્રુવજી મનમાં પરિતાપ કરવા લાગ્યા કે મેં કેમ મુક્તિ ન માગી. કોટિ જન્મોની સમાધિ બાદ સનકાદિ યોગીઓ મુક્તિપદને પામે છે કે મનમાં દર્શન પામે છે તે ભગવાન મને માત્ર છ માસમાં મળ્યા છતાં મારા મનમાં વાસના રહી ગયેલી તેથી મેં ભગવાનની સેવા ન માગી. સાચે જ હું કમભાગી જ છું, મારી જડતાનો પણ પાર નથી, મને જે પ્રભુની પ્રાપ્તિ થઈ તે પ્રભુના ચરણકમલો તો સંસારની બેડીઓ ઝટ તોડી નાખે છે તે ચરણ કમલો પાસે મેં ક્ષુલ્લક સુખ માગ્યું ? સ્વર્ગસુખલાલસામાં અટવાતા દેવોને મારીભક્તિનું સ્થાન ખૂંચ્યું લાગે છે. તેઓએ જ મારી મતિમાં મોહ પેદા કર્યો. હું નારદજીના આપેલા બોધપાઠને પણ વીસરી ગયો. (૩૦-૩૨) આ સઘળો સંસાર ભગવાનની કૃપાથી મને મિથ્યા લાગે છે તો પણ ભાઈ ઉત્તમકુમાર માટે જો મનમાં શત્રુભાવ રહ્યો, તો મારું તપ ક્યાં ગયું ? અને મારી ભક્તિ ક્યાં ગઈ ! (૩૩) મૃત્યુશય્યા ઉપર સૂતેલાની ચિકિત્સા વ્યર્થ જાય છે તે જ પ્રકારે આ મારી યાચના વ્યર્થ ગઈ. કઠિન તપશ્ચર્યાને અંતે પણ પ્રસન્ન ન થાય તેવા દુર્લભ ભગવાનને પામીને અંતે મારા કમભાગ્યે મેં શ્રીહરિની પાસે સંસાર જ માગ્યો (૩૪) અરે ભુવનસમ્રાટને પ્રસન્ન કરીને કોઈ દરિદ્ર તેની પાસે ડાંગરની કુસકી માગે એવી મેં પ્રવૃત્તિ કરી. મેં મોક્ષ માગ્યો હોત તો ભગવાન મને મોક્ષ પણ આપત, તે કરુણાકર પ્રભુ પાસે મેં બાલિશપણામાં કેવલ ઉચ્ચપદાદિ જ પદાર્થો માગ્યા. (૩૫)

मैत्रेय उवाच – न वै मुकुन्दस्य पदारविन्दयो रजोजुषस्तात भवादृशा जनाः ।
वाञ्छन्ति तद्दास्यमृतेऽर्थमात्मनो यदृच्छया लब्धमनःसमृदधयः ॥३६॥

આ અવસરે કથાનું વર્ણન કરતા શ્રી મૈત્રેય મુનિરાજે આદર પ્રકટ કરતાં કહ્યું કે, સંત વિદુર ! મુકુન્દ ભગવાનના પાદારવિંદના મકરન્દમાં રસ ધરાવતા આપના જેવા જૂજ ભક્તજનો મળે છે કે જેઓ શ્રીહરિપદરજનું સતત સેવન કરે છે. આપના જેવા સંતોનું મન સદા સર્વ પરિસ્થિતિમાં સંતુષ્ટ રહે છે. આવા જનો તો ભગવાનની સેવા સિવાય અન્ય કાંઈ ન માગે. (૩૬)

ધ્રુવજીનું પુનરાગમન

ધ્રુવજી પાછા નગરમાં પધારી રહ્યા છે એ વાત સાંભળી મૃત્યુ પામેલ પુત્ર પાછો આવે એ વાત જેમ માનવામાં ન આવે એ રીતે ધ્રુવજીની પાછા પધારવાની વાત ઉત્તાનપાદરાજાના માનવામાં ન આવી. એ બોલ્યા, મારા તુલ્ય અભાગીના ભાગ્યમાં ધ્રુવને પાછા મેળવવાનું ભાગ્ય ક્યાંથી ? (૩૭) રાજાનું મન માનવા તૈયાર જ ન હતું પરંતુ નારદજી સ્મરણમાં આવ્યા; તેથી વિશ્વાસ ઉત્પન્ન થયો. પુત્રમિલનની અને મુખદર્શનની અધીરાઈ વધી ગઈ. પુત્રના આગમનની વધામણી આપનારને રાજાએ અણમોલ રત્નનો હાર આપ્યો. (૩૮) પ્રાણપ્યારા પુત્રનેજોવાનીઆર્તિવાળા પિતા ઉત્તાનપાદ સોનેમઢેલા તેજસ્વી ઘોડાવાળા રથમાં બેસીને સામૈયા માટે ચાલ્યા. પુત્રસ્વાગતના મંગલ પ્રસ્થાનમાં ઋષિઓ, મુનિઓ, કુલવડીલો, મંત્રીમહામંત્રીઓ અને કુટુંબીજનોને આગળ કર્યા. (૩૯) વેદ-વાજિંત્રોના નાદો થવા લાગ્યા, મંગલગીત ગવાવા લાગ્યાં, જયઘોષ થવા લાગ્યા, સવારી વાજતેગાજતે સ્વાગત માટે આગળ વધી, મહારણી સુનીતિજી અને સુરુચિજીએ સુવર્ણ રત્નના શૃંગાર સજી, કુમાર ઉત્તમજીને સાથે લઈ સામૈયું કરવા પાલખીમાં બેસી પ્રયાણ કર્યું. (૪૦-૪૧) મધુવનમાંથી નગરની પાસે ઉપવનમાં પધારેલા ધ્રુવકુમારને પ્રેમવિહ્વલ પિતા, લાંબા સમયથી પુત્રના મિલનની આકાંક્ષા સેવતા વિહ્વલ બની રથમાંથી ઊતરી પડ્યા અને ચરણે પડતું મૂકતા, પુત્રને બન્ને હાથે બાથમાં લઈ બાપ ભેટી પડ્યા. (૪૨-૪૩) શીતલ અશ્રુની ધારાથી પુત્રને સ્નાન કરાવી દીધાં, વારંવાર મુખ ચુંબન કરી મસ્તક સૂંઘવા લાગ્યા. ભગવાન વિશ્વકસેન શ્રીકૃષ્ણચન્દ્રજીના ચરણારવિંદના સ્પર્શથી સમસ્ત પાપબન્ધનથી મુક્ત થયેલા પરમ પાવન પુત્રને મેળવીને ઘરમાંથી ચાલી ગયેલા પુત્રને પાછા મેળવવાથી બાપનો મોટો મનોરથ સાકાર થયો. બાપની બાથમાં રહેલા સ્નેહથી સત્કાર પામેલા સજ્જનશિરોમણિ શ્રી ધ્રુવકુમમારે પુનઃ પુનઃ પ્રણામ કરી પિતાની આશિષ પામી, પિતાજી સાથે ભક્તિભરી વાણીથી વાતચીત કરી, બન્ને માતૃચરણોમાં ઢળી પડ્યા. (૪૪-૪૫) માતા સુરુચિજીએ ચરણમાં ઢળતા

ભક્તવર ધ્રુવકુમારને હૃદય સરસો ચાંપી, અશ્રુ છલકાતી આંખે ગદ્દ્ગદ્ બનેલા કંઠે વારંવાર બેટા ચિરંજીવ-ચિરંજીવ કહી ખૂબ ખૂબ આશિષ દીધી. (૪૬-૪૭) પ્રસંગકથા કહેતાં મુનિવર મૈત્રેય બોલ્યા, હે શ્રીવિદુરજી ! "મૈત્રી મુદિતા જેવા સદ્ગુણોથી શ્રીહરિ ભગવાન જેના ઉપર રીઝયા હોય તે નમ્ર સાધુ જનને, નત પ્રદેશમાં જેમ સર્વ સરિતાઓ ઢળે તેમ સમસ્ત પ્રાણીઓ તેમને નમે છે" (૪૮) આમ કહેતા આગળ કહેવા લાગ્યા કે હે વિદુરજી ! સુરુચિમાતાને નમી પરસ્પર મળવા માટે ક્યારનાય આતુર થયેલા બન્ને ભાઈઓ શ્રીધ્રુવજી અને ઉત્તમકુમાર બન્ને ભેટી પડ્યા. બન્ને ભાઈઓની આંખલડી અશ્રુથી છલકાણી અને કાયા ઉપર રોમાવલી ઊગી અશ્રુનો ધોધ ખાળ્યો ખાળી ન શક્યા. બન્ને મૂક બની ગયા. (૪૯) પુનઃ પ્રાણપ્યારા પુત્રને ભેટવા તલસતી પરમસતી શ્રીસુનીતિ માતાના શ્રીચરણે ઢગલો થઈ પડેલા ધ્રુવકુમારને માતાએ ઉઠાવી ગળે લગાવી દીધો. વહાલા પુત્રના અંગસંગે સુખ પામેલી માની વાણી રિસાઈ ગઈ. માની સઘળી ચિંતાઓ દૂર થઈ ગઈ. (૫૦) ધ્રુવજીની કથા કહેતાં માતાના વાત્સલ્યે વિભોર બનેલા મૈત્રેય મુનિ ચાલુ પ્રસંગે ભાવાવેશથી સંબોધન કરતા કહી રહ્યા છે કે હે વીરવર શ્રી વિદુરજી ! શું કહું ? વીરવર ભક્તવર નિજકુમાર ધ્રુવને ભેટીને વીરસુતા શ્રી સુનીતિ માતાના સ્તનમાંથી વારંવાર દૂધ સ્રવવા લાગ્યાં અને નેત્રોમાંથી પુત્રના મસ્તક ઉપર મંગલ અશ્રુઓ વહેવા લાગ્યાં. "બેટા ! બેટા !" આ બે શબ્દોથી વધુ માતા કાંઈ પણ બોલી ન શકી. (૫૧)

પ્રજાનો પ્રેમ

પરમ ભક્ત પુત્રની પરમ સતી જનનીને પ્રજાજન કહેવા લાગ્યાં, મહારાણીજી ! આપના લાલન ધ્રુવજી ચાલ્યા ગયેલા. આપનાં જ સૌભાગ્યે અને આપના જ સુપુણ્યે પ્રભુકૃપાથી પ્રભુને પામી પાછા પધાર્યા છે, મા ! એ તો સર્વના દુઃખોને દૂર કરશે. લાંબા કાળ સુધી પૃથ્વીનું રાજ્ય કરશે. (૫૨) મા ! સાચેસાચ આપે શરણાગતવત્સલ, ભવભયભંજન શ્રીહરિ ભગવાનનું અતિસ્નેહથી સમર્ચન કીધું છે. માડી ! એ ભગવાનની કૃપા પામેલા ભક્તવરો, વીરજનોથી પણ ના જિતાય એવા મૃત્યુને જીતી જાય છે. (૫૩) લોકલાગણી આ અવસરે માઝામાં ના રહી. બન્ને રાજકુમારોને લાડ લડાવતાં પ્રજાજનોએ ધ્રુવજીને તેમ જ ઉત્તમકુમારને હાથણી ઉપર પધરાવી,મહારાજ શ્રી ઉત્તાનપાદજીની સ્તુતિ કરતા રાજમાર્ગેથી રાજભવન તરફ મંગલ યાત્રા ચાલવા લાગી. આ અવસરની નગરશોભા અલૌકિક હતી. મકરની આકૃતિવાળાં તોરણોથી દિવ્ય દરવાજાઓ સ્થાને સ્થાને રચવામાં આવ્યા હતા, કેળનાં ફળ અને મંજરીવાળા કદલી સ્તંભો, ફલવાળાં સોપારીનાં વૃક્ષો, શ્રીફળ વૃક્ષોનું મંગલ દર્શન મનને ખેંચતું હતું. (૫૫) પ્રત્યેક દરવાજે અશોક અને આમ્ર પાનનાં તોરણો, રેશમી વસ્ત્રોનાં ધજા-પતાકા, તોરણ શોભી રહ્યાં હતાં અને દરવાજાઓ, ફુલવાડીઓ, મોતીનાં તોરણો, મંગલમય જલકલશો અને રત્ન-ધૂપ-દીપકોથી નગર વૈકુંઠથી વધુ રળિયામણું બન્યું હતું. વિમાનોનાં શિખર સમા શોભતા, વળી સુવર્ણ સામગ્રીવાળા ગઢ, મકાનનાં દ્વારો સર્વત્ર ઝળહળી ઊઠ્યાં હતાં. (૫૬-૫૭) રાજમાર્ગો, ચોકચૌટાં, ગલીઓ અને અટારીઓ અત્યંત સ્વચ્છ હતાં. નગરજનો સ્વાગત માટે ફળ, ફૂલ, અંકુર, અક્ષત, જવ, ધાણી, જવારા વગેરે સામગ્રીઓ અને વિવિધ ભેટો સજીસજી રાજમાર્ગે રાહ જોઈ રહ્યા હતા. (૫૮) સવારી રાજમાર્ગે આવી લાગી ત્યાં તો નગર નારીવૃંદે ધ્રુવકુમારનાં દર્શન કરતાં, ઓવારણાં લેતાં, શ્વેત સરસવ, અક્ષત, દહીં, જવ, દુર્વા, ફળ, ફૂલ, જવારાની વર્ષા કરવા માંડી. (૫૯) મંગલગીત ગાવા માંડ્યાં અને આશીર્વાદના ઓઘ વરસાવવા માંડ્યા. સર્વનું સ્વાગત પામતા ધ્રુવ રાજભવનમાં પ્રવેશ્યા. (૬૦) પિતા-માતાનાં લાડ અને પ્યારનો હવે પાર ન રહ્યો. મણિમંડિત મહાલયોમાં શ્રી ધ્રુવકુમાર સ્વર્ગના દેવસમા સુખ પામવા લાગ્યા. (૬૧) શ્વેત દૂધની ફીણ જેવી સફેદ સુકોમલ સુખશય્યા, હાથીદાંતના પલંગ, સોનેરી બુટ્ટા જડેલા પડદા, મહામૂલાં સૂવાબેસવાનાં સુખકર આસનોનો પાર ન હતો. (૬૨) મહામૂલાં મરકતમણિથી મઢેલી સ્ફટિકમણિની ભીંતોમાં રચેલી પરીઓના મસ્તક ઉપર મઢેલા રત્નદીપકો સર્વનું હૃદયરંજન કરતા હતા. (૬૩) રાજભવનના બાગબગીચા ફૂલવાડીમાં તરુવર ઉપર બેઠેલાં પક્ષી યુગલોના મધુરકલરવ અને વૈડૂર્યમણિનાં પગથિયાંવાળી અને ઉદ્યાનમાં મદમત્ત મદુકરોના ગુંજારવ સર્વનું હૃદય હરી લેતા હતા. (૬૪)

જાતજાતનાં કમલોવાળી વાવ વગેરે જલાશયોમાં હંસ, સારસ, ચકવા, ચકવી વગેરે પંખીડાં કલ્લોલ કરી રહ્યાં હતાં. (૬૫) પ્રાણપ્યારા પુત્ર ધ્રુવની પ્રભાવગાથા તો રાજર્ષિ ઉત્તાનપાદજીએ દેવર્ષિ નારદજીના મુખકમલે સાંભળેલી હતી તે આજે નજરે નિહાળી રહ્યા છે. યોગ્ય વયના કુમાર થયા, પ્રજાજન, મંત્રીજનનો અનુરાગ નિહાળી પિતાએ પુત્રનો રાજ્યાભિષેક કર્યો. (૬૬) ઉત્તાનપાદ રાજા ઉત્તર જીવનમાં શ્રીહરિનો સાક્ષાત્કાર કરવા સર્વ કારભાર સંતાનને સોંપી તપોવને સિધાવ્યા. (૬૭)

आत्मानं च प्रवयसमाकलय्य विशाम्पतिः । वनं विरक्तः प्रातिष्ठद् विमृशन्नात्मनो गतिम् ॥ ६७ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના ચતુર્થ સ્કંધ વિસર્ગલીલાના ધર્મપ્રકરણમાંનો શ્રી ધ્રુવજીના રાજ્યારોહણનું વર્ણન કરતો અધ્યાય નવમો સમાપ્ત.

અધ્યાય ૧૦મો

[અધ્યાયમાં ૩૦ શ્લોકો છે. ધ્રુવજીનું યક્ષો સાથે યુદ્ધ અને વિજયની ગાથા આ અધ્યાયમાં વર્ણવી છે.]

मैत्रेय उवाच – प्रजापतेर्दुहितरं शिशुमारस्य वै ध्रुवः । उपयेमे भ्रमिं नाम तत्सुतौ कल्पवत्सरौ ॥ १ ॥

મુનિ મૈત્રેય બોલ્યા, હે શ્રી વિદુરજી ! શ્રી ધ્રુવકુમાર, શિશુમાર નામના પ્રજાપતિની પુત્રી ભ્રમિદેવી સાથે પરણ્યા એમને ત્યાં કલ્પ અને વત્સર નામે બે પુત્રો થયા. (૧) વળી મહાન પરાક્રમી ધ્રુવજીનાં શ્રી વાયુપુત્રી ઈલાદેવી નામનાં બીજાં રાણી હતાં. તેમને ત્યાં 'ઉત્કલ' નામના એક પુત્ર અને ભૂતિ નામનાં શ્રેષ્ઠ કન્યા હતાં. (૨) હજી તો ઉત્તમકુમાર પરણ્યા જ નથી, ત્યાં વળી એક દિ' મૃગયા ખેલવા હિમાલય તરફ ગયા, ત્યાં માર્ગમાં કોઈ બળવાન યક્ષે ઉત્તમકુમારના પ્રાણ લીધા. પુત્રનો વિલાપ કરતી માતા પુત્ર સાથે પરલોકે સિધાવી. (૩) ભાઈના વધની વાત જાણી અકળાઈ ઊઠેલા, શોકાતુર, કોપે ભરાયેલા, ધ્રુવજી રથમાં બિરાજી અલકાપુરી જઈ પહોંચ્યા. (૪) ત્યાં ઉત્તર દિશામાં હિમાલય પર્વતની તળેટીમાં શિવજીના સેવક યક્ષોના નિવાસની અલકાપુરી નગરી નજરે નીરખીને પરાક્રમી વીર ધ્રુવજીએ દિશાઓ અને આકાશને ગજવી નાખતો શંખનાદ કીધો. શંખનાદ સાંભળી યક્ષોની નારીઓ અકળાઈ ઊઠી અને તેમની આંખે ચક્કર આવવા લાગ્યા. (૫-૬) શંખનાદને ન સહન કરતા બલવાન યક્ષો અસ્ત્ર-શસ્ત્રસજી સંગ્રામમાં ચઢી આવી એકસાથે ધ્રુવજી ઉપર તૂટી પડ્યા. (૭) મહારથી વીર ધનુર્ધર ધ્રુવજીએ એક સાથે સર્વ ઉપર ત્રણ ત્રણ બાણ છોડ્યાં. (૮) લલાટમાં લાગેલાં બાણોથી યક્ષો પોતાનો પરાજ્ય માનતા ધ્રુવજીના પરાક્રમની પ્રશંસા કરવા લાગ્યા. (૯) પાદપ્રહાર ન સહન કરતા સર્પો સમા તે યક્ષોએ એકસાથે ધ્રુવજીને છ છ બાણોથી વીંધી નાખ્યા. (૧૦) બાદ એક સાથે એકલાખ ત્રીસ હજાર યક્ષો શ્રી ધ્રુવજી ઉપર ક્રોધે ભરાઈને ધ્રુવજીના રથ અને સારથિ ઉપર, ભોગળ, તલવાર, ત્રિશૂલ, સાંગ, ફરશી, ભુશંડી અને ઋષ્ટિ વગેરે શસ્ત્રો લઈ તૂટી પડ્યા. તેમજ વિવિધ પાંખવાળાં બાણો વરસાવવા લાગ્યા. (૧૧-૧૨) એ સમયે જેમ વરસાદથી સૂર્ય દેખાતા બંધ થાય. તેમ વિવિધ અસ્ત્રોની વૃષ્ટિથી ધ્રુવજી દેખાતા બંધ થયા. આ અવસરે યુદ્ધશક્તિ નીરખવા આવેલા સિદ્ધગણો હાહાકાર કરવા લાગ્યા કે અરે મનુષ્યમાર્તંડ શ્રી ધ્રુવકુમાર, ખરે યક્ષ-સાગરમાં ડૂબી ગયા ! નહિ તો દેખાય નહીં ! યક્ષો તો પોતાનો વિજ્ય માનતા ગાજવા લાગ્યા. (૧૩-૧૪)

ત્યાં તો ઝાકળને ભેદી ભગવાન ભાસ્કર નીકળી આવે તેમ તેજસ્વી ધ્રુવજીનો રથ બાણોના જાળામાંથી એકાએક બહાર નીકળી આવ્યો. (૧૫) દિવ્ય ધનુષ્યનો ટંકાર કરતા શત્રુઓને સંતાપતા ધ્રુવકુમારે, આંધી વાદળાંને વિખેરી નાખે તેમ પ્રચંડ બાણોની વૃષ્ટિ કરી યક્ષોના અસ્ત્રસમૂહનો નાશ કરી નાખ્યો. (૧૬) તીક્ષ્ણ બાણોથી વીંધાઈ કુંડલો સાથે કપાઈ ધરણી પર પડેલાં મસ્તકો, સોનેરી સાથળો, રત્નકંકણ મઢ્યા હાથ, રત્નના હારો, બાજુબંધો મસ્તકના મુકુટો અને માહમૂલી પાઘડીઓથી ધરણી છવાઈ ગઈ. શૂર પુરુષોને રુચે તેવી ધરણી શોભવા લાગી. (૧૮-૧૯) જે યક્ષો જીવતા રહ્યા તેઓ તો બાણોથી કપાયેલા, સિંહથી ત્રાસીને નાઠેલા હાથીઓની માફક યુદ્ધભૂમિ છોડી ગયા (૨૦) શસ્ત્રધારી નરવીર ધ્રુવજીએ સમરાંગણમાં કોઈ શસ્ત્રધારીને ન જોયા ત્યારે ધ્રુવજી પોતાના સારથિને કહેવા લાગ્યા કે ગાફેલ રહેવા જેવું નથી, કારણ કે કપટીઓનું કપટ સમજાય નહીં, ક્યારે પણ યક્ષો તૂટી પડે તો નવાઈ નહીં. આ અવસરે ધ્રુવજી તો

પ્રથમથી જ સાવધ હતા. સમુદ્રની ગર્જના સમી ગર્જનાઓ સંભળાવા લાગી. ભયંકર ધડંધડાકા થવા લાગ્યા, આંધી ચઢી આવી, ધૂળની ડમરીઓ ઊડવા લાગી (૨૨) ચારે કોર વાદળાંની ઘટાઓથી આકાશ છવાઈ ગયું, વીજળીઓ ચમકવા લાગી, વાદળમાં કડાકા થવા લાગ્યા. રુધિર, મલ, મૂત્ર, કફ, પરુ, માંસની વૃષ્ટિ થવા લાગી. મસ્તક વિનાનાં ધડ પડવા લાગ્યાં, (૨૩-૨૪) આકાશમાં મોટો પર્વત દેખાના લાગ્યોં, ગદા, તલવાર, ભોગળ, મૂશળ અને પથ્થરોની વૃષ્ટિ થવા લાગી, વજ્ર સમા ફૂંફાડા મારતા, આંખોમાંથી અગ્નિ વરસાવતા ફણીધરો, મદમાતા હાથીઓ, સિંહો અને વાઘનાં ઝૂંડો દોડી આવતાં દેખાયાં (૨૫-૨૬) જાણે પ્રલયકાળનો વીફરેલો સાગર ન હોય શું ! જાણે હમણાં જ સર્વને ડુબાડી દેવા ન આવતો હોય તેમ ઘૂઘૂ કરતો ભયંકર સાગર ધસી આવ્યો. (૨૭) ધ્રુવજી ઉપર ક્રૂર સ્વભાવવાળા અસુરોએ અને યક્ષોએ આ આસુરી માયા યોજી છે એવું મુનિઓએ જાણી લીધું અને કેટલાક મુનિઓ ત્યાં પધાર્યા અને ધ્રુવજીના મંગલની કામના કરતાં બોલ્યા કે હે ઉત્તાનપાદના રાજકુમાર ! શાર્ઙ્ગ નામના ધનુષ્યવાળા ભગવાન ભક્તજનના દુઃખભંજક છે તે પ્રભુ તમારા શત્રુઓનો નાશ કરો, આ ભગવાનના કેવલ નામનું શ્રવણ-કીર્તન કરતાં અનાયાસે મનુષ્ય મૃત્યુના મુખમાંથી બચી જાય છે. (૨૮ થી ૩૦)

औत्तानपादे भगवांस्तव शार्ङ्गधन्वा देवः क्षिणोत्ववनतार्तिहरो विपक्षान् ।
यन्नामधेयमभिधाय निशम्य चाद्धा लोकोऽञ्जसा तरति दुस्तरमंग मृत्युम् ॥ ३० ॥

શ્રીમદ્ભાગવતપીયૂષનો ચતુર્થસ્કંધ વિસર્ગલીલા પ્રકરણના ધર્મપ્રકરણનો ધ્રુવજી અને યક્ષોના સંગ્રામનું વર્ણન કરતો દશમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૧મો

[આ અગિયારમા અધ્યાયમાં ૩૫ શ્લોકોછે. આમાં યક્ષોનો ક્ષય, મનુરાજાની પધરામણી અને ઉપદેશનું વર્ણન આવશે.]

निशम्य गदतामेवमृषीणां धनुषि ध्रुवः । संदधेऽस्त्रमुपस्पृश्य यन्नारायणनिर्मितम् ॥ १ ॥

મુનિરાજ મૈત્રેયે કહ્યું કે શ્રી વિદુરજી ! ઋષિવરોનાં મંગલ વચનોનું શ્રવણ કરી શ્રી ધ્રુવકુમારે આચમન કર્યું અને નારાયણ નામના અસ્ત્રનો પ્રયોગ કર્યો. (૧) શ્રીનારાયણ અસ્ત્રના પ્રયોગથી જેમ જ્ઞાનનો ઉદય થવાથી અવિદ્યા ચાલી જાય છે તેમ યક્ષોની વિચિત્ર માયા ક્ષણમાં જ નાશ પામી. (૨) આ ઋષિવર નારાયણે પ્રકટ કરેલા નારાયણ અસ્ત્રને ધનુષ્ય ઉપર ચઢાવતાં જ અણિયાળાં હંસની પાંખ જેવાં સુસવાટા મારતાં સુવર્ણબાણો વનમાં પેસતાં પંખાળા મોરોની માફક શત્રુઓના સૈન્યમાં ઘૂસવા લાગ્યાં (૩) તીણી ધારવાળાં બાણોના ત્રાસે યક્ષો, ફેણ માંડી ગરુડજી ઉપર તૂટી પડતા સર્પોની માફક શસ્ત્રો લઈ તૂટી પડ્યા. (૪) ચઢી આવતા યક્ષોના હાથપગ, સાથળ, પેટના ટુકડા કરી યક્ષોને જે લોકમાં અખંડ બ્રહ્મચર્ય ધારણ કરનારા મુનિઓ જઈ શકે છે તે મુક્તિધામમાં મોકલવા માંડ્યા, (૫) આવેશમાં આવેલા ધ્રુવરાજે જ્યારે નિરપરાધી યક્ષોનો નાશ કરવા માંડ્યો ત્યારે દયાળુ દાદા મનુ સ્વાયંભુવજી, ઋષિઓ સહિત પધારીને મંગલ વાણી બોલવા લાગ્યા. (૬)

મનુમહારાજની મંગલવાણી

अलं वत्सातिरोषैण तमोद्वारेण पाप्मना । येन पुण्यजनानेतानवधीस्त्वमनागसः ॥ ७ ॥
नास्मत् कुलोचितं तात कर्मैतत्सद्विगर्हितम् । वधोयमुपदेवानामारब्धस्तेऽकृतैनसाम् ॥ ८ ॥
नायं हि मार्गो साधूनां हृषीकेशानुवर्तिनाम् । यदात्मानं परागगृह्य पशुवद्भूतवैशसम ॥ १० ॥
तितिक्षया करुणया मैत्र्या । चाखिलजन्तुषु । समत्वेन च सर्वात्मा भगवान् सम्प्रसीदति ॥ १३ ॥

બેટા ! બેટા ! અટકી જાઓ, અધિક ક્રોધ ના કરીએ દીકરા ! જુઓ કુમાર ! પાપી ક્રોધ તો નરકનું દ્વાર છે, બેટા ! તમે તે ક્રોધને તાબે થયા અને નિર્દોષ યક્ષોનો નાશ કર્યો ! (૭) હે તાત ! નિરપરાધી યક્ષોના વધને સત્પુરુષો ધિક્કારે છે, વળી આવો ક્રોધ તો આપણા કુળને ના શોભે ! (૮) વહાલા પુત્ર ! તમારો, ભાઈ ઉત્તમ ઉપર અપાર પ્રેમ હતો તે સાચું છે પણ તેથી તમે ભાઈના વધથી ઊકળી ઊઠ્યા અને ઉત્તમને મારનાર કોઈ અપરાધી યક્ષના બદલામાં કેટલા બધા યક્ષોનો

કચ્ચરઘાણ કાઢ્યો ! આ ક્યાંનો ન્યાય, કુમાર ! (૯) શરીર તો જડ છે એને નિત્ય માનીને અણસમજુ પશુઓ પ્રાણીઓનો નાશ કરે તેમ આપણા જેવા હરિપદપરાયણ સાધુજનોથી આ માર્ગે ન જવાય. (૧૦) અરે દીકરા ! ભગવાનની આરાધના કેટલી બધી કઠિન છે ! તે તમે બેટા ! બાલ્ય વયમાં જ એ બાલમુકુન્દ શ્રી હરિને આરાધ્યા છે, જે ભગવાન સર્વ પ્રાણીઓના આધાર છે, તેમની આરાધના કરી તેમનું પદ પ્રાપ્ત કરી લીધું છે. (૧૧) અરે બેટા, એ કૃપાળુ પ્રભુ તો તમને પોતાના લાડીલા ભક્ત ગણે છે. અરે મહાન ભક્તજનો પણ તમારે માટે બહુમાન ધરાવે છે. સજ્જન માટે તો દીકરા ! તમે દીવાદાંડી સમા છો. અરેરે ! આવું નિંદનીય કામ તમે કર્યું કુમાર ! (૧૨) અરે પુત્ર, તમને તો ખબર છે કે "મોટાઓને માન, નાનેરાઓ માટે દયા, સરખા સાથે સ્નેહ અને સમસ્ત જીવો માટે સમદ્રષ્ટિ " રાખીએ તો સર્વાત્મા શ્રી હરિ પ્રસન્ન થાય છે. (૧૩) ભગવાન પ્રસન્ન થાય ત્યારે જીવ પ્રકૃતિના ત્રણ ગુણોમાંથી મુક્ત થાય છે. મુક્ત થયેલ આત્મા બ્રહ્માનંદને પામે છે. (૧૪) પંચ મહાભૂતોથી જ સ્ત્રી અને પુરુષોનાં શરીરો બને છે. સ્ત્રી-પુરુષના સંગમથી અનેક સ્ત્રી-પુરુષો જન્મે છે. (૧૫) આ રીતે સત્ત્વ વગેરે ત્રણ ગુણોના ઓછાવત્તા પણાથી આ જગતની ઉત્પત્તિ, પાલન, સંહાર ચાલ્યા જ કરે છે. (૧૬) હે પુણ્પુરુષ ધ્રુવ ! ભગવાન તો તેમાં નિમિત્ત જ છે. ભગવાનના આશ્રયથી જ કાર્યરૂપ અને કારણરૂપ જગત બને છે. (૧૭) ભગવાનની જ કાલ નામની એક શક્તિ છે. આ શક્તિ જ સત્ત્વ,રજ, તમ નામના ગુણોમાં ખળભળાટ પેદા કરે છે. પછી પરમાત્માની આ લીલામય શક્તિ જ સૃષ્ટિના સ્વરૂપમાં વહેંચાઈ જાય છે. આમ અકર્તા ભગવાન સૃષ્ટિ કરે છે, અસંહારક ભગવાન સંહાર કરે છે. બેટા, આ ભગવાનની લીલામાં કાંઈ સમજણ પડે એવું નથી. (૧૮) આ કાળ અવિનાશી અને અનન્ત છે કારણ કે એ તો ભગવાનની શક્તિરૂપ છે. સર્વનો અંત પણ એ જ આણે છે. પોતે અનાદિ છે. સર્વના આદિ કર્તા છે. (૧૯) તે એક જીવ દ્વારા બીજા જીવને ઉત્પન્ન કરી સૃષ્ટિ કરે છે અને મૃત્યુ દ્વારા મારનારને પણ મરાવી સંહાર કરે છે. આ મૃત્યુરૂપ કાળને કોઈ ન પોતાનો છે કે ન કોઈ પારકો છે, જેમ પવન ફૂંકાય અને ધૂળ ઊડે તેમ સર્વ જીવો પોતાનાં કર્મોને આધીન બની કાળને અનુસરે છે. તેમજ કર્માનુસાર સુખદુઃખાદિ ફળોને ભોગવે છે. (૨૦) સર્વ સમર્થ શ્રીહરિ કર્મબંધનમાં પડેલા જીવનાં આયુષ્ય-વૃદ્ધિ-ક્ષયની વ્યવસ્થા ગોઠવે છે; પરંતુ પોતે તો ક્ષયવૃદ્ધિથી પર રહે છે. અને પોતાના આનંદ સ્વરૂપમાં જ રહે છે. (૨૧) હે રાજકુમાર ! મીમાંસકો પરમાત્માને કર્મના નામથી ઓળખે છે, ચાર્વાકો એ પરમાત્માને સ્વભાવના નામે કહે છે, વૈશેષિકો તેને કાળ કહે છે. જ્યોતિર્વિદો એને દૈવ કહે છે અને વાત્સ્યાયન એને કામ કહે છે. ભાઈ ! આ ઈશ્વર ન તો મપાય કે ન તો સમજાય એવા છે. સર્વના મૂલ કારણ આ ઈશ્વરને કોણ જાણી શકે ? હે પુત્ર ! આ યક્ષોએ તમારા ભાઈને નથી માર્યા કે ન તમે યક્ષોને મારનાર છો. તમે અને યક્ષો પરસ્પર નિમિત્ત બન્યા છો, પણ કાલ સ્વરૂપ ભગવાન જ સર્વમાં કારણ છે. (૨૪) ઉત્પત્તિ, પ્રલય, સંરક્ષણ એ ભગવાનની જ લીલા છે. એ તો અહંકારથી પર છે. કર્મથી પર છે અને ફળથી તે ભગવાન કદી લેપાતા નથી .(૨૫) ભગવાન તો નિરહંકાર રહે છે, એનું એક કારણ છે કે તે સર્વ જનોના અન્તર્યામી નિયંતા, રક્ષક, ઈશ્વર જ પોતાની માયાશક્તિથી સૃષ્ટિ-સ્થિતિ પ્રલય વગેરે કાર્ય કરે છે. (૨૬) હે પ્રિય કુમાર ! તે ભક્તોના આશ્રય અને ખલોને માટે સંહારક બનનાર પ્રભુને શરણે જાઓ એ તો સર્વના આશ્રય છે. વેદના બંધારણ પ્રમાણે બંધાયેલા પ્રજાપતિઓ પણ નાકે નાથેલા બળદની માફક આ વિશ્વની ધૂંસરીને ખેંચે છે. (૨૭) આ શ્રીહરિનું સેવન તો રાજકુમાર, તમારે માટે તો સુલભ છે. તમે તો પાંચ વર્ષના હતા ત્યારે સુરુચિ માતાના અરુચિકર મર્મભેદક વચનબાણોથી વીંધાઈ વનમાં જઈ દૃઢ ભક્તિથી તપશ્ચર્યા આદરી કૃપાનાથને પ્રસન્ન કર્યા હતા અને ત્રણ લોકના ઉપરનું ધ્રુવપદ પામ્યા છો. (૨૮) વહાલા કુમાર ! તમે પ્રત્યેકના મનમાં વસેલા, અવિનાશી, કલેશ વિનાના અને નિર્ગુણ એ શ્રીહરિને અંતર્મુખ બની મુક્ત થઈને શોધી લો, બેટા ! એ ઈશ્વર ભેદભાવથી પર, પ્રપંચથી મુક્ત છતાં તે તેવા દેખાય છે એ જ એમની અગમતા છે. (૨૯) આ ભગવાનને શોધતાં સર્વ શક્તિમાન પરમાનંદ સ્વરૂપ સર્વના અન્તર્યામી ભગવાનમાં બેટા ! તમારી સુદૃઢ ભક્તિ થશે. આ ભક્તિના બળથી હું અને મારું એવી જામી ગયેલી અજ્ઞાનની ગાંઠોને

ઉકેલતાં વાર નહીં લાગે (૩૦) હે બેટા ! આ મારું કથન રોષને દૂર કરનારા કડવા ઔષધ જેવું છે. આનું સેવન કરી કલ્યાણના વિરોધી ક્રોધનું શમન કરી લેતાં બેટા, મંગલ થશે (૩૧) બેટા ! ક્રોધને વશ થયેલા માનવથી લોકોને નિત્ય ક્લેશ થાય છે. માટે શાણા પુરુષે પોતાને અને બીજાને ભયમુક્ત કરવા ક્રોધને વશ ના થાવું (૩૨) એક વાત કહું છું બેટા ! યક્ષોએ મારા ભાઈને માર્યો છે એવા વિચારે યક્ષોને મારીને શ્રી શિવજીના સખા કુબેરજીનો તમે અપરાધ કર્યો છે (૩૩) માટે મારા લાડકવાયા લાલ ! મહાત્મા કુબેરજીનું તેજ આપણા કુળને બાળી દે તે પહેલાં ભક્તિથી, વિનયથી અને મધુર વચનોથી શ્રી કુબેરજીની ક્ષમા માગી લો. (૩૪) શ્રી મનુજીએ આવી સુંદર શિખામણ આપી પૌત્રને આશિષ આપી, ભક્તપૌત્ર ધ્રુવજીએ દાદાને નમસ્કારકર્યા, ત્યારબાદ મનુ મહારાજ મહર્ષિઓ સાથે પધારી ગયા.

एवं स्वायंभुवः पौत्रमनुशास्य मनुर्ध्रुवम् । तेनाभिवन्दितः साकमृषिभिः स्वपुरं ययौ ॥ ३५ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષનો ચતુર્થસ્કંધ વિસર્ગલીલાના ધર્મપ્રકરણમાં ધ્રુવજીને સુધામય શિખામણ દેતો અગિયારમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૨મો

[આ બારમાં અધ્યાયમાં પર શ્લોક છે. શ્રી કુબરેજીની કૃપા અને ધ્રુવકુમાર પ્રજાપાલન, તપ હરિપદારોહણ અને હરિપદપ્રાપ્તિ .]

શ્રીકુબેરજીની કૃપા

मैत्रेय उवाच–ध्रुवं निवृत्तं प्रतिबुद्धच वैशसादपेतमन्युं भगवान् धनेश्वरः । तत्रागतश्चारणयक्षकिन्नरैः संस्तूयमानोभ्यवदत् कृतांजलिम् ॥१॥

શ્રી મૈત્રેય મુનિએ કહ્યું કે વિદુરજી મનુમહારાજના ઉપદેશથી ધ્રુવજીને સંકોચ થયો છે.ક્ષણવારમાં તેમનો ક્રોધ ત્યાં શમી ગયો છે. યુદ્ધ કરવાનું માંડી વાળ્યું છે, એમ જાણતાં ચારણ, યક્ષો, કિન્નરોથી સ્તુતિ કરાતા શ્રી કુબેરજી પધાર્યા અને સન્મુખ હાથ જોડી ઊભેલા ધ્રુવજીને મંગલ વચનામૃત વર્ષાવવા લાગ્યા. (૧) પરમ ભક્તરાજ ધ્રુવકુમાર ઉપર પ્રસન્ન થયેલ શ્રી કુબેર ભગવાને કૃપા વરસાવતાં કહ્યું, કુમાર ! તમે દાદા મનુરાજની આજ્ઞાને માથે ચઢાવી વૈરથી પર થયા છો. સાચે જ તમારું હૃદય શુદ્ધ છે. હું તમારા ઉપર પ્રસન્ન છું. (૨) ખરી રીતે વિચારતાં ન તમે યક્ષોનો વધ કર્યો છે કે ન તો યક્ષોએ તમારા ભાઈ ઉત્તમનો વધ કર્યો છે. પ્રાણી માત્રના જન્મ-મરણનું કારણ તો કેવળ કાળ છે. (૩) બેટા ધ્રુવ ! હું અને તું એવી જે બુદ્ધિ છે, તેથી જ જીવને અજ્ઞાનવશ બંધન અને દુઃખો પેદા થાય છે. જીવ અજ્ઞાનવશ દેહને જ આત્મા માની લે છે તેથી દુઃખો ઉત્પન્ન થાય છે. (૪) હેવત્સ ધ્રુવ ! હવે ઘેર પધારો બેટા, ભગવાન તમારું કલ્યાણ કરશે. સંસારબંધનથી મુક્ત થવા માટે સર્વ જીવોમાં સમદૃષ્ટિ રાખજો. પ્રાણીમાત્રમાં વસેલા શ્રીહરિ ભગવાનનું ભજન કરજો. (૫) આ ભજન સંસારનાં બંધનોનો નાશ કરશે. ભગવાન આ વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિઅને લય ત્રિગુણવાળી માયાથી કરે છે તો પણ વાસ્તવિક રીતે રાજકુમાર ! બોલો, તમારા મનમાં શી કામના છે ? સંકોચ ના કરશો, વળી શંકા ના કરશો મનગમતી વસ્તુ માગી લો, મેં જાણ્યું છે કે તમે તો ભગવાનના ચરણકમલની સેવામાં જોડાયેલા છો, તેથી આપ વરદાનને યોગ્ય છો. બોલો, શું વરદાન આપું ? (૭)

મૈત્રેય મુનિનું વચનામૃત

મુનિવર મૈત્રેયજી શ્રીધ્રુવ-કુબેરજીનો વાર્તાપ્રસંગ વર્ણવતાં બોલ્યા કે વિદુરજી ! જ્યારે યક્ષોના સ્વામી શ્રી કુબેરજીએ ભક્તવર ધ્રુવજીને વરદાન માગવાનો આગ્રહ કર્યો ત્યારે પરમભાગવત ધ્રુવજીએ કેવલ ભગવાનના ચરણારવિંદની અવિચળ સ્મૃતિ રહે એ જ વરદાન માગ્યું. જે હરિચરણની સ્મૃતિના બળથી અનાયાસે અગાધ સંસારસાગરને પાર કરી જવાય છે. (૮) શ્રી ઈડવિલા નામનાં માતાના અને વિશ્રવા મુનિના પુત્ર શ્રી કુબેરજીએ શ્રી હરિચરણની અખંડ સ્મૃતિનું જ વરદાન આપી વિદાય લીધી અને શ્રી ધ્રુવજી નિજ રાજધાનીમાં પધાર્યા. (૯)

ધ્રુવજીનું જીવન

શ્રી ધ્રુવજીએ રાજધાનીમાં પધાર્યા પછી પુષ્કળ દક્ષિણાઓ આપી ઉદાર ચિત્તે યજ્ઞો આરંભી ભગવાનની આરાધના કરી. ભગવાન જ યજ્ઞની સામગ્રી છે, ક્રિયાસ્વરૂપ છે, ઈન્દ્રિયોના દેવોના કર્મસ્વરૂપ છે, ફલસ્વરૂપ છે અને કર્મના ફળ

આપનાર પણ ભગવાન જ છે. (૯-૧૦) સર્વ સ્વરૂપ ભગવાન અને સર્વ ઉપાધિરહિત ભગવાનની ધ્રુવજીએ તીવ્ર ભક્તિ આચરી; તેથી ભગવાન રીઝ્યા. ભક્તિના પ્રભાવે પોતામાં અને સર્વમાં વસેલા ભગવાનનાં દર્શન થવા લાગ્યાં. (૧૧) શીલસદાચારસંપન્ન, બ્રાહ્મણોના પરમભક્ત, દીનવત્સલ, ધર્મની સર્વ મર્યાદાનું પાલન કરનાર શ્રી ધ્રુવજીને સમગ્ર પ્રજા પિતાની માફક ચાહે છે. (૧૨) અનેક પ્રકારના વૈભવો ભોગવતાં પુણ્યનો ક્ષય કર્યો અને યજ્ઞનાં કર્મોનું આરાધન કરી ફલનો ત્યાગ કરી પાપોનો ક્ષય કર્યો. આ રીતે છત્રીસ હજાર વર્ષપર્યન્ત રાજ્ય કર્યું. (૧૩) આ પ્રકારે સંયમી મહાત્મા ધ્રુવજીએ ધર્મ, અર્થ કામનું પાલન કરતાં લાંબો સમય રાજ્યકરી રાજકુમાર ઉત્કલને રાજ્ય સોંપીદીધું (૧૪) આ આપણી નજરે દેખાતી દુનિયા અવિદ્યાથી રચેલી છે, ગાન્ધર્વ નગર જેવી માયાથી પોતાનામાં જ કલ્પેલી છે; એવું માનીને સ્ત્રી, પુત્ર, મિત્ર, પત્ની, પરિવાર, રાજ્ય અને રાજ્યભંડાર, રાજભવન અને રાચરચીલાં અનેક વિહારભૂમિ બધાં જ કાલનો એક જ કોળિયો છે, એનો નાશ થતાં શી વાર ? એવું વિચારીને-સર્વ ત્યજીને શ્રી ધ્રુવકુમાર વન તરફ ચાલી નીકળ્યા. (૧૫-૧૬) તેઓ બદ્રિકાશ્રમમાં આવી પહોંચ્યા ત્યાં આવી ઈન્દ્રિયોને શાંત બનાવી દીધી, આસનસિદ્ધિ કરી લીધી, પ્રાણાયામ આદર્યો મન મજબૂત બનાવ્યું, ઈન્દ્રિયોને વિષયમાંથી વાળી લીધી, ભગવાનના વિરાટ સ્વરૂપનું ધ્યાન કરવા લાગ્યા. ધ્યાનના બળથી જ ધ્યાતા, ધ્યાન અને ધ્યેયની ત્રિપુટીથી પર થયા. નિર્વિકલ્પ સમાધિમાં ડૂબી ગયા. અંતે ભગવાનના સ્થૂલસ્વરૂપના ધ્યાનનો પણ ત્યાગ કરી દીધો. (૧૭) ઉરમાં ભક્તિનાં પૂર વહેવા લાગ્યાં. અશ્રુઓથી આંખલડી છલકાવા લાગી, દિલ દ્રવીભૂત થઈ જતું, દેહ રોમાંચિત બની જતો,દેહાભિમાન ગળી ગયું, હું ધ્રુવ છું એવું પણ ભાન ન રહ્યું. (૧૮) ત્યાં તો ધ્રુવજીએ અત્યંત તેજસ્વી વિમાનને આકાશમાંથી નીચે ઊતરતાં નિહાળ્યું. જાણે પૂર્ણિમાનો પૂર્ણચન્દ્ર આકાશને અજવાળતો ન હોયને શું ! એવા વિમાનને નિહાળી નવાઈ પામ્યા. (૧૯) ત્યાં તો ચાર ભુજાવાળા, કિરીટ, હાર, બાજુબંધ, કુંડલ અને પીતાંબરથી શોભતા, વિમાનમાંથી ઊતરતા બે હરિપાર્ષદોને નિહાળ્યા. (૨૦) અહો ! આ તો હરિદાસો છે, આ તો વૈકુંઠનાથના પાર્ષદો છે એમ જાણતાં જ અંજલિ જોડી આદર કર્યો. પ્રેમ અને ભાવ એટલા બધાં વધી ગયાં કે પૂજા કરવાનો ક્રમ પણ વીસરી ગયા. કેવલ કૃષ્ણ ! કૃષ્ણ ! બોલતાં બોલતાં બોલતાં જ ચરણે નમી પડ્યા. (૨૧) પાર્ષદોએ જોયું કે ધ્રુવજીનું ચિત્ત તો ભગવાનનાં ચરણોમાં જ લીન થઈ ગયેલ છે. જ્યારે પોતે અંજલિ જોડી, નમ્રતાથી નતમસ્તક કરીને ઊભા રહ્યા છે. કાંઈ પણ બોલતા જ નથી ત્યારે ઠાકોરજીના લાડીલા બન્ને પાર્ષદો મલકાતા અને મન્દ સ્મિત કરતા વચનામૃત વરસાવવા લાગ્યા. (૨૨)

સુનંદનનંદની વચનામૃતવર્ષા

ભક્તવર ધ્રુવજીની ભક્તિ જોઈ પ્રસન્ન વદને પાર્ષદો બોલ્યા, રાજકુમાર ! આપનું કલ્યાણ હો, સાવધાન બની થોડી અમારી વાત સાંભળો, આપે તો પાંચ જ વર્ષની કુમળી વયમાં કઠિન તપ કરીને જે શ્રીકૃષ્ણને પ્રસન્ન કર્યા છે તે ભગવાનની અમે નિત્ય સેવા કરનાર પાર્ષદો છીએ. આપને ભગવાન શ્રીવિષ્ણુના ધામમાં લઈ જવા માટે અહીં આવ્યા છીએ. (૨૩-૨૪) ભગવાને અમને મોકલ્યા છે, કોઈને ન મળે તેવા વિષ્ણુપદની આપે પ્રાપ્તિ કરી છે. ભાઈ ! આ સ્થાને તો સપ્તર્ષિઓ પણ નથી પહોંચતા. કેવલ તે સ્થાનને જોઈ શકે છે. ચન્દ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારાઓ એની નિત્ય પ્રદક્ષિણા કરે છે. આપને આ લોકમાં પધારવાનું છે. (૨૫) આ તો વિશ્વવંદ્ય સ્થાન છે. ભાઈ, આપના પૂર્વજો પણ આ પદને પામ્યા નથી કે અન્ય જનો પણ આ પદને નથી પામ્યા. આપ આ વિષ્ણુપદમાં પધારો અને સુખેથી બિરાજો. (૨૬) હે કુમાર ! આ વિમાન તો પુણ્યશ્લોક પુરુષોના મસ્તકના મુકુટ સમા શ્રીકૃષ્ણભગવાને મોકલ્યું છે. ચાલો આપ એમાં બિરાજો ! આપનું અન્ય કાંઈ પણ કાર્ય હોય તે પરવારી અનુકૂળ સમયે વૈકુંઠ લોકમાં પધારો અમે આપની રાહ જોતા અહીં ઊભા છીએ. (૨૭)

ધ્રુવજીની વિદાય

મૈત્રેય મુનિનું મન, ભક્તવર શ્રીધ્રુવજીના કથાપ્રસંગને ગાતાં ભરાઈ આવતાં પુનઃ મનને સ્વસ્થ કર્યું અને પ્રેમભાવ ભરી

વાણી બોલ્યા કે હે વિદુરજી ! હરિસેવકોનાં સુમધુર વચનોને શિરે ચઢાવી ધ્રુવકુમાર શ્રી અલકનંદાજીમાં સ્નાન કરવા પધાર્યા. પુનઃ નિત્યનું સંધ્યાવંદન સેવાકાર્ય કરી અલંકૃત બન્યા, બદરિકાશ્રમનિવાસી મુનિવરોને વિનયથી નમન કરી આજ્ઞા પામી, આશીર્વાદ મેળવી, વિમાનની સમીપે આવ્યા. (૨૮) પુનઃ ભગવાનની પ્રસાદીસ્વરૂપ આ વિમાનની અર્ચના કરી અને પ્રદક્ષિણા કરી. પુનઃ પ્રભુના પુણ્યશીલ નંદસુનંદ પાર્ષદોને પ્રણામ કર્યા. હવે શ્રી ધ્રુવજી સુવર્ણસમા તેજસ્વી સ્વરૂપને ધારણ કરી વિમાનમાં બિરાજવા માટે તૈયાર થયા (૨૯) ત્યારે મૂર્તિમાન મૃત્યુદેવ નજર સામે આવીને ઊભા રહ્યા. ધ્રુવજીએ મૃત્યુના મસ્તકની સીડી બનાવી અલૌકિક વિમાન ઉપર આરોહણ કર્યું. (૩૦) આ અવસરે આકાશમાં વાજિંત્ર વાગ્યાં, ગન્ધર્વોએ ગાન કર્યાં, વારંવાર પુષ્પની વૃષ્ટિ થવા લાગી. (૩૧) વિમાન તો ઉપર જઈ રહ્યું હતું ત્યાં નિજ જન્મદાત્રી જનની નજરમાં તરવા લાગી. અરે ! મારી માતાને મૂકીને મારે વૈકુંઠ નથી જવું. (૩૨) એવો વિચાર કરી રહ્યા હતા ત્યાં મનની વાત જાણનાર ભગવાનના બે પાર્ષદો બોલી ઊઠયા કે કુમાર ! તમને જન્મ દેનારાં તમારાં જનની જુઓ આ ઉપરના વિમાનમાં વૈકુંઠ પધારી રહ્યાં છે. તમારા જેવા સંતભક્ત સંતાનોને જન્મ આપનાર માવતરનો સદાય વૈકુંઠમાં વાસ છે. (૩૩)

ધ્રુવજીનું બહુમાન અને દિવ્યલોક

ઉપર ચઢતું ધ્રુવજીનું વિમાન સૂર્ય આદિ ગ્રહલોકોને પસાર કરી આગળ વધી રહ્યું હતું ત્યારે માર્ગમાં વિમાનમાં બિરાજી વિદાય થતા દેવો પણ પુષ્પવૃષ્ટિથી, વધાવતા પ્રશંસા કરવા લાગ્યા. (૩૪) અહો આશ્ચર્ય છે કે કેવી પુણ્યમયી મા અને કેવા ભક્તવર દીકરા કે વૈકુંઠે પધારી રહ્યા છે. સૂર્યાદિ લોકને પસાર કરતું વિમાન વિષ્ણુપદના અવિચલપદમાં આવી લાગ્યું. આ દિવ્ય ધામ સ્વયં પ્રકાશે છે અને ત્રણે લોકને સ્વતેજથી પ્રકાશે છે, (૩૫) પ્રાણીઓ ઉપર નિર્દય વૃત્તિવાળા લોકોની આ લોકમાં ગતિ નથી થતી. રાતદિવસ સર્વ પ્રાણીઓને રાજી રાખનારા, પ્રભુના ભક્તજનોને પોતાના સ્વજન માને છે તેઓ અનાયાસે આ પદને પામે છે. (૩૬-૩૭) વૈષ્ણવરાજ ધ્રુવજી ત્રણ લોકના મસ્તક ઉપર મણિ થઈ શોભવા લાગ્યા, (૩૮) વિદુરજી ! આ અતિશય વેગવાળું જ્યોતિશ્ચક ધ્રુવજીમાં પરોવાઈને હાલરામાં બળદોની માફક નિરંતર ફર્યા કરે છે, (૩૯) ધ્રુવજીના આ મહિમાથી ખૂબ જ રાજી થયેલા મુનિ નારદજીએ, પ્રચેતાઓની એક યજ્ઞસભામાં વીણા વગાડતાં ત્રણ શ્લોકોમાં ધ્રુવજીનો યશ ગાયોહતો. (૪૦)

ત્રણ શ્લોકમાં યશોગાન

સાચે જ પતિવ્રતા શ્રી સુનીતિદેવીના તપના જ પ્રભાવથી જે ગતિ ધ્રુવજીને મળી તે ગતિ તો મોટામોટા મહર્ષિઓ ઉપાય કરી કરીને થાક્યા તો પણ નથી પામ્યા ત્યારે મામૂલી રાજાઓ તો પામે જ ક્યાંથી ? (૪૧) આ ધ્રુવજી પાંચ વર્ષની વયમાં સાવકી માતાનાં વચન સાંભળી અકળાઈ ઊઠ્યા અને વનમાં ગયા. મારા ઉપદેશ પ્રમાણે વર્ત્યા. અજિત ગણાતા ભગવાન પણ ભક્તધ્રુવના ગુણથી જિતાઈ ગયા અને ધ્રુવે તે ઠાકોરજીને વશ કરી લીધા. (૪૨) પાંચ કે છ વર્ષની નાની વયમાં જ ઘણા થોડા જ દિવસોમાં તપ કરી ભગવાનને પ્રસન્ન કરી લીધા. પરમપદ પ્રાપ્ત કરી લીધું, આ પદને અનેક વર્ષોની તપશ્ચર્યા કરીને પણ શું કોઈ ક્ષત્રિયતનય પામી શકશે ખરો ? (૪૩) શ્રી મૈત્રેયમહર્ષિ બોલ્યા કે ભક્તવર વિદુરજી ! આપના પૂછવા પ્રમાણે મેં સત્પુરુષોને સદાપ્રિય ધ્રુવજીની કથા તમને કહી સંભળાવી. (૪૪) આ ચરિત્ર યશ, ધન, આયુષ્ય, સ્વર્ગ, કલ્યાણ, અવિચળ પદ અને આનંદ આપનારું અને પાપને ટાળનારું છે. (૪૫) આ ચરિત્ર સાંભળવાથી મહત્પદને મેળવવાને ઈચ્છતા ભક્તજનને મહત્પદ પામવાનો માર્ગ જડે છે (૪૬) સુશીલપણું વગેરે મળે છે, તેજસ્વીપણું ચાહે તેને તે જ પણ મળે છે, વળી મોટા મનવાળાઓને માન મળે છે. (૪૭) ભક્તજનોની સભામાં પવિત્ર કીર્તિવાળા ધ્રુવજીનું ચરિત્ર સવાર-સાંજ સ્નેહ અને સાવધાનીપૂર્વક ગાવું જોઈએ (૪૮) વળી પૂર્ણિમા, અમાવાસ્યા, દ્વાદશી, શ્રવણ નક્ષત્ર, ક્ષયતિથિ, વ્યતિપાત, સંક્રાન્તિ અને રવિવારના દિવસે નિષ્કામપણે ભગવદ્ભક્તિપૂર્વક આ ચરિત્રને જેઓ શ્રદ્ધાળુ ભક્તજનને સંભળાવે છે તેઓ સ્વયં સંતુષ્ટ રહે છે તેમ જ સિદ્ધ બની જાય

છે. (૪૯) આ ચરિત્ર અમૃતમય છે અને ભગવાનમાં પ્રેમ કરાવનાર છે. પ્રભુના માર્ગથી અણજાણને જો કોઈ આ જ્ઞાન આપે તો તે દીનવત્સલ દયાળુ પુરુષ ઉપર દેવતાઓ પ્રસન્ન થાય છે. (૫૦-૫૧) હે ભક્તવર વિદુર ! હે કુરુનંદન ! મેં નંદનંદન ભક્તરાજ શ્રી ધ્રુવજીનું ચરિતામૃત આપને સંભળાવ્યું, ધ્રુવજી તો જગપ્રસિદ્ધ શુદ્ધ કર્મવાળા પુરુષ છે. બાલપણમાં જ એ તો રમકડાં, માનીગોદ, બાપુનું રાજ્ય ત્યજી શ્રીઠાકોરજીને શરણે પધાર્યા હતા. એમનું આ પવિત્ર ચરિત્ર છે. (૫૨)

इदं मया तेऽभिहितं कुरुद्वह ध्रुवस्य विख्याततविशुद्धकर्मणः। हित्वार्भकः क्रीऽनकानि मातुर्गहं च विष्णुं शरणं यो जगाम॥५२॥

શ્રીમદ્ભાગવતપીયૂષના ચતુર્થસ્કંધમાં વિસર્ગલીલાના ધર્મપ્રકરણનો શ્રીધ્રુવજી અને સુનીતિ માતાજીને વૈકુંઠ લોકપ્રાપ્તિનું વર્ણન કરતાં અર્થ પ્રકરણનો ૧૨ અધ્યાય સમાપ્ત.

કામપ્રકરણ : અધ્યાય ૧૩ થી અધ્યાય ૨૩

અધ્યાય ૧૩ મો

[આ પ્રકરણમાં અગિયાર અધ્યાય છે. આ અધ્યાયોમાં આદિરાજ શ્રી પૃથુ મહારાજશ્રીનું ચરિત્ર વર્ણવ્યુંછે. આ પ્રકરણનું નામ એટલા માટે કામ પ્રકરણ છે કે તેમાં સર્વ પ્રજાજનોની, દેવોની અને પૃથુરાજાની પોતાની અલૌકિક કામનાઓ પૂર્ણ થાય છે. પ્રજાને વૃષ્ટિ, ઉદ્યોગ, સદાચાર વગેરે જોઈએ તે પૃથુ મહારાજે પૂર્ણ કર્યાં છે. પૃથુ રાજાને તો સત્સંગ અને મોક્ષ જોઈતાં હતાં તે મળ્યાં છે. માટે સંક્ષેપમાં આ પ્રકરણનું નામ "કામપ્રકરણ" કહ્યું છે. હવે કથાપ્રસંગનો પ્રારંભ કરીએ. પ્રથમ તેરમા અધ્યાયમાં પુત્ર માટે યજ્ઞ, યજ્ઞથી પુત્રનો જન્મ, અન્નદોષ અને કુસંગથી કુપુત્ર થયો અને અંગ રાજાનો વૈરાગ્ય વગેરે આ કથાઓ વર્ણવાશે. આ અધ્યાયમાં ૪૯ શ્લોકો છે.]

निशम्य कौषारविणोपवर्णितं ध्रुवस्य वैकुंठपदाभिरोहरणम् । प्रवृद्धभावो भगवत्यधोक्षजे प्रष्टुं पुनस्तं विदुरः प्रचक्रमे ।

મહર્ષિસૂત બોલ્યા કે હે શૌનક મુનિ ! આપને ધ્રુવજીનું ચરિત્ર સંભળાવ્યું. એ ચરિત્ર જ્યારે મૈત્રેય મુનિ પાસેથી શ્રી વિદુરજીએ સાંભળ્યું, તેમાં વળી ધ્રવુજીએ વૈકુંઠલોકની પ્રાપ્તિ કરી તે કથા સાંભળતાં તો હૃદય અતિશય આર્દ્ર બની ગયું. કથાશ્રવણમાં આદર વધી ગયો અને ભાવભીના હૃદયે બોલ્યા, (૧) હે મહારાજ ! આપે હમણાં જ કહ્યું કે ઋષિવર શ્રી નારદજીએ પ્રચેતસોની સભામાં ધ્રુવજીનો મહિમા ગાયો. તો ભગવન ! પ્રચેતસો કોણ હતા ? કોના પુત્રો હતા ? કોના વંશમાં જન્મ્યા હતા ? વળી ક્યા સ્થાને યજ્ઞ કરતા હતા ? (૨) દેવોને દુર્લભ દેવર્ષિ નારદજીનું તેમને ક્યાંથી દર્શન થયું ? અરે મહારાજ ! શ્રી નારદજી તો મહાન વૈષ્ણવ છે. પરમ ભાગવત છે. એ મહાનુભાવે કેવી રીતે ભગવત્સેવા કરવી એનો પંચરાત્રગ્રન્થમાં ઉત્તમ પ્રકાર બતાવ્યો છે. (૩) ધર્મપરાયણ શ્રી પ્રચેતાઓ જ્યારે શ્રી યજ્ઞનારાયણ ભગવાનનું આરાધન કરી રહ્યા હતા ત્યારે યજ્ઞમાં જ સંતશિરોમણિ નારદજીએ ધ્રુવચરિત્રનું ગાન કર્યું હતું તેમ જ બીજી પણ જે જે હરિકથાઓ હરિદાસરાજ મુનિરાજ નારદે કહી હોય તે અમને કહેશોને પ્રભુ ? (૪-૫)

મૈત્રેય મહારાજનાં વચનામૃત અને ઉત્કલની ગાથા

મુનિ મૈત્રેય બોલ્યા, વિદુરજી ! શ્રી ધ્રુવકુમાર તો વનમાં સિધાવ્યા. તેઓશ્રીના યુવરાજકુમાર ઉત્કલજીએ સામ્રાજ્યનો તેમ જ રાજ્યાસનનો સ્વીકાર ન કર્યો. એ તો જ્ઞાની, વિરક્ત, શાંત, સમદૃષ્ટિ અને સર્વ જગતને પોતાનામાં અને જગતમાં પોતાને જોતા એવા આત્મરત સંત હતા. સુખમય, આનંદમય, કલ્યાણમય મોક્ષમય, પરબ્રહ્મ, પરમાત્માનું દર્શન પામ્યા હતા. તેમની તો યોગ-અગ્નિ દ્વારા સર્વ વાસનાઓ સળગી ગઈ હતી. (૬-૮) આ મહાત્માને પોતાના આત્મસ્વરૂપથી જુદું જગત દેખાતું જ ન હતું. જ્ઞાનની કોઈ ચેષ્ટા કે યોગની કોઈ શક્તિ બહાર પ્રકટ કરતા જ નહીં. તેથી જેમ જ્વાલા વિના અગ્નિનો મહિમા ન દેખાય તેમ આ મહાત્માને કોઈ જાણતા જ નહીં. (૯) તેથી બધા તેમને જડ, બધિર, અંધ, મૂક, પાગલ જ ગણતા. વાસ્તવમાં તો કોઈ તેમને ઓળખી જ ન શક્યા. (૧૦) સર્વેએ પાગલ ગણી કાઢ્યા અને ઉત્કલે પોતાનો પિંડ સર્વથી છોડાવી લીધો. મંત્રી અને કુલવૃદ્ધોને ખાત્રી થઈ કે આ તો સાચે જ ઉન્મત્ત છે માટે ધ્રુવજીનાં બીજી પત્ની ભ્રમિરાણીના યુવરાજકુમાર વત્સરને ગાદીપતિ બનાવ્યા. (૧૨) વત્સરની અત્યંત પ્રિય પત્નીનું નામ સ્વર્વીથિ હતું. સ્વર્થીથિએ પુષ્પાર્ણ, તિગ્મતેકુ, ઈષ, ઉર્જ, વસુ અને જય નામના છ પુત્રોને જન્મ આપ્યો.

(૧૩) પુષ્પાર્ણને પ્રભા અને દોષા નામની બે પત્નીઓ હતી. પ્રભાને પ્રાતર, મધ્યંદિન અને સાયમ્ નામના ત્રણ પુત્રો થયા. દોષ નામની બીજી પત્નીમાં પ્રદોષ , નિશીથ અને વ્યુષ્ટ નામના ત્રણ પુત્રો થયા. વ્યુષ્ટને પુષ્કરિણી નામની પત્નીમાં સર્વતેજા નામના પુત્ર થયા. (૧૪) સર્વતેજાને આકૂતિ નામની પ્રિયામાં ચક્ષુ નામના કુમાર થયા. ચાક્ષુષ નામના મન્વંતરમાં "ચક્ષુ" જાતે જ મનુ થયા. ચક્ષુ મનુને નડ્વલા નામનાં ભાર્યા હતાં. તેમના દ્વારા પુરુ, કુત્સ, ત્રિત, દ્યુમ્ન, સત્યવાન, ઋત, અગ્નિષ્ટોમ, અતિરાત્ર, પ્રદ્યુમ્ન, શિબિ, ઉલ્મુક નામા બાર સત્ત્વગુણી પુત્રો થયા. (૧૫-૧૬) ઉલ્મુકને પુષ્કરિણી નામની રાણી હતી. તેની કૂખે અંગ, સુમના, ખ્યાતિ, ક્રતુ, અંગિરા, ગય નામના છ પુત્રો થયા. (૧૭) રાજા અંગની રાણી સુનીથાને ત્યાં નાસ્તિક વિચારવાળા વેનનો જન્મ થયો. (૧૮) વેનની દુષ્ટતાથી દુઃખી થઈ રાજા અંગ વનમાં ચાલ્યા ગયા. તેમની દુષ્ટતાને કારણે મુનિઓએ વજ જેવી કઠોર અને અફર વાણીથી સાપ આપ્યો. જેથી વેનના પ્રાણ ગયા. રાજા વિનાના રાજ્યમાં પ્રજાઓને સંતાપનારા લુટારુઓ પેદા થયા. અરાજકતા વધી ગઈ ત્યારે મુનિઓએ રાજા વિનાના રાજ્યમાં પ્રજાઓને સંતાપનારા લુટારુઓ પેદા થયા. અરાજકતા વધી ગઈ ત્યારે મુનિઓએ રાજા વિનાના વેનના દેહની જમણી ભુજાનુ મંથન કર્યું તેમાંથી નારાયણ ભગવાનના અંશ-અવતાર આદિરાજ શ્રી પૃથુ મહારાજશ્રીનો પાદુર્ભાવ થયો. (૨૦)

વિદુરજીની શંકા

વિદુરજીના મનમાં શંકા થઈ કે અંગ જેવા પવિત્ર રાજા અને યજ્ઞ જેવી પવિત્ર ક્રિયા થાય ત્યાં શીલસમ્પન્ન સજ્જન વિપ્રોના ભક્ત, મહાત્મા અંગમહારાજાને ત્યાં ખલ પુત્રનો જન્મ થયો ! અરે આ પુત્રથી ત્રાસી જઈ પિતાને રાજ્ય ત્યજવું પડ્યું ! (૨૧) રાજ્યાસને બેઠેલ વેનનો એવો તે કયો અપરાધ થયો કે ગુસ્સે ભરાયેલા ધર્મને જાણનારા મુનિઓને પણ શાપ આપવો પડ્યો. (૨૨) સામાન્ય ધારો છે કે રાજાથી કોઈ વાર પાપ થઈ જાય તો પ્રજાએ રાજાનો તિરસ્કાર ન કરવો, કારણ કે રાજામાં અષ્ટલોકપાલનું સામર્થ્ય રાખનારી, પ્રજાનું પાલન કરનારી એક રક્ષણશક્તિ રહેલી હોય છે. (૨૩) હે મુનિવર મૈત્રેય મહારાજ ! આપશ્રી તો સર્વજ્ઞ છો. તો મહારાણી સુનીથાજીના પુત્ર વેનનું ચરિત્ર સંભળાવવાની કૃપા કરો. હું આપનો શ્રદ્ધાળુ ભકત છું તો આ પ્રસંગ આપ મને કહો. (૨૪)

મૈત્રેય મુનિજીનું સમાધાન

મુનિવર મૈત્રેયજી બોલ્યા કે સંતવર વિદુરજી ! એક વખતનો પ્રસંગ છે કે મહારાજ અંગે પોતાને આંગણે અશ્વમેઘ યજ્ઞ આરંભ્યો યજ્ઞ સમયે વેદના જાણકાર ઋષિઓએ મંત્રોથી દેવોનું આવાહન કર્યું; પરંતુ પોતાનો ભાગ લેવા માટે દેવો ના આવ્યા. (૨૫) ત્યારે બ્રાહ્મણોએ કહ્યું. રાજન્ ! આપ શ્રદ્ધાળું છો. સર્વ સામગ્રી શ્રદ્ધાથી પધરાવી લાવ્યા છો. વળી સામગ્રી પણ શુદ્ધ છે, વળી અમે યજ્ઞના નિયમ પાળનારા છીએ, મંત્રો પણ બલવાન છે અને અમે વિધિપૂર્વક યજ્ઞમાં હુતદ્રવ્યની આહુતિ આપી રહ્યા છીએ છતાં સમજાતું નથી કે દેવો કેમ ભાગ લેવા પધારતા નથી ? કોઈ પણ રીતે દેવતાઓનો કોઈ અપરાધ થયો નથી તો શું કારણ હશે ? કે કર્માધ્યક્ષ દેવતાઓ પોતાનો ભાગ સ્વીકારવા પધારતા નથી. (૨૬ થી ૨૮) મુનિરાજ મૈત્રેયજી કહેવા લાગ્યા, કે મંત્રીવર શ્રી વિદુરજી ! આ અવસરે મુનિવ્રતી મહારાજે અંતરથી અત્યંત કચવાતા ઋષિઓની રજા લઈ મૌનવ્રત ત્યજી નમ્રભાવે પ્રશ્ન પૂછ્યો કે હે સભાસદો વિના સંકોચે સમજાવશો કે એવો મારો શો અપરાધ થયો છે કે દેવો મારે આંગણે યજ્ઞમાં નથી પધારતા ? (૨૯-૩૦) રાજાનું નિર્મલ વચન સાંભળીને સભાસદ મુનિઓએ ઉત્તર આપ્યો કે આપનું આ જન્મનું તો કોઈ પાપ નથી; પણ પૂર્વ જન્મનો એક અપરાધ આડે આવે છે કે આપ ગુણિયલ છતાં પુત્ર વિનાના છો. તેથી દેવો ભાગ લેવા નથી આવતા. (૩૧) માટે આપ પુત્રેષ્ટિયાગ કરો. ભગવાનની ભક્તિથી આરાધના કરો. યજ્ઞેશ્વર ભગવાન આપને અવશ્ય એક પુત્ર આપશે અને દેવો પણ યજ્ઞમાં ભાગ લેશે. (૩૨) આપ સંતાન માટે જ્યારે ભગવાનનું અર્ચન કરશો ત્યારે ભગવાનની સાથે દેવો પણ યજ્ઞમાં પધારશે જ તેમ જ પોતાના યજ્ઞીય ભાગો પણ સ્વીકારશે. (૩૩) વળી ભકતની જે જે ઇચ્છા હોય છે, ભગવાન

તે તે ઇચ્છા પૂર્ણ કરે છે. શાસ્ત્રનું વચન છે કે પુરુષો જે ભાવથી ભગવાનની આરાધના કરે છે તે ભાવથી ફળ આપે છે. (૩૪) મહર્ષિઓની સલાહ માની શ્રી અંગરાજાએ પુત્રની પ્રાપ્તિ કરવાના આશયથી વૈષ્ણવ યાગ કર્યો. પશુઓમાં યજ્ઞસ્વરૂપે પ્રવેશ કરીને રહેનાર ભગવાન શિપિવિષ્ટ માટે પુરોડાશ નામનો ચરુ તૈયાર કર્યો. આ પુરોડાશ ચોખામાંથી બનાવવામાં આવે છે, તે ચરુ તૈયાર કરી યજ્ઞ નારાયણને સમર્પણ કર્યો. (૩૫) ત્યારબાદ યજ્ઞમાં આહુતિ આપવામાં આવી, તે જ ક્ષણે અગ્નિકુંડમાંથી શ્વેત વસ્ત્રોથી શોભતા સુવર્ણના હારવાળા એક દિવ્ય પુરુષ પ્રકટ થયા. પ્રકટેલા ભગવાનના હાથમાં સુવર્ણના પાત્રમાં સિદ્ધ કરેલ "પાયસ" હતું. (૩૬) પરમોદાર અંગરાજાએ ઋષિઓની સંમતિથી તે પાયસને આનંદપૂર્વક પોતાની અંજલિમાં લઈ શાસ્ત્રની વિધિ પ્રમાણે સૂંઘીને મહારાણી સુનીથાજીના હાથમાં પધરાવ્યું. (૩૭) પુત્ર પ્રાપ્ત થાઓ એવો સંકલ્પ કરી સુનીથારાણીએ પુત્ર આપનાર પાયસચરુનું ભક્ષણ કર્યું. અંગરાજાના સંગથી ત્યાર પછી રાણીને ગર્ભ રહ્યો. સમય પૂર્ણ થતાં બાળકનો જન્મ થયો. (૩૮) આ બાળક નાનપણથી જ મોસાળ ઉપર પડ્યો. આ બાળકના માતામહ એટલે માતાના પિતા (નાના) મૃત્યુ નામના દેવ હતા. એમનો સંગ બાળકને લાગ્યો. તેથી તે અધાર્મિક થયો. (૩૯) બાળક મોટી વયનો રાજકુમાર થયો. તે હાથમાં ધનુષ્ય લઈને શિકારે નીકળી પડે છે, ત્યારે અનેક નિર્દોષ પ્રાણીઓનો નાશ કરી નાંખે છે. એના ક્રૂર કર્મને જોઈ લોકો "વેન આવ્યો" "વેન આવ્યો" એમ પોકારી ઊઠે છે. (૪૦) તે નિર્દય અને ક્રૂર તો એવો હતો કે રાજમાર્ગે રમતાં નાનાં કુમળાં બાળકોને રમતાં રમતાં જ રહેંસી નાખતો હતો. (૪૧) ખલધર્મી પુત્રને પિતાએ વિવિધ પ્રકારે પુષ્કળ શીખ આપી પણ કાંઈ ન વળ્યું. રાજા તેને સન્માર્ગે ના વાળી શક્યા. આખરે રાજાના હૃદયમાં અતિશય ખેદ થયો. (૪૨) ખેદના ઉદ્ગાર કાઢતાં રાજા બોલ્યા, મને લાગે છે કે જેમને પુત્રો નથી તેઓએ જરૂર આગલા જન્મમાં ભગવાનને પૂરા પૂજ્યા છે તેથી તેઓ કપૂત સંતાનને પામીને જીવનમાં અસહ્ય દુઃખ તો નથી ભોગવતા ! (૪૩) જો કુલમાં કપૂત પાકે તો અપકીર્તિ, અધર્મ, સર્વ સાથે વિરોધ અને પુષ્કળ પીડા વેઠવી પડે છે. આ માટે જ દુઃખ દેનારા ઘરમાં રહેવું પડે છે. (૪૪) આવા કેવલ નામ માત્ર સંતાનથી શો લાભ ? આ તો એક પ્રકારનો આત્માનો મોહ ભરેલો કેવલ ફાંસો છે. (૪૫) વળી રાજા અતિશય દુઃખી થઈ બોલ્યા, ના રે ! સુપુત્ર કરતાં કપૂત સારો કારણ કે સુપુત્ર તો પુષ્કળ વહાલો હોય, ગુણ સમ્પન્ન હોય એ તો હૃદયથી જરા અળગો થાય તે ના પોષાય, એનો વિરહ ના વેઠાય. એ કરતાં કપૂત સારો કે મોહ અને મમતા તો જાય. કપૂત તો ઘરને નરક બનાવી મૂકે, તેથી મૂકીને ચાલ્યા તો જવાય ! (૪૬) આ રીતે અત્યંત દુઃખથી અકળાયેલા રાજાની નિદ્રા વેરણ થઈ. તેઓ થાકી ગયા. હારી ગયા. આખરે મધ્યરાતે રાજમહેલમાંથી ચાલી નીકળ્યા. જતાં રાજાએ વેનમાતા સુનીથારાણીને પણ ના જગાડી. (૪૭) સવાર થયું ત્યારે જાણ્યું કે રાજા તો મધરાતે જ અકળાઈને ક્યાંક ચાલ્યા ગયા છે ત્યારે રાણી શોકવિહ્વળ બની રુદન કરવા લાગી. રાજાને શોધવાનો પ્રયત્ન કર્યો. અપક્વ યોગીઓ અન્તરમાં રહેલા ભગવાનને જેમ બહાર શોધે, શ્રમ કરે છતાં કાંઈ ન વળે તેમ અંગ રાજા ગુપ્ત રહ્યા હતા. (૪૮) હે વિદુરજી ! અંગરાજા દૂર ક્યાંય નહોતા ગયા, પરંતુ પ્રજાજનો, મંત્રીઓ, સ્નેહી-સંબંધીઓ રાજાને સર્વત્ર શોધી વળ્યા. શોધવાનો શ્રમ માથે પડ્યો, ક્યાંય રાજા ના મળ્યા, આખરે રખડીને પાછા આવ્યા અને ઋષિઓની સભામાં રડતાં રડતાં સમાચાર દીધા કે મહારાજ અંગ ક્યાંય મળ્યા નહીં, એટલું બોલી મંત્રીજનોએ ઋષિઓને પ્રણામ કરી પગ પકડી લીધા. (૪૯)

अलक्षयन्तः पदवीं प्रजापतेर्हतोद्यमाः प्रत्युपसृत्य ते पुरीम् ।
ऋषीन् समेतानभिवन्द्य साश्रवो न्यवेदयन् पौरव भर्तृविप्लवम् ॥४९॥

શ્રીમદ્ ભાગવત પીયૂષ ચતુર્થ સ્કંધ વિસર્ગલીલાના કામપ્રકરણનો શ્રી અંગરાજાના રાજ્યત્યાગનું કથન કરતો તેરમો અધ્યાય સમાપ્ત.

. અધ્યાય ૧૪ મો

[આ અધ્યાયમાં ૪૬ શ્લોકો છે. રાજા વેનનો રાજ્યાભિષેક અને દેહપતનની કથા આ અધ્યાયમાં આવશે.]

मैत्रेय उवाच – भृग्वादयस्ते मुनयो लोकानां क्षेमदर्शिनः । गोप्तर्यसति वैनृणां पश्यन्तः पशुसाम्यताम् ।।१।।

મહારાજ મૈત્રેય બોલ્યા, હે શ્રી વિદુરજી ! વિશ્વકલ્યાણની ચિંતા કરતા ભૃગુ જેવા બ્રહ્મવાદી મુનિઓએ વિચાર્યું કે અત્યારે રાજ કરનાર કોઈ રાજા નથી, માટે પ્રજા શાસનશૂન્ય બની હોઈ ઉચ્છૃંખલ બની ગઈ છે તેથી સુનીથારાણીને બોલાવ્યાં, અને મંત્રીઓને અને મુનિઓને રુચતું ન હતું છતાં કમને વેનનો રાજ્યાભિષેક કર્યો રાણીએ પણ સંમતિ આપી (૧-૨) વેન અતિક્રૂર છે. એવું જાણીને સાપના ભયથી ઊંદર છુપાઈ જાય તેમ ડાકુઓ પણ સ્થાન મળ્યું ત્યાં છુપાઈને બેઠા. (૩) પરંતુ સાપ જેવા ખતરનાક વેનનો ભય તો જનસમાજને શિરે રહ્યો જ. ગાદી ઉપર આવતાં જ વેન, આઠ લોકપાલના જેવી સત્તા હાથમાં આવતાં છકી ગયો. અભિમાની અને પોતાની જાતને સૌથી સમજદાર જાણનાર તેણે મહાત્માઓનું મુનિઓનું અપમાન કરવા માંડ્યું. (૪) ઐશ્વર્યમદથી આંધળો બનેલો વેન મદથી માતેલા નિરંકુશ માતંગની માફક આકાશ, પાતળ અને ધરણીને ધ્રુજાવતો રથમાં બેસીને સર્વત્ર વિચરવા લાગ્યો. (૫)

ઉચ્છૃંખલનો ઢંઢેરો

વળી દુષ્ટ વેને વટહુકમ બહાર પાડ્યો કે ખબરદાર ! હે દ્વિજલોકો ! સાવધાન રહો, સાંભળો "કોઈએ યજ્ઞ કરવા નહીં, દાન કરવું નહીં અને હોમ કરવો નહીં; અને જે કરશે તેની રાજા કડક હાથે ખબર લેશે." વટહુકમ બહાર પાડી સર્વ ધર્મકાર્યો પળ વારમાં જ રોકી દીધાં. (૬) આ રીતે દુષ્ટ વેનની દુષ્ટતાથી દુઃખી થયેલી પ્રજાના દુઃખે દુઃખી થયેલા દયાળુ મુનિઓ અને મંત્રીઓની સાથે સભા મળી. (૭) મુનિઓએ કહ્યું કે બન્ને છેડેથી સળગતા આવેલા લાકડાના વચમાં આવી પડેલી કીડી જેવી હાલત સર્વ પ્રજાજનોની થઈ ગઈ છે. લોકો ઉપર સંકટ આવી પડ્યું છે, શું કરવું ? પૃથ્વીમાં કેવલ અરાજકતા ન ફેલાય એવું સમજીને જ રાજ્યને યોગ્ય ન હોવા છતાં વેનને રાજા બનાવ્યો, તો તેના તરફથી જ પ્રજાને ત્રાસ પેદા થયો. (૮-૯) એક બાજુ લૂંટારુઓ અને બીજી બાજુ ક્રૂર વેન એ બેની ભીંસમાં પ્રજા બળી રહી છે. શું કરીએ તો પ્રાણીઓનું કલ્યાણ થાય ? આ તો દૂધ પાઈને સર્પને ઉછેરવા જેવી પીડા થઈ. સુનીથાના સ્વભાવથી જ દુષ્ટ કપૂત વેનને પ્રજાજને રાજા બનાવ્યો તો તે પ્રજાનો જ નાશ કરવા ધારે છે. (૧૦) જો એને આપણે નહીં સમજાવશું તો રાજા બનાવવાનું પાપ આપણને લાગશે. આપણે જ સમજીને રાજા બનાવ્યો તો હવે આપણે જ સમજાવીએ. (૧૧) જો તે અધર્મીની સાન ઠેકાણે નહીં જ આવે તો લોક ધિક્કારથી તો તે બળેલ જ છે અને આપણે આપણા તેજથી તેને બાળી મૂકશું." (૧૨) આ પ્રમાણે આખરી નિર્ણય કરી ક્રોધને રોકી રાખી, મુનિઓ વેન પાસે ગયા. પ્રિય શીતલ વચનોથી ઠંડો પાડતાં મુનિઓ, રાજા વેનને કહેવા લાગ્યા.

મુનિવરોની મધુર વાણી

મુનિવરો વદ્યા, મહારાજ વેન ! આપનાં યશ, આયુષ્ય, ઐશ્વર્ય, લક્ષ્મી અને બળ વધે એવી અમારી વિનંતિને સ્વસ્થ મનથી સાંભળો, એવું નિવેદન કરીએ છીએ. (૧૪) મહારાજ ! મન, વાણી, કાયાથી, બુદ્ધિપૂર્ક ધર્મ પાળવામાં આવે તો તે ધર્મ જ્યાં શોકનો સંભવ નથી તેવા સ્વર્ગાદિ લોકમાં લઈ જાય છે. પરંતુ જો નિષ્કામ બની ધર્મ સેવાય તો મોક્ષ પર્યન્ત સુખ આપે છે. (૧૫) આપ તો રાજા છો પ્રજાનું પાલન કરવું એ આપનો ધર્મ છે, એ રાજધર્મ આપે સાચવવો જોઈએ. જો રાજધર્મ નાશં પામે તો રાજા સ્વયં ઐશ્વર્યભ્રષ્ટ થશે. (૧૬) જે રાજા ખલ કર્મચારીઓની ખબર લે છે, ચોરોથી પ્રજાને સંભાળે છે, પ્રજાનું પાલન કરે છે એનું આ લોક અને પરલોકમાં કલ્યાણ થાય છે. (૧૭) જે રાજાના રાજ્યમાં અને દેશમાં પ્રજા વર્ણાશ્રમ મર્યાદાને જાળવી પોતાના ધર્મથી ભગવાનની આરાધના કરે છે તે રાજા મારી આજ્ઞાનું જ પાલન કરે છે એવું માનીને, સર્વ લોકના રક્ષક વિશ્વાત્મા ભગવાન એના ઉપર પ્રસન્ન રહે છે. (૧૮-૧૯) ભગવાન તો બ્રહ્માદિ દેવોના પણ સ્વામી છે. જો તે ભગવાન પ્રસન્ન થયા તો પછી મેળવવાનું શું રહ્યું ? ભગવાન સમર્થ

છે માટે ઈંદ્રાદિ દેવો ભગવાનને ભેટો ધરે છે અને ભજે છે. હે રાજન્ !એ ભગવાન દ્રવ્યમય, વેદમય અને તપોમય છે.રાજન્ ! આવા ભગવાનને પ્રજાજનો આપના અને દેશના મંગલ માટે અનેક પ્રકારના યજ્ઞોથી સેવે છે. હે વીર રાજા ! આપના દેશમાં દ્વિજલોકો યજ્ઞ કરે છે, તેથી પ્રસન્ન થઈને ભગવાનના જ અંશસ્વરૂપ દેવો મન માગ્યાં ફળ આપે છે. આ પરિસ્થિતિમાં યજ્ઞકર્મ બંધ કરાવી દેવતાઓનો અનાદર કરવો એ ડહાપણ નહીં ગણાય. (૨૦-૨૨),

વેનનું વિચિત્ર વલણ

મુનિઓની મંગલ વાણીનો વિપરીત ભાવ કરી વેને બોલવું શરૂ કર્યું, "ખરેખર ખેદની વાત છે કે તમને ઋષિઓને આજે અધર્મમાં જ ધર્મમતિ થઈ લાગે છે. તમે તો બાલિશ છો, કાંઈ જ સમજતા નથી. આજીવિકા તો તમે ઠોકરે ચઢાવીને લેભાગુ ભગવાન નામના પતિને લઈ બેઠા છો. (૨૩) રાજા જ ઈશ્વર છે. તેની અવજ્ઞા કરનારો અજ્ઞજન આલોક કે પરલોકમાં ક્યાંય ઠરવા નથી પામતો (૨૪) બતાવો કોણ છે તમારો યજ્ઞપુરુષ કે જેમાં તમારી આટલી બધી ભક્તિ છલકાય છે ? તમારી વાત તો પરણેલ પતિને ત્યજીને પરપુરુષને પતિ માની પ્યાર કરતી કુલટા જેવી કરુણ છે. (૨૫) વિષ્ણુ, બ્રહ્મા, સદાશિવ, ઈન્દ્ર, વાયુ, યમ, સૂર્ય, પર્જન્ય, કુબેર, ચન્દ્ર, પૃથ્વી, અગ્નિ, વરુણ આદિ ગણાતા વરદાન અને શાપ દેવા સમર્થ જે દેવો છે તે તો બધા રાજાના દેહમાં જ રહેલા છે. તમે એટલું જ સમજો કે રાજા સર્વ દેવમય છે અને અન્ય દેવતાઓ એના અંશમાત્ર છે. (૨૬-૨૭) માટે મહારાજો ! મદ-મત્સર મૂકી દો. યજ્ઞાદિ કાર્યોથી મારું જ તમે અર્ચન કરો. મને જ યજ્ઞના ભાગોનું સમર્પણ કરો. તમને ખ્યાલ નથી કે મારા વિના અન્ય કોઈ પુરુષ યજ્ઞમાં અગ્રપૂજાનો અધિકારી સંભવી શકે નહીં." (૨૮) મુનિવર મૈત્રેયજી બોલ્યા કે હે વિદુરજી! કુમતિવાળા અને કુમાર્ગે જનારા પાપી વેનને-વિનયપૂર્વક વારંવાર સમજાવ્યા પણ મંદ ભાગ્ય વેને એક પણ અક્ષર માન્યો નહીં. (૨૯) સંત વિદુર ! શું કહું ? પોતાને જ પંડિત માનતા તેણે વિપ્રોનું પેટ ભરીને અપમાન કર્યું. વિપ્રોની સત્ય વાતને ઠોકરે ચઢાવતાં વેન ઉપર વિપ્રો રોષે ભરાયા. (૨૦) મુનિવરોએ મનથી વિચાર્યું કે "આ તો સ્વભાવથી જ દુષ્ટ છે, પાપી છે, આના પ્રાણ લેવામાં જ પ્રજાનું કલ્યાણ છે, જો આ જીવતો હશે તો જગતને ભસ્મ કરી નાખશે. (૩૧) આ દુરાચારી સિંહાસન ઉપર બેસવા માટે બિલકુલ યોગ્ય નથી. કારણ કે આ તદ્દન નિર્લજ્જ છે. યજ્ઞપતિ ભગવાનની નિંદા કરતા ખચકાતો નથી. (૩૨) અનુગ્રહ કરીને જ ઈશ્વરે આવું ઐશ્વર્ય આપ્યું એની જ આવા દુષ્ટ વેન વિના અન્ય કોણ નિંદા કરે ?" (૩૩) આ પ્રમાણે સાચા નિર્ણય ઉપર આવેલા, રોષે ભરાયેલા અને પ્રાણ લેવાના નિશ્ચયવાળા મુનિઓના માત્ર હુંકારથી જ વેનના પ્રાણ ચાલ્યા ગયા. (૩૪) આમ વેનનો વિનાશ કરીને ઋષિ-મુનિઓ પણ પોતપોતાના આશ્રમમાં ગયા ત્યારે બીજી બાજુ શોકાતુર માતા સુનીથા મંત્ર અને વનસ્પતિ-ઔષધિઓના પ્રયોગથી વેનના શબને સાચવવા લાગી. (૩૫) આ વખતે મુનિવરો સ્નાન-સંધ્યા પરવારી સરસ્વતીતીરે બિરાજ્યા હતા. આ મુનિ મહારાજો અગ્નિ હોમથી અને પવિત્ર સ્નાનથી પરવારી પરસ્પર હરિચર્ચા કરી રહ્યા હતા. (૩૬) ત્યારે જગતમાં અરાજકતાને કારણે વધેલા વિવિધ પ્રકારના ઉપદ્રવો એમની નજરે પડ્યા અને અંદરોઅંદર વાત કરવા લાગ્યા કે શું આજકાલ કોઈ પૃથ્વીનો રક્ષક રાજા નથી તેથી ચોર-લૂંટરા વધી પડ્યા હશે તેથી કાંઈ પૃથ્વીનું અમંગલ તો નહીં હોય ને ? (૩૭) આમ વિચારતા હતા ત્યાં જ ધાડપાડુઓ ધાડ પાડી, લૂંટ ચલાવી લોકોને રંજાડતા હતા, તેથી ત્રાસી જઈ લોકોની દોડાદોડ થઈ રહી હતી અને ચારે કોર ધૂળની ડમરીઓ ઊડતી હતી. (૩૮) આ સર્વ પરિસ્થિતિ જોતાં જ મુનિઓ સમજી ગયા કે વેનના મૃત્યુ પછી દુનિયામાં અરાજકતા આવી ગઈ છે, સત્તા શિથિલ થઈ ગઈ છે, ચોરલૂંટારા વધી પડ્યા છે, લોકોની માલમિલકત પડાવી લેવા ચાહતા પરસ્પરના પ્રાણતરસ્યા દુષ્ટોનો જ આ ઉપદ્રવ છે. આવું સમજ્યા પછી પણ ક્ષણવાર તો મનમાં વિચાર આવ્યો કે આપણા તપોબળથી આ દુષ્ટ જનોની દુષ્ટ પ્રવૃત્તિને રોકી દઈએ. પરંતુ મનમાં લાગ્યું કે એથી હિંસા વગેરે દોષો લાગશે તેથી મૌન થઈ ગયા. (૩૯-૪૦) પરંતુ બીજી જ ક્ષણે નિર્ણય કર્યો કે ના, ના, જો મૌન બેસી રહીશું તો પાપ જ લાગશે. માટીના કાચા ઘડામાંથી પાણી જતાં વાર નહીં લાગે તેમ જ સમાજના દુઃખની જો બેદરકાર કરીશું તો આપણું

તપ જ નાશ પામશે અને બ્રહ્મજ્ઞાન અને બ્રહ્મતેજ પણ નાશ પામશે, માટે આપણે મૌન ન રાખવું જોઈએ. (૪૧) તપ જ નાશ પામશે અને બ્રહ્મજ્ઞાન અને બ્રહ્મતેજ પણ નાશ પામશે, માટે આપણે મૌન ન રાખવું જોઈએ. વળી આ તો અંગરાજાનો પવિત્ર વૈષ્ણવ વંશ છે. આ વંશમાં તો હરિગુરુપરાયણ વીર અને પરાક્રમી રાજાઓ થઈ ગયા છે અને ભવિષ્યમાં પણ થશે. માટે ચાલો કાંઈક ઉપાય કરીએ એમ નિર્ણય કરી મરણ પામેલા મહીપતિની સાથળનું ખૂબ જ જોરથી મંથન કર્યું (૪૨) એમાંથી એક વામન સ્વરૂપ ઠીંગણો પુરુષ પ્રથમ ઉત્પન્ન થયો. (૪૩) એ પુરુષ આખા શરીરે શ્યામ હતો હાથ, પગ, ભુજા ઘણાં ટૂંકાં હતાં. તેની દાઢી મોટી હતી. એનું નાક ચીબું હતું, આંખો રાતી હતી તાંબાના રંગ જેવી હતી. (૪૪) એણે બે હાથ જોડી નમ્રપણે પૂછ્યું, મહારાજ ! કહોને મારે શું કરવાનું છે ? ત્યારે મુનિઓ બોલ્યા, "નિષીદ" એટલે નીચે બેસી જા. આથી એની "નિષાદ" એવી જાત થઈ. (૪૫) એણે જન્મ લેતાં જ વેનમાં વસેલાં પાપો પોતાનામાં લઈ લીધાં. તેથી જ તેના વારસો અને વંશજો નિષાદ કહેવાયા. તેઓ લૂંટફાટ, ચોરી હિંસા વગેરેમાં જ રચ્યાપચ્યા હોય છે. તેઓ ન તો ગામમાં કે નગરમાં રહેવા લાગ્યા પરંતુ વન-પર્વતોમાં જ વસવા લાગ્યા. (૪૬)

तस्य वंशास्तु नैषादा गिरिकाननगोचराः । येनाहरज्जायमानो वेनकल्मषमुल्बणम् ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષનો ચતુર્થ સ્કંધના વિસર્ગ લીલાના કામ પ્રકરણમાંનો વેનરાજાના દેહ મંથનનું વર્ણન કરતો અધ્યાય ચૌદમો સમાપ્ત.

અધ્યાય ૧૫મો

[આ અધ્યાયમાં ૨૬ શ્લોકો છે. વેન મહારાજના દેહમાં હાથનું મંથન કરીને પૃથુ મહારાજને પ્રકટ કરશે એ કથા આવશે. તેમજ પૃથુ મહારાજાનો રાજ્યાભિષેક પણ વર્ણવાશે.]

मैत्रेय उवाच–ः अथ तस्य पुनर्विप्रैरपुत्रस्य महीपतेः । बाहुभ्यां मथ्यमानाभ्यां मिथुनं समपद्यत ।।१।।

મુનિવર મૈત્રેયજીએ કથાપ્રસંગને આગળ ચલાવતાં કહ્યું, મહારાજ વિદુર ! મંત્રના જાણકાર મુનિઓએ ફરીથી અપુત્ર વેનના બે હસ્તોનું મંથન કર્યું. મંથનના પરિણામે એક સ્ત્રી અને એક પુરુષ એમ એક યુગલની ઉત્પત્તિ થઈ. (૧) બ્રહ્મવાદી મુનિઓને, આ યુગલને જોતાં જ ખ્યાલ આવી ગયો કે આ તો ભગવાનના જ બે અંશો પ્રગટ થયા છે. (૨) ઋષિઓ આગળ વધીને બોલ્યા કે જે આ પુરુષ છે તે તો જગતની રક્ષા કરનાર ભગવાનનો અંશ છે અને આ જે સ્ત્રી છે તે તો નિત્ય ભગવાનની સમીપ જ રહેતાં શ્રી લક્ષ્મીજીનો અંશ છે. (૩) આ પુરુષ વિસ્તારનું કામ કરશે એના કારણે પરમ યશ ફેલાશે. એ સૌથી પ્રથમ રાજા થશે અને પૃથુ એવું નામ પડશે. (૪) વળી આ સ્ત્રી અત્યંત સુંદર દાંતવાળી, ગુણિયલ અને અલંકારોથી દીપતાં સાક્ષાત્ ભગવતી લક્ષ્મી સમાન ઉજ્જ્વલ "અર્ચિ" નામથી ઓળખાશે અને પૃથુરાજાનાં મહારાણી બનશે. (૫) આ તો સાક્ષાત્ શ્રીહરિ જ પૃથુરાજાના સ્વરૂપ અંશથી અવતાર લઈને પધાર્યા છે. સમસ્ત વિશ્વની રક્ષા કરવા માટે જ આ અવતાર છે. આ અર્ચિજી પણ સદાય સહચરીરૂપે સાથે જ રહેશે. (૬)

ગાન્ધર્વોનાં ગાન

શ્રી મૈત્રેયમુનિએ કહ્યું કે હે શ્રીવિદુરજી ! આ પ્રસંગે સર્વ વિદ્વાન વિપ્રો મહારાજા પૃથુની સ્તુતિ કરવા લાગ્યા, ગન્ધર્વો ગાન કરવા લાગ્યા, સિદ્ધ લોકો પુષ્પવૃષ્ટિ વરસાવવા લાગ્યા, અપ્સરાઓ ખૂબ નાચવા લાગી. (૭) આકાશમાં શંખ, મૃદંગ, દુંદુભિ અને વાજિંત્ર વાગવા લાગ્યાં. એટલામાં તો દેવલોકમાંથી દેવો, પિતૃલોકમાંથી પિતૃઓ અને ઋષિઓ પણ ભગવાનની ઝાંખી કરવા આવવા લાગ્યા. (૮) ત્યાં તો જગદગુરુ શ્રી બ્રહ્માજી પણ સત્યલોકમાંથી દેવોને લઈને પધાર્યા. મહારાજશ્રી પૃથુના દક્ષિણ કરમાં ભગવાન વિષ્ણુની હસ્તરેખાઓ શોભી રહી હતી. (૯) તે જોઈને તેમજ ચરણમાં કમળનું ચિહ્ન જોઈ બ્રહ્માજીએ નિર્ણય કર્યો કે આ તો વિષ્ણુ ભગવાનનું જ સ્વરૂપ છે. શાસ્ત્રનો એવો નિર્ણય છે કે જેના દક્ષિણ હસ્તમાં બીજી રેખાઓથી કમલનું ચિહ્ન જરા પણ છેદાયા વિનાનું બિરાજે તે તો વિષ્ણુના અંશ હોય. (૧૦) હવે વેદના જાણકાર મુનિઓએ રાજ્યાભિષેકનું આયોજન કરવા માંડ્યું ત્યારે સર્વ લોકો ચારે તરફથી અભિષેકની સામગ્રીઓ લઈને આવ્યા. (૧૧) આ પ્રસંગે નદીઓ, સમુદ્રો, પર્વતો, સર્પો, ગાયો, પશુપક્ષીઓ, સ્વર્ગ, પૃથ્વી અને સર્વ

પ્રાણીઓ વિવિધ પ્રકારની ભેટો લાવ્યાં. (૧૨) ઉત્તમ અલંકારો અને સુંદર રાજવંશથી અલંકૃત મહારાજ પૃથુનો શાસ્ત્રવિધિ અનુસાર અભિષેક થયો. આ પ્રસંગે વિવિધ શૃંગારોથી શોભતાં અર્ચિમહારાણી જાણે અગ્નિની શિખા હોય ને શું એવી શોભા આપતાં હતાં. (૧૩)

અભિષેક સમયે ઉપહાર-ભેટસામગ્રી

હે વિદુરજી ! આ પ્રસંગે શ્રી કુબેરજી મહારાજા પૃથુ માટે સુવર્ણનું સિંહાસન લાવ્યા. વરુણદેવ ચન્દ્ર જેવું શ્વેતછત્ર લાવ્યા. આ ઝળહળતા છત્રમાંથી જળની ફરફર ઝરતી હતી. (૧૪) વાયુદેવે બે પંખા સમર્પ્યા, જ્યારે ધર્મદેવે કીર્તિમયી માલા આપી. રાજા ઈન્દ્રે મુકુટ આપ્યો, યમરાજાએ શાસન કરવાનો દંડ દીધો. (૧૫) બ્રહ્માજીએ વેદમય કવચ દીધું, શ્રી સરસ્વતી દેવીએ શ્રેષ્ઠ હાર આપ્યો, ભગવાન વિષ્ણુએ સુદર્શનચક્ર અને લક્ષ્મીદેવીએ અવિચલ લક્ષ્મી આપી. (૧૬) ત્યારે રુદ્રજીએ દશ ચન્દ્રવાળી તલાવર દીધી, અંબિકાએ શત ચન્દ્રવાળું ખડ્ગ આપ્યું. પુનઃ ચન્દ્રમાએ અમૃતમય અશ્વો દીધા, ત્વષ્ટાએ અત્યંત સુંદર રથ આપ્યો. (૧૭) અગ્નિએ અજ અને બળદના શિંગડામાંથી બનેલ સુંદર ધનુષ્ય આપ્યું ત્યારે સૂર્ય ભગવાને તેજોમય બાણ આપ્યાં, પૃથ્વીદેવીએ સંકલ્પ પ્રમાણે શીઘ્ર લઈ જનારી યોગમય પવનપાવડી લાવી આપી, આકાશની અભિમાનિની "દ્યો" નામની દેવતાએ નિત નૂતન પુષ્પમાલા દેવા માંડી. (૧૮) આકાશગામી સિદ્ધ લોકોએ નૃત્ય કર્યાં. ગીત ગાયાં. વાજિંત્રોના નાદ કર્યા અને અન્તર્ધાન થવાની કલાઓ આપી, મહર્ષિઓએ મહારાજ પૃથુને અમોઘ આશિષ આપી, સમુદ્રે પોતાનામાંથી પ્રકટેલ શંખ આપ્યો. (૧૯) સાગર, સરિતા અને પર્વતોએ રાજાને રથ ચલાવવા મારગ દીધા ત્યારે સૂત, માગધ અને બંદીગણો પૃથુરાજાનાં ગુણગાન કરવા ઉપસ્થિત થયા. (૨૦) ત્યારે પ્રતાપી પૃથુમહારાજે તેમની સ્તુતિ કરવાની ઈચ્છા જાણી એમને અટકાવી હસતાં હસતાં મેઘમધુર વાણીથી કહ્યું, (૨૧) હે સુજનો ! હે સૂત, માગધ અને બંદીજનો ! હજુ તો મારા કોઈ ગુણો જગતમાં પ્રગટ્યા નથી તો આપ મારા કયા ગુણોને લક્ષ્યમાં લઈ ગાન કરશો ? મારે માટે આપે ગાયેલી ગુણગાથા વ્યર્થ ના જવી જોઈએ; તેથી પ્રકટ ગુણ પુરુષના ગુણોનું ગાન કરો. (૨૨) હે મધુરભાષી મહાજનો ! જો આપને મારા ગુણો ગાવા જ હોય તો જ્યારે મારા કોઈ ગુણો પ્રકટે ત્યારે મારી પૂંઠ પાછળ કૃપા કરીને પ્રેમથી ગાજો. ગાવા જેવી પવિત્ર કીર્તિવાળા તો કેવ ભગવાન જ છે. માટે સજ્જનો તો સામાન્ય જનની કદીએ સ્તુતિ કરતા જ નથી, એ તો ભગવાનનો જ યશ ગાય છે. (૨૩) ભલેને મનુષ્ય પાસે મહાન ગુણો મેળવવાની શક્તિ હોય પરંતુ જ્યાં સુધી એણે મહત્ત્વનાં કાર્યો કર્યા ન હોય તે પહેલાં સ્તુતિપાઠકો પાસે કયો વિવેકીજન પોતાની ગુણગાથા ગવરાવે ? આવી સ્તુતિ જ્યાં થતી હોય ત્યાં, સ્તુતિપાઠકો પણ મનમાં હસતા જ હોય છે અને જનસમાજ પણ મનમાં મશ્કરી માનતો હોય છે કે આ માનવમાં એવા તે કયા ગુણો છે કે આ લોકો ગાય છે અને આવા તે ગુણો કાંઈ પ્રકટવાના છે ? આ તો બણગાં ફૂંકાય છે. પરંતુ મૂર્ખ જનને આવું સમજાતું નથી અને ગુણો ગાવા જ દે છે. (૨૪) ભાઈઓ ! સજ્જનોનો સ્વભાવ છે કે પોતે ખૂબ જ ખ્યાતનામ હોય તો પણ પોતાના યશને પોતાના અવગુણ જેટલો જ અવગણે છે માટે ભલા બંદીજનો ! હાલ મારા કોઈ જ ધર્મો પ્રકટ્યા નથી ત્યાં સુધી તમે મારા ઉપર કૃપા કરી મૌન ધરો (૨૫-૨૬)

वयं त्वविदिता लोके सूताद्यापि वरीमभिः । कर्मभिः कथमात्मानं गापयिष्याम बालवत् ।।२६।।

શ્રીમદ્ ભાગવતપીયૂષના ચતુર્થ સ્કંધમાંનો વિસર્ગ લીલા પ્રકરણનો 'કામ' પ્રકરણમાંનો પૃથુરાજાના સૌજન્યનું નિરૂપણ કરતો અધ્યાય ૧૫મો સમાપ્ત.

અધ્યાય ૧૬ મો

[આ અધ્યાયમાં ૨૭ શ્લોકો છે. આ અધ્યાયમાં લોકપાલો રાજાપૃથુ અને અર્ચિમહારાણીનો સત્કાર કરશે તેમ જ ઋષિવરોની પ્રેરણાથી સૂત બંદીજનો મહારાજા પૃથુનો વિપુલ યશ ગાશે એ પ્રસંગ આવશે.]

मैत्रेय उवाच – इति ब्रुवाणं नृपतिं गायका मुनिचोदिताः । तुष्टुवुस्तुष्टमनसस्तद्वागमृतसेवया ।।१।।

મૈત્રેય મહર્ષિ, પ્રસંગ વર્ણવતા આગળ વધ્યા અને કહેવા લાગ્યા કે મહાનુભાવ વિદુર ! મહારાજા પૃથુનાં વચનામૃત પીને કોઈ ધરાયા જ નહીં. રાજા જરા પણ ચાહતા ન હતા તો પણ ત્રિકાલજ્ઞ ઋષિઓની પ્રેરણાથી સ્તુતિપાઠકો સ્તુતિ કરવા લાગ્યા.

પૃથુનો પૃથુયશ

ગાયકો બોલ્યા કે મહારાજ ! આપે અમને ગુણ ગાતા રોક્યા એ જ આપનો સર્વશ્રેષ્ઠ ગુણ છે . આપ પૂર્ણપુરુષોત્તમ પૃથુ થઈને પૃથ્વી ઉપર પધાર્યા છો તેથી જ ગુણો ગાતાં રોકી રહ્યા છો. એ તો આપની પ્રતિષ્ઠા છે. આપ તો આત્મારામ છો. આપનો યશ ગાવાનું અમારામાં સામર્થ્ય પણ નથી. લોકોની નજરે તો આપ વેન રાજાના નિષ્પ્રાણ શરીરમાંથી પ્રકટ્યા છો પરંતુ વાચસ્પતિજી અને બ્રહ્માદિ દેવોનું પણ આપના ગુણ ગાવાનું સામર્થ્ય નથી ત્યાં સામાન્ય જનની બુદ્ધિ શું કામ કરે ? (૨) આમ છતાં ઉદાર યશવાળા આપ ભગવાનની કલાસ્વરૂપે પધાર્યા છો. આપના કથામૃતમાં અમારો આદર છે. આ મુનિવરોએ યોગબળથી આપના ગુણો, કર્મ, શીલ સ્વભાવનું જે જ્ઞાન આપ્યું છે તે પ્રમાણે અમારી જિહ્વા પાવન કરવા ગાઈશું તો આપ મને ક્ષમા કરશો. (૩) હે પ્રજાજનો સાંભળો! આ ઋષિજનોની કૃપાથી આપને કહી રહ્યા છીએ કે આ આપણા આદિરાજ પૃથુમહારાજ સર્વશ્રેષ્ઠ ધર્મપાલક, સમાજને ધર્મ માર્ગમાં દોરનાર, ધર્મમર્યાદાના સદા સંરક્ષક, ધર્મવિરોધીઓના દંડક મહાન રાજા થશે. (૪) સ્વયં કોઈની પણ સહાય વિના સમયે સમયે પ્રજાનું પાલનપોષણ પ્રીણન (ખુશ કરવું તે) અને અનુરંજન કરતા પોતાના દેહમાં દશે દિક્પાલોની મૂર્તિઓને ધારણ કરશે. (૫) તેમજ યજ્ઞો કરી-કરાવી, વૃષ્ટિ વરસાવી સ્વર્ગલોક અને પૃથ્વીલોકનું પણ મંગલ કરશે. આ પ્રતાપશીલ પૃથુરાજા સર્વ પ્રાણીઓ પ્રત્યે સમદૃષ્ટિવાળા હશે. જેમ સૂર્ય ભગવાન આઠ માસ પર્યન્ત કિરણોથી જલનું ગ્રહણ કરીને ચાતુર્માસમાં પુષ્કળ પાણી પાછું વાળે છે એ જ રીતે પૃથુરાજ પ્રજાજન પાસેથી પીડા ન થાય તે રીતે કર લેશે અને પ્રજાના કલ્યાણમાં પાછું વાળશે. (૬) વળી દુષ્કાળ જેવાં સંકટોમાં સર્વની સંભાળ લેશે. રાજા પરદુઃખભંજન થશે. પૃથ્વીદેવીના જેવી સહનશીલતા ધરાવશે. કદાચ કોઈવાર કોઈ દુઃખનો માર્યો જન મહારાજાના મસ્તકે પગ મૂકી જશે તો પણ તેના અઘટિત વર્તનને દયાથી સહી લેશે. (૭) નૃપતનુધારી મહારાજ પૃથુ સ્વયં વિષ્ણુ ભગવાન છે. કોઈવાર દુકાળ આવી પડશે ત્યારે પ્રજાના પ્રાણસંકટ ટાણે મહારાજા ઈન્દ્રની માફક વૃષ્ટિ વરસાવીને પ્રજાનું અનાયાસે પોષણ કરશે. (૮) મહારાજ પૃથુ મધુર મન્દસ્મિતવાળા મુખચન્દ્રની મનોહર અમીઝરતી અમીમય આંખલડીથી પ્રજાજનને આનંદવિભોર બનાવી દેશે. (૯) રાજાની ગતિ અકળ રહેશે, મંત્રણા અને કાર્યો ગુપ્ત રહેશે. કાર્યો કરવાના અભિગમથી, ઉત્તમ પ્રકારની કુનેહથી, રાજાની સ્વતંત્રભાત પડશે. રાજાનું ધન સદા સંરક્ષિત હશે. ઉત્તમ અસંખ્ય ગુણોના રાજા એકમાત્ર આધાર હશે, મનસ્વી મહારાજપૃથુ સાક્ષાત્ વરુણ જેવા મનસ્વી હશે. (૧૦) ભાઈ ! વેનરાજા તો જાણો કે અગ્નિનું કાષ્ઠ હતા અને એમાંથી પ્રટેલા પૃથુરાજા પ્રત્યક્ષ પવિત્ર, તેજસ્વી અગ્નિ જ છે. (૧૧) એમના પ્રતાપથી પ્રજાની પાસે છતાં દૂર લાગશે, મોટા મોટા શત્રુઓ પણ મહારાજાપૃથુને મનથી જ પહોંચી શકશે નહીં તો તનથી પહોંચવાની તો વાત જ ક્યાં રહી ! શત્રુઓ એમના પરાક્રમથી દિલથી જ ડરી જશે તો દેહથી ડરવાની વાત જ કરવાની ક્યાં રહી ! પ્રાણી માત્રની અંદર રહેલા પ્રાણવાયુ બહાર અને અંદરની પ્રવૃત્તિઓનો સાક્ષી છતાં તટસ્થ રહે છે. તેવી જ રીતે રાજા પોતાના ગુપ્તચરો દ્વારા પ્રજાજજના ખાનગી અને જાહેર જીવનના જાણકાર છતાં પોતાની નિંદા-સ્તુતિ કરનાર માટે પક્ષપાત વિનાનું વર્તન કરશે. (૧૨) આ ધર્મનિષ્ઠ રાજાના ન્યાયની એક વિશેષતા હશે કે શત્રુનો પુત્ર હશે પરંતુ જો નિર્દોષ હશે તો તેની રક્ષા કરશે પરંતુ પોતાનો પુત્ર જો દોષિત હશે તો તેને કઠોર શિક્ષા કરશે. (૧૩) મહારાજા પૃથુની આણ અને સેના માનસોત્તર પર્વત પર્યન્ત સૂર્ય જ્યાં સુધી તપશે ત્યાં સુધી પ્રવર્તશે. (૧૪) રાજા પોતાના સચ્ચરિત્રોથી લોકનું મનોરંજન કરશે તેથી જ લોકો તેમને “પૃથુ રાજા”તરીક સંબોધશે. (૧૫) રાજા પુથુજી દૃઢવ્રતી, સત્યવાદી, સત્યપ્રતિજ્ઞ, બ્રાહ્મણભક્ત, વૃદ્ધોપાસક, પ્રાણી માત્રના આશ્રય, સર્વને માન આપનાર અને ગરીબના બેલી થશે. (૧૬) પરસ્ત્રીમાં

માતૃભક્તિવાળા અને પોતાની પત્નીને પોતાનાં અર્ધાંગ ગણનારા થશે. પ્રજાજન ઉપર પિતા જેવો પ્રેમ કરશે. (૧૭) જ્ઞાની જનોના સેવક બની રહેશે. અન્ય પ્રાણીને પોતના શરીર જેટલાં વહાલ કરશે. મિત્રોનાં સુખ વધારશે, વિરક્તોનો વિશેષ સંગ રાખશે, પણ દુષ્ટોને યમ જેવો દંડ દેશે. (૧૮) અરે સુજનો ! આ તો ભગવાન જ અવતાર લઈને રાજાના રૂપે પધાર્યા છે. ભાઈ ! એમનામાં દેખાતા દ્વૈતભાવો તો જ્ઞાની લોકો જ સમજી શકશે કે આ તો માયાથી કલ્પેલા છે. (૧૯) સ્વયં એકલા એકછત્ર સમ્રાટ એકલા હાથે જ હસ્તમાં ધનુષ્ય લઈ ઉદયાચલ પર્વત પર્યન્ત સૂર્ય ભગવાનની માફક વિચરતા પૃથ્વીની રક્ષા કરશે. (૨૦) ત્યારે દશે દિશામાં વિચરતા રાજાને ચરણે દિક્પાલો, દેવો અને રાજાઓ કર ભરશે તેમજ ઉત્તમ વસ્તુઓ અર્પશે. વળી ભલભલી રાજરાણીઓ પણ રાજાને વિષ્ણુ ભગવાન જાણી ખૂબ ગાશે. (૨૧) પ્રજાની આજીવિકા પૂરી પાડશે. આ સમ્રાટ પૃથુ ગાયનું સ્વરૂપ ધારણ કરતી ધરણીનું દોહન કરશે. રાજા ઈન્દ્રની માફક પોતાના ધનુષ્યના અગ્ર ભાગથી પર્વત-ટેકરાઓને ઉખાડી જોતજોતામાં ધરણીને સમતલ બનાવશે. (૨૨) રણસંગ્રામમાં તો રાજાનો સામનો કરવાની કોઈની શક્તિ જ નહીં ચાલે. વનમાં વિચરતા વનરાજ કેશરી સમા પૃથુમહારાજ જ્યારે પોતાના "આજગવ" નામના ધનુષ્યનો ટંકાર કરતા ધરણી ઉપર વિચરતા હશે ત્યારે દુષ્ટ લોકો ખળભળી ઊઠશે અને શિષ્ટ થઈ જશે. (૨૩)

અશ્વમેધ યજ્ઞ

આ રીતે પ્રજાનું ભૌતિક સુખ સાધીને રાજા સદા પ્રજા સુખી રહે માટે ભગવતી સરસ્વતીજીના કિનારે કિનારે સો અશ્વમેઘ યજ્ઞો આરંભશે. આ વખતે અદેખો ઈન્દ્રરાજા એમના અશ્વને હરી જશે. (૨૪) વળી રાજાના રાજભવનના ઉદ્યાનમાં સિદ્ધ પુરુષ ચાર સનતકુમારોનો સમાગમ થશે. આ સંતોની તેઓ સેવા કરશે. ભક્તિભાવથી રીઝવશે. એમનાથી નિર્મળ બોધ પામશે, કે જે જ્ઞાન દ્વારા પરબ્રહ્મ પમાય છે. (૨૫) અરે મહારાજાનાં પરાક્રમ પ્રકટ થશે ત્યારે તો પ્રજાજનોના ઘરે ઘરે પરાક્રમી રાજાની પવિત્ર ગાથા સર્વત્ર ગવાતી જ રહેશે. (૨૬) પૃથુ મહારાજ પૃથ્વી ઉપર વિજય મેળવી પરદુઃખભંજન બનશે. રાજાની અખંડ ધરણી ઉપર અખંડ આણ એટલા મોટા પ્રમાણમાં પ્રવર્તશે કે દેવ-દૈત્યો પણ પોતાના આંગણે રાજાનાં યશોગાન કરશે. (૨૭)

दिशो विजित्याप्रतिरुद्धचक्रः स्वतेजसोत्पाटितलोकशल्यः । सुरासुरेन्द्रैरुपगीयमानमहानुभावो भविता पतिर्भुवः ।।२७।।

શ્રીમદ્ ભાગવત્પીયૂષનો ચતુર્થ સ્કંધ વિસર્ગલીલા પ્રકરણમાંનો કામ પ્રકરણનો પ્રભુ મહારાજશ્રીના માહાત્મ્યનું ગુંજન કરતો સોળમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૭મો

[આ અધ્યામાં ૩૬ શ્લોકો છે. પૃથ્વી ખલ શાસનને કારણે બીજ ગળી ગયેલ હતી. તે રાજાના દિવ્ય વ્યવહારથી રાજા પૃથુને દોહન કરવાનું સૂચવશે એ પ્રસંગ આ અધ્યાયમાં આવશે.]

मैत्रेय उवाच– एवं स भगवान् वैन्यः ख्यापितो गुणकर्मभिः । छन्दयामास तान् कामैः प्रतिपूज्याभिनन्द्य च ।।१।।

મુનિ મૈત્રેયજી કથાપ્રસંગ ગાતાં ગાતાં રોમાંચ અનુભવતા વિદુર સંતને કહેવા લાગ્યા કે જ્યારે બંદીચારણોએ મહારાજ પૃથુના પુષ્કળ ગુણો ગાયા ત્યારે રાજસ્વભાવ પ્રમાણે એમને શેલાં-સરપાવ આપ્યાં, તેમજ તેઓ રાજી થયા. (૧) ફરીથી રાજાજીએ વિપ્રોનાં અર્ચન કર્યા. વળી ચારે વર્ણો, મંત્રીજનો, પુરજનો, પુરોહિતો, ગ્રામનાગરિકો, સેવકો, ઉદ્યોગકારો અને શ્રમજીવીઓનાં પણ બહુમાન કર્યાં. (૨)

પૃથ્વીનું ગોસ્વરૂપ કેમ ?

કથા સાંભળતાં ભાવ વધતાં ઉભરાતા અનુરાગે શ્રી વિદુર મહારાજે, શ્રી મુનિવર મૈત્રેયને પૂછ્યું કે ભગવન્ પૃથુરાજાએ પૃથ્વીનું દોહન કર્યું તો બીજાં અનેક સ્વરૂપો હોવા છતાં ધરા દેવીએ ગોરૂપ કેમ ધારણ કર્યું ? વળી જ્યારે દોહન કર્યું ત્યારે કોને વાછરડા બનાવ્યા અને કેવાં પાત્રો દોહવા માટે લીધાં તે સર્વ વિગત આપવા કૃપા કરશો ! (૩) મહારાજ ! પૃથ્વી તો સહજ રીતે ખાડાટેકરાવાળી જ હોય, એને સપાટ શી રીતે બનાવી ? પૃથુમહારાજના યજ્ઞના અશ્વનું અપહરણ

ઈન્દ્રે શા માટે કર્યું ? (૪) વળી ભગવન્ ! બ્રહ્મવેત્તાઓમાં મહાન સંત સનત્કુમારો પાસેથી જ્ઞાન-વિજ્ઞાન સંપાદન કરી રાજર્ષિ પૃથુ કઈ ગતિને પામ્યા ? અને વળી મહારાજ ! શ્રીકૃષ્ણ પ્રભુના ભક્ત એવા પૃથુરાજાનાં મને અન્ય પવિત્ર અવતાર ચરિત્રો પણ સંભળાવો. (૫-૭)

સૂતમહર્ષિએ કહ્યું કે હે મુનિવરો શ્રીવિદુરજીએ ઉપર પ્રમાણે પૃથુભગવાનની લીલા અને અન્ય અવતાર ચરિત્રો સાંભળવાની ઈચ્છા કરી ત્યારે શ્રી વિદુરજીના પ્રશ્નથી પ્રસન્ન થયેલા મૈત્રેય મહારાજે કહ્યું કે ઋષિઓએ પૃથુરાજાનો રાજ્યાભિષેખ કર્યો અને પ્રજાના પતિ તરીકે જ્યારે ઓળખાવ્યા ત્યારે પૃથ્વી ઉપર ક્યાંય અન્નકણ જોવા જ ન મળે. પ્રજાજનો કેવળ હાડપિંજરની હાલતમાં થઈ ગયાં હતાં. આ પ્રજાજનોએ રાજાને નિવેદન કર્યું કે મહારાજ, વૃક્ષની બખોલમાં બેઠેલો અગ્નિ જેમ વૃક્ષને બાળી દે એવી રીતે જ અમારા જઠરમાં રહેલો જઠરાગ્નિ અમને ભૂખે સળગાવી રહ્યો છે. અને શરણાગતવત્સલ અમે આપને શરણે આવ્યા છીએ. કારણ કે હમણાં જ મુનિઓએ આપને પ્રજાને અન્ન દેનારા પિતા તરીકે ઓળખાવ્યા છે. મહારાજ ! અમે ભૂખે મરી જઈએ તે પહેલાં અન્ન માટે ટળવળતા અમને અન્ન ન લાવી આપો ? કારણ કે જે રાજગાદીએ બિરાજે એણે પ્રજાને આજીવિકા-રોજીરોટી આપવાં જ જોઈએ. (૮-૧૧)

પૃથુનાં પરાક્રમ

મુનિ મૈત્રેય બોલ્યા, હે વિદુરજી ! પ્રજાજનનું કરુણ કથન સાંભળી રાજાએ ખૂબ જ ધ્યાનપૂર્વક જોયું તો લાગ્યું કે પૃથ્વી અન્નના સમગ્ર બીજને ગળી ગઈ છે, તેથી જ અન્ન નથી મળતું. (૧૨) પૃથુરાજાને રોષે ભરાયેલા નીરખી પૃથ્વી થરથર કાંપી ઊઠી, અને જેમ પારધી પાછળ પડતાં હરણી ભાગી જાય તેમ ભયભીત બની, ભૂમિદેવી બચવા માટે ગોરૂપ લઈ દોડવા લાગ્યાં. (૧૩) આ અવસરે પાછળ દોડતા રાજાની આંખો રાતીપીળી થઈ ગઈ હતી, ભૂમિદેવી બચવા કાજે જ્યાં દોડી જાય છે ત્યાં જ પાછળ આવતા સજ્જ ધનુષ્યબાણવાળા અને હાથમાં હથિયારવાળા પૃથુરાજાને નિહાળે છે. (૧૪) ભૂમિદેવી દશે દિશાઓના ખૂણેખૂણે ગઈ. સ્વર્ગમાં ગઈ, પૃથ્વી ઉપર સંતાઈ, અંતે અંતરિક્ષમાં છુપાય છે ત્યાં સર્વત્ર ધનુર્ધારી રાજાપૃથુ જ દેખાય છે. (૧૫-૧૬) પાછળ પડેલા મૃત્યુના મુખમાંથી જો કોઈ બચાવે તો આ રાજાના હાથમાંથી ત્રણ લોકમાં કોઈ બચાવી શકે એવો નિર્ણય કરી ગભરાયેલ ધરણીદેવી ધરાપતિ પૃથુરાજાને શરણે આવીને નિવેદન કરવા લાગી. (૧૭) હે ધર્મધુરંધર ! હે ધર્મતત્ત્વવેત્તા ! હે શરણાગતપ્રતિપાલ ! આપ જ મારું રક્ષણ કરો, કારણ સર્વ પ્રાણીઓનું રક્ષણકરવાને આપ તત્પર થયા છો તો મારું પણ રક્ષણ કરો. (૧૮) મહારાજ ! હું તો નિર્દોષ છું, દીન છું, દુઃખિની છું, તો શું આપ મારો નાશ કરશો ? ધર્મજ્ઞ તરીકે તો આપની ખ્યાતિ છે તો શું આપ મને સ્ત્રીને મારશો ? (૧૯) હે રાજન્ ! સ્ત્રીનો અપરાધ થયો હોય તો સામાન્ય પુરુષ પણ તેને ન મારે, તેના ઉપર હાથ ન ઉપાડે તો આપ તો દીનબંધુ કરુણાસિંધુ છો તો શું આપ મને મારશો ? (૨૦) ભગવન્ ! હું તો સર્વનું ધારણ કરનારી એક દૃઢ નાવડી છું. આખું વિશ્વ આ નાવના આધારે ટકી રહ્યું છે. આ નાવનો નાશકરતાં આપનાં પ્રજાજનને જલ ઉપર કેમ રાખી શકશો ? (૨૧)

પૃથ્વીને રાજાનો પ્રત્યુત્તર

ભૂમિદેવી ! તમે મારી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છે તેથી હું તમને જરૂર દંડીશ. તેમજ તમારો નાશ પણ કરીશ. તમે પૃથ્વીરૂપે યજ્ઞમાં ભાગ-આહુતિ તો સ્વીકારો છો છતાં કાંઈ પાછું તો આપતાં જ નથી. (૨૨) વળી ગાયસ્વરૂપે નિત્ય લીલું ઘાસ ચરો છો તો પણ તમારા થાનમાંથી દૂધ તો દેતાં નથી; તો પછી તમને દંડ કરવો રહ્યો અને વળતરમાં ધાન્ય આપવું જોઈએ તે પણ નથી મળતું, તો પછી શિક્ષા કેમ ન કરવી ? રાજાનો ધર્મ છે કે જે કોઈ પણ વ્યક્તિ દુષ્ટાચરણ કરે તેને કડક દંડ કરવો જ જોઈએ. (૨૩) બ્રહ્માજીએ જે અન્નનાં બીજ સરજ્યાં હતાં તે હાલમાં તમારા ઉદરમાં સંગ્રહ કરી રાખેલ છે, હાથમાં શસ્ત્ર લઈ આવેલા મને જોવા છતાં આપવાની વૃત્તિ નથી થતી તો આ બાણથી વધ કરવો જ રહ્યોને ? આ પ્રજા ભૂખે કેવી ટળવળી રહી છે. એનાં આંસુ પણ ધરણી ! તમને દેખાતાં નથી ! આખરે તમારા શરીરના ભાગ

કરી જનસમૂહને ખવરાવવા પડશે. (૨૪-૨૫) રાજાએ તો સ્ત્રી, પુરુષ કે નપુસંક કોઈ પણ હોય પણ તે જો પેટભરાં હોય, એકલપેટાં હોય, નિર્દય હોય તેમને તો સખત નશ્યત કરવાં જ રહ્યાં. ખાસ કરીને સંગ્રહખોરને તો સખત શિક્ષા કરવી જ ઘટે. આમ કરતાં રાજાને પાપ નથી સ્પર્શતું. નિર્દયને મારવામાં વળી દયા શેની ? (૨૬) આજે આત્મરક્ષા માટે ગાયનું સ્વરૂપ કપટથી સ્વીકાર્યું છે, પરંતુ અંદર ખાને ગર્વિષ્ઠ અને મદોન્મત્ત લાગો છો. તમને શિક્ષા કરતાં કદાચ તમારા ટુકડા થઈ જશે તો સઘળી પ્રજાને મારા યોગબળથી ધારણ કરી લઈશ. (૨૭) આજે એક ક્ષણ માટે તો એમ જ લાગ્યું કે પૃથુરાજા ક્રોધથી કાળમૂર્તિ બન્યા હોય એવું ધરીદેવીને દેખાયું અને દૈન્ય ભાવે તે હાથ જોડી બોલ્યાં. (૨૮)

પૃથ્વીનું નિવેદન અને પ્રાર્થના

પૃથ્વીદેવી વિનવવા લાગ્યાં કે હે મહારાજ ! હે પરમપુરુષ ! મુજ અબળા ઉપર આટલો રોષ શાને ? આપે અનેક વાર અનેક અવતાર ધારણ કર્યા છે, ભલેને આપનાં દેહાદિ દેખાતાં હોય પણ આપતો તેના ધર્મોથી પર છો. આપે તો આપનાં સ્વરૂપજ્ઞાનથી દેહનાં અભિમાન, રાંગદ્વેષ વગેરે દૂર કરી દીધાં છે, એવા આપને નમસ્કાર છે. (૨૯) આપ તો વિશ્વના નિયામક છો, વિધાતા છો, આપે જ આ ત્રિગુણાત્મક સૃષ્ટિનું સર્જન કર્યું છે મને ભૂમિને પણ આપે જ સમસ્ત જીવોનો આશ્રય બનાવી છે. પ્રત્યેક જીવ મારા ઉપર રહે એવી ગોઠવણ આપે જ કરી છે. આપ તો સર્વ પ્રકારે સ્વતંત્ર છો, નાથ ! આપ જ જાતે ધનુષ્ય,બાણ અને ખડ્ગથી મારો વધ કરવા ચાહો છો તો આપ જ કહો કે હું કોને શરણે જઈશ. (૩૦) માયા આપની શક્તિ છે. આપનામાં જ એ રહેલી છે, અને જીવ સાથે સંબંધ રાખનારી છે, આપ એ જ માયાશક્તિને પ્રેરીને જગતરક્ષા માટે અવતર્યા છો. આપ તો ધર્મનિષ્ઠ છો તે જ આપ ગોરૂપધારિણી મને મારવા તત્પર થયા છો. (૩૧) અથવા આપની માયા જ અજેય છે, અજિતેન્દ્રિય જનોને પોતાના કર્તવ્યનું જ કાંઈ પણ જ્ઞાન નથી. આપે બ્રહ્માજીને ઉત્પન્ન કર્યા, તેમની પાસે બ્રહ્માંડ રચાવ્યું. આ રીતે આપ સ્વયં એકરૂપ છો અને માયાથી અનેક રૂપ લઈ આપ જ કાર્ય કરો છો. (૩૨) આ પંચમહાભૂતો, આ બધી ઈન્દ્રિયો વળી ઈન્દ્રિયોના દેવતાઓ, બુદ્ધિ, અહંકાર આ સર્વ આપની જ શક્તિઓછે ને ! આપ આ સર્વ શક્તિ દ્વારા જ સર્વ સરજો છો અને સમેટો છો. જુદી જાતનાં કાર્યો માટે વખતોવખત આપ આપની શક્તિઓને પ્રકટ કરો છો અને પાછી વાળી લો છો. આવા વિશ્વનિયંતા ભગવાનને વારંવાર નમું છું. (૩૩) હે અજન્મા હે નાથ ! પંચમહાભૂત ઈન્દ્રિયો અને અન્તઃકરણરૂપ વિશ્વને આપે રચ્યું પછી એને વ્યવસ્થિત રાખવા માટે આદિ વરાહરૂપે પ્રકટ થઈ આપ મને રસાતલમાંથી બહાર લઈ આવ્યા છો. તે જ હું ધરણી જલ ઉપર નાવ જેવી છું. જેના ઉપર પ્રજા રહેલી છે તે પ્રજાના રક્ષણ માટે આપ પૃથુરાજાના સ્વરૂપે પધાર્યા છો. (૩૪) મારો ઉદ્ધાર કરી ધરાને-પૃથ્વીને વરાહસ્વરૂપે ધારણ કરી ધરાધર નામ આપે ધારણ કર્યું છે તે જ ભગવાન વીરમૂર્તિ મારા ઉપર રહેલી પ્રજાના રક્ષણ માટે પ્રજાના આધારભૂત મારો નાશ કરશો ? અને તે કેવલ દૂધ ન આપવાના એક જ કારણે ? નાથ ! આથી અધિક નવાઈ કઈ ? મહારાજ ! (૩૫) આપની ત્રિગુણમયી માયાને સમજવામાં મારા જેવા સામાન્ય જીવની મતિ તો મૂંઝાય છે. અરે નાથ ! મારા જેવા જીવો તો આપના ભક્તોની લીલાઓના રહસ્યને નથી જાણી શકતા તો પછી આપના કાર્યને કે કાર્યના હેતુને ન સમજે તેમાં નવાઈ શી ! માટે તો ઈન્દ્રિયોનો સંયમ કરીને વીરોચિત કીર્તિને વધારે છે, તેવા ભક્તવરોને પણ મારા પ્રણામ હો. (૩૬)

नूनं जनैरीहितमीश्वराणामस्मद्विधैर्स्तगुणसर्गतमायया । न ज्ञायते मोहितचित्तवर्त्मभिस्तेभ्यो नमोवीरयशस्करेभ्यः ।।३६।।

શ્રીમદ્ ભાગવતપીયૂષના ચતુર્થસ્કંધ વિસર્ગલીલાના કામપ્રકરણમાંનો "ધરણીનિગ્રહ"નામનો, ધર્મનું વર્ણન કરતો ૧૭મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૮મો

[આ અધ્યાયમાં ૩૨ શ્લોક પૃથુ રાજાએ પૃથ્વીનું દોહન કર્યું એ કથા આવશે.]

मैत्रेय उवाच – **इत्थं पृथुममिष्टूय रुषा प्रस्फुरिताधरम् । पुनराहावनिर्भीता संस्तभ्यात्मानमात्मना ॥१॥**

મૈત્રેય મુનિએ કહ્યું કે ક્રોધે રાતાપીળા થતા અને હોઠ પીસતા રાજા પૃથુથી ભયભીત બનેલી ભૂમિએ સ્તુતિ કરી ત્યારબાદ ધીરજ ધારણ કરી મનને સ્થિર બનાવી ફરીથી વિનવ્યું (૧) હે મહારાજ ! હવે આપ શાંત બનો. ગુસ્સો ઓછો કરો. મારી નમ્ર વિનંતિ સાંભળો. શાણો જન મધુકરની માફક સર્વ ઠેકાણેથી સાર ગ્રહણ કરે છે. (૨) ભગવન્ ! તત્ત્વજ્ઞ મુનિજનોએ આ લોકમાં અને પરલોકમાં સર્વ પુરુષાર્થ સાધવા માટે અગ્નિહોત્ર, ખેતી વગેરે ઉપાયો શોધ્યા છે અને આચર્યા છે. (૩) આ પ્રમાણે પ્રાચીન મુનિઓએ જે ઉપાયો દર્શાવ્યા છે તે ઉપાયોને જો શ્રદ્ધાપૂર્વક વર્તમાન કાલમાં સારી રીતે આચરીએ તો સરળતાથી મનવાંછિત ફળ મેળવાય છે. (૪) પરંતુ હે ભગવન્ ! જો તર્કશીલ માનવો મનકલ્પ્યા ઉપાયો આદરે અને ઉત્તમ ઉપાયોનો અનાદર કરે તો તેની સઘળી મહેનત માથે પડે છે. (૫) હે મહારાજ ! નૃપતિઓનું કાર્ય જેમ પ્રજાનું પાલન કરવાનું છે તેમ તેમનું કાર્ય પૃથ્વીનું પણ પાલન કરવાનું છે. ભગવન્ ! ભૂમિ ઉપર સ્નેહ છોડી દેવાથી જનલોકમાં ચોરોના ઉપદ્રવો વધી પડ્યા છે. (૬) બ્રહ્માજીએ પૂર્વે જે ઔષધિઓ ઉત્પન્ન કરી છે તેનો યમ-નિયમનું પાલન ન કરતા દુરાચારી લોકો ઉપભોગ કરી રહ્યા છે માટે જ મહારાજ ! યજ્ઞના ઉપયોગ માટે તે ઔષધિઓને હું ગળીગઈ છું (૭) હે વીરપુરુષ ! હે લોકપાલક રાજન્ ! મારી વિનંતિ છે કે આપને જો પુષ્ટિ કરનારા ધાન્યની કામના છે તો હું ગાય છું એટલે વાછરડાથી જ દૂધ આપી શકું માટે યોગ્ય વાછરડો,દૂધ ભરવાનું પાત્ર અને દોહનાર ગોપાલની ગોઠવણ કરો. જ્યાં ગાય પોતાના વાછરડાને જોતાં જ પ્રેમથી જ પાનો મૂકશે અને આપને જોઈશે તેટલું અમૃત પ્રાપ્ત થશે, ભગવન્ ! કેટલા લાંબા ગાળાથી ધાન્યનાં બીજ સારશૂન્ય થઈ મારા પેટાળમાં પડ્યાં છે. આપ એને પૂર્વના ઋષિમુનિઓએ દર્શાવેલા પ્રયોગોથી પ્રેમથી બહાર કાઢો. (૮-૧૦) વળી એક વાત આપને સૂચવું છું, રાજન્ ! મને આપ સમથલ ભૂમિ બનાવો કે જેથી વર્ષાકાલમાં વરસેલાં વારિ મારા ઉપર સરખાં ફેલાય અને ભૂમિમાં કસ અને ભેજ ખૂબ જ રહે-અનેક વખતે પણ કણ પાકે અને કણસલાં કસવાળાં મળે. (૧૧)

પૃથ્વીનું દોહન

ભૂમિદેવીની દિવ્ય, હિતપ્રિય, સ્નેહ અને દૈન્ય ભરી વાણી સાંભળી વિવેકશીલ પૃથુમહારાજે દોહનની દિશામાં પ્રવૃત્તિ આદરી અને મનુ સ્વાયંભુવને વત્સ બનાવ્યા અને પોતાના હાથમાં સર્વ પ્રકારનાં ધાન્ય દોહી લીધાં (૧૨) પૃથુરાજાને પગલે ચાલીને પ્રત્યેક વિવેકીજને પૃથ્વીમાંથી ઠેકઠેકાણેથી સાર સાર વસ્તુઓ મેળવી લીધી. આ દોહન કાંઈક આલંકારિક કથા નથી પરંતુ વાસ્તવિક ક્રિયા છે. (૧૩) (૧) હવે ઋષિ-મુનિઓએ શ્રીબૃહસ્પતિજી ગુરુને વાછરડા બનાવ્યા અને પોતાની વાણી, બુદ્ધિ, કાન, મન વગેરે ઈન્દ્રિયો નામનાં સુંદર પાત્રોમાં 'બ્રહ્મવિદ્યા' નામના દૂધને દોહી લીધું. (૧૪) (૨) સ્વર્ગના દેવોએ રાજા ઈન્દ્રને વાછરડા બનાવ્યા અને સુવર્ણ પાત્રમાં સોમરસને, માનસિક બલવીર્યને, ઈન્દ્રિયોના બલ-ઓજસને અને દેહબલ નામના દૂધને દોહી લીધું. (૧૫) (૩) આ પ્રસંગે દૈત્ય અને દાનવોએ અસુરવર્ય શ્રી પ્રહ્લાદજીને વાછરડા બનાવ્યા અને લોખંડના પાત્રમાં મદિરા અને ફળના રસ-આસવોને દૂધરૂપે દોહી લીધા. (૧૬) (૪) ગંધર્વોએ અને અપ્સરાઓએ ગન્ધર્વરાજ વિશ્વાવસુને વત્સ બનાવ્યા અને કમળના પાત્રમાં સૌન્દર્ય, સંગીત, માધુર્ય, ગાન્ધર્વગાન નામના દૂધને દોહી લીધું. (૧૭) (૫) શ્રાદ્ધના દેવો પિતૃગણોએ અર્યમાને વાછરડા બનાવ્યા જે પિતૃઓના સ્વામી હતા, તેમણે માટીના વિશુદ્ધ પાત્રમાં "કવ્ય" નામના પિતૃઓના અન્નને દોહી લીધું. (૧૮) (૬) સિદ્ધગણોએ ભગવાન કપિલને વાછરડા બનાવ્યા અને આકાશ નામના પવિત્ર પાત્રમાં અષ્ટાદશ સિદ્ધિઓ નામના અમૃતને દોહી લીધું તેમજ (૭) વિદ્યાધરોએ પણ કપિલ ભગવાનને જ વાછરડા બનાવ્યા અને આકાશ નામના પાત્રમાં આકાશગમન નામના સામર્થ્યને દોહી લીધું. (૧૯) (૮) કિંપુરુષો અને અન્ય માયાવી જનોએ અસુરરાજ "મયદાનવને"

વાછરડા કલ્પ્યા અને સંકલ્પ કરીએ કે અન્તર્ધાન થઈ જઈએ, તેમજ સંકલ્પ કરીએ અને ચિત્રવિચિત્ર સ્વરૂપ લઈ લઈએ, આવી અદ્ભુત શક્તિઓને દોહી લીધી. (૨૦) (૯) યક્ષો, રાક્ષસો, ભૂત, પિશાચો જે માંસભક્ષી હતા તેમણે રુદ્રને વાછરડા કલ્પ્યા અને ખપ્પરમાં રુધિરના આસવને દોહી લીધો. (૨૧) (૧૦) વળી ફણા વિનાની “અહિ” નામની જાતિ, ફણાવાળી સર્પનામની જાતિ, કદ્રૂના પુત્રોની “નાગ” નામની જાતિએ તેમજ વીંછી વગેરે ઝેરવાળાં પ્રાણીઓની પોતાની દાઢ નામના પાત્રમાં વિષ નામના દૂધને દોહી લીધું. (૨૨) (૧૧) પશુ જાતિએ નંદી ભગવાનને વાછરડા બનાવ્યા અને વન નામના વિશાળ પાત્રમાં ઘાસ નામના દૂધને દોહી લીધું. (૧૨) વનમાં ક્રૂર હિંસક પ્રાણીઓએ સિંહને વાછરડો બનાવી પ્રત્યેક પશુઓએ પોતાના શરીર નામના પાત્રમાં અપક્વ આમને દૂધ તરીકે દોહી લીધું (૨૩) (૧૩) પક્ષીઓએ ગરુડજીને વાછરડા બનાવ્યા અને કીટપતંગ નામનાં ચરપ્રાણીઓને વૃક્ષ ઉપરનાં સ્થિર ફળ વગેરે વસ્તુઓને પોતાના ખોરાક તરીકે દૂધમાંથી દોહન કર્યું. (૨૪) (૧૪) ત્યારે પર્વતોએ હિમાલયને વાછરડા બનાવ્યા અને પોતાના શિખરો નામના પાત્રોમાં વિવિધ પ્રકારની સુવર્ણ વગેરે ધાતુઓને દોહી લીધી. (૨૫) (૧૫) આ પ્રકારે પૃથુ રાજાને વશ થયેલી ભૂમિ પાસેથી પ્રત્યેક ક્ષેત્રના શ્રેષ્ઠ તત્ત્વોને દોહન વિધિ માટે મુખ્યે વાછરડા કલ્પ્યા અને પોતાના જરૂરી પદાર્થો દૂધરૂપે મેળવી લીધા (૨૬) જ્યારે પૃથુરાજા વગેરે જે જે શાકાહારી હતા તેઓએ જુદાં જુદાં પાત્રોમાં જુદી જુદી જાતનાં અન્ન જુદી જુદી જાતના વાછરડાઓ દ્વારા પૃથ્વી પાસેથી મેળવી લીધાં. (૨૭) કામદુધા વસુંધરા પાસેથી ઉચિત પદાર્થો મળતાં રાજાપૃથુ ખૂબ જ પ્રસન્ન થયા અને પ્રજાજનો પૃથુ રાજાને પૃથ્વીના સ્વામી તરીકે સંબોધવા લાગ્યા ત્યારે રાજાપૃથુએ કહ્યું, ના, ના, પૃથ્વી તો મારી દીકરી છે. એણે મારા કોડ પૂરા કર્યા છે. પ્રત્યેક જીવજંતુને સુખી કર્યા છે. (૨૮) હું એના ઉપર ખૂબ જ રાજી થયો છું અને આજથી એ મારી પુત્રી બની છે. રાજા તો પૃથ્વીના બાપ તરીકે દીપે, રાષ્ટ્રપિતા તરીકે શોભે; પરંતુ રાષ્ટ્રપતિ તરીકે ના શોભે જે રાજા રાજ્યનો કારભાર સુધારે અને કરભાર ઘટાડે તેનું રાજ્ય કાયમ રહે અને પ્રજાના હૃદયમાં એનું સ્થાન રહે. હવે અન્ન વગેરે સુખેથી ઊગી શકે માટે મહારાજાધિરાજે થોડા કડક બની બધી જ પ્રજામાંથી આળસ ખંખેરી નાખી ધનુષ્યની અણીએ કામ લઈ પૃથ્વીને સમતલ બનાવી. (૨૯) પછી પ્રજાને વસવાટની યોજના ઘડી આપી. પરંતુ પ્રથમ અન્ન ઉત્પાદન તરફ જ લક્ષ્ય આપ્યું. (૩૦) જેમાં હાટ ન મંડાતાં હોય એવાં નાનાં ગામડાં, હાટડીઓ મંડાય એવી મોટી નગરીઓ, વિપુલ વસવાટવાળાં શહેરો, કિલ્લા અને કોટવાળી રાજધાનીઓ, ભરવાડોનાં ગામો, ગાયોના નેસડા, સૈન્યનિવાસનાં નગરો, મોટામોટા અગરો, ખાણો, કિસાનોનાં ખેતરોમાં માળા અને પર્વતની તળેટીના અગ્નિહોત્રીઓના નિવાસો વગેરેની રચનાઓ કરી. રાજા પૃથુના સમય પછીથી જ આવી પદ્ધતિસરની રચનાઓ થઈ. તે પૂર્વમાં તો સર્વ પોતાને સાનુકૂળ પડે તેમ વસવાટ કરતાં હતાં (૩૧-૩૨)

प्राक्पृथोरिह नैवेषा पुरग्रामादिकल्पना । यथासुखं वसन्ति स्म तत्र तत्राकुतोभयाः ।।३२।।

શ્રીમદ્ ભાગવતપીયૂષનો ચતુર્થસ્કંધ કામ પ્રકરણમાંનો “પૃથ્વી દોહન ” વિષયનું નિરૂપણ કરતો ૧૮ મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૯ મો

[આ અધ્યાયમાં ૪૨ શ્લોકો છે. રાજાપૃથુ સો અશ્વમેધ યજ્ઞો કરશે. રાજા ઈન્દ્ર યજ્ઞના અશ્વનું અપહરણ કરશે ત્યારે તેનો વધ કરવા માટે પૃથુરાજા પ્રેરાશે ત્યાં યજ્ઞના વિપ્રો તેમને રોકશે આ સર્વ કથા આ અધ્યાયમાં આવશે.]

मैत्रेय उवाच – अथादीक्षत राजा तु हयमेधशतेन सः । ब्रह्मावर्ते मनोः क्षेत्रे यत्र प्राची सरस्वती ।।१।।

મૈત્રેય મુનિવર્ય બોલ્યા કે, વિદુરજી ! બ્રહ્માવર્તમાં જ્યાં સરસ્વતીનદી પૂર્વ દિશામાં વહે છે ત્યાં પૃથુ રાજા શત અશ્વમેધ યજ્ઞો કરવાનો નિર્ણય કરી યજ્ઞની દીક્ષા લઈને બેઠા. (૧) મનુ રાજાનું આ પાવન ક્ષેત્ર હતું. રાજાએ જ્યારે સો અશ્વમેધની દીક્ષા લીધી ત્યારે રાજા ઈન્દ્રને એમ લાગ્યું કે આ તો પૃથુરાજા મારું પદ લઈ લેશે; માટે એના યજ્ઞોને તો અટકાવવા જોઈએ. ઈન્દ્રનો સ્વભાવ છે કે તેઓ અન્યની ઉન્નતિ સહી શકતા નથી (૨) પૃથુ મહારાજના યજ્ઞની મહત્તાએ હતી કે ભગવાને યજ્ઞથી પ્રસન્ન થઈ પ્રત્યક્ષ દર્શન આપ્યાં હતાં. (૩) આ શ્રી યજ્ઞેશ્વર ભગવાનની સાથે

બ્રહ્માજી, શિવજી અને પરિવાર સાથે અન્ય દિક્પાલો અને દેવો પધાર્યા હતા. પ્રભુના પ્રાકટ્ય સમયે ગન્ધર્વો, મુનિઓ અને અપ્સરાઓ પણ ભગવાનનો યશ ગાતાં હતાં. (૪) સિદ્ધ, વિદ્યાધર, દૈત્ય, દાનવ, યક્ષગણ, નંદ, સુનંદ વગેરે પાર્ષદો છે. (૫) વળી કપિલ ભગવાન, નારદ મુનિ, દત્તાત્રેય પ્રભુ, સનકાદિ યોગેશ્વરો અને ઠાકોરજીની સેવામાં રસવાળા ભક્તરાજો પણ સાથે પધાર્યા હતા. (૬)

કામધેનુ પૃથ્વી

અરે અધિક શું કહું, વિદુરજી ! રાજાપૃથુના યજ્ઞમાં પૃથ્વીદેવી કામધેનુ ગાયનું સ્વરૂપ લઈ ઉપસ્થિત થયાં હતાં અને યજ્ઞની સર્વ સામગ્રી પૂરી પાડતાં હતાં. (૭) પૃથુરાજાના રાજ્યમાં દ્રાક્ષના રસની, શેરડીના રસની અને ફળોના અન્ય સર્વ રસની તો સરિતાઓ વહેતી હતી. વળી મધુધારાને ઝરતાં વિવિધ તરુવરો, દૂધ, દહીં, ઘી, અન્ન વગેરે અઢળક સમૃદ્ધિઓ દેતાં હતાં. (૮) સાગરો પણ પુષ્કળ રત્નો આપતા હતા. પર્વતો પણ ભક્ષ્ય, ભોજ્ય, ચોષ્ય અને લેહ્ય એવાં ચાર પ્રકારનાં અન્ન આપતા હતા. રાજાને યજ્ઞમાં લોકપાલો અને સર્વ લોકોએ વિવિધ જાતની ભેટો લાવીને આપી હતી. (૯)

ઈન્દ્રની અદેખાઈ

ભગવાન શ્રી અધોક્ષજના અત્યંત અનુયાયી પૃથુમહારાજાની પુષ્કળ ચઢતી દેખી ઈન્દ્ર રાજાએ અદેખાઈ આરંભી. યજ્ઞમાં વિઘ્નો નાખવા માંડ્યા. (૧૦) નવાણું યજ્ઞો તો સમાપ્ત થયા પરંતુ છેલ્લો યજ્ઞ તો કોઈ પણ પ્રકારે ન થવા દેવો એવા કુભાવે ઘેરાયેલા ઈન્દ્ર જ્યારે શ્રી યજ્ઞનારાયણ ભગવાનના અર્ચનનો આરંભ કર્યો ત્યારે ગુપ્ત રીતે અશ્વમેધ યજ્ઞના અશ્વનું અપહરણ કર્યું. (૧૧) આકાશમાર્ગે ઉતાવળા દોડી જતા રાજાઈન્દ્રે પોતાની રક્ષા માટે બખ્તરરૂપે સાધુનો બનાવટી વેષ ધારણ કરી લીધો હતો. આવો વેષ લઈને અધર્મી જન ધાર્મિક પુરુષને ભ્રમ કરાવી દે છે. (૧૨) મહારાજ અત્રિની આજ્ઞાથી પૃથુકુમારે અશ્વના ચોરને મારવા માટે પીછો પકડ્યો અને 'ઊભો રહે, ઊભો રહે' એવો ક્રોધથી પડકાર કર્યો. (૧૩) પરંતુ રાજાઈન્દ્રે માથે જટા, શરીરે ભસ્મ ધારણ કરેલી હોવાથી આ તો સાક્ષાત્ ધર્મપુરુષ છે એમ માની બાણનો જ્યારે પ્રહાર ન કર્યો. (૧૪) ત્યારે વધ કરતાં વિરમી જતા પૃથુકુમારને અત્રિઋષિએ સાવધાન કર્યા અને કહ્યું કે રાજકુમાર ! આ તો પ્રત્યેકના યજ્ઞોમાં વિઘ્ન નાખનાર, દેવોમાં અત્યંત હલકટ વૃત્તિવાળા ઈન્દ્ર છે. એનો વધ કરવામાં વાંધો નથી. (૧૫) મુનિ મહારાજની આ પ્રકારની સૂચના સાંભળીને રાવણની પાછળ ગીધરાજ જટાયુની માફક પૃથુપુત્રે ઈન્દ્ર રાજાની પૂંઠે દોટ મૂકી. (૧૬) રાજાઈન્દ્ર પોતાની પાછળ આવતા પૃથુપુત્રને જાણી અશ્વને મૂકી દઈ તેમજ પાખંડી વેષને ત્યજી દઈ અંતર્ધાન થઈ ગયા. વીર પૃથુપુત્ર અશ્વમેધ અશ્વને લઈને પિતાની પાસે યજ્ઞશાળામાં આવી પહોંચ્યા. (૧૭) રાજકુમારના આ પરાક્રમને જોઈને સમર્થ ઋષિઓએ કુમારને "વિજિતાશ્વ" એવું નામ આપ્યું. (૧૮) કુમારે અશ્વને લાવીને યજ્ઞમાં બાંધવાની ગમાણના અર્ધચન્દ્રકાર "ચષાલ" નામના લાકડા આગળના યૂપ એટલે સ્તંભે બાંધી દીધો. ખલ સ્વભાવના ઈન્દ્રે ગાઢ અંધકાર ફેલાવ્યો અને યજ્ઞશાલામાં જ સંતાઈ રહીને ફરીથી સુવર્ણની સાંકળવાળા અશ્વને લઈને ચાલતી પકડી. (૧૯) મુનિ અત્રિએ વળી આકાશમાર્ગે નાસી જતા ઈન્દ્રની પાછળ પાછા રાજપુત્રને મોકલ્યા. આ વખતે ઈન્દ્રે મનુષ્યના મસ્તકની ખોપરીની માળા અને હાથે સાધુઓ ધારણ કરતા "ખટવાંગ"ને જોઈને આ તો કોઈ કાપાલિક સાધુ છે એમ સમજીને પ્રહાર કર્યો નહીં. (૨૦) ત્યારે પાછું અત્રિ મુનિએ કહ્યું કે વિજિતાશ્વ ! આ તો વેષધારી પાખંડી ઈન્દ્ર છે. એના પર બાણ છોડો, ભાઈ ! તે સાંભળી વિજિતાશ્વે બાણ સાંધ્યું ત્યારે વળી પાખંડી વેષ અને અશ્વને પડતાં મૂકી ઈન્દ્ર ચાલ્યા ગયા અને અશ્વને લઈને કુમાર પાછા આવ્યા. જ્ઞાનદુર્બલ લોકો ઈન્દ્રના ધારણ કરેલા પાખંડી વેષનું અનુકરણ કરી પાખંડવેષ ધારણ કરવા લાગ્યા. (૨૧-૨૨) અશ્વને લઈ જવાની દુષ્ટ દાનતથી ઈન્દ્રે જે જે દુષ્ટ વેષ લીધા તેને પાખંડ કહેવાય છે. પાખંડનો અર્થ થાય છે પા એટલે પાપ અને ખણ્ડ એટલે ચિહ્ન, ટૂંકમાં પાપનાં ચિહ્ન એવી વ્યાખ્યા થઈ. (૨૩) રાજા પૃથુના યજ્ઞનો નાશ કરવા અને અશ્વનું હરણ કરવા ઈન્દ્રે જે

જે વેષ લીધા અને મૂકી દીધા તેને અનુસરનારા નગ્ન, રક્તાંબર, કાપાલિક વગેરે પંથ કહેવાયા. (૨૪) આવા દાંભિક વેષોમાં અને આચારોમાં લોકોની મતિ ભ્રમિત થઈ જાય છે. આ પંથ નાસ્તિક છે, દેખાવમાં તો મોહક છે, ખોટી યુક્તિઓથી ભરેલો છે, અણસમજુ આ પંથે વળી જાય છે. આને ઉપધર્મ એટલે નાસ્તિક મત કહેવામાં આવે છે. (૨૫)

પૃથુમહારાજાનો રોષ, વિપ્રોનું સામર્થ્ય અને બ્રહ્માનો ઉપદેશ

શઠતાને પણ સીમા હોય છે. રાજા ઈન્દ્રે જ્યારે ખલતા ન છોડી અને વારંવાર અશ્વ ઉઠાવી જવા માંડ્યો ત્યારે ઈન્દ્રની વાંકી ચાલથી રોષે ભરાયેલા પૃથુરાજે ઈન્દ્રનો નાશ કરવા હાથમાં ધનુષ્ય ઉઠાવી બાણ ચઢાવ્યું. (૨૬) આ વખતના રાજાનો રોષ અને વેગ ખરેખર અસહ્ય હતાં. રાજાની સામે જોવું પણ કઠિન હતું. ઈન્દ્રનો નાશ કરવા રોષે ભરાયેલા, સજ્જ થયેલા મહારાજ પૃથુને નિહાળી યજ્ઞના ઋષિઓએ વિવેકથી પાછા વાળતાં કહ્યું,રાજન્ ! યજ્ઞમાં ક્રોધ ન કરવાનો આપે જ આરંભમાં નિયમ લીધો છે અને અમને લેવરાવ્યો છે. યજ્ઞમાં યજ્ઞના પદાર્થ વિના અન્યનું સમર્પણ ના થાય. (૨૭) આપ ચાહો તો અમે આ જ ક્ષણે અમોઘ આવાહન મંત્રબલથી અશ્વસહિત ઈન્દ્રને અહીં રજૂ કરીએ અને કહો તો યજ્ઞકુંડમાં હોમી દઈએ. (૨૮) મૈત્રેય મુનિ બોલ્યા કે હે વિદુરજી ! પૃથુ રાજાની અનુમતિ મેળવી હોતાઓએ મંત્રથી ઈન્દ્રનું આવાહન કરી હાથમાં સ્રુવા લઈ હોમની તૈયારી કરી ત્યારે બ્રહ્માજીએ બ્રાહ્મણોને રોકી દીધા. (૨૯) બ્રહ્માજી બોલ્યા, હે ઋષિ-મુનિઓ ! રાજા ઈન્દ્રનો વધ ન કરાય. આ તો યજ્ઞનામ ધરાવતા ઈન્દ્ર, ભગવાનની જ મૂર્તિ મનાય છે, યજ્ઞમાં પૂજાતા દેવો ઈન્દ્રનાં જ અંગો છે, એનો નાશ કરવો ઠીક નથી. (૩૦) આપે જોયું કે રાજાના યજ્ઞને રોકવા ઈન્દ્રે પાખંડ પંથ ફેલાવ્યો. હજી પણ એવાં જ કામો કરશે માટે મહારાજ અટકી જાઓ. (૩૧) હે રાજન્ આપ ભલે એક ઓછા એવા નવાણું યજ્ઞવાળા "શતક્રતુ" બનો. આપ તો મોક્ષપથના પાથિક છો. આપને તો આવા સકામ યજ્ઞો કરવાના જ ન હોય, આપનું સર્વ પ્રકારે કલ્યાણ થાઓ. (૩૨) આપ ભગવાનનો અવતાર છો. ઈન્દ્ર પણ ભગવાનનું જ સ્વરૂપ છે. મહારાજ, વિવેકથી જોતાં ઈન્દ્ર પણ આપનું જ સ્વરૂપ છે એના ઉપર ક્રોધ કરવો આપને ના ઘટે (૩૩) યજ્ઞમાં વિક્ષેપ આવ્યો આવા પ્રકારે ચિંતા કરશો મા. મારી વાત મનમાં ઉતારો. દેવની ઈચ્છા હોય કે, આ કામ નથી થવા દેવું એ કાર્યની સફલતા માટે જ્યારે મનુષ્ય આગ્રહી બને છે ત્યારે તે મનુષ્યને તેનું કાર્ય સફળ ન થતાં સખત ક્રોધ આવે છે અને બુદ્ધિ મોહ પામી જાય છે. તો આપ અહીં જ વીરમી જાઓ. (૩૪-૩૫) રાજન્ ! જો યજ્ઞને ચાલુ રાખશો તો ઈન્દ્ર આગળ પાખંડ ફેલાવશે અને યજ્ઞ વીરમી જતાં જ પાખંડપથ સ્વયં અટકી જશે. (૩૬) હે મહારાજ ! આપ તો વેનના વર્તનથી નાશ પામેલા સનાતન યજ્ઞધર્મના સ્થાપન માટે જ ધર્મના અંશસ્વરૂપે અવતર્યા છો. માટે પ્રજાપાલન કરનાર હે પૃથુમહારાજ ! આપનાં અવતાર હેતુનો વિચાર કરો તેમ જ ભૃગુ વગેરે પ્રજાપતિઓના સંકલ્પને સિદ્ધ કરો. આ ઈન્દ્રની માયાજાળ છે. અધર્મની જનની છે. આપ એને અટકાવી દો. (૩૭-૩૮)

પૃથુરાજાની કુલીનતા

મુનિવર મૈત્રેયજી બોલ્યા કે હે વિદુરજી ! સાધુ જન સદાય અનાગ્રહી હોય છે. સમજુ હોય છે, સરલ હોય છે, લોકગુરુ બ્રહ્માજીની વાણીને માથે ચઢાવી માનનીય પૃથુમહારાજે યજ્ઞના આગ્રહને જતો કર્યો અને ઈન્દ્રરાજાની સાથે મૈત્રી કરી. (૩૯) અનન્ત યજ્ઞો કરનાર પૃથુમહારાજે યજ્ઞાન્તે અવભૃથ સ્નાન કર્યું ત્યારે યજ્ઞોથી પ્રસન્ન થયેલા દેવોએ રાજાને મન માન્યાં વરદાનો આપ્યાં. (૪૦) રાજાએ શ્રદ્ધાપૂર્વક વિપ્રોને પુષ્કળ દક્ષિણા આપી તેમને પ્રસન્ન કર્યા અને અત્યંત સત્કાર કર્યો. સિદ્ધ વચનવાળા વિપ્રોએ રાજાને આશિષ આપી. (૪૧) યજ્ઞસમાપ્તિપ્રસંગે દેવાદિ લોકોએ પ્રેમવચનો કહ્યાં કે હે મહાબાહુ ! આપના નિમંત્રેલા દેવો, પિતૃઓ, ઋષિઓ, મુનિઓ મનુષ્યો વગેરે આપને આંગણે પધાર્યા હતા. આપે તે બધાને દાન અને માનથી બહુ સન્માન્યા છે. આપનું શ્રેયસ થાઓ. (૪૨)

त्वयाहूता महाबाहो सर्वं एव समागताः । पूजिता दानमानाभ्यां पितृदेवर्षिमानवाः ॥४२॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના ચતુર્થસ્કંધનો વિસર્ગલીલાના કામ પ્રકરણમાંનો ઈન્દ્રવિજય પ્રસંગનું નિરુપણ કરતો અધ્યાય ૧૯ મો સમાપ્ત.

અધ્યાય ૨૦મો

[આ અધ્યાયમાં ૩૮ શ્લોકો છે. પ્રભુનાં દર્શન, પ્રભુનું માર્ગદર્શન, પૃથુરાજે પ્રભુની કરેલી સ્તુતિ વગેરેકથાઓ આ અધ્યાયમાં આવશે.]

ભગવાનનું વચનામૃત

मैत्रेय उवाच – भगवानपि वैकुण्ठः साकं मधवता विभुः । यज्ञौर्यज्ञापतिस्तुष्टो यज्ञभुक् तमभाषत ॥१॥

મૈત્રેયઋષિએ કથા પ્રસંગને આગળ વધારતાં કહ્યું, વિદુરજી ! યજ્ઞના સ્વામી, યજ્ઞના ભોકતા, શ્રી વૈકુંઠનાથ ભગવાન ઠાકોરજી યજ્ઞોથી પુષ્કળ પ્રસન્ન થઈ ગયા અને રાજા ઈન્દ્રના સાંભળતાં પૃથુરાજાને વચનામૃત કરાવવા લાગ્યા. ભગવાન બોલ્યા કે હે નરપતિ ! આ રાજા ઈન્દ્રે આપના "શતાશ્વમેધ"ના સંકલ્પની સિદ્ધિમાં આડખીલીઓ ઊભી કરી છે, પરંતુ તે હવે પોતાના અનુચિત કર્મથી પરિતાપ કરી કરતા, ક્ષમા માગતા ઈન્દ્ર રાજાને ઉદાર ચિત્તે ક્ષમા આપો.

सुधियः साधवो लोके नरदेव नरोत्तमाः । नाभिदुह्यन्ति भूतेभ्यो यर्हि नात्मा कलेवरम् ॥३॥

पुरुषा यदि मुह्यन्ति त्वादृशा देवमायया । श्रम एव परं जातो दीर्धया वृद्धसेवया ॥४॥

હે રાજન્ ! સુમતિ અને સદાચારી ઉત્તમ જનો કોઈપણ પ્રાણીનો દ્રોહ કરતા જ નથી. તેઓ તો સમજે છે કે દેહ કાંઈ આત્મા નથી. આત્મા તો ભગવાનનો જ અંશ છે. (૩) આપના જેવા વિવેકશીલ પુરુષો જો મારી માયાથી મોહ પામ્યા તો તો સમજવું કે, "સંત, ગુરુ વડીલજનની, લાંબા કાળથી કરેલી સેવા વ્યર્થ ગઈ અને કેવલ માથે મહેનત જ પડી." (૪) આ દેહમાં જે મોહ છે તે અજ્ઞાન, વાસના અને કર્મનું ફળ છે એવું તે જ્ઞાની જનો સમજે છે અને એની આસક્તિથી દૂર રહે છે. શરીરે સરજેલાં ઘર, કુટુંબ, પરિવાર, ધનમાનમાં તે મમતા રાખતો જ નથી. (૫) આત્મા તો દેહથી ભિન્ન છે. આત્મા તો એક જ છે. દેહ તો વારંવાર બદલાયા કરે છે. આત્મા તો વિશુદ્ધ છે, દેહ તો દોષથી ભરેલો છે, આત્મા તો જ્ઞાનમય છે, દેહ તો જડ છે, આત્મા તો પ્રકૃતિના ત્રણ ગુણથી પર છે. દેહ તો ત્રિગુણવાળી પ્રકૃતિમાંથી જ બનેલો છે; તેથી સગુણ છે. આત્મા તો ગુણોનો આધાર છે, શરીર તો ગુણોના આધારે છે, આત્મા તો અપ્રમેય છે તો દેહ પ્રમેય છે. (૬) આત્માને આવરણ હોતું જ નથી,ત્યારે દેહને તો વસ્ત્રો આવરી લે છે. આત્મા દ્રષ્ટા છે તો દેહ દૃશ્ય છે. આત્મા તો સ્વતંત્ર છે, સ્વયંસિદ્ધ છે, તો શરીર આત્માને લીધે અસ્તિત્વ ધરાવે છે. આવી ઊંડી સમજ ધરાવી શરીરમાં રહેલા આત્માને દેહથી અલગ જાણીને દેહમાં રહેવા છતાં દેહ, ગેહ કે પરિવારમાં મન રાખતા જ નથી. તેમને દેહના વિકારો સ્પર્શતા જ નથી. એ દિવ્ય પુરુષોની તો મારામાં જ સ્થિતિ હોય છે; પછી વિકાર જ ક્યાં ? (૭-૮) હે રાજન્ ! અકામ ભાવથી શ્રદ્ધાપૂર્વક મારી સેવા કરનાર ધર્મનિષ્ઠ જનનું મન ધીરેધીરે પવિત્ર થાય છે. મન પવિત્ર થઈ જતાં વિષયોનો સંબંધ છૂટી જાય છે અને આપોઆપ જ્ઞાન પ્રાપ્ત થાય છે. (૯) ત્યારબાદ મારા જેવી અવસ્થાને મેળવે છે. આ ભૂમિકાનું જ નામ પરમ શાંતિ, બ્રહ્મપ્રાપ્તિ કે કૈવલ્યપ્રાપ્તિ સમજવું. (૧૦) જે જનને એમ સમજાય છે કે શરીર, જ્ઞાન, ક્રિયા અને મનનો આત્મા સાક્ષી છે, અલિપ્ત છે, કૂટસ્થ છે તે જ કલ્યાણસર મોક્ષપદનો અધિકારી છે. પંચ મહાભૂત, જ્ઞાનેન્દ્રિય, કર્મેન્દ્રિય, ઈન્દ્રિયોના અધિષ્ઠાતા દેવતા અને અન્તઃકરણ આ બધાંના સંઘાતરૂપ છે. આ સ્થૂલ શરીરથી જુદા લિંગદેહનો જ પ્રવાહ જન્મ મરણની પરંપરા ચલાવે છે. કૂટસ્થ સાક્ષી આત્માને તો કોઈ જ સંબંધ નથી હોતો. આ વિવેકવાળો મારામાં સ્નેહ રાખે છે તો તેવા જ્ઞાનીજનો તો સમ્પત્તિઓ કે વિપત્તિઓ આવે કે જાય તો પણ કદી તેના સુખદુઃખની અસરવાળા બનતા નથી. (૧૧-૧૨) રાજન્ ! આપ તો વિવેકી છો, વીર છો. માટે આપ સુખદુઃખમાં, નાના, મોટા અને મધ્યમમાં સરખો ભાવ રાખી, ઈન્દ્રિયો તેમજ અન્તઃકરણને વશ રાખો અને મારા રચેલા મંત્રી, પ્રધાનો, લોકપાલો સાથે મળીને સઘળા લોકોનું સંરક્ષણ કરો. (૧૩) પ્રજાનું પાલન કરવું એમાં જ રાજાનું પરમશ્રેય છે. કારણ કે પ્રજાના પુણ્ય કર્મનો છઠ્ઠો ભાગ રાજાને પરલોકમાં મળે છે. પરંતુ જો રાજા પ્રજા પાસેથી કર લે અને પ્રજાનું પાલન ન કરે તો પ્રજા રાજાનું પુણ્ય તો લઈ જ જાય છે પરંતુ પ્રજાનાં પાપ ભોગવે છે એ વધારામાં નુકસાન છે. (૧૪) આ વાતનો નરેશ ! આપ ખ્યાલ કરી અને શ્રેષ્ઠ ઋષિમુનિજનોની અનુમતિ અનુસાર પરંપરાથી ચાલ્યા આવેલા ધર્મને મહત્ત્વ આપી, એ

પ્રમાણે ચાલી, કશામાંય આસક્ત થયા વગર જો ન્યાયને અનુસરીને પ્રજાનું પાલન કરશો તો સમગ્ર પ્રજાનો સ્નેહ સાંપડશે. વળી ગણ્યાગાંઠ્યા જ દિવસોમાં આપને ચાર સનત્કુમારનો સત્સંગ પણ મળશે. (૧૫) આટલું બોલતાં બોલતાં કરુણાસિંધુની કરુણા ઉભરાવા લાગી અને બોલ્યા, રાજન્ ! માગોમાગો, શું વરદાન આપું ?

वरञ्च मत्कञ्चन मानवेन्द्र वृणीष्व तेऽहं गुणशीलयंत्रितः । नाहं मखैर्वै सुलभस्तपोभिर्योगेन वा यत्समचित्तवर्ती ॥१६॥

રાજન્ ! આપના ગુણ, શીલ અને સ્નેહથી હું આપનો બન્યો છું. ક્ષમા નામનો એક ગુણ ન હોય અને તપ, જપ, યોગ યજ્ઞ વગેરે અનેક સાધન હોય તો તેનાથી હું સુલભ નથી થતો. મને તો તેના જ મનમાં વસવું રુચે કે જેનામાં સમદૃષ્ટિ હોય. (૧૬) મૈત્રેયજીએ કહ્યું, વિદુરજી, ભગવાનની આજ્ઞાને વિશ્વવિજયી પૃથુમહારાજે માથે ચઢાવી (૧૭) રાજા પૃથુજીએ ઈંદ્ર સાથે સ્નેહ કર્યો ત્યારે ઈન્દ્ર રાજાને પોતાના અનુચિત કાર્યથી લજ્જા આવી ગઈ અને એકાએક પૃથુ રાજાના ચરણમાં દંડવત્ કરવા જતા ઈન્દ્રને અટકાવી પ્રેમથી આલિંગન આપી રાજાએ ઈન્દ્ર તરફના વૈરને તિલાંજલિ આપી દીધી. (૧૮) પુનઃ પૃથુ મહારાજે પુરુષોત્તમ પ્રભુના પાદકમલનાં અર્ચન કર્યાં અને ક્ષણે ક્ષણે ઉભરાતા ભક્તિભાવના પૂરમાં ડૂબી જઈ ઠાકોરજીનાં ચરણકમલ પકડી લીધાં. (૧૯) આ અવસરે સજ્જનોમાં સદા સ્નેહ કરનાર કરુણાવત્સલ ભગવાન કરુણાભર્યાં નયનકમલથી રાજાને નીરખી જ રહ્યા. પધારી જવાની પોતાની ઈચ્છા છતાં પૃથુરાજા ઉપર કૃપા કરવા માટે રોકાઈ ગયા પણ વિદાય ના લીધી. ત્યારે પૃથુ રાજા વિનવવા લાગ્યા. (૨૦)

પૃથુરાજાની પરમ ભક્તિ

પૃથુરાજા બંને કરકમલની અંજલિ જોડી ઊભા હતા. નયનસરોજમાંથી અશ્રુધારા વહી રહી હતી, આથી ભગવાનની સામે નીરખી પણ શકતા ન હતા. ગળું ગળગળું થઈ ગયું હતું. વાણી વિરમી ગઈહતી. અશ્રુથી આકળુવ્યાકુળ બનેલા મહારાજ માત્ર મૌન બનીને ઊભા હતા. હૃદયમાં ભગવાનને પધરાવ્યા હતા. માત્ર અંજલિને જોડીને જ ભગવાન સન્મુખ ઊભા હતા. (૨૧) સામાન્ય દેવો પણ ભૂમિને સ્પર્શીને ઊભા નથી રહેતા તો આ તો અખિલ ભુવનનાથના ચરણારવિંદ ભૂમિને સ્પર્શે જ ક્યાંથી ? પરંતુ ભક્તવત્સલ કૃપાનાથ પૃથુરાજાનું પ્રિય કરવા પૃથ્વી ઉપર પાદપદ્મ પધરાવીને ઊભા રહ્યા હતા. વળી ઠાકોરજીનો શ્રી હસ્ત ગરુડજીના ખભા ઉપર પધરાવ્યો હતો. પૃથુમહારાજ નયનકમલનાં અશ્રુને લૂછીને અતૃપ્ત નજરે નિહાળી નાથને નિવેદન કરવા લાગ્યા. (૨૨) પૃથુરાજા પુરુષોત્તમને વિનવવા લાગ્યા કે નાથ ! શું માંગુ ? આપવામાં શું બાકી રાખ્યું છે ? વિશ્વમાં વરદાન આપનારા દેવોને પણ આપ વરદાન દેનારા દેવ છો તેમની પાસે શું માગું ? હે કૈવલ્યનાથ ! મારે તો મોક્ષ પણ નથી જોઈતો. વિષયસુખો તો દેહાસક્ત ભોગવે, આવાં તુચ્છ સુખો તો નરકમાંય મળશે, આપના જેવા કૃપાનાથ પાસે શાણો જન આવાં તુચ્છ સુખ શાને માગે ? મહારાજ ! તે તુચ્છ સુખો તો નથી જોઈતાં પણ જ્યાં આપના ચરણકમલના સેવનનો મકરંદ રસ ન મળતો હોય તો તેવા મોક્ષને પણ નથી ચાહતો. હા ચાહું છું જો આપ કૃપાકરીને આપો તો –

न कामये नाथ तदप्यहं क्वचित् न यत्र युष्मत् चरणाम्बुजासवः। महत्तमान्तर्हृदयान्मुखच्युतो विधत्स्व कर्णायुतमेष मे वरः॥२४॥

હે નાથ ! મને તો તેવો, મોક્ષ પણ ન ખપે કે જે મોક્ષાનંદમાં, મહાપુરુષોના હૃદયકમલમાં નિત્ય બિરાજતા આપશ્રીનાં ચરણકમલને સ્નાન કરાવી, મુખકમલમાંથી નીકળતી મધુર હરિ કથાસુધાનો રસ પીવા માટે ના મળતો હોય, યદિ નાથ ! આપ આપવા જ વિચારો તો આપની કીર્તિકથાસુધાના પાન માટે મને દશ હજાર કાનનાં દાન કરવા કૃપા કરો જે કર્ણ દ્વારા સંતોના હૃદયકમલમાં બિરાજતા આપનાં શ્રીચરણોને સ્પર્શતી લીલાચરિત્રોનું નિત્ય શ્રવણ કર્યા કરું (૨૪) હે પુણ્યશ્લોક પુરુષોત્તમ ! આપનાં ચરણકમલમાંથી ઝરતી મકરંદ નામની સુધામાં સ્નાન કરીને મહત્ પુરુષોના મુખકમલમાંથી નીકળતા વાયુમાં એવી એક તાકાત હોય છે કે આત્મસ્વરૂપને વીસરી ગયેલા અમારા જેવા કુયોગીઓને ફરી તત્ત્વજ્ઞાન કરાવી દે છે. તેથી અમારે અન્ય કોઈ વરદાનો મેળવવાની આવશ્યકતા જ રહેતી નથી (૨૫) હે શુદ્ધ યશસ્વી પ્રભુ ! સજ્જનોના સમાગમમાં ગવાતા આપના યશને એકવાર જે કોઈ પણ વ્યક્તિ અકસ્માત્ શ્રવણ કરી લે તો

પછી તે જો ગુણગ્રાહી હોય તો તે રસને પછી કદી ત્યજી નથી શકતો. પરંતુ તે માનવેતર હોય એટલે પશુ હોય તો તેની વાત ન્યારી છે, (૨૬) મહારાજ ! સ્વયં ભગવતી લક્ષ્મીજી પણ આપની કીર્તિના શ્રવણ માટે પ્રેમ ધરાવે છે તો અન્યની તો વાત જ શી કરવી આપ તો પરમપુરુષ છો, સર્વ ગુણના ભંડાર છો. હે ભગવન્ ! ભગવતી શ્રી મહાલક્ષ્મીજીની માફક હું પણ આપની અનન્ય ભાવથી સેવા કરીશ-નાથ. એકી સાથે એક જ નાથની સેવા ચાહનાર અમારા બન્નેની વચમાં કલહ થવાનો કોઈ અવસર જ નથી (૨૭) કદાચ આપની સેવામાં શ્રી લક્ષ્મીજીનો જ્યાં સ્નેહ છે ત્યાં હું પણ અનુરાગ કરી રહ્યો છું તેથી કદાચ તેમનું મન દુભાય તો પણ આપ લક્ષ્મીજીને મનાવી લેશો; કારણ કે આપ તો ભક્તવત્સલ છો અને લક્ષ્મીજીને સમજાવશો કે આ તો તારો પુત્ર છે ને ! (૨૮) આપનો તો સ્વભાવ છે કે ભક્તની આચરેલી નાની પણ સેવાને મોટી માનવી આપ તો પોતાના આનંદમય સ્વરૂપમાં જ રમણ કરનાર રાધારમણ છો, કાંઈ લક્ષ્મીરમણ ઓછા છો, ભગવન્ ! આવા સ્વરૂપને સમજનારા જ્ઞાનીઓ નિષ્કામ હોવા છતાં પણ આપની સેવા કરે છે. આવા આપના સેવકોને આપના ચરણકમલની સેવા વિના અન્ય કોઈ પણ વસ્તુનું પ્રયોજન નથી હોતું એમ મને લાગે છે, (૨૯) નાથ ! હું તો કેવલ અકામ ભાવે જ આપની સેવા કરું છું. આપે મને કહ્યું કે, વરદાન માગ ! તો હું તો માનું છું કે એ વાણી તો સંસારના જીવોને મોહમાં નાખનારી હશે. નાથ ! આપની વેદરૂપી વાણીથી આખાયે જગતને બાંધી રાખ્યું છે, માટે આપની આ વેદરૂપ વાણી પ્રમાણે તો આ આખુંય જગત બંધાઈને સકામ કર્મ કરે જ છે. (૩૦) પ્રભુ ! આપની અટપટી માયા છે, એણે તો જનસમૂહને આપના સત્ય સ્વરૂપથી વિમુખ રાખ્યા છે. માટે તો આપની સ્વરૂપસેવાને માગવાનું ત્યજીને પુત્રાદિક તુચ્છ સુખને માગે છે. હું પણ એ જ માળાનો મણકો છું. એને વરદાનની ભુલામણીમાં ન પડવા દેતાં કેવલ પિતા વણમાગ્યું પોતાના સંતાનનું હિત કરે એવું મારું હિત કરો. (૩૧)

ભગવાનનો અનુગ્રહ

મૈત્રેય મુનિએ કહ્યું કે હે પ્રિય વિદુરજી ! દયાળુ ઠાકોરજી તો સાક્ષીસ્વરૂપ છે, પૃથુરાજાના હૃદયની આ વાણી સાંભળીને ભગવાને કહ્યું, રાજા ! સદા તમારી મારામાં ભક્તિ રહેજો. તમે મારી ભક્તિ કરવાનો વિચાર કર્યો એ તો ઘણું જ ઉત્તમ કર્યું છે; કારણ કે આપના જેવી વિચારધારાથી મનુષ્ય અનાયાસે મારી માયાને તરી જાય છે. આ માયાને છોડવી કે એની પકડમાંથી નીકળવું અતિકઠિન છે. (૩૨) હે રાજન્ ! આપ સાવધાન રહીને સદા મારી આજ્ઞાને અનુસરજો, મારી આજ્ઞા પ્રમાણે ચાલનારા નૃપતિઓનું સદા મંગલ જ થાય છે. (૩૩) મૈત્રેય મહર્ષિએ કહ્યું કે વિદુરજી ! ભગવાને આ પ્રકારે અર્થ ભરેલાં વચનોનો સ્વીકાર કર્યો તેમજ રાજા ઉપર કૃપા કરી ત્યાંથી પધારવાનો વિચાર કર્યો. (૩૪) દેવ, ઋષિ, પિતૃ, ગંધર્વ, નાગ, સિદ્ધ, ચારણ, પન્નગ, કિન્નર, અપ્સરાઓ, મનુષ્યો, પશુપક્ષીઓ (૩૫) અને ભગવાનના પાર્ષદોનો રાજા પૃથુએ ભગવદ્ભાવથી આદર કર્યો. તેમજ મનકાયાવાણીથી નમન કરી સર્વનો સત્કાર કર્યો ત્યાર પછી તે સર્વે પોતપોતાના સ્થાને પધાર્યા. (૩૬) ભગવાન અચ્યુત પણ રાજાનું અને બ્રાહ્મણોનું મન હરણ કરતા હોય તેમ રાજાના હૃદયમાં જ પધારી ગયા. (૩૭) આ રીતે દેવાધિદેવ આત્મતત્ત્વનું જ્ઞાન આપનાર ભગવાન વાસુદેવ જ્યારે પધારી રહ્યા હતા ત્યારે પૃથુ મહારાજાએ ચરણકમલમાં દંડવત્ પ્રણામ કર્યા અને પોતાની રાજધાનીમાં પધાર્યા. (૩૮)

अदृष्टाय नमस्कृत्य नृपः सन्दर्शितात्मने । वासुदेवाय देवानां देवाय स्वपुरं ययौ ॥३८॥

શ્રીમદ્‌ભાગવતપીયૂષના ચતુર્થસ્કંધ વિસર્ગલીલાનો કામ પ્રકરણમાંનો પૃથુ રાજા ઉપર પ્રભુની કૃપાવર્ષાનું વર્ણન કરતો ૨૦મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૨૧મો

[આ અધ્યાયમાં પર શ્લોકો છે, આ અધ્યાયમાં ભગવદવતાર શ્રી પૃથુરાજાએ પોતાની પ્રજાને દેવો, મુનિઓ અને મહાજનોની સભામાં આપેલા સંદેશાની કથા આવશે.]

मैत्रेय उवाच – मौक्तिकैः कुसुमस्रग्भिर्दुकूलैः स्वर्णतोरणैः । महासुरभिभिर्धूपैर्मण्डितं तत्र तत्र वै ॥१॥

નગરસૌન્દર્ય : મુનિવર મૈત્રેયજી બોલ્યા કે વિદુરજી ! સર્વ પ્રકારે યજ્ઞવિધિ સંપૂર્ણ કરી મહારાજ પૃથુ અર્ચિમહારાણીજી

સાથે જ્યારે રાજધાનીમાં પ્રવેશ્યા ત્યારે પુષ્પોની અને મોતીઓની માલાનાં તોરણોથી તેમજ પંચરંગી વસ્ત્રોનાં અને સુવર્ણનાં તોરણોથી નગરનું સૌન્દર્ય હૃદયને આકર્ષતું હતું. વળી ચારે બાજુ સુવાસિત ધૂપની સુવાસ મધમધી રહી હતી. (૧) ગલી, ચૌટા, રાજમાર્ગો પર અગરનાં સુગંધિત જલ સીંચાયાં હતાં. ફૂલ, ફલ, જવારા, ડાંગર અને વિધવિધ દીપાવલીથી માર્ગો દીપતા હતા. (૨) કદલીફલ અને ધોડ-એટલે કેળાનાં લૂમ ઉપરનાં લાલ મનોહર પાનવાળા કેળના સ્તંભો અને સોપારીના છોડની શોભા કોઈ અનોખી હતી. ચારે બાજુ આમ્ર અંકુર અને સુમંગલ દીપકો લઈને કર્ણે કુંડલ વિભૂષિત કન્યાઓ વધાવવાને સન્મુખ આવી સન્માન દેતી હતી. (૪) શંખનાદ, વાજિંત્રનો ધ્વનિ અને વેદઘોષથી વાતાવરણ ગુંજી રહ્યું હતું. ભાટજન, બંદીજન બિરદાવલીઓ ગાઈ રહ્યા હતા. ઉત્તમ સન્માનને પામતા છતાં પણ મનમાં જરા પણ ન ફુલાતા પરમભક્ત હૃદયના રાજાજીએ રાજભુવનમાં પ્રવેશ કર્યો. (૫)

પ્રજાજનોનો સત્કાર

પ્રજાજનોએ રાજાનું પુષ્કળ સન્માન કર્યું ત્યારે પરમ ઉદાર હૃદયના અને પરમ યશસ્વી નૃપતિએ પુર નરનારીજનો તેમજ ગ્રામજનોનાં પણ સન્માન કીધાં. (૬) મહારાજ પૃથુ મહાજનોના તેમજ સર્વ જનોના ખૂબ જ માનનીય હતા. રાજાજીની રાજ્યસંચાલન પદ્ધતિ ખૂબ જ નિર્દોષ હતી. પવિત્ર રીતે મોટાં અને પુષ્કળ અનેક દિવ્યકાર્યો કરતાં સર્વત્ર કીર્તિને ફેલાવી રાજાએ પરમપદની પ્રાપ્તિકરી. (૭) સૂતમહર્ષિ બોલ્યા કે હે મુનિવરો ! હે સભાપતિ શૌનકજી ! સર્વ ગુણસમ્પન્ન અને 'ઉત્તમ ગુણી જનોએ ગવાયેલ કીર્તિવાળા પૃથુરાજાની કીર્તિનું ગાન કરનારા શ્રીમૈત્રેય મહારાજનો સત્કાર કરતા પરમ ભગવદીય વિદુરજી કહેવા લાગ્યા, (૮) શ્રી વિદુરજી બોલ્યા કે હે ભગવન્ મૈત્રેયજી, જ્યારે બ્રાહ્મણોએ પૃથુરાજાનો અભિષેક કર્યો ત્યારે સમગ્ર દેવોએ પૃથુરાજાને શ્રેષ્ઠ ભેટો આપી. અને પોતાના બન્ને બાહુમાં વૈષ્ણવ તેજ ધારણ કરી પૃથ્વીનું દોહન કર્યું. (૯) આવા પૃથુરાજના પવિત્ર યશને ક્યો સમજુ જન ના સાંભળે ? કારણ કે ભાઈ ! આજ પર્યન્ત બધા રાજાઓ ઈન્દ્રાદિ લોકપાલોસહિત સમસ્ત લોકો મોટા પ્રમાણમાં પૃથુરાજાના પરાક્રમના ઉચ્છિષ્ટને જ ભોગવનારા હોય છે માટે આપ મને પૃથુ રાજાનાં અન્ય પણ આવાં પવિત્ર ચરિત્રો સંભળાવો. (૧૦)

પૃથુરાજાનું દિવ્ય સ્વરૂપ

મત્રૈયમહર્ષિ કહેવા લાગ્યા કે સંતશિરોમણિ વિદુરજી ! શ્રી પૃથુરાજાનું ચરિત્ર સાંભળો. ગંગા અને યમુનાજીના મધ્યમાં આવેલ બ્રહ્માવર્ત નામના ક્ષેત્રમાં આવેલી પોતાની રાજધાનીમાં વસતા પૃથુરાજા પુણ્યોના ક્ષય માટે પ્રારબ્ધ ભોગોને ભોગવતા હતા. (૧૧) રાજાના રાજ્યમાં વિપ્રનાં કુલ અને વૈષ્ણવ કુલો એવાં તો શ્રેષ્ઠ અને સદાચારી હતાં કે જ્યાં રાજ્યશાસનની જરાયે આવશ્યકતા ન હતી. રાજાનું સાતે સાત દ્વીપ ઉપર અબાધિત શાસન હતું. (૧૨) સંતવર વિદુરજી ! એકવાર પૃથુજીએ એક ઘણા જ મોટા યજ્ઞની દીક્ષા લીધી ત્યારે દેવો, બ્રહ્મર્ષિઓ અને રાજર્ષિઓની એક ઉત્તમ સભા મળી હતી. (૧૩) આ સભામાં સર્વશ્રેષ્ઠ પૂજ્ય પુરુષોનાં પૂજન થયા બાદ, નક્ષત્ર-તારાઓની મધ્યમાં પ્રકાશતા ચન્દ્ર સમાન તેજસ્વી પૃથુરાજા સભામાં ઊભા થયા. (૧૪) શરીરે ઊંચા, સુડોળ અને સુદીર્ઘ હાથવાળા, વર્ણે ગૌર, કમલ જેવાં સુંદર નયનવાળા, સુઘડ નાસિકા, મુખે મનોહર, સૌમ્યસ્વરૂપ, ઊંચા ખભા, મંદ સ્મિતથી શોભતી દિવ્ય રાજાની દંતપંક્તિ હતી. (૧૫) પૃથુરાજાની વિશાળ છાતી સ્થૂલ કટિપૃષ્ઠદેશ, ત્રિવલીથી શોભતું ને પીપળાના પાન જેવું પાતળું પેટ, ઊંડી નાભિ, સુવર્ણ સમા તેજસ્વી સાથળ, પગના પાંચા ઉન્નત હતા. (૧૬) રાજાના સૂક્ષ્મ સુંદર વાંકડિયાવાળ, ઉતારચઢાવવાળી શંખ સમી ડોક શોભતી હતી. રાજાના કેશ કોમળ દીર્ઘ વાંકડિયા અને પાતળા હતા. પૃથુરાજાએ ઉત્તમ પ્રકારનાં બે દુકૂલ વસ્ત્રોમાંથી એક ધારણ કર્યું હતું અને એક બાજું ઉપવસ્ત્ર તરીકે ઓઢ્યું હતું. રાજાના હસ્તમાં રહેલ દર્ભથી રાજાની શોભામાં ઓર વધારો થતો હતો. યજ્ઞની દીક્ષા લીધેલા રાજાએ વ્રત-દીક્ષાને અનુસરીને અલંકારો પોતાના શ્રીઅંગ ઉપરથી ઉતારી મૂક્યા હતા. (૧૮) એમનાં સુડોળ સર્વ અંગોથી શોભામાં સહજ વધારો થતો હતો. રાજા પોતાના નિત્ય કર્મથી પરવારી ઊભા હતા. શીતલ અને સ્નેહાળ નયનથી પૃથ્વીપતિ

પૃથુરાજાએ સભાની ચારે તરફ નજર કરી પ્રજાને પ્રેમમુગ્ધ કરી દીધી. પુનઃ રાજાએ ખૂબ જ અર્થગંભીર, શુદ્ધ અને સર્વને સમજી શકાય તેવું વ્યાખ્યાન અત્યંત ધીરજથી આરંભ્યું. (૧૯) રાજાનું વ્યાખ્યાન હૃદયંગમ, ઉત્તમ શબ્દોની રચનાવાળું તદ્દન સ્પષ્ટ, મધુર, ગંભીર અને અત્યંત નિર્ભય હતું. જાણે રાજાજી સર્વના ઉપર ઉપકાર કરવા માટે જ પોતાના અનુભવોનો ફરીથી કહેતા હોય ને એમ લાગતું હતું. (૨૦)

પૃથુરાજાનું મનનીય પ્રવચન

સુજન સભાસદો ! આપનું સ્વાગત કરું છું. આપનું કલ્યાણ થાઓ, સભામાં આપ જે મહાપુરુષો પધાર્યા છો તેઓ મારી વિનંતિ સાંભળવાની કૃપા કરો. ધર્મજિજ્ઞાસુ નરપતિએ પોતાના વિચારો સજ્જનવૃદ્ધ સમીપ મૂકવા જોઈએ. (૨૧) પ્રજાને આજીવિકા આપવી, પોતપોતાના વર્ણ-આશ્રમના ધર્મના સેતુઓ ઉપર સર્વને સ્થાપવા, અપરાધીઓને દંડ કરવા આટલાં કાર્યો માટે આપે મારું રાજ્યાસન ઉપર નિયોજન કરેલ છે. (૨૨) ભગવાનની કૃપા પ્રાપ્ત થાય તેને તેમજ બ્રહ્મવાદીઓએ જે જે વિધાન કર્યાં હોય તેનું પાલન કરનારા રાજાને આવા લોકો મળવા જોઈએ, મને પણ આ સ્થાન યથાર્થ પ્રમાણે તે ધર્મનું પાલન કરવાથી જ મળવું જોઈએ. (૨૩) જે રાજા પોતાની પ્રજાને ધર્મમાં ન સ્થાપે, છતાં પણ પ્રજા પાસેથી જો કર-વસૂલાતમાં જ રસ ધરાવે તો તે રાજા પોતાનું ઐશ્વર્ય ગુમાવી બેસે છે તેમ જ પ્રજાના પાપનો જ ભાગીદાર થાય છે. (૨૪) માટે મારાં ભલાં અને પ્રિય પ્રજાજનો, આપે નક્કી કરેલા એવા આપના રાજા ,મારા આ લોક અને પરલોકના કલ્યાણ માટે દોષદૃષ્ટિ ત્યજી દઈ ઈશ્વરને સમર્પણ કરવાની બુદ્ધિથી આપ સર્વ ધર્મનું પાલન કરો. આપનું પણ એમાં જ કલ્યાણ છે. જો આપ બધા આ રીતે કરશો તો હું માનીશ કે આપે મારા ઉપર મોટો અનુગ્રહ કર્યો છે. (૨૫)

વળી હે નિર્મળ મનવાળા પિતૃગણો ! દેવવરો ! ઋષિ-મુનિઓ ! આપ પણ મારા આ પ્રસ્તાવને અનુમોદન આપવાની કૃપા કરો કે જે ધર્મ કરે, કરવાનો ઉપદેશ કરે કે સંમતિ આપે તેને પરલોકમાં સરખા ફળની પ્રાપ્તિ થાય છે. (૨૬) હે સન્માનનીય સુજનો ! ઘણાનું માનવું છે કે કર્મના ફલદાતા યજ્ઞપતિ જ છે, કારણ કે આ લોકમાં અને પરલોકમાં ઘણાં કાન્તિમય શરીરો અને ભૂમિઓ જોવા મળે છે, (૨૭) મનુરાજા, મહારાજ ઉત્તાનપાદ, ધ્રુવજી, રાજર્ષિ પ્રિયવ્રત, મારા દાદા અંગરાજા, (૨૮) બ્રહ્માજી, સદાશિવ, પ્રહ્લાદજી, બલિરાજા, તેમજ અન્ય પંડિતો અને મહાપુરુષોના મતમાં ચાર પુરુષાર્થો, તેમ જ સ્વર્ગ કે મોક્ષના નિયામક અને ફલદાતા તરીકે ગદાધર ભગવાનની આવશ્યકતા અવશ્ય છે જ, ઈશ્વર નથી એવા વિચારમાં તો માત્ર મૃત્યુદેવના દીકરીના દીકરા વેનરાજા જેવા શોકપાત્ર મૂઢ જનો જ મતભેદ ધરાવે છે. પણ એથી એ લોકોની કોઈ મોટી ઈજ્જત નથી. (૨૯-૩૦) ભગવાનના ચરણકમલમાંથી એટલે ભગવાનના દક્ષિણ અંગુષ્ઠમાંથી પ્રકટેલી ભગવતી ગંગાજીની માફક પ્રતિદિન વધતી હરિચરણસેવાની અભિરુચિ, સંસારના તાપે તપેલા મનુષ્યોની મતિના અનેક જન્મોથી એકઠા થયેલા મેલને તરત જ દૂર કરે છે. (૩૧) કથાશ્રવણાદિથી જ્યારે મનોમલ પૂરેપૂરા સાફ થઈ જાય છે ત્યારે તે સજ્જન નિઃસંગપણાથી અને તત્ત્વસાક્ષાત્કાર નામના દિવ્ય બળથી શ્રીહરિના ચરણારવિંદમાં નિવાસ પામતો હોવાથી પુનઃ એને સંસારકલેશની પ્રાપ્તિ થતી નથી. (૩૨)

હૃદયસ્પર્શી નિવેદન

મારા પ્રિય પ્રજાજનો ! આપ મારું નમ્ર સૂચન સાંભળો. ઠાકોરજીનું ચરણકમલ ભક્તોને માટે સર્વ ઈચ્છાને પૂર્ણ કરનાર કલ્પતરુ છે. આ ભગવાનને આપ સર્વ, પ્રત્યેક વ્યક્તિ, પોતાના આશ્રમ અને વર્ણધર્મોને અનુસરીને સેવો. એ સર્વ ધર્મો સર્વ રીતે આજીવિકાને સંપૂર્ણ રીતે આપશે. ભગવાનની સ્તુતિ, સેવા, ધ્યાન વગેરે વાચિક, કાયિક, માનસિક સુકૃતો દ્વારા ભગવાનને પ્રસન્ન કરો, મનમાં કપટ રાખો મા ! વિશ્વાસ ન ડગવા દો, ધર્મ પ્રમાણે ચાલનારને અધિકારને અનુસરીને અવશ્ય ફળ મળશે જ. (૩૩) ભગવાન આનંદસ્વરૂપ છે, વિશુદ્ધ છે, વિજ્ઞાનના ભંડાર છે, અનેક ગુણોના નિધિ છે, માયાના ગુણોથી પર છે માટે નિર્ગુણ છે, આ ભગવાન યજ્ઞસ્વરૂપ પણ છે. યજ્ઞનાં કુલ આઠ અંગો હોય છે :

(૧) જવ, ડાંગર વગેરે હુતદ્રવ્ય, (૨) શુકલવર્ણી કે કૃષ્ણવર્ણી વાછરડી, (૩) ડાંગરને ખાંડવાની ક્રિયા, (૪) તે તે દેવતાના વાચક મંત્રો, (૫) યજ્ઞનું પ્રયોજન એટલે અર્થ, (૬) યજ્ઞનો આશય એટલે સંકલ્પ, (૭) યજ્ઞનું લિંગ એટલે ज्योतिष्टोमेन यजेत એમાં દર્શાવેલ પદાર્થની શક્તિ અને (૮) નામ યજ્ઞોના જ્યોતિષ્ટોમ, સોમયાગ વગેરે નામો. આ યજ્ઞનાં આઠ અંગોથી યજ્ઞના રૂપમાં ભગવાન જ પ્રકાશિત થાય છે. (૩૪) જેમ લાકડાં, નાની મોટી ઢગલીઓમાં રહેલ એક જ અગ્નિ ઢગલીઓના આકારથી જેમ જુદા જુદા દેખાય છે તે જ પ્રકારે સર્વમાં વસેલા અને સદા આનંદ સ્વરૂપ ભગવાન હોવા છતાંય પ્રકૃતિ, કાલ, વાસના અને પ્રારબ્ધથી પેદા થયેલ શરીરમાં વિષયાકાર બનેલી બુદ્ધિમાં રહીને યજ્ઞયાગાદિ ક્રિયાઓના ફળથી અનેક પ્રકારના દેખાય છે. (૩૫)

પ્રભુનું ભજન, પ્રજાનો અનુગ્રહ અને વિપ્રોનો મહિમા

પૃથુ મહારાજા નિવેદન કરતા આગળ બોલ્યા, કે હે મારાં પ્રજાજનો ! યજ્ઞના દૃઢ નિયમોનું પાલન કરીને સર્વયજ્ઞોના ભોક્તા સર્વના સ્વામી, દેવાધિદેવ, સર્વના ગુરુ, એવા શ્રીહરિને સતત સ્વધર્મથી જે જન સેવે છે, તે જને તો મારા ઉપર અનુગ્રહ કર્યો છે એવું મારું દૃઢ મંતવ્ય છે. (૩૬) આ ભૂતલમાં ભગવાન શ્રીકૃષ્ણના અનન્ય આશ્રયવાળા પરમ ભગવદીઓ અને વિપ્રવર્યોના કુળ ઉપર ભલે તેઓ સમૃદ્ધિવાળા ન હો તો પણ સમૃદ્ધિથી છકેલા રાજાઓનો પ્રભાવ તેમના ઉપર ન હો, શાસન ન હો, (૩૭) કારણ કે તેઓ તપસ્વીઓ છે. વિદ્યાર્થી સમ્પન્ન છે, તિતિક્ષા-સહન શક્તિવાળા છે અને વિશુદ્ધ ચરિત્રવાળા છે. તેમના ઉપર પ્રભાવ ચલાવનાર રાજાઓનો નાશ થાય છે. સ્વયં ભગવાન કે જે સર્વ દેવોમાં, મહત્પુરુષોમાં અગ્રેસર છે, પુરાણ પુરુષ છે તેવા શ્રીહરિએ વિપ્રોને પોતાના દેવ ગણી-માની અને સેવીને તેમના ચરણે નમીને, અનુગ્રહ મેળવીને અવિચલ લક્ષ્મી અને ત્રણ લોકોને પાવન કરતી પરાલક્ષ્મીને પરાકીર્તિને પ્રાપ્ત કરી છે. (૩૮) વિપ્રવરોના ચરણકમલની સેવા કરવાથી પ્રત્યેક માનવના હૃદયમાં વસતા વિપ્રોના વહાલા અને વિપ્રો જેને વહાલા છે તે ભગવાન પૂર્ણ પ્રસન્ન થાય છે તેમજ યથેચ્છ વરદાન આપે છે તો શ્રીહરિના પગલે ચાલી ધર્મપરાયણ નરપતિઓનું કર્તવ્ય છે કે તન,મન,ધન સર્વ પ્રકારે વિપ્રોના કુળની સેવા કરવી. (૩૯) વિપ્રકુળનું સેવન કરવાથી, અભ્યાસ કર્યા વિના, વગર જ્ઞાન મેળવ્યે આપોઆપ અંતઃકરણ પવિત્ર થઈ જાય છે અને મનુષ્યને મોક્ષની પ્રાપ્તિ થાય છે. આ જગતમાં વિપ્રો કરતાં શ્રેષ્ઠ વિભૂતિ કોણ હશે વારું ? કે જેઓ અગ્નિમાં આહુતિ લઈ તૃપ્ત થનારા દેવોનું પણ મુખ મનાય છે. (૪) વિપ્રો તો ભગવાનનાં જ સચેતન સ્વરૂપો છે એવી શ્રદ્ધા સાથે દેવોના નામનો ઉચ્ચાર કરીને બ્રાહ્મણોના મુખારવિંદમાં રહેલા ભગવાનને આરોગાવે છે તેની આહુતિને ભક્તજનોથી તેમજ જ્ઞાની જનોથી પમાતા અને વેદોથી ગવાતા ભગવાન જેટલા પ્રેમથી આરોગશે તેટલા સ્નેહથી અચેતન અગ્નિમાં આપેલી આહુતિને નહીં આરોગે. (૪૧)

પૃથુરાજા બોલ્યા કે હે સભામાં બિરાજેલા દેવો, પિતૃઓ વગેરે શ્રેષ્ઠજનો ! જે વિપ્રો શ્રદ્ધા, તપશ્ચર્યા, સદાચાર, મૌન, સંયમ અને સમાધિ દ્વારા એકાગ્રતાથી વેદોના અર્થને મેળવીને સદા શુધ્ધ, નિત્ય, અને સનાતન એવા વેદો જે નિત્ય ધારણ કરે છે તેથી દર્પણમાં જેમ મુખ સ્પષ્ટ દેખાય છે તેમ વેદો તેમનામાં સ્પષ્ટ દેખાય છે. એવા તે ઋષિવરોના પાદરેણુઓ મને આશિષ આપો કે જે આજીવન માથે ધારણ કરું, (૪૨) તેઓના ચરણકમલની રજને જેઓ ધારણ કરે છે તેમનાં સમસ્ત પાપો શીઘ્ર નાશ પામે છે તેમજ તે રજને ધારનારને સર્વ ગુણો આવી સ્વયં વરે છે. સંતો ! (૪૩) સાચું કહું છું કે ગુણિયલ, શીલધન સદાચારી, કૃતજ્ઞ, ગુરુજનોની સેવા કરનાર, મનુષ્યને સમૃદ્ધિઓ આવીને સ્વયંવરે છે તેથી ભગવાનની કૃપા માગું છું કે વિપ્રજનો, ગાયો, ભક્તજનો સાથે ભગવાન શ્રીજનાર્દન સદા મારા ઉપર સંતુષ્ટ રહે. (૪૪)

મૈત્રેય મહર્ષિનું કથન

વિદુરજી ! તમને શું કહું, રાજા પૃથુનું પ્રવચન હૃદયસ્પર્શી અને અત્યંત શાસ્ત્રસંમત હતું. આ પ્રવચનથી પિતૃઓ, દેવો, બ્રાહ્મણો અને અન્ય સજ્જનો પણ પ્રસન્ન થયા. પ્રત્યેકના મુખમાંથી ધન્ય ! ધન્ય ! ધ્વનિ સંભળાવા લાગ્યો. (૪૫) તેઓના મુખમાંથી વાણી નીકળી કે "પુત્રથી પિતા પુણ્ય લોકોને પામે છે." એ શ્રુતિ ભગવતીનાં વાક્યો સાર્થક થયાં.

પાપી રાજા વેન વિપ્રોના શાપથી નાશ પામ્યા હતા પણ પુણ્યશાળી પુત્ર પૃથુરાજાના પ્રતાપથી નરકને તરી ગયા. (૪૬) આ રીતે નિરંતર નિંદા કરનાર હિરણ્યકશિપુની પણ નરકમાં જ ગતિ થવાની હતી. પરંતુ ભક્તવર પ્રહ્લાદજીના પુણ્યથી પિતા સંસાર પાર કરી ગયા. (૪૭) હે વીરવર નરેશ ! આપ પૃથ્વીના પિતા તરીકે આ પૃથ્વી ઉપર અનંત વર્ષો બિરાજો. કારણ કે સાચે જ આપની સર્વ લોકના ભગવાન શ્રીકૃષ્ણમાં અવિચલ ભક્તિ છે. (૪૮) અહો પવિત્ર-કીર્તિ નૃપતિ ! આપ અમારા અધિપતિ છો, તેથી અમે તો પ્રત્યક્ષ પુરુષોત્તમ જ અમારા સ્વામી છે એમ માનીએ છીએ. આપ પરમોદાર યશવાળા અને બ્રહ્મણ્યદેવ ભગવાનની પુણ્ય કથાઓનો પ્રચાર કરો છો. (૪૯) હે નાથ નિજ આશ્રિત પ્રજાજનને આવું ઉત્તમ માર્ગદર્શન આપવું એ આપશ્રીને માટે જરા પણ આશ્ચર્યની બાબત નથી. કારણ કે પોતાની પ્રજા ઉપર પ્રેમકરવો એ દયાવન્ત સત્પુરુષોનો સ્વભાવ છે. (૫૦) ભગવન્ !અમે પ્રારબ્ધ પરવશ વિવેકહીન બનીને આ ભવાટવીમાં ભટકી રહ્યા છીએ ત્યારે આપે અપાર દયા કરી, અમને ઘોર અજ્ઞાનના અંધકારમાંથી બહાર કાઢ્યા છે. (૫૧) આપ તો શુદ્ધ છો, સત્ત્વમય છો, પરમપુરુષ છો, જે ભગવાન બ્રાહ્મણ જાતિમાં બ્રાહ્મણ્ય નામની દેવતા સ્વરૂપે પ્રવેશ કરીને ક્ષત્રિયોની અને ક્ષત્રિયોમાં રક્ષકત્વ નામની દેવતા સ્વરૂપે પ્રવેશ કરીને બ્રાહ્મણોની, એમ બન્ને જાતિમાં પ્રવેશ કરીને સમસ્ત બ્રહ્માંડની રક્ષા કરો છો એવા આપને અમારા નમસ્કાર હો. (૫૨)

नमो विशुद्धसत्त्वाय पुरुषाय महीयसे । यो ब्रह्मक्षत्रमाविश्य विभर्तीदं स्वतेजसा ।।५२।।

શ્રીમદ્ભાગવત પીયૂષનો ચતુથસ્કંધમાંનો સર્ગલીલાના કામપ્રકરણમાંનો પૃથુરાજના દિવ્યનિવેદનનું નિરૂપણ કરતો ૨૧મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૨૨મો

[આ અધ્યાયમાં ૬૩ શ્લોકો છે. આ અધ્યાયમાં સત્કુમારોનો સમાગમ અને પૃથુરાજા સાથે સત્સંગની કથા આવે છે.]

मैत्रेय उवाच – जनेषु प्रगृणत्स्वेवं पृथुं पृथुलविक्रमम् । तत्रोपजग्मुर्मुनयश्चत्वारः सूर्यवर्चसः ।।१।।

મૈત્રેયમહર્ષિ બોલ્યા કે હે શ્રીવિદુરજી ! આ પ્રમાણે અત્યંત પરાક્રમી પૃથુરાજાનાં જ્યારે જનગણ ગુણગાન કરી રહેલ હતો ત્યારે સૂર્ય સમાન તેજસ્વી ચાર સનત્કુમારો પૃથુ રાજાની પરિષદમાં પધાર્યા. (૧) જે સનત્કુમારો પોતાના તેજથી લોકોને નિષ્પાપ કરે છે, તેવા અગ્નિ સ્વરૂપ સિદ્ધવરો આકાશમાંથી ઊતરી રહ્યા હતા. તેમનાં દર્શન કરતાં જ પૃથુરાજા અને સેવકજનોએ આ તો સનત્કુમારો પધારી રહ્યા છે એમ જાણી લીધું. (૨)

ઉત્તમ જનો કે વડીલોના પધારતાં જ નાનેરાઓના પ્રાણ ઊંચે ચઢે છે

ચાર સનત્કુમારોનાં દર્શન પામતાં જ મહારાજાના પ્રાણો જાણે વિષયને દેખતાં વિષયીજનના પ્રાણો વિષય તરફ દોડીજાય તેમ જ પૃથુરાજા અને પ્રજાજનોના પ્રાણો શ્રી સનત્કુમારો તરફ દોડી ગયા. જાણે હમણાં જ તે પ્રાણો બહાર તો નહીં ચાલ્યા જાય એમ જાણી તેને અટકાવવા માટે જ સેવકો અને સભાસદો સાથે રાજા એકાએક ઊભા થયા. (૩) રાજાએ મુનિવરોનાં અર્ધ્ય-મધુપર્કથી અર્ચન કર્યાં. મુનિવરોએ આસન સ્વીકાર્યાં. આસન ઉપર બિરાજતાં જ રાજાએ મુનિવરોનાં અર્ધ્ય-મધુપર્કથી અર્ચન કર્યાં. સજ્જનશિરોમણિ પૃથુરાજાએ મુનિઓના પ્રભાવથી પ્રભાવિત બનીને વિનયપૂર્વક મસ્તક નમાવી વિધિપૂર્વક અર્ચન કર્યાં. (૪) રાજાજીએ પુનઃ સંતોનાં ચરણકમલોનું પ્રક્ષાલન કરી તેઓશ્રીના ચરણતીર્થનાં પોતાના કેશ ઉપર સિંચન કર્યાં. રાજાએ સજ્જનને શોભે એવી રીતે આભરણ કરી વ્યવહારનું શિક્ષણ આપ્યું કે સજ્જન પુરુષોએ આવો જ વિવેક રાખવો ઘટે. (૫) યજ્ઞકુંડોમાં જ્વાલાથી પ્રકાશતા અગ્નિ સમા લાગતા સુવર્ણ આસને બિરાજેલા રુદ્ર ભગવાનના વડીલ ભ્રાતા ચાર સનત્કુમારોની સામે, શ્રદ્ધા, સંયમ અને સ્નેહને દર્શાવતા મહારાજ પૃથુએ દશ શ્લોકોમાં નિવેદન કર્યું. (૬)

પ્રાણ સમા દશ શ્લોકોથી પ્રાણપ્રિય સંતોનું સન્માન

સંતોને બીજું શું આપી શકીએ એમ સમજીને મહારાજા પૃથુજી દશ પ્રાણ તુલ્ય શ્લોકોથી પોતાનું હૃદય પ્રકટ કરતાં નિવેદન કરવા લાગ્યા કે હે મુનિવરો ! આપ મંગલ મંદિર છો, મંગલમય કૃષ્ણભગવાનનો આપને આશ્રય છે. આપનું

પધારવું પણ મંગલ છે. મોટા યોગીઓને પણ આપનાં દર્શન દુર્લભ છે એવાં દર્શન મને આપ્યાં ! એવું તો મેં કયું સુકૃત કર્યું કે આપ મારે આંગણે પધાર્યા ! (૭) એવું સાંભળ્યું છે કે જેના ઉપર ઋષિઓ, પોતાના ભક્તજનો સાથે ભગવાન શંકર કે ભગવાન વિષ્ણુ પ્રસન્ન થાય તેને કઈ વસ્તુ દુર્લભ હોય ! (૮) આપ નિત્ય વિશ્વનું કલ્યાણ કરવા વિશ્વમાં વિચરો છો તો પણ આખા વિશ્વમાં રહેલ "મહત' નામનું તત્ત્વ જેમ આ સ્થૂલ નજરે નથી દેખાતું તેમ જ આપનાં દર્શન પણ સ્થૂલ દૃષ્ટિવાળા લોકોને થતાં નથી.

ગૃહસ્થનું પરમ ભાગ્ય

अधना अपि ते धन्याः साधवो गृहमेधिनः । यद् गृहाः ह्यर्हवर्याम्बु तृणभूमीश्वरावराः ।।१०।।

હે સંતવર્યો ! જે ગૃહસ્થનું જલ, આસન, ભૂમિ, ઘરધણી, કુટુંબ અને નોકરચારક વગેરેની આપ સમાન સંત પુરુષો સેવા સ્વીકારે તે ભલે ને નિર્ધન હોય; પરંતુ તેઓ તો ધન્ય ધન્ય છે. (૧૦) જ્યારે અઢળક ધનથી છલકાતા છતાં જ્યાં ભગવદીયોની, સંતોની, ગુરુજનોની ચરણરજવાળાં તીર્થજલો જે ઘરોમાં સિંચાયાં નથી તે ઘરો તો નિશ્ચય સ્વરૂપે સર્પોનાં રહેઠાણ બનેલાં ઝાડ જેવાં છે કે જ્યાં જતાં જ ડર લાગે છે. (૧૧) મુનિ મહારાજ ! આપનું સ્વાગત કરું છું. આપે કૌમાર્ય કાલથી જ મુક્ત જનોના માર્ગોનું અનુષ્ઠાન આદર્યું છે. વળી એકાગ્રતાથી બ્રહ્મચર્ય જેવાં કઠિન તપ-વ્રતોને જીવનમાં વણી લીધાં છે. (૧૨) હે નાથ ! અમારા દુર્ભાગ્યની કથની શી કહીએ ? અમે અમારાં કર્મોને વશ બનીને વિપત્તિથી ભરેલા આ સંસારમાં રચ્યાપચ્યા માત્ર ઈન્દ્રિયોના સુખને જ સુખ અને સાચો પુરુષાર્થ માની અટવાઈએ છીએ ત્યાં અમારા ઉદ્ધારનો કોઈ ઉપાય ખરો ? (૧૩) વળી આપ આત્મારામ છો, નિત્યકુશળ છો, આપની મતિમાં તો કુશળ કે અકુશળ એવો ભેદ-વિચાર જ નથી હોતો ત્યાં આપનું કુશળ કેમ પુછાય ? (૧૪) સંસારતાપથી તપેલા જીવોના રક્ષક, સાચા સુહૃદ અને સગા આપ છો. આપને શ્રદ્ધાભક્તિપૂર્વક પ્રશ્ન કરું છું કે મહારાજ ! આ સંસારમાં કયા પ્રકારે સુગમ રીતે જીવનું કલ્યાણ થાય ? (૧૫) ભગવન્ ! આ વાત તો તદ્દન સ્પષ્ટ છે કે જે ભગવાન, આત્મજ્ઞાની-વિવેકી પુરુષોના આત્મા છે, તે ભગવાન પોતાના ભક્તજનોને પોતાના આત્મસ્વરૂપનું દર્શન કરાવવાના અનુગ્રહ માટે જ આ ભૂતલ ઉપર અજઅજન્મા ભગવાન આપ સિદ્ધજનોના સ્વરૂપે વિચરે છે. (૧૬) આટલું કહી ચરણે નમી પૃથુમહારાજે મૌન લઈ લીધું. મુનિમૈત્રેય બોલ્યા, વિદુરજી ! શ્રી પૃથુરાજાનું ન્યાયપૂર્ણ, ગંભીર, તદ્દન ટૂંકું અને અત્યંત પ્રિય ઉત્તમ નિવેદન જ્યારે સાંભળ્યું ત્યારે સનત્કુમારોએ પ્રેમપૂર્વક વચનામૃત પાન કરાવવા. (૧૭)

૨૩ શ્લોકોમાં સનત્કુમારોનાં વચનામૃત

સનત્કુમારો કહેવા લાગ્યા, કે રાજન્ ! આપ તો સર્વ જાણો જ છો, છતાં જગતના સર્વ જીવોને જાણવા મળે અને જીવ માત્રનું જાણી જીવીને હિતમંગલ થાય માટે અજાણ જેવા બની જે સુંદર પ્રશ્નો પૂછ્યા તે તો આપની સાધુ મતિનો સાક્ષાત્કાર કરાવે છે. (૧૮)

संगमः खलु साधूनामुभयेषां च संमतः । यत्संभाषणसम्प्रश्नः सर्वेषां वितनोति शम् ।।१९।।

સજ્જન જનનો સમાગમ તો શ્રોતા-વક્તા ઉભયના કલ્યાણ માટે છે. એમની ચર્ચાથી તો વિશ્વનું મંગલ સધાય છે. (૧૯)

अस्त्येव राजन् भवतो मधुद्विषः पादारविन्दस्य गुणानुवादने ।। रतिर्दुरापा विधुनोति नैष्ठिकी कामं कषायं मलमन्तरात्मनः ।।२०।।

મહારાજ પૃથુજી ! મધુસૂદન ભગવાનના ચરણકમલના ચિંતનમાં અને ગુણોના ગાનમાં આપનો ગાઢ અનુરાગ છે જ. પ્રત્યેક વ્યક્તિને તેવી પ્રીતિ પ્રાપ્ત થવી કઠિન છે. જો આ પ્રીતિ પ્રકટે તો ઉરપૂરમાં જામેલા વાસનાના મલના થરોને નષ્ટ કરી નાખે છે. આ મળ કોઈ અન્ય ઉપાયોથી નથી ટળતા. (૨૦) આ દિશામાં શાસ્ત્રોએ જીવના કલ્યાણ માટે પુષ્કળ વિચાર કર્યો છે. શાસ્ત્રો તો કહે છે કે આત્મા વિના, ભગવાન વિના દેહ વગેરે અન્ય પદાર્થોમાં વૈરાગ્ય સેવવો અને નિર્ગુણ બ્રહ્મમાં દૃઢ પ્રેમ કરવો. આખરે શાસ્ત્રોનો નિર્ણય છે કે આત્મચિંતન જ કલ્યાણનો અંતિમ ઉપાયછે. (૨૧) હવે આ દિશામાં શાસ્ત્રો સૂચન કરે છે કે, (૧) ગુરુજનના વચનમાં શ્રદ્ધા, (૨) શાસ્ત્રવચનોમાં શ્રદ્ધા, (૩) ભગવાને કહેલા

વર્ણાશ્રમ ધર્મોનું પાલન-ભગવદ્ ધર્મોનું પાલન, (૪) જ્ઞાન સંબંધી જિજ્ઞાસા, (૫) બ્રહ્મજ્ઞાન મેળવવાનાં સાધનોમાં નિષ્ઠા, (૬) ભગવાન શ્રીકૃષ્ણની સેવા, (૭) પુણ્યકીર્તિ શ્રીકૃષ્ણની કથાનું શ્રવણ, (૨૨) (૮) ધનમાં અને ઈન્દ્રિયસુખ-વિલાસમાં ડૂબેલાની વાતોમાં રસ ના લેવો, (૯) ધન અને લૌકિક સુખની આસક્તિ ન કરવી-એ માટે આગ્રહી ન થવું, (૧૦) હરિકથાઅમૃતનું પાન કરવા વિનાના બીજા સમયમાં આત્માનું જ ચિંતન કરવું અને બને તેટલા એકાન્તનું સેવન કરવું. (૨૩) (૧૧) અહિંસાનું સેવન એટલે મન-વાણી-કાયથી કદી કોઈનેય દૂભવવા નહીં, (૧૨) પરમહંસોની પવિત્ર દિનચર્યા એટલે બને તેટલા નિવૃત્તિપરાયણ થવું. (૧૩) સદા આત્મહિતનું ધ્યાન રાખવું, (૧૪) શ્રી મુકુન્દભગવાનનાં ઉત્તમ કથાસુધાપીયૂષ સેવન એટલે સતત શ્રીહરિચરિતામૃતનો આસ્વાદ લેવો, (૧૫) નિષ્કામભાવે યમ-નિયમોનું પાલન કરવું, (૧૬) કદી કોઈની નિંદા ન કરવી, (૧૭) યોગક્ષેમ ભગવાન ઉપર છોડવાં, (૧૮) શીત-ઉષ્ણ, સુખદુઃખ સર્વ સહેવાં, (૨૪) (૧૯) પ્રભુના લાડીલા ભક્તવૃન્દના કાનને આનંદ આપતા શ્રીહરિના ગુણોનું સતત ગાન, આ બધાં સાધનોથી તેમ જ શ્રીહરિની કથાનો રસ પીવા-પાવાથી વધતાં આ જડ જગતના પદાર્થોમાંથી આપોઆપ મન નીકળી જાય છે અને ભગવાનના નિર્ગુણ રસરૂપ દિવ્ય સ્વરૂપમાં પ્રેમ થઈ જાય છે. (૨૫) રાજન્ ! જ્યારે મનુષ્ય ગુરુની ભક્તિથી સેવા કરે છે ત્યારે તેને ભગવાનમાં અત્યંત પ્રેમ થાય છે. પરિણામે જેમ કાષ્ઠમાં અગ્નિ એનાં રાગ-દ્વેષ અને આસક્તિ વગેરે પાંચ ક્લેશવાળો જે લિંગદેહ છે તે બળીને ખાખ થઈ જાય છે. (૨૬) આ રીતે લિંગદેહનો નાશ થતાં હું કર્તા છું, ભોક્તા છું એવું અજ્ઞાન ચાલ્યું જાય છે. પ્રથમ આ દૃશ્ય છે, હું દ્રષ્ટા છું એવું જે અજ્ઞાન હતું તે પણ ચાલ્યું જાય છે. ત્યારબાદ સ્વપ્નમાંથી ઊઠેલા માનવે, જે વસ્તુઓ, પદાર્થો સ્વપ્નમાં જોયાં હોય તે પદાર્થોને જાગ્રત અવસ્થામાં દેખતો નથી અને સ્વપ્ન હતું એ સમજે છે એ જ પ્રકારે જ્ઞાન પ્રાપ્ત થયા પછી બહારના પદાર્થોને તેમ જ અંદરનાં સુખદુઃખ, રાગદ્વેષ વગેરેને પણ દેખતો નથી. (૨૭) આ દૃશ્ય વસ્તુ છે, હું એ બધાંને જોનાર દ્રષ્ટા છું, એવો ભેદ અન્તઃકરણનને લીધે દેખાય છે. આ સ્થિતિ જાગૃત અને સ્વપ્નાવસ્થામાં અન્તઃકરણ હોવાને લીધે હું દ્રષ્ટા, આ દ્રશ્ય જગત, અને એની સાથે સંબંધ રાખનાર અહંકાર આવી ત્રિપુટી જોવા મળે છે. પરંતુ સુષુપ્તિમાં અંતઃકરણ ન હોવાથી કંઈ પણ જોવામાં આવતું નથી. (૨૮) જગતમાં જો પાણી કે દર્પણ હોય તો જ બિંબ અને પ્રતિબિંબનો ભેદ જોવામાં આવે છે પરંતુ જો દર્પણ કે પાણી ન હોય તો ભેદ જોવામાં નથી આવતો. (૨૯)

વિષયચિંતનથી જ સંસાર

મનુષ્ય જ્યારે વિષયોનું આસક્તિપૂર્વક ચિંતન કરે છે ત્યારે વિષયો ઈન્દ્રિયોને પોતાના તરફ આકર્ષે છે. વિષય તરફ ઢળતી ઈન્દ્રિયો મનને વિષયોમાં લઈ જાય છે. આ વખતે મન બુદ્ધિની વિવેકશક્તિને હરી લે છે. નદીના કિનારા ઉપર ઊગેલા દર્ભ પોતાના મૂળ દ્વારા જલાશયમાંથી જલને ખેંચે છે, પણ મનુષ્યને તે નથી દેખાતું તેમ વિષયો ઈન્દ્રિયોને ખેંચે છે પણ અવિવેકીને તે નથી સમજાતું. (૩૦) આ દશામાં બુદ્ધિની વિચારશક્તિ ચાલી જવાથી પૂર્વાપરની સ્મૃતિ પણ ચાલી જાય છે. આ સ્મૃતિ જતી રહી એટલે જ્ઞાનનો નાશ થઈ ગયો. આ જ્ઞાનના નાશને જ વિદ્વજ્જનો પોતે જ પોતાનો નાશ કરે છે એવું કહે છે. (૩૧) આત્મા ઉપરના પ્રેમને કારણે બીજું બધું પ્રિય લાગે છે. આ આત્માની જો પોતાના જ હાથે અવદશા કરવામાં આવે તો એનાથી જે પ્રકારની પોતાના સ્વાર્થની હાનિ થાય છે એવી જગતમાં મોટી કોઈ બીજી હાનિ નહીં થતી હોય. (૩૨)

ધનચિંતન શાસ્ત્રજ્ઞાનને હણે છે

રાજન્ ! ધન અને ઈન્દ્રિયોના વિષયોનું ચિંતન મનુષ્યના બધા જ પુરુષાર્થોનું નિકંદન કાઢે છે એ વાત ના વીસરવી. આ બંનેનું ચિંતન કરવાથી બન્નેની તૃષ્ણા રાખવાથી શાસ્ત્રજ્ઞાનનો અને સ્વરૂપના અનુભવનો નાશ થઈ જાય છે અને જીવમાં જડતા આવી જાય છે. (૩૩) સંસારના ગાઢ અંધકારનો પાર પામવા ચાહનારે ક્યાંય વિષય અને વિષયીજનોનો સંગ ન કરવો તેમજ વિષયોમાં આસક્તિ ન રાખવી. જો આસક્તિ રાખી તો તે આસક્તિ ધર્મ વગેરે ચારે પુરુષાર્થોની ભારે

હાનિ કરશે. (૩૪) આ ચારે પુરુષાર્થોમાં મોક્ષ પરમ પુરુષાર્થ છે. અન્ય ત્રણ પુરુષાર્થો તો કાળના ભયથી ભરેલા છે. (૩૫) જ્યારે ત્રણે ગુણોની સમાન અવસ્થાવાળી પ્રકૃતિના ગુણોમાં જ્યારે ખળભળાટ થાય છે ત્યારે વધેલા સત્ત્વ, રજસ કે તમો ગુણોના પ્રમાણમાંથી ચઢતા ઊતરતા પદાર્થો પેદા થાય છે, પછી તે નાની કીડી હોય કે પછી મોટો હાથી હોય, પછી તે આદિ દેવ બ્રહ્મા હોય કે પછી મામૂલી માનવ હોય, પરંતુ કાળ તેમની મુરાદોને મારી નાખે છે તેથી તેમને સુખ જ હોતું નથી. (૩૬)

આત્મદર્શન સર્વમાં હું છું-સર્વત્ર હું છું

મહારાજ પૃથુ ! આ દેહ, ઈન્દ્રિયો, પ્રાણો, બુદ્ધિ અને અહંકારથી વીંટળાયેલા જીવોના હૃદયમાં જે ભગવાન બિરાજે છે તે હું છું, નહિ કે જડ પદાર્થ સ્વરૂપ હું છું એવું પોતાના આત્માના સ્વરૂપનું **अहंब्रह्मास्मि**નું જ્ઞાન જાણવું જોઈએ. આ ક્ષેત્ર એટલે શરીરને ચેતનરૂપે સજનાર જીવે તો દેહ આદિને પ્રેરનાર ભગવાન જ પ્રત્યેકના હૃદયમાં અન્તર્યામીરૂપે રહેલા જ છે, તે ભગાવનનો હું અંશ છું એમ જાણવું જોઈએ. (૩૭) જેમ અજ્ઞાનથી પ્રથમ પુષ્પની માલામાં આ તો સર્પ છે એવી ભ્રાન્તિ થઈ હતી પછી જ્યારે જાણ્યું કે ના, ના, આ તો માલા છે એવું જ્ઞાન થયું ત્યારે સર્પબુદ્ધિ સ્વયં ચાલી જાય છે. એવી જ રીતે મનુષ્યને જ્યારે વિવેકબુદ્ધિ પ્રકટ થાય ત્યારે સમજાય છે કે આ ભગવાનમાં જ આખું વિશ્વ સદ્રૂપે અસદ્રૂપે એટલે કાર્યકારણરૂપે રહેલું છે. પરન્તુ આ જગતની કયાંય સ્વતંત્ર સત્તા નથી, પણ ભગવાનની જ સત્તા છે. આ બ્રહ્મ તો માયાનાં કાર્યોની મલિનતાને દૂર કરી દીધેલ નિત્ય શુદ્ધ, નિત્ય મુક્ત, નિત્ય બોધસ્વરૂપ છે, એવા તે બ્રહ્મને હું શરણે જાઉં છું. (૩૮) આ ભગવાન દયાનિધિ છે, ભક્તકજનો આ ભગવાનના કોમલ ચરણકમલની આંગળીરૂપી નવપલ્લવમાં વિલસતી ભક્તિ દ્વારા કર્મવાસનાઓથી પડેલી હૃદયની ગાંઠોને વિના શ્રમે ઉકેલી નાખે છે, અરે ગાંઠો સર્વથા છેદી નાંખે છે. રાજન્ ! આવું કાર્ય તો ઈન્દ્રિયો ઉપર પૂરો સંયમ ધરાવતા, છતાં ભગવાનના સાન્નિધ્ય વગરની મતિવાળા અને ભગવાનમાં પ્રીતિ વગરના મોટા મોટા યતિઓ પણ નથી કરી શકતા માટે રાજન્ ! કૃપાવત્સલ ભગવાન વાસુદેવનું શરણ એ જ ઉત્તમ રસ્તો છે એ ભગવાનની શરણાગતિને જ સેવો અને ભગવાન વાસુદેવની સેવા કરો. (૩૯)

ભગવચ્ચરણનાવ

હે પૃથુરાજન્ ! આ સંસારસાગર તરવો અતિશય કઠિન છે. જેમ જલાશયમાં મગર અને મત્સ્ય રહેલા છે તેમ જ આ ભવસાગરમાં પણ ઈન્દ્રિયો, મન વગેરે ભયંકર મગરો છે. અથવા તો કામક્રોધાદિ ભયાનક મગરમત્સ્ય છે. યોગ-જ્ઞાન વગેરે સાધનબલથી જો આ સાગર તરવાનો હોય તો તે અસંભવ છે. શ્રમ પડવા છતાં સફળતા સંદિગ્ધ છે. મહારાજ પૃથુ ! જો સર્વદા સેવા કરવા લાયક શ્રીકૃષ્ણ ભગવાનના ચરણકમલની નાવ બનાવીએ તો તો અત્યંત સરલતાથી દુસ્તર સાગર પાર કરાશે. (૪૦)

પૃથુરાજાનો વિનય

મૈત્રેય મહારાજે કહ્યું કે, હે વિદુરજી ! ભગવાનમાં મતિવાળા બ્રહ્મકુમાર શ્રી સનત્કુમારજીના મુખકમલથી આત્મબોધનું શ્રવણ કરી ચારે ચાર કુમારોની પ્રશંસા કરતા પૃથુરાજાએ નીચે પ્રમાણે કહ્યું : (૪૧) મહારાજા પૃથુજી કહેવા લાગ્યા કે હે મહારાજ ! હે કુમારો ! યજ્ઞમાં પ્રકટ થયેલા યજ્ઞનારાયણ દીનવત્સલ ભગવાને વરદાન દેવાનો અને દર્શન દેવાનો અનુગ્રહ કર્યો હતો તે અનુગ્રહાને પરિપૂર્ણ કરવા આપની પધરામણી આજે થઈ છે. આપે કૃપા કરી સર્વ કાર્ય પૂર્ણ કર્યું. (૪૨) હે મુનિવરો ! હું આપની સેવા કરવા વિચારું છું પરંતુ મારું રાજ્ય, મારું શરીર અને શરીર સાથે સંબંધ ધરાવનાર સર્વ કાંઈ મારા આત્માની સાથે સાધુજનોની જ પ્રસાદી છે, ત્યાં આપની સેવામાં શું સામગ્રી સમર્પું કે આપને ગુરુભેટમાં શું સમર્પું ? (૪૩) મારા પ્રાણ, મારી મહારાણી, મારા પુત્રો, રાચરચીલાથી રાચતું મારું આ રાજભવન, રાજ્ય, સૈન્ય, પૃથ્વી અને ભંડારો એ સર્વ પણ સંતાનો જ છે. હે મુનિવરો! આમાંની કોઈ પણ વસ્તુ મારી માલિકીની નથી તેથી શી

રીતે આપની સેવામાં ધરું ? જેમ કોઈ રાજભવનનો સેવક રાજાની વસ્તુઓને જ રાજાની સેવામાં રજૂ કર છે, તેમ જ આ સર્વ પદાર્થો આપનાં ચરણોમાં નિવેદિત કરું છું. (૪૪) વેદ અને શાસ્ત્રને જાણનાર બ્રાહ્મણ જ સંરક્ષક મંત્રી, ન્યાયધીશ, દંડનાયક તેમજ સર્વ લોકોના અધિપતિ તરીકે યોજાય એ સર્વથા ઉચિત છે, (૪૫) આ સમસ્ત વિશ્વ બ્રાહ્મણોનું જ છે. બ્રાહ્મણ પોતાનું જ જમે છે. પોતાનું જ ધારણ કરે છે અન્ય ક્ષત્રિય વગેરે તો બ્રાહ્મણોએ આપેલી પ્રસાદીને જ આરોગે છે, રાજાઓની કે અન્યની કોઈ વસ્તુ જ નથી પછી તે આપી શકે જ ક્યાંથી ? (૪૬) આપ તો લોકરીતિ જાણો છો, વેદોને જાણો છો આપે અધ્યાત્મતત્ત્વનો અભ્યાસ કર્યો છે, આપે તો નિર્ણય કરી અમને સર્વને બોધ આપ્યો છે કે ભગવાનની ભકત જ ભગવાનને મેળવવાનું સાધન છે. આપ તો કૃપાના સાગર છો, આપની ઉપર ઉપકાર શી રીતે કરવો કે માનવો ! મહારાજ,આપે અમ દીનજન ઉપર જે દયા કરી છે તે જ આપના "સુકૃત"થી આપ અમારા ઉપર પ્રસન્ન રહો. આપના અનન્ત ઉપકારોનો બદલો કોણ વાળી શકે ? આપનો પ્રત્યુપકાર કરવાનો પ્રયત્ન કરવો એ જ આપનો ઉપહાસ છે. (૪૭)

સનકાદિ કુમારોનો સત્કાર

મુનિવર મૈત્રેયજીએ કહ્યું કે હે વિદુરજી ! ત્યારબાદ પૃથુરાજાએ આત્મજ્ઞાની બ્રહ્મકુમારોનાં અર્ચન કર્યાં, એમના ઉદાર સ્વભાવની ભારોભાર પ્રશંસા કરી. ત્યારબાદ સર્વ લોકો જોઈ રહ્યા હતા અને આકાશમાર્ગે કુમારો પ્રયાણ કરી ગયા. (૪૮) મુનિમૈત્રેયે પ્રસંગકથા સમાપ્ત કરતાં કહ્યું કે વિદુરજી ! સનત્કુમારો પાસેથી બ્રહ્મજ્ઞાન પામી મહાન પુરુષોમાં પણ અગ્રેસર એવા પૃથુરાજા, ચિત્તની એકાગ્રતાથી આત્મામાં જ સ્થિર થયા અને પોતાને કૃતાર્થ માનવા લાગ્યા. (૪૯) હવે શ્રીકૃષ્ણાર્પણ ભાવનાથી કાલ, સ્થાન, શક્તિ, ન્યાય અને ધનને અનુસરી સર્વકાર્ય કરવા લાગ્યા. (૫૦) રાજાપૃથુ જે કાંઈ કર્મ કરે તેનું શ્રીકૃષ્ણાર્પણ જ કરતા. કર્મ કરતા તો પણ તેમાં જરા પણ આસક્તિ રાખતા નહીં. આત્માને સર્વ કર્મના સાક્ષી રૂપ તથા પ્રકૃતિથી પર માનતા હોવાથી સર્વથા નિર્લેપ રહેતા. (૫૧) ભગવાન સૂર્ય સર્વત્ર પ્રકાશ પાથરે છે; છતાંય કોઈ પણ વસ્તુના ગુણો અને દોષોથી નિર્લેપ રહે છે તેવી જ રીતે સમ્રાટની રાજ્યલક્ષ્મી ધરાવતા અને ગૃહસ્થાશ્રમમાં રહેતા છતાંય "અહંભાવ" વિનાના મહારાજ પૃથુ ઈન્દ્રિયસુખોમાં જરાય ન પરોવાયા. (૫૨) આ રીતે હૃદયમાં જ્ઞાનનિષ્ઠા રાખીને કેવલ લોકસંગ્રહ માટે સર્વ કર્મ કરતાં હતા. મહારાજ પૃથુને મહારાણીજી અર્ચિ દ્વારા પોતાના જેવા જ તેજસ્વી વિજિતાશ્વ, ધૂમ્રકેતુ, હર્યશ્વ, દ્રવિણ અને વૃક નામના પાંચ પુત્રો થયા. (૫૩) તે મહારાજ પૃથુ ભગવાનના અંશ હતા. રાજા પૃથુ જ્યારે આવશ્યકતા લાગતી ત્યારે સમયે સમયે જગતનાં પ્રાણીઓની રક્ષા માટ પોતે એકાલ જ દશ દિક્પાલોની શક્તિને ધારણ કરી લેતા અને પ્રજાનું રક્ષણ કરતા. (૫૪) રાજાનું મન ઉદાર, મધુર, પ્રિય અને હિતકર વાણી, મનોરમ મૂર્તિ, વળી સૌમ્ય ગુણોથી શીતલ ચન્દ્રસમા સુખકર રાજાપૃથુ સર્વના મનનું સદાય રંજન કરતા; તેથી "રાજા" શબ્દના યથાર્થ અર્થને સાર્થક કરતા હતા. (૫૫)

પૃથુ રાજાની પ્રજા પાસેથી કર લેવાની રીત

પૃથુરાજાની કર લેવાની પદ્ધતિ પણ કોમળ હતી, ભગવાન સૂર્ય જલાશયોમાંથી પોતાનાં કિરણો દ્વારા જલ લે પણ કોઈને ખબર ન પડે. પાછા તે જલને ચાતુર્માસમાં ખેતરોને પાછું અઢળક વરસાવે. એ જ પ્રકારે પ્રજાને બોજો ન પડે તેટલો કર લેતા અને પ્રજાતીર્થમાં પુષ્કળ પાછું આપતા આથી "કારભાર સારો અને કરભાર ઓછો"એવી પ્રજાની વાણી સાંભળવા મળતી. દુષ્કાળના દિવસોમાં પણ જાણે પાક પાક્યો હોય તેવી રીતે પ્રજાને અનાજ અને ધન આપતા. (૫૬) રાજાની ધાક પણ સૂર્યના તાપ જેવી હતી. તેથી સમાજમાં દૂષણો આવતાં નહીં. રાજાનું તેજ તો અગ્નિ જેવું અસહ્ય હતું. રાજાપૃથુ ઈન્દ્રસમા શત્રુ માટે અજેય, ક્ષમાશીલ, ભગવતી વસુંધરા સમાન સમ દૃષ્ટિવાળા સ્વર્ગ સમા સર્વના મનોરથોને પૂર્ણ કરતા હતા. (૫૭) રાજપૃથુ પર્વના પ્રસંગે કે ઉત્સવોના અવસરે મેઘની માફક ઉદાર હાથે મન માગી વસ્તુઓનો વરસાદ વરસાવતા પ્રાણપ્રિય લાગતા, વળી ગંભીરતામાં મહાસાગર સમા અને ધૈર્યમાં પર્વતરાજમેરુને પણ ટપી જતા

ઉત્તમ વસ્તુઓ અને અદ્ભુત વસ્તુઓના તો હિમાલય સમાન દાતાર હતા. (૫૮) આશ્ચર્યપૂર્ણ વસ્તુઓના સંગ્રાહકોમાં હિમાલય, કોશ-ભંડોરોને સમૃદ્ધ કરવામાં કુબેર જેવા અને વરુણ સમાન ધનભંડારોને ગુપ્ત પણ રાખતા હતા. (૫૯) દુષ્ટોને દંડ કરવામાં તો ધર્મરાજ યમ જેવા, શરીરસામર્થ્ય, ઈન્દ્રિયપટુતા અને પરાક્રમ તો સર્વ ઠેકાણે ગતિ ધરાવતા વાયુ જેવાં હતાં. ભગવાન શંકરના જેવું અસહ્ય તેજ હતું. (૬૦) કામદેવ જેવા તો કાન્તિમાન, પરાક્રમમાં તો સિંહ સમા, માનવજાત ઉપર મનુરાજા જેવું વાત્સલ્ય ધરાવતા, પ્રભુત્વમાં ભગવાન બ્રહ્માજી સમાન સ્વમર્થ્યવાળા હતા. (૬૧) પૃથુરાજા બ્રહ્મવિચારમાં તો જાણે બીજા બૃહસ્પતિ જેવા, જિતેન્દ્રિયપણામાં તો જાણે ભગવાન વિષ્ણુ સરખા હતા. ગુરુ, ગાય, બ્રાહ્મણ અને ભગવદીયજનોમાં, ભક્તિ કરવામાં તો એમની જોડી જગતમાં ના જડે. લજ્જા વિનયશીલ, પરોપકારમાં તો એમનો જોટો ના મળે એવા અનુપમ પુરુષ હતા. (૬૨) ત્રણે લોકમાં મુક્તકંઠે મહારાજ પૃથુનાં ગુણગાન થતાં; તેથી સ્ત્રીવૃંદના હૃદયમાં રઘુપતિ રામચન્દ્ર ભગવાન જેવું માન અને સ્થાન ધરાવતા મહારાજ પૃથુના ગુણ કોણ ગાઈ શકે ?

कीर्त्योर्ध्वगीतया पुंभिस्त्रेलोक्ये तत्र तत्र ह । प्रविप्टः कर्णरंध्रेषुस्त्रीणां रामः सतामिव ।।६३।।

શ્રીમદ્ ભાગવત પીયૂષનો ચતુર્થસ્કંધ વિસર્ગલીલાના 'કામનિરૂપણ પ્રકરણમાં સનત્કુમારોના સત્સંગનું નિરૂપણ કરતો ૨૨મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૨૩મો

[આ અધ્યાયમાં ૩૯ શ્લોકો છે. આ અધ્યાયમાં અર્ચિમહારાણીજી અને પૃથુમહારાજા સ્વધામમાં સિધાવશે એ કથા નિરૂપાશે.]

પૃથુરાજાની વિદાય

मैत्रेय उवाच – दृष्ट्वात्मानं प्रवयसमेकदा वैन्य आत्मवान्। आत्मन वर्धिताशेषस्वानुसर्गः प्रजापतिः ।।१।।

મૈત્રેય મહારાજે કહ્યું કે, હે વિદુરજી ! મહારાજ પૃથુજીને જ્યારે લાગ્યું કે હવે હું પાકટ વયમાં આવ્યો છું ત્યારે મારે કરવાનાં કાર્ય કરી લેવાં જોઈએ. એવું વિચારી વિવેકશીલ પૃથુરાજાએ પ્રજા અન્ન, જલ વગેરમાં સ્વાવલંબી બને અને મબલખ પાક મેળવે એવી અન્નપેદાશની વ્યવસ્થા ગોઠવી, નગર અને નાનાંમોટાં ગામો વસાવ્યાં. પ્રાણીમાત્રની અને દેવાદિ લોકોની પણ અન્ન આદિથી આજીવિકા ગોઠવી દીધી અને સ્ત્રીપુરુષોના ધર્મોનું પાલન કર્યું. (૧) વળી વિચાર્યું કે ભગવાને મને જે કાર્ય માટે આ પૃથ્વી ઉપર મોકલેલ છે તે કાર્ય અને ભગવાનના આદેશનું પાલન થઈ ચૂક્યું છે; તો મારે અતિઅમૂલ્ય મોક્ષ નામના પુરુષાર્થ માટે પ્રયત્ન કરવો રહ્યો. આવો પાકો નિર્ણય કરીને પોતાની પુત્રી બનાવેલી પૃથ્વીને પોતાના પુણ્યશીલ પુત્રોને સોંપી દીધી. (૨) આ અવસરે રાજાપૃથુના વિરહમાં પિતાના વિયોગમાં વહાલસોયી પુત્રી રુદન કરે તેમ રુદન કરતી પૃથ્વીને કહ્યું, બેટા ! આ તારા ભાઈઓ મારી ખોટ પૂરશે, એમ મધુર વચનોથી મનાવી પ્રિયા અર્ચિરાણી સાથે આત્મચિંતન કરવા જિતેન્દ્રિય પૃથુરાજા ચાલી નીકળ્યા. (૩)

પૃથુરાજાનું વનજીવન અને કઠિન તપ

વાનપ્રસ્થ જીવન જીવવા વનમાં વસતા પૃથુરાજાના નિયમાનુષ્ઠાનમાં કોઈ વિઘ્ન આડે ન આવ્યાં. ભગવત્ કૃપાથી પૃથુમહારાજા, સંયમશીલ જીવન, દૃઢનિશ્ચય, એવું તપોમય જીવન જીવ્યા. જ્યારે રાજ્યમાં રહ્યા હતા ત્યારે પૃથ્વીનો જય અને દોહનમાં દૃઢવ્રતપૂર્વક ભગીરથ પુરુષાર્થ ખેડ્યો હતો તે જ પ્રકારે વાનપ્રસ્થ જીવનમાં આત્મજય માટે દિવ્ય તપ આરંભી દીધું. (૪) તપના આરંભમાં કેટલોક સમય કંદમૂલ, ફલફૂલ ઉપર રહ્યાં, તો કેટલોક સમય પાકાં ખરીને નીચે પડેલાં પાનનો આહાર કરી તપશ્ચર્યા કરી. કેટલાંક પખવાડિયાં તો પાણી ઉપર જ પસાર કર્યાં. અંતે તો કેવલ વાયુનો જ આહાર કરીને રહ્યા. (૫) એમ કરતાં ગ્રીષ્મકાલ આવ્યો ત્યારે ચારે બાજુ ચાર અગ્નિની ધુણી અને માથે સૂર્યનો અગ્નિ રાખી આમ પંચાગ્નિનાં અતિ કઠોર પંચાગ્નિ તપ કર્યાં. પુનઃક્રમ પ્રાપ્ત વર્ષાકાલ આવતાં માથે મુશળધાર વૃષ્ટિ ખુલ્લા પ્રદેશમાં વેઠતા અને શીતકાલમાં કંઠપર્યન્ત શીતલ જલના સરોવરમાં ખડેપગે ઊભા રહી શીતને સહન કરી પૃથુરાજા

તપશ્ચર્યા કરતા. મહારાજ પૃથુ મૌનનું સેવન કરતા અને માટીની વેદી ઉપર જ શયન કરતા. (૬)

જીવમાં સહિષ્ણુતા

ઠંડી-ગરમી, સુખદુઃખ દ્વન્દ્વો તો રાજાને કોઠે પડી ગયાં-વૃથાવાણી બોલવી નહીં, જિતેન્દ્રિયપણું બ્રહ્મચર્યપાલન, પ્રાણાયામ, આવા દૃઢ નિયમોથી ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રનું આરાધન કરવા લાગ્યા. (૭) આવા કઠોર તપના પ્રતાપે તપી સિદ્ધ થયેલ રાજાએ કર્મના મલને બાળી નાખ્યો. (૮) મહારાજાનું મન, બુદ્ધિ, ચિત્ત, અન્તઃકરણ નિર્મળ બની ગયાં. પ્રાણાયામ આરંભ્યો. વિષયમાં જતી ઈન્દ્રિયોને વિષ્ણુ ભગવાનમાં વાળી લીધી. વાસનાથી સરજાતાં બંધનો દૂર થઈ ગયાં. (૯) પોતાના આચાર્ય, બ્રહ્મકુમાર શ્રીસનત્કુમારે દર્શાવેલ પંથે ચાલી પુણ્યશીલ મહાપુરુષ પૃથુરાજાએ ભગવાનની અનન્ય ભક્તિ આચરી દીધી. સદા શ્રીહરિપરાયણ સાદું જીવન, નિરંતર સાધનાપરાયણ, મહાત્મા પૃથુમહારાજને પરમાત્મા શ્રીકૃષ્ણની દૃઢભક્તિ થઈ ગઈ. (૧૦) ભગવાનની અનન્ય ભક્તિથી અન્તઃકરણ નિર્મળ બની ગયું. મન, શુદ્ધ સાત્ત્વિક થઈ ગયું. વૈરાગ્યભરપૂર એવું જ્ઞાન પણ સિદ્ધ થયું. ભગવાનના સ્મરણબલથી ભક્તિ નિરંતર વધવા લાગી. આ ભક્તિ અને જ્ઞાનની તીક્ષ્ણ ધારથી સંશયોને પેદા કરનારી, જીવના પોતાના સ્વરૂપને ઢાંકનારી અહંકારની હૃદયગ્રંથિને પણ છેદી નાંખી, પરિણામે દેહમાં રહેલો આત્મભાવ ચાલ્યો ગયો. (૧૧) પૂર્ણ- પુરુષોત્તમ શ્રીકૃષ્ણમાં પ્રેમ થતાં સામાન્ય સિદ્ધિઓમાંથી મન આપોઆપ પાછું વળી ગયું. પૃથુરાજાએ ભગવદનુરાગથી જ જ્ઞાન મેળવી લીધું. હવે તત્ત્વજ્ઞાન માટે બીજાં ફાંફાં મારવાનાં જ ન રહ્યાં. ભગવાનમાં અનન્ય મતિ થઈ ગઈ. એકવાર જ "નિજજીવકોષ"એટલે જીવના સ્વરૂપને ઢાંકનાર અહંભાવને કાપવા માટે જે પ્રયત્ન કરવો પડ્યો તે પણ હવે ન રહ્યો. અરે ભાઈ ! જ્યાં સુધી ગદના મોટાભાઈ ગોવિંદ શ્રીકૃષ્ણ ભગવાનની કથામાં પ્રીતિ ન પ્રગટે ત્યાં સુધી યતિજનોને યોગમાર્ગમાં પ્રયત્નો કરવા પડે છે. આમ છતાં મોહ તો મટે નહીં એ તો મનમોહનની મનમોહક કથા શ્રવણ કીર્તનથી જ ટળે. (૧૨)

પૃથુરાજાનું પ્રસ્થાન

રાજાને સમજાયું કે હવે પ્રભુધામમાં જવાનો સમય સમીપમાં આવ્યો છે. ત્યારે મહાન વીર પૃથુરાજાએ પોતાના મનને અત્યંત દૃઢતાપૂર્વક શ્રીકૃષ્ણમાં સ્થિર કરી દીધું. રાજા બ્રહ્મભાવ પ્રાપ્ત કરી ચૂક્યા હતા તેથી સ્થૂલદેહ છોડતાં વાર ન લાગી, પગની એડીઓથી ગુદાના દ્વારને દબાવી મૂલાધાર ચક્રમાંથી ધીરેધીરે પ્રાણવાયુને ઊંચે ચઢાવી નાભિપ્રદેશમાં સ્થિર કરી ફરી તે વાયુને ઉપર ઉઠાવી હૃદય, વક્ષઃસ્થલ, કંઠ અને મસ્તકમાં લાવી પછી બ્રહ્મરંધ્રના ઉપર પ્રદેશમાં લાવી મૂકી દીધો. (૧૪) શરીર અને સંસારમાંથી સર્વથા મન ઉઠાવી લેનારા રાજા પૃથુએ દેહમાંના તે પ્રાણવાયુને સમષ્ટિના વાયુમાં મેળવી દીધો. પંચ ભૌતિક દેહને પૃથ્વીમાં અને તેજને સમષ્ટિના તેજમાં લીન કરી દીધું. (૧૫) હૃદયમાં રહેલાં આકાશને મહાકાશમાં, શરીરમાં રહેલા રુધિર વગેર જલના અંશને સમષ્ટિના જલમાં લીન કરી દીધું. ત્યારબાદ પૃથ્વીને જલમાં, જલને તેજમાં, તેજને વાયુમાં અને વાયુને આકાશમાં લીન કરી દીધું. (૧૬) ત્યારબાદ મનને ઈન્દ્રિયોમાં, ઈન્દ્રિયોને તત્માત્રાઓમાં, તે સૂક્ષ્મભૂત એટલે જ તન્માત્રાઓને અહંકારને મહત્તતત્ત્વમાં પરોવી દીધો. (૧૭) ત્યારબાદ સર્વગુણોને સ્પષ્ટ અલગ કરનારા મહત્તત્ત્વને માયાની ઉપાધિવાળા જીવમાં સ્થિર કર્યું. હવે જીવની જે માયાની ઉપાધિ હતી તે ઉપાધિને પણ જ્ઞાન અને વૈરાગ્યના બલથી શુદ્ધ બ્રહ્મ સ્વરૂપમાં સ્થિર થઈને ત્યજી દીધી. (૧૮)

અર્ચિદેવીનું આત્મસમર્પણ

મહારાણી અર્ચિ તો અતિશય સુકુમાર કાય હતાં. તેમના કોમલ ચરણો ધરણીને સ્પર્શવા યોગ્ય ન હતાં આમ છતાં પતિવ્રતા નારી પતિદેવની પાછળ વનમાં સીધાવ્યાં હતાં. સતી નારીએ સ્વામીના વ્રતને પોતાનું વ્રત માનીને પાળ્યું હતું. (૧૯) પોતે પણ પતિની માફક કંદમૂળ વગેરે જ લેતાં, પતિદેવની સેવા કરતાં હતાં. દિન પ્રતિદિન દેહદુર્બળ થવા માંડ્યો; પરંતુ પતિદેવના અમીમય કરમકલના સ્પર્શે કાયાનું કષ્ટ વીસરી જતાં હતાં. મહારાજ પૃથુજીએ જ્યારે સમાધિ લીધી ત્યારે પૃથ્વીપતિ અને નિજ પતિદેવના પ્રાણ વિનાના દેહને નિહાળી અપાર વિલાપ કર્યો. અંતે ગિરિવર શિખર

ઉપર કાષ્ઠચિતા તૈયાર કરી પતિદેવના દેહના સંસ્કારો કરી, ચિતા ઉપર પધરાવ્યો. (૨૧) રાણી અર્ચિજીએ આ સમયે કરવા યોગ્ય સર્વ ક્રિયાઓ કરી નદીમાં સ્નાન કરી સતીનો સ્વાંગ સજી પરાક્રમી પ્રાણનાથ ! પ્રિય પતિને જલની અંજલિ આપી. નભોદેશમાં આ સર્વ નિહાળતા ઊભેલા દેવોને પ્રણામ કરી ત્રણ વાર ચિતાની પરિક્રમા કરી પતિ પૃથુરાજાનાં ચરણનું ધ્યાન કરી, અગ્નિમાં પ્રવેશ કર્યો. (૨૨) સતીના પતિસહગમનને નિહાળતી, વિશ્વના લોકને હજારો વરદાન દેનારી દેવનારીઓ પોતાના પતિદેવો સાથે પતિવ્રતા અર્ચિ મહારાણીની સ્તુતિ કરવા લાગી મંદરાચળ પર્વતના શિખર ઉપર સતી થતી મહારાણીના ઉપર પુષ્પોની વૃષ્ટિ વરસાવવા લાગી. આ પ્રસંગે દેવતા લોકોનાં દિવ્ય વાજિંત્ર વાગવા લાગ્યાં, ત્યારે દેવાંગના સતીની સ્તુતિગાથા ગાવા લાગ્યાં. (૨૪)

દેવાંગનાઓનું સ્તવન

દેવાંગનાઓ અંદરોઅંદર કહેવા લાગ્યાં કે જોયું, જોયું, હે દેવલોકો ! આપે જોયું ? આ કેવાં ભાગ્યશાલિની સતી નારી છે. ભગવતી લક્ષ્મીનાથને જેમ સેવે છે, તેમ સતી અર્ચિએ મહારાજ પૃથુરાજની મન-વાણી-કાયાથી અનન્ય ભાવે સેવા કરી છે. (૨૫) આપ એનું ફળ જોઇ શકે છો કે આ અર્ચિદેવી પોતાના પવિત્ર અને કલ્પનામાંય ન આવી શકે એવા પુણ્યકર્મના પ્રતાપે આપણા કરતાંય ઉત્તમ લોકમાં પૃથુરાજ સાથે સીધાવી રહયાં છે. (૨૬) ભલે આપણે દીર્ઘજીવી અમરો છીએ અને આ અલ્પ આયુષ્યવાળા મનુષ્યો મનુષ્યલોકમાં અને મનુષ્યદેહમાં રહ્યા હોય છતાં ભગવાનની પ્રાપ્તિ કરાવનારા ભગવદ્જ્ઞાનને મેળવી લે છે. પછી એમને મેળવવાનું રહ્યું શું ? કે કઈ વસ્તુ એમને માટે અલભ્ય રહી...? (૨૭) અત્યંત પરિશ્રમથી "મોક્ષ આપનાર માનવ દેહ મેળવ્યા બાદ જો માનવ વિષયાશક્તિમાં રહ્યા તો એના જેવો કોઈ ઠગાયો નથી અને એના જેવો કોઇ આત્મદ્રોહી નથી. (૨૯) દેવાંગના-દેવોની આમ સ્તુતિ ચાલતી હતી ત્યાં તો બ્રહ્મજ્ઞાનીઓમાં અગ્રેસર પરમ ભાગવત પૃથુરાજા જે દિવ્ય લોકને પામ્યા તે જ લોકને અર્ચિરાણી પણ પામ્યાં. (૩૦)

ફલશ્રુતિ

મુનિમૈત્રેય બોલ્યા, હે સંત વિદુર ! મેં આપને પરમ ભાગવત અને પ્રભાવશાળી મહારાજ પૃથુનું પાવન ચરિત્ર કહી સંભળાવ્યું. હે વિદુરજી ! કોઈ પણ માનવ અત્યંત શ્રદ્ધાપૂર્વક, અત્યંત પવિત્ર, પરમ શ્રેષ્ઠ પૃથુરાજાના ચરિત્રનું સાવધાન બની શ્રવણ કરે, કીર્તન કરે, ચિંતન કરે તે પૃથુરાજાની ધરમપદવીને પામે છે. તેમજ પૃથુરાજાએ મેળવેલા લોકને પામે છે. (૩૧) હે વિદુરજી ! રાજાપૃથુના આ ચરિત્રનો સંકામભાવે કે નિષ્કામભાવે શ્રવણ કીર્તન કરનાર બ્રાહ્મણ બ્રહ્મ તેજસ્વી બને, ક્ષત્રિય પૃથ્વીનો પતિ બને, વૈશ્ય જપે તો સમ્પત્તિવાન બને, શૂદ્ર પાઠ કરે તો સજ્જનની પદવીને પામે છે આદરપૂર્વક સ્ત્રી કે પુરુષ આ ચરિત્રને શ્રદ્ધાપૂર્વક ત્રણ વાર સાંભળે તો સંતાન વિનાનો હોય તો તેને શ્રેષ્ઠ સંતાન પ્રાપ્ત થાય છે અને નિર્ધન હોય તો ધન મેળવે (૩૨-૩૩) જગતમાં અપ્રસિદ્ધ હોય તો પ્રસિદ્ધ બને, કીર્તિ પામે, પરંતુ જો કોઈ નિરક્ષર આ ચરિત્રનું શ્રવણ કરે તો સાક્ષર બને. આ પૃથુચરિત્ર સર્વ પ્રકારના કલ્યાણને લાવનાર તેમજ સર્વ પ્રકારના અમંગલને નિવારનારું છે. (૩૪) ધર્મ, અર્થ, કામ અને મોક્ષ નામના ચાર પુરુષાર્થોમાંથી કોઈ પણ પુરુષાર્થની ઈચ્છા ધરાવે તો તે ચારેય પુરુષાર્થોને મેળવે છે. પાઠ કરે કે શ્રવણ કરે તેનાં કલ્યાણ થાય, અમંગળ ટળે, ધન આપે, યશ આપે, કીર્તિ આપે, દીર્ઘાયુષ્ય આપે, સ્વર્ગ અપાવે, વળી કલિયુગના સમસ્ત દોષોને કાપે, ચારે પુરુષાર્થોને પામવા માટે આ શ્રેષ્ઠ સાધન હોઈ શ્રદ્ધાપૂર્વક અવશ્ય સાંભળવું જોઈએ. (૩૫) વિજયની અભિલાષા ધરાવતા રાજા પ્રસ્થાન સમયે આ ચરિત્રનો પાઠ કરી પ્રસ્થાન કરે તો વિજય મળે અને અન્ય રાજાઓ આશ્રિત થઈ નિત્ય ભેટ અને ખંડણી ભરે. (૩૬) સકામભાવ ત્યજી દે કે હોય જ નહીં તેવી વ્યક્તિઓ પણ ભગવાનમાં મન રાખી વિશુદ્ધ અને નિષ્કામ ભક્તિથી પૃથુમહારાજના પવિત્ર ચરિત્રનું શ્રવણ કરે, કોઈ શ્રોતા મળે તો શ્રવણ કરાવે, ભણે ભણાવે કે પાઠ કરે તેને ભગવાન મળે. હે વિચિત્રવીર્યના કુમાર વિદુરજી ! ભગવાનના મહિમાને જણાવનારા આ પૃથુરાજાના આખ્યાનમાં પ્રીતિ રાખે તેને પૃથુરાજાના લોકની પ્રાપ્તિ થાય છે. (૩૭-૩૮) જે પુરુષ પૃથુરાજાના ચરિત્રને પ્રતિદિન આદરપૂર્વક નિષ્કામભાવે શ્રવણ

કરે-કરાવે એનો સંસારસાગરને પાર ઉતારનાર પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રજીના ચરણકમલમાં પ્રેમ થાય, જે ચરણકમલ ભવસાગર પાર કરનાર નાવ છે. (૩૯)

मैत्रेय उवाच–विजिताश्वोधिराजासीत् पृथुपुत्रः पृथुश्रवाः । यबीयेभ्योददात् काष्ठा भ्रातृभ्यो भ्रातृवत्सलः ।।

શ્રીમદ્દ ભાગવત પીયૂષના ચતુર્થસ્કંધ વિસર્ગલીલાના કામ પ્રકરણમાં શ્રી પૃથુરાજાના ચરિત્ર શ્રવણના ફલનું વર્ણન કરતો ૨૩મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૨૪મો

[ચતુર્થસ્કંધનું નામ વિસર્ગલીલા, આ સ્કંધના અધ્યાય ૩૧, આ સ્કંધમાં ૭ + ૫ + ૧૧ + ૮ના ધર્મ-અર્થ-કામ-મોક્ષ નામનાં ચાર પ્રકરણ પ્રત્યેક જીવના જીવનનું લક્ષ્ય આ સ્કંધમાં જાણવા મળે. ૨૩ અધ્યાય સુધીમાં ત્રણ પ્રકરણ પૂર્ણ કરીને આઠ અધ્યાયનું આ "ચોથું" પ્રકરણ શરૂ કર્યું છે. મોક્ષનો એક પ્રકાર એવો છે કે બ્રહ્મમાં લીન થવું અને બીજો પ્રકાર એવો છે કે "સાયુજ્ય" મુક્તિ પામવી, પ્રભુમાં જોડાઈ જવું. દેહ વગેર પાંચ પ્રકારની અવિદ્યાની વૈરાગ્ય,યોગ,તપ,જ્ઞાન,ભક્તિ નામનાં પાંચ સાધનોથી અને પ્રભુકૃપાથી નિવૃત્તિ થાય છે. તેમજ વૈરાગ્ય, તપ યોગ, સાંખ્ય અને ભક્તિથી પાંચ પ્રકારની વિદ્યાનો ઉદય થાય છે, જ્યારે વિદ્યાનો ઉદય થાય ત્યારે મોક્ષની પ્રાપ્તિ થાય છે. પ્રાચીન બર્હી રાજાની કથા આ વસ્તુ સમજાવા માટે વર્ણવી છે. હવે આ પ્રસંગ શરૂ કરવો છે માટે મૈત્રેયમુનિ સ્વયં આ કથાનો પ્રારંભ કરે છે. આ અધ્યાયમાં ૭૯ શ્લોકો છે. દશ પ્રચેતસોનો જન્મ, વનગમન, રુદ્રમિલન અને ઉપદેશની કથા આવશે.]

मैत्रेय उवाच–विजिताश्वोधिराजासीत् पृथुपुत्रः पृथुश्रवाः । यबीयेभ्योददात् काष्ठा भ्रातृभ्यो भ्रातृवत्सलः ।।

મુનિવર મૈત્રેયજીએ મોક્ષપ્રકરણની કથાનો આરંભ કરતાં કહ્યું કે હે વિદુરજી ! આદિરાજ પૃથુજી પ્રભુલોકમાં સિધાવ્યા પછી તેમના યશસ્વી કુમાર શ્રી વિજિતાશ્વજી ચક્રવર્તી બન્યા. વિજિતાશ્વને ભાઈઓ ઉપર પુષ્કળ પ્રેમ હતો. તેથી નાના ચાર ભાઈઓને ચાર દિશાનો વહીવટ સોંપ્યો. (૧) પૂર્વદિશાનો અધિકાર હર્યશ્વને, દક્ષિણ દિશાનો અધિકાર ધૂમ્રકેશને, પશ્ચિમ ભાગની વ્યવસ્થા "વૃકકુમાર"ને અને ઉત્તર દિશાનો અધિકાર ભાઈ દ્રવિણને આપ્યો. (૨) રાજા વિજિતાશ્વે અશ્વમેધયજ્ઞમાં ઈન્દ્રને પરાજિત કરી યજ્ઞના અશ્વને પાછો લાવ્યા હતા, તેથી એમનું વિજિતાશ્વ નામ પડ્યું હતું. આ યજ્ઞપ્રસંગે ઈન્દ્રરાજે વિજિતાશ્વને "અન્તર્ધાન" વિદ્યા શીખવી; તેથી તેમનું નામ "અન્તર્ધાન" પણ થયું (૩) શ્રી વિજિતાશ્વ "શિખંડિની" નામની કન્યાને પરણ્યાં ત્યારે તેમને ત્યાં પાવક, પવમાન અને શુચિ નામના ત્રણ પુત્રો થયા. આ ત્રણે પૂર્વમાં "અગ્નિ" હતા પરંતુ મહારાજ વશિષ્ઠે શાપ આપ્યો હતો તેથી તેઓ વિજિતાશ્વના પુત્રો તરીકે પૃથ્વી ઉપર આવેલા; પરંતુ પુનઃ પ્રભુકૃપાથી પોતાના મૂળભૂત અગ્નિપદને પામ્યા હતા. (૪) આ વિષે એવી કથા છે કે અગ્નિએ સપ્તર્ષિઓની પત્નીને જોઈ ત્યારે તેમની વિષયલાલસા જાગી. પતિની આ મનોદશા જાણી અગ્નિની પત્ની સ્વાહાએ સપ્તર્ષિ-પત્નીઓનાં સ્વરૂપે અગ્નિ પાસે આવી અગ્નિની વાસના શાંત કરી. સ્વાહા પ્રયત્ન કરવા છતાં અરુન્ધતીનું સ્વરૂપ ન લઈ શક્યા ત્યારે "અગ્નિ" વશિષ્ટપત્ની અરુન્ધતીની કામના કરવા લાગ્યા. આ વાતની વશિષ્ઠને જાણ થતાં શાપ આપ્યો કે "અગ્નિ, તમે પૃથ્વી ઉપર ત્રણ દેહે અવતરો" ત્યારે આ ત્રણ પુત્રોરૂપે વિજિતાશ્વને ત્યાં આવ્યા. વિજિતાશ્વ વિવેકી હતા. તેઓ જાણતા હતા કે ઈન્દ્રે અશ્વની ચોરી કરી છે તો પણ દેવ સમજીને તેનો વધ નહોતો કર્યો. (૫) એવા વિવેકી વિજિતાશ્વ રાજાની અન્ય રાણી નભસ્વતીમાં "હવિર્ધાન" નામના પુત્ર થયા.

યજ્ઞનો પ્રારંભ : શ્રી વિજિતાશ્વનો દયાળુ સ્વભાવ

રાજાવિજિતાશ્વ ખૂબ જ સાત્ત્વિક હતા. એમણે વિચાર્યું કે પ્રજા પાસેથી કર વસૂલાત, દંડવસૂલાત, દાણ, ઈજારાની રકમ લેવી-આ બધી રીત દયા ભરેલી તો નથી જ. એમાં જનપીડા તો છે જ; માટે આનાથી અલિપ્ત રહેવાય તો સારું એમ માનીને લાંબા કાળ સુધી ચાલે એવા યજ્ઞની દીક્ષા લીધી. (૬) યજ્ઞદીક્ષામાં પરોવાયા તો ખરા પરંતુ હૃદયના તે ખૂબ જ ભક્ત હતા, જ્ઞાનની પણ ઓથ હતી; તેથી ભક્તજનના ભવભયભંજક પૂર્ણપુરુષ શ્રીકૃષ્ણ ભગવાનની સેવા આચરીને સુદૃઢ સમાધિ સિદ્ધ કરીને, ભગવાનના દિવ્ય લોકની પ્રાપ્તિ કરી. (૭) રાજા વિજિતાશ્વની પાછળ તેમના પુત્ર હવિર્ધાનજીએ હવિર્ધાની નામની કન્યા સાથે લગ્ન કર્યાં. ભગત્કૃપાથી એમને આંગણે બર્હિષદ્દ, ગય, શુક્લ, કૃષ્ણ, સત્ય અને જિતવ્રત નામના છ પુત્રો થયા. (૮) હે ભક્તરાજ વિદુર! આ છ પુત્રોમાં સર્વથી મોટા કુમાર બર્હિષદ્દ પરમ

ભાગ્યશાળી પુત્ર હતા. યજ્ઞકર્મમાં અને યોગવિદ્યામાં બર્હિષદ્ અત્યંત નિષ્ણાત હતા. તેથી બર્હિષદ રાજાને પ્રજાપતિપદની પ્રાપ્તિ થઈ હતી. (૯) રાજા બર્હિષદે પૃથ્વીનો કોઈ ખૂણો બાકી નહોતો રાખ્યો કે જ્યાં એમણે યજ્ઞો ન કર્યા હોય. એક યજ્ઞ એક સ્થાને પૂર્ણ કરી બીજો યજ્ઞ તેની સમીપે જ કરતા. આમ કરતાં સંપૂર્ણ વસુધાતલ ઉપર પૂર્વ દિશા તરફ મુખવાળા એટલે અણીભાગવાળા દર્ભો જમીન ઉપર છવાઈ ગયા જેથી રાજાનું નામ "પ્રાચીનબર્હિષ" પડી ગયું. (૧૦)

"શતદ્રુતિ પત્ની"

બ્રહ્માજીની આજ્ઞાને માન આપી તેમણે સમુદ્રપુત્રી "શતદ્રુતિ"નામની કન્યા સાથે લગ્ન કર્યાં. શતદ્રુતિ રાણી પૂર્ણયૌવનમાં હતાં અને સર્વાંગ મનોહર હતાં.લગ્નસમયે શતદ્રુતિ મંગલ ફેરા ફરતાં હતાં ત્યારે રાજા પ્રાચીનબર્હિષ જેમ સપ્તર્ષિઓના યજ્ઞમાં સપ્તર્ષિઓની પત્નીઓને જોઈને અગ્નિ મુગ્ધ થયા હતા તેમ રાજા શતદ્રુતિ ઉપર મુગ્ધ થઈ ગયા. આ આખ્યાન એવું પણ છે કે કોઈ એક રાજકુમારી હતી એનું નામ જ શુકી હતું. તે પોતાના પતિ સાથે લગ્નમાં મંગલ ફેરા ફરતી હતી ત્યારે તે શુકી ઉપર અગ્નિદેવ આસક્ત થઈ ગયા તે તેવી જ રીતે શતદ્રુતિ ઉપર પૂર્ણ મુગ્ધ થઈ ગયા હતા. (૧૧) સમુદ્રતનયા શતદ્રુતિના સૌન્દર્યે અને નૂપુરના મધુર રણકારે દેવ, દૈત્ય, ગંધર્વ, મુનિ સિદ્ધગણોને પણ મોહિત કરી નાખ્યા હતા. (૧૨) રાજા પ્રાચીનબર્હિષે રાણી દ્વારા દશ પુત્રોને જન્મ આપ્યો. આ દશ પુત્રોનાં નામ "પ્રચેતસ" હતું. (૧૩) રાજપુત્રો ધર્મજ્ઞ, મર્મજ્ઞ, તેમજ એમનું આચરણ પણ બધાનું એક જ સરખું અને આદરણીય હતું. પિતા પ્રાચીનબર્હિષે કહ્યું કે કુમારો ! સૃષ્ટિ રચો ત્યારે તે દશેદશ પુત્રોએ તપશ્ચર્યા કરવા માટે સમુદ્રના અગાધ જલમાં પ્રવેશ કર્યો કે જ્યાં તપશ્ચર્યામાં કોઈ અન્તરાય ના આવે. રાજકુમારોએ દશ હજાર વર્ષપર્યન્ત ભગવાનની આરાધના કરી. (૧૪) તેઓ રાજ્યમાંથી તપ કરવા જઈ રહ્યા હતા ત્યારે તેમને માર્ગમાં જ મહારાજ સદાશિવની ઝાંખી થઈ. અત્યંત સંતુષ્ટ બનેલ શિવજીએ મંત્રનો તેમ જ તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપ્યો. શ્રીશિવ ભગવાનના સૂચન પ્રમાણે તે રાજપુત્રો એકાગ્ર ચિત્ત બની જિતેન્દ્રિય થઈ જપ, ધ્યાન અને અર્ચન આચરી રહ્યા હતા. આ સમયે વિદુરજીએ પ્રશ્ન કર્યો. (૧૫)

વિદુરજીની જિજ્ઞાસા

શ્રી વિદુરજીએ પૂછ્યું કે હે મહારાજ મૈત્રેય ! શ્રી શંકર ભગવાન અને રાજપુત્રો પ્રચેતસો માર્ગમાં મળ્યા એમના ઉપર શિવજી પ્રસન્ન થયા. શિવજીએ ઉપદેશ આપ્યો. આ પ્રસંગ સાચે જ અત્યંત સારથી ભરેલો હશે. આપ એ ગાથા મને સંભળાવો. (૧૬) મહારાજ ! આ વાત નિશ્ચિત છે કે વૈરાગ્યભર્યા મુનિવરો સતત ધ્યાન કરે પરંતુ ભગવાન સદાશિવને પામતા નથી. તે શંકરભગવાનનો સંગમ થવો એ તો પરમ સૌભાગ્ય મનાય. (૧૭) શ્રી ત્ર્યંબકેશ્વરજી તો સદા આત્મારામ છે. એમને તો કોઈ તપ આદિ કરવાનું જ નથીહોતું કે તેમને કાંઈ મેળવવાનું પણ નથી હોતું. આમ છતાં લોકરક્ષા માટે પોતાનાં દિવ્યશક્તિ શિવા-પાર્વતીજી સાથે સદા સર્વત્ર પર્યટન કરે છે. (૧૮)

મૈત્રેયજીનો પ્રત્યુત્તર

શ્રી વિદુરજીની જિજ્ઞાસાનું પોષણ કરતા મૈત્રેયમુનિએ વચનામૃત વરસાવ્યાં. હે વિદુરજી ! સજ્જનશિરોમણિ પ્રાચીન બર્હિના કુમારો દશ પ્રચેતસો, પિતાજીની આજ્ઞાને શિરસાવન્દ્ય સ્વીકારી તપશ્ચર્યા કાજે પશ્ચિમ દિશા તરફ પ્રયાણ કરી રહ્યા હતા. (૧૯) માર્ગમાં જતાં તે પ્રચેતસોએ પશ્ચિમસાગર જેવડું મોટું સરોવર નિહાળ્યું. સંતજનના મન જેવા નિર્મળ નીરને નિહાળીને તેઓ અત્યંત પ્રસન્ન થયા. આ સરોવરનાં જલચરજંતુઓ પણ આનંદમાં દેખાતાં હતાં. (૨૦) સરોવરકાંઠે હંસ, સારસ, ચક્રવાક અને બતક જેવાં પ્રાણીઓ મંજુલ નાદ કરી રહ્યાંહતાં. કુવલય નામનાં નીલવર્ણાં કમલો અને પદ્મ નામનાં રક્તવર્ણાં કમલો રાત્રીએ અને દિવસે વિકસતાં અને ઈન્દીવર નામનાં કમલો સંધ્યા સમયે વિકસતાં જેથી એ સરોવરકિનારો સદા સૌન્દર્યભર્યો જ લાગતો. (૨૧) સરોવરની ચારેબાજુ વિવિધ પ્રકારનાં તરુવરો અને વનલતા ઉપર સદાય ભમરો ગુંજન કર્યા જ કરતા હતા. કોકિલાઓનાં મધુર કૂજન કર્ણપથ ઉપર આવતાં જ

અંગેઅંગમાં રોમાંચ થઈ જતો. ખીલેલાં અને અર્ધખીલ્યાં કમલોના પરાગ વાયુના કારણે સર્વત્ર ઊડતા હતા તેમજ સુવાસ ફેલાવતા હતા. આ સ્થાનમાં કોઈ ઉત્સવ થતો હોય એમ લાગતું હતું. (૨૨) આ સરોવરમાં મૃદુંગ, તબલાં, સારંગી વગેરેના સરોદ ફેલાતા હોય ને શું એમ લાગ્યું. વાજિંત્રોની સુમનોહર સુરાવલીઓ સાથે કલકંઠ મધુર ગાનનો ધ્વનિ પણ રાજકુમારોના કાન ઉપર આવી લાગ્યો. રાજકુમારોના આશ્ચર્યનો પાર ન રહ્યો કે આ સંગીતનાદ ક્યાંથી આવે છે એમ તેઓ વિચારવા લાગ્યા. (૨૩)

શ્રીશંકર ભગવાનનાં દર્શન

આ જ અવસરે પોતાના પાર્ષદો સાથે પ્રકટ થતા શ્રી ત્ર્યંબકેશ્વર ભગવાનની ઝાંખી થઈ. ભગવાન સદાશિવ સમીપના સરોવરમાંથી જ પધારી રહ્યા હતા. નીલકંઠ ભગવાનની સમીપમાં ગન્ધર્વો ગાન કરી રહ્યા હતા. હમણાં જ અગ્નિમાં તપાવેલ અને બહાર કાઢેલા તેજસ્વી સુવર્ણ સમી તેજોમય કાન્તિથી શ્રી સદાશિવજીનું શ્રી-અંગ દીપી રહ્યું હતું. (૨૪) વિષપાન કરનાર કૃપાળુ શિવજીનો કંઠ નીલવર્ણો હતો; તેથી તો નીલકંઠ નામ પડ્યું હતું. તાજા ખીલેલા કમલજેવું શિવજીનું મંગલ દર્શન મુખ, ખૂબ પ્રસન્ન હતું. આમ એકાએક દુર્લભદર્શન ભગવાન શંકરનાં દર્શન કરતાં રાજકુમારો અત્યંત નવાઈ પામ્યા. પ્રભુને જોતાં જ ચરણકમળે ઢળી પડ્યા. (૨૫) ધર્મવત્સલ તેમ જ શરણાગત સંકટહારી દયાળુ દેવ સદાશિવે ધર્મશીલ કુમારો ઉપર કૃપા વરસાવતાં કહ્યું, (૨૬)

શિવજીનાં વચનામૃત

શ્રી રુદ્રભગવાન કહેવા લાગ્યા કે હે મુનિવરો ! આપ પ્રાચીન બર્હિષ રાજાના સુપુત્રો છો, સદા તમારું કલ્યાણ હો. તમે તપ કરવા આવ્યા છો તે વિગત હું જાણું છું. કેવલ તમારા પર કૃપા કરવા જ હું સરોવરમાંથી બહાર આવ્યો છું. (૨૭) જુઓ, કુમારો ! જે કોઈ વ્યક્તિ અત્યંત સૂક્ષ્મ અક્ષરબ્રહ્મથી, ત્રણ ગુણવાળા પ્રધાન તત્ત્વથી અને જીવસંજ્ઞા ધરાવતા પુરુષથી પર રહેલા શ્રી વાસુદેવ ભગવાનને સાક્ષાત્ એટલે ભગવાન સિવાય કોઈ પણ ફળ મેળવવાની ઈચ્છાવિનાનો કેવલ ભગવાનને જ પામવા ઈચ્છતો હોય તે આત્મા મને અત્યંત પ્રિય છે. (૨૮) જીવ પોતાના વર્ણાશ્રમધર્મનું સંપૂર્ણ પાલન કરે ત્યારે તે સો જન્મને અંતે બ્રહ્માજીના સત્યલોકને પામે છે. જ્યારે એનું પુણ્ય આથી પણ વધારે હોય તો તે મને પામે છે. પરંતુ જે ભગવદીય જન છે તે તો દેહ છૂટતાં જ સીધો મારા નિર્વિકાર વિષ્ણુપદને પામે છે. મારા આ પદની પ્રાપ્તિ જે રુદ્રરૂપમાં રહેલ મને તેમ જ પોતાના અધિકારોને ભોગવનારા અન્ય દેવતાઓને પોતાના અધિકારોને ભોગવી લીધા બાદ જ પ્રાપ્ત થાય છે. (૨૯) હે રાજકુમારો ! ભગવાન મને જેટલા વહાલા છે એટલા જ ભગવદીય જનો વહાલા છે. વળી ભગવદીય જનોને પણ મારાથી કોઈ અન્ય અતિશય પ્રિય નથી. (૩૦) હે રાજપુત્રો ! હવે હું તમને એક સ્તોત્ર આપું છું. આ સ્તોત્ર પવિત્ર છે, મંગલમય છે, મોક્ષ આપનાર છે. સાંભળનારનું અવશ્ય કલ્યાણ કરે છે. તો આપ બધા વિશુદ્ધ ભાવથી એ સ્તોત્રનો એકાન્તમાં જપ કરજો. (૩૧) મુનિ મૈત્રેયે કહ્યું : હે વિદુરજી ! ભગવાન નારાયણમાં અનન્ય ભાવવાળા તેમ જ કરુણામય સ્વભાવવાળા, ભગવાન શિવજીએ અંજલિ જોડી સન્મુખ ઊભેલા રાજપુત્રોને નીચે વર્ણવેલું શ્રી રુદ્રગીત આપ્યું. (૩૨)

રુદ્રગીત

(આ રુદ્રગીત ૨૪મા અધ્યાયમાં ૩૩મા શ્લોકથી ૭૮મા શ્લોકપર્યન્ત ગાવામાં આવ્યું છે. કુલ ૪૬ શ્લોકમાં દિવ્ય સ્તોત્રનો સમાવેશ કર્યો છે. ભગવાન રુદ્ર આ સ્તોત્રના દૃષ્ટા છે તેમ જ રાજકુમારોના ઉપદેષ્ટા પણ છે. આ રુદ્રગીત સૃષ્ટિના પ્રારંભમાં બ્રહ્માજીએ મરીચિ વગેરે પ્રજાપતિઓને આપેલ હતું તે જ સ્તોત્ર રુદ્ર ભગવાને પ્રચેતસોને આપ્યું છે.)

श्रीरुद्र उवाच – जितं त आत्मविद्धुर्यस्वस्तये स्वस्तिरस्तु मे । भवता राधसा राद्धं सर्वस्मा आत्मने नमः ॥ ३३ ॥

હે કૃપાનાથ !આપનો વિજય તો પરમ ભાગવતોના જ ઉત્કર્ષ માટે છે. આ ઉત્કર્ષથી અમારું પણ કલ્યાણ હો. આપના અજોડ પરમાનન્દ સ્વરૂપનાં દર્શન માત્રથી આનન્દપ્રાપ્તિનું કાર્ય સિદ્ધ થાય છે. સર્વના આત્મા હે ભગવન્ ! એવા

આપના સર્વાત્મક સ્વરૂપ આપને નમસ્કાર હો. (૩૩) આ બ્રહ્માંડને રચનાર કમલ આપની નાભિમાંથી પ્રકટેલ છે, પંચ તન્માત્રાઓ, પંચમહાભૂત ઈન્દ્રિયો વગેરે આપ બન્યા છો, આપ જ વાસુદેવ છો, આપને નમસ્કાર છે (૩૪) આપ શાંતસ્વરૂપ છો, કૂટસ્થ છો, સ્વયં પ્રકાશ છો, સંકર્ષણ છો, સૂક્ષ્મ પણ આપ જ છો, વળી અવિનાશી છો, અનન્ત છો, વિશ્વને બોધ આપજ આપો છો, આપ જ પ્રદ્યુમ્ન છો, આપ જ અન્તર્યામી છો. એવા આપને નમસ્કાર હો (૩૫) વળી અનિરુદ્ધ છો, ઈન્દ્રિયોના અને બુદ્ધિના પણ પ્રેરક છો. આપને વારંવાર નમસ્કાર હો. આપ પરમહંસ એટલે સૂર્ય છો, પૂર્ણ છો, વૃદ્ધિ-ક્ષયથી પર છો. એવા આપને નમઃસ્કાર હો. (૩૬) સ્વર્ગ અને મોક્ષનું દ્વાર છો, નિત્યશુદ્ધ અન્તઃકરણવાળા સંતના હૃદયમાં વસો છો, હિરણ્યવીર્ય એટલે અગ્નિસ્વરૂપ પણ આપ જ છો, યજ્ઞના હોતા, ઉદ્ગાતા, પ્રસ્તોતા અને બ્રહ્મા એમ ચાર ઋત્વિજો દ્વારા કરવામાં આવતા યજ્ઞકર્મના સાધન અને વિસ્તાર કરનાર અગ્નિદેવ સ્વરૂપ એવા આપ ભગવાનને વારંવાર નમસ્કાર છે. (૩૭) વળી नम ऊर्ज इषे त्रय्याः पतये यज्ञरेतसे । तृप्तिदाय च जीवानां नमः सर्वरसात्मने ॥ પિતૃઓના અન્નનું નામ ऊर्क् છે. હે ભગવન્ ! આપ જ પિતૃઓના અન્ન સ્વરૂપ છો એવા ऊर्जे આપને નમસ્કાર, દેવોના અન્નનું નામ इषू છે. હે ભગવન્ ! આપ જ દેવોના અન્નસ્વરૂપ છો એવા इषे यज्ञरेतसे યજ્ઞમાં વીર્યવાળા અથવા યજ્ઞમાં રતિવાળા અથવા યજ્ઞફલસ્વરૂપ, આપને નમસ્કાર, વેદત્રયીના પતિ સોમસ્વરૂપ આપને નમસ્કાર હો. આ રીતે સૂર્ય, અગ્નિ અને સોમ સ્વરૂપે ત્રણ પ્રકારે ભગવાનને નમસ્કાર કર્યા. જીવોને જલરૂપે તૃપ્તિ કરનાર, સર્વ રસસ્વરૂપ આપને નમસ્કાર છે. (૩૮) સર્વ પ્રાણીઓના એટલે સમષ્ટિના અને વ્યષ્ટિના દેહસ્વરૂપ પૃથ્વીરૂપે આપને નમસ્કાર કરીએ છીએ. ત્રણ લોકના પાલક આપને પ્રણામ કરું છું. મનના સામર્થ્ય રૂપ सहः એવા આપને પ્રણામ છે. ઈન્દ્રિયોના સામર્થ્ય રૂપ ओजः સ્વરૂપ આપને નમસ્કાર છે. દેહના સામર્થ્ય સ્વરૂપ बल સ્વરૂપ આપને નમસ્કાર છે. (૩૯) શબ્દ ગુણવાળા આકાશરૂપ આપને નમસ્કાર છે. અંદર અને બહારનો વ્યવહાર આકાશ સ્વરૂપ આપને લીધે થાય છે તેથી નમસ્કાર છે. વૈકુંઠ સ્વર્ગાદિ પુણ્યલોક સ્વરૂપે નમસ્કાર છે. (૪૦) પૂર્ણ તેજોમય સ્વરૂપ આપને નમસ્કાર છે. પ્રવૃત્તિ કર્મથી પિતૃલોક, નિવૃત્તિકર્મથી દેવલોકને આપનારા તેમ જ અધર્મના ફલરૂપ દુઃખ આપનારા મૃત્યુલોક દેનાર આપને નમસ્કાર છે. (૪૧) હે કૃપાનાથ !આપ જ સર્વ કર્મના ફળને આપો છો, આપ જ સર્વજ્ઞ છો, મંત્રસ્વરૂપછો, પરમ ધર્મ સ્વરૂપ છો, અખંડ જ્ઞાનવાળા છો, પુરાણપુરુષ છો, સાંખ્ય યોગના સ્વામી કૃષ્ણ સ્વરૂપ છો, એવા આપને પુનઃ પુનઃ નમસ્કાર કરું છું. (૪૨) સદ્રૂપે આપ આ ગોલક, ઈન્દ્રિયો અને એના દેવતાઓને ઉત્પન્ન કરનારા આપને નમસ્કાર છે. વળી જ્ઞાનરૂપ અને ક્રિયારૂપ પણ આપને પ્રણામ છે. પરા,પશ્યન્તી,મધ્યમા અને વૈખરી નામની વાચો विभूतये ચાર પ્રકારની વાણીના વિભૂતિરૂપે આપને નમસ્કાર છે. (૪૩) मीढुषे એટલે રુદ્રસ્વરૂપે આપને નમસ્કાર છે. ભક્તોને આપનું સ્વરૂપ અત્યંત પ્રિય લાગે છે, દિવ્ય ગુણોથી સર્વ ઈન્દ્રિયોને આપ પ્રસન્ન કરો છો, માટે ભગવદીયોએ સેવેલા વહાલા આપના સ્વરૂપનું દર્શન આપો. અમારી એ દર્શનની સદા લાલસા રહી છે. (૪૪) આપની મધુરાકૃતિ વર્ષાઋતુના સઘન, શ્યામમેઘ જેવી સુખ દેનારી છે, આપ સર્વ સૌન્દર્યના નિધિ છો, સાર છો, આપ આજાનબાહુ ચાર ભુજાવાળા છો, આપનાં સર્વ અવયવ મનોહર છે. આપનું મનોહર મુખકમલ છે. (૪૫) કમલની પાંખડીથી સુંદર આપની આંખો છે. ઘાટીલી નાસિકા અને મનોહર ભ્રૂકુટિવાળાછો. મનમોહન આપની મનમોહક દંતપંક્તિ છે. સુંદર કપોલ અને સુમનોહર કર્ણથી શોભી રહ્યા છો. (૪૬) પ્રેમભર્યા મુક્ત હાસ્યયુક્ત, તીરછી નજરે અવલોકન અને વાંકડિયાવાળથી શોભતા મુખની શોભા શી રીતે કહેવી ? કમલના કેશર જેવા પીત વર્ણથી શોભતા રેશમી પીતાંબર અને ઝળહળતાં રત્નકુંડલ ઝાકમઝોળ મુકુટ, ઝળહળતાં કંકણ, રત્નના હાર, સુવર્ણનાં નૂપુર, રતનજડિત સુવર્ણમેખલા, શંખ, ચક્ર, ગદા, પદ્મ નામનાં ચાર આયુધ, વક્ષઃસ્થળની વનમાલા, મહામૂલા મણિઓથી અત્યંત સમૃદ્ધ સ્વરૂપ હૃદયને હરી લે છે. (૪૭-૪૮) સિંહના જેવી માંસલ એવી આપની બે કાંધ ઉપર ઓપતા રત્નના હાર, બન્ને કેયૂર, રત્નનાં કુંડલ અને કંઠમાં બિરાજતા કૌસ્તુભમણિથી શોભતી ગ્રીવા કોના ચિત્તને ન ચોરી લે ? હે સૌન્દર્યનિધાન ! શ્યામવર્ણા વક્ષઃસ્થલ ઉપર વસેલા

શ્રીવત્સચિહ્નથી ઓપતાં અવિચલ લક્ષ્મીજીની શોભા તો કસોટીના પથ્થર ઉપર પડેલી સુવર્ણરેખાની શોભાને શરમાવી દે છે. (૪૯) પીપળાના પાન જેવું પાતળું પેટ અને તેના ઉપરની શ્વાસોચ્છ્વાસથી શોભતી ત્રિવલ્લી તો ઓર મનોહર લાગે છે. જલની ઘૂમરી જેવી ઊંડી અને વતુલ આપની નાભિ તો જાણે સારાય બ્રહ્માંડને એના ઊંડાણમાં શમાવી દે તેવી સુંદર લાગે છે. (૫૦) શ્યામવર્ણી કેડ ઉપર ધારણ કરેલ પીતાંબર ઉપરની સુવર્ણની મેખલા મનને મુગ્ધ કરે છે. આપનાં શ્રીચરણ સુંદર અને સુડોળ છે. પાદપદ્મની પિંડીઓ અને સાથળથી નમેલા બન્ને ગોઠણ તો દૃષ્ટિને આનંદનાં દાન કરે છે. હે કૃપાસિંધુ ! આપના આ દિવ્ય સ્વરૂપનાં દર્શન આપો. (૫૧)

હે ભગવન્ ! આપનાં ચરણારવિન્દ શરદ ઋતુના વિકસેલ કમળના જેવાં રમણીય છે. ચરણકમલ ઉપરના નખની કાંતિ તો ચરણે પ્રણામ કરતાં જીવ માત્રના અજ્ઞાનનું નિવારણ કરે છે. વળી ભક્તોના ભયનું નિવારણ કરે છે એવા સુમંગલ ચરણનાં અમને દર્શન આપો. (૫૨) હે નાથ ! બંધુજનોના સાચા માર્ગદર્શક આપ જ સદ્‌ગુરુ છો. ભગવન્ ! ચિત્તવૃત્તિને શુદ્ધ કરવા ચાહતા સાધકે આપના જ સ્વરૂપનું ધ્યાન કરવું જોઈએ. કારણ કે પોતાના ધર્મમાં રહીને અભય મેળવવું હશે તો તે કેવલ ભક્તિયોગ દ્વારા જ શક્ય છે. (૫૩) સ્વર્ગનું રાજ્ય ભોગવનાર ઇન્દ્રને કે અત્યંત વિરક્ત આત્મજ્ઞાનીઓને પણ કેવલ ભગવાન શ્રી પુરુષોત્તમ જ મેળવવાના છે. સર્વ દેહીઓથી દુર્લભ મનાતા આપ માત્ર ભક્તિયોગથી જ સુલભ મનાઓ છો. (૫૪) સમર્થ સંતોથી પણ ન સંપાદન કરી શકાય એવી અનન્ય ભક્તિથી, દુરારાધ્ય ભગવાનની અનન્ય ભાવે સેવા કરીને મેળવેલા ભગવાન પાસે ભગવચ્ચરણકમલની સેવા વિના અન્ય કોઈ પણ વસ્તુ મેળવવાની ઈચ્છા કરે તો એના જેવો જગતમાં કોઈ દુર્મતિ જન નહીં હોય. (૫૫) સર્વથી વધુ ભયંકર મનાતો કાલ એક ક્ષણમાં પોતાના પ્રભાવ અને પરાક્રમથી ફરકતી ભ્રૂકુટિવાળો આ સમગ્ર વિશ્વનો વિનાશ સર્જે તેવો સમર્થ છતાં આપના ચરણની શરણાગતિ સ્વીકારનાર જન ઉપર સામર્થ્ય ધરાવતો નથી. (૫૬)

સત્સંગનું મૂલ્યાંકન

શ્રીરુદ્રગીતનું ગાન કરતા ભગવાન શકંર બોલ્યા, અરે રાજકુમારો !

क्षणार्धेनापि तुलये न स्वर्गं नापुनर्भवम् । भगवत्सङ्गिसङ्गस्य मर्त्यनां किमुताशिषः ॥ ५७ ॥

ભગવાનનો અનન્ય ભક્ત, ભગવદીય જનોના અડધા ક્ષણના પણ મળતા સત્સંગની સ્વર્ગ સાથે કે મુક્તિ સાથે સરખામણી કરતા નથી હો તો તો પછી આ મૃત્યુલોકનાં મામૂલી સુખસાધનોની સાથે તુલના કરવાની તો વાત જ શી કરવી ? (૫૭)

अथानघ्रांऽघ्रेस्तव कीर्तितीर्थयोरन्तर्बहिःस्नानविधूतपाप्मनाम् । भूतेष्वनुक्रोशसुसत्त्वशालिनां स्यात्सङ्गमोऽनुग्रह एष नस्तव ॥५८॥

ભગવાન શંકર આગળ વધીને બોલ્યા કે મહારાજ ! આપનો અનુગ્રહ એક જ સદા અમારા ઉપર રહો, કે જે પ્રભુના અનન્ય ભક્તો, આપશ્રીના ગંગાજી વગેરે આપના ચરણતીર્થમાં સ્નાન કરી દેહાદિથી પવિત્ર થયેલા છે, અને આપના ચરિત્રતીર્થ એટલે આપશ્રીની હરિકથાનાં પાન કરી જેમનાં અન્તઃકરણાદિ પવિત્ર થયાં છે તેવા તેમ જ પ્રાણી માત્રમાં નિત્ય દયા ધરાવતા ભગવદીય જનોનો સદા સમાગમ, મળ્યા કરે એ જ કેવલ तवानुग्रह આપની કૃપાથી બની રહો. (૫૮) જે સાધકનું ચિત્ત ભક્તિયોગથી અનુગ્રહીત અને વિશુદ્ધ થઈ ગયેલ હોઈને ભવાટવીના સુખમાં ભટકતું નથી કે અજ્ઞાન ગુફામાં અટવાતું નથી તેવા જ ભક્તજનો સરલતાથી આપનાં દર્શન પામે છે. (૫૯) જે સ્વરૂપે આ સમસ્ત જગત દેખાય છે તેમ જ અખિલ બ્રહ્માંડમાં જે સ્વરૂપ દેખાય છે, તે સ્વરૂપ, સર્વત્ર વ્યાપક સ્વયંપ્રકાશ ભગવાનનું જ સ્વરૂપ છે. (૬૦) નાથ ! આપની માયાને અનેક રૂપો લેતાં આવડે છે. આપની આ માયા નામની શક્તિ, ઉત્પત્તિ, રક્ષા અને સંહાર કરે છે. આપની આ માયાથી મોહ પામેલાને આપના વિના અન્ય પદાર્થો જે સત્ય જેવા લાગે છે તે માયાનો પ્રભાવ છે. આવી માયાનો પ્રભાવ આપના ઉપર નથી. આપ સ્વતંત્ર છો. (૬૧) બધા આપને નિરાકાર જાણે છે તેનો અર્થ છે કે પંચભૂતોનું બનેલ આપનું સ્વરૂપ નથી. આપનું સ્વરૂપ તો આનંદ માત્ર છે. એનો જ આકાર છે. કેવલ

ભગવદીય યોગીજનો જ આ સ્વરૂપને સમજી શકે છે. યોગીજનો આપના એ સ્વરૂપને શ્રદ્ધાપૂર્વક સેવે છે કારણ કે તેઓ વેદ અને શાસ્ત્રોના મર્મજ્ઞ છે. (૬૨) આપ અદ્વિતીય છો એટલે એક જ છો, આદિપુરુષ છો, આપની માયા નામની શક્તિ સૃષ્ટિના પ્રારંભમાં સૂતેલી હોય છે. સૃષ્ટિ રચવાની ઈચ્છા થાય ત્યારે તે જાગૃત બનીને સત્ત્વ, રજ અને તમ એવા ત્રણ ભેદ પાડે છે. ત્યારબાદ તે ત્રણ પ્રકારના અહંકારમાંથી, ઈન્દ્રાદિ દેવો ઋષિઓ અને ભૂતાદિની રચના કરે છે. (૬૩) (૧) 'ઓર'માંથી ઉત્પન્ન થનારા જરાયુજો, (૨) ઈંડામાંથી પ્રકટ થનારા અંડ પક્ષીઓ, (૩) પરસેવામાં પેદા થનાર માંકડ-મચ્છર વગેરે સ્વેદજ, (૪) જમીન ભેદીને ઉપર આવતાં ઝાડ વગેરે ઉદ્ભિધજ્જ આવા ચાર પ્રકારનું જગત આપે જ રચ્યું છે અને એમાં આપ જ પ્રવેશો છો. જેમ મધમાખીઓ પોતાના રચેલા મધપૂડામાં મધનો સ્વાદ લે છે તેવી રીતે આપનો અંશ આ પુર એટલે શરીર નગરમાં રહીને ઈન્દ્રિયો દ્વારા એ વિષયોને ભોગવે છે. આપના આ અંશને પુરુષ કે જીવ એવી સંજ્ઞા અપાય છે. (૬૪) આપ જ પ્રચંડ કાળસ્વરૂપ છો. જેમ પ્રચંડ પવન વાદળાંને ધક્કા લગાવી ચલિત બનાવી ખેંચી જાય છે તેમ આપ કાલ સ્વરૂપે સર્વ ખેંચી જાઓ છો. આપના આ કાળસ્વરૂપનું અનુમાન કરવું એ પણ કઠિન છે. (૬૫)

પ્રમાદી જીવ કોણ ?

प्रमत्तमुच्चैरितिकृत्यचिन्तया प्रवृद्धलोभं विषयेषु लालसम्। त्वमप्रभत्तः सहसाभिपद्यसे क्षुक्लेलिहानोऽहिरिवाखुमन्तकः।।६६

પ્રપંચનાં અનેક કાર્યોની પરંપરાઓને આચરવામાં પરોવાયેલ જીવ "આ કર્યું,આ કરીશ એવી ચિન્તા"ની નાગચૂડમાં સપડાયેલો અને લોભ અને વિષયલાલસાથી જકડાયેલો આ જીવ અત્યંત બેદરકાર છે જ્યારે આપ કાળસ્વરૂપે સદાય જાગૃત છો. જેમ અસાવધાન ઉંદરને સાવધાન સર્પ ગળી જાય છે તેમ જ આ પ્રમાદી જીવનો કાળ કોળિયો કરી જાય છે. (૬૬) દયારામભાઈ કહે છે કે,

પરવારી સહુ કાર્યથી કોઈ મૃત્યુ ન પામ્યો જંતઃ આ કીધું છે આ કરવું છે એમ કરતાં આવશે અંત;
અંત આવશે; હરિ ક્યારે ગાશે ? ચેત ચેત નહીં તો પસ્તાશે મૃત્યુ ન આવે કાનમાં કહીને, જાશે અંધારું ઓચિંતુ થઈને;
સેવો શ્રીકૃષ્ણ કૃપાલ.

નાથ ! એવો કયો સુજ્ઞપુરુષ હશે કે આપનો અનાદર કરે ? અને આપનાં ચરણકમલોને વીસરી જાય ? અરે કાલરૂપ ભગવાનના ભયથી ભયભીત થતા બ્રહ્માજી અને ચૌદ મનુઓ, કાલ ઉપર વિજય મેળવવાનો અન્ય વિચાર ત્યજી, આપના જ ચરણની શ્રદ્ધાથી સેવા કરે છે. (૬૭) હે બ્રહ્મન્ ! આ સમસ્ત જગત રુદ્ર એટલે ભયંકર સ્વરૂપ આ કાળના ભયથી ફફડે છે. આવી સ્થિતિનું ભાન ધરાવતા અમારે માટે તો આપ એક જ અભય સ્વરૂપ હોવાથી અમારે કેવલ આપનો જ આશ્રય છે. (૬૮) આ પ્રમાણે રુદ્રગીતનો ઉપદેશ આપતા ભગવાન શંકરજીએ કહ્યું કે હે રાજકુમારો ! આપ એકાન્તમાં પવિત્રતાપૂર્વક રહી, ભગવાનમાં મન રાખી, સ્વધર્મનું પાલન કરો, તેમ જ આ સ્તોત્રનો જપ કરો. એમ કરવાથી ભગવાન અવશ્ય કલ્યાણ જ કરશે. (૬૯) આ "યોગાદેશ" નામનું સ્તોત્ર છે. મનનપૂર્વક એનો પાઠ કરો, જપ કરો. મુનિ જેવા નિયમોનું પાલન કરો. ચિત્તને સાવધાન રાખો. એકાગ્રતાપૂર્વક આ સ્તોત્રનો અભ્યાસ કરો. (૭૧) બ્રહ્માજીને જ્યારે સૃષ્ટિ રચવાની ઈચ્છા થઈ ત્યારે ભૃગુ વગેરે પ્રજાપતિઓને આ સ્તોત્ર આપ્યું હતું. (૭૨) પછી ભૃગુ વગેરે પ્રજાપતિઓને સૃષ્ટિ રચવાની વાંછા થતાં ધ્યાનપૂર્વક આ સ્તોત્રનો જ અભ્યાસ કરી અજ્ઞાનને નિવારી સૃષ્ટિની રચના કરી હતી. (૭૩) આજે પણ જે ભગવદીય જનો એકાગ્ર ચિત્તે સર્વથા સાવધાન રહી આ સ્તોત્રનો જપ કરશે એનું કલ્યાણ થશે જ. (૭૪) આ વિશ્વનાં કલ્યાણ કરનારાં સાધનોમાં આ સર્વોત્તમ સાધન છે. માનવને જ્ઞાનનાવ મળી જાય તો સરલતાથી ભવપાર તરી જવાય છે. આ સ્તોત્ર જ્ઞાન નામની નાવ છે, (૭૫) કોઈ પણ ભક્તજન ભક્તહૃદયથી શ્રદ્ધાપૂર્વક આ સ્તોત્રનો પાઠ કરશે તે ભક્તજન અત્યંત સરલતાથી શ્રીહરિની કૃપા સંપાદન કરશે. (૭૬) સર્વ કલ્યાણનાં સાધનોમાં સાચું કલ્યાણસાધન કેવલ શ્રીહરિ જ છે. માટે મારા ગાયેલા આ રુદ્રગીતના ગાનથી અવશ્ય

ભગવાનની કૃપા મેળવાશે અને જે કાંઈ ઈચ્છા હશે તે પણ ભગવાન જ પૂર્ણ કરશે. (૭૭) પ્રાતઃકાલમાં કોઈ પણ મનુષ્ય અંજલિ જોડી શ્રદ્ધાપૂર્વક આ સ્તોત્રનું શ્રવણ કરે કે કીર્તન કરે તો કર્મબંધનો છૂટી જાય છે. (૭૮) હે રાજકુમારો ! અધિક શું કહું, પૂર્ણ પુરુષનાં આ સ્તોત્રમાં ગુણગાન છે. મેં આ સ્તોત્રનું ગાન કરેલ છે. એકાગ્રતાપૂર્વક આ સ્તોત્રનો જપ કરતાં દૃઢ તપશ્ચર્યા આચરો. આપના તપની સમાપ્તિ થતાં મનવાંછિત મળશે અને મનમોહન મળશે. બોલો ગોવર્ધન નાથની જય. (૭૯)

गीतं मयेदं नरदेवनन्दनाः परस्य पुंसः परमात्मनः स्तवम् । जपन्त एकाग्रधियस्तपो महत् चरध्वमन्ते तत आप्स्यथेप्सितम् ॥७९॥

શ્રીમદ્ ભાગવત પીયૂષના ચતુર્થસ્કંધ વિસર્ગલીલાનો ચાતુર્થ મુક્તિ પ્રકરણમાંનો રુદ્રગીતનું ગાન કરનારો ૨૪મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૨૫મો

[આ અધ્યાયમાં ૬૨ શ્લોકછે. પુરંજન કથા અહીંથી શરૂ થશે. આ અધ્યાયથી ૨૯મા અધ્યાય સુધીના પ્રસંગને "પુરંજન પંચાધ્યાયી"ના નામથી ઓળખાવી છે. શ્રીમદ્ ભાગવતમાં પાંચ પંચાધ્યાયી આવે છે. (૧) પુરંજનપંચાધ્યાયી, (૨) ભૂગોલપંચાધ્યાયી, (૩) ખગોળપંચાધ્યાયી, (૪) ધર્મપંચાધ્યાયી અને (૫) રાસપંચાધ્યાયી એવી પાંચ પંચાધ્યાયીઓ પ્રસિદ્ધ છે. સંપૂર્ણ શ્રીમદ્ભાગવતમાં ભગવાનની સર્વત્ર આધિદૈવિક લીલાઓની જ કથા છે. માત્ર આ પાંચ અધ્યાયોમાં જ અધ્યાત્મ નિરૂપણ છે. માટે શ્રીમદ્ ભાગવતમાં ક્યાંય પણ "રૂપક કથા' નથી.]

मैत्रेय उवाच – इति संदिश्य भगवान् बार्हिषदैरभिपूजितः । पश्यतां राजपुत्राणां तत्रैवान्तर्दधे हरः ॥१॥

સંતકૃપા

પૂર્વાધ્યાયમાં પ્રાચેતસચરિત વર્ણવીને શ્રી મૈત્રેયજી પુનઃ વિદુરજીને કથાપ્રસંગ વર્ણવતાં કહેવા લાગ્યા કે હે સંતપુરુષ ! ભગવાન રુદ્રજીએ રુદ્રગીત ગાયું. પ્રાચીનબર્હિષકુમાર પ્રચેતસોએ ભગવાનનાં આદરથી અર્ચન કર્યાં એટલે શિવજીએ વિદાય લીધી. (૧) શિવજીના પધાર્યા બાદ પ્રચેતસકુમારો જલાશયમાં આવ્યા. તેમાં ઊભા રહીને ભગવાને આપેલ રુદ્રગીતનો જપ કરવા લાગ્યા. આમ સ્તોત્ર જપતાં દશ હજાર વર્ષ વીતી ગયાં. (૨) નારાયણ સરોવરતીરે પ્રાચેતસો તપ કરી રહ્યા છે તેઓ પણ પાછા આવ્યા ન હતા અને રાજા પ્રાચીનબર્હિષ રાજ્ય ભોગવે છે. હે વિદુરજી ! આપ જેવા જિતેન્દ્રિય અને ભક્તજન સંસારસુખ ત્યજી શકો છો. પ્રાચીનબર્હી એટલા બધા કર્મમાં આસક્ત મનવાળા હતા કે સકામ વૃત્તિથી યજ્ઞોની પરંપરા આરંભી બેઠા હતા. અધ્યાત્મવિદ્યાના ખૂબ જ અનુરાગી કૃપાસિંધુ નારદજીના ઉરમાં દયા ઊપજી. પ્રાચીનબર્હીની સમીપે આવ્યા. રાજાને આવીને કહેવા લાગ્યા, (૩) રાજન્ ! આપ આ સકામ કર્મયજ્ઞોથી આપનું કયું કલ્યાણ વિચારી રહ્યા છો ? સંસારદુઃખનિવૃત્તિ અને ભગવત્સેવામાં અનુરક્તિ એ જ સાચું શ્રેયસ છે તે આપ જે યજ્ઞો આચરી રહ્યા છો તેનાથી મળશે એવું કદી વિચાર્યું છે ખરું ? (૪)

રાજાનું નમ્રતાથી નિવેદન

શ્રી સંતવર નારદજીના પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં પ્રાચીનબર્હિષ બોલ્યા, મહારાજ ! મહાભાગ ! મારી મતિ તો સકામ કર્મયોગમાં ડૂબેલી છે. આ વિના "પરમશ્રેયસ" શું છે એ નથી જાણતો. મને આપ નિર્મલ જ્ઞાનનો ઉપદેશ આપવાની કૃપા કરો તો હું એમાંથી છૂટીશ. (૫) સ્વાભાવિક રીતે જ સ્ત્રી, પુત્ર અને ધન વગેરેને જ પરમ શ્રેય કે પરમ સુખ માનનાર ફળની અભિલાષાવાળા જ ઘરકાર્યોમાં ડૂબેલા હોય છે. હું પણ એમાંનો એક તદ્દન અબુધ જન છું. માટે જ સંસારસુખની પરંપરામાં જ અટવાયેલો છું. હું "પરમશ્રેયસ"ને સમજ્યો નથી. આપ સમજાવવાની કૃપા કરો. (૬)

નારદજીનો ઉપદેશ પુરંજન આખ્યાન

નારદજીએ રાજામાં દૈન્ય જોયું; તેથી દયા આવી અને પ્રાચીનબર્હી રાજાનું ભક્તિનમ્ર નિવેદન શ્રી નારદજીએ સાંભળ્યું. નારદજીએ રાજામાં દૈન્ય જોયું; તેથી દયા આવી અને પ્રાચીનબર્હી રાજાનું ભક્તિનમ્ર નિવેદન શ્રી નારદજીએ સાંભળ્યું.

ધ્યાનપૂર્વક નજરે નિહાળો. એટલું બોલી પ્રાચીનબર્હિષ રાજાને નારદજીએ અલૌકિક દૃષ્ટિ આપી મારેલાં અસંખ્ય પશુઓને આંખ આગળ રજૂ કર્યાં, (૭) યજ્ઞમાં મારેલાં આ બધાં જ પશુઓ તમારા કાર્યને યાદ કરી તમારી રાહ જૂએ છે કે તમે ક્યારે દેહ ત્યજી આવી રહ્યા છો. તમારા જતાં જ ક્રોધે ભરાયેલાં તે પશુઓ, લોખંડનાં તીક્ષ્ણ શસ્ત્રોથી તમારા વધ માટે તલસી રહ્યાં છે. (૮) રાજન્ ! આપને આનો મર્મ સમજાય માટે તમારા જેવા એક રાજાની આખ્યાયિકા કહું છું તે સ્વસ્થ ચિત્તે સાંભળો. (૯) રાજન્ ! ઘણા કાળપૂર્વે પુરંજન[૧] નામના નામાંકિત એકરાજા થયા. અવિજ્ઞાત[૨] નામના તેમના એક બ્રાહ્મણ મિત્ર હતા. આ અવિજ્ઞાતને સમજી શકવા કઠિન હતા. એમની ક્રિયાઓ કોઈને દેખાતી જ ન હતી. (૧૦) આ રાજા પુરંજન વસવાટ માટે રાજનગર રચવા સ્થાન[૩] શોધી રહ્યા હતા પરંતુ તેમના ધ્યાનમાં કોઈ ભૂમિ ન આવી.[૪] પરિણામે રાજા નારાજ થઈ ગયા. (૧૧) રાજાની કામના વિવિધ પ્રકારના સુખવિલાસો ભોગવવાની હતી. પૃથ્વી ઉપર વિચરતાં વિચરતાં વિવિધ નગરોનું નિરીક્ષણ કર્યું પણ કોઈ નગરમાં મન ન માન્યું. (૧૨) આમ કરતાં એક દિવસ વિચરતાં હિમાલયની[૫] દક્ષિણ[૬] દિશાની બાજુનાં શિખરો ઉપર વિચરતાં ભરતખંડની કર્મભૂમિમાં નવ દ્વારવાળી[૭] એક નિર્દોષ નગરી નજરે પડી. (૧૩)

ત્રણ શ્લોકમાં દેહનગરની ઓળખાણ

આ નવ દરવાજાવાળા નગરને **प्राकर**[૮] -કિલ્લાના કોટ, **उपवन**[૯] -ઉદ્યાન-બગીચા, **अट्टाल**[૧૦] -અટારીઓ, અગાશીઓ, **परिखा**[૧૧] -નગરને ફરતી ખાઈઓ, **अक्ष**[૧૨] --ગોખ, **तोरण**[૧૩] -દરવાજા વગેરેથી નગરી અત્યંત રમણીય લાગતી હતી. સુવર્ણ, લોહ, ચાંદીનાં શિખરોવાળાં વિશાળ ખીચોખીચ મકાનોથી ભરપૂર આ નગરી હતી. (૧૪) નીલમ, સ્ફટિક, વૈડૂર્ય, મરકત, મોતી-માણેકથી ભવનોનાં ભોંયતળિયાં[૧૪], મેડા, મથાળાં, જમીન અને દિવાલો વગેરે બનાવવામાં આવ્યાં હતાં. (૧૫) જાણે નાગલોકની ભોગવતી નામની રાજધાની જેવી આ પુરી શોભતી હતી. આ નગરીમાં સભાભવનો, ચોક, રાજમાર્ગ, રમતગમતનાં સ્થાનો, બજારો, વિશ્રામસ્થાનો, ધજા, પતાકા અને પારેવાં માટેની પરબડીઓ વગેરે ઉત્તમ સગવડો હતી. (૧૬) નગર બહાર એક ઉત્તમ ઉદ્યાન હતો. આ બગીચામાં ઘણાં સારાં વૃક્ષો અને વેલીઓ પણ રોપવામાં આવ્યાં હતાં. જલભરપૂર સરોવરમાં પંખીડાંનાં કિલકિલાટ અને ભમરોનાં ગુંજન ચિત્ત ચોરી રહ્યાં હતાં. (૧૭) ફૂલવાડી ઉપરથી પસાર થતો અને શીતલ જલના પ્રવાહોમાંથી નાનાં નાનાં જલબિંદુઓને વહાવતો પવન પણ સુખ દેતો હતો. નાનાં મોટાં જલાશયોના તીરે ઊગેલાં તરુવરોની શાખાઓ અને પાન ડોલતાં સૌને ગમી જતાં હતાં. (૧૮) આ વન અને ઉપવનનું પ્રત્યેક પ્રાણી અહિંસાના વ્રતવાળું હતું ક્યાંય કોઈને કનડગત હતી જ નહીં. વૃક્ષોની ડાળે ઝૂલતી કોકિલા, કૂજન કરી કરીને જાણે વટેમાગુઓને આમંત્રણ આપતી હોય એમ જ લાગતું. (૧૯)

પુરંજનીદર્શન

આવા રમ્ય નગરમાં પ્રવેશતાં જ વિચરવા આવેલી એક રમણીય નારી અકસ્માત[૧૫] -દૈવેચ્છાથી નજરે પડી. એની સાથે દશ[૧૬] તો એના નોકરો હતા. વળી એક એક નોકરને સો સો[૧૭] તો સેવિકાઓ હતી. (૨૦) આ નમણી નારી સાથે એક પાંચ મસ્તકવાળો[૧૮] નાગ હતો. આ નાગ નગરી અને નારીની ચોકી ભરતો- રક્ષા કરતો હતો. આમ તેમ વિહાર કરતી

---

૧ **पुर** એટલે દેહ અને **जन** એટલે ઉત્પન્ન કરનારનું નામ છે જીવ. તે જીવને પુરંજન કહેવામાં આવેલ છે. આ જીવાત્મા જેવાં કર્મ કરે તેવાં પશુ, પક્ષી, ગન્ધર્વ, કિન્નર, દેવ, મનુષ્ય આદિ શરીરોને પામે છે. ૨. **अविज्ञात** શ્રીકૃષ્ણ ભગવાનનું નામ છે. શ્રુતિ-સ્મૃતિનાં જ્ઞાનથી પણ સમજી ન શકાય તેમજ પ્રાણી માત્ર ઉપર કૃપા કરે તો પણ ખબર ન પડે એવા ભગવાન છે. ૩. જીવાત્માને રહેવા માટેનું શરીર ૪. પશુ, પક્ષી વગેરેનાં શરીરો સુખકર ન લાગ્યાં. તેમાં પરોપકાર તેમજ સેવાની સગવડ ન હતી. ૫. ઉત્તર દિશા જ્ઞાન અને મોક્ષની દિશા છે. ૬. દક્ષિણ દિશા એટલે કર્મભૂમિ ૭. નવ દ્વાર એટલે બે નેત્ર; બે કર્ણ; મુખ, બે નાસિકા મલમૂત્રનાં બે દ્વાર મળી કુલ નવ દ્વાર થયાં. ૮. **प्राकार**-શરીર ઉપરની ચામડી. ૯. **उपवन**-સંસારના વિષયો. ૧૦. **अट्टाल**-મુખનો ભાગ. ૧૧. **परिखा**-સત્વ વગેરે ગુણો, ૧૨. **अक्ष**-રોમનાં છિદ્રો, ૧૩. **तोरण**-નેત્ર વગેરે દરવાજા. ૧૪. ભોંયતળિયાવાળી એટલે હૃદય. ૧૫. જીવ બુદ્ધિનો સંબંધ શા કારણથી થયો તેનું નિરૂપણ નથી થઈ શકતું; તેથી અકસ્માત્ શબ્દ વાપર્યો છે. એને ભગવદિચ્છા જ કારણ માન્યું છે. ૧૬ દશ નોકરો એ દશ ઈન્દ્રિયો. ૧૭. સો સો સેવિકાઓ એટલે અનંત વૃત્તિઓ, ૧૮. પાંચ મસ્તકવાળો નાગ એ પાંચ પ્રકારનો પ્રાણ હતો.

આ સુંદરી પોતાના સાનુકૂળ સ્વભાવના સુંદર વરની શોધમાં હોય એમ લાગ્યું. (૨૧) એણે પીળી પાંવરી પહેરી હતી. બે કાન, દંતપંક્તિ, બન્ને કપોલ, મુખ અને કટિપૃષ્ઠભાગે સુવર્ણની મેખલા હતી. મેઘશ્યામ[1] એની કાંતિ હતી. મનોહર નૂપુરનો નાદ કરતી આ નારી પોતાની ચાલથી સાક્ષાત્ દેવાંગના સમી લાગતી હતી. (૨૩) ગજગામિની એ બાલા કિશોર વયની ખાત્રી કરાવતા વર્તુલ, સરખા અને સઘન વક્ષઃસ્થળને વારંવાર વસ્ત્રના અંચલથી આવૃત કરી લજ્જાના શૃંગારને દીપાવતી હતી. (૨૪) ચંચલ અનુરાગ ભરી ભ્રૂકુટિ અને સ્નેહભરી પણ તિરછી નજરથી લજ્જામય નિરીક્ષણ કરતી પુરંજનીએ પુરંજનને ઘાયલ કરી દેતાં સુકોમલ નારીને સુમધુર[2] વાણીથી પુરંજને પ્રશ્ન કર્યો (૨૫) કે હે કમલલોચને ! કહો તમે કોણ છો, કોનાં શ્રીમતી છો, આ સ્થાને કેમ પધાર્યાં છો ? આ નગરી સમીપના ઉદ્યાનમાં આપ શું કરવા ચાહો છો ? (૨૬) હે સુલોચને, હે તરુણી ! આપની સાથે અગિયાર આ બૃહદ્બલ[3] મહાવીર અને દશ સૈનિકો કોણ છે ? આપની સખીઓની આગળ ચાલતો આ પંચમસ્તક નાગ કોણ છે ? (૨૭)

પુરંજનની પાગલતા

હે સન્નારી ! આ એકાન્ત વનમાં પાતિવ્રત્યધર્મને શોધવા નીકળેલાં સાક્ષાત્ ધર્મદેવનાં પત્ની શ્રી લજ્જાદેવી તો નથી ને ? અથવા ઉમા, રમા કે બ્રહ્માણી છો ? વનમાં વસતા મુનિવરો જેમ ભગવાનને શોધે તેમ શું આપ પતિદેવની શોધમાં તો નથી આવ્યાં ને ? તમે જે પતિદેવની ચરણકામના કરતાં હશો તે તમારી કામનાથી જ પૂર્ણકામ બની જશે. અરે સન્નારી ! જો તમે સાચે જ લક્ષ્મીજી હો તો તમારા કરકમલમાં કમલ કેમ નથી ? શું તે રસ્તામાં પડી ગયું હશે ? (૨૮) હે દિવ્યાંગને ! ઉપર દર્શાવેલી દેવાંગનાઓમાંથી કોઈ પણ જો આપ હો તો તમારો ચરણ વસુંધરા ઉપર ફરે નહીં. તો તો તમે અન્તરિક્ષમાં જ ચાલતાં હો. ખેર ! તમે જે કોઈ હો પણ મારી તો વિજ્ઞપ્તિ છે કે જેમ રમાદેવી રમાનાથ સાથે વૈકુંઠમાં વિરાજી વૈકુંઠને શોભાવે છે તેમ મને આપ વરો. હું વીરવર અને પરાક્રમી પુરુષ છું. આ નગરમાં મારી સાથે નિવાસ કરો અને નગરીને શોભાવો ! (૨૯) હે શોભને ! તમારાં કટાક્ષોથી મારી સ્વસ્થતા ચાલી ગઈ છે. તમારા લજ્જાળુ અને હાસ્યભર્યા કટાક્ષપૂર્વકના આ અવલોકને તો કામદેવે મારા ઉપર આક્રમણ કર્યું છે. મને તેણે ઘાયલ કર્યો. હે સન્નારી ! હવે મને ન સતાવો, પણ મારા ઉપર દયા લાવો. (૩૦) હે મધુરહાસિની ! હે મનોહર નયને ! હે શોભને ! આપનાં સુંદર ભ્રમર અને ચિત્તચોર નયનથી મનોહર લાગતા મુખકમલ ઉપર પથરાયેલી આ લાંબી કાળી અને વાંકી અલકાવલી મને પુલકિત કરે છે. તમારા વદનકમલમાંથી નીકળતી વાક્ધારા તો મધુર અમૃતધારા છે. અરે આટલી બધી અવકૃપા શાને ? તમારા લજ્જાશીલ સ્વભાવથી મુખકમલ જરાક મારા તરફ ફેરવો કે જેથી મન ભરાય તેમ જ મુખકમલની મને ઝાંખી તો થાય ! (૩૧) શ્રી નારદજીએ કહ્યું, રાજન્ પ્રાચીનબર્હિષ ! આમ અતિશય અધીર અને આતુર પુરંજનની કામવશ વાણીથી મુગ્ધ બનેલી પુરંજની મધુર હાસ્યથી પુરંજનને સન્માન દેતી બોલવા લાગી. (૩૨)

પુરંજનીની સ્વીકૃતિ

હે નરવર ! શાને આમ અધીર બન્યા છો ? જે પરમેશ્વરે આપણ બન્નેને ઉત્પન્ન કર્યાં, નામ આપ્યાં, તેમ જ વંશ રચ્યો તે કોણ હશે તેની મને તો પૂરી ખબર નથી. (૩૩) માત્ર એટલું જ જાણું છું કે હું આ સ્થાનમાં વિચરી રહી છું, આ સિવાય કાંઈ ઝાઝું જાણતી નથી. મને લાગે છે કે આ રમ્ય પુરી પણ આપણે માટે જ રચી છે પણ તેનો રચનાર કોણ તેની પણ જાણ નથી. (૩૪) હે સજ્જન ! આપે મને પૂછ્યું કે આ સાથેનો વર્ગ કોણ છે, તો સાંભળો. આ વીર સૈનિકો મારા સખાઓ છે અને આ નારીઓ મારી સખીઓ છે. જ્યારે હું રાતના નિદ્રામાં હોઉં છું ત્યારે આ "પંચમસ્તક" નાગ મારી રક્ષા કરે છે (૩૫) હે શત્રુતાપન રાજન્ ! ઘણા જ આનંદની વાત છે કે આપ અહીં પધાર્યા છો. આપનું ભલું થાઓ ! આપ જે ભૌતિક ભોગો ભોગવવા વાંછા સેવો છો તે તે મારા સર્વ સેવકો સાથે હું આપને આપીશ. (૩૬) નવ દ્વારવાળી

---

૧. મેઘશ્યામવર્ણ બુદ્ધિનો વર્ણવ્યો છે. ૨. કારણ કે મન-બુદ્ધિ અન્નમાંથી બને છે અને અન્નનો વર્ણ શ્યામ કહ્યો છે. પુરંજની અને પુરંજનની મધુર વાણીનો વાર્તાલાપ એ જીવબુદ્ધિનો ગાઢ સંબંધ છે. ૩. બૃહદ્બલ એટલે મન.

આ નગરીમાં આપ મારી સાથે નિવાસ કરો. આ નગરમાં સો વર્ષ[૧] સુધી મારાથી બનતાં બધાં જ સુખો આપને સંપૂર્ણ રીતે સમર્પીશ. (૩૭)

ગૃહસ્થાશ્રમની યશોગાથા

હે નરમણિ ! જે રતિરસ[૨] જાણતો નથી, કામકલાકોવિદ નથી, પરલોક[૩] પ્રાપ્તિનાં સાધનોને આચરતો નથી, આવતી કાલની નિર્વાહની ચિંતા વિનાનો છે, વિવેક વગરનો પશુ[૪] જેવો છે, એને એ ખ્યાલ નથી કે આ ગૃહસ્થાશ્રમથી તો ધર્મ, અર્થ, કામ, મોક્ષ, પુત્રપરિવાર, આનંદ, અમૃત એટલે મોક્ષ, વિશુદ્ધ યશ અને શોકરહિત સ્વર્ગાદિ લોકોની પ્રાપ્તિ થાય છે. પરંતુ મોક્ષ નામની માત્ર માળા જપનારા સંન્યાસી જન[૫] શું સમજે ? એવા શુષ્ક સંન્યાસી જનને કોણ વરે ? (૩૯) હે મહારાજ ! મહાત્માઓનું તો માર્ગદર્શન છે કે આ ગૃહસ્થાશ્રમ તો દેવ, મનુષ્ય, ઋષિ, પિતૃજન અને અન્ય પ્રાણી માત્રનો તેમજ મનુષ્યના પોતાના કલ્યાણનો આશ્રય છે. (૪૦) હે નરવીર ! આપ ખ્યાતનામ છો, ઉદાર છો, જો મારા સ્વામી થતા હો તો મારું તો પરમ સૌભાગ્ય છે. આપ તો સ્વયં મને પ્રાપ્ત થાઓ છો તો મારા જેવી સ્ત્રી આપના જેવા પુરુષને ત્યજી અન્યને વરે ખરી ? (૪૧) હે મહાબાહુ ! સર્પના સુડોળ દેહ જેવા સુઘટ્ટ અને સુડોળ બન્ને બાહુપાશમાં લપટાવાનું કઈ સન્નારીને મન ન થાય ? મને તો લાગે છે કે આપ દયાળુ આ ભૂમિ ઉપર અનાથ જનની ઓથ થવા અને તેના મનની ચિંતા હરવા જ ખરેખર મધુર સ્મિત અને અવલોકન કરતા વિચરી રહ્યા છે. આમ બોલી પુરંજની પુરંજનને વરી. (૪૨)

નારદજીનાં વચનામૃત

પુરંજન પુરંજનીનાં પાગલ વચનોનું વર્ણન કરતા નારદજી પ્રસંગને આગળ ચલાવતાં બોલ્યા કે રાજન્ ! પ્રાચીનબર્હિષ ! આ પુરંજન પુરંજનીએ એકબીજાની વાર્તાનું અનુમોદન કરતાં નવ દ્વારવાળી નગરીમાં નિવાસ કરી સો વર્ષ સુધી માણવા[૬] નિર્ણય કર્યો. (૪૩) હવે પુરંજનની પરવશતા વધી ગઈ. રાજા પુરંજનની યશોગાથા ગાયકો ઠેકાણે ઠેકાણે ગાવા લાગ્યા. ગ્રીષ્મકાલમાં તો અનેક સ્ત્રીઓ સાથે જલધરા[૭] ઓમાં અવગાહન કરવા લાગ્યો. (૪૪)

નગરીનો પરિચય

રાજન્ ! આ નગરીમાંથી વિભિન્ન દેશોમાં જવા માટે નવ દ્વાર[૮] હતાં તેની જરા વિગત સાંભળો. આ નગરીને ઉપર સાત દ્વાર હતાં અને નીચે બે દ્વાર હતાં. જે કોઈ આ નગરમાં નિવાસ કરે તેના દેશવિદેશના પ્રવાસ માટે આ દ્વારોનો નિત્ય ઉપયોગ થતો. (૪૫) રાજન્ ! પાંચ દ્વાર[૯] પૂર્વ દિશામાં હતાં, એક દક્ષિણમાં[૧૦] એક ઉત્તરમાં[૧૧] અને બે[૧૨] પશ્ચિમમાં હતાં. આ નગરનો સાચો સ્વામી[૧૩] કોણ છે, તેની સાચી ખબર પડતી ન હતી. આ નગરીનાં નવ દ્વારનો નામ સાથે પરિચય આપીશ તેથી સમજી શકાશે. (૪૬) "ખદ્યોતા" અને "આર્વિમુખી"[૧૪] નામનાં બે દ્વાર પૂર્વ દિશામાં એક સાથે જ બનાવ્યાં હતાં. આ બન્ને દ્વારથી રાજા પુરંજન "વિભ્રાજિત"[૧૫] નામનાં દેશમાં વિહાર કરવા જાય ત્યારે તેની સાથે "દ્યુમાન"[૧૬] નામનો એક મિત્ર જતો. (૪૭) વળી "નલિની અને નાલિની"[૧૭] નામનાં બે દ્વારોથી રાજા પુરંજન જ્યારે "સૌરભ"[૧૮] દેશ તરફ વિહારે જતા ત્યારે "અવધૂત"[૧૯] નામનો એક મિત્ર તેમની સાથે રહેતો. (૪૮) હવે "મુખ્યા"[૨૦]

---

૧. સો વર્ષનું મનુષ્યનું આયુષ્ય. ૨. રતિરસ ન જાણનાર એટલે નૈષ્ટિકપ બ્રહ્મચારી. ૩. પરલોકનો વિચાર ન કરનાર કેવલ કામી કે લંપટ. ૪. પશુ જેવા એટલે મૂર્ખજન. ૫. સંન્યાસી એટલે વિષયસુખથી પર થયેલાં. ૬. સુખમાણવું એટલે જાગ્રત અવસ્થા છે ૭. જલધરા એટલે સુષુપ્ત અવસ્થા. ૮. શરીરની ઈન્દ્રિયોના નવ છિદ્રો.૯. પાંચ દ્વાર પૂર્વ દિશાનાં મુખ ઉપર રહેલી બે આંખ, બે નાકછિદ્ર અને મુખ. ૧૦. જમણો કાન, ૧૧. ડાબો કાન. ૧૨. મલ અને મૂત્ર ત્યાગનાં ગુદા અને લિંગ બે છિદ્રો. ૧૩. આ નગરનો સ્વામી આત્મા છે પણ બધા દેહને જ સ્વામી માને છે. ૧૪. ખદ્યોત અને આર્વિમુખી-ડાબા નેત્રનો પ્રકાશ ઓછો હોય માટે ખદ્યોત એટલે આગિયા જેવી આંખ અને આવિમુખી એટલે ઝીણી આંખ કે જેની પ્રકાશ શક્તિ વધુ છે. ડાબાનો સ્વામી ચન્દ્ર અને જમણાનો સ્વામી સૂર્યછે. ૧૫. વિભ્રાજિત એટલે ચક્ષુથી દેખાતો રૂપ દેશ-રૂપી પદાર્થો. ૧૬ ચક્ષુ નામની ઈન્દ્રિય, ૧૭. નલિની ડાબું નાકનું છિદ્ર અને નાલિની જમણું છિદ્ર, ૧૮. સૌરભ દેશ એટલે સુગંધવાળા પદાર્થો, ગંધ નામનો વિષય, ૧૯. અવધૂત ઘ્રાણ નામની ઈન્દ્રિય, ૨૦. મુખ્યા મુખનું નામ છે, બધી જ ઈન્દ્રિયોનું પોષણ મુખથી થાય છે માટે જ તેનું નામ મુખ્યા છે,

નામના પૂર્વ દિશાના પાંચમા મુખ્ય દ્વારથી પુરંજન રાજા પ્રવાસ ખેડતા ત્યારે દ્વારથી નીકળતાં જ બે મોટા ધોરી માર્ગ નજરે પડતા. આ બે માર્ગેથી પુરંજન "આપણ"[૧] અને "બહૂદન"[૨] નામના બે દેશની યાત્રા કરતા આ સમયે "વિપણ[૩] અને રસજ્ઞ"[૪] નામના બે મિત્રો સાથે જ રહેતા. (૪૯) હે રાજન્ ! હવે પુરંજન જ્યારે દક્ષિણ દિશામાં વિહારે જતા ત્યારે ત્યાં "પિતૃહૂ"[૫] નામનું દ્વાર હતું. ત્યાંથી "દક્ષિણ[૬] પંચાલ" નામનો દેશ આવતો. અને ઉત્તર દિશા તરફ પ્રવાસ આદરતા ત્યારે "દેવહૂ"[૭] નામના દરવાજાથી જવાતું. આ રસ્તે જ "ઉત્તર[૮] પાંચાલ" દેશ આવતો. આ બન્ને દેશોની સહેલગાહમાં "શ્રુતિધર"[૯] નામનો મિત્ર સાથે રહેતો . (૫૦) જ્યારે રાજા પુરંજન "પશ્ચિમ[૧૦] દિશા તરફ પ્રયાણ કરતા ત્યારે 'આસુરી'[૧૧] નામના દ્વારથી જવાતું. આ દ્વારેથી રાજા પુરંજન "ગ્રામક"[૧૨] નામના દેશમાં જતો હતો. આ યાત્રામાં "દુર્મદ"[૧૩] નામનો મિત્ર સાથે રહેતો. (૫૧) પશ્ચિમ દિશામાં[૧૦] એક "નિર્ઋતિ"[૧૪] નામનું પણ દ્વાર હતું. આ દ્વારેથી પુરંજન "વૈશસ"[૧૫] નામના દેશમાં પ્રયાણ કરતો ત્યારે "લુબ્ધક"[૧૬] નામનો મિત્ર સાથે રહેતો. (૫૩) આ નગરનાં નાગર જનોમાં એક નિર્વાક[૧૭] અને બીજો પેશસ્કૃત[૧૮] નામના બે ચક્ષુવિહોણા નાગરિકો રહેતા હતા. પુરંજન રાજાના નાગરિકો સર્વ આંખવાળા જ હતા છતાં કેવલ આ બે અંધ નાગરિકોના-સેવકોના સહારે સર્વત્ર જતા અને સર્વ કાર્યો આચરતા... (૫૪) રાજા પુરંજન જ્યારે જ્યારે અન્તઃપુરમાં જતા ત્યારે તેની સાથે "વિષૂચીન[૧૯] નામનો મુખ્ય સેવક સાથે રહેતો. આ અન્તઃપુરમાં સ્ત્રી[૨૦] અને પુત્ર[૨૧] ને કારણે હર્ષ,[૨૨] મોહ અને પ્રસન્નતાનો અનુભવ થતો. (૫૫) રાજન્ ! આ જીવનધોરણે જીવતો રાજા પુરંજન કર્મમાં મશગૂલ બની રહેતો. કામાધીન જીવન જીવતો, સ્ત્રીની વાતોમાં જ ડૂબી જતો, ઠગાતો, જાણે "મૂર્ખ" જેવું જ જીવન જીવવા લાગ્યો. હવે તો પુરંજનીની[૨૩] રુચિને અનસુરીને જ જીવે છે. (૫૬) તે જો નૃત્ય કરે તો પોતે સાથે નૃત્ય કરે તે જો મદિરાપાન કરે તો પોતે પણ મદિરાપાન કરે, મદઘેલો બને અને જો પુરંજની ખાય તો ખાય, (૫૭) વળી તે ગાન કરે તો ગાવા બેસી જાય, હસે તો હસે, રડે તો રડે, બોલે તો બોલવા લાગે (૫૮) અને દોડે તો દોડવા લાગે, ઊભી રહેતો ઊભો રહે અને પોઢે તો પોઢી જાય, બેસે તો બેસી જાય. (૫૯) તે સૂંઘે તો સૂંઘે, કોઈ પણ વસ્તુને તે સ્પર્શે તો સ્પર્શે અને શોક કરે તો શોક કરે. આમ અત્યંત રંક બની બેઠો. શોકથી કંગાલ બની આકુલવ્યાકુલ જીવન પસાર કરે છે. જ્યારે પુરંજની હર્ષમાં હોય ત્યારે તે હર્ષમાં આવી જાય અને આનંદમાં હોય ત્યારે આનંદમાં ડૂબી જાય. (૬૦) સાચેસાચ પુરંજનીના હાથે પુરંજન જાત ખોઈ બેઠો, એના આનંદિત સ્વભાવને ગુમાવી બેઠો, સર્વથા પુરંજનીને તાબે બની ગયો. એક અબુધ જન જેવું જીવન જીવવા લાગ્યો, જાણે આંગણે ખેલવા માટે માંકડાને પાળ્યો હોય, તેની નાચવાની ઈચ્છા ન હોય તો પણ તેને નાચવું પડતું તેમ પુરંજન પુરંજનીનો ક્રીડામૃગ બની ગયો. (૬૧)

विप्रलब्धोमहिष्यैवं सर्वप्रकृतिवंचितः । नेच्छन्ननुकरोत्यजः क्लैब्यात् क्रीडामृगो यथा ।।६२।।

શ્રીમદ્ભાગવત પીયૂષના ચતુર્થસ્કંધના વિસર્ગલીલાના ચતુર્થમુક્તિ પ્રકરણમાંનો પુરંજનની પરિસ્થિતિનું વર્ણન કરતો ૨૫મો અધ્યાય સમાપ્ત.

---

૧. આપણ એટલે વાક્ઇન્દ્રિય દ્વારા બોલવું-ભાષણ-બોલવાનો વિષય, ૨. બહૂદન એટલે ખાવાનો વિષય, અન્નાદિ વિષય, ૩. વિપણ એટલે વાક્ નામની ઈન્દ્રિય, ૪. રસજ્ઞ એટલે રસ લેનારી રસના નામની ઈન્દ્રિય, ૫. પિતૃહૂ જમણો કાન. આ કાનથી સકામ કર્મનું શ્રવણ થાય છે. આ કાનથી પિતૃલોકમાં જવાય. ત્યાં પિતૃઓને બોલાવાય અને પિતૃઓ બોલાવે, ૬. દક્ષિણ પાંચાલ એટલે પિતૃલોક, ૭. દેવહૂ એટલે ડાબો કાન. આ કાને આત્મજ્ઞાન સાંભળવાનું. એ કાને સંભળાય ઓછું, સાંભળવું ગમે ઓછું, ૮. ઉત્તર પાંચાલ મોક્ષ દેશને દર્શાવતું તત્ત્વજ્ઞાન શાસ્ત્ર. ૯. શ્રુતિધર શ્રોત્ર નામની ઈન્દ્રિય, ૧૦. પશ્ચિમ દિશા એટલે શરીરનો નીચેનો ભાગ, ૧૧. આસુરી દ્વાર એટલે મૂત્ર, ત્જવાના લિંગનું છિદ્ર, ૧૨. ગ્રામક નામના દેશમાં સંસારસુખ નામના વિષયમાં, ૧૩. વિષયાતુર શિશ્ન નામની ઈન્દ્રિય, ૧૪. મળ ત્યાગના દ્વારનું નામ નિર્ઋતિ છે તેમજ મૃત્યુનું નામ પણ નિર્ઋતિ છે, ૧૫ વૈશસ એટલે મલત્યાગ નામનું કાર્ય, ૧૬ લુબ્ધક એ 'પાયુ' નામની ઈન્દ્રિય છે, ૧૭. નિર્વાક્ એટલે પગ, ૧૮. પેશસ્કૃત એટલે કારીગરી કરનારા બે હાથ, ૧૯. વિષૂચીન એટલે સર્વત્ર ભટકતું મન, ૨૦. સ્ત્રી એટલે બુદ્ધિ, ૨૧. ઈન્દ્રિયોનાં ફલ, ૨૨. સત્ત્વગુણનું પરિણામ પ્રસન્નતા, રજોગુણનું પરિણામ હર્ષ અને તમોગુણનું પરિણામ મોહ. ૨૩. બુદ્ધિની ઈચ્છાનુસાર જીવન એ છે પુરંજનીની રુચિ.

અધ્યાય ૨૬મો

[આ અધ્યાયમાં ૨૬ શ્લોક છે. પુરંજનની પ્રપંચકથાનો સંપૂર્ણ ખ્યાલ આ અધ્યાયમાં આપી રહ્યા છે.]

नारद उवाच – स एकदा महेष्वासो रथं पंचाश्वमाशुगम् । द्वीषं द्विचक्रमेकाक्षं त्रिवेणुं पंचबन्धुरम् ।।१।।

પૂર્વાધ્યાયમાં આત્માને ઉપાધિને લીધે પ્રાપ્ત થતી સુષુપ્તિ અને જાગૃત અવસ્થાનું વર્ણન કરી, હવે સ્વપ્નાવસ્થાનું વર્ણન કરતાં શ્રી નારદજી, પ્રસંગ કથાનું નિરૂપણ કરતાં હવે સ્વપ્નાવસ્થાનું આગળ વર્ણન કરવા લાગ્યા કે હે પ્રાચીન બર્હિષ રાજન્ ! એક દિવસ રાજા પુરંજન મૃગયા રમવા માટે ચાલ્યા. એના હાથમાં વિશાળ ધનુષ્ય[૧] , સુવર્ણનું બખ્તર[૨] , અખૂટ ભાથો[૩] , દશ સૈનિકો[૪] અને એક સેનાનાયક[૫] સાથે હતા. રથને પાંચ અશ્વો[૬] જોડ્યા હતા. સુવર્ણના સાજથી સજાવેલા ઉતાવળથી[૭] ચાલતા રથમાં[૮] બેસીને પંચપ્રસ્થ[૯] નામના વનમાં પ્રયાણ કર્યું. આ રથને द्वीषम्[૧૦] બે દાંડા હતા, द्विचक्रम्[૧૧] બે ચાકા, હતા, एकाक्षं[૧૨] એક ધરી હતી, त्रिवेणु[૧૩] ત્રણ ધ્વજંદંડ હતા, पंचबन्धुरम्[૧૪] પાંચ દોરીઓ હતી, (૧) एकरश्मि[૧૫] એક લગામ, एकदमनम्[૧૬] એક સારથિ, एकनीडम्[૧૭] એક બેસવાની સૂપડી, द्विकूबरम्[૧૮] બે કૂબર-જોતરાં, पंचप्रहरण्[૧૯] પાંચ આયુધ, सप्तवरूथम्[૨૦] ઢાલ વગેરે સાત આવરણ पंचविक्रमम्[૨૧] પાંચ પ્રકારની ગતિ, हैमोपस्करम्[૨૨] સુવર્ણના સાજથી સજાવ્યો હતો. મૃગયા કરવાની લાલસાવાળો રાજા પુરંજન કદી ન ત્યજવા જેવી[૨૩] પત્નીને મૂકીને બાણથી ધનુષ્યને સજ્જ કરીને મદાંધ થઈ શિકાર[૨૪] કરવા ચાલ્યો. (૨-૪) ક્રૂર અને કરુણાશૂન્ય પુરંજને શિકાર કરતાં કરતાં અનેક જંગલોમાં વિચરતાં ન મારવા જ પ્રાણીઓનો[૨૫] નાશ[૨૬] કરી નાખ્યો. (૫) કોઈવાર કોઈ કાર્ય માટે કદાચ માંસની આવશ્યકતા રહી તો શાસ્ત્રસંમત એવો જ પરિમિત શિકાર કરી શકાય પણ નિર્દય બની પશુવધ તો ન જ કરાય. આ રીતે ઉચ્છૃંખલ થઈ જતા રાજાઓને શાસ્ત્રો સદા રોકે છે. તેમના ઉપર પ્રતિબંધ મૂકે છે. તેમને છૂટો દોર નથી આપતાં અને હિંસાનો નિષેધ જ કર્યો છે (૬)

શાસ્ત્ર સર્વને સંયમ શીખવે છે

રાજન્ ! જેમ કોઈની હિંસા ન કરવી એવું એક શાસ્ત્રનું દ્રઢ શાસન છે એવી જ રીતે અન્ય કર્મમાં પણ શાસ્ત્રનું ખૂબ જ દૃઢ નિયમન છે. શાસ્ત્રના દર્શાવેલા નિયમો પ્રમાણે કર્મ કરનાર મનુષ્ય જ્ઞાન પામે છે અને તે જ્ઞાનથી તે બંધન નથી પામતો. (૭) જે વ્યક્તિ શાસ્ત્રના નિયમોની ઉપેક્ષા કરીને કે શાસ્ત્રના નિયમોને ઓળંગીને મન ફાવે તેમ ધર્મ કરે તેને ફળ મળતું નથી, તેના હૃદયની શુદ્ધિ થતી નથી. અન્તઃકરણ પવિત્ર ન થતાં મિથ્યાભિમાનથી કર્મ કરનારની બુદ્ધિનાશ પામે છે. બુદ્ધિ નાશ પામતાં જન્મ-મરણની પરંપરામાં અટવાઈ અધમ યોનિમાં જન્મ પામે છે. (૮)

પુરંજનું કઠોર કર્મ

શ્રી નારદજીએ પ્રાચીનબહિર્ષ રાજાને કથા કહેતાં આગળ કહેવા માંડ્યું કે રાજન્ ! મેં તમને ઉપરના બે શ્લોકોમાં શાસ્ત્રનો સિદ્ધાન્ત સમજાવ્યો કે હિંસા કદી ન કરવી. હવે પુરંજનની આગળની કથા સાંભળો ! રાજા પુરંજન ભાન ભૂલીને શિકાર કરવા લાગ્યા. આ પુરંજને સુંદર પાંખવાળાં પંખીઓ અને પ્રાણીઓનો નિર્દય રીતે નાશ કર્યો કે તે ટળવળતાં અને રીબાતાં પ્રાણીઓને નિહાળી દયાળું પુરુષોનાં દિલ કકળી ઊઠયાં. (૯) કુમળાં સસલાં, સૂકર, પાડા, નીલગાય, કૃષ્ણમૃગ, શાહુડી વગેર પવિત્ર પ્રાણીઓનો શિકાર કરતાં તે પુરંજન અન્તે થાકીને લથપથ થઈ ગયો. (૧૦) ભૂખ, તરસ અને થાકથી કંટાળીને પુરંજન નવ દ્વારવાળી નગરીમાં પાછો આવ્યો. રાજભવનમાં આવી સ્નાન કર્યું, ભોજન કર્યું, વિરામ કર્યો, વળી નિદ્રા લીધી. આમ કરતાં શ્રમ ચાલ્યો ગયો. (૧૧) તે જાગ્યો અને કામે લાગ્યો. હવે તેને

---

૧. હું કર્તા છું એવો અભિનિવેશ, ૨ રજોગુણ, ૩ અનંત વાસનાથી ભરેલો અહંકાર, ૪ દશ ઈન્દ્રિયો, ૫ મન, ૬ પાંચ જ્ઞાનેન્દરિય, ૭ સ્વપ્નાવસ્થાનું શરીર જાગૃત દેહની માફક વધુ રહેતું નથી તેથી ઉતાવળે ચાલતો રથ કહ્યો, ૮ સ્વપ્નાવસ્થાનો દેહ, ૯ શબ્દાદિ વિષયોનાં પાંચ સ્થાન, ૧૦ અહંતા અને મમતા, ૧૧ પુણ્ય અને પાપ નામનાં બે ચક્રો, ૧૨ માયા નામની ધરી, ૧૩ સત્વરજ-તમ, ૧૪ પાંચ પ્રાણો, ૧૫ મન, ૧૬ બુદ્ધિ, ૧૭ હૃદય, ૧૮ શોક અને મોહ, ૧૯ શબ્દાદિ પાંચ વિષયો, ૨૦ સપ્ત ધાતુઓ, ૨૧ પાંચ કર્મેન્દ્રિયોની પાંચ પ્રકારની ચાલ, ૨૨ વિષય ભોગમાં આસક્તિ, ૨૩ વિવેક બુદ્ધિ,૨૪ વિષયભોગ, ૨૫ ન ભોગવવા જેવા વિષયો, ૨૬ ભોગવ્યા.

પુરંજની પાસ જવાનું મન થયું ત્યારે તેણે તેલ, અત્તર, પુષ્પમાળાથી શરીરને સજાવી પુરંજનીના અન્તઃપુરમાં પ્રવેશ કર્યો. (૧૨) આ અવસરે તે ભોજન કરી તૃપ્ત થયેલ હતો, તેમજ મનમાં ઉલ્લાસ હતો, વળી મદ અને અભિમાનથી ઘેરાયેલ હતો તેથી કામદેવે પણ તેનું મન કલુષિત કરી નાખ્યું. કામાતુર પુરંજને જ્યારે અન્તઃપુરમાં પ્રવેશ કર્યો ત્યારે ત્યાં તેની પ્રિયા, ગૃહસ્થાશ્રમને ચલાવનારી, સુંદર નારી પુરંજનીને ના નિહાળી, (૧૩) જ્યારે તેણે પોતાની પ્રિયાને ના દેખી ત્યારે તે હૃદયમાં અત્યંત ખિન્ન બનીને અન્તઃપુરની દાસીઓને પૂછવા લાગ્યો કે રાણી પુરંજની કુશળ તો છે ને ? પહેલાંની જેમ શરીર તો સારું છે ને ? (૧૪) આજે એકાએક એવું શું બન્યું છે કે આ ઘરવખરી વિરવિખેર છે. ઘરની શોભા સજાવટ સુંદર નથી અને દાસીજનો ! જે ઘરમાં માતા કે પતિવ્રતા પત્ની ન હોય તો તે ઘર તો ચક્રો વિનાના રથ જેવું જ લાગે. આવા ઘરમાં શાણોજન રંક જેવો બની કેમ વસી શકે ? (૧૫) અરે દાસી જનો ! પ્રિયતમા એ પુરંજનીએ તો મને ડગલે અને પગલે આનંદપ્રમોદ આપી દુઃખના દરિયામાં ડૂબતાં બચાવ્યો છે તે રાણી આજ ક્યાં ચાલી ગયેલ છે ? (૧૬)

રાજા પુરંજનની કામદીનદશા નિહાળી દાસીજને ઉત્તર વળ્યો મહારાજ ! નરનાથ ! મહારાણી રીસાણાં છે. શાથી કે શું કરવા ચાહે છે તેની અમને જાણ નથી. માત્ર એટલી જ ખબર છે કે શય્યા કે આસ્તરણ વિનાની કેવલ જમીન ઉપર રાણી આળોટે છે, આથી અધિક અમે જાણતાં નથી. (૧૭)

પુરંજની પાસે પુરંજનની દીનતા

કથાપ્રસંગનું વર્ણન કરતાં દેવર્ષિ નારદ બોલ્યા કે મહારાજ પ્રાચીન બર્હિષ સ્ત્રીમાં અત્યંત રત રહેલ આ પુરંજનના વિવેકે દેશવટો લીધો, તેણે પુરંજનીને અસ્વસ્થ સ્થિતિમાં, ધરણી ઉપર પડેલી, રોતી, ધ્રુસકાં લેતી, રિસાયેલ અને દુઃખી જોઈ પુરંજન રાજા દુઃખી થયા. (૧૮) પુનઃ રાજાએ મધુરે મધુર વચનોથી મનાવવાનો ખૂબ જ પ્રયત્ન કર્યો. આમ છતાં પુરંજન, શાને રાણી રિસાણી છે તેનું કાંઈ પણ ચિહ્ન જાણી ન શક્યા. (૧૯) પરંતુ માનુનીને મનાવવામાં કુશળ પુરંજન ધીમેધીમે તેને મનાવવા લાગ્યો. પુરંજને પોતાના ઉત્સંગમાં પુરંજનીના પગ લીધા અને ચરણ ચાંપતાં મીઠાં વચનો સંભળાવતાં બોલવા લાગ્યો : (૨) હે સુંદરાંગી ! જો અમ સરખા દાસજનોની કાંઈ ભૂલ થાય ત્યારે માલિકે સેવકજનને પોતાના સમજી શિક્ષા કરવી રહી અને શિખામણ દેવી રહી,અરે ! દંડ પણ દેવો જોઈએ. જો સ્વામી સેવકોને દંડ ન દે તો સેવકોએ પોતાને કમભાગી સમજવા. (૨૧) જ્યારે સ્વામી સેવકોને દંડ દે ત્યારે તેઓએ સમજવું જોઈએ કે તેમનો મોટો અનુગ્રહ થયો. જો સ્વામી દંડ દે અને સેવકગણ મનમાં કોચવાય અને રિસાય તે સેવક બાલિશ મનાય. શિક્ષા દેનાર, દંડ કરનાર સ્વામીતો સેવકને દંડ દઈ તેના હિતૈષીની ગરજ સારી છે. આવું સમજનાર સેવક સદા સુખી બને છે. (૨૨)

પુરંજનનો વિલાપ

અરે હે દિવ્ય દંતાવલીવાળી સન્નારી ! અરે હે મનસ્વિની પ્યારી ! હે સુંદર ભ્રૂકુટિવાળી પ્રિયે ! હવે તો હદ થઈ છે. આ ક્રોધને દૂર કરી દે ! હવે એકવાર આ જનને નિજજન માની માફી દે અને સ્નેહસભર અને લજ્જાથી શોભતાં મનોહર અવલોકને તેમજ મીઠડાં હાસ્ય ભર્યાં મુખકમલના દર્શને મને નવાજી દે. અરે પ્રિયતમા ! શ્યામવર્ણી ભ્રમરપંક્તિ સમી તારી અલકાવલી, ઘાટીલી નાસિકા અને મધુર વાણીથી તારું મુખારવિંદ કેવું મધુર લાગે છે ! (૨૩) હે વીરાંગના ! બ્રાહ્મણ વિના કોઈ પણ વ્યક્તિએ જો તારો અપરાધ કર્યો હોય તો તું મને તેનું નામ આપી દે તો હું હમણાં જ તેને સખત શિક્ષા કરી દઉ પ્રિયે ! આ ત્રણ લોકની અંદર કે બહાર, ભગવાનના ભક્ત વિના એવા કોઈ મનુષ્યને હું દેખતો નથી કે જે તારો અપરાધ કરી નિર્ભય બની રહી શકે. (૨૪) અરે પ્યારી ! મેં તારું આજ દિન પર્યન્ત કદી તિલક વિનાનું, ફિક્કું પડી ગયેલું, ક્રોધને કારણે બિહામણું, નિસ્તેજ અને સ્નેહશૂન્ય મુખકમલ નથી નિહાળ્યું. વળી શોકાશ્રુથી ભીંજાયેલ તારું વક્ષઃસ્થળ પણ નથી નિહાળ્યું. કેશરવર્ણા અને પ્રવાલ જેવા રતુમડા તારા અધરને કદી ફિક્કા પડી ગયેલા નથી

નિહાળ્યા. (૨૫) મને લાગેછે કે પ્રિયે ! મેં તારો અવશ્ય કોઈ અપરાધ કર્યો લાગે છે. આમ છતાં હું તારો છું માનીને મારા અપરાધને વિસારી મારા ઉપર પ્રસ થા. મને હવે સમજાય છે કે મૃગયાની પડી ગયેલ ટેવને લીધે હું તને મૂકીને શિકારે ગયેલ તે મારી ભૂલ થઈ. આમ છતાં કામદેવના આવેગથી અધીર બનેલા અને નિત્ય નિજ પત્નીને આધીન રહેલા પોતાના પ્રિય પતિને યોગ્ય કાર્ય માટે કઈ કમનીય કામિની તેનો અંગીકાર ના કરે ? (૨૬)

तन्मे प्रसीद सुहृदः कृतकिल्बिषस्य स्वैरं गतस्य मृगयां व्यसनातुरस्य । का देवरं वशगतं कुसुमास्त्रवेगविस्त्रस्तपौंस्नमुशती न भजेत कृत्ये ॥

શ્રીમદ્ભાગવત પીયૂષના ચતુર્થસ્કંધ વિસર્ગલીલાના ચતુર્થમુક્તિ પ્રકરણમાંનો પુરંજનની પરિસ્થિતિનું વર્ણન કરતો ૨૬મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૨૭મો

[આ અધ્યાયમાં ૩૦ શ્લોક છે. પુરંજન પોતાના સ્વરૂપને વીસરી જાય છે અને સંસારમાં ઓતપ્રોત બની જાય છે એ સંપૂર્ણ વિગત આ અધ્યાયમાં આપવામાં આવી છે.]

नारद उवाच – इत्थं पुरञ्जनं सम्यग् वशमानीय विभ्रमैः । पुरञ्जनी महाराज रेमे रमयती पतिम् ॥१॥

શ્રી નારદવચનામૃત

રાજા પ્રાચીનબર્હિષને પુરંજનની કથાનો ઈતિહાસ વર્ણવતાં મહર્ષિ નારદજીએ કહ્યું કે રાજન્ ! પ્રાચીનબર્હિષ ! પુરંજનીએ હાવભાવથી પુરંજનને પૂર્ણ વશ કરી લીધો. વળી પોતાના વિલાસોથી એને પ્રસન્ન રાખવા લાગી અને પોતાની રુચિ પ્રમાણે તેને રમાડવા લાગી. (૧) પુરંજનીએ સ્નાન કર્યું. શરીરે શૃંગાર સજ્યા. ભોજનથી પરવારી પ્રસન્ન મુખવાળી એ રાણી જ્યારે પુરંજન પાસે આવી ત્યારે પુરંજને ઉમંગભેર આવકારી. (૨) પુરંજનીથી આલિંગ પામતો કંઠે લગાવાતો, પુનઃ પુરંજનીના મધુર વચનોથી સર્વથા મુગ્ધ બનેલ પુરંજન કેવલ પુરંજનીને જ પોતાના જીવનનું સર્વસ્વ ગણવા લાગ્યો. મન પણ પુરંજનીમાં જ પરોવાયેલ હોવાથી કાલના પ્રચંડ વેગમાં તણાતા પુરંજનને દિવસ કે રાતનું ભાન જ રહ્યું નહીં અને જીવન પસાર થઈ જવા લાગ્યું. (૩) મદઘેલો મનસ્વી પુરંજન મહામૂલી શય્યામાં પુરંજનીના હાથનું ઓશીકું બનાવી સુખપૂર્વક શયન કરતાં પુરંજને કેવલ પુરંજનીને જ પોતાનો મુખ્ય પુરુષાર્થ માન્યો એના પરિણામે પોતાના સત્યસ્વરૂપન[1] વીસરી ગયો. (૪)

યૌવન ઓસરી ગયું

રાજન્ પ્રાચીનબર્હિષ ! સતત કામાધીન જીવન જીવતા અને રાણી સાથે રમણ કરતાં આંખના પલકારમાં પુરંજનનું યૌવન પસાર થઈ ગયું અને અડધું આયુષ્ય તો પૂર્ણ થઈ ગયું. (૫) પુરંજને પુરંજનીમાં અગિયાર સો પુત્ર[2] અને એક સો[3] દશ દીકરીઓને જન્મ આપ્યો. (૬) આ કન્યાઓ કીર્તિ વધારનારી, શીલ-સદાચારવાળી, ઉદાર અને ગુણિયલ હતી (૭) પંચાલ પ્રદેશ[4]ના રાજા પુરંજને વંશની વૃદ્ધિ કરનારા પુત્રોને અન્ય કન્યાઓ[5] સાથે પરણાવ્યાં અને કન્યાઓને પણ મનગમતા વરોની[6] સાથે વરાવી. (૮) હવે તો પુરંજનને આંગણે દીકરાઓને ઘેર દીકરાઓ અને દીકરીઓને ઘેર દીકરીઓ થતાં પુરંજનનો વસ્તાર વધી ગયો. (૯) પુત્ર, પૌત્ર, ઘર, ભંડાર, સચિવ, સેવક વગેરેમાં અપાર મમતાને કારણે આ સર્વ વસ્તુઓમાં જ પુરંજન સર્વથા આસકત બની ગયો. (૧૦)

પુરંજનની યજ્ઞાદિમાં આસક્તિ

નારદજીએ પ્રસંગકથાનું વર્ણન કરતાં કહ્યું કે મહારાજ પ્રાચીનબર્હિષ ! આપ જે રીતે હિંસાપ્રચુર યજ્ઞોમાં પ્રવૃત્ત હતા અને રહ્યા છો તે જ પ્રકારે વિવિધ પ્રકારની ફલ-લાલસાઓથી, અનેક પ્રકારના યજ્ઞોથી દેવો, પિતૃઓ અને ભૂપતિઓનાં આરાધન કરવા માંડ્યાં. (૧૧) રાજા પુરજનનાં આ રીતના જીવનનું ફલ એ આવ્યું કે કલ્યાણ કરનારાં ભગવાનની સેવા

---

૧ ભગવાનના સેવક તરીકેના સ્વરૂપનું - કે બ્રહ્મના અંશ તરીકેના સ્વરૂપનું વિસ્મરણ ૨. અગિયાર ઈન્દ્રિયોના સેંકડોવિલાસો ૩. અગિયાર ઈન્દ્રિઓના અનેક ઈચ્છાઓ ૪. પંચાલપ્રદેશ શબ્દ-સ્પેર્શ રૂપરસ ગંધ વગેરે પાંચ પાંચ વિષયો ૫. અન્ય કન્યાઓ એટલે હિત અહિતની ચિંતાઓ ૬. મનગમતા વિષયોપ ભોગો સાથે

વગેરે કાર્યોમાં ગાફેલ થયા અને કેવલ કુટુંબમાં જ પરોવાઈ રહેવા લાગ્યા અને જોતજોતામાં જ ઘડપણ આવી ગયું. આ વૃદ્ધાવસ્થા સંસારસુખરસિકોને ક્યાંથી ગમે ? (૧૨) ત્યાર બાદ "ચંડવેગ"[1] નામના ગન્ધર્વે તેની સેના સાથે પુરંજનના પુર ઉપર આક્રમણ કર્યું. આ ગન્ધર્વ રાજાની સાથે ૩૬૦ ગન્ધર્વો[2] અને ૩૬૦ ગન્ધર્વીઓની[3] સેના હતી. (૧૩) ગન્ધર્વી ગણ ગંધર્વ જેટલી જ બળવતી હતી. આ ગન્ધર્વીઓ પોતાના પતિદેવો સાથે જ રહેતી હતી. એમાંથી અર્ધી શ્યામવર્ણી[4] અને અરધી શ્વેત વર્ણવાળી[5] હતી. (૧૪) આ સેના સાથે ચંડસેન ગન્ધર્વ અનેક નગરો ઉપર લૂંટ ચલાવે છે. (૧૪) ગન્ધર્વરાજ ચંડસેનની આ સેનાએ પુરંજન રાજાની નગરીને લૂંટવા માંડી ત્યારે નગરરક્ષા માટે મૂકેલ પાંચ મસ્તકવાળા "પંચશિરા"નામના નાગે સામનો કરવા માંડ્યો. (૧૫) એકલે હાથે જ એ "પંચશિરા" નાગે પ્રતિકાર કર્યો અને સાત સો ને વીસ ગન્ધર્વ સૈનિકો સામે એકલા જ હાથે ઝઝૂમવા લાગ્યો. આ પ્રકારે સો વર્ષ સુધી ટક્કર ઝીલી. (૧૬) એકલા હાથે યુદ્ધ કરતા પોતાના સેનાધિપતિ પંચશિરાને થાકી ગયેલ જોઈ પુરંજન પોતાના દેશ, નગર અને પરિવાર સાથે પારાવાર ચિંતામાં મુકાઈ ગયો. (૧૭) રાજા પુરંજને આવા આક્રમણને જોયું તેમ જ પોતાના પુરરક્ષક પંચશિરા નામના સેનાપતિને થાકેલો જોવા છતાં દેશ અને નગરનાં સુખો અને વિષયોને ભોગવવામાં ભાન ભૂલેલો, પોતાના નોકરો જે કર લાવી આપે તે ભોગવતા અને પુરંજનીને વશ થયેલા રાજા પુરંજનને માથા ઉપર મોટો ભય આવી રહ્યો છે તેનો લેશ પણ વિચાર ન આવ્યો. (૧૮)

કાલકન્યાનું આગમન

રાજન્ પ્રાચીનબર્હિષ ! આ આક્રમણ ચાલતું હતું ત્યારે કાલની કન્યા જરા વરની શોધમાં ત્રણ લોકમાં વિચરતી હતી. પરંતુ એને કોઈ પણ પરણવા હા પાડતું જ ન હતું. (૧૯) જગતના લોકો એને દુર્ભગા માનતા હતા એટલે દુર્ભાગિની સાથે કોણ પરણવા ચાહે ? પૂર્વે પુરુ નામના રાજાએ એનો અંગીકાર કર્યો હતો તેથી કાલકન્યાએ પ્રસન્ન થઈને પુરુરાજાને રાજ્યપ્રાપ્તિનું વરદાન આપ્યું હતું. (૨૦) કાલકન્યાની કથા કહેતાં નારદજી બોલ્યા કે ચારે દિશામાં વરની શોધમાં વિચરતી કાલકન્યા હું જ્યારે બ્રહ્મલોકમાંથી પૃથ્વી ઉપર આવ્યો ત્યારે મને મળેલી, એને જાણ તો હતી જ કે હું નૈષ્ઠિક બ્રહ્મચારી છું; છતાં કામવશ બનેલી મને વરવા માટે આવી ત્યારે મેં તેને ના કહી. (૨૧) તે સમયે તે જરા મારા ઉપર રોષે ભરાઈ અને મને શાપ આપ્યો કે મુનિ નારદ ! તમે મારી માગણી માન્ય નથી રાખતા તો હું શાપ આપું છું કે આપ પૃથ્વી ઉપર ક્યાંય પણ ઠરી ઠામ બેસશો નહીં. (૨૨) આખરે જરાએ કહ્યું કે હે નારદજી ભલે આપ મને ના વરો પણ મને વર બતાવો. એટલે મેં તેને "ભય" નામના યવનરાજાને બતાવ્યો. તે કાલકન્યા યવનરાજ પાસે ગઈ અને એણે યવનરાજને કહ્યું કે હે શૂરવીર ! આપ યવનોના રાજા છો. હું આપને ખૂબ જ ચાહું છું. આપને મારા સ્વામી બનાવવાનો મારો મનોરથ છે. આપને ઉદ્દેશીને કરેલા જીવના સંકલ્પો કદી નકામા નથી જતા. (૨૩-૨૪) લોકરિવાજ અને શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે જે વસ્તુ સ્વીકારવા જેવી છે તે ચીજ જો કોઈ આપવા આવે અને જો તે ન લે તો તે બન્ને દુરાગ્રહી અને બાલિશ મનાય અને અંતે બન્નેના હાથમાં ઉદ્વેગ જ આવે છે. (૨૫) હે ભદ્રજન ! હું આપની સેવામાં ઉપસ્થિત છું, આપ મારો સ્વીકાર કરી, મારા ઉપર કૃપા કરો. દીનનાં દુઃખોને નિવારવાં એ દીનબંધુજનોનો દિવ્ય ધર્મ છે. (૨૬)

કાલકન્યાનો વિવાહ

ભય નામના યવનરાજે જ્યારે કાલકન્યાનું વચન સાંભળ્યું ત્યારે વિધાતાના એક ગુપ્ત કાર્યને એની પાસેથી કરાવવાની દાનતથી હસીને કહ્યું, (૨૭) હે જરા ! મેં તારે માટે જ્ઞાનદૃષ્ટિથી વિચારીને એક વર નક્કી કર્યો છે. જો કે તું સર્વનું અનિષ્ટ કરનારી હોઈ કોઈ પણ તારો સ્વીકાર કરવા સંમત નથી. (૨૮) માટે આ કર્મજનિત લોકોને તું તેમના ધ્યાનમાં ના આવે તેવી રીતે ભોગવ. આ મારી સેનાને સાથે લઈને જા. એની સહાયથી તું તમામ પ્રજાનો નાશ કરી શકીશ. (૨૯) કોઈ પણ તારો સામનો કરી શકશે નહીં. આ પ્રજ્વાર મારો ભાઈ છે અને તું મારી બહેન બની જા. મારી સેના ભયાનક છે, દુનિયામાં કોઈ પ્રથમથી જાણી ન જાય. એવી રીતે તમારી બન્નેની સાથે હું ફરતો રહીશ. (૩૦)

---

[1] વેગે દોડી આવતું વર્ષ, [2] ગન્ધર્વો એટલે દિવસો, [3] ગંધર્વીઓ એટલે રાત્રિઓ, [4] શ્યામવર્ણી ગન્ધર્વીઓ એટલે કૃષ્ણપક્ષની રાત્રિઓ, [5] શ્વેતવર્ણી ગન્ધર્વીઓ એટલે શુક્લ પક્ષની રાત્રિઓ.

प्रज्वारोयं मम भ्राता त्वं च मे भगिनी भव । चराम्युभाभ्यां लोकेऽस्मिन् न व्यक्तो भीमसैनिकः ।।३०।।

શ્રીમદ્ભાગવત પીયૂષના ચતુર્થસ્કંધ વિસર્ગલીલાના ચતુર્થમુક્તિ પ્રકરણમાંનો પુરંજનચરિત્રના સ્પષ્ટાર્થનું વર્ણન કરતો ૨૭મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૨૮મો

[આ અધ્યાયમાં ૬૫ શ્લોકો છે. પુરંજન કેદ પકડાય છે અને પુરંજનીની ચિંતા કરતાં દેહ છોડે છે તેથી બીજા જન્મમાં તે સ્ત્રી બને છે પછી અવિજ્ઞાતના ઉપદેશથી તે મોક્ષ પામે છે આ પ્રસંગ આ અધ્યાયમાં આવશે.]

नारद उवाच : सैनिका भयनाम्नो ये बर्हिष्मन् दिष्टकारिणः । प्रज्वारकालकन्याभ्यां विचेरुरवनीमिमाम् ।।

પુરંજનપ્રસંગની કથાનું વર્ણન કરતાં મહર્ષિ નારદજી કહી રહ્યા છે કે રાજન્ પ્રાચીનબર્હિષ ! ભય નામના યવનરાજના આજ્ઞાંકિત સૈનિકો, પ્રજ્વાર અને કાલની કન્યા જરા સાથે પૃત્વીમાં સર્વ ઠેકાણે વિચરવા લાગ્યાં. (૧) અવસર મળતાં આ યવનરાજે વિવિધ વિલાસ અને વૈભવથી ભરેલી અને વૃદ્ધ થઈ ગયેલા પાંચ મસ્તકવાળા નાગથી રક્ષાયેલી પુરંજન રાજાની નગરીને ઘેરી લીધી. (૨) કાલકન્યા જરા પણ પુરંજનના નગરને બલાત્કારે ભોગવવા લાગી. કાલકન્યા જે નગરી ઉપર ચઢી આવે છે તે નગરીનો સ્વામી પુરુષ પણ નિર્માલ્ય બની જાય છે. (૩) કાલકન્યા જરાએ જ્યારે આખી નગરી ઉપર અધિકાર જમાવ્યો ત્યારે યવનો ચારે બાજુથી સર્વ દરવાજામાંથી ઘૂસી ગયા અને નગરની પ્રજાને પીડવા લાગ્યા. (૪) આ પ્રમાણે પોતાના નગરની પ્રજા સંપૂર્ણ પીડાવા લાગી ત્યારે કુટુંબીજનોની મમતાને કારણે આકુળવ્યાકુળ બનેલો પુરંજન રાજા વિવિધ પ્રકારે દુઃખી થવા લાગ્યો. (૫) કાલકન્યાએ નગરમાં આવી રાજા પુરંજનને પોતાની ભીંસમાં લઈ લીધો અને વળગી પડી ત્યારે વિષયોને ભોગવવાથી નિર્બળ બની ગયેલો પુરંજન હવે પોતાની સત્તા[૧] ગુમાવી બેઠો હતો. પુરંજનની લક્ષ્મી અને બુદ્ધિ નાશ પામ્યાં હતાં. એણે જોયું તો ગંધર્વ અને યવનોએ બાલપૂર્વક પોતાની નગરીને પીંખી નાંખી હતી. પોતાના પુત્રો, પૌત્રો[૨], સેવકો, કારભારીઓ[૩], પુરંજનની વિરુદ્ધે[૪] થઈ ગયા હતા તેમજ પુરંજનનો અનાદર[૫] કરવા લાગ્યા હતા, હવે તો પુરંજનનીએ[૬] પણ પ્રેમ કરવાનો મૂકી દીધો. તેના ઉપર કાલકન્યાએ પૂરો કબજો કર્યો અને તેના પાંચાલદેશને પણ શત્રુઓએ પાયમાલ કરી દીધા. આ સર્વ વસ્તુઓ જોઈ પુરંજન પૂર્ણ ચિંતામાં ડૂબી ગયો. હવે દુઃખ દૂર કરવાનો એની પાસે કોઈ પણ ઉપાય રહ્યો નહીં. (૬-૮) કાલકન્યાને કારણે સર્વ વિષયો સાર વિનાના બની ગયા હતા તો પણ એ એની લાલસા કર્યા જ કરતો હતો. આ પ્રકારનાં વિષયસુખોની લાલસાને કારણે પરલોકનાં કલ્યાણ અને બંધુજનોના સુખથી-સ્નેહથી વંચિત થઈ ગયેલો, છતાં એનું મન તો પત્ની-પુત્રોના લાલનપાલનમાં પરોવાયેલું હતું. (૯) પુરંજનની નગરીને ગંધર્વો અને યવનોએ ઘેરી હતી અને કાલકન્યાએ તો તેને કચડી જ નાંખી હતી; તેથી આ નગરીને મૂકી દેવાનું મન ન હોવા છતાં તેને મૂકી દેવાની તૈયારી કરવા માંડી. (૧૦) આ ટાણે યવનરાજ ભય તેમજ મોટો ભાઈ પ્રજ્વાર ચઢી આવ્યા અને નગરીને વિધાતાનું પ્રિયં કરવાની વૃત્તિથી , સળગાવી દીધી. (૧૧) નગરી ચારે બાજુથી સળગવા લાગી ત્યારે રાજા પુરંજન, નગરજનો, સેવકો પુત્ર, પૌત્રો, સ્ત્રીઓ વગેરે પરિતાપ કરવા લાગ્યાં. (૧૨) બીજી બાજુ કાલકન્યાનો પૂરેપૂરો કબજો થઈ ગયો છે જાણી નગરની સતત રક્ષા કરતો "નાગ" પણ દુઃખી દુઃખી થઈ ગયો. નાગનાં નિવાસસ્થાનો ઉપર યવનોએ અધિકાર જમાવ્યો હતો તેમજ પ્રજ્વાર પણ ચઢી બેઠો હતો. (૧૩) હવે નાગ પોતે તો નગરરક્ષણ માટે સર્વથા અસમર્થ બન્યો ત્યારે કોઈ ઝાડની બખોલમાંથી સર્પ બહાર નીકળી જવા ચાહે તેમ શરીરે ધ્રુજતો નાગ પણ બહાર નીકળી જવા માટે તક શોધતો હતો. (૧૪)

---

૧ સત્તા એટલે શકિત ૨. સેવકો એટલે ઈન્દ્રિઓ ૩. ઈન્દ્રિયોમાં દેવતાઓ ૪. મમતામાં પદાર્થો ન આપવા અને અણગમતા પદાર્થો આપવા, ૫. આજ્ઞાનું પાલન ન કરવું, ૬. બુધ્ધિ પણ ઘડપણને લીધે નકામી થઈ ગઈ.

પુરંજનપરિતાપ અને કારાગૃહવાસ

રાજા પુરંજન શરીરે સંપૂર્ણ શિથિલ થઈ ગયેલ છે. ગન્ધર્વોએ એનું સર્વ સામર્થ્ય હરી લીધું છે. શત્રુ બનેલા સર્વ યવનસૈનિકોએ ભાગી જતા પુરંજનને પકડી પાડ્યો અને કબજે કર્યો ત્યારે પુરંજને રડવા[૧] માંડ્યું. (૧૫) કેવલ ગૃહસુખમાં જ રસવાળા પુરંજનની શરીર અને કુટુંબ પરિવારમાં જ અહંતા અને મમતા હોવાથી બુદ્ધિ કુંઠિત થઈ ગઈ હતી. પુરંજનીના જ મોહપાશમાં જકડાયેલો હતો; પરિણામે એનામાં દીનતા આવીને વસી હતી. પુરંજનની વિદાય ક્ષણો આવી. આ સમયે પુત્રો, પૌત્રો, પુત્રીઓ, જમાઈઓ, પુત્રવધૂઓ, સેવક, પરિવાર, ઘર, ભંડાર ઘરવખરી વગેરે ભોગવી શકતો નથી. સાથે લઈ જઈ શકતો નથી. માત્ર આ સર્વેમાં મમતા જ બાકી રહી હતી. (૧૬-૧૭) આ સર્વ વસ્તુઓ છોડી દેવાની પળો આવી ત્યારે મનમાં ચિંતા કરવા લાગ્યો કે જ્યારે હું મરણ પામીશ ત્યારે મારા વિનાની એકલી, વળી કુટુંબ પરિવાર માટે સદા કાળજી રાખતી મારી પત્ની પુરંજની મારા વિના કેમ જીવી શકશે ? (૧૮) પતિવ્રતા પુરંજની મને મૂકીને જમી નથી, મને મૂકીને, સ્નાન કર્યું નથી. મારા રોષથી સદા તે ભયભીત રહેતી, હું જ્યારે ખીજાતો ત્યારે તે ડરથી કાંઈ પણ બોલતી ન હતી, આવી બિચારી મારા વિના કેમ નભશે ? (૧૯) હું મુંઝાતો ત્યારે મને માર્ગદર્શન આપતી, વિદેશ જાઉં ત્યારે વિરહે સુકાઈ જતી પાછળ કેમ કરી પરિવારને સંભાળશે ? (૨૦) ભલે પુત્રો વીર છે છતાં મારી ખોટ કોણ પૂરશે ? મારા આધારે નભતાં, પુત્ર-પુત્રીઓ પણ કેમ કરી જીવી શકશે ? મઝધારે તૂટેલા વહાણના યાત્રિકોની માફક મારો પરિવાર કકળાટ કરી મૂકશે ! (૨૧)

જો કે પુરંજને આવી ચિંતા કરવી જોઈતી ન હતી, પરંતુ પુરંજન[૨] સંસારપરાયણ મતિ હોવાથી શોક કર્યા કરતો હતો. હરિસ્મરણ કરતો ન હતો, ત્યાં જ તેને પકડવા માટે યવનરાજ ભય આવી લાગ્યો. (૨૨) ક્ષણવારમાં જ "ભય"ના સૈનિકોએ પશુની માફક પુરંજનને બાંધી લીધો અને યમલોક તરફ લઈ જવા લાગ્યા ત્યારે એનો પરિવાર અને કુટુંબ પારાવાર રોકકળ કરતાં પાછળ દોડવા લાગ્યાં. (૨૩) બીજી બાજુ યવન સૈનિકોએ પકડી રાખેલો "પંચશિરા" નાગ પણ નગર મૂકીને નાસી ગયો. ત્યારે તે નગરી પણ વેરવિખેર બની ગઈ અને પોતાનાં પંચભૂત તત્ત્વોમાં ભળી ગઈ. (૨૪)

અવિજ્ઞાત સખાની વિસ્મૃતિ

આ અવસરે જ્યારે રાજા પુરંજનને યવનરાજ ભય, બળપૂર્વક ખેંચીને લઈ જાય છે ત્યારે તેણે પોતાના નિત્ય હિતચિંતક સખા-અવિજ્ઞાતને યાદ પણ ન કર્યો અથવા તે યાદ જ ન આવ્યો. (૨૫) આજ સુધી હિંસાપ્રચુર કર્મોથી અનેક પશુઓની જે હિંસા કરી હતી તે પશુઓ પણ પુરંજનના અપરાધોને યાદ કરીને, ક્રોધવશ બનીને પરશુઓ લઈ તેનો વધ કરવા લાગ્યાં. (૨૬) પુરંજનીમાં આસક્તિને લીધે બેહાલ બનેલા, અપાર અંધારકૂપમાં ડૂબેલા, પોતાના સ્વરૂપના લેશ પણ સ્મરણ વિનાના પુરંજને વર્ષો પર્યન્ત નરકની યાતનાઓ ભોગવી. (૨૭) મરતી વેળા આખર ટાણે પુરંજન પુરંજનીનું[૩] જ રટણ કરતો હોઈને તેણે જન્માતરમાં રાજસિંહ વિદર્ભ"[૪] મહારાજાને[૫] ત્યાં સર્વાંગસુંદર "વૈદભી" નામની કન્યારૂપે જન્મ લીધો (૨૮) કાલે કરીને વિદર્ભ રાજકુમારી વૈદર્ભીનો વિવાહકાલ આવ્યો ત્યારે પિતા વિદર્ભરાજે જાહેર કર્યું કે સર્વશ્રેષ્ઠ કોઈ વીર પુરુષ જ આ કન્યાને પરણી શકશે, ત્યારે શત્રુઓના નગરોને જીતનાર પુરંજય[૬] એવી સંજ્ઞાવાળા પાંડ્યનરેશ[૭] મહારાજ મલયધ્વજે રણસંગ્રામમાં શૌર્ય દર્શાવી વૈદર્ભીની[૮] સાથે વિવાહ કર્યો. (૨૯) આ વૈદભીને ત્યાં મહારાજ મલયધ્વજ દ્વારા શ્યામ નેત્રવાળી "અસિતેક્ષણા"[૯] નામની પ્રથમ એક કન્યા જન્મી. ત્યારબાદ સાત પુત્રોને જન્મ આપ્યો. આ સાત પુત્રો આગળ જતાં દ્રવિડ[૧૦] દેશના સાત રાજાઓ[૧૧] થયા. (૩૦)

---

૧. કફથી કંઠ રૂંધાતાં કંઠમાં ઘરઘરાટ થવા લાગ્યો, ૨. સચ્ચિદાનંદ શ્રીકૃષ્ણનો અંશ હોવાથી શોક ન શોભે પરંતુ સંસારાસક્ત હોઈ શોક કર્યો. ૩. પતિવ્રતા પત્ની, ૪. ભગવદીય જન, જે જેને સેવાવિધિમાં દર્ભ સાથે સંબંધ નથી પરંતુ તુલસીની સાથે જેનો નિત્ય નાતો છે. ૫. સેવા પરાયણ આત્મા. ૬. જિતેન્દ્રિય ૭. વિવેકબુદ્ધિ તાદૃશીજન, ૮. કૃષ્ણભક્તિ ૯. ક્ષસિતે શ્રીકૃષ્ણમાં ઈક્ષાળા ભાવવાળી. તેમજ કૃષ્ણ કથામાં અનુરાગવાળી મતિ. ૧૦ શ્રવણાદિ સપ્તવિધ ભક્તિ ૧૧. ભક્તિ માર્ગના રક્ષકો.

મલયધ્વજનો પરિવાર

રાજા મલયધ્વજના આ સાત પુત્રોમાંથી પ્રત્યેક પુત્રને ત્યાં એક એક અબજ પુત્રો થયા. આ દ્રવિડ રાજાના આ પુત્રો મન્વન્તર સુધી અને ત્યાર પછી પણ આ પૃથ્વીનું પાલન કરશે. (૩૧) પાંડ્ય રાજા મલયધ્વજે પોતાની "અસિતેક્ષણા" નામની કન્યાને મુનિ અગસ્ત્યને[૧] પરણાવી આ કન્યા નિયમ-વ્રત અને સદાચારપરાયણ હતી. મુનિવર અગસ્ત્ય દ્વારા આ કન્યાને ત્યાં "દૃઢચ્યુત"[૨] નામનો પુત્ર થયો. અને દૃઢચ્યુતને ત્યાં "ઈધ્મવાહ"[૩] નામના પુત્રનો જન્મ થયો. (૩૨) ત્યારબાદ પાંડ્ય દેશના રાજા મલયધ્વજે પોતાના પુત્રોને પૃથ્વીની વહેંચણી કરી આપી અને રાજા, ભગવાન શ્રીકૃષ્ણની પ્રાપ્તિ કરવા માટે મલય પર્વત ઉપર ચાલ્યા ગયા (૩૩) રાણી વૈદર્ભી પણ ચન્દ્રની પાછળ જ્યોત્સ્ના ચાલી જાય તે પ્રકારે પતિદેવ સાથે વિદાય થઈ. રાણી વૈદર્ભીને ઘર-પરિવાર, પુત્રો કે વૈભવ આકર્ષી શક્યાં નહીં. (૩૪) મલય પર્વતમાં ચન્દ્રવસા, તામ્રપર્ણી અને વટોદકા નામની ત્રણ નદીઓ હતી. આ પવિત્ર સરિતાઓમાં સ્નાન કરી દમ્પતી પોતાનાં મનને નિર્મલ કરતાં હતાં. (૩૫)

મલધ્વજ રાજાનું તપ

મહારાજ મલયધ્વજ, કંદ, મૂળ, ફળ, ફૂલ, બીજ, અંકુર, ઘાસ, પાન અને જલથી પોતાના દેહનો નિર્વાહ કરતા, શરીરસુખમાંથી મનને કાઢી લેતા, કાયાને સૂકવતા અને શુદ્ધ કરતા, કઠિન તપોવ્રત આદરી બેઠા હતા. (૩૬) સમતોલપણું જાળવતા રાજાએ તાપ-ટાઢ, વર્ષા-વાયુ, ક્ષુધા-તૃષા, સુખ-દુઃખ અને પ્રિય-અપ્રિય નામનાં સમસ્ત દ્વન્દ્વોને જીતી લીધાં. (૩૭) યમ, નિયમ, તપ અને ઉપાસનાથી મનોવાસનાઓ બાળી નાખી. રાજાએ ઈન્દ્રિય મન-ચિત્તને વશ કરી પોતાના અન્તઃકરણને ભગવાન શ્રીકૃષ્ણમાં પરોવી દીધું. (૩૮) રાજા મલયધ્વજ જાણે કોઈ થાંભલો જ ન ઊભો હોય એવી રીતે એક સ્થાને ઊભા રહી ભગવાન વાસુદેવનું જ, દેવોનાં સો વર્ષ પર્યન્ત ધ્યાન કરતા દેહગેહનું ભાન વીસરી ગયા. (૩૯) મલયધ્વજ રાજાએ આ રીતે પોતાનાં "કાર્ય અને કારણના સંઘાત એવા દેહ"માં વ્યાપકતાના ભાવથી પોતાના આત્માને સર્વમાં જોવા લાગ્યા. સર્વ પ્રકારની જે ભિન્નતા દેખાય છે તે તો સ્વપ્ન સમી મિથ્યા છે એમ સમજી દેહાધ્યાસને ત્યજી મુક્ત થયા. (૪૦) પોતાનો આ આત્મા તો અન્તઃકરણનો સાક્ષી છે એવો વિવેક જાગૃત થતાં જ મુક્તિ પામ્યા. જે આત્માનું નિરૂપણ સાક્ષાત્ ભગવાનરૂપ ગુરુએ કર્યું છે તેવા વિશુદ્ધ જ્ઞાનસ્વરૂપ દીપકનો સર્વત્ર પ્રકાશ થયો. આ પ્રકાશને લીધે પરબ્રહ્મમાં પોતાનું તેમ જ આત્મામાં પરબ્રહ્મનું યથાર્થ જ્ઞાન થયું. આ જ્ઞાન પણ અન્તઃકરણની વૃત્તિરૂપ હતું. તેમાંથી પણ ઉપરામ થતાં વિદેહ મુક્ત બન્યા. (૪૨)

વૈદર્ભીની કથા

વિદર્ભરાજકુમારી વૈદર્ભી પતિવ્રતા સન્નારી હતાં. આ વૈદર્ભી સર્વ સુખવિલાસોનો ત્યાગ કરીને બ્રહ્મનિષ્ઠ રાજા મલયધ્વજની સેવામાં તન્મય બની રહેવાં લાગ્યાં. (૪૩) વૈદર્ભીનાં વસ્ત્રો જીર્ણ થઈ ગયાં હતાં, વ્રત નિયમોને લીધે કાયા પણ દૂબળી થઈ ગઈ હતી. માથાના કેશ દિવેટ જેવા વણાઈ ગયા હતા. જાણે ધુમાડા વિનાના અગ્નિની જ્વાળા સમી રાણી વૈદર્ભી પતિની સમીપે નિત્ય શાંત રીતે વસતાં હતાં. (૪૪) પતિ મલયધ્વજ પ્રભુપદ પામી ગયા હોવા છતાં સિદ્ધ આસને સ્થિર બિરાજેલા હોઈ પતિવિદાયના રહસ્યને ન જાણી શકતાં સચેતન પતિની માફક જ સેવા કરવા લાગ્યાં. (૪૫) જ્યારે પતિના ચરણની સેવા કરતાં પતિના ચરણમાં ગરમી ના દેખી ત્યારે હરણીના ટોળામાંથી વિખૂટી પડેલી હરિણીની માફક મનમાં અકળાઈ ઊઠયાં (૪૬) ઘોર જંગલમાં પોતાની જાતને એકલડી નિહાળી પોતાની દીન દશાથી દુઃખી થઈ, શોકાતુર બની જઈ કેવલ અશ્રુધારા વહાવતાં એમની છાતી ભીંજાઈ ગઈ અને ઊંડો વિલાપ કરવા માંડ્યો. (૪૭) શોકાર્ત સ્વરે વૈદર્ભી બોલ્યાં, રાજન્ ! જાગો જાગો, ઊઠો ઊઠો, સમુદ્રથી ઘેરાયેલ આ પૃથ્વીને લુંટારા લૂંટી ન જાય માટે એની રક્ષા કરો. (૪૮) મલયધ્વજ રાજા સાથે વનમાં ગયેલી રાણી વૈદર્ભી આ પ્રકારે પુરંજયના પગમાં પડી અશ્રુથી પગ પખાળવા લાગ્યાં. (૪૯) અંતે વૈદર્ભીએ રુદન કરતાં કરતાં પુરંજયના દાહ માટે કાષ્ઠની ચિંતા ખડકી.

---

[૧] મન, [૨] વૈરાગ્ય, [૩] હાથમાં દર્ભ લઈ જ્ઞાન મેળવવા બ્રહ્મનિષ્ઠ ગુરુને શરણે જનાર જિજ્ઞાસુ જીવ ઈધ્મજીહ્મ કહેવાય.

પતિદેહને તેમાં પધરાવી અગ્નિદાહ કરી પોતે પણ પતિવ્રતા સ્ત્રી તરીકે અગ્નિસ્નાન કરી સતી થવાનો સંકલ્પ કર્યો. (૫૦) હે પ્રાચીનબર્હિષ રાજા ! આ ટાણે કોઈ પૂર્વના હિતેચ્છુ આત્મજ્ઞાની સખાએ વિપ્રના સ્વરૂપે પધારી મધુર વાણીથી આશ્વાસન આપતાં ઉપદેશ આપ્યો. (૫૧)

અવિજ્ઞાત સખાનો ઉપદેશ

વિપ્રવર વધ્યા, હે વૈદર્ભી ! તમે કોણ છો ? કોની પુત્રી છો ? વળી સમીપે સૂતેલા આ પુરુષ માટે વિલાપ કરો છો તે પુરુષ કોણ છે ? મને લાગે છે કે તમે મને ન ઓળખ્યો, ખરું ! યાદ છે ? હું તમારો પુરાતન મિત્ર છું. સદા મારી સાથે હે દેવી તમે વિચરતાં હતાં. (૫૨) અરે પ્રિય સખા ! તું તો મને નહીં જ ઓળખે, પરંતુ હું તને ઓળખું જ છું. તારો "અવિજ્ઞાત" નામનો એક મિત્ર હતો એટલું યાદ આવે છે ? આપણે બન્ને સાથે જ ફરતાં અને રહેતાં પરંતુ સંસારનાં સુખો ભોગવવા મને મૂકીને પૃથ્વી ઉપર તું ચાલ્યો ગયો (૫૩) પ્રિય સજ્જન, ! હે આર્યજન ! આપણે બન્ને માનસસરોવરમાં વસનારા હંસો છીએ. અનન્ત કાળ પર્યન્ત આપણે બન્ને "ઘર" વગર જ રહ્યાં હતાં. (૫૪) પછીથી પ્યારા મિત્ર ! મને મૂકી દઈને તદ્દન તુચ્છ સુખો ભોગવવાની લાલસાથી તેં પૃથ્વી ઉપર પ્રયાણ કીધું. ત્યાં કોઈ "સ્ત્રી"એ રચેલા નગરને તેં જોયું. (૫૫) આ નગરને લાગેલા પાંચ ઉદ્યાનો હતાં, નવ દરવાજા હતા, પાંચ ઉપાદાન કારણો હતાં, આ નગરની અધ્યક્ષ એક "સ્ત્રી" હતી. (૫૬) શ્રી નારદજી બોલ્યા કે રાજન્ પ્રાચનબર્હિષ ! શબ્દ,સ્પર્શ,રૂપ,રસ અને ગંધ આ પાંચ જ્ઞાનેન્દ્રિયના વિષયો એ તો પાંચ ઉદ્યાન એટલે બાગ સમજવા. પાંચ મસ્તકવાળો નાગ એ તો પાંચ પ્રકારનો પ્રાણવાયુ સમજવો. જલ, અન્ન અને તેજ આ ત્રણ વસ્તુઓને ત્રણ કિલ્લા જાણવા. કાન,ત્વચા,આંખ,જીભ અને ઘ્રાણ ઈન્દ્રિય અને છઠ્ઠું મન આ છ જણને વ્યાપારીઓ જાણવા. હાથ, પગ, વાણી, જનનેન્દ્રિયને અને ગુદા આ પાંચ કર્મેન્દ્રિયોને તો વેપારીનાં પાંચ હાટ એટલે દુકાનો જાણવી. કદી પણ ક્ષીણ ન થનારાં એવાં પૃથ્વી,જલ,તેજ,વાયુ,આકાશ આ પંચ મહાભૂતોને આ નગરીનાં પાંચ ઉપાદાન કારણ જાણવાં. નગરની માલિક જે સ્ત્રી તેને બુદ્ધિ જાણવી. આ બુદ્ધિને આધીન બનીને રહેલો બુદ્ધિનો સ્વામી આત્મા પોતાના નિત્યાનંદ ચેતનાત્મક સ્વરૂપને વિસરી જાય છે. (૫૭-૫૮)

સ્વરૂપવિસ્મૃતિ

પ્રસંગ આગળ વર્ણવતાં અવિજ્ઞાત બોલ્યા કે હે પ્રિય મિત્ર ! આ સ્ત્રીને એટલે બુદ્ધિને વશ થનાર ભાઈ તું પુરંજન એ બુદ્ધિનો સ્વામી મનાય. તે પોતાના સ્વામીપણાના સ્વરૂપને વીસરી જઈ તેને માલિક માની તેના કહ્યામાં રહી તેનો તાબેદાર બન્યો. પછી તો તું તેની સાથે જ રમણ કરવા લાગ્યો. પ્રિય સખા ! એક એવી ક્ષણ આવી કે તું તે સ્ત્રીના પાશમાં ફસાઈ પડ્યો. આજે આ તારી દુઃખદર્દભરી જે દુર્દશા છે તે તું તેને વશ થઈ ગયો તેનું જ આ ફળ છે. (૫૯) તારા આત્માને ઢંઢોળીને જોતાં તને જણાશે કે તું નથી તો વિદર્ભરાજકુમારી કે નથી મલયધ્વજ રાજાની રાણી કે તે પુરંજનીનો નવ દ્વારવાળા નગરનો નિવાસી કોઈ પુરુષ નથી, કે નથી તું પૂર્વનો પુરંજન રાજા. (૬૦) અરે મિત્ર, પૂર્વ જન્મમાં તેં તેને પુરુષ જાણ્યો હતો આજે તું તને વૈદર્ભી સ્ત્રી તરીકે માને છે. આ બેમાંથી એક પણ સમજ સાચી નથી. આ તો મારી પેદા કરેલી માયાને લીધે તને આવું લાગે છે. તારું સાચું સ્વરૂપ જ નોખું છે. મારી અજેય એવી માયાને લીધે તારા સ્વરૂપની તને વિસ્મૃતિ થયેલ છે. હવે સાચી વાત એટલી જ છે કે તું સ્ત્રી કે પુરુષ નથી પરંતુ "આત્મા" છે., મારો અંશ છે.. આપણે બન્ને હંસો છીએ. (૬૧) આપણું સાચું સ્વરૂપ એ છે કે હું ભગવાન છું, તું ભક્ત છે. વેદો મને ઈશ્વર કહે છે. તને જીવ કહે છે. જ્ઞાનીજનો તો આપણા બન્નેની વચમાં કોઈ પણ અન્તર જોતા જ નથી. (૬૨) દાખલા તરીકે કોઈ મોટા દર્પણમાં આપણું પ્રતિબિંબ જોઈએ તો તે વિશાળ, નિર્મળ અને સ્થિર દેખાય. તેનું જ જ્યારે કોઈની આંખની કીકીમાં પ્રતિબિંબ જોઈએ તો તે તદ્દન નાનું, મેલું, ચલાયમાન દેખાય. મોટા દર્પણનું પ્રતિબિંબ એ ઈશ્વર છે અને આંખની કીકીનું પ્રતિબિંબ જીવ છે એવો વિવેક કહી શકાય. વાસ્તવિક રીતે વિચારતાં તો આપણે બન્ને એક જ છીએ, પરબ્રહ્મ છીએ. (૬૩)

સ્વરૂપદર્શન

મહર્ષિ નારદ બોલ્યા કે રાજન્ પ્રાચીનબર્હિષ ! જ્યારે ભગવાન હંસે આ માનસ સરોવરના હંસ જીવાત્માને સભાન બનાવ્યો ત્યારે તે પોતાના સ્વરૂપમાં સ્થિર થયો. પોતાના મિત્ર ભગવાનથી વિખૂટા પડવાને લીધે પોતાનું સ્વરૂપ જે વિસરાઈ ગયું હતું તેનું તેને દર્શન થયું. એની આંખ ભીની થઈ ગઈ. (૬૪) રાજન્ ! મેં પણ જો આ આત્મજ્ઞાની ગાથા તેમને તત્ત્વજ્ઞાનની ભાષામાં કહી હોત તો તે ન સમજાત. માટે જ પુરંજન રાજાની ગાથાના સ્વરૂપમાં વર્ણવી છે. આ કથાને "પરોક્ષ" કથા કહેવામાં આવે છે. ભગવાન વિશ્વપતિને પણ આવી પરોક્ષ ગાથા જ પ્રિય હોય છે. (૬૫)

बर्हिष्मन्नेतदध्यात्मं पारोक्ष्येण प्रदर्शितम् । यत् परोक्षप्रियो देवो भगवान् विश्वभावनः ।।६५।।

શ્રીમદ્ ભાગવતપીયૂષના ચતુર્થ સ્કંધના વિસર્ગલીલાનો ચતુર્થમુક્તિ પ્રકરણના વિવેચનમાંનો પુરંજનચરિત્ર વર્ણન નામનો અધ્યાય ૨૮મો સમાપ્ત.

અધ્યાય ૨૯મો

[આ અધ્યાયમાં ૮૫ શ્લોકો છે. ૨૮મા અધ્યાય સુધીના, પુરંજન પંચાધ્યાયી પ્રકરણના ચાર અધ્યાયોમાં જે આધ્યાત્મિક ગાથા વર્ણવી છે. એનું અત્યંત સ્પષ્ટ રીતે વર્ણન આ અધ્યાયમાં કરીને સમજાવશે. સ્ત્રીપ્રસંગથી સંસાર અને શ્રીહરિ સેવાથી મોક્ષ આ પ્રકારે આ કથાનું ફલ વર્ણવાશે.]

प्राचीनबर्हिरुवाच – भगवंस्ते वचोऽस्माभिर्न सम्यगवगम्यते । कवयस्तद् विजानन्ति न वयं कर्ममोहिताः ।।१।।

મહારાજ પ્રાચીનબર્હિને શ્રીનારદજીએ ચાર અધ્યાયોમાં અધ્યાત્મકથા "પુરંજનચરિત્ર" સંભળાવ્યું. રાજાએ સાંભળ્યું. થોડું સમજ્યા પણ ખરા છતાં વધુ સ્પષ્ટતા કરવાના આશયથી કહેવા લાગ્યા કે ભગવન્ ! આપની વાણી ઘણી ગૂઢ અર્થવાળી છે. મારાથી પૂર્ણ નથી સમજાતી. જ્ઞાનીજનો આવી ગૂઢ વાતો સમજી શકે પરંતુ અમારા જેવા કર્મમોહિત જીવો કેમ કરી જાણી શકીએ ?(૧)

પુરંજનચરિત્રનું સ્પષ્ટીકરણ

શ્રી નારદજીએ પ્રવચન આગળ વધારતાં કહ્યું, રાજન્ ! મેં જે આપને પુરંજનની કથા કહી તે "પુરંજન" એ જીવાત્માની સંજ્ઞા છે. આ જીવાત્મા પોતાનાં અજ્ઞાત અદ્રષ્ટોથી-પ્રારબ્ધોથી અનેક શરીરને એટલે નગરોને સરજે છે. જીવાત્માનાં આ શરીરોમાં કેટલાંક એક પગવાળાં એટલે પિશાચ વગેરે, બે પગવાળાં એટલે મનુષ્યનાં, ત્રણ પગવાળાં એટલે જ્વર વગેરે રોગોનાં, ચાર પગવાળાં એટલે પશુ વગેરેનાં, બહુ પગવાળાં એટલે કાનકજૂરા વગેરેનાં અને પગ વિનાનાં એટલે સર્પની યોનિનાં શરીરોને પ્રારબ્ધ કર્માનુસાર મેળવે છે. (૨)

આ પુરંજનનો "અવિજ્ઞાત" નામનો સખા જે કહ્યો તે ભગવાનનું નામ છે. કારણ કે ભગવાન જે કાંઈ પોતાના જીવો માટે કરે તે પરોક્ષ રીતે કર્યા કરે છે. આ ભગવાનનું નામ અવિજ્ઞાત છે એનું તાત્પર્ય એ એ છે કે "ભગવાનના સ્વરૂપને, ગુણોને, સ્વભાવને અને લીલાઓને જીવ જાણી શકતો નથી. તેમજ સમજી શકતો નથી. (૩) જીવાત્માને જ્યારે સર્વ સંસારસુખો ભોગવવાનું મન થયું અને એવું પુણ્ય થયું ત્યારે તેને દશ પ્રકારની ઈન્દ્રિયઓની અને ચાર પ્રકારના અન્તઃકરણની સગવડવાળી નવ દ્વારવાળી માનવ કાયા ગમી ગઈ એને પ્રભુ કૃપાથી તેવી કાયા મળી ગઈ (૪) નવ દ્વારવાળા નગરને દ્વારે જે પુરંજની સ્ત્રી ઊભી હતી તે માનવ દેહની બુદ્ધિ હતી. આ બુદ્ધિના સંયોગથી જે જીવાત્મા હું અને મારું શરીર વગેરે માનવા લાગે છે. પછી આ શરીરમાં બુદ્ધિના આશ્રયે આસક્ત થઈને ઈન્દ્રિયો દ્વારા દશેદશ વિષયોને ભોગવે છે. (૫) આ ઈન્દ્રિયો બુદ્ધિના મિત્રો છે. આ દશ ઈન્દ્રિયોમાંથી પાંચ જ્ઞાન ઈન્દ્રિયોથી જ્ઞાન થાય છે અને પાંચ કર્મેન્દ્રિયોથી ક્રિયા થાય છે. આ ઈન્દ્રિયોની જે વૃત્તિઓ થાય છે તે પુરંજની રાણીની એટલે બુદ્ધિની સખીઓ મનાય છે. પાંચ માથાવાળો પુરંજનના નગરનો રક્ષક નાગ, પાંચ પ્રકારનો પ્રાણ,અપાન,સમાન,ઉદાન અને વ્યાન આવા પ્રાણના પાંચ પ્રકારો છે. (૬) આ બન્ને પ્રકારની ઈન્દ્રિયોનો સેનાપતિ જે "બૃહદ્બલ" એટલે પુષ્કળ બળવાળો યોદ્ધો છે, તે મનનું નામ છે. કારણ કે "મન" જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય ઉપર પોતાનું પ્રભુત્વ રાખે છે. નવદ્વારવાળું જે નગર બતાવ્યું

તે મનુષ્યનું શરીર છે. આ "પંચાળ" નામના દેશમાં આવેલ છે એ "પંચાળદેશ" એટલે શબ્દ,સ્પર્શ,રૂપ,રસ અને ગંધ પાંચ વિષયોનું નામ છે. આ પાંચ વિષયો નામના દેશમાં આ દેહ નામનું નગર આવેલું છે. (૭) આ નગરનાં બે આંખ, બે નાસિકા અને મુખ્ય દરવાજો મુખ નામનાં પાંચ દ્વારો પૂર્વ દિશા તરફના સીધા જનારા પાંચ દરવાજા છે. જમણો કાન દક્ષિણ દિશા તરફનો દરવાજો ગણવો અને ડાબો કાન ઉત્તર દિશા તરફનો દરવાજો જાણવો. (૮) આ બે દરવાજામાંથી દક્ષિણ તરફના દરવાજાનું નામ પિતૃહૂ અને ઉત્તર તરફના દરવાજાનું નામ દેવહૂ છે. મલ-મૂત્રના ગુદા અને લિંગ નામનાં બે સ્થાનો છે. તે પશ્ચિમ દિશાના નીચેના બે દરવાજા છે. આ દ્વારો દ્વારા જીવ બહાર યાત્રા કરવા જાય છે. (૯) રાજન્ ! "હવે નવદ્વારનો ખુલાસો કરીએ છીએ, પૂર્વ દિશાના પાંચ દરવાજા એટલે મુખ ઉપરનાં પાંચ છિદ્રો આવ્યાં છે. તે પાંચ દરવાજા છે આવિર્મુખી અને ખદ્યોતા નામની જમણી અને ડાબી બે આંખો છે તેમાંથી જમણી આંખનું નામ "આવિર્મુખી" આપ્યું છે. એ આંખનો સ્વામી સૂર્ય છે, એનાથી અધિક દેખાય છે અને ડાબી આંખનું નામ છે ખદ્યોતા. એનું આગિયાની માફક ઓછું તેજ હોય છે. "દ્યુમાન" નામનો સારથિ એટલે જે ભોમિયો કહ્યો તે "ચક્ષુ" નામની ઈન્દ્રિયનું નામ છે. આ બે દ્વારેથી જીવ "વિભ્રાજિત"નામના દેશમાં એટલે અનેક પ્રકારનાં રૂપનાં દર્શન માટે જાય છે. (૧૦)

"નલિની અને નાલિનીઃ નામના બે દરવાજા એટલે નાકનાં જમણાંડાબાં બે છિદ્રોનાં નામ સમજવાં. એમાં ડાબા છિદ્રનું નામ નલિની અને જમણા છિદ્રનું નામ નાલિની છે. ડાબાથી શ્વાસ ઓછો લેવાય છે અને જમણાથી વધુ લેવાય છે. આ દરવાજાના દ્વારપાલનું નામ "અવધૂત" આપવામાં આવ્યું છે. તે અવધૂત એટલે સૂંઘવાનું કામ કરનારી "ઘ્રાણ' નામની ઈન્દ્રિય છે. આ ઈન્દ્રિય દ્વારા "સૌરભ" દેશમાં એટલે વિવિધ પ્રકારની સુવાસ લેવા જવાય છે. મુખ્ય દ્વારઃ એ મુખનું નામ છે. આ મુખમાં જીભ આવેલી છે. આ જીભ દ્વારા "આપણ અને બહૂદન" નામના જે બે દેશોમાં જવાય છે એવું કહ્યું તેનું તાત્પર્ય એ છે કે બીજી બધી ઈન્દ્રિયોનાં છિદ્રો બે છે અને એક જ વિષયમાં તે જાય છે, જ્યારે "મુખ" નામનું એકજ છિદ્ર છે તેમાં આવેલ "જિહ્વા" બે કાર્યો કરે છે માટે બધી ઈન્દ્રિયોમાં એને "મુખ્યા કહી છે" એનું બે દેશમાં જવું કહ્યું છે. એમાંના એક દેશનું નામ "આપણ" કહ્યું છે. આપણ એટલે બોલવાનું કામ કરનારી "વાક્' આપણ નામની ઈન્દ્રિય છે. તે "વૃથાવાદ"નું જ કાર્ય કરે છે અને બીજો જે "બહૂદન" નામનો દેશ છે તે વિવિધ પ્રકારના "સ્વાદ" નામનો દેશ છે. આ કાર્ય માટે "રસના" નામની ઈન્દ્રિયથી જીવ અનેક પ્રકારની સ્વાદિષ્ટ વાનગીઓ ખાવા માટે લલચાય છે. જો કેવલ જીવ વૃથાવાદ ત્યજી ભગવાનના ગુણાનુવાદ કરે અને સ્વાદ ત્યજી ભગવત્પ્રસાદ લે તો જીવાત્માને તારી દેવાનું અત્યંત મુખ્ય કાર્ય કરીં શકે છે. આમ આ "મુખ" તારવા-ડૂબાડવાનાં મુખ્ય કાર્યો કરી શકે છે માટે એનું નામ મુખ્યા આપ્યું છે. (૧૧)

"પિતૃહૂ અને દેવહૂ" નામના દક્ષિણ ઉત્તર દિશાના બે દરવાજા એ જમણા અને જાબા આ બે કાનનું નામ છે. જીવ પુરંજન જમણા કાન "પિતૃહૂ" નામના દરવાજાથી "દક્ષિણ પાંચાલ" નામના દેશમાં જાય છે. એનું રહસ્ય એવું છે કે જમણા કાનથી સ્વર્ગસુખ આપનારાં, લોકસુખો આપનારાં સકામ કર્મોના શ્રવણમાં એને રસ પડે છે. વળી સગાં, વહાલાં, કુટુંબીઓની લોકવાતો સાંભળવામાં રસ પડે છે. આ બધા વિષયોનું નામ છે. "દક્ષિણ" પાંચાલદેશ. હવે ડાબી બાજુનો જે કાન "દેવહૂ" નામનો છે તેનાથી તે ભગવતકથા તત્ત્વજ્ઞાન, લોકકલ્યાણ અને પરોપકારની વાતો સાંભળે છે. આ દરવાજેથી જે દેશે જવાય છે તેનું નામ "ઉત્તર પાંચાલ" દેશ છે. આ ઉત્તર પાંચાલ દેશ એટલે ભગવત્પ્રાપ્તિનાં સાધન ઉત્તમ ગુણોવાલી ભગવાનની કથાનાં શ્રવણ વગેરે સમજવાં. આ બન્ને જગ્યાએ લઈ જનાર જે દ્વારપાલ છે એનું નામ છે. "શ્રુતધર" અને આ શ્રુતધર એટલે શ્રવણ કરનારી "શ્રોત્ર" નામની ઈન્દ્રિય છે. દક્ષિણ પાંચાલ એટલે પ્રવૃત્તિ શાસ્ત્રનું શ્રવણ છે. એ શ્રવણથી પિતૃલોક પ્રાપ્ત થાય છે. ઉત્તર પાંચાલ એટલે નિવૃત્તિશાસ્ત્રનું શ્રવણ છે. એના શ્રવણથી દેવલોકની પ્રાપ્તિ થાય છે. (૧૨-૧૩)

આસુરી દ્વારનો અર્થ સમજાવે છે કે શરીર નગરમાંથી મૂત્રનો ત્યાગ કરવામાં આવે અને સ્ત્રીસુખ ભોગવવામાં આવે છે

તે દ્વારનું નામ આસુરી દ્વાર અને તેની ઈન્દ્રિયનું નામ ઉપસ્થ છે. આ ઈન્દ્રિય દ્વારા વિષયવિલાસને ભોગવવા એ "ગ્રામ્યક" અથવા ગ્રામક નામના દેશમાં ફરવા જવું એવો અર્થ છે. આ દરવાજાનો જે દ્વારપાલ છે તેનું નામ દુર્મદ છે તે ગુહ્ય ઈન્દ્રિયની સંજ્ઞા છે.

નિર્ઋતિ દ્વાર એટલે શરીરમાંથી મળનો ત્યાગ કરનાર છિદ્રનું નામ છે. આ દ્વારનો જે દ્વારપાલ "લુબ્ધક" એટલે ગુદા નામના દ્વારમાં રહેલ "પાયુ" નામની ઈન્દ્રિય છે. આ ઈન્દ્રિય દ્વારા "વૈશસ" નામના દેશમાં જવાય છે. વૈશસ શબ્દનો અર્થ નરક થાય છે. જ્યારે જીવની દુર્ગતિ થાય છે ત્યારે તેનો પ્રાણ ગુદા દ્વારેથી નરકલોકમાં જાય છે તેથી તેનું નામ વૈશસ એવું આપ્યું છે. (૧૪)

બે અંધ સેવકો પણ આ નગરના બતાવ્યા છે. રાજન્ પ્રાચીનબર્હિષ ! એનું તાત્પર્ય એ છે કે જીવાત્માના પુરંજન નામના દેહ નગરના બે હાથ અને બે પગ એ તો કેવલ ક્રિયા કરનારા છે. એમને તો જ્ઞાન નથી. એ બન્ને તો પુરંજની એટલે બુદ્ધિની સૂચના પ્રમાણે કાર્ય કરનાર હોઈ બન્નેને "અંધ સેવકો" કહ્યા છે. આ બેમાંથી એકથી કામ કરે અને બીજાથી ચાલવાની ક્રિયાકરે છે. (૧૫૫)

આ નગરનું એક અન્તઃપુર એટલે "જનાનો"છે. દેહમાં રહેલા હૃદયનું નામ અન્તઃપુર એટલે જનાનખાનું છે. આ હૃદય નામના અન્તઃપુરમાં "વિષૂચિ" નામનો પ્રધાન છે. એને ગૃહસચિવ કહેવામાં આવે છે. આ સચિવ એટલે "મન" સમજવું. આ મન સત્ત્વ, રજ અને તમ એવા ત્રણ ગુણવાળું હોય છે. આ ત્રણ ગુણના કારણે હૃદયમાં પ્રસન્નતા, હર્ષ અને મોહ ઉત્પન્ન થાય છે. (૧૬)

પુરંજની રાણી એ બુદ્ધિની સંજ્ઞા છે. આ બુદ્ધિને પુરંજન જીવની મહારાણી કહી છે. આ બુદ્ધિની સૂચના પ્રમાણે જીવ કાર્ય કરે છે. આ બુદ્ધિ સ્વપ્નાવસ્થામાં જે જે પ્રકારે વિકારોને પ્રાપ્ત કરે છે તેમજ જાગ્રત અવસ્થામાં ઈન્દ્રિયો મન વગેરને વિકારવાળાં કરે છે, તેના ગુણોથી લેપાયેલા પુરંજન જીવ પણ તે વૃત્તિઓનું અનુકરણ કરવા માટે "વિવશ" બને છે, ખરી રીતે જીવાત્મા નિર્વિકાર છે અને કેવલ સાક્ષી છે. (૧૭)

પુરંજન રાજાનો રથ એ તો સ્વપ્નાવસ્થાના દેહનું નામ છે. આ રથના ઘોડાઓ એ તો ઈન્દ્રિયોનાં નામ છે આ રથની ગતિ ઘણી ઉતાવળી છે. જેમ સંવત્સરની ગતિ અટકતી નથી. એક પછી બીજું વર્ષ જેમ દોડી આવે છે અને એ વેગ જેમ અટકતો નથી તેમ આ દેહરથની ગતિ અટકતી નથી. આ રથને પાપ અને પુણ્ય નામનાં બે ચક્ર છે, સત્ત્વ, રજ અને તમ નામના ત્રણ ગુણો ધ્વજ છે. પાંચ પ્રાણો એ પાંચ દોરડાં છે. (૧૮) આ રથની લગામ એ તો મન છે, બુદ્ધિ તો સારથિ છે, બેસવાની સૂપડી એ હૃદય છે. સુખ અને દુઃખ નામનાં બન્ને દ્વંદ્વો એ તો બે બાજુની ધૂંસરીઓ છે. પાંચ કર્મો પાંચ પ્રકારનાં આયુધો છે, રસ, રુધિર, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને વીર્ય આ સાત ધાતુઓ સાત પડદાઓ છે. (૧૯) પાંચ જ્ઞાનેન્દ્રિયો આ રથની પાંચ પ્રકારની જુદી જુદી ગતિઓ છે. હાથની ક્રિયા જુદી, પગની ક્રિયા જુદી આમ પાંચ જ્ઞાનેન્દ્રિયોની પાંચ જુદી જુદી ગતિઓ છે. આ શરીરરથ ઉપર આરોહણ કરીને પુરંજન જીવ મિથ્યા વિષયો તરફ દોટ મૂકે છે. આ પુરંજન રાજાની સેના એ તો અગિયાર ઈન્દ્રિયો સમજવી, પુરંજન રાજાનો શિકાર એ તો પાંચ જ્ઞાનેન્દ્રિયો દ્વારા અધર્મ અને અનર્થ ભર્યા વિષયોનું સેવન કરવાની ક્રિયા છે. (૨૦)

ચંડવેગ ગન્ધર્વ

આ પુરંજનની નગરી ઉપર આક્રમણ કરનાર ચંડસેન અથવા ચંડવેગ ગન્ધર્વ એ તો એક પછી બીજું અને બીજા પછી ત્રીજું એમ પસાર થનારા સંવત્સરો છે. આ વર્ષો દ્વારા જે સમયનું-કાળનું માપ કાઢવામાં આવે છે. ચંડસેનના ૩૬૦ ગંધર્વ જાતના સૈનિકો એ વર્ષના ૩૬૦ દિવસો છે અને ૩૬૦ ગંધર્વીઓ એ ત્રણસો ને સાઠ રાત્રીઓ છે. આ ચક્કર લગાવતી રાત્રી કે દિવસોની સેના પુરંજના આયુષ્યને હરી જાય છે. (૨૧) કાલની કન્યા શરીરને ઘેરતી વૃદ્ધાવસ્થા છે. એને કોઈ પરણવા નથી ચાહતું. એનું રહસ્ય એ છે કે જગતમાં કોઈને વૃદ્ધાવસ્થા તો નથી ગમતી પણ કોઈ એને આ વૃદ્ધ

છે એવું કહે તે પણ નથી ગમતું. યવનરાજા એ તો મૃત્યુનું નામ છે. મૃત્યુએ ત્રણે લોકનો ક્ષય કરવા માટે "જરા"ને પોતાની બહેન બનાવી છે. (૨૨) દેહની માનસિક ચિંતાઓ અને શારીરિક પીડાઓ એ આધિ અને વ્યાધિ નામના યવન સેનિકો છે. શીતજ્વર અને ઉષ્ણજ્વર નામનો બે પ્રકારનો "પ્રજ્વાર" નામનો તાવ જરાનો ભાઈ છે. વૃદ્ધાવસ્થા આવતાં જ દેહને આવો તાવ લાગુ પડે છે. એ તાવ ભૂતમાત્રને જલદી મૃત્યુના મુખમાં ધકેલી દે છે. (૨૩) આ દેહનગરમાં રહેલો આ જીવ દુકાળ, અતિવૃષ્ટિ કે મહામારી જેવાં દૈવે કરેલાં દુઃખોથી, સાપ, વીંછી, સિંહ વગેરે પશુઓથી થયેલાં દુઃખોથી પોતાના સ્વજનો અને અજ્ઞાનથી થયેલાં દુઃખોથી પીડતો પુરંજન જીવ અજ્ઞાનથી ઘેરાયેલો સો વર્ષ સુધી દુઃખો ભોગવે છે. (૨૪) જીવ સ્વયં આનંદનો અંશ અને નિર્ગુણ છતાં પ્રાણ, ઈન્દ્રિયો, મન વગેરેના ધર્મોનો આત્મામાં એટલે પોતાનામાં સમજતો અહંતા મમતાની મજબૂત દોરીથી બંધાઈ, તુચ્છ વિષયોનું તુચ્છ ચિંતન કરતો અનેક પ્રકારનાં તુચ્છ કર્મોને કર્યા જ કરે છે. (૨૫) ભલેને જીવ સ્વયંપ્રકાશ છે પરંતુ પ્રત્યેકના ગુરુ અને આત્મસ્વરૂપ ભગવાનના સ્વરૂપને જાણતો નથી ત્યાં સુધી પ્રકૃતિના ગુણોમાં જ બંધાયેલો રહે છે. (૨૬) સત્ત્વ, રજ અને તમોગુણના અભિમાનને કારણે દીન બની ગુણો પ્રમાણે કાર્યો કરે અને કરેલાં કર્મોને અનુસરીને યોનિને પામે છે. (૨૭) જ્યારે તે સત્ત્વગુણ યુક્ત કર્મ કરે ત્યારે જ્ઞાનપ્રધાન સ્વર્ગાદિ લોકોને પ્રાપ્ત કરે છે, પરંતુ તે અનેક જન્મને અંતે મળે છે જ્યારે તે રાજસ ગુણવાળાં કર્મો કરે છે ત્યારે દુઃખ ભર્યા રજોગુણવાળા લોકોમાં જાય છે ત્યાં તેને વિવિધ પ્રકારનાં કર્મોના ક્લેશને અનુભવવો પડે છે. કોકવાર તમોગુણી કર્મો દ્વારા દુઃખમય અને શોકભરપૂર તામસ યોનિમાં જન્મ લે છે. (૨૮) આ પ્રમાણે જીવાત્મા પોતાના ગુણ અને કર્મોને અનુસરીને પુરુષનો, સ્ત્રીનો કે નપુંસકનો દેહ પામે છે તો કોઈ દેવ મનુષ્ય કે પશુની યોનિને પણ પામે છે. (૨૯) રાજન્ ! શાસ્ત્રોમાં લખ્યું છે કે 'ક્ષુધાપરવશ' શ્વાન રોટલાના ટુકડા માટે ઘરેઘરે ભટકે છે. તેને કોઈ ઘરેથી ખાવા ભાવતું પણ મળે તો કોઈ ઠેકાણેથી તેને દંડો પણ પડે છે. (૩૦) આમ વિષયવાસનાવાળો જીવ સ્વર્ગ, પૃથ્વી કે પાતાલ લોકોમાં ઊંચા કે નીચા માર્ગે ભાગ્યાનુસાર ભટકે છે અને કર્માનુસાર ક્લેશોને કે સુખોને ભોગવે છે. (૩૧)

ભગવાનની સેવાથી જ સુખ

અજ્ઞાનવશ જીવ આધિદૈવિક, આધ્યાત્મિક કે આધિભૌતિક.આવાં ત્રણ પ્રકારનાં દુઃખોમાંથી કોઈ પણ એક પ્રકારના દુઃખમાંથી જીવનો છુટકારો નથી થતો. જો કોઈવાર છુટકારો થયો છે એવું લાગતું હોય તો તે કેવલ અલ્પ સમય માટે જ હોય છે. (૩૨) માથે બોજો ઉઠાવી ચાલનાર કોઈ પણ પુરુષ માથું તપી જતાં માથાને જરા વિસામો દેવા ખભા ઉપર ભાર ઉઠાવે એથી કાંઈ તે પુરુષના ઉપરથી ભાર ઊતરતો નથી તેવીજ રીતે દુઃખને દૂર કરવાના ઉપાયો દુઃખ રૂપ જ બનવાના છે. (૩૩) તે જ રીતે ભગવાનની સેવા અને ભગવાનમાં ભક્તિ સિવાયનાં દુઃખોને દૂર કરવા માટેના જે જે કોઈ ઉપાયો કરીશું તે બધા દુઃખરૂપ જ છે. ક્ષણભર માની લઈએ કે દેહમાં માથાનો દુઃખાવો દવાથી મટ્યો તો વળી દાંતની પીડા તો ઊભી રહેવાની જ છે. દુઃખો તો દેહની સાથે જ જડાયેલાં છે. કેવલ ભક્તિ વિનાનું કેવલ કર્મ દુઃખ દૂર ન કરે કારણકે અશુભ કર્મ કે શુભ કર્મ અજ્ઞાનને લીધે જ થવાનાં, વાસનાને લીધે જ થવાનાં. તેથી વાસનાવાળું એક કર્મ બીજા કર્મને ટાળી ન શકે. દાખલા તરીકે આપણે નિદ્રામાં છીએ ત્યાં એક સ્વપ્ન આવ્યું. આ સ્વપ્નમાં વળી બીજું સ્વપ્ન આવ્યું તેથી કોઈ પ્રથમ સ્વપ્નને તે બીજા સ્વપ્નથી ટાળી નથી શકતું. તે સ્વપ્નાવસ્થા તો ચાલુ જ છે. તેવું જ કર્મ માટે છે. (૩૪) સ્વપ્ન ભલે ખોટું છે પરંતુ ઉપાધિરૂપ મનની સ્વપ્નાવસ્થા હોય ત્યાં સુધી તો સ્વપ્ન મટે નહીં. તેજ પ્રકારે સંસાર ભલેને ખોટો છે છતાં જ્યાં સુધી મનમાં વિષયોનું ચિંતન રહેવાનું ત્યાં સુધી સંસાર તો રહેવાનો જ છે. (૩૫)

ગુરુકૃપા, હરિભક્તિ અને શ્રીહરિકથા

હે નિર્દોષ રાજા ! સર્વ પુરુષાર્થનો સાધનાર અને સર્વ પુરુષાર્થસ્વરૂપ આ આત્માને જે અહંતા-મમતારૂપ સંસાર અને દુઃખની પરંપરાઓ કદાચ કોઈ.કર્મથી અટકે કે છૂટે પરંતુ તે સર્વથા તો ન જ ટળે માટે સર્વથી પ્રથમ ગુરુ પદપંકજમાં

ભક્તિ થવી જોઈએ. આવી ગુરુચરણોમાં દૃઢભક્તિથી ગુરુકૃપા સિદ્ધ થાય. ગુરુકૃપા સિદ્ધ થતાં જ ભગવાન શ્રીકૃષ્ણમાં થયેલો અનન્ય ભક્તિભાવ પ્રાપ્ત થશે કે તરત જ જ્ઞાન અને વૈરાગ્યનો આવિર્ભાવ થશે. (૩૬) રાજન્ પ્રાચીનબર્હિષજી ! આવા ભક્તિયોગનો મુખ્ય આધાર તો કેવલ "શ્રીકૃષ્ણ ભગવાનની" કથા જ છે માટે શ્રદ્ધાપૂર્વક મન એકાગ્ર કરીને કથાનું નિત્ય શ્રવણ અને ભગવાનની લીલાનું સતત અધ્યયન કરતાં અવિલંબે જ ભક્તિયોગ સિદ્ધ થાય છે. અરે રાજન્ ! જ્યાં હરિકથા,કીર્તન,શ્રવણ,ચિંતનમાં સતત તરબોળ, અત્યંત નિર્મલ મનવાળા પરમ ભાગવતો તાદશી જનો જ્યાં બિરાજતા હોય ત્યાં જ કથાશ્રવણ કરવાનું મળે. (૩૮-૩૯)

तस्मिन् महन्मुखरिता मधुभिच्चरित्रपीयूषशेषसरितः परितः स्त्रवन्ति ।
ता ये पिबन्त्यवितृषो नृप गाढकर्णैस्तान्न स्पृशन्त्यशनतृड्भयशोकमोहाः ।।४०।।

જો આવા સંતોના સમાજમાં રહીએ કે સંતોના સમાજમાં જઈએ તો પરમ ભગવદીયના મુખકમલમાંથી ચારે તરફથી અખંડ વહેતી ભગવાન શ્રીકૃષ્ણની લીલામયી સુધાધારોનું તૃષાર્ત ચિત્તથી શ્રવણ કરવામાં અતિશય લાલસાવાળાં કાન નામનાં પવિત્ર પાત્રો દ્વારા છલકાતી છોળોએ પાન કરે છે, તેમને ભૂખ કે તરસ, શોક કે મોહ, ભય કે ચિંતા કદી સ્પર્શી શકતાં જ નથી. (૪૦) રાજન્ ! આપ આ હરિકથામૃતનું પાન કરો. રાજન્ ! જો દુઃખની ગાથા હોય તો એક જ કે સ્વાભાવિક રીતે ખૂબ-તરસ શોક-મોહ ભય-ત્રાસ વગેરે પીડાઓથી સંસારી જીવો અકળાઈ ઊઠેલા છે છતાં પણ ભગવાન શ્રીકૃષ્ણના કથામૃતમહાસાગરમાં પાન કરવા નથી જતા કે કથાસિંધુમાં પ્રેમ નથી કરતાં. (૪૧)

દુર્લભ દર્શન

આધિક શું કહેવું, રાજન્ ! પ્રજાપતિઓના પણ પતિ બ્રહ્માજી, ભગવાન શંકર, સ્વાયંભુવ મનુ, દક્ષ વગેરે પ્રજાપતિઓ, સનકાદિ નૈષ્ઠિક બ્રહ્મચારીઓ, (૪૨) મરીચિ, અત્રિ, અંગિરા, પુલસ્ત્ય, પુલહ, ભૃગુ, વશિષ્ઠ અરે હું એટલે નારદ અને અમે બધા જ બ્રહ્મદેવતાઓ જે અમે વેદવાણીના અધિકારી ગણાઈએ છીએ તેવા પણ અમે વિદ્યાતપ-યોગસમાધિના ઉપાયોથી તે કૃપાસિંધુને શોધીને થાક્યા ! આમ છતાં સર્વના સાક્ષી અને સર્વને નિહાળનાર એવા શ્રીકૃષ્ણનાં આજ સુધી દર્શન નથી પામ્યા. (૪૩-૪૪) વળી વેદસાહિત્ય પણ મહાસાગર જેવું અપાર છે. એનો પાર પામવો કેટલો સરલ ! મોટા પંડિતો જે શબ્દબ્રહ્મ જ્ઞાનમાં પારંગત ગણાય તેઓ સમાલોચનાઓ કરી મંત્રોમાં બતાવેલા વજ્રહસ્તનું એટલે વજ્ર જેના હાથમાં શસ્ત્ર હોય એવા ઈન્દ્રાદિ દેવોનું વિવિધ યજ્ઞો કે કર્મો દ્વારા પરમેશ્વરનું યજન તો કરે છે પરંતુ આવું યજન કરનારા પણ ઈન્દ્રિદિને જ પરમાત્મા સમજે છે, પણ પરમાત્માના સ્વરૂપને જાણતા નથી. (૪૫)

અનુગ્રહ એક જ ઉપાય

રાજન્ ! શાસ્ત્રો,સંતો,વેદો,પુરાણોનું એક જ માનવું છે કે "यदा यमनुगृह्णाति भगवानात्मभावितः । स जहाति मतिं लोके वेदे च परिनिष्ठिताम् જ્યારે ભક્તે પોતાના હૃદયમાં સતત જે ભગવાનનું સ્મરણ અને ચિંતન કર્યું છે તે ભગવાન જ્યારે પોતાના જીવ ઉપર કૃપા કરે છે ત્યારે અને તે જ ક્ષણે તે ભગવાન તે જીવની લોકમાંથી, સ્વર્ગાદિ સુખોમાંથી અને વ્યવહારનાં કર્મોમાંથી આસક્તિ દૂર કરી નાખે છે. માટે "ભગવાનનો અનુગ્રહ" એ એક જ મુખ્ય માર્ગ છે. (૪૬) રાજન્ ! આપ જે આ સકામ કર્મ કરી રહ્યાં છો તેમાં પરમાર્થમતિ ન રાખો તેમજ કર્મો સ્વયં પુરુષાર્થરૂપ છે એવું ન માનો કર્મનાં ફલ કેવલ "કર્ણપ્રિય" છે. પરમાર્થને તે કર્મો સ્પર્શ પણ નથી કરતાં. (૪૭) જો કર્મ પરમ પુરુષાર્થરૂપ દેખાતાં હોય તો તેનું કારણ કેવલ અજ્ઞાન જ છે. જેઓ એમ માનતા હોય કે વેદો કર્મને જ પુરુષાર્થરૂપ માને છે તો તેનું કારણ કેવલ અજ્ઞાન જ છે. જેઓ એમ માનતા હોય કે વેદો કર્મને જે પુરુષાર્થ તરીકે કહે છે તો એમની સમજણ સાચી નથી. તેઓ સતત યજ્ઞ આચરતા હોઈ તેમની મતિ ધૂમથી ઘેરાયેલી લાગે છે. તેના પરિણામે તેમને વેદનું તાત્પર્ય ભગવાનમાં છે એવો વિવેક નથી. (૪૮)

પ્રાચીનબર્હિષનો પ્રમાદ

રાજા પ્રાચીનબર્હિષ ! અણસમજમાં કેટલો મોટો પ્રમાદ કર્યો ! રાજન્ તમે પૂર્વ દિશા તરફ અણીવાળા દર્ભો યજ્ઞક્રિયામાં પાથરીને આખી પૃથ્વી દર્ભોથી ઢાંકી દીધી. વળી રાજન્ ! યજ્ઞોમાં અનેક પશુનાં બલિદાન આપ્યાં. અભિમાને ઘેરાઈને અનુચિત કર્મો આચર્યાં. ન તો રાજન્ ! આપને કર્મનું જ્ઞાન છે કે ન તો વિદ્યાનું જ્ઞાન છે. ભાઈ ! એ જ સાચું કર્મ છે કે જે કર્મથી પ્રભુ પ્રસન્ન થાય અને એ જ વિદ્યા સાચી વિદ્યા કે જેનાથી મન ભગવાનમાં પ્રેમ કરે. પ્રાણીમાત્રના આત્મા ભગવાન છે, એ ભગવાન સ્વતંત્ર છે. સર્વનું કારણ છે અને સર્વના નિયામક છે. આ ભગવાનું ચરણકમલ પ્રત્યેક લોકનું શરણ છે. (૪૯-૫૦) એ શ્રીહરિના ચરણની સેવાથી જ માનવ માત્રનું પરમ કલ્યાણ સધાય છે. જે આપણા અતિશય પ્રિય છે તે ભગવાન આપણા આત્માના પણ આત્મા છે. આ ભગવાન ગુરુ છે, હરિ છે, એમ સમજી એ ભગવાનને જે સેવે છે એને લેશ પણ ભય રહેતો નથી. (૫૧)

શ્રીનારદજીએ કહ્યું કે મેં તમને જે પુરંજનની ગૂઢકથા કહેલી તેનું રહસ્ય તમે પૂછ્યું એ મેં વર્ણવ્યું. હવે રાજન્ ! જે અત્યંત નિશ્ચિત છે એવા એક ખૂબ જ ગૂઢ સાધનને હું સમજાવું છું તે તમે ખૂબ જ એકાગ્રતાથી સાંભળો. (૫૨)

એક ગૂઢ ગાથા

રાજન્ ! એકમૃગ પોતાની મૃગી સાથે પુષ્પવાટિકામાં દૂર્વા વગેરેના કોમલ અંકુરો ચરતો બેફિકરો ફરી રહ્યો હતો. આ હરણના કાન ભ્રમરોના ગુંજનમાં ફસાઈ ગયા છે. આ હરણની સામે જ બીજાના પ્રાણ લઈ પોતાના પેટને પોષનારા શિકારી સામે તાકીને ઊભેલા છે. આ બધાની દરકાર ન કરતાં તે આગળ અને આગળ જ ચાલ્યો જાય છે. આ હરણની પાછળ તાકીને પારધિએ બાણ છોડ્યું છે. આ બાણથી હરણ વીંધાઈ ગયો છે. પણ આ હરણ એટલો અજ્ઞાની છે કે પરિસ્થિતિનું તેને જરાય જ્ઞાન નથી. (૫૩) રાજન્ ! આ ગૂઢ ગાથાનો જરા વિચાર તો કરો. રાજન્ ! આપને ખ્યાલ આવ્યો કે આ હરણ કોણ ? તો હવે સાંભળો, હે રાજન્ ! તમને જે હરણની ગૂઢ વાર્તા કહી તે હરણ તમે પોતે જ છો. આ હરણ પુષ્પવાટિકમાં વિચરતો હતો. તે પુષ્પવાટિકા એટલે એક દિવસ સુવાસ અને કુમાશ જેમાંથી ચાલી જશે એવાં પુષ્પો જેવી લાગતી પરંતુ અંતે રસ વિનાની બની જતી સ્ત્રીઓ છે. આવી સ્ત્રીરૂપ પુષ્પોવાળી વાડી એટલે સ્ત્રીઓવાળાં ઘર છે. આ ઘરરૂપી ફુલવાડીમાં અત્યંત તુચ્છ રસ માટે એટલે જીભના અને ભોગેન્દ્રિયના સુખ માટે ભટકવાનું હોય છે. ભ્રમરોના ગુંજનમાં ભાન ભૂલવું એટલે સ્ત્રી વગેરેનાં ઉપરનાં મીઠડાં વાક્યોમાં કાન પરોવાયેલાં જ રહ્યાં કરવું. સામે ડોળા કાઢીને ઊભેલાં વરુઓનાં ટોળાં એ તો કાળના સેવકો, દિવસ અને રાત્રીઓ. રાજન્ ! પ્રાચીનબર્હિષ, તે રાત્રિ દિવસો તમારા આયુષ્યનો નાશ કરે છે; પરંતુ રાજન્ આપને આ વસ્તુ જરા પણ ચિંતા કરવા જેવી નથી લાગતી. ઊલટા રાજન્ ! ગૃહસ્થ સુખોમાં વધુ ખરડાયેલા છો. પરંતુ નરેશ ! આ કાળ ગુપ્ત રીતે પાછળ આવી જ રહેલ છે. એણે સંતાડી રાખેલાં તીક્ષ્ણ બાણો રાજન્ ! તમને ઘણે દૂરથી જ વીંધી નાખશે. માટે રાજન્ ! કાળબાણથી વીંધાયેલા હૃદયવાળા હવે આપ આપને પોતાને જ વિચારો. આ કાંઈ કોઈ હરણની કથા નથી. આ તો પ્રત્યેક જીવાત્માની કથા છે. (૫૪) માટે રાજા ! આપ આ હરણની હાલતમાં મુકાયેલા પોતાના મનનો પૂરો નિરોધ કરીને સરિતાની માફક વહી રહેલી કાનની બહારના પદાર્થોને સાંભળવાની વૃત્તિને અંતર્મુખ બનાવો. જે વાતોમાં કામી પુરુષોની ચર્ચા થતી હોય એવા ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી પરમહંસોના આશ્રય શ્રીહરિને પ્રસન્ન કરી ક્રમે કરી સર્વ વિષયોથી મુક્ત બની જાઓ. (૫૫)

પ્રાચીનબર્હિષની સ્વીકૃતિ

ભગવન્ ! આપની વાર્તા ગમી ગઈ. આમ બોલતા રાજાએ કહ્યું, મહારાજ ! આપનો ઉપદેશ મેં સાંભળ્યો અને વિચાર્યો પણ ખરો. મારા આચાર્યો આ વાત જાણતા નથી. જો તેઓ આ સિદ્ધાન્ત સમજ્યા હોય તો આજ દિન પર્યન્ત મને કેમ ન કહે ? (૫૬) ભગવન્ ! મારા ઉપાધ્યાયોએ મને જે સંદેહમાં નાખી દીધેલ હતો તે સંદેહમાંથી આપે આજે મને ઉગારી

લીધો. ભગવન્ આ જ્ઞાન અને કર્મના વિષયો કાંઈ આપણી ભૌતિક વસ્તુ જોનારી આંખોથી નક્કી નથી કરી શકાતા. મોટા મહર્ષિઓ પણ આ દિશામાં નિર્ણય કરવામાં મૂંઝાઈ જાય તો મારા જેવા વિષયી જીવની વાત શી કરવી ? (૫૭) વળી મહારાજ ! મેં વેદના જાણકાર વિદ્વાનોના મુખેથી સાંભળ્યું છે કે મનુષ્યે આ દેહથી જે કર્મ કર્યાં છે તે દેહને આ ભૂમિલોકમાં છોડી દઈને કર્મથી બનેલા નવા દેહને લઈને પરલોકમાં પોતાનાં કરેલાં કર્મોના ફલોને ભોગવવા માટે જાય છે. ભગવન્ ! આ કેવી રીતે સંભવે ? કર્મ કરનારી કાયા તો અહીં જ નાશ પામી. તેમજ જે કાંઈ કર્મ કર્યાં તે તો કર્મ પૂર્ણ થતાં બીજી જ ક્ષણમાં દેખાતાં બંધ થઈ ગયાં. આ કર્મો જે નથી દેખાતાં તે પરલોકમાં ફળ આપવા કેવી રીતે આવી શકે ?

નારદજીએ સમાધાન કર્યું

શ્રી નારદજીએ રાજા પ્રાચીનબર્હિષનું સમાધાન કરતાં કહ્યું કે મનુષ્યનાં સ્થૂલ શરીર અને લિંગ શરીર એવાં બે શરીરો હોય છે. તેમાં આ સ્થૂલદેહ એ લિંગ દેહને આધીન હોય છે. કર્મોના ફળો આપવાની જવાબદારી પેલા લિંગ દેહની હોય છે. કારણ કે મન જેમાં મુખ્ય છે. એવા લિંગ દેહથી મનુષ્ય સર્વ કર્મ કરે છે. આ લિંગદેહ તો સ્થૂલદેહ પડ્યા પછી પણ આ જીવાત્માની સાથે જ રહે છે. તેથી પરલોકમાં પ્રત્યક્ષ રીતે પોતે તે લિંગદેહ દ્વારા કર્મનાં ફલોને ભોગવે છે. (૬૦) આ વાત શરીરના જ દૃષ્ટાંતથી સમજાવતાં શ્રી નારદજી બોલ્યા કે રાજન્ ! જેમ કોઈ મનુષ્ય નિદ્રામાં છે તેને સ્વપ્ન આવ્યું, આ વખતે આ જીવતા દેહનું અભિમાન તો એને છૂટી ગયું છે પણ એના જેવું જ અથવા તો બીજું કોઈ શરીર લઈ તે વિવિધ પ્રકારનાં સ્વપ્નમાં સુખ-દુઃખ નામનાં ફળને ભોગવે છે. તેવી જ રીતે પરલોક માટે પણ સમજવું. (૬૧)

પુનર્જન્મ શા માટે ?

હવે રાજન્ !પુનર્જન્મ કેમ લેવો પડે તેનો વિચાર કરીએ. જીવાત્માએ આ મન દ્વારા સ્ત્રી-પુત્ર વગેરે આ બધાં મારાં છે અને પોતાના આ દેહને "હું" છું એવું માન્યું. વળી એમનાં કરેલા પુણ્યપાપને પણ પોતાના ઉપર લઈ લીધાં. એને લીધે તેને ફરીથી જન્મ લેવો પડે છે. (૬૨) જેમકે જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો દ્વારા કર્મની પ્રવૃત્તિઓ થઈ. ઈન્દ્રિયોની થયેલી આ પ્રવૃત્તિઓ ઉપરથી એના પ્રેરક મનનું અનુમાન કરાય તેવી જ રીતે ચિત્તની જાતજાતની વૃત્તિઓથી પૂર્વજન્મનાં કર્મોનું અનુમાન થાય છે. માટે કર્મ દેખીતી રીતે તો પૂર્ણ થઈ ગયું લાગે પણ કાલાંતરે કર્મનું ફલ આપવા માટે "અદૃષ્ટ" બનાવી જાય છે અને તે "અદૃષ્ટ" જ ફલો અપાવે છે. (૬૩) જુઓ રાજન્ ! આપણે ઘણીવાર સ્વપ્નમાં એવું જોઈએ છીએ કે આપણા આ દેહથી કોઈ દિ નથી અનુભવ કર્યો કે કોઈ દિ એ વસ્તુને જોઈ પણ નથી, કે એ વસ્તુને આપણે સાંભળી પણ નથી તો પણ સ્વપ્નમાં તે વસ્તુ જેવી હોય તેવો જ અનુભવ થાય છે. (૬૪) માટે રાજા ! એ વાત નક્કી માનો કે "લિંગદેહના અભિમાની જીવાત્મા" જે વસ્તુનો પૂર્વમાં અનુભવ ન થયો હોય તેની કોઈ દિવસ વાસના બને જ નહીં. (૬૫) જુઓ રાજન્ ! આ વિષયમાં શાસ્ત્રનો નિર્ણય કહું છું, "मन एव मनुष्यस्य पूर्वरूपाणि शंसति। भविष्यतश्च भद्रं ते तथैव च भविष्यतः ॥ પ્રથમ તો આશીર્વાદ આપું છું કે તમારું કલ્યાણ થાઓ, મનુષ્યનું જે મન છે તે જ મનુષ્યનાં પૂર્વ રૂપો તેમ જ ભવિષ્યના પણ શરીરોને દર્શાવી દે છે. વળી ભવિષ્યમાં જન્મ લેવો નહીં પડે એવી જે તત્ત્વ જ્ઞાનીઓ માટેની વિદેહમુક્તિ થાય છે એનું પણ જ્ઞાન મનની ભૂમિ ઉપરથી જ જણાય છે. (૬૬) રાજન્ ! મનુષ્યના આ વર્તમાન દેહના અનુભવમાં ન આવી હોય તેવી અનેક વસ્તુઓ કોઈવાર સ્વપ્નમાં કે કોઈવાર મનોરથમાં આવે છે, આ ઉપરથી જરૂર જાણવું જોઈએ કે પૂર્વદેહના કર્મના સંસ્કારો મનમાં લાગી રહ્યા છે તે દેખાય છે, આ શાસ્ત્રનો નિશ્ચય છે. ઈન્દ્રિયોથી અનુભવાય એવી વસ્તુઓ જ ભોગસ્વરૂપમાં અનેક વખત મન સામે ખડી થાય છે અને ભોગ પૂર્ણ થતાં તે પદાર્થો ચાલ્યા જાય છે. એવો કોઈ પદાર્થ નથી આવતો કે ઈન્દ્રિયોથી જેનો અનુભવ ન થઈ શકે. એનું કારણ એ જ કે બધા જીવ લિંગ દેહવાળા મન સાથે જ છે. (૬૭-૬૮)

સામાન્ય ધારો

રાજન્ ! સર્વસામાન્ય નિયમ એવો છે કે ક્રમે ક્રમે બધા પદાર્થોનું ભાન થાય છે. કારણ કે મનની શક્તિ બધા પદાર્થોનું

એક સાથે દર્શન કરવાની નથી હોતી, પરંતુ જો કોઈ વાર મન ભગવાનના ચિંતનમાં લાગી જાય ત્યારે તે વિશુદ્ધ સત્ત્વદશામાં સ્થિર થઈ જાય છે. ત્યારે તે મન ભગવાનના સંગવાળું હોય છે તેથી તેને એકી સાથે સમસ્ત વિશ્વનું ભાન થઈ જાય છે. દાખલા તરીકે રાહુ નિત્ય જોઈ શકાતો નથી; પરંતુ પ્રકાશ સ્વરૂપ ચન્દ્રનો સંસર્ગ થયા પછી દેખાય છે. હવે રાજન્ ! લિંગદેહ સંબંધી માહિતી આપું છું તે ધ્યાનથી સાંભળો ! જ્યાં સુધી ગુણોનું પરિણામ, બુદ્ધિ, મન,ઈન્દ્રિયો અને શબ્દાદિ વિષયોનો સમુદાયરૂપ ગણાતો આ લિંગદેહ વિદ્યમાન છે ત્યાં સુધી જીવના સ્થૂલદેહના પ્રત્યે હું અને મારું આવા બે જ પ્રકારના ભાવો રહેવાના. એથી અહંતા અને મમતા એ બે મટવાનાં નહીં. (૬૯-૭૦) વળી રાજન્ કેટલીક વાર સુષુપ્તિ, મૂર્ચ્છા, ભયંકર દુઃખનો આઘાત, મૃત્યુ, શરીરમાં તીવ્ર તાવ વગેરે પ્રસંગોએ ઈન્દ્રિયોની આકુળતા-વ્યાકુળતાના કારણે હું અને મારું એવી પ્રતીતિ નથી થતી, અથવા નથી હોતી પરંતુ એ સમયે અભિમાન તો એમનું એમ જ હોય છે. (૭૧) આવો જ પ્રસંગ કહું છું રાજન્ ! જીવ ગર્ભમાં રહ્યો હોય ત્યારે કે બાલપણમાં ઈન્દ્રિયોનો પૂર્ણ વિકાસ થયો નથી ત્યારે યુવાવસ્થામાં જેનું સ્થૂલ અભિમાન એકાદશ ઈન્દ્રિયો દ્વારા સ્પષ્ટ દેખાય તેવું દેખાતું નથી, એટલે અમાવસ્યામાં જેમ ચન્દ્રમાનું બિંબ હોવા છતાં પણ દેખાતું નથી તેમ ગર્ભાવસ્થામાં અને બાલ્યાવસ્થામાં સ્થૂલદેહનું અભિમાન હોવા છતાં નથી દેખાતું. (૭૨) સ્વપ્નાવસ્થામાં જેમ કોઈ પણ પદાર્થ હોતો નથી, પણ દેખાય છે. તે જ્યારે જાગીએ ત્યારે જ તે સ્વપ્નમાં થયેલા અનર્થની નિવૃત્તિ થાય છે. તેમ જ સાંસારિક ચીજો જો કે ''અસત્' છે પણ જીવ અવિદ્યા વશ બની એનું ચિંતન કરે છે, તેથી એનો જન્મ-મરણરૂપ સંસારથી છુટકારો થઈ શકતો નથી. (૭૩)

જીવ કોને કહેવાય ?

હવે રાજન્ ! જીવ કોને કહેવાય તે તમને કહું છું. સાંભળો ! પંચતન્માત્રાઓ, ત્રણ ગુણો, અગિયાર ઈન્દ્રિયો, પંચમહાભૂત અને સોળ વિકાર સ્વરૂપે વિસ્તાર પામેલા લિંગદેહમાં જે ચૈતન્ય પરમાત્માનો આભાસ અંશ છે તેની જીવ સંજ્ઞા થઈ છે. (૭૪) આ લિંગ શરીર દ્વારા જ જીવ અનેક શરીરો લે છે અને અનેક શરીરોને છોડી દે છે. એટલે લિંગદેહ જે પંચભૌતિક સ્થૂલદેહને છોડી દે છે તેને દેહનું મૃત્યુ કહેવાય છે. અને લિંગ દેહ જે બીજા સ્થૂલ દેહને ધારણ કરે છે તેને તે સ્થૂલ દેહનો જન્મ થયો એમ માનવામાં આવે છે. શોક-હર્ષ, ભય-ચિંતા, સુખ-દુઃખ વગેરેનો જે અનુભવ થાય છે તે પણ લિંગ શરીરને લીધે જ જીવને પ્રાપ્ત થાય છે. (૭૫) જેમ ખડમાંકડી જ્યાં સુધી એક ઘાસના તરણા ઉપરથી બીજા ઘાસના તરણાને ન પકડે ત્યાં સુધી પ્રથમ પકડેલા ઘાસના તરણાને તે છોડતી નથી. (૭૬) તે જ પ્રકારે મરતી વખતે જીવને પણ જ્યાં સુધી પૂર્વ દેહનું પ્રારબ્ધ પૂર્ણ થઈને બીજો સ્થૂલ દેહ ન મળ્યો હોય ત્યાં સુધી પ્રથમના સ્થૂળ દેહનું અભિમાન મટતું નથી. હે રાજન્ ! મન જેમાં મુખ્ય છે, એવું આ લિંગ શરીર જ જન્મ-મરણનું કારણ છે. (૭૭)

જીવ જ્યારે ઈન્દ્રિયો દ્વારા ભોગવાતા ભોગોનું ચિંતન કરતાં વારંવાર એને જ માટે કર્મ કરે છે. ત્યારે એ કર્મોની પરંપરા ચાલુ જ રહેતી હોવાથી અવિદ્યાવશ તે દેહાદિના કર્મોમાં બધાઈ જાય છે. (૭૮) જો આ કર્મના બંધનોમાંથી છુટવું જ હોય તો આ સમગ્ર જગતને ભગવત્સ્વરૂપે જોઈ સર્વાત્મભાવથી શ્રીહરિનું ભજન કરવું જોઈએ. શ્રીહરિ ભગવાનમાંથી જ આ જગતની ઉત્પંત્તિ સ્થિતિ અને લય થાય છે. (૭૯)

શ્રી નારદજીની વિદાય

દયાના સાગર ભક્તવર્ય શ્રીનારદજીએ રાજા પ્રાચીનબર્હિષને ભગવાનના અને જીવના સ્વરૂપનો ઉપદેશ કર્યો અને રાજાએ આદરપૂર્વક મુનિનાં અર્ચન કર્યા. શ્રી નારદજીએ રાજાની અનુમતિ લઈ સિદ્ધલોક તરફ પ્રસ્થાન કયુ. (૮૦) રાજા પ્રાચીનબર્હિષ પણ મુનિના ઉપદેશથી વિવેક પામી રાજ્યધુરા પુત્રોને સોંપી જ્યાં ગંગા-સાગરનો સંગમ છે, જ્યાં મુનિવર કપિલજીનો આશ્રમ છે, ત્યાં તપ કરવા માટે ચાલ્યા ગયા. (૮૧) વીરશ્રેષ્ઠ રાજા પ્રાચીનબર્હિષે સમસ્ત વિષયાસક્તિને દૂર કરીને દૃઢ ભક્તિપૂર્વક ભગવાનનાં ચરણકમલોનું ચિંતન કરતાં સારૂપ્ય પદની પ્રાપ્તિ કરી. (૮૨) કથાપ્રસંગ સમેટતાં શ્રી મૈત્રેયમનિ બોલ્યા કે હે વિશુદ્ધ શીલ મહાપુરુષ વિદુરજી ! શ્રી નારદજીએ કહેલા આ પુરંજન

રાજાના પરોક્ષ ચરિત્રને એટલે અધ્યાત્મ જ્ઞાનને જે સાંભળે કે સંભળાવે તે લિંગ શરીરથી મુક્ત થઈ જાય છે. (૮૩) ભગવાનના યશથી ભરપૂર અને ત્રણે લોકને પવિત્ર કરનાર, અન્તઃકરણને શુદ્ધ કરનાર, નારદજીના મુખમાંથી નીકળેલા આખ્યાનને જે કોઈ વ્યક્તિ શ્રદ્ધાથી સાંભળે તે સંસારમાં ભટકતા નથી અને સંસારબંધનોથી છૂટી જાય છે. (૮૪) ગૃહસ્થાશ્રમી પુરંજનની અધ્યાત્મકથાના માધ્યમે કહેલ આ દિવ્ય આત્મજ્ઞાન મને ગુરુકૃપાથી મળેલ છે. આ ચરિત્રનું રહસ્ય સમજતાં બુદ્ધિમાન જીવનું દેહાભિમાન ટળી જાય છે અને પરલોકમાં જીવ કેવી રીતે કર્મફળ ભોગવે છે. એ શંકા પણ દૂર થઈ જાય છે. (૮૫)

अध्यात्मपारोक्ष्यमिदं मयाधिगतमद्भुतम् । एवं स्त्रियाऽश्रमः पुंसश्छिन्नोऽमुत्र च संशयः ।।८५।।

શ્રીમદ્ ભાગવત પીયૂષનો ચતુર્થસ્કંધ વિસર્ગલીલા પ્રકરણમાંનો ચતુર્થ મુક્તિ પ્રકરણમાંનો પ્રાચીન બર્હિષરાજાની મુક્તિનું નિરૂપણ કરતો અધ્યાય ૨૯મો સમાપ્ત.

અધ્યાય ૩૦મો

[આ અધ્યાયમાં ૫૧ શ્લોકો છે તેમાં દશ પ્રચેતાઓની કથા આવશે. આ પ્રચેતાઓ વૃક્ષની કન્યા વાક્ષી સાથે લગ્ન કરશે એમને ત્યાં પ્રાચેતસ નામના દશ પુત્રોનો જન્મ દશ પ્રચેતસોનું તપ, રાજ્ય વગેરે પ્રસંગો વર્ણવાશે.]

विदुर उवाच : ये त्वयाभिहिता ब्रह्मन् सुता : प्राचीनबहिषः । ते रूद्रगीतेन हरिं सिद्धिमापुः प्रतोष्य काम् ॥ १ ॥

શ્રી વિદુરજી અધ્યાયના પ્રારંભમાં પ્રશ્ન પૂછે છે કે મહારાજ ! આપે શ્રી પ્રાચીનબર્હિષ રાજાના પ્રચેતસો નામના દશ પુત્રોનો પ્રસંગ વર્ણવ્યો હવે આપને મારો નમ્ર પ્રશ્ન છે કે તેઓ ભગવાનને પ્રસન્ન કરીને કઈ સિદ્ધિ પામ્યા ? (૧) હે ભગવન્ ! હે દેવગુરુ બૃહસ્પતિજીના શિષ્ય મૈત્રેય મુનિ ! શ્રીસદાશિવ, શ્રી નારાયણ ભગવાનના અતિશય પ્રિય છે, દૈવઈચ્છાથી દશ પ્રચેતસો એ ભગવાન સદાશિવ પ્રાપ્ત થયા અને એમની કૃપા પામ્યા તો અવશ્ય મુક્તિ પામ્યા જ હશે. ભગવન્ ! તેઓ મુક્તિ પામ્યા તે પહેલાં એમને આ લોકમાં અથવા પરલોકમાં શું પ્રાપ્ત થયું, તે કૃપા કરીને કહો ! (૨)

મુનિ મૈત્રેય પ્રચેતસોની કથા કહે છે

શ્રી વિદુરજીનો પ્રશ્ન સાંભળી મૈત્રેય મહારાજે કથા પ્રારંભી, તેઓ બોલ્યા, હે વિદુરજી ! પિતાની આજ્ઞાને અનુસરીને દશ પ્રચેતસ નામના પુત્રોએ સમુદ્રજલમાં ઊભા રહીને રુદ્રગીતના જપયજ્ઞથી અને દૃઢ તપથી રુદ્ર ભગવાનને સંતુષ્ટ કર્યા. (૩) આ દશ પ્રચેતસોને તપ કરતાં કરતાં દશ હજાર વર્ષ વીતી ગયાં ત્યારે પુરાણપુરુષ નારાયણ પોતાની કાંતિથી તપશ્ચરણ કરતાં થયેલા પ્રચેતસોના કલેશનું નિવારણ કરતા દર્શનીય શ્રીઅંગને ધારણ કરતા પ્રકટ થયા. (૪) પ્રકટ થયેલા ભગવાન નારાયણ શ્રી ગરુડજીના ખભા ઉપર બિરાજતા હતા ત્યારે એવા લાગતા હતા કે જાણે સુમેરુ પર્વતના શિખર ઉપર કોઈ અદભુત શ્યામ ઘટા છાઈ રહી હોય ! ભગવાનના શ્રીઅંગ ઉપર પીતાંબર, કંઠમાં કૌસ્તુભમણિ શોભી રહ્યાં હતાં (૫) પોતાની દિવ્ય કાન્તિથી દશે દિશાઓના અંધકારનું નિવારણ કરતા હતા. સુવર્ણના ચળકતા અલંકારોથી ભગવાનનાં કમનીય કપોલ અને મનોહર મુખારવિંદ ખીલી ઊઠયાં હતાં. શ્રી મસ્તકે મુકુટ શોભતો હતો. (૬) ભગવાને પોતાની અષ્ટ ભુજાઓ ઉપર આઠ આયુધો ધારણ કર્યાં હતાં. પાર્ષદો, મુનિઓ, દેવતાઓ ભગવાનની સેવામાં ઉપસ્થિત હતા. કિન્નરોની માફક શ્રી ગરુડજી પોતાની સામવેદનું ગાન કરતી પાંખોથી ભગવાનનો યશ ગાઈ રહ્યા હતા. લાંબી અને સુડોળ અષ્ટ ભુજાઓની મધ્યમાં રહેલ વનમાલાજી જાણે લક્ષ્મીજીની સરસાઈ કરતાં હોય એમ લાગતું હતું. દયામય દૃષ્ટિથી આદિપુરુષ એટલે ભગવાન નારાયણ પોતાને શરણે આવેલા પ્રચેતાઓને મેઘનાદ જેવી ગંભીર વાણીથી કહેવા લાગ્યા. (૭)

ભગવાનની કૃપા

ભગવાને વચનામૃતની વર્ષા વરસાવતાં કહ્યું કે હે રાજકુંવરો ! આપનું કલ્યાણ થાઓ. જે ચાહો તે મારી પાસેથી વરદાન માગો. તમે દશે દશ ભાઈઓ સ્નેહને લીધે સર્વ એક જ ધર્મપાળી રહ્યા છો. તમારો એકબીજાનો સ્નેહ જોઈ તેમજ સૌહાર્દ ભાવ જોઈ અત્યંત પ્રસન્ન થયો છું. (૮) જે કોઈ જન પ્રાતઃકાલે કે સાયંકાલે કે ત્રણ સંધ્યાકાલે સાવધાની પૂર્વક

રુદ્રગીત દ્વારા મારી સ્તુતિ કરશે તેના મનોરથો પૂર્ણ કરીશ. તેઓને પોતાના ભાઈઓમાં આત્મભાવ થશે. પ્રાણી માત્રમાં સૌહાર્દ ભાવ થશે, તેમજ તેમને હું નિર્મલ મતિનું દાન કરીશ. (૯-૧૦) હે સત્પુત્રો ! આપે પિતાની આજ્ઞા અત્યંત પ્રેમથી સ્વીકારી છે, તેથી આપની પવિત્ર કીર્તિ ચૌદ લોકમાં પ્રસરશે (૧૧) હે સુજનો ! આપને આંગણે એક નામાંકિત પુત્ર થશે. દક્ષ એનું નામ હશે. આ તમારો પુત્ર ગુણોમાં બ્રહ્માજીના જેવો હશે. આ પુત્રના વંશવિસ્તારથી સારુંયે વિશ્વ છવાઈ જશે. (૧૨) વળી હે રાજકુમારો ! મહર્ષિ કંડુનો પ્રમ્લોચા નામની અપ્સરાની સાથે સંગ થતાં કમલનયના એક કન્યા જન્મેલી, પુનઃ આ બન્નેએ આ કન્યાને વૃક્ષોની ઝાડીમાં મૂકી દીધેલી. પરોપકારી વૃક્ષોએ આ કન્યાને ઉછેરીને મોટી કરેલી છે. એથી વાર્ક્ષી એનું નામ પડ્યું છે. (૧૩) આ કન્યા જ્યારે ક્ષુધાથી પીડાઈને રુદન કરતી હતી ત્યારે વનસ્પતિ અને વૃક્ષોના સ્વામી ભગવાન ચન્દ્રે દયાપૂર્વક એ કન્યાના મુખમાં પોતાની તર્જની આંગળી મૂકીને તેમાંથી ઝરતા અમૃતને પાઈને ઊછેરી છે. (૧૪) હે કુમારો ! આપના પિતા પ્રાંચીનબર્હિષ રાજા તપ-ભક્તિ આચરી રહ્યા છે. પિતાએ આપને ઉત્તમ પ્રજા ઉત્પન્ન કરવાની આજ્ઞા કરી છે. તમે સુપુત્રો છો, પિતાની આજ્ઞાનું પાલન કરો. આ કન્યાનો દેહ દિવ્ય છે. વરવા લાયક છે. એના દેહમાંથી દુર્ગંધ આવતી નથી. એને દેહે પરસેવો થતો નથી. અવિલંબે એ કન્યા સાથે લગ્ન કરો. (૧૫) તમે બધા જ ભાઈઓ એક જ ધર્મવાળા, એક સરખા સ્વભાવવાળા છો તેથી આ વાર્ક્ષી નામની દિવ્ય કન્યા દશે ભાઈઓની પત્ની થશે અને તમારા બધા ઉપર એનો સરખો સ્નેહ રહેશે. (૧૬) મારા અનુગ્રહથી દેવોના ગણાતાં દિવ્ય એવાં દશ લાખ વર્ષોપર્યન્ત બલવાન એવા તમે પૃથ્વીનું ને સ્વર્ગનું સુખ ભોગવશો. (૧૭) મારી અવિચલ અને અપાર ભક્તિથી તમારા હૃદયમાં રહેલી વાસનાના સમસ્ત મળ બળી જશે. તમે આ લોક અને પરલોકના ક્ષુદ્ર ભોગોથી મન વાળી લઈને મારા દિવ્ય લોકમાં જશો. (૧૮) જે ભક્તજનોનાં કર્મ ભગવાનને સમર્પણ કરવાની વૃત્તિથી થયાં છે અને જેમનો સર્વ સમય મારી કથામાં અને સેવામાં પસાર કરે તે ભક્તજનો ભલેને ગૃહસ્થાશ્રમમાં રહે પરંતુ તેમને માટે ગૃહસ્થ જીવન બંધનકારક બનતું નથી. (૧૯) આવા ભક્તજનો સદા ભગવદ્વાર્તા સાંભળતા હોયછે. બ્રહ્મવાદી પુરુષો દ્વારા હું જે જ્ઞાનસ્વરૂપ છું તે તેમના હૃદયમાં નિત્ય નૂતનરૂપે પ્રકટું છું. મને પ્રાપ્ત કરી લેનારા જીવોના જીવનમાં શોક, મોહ, હર્ષ આદિ કાંઈ પણ રહેતાં નથી. (૨૦)

મહર્ષિ મૈત્રેય કથા કહેતાં શ્રી વિદુરજીને અત્યંત ભાવવિભોર બની કહેવા લાગ્યા કે હે વિદુરજી ! આ દશ પ્રચેતસોને ભગવાનનાં દર્શન થતાં જ તેમના તમોગુણ અને રજોગુણના મલ ધોવાઈ ગયા. અને સર્વ પુરુષાર્થોના આધાર અને અવિદ્યાના નિવારક શ્રીહરિનાં આવાં મધુર વચનામૃતનું પાન કરીને અંજલિ જોડી અને ગદગદ વાણીથી ભગવાનને નિવેદન કરવા લાગ્યા. (૨૧)

પ્રચેતસોની સ્તુતિના એકવીસ શ્લોકો

પ્રચેતસો એકવીસ શ્લોકોથી ભગવાનની સ્તુતિ કરી રહ્યા છે. આ અધ્યાયના ૨૨મા શ્લોકથી ૪૨મા શ્લોક સુધી તેઓ ગુણગાન કરતાં બોલ્યા, હે ક્લેશ નિવારનાર નાથ ! આપને નમસ્કાર છે. શ્રુતિ ભગવતીએ આપનાં દયા, દાક્ષિણ્ય વગેરે ગુણોનાં ગાન કરેલાં છે અને આપનાં મંગલ નામ ગાયેલાં છે તે ભગવાનને નમસ્કાર કરું છું. મનની ગતિ અને વેદની વાણીથી પણ આગળ વધતા વેગવાળા આપને નમસ્કાર કરીએ છીએ. ઈન્દ્રિયોના સર્વ માર્ગોથી આપનો માર્ગ મેળવી શકાય નહીં એવા ભગવાનને અમારા નમસ્કાર છે. (૨૨) સદા આપ આપના સ્વરૂપમાં જ રહેલા છો, આપ શાંત છો, શુદ્ધ છો. અમારા મનના દોષને લીધે આપનામાં આ મિથ્યા દ્વૈતનું દર્શન થઈ રહ્યું છે, અમે આપને નમસ્કાર કરીએ છીએ, જ્યારે આપને આ જગત રચવું હોય ત્યારે ઉત્પત્તિ, સ્થિતિ,લય કરવા માટે આપની માયા નામની શક્તિના ગુણોથી આપ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનાં સ્વરૂપો ધારણ કરો છો, એવા ભગવાનને અમારા નમસ્કાર છે. (૨૩) આપ શુદ્ધ સત્ત્વ સ્વરૂપ છો, આપનું જ્ઞાન સંસારબંધનોને દૂર કરી દે છે, આપ શ્રી હરિ છો. આપનું જ્ઞાન સંસારની બુદ્ધિને દૂર કરે છે. આપ શ્રી વસુદેવકુમાર શ્રીકૃષ્ણ છો. સર્વ ભક્તજનોના આપ પાલક છો એવા આપને

અમારા નમસ્કાર હો. (૨૪) આગળ સ્તુતિ કરતા પ્રચેતસો બોલ્યા કે नमः कमलनाभाय नमः कमलमालिने । नमः कमलपादाय नमस्ते कमलेक्षण ॥ નાભિમાં બ્રહ્માંડ નામના કમલને ધારણ કરનારા ભગવાન શ્રી પદ્મનાભને નમસ્કાર, કમલમાલી શ્રી કૃષ્ણ ભગવાનને નમસ્કાર, કમલ સમાન કોમલ ચરણવાળા કમલપાદ ભગવાનને નમસ્કાર, હે કમલનયન ! આપને નમસ્કાર. (૨૫) કમળનાં કેસર સરખાં પીત અને નિર્મલ વસ્ત્રને ધારણ કરનાર ભગવાનને નમસ્કાર, સર્વજગતના નિવાસ સ્વરૂપ અને જગતના સાક્ષી સ્વરૂપ ભગવાનને નમસ્કાર (૨૬) હે ભગવન્ ! આપનું આ સ્વરૂપ અવિદ્યા,અસ્મિતા,રાગ, દ્વેષ અને અભિનિવેશ નામના પાંચ કલેશોને દૂર કરે છે. આપે અમારા કલેશોનું નિવારણ કરવા માટે જ આ સ્વરૂપ પ્રકટ કર્યું છે. આથી અધિક આપની કઈ કૃપા સંભવે ! (૨૭) હે ભગવન્ ! અમારું નિવેદન છે કે દુર્ભાગ્ય માત્રનો નાશ કરનાર દીનવત્સલ, દીનજન ઉપર નિત્ય દયા કરનાર સમર્થ પુરુષોએ તો કેવલ એટલી જ કૃપા કરવી જોઈએ. વખતોવખત આ "અમારા" છે એવા ભાવથી દીનજનોને સદા સ્મરણમાં રાખવા જોઈએ. (૨૮) આ પ્રમાણે અમ આશ્રિતજનોને આપના સ્મૃતિ પથમાં રાખતાં અમ આશ્રિતજનોનાં ચિત્ત શાંતથઈ જાય છે. આપ તો તુચ્છ જનોના અન્તઃકરણમાં પણ અન્તર્યામી સ્વરૂપે બિરાજો છો તો પછી અમારા ઉપાસકોના હૃદયમાં રહેલી કામનાઓને આપ અન્તર્યામી જાણી શકો છો જ. (૨૯) હે જગદીશ ! આપ મોક્ષના પથને દર્શાવનાર સ્વયં પુરુષાર્થ સ્વરૂપ છો. યદિ આપ અમારા ઉપર પ્રસન્ન છો તો પછી એથી-અધિક અમારે શું જોઈએ ? આપ અમારા ઉપર પ્રસન્ન રહો એ જ અમારું મનોવાંછિત વરદાન છે. (૩૦) આમ છતાં કૃપાનાથ, આપની પાસે એક વરદાન અવશ્ય ઈચ્છીએ કે આપ પ્રકૃતિ વગેરેથી પર છો. આપની વિભૂતિઓનો કોઈ અંત નથી; એથી આપની "અનન્ત" સંજ્ઞા હો. (૩૧) અનાયાસે કલ્પતરુ હાથમાં આવી જાય પછી ભ્રમરાઓ કોઈ અન્ય વૃક્ષને ના સેવે, તે જ પ્રકારે સાક્ષાત્ આપના ચરણારવિંદને અમે પામ્યા પછી હવે અમારે અન્ય શું જોઈએ ? (૩૨) નાથ, અમે એક આશા સેવીએ છીએ કે આપની માયાથી ઘેરાયેલા અમે અમારાં કર્મોને અનુસરીને આ સંસારમાં જ્યાં સુધી ભટકીએ ત્યાં સુધી જન્મોજન્મ આપના પરમ ભાગવતજનોનો અમને સમાગમ થાઓ. (૩૩) तुलयाम लवेनापि न स्वर्गं नापुनर्भवम् । भगवत् संगिसंगस्य मर्त्यानां किमुताशिषः ॥ એક ક્ષણ કે આંખના એક પલકારા જેટલો સમય પણ જો સજ્જનનો સમાગમ થાય તો તેની સરખામણીમાં સ્વર્ગ કે મોક્ષની પણ તુલના ન થઈ શકે તો પછી આ દુનિયાના ભૌતિક ભોગોને તો સરખાવી જ ક્યાંથી શકાય ! (૩૪) यत्रेडयन्ते कथा मृष्टास्तृष्णायाः प्रशमो यतः । निर्वैरं यत्र भूतेषु नोद्वेगो यत्र कश्चन ॥ જ્યાં સંતોના તાદૃશીજનોના સમાજમાં નિત્ય નિયમિત મધુર રસ ઝરતી હરિકથાઓ વહ્યા જ કર છે ત્યાં તે કથા સુધાનાં પાન થતાં જ તૃષ્ણાઓ સ્વયં શમી જાય છે. કોઈ પણ પ્રકારના વૈર કે વિરોધ ઉદ્વેગ કે કલેશ કોઈ પ્રાણીઓમાં થતા જ નથી. આ બધા દોષો હરિકથાસુધાનાં પાન થતાં હોય ત્યાંથી દૂર જ ભાગે છે. (૩૫) મધુર મધુર કથા પ્રસંગો દ્વારા પરમહંસો સાક્ષાત્ ભગવાન નારાયણના ગુણો ગાય છે. આ ભગવાન નારાયણ પરમ હંસના સાક્ષાત્ આધાર છે. (૩૬) ભક્તિભાવથી તરબોળ બનેલા હરિભક્તો તીર્થોને પણ પવિત્ર કરવા માટે પૃથ્વી ઉપર પર્યટન કર્યા જ કરે છે. આ "પરમભાગવતજનોનો" સમાગમ સંસારભયથી અકળાયેલા કયા પુરુષને ન રુચે ? (૩૭) ભગવન્ ! આપના અત્યંત પ્રિય અને સખા ભગવાન શંકરના ક્ષણ માત્રના જ સત્સંગથી આપનાં પ્રત્યક્ષ દર્શન થયાં છે. જન્મ-મરણના અસાધ્ય ભવરોગના આપ સિદ્ધ ,શ્રેષ્ઠ, અને નિપુણ ધન્વંતરિ છો એમ માનીને જ આપની શરણાગતિ સ્વીકારી છે. (૩૮)

સમર્પણ

"અમે આજપર્યન્ત એકાગ્રમનથી જે કાંઈ અધ્યયન કર્યું, નિત્ય નિરંતર જે કાંઈ સેવા-શુશ્રૂષા કર્યા, ગુરુજન, વિપ્રજન અને વડીલવૃન્દને આરાધ્યા, તેમજ દોષબુદ્ધિનો ત્યાગ કરીને આર્યજનોને જે અમે નમસ્કાર કર્યા, સુહૃદજનને સન્માન્યા, બંધુજનને માન આપ્યાં, તેમજ કોઈ પણ પ્રાણી માટે જો અમે અસૂયા દાખવી નથી, કે જે કાંઈ અન્ન આદિ પદાર્થોનો ત્યાગ કરી દીર્ઘ કાલ પર્યન્ત ભક્તિભાવ ભર્યું અને કોઈ પણ જાતના દોષ વિનાનું જલમાં તપ કર્યું, આ સર્વ કાંઈ પૂર્ણ

પુરુષોત્તમ સર્વત્ર વ્યાપક એવા શ્રી હરિ ભગવાનની કેવલ પ્રસન્નતામાં સમર્પીએ છીએ. અમારું આ સમર્પણ આપના સર્વ પ્રકારના સંતોષનું કારણ બનો એ જ અમે વરદાન માગીએ છીએ. (૩૯-૪૦)

यन्नः स्वधीतं गुरवः प्रसादिता विप्राश्च वृद्धाश्च सदानुवृत्त्या। आर्या नताः सुहृदो भ्रातरश्च सर्वाणि भूतान्यनसूययैव।३९
यन्नः सुतप्तं तप एतदीश निरन्धसां कालमदभ्रमप्सु । सर्वं तदेतत् पुरुषस्य भूम्नो वृणीमहे ते परितोषणाय ॥४०॥

બ્રહ્મા, શિવજી, મનુરાજા, વળી તપ સહિત જ્ઞાનથી શુદ્ધ અન્તઃકરણ પામેલા બીજા મહાત્માઓ પણ જો આપના અપાર માહાત્મ્યને પામી ન શક્યા. આમ છતાં તેઓ પોતાની મતિ અનુસાર સ્તુતિ કરે છે, તેમ અમે પણ આપનાં ઉજ્જવલ ગુણગાન કરીએ છીએ. (૪૧) આપ તો નાથ, સર્વમાં સમાન છો, શુદ્ધ છો, પરમ પુરુષ છો, સત્ત્વ મૂર્તિ સાક્ષાત્ ભગવાન વાસુદેવ. આપને નમસ્કાર છે. (૪૨)

નાથની વિદાય

મહર્ષિ મૈત્રેયજીએ કહ્યું કે મંત્રીવર વિદુર ! આ પ્રમાણે દશ પ્રચેતસોએ ભગવાનની સ્તુતિ કરી ત્યારે શરણાગતવત્સલ ભગવાન અત્યંત પ્રસન્ન થયા અને મધુર વચનામૃત વરસાવ્યાં કે "તથાસ્તુ" ભલે એમ હો એમ બોલતા ભગવાનનાં દર્શનથી હજી તો પ્રચેતસોની દૃષ્ટિ ધરાઈ નથી, હજી ભગવાનની ઝાંખી ખૂબ જ થાય એવું તેઓ વાંછતા હતા ત્યાં તો પ્રભાવશાળી ભગવાન પળવારમાં જ પોતાના પાવન ધામ પ્રત્યે પ્રસ્થાન કરી ગયા. (૪૩) પ્રભુએ પ્રયાણ કર્યું ત્યારબાદ મહાસાગરના જલમાંથી બહાર આવી પ્રચેતસોએ નિહાળ્યું તો લાગ્યું કે વૃક્ષોની વનરાજીઓ આકાશના માર્ગને અવરોધીને ઊંચે જઈ રહી હતી. (૪૪) ધરણી પર તરુવરોથી છવાઈ ગયેલી હતી, ધરા ઉપર સર્વત્ર છવાયેલાં વૃક્ષોને જોઈને, તે તપસ્વી પ્રચેતસો અકળાઈ ઊઠ્યા. આ સારીયે ધરણીને વૃક્ષો વિનાની જાણે બનાવી દેવાના ઈરાદાથી કાલાગ્નિ ભગવાન રુદ્રની માફક પ્રચેતસોએ મુખમાંથી અગ્નિ અને વાયુને ઉત્પન્ન કર્યા. (૪૫)

બ્રહ્માજીનાં દર્શન

આમ અકળાયેલા પ્રચેતસોના મુખના મારુત અને અગ્નિથી બળતી ધરણી અને બળી રહેલા તરુવૃન્દને નિહાળી એકાએક બ્રહ્માજી પધાર્યા અને તપસ્વી તરુણ પ્રચેતસોને નીતિનાં વચનોથી બાળતાં નિવાર્યા અને શાંત વૃત્તિનાં દાન દીધાં. (૪૬) બ્રહ્માજીની આજ્ઞાથી પ્રચેતસોએ વૃક્ષોને બાળવાનું બંધ રાખ્યું ત્યારે બચી ગયેલાંને ભીતિ લાગી. ભવિષ્યમાં આ તરુણ પ્રચેતસો અમને બાળી ન નાખે માટે પોતાની "વાર્ક્ષી" નામની કન્યા પ્રચેતસોને આપી અને તે કન્યા સાથે પ્રચેતસો બ્રહ્માજીની આજ્ઞાથી પરણ્યા. (૪૭) આ કન્યાનું નામ "મારિષા" હતું. આ મારિષા નામની પ્રચેતસોની પત્નીમાં, પૂર્વે રુદ્રના અપરાધથી જે દક્ષે પોતાનું શરીર છોડી દીધેલું તે બ્રહ્માજીના પુત્ર દક્ષ પ્રજાપતિ પુનઃ પ્રાચેતસ દક્ષ" નામે અવતર્યા. (૪૮) ચાક્ષુષ મન્વંતર આવ્યો ત્યારે આ પ્રાચેતસ દક્ષે કાલે કરી નષ્ટ થયેલી સૃષ્ટિને ભગવાનની ઈચ્છા અને આજ્ઞાથી પુનઃ રચી અને નવીન પ્રજા ઉત્પન્ન કરી. (૪૯) પ્રજાપતિ દક્ષ જ્યારે જન્મ્યા ત્યારે તે પોતાના જન્મની સાથે જ દિવ્ય કાંતિ લઈને આવ્યા હતા. દક્ષે પોતાની આ કાંતિથી ભલભલા તેજસ્વી પુરુષોનાં તેજ હરી લીધાં હતાં. વૈદિક કર્મ કરવામાં પ્રાચેતસ અતિશય નિપુણ હોવાથી જ તેમનું નામ દક્ષ પડયું. (૫૦) બ્રહ્માજીએ આ દક્ષનો પ્રજાપતિઓના અધ્યક્ષ પદે અભિષેક કર્યો. સૃષ્ટિના રક્ષણ માટે તેમને નિયુક્ત કર્યા, ત્યારે દક્ષ પ્રજાપતિએ મરીચિ, અર્ચિ, અંગિરા વગેરે અન્ય પ્રજાપતિઓને પણ તે તે કાર્યમાં નિયુક્ત કર્યા. (૫૧)

युयोज युयुजेऽन्यांश्च स वै सर्वप्रजापतीन् ॥५१॥
तं प्रजासर्गरक्षायामनादिरभिषिच्य च ।

શ્રીમદ્ ભાગવતપીયૂષના ચતુર્થ સ્કંધનો વિસર્ગ લીલાના ચતુર્થ મુક્તિ પ્રકરણમાંનો પ્રાચેતસોની ગાથાનું વર્ણન કરતો અધ્યાય ૩૦મો સમાપ્ત.

અધ્યાય ૩૧મો

આ અધ્યાયમાં ૩૧ શ્લોકો છે. નારદજીનો ઉપદેશ પ્રચેતસોને હૃદયે સ્પર્શી ગયો. મોક્ષ માટે તેમણે પ્રસ્થાન કર્યું અને દક્ષને રાજા બનાવ્યા.

मैत्रेय उवाच–तत उत्पन्नविज्ञाना आश्वधोक्षजभाषितम् । स्मरन्त आत्मजे भार्यां विसृज्य प्राव्रजन् गृहात् ॥

મુનિવર મૈત્રય કથાપ્રસંગ વર્ણવતાં આગળ બોલ્યા કે, પ્રચેતસોને રાજ્યસુખ ભોગવતાં દશ લાખ વર્ષ વીત્યાં. ત્યારબાદ તેમને વિવેકની પ્રાપ્તિ થઈ. લાંબે કાળે પ્રચેતસોને ભગવાને કહેલ વાત યાદ આવી ત્યારે તેમની ભાર્યા વાર્ક્ષીને પોતાના પુત્ર દક્ષને સોંપી અવિલંબે ઘરનો ત્યાગ કરી વનમાં ચાલ્યા ગયા. (૧) ઘરથી નીકળેલા પ્રચેતસો પશ્ચિમ દિશામાં સમુદ્ર કિનારે જ્યાં તપ આચરી શ્રી જાજલિ મુનિએ સિદ્ધિસંપાદન કરી હતી ત્યાં ગયા. સર્વ ભૂતમાં એટલે પ્રાણી માત્રમાં એક જ પરમાત્મા છે એવું જે જ્ઞાન છે તે જ્ઞાનને આત્મજ્ઞાન કહેવામાં આવે છે. આવું આત્મતત્ત્વ વિચારરૂપ જ્ઞાન ચર્ચવા માટે “બ્રહ્મસત્ર”નો સંકલ્પ કરી આસન લગાવીને બેઠા. (૨) મન,વાણી,પ્રાણ અને દૃષ્ટિને વશ કરી, દૃઢ આસન કરી, શરીરને સ્થિર અને ટટ્ટાર રાખી વિશુદ્ધ પરબ્રહ્મમાં મન પરોવીને બેઠા હતા. આ ભૂમિમાં બિરાજેલા આ પ્રચેતસોએ દેવો અને અસુરોથી વંદન કરાતા શ્રી નારાદજીને નિહાળ્યા. (૩) પ્રચેતસો નારદજીને જોઈ તેમનું સન્માન કરવા ઊભા થયા અને પ્રણામ કરી, આદર કરી, દેશકાલને અનુસરી વિધિપૂર્વક પૂજા કરી. ત્યારબાદ શ્રીનારદજી સુખપૂર્વક આસન ઉપર બિરાજ્યા ત્યારે પ્રચેતસો નિવેદન કરવા લાગ્યા. (૪)

પ્રચેતસો બોલ્યા કે હે મહારાજ ! હે દેવર્ષિ નારદ ! અમે આપનું સ્વાગત કરીએ છીએ. અમારા પરમ સદ્ભાગ્યે આપનાં અમને દર્શન થયાં. બ્રહ્મન ! આપ સૂર્ય જેવી વૃત્તિવાળા છો, સર્વ વિશ્વના ભયને ટાળવા જેમ સૂર્ય વિચરેછે તેમ આપ પણ વિચરો છો. (૫) ભગવાન શંકરે તેમજ નારાયણે અમને જે જ્ઞાન આપ્યું હતું તે અમે ગૃહસ્થ ધર્મોમાં આસક્ત રહ્યા તેથી ઘણુંખરું વીસરી ગયા છીએ. તો આપ અમારા અન્તઃકરણમાં પરમાર્થ તત્ત્વનો સાક્ષાત્કાર કરનાર તે આત્મજ્ઞાનને ફરીથી પ્રકટ કરવા કૃપા કરો. ભગવન્ એ જ્ઞાનના બળથી અમે આ દુસ્તર ભવસાગરને પાર કરી જઈએ. (૬)

મૈત્રેય મહારાજ બોલ્યા કે ઉત્તમશ્લોક ભગવાન શ્રીકૃષ્ણમાં ચિત્ત પરોવીને રહેલા શ્રી નારદજીને જ્યારે પ્રચેતસોએ ઉપર પ્રમાણે પ્રશ્ન પૂછ્યો ત્યારે તેમને સમજાવવા લાગ્યા, કે હે પ્રચેતસો ! તેનું નામ જન્મ, તેને જ કર્મ કહેવાય, તેને જ આયુષ્ય મનાય; તે જ મન અને તેનું નામ જ વાણી કે જે સર્વના વ્યવહાર દ્વારા સર્વ પ્રાણીના આત્મા, સર્વના ઈશ્વર, શ્રીહરિ ભગવાનની સેવા થાય. (૯) तज्जन्म तानि कर्माणि तदायुस्तन्मनो वचः । नृणां येनेह विश्वात्मा सेव्यते हरिरीश्वरः ॥ અરે પ્રચેતસો ! માનવના ત્રણ પ્રકારના જન્મ મનાય છે. પ્રથમ શુદ્ધ માતા-પિતાની થયેલો એક “શુકલ જન્મ” થી ત્યારબાદ યજ્ઞોપવિત ધારણ કરતાં લીધેલો બીજો “સાવિત્ર જન્મ”; અને ત્રીજો યજ્ઞોનાં અનુષ્ઠાન કરવા માટે લીધેલી યજ્ઞ દીક્ષાનો “યાજ્ઞિક” જન્મ; આવા ત્રણ પ્રકારના જન્મથી શો લાભ થયો જો આપણે ભગવાનને ન મેળવી શક્યા ? (૧૦) તપશ્ચર્યાથી, વૈદિક કર્મોના અનુષ્ઠાનથી, દેવોના જેટલા દીર્ઘ આયુષ્યથી, વાણીની નિપુણતાથી કે નિપુણ વચનોથી, પદાર્થોને યાદ રાખવાની ઉત્તમ યાદ શક્તિથી, તીવ્ર બુદ્ધિથી, ઈન્દ્રિયોની ચાલાકીથી, યોગના અનુષ્ઠાનથી, સાંખ્યના જ્ઞાનથી, સંન્યાસ લેવાથી, વેદોના અભ્યાસથી, વ્રતો આચરવાથી, વૈરાગ્ય લેવાથી કે અન્ય કલ્યાણનાં અનેક સાધનો કરવાથી જો ભગવાનમાં પ્રેમ ન સધાયો તો આ સર્વ સાધનોથી શો લાભ મેળવ્યો ? (૧૧-૧૨) ખરી રીતે જોતાં સમસ્ત કલ્યાણની સીમા તો આત્મા જ છે અને આત્મજ્ઞાન પ્રદાન કરનાર ભગવાન શ્રીકૃષ્ણ જ સમસ્ત પ્રાણીઓના આત્મા છે. (૧૩) વિદુરજી ! વૃક્ષના મૂલને પાણી સિંચતા મૂલ, થડ, ડાળીઓ,પાન,પુષ્પ,ફલ વગેરે જેમ પોષાય છે, વળી પ્રાણને પોષણ આપવાથી સર્વ ઈન્દ્રિયોને તૃપ્તિ મળે છે, તેમ ભગવાન શ્રીકૃષ્ણનું અર્ચન કરતાં સર્વ દેવોનું અર્ચન થઈ જાય છે, કારણ કે સર્વનું ‘મૂલ’ તો ભગવાન જ છે, (૧૪) જેમ વર્ષાકાલનું જલ પાછું સૂર્યના કિરણોમાં જ પ્રવેશ કરી જાય છે, તેમ જ સ્થાવર-જંગમ પદાર્થો પૃથ્વીમાંથી ઉત્પન્ન થાય છે અને પૃથ્વીમાં જ લય પામે છે. તેમ જ આ ચેતન અને અચેતન જગત ભગવાનમાંથી જ પ્રકટ્યું છે અને ભગવાનમાં જ લીન થવાનું છે. (૧૫) વાસ્તવિક રીતે જોતાં આ

સમસ્ત વિશ્વ વિશ્વાત્મા ભગવાનનું વેદસંમત સર્વ ઉપાધિરહિત સ્વરૂપ છે. સૂર્યનો પ્રકાશ સૂર્યથી ભિન્ન નથી તે જ પ્રકારે કોક વખત દેખાતું પણ આ જગત ભગવાનથી ભિન્ન નથી. દૃષ્ટાન્તથી સમજાવું કે આપણે જ્યારે જાગતા હોઈએ છીએ ત્યારે આપણી ઈન્દ્રિયો ક્રિયાશીલ હોય છે પણ નિદ્રામાં તેની શક્તિઓ લીન થઈ જાય છે. તે જ રીતે આ વિશ્વ સૃષ્ટિરચનાના સમયે ભગવાનમાંથી પ્રકટે છે અને પાછું પ્રલયસમયે ભગવાનમાં ડૂબી જાય છે. સ્વરૂપથી તો ભગવાનમાં દ્રવ્ય, ક્રિયા અને જ્ઞાનરૂપી ત્રિવિધ અહંકારનાં કાર્યોની તથા તેમનાથી ઉત્પન્ન થતા ભેદની ઉપસ્થિતિ છે જ નહીં. (૧૬) હે પ્રચેતસો ! જેમ વાદળ અંધકાર અને પ્રકાશ આકાશમાંથી જ ક્રમે કરી પ્રકટે છે અને આકાશમાં લીન થાય છે છતાં તેની આકાશને અસર નથી થતી, તેમજ આકાશ કાળું ધોળું નથી બનતું તે જ પ્રકારે સત્ત્વ, રજ અને તમો ગુણની શક્તિઓ ક્યારેક પરબ્રહ્મથી ઉત્પન્ન થાય છે અને ક્યારેક પરબ્રહ્મમાં જ લીન થાય છે અને આ પ્રવાહ સદા ચાલ્યા કરે છે પરંતુ આ અસંગ આત્મા ભગવાન સદાય આકાશ સમાન નિર્વિકાર જ છે. માટે હે નૃપવરો ! તમે અખિલ લોકોના અને બ્રહ્માદિ દેવોના અધીશ્વર ભગવાન શ્રીકૃષ્ણને તમારાથી જુદા નથી એમ માનીને સદા નિર્ભય બનીને સેવો. (૧૭) હે રાજકુમારો ! આ ભગવાન જ દેહધારીઓના એક માત્ર આત્મા છે. વળી એ ભગવાન આ જગતનું ઉપાદાન કારણ, નિમિત્ત કારણ છે, એ જ પ્રધાન છે, એ જ નિયંતા છે અને એ જ પુરુષોત્તમ છે. આ ભગવાનની જ કાળ નામની શક્તિ છે. આ કાળ નામની શક્તિ દ્વારા ત્રણ ગુણોના પ્રવાહરૂપ પ્રપંચનો સંહાર કરે છે. (૧૮)

ભગવાન શી રીતે રીઝે ?

दयया सर्वभूतेषु सन्तुष्टया येन केन वा । सर्वेन्द्रियोपशान्त्या च तुष्यत्याशु जनार्दनः ॥१९॥

પ્રાણી માત્ર ઉપર દયા, જ્યારે અને જે કાંઈ મળે તેમાં સંતોષ; પ્રત્યેક ઈન્દ્રિયને વિષયોમાંથી પાછી વાળી ભગવાનમાં પરોવવાથી તેમ જ જન્માષ્ટમી, એકાદશી વગેરે વ્રતો કરવાથી આમ ચાર વસ્તુઓ દ્વારા ભગવાન પ્રસન્ન થાય છે. (૧૯) હૃદયમાંથી સર્વ પ્રકારની તૃષ્ણાઓ ચાલી જતાં અન્તઃકરણ તદ્દન નિર્મલ બની જાય, ત્યારબાદ નિરંતર વધતી ભક્તિથી જે ભકત ભગવાનને પુકારે છે, ભગવાનને ગાય છે, તેના હૃદયમાંથી જેમ આકાશ નથી ખસતું તેમ ભગવાન પણ દૂર નથી થતા. (૨૦) ભગવાનનો સ્વભાવ છે કે જેઓ દેહ, દ્રવ્ય વગેરેમાં મતિવાળા કુમતિ જનો છે એમની કોઈ પણ સેવા કદી પણ સ્વીકારતા નથી. એ ભગવાન તો અકિંચનનું ધન છે. એ તો ભગવાનને જ ધન માનનારા અનન્ય ભક્તજનોની સેવાનો સ્વીકાર કરે છે. ભગવાન રસને જાણે છે. પદ્મનાભદાસજી જેવા અકિંચન ભક્તોની સેવામાં કેવી મીઠાશ છે તે ભગવાન સારી રીતે સમજે છે. જો કોઈ વ્યક્તિ જ્ઞાનના, ધનના, કુલીનતાના, પોતાના કુશળતાવાળા કર્મના અભિમાનથી છકી જાય છે અને ભગવાનના અકિંચન ભક્તોની ઠેકડી કરે છે કે તિરસ્કાર કરે છે તેની કોઈપણ સેવા ભગવાન સ્વીકારતા જ નથી. (૨૧) ભગવાન તો પોતાના નિજાનંદથી નિત્ય ભરપૂર છે. પોતાની નિત્ય સેવામાં રહેતાં લક્ષ્મીજીને કે લક્ષ્મીજીની લાલસાથી ભજન કરતા કે ભટકતા મોટા રાજાઓ કે મહાન દેવો હોય તેમની પણ ભગવાન કદી પરવા કરતા નથી. આમ હોવા છતાં ભગવાન પોતાના ભક્તોને તો સદાય આધીન છે. ખરેખર આવા પરમદયાળુ કૃપાસિંધુ શ્રીહરિને કોઈ પણ કૃતજ્ઞ પુરુષ એકાદ ક્ષણ પણ કેમ વિસારી શકે ? (૨૨)

શ્રી નારદજીની વિદાય

મૈત્રેય મુનિએ કહ્યું, હે શ્રી વિદુરજી ! દયામૂર્તિ મુનિનારદજી પ્રચેતસો પાસે પધાર્યા. તેઓને શ્રી ધ્રુવાખ્યાન કહ્યું તેમજ અન્ય ભગવત્ કથાઓ સંભળાવીને બ્રહ્મકુમાર નારદજી બ્રહ્મલોકમાં પધારી ગયા. (૨૩) પ્રચેતસોએ જગતમાં સર્વ પાપોને પાપોના, મળને દૂર કરનારી ભગવાનની કથા કીર્તિ, યશોગાન સાંભળ્યાં અને ભગવતચરણનું ધ્યાન કરીને ભગવદધામને પામ્યા. (૨૪) સંત વિદુર ! આપે મને પ્રચેતસો અને નારદજીનો સમાગમ તેમજ ભગવતકથા સંબંધી પ્રશ્નો પૂછ્યા હતા. આ સર્વ મેં આપને સંભળાવ્યું. આટલું બોલતાં એમનું હૃદય ભરાઈ ગયું. (૨૫)

પ્રસંગસમાપ્તિ

શ્રી શુકાચાર્યજી શ્રી પરીક્ષિત રાજાને શ્રી વિદુર મૈત્રેય સત્સંગસ્વરૂપે તૃતીય ચતુર્થસ્કંધની સર્ગવિસર્ગ લીલાની કથાનું નિરૂપણ કરતાં કહેવા લાગ્યા કે રાજન્ ! મેં આપની પાસે સ્વાયંભુવ નામના મનુરાજાના પુત્ર શ્રી ઉત્તાનપાદનો વંશ વર્ણવી સંભળાવ્યો. હવે મનુપુત્ર શ્રી પ્રિયવ્રત રાજાનો વંશ પંચમસ્કંધની કથા સ્વરૂપે સંભળાવીશ તે ધ્યાનપૂર્વક સાંભળો. (૨૬) રાજા પ્રિયવ્રતે શ્રી નારદમુનિ પાસેથી પ્રથમ બ્રહ્મવિદ્યા મેળવી હતી ત્યારે બાદ અખિલ પૃથ્વીનું રાજ્ય પણ કર્યું હતું. ફરીથી પોતાના સાત પુત્રોને પૃથ્વીને વહેંચી આપી અને સ્વયં બ્રહ્મચિંતન કરી ભગવાનને પામ્યા. (૨૭)

શ્રીવિદુરની પ્રસન્નતા

પરમકૃપાળુ શ્રી મૈત્રેયમુનિ પાસેથી ભગવાનનું પવિત્ર ચરિત્ર સાંભળ્યું અને શ્રી વિદુરજી આનંદવિભોર બની ગયા. હૃદયમાં ભક્તિભાવ ઉભરાયો. છલકાયો, ઉરમાં ન સમાયો અને અશ્રુદ્વારા બંને નેત્રોમાંથી બહાર વહેવા લાગ્યો. હૃદયમાં શ્રીહરિના ચરણારવિંદનું ચિંતન કરવા લાગ્યા અને મુનિવર શ્રી મૈત્રેયમહર્ષિના ચરણકમલોમાં મસ્તક મૂકી દીધું. (૨૮) પુનઃ શ્રી વિદુરજી બોલ્યા કે, હે મહાયોગિન્ ! આપે અપાર કૃપા કરીને મને અજ્ઞાનરૂપી અંધકારમાંથી બહાર કાઢયો છે, ભવસાગરમાંથી પાર ઉતાર્યો છે. કેવલ નિઃસાધન ભક્તો ગોપીજન જેને પામી શકે તે શ્રી હરિનાં મને દાન દીધાં છે. (૨૯)

શ્રી શુકવચનામૃત

રાજન્ પરીક્ષિત ! આ કથાશ્રવણથી વિદુરજીના હૃદયમાં શાંતિ વળી. વળી એમણે મૈત્રેયજીને પુનઃ પુનઃ પ્રમાણ કર્યા. એમની આજ્ઞા મેળવી ત્યાંથી શ્રીહસ્તિનાપુરમાં કુટુંબીજનોનું કલ્યાણ કરવા હસ્તિનાપુર નગરી તરફ પ્રસ્થાનકર્યું. (૩૦) ફલશ્રુતિ ગાતાં કહ્યું કે કૃપાસિંધુ આ ભગવાનના ચરણોમાં ચિત્ત રાખનાર નૃપતિઓનાં ચરિત્રોને સાંભળનાર ભક્તજનને દીર્ઘ આયુષ્ય,ધન,કલ્યામ મળે વળી ઉત્તમ પ્રકારનાં ઐશ્વર્યો પણ મળે. ભગવાન તો મળ્યા જ છે. (૩૧)

एतद्यः शृणुयाद्राजन् राज्ञां हर्यर्पितात्मनाम् । आयुर्धनं यशः स्वस्ति गतिमैश्वर्यमाप्नुयात् ।।३१।।

શ્રીમદ્ ભાગવત પીયૂષના ચતુર્થ સ્કંધ નિસર્ગ લીલાના ચતુર્થ મુક્તિ પ્રકરણમાંનો શ્રી નારદજીએ કરેલા ઉપદેશનું નિરૂપણ કરતો ૩૧મો અધ્યાય સમાપ્ત.

શ્રીહરિઃ

શ્રીમદ્ ભાગવતપીયૂષ

સ્કંધ પાંચમો : અધ્યાય ૧લો

ભગવાનનો દક્ષિણ સાથળ સ્થિતિલીલા - ૨૬ અધ્યાય

શ્રીમદ્ ભાગવતજીના પંચમ સ્કંધનું નામ “સ્થિતિલીલા” છે. કેટલાક એને સ્થાનલીલા પણ કહે છે. શ્રીજીબાવાના સ્વરૂપભૂત મનાતા શ્રીમદ્ ભાગવતના આ પાંચમા સ્કંધને શ્રીઠાકોરજીનો જમણો સાથળ કહ્યો છે. આ સ્કંધની સંગતિ સમજવા માટે પ્રથમના ચાર સ્કંધનો વિચાર કરીએ. પ્રથમ સ્કંધની કથાના શ્રવણથી વકતા-શ્રોતાનો અધિકાર સિદ્ધ થાય અને ખ્યાલમાં આવી જાય. શ્રીમદ્ ભાગવતનું સ્વરૂપ શું, એ કેવી રીતે ભગવાનને અપાવે, આવી બધી જિજ્ઞાસાઓ હવે ઉત્પન્ન થવાની. કારણ કે શ્રીમદ્ ભાગવતથી ભગવાન મળે એવો નિર્ણય થયો છે. આ જિજ્ઞાસા પૂર્ણ કરતા દશ સ્કંધો શરૂ થયા. આ દશ સ્કંધો ભગવાનની દશ પ્રકારની લીલાઓ છે. ત્રીજા સ્કંધમાં ભગવાન આ બ્રહ્માંડ સ્વરૂપ બને છે એવું સમજાવ્યું. આ જગતમાં જે જે જીવો થયા તેમનો પુરુષકાર શો ? એટલે તેમનું કર્તવ્ય શું ? એનું સમાધાન ચતુર્થ સ્કંધમાં કર્યું. ચતુર્થ સ્કંધમાં ૩૧ અધ્યાયોમાં ધર્મ - અર્થ - કામ - મોક્ષ નામના ચાર પુરુષકારો સમજાવ્યા. હવે વિચાર થયો કે આ ચાર પુરુષાર્થ મેળવવા હોય તો શું કરવું ? ભગવાનને પામવા હોય તો શું કરવું ? એના સમાધાન માટે પાંચમો સ્કંધ આરંભ્યો. આ સ્કંધનું નામ “સ્થિતિ” આપવામાં આવ્યું છે. સ્થિતિનો અર્થ સ્થાન છે. કોઈ પણ કાર્ય કરવું હોય તો કોઈને પણ “સ્થાન” તો જોઈએ. પ્રત્યેક વ્યક્તિને બે વસ્તુ હોય છે : એક તો વ્યક્તિનો દેહ અને બીજો વ્યક્તિનો આત્મા. આવી વ્યક્તિએ કયા દેશમાં રહેવું, ક્યું સાધન કરવું કે જેથી પોતાના આત્માનું મુખ્ય સ્થાન ભગવાન છે, તે ભગવાન પાસે જવાય અને ભગવાનમાં ભળાય. આ પ્રશ્નનો ઉત્તર પંચમ સ્કંધ આપે છે. પંચમ સ્કંધનાં બે પ્રકરણોથી આ પ્રશ્નનું સમાધાન મળશે. પ્રથમ પ્રકરણ ૧ થી ૧૫ અધ્યાયનું છે અને બીજું પ્રકરણ ૧૬ થી ૨૬ અધ્યાયનું છે. પ્રથમ પ્રકરણમાં ભગવાનને મેળવવાનાં ભક્તિ, યોગ અને જ્ઞાન એવાં ત્રણ સાધનોને વર્ણવતા ૬ અધ્યાય, ૮ અધ્યાય અને ૧ અધ્યાયનાં ત્રણ પ્રકરણો છે અને સ્થાનનો વિચાર કરતાં અને પૃથ્વી, સ્વર્ગાદિલોક અને પાતાલાદિ ત્રણ સ્થાનના ૫ અધ્યાય, ૩ અધ્યાય અને ૩ અધ્યાયના મળીને કુલ ત્રણ પ્રકરણો ૧૧ અધ્યાયનાં છે. આ રીતે ૨૬ અધ્યાયના પંચમ સ્કંધનું નામ સ્થાન અથવા સ્થિતિલીલા એવા બે પ્રકારનું છે. ૨૬ અધ્યાયના વર્ગીકરણના ઘણા પ્રકારો છે; પરંતુ તેની ચર્ચા કરવી અહીં આવશ્યક નથી. માત્ર આ ૨૬ અધ્યાયનાં પ્રકરણો સમજાય માટે એક રેખાંકન અહીં નીચે દર્શાવ્યું છે.


સ્થિતિલીલા - પંચમ સ્કંધ
સ્વરૂપસ્થિતિ
દેશસ્થિતિ
૧
૨
૩
૪
૫
૬
પ્રકરણ ૧ થી ૬
ભક્તિથી સ્વરૂપસ્થિતિ
પ્રકરણ ૭ થી ૧૪
અષ્ટાંગ યોગથી સ્વરૂપસ્થિતિ
પ્રકરણ ૧૫
જ્ઞાનથી સ્વરૂપ સ્થિતિ
પ્રકરણ ૧૬ થી ૨૦
પૃથ્વી
પ્રકરણ ૨૧ થી ૨૩
સ્વર્ગાદિ
પ્રકરણ ૨૪ થી ૨૬
પાતાલાદિ

અધ્યાય ૧લો

[આ અધ્યાયમાં ૪૧ શ્લોકો છે. પ્રિયવ્રત રાજા નારદજીની અનુમતિથી વનમાંથી પાછા પધારે છે. રાજ્યધુરા હાથ ઉપર લે છે. પૃથ્વીના સાત વિભાગ કરી સાત પુત્રોને આપે છે. તેમજ દીર્ઘકાલ પર્યન્ત રાજ્ય કરી મુક્તિ પામે છે એ પ્રસંગ આવશે.]

પરીક્ષિત રાજાની જિજ્ઞાસા

रजोवाच–प्रियव्रतो भागवत आत्मारामः कथं मुने ! गृहेऽरमत यन्मूलः कर्मबन्धः पराभवः ॥ १ ॥

ચતુર્થ સ્કંધની કથાનું શ્રવણ કરી પંચમ સ્કંધનો પ્રારંભ કરતાં જ આરંભમાં મહારાજ પરીક્ષિતે પ્રશ્ન કર્યો કે શુકાચાર્ય મુનિ ! પ્રિયવ્રત રાજા તો ભગવાનના પરમ ભક્ત હતા. વળી આત્મારામ પુરુષ હતા. તેઓ ગૃહસ્થાશ્રમજીવનમાં કેમ પ્રવેશ્યા ? ભગવન્ ! બધા એમ કહે છે કે ગૃહસ્થજીવનના મૂળમાં કર્મનાં બંધનો રહેલાં છે અને એના જ ફળ રૂપે સ્વરૂપવિસ્મૃતિ થાય છે. હે દ્વિજવર ! પ્રિયવ્રત રાજા જેવા વૈરાગ્યનિષ્ઠ પુરુષોને કદી પણ ગૃહસુખમાં આસક્તિ થવી ન ઘટે કારણ કે ભગવાનના ચરણકમલની શીતળ છાયામાં ચિત્તની શાંતિ પામેલા મહાન પુરુષોની બુદ્ધિમાં કુટુંબ વગેરેમાં કદી આસક્તિ થતી જ નથી. અરે મહારાજ ! આશ્ચર્યની વાત છે કે સ્ત્રી-પુત્ર-ઘર વગેરેમાં આસક્ત થયેલા પ્રિયવ્રત રાજાનો શ્રીહરિમાં અવિચલ અનુરાગ શી રીતે રહ્યો ? રાજાની મુક્તિ પણ કેવી રીતે થઈ ? ભગવન્ ! મને તો આ વિષયમાં મહાન સંશય થાય છે. આપ સમાધાન કરો. ૧-૪

શ્રી શુકાચાર્યજીનું સમાધાન

શુકદેવજી કહે છે રાજન્ ! ખરી વાત છે પણ પ્રિયવ્રત રાજાને ઘર વગેરેમાં આસક્તિ થઈ જ ન હતી, કારણ કે ભગવાનના ચરણારવિંદના મધુર મકરન્દ રસમાં મનને લગાવી રાખનારા પરમહંસ પુરુષોને જીવનમાં કોઈ વિઘ્ન આવી પડે તો પણ તેઓ પોતાના કલ્યાણમયી ભગવત્કથાના માર્ગને ઘણું કરીને છોડી દેતા નથી. વૈષ્ણવવર સ્વાયંભુવ મનુના રાજકુમાર પ્રિયવ્રત રાજા તો પરમ વૈષ્ણવ હતા. તેમને નારદજીના ચરણકમલની સેવાના પ્રતાપે જ્યારે તત્કાળ ભગવદ્ભજનરૂપ તત્ત્વસહિત બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયું ત્યારે સર્વ ત્યજીને કેવલ બ્રહ્મચિંતન કરવાનો જ તેમણે સંકલ્પ કર્યો હતો. આ અવસરે પ્રિયવ્રત રાજાના પિતા સ્વાયંભુવ મનુએ રાજ્યકર્તાને જોઈએ તેટલા ઉત્તમ સર્વ ગુણો પ્રિયવ્રતજીમાં છે એમ માની રાજ્ય કરવાને માટે કુમારને આજ્ઞા કરી. તેઓ માનતા હતા કે પિતાની આજ્ઞાનો ભંગ ન કરવો જોઈએ તો પણ અખંડ સમાધિ યોગમાર્ગથી ઈન્દ્રિયોને અને કાયાને ભગવાનમાં વાળેલાં, ભગવાનને સમર્પેલાં હોઈ રાજ્યાધિકાર ભોગવવામાં રખેને ભગવાન ભુલાઈ જશે એમ ધારી તેમણે રાજ્ય કરવાનો સ્વીકાર કર્યો નહિ. પછી આદિદેવ બ્રહ્માજીને કાયમ જગતસૃષ્ટિનો વધારો કરવાની જ વૃત્તિ રહ્યા કરે છે, સમગ્ર જીવોના અભિપ્રાયોને જાણનાર તે બ્રહ્માજીએ પ્રિયવ્રત રાજાની સન્યાસ દીક્ષા લેવાની વૃત્તિ જાણી ત્યારે પોતે મૂર્તિધર વેદો અને મરીચિ વગેરે પોતાના પ્રજાપતિ પાર્ષદો સાથે સત્યલોકમાંથી તે તરફ આવ્યા.

ચન્દ્રમાની પેઠે શોભતા બ્રહ્મા આકાશમાર્ગે પધારી રહ્યા હતા ત્યારે વિમાનમાં બેસી ચારે બાજુ વિચરનારા ઈન્દ્રાદિ દેવતાઓ તેમનાં અર્ચન કરતા હતા અને માર્ગમાં એકત્રિત થયેલ સિદ્ધ, ગંધર્વ, સાધ્ય, ચારણ અને મુનિઓ સ્તુતિ કરતા હતા. જે ગંધમાદન પર્વતની ગુફામાં નારદજી, સ્વાયંભુવ મનુ અને રાજકુમાર પ્રિયવ્રત વિચાર-વિનિમય કરતા બિરાજ્યા હતા ત્યાં પ્રકાશ પાથરી દેતા પધારતા બ્રહ્માજીને નારદજીએ નિહાળ્યા. હંસના વાહન ઉપર બિરાજેલા પોતાના પિતા છે એમ ઓળખી તુરત જ સ્વાયંભુવ મનુ અને પ્રિયવ્રતની સાથે હાથ જોડી નારદજી ઊભા થયા અને તેમનાં અર્ચન કર્યાં તેમજ સ્તુતિ કરી. હે પરીક્ષિત રાજા ! નારદજીએ બ્રહ્માજીનાં અર્ચન કર્યાં. ત્યારબાદ અનેક ગુણોની અવતાર અને ઉત્કર્ષોની સ્તુતિ કરી ત્યારે પ્રેમપૂર્વક હસીને જોતા બ્રહ્માએ પ્રિયવ્રતને આ પ્રમાણે કહ્યું :

બ્રહ્માજીનાં વચનામૃત

બ્રહ્માજી બોલ્યા, હે બેટા ! મારી આ વાત સાંભળ. હું સાચું કહું છું. કદી બુદ્ધિથી માપી ન શકાય તેવા દેવાધિદેવ

પરમેશ્વરની આજ્ઞાને અમે, સદાશિવ, આ તારા પિતાજી સ્વાયંભુવ મનુ અને નારદજી પણ પરતંત્રપણાથી શિરે ચઢાવીએ છીએ. (૧૧) એ પરમેશ્વરના વિચારેલ કાર્યને તપ, વિદ્યા કે યોગના જોરે, બુદ્ધિના બળે કે ધન કે ધર્મથી સ્વસામર્થ્યથી કે કોઈના આશ્રયથી મિથ્યા કરવાને કોઈ પણ પ્રાણી સમર્થ નથી. (૧૨) હે પુત્ર ! પ્રત્યેક જીવ જન્મ માટે, મરણને માટે, કર્મ કરવાને કાજે તથા નિરંતર શોક, મોહ, ભય, સુખ અને દુઃખ ભોગવવાને માટે ઈશ્વર જેને જેવો દેહ આપે છે તેવો જ દેહ તે જીવને ધારણ કરવો પડે છે જીવ તેમાં ફેરફાર કરી શકતો નથી. માટે દેહની પ્રાપ્તિ થવામાં આપણે પરતંત્ર છીએ. (૧૩) હે પ્રિય પુત્ર ! આપણે બધા જ ભગવાનની વેદવાણીરૂપ દોરીમાં ગુણ અને કર્મ ઉપરથી ઠરેલી બ્રાહ્મણાદિક જાતિઓના મજબૂત અભિમાનથી બંધાઈને "નાથેલા બળદો જેમ ખેડૂતની મરજી પ્રમાણે કામ કરે" તેમ ભગવાનની મરજી પ્રમાણે કામ કરીએ છીએ. (૧૪) હે વત્સ ! ભોગમાં પણ આપણે પરતંત્ર છીએ; કારણ કે ઈશ્વરે ગુણ અને કર્મને અનુસરીને જે દેહ આપ્યા છે તે કબૂલ રાખીને તે ઉપરાંત પણ દેખતા માણસે દોરી જવાતા આંધળાની પેઠે સુખ અથવા દુઃખ જે ઈશ્વર આપે છે તે પણ આપણે કબૂલ રાખવું પડે છે. (૧૫) આ સર્વ નિયમન અજ્ઞાનીને માટે જ છે પણ બ્રહ્મજ્ઞાની માટે નથી એમ સમજવું નહિ કેમકે જીવનમુક્ત પુરુષને પણ પ્રારબ્ધ ભોગવવા માટે જ્યાં સુધી પ્રારબ્ધ કર્મનો ક્ષય ન થાય ત્યાં સુધી દેહ ધારણ કરવો પડે છે. જેમ જાગેલા જનને સ્વપ્નમાં જોયેલા પદાર્થનું સ્મરણ રહે છે પણ તે પદાર્થોમાં અભિમાન થાય નહીં તેમ જીવનમુક્તને પણ આ દેહનું સ્મરણ રહે પણ તેમાં તે અભિમાનથી બંધાતો નથી અને એ જીવનમુક્ત પુરુષભોગની વાસનાથી બીજો દેહ આપે તેવાં કર્મ પણ કરે નહીં. (૧૬)

भयं प्रमत्तस्य वनेष्वपिस्याद्यतः स आस्ते सह षट्सपत्नः । जितेन्द्रिस्यात्मरतेर्बुधस्य गृहाश्रमः किं नु करोत्यवद्यम् ॥१७॥

त्वं त्वब्जनाभाङ्घ्रिसरोजकोश–दुर्गाश्रितो निर्जितषट्सपत्नः । भुङ्क्ष्वेह भोगान्पुरुषातिदिष्टान्विमुक्तसङ्गः प्रकृतिं भजस्व॥१९॥

ઘરનો ત્યાગ કરી વનમાં જવાથી જ મોક્ષ થાય છે એમ પણ માનવું ભૂલભરેલું છે; કારણ કે પ્રમાદી જીવ જો વનમાં વિચરતો હશે તો પણ તેને ઈન્દ્રિયોરૂપી છ શત્રુઓ તો સાથે રહેલા જ છે તે શત્રુઓ તો વિષયોના સંગરૂપી ભયથી પ્રાપ્ત થવાના છે અને જે વિવેકી પુરુષ જિતેંદ્રિય તથા આત્મારામ બનીને ઘરમાં રહે છે તેનું ગૃહસ્થાશ્રમે કાંઈ પણ અનિષ્ટ કર્યું નથી. (૧૭) જે કોઈ પણ માનવ ઈંદ્રિયોરૂપી છ શત્રુઓને જીતવાની ચાહના રાખે તેણે પ્રથમ ગૃહસ્થાશ્રમમાં રહીને તે માટે યત્ન કરવો જોઈએ; કેમકે કિલ્લાના આશ્રયથી જે રહ્યો હોય તે મોટા શત્રુઓને પણ જીતી શકે છે. ઈંદ્રિયોને વિષયોમાં જતી એકદમ રોકીએ તો તેમાં અનેક મુશ્કેલીઓ આવશે. પણ જો ધીમેધીમે અને ક્રમે ક્રમે સરલતાથી સ્વયં પાછી વળી જાય તો વધુ સરલ બને આ રીતનું રોકાણ ઘરમાં રહીને જ બની શકે. માટે ઘરમાં રહીને ધીરે ધીરે ઈંદ્રિયોને વશ કરતાં તે સંપૂર્ણ પ્રમાણમાં કાબૂમાં આવી જાય છે. જેમ કોઈ રાજા શત્રુઓ ક્ષીણ થઈ જતાં જ્યાં જવાની ઈચ્છા થાય ત્યાં ફરી શકે છે તેમ વિદ્વાન મનુષ્ય પણ જનનિવાસમાં કે વનમાં ગમે ત્યાં વિચરે પછી તેને ભય નથી. (૧૮) હે બેટા ! વહાલા પુત્ર ! હે પ્રિયવ્રત ! આ ગૃહસ્થજીવન નામના કિલ્લાનો આશ્રય કરવાનું કહ્યું તે ક્ષુદ્રજન માટે જ છે પણ તમારે માટે નથી. કેમકે તમે તો ભગવાનના ચરણારવિંદરૂપી કમલકલિકાના દિવ્ય કિલ્લાના આશ્રયથી ઈંદ્રિયોરૂપી છ શત્રુઓને જીતી ચૂક્યા છો. આમ છતાં હાલ તો ઈશ્વરે આપેલા વૈભવો ભોગવીને પછી સર્વ સંગનો ત્યાગ કરી દઈને ભગવત્સ્વરૂપમાં સ્થિતિ કરજો.

શ્રીશુકદેવજીનું મધુર પ્રવચન

રાજા પ્રિયવ્રતની કથા કહેતાં શ્રીશુકાચાર્ય બોલ્યા કે રાજન્ પરીક્ષિત ! આ પ્રમાણે ત્રૈલોક્યના ગુરુ બ્રહ્માજીએ આજ્ઞા કરતાં પરમ ભાગવત શ્રી પ્રિયવ્રતે વિચાર્યું કે હું બ્રહ્માજીનો પૌત્ર છું, વળી નાનો છું માટે મારે આજ્ઞાનો અંગીકાર કરવો જોઈએ એમ નિશ્ચય કર્યો. બ્રહ્માજીના ચરણકમલનાં આદરપૂર્વક અર્ચન કર્યાં. પ્રિયવ્રતે પ્રણામ કર્યા બાદ શ્રીસ્વાયંભુવ મનુએ પણ અત્યંત પ્રસન્ન ચિત્તે વિધિપૂર્વક બ્રહ્માજીનાં અર્ચન કર્યાં. પુનઃ મનવાણીથી પર સર્વના અને પોતાના આધાર તેમજ સર્વ વ્યવહારથી પર એવા પરબ્રહ્મનું ચિંતન કરતાં કરતાં શ્રીબ્રહ્માજી બ્રહ્મલોકમાં પધારી ગયા. વિદાય લેતા

શ્રીબ્રહ્માજીને પ્રિયવ્રતજી અને નારદજી સરલ ભાવથી નિહાળી રહ્યા હતા. નારદજીને એવું ન લાગ્યું કે મારો શિષ્ય ગૃહસ્થ કેમ બન્યો ? અને પ્રિયવ્રતજીને એમ ન લાગ્યું કે હું યોગમાર્ગથી પાછો વળી રહ્યો છું. પ્રિયવ્રત ગૃહસ્થ બને એવા મનુના મનોરથને બ્રહ્માજીએ સિદ્ધ કરી આપ્યો છે. સ્વાયંભુવ મનુએ પણ નારદજીની અનુમતિથી પોતાના પુત્ર પ્રિયવ્રતનો અખિલ ભૂમંડલની રક્ષા કરવા માટે અભિષેક કર્યો અને પોતે પણ અત્યંત દુઃખ દેનારા વિષયોરૂપી વિષથી ભરેલા સંસાર-ભોગમાર્ગથી પાછા વળ્યા. (૨૨) કેવલ ભગવદિચ્છાના એક જ બળથી સર્વ કાર્યો કરવાનો અધિકાર પ્રિયવ્રતને પ્રાપ્ત થયો અને જે ભગવાન - આદિપુરુષનો મહિમા સમગ્ર જગતના બંધનને હરનાર છે તે શ્રીહરિના ચરણારવિંદના નિરંતર ધ્યાનના પ્રભાવથી રાગદ્વેષાદિક સમસ્ત મનના મેલ મટી ગયા હતા તો પણ વડીલોની આજ્ઞાને શિરે ચઢાવી રાજા પ્રિયવ્રત પૃથ્વીનું રાજ્ય કરવા લાગ્યા. (૨૩) ત્યારબાદ મહારાજ પ્રિયવ્રત બર્હિષ્મતી નામની વિશ્વકર્મા પ્રજાપતિની દીકરીને પરણ્યા. તેમાં તેમણે શીલ, ગુણ, કર્મ, સ્વરૂપ અને પરાક્રમથી પોતાના જેવાં જ ઉત્તમ ગુણસમ્પન્ન દશ દીકરાઓને જન્મ આપ્યો. અને છેલ્લે ઉર્જસ્વતી નામની એક દશ ભાઈઓથી નાની કન્યા પણ જન્મી. (૨૪) ૧. આગ્નીધ્ર, ૨. ઈધ્મજિહ્વ, ૩. યજ્ઞબાહુ, ૪. મહાવીર, ૫. હિરણ્યરેતા, ૬. ધૃતપૃષ્ઠ, ૭. સવન, ૮. મેધાતિથિ, ૯. વીતિહોત્ર અને ૧૦. કવિ, એ નામના દશપુત્રો હતા. આ દશે કુમારોનાં નામ અગ્નિના નામ ઉપરથી જ રાખ્યાં હતાં. (૨૫) આ દશ પુત્રોમાંથી દશમા કવિ, ચોથા મહાવીર અને સાતમા સવન એ ત્રણ તો નૈષ્ઠિક બ્રહ્મચારી જ રહ્યા અને બાલ્યાવસ્થાથી જ બ્રહ્મવિદ્યાનો અભ્યાસ કરતાં કરતાં પરિપક્વ વિચાર થતાં અન્તમાં પરમહંસ થઈ ગયા હતા. (૨૬) પરમહંસપણામાં રહીને પ્રશાંત ચિત્ત થયેલા એ ત્રણે મહાન ઋષિઓને સર્વ લોકના નિવાસરૂપ અને સંસારથી ભયભીત બનેલાઓના શરણરૂપ ભગવાનના ચરણારવિંદનું નિરંતર સ્મરણ રહેવાથી અખંડ ભક્તિ ઉત્પન્ન થઈ હતી અને તે ભક્તિના પ્રભાવથી શુદ્ધ થયેલા અંતઃકરણમાં સર્વ પાણીઓના આત્મારૂપ ભગવાન પ્રત્યક્ષ દેખાતા હતા; તેથી તેઓ દેહાદિક ઉપાધિનો ત્યાગ કરી તે પરમ દયાળુ ભગવાન સાથે એકતા પામી ગયા. (૨૭) પ્રિયવ્રતરાજાને બીજી સ્ત્રીમાં ઉત્તમ, તામસ અને રૈવત નામના બીજા પણ ત્રણ પુત્રો થયા હતા કે જેઓ મન્વન્તરના અધિપતિઓમાં ગણાય છે. (૨૮) એ પ્રમાણે પુત્રોની વ્યવસ્થા થતાં એ મહામના પ્રિયવ્રત રાજાએ અગિયાર અર્બુદ એટલે એકસો દશ કરોડ વર્ષ સુધી પૃથ્વીનું રાજ્ય ભોગવ્યું. પરંતુ રાજાના સર્વ પુરુષાર્થો કોઈ ઠેકાણે અટકતા ન હતા. બળથી પરિપૂર્ણ પોતાના બાહુદંડથી ખેંચેલી ધનુષ્યની દોરીના ટંકારથી જ રાજાએ સમસ્ત અધર્મીઓનો નાશ કર્યો હતો. પોતે આત્મવેત્તા હતા તો પણ બર્હિષ્મતી રાણીનાં રોજ રોજ વધતાં જતાં આનંદપૂર્વક મિલન, સ્ત્રીસ્વભાવ સુલભ હાવભાવ, લાજથી સંકોચાતાં મંદહાસ્યપૂર્વક અવલોકન અને સુંદર હાસ્યવિનોદનાં વચનોથી જાણે વિવેક ભૂલી જઈને મોહમાં પડી ગયા હોય એમ જણાતા હતા, પરંતુ સર્વથા અંતર્મુખ અને આત્મરત હતા. (૨૯)

પ્રિયવ્રત રાજનો પુરુષાર્થ

એકવાર રાજા પ્રિયવ્રતને એક વાત કઠંવા લાગી કે મેરુ પર્વતને પ્રદક્ષિણા ફરતા સૂર્યદેવ પૃથ્વીમાં લોકાલોક પર્વત સુધી અજવાળું કરે છે, પણ તેમાં વારા ફરતી અર્ધામાં પ્રકાશ અને અર્ધામાં અંધકાર રહે છે તે ઠીક નહીં એવું વિચારીને ભગવાનની ઉપાસનાને લીધે સર્વ લોકોથી વધતા પ્રભાવશાળી પ્રિયવ્રત રાજાએ રાતને પણ દિવસ બનાવી દેવાના વિચારથી સૂર્યના સરખા વેગવાળા, તેજોમય રથમાં બેસી સૂર્યની પાછળ બીજા સૂર્યની પેઠે પૃથ્વીમાં સાત વાર ફર્યા હતા. (૩૦) રાજાના રથનાં ચક્રોના ચીલાથી જે સાત ખાડા પડ્યા તે સાત સમુદ્ર થયા. અને સાત ચીલાના ટેકરા થયા તે સાત બેટ થયા. (૩૧) તે જે સમુદ્રને લીધે પૃથ્વીમાં જંબુદ્વીપ, પ્લક્ષદ્વીપ, શાલ્મલિદ્વીપ, ક્રૌંચદ્વીપ, શાકદ્વીપ અને પુષ્કરદ્વીપ એ નામના સાત દ્વીપ થયા છે. એ દ્વીપોમાં પ્રથમ કરતાં બીજો, બીજા પછી ત્રીજો એમ સાત બેટો ઉત્તરોત્તર બમણા વિસ્તારવાળા છે. આ પ્રકારે સાતેસાત દ્વીપો પછી એક સમુદ્ર અને સમુદ્ર પછી ફરતો દ્વીપ એમ રચના થઈ છે. (૩૨) ક્ષારોદ (ખારા જલનો), ઈક્ષુરસોદ (શેરડીના રસનો), સુરોદ (મદિરાનો), ધૃતોદ (ઘીનો), ક્ષીરોદ (દૂધનો),

દધિમંડોદ (દહીંના રસનો) અને શુદ્ધોદ (મધુર જલનો) એમ સાત સમુદ્ર સાત દ્વીપની પાછળ ફરતી ખાઈઓ જેવા છે. આ સાતે સાગરોનો વિસ્તાર પોતપોતાના ઘેરાવાની અંદર આવેલા પ્રત્યેક દ્વીપ જેવડો છે. આ સાત દ્વીપોમાં એક એક દ્વીપ પછી એક એક સમુદ્ર એવી રીતે દ્વીપોને ચારે તરફ ફરતા અને તેઓથી જુદા ભાગની પૃથ્વીમાં રચાયેલા છે. (૩૩)

સાત દ્વીપના સાત રાજાઓ

જંબુદ્વીપ વગેરે એ સાત દ્વીપમાં બર્હિષ્મતી રાણીના સ્વામી પ્રિયવ્રત રાજાએ પોતાને માર્ગે ચાલનારા આગ્નીધ્ર, ઈધ્મજિહ્વ, યજ્ઞબાહુ, હિરણ્યરેતા, ધૃતપૃષ્ઠ, મેધાતિથિ અને વીતિહોત્ર નામના સાત પુત્રોને સાત દ્વીપના શાસન માટે રાજ્ય આપ્યાં. (૩૪) આ સાતમાંના પ્રથમ પુત્રને પ્રથમ, બીજા પુત્રને બીજા દ્વીપનું એમ અનુક્રમે સાત દ્વીપો આપ્યા છે. પ્રિયવ્રત મહારાજે ઉર્જસ્વતી નામની પોતાની પુત્રી શુક્રાચાર્યને પરણાવી હતી. આ પત્નીથી શુક્રાચાર્યને આંગણે દેવયાની નામની દીકરી જન્મી. (૩૫) જમ્બુદ્વીપ. એકલાખ યોજન : આગ્નીધ્રરાજા : એકલાખ યોજનનો ક્ષાર સાગર.

ભગવન્નામસામર્થ્ય

સર્વ વર્ણ અને ધર્મથી વિમુખ થયેલ ચાંડાલ જેવો ક્ષુદ્ર જન પણ જો ભગવાનનું નામ એક વાર લે તો સંસારનાં બંધનમાંથી અવિલંબે છૂટી જાય તેવા કૃપાસિંધુ ભગવાનની ચરણરજ સેવનના સામર્થ્યથી ઈંદ્રિયોને અને ભૂખ-તરસ વગેરેને જીતી લેનારા ભગવદ્ભક્તો આવા પુરુષાર્થ સાધે તેમાં આશ્ચર્ય સમજવું નહીં. એ પ્રમાણે પરાક્રમની પરાકાષ્ઠાવાળા પ્રિયવ્રત રાજા એક દિવસ દેવર્ષિ નારદજીના ચરણકમલની સેવા કરતાં આત્મરત પુનઃ ભગવદિચ્છાથી વચમાં આવી પડેલા રાજ્યાદિક પ્રપંચના સંબંધથી પોતાની ઉપરામ વૃત્તિ થઈ અને વૈરાગ્ય વૃત્તિ સતેજ બની તેથી વિચાર કરવા લાગ્યા. (૩૬) ‘અરે, મેં અનુચિત કર્યું. અનાર્ય કાર્ય કર્યું, કે જેથી ઈંદ્રિયોએ મને અજ્ઞાનથી બનેલા વિષયોના ઊંડા કૂવામાં ફેંકી દીધો. ખૂબ વિષયો ભોગવ્યા. હવે હદ થઈ હવે બસ છે. હું કે જે આ સ્ત્રીની પાસે મદારીના મર્કટના જેવો થઈ નાચી રહ્યો છું. સાચે જ મને ધિક્કાર છે, ધિક્કાર છે.” આવો નિર્ણય કરી પોતાની જાતને જાગ્રત કરી. (૩૭) ખરેખર પ્રિયવ્રત રાજાને પ્રભુની કૃપાથી પ્રાપ્ત થયેલા વિવેકને લીધે આ પૃથ્વીનું રાજ્ય પોતાના પુત્રોને ભાગ પ્રમાણે વહેંચી આપ્યા પછી ભગવલ્લીલાના નિરંતર પ્રભાવથી હૃદયમાં વૈરાગ્ય ઉત્પન્ન થયો. મહારાણી બર્હિષ્મતી અને મોંઘી સમૃદ્ધિમાંથી વિવેકપૂર્વક મન ઉઠાવી ભગવાનમાં મૂકી દઈ પ્રાણ વિનાના શરીરની માફક સર્વ ત્યજી દઈ પ્રિયવ્રત રાજા પાછા નારદજીએ ચીંધેલા હરિપંથે સંચર્યા. (૩૮)

પ્રિયવ્રત રાજાનો યશ

આવા વિવેકી પ્રિયવ્રતરાજાની કીર્તિના શ્લોક ઘણા કાળથી જગતમાં બોલાય છે. આ શ્લોકોમાં એવું ગાયું છે કે વૈષ્ણવો ઉપર પ્રીતિ રાખતા પ્રિયવ્રત રાજાએ જેવું કામ કર્યું તેવું કામ ઈશ્વર વિના બીજા કોનાથી બની શકે ? જે પ્રિયવ્રતે જગતમાંથી અવ્યવસ્થા અને અંધકારને દૂર કરતાં પૈંડાની ધારના ખાડાઓથી સાત સમુદ્રો બનાવી દીધા. (૩૯) દ્વીપોની રચનાથી પૃથ્વીની વ્યવસ્થા કરી, (૪૦) લોકોમાં સંઘર્ષ ના જન્મે માટે પ્રત્યેક દ્વીપમાં વિભાગ પ્રમાણે નદીઓ, પર્વતો અને વન વગેરેની હદો નક્કી કરી આપ્યાં અને પુણ્ય પુરુષાર્થથી પ્રાપ્ત થયેલા પાતાળ, સ્વર્ગ તથા મનુષ્ય લોકોનાં સુખોને છેલ્લી વારે નરકની માફક ભગવાનની સેવામાં અવરોધ કરનારાં ગણ્યાં અને ત્યજ્યાં. (૪૧)

भौमं दिव्यं मानुषं च महित्वं कर्मयोगजम् । यश्चक्रे निरयौपम्यं पुरुषानुजनप्रियः ॥ ४२ ॥

શ્રીમદ્ ભાગવત પીયૂષના પંચમસ્કંધ સ્થિતિલીલાના સ્વરૂપ, સ્થિતિપ્રકરણના ભક્તિ પ્રકરણમાં પ્રિયવ્રતરાજાના દિવ્ય ચરિત્રનું નિરૂપણ કરતો અધ્યાય પહેલો સમાપ્ત.

અધ્યાય ૨જો

[આ અધ્યાયમાં ૨૩ શ્લોકો છે. આમાં મહારાજ અગ્નીધ્રનું ચરિત્ર વર્ણવાશે.]

આગ્નીધ્રનું પ્રજાવાત્સલ્ય

શ્રીશુકાચાર્યજી બોલ્યા કે રાજન્ ! ઉપર પ્રમાણે પ્રિયવ્રતરાજા વનમાં પધાર્યા. તેના માર્ગદર્શન પ્રમાણે ચાલતા તેમના પ્રધાનપુત્ર આગ્નીધ્ર રાજા ધર્મ ઉપર લક્ષ્ય રાખીને જંબુદ્વીપમાં રહેનારી પ્રજાને પોતાનાં સંતાનોની પેઠે પાળવા લાગ્યા. (૧) એક દિવસ આગ્નીધ્ર રાજાને પુત્રની ઈચ્છા થઈ આવી. રાજા આગ્નીધ્ર દેવાંગનાઓના વિહારસ્થલ મંદરાચળની ગુફામાં ગયા. ત્યાં પૂજનની સર્વ સામગ્રી એકઠી કરી એકાગ્ર ચિત્તથી પ્રજાપતિઓના પતિ બ્રહ્માનું તપશ્ચર્યાપૂર્વક આરાધન કરવા લાગ્યા. (૨) આ વાત જાણી આદિપુરુષ બ્રહ્માએ પોતાની સભામાં ગાયન કરતી પૂર્વચિત્તિ નામની અપ્સરાને આગ્નીધ્ર રાજાની પાસે મોકલી આપી. (૩)

પૂર્વચિત્તિની પ્રાપ્તિ

પૂર્વચિત્તિ અપ્સરા આગ્નીધ્ર રાજાના આશ્રમના ઉદ્યાનમાં ચારે બાજુ ફરવા લાગી. ઉદ્યાન અત્યંત રમણીય હતો. અનેક પ્રકારનાં ઘટાદાર વૃક્ષોની અનેક શાખાઓ સાથે લાગેલી સોનલવર્ણી વેલો ઉપર બેઠેલાં તે સ્થળનાં પક્ષીઓનાં યુગલો ભિન્ન ભિન્ન કલરવ કરતાં ગીત ગાતાં હતાં તેથી જાગી જઈને જળકૂકડી, કારંડવ અને કલહંસ વગેરે જળનાં પક્ષીઓ પણ કમલોના ભંડારથી ભરેલાં જલાશયોમાં ભારે કિલકિલાટ કરવા મંડી પડ્યાં. (૪) વિલાસભરી ચાલે પગલાં ભરતી, હાવભાવથી હૃદય હરી લેતી, પૂર્વચિત્તિના ઝાંઝરનો ખણખણ ઝણકાર સાંભળીને રાજકુમાર આગ્નીધ્રે સમાધિથી મીંચેલાં પોતાનાં નેત્રકમળ ખોલીને જરા જોયું તો પૂર્વચિત્તિ અપ્સરા પોતાની સમીપમાં જ એક ભ્રમરીની માફક ફૂલ સૂંઘતી આવી રહી હતી. એની ગતિ, એનો વિહાર, એનું વિનમ્ર અવલોકન, મધુર સ્વરથી નીકળતા અક્ષરો અને શરીરના સુડોળ અવયવો દેવતાઓ અને મનુષ્યોના પણ મનને તથા નેત્રને આનંદ આપે એવાં હતાં. તેથી એ અપ્સરા માનવોના મનમાં શીઘ્ર કામદેવ ઉત્પન્ન કરી દેતી હતી. (૫) પૂર્વચિત્તિના મુખમાંથી અમૃત જેવું મધુર અને મદિરાના જેવું માદક ભાષણ નીકળતું ત્યારે તે સમયના તેના મુખના શ્વાસની સુગંધ લેવાથી મદાંધ થયેલા ભ્રમરો ચારે બાજુ ઘેરી વળતા હતા. આ આવતા ભ્રમરોના ભયથી જલદી જલદી પગલાં માંડતા તેના સ્તનરૂપી કળશ, કેશપાશ અને કટિમેખલા અત્યંત મનોહર રીતે હાલતાં હતાં. આ અપ્સરાનું અવલોકન કરતાં જ કામદેવને હૃદયમાં પ્રવેશવા માર્ગ મળી ગયો. (૬)

આગ્નીધ્રની કામવશતા

રાજા આગ્નીધ્ર કામદેવને વશ થઈ ગયા અને જડની માફક આ પ્રમાણે બોલવા લાગ્યા : હે મુનિવરોમાં ઉત્તમ આપ કોણ છો ? આ પર્વતમાં આપ શું કરવા ધારો છો ? આપ પરમ સમર્થ ભગવાનની કોઈ માયા જણાવ છો. હે મિત્ર ! આપે આ પ્રત્યંચા વિનાનાં બે ધનુષ રાખેલાં છે તે તમારા કાર્યને સાધવા સારુ રાખેલાં છે કે પછી અમારા જેવા ગાફેલ હરણોને વશ કરવા રાખ્યાં છે ? (૭) કમળરૂપ પીંછાંવાળા, વિલાસથી સુંદર, પાંખ વિના પણ શોભતાં અત્યંત તીક્ષ્ણ અણીવાળાં આ આપનાં બાણ છે તે વનમાં વિચરીને આપ કોના ઉપર ફેંકવા ધારો છો, તેની અમને ખબર પડતી નથી માટે ભયભીત બની અમે માગી લઈએ છીએ કે જડબુદ્ધિવાળા અમને બચાવજો. (૮) આ આપના શિષ્યો એટલે ભ્રમરો ચારે તરફ જે ભણી રહ્યા છે એટલે ગાઈ રહ્યા છે તે જાણે રહસ્યસહિત સામવેદના મંત્રોથી નિરંતર પરમેશ્વરને ગાયા કરે છે. ઋષિઓ જેમ વેદની શાખાઓનું સેવન કરે તેમ આપના આ સમસ્ત શિષ્યો આપની શાખામાંથી પડતી ફૂલની વૃષ્ટિઓનું સેવન કરે છે. (૯) હે મહારાજ ! આપના ચરણમાં ધારણ કરેલા પાંજરાંમાંથી એટલે નૂપુરમાંથી તીતરનો ચોખ્ખો અવાજ નીકળે છે તે તો અમે સાંભળીએ છીએ પરંતુ મધુર ધ્વનિ કરતાં તીતર પક્ષી જોવામાં આવતાં નથી. આ સુંદર નિતંબ મંડળમાં કદંબનાં ફૂલ જેવી કાન્તિ તમને ક્યાંથી મળી છે ? કે જે કાન્તિ ઉપર બળતા ઉંબાડિયાએ જાણે

આંટો લીધો હોય એમ લાગે છે. (૧૦) આપના આ સુંદર બે વક્ષઃસ્થળ ઉપરનાં શૃંગોમાં શું ભર્યું છે ? કે જે શૃંગોને તમે કેડમાં પાતળાં છતાં પણ ઘણા કાળથી ઉઠાવી રહ્યાં છો ? આ તમારા વક્ષઃસ્થળનાં શૃંગોમાં કંઈક મનોહર વસ્તુ તમે ભરી છે. આ શૃંગો ઉપર આવો રક્તવર્ણો અને સુગંધી લેપ ક્યાંથી ચોંટ્યો છે ? કે જે કસ્તૂરી શા લેપે હે સુભગ મિત્ર ! મારા આશ્રમને સુગંધિત કરી મૂક્યો છે. (૧૧)

આગ્નીધ્રરાજાની શૃંગારવાણી

હે પ્રિય સખા ! તમે ક્યા આશ્રમમાં, ક્યા લોકમાં વસો છો. મને પણ તે આશ્રમનાં દર્શન કરાવો કે જ્યાંના રહેવાસીઓને વક્ષઃસ્થલ ઉપર અપૂર્વ અને અમ જેવાના મનને આકર્ષાતા અવયવો થતા હોય અને જેમનાં મુખકમલમાં રસ, વિલાસ અને અમૃત વગેરે ઘણી અદ્ભુત વસ્તુઓ થતી હોય ! (૧૨) હે મિત્ર ! તમારો ખોરાક શો છે ? કે જે ખોરાકનું ભક્ષણ કરવાથી આ હવિષ્યાન્ન જેવી સુવાસ આવે છે. તમે વિષ્ણુના અંશરૂપ જણાઓ છો. કારણ કે તમારા કાનમાં ચળકતાં અને આંખો નહીં મીંચનારાં બે મત્સ્ય સુંદર લાગે છે. તમારું મુખ રસસરોવર સમાન લાગે છે કારણ કે તેમાં બે મત્સ્ય કૂદ્યા કરે છે. વળી તમારા મુખમાં આ કેવી દંતપંક્તિ શોભી રહી છે અને આસપાસ તો જાણે શ્યામવર્ણા શા ભમરાઓ ચારે બાજુ ફરી રહ્યા છે. (૧૩) હે મિત્ર ! તમારા કરકમળથી ઊછળતો અને ચારે તરફ સરકી જતો આ કંદુક મારા મનને ભ્રમિત કરી દે છે અને મારા નયનને ચંચળ કરી નાંખે છે. આ તમારી વાંકી છટા છૂટી ગઈ છે તેની તમને કેમ દરકાર જ નથી ? અને આ લંપટ અને ધૂર્ત પવન તમારી પામરીને ઉડાડી દે છે તેનું તમને ધ્યાન પણ નથી કે શું ? (૧૪) હે તપોધન ! તપસ્વીઓના તપનો નાશ કરનારા આવા દિવ્ય રૂપને તમે ક્યું તપ કરીને મેળવ્યું છે ? હે મિત્ર ! મારી વિનંતિ છે કે તમે મારી સાથે રહીને તપ કરો. મને આનંદ થશે. મને લાગે છે કે આ સંસારનો વિસ્તાર કરવા બ્રહ્માજીએ કૃપા કરીને તમને મારે માટે જ મોકલ્યા હશે. (૧૫) બ્રહ્માએ મોકલેલ તમારામાં કોણ જાણે કેમ મારું મન તથા નયન ચોંટી રહ્યાં છે જે ખસી શકતાં જ નથી. હવે હું આપને છોડનાર નથી. હે સુંદર શૃંગી ! હું સદા તમારે આધીન છું, તેને જ્યાં તમારી ઈચ્છા હોય ત્યાં લઈ જાઓ. આ કાર્યમાં તમારી સહચરી પણ મને અનુકૂળ રહેજો. અને આ હરણીઓ જતાં જમણી તરફ ઊતરજો. (૧૬)

પૂર્વચિત્તિની નૃપવશતા

શુકદેવજી કહે છે આ પ્રમાણે સ્ત્રીઓને અનુસરવામાં ચતુર અને પંડિત સરખી બુદ્ધિવાળા આગ્નીધ્ર રાજાએ વિષયી પુરુષોમાં ચતુરાઈ ભરેલી ગણાય એવી બોલવાની છટાથી તે અપ્સરાને પાણીપાણી કરી નાખી. (૧૭) આ આગ્નીધ્ર રાજાની બુદ્ધિ, શીલ, સ્વરૂપ, યૌવન, લક્ષ્મી અને ઔદાર્યથી પૂર્વચિત્તિનું મન પરવશ બન્યું અને એ અપ્સરાએ તે જંબુદ્વીપના સ્વામી આગ્નીધ્રના ઘરમાં રહી તેની સાથે હજારો વર્ષ સુધી પૃથ્વી અને સ્વર્ગના વૈભવ ભોગવ્યાં. (૧૮) પૂર્વચિત્તિ અપ્સરાએ આગ્નીધ્ર રાજાને આંગણે નાભિ, કિંપુરુષ, હરિવર્ષ, ઈલાવૃત્ત, રમ્યક, હિરણ્યમય, કુરુ, ભદ્રાશ્વ, અને કેતુમાલ નામના નવ પુત્રોને જન્મ આપ્યો. (૧૯) ક્રમશઃ પૂર્વચિત્તિ અપ્સરા એક વર્ષે એક દીકરો એમ નવ દીકરાને જન્મ આપી અને તેઓને રાજાના ઘરમાં જ મૂકી પાછી બ્રહ્મલોકમાં ચાલી ગઈ. (૨૦) આગ્નીધ્ર રાજાના એ નવ પુત્રો પોતાની માતાના અનુગ્રહને લીધે સ્વભાવમી જ બળવાન અને દૃઢ અંગવાળા હતા. તે પિતા આગ્નીધ્ર રાજાએ જંબુદ્વીપના નવ ખંડ પાડી પ્રત્યેકને એક એક ખંડ વહેંચી આપતાં તેઓ વિભાગ પ્રમાણે પોતપોતાના ખંડમાં રાજ્ય કરવા લાગ્યા. (૨૧) અને તે નવ પુત્રોનાં જે નામ હતાં તે તે નામ ઉપરથી જ તે નવ ખંડો ઓળખાવા લાગ્યા. કામભોગથી તૃપ્તિ નહીં પામતા અને દિવસે દિવસે પૂર્વચિત્તિ અપ્સરાને જ સર્વસ્વ માનતા આગ્રીધ્ર રાજા વેદોક્ત સકામ કર્મ કરવાને લીધે અપ્સરાના લોકને પામ્યા કે જે લોકમાં પિતૃઓ આનંદ કરે છે. (૨૨)

આગ્રીધ્ર રાજા પરલોકમાં પધાર્યા પછી તેના નવ પુત્રો ક્રમથી મેરુદેવી, પ્રતિરૂપા, ઉગ્રદંષ્ટ્રી, લતા, રમ્યા, શ્યામા, નારી, ભદ્રા અને દેવનીતિ નામની મેરુ પર્વતરાજની નવ દીકરીઓને પરણ્યા.

सम्परेते पितरि नव भ्रातरो मेरुदुहितृर्मेरुदेवीं प्रतिरूपामुग्रदंष्ट्रीं लतां रम्यां श्यामां नारीं भद्रां देववीतिमिति संज्ञा नवोदवहन् ॥ २३ ॥

શ્રીમદ્ ભાગવત પીયૂષના પંચમ સ્કંધ, સ્થિતિલીલાના સ્વરૂપ સ્થિતિ નામના પ્રથમ પ્રકરણમાં આગ્નીધ્ર રાજાના ચરિત્રનું વર્ણન કરતો અધ્યાય બીજો સમાપ્ત.

અધ્યાય ૩જો

[આ અધ્યાયમાં ૨૦ શ્લોકો છે. પુત્રપ્રાપ્તિ માટે નાભિરાજાની ઉપાસના અને ભગવાન ઋષભદેવનું પ્રાક્ટ્ય આ અધ્યાયની કથામાં આવશે.]

પુત્રપ્રાપ્તિ માટે નાભિરાજાનું યજન

श्रीशुक उवाच – नाभिरपत्यकामोऽप्रजया मेरुदेव्या भगवन्तं यज्ञपुरुषमवहितात्मायजत ॥ १ ॥

શુકાચાર્યજીએ કહ્યું,રાજન્ ! નાભિ રાજાએ પુત્ર કે પુત્રી ન હોવાથી પોતાની રાણી મેરુદેવીની સાથે અંતઃકરણ સાવધાન રાખી સંતાનપ્રાપ્તિની કામનાથી ભગવાનનું યજન થાય એવા પ્રકારના યજ્ઞનો આરંભ કર્યો. (૧) મહારાજા નાભિએ શ્રદ્ધાપૂર્વક શુદ્ધભાવથી યજ્ઞ આરંભ્યો, તેમાં પ્રવર્ગ્ય નામના યજ્ઞકર્મો ચાલુ કર્યાં. દ્રવ્ય, દેશ, કાળ, મંત્ર, ઋત્વિજ અને દક્ષિણારૂપ ઉપાયોની ઉત્તમ સામગ્રી છતાં પણ ન મળે તે ભગવાનના કેવલ દયામય સ્વભાવને કારણે નિજ ભક્તોના મનોરથ પૂર્ણ કરવાની ઈચ્છાથી હૃદય ખેંચાતાં સ્વતંત્ર હોવા છતાં સુખકર અને મન તથા નયનને આનંદ આપનારા સુડોળ અને રમણીય સ્વરૂપનું દર્શન કર્યું. (૨) ભગવાન પુરુષોત્તમનું સ્વરૂપ અષ્ટભુજાવાળું હતું. સુવર્ણ સમાન તેજસ્વી, રેશમી પીતાંબર ધારણ કરેલા ભગવાનના વક્ષઃસ્થલમાં શ્રીવત્સનું ચિહ્ન શોભતું હતું. શંખ, ચક્ર, કમળ, વનમાલા, કૌસ્તુભમણિ અને ગદા વગેરેથી પુરુષોત્તમ પ્રકાશી રહ્યા હતા. ઝળહળતાં રત્નોથી મઢેલ મુકુટ, કુંડળ, કંકણ, કટિમેખલા, હાર, બાજુબંધ અને નૂપુર વગેરે આભૂષણોથી સ્વરૂપ અત્યંત શોભા ધારણ કરતું હતું. ભગવાનના આ સ્વરૂપને જોઈ નિર્ધન પુરુષો જેમ ખજાનો મળતાં પ્રસન્ન થાય તેમ પ્રસન્ન થયેલા યજમાન, ઋત્વિજ અને સભાસદોએ અત્યંત માનથી પોતાનાં મસ્તક નમાવી અર્ચન કરી, સ્તુતિ કરી. (૩)

ઋષિઓએ કરેલ ઉપસ્થાન

ઋષિઓ સ્તુતિ કરતાં બોલ્યા કે હે પૂજ્ય ! આપ પરિપૂર્ણ છો તો પણ અમે આપના સેવક છીએ. અમે સંત પુરુષોના શિક્ષણાનુસાર આપને પુનઃ પુનઃ નમસ્કાર કરવાની ક્રિયાથી અર્ચન કરીએ છીએ. આપ અમારા આ અર્ચનનો અંગીકાર કરો એવી વિનંતિ છે. (૪) ભગવન્ ! આપના બ્રહ્મસ્વરૂપનું નિરૂપણ તો સંસારમાં રચ્યાપચ્યા રહી આસક્ત બનેલા ક્યા પુરુષથી થઈ શકે ? કારણ કે આપ પ્રકૃતિ અને પુરુષના પણ કારણરૂપ છો અને નામ, રૂપ તથા આકાર કે જે નિરૂપણ કરવાનાં સાધન છે તે સમસ્ત તો પ્રકૃતિપુરુષથી બનેલી સૃષ્ટિમાં પછીથી બનેલાં છે. માત્ર એટલું બની શકે કે સર્વ જીવના દુઃખને દૂર કરનાર સુખરૂપ અને ઉત્તમ આપના ગુણોમાંથી એકાદનું વર્ણન થઈ શકે. (૫) એથી અધિક કશું પણ જીવોથી બની શકે નહિ. હે પરમ પુરુષ ! આપ તો વેદોની વાણી અને યોગીઓના મનથી પણ ન જાણી શકાય તેવા છો તો પણ ભક્તો આપને સહેલાઈથી પ્રસન્ન કરી શકે છે. કારણ કે ભક્ત લોકો સ્નેહથી ગદ ગદ અક્ષરવાળી સ્તુતિ કરે છે અને જળ, પુષ્પ, પલ્લવ, તુલસીદલ અને દૂર્વાના અંકુરથી અર્ચન કરે તો પણ આપ અવશ્ય પ્રસન્ન થાઓ છો. (૬) અન્ય રીતે વિચારીએ તો દેશ, કાલ, દ્રવ્ય વગેરે વિવિધ અંગોવાળા અને પુષ્કળ સામગ્રીવાળા યજ્ઞો દ્વારા પણ આપને સેવતાં કાંઈ અર્થ સરે એમ નથી લાગતું. (૭) આપ જ શ્રેષ્ઠ પુરુષાર્થરૂપ હોવાથી પરમાનંદ સ્વરૂપ છો. તેથી હે નાથ ! આપને યજ્ઞથી કશો લાભ નથી તો પણ અમારા જેવા સકામ લોકોને આપનું માત્ર આરાધન કરવામાં યજ્ઞ કામ લાગવો જોઈએ એમ માનીએ છીએ. (૮)

એક અભ્યર્થના

હે પૂજ્યવર પ્રભો ! આપ તો વરદાનદક્ષ છો. વરદાન દેવા પ્રક્ટ થયા છો તો પણ અમે તો એમ જ માનીએ છીએ કે આ

શ્રી નાભિરાજાના યજ્ઞમાં આપે પધારી ભક્ત લોકોને દર્શન દીધું એ જ વરદાન થઈ ચૂક્યું છે. (૯) અસંગના નામના તીવ્ર જ્ઞાનરૂપ અગ્નિથી જેઓના સમસ્ત મેલ બળી ગયા છે એવા અને આપના જેવા જ સ્વભાવવાળા આત્મારામ મુનિઓને પણ આપના પરમ કલ્યાણમય ગુણોના વર્ણનનું જ સૌભાગ્ય મળે છે; પરંતુ આપનું પ્રત્યક્ષ દર્શન તો મળતું નથી. (૧૦) તેથી તો એ લોકો આપના ગુણગાનમાં રચ્યાપચ્યા રહે છે. હે નાથ ! આપના દર્શનથી અમે કૃતાર્થ થયા છીએ પરંતુ એક વરદાન માગીએ છીએ કે જ્યારે અમે ઠોકર વાગતાં, છીંક ખાતાં, પડતાં આખડતાં, બગાસુ ખાતાં અને અન્ય વિકટ સ્થિતિ વગેરેમાં તેમજ તાવ તથા મરણાદિ દશામાં પણ પરવશ હોવાને લીધે આપનું સ્મરણ કરવાને અશક્ત હોઈએ ત્યારે પણ સર્વ પાપોને ભસ્મ કરનાર આપની લીલા અને વિવિધ પ્રકારના ગુણોનું નિરૂપણ કરતાં આપનાં સુમંગલ નામ જ અમારી રસના ઉપર રહ્યા કરે એ એક લાલસા છે. (૧૧) અને બીજી પણ કામના છે કે પુત્રની પ્રાપ્તિ માટે તપશ્ચર્યા કરનારા રાજર્ષિ નાભિ આપ સરખા પુત્રની લાલસા સેવે છે. (૧૨) આપ તો આ લોકના સર્વ સુખોના અને સ્વર્ગ તથા મોક્ષના પણ દાતા છો એમને પુત્રની આશાથી ભજે છે, તે તો એક નિર્ધન માણસ ફોતરાંની ઈચ્છાથી કુબેરની ભક્તિ કરે એના જેવું છે તો પણ રાજાનો આટલો મનોરથ પરિપૂર્ણ કરવા કૃપા કરો એવી વિનંતિ છે. (૧૩) જો મહાત્મા પુરુષનાં ચરણ સેવ્યાં ન હોય તો કોઈ ઠેકાણે નહિ હારેલી વળી સર્વથા અજાણી આપની માયાથી ક્યો પુરુષ નથી હાર્યો ? અને કોની બુદ્ધિ ઉપર માયાનું આવરણ નથી ચઢ્યું ? વળી કોનો સ્વભાવ વિષયોરૂપી વિષના વેગથી નથી ઘેરાયો ? અરે એવો એકાદ પુરુષ તો જગતમાં બતાવો. હે અસાધારણ કાર્ય કરનારા, મોક્ષ આપનારા આપ પરમેશ્વરને જો કે એક તદ્દન ક્ષુદ્ર કાર્ય માટે અહીં બોલાવ્યા છે તો પણ અમે પ્રજામાં જ પુરુષાર્થ માનનારા તથા મંદ બુદ્ધિવાળા છીએ અને આપ સર્વમાં સમતા રાખનારા છો તેથી અજાણ્યા લોકોના અપરાધની ક્ષમા કરશો. (૧૫) શ્રી શુકાચાર્યજી બોલ્યા કે એ પ્રમાણે નાભિરાજાએ સેવેલા બ્રાહ્મણોએ દિવ્ય ગદ્યોથી સ્તુતિ કરી અને ચરણકમલમાં દંડવત કર્યા ત્યારે સર્વ દેવતાઓમાં ઉત્તમ દયાસિંધુ ભગવાન આ પ્રમાણે બોલ્યા. (૧૬)

ભગવાનનાં વચનામૃત

ભગવાને વચનામૃત વરસાવતાં કહ્યું, અહો ! ઋષિઓ ! સત્યવાણી બોલનારા આપે આ રાજાને મારા જેવા પુત્રની પ્રાપ્તિનું વરદાન માગ્યું તે સુલભ નથી કેમ કે હું એક અને અદ્વિતીય હોવાથી મારા જેવો તો હું જ છું તેથી મારા જેવો પુત્ર ક્યાંથી આપું ? તો પણ ઉત્તમ દ્વિજદેવોનું કુલ એ તો મારું જ મુખ છે. (૧૭) તેથી વિપ્રવરોની વાણી કદી મિથ્યા ન થવી જોઈએ. માટે મારા જેવો અન્ય કોઈ નહીં મળતાં હું પોતે જ મારા અન્ય અંશથી આ રાજા નાભિને ત્યાં અવતાર ધરીશ. (૬૮)

શ્રીશુકાચાર્યે કહ્યું કે રાણી મેરુદેવીના સાંભળતાં તેમના પતિ નાભિરાજાને આ પ્રમાણે કહી ભગાવન અંતર્ધાન થઈ ગયા. (૧૯) ત્યારબાદ હે રાજન્ પરીક્ષિત ! તે યજ્ઞમાં સમર્થ ઋષિઓએ પ્રસન્ન કરેલા સમર્થ ભગવાન નાભિરાજાનું પ્રિય કરવાની ઈચ્છાથી અને લોકોનું હિત કરવાની વૃત્તિથી, નગ્ન રહેનારા તપસ્વીઓને અને જ્ઞાની લોકોને તથા નૈષ્ઠિક બ્રહ્મચારીઓના નિજનિજ ધર્મનું માર્ગદર્શન આપવાની ઈચ્છાથી મેરુદેવીની કૂખે શુદ્ધ સત્ત્વગુણમય મૂર્તિથી સ્વયં ભગવાન અવતર્યા. (૨૦)

बर्हिषि तस्मिन्नेव विष्णुदत्त भगवान् परमर्षिभिः प्रसादितो नाभेः प्रियचिकीर्षया तदवरोधायने मेरुदेव्यां धर्मान्
दर्शयितुकामो वातरशनानां श्रमणानामृषीणामूर्ध्वमन्थिनां शुक्लया तनुवावततार ॥ २० ॥

શ્રીમદ્ ભાગવત પીયૂષનો પંચમસ્કંધ, સ્થિતિલીલાના, પથમ સ્વરૂપ સ્થિતિ નામના પ્રકરણમાંનો નાભિરાજાની ઉપાસના અને ઋષિઓની આરાધનાના પ્રસંગનું નિરૂપણ કરતો અધ્યા ૩ જો સમાપ્ત.

અધ્યાય ૪થો

[આ અધ્યાયમાં ૧૯ શ્લોકો છે. શ્રી નાભિરાજાને આંગણે મેરુદેવીમાં ઋષભ ભગવાનનું પ્રાકટ્ય અને ઋષભજીનું ધર્માચરણ વર્ણવ્યું છે.]

श्रीशुक उवाच : अथ ह तमुत्पत्त्यैवाभिव्यज्यमानभगवल्लक्षणं साम्योपशमवैराग्यैश्वर्य–महाविभूतिभिरनुदिनमेधमानानुभावं प्रकृतयः प्रजा ब्राह्मणा देवताश्चावनितलसमवनायातितरां जगृधुः ॥ १ ॥

પ્રજાજનોના મનોરથ

ચોથા અધ્યાયમાં નાભિરાજાને ત્યાં ઋષભદેવના પ્રાકટ્ય મહોત્સવને વર્ણવતાં શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે જ્યારે પુત્ર ઋષભદેવનો જન્મ થયો ત્યારે જ વજ્ર અને અંકુશ વગેરે સમસ્ત ભગવાનનાં ચિહ્નો-લક્ષણો તેમનાં શ્રીઅંગોમાં જોવામાં આવતાં હતાં અને સમતા, શાન્તિ, વૈરાગ્ય, ઐશ્વર્ય તથા સર્વ સંપત્તિની સાથે તેનો પ્રભાવ ઉત્તરોત્તર ઋષભદેવજીમાં વધતો આવતો જોતાં "હવે શ્રી ઋષભદેવજી રાજા થાય" એમ મંત્રીઓ, પ્રજાજનો, બ્રાહ્મણો, દેવતાઓ અંતરથી ઈચ્છવા લાગ્યા. (૧) શ્રી ઋષભદેવજીનું શ્રીઅંગ એટલે ઉત્તમ શરીર અને કવિજને ગાયેલાં તેજ, બળ, લક્ષ્મી, યશ, ઐશ્વર્યાદિ જોઈને મહારાજ નાભિએ પુત્રનું 'ઋષભ' એટલે સર્વશ્રેષ્ઠ એવા અર્થવાળું નામ રાખ્યું. (૨) ઉત્કર્ષસમ્પન્ન ઋષભદેવ મહારાજની સાથે અકારણ સ્પર્ધા કરનાર રાજા ઈન્દ્રે જ્યારે અજનાભ ખંડમાં વૃષ્ટિ ન કરી ત્યારે તે ઈન્દ્રરાજાની અસૂયાવૃત્તિનો ખ્યાલ કરતા ઈન્દ્રના અદેખા સ્વભાવ માટે માત્ર હાસ્ય કરતા પણ રોષ કે વૈર ન દાખવતા યોગેશ્વર ઋષભે પોતાના યોગસામર્થ્યથી પોતાના અજનાભ નામના ખંડમાં વૃષ્ટિ વરસાવી. મહાભાગ મહારાજ નાભિ તો પોતાની ઈચ્છા પ્રમાણે ઉત્તમ ગુણપૂર્ણ પુત્રને પ્રાપ્ત કરીને અત્યંત આનંદના ભારથી વિહ્વળ થઈ જતા અને પોતાની ઈચ્છાથી જ મનુષ્યરૂપે અવતરેલા પુરાણ પુરુષની દિવ્યલીલા અને ચરિત્રથી પ્રસન્ન થઈ હે પુત્ર ! હે તાત ! એવી રીતે સ્નેહસભર લાડ લડાવતા પરમ સુખ પામતા હતા. (૪) મહારાજ નાભિએ પ્રજાજન, મંત્રીજન, પરિજન અને સ્વજનથી આરંભીને સામાન્ય વસ્તીના લોકો સુધી સર્વનો પોતાના પુત્ર ઉપરનો પ્રેમ નિહાળી વળી લોકરુચિને પણ પ્રમાણ રાખી ધર્મની મર્યાદાઓના સંરક્ષણને માટે પુત્ર ઋષભદેવજીનો રાજ્યાભિષેક કર્યો અને મહારાજ ઋષભને વિપ્રર્ષિઓના હાથમાં સોંપી દીધા. ત્યારબાદ નાભિરાજાએ મહારાણી મેરુદેવી સાથે બદરિકા શ્રમમાં જઈ શુદ્ધ અને તીવ્ર તપથી તથા સમાધિથી નરનારાયણ ભગવાનની ઉપાસના કરી કાલક્રમે ભગવતપદને પ્રાપ્ત કર્યું. (૫) હે રાજન્ પરીક્ષિત ! મહારાજ નાભિની કીર્તિ વિષે બે શ્લોક સંભળાય છે :

નાભિરાજાની કીર્તિગાથા

को नु तत्कर्म राजर्षेर्नाभेरन्वाचरेत्पुमान् । अपत्यतामगाद्यस्य हरिः शुद्धेन कर्मणा ॥ १ ॥
ब्रह्मण्योऽन्यः कुतो नाभेर्विप्रा मङ्गलपूजिताः । यस्य बर्हिषि यज्ञोशं दर्शयामासुरोजसा ॥ २ ॥

તેમાં એમ કહ્યું છે કે "નાભિરાજાએ જે દિવ્ય કર્મ આચર્યું તે અન્ય ક્યો પુરુષ કરી શકે ? કે જે રાજાનાં શુદ્ધ કર્મ જોઈ રાજાને આંગણે ભગવાન પોતે પુત્રરૂપે અવતર્યા હતા. (૬) હે વિપ્રા ! નાભિરાજા જેવા બ્રાહ્મણભક્ત ભૂતલ ઉપર બીજા ક્યાંથી સંભવે કે જેના યજ્ઞમાં દક્ષિણા વગેરેથી પૂજેલા બ્રાહ્મણોએ પોતાના મંત્રબળથી ભગવાનનું દર્શન કરાવ્યું હતું. (૭)

પછી પોતાના અજનાભ ખંડને કર્મક્ષેત્ર માનીને શ્રી ઋષભદેવ મહારાજ લોકોને માર્ગદર્શન દેવા કેટલોક સમય ગુરુકુલમાં અભ્યાસ કરવા રહ્યા હતા. ત્યારબાદ વરદાનરૂપે ગુરુદક્ષિણા આપી ગુરુજનોની રજા લઈ લોકશિક્ષા માટે ગૃહસ્થાશ્રમના ધર્મનું પાલન કરતા ઈન્દ્રની કન્યા જયન્તીને પરણ્યા. ઋષભદેવે જયન્તી પત્નીમાં પોતાના જેવા જ સો પુત્રોને જન્મ આપ્યો અને પોતે વેદમાં કહ્યા પ્રમાણે સમસ્ત કર્મો પણ કર્યાં. (૮)

ભરતખંડ

આ સો પુત્રોમાં વયથી અને ગુણથી પણ સૌ કરતાં શ્રેષ્ઠ ૧ ભરત નામના પુત્ર થયા કે જેમના નામથી આ અજનાભ

ખંડનું ભરતખંડ એવું નામ પડ્યું કહેવાય છે. શ્રી ભરતજીથી નાના ૨ કુશાવર્ત્ત, ૩ ઈલાવર્ત્ત, ૪ બ્રહ્માવર્ત્ત, ૫ મલય, ૬ કેતુ, ૭ ઈન્દ્રસ્પૃક્, ૮ વિદર્ભ અને ૯ કીકટ એ નવ પુત્રો નેવું પુત્રોથી મોટા હતા ૧ કવિ, ૨ હરિ, ૩ અંતરિક્ષ, ૪ પ્રબુદ્ધ, ૫ પિપ્પલાયન, ૬ આવિર્હોત્ર, ૭ દ્રુમિલ, ૮ ચમસ અને ૯ કરભાજન એ એકાશી પુત્રોથી મોટા. નવ યોગેશ્વર પરમ ભાગવત અને ભગવતત્સંબંધી ધર્મોનો ઉપદેશ કરનાર થયા. ભગવાનના મહિમાથી સમૃદ્ધ અને શાંતિથી ભરપૂર એવું નવ યોગેશ્વરજીનું ચરિત્ર શ્રી વસુદેવજી અને નારદજીના સંવાદરૂપે આગળ એકાદશ સ્કન્ધમાં વર્ણવાશે. ઉપર ગણાવેલા ઓગણીશ પુત્રોથી નાના એકાશી પુત્રો કે જેઓ પિતાની આજ્ઞા માનનારા અને અત્યંત વિનમ્ર ભક્ત પુત્ર હતા તેઓ યજ્ઞાદિક કર્મ કરનારા શુદ્ધ, સદાચારી અને વેદમાં નિપુણ શ્રોત્રિય બ્રાહ્મણ બન્યા. પરમ સ્વતંત્ર સમદૃષ્ટિવાળા શાન્ત અને સર્વના મિત્ર ભગવાન ઋષભદેવજી જોકે પોતે કેવળ આનંદના અનુભવ સ્વરૂપ જ હતા અને સંસારના સર્વ પ્રકારના અનર્થો તો ઋષભદેવ મહારાજશ્રીથી જાતે જ દૂર રહેતા તો પણ ઈશ્વરભાવ પ્રકટ ન કરતા સામાન્ય જનની જેમ કર્મ કરતા હતા. તે એટલા માટે કે જે ધર્મ કાળગતિથી ઉચ્છિન્ન થઈ ગયો હતો, તેનું પાલન કરીને અજ્ઞાની લોકોને તે પ્રમાણે ચાલવા શીખવતા હતા. ધર્મ, અર્થ, યશ, સંતાન અને મોક્ષ એ સમસ્ત ધર્મનો સંગ્રહ ઘરમાં રહીને જે નિયમોથી કરી શકાય એવા નિયમોમાં લોકોને પ્રેરતા હતા.

મહાજન જે માર્ગે ચાલ્યા એ જ પુનિત પંથ

મોટા પુરુષો જે માર્ગે ચાલે તે માર્ગને લોકો અનુસરે એવી રીતિ છે. રાજ્યકાર્યોમાં બ્રાહ્મણોને પૂછી તેઓએ ચીંધેલા માર્ગ પ્રમાણે સામ-દામ-દંડ-ભેદ વગેરે ઉપાયોથી લોકોને પોતાની આજ્ઞામાં રાખતા હતા. બધી જાતના બધા યજ્ઞો ઋષભદેવજીએ સો સો વાર શાસ્ત્રવિધિ પ્રમાણે કર્યા હતા અને તે સર્વ યજ્ઞોમાં દ્રવ્ય, દેશ, કાલ, અવસ્થા, બ્રાહ્મણો અને અનેક દેવતાઓના ઉદ્દેશો જેવા જોઈએ તેવા સંપૂર્ણ હતા. ઋષભદેવજીએ ભરત ખંડમાં જ્યાં સુધી રાજ્ય કર્યું ત્યાં સુધી જેમ આકાશમાં કુસુમ વગેરે મિથ્યા પદાર્થોની કોઈને ઈચ્છા નથી થતી તેમ કોઈ મનુષ્યને કોઈ રીતે બીજા મનુષ્ય પાસેથી કશી વસ્તુ લેવાની ઈચ્છા થઈ નહીં. તેમજ કોઈએ પારકી વસ્તુ સામે કદી જોયું પણ નથી. માત્ર પોતાના સ્વામી ઋષભદેવજી ઉપર પ્રતિક્ષણ પ્રેમ વધતો રહે એટલી જ સર્વ લોકોની ઈચ્છા હતી. ઋષભદેવજી ભગવાન કોઈવાર ફરતા ફરતા બ્રહ્માવર્ત્ત દેશમાં પધાર્યા હતા. ત્યારે તેઓ બ્રહ્મર્ષિવર્યોની સભામાં સમસ્ત પ્રજાજન સાંભળે તે રીતે જિતેંદ્રિય, વિશ્વાસ તથા નમ્રતાની મૂર્તિ નિયમિત એવા પોતાના પુત્રોને શિક્ષણ આપવાના બહાને સર્વ લોકોને બોધ આપવા તેમણે નીચે પ્રમાણે ભાષણ કર્યું હતું.

स कदाचिदटमानो भगवानृषभो ब्रह्मावर्तगतो ब्रह्मर्षिप्रवरसभायां प्रजानां निशामयन्तीनामात्मजानवहितात्मनः प्रश्रयप्रणयभर-
सुयन्त्रितानप्युपशिक्षयन्निति होवाच ॥ १९ ॥

શ્રીમદ્ ભાગવતનો પંચમ સ્કંધ, સ્થિતિલીલાના સ્વરૂપ સ્થિતિ પ્રકરણમાં ઋષભદેવ મહારાજના ઉજ્જ્વલ વંશ અને યશનું નિરૂપણ કરતો અધ્યાય ૪થો સમાપ્ત.

અધ્યાય ૫મો

[આ અધ્યાયમાં ૩૫ શ્લોકો છે. મહારાજ ઋષભદેવ મોક્ષધર્મનો ઉપદેશ આપશે અને પરમહંસ દીક્ષા લઈ વિદાય થશે એ પ્રસંગો વર્ણવિશે.]

ऋषभ उवाच–नायं देहो देहभाजां नृलोके कष्टान् कामानर्हते विड्भुजां ये ।
तपो दिव्यं पुत्रका येन सत्त्वं शुद्ध्येद्यस्माद् ब्रह्मसौख्यं त्वनन्तम् ॥ १ ॥

શ્રી ઋષભદેવનાં વચનામૃત

શ્રી ઋષભદેવજી ઉપદેશ આપતાં બોલ્યા કે હે સત્પુત્રો, હે પ્રજાજનો ! માનવદેહ ધારણ કરનાર હે સભાજનો ! આ માનવદેહ વિષયો ભોગવવા માટે નથી. હે પુત્રો ! આવા મનુષ્યદેહમાં તો તપ કરવું એ જ શ્રેષ્ઠ છે. કારણ કે તપથી

અંતઃકરણ શુદ્ધ થાય અને અંતઃકરણ શુદ્ધ થવાથી પરબ્રહ્મ સંબંધી અનંત સુખ મળે છે. આ આત્મસુખ મેળવવા માટે માનવદેહ ભગવાનની કૃપાથી મળ્યો છે. (૧) મહાન પુરુષોની સેવા એ મુક્તિનું દ્વાર છે અને સ્ત્રીઓના સંગીઓનો સંગ એ નરકનું દ્વાર છે એમ કહેવાય છે. જેઓ સમદૃષ્ટિ રાખનારા, (૧) સર્વથાશાન્ત (૨) ક્રોધરહિત, (૩) સર્વના સુહૃદ (૪) અને સદાચારવાળા (૫) હોય તે પુરુષોને 'મહાન' માન્યા છે. (૨) વળી મારામાં શ્રી પરમેશ્વરમાં નિષ્ઠાથી સ્નેહને અને સેવાને જ સર્વશ્રેષ્ઠ પુરુષાર્થ માનનારા, (૬) પરંતુ કેવલ ઉદરપોષણ માટે જ પ્રયત્ન કરનારા લોકોમાં તથા સ્ત્રી, પુત્ર, મિત્ર અને ધનવાળાં ઘરોમાં આસક્તિ નહિ રાખનારા, (૭) ગૃહસ્થાશ્રમમાં નિર્વાહ કરતાં વધારે વસ્તુની ઈચ્છા નહિ રાખનારા (૮) જે સત્પુરુષો છે તેને પણ 'મહાન' માનવા. (૩) જ્યારે ઈંદ્રિયોના કેવલ સંતોષ માટે કંઈપણ કર્મ કરે ત્યારે પ્રમાદ થાય જ અને પાપ થયા વગર રહે જ નહીં. ખરેખર દેહમોહને કારણે થયેલ પાપને લીધે અસત્ અને કલેશ આપનાર દેહ ઉત્પન્ન થાય છે જ. એટલા માટે વારંવાર સકામ કર્મ કર્યા કરવાં એ વાત મને યોગ્ય નથી લાગતી. (૪) મનુષ્ય જ્યાં સુધી આત્મતત્ત્વ ન જાણે ત્યાં સુધી અજ્ઞાનથી થનારો પરાજ્ય એટલે જીવના સ્વરૂપની વિસ્મૃતિ થવાની છે અને જ્યાં સુધી મન ક્રિયાઓમાં હોય ત્યાં સુધી મન કર્મમાં લાગેલું રહેવાનું જ છે. આ સ્થિતિમાં દેહનું બંધન પ્રાપ્ત થાય છે. (૫) અવિદ્યાથી એટલે અજ્ઞાનથી આત્મસ્વરૂપનું આવરણ થઈ જતાં કર્મ મનને વશ કરી લે છે અને મન પુરુષને કર્મવશ કરી મૂકે છે. આ પરિસ્થિતિ જ્યાં સુધી ભગવાન વાસુદેવમાં પ્રીતિ ન થાય ત્યાં સુધી રહેવાની અને દેહનું બંધન કદી પણ છૂટવાનું નહીં. (૬) જીવ જ્યાં સુધી ઈંદ્રિયોની સમગ્ર ચેષ્ટાઓ ફોક્ટ છે તેમજ તે પોતાની નથી એમ વિવેકી બનીને જાણે નહીં ત્યાં સુધી સ્વરૂપને વીસરી જઈ અજ્ઞાની બની જતાં ગૃહસુખોમાં જ રાચશે. સુખમાં મૈથુનનું તુચ્છ સુખ મુખ્ય છે જેને લીધે દુઃખ જ ભોગવ્યા કરશે. (૭) સ્ત્રી તથા પુરુષને જે પોતાનો દેહ છે તેના અભિમાનની તો પ્રત્યેકને એક ગાંઠ છે જ પણ તેઓ જ્યારે દંપતીભાવથી જોડાય છે ત્યારે પરસ્પરનો દામ્પત્યભાવ જન્મે છે તેની બીજી મજબૂત ગાંઠ બંધાય છે જેને હૃદયંગ્રથિ કહે છે. આ ગાંઠને લીધે લોકોને ઘર, ખેતર, પુત્ર, સ્વજન, સ્નેહીજન અને ધનમાં 'હું અને મારું' એવો મોટો મોહ થાય છે. (૮) પરંતુ ભગવતકૃપાથી મનુષ્યની કર્મથી બંધાએલી મજબૂત મનોંગ્રથિ શિથિલ થાય ત્યારે તે મનુષ્યનો સ્ત્રીપુરુષ તરીકેનો ભાવ નિવૃત્તિને પામે છે અને ત્યાર પછી અહંકાર દૂર થઈને મોક્ષ પામે છે. (૯)

हंसे गुरौ मयि भक्त्यानुनृत्या वितृष्णया द्वन्द्वतितिक्षया च । सर्वत्र जन्तोर्व्यसनावगत्या जिज्ञासया तपसेहानिवृत्या ॥ १० ॥
मत्कर्मभर्मत्कथया न नित्यं मद्देवसङ्गात् गुणकीर्तिनान्मे । निर्वैरसाम्योपशमेन पुत्रा जिज्ञासया देहगेहात्मबुद्धेः ॥ ११ ॥
अध्यात्मयोगेन विविक्तसेवया प्राणेन्द्रियात्माभिजयेन सध्र्यक् । सच्छ्रद्धया ब्रह्मचर्येण शश्वदसंप्रमादेन यमेन वाचाम् ॥ १२ ॥

અહંકારનિવૃત્તિના ૨૮ ઉપાયો

(૧) ઈશ્વરભક્તિ, (૨) ગુરુસેવા, (૩) તૃષ્ણાત્યાગ, (૪) સુખદુઃખાદિને સહન કરવાની ટેવ, (૫) સર્વ યોનિમાં દેહ લેતાં લોકોને દુઃખ જ છે એવા વિચાર, (૬) તત્ત્વજિજ્ઞાસા, (૭) તપ, (૮) સકામ કર્મનો ત્યાગ, (૯) કેવલ ભગવદર્થ સર્વ કાર્ય કરવાં, (૧૦) નિત્ય મારી કથાનું શ્રવણ કરવું, (૧૧) મારા ગુણગાન, (૧૨) મારા ભક્તોનો સત્સંગ, (૧૩) વૈરત્યાગ, (૧૪) સમતા, (૧૫) શાંતિ, (૧૬) દેહગેહમાંથી અહંતામમતાનો ત્યાગ કરવાની ઈચ્છા, (૧૭) આત્મતત્ત્વનાં નિરૂપણ કરનારાં શાસ્ત્રનો અભ્યાસ, (૧૮) એકાંત સ્થળનું સેવન, (૧૯) પ્રાણ, ઈંદ્રિય અને મનનો વ્યવસ્થિત વિજય, (૨૦) ઉત્તમ શ્રદ્ધા, (૨૧) નિરંતર બ્રહ્મચર્ય, (૨૨) પોતાનાં કર્તવ્યમાં સતત સાવધાની, (૨૨) વૃથા વચનત્યાગ, (૨૪) સર્વત્ર મારી ભાવનાને દૃઢ કરતાં થયેલું અનુભવ પર્યન્ત જ્ઞાન, (૨૫) સમાધિ, (૨૬) ધીરજ, (૨૭) પ્રયત્ન અને (૨૮) વિવેક આ અઠ્ઠાવીસ સાધનોથી વિવેકી પુરુષે અહંકારનો ત્યાગ કરવો. (૧૦-૧૩) મનુષ્યને માટે આવશ્યક છે કે કર્મોને રહેવાનું નિવાસસ્થાન અવિદ્યાથી પ્રાપ્ત થયેલ આ હૃદયંગ્રથિ છે માટે હૃદય ગ્રંથિના બંધનને સાવધાનપણે ઉપર વર્ણવેલા ઉપાયોથી અત્યંત સરલ રીતે ઉકેલી નાંખીને પછી શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે સાધનો કરવાનો

પરિશ્રમ પણ છોડી દેવો. (૧૪) જેણે મારો લોક પામવો હોય કે મારી કેવળ કૃપા જ પામવી હોય કે કૃપાને જ પરમ પુરુષાર્થ માન્યો હોય તે પિતાએ પોતાના પુત્રોને ગુરુએ પોતાના શિષ્યોને અને રાજાએ પ્રજાજઓને પ્રેમપૂર્વક પરંતુ ગુસ્સો કર્યા વિના આવો જ ઉપદેશ કરવો જોઈએ. પણ કર્મમાં જ મૂઢ બનેલા અજ્ઞાની લોકોને કર્મમાં જ જોડવા જોઈએ નહિ. જન્મથી જ સકામ મનુષ્યોને પુનઃ સકામ કર્મમાં જ યોજવા એ તો નેત્રરહિતને ખાડામાં નાંખવા જેવી ક્રિયા છે. માટે આવું કામ કરનારને ક્યો પુરુષાર્થ પ્રાપ્ત થવાનો છે ? અર્થાત્ કેવલ શ્રમ વ્યર્થ છે. (૧૫) મનુષ્ય પોતાનું સાચું શ્રેયસ શેમાં છે એ જોવામાં તો આંધળો જ છે. કેમકે અત્યંત કામના, તૃષ્ણાથી ધનને ઈચ્છે છે અને ધન માટે પાગલ થઈ એકબીજા સાથે વૈર રાખે છે. અંતે અલ્પ સુખ સંપાદન કરવા જતાં અત્યંત દુઃખ આવી પડે છે એ વાત નથી જાણતો. (૧૬) જો શાણો પુરુષ પોતે આ વાત જાણનાર અને દયાળુ હોય તો તે અજ્ઞાનમાં ભટકતા એવા કુબુદ્ધિજનોને જોઈને પાછા તે મનુષ્યને સંસારના માર્ગમાં જ કેમ જોડે ? અંધ માનવ અવળે માર્ગે ચડી ગયો હોય અને ખાડામાં પડશે એમ લાગે ત્યારે આંખવાળો માનવ અંધને ખાડામાં ન પડવા દેતાં માર્ગે ચઢાવી દે છે તે જ પ્રકારે જો અબુધજન અવિદ્યામાં ફસાઈ દુઃખોની ઊંડી ખાઈમાં પડતો જોઈ કોણ એવા દયાળુ અને જ્ઞાની પુરુષ હશે કે તે જાણી જોઈએ એ રસ્તે જવાની પ્રેરણા આપે ! (૧૭)

गुरुर्न स स्यात्स्वजनो न सस्यात् पिता न स स्याज्जननी न सा स्यात् ।
दैवं न तत्स्यान्न पतिश्च स स्यात् न मोचयेद्यः समुपेतमृत्युम् ॥१८॥

જે વ્યક્તિ પોતાના પ્રિય સ્વજનને ભગવદ્ભક્તિનો ઉપદેશ આપીને મૃત્યુની નાગચૂડમાંથી ન છોડાવે તે ગુરુ, ગુરુ ન કહેવાય, તે સ્વજન, સ્વજન ન મનાય, તે પિતા, પિતા ન ગણાય, તે માતા, માતા ન કહેવાય, તે ઈષ્ટદેવ, ઈષ્ટદેવ ન મનાય અને તે પતિ, પતિ ન કહેવાય. મહાપુરુષો તો આ શ્લોકનો એવો ભાવ સમજાવે છે કે જો શિષ્યને સન્માર્ગે દોરવાનું કે પોતાના સ્વજનને પ્રભુના પંથે લઈ જવાનું સામર્થ્ય ન હોય તો ગુરુએ શિષ્યને દિક્ષા આપી ગુરુ ન થવું. માતાપિતાએ સંયમ પાળી માતા-પિતા ન બનવું, સ્વજને સ્વજન ન થવું, રાજાએ રાજ્યાસન ન સ્વીકારવું અને ઈષ્ટદેવે ઈષ્ટદેવ ન બનવું અને જો આપ્તજન બન્યા તો આપ્તજનને કલ્યાણમાર્ગે લઈ જવા જ રહ્યા. (૧૮)

વડીલોનું કર્તવ્ય

શ્રી ઋષભદેવ કહી રહ્યા છે કે આ મનુષ્યશરીર મેં મારી ઈચ્છાથી જ ધર્યું છે. આ મારું શરીર પાંચભૌતિક નથી. તેથી સમજાય તેવું નથી અને જેમાં ધર્મ રહ્યો છે તે સત્ત્વગુણ જ મારું હૃદય છે, તત્ત્વ છે. હે પુત્રો ! મેં અધર્મને દૂર કાઢી મૂક્યો છે. તેથી આર્ય લોકો મને 'ઋષભ' કહે છે. હે પ્રિય પુત્રો ! તમે બધા મારા શરીરથી પેદા થયા છો. માટે મત્સર મૂકી દઈ આ તમારા સહોદર મોટા ભાઈ ભરતને જ અનુસરીને એના કહેવા પ્રમાણે રહેશો એ જ મારી સેવા અને પ્રજાનું પાલન છે એમ સમજજો. (૧૯-૨૦)

સર્વશ્રેષ્ઠ કોણ ?

આ બ્રહ્માંડમાં અચેતન પદાર્થો કરતાં સ્થાવરો કે જે ઊગે છે તેઓ શ્રેષ્ઠ છે. આવાં સ્થાવર તરુવરો કરતાં પેટ ઘસડીને ચાલનારાં સર્પાદિક શ્રેષ્ઠ છે. સર્પાદિકથી પશુઓ શ્રેષ્ઠ છે. પશુઓથી મનુષ્યો શ્રેષ્ઠ છે. મનુષ્યોથી ભૂતપ્રેતાદિક શ્રેષ્ઠ છે. ભૂતપ્રેતાદિકથી ગંધર્વો શ્રેષ્ઠ છે. ગંધર્વોથી સિદ્ધ લોકો શ્રેષ્ઠ છે. સિદ્ધ લોકોથી કિન્નર વગેરે દેવતાઓના અનુચરો શ્રેષ્ઠ છે. (૨૧) કિન્નર વગેરે કરતાં અસુરો શ્રેષ્ઠ છે. અસુરોથી દેવતાઓ શ્રેષ્ઠ છે. દેવતાઓમાં ઈન્દ્ર શ્રેષ્ઠ છે, ઈન્દ્રથી દક્ષાદિક પ્રજાપતિઓ શ્રેષ્ઠ છે. પ્રજાપતિઓથી સદાશિવ શ્રેષ્ઠ છે. સદાશિવથી બ્રહ્મા શ્રેષ્ઠ છે. બ્રહ્માથી હું શ્રેષ્ઠ છું અને મારાથી બ્રાહ્મણો શ્રેષ્ઠ છે. કેમકે તેઓનું હું સદા અર્ચન કરું છું. (૨૨) સભામાં બિરાજેલા બ્રાહ્મણોને ઉદ્દેશીને ઋષભજી બોલ્યા, હે બ્રાહ્મણો ! હું બ્રાહ્મણોની સરખામણીમાં આવે એવા કોઈ માનવને નથી દેખતો તો પછી બ્રાહ્મણોથી શ્રેષ્ઠ તો કેમ જ દેખું ? કે જે બ્રાહ્મણોના મુખમાં શ્રદ્ધાપૂર્વક લોકોએ જે હોમેલ તે પદાર્થને હું જેવો આનંદથી આરોગું છું તેટલા આદરથી

અગ્નિહોત્રમાં હોમેલા હુતદ્રવ્યને પણ નથી આરોગતો. (૨૩) આ વિપ્રર્ષિવર્યો મારી સનાતન અને સૌંદર્યમયી વેદ નામના તનુને ધારણ કરે છે અને જેઓમાં પરમ પવિત્ર સત્ત્વગુણ, શમ, દમ, સત્ય,દયા, તપ, સહનશક્તિ અને સ્વરૂપનો અનુભવ એ આઠ ગુણો છે તેવા વિપ્રોથી વધારે હું કોને શ્રેષ્ઠ ગણું ? આ વિપ્રર્ષિવર્યો તો સ્વર્ગ તથા મોક્ષના અધિપતિ, અનંત અને સર્વના કારણના પણ કારણ એવા મારી પાસેથી પણ કંઈ માગતા જ નથી તેવા અકિંચન અને મારા અનન્ય ભક્તજનોને રાજ્યાદિકની તો ઈચ્છા થાય જ શાની ? (૨૫) હે પુત્રો ! સમસ્ત સ્થાવર જંગમ પ્રાણીઓને મારાં નિવાસસ્થાન માનો અને મદ, માન, મત્સર રહિત દૃષ્ટિથી તેઓનું ક્ષણે ક્ષણે સન્માન કરો. કેમકે પ્રાણી માત્રનું સન્માન કરવું એ મારી મોટી સેવા છે. (૨૬) હે સુપુત્રો ! મન-વાણી-કાયા-દૃષ્ટિ અને અન્ય સર્વ ઈંદ્રિયોની ક્રિયાઓનું સાચું ફળ તો તે સર્વ ક્રિયાઓને મને સમર્પો એ જ છે. દેહ-ઈંદ્રિયાદિના વ્યાપારોને મને અર્પણ કર્યા વિના પુરુષ મહામોહ નામના કાળપાશમાંથી કદી છૂટી શકતો જ નથી. (૨૭)

શ્રીભરતજીનો રાજ્યાભિષેક

શ્રીશુકાચાર્યજી કહેવા લાગ્યા કે રાજન્ ! ૨૭ શ્લોકોમાં મહાનુભાવ, પ્રતાપી અને પ્રાણી માત્રના સુહૃદ એવા પોતાના સર્વ પુત્રો સુપુત્ર અને સુશિક્ષિત હતા આમ છતાં જનસમૂહને માર્ગદર્શન દેવા માટે જ પુત્રોને ઉપદેશ આપી, જેઓ સંસારથી ઉપરામ પામ્યા છે, વળી કર્મબંધનથી પર છે એવા મહાન મુનિજનોના ભક્તિ-શમ-વૈરાગ્યમય પરમહંસપણાના ધર્મનું લોકોને માર્ગદર્શન મળે એ આશયથી પરમ ભાગવત પોતાના શ્રેષ્ઠ, જયેષ્ઠ અને વૈષ્ણવોના સેવક શ્રી ભરતજીનો પૃથ્વીના પાલન માટે રાજ્યાભિષેક કર્યો અને અવિલંબે સંસારનો ત્યાગ કર્યો. (૨૮) ઋષભદેવના રાજભવનમાં બિરાજતા અગ્નિહોત્રના અગ્નિનારાયણને પોતાનામાં પધરાવ્યા. અને કેશ છૂટા મૂકી ઉન્મત્તની માફક નગ્ન દેહે કેવલ શરીરને જ સાથે રાખી બ્રહ્માવર્તમાંથી ચાલી નીકળ્યા. (૨૯) અવધૂત વેષે મહારાજ ઋષભદેવજી જડ-અંધ-મૂક-બધિર પાગલ અને પિશાચ ભૂતપ્રેતાદિકના જેવો વ્યવહાર કરતા રાજભવન, રાજધાની, ખાણો, ખેડૂતનાં ગામો, વાડીઓ, સેનાનાં શિબિરો, ગોશાલાઓ, આહીરોના નેસડા, ધર્મશાળા, યાત્રિક સંઘ, પર્વત, વન અને આશ્રમો વગેરેમાં ઠેકાણે ઠેકાણે વિચરતા હતા ત્યારે રસ્તે જતાં શૂદ્રજનો શ્રીઋષભદેવજીને સતાવે, તિરસ્કાર કરે, માથે મૂતરે, વિષ્ઠા નાંખે, પથ્થર મારે, બળખા નાંખે, ધૂળ ઉડાડે, દુર્ગન્ધવાળો અધોવાયુ છોડે અને દુર્વચનો પણ સંભળાવે તો પણ વનનો ગજરાજ જેમ માખીઓને ન ગણકારે તેમ ઋષભદેવજી પણ એ કોઈની દરકાર જ ન કરતા. કેમકે દેહ અને આત્માના અનુભવથી પરિપૂર્ણ સ્વરૂપમાં જ રહેતા. તેથી આ નામ માત્ર પણ વ્યવહાર માટે સાચા દેહરૂપ ઓઠામાં ઋષભજીને ન તો અહંતા કે ન તો મમતા હતાં. સદા ઋષભજીનું મન અખંડિત રહેતું હતું તથા પૃથ્વીમાં એકલા જ વિચરતા હતા. (૩૦)

શ્રીઋષભદેવના શ્રીઅંગનું સૌષ્ઠવ

શ્રીઋષભજીના કર-ચરણ અને વક્ષઃસ્થળ અત્યંત સુકોમલ હતાં. બાહુ અને ખભા વિશાલ હતા. કંઠ તથા મુખ વગેરે અવયવોની રચના ઘણી જ સુડોળ હતી. સ્વભાવથી જ મનોહર અને સ્વતઃસિદ્ધ હાસ્યને લીધે મુખકમલ અત્યંત મનોહર લાગતું હતું. આંખો તો નવીન કમલદલ જેવી સુંદર, રક્તવર્ણી દીર્ઘ હતી. જ્યારે કીકીઓ શીતલ અને બન્ને ગંડસ્થલ, હસ્ત, કંઠ અને નાસિકા સરખાં અને શુશોભિત હતાં. અને એમના મંદ મધુરસ્મિત ભર્યા મુખનો મહોત્સવ જોનાર ચતુર નારીઓના ચિત્તદેશમાં કામદેવ ઉત્પન્ન થાય એવું હતું. ઋષભ મહારાજની વાંકી, લાંબી, ભૂરી, કેશલટ મસ્તકે, મુખે અને દેહ ઉપર લટકતી હતી. અવધૂત મેલાઘેલા ભૂખરા દેહની સંભાળ ન લેતાં શ્રી અંગ મલિન થઈ ગયું હતું તેથી જાણે ઝોડ વળગેલ હોય એવા દેખાતા હતા. (૩૧)

યોગીની અવધૂતલીલા

જ્યારે ઋષભદેવજીની એવી ધારણા થઈ કે “જ્યાં સુધી લોકો સગડ (કેડો) નહીં મૂકે, છાલ નહીં છોડે ત્યાં સુધી

યોગસાધના થઈ શકશે નહિં. કેમ કે લોકસમ્પર્ક યોગના અનુષ્ઠાનમાં બાધક છે. માટે લોકો ને 'સૂગ' ઊપજે એવું કરીએ તો જ કોઈ લોકો પડખે ચડશે જ નહીં. એમ વિચારી અજગર વ્રત આરંભ્યું. એટલે એક ઠેકાણે જ પડી રહેવાનું. ખાવું, પીવું, પેશાબ કરવો, મલ ત્યજવો આ સર્વ દેહની ક્રિયા સૂતાં સૂતાં જ કરવા માંડી. વળી મલમૂત્રમાં જ આળોટી આળોટીને દેહને ખરડી નાંખ્યો (૩૨) ઋષભદેવની વિષ્ટામાંથી એવો સુવાસિત પવન આવતો હતો તેથી ચારે બાજુ ફરતા દશ યોજનના વિસ્તારમાં સારું યે વાતાવરણ સુગંધમય થઈ જતું હતું. (૩૩) આ પ્રમાણે બળદ, મૃગ અને કાગડાની માફક ચાલતા, ઊભા થતા, બેસતા, સૂતા, ખાતાપીતા મલમૂત્રનો ત્યાગ કરતા હતા તથા બીજી ક્રિયાઓ પણ બળદ અને મૃગ જેવી જ કરતા હતા. (૩૪) શ્રીઋષભદેવજી સ્વયં મોક્ષના સ્વામી હતા, અખંડ પરમાનંદનું અનુભવ સ્વરૂપ હતા. અરે કહોને ભગવાન જ હતા તો પણ લોકોની ભીડ ન જામે માટે યોગીઓએ આમ વર્તવું જોઈએ એમ માર્ગદર્શન દેવા આ પ્રમાણે વ્યવહાર કરતા હતા. સર્વ પ્રાણીઓના આત્મારૂપ અને પોતાના સ્વરૂપભૂત ભગવાન વાસુદેવમાં જ દેહાદિના અનુસંધાન વિના ઐક્ય - અભેદ સિદ્ધ થવાથી ઋષભદેવ સ્વતઃસિદ્ધ સમસ્ત ફળોથી પરિપૂર્ણ અને કૃતાર્થ હતા. આ ઐક્યને લીધે આકાશગમન-મનના જેવી શરીરની ગતિ, અંતર્ધાન થવાની શક્તિ, પરકાય પ્રવેશ, દૂર પદાર્થ દર્શન વગેરે સિદ્ધિઓ ભવદિચ્છાથી આવી હતી આમ છતાં તે સિદ્ધિઓનો સત્કાર કર્યો નહીં કે સિદ્ધિઓથી લલચાયા નહીં. (૩૫)

इति नानायोगचर्याचरणो भगवान् कैवल्यपतिर्ऋषभोऽविरतपरममहानन्दानुभव आत्मनि सर्वेषां भूतानामात्मभूते भगवति वासुदेव आत्मनोऽव्यधानानन्तरोदरभावेन सिद्धसमस्तार्थपरिपूर्णो योगैश्वर्याणि वैहायसमनोजवान्तर्धानपरकायप्रवेश-दूरग्रहणादीनि यदृच्छयोपगतानि नाञ्जासा नृप हृदयेनाभ्यनन्दत् ॥ ३६ ॥

શ્રીમદ્ ભાગવત પીયૂષનો સ્થિતિલીલા, પંચમ સ્કંધના સ્વરૂપ સ્થિતિ પ્રકરણમાંનો શ્રીઋષભદેવ મહારાજના ઉપદેશનું નિરૂપણ કરતો અધ્યાય ૫મો સમાપ્ત.

અધ્યાય ૬ઠ્ઠો

[આ અધ્યાયમાં ૧૯ શ્લોકો છે. શ્રી ઋષભદેવજીના યોગની પરાકાષ્ઠા અને દેહવિસર્જનની કથા વગેરે પ્રસંગો આવશે.]

राजोवाच – न नूनं भगव आत्मारामाणां योगसमीरितज्ञानावभर्जितकर्मबीजानामैश्वर्याणि पुनः क्लेशदीनि भावितुमर्हन्ति यदृच्छयोपगतानि ॥ १ ॥

પરીક્ષિત રાજાએ પ્રશ્ન કર્યો કે ભગવન્ શુક ! આત્મારામ પુણ્યજનોનાં રાગદ્વેષાદિક કર્મબીજ તો પ્રબલ યોગાગ્નિથી અને જ્ઞાનાગ્નિથી રાખ થઈ ગયાં હોય. તેઓને દૈવેચ્છાથી આવેલી સિદ્ધિઓ ફરીથી અહંતા - મમતાને પેદા કરનાર હોવી ન જોઈએ તો પછી ઋષભદેવજીએ સિદ્ધિઓનો સ્વીકાર શા માટે ન કર્યો ? (૧)

મનનો વિશ્વાસ ન કરવો

શ્રી શુકાચાર્યજીએ કહ્યું કે હે રાજન્ ! આપની વાત સાચી છે પરંતુ ખરીદનાર ગ્રાહકો જેમ દગાખોર વેપારીનો વિશ્વાસ ન કરે તેમ કેટલાએ વિચક્ષણ પુરુષો પણ ક્ષણભર સ્થિર ન રહેનારા મનનો વિશ્વાસ કરતા નથી. (૨) શાસ્ત્રમાં કહ્યું છે કે "ચંચળ સ્થિતિવાળા મનની કદી પણ મૈત્રી કરવી નહિ" કારણ કે લાંબા ગાળાથી આચરેલું મહાદેવજીનું અચલ તપ પણ મનનો વિશ્વાસ કરવાથી મોહિનીજીમાં નષ્ટ થયું હતું. (૩) જો યોગીજન મનનો વિશ્વાસ કરે તો જેમ વિશ્વાસુ પતિની કુલટા નારી પતિના શત્રુ જાર પુરુષોને અવસર આપે છે અને તેમના દ્વારા કોઈ કુલટા બારી પતિનો નાશ પણ કરે છે એવી રીતે યોગીનું મન પણ યોગીના શત્રુ કામદેવને અનુસરનારા બીજા ક્રોધાદિક શત્રુઓને પણ નિરંતર અવસર આપે છે અને આત્મનિષ્ઠાનો નાશ કરે છે. એવી રીતે યોગીનું મન પણ યોગીના શત્રુ કામદેવને અનુસરનારા બીજા ક્રોધાદિક શત્રુઓને પણ નિરંતર અવસર આપે છે અને આત્મનિષ્ઠાનો નાશ કરે છે. (૪) કામ-ક્રોધ-મદ-લોભ-શોક-મોહ-ભય અને કર્મબંધન વગેરેનું મૂળ જોઈએ તો તે મન જ છે, માટે તે મનને ક્યો શાણો પુરુષ પોતાને સ્વાધીન છે એમ માને અને વિશ્વાસ રાખે ? (૫)

જીવન્મુક્ત ભૂમિ

હવે વિરક્ત અવસ્થામાં રહેતા સર્વ લોકપાલોના શિરોમુકુટસમા ઋષભદેવનાં જડના જેવાં વેષ, ભાષા તથા આચરણથી ઈશ્વરીય પ્રભાવ જણાતો જ ન હતો. આટલી દિવ્ય ભૂમિવાળા ઋષભદેવજીએ જ્યારે યોગીઓને દેહત્યાગના પ્રકારનો માર્ગ બતાવવાની વૃત્તિથી પોતાના દેહનો ત્યાગ કરવાનું વિચાર્યું ત્યારે તેમણે પોતાના અંત કરણમાં અભિન્ન બિરાજતા પરબ્રહ્મ સાથે અત્યંત ઐક્યભાવને દૃઢ કરીને, ફરીથી દેહાભિમાનનો સંસ્કાર ન ઊઠે એવી રીતે સૂક્ષ્મ દેહનું એટલે લિંગદેહનું અભિમાન છોડી દીધું. આમ છતાં જેમ કુંભારના ચાકડાને ચલાવવાનું મૂકી દઈએ તો પણ પ્રથમ વેગના બળથી થોડીકવાર તો ચાક ફર્યા કરે તેમ જીવનમુક્તનો દેહ, મનથી અભિમાનનો ત્યાગ કર્યા છતાં પણ પ્રારબ્ધના સંસ્કારથી અલ્પ સમય સુધી ફરતો રહે છે. તે પ્રમાણે ઋષભદેવજી એ પોતાનું લિંગશરીર છોડી દીધું હતું. (૬) તેમનો સ્થૂલ દેહ પણ, બીજા જીવનમુક્તોની પેઠે અવિદ્યાની વાસનાવાળા પ્રારબ્ધના સંસ્કારથી નહીં પણ ઈશ્વર હોવાને લીધે, યોગમાયાની વાસનાથી આ પૃથ્વીમાં ફરતો હતો તે દેહ દૈવસંકેતે કોંક, વેંક, કુટક અને દક્ષિણ કર્ણાટક દેશમાં ચાલ્યો ગયો. આ દેહ ત્યાં પણ કુટકાચળ પર્વતના ઉપવનમાં મુખમાં પથ્થરનો ટુકડો રાખી પાગલની માફક છૂટા કેશવાળો તેમજ દિગંબર વેષે જોવા મળ્યો હતો. (૭) આમ ઘણો સમય જતાં વાયુના વેગથી પરસ્પર અથડાતા વાંસના વનમાં ઉત્પન્ન થયેલા ભયંકર દાનાવળે તે વનને ચારે તરફથી બાળવા માંડ્યું ત્યારે તે દાવાનળમાં વનની સાથે ઋષભદેવજીનો દેહ પણ ભસ્મીભૂત થઈ ગયો. (૮)

કેટલીક અજ્ઞાનતા

કલિયુગમાં અધર્મ વૃદ્ધિ પામતાં કોંક, વેંક અને કુટક દેશના 'અર્હન્' નામના રાજા શ્રીઋષભદેવજીના પરમહંસપણાના ચરિત્રનું શ્રવણ કરી પોતે તે પ્રમાણે વર્તન કરી પૂર્વજન્મોમાં આચરેલ પાપને લીધે પોતાના નિર્ભય વેદમાર્ગને છોડી દઈ સ્વૈચ્છિક વિચારથી જ દુષ્ટ, પાખંડરૂપ કુમાર્ગને ચલાવશે. (૯) એ માર્ગમાં ચાલનારા અજ્ઞજનો અજ્ઞાનથી મોહ પામી પોતાની પવિત્રતા અને વેદશાસ્ત્રોમાં કહેલ સદાચારને છોડી દેશે. સ્નાન ન કરવું, આચમન ન કરવાં, મલિન રહેવું, મસ્તકના કેશ ચૂંટી નાખવા વગેરે ક્લેશકર અને દેવતાઓનું અપમાન કરનારા નિયમોને પોતાની મરજીથી ગ્રહણ કરશે. અને અધર્મના વધારાવાળા કળિયુગથી બુદ્ધિ હણાઈ જવાને લીધે વેદ, બ્રાહ્મણ, વિષ્ણુ અને સજ્જનોની ઘણું કરી નિંદા કરશે. (૧૦) આ અજ્ઞ જનો પોતાના માર્ગમાં પ્રવિષ્ટ થયેલી એ વેદવિરુદ્ધ અંધ પરંપરામાં વિશ્વાસ રાખવાથી પોતાને હાથે જ ઘોર નરકમાં પડશે. મહારાજ શ્રી ઋષભદેવજીનો અવતાર તો રજોગુણી માનવજાતને મોક્ષમાર્ગના માર્ગદર્શન માટે જ હતો. તો પણ કળિયુગમાં લોકોના દુર્ભાગ્યને લીધે આવી એક સ્વેચ્છાચાર પરંપરા ચાલશે. (૧૧) મહારાજ શ્રી ઋષભદેવજીના ચરિત્રને અનુસરતા કેટલાક શ્લોકો આ લોકમાં ગવાય છે. આ ત્રણ શ્લોકોમાં આ પ્રમાણે ગાયું છે : (૧૨).

શ્રી ઋષભદેવજીની યશોગાથા

अहो भुवः सप्तसमुद्रवत्या द्वीपेषु वर्षेष्वधिपुण्यमेतत् । गायन्ति यत्रत्यजना मुरारेः कर्माणि भद्राण्यवतारवन्ति ।।१३।।
अहो नु वंशो यशसाऽवदातः प्रैयव्रतो यत्र पुमान् पुराणः। कृतावतारः पुरुषः स आद्यः चचार धर्मं यदकर्महेतुम् ।।१४।।

અહો ! સાત સમુદ્રવાળી પૃથ્વીના બધા જ બેટોમાં અને બધા જ ખંડોમાં કેવલ ભરતખંડ જ અતિશય પુણ્યશાળી છે, કારણ કે આ ભરતખંડના ભક્તજનો મુરારિભગવાનના અવતારોનાં પવિત્ર કર્મોનાં ગાન કરે છે. (૧૩) ખરેખર તો આનંદ અને આશ્ચર્યની વાત છે કે પ્રિયવ્રત રાજાનો આખોય વંશ યશથી ઉજ્જ્વલ છે. જે વંશમાં આદિપુરુષ ભગવાને અવતાર ધરીને કર્મફલના હેતુ વિનાના મોક્ષમાર્ગનું પાલન કર્યું. (૧૪) એવો કોણ શક્તિશાળી પુરુષ હશે કે જે અજન્મા ઋષભદેવજીના માર્ગે જવાનો મનોરથ પણ કરી શકે ? કારણકે કોઈ પણ યોગી સ્વાભાવિક રીતે સિદ્ધિઓની ઈચ્છા કરે. (૧૫) જ્યારે ઋષભદેવજીએ તો સ્વેચ્છાથી સિદ્ધિઓ સમીપે આવી તો પણ તેઓ નિત્ય નથી તેમજ મહત્ત્વની નથી

માનીને છોડી દીધી. આ પ્રમાણે સર્વ વેદ, દેવ, બ્રાહ્મણ અને ગાયોના ગુરુ એટલે પૂજ્ય અને રક્ષક ઋષભદેવ ભગવાનનું પવિત્ર ચરિત્ર મેં આપને કહી સંભળાવ્યું. આ ચરિત્ર પુરુષોનાં સમગ્ર પાપોને હરનાર અને પરમ દિવ્ય તેમજ ઉત્તમ મંગલનું સ્થાન છે. કોઈ પણ માનવ ઉત્તરોત્તર વૃદ્ધિ પામેલી શ્રદ્ધાથી સાવધાન થઈને આ ચરિત્રનું શ્રવણ કરે કે કીર્તન કરે તે બન્નેને શ્રી વાસુદેવ ભગવાનની પરાભક્તિ પ્રાપ્ત થાય છે. (૧૬) વિવિધ પ્રકારનાં દુઃખોથી ભરેલા સંસારથી તપેલા ચિત્તને ત્રણે કાલ વારંવાર ભક્તિસરિતામાં જ સ્નાન કરાવીને જ ભગવદીયપણું પામી કૃતાર્થ બની ગયેલા ભક્તજનો ભક્તિમાં જ પરમાનંદ પામતા વણમાગ્યે પ્રાપ્ત થતા પરમપુરુષાર્થ મોક્ષને પણ નથી ચાહતા. (૧૭) હે પરીક્ષિત રાજા ! જો કે ભગવાન આપના કુલના અને યાદવોના પતિ, ગુરુ, ઈષ્ટદેવ પ્રિય સ્વજન અને કુલપતિ નિયંતા હતા, એ તો ઠીક પણ કોઈ કોઈ સમયે કિંકર પણ બનતા હતા. હશે, જવા દો. હે અંગ રાજન્ ! સામાન્ય રીતે જોતાં એમ લાગે કે ભગવાન પોતાને નિરંતર ભજનારાઓને મુક્તિ તો આપે છે પણ પ્રેમલક્ષણા ભક્તિ આપતા નથી; કારણ કે પુષ્ટિ ભક્તિ સર્વ પુરુષાર્થ કરતાં મોંઘી છે. નિરંતર અનુભવ કરેલાં પોતાના નિજાનંદના લાભથી જ કૃતાર્થ રહેતા ઋષભદેવજી દેહાદિક ખોટા પદાર્થોના મનોરથી ઘણા કાળ થયા પોતાના કલ્યાણને નહિ જાણતા લોકો ઉપર દયા કરીને નિર્ભય આત્મસ્વરૂપનો ઉપદેશ કર્યો હતો તે ભગવાનને પ્રણામ કરું છું. (૧૯)

नित्यानुभूतनिजलाभनिवृत्ततृष्णः श्रेयस्यतद्रचनया चिरसुप्तबुद्धेः ।
लोकस्य यः करुणयाभयमात्मलोकमाख्यान्नमो भगवते ऋषमाय तस्मै ॥ १९ ॥

શ્રીમદ્ ભાગવત પીયૂષના પંચમ સ્કંધના, સ્થિતિલીલાના સ્વરૂપ સ્થિતિ નામના પ્રથમ પ્રકરણમાં ઋષભ દેવની દિવ્ય ગાથાનું ગાન કરતો અધ્યાય ૬ઠ્ઠો સમાપ્ત.

અધ્યાય ૭મો

[આ અધ્યાયમાં ૧૪ શ્લોકો છે. ભજન-પરિપૂર્ણ મહાભાગવત શ્રી ભરતજીનું ચરિત્ર આ અધ્યાયમાં આવશે.]

श्रीशुक उवाच – भरतस्तु महाभागवतो यदा भगवतावनितलपरिपालनाय संचिन्तितस्तदनुशासनपरः पञ्चजनीं
विश्वरूपदुहितरमुपयेमे ॥ १ ॥

શ્રી ભરતજીનો વિવાહ અને રાજ્યપાલન

શ્રી શુકદેવજી મહારાજે કહ્યું કે રાજન્ ! મહાભાગવત શ્રીભરતજીનો જ્યારે પિતાજી ઋષભદેવે રાજ્યાભિષેક કર્યો ત્યારે શ્રી ભરતજી વિશ્વરૂપની દીકરી પંચજનીને પરણ્યા. (૧) પંચમહાભૂતોમાં આદિ એવો અહંકાર, જેમ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધને એટલે પંચ સૂક્ષ્મ ભૂતોને ઉત્પન્ન કરે છે તે જ પ્રકારે શ્રી ભરતજીએ પોતાનાં પંચજની રાણીમાં સર્વ રીતે પોતાના જ જેવા સુપાત્ર સુમતિ, રાષ્ટ્રભૂત, સુદર્શન, આવરણ અને ધૂમકેતુ નામના પાંચ પુત્રો ઉત્પન્ન કર્યા. આ ખંડ પૂર્વે 'અજનાભ' નામથી ઓળખાતો હતો હવે શ્રીભરતના રાજ્યકાલ પછી ભરતખંડના નામથી ઓળખાય છે. (૨-૩) બહુશ્રુત શ્રી ભરતજી નિજ ધર્મનું પાલન કરતાં પોતાના પિતા અને પિતામહની જ માફક સ્વધર્મથી ચાલનારી પ્રજાનું પાલન કરતા હતા. (૪) અનુષ્ઠાનના સમયે સમયે ચાર્તુહોત્ર યજ્ઞવિધિના પ્રકારથી નાના ને મોટા યજ્ઞો કરી યજ્ઞ અને ક્રતુરૂપ ભગવાનનું શ્રદ્ધાથી અર્ચન કર્યું. હોતા, ઉદ્ગાતા, અધ્વર્યુ અને બ્રહ્મા આ ચાર ઋત્વિજો દ્વારા કરાવવામાં આવતા યજ્ઞકર્મને ચાતુર્હોત્ર કર્મ કહેવામાં આવે છે. આ ચાતુર્હોત્ર યજ્ઞકર્મ પદ્ધતિ પ્રકૃતિ યાગ અને વિકૃતિ યાગ નામના બે પ્રકારે થાય છે. જે યજ્ઞો - ક્રતુઓ સંપૂર્ણ અંગો સાથે કરાય તેને પ્રકૃતિ યાગો કહે છે અને જે યાગમાં કોઈને કોઈ અંગની અપૂર્ણતા હોય છે તેને વિકૃતિ યાગો કહે છે. શ્રી ભરતજીએ આ પ્રકારે અગ્નિહોત્ર દર્શ, પૂર્ણમાસ, પશુયાગ અને સોમયાગની પ્રકૃતિઓ તથા વિકૃતિઓ સાથે સર્વ યજ્ઞો કર્યા હતા. (૫) યજ્ઞોનાં પ્રત્યેક અંગો સાથે ક્રિયાઓ શાસ્ત્રવિધિ અનુસાર થઈ રહી હતી. એવા અનેક પ્રકારના યજ્ઞો કરતાં કરતાં અદૃષ્ટ ઉત્પન્ન થતું હતું. જેને યજ્ઞનું ફળ કહેવામાં આવે છે. તેને વાસુદેવ ભગવાનના ચરણમાં જ અર્પણ કરી દેતા હતા; કારણ કે એ અપૂર્વ ફળ યજમાનનાં રહે છે એમ

માનીએ તો પણ યજમાનના અંતર્યામી ભગવાન છે તેથી ભગવાન જ મુખ્ય યજમાન હોવાથી તેમને અર્પણ કરી દેવું ઘટે છે. અપૂર્વ એટલે યજ્ઞ કર્યા પછીથી તેનું જે ફળ ઉત્પન્ન થાય છે તેને અપૂર્વ કહેવામાં આવે છે તેનું બીજું નામ અદૃષ્ટ છે. અને એ અપૂર્વ ફળ યજ્ઞના દેવતાઓમાં રહે છે એમ માનીએ તો પણ વેદમંત્રોમાં જણાવેલા ઈન્દ્રાદિક દેવતાઓના પરમદેવ ભગવાન છે તેથી તેમને જ અર્પણ કરી દેવું ઘટે છે.

શ્રી ભરતજીને ભગવદ્દર્શન

એ પ્રમાણે પરબ્રહ્મ યજ્ઞપુરુષ ભગવાનને જ કર્મનાં ફળો સમર્પણ કરી દેતા ભરતજીના યજ્ઞમાં જ્યારે અધ્વર્યુ બ્રાહ્મણો હાથમાં હવિષ્ય-હુતદ્રવ્ય લેતા હતા તે વખતે તે હવિષ્યના ભાગને લેનારા સૂર્ય, ઈન્દ્રાદિ દેવતાઓ પણ ભગવાનના નેત્ર અનેક અવયવોમાં જ છે એમ શ્રી ભરતજી વિચારતા હતા. શ્રી ભરતજીની આવા પ્રકારની કર્મોની ઈશ્વરાર્પણરૂપ બુદ્ધિથી અંતઃકરણ શુદ્ધ થયું હતું, તેથી પ્રભુના પ્રસિદ્ધ શ્રીવત્સ-કૌસ્તુભ-વનમાલા-શંખ-ચક્ર-ગદા વગેરે લક્ષણોથી ઓળખાતા સ્વરૂપથી ભક્તજનોના વિશુદ્ધ હૃદય આકાશમાં પરબ્રહ્મપૂર્ણ પુરુષ શ્રી વાસુદેવ ભગવાન રાજાની ઉત્તરોત્તર વધતી જતી પ્રીતિભરી ભક્તિથી સદા દર્શન દેતા હતા. (૭)

આમ અસંખ્ય એવાં લાખો વર્ષો વીતી જતાં એટલે એક કરોડ વર્ષ રાજ્યભોગમાં પ્રારબ્ધનો અંત આવી ગયો છે જાણી શ્રી ભરતજીએ પિતૃપિતામહોની પરંપરાથી પ્રાપ્ત થયેલા જે રાજ્યને ભોગવતા હતા તે રાજ્ય પોતાના પુત્રોને વિભાગ પ્રમાણે વહેંચી આપ્યું અને પોતે સર્વ સંપત્તિઓથી ભરેલું ઘર છોડી દઈને તપ કરવા માટે પુલહાશ્રમમાં એટલે હરિહર ક્ષેત્રમાં પધાર્યા. (૮) આ પુલહ આશ્રમમાં વિદ્યાધર કુંડમાં ત્યાંના ભક્તજનો ઉપર પ્રેમને લીધે અદ્યાપિ ભગવાન ભક્તોની ઈચ્છા પ્રમાણે દર્શન આપે છે. (૯)

ગંડકીતટસેવન

આ પુલહાશ્રમના હરિક્ષેત્રમાં ભગવતી ગંડકી નદી વહે છે. "શ્રી ગંડકીજીની શિલાઓમાં ઉપર અને નીચેની નાભિવાળાં ચક્રો ઉત્પન્ન થાય છે. આ ચક્રવાળી શાલિગ્રામ શિલાઓને લીધે દૃષદ્ચક્ર નદી નામ પડ્યું છે. આ ચક્ર નદી આશ્રમના પ્રદેશોને નિત્ય પાવન કરે છે. (૧૦) ખરેખર આ પુલહાશ્રમના ઉપવનમાં શ્રી ભરતજી એકલા જ વસે છે. વળી વિવિધ પ્રકારનાં પુષ્પો, નવાંકુરો, કેશર, તુલસીદલો, શીતલ જલ-કન્દ-મૂલ-ફલ વગેરે વિવિધ સામગ્રીઓ દ્વારા શ્રી ઠાકોરજીની સેવામાં પરોવાયેલા એકાન્તસેવી, વિષયલાલસાથી સર્વથા પર થઈ ગયેલા, હૃદયમાં શમવૃત્તિથી ભરેલા સેવામાં પરમાનંદ પામતા હતા. (૧૧)

શ્રીકૃષ્ણાર્ચન

આવા અખંડ આનંદથી શ્રીકૃષ્ણચન્દ્રજીની સેવાથી ભગવાનમાં ઉત્તરોત્તર અનુરાગ વધી જતો હતો. આ પ્રેમાનુરાગથી હૃદય દ્રવીભૂત થઈ જતું અને હૃદય ભરાઈ આવતું હતું. હર્ષનો વેગ વધી જતાં હૃદયમાં અને દેહમાં રોમાવલી જાગૃત થઈ જતી હતી. અશ્રુથી કંઠ ભરાઈ આવતાં અને અશ્રુથી આંખો છલકાઈ જતાં નીરખી પણ શકતા નહીં. આ પ્રમાણે પોતાના પ્રિય રમણના ચરણયુગલ પરિચયવાળા ભક્તિયોગથી ચારે તરફ ઊભરાતા પરમાનંદથી છલોછલ છલકાતા અગાધ અને ગંભીર હૃદયમાં ડૂબી ગયેલ બુદ્ધિવાળા ભરતજીને દેહાદિનું અનુસંધાન વીસરી જતાં ચાલતી ઠાકોરજીની સેવાનું સ્મરણ પણ રહેતું નહીં અને સામગ્રી હાથમાં જ રહી જતી. (૧૨) આ પ્રકારની હરિસેવાના વ્રતી ભરત શ્રી અંગ ઉપર મૃગચર્મ ધારણ કરતાં ત્રિકાલસ્નાન કરતાં, ભીની અને તાપને લીધે પીળી અને લાલ પડી ગયેલી જટાઓમાંથી અત્યંત તેજસ્વી લાગતા મહારાજ ભરતજી સૂર્યોદય સમયે સૂર્યમંડળ પૃથ્વીમાંથી બહાર પધારતાં હિરણ્યમય ભગવાન નારાયણ પુરુષનું ઊભા થઈ ઉપસ્થાન કરતા નીચેનો સૂર્યોપસ્થાનમંત્રઃ જપતા હતા. (૧૩)

ध्येयः सदा सवितृमंडलमध्यवर्ती नारायणः सरसिजासनसन्निविष्टः । केयूरवान् मकरकुंडलवान् किरीटी हारी हिरणमयवपुर्धृतशंखचक्रः ॥

પ્રકૃતિથી પર, કર્મોનાં ફળ આપનાર, બુદ્ધિને ગતિ આપનાર, મનથી જ જગતને સરજનાર અને સરજેલા જગતમાં

અંતર્યામી રૂપથી પ્રવેશ કરી તૃષ્ણાવાળા જીવને ચૈતન્ય શક્તિથી પાળનાર જે સૂર્યદેવના આત્મરૂપ ભગવાન છે તેમનું શરણ લઈએ છીએ. (૧૪)

परोरजः सवितुर्जातवेदो देवस्य भर्गो मनसेदं जजान । सुरेतसादः पुनराविश्य चष्टे हंसं गृध्राणं नृषद्रिङ्गिरामिमः ।।१४।।

શ્રીમદ્ ભાગવત પીયૂષના પંચમ સ્કન્ધ, સ્થિતિ લીલાના સ્વરૂપ સ્થિતિ નામના પ્રથમ પ્રકરણમાં શ્રી પરમભાગવત ભરતજીના પુણ્ય ચરિત્રનું વર્ણન કરતો અધ્યાય ૭મો સમાપ્ત.

અધ્યાય ૮મો

[આ અધ્યાયમાં ૩૨ શ્લોકો છે. મૃગાસક્તિથી ભરતજી મૃગયોનિ પામે છે એ કથા આ અધ્યાયમાં આવશે.]

श्रीशुक उवाच–एकदा तु महानद्यां कृताभिषेकनैयमिकावश्यको ब्रह्माक्षरमभिगृणानो मुहूर्तत्रयमुदकान्त उपविवेश ।। १ ।।

શ્રી ભરતજીનું નિત્યાહ્નિક અને હરણબાલનો સંગ

શ્રી શુકાચાર્યજી કહેવા લાગ્યા કે રાજન્ ! એક દિવસ પોતાની શારીરિક ક્રિયાઓને સમેટી ગંડકી નદીમાં સ્નાન, સંધ્યા, વંદન વગેરે નિત્ય નિયમો સમાપ્ત કરી શ્રી ભરતજી પ્રાતઃકાલે છ ઘડી સુધી નાભિપર્યન્ત નદીના જલમાં બિરાજી ઓંકાર મંત્રનો જપ કરતા બેઠા હતા. (૧) આ અવસરે હે રાજન્ ! એક હરિણી અત્યંત તૃષાર્ત બની નદીને તીરે શીતલ જલપાન માટે એકલી આવી. (૨) જ્યારે આ હરિણી અત્યંત આતુરતાથી જલપાન કરતી હતી ત્યારે તદ્દન સમીપે આવી એક સિંહે લોકોને ત્રાસ ઉપજાવે એવી ગર્જના કરી. આ ગર્જના સાંભળતાં જ પ્રકૃતિથી જ વિહ્વળ સ્વભાવની હરિણી ચકિત આંખથી ચોમેર જોવા લાગી. સિંહના ભયથી હરિણીનું હૃદય અત્યંત વ્યાકુળ બની ગયું. છાતી ધડકવા લાગી, આંખો ભયકાતર બની ગઈ અને તૃષા છીપી નથી તે પહેલાં જ ભયની મારી સડસડાટ સરિતાના સામા કિનારે છલાંગ મારી. (૪) હરિણી ગર્ભિણી હતી તેથી છલાંગ મારવાથી અને ભયનો માર્યો તેનો ગર્ભ ચલિત થઈ યોનિદ્વારમાંથી સરકી જઈ સરિતાના પ્રવાહમાં સરી પડ્યો. (૫) ગર્ભપાત, છલાંગ તેમજ ભયના સંયોગથી પીડા પામેલી અને પોતાના જૂથથી જુદી પડેલી આ હરિણી કોઈ પર્વતની ગુફામાં જઈ પડી અને પડતાં વેંત જ તેના પ્રાણ ચાલ્યા ગયા. (૬)

આ અવસરે નવજાત હરણબાલ જલપ્રવાહમાં તણાતું હતું તેને નિહાળી નબાપાં બાળકોને કોઈ તેના કુટુંબી સ્વજન સંભાળી લે તેમ શ્રી ભરત મહારાજે પણ એ અનાથ અને મા વિનાના હરણબાલને હૃદયે લગાવી ઉપાડી લાવી પોતાના આશ્રમમાં આણ્યું. (૭) હવે આ બાલક પોતાનો જ છે એવી મમતા બંધાઈ જવાને લીધે ભરતમુનિ નિયમિત ખડ ખવરાવીને તેને ઉછેરવા લાગ્યા. વાઘ, વરુ વગેરે પ્રાણીઓથી તેની રક્ષા કરવા લાગ્યા. તેને ચૂમી લેવું, છાતીએ લગાવવું વગેરે ક્રિયાથી લાડ લડાવવા લાગ્યા અને ખંજવાળવા વગેરેથી રાજી કરવા લાગ્યા. આમ કરતાં ભરતજીની હરણબાલમાં આસક્તિ બંધાઈ જતાં, તેમનાં સ્નાન - સંધ્યા, ભગવત્સેવા આત્મચિંતન વગેરે યમનિયમો રોજરોજ એક એક છૂટી જતાં જતે ગાળે સમસ્ત નિયમો છૂટી ગયાં. (૮)

પરોપકાર કરતાં આસક્તિ પેદા થઈ

હવે શ્રીભરતજીના મનમાં આસક્તિ થઈ કે અહો ! આ અનાથ દયાપાત્ર ગરીબ હરણ બાલક કાળના વેગથી પોતાના જૂથથી અને સગાંસંબંધીઓથી વિખૂટું પડી જતાં મારા આશ્રય નીચે રહે છે. વળી મને જ પોતાનાં માતાપિતા, ભાઈ, સંબંધી અને જૂથનો જ્ઞાતિજન માને છે. અન્ય કોઈને જાણતું નથી અને મારા ઉપર અત્યંત વિશ્વાસ રાખી રહ્યું છે એટલા માટે મારે જ આશ્રયે રહેલા આ હરિણ રાજકુમારનું પાલનપોષણ, પ્રીણન-લાલન વગેરે કરવું જોઈએ આમ ન કરું તો શરણાગતનો અનાદર કરવાનો દોષ લાગે છે. (૯)

કોમલ દયાળુચિત્ત સંતો

नूनं ह्यार्याः साधव उपशमशीलाः कृपणसुहृद एवंविधार्थे स्वार्थानपि गुरुतरानुपेक्षन्ते ।। १० ।।

સાચે જ મનના શાંતશીલ, સદાચારસંપન્ન દુઃખીજનોના હમદર્દી, દીનબંધુ આર્યજનો શરણાગતવત્સલ હોઈ આવા

અનાથને આશ્રય આપવા જેવાં કાર્યો માટે પોતાના આત્મસાક્ષાત્કાર જેવાં ઉત્તમ ધ્યેયોને પણ ત્યજી શકે છે (૧૦). આ હરણમાં પ્રીત બંધાતાં ભરત રાજા બેસતાં, સૂતાં, હરતાં, ફરતાં, ઊભા રહેતાં, ખાતાંપીતાં અને પ્રત્યેક કાર્ય કરતાં સ્નેહના બંધનથી એ હરણબાલને જ સાથે રાખવા લાગ્યા (૧૧) દૂર્વા, ફૂલ, સમિધ, પાન, ફળ અને જલ વગેરે લેવા જતા ત્યારે પણ મારી ગેરહાજરીમાં રખેને વાઘ, વરુ, કૂતરાં વગેરે આવીને હરણબાલને ફાડી ખાશે એવી ભીતિથી બાળકને સાથે લઈને વનમાં જતા (૧૨). વનમાં જતાં એ અબુધ બાલ માર્ગમાં કોમલ ઘાસ જોઈ અહીં તહીં ચરવા લાગે કે અટકે ત્યારે થાક્યો એમ માની સ્નેહથી હૃદય ભરાઈ જતાં દીન બનીને તેને ખભે ઉપાડી લેતા હતા (૧૩). આ રીતે વખતોવખત ગોદમાં તેમજ હૃદયે લગાવી રમાડતાં ભરતજી મહાન આનંદ માની લેતા. સેવા કરતાં કરતાં વચમાંથી ઊઠીઊઠીને હરણને જોતા અને જોઈને સ્વસ્થ મનથી તેને આશીર્વાદ આપતા કે “હે પુત્ર ! તારું સર્વત્ર સર્વદા કલ્યાણ થજો !” (૧૪) એ હરણબાલ જ્યારે આડોઅવળો જતો રહેતો ત્યારે જેમ ધન ખોવાઈ જતાં કૃપણજનને જેમ કલેશ થાય તેવો જ ભરતજીના મનમાં કલેશ થતો. વિરહથી વ્યાકુળ હૃદયમાં તપી જઈને દયામણી રીતે તેનો જ શોક કરતા અને અત્યંત મોહ પામી આમ બોલતા : (૧૫) “અરેરે, આ ગરીબ, મા વિનાનો મૃગબાલ મને મૂકીને ચાલ્યો ગયો છે તે શું મારા જેવા દુષ્ટ, કપટી અને ભાગ્યહીનના દોષને ન ગણકારતાં પાછો આવશે ? મારું મન માને છે કે નિર્મળ મનવાળો હરણ સુજન જેમ કપટીના દોષને ગણે નહીં તેમ આ પણ મારો અપરાધ નહીં ગણતાં આવશે ? (૧૬) પાછો હું આ આશ્રમના વનમાં હેમખેમ ખડ ચરતો તેને ક્યારે નિરખીશ ? (૧૭) ભલે એ જ્યાં હોય, જ્યાં ગયો હોય, ઈશ્વર એની રક્ષા કરજો. વાઘ, વરુ, કૂતરાં કે એવાં કોઈ ટોળે મળી ફરનાર ઘાતક પશુઓ રખેને એને ખાઈ જાય નહીં.” (૧૮) “અરેરે, આ સૂર્ય ભગવાન વિશ્વકલ્યાણ માટે ઉદય પામી અસ્ત પામવા આવ્યા એટલે સૂર્યાસ્ત થવા આવ્યો તો પણ એ હરિણીએ થાપણ મૂકેલ આ બાળક મારી પાસે ન આવ્યો ! (૧૯) વિવિધ પ્રકારના સુંદર અને જોવા જેવા, પોતાની બાલરમતથી સ્વજનના શોકને ટાળનાર કૃષ્ણમૃગકુમાર શું મારા જેવા નિર્ભાગી જનની પાસે આવશે અને સુખ દેશે ? (૨૦) બાળક સાથે ગમ્મત કરતાં ખોટી ખોટી સમાધિ કરી હું આંખો મીંચી જતો ત્યારે આ બાળક ચકિત ચિત્તથી ગભરાતો આંટા મારી જલબિંદુ જેવી સુકોમળ શીંગડાની અણીથી મને હલાવતો હતો. (૨૧) જેના ઉપર ભગવત્સેવાની સામગ્રી મૂકી હોય તે સામગ્રીના દર્ભમાં તે જ્યારે મુખ નાખી આડીઅવળી કરી નાંખતો ત્યારે હું તેને ધમકાવતો તે સમયે તે બાલહરણ ઋષિકુમારની જેમ રમત બંધ કરી નિશ્ચળ થઈને બેસી જતો હતો.” (૨૨) “રે ! આ તપસ્વિની અવનીએ ક્યું તપ કર્યું હશે ? કેમ કે આ અતિનમ્ર કૃષ્ણમૃગના પુત્રની ઝીણી, સુંદર, સુખદાયી અને કૂણી’ ખરીઓવાળાં પગનાં પગલાંની હારથી ચારેકોર શોભી રહી છે. મને લાગે છે, આ પૃથ્વી મૃગની બાલકરૂપ મિલકતથી રહિત અને દુઃખી થયેલ મને મિલકત કઈ બાજુ ગઈ છે તેનો માર્ગ બતાવે છે અને પૃથ્વી પણ કૃષ્ણમૃગના ચરણસ્પર્શથી સ્વર્ગ અને મોક્ષને ઈચ્છનારા દ્વિજ લોકોને યજ્ઞ કરવાના દિવ્ય સ્થાનરૂપ થઈ છે.” (૨૩)

“એમ કરતાં ચન્દ્રોદય થયો અને મૃગલાંછન ચન્દ્રને જોઈ મુનિવર ભરતજી બોલ્યા કે, “અનાથ ઉપર પ્રીતિ રાખનાર દયાળુ આ ચન્દ્ર ભગવાન અવશ્ય મારા આશ્રમથી ભૂલા પડેલા આ મા વિનાના દીકરા ઉપર દયા લાવી તેને પોતાના ખોળામાં લઈ સિંહના ભયથી રક્ષા કરતા હોય એમ લાગે છે. (૨૪) આ મારા પ્યારા હરણપુત્રના વિયોગના સંતાપરૂપ દાવાનળની જ્વાલાઓની સતત બળ્યા કરતા મારા હૃદયપ્રદેશરૂપી કમલને તે હરણકુમાર પાછો અમૃત જેવા છાંટાઓથી ઠંડક આપશે ?” (૨૫)

યોગભ્રષ્ટ ભરતજીનો પુનર્જન્મ

શ્રી શુકદેવજી મહારાજ કહે છે આવી રીતે અઘટિત મનોરથોથી ભરજીનું હૃદય વ્યાકુળ થઈ ગયું. પૂર્ણયોગી અને તપસ્વી શ્રીરાજર્ષિ ભરત મૃગબાળકના સ્વરૂપે આવેલા પોતાના પ્રારબ્ધના યોગે યોગથી અને ભગવત્પૂજનથી ભ્રષ્ટ થયા. જો આમ ન હોય તો રાજર્ષિ ભરત પ્રથમ જેઓનો ત્યાગ ન જ થઈ શકે એવા પોતાના પુત્રોનો પણ મોક્ષમાર્ગમાં

અન્તરાય માની ત્યાગ કરી વનમાં આવ્યા હતા. તેમને માનવેતર જાતના એ મૃગના બાલક ઉપર આસક્તિ થાય જ કેમ ? એ પ્રમાણે વિઘ્ન નડવાને લીધે યોગની ઉપાસનામાંથી ભ્રષ્ટ થયેલા અને મૃગબાળકના પાલનપોષણ અને લાડ લડાવવામાં લાગી રહેવાથી પોતાના આત્માની ચિંતા નહીં કરતા ભરત રાજાને ઉંદરના દર ઉપર જેમ સર્પ આવે તેમ વિકરાળ વેગનો અને ટાળ્યો ટળે નહિ એવો કાળ પ્રાપ્ત થયો. (૨૬) મરણ સમયે પણ એ પડખામાં બેઠેલા અને પુત્રની માફક દિલગીર થતા તે હરણબાળકને જોયા કરતા રાજર્ષિ ભરતનું મન હરણમાં જ રહ્યું. આથી શરીર અને મૃગનો સંબંધ છૂટી જતાં પણ પામર જનની માફક ભરતજીનો મૃગનો અવતાર થયો પણ તે અવતારમાં તેમને પૂર્વજન્મનું સ્મરણ રહ્યું હતું કારણ કે તેમની સાધના અને યોગ ઉત્તમ હતાં (૨૭).

શ્રી ભરતજીનો પરિતાપ

પૂર્વજન્મમાં કરેલી ભગવાનની અનન્ય સેવાના જ પ્રભાવથી પોતાને મૃગનો અવતાર થયો તેનું સ્મરણ કરીને ઘણો જ પરિતાપ કરતા આ પ્રમાણે કહેવા લાગ્યા (૨૮) : “અહો ! અનર્થ થયો. હું જ્ઞાનીઓના માર્ગથી ભ્રષ્ટ થયો. સમસ્ત સંગોનો ત્યાગ કરી, એકાન્ત અને પવિત્ર વનમાં રહી યોગમાર્ગથી સર્વ પ્રાણીઓના આત્મા ભગવાનનું પૂજન કરતો હતો ભગવાનનાં શ્રવણ, મનન, કીર્તન, આરાધન અને સ્મરણમાં લાગી રહેવાને લીધે મારા પ્રત્યેક પ્રહર સાર્થક થતા હતા અને મન એકાગ્ર બનીને ભગવાનમાં જ લાગી રહ્યું હતું પણ આ બધું મારી બાલિશતાથી મૃગના બાળકની આસક્તિને કારણે દૂર દૂર નીકળી ગયું. (૨૯)

યોગ અને હરિસેવાનો પ્રતાપ

આ પ્રમાણે ગુપ્ત વૈરાગ્યથી પોતાની મા હરણીને જે કાલંજર પર્વતમાં પોતે જન્મ્યા હતા ત્યાં જ મૂકી દઈ ફરીવાર હરિહરક્ષેત્રમાં આવ્યા. આ ક્ષેત્રમાં શાંત સ્વભાવવાળા ઘણા મુનિજનો પ્રેમથી રહે છે. પુલસ્ત્ય અને પુલહ મુનિનો ત્યાં આશ્રમ છે અને શાલનાં વૃક્ષો ઉપરથી ત્યાંનું ગામ ‘શાલગ્રામ’ એવા નામથી ઓળખાય છે. એ ક્ષેત્રમાં રહી કાળની પ્રતીક્ષા કરતા હતા. (૩૦) અર્થાત્ જે પ્રારબ્ધથી મૃગની યોનિ આવી છે તે પ્રારબ્ધ ક્યારે પૂર્ણ થાય તેનો હિસાબ ગણ્યા કરતા હતા. કોઈનો પણ સંગ થઈ જવાની ઘણી બીકથી એકલા જ ફરતા હતા. સૂકાં પાન, સૂકું ખડ તથા વેલીના પાનનો આહાર કરી રહેતા હતા. એ પ્રમાણે કેટલાક દિવસ સુધી રહ્યા પછી તેમણે ગંડકી નદીના પ્રવાહની વચમાં ઊભા રહી મૃગના શરીરનો ત્યાગ કરી દીધો. (૩૧)

तस्मिन्नपि कालं प्रतीक्षमाणः सङ्गाच्च भृशमुद्विग्न आत्मसहचरः शुष्कपर्णतृणवीरुधा वर्तमानो मृगत्वनिमित्तावसानमेव
गणयन्मृगशरीरं तीर्थोदकक्लिन्नमुत्ससर्ज ॥ ३१ ॥

શ્રીમદ્ ભાગવત પીયૂષના પંચમ સ્કંધ, સ્થિતિલીલાના સ્વરૂપસ્થિતિ નામના પ્રથમ પ્રકરણમાં ભરતજીના હરણદેહની નિવૃત્તિનું નિરૂપણ કરતો અધ્યાય ૮મો સમાપ્ત.

અધ્યાય ૯મો

[આ અધ્યાયમાં ૨૦ શ્લોકો છે. આ અધ્યાયમાં ભરતજી આંગિરસ કુલમાં જન્મ લેશે તે કથા આવશે.]

श्रीशुक उवाच–अथ कस्यचिद् द्विजवरस्याङ्गिरःप्रवरस्य शमदमतपः स्वाध्यायाध्ययन–त्यागसंतोषतितिक्षाप्रश्रयविद्यानसू–
यात्मज्ञानानन्दयुक्तस्यात्मसदृशश्रुतशीलाचाररूपौदार्यगुणा नव सोदर्या अङ्गजा बभूवुर्मिथुनं च यवीयस्यां भार्यायाम् ॥१॥

શ્રી ભરતજીનો બ્રહ્મર્ષિકુલમાં જન્મ

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! શ્રી ભરતજી હરણદેહ ત્યજી હરિકૃપાના બલથી બ્રહ્મર્ષિકુલમાં અવતર્યા. શમ, દમ, તપ, સ્વાધ્યાય, દાન, સંતોષ, સહનશીલતા, વિનય, વિવેક, કર્મવિદ્યા, અનસૂયા, આત્મજ્ઞાન, આનંદ અને ધર્મસમ્પત્તિમાં આનંદવાળા આંગિરસકુલ પ્રવર શ્રી બ્રહ્મર્ષિવર્યે પોતાના જ્યેષ્ઠ ધર્મપત્નીમાં પોતાના જેવા જ તેજસ્વી શાસ્ત્રાભ્યાસ શીલ, સદાચારરૂપ, ગુણ, ઉદારતા આદિ સદ્‌ગુણસમ્પન્ન નવ પુત્રોને જન્મ આપ્યો તેમજ અન્ય નાનાં ભક્તિપૂર્ણ

ધર્માંગનામાં એક પુત્ર અને પુત્રીના યુગલને જન્મ આપ્યો. આ જોડકામાં પુત્ર હતો તે શ્રી ભરતજી હતા અને જે કન્યારત્ન હતું તે શ્રી ભરતજીનાં ધૃતિ નામનાં બહેન હતાં (૧).

સચેતન શ્રી ભરતજીનું જડ તુલ્ય આચરણ

શ્રી ભરતજી પ્રથમ જન્મમાં પરમ ભાગવત ચક્રવર્તી રાજા હતા. બીજા જન્મમાં મૃગ થયા હતા અને આ ત્રીજા તથા છેલ્લા જન્મમાં મૃગનું શરીર ત્યજી બ્રાહ્મણના શ્રી વિગ્રહમાં આવ્યા હતા. એવું મહાપુરુષોનું કહેવું છે (૨) આ દેહમાં પોતાના સંબંધીઓના સંગથી પણ બહુ જ દૂર રહેતા હતા. જે શ્રીહરિના શ્રવણ, સ્મરણ અને કીર્તન કર્મબંધનને હરનાર છે એવા ભગવચ્ચરણકમલનું ચિત્તમાં ધ્યાન કરતા હતા અને ભગવાનના અનુગ્રહથી પોતાના પૂર્વ જન્મોનું સ્મરણ કરતા કે રખેને પોતાને કોઈના સંગનું પુનઃ બંધન થઈ ન જાય એવી શંકાથી લોકોને પોતાનું સ્વરૂપ ઉન્મત્ત, જડ, અંધ, બધિર અને પાગલ જેવું બતાવતા હતા. (૩)

જો કે પુત્ર તો જડ છે તેને ગૃહસ્થાશ્રમનો ભલે અધિકાર નથી પણ તેને સમાવર્તન પર્યંત સમગ્ર સંસ્કારો શાસ્ત્રવિધિ પ્રમાણે કરવા જોઈએ, એવું વિચારી પુત્રના વાત્સલ્ય સ્નેહબંધનને લીધે વિવેકશીલ પિતાએ ભરતજીના ક્રમશઃ સંસ્કારો કરવા માંડ્યા. ઉપવીત આપ્યા બાદ નિત્યકર્મને લગતાં સ્નાન, સંધ્યા, શૌચ અને આચમન વગેરે કર્મના નિયમો તો જડભરતજીને જરાય ગમતા ન હતા તો પણ બાપે દીકરાને શિક્ષા આપવી જોઈએ એવા આગ્રહથી પિતાજી ભરતને શિક્ષા આપવા લાગ્યા. (૪)

કોઈ પણ પ્રકારે પિતાજી અભ્યાસ કરાવાનો આગ્રહ છોડી દે એ આશયથી શ્રીજડભરતજી પોતાના પિતાના દેખતાં જ આચારોના પાલનમાં અવળુંસવળું જ કરવા લાગ્યા. વેદાભ્યાસના આરંભમાં શ્રી જડભરતને પિતાજીએ વ્યાહૃતિ, ઑંકાર અને શિરસહિત ગાયત્રી ભણાવવા માંડી. તે ભણાવતાં ભણાવતાં ગ્રીષ્મ અને વસંતઋતુના ચૈત્ર, વૈશાખ, જ્યેષ્ઠ, અષાઢ ચારચાર માસ વીતી ગયા. આમ છતાં સંતોષકારક શુદ્ધ ભણાવી શક્યા નહીં (૫) પવિત્રતા, વેદાધ્યયન, વ્રતનિયમ અને ગુરુસેવા, બ્રહ્મચારીનાં હોમવ્રતાદિ કર્મો જડભરતજીને પ્રિય તો ન હતાં તો પણ પુત્ર ઉપરના સ્નેહના કારણે અને પુત્રને પિતાએ અધ્યયન કરાવવું જ જોઈએ એવા સુયોગ્ય આગ્રહથી અધ્યયન કરવામાં જ લાગી રહ્યા. આમ છતાં પુત્રને પંડિત બનાવવાનો મનોરથ પૂર્ણ ન થતાં એ ગૃહસ્થાશ્રમધર્મમાં જ રહેલા ભરતજીના પિતાજી નિરંતર સાવધાન રહેનારા કાલના મુખમાં આવી ગયા. ત્યારબાદ પરમ સતી શ્રીભરતજીનાં માતાજી પોતાના બે બાળકોને અપરમાતાને સોંપી દઈને સતીવિધાનની રીતિથી પતિસહગમન કરી પતિલોકે સિધાવ્યાં (૭).

પિતાજીના પરલોકમાં સિધાવ્યા પછી શ્રી જડભરતના પ્રભાવને નહીં જાણતા જડભરતજીના ભાઈઓ બ્રહ્મવિદ્યાને પુરુષાર્થ ન માનતા પણ કર્મવિદ્યાને જ પુરુષાર્થ સમજતા હતા. તેઓએ ભરતજીને જડબુદ્ધિવાળા જાણી ભરતજીને ભણાવવાનો આગ્રહ મૂકી દીધો (૮). તદ્દન અબુધ ક્ષુદ્રજનો પણ એ ભરતજીને પાગલ, જડ, બધિર એમ કહી બોલાવતા ત્યારે ભરતજી પાગલ, જડ, બધિર જેવું જ બોલતા હતા. કોઈ મનુષ્ય તેમની પાસે પોતાનું કામ કરાવતા તો પણ પરાઈ ઈચ્છાથી તે કરતા હતા. વેઠથી, વેતનથી, ભિક્ષાથી કે યદચ્છાથી થોડું ઝાઝું મીઠું કે ખરાબ જે કાંઈ અન્ન મળતું હતું તે કેવળ પ્રાણના નિર્વાહ પૂરતું જ લેતા પરંતુ ઈન્દ્રિયોના સ્વાદ ખાતર કાંઈ પણ ખાતા નહિ (૯).

પરમ ભાગવત ભરતજી

શ્રી ભરતજીને "આત્મલાભ" થયો હતો. આ આત્માનું સ્વરૂપ સમજાવતાં વિશેષણ આપ્યાં કે (૧) **नित्यः**– એટલે જે સત્યસ્વરૂપ છે, (૨) **निवृत्तनिमित्त**– - સંસારમાં ભમાવનારી "આ વિદ્યાના નિમિત્ત"થી રહિત છે, (૩) **स्वसिद्धः**- સ્વયંપ્રકાશ છે, (૪) **विशुद्धः** દેહ-ઈન્દ્રિયોના અભિમાન વિનાના છે, (૫) **अनुभवः**-ચૈતન્યઘન છે, (૬) **आनन्दरूपः**- અને પરમાનંદ સ્વરૂપ છે. આવા 'સત્ય-અજ્ઞાનના નિમિત્ત વગરના સ્વયંપ્રકાશ, વિશુદ્ધ, ચૈતન્યઘન પરમાનંદ સ્વરૂપ' આત્માની પ્રાપ્તિ થયેલી હોવાથી એટલે આત્માને - ભગવાનને મેળવ્યા હોવાથી તેઓને માન-અપમાનથી થતાં સુખ કે

દુઃખોનું કોઈ દેહાભિમાન થતું જ નહીં (૯)

શ્રી ભરતજીની ઉન્મની અવસ્થા

વળી ઠંડી, ગરમી, પવન કે વર્ષા કાલમાં બળદની માફક ખુલ્લે શરીરે રહેતા હતા. શરીરે પરિપુષ્ટ અને પૃથ્વી ઉપર શયન કરવાથી, શરીરે તેલ વગેરે સ્નિગ્ધ પદાર્થોનું મર્દન ન કરવાથી, વળી સ્નાન ન કરવાથી શરીરે ધૂળ લાગી જતાં શાણે ન ચઢાવેલ મણિના તેજની માફક ભરતજીનું બ્રહ્મતેજ પણ સ્પષ્ટ જણાતું ન હતું. કટિભાગે મેલું ફાટલું વસ્ત્ર વીંટતા હતા. દેહે મેલવાળા ઉપવીત ઉપરથી મૂર્ખ લોકો તેમને બ્રહ્મબંધુ એટલે આચારવિચાર વગેરે ધર્મ વિનાના કેવલ નામ માત્રના બ્રાહ્મણ તરીકે બોલાવી અપમાન કરતા હતા (૧૦) ભાઈઓએ જોયું આ જડભરત તો લોકો પાસેથી મહેનત મજૂરી કરી, નોકરી કરી પગાર લઈ ખાવાનું લે છે. ત્યારે ભાઈઓએ પણ આહારની લાલચ આપી ચોખાના ખેતરમાં ક્યારાનું કામ કરવા રાખ્યા. ત્યાં તેઓ સોંપેલું કામ કરતા પરંતુ અહીં માટી નાંખતાં ક્યારો સરખો થશે અને અહીંથી માટી કાઢી નાંખતાં ખાડો થઈ જશે તેમજ ન્યૂન કે અધિક થઈ જશે એવી તેમને સમજ રહેતી જ ન હતી. ચોખાની કુસકી, કણકી, તલનો ખોળ અને બળેલા ભાતના પોપડા કે બળેલું અન્ન વગેરે જે કાંઈ ભાઈઓ આપે છે તેને અમૃત જેવું માનીને ખાઈ લેતા હતા (૧૧). આમ જીવન જીવતા હતા ત્યારે વળી કોઈ એક દિવસે કોઈ ચોર લોકોના રાજાએ સંતાનની ઈચ્છાથી ભદ્રકાળી માતાને મનુષ્યનું બલિદાન દેવાની યોજના - વ્યવસ્થા કરી હતી (૧૨). આ બલિદાન માટે જે મનુષ્યને પકડી લાવ્યા હતા તે દૈવગતિથી બંધનમાંથી છૂટી જતાં તેને શોધવા માટે રાજાના દૂતો દોડાદોડ કરી રહ્યા હતા. આ અવસરે મધરાત હતી. રાત ભારે જામેલી હતી. આ સમયમાં તે ચોર રાજાના રાજદૂતોને નાસી ગયેલા બલિમનુષ્યનો પત્તો ખાધો નહિ ત્યારે દૈવની ઈચ્છાથી ખડેપગે, વીરાસને ચોકી ભરતા જડભરતજી હરણ અને ભૂંડ વગેરે પશુઓ મોલ ખાઈ ન જાય એ માટે ક્યારાઓની રક્ષા કરતા હતા તે નજરે પડ્યા (૧૩). પછી ભરતજીના શરીરનાં નિર્દોષ લક્ષણો જાણી ભરતજીના બલિદાને પોતાના માલિકનું કામ થશે એમ માની રાંઢવાથી ભરતજીને બાંધીને હરખાતા માતાજીના મંદિરમાં ભરતજીને લઈ આવ્યા (૧૪).

સંતની સમદૃષ્ટિ પરમ ભાગવત ઉપર ભદ્રકાલીજીનો અનુરાગ

પછી એ ચોર લોકોએ બલિદાનની વિધિ પ્રમાણે જડભરતને સ્નાન કરાવ્યું, નવાં કોરાં વસ્ત્રો પહેરાવ્યાં, અલંકારો, ચંદન, માળા અને તિલક વગેરેથી શણગાર્યા, ભોજન કરાવ્યું અને ગાયન, સ્તુતિ તથા મૃદંગ અને ઢોલના મોટા અવાજ કરતા શ્રી ભરતજીને ભદ્રકાળી સામે નીચું મસ્તક કરાવી બેસાડ્યા (૧૫). ધૂપ, દીપ, ફૂલ, ડાંગરના જવારા, નવપલ્લવ, ફળ અને નૈવેદ્ય વગેરે બલિદાન વખતનો સમગ્ર વિધિ થઈ ચૂક્યો ત્યારે ચોર રાજપુરોહિતે એ પુરુષ - પશુના રુધિરના આસવથી ભદ્રકાળીને તૃપ્ત કરવા માટે દેવીના મંત્રથી મંત્રેલી અને અત્યંત ભયાનક તીક્ષ્ણ ધારવાળી ચળકતી તલવાર ઉપાડી (૧૬).

આ પ્રમાણે રાજસ અને તામસ, પ્રકૃતિવાળા ધનમદના રજોગુણથી છકી ગયેલા ભગવાનના અંશ સ્વરૂપ બ્રાહ્મણના કુળને તુચ્છ ગણી મનમાની રીતે અવળે માર્ગે ચાલનારા અને મનુષ્યવધને તો એક રમત સમાન માનનારા એ શૂદ્ર લોકોએ વધમાં માનતાં શાસ્ત્રોએ પણ જે બ્રહ્મર્ષિના પુત્ર અને સર્વ પ્રાણીઓના મિત્રનો વધ કરવાની રજા આપી નથી તો પણ તે છકેલાઓએ વધ કરવાનું અત્યંત દારુણ કામ આરંભી દીધું. આવું કઠોર અને ક્રૂર દૃશ્ય દેખી દેવી ભદ્રકાલીજીનું શરીર શ્રી જડભરતજીના અસહ્ય બ્રહ્મતેજથી બળવા લાગતાં પોતાની મૂર્તિમાં એકાએક શીઘ્ર બહાર પ્રક્ટયાં (૧૭).

ખલજન દંડ

ખલજનોનો અપરાધ નહિ ખમી શકાવાથી અને શરીરમાં દાહ થવાથી તે સમયે પ્રતિમામાંથી ભારે વેગથી ભદ્રકાલીમાતા બહાર દોડી આવ્યાં. આ અવસરનું ભદ્રકાલીજીનું મુખ દુષ્ટોનો અપરાધ ન સહન થતાં ક્રોધથી રાતુંપીળું

થઈ ગયું હતું. વળી આંખોની વૃક્ષની ડાળી જેવી ભ્રમરો છેક કપાળમાં ઊંચે ચઢી ગઈ હતી. વાંકી દાઢી અને રાતી આંખોના આડંબરથી મોઢું અત્યંત ભયંકર થઈ ગયું હતું. જાણે હમણાં જ આખા જગતનો પ્રલય કરી નાંખવાને ધારતાં હોય એવી રીતે અત્યંત ક્રોધથી અટ્ટહાસ્ય કરવા લાગ્યાં. પુરોહિતના હાથમાંથી ખડ્ગ ખૂંચવી લઈને તે જ ખડ્ગથી એ ચોર લોકોનાં મસ્તકો છેદી નાંખતાં તેઓના કંઠમાંથી નીકળતું અત્યંત ઊનાં લોહીરૂપ શરબત માતાજીએ પોતાના પાર્ષદોને પાયું અને પીધા પછી તે અત્યંત પાનના મદથી વિહ્વળ થઈને પોતાના પાર્ષદોની સાથે અત્યંત ઉચ્ચ સ્વરે ગાન કરી તાન કરતાં દુષ્ટોના મસ્તકરૂપ દડાઓથી ખેલવા લાગ્યાં (૧૮). આવી રીતે જે મનુષ્ય સજ્જન પુરુષોનું અનિષ્ટ કરવા જાય છે તેનું જ સર્વ અનિષ્ટ થાય છે એ નિશ્ચય છે (૧૯).

મહાન પુરુષોનો નિર્વૈરભાવ અને ભગવચ્ચરણમાં નિર્ભરતા

હે વિષ્ણુદત્ત રાજન્ પરીક્ષિત ! પરમ ભાગવત પરમહંસોને પોતાના મસ્તકછેદન સમયે પણ જરાય સંભ્રમ નથી થતો એ વાતમાં મોટું આશ્ચર્ય નથી. કેમ કે દેહાદિક જડ પદાર્થોને આત્મા લેખવા રૂપ હૃદયની મજબૂત ગાંઠ તેઓએ છેદી દીધેલી હોય છે. અને સર્વ પ્રાણીઓના મિત્ર આત્મારૂપ નિર્વૈર તથા ભગવાનના નિર્ભય ચરણારવિંદના મૂલમાં રહેનારાં એ લોકોની સાક્ષાત્ ભગવાન જ પોતાના સાવધાન કાલરૂપ ચક્રથી અને બીજા પણ તે તે પદાર્થોથી રક્ષા કરે છે (૨૦).

न वा एतद्विष्णुदत्त महदद्भुतं यदसम्भ्रमः स्वशिरच्छेदन आपतितेऽपि विमुक्तदेहाद्यात्मभावसुदृढहृदयग्रन्थीनां सर्वसत्त्वसुहृदात्मनां निर्वैराणां साक्षाद्भगवतानिमिषारिवरायुधेनाप्रमत्तेन तैस्तैर्भावैः परिरक्ष्यमाणानां तत्पादमूलमकुतश्चिद्भयमुपसृतानां भागवतपरमहंसानाम् ॥ २० ॥

શ્રીમદ્ ભાગવત પીયૂષના પંચમસ્કંધ, સ્થિતિલીલા પ્રકરણના સ્વરૂપ સ્થિતિ પ્રકરણમાંનો ભરતજીના દિવ્ય ચરિત્રનું વર્ણન કરતો અધ્યાય ૯મો સમાપ્ત.

અધ્યાય ૧૦મો

[આ અધ્યાયમાં ૨૫ શ્લોકો છે. પરમ ભાગવત ભરતજી અને રાજા રહૂગણનો સમાગમ આ અધ્યાયમાં વર્ણવાશે.]

श्रीशुक उवाच : अथ सिन्धुसौवीरपते रहूगणस्य व्रजत इक्षुमत्यास्तटे तत्कुलपतिना शिबिकावहपुरुषान्वेषणसमये दैवेनोपसादितः सः द्विजवर उपलब्ध एष पीवा युवा संहननाङ्गो गोखरवद् धुरं वोढुमलमिति पूर्वविष्टिगृहीतैः सह गृहीतः प्रसभमतदर्ह उवाह शिबिकां स महानुभावः ॥ १ ॥

વેઠમાં પણ ભગવત્સેવા નિહાળતા સંત ભરતજી

શ્રી શુકદેવ મહારાજ બોલ્યા કે, રાજન્ ! ત્યારબાદ સિંધુ અને સૌવીર દેશના રાજા રહૂગણ કપિલ ભગવાનના આશ્રમમાં જ્ઞાન લેવા જઈ રહ્યા હતા. માર્ગમાં ઈક્ષુમતી નદીને કિનારે તે રહૂગુણ રાજાની પાલખી ઊંચકનારા વેઠિયાએ એટલે બીજા વેઠીયાઓને વેઠે પકડી લાવનાર વેઠિયાઓનો જમાદાર બીજા વેઠિયાઓને પકડી લેવાની તજવીજ કરતો હતો ત્યાં તેના હાથમાં એકાએક શ્રી ભરતમુનિ આવી ગયા. જમાદારે વિચાર્યું, આ માનવ યુવાન છે, પુષ્ટ છે અને શરીરે સુદૃઢ અને મજબૂત હોવાથી બળદ અને ગર્દભની માફક ભાર ઊંચકવામાં સમર્થ છે એમ માની અન્ય વેઠિયાઓ સાથે શ્રી ભરતજીને પણ વેઠે વળગાડી દીધા. વેઠનું કામ કરવા પોતે લાયક નથી એમ ભરતજી માને છે છતાં મહાજ્ઞાની શ્રી ભરતજી અન્ય વેઠિયાની સાથે જ પાલખી ઊંચકી ચાલવા લાગ્યા. (૧)

શ્રી ભરતજી માર્ગમાં કોઈ જીવ પગથી ચગતાઈ ન જાય એટલા માટે જમીન ઉપર એક બાણ જેટલી જગ્યા જોઈ જોઈને ચાલતા બીજા વેઠિયાઓની ચાલ સાથે મેળ ન ખાતાં પાલખી ખાંગી થઈ ગઈ. તે જોઈને રહૂગુણ રાજાએ વેઠિયાઓને કહ્યું કે 'અરે ! ભાઈઓ બરાબર ચાલો. પાલખી ખાંગી, વાંકી, ઊંચીનીચી કેમ થઈ જાય છે ?" રહૂગુણનું આવું ઉપાલંભ એટલે ઠપકાનું વચન સાંભળી દંડના ડરથી વેઠિયાઓએ વિજ્ઞપ્તિ કરી કે "મહારાજ ! અમે જરાય ગાફેલ નથી. અમે આપની આજ્ઞાનુસાર બરાબર ચાલીએ છીએ પણ હમણાં જે આ નવા વેઠિયાને પાલખી ઊંચકવાને કામે લગાડેલ છે તે

બરોબર ચાલતો નથી અને એની સાથે અમે પણ ચાલી શકીશું નહીં." ૨-૪

આવું આ રંક વેઠિયાઓનું વચન સાંભળી રાજા રહૂગુણે મનથી નિશ્ચય કર્યો કે વાત સાચી છે એક સંસર્ગીનો દોષ - અપરાધ હોય તો તે તેના બધા જ સંસર્ગીઓને નડે છે. આ સ્થિતિ બન્યા પછી રાજા રહૂગુણ વૃદ્ધજનોના સમુપાસક હતા તો પણ રજોગુણ અને રાજકીય સ્વભાવને લીધે જરાક ક્રોધસહિત ઉશ્કેરાટમાં આવી જઈ રાખમાં ભારેલા તેજસ્વી અગ્નિ જેવા ગૂઢ તેજસ્વી ભરતજીનું તેજ સ્પષ્ટ દેખાતું ન હતું તેથી રહૂગણ ભરતજીને આ પ્રમાણે મશ્કરીમાં કહેવા લાગ્યા.

રહૂગુણનાં કટાક્ષ વાક્યો

"અહો ! હે ભાઈ ! દુઃખની વાત છે કે તું ખૂબ થાકેલ લાગે છે. લાંબા માર્ગમાં લાંબા સમયથી તેં એકલાએ જ પાલખી ઉપાડી છે. વળી કાયાથી ખૂબ પુષ્ટ નથી અને ઘડપણ તને ઘેરી વળ્યું છે તેથી તારાથી ન ઊંચકાય ખરું ને ? હે મિત્ર ! આ તારા સંગાથીઓ કોઈ તારા જેવા નથી." આવી રીતે રહૂગુણે ખૂબ મશ્કરી કરી તો પણ ભરતમુનિ પોતાના પંચભૂત, ઈંદ્રિય, કર્મ અને અંતઃકરણરૂપ માયાના પદાર્થોથી બનેલા આ કેવલ એક ઓઠારૂપ દેહમાં હું અને મારું એવી મમતાની પ્રતીતિ વિનાના પૂર્ણ બ્રહ્મમય હતા તેથી કંઈ પણ ન બોલતાં કેવલ પ્રથમની માફક જ પાલખી ઉપાડી ચાલવા લાગ્યા. (૬) આમ ચાલતાં રહૂગણની પાલખી પાછી ખાંગી થઈ જવાથી રોષે ભરાઈ રાજા રહૂગુણ બોલ્યા કે "અરે ! આ શું ? તું જીવતો મરેલો લાગે છે કે શું ? શું તું મને નથી ઓળખતો ? મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે ? યાદ રાખ યમ રાજા જેમ પ્રાણીઓને શિક્ષા કરે છે તેવી તને પણ તારી ગફલત માટે શિક્ષા કરીશ કે જેથી તું સીધો દોર થઈ જઈશ." એ પ્રમાણે રાજસ, તામસ સ્વભાવથી વધેલા અભિમાને ઘેરાયેલા તેમજ ભગવાનના પ્રત્યક્ષ મંગલમંદિર સ્વરૂપ વૈષ્ણવજનની ગણના ના કરતાં, વળી હું રાજા છું એવા અભિમાનથી રહૂગુણ મરજીમાં આવે તેમ મન ફાવતું ખૂબ બોલતા હતા. (૭) આમ બોલતા રાજા રહૂગણને બ્રહ્મસ્વરૂપ, નિર્માન અને સર્વ પ્રાણીઓના મિત્ર, સર્વના આત્મા ભગવાન આંગિરસ શ્રી ભરતજી યોગેશ્વર જનોની ચર્યા - જીવનચર્યા જરા પણ ન સમજનાર રહૂગણને જાણે હસતા હોય એવી રીતે નીચે પ્રમાણે કહેવા લાગ્યા.

શ્રી ભરતજીનાં વચનપંચામૃત

દયાનિધિ બ્રહ્મર્ષિ ભરતજીએ પાંચ શ્લોકોમાં વચનપંચામૃત વરસાવવાં આરંભ્યાં. રાજા, તમે ત્રણ વાત કહી : (૧) ભાર લાગ્યો, (૨) લાંબું ચાલ્યા, (૩) અને શરીરે દુબળા, પણ એનો એક જ ઉત્તર છે એમ કહી બ્રહ્મર્ષિ ભરતજી બોલ્યા કે હે વીર ! હે ભાઈ ! તમે જે કોઈ બોલ્યા છો એમાં કંઈ મારી મશ્કરી કરી નથી. જો ભાર નામનો કોઈ પદાર્થ છે તો તે ઉપાડનાર દેહને છે એમાં મારે શું ? તેની સાથે મારો કશો સંબંધ નથી. જો દેહસંબંધ હોત તો મારી મશ્કરી કરી એમ હું માનું. વળી રાજન્ ! જો રસ્તો છે તો તે રસ્તે ચાલનારને પૂછવાનું હોય કે તું લાંબું ચાલ્યો તેથી થાક્યો એમ પુછાય. મારે ચાલવાનું નથી. હું ચાલતો જ નથી પછી થાક શાને ? હવે વાત રહી શરીરે જાડા કે પાતળાની. પરંતુ આ વિષયમાં વિદ્વાનો વાદવિવાદ કરતા જ નથી કારણ કે તે તો પંચમહાભૂતના બનેલા દેહને જ સ્પર્શે છે. હું તો સર્વથી પર છું. ભાઈ, દેહ જ પુષ્ટ છે પણ હું પુષ્ટ નથી. શરીર સ્થૂલતા, કૃશતા, વ્યાધિ, આધિ, ક્ષુધા, તૃષા, ભય, કજિયા, ઈચ્છા, જરા, નિદ્રા, મૈથુન, ક્રોધ, અહંકારથી થતો મદ અને શોક આ સર્વ તો જે જન દેહાભિમાન સાથે જન્મેલો હોય તેને લાગુ પડે છે પરંતુ હું તો દેહાભિમાન સાથે જન્મોલો નથી તો પછી દેહધર્મો મને ક્યાંથી સ્પર્શે ?

હવે રાજન્ ! તમે મને કહ્યું કે 'હું જીવતો છતાં મરેલો છું' પરંતુ રાજન્ ! જગતમાં જે જડ પદાર્થો છે તે તો જન્મવાના અને નાશ પણ પામવાના; કારણ કે જે પદાર્થો આદિ અને અન્તવાળા છે તેમની ઉત્પત્તિ થવાની અને નાશ પણ થવાનો. આ રાજા છે અને આ નોકર છે એવી વિશેષ બુદ્ધિ એટલે ભેદબુદ્ધિનો અવકાશ લોકવ્યવહાર વિના કંઈ જ નથી. લોકો જેને રાજા અને સેવક તરીકે બોલે છે તે તો કાર્યનિર્વાહ માટે છે. રાજન્ ! વિવેકબુદ્ધિથી જો વિચારીએ તો કોને રાજા, સ્વામી,

પતિ કહેવા અને કોને તેના તાબેદાર સેવક ગણવા ? આ તો સિદ્ધાંત છે આમ છતાં રાજા રહૂગુણ ! જો તમને 'હું રાજા છું' એવું અભિમાન હોય તો મને કંઈ જ હરકત નથી. તમે જેમ કહેશો તેમ કરીશું. (૧૧) રાજન્ ! વાત રહી મને દંડ કરવાની તો આ વિષયમાં એટલું જ વિચારવાનું રહ્યું કે ઉન્મત્ત-પાગલ, ઘેલો અને જડ જેવો હું જે સ્થિતિમાં છું તે સ્થિતિમાં રહેલો હોઈશ એને ઠેકાણે લાવવાનો ઉપાય કરશો કે ચિકિત્સા કરશો તેથી શું વળશે ? કદાચ તમે શિખામણ આપશો કે રાજન્, શિક્ષા કરશો તો તેમાં તમને હાનિ છે. કારણ હું સુધરીશ તો નહીં જ અને તમારી મહેનત નકામી જશે. રાજન્ ! દળેલા લોટને દળવાથી જે લાભ થશે તે લાભ મને દંડ કરવાથી થશે. (૧૨)

હવે રાજન્ ! રહૂગણ ! તમે મને એમ કહ્યું કે હું તને સ્વામી તરીકે કડક દંડ કરીશ ત્યાં પણ રાજન્ ! એક વાત સમજવાની રહી કે આ જગતમાં જે કોઈ રાજાને સ્વામી કહીએ અને રાજાના નોકરને સેવક કહીએ છીએ તે પણ એક અણસમજ છે, કારણ કે સ્વામી હોય તો તે સદા સ્વામી જ રહે અને સેવક સેવક જ રહે. પરંતુ વિધિના ખેલ પ્રમાણે એક દિવસનો રાજા ગલીએ ફરતો રંક બને છે અને ગલીનો ભિખારી રાજા થાય છે. આમ સ્વામી-સેવકપણું તો ચલાયમાન છે તે ફર્યા જ કરે છે. પરંતુ વિશ્વના સાચા જો કોઈ સ્વામી હોય તો ભગવાન છે. અને જીવ માત્ર ભગવાનના સેવક છે. રાજન્ ! આ એક જ સ્વામીસેવકભાવ અવિચલ નિત્ય છે, બીજા તો કલ્પેલા છે. માટે તો ભગવાનનું નામ અચ્યુત છે. રાજન્ ! અચ્યુત એટલે જેમનું પતિપણું ચ્યુત નથી થતું. (૧૩) શ્રી શુકદેવજી બોલ્યા કે રાજન્ ! સ્વભાવથી જ શાન્ત, દેહાભિમાન પેદા કરતી અવિદ્યાથી મુક્ત, વળી આવતાં સુખદુઃખાદિને ભોગવી પ્રારબ્ધનો ક્ષય કરતા શ્રી ભરતમુનિ પાંચ શ્લોકો સ્વરૂપપંચામૃતથી રહૂગણનાં વાક્યોનો વચનોનો પુનઃ ઉલ્લેખ કરી પૂર્વની માફક જ પાલખી ઉપાડી ચાલવા લાગ્યા. (૧૪)

રહૂગુણ રાજાની શરણાગતિ

શ્રી ભરતમુનિનાં વચનો સાંભળીને હે પાંડવકુમાર પરીક્ષિત ! સિન્ધુ-સૌવીર દેશના અધિપતિ રહૂગણ રાજા પણ ઉત્તમ શ્રદ્ધાળુ હોઈ આત્મજ્ઞાન મેળવવામાં યોગ્યતા પામેલા વિપ્રર્ષિ શ્રી ભરતજીના હૃદયની ગ્રંથિઓને ખોલી નાખનાર, છેદી નાખનાર અને અનેક ગ્રન્થોમાં ગાયેલાં વચનામૃતોનું પાન કરીને સભાન બન્યા અને અત્યંત ઉતાવળે પાલખીમાંથી ઊતરી જઈ શ્રી ભરતજીના ચરણોમાં શરણે આવી મસ્તક ચરણે ધરી સર્વથા રાજમદથી મુક્ત થઈ ગયેલા નિવેદન કરવા લાગ્યા. (૧૫)

રહૂગુણ રાજાનું દશ શ્લોકોમાં નિવેદન અને તત્ત્વજિજ્ઞાસા

શ્રી રહૂગણરાજાએ ભરતજીના મુખકમલમાંથી સરેલાં પાંચ શ્લોકોનાં વચનામૃતનાં પાન કરી વિવેકી બનીને દશ શ્લોકથી નિવેદન કરતાં બોલ્યા, ભગવન્ ! નિત્ય તત્ત્વનો ઉપદેશ કરનારા દ્વિજવરોમાંના કોઈ ગુપ્ત સ્વરૂપે વિચરનાર આપ મહાપુરુષનું સુમંગલ નામ સંભળાવી મારા કર્ણ પાવન કરશો ! આપના શ્રીઅંગે ઉપવીત દીપી રહ્યું છે તેથી આપ દ્વિજવર્ય છો એ તો સુનિશ્ચિત જ છે. શું અવધૂતવરોમાંથી આપ ગુરુદત્ત તો નથીને ? આ ભૂમિનાં શાં પુણ્યોદય થયાં કે અહીં આપ પધાર્યા, ક્યા પુણ્યશીલ પિતાના કુલને આપ પાવન કરો છો ? ભગવન્ ! કઈ પુણ્યમયી માતાના કૂખદીપક છો ? મહારાજ ! આપના જન્મથી ક્યો દેશ પાવન બન્યો છે ? મને તો લાગે છે કે મારા જેવા ક્ષુદ્ર જનનું કલ્યાણ કરવા જ પધાર્યા છો એમ માનું છું. ભગવન્ !આપ શ્રી આપ સાક્ષાત્ કપિલ મુનિ તો નથીને ? (૧૬) ભગવન્ ! ઈન્દ્રના વજ્રથી, મહાદેવના ત્રિશૂલથી, યમના દંડથી અથવા અગ્નિ, સૂર્ય, વાયુ કે કુબેરના અસ્ત્રથી હું ડરતો નથી પરંતુ કોઈ બ્રહ્મર્ષિ કુલનું અપમાન કરવાથી અત્યંત ગભરાઉં છું. (૧૭) હે ભગવન્ ! કહોને આપ અસંગ, જડ જેવા દેખાતા, પરંતુ જ્ઞાનરૂપ ગુપ્ત વીર્યવાળા મહિમાનો પાર ન પામી શકાતા આપશ્રી ક્યા અવધૂત છો ? આપશ્રીનાં યોગગ્રંથથી ગુંથાયેલાં વચનો અમારાથી તો શું પણ સૂક્ષ્મ દૃષ્ટિવાળા વિદ્વાનોથી પણ સંપૂર્ણ સમજી શકાય એવાં નથી. (૧૮) મહારાજ ! હવે હું મારી ગાથા કહું છું હું પણ મહાયોગેશ્વર આત્મવેત્તા, મુનિઓના પરમગુરુ અને જ્ઞાનશક્તિથી સાક્ષાત્ અવતરેલા કપિલ

ભગવાનની પાસે આ સંસારમાં સાચું 'શરણ' એટલે શું અને 'શરણ' કોનું અને કેવું લેવું એ વસ્તુ પૂછવા માટે જ જઈ રહ્યો છું. મારી ધારણા છે કે આપ સાક્ષાત શ્રીહરિ જ શ્રીકપિલ ભગવાન થઈ પ્રકટ થયા હશો અને લોકોના ઉપર ઉપકાર કરવા ગુપ્ત રીતે વિચરતા હશો. (૧૯) અંધમતિવાળા અને ગૃહસ્થના સુખમાં જ રચ્યોપચ્યા માનવ યોગેશ્વરોની વાસ્તવિક ગતિને તો શી રીતે જાણી શકે ? ભગવન્ ! આપે કહ્યું કે મને તો કોઈ શ્રમ જ નથી પરંતુ એ વાત મારા મનમાં ઠસતી નથી. મેં મારા યુદ્ધ વગેરે કામથી થતો શ્રમ અનુભવ્યો છે તો આપને પણ ભાર ઉપાડવા અને ચાલવાથી શ્રમ લાગવો જોઈએ એમ અનુમાન કરું છું. (૨૦) વ્યવહારમાર્ગને આપ ખોટો કહો છો પરંતુ જેમ અસત્ ઘટથી જલ લાવવાની ક્રિયા થાય નહીં તેમ વ્યવહાર પણ જો અસત્ હોય તો તેથી કશું જ કામ ન થવું જોઈએ. વ્યવહારથી તો સર્વ કાર્યો થાય છે માટે તેને અસત્ કેમ કહી શકાય ? (૨૧) આપે કહ્યું કે "સુખદુઃખ' વગેરે ધર્મો દેહના જ છે આત્માના નથી." એ વિષયમાં મને એવી શંકા થાય છે કે અગ્નિ ઉપર મૂકેલી તપેલીને તાપ લાગવાથી તેની અંદરના દૂધને તાપ લાગે અને દૂધને તાપ લાગતાં ચોખાના અને ઉપરના ભાગને તાપ લાગે તેમજ દેહને દુઃખ થતાં તેની અંદરની ઈંદ્રિયોને દુઃખ થાય અને ઈંદ્રિયો પીડાતાં પ્રાણ પીડાય, પ્રાણને પીડા થતા મન પીડાય અને મન દુઃખી થતાં તેના સંબંધમાં રહેલા આત્માને પણ દુઃખ થાય એ એક સત્ય ઘટના છે. (૨૨)

આપે કહ્યું કે સ્વામીસેવકનો નાતો અવિચળ નથી, પરંતુ જે વખતે જે રાજા હોય તે તે પ્રજાનું શાસન અને પાલન કરતો હોય અને રાજા ભગવાનના ભક્ત તરીકે યોગ્ય રીતે પોતાનો રાજ્યાધિકાર ચલાવતો હોય અને ખલજનોને શિક્ષા કરે તેને દળેલાને દળવા જેવું નિષ્ફળ કેમ કહેવાય ? (૨૩) હું તો એમ ધારું છું કે એ રાજા પોતાના રાજ્યપાલન નામના ધર્મના પાલનને અચ્યુત ભગવાનની ભક્તિ કરતો હોય તો પાપોના પુંજોનો નાશ કરે છે માટે નાથ ! હું આપના કહેલાને ઊલટું સમજું છું તો હવે કૃપા કરીને હે કૃપાસિંધુ ! દીનબન્ધુ ! રાજાપણાના અભિમાનથી મહાત્માઓના તિરસ્કાર કરનાર મારા જેવા ક્ષુદ્રજન ઉપર સ્નેહદૃષ્ટિ કરો, જેથી આપ મહાપુરુષના કરેલા અપમાન નામના અપરાધમાંથી મુક્ત થાઉં. (૨૪)

બ્રહ્મર્ષિ ! આપશ્રી સર્વ જગતના સુહૃદ છો, સખા છો અને સમતાને લીધે દેહાભિમાનથી મુક્ત છો. આપશ્રીને કોઈ વિકાર થાય જ નહિ આમ છતાં મહાન પુરુષોનું અપમાન કરનાર ભગવાન શૂલપાણિ પણ નાશ પામ્યા વિના ન રહે તો મારા જેવા ક્ષુદ્ર જન માટે તો પૂછવું જ શું ? (૨૫)

न विक्रिया विश्वसुहृत्सखस्य साम्येन वीताभिमतेस्तवापि । महद्विमानात् स्वकृताद्धि मादृङ् नङ्क्षत्यदूरादपि शूलपाणिः ॥२५॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના પંચમ સ્કંધ સ્થિતિલીલાના સ્વરૂપ સ્થિતિ નામના પ્રથમ પ્રકરણમાં રહૂગણ રાજાએ લીધેલી પ્રપત્તિનું વર્ણન કરતો અધ્યાય ૧૦ મો સમાપ્ત.

અધ્યાય ૧૧ મો

[આ અધ્યાયમાં ૧૭ શ્લોકો છે. પૂર્વાધ્યાયમાં ૧૦ શ્લોકોમાં જે જિજ્ઞાસા પ્રકટ કરી તેનો પ્રત્યુત્તર આ અધ્યાયમાં આવશે.]

ब्राह्मण उवाच : अकोविदः कोविदवादवादान् वदस्यथो नातिविदां वरिष्ठः । न सूरयो हि व्यवहारमेनं तत्त्वावमर्शेन सहामनन्ति ॥ १ ॥

શ્રી ભરતજીની વિવેકવાણી

બ્રહ્મજ્ઞાની બ્રહ્મર્ષિ ભરતજીએ વચનસુધા વરસાવતાં કહ્યું, રાજા રહૂગુણ ! તમે પંડિત નથી છતાં પણ વિદ્વાન જેવી હેસિયતથી વાતો કરો છો પણ ભાઈ કેવલ વાતોથી કાંઈ વિદ્વજ્જનોની કક્ષામાં પ્રવેશ થાય ખરો ? જે વિવેકી છે, વિદ્વાન છે, તે પુરુષો તો આવા સ્વામી-સેવક જેવા વ્યવહારને તત્ત્વવિચાર કરતી વખતે સત્યરૂપે સ્વીકારતા નથી. (૧) શ્રી બ્રહ્મર્ષિજી ભરતજી, રાજા રહૂગણને વ્યવહારમાર્ગની માફક વૈદિક યજ્ઞોના વિષયમાં સ્પષ્ટતા કરતા સમજાવી રહ્યા છે કે રાજન્ ! જરા સાવધાનીપૂર્વક સાંભળો, મોટા મોટા જે ચાતુર્માસ્ય કે સોમયાગ જેવા યજ્ઞોના વિસ્તારોને સમજાવનારી જે વિધિઓમાં મોટાં મોટાં વિધાનો વેદો કરી રહ્યા છે તેની સમજમાં પણ ઘણો ફેર છે. આ વેદો સ્વર્ગાદિ ફળ બતાવનારા

નથી પરંતુ ભગવાનને જ ફલ બતાવનારા છે. પરંતુ સમજફેરને લીધે જેટલો શુદ્ધ તત્ત્વવાદ શોભવો જોઈએ તે શોભતો નથી. (૨) રાજન્ રહૂગણ ! વળી એક વિશેષ વાત કહું તે સાંભળો. કોઈ પણ વ્યક્તિને જેમ સ્વપ્નમાં અનુભવેલાં સુખો સત્ય ન હોવાથી ત્યજવા જેવાં છે એવો ખ્યાલ નથી આવતો તેવાં જ ગૃહસ્થધર્માનુસાર કરેલાં સકામ કર્મનાં સ્વર્ગ વગેરે ફળો પણ નિત્ય નથી માટે ત્યજવા જેવાં છે એવો ખ્યાલ ન આવે તેવા પુરુષોને તત્ત્વજ્ઞાનનો બોધ કરાવનારી સાક્ષાત્ ઉપનિષદોની શ્રેષ્ઠ વાણી પણ કામમાં નહીં આવે. (૩) રાજન્ ! એક વાત ચોક્કસ છે કે જ્યાં સુધી કોઈ પણ પુરુષનું મન સત્ત્વ, રજસ અથવા તમોગુણને વશ રહે છે ત્યાં સુધી નિરંકુશ રહીને જ્ઞાનેંદ્રિયથી અને કર્મેંદ્રિયથી પાપપુણ્ય કર્યા કરે છે. ભાઈ ! આ વાસનાવાળું મન વિષયોથી ખરડાયેલું, ગુણોથી પ્રેરાયેલું, વિકારવાળું તેમજ પંચભૂત અને અગિયાર ઈંદ્રિયો મળી સોળ કલાઓવાળું છે. આ જ મન જુદાં જુદાં નામથી દેવ, મનુષ્ય, પશુપક્ષી વગેરે અનેક દેહ ધારણ કરે છે અને તે તે દેહને લીધે ઊચ્ચનીચપણું પણ બનાવી દે છે. (૪)

મન એક માત્ર મોક્ષનું કારણ

રાજન્ ! જીવને સંસાર પ્રાપ્ત થાય છે એમાં પણ મન માત્ર કારણ છે તે વાત સાંભળો. ટાળ્યાં ટળે નહીં અને સમય પ્રમાણે આવીને ઊભાં રહેતાં સુખદુઃખ અને મોહને સર્વ તરફથી ઉત્પન્ન કરનાર પણ કેવલ 'મન' જ છે. એ મન માયાએ બનાવેલી જીવની ઉપાધિ છે તેથી જીવને પોતામાં અધ્યાસ કરાવી દઈને એટલે હું જ મન છું એમ ઠસાવીને સંસારરૂપ ચક્રમાં લાવીને મૂકી દે છે. (૫) રાજન્ ! મન જેમ સંસારનું કારણ મનાય છે તેવી રીતે મોક્ષનું પણ કારણ મનાય છે તે સાંભળો. જીવાત્માને જાગ્રત અને સ્વપ્નરૂપ આ સમગ્ર સંસાર મનની કલ્પનાથી જ ઊભો થયો છે અને પ્રકાશે છે. આત્મા દૃશ્ય નથી પણ દ્રષ્ટા છે. માટે આત્મા વાસ્તવિક રીતે તેની સાથે બીજો સંબંધ ધરાવતો નથી. (૬) તો પણ આત્મા મન હું છું એવા ભ્રામક અભ્યાસથી ઉચ્ચનીચપણાના ધર્મોને પોતાનામાં જ માની લે છે તેથી તો આત્માને દેહાભિમાનમાં મન જ હેતુ છે એમ દેહાભિમાનથી છૂટવાની ઉત્તમ ચાવી આપનારું પણ મન જ છે. જો મન વિષયોમાં લાગ્યું હોય તો જીવને જન્મમરણાદિક દુઃખ આપે છે અને તે જ મન જો ગુણમુક્ત થાય અને ભગવદ્ધર્મયુક્ત થાય તો મોક્ષ આપે છે. (૭) ભાઈ રહૂગણ ! મનની કહાની તમને સમજાવું. ગુણોમાં-વિષયોમાં આસક્ત જીવને સંસારબંધનમાં મૂકશે પરંતુ એ જ મન જ્યારે ગુણોથી વિષયોથી મુક્ત નિર્ગુણ સ્થિતિમાં જાય ત્યારે કલ્યાણ દેનારું થાય છે. આ બાબત દૃષ્ટાન્તથી સમજાવું. દીપક જ્યાં સુધી ઘીવાળી વાટને ભોગવે છે ત્યાં સુધી તે દીપકની વાટમાંથી ધુમાડાવાળી શિખાઓ નીકળ્યા કરશે પરંતુ જ્યારે ઘી તથા વાટ બન્ને બળી જાય ત્યારે ઠરી જઈને તેજરૂપ થઈ જાય છે, તે પ્રમાણે ગુણ અને કર્મથી બદ્ધ મન વિષયમુક્ત થતાં આનંદમય બની જાય છે અને પોતાના આત્મતત્ત્વમાં લીન થઈ જાય છે. (૮)

મનની વૃત્તિઓ

હે સજ્જન વીર રાજા ! મનની વૃત્તિઓ અગિયાર છે. તેઓમાં પાંચ ક્રિયારૂપ છે, પાંચ જ્ઞાનરૂપ છે અને એક અભિમાનરૂપ છે. આ અગિયાર વૃત્તિઓના પાંચ વિષયો, પાંચ કર્મ અને એક અહંકાર મળીને કુલ અગિયાર પદાર્થો એના આધારરૂપ વિષય કહેલા છે. એમાં ગંધ, રૂપ, સ્પર્શ, રસ અને શબ્દ એ પાંચ વિષયો જ્ઞાનેંદ્રિયોના પાંચ આધાર સમજવા. મલોત્સર્ગ, મૈથુન, ગતિ, ભાષણ અને કારીગરી એ પાંચ વિષયો કર્મેંદ્રિયોના પાંચ આધાર સમજવા અને આ દેહ મારો છે. એવો જે અભિમાન કરે છે તે અગિયારમો પદાર્થ અહંકાર છે. (૯) કેટલાએક વિદ્વાનો એમ પણ કહે છે કે અહંકાર જ મનની એક બારમી વૃત્તિ પણ છે અને તેનું રહેઠાણ પણ ઉપર કહેલું શરીર જ છે. (૧૦) રાજન્, આ પ્રકારે ખાસ કરીને મનની વૃત્તિઓ તો અગિયાર જ છે તો પણ તે વૃત્તિઓ પદાર્થો, સ્વભાવ, સંસ્કાર, અદૃષ્ટ અને કાળને લીધે પોતાના અવાન્તર ભેદોથી સેંકડો, હજારો અને કરોડો થાય છે પરંતુ આ વૃત્તિઓની સત્તા તો ક્ષેત્રજ્ઞ આત્માની સત્તાને લીધે જ છે. પરંતુ સ્વતંત્ર કે પરસ્પર મળીને નથી. (૧૧) કેમકે આ વૃત્તિઓ કાંઈ જીવમાંથી પ્રકટ ન થાય કારણ કે જીવ નિર્વિકાર છે તેમજ આ વૃત્તિઓ એકબીજામાંથી પેદા થતી નથી. એમ કરતાં અન્યોન્યાશ્રય દોષ આવે છે. તેમ પોતે

પોતામાંથી પેદા થતી નથી. આમ માનતાં આત્માશ્રય દોષ આવે છે. માટે કોઈ પણ પ્રકારથી એ વૃત્તિઓની ઉત્પત્તિનું નિરૂપણ થઈ શકતું નથી. તેથી વૃત્તિઓ ખોટી જ છે એમ નિશ્ચય કરી શકાય છે. માત્ર વિષયો અને કર્મોના સંબંધથી મનની વૃત્તિઓ ઊઠ્યાં કરેછે અને તે સંબંધ જ્યારે મટે ત્યારે તે મન આત્માકાર થઈ જાય છે. જે આત્મા પોતાને અશુદ્ધ બનાવનારા અને માયાએ બનાવેલા ઉપાધિરૂપ મનની, પ્રવાહરૂપે નિરંતર ચાલતી એ વૃત્તિઓને શુદ્ધ રહીને જોયાં કરે છે, જાગ્રત અને સ્વપ્ન અવસ્થામાં એ વૃત્તિઓને પ્રકટ થયેલી જાણનાર અને સુષુપ્તિમાં તિરોહિત થયેલી જાણનાર એવો આત્મા ત્રણ અવસ્થાનો સાક્ષી છે. સાક્ષાત્ પરબ્રહ્મ છે. વળી ભગવાન નારાયણ અને વાસુદેવ પણ એ જ છે. પોતાની માયાથી ઈશ્વરરૂપે એ જ સર્વને નિયમમાં રાખે છે. જેમ વાયુ પ્રાણરૂપે પ્રવેશ કરીને સ્થાવર અને જંગમને નિયમમાં રાખે છે તેમ ક્ષેત્રજ્ઞ ભગવાન વાસુદેવ પણ આત્મસ્વરૂપથી પ્રવેશ કરીને વિશ્વને નિયમમાં રાખે છે. (૧૩)

રાજન્ ! રહૂગણ સર્વ સંગ ત્યજીને છ ઈંદ્રિયોરૂપ શત્રુઓને જીતીને તથા જ્ઞાનના ઉદયથી નજરે દેખાતી આવતી સર્વ માયાને દૂર કરીને જીવ જ્યાં સુધી પોતાના સ્વરૂપને જાણતો નથી, ત્યાં સુધી સંસારમાં ભટક્યા કરે છે. (૧૪) શોક, મોહ, રોગ, લોભ, વૈર અને મમતા કરાવનાર તથા સ્વરૂપની ઉપાધિરૂપ મને એ જ લોકોને સંસારના તાપનું મૂળ છે. એમ જ્યાં સુધી પ્રાણી ન જાણે ત્યાં સુધી સંસારમાં ભટક્યા કરે છે. એટલા માટે હે રાજન્ ! તમે એક વાત જાણો કે મન નામના શત્રુની જેમ જેમ ઉપેક્ષા રાખીએ તેમ તેમ વધતો જાય છે. કારણકે એ અત્યંત બળવાન છે. અને અસત છે પણ સ્રૃપને વિસરાવી દે છે. તેને સાવધ રહી ભગવાનરૂપ ગુરુના ચરણની ઉપાસનારૂપ અસ્ત્રથી, હણી નાંખ. (૧૫-૧૭)

भातृव्यमेनं तददभ्रवीर्यमुपेक्षयाध्येधितमप्रमत्तः । गुरोर्हरेश्चरणोपासनास्त्रो जहि व्यलीकं स्वयमात्ममोषम् ॥ १७ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના પંચમ્ સ્કંધસ્થિતિલીલાના સ્વરૂપસ્થિતિ નામના પ્રથમ પ્રકરણમાંનો ભગવત્સ્વરૂપનો જ્ઞાનથી અને કૃપાથી માયાને જીતી શકાય એ તત્ત્વનું વર્ણન કરતો અધ્યાય ૧૧મો સમાપ્ત.

અધ્યાય ૧૨મો

[આ અધ્યાયમાં ૧૬ શ્લોકો છે. પ્રથમ ચાર શ્લોકો રહૂગણ રાજાની દીનતા અને દંડવતના છે અને પછીના શ્લોકોમાં ભરતમુનિએ આપેલું સમાધાન છે.]

रहूगण उवाच–नमोनमः कारणविग्रहाय स्वरूपतुच्छीकृतविग्रहाय । नमोऽवधूतद्विजबन्धुलिङ्गनिगूढनित्यानुभवाय तुभ्यम् ॥१॥

ज्वरामयार्तस्य यथागदं सन्निदाघदग्धस्य यथा हिमाम्भः । कुदेहमानाहिविदष्टदृष्टेर्ब्रह्मन् वचस्तेऽमृतमौषधं मे ॥२॥

રહૂગણની પ્રપત્તિ

રાજા રહૂગણ ભરતઋષિની સ્તુતિ કરતાં બોલ્યા કે હે સંતવર્ય ! આપ તો સાક્ષાત્ સર્વ જગતમાં કારણ એવા શ્રીકૃષ્ણ ભગવાનના જ પ્રત્યક્ષ શ્રી વિગ્રહછો વળી, પરમાનંદના પ્રકાશથી દેહાદિકને તુચ્છ ગણનાર અને સામાન્ય બ્રાહ્મણના વેષમાં રહીને પોતાના સ્વતંત્ર અનુભવને ગૂઢ રાખનાર છો. નિત્ય અનુભવસ્વરૂપ શ્રી બ્રહ્મર્ષિને વારંવાર નમસ્કાર કરું છું. (૧) હે કૃપાનાથ ! આપશ્રીના શ્રી મુખેથી પ્રકટેલાં વચનામૃત તો જેમ સખત તીવ્ર તાવથી સંતાપ પામેલા જનને અમૃતસમ મધુર ઔષધ છે અને ઉનાળાના ઉગ્ર તાપથી તૃષાર્તજનને શીતલ જલ જેમ અમૃત સમાન છે તેવી જ રીતે હે મહારાજ ! દેહાભિમાન નામના વિષભર્યા સંસારસર્પથી દંશ પામેલા જનને જેમ ઔષધ સમાન છે તેમ મને આપનાં વચન-અમૃત-ઔષધ અને પવિત્ર શ્રી યમુનાજલ સમાન બન્યાં છે. (૨) એટલા માટે મારા મનમાં જે સંશય છે તે તો હું પાછળથી આપને પૂછીશ, પણ હમણાં તો જ્ઞાનયોગથી ગુંથાયેલી જે વાત આપ કહી ગયા તેનું જ મારાથી ઠીક સમજાય એવું સ્પષ્ટીકરણ કરો. એ સાંભળવાનો મને ઉત્સાહ છે. (૩) હે યોગેશ્વર ! આ ભાર ઉપાડવા વગેરેની ક્રિયા અને તેથી થતું પરિશ્રમાદિક કષ્ટ કે જે પ્રત્યક્ષ રીતે સત્ય દેખાય છે અને વ્યવહારનું કારણ છે તે સર્વ વિવેકદૃષ્ટિએ જોતાં કાંઈ છે જ નહિ એમ જે આપ કહી ગયા તે વિષયમાં મારા મનની ભ્રાન્તિ જતી નથી તો તે કૃપા કરી દૂર કરો. (૪)

શ્રી ભરતમહર્ષિનાં દ્વાદશ વચનામૃત

બ્રહ્મર્ષિ ભરતજી બોલ્યા, રાજન્ હે પાર્થિવ ! જે પૃથ્વીમાંથી બનેલો માનવ-પ્રાણી કોઈ પણ કારણથી પૃથ્વી ઉપર ચાલે છે

તેને આપણે રાજા, સેવક, મજૂર, વેઠિયા વગેરે નામથી જાણીએ છીએ. અને જે ચાલતો નથી તેને આપણે પથ્થર વગેરે નામથી જાણીએ છીએ. બાકી વેઠિયાના દેહ અને પથ્થરમાં કોઈ ભેદ નથી. રાજન્ ! પથ્થરને જેમ જડપણાને લીધે ભાર કે પરિશ્રમ નથી તેમ વેઠિયાના દેહને પણ ભાર કે પરિશ્રમ ન જ હોવો જોઈએ. છતાં પરિશ્રમ લાગે છે તેનું જો નિરૂપણ થઈ શકતું હોય તો કદાચ આપણે પરિશ્રમ લાગવાની વાત સાચી પણ માનીએ પરંતુ તે જ થઈ શકતુ નથી. અવયવો સિવાય અવયવીનું નિરૂપણ થઈ શકતું નથી. હવે આપણે જોઈએ કે એક ઊંચકનારના શરીરમાં કેટલા અવયવો છે ! માટીમાંથી બનેલા ઊંચકનારના પગ ઉપર ઘૂંટી છે, ઘૂંટીઓ ઉપર પીંડીઓ છે, પીંડીઓ ઉપર ગોઠણ છે, ગોઠણ ઉપર સાથળ છે, સાથળ ઉપર કેડ છે, કેડ ઉપર છાતી છે, છાતી ઉપર ડોક છે. ડોક સમીપ બે ખભા આવે છે (૫) આ બે ખભામાંથી એક ખભા ઉપર લાકડાની પાલખી છે કે જે પાલખીમાં બેઠેલ સૌવીર દેશના રાજાના નામથી ઓળખાતા રાજા રહૂગણ પણ એક માટીનો જ નમૂનો બેઠો છે. પાલખીમાં બેઠેલા પાર્થિવ દેહમાં રાજા રહૂગણજી તમને અભિમાન છે કે હું રહૂગણ છું, સૌવીર દેશનો રાજા છું આવો એક મદ ઉત્પન્ન થયો છે. (૬) આ મદાન્ધતાથી દયાને નેવે મૂકીને જેમની પાસે રોટલો કે ઓટલો નથી, કાયા ઉપર કપડું તો ક્યાંથી હોય તે ના દેખાયું. ના દયા આવી અને પાલખીમાં બેસીને આદેશ કરવા લાગ્યા. રાજન્, રાજા તો પિતા મનાય. પાલન કરે તેને પિતા કહેવાય. રાજન્ ! ઘટે તો એ કે આ વેઠિયાઓના પેટના ખાડા પૂરવા જોઈતા હતા અને કાયાને ઢાંકવી જોઈતી હતી. તે તો ન કર્યું પણ લાજને નેવે મૂકીને હું "રક્ષણ કરનાર" છું એવું મુખથી બોલી રહ્યા છો. રાજન્ રહૂગણ ! વિવેકી વૃન્દની સભામાં તમે કે તમારું ભાષણ શોભશે નહીં. સજ્જન પુરુષો તમને નિર્દય અને નિર્લજ્જ કહેશે. (૭)

રાજન્ ! તમે એક દલીલ કરી હતી કે તપેલીમાં પાણી, પાણીમાં રહેલા ચોખા અગ્નિથી પીગળે છે તેમ શરીરમાં રહેલા આત્માને પણ ભારથી પીડા થાય જ છે. એક ઉપર રહેલો બીજો અને બીજા ઉપર ત્રીજો એવી રીતે અંતિમ અવયવનો બોજો એની નીચેના બધાને જ લાગે તે વાત તો સ્પષ્ટ જ છે ને ! આવી શંકાનું સમાધાન કરતાં બોલ્યા કે રાજન્ ! અવયવ કે અવયવીનું અલગ નિરૂપણ થઈ શકતું જ નથી. કારણ કે જગતના બધા જ અવયવો પૃથ્વીના જ વિકાર છે, પૃથ્વીમાંથી ઉત્પન્ન થાય છે અને પૃથ્વીમાં જ લય પામે છે એટલું જ નહીં પરંતુ કોઈ પણ જગતનો પદાર્થ પૃથ્વીથી ભિન્ન છે જ નહિ. કેવલ તે વસ્તુઓની સંજ્ઞા જુદી છે. હવે આ ક્રિયાભેદને જ કારણે જુદાં જુદાં કેવલ નામ પડ્યાં છે. તો કહો મહારાજ, આ કારણ વિના વ્યવહારનું બીજું શું મૂળ હોઈ શકે ? (૮) આથી નક્કી થયું કે પૃથ્વી ઉપર પૃથ્વી છે તો ભાર કોને ? કદાચ આ સર્વ પૃથ્વી છે એવું આખરે નક્કી થયું તો પૃથ્વી તો સાચી ખરીને એવું જો રાજન્ ! તમારું માનવું હોય તો તે પણ બરાબર નથી, કારણ કે પૃથ્વી પણ મિથ્યા ઠરે છે. પૃથ્વી પોતાના કારણરૂપ સૂક્ષ્મ પરમાણુઓમાં લય પામે છે તેથી પરમાણુ સિવાય પૃથ્વી કાંઈ પણ પદાર્થ નથી. અને પરમાણુઓ કે જેઓના સમૂહથી પૃથ્વીની કલ્પના કરી છે અને પૃથ્વીને સિદ્ધ કરવા માટે અજ્ઞાનથી અને માત્ર મનથી જ કલ્પના થઈ છે. વાસ્તવિક રીતે પરમાણુઓ પણ સત્ય નથી. કેમકે સમસ્ત પ્રપંચની માફક પરમાણુઓ પણ તેઓના ખરા કારણના અજ્ઞાનથી જ કલ્પાયા છે. (૯) હવે નરેશ રહૂગણ ! જેમ પૃથ્વી કે પરમાણુ પણ તેના મૂલ કારણ વિના સ્વતંત્ર કાઁઈ છે જ નહીં તેવી જ રીતે પાતળું કે જાડું, નાનું કે મોટું, કારણ કે કાર્ય, સચેતન કે અચેતન આ સર્વ દેખાતા દ્વૈતભાવો પણ અવિદ્યાથી જ બન્યા છે અને દ્રવ્ય, સ્વભાવ, સંસ્કાર, કાળ અને અદૃષ્ટ એ પાંચ જે મૂળ તત્ત્વ છે તે બધાં માયાનાં જ નામ છે. એટલે અજ્ઞાનથી જ કલ્પેલાં છે. (૧૦) રહૂગણજી, તમને લાગશે કે પૃથ્વી, પરમાણુ આ બધાં જો કલ્પેલાં છે તો સત્ય વસ્તુ શી હશે એમ મનમાં થાય ત્યારે જ્ઞાનસ્વરૂપ કેવલ ભગવાન જ એક સત્ય વસ્તુ છે. અન્ય સર્વ કલ્પના જ છે. જે દેખાય છે તે બ્રહ્મસ્વરૂપે સર્વ સત્ય છે. આ ભગવાન વિના અંદર કે બહાર બીજું કંઈ નથી. પોતે જ પરિપૂર્ણ છે તે ભગવાન વિના આપણું જ સ્વરૂપ છે. નિર્વિકાર છે અને ભગવાન તથા વાસુદેવ એવાં નામોથી વિદ્વાનો તેને જ કહે છે. (૧૧)

બ્રહ્મર્ષિ ભરતજીનું સૌજન્ય અને સ્વાનુભવ

रहूगणैतत्तपसा न याति नचेज्यया निर्वपणाद् गृहाद्वा । नच्छन्दसा नैव जलाग्निसूर्यैर्विना महत्पादरजोऽभिषेकम् ।। १२ ।।
यत्रोत्तमश्लोकगुणानुवादः प्रस्तूयते ग्राम्यकथाविघातः । निषेव्यमाणोऽनुदिनं मुमुक्षोर्मतिं सतीं यच्छति वासुदेवे ।। १३ ।।
अहं पुरा भरतो नाम राजा विमुक्तदृष्टश्रुतसङ्गबन्धः । आराधनं भगवत ईहमानो मृगोऽभवं मृगसङ्गाद्धतार्थः ।।१४।।
सा मां स्मृतिर्मृगदेहेऽपि वीर कृष्णार्चनप्रभवा नो जहाति। अथो अहं जनसङ्गादसङ्गो विशङ्कमानोऽविवृतश्चरामि।१५।

હે રહૂગણ રાજા ! આ ભગવાનની પ્રાપ્તિ કોઈ તપથી થતી નથી કે યજ્ઞયાગાદિ અનુષ્ઠાનથી થંતી નથી કે ધનથી થતી નથી, કે દાનથી થતી નથી કે પરોપકારથી કે વેદાભ્યાસથી થતી નથી તેમજ જલ, અગ્નિ કે સૂર્યની ઉપાસનાથી પણ થતી નથી, માત્ર સંતચરણરજસેવન માત્રથી જ પ્રાપ્ત થાય છે (૧૨) હે રહૂગણ રાજા ! આ સંતજનોની સભાઓમાં વિષયવાર્તા તો ચર્ચાતી જ નથી પરંતુ વિષય, વિલાસ, વિકારનો વિનાશ કરનારો ઉત્તમ શ્લોક ભગવાન શ્રીકૃષ્ણની લીલાનો જ રસ પીરસાય છે, કેવલ હરિચર્ચા જ ત્યાં થાય છે. આ કથારસનું સદા સેવન, મુમુક્ષુ જનને, ભગવાન વાસુદેવમાં નૈષ્ઠિક અને શુદ્ધ બુદ્ધિ આપે છે. રાજન્ ! ભગવદવાર્તા સિવાય અન્ય કોઈ પણ લૌકિક વાત યોગભ્રષ્ટ કરશે. (૧૩) હે રાજન્, આ તો મારી જ આપવીતી છે કે અન્ય વાર્તા અને અન્ય સંગ યોગભ્રષ્ટ કરનારો થયો. સાંભળો રાજન્ મારી આત્મગાથા - હું પૂર્વે ભરત નામનો રાજા હતો. તે આ લોક તથા પરલોક સંબંધી સર્વ લાલસા ત્યજી દઈ શ્રીકૃષ્ણ ભગવાનનું શ્રીકૃષ્ણાર્ચન કરતો હતો. ત્યાં મૃગના અવતારમાં પણ મને એ વાતનું સ્મરણ ગયું ન હતું. પરંતુ રાજન્ ! શ્રીકૃષ્ણાર્ચન કદી વ્યર્થ નથી જતું. આ કૃષ્ણાર્ચનના જ બલથી સંગથી ડરીને એકાકી અસંગ અને અજ્ઞાત રીતે વિચરું છું. (૧૫) રાજા ! હવે એક રહસ્યની વાત. કહું કે માનવે કાં તો અસંગ રહી કે સુજન પ્રસંગમાં રહી જ્ઞાનખડ્ગ મેળવવું અથવા સર્વત્ર સંગ વિનાના ઉત્તમ આ જ લોકમાં મોહને છેદી નાખનાર ને ભગવાનની લીલાના કથન અને સ્મરણથી સ્વરૂપનું જ્ઞાન થવાને લીધે સંસારનો છેડો આવી જઈ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. (૧૬)

तस्मान्नरोऽसङ्गसुसङ्गजातज्ञानासिनेहैव विवृक्णमोहः । हरिं तदीहाकथनश्रुताभ्यां लब्धस्मृतिर्यात्यतिपारमध्वनः ।।

શ્રીમદ્ ભાગવતપીયૂષના પંચમ સ્કંધ સ્થિતિ લીલાના સ્વરૂપસ્થિતિ નામના પ્રથમ પ્રકરણમાંનો બ્રહ્મર્ષિ ભરતજીએ રહૂગણ રાજાને કરેલા ઉપદેશનું વર્ણન કરતો અધ્યાય ૧૨મો સમાપ્ત.

અધ્યાય ૧૩મો

[આ અધ્યાયમાં ૨૬ શ્લોકો છે. ભરત મહર્ષિ રહૂગણ રાજાને વિવેકવૃત્તિનાં દાન દેવા માટે ભવાટવીનું વર્ણન કરી રહ્યા છે. એ પ્રસંગ આ અધ્યાયમાં આવે છે.]

ब्राह्मण उवाच – दूरत्ययेऽध्वन्यजया निवेशितो रजस्तमःसत्त्वविभक्तकर्मदृक् ।
स एष सार्थोऽर्थपरः परिभ्रमन् भवाटवीं याति न शर्म विन्दति ।। १ ।।

ગહન વન

બ્રહ્મર્ષિ ભરતજી કહેવા લાગ્યા કે, રાજન્ રહૂગણ ! આપને એક યાત્રિક સંઘની ગાથા સંભળાવું. ભગવાનની વિલક્ષણ માયાથી પ્રેરાયલો યાત્રાએ નીકળેલો આ સંઘ રજોગુણ, તમોગુણ અને સત્ત્વગુણથી વહેંચાયેલાં કર્મોને જ પુરુષાર્થ માનતો અને તેવાં જ કર્મો કરતો સુખલાલસાથી એક વિપુલ અને ગહન ભવાટવીમાં અટવાતો આગળ વધ્યે જ જાય છે. છતાં નથી સુખ મળતું અને નથી અટકતો. (૧) રાજન્ ! આ યાત્રાસંઘે એક મોટી ભૂલ કરી કે એને જે રસ્તામાં માર્ગદર્શક શોધ્યો અથવા તો નટાર જેમ જે નાયક શોધ્યો તે જ દગાખોર અને અડધે રસ્તે લૂંટાવનાર હતો. આવા અવિશ્વાસુ ભોમિયાના[1] સંગે જતા આ સંઘને તે નાયકના સાથીદાર છ લૂંટારાઓએ[2] લૂંટી લીધો[3]. રાજન્ ! સમજો કે કોઈ વાઘ-વરુ ઘેટાંના ટોળામાં ઘૂસી જાય અને ઘેટાંને ખેંચી લાવે તેમજ શિયાળિયાં જેવા આ લૂંટારાઓ આ યાત્રાસંઘમાં

---

૧. નાયક એટલે બુદ્ધિ, ૨. ઈંદ્રિયો અને મન છ લૂંટારા, ૩. ધર્મ નામનું ધન લૂંટી લીધું

મૂકી દઈ ભાવાશ્રુથી ચરણ પખાળી પરમ ભક્તિ પામ્યા. આટલી મોટી કૃપા કરનાર તો પણ અનાસક્ત વિરક્ત ભક્ત શ્રી ભરતજી તો અંતઃકરણમાં કોઈ પણ પ્રકારના તરંગો વિનાના સ્થિર, ગંભીર અગાધ મહાસાગર સમા મહાપુરુષ જનજીવન મંગલ માટે પૃથ્વીમાં ફરવા લાગ્યા. (૨૪) શ્રી ભરતજી પાસેથી આત્માનું ખરું તત્ત્વ જાણવામાં આવતાં રહૂગણ રાજાએ પણ આત્મસ્વરૂપમાં અજ્ઞાનને લીધે થઈ પડેલી દેહાસક્તિ ભક્તિના બલથી ત્યજી દીધી. હે પરીક્ષિત રાજા ! એ પ્રમાણે ભગવાનના ભક્તોનો આશ્રય કરવાથી દેહનો અહંકાર ત્વરિત ટળી જાય છે. (૨૫)

પરીક્ષિતજીની જિજ્ઞાસા

શ્રીભરતજીના શ્રીમુખે ભવાટવીની દુર્બોધ કથા ન સમજી શકતા પરીક્ષિત રાજા પૂછે છે કે હે બહુશ્રુત પરમ ભાગવત ભરતજી આપશ્રીએ પરોક્ષ વચનથી અહીં જે જીવ લોકોના સંસારરૂપ માર્ગનું નિરૂપણ કર્યું તેના વિષયો ગંભીર, વિદ્વાનોના વિચારથી બતાવેલા હોવાને લીધે સહેજમાં સમજી શકાય એવા નથી, તો મારા ઉપર અપાર કૃપા કરી આ કઠિન ભવાટવીની કથા સ્પષ્ટ રીતે સમજાય તેનું સમાધાન કરવા અનુગ્રહ કરો એ જ ચરણે નમી વિનવું છું. (૨૬)

राजोवाच – यो ह वा इह बहुविदा महाभागवत त्वयाभिहितः परोक्षेण वचसा जीवलोकभवाध्वा स ह्यार्यमनीषया कल्पितविषयो नाञ्जसाव्युत्पन्नलोकसमधिगमः । अथ तदेवैतद्दुरखगमं समवेतानुकल्पेन निर्दिश्यतामिति ॥ २६ ॥

શ્રીમદ્ ભાગવત પીયૂષના પંચમ સ્કંધ સ્થિતિલીલાના સ્વરૂપસ્થિતિ નામના પ્રથમ પ્રકરણમાંનો ભવાટવી સ્વરૂપનું નિરૂપણ કરતો અધ્યાય ૧૩મો સમાપ્ત.

અધ્યાય ૧૪મો

[આ અધ્યાયયમાં ૪૬ શ્લોકો છે. ૧૩મા અધ્યાયમાં જે ૨૬ શ્લોકોમાં ભવાટવીની કથા કહી તેને વધુ સ્પષ્ટ કરવા માટે આ અધ્યાયનો આરંભ કર્યો છે. આ અધ્યાયમાં એ પ્રસંગ સરલતાથી સમજાવશે.]

स होवाच–य एष देहात्ममानिनां सत्त्वादिगुणविशेषविकल्पितकुशलाकुशलसमवहारविनिर्मितबिविधदेहावलिभिर्वियोग-संयोगाद्यनादिसंसारानुभवस्य । द्वारभूतेन षडिन्द्रियवर्गेण तस्मिन्दुर्गाध्ववदसुगमेऽध्वन्यापतित ईश्वरस्य भगवतो विष्णोर्वशवर्तिन्या मायया जीवलोकोऽयं यथा वणिक्सार्थोऽर्थपरः स्वदेहनिष्पादितकर्मानुभवः श्मशानवदशिवतमायां संसाराटव्यां गतो नाद्यापि विफलबहुप्रतियोगेहस्ततापोपशमनीं हरिगुरुचरणारविन्दमधुकरानुपदवीमवरुन्धे यस्यामु ह वा एते षडिन्द्रियनामानः कर्मणा दस्यव एव ते ॥ १ ॥

ભવાટવી એટલે કર્મજન્ય, જન્મમરણપરંપરા અને પાંચ જ્ઞાનેંદ્રિયો સાથે છઠ્ઠું મન આ છ લૂંટારુઓ છે.

૧૩મા અધ્યાયના અંતે રાજા પરીક્ષિતજીએ ભવાટવી વર્ણનને સરલતાથી સમજાવવા વિનવ્યું એટલે કૃપામંદિર શ્રી શુકાચાર્યજી બોલ્યા, રાજન્ પરીક્ષિત ! દેહાભિમાની સમસ્ત જીવો સત્ત્વ-રજ-તમોગુણ પ્રમાણે, મંગલ-અમંગલ, શુભ-અશુભ કે મિશ્ર એવાં ત્રણ પ્રકારનાં કર્મો કરતા જ હોય છે. આ ત્રણ પ્રકારનાં કર્મોને અનુસરીને આ જીવોના અનેક પ્રકારના દેહો બને છે. આ દેહોની સાથે સંયોગવિયોગ ધર્મવાળો અનાદિ સંસાર પણ જીવને પ્રાપ્ત થાય છે. આ સંસારના અનુભવ માટે મન અને પાંચ જ્ઞાનેંદ્રિયો સાથે છ દ્વાર હોય છે. આ ઈંદ્રિયોને આધીન બનેલો જીવસમૂહ ભગવતપ્રાપ્તિનો માર્ગ ભૂલીને ભયાનક ભવાટવીમાં ભટકતો ધનલોભી વણજારની માફક સર્વસમર્થ ભગવાન શ્રીકૃષ્ણને વશ રહેનારી માયાની પ્રેરણાથી વિકટ વન જેવી વિકટ સંસાર - અટવીમાં અટવાઈ જાય છે એટલે ફસાઈ જાય છે. આ વન તો સ્મશાન કરતાંય વધુ ખતરનાક છે અને અમંગલ છે. આ ભવાટવીમાં ભટકતો જીવ પોતાના દેહથી આચરેલા કર્મોના ફળને ભોગવ્યા કરે છે. સુખપ્રાપ્તિના અને દુઃખનિવૃત્તિના ઉદ્યોગો પણ કરે છે, પણ એમાંના ઘણા પ્રયત્નો નિષ્ફળ નીવડે છે. કારણ કે આ પ્રયત્નોમાં ભક્તિનું અવલંબન અને ભગવદાશ્રય નથી. ભ્રમર કમલરસ મકરન્દમાં જેવો અનુરાગ ધરાવે છે તેવો જ દૃઢાનુરાગ જો જીવ શ્રીહરિના અને શ્રીગુરુના ચરણકમલ મકરન્દમાં ધરાવે તો અનાયાસે આનંદ પામે. ભગવાન શ્રીકૃષ્ણના શ્રીમુખનાં જ વચનો છે કે જે જીવ મારે શરણે આવે છે તે મને પામે છે અને મારી માયાને તરે છે.

આજે પણ જીવસમૂહ આ અટવીમાં અટવાય છે. આ અટવીમાં છ ઈંદ્રિયો ચોરનું કામ કરે છે.

સંસારમાં ધર્મોપયોગી ધનની હાનિ

રાજા રહૂગણ ! માનવ પ્રયત્ન કરી ધન મેળવે છે પણ તેનું ધ્યેય ધર્મમાં વાપરવાનું જ હોવું જોઈએ. તેમજ ભગવાનની સેવામાં જ વિનિયોગ થવો જોઈએ. જે શ્રી તે ધનથી સિદ્ધ થયેલ ધર્મ પરલોકમાં નિઃશ્રેયસ્ પ્રાપ્ત કરાવનાર થઈ જાય છે, પરંતુ તે ધનના વિષયને સ્પર્શતા આ ધર્મ નામના ધનનો દર્શન, સ્પર્શ, શ્રવણ, સ્વાદ, સૂંઘવું વગેરે વિવિધ પ્રકારના સંકલ્પ વિકલ્પ ભરેલા સંસારના ક્ષુદ્ર ભોગો ભોગવવામાં ઉપયોગ કરી નાંખ્યો. ચોર લોકો જેમ દગાખોર નાયકવાળા સ્વયં પ્રમાદી સંઘનું ધન લૂંટી જાય તેમ સંસારાસક્ત બુદ્ધિવાળા અજિતેંદ્રિય માનવોના એ (૨) ભક્તિ નામના વિવેકનામના ધનને લૂંટી જાય છે. આ સંસાર નામના વનમાં સ્ત્રીઓને, સંતાનો વગેરેને આપણા હિતકર કુટુમ્બી માનીએ છીએ તે માત્ર મન મનાવવા માટે છે. શાન્ત ચિત્તે જોતાં તો તે વરુ, શિયાળ જેવાં જ લાગે છે કેમ કે તેઓ અત્યંત લોભી કુટુંબીજનો ઘણા યત્નથી સાચવી રાખેલા ધનને તેની મરજી વિરુદ્ધ તેની પાસેથી તે જોતો રહે છે છતાં જેમ ઘેટાંને વરુ લઈ જાય તેમ લઈ જાય છે. (૩) રાજન્ ! કોઈ ખેડૂત વરસોવરસ ખેડાતી ધરતીમાં રહેલા ચીલ જેવા ઘાસનાં બીજ બાળી ના નાખે તો ખેતર ફરીવાર વાવવામાં આવે ત્યારે પાછાં બાંટાં, ઝાંખરાં, જંગલના બીડ જેવું બની જાય છે. ગૃહસ્થાશ્રમ પણ આવો જ છે. એ એક પ્રકારનો વાસનાનો ખજાનો જ છે. એમાં કર્મોનો જો નાશ ન થાય તો ઉપર વર્ણવેલાં ખેતરોની જેમ એમાં પણ ફરી ફરી કર્મ અને કર્મકાફલો આવશે જ. (૪) આ સંસારયાત્રા સંઘના યાત્રિક માનવને ડાંસ અને મચ્છર, તીડ પક્ષીઓ ચોર લૂંટારુ સમા સ્વાર્થી અને ક્ષુદ્રજનોથી સદા પીડા થયા જ કરે છે. ગૃહસ્થે તો ધનને જ પ્રાણ માન્યા છે. તે તો બહાર જ હોય તેને તે બધા મળી લૂંટી લે છે. આ પ્રમાદીજીવ સંસારાટવીના માર્ગમાં ક્યાંનો ક્યાં ભટક્યા જ કરે છે રાજન્ ! વિવેકથી જોતાં લાગશે કે આ મનુષ્યલોક જો કે ગંધર્વ નગર જેવો જ છે તો પણ અજ્ઞાન, વાસના અને કર્મથી રંગાયેલા મનને લીધે ખોટા વિચારથી તેને સદા સત માની લે છે. (૫) ખાવાપીવા અને વિષય ભોગવવા વગેરે સુખરૂપ લાગતાં દુઃખોમાં જ લંપટ થઈને કોઈ કોઈવાર તો જીવો ઝાંઝવાના જલ જેવા વિષયો પાછળ ભટકે છે. (૬) કોક મનુષ્ય ઠંડીથી થાકી અગ્નિ શોધવા માટે અતિશય આતુર થયેલો હોય, જેમ ઉબાંડિયાને અગ્નિ માની તેની પાછળ દોડે છે, તેમ આ સંસારસંઘનો માનવ પણ કોઈ વખતે રજોગુણથી બુદ્ધિ ઘેરાઈ જતાં અગ્નિ જેવા ચળકતા અને સર્વદોષના ભંડાર અને અગ્નિમળ સમાન સુવર્ણને હસ્તગત કરવા દોડે છે. (૭) કોઈ વખતે નિવાસ માટે આવાસ અને નિર્વાહ માટે પાણી અને ધન વગેરે પોતાના નિર્વાહનાં સાધનોની ઘણી જ લાલચથી આ સંસાર નામના વનવગડામાં સર્વત્ર ભટક્યા કરે છે. (૫)

વિષયાંધતા

સંસારયાત્રિક સંઘમાં ભટકતો માનવ વાવંટોળ જેવી વામાંગનાના પ્રસંગમાં આવેલો તેની ગોદમાં બેઠેલો રજોગુણરૂપ ધૂળથી પોતે જાણે આંધળો બની ગયો હોય તેમ વિવેકી પુરુષોની મર્યાદા છોડી દે છે. તેને વિષયભોગમાં રાત કે દિવસનું ભાન જ નથી રહેતું. સ્ત્રીમાં મોહ પામેલા આ માનવની બુદ્ધિ રજોગુણ નામની ધૂળથી સંપૂર્ણ ઘેરાઈ જતાં શુભ-અશુભ કર્મના સાક્ષી દિશાઓના દેવતાઓ આ પાપ દેખી રહ્યા છે એવું તેને ભાન જ રહેતું નથી. (૯) કોઈ વખતે મનમાં "વિષયો વ્યર્થ" છે એવું એકવાર આવી જાય છે તો પણ દેહના અભિમાનને લીધે તે સ્મરણ ક્ષણિક જ હોય છે તેથી મૃગજલ જેવા વિષયોની પાછળ ભટક્યા જ કરે છે. (૧૦)

કોઈ વખતે ઘુવડ અને તમરાંની પેઠે રાજકુળ અને શત્રુઓએ પ્રત્યક્ષ અથવા પરોક્ષ ઉચ્ચારેલાં અત્યંત ક્રૂરતા અને કઠોરતા ભરેલાં તિરસ્કારનાં વચનોથી કાન અને હૃદયમાં બહુ જ વ્યથા ઊઠે છે. (૧૧) પૂર્વજન્મોનાં સંપાદન કરેલાં પુણ્યોના ઉપભોગથી, ક્ષય થવાથી પુણ્યશૂન્ય જીવો, જીવતા છતાં મરેલા જેવા હોય છે. તેઓ બીજા જીવોની પાસે ધન આદિ લેવા જાય છે. પરંતુ તે જીવો ધનવાળા હોવા છતાં તેમનાં ધન ફળવાળાં કારસ્કર કાકતુંડ, વિષલતા અને કુટજ

નામનાં ઝેરીલાં ફળ હોઈ જેમ નિષ્પ્રયોજન છે, તેમજ ઝેરીલા કૂવાના જળજેવાં હોઈ આલોક કે પરલોકના પ્રયોજનથી રહિત હોય છે તેથી નિષ્ફળ છે તેમ તે લોકોનાં ધનાદિ નિષ્ફળ છે. તેઓનો આશ્રય લેવાથી દુઃખ જ પ્રાપ્ત થાય છે. (૧૨) કોઈ વખતે નીચ લોકોના પ્રસંગથી ઠગાઈને પાણી વગરની નદીઓમાં પડનારની પેઠે બન્ને તરફથી દુઃખદાયી પાખંડપંથમાં ફસાઈ જાય છે. (૧૩)

આ યાત્રાસંધી જીવ કોઈને ઠગીને કે સતાવીને પણ અન્ન વગેરે મેળવી શકતો નથી ત્યારે બાપને, દીકરાઓને કે બાપદીકરાની કાંઈ પણ સામાન્ય મૂડી જેમની પાસે હોય તેમને જઈને સતાવે છે અને પરિણામે તે દાવાનળ સમાન બળતરાથી ભરેલા અને કોઈ પણ પ્રિય વસ્તુ વિનાના દુઃખરૂપ એવા ઘરમાં જ શોકરૂપ અગ્નિથી બળતાં બહુ જ દુઃખ પામે છે. (૧૪-૧૫) કોઈ વખતે કાળગતિને લીધે પ્રતિકૂળ થયેલા રાજકીય લોકોરૂપ રાક્ષસો ધનરૂપ પ્યારા પ્રાણ હરી લે ત્યારે પ્રાણ વગેરે ટળી જતાં શબ સમાન બની જઈ બેસી રહે છે. (૧૬) કોઈ સ્વપ્નના મનોરથો જેવા અલ્પ સમય માટે અલ્પ સુખ દેનારા પિતા - પિતામહ વગેરેના સંબંધોને ચિરંતન માનીને, તેમના સહવાસમાં રહીને સ્વાપ્નિક સુખોની માફક ક્ષણિક સુખોનો અનુભવ કરે છે. (૧૭) કોઈ વખતે ગૃહસ્થાશ્રમમાં મહત્ત્વાકાંક્ષાવાળાં અત્યંત મોટાં કાર્ય નામના પર્વત ઉપર ચઢવાની ઈચ્છા કરતાં લોકો તરફથી કે બીજી રીતે મુશ્કેલીઓ કે વિઘ્નો આવી પડતાં એમ લાગે કે કાંટા અને કાંકરાવાળા જાળામાં ફસાઈ પડ્યા છે માનીને પીડાય છે. (૧૮) કોઈ વખતે સહન ન થાય એવા જઠરાગ્નિથી નિર્બળ થઈ જતાં પોતાના કુટુંબ ઉપર ક્રોધ કરે છે. (૧૯) આનો આ જ પીડા પામેલ જીવ પાછો ગાઢ નિદ્રા નામના અજગરના મુખમાં મુકાઈ જાય છે ત્યારે અંધારામાં ડૂબી જઈને જાણે ઉજ્જડ વનવગડામાં સૂતો હોય એવો થાકી જાય છે અને વગડામાં ફેંકી દીધેલા શબની માફક કાંઈ પણ જાણતો નથી. (૨૦) આ સંસારયાત્રામાં દુર્જન નામના ક્રૂર ખલજનો જ્યારે ગર્વ નામની દૃઢ દાઢ ભાગી નાંખે છે એટલે માનભંગ કરે છે ત્યારે ક્ષણ માત્ર પણ નિદ્રા આવતી નથી અને મનમાં માનહાનિથી થતી વ્યથાને લીધે ક્ષણક્ષણ વિવેકવૃત્તિ નાશ પામતાં આંધળાની પેઠે ઊંડી ખાઈ જેવા અન્ધઃ તમઃ નામના ઘોર નરકમાં પડે છે. (૨૧)

પરસ્ત્રી-પરધનની લાલસા

આ સંસારી જીવસમૂહ જ્યારે વિષયવિલાસ નામની મધલાળથી લાલચુ બનેલો પરસ્ત્રી અને પરદ્રવ્યને છુપાઈને ઝડપે છે કે ઉઠાવવા ચાહે છે ત્યારે રાજાને હાથે અથવા તો તેના સ્વામીઓને હાથે માર્યો જાય છે અને તરત જ દુઃખો ભોગવી અંતે રૌરવ નરકમાં પડે છે. (૨૨) ખરું જોતાં આ પ્રવૃત્તિમાર્ગમાં માનવનાં જે કર્મ છે તે જ આ લોક તથા પરલોક સંબંધી સંસારપ્રાપ્તિનાં કારણ છે એમ શાસ્ત્રથી નક્કી થાય છે. (૨૩) પરધનના, પરદારાના રક્ષકોના, રાજાના, માલિકોના માર મારવાના ત્રાસમાંથી કદાચ છટકી જાય છે તો પણ તેની પાસે આવેલ તે વસ્તુ તેની પાસેથી વળી દેવદત્ત નામનો માનવ પડાવી જાય છે તો દેવદત્ત પાસેથી વળી વિષ્ણુમિત્ર નામનો ત્રીજો જ માણસ લઈ જાય છે. એના હાથમાં ન તો ધન, ન તો પરદારા આદિ કંઈ રહે છે આવી દશા થતાં તે ભોગવી શકતો નથી કે લાલસા પણ ત્યજી શકતો નથી. (૨૪)

કોઈ વખતે ઠંડી અને ગરમી વગેરે આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક એવા તન-મન-ધનથી કે દૈવગતિથી થયેલાં દુઃખોનું નિવારણ કરવામાં અશક્ત હોવાથી અપાર ચિંતામાં મૂંઝાઈને ઉદાસ બની બેસી રહે છે. (૨૫) કોઈ વખતે પરસ્પરમાં લેવડદેવડ કરતાં નાનીસૂની કોડી જેવી ક્ષુલ્લક રકમ માટે કે તેથી પણ ઓછાવત્તા ધનના અત્યંત લોભને લીધે બીજાઓ સાથે ઠગાઈ કરે છે ત્યારે તેના માલિકો સાથે દ્વેષનું પાત્ર થાય છે. (૨૬)

અપાર આપત્તિઓ

ભાઈ રહૂગણ ! આ ભવાટવીમાં આવાં અપાર વિઘ્નો છે તથા બીજી પણ સુખઃદુઃખ, રાગદ્વેષ, ભય, અભિમાન, પ્રમાદ, શોક, મોહ, મત્સર, ઈર્ષ્યા, અપમાન, ભૂખ, તરસ, આધિ, વ્યાધિ, ઉપાધિ, જન્મ, જરા અને મૃત્યુ વગેરે અપાર આપત્તિઓ છે. (૨૭)

સ્વરૂપવિસ્મૃતિ

રાજન્ રહૂગણ, આ જીવસંઘ કર્મવશ સર્વત્ર ભટકે છે ત્યાં તો દેવમાયા સરખી ગૃહિણીના બાહુલતાના, આલિંગનના ક્ષણિક અને ક્ષુદ્ર આનંદમાં વિવેકશૂન્ય બની જાય છે. પછી તો સંસારસુખને શાશ્વત માનીને વસવાટ માટે ઘર બાંધવાની પેરવાઈમાં પડી જાય છે. સ્ત્રી સાથે વસતાં સંસારધર્મથી પુત્ર, પુત્રી, પૌત્રી વગેરે સાથે બોલવું, તેમને બોલાવવાં, તેમને જોવાં આવી વિવિધ ચેષ્ટાઓથી ચિત્ત ચોરાઈ જાય છે. પોતાનું સ્વરૂપ પોતાના આત્માને અપાર અંધકારમય નરકોમાં નાખી દે છે. (૨૮)

રાજા રહૂગણ ! આ કાલચક્ર ભગવાન વિષ્ણુનું આયુધ-શસ્ત્ર છે. આ શસ્ત્ર પરમાણુ, લવ, ત્રુટિ, ક્ષણ, ઘડી, પ્રહર, દિવસ વગેરે અને અંતે દ્વિપરાર્ધ નામના અવયવોનું બનેલું છે. આ કાલચક્ર નામનું શસ્ત્ર નિરંતર સાવધાન રહીને ફર્યા કરે છે. આ કાલચક્રની બાલ્યાવસ્થા, પૌગંડાવસ્થા, કિશોરાવસ્થા, યુવાવસ્થા, વૃદ્ધાવસ્થા નામની બદલાતી અવસ્થાઓવાળી વેગીલી ગતિવાળું છે. સતત ગતિશીલ આ ચક્ર બ્રહ્માજીથી લઈને નાનામાં નાના તૃણનાં થુંબડાં પર્યન્ત સર્વ ભૂતોના સંહાર કર્યે જાય છે. આ કાલચક્રની ગતિને કોઈ અટકાવી શકતું નથી. જીવસંઘ આ કાલચક્રથી ભયભીત બનેલો છે છતાં તેના ત્રાસમાંથી છૂટવા માટે સાક્ષાત્ યજ્ઞપુરુષ જે ભગવાનનું આ ચક્ર છે તેના શરણથી જ છૂટી શકાય છે, તેમની જ આરાધનાથી છૂટી શકાય છે તેવી સમજણ વિનાનો મંદમતિ મનુષ્ય પાખંડીઓના ફંદામાં ફસાઈ જાય છે, તેમના બતાવેલા પાખંડકલ્પિત, આર્યશાસ્ત્રોમાં નહિ લખેલા તેમજ કાગડા, ગીધ, બગલા અને વટપક્ષી જેવા દંભી દેવતાઓને અને માર્ગોને ભજવા લાગે છે. (૨૯) રાજા રહૂગણ ! આ પાખંડી લોકો બિચારા દયાપાત્ર છે કારણ કે પોતે જ અંધારામાં છે. તેમના આશ્રયે ચાલેલો આ જીવસમૂહ જ્યારે આ પાખંડીઓથી ઠગાય છે ત્યારે તે દુઃખી થઈને સદાચારી બ્રાહ્મણોને શરણે જાય છે. તે બ્રાહ્મણો તે જીવસમૂહને ઉપનયન સંસ્કાર કરીને ક્રમશઃ શ્રૌત, સ્માર્ત પુણ્યકર્મો દ્વારા યજ્ઞપુરુષ ભગવાનની આરાધના કરવાની શાસ્ત્રોક્ત રીત બતાવે છે, પરંતુ આ રીતિ તેને નથી રુચતી, કારણ કે તેનામાં વેદોક્ત આચાર અને અનુકૂલ શુદ્ધિ નથી હોતી, તેથી તે કર્મશૂન્ય શૂદ્રકુલમાં પ્રવેશ કરે છે, આ ક્ષુદ્ર કુલનો સ્વભાવ વાનરોના જેવો આચારવિચારરહિત સ્ત્રીસેવન અને કુટુમ્બપોષણનો જ હોય છે. (૩૦)

કુસંગ : આખરે આચારવિચારશૂન્ય સમાજમાં ક્ષુલ્લક બુદ્ધિનો માનવ કોઈ જાતનો શાસ્ત્રનો પ્રતિબંધ નહિ રાખતાં મનગમતી ક્રીડા કરે છે અને એકબીજાના મુખદર્શનને જ લાભ માની પશુધર્મથી જીવતો માનવ મરણના સમયને પણ ભૂલી જાય છે (૩૧) આ યાત્રિકસંઘ તો કોઈ વખતે બચ્ચાં અને સ્ત્રી સાથે વૃક્ષ ઉપર વિચરતા વાનરની માફક આ લોકના નશ્વર પદાર્થોમાં, વિલાસભોગમાં જ આનંદ માને છે અને પુત્ર તથા સ્ત્રીઓ ઉપર જ પ્રીતિ રાખે છે. (૩૨) સંસારયાત્રિક જીવો આ પ્રમાણે ભવસાગરમાં રહેલા પ્રવૃત્તિમાર્ગમાં સુખદુખાદિક ભોગવી રહ્યા હોય છે ત્યાં રોગ નામની ભયંકર પર્વતની ગુફામાં ફસાઈ જાય છે અને મૃત્યુરૂપ હાથીના ભયથી ભયભીત થઈને ભટકે છે, (૩૩) ભાઈ રહૂગણ ! કોઈવાર ઠંડી-ગરમી વગેરે વિવિધ પ્રકારના આધ્યાત્મિક, આધિભૌતિક વગેરે દુઃખોનું તન-મન-ધનના રોગોને અને અન્ય દુઃખોને દૂર કરવામાં અનેક પ્રકારની પીડાથી મૂંઝાઈ લમણે હાથ દઈ બેસી રહે છે. (૩૪)

લોભે લક્ષણ જાય

આ યાત્રાસંઘ કોઈવાર લેતાં વેચતાં ખરીદતાં ખૂબ જ કંજૂસાઈ કરે તો વળી લોભથી થોડું ઘણું ધન મેળવે છે. (૩૫) ત્યારે વળી કોઈ વખતે ધન ખૂટી જતાં ખાવા-પીવા-પાથરવા-ઓઢવા-હરવા-ફરવા વગેરેના ઉપભોગ મળતા નથી ત્યારે તે ફરીથી ધનને પ્રાપ્ત કરવાનો મનોરથ કરે છે પરંતુ તે શ્રમ પણ વ્યર્થ જાય છે. અન્તે જતી રહેલી વસ્તુ પાછી મેળવવા માટે ચોરી-લૂંટ-જુગાર વગેરે રસ્તા આદરે છે ત્યારે સર્વત્ર અપમાનને પાત્ર થાય છે. (૩૬)

હે રાજા રહૂગણ ! આ યાત્રાસંઘ, પરસ્પરમાં થતી ધનની લેવડદેવડને લીધે આપસઆપસમાં વૈર બંધાય છે તો પણ પૂર્વની વાસનાથી વિવશ બનીને પુનઃ આપસમાં લેવડદેવડનો તેમજ પરસ્પરમાં વિવાહાદિનો સંબંધ કરતો રહે છે.

શાલીભદ્ર

તોડતો રહે છે અને દુઃખી થતો રહે છે (૩૭). ભવાટવીમાં ભટકતો આ યાત્રિક સંઘ વિવિધ પ્રકારના ક્લેશ, અનેકવિધ વિઘ્નો અને પુષ્કળ પ્રમાણમાં પીડાઓથી પીડિત થવા છતાં પણ રસ્તામાં જતાં જેના ઉપર જ્યાં આપત્તિ આવે છે તેને, કે રસ્તામાં જો કોઈ મરણ પામે છે તો તેને ત્યાંને ત્યાં જ ત્યજી દે છે અને નવા જન્મેલાઓ સાથે જોડાઈ જાય છે. આ યાત્રિકજીવ કોઈ વાર કોઈને માટે શોક કરતો હોય છે તો કોઈના દુઃખને દેખીને પોતે પણ મૂર્ચ્છિત થઈ જાય છે તો કોઈના વિયોગ થવાની શંકાથી ભયભીત થઈ જાય છે, તો વળી કોઈની સાથે ઝઘડી પડે છે. કોઈ આપત્તિ આવી તો રોવા માંડે છે, માથું કૂટે છે કે કકળાટ કરી મૂકે છે, તો વળી કોઈ વાર મનગમતી વસ્તુ મળી ગઈ કે બની ગઈ તો પ્રસન્નતાનો માર્યો ફુલાઈ જાય છે. કોઈ વખત ગાવા માંડે છે, બોજો ઉઠાવે છે કે કોઈ વાર બંધાઈ જવામાં સંકોચાતો નથી. આ યાત્રિકસંઘ સાધુજનની સમીપે નથી જતો અને સાધુજન એની પાસે પણ આવતા નથી. આ પ્રમાણે આ કાફલો સતત આગળ વધ્યા જ કરે છે. દુઃખની વાત તો એ છે કે આ સંઘે જ્યાંથી યાત્રાનો આરંભ કર્યો છે અને યાત્રાનો જ્યાં પૂર્ણવિરામ અનિવાર્ય છે એવા શ્રીહરિના ચરણકમલ પર્યંત તે પાછો નથી વળ્યો (૩૮). રાજા રહૂગણ યોગશાસ્ત્ર પણ પરમાત્મા સુધી પહોંચી શકતું નથી તો યોગી પહોંચી જ શી રીતે શકે ? જે શાસન કરતા રાજાઓએ રાજ્યશાસનાદિનો ત્યાગ કર્યો છે તેમજ નિવૃત્તિપરાયણ બનીને મનનશીલ મુનિજન બન્યા છે તે પુણ્યશીલ પુરુષો પરમાત્માને પ્રાપ્ત કરી શકે છે (૩૯). રાજા રહૂગણ ! અધિક શું કહેવું ? જે દિગ્ગજોને જીતનારા છે, વળી અશ્વમેઘ જેવા મહાન યજ્ઞોના અનુષ્ઠાન કરનારા છે તેઓની પણ ભગવચ્ચરણકમલ પર્યન્ત પહોંચવાની શક્તિ નથી. આવા વીર પુરુષો રણભૂમિમાં શત્રુઓનો સામનો કરીને કેવલ પ્રાણોનો પરિત્યાગ કરતા હોય છે. આ ભૂમિ મારી છે એવા અભિમાનપૂર્વક વૈર બાંધ્યાં હતાં એવી ભૂમિમાં જ શરીર ત્યજીને તેઓ આ લોક ત્યજીને સ્વર્ગાદિ લોકમાં જાય છે. પરંતુ સંસાર-બંધનથી તેઓ મુકત થઈ શકતા નથી. (૪૦) રાજન્ માની લો કે કોઈ પુણ્યાત્મા પોતાના પુણ્યકર્મરૂપ લતાનો આશ્રય લઈને આ સર્વ આપત્તિઓથી કે નરકલોકથી છુટકારો મેળવી શકે તો પણ આ ભવાટવીમાં ભટકતો આ જનસમુદાયમાં ભળી જાય છે. રાજન્ ! આવી જ સ્થિતિ સ્વર્ગાદિ ઉર્ધ્વ લોકોમાં જનારા જીવોની થાય છે (૪૨).

બ્રહ્મર્ષિજી ભરતજીની અગેય ગાથા

રાજન ! રાજર્ષિ ભરતજીના ચરિત્રને માટે પંડિતજનો નીચે પ્રમાણે ગાય છે કે, "માખી જેમ ગરુડના માર્ગને મનથી પણ અનુસરી શકે નહિ તેમ ઋષભદેવના રાજકુમાર મહાત્મા ભરતજીના માર્ગને કોઈ પણ રાજા મનથી પણ અનુસરવાને સમર્થ નથી" (૪૨).

બ્રહ્મર્ષિ શ્રી ભરતજીએ શ્રી ઠાકોરજીના ચરણસરોજની સેવાના અનુરાગના બલથી યૌવનમાં જ સ્ત્રીઓ, પુત્રો, સ્નેહીજનો અને રાજ્યપદાર્થને મલ જેવાં માની ક્ષણમાં ત્યજી દીધાં. બાકી મન સાથે ઓતપ્રોત થનારા અને તજી શકાય નહીં એવા પદાર્થોનો ત્યાગ કાંઈ હરિકૃપા વિના સુલભ નથી. (૪૩).

રાજન્ રહૂગણ ! પૃથ્વી, પુત્રો, સંબંધીઓ, ધન અને સ્ત્રીઓ તેમજ સમર્થ દેવતાઓ પણ જે લક્ષ્મીજીને મેળવવા તપ કરે, લાલસા સેવે તે લક્ષ્મીજી એમ ચાહે છે કે ભરતજી પોતાના ઉપર કૃપાદૃષ્ટિ કરે તેવા એ પણ લક્ષ્મીજીની લાલસા ન કરી. રાજન્ ! આવું સામર્થ્ય તો માત્ર મહાપુરુષોને માટે જ સંભવે. ભરતજીને ઉત્તમશ્લોક ભગવાન શ્રીકૃષ્ણની અને શ્રીકૃષ્ણસેવાની એક જ લાલસા હતી રાજન્ ! ભરતજી જેવા સજ્જનો મોક્ષને પણ તુચ્છ માને (૪૪).

ભગવત્કૃપાનું બળ

यज्ञाय धर्मपतये विधिनैपुणाय योगाय सांख्यशिरसे प्रकृतीश्वराय ।
नारायणाय हरये नम इत्युदारं हास्यन्मृगत्वमपि यः समुदाजहार ॥ ४५ ॥

શ્રીયજ્ઞપુરુષ કે જે યજ્ઞાદિકના ફળ આપનારા છે, ધર્મના સ્વામી છે, જ્ઞાનરૂપ ફળ આપનારા છે, અષ્ટાંગ યોગરૂપ છે, સાંખ્યશાસ્ત્રના મુકુટ સ્વરૂપ છે, પ્રકૃતિના નિયામક નારાયણ છે તે શ્રીહરિ ભગવાનને હું પ્રણામ કરું છું. આવાં અષ્ટ

ઐશ્વર્યવાળા ભગવાનનાં અષ્ટનામ મૃગદેહને ત્યજતાં શ્રીભરતજી બોલ્યા હતા તેના જેવું બીજા કોનાથી થઈ શકે ? (૪૫)

પરમ ભગવદીયજનો જેના શુદ્ધ ગુણ અને કર્મોના યશ ગાય છે એવા રાજર્ષિ ભરતનું આ ચરિત્ર કલ્યાણ કરનાર, આયુષ્ય વધારનાર તથા ધન, યશ, સ્વર્ગ અને મોક્ષને આપનાર છે. તેનું જે જન શ્રવણ કરે, કીર્તન કરે અને પ્રશંસા કરે તેને બીજા કોઈની ગરજ નહિ રહેતાં સમસ્ત ઈષ્ટ પદાર્થો સ્વયં આવીને મળે છે. (૪૬)

य इदं भागवतसभाजितावदातगुणकर्मणो राजर्षेर्भरतस्यानुचरितं स्वस्त्ययनमायुष्यं धन्यं यशस्य स्वर्ग्यापवर्ग्यं वानुशृणोत्याख्यास्यत्यभिनन्दति च सर्वा एवाशिष आत्मन आशास्ते न कांचन परत इति ॥ ४६ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષનો પંચમ સ્કંધનો સ્થિતિલીલાના સ્વરુપસ્થિતિનામનો પ્રથમ પ્રકરણમાંના ભવાટવીવર્ણન નામનો અધ્યાય ૧૪મો સમાપ્ત.

અધ્યાય ૧૫મો

[આ અધ્યાયમા ૧૬ શ્લોકો છે. મહારાજશ્રી ભરતજીના વંશનું વર્ણન કરવામાં આવ્યું છે.]

श्रीशुक उवाच : भरतस्यात्मजः सुमतिर्नामाभिहितो यमु ह वाव केचित्पाखण्डिन ऋषभपदवीमनुवर्तमानं चानार्या अवेदसमाम्नाता देवतां स्वमनीषया पापीयस्या कलौ कल्पयिष्यन्ति ॥ २ ॥

શ્રી ભરતજીનો વંશ

શ્રી શુકાચાર્યજીએ રાજા રહૂગણની ઈચ્છાને માન આપી ભવાટવીનું સ્પષ્ટીકરણ કરીને શ્રી ભરતજીના વંશનું વર્ણન કરતાં કહ્યું કે રાજન્ રહૂગણ ! શ્રી ભરતજીને ત્યાં 'સુમતિ' નામના પુત્ર થયા. તેઓ રાજા થયા અને દિગ્વિજયી બન્યા. શ્રી સુમતિજી શ્રી ઋષભદેવજીના માર્ગને અનુસરતા હતા. તેમની પરમહંસ જીવનચર્યાના અણજાણપણાને લીધે કળિયુગમાં કેટલાક અનાર્ય પાખંડી જનો પોતાની પાપમતિથી, વેદમાં નહીં વર્ણવેલા છતાં સુમતિને દેવના અવતારમાં માનશે અથવા ગણના કરશે. (૧)

શ્રી સુમતિજીને ત્યાં વૃદ્ધસેના નામની પત્નીમાં દેવતાજિત નામના પુત્ર થયા. (૨) દેવતાજિતને ત્યાં આસુરી નામનાં પત્નીમાં દેવદ્યુમ્ન નામના પુત્ર થાય. દેવદ્યુમ્નને ત્યાં ધેનુમતી નામનાં પત્નીમાં પરમેષ્ઠી નામના પુત્ર થયા. પરમેષ્ઠીનાં સુવર્ચલા નામની પત્નીમાં પ્રતીહ નામના પુત્ર થયા. (૩) શ્રી પ્રતીહ આત્મવેત્તા હતા. તેમણે ઘણા લોકો પાસે બ્રહ્મવિદ્યાનું વ્યાખ્યાન કર્યું હતું. સ્વયં ભક્ત હોઈ, શુદ્ધશીલ હોઈ પરબ્રહ્મનો સાક્ષાત્કાર પામ્યા હતા (૪). શ્રી પ્રતીહજીને ત્યાં સુવર્ચલા નામનાં પત્નીમાં પ્રતિહર્તા, પ્રસ્તોતા અને ઉદ્ગાતા નામના ત્રણ પુત્રો થયા. આ ત્રણે પુત્રો કર્મકાંડમાં કુશળ હતા. પ્રતિહર્તાને સ્તુતિ નામનાં પત્નીમાં 'અજ' અને 'ભૂમા' નામના બે પુત્રો થયા. (૫) ભૂમાને ઋતુકુલ્યા નામનાં પત્નીમાં ઉદ્ગીથ નામના પુત્ર થયા. ઉદ્ગીથને ત્યાં દેવકુલ્યા નામના પત્નીમાં પ્રસ્તાવ નામના પુત્ર થયા. પ્રસ્તાવને ત્યાં નિયુત્સા નામની પત્નીમાં વિભુ નામના પુત્ર થયા. વિભુને ત્યાં રતિ નામનાં પત્નીમાં પૃથુષેણ નામા પુત્ર થયા. પૃથુષેણને આકૂતિ નામની પત્નીમાં નક્ત નામના પુત્ર થયા. નક્તને ત્યાં દ્રુતિ નામની પત્નીમાં મોટા રાજર્ષિ અને ઉત્તમ કીર્તિવાળા 'ગય' નામના પુત્ર થયા. રાજન્ ! મહારાજા ગયને સત્ત્વગુણથી સર્વ વિશ્વની રક્ષાકરનાર સાક્ષાત્ વિષ્ણુ ભગવાનના અંશરૂપ માન્યા છે. મહારાજ ગય સંયમાદિ અનેક સદ્ગુણો અને જ્ઞાનીપણાનાં લક્ષણોથી મહાપુરુષની પદવી પામ્યા હતા. (૬)

મહારાજ ગયની ગાથા

આવા મહાપુરુષ ગયરાજે પ્રજાનું પાલન-પોષણ-અનુરંજન-સ્નેહપૂર્વક લાલન, પ્યાર, ઉચિત અવસરે આવશ્યક દંડ વગેરે શાસન કરી પ્રજાને સન્માર્ગે રાખવાના સ્વધર્મનું પાલન અને યજ્ઞયાગાદિ પણ કેવલ નિષ્કામભાવે ભગવત પ્રીત્યર્થ આચરી ભગવાનની કૃપા મેળવવા જ વિચાર્યું હતું. રાજા ગયે સર્વ પ્રકારે ધર્માચરણ કરી સર્વ કર્મો સર્વશ્રેષ્ઠ પૂર્ણપુરુષ

શ્રીકૃષ્ણ ભગવાનને જ સમર્પિત કરતાં પરમાર્થ સ્વરૂપ જ બન્યા હતા. રાજા ગય સર્વ કર્મ શ્રીહરિને સમર્પતાં, બ્રહ્મવિદ્ પુરુષોના ચરણારવિંદની સેવાના ફલસ્વરૂપે પરાભક્તિ પામ્યા. હવે ઉત્તરોત્તર હરિનામરટણના સ્મરણના પ્રભાવે ચિત્ત વિશુદ્ધ થયું. દેહગેહમાંથી આસક્તિ ટળી ગઈ. અહંભાવ. ઓગળી બ્રહ્માનંદનો અનુભવ કરવા લાગ્યા. આવી જીવનની દિવ્ય ભૂમિકા છતાં અનાસક્તિયોગે પૃથ્વીનું પ્રેમથી, રાજ્યધર્મથી પાલન કરતા હતા. (૭) હે પાંડવવંશદીપક રાજન્ પરિક્ષિતજી ! જે પુરાવિદ્ મહાપુરુષો ગય રાજર્ષિ મહારાજની દિવ્ય ગાથાનાં ગાન કરે છે તે પંચશ્લોકી સુધાનાં પાન કરો.

गयं नृपः कः प्रतियाति कर्मभिः यज्वाभिमानी बहुविद्धर्मगोप्ता । समागतश्रीः सदसस्पतिः सतां सत्सेवकोऽन्यो भगवत्कलामृते ॥९॥

यस्याध्वरे भगवानध्वरात्मा मघोनि माद्यत्पुरुसोमपीथे । श्रद्धाविशुद्धाचलभक्तियोगसमर्पितेज्याफलमाजहार ॥ १२ ॥

ગય રાજાના પુણ્યકર્મથી અને દિવ્ય જીવનથી ગય રાજાની સરસાઈ કયા રાજા કરી શકશે ? મહારાજ ગય ઉત્તમ કક્ષાના યાજ્ઞિક, વેદવિધિને અનુસરી યજ્ઞ કરનારા, મનસ્વી, સર્વના સન્માનપાત્ર, બહુશ્રુત, ધર્મનું રક્ષણ કરનાર, શ્રીદેવીના કૃપાપાત્ર, સત્પુરુષોની સભાના અધ્યક્ષ અને સજ્જનના શ્રેષ્ઠ સેવક ગયરાજા વિના બીજું કોણ સંભવે ? શ્રી ગયરાજા તો ભગવાનના કલાઅવતાર હતા માટે દિવ્ય ગુણોના પાત્ર બન્યા. (૯)

સત્યવચના, સત્યસંકલ્પા અને સત્યશીલા એવી શ્રદ્ધા, મૈત્રી, દયા, શાંતિ તુષ્ટિ, પુષ્ટિ, ક્રિયા, ઉન્નતિ, બુદ્ધિ, મેધા, તિતિક્ષા, લજ્જા, મૂર્તિ વગેરે દક્ષરાજની તેર તેર કુંવરીઓએ શ્રીગંગા-યમુના-સરસ્વતી વગેરે સરિતાઓનાં પાવન જલથી મહારાજા ગયનો રાજ્યાભિષેક કર્યો હતો. પ્રભુભક્ત ગયરાજા સર્વથી નિષ્કામ હતા. નિષ્કામ ગયરાજાના ગુણો ઉપર સ્નેહ ધરાવતી ધરણીદેવીએ ગાય જેમ પોતાના વાછરડા ઉપર પ્રેમથી પાસો-પાનો મૂકે અને દૂધ આપે તેમ ગયરાજાના રાજ્યની પ્રજાના સર્વ મનોરથો પૂર્ણ કર્યા અને અન્ન-રત્ન-ધન આદિ અઢળક સુખો આપ્યા. (૧૦) નિષ્કામ છતાં ગય રાજાને વેદોક્ત કર્મોએ સર્વ સમૃદ્ધિઓ સમર્પી દીધી. રણસંગ્રામમાં ગયરાજાનાં બાણોથી જિતાયેલા રાજાઓ પણ ગયરાજાના સદ્‌ગુણોની કદર કરતા હતા. ત્યારે વિપ્રો પણ યજ્ઞાદિ કાર્યોમાં મળતી દક્ષિણાઓથી પ્રસન્ન રહેતા તેમજ તે કૃતજ્ઞ વિપ્રો પોતાના પુણ્યકર્મના ફલનો છઠ્ઠો ભાગ રાજ્યમંગલ માટે રાજાને આપતા હતા. (૧૧) ગયરાજાના સોમયાગમાં પુષ્કળ સોમરસનું પાન કરતાં મહારાજ ઈન્દ્રને ઘેન ચઢી જતાં ઉન્મત્ત બની ગયા ત્યારે શ્રદ્ધાથી શુદ્ધ અને અવિચળ ભક્તિથી અર્પણ કરેલાં યજ્ઞનાં ફળને સ્વીકારવા યજ્ઞસ્વરૂપ ભગવાન પ્રત્યક્ષ પધાર્યા હતા. (૧૨) જે ભગવાનને પ્રસન્ન કરવાથી બ્રહ્માજીથી આરંભી દેવ, પશુ, પક્ષી, મનુષ્ય, લતા અને તૃણ પર્યન્ત સમસ્ત જગત પ્રસન્ન થાય છે તે સર્વના અંતર્યામી ભગવાને ગયરાજાના યજ્ઞમાં પ્રસન્ન થઈને પોતાની પ્રસન્નતા પ્રકટ કરી હતી. (૧૩)

એ ગયરાજાને ગયંતી નામની રાણીથી ચિત્રરથ, સુગતિ અને અવરોધન નામના ત્રણ પુત્રો થયા. ચિત્રરથને ઊર્ણા નામની સ્ત્રીથી સમ્રાજ નામે પુત્ર થયા. (૧૪) સમ્રાજને ઉત્કલા નામની પત્નીમાં મરીચિ નામના પુત્ર થયા. મરીચિને બિંદુમતી નામની રાણીમાં બિંદુમાન નામના પુત્ર થયા. બિંદુમાનને સંસ્થા નામની પત્નીમાં મધુ નામના પુત્ર થયા. મધુને સુમના નામની પત્નીમાં વીરવ્રત નામના પુત્ર થયા. વીરવ્રતને ભોજા નામની સ્ત્રીમાં મંથુ અને પ્રમંથુ નામના બે પુત્રો થયા. મંથુને સત્યા નામની રાણીમાં ભૌવન નામે પુત્ર થયા. ભૌવનને દૂષણા નામની પત્નીમાં ત્વષ્ટા નામના પુત્ર થયા. ત્વષ્ટાને વિરોચના નામની પત્નીમાં વિરજ નામના પુત્ર થયા. વિરજને વિષૂચી નામની પત્નીમાં સો પુત્રો થયા હતા. આ સો પુત્રોમાં શતજિત નામના મોટા પુત્ર હતા અને એક કન્યા પણ હતી. (૧૫)

રાજા વિરજને માટે એક પ્રસિદ્ધ લોકોકિત છે કે ભગવાન વિષ્ણુ પોતાની ઉજ્જ્વલ કીર્તિથી દેવવૃન્દને દીપાવે છે તે જ પ્રકારે પ્રિયવ્રતવંશના અંતિમપુત્ર વિરજ રાજાએ રાજા પ્રિયવ્રતના વંશને પોતાના ઉજ્જ્વલ યશથી અત્યંત શોભાવ્યો હતો. (૧૬)

प्रैयव्रतं वंशमिमं विरजश्चरमोद्भवः । अकरोदत्यलं कीर्त्या विष्णुः सुरगणं यथा ॥ १६ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના પંચમસ્કંધ સ્થિતિલીલાના સ્વરૂપસ્થિતિ પ્રકરણમાંનો ગયરાજાની ગાથાનું પાન કરતો અધ્યાય ૧૫મો સમાપ્ત.

અધ્યાય ૧૬મો

પંચમ સ્કંધ દ્વિતીય પ્રકરણ દેશ સ્થિતિ

સ્વરૂપસ્થિતિ નામનું ૧ થી ૧૫ અધ્યાયનું પ્રથમ પ્રકરણ પૂર્ણ કર્યું. એમાં ભક્તિ, યોગ અને જ્ઞાન દ્વારા સ્વરૂપપ્રાપ્તિ થશે એ તત્ત્વનું નિરૂપણ કર્યું. હવે બીજું પ્રકરણ આરંભે છે, એનું નામ "દેશ સ્થિતિ." આ પ્રકરણ ૧૬ થી ૨૬ અધ્યાયનું અગિયાર અધ્યાયમાં વર્ણવ્યું છે. આરંભના પાંચ અધ્યાયમાં પૃથ્વીનું વર્ણન આવે છે. પૃથ્વી અને પૃથ્વીમાં આવેલા બેટ તેમ જ સાગરો અને એમાં આવેલી સરિતાઓ અને ગિરિઓની કથા વર્ણવી છે. ત્યાર બાદ ત્રણ અધ્યાયોમાં સ્વર્ગાદિ ઉપરના લોકો અને ત્યાર બાદ ત્રણ અધ્યાયથી નીચેના લોકો વર્ણવ્યા છે.

[આ અધ્યાયના ૨૯ શ્લોકો છે. "જંબુ" નામના દ્વીપમાં આવેલા નવ ખંડો તેમ જ મેરુ પર્વતની ઊંચાઈ પહોળાઈ વગેરેનો વ્યાસ વગેરે અનુક્રમે વર્ણવશે.]

પરીક્ષિતની જિજ્ઞાસા

રાજોવાચ – उक्तस्त्वया भूमण्डलायामविशेषो यावदादित्यस्तपति यत्र चासौ ज्योतिषां गणैश्चन्द्रमा वा सह दृश्यते ।

પ્રથમ પ્રકરણમાં શ્રી શુકદેવજીના મુખેથી પ્રિયવ્રતરાજાની કથા વગેરે જે ગાથાઓ સાંભળી તે યાદ કરતાં શ્રી પરીક્ષિત રાજાએ મહારાજ શ્રી શુકાચાર્ય પાસે જિજ્ઞાસા પ્રકટ કરી કે ભગવન્ ! જેટલા પ્રદેશમાં સૂર્ય પ્રકાશે છે તેમ જ નક્ષત્રગણના સ્વામી ચન્દ્ર નક્ષત્રગણ સાથે દર્શન આપે છે તેટલો ભૂમંડલનો વિસ્તાર છે એવું આપશ્રીએ શ્રીમુખે કહ્યું. (૧) તે સાથે આપે એ પણ કહ્યું કે રાજા પ્રિયવ્રતના રથચક્રના પડેલા સાત ચીલાનાં ચિહ્નો ઉપરથી સાત સાગરો અને સાત બેટોની રચના કરવામાં આવી. તો હે કૃપાનાથ ! આપ સર્વજ્ઞ અને સમર્થ છો તો હું આપની પાસેથી પર્વતો સાગરો-દ્વીપો વગેરેનાં પ્રમાણ એટલે માપ તેમ જ લક્ષણ એટલે સ્વરૂપ પણ આપના જ શ્રીમુખે સાંભળવા વિચારું છું. (૨) મહારાજ ! આ ભૂમંડલ અને બ્રહ્માંડ ભગવાનનો ગુણમય સ્થૂલ વિગ્રહ છે. આ સ્થૂલદેહમાં જો મન પરોવાઈ ગયું તો ભગવાન શ્રીકૃષ્ણના સ્વયંપ્રકાશ, નિર્ગુણ, બ્રહ્મસ્વરૂપ, અત્યંત સૂક્ષ્મ સ્વરૂપમાં લાગી શકે એ વાત નિશ્ચિત છે તો ગુરુદેવ ! આ વિષયની ખૂબ જ સ્પષ્ટતા આપના શ્રીમુખે કરવા કૃપા કરો. (૩)

શુક્રાચાર્યજીનું સમાધાન

ભગવાન શુકાચાર્યજીએ પરીક્ષિત રાજાના પ્રશ્નો સાંભળ્યા અને પ્રત્યુત્તર આપતાં બોલ્યા કે રાજન ! ભગવાનની એક માયા અનન્ત ગુણોના વિસ્તારવાળી છે. કદાચ દેવોના આયુષ્ય જેટલા દીર્ઘ સમય સુધી તેનું વર્ણન કરીએ તો પણ અંત ન આવે કે ન તો માનવના મનમાં આવી શકે એટલી બધી તે અનંત છે. આમ છતાં રાજન્ ! આપના પ્રશ્નના સમાધાન માટે કેટલીક મુખ્ય વસ્તુઓ વર્ણવી ભૂમંડલનું વર્ણન, એની રચનાનું નિરૂપણ, એનું રૂપ અને એનું લક્ષણ અને વિશેષતા વગેરેનું વર્ણન કરીશ. (૪)

ભુવન કોશ વર્ણન અને જંબુદ્વીપનો પરિચય

રાજન્ ! આપણે જ્યાં વસીએ છીએ તે જંબુદ્વીપ છે. આ જે ભૂમંડલ છે તે કમલના કોશ જેવું છે જેમાં સાત દ્વીપો સમાયા છે. આ કમલનો જે "કોશ" છે તેનો અંદરનો વિસ્તાર એક લાખ યોજનનો છે અને તે કમલ પત્રના જેવો ગોળ આકારનો છે. (૫) આ જંબુદ્વીપમાં નવ ખંડો આવેલા છે. આ નવે નવ ખંડો નવનવ હજાર યોજનના વિસ્તારવાળા છે. આ નવે ખંડોના સીમાડાનો નિર્ણય કરનારા આઠ મર્યાદા પર્વતો છે. (૬) એ પર્વતોની હદ ચોક્કસ થાય છે. જંબુદ્વીપની મધ્યમાં "ઈલાવૃત" નામનો મધ્યખંડ છે. આ ઈલાવૃતની મધ્યમાં સર્વ પર્વતોના રાજા "મેરુ" નામના પર્વતરાજ રહેલા છે. આ મેરુ પર્વત સંપૂર્ણ સુવર્ણનો છે. આ મેરુ એક લાખ યોજનનો ઊંચો છે. આ જે ભૂમંડલ કમલ જેવું છે તે કમલની દાંડીરૂપ મેરુ પર્વત છે. મેરુ પર્વતના શિખ ઉપરનો વિસ્તાર બત્રીસ હજાર યોજનાનો છે. મેરું પર્વત તળેટીમાં સોળ હજાર યોજનના વિસ્તારવાળો છે. જમીનની અંદરના મેરુપર્વતનું મૂલ એટલે પાયો સોળ હજાર યોજનનો છે. તાત્પર્ય કે

શાલીભદ્ર

જમીનની ઉપરની ઊંચાઈ ચોરાસી હજાર યોજનની છે. (૭) ઈલાવૃતની ઉત્તરમાં અનુક્રમે નીલ, શ્વેત અને શૃંગવાન નામના ત્રણ પર્વતો રમ્યક, હિરણ્યમય અને કુરુ નામના પણ ખંડોની સીમા નક્કી કરે છે. આ ત્રણ પર્વતો પૂર્વથી પશ્ચિમ તરફ ખાસા સમુદ્ર પર્યન્ત વિસ્તાર પામેલા છે. આ પર્વતો બબ્બે હજાર યોજનની પહોળાઈવાળા છે. આ પર્વતોમાં પહેલાં કરતાં પછીના પર્વત ક્રમે કરી એક એકથી બીજો દશમા ભાગથી કંઈક વધારે લંબાઈમાં ઓછો છે. પહોળાઈ અને લંબાઈ તો સર્વની સરખી છે (૮). આજ પ્રકારે ઈલાવૃત્ત ખંડની દક્ષિણે નિષધ, હેમકૂટ અને હિમાલય નામના ત્રણ પર્વતો પ્રથમના કહેલા નીલ વગેરે પર્વતોની માફક પૂર્વથી પશ્ચિમમાં ફેલાયેલા છે અને દશ દશ હજાર યોજનની ઊંચાઈવાળા છે. આ ત્રણ પર્વતો હરિવર્ષ, કિંપુરુષ અને ભારત ખંડની સીમાઓ જુદી પાડે છે. (૯) આ જ પ્રકારે ઈલાવૃત ખંડની પૂર્વે માલ્યવાન અને પશ્ચિમે ગંધમાદન નામના બે પર્વતો આવેલા છે. આ પર્વતો ઉત્તર તરફ નીલ પર્વત અને દક્ષિણ તરફ નિષધ પર્વત સુધી લાંબા છે અને બબ્બે હજાર યોજની પહોળાઈવાળા છે. આ બે પર્વતો કેતુમાલ અને ભદ્રાશ્વ નામના બે ખંડોની સીમા નક્કી કરે છે. (૧૦)

આ ઉપરાંત મંદર, મેરુમંદર, સુપાર્શ્વ, કુમુદ નામના દશ દશ હજાર યોજન ઊંચા અને તેટલા પહોળા પર્વતો મેરુ પર્વતની ચાર દિશામાં "આધારસ્તંભ" જેવા આવેલા છે. (૧૧) આ ચાર પર્વતો ઉપર જાણે પર્વતના ધ્વજો ન હોય શું ? એવાં આમ્ર, જાંબુ, કદંબ અને વડનાં વૃક્ષો આવેલાં છે. આ વૃક્ષો અગિયાર સો યોજન ઊંચાં છે. તેમની શાખાઓનો ઘેરાવો પણ અગિયારસો યોજનનો છે. અને જાડાઈ એકસો યોજનની છે. (૧૨) હે ભરતશ્રેષ્ઠ ! આ ચાર પર્વતો ઉપર દૂધ, મધ, શેરડી અને મીઠા જલનાં ક્રમે કરીને સુંદર ચાર સરોવરો આવેલાં છે. આ સરોવરનાં સેવન કરનાર યક્ષો અને કિન્નરો તેમજ ઉપદેવોને જનમથી જ સ્વાભાવિક યોગસિદ્ધિઓ પ્રાપ્ત થયેલી છે. (૧૩) આ ચાર પર્વતો ઉપર નંદન, ચૈત્રરથ વૈભ્રાજક અને સર્વતોભદ્ર નામના ચાર ઉત્તમ ઉદ્યાનો આવેલાં છે. (૧૪) આ ઉદ્યાનોમાં મુખ્ય દેવગણો, અનેક સ્વર્ગસુંદરીઓના નાયક બની વિહાર કરતા જોવામાં આવે છે. મુખ્ય દેવોની ગન્ધર્વ વગેરે ઉપદેવગણો સ્તુતિ કરતા હોય છે. (૧૫) મંદરાચલ પર્વતની અંદર મધ્યમાં આવેલા અગિયાર સો યોજનની ઊંચાઈવાળા દિવ્ય આમ્રવૃક્ષ ઉપરથી પર્વતના શિખર જેવડાં અને અમૃત સમાન મધુર ફળો નીચે પડે છે. (૧૬) આ ફળો જમીન ઉપર પડતાં અત્યંત પાકાં હોવાને કારણે ફાટી જાય છે અને એમાંથી મધુર સુવાસવાળો લાલ રંગનો પુષ્કળ પ્રમાણમાં આમ્રરસ વહેતો હોય છે. આ રસ જ 'અરુણોદા' નામની નદી બની જાય છે. મંદરાચલ પર્વતના શિખર ઉપરથી નીચે પડતી આ નદી પૂર્વ તરફ આવેલા "ઈલાવૃત" નામના ખંડને પલાળી દે છે. (૧૭) આ નદીના રસનું સેવન કરનારી યક્ષ-પત્નીઓ પાર્વતી દેવીની સેવિકાઓ છે. આ દાસીઓના દેહને સ્પર્શેલો પવન સુગંધીદાર બની જાય છે અને દશદશ યોજન સુધી ચારેબાજુ સુગંધ ફેલાવે છે. (૧૮)

જાંબુનદ સુવર્ણ

આજ પ્રકારે ઘણે ભાગે ઠલ ઠળિયા વિનાનાં અને હાથીનાં દેહ જેવડાં કદવાળાં જાબુડાં અત્યતં ઊંચેથી જમીન ઉપર પડતાં ફાટી જાય છે. આ તૂટેલાં જાંબુડાના ફળમાંથી રસ વહે છે. એનું નામ "જંબૂ" નદી રાખ્યું છે. આ નદી દશ હજાર યોજનના ઊંચાઈવાળા મેરુમંદર પર્વતના શિખર ઉપરથી નીચે પડી "ઈલાવૃતખંડ"ના દક્ષિણ ભૂમિ ભાગ ઉપર વહે છે. (૧૯) "જંબૂ" નદીના બન્ને કિનારાની માટી "જાંબૂ"ના રસથી પલળી જાય છે. વળી પવન અને સૂર્યના તાપને લીધે સુકાઈ જાય છે ત્યારે તે જાંબુરસથી પલળેલી માટી "જાંબુનદ" નામનું સુવર્ણ બની જાય છે. (૨૦) "જાંબુનદ" નામનું સુવર્ણ દેવલોકોને દીપાવે છે. દેવો, ગન્ધર્વો, કિન્નરો વગેરે પોતાની તરુણી રમણીઓ સાથે માથાના મુકુટ, કાનોનાં કુંડલ, કરકંકણ, કટિમેખલા વગેર અલંકારોમાં આ સુવર્ણનો ઉપયોગ કરે છે. (૨૧)

પંચ-મધુધારા

સુપાર્શ્વ નામના પર્વત ઉપર અત્યંત વિશાળ કદમતરુ આવેલ છે. આ તરુવરની પર્વતના કોતરો જેવી બખોલોમાંથી પાંચ

વામ જેટલી જાડી મધુની પંચધારાઓ નીકળે છે તે મધુધારાઓ સુપાર્શ્વપર્વતના શિખર ઉપરથી નીચે પડતી પશ્ચિમ દિશા તરફ વહેતી ઈલાવૃત ખંડને પોતાની સુવાસથી સુવાસિત કરે છે. (૨૨) આ મધુધારાઓનું પાન કરનારના મુખમાથી મધની મીઠી ગંધ આવે છે. આ સુગંધ સો સો યોજન સુધીના પ્રદેશને સુવાસિત કરે છે. (૨૩) હવે કુમુદ નામના પર્વત ઉપર "શતવલ્શ" નામનું એક અત્યંત વિશાળ વટવૃક્ષ છે. આ વટવૃક્ષની જટાઓમાંથી અનેક નદોઓ પ્રકટે છે અને નીચેના પ્રદેશમાં વહે છે. આ નદો મનમાન્યા ભોગો આપે છે. દૂધ, દહીં, ઘી, મધ, ગોળ, અન્ન વગેરે તેમજ વસ્ત્ર-શય્યા-આસન-આભૂષણ વગેરે બધા જ પદાર્થો ત્યાંથી મળી શકે છે. આ સર્વ પ્રકારના નદો "કુમુદ" પર્વતના શિખર ઉપરથી નીચે પડી "ઈલાવૃત" પર્વતના ઉત્તર વિભાગનું સિંચન કરે છે. (૨૪) આ પદાર્થોને વાપરવાથી આ પ્રદેશમાં વસનારી પ્રજાની ચામડીમાં ન તો કરચલી પડે છે કે ન તો તેના વાળ સફેદ બને છે. ન તો કાયામાં થાક લાગે છે. અને શરીરના પરસેવામાંથી દુર્ગન્ધ પણ નથી આવતી. ન તો શરીરે તાવ, શરદી, ગરમી, સાંધાના દુખાવા કે વૃદ્ધાવસ્થા લાગુ પડે છે. શરીરના અવયવો શિથિલ નથી થતા, તેજ ઘટતું નથી, જીવન પર્યન્ત શરીરનું સુખ પ્રાપ્ત થાય છે. (૨૫)

મેરુમાં આવેલા પર્વતો

શ્રી શુકાચાર્યજી કહેવા લાગ્યા કે રાજન્ પરીક્ષિત્ ! કમલની કળીની ચારે તરફ જેમ કેશર હોય છે તે જ પ્રકારે મેરુ પર્વતના મૂલ પ્રદેશમાં ચારે તરફ (૧) કુરંગ, (૨) કુરર, (૩) કુસુંભ, (૪) વૈકંક, (૫) ત્રિકૂટ, (૬) શિશિર, (૭) પતંગ, (૮) રુચક, (૯) નિષધ, (૧૦) શિનીવાસ, (૧૧) કપિલ, (૧૨) શંખ, (૧૩) વૈદૂર્ય, (૧૪) જારુધિ, (૧૫) હંસ, (૧૬) ઋષભ, (૧૭) નાગ, (૧૮) કાલંજર, (૧૯) નારદ વગેરે અનેક પર્વતો છે. (૨૬) આ પર્વતો સિવાય મેરુની પૂર્વમાં "જઠર અને દેવકૂટ" નામના બે પર્વતો ઉત્તર તરફ અઢાર હજાર યોજનની લંબાઈવાળા, બે હજાર યોજન પહોળા અને એટલી જ ઊંચાઈવાળા આવેલા છે આ જ પ્રકારે મેરુ પર્વતની પશ્ચિમ દિશામાં "પવન અને પારિયાત્ર" નામના બે પર્વતો ઉત્તર તરફ અઢાર હજાર યોજનની લંબાઈવાળા, બે હજાર યોજન પહોળા અને એટલી જ ઊંચાઈવાળા આવેલા છે. આ જ પ્રકારે મેરુ પર્વતની પશ્ચિમ દિશામાં "પવન અને પારિયાત્ર" નામના બે પર્વતો આવેલા છે. મેરુની દક્ષિણ દિશામાં "કૈલાસ અને કરવીર" નામના બે પર્વતો આવેલા છે. મેરુની ઉત્તરે "ત્રિશૃંગ અને મકર" નામના બે પર્વતો આવેલા છે. આમ આઠ પર્વતોની મધ્યમાં વસેલો સુવર્ણનો મેરુ પર્વત તેજસ્વી અગ્નિના જેવો તેજસ્વી ચારે તરફ ઝળહળે છે. (૨૭) મેરુ પર્વત ઉપર મનોવતી, અમરાવતી, તેજોવતી, સંયમિની, કૃષ્ણાંગના, શ્રદ્ધાવતી, ગંધવતી, મહોદયા અને યશોવતી નામની નવ નગરી આવેલી છે. જાણકારો કહે છે કે મેરુ પર્વતના શિખર ઉપર મધ્યમાં બ્રહ્માજીની સુવર્ણમયી પુરી વસેલી છે. આ પુરી સમચોરસ છે અને એક કરોડ યોજનના વિસ્તારવાળી છે. (૨૮) આ નગરીને ફરતી પૂર્વ વગેર દિશાઓ અને ઉપદિશાના દિક્પાલોની આઠ નગરીઓ છે. ઈન્દ્ર, વરુણ, કુબેર વગેરેની આ આઠ નગરી પોતાની દિશાઓમાં આવેલી છે. બ્રહ્માજીની 'શાતકૌંભી નામની પુરીના ચોથા ભાગની તે નગરીઓ છે. (૨૯)

तामनु लोकपालानामष्टानां यथादिशं यथारुपं तुरीयमानेन पुरोष्टावुपक्लृप्ताः ।। २९ ।।

શ્રી ભાગવતપીયૂષના પંચમસ્કંધ સ્થિતિલીલાના દ્વિતીય દેશસ્થિતિ નામના પ્રકરણમાંનો ભુવનકોશનું વર્ણન કરતો અધ્યાય ૧૬મો સમાપ્ત.

અધ્યાય ૧૭મો

[આ અધ્યાયમાં ૨૪ શ્લોકો છે. આમાં સંકર્ષણ ભગવાનની સેવા તેમજ ગંગાજીની ચાર દિશાઓની ચાર ધારાઓની કથા આવશે.]

श्रीशुक उवाच : तत्र भगवतः साक्षाद्यज्ञलिंगस्य विष्णोर्विक्रमतो वामपादांगुष्ठनखनिर्भिन्नोध्र्वाण्डकटाहविवरेणांतः प्रविष्टा या बाह्यजलधारा तच्चरणपंकजावनेजनारुणकिंजल्कोपरंजिताखिलजगदधमलापहोपस्पर्शनामला साक्षाद्भगवत्पदीत्यनुपलक्षितबचोभिधीयमानातिमहता कालेन युगसहस्त्रोपलक्षणेन दिवो मूर्धन्यवततार यत्तद्विष्णुपदमाहुः ।।१।।

વિષ્ણુપદી - શ્રીગંગોત્પત્તિગાથા

શ્રીશુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! જ્યારે ભગવાન શ્રી વામનજીએ રાજા બલિના અંતિમ અશ્વમેધયજ્ઞમાં વિરાટ સ્વરૂપ સ્વીકારી દક્ષિણ ચરણકમલથી પૃથ્વીને માપીને વામચરણકમલને ઊંચો કર્યો ત્યારે તે ચરણારવિન્દના અંગૂઠાના નખથી બ્રહ્માંડનો ઉપરનો ભાગ ફૂટ્યો તે સમયે પડેલા છિદ્રમાંથી બ્રહ્માંડના આવરણના બહારના ભાગમાંથી એક ઘણી વિપુલ જલધારા અંદર આવી. તે જલધારા એક હજાર યુગ જેટલા લાંબા સમય પછી સ્વર્ગલોક ઉપર આવેલા "ધ્રુવલોક"માં પ્રવેશ પામી. આ જલધારાથી શ્રી વામન ભગવાનના ચરણકમલનું પ્રક્ષાલન થયું ત્યારે શ્રી ચરણકમલ ઉપર કેશરી ચંદનના રંગેરંગાયેલી ગંગાધારા પરમ પાવન બની. આ ગંગાધારાનો સ્પર્શ તો સર્વ જગતના પાપ નામના મેલને સાફ કરી નાખે છે અને ગંગાજીની ધારા સ્વયં શુદ્ધ જ રહે છે. જ્યારે આ ધારા પ્રથમ જ પ્રકટ થઈ ત્યારે તેમનું બીજું કાંઈ નામ ન હોવાથી સર્વ કોઈ એને "ભગવત્પદી"ના નામથી જ ઓળખતા. પરંતુ આગળ વધતાં બનેલા અનેક પ્રસંગોને લીધે "ભગવત્પદીજી"ને શ્રી જાહ્નવીજી, શ્રી ભાગીરથીજી વગેરે નામોથી ઓળખવા લાગ્યા. આ ધારા હજારો યુગ પછીથી સ્વર્ગના શિરે આવેલી ધ્રુવપુરી કે ધ્રુવોલકમાં ઊતરી ત્યારે સર્વ તે ધ્રુવલોકને "વિષ્ણુપદ" નામથી કહેવા લાગ્યા. (૧) હે વીરવ્રત પરીક્ષિત રાજન્ ! નિશ્ચયરૂપે આ ધ્રુવલોકમાં રાજા ઉત્તાદનપાદના જ્યેષ્ઠ રાજકુમાર પરમ ભાગવત શ્રી ધ્રુવજી રાજ્ય કરે છે. શ્રી ધ્રુવજી નિત્ય-પ્રતિદિન અન્તઃકરણમાંથી ઉભરાતા અનુરાગથી "આ તો મારા કુલદેવ ભગવાનનું શ્રીચરણામૃત છે." એમ માનીને આજે પણ પોતાના મસ્તક ઉપર ધારણ કરે છે. આ ચરણામૃત લેતાં શ્રી ધ્રુવજી પ્રેમવિભોર બની જાય છે અને એમનું હૃદય ગદ્ગદ્ થઈ જાય છે. ઉરમાં ઉત્કંઠા વધી જાય છે--ભાવવિભોર બની જાય છે ત્યારે તો તેમનાં મીંચાઈ હૃદય ગદ્ બની જાય છે. ઉરમાં ઉત્કંઠા વધી જાય છે--ભાવવિભોર બની જાય છે ત્યારે તો તેમનાં મીંચાઈ ગયેલાં બન્ને નયનકમલમાંથી "અશ્રુધારા" વહી જાય છે અને શ્રીઅંગે રોમાંચ જાગ્રત થઈ જાય છે. (૨)

જટાજુટમાં ગંગાજી

શ્રી વિષ્ણુપદીના અપાર મહિમાને જાણનારા તપોનિષ્ઠ સપ્ત મહર્ષિઓ "આ તો તપશ્ચર્યાની પરમ સિદ્ધિ" છે એમ માની આજે પણ એટલા જ ભાવવિવશ બનીને પોતાના જટાજૂટમાં જ્યારે ધારણ કરે છે ત્યારે તો એમ જ થાય છે કે આ વિષ્ણુપદી મુમુક્ષુજનોએ પ્રાપ્ત કરેલી શું મુક્તિ તો નહીં હોય ? આમ તો આ સપ્ત મહર્ષિઓ સંપૂર્ણ નિષ્કામ છે. સર્વાત્મા શ્રીહરિ વાસુદેવ ભગવાનની અવિચર ભક્તિને જ પરમ પુરુષાર્થ માને છે. એમના ઉરમાં કોઈ અન્ય કામનાઓ જ નથી. આત્મજ્ઞાન જેવી અમૂલ્ય વસ્તુ તો તેમને મન ભક્તિ આગળ જાણે વાસના તૃણ જેવી ભાસે છે. (૩) પુનઃ ભગવત્પદી શ્રી ગંગાજી કરોડોની સંખ્યાવાળાં વિમાનોથી વ્યાપેલા આકાશ પ્રદેશમાં થઈને નીચે અવતરણ કરે છે ત્યારે ચંદ્રમંડળને આર્દ્ર કરીને મેરું પર્વતના મધ્યપ્રદેશમાં વસેલી "બ્રહ્મપુરી"માં પ્રવેશે છે. (૪) હવે વિષ્ણુપદીજી "શ્રીબ્રહ્મપુરીમાંથી સીતા, અલકનંદા, ચક્ષુ, ભદ્રા આ ચાર નામથી ચાર ધારાઓમાં વહેંચાઈને ચાર દિશાઓમાં વહન કરતાં મધ્યમાં આવતા પ્રદેશને પાવન કરતાં સરિતાના સ્વામી સાગરદેવને ભેટે છે. (૫)

ચાર પ્રવાહો

સીતા : આ ચાર ધારાઓમાંની પ્રથમધારા "સીતા નામની ગંગા". બ્રહ્મપુરીમાંથી નીકળી "કેશરાચલ" પર્વતનાં ઉન્નત શિખરો ઉપરથી વહેતાં વહેતાં નીચે ઊતરે છે ત્યારે ગંધમાધન પર્વતનાં શિખરો ઉપર વહી પાવન કરતાં " ભદ્રાશ્વ" ખંડમાં થઈને પૂર્વમાં આવેલા ક્ષાર સાગરને એટલે ખારા સમુદ્રને મળે છે. (૬)

ચક્ષુ : આ જ પ્રમાણે ચક્ષુ નામની ગંગાધારા માલ્યવાન પર્વતનાં શિખરો ઉપરથી ખળખળ વહેતી "કેતુમાલ" નામના ખંડ તરફ જાય છે અને ત્યાંથી આગળ વધી "પશ્ચિમ મહાસાગર"માં મળી જાય છે. (૭)

ભદ્રા : આ જ પ્રમાણે ભદ્રા પર્વતના મેરુ શિખરેથી વહેતી શ્વેત પર્વત ઉપરથી શૃંગવાન પર્વતના શિખરે પડીને નીચે

ચાલી જાય છે તે ઉત્તર કુરુખંડમાં વહીને ઉત્તરદિશાના મહાસાગારને મળે છે. (૮)

અલકનંદા : હવે ચોથી વિષ્ણુપદીજીની “અલકનંદાધારા” બ્રહ્મનગરીથી દક્ષિણ દિશામાંથી નીચે ઊતરી અનેક પર્વતોનાં શિખરો ઉપર ઊછળતાં અને પાવન કરતાં “હેમકૂટ” પર્વત ઉપર આવે છે. ત્યાંથી અત્યંત પ્રચંડ વેગથી હિમાલયનાં અનેક શિખરોને તોડતાં વિદારતાં “ભરતખંડ”માં પધારે છે અને દક્ષિણ મહાસાગરમાં સમાઈ જાય છે. શ્રી અલકનંદામાં સ્નાન કરવા જનારા અનન્ત ભક્તજનોને ડગલે અને પગલે અશ્વમેઘ, રાજસૂય જેવા યજ્ઞોનાં ફળ અનાયાસે મળે છે. (૯) જાંબુદ્વીપના પ્રત્યેક ખંડમાં મેરુ જેવા અનેક પર્વતોમાંથી નીકળતી આવી તો અસંખ્ય સરિતાઓ અને નદો આવેલાં છે. (૧૦)

કેવલ ભરતખંડ જ કલ્યાણભૂમિ અને કર્મ ભૂમિ છે

જંબુદ્વીપના નવે નવ ખંડોમાં કેવલ “ભરત ખંડ જ કલ્યાણભૂમિ છે કારણકે એ એકજ પુણ્યકર્મભૂમિ છે. અન્ય આઠ ખંડો તો સ્વર્ગનાં સુખો ભોગવતાં અધૂરાં રહેલાં પુણ્યોને ભોગવવા માટેની ભોગ ભૂમિઓ છે. ઘણા તો આ પ્રદેશોને પૃથ્વી ઉપર આવેલાં સ્વર્ગો માને છે. (૧૧) આ ખંડના દેવતુલ્ય મનુષ્યોનાં-માનવના આયુષ્યની ગણતરીના માપે દશ હજાર વર્ષનું માનવામાં આવ્યું છે. આ ખંડના પ્રજાજનોનું દશ હજાર હાથીઓના જેટલું બળ મનાય છે.તેમનાં અંગો સુદૃઢ અને વજ્ર જેવાં મજબૂત હોય છે. તેમનામાં રહેલાં બલ-યૌવન-પ્રમોદને લીધે તેઓ દીર્ઘકાલ પર્યન્ત દૈહિક સુખવિલાસો ભોગવ્યાં કરે છે. એમના જીવનની એક આશ્ચર્યકારક ઘટના છે કે તેઓનો ભોગ જ્યારે સમાપ્ત થાય છે ત્યારે તેમનું આયુષ્ય એક જ વર્ષનું બાકી હોય છે. આ અવસરે એમની સ્ત્રીઓ કેવલ એક જ ગર્ભ ધારણ કરે છે. આ ખંડોમાં નિરંતર ત્રેતાયુગ જેવો કાલ હોય છે. (૧૨) આ દેવલોકોને પ્રત્યેકને અનેક સેવકો હોય છે. આ સેવકો એમની ઉત્તમ સેવા કરે છે. આ લોકનિવાસીઓ ઉત્તમ આશ્રમો, ઉદ્યાનો, નિવાસો અને ગિરિગુહાઓમાં વસે છે, વિહાર કરે છે. તેમના વિહાર માટે અનંત નિર્મલ જલાશયો હોય છે, તેમની વિચિત્ર ક્રીડાઓ હોય છે. વિવિધ ખંડોમાં વસતા તેમના વિવિધ વિહારો હોય છે. પ્રત્યેક ઋતુનાં પુષ્પ-ફલ-ગુચ્છનવપલ્લવથી ખૂબ જ લચી ગયેલી વૃક્ષોની શાખાઓ અને વેલીઓથી વીંટાયેલાં વૃક્ષોને લીધે પર્વતનાં વનનાં સૌન્દર્યો પણ સર્વના મનને હરી લે છે. સંપૂર્ણ ખીલેલાં અધખીલ્યાં એવાં નવીન અને અનેક પ્રકારનાં કમલોની સુગંધીથી પ્રમોદમાં રહેતા રાજહંસો-જલકૂકડા-કારંડવ-સારસ-ચક્રવાક આદિ અનંત પક્ષીઓના કલરવ હૃદયને હરે છે ત્યારે વિવિધ પ્રકારના મધુકરો મનોહર ગુંજનથી મનને હરે છે. આ સ્થલોમાં દિવ્ય દેવાંગનાઓના કામમદના સૂચક હાસ-વિલાસ-હાવભાવ-કટાક્ષો વિહાર આવેલા દેવોનાં દિલ અને ચક્ષુને ચોરી લે છે. (૧૩) આ નવે ખંડોમાંના નિવાસીઓ ઉપર અનુગ્રહ કરવા માટે ભગવાન નારાયણ પૂર્ણપુરુષ વિવિધ સ્વરૂપે બિરાજી સર્વની સેવા સ્વીકારે છે. (૧૪)

ઈલાવૃત ખંડ

ઈલાવૃત ખંડમાં તો ભગવાન “ભવાની”-શંકર એક જ પુરુષ છે. આ ખંડમાં કોઈ પણ પુરુષ પ્રવેશ કરતો નથી. જો કોઈ પણ પુરુષ આ ખંડમાં પ્રવેશ કરે તો પાર્વતીજીના શાપને લીધે સ્ત્રી બની જાય છે. આ કથા રાજન્ ! નવમ સ્કંધમાં આવશે. (૧૫) ભગવાન ભવ શ્રી શેષનારાયણની એટલે “સંકર્ષણ”ની ભક્તિ કરે છે. આ ઈલાવૃત ખંડમાં ભગવાન શંકરની સેવામાં શ્રી પાર્વતીજી પોતાની અનન્ત દાસીઓ સાથે પરોવાયેલાં હોય છે. વાસુદેવ-સંકર્ષણ-પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ નામની ચતુર્વ્યૂહ મૂર્તિવાળા મહાપુરુષ ભગવાન “સંકર્ષણ’ નામની ચતુર્થ મૂર્તિનું શિવજી સદા ચિત્તમાં ધ્યાન ધરે છે. (૧૬) આ મૂર્તિ તમઃપ્રધાન છે અને પોતાનું કારણ છે એવું જાણતા શ્રી સદાશિવજી श्रीभगवानुवाच “ॐ नमो भगवते महापुरुषाय सर्वगुणसंख्यानायानन्तायाव्यक्ताय नमः इति” આ ૨૯ અક્ષરના મહામંત્રનો નિત્ય જપ કરે છે અને શ્રી સંકર્ષણ મૂર્તિનું ધ્યાન કરે છે. આ મંત્રનો અર્થ થાય છે કે જે ભગવાનમાંથી સર્વ ગુણોનો પ્રકાશ થાય છે, આ ભગવાન અનન્ત છે, અવ્યક્ત છે. આ પરમપુરુષ ભગવાનને મારા નમસ્કાર છે. (૧૭) શ્રી શંકર ભગવાન સ્તુતિ કરતાં કરતાં

વિનવે છે કે હે ભજનીય ! ભગવન્ ! આપશ્રી તો સ્વયં સર્વવિધ ઐશ્વર્યના સર્વશ્રેષ્ઠ આશ્રય સ્વરૂપ છો, નિજ ભક્તજનોને આપ પોતાના દયામય સ્વરૂપનાં દર્શન આપો છો. સંસારને નિવારો છો, આપનું ચરણ એક જ શરણ છે. આવું સમજીને આપને સેવીએ છીએ. (૧૮) આપ આ સમસ્ત વિશ્વને સંયમમાં રાખવા માટે અવલોકન કરી રહ્યા છો છતાં વિષયોથી કે ઈંદ્રિયોથી આપની દ્રષ્ટિ કદી લેપાતી નથી. હે નાથ ! અમારા જેવા સામાન્ય જનોની દ્રષ્ટિ તો કામક્રોધાદિના આવેશને ન જીતતાં અવશ્ય લિપ્ત થઈ જાય છે. હે ભગવન્ ! જીવની આવી કરુણ સ્થિતિ હોવાથી મન ઈંદ્રિયોને વશ કરવા ચાહનાર કયો વિવેકી પુરુષ આપનું ચરણ ન સેવે !(૧૯). હે ભગવન્ ! જેઓની દૃષ્ટિ સ્વયં દોષથી જ ભરેલી છે તેમને તો આવી માયાના પ્રબળ બળથી વિપરીત જ લાગો છો, જાણે દયારહિત દેખાવ છો, મદિરા કે આસવથી લાલ આંકવાળા લાગો છો, કારણ કે આપના ચરણકમલના સ્પર્શથી કામાતુર બનેલી નાગપત્નીઓ તો લજ્જા આવી જતાં આપના ચરણનું પૂરું પૂજન પણ કરી શકતાં નથી. (૨૦) વળી ભગવન્ ! ભગવતી શ્રુતિઓ અને ઋષિજનો આપને આ વિશ્વની ઉત્પત્તિ-સ્થિતિ-લયના વિધાતા માને છે, તેમજ અનંત માને છે અને ઉત્પત્તિ-સ્થિતિ-લયથી પર છો એમ જાણે છે. ભગવન્ ! હે અનન્ત ! આપના અનન્ત મસ્તકો-ફણાઓમાંથી માત્ર એક જ મસ્તક ઉપર સરસવના દાણા જેવું આ આખું બ્રહ્માંડ રહેલ છે. (૨૧) આપને તો તેનો ભારેય નથી કેમ કે આપને ખ્યાલ પણ નથી કે મસ્તકમાં કરોડ બ્રહ્માંડ રહેલ છે. સત્ત્વગુણ મહત્ત્વના આશ્રયરૂપે છે. તે આપના ગુણના સંબંધને લીધે થયેલો પ્રથમ દેહ છે. આ સત્ત્વયમ દેહમાંથી પ્રથમ બ્રહ્માજી થયા. બ્રહ્મામાંથી હું રુદ્ર, ત્રણ ગુણવાળા અહંકારમાંથી દેવતાઓ-ઈંદ્રિયો-પંચમહાભૂતોના વર્ગનું સર્જન કરું છું. (૨૨) આ અહંકાર, દેવતાઓ પંચભૂતો અને ઈંદ્રિયો સૂત્રમાં બંધાયેલા પંખીઓની માફક આપની ક્રિયાશક્તિથી બંધાઈ, આપ મહાપુરુષને આધીન રહી આપની જ અનુકંપાથી આ વિશ્વને એમ રચીએ છીએ. (૨૩) સંસારથી મોહ પામેલ માનવ સંભવ છે કે કર્મના બંધનથી બંધન કરતી માયાને કદાચ જાણી લે. પરંતુ એ માયાના પાશમાંથી સરળતાથી છૂટી શકાય એવા ઉપાયને નથી જાણતો. અંતમાં જગતની ઉત્પત્તિ તેમજ પ્રલય પણ આપનું જ સ્વરૂપ છે એમ સમજીને પ્રણામ કરું છું. (૨૪)

यन्निर्मितां कर्ह्यपि कर्मपर्वणीं मायां जनोऽयं गुणसर्गमोहितः । न वेद निस्तारणयोगमंजसा तस्मै नमस्ते विलयोदयात्मने ॥२४॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના પંચમસ્કંધ સ્થિતિલીલાના દ્વિતીય પ્રકરણના દેશસ્થિતિ પ્રકરણમાંનો ગંગાજીના અવતરણનું અને શંકર ભગવાને શ્રીસંકર્ષણની કરેલી સ્તુતિનું વર્ણન કરતો અધ્યાય ૧૭મો સમાપ્ત.

અધ્યાય ૧૮મો

[આ અધ્યાયમાં ૩૯ શ્લોકો છે. આમાં જંબુદ્વીપના છ ખંડોના દેવો, તેમની ઉપાસના, ઉપાસકો અને ઉપાસનામંત્રો વગેરે પ્રસંગ આવશે.]

श्रीशुक उवाच – तथा च भद्रश्रवा नाम धर्मसुतस्तत्कुलपतयः पुरुषा भद्राश्ववर्षे साक्षाद् भगवतो वासुदेवस्य प्रियां तनुं धर्ममयीं हयशीर्षाभिधानां परमेण समाधिना संनिधाप्येदमभिगृणन्त उपधावन्ति ॥ १ ॥

શ્રી ભદ્રાશ્વખંડમાં શ્રી હયગ્રીવ ભગવાન - ખંડ ૨જો

શ્રી શુકાચાર્યજી બોલ્યા કે રાજન્ ! સત્તરમા અધ્યાયમાં ઈલાવૃતખંડની કથા વર્ણવી. હવે આ અધ્યાયમાં "ભદ્રશ્રવા" વગેરે ખંડોની ગાથા સાંભળો. આ ભદ્રાશ્વ ખંડમાં "ભદ્રશ્રવા" નામના ધર્મકુમાર અને કુળના મુખ્ય પુરુષો અને સેવકો ભગવાન શ્રી વાસુદેવજીની ધર્મમયી હયગ્રીવ ભગવાનની મૂર્તિને શ્રેષ્ઠ સમાધિ દ્વારા હૃદયમાં પધરાવી નીચેનો મંત્ર બોલી સ્તુતિ કરે છે અને મંત્ર પણ જપે છે. (૧) ભદ્રશ્રવસ્ બોલ્યા કે ૐ नमो भगवते धर्मायात्मविशोधनाय नमः ભગવાન શ્રી ધર્મને અમારા નમસ્કાર છે, શ્રી ધર્મ ભગવાન અન્તઃકરણને પવિત્ર કરનારા છે. એ ભગવાનને પ્રણામ વિના અન્ય શું કરી શકીએ !. (૨) હે નાથ ! આપની લીલા જ ખરેખર ન સમજાય તેવી છે, કહો તો વિચિત્ર છે. આ કાલ સમસ્ત લોકોનો સંહાર કરે છે, આવું જીવ નજરે જોવા છતાંય જાણે જોતો જ નથી એમ જ લાગે છે. જો એમ ન હોય તો પિતા વિચક્ષણ કવિઓ અને વિદ્વાનો આ લોકોને નાશવંત છે એવું કહે છે. વળી સૂક્ષ્મદર્શી તત્ત્વચિંતકો પણ એવું જ સમજે છે છતાં પણ હે અજન્મા ભગવન્ ! આપની માયા જ ગજબ છે કે આવું સમજનારા પણ મોહ પામે છે. સાચે જ આપનું

કાર્ય અત્યંત વિચક્ષણ છે આવું સમજીને આપને નમસ્કાર કરીએ છીએ કે જેથી માયા જીતી શકાય. (૪) ભગવન્ ! આપ અકર્તા છો અને આવરણરહિત છો તોપણ જગતની ઉત્પત્તિ-સ્થિતિ-લયનાં ત્રણે કાર્યો કરો છો આ વાત વેદ ભગવાને કહી છે તે સત્ય જ છે. આવા બે વિરુદ્ધ ધર્મો આપનામાં જ શોભે અને અલંકાર ગણાય. સર્વાત્મરૂપે આપ જ સર્વ કાર્યોનું કારણ છો પરંતુ આપનું શુદ્ધ સ્વરૂપ તો નિત્ય છે અને કાર્યકારણ ભાવથી તે પર છે. (૫) પ્રલયકાળમાં જ્યારે તમોગુણપ્રધાન દૈત્યો વેદોને ચોરી ગયા હતા ત્યારે આપે વેદોના ઉદ્ધાર માટે બ્રહ્માજીની વિનંતિથી "નૃતુરંગવિગ્રહ" એટલે અશ્વમસ્તકવાળા હૈયગ્રીવનો અવતાર ધારણ કર્યો. આપશ્રી પાતાળમાં પધાર્યા. દૈત્યનો વધ કર્યો અને વેદોને લઈ આવ્યા. એવા સત્યસંકલ્પ પ્રભુને પ્રણામ કરીએ છીએ. (૬)

શ્રીહરિવર્ષખંડમાં શ્રીનૃસિંહ ભગવાન - ૩જો ખંડ

હરિવર્ષખંડમાં આપ શ્રી નૃસિંહ સ્વરૂપે બિરાજો છો. નૃસિંહ ભગવાનની લીલાનું સપ્તમ સ્કંધમાં નિરૂપણ કરેલ છે. આ શ્રીનૃસિંહાવતાર તો આપે મહાપુરુષના ગુણ સમૂહને વસવાનું એક પાત્ર, પરમ ભાગવત, પોતાના વિશુદ્ધ શીલ સદાચારથી દૈત્ય અને દાવના કુલને તીર્થ બનાવનાર પ્રહ્લાદજી માટે સ્વીકારેલો. પરમ વિવેકી અને નિષ્કામ શ્રી પ્રહ્લાજી અનન્ય ભક્તિથી શ્રી નૃસિંહ ભગવાનની સ્તુતિ કરે છે. ભગવાન નૃસિંહની ઉપાસના કરે છે અને આ મંત્રથી સતત જપ કરે છે. (૭) ॐ नमो भगवते नरसिंहाय नमस्तेजसे आविराविर्भव वज्रनख वज्रदंष्ट्र कर्माशयान् रंधय रंधय तमो ग्रस ग्रस ॐ स्वाहा अभयमभयमात्मनि भूयिष्ठा ॐ क्षौम् ॥१॥ ૐ શ્રી નૃસિંહ ભગવાનને મારા નમસ્કાર છે. આપ સૂર્ય-ચન્દ્ર-અગ્નિ વગેરે "તેજસ્' તત્ત્વોનું પણ તેજસ્ છો. આપ પ્રકટ થાઓ પ્રકટ થાઓ. હે વજ્રનખ અને હે વજ્રદંષ્ટ્ર આપ અમારા અન્તઃકરણમાં વસેલી કર્મવાસનાઓને ભસ્મ કરો ભસ્મ કરો. અમારા મોહ અને અજ્ઞાનના તમનો નાશ કરો નાશ કરો. ૐ સ્વાહા અમારા અન્તઃકરણમાં અભય સ્થાપો અભય સ્થાપો ॐ क्षौम्. (૮) શ્રીપ્રહ્લાદજી ઉપરનો મંત્ર જપતાં નીચેના શ્લોકોથી ભગવાનની સ્તુતિ કરે છે :

ભક્તજનોની મંગલકામના

स्वस्त्यस्तु विश्वस्य खलः प्रसीदतां ध्यायन्तु भूतानि शिवं मिथो धिया । मनश्च भद्रं भजतादधोक्षज आवेश्यतां नो मतिरप्यहैतुकी ॥९॥

मागारदारात्मजवित्तबन्धुषु संगो यदि स्याद्भगवत्प्रियेषु नः । यः प्राणवृत्या परितुष्ट आत्मवान् सिद्धत्यदूरान्न तथेन्द्रियप्रियः ॥ १० ॥

સમસ્ત વિશ્વનું કલ્યાણ હો, ખલ પણ પ્રસન્ન રહો, પ્રત્યેક પ્રાણી પરસ્પરનું કલ્યાણ વિચારે, મનમાં નિત્ય મંગલ કામના રહો, કોઈ પણ ફલલાલસા વિનાની અમારી નિર્મલ મતિ શ્રી અધોક્ષજ એટલે ઈંદ્રિયોથી ના પકડાય એવા ભગવાનમાં રહો. (૯) હે કૃપાનાથ ! અમારો પ્રભુના લાડીલા અને પ્રભુપરાયણ પરમભગવદીય જનોની સાથે સંગ પ્રાપ્ત થાઓ પરંતુ સ્ત્રી-પુત્ર-ઘર-પરિવાર-ધન-કુટુંબમાં આસક્તિ ન રહો અને એ પદાર્થોમાં આસક્ત જનોનો સંગ ન હો. (૧૦) જે જન પ્રાણનું પોષણ થાય અને વ્યવહાર નભે એટલા જ પદાર્થોથી નિત્ય પ્રસન્ન રહે છે તેને શીઘ્ર ભગવદ્ભક્તિ સિદ્ધ પ્રાણનું પોષણ થાય અને વ્યવહાર નભે એટલા જ પદાર્થોથી નિત્ય પ્રસન્ન રહે છે તેને શીઘ્ર ભગવદ્ભક્તિ સિદ્ધ થાય છે પરંતુ ઈંદ્રિયસુખોમાં લપટાયેલાને સુખ નથી મળતું. જો આ કોટિના ઉત્તમ ભગવદીયોનો સંગ થાય છે તો ભગવાનનાં દિવ્ય ઐશ્વર્યોથી ભરપૂર પરમપાવન એવાં ચરિત્રતીર્થોનાં પાન મળતાં મનને પાવન કરી દે છે. શ્રવણ માત્રથી અન્તઃકરણમાં સીધાં પ્રવેશી જઈ તે ચરિત્રતીર્થોનાં પાન મળતાં મનને પાવન કરી દે છે. શ્રવણ માત્રથી અન્તઃકરણમાં સીધાં પ્રવેશી જઈ તે ચરિત્રતીર્થો કામાદિ રોગોને કે દોષોને ક્ષણમાં કાઢી નાખે છે. આ જગતમાં કઈ એવી પુણ્યશાળી વ્યક્તિ હોય કે શ્રી મુકુન્દ ભગવાનનાં લીલામૃતનાં પાન ન કરે ? (૧૧)

ભાવાવિષ્ટ ભગવદીય પ્રહ્લાદજીનું સ્તવન

यस्यास्ति भक्तिर्भगवत्यकिंचना सर्वैर्गुणैस्तत्र समासते सुराः । हरावभक्तस्य कुतो महद्गुणा मनोरथेनासति धावतो बहिः ॥१२॥

જેના ઉરપુરમાં ભગવદ્ભક્તિનાં પૂર ઊભરાય છે તેના હૃદયમાં સર્વશ્રેષ્ઠ ગુણો સાથે સર્વ દેવો આવીને વસે છે. જે શ્રીહરિના ભક્ત જ નથી તેમના જીવનમાં મહાન ગુણો કે મહાપુરુષના ધર્મો આવે જ ક્યાંથી ! કારણ કે તે જીવો તો

અસ્ત પદાર્થોના અને બહિર્મુખ વિષયોના મનસુબા સેવી રહ્યા છે. સરોવરમાં વસનારા મત્સ્યોનું જેમ જીવન સર્વસ્વ કેવલ "જલ" હોય છે. "જલ" તેમના પ્રાણ હોય છે તેવી જ રીતે પ્રાણીમાત્રના શ્રીહરિ જ આત્મા છે, આધાર છે, પ્રાણ છે, અને તે જ વ્યક્તિ કુટુંબમાં કે જીવનમાં મોટી મનાય છે અથવા તો શ્રેષ્ઠ ગણાય છે; પરંતુ જે જનો ભગવાનને ત્યજી ગૃહ પરિવાર વગેરેમાં આસક્ત રહી પોતાને "મોટો છું" એમ માનતા હશે પરંતુ સ્ત્રી-પુત્ર-પરિવારમાં તે કેવલ "વય"થી મોટો હશે, ગુણોથી કે ભક્તિથી નહિ. "જે ભક્ત છે તે જ સર્વત્ર અને સર્વમાં મહાન" છે. (૧૩) આવું સમજીને હે અસુરબાલકો ! હે બાલમિત્રો ! રજોગુણ, રાગ, ખેદ, ક્રોધ, માન, સ્પૃહા, ભય, દૈન્ય વગેરે મનોવેદના કરનારા કલેશથી ભરેલાં, વળી અહંતા-મમતાના ચક્કરમાં નાખનારાં ગૃહસુખોની ઈચ્છાઓને અને ભોગને ત્યજી દઈને ભજનાર જન માટે સદાય અભય શ્રીનૃસિંહ ભગવાનના ચરણસરોજની જ સેવા કરો એવી મારી વિજ્ઞપ્તિ છે. આવો મંગલ ઉપદેશ પ્રહ્લાદજી નિત્ય મિત્રોને તેમજ અસુરોને આપતા હરિવર્ષખંડમાં ભગવાનની સેવા કરે છે. (૧૪)

શ્રી કેતુમાલખંડમાં શ્રીહૃષીકેશ ભગવાન - ૪થો ખંડ

શ્રી કેતુમાલ નામના ચોથા ખંડમાં ભગવાન શ્રીહૃષીકેશ વસે છે. ભગવાન હૃષીકેશ લક્ષ્મીજીનું પ્રિય કરનારા સ્વામી છે. વળી સંવત્સર નામના પ્રજાપતિની પુત્રીઓ એટલે રાત્રીની અભિમાની દેવતાઓ અને પુત્રો એટલે દિવસનાં અભિમાની દેવોનું પ્રિય કરનાર કામદેવ સ્વરૂપ ભગવાન શ્રીહૃષીકેશ વસે છે. આ સંવત્સર પ્રજાપતિની પુત્રીઓની અને પુત્રોની સંખ્યા મનુષ્યના આયુષ્યની ગણનાના માપ પ્રમાણે સો વર્ષના આયુષ્યના રાત્રી-દિવસોના માપે છત્રીસ છત્રીસ હજારની છે. આ બધા રાત્રી-દિવસના અભિમાની દેવો જ આ કેતુમાલ ખંડના અધિપતિઓ છે. આ પ્રજાપતિની પુત્રીઓએ ધારણ કરેલા ગર્ભો ભગવાનના ચક્રના તેજથી અકળાઈ ઊઠતાં - વર્ષના અંતે વિનાશ પામે છે અને પ્રાણહીન થઈ ચાલ્યા જાય છે. (૧૫)

રસિકવરના વિલાસ

રસિકસિંધુ ભગવાન સુલલિત ગતિવિલાસોથી અત્યંત સુશોભિત મધુર મધુર મંદહાસ્યોથી તેમજ આવાં મધુર હાસ્યનાં સ્વલ્પ પણ લીલાસભર મનમોહક ચિંતવનોથી અને અવલોકન વેળાએ જરા ઊંચી થયેલી ભ્રૂમંડલની છબીલી છટાથી મનોહર લાગતા મુખારવિંદનું સમસ્ત સૌન્દર્ય એક સાથે ઉલેચી સૌન્દર્યસમ્રાજ્ઞી શ્રી લક્ષ્મીદેવીજીને જાણે ન્યોછાવર કરી દઈ આનંદ વરસાવતા અને આનંદ માણતા નિત્ય નજરે પડે છે. (૧૬) આ લોકમાં વસનારાં લક્ષ્મીજી પણ, સમાધિયોગ દ્વારા ભગવાનના મંગલ મધુર સ્વરૂપની, રાત્રીએ પ્રજાપતિ નામના સંવત્સરની પુત્રીઓ સાથે અને દિવસે સંવત્સર પ્રજાપતિના પુત્રો સાથે અધિક આદરથી સેવા કરે છે, સ્તુતિ કરે છે, મંત્ર જપે છે અને ગાન કરે છે ॐ ह्राँ ह्रीँ ह्रूँ ॐ नमो भगवते हृषीकेशाय सर्वगुणविशेषैर्विलक्षितात्मने आकूतीनां चित्तीनां चेतसां विशेषाणां चाधिपतये षोडशकलाय च छन्दोमयायामृतमयाय सर्वमयाय सहसे ओजसे बलाय कान्ताय कामाय नमस्ते उभयत्र भूयात् । શ્રી કામદેવ સ્વરૂપ હે શ્રી હૃષીકેશ ભગવાન આપશ્રીના શ્રીચરણોમાં નમસ્કાર છે. આપ સર્વના નિયામક છો. સર્વશ્રેષ્ઠ વસ્તુઓના ભંડાર છો, ક્રિયાશક્તિ એટલે "આકૃતિઓ"ના અને જ્ઞાનશક્તિ એટલે ચિત્તિઓનાં ચિત્તોના સંકલ્પ અને નિશ્ચય વગેરે ધર્મોના તેમજ ચિત્તના વિષયોના સ્વામી છો. અગિયાર ઈન્દ્રિયો તેમજ પંચવિષયો મળી થતી સોળ કલાઓવાળા છો, વેદમય છો, અન્નમય છો, અમૃતમય છો, સર્વમય છો, "સહસ્' નામની મનઃશક્તિ; "ઓજસ્" નામની ઈંદ્રિયશક્તિ અને "બલ" નામની કાયાશક્તિ પણ આપ જ છો, આપ જ કાન્ત એટલે સુંદર છો અને આપ જ કામસ્વરૂપ છો. આપને જાણવાનો અને પામવાનો ॐ ह्राँ ह्रीँ ह्रूँ એ પ્રકારનો બીજ મંત્ર છે એવા શ્રી હૃષીકેશ ભગવાનને સર્વત્ર નમસ્કાર હો. (૧૮)

શ્રી રમાદેવીની રમાનાથની સ્તુતિ

ભગવતી "શ્રીદેવી" શ્રી હૃષીકેશ ભગવાનની પાંચ શ્લોકોથી સ્તુતિ કરે છે કારણ કે પાંચ કર્મેન્દ્રિય અને જ્ઞાનેન્દ્રિયના સ્વામી તો શ્રી હૃષીકેશ ભગવાન છે. સમસ્ત સ્ત્રીઓ પતિપ્રાપ્તિની કામનાથી આપની આરાધના કરે છે અને 'કામના' અન્ય પતિની કરે છે એ જ આપની લીલા છે. જે પતિઓને પામે છે તે તો સર્વ પરતંત્ર છે. તેઓ સ્ત્રી, પુત્ર, ધન, વસ્તુ કે

આયુષ્યની રક્ષા નથી કરી શકતા. (૧૯) શ્રી રમાદેવીએ કહ્યું કે હે નાથ ! આ દૃષ્ટિએ જેઓ વિચારે છે તેમને તો ખ્યાલ છે જ કે, તેને જ સાચા પતિ તરીકે માનવા કે જે ચારે બાજુ ભયથી ભરેલા આ ભવ - વનમાં જે સ્વયં અભય ભગવાન રક્ષા કરી શકે છે અને સાચવી શકે છે. પરંતુ આવા પતિ તો કેવલ આપ જ છો. જો અનેક પતિ માનવામાં આવે તો એમને પરસ્પરમાં જ ભય રહેવાનો. ખરેખર "આત્મલાભથી અધિક અન્ય કાંઈ નથી" એમ સમજી આપને "પતિ" સમજે તેનું જ શ્રેયસ છે. (૨૦) નાથ ! જે નારી આપશ્રીનાં શ્રીચરણકમલોની સેવાની કામના કરે પરંતુ અન્ય કાંઈ પણ ન ચાહે તે સ્ત્રીને તો સ્વયં સર્વ સુખો શોધતાં આવે છે. પરંતુ કોઈ પણ સ્ત્રી જો કોઈ સ્વલ્પ પદાર્થની કામનાથી આપને સેવે તો આપ તેણે જેટલું ઈચ્છયું હોય તેટલું ફળ આપો છો. પરંતુ આ ફલ તો નશ્વર હોઈ જ્યારે ત્યારે જવાનું અને અન્તમાં નસીબમાં દુઃખ જ રહેવાનું. (૨૧) ભગવન્ ! મને મેળવવા માટે બ્રહ્મા-શિવ-દેવ-અસુર વગેરે ઈંદ્રિયસુખમાં બુદ્ધિ રાખીને કઠોરમાં કઠોર તપ તપે છે. પરંતુ મને તો જે ભક્તોએ આપશ્રીના શ્રીચરણનું શરણ લીધું છે, તેઓ જ માતૃવાત્સલ્યથી મેળવી શકે છે. હે અજિત ! હું તો આપની છું. મારા હૃદયમાં તો આપ જ છો. આપની સેવામાં જ મારું હૃદય છે પછી અન્ય દેવો કે કોઈ મને ક્યાંથી પામે ! (૨૨)

सवैपतिः स्यादकुतोभयः स्वयं समन्ततः पाति भयातुरं जनम् । स एक एवेतरथा मिथो भयं नैवात्मलाभादपि मन्यते परम् ॥ २१ ॥

मत्प्राप्तयेऽजेशसुरादयस्तप्यन्त उग्रं तप ऐन्द्रियेधियः। प्रदते भवत्पादपरायणान्न माँ विन्दन्त्यहं त्वद् हृदया यतोऽजित।।२२।।

હે કૃપાનિધાન ! આપે અપાર કૃપા કરી, આપના અનન્ય ભક્તોનાં શ્રીમસ્તકો ઉપર જે કરકમલને પધરાવો છો તે સર્વવંદિત, સર્વવાંછિત 'કરામ્બુજ'ને હે અચ્યુત ! આપે મારે શિરે પધરાવ્યું ! કેટલી મોટી કૃપા. હે વરેણ્ય ! હે વરવા યોગ્ય સ્વામિન્ ! આપ કૃપા કરીને મને આપના હૃદયમાં "શ્રીવત્સ ચિહ્ન" સ્વરૂપે ધારણ કરો છો તે આપનો અપાર અનુરાગ જ છે. આમ છતાં ભક્તો ઉપર જેટલી કૃપા છે તેનું તો નિરૂપણ કેમ થશે ? કૃપાનું સાચું કારણ તો આપ જ જાણો. એવી તે કઈ વ્યક્તિ છે કે જે આપના કરેલા નિશ્ચયને પામી શકે ! (૨૩)

રમ્યક ખંડ અને શ્રી મત્સ્ય ભગવાન-૫મો ખંડ

શ્રી રમ્યક નામના ખંડમાં "શ્રી મત્સ્ય" ભગવાન બિરાજે છે. ભગવાને પોતાના પ્રિયતમ મત્સ્ય સ્વરૂપનાં મત્સ્ય ખંડના મુખ્ય સ્વામી "શ્રી સત્યવ્રત" મનુ રાજાને દર્શન આપ્યાં હતાં. આજે પણ મહારાજ મનુ અત્યંત ભક્તિભાવપૂર્વક આ મત્સ્ય સ્વરૂપની સેવા કરે છે તેમ જ મંત્ર જપે છે. (૨૪) ॐ नमो भगवते मुख्यतमाय नमः सत्वाय प्राणायौजसे सहसे बलाय महामत्स्पाय नमः । શ્રી મત્સ્ય ભગવાનને નમસ્કાર હો. આ શ્રી મત્સ્ય પ્રભુ સત્ત્વપ્રધાન મુખ્ય પ્રાણસ્વરૂપ છે. આ મુખ્ય પ્રાણને "સૂત્રાત્મા" તરીકે કહ્યા છે. આ મત્સ્ય ભગવાન ઓજસ્ સહસ્-બલ સ્વરૂપે એટલે ઈંદ્રિયબલ, મનોબલ અને શરીર બલસ્વરૂપ છે. આ ભગવાનનું નામ "મહામત્સ્ય" છે. આ કોઈ સામાન્ય જલચર મત્સ્ય નથી, પરંતુ સર્વ સૃષ્ટિના કારણ એવા "મહામત્સ્ય" છે. (૨૫)

ત્રણ શ્લોકોમાં મત્સ્ય ભગવાનની સ્તુતિ

મહારાજ મનુ સ્તુતિ કરતાં બોલ્યા કે હે નાથ ! આપ ઈશ્વર છો, પ્રેરક છો, આપને દશ દિશાના લોકપાલો કે સમસ્ત લોકો પણ જોવા સમર્થ નથી. આપ સમસ્ત પ્રાણીઓમાં અન્તરવાયુ એટલે પ્રાણરૂપ અને બહિર્વાયુ સ્વરૂપે આપ જ બિરાજો છો. આપ જ બન્ને વાયુનો સંચાર કરો છો. વેદો તો આપનો જ મહાન શબ્દ છે. કોઈ ચતુર નર્તક જેમ કઠપૂતળીને નચાવે તેમ આપ પણ વેદવાણી દ્વારા આ બ્રાહ્મણ છે, ક્ષત્રિય છે વગેરે વર્ણાશ્રમ ધર્મોથી નામ આપીને વિધિ અને નિષેધ નામનાં વિધાનોથી સર્વને નચાવો છો. (૨૬) વેદમાં ગાથા છે કે આપ પ્રાણ સ્વરૂપની ઠેકડી કરતા ઈંદ્રિયોના અભિમાની ઈન્દ્રાદિ લોકપાલો "અમે જ" મોટા છીએ એમ મનમાં મત્સરથી માનવા લાગ્યા અને "પ્રાણાત્મા" આપ ભગવાનની સાથે સ્પર્ધામાં ઊતરી પડ્યા. તેઓ એક એક અને સમૂહમાં મળીને પણ પ્રાણરહિત સ્થાવર, જંગમ, પશુ કે પક્ષી કોઈને પણ જ્યારે ના રક્ષી શક્યા ત્યારે તેમને ખ્યાલ આવ્યો કે પ્રાણાત્મા પરમેશ્વર જ સર્વસમર્થ છે. (૨૭) હે અજ ! આપે જ પ્રલયકાલ પ્રસંગે અતિશય ઊછળતા જલના તરંગોવાળા મહાસાગરમાં મને, પૃથ્વીને, ઔષધિઓને,

લતાઓને અને ઋષિઓને સર્વને સંભાળ્યાં હતાં અને આપે જ ઉપદેશ કર્યો હતો. પ્રલયની રાત્રી પર્યન્ત સાથે જ વિહાર કર્યો હતો, તેથી સર્વ વિશ્વના પ્રાણોના નિયન્તા મત્સ્ય પ્રભો આપને પ્રણામ હો. (૨૮)

હિરણ્યમય ખંડમાં શ્રી કૂર્મ ભગવાન - ૬ઠ્ઠો ખંડ

"શ્રી હિરણ્યમય" નામના ખંડના સ્વામી શ્રી કૂર્મ ભગવાન છે. શ્રી અર્યમાજી પિતૃઓના અધિપતિ દેવ છે. આ અર્યમા ભગવાનના અતિશય પ્રિય સ્વરૂપને પોતાના ખંડના નિવાસીઓ સાથે સેવે છે. નિત્ય સ્તુતિ કરે છે અને મંત્ર જપે છે (૨૯)ॐ नमो भगवते अकूपाराय सर्वसत्त्वगुणंविशेषणायानुप-लक्षितस्थानाय नमो वर्ष्मणे नमो भूम्ने नमो नमोऽवस्थानाय नमस्ते । શ્રીકૂર્મ ભગવાનને પુનઃ પુનઃ પ્રણામ, શ્રીકૂર્મ ભગવાન સત્વગુણસમ્પન્ન છે, સતત જલમાં વિહાર કરે છે. તેથી તો કોઈ નિશ્ચિત સ્થલમાં આપનો નિવાસ નથી હોતો. આપ તો અલૌકિક કચ્છપ હોઈ "અકૂપાર" આપની સંજ્ઞા છે. આપનો કાલથી પરિચ્છેદ નથી થતો તેથી તો આપ ત્રણે કાલ બિરાજો છો, આપ સર્વત્ર વ્યાપક છો, આપ સર્વના આધારરૂપ છો. હે કૂર્મ પ્રભો ! આપને મારા નમસ્કાર છે. શ્રી અર્યમાજી ત્રણ શ્લોકોમાં શ્રી કૂર્મ ભગવાનની સ્તુતિ કરે છે. (૩૦)

ત્રણ શ્લોકોમાં કૂર્મ ભગવાનની સ્તુતિ

હે ભગવન્ ! આજે વિશ્વ દેખાય છે તે આપની માયાશક્તિથી પ્રકાશે છે તેમજ વિવિધ સ્વરૂપે પ્રતીત થાય છે તે સર્વ આપનાથી ભિન્ન નથી. પરંતુ યથાર્થ જ્ઞાનના અભાવને લીધે તે અન્યથા દેખાય છે તે યોગ્ય નથી. ભગવન્ ! પ્રપંચ આપનું સ્વરૂપ છે એવા આપને મારા નમસ્કાર છે. (૩૧) હે નાથ ! જરાયુજ એટલે ઓળમાંથી થનારાં પ્રાણીઓ, સ્વેદજ એટલે પસીનામાંથી થનારાં, અંડજ એટલે ઈંડામાંથી થનારાં, ઉદ્ભિજ્જ એટલે જમીનને ભેદીને થનારાં વૃક્ષ લતા વગેરે સ્થાવરજંગમ દેવ-ઋષિ-પિતૃઓ-ભૂતો-ઈંદ્રિયોની સૃષ્ટિ, સ્વર્ગ, આકાશ, પૃથ્વી, પર્વતો, નદીઓ, સમુદ્ર, બેટ, ગ્રહ, નક્ષત્રો વગેરે વિવિધ નામ અને સ્વરૂપોથી આપ જ ઓળખાઓ છો. (૩૨) આપનાં અસંખ્ય નામ, અસંખ્યરૂપ અને આકૃતિઓ છે. આપના એક જ સ્વરૂપમાં કવિઓએ, વિદ્વાનોએ અને કપિલ ભગવાને "ચોવીશ" તત્ત્વોની સંખ્યા જે કલ્પી છે તે તત્ત્વજ્ઞાન થતાં નથી રહેતી; પરંતુ આપ જ સર્વ છો, આપ જ એક વિશુદ્ધ બ્રહ્મસ્વરૂપ છો. એવું જ્ઞાન થાય છે, આપનું જ "સમ્યક્ જ્ઞાન" જેમાં છે એવો સાંખ્યનો અર્થ થાય છે એવા ભગવાનને નમસ્કાર છે. (૩૩)

ઉત્તર કુરુખંડ શ્રી વરાહ ભગવાન-૭મો ખંડ

ઉત્તર કુરુખંડમાં શ્રી વરાહ ભગવાન યજ્ઞપુરુષ બિરાજે છે. આ ખંડમાં દેવી પૃથ્વીજી આ ખંડના કુરુલોકો સાથે અખંડિત ભક્તિયોગથી શ્રી વરાહ ભગવાનની સેવા કરે છે અને આ દિવ્ય ઉપનિષદનું વારંવાર ગાન કરે છે. (૩૪) **ॐ नमो भगवते मंत्रतत्त्वलिङ्गाय यज्ञक्रतवे महाध्वरावयवाय महापुरुषाय नमः कर्मशुक्लाय त्रियुगाय नमस्ते ।।** ઉપરનો મંત્ર જપે છે અને સ્તુતિ કરતાં કરતાં ગાય છે કે હે શ્રીવરાહ ભગવન્ ! આપને નમસ્કાર કરું છું. આપ મંત્રનું અને જ્ઞાનનું સાધન છો, આપ જ્ઞાનના અને કર્મના હેતુ છો, આપ યજ્ઞ અને ક્રતુ સ્વરૂપ છો, આપ ઉત્તર યજ્ઞોના અયવય સ્વરૂપ છો. આપ જ મહાન પુરુષ છો, ત્રણ યુગમાં જ આપ અવતાર ધારણ છો એવા ભગવાનને નમસ્કાર છે. શ્રી વરાહ ભગવાનની સ્તુતિ કરે છે. (૩૫)

ચાર શ્લોકોમાં શ્રી વરાહસ્તુતિ

મોટા ઋત્વિજો કોઈ યજ્ઞમંડપમાં "અરણિ" નામના મંથન કાષ્ઠમાંથી મંથન કરીને યજ્ઞીય અગ્નિને વેદમંત્રોચ્ચાર સાથે પ્રકટ કરે છે એ પ્રકારે ભગવાનનું જે સ્વરૂપ કર્મની આસક્તિને લીધે તેમજ કર્મફલની આસક્તિને લીધે છુપાયેલું છે તેનું દર્શન કરવાની અભિલાષાવાળા વિદ્વદ્જનો પણ મનરૂપ મન્થાનદંડથી વિવેકપૂર્વક મંથન કરીને ભગવાનના સચ્ચિદાનંદ સ્વરૂપને પ્રકટ કરે છે તે આપ વરાહ ભગવાન છો તે ભગવાનને અમારા પ્રણામ છે. (૩૬) પૃથ્વી વગેરે દ્રવ્યો, ઇન્દ્રિયોની ક્રિયાઓ, હેતુ,કાલ, ઈન્દ્રિયના દેવો, યજ્ઞના કર્તાઓ આ સર્વ માયાનાં કાર્યો છે. આ સર્વ વસ્તુઓ ઉપરથી આપના વાસ્તવિક સ્વરૂપનું દર્શન થાય છે. આ દર્શન અન્વીક્ષાથી એટલે આત્મવિચારથી યમ-નિયમ વગેરે અષ્ટાંગના સેવનથી

નિશ્ચયાત્મક એવી આત્મબુદ્ધિથી જેમણે આ માયાકૃત નથી પરંતુ ભગવાનનાં રચેલાં છે એવું જ્ઞાન મેળવ્યું છે તેમને થાય છે. (૩૭) દૃષ્ટાન્તપૂર્વક સમજાવે છે કે લોખંડ સ્વયં કોઈ ઇચ્છા કે ક્રિયાવાળું નથી પણ લોહચુંબક જેમ લોખંડને ચલાવે છે તે જ પ્રમાણે સર્વના સાક્ષી પ્રભુની ઇચ્છા પોતાને માટે નથી હોતી પરંતુ સમસ્ત પ્રાણીઓ માટે હોય છે. માયા પ્રકૃતિ પોતાના સત્ત્વ-રજ-તમસ્ ગુણો દ્વારા જગતની ઉત્પત્તિ-સ્થિતિ-લય કરતી હોય છે. આપ સર્વ ગુણો અને કર્મના સાક્ષી છો એવા આપને નમસ્કાર. (૩૮) આપ આ જગતના કારણરૂપ આદિ વરાહ છો. હાથીના દંગલમાં એક ગજરાજ પ્રતિસ્પર્ધી બીજા ગજરાજને પટકી નાખે છે તે જ પ્રકારે આપે રમતાં રમતાં જ યુદ્ધમાં આપના પ્રતિસ્પર્ધી હિરણ્યાક્ષ દૈત્યને મારી નાખ્યો અને પોતાની દાઢની અણિ ઉપર મને ચઢાવીને રસાતલમાંથી આપ પ્રલય મહાસાગરમાંથી બહાર લાવ્યા એ વરાહ ભગવાનને નમસ્કાર. (૩૯)

प्रमथ्य दैत्यं प्रतिवारणं मृधे यो मां रसाया जगदादिसूकरः । कृत्वाग्रदंष्टे निरगादुदन्वतः क्रीडन्निवेभः प्रणतास्मि तं विभुम् ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષનો પંચમ સ્કંધની સ્થિતિલીલાના દ્વિતીય દેશસ્થિતિ પ્રકરણમાંનો ભદ્રાશ્વ વગેરે છ ખંડોનું, ખંડના દેવો, મંત્રો અને સ્તુતિનાં વર્ણન કરતો અધ્યાય ૧૮મો સમાપ્ત.

અધ્યાય ૧૯મો

[આ અધ્યાયમાં ૩૧ શ્લોકો છે. આ અધ્યાયમાં કિંપુરુષખંડ અને ભરતખંડની કથા આવશે. બન્ને ખંડના ઇષ્ટ દેવોની સ્તુતિ-મંત્રો અને સેવકોના પ્રસંગ પણ આવશે.]

श्रीशुक उवाच – किंपुरुषे वर्षे भगवन्तमादिपुरुषं लक्ष्मणाग्रजं सीताभिरामं रामं तच्चरणसन्निकर्षाभिरतः परमभागवतो हनुमान् सह किम्पुरुषैरविरतभक्तिरुपास्ते ॥ १ ॥

કિંપુરુષખંડ આઠમો ખંડ

શ્રી શુકાચાર્ય પ્રભુએ ૧૭ અને ૧૮મા અધ્યાયમાં જંબુદ્વીપના સાત ખંડો અને ખંડના દેવતાઓનો યશ ગાયો. હવે ૧૯મા અધ્યાયમાં શ્રી કિંપુરુષખંડના મહિમાની ગાથા ગાતાં બોલ્યા કે રાજન્ ! આ કિંપુરુષ રાજસ, સાત્ત્વક ખંડ છે. આ ખંડમાં શ્રી લક્ષ્મણાગ્રજ આદિપુરુષ, શ્રી જાનકીજીહૃદયાભિરામ શ્રી રામના શ્રીચરણસરોજની સેવામાં અને ધ્યાનમાં દાસાનુદાસ પરમ ભાગવત શ્રી અંજનીનન્દન શ્રી હનુમાનજી સદા આનંદ માની રહ્યા છે. (૧) કિંપુરુષખંડમાં વસતા જનો નિત્ય હનુમાનજી સાથે અવિચલ ભક્તિથી શ્રી રઘુનંદનજીને સેવે છે. શ્રી આર્ષ્ટિષેણ નામના ગન્ધર્વ અન્ય ગંધર્વો સાથે નિજનાથ શ્રી રઘુનાથજીના પરમ કલ્યાણમયી કથાસુધાનાં પાન કરાવે છે અને અત્યંત અનુરાગથી અશ્રુપૂર્ણ નેત્રે શ્રી મહાવીરજી કથામૃતનાં પાન કરે છે તેમજ સ્વયં પણ ગાન કરે છે. વળી પ્રાણપ્યારા પુરુષોત્તમના મંત્રનું રટણ કરે છે અને સતત સ્તુતિ કરે છે. (૨)

પાંચ શ્લોકોમાં શ્રીરઘુનાથસ્તવન અને મંત્ર

ॐ नमो भगवते उत्तमश्लोकाय नम आर्यलक्षणशीलव्रताय नम उपशिक्षितात्मन उपासितलोकाय नमः साधुवादनिकषणाय नमो ब्रह्मण्यदेवाय महापुरुषाय महाराजाय नमः ॥ પ્રત્યેક મંત્ર "ॐ"કારપૂર્વક જ બોલાય છે; તેથી આ બધા જ મંત્રોનો પ્રારંભ "પ્રણવ"થી જ થાય છે. ઉત્તમશ્લોક ભગવાન શ્રીરામચન્દ્રજી ! આપને પ્રણામ, આર્યપુરુષનાં લક્ષણ, શીલ અને વ્રતવાળા શ્રી રઘુવીરને પ્રણામ, ચિત્તસંયમી શ્રી રઘુનાથ ! પુનઃ પુનઃ પ્રણામ, પ્રત્યેક જનગણને પ્રસન્ન રાખનાર સ્નેહાવતાર શ્રીરામ ! પ્રણામ. સાધુવાદની સદાચારની કસોટી થઈ ત્યારે આપના એકના જ સદાચાર ચરિત્રશરાણ ઉપર ચઢતાં તે શુદ્ધ બની પાર ઊતર્યો; હે વિપ્રોને દેવ માનતા, હે બ્રહ્મણ્યદેવ ! આપને પ્રણામ. હે મહાપુરુષ કોટિવંદન. મહારાજ શ્રીરામ ! અનેક પ્રણામ. (૩)

ઉપરોક્ત મંત્રથી ઇષ્ટદેવનું આરાધન કરતા પાંચ શ્લોકથી મહાવીર સ્તુતિ કરી રહ્યા છે. રઘુવીર ! આપનું પરમાર્થ સ્વરૂપ વાણીથી પર છે. પરંતુ ભગવન્ ! આપ (૧) શુદ્ધ, (૨) અનુભવ સ્વરૂપ, (૩) એક, (૪) સ્વરૂપના પ્રકાશથી જાગ્રત વગેરે ત્રણ અવસ્થાનું નિવારણ કરનાર, (૫) સર્વના આત્મા, (૬) પરમ શાન્ત, (૭) શુદ્ધ બુદ્ધિથી જ સમજી

શકાતા, (૮) લૌકિક નામ અને રૂપથી પર, (૯) અહંકારરહિત, આવા નવ વિશેષણવિશિષ્ટ શ્રી રઘુનાથજીનું મારે શરણું છે (૪). નાથ ! માનવ કાયાનો સ્વીકાર કાંઈ રાવણ જેવા ક્ષુદ્ર મચ્છરોને મારવા માટે લીધેલો ન હતો; પરંતુ પ્રત્યેક માનવમાં માનવતાનું દાન કરવા માટે હતો. વળી સ્ત્રી-પ્રસંગ થતાં થતા વિયોગનું દુઃખ અસહ્ય છે, તે પણ સમજાવ્યું છે. આપ તો આપના આનંદ સ્વરૂપમાં જ સદા વસો છો. પરમેશ્વર છો, જગતના આત્મા છો, શ્રી જાનકીજીના વિયોગની વ્યથા આટલી મોટી આપને ન હોય. (૫) આપ જિતેંદ્રિય આત્મનિષ્ઠ પુરુષોના પણ સ્વજન છો, આત્મા છો, પ્રિયતમ છો, ભગવાન છો, વાસુદેવ છો, આમ છતાં ત્રણ લોકમાં કયાંય આસક્ત નથી. આપ શ્રી જાનકીજીના સંબંધમાં અપવાદને સહી શકતા નથી તેમ ત્યાગનો કલેશ વેઠી શકતા નથી તો આપ પ્રિય લક્ષ્મણજીનો ત્યાગ કરી શકતા નથી. આમ છતાં બન્ને ક્રિયા ધર્મ, લોકધર્મ અને સત્યવચનધર્મના પાલન માટે કરી હતી. (૬)

નિષ્ઠા તો લક્ષ્મણજીની

લક્ષ્મણજીના ત્યાગની એક કઠોર કથની છે. શ્રી રઘુવીર સાથે ગુપ્ત ચર્ચા માટે મૃત્યુદેવ આવ્યા હતા. રઘુનાથજીને મૃત્યુદેવે કહ્યું, આપણી ગુપ્ત ચર્ચા સમયે કોઈ પણ આવે તો તેને મૃત્યુદંડ કરવો. આ સમયે દ્વારપાલ તરીકે લક્ષ્મણજી રહ્યા હતા. ત્યાં અણધાર્યા મહર્ષિ દુર્વાસા પધાર્યા. જો તે સમયે દુર્વાસા ઋષિને રોકે તો તે રોષે ભરાઈ રઘુનાથજીને શાપ આપે અથવા શ્રી રઘુનાથજીની "બ્રહ્મણ્યદેવ" નામની કીર્તિ નાશ પામે. આવા નિયમ સંજોગોમાં લક્ષ્મણજીએ નિર્ણય કર્યો કે શ્રી દુર્વાસાને રોકી રઘુનાથની કીર્તિને દૂષિત કરવી, તે કરતાં હું અંદર નિવેદન કરવા જઈશ તો રઘુનાથજી મૃત્યુદંડ કરશે તો તે ભલે કરે. હું તે દંડ વેઠી શકીશ પણ મારા નાથ શ્રી રઘુનાથજીને વિપ્રના રોષપાત્ર નહીં બનાવું. આવી નિષ્ઠા રઘુનાથજી માટે લક્ષ્મણ વિના કોણ રાખી શકે ? (૭) ભગવન્ ! ઉત્તમ પિતા કે ઉત્તમ કુલમાં જન્મ, સૌભાગ્ય, વાક્ચાતુર્ય, વિચક્ષણ બુદ્ધિ કે માનવ આદિ દેહ આવું કાંઈ પણ ભગવાનને સંતોષી શકે નહીં, પરંતુ આપ કેવલ પ્રેમથી જ પ્રસન્ન થાઓ છો, આ એક સત્ય હકીકત સમજાવા માટે જ આપે ઉપર દર્શાવેલા ગુણો વિનાના વનવાસી વાનરો સાથે મૈત્રી બાંધી હશે. (૮) હા, કેવલ આપ શ્રીભક્તિથી જ વશ થાઓ છો. સુર કે અસુર, નર કે વાનર હોય પરંતુ તે સર્વાત્મભાવથી શ્રી રઘુનાથજીને સેવે છે. રાજન્ ! શ્રી રઘુનાથજી ભક્તજનની ભક્તિની કદર કરનારા છે, માટે કૃતજ્ઞ છે. ભગવાન શ્રીહરિ સ્વયં જીવ ઉપર કૃપા કરવા નરસ્વરૂપે ભૂતલ ઉપર પધાર્યા. જીવ જરા પણ શ્રીરામની સેવા કરે તો ઘણું માની લે છે. વળી જ્યારે નિજ સાકેત ધામ પધાર્યા ત્યારે સંપૂર્ણ ઉત્તરકોશલવાસીઓને પોતાની સાથે જ લઈ ગયા આટલા બધા આશ્રિતવત્સલ કોણ હોઈ શકે ! (૯).

શ્રી ભારતવર્ષ ભારત ખંડ - ૯ મો ખંડ

શ્રી ભરતખંડમાં ભગવાન શ્રીનર-નારાયણ નિજ ભક્તજનો ઉપર કૃપા કરવા માટે દયાળુ સ્વભાવવાળા દેવાધિદેવ કલ્પ પૂર્ણ થાય ત્યાં સુધી ગુપ્ત સ્વરૂપે દૃઢ તપશ્ચર્યા કરી રહ્યા છે. આ એક એવી તપશ્ચર્યા છે કે ધર્મ - જ્ઞાન - વૈરાગ્ય - ઐશ્વર્ય - મનઃશાંતિ અને વિષયમાંથી ઉપરાગની ક્રમે ક્રમે વૃદ્ધિ કરે છે, તેમજ આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરાવે છે. (૯) આ શ્રીબદરિકાશ્રમમાં મહર્ષિ નારદજી તો ભગવાન છે તેઓશ્રી ભારતવર્ષના વર્ણાશ્રમ ધર્મમાં અનુરાગવાળા પ્રજાજનો સાથે શ્રી નરનારાયણ ભગવાનની ઉપાસના કરે છે. તેમજ ભગવાને રચેલાં સાંખ્યશાસ્ત્ર અને યોગશાસ્ત્ર સાથે શ્રીહરિના મહિમાને સમજાવનાર "નારદપાંચરાત્ર" નામના દર્શનનો શ્રીસાવર્ણિ મનુ મહારાજને ઉપદેશ કરે છે. આ અવસરે શ્રી નારદજી નીચે આપેલા દિવ્ય મંત્રનો જપ કરે છે અને શ્રીહરિના ગુણોનું ગાન પણ કરે છે. (૧૦)

ॐ नमो भगवते उपशमशीलायोपरतानात्म्याय नमोकिंचनवित्ताय ऋषिऋषभाय नरनारायणाय परमहंसपरमगुरवे
आत्मारामाधि- पतये नमो नमः । (११)

શ્રુતિના મંત્રારંભમાં પ્રણવનો ઉચ્ચાર કરાય છે તે રીતે પ્રણવથી આરંભી મંત્ર શરૂ કર્યો. શ્રી નારાયણ ભગવન્ ! આપના શ્રીચરણે નમસ્કાર હો, મન-ઈંદ્રિય-અંન્તઃકરણને જીતવાના શીલસ્વભાવવાળા ભગવન્ ! પ્રણામ. આત્માને છોડીને કોઈ

પણ પદાર્થમાં આત્મબુદ્ધિ નથી, એવા આત્મરત પ્રભો આપને પ્રણામ કરું છું. અકિંચનજન-ભક્ત જનને ધન માનનારા અને ભક્તજનોના પરમ ધર્મસ્વરૂપ નાથને નમસ્કાર, હે ૠષિવર્ય ભગવન્ ! નમસ્કાર, પરમહંસોના પરમ ગુરુને નમસ્કાર, આત્મારામ જનોના સ્વામીને નમસ્કાર. શ્રી નરનારાયણ ભગવાનને વારંવાર પ્રણામ.

શ્રી નારદજી ચાર શ્લોકોમાં ચાર પુરુષાર્થોનું ગાન કરે છે

નાથ ! વિશ્વને રચો તો પણ રચવાનું અભિમાન નહીં; દેહમાં બિરાજો છતાં ક્ષુધા-તૃષા-કામ-ક્રોધ-મોહાદિ દેહધર્મોની લેશ પણ અસર નહીં; સર્વ વિશ્વને નીરખો છતાં નજરમાં નશ્વર પદાર્થોની અસર નહીં, સર્વથી આસક્તિ વિનાના, શુદ્ધ, સર્વસાક્ષી ભગવાનને અનન્ત નમસ્કાર હો. (૧૨)

હે યોગેશ્વર ! હે નાથ ! હિરણ્યગર્ભ ભગવાન બ્રહ્માજીએ તો એક વાત સ્પષ્ટ કરી છે કે યોગેશ્વરોનું કે યોગીઓનું જો કોઈપણ કાર્યકૌશલ્ય હોય તો તે એક જ હોઈ શકે કે આ દુષ્ટ દેહનું અભિમાન મૂકી દઈ આપના સચ્ચિદાનન્દમય રસમય શ્રીવિગ્રહમાં એટલે અલૌકિક સ્વરૂપમાં પ્રેમપૂર્ણ ભક્તિ દ્વારા મનને પરોવી દેવું. (૧૩) હે ભગવન્ ! દેહાસક્ત અબુધજન, લૌકિક અને સ્વર્ગાદિ પારલૌકિક સુખોની કામનાઓમાં લંપટ બની પત્ની-પુત્ર-પરિવાર-ધનની ચિંતા કરે અને નાશશીલ આ કલેવરના નાશથી ડરે એ તો સ્વાભાવિક છે; પરંતુ વિવેકી પુરુષ પણ કાદવના કાચા ઘર જેવી કાયાના નાશથી ડરે તો જ્ઞાનપ્રાપ્તિ માટે કરેલો શ્રમ વ્યર્થ જ ગયો. (૧૪) તો હે કૃપાસિંધુ ! હે અધોક્ષજ ! હે કૃપાનાથ ! આપ એટલી કૃપા ન કરો ! આપનાજ કૃપાબલથી આપના સુમંગલ સ્વરૂપમાં અમને નૈસર્ગિક પ્રેમલક્ષણા ભકિતપ્રાપ્તિ થાય. આપે આપેલી એ ભકિતનાબલથી આ કાચીકાયામાં આપની માયાના બલથી બેઠેલી અકાટય એવી અહંતા અને મમતાને કાપી શકીએ (૧૫)

ભારતખંડમાં નદી-પર્વતો

રાજન્ ! આ ભારતખંડમાં ઈલાવૃતખંડની માફક અનેક નદીઓ અને અનેક પર્વતો છે. તેમાંથી કેટલાકનાં નામ તમને સંભળાવું : (૧) મલય, (૨) મંગલપ્રસ્થ, (૩) મૈનાક, (૪) ત્રિકૂટ, (૫) ૠષભ, (૬) કૂટક, (૭) કોલ્લક, (૮) સહ્ય, (૯) દેવગિરિ, (૧૦) ૠષ્યમૂક, (૧૧) શ્રીશૈલ, (૧૨) વેંકટ, (૧૩) મહેન્દ્ર, (૧૪) વારિધાર, (૧૫) વિંધ્ય, (૧૬) શુક્તિમાન, (૧૭) ૠક્ષગિરિ, (૧૮) પારિયાત્ર, (૧૯) દ્રોણ, (૨૦) ચિત્રકૂટ, (૨૧) ગોવર્ધન, (૨૨) ગિરનાર, (૨૩) કુકુભ, (૨૪) નીલ, (૨૫) ગોકામુખ, (૨૬) ઈન્દ્રકીલ, (૨૭) કામગિરિ વગેરે અને આ ઉપરાંત નાના મોટા સેંકડો અને હજારો પર્વતો આવેલા છે. આ પર્વતોમાંથી પ્રગટેલાં નદ-નદીઓ પણ અનંત છે. (૧૬) આ એવી સરિતા છે કે એનાં નામોચ્ચારથી પાવન થવાય છે ત્યાં ભારતની ભાગ્યશીલ ધર્મનિષ્ઠ જનતા સ્નાન કરી કાયાને પાવન કરે છે (૧૭).

મંગલનામ સરિતાઓ

(૧) ચંદ્રવશા, (૨) તામ્રપર્ણા, (૩) અવટોદા, (૪) કૃતમાલા, (૫) વૈહાયસી, (૬) કાવેરી, (૭) વેણી, (૮) પયસ્વિની, (૯) શકરાવર્તા, (૧૦) તુંગભદ્રા, (૧૧) કૃષ્ણા, (૧૨) વેણ્યા, (૧૩) ભીમરથી, (૧૪) ગોદાવરી, (૧૫) નિર્વિંધ્યા, (૧૬) પયોષ્ણી, (૧૭) તાપી, (૧૮) રેવા, (૧૯) સુરસા, (૨૦) નર્મદા, (૨૧) ચર્મણ્વતી, (૨૨) સિંધુ, (૨૩) અંધનદ, (૨૪) શોણનદ, (૨૫) મહાનદી, (૨૬) વેદસ્મૃતિ, (૨૭) ૠષિકુલ્યા, (૨૮) ત્રિસામા, (૨૯) કૌશિકી, (૩૦) ગંગા, (૩૧) યમુના, (૩૨) સરસ્વતી, (૩૩) દૃષદ્વતી, (૩૪) ગોમતી, (૩૫) સરયૂ, (૩૬) રોધસ્વતી, (૩૭) સપ્તવતી, (૩૮) સુષોમા, (૩૯) સતલજ (૪૦) ચન્દ્રભાગા, (૪૧) મરુદ્વૃદ્ધા, (૪૨) અસિકની, (૪૩) વિશ્વા નામની મોટી સરિતાઓ છે (૧૮).

કર્માનુસાર યોનિ

આ ભારતખંડમાં જન્મેલા જનોને સાત્ત્વિક-રાજસ-તામસ સ્વભાવથી કરેલાં કર્મોને અનુસરીને સ્વર્ગ, પૃથ્વી કે નરકલોકમાં દેહો મળે છે. વર્ણાશ્રમધર્મ વ્યવસ્થા આ ખંડમાં સુવ્યવસ્થિત ચાલે છે. પોતાના વર્ણ આશ્રમ ધર્મ દ્વારા મોક્ષ

માટે ધર્માનુષ્ઠાન આ ભારતખંડની પ્રજાથી થઈ શકે છે. ધર્મનાં સાધનોને આચરવાનો અવસર આ ખંડમાં છે. (૧૯) માનવને અભિમાન દ્વારા અનેક યોનિમાં જન્મ મળે છે. જ્યારે ભક્તિથી આ અભિમાન ટળી જાય છે, ત્યારે પ્રાણીમાત્રના આત્મા, રાગદ્વેષાદિથી રહિત, મન, વાણી અને ઈંદ્રિયોના અગોચર, સ્વરૂપરૂપમાં જ રહેલા, ભગવાન વાસુદેવની નિષ્કામ ભક્તિ થાય છે અને એ જ ભક્તિ મોક્ષ મનાય છે આવી ભક્તિ તો ત્યારે જ મળે કે જ્યારે અનેક પ્રકારની ગતિઓને પ્રક્ટ કરનારી અવિદ્યા નામની ગ્રન્થિ કપાઈ જાય છે અને ભગવદ્ભક્તોનો સંગ પ્રાપ્ત થાય. (૨૦)

દેવોનું ભારતીયજન ગુણગાન

अहो अमीषां किमकारि शोभनं प्रसन्न एषां स्वियुत स्वयं हरिः । यैर्जन्मलब्धं नृषु भारताजिरे मुकुन्दसेवोपयिकं स्पृहा हि नः ॥ २१ ॥

રાજન્ પરીક્ષિત ! દેવો અષ્ટલોકપાલોના અધિપતિઓ મનાય. તેઓ પણ શ્રી હરિચરણાનુરાગી ભગવદીય જનોનો આઠ શ્લોકથી ઐશ્વર્યપૂર્ણ યશ ગાય છે. ભારતીય ભગવદીય જનોના સૌભાગ્ય સામે સ્વર્ગાદિ સુખો કે અષ્ટવિધ ઐશ્વર્યો પણ તેમને ક્ષુલ્લક માન્યાં છે. દેવો ગાય છે एतदेव हि देवा गायन्ति-રાજન્ ! સ્વર્ગાધિપ દેવો વધા, આ ભારતભૂમિમાં શ્રીહરિની સેવાયોગ્ય દેહ અને સેવામાં સાનુકૂલ એવા દેશમાં જેઓ માનવ જન્મ પામ્યા તેઓનાં ક્યાં પુણ્યો હશે ? ના, ના, આવું તો કોઈ પુણ્યથી ના બને. એ તો કેવલ કૃપાસિંધુ શ્રીકૃષ્ણની કૃપાનું જ ફળ છે. અમે દેવો આવા સેવોપયોગી શરીર માટે સદા લાલાયિત છીએ એ કામના ક્યારે પૂર્ણ થશે ? (૨૧) કઠિન તપ-યજ્ઞ-વ્રત-દાન-પુણ્ય-સ્નાન આદિ પુણ્ય કર્મો આચરી અને તુચ્છ સુખવાળું સ્વર્ગ પામ્યા એમાં અમે શું મેળવ્યું ? આ સ્વર્ગલોકમાં શ્રી નારાયણ ભગવાનના ચરણકમલોનું સ્મરણ જ નથી થતું; તો સેવા તો થાય જ ક્યાંથી ? આ લોકમાં તો પ્રલોભક અનેક ઈંદ્રિયવિષય સુખો છે તેના ભોગના ફલ સ્વરૂપે સ્વરૂપસ્મૃતિ જ ચાલી જાય છે. (૨૨)

कल्पायुषां स्थानजयात् पुनर्भवात् क्षणायुषां भारतभूजयो वरम् । क्षणेन मर्त्येन कृतं मनस्विनः संन्यस संयान्त्यभयं पदं हरेः ॥

न यत्र वैकुंठकथासुधापगा न साधवो भागवतास्तदाश्रयाः । न यत्र यज्ञोशमखा महोत्सवाः सुरेशलोकोऽपि न वै स सेव्यतम् ॥

यद्यत्र नः स्वर्गसुखावशेषितं स्विष्टस्य सूक्तस्य कृतस्य शोभनम् । तेनाजनामे स्मृतिमज्जन्म नः स्याद् वर्षे हरिर्यद्भजतां शं तनोति ॥२८॥

ભગવન્ ! પડતી મૂકોને સ્વર્ગની વાત ! એ લોકોની શી કિંમત છે ? અનેક કલ્પોના સાયુજ્યવાળા બ્રહ્માદિ દેવોના લોકો કે આયુષ્ય કરતાં તો ભારતભૂમિમાં સ્વલ્પ આયુષ્યવાળા માનવનો દેહ મળતો હોય તો ઘણો જ અમૂલ્ય છે; કારણ કે બ્રહ્મલોકમાં ગયા બાદ પણ પુનર્જન્મ તો છે જ. તેના કરતાં એક ક્ષણ જેટલા સમયમાં પણ માનવ દેહથી જો ભગવદ્ભજન કે સ્મરણ થાય તો ધીર પુરુષ તે સર્વ કર્મ શ્રી હરિને ચરણે સમર્પી દઈને શ્રી હરિચરણકમલને પામે છે (૨૩) વળી દેવો આગળ વધીને કહેવા લાગ્યા કે ભલેને તત્ત્વજ્ઞાનના ભંડારોથી ભરેલો બ્રહ્મલોક હોય પણ શા કામનો. ? કારણ કે જ્યાં ત્રિવેણી સંગમનાં સ્નાન ન હોય. જ્યાં વૈકુંઠનાથ ભગવાનની કથાસરિતાઓનાં વહન ન હોય, જ્યાં શ્રીકૃષ્ણ અન્ય ચરણકમલના અનન્ય આશ્રયવાળા તાદૃશીજનોનો નિવાસ ન હોય, જ્યાં શ્રી, સ્વાહા અને સ્વધાકાર ભર્યા વેદમંત્રોનાં-ગાન-નૃત્ય-ગીતના ગુંજનવાળા યજ્ઞમહોત્સવો અને ભગવત્ સેવાના મહોત્સવો ન હોય તે તો બ્રહ્માજીનો લોક હોય કે ઈન્દ્રનો લોક હોય તેની કામનાય ન કરવી. (૨૪) રાજન્ ! પાંચ જ્ઞાનેંદ્રિય, પાંચકર્મેંદ્રિય, અને પંચભૂતની બનેલી સાધનસમ્પન્ન મનુષ્યયોનિ પામીને જો મુક્તિ કે ભગવતપ્રાપ્તિ માટે પયત્ન ન કર્યો, મુકત ન બન્યા કે ભગવદીય ન બન્યા તો પારધિની જાળમાંથી છૂટ્યા પછી ફલની લાલચથી પાછા વૃક્ષ ઉપર જતા પંખીઓની માફક ફરીથી ફસાવાનાં જ છે (૨૫). રાજન્ ! ભગવાનની દયાપણાની તમને વાત કહું, જ્યારે યજ્ઞમાં શ્રદ્ધાપૂર્વક યજમાનો આહુતિઓ આપે છે, ત્યારે વરુણ, ઈન્દ્ર, કુબેર, બ્રહ્માદિ દેવોના ભિન્ન ભિન્ન મંત્રો, જુદા જુદા વિધિ અને જુદાં જુદાં હુતદ્રવ્યોથી ભિન્ન ભિન્ન દેવતાઓને આહુતિ આપે છે. આહુતિ આપનાર તો તે દેવતાઓને જુદા જુદા જ ગણે છે; કારણ કે તેઓને જ્ઞાન નથી. જ્યારે આ એક જ ભગવાનની જુદી જુદી સંજ્ઞાઓ છે. પરંતુ ભગવાન તો સર્વજ્ઞ છે અને કૃપાળુ છે તેથી સ્વયં અત્યંત હર્ષથી તે સર્વ હુતદ્રવ્યો સ્વીકારે છે. જો કે ભગવાન તો પૂર્ણ છે એમને કાંઈ જોઈતું નથી પણ

આશાપૂરક હોવાથી અંગીકાર કરે છે. (૨૬)

રાજન્ ! એક વાત વીસરવા જેવી નથી કે ભગવાન સકામ પુરુષોને તેમના ઈચ્છેલા પદાર્થો અવશ્ય આપે છે. પરંતુ ભગવાન જાણે છે કે મેં આ યાજકોને વાસ્તવિક કશી જ વસ્તુ નથી આપી. પરંતુ ભગવાને યજમાનની ઈચ્છાનુસાર વસ્તુઓ આપી છે. છતાં જીવ સંતોષાતો નથી જ એને નિત્ય નવી નવી ઈચ્છાઓ થયા જ કરે છે : પરંતુ જે ભક્તજનો નિષ્કામભાવે ભગવાનને ભજે છે તેમને તો ભગવાન સાક્ષાત્ પોતાના ચરણકમલની સેવા પ્રદાન કરે છે. પ્રભુનું આ ચરમકમલ સર્વ ઈચ્છાઓને નિર્મૂલ કરી દે છે. રાજન્ ! હવે દેવો ભગવાન પાસે ઈચ્છા પ્રક્ટ કરે છે, કે જો અમે અત્યાર સુધી સ્વર્ગસુખ ભોગવ્યાં તે ઉપરાંત જો અમારાં યજ્ઞ-દાન-તપ આદિ સત્કર્મોના પુણ્યોનાં ફળ ભોગવવાનાં અવશિષ્ટ રહ્યાં હોય તો તે પુણ્યના બદલામાં અમને યાદ રહે કે અમે સ્વર્ગસુખ ત્યજી ભગવચ્ચરણ સેવાનાં સુખ લેવા દેવદેહ ત્યજી ભારતમાં માનવ દેહ લઈ આવ્યા છીએ, આવી સ્મૃતિ સાથેનો માનવ દેહ દેજો, નાથ ! કારણ કે ભક્તિ કરનારા માનવોનુ ભગવાન સર્વ પ્રકારે કલ્યાણ કરે છે. (૨૮)

નવી વાત

રાજન્ ! કેટલાક વિદ્વાનોનું ચોક્કસ માનવું છે કે જંબુદ્વીપમાં બીજા આઠ ઉપદ્વીપો પણ છે. આ દ્વીપો સગર રાજકુમારો જ્યારે પિતાના યજ્ઞીય અશ્વને શોધવા નીકલ્યા ત્યારે ચારે તરફની ધરણીને ખોદતાં આઠ ઉપદ્વીપો બન્યા હતા. (૨૯) तद्यथा स्वर्णप्रस्थश्चन्द्रशुक्ल आवर्तनो रमणको मन्दरहरिणः पाञ्चजन्यः सिंहलो लङ्केति । एवं तव भारतोत्तम जम्बूद्वीपवर्षविभागो यथोपदेशमुवर्णित इति ॥ આ દ્વીપોનાં સ્વર્ણપ્રસ્થ, ચન્દ્રશુકલ, આવર્તન, રમણક, મંદર, હરિણ, પાંચજન્ય, સિંહલ અને લંકા એવાં નામ છે (૩૦). રાજન્ ! જે ગુરુમુખથી સાંભળ્યું હતું તેવું જંબુદ્વીપનું વર્ણન તમને સંભળાવ્યું છે (૩૧).

શ્રીમદ્ ભાગવતપીયૂષના પંચમ સ્કંધ, સ્થિતિલીલાના દ્વિતીય સ્વરૂપસ્થિતિ પ્રકરણમાંનો કિંપુરુષ અને ભરતખંડના સ્વરૂપનું વર્ણન કરતો અધ્યાય ૧૯મો સમાપ્ત.

અધ્યાય ૨૦મો

[આ અધ્યાયમાં ૪૬ શ્લોકો છે. આ વીસમા અધ્યાયમાં પૃથ્વીના છ દ્વીપો, સાત મહાસાગરો અને લોકાચલ પર્વતની ગાથા વર્ણવાશે.]

श्रीशुक उवाच – अतः परं प्लक्षादीनां प्रमाणलक्षणसंस्थानतो वर्षविभाग उपवर्ण्यते । (१)

શ્રી શુકાચાર્યજીએ પિતૃચરણ વ્યાસ મહર્ષિના શ્રીમુખેથી જંબુદ્વીપનું વર્ણન સાંભળ્યું હતું તે પરીક્ષિત રાજા પાસે વર્ણવ્યું. પુનઃ છ દ્વીપોનું વર્ણન કરતાં બોલ્યા કે રાજન્ ! હવે પ્લક્ષ વગેરે બાકીના છ દ્વીપો, તેમના ખંડો, પર્વતો, નદીઓ, તેમનાં લક્ષણ, તેમનાં માપ વગેરે તમારી પાસે વર્ણવીશ, તે તમે સ્વસ્થ મનથી સાંભળો (૧).

બે લાખ યોજનનો વિસ્તાર

(૧) પ્લક્ષદ્વીપ : રાજા ઈધ્મજિહ્વ : ભગવાન સૂર્ય : એક લાખ યોજનનો શેરડીના રસનો સાગર

આ જંબુદ્વીપ એક લાખ યોજનનો છે અને એક લાખ યોજનના ક્ષાર સાગરથી ઘેરાયેલો છે. જેમ એક લાખ યોજનની ઊંચાઈવાળો મેરુપર્વત એક લાખ યોજનના વિસ્તારવાળા જંબુદ્વીપથી વીંટાયેલો છે તે જ પ્રમાણે જંબુદ્વીપ પણ પોતાના જેટલા ક્ષાર સાગરથી વીંટાયેલો છે. ખારો સમુદ્ર પણ પોતાના કરતાં બમણા ઘેરાવાવાળા પ્લક્ષદ્વીપથી વીંટાયેલો છે, જેમ ખાઈ પોતાની ચારે બાજુના ઉપવનથી વીંટાયેલી હોય છે તેવો જ ક્ષાર સમુદ્ર - પ્લક્ષદ્વીપથી વીંટાયેલો લાગે છે. જંબુદ્વીપમાં એક યોજનનું જાંબુ વૃક્ષ છે, તેવું જ પ્લક્ષદ્વીપમાં એક લાખ યોજનનું ઊંચું સુવર્ણ સરખું પીળું પીપળનું વૃક્ષ છે. આ વૃક્ષ ઉપરથી આ દ્વીપનું પ્લક્ષદ્વીપ નામ આપવામાં આવ્યું છે. આ દ્વીપમાં "સપ્તજિહ્વ એટલે સાતજિહ્વાવાળા" અગ્નિનારાયણ બિરાજે છે. આ દ્વીપના રાજા ઈધ્મજિહ્વ છે. તેઓ પ્રિયવ્રતના પુત્ર થાય છે. રાજા ઈધ્મજિહ્વે પ્લક્ષદ્વીપના સાત વિભાગો કર્યા છે. આ સાત ખંડોનાં નામ અને પુત્રનાં નામ એક જ સરખાં છે. રાજા ઈધ્મજિહ્વે પુત્રોને ખંડો વહેંચી

આપ્યા અને સ્વયં અધ્યાત્મ યોગનો આશ્રય લઈને શ્રી હરિપદને પામ્યા. (૨) આ ખંડોનાં શિવ, યવસ, સુભદ્ર, શાંત, ક્ષેમ, અમૃત અને અભય એવાં નામો છે. સાત ખંડોમાં પણ સાત પર્વતો અને સાત નદીઓ છે. આ સાત ખંડોના મણિકૂટ, વજ્રકૂટ, ઈન્દ્રસેન, જ્યોતિષ્માન, સુપર્ણ, હિરણ્યષ્ઠીવ અને મેઘમાલ નામના સાત સીમાપર્વતો છે. આ સાત ખંડોમાં "અરુણા, નૃમ્ણા, આંગિરસી, સાવિત્રી, સુપ્રભાતા, ઋતંભરા અને સત્યંભરા" નામની સાત નદીઓ છે. આ દ્વીપમાં હંસ, પતંગ, ઊર્ધ્વાયન, સત્યાંગ નામના ચાર વર્ણો છે. આ સરિતાઓનાં પાવન જલમાં સ્નાન કરવાથી આ ખંડના નિવાસીજનોના રજોતમોગુણ નિવૃત્ત થઈ જાય છે. આ સ્થાનમાં વસતા જનોના શરીરે શ્રમ-પરસેવો થતાં જ નથી. આ પ્રદેશનિવાસી જનોનાં સંતાનો પણ તેમના જેવાં જ તેજસ્વી હોય છે. આ લોકોનું એક હજાર વર્ષનું આયુષ્ય હોય છે. આ પ્રદેશના નિવાસી લોકો ઋગ્વેદમાં દર્શાવેલી કર્મ વિદ્યા દ્વારા ત્રણ વેદસ્વરૂપ ભગવાન સૂર્યનારાયણનું અર્ચન કરે છે. આ ભગવાન સૂર્ય સ્વર્ગનું દ્વાર મનાય છે. (૩) સૂર્યના પૂજન-અર્ચનનો આ મંત્ર છે

प्रत्नस्य विष्णोः रूपं यत् सत्यस्य ऋतस्य ब्रह्मणः । अमृतस्य च मृत्योश्च सूर्यमात्मानमीमहि ।

આ મંત્રનો ભાવાર્થ એવો થશે કે અમે **यत् सत्यस्य रूपम्** - જે સત્યનું સ્વરૂપ છે, **ऋतस्य रूपम्** - હિતભાષી, મિતભાષી, મધુરભાષી વેદનું - સનાતન ધર્મનું સ્વરૂપ છે, **ब्रह्मणः रूपम्** - સંસારનું પણ સ્વરૂપ છે, **अमृतस्य रूपम्** - અમૃતનું સ્વરૂપ છે, એવા **च प्रयत्नस्य रूपम्** - પુરાણપુરુષ વિષ્ણુનું પણ સ્વરૂપ છે તેવા **आत्मानम्** - સર્વના આત્મા, **सूर्यम्** - શ્રી સૂર્યનારાયણ ભગવાનને, **ईमहि** - શરણે જઈએ છીએ. (૫)

રાજન્ ! પ્લક્ષ વગેરે પાંચ દ્વીપોના પ્રજાજનોનાં મન-ઈંદ્રિય-દેહનાં બળ એક સરખાં જ હોય છે. આયુષ્ય પણ સરખું જ હોય છે. પરાક્રમ અને બુદ્ધિ પણ સમાન હોય છે. પ્લક્ષદ્વીપની ચારે બાજુ ફરતો ઈક્ષુસાગર-શેરડીના રસનો સાગર આવેલ છે .(૬)

(૨) શાલ્મલીદ્વીપ: ચાર લાખ યોજન : રાજા યજ્ઞબાહુ : ભગવાન ચન્દ્ર: ચાર લાખ યોજનનો સુરોદ સાગર

પ્લક્ષદ્વીપથી બમણો એટલે ચાર લાખ યોજનના વિસ્તારવાળો અને એટલા જ યોજનના મદિરાના સાગરથી ઘેરાયેલો શાલ્મલીદ્વીપ આવેલો છે. (૭) શાલ્મલીદ્વીપમાં પ્લક્ષદ્વીપમાં આવેલા પીપળના વૃક્ષ જેટલું જ શીમળાનું વૃક્ષ છે. આ દ્વીપમાં પક્ષીરાજ શ્રી ગરુડજી પોતાની વેદમય પાંખો દ્વારા અનન્ત ભગવાનની સતત સ્તુતિ કર્યા કરે છે. કહે છે કે શ્રી ગરુડજીની આ નિવાસભૂમિ છે. આ શાલ્મલીના વૃક્ષ ઉપરથી આ દ્વીપનું નામ રાખેલ છે (૮). શ્રી પ્રિયવ્રત રાજકુમાર શ્રી યજ્ઞબાહુ મહારાજ શાલ્મલીદ્વીપના સ્વામી છે. યજ્ઞબાહુજીના સાત પુત્રો છે. પુત્રોના નામવાળા સાત ખંડો સાત પુત્રોને આપ્યા છે. સુરોચન, સૌમનસ્ય, રમણક, દેવવર્ષ, પારિભદ્ર, આપ્યાયન અને અવિજ્ઞાત સાત પુત્રોનાં સાત નામ છે અને ખંડોનાં પણ નામ છે. (૯) આ શાલ્મલી દ્વીપમાં સ્વરસ, શતશૃંગ, વામદેવ, કુંદ, મુકુંદ, પુષ્પવર્ષ, સહસ્ત્રશ્રુતિ નામના સાત પર્વતો છે અને અનુમતિ, સિનીવાલી, સરસ્વતી, કૂહ, રજની, નંદા અને રાકા આ સાત નદીઓ છે. (૧૦) શ્રુતધર, વીર્યધર, વસુંધર, ઈષંધર આ નામના ચાર વર્ણો છે. આ સર્વ પ્રજાજનો - પ્રત્યેક આત્મા ચન્દ્રમાની વેદમંત્રોથી ઉપાસના કરે છે. (૧૧)

स्वगोभिः पितृदेवेभ्यो विभजन् कृष्णशुक्लयोः । प्रजानां सर्वासां राजान्धः सोमो न आस्तु इति । (१२)

આ ભગવાન ચન્દ્ર શુકલપક્ષમાં દેવોને અને કૃષ્ણપક્ષમાં પિતૃઓને અને સર્વ પ્રાણીઓને પોતાનાં અમીમય કિરણોથી સર્વને પોષણ આપે છે, અન્ન આપે છે; એ ભગવાન સોમ અમારા રાજા છે (૧૨).

(૩) કુશદ્વીપ : આઠ લાખ યોજન : રાજા હિરણ્યરેતા : ભગવાન અગ્નિ : ૮00000 આઠ લાખ યોજનનો ઘૃતસાગર

રાજન્ ! મદિરાના સ્વાદ જેવા સ્વાદવાળા સાગરથી આગળ અને એનાથી બમણો એટલે આઠ લાખ યોજનના વિસ્તારવાળો "કુશદ્વીપ" આવેલો છે. કુશદ્વીપના જેટલા જ વિસ્તારવાળો "ઘૃત સાગર" આવેલ છે. આ દ્વીપ કુશનું - દર્ભનું એક મોટું બીડ એટલે મોટું ગીચ વન કે પર્વતાકારનું દર્ભનું વૃક્ષ આવેલું છે. ભગવાને જ એ કુશવૃક્ષને રચ્યું છે. આ

દર્ભનું બીડ, વૃક્ષ જડથૂ કે થૂમડું અગ્નિ જેવું તેજસ્વી છે. આના ઉપરથી જ કુશદ્વીપ નામ રાખેલ છે. (૧૩)
રાજન્ ! આ દ્વીપના સ્વામી હિરણ્યરેતા છે. પ્રિયવ્રત રાજાના એ પુત્ર છે. હિરણ્યરેતા રાજાને સાત પુત્રો છે. આ દ્વીપના સાત વિભાગો કર્યા અને સાત પુત્રોને વહેંચી આપી હિરણ્યરેતા તપ કરવા ચાલ્યા ગયા. વસુ, વસુદાન, દૃઢરુચિ, નાભિગુપ્ત, સ્તુત્યવ્રત, વિવિક્ત, વામદેવ નામના સાત પુત્રો પોતાના જ નામના સાત ખંડોને સંભાળે છે (૧૪). ચક્ર, ચતુઃશૃંગ, કપિલ, ચિત્રકૂટ, દેવાનીક, ઊર્ધ્વરોમા, દ્રવિણ નામના સીમાચલો આ દ્વીપમાં આવેલા છે. આ ખંડોમાં રસકુલ્યા, મધુકુલ્યા, મિત્રવિંદા, શ્રુતિવિંદા, દેવગર્ભા, ધૃતચ્યુતા અને મંત્રમાલા નામની સાત સરિતાઓ છે. (૧૫) આ સરિતામાં સ્નાન કરી કુશદ્વીપનિવાસી કુશલ, કોવિદ, અભિયુક્ત, કુલક નામના ચાર વર્ણો યજ્ઞકર્મની કુશળતાથી નિત્ય શ્રી અગ્નિનારાયણની ઉપાસના કરે છે. (૧૬)

परस्य ब्रह्मणः साक्षाज्जातवेदोसि हव्यवाट् । देवानां पुरुषांगानां यज्ञोन पुरुषं यज ॥ (१७)

ભગવન્ અગ્નિ ! આપ ભગવાન શ્રીહરિને એટલે સાક્ષાત્ પરબ્રહ્મને હુતદ્રવ્ય પહોંચાડો છો. આપને વિનંતિ છે કે ભગવાનના અંગભૂત દેવોના નામથી આચરેલી સેવા શ્રીહરિને પહોંચાડજો. આ પ્રકારની કુશદ્વીપનિવાસીઓ સ્તુતિ કરે છે. (૧૭)

(૪) ક્રૌંચદ્વીપ : રાજા ઘૃતપૃષ્ઠ : ભગવાન વરુણ : સોળ લાખ યોજનનો દૂધસાગર

રાજન્ ! ઘૃતસાગરથી આગળ સોળ લાખના યોજનના વિસ્તારવાળો અને એટલા ઘેરાવાવાળા ક્ષીરસાગરથી વીંટાયેલો ક્રોંચ નામનો દ્વીપ આવેલ છે. આ બેટમાં આવેલા ક્રોંચ નામના પર્વત ઉપરથી આ દ્વીપનું નામ પડેલ છે. (૧૮) આ ક્રોંચ પર્વતની કાર્તિકેય સ્વામીએ પાંખો છિન્નભિન્ન કરી નાખેલી હતી. પરંતુ સતત ક્ષીરસાગરના સિંચનથી અને વરુણદેવના સંરક્ષણથી સચવાઈ ગઈ અને રુઝાઈ ગઈ છે. (૧૯) પ્રિયવ્રત રાજકુમાર ઘૃતપૃષ્ઠ આ કૌંચદ્વીપના સ્વામી છે. ઘૃતપૃષ્ઠ રાજા પુત્રોના નામવાળા સાત ખંડો આમ, મધુરુહ, મેઘપૃષ્ઠ, સુધામા, ભ્રાજિષ્ઠ, લોહિતાર્ણ, વનસ્પતિ નામના સાત રાજકુમારોને સોંપી દઈ પ્રાણીમાત્રના આત્મા, પરમકલ્યાણ સ્વરૂપ, ભગવાન શ્રીકૃષ્ણના પુનીત ચરણસરોજનું શરણ સ્વીકારી તપ માટે ચાલ્યા ગયા. (૨૦)

રાજન્ ! શુકલ, વર્ધમાન, ભોજન, ઉપબર્હિણ, નંદ, નંદન, સર્વતોભદ્ર નામના સાત સીમાચલોથી સાત ખંડો વિભાગ પામ્યા છે. અભયા, અમૃતૌઘા, આર્યકા, તીર્થવતી, વૃત્તિરૂપવતી, પવિત્રવતી, શુકલા નામની સાત સરિતાઓ સાત ખંડોમાં વહી રહી છે. (૨૧) આ સરિતાઓનાં નિર્મળ અને પવિત્ર સલિલમાં સ્નાન કરી પાવન થતા પરુ, ઋષભ, દ્રવિણ, દેવક નામના ચારે વર્ણના પ્રજાજનો જલની અંજલી દ્વારા ભગવાન વરુણનાં આરાધન કરતાં ગાય છે. (૨૨) आपः पुरुषवीर्याः स्थ पुनन्तीभूर्भुवः स्वः । ता नः पुनीतामीवघ्नीः स्पृशतामात्मना भुवः । (१३) હે શ્રી વરુણદેવ ! આપને શ્રીહરિ પાસેથી સર્વ સામર્થ્ય સાંપડ્યું છે. આપ ત્રણે લોકને પવિત્ર કરો છો. આપ સ્વરૂપથી જ સર્વ પાપોનો નાશ કરો છો. અમારા આ દેહથી આપનો પાવન સ્પર્શ કરી પુનીત બનીએ છીએ. આપને વિનંતિ કે અમારાં પાપોનો નાશ કરી, અમારાં અંગોને પાવન કરો. (૨૩)

બત્રીસલાખ યોજન : બત્રીસલાખ યોજનનો દધિમહાસાગર

(૫) શાકદ્વીપ : રાજા મેધાતિથિ : ભગવાન વાયુ : રાજન્ ! આ ક્ષીરસાગરની પાછળ ચારે તરફ શાકદ્વીપ આવેલ છે. આ બેટનો વિસ્તાર બત્રીસ લાખ યોજનનો છે. એની પાછળ દહીંના મઠા જેવા સ્વાદવાળો "દધિમંથોદ" નામનો સાગર એટલા જ વિસ્તારવાળો આવેલ છે. આ દ્વીપમાં "શાક" નામનું વિશાળ વૃક્ષ આવેલ છે, એના ઉપરથી આ બેટનું શાકદ્વીપ નામ પડયું છે. વૃક્ષની સુવાસથી આખો દ્વીપ સુવાસિત બને છે. (૨૪) પ્રિયવ્રત રાજકુમાર 'મેઘાતિથિ"એ આ દ્વીપ પોતાના સાત પુત્રોને સાત ખંડોમાં વહેંચી આપ્યો છે. રાજકુમારોનાં પુરોજવ, મનોજવ, પવમાન, ધૂમ્રાનીક,ચિત્રરેક, બહુરૂપ, વિશ્વાધાર નામો છે અને આ જ નામવાળા ખંડો છે. રાજા મેઘાતિથિ રાજ્યવિભાગ કરી અનંત કૃપાનિધિ

શ્રીકૃષ્ણમાં મન પરોવી તપ કરવા પધારી ગયા. (૨૫) ઈશાન, ઉરુશૃંગ, બલભદ્ર, શતકેશર, સહસ્ત્રસ્ત્રોત, દેવપાલ, મહાનસ નામના સાત સીમાચલોથી વહેંચાયેલા આ ખંડોમાં અનઘા, આયુર્દા, ઉભયસ્પૃષ્ટિ, અપરાજિતા, પંચપદી, સહસ્ત્રસ્ત્રુતિ, નિજધૂતિ નામની સાત સરિતાઓ વહે છે. (૨૬) ઋતવ્રત-સત્યવ્રત-દાનવ્રત-અનુવ્રત નામના ચારે વર્ણના પ્રજાજનો પ્રાણાયામ આચરી રજોતમોગુણને વિખેરી નાખી "વાયુ સ્વરૂપ" ભગવાનની ઉપાસના કરે છે, ત્યારે આ મંત્ર ગાય છે : अन्तः प्रविश्य भूतानि यो बिभर्त्त्यात्मकेतुभिः । अन्तर्यामीश्वरः साक्षात् पातु नो यद्वशे स्फुटम् ॥ સર્વના અન્તર્યામી સાક્ષાત્ ઈશ્વરસ્વરૂપ શ્રી વાયુદેવતા સર્વની અંદર પ્રવેશી પ્રાણ અને અપાન વગેરે પોતાની વૃત્તિઓથી પ્રાણીમાત્રનું રક્ષણ કરે છે. વળી સમગ્ર વિશ્વ જે વાયુદેવને આધીન છે તે વાયુદેવની અમે ઉપાસના કરીએ છીએ. (૨૮)

(૬) પુષ્કરદ્વીપ : ચોસઠલાખ યોજન : રાજા વીતિહોત્ર : શ્રી હરિદેવતા : ચોસઠલાખ યોજનનો મધુર સાગર : રાજન્ ! આ દધિમહાસાગરની ઉપર ચોસઠ યોજનન લાખ વિસ્તારવાળો "પુષ્કર દ્વીપ" એટલા જ વિસ્તારવાળા મીઠા જલના મહાસાગરથી વીંટળાયેલો છે. આ દ્વીપની મધ્યમાં "અગ્નિશિખા" સમ તેજસ્વી, અસંખ્ય સુવર્ણમય કમલની પાંખડીઓવાળું વિશાળ કમળ આવેલ છે. આ કમળ બ્રહ્માજીના આસન સ્વરૂપે માન્યું છે. (૨૯) આ દ્વીપમાં પૂર્વપશ્ચિમ દિશાના વિભાગોને માપતો "માનસોત્તર" એક જ પર્વત છે. આ પર્વત દશ હજાર યોજન ઊંચો અને લાંબો છે. આ પર્વત ઉપર ચાર દિશામાં ઈન્દ્ર-વરુણ-કુબેર-યમની ચાર નગરીઓ આવી છે. (૨૪-૨૯)

ઉત્તરાયણ-દક્ષિણાયન

રાજન્ ! મેરુ પર્વતની ચારે તરફ ફરતું સૂર્યના રથનું સંવત્સર નામનું ચક્ર દેવતાઓનાં દિવસ અને રાત્રી બને છે અર્થાત્ દક્ષિણાયન ઉત્તરાયણના ક્રમે સૂર્ય સર્વદા વિચરે છે. (૩૦) આ દ્વીપમાં પ્રિયવ્રત રાજકુમાર વીતિહોત્ર રાજા રાજ્ય કરે છે. રાજાને રમણક અને ધાતકિ નામના બે કુમારો છે. રાજા એ ખંડના બે વિભાગો કરી બન્ને પુત્રોને વિભાગો આપી પોતાના જયેષ્ઠ બંધુઓની માફક શ્રીહરિસેવામાં જ પરોવાઈને રહેવા લાગ્યા. (૩૧) પુષ્કરદ્વીપના નિવાસીજનો "બ્રહ્માસ્વરૂપ" ભગવાન શ્રીહરિની બ્રહ્મસાલોક્યની પ્રાપ્તિ કરવાનારાં સત્કર્મોથી સેવા કરતા ગાન કરે છે કે यत्तत् कर्ममयं लिङ्गं ब्रह्मलिङ्गं जनोऽर्चयेत् । एकान्तमद्वयं शान्तं तस्मै भगवते नमः । જે ભગવાનનું શ્રી અંગ સર્વ કર્મના ફલ સ્વરૂપ છે, જેમના દ્વારા પરબ્રહ્મનું પણ જ્ઞાન થાય છે, જે એક જ છે, અદ્વૈત છે, શાંત છે, સર્વજન જે પ્રભુની અર્ચના કરે છે, તે ભગવાનને અમે નમસ્કાર કરીએ છીએ. (૩૩) રાજન્ ! આ મધુર જલ મહાસાગરની પાછળ લોકાલોક નામનો એક પર્વત આવેલ છે. આ પર્વત લોક અને અલોક એવા બે વિભાગ પાડનારો પર્વત છે. (૩૪) આ પર્વત પૃથ્વીની સર્વ બાજુએ સૂર્યાદિ દ્વારા પ્રકાશિત અને અપ્રકાશિત દેશોની વચમાં ભાગ પાડનારો છે. માનસોત્તર અને મેરુ પર્વતની વચ્ચે જે દોઢ કરોડ અને સાડા સાત લાખ યોજનનું અંતર આવેલું છે. તેટલા જ વિસ્તારવાળી એટલે દોઢ કરોડ સાડા સાત લાખ યોજનની ભૂમિ મીઠા મહાસાગરની બહાર આવેલી છે. આ ભૂમિમાં પ્રાણીઓ પણ રહેલાં છે. આ ભૂમિ પછી સુવર્ણની ભૂમિ આવે છે. આ ભૂમિ આઠ કરોડ અને ઓગણચાલીસ લાખયોજનના વિસ્તારવાળી છે. આ ભૂમિ પણ સુવર્ણમય હોઈ દર્પણ જેવી સ્વચ્છ છે. એમાં કોઈ પણ વસ્તુ પડી જાય તો તે મળતી નથી. આ કારણથી કોઈ પણ પ્રાણીઓ ત્યાં જતાં જ નથી, આમ છતાં દેવતાઓ ત્યાં વસે છે. (૩૫) લોકાલોક પર્વતનો અર્થ એવો થશે કે "લોક" એટલે સૂર્યથી પ્રકાશિત અને "અલોક" એટલે સૂર્યથી અપ્રકાશિત ભૂમિના ભાગોની વચમાં આવેલો પર્વત તેનું નામ "લોકાલોક" પર્વત એમ જાણવું. (૩૬)

લોકાલોકનું સ્થાન

આ લોકાલોક પર્વત ત્રણ લોકથી બહાર આવેલ છે. આ પર્વત ત્રણ લોકની ચારે તરફની ભૂમિના સીમાડા રૂપે રહેલો છે. આ પર્વત એટલો બધો ઊંચો છે તેમ જ લાંબો છે કે એની એક બાજુથી ત્રણે લોકને પ્રકાશ કરનારા સૂર્યથી આરંભી શ્રીધ્રુવ સુધીના સમસ્ત જ્યોતિર્મંડલનાં કિરણો બીજી બાજુ જઈ શકતાં નથી. (૩૭) રાજન્ ! આ ભૂમિ વગેરેનાં લક્ષણો,

પ્રમાણ અને એમની સર્વની સ્થિતિ અનુસાર સંપૂર્ણ લોકોની રચના આ પ્રકારની છે. એ એના તદ્વિદ્ સંપૂર્ણ જાણકારોએ જ જણાવી છે. આ સમસ્ત ભૂગોલ પચાસ કરોડ યોજનના વિસ્તારનો છે. તેમાંથી આ સમગ્ર ભૂગોળનો ચોથો ભાગ એટલે બાર કરોડ અને પચાસ લાખ યોજન જ્યાં લોકાલોક પર્વતની હદ પૂર્ણ થાય છે ત્યાં આવે છે. (૩૮) આનો અર્થ એ થયો કે મેરુ પર્વતની ચારે બાજુ સાડા બાર કરોડ સાડા બાર કરોડ યોજન દૂર છે. આ પર્વતની ઉપર ચારે બાજુ સર્વ જગના સ્વામી બ્રહ્માજીએ ઋષભ-પુષ્કરચૂડ-વામન-અપરાજિત ચાર દિગ્ગજો મૂક્યા છે. આ દિગ્ગજોને લીધે પૃથ્વીનું સમતોલપણું જળવાય છે. (૩૯)

સર્વસંરક્ષક ભગવાન

રાજન્ ! આ લોકાલોક પર્વતમાં પરમમહાપુરુષ ભગવાન બિરાજે છે. આ શ્રીહરિ ભગવાન ચારે દિશાના દિગ્ગજો તેમજ ભગવાનની જ વિભૂતિઓ સ્વરૂપે રહેલા ઈન્દ્ર-વરુણ-વાયુ-કુબેર વગેરે લોકપાલોની સર્વ શક્તિઓ સમૃદ્ધ રહે એવી કૃપા કરે છે, અને એ માટે જ બિરાજે છે. આ ભગવાન સર્વના અન્તર્યામી છે, પરમ પુરુષ છે, સર્વના અધિપતિ છે. સર્વ લોકનાં કલ્યાણ કરનારા છે. આપ મંગલવિગ્રહ સ્વરૂપવાળા છે, ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય-ઐશ્વર્ય વગેરે અષ્ટ મહાસિદ્ધિઓથી પરિપૂર્ણ છે. વિષક્સેન નામના સોળ ભગવાનના પાર્ષદો છે. શંખ, ચક્ર વગેરે શ્રેષ્ઠ આયુધોને ધારણ કરનારા સર્વાંગ મનોહર સ્વરૂપ છે. ભગવાને પોતાની યોગમાયા નામની શક્તિથી આ બ્રહ્માંડ રચ્યું છે. આ લોકની વ્યવસ્થા અને રક્ષા માટે કલ્પની સમાપ્તિ થતાં સુધી પ્રભુ અહીં બિરાજે છે (૪૧). લોકાલોક પર્વતની અંદરના વિભાગનો જેટલો વિસ્તાર છે, એના ઉપરથી એની સામી બાજુ આવેલા અલોક પ્રદેશનાં લંબાઈ, પહોળાઈ, ઊંચાઈના માપનો નિર્ણય સમજી શકાય કે નક્કી કરી શકાય. આ પ્રદેશનું પણ માપ સાડાચાર કરોડ યોજનનું છે. કેવલ યોગેશ્વરો જ જઈ શકે છે કે જાણી શકે છે, એમ આ દિશાના વિશેષ પુરુષોનું માનવું છે. સ્વર્ગ અને પૃથ્વીની મધ્યમાં બ્રહ્માંડનું જે કેન્દ્ર છે, ત્યાં જ સૂર્ય છે. સૂર્ય અને બ્રહ્માંડની વચમાં ચારે બાજુથી પચીસ કરોડ યોજનનું અંતર છે. (૪૩)

માર્તંડ

સૂર્ય ભગવાનનું નામ માર્તંડ છે. ભગવાન સૂર્ય આ "મૃત" જેવા એટલે તદ્દન અચેતન જણાતા અંડમા વેરાજરૂપે બિરાજે છે તેને ચેતના આપે છે, એટલે એનું નામ "માર્તંડ" આપ્યું છે. તે હિરણ્યમય એટલે "તેજોમય" બ્રહ્માંડમાંથી પ્રક્ટયા છે તેથી તેમનું નામ "હિરણ્યગર્ભ" પણ આપ્યું છે. (૪૪) દિશાઓ-આકાશ-ઉપરના લોક-પૃથ્વી-સ્વર્ગની જગ્યા-મોક્ષની જગ્યા-નરક-પાતાલો અને અન્ય વિભાગો પણ સૂર્યને લીધે જ થાય છે. (૪૫) દેવ-પશુ-પક્ષી-મનુષ્ય-સર્પ-લતા આદિ સમસ્ત જીવના સમૂહના આત્મા અને નેત્રના અધિષ્ઠાતા સૂર્ય જ છે. (૪૬)

देवतिर्यङ्मनुष्याणां सरीसृपसवीरुधाम् । सर्वजीवनिकायानां सूर्य आत्मा दृगीश्वरः ।। (૪૬)

શ્રીમદ્ ભાગવત પીયૂષના પંચમસ્કંધ, સ્થિતિ લીલાના દ્વિતીય પ્રકરણમાં ભુવનકોશવર્ણનમાં વીસમો અધ્યાય સંપૂર્ણ
અધ્યાય ૨૦મો સમાપ્ત.

અધ્યાય ૨૧મો

[આ અધ્યાયમાં ૧૯શ્લોકો છે. દેશસ્થિતિ પ્રકરણમાં ૧૬ થી ૨૦ અધ્યાયોમાં "ભૂમિ" દેશનું વ્યવસ્થિત રૂપે વર્ણન કરીને ભુવર્લોક'નું વર્ણન આરંભ્યું છે આ પ્રસંગ ૨૧-૨૨-૨૩ ત્રણ અધ્યાયોમાં વર્ણવાશે. આ અધ્યાયમાં સૂર્ય ભગવાનની ગતિ, જ્યોતિશ્ચક્રની ગતિ, વગેરે પ્રસંગોનું વર્ણન આવશે.]

ખગોળગાથા

श्रीशुक उवाच–एतावानेव भूवलयस्य सन्निवेशः प्रमाणलक्षणतो व्याख्यातः ।

શ્રી શુકાચાર્ય મહારાજે કહ્યું રાજન્ ! ૨૦મા અધ્યાય પર્યન્ત ભૂતલનું પ્રમાણ-લક્ષણ-સ્વરૂપ-પદાર્થ વગેરે જેવું છે તેવું વર્ણવ્યું છે. જેટલા વિસ્તારમાં "ભૂગોળ" છે એટલા જ વિસ્તારમાં "ખગોળ" પણ છે. આ બાબત એના જાણકારોએ જણાવી છે. રાજન્ ! એકાદ તુવર, ચણા કે ચોળા વગેરે કઠોળનો દાણો લઈ તેની બે ફાડ કરીને જોઈએ તો બન્ને એક

સરખી જ હોય છે એવી જ રીતે ભૂગોળ-ખગોળનાં માપ સરખાં જ છે. આ બન્નેની વચમાં "અન્તરિક્ષ લોક" આવેલ છે એ લોક ભૂગોળ-ખગોળનું સંધિસ્થાન છે (૧-૨)

ભગવાન સૂર્ય

રાજન્ ! ભૂગોળ-ખગોળની મધ્યમાં રહેલા "અન્તરિક્ષ લોકમાં મધ્યમાં ગ્રહો-નક્ષત્રો-નક્ષત્રપતિ સૂર્યનારાયણ પોતાના તાપથી ત્રણ લોકને તપાવે છે. અને પોતાના પ્રકાશથી પ્રકાશ આપે છે. આ સૂર્ય ભગવાન ઉત્તરાયણ-દક્ષિણાયન-વિષુવવૃત્ત નામની ક્રમાનુસાર મંદ, શીઘ્ર અને સમાન ગતિથી ઠીકઠીક સમય પ્રમાણે ઉપરના ભાગમાં, નીચેના ભાગમાં અને સમાન સ્થાનમાં જાય છે. આ પ્રમાણે ચાલતાં મકરાદિ રાશિઓમાં પ્રવેશતાં દિવસો અને રાત્રિઓને લાંબાં, ટૂંકાં અને સરખાં બનાવે છે (૩).

રાજન્ ! જ્યારે સૂર્ય મેષરાશિમાં અને તુલારાશિમાં પ્રવેશે છે ત્યારે દિવસો અને રાત્રિઓ સરખાં હોય છે. પરંતુ જ્યારે સૂર્ય[૧] વૃષભ-મિથુન-કર્ક-સિંહ-કન્યા આ પાંચ રાશિઓમાં વિચરે છે ત્યારે દિવસો લાંબા હોય છે અને રાત્રિઓ ટૂંકી હોય છે. રાજન્ ! આ પ્રકારે એક એક ઘડી મહિને મહિને રાત્રિઓ ટૂંકી થતી જાય છે. પરંતુ જ્યારે સૂર્ય-વૃશ્ચિક-ધન-મકર-કુંભ-મીન રાશિના થાય છે ત્યારે દિવસો ટૂંકાય છે અને રાત્રિઓ લંબાય છે. સૂર્ય દક્ષિણાયનમાં આવે ત્યાં સુધી દિવસો વધે અને સૂર્ય ઉત્તરાયણમાં આવે ત્યાં સુધી રાત્રિઓ લંબાય છે-વધે છે (૪-૬).

માનસોત્તર પર્વત : ચાર નગરી

ભગવાન સૂર્યનારાયણને માનસોત્તર પર્વતની ચારે બાજુ ફરતાં નવ કરોડ એકાવન લાખ યોજનનો માર્ગ કાપવાનો હોય છે. આવું પંડિત જનોનું માનવું છે. માનસોત્તર પર્વત ઉપર મેરુ પર્વતથી પૂર્વમાં-પૂર્વ દિશામાં ઈન્દ્રની "દેવધાની" નામની નગરી આવેલી છે. મેરુથી દક્ષિણ દિશામાં યમદેવની "સંયમની" નામની નગરી આવેલી છે. મેરુથી પશ્ચિમ દિશામાં વરુણ દેવની "નિમ્લોચની" નામની નગરી આવેલ છે. આ જ પ્રકારે મેરુથી ઉત્તર દિશાએ સોમની "વિભાવરી" નામની નગરી આવેલી છે. (૭)

સૂર્યોદયાદિની સમજ

સૂર્ય ભગવાન મેરુની પ્રદક્ષિણા કરીને ચાલે છે એટલે ચારે દિશાની નગરીમાં સમય પ્રમાણે જ્યારે જાય છે ત્યારે પ્રત્યેક પ્રાણી કામ કરવા અને વિરામ કરવા એ બેના કારણ બનતા સૂર્યોદય-મધ્યાહ્ન-સૂર્યાસ્ત-મધ્યરાત્રી વગેરે થાય છે. પરંતુ મેરુ પર્વત ઉપર રહેનારાઓને તો સદાય મધ્યાહ્ન કાળનો જ સૂર્ય તપે છે. સૂર્ય નક્ષત્રો તરફ મુખ કરી પ્રયાણ કરે છે તેથી મેરુ પર્વતને પોતાની ડાબી બાજુ રાખે છે. આમ છતાં સમસ્ત જ્યોતિર્મંડળને ઘૂમાવનાર નિરંતર જમણી બાજુ ફૂંકાતા-વાતા "પ્રવહ" નામના વાયુ દ્વારા ઘૂમાવાઈ જવાથી તે મેરુ પર્વતની જમણી બાજુ રાખીને ચાલતા હોય તેમ લાગે છે.

ઉદાયસ્તના નિયમો : સૂર્યનો જે પુરીમાં ઉદય થાય તેની સામેની પુરીમાં તે અસ્ત થતા જણાશે. પરંતુ સૂર્ય જે નગરીમાં લોકોને પરસેવાના જલથી લથડપથડ કરી નાખી મધ્યાહ્નના તાપે તપાવતા હશે તેની ઠીકઠીક સામે નગરીમાં મધ્યરાત્રી થઈ જતી હોવાથી તે નગરીના લોકોને ગાઢ નિદ્રામાં મૂકી દેતા હશે. સૂર્ય ભગવાન જે લોકોને મધ્યાહ્ન સમયે સ્પષ્ટ દર્શન આપતા હશે તે લોકો જ્યારે સૂર્ય તેની સામેની દિશામાં પહોંચી જાય ત્યારે સૂર્યનાં દર્શન કરી શકતા નહીં હોય. સૂર્ય ભગવાનને ઈન્દ્રની નગરી દેવધાનીમાંથી નીકળીને દક્ષિણમાં આવેલી યમદેવપુરીમાં પંદર ઘડીમાં પહોંચી જતાં બે કરોડ **સાડત્રીસલાખ પંચોતેર હજાર યોજનનો** માર્ગ કાપવાનો હોય છે. આ પ્રમાણે ગોળાકાર માર્ગે જતાં દક્ષિણની યમનગરીમાંથી પશ્ચિમની વરુણ નગરીમાં પહોંચતાં બે કરોડ સાડત્રીસ લાખ પંચોતેર હજાર યોજનનો માર્ગ પંદર ઘડીમાં કાપવાનો છે. આ જ પ્રકારે દક્ષિણમાંથી ઉત્તરની કુબેરનગરીમાં અને કુબેરનગરીથી પાછા ઈન્દ્રપુરીમાં જતાં

---

(૧) દિવસો વધવાની બાબતમાં કેવળ વૃષભ અને મિથુન આ બે રાશિમાં જ દિવસો વધે છે અને કર્ક-સિંહ-કન્યા આ ત્રણ રાશિઓમાં તો દિવસો ઘટતા જાય છે. આમ છતાં જે દિવસો પાંચ રાશિમાં વધે છે એમ જે કહ્યું છે તે રાત્રિઓ કરતાં દિવસો મોટા હોય છે માટે જ કહ્યું છે.

પંદર ઘડીમાં આટલો જ રસ્તો કાપવાનો હોય છે. (૮-૧૧)

ચન્દ્રાદિ ગ્રહોની સ્થિતિ

સૂર્યની માફક જ ચન્દ્ર વગેરે ગ્રહો પણ જ્યોતિશ્ચક્રમાં બીજાં નક્ષત્રો સાથે ઉદય તેમજ અસ્ત પામે છે. ભગવાન સૂર્યનો વેદમય રથ છે. એ પૂર્વથી લઈ ઉત્તર પર્યન્ત ગોળાકારે ચારે દેવપુરીઓમાં વિચરે છે. સૂર્યની ગતિનો વિચાર કરીએ તો **સૂર્ય ભગવાનનો આ વેદમય રથ એક મુહૂર્તમાં એટલે ૪૮ મિનિટમાં ચોત્રીસ લાખ અને આઠસો યોજનનો માર્ગ કાપે છે. (૧૨)**

સૂર્યનો રથ

સૂર્યના રથનું એક વર્ષ એટલે એક સંવત્સર એ ચક્ર બતાવવામાં આવ્યું છે. આ રથચક્રના દ્વાદશ માસ નામના બાર આરા છે; છ ઋતુઓ નામના છ પાટા છે. શિયાળો, ઉનાળો અને ચોમાસુ નામની ત્રણ નાભિઓ છે. આવા રથચક્રની ધરીનો એક છેડો, મેરુ પર્વતના શિખર ઉપર છે અને બીજો છેડો માનસોત્તર પર્વત ઉપર છે. એમાં લાગેલું અને તેલની ઘાણીના ચક્ર માફક ફરતું સૂર્યના રથનું ચક્ર માનસોત્તર પર્વત ઉપર ફર્યા કરે છે. એ ધરીમાં જેનું મૂળ અચલ છે એવો **અને એનાથી ચોથા ભાગના પ્રમાણની બીજી ધરી છે તેનો ઉપરનો ભાગ ઘાણીની ધરીની માફક ધ્રુવમાં આવેલો છે. (૧૩-૧૪)**

સૂર્ય ભગવાનને રથમાં બેસવાનું જે સ્થાન છે તે છત્રીસ લાખ યોજનનું લાંબું અને નવ લાખ યોજન પહોળું છે. સૂર્યના રથની ધૂંસરી પણ છત્રીસ લાખ યોજનની લાંબી છે. આ ધૂંસરીમાં અરુણ નામના સૂર્યના સારથિએ ગાયત્રી વગેરે છંદોના નામવાળા સાત અશ્વો જોડેલા છે. આ અશ્વો સૂર્યના રથને ખેંચે છે. અરુણ સારથિ સૂર્યદેવને પોતાની પૂંઠ નથી બતાવતા માટે સૂર્ય તરફ મુખ રહે એમ બેસીને રથ ચલાવે છે. ભગવાન સૂર્યની ચારે બાજુ અંગૂઠાના પ્રમાણ જેટલા "વાલખિલ્ય" નામના સાઠ હજાર ઋષિઓ ભગવાન સૂર્યને સ્વસ્તિવાચન કરી સ્તુતિ કર્યા કરે છે. આ ઉપરાંત ઋષિઓ-ગન્ધર્વો-અપ્સરાઓ-નાગો-યક્ષો-રાક્ષસો-દેવતાઓ જે એક એક ગણતાં ચૌદ થાય છે પણ બબ્બે સાથે રહેલા હોવાથી સાત ગણો કહેવાય છે. તેઓ પ્રત્યેક માસમાં જુદાં જુદાં નામવાળા થઈને પોતાનાં ભિન્ન ભિન્ન કર્મોથી પ્રત્યેક માસમાં ભિન્ન ભિન્ન નામ ધારણ કરતા આત્મસ્વરૂપ ભગવાન સૂર્યની ઉપાસના કરે છે. આ પ્રમાણે ભગવાન સૂર્ય ભૂમંડલનો નવ કરોડ એકાવન લાખ યોજન લાંબો માર્ગ પ્રત્યેક ક્ષણે બે હજાર અને બે યોજનના હિસાબે કાપે છે. (૧૫-૧૯)

लक्षोत्तरं सार्धनवकोटियोजनपरिमण्डलं भूवलयस्य क्षणेन सगव्यूत्त्युत्तं द्विसहस्त्रयोजनानि स भुंक्ते ॥ १८ ॥

શ્રીમદ્ ભાગવત પીયુષના પંઅસ્કંધ, સ્થિતિલીલાના દ્વિતીય પ્રકરણમાં જ્યોતિશ્ચક્ર રથમણ્ડલનું વર્ણન કરતો ૨૧મો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૨૧મો સમાપ્ત.

અધ્યાય ૨૨મો

[આ અધ્યાયના ૧૭ શ્લોકો છે. ચન્દ્ર-શુક્ર આદિ ગ્રહોનાં અંતર અને સ્થાન વગેરે પ્રસંગો આ સ્થાને વર્ણવાશે.]

राजोवाच–: यदेतद् भगवत आदित्यस्य मेरुं ध्रुवं च प्रदक्षिणेन परिक्रामतो राशीनामभिमुखं च प्रचलितं चाप्रदक्षिणं भगवतोपवर्णितममुष्य वयं कथमनुमिमीमहीति ॥ १ ॥

મહારાજ પરીક્ષિતે એકવીશમા અધ્યાયમાં ભગવાન સૂર્યની ગતિ વગેરેનું શ્રવણ કરીને એક પ્રશ્ન કર્યો કે ભગવન્ શુકાચાર્ય ! આપે કહ્યું કે ભગવાન સૂર્ય રાશિઓ તરફ જતી વખતે મેરુ અને ધ્રુવને જમણી બાજુએ રાખીને ચાલતા દેખાય છે : પરંતુ ખરેખર સૂર્યની ગતિ દક્ષિણાવર્ત નથી હોતી, આ બાબત અમે કેવી રીતે સમજી શકીએ તે કહો. (૧)

ગ્રહોની વિપરીત ગતિની સમજ

રાજન્ ! પરીક્ષિત ! એક વાત કહું તે ઉપરથી ગ્રહોની ગતિ સમજાશે. કુંભકારનો એક "ચાક" હોય. તે ચાક ઉપર બેઠેલી અને એ ચાક સાથે ફરતી કીડી વગેરેની ગતિ ચાકની ગતિથી જુદી છે. ચાક જે તરફ ફરે છે તેનાથી બીજી

દિશામાં કીડી વગેરે ફરે છે. કારણ કે આ ચાકના જે જે જુદા જુદા ભાગો - આરા ઉપર કીડી દેખાય છે તે જ પ્રમાણે નક્ષત્ર અને રાશિઓથી ઉપલક્ષિત કાલચક્રમાં ધ્રુવ અને મેરુને જમણા હાથ તરફ રાખી ભ્રમણ કરતા સૂર્ય આદિ ગ્રહોની ગતિ ખરી રીતે એનાથી જુદી જ છે કારણ કે જુદે જુદે સમયે જુદી જુદી રાશિ અને નક્ષત્રોમાં તે દેખાય છે. (૨)

રાજન્ ! ભગવાન વેદ અને વિદ્વાનો પણ જેની ગતિ જાણવા માટે ઉત્કંઠાવાળા છે, તે સાક્ષાત્ આદિ પુરુષ ભગવાન નારાયણ જ લોકના કલ્યાણ અને કર્મોની શુદ્ધિ માટે પોતાના વેદમય વિગ્રહ-કાલને બાર માસમાં વહેંચી નાખી વસન્ત વગેરે ઋતુઓમાં એમને યોગ્ય ગુણોનું વિધાન કરે છે. આ ભૂતલ પર વર્ણ અને આશ્રમના ધર્મને આચરનારા સજ્જનો વેદે કહેલાં નાનાં મોટાં કર્મોથી અને યોગનાં અંગોથી શ્રદ્ધાપૂર્વક સૂર્યનું આરાધન કરનારા સરળતાથી પોતાનું કલ્યાણ સાધે છે. (૩)

ભગવાન સૂર્ય એ તો સર્વના આત્મા છે. સ્વર્ગ અને પૃથ્વીની મધ્યમાં જે અંતરિક્ષ-આકાશ છે તેની અંદર કાલચક્રમાં રહેલા એ સૂર્ય વર્ષના અવયવોરૂપ અને રાશિ ઉપરથી જેનાં નામ પડેલ છે તેવા બાર માસ ભોગવે છે. એમાંથી પ્રત્યેક માસ "ચન્દ્રમાન"થી શુકલ અને કૃષ્ણ બે પક્ષનો બને છે. "પિતૃમાન"થી એક રાત અને એક દિવસનો બને છે અને "સૌરમાન"થી સવા બે નક્ષત્રનો કહ્યો છે. ભગવાન સૂર્ય જેટલા સમયમાં આ સંવત્સરનો છઠ્ઠો ભાગ ભોગવે છે તે અવયવ "ઋતુ" કહેવાય છે. જેટલા સમયમાં ભગવાન સૂર્ય આકાશના અડધા ભાગમાં ફરે છે તેટલા સમયને "અયન" કહે છે. સ્વર્ગ અને પૃથ્વીના મંડળની વચ્ચે રહેલા આકાશમંડળમાં ફરી લે છે તેટલા સમયને "વર્ષ" કહેવામાં આવે છે. એક વર્ષમાં મંદગતિ-શીઘ્રગતિ અને સમાનગતિ એવી સૂર્યની ત્રણ પ્રકારની ગતિ હોય છે. સંવત્સર-પરિવત્સર-ઈડાવત્સર-અનુવત્સર-વત્સર આવા વર્ષના જુદા જુદા ભેદો હોય છે. સંવત્સર એટલે શુકલ પક્ષની પ્રતિપદાતિથિને દિવસે સંક્રાન્તિ બેસે ત્યારે સૌરમાસ અને ચાન્દ્રમાસ એ બન્ને સાથે શરૂ થાય છે. આ પ્રકારે ચાલેલા વર્ષને "સંવત્સર" કહે છે. હવે બંનેની ગતિમાં ફેરફાર હોવાથી સૂર્યને હિસાબે વર્ષમાં છ દિવસ વધે છે અને ચન્દ્રના હિસાબે છ દિવસ ઘટે છે. એટલે બન્ને સાથે ચાલવા છતાં બન્નેની વચમાં છેટું પડી જતાં સૌરમાસ અને ચાન્દ્રમાસ આગળ પાછળ થઈ જાય છે એમ કરતાં બન્નેની વચમાં પાંચ વર્ષ જાય છે એટલે બે પુરુષોત્તમ માસ-એટલે મલ માસ આવે છે. ત્યાર બાદ જ્યારે છઠ્ઠું વર્ષ શરૂ થાય ત્યારે પાછી પ્રતિપદાને દિવસે સંક્રાન્તિ બેસે ત્યારે સૂર્ય-ચન્દ્ર પાછા ચાલે એટલે તે વર્ષ પાછું "સંવત્સર" વર્ષ કહેવાય છે. આ રીતે પ્રથમ વર્ષનું નામ સંવત્સર, બીજા વર્ષનું નામ પરિવત્સર, ત્રીજા વર્ષનું નામ ઈડાવત્સર, ચોથા વર્ષનું નામ અનુવત્સર અને પાંચમાનું નામ વત્સર પડે છે. (૪-૭)

સૂર્ય-ચંદ્રની વચ્ચેનું અંતર

આ રીતે ચંદ્ર સૂર્યનાં કિરણોથી ઉપર એક લાખ યોજનને છેટે આવેલ છે. ભગવાન સૂર્ય એક વર્ષમાં જેટલો રસ્તો કાપે છે તેટલો જ રસ્તો ચન્દ્ર બે પક્ષથી એટલે એક માસથી કાપે છે. સૂર્યની ગતિ મંદ છે અને ચન્દ્રની ગતિ શીઘ્ર છે. કૃષ્ણ પક્ષમાં ક્ષીણ થતી ચંદ્રની કળાથી પિતૃઓના દિવસરાત્રીના ગણના અને શુકલ પક્ષમાં વધતી જતી કળાથી દેવોના દિવસ-રાત્રીઓનો વિભાગ કરે છે તથા ત્રીસ ત્રીસ મુહૂર્તમાં એક એક નક્ષત્રને પસાર કરે છે એટલે એક નક્ષત્રમાંથી બીજા નક્ષત્રમાં જતાં ત્રીસ મુહૂર્ત લાગે છે. આ ભગવાન ચન્દ્ર સોળ કલાથી પૂર્ણ છે તે અન્નમય ,અમૃતમય હોવાથી તે જ સમસ્ત જીવોના પ્રાણ અને જીવન છે. આ સોળ કલા પરિપૂર્ણ ભગવાન ચન્દ્ર મનોમય-અન્નમય-અમૃતમય પુરુષસ્વરૂપ છે. તે પોતે દેવો-પિતૃઓ-મનુષ્યો-ભૂતો-પશુઓ-પક્ષીઓ-સર્પાદિ-વૃક્ષાદિ સમસ્ત પ્રાણીઓનું પોષણ કરે છે માટે તે ચન્દ્ર સર્વમય મનાય છે. (૮-૧૦)

નક્ષત્રોનું અંતર

ભગવાન ચન્દ્રથી ઉપર ત્રણ લાખ યોજનના અંતરે અભિજિત વગેરે અઠ્ઠાવીસ નક્ષત્રો આવેલાં છે. કાલચક્રમાં ઈશ્વરે યોજેલાં આ નક્ષત્રો મેરુ પર્વતને દક્ષિણ બાજુ રાખીને પ્રદક્ષિણા કરે છે. (૧૧)

શુક્રનું અંતર

નક્ષત્રો ઉપરથી બે લાખ યોજન દૂર શુક્ર ગ્રહ જોવા મળે છે. આ શુક્ર કોઈ વાર સૂર્યની આગળ તો કોઈ વાર સૂર્યની પાછળ તો વળી કોઈવાર સૂર્યની સાથે જ સૂર્યની ઉતાવળી, ધીમી અને સરખી ગતિને અનુસરીને સૂર્યની માફક ફરે છે. આ શુક્ર વૃષ્ટિ લાવનાર ગ્રહ મનાય છે. જીવો અને પ્રાણીઓ માટે તો તે વૃષ્ટિ કરનાર હોઈ સારો ગ્રહ મનાય છે. વળી અન્ય ગ્રહો જે વૃષ્ટિનો અવરોધ કરીને બેઠા હોય છે તેને પણ શાંત કરી દે છે. એવું શુક્રની ગતિ ઉપરથી લાગે છે. (૧૨)

બુધનું અંતર

જેવી શુક્રની ગતિ છે એવી જ બુધની ગતિ છે એટલે એ માટે રાજન્ ! નવું સમજવાનું ન રહ્યું. બુધ ચન્દ્રનો પુત્ર છે એ શુક્રથી ઉપર બે લાખ યોજનના અંતરે આવેલ છે. આ ગ્રહ શુભ ગણાય છે. લોકોનું મંગલ કરે છે. પરંતુ જ્યારે બુધ સુર્યની ગતિને ઓળંગીને ચાલે છે ત્યારે અનાવૃષ્ટિ, વાદળાં, વંટોળિયાની આંધીની સૂચના આપે છે. (૧૩)

મંગલ ગ્રહ

બુધ ગ્રહની ઉપર બે લાખ યોજનને અંતરે મંગલ ગ્રહ આવેલ છે. જો મંગલ વક્રગતિમાં ન હોય તો દોઢ મહિનો એક રાશિ ભોગવી બીજી રાશિ ઉપર જાય છે. આમ તે બારે રાશિઓને ભોગવે છે. મોટે ભાગે મંગલને ક્રૂર ગ્રહ માન્યો છે વળી પાપ ગ્રહ ગણેલ છે. એ પાપી નથી પણ અશુભ અમંગલનું સૂચન કરે છે.

બૃહસ્પતિ ગ્રહ

મંગળ ઉપર બે લાખ યોજનના અંતરે ભગવાન શ્રી બૃહસ્પતિ આવેલ છે. જો બૃહસ્પતિની વક્રગતિ ન હોય તો મોટે ભાગે એક વર્ષે એક રાશિને ભોગવે છે. આ રીતે બાર વર્ષે બાર રાશિની ગતિ પૂર્ણ કરે છે. માટે આ બૃહસ્પતિજી વિપ્રકુલનું મંગલ કરનારા મનાય છે. (૧૪-૧૫)

શનિશ્ચર મહારાજ

તેઓ ધીમે ધીમે ચાલે છે. તેથી તેમને શનિશ્ચર કહ્યા છે. બૃહસ્પતિની ઉપર બે લાખ યોજનને અંતરે શનૈશ્ચર ગ્રહ આવેલ છે. શનૈશ્ચરજી પ્રત્યેક રાશિને અઢી વર્ષ ભોગવે છે. આ રીતે શનૈશ્ચર મહારાજ ત્રીસ વર્ષે બાર રાશિની ગતિને પૂર્ણ કરે છે. મોટે ભાગે શનૈશ્ચર અશાંતિકર ગ્રહ માનેલ છે.

સપ્તર્ષિઓ રાજન્ શ્રીશનૈશ્ચર ઉપર અગિયાર લાખ યોજને દૂર કશ્યપાદિ સપ્ત ઋષિઓ આવેલા છે. આ સપ્તર્ષિ મહારાજો સર્વલોક મંગલ ભાવના સેવતા ભગવાન વિષ્ણુના પરમપદ ધ્રુવ લોકની પ્રદક્ષિણા કરે છે. (૧૭)

ततः उत्तरस्माद्ऋषय एकादशलक्षयोजनान्तर उपलभ्यन्ते य एव लोकानां शममनुभावयन्तो भगवतो विष्णोर्यत्परमं पदं
प्रदक्षिणं प्रक्रमन्ति ॥ १७ ॥

શ્રીમદ્ ભાગવત પીયૂષના પંચમ સ્કંધ સ્થિતિલીલાના દ્વિતીયપ્રકરણમાં જ્યોતિશ્ચક્રનું વર્ણન કરતો બાવીસમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૨૩મો

[આ અધ્યાયમાં ૯ શ્લોક છે. આ ત્રેવીસમા અધ્યાયમાં જ્યોતિચક્રનું વર્ણન છે તેમજ તેના આશ્રયરૂપ ધ્રુવપદનું વર્ણન કર્યું છે.]

श्रीशुकउवाच–अथ तस्मात् परतस्त्रयोदशलक्षयोजनान्तरतो यत्तद् विष्णोः परमं पदमभिवदन्ति यत्र ह महाभागवतो ध्रुव औत्तानपादिरग्निनेन्द्रेण प्रजापतिना कश्यपेन धर्मेण च समकालयुग्भिः सबहुमानं दक्षिणतः क्रियमाण इदानीमपि कल्पजीविनामाजीव्य उपास्ते तस्येहानुभाव उपवर्णितः ॥ १ ॥

ધ્રુવપદ સર્વનો આધાર

શ્રી શુકાચાર્ય ભગવાન જ્યોતિર્મંડલનું વર્ણન કરતાં સપ્તર્ષિનું વર્ણન પૂર્વના અધ્યાયમાં પૂર્ણ કરી આગળ કહેવા લાગ્યા કે રાજન્ ! સપ્તર્ષિ મંડલની ઉપર તેર લાખ યોજનના અંતરે ધ્રુવ લોક આવેલ છે. આ ધ્રુવપદને ભગવાન શ્રી વિષ્ણુના "પરમપદ" તરીકે કહેવામાં આવે છે. આ શ્રી વિષ્ણુપદમાં શ્રી ઉત્તાનપાદ રાજકુમાર પરમ ભાગવત શ્રી ધ્રુવજી બિરાજે

છે. કલ્પ પર્યન્તનું આયુષ્ય ધરાવનારા કલ્પજીવીઓના ધ્રુવજી આધાર મનાયા છે. આ ધ્રુવચરિતામૃતનું પાન તો રાજન્! આપે ચતુર્થ સ્કંધમાં કરેલ છે. અગ્નિ,ઈન્દ્ર,પ્રજાપતિ,કશ્યપ અને ધર્મ આજ પર્યન્ત એકી સાથે નક્ષત્રરૂપે જોડાઈ અત્યંત આદરપૂર્વક ધ્રુવલોકની પરિક્રમા કરતા ફર્યા કરે છે. (૧) નિત્ય જાગ્રત રહેલા, વળી ચાલે છે તો પણ ન ચાલતા દેખાતા, કાલ નામના ભગવાન દ્વારા, જે ગ્રહ-નક્ષત્ર આદિ જ્યોતિર્ગણને નિરંતર ઘુમાવવામાં આવે છે તે કાલ ભગવાને ધ્રુવનક્ષત્રને જ આ બધાના આધારસ્તંભ રૂપે નિર્માણ કરેલ છે; તેથી તે એક જ સ્થાને અચલ રહીને પ્રકાશે છે. (૨)

કલ્પપર્યન્ત ગ્રહોનું પર્યટન

જેમ કોઈ ખળામાં અનાજના દાણા ખંડમાંથી છૂટા પાડવા માટે "હાલરુ" ચલાવતાં ધાન્યકણને ખૂંદી અલગ કરનાર બળદો નાના-મોટા અને વચગાળાના દોરડે બંધાઈ ક્રમેક્રમે સમીપે, દૂર અને વચમાં રહીને વચલા થાંભળે-મેઢી સ્તંભની ચારે તરફ ગોળગોળ ફર્યા કરે છે તેવી જ રીતે બધા નક્ષત્રો અને ગ્રહો બહાર અને અંદરના ક્રમથી આ કાળચક્રમાં જોડાયેલા ધ્રુવલોકનો જ આશ્રય કરી વાયુની પ્રેરણાથી કલ્પના અંત સુધી ફરતા જ રહે છે. જેમ વાદળ અને બાજપક્ષીઓ પોતે.પોતાનાં કર્મોની સહાયતાથી વાયુને આધીન રહી આકાશમાં ફર્યા કરે છે અને પડતા નથી તે જ રીતે જ્યોતર્ગણ પણ પ્રકૃતિ પુરુષના સંયોગથી ગોઠવાયેલા પોતપોતાનાં કર્મો પ્રમાણે નિશ્ચિત રીતે ફર્યા કરે છે અને ફરતા તે તારા નક્ષત્રાદિ પૃથ્વી ઉપર પડી જતા નથી. કેટલાક ખગોળવેત્તાઓ આ જ્યોતિશ્ચક્ર, ભગવાન વાસુદેવની યોગ ધારણામાં શિશુમાર સંસ્થાને વૃષભના આકારે રહેલ છે એમ માને છે. કેટલાક એને સર્પાકાર માને છે. (૪)

શિશુમાર ચક્ર

આ જ્યોતિશ્ચક્ર સર્પાકારે કે "વૃષભ"ના આકારે પોતાના મુખને નમાવી કુંડાળું વાળીને બેઠેલ છે; એટલે મુખપુચ્છમાં નાખીને ગોળ બનીને બેઠેલ છે. આ વૃષભના પુચ્છના છેડે ધ્રુવજી રહેલ છે. પુચ્છના છેડાની નીચેના ભાગમાં પ્રજાપતિ, ઈન્દ્ર, અગ્નિ અને ધર્મ રહેલ છે. પુચ્છના મૂલમાં ધાતા અને વિધાતા રહેલા છે. કટિભાગમાં સપ્તર્ષિઓ આવે છે. (૫) જમણી બાજુ કુંડાળું વળીને બેઠેલા આ વૃષભના જમણા પડખે અભિજિત નક્ષત્રથી પુનર્વસુ સુધીનાં ચૌદ નક્ષત્રો આવી જાય છે અને આ ઉત્તર તરફ ગતિવાળાં છે. જ્યારે ડાબે પડખે પુષ્પ નક્ષત્રથી ઉત્તરાષાઢા સુધીનાં ચૌદ નક્ષત્રો દક્ષિણ તરફ ગતિવાળાં છે. અજવીથીમાં આવેલાં મૂલ પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા નક્ષત્રો વૃષભની પીઠમાં છે-આકાશગંગાના ઉદરમાં છે. (૫) પુનર્વસુ અને પુષ્પ જમણા-ડાબા નિતંબમાં છે; આર્દ્રા-પૂર્વાષાઢા જમણી ડાબી આંખમાં છે; ઘનિષ્ઠા-મૂલ નક્ષત્ર જમણા ડાબા પડખાના અસ્થિઓમાં છે; મૃગશિર વગેરે ઉત્તરચારી આઠ નક્ષત્રો પોતાની દિશાથી ઊલટાં એટલે જમણા પડખાનાં અસ્થિઓમાં આવેલાં છે; મઘા આદિ દક્ષિણાયનનાં આઠ નક્ષત્ર ડાબી પાંસળીઓમાં રહેલાં છે. શતભિષા-જયેષ્ઠા નક્ષત્રો જમણા ડાબા ખભામાં છે. (૬) ઉપલા હોઠમાં અગસ્તિ છે, નીચેના હોઠમાં યમ છે. મુખમાં મંગલ છે. ઉપસ્થમાં શનિશ્ચર છે. કંઠમાં બૃહસ્પતિ છે, વક્ષઃસ્થળમાં સૂર્ય છે, હૃદયમાં નારાયણ છે, મનમાં ચન્દ્રમા છે, નાભિમાં શુક્ર છે, સ્તનમાં અશ્વિનીકુમાર છે, પ્રાણ - અપાનમાં બુધ છે, પ્રતિદિન સંધ્યાકાલે એકાગ્રતાપૂર્વક મૌનવ્રત લઈને ભગવાનના જ્યોતિશ્ચક્રરૂપ સર્વદિવતામય સ્વરૂપનું દર્શન કરવું અને "नमो ज्योतिर्लोकाय कालायानायानिमिषां पतये महापुरुषाय धीमहि । તેજના આશ્રય, સર્વ દેવતાઓના અધિપતિ, હે મહાપુરુષ ! આપને અમારા નમસ્કાર છે. અમે આપનું ધ્યાન કરીએ છીએ." આ મંત્રથી સ્તુતિ કરવી. (૮) ગ્રહ- નક્ષત્ર અને તારા સમૂહમય સર્વદિવરૂપ અને ત્રણે કાલમાં ઉપર કહેલ મંત્રનો જપ કરનારા ભક્તજનોનાં પાપનો નાશ કરનાર, આ શિશુમારચક્રને ત્રણે કાલ જે નમસ્કાર કરે અથવા તો સ્મરણ કરે તે મનુષ્ય ત્રણે કાલનાં પાપોથી તત્ક્ષણ મુક્ત થાય છે. (૯)

ग्रहर्क्षताराममयमाधिदैविकं पापापहं मन्त्रकृतां त्रिकालम् । नमस्यतः स्मरतो वा त्रिकालं नश्येत तत्कालजमाशु पापम् ॥९॥

શ્રીમદ્ ભાગવતપીયૂષ, પંચમસ્કંધ સ્થિતિલીલાના દ્વિતીય દેશસ્થિતિ પ્રકરણમાંનો શિશુમારચક્રનું વર્ણન કરતો અધ્યાય ૨૩મો સમાપ્ત.

અધ્યાય ૨૪મો

[આ અધ્યાયમાં ૩૧ શ્લોકો છે. આ અધ્યાયથી સ્કંધ સમાપ્તિ પર્યન્ત ત્રણ અધ્યાયોમાં પાતાલાદિ સર્વ લોકોનું વર્ણન આવે છે. આ અધ્યાયમાં સાત પાતાળનું વર્ણન આવશે. આકાશમાં સૂર્યથી વર્ણન આરંભાય છે. સૂર્ય સર્વનો આત્મા છે માટે પાતાલ પણ સૂર્યથી કેટલે નીચે છે તે દર્શાવેલા રાહુના વર્ણનથી પ્રસંગ આરંભે છે.]

अधस्तात्सवितुर्योजनायुते स्वर्भानुर्नक्षत्रवच्चरतीति एके योऽसावमरत्वं ग्रहत्वं चालभत भगवदनुकम्पया स्वयमसुरापसदः सैंहिकेयो ह्यतदर्हस्तस्य तात जन्मकर्माणि चोपरिष्टाद् वक्ष्यामः ।

રાહુની સ્થિતિ

શ્રી શુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! સૂર્યની નીચે દશ હજાર યોજન દૂર આવેલ "રાહુગ્રહ" પણ નક્ષત્રની માફક ફરે છે એવું જ્યોતિર્વિદોનું મન્તવ્ય છે. આ રાહુ સિંહિકાનો પુત્ર છે અને દૈત્યોમાં તે ક્ષુદ્ર ગણાય છે. પરંતુ કેવલ શ્રીકૃષ્ણકૃપાના બલે એણે અમૃતપાન કરી "અમરપદ" પ્રાપ્ત કર્યું છે. રાજન્ ! સમુદ્રમંથનકથા અવસરે રાહુચરિત્ર સાંભળવા મળશે. (૧)

રાજન્ ! સદાય સતત સખત તપતું સૂર્યમંડલ દશ હજાર યોજનનું છે અને ચન્દ્રમંડલ બાર હજાર યોજનનું છે. જ્યારે રાહુનું મંડલ તેર હજાર યોજનનું છે, આવું જાણકારોનું કહેવું છે. અમૃતપાનપ્રસંગે સૂર્ય અને ચન્દ્રની મધ્યમાં દેવોના વેષમાં રાહુ આવી ચુપકીદીથી બેસી ગયો હતો. આ વખતે ચન્દ્ર અને સૂર્યે રાહુને જાહેર કરી દીધો; તેથી તે સતત વૈરભાવ રાખી રહેલ છે. આ રાહુ અમાવાસ્યાએ સૂર્ય ઉપર અને પૂર્ણિમાએ ચન્દ્ર ઉપર આક્રમણ કર્યા કરે છે. (૨) કૃપાળુ ભગવાને આ વસ્તુનો ખ્યાલ રાખીને ચન્દ્ર-સૂર્યના સંરક્ષણ માટે ફરતું ચક્ર મૂકી રાખ્યું છે. આ સુદર્શન સતત ફરતું જ રહે છે. આ સુદર્શન ચક્રના ઉગ્ર તેજથી ભયવિહ્વલ બની રાહુ ચન્દ્ર-સૂર્ય પાસેથી એક મુહૂર્તમાં પાછો વળી જાય છે. પરંતુજેટલો સમય સૂર્ય - ચન્દ્ર સામે ઊભો હોય છે તેટલા સમયને બધા "ગ્રહણ" શબ્દથી ઓળખાવે છે. (૩)

રાહુથી દશ હજાર યોજનના અંતરે સિદ્ધો-વિદ્યાધરો-ગંધર્વો-ચારણોનાં સ્થાન આવેલાં છે (૪) આ ગંધર્વાદિના સ્થાનથી નીચે જ્યાં સુધી વાયુની ગતિ છે અને વાદળો દેખાય છે ત્યાં સુધીના પ્રદેશને "અન્તરિક્ષ લોક" કહેલ છે. આ અન્તરિક્ષ લોક યક્ષ-રાક્ષસ-પિશાચ-પ્રેત અને ભૂતોનું સ્થાન-વિહારસ્થાન માનવામાં આવ્યું છે. (૫) આ અન્તરિક્ષ લોકની નીચે સો યોજનના અંતરે પૃથ્વીલોક આવેલ છે. હંસ,ગીધ,બાજ,ગરુડ આદિ પક્ષીઓ જ્યાં સુધી ઊડી શકે છે ત્યાં સુધી પૃથ્વીલોકની સીમા મનાય છે. (૬)

રાજન્ ! પૃથ્વી, પૃથ્વીના દ્વીપ, પર્વતો, સરિતાઓ, ખંડોના વિસ્તાર અને સીમાઓનું વર્ણન આગળ ૧૬થી ૨૧ અધ્યાયોમાં આવ્યું જ છે. આ પૃથ્વીની એટલે મહીતલની નીચે અતલ-વિતલ-સુતલ-તલાતલ-મહાતલ-રસાતલ-પાતાલ આવાં સાત પાતાલો આવ્યાં છે. આ સાત લોક છે, આ સાતને પૃથ્વીના વિવર એટલે ગુફા જેવા માન્યા છે. આ પ્રત્યેક પાતાલની નીચે દશદશ હજાર યોજનું અંતર છે. આ સાતે પાતાલની લંબાઈપહોળાઈ પણ દશ દશ હજાર યોજનની જ છે. (૭) ભૂમિમાં આ સાત દર-વિવર જુઓ તો એક પ્રકારનાં સ્વર્ગ જ છે. એક રીતે જોતાં સ્વર્ગ કરતાંય અધિક વિષયસુખ,સમ્પત્તિ,સંતતિ,ઐશ્રય-આનંદ ત્યાં રહેલાં છે. આ પાતાલ લોકોના વૈભવ ભર્યા ભવનો, ઉદ્યાનો, વિહારસ્થલીઓમાં દાનવ,દૈત્ય,નાગ તરેહ તરેહની માયાભરી ક્રીડાઓ કરતા હોય છે. આ સાતે તલમાં સર્વ ગૃહસ્થાશ્રમીઓ જ છે. એમને પતિ,પત્ની,પુત્ર,મિત્ર-બાંધવો અને સેવકો હોય છે અને તેઓ ખૂબ જ પ્રેમ કરતા હોય છે. આ પાતાલવાસીઓ સદા પ્રસન્ન રહે છે. એમના સુખભોગમાં સ્વર્ગના સમ્રાટ ઈન્દ્રમાં પણ વિઘ્ન કરવાનું બળ નથી. (૮)

પાતાલ લોકોની સંપત્તિ

રાજન્ પરીક્ષિત ! આ પાતલ લોકોમાં માયાવી મય-દાનવની રચેલી અનેક નગરીઓ છે. આ નગરીઓ શોભા સૌન્દર્યની ખાણો છે. આ નગરીમાં ઉત્તમ મહેલ,મજબૂત કિલ્લાઓ,દરાવાજા,સભામંડપો, દેવપ્રાસાદો, વિશાલ

આંગણાંઓ-વિવિધ નિવાસો આવેલા છે. આ નિવાસોની ફરસંબંધીઓ ઉપર નાગ-અસુરનાં યુગલો વિચરે છે. મેના, પોપટ, કબૂતરો વગેરે પારેવાં સદા કિલકિલાટ કરી રહ્યાં હોય છે. પાતાલના રાજાઓનાં ઐશ્વર્ય ભર્યાં ભવનો પાતાલ લોકોની સૌન્દર્યવૃદ્ધિ કરે છે. (૯) પાતાલોની ફૂલવાડીઓ અને ઉદ્યાનોની શોભા સામે સ્વર્ગલોકનાં ઉદ્યાનો નિસ્તેજ લાગે છે. આ પાતાલ લોકમાં વિવિધ પ્રકારનાં વૃક્ષો આવેલાં છે. કલ્પતરુ સમાં આ તરુવરોની રમ્ય શાખાઓ ફલોની મોટી લૂમો, ફૂલનાં ગુચ્છો અને ફળફૂલના ઝૂમખાંઓ અને કૂણીકૂણી કૂંપળોના ભારથી લચી જાય છે. આ તરુવરોને વિવિધ પ્રકારની સુકોમલ વલ્લરીઓ આલિંગન કરતી સૌના હૃદયને હરતી હોય છે. આ પ્રદેશોમાં નિર્મલ જલથી છલકાતાં સરોવરો ઉપર વિવિધ પંખીઓ વિહાર કરી રહ્યાં હોય છે. અનેક સરોવરો અને અનેક તરુવરો પાતાલના ઉદ્યાનોના સૌન્દર્યની અનુપમ વૃદ્ધિ કરે છે. જલાશયોમાં કૂદતી અને ખેલતી માછલીઓ, ગેલ કરતી જલાશયોને ખળભળાવી મૂકે છે. સરોવરના જલમાં ખીલી ઊઠતાં દિવસે ખીલતાં કમલો, રાત્રીએ વિકસતી કુમુદિનીઓ, શ્યામવર્ણાં કુવલયો, લાલવર્ણનાં પદ્મો, કલ્હારપુષ્પો અને શતપત્ર કમલોનાં વનમાં વિહાર કરતાં પક્ષીઓના મધુર કલરવ મન-હૃદયને સુખદાન કરે છે. આ પ્રસંગે પ્રત્યેક ઈંદ્રિયમાં આનંદ છવાઈ જાય છે. (૧૦)

રાત્રી-દિવસ નથી

પાતાળોમાં ભગવાન સૂર્યનારાયણનાં કિરણોનો પ્રકાશ ન હોવાને લીધે રાત્રી કે દિવસ એવો વિભાગ જ બનતો નથી. કેવલ ફણીધરોના ફણામણિઓ જ પાતાલના અંધકારને નિવારી સર્વત્ર પ્રકાશ પ્રસરાવે છે. (૧૧). આ પાતાલોના રસો,ઔષધિઓ,રસાયણો,અન્નો અને સ્નાનપાન દિવ્ય હોય છે. તેથી તો શરીરે આધિ-વ્યાધિ-રોગ-ઉપદ્રવો નથી થતા. વળી માથે ધોળા વાળ, શરીરે પળિયાં કે કાયામાં કરચલીઓ પડતી જ નથી. વળી શરીર બેડોળ બની જાય, સુકાઈ જાય, ફુલાઈ જાય, પરસેવો વળી જાય, દુર્ગંધ આવે, થાકી જવાય, મનમાં ઉદ્વેગ થાય. આવું કાંઈ જ બનતું નથી. (૧૨-૧૩) જ્યારે સુદર્શન ચક્ર પ્રવેશે ત્યારે તો દૈત્યની ગર્ભવતી નારીના ગર્ભો પણ સ્રવી જાય છે. આ લોકમાં સુદર્શન ચક્રના ભય વિના અન્ય કોઈથી મૃત્યુ થતું નથી. (૧૪)

અતલ પાતલ

અતલ નામના પ્રથમ પાતાલમાં મય દાનવોનો ‘બલ’ નામનો પુત્ર અધિપતિ બનીને રહે છે. આ અસુરે છન્નું પ્રકારની માયા ઉત્પન્ન કરેલી હોય છે. આ ‘બલ’ નામના અતલના અધિપતિએ એકાએક બગાસું ખાધું ત્યારે તેના ‘મુખમાંથી’ યથેચ્છ ફરનારી સ્વૈરિણી કામિનીને પુંશ્ચલી નામની અપ્સરાઓ ઉત્પન્ન કરી. આ કામિનીઓ આ લોકમાં વસનારા પુરુષોને હાટક નામના સુવર્ણનો રસ પાય છે. આ રસથી રતિસુખ ભોગવવાની પુરુષોને અથાગ શક્તિ પ્રાપ્ત થાય છે. આ રસપાન કરાવી સશક્ત બનાવેલા પુરુષો સાથે હાવભાવ, સ્નેહ નીતરતું હાસ્ય, પ્રેમાલાપ, આલિંગન આદિ સુખો માણે છે. આ હાટક રસ પીનારો પુરુષ પણ મહત્તમ બનીને રહે છે. એનામાં દશ હજાર હાથી જેટલું બળ આવતાં એ પોતાને જ પરમેશ્વર અને સિદ્ધ છું એમ સમજે છે અને એવું બકે છે. અતલ નામના પાતાલની નીચે વિતલ પાતાલ છે (૧૬).

વિતલ પાતાલ

આ વિતલ નામના પાતાલમાં ભગવાન હાટકેશ્વર ભૂતગણ નામના પાર્ષદોના સમૂહથી વીંટાયેલ બ્રહ્માની સૃષ્ટિને વધારવા માટે પાર્વતીજી સાથે વિહાર કરે છે. હાટકેશ્વર મહાદેવ અને પાર્વતીજીના વીર્યમાંથી હાટકી નામની અત્યંત શ્રેષ્ઠ સરિતા પ્રકટી છે. પવનથી ઉત્તેજિત થયેલ અગ્નિ, આ હાટકી નદીના જલનાં પાન કરી જાય છે. પીધેલા આ જલને અગ્નિ પાછું બહાર કાઢે છે તે સુવર્ણ બની જાય છે. દૈત્યજનોના અન્તઃપુરનિવાસી સ્ત્રી-પુરુષો આ સુવર્ણના અલંકારો બનાવી ધારણ કરે છે. વિતલની નીચે સુતલ નામનું પાતલ આવેલ છે. (૧૭)

સુતલ પાતલ

આ સુતલ નામના પાતલમાં ઉજ્જ્વલ યશવાળા વિરોચનકુમાર બલિરાજા નિવાસ કરે છે. રાજા ઈન્દ્રનું પ્રિય કરવાની કામનાથી ભગવાને કશ્યપઋષિને ત્યાં અદિતિ માતાની કૂખે શ્રી વામનજીના સ્વરૂપે અવતરી રાજા બલિએ ભિક્ષાના નિમિત્તે સ્વર્ગનું રાજ્ય લઈને ઈન્દ્રને આપેલ છે ત્યારે કૃપાનાથ શ્રીહરિએ બલિરાજાને પાતાલના રાજા બનાવ્યા છે. મહારાજ બલિ પાસે જે સમ્પત્તિ છે તે સ્વર્ગમાં નથી તેવી પણ ઉત્તમ સમ્પત્તિ બલિને આપી છે. પ્રાણપ્રિય પૂજ્યવર નિજનાથ શ્રી વામનજીની, નિર્ભય બની બલિરાજા નિત્ય સેવા કરીને તેમને પ્રસન્ન કરે છે. (૧૮) આ બલિરાજા આજ પણ સુતલમાં જ રહ્યા છે. સર્વ જીવસમૂહના નાથ, આત્મારામ, સર્વના આત્મા, સર્વસ્વરૂપ, પરમાત્મા, તીર્થસ્વરૂપ, સદાસેવ્ય શ્રી વાસુદેવ ભગવાન જેવા બલિને દ્વારે દાન લેનાર પાત્ર પ્રાપ્ત થાય અને મહારાજ બલિ અત્યંત વિવેક અને ભક્તિથી પ્રભુને શ્રીચરણે પૃથ્વીને સમર્પે તે જ તેનું પરમ ફલ અને પરમ સૌભાગ્ય છે. સુતલનું રાજ્ય મેળવ્યું હશે તે કાંઈ મહારાજ બલિની શરણાગતિનું કે પૃથ્વી સમર્પણનું ફલ નથી. સુતલનાં ઐશ્વર્યો તો ક્ષણવિનાશી છે; પરંતુ સમર્પણ એ તો મોક્ષનું દ્વાર છે. કર્મના બંધનોમાંથી મુક્ત થવા માટે મુમુક્ષુ જનો સાંખ્ય એટલે જ્ઞાન અને યોગ એટલે ઉપાસનાનો આશ્રય લે છે અને અનેકવિધ શ્રમ લઈને મુક્તિ પામે છે. (૧૯) તેવી દુર્લભ મુક્તિ જો જીવ, છીંક ખાતાં, પડતાં, આખડતાં, ઠેસ ખાતાં, અસાવધ અવસ્થામાં પણ એકવાર શ્રીકૃષ્ણનું નામ લેતાં તત્કાલ કર્મબંધનથી મુક્ત થઈ જાય છે, કે જે કર્મબંધનથી મુક્ત થવા મુમુક્ષુ પુરુષો, યોગ, સાંખ્ય જેવા અનેક કષ્ટસાધ્ય ઉપાયો આચરે છે. (૨૦) જે કૃપાનિધિ ભગવાન સંયમશીલ, જ્ઞાની ભક્તોને નિત્ય સેવા કરવા માટે જ્ઞાન અને પોતાનો આત્મા આપે છે તે ભગવાનને બલિરાજાએ પોતાના સર્વસ્વ અને પોતાના સ્વામિ માનીને ભૂમિદાનના નિમિત્તથી આત્મનિવેદન કર્યું હતું તેનું ફળ પાતાળનું ઐશ્વર્ય ન જ હોઈ શકે પણ તેનું ફળ તો પોતાનું દાસ્ય જ હોઈ શકે. (૨૧)

આ કાંઈ કૃપા મનાય !

એક રીતે વિચારીએ તો લાગશે કે શું ભગવાને સુતલદાનથી બલિરાજા ઉપર અનુગ્રહ કર્યો મનાય ખરો ! મન તો કહે છે અનુગ્રહ નથી કર્યો; કારણ કે શ્રી વામન ભગવાને નિજનાથ શ્રીકૃષ્ણને વિસરાવનાર સામાન્ય ગણાતા માયામય ભોગો અને મામૂલી ઐશ્વર્ય આપ્યાં એમાં બલિરાજાને શું આપ્યું. (૨૨) રાજન્ ! જ્યારે શ્રીભગવાન વામને બલિરાજા પાસેથી ભિક્ષાને બહાને સર્વસ્વ લઈ માત્ર બલિ પાસે કેવલ બલિની કાયા બાકી રાખી. બાકીનું સર્વસ્વ લઈ વરુણપાશથી બાંધી દઈ, ગિરિગુફા જેવા સુતલમાં બલિરાજાને મોકલી દીધા ત્યારે હે રાજન્ પરીક્ષિત ! રાજા બલિ પરિતાપ કરતા એમ બોલ્યા હતા. (૨૩) અરે દુર્ભાગ્યની કહાની છે કે દેવ મનાતા રાજા ઈન્દ્ર, આટલા બધા કાર્યકુશળ, સ્વયં પંડિત, વળી બૃહસ્પતિજી જેવા સત્પથદર્શક સદ્ગુરુને મેળવ્યા પછી પણ પથભૂલ્યા પોતાનું સાચું શ્રેયસ પોતાનું સાચું ધ્યેય ન સાધી શક્યા ન તો રાજા ઈન્દ્રે પ્રભુચરણસેવા માગી કે ન તો પ્રભુપદનું દુર્લભ એવું દાસ્ય માગ્યું અને જ્યારે માગ્યું ત્યારે ઈન્દ્રે ભગવાન જેવા ભગવાન દ્વારા મારી પાસેથી કેવલ ક્ષણવિનાશી ક્ષુલ્લક ભોગો માગ્યા સ્વર્ગના રાજ્ય માટે નાથને શ્રમ આપ્યો તેના કરતાં બૃહસ્પતિ ગુરુને માગવા મોકલ્યા હોત તો પણ ઈન્દ્રનો સિદ્ધ થયો હોત તે માટે મારા જીવનસર્વસ્વ શ્રીહરિને શ્રમ આપ્યો ! સ્વર્ગના ભોગની વાત તો જવા દો આ ત્રણ લોકના ભોગો પણ માત્ર એક મન્વતંર પર્યંત ટકવાના અને મોટો મનાતો મન્વંતર કાલ પણ અનંત એવા કાલનો માત્ર એક અંશ મનાય છે. શ્રીહરિચરણસરોજદાસ્ય કે સેવા આની શી ઇજ્જત ? (૨૪)

ભક્ત તો મારા દાદાજી

ભક્તવર્ય તો પુણ્યશ્લોક મારા પિતામહ પ્રહ્લાદજી ગણાય. જ્યારે ભગવાન શ્રીનૃસિંહજીના હાથે પોતાના પિતા હિરણ્યકશિપુ હણાયા ત્યારે ભગવાન પાસે કેવલ મારા દાદાએ હરિપદસેવા એ એક માત્ર વરદાન માગ્યું. સ્વયં ભગવાન શ્રીનૃસિંહજી હિરણ્યકશિપુના નિષ્કંટક રાજ્યને આપવા ચાહતા હતા; છતાં ભગવાનથી વિમુખ કરાવનારા

રાજ્યવિલાસોનો સ્વીકાર ના કર્યો. આમ બોલતા બોલતા બલિરાજાની આંખ અશ્રુથી છલકાઈ ગઈ. અને બોલ્યા કે ક્યાં મહાનુભાવ પ્રહલાદજી ! એ તો પરમ ભગવદીય હતા. મારા ઉપર તો નથી શ્રીહરિની કૃપા કે નથી તો મારી વિષયવાસનાનો વિનાશ ! તો પછી મારા જેવો ક્ષુદ્રજન પ્રહ્લાદજીની કક્ષાને પામવાનો વિચાર પણ કેમ કરી શકે ! (૨૬)

રાજન્ ! પરીક્ષિત ! આપની બલિરાજાના ચરિતામૃતનું પાન કરવાની ઉત્કંઠા મને સમજાય છે, પરંતુ આગળ અષ્ટમ સ્કંધના આત્મનિવેદન પ્રકરણમાં એ લીલારસનું પાન કરશું. અહીં તો એટલું જ કહું છું કે રાજન્ ! બલિરાજાના દ્વારે, અખિલ વિશ્વના ગુરુ, નિજભક્ત ઉપર નિરંતર કૃપા કરવાના સ્વભાવવાળા, ભગવાન નારાયણ, નિજકરકમલમાં ગદા ધારણ કરીને નિરંતર ઊભા રહે છે. રાજન્ ! એકવાર દશમસ્તક રાવણ દિગ્વિજય કરતાં બલિના સુતલ પાતાલને જીતવા આવ્યો ત્યારે કેવલ ભગવાન નારાયણે પોતાના ચરણના અંગૂઠાની ઠેસથી તેને ક્યાંય લાખો યોજન દૂર ફેંકી દીધો હતો. આ સુતલની નીચે તલાતલ પાતાલ આવેલ છે. (૨૭)

તલાતલ પાતાલ

રાજન્ ! આ તલાતલ પાતાલમાં ત્રણ પુરનો અધિપતિ દાનવરાજ મય દાવન રહે છે. ભગવાન સદાશિવે ત્રણ લોકના ત્રાસને નિવારવા અને સુખી કરવા મયદાનવનાં ત્રણે પુર સળગાવી દીધાં હતાં. ત્યારબાદ તેના ઉપર કૃપા થતાં તેને “તલાતલ”નું સ્થાન આપવામાં આવ્યું હતું. આ મય નામનો દાનવ માયાવી લોકોનો આચાર્ય છે. મહાદેવની રક્ષાને કારણે સુદર્શન ચક્રના ભયથી તે મુક્ત રહે છે. મય દાનવ તલાતલવાસી જનનો આદરપાત્ર બનેલ છે. આ તલાતલની નીચે મહાતલ નામનું પાતાલ આવેલ છે. (૨૮)

મહાતલ પાતાલ

મહીતલ એ પૃથ્વીનું નામ છે અને “મહાતલ” એ પાતાલનું નામ છે. આ પાતાલને સર્વ પાતાલના મજબૂત પાયા તરીકે માનેલ હોઈ “મહાતલ” કહ્યું છે. આ પાતાલમાં “કદ્રૂ” નામની કશ્યપ પત્નીના પુત્રો અનેક મસ્તકવાળા સર્પો વસે છે. આ સર્પસમુદાયનું “ક્રોધવશ” નામ રાખેલ છે. કુહક-તક્ષક-કાલીય-સુષેણ વગેરે સર્પોમાં તે મુખ્ય સર્પ ગણાય છે. મોટી ફણાવાળા આ ક્રોધવશ નામના સર્પો ભગવાનના વાહન શ્રી ગરુડજીથી સદા ભય પામે છે. આમ છતાં પ્રમાદી બની જઈ સ્ત્રી-પુત્ર-સ્નેહી-કુટુંબીજન સાથે ભોગવિલાસમાં ડૂબી જાય છે. આ મહાતલની નીચે “રસાતલ” આવેલ છે. (૨૯)

રસાતલ પાતાલ

આ રસાતલ નામના પાતાલમાં “પણિ” નામના દૈત્યદાનવો વસે છે. “પણિ” એટલે સંધિસમાધાન કરવાની ઈચ્છાવાળા તેથી તેમને पणयः પણિઓ કહેવામાં આવતા. આ પ્રસંગે ઋગ્વદેમાં એક આખ્યાયિકા છે કે આ પણિ નામના દૈત્યોએ દેવોની ગાયોને સંતાડી રાખી હતી. આ ગાયોને શોધવા માટે રાજા ઈન્દ્રે ગુનેગારને શોધવા પોતાની કેળવાયેલી “સરમા” નામની કૂતરીને મોકલી ત્યારે ભયભીત બનેલા પણિઓ “સરમા” સાથે સમાધાન કરવા બોલ્યા, સરમા ! બોલો શું ઈચ્છા છે ? ચાલો સમાધાન કરીએ ત્યારે “સરમા” એ કહ્યું हता इन्द्रेण पणयः शपध्वम् પણિઓ ઈન્દ્રને હાથે માર્યા જશો અને રણભૂમિમાં મરેલા પડ્યા હશો.આ પણિઓને નિવાતકવચ-કાલેય અને હિરણ્યપુરવાસી આવા ત્રણ નામથી ઓળખાવે છે. આ પણિઓનો દેવ લોકો સાથે સદા વિરોધી હોય છે. તેઓ જન્મથી બલિષ્ઠ અને સાહસિક છે. પણિઓનો પ્રભાવ પ્રત્યેક લોકમાં છે. લોક ઉપર પ્રભાવવાળા ભગવાનના કેવલ તેજથી જ તેઓનાં બલ અભિમાન ગળી જતાં ગરુડથી ડરી જેમ સર્પો રાફડામાં રહે તેમ આ પણિઓ રસાતલમાં રહે છે. આ રસાતલની નીચે સાતમું પાતાલ આવેલ છે. (૩૦)

પાતાલ

આ સાતમાં પાતાલ તલનું નામ “પાતાલ” છે. આ પાતાલ લોકમાં ભયંકર ફણાવાળા અને ભયંકર ક્રોધી નાગો રહે છે. વાસુકી નામનો નાગ આ નાગલોકોનો રાજા છે. શંખ-કુલિક-મહાશંખ-શ્વેત-ધનંજય-ધૃતરાષ્ટ્ર-શંખચૂડ-કંબલ-અશ્વતર-

દેવદત્ત નામના નાગો આ નાગોમાં મનાય છે. આ નાગોમાંથી કોઈ સાત તો કોઈ દશ, તો વળી કોઈ સો કે હજાર મસ્તકવાળા હોય છે. નાગોના મસ્તકે રહેલા મણિ પાતાલ લોકમાં પ્રકાશ કરે છે. (૩૧)

ततोऽधस्तात् पाताले नागलोकपतयो वासुकिप्रमुखाः शंख–कुलिक–महाशंख–श्वेत–धनंजय–धृतराष्ट्र–शंखचूड–कम्बल–अश्वतर–देवदत्तादयो महाभोगिनो महामर्षा निवसन्ति येषामु ह वै पंच–सप्तदश–शत–सहस्त्र–शीर्षाणां फणासु विरचिता महामणयो रोचिष्णवः पातालविवरतिमिरनिकरं स्वरोचिषा विधमन्ति ॥ ३१ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના પંચમ સ્કંધ, સ્થિતિલીલાના દ્વિતીય પ્રકરણમાંનો સપ્ત પાતાલોનું વર્ણન કરતો અધ્યાય ૨૪મો સમાપ્ત.

અધ્યાય ૨૫મો

[આ અધ્યાયમાં ૧૫ શ્લોકો છે. આ અધ્યાયમાં સંકર્ષણ ભગવાનનો નિવાસ છે. ભગવાન સંકર્પણ વરાહ ભગવાન જેટલી પૃથ્વીને જ ધારણ કરે છે. બાકીની તો અનન્ત પૃથ્વી છે તે સર્વ પૃથ્વી કેવલ અક્ષર બ્રહ્મમાં રહે છે તેને અક્ષર બ્રહ્મનો આશ્રય હોઈ કોઈના આશ્રયની આવશ્યકતા નથી.]

श्रीशुकउवाच–तस्य मूलदेशे त्रिंशद् योजनसहस्त्रान्तर आस्ते या वै कला भगवतस्तामसी समाख्यातानन्त इति सात्वतीया द्रष्ट्दृश्ययोः संकर्षणमहमित्यभिमानलक्षणं यं संकर्षणमित्याचक्षते ॥ १ ॥

સંકર્ષણ ભગવાન

શ્રી શુકાચાર્યજી બોલ્યા, રાજન્ ! પાતાલની નીચે ત્રીસ હજાર યોજનના અંતરે એટલે પૃથ્વીની નીચે એક લાખ યોજનના અંતરે ભગવાનની તામસી "શેષનાગ" નામની મૂર્તિ રહે છે. આ ભગવાન અહંકારના અધિષ્ઠાતા છે. સંકર્ષણ અહંકારરૂપ હોવાથી દ્રષ્ટા અને દ્રશ્ય બન્નેનું આકર્ષણ કરીને બન્નેને એક બનાવી દેતા હોવાથી એમનું "સંકર્ષણ" નામ રાખવામાં આવ્યું છે. આવું પાંચરાત્ર સિદ્ધાન્તવાદીઓનું માનવું છે. (૧) અનન્ત મસ્તકવાળા ભગવાન શેષના માત્ર એક જ મસ્તક ઉપર રહેલ આ બ્રહ્માંડ તો માત્ર એક સરસવના દાણા જેટલું લાગે છે. (૨) જ્યારે પ્રલયકાળ આવે અને આ જગતનો સંહાર કરવાનો થાય, ત્યારે સંકર્ષણ ભગવાનના ક્રોધથી જરા વાંકી કરેલી અને ફરતી ભ્રૂકુટિના મધ્ય ભાગમાંથી ત્રણ નેત્રોવાળા, ત્રણ પાંખવાળા, ત્રિશૂલવાળા "સાંકર્ષણ" નામના અગિયાર રુદ્રો પ્રકટ થાય છે. (૩)

સંકર્ષણ ભગવાનના નખમણિ

રાજન્ ! શ્રી સંકર્ષણ ભગવાનના નખની શોભા માટે શું વર્ણવું ? પણ સાંભળો રાજન્ ! જ્યારે અનેક શ્રેષ્ઠ કોટિના ભક્તવરો અને અનેક નાગરાજા પોતાના પરિવાર સાથે અનન્ય ભક્તિભાવપૂર્વક શ્રી સંકર્ષણ ભગવાનના ચરણયુગલોમાં પ્રણામ કરે છે ત્યારે શ્રીસંકર્ષણજીના લાલમણિ સમાન રક્તવર્ણા, નિર્મલ, તેજોમય, તેમજ આંગળી ઉપર ઉપસી આવેલા વર્તુલ-ગોળ આકારના બન્ને ચરણકમલોમાં રહેલા જે નખમણિઓ છે, જે સ્વચ્છ દર્પણ જેવા જ દીપે છે તે નખરત્નોમાં તે વંદન કરતાં ભક્તજનના કર્ણમાં કુંડલવાલા મુખમાં પ્રતિબિંબ પડે છે ત્યારે પોતાના મનોહર કપોલોની મનમોહિની ઝાંખી થતાં મન આનંદથી ઊભરાઈ જાય છે. (૪)

શ્રી સંકર્ષણ ભગવાનના દીર્ઘ હસ્ત

રાજન્ ! શ્રી સંકર્ષણ ભગવાનના સુદીર્ઘ હસ્ત માટે શું વર્ણવીએ, આમ છતાં સાંભળો, રાજન્ ! જાણે રજતના-ચાંદીના સુડોળ-ઘાટીલા સ્તંભ જેવા અત્યંત સ્વચ્છ; દીર્ઘ અને શ્વેતવરણા કંકણ દીપતા બન્ને હાથોને પતિપ્રાપ્તિની કામનાથી નાગકન્યાઓ સુગંધિત અગરુ,ચન્દન,ગોરોચન,કેશર મિશ્રિત બનાવેલ લેપથી અર્ચે છે. ભગવાનના બે હસ્તોને જ્યારે લેપ કરે છે ત્યારે સંકર્ષણ ભગવાનનો સહજ સ્પર્શ થઈ જાય છે. આ સુખદ સ્પર્શથી નાગરાજકુમારીઓના ચિત્તમાં ભગવાન પુષ્પધન્વા-કામદેવનો સંચાર થઈ જા છે.ત્યારે આકન્યાઓ મદઘેલી, દયાભરી, અનુરાગથી રક્તવર્ણા, પ્રેમમદ છલકાતા, પ્રસન્ન, સૌન્દર્યપૂર્ણ સુશોભિત સંકર્ષણ ભગવાનના મુખકમલને, રુચિકર, મનોહર મલકાટ સાથે લજામણી નજરે સંકર્ષણને નિરખે છે. (૫) અનંતગુણ સાગર, આદિદેવ ભગવાન શેષ રોષ અને ક્રોધના વેગને સમેટીને પાતાલ પ્રદેશથી નીચે લોકકલ્યાણ માટે બિરાજે છે. (૬)

દેવ,અસુર,સિદ્ધ,નાગ,ગંધર્વ,વિદ્યાધર,મુનિવરો સંકર્ષણ ભગવાનનું સદા ધ્યાન ધરે છે. સંકર્ષણ પ્રભુનાં નેત્રો નિત્ય સ્નેહ નીતરતાં, પ્રેમમદ છલકાતાં, પ્રસન્ન, ચંચલ અને વિહ્વલ રહ્યા કરે છે. સંકર્ષણદેવ પોતાની મધુર વચનસુધાથી નિજ પાર્ષદો તેમજ દેવલોકના સ્વામીઓને સદા આનંદનાં દાન કરે છે. ભગવાને પોતાના શ્રીઅંગ ઉપર નીલવર્ણા વસ્ત્રને ધારણ કર્યું છે. કાનમાં એક જ કુંડલ છે. રત્નનું હોઈ તે અત્યંત દીપે છે. ભગવાને સુંડોળ અને સુભગ હાથ હળની મૂઠ ઉપર મૂકેલ છે. ઉદાર લીલાપૂર્ણ ભગવાનના શ્રીકંઠમાં વૈજયંતીમાલા શોભતી હોય છે. જાણે આ વૈજયંતીમાલા રાજા ઈન્દ્રના ઐરાવતના કંઠમાં રહેલી સુવર્ણ સાંકળ તો નહીં હોયને એમ લાગે છે. આ વનમાલા કદી પણ કરમાતી નથી. માલામાં રહેલ નવ તુલસીદલ સુગંધ અને મધુર મકરંદ ગંધથી મત્ત બનેલા મધુકરો નિરંતર મધુર ગુંજન કરતા વનમાલાના સૌન્દર્યને સમૃદ્ધ કરે છે. (૭)

કથાશ્રવણ

સંકર્ષણ ભગવાનની ગુણગાથાના શ્રવણથી તેમજ ભગવાનનું ધ્યાન ધરવાથી સંકર્ષણ પ્રભુ હૃદયમાં પ્રવેશ કરે છે અને મુમુક્ષુજનોના સત્વાદિ ગુણોથી બનેલા અને અનાદિ કાલની કર્મની વાસનાથી દૃઢ થયેલા અભિમાનને તત્ક્ષણ દૂર કરી નાખે છે. શ્રી બ્રહ્મકુમાર નારદજીએ તંબુરુ ગંધર્વની સાથે બ્રહ્માજીની પરિષદમાં યશોગાન કરતાં પાંચ શ્લોકો ગાયા છે. (૮) શ્રી સંકર્ષણ ભગવાનની દ્રષ્ટિ પડતાં આ બ્રહ્માંડની ઉત્પત્તિ-લય વગેરેના કારણ મનાતા માયાના સત્ત્વાદિ ત્રણ ગુણો પોતાનાં કાર્ય કરવા સમર્થ બની જાય છે. આ ભગવાન એક છે, અનંત છે, અનાદિ છે, તો પણ પોતાનામાં વિવિધ પ્રકારનો પ્રપંચ રચ્યો છે એવા પરબ્રહ્મ શેષનાગના તત્ત્વને કોણ જાણી શકે ! (૯) ભગવાન શ્રી શેષનાગના શ્રીઅંગમાં જ આ સદ્ અને અસદ્ નામનું સમસ્ત જગત સમાયેલ છે. ઉદાર પરાક્રમવાળા આ ભગવાનને નિજજન ઉપર કરુણા કરવા માટે શુદ્ધ સત્વગુણ ભરેલી મૂર્તિ ધારણ કરી છે, ભક્તોનાં-નિજજનોનાં મનને વશ કરવા માટે ભગવાને ઉદાર લીલાઓ આદરી છે. મૃગપતિ પણ ભગવાનની આવી લીલાઓનું અનુકરણ કરે છે. (૧૦)

यन्नाम श्रुतमनुकीर्तयेदकस्माद् आर्तो वा यदि पतितः प्रलम्भनाद् वा ।
हन्त्यंहः सपदि नृणामशेषमन्यं कं शेषाद् भगवत आश्रयेन्मुमुक्षुः ॥

કોઈ દીન, કોઈ દુ:ખી કોઈ આર્ત, કોઈ પતિત, પુરુષના કાનમાં અકસ્માત્ કે મશ્કરીમાં પણ જો સંકર્ષણ ભગવાનના નામનો ધ્વનિ પડી જાય છે તો તે જીવનાં શેષ ભગવાન, અશેષ પાપોનો નાશ કરી દે છે અને પાપનો લેશ નથી રહેવા દેતા એવા કૃપાસિંધુ ભગવાનને ત્યજી કોનું શરણું લેવું ? (૧૧) ભગવાનનું નામ અનંત છે. ભગવાનના અનંત પરાક્રમવાળાં અનંત મસ્તકો છે. તેમાંના એક મસ્તક ઉપર પર્વતો-સરિતાઓ-સાગરો સાથેની આ સમસ્ત પૃથ્વી તો કેવલ એક રજકણ જેવી રહેલી છે તે ભગવાનના ગુણો હજાર રસનાઓથી પણ કોણ ગણી શકશે ? (૧૨) આવા અપાર બલશાલી, અપાર, ગુણભંડાર, પ્રભાવશાળી, ભગવાન શેષ પાતાલપ્રદેશની નીચે વિશ્વરક્ષા માટે અનાયાસે ધરણીને ધારણ કરે છે. (૧૩)

રાજન્ ! સંસારનાં સુખોની કામનાવાળા માનવો પોતાનાં કર્મોને અનુસરીને જે જે ગતિને પામે છે. તેનું વર્ણન કર્યું છે. કર્મપ્રમાણેની આટલી ગતિઓ છે. (૧૪) રાજન્ ! માનવને પ્રવૃત્તિમાર્ગથી થનારી પરસ્પર વિલક્ષણ નાની મોટી જેટલી ગતિઓ છે તે, મને આપે પૂછેલ મેં આ સર્વ કહી હવે શું સાંભળવા ચાહો છો ! (૧૫)

एतावतीर्हि राजन् पुंसः प्रवृत्तिलक्षणस्य धर्मस्य विपाकगतयः उच्चावचा विसदृशा यथाप्रश्नं व्याचख्ये किमन्यत् कथयाम इति ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના પંચમ સ્કંધ, સ્થિતિલીલાના દ્વિતીય પ્રકરણમાં પાતાળોની નીચે વિરાજતા શેષ ભગવાનનું વર્ણન કરતો અધ્યાય ૨૫મો સમાપ્ત.

અધ્યાય ૨૬મો

[આ ૨૬માં અધ્યાયમાં ૪૦ શ્લોકો છે. આ અધ્યાયમાં નરકોનું વર્ણન આવશે. આ વાંચવાથી માનવ સહજ રીતે ધર્મમાર્ગે વળશે.]

કર્મ વિચિત્ર એટલે ફલ વિચિત્ર

राजोवाच–महर्ष एतद् वैचित्र्य लोकस्य कथमिति ।

પરીક્ષિતજી પૂછે છે ભગવન્ શુકાચાર્ય ! આપે ૨૫મા અધ્યાયમાં ૧૫મા ગદ્યમાં સુખ અને દુઃખના ભોગોની વિચિત્રતા વર્ણવી તો એવાં કયાં કારણો હશે કે સુખદુઃખો ભિન્ન ભિન્ન ભોગવવાં પડતાં હશે ? (૧)

શ્રી શુકાચાર્ય મહારાજશ્રીએ કહ્યું : રાજન્ ! આ વિશ્વમાં કર્મ કરનારા સાત્ત્વિક-રાજસ-તામસ એમ ત્રણ પ્રકારના છે. વળી તેમની શ્રદ્ધા પણ ત્રણ પ્રકારની છે. આમ માનવના સ્વભાવ અને શ્રદ્ધા ત્રણ પ્રકારનાં થયાં તેથી સ્વભાવ શ્રદ્ધા પ્રમાણે ભિન્ન ભિન્ન કર્મો કર્યાં, જેથી કર્મની ગતિઓ પણ ભિન્ન ભિન્ન થઈ. આ ગતિઓ ઓછાવત્તા પ્રમાણમાં પ્રત્યેકને પ્રાપ્ત થવાની જ .(૨)

સાત્ત્વિકાદિ ત્રણ પ્રકારની શ્રદ્ધાથી કામ કરનારાઓ જેમ શાસ્ત્રાનુસાર કામ કરી ઉત્તમ ફલ અને શ્રેષ્ઠ ગતિ પામે તેવી જ રીતે શાસ્ત્રે મના કરેલાં પાપજનક કર્મો કરનારા જનોને શ્રદ્ધાની વિષમતાને લીધે સરખું ફળ મળતું નથી. પરંતુ અનાદિ અને અનંત અવિદ્યાને લીધે કામનાપૂર્વક કરવામાં આવેલાં શાસ્ત્રે મના કરેલાં કર્મોના ફલ પ્રમાણે અનેક પ્રકારની નરક ગતિઓ તો થવાની જ. રાજન્ ! એનું સવિસ્તરણ વર્ણન કરીશ. (૩)

નરકો કયાં આવ્યાં ?

પરીક્ષિતજી મહારાજ શ્રી શુકાચાર્યજીને પૂછે છે ભગવન્ ! શાસ્ત્રો નરક શબ્દથી જેનું વર્ણન કરે છે તે પૃથ્વી ઉપરનો કોઈ ખંડ છે ? નિશ્ચિત પ્રદેશ છે ? ત્રણ લોકની અંદર છે કે ત્રણ લોકની બહાર છે અથવા નરક એ શી વસ્તુ છે ? પરીક્ષિતજીએ આ પ્રકારે નરક જિજ્ઞાસા માટે પાંચ પ્રશ્નો પૂછયા. (૪)

નરક સંબંધી પરિચય

શ્રી શુકાચાર્યજીએ કહ્યું, રાજન્ ! "નરક" નામનો લોક છે અને તે ત્રણ લોકની અંદર જ આવેલ છે. આ નરકલોક પૃથ્વીની નીચે એટલે પાતાળની અને જલની ઉપર એટલે પાતાળની ઉપર આવેલા ગર્ભોદડ નામના જળની ઉપર દક્ષિણ દિશામાં આવેલ છે. આ દક્ષિણ દિશામાં "અગ્નિષ્વાત્ત" નામના પિતૃગણો અત્યંત એકાગ્રતાથી પોતાના વંશનાં સંતાનોની અને પોતાના ગોત્રજોની ઉત્તમ સમાધિ અવસ્થામાં રહીને સત્ય અને સુમંગલ કામનાઓ કરતા વસેલા છે. (૫) મહારાજ "યમ" પિતૃઓના અધિપતિ છે. વિવસ્વાનના એ પુત્ર છે અને પિતૃઓના રાજા છે. વૈવસ્વત મહારાજ ભગવાનની આજ્ઞાને સદા અનુસરીને ચાલે છે. જ્યારે જીવાત્માઓ દેહ ત્યજે છે ત્યારે તેમને યમરાજના સેવકો યમલોકમાં લઈ આવે છે. યમરાજના મંત્રીજી ચિત્રગુપ્તજી આવેલા તે જીવોને પ્રત્યેકના કર્મને અનુસરી દુષ્કર્મોનો દંડ આપે છે. (૬)

એકવીસ નરકો

કેટલાક જ્ઞાનીઓ નરકોની સંખ્યા એકવીસ છે એમ માને છે. આ નરકોનાં નામ, નરકોનું સ્વરૂપ, નરકોનું લક્ષણ રાજન્ ! તમને સંભળાવીશ અને સમજાવીશ. પ્રથમ તેમનાં નામ ગણાવું છું. (૨૧) તામિસ્ત્ર, (૨) અંધતામિસ્ત્ર, (૩) રૌરવ, (૪) મહારૌરવ, (૫) કુંભીપાક, (૬) કાલસૂત્ર, (૭) અસિપત્રવન, (૮) સૂકરમુખ, (૯) અંધકૂપ, (૧૦) કૃમિ ભોજન (૧૧) સંદંશ, (૧૨) તપ્તસૂર્મિ, (૧૩) વજ્રકંટક-શાલ્મલી, (૧૪) વૈતરણી, (૧૫) પૂયોદ, (૧૬) પ્રાણરોધ, (૧૭) વિશસન, (૧૮) લાલાભક્ષ, (૧૯) સારમેયાદન, (૨૦) અવીચિ, (૨૧) અયઃપાન. આ પ્રકારે એકવીસની સંખ્યા માની છે. આ ઉપરાંત બીજાં (૨૨) ક્ષારકર્દમ, (૨૩) રક્ષોગણભોજન, (૨૪) શૂલપ્રોત, (૨૫) દંદશૂક, (અવટનિરોધન, (૨૭) પર્યાવતન, (૨૮) સૂચીમુખ નામનાં સાત નરકો મળીને સરવાળે અઠ્ઠાવીસ નરકો માન્યાં છે. આ નરકો યાતના

ભોગવવાનાં સ્થાનો છે. (૭)

(૧) તામિસ્ર

જે જન પરસ્ત્રી, પરધન, પરસંતાનનું હરણ કરે તેને યમદૂતો ભયાનક યમપાશથી બાંધી બળાત્કારથી તામિસ્ત્ર નામના નરકમાં નાખે છે. આ નરકમાં એને ભોજન-જલ ન આપવાં, દંડથી પ્રહાર કરવો, તિરસ્કાર કરવો આવી અનેકવિધ યાતનાઓ કરવામાં આવે છે. આ તામિસ્ત્ર નરકમાં પીડા પામતો તે મૂર્ચ્છિત થાય છે. (૮)

(૨) અંધતામિસ્ર

જે જન પરપુરુષને વિશ્વાસઘાત કરી તેના સ્ત્રી-ધન આદિનો ભોગ કરનાર પાપી આત્માને અન્ધતામિસ્ત્ર નામના નરકમાં નાખવામાં આવે છે. આ નરકમાં મૂકેલો જીવ વેદના વેઠી નથી. શકતો, તેનું વેદનાથી ભાન ચાલ્યું જાય છે, તેને કાંઈ પણ સૂઝતું નથી કે હવે આ પ્રસંગે કરવું શું ? વૃક્ષનું મૂળ છેદાતાં વૃક્ષ આધાર વિનાનું બની જાય તેમ જીવ પણ નરકમાં નિરાધાર બની જાય છે. આવી વેદનાવાળા નરકનું નામ અંધતામિસ્ત્ર નરક છે (૯).

(૩) રૌરવ

શરીરને આત્મા માનનાર તેમજ સ્ત્રી-ધન-પુત્રાદિ મારાં છે એવી મમતા સેવનાર જે જીવ જીવદ્રોહ કરી કેવલ પોતાના કુટુંબનું પોષણ કરે છે તે માનવ પોતાના કુટુંબને મૂકી પોતે એકલો જ જાય છે. રૌરવ નરકમાં પડે છે અને કષ્ટ ભોગવે છે. (૧૦) જગતમાં તે પાપી જીવો જે જીવોને સતાવ્યા હોય તે જીવો રુરુ નામના પ્રાણીઓ બની રૌરવ નરકમાં તેને ત્રાસ આપે છે. આ રુરુ પ્રાણીઓને કૂતરા પણ કહેવામાં આવ્યા છે. રુરુ નામના કૂતરાઓ સર્પ કરતા પણ વધુ ક્રૂર હોય છે. (૧૧)

(૪) મહારૌરવ

રૌરવ નરકના જેવું જ મહારૌરવ નામનું નરક છે.જે વ્યક્તિ બીજા કોઈ માટે કાંઈ ન કરતો કેવલ પેટભરો થઈ જીવે છે, પોતાની કાયાનું લાલનપાલન કરે છે તેને મહારૌરવ નરકમાં નાખવામાં આવે છે. આ નરકમાં મનુષ્યના શરીરને રુરુ નામના કૂતરા કે કૂતરા જેવાં ક્રૂર પ્રાણીઓ ફાડી ખાય છે. (૧૨)

(૫) કુંભીપાક

જે નિર્દય જીવો પોતાના પેટને ભરવા કાજે જીવતાં પશુપક્ષીઓને રાંધે છે તેવા ક્રૂર હૃદયહીન અને રાક્ષસથી ઊતરતા તુચ્છ પાપીને ઊકળતા તેલના કડામાં નાખવામાં આવે છે. આ નરકનું નામ કુંભીપાક છે. (૧૩)

(૬) કાલસૂત્ર

જે જન માતા-પિતા-બ્રાહ્મણ-વેદનો વિરોધ કરે-દ્રોહ કરે તે માનવને યમદૂતો કાલસૂત્ર નામના નરકમાં નાખે છે. આ નરકનો વિસ્તાર દશ હજાર યોજનનો છે. આ નરકની ઉપરથી સૂર્ય અને નીચેની અગ્નિના તાપથી તપાવેલી ત્રાંબાની સપાટ ભૂમિમાં રાખવામાં આવે છે. આ નરકમાં નાખેલો પાપાત્મા ક્ષુધા અને તૃષાથી અંદર બહાર મૂંઝાય છે. એનાથી વેદના વેઠાતી નથી. ત્યારે બેસે-આળોટે-તરફડે તો વળી ઊભો રહી જાય છે. ત્યારે વળી કોકવાર આમતેમ દોડે છે. એને જે પશુ કે પક્ષીને ત્રાસ આપ્યો હતો તેના શરીરમાં જેટલાં રોમ છે તેટલાં હજાર વર્ષ સુધી તેને આ વેદના ભોગવવી પડે છે. (૧૪)

(૭) અસિપત્ર વન

આપત્તિ ન હોય તો પણ વેદમાર્ગને મૂકીને પાખંડ પંથનો આશ્રય લઈ જે મનુષ્ય જીવે તેને દેહ છૂટતાં "અસિપત્રવન" નામના નરકમાં નાખવામાં આવે છે. તેને આ વનમાં કોરડાનો માર મારી ચલાવાય છે. મારના ત્રાસમાંથી મુક્ત થવા આમતેમ દોડે છે ત્યારે તે તાલવનમાં અટવાતા પ્રાણી ઉપર, બન્ને બાજુ ધારવાળાં તરવાર જેવાં તીક્ષ્ણ પાન પડે છે. આ ધારવાળાં પાનોથી તેનાં અંગો છેદાય છે. આ પ્રસંગે બૂમરાણ કરી મૂકે છે, હાહાકાર કરે છે. વેદના અસીમ વધી જતાં

ડગલે અને પગલે પડી જાય છે, બેહોશ બની જાય છે, સ્વધર્મને ત્યજી પાખંડ પંથે વાળવાનું પાખંડ ધર્મ આચરવાનું તેને આ ફળ ભોગવવું પડે છે. (૧૫)

(૮) સૂકરમુખ

કોઈ પણ રાજા કે રાજ્યાધિકારી કોઈ પણ નિર્દોષ જનને દ્વેષથી દંડ કરે ત્રાસ આપે કે બ્રાહ્મણને દેહાંતદંડ કરે તે મહાપાપી મરણ પામ્યા પછી સૂકરમુખ નામના નરકમાં પડે છે. આ નરકમાં મજબૂત અને બલવાળા યમદૂતો આ પાપીના દેહના ભાગોને શેરડીની માફક કોલ્હામાં નાંખીને પીલે છે. અધિકાર ઉપર રહેલા તેણે આ લોકમાં જેમ નિર્દોષને નિર્દય થઈ સતાવ્યા અને ચીસો પડાવી તેવી જ રીતે ચીસો પાડે છે અંતે બેહોશ બની જાય છે. (૧૬)

(૯) અંધકૂપ

જેની ઈશ્વરે જે આજીવિકા નક્કી કરી છે તે મનુષ્ય, તેની આજીવિકાનુસાર જીવન જીવે. જેમકે માંકડ વગેરે જંતુઓની આજીવિકા મનુષ્યને કરડવાની નક્કી કરી છે. તેમને ખ્યાલ નથી કે બીજાને કરડવાથી વેદના થાય છે. તો આવાં માંકડ-મચ્છર-પશુ-પક્ષી-મૃગ-સર્પ-માખી વગેરેને ત્રાસ આપનારને “અંધકૂપ” નામના નરકમાં નાંખવામાં આવે છે. આ નરકમાં આ બધા જ “જીવજંતુઓ” આ જીવને ચારે બાજુથી ત્રાસ દે છે. ત્યાં આ જીવને નિદ્રા કે શાંતિનો અનુભવ થતો નથી તાવથી તપેલો જીવ દેહમાં જેમ તરફડે છે તેમ આ નરકમાં આ જીવ તરફડે છે .(૧૭)

(૧૦) કૃમિભોજન

ઈશ્વરે આપેલું અન્ન સર્વના નક્કી કરેલા ભાગ પ્રમાણે સર્વને વગર વહેંચે જો તે એકલો ખાય, વળી વૈશ્વદેવ નામની ક્રિયા ન કરે આ જીવને “કાકતુલ્ય” માન્યો છે. મરણ બાદ આ જીવને કૃમિભોજન નામના નરકમાં નાંખવામાં આવે છે. આ નરક કીડાઓના કુંડનું બનેલું છે. આ નરક એક લાખ યોજન લાંબું અને પહોળું છે. આ કુંડમાં પડેલાને નરકના અન્ય કીડાઓ ખાય છે અને પોતાને પણ કીડા જ ખાવા પડે છે. જો માનવ ગાય-શ્વાન-અતિથિ-પતંગ-કીટ વગેરેને તેમજ સર્વને વહેંચ્યા વિના જમ્યો તો નરકે જવાનો અને પ્રાયશ્ચિત ન કરે ત્યાં સુધી નરકમાં રહેશે. (૧૮)

(૧૧) સંદંશ

કોઈ પણ માનવ ચૌર્યથી કે બલાત્કારથી બ્રાહ્મણના સુવર્ણનું કે રત્નોનું હરણ કરી લે છે. વળી ભયંકર પ્રાણલેણ આપત્તિ ન હોય ત્યારે પણ જો કોઈના પણ સુવર્ણાદિનું હરણ કરે છે તો તેના દેહ છૂટયા પછી “સદંશ” નામના નરકમાં નાખવામાં આવે છે. ત્યાં એના દેહની ચામડીને યમદૂતો જતરડાથી ઉતારી લે છે અને તપાવેલા લોખંડના ગોળાથી બાળે છે. (૧૯)

(૧૨) તપ્તસૂર્મિ

જે કોઈ સ્ત્રીપુરુષ અગમ્ય એવાં સ્ત્રી-પુરુષોની સાથે સંગ કરે છે, દુરાચાર કરે છે તે બન્ને સ્ત્રી-પુરુષોને તપાવેલા તપ્તસૂર્મિ નામના નરકમાં ધકેલે છે ત્યાં તેને કોરડાનો સખત માર મારવામાં આવે છે આવા દુરાચારીને સ્ત્રી-પુરુષોની તપાવેલી પૂતળીઓ સાથે ભેટાવે છે. (૨૦)

(૧૩) વજ્રકંટક : શાલ્મલી

જે કામી પુરુષ પશુગમન કરે છે તેમને દેહ છૂટતાં યમદૂતો વજ્રકંટક-શાલ્મલી નામના નરકમાં નાખે છે. આ નરકની પીડા એવી હોય છે કે કાંટાવાળા શીમળાના વૃક્ષ ઉપર આ પાપીને ચઢાવીને પછી તેની કાયા છોલાય તેમ તેને નીચે ખેંચે છે. (૨૧)

(૧૪) વૈતરણી

રાજા કે રાજપુરુષો ઉત્તમકુલમાં ઉત્પન્ન થઈને ધર્મની મર્યાદાઓનો નાશ કરે છે તેમને વેતરણી નદીમાં નાંખવામાં આવે છે. ત્યાં કેવલ નરકની ખાણ જ છે. વૈતરણી નદીમાં નાખેલા પાપીને જલચર પ્રાણીઓ ચારે બાજુથી કરડી ખાય છે.

છતાં તેમના પ્રાણ જતા નથી. તેમને આ પાપનાં ફલ ભોગવવા માટે પાપો જ તેના પ્રાણ ટકાવે છે. તે તો વૈતરણીમાં ખેંચાયા જ કરે છે. મારાં કરેલાં હું ભોગવું છું એવું એને ભાન થાય છે અને પરિતાપ ભોગવે છે તે મલ-મૂત્ર-વિષ્ઠા-રુધિર-વાળ-અસ્થિ-નખ-માંસ-મેદ-ચરબીથી ભરેલી વૈતરણીમાં તણાયા જ કરે છે. (૨૨)

(૧૫) પૂયોદ

નિર્લજ્જ બની, પવિત્ર આચારવિચારને નેવે મૂકી "પુંશ્ચલી નારી" સાથે પ્રેમ કરે છે કે પશુ બની દુરાચાર કરે છે,તેને દેહ છૂટતાં પૂયોદ નરકમાં નાખવામાં આવે છે. આ નરક પરુ-વિષ્ઠા-લીંટ-ગળફા-મૂત્ર-મલ વગેરેનું બનેલું છે અને સાગર સમું વિશાળ છે. આ નરકમાં પડી આ જ પદાર્થો તેને ખાવા પડે છે. (૨૩)

(૧૬) પ્રાણરોધ

માનવ દેહમાં બ્રાહ્મણ કાયા પામી શ્વાન ગર્દભ પાળ્યાં અને શિકારમાં વળગી રહ્યાં, તેઓ દેહ છૂટતાં જ પ્રાણરોધ નામના નરકમાં પડશે. યમદૂતો તેમને લક્ષ્ય બનાવી શિકાર ખેલશે. (૨૪)

(૧૭) વિશસન

જે પાખંડી અને ક્રૂર લોકો યજ્ઞમાં પશુવધ કરશે કે કરે છે તેઓ દેહ પડતાં વિશસન નામના નરકમાં જાય છે. નરકાધિકારીઓ ત્યાં તેમને પુષ્કળ પીડા કરે છે. (૨૫)

(૧૮) લાલાભક્ષ

જે દ્વિજ જાતિનો પુરુષ કામાતુર બની પોતાની સજાતીય સ્ત્રીને વીર્યપાન કરાવે છે તે દેહલય પછી લાલાભક્ષ નામના નરકમાં જાય છે.ત્યાં તે પાપીને વીર્યની નદીમાં નાખીને વીર્યનું પાન કરાવે છે. (૨૬)

(૧૯) સારમેયાદન

જે ચોર લોકો-રાજાઓ કે રાજકર્મચારીઓ દુનિયામાં કોઈના ઘરમાં આગ મૂકે છે કોઈને ઝેર આપે છે, કોઈ સંઘને કે ગામને લૂંટે છે. તે પાપીઓ દેહ છૂટતાં સારમેય-અદન નામના નરકમાં જાય છે. આ નરકમાં ૭૨૦ સંખ્યામાં ક્રૂર કૂતરાઓ તે પાપીને ફાડી ખાય છે. (૨૭)

(૨૦) અવીચિમાન

કોઈ માનવ સાક્ષી થવામાં, દ્રવ્યની આપલેમાં કે દાન આદિ પ્રસંગે અસત્ય બોલે તે પાપીજન દેહ છૂટતાં "અવીચિમાન" નામના નરકમાં જશે. પાપીને આ નરકમાં નાખીને સો યોજનના ઊંચા પર્વત ઉપરથી ઊંધે માથે લટકતો નીચે નાખવામાં આવે છે. આ દેશ લાગે છે પાણીવાળો કે પાણી જેવો પણ હોય છે તે પથરાળ જગ્યા. તેના દેહના નીચે પડતાં તલ જેવા ટુકડા થાય તોપણ ના મરે અને ફરીથી પાછો પર્વતથી નીચે ફેંકાય. (૨૮)

(૨૧) અયઃપાન

કોઈ વિપ્ર. વિપ્રસ્ત્રી કે વ્રતી ભૂલથી મદિરા પી લે. ક્ષત્રિય કે વૈશ્ય સોમપાન કરે, તો તેને અયઃપાન નામના નરકમાં નાખવામાં આવે છે. આ નરકના પાપીઓની છાતી ઉપર પગ મૂકી દબાવી મુખ પહોળું કરાવી ઓગળેલા લોહરસને પાય છે. (૨૯)

(૨૨) ક્ષારકર્દમ

જે માનવ ક્ષુદ્ર જાતિમાં જન્મ લઈ પોતાની જાતને ઉત્તમ મનાવી પોતાના કરતાં યોગ્ય જન્મ-તપ-વિદ્યા-આચાર-વર્ણ અથવા આશ્રમદૃષ્ટિએ શ્રેષ્ઠ હોય તેની અર્ચના કરે નહિ તો તે જીવતો છતાં શબ સમાન છે. આમ છતાં દેહ છૂટયા બાદ એને ક્ષારકર્દમ નામના નરકમાં ઊંધે માથે ફેંકવામાં આવે છે. ત્યાં એને પુષ્કળ પીડા થાય છે. (૩૦)

(૨૩) રક્ષોગણભોજન

જે ક્રૂર જનો નરનું બલિદાન આપી યક્ષ-રાક્ષસ-ભૈરવ આદિનું પૂજન કરે છે અને જે સ્ત્રીઓ પશુની માફક પુરુષોનું

ભક્ષણ કરે છે તેમને જે લોકોને માર્યા છે તે લોકો, યમલોકમાં રાક્ષસ થઈ તે મારનાર જીવોને અનેક પ્રકારની પીડાઓ ઉત્પન્ન કરે છે. જેમ કોઈ કસાઈ પશુને પરશુથી છેદે તેમ બલિદાન દેનારાઓને પરશુથી છેદવામાં આવે છે. તેમને મારી, નાચી રાજી થાય છે. (૩૧)

(૨૪) શૂલપ્રોત

જે ક્ષુદ્ર નિર્દય જનો વનમાં-ગામમાં નિર્દોષ જીવન જીવવા ચાહતાં પ્રાણીઓને વિશ્વાસ પેદા કરી શૂળીએ ચઢાવનાર કે રસીએ બાંધનાર અને ખેલતાં ખેલતાં તે પશુઓને ત્રાસ આપનાર દેહ છૂટયા પછી શૂલપ્રોત નામના નરકમાં જાય છે. આ પાપીને આ નરકમાં યમરાજના દૂતો શૂળીએ વીંધે, ખાનપાન આપે નહિ એમ તેને સતાવે છે. આ ઉપરાંત તીક્ષ્ણ ચાંચવાળાં કાકપક્ષીઓ અને વટપક્ષીઓ તેને વીંધે છે, આ વેદના વેઠતાં પાપીઓ પાપને યાદ કરે છે. (૩૨)

(૨૫) દંદશૂક

સર્પ જેવા કે વીંછી જેવા દંશીલા સ્વભાવવાળા લોકો આ લોકમાં પ્રાણીઓને પીડા કરે છે, ક્લેશ આપે છે, તે પાપી જીવો દેહ પડતાં "દંદશૂક" નામના નરકમાં પડે છે. આ નરકમાં પાંચ મુખવાળા અને સાત મુખવાળા સર્પો ઉંદરની માફક પાપીઓને ગળી જાય છે. (૩૩)

(૨૬) અવટનિરોધન

જે ક્રૂર જનો ખાઈ બનાવી પ્રાણીઓને તેમાં રૂંધે અથવા ગુફાઓમાં કે કોઠીઓમાં પશુઓને રૂંધે તેઓ દેહ પડયા પછી "અવટનિરોધન" નામના નરકે જાય છે. આ નરકમાં યમદૂતો એવી જ કોઠીઓ, ખાઈઓ વગેરેમાં તે પાપીઓને નાખી ઝેરીલા અગ્નિના ધૂમથી તેમને ત્રાસ આપે છે. (૩૪)

(૨૭) પર્યાવર્તન

જે ગૃહસ્થી આંગણે આવેલા અતિથિઓને કે અભ્યાગતોને ક્રૂર નજરે કે ઝેરીલી નજરે જુએ છે. વળી તેમને બાળી નાખતા હોય તેમ ક્રૂર નેત્રે નિહાળે તે પાપીને દેહ પડતાં જ "પર્યાવર્તન" નામના નરકમાં નાંખવામાં આવે છે. આ નરકમાં વજ્ર જેવી ચાંચવાળાં ગીધ-કંક-કાક-બટેર વગેરે પક્ષીઓ બળાત્કારે ક્રૂર દૃષ્ટિવાળા માનવોની આંખોને ખેંચી કાઢે છે. (૩૫)

(૨૮) સૂચીમુખ

ધનાભિમાની પોતાની જાતને જ ઉત્તમ ગણતો, વાંકી નજરે અન્યને જોતો, સર્વ ઉપર કુશંકા રાખતો, રખેને મારું નાણું ખૂટી જશે એવા વિચારે મન અને મુખથી ઉદાસ બનતો, માનવ કદી ઠરીઠામ બેસતો નથી. યક્ષની માફક ધનની કેવલ રક્ષા જ કરે છે. દેહ પડતાં આ પાપી "સૂચીમુખ" નરકમાં જાય છે. આવા ધનલાલસુ, પાપ કરીને ધન વધારતા પાપીનાં અંગોને યમદૂતો દરજીની માફક સોયદોરોથી સીવી લે છે. (૩૬)

ઉપસંહાર

નરકલોકનું નિરૂપણ કરતાં પણ ઉદ્વેગ પામેલા શુકાચાર્યજી બોલ્યા, રાજન્ ! યમપુરીમાં આવાં સેંકડો અને કરોડો નરકો છે. પાપી લોકો તેમાં જાય છે, તેમાંથી કેટલાક પાપીઓની વાતો તમને વર્ણવી. આમાં ઘણાં નરકોનું વર્ણન કર્યું છે અને ઘણાંનું વર્ણન નથી કર્યું. રાજન્ ! ધર્માનુસારી જનો સ્વર્ગાદિ લોકોમાં જાયં છે. ત્યાં ગયા બાદ અવશિષ્ટ રહેલાં પુણ્યપાપોને ભોગવતા ભૂતલે આવે છે. (૩૭)

રાજન્ ! ધર્મ અને અધર્મથી સ્વતંત્ર નિવૃત્તિમાર્ગ તો પ્રથમ આપને દ્વિતીય સ્કંધમાં કહેલ છે. રાજન્ ! પુરાણોમાં બ્રહ્માંડના પણ ચૌદ પ્રકાર કહેવાય છે. તે બ્રહ્માંડ આટલું જ છે. આ કાંઈ ભૂગોળ ખગોળની ગાથા નથી ગાઈ; પરંતુ પુરાણપુરુષ ભગવાન શ્રી નારાયણના માયાના ગુણથી બનેલા આ સ્થૂળ વિગ્રહ બ્રહ્માંડનું વર્ણન કર્યું. કોઈ પણ માનવ આદર અને ભક્તિથી આ પ્રકરણનો પાઠ કરશે અથવા તો શ્રવણ કરશે કે કરાવશે તેની બુદ્ધિ શ્રદ્ધાથી અને ભક્તિથી

પવિત્ર થશે. આ પ્રસંગનું શ્રવણ કરતાં ભગવાનના સૂક્ષ્મ અને ગૂઢ સ્વરૂપનું પણ દર્શન થશે. (૩૮) ભગવાનના સ્થૂલ અને સૂક્ષ્મ સ્વરૂપનું શ્રવણ કરી વિરક્તે પ્રથમ ભગવાનના વિરાટ સ્વરૂપમાં ચિત્તને પરોવવું. પુનઃ મતિ સ્થિર થતાં ધીમે ધીમે ભગવાનના સૂક્ષ્મ સ્વરૂપમાં મનને સ્થિર કરવું. (૩૯)

રાજન્ ! આ ભૂતલ ઉપર આવેલા સપ્ત દ્વીપો, પ્રત્યેક દ્વીપના ખંડો, સરિતાઓ, પર્વતો, આકાશ, સમુદ્ર, પાતાલ, દિશાઓ, નરક, જ્યોતિશ્ચક્ર અને અન્ય લોકોની સ્થિતિ આ સર્વ કાંઈ સમસ્ત પ્રાણીઓના સમૂહના સ્થાન સ્વરૂપ સર્વ કાંઈ શ્રીહરિ અદ્ભુત સ્થૂલ સ્વરૂપ છે. આ સ્વરૂપની સ્થિતિ રાજન્ ! આપને કહી છે. (૪૦)

भूद्वीपवर्षसरिदद्रिनभः समुद्रपातालदिङ्नरकभागणलोकसंस्था ।
गीता मया तव नृपाद्भुतमीश्वरस्य स्थूलं वपुः सकलजीवनिकायधाम ॥ ४० ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષનો, પંચમસ્કંધ, સ્થિતિલીલાના દ્વિતીય પ્રકરણમાંનો નરકાદિ યાતનાનું નિરૂપણ કરતો અધ્યાય ૨૬મો સમાપ્ત.

પંચમ સ્કંધ સંપૂર્ણ

શ્રીહરિઃ

શ્રીમદ્ ભાગવતપીયૂષ

સ્કંધ ૬ઠ્ઠો : પુષ્ટિલીલા-દક્ષિણ સાથળ

[શ્રીમદ્ ભાગવતજીના છઠ્ઠા સ્કંધમાં ૧૯ અધ્યાયો છે. અનુગ્રહ-કૃપા-પુષ્ટિ આ એક જ અર્થવાળા શબ્દો છે તેથી આ સ્કંધને "અનુગ્રહ લીલા" એવું નામ આપેલ છે. માતાપિતા અનુગ્રહ કરી, વાત્સલ્ય કરી પોતાના પ્રાણપ્રિય શિશુને જેમ ગોદમાં લઈ વાત્સલ્ય કરે છે એવી જ રીતે શ્રીજીબાવા પંચમ અને ષષ્ઠ સ્કંધની બનેલી ગોદમાં બાળકને લઈને સ્નેહ કરે છે. ભગવાનની આવી કૃપાના અજામિલ કુપાત્ર છતાં પાત્ર બન્યા છે, તે આ સ્કંધમાં જોવા મળશે. આ સ્કંધનાં ત્રણ પ્રકરણો છે : (૧) નામ (૨), ધ્યાન (૩), સેવા આવાં ત્રણ પ્રકરણનાં ત્રણ નામો છે.]

પ્રથમ પ્રકરણ : ૧ થી ૩ ત્રણ અધ્યાય. પ્રથમ પ્રકરણનું "નામ પ્રકરણ" એવું નામ છે. ભગવાનના નામનું શ્રવણ-કીર્તન-સ્મરણ કરતાં કૃપાળુ ભગવાન કૃપા વરસાવી દે છે, એટલું જ નહીં પરંતુ ભગવન્નામવાળાં પુત્રાદિનાં પણ નામ અંતિમ સમયે મુખમાંથી નીકળી જાય તો ભગવાન આ જીવને પણ ભક્ત માની એનો પણ ઉદ્ધાર કરે છે. આ વિષય પ્રથમ ત્રણ અધ્યાયના પ્રકરણમાં આવશે.

દ્વિતીય પ્રકરણ : અધ્યાય ૪ થી ૧૭ ચૌદ અધ્યાય. દ્વિતીય પ્રકરણનું "ધ્યાન પ્રકરણ" એવું નામ છે. ધ્યાન સ્વરૂપનું થઈ શકે. રૂપ કે સ્વરૂપ શબ્દનો અર્થ "આકાર" એવો થાય છે. માટે ભગવાનના સાકાર સ્વરૂપનું ધ્યાન થાય છે તેમજ સેવા થાય છે. આ રૂપ પ્રકરણના ચૌદ અધ્યાય છે. રૂપના ચૌદ ગુણોમાં ૫ જ્ઞાનેન્દ્રિયના, ૫ કર્મેન્દ્રિયના, ૪ અન્તઃકરણના મળીને કુલ ૧૪ ગુણો થાય છે. આ રૂપ એટલે ભગવાનનું સ્વરૂપ સમજવું.

તૃતીય પ્રકરણ : ૧૮-૧૯ બે અધ્યાય. આ ત્રીજા પ્રકરણનું નામ છે : 'અર્ચન-સેવા પ્રકરણ. સેવા પ્રત્યક્ષ આંખ- સામે બિરાજતા સ્વરૂપની ઈંદ્રિયાદિથી અને દેહાદિથી થાય છે. તેમજ હૃદયમાં બિરાજતા સ્વરૂપની માનસી સેવા થાય છે.

આ રીતે છઠ્ઠા સ્કંધના ૧૯ અધ્યાયોનો ટૂંકમાં વિચાર કર્યો છે આ વિસ્તાર શ્રીમદ્ વલ્લભ મહાપ્રભુજીના નિબન્ધ ગ્રન્થને વાંચવાથી મળે છે.

ષષ્ઠ સ્કંધ પુષ્ટિલીલાના અધ્યાય ૧૯.

૧	૨	૩
નામપ્રકરણઃ ૧થી ૩ અધ્યાય	ધ્યાનપ્રકરણઃ ૧૪ અધ્યાય	સેવાપ્રકરણ : બે અધ્યાય
શ્રવણ કીર્તન સ્મરણ	સ્વરૂપના ૧૪ ગુણો	પ્રત્યક્ષ સેવા (અધ્યાય ૧૮)
(અ. ૧) (અ. ૨)(અ. ૩)	(અધ્યાય ૪ થી ૧૭)	માનસી સેવા (અધ્યાય ૧૯)

અધ્યાય ૧ લો

[આ અધ્યાયમાં ૬૮ શ્લોકો છે. અજામિલનું ઉપાખ્યાન શરૂ થાય છે. ભગવાનના પાર્ષદો અને ધર્મરાજદૂતોનો સમાગમ વગેરે કથાપ્રસંગ આ અધ્યાયમાં આવશે. અજામિલની ગર્વનિવૃત્તિ આ અધ્યાયમાં થશે.]

સિંહાવલોકન સાથે પ્રશ્ન

राजोवाच–निवृत्तिमार्गः कथित आदौ भगवता यथा । क्रमयोगोपलब्धेन ब्रह्मणा यदसंसृतिः ॥

પંચમ સ્કન્ધની કથાના શ્રવણથી શ્રીહરિ ભગવાનમાં અત્યંત અનુરાગ જાગતાં રાજર્ષિ પરીક્ષિતજીએ જિજ્ઞાસા પ્રકટ કરી કે ભગવન્ શ્રી શુકાચાર્યજી ! આપે સૌથી પ્રથમ બીજા સ્કંધમાં જે માર્ગને અનુસરીને પ્રથમ બ્રહ્મલોકની પ્રાપ્તિ

થઈને બ્રહ્માની સાથે મોક્ષ થાય એ પ્રકારના નિવૃત્તિમાર્ગનું શાસ્ત્ર અનુસાર વર્ણન કર્યું છે. ત્યાર પછી હે મુનિવર ! આપે ત્રીજા સ્કંધમાં સ્વર્ગ વગેરે સુખ પામી શકાય એવા પ્રવૃત્તિમાર્ગનું પણ વર્ણન કર્યું છે કે જેમાં અજ્ઞાનયુક્ત પુરુષને વારંવાર ભોગને માટે દેહની પ્રાપ્તિ થયા કરે છે.

હે ભગવન્ ! આ ઉપરાંત ચતુર્થ સ્કંધમાં શ્રી સ્વાયંભુવ મનુમહારાજનો પ્રથમ મન્વંતર અને પાપાચારોથી તથા ઉત્તાનપાદ રાજાનો વંશ, તેમાં થયેલા રાજાઓનાં ચરિત્રો અને દ્વીપ, ખંડ, સમુદ્ર, સરિતાઓ, ઉદ્યાન તથા વૃક્ષો વગેરેનું પણ વિસ્તારથી વર્ણન સંભળાવ્યું છે. આ સ્કંધોમાં ખગોળ-ભૂગોળના વિભાગો અને પ્રમાણ સહિત ભૂમંડલની રચના અને જ્યોતિશ્ચક્રની રચના, પાતાલોની રચના પણ કરી છે તેવી જ આપે વર્ણવી છે. આ કથામાં અંતિમ નરકલોકની કથા કહી છે.

નરકમુક્તિ કેવી રીતે થાય ?

હવે હે કૃપાનિધિ શુકાચાર્યજી ! આ ઉગ્ર વેદના ભરેલાં નરકોમાં ન પડાય અને છુટાય એ પણ ઉપાય કૃપા કરી મને બતાવો.

શ્રદ્ધાળુ રાજાના પ્રશ્નનું સન્માન કરતાં શ્રી શુકાચાર્યજી બોલ્યા કે રાજન્ ! મન, વચન અને કાયાથી જે પાપ કરેલું હોય તેનું મન, વચન અને કાયાથી જે માનવ શાસ્ત્રાનુસાર પ્રાયશ્ચિત ન કરે તો મરણ પછી અવશ્ય નરકમાં જાય છે જ. રાજન્ ! આવાં દારુણ દુઃખવાળાં નરકોની કથા તો તમને કહી છે. રાજન્ ! શોભા અને શાણપણ તો એ છે કે પાપનું નિવારણ કરવા માટે મૃત્યુ પહેલાં જ પ્રયત્ન કરવો ઘટે; તે પણ દેહ સ્વસ્થ હોય, દેહમાં મુશ્કેલી ન આવી હોય તે પહેલાં સાવધાન મનથી અને શીઘ્રતાથી કરવો ઘટે. રોગનાં નિદાન જાણનારા વિચક્ષણ વૈદ્ય જેમ વાતપિત્તાદિક દોષના ઓછાવત્તાપણાને જાણીને દોષોને અનુકૂળ આવે એવી ચિકિત્સા કરે તો રોગ ટળે છે; તે જ પ્રકારે માનવે પોતાના પાપનું માપ અને રૂપ જાણીને તેની શુધ્ધિ માટે શાસ્ત્રે કહેલ એવું પ્રાયશ્ચિત કરવું જોઈએ.

પાપપ્રવૃત્તિ શાથી ?

પરીક્ષિત રાજા પૂછે છે,મહારાજ, નજરે જોવા મળતાં નૃપદંડો તેમજ શાસ્ત્રે વર્ણવેલી નરકલોક વગેરેની યાતના નરકલોકગમન ઉપરથી પાપ પોતાનું અહિત કરે છે. એવું જાણ્યા પછી પણ પ્રાયશ્ચિત્ત કર્યા પછી પણ પુનઃ પાપ કરે છે એટલા માટે જે પ્રાયશ્ચિત્ત કહેલું છે તે સાચો નિવારણનો ઉપાય છે એમ શી રીતે કહી શકાય ? કારણ કે આ ઉપાય કરવાથી પાપ નિર્મૂલ થયું નથી એમ લાગે છે 'કારણ કે જો નિર્મૂલ થયું હોય તો પાછું ઉત્પન્ન થવું જ ન જોઈએ. જેમ હાથી સ્નાન કરીને પાછો ધૂળ નાખીને પોતાના શરીરને મેલું કરે છે તેમ મનુષ્ય એકવાર પ્રાયશ્ચિત કરીને વળી પાછો પાપ આચરે છે; એટલે કર્મમાર્ગથી કરેલું પ્રાયશ્ચિત્ત હાથીસ્નાન જેવું છે. એટલા માટે ફરી કરેલાં પાપથી નરકમાં તો અવશ્ય જવાનું જ રહ્યું; માટે મહારાજ ! મને તો પ્રાયશ્ચિત વ્યર્થ જેવું લાગે છે અને મન મૂંઝાય છે કે સાચું શું ? આવી પરીક્ષિત રાજાની શંકા શ્રી શુકદેવજીએ સાંભળી. શ્રી શુકાચાર્ય સમજ્યા કે રાજા ઉત્તમ કક્ષાના અધિકારી હોઈ આ શંકા કરી રહ્યા છે માટે તેમનું સમાધાન કરતાં બોલ્યા.

પાપનિવૃત્તિનો નિત્ય ઉપાય

શ્રી શુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! કૃચ્છ્રચાન્દ્રાયણાદિ શાસ્ત્રોક્ત પ્રાયશ્ચિત્તના પ્રકારો સત્ય છે. પાપો અવશ્ય નષ્ટ થાય છે જ. પરંતુ આ ઉપાયોથી અજ્ઞાન-અવિદ્યા-વાસના નથી ટળતાં તેથી તે અવિદ્યા વગેરે કારણોથી મનુષ્ય પુનઃ પાપ આચરે છે. રાજન્ ! મનુષ્યને જ્ઞાન ન હોય ત્યાં સુધી તે પાપો વારંવાર કરશે. બાકી આ શાસ્ત્રોક્ત પ્રાયશ્ચિત કરવાથી પાપોનો નાશ થવા છતાં અજ્ઞાનનો નાશ કરવો રહ્યો. તે ઉપાય તો ભગવાનની કૃપા અને ભગવાનમાં પ્રેમ જ મુખ્ય છે માટે "विमर्शनम्" જ્ઞાન જ સાચું પ્રાયશ્ચિત છે. રાજન્ ! પુણ્યકર્મથી પાપ અવશ્ય ટળે જ. ઔષધથી રોગ મટે જ, પરંતુ ચરી પાળવી પડે. ખરી રીતે પથ્ય અન્ન જમનાર માનવને કોઈ પણ વ્યાધિઓ પીડતા નથી ને અન્નથી પોષણ જ મળે છે.

તેમ હે રાજન્ ! નિયમો પાળીને પુણ્યાચરણ કરનાર પણ રાગદ્વેષાદિકથી નિવૃત્ત થતાં ધીમે ધીમે તત્ત્વજ્ઞાન મેળવે છે. માટે આ સુભાષિત યાદ રાખવું કે "नाश्नतः पथ्यमेवान्नं व्याधयोऽभिवन्ति हि । एवं नियमकृद् राजन् शनैः क्षेमाय कल्पते ॥

પુણ્યકર્મોનું સામર્થ્ય

મન-વાણી-કાયાના કષ્ટને સહન કરીને વિધિયુક્ત એકાદશી, જન્માષ્ટમી આદિ વ્રત, ઉપવાસો, બ્રહ્મચર્ય, મનનો નિગ્રહ, બ્રાહ્યેન્દ્રિયોનો નિગ્રહ, દાન, સત્ય, પવિત્રતા, અહિંસા, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ વગેરે નિયમથી શ્રદ્ધાપૂર્વક પુણ્યો આચરવાં જોઈએ; આવું સમજી ધર્મના જાણનાર ધીર પુરુષો પોતાનાં દેહ, વાણી અને બુદ્ધિથી થયેલાં સમસ્ત પાપોનો અગ્નિ જેમ વાંસના સમૂહને બાળી નાખે તેમ બાળી નાંખે છે. રાજન્ ! એક દિવ્ય ઉપાય એ છે કે શ્રીકૃષ્ણપ્રભુના પ્રપન્ન શરણાગત કેટલાએક વિરલ પુરુષો અંધકારને સૂર્ય જેમ નષ્ટ કરી નાખે તેમ કેવલ એક ભક્તિથી જ સમસ્ત પાપોને સાફ કરી નાખે છે. પરીક્ષિત રાજન્ ! જ્ઞાનમાર્ગથી પણ ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે. શ્રીકૃષ્ણચરણે સમર્પણ અને શ્રીકૃષ્ણચરણમાં સમર્પિત ભગવદીય પુરુષોની સેવામાં મનઈંદ્રિયોને તત્પર રાખનાર ભક્તજન જેવો પાપથી મુક્ત થાય તેવો તપ વગેરે કરવાથી થતો નથી.

सध्रीचीनो ह्ययं लोके पन्थाः क्षेमोऽकुतोभयः । सुशीलाः साधवो यत्र नारायणपरायणाः ॥१७॥
प्रायश्चित्तानि चीर्णानि नारायणपराङ्मुखम् । न निष्पुनन्ति राजेन्द्र सुराकुम्भमिवापगाः ॥१८॥
सकृन्मनः कृष्णपदारविन्दयोर्निवेशितं तद्गुणरागि यैरिह ।
न ते यमं पाशभृतश्च तद्भटान् स्वप्नेऽपि पश्यन्ति हि चीर्णनिष्कृताः ॥१९॥

આ ભક્તિમાર્ગ જ સુખરૂપ અને વિઘ્નાદિકના ભયથી મુક્ત હોવાથી ઘણો ઉત્તમ છે અને સરલ છે. રાજન્ ! મદિરાથી ભરેલા બંધ મુખવાળો ઘટ ગમે તેટલી પવિત્ર સરિતામાં રખાય તો પણ નદીઓ જેમ મદિરાના ઘડાને પવિત્ર કરી શકે નહીં; તેમ પ્રાયશ્ચિતો ભગવાનથી વિમુખ માણસને પવિત્ર કરી શકતાં નથી, પણ ભક્તિ તો થોડી કરવા છતાં પણ પવિત્ર કરે છે. (૧૭-૧૮) રાજન્ ! માત્ર એક જ વાર ભગવાનના ગુણોમાં અનુરાગવાળા મનને ભગવાનના ચરણારવિંદમાં સ્થાયી કર્યું હોય તે લોકો સ્વપ્નમાં પણ યમને અથવા યમપાશને ધરનારા યમદૂતોને દેખતા નથી કારણ કે ભગવચ્ચરણમાં ચિત્ત મૂકવાથી ભક્તજનનાં સમસ્ત પાપોનું પ્રાયશ્ચિત્ત થઈ જાય છે. (૧૯)

અજામિલગાથા

ચાલો રાજન્ ! આ પ્રસંગમાં વિષ્ણુ ભગવાનના પાર્ષદો અને ધર્મરાજના સેવકોના સંવાદથી ભરેલી એક મંગલ ગાથા ગવાય છે તે મારી પાસેથી સાંભળો. (૨૦) કાન્યકુબ્જ દેશમાં એક અજામિલ નામના દ્વિજવર્ય રહેતા હતા. તે અજામિલ વિપ્ર દાસીના સંસર્ગથી દુષ્ટ બનતાં સદાચારથી ભ્રષ્ટ થઈ ગયેલ હતા. (૨૧) ધનિકોને બાંધી ધન પડાવવું અથવા માયાજાળમાં પકડેલાં પક્ષીઓનો વિક્રય કરી ધન લેવું, જુગાર ખેલવો, ઠગવું અને ચોરી કરવી વગેરે નીચ આજીવિકાથી અજામિલનું જીવન સર્વ રીતે ભ્રષ્ટ થયું, અપવિત્રતાથી કુટુંબનું પોષણ કરતાં અજામિલ પ્રાણીઓને ત્રાસ આપતો. (૨૨)

આ પ્રમાણે હલકું જીવન જીવતાં અને દાસીના પુત્રોને લાડ લડાવતાં અજામિલના આયુષ્યનો અઠ્યાશી વર્ષનો લાંબો ગાળો વીતી ગયો. (૨૩) આ ઘરડા અજામિલને દશ દીકરા હતા. તે દશ દીકરામાં નાના દીકરાનું નામ 'નારાયણ' રાખ્યું હતું. વળી નાનો નારાયણ માબાપને બહુ જ પ્યારો હતો. (૨૪) કાલુંઘેલું અને મીઠું બોલનારા નારાયણને ખવડાવતાં અને પીવરાવતાં બાળકના સ્નેહમાં બંધાયેલા બાલિશ અજામિલને માથે આવેલા મૃત્યુની ખબર ન પડી. (૨૬) મૃત્યુ ટાણે હાથમાં પાશ લઈને આવેલા અતિશય ભયંકર, વાંકા મુખવાળા અને ઊભા વાળવાળા[૧] ત્રણ પુરુષોને

---

[૧] મન-વાણી-કાયાથી ત્રણ પ્રકારે પાપ કરેલાં હોઈ તે ત્રણે પાપના સાક્ષી ત્રણ યમરાજ દૂતો આવ્યા છે.

જોઈને વ્યાકુળ થયેલા અજામિલે અત્યંત મોટેથી અને બહુ જ લાંબા સાદથી ઘણે આઘે રમતમાં લાગેલા દીકરા નારાયણને "નારાયણ, નારાયણ" કહીને બોલાવ્યો. (૩૦)

મૃત્યુના બિછાને પડેલા આ વૃદ્ધ અજામિલના મુખમાંથી 'નારાયણ' એવું ભગવાનનું નામ નીકળ્યું. આ નામ શ્રવણ કરી ભગવાનના પાર્ષદો એકાએક આવી પહોંચ્યા. આવેલા પ્રભુના પાર્ષદોએ દાસીપતિ અજામિલને અત્યંત મોટેથી અને બહુ જ લાંબા સાદથી ઘણે આઘે રમતમાં લાગેલા દીકરા નારાયણને "નારાયણ, નારાયણ" કહીને બોલાવ્યો.

મૃત્યુના બિછાને પડેલા આ વૃદ્ધ અજામિલના મુખમાંથી 'નારાયણ' એવું ભગવાનનું નામ નીકળ્યું. આ નામ શ્રવણ કરી ભગવાનના પાર્ષદો એકાએક આવી પહોંચ્યા. આવેલા પ્રભુના પાર્ષદોએ દાસીપતિ અજામિલને તેના હૃદયમાંથી ખેંચતા અને બાંધવા ઈચ્છતા તે યમદૂતોને બલપૂર્વક રોકી દીધા.(૩૧)

યમદૂતોનો વિનય

વિષ્ણુપાર્ષદો દ્વારા અટકાવતાં તે યમના દૂતોએ પાર્ષદોને પૂછ્યું કે યમરાજાની આજ્ઞાનો અવરોધ કરનાર આપ કોણ છો ? કોના સેવક છો ? ક્યાંથી પધાર્યા છો ? આ પાપી-મહાપાપીને લઈ જવાની શા માટે મનાઈ કરો છો ? શું આપ કોઈ દેવ છો ? ઉપદેવ છો ? કે શું આપ સિદ્ધશિરોમણિ છો ? અમે તો આપશ્રીને ઓળખતા નથી માટે અમારા ઉપર નારાજ ન થશો.

પ્રભુ-પાર્ષદોનું દિવ્ય સ્વરૂપ

હે પુણ્ય પુરુષો ! આપ સર્વ કમલપત્ર સમાન નયનવાળા,રેશમી પીતાંબરવાળા, મુકુટધારી, સુવર્ણ કુંડલધારી, કમલવનમાલાથી સુશોભિત, યુવાન અને સુંદર ચતુર્ભુજ પુરુષ છો. ધનુષ્ય, ભાથા, તલવાર, શંખ, ચક્ર અને કમલથી શોભી રહ્યા છો. પોતાના દિવ્ય તેજથી દિશાઓના અંધકારને દૂર કરી પ્રકાશ કરી રહર્યા છો. અમે તો ધર્મસંરક્ષક મહારાજ ધર્મના કિંકર છીએ. અમ સેવકોને આપ શા માટે મનાઈ કરો છો ? (૩૬)

શ્રી શુકદેવજી મહારાજે કહ્યું કે આ પ્રમાણે યમદૂતોની વિનયવાણીનું શ્રવણ-કરીને ભગવાનના પાર્ષદોએ મન્દ સ્મિત કર્યું. અને મેઘનાદ સરખી ગંભીર વાણીથી નીચે પ્રમાણે બોલ્યા. (૩૭) શ્રી હરિના પાર્ષદોએ કહ્યું કે હે ધર્મરાજ પાર્ષદો !આપ જો મહારાજ ધર્મના પાર્ષદો છો તો ધર્મનું જે લક્ષણ છે તે આપને સંભળાવતાં આનંદ થશે. આપ તે સ્નેહથી સાંભળો. આપને એક પ્રશ્ન છે કે દંડ કોને અને ક્યા કારણથી કરવામાં આવે છે ? દંડનો પ્રકાર કયો ? શિક્ષાને પાત્ર કોણ ? જે પાપાચારીઓ છે તે સર્વ દંડ કરવાને યોગ્ય છે કે તેઓમાં મનુષ્ય જ દંડપાત્ર છે ? વળી મનુષ્યોમાં પણ સર્વ દંડપાત્ર છે કે અમુક ? (૩૮/૩૯)

ભગવાનના પાર્ષદોનો પ્રત્યુત્તર વાળતાં યમદૂતો બોલ્યા, વેદ ભગવાને જે ક્રિયા કરવાની આજ્ઞા કરેલી છે તે ધર્મ છે અને જે ક્રિયા કરવાનો વેદે નિષેધ કર્યો છે તે અધર્મ છે. વેદ સાક્ષાત્ નારાયણ છે તેમ જ વેદ સ્વયંભૂ છે. એટલા માટે વેદ સ્વતઃ પ્રમાણ છે અને વેદ સાક્ષાત્ નારાયણનું સ્વરૂપ જ છે એવું અમે સાંભળેલું છે.

વેદોનું કાર્ય

ભગવાન નારાયણે પોતાના અક્ષરબ્રહ્મ સ્વરૂપમાં-રજ-તમોગુણવાળા ત્રણ ગુણથી પ્રાણીઓને ઉત્પન્ન કર્યાં; ક્ષમા, શાંતિ, સૌંદર્ય વગેરે ગુણો પેદા કર્યા; દેવ-મનુષ્ય-બ્રાહ્મણ વગેરે નામો આપ્યાં; અધ્યયન, રક્ષણ વગેરે ક્રિયાઓ રચી; વર્ણ - આશ્રમ વગેરે સ્વરૂપો બનાવ્યાં. આ સર્વ વેદનારાયણે જ રચ્યું છે. સૂર્ય, અગ્નિ, આકાશ, વાયુ, ગાયો[૨], ચન્દ્રમા, સંધ્યા, રાત્રિ, દિવસ, દિશાઓ, જલ, પૃથ્વી, કાળ અને ધર્મ આ ચૌદ તત્ત્વો માનવે આચરેલ ધર્મ અને અધર્મ વગેરે ક્રિયાઓના સાક્ષીઓ છે.

આ ચૌદ સાક્ષીઓ દ્વારા ધર્મ કે અધર્મને જાણીને દંડ કરવામાં આવે છે. કર્મ કરનારાં સર્વ પ્રાણીઓ પોતપોતાના

---

[૨] ગાવ શબ્દથી ગાયો અને ઈન્દ્રિયો બન્ને લેવાય છે.

કર્માનુસાર દંડપાત્ર બને છે. હે નિર્દોષ ભગવતપાર્ષદો ! કર્મ કરનારાઓથી પુણ્ય પણ થાય છે અને પાપ પણ અવશ્ય થાય છે. માટે અધર્મી સર્વ પ્રાણીઓ દંડપાત્ર છે. કેમકે સર્વ જીવોને ત્રણ ગુણનો સંગ લાગેલો છે. જો કોઈ અકર્તા હોય તો તેનાથી પાપ ન થાય પરંતુ તે દેહધારી મનુષ્યથી કેમ બને ? કારણ કે દેહી કર્મ કર્યા વગર રહી શકતો નથી. અને કર્મ કરનારથી પાપ પણ અવશ્ય થઈ જાય છે માટે સર્વ પાપી જીવો દંડને પાત્ર છે. જે વ્યક્તિએ અહીં જેટલો અને જે પ્રકારનો ધર્મ અથવા અધર્મ કરેલો હોય તે વ્યક્તિ મૃત્યુ બાદ પરલોકમાં તેટલું અને તે પ્રકારનું ફળ ભોગવે છે.

પરલોકના જીવો માટે પણ સામાન્ય ન્યાય

હે દેવધરો ! સત્ત્વ-રજ-તમ આ ત્રણ ગુણોની વિચિત્રતાના કારણે આ લોકમાં ત્રણ પ્રકારના જીવો જોવા મળે છે. જેમ કે પુણ્યશીલ - પાપાચારી અથવા સુખી-દુઃખી કે સુખદુઃખમિશ્રિત ત્રણ પ્રકારના જીવો જોવા મળે છે. પરલોક માટે જીવોના ત્રણપણાનો સમાન જ ન્યાય સંભવે છે. દેવવરો ! જીવના વર્તમાન જીવન ઉપરથી જ અથવા વર્તમાન કાલ ઉપરથી જ ભૂત અને ભવિષ્યના ધર્મોનું અનુમાન થઈ શકે છે તેવી જ રીતે વર્તમાન જન્મનાં પાપ પુણ્યો પણ ભવિષ્ય જન્મનાં પાપ પુણ્યોનો પણ નિર્ણય કરાવી આપે છે. દૃષ્ટાન્ત તરીકે જેમ વર્તમાન કાળની વસંતાદિક ઋતુ, ભૂતકાળ સંબંધી વસંતાદિકનાં અને ભવિષ્યકાળ સંબંધી વસંતાદિકના ફૂલ ફળ વગેરે ગુણોને જણાવે છે એટલે, વર્તમાન વસંત ઋતુમાં જે જાતનાં જે ફૂલ ફળ વગેરે દેખાય છે[૧] તેવાં જ ભૂત વસંતમાં હતાં અને ભવિષ્ય કાલની વસંતમાં થશે આવાં અનુમાન થઈ શકે છે તેવી રીતે જે જીવ વર્તમાન જન્મમાં શાન્ત, સુખી અને ધાર્મિક છે તે ગત જન્મમાં તેવો જ હતો અને ભવિષ્ય જન્મમાં પણ તેવો જ થશે આવાં અનુમાનો થઈ શકે છે. એટલે વર્તમાન જન્મ અને કર્મ ઉપરથી પ્રાણીઓના ગત જન્મની અને ભવિષ્યની પરીક્ષા થઈ શકે છે. (૪૭)

ધર્મરાજની સર્વ સત્તા

હે ભગવજ્જ્નો ! આપને અધિક શું કહેવું ? ધર્મ - અધર્મ જાણવાની આ પદ્ધતિ સર્વસામાન્ય જન માટે છે પરંતુ ભગવાન શ્રી ધર્મ તો સ્વયં ધર્મનગરીમાં બિરાજતા પ્રત્યેક જીવની પૂર્વજન્મની સ્થિતિને મનથી જ બરાબર જાણી શકે છે. (૪૮) હે દેવવરો ! કોઈ એમ માને કે મનુષ્ય વગેરે ઉત્તમ યોનિમાં જન્મેલો જીવ પણ ભગવદંશ હોવાથી ધર્મરાજની માફક પૂર્વજન્માદિ જાણી શકે ને ? તો એના ઉત્તરમાં પશુ પક્ષી વગેરે દેહધારી જીવ તમોગુણ યુક્ત હોવાથી ભૂત ભવિષ્ય આદિ કંઈ ન જાણી શકે પરંતુ વ્યક્ત દેહને જ જાણી શકે તેવી જ રીતે મનુષ્ય દેહનો જીવ પણ અજ્ઞાનથી મોહિત છે તેની સ્મૃતિ નાશ પામેલી છે તેથી તે પૂર્વ કે પરજન્મને જાણી શકતો નથી. (૪૯) હે દેવવરો ! કર્મ કરવાની પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેંન્દ્રિયો, જ્ઞાનેન્દ્રિયોથી જાણવાના પાંચ વિષયો અને મન આ સોળ વસ્તુમાં રહેલ સ્વયં જીવ સત્તરમો એક જ જ્ઞાનેન્દ્રિય અને મનના વિષયોને પામે છે. (૫૦)

લિંગદેહથી પુનર્જન્મ

ઉપર ગણાવેલા સોળ પદાર્થનું અને ત્રણ ગુણોથી બનેલું અનાદિ લિંગ શરીર જીવને પુનઃ પુનઃ જન્મમૃત્યુ દ્વારા સંસારપરંપરામાં લઈ જાય છે. આ દેહને લીધે, હર્ષ, શોક, ભય અને પીડાઓ થયાં કરે છે. જે માનવે છ ઈંદ્રિયો ઉપર વિજય નથી મેળવ્યો એવા અજ્ઞાની જીવને તેની ઈચ્છા ન હોવા છતાં બલવશ લિંગ શરીર સર્વ કામ કરાવે છે અને જીવ પોતે કોશેટાના જીવની માફક કર્મથી પોતાના સ્વરૂપનું આવરણ કરી દે છે પરંતુ તેમાંથી નીકળવાનો ઉપાય જાણતો નથી. (૫૧/૫૨)

न हि कश्चित्क्षणपि जातु तिष्ठत्यकर्मकृत् । कार्यते ह्यवशः कर्म गुणैः स्वाभाविकैर्बलात् ।।५३।।

દેવવરો ! કોઈ પ્રાણી ક્ષણમાત્ર પણં કર્મ કર્યા વિના રહી શકતો નથી. પૂર્વકર્મના સંસ્કારથી પ્રક્ટ થયેલા રાગદ્વેષાદિક ગુણો બળાત્કારથી એ પરાધીન થયેલા જીવને કર્મ કરાવે છે અને તે કર્મને લીધે જીવને ભિન્ન ભિન્ન દેહો પ્રાપ્ત થાય છે. ધર્મ અને અધર્મરૂપ અદૃષ્ટને બંધબેસતો સ્થૂલ અને સૂક્ષ્મ દેહ પ્રાપ્ત થાય છે અને તે લિંગદેહ જો કે વીર્ય અને રુધિર

સર્વસમાન છે જ છે તો પણ કર્મની બલવાન વાસનાને લીધે માતાપિતાના શરીર સરખો થાય છે. જીવને આ સર્વ ઝંઝટ દેહના અભિમાનથી પેદા થયેલી છે અને તે દેહાભિમાન પરમેશ્વરના ભજનથી તુર્ત જ મટે છે.

અજામિલની પૂર્વાવસ્થા : અજામિલના ૧૯ ગુણો

હે ભગવજ્જનો ! આ અજામિલઆરંભમાં તો બહુશ્રુત, શીલસમ્પન્ન, સદાચારી, સુશીલ, સદ્‌ગુણસમ્પન્ન, જપ-હોમમાં વ્રતનિષ્ઠ, સ્વભાવે કોમલ, જિતેંદ્રિય, સત્યવક્તા, પ્રાણીમાત્રના સુહૃદ, પવિત્ર, ગુરુભક્ત, અતિથિભક્ત, વૃદ્ધજનસેવક, સ્નેહી, મિતભાષી, મંત્રવેત્તા, નિયમપરાયણ, નિરભિમાની, ઈર્ષ્યારહિત, પ્રેમાળ, તેજસ્વી, તપસ્વી, વિપ્રર્ષિ હતા.

અજામિલનું પતન

આવા તેજસ્વી અજામિલ એક દિવસ પિતાની આજ્ઞાથી વનમાં સેવાપૂજાની સામગ્રી લેવા ગયા હતા. ત્યાંથી ફળ, ફૂલ, સમિધ અને દર્ભોને લઈ પાછા વળતાં મદિરના નશામાં ચકચૂર ઘેનભરેલી આંખવાળો વિષયલંપટ ક્ષુદ્ર શૂદ્ર કોઈ પીધેલી વારાંગના સાથે ચાલ્યો આવતો એ અજામિલની નજરે પડ્યો. વારાંગના પણ મદમાતી આંખોવાળી, અર્ધનગ્ન, નિર્લજ્જ રીતે શૃંગારચેષ્ટા કરી રહી હતી. આ શૂદ્ર આ વારાંગના સાથે ભાન ભૂલી ગાન કરતો, તો કોકવાર હસતો તો વળી નૃત્ય કરતો ત્યારે અવનવી અશ્લીલ ચેષ્ટા કરતો. તે વારાંગનાને પ્રસન્ન રાખવા સર્વ પ્રયત્ન કરતો હતો. શૂદ્રાના શરીરે અને હાથ વગેરે અંગોમાં અત્તર વગેરે અંગરાગ લગાવેલા હોઈ ચારે બાજુ સુગંધ ફેલાવતી વારાંગનાને ભેટી રહ્યો હતો. આ શૂદ્ર સાથે વિષયતાંડવ ખેલતી વારાંગનાને જોઈ અજામિલ ભાન ભૂલ્યો. કામવશ બન્યો. અજામિલે બનતો બધો જ પ્રયત્ન કરી ધૈર્ય અને જ્ઞાનથી પોતાના મનને વ્યવસ્થિત કરવા માંડયું છતાં તે કામદેવના કાબૂમાં ચાલ્યો ગયેલો મનને સ્થિર કરી શક્યો નહીં. આ શૂદ્ર અને વારાંગનાના દુષ્ટ દૃશ્યના પરિણામે પેદા થયેલા કામદેવ નામના ઝોડના સકંજામાં તે આવી ગયો. ક્ષણવારમાં સ્મૃતિભ્રષ્ટ થઈ ગયો અને મનમાં સતત વારાંગનાનું જ ચિંતન અને રટણ કરવા લાગ્યો. એના જીવનમાં એવી વિષમ પળ આવી લાગી કે તે સર્વથા ધર્મભ્રષ્ટ થઈ ગયો. અજામિલે પોતાની પાસે બાપનું જે ધન હતું તે સર્વ વેશ્યાને આપીને તેને જ રાજી કરવા લાગ્યો એટલું જ નહીં પણ વેશ્યાની મનગમતી વસ્તુઓ સારી સારી ચીજો લાવી આપી જેમ રાજી થાય તેમ કરવા લાગ્યો.

ભલો બ્રાહ્મણ અજામિલ પાપિણી અને કુલટા નારીનાં તીક્ષ્ણ અને તિરછાં નયનથી વિપ્રકુલની કન્યા અને પોતાની નવયૌવના ધર્મપત્નીને બિચારીને તરત જ છોડી દીધી. જ્યાંત્યાંથી ન્યાયથી અને અન્યાયથી ધન લાવીને આ મંદ બુદ્ધિવાળા અજામિલે આ વારાંગનાના પરિવારનું જ પોષણ કરવા માંડયું. પાપપરવશ અજામિલ શાસ્ત્રવિધિને નેવે મૂકી સત્પુરુષોએ નિંદા કરેલ પાપમય જીવન જીવતો હતો. વેશ્યાનું અપવિત્ર અન્ન ખાતો હતો. નિષિદ્ધ ખોરાક ખાતા અને મદિરા પીનારા આ અજામિલે શાસ્ત્રમાર્ગનું ઉલ્લંઘન કરી લાંબા સમય સુધી જીવન પસાર કર્યું પણ કરેલાં પાપોનું પ્રાયશ્ચિત કર્યું નહી. એથી આ અપરાધી અજામિલને મહારાજ યમ પાસે લઈ જાશું, જ્યાં પાપાનુસાર દંડ ભોગવી પ્રાણીઓ પાપમુક્ત થાય છે. (૧-૬૮)

तत एनं दण्डपाणेः सकाशं कृतकिल्बिषम् । नेष्यामोऽकृतनिर्वेशं यत्र दण्डेन शुद्धयति ॥ ६८ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના, ષષ્ઠ સ્કંધ, પુષ્ટિલીલાના પ્રથમ પ્રકરણમાંનો અજામિલના પતનનું વર્ણન કરતો અધ્યાય ૧લો સમાપ્ત.

અધ્યાય ૨જો

[આ અધ્યાયમાં ૪૯ શ્લોકો છે. યમદૂત હરિપાર્ષદોનાં દર્શન, તેઓના જમમંગલ વાર્તામૃતનું પાન, અજામિલનો પરિતાપ, વૈરાગ્યપ્રાપ્તિ વગેરે વિષયો આ અધ્યાયમાં આવશે.]

श्रीशुक उवाच –एवं ते भगवद्दूता यमदूताभिभाषितम् । उपधार्याथ तान् राजन् प्रत्याहुर्नयकोविदाः ॥

શ્રી શુકાચાર્યજીએ કહ્યું રાજન્ ! ધર્માધર્મના ન્યાયને જાણવામાં કુશલ ભગવત્પાર્ષદો આ પ્રમાણે યમના દૂતોનું ભાષણ સાંભળી પુનઃ કહેવા લાગ્યા.

ન્યાયશાસકો સદા સમદૃષ્ટિવાળા અને દયાળુ હોવા જોઈએ

ભગવત્પાર્ષદો કહેવા લાગ્યા કે ભાઈ આ તો અત્યંત કષ્ટની કથા છે અને આશ્ચર્યની કહાની છે કે ધર્મજ્ઞોની સભામાં અધર્મે પ્રવેશ કર્યો. કેમકે ધર્મની સભામાં દંડપાત્ર ન હોય એવા નિષ્પાપ લોકોને વ્યર્થ દંડ કરવામાં આવે છે. ધર્માધ્યક્ષો-ન્યાયશાસકો પ્રજાનાં માતાપિતા મનાય છે. આ ન્યાયપુરુષો સજ્જન અને સમદૃષ્ટિ હોવા જોઈએ. એ ન્યાયપુરુષો નિર્દોષ લોકોને દંડ કરશે તો પછી પ્રજા કોને શરણે જશે. આ વિશ્વમાં શ્રેષ્ઠ જનો જે કામ કરે તે પ્રમાણે સામાન્ય જન પણ અનુસરે છે. વળી મહાન પુરુષો જે વાતને પ્રમાણ માને તેને સર્વ જગત પણ પ્રમાણ ગણે છે. હે ધર્મદૂતો ! પશુ જેમ ધર્મ કે અધર્મથી અણજાણ છે તેવી જ રીતે જે લોકો ધર્મ કે અધર્મનું જાણતા નથી તે અજ્ઞાત જનો જગતમાં જે શ્રેષ્ઠ જનો ગણાતા હોય તેમની ગોદમાં મસ્તક મૂકીને નિશ્ચિત બનીને સૂઈ જાય છે અને તેમના ચરિત્રને અનુસરે છે (૫), તે દયાળુ સત્પુરુષ, કે જે પ્રાણીઓના વિશ્વાસપાત્ર ગણાય છે અને લોકોએ મિત્રભાવથી પોતાના હિતેચ્છુ સમજીને તે સજ્જનોને આત્મસમર્પણ કરી દીધું તેવા અજ્ઞાની જીવોની સાથે કેવી રીતે વિશ્વાસઘાત કરી શકે ? (૬)

ભગવન્નામોચ્ચાર શ્રેષ્ઠ પ્રાયશ્ચિત્ત

હે ધર્મપુરુષો ! આ અજામિલ તો કરોડો જન્મનાં પાપોનાં પ્રાયશ્ચિત્ત કરી ચૂક્યા છે, કારણ કે મૃત્યુની પરવશતામાં પણ સર્વમંગલમય ભગવાનના નારાયણના નામનો ઉચ્ચાર કર્યો છે. (૭) હે સત્પુરુષો ! "હે નારાયણ ! આવ"એ વાક્યથી ચાર અક્ષરવાળા ભગવાનના નામનો જે ઉચ્ચાર કર્યો તે સમયે માત્ર એટલાથી જ આ પાપીનાં સર્વ પાપોનું નિવારણ થઈ ચૂક્યું છે. (૮) ચોર, શરાબી, મિત્રનો દ્રોહી, બ્રહ્મઘાતી, પરસ્ત્રીગામી, હત્યારો, નૃપઘાતી, ગોવધકર્તા અને અન્ય પણ સમસ્ત પાપીઓને માટે ભગવાનનું નામ લેવાય એ જ ઉત્તમ પ્રાયશ્ચિત્ત છે; કારણ કે નામ લેતાં જ નામ લેનારના હૃદયમાં ભગવલ્લીલાઓ અને ભગવત્સ્વરૂપનો પ્રવેશ થાય છે અને નામ લેનારને ભગવાન પોતાનો બનાવી દે છે. (૯-૧૦)

નામનું બળ અમોઘ છે

રાજન્ ! બ્રહ્મવાદીઓએ ચાન્દ્રાયણ વ્રત વગેરે પાપશુદ્ધિનાં સાધન બતાવ્યાં છે પરન્તુ ભગવાનનું નામ લેતાં જેવી પાપોની શુદ્ધિ થાય છે તેવી શુદ્ધિ વેદને જાણનારા મનુ વગેરે મહાપુરુષોએ દર્શાવેલાં પ્રાયશ્ચિત્તોથી પણ થતી નથી. કેમકે ભગવાનનું નામ પાપને તો હણે છે પરંતુ ભગવાનના ગુણઓને હૃદયમાં ભરે છે અને વાસનાને દૂર કરે છે. (૧૧) પ્રાયશ્ચિત્ત પાપના કારણનો નાશ નથી કરતાં. પાપનું કારણ વાસના છે. પ્રાયશ્ચિત્ત કર્યા પછી વાસના રહી જતાં મન પુનઃ પાપના પંથે દોટ મૂકે છે માટે પાપનો સમૂળ નાશ કરવા ચાહનાર જન માટે તો ભગવાનના ગુણોનું વર્ણન જ ઉત્તમ પ્રાયશ્ચિત્ત છે, કારણ કે ભગવાનના ગુણોનું વર્ણન કરવાથી અંતઃકરણ શુદ્ધ થાય છે. (૧૨) માટે હે સત્પુરુષો ! આ અજામિલને આપ યમલોકમાં ન લઈ જાવ; કારણ કે અજામિલે મૃત્યુ ટાણે પૂર્ણ ચાર અક્ષરવાળા ભગવાનના નામનો ઉચ્ચાર કરેલ હોઈ સર્વ વિધ પ્રાયશ્ચિત્ત કરી જ લીધું છે. (૧૩) હે સજ્જનો ! સંકેતમાં, સંતાનના નામમાં, ઉપહાસમાં, તાનમાં, આલાપમાં, અપમાનમાં કે તિરસ્કારમાં અથવા ગાળ દઈને પણ ભગવાનનું નામ લેવાય તો તે નામ સમગ્ર પાપોનો નાશ કરે છે. (૧૪) આ વાત મહાન પુરુષો અને શાસ્ત્રો કહે છે કે પડતાં આખડતાં, ઠેસ વાગતાં પણ જે મનુષ્ય પરવશપણે પણ ભગવાનનું નામ લે તેને યમપુરીનાં કષ્ટ ભોગવવા જવાનું નથી હોતું. (૧૫) રાજન્ ! મહર્ષિવરોએ વિચારીને નાનાંમોટાં પાપોની શુદ્ધિ માટે નાનાંમોટાં પ્રાયશ્ચિત્તો કરવાની વ્યવસ્થા બતાવી છે પરંતુ ભગવાનના નામના ઉચ્ચારણનું સામર્થ્ય તો અલૌકિક જ છે. (૧૬) શાસ્ત્રોક્ત વિવિધ પ્રાયશ્ચિતોથી કે તપ, દાન, જપ વગેરેથી પાપો અવશ્ય દૂર થાય છે પણ તે પ્રાયશ્ચિત્તોથી અધર્મની વાસનાવાળું હૃદય પવિત્ર થતું નથી. તેની શુદ્ધિ તો શ્રીહરિના ચરણકમલને સેવવાથી જ થાય. (૧૭)

જાણતાં કે અજાણતાં લીધેલ હરિનામ, જેમ બાળકે અજ્ઞાનથી નાંખેલો અગ્નિ પણ કાષ્ઠના સમૂહને બાળી નાંખે છે તેમ

માનવનાં સમસ્ત પાપને પણ બાળી નાંખે છે. જેમ કોઈ જલદ શક્તિશાળી ઔષધ અનાયાસે અને વગર શ્રદ્ધાએ ખવાઈ જાય તો પણ તેની અસર થયા વિના રહેતી નથી તેમ ભગવાનના નામરૂપી મંત્ર કોઈના ઉપદેશ વિના અને શ્રદ્ધા વગર બોલાઈ જાય તો પણ પોતાનું સામર્થ્ય પ્રક્ટ કર્યા વગર રહેતો નથી. (૧૮-૧૯)

યમકિંકરોના હાથમાંથી અજામિલની મુક્તિ

શ્રી શુકાચાર્ય બોલ્યા : હે રાજન્ ! એવી રીતે એ વિષ્ણુના પાર્ષદોએ ભાગવત ધર્મ-ભક્તિધર્મનો નિર્ણય કરી તે અજામિલ બ્રાહ્મણને યમદૂતના પાશથી છોડાવતાં મરણથી પણ છોડાવ્યો. (૨૦) હે પરંતપ પરીક્ષિતજી ! આ રીતે ભગવાનના પાર્ષદોએ પાછા વાળેલા યમકિંકરોએ યમરાજાની પાસે જઈ એ સર્વ હકીકત કહી સંભળાવી. (૨૧) યમદૂતના પાશમાંથી છૂટી નિર્ભય અને સ્વસ્થ બનેલ અજામિલે હરિદાસોનાં દર્શનથી પરમ આનંદ પામી શ્રીહરિના પાર્ષદોને ચરણે મસ્તક નમાવી નમસ્કાર કર્યા. (૨૨) હે પુણ્યશીલ પરીક્ષિત રાજન્ ! અજામિલ કંઈક બોલવા ઈચ્છે છે એમ જાણી ભગવાનના પાર્ષદો અજામિલના દેખતાં જ એકાએક અંતર્ધાન થઈ ગયા. (૨૩) યમના દૂતો પાસેથી વેદમાં પ્રતિપાદન કરેલ શુદ્ધ સગુણ ધર્મનું તેમજ શ્રીહરિદાસો પાસેથી વિશુદ્ધ ભાગવત ધર્મોનું - સર્વ પાપનિવારક શ્રી હરિના યશના માહાત્મ્યનું - શ્રવણ કરવાથી અજામિલને અત્યંત જલદી ભગવાનમાં ભક્તિ ઉત્પન્ન થઈ અને પોતાના પાપનું સ્મરણ કરી સતત સખત પરિતાપ કરવા લાગ્યો. (૨૪-૨૫)

પરિતાપ એ પણ પરમ તપ છે

અરેરે ! હું ઈંદ્રિયોનો ગુલામ બની ગયો. અહો ! હું મનને વશ ન રાખી શક્યો ! મેં ઘણું ખરાબ આચરણ કર્યું કે દાસીના ગર્ભથી પુત્ર ઉત્પન્ન કરીને મેં મારું બ્રહ્મત્વ ખોઈ નાખ્યું. (૨૬) હું કે જે સત્પુરુષોએ નિંદેલો પાપી અને કુળમાં કલંક છું. સાચે જ મને વારંવાર ધિક્કાર છે. યૌવન અવસ્થાની પતિવ્રતા પત્નીનો ત્યાગ કરી મદિરા પીનારી વેશ્યા સાથે જીવન શરૂ કર્યું. (૨૭) અરે ! મારા જેવો નીચ કોણ હશે. મારાં વૃદ્ધ અને તપસ્વી માતાપિતા હતાં. દુઃખી હતાં મારા વિના બીજો પુત્ર પણ ન હતો. આવાં અન્ય પુત્રના આશ્રય વિનાનાં મા-બાપનો ત્યાગ કર્યો. માતાપિતાની સેવા-શુશ્રૂષા જરા પણ ન કરી. તેમના ઉપકારો યાદ ન કર્યા. હું કૃતઘ્ની નીવડયો. (૨૮) હવે મને ખાત્રી થઈ છે કે હું ભયંકર યાતના ભરેલા નરકમાં જરૂર પડીશ કે જે નરકમાં ધર્મનો નાશ કરનારા કામી લોકો અનેક વેદનાઓ ભોગવે છે. (૨૯) શું હમણાં મેં જે દૃશ્ય નજરે નિહાળ્યું તે સ્વપ્ન હશે કે જાગ્રત દશાનો સાક્ષાત્કાર હશે. જટિલ પાશથી બાંધીને નરકમાં લઈ જતા મને છોડાવ્યો તે ચાર સિદ્ધ લોકો ક્યાં ગયા ? સાચે જ આ જન્મમાં તો હું દુર્ભાગી અને પાપી છું. સંભવ છે કે પૂર્વજન્મનું કંઈક મોટું પુણ્ય હશે. અન્યથા આવા દિવ્ય દેવતાઓનું દર્શન મારા ભાગ્યમાં ક્યાંથી ? મારું અન્તઃકરણ તે સંતોના દર્શનથી નિર્મળ થયું તે કેમ જ થાય ? (૩૨) પૂર્વજન્મનું પુણ્ય ન હોય તો અપવિત્ર અને કુલટાગામી મારા મુખમાંથી, મારી જીભમાંથી ભગવાનનું નામ નીકળે જ ક્યાંથી ? (૩૩) ક્યાં હું પાપી, કપટી, જુગારી, નિર્લજ્જ બ્રહ્મત્વનો નાશ કરનાર ખલ ? અને "નારાયણ" "નારાયણ" એવું સર્વમંગલ શ્રીહરિનું નામ ક્યાં ? (૩૪) હવે મન, ઈંદ્રિય તથા પ્રાણવાયુ ઉપર વિજય મેળવી હું એવો યત્ન કરીશ કે મારા આત્માને ફરીવાર મહામોહમાં ડૂબવાનો અવસર ન આવે. (૩૫)

અવિદ્યા, તૃષ્ણા તથા કર્મથી ઉત્પન્ન થયેલાં આ બંધનને તોડી નાંખી તથા સર્વ પ્રાણીઓ, સ્નેહી, શાન્ત, દયાળુ, મિત્રવાળો અને ધૈર્યવાન બનીશ અને સ્ત્રીરૂપી ભગવાનની માયાના મુખમાંથી મારા આત્માને મુક્ત કરીશ. (૩૬) મને જે વારાંગનાએ ક્રીડામૃગની માફક અધર્મ રીતે ખૂબ નચાવ્યો તેમાંથી મને છોડાવીશ. હવે સત્ય વસ્તુ ભગવાન છે. એનો મને ખ્યાલ આવ્યો. (૩૭) હવે આ વાત ધ્યાનમાં રાખી અને દેહાદિકમાં 'હું તથા મારું' એવી ખોટા અર્થભાવવાળી બુદ્ધિને છોડી દઈ હું ભગવાનનાં કીર્તનાદિકથી શુદ્ધ થયેલા મારા મનને ભગવાનમાં પરોવી દઈશ. (૩૮)

એક ક્ષણની પણ સજ્જનસંગતિ ભવતરણનૌકા

શ્રી શુકદેવજી મહારાજે કહ્યું, રાજન્ ! આ પ્રમાણે સાધુપુરુષોના ક્ષણમાત્રના સંગથી પરમ વૈરાગ્ય પામી અજામિલ પુત્રાદિકના સ્નેહરૂપ સર્વ બંધનમાંથી મુક્ત થઈ હરિદ્વારમાં પધાર્યા. (૩૯). દેવલોકના દિવ્ય ધામ એ હરિદ્વારમાં વસી યોગનો આશ્રય કરીને સર્વ ઈંદ્રિયોને વિષયોમાંથી બહાર કાઢી વિપ્રવર અજામિલે મનને ભગવાન શ્રીકૃષ્ણમાં પરોવી દીધું. (૪૦) આત્માને દેહ અને ઈંદ્રિયાદિકથી અલગ કરી તેને ચિત્તની એકાગ્રતાથી અનુભવરૂપ અને પરબ્રહ્મરૂપ ભગવાનના સ્વરૂપમાં જોડી દીધો. (૪૧) જ્યારે ભગવાનના સ્વરૂપમાં બુદ્ધિની નિશ્ચળતા થઈ ત્યારે ભગવાનના પાર્ષદો તેની પાસે આવ્યા. મૃત્યુ સમયે પ્રથમ દર્શન થયાં હતાં તેથી પારખતાં વાર ન લાગી. આ પાર્ષદોને અજામિલે મસ્તકથી ભાવપૂર્વક પ્રણામ કર્યા. (૪૨) ભગવાનના પાર્ષદોનું દર્શન થયા બાદ અજામિલની કાયા ભગવતી ગંગામાં છૂટી ગઈ. કાયા છૂટતાં જ અજામિલ ભગવાનના પાર્ષદોના જેવા જ સ્વરૂપને પ્રાપ્ત કરી ભગવાનના પાર્ષદોની સાથે વિમાનમાં બિરાજી આકાશમાર્ગથી ભગવાન લક્ષ્મી-નારાયણના વૈકુંઠલોકમાં સિધાવ્યા. (૪૩-૪૪)

આ પ્રમાણે સમગ્ર રીતે ભ્રષ્ટ થયેલા, વારાંગનાના સંસર્ગી, દુષ્ટ કર્મથી પતિત થયેલા અને સ્વદારામાં સંતોષ વગેરે શીલના નિયમોને નેવે મૂકનાર અજામિલની નરકગતિ થઈ રહી હતી ત્યાં ભગવાનના નામોચ્ચારણ માત્રથી તે મુક્ત બની ગયા. (૪૫) માટે જે જીવો કર્મબંધનથી છુટવા ચાહતા હોય તેમને માટે તીર્થપદ ભગવાન શ્રીકૃષ્ણના-શ્રીહરિનામસંકીર્તન વિના કર્મવાસનાને કાપનાર અન્ય કંઈ પણ સાધન નથી કારણ કે શ્રીહરિનામસંકીર્તનના બલથી મનઃ પુનઃ કર્મવાસનામાં પરોવાતું નથી અને હરિનામસંકીર્તન વિના બીજાં પ્રાયશ્ચિત્ત કરવાથી તો રજોગુણ અને તમોગુણથી મન મેલું જ રહે છે. (૪૬)

હે રાજન્ ! આ પરમ ગુહ્ય અને પાપોનો નાશ કરનારી અજામિલની આ ગાથાને જે માનવ શ્રદ્ધા સહિત સાંભળે છે અને જે ભક્તિથી કહી સંભળાવે છે તે માનવ પાપી હોય તો પણ પુણ્યશીલ બનતાં નરકમાં ન જતાં અને યમદૂતોની નજરે પણ ન પડતાં વિષ્ણુના લોકમાં પૂજાય છે. (૪૭-૪૮) પ્રાણ ત્યજતાં અજામિલે પુત્રના નામ ઉપરથી ભગવાનનું નામ લીધું તો પણ તે ભગવાનના ધામને પામી ગયો તો જે મનુષ્ય શ્રદ્ધાથી ભગવાનનું નામસંકીર્તન કરે તે વૈકુંઠમાં જાય એમાં કહેવાનું હોય ! (૪૯)

म्रियमाणो हरेर्नाम गृणत् पुत्रोपचारितम् । अजामिलोऽप्यगाद्धाम कि पुनः श्रद्धया गृणन् ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષનો ષષ્ઠસ્કંધ, પુષ્ટિલીલાના નામ સંકીર્તન નામનો પ્રથમ પ્રકરણમાં શ્રીહરિના નામના માહાત્મ્યનું વર્ણન કરતો અધ્યાય ૨જો સમાપ્ત.

અધ્યાય ૩જો

[આ અધ્યાયમાં ૩૫ શ્લોકો છે. ધર્મકિંકરો હરિદાસોની સૂચનાથી પાછા ફરી મહારાજ યમ સાથે ચર્ચા કરે છે ત્યારે ધર્મરાજા તેમના મનનું સમાધાન કરે છે. આ પ્રસંગ વર્ણવાશે.]

राजोवाच–निशम्य देवःस्वभटोपवर्णितं प्रत्याह किं तान् प्रति धर्मराजः ।
एवं हताज्ञो विहतान्मुरारेर्नैदेशिकैर्यस्य वशे जनोऽयम् ॥ १ ॥

મહારાજ પરીક્ષિતે શ્રી શુકાચાર્યજીને પ્રશ્ન કર્યો કે હે ભગવન ! દેવાધિદેવ શ્રી ધર્મરાજને સર્વ લોકો અને સર્વ જીવો વશ છે એવા શ્રી ધર્મરાજની આજ્ઞાની ઉપેક્ષા કરીને ભગવાનના પાર્ષદોએ ધર્મદૂતોને પાછા વાળ્યા તે પ્રસંગ જ્યારે યમદૂતોએ - ધર્મકિંકરોએ ધર્મરાજને સંભળાવ્યો ત્યારે શ્રીધર્મરાજે પોતાના સેવકોને શું કહ્યું તે પ્રસંગ કૃપા કરીને મને સંભળાવો. (૧) હે મહારાજ શુકાચાર્ય ! યમરાજાની આજ્ઞાનો ભંગ કદી ક્યાંય થયો હોય એમ મેં સાંભળેલ નથી. આ આજ્ઞાભંગના કારણે લોકોને અત્યંત સંશય થશે તો ભગવન્ ! આપ વિના અન્ય કોઈ મારા સંશયનું નિરાકરણ નહીં કરી શકે માટે આપ જ સમાધાન કરો. (૨)

શ્રીશુકાચાર્ય બોલ્યા : રાજન્ ! ભગવાનના પાર્ષદોએ યમકિંકરોના પ્રયત્નને નિષ્ફળ બનાવ્યો ત્યારે પોતાના અને યમપુરીના સ્વામી યમરાજાની સમીપે જઈ નીચે પ્રમાણે નિવેદન કર્યું. (૩)

શાસક કેટલા ?

યમદૂતો કહે છે, હે પ્રભુ ! સાત્ત્વિક, રાજસ અને તામસ કર્મ કરનારા જીવલોકને કર્મનાં ફળ આપનારા નિયામકો કે શાસકો આ જગતમાં કેટલા છે ? (૪) જો જગતમાં શાસન ચલાવનારા નિયામકો અનેક હોય તો સુખ કોને મળશે કે દુઃખ કોને મળશે એની એક સરખી વ્યવસ્થા થઈ શકશે નહીં. (૫) નાથ ! એક શાસક હા કહે તો બીજો શાસક ના કહે તેથી તો કોઈને પણ સુખદુઃખ થાય જ નહીં અને બધા જ શાસકો એકમત હોય તો પણ તેઓએ પરસ્પરની ઈચ્છામાં સંમતિ આપવી જ જોઈએ. તેથી પણ સુખદુઃખની વ્યવસ્થા કથળી જશે. કર્મ કરનારા અનેક અને તે લોકોના નિયામકો પણ અનેક હોય તો પછી ખંડિયા રાજાની માફક શાસકધર્મ નામ માત્રનો જ રહેશે. (૬) અમે તો એમ જાણીએ છીએ કે રાજાઓ સહિત પ્રાણીમાત્રના સ્વામી, આજ્ઞા કરનાર અને માનવના પુણ્યપાપનું વિવેચન કરનાર આપ એક જ છો. અમે આજે એ જોયું કે આપની આજ્ઞાનો જગતમાં અમલ થતો નથી. (૭) અમે જ્યારે અજામિલને લેવા ગયા ત્યારે ચાર અદ્ભુત સિદ્ધો આવ્યા. આપની આજ્ઞાનો અનાદર કર્યો. (૮) અમો પાપી અજામિલને આપની આજ્ઞાથી નરકમાં લઈ આવતા હતા ત્યાં એ ચાર સિદ્ધોએ પોતાના સામર્થ્યથી અમારા નાખેલા પાશ કાપી નાંખી અજામિલને છોડાવી ચાલ્યા ગયા. આ વાત કહેવામાં અમારું હિત ધારતા હો તો તે કોણ હતા એ અમને જણાવવા કૃપા કરો. અજામિલ “નારાયણ” એટલું જ બોલ્યો ત્યાં “ગભરાઈશ મા !” બોલતા તેઓ તુરત જ આવ્યા હતા. (૯-૧૦)

મહારાજ શ્રી શુકદેવે કહ્યું કે પ્રજા ઉપર સંયમન કરનાર મહારાજ યમદૂતોની ગાથા સાંભળી પ્રસન્ન થઈ ભગવાનના ચરણારવિંદનું સ્મરણ કરી દૂતોના પ્રશ્નનો ખુલાસો કરવા લાગ્યા .(૧૧)

ચેતન પ્રાણીઓમાં પણ માનવોનો જ અને મનુષ્યોમાં પણ કેવળ પાપી જનોનો જ નિયામક છું અને તે પણ વિશ્વનિયંતા શ્રીકૃષ્ણને સ્વાધીન રહીને અમલ ચલાવું છું. જે પૂર્ણ પુરુષના જ અંશો તરીકે બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રથી આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય થાય છે તથા નાકમાં નાથેલા બાળદની પેઠે સર્વ લોકો જેને વશ છે તે મારા સ્વામી છે. (૧૨) સર્વના સ્વામી તે પરમેશ્વરમાં, વસ્ત્રમાં રહેલા તાણાવાણા પ્રમાણે સમસ્ત વિશ્વ ઓતપ્રોત થઈ રહ્યું છે. ખેડૂત જેમ નાકમાં નાથ નાખી બળદોને બાંધી લે તેમ એ પરમેશ્વરે સર્વ લોકોને બ્રાહ્મણાદિક નામથી પોતાની વેદવાણીમાં બાંધી લીધાં છે. (૧૩) હે સેવકો ! હું, ઈન્દ્ર, નિર્ઋતિ, વરુણ, ચન્દ્રમા, અગ્નિ, શિવ, પવન, સૂર્ય, બ્રહ્મા અદિતિના પુત્ર, વિશ્વેદેવો, વસુ, સાધ્ય, મરુત, સિદ્ધ લોકો અને અન્ય ભૃગુ વગેરે પ્રજાપતિઓ તેમજ રજોગુણ અને તમોગુણના સ્પર્શથી સર્વથા મુક્ત અથવા સત્ત્વગુણના જ સાક્ષાત્ સ્વરૂપ એવા દેવાધિદેવો પણ માયાના સ્પર્શને લીધે એ પરમેશ્વરની ઈચ્છાને જાણી નથી શકતા તો પછી અન્ય જનો તો ન જ જાણે એમાં તો કહેવું જ શું ! (૧૪-૧૫)

રૂપ જેમ પોતાને જોનારાં ચક્ષુને જાણી શકતું નથી તેમ સર્વ પ્રાણીઓ પોતાના હૃદયમાં રહેલા સર્વ જીવોના અંતર્યામી આત્મા કે જે ઈંદ્રિયોથી, મનથી, પ્રાણથી, હૃદયથી કે વાણીથી પર છે તે ભગવાનને જાણી શકતાં નથી. (૧૬) એ વિશ્વનિયંતા તો સર્વથી અને મારાથી પરમશ્રેષ્ઠ છે. સ્વતંત્ર, સર્વોત્કૃષ્ટ મહાત્મા અને માયાધિપતિ પરમેશ્વરના એ મનોહર પાર્ષદો જગતમાં વિચરે છે અને તેઓનાં રૂપ, ગુણ અને સ્વભાવ ઘણું કરીને ભગવાન જેવાં જ હોય છે. (૧૭) જેઓનું દર્શન દુર્લભ છે એવા દેવોથી પૂજિત અને મહા અદ્ભુત સ્વરૂપવાળા તે ભગવાનના પાર્ષદો, ભગવાનની ભક્તિ કરનારા મનુષ્યોનું શત્રુઓથી, મારાથી અને અગ્નિ વગેરે ઉપદ્રવોથી પણ રક્ષણ કરે છે. (૧૮)

ભગવત્પાર્ષદોએ અધર્મનો પક્ષપાત કર્યો એમ સમજવું નહીં, કારણ કે મહાન સમર્થ સિદ્ધ લોકો, ઋષિઓ અને દેવતાઓ સાક્ષાત્ શ્રીહરિએ ઠરાવેલા ધર્મને જાણતા નથી ત્યારે મનુષ્ય, અસુર, વિદ્યાધર અને ચારણ વગેરે તો ક્યાંથી જ જાણે ! (૧૯) બ્રહ્મા, નારદ, સદાશિવ, સનત્કુમાર, કપિલમુનિ, મનુ, પ્રહ્લાદ, જનક રાજા, ભીષ્મપિતામહ, બલિરાજા,

શુકદેવજી અને હું ધર્મરાજ મળી અમે બાર જણા જ ગુપ્ત, શુદ્ધ અને ઘણા પરિશ્રમથી પરખાય એવા ભગવદ્ધર્મને જાણીએ છીએ કે જે ધર્મ જાણવાથી મુક્તિ થાય છે. (૨૦-૨૧) ભગવન્નામોચ્ચારણથી ભગવાનની ભક્તિ કરવી એ જ પૃથ્વીલોકમાં મનુષ્યોનો સર્વોત્તમ ધર્મ કહ્યો છે. (૨૨) હે વત્સો ! ભગવાનના ગુણ, કર્મ અને નામનું વારંવાર અને શ્રદ્ધા - ભક્તિથી કીર્તન થાય તો જ મનુષ્યનાં પાપ હઠે એમ સમજવું નહીં કારણ કે અજામિલ પોતે મહાપાપી અને મરણ સમયે અસ્વસ્થ હતો, તો પણ હે "નારાયણ !" એવી રીતે પુત્રને સાદ કરવાથી પાપમાંથી મુક્ત થયો એટલું જ નહીં પણ તેને મોક્ષ પણ મળ્યો. (૨૩-૨૪) જેમની ભગવાનની માયાને લીધે જડબુદ્ધિ થઈ ગઈ છે, તેઓ જ ભગવાનના નામનું માહાત્મ્ય જાણતા નથી અને દર્શપૌર્ણમાસાદિ ઘણા શ્રમથી સાધ્ય થતાં કર્મ કરે છે. (૨૫) આવા વિચારથી બુદ્ધિમાનો તો સર્વ પ્રકારથી ભગવાનની ભક્તિ જ કરે છે એ મારા તરફથી શિક્ષાને પાત્ર જ નથી. કારણ કે તેઓમાં પાપ હોતું જ નથી. અને કદાચ હોય તો પણ ભગવાનનું કીર્તન જ એ પાપને ટાળે છે. (૨૬) પ્રભુચરણાશ્રિત સમદૃષ્ટિવાળા સાધુ પુરુષોની પવિત્ર ગાથાને દેવતાઓ અને સિદ્ધ લોકો પણ ગાય છે તેથી શ્રી હરિની ગદાથી રક્ષિત એવા પુરુષોની પાસે પણ તમે જશો નહીં; કારણ કે તેઓને શિક્ષા કરવાને આપણે અસમર્થ છીએ અને કાલ પણ સમર્થ નથી.

तानानयध्वमसतो विमुखान् मुकुन्द–पादारविन्दमकरन्दरसादजस्त्रम् ।
निष्किञ्चनैः परमहंसकुलं रसज्ञैर्जुष्टाद् गृहे निरयवर्त्मनि बद्धतृष्णान् ।। २८ ।।
जिह्वा न वक्ति भगवद्गुणनामधेयं चेतश्च न स्मरति तच्चरणारविन्दम् ।
कृष्णाय नो नमति यच्छिर एकदापि तानानयध्वमसतोऽकृतविष्णुकृत्यान् ।। २९ ।।
तत् क्षम्यतां स भगवान् पुरुषः पुराणो – नारायणः स्वपुरुषैर्यदसकृतं नः ।
स्वानामहो नविदुषां रचिताज्जलीनां – क्षान्तिर्गरियसि नमः पुरुषाय भूम्ने ।। ३० ।।

જે લોકો ભગવાનના ચરણકમલના મકરંદ રસાસ્વાદથી વિમુખ છે કે રસમાધુરીને નિષ્કિંચન અને રસને જાણનારાં પરમહંસ લોકો નિરંતર સેવે છે અને જે જીવો નરકના માર્ગરૂપી ઘરમાં તૃષ્ણા બાંધી બેઠેલા હોય તે દુષ્ટ લોકોને અહીં લાવજો. (૨૮) શ્રી ધર્મરાજ કહી રહ્યા છે કે હે મારા આજ્ઞાંકિત કિંકરો ! જેમની રસના રસનાયક શ્યામસુંદર ભગવાન શ્રીકૃષ્ણના ગુણો અને મંગલ નામોનું સંકીર્તન કરતી નથી, જેમનું ચિત્ત શ્રીહરિના ચરણકમલનું સ્મરણ કરતું નથી અને જેમનું મસ્તક ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રના ચરણકમલોને એક વાર પણ નમન કરતું નથી, તેવા ભગવત્સેવાવ્રત વિમુખ પાપી જનોને જ મારી સમક્ષ લાવજો. (૨૯) અમારા દૂતોએ અજામિલને દુઃખ દેવાનો અને જે પુરાણપુરુષ નારાયણ ભગવાન્ ક્ષમા કરજો. અમે કે જેઓ અજ્ઞાન અને હાથ જોડી ઊભા રહેનારા ભક્તો છીએ તેઓના ઉપર એ મહાત્મા ભગવાને ક્ષમા કરવી જ યોગ્ય છે. અમે મહાપુરુષ ભગવાનને પ્રણામ કરીએ છીએ ! (૩૦)

પાપ નિર્મૂલ કરનારું પ્રાયશ્ચિત્ત કેવલ ભગવન્નામ

શ્રી શુકાચાર્ય કહે છે હે રાજન્ ! એટલા માટે જગતમાં મહામંગલરૂપ ભગવાનનું નામ જ મોટાં પાપોને પણ નિર્મૂલ કરનારું પ્રાયશ્ચિત્ત છે એમ જાણજો. (૩૧) ભગવાનનાં ઉત્તમ પરાક્રમોનું શ્રવણ અને વર્ણનથી મનુષ્યનું અન્તઃકરણ જેવું ઉત્તમ પ્રકારે ઉત્પન્ન થયેલી ભક્તિથી જેટલું શુદ્ધ થાય છે તે અન્ય પ્રાયશ્ચિત્તોથી શુદ્ધ બનતું નથી. (૩૨) ભગવચ્ચરણકમલનો રસ જે મનુષ્યે માણ્યો હોય તે માનવ દુઃખદાયી વિષયો કે જેઓને પ્રથમથી છોડી દીધેલા હોય છે તેઓમાં પાછી પ્રીતિ નથી કરતો અને અભક્ત તો તૃષ્ણાથી પરાભવ પામીને પોતાનાં પાપ દૂર કરવા માટે પુનઃ કર્મરૂપ જ પ્રાયશ્ચિત્ત કરે છે. પુનઃ પાપના મૂળરૂપ વિષયોમાં આસક્ત થાય છે. (૩૩)

આ પ્રમાણે પોતાના સ્વામીએ કહેલો ભગવનનામ-મહિમા સાંભળી યમદૂતોએ તે વાતને વિસ્મયરૂપ ન માનતાં સત્ય જ માની અને ત્યારબાદ સંભવ છે કે ભગવાનના ભક્તો અમારા ઉપર નારાજ થશે એવી શંકાથી યમકિંકરો ભગવદ્ભક્ત સામે જોતાં બીએ છે. (૩૪) શ્રી શુકાચાર્ય મહારાજે કહ્યું કે હે પ્રિય પરીક્ષિત રાજન્ ! આ દિવ્ય ગુહ્ય ઈતિહાસ

આપ્તભાવે મને કહ્યો હતો તે તમને કહ્યો છે. (૩૫) મહાત્મા અગસ્ત્ય મુનિએ મલયાચલમાં બેસી ભગવાનનું પૂજન કરતાં આ અજામિલની ગુહ્ય ગાથા ગાઈ છે.

इतिहासमिमं गुह्यं भगवान् कुम्भसम्भवः । कथयामास मलय आसीनो हरिमर्चयन् ॥ ३६ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષનો, ષષ્ઠ સ્કંધ, પુષ્ટિલીલાનું નિરૂપણ કરતાં નામ માહાત્મ્ય પ્રકરણમાંનો શ્રી હરિનામનું મહત્ત્વગાન કરતો અધ્યાય ૩જો સમાપ્ત.

અધ્યાય ૪ થો

[આ અધ્યાયમાં ૫૪ શ્લોકો છે. આ અધ્યાયથી વિસર્ગલીલાના અનુસંધાનની અનુસર્ગ સૃષ્ટિનું વર્ણન આવશે અને હંસગુહ્ય સ્તોત્ર પણ આવે છે. "સ્વરૂપદર્શન"થી મોક્ષ આ અધ્યાયનો વિષય છે. દક્ષતા તપથી ભગવાનની દયા એ વસ્તુ આમાં મળશે.]

પરીક્ષિતજીની જિજ્ઞાસા

राजोवाच–देवासुरनृणां सर्गो नागानां मृगपक्षिणाम् । सामासिकस्त्वया प्रोक्तो यस्तु स्वायम्भुवेऽन्तरे ॥

રાજા પરીક્ષિતજીનો પ્રશ્ન છે કે શ્રી શુકાચાર્યજી ત્રીજા સ્કંધથી આરંભી ચતુર્થસ્કંધ પર્યંત સ્વયંભુવ મન્વન્તરમાં દેવ, અસુર, નર, મૃગ અને પક્ષીઓની સૃષ્ટિની કથા આપે સંક્ષેપમાં કહી છે. (૧) હવે મારી ઈચ્છા આપની પાસેથી આ સૃષ્ટિના વિસ્તારને જાણવાની તેમજ બ્રહ્માજીએ જે શક્તિથી જેવી રીતે સૃષ્ટિ કરી તે તથા તેના પ્રકારને તેમજ પાછળથી થયેલી સૃષ્ટિને પણ જાણવાની છે. (૨)

મહર્ષિ સૂતજીએ કહ્યું, મુનિવર શૌનક ! મહાન યોગી અને મુનિવર શ્રી શુકાચાર્યજી આ રીતે રાજાના પ્રશ્નને સાંભળી પ્રશ્નનો આદર કરીને પૂછેલી વસ્તુને કહેવા લાગ્યા.

દશ પ્રચેતસોનું ચરિત્ર

ભગવાન શુકે કહ્યું : રાજન્ ! પ્રાચીનબર્હિ રાજાના દશ પુત્રો પ્રચેતાઓ જ્યારે સમુદ્રમાંથી બહાર નીકળ્યા ત્યારે પૃથ્વીને ગાઢ વનરાજિથી ઘેરાયેલી નજરે નિહાળી. તપથી શક્તિ વધી પણ ક્રોધ અને વધ્યો. પરિણામે પ્રચેતાઓએ વૃક્ષો ઉપર વિના કારણ ક્રોધ કરી સર્વ વૃક્ષોને બાળી નાંખવાની ઈચ્છાથી પોતાના મુખમાંથી વાયુ અને અગ્નિ ઉત્પન્ન કર્યા. પ્રકટેલા આ વાયુ અને અગ્નિથી વૃક્ષો બળવા લાગ્યાં. બળતી વનશ્રીને નિહાળી રાજા ચંદ્રમાએ પ્રચેતાઓને ક્રોધ શમાવવા માટે બોધ આપતાં આ પ્રમાણે કહ્યું : અરે ! ભક્તવરો ! અરે ! મહાભાગો ! દીનને પરોપકારી વૃક્ષો ઉપર શા માટે ક્રોધ કરો છો ? તમને શું વૃક્ષોએ હાનિ કરી ? તમે પ્રજાપતિના વંશની વૃદ્ધિ કરવા ચાહનારા તમને ખ્યાલ હશે કે પ્રજાપતિઓના પતિ અવિનાશી અને સર્વવ્યાપક ભગવાને સર્વ પ્રજાને અન્નપ્રાપ્તિ થાય માટે જ વનસ્પતિ અને ઓષધિઓને ઉત્પન્ન કરેલ છે. સ્થાવર જીવ જંગમ જીવોનું અન્ન છે, પગથી ચાલનારા જીવોનું પગ વગરનાનું અન્ન છે, હાથવાળાઓનું હાથ વગરનું અન્ન છે. તમારા પિતાએ અને બ્રહ્માએ તમને પ્રજાની સૃષ્ટિ ઉત્પન્ન કરવાની આજ્ઞા કરેલી છે. આમ છતાં પ્રજાનાં અન્નરૂપ વૃક્ષોને બાળી નાંખવાની ઈચ્છા કેમ કરો છો ? પ્રદીપ્ત થયેલા ક્રોધને શમાવો અને તમારા પિતા, પિતામહ અને પ્રપિતામહોએ સેવેલા શાન્તિરૂપ માર્ગે ચાલો.

રક્ષકવૃન્દ

બાળકોનાં રક્ષક માતાપિતા છે, આંખોની રક્ષક પાંપણ છે, સ્ત્રીનાં રક્ષક પતિ છે, ભિક્ષુક જનના રક્ષક ગૃહસ્થો છે, અજ્ઞાની જનના રક્ષક પ્રજાપતિ છે. પ્રાણીમાત્રના અંતર્યામીરૂપે ભગવાન રહેલા છે માટે સમગ્ર વિશ્વ ભગવાનના સ્થાનરૂપ છે. એ વાતનો ખ્યાલ કરો અને જો આમ જાણશો તો ભગવાનને પ્રસન્ન કરી શકશો.

દેહમાં આકસ્મિક ઉત્પન્ન થયેલા ભયંકર ક્રોધને જે માણસ આત્મવિચારથી શમાવી દે તે સંસારના બંધનમાંથી મુક્ત થાય છે. નિર્દોપ દીન વૃક્ષોને બાળી નાંખવાની અનુચિત ક્રિયા બંધ કરી દો. બાકી રહેલાં વૃક્ષોનું અને તમારું કલ્યાણ થાઓ. આ વૃક્ષોએ પાળેલી વાક્ષી નામની ઉત્તમ કન્યાને તમારી પત્ની તરીકે સ્વીકારો. રાજન્ ! આ પ્રમાણે ભગવાન ચન્દ્ર પ્રચેતસોને શાંત કરી પ્રમ્લોચના નામની અપ્સરાની સ્વરૂપવતી વાક્ષી નામની કન્યાને આપીને વનમાંથી વિદાય

થયા અને તે પ્રચેતાઓ ધર્મવિધિ પ્રમાણે વાક્ષી કન્યાને પરણ્યા. આ દશ પ્રચેતાઓથી વાક્ષી નામની પત્નીમાં દક્ષ નામના પુત્ર ઉત્પન્ન થયા. દક્ષ પ્રજાપતિએ સૃષ્ટિ ઉત્પન્ન કરી. આ સૃષ્ટિથી ત્રણે લોકને ભરી દીધા. હવે પુત્રીઓ ઉપર પ્રીતિ રાખનારા દક્ષ પ્રજાપતિએ જેવી રીતે વીર્યથી અને મનથી પ્રજાઓ સરજી છે તે વાત તમને કહીશ. તે કથાને સાવધાન થઈ સાંભળો.

પ્રથમ દક્ષ પ્રજાપતિએ દેવ, અસુર અને મનુષ્ય વગેરે, આકાશ, પૃથ્વી તથા જળમાં રહેનારી પ્રજાઓને મનથી જ ઉત્પન્ન કરવા માંડી હતી, પરંતુ તે સૃષ્ટિનો વિસ્તાર થયો નહીં; ત્યારે દક્ષ પ્રજાપતિએ વિંધ્યાચળની પાસેના પર્વતોમાં જઈને મોટી તપશ્ચર્યાનો આરંભ કર્યો. આ વિંધ્યાચળમાં અઘ એટલે પાપને હરનાર ઉત્તમ અઘમર્ષણ નામનું તીર્થ છે, તેમાં સમયે સમયે સ્નાન કરીને પ્રજાપતિ દક્ષ તપથી ભગવાનને પ્રસન્ન કરવા લાગ્યા. જે સ્તોત્રથી ભગવાન દક્ષ પ્રજાપતિ ઉપર પ્રસન્ન થયા તે હંસગુહ્ય નામનું સ્તોત્ર તમને સંભળાવીશ એમ કહી સ્તોત્રનો આરંભ કર્યો.

હંસગુહ્યસ્તોત્ર-૨૪ થી ૩૪ શ્લોક : કુલ ૧૨ શ્લોક

દક્ષ પ્રજાપતિ સ્તુતિ કરે છે : યથાર્થ જ્ઞાનવાળા, ત્રણે ગુણનાં કાર્યમાં નિમિત્ત એવી પ્રકૃતિના પ્રવર્તક, વિષયોના તત્ત્વની બુદ્ધિથી નિવૃત્ત થએલા પરિપૂર્ણ પુરુષોત્તમ ભગવાનને હું નમસ્કાર કરું છું.

दक्ष उवाच

नमः परायावितथानुभूतये गुणत्रयाभासनिमित्तबन्धवे । अदृष्टधाम्ने गुणतत्त्वबुद्धिभि – र्निवृत्तमानाय दधे स्वयम्भुवे ॥ २३ ॥
न यस्य सख्यं पुरुषोऽवैति सख्युः सखा वसन् संवसतः पुरेऽस्मिन् । गुणो यथा गुणिनो व्यक्तदृष्टे स्तस्मै महेशाय नमस्करोमि ॥२४॥
देहोऽसवोऽक्षा मनवो भूतमात्रा नात्मानमन्यं च विदुः परं यत् । सर्वं पुमान् वेद गुणांश्च तज्ज्ञो न वेद सर्वज्ञामनन्तमीडे ॥ २५ ॥
यदोपरामो मनसो नामरूप – रूपस्य दृष्टस्मृतिसम्प्रमोषात् । य ईयते केवलया स्वसंस्थया हंसाय तस्मै शुचिद्मसने नमः ॥ २६ ॥
मनीषिणोऽन्तर्हृदि संनिवेशितं स्वशक्तिभिर्नवभिश्च त्रिवृद्भिः । वह्निं यथा दारुणि पाञ्चदश्यं मनीषया निष्कर्षन्ति गूढम् ॥ २७ ॥
स वै ममाशेष विशेषमाया – निषेधनिर्वाणसुखानुभूतिः । स सर्वनामा स च विश्वरूपः प्रसीदतामनिरुक्तात्मशक्तिः ॥ २८ ॥
यद्यन्निरुक्तं वचसा निरूपितं धियाऽक्षिभिर्वा मनसावोत यस्य । मा भूत् स्वरूपं गुणरूपबृंहितं स वै गुणापायविसर्गलक्षणः ॥ २९ ॥
यस्मिन् यतो येन च यस्य यस्मै यद् यो यथा कुरुते कार्यते च । परावरेषां परमं प्राक् प्रसिद्धं तद् ब्रह्म तद्धेतुरनन्यदेकम् ॥३०॥
यच्छक्तयो वदतां वादिनां वै विवादसंवादभुवो भवन्ति । कुर्वन्ति चैषां मुहुरात्ममोहं तस्मै नमोऽनन्तगुणाय भूम्ने ॥ ३१ ॥
अस्तीति नास्तीति च वस्तुनिष्ठयो – रेकस्थयोर्भिन्नविरुद्धधर्मयोः समं परं ह्यनुकूलं बृहत्तत् ॥ ३२ ॥
योऽनुग्रहार्थं भजतां पादमूल – मनामरूपो भगवाननन्तः । नामानि रूपाणि च जन्मकर्मभि – र्भेजे स मह्यं परमः प्रसीदतु ॥ ३३ ॥
यः प्राकृतैर्ज्ञानपथैर्जनानां यथाशयं देहगतो विभाति । यथानिलः पार्थिवमाश्रितो गुणं स ईश्वरो मे कुरुतान्मनोरथम् ॥ ३४ ॥

૨૫, રસ આદિ વિષયોને ખબર નથી કે ચક્ષુ વગેરે ઈન્દ્રિયોની સહાયતાથી અને પ્રકાશપણાથી આપણો પ્રકાશ થાય છે તેમ જીવને પણ આ શરીરમાં રહેલા છતાં, તેમજ પોતાની સાથે જ રહેલા અને સર્વ પ્રપંચના દ્રષ્ટા તેમજ મિત્રરૂપ આવા દયાળુ અંતર્યામીની મૈત્રીની જ નથી આવા પરમેશ્વરને હું નમસ્કાર કરું છું. દેહ, પ્રાણ, ઈન્દ્રિયો, અંતઃકરણ, પંચભૂત અને પંચભૂતના વિષયો તો અચેતન હોવાથી પોતાને, પોતાને જણાવનારી ઈન્દ્રિયોને અને ઈન્દ્રિયોના નિયંતા દેવતાઓને જાણતા નથી. જ્યારે જીવ તો આ ત્રણેને તથા તેઓના મૂળરૂપ ગુણોને પણ જાણે છે છતાં પોતાનું સ્વરૂપ કે જે સર્વજ્ઞ અનંત છે તેને તો જીવ જાણતો નથી તે ભગવાનના સ્વરૂપની હું સ્તુતિ કરું છું.

નામ અને રૂપને પેદા કરનાર મન જ્યારે સમાધિ અવસ્થામાં સંસારનાં દર્શન તથા સ્મરણનો નાશ થવાથી શાંત થઈ જાય છે એટલે વિરામ પામે છે ત્યારે જે પરમાત્મા કેવળ પોતાના સ્વરૂપથી જ બિરાજે છે, પ્રકાશે છે તે શુદ્ધ અને શુદ્ધ મનમાં બિરાજતા હંસ સ્વરૂપ પરમાત્માને હું નમસ્કાર કરું છું.

દર્શ પૂર્ણ માસ યજ્ઞ કરનારા શ્રોત્રિયો સામિધેની નામના પંદર મંત્રોથી પ્રકાશ કરાતા વૈદિક અગ્નિને જેમ અરણીમાંથી

મંથન કરી મેળવી લે છે તેમ બ્રહ્મવેત્તા પુરુષો પોતાના ગૂઢ આત્માને વિચારથી હૃદયમાં સ્થિર કરીને પ્રકૃતિ, પુરુષ, મહત્તત્ત્વ, અહંકાર, પાંચ વિષય, ત્રણ ગુણ, અગિયાર ઈન્દ્રિયો અને પાંચ મહાભૂતોમાંથી ખેંચી લે છે.

સર્વ પ્રકારની માયાનો નિષેધ કરીએ ત્યારે કૈવલ્ય સુખમાં જણાતાં સર્વ નામવાળા, સર્વ રૂપવાળા અને જેની માયા શક્તિનું અચિન્ત્યપણાથી નિરૂપણ થઈ શકતું નથી એવા તે ભગવાન પ્રસન્ન થજો.

વાણીથી વારંવાર વર્ણવાતું, બુદ્ધિથી નિશ્ચય કરવામાં આવતું, ઈન્દ્રિયોથી ગ્રહણ કરાતું અને મનથી સંકલ્પ કરવામાં આવતું જે કંઈ છે તે ભગવાનનું સ્વરૂપ તો છે જ ! સ્વરૂપ તે નથી કારણ કે તે સર્વ તો ગુણોનું જ સ્વરૂપ છે. ભગવાન તો ત્રણ ગુણોના બનેલા વિશ્વની ઉત્પત્તિ - લયના કારણરૂપે જાણી શકાય છે. यस्मिन् यतो येन च यस्य यस्मै यद् यो यथा कुरुते कार्यते च । परावरेषा प्राकू प्रसिद्धं तद् ब्रह्म तद्धेतुरनन्यदेकम् ॥ - જેમાં જગત રહ્યું છે તે બ્રહ્મ છે, यतः - જેમાંથી જગત નીકળે છે તે બ્રહ્મ છે, येन - જે સાધનથી જગત થાય છે તે બ્રહ્મ છે, यस्य- જેનું જગત થાય છે તે બ્રહ્મ છે, यस्मै- જેને માટે જગત થાય છે તે બ્રહ્મ છે. यत्- જે કરવામાં આવે છે તે બ્રહ્મ છે, यः - જે કરે છે તે બ્રહ્મ છે. ક્રિયાને માટે કોઈથી પણ જે પ્રેરાય છે તે બ્રહ્મ છે, ક્રિયાઓ વગેરેનાં જે સંબંધ અને પ્રકાર છે તે બ્રહ્મ છે. અને ઉપરાંત પણ જે કંઈ રહે છે તે બ્રહ્મ છે. તે બ્રહ્મ સર્વનું કારણ છે. સર્વથી પહેલાં પ્રસિદ્ધ છે, પ્રથમથી અને પછીથી ઉત્પન્ન થયેલાઓનું મૂલ કારણ છે - પરમ કારણ છે તે એક જ છે. એનાથી અન્ય કાંઈ નથી અને એના જેવું સજાતીય પણ કંઈ નથી.

વિવાદ કરનારા લોકોની જે કંઈ તકરાર છે અને જે કંઈ એકમતપણું છે તે સર્વ પરબ્રહ્મની માયા અને અવિદ્યા વગેરે શક્તિઓ જ વિવાદ અને સંવાદનું કારણ થાય છે અને વારંવાર તેમને મોહ પમાડે છે. એ પરબ્રહ્મને હું નમસ્કાર કરું છું.

अस्तीति नास्तीति च वस्तुनिष्ठयोरेकस्थयोर्भिन्नाविरुद्ध धर्मयोः । अपेक्षितं किंचन योगसांख्यक्षेः समं परं ह्यनुकूलं बृहत् तत्॥

વિરુદ્ધ ધર્મના ભગવાન એક જ આશ્રય છે

વેદના મંત્રોમાં अपाणिपादं વાક્યોથી ભગવાનને કારણવૃદ્ધિ નથી એમ કહ્યું કે ભગવાનને આકાર નથી, चरणं पवित्रं ઈત્યાદિ શ્રુતિમાં ભગવાનના ચરણ પવિત્ર છે એવા પાડવાના ભગવાન સમુખ છે, નામવાળા છે એવું કહેવામાં આવે છે તો આવાં વેદનાં ઉપરથી દેખાતાં અને અર્થ ન સમજાતાં વાક્યો વિરુદ્ધ લાગે છે. પણ આ વાક્યોનો અર્થ સમજી ઘટાવતાં આ બે વિરુદ્ધ વાક્યો ભગવાનમાં જ ઘટશે કારણ કે લોકના જેવા પંચભૂતના બનેલા કરચરણાદિ ભગવાનમાં નથી પરંતુ आनंदमात्र આ વાક્યથી ભગવાનના ચરણકરકમલાદિ અલૌકિક આનંદમય છે માટે આ બન્ને શ્રુતિ વાક્યોમાં વિરોધ દેખાય છે પરંતુ તાત્પર્ય દ્રષ્ટિએ વિરોધ નથી. જે વિરોધ છે તે તો વાદીઓની ભિન્ન સમજને કારણે છે, ભગવાનમાં નથી. ભગવાન તો અધિષ્ઠાન છે. જો અધિષ્ઠાન હોય તો અવયવોનું પ્રતિપાદન અને અવયવોનો નિષેધ થઈ શકે જ નહીં, માટે બન્નેથી જુદું અને બન્નેને સરખું છે, તે આપ જ છો, આપ જ બ્રહ્મ છો. જે અનંત ભગવાન પોતે પાંચ ભૌતિક પદાર્થોથી બનેલા નામરૂપ રહિત છે તો પણ પોતાના ચરણની ભક્તિ કરનારા ઉપર અનુગ્રહ કરવા માટે જુદા જુદા જન્મ ધરીને અને કર્મ કરીને આનંદમય નામરૂપવાળા દર્શન આપે છે તે પરમાત્મા મને પ્રસન્ન થજો. વાયુ એક જ છે, તો પણ જેમ જુદા જુદા પુષ્પાદિક પદાર્થોના સંબંધને લીધે અનેક ગંધવાળો જણાય છે અને જુદા જુદા રંગની ધૂળના સંબંધને લીધે અનેક રૂપવાળો જણાય છે તેવી જ રીતે કૃપાનાથ ભગવાન એક જ છે. તો પણ જુદી જુદી ઉપાસનાના માર્ગોથી અને તે પ્રકારની ભાવનાના અનુસારથી લોકોને જુદા જુદા નામ અને દેવ સ્વરૂપે જે અનુભવાય છે તે ઈશ્વર મારા મનોરથને સંપૂર્ણ કરજો.

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! પ્રજાપતિ દક્ષની ભાવભીની અને જ્ઞાનગંભીર સ્તુતિનું શ્રવણ કરી ભક્તવત્સલ ભગવાને અઘમર્ષણ તીર્થમાં સ્તુતિ કરતા દક્ષ પ્રજાપતિને કૃપા કરી પ્રત્યક્ષ દર્શન આપ્યું. આ અવસરે ભગવાન ગરુડજી ઉપર બિરાજેલા હતા. દીર્ઘ અને વિશાળ આઠ ભુજાઓ શોભતી હતી. ચક્ર, શંખ, તરવાર, ઢાલ, બાણ, ધનુષ, પાશ અને ગદા નામનાં અષ્ટ આયુધો ધારણ કર્યા હતાં. મેઘના સરખી શ્યામ કાંતિ હતી. પીતાંબરથી શોભતા હતા.

મુખકમલ અને નયનકમલ પ્રસન્ન હતાં. શ્રી અંગે વનમાલા શોભી રહી હતી. વક્ષઃસ્થલે શ્રીવત્સ અને કંઠે કૌસ્તુભમણિ દીપતા હતા. મસ્તકે અત્યંત ઉત્તમ મુકુટ અને કરમાં કંકણ ધર્યાં હતાં. મકરાકૃતિ કુંડળ ઝળહળતાં હતાં. કટિમેખલા, મુદ્રિકા, વીંછિયા, નૂપુર અને બાજુબંધ શોભી રહ્યાં હતાં. મોહન ભગવાનનું ત્રૈલોક્ય મોહન સ્વરૂપ હતું. નારદ અને નંદ, સુનંદ વગેરે પાર્ષદો સમર્થ દેવવૃન્દથી ઘેરાયેલા હતા. વળી ચારે બાજુ યશોગાન કરનારા સિદ્ધ, ગંધર્વ અને ચારણો સ્તુતિ કરતા હતા. ત્રૈલોક્યના નાથ ભગવાનના અત્યંત અદભુત સ્વરૂપને નિરખી પ્રસન્ન થયેલ અને આનંદથી સંભ્રમવાળા હમણાં જ જતા રહેશે એવી બીકથી દક્ષ પ્રજાપતિએ પૃથ્વી ઉપર દંડવ્ત પ્રણામ કરી દીધા. ચારે બાજુએથી આવેલાં ઝરણાંથી સરિતાઓ છલકાઈ જાય તે જ પ્રકારે અતિશય આનંદથી ઈન્દ્રિયો અને અન્તઃકરણ તરબોળ બની જતાં પ્રજાપતિ દક્ષ કંઈ પણ બોલી શક્યા નહીં. આમ દંડવત્ કરતા, પ્રજાને ઈચ્છતા અને ભક્તિવાળા દક્ષ પ્રજાપતિને સર્વ પ્રાણીઓના મનથી વાર્તાને જાણનારા ભગવાને આ પ્રમાણે કહ્યું.

શ્રી ભગવાને કહ્યું કે "હે મહાભાગ પ્રચેતાના સુપુત્ર ! હે ભાઈ ! તપ કરવાથી તમે સિદ્ધ થયા છો. કેમ કે પૂર્ણ શ્રદ્ધાથી મારામાં પૂર્ણ ભક્તિ પામ્યા છો. હે પ્રજાપતિ, તમારું તપ વિશ્વ પ્રજાનો વિકાસ થાય એ માટે છે તેથી જ હું પ્રસન્ન થયો છું. પ્રાણીઓની વૃદ્ધિ થાય એ મારી ઈચ્છા છે. બ્રહ્મા, સદાશિવ, તમે, મનુઓ અને મોટા દેવતાઓ કે જેઓ જગતને ઉત્પન્ન કરનારા છો તે મારી વિભૂતિરૂપ જ છો હે બ્રહ્મન્ ! તપ મારું હૃદય છે. વિદ્યા એ મારી કાયા છે. ક્રિયા એ મારી આકૃતિ છે. યજ્ઞો મારાં અંગરૂપ છે. ધર્મ મારો આત્મા છે. અને દેવતાઓ મારા પ્રાણરૂપ છે. સૃષ્ટિની પહેલાં હું જ હતો, અંદર અથવા બહાર બીજું કંઈ પણ ન હતું. સર્વત્ર જ્ઞાન માત્ર હતું. ઈન્દ્રિયોથી ન દેખાય તેવું અવ્યક્ત હતું. જાણે ચારે તરફ સુષુપ્તિ જ છવાઈ રહી હતી. અનંત અને અનંત ગુણવાળા મારા સ્વરૂપમાં જ્યારે બ્રહ્માંડ ઉત્પન્ન થયું, તે સમયે જ સર્વના સ્વયંભૂ બ્રહ્મા ઉત્પન્ન થયા. મારી શક્તિથી વધેલા અને સૃષ્ટિ કરવાનો ઉદ્યમ કરતા એ મહાન દેવ બ્રહ્મા જ્યારે પોતાને અશક્ત જેવા માનવા લાગ્યા ત્યારે મારી જ સૂચનાથી બ્રહ્માજીએ કઠિન તપ કર્યું હતું અને તે તપના પ્રભાવથી તે બ્રહ્માજીએ પ્રથમ તમને નવ પ્રજાપતિઓને ઉત્પન્ન કર્યા.

"હે પ્રજેશ ! હે વત્સ ! આ પંચજન પ્રજાપતિની અસિક્નની નામની પુત્રીને તમારી પત્ની બનાવો. હે દક્ષ ! ગૃહસ્થ માટે યોગ્ય ગૃહસ્થાશ્રમ ધર્મનો અંગીકાર કરો. અસિક્નની પણ તે ગૃહસ્થધર્મ સ્વીકારશે. ત્યારબાદ આઅસિક્નની પત્નીમાં ગૃહસ્થ ધર્મથી ઘણી મોટી દૈહિક સૃષ્ટિ ઉત્પન્ન કરશો. હવે તમારાથી આરંભી ભવિષ્યની પ્રજા મારી માયાથી સ્ત્રી પુરુષના સંયોગથી સૃષ્ટિ રચશે અને સર્વ સૃષ્ટિ મારી સેવા કરશે."

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! વિશ્વનું પાલન કરનાર ભગવાન આ પ્રમાણે કહી દક્ષ પ્રજાપતિના દેખતાં જ સ્વપ્નમાં દીઠેલા પદાર્થની પેઠે ત્યાં જ અંતર્ધાન થઈ ગયા.

इत्युक्त्वा मिषतस्तस्य भगवान् विश्वमानवः । स्वप्नोपलब्धार्थ इव तवैवान्तर्दधे हरिः ॥

અધ્યાય ૪ થો સમાપ્ત

અધ્યાય ૫ મો

[આ અધ્યાયમાં ૪૦ શ્લોકો છે. દક્ષના પુત્ર હર્યશ્વો ઉપર ભગવાન જ્ઞાનથી કૃપા કરશે એ કથા આવશે. નારાયણ સરોવર ઉપર તપ કરતા દક્ષપુત્રો ઉપર પ્રસન્ન થઈ ભગવાને નારદજી દ્વારા હર્યશ્વોને જ્ઞાન આપ્યું છે. વળી દક્ષપ્રજાપતિ નારદજીને શાપ પણ આપશે.]

હર્યશ્વોનું તપ

श्रीशुक उवाच – तस्यां स पाञ्चजन्यां वै विष्णुमायोपबृंहितः । हर्यश्वसंज्ञानयुतं पुत्रानजनयद् विभुः ॥

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! ભગવાન શ્રી વિષ્ણુની શક્તિથી સામર્થ્ય પામીને દક્ષ પ્રજાપતિએ પંચજન નામના પ્રજાપતિની પુત્રી આસિક્નીમાં હર્યશ્વ નામના દશ હજાર પુત્રોને ઉત્પન્ન કર્યા. આ બધા જ કુમારો સમાન આચાર તથા સમાન સ્વભાવવાળા હતા. આ દક્ષ કુમારોને પ્રજાની સૃષ્ટિ કરવા માટે દક્ષ પ્રજાપતિએ આજ્ઞા કરી ત્યારે તેઓ પશ્ચિમ

દિશા તરફ ગયા.

આ પશ્ચિમ દિશામાં મુનિવર અને સિદ્ધગણ સેવિત 'નારાયણસર' નામનું શ્રેષ્ઠ તીર્થ છે. આ તીર્થ સિંધુ નદીના અને સમુદ્રના સંગમ ઉપર આવેલ છે. શ્રી નારાયણ તીર્થમાં સ્નાન કરવાથી જ હર્યશ્વોના મનમાં મેલ મટી જતાં તેમની પરમહંસ ધર્મમાં પણ પ્રીતિ અને મતિ ઉત્પન્ન થઈ.

હર્યશ્વોને નારદજીનો સમાગમ અને દશ પ્રશ્નો

દક્ષ પ્રજાપતિની આજ્ઞાથી ઉગ્ર તપ કરતા અને પ્રજાની વૃદ્ધિ કરવાને માટે ઉદ્યોગ કરતા તે હર્યશ્વોને નારદજીએ દીઠા. હર્યશ્વોને મળતાં જ તેઓને નારદજીએ કહ્યું કે હે હર્યશ્વો ! તમે પ્રજાપતિઓ હોવા છતાં પણ અજ્ઞાન છો તો સૃષ્ટિ કેવી રીતે રચશો ? ચાલો, હું તમને પ્રશ્નો પૂછું છું તેનો ઉત્તર આપો કે પૃથ્વીનો સીમાડો ક્યાં આવે છે તે વાત તેમ જ જેમાં એક જ પુરુષ વસે છે તે દેશ જોયા વિના સૃષ્ટિ શી રીતે રચશો ? વળી બહાર નીકળવાનો માર્ગ જ જ્યાં મળતો નથી એવી એક ગુફા તમે જોઈ છે ? વળી આપે એક બહુરૂપી સ્ત્રીને જોઈ ખરી ? પુંશ્ચલી નારીનો પતિ જોયો ? બન્ને તરફ વહેનારી નદી, પચીશ પદાર્થોનું બનેલું ઘર અને વિચિત્ર કથા કરતો હંસ, પોતાની મેળે ફર્યા કરતું અને અસ્ત્રો તથા વજ્રોથી બનેલાં તીક્ષ્ણ ચક્રને જાણો છો ? અને પોતાના પિતાને જાણો છો ? સર્વજ્ઞ પિતાની યોગ્ય આજ્ઞાને સમજો છો ? આટલા પદાર્થોને જાણ્યા વિના તમે અબુધજનો શી રીતે સૃષ્ટિ રચશો ?

શ્રી શુકાચાર્યજીએ કહ્યું : રાજન્ ! હર્યશ્વોએ નારદજીના પ્રશ્નોને સાંભળ્યા ત્યાર બાદ પોતાની સ્વતઃ સિદ્ધ શુદ્ધ વિચારવાળી બુદ્ધિથી જ શ્રી નારદજીના ફૂટ વચનોનો વિચાર કરવા લાગ્યા.

વિવેકબુદ્ધિથી વિચાર

પ્રથમ પ્રશ્નનો ઉત્તર : હર્યશ્વો વિચાર કરે છે : આ લિંગ શરીર છે તે આત્માને નિત્ય જન્મ આપનારું અનાદિ છે તેને પૃથ્વી સમજવી. એ જીવ નામના લિંગ શરીરનો કેવી રીતે અંત આવે એ જાણ્યા વિના મોક્ષમાં ઉપયોગી ન થાય એવાં વ્યર્થ કર્મ કરવાથી શું વળે ?

બીજા પ્રશ્નનો ઉત્તર : સર્વથી પર એક જ ઈશ્વર છે તે સર્વના આશ્રય છે, સાક્ષી છે, અને સર્વથી પર છે 'કર્તું અકર્તું અન્યથા કર્તું' સમર્થ હોવાથી તે પરમેશ્વર છે. તે તુરીય એટલે ચતુર્થ છે. ચતુર્થ એટલે વિશ્વ, તેજસ અને પ્રાજ્ઞ એવી ત્રણ અવસ્થાવાળા જીવથી પર ચતુર્થ છે. તે ઈશ્વર આ બ્રહ્માંડ તેમજ પિંડમાં રહ્યા છે. નિત્ય યુક્ત એ પુરુષનાં દર્શન કર્યા વિના અસમર્પિત કર્મો કરવાથી શું વળશે ?

ત્રીજા પ્રશ્નનો ઉત્તર : જેમ પાતાળરૂપી ગુફામાં ગયેલો માનવ પાછો નથી આવતો તેવી જ રીતે સ્વયંપ્રકાશ અક્ષરબ્રહ્મમાં પ્રવેશ્યા બાદ પુરુષ પાછો આવતો નથી તે અક્ષરબ્રહ્મરૂપ ગુફાને જાણ્યા વિના નાશશીલ સ્વર્ગાદિથી ફળ આપનારાં વ્યર્થ કર્મો કરવાથી શું વળશે ?

ચતુર્થ પ્રશ્નનો ઉત્તર : વિવિધ પ્રકારનાં રૂપ અને સત્ત્વાદિ ગુણવાળી મનુષ્યની બુદ્ધિ જ 'બહુરૂપિણી' સ્ત્રી છે. આ બુદ્ધિના વિવેકને જાણ્યા વિના અશાંતિને પેદા કરનારાં વ્યર્થ કર્મ કરવાથી શું વળશે ?

પાંચમા પ્રશ્નનો ઉત્તર : મનુષ્યની બુદ્ધિ એ કુલટા સ્ત્રીની માફક ઠેકાણે ઠેકાણે ભટકે છે. આ કુલટાના સંગથી જીવરૂપ પુરુષનું ઐશ્વર્ય તેમજ સ્વાતંત્ર્ય બન્ને નાશ પામ્યાં છે. ભાવ વિનાનો પુરુષ કુલટાની પાછળ દોડયા જ કરે તેમ જીવ આ બુદ્ધિની ગતિરીતિને વગર જાણ્યે તે જેમ કહે તેમ કર્મ કર્યે જ જાય છે. આવાં અસત્ કર્મ કરવાથી શું વળશે ?

છઠ્ઠા પ્રશ્નનો ઉત્તર : બન્ને તરફ વહેનારી નદી કહી તે માયા સમજવી. આ વિલક્ષણ કાર્ય કરતી માયા સૃષ્ટિ તથા પ્રલય એ બન્ને કામ કરે છે. આ રીતે જન્મ-મરણની પરંપરામાં તણાતા જીવોને કિનારે પહોંચવામાં ઘણી અડચણ કરે છે, માટે તે માયાને નહીં જાણનારા પ્રમાદી જીવનું માયા પ્રેરિત વ્યર્થ કર્મ કરવાથી શું વળે ?

સાતમા પ્રશ્નનો ઉત્તર : દશ ઈન્દ્રિય, પાંચ તન્માત્રા, પંચ મહાભૂત, ચાર અંતઃકરણ, પ્રકૃતિ આ પચ્ચીસ તત્ત્વોનું બનેલું

શરીર અદ્ભુત ઘર છે. પુરુષ એ ઘરનો આશ્રય છે. આ જ પુરુષ સમસ્ત કાર્ય - કારણમય જગતનો અધિષ્ઠાતા છે. આ વાત જાણી સાચું સ્વાતંત્ર્ય પામ્યા વિના જુઠ્ઠી સ્વતંત્રતાથી કરેલાં કાર્યો બધાં વ્યર્થ જશે.

આઠમા પ્રશ્નનો ઉત્તર : ઈશ્વરનું પ્રતિપાદન કરનાર શાસ્ત્રો જ છે. વિવેકવાળો હંસ જ છે. આ શાસ્ત્ર હંસ જેમ દૂધ અને પાણીને જુદાં પાડે છે તેમ. જડ અને ચૈતન્યનું સ્વરૂપ બતાવી અલગ કરે છે તેમજ બંધ તથા મોક્ષ સંબંધી અદભુત વાતો કહે છે. તો આત્મબોધક શાસ્ત્રનો અભ્યાસ કર્યા વિના બહિમુર્ખ રહી બહુ વ્યર્થ કર્મો કરવાથી શું વળશે ?

નવમા પ્રશ્નનો ઉત્તર : પોતાની મેળે ફર્યા કરતું ચક્ર કહ્યું તે કાલચક્ર સમજવું. તેના ૩૬૦ આરા છે. આ કાલચક્ર સર્વને ચક્કર ખવડાવ્યા કરે છે. તે તીક્ષ્ણ છે તેમ જ સ્વતંત્ર છે. આ કાલચક્રને જાણ્યા વિના ઘણાં કર્મો કરવાથી શું વળશે ?

દશમા પ્રશ્નનો ઉત્તર : મનુષ્યે સકામ કર્મથી ભરેલા સંસારથી નિવૃત્તિ લેવી જોઈએ. તેને શાસ્ત્ર નામના પિતા નિવૃત્તિની જ આજ્ઞા કર્યા કરે છે. તે આજ્ઞાને નહીં જાણનાર માનવે પ્રવૃત્તિ માર્ગમાં વિશ્વાસ રાખીને સૃષ્ટિ વગેરેમાં કેમ પ્રવર્તવું જોઈએ ?

હર્યશ્વોનો નિર્ણય

શ્રી શુકદેવજી મહારાજે કહ્યું કે રાજન્ ! આ પ્રમાણે નિશ્ચય કરીને એકાગ્ર ચિત્તવાળા હર્યશ્વો નારદજીની પ્રદક્ષિણા કરી મુક્તિના પથના પથિક બની વનમાં સીધાવ્યા અને શ્રી નારદજી પણ નાદબ્રહ્મની મધુર સંગીત લહરમાં પ્રત્યક્ષ થયેલા ભગવાનના ચરણારવિંદમાં અખંડ ચિત્ત રાખીને જીવના કલ્યાણ માટે અનેક લોકોમાં વિચરવા લાગ્યા.

દક્ષ પ્રજાપતિને જાણવા મળ્યું કે મારા શીલસદાચાર સમ્પન્ન પુત્રોને ગૃહસ્થ ન થવા દેતાં વિરક્ત બનાવી દીધા ત્યારે પરિતાપ થયો કે શ્રેષ્ઠ સંતતિ શોકનું ઘર છે એમ કરતાં અત્યંત કલેશ કરવા લાગ્યા. અકળાયેલા દક્ષ પ્રજાપતિને બ્રહ્માજીએ શાંત કર્યા ત્યારે દક્ષ પ્રજાપતિએ પોતાની સ્ત્રી પંચજની અસિક્નીી નામની પત્નીમાં ફરી શબલાશ્વ નામના હજાર પુત્રોને ઉત્પન્ન કર્યા.

પ્રજા ઉત્પન્ન કરવાની પિતાની આજ્ઞાને શિરે ચઢાવી તે શબલાશ્વો પણ નિયમવ્રત લઈ નારાયણસર ઉપર તપ કરવા ચાલ્યા, જે તીર્થભૂમિમાં પોતાના મોટા ભાઈઓ સિદ્ધ થયા હતા. નારાયણસરમાં સ્નાન કરતાં જ અંતઃકરણ નિર્મૂળ થઈ ગયાં ત્યારે તે શબલાશ્વો પ્રણવ એટલે ઊંકાર મંત્રનો જપ કરતાં મોટું તપ કરવા લાગ્યા. આ શબલાશ્વો ઘણા માસ પર્યન્ત વાયુ ભક્ષણ કરીને રહ્યા અને "ॐ नमो नारायणाय" આ મંત્રનો જપ કરતાં ભગવાનની આરાધના કરવા લાગ્યા. આ મંત્ર બત્રીશ અક્ષરનો છે -

ॐ नमो नारायणाय पुरुषाय महात्मने । विशुद्धसत्त्वधिष्ण्याय महाहंसाय धीमहि ॥

મહાન પુરુષ મહાપુરુષ શ્રી નારાયણને અમારા નમસ્કાર હો. સર્વથા સત્ત્વગુણવાળા હૃદયમાં તે પ્રભુ વસે છે. આ ભગવાન અંતર્યામી છે તેમજ પરમહંસ છે. આ ભગવાનનું ધ્યાન કરીએ છીએ. પિતાની આજ્ઞાથી સૃષ્ટિ સરજવાની ઈચ્છાથી તપ કરતા શબલાશ્વો પાસે પણ નારદજી પધાર્યા અને તેમના ભાઈ હર્યશ્વોને પૂછેલા તેવા જ પ્રશ્નો પૂછ્યા.

શબલાશ્વોને શ્રી નારદજીનો સત્સંગ

"હે દક્ષના પુત્રો ! મારી પાસેથી ઉપદેશનાં વચન સાંભળો. તમે તમારા ભાઈઓ ઉપર અનુરાગ ધરાવો છો માટે ભાઈઓના માર્ગને જ અનુસરો. ધર્મનો જાણકાર જે ભાઈ, ભાઈઓના માર્ગને અનુસરે છે તે પોતાના પુણ્યની સહાયતાથી મરુતદેવની સાથે આનંદ પામે છે."

રાજન્ ! શ્રી નારદજીનાં દર્શન સફળ છે. સંતો સફળ દર્શનવાળા હોય છે. નારદજીનું દર્શન સફળ થયું. શ્રી હરિપથના પથિક થવાની વાત કરી નારદજી પધારી ગયા બાદ શબલાશ્વો પણ પોતાના વડેરા બંધુ હર્યશ્વોના માર્ગને જ અનુસર્યા. અત્યંત ઉત્તમ અને અંતર્મુખ વૃત્તિથી પ્રાપ્ત થતા પરબ્રહ્મના પાવન પથના પથિક બનેલા આ શબલાશ્વો. હરિચરણે સીધાવ્યા. તેઓ જેમ વીતેલી રજની પાછી ન આવે તેમ હજી સુધી પણ પાછા આવતા નથી.

જ્યારે પુત્રો વિરક્ત થયા ત્યારે અનેક ઉત્પાતો થતા દેખી દક્ષ અકળાવા લાગ્યા ત્યાં તેમને જાણવા મળ્યું કે હર્યશ્વોને પણ નારદજીએ સંસારવિમુખ કરી વિરક્ત બનાવી દીધા છે ત્યારે પુત્રોના શોકથી ઘેરાયેલા અને ક્રોધથી ફરકતા હોઠવાળા દક્ષ પ્રજાપતિ નારદજીનો ભેટો થતાં જ બોલી ઊઠયા.

દક્ષનો ક્રોધ - સંત નારદજીને શાપ

અરે ધૂર્ત ! કપટી ! સાધુજન સમ વેત્ર રાખનાર નારદ ! સન્માર્ગે સંચરતા મારા પુત્રોનું તમે ઘણું જ અહિત આચર્યું છે. મારા આ પુત્રોને તમે ભિક્ષુક પંથે વાળી દીધા આ ખૂબ જ ખરાબ કર્યું. દેવ-મનુષ્ય-પિતૃઋણ નામનાં ત્રણ ઋણથી મુક્ત થયા વિના વળી કર્મ સંબંધી વિચાર પણ કર્યો ન હતો તેવા મારા પુત્રોના બન્ને લોક સંબંધી કલ્યાણનો તમે નાશ કરી નાંખ્યો. સંત દેહ તમારો હશે પણ દિલથી તો નિર્દય છો. બાળકોની બુદ્ધિને ફેરવી નાંખનાર છો. તમે ભગવાનની કીર્તિનું કલંક છો છતાં સદા નિર્લજ્જ થઈ ભગવાનના પાર્ષદોમાં વિચરો છો તમને સંત કેમ માનવા ?

સ્નેહની સાંકળને તોડનાર પરસ્પર સ્વજન કુટુંબમાં સ્નેહવાળાનાં પણ વૈર કરાવનાર નારદ ! તમારા વિના આવું ક્ષુદ્ર કાર્ય કોણ કરે ? તમે એક જ આવા છો તમારા વિના અન્ય ભગવાનના ભક્તો તો પ્રાણીઓ ઉપર અનુગ્રહ કરવામાં જ તત્પર રહે છે. નારદ ! જો તમારું એમ માનવું હોય કે સ્નેહશૃંખલા - વિષયાસક્તિ માત્ર વૈરાગ્યથી કપાય છે તો એ માન્યતા ભૂલભરેલી છે. ઉપશમ એટલે વિરાગ એ જ વિષયાસક્તિને હરનાર ઉપાય છે તો તેમ સમજનાર નારદ ! તમે જ્ઞાની નથી છતાં જ્ઞાનીનો વેષ સજી વિચરનાર છો. તમારા આવા ઠગાઈ ભર્યા ઉપદેશથી વૈરાગ્ય થશે નહીં અને થયેલો ટકશે નહીં.

नानुभूय न जानाति पुमान् विषयतीक्ष्णताम् । निर्विद्येत स्वयं तस्मान्न तथा भिन्नधीः परैः ॥

વિષયોનો અનુભવ કર્યા વિના વિષયોની કટુતા અને વિષયોની તીક્ષ્ણતા માનવ જાણી શકે જ નહીં. જ્યારે માનવ વિષયો ભોગવે છે ત્યારે જ એના દુઃખદ ફલનો ખ્યાલ આવતાં જ સહજ રીતે નિર્વેદ-ખેદ પેદા થાય છે. પછી વિષયોને દુઃખ સ્વરૂપ સમજીને જેવો વૈરાગ્ય થાય તેવો વૈરાગ્ય બીજાઓના કેવલ ઉપદેશથી થાય નહીં. અમે કર્મ માર્ગની રીતિએ ચાલનાર સજ્જન ગૃહસ્થાશ્રમીઓ છીએ નારદ ! ખરે, આપે અમારું અગણિત અનિષ્ટ કર્યું છે. પ્રથમ એકવાર સહન કર્યું તો પણ આજે ફરી આવી મારી વંશપરંપરા ઉપર કઠોર કુઠારાઘાત કર્યો. અમારું ઘણું બૂરું કર્યું. તેથી આ લોકમાં ભટકતાં ભટકતાં ક્યાંય તમારું પદ સ્થિર થશે નહીં. તમે ઠરી ઠેકાણે બેસશો જ નહીં.

શ્રી શુકાચાર્ય બોલ્યા : રાજન્ ! સજ્જનવૃંદ સન્માનિત શ્રી નારદજીએ દક્ષના શાપને અનુગ્રહ સ્વરૂપે સ્વીકારી લીધો. સ્વયં શાપ આપવા સમર્થ હોવા છતાં "સહિષ્ણુતા" એ જ સાધુજનનો અલંકાર છે એમ માનતા સંતો કદી પ્રતિશાપ આપતા નથી. प्रतिजग्राह तद्‌बाढं नारदः साधुसम्मतः एतावान् साधुवादो हि तितिक्षेतेश्वरः स्वयम् ।

અધ્યાય ૫મો સમાપ્ત.

અધ્યાય ૬ઠ્ઠો

[આ અધ્યાયમાં ૪૫ શ્લોકો છે. છઠ્ઠા સ્કંધના પ્રથમ ત્રણ અધ્યાયોમાં મનુષ્યો દયાના અધિકારી થયા છે. ત્યારબાદ ૪-૫-૬ અધ્યાયમાં દેવો કૃપાના અધિકારી બને છે તે પ્રસંગ ચાલુ છે. ચોથા અધ્યાયમાં દક્ષ ઉપર, પાંચમા અધ્યાયમાં દક્ષના પુત્રો ઉપર અને છઠ્ઠા અધ્યાયમાં દક્ષરાજકુમારીઓ ઉપર થયેલી કૃપાની કથા છે. આમાં દક્ષની કન્યાઓ ઉપર પ્રસાદ અને વિશ્વરૂપનો જન્મ વગેરે આવશે.]

श्रीशुक उवाच– सतः प्राचेतसोऽसिक्न्यामनुनीतः स्वयम्भुवा । षष्टिं संजनयामास दुहितृः पितृवत्सलाः ॥

શ્રી શુકાચાર્યજીએ કહ્યું કે રાજન્ ! પુત્રો પરમહંસ થયા પછી ખૂબ જ ખિન્ન થયેલા, હતાશ બનેલા દક્ષપ્રજા પતિને બ્રહ્માજીને સમજાવ્યા ત્યારે પ્રજાપતિએ પોતાની પત્ની અસિક્નીમાં પિતા ઉપર સ્નેહ રાખનારી સાઈઠ દીકરીઓ ઉત્પન્ન કરી. આ સાઈઠ કન્યાઓમાંથી દક્ષ પ્રજાપતિએ દશ કન્યાઓ ધર્મને આપી. તેર કન્યાઓ કશ્યપ મહારાજને આપી. સત્તાવીશ કન્યાઓ ચન્દ્રમાને આપી અને ભૂત એટલે રુદ્ર, અંગિરા અને કૃશાશ્વને બબ્બે આપી. બાકી જે ચાર વધી તે

પણ 'તાર્ક્ષ્ય' એવા નામથી ઓળખાતા કશ્યપને જ આપી, તેમાં રુદ્રને સુરૂપા અને ભૂતા અંગિરામુનિને સતી અને સ્વધા, દશાશ્વને અર્ચિ અને ધિષણા નામની બે કન્યાઓ આપી. દક્ષની એ દીકરીઓના પુત્રપૌત્રાદિક વંશથી ત્રણે લોક ભરાઈ ગયા છે. તેઓના અને તેઓનાં સંતાનોના નામ મારી પાસેથી સાંભળો.

ધર્મની પત્નીઓ અને પરિવાર

ભાનુ, લંબા, કકુભ, જામિ, વિશ્વા, સાધ્યા, મરુત્વતી, વસુ, મુહૂર્તા અને સંકલ્પા એટલી ધર્મની સ્ત્રીઓ છે. તેમના પુત્રોનાં નામ સાંભળો.

(૧) ધર્મપત્ની ભાનુને ત્યાં ઋષભદેવ નામના પુત્ર થયા. ઋષભદેવના ઈન્દ્રસેન થયા. (૨) ધર્મપત્ની લંબાના વિદ્યોત નામના પુત્ર થયા અને વિદ્યોતના સ્તનયિત્નુ નામના પુત્ર થયા. (૩) ધર્મપત્ની કકુભના સંકટ નામના પુત્ર થયા. કીકટના દુર્ગ નામના પુત્ર થયા. (૪) ધર્મપત્ની જામિના સ્વર્ગ નામના પુત્ર થયા. સ્વર્ગના નંદિ નામના પુત્ર થયા. (૫) ધર્મપત્ની વિશ્વાના વિશ્વેદેવા નામના પુત્રો થયા. તેઓ પ્રજારહિત છે એમ કહેવાય છે. (૬) ધર્મપત્ની સાધ્યાના સાધ્ય દેવતાઓ થયા અને તેમને ત્યાં અર્થસિદ્ધિ નામે પુત્ર થયા. (૭) ધર્મપત્ની મરુત્વતીના મરુત્વાન્ અને જયન્ત નામના બે પુત્રો થયા તેમાં જયન્તને ભગવાનના અંશ માન્યા છે. જયન્તનું ઉપેન્દ્ર એવું બીજું નામ કહેવાય છે. (૮) ધર્મપત્ની મુહૂર્તાના મૌહૂર્તિક દેવ નામના પુત્ર થયા. મૌહૂર્તિકને મુહૂર્તના સ્વામી ગણ્યા છે. મૌહૂર્તિક પ્રાણીઓને પોતાના સમયનું ફળ આપે છે. (૯) ધર્મપત્ની સંકલ્પાના સંકલ્પ નામના પુત્ર થયા. સંકલ્પના કામદેવ નામના પુત્ર થયા. (૧૦) ધર્મપત્ની વસુને ત્યાં આઠ વસુઓ પુત્ર થયા. આ આઠ વસુઓના દ્રોણ, પ્રાણ, ધ્રુવ, અર્ક, અગ્નિ, દોષ, વસુ, વિભાવરી એવાં આઠ નામો છે તે મેં તમને કહ્યાં.

(૧) દ્રોણે અભિમતિ પત્નીમાં હર્ષ, શોક, ભય વગેરે પુત્રો ઉત્પન્ન કર્યા. (૨) પ્રાણની ઉર્જસ્વતી નામની પત્નીમાં, સહ, આયુ અને પુરોજવ નામના ત્રણ પુત્રો થયા. (૩) ધ્રુવે ધરણી નામની પત્નીમાં નગરના અભિમાની દેવો તરીકે અનેક પુત્રોને જન્મ આપ્યો. (૪) અર્કે વાસના નામની પત્નીનાં તર્ષ વગેરે પુત્રોને જન્મ આપ્યો. (૫) અગ્નિના વસોધારા નામની પત્નીમાં દ્રવિણક વગેરે પુત્રો થયા. કૃત્તિકાઓએ સ્તનપાન કરાવી ઉછેરેલા શ્રી કાર્તિકેયજી પણ અગ્નિદેવના પુત્ર છે. અને શ્રી કાર્તિકેયના વિશાખ વગેરે પુત્રો થયા. (૬) દોષ નામના વસુની શર્વરી નામની પત્ની હતાં તેના શિશુકુમાર નામના પુત્ર થયા. શિશુકુમારને ભગવાનના અંશ માન્યા છે. (૭) વસુનાં આંગિરસી નામનાં પત્ની હતાં. તેમના શિલ્પકાળમાં કુશળ વિશ્વકર્મા નામના પુત્ર થયા. વિશ્વકર્માની કૃતિ નામનાં પત્નીમાં ચાક્ષુષ નામના મનુ થયા. તેના વિશ્વ અને સાધ્ય નામના પુત્રો થયા. (૮) વિભાવસુ નામના આઠમા વસુની ઉષા નામનાં પત્ની હતાં. તેમના વ્યુષ્ઠ, રોચિષ અને આતપ નામના પુત્રો થયા. આતપને ત્યાં પંચયામ નામના પુત્ર થયા. આ પંચયામને દિવસના દેવ માન્યા છે. પ્રાણીઓ પંચયામની સૂચનાનુસાર પોતપોતાના કામમાં લાગે છે. દક્ષ પ્રજાપતિનાં સુરૂપા નામનાં પુત્રી રુદ્રજીને - ભૂત ભગવાનને પરણાવ્યા. તેમને ત્યાં કરોડો રુદ્ર ઉત્પન્ન થયા. રૈવત, અજ, ભવ, ભીમ, વામ, ઉગ્ર, વૃષાકપિ, અજૈકપાદ, અહિબુર્ધન્ય, બહુરૂપ અને મહાન આ અગિયાર પુત્રો કરોડો રુદ્રમાં મુખ્ય છે તેમજ તેમના પાર્ષદો પણ રુદ્ર ગણાય છે. રુદ્ર ભગવાનનાં બીજાં પત્ની ભૂતાદેવીમાં ઉગ્ર એવા ભૂતો, વિનાયકો નામના પુત્રો ઉત્પન્ન થયા: દક્ષ પ્રજાપતિની સ્વધા નામના પુત્રી અંગિરાને પરણાવ્યાં. તેમને ત્યાં પિતૃઓ ઉત્પન્ન થયા અને અંગિરાઋષિનાં સતી નામની બીજી પત્નીએ અર્થવાને પોતાનો પુત્ર ઠરાવ્યો હતો.

પ્રજાપતિ દક્ષની કન્યા અર્ચિ કૃશાશ્વ મુનિને વર્યા હતાં. તેમને ત્યાં ધૂમ્રકેશ નામના પુત્ર થયા અને ધિષણા નામનાં બીજી પત્નીમાં વેદશિરા, દેવલ અને મનુ નામના ચાર પુત્રો થયા. શ્રી ધિષણાનાં ભીષણા અને વિષણા એવાં બે નામ છે.

દક્ષ પ્રજાપતિની બીજી ચાર કન્યાઓ વિનતા, કદ્રુ, પતંગી અને યામિની નામની તાર્ક્ષ્ય એવું બીજું નામ ધારવતા કશ્યપની ચાર સ્ત્રીઓ હતી. તેમાં પતંગી નામની પત્નીએ પતંગિયાં તથા પક્ષીઓ ઉત્પન્ન કર્યા. વિનતાએ બે પુત્રોને

જન્મ આપ્યો એમાંથી એક ભગવાનના વાહનરૂપ ગરૂડજી હતા અને બીજા સૂર્યના સારથિ અરૂણકુમાર હતા, અને કદ્રુએ અનેક નાગોને જન્મ આપ્યો.

રાજન્ ! દક્ષની ૨૭ પુત્રીઓ જે કૃત્તિકા વગેરે સત્તાવીશ નક્ષત્રો નામથી પ્રસિદ્ધ છે તે ચન્દ્રમાની સ્ત્રીઓ છે. આ સત્તાવીશ પત્નીઓમાંથી ચન્દ્રે કેવલ રોહિણી ઉપર જ પ્રેમ રાખ્યો અન્ય સ્ત્રીઓની ઉપેક્ષા કરી એથી ક્રોધે ભરાઈ દક્ષ પ્રજાપતિએ ચન્દ્રમાને ક્ષયરોગ થવાનો શાપ આપ્યો જેથી ચન્દ્રને ત્યાં સંતાન ન થયાં. જ્યારે ચન્દ્રમાએ દક્ષ પ્રજાપતિને પ્રસન્ન કર્યા તો પણ ચન્દ્રને ક્ષયરોગથી ખંડિત થયેલી પોતાની કલાઓ જ પાછી મળી પણ સંતાન પ્રાપ્તિ થઈ નહીં.

ત્રિલોકજનની સચી કશ્યપની સ્ત્રીઓનાં પવિત્ર નામ સંભળાવીશ કે જે પત્નીઓ દ્વારા આ જગત ઉત્પન્ન થયું છે.

કશ્યપવંશ અને પત્નીઓની કથા

અદિતિ, દિતિ, દનુ, કાષ્ઠા, અરિષ્ટા, સુરસા, ઈલા, મુનિ, ક્રોધવશા, તામ્રા, સુરભિ, સરમા અને તિમિ એ તેર કન્યાઓ કશ્યપની પત્નીઓ હતાં.

કશ્યપનાં પત્ની તિમિમાં જલચર જંતુ પુત્રો થયાં. સરમા નામની કશ્યપ પત્નીમાં વાઘ વગેરે હિંસક, ક્રૂર પશુઓ જન્મ્યાં. સુરભિના ભેંસ, બળદ અને બીજાં બબ્બે ખરી વાળા પશુઓ પુત્ર થયા. રાજન્ ! કશ્યપપત્ની તામ્રામાં બાજ અને ગીધ વગેરે થયાં. કશ્યપપત્ની મુનિમાં અપ્સરાઓ જન્મી. કશ્યપપત્ની ક્રોધવશામાં દંદશૂક વગેરે સર્પ જાતિનાં સંતાન થયાં. કશ્યપ પત્ની ઈલામાં સર્વ વૃક્ષો જન્મ્યાં. કશ્યપપત્ની સુરસામાં રાક્ષસો થયાં. કશ્યપપત્ની અરિષ્ટામાં ગંધર્વો થયા. કશ્યપપત્ની કાષ્ઠામાં એક ખરીવાળાં પશુઓ થયાં. કશ્યપ-પત્ની દનુમાં એકસઠ દાનવો થયા. આ બધામાં દ્વિમૂર્દ્ધા, શંબર, અરિષ્ટ, હયગ્રીવ, વિભાવસુ, અયોમુખ, શંકુશિરા, સ્વર્ભાનુ, કપિલ, અરૂણ, પુલોમા, વૃષપર્વા, એકચક્ર, અનુતાપન, ધૂમ્રકેશ, વિરૂપાક્ષ, વિપ્રચિત્તિ અને દુર્જય એ નામના અઢાર મુખ્ય પુત્રો ગણાય છે. દનુ-કશ્યપપુત્ર સ્વર્ભાનુની પુત્રી સુપ્રભાને નમુચિ પરણ્યો હતો. દનુ-કશ્યપ પુત્ર વૃષપર્વાની કન્યા શર્મિષ્ઠાને નહુષ રાજાના પુત્ર યયાતિ પરણ્યા હતા. કશ્યપપત્ની દનુના સાઈઠ પુત્રોમાં એક પુત્ર વૈશ્વાનરની ઉપદાનવી, હયશિરા, પુલોમા અને કાલકા નામની ચાર અત્યંત સુંદર કન્યાઓ હતી. આ ચાર માંથી ઉપદાનવીને હિરણ્યાક્ષ પરણ્યા હતા. હયશિરાને ક્રતુ પરણ્યા હતા. આ પુલોમા અને કાલકાના પૌલોમ અને કાલકેય નામના સાઈઠ હજાર બળવાન દાનવો થયા હતા. યજ્ઞમાં વિઘ્ન કરનારા એ દાનવોને તમારા દાદા અર્જુને સ્વર્ગમાં જઈને ઈન્દ્રનું પ્રિય કરવા માટે એકલાએ જ માર્યા હતા. વિપ્રચિત્તિ નામના દાનવે સિંહિકા નામની પત્નીમાં રાહુ અને કેતુ નામના સો પુત્રોને ઉત્પન્ન કર્યા. એ રાહુ પાછળથી ગ્રહની પદવી પામ્યો છે.

કશ્યપ - અદિતિનો વંશ

રાજન્ ! આપને પવિત્ર અદિતિના વંશની કથા કહીશ. તે સાંભળો. શ્રી અદિતિ માતાની કૂખે નારાયણ ભગવાને અંશાવતાર લીધો હતો.

વિવસ્વાન, અર્યમા, પૂપા, ત્વષ્ટા, સવિતા, ભગ, ધાતા, વિધાતા, વરૂણ, મિત્ર, શક્ર અને ઉરુક્રમ એ બાર અદિતિના પુત્રો થયા. આ બાર પુત્રોમાં વિવસ્વાનની પત્ની સંજ્ઞાને શ્રાદ્ધદેવ મનુ પુત્ર થયા. એમનું વૈવસ્વત મનુ નામ હતું, આ ઉપરાંત યમ તથા યમુના એ જોડલું જન્મ્યું. વિવસ્વાનની પત્ની સંજ્ઞા અશ્વાનું રૂપ ધરી. પૃથ્વી ઉપર ગઈ હતી ત્યારે વિવસ્વાન સૂર્યના વીર્યથી અશ્વિનીકુમાર નામના બે પુત્રો થયા. એ જ સંજ્ઞા છાયાને સૂર્યની પાસે મૂકી ગઈ હતી તે છાયામાં શનૈશ્વર, સાવર્ણિ નામના મનુ અને તપતી નામની તાપી નદી કન્યા થઈ હતી. એ કન્યા સંવરણ નામના રાજાને વરી હતી.

અર્યમાની સ્ત્રી માતૃકા હતી તેને ચર્પણી નામના પુત્રો થયા એ ચર્પણીઓને આત્મવિચાર હતો તેથી તેઓને બ્રહ્માએ મનુષ્ય જાતિના ઠરાવ્યા છે.

પૂષાને કોઈ સંતાન જ થયું નથી. દક્ષ પ્રજાપતિ ઉપર સદાશિવે કોપ કર્યો તે વખતે એ પૂષાએ પોતાનો દાંત દેખાડીને સદાશિવની મશ્કરી કરી હતી. તેથી પૂષાના દાંત તોડી પાડયા તેથી તે લોટ ફાકીને રહે છે.

ત્વષ્ટાની રચના નામની સ્ત્રી હતી તે દૈત્યોની નાની બહેન હતી. તેને સન્નિવેશ અને વિશ્વરૂપ નામના બે પુત્રો થયા. તેમાં વિશ્વરૂપ બળવાન હતા. દેવતાઓએ અપમાન કરવાથી જે સમયે બૃહસ્પતિએ દેવતાઓનો ત્યાગ કર્યો હતો તે સમયે દેવતાઓએ આ વિશ્વરૂપ જો કે પોતાના દૈત્યોના દૌહિત્ર હતા તો પણ તેમને ગુરુ ઠરાવ્યા હતા.

तं वव्रिरे सुरगणाः स्वरस्त्रीयं द्विषतामपि । विमतेन परित्यक्ता गुरुणाऽऽङ्गिरसेन यत् ॥

અધ્યાય ૬ઠ્ઠો સમાપ્ત

અધ્યાય ૭મો

[આ અધ્યાયમાં ૪૦ શ્લોકો છે. વિશ્વરૂપ ઉપર ભગવાનની કૃપા થઈ તેથી તપ - જ્ઞાન જગદ્દુદ્ધાર આ ત્રણ વસ્તુઓ વિશ્વરૂપને મળી છે.]

ઐશ્વર્યનો અંધાપો

राजोवाच – कस्य हेतोः परित्यक्ता आचार्येणात्मनः सुराः । एतदाचक्ष्व भगर्वंच्छिष्याणामक्रमं गुरौ ॥

પરીક્ષિત રાજાએ પ્રશ્ન કર્યો કે ભગવન્ ! આચાર્ય શ્રી બૃહસ્પતિએ પોતાના શિષ્ય દેવતાઓનો શા માટે ત્યાગ કર્યો ? શિષ્યોએ પોતાના ગુરુનો શો અપરાધ કર્યો હતો, આ વસ્તુ આપશ્રી મને કૃપા કરીને કહો.

શ્રી શુકાચાર્યે કહ્યું : રાજન્ ! રાજા ઈન્દ્રને ત્રૈલોક્યના રાજ્યના અભિમાને ઘેરી લીધા. પરિણામે સત્પથનો ત્યાગ કર્યો. એકવાર એવું બન્યું કે પૌલોમી નામની ઈન્દ્રાણી સાથે રાજા ઈન્દ્ર રાજસભામાં સિંહાસન પર બેઠેલા હતા. આ અવસરે ૪૯ મરુત દેવો - અષ્ટ વસુઓ - ભગવંત રુદ્ર - આદિત્ય - ઋભુ - વિશ્વદેવા - સાધ્યો - અશ્વિનીકુમારો ઈન્દ્રની સેવામાં યોગમ ઊભા હતા. સિદ્ધ - ચારણ - ગંધર્વ - બ્રહ્મવાદી મુનિવરો - વિદ્યાધરો - અપ્સરાઓ - કિન્નરો - પક્ષીગણ - નાગો વગેરે ઈન્દ્રનું સેવન અને સ્તવન કરી રહ્યા હતા. વળી સર્વ ગાયકો લલિતમધુર કંઠથી ઈન્દ્રરાજાનો ઉજ્જ્વલ યશ ગાતા હતા. સિંહાસને ઈન્દ્રના મસ્તકે ચન્દ્રમંડલ સમાન સુંદર શ્વેત છત્ર શોભતું હતું. આ સાથે સમ્રાટને શોભતી ચામર, પંખા વગેરે સામગ્રી યોગ્ય સ્થાને દીપતી હતી.

અનાદર અનર્થનું ફળ

આ અવસરે દેવતાઓના તેમજ પોતાના પરમ વૈદ્ય આચાર્ય શ્રી બૃહસ્પતિ સભામાં પધાર્યા. આ પ્રસંગે ઊભા થવું, સન્મુખ જવું કે આસન આપવું આવો ઉચિત કોઈ પણ સત્કાર રાજા ઈન્દ્રે કર્યો નહીં. આમ છતાં સમીપે પધાર્યા તો પણ સુર અને અસુરથી નમસ્કાર કરાતા મુનિવર શ્રી વાચસ્પતિજીને નિહાળવા છતાં પણ ઈન્દ્ર પોતાના આસનેથી ઊઠયા તો નહીં પરંતુ જરા પણ આદર બતાવતા હાલ્યા પણ નહિ.

રાજા ઈન્દ્રના ઐશ્વર્ય મદનું આ ફળ છે એવું સમજી મંત્રદ્રષ્ટા - અંગિરાઋષિપુત્ર - શાપ આપવા સમર્થ - બૃહસ્પતિ મહારાજ કાંઈ પણ બોલ્યા વિના પોતાને ઘેર ગયા.

બૃહસ્પતિજી સભા ત્યજી પધારી ગયા તે જ સમયે મેં ગુરુદેવનો અનાદર કર્યો છે' એવું ભાન થતાં સભા વચ્ચે ઈન્દ્રરાજા પોતાની જાતને ધિક્કારતા બોલ્યા કે "અરેરે, મેં ક્ષુદ્ર બુદ્ધિથી ઐશ્વર્યના અભિમાનમાં ચકચૂર બની સભામાં સદ્‌ગુરુનું અપમાન કર્યું. મેં આ શું કર્યું ? મેં મોટો અપરાધ કર્યો ! ત્રૈલોક્યના રાજ્યની લક્ષ્મીને પણ કયો વિવેકી પુરુષ વાંછે કે જે લક્ષ્મીના સંયોગે સત્ત્વગુણ સંપન્ન દેવોના સ્વામી મને પણ આસુરભાવમાં લાવી મૂકી દીધો." સિંહાન ઉપર બેઠેલા રાજાએ કોઈની સામે ઊભું થવું નહીં. એવી સલાહ આપનારા સાચે જ સત્યધર્મને જાણતા જ નથી. હવે મને ભાન આવ્યું કે કુમાર્ગે દોરનારા અને ઘોર નરકમાં પડેલા એ લોકોના વચનને માનનારા નિશ્ચય છે કે પથરાના વહાણમાં બેઠેલાઓની પેઠે ડૂબી જાય છે. હું હવે શઠતા છોડી તથા મસ્તકથી આચાર્યવરના ચરણનો સ્પર્શ કરી અગાધ બુદ્ધિવાળા સદગુરુને પ્રસન્ન કરીશ." આવો વિચાર કરી રાજા ઈન્દ્ર ગુરુજીને દ્વારે ક્ષમાપન માટે જાય તે પહેલાં જ

બૃહસ્પતિ મહારાજ પોતાની અધ્યાત્મ શક્તિવાળી વિદ્યાના પ્રભાવથી ઘરમાંથી પણ અદ્રશ્ય થઈ ચાલ્યા ગયા. ચારે પાસ ખૂબ તપાસ કરવા છતાં પણ ગુરુનો પત્તો નહીં મળતાં ઘણી ચિંતામાં પડેલા સમ્રાટ ઈન્દ્ર તથા દેવતાઓને જરા પણ શાંતિ મળી નહીં. બૃહસ્પતિનો અનાદર થયો છે અને બૃહસ્પતિ ગુપ્તવાસે ચાલ્યા ગયા છે એ વાત સાંભળતાં જ મદોન્મત્ત અસુરો શુક્રાચાર્ય મહારાજની સમ્મતિ મેળવીને શસ્ત્રો સજી દેવતાઓ ઉપર ચઢી આવ્યા. અસુરોનાં તીક્ષ્ણ બાણોથી મસ્તક, સાથળ, હાથપગ છેદાઈ જતાં ઈન્દ્રસહિત સર્વ દેવતાઓ શિર નમાવી શીઘ્ર બ્રહ્માને શરણે ગયા. સ્વયંભૂ અજન્મા ભગવાન બ્રહ્મા પીડાએલા, આંગણે આવેલા દેવોને દેખી પુષ્કળ દયાથી સાંત્વન આપતા મધુર વાક્યો બોલ્યા :

પિતામહનું માર્ગદર્શન

બ્રહ્માજી બોલ્યા, અહો ! ઘણા ખેદની વાત છે કે ઉત્તમ દેવો ! આપે બ્રહ્મનિષ્ઠ, જિતેન્દ્રિય વેદપુરુષ ગુરુનું ઐશ્વર્યના મદથી અપમાન કર્યું. તમે અમંગલ કામ કર્યું. દેવો, તમે બલથી સમૃદ્ધ હતા વળી તમારા શત્રુ દૈત્યો નિર્બળ બનેલા પરંતુ પુનઃ ભક્તિભાવપૂર્વક શુક્રાચાર્યને ઈષ્ટદેવરૂપે માની તેમની ભક્તિપૂર્વક સેવા કરી તેથી હાલ તો મારું પદ પણ લઈ લે એવા શક્તિ સમ્પન્ન થયા છે.

त्रिविष्टपं किं गणयन्त्यभेद्यमन्त्रा भृगुणामनुशिक्षितार्थाः । न विप्रगोविन्दगवीश्वराणां भवन्त्यभद्राणि नरेश्वराणाम् ॥

ભૃગુ ઋષિઓના દૈત્યો શિષ્યો છે એમની મંત્રણા કદી ફૂટી જતી નથી આવા આ દૈત્યોને મન સ્વર્ગની કશી જ ગણના નથી. રાજન્ ઈન્દ્ર ! વિપ્રોને ભગવાન અને ગાયોને ઈશ્વર માનનારાં રાજાઓનું અકલ્યાણ થતું નથી. માટે તમે બધા તપસ્વી, ધૈર્ય સમ્પન્ન ત્વષ્ટા પ્રજાપતિના પુત્ર વિશ્વરૂપજીને અવિલંબે આચાર્ય બનાવી સેવા કરો. જો તમે વિશ્વરૂપજીનો સત્કાર કરશો તેમજ જો કોઈ દૈત્યનો વિશ્વરૂપ પક્ષપાત કરે તે સહન કરશો તો તમારા સર્વ કાર્ય સરશે.”

શ્રી શુકદેવજી મહારાજ બોલ્યા : રાજન્ ! બ્રહ્માજીનાં વચન સાંભળી શાંતિ પામેલા દેવતાઓ વિશ્વરૂપ ઋષિની સમીપે આવી મુનિવરને ભેટી નિવેદન કરવા લાગ્યા. દેવો બોલ્યા કે વિશ્વરૂપજી, બેટા ! કલ્યાણ થાઓ. અમે તમારા આશ્રમમાં આજ અતિથિ થયા છીએ. હે વત્સ ! અમે તમારા એક રીતે પિતાઓ છીએ. તમારે આંગણે આવેલ અમારી અભિલાષા પૂર્ણ કરવી જોઈએ. પુત્રવાળા પિતાનો પણ ધર્મ છે કે પિતૃજનોની સેવા કરવી એ ઉત્તમ ધર્મ છે. ત્યારે બ્રહ્મચર્ય આશ્રમમાં રહેલ પુત્રોનો તો એ ઉત્તમ ધર્મ હોય તો એમાં તો પૂછવું જ શું ?

અષ્ટપદો - આઠ આદર્શો

આચાર્ય બ્રહ્માનું સ્વરૂપ છે. પિતા પ્રજાપતિનું સ્વરૂપ છે. ૧ ભ્રાતા ઈન્દ્રનું સ્વરૂપ છે, માતા તો પ્રત્યક્ષ પૃથ્વીની પ્રતિમા જ છે. બેન દયાની આકૃતિ છે. અતિથિ સ્વયં ધર્મનું સ્વરૂપ છે, જ્યારે આંગણે આવેલ યાચક - અભ્યાગત ૨ અગ્નિનું સ્વરૂપ છે અને સર્વ પ્રાણીઓ ભગવાનનું સ્વરૂપ છે.

બેટા વિશ્વરૂપ ! દુઃખી દશામાં મુકાયેલા અમો તમારા પિતૃઓ અને અતિથિ છીએ. શત્રુઓએ અમારો પરાભવ કર્યો છે. પુત્ર ! તમે તપોબળથી અમારા સંતાપને દૂર કરો આ અમારી આશા છે. વળી પુત્ર ! તમે વેદજ્ઞ વિપ્ર છો તેથી અમારા આચાર્ય બનો એવી માગણી કરીએ છીએ. આ ઉપાયથી તમારા મંત્ર બળના પ્રતાપે શત્રુઓને અનાયાસે જીતીશું.

વિદ્વાનનું વય ન જોવાય

અમે વયમાં મોટા તમેવયમાં ન ના આવો વિચાર ઉચિત નથી. કાર્ય સિદ્ધિ માટે કે વેદાભ્યાસ માટે નાનાને પગે લાગવું એ કંઈ નિન્દિત ગણાતું નથી. અન્ય બાબતોમાં અવસ્થા મોટપનું કારણ ગણાય છે પરંતુ વિદ્યાની બાબતમાં વયથી મોટાપણું માન્યું નથી.

શ્રી શુકદેવજી બોલ્યા કે રાજન્ ! આ પ્રમાણે દેવોએ આચાર્ય બનવા માટે અભ્યર્થના કરી ત્યારે મહાન વિશ્વરૂપે પ્રસન્ન થઈ મધુર વાણીથી દેવોનો સત્કાર કરતાં કહ્યું. શ્રી વિશ્વરૂપજી બોલ્યા : હે દેવો ! જો કે પુરોહિત પર ધર્મનિષ્ઠ પુરુષોએ

ધિક્કારેલું અને બ્રહ્મતેજનો ક્ષય કરનારું છે તો પણ આપ પૂજ્ય લોકપાલોની આજ્ઞાની અવહેલના કેમ કરું ? કારણ કે હું તો આજ્ઞાપાલન શિખામણને પાત્ર છું તો ના શી રીતે પાડી શકાય ? કેમ કે આપ્તજનોની આજ્ઞા પાળવી સ્વાર્થ કહેવાય છે.

શિલોંછવૃત્તિ

શિલ અને ઉંછ વૃત્તિથી જીવન નિર્વાહ કરવો એ જ અકિંચન પુરુષોનું ધન છે. રાજન્ ઈન્દ્ર ! મારા ઘરમાં રહીને હું શિલોંછવૃત્તિથી જીવું છું તેમજ અતિથિ જનોનો સત્કાર કરું છું માટે હે મહાનુભાવો ! પુરોહિત વૃત્તિ નિન્દિત છે અને તે વૃત્તિથી જીવી પ્રસન્ન રહેનાર તો ક્ષુદ્રબુદ્ધિ ગણાય. આવી વૃત્તિ હું શી રીતે કરું ? તો પણ હું આપને ના નથી કહી શકતો. આપ તો પિતૃતુલ્ય છો. આપે મારી પાસે એવું શું મોટું માંગ્યું છે કે હું ના કહું.

શ્રી શુકદેવજી મહારાજે કહ્યું : 'રાજન્ ! મહાન તપસ્વી વિશ્વરૂપજી દેવતાઓની અભ્યર્થનાને સ્વીકારી પુરોહિત બની ઘણી સાવચેતીથી પુરોહિતપણું કરવા લાગ્યા. દૈત્યોની સમ્પત્તિ શુક્રાચાર્યની વિદ્યાથી રક્ષિત હતી. આમ છતાં એ સમ્પત્તિને વિશ્વરૂપે વિષ્ણુ ભગવાનના નારાયણ કવચરૂપ વિદ્યાના પ્રભાવથી દૈત્યો પાસેથી આકર્ષી લઈને રાજા ઈન્દ્રને આપી કે જેના પ્રભાવથી રક્ષણ અને શક્તિ પામેલા ઈન્દ્રે દૈત્યોની સેનાઓને જીતી લીધી. ૪૦

येन गुप्तः सहस्राक्षो जिग्येऽसुरचमूर्विभुः । तां प्राह स महेन्द्राय विश्वरूप उदारधीः ॥ ४० ॥

અધ્યાય ૭મો સમાપ્ત

અધ્યાય ૮ મો

[આ અધ્યાયમાં ૪૨ શ્લોકો છે. આ અધ્યાયના સ્તોત્રનું નામ નારાયણકવચ છે. આ સિદ્ધ સ્તોત્ર છે. એનો પાઠ કરતાં ભોગ અને ભગવાન બન્ને મળે છે.]

राजोवाच – येन गुप्तः सहस्राक्षः सवाहान् रिपुसैनिकान् । क्रीडन्निव विनिर्जित्य त्रिलोक्या बुभुजे श्रियम् ॥ १ ॥
भगवंस्तन्ममाख्याहि वर्म नारायणात्मकम् । यथाऽऽततायिनः शत्रून् येन गुप्तोऽजयन्मृधे ॥ २ ॥

પરીક્ષિત રાજાએ પ્રશ્ન કર્યો કે ભગવન્ શુકાચાર્ય ! જે નારાયણકવચથી રક્ષણ પામેલા સહસ્ર નેત્રવાળા રાજા ઈન્દ્રે રમત રમતમાં જ સર્વસ્વનું હરણ કરનારા શત્રુઓની સેનાવાળાઓને યુદ્ધમાં વાહને સહિત જીતી લઈને ત્રૈલોક્યનું રાજ્ય ભોગવ્યું તે નારાયણકવચરૂપ વિદ્યા મને કહો.

શ્રી શુકદેવજી કહે છે, પુરોહિત તરીકે વરાયેલા ત્વષ્ટાના પુત્ર વિશ્વરૂપે પૂછવા ઉપરથી ઈન્દ્રને નારાયણકવચ કહ્યું હતું તે અત્રે એકાગ્ર મન વડે સાંભળો.

श्रीशुक उवाच – धौताङ्घ्रिपाणिराचम्य सपवित्र उदङ्मुखः । कृतस्वाङ्गकरन्यासो मन्त्राभ्यां वाग्यतः शुचिः ॥ ४ ॥
नारायणमयं वर्म सन्नह्येद् भय आगते । पादयोर्जानुनोरूर्वोरुदरे हृद्यथोरसि ॥ ५ ॥
मुखे शिरस्यानुपूर्व्यादोङ्कारादीनि विन्यसेत् । ॐ नमो नारायणायेति विपर्ययमथापि वा ॥ ६ ॥

વિશ્વરૂપ કહે છે કે જ્યારે ભયનો સમય પાસે આવ્યો હોય ત્યારે મનુષ્યે હાથપગ ધઈ, આચમન કરી, દર્ભની બે પવિત્રીઓ ધારણ કરી, ઉત્તર દિશા તરફ મુખ રાખી, અષ્ટાક્ષર અને દ્વાદશાક્ષર મંત્રથી અંગન્યાસ કરી, વાણીને નિયમમાં રાખી, પવિત્રતાથી નારાયણકવચને ધારણ કરવું.

પ્રથમન્યાસ- ॐ नमो नारायणाय આ અષ્ટાક્ષર મંત્રથી કરવા : અંગન્યાસ-ૐ ૐ ૐ પાદયો :- ૐ નં ૐ જાનુનો :- ૐ યોં ૐ ઊર્વોઃ- ૐ નાં ૐ ઉદરે, ૐ રાં ૐ હૃદિ, - ૐ યં ૐ ઉ રસિ, ૐ ણાં ૐ મુખે - ૐ યં ૐ શિરસિ. વિપરીત ન્યાસ એટલે મસ્તકથી ચરણ સુધી કરતા નીચે આવવું : ૐ યં ૐ શરસિ - ૐ ણાં ૐ મુખે -ૐ યં ૐ ઉ રસિ - ૐ રાં ૐ હૃદિ - ૐ નાં ૐ ઉદરે - ૐ મોં ૐ ઉર્વોઃ- ૐ નં ૐ જાનુનો :- ૐ ૐ ૐ પાદયો :

करन्यासं ततः कुर्याद् द्वादशाक्षरविद्यया । प्रणवादियकारान्तमङ्गुल्यङ्गुष्ठपर्वसु ॥ ७ ॥

દ્વિતીયન્યાસ - ૐ नमो भगवते वासुदेवाय આ દ્વાદશાક્ષર મંત્રથી બીજો ન્યાસ કરવો. કરન્યાસ-ૐ ૐ ૐ દક્ષિણતર્જન્યામ્ - ૐ નં ૐ દક્ષિણમધ્યમાયામ્ -ૐ મોં ૐ દક્ષિણાનામિકાયામં- ૐ ભં ૐ દક્ષિણકનિષ્ઠિકાયામ્ ગં ૐ વામ કનિષ્ઠિકાયામ્ ૐ વં ૐ વામાનામિકાયામ્ ૐ તેં ૐ વામ મધ્યમાયામ્ ૐ વાં ૐ વામતર્જન્યામ્ ૐ સું ૐ દક્ષિણાંગુષ્ઠોર્ધ્વપર્વણિ-ૐ દેં ૐ દક્ષિણાંગુષ્ઠાધઃપર્વણિ -ૐ દેં ૐ દક્ષિણાંગુષ્ઠધઃપર્વણિ ૐ વાં ૐ વામાંગુષ્ઠોર્ધ્વપર્વણિ- ૐ યં ૐ વામાંગુષ્ઠાધઃપર્વણિ.

न्यसेद्धृदय ओङ्कारं विकारमनु मूर्धनि । षकारं तु भ्रवोर्मध्ये णकारं शिखया दिशेत् ।। ८ ।।
वेकारं नेत्रयोयुञ्ज्यान्नकारं सर्वसंधिषु । मकारमस्त्रमुद्दिश्य मन्त्रमूर्तिर्भवेद् बुधः ।। ९ ।।
सविसर्गं फडन्तं तत् सर्वदिक्षु विनिर्दिशेत् । ॐ विष्णवे नमः इति ।। १ ।।

તૃતીયન્યાસ : આ ત્રીજો ન્યાસ ૐ विष्णवे नमः એ છ અક્ષરના મંત્રથી કરવો. હ્રદયાદિન્યાસ - ૐ ૐ ૐ હ્રદયે -ૐ વિં ૐ મૂર્દ્ધનિ - ૐ ષં ૐ ભ્રુવો :- ૐ ણં ૐ શિખાયામ્ ૐ વેં ૐ નેત્રયો :- ૐ નં ૐ સર્વાંગુલિસન્ધિષુ - ૐ મં ૐ સર્વ દેહમાં ભગવાનનું ધ્યાન કરવું. ત્યાર પછી મઃ અસ્ત્રાય ફટ્ આ મંત્રથી દિગ્બંધ કરવો. દિગ્બંધ એટલે બીજી આંગળી અને અંગૂઠાની ચપેટી બનાવી માથા ઉપર ચારે બાજુ ફેરવી ચપેટી વગાડવી.

अत्मानं परमं ध्यायेद् ध्येयं षट्शक्तिभिर्युतम् । विद्यातेजस्तपोमूर्तिमिमं मन्त्रमुदाहरेत् ।। ११ ।।

ત્યાર પછી ધ્યાન યોગ્ય છ શક્તિઓવાળા, વિદ્યા, તેજ અને તપસ્વરૂપ એવા પરમાત્માનું ધ્યાન કરીને નીચે પ્રમાણે નારાયણકવચનો પાઠ કરવો.

ॐ हरिर्विदध्यान्मम सर्वरक्षांन्यस्ताङ्घ्रिपद्मः पतगेन्द्रपृष्ठे । दरारिचर्मासिगदेषुचापपाशान् दधानोऽष्टगुणोष्टबाहुः ।। १२ ।।

ગરુડની પીઠ ઉપર ચરણકમળને ધારણ કરનારા, આઠ સિદ્ધિઓવાળા, આઠ બાહુઓવાળા અને તે આઠ બાહુઓ વિષે શંખ, ચક્ર, ઢાલ, તલવાર, ગદા, બાણ, ધનુષ તથા પાશને ધારણ કરનારા શ્રીહરિ મારી સર્વ પ્રકારે રક્ષા કરો.

जलेषु मां रक्षतु मत्स्यमूर्तिर्यादोगणेभ्यो वरुणस्य पाशात् । स्थलेषु मायाबटुवामनोऽव्यात् त्रिविक्रमः खेऽवतु विश्वरुपः ।।१३।।

જલમાં મત્સ્યાવતારધારી ભગવાન જલજંતુઓથી તથા વરુણના પાશથી મારી રક્ષા કરો. માયાથી બટુક બનેલા વામનજી સ્થળમાં મારી રક્ષા કરો. શ્રીવિશ્વરૂપ ત્રિવિક્રમ ભગવાન આકાશમાં મારી રક્ષા કરો.

दुर्गेष्वटव्याजिमुखादिषु प्रभुः पायान्नृसिंहोऽसुरयूथपारिः । विमुञ्चतो यस्य महाट्टहासं दिशो विनेदुर्न्यपतंश्च गर्भाः ।। १४ ।।

અસુરના અધિપતિઓના શત્રુ ભગવાન નૃસિંહ સંકટકારક વનવગડાઓમાં તથા સંગ્રામ વગેરેમાં મારી રક્ષા કરો કે જે નૃસિંહના ખડખડાટ હાસ્યના શબ્દથી દિશાઓ ગાજી ઊઠી હતી અને ગર્ભિણીઓના ગર્ભ પડી ગયા હતા.

रक्षत्वसौ माध्वनि यज्ञकल्पः स्वदंष्ट्रयोन्नीतधरो वराहः रामोऽद्रिकूटेष्वथ विप्रवासे सलक्ष्मणोऽव्याद् भरताग्रजोऽस्मान् ।। १५ ।।

પોતાની દાઢથી પાતાળમાંથી પૃથ્વીનો ઉદ્ધાર કરનારા ભગવાન યજ્ઞમૂર્તિ વરાહ માર્ગમાં મારી રક્ષા કરો; પરશુરામ પર્વતોનાં શિખરોમાં મારી રક્ષા કરો; અને ભરતના વડા ભાઈ રામ તથા લક્ષ્ણ પ્રવાસમાં અમારી રક્ષા કરો.

मामुग्रधर्मादखिलात् प्रमादान्नारायणः पातु नरश्च हासात् । दत्तस्त्वयोगादथः योगनाथः पायाद् गुणेशः कपिलः कर्मबन्धात् ।।१६।।

અભિચારી વગેરે સર્વ ઉગ્ર ધર્મમાંથી તથા પ્રમાદમાંથી નારાયણ ભગવાન મારી રક્ષા કરો. નર ભગવાન ગર્વથી રક્ષા કરો. યોગના સ્વામી દત્તાત્રેય યોગભ્રંશથી મારી રક્ષા કરો. ગુણના સ્વામી કપિલદેવ કર્મના બંધનથી મારી રક્ષા કરો.

सनः कुमारोऽवतु कामदेवाद्धयशीर्षा मां पथि देवहेलनात् । देवर्षिवर्यः पुरुषार्चनान्तरात् कूर्मो हरिर्मां निरयादशेषात् ।।१७।।

१ देवर्षिवर्यः- દેવર્ષિવર્યનો અર્થ શ્રીપૃથુરાજા એવો પણ થાય છે. महिदासस्तु देवर्षिः पातु मां विष्णुरव्ययः એવું વાક્ય પ્રમાણ છે. ૨ अन्तरात् અન્તર શબ્દના વિચ્છેદ-વિઘ્ન અપરાધ એવા ત્રણ અર્થ કર્યા છે મુખ્ય અર્થનો વિચ્છેદ ન થવો જોઈએ ભગવત્સેવા ખંડિત ન થવી જોઈએ એ જ અર્થ લેવો. આમ છતાં સેવામાં થતા ૩૨ અપરાધોમાંથી બચવું જોઈએ. આ બત્રીસ અપરાધો નારદપંચરાત્રમાં છે આ અપરાધો જણવાથી લાભ છે માટે લખ્યા છે. બત્રીસ અપરાધો :

(૧) પગમાં ઉપાન-પાદુકા પહેરી મંદિરના ચોકમાં જવું, (૨) જન્માષ્ટમી વગેરે ઉત્સવો ન કરવા, (૩) ભગવાનના દર્શન સમયે પ્રણામ ન કરવા, (૪) અપવિત્ર દેહે દર્શને જવું, (૫) એક જ હાથે નમસ્કાર કરવા, (૬) ખાલી હાથે પરિક્રમા કરવી. એનો અર્થ જેટલી વખત પરિક્રમા એટલી વખત ભેટ ધરવી, (૭) ઠાકોરજી સામે લાંબા પગ કરી બેસવું, (૮) ઊભા પગ કરી બે હાથની આંટી મારી બેસવું, (૯) સૂઈ જવું (૧૦) ભોજન કરવું, (૧૧) અસત્ય બોલવું, (૧૨) બૂમ પાડી બોલવું, (૧૩) વાત કરવી, (૧૪) ઘાંટા પાડવા, (૧૫) કંકાસ કરવો, (૧૬) કોઈને કલેશ આપવો, (૧૭) આશીર્વાદ આપવા, (૧૯) કઠોર વચન બોલવાં, (૧૯) માથે-મોઢે ઓઢી બેસવું, (૨૦) કોઈની નિંદા કરવી, (૨૧) કોઈની સ્તુતિ કરવી, (૨૨) અશ્લીલ બોલવું, (૨૩) અધોવાયુ છોડવો, (૨૪) શક્તિસમ્પન્ન હોઈએ, તો પણ સામાન્ય સેવા કરવી, (૨૫) અનિવેદિત ભોજન, (૨૬) દરેક માસમાં થયેલાં નવાં ફલ સર્વથી પ્રથમ સેવામાં ન વાપરતાં પોતે લેવાં, (૨૭) અડધું વાપરેલું સેવામાં વાપરવું. અડધું ફળ ધરી બીજા દિવસ માટે અડધું રાખી મૂકવું, (૨૮) પૂંઠ બતાવી બેસવું, (૨૯) અન્યને પ્રણામ (૩૦) ગુરુદેવને સ્તુતિ પ્રણામ કુશલ પ્રશ્ન પૂછવા, (૩૧) પોતાનાં વખાણ, (૩૨) અન્યદેવની નિંદા ૮ થી ૩૨ સુધી ગણાવેલ ક્રિયાઓ ભગવાન સન્મુખ ન કરવી એ અવશ્ય ધ્યાન રાખવું.

સનત્કુમાર કામદેવથી મારી રક્ષા કરો. હયગ્રીવ ભગવાન રસ્તામાંથી જતાં દેવતાઓને પ્રણામ ન કરવારૂપી અપરાધમાંથી મારી રક્ષા કરો, દેવર્ષિશ્રેષ્ઠ મુનિ નારદ ભગવાનની પૂજામાં જે કાઈ વિઘ્ન નડે, તેમાંથી મારી રક્ષા કરો અને કૂર્માવતાર શ્રીહરિ સર્વ પ્રકારના નરકમાંથી મારી રક્ષા કરો.

धन्वन्तरिर्भगवान् पात्वपथ्याद् द्वन्द्वाद् भयादृषभो निर्जितात्मा । यज्ञश्च लोकादवताज्जनान्ताद् बलो गणात् क्रोधवशादहीन्द्रः ।१८।

ભગવાન ધન્વંતરિ કુપથ્યમાંથી મારી રક્ષા કરો. જિતેન્દ્રિય ભગવાન ઋષભદેવ કામક્રોધાદિકના ભયમાંથી મારી રક્ષા કરો. યજ્ઞાવતારી ભગવાન લોકાપવાદથી મારી રક્ષા કરો. બળભદ્ર મનુષ્ય તરફથી થનારા ઉપદ્રવોમાંથી રક્ષા કરો. અને શેષનાગ ક્રોધાવેશ નામના સર્પગણોથી મારી રક્ષા કરો.

द्वैपायनो भगवानप्रबोधाद् बुद्धस्तु पाखण्डगणात् प्रमादात् । कल्किः कलेः कालमलात्प्रपातु धर्मावनायोरुकृतावतारः ॥ १९ ॥

ભગવાન વેદવ્યાસ અજ્ઞાનથી મારી રક્ષા કરો. ભગવાન બુદ્ધ પ્રમાદવાળાં પાખંડીઓનાં ટોળાંથી મારી રક્ષા કરો. ધર્મની રક્ષા કરવા માટે અવતાર લેનાર ભગવાન કલ્કિ કાળના મળરૂપ કળિયુગથી મારી રક્ષા કરો.

मां केशवो गदया प्रातरव्याद् गोविन्द आसङ्गवमात्तवेणुः । नारायणः प्राह्ण उदात्तशक्तिर्मध्यन्दिनं विष्णुररीन्द्रपाणिः ॥ २० ॥

કેશવ ભગવાન પ્રભાતમાં ગદાથી મારી રક્ષા કરો. વેણુધર ભગવાન ગોવિંદ આ સંકટ કાળમાં મારી રક્ષા કરો. ઉદાત્તશક્તિ નારાયણ ભગવાન પ્રાહ્ણકાળમાં મારી રક્ષા કરો. અને ચક્રધારી ભગવાન વિષ્ણુ મધ્યાહ્ન કાળમાં મારી રક્ષા કરો.

देवोऽपराह्णे मधुहोग्रधन्वा सायं त्रिधामावतु माधवो माम् । दोषे हृषीकेश उतार्धरात्रे निशीथ एकोऽवतु पद्मनाभः ॥ २१ ॥

મધુ દૈત્યને મારનારા ઉગ્ર ધનુર્ધારી ભગવાન ત્રીજા પહોરમાં મારી રક્ષા કરો. બ્રહ્મા, વિષ્ણુ તથા રુદ્ર એ ત્રણ મૂર્તિવાળા ભગવાન માધવ સાયંકાળમાં મારી રક્ષા કરો. ઈન્દ્રિયોના સ્વામી હૃષીકેશ ભગવાન પ્રદોષકાળમાં મારી રક્ષા કરો. પદ્મનાભ ભગવાન કેવળ એક અર્ધરાતથી પહેલા કાળમાં અને અર્ધરાતે મારી રક્ષા કરો.

श्रीवत्सधामापररात्र ईशः प्रत्यूष ईशोऽसिधरो जनार्दनः । दामोदरोऽव्यादनुसंध्यं प्रभाते विश्वेश्वरो भगवान् कालमूर्तिः ॥ २२ ॥

શ્રીવત્સનું જેને ચિહ્ન છે એવા ઈશ પાછલી રાત્રે મારી રક્ષા કરો. તરવારધારી ભગવાન જનાર્દન મળસકામાં મારી રક્ષા કરો. દામોદર ભગવાન સંપૂર્ણ સંધ્યાઓમાં મારી રક્ષા કરો. કાળમૂર્તિ ભગવાન વિશ્વેશ્વર સૂર્યોદય પહેલાંના કાળમાં મારી રક્ષા કરો.

चक्रं युगान्तानलतिग्मनेमि भ्रमत् समन्ताद् भगवत्सयुक्तम् । दन्दग्धि दन्दग्ध्यरिसैन्यमाशु कक्षं यथा वातसखो हुताशः ॥ २३ ॥

હે પ્રલયસમયના અગ્નિ જેવી તીક્ષ્ણ ધારવાળા ચક્ર ! ભગવાનથી મૂકવામાં આવે તો ચારે તરફ ફરીને અગ્નિ જેમ

ખડની ગંજીને તુરત બાળી નાંખે તેમ શત્રુના સૈન્યને તુરત બાળી નાંખો.

गदेऽशनिस्पर्शनविस्फुलिनङ्गे निष्पिण्ढि निष्पिण्ढ्यजितप्रियासि । कूष्माण्डवैनायकयक्षरक्षोभूतग्रहांश्चूर्णय चूर्णयारीन् ॥ २४ ॥

હે વજ્રના જેવા તીક્ષ્ણ સ્પર્શવાળા તણખાઓથી ભરેલી ગદા ! તમે ભગવાનને વહાલી છો. તમે કૂષ્માંડ; યક્ષ, રાક્ષસ, ભૂત તથા ગ્રહોને ભૂકો કરી નાખી તથા શત્રુઓના ચૂરેચૂરા કરી નાખો.

ये यातुधानप्रमथप्रतमातृपिशाचविप्रग्रहघोरद्रष्टीन् । दरेन्द्र विद्रावय कृष्णपूरितो भीमस्वनोऽरेर्हृदयानि कम्पयन् ॥ २५ ॥

હે પાંચજન્ય શંખરાજ ! શ્રીકૃષ્ણ ભગવાને ફૂંકવાથી મહાભયંકર શબ્દ કરીને તેમના શત્રુઓના હૃદયને કંપાવતા રાક્ષસો, પ્રમથો, પ્રેતગણ, માતૃકાગણ, પિશાચ, બ્રહ્મરાક્ષસ તથા બીજા ઘોર દૃષ્ટિવાળાઓને નસાડી મૂકો.

त्वं तिग्मधारासिवरारिसैन्यमीशप्रयुक्तो मम छिन्धि छिन्धि । चक्षूंषि चर्मञ्छतचन्द्र छादय द्विषामघोनां हर पापचक्षुषाम् ॥ २६ ॥

હે તીક્ષ્ણ ધારવાળી તલવાર! તમે ભગવાનના હસ્ત દ્વારા પ્રેરાઈ મારા શત્રુઓના સૈન્યને કાપી નાખો. હે ચન્દ્રના જેવી સો ફૂદડીવાળી ઢાલ ! તમે શત્રુઓની આંખોને ઢાંકી દે તથા તું પાપી નજરવાળાઓની પાપી દૃષ્ટિ હરી લે.

यन्नो भयं ग्रहेभ्योऽभूत् केतुभ्यो नृभ्य एव च । सरीसृपेभ्यो दंनिष्ट्रभ्यो भूतेभ्योऽहोभ्य एव वा ॥ २७ ॥

सर्वाण्येतानि भगवन्नामरूपास्त्रकीर्तनात् । प्रयान्तु संक्षयं सद्यो ये नः श्रेयःप्रतीपकाः ॥ २८ ॥

અમને ગ્રહોથી, કેતુઓથી, મનુષ્યોથી, સર્પોથી, દાઢવાળાં પ્રાણીઓથી તથા પાપોથી જે ભય થાય છે તે સૌ તથા જેઓ અમારા સુખમાં વિઘ્ન કરનારાં છે તે સર્વે ભગવાનના નામરૂપી અસ્ત્રના કીર્તનથી તુરત જ ભય પામો.

गरुडो भगवान् स्तोत्रस्तोमश्छन्दोमयः प्रभुः । रक्षत्वशेषकृच्छ्रेनभ्यो विष्वनसेनः स्वनाममिः ॥ २९ ॥

બૃહદ્રથંતર વગેરે સામનાં સ્તોત્રોથી સ્તુતિ કરાતા વેદમય તથા સમર્થ ગરુડ ભગવાન સર્વ સંકટોમાંથી મારી રક્ષા કરો તથા વિશ્વક્સેન ભગવાન પણ પોતાનાં નામો લેવા વડે સર્વ સંકટોમાંથી મારી રક્ષા કરો.

सर्वापद्भ्यो हरेर्नामरूपयानायुधानि नः । बुद्धीन्द्रियमनःप्राणान् पान्तु पार्षदभूषणाः ॥ ३० ॥

શ્રીહરિના નામ, રૂપ, વાહન અને આયુધો, સર્વ આપત્તિઓમાંથી અમારી રક્ષા કરો. ભગવાનના મુખ્ય પાર્ષદો અમારાં બુદ્ધિ, ઈન્દ્રિય, મન, તથા પ્રાણની રક્ષા કરો.

यथा हि भगवानेव वस्तुतः सदसच्चयत् । सत्येनानेन नः सर्वे यान्तु नाशमुपद्रवाः ॥ ३१ ॥

આ સાકાર, નિરાકાર જે કંઈ જગત છે સર્વ ભગવાનનું જ સ્વરૂપ છે આ સત્યથી મારા સર્વ ઉપદ્રવો નાશ પામો.

यथैकात्म्यानुभावानां विकल्परहितः स्वयम् । भूषणायुधलिङ्गाख्या धत्ते शक्तिः स्वमायया ॥ ३२ ॥

तेनैव सत्यमानेन सर्वज्ञो भगवान् हरिः पातु सर्वैः स्वरूपैर्नः सदा सर्वत्र सर्वगः ॥ ३३ ॥

અભેદ દૃષ્ટિવાળા મનુષ્યોને ભગવાન પોતે ભેદરહિત જોવામાં આવે છે તો પણ તે પોતાની માયાથી આભૂષણો, આયુધો તથા ચિહ્ન નામની શક્તિઓને ધારણ કરે છે. તે સત્ય પ્રમાણ વડે જ સર્વજ્ઞ તથા સર્વવ્યાપક ભગવાન શ્રીહરિ સર્વ પ્રકારનાં રૂપો વડે સર્વદા અમારી રક્ષા કરો.

विदिक्षु दिक्षूर्ध्वमधः समन्तादन्तर्बहिर्भगवान् नारसिंहः । प्रहापयँल्लोकभयं स्वनेन स्वतेजसा ग्रस्तसमस्ततेजाः ॥ ३४ ॥

નામની ગર્જનાથી લોકોના ભયનો નાશ કરનાર તથા પોતાના પ્રભાવથી દિગ્ગજ, ઝેર, શસ્ત્ર, પાણી, વાયુ, અગ્નિ વેગેરેના પ્રભાવે ગળી જનારા નરસિંહ ભગવાન દિશાઓમાં, ખૂણામાં ઊંચે, નીચે, અંદર, બહાર તથા ચોતરફ અમારી રક્ષા કરો.

मधवन्निदमाख्यातं वर्म नारायणात्मकम् । विजेष्यस्यञ्जसा येन दंशितोऽसुरयूथपान् ॥ ३५ ॥

વિશ્વરૂપ કહે છે હે ઈન્દ્ર ! આ નારાયણકવચ (નામનું સ્તોત્ર) તમારી આગળ કહ્યું જે ધારણ કરવાથી તમે શ્રમ વિના અસુરોના અધિપતિઓને જીતશો.

एतद् धारयमाणस्तु यं यं पश्यति चक्षुषा । पदा वा संस्पृशेत सद्यः साध्वसात् स विमुच्यते ॥ ३६ ॥

આ નારાયણકવચને ધારણ કરનારો મનુષ્ય નેત્રથી જેના તરફ જુએ અથવા તો પગ વડે જેને જેને અડકે તે તુરત ભયમાંથી છૂટે છે.

न कुतश्चिद्भदयं तस्य विद्यां धारयतो भवेत् । राजदस्युग्रहादिभ्यो व्याघ्रादिभ्यश्च कर्हिचित् ॥ ३७ ॥

આ નારાયણકવચની વિદ્યાને ભણનારા પુરુષને કોઈ દિવસ રાજાઓ તરફથી, ચોર તરફથી, ગ્રહાદિક, તરફથી વ્યાઘ, આદિ તરફથી તથા બીજા કોઈ તરફથી ભય રહેતો નથી.

इमां विद्यांपुरा कश्चित् कौशिको धारयन् द्विजः । योगधारणया स्वाङगं जहौ स मरुधन्वनि ॥ ३८ ॥

પૂર્વે કોઈ એક કૌશિક ગોત્રના બ્રાહ્મણે આ વિદ્યા સિદ્ધ કરી હતી અને તેણે યોગબળથી નિર્જળ દેશમાં (મારવાડમાં) પોતાના દેહનો ત્યાગ કર્યો હતો.

तस्योपरि विमानेन गन्धर्वपतिरेकदा । ययौ चित्ररथः स्त्रीभिर्वृतो यत्र द्विजक्षयः ॥ ३९ ॥
गगनाभ्यपतत् सद्यः सविमानो ह्यवाक्शिशः ।
स वालखिल्यवचनादस्थीन्यादाय विस्मितः । प्रास्य प्राचीसरस्वत्यां स्नात्वा धाम स्वमन्वगात् ॥ ४० ॥

ત્યાર પછી એક વખતે સ્ત્રીઓથી વીંટાએલો ગંધર્વોનો રાજા ચિત્રરથ વિમાનમાં બેસીને આકાશમાર્ગે ફરતો ફરતો જ્યાં આગળ પેલો બ્રાહ્મણ મરી ગયો હતો, તે સ્થાન ઉપર જેવો આવ્યો કે તે તુરત જ વિમાન સાથે ઊંધે માથે આકાશમાંથી નીચે પડ્યો. ત્યાર પછી તેણે પૂછતાં વાલખિલ્ય ઋષિએ તે વિદ્યાની વાત કહી અને તે મુનિના કહેવા ઉપરથી તેણે તેનાં હાડકાં લઈને પ્રાચી સરસ્વતીમાં નાખ્યાં અને તેમાં સ્નાન કરીને મનમાં આશ્ચર્ય પામતો તે પોતાના લોકમાં ગયો.

श्रीशुक उवाच – य इदं शृणुयात् काले यो धारयति चाहतः । तं नमस्यन्ति भूतानि मुच्यते सर्वतो भयात् ॥ ४१ ॥

શ્રી શુકદેવજી કહે છે હે પરિક્ષીત ! જે મનુષ્ય આદર સાથે આ નારાયણકવચને બરાબર સમયે સાંભળે છે અથવા તો કંઠે કરે છે તેને સર્વ પ્રાણીઓ નમે છે અને તે સર્વ ભયમાંથી મુક્ત થાય છે.

एतां विद्यामधिगतो विश्वरूपाच्छतक्रतुः । त्रैलोक्यलक्ष्मीं बुभुजे विनिर्जित्य मृघेऽसुरान् ॥ ४२ ॥

ઈન્દ્રે વિશ્વરૂપ પાસેથી આ નારાંયણકવચ ભણી રણમાં અસુરોને જીતી લઈને રાજલક્ષ્મી ભોગવી હતી. ૪૨

અધ્યાય ૮મો સમાપ્ત

અધ્યાય ૯મો

[આ અધ્યાયમાં ૫૫ શ્લોક છે. અન્નભોજનથી મનુષ્યદેવોના આચાર્યથી દેવ, દૈત્યાનુરાગથી દૈત્ય આવાં વિશ્વરૂપનાં ત્રણ સ્વરૂપો આમાં જોવા મળશે. વિશ્વરૂપ મર્યાદા પુષ્ટિમાં અને યવાસુર પુષ્ટિ પુષ્ટિમાં એટલું બન્ને વચ્ચે અંતર છે ત્વષ્ટાથી વૃત્રાસુરની ઉત્પત્તિ વર્ણવશે.]

વૃત્રાસુરની ઉત્પત્તિ

श्रीशुक उवाच – तस्यासन् विश्वरूपस्य शिरांसि त्रीणि भारत । सोमपीथं सुरापीथमन्नादमिति शुश्रुम ॥ १ ॥

શ્રી શુકાચાર્યજી બોલ્યા કે રાજન્ ભારત ! વિશ્વરૂપને ત્રણ મસ્તક હતાં. આ ત્રણમાંથી એકથી સોમપાન કરતા, બીજાથી સુરાપાન કરતા અને ત્રીજાથી અન્ન ખાતા એવી વાત અમે સાંભળી છે.ત્વષ્ટા વગેરે બાર આદિત્યો દેવો વિશ્વરૂપના પિતૃઓ પૂજ્ય હતા. વિશ્વરૂપજી યજ્ઞમાં દેવોને ભાગ ઉચ્ચ સ્વરે મંત્રો બોલી પ્રત્યક્ષ રીતે વિનય સહિત અર્પતા હતા.પરંતુ વિશ્વરૂપનો આ અધર્મનામનો અપરાધ જોયો ઈન્દ્રને દૈત્યોનો ભય લાગ્યો. એથી ઈન્દ્રને ક્રોધ થયો અને વિશ્વરૂપનાં ત્રણ માથાં કાપી નાખ્યાં.

સોમપાન કરનારા વિશ્વરૂપના મસ્તકમાંથી કપિંજલ પક્ષી થયો. સુરાપાન કરનારા મસ્તકમથી કલવિંક પક્ષી થયો અને અન્નભક્ષણ કરનારા મસ્તકમાંથી તેતર પક્ષી થયો. વિશ્વરૂપના વધખી થયેલ બ્રહ્મહત્યાનું નિવારણ કરવા સમર્થ છતાં ઈન્દ્રે એક વર્ષ પર્યન્ત તે બ્રહ્મહત્યા ધારણ કરી રાખી અને વર્ષ પૂર્ણ થયા પછી લોકાપવાદ દૂર કરવા માટે બ્રહ્મહત્યાના ચાર ભાગ કરી પૃથ્વીએ લીધો. ત્યારે શરત કરી કે મારામાં જે ખાડો પડે તે ખાતરથી તેમજ આપ મેળે જ પૂરાઈ જાય.

તેથી કેવલ ક્ષાર ભૂમિ હોય ત્યાં તે જમીનમાં બ્રહ્મહત્યાનું સ્વરૂપ દેખાય છે. બ્રહ્મહત્યાનો બીજો ભાગ વૃક્ષોએ લીધો ત્યારે એવી શરત થઈ કે અમે કપાઈએ છતાં ફૂટી નીકળીએ અને ઊગીએ. આ વૃક્ષોમાં જે ગુંદર છે તે બ્રહ્મહત્યાનું સ્વરૂપ છે.

બ્રહ્મહત્યાનો ત્રીજો ભાગ સ્ત્રીઓએ લીધો. તે પણ એવી શરતે કે પ્રસવ પર્યન્ત સંભોગની ક્ષમતા રહે પણ ગર્ભને કશી આંચ ન આવે. પ્રતિમાસ રજોદર્શન થાય છે તે સ્ત્રીઓમાં બ્રહ્મહત્યાનું સ્વરૂપ દેખાય છે. બ્રહ્મહત્યાનો ચોથો ભાગ પાણીએ લીધો. તે એવી શરતે કે અમારાં જલ કૂવાઓમાંથી ઉલેચાય તો પણ પાછાં તેટલાં જ ભરાઈ જઈએ. જલમાં પરપોટા અને ફીણ દેખાય છે તે બ્રહ્મહત્યાનું સ્વરૂપ છે.

સ્વરભૂલથી સ્વનાશ થયો

રાજા ઈન્દ્રે, પોતાના પુત્ર વિશ્વરૂપનો નાશ કર્યો તેથી ક્રોધે ભરાઈ ત્વષ્ટા મુનિએ ઈન્દ્રનો નાશ થાય માટે "ઈન્દ્ર શત્રુ ઈન્દ્રશત્રો વિવિર્ધસ્વ" ઈન્દ્રનો નાશક શત્રુ ઉત્પન્ન થાવ અને વધો એવા અર્થનો મંત્ર બોલ્યા પરંતુ આ મંત્ર બોલતી વખતે શત્રો !!! એ શબ્દ ખૂબ જ લંબાવીને બોલવો જોઈએ. એ સ્વર ઉદાત્ત થવો જોઈએ તો ઈન્દ્રનો શત્રુ એવો પષ્ઠી તત્પુરુષ સમાસ થાય. જે યજ્ઞમાંથી પુરુષ ઉત્પન્ન થાય તે ઈન્દ્રનો નાશ કરે. પરંતુ ત્વષ્ટાને ભગવાને ભૂલાવ્યા. અને ઈન્દ્ર!!! શબ્દ ઉપર ભાર મૂક્યો અને ઈન્દ્ર શબ્દ પ્લુત બની ગયો તેના ફલરૂપે વૃત્રાસુરને મારશે. આ પ્રમાણે થયેલા હોમના પ્રભાવે દક્ષિણાગ્નિમાંથી પ્રલયકાલના લોકોના કાલ જેવો ભયંકર સ્વરૂપવાળો પુરુષ ઊભો થયો. ધનુષ્યમાંથી ફેંકેલા બાણ જેટલા હાથ દૂર પડે તેટલા હાથ રોજ રોજ ચારે તરફ તે સરાય શરીરે વધવા લાગ્યો. તે પર્વત જેવો કાળો હતો. સંધ્યા સમયનાં અનેક વાદળાં જેવું તેનુંતેજ હતું. મૂછો અને મસ્તકની કેશલટો તપાવેલા ત્રાંબા જેવી લાલ હતી. આંખો મધ્યાહ્ન કાળના સૂર્ય જેવી આકરી હતી. ખૂબ જ તેજવાળાં ત્રણ પાંખડિયા ત્રિશૂળમાં જાણે પૃથ્વી અને અંતરિક્ષને પરોવી લઈ ચાલતો હોય તેમ લાગતું હતું. નૃત્ય કરતો, ગર્જના કરતો, પગથી ધરણીને ધ્રુજાવી નાખતો હતો. ગુફા જેવા પહોળા અને ઊંડા મુખથી જાણે આકાશને પી જતો હોય, જીભથી નક્ષત્રોને ચાટતો હોય અને તીક્ષ્ણ દાઢોથી ત્રૈલોક્યને ગળી જતો હોય એવો લાગતો હતો. એ પ્રમાણે વારંવાર બગાસાં ખાતા એ પુરુષને જોઈને ત્રાસ પામેલા સર્વ લોકો દશે દિશાઓમાં નાસભાગ કરવા લાગ્યા. ત્વષ્ટાના પુત્ર નામના અંધકારે સમગ્ર લોકોને આવરી લીધા તેથી તો તે અત્યંત ક્રૂર અને પાપી પુરુષનું નામ વૃત્રાસુર પડી ગયું.

સમર્થ દેવોએ સૈન્યો સાથે વૃત્રાસુર ઉપર આક્રમણ કરી પ્રત્યેક દેવે પોતાનાં દિવ્ય અસ્ત્ર અને શસ્ત્રોના સમૂહથી વૃત્રનો વધ કરવા માંડ્યા પણ તે વૃત્રાસુર એ સમસ્ત અસ્ત્ર અને શસ્ત્રોને ગળી ગયો. ત્યારે વિસ્મિત થેયલા, ખિન્ન થયેલા અને નિસ્તેજ બનેલા સમસ્ત દેવતાઓ એકાગ્ર ચિત્તથી ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા.

સપ્ત શ્લોકમાં સ્તુતિ

વૃત્રાસુરથી હારી થાકી દેવો સ્તુતિ કરવા લાગ્યા-વાયુ, આકાશ, અગ્નિ, જલ, પૃથ્વી, ત્રણ લોક, બ્રહ્માદિક અને અમે સર્વ દેવો જે કાલના વેગથી ડરી એની આજ્ઞા પ્રમાણે ચાલી એની અર્ચના કરીએ છીએ તે કાલ પણ આપનાથી ડરે છે તો હે સમર્થ પરમેશ્વર ! અને આપને જ ભજીએ છીએ. આપ જ રક્ષક બનો. અહંકારશૂન્ય અથવા આશ્ચર્ય વિનાના શાન્ત સ્વરૂપની પ્રાપ્તિથી પૂર્ણકામ અને ઉપાધિથી પર પરમેશ્વરને ત્યજીને જે જન અલ્પ અન્ય જનોનો આશ્રય લે છે તે તો બુદ્ધિ રહિત થઈ શ્વાનનું પુચ્છ પકડી સાગર તરવા ઈચ્છે છે. ભગવન્ ! સત્યવ્રત મનુ મત્સ્યસ્વરૂપ આપના ઘણા મોટા શીંગડામાં પૃથ્વીરૂપ વહાણને બાંધીને સુખેથી સંકટ તરી ગયા હતા તે મત્સ્યાવતાર ભગવાનનો અમે આશ્રય લઈએ છીએ. આપ મત્સ્ય ભગવાન આ વૃત્રાસુરના અપાર ભયથી અમારી અવશ્ય કરો.

પૂર્વે ભયંકર પવનના સપાટાથી ઉઠેલા તરંગોના શબ્દોથી વિકરાળ પ્રલયના જલમાં રહેલા એક કમલ ઉપર એકલા પડેલા બ્રહ્મા અકળાતા હતા ત્યારે જે નાથની સહાયતાથીસંકટમુક્ત થયા તે કૃપાનાથ આ સંકટમાંથી અમને મુક્ત કરો.

જે ભગવાને પોતાની માયા નામની શક્તિથી કોઈનો પણ આશ્રય લીધા વિના અમને ઉત્પન્ન કર્યા છે ; જે નાથના અનુગ્રહથી અમે જગતને રચીએ છીએ; જે પ્રભુ સર્વથી પ્રથમ જ અંતર્યામીપણે કામ કરે છે તો પણ અમે ભિન્નભિન્નપણે સ્વામીપણાનું અભિમાન ધરાવીએ છીએ પરંતુ ભગવાનના સ્વરૂપને જાણતા નથી, જે પ્રભુ પ્રત્યેક યુગમાં સ્વયં નિત્ય છે છતાં દેવ, ઋષિ, પશુ, પક્ષી તથા મનુષ્યોમાં પોતાની શક્તિથી અવતારો સ્વીકારી અવતારો દ્વારા અમને પોતાના માની શત્રુઓની સદાય રક્ષા કરે છે ; વળી જે કૃપાનાથ અમારા આત્મારૂપ ઈષ્ટદેવ, સર્વરૂપ સર્વથી અન્ય, સર્વના પરમ કારણરૂપ, પ્રધાનપુરુષરૂપ અને શરણાગતનું રક્ષણ

ભગવન્ મધુસૂદન ! આપનો મહિમાં તો અમૃતરસનો મહાસાગર છે. આ અમૃતબિંદુનો અરે આ અમૃતબિંદુ કણનો વધારે નહીં કેવલ એકવાર સ્વાદ ચાખનારના હૃદયમાં પરમ આનન્દની અખંડ ધારા વહે છે. આમૃત કણના અખંડ આસ્વાદે આ લોકનાં વિષયસુખો તેમજ પરલોકનાં પણ ક્ષુલ્લક અને અલ્પ વિષયસુખોને વિસરાવી દીધાં છે. આવા ભગવાનના અનન્ય આશ્રયવાળા પરમ ભાગવતોનાં મન તો પ્રાણીમાત્રના આત્મા, સુહૃદ-પ્રિય ભગવાનમાં નિરંતર અત્યંત આનંદથી તરબોળ બનીને જ બેઠેલાં હોય છે. હે ભગવન્ ! આવી દિવ્ય ભૂમિમાં ડૂબેલા સાધુજનો તો પોતાનો સાચો સ્વાર્થ શ્રીહરિચરણની સેવા જ છે એવું સમજનાર ખૂબ જ કુશળ હોય છે. વળી આવા ભક્તો તો આપના આત્મા જેવા પ્રિય છે તેમ જ આપ એમના સુહૃદ એટલે હિતૈષી છો તેવા પુરુષો આપની સેવાનેકેમ વિસારી મૂકે કારણ કે આ સેવાપથમાં સંસારનાંપુનરાવર્તન નથી હોતાં હે ત્રણે લોક ઉપર કૃપાદૃષ્ટિ રાખનાર ત્રિનયન ! નાથ ! આ ત્રિભુવન આપનું જ સ્વરૂપ છે અને ત્રિભુવન આપનું નિવાસ ધામ છે. હે ત્રિવિક્રમ ! ત્રણે લોક માટે મનોહર લીલા કરનાર ! હે દંડધર નાથ ! આપને નિવેદન શું કરીએ ?દૈત્ય-દાનવ-દેવ કે માનવ કોઈ પણ આપની જ વિભૂતિઓ છે એમાં લેશ પણ સંદેહ નથી. નાથ, આમ છતાં દૈત્ય-દાનવોના ઉપદ્રવનો આ સમય નથી આવ્યો. જળચરોના અવતાર ધરી આપે પૂર્વે જેમ તેઓને દંડ દીધા છે તેવી રીતે હમણાં પણ જો આપની ઈચ્છા હોય તો આ વૃત્રાસુરને આપ દંડ કરો, ભલે તે દેહાંતદંડ હોય કે જે કોઈ દંડ હોય

હે તાત ! હે પિતામહ ! હે નિર્દોષ નાથ ! અમે તો આપનાં સંતાન છીએ, આપના જ છીએ, અમે તો આપના ચરણકમલોનું ધ્યાન કરીએ છીએ. આપના ચરણસરોજમાં નમસ્કાર કરી છીએ. અમે તો ચરણારવિંદના ધ્યાનથી જ બંધાયેલી સાંકળવાળા છીએ. કૃપા કરીને આપે અમારે માટે દિવ્ય ગુણોથી આપના ચરણો સાથે અન્તઃકરણોના તાપને દયા સહિત સ્વચ્છ, સુંદર અને શીતલ પરિપૂર્ણ દિવ્ય શ્રીવિગ્રહ ધારણ કરી અમને આપે આપના બનાવ્યા છે. નાથ ! કરબદ્ધ એક યાચના છે કે અમારાં હાસ્યપૂર્વક અવલોકનથી તથા મુખમાંથી નીતરતા મધુર રસવાળી વાણીરૂપ અમૃતની કળાથી શમાવજો.

હે નાથ ! હે ભગવન્ ! અમે આપની પાસે નિવેદન પણ શું કરીએ ? અગ્નિના તણખાઓની અગ્નિને પ્રકાશાવનારી કોઈ શક્તિ સંભવે ખરી ? નાથ ! આપે તો સર્વ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયકાળમાં નિમિત્તરૂપ બનતી દિવ્ય માયાથી વિનોદ કરનાર છો. સમસ્ત જીવના સમૂહોના અન્તઃકરણોમાં બ્રહ્મસ્વરૂપે અને બહાર પ્રવૃત્તિ સ્વરૂપે સર્વના મૂળ કારણપણાનેલીધે દેશ કાળ તથા દેહની અવસ્થાઓનો અનુભવ કરનારા છો. આ ઉપરાંત બુદ્ધિ વગેરે સમસ્ત પદાર્થોના સાક્ષી છો, નિરંજન સ્વરૂપ છો, પરમાત્મા છો તેમજ પરબ્રહ્મ છો એમની પાસે અમારે કાંઈ કહેવાનું હોય જ નહીં. ભગવન્ ! અમે આપને કંઈક દુઃખોનું નિવેદન કરીએ પછી તેને અનુરૂપ કાંઈ કાર્ય કરો એવી અપેક્ષા ન રાખતાં અમે જે આશાથી આપ પરમ ગુરુશ્રીની પાસે આવ્યા છીએ તે પૂર્ણ કરો. ભગવન્ ! આપશ્રીના ચરણો હજારો પાંખડીવાળા કમળ જેવા કોમલ છે અને એની જ છાયામાંઆવ્યા છીએ. આપનાં ચરણોની છાયા શરણાગતોનાં અનેક પ્રકારનાં દુઃખોથી થતાં સંસારના પરિશ્રમને મટાડનારી છે. હે પરમેશ્વર ! ત્રૈલોક્યને ગળી જતા આ વૃત્રાસુરને તત્ક્ષણ મારો કારણ કે તે અમારાં તેજ, અસ્ત્ર અને શસ્ત્રોને ગળી ગયો છે.

हंसाय दह्निलयाय निरीक्षकाय कृष्णाय मृष्टयशसे निरुपक्रमाय। सत्संग्रहाय भवपान्थनिजाश्रमाप्तावन्ते परीष्टगतये हरये नमस्ते॥

દેવો વૃત્રાસુરવધની વિનંતિ કરી નવધાભક્તિના પ્રતીક સ્વરૂપે ભગવાન શ્રીકૃષ્ણને આ શ્લોકમાં નવ વિશેષણોથી નમસ્કાર કરતાં કહી રહ્યા છે કે હંસસ્વરૂપને નમસ્કાર, ભક્તહૃદયાકાશનિવાસીને નમસ્કાર, સર્વ જનની બુદ્ધિના સાક્ષી નિરીક્ષકને નમસ્કાર, શ્રીકૃષ્ણને નમસ્કાર, સત્ય, આનંદરૂપ, મનોહર કીર્તિવાળા અનાદિ મધુરયશસ્વીને નમસ્કાર, વિનાશ્રમે ભક્તજનના કલેશને હરનારને નમસ્કાર, ભવપાન્થનો પથિક આપના ચરણના આશ્રયે આવે ત્યારે તેને અંતે ઉત્તમ ફળરૂપ આપ જ ગતિ બનો છો તેવા અન્તિમ ગતિરૂપ આપને નમસ્કાર,શ્રીહરિને નમસ્કાર કરે છે તે પરમેશ્વરને અમે સર્વ દેવો શરણે જઈએ છીએ તે મહાત્મા પરમાત્મા અમારું કલ્યાણ કરશે. શ્રી શુકદેવજીએ કહ્યું, રાજન્ ! આ પ્રમાણે દેવોએ સ્તુતિ કરી ત્યારે શંખ, ચક્ર અને ગદાને ધરનાર ભગવાને પશ્ચિમ દિશામાં પ્રકટ થઈ દર્શન દીધાં. શ્રીવત્સ અનેકૌસ્તુભમણિ વિના સર્વ શૃંગાર, વસ્ત્રાભૂષણો ભગવાનનાં સરખાં જ હતાં. નંદ, સુનંદ આદિ સોળ પાર્ષદો એ ભગવાનનીસેવા માટે વીંટળાઈ ઊભા હતા. શરદઋતુમાં વિકસેલા કમલ સમાન નયનકમળવાળા ભગવાનના દર્શનના આનંદથી વિહ્વળ બનેલા બધા જ દેવોએ ધરણી ઉપર દંડવત્ પ્રમામ કર્યા. અને થોડા સમય પછી ધીમેથી ઊભા થઈ સ્તુતિ કરવા લાગ્યા.

પ્રભુદર્શન પછી ૧૫ શ્લોકોમાં પુનઃ સ્તુતિ

પ્રભુદર્શન કરી પુનઃ સ્તુતિ કરતા દેવો બોલ્યા : હે યજ્ઞનું ફલદાન આપવામાં સમર્થ, કાળસ્વરૂપ અમારા શત્રુઓ ઉપર ચક્ર ફેંકનાર અને મધુર સુંદર અસંખ્ય નામવાળા નાથ ! આપને અમે વારંવાર નમસ્કાર કરીએ છીએ. હે ભગવન્ ! આપનું વૈકુંઠધામ દેવલોક-પિતૃલોક નક્ષત્રાદિ લોકની ગતિઓથી પર છે. આપના તે સ્થાનને કોઈપણ જાણી શકતો નથી. હે ભગવન્ ! હે નારાયણ ! હે વાસુદેવ ! હે આદિપુરુષ ! હે મહાપુરુષ ! આપનો યશઃ અપાર છે, હે નાથ, આપ પરમ મંગલ છો, પરમ કલ્યાણમય છો, પરમ કરુણાસિંધુ છો, સર્વ વિશ્વના આપ જ આશ્રય છો, આપ એક જ છો, અટલ, અદ્વિતીય છો. આપ વિશ્વના સ્વામી છો, આપ જ લક્ષ્મીનાથ છો. હે ભગવન્ !પરમહંસ, પરિવ્રાજક, પરમ વિરક્ત મહાત્મા પુરુષો જ્યારે પોતાના મન, આત્મા, ઈન્દ્રિયોના સંયમ નામની સમાધિ દ્વારા ખૂબ જ વ્યવસ્થિત રીતે આપનું ચિંતન કરે છે ત્યારે તેમના અંતરના અજ્ઞાનરૂપ દરવાજા આપોઆપ ખૂલી જાય છે. ત્યારે તેઓના અન્તઃકરણમાં આપ આત્માનંદ સ્વરૂપે આવરણ વિના પ્રકટો છો તે અવસરે તે વિરક્તો આપના આનંદ સ્વરૂપનો અનુભવ કરી ન્યાલ થઈ જાય છે એવા ભગવાનને વારંવાર નમસ્કાર.

ભગવન્ ! આપની લીલા અપાર છે એના પ્રકાર પણ અજ્ઞેય અને અપાર છે. આપ તો સર્વના આશ્રય એટલે આશ્રય રહિત, શરીર રહિત અને નિર્ગુણ સ્વરૂપ છો. આપને અમારી સહાયતાની અપેક્ષા નથી હોતી. આપ નિર્વિકાર સ્વરૂપથી જ આ જગતને રચો છો, સંભાળો છો અને સંહારો છો પ્રાકૃત જન દેહ લઈ ઘર, કુટુંબ પરિવાર રચી પોતે કરેલાં શુભ અને અશુભનું ફળ ભોગવે છે. શું આપ સૃષ્ટિની રચના કરી તેનાં જીવરૂપે પ્રવેશી પરતંત્ર બની પોતે કરેલાં પાપપુણ્યનું ફળ ભોગવો છો કે આત્મારામ, શાન્તિશીલ અને અખંડ ચૈતન્ય સ્વરૂપે બિરાજી સાક્ષીપણે વસો છો, આ દિશામાં અમને કંઈ ભાન નથી.

તત્ત્વદૃષ્ટિથી વિચારી જોતાં આપના સ્વરૂપમાં એ બન્ને વાતનો વિરોધ આવતો જ નથી કેમકે આપ અનંત ગુણ ગંભીર છો. અનંત મહિમાપૂર્ણ છો. ભગવન્ ! વર્તમાન જગતના તર્ક-વિતર્ક-વિચાર-અસત્ય-કલ્પિત પ્રમાણ અને કુતર્કવાળાં શાસ્ત્રોનો આશ્રય લઈને દૂષિત થયેલાં હૃદયોમાં ઘર કરી બેઠેલા દુરાગ્રહને લીધે વ્યર્થ વાદ વિવાદમાં ઊતરે છે પરંતુ આપના સ્વરૂપમાં વિવાદને સ્થાન નથી. આપનું સ્વરૂપ જો કે સર્વ પ્રપંચથી રહિત અને કેવળ જ છે તો પણ તેમાં આપની માયાશક્તિને વચમાં રાખીએ તો કઈ બાબત અઘટિત જેવી રહે ? જો આપનામાં વાસ્તવિક રીતે કર્તૃત્વ કે લોકકર્તૃત્વ હોય તો વિરોધ આવે. પરંતુ સ્વરૂપમાં ભેદ નહીં હોવાને લીધે એવું કંઈ છે જ નહીં. જેમ એક દોરીનો કટકો

જુદા જુદા જોનારાઓને સર્પ વગેરે જુદા જુદા આકારથી જણાય છે તેમ આપ પણ એક જ છો, નથી કર્તા કે નથી ભોક્તા છતાં બુદ્ધિભ્રમને કારણે સમદૃષ્ટિ ઉપર અનુગ્રહ કરનાર અને વિષમ દૃષ્ટિવાળા પર નિગ્રહ કરનાર, જ્યારે ભક્તોને સચ્ચિદાનંદ સ્વરૂપે દેખાઓ છો આથી સર્વની બુદ્ધિને અનુસરો છો એવા દેખાવ છો. આ રીતે પ્રત્યેકને અનેકરૂપે દેખાતા આપ વાસ્તવિક બુદ્ધિથી દેખતાં આપ એક જ સર્વ વસ્તુઓમાં સત્વરૂપે બિરાજો છો. સર્વના ઈશ્વર છો તેમજ આપ સર્વ જગતના કારણના પણ કારણ છો. સર્વના અંતર્યામી છો, અન્તરાત્મા પણ છો. એટલે જ વિશ્વમાં જેટલા ગુણ કે દોષ દેખાય છે આ સર્વની પ્રતીતિ સર્વના આધારરૂપ આપનો જ સંકેત કરે છે.

શ્રી શુકાચાર્યજી બોલ્યા રાજન્ ! આ રીતે દેવતાઓએ આદરસહિત સ્તુતિ કરી. સ્તુતિથી કૃપાસિંધુ ભગવાન પ્રસન્ન થયા અને પોતાની સ્તુતિ સાંભળીને દેવોને આશ્વાસન આપતાં બોલ્યા. (૪૬)

દેવોની સ્તુતિના નવ શ્લોકના ઉત્તરમાં નવ શ્લોકોથી દેવોનો શોક હરતા ઉત્તમશ્લોક હરિ ભગવાને કહ્યું કે હે સુરવરો ! હું આપના ઉપર પ્રસન્ન છું. મારી કૃપાથી પુરુષોને હું ભગવાનનો દાસ છું એવા પોતાના સ્વરૂપનું સ્મરણ થાય છે અને તેના મનમાં મારી ભક્તિ ઉત્પન્ન થાય છે. (૪૭)

किं दुरापं मयि प्रीते तथापि विबुधर्षभाः । मय्येकान्तमतिर्नान्यन्मत्तो वाच्छति तत्त्ववित् ॥ ४८ ॥

મારી સ્તુતિ સાથેની આ આત્મવિદ્યાથી હે દેવવર્યો ! હું પ્રસન્ન થાઉં ત્યારે કઈ વસ્તુ દુર્લભ રહે ? તો પણ મારામાં અખંડિત મન રાખનાર વિવેકી ભક્ત પુરુષ મારી પાસે મારા વિના બીજું કઈ પણ ઈચ્છે નહિ. (૪૮) વિષયસુખોને સત્ય માનાર કૃપણ છે. આ અબુધજનને પોતાના ખરા કલ્યાણની ખબર જ નથી. હે ઈન્દ્રાદિદેવો ! વિષયસુખની લાલસાવાળાને તેના ઈષ્ટદેવ પણ જો વિષયસુખ જ આપે તો તે દેવ પણ દયાળુ નથી એમ સમજવું કે અણસમજુ છે એમ જાણવું. (૪૯) પોતે ખરા કલ્યાણને જાણનારો વિદ્વાન અબુધજનને કર્મ કરવાનો ઉપદેશ કરે જ નહિ, કેમકે જે સારો વૈદ્ય હોય તે કુપથ્ય ખાવાને ઈચ્છતા રોગીને કુપથ્ય આપે જ નહિ. (૫૦)

હે ઈન્દ્ર ! હે મઘવન્ ! આપ પણ તેવા જ રોગી છો છતાં આપના અભિપ્રાયને અનુસરીને કહું છું તે સાંભળો. શ્રી દધીચિ મુનિ સર્વ ઋષિઓમાં ઉત્તમ છે; તેમની પાસે જાઓ. તેમની પાસે જઈ વિદ્યા, વ્રત અને તપથી દૃઢ થયેલા તેમના શરીરની યાચના કરો. (૫૧) આ કાર્યમાં વિલંબ કરશો નહિ. એ દધીચિ મુનિ શુદ્ધ અને નિર્વિકાર બ્રહ્મને જાણી ચૂક્યા છે, એમ જાણીને તેમણે અશ્વમસ્તકથી અશ્વિનીકુમારોને તે અશ્વવિદ્યાનો ઉપદેશ કર્યો છે કે જેથી અશ્વિનીકુમાર જીવનમુક્ત બન્યા છે. (૫૨)

હે ઈન્દ્ર ! એ અથર્વવેદને જાણનાર શ્રીદધીચિ મુનિ અભેદ્ય અને મારા રૂપ જ નારાયણક્વચને પણ જાણે છે. એ નારાયણક્વચ દધીચિ મુનિએ ત્વષ્ટાને આપ્યું હતું. ત્વષ્ટાએ વિશ્વરૂપને આપ્યું હતું અને વિશ્વરૂપ પાસેથી તમને મળ્યું છે (૫૩) હે દેવો ! તમે યાચના કરશો ત્યારે ધર્મનિષ્ઠ દધીચિ મુનિ, અશ્વિનીકુમારો ઉપર પ્રીતિ ધરાવતા હોઈ તમને પોતાનાં અસ્થિ આપશે. તમે તે અસ્થિઓમાંથી વિશ્વકર્મા પાસેથી વજ્ર નામનું ઉત્તમ હથિયાર બનાવી લો. મારા તેજથી સમૃદ્ધ તમે એ વજ્રથી વૃત્રાસુરનુંમસ્તક કાપી શકશો. (૫૪) વૃત્રાસુર મરણ પામતાં જ તમને તમારાં તેજ, અસ્ત્ર, આયુધ અને સંપત્તિ પાછાં મળશે. વૃત્રાસુરથી તમે ડરશો મા કારણ કે મારા આશ્રિત ભક્તોને કોઈ પણ મારી શકે નહિ. માટે નિશ્ચિત રહો. હે દેવો જાવ તમારું કલ્યાણ જ છે .(૫૫)

तस्मिन् विनिहते यूयं तेजोऽस्त्रायुधसम्पदः । भूयः प्राप्स्यथ भद्रं वो न हिंसन्ति च मत्परान् ॥ ५५ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષનો ષષ્ઠસ્કંધ પુષ્ટિ લીલાના દ્વિતીય ધ્યાન પ્રકરણમાંનો વિશ્વરૂપનો વધ, દેવોનો પરાજય ભગવાનની આજ્ઞાથી દેવોનું દધીચિ ઋષિની પાસે જવુંએ પ્રસંગનું વર્ણન કરતો અધ્યાય ૯ મો સમાપ્ત.

અધ્યાય ૧૦મો

[આ અધ્યાયમાં ૩૦ શ્લોકો છે. વૃત્રાસુરની ઉત્પત્તિ તો આહવનીય નામના અગ્નિમાં ત્વષ્ટાએ સોમથી આહુતિ આપીને ઉત્પન્ન કરેલ, તેથી કર્મથી ઉત્પન્ન થયેલા ગણાય. આવા કર્મજન્ય દેહનું કલ્યાણ કે મોક્ષ જ્ઞાનથી થાય એવી અગ્નિહોત્ર પ્રકરણમાં ચર્ચા કરી છે. મહર્ષિ દધીચિનાં અસ્થિઓ જ્ઞાન સ્વરૂપ હતાં. જો તે અસ્થિથી વૃત્રાસુરનો વધ થાય તો તેનું કલ્યાણ થાય એવું માની કૃપાનિધિ નારાયણે તેમના અસ્થિનું વજ્ર બનાવવાની આજ્ઞા આપેલી.]

श्रीशुक उवाच इन्द्रमेवं समादिश्य भगवान् विश्वभावनः । पश्यतामनिमेषाणां तत्रैवान्तर्दधे हरिः ॥

શ્રી શુકાચાર્યબોલ્યા, રાજન્ ! જગતસંરક્ષક ભગવાન શ્રીહરિએ, દધીચિ ઋષિનાં અસ્થિ લાવી વજ્ર બનાવવાની ઈન્દ્રને આજ્ઞા કરી,દેવોના દેખતાં જ ત્યાં અંતર્ધાન થઈ ગયા. (૧) ભગવદાજ્ઞાથી દેવો અથર્વા ઋષિના પુત્ર મહાત્મા શ્રી દધીચિ ઋષિની પાસે ગયા અને અસ્થિઓની યાચના કરી ત્યારે પ્રસન્ન થયેલા તે ઋષિ હસતા હસતા કહેવા લાગ્યા. (૨)

શ્રી દધીચિ મુનિનો પ્રશ્ન

મહર્ષિ દધીચિએ કહ્યું કે દેવો સંભવ છે કે માનવને દેહ ત્યજતાં કેવું દુઃખ થાય છે તેનો આપને ખ્યાલ ન હોય.હે વૃન્દારકો ! હે દેવો ! માનવે ચેતન દશામાં રહીને દેહને ત્યજવાનો આવે ત્યારે અસહ્ય વેદના તો થાય છે પરન્તુ જીવને મૂર્ચ્છા આવી જાય છે. (૩) જીવવાને ચાહતા જીવોને સંસારમાં પ્રત્યેક વસ્તુ કરતાં પોતાનો દેહ અધિક પ્યારો છે માટે આવા દેહને વિષ્ણુ ભગવાન સ્વયં માગવા આવે તો પણ તેમને આપી દેવાને કોણ તૈયાર થાય ? (૪)

દેવોનો પ્રત્યુત્તર

દેવોએ કહ્યું કે હે મહારાજ ! આપના જેવા મહાન પુરુષો પ્રાણીમાત્ર ઉપર દયા કરનારા હોય છે. પુણ્યશ્લોક પુરુષો પણ આપના કર્મનો યશ ગાય છે. આપ જેવા મહાન જ્ઞાનીઓને કઈ વસ્તુ ત્યાગ કરવી અશક્ય છે ? (૫) વળી ભગવન્, સ્વાર્થી જન પરપીડાને કદી જાણતા નથી. જો તેઓ જાણતા હોય તો તે માગે જ નહીં તેમ જ દયાળુ સમર્થ પુરુષો છે તે માગનારનાં સંકટને જાણતા હોય તો ના પણ પાડે નહીં. (૬)

મહર્ષિ દધીચિની દયા

મહર્ષિ દધીચિ બોલ્યા કે ઈન્દ્ર ! આટલી ધર્મની વાત સાંભળવા માટે જ તમને મેં ના કહી હતી. આ દેહ તો એક દિવસ મને મૂકીને ચાલ્યો જવાનો છે તે દેહને હું જાતે તમારા પ્રિય માટે સમર્પું છું. (૭) હે દેવો ! જે પુરુષ પ્રાણીઓ ઉપર દયા રાખીને આ અધ્રુવ દેહથી ધર્મનું કે યશનું સંપાદન ન કરે તે પુરુષ સ્થાવરોથી પણ ધિક્કારવા લાયક થાય છે. જડ વૃક્ષલતાઓ પણ તેમનો ઉપહાસ કરે છે કારણ કે વૃક્ષો જડ છતાં પરોપકાર પરાયણ જીવો છે. (૮) રાજન્ ઈન્દ્ર ! અન્ય પ્રાણીના શોક જોડે દુઃખને દેખીને દુઃખી થવું અને અન્યના આનંદને દેખીને પ્રસન્ન થવું એટલો જ મહાત્માઓએ સેવેલો અવિનાશી ધર્મ છે. (૯) અરે રાજન્ ઈન્દ્ર ! ક્ષણભંગુર અને પોતાને ઉપયોગમાં ન આવનાર પરંતુ કૂતરાં, કાગડા વગેરેને કામ આવે એવાં ધન, પુત્રાદિક અને શરીરથી જે લોકો·પર ઉપકાર કરે નહીં એ જ એનું દારિદ્રય છે, અને એ જ એનું કષ્ટ છે. (૧૦)

શ્રી શુકદેવજીએ કહ્યું, આ પ્રમાણે નિર્ણય કરી દધીચિ ઋષિએ પરબ્રહ્મ ભગવાનમાં પોતાના આત્માને એક કરી દઈને દેહનો ત્યાગ કરી દીધો. (૧૧) ઈંદ્રિયો, પ્રાણ, મન-બુદ્ધિનો સંયમ કરી ભગવત્સ્વરૂપનાં દર્શન કરતાં બંધનમુક્ત બનેલા. ઋષિ દધીચિને ઉત્તમ યોગના આશ્રયના બલથી દેહ છૂટી ગયાની પણ ખબર ન પડી. (૧૨)

હે રાજન્ ! પછી મહર્ષિ દધીચિજીનાં અસ્થિઓમાંથી વિશ્વકર્માએ વજ્ર બનાવી આપ્યું. ત્યારે વૃદ્ધિ પામેલ અને ભગવાનના તેજવાળા ઈન્દ્રે વજ્ર સાથે લીધું અને ઐરાવત હાથી ઉપર બેઠા. આ સમયે સર્વ દેવો ઈન્દ્રની ચારે તરફ ઊભા રહ્યા તેમજ મુનિઓ ઈન્દ્રની સ્તુતિ કરવા લાગ્યા. (૧૩-૧૪) શોભતા અને ત્રૈલોક્યને જાણે રાજી કરતા હોય એવા એ ઈન્દ્રદેવે ક્રોધ કરીને, રુદ્ર ભગવાને કાળની ઉપર જેમ આક્રમણ કર્યું હતું તેમ સમર્થ દૈત્યોથી સુરક્ષિત થયેલા વૃત્રાસુર ઉપર આક્રમણ કર્યું. (૧૫)

વૈવસ્વત મન્વંતરના ચાર યુગના પ્રથમ ફેરામાં આવતા ત્રેતાયુગના આરંભમાં નર્મદાજીને કાંઠે દેવતાઓનો દૈત્યોની સાથે મહાદારુણ સંગ્રામ થયો. (૧૬) આ યુદ્ધમાં ઈન્દ્ર રાજા પોતાના હાથમાં વજ્ર લઈ રુદ્ર વસુ, આદિત્ય, અશ્વિનીકુમાર, પિતૃ, અગ્નિઓ,વાયુ, ઋભુ, સાધ્ય અને વિશ્વેદેવતાઓના સૈન્ય સાથે પોતાની શક્તિથી અત્યંત શોભતા હતા. વજ્રધારી ઈન્દ્રને યુદ્ધમાં આવેલ જોઈને વૃત્રાસુર અને દૈત્યસૈન્ય સહન કરી શક્યાં નહીં. (૧૭-૧૮) નમુચિ, શંબર, અનર્વા, દ્વિમૂર્દ્ધા ઋષભ, અંબર, હયગ્રીવ, શંકુચિરા, વિપ્રચિત્તિ, અયોમુખ, પુલોમા, વૃષપર્વા, પ્રહેતિ, હેતિ, ઉત્કલ અને બીજા પણ દૈત્યો, દાનવો, યક્ષો અને સુમાલી તથા માલી વગેરે હજારો રાક્ષસો અત્યંત સુવર્ણનાં કવચો ધારણ કરી મૃત્યુને પણ ભારે પડી જાય તેવી ઈન્દ્રની મુખ્ય સેનાને રોકી દઈ તેને ત્રાસ આપવા માંડયા. જરા પણ ભ્રમમાં ન રહેતા, સિંહનાદ કરતા, મદોન્મત્ત દૈત્યો ગદા, પરિઘ, બાણ, પ્રાસ, મુદ્ગર, તોમર, શૂળ, ફરસી, ખડ્ગ, શતઘ્ની, તોપ અને ભુશુંડિ વગેરે શસ્ત્રો તથા અસ્ત્રોથી ચારે બાજુએથી દેવતાઓ ઉપર તૂટી પડ્યો. (૧૯ થી ૨૩) અનેક દૈત્યોના ઉપરાઉપરી વરસતા બાણોના સમૂહથી ચારે તરફ ઢંકાઈ ગયેલા દેવો વાદળોથી ઢંકાયેલા તારા-નક્ષત્રોની માફક દેખાતા બંધ થઈ ગયા. હાથની હોંશિયારી ધરાવતા દેવોએ દૈત્યોનાં આકાશમાં આવતાં શસ્ત્ર અને અસ્ત્રોના નાના નાના અનન્ત ટુકડા કરી નાખ્યા કે તેથી તે અસ્ત્રો કે શસ્ત્રો દેવોના સૈન્ય સુધી પહોંચી શક્યાં જ નહીં. આવો ખૂનખાર જંગ જામતાં દૈત્યોનાં અસ્ત્ર અને શસ્ત્રના સમૂહો ખૂટી ગયા ત્યારે દૈત્યો દેવોનાં સૈન્યો ઉપર પર્વતોનાં શિખરો, વૃક્ષો અને પાષાણની વૃષ્ટિ કરવા લાગ્યા, પરંતુ તે શિખર વગેરેને પણ દેવોએ ક્ષણવારમાં જ બાણોથી ઉડાવી દીધાં. (૨૪-૨૫-૨૬) જ્યારે દૈત્યોના શસ્ત્ર તથા અસ્ત્રના સમૂહો, વૃક્ષો, પાષાણો તેમજ વિવિધ પ્રકારનાં પર્વતોનાં શિખરોથી ઈન્દ્રની સેનાને આંચ ન આવી અને તેમને હેમખેમ જોયા ત્યારે વૃત્રાસુરના આશ્રયે રહેલા દૈત્યો ત્રાસ પામી ગયા. (૨૭)

ક્ષુદ્ર પુરુષોનાં અમંગલ અને કઠોર વચનો સંતજન ઉપર કે શ્રીકૃષ્ણાશ્રિત ભક્તજન ઉપર અસર નથી કરી શકતાં તેવી જ રીતે ભગવાનની અનુકંપાને લીધે જ દેવોના સૈન્ય ઉપર દૈત્યોએ જેટલા જેટલા હુમલા કર્યા તે બધા જ વ્યર્થ ગયા. (૨૮) શ્રીહરિમાં અનુરાગ વિનાના અસુરોએ પોતાનો પરિશ્રમ નિષ્ફળ જોયો. પરિણામે તેઓ યુદ્ધ કરવાનો ઉત્સાહ-ઘમંડ ઓસરી ગયો. પોતાના સ્વામીને પડતો મૂકી રણસંગ્રામમાંથી નાસી જવાના નિર્ણય ઉપર અન્તે આવી ગયા. (૨૯) ધીર, વીર અને પરાક્રમી વૃત્રાસુરે પોતાના પક્ષના દૈત્યોને નાસભાગ કરતા દેખી તેમજ સમસ્ત સૈન્યમાં ભંગાણ પડેલું જોઈ સમયોચિત અને વીર લોકોને પ્રિય લાગે એવાં વચન વૃત્રાસુરે હસીને કહ્યાં કે (૩૦) હે વિપ્રચિત્તિ ! હે પુલોમા ! હે મય ! હે અનર્વા ! હે શંબર ! મારું વચન સાંભળો. આપ રણસંગ્રામમાંથી ભાગી ના જાઓ અને મારી વાત સાંભળો (૩૧) "દેહ ધારણ કરેલા પ્રત્યેક જનને મૃત્યુ તો છે જ એ વાત નિશ્ચિત છે. મૃત્યુને નિવારવાનો કોઈ પણ ઉપાય શોધાયો નથી ત્યારે એવું મૃત્યુ કેમ શોધવું જે મૃત્યુથી ઉત્તમલોક અને ઉત્તમયશ આ બે વસ્તુઓ મળે. તેવા મૃત્યુને ક્યો મહાપુરુષ ન વરે. (૩૨) યોગમાં પ્રીતિ રાખી પ્રાણાયામ કરીને પરમાત્માના ધ્યાનથી દેહનો ત્યાગ કરવો એ એક; અને બીજો યુદ્ધભૂમિમાં અગ્રણી થઈને પાછો પગ નહિ દેતાં ત્યાગ કરવો; આ બે મૃત્યુ શાસ્ત્રમાં કહેલા છે અને તે દુર્લભ છે." (૩૩)

द्वौ सम्मतावहि मृत्यू दुरापौ यद् ब्रह्मधारणया जितासुः । कलेवरं योगरतो विजहयाद् यदग्रणीर्वीरशयेऽनिवृत्तः ॥ ३३ ॥

શ્રીમદ્ ભાગવત પીયૂષનોષષ્ઠ સ્કંધ પુષ્ટિલીલાના દ્વિતીયધ્યાન પ્રકરણમાંનો દધીચિ મુનિવરના અસ્થિઓમાંથી વ્રજનિર્માણ અને વૃત્રાસુરની સેના ઉપર આક્રમણનું વર્ણન કરતો અધ્યાય ૧૦મો સમાપ્ત.

અધ્યાય ૧૧મો

[આ અધ્યાયમાં ૨૭ શ્લોકો છે. આ અધ્યાયમાં ભગવદ્ભક્તિના મર્મને સમજાવતી વૃત્રાસુર ચતુઃશ્લોકીના મહત્ત્વના ચાર શ્લોક આવશે.]

વૃત્રસેનામાં ભંગાણ

श्रीशुक उवाच --त एवं शंसतो धर्मं वचः पत्युरचेतसः । नैवागृह्णन् भयत्रस्ताः पलायनपरा नृप ॥

શ્રી શુકાચાર્યજી મહારાજે કહ્યું કે રાજન્ ! વીર વૃત્રાસુર ધાર્મિક વચનો સંભળાવતા હતા તો પણ ત્રાસીગયેલા અને નાસભાગ કરતા આકુલવ્યાકુલ બનેલા દૈત્યોએ વૃત્રાસુરનાં વચનો કાને ન ધર્યાં. (૧) રાજન્ ! આજે યુદ્ધમાં દેવોને સાનુકૂલ સમય હતો તેના બળે પ્રહાર કરતાં અનાથ જેવી દૈત્યોની સેના છિન્નભિન્ન થઈ જતી જોઈ વૃત્રાસુરને ઘણો જ સંતાપ થયો . (૨) ક્રોધે ભરાયેલ અને પોતાના પરાભવને સહન નહીં કરતા વૃત્રાસુર મહારાજ દેવતાઓને પોતાના બળથી રોકી અને તિરસ્કાર કરતાં આ પ્રમાણે બોલ્યા. (૩)

વૃત્રનું વીરોચિત વચન

રણમાંથી ભાગી જતા અને કેવલ માતાના નામમાત્ર દીકરા એટલે કેવલ દીકરાના નામથી ઓળખાતા ડરપોક અસુરોને પીઠ પાછળ પ્રહાર કરવામાં દેવો !તમારો શો પુરુષાર્થ છે ? ભયભીતને પીઠ પાછળ પ્રહાર કરવાનું કાર્ય પોતાને વીર-શૂરવીર તરીકે માનતા દેવો !તમને પ્રશંસા આપે એવું નથી. તેમ સ્વર્ગ આપે એવું પણ નથી (૪) અરે નિર્વીર્ય દેવો ! જો યુદ્ધ કરવાની તમારામાં તાકાત, હૃદયમાં ધીરજ અને પ્રીતિ હોય તથા સંસારસુખોની ઈચ્છાને ત્યજી શકતા હો તો આવો અને ક્ષણમાત્ર મારી સામે ઊભા રહો. (૫) રાજન્ ! વૃત્રાસુરે દેવોને પડકારી ક્રોધે પામેલા શરીરથી દેવોને ડરાવતા મહાન વીર, બલવાન વૃત્રાસુરે ગર્જના કરી તેથી લોકો મૂર્છિત થઈ ગયા. (૬) અત્યંત ભયાનક વૃત્રાસુરની ગર્જનાથી જાણે વજ્ર લાગ્યું હોય તેવા સમસ્ત દેવો મૂર્છા પામીને ધરતી ઉપર પડી ગયા. (૭)

વૃત્રાસુરનું પરાક્રમ અને ધર્મપરાયણતા

રાજન્ ! હસ્તમાં ત્રિશૂલ પકડી ઊભેલ મદોન્મત્ત વૃત્રાસુરે ધરણીને ધ્રુજાવતાં રણરંગભૂમિમાં આંધળિયાં કરી પ્રવેશીને થાકેલા અને નેત્રો બંધ કરીને પડેલા દેવોના સૈન્યને ગાંડોતુર હાથી જેમ ઘાસના જંગલને છૂંદી નાખે તેમ કચ્ચરઘાણ કરી નાંખ્યું. (૮) આ અવસરે અતિશય રોષે ભરાયેલા વજ્રધારી રાજા ઈન્દ્રે, સૈન્ય ઉપર ધસી આવતા અને સૈન્યનો ચૂરો કરી નાખતા વીર વૃત્રાસુર ઉપર ગદા ફેંકી ત્યારે પોતાના ઉપર રમરમ કરતી સામે આવતી એ અસહ્ય ગદાને લીલા માત્રથી ડાબા હાથમાં પકડી લીધી. (૯) રાજન્ !ભારે કોપે ભરાયેલા અને અત્યંત ઉગ્ર પરાક્રમી વૃત્રાસુરે યુદ્ધમાં ગર્જના કરીને ઈન્દ્રની જ ગદાથી ઈન્દ્રના હાથીના કુંભસ્થળમાં પ્રહાર કર્યો (૧૦) વૃત્રાસુરના આ વીર્યની સર્વલોકોએ વાહવાહ ગાઈ. વૃત્રાસુરની ગદાની સજ્જડ ચોટ વાગતાં મુખ છુંદાઈ ગયું અને ઘૂમરી ખાઈ ગયેલો લોહી નીગળતો હાથી ઐરાવત વજ્રના પ્રહારથી હચમચી ઊઠેલા પર્વતની પેઠે અત્યંત પીડા પામીને ઈન્દ્ર સહિત સાત ધનુષ એટલે અઠ્ઠાવીશ હાથ રણમાંથી પાછો હઠી ગયો. (૧૧) રાજાઈન્દ્ર ગદાની ચોટથી બેભાન બની અને પીછેહઠ કરતા ઐરાવતની હાલત જોઈ, શોકગ્રસ્ત બની ગયા. ધર્મયુદ્ધની રીતિજાણનાર અને પ્રણાલિકા પાળનાર મહાનપુરુષ વૃત્રાસુરે ઈન્દ્રને ફરીવાર ગદા મારી નહીં. પછી ઈન્દ્ર અમૃત ઝરતા પોતાના હસ્તના સ્પર્શથી ઘવાયેલા હાથીના ઘાને રુઝાવતાં સામે ઊભા. (૧૨) રાજન્ ! યુદ્ધમાં ઉત્કંઠાવાળા, વજ્રના આયુધવાળા, ભાઈના હત્યારા શત્રુને વૃત્રાસુર સન્મુખ જોયો. ઈન્દ્રના ક્રૂર કર્મનું અને પાપ કર્મનું સ્મરણ કરતા શોક તથા મોહથી ઘેરાયેલા વૃત્રાસુરે હસીને રાજા ઈન્દ્રને આ પ્રમાણે કહ્યું. (૧૩)

વૃત્રાસુરનું વીરોચિત ધાર્મિક પ્રવચન

વીર વૃત્રાસુર બોલ્યા કે રાજન્ ! આજે મને ખુશી ઊપજે છે કે બ્રહ્મહત્યા કરનાર, ગુરુહત્યા કરનાર, મારા ભાઈને મારનાર અને મારા શત્રુ ઈન્દ્રરાજા આજ મારી સામે ઊભા છે. તે અત્યંત ઉત્તમ થયું છે કે જેથી હુંએ બધાં કર્મનો બદલો લઈ શકીશ. હવે પળવારમાં જ મારા ત્રિશૂલથી પથ્થર સમી નિર્દય કઠોર તમારી છાતી તોડી નાંખીને આજ હું મારા ભાઈનું દેવું ચૂકવીશ. (૧૪) હે રાજન્ ! ખેદની વાત છે કે સ્વર્ગની ક્ષુદ્ર કામનાવાળો નિર્દય યજમાન જેમ ખડ્ગથી પશુનાં મસ્તકો છેદી નાંખે છે તેમ ઈન્દ્ર તમે વિશ્વાસઘાત કરીને બ્રાહ્મણ, ગુરુ, આત્મવેત્તા, નિર્દોષ અને દીક્ષામાં રહેલા મારા મોટાભાઈ વિશ્વરૂપનાં ત્રણ મસ્તક છેદી નાંખ્યાં હતાં. (૧૫)

રાજન્ ! રાક્ષસો પણ ધિક્કારે તેવાં તમારાં જ કુકર્મોથી લજ્જા-લક્ષ્મી-દયા-કીર્તિ તમને ત્યજીને ચાલ્યાં ગયાં છે. હવે મારા

ત્રિશૂલથી તોડી નાંખેલા તમારા દેહના ટુકડા અગ્નિસંસ્કાર પણ પામશે નહીં, પરંતુ ગીધ પક્ષીઓની ઉજાણી બનશે. (૧૬) ઈન્દ્ર ! મારા સામર્થ્યને જાણનારા તમારા જેવા નીચ અને નિર્દયને અનુસરનારા બિચારા દયાપાત્ર દેવો હાથમાં શસ્ત્રો પકડી મારા ઘા કરી રહ્યા છે પરંતુ મારા સતેજ કરેલા સુસજ્જ ત્રિશૂલથી શિર ઉડાવી દઈને આજ ભૈરવાદિ દેવોને તેમના પાર્ષદો સાથે બલિદાન આપીશ. (૧૭) રાજન્ વીર ! હે હરે એટલે ઈન્દ્ર ! યુદ્ધમાં તો કોઈપણ જીતે એ ન્યાયે માની લો કે તમે વીરતાપૂર્વક ફેંકેલા વજ્રથી મારું મસ્તક છેદી નાંખશો તો પણ હું ઋણમુક્ત બનીશ તેથી જ મારા દેહનું પશુ વગેરેને ભૂતબલિ આપીશ અને મહત્ પુરુષોની પદરજને પામીને ઉત્તમલોકને મેળવીશ. (૧૮) હે સુરેશ ઈન્દ્ર ! તમારો શત્રુ હું સામો ઊભો છું. શા માટે તમે તેના ઉપર તમારા અમોઘ વજ્રને નથી છોડતા ! કૃપણની પાસે કરેલી યાચના જેમ વ્યર્થ જાય તેમ ગદા વ્યર્થ ગઈ પણ તમારું આ વજ્ર વ્યર્થ જશે એવી શંકા રાખશો મા ! (૧૯) હે રાજન્ ! આ તમારું વજ્ર ભગવાનના તેજથી અને મહર્ષિ દધીચિના તપથી તેજસ્વી બનેલ છે. વળી ભગવાન વિષ્ણુએ મને વજ્રથી મારવાનીતમને આજ્ઞા કરી છે માટે આ વજ્રથી જ તમે મને મારી નાંખો. હવે રાજન્ ! વિજ્ય ક્યા પક્ષમાં હશે એવો વિચાર ન કરો કારણ કે જ્યાં ભગવાન શ્રીહરિ બિરાજે ત્યાં જ વિજ્ય, લક્ષ્મી અને ગુણો વસે છે. (૨૦) રાજન્ ઈન્દ્ર ! ક્ષણવાર ખમીજાઓ હું મારા નાથ સંકર્ષણ ભગવાનના આદેશ પ્રમાણે પ્રભુના પાદકમલોમાં મન પરોવી દઈશ અને હું દેહ ત્યજી ભગવદ્ભક્તોની પદવીને પામીશ. (૨૧) ભગવાન સંકર્ષણ મને સ્વર્ગાદિક સંપત્તિ આપશે એવી શંકા રાજન્ રાખશો મા. ભગવાન પોતાના અનન્ય ભક્તોને સ્વર્ગની, પૃથ્વીની કે પાતાળની સંપત્તિઓ તો આપતા જ નથી કારણ કે એ સંપત્તિઓના આવવાથી તો દ્વેષ, ઉદ્વેગ, મનની પીડા, મદ, કલહ, વ્યસન અને પરિશ્રમ જ થાય છે. (૨૨) રાજન્ ! ઈન્દ્ર ! અમારા નાથ તો નિજ ભક્તજનોને ધર્મ, અર્થ તથા કામના આ ત્રણ પુરુષાર્થોના સંપાદનના પરિશ્રમનો વિનાશ કરી દે છે અને આ પુરુષાર્થો મેળવવાની વૃત્તિ મટે ત્યારે જ ભગવાનની કૃપા થઈ એમ અનુમાન કરવું. રાજન્ ! ઐશ્વર્યાદિ આ અનુગ્રહ કેવલ ભગવાનના અકિંચન ભક્તજનોને જ મળે છે અન્ય જન માટે અત્યંત દુર્લભ છે. (૨૩-૨૪)

શ્રીવૃત્રાસુર ચતુઃશ્લોકી

अहं हरे तव पादैकमूलदासानुदासो भवितास्मि भूयः । मनः स्मरेतासुपतेर्गुणांस्ते गृणीत वाक् कर्म करोतु कायः ॥ २४ ॥
न नाकपृष्ठं न च पारमेष्ठयं न सार्वभौमं न रसाधिपत्यम् । न योगसिद्धीरपुनर्भवं वा समज्जस त्वा विरहय्य काङ्क्षे ॥२५॥
अजातपक्षा इव मातरं खगाः स्तन्यं यथा बत्सतराः क्षुधार्ताः । प्रियं प्रियेव व्युषितं विषण्णा मनोऽरविन्दाक्ष दिदृक्षते त्वाम्॥२६॥
ममोत्तमश्लोकजनेषु सख्यं संसारचक्रे भ्रमतः स्वकर्मभि । त्वन्मायायाऽऽत्मजदारगेहेष्वासक्तचित्तस्य न नाथ भूयात् ॥ २७ ॥

પુષ્ટિ માર્ગીયભક્તજનનો ધર્મ

હે હરિ ! હું તો આપશ્રીના ચરણકમલના જ કેવલ આશ્રયે રહેલા અનન્ય ભક્તોના-દાસજનોના સેવકોનો પણ સેવક થવા ચાહું છું પણ આ દેહથી નહીં પરંતુ જન્માંતરમાં પુષ્ટિદેહ પામીને જ સેવક બનીશ. મારું મન આપ પ્રાણજીવનના ગુણોનું સદા સ્મરણ કરે, મારી વાણી આપના ગુણ ગાય અને મારી કાયા આપની કાયમ સેવા કરે એવી કૃપા કરો. શ્રી વૃત્રાસુરજીએ પુષ્ટિ ભક્તનો ધર્મ ભગવાનનું દાસ્ય છે એની પ્રાર્થના કરી હવે અર્થ નામના પુરુષાર્થની અભિલાષા પ્રકટ કરે છે. (૨૫)

પુષ્ટિમાર્ગીય તદીયજનનો અર્થ

પુષ્ટિ ભક્તિની ત્રણ પ્રકારની પ્રવૃત્તિમાર્ગની લૌકિક અર્થની કામના અને ત્રણ પ્રકારની નિવૃત્તિમાર્ગની અલૌકિક કામના મળી કુલ છ પ્રકારની અર્થની કામના છે તે કેવલ ષડવિધ ઐશ્વર્યસમ્પન્ન ભગવાન શ્રીકૃષ્ણ જ હોય છે. એ ભાવ આ શ્લોકમાં દર્શાવતા શ્રીવૃત્રાસુરજી બોલ્યા કે હે સમંજસ ! એટલે સર્વ ઐશ્વર્યસમ્પન્ન ! હે અગણિતાનન્દ ભગવન્ ! મહત્ત્વની મનાતી સાત સંપત્તિઓમાંથી સ્વર્ગનુંરાજ્ય, બ્રહ્મલોકપદ,-ભૂમંડલનું ચક્રવર્તી પદ, સપ્ત પાતાલનું એકછત્ર આધિપત્ય, યોગસિદ્ધિઓ, અથવા તો મોક્ષ પણ નથી ચાહતો. કેવલ આપ જ પ્રાપ્ત થાઓ એ એક જ આકાંક્ષા છે એ જ

મારો પ્રાપ્તવ્ય અર્થ નામનો પુરુષાર્થ છે. (૨૫)

પુષ્ટિમાર્ગીય તદીયજનનો કામ

ભક્તોની કામના તો कामो हरेर्दिदृक्षा શ્રી હરિદર્શનની લાલસાને જ કામ નામનો પુરુષાર્થ માન્યો છે. પાંખ વિનાનાં કોમલ બચ્ચાં માળામાં બેઠાં બેઠાં મા-પક્ષિણીની ઝંખના કરે છે. દૂધનાં પ્યાસાં વાછરડાં દૂધને તલસે છે. વિદેશમાં વસેલા પ્રિયતમની પ્રિયા પતિને ઝંખે છે તે ત્રણે કરતાં પણ ઉત્તમ અને અખંડ આપની અગિયારે ઈંદ્રિયોથી સેવાની લાલસા ધરાવતું મારું મન આપની જ કામના સેવે છે. (૨૬)

પુષ્ટિ માર્ગીય ભગવદીયજનનો મોક્ષ

मोक्षस्तु हरिरेव हि ભક્તજનોનો મોક્ષ તો ભગવાન શ્રીકૃષ્ણ જ છે. આમ સમજીને શ્રી વૃત્રાસુરજી ભગવાનને વિનવે છે. હે નાથ ! એક તો હું મારા કર્મથી સંસારચક્રમાં ભમું છું ત્યારે મને અબુધને વધુ વિમુખ કરે એવી આપની માયાથી પુત્ર-પૌત્ર-પરિવાર-ધન-દારા-ગૃહ પદાર્થોમાં આસક્ત જનનો સંગ ન હો, પરંતુ ઉત્તમશ્લોક શ્રીકૃષ્ણ ભગવાનના અનન્ય ભક્તજનનો જ પ્રસંગ હો જેથી સદા હરિ સન્મુખ રહું. (૨૭)

શ્રીમદ્ ભાગવત પીયૂષષ્ઠનો સ્કંધપુષ્ટિ લીલાના દ્વિતીય ધ્યાન પ્રકરણમાં વૃત્રાસુરે ઈન્દ્રને કરેલ ઉપદેશનું નિરૂપણ કરતો અધ્યાય ૧૧મો સમાપ્ત.

અધ્યાય ૧૨મો

[આ અધ્યાયમાં ૩૬ શ્લોકો છે. વૃત્રાસુરનો મોક્ષ આ અધ્યાયમાં આવશે; પરંતુ ભગવાન પોતાને હાથે વૃત્રાસુરનો વધ કેમ કરે ? એવો ક્યો કરુણાનિધિ પિતા અને કરુણામય વિગ્રહ ભગવાન હોય કે પુત્રનો કે ભક્તનો વધ કરે. શ્રી વૃત્રાસુરજીમાં ભક્તિતો સ્ફુટ હતી, બીજ તો હતું જ. ભગવાન ભક્તને કેમ હણે ?]

વૃત્રનું ત્રિશૂલથી આક્રમણ અને ઈન્દ્રના વજ્રથી હસ્તચ્છેદ

ऋषिरुवाच–एवं जिहासुर्नृप देहमाजौ मृत्युं वरं विजयान्मन्यमानः। शूलं प्रगृह्याभ्यपतत् सुरेन्द्रे यथा महापुरुषं कैटभोऽप्सु।

શ્રી શુકદેવઋષિજી બોલ્યા કે રાજન્ ! શ્રી વૃત્રાસુરજી સમરાંગણમાં શરીર ત્યજવાની કામનાવાળા હતા. એમને મન વિજ્ય કરતાં મૃત્યુ વરદાનસ્વરૂપે કે શ્રેષ્ઠ સ્વરૂપે હતું. રાજન્ ! પ્રલયના જળમાં કૈટભદૈત્ય મહાપુરુષ ભગવાન ઉપર ચઢી આવેલ તેમજ ઈન્દ્ર ઉપર ત્રિશૂલ લઈને વૃત્રાસુર દોડી આવ્યા. (૧) શ્રી વૃત્રમહાસુરે પ્રલયકાળના અગ્નિ સમાન કઠોર જ્વાળાવાળું ત્રિશૂળ રાજા ઈન્દ્ર ઉપર અત્યંત વેગથી ફેંક્યું અને ગર્જના કરતાં વીર વૃત્રાસુર તડુક્યા કે અરે પાપી ઈન્દ્ર ! હમણાં જ મર્યા સમજો. (૨) ગોળ ગોળ ભમતા સૂર્ય અને ભયંકર અંગારા જેવા તેજોરાશિથી ભરપૂર ત્રિશૂળ સામે કોણ જોઈ શકે ? આ ત્રિશૂળ રમરમાટ કરતું આકાશમાં ચાલ્યું આવતું હતું. ત્રિશૂલને જોવા પણ ગભરાયા વિના ઈન્દ્રે શતધાર વજ્રથી ત્રિશૂળ અને સર્પના આકાર જેવા વૃત્રાસુરના હાથને કાપી નાંખ્યો. (૩) કપાયેલા એક હાથવાળા વૃત્રાસુરે ક્રોધથી પાસે જઈને વજ્રધર ઈન્દ્રની દાઢીમાં ભોગળ ઠોકી દીધી. તેમજ હાથીને પણ તેવો જ સજ્જડ પ્રહાર કર્યો તેથી તે જ સમયે ઈન્દ્રના હાથમાંથી વજ્ર પડી ગયું. (૪)

હાથમાં વજ્ર લેતાં સંકોચાતા ઈન્દ્રને વૃત્રનો ઉપદેશ

વૃત્રાસુરના વીરતાભર્યા અદ્ભુત પરાક્રમની સુર, અસુર, ચારણ અને સિદ્ધસંઘો પ્રશંસા કરવા લાગ્યા. તેમ જ ઈન્દ્ર ઉપર આવી પડેલા સંકટને જોઈને અત્યંત હાહાકાર કરવા લાગ્યા. (૫) રાજા ઈન્દ્ર લજ્જિત બની જતાં જ્યારે હસ્તમાંથી નીચે પડેલા વજ્રને શત્રુ સમક્ષ ફરી ઉઠાવતાં સંકોચાવા લાગ્યા ત્યારે મહાત્મા વૃત્રાસુર બોલ્યા કે હે ઈન્દ્ર ! વજ્ર લઈને મારો વધ કરો. અત્યારે ગ્લાનિ કરવાનો વખત નથી. (૬) રાજન્ ઈન્દ્ર ! ઉત્પત્તિ, સ્થિતિ તથા નાશના કર્તા સર્વજ્ઞ, સનાતન આદિપુરુષ એક માત્ર સમરાંગણમાં સદાય વિજયી બન્યા છે. બીજા જે જયની અભિલાષાથી શસ્ત્રધારી શત્રુઓ યુદ્ધ કરે છે તેમનો તો જય પણ થાય અને પરાજય થાય. તે યોદ્ધાઓના દેહ તો પરમાત્માને આધીન છે. (૭) રાજન્ ઈન્દ્ર !

સમસ્ત લોકપાલોની સાથે આ લોકો તો પાશમાં બંધાયેલા પક્ષીઓની માફક કાળને સ્વાધીન છે, તે કાળ સ્વરૂપ ભગવાન જ સર્વના જયપરાજયના નિયામક છે. (૮) શરીરની શક્તિ, મનની શક્તિ, ઈંદ્રિયોની શક્તિ, પ્રાણ, અમરપણું મરણાદિના હેતુ ભગવાન કાળ જ છે. આ કાળને સર્વ સંચાલક તરીકે નહિ જાણીને આ લોક પોતાના જડ દેહને સર્વના કારણરૂપ માને છે. (૯)

હે ઈન્દ્ર ! જેમ કઠપૂતળી અને યંત્રનો મૃગ નચાવનારના તાબે જ રહે છે તેમ સમસ્ત પ્રાણીઓ ઈશ્વરના જ તંત્રમાં છે એમ જાણ. (૧૦) ઈશ્વરની કૃપા વિના પુરુષ, પ્રકૃતિ, મહત્ત્વ અહંકાર પંચ મહાભૂતો, ઈંદ્રિયો, મન, બુદ્ધિ તથા ચિત્ત આસમસ્ત તત્ત્વો સ્વતંત્ર રીતે જગતને રચી શકતાં નથી. (૧૧) હે રાજન્ !એવું ન સમજનાર સ્વયં પરતંત્ર માનવ પોતાના આત્માને રચનાર માને છે પણ ઈશ્વર પોતે જ પ્રાણીઓથી પ્રાણીઓને ઉત્પન્ન કરાવે છે અને પ્રાણીઓથી જ પ્રાણીઓને મરાવે છે. (૧૨) રાજન્ ! ન ઈચ્છીએ તો પણ વિપરીત કાલને લીધે અપકીર્તિ, મૃત્યુ વગેરે માનવને આવી પડે છે તે જ પ્રમાણે પુરુષને ઈચ્છા હોય કે ન હોય તો પણ આયુષ્ય, લક્ષ્મી, ઐશ્વર્ય, કીર્તિ, આશિષ વગેરે આવી મળે છે. (૧૩) રાજન્ ! માનવે યશ કે અપયશમાં, જય કે પરાજ્યમાં સુખ કે દુઃખમાં મરણ તથા જીવનમાં સમતા જાળવવી રહી પણ શોક ન કરવો. (૧૪) સત્ત્વ, રજ તથા તમ એ પણ પ્રકૃતિના ગુણો છે. આત્માના નથી. પણ આત્મા ગુણોનો સાક્ષી છે. એમ જાણનારો વિવેકી જન સંસારમાં બંધાતો નથી. (૧૫) રાજન્ ! હું હારી ગયેલ છું વળી મારો એક હાથ અને ત્રિશૂલ બન્ને યુદ્ધમાં કપાઈ ગયાં છે; આમ છતાં રાજન્ ! તમારા પ્રાણ લેવાની ઈચ્છાથી યથાશક્તિ પ્રયત્ન કર્યા કરું છું તે તરફ લક્ષ કરો અને વ્યર્થ ખેદ કરવાનો મૂકી દો. (૧૬) રાજન્ ! આ યુદ્ધ તો શત્રંજની એક રમત છે. આ રમતમાં આપણા સર્વના પ્રાણો પાસા છે અને હાથી-ઘોડા વગેરે રાજા-વજીર-સૈનિકોને ચાલ ચાલવાનું ફલક એટલે પટ છે. ત્યાં પ્રાણોની હોડ બકાય છે. નથી ખબર કે આ સમરાંગણ નામની શત્રંજની રમતમાં કોણ જીતશે અને કોણ હારશે. (૧૭)

ઈન્દ્ર રાજાએ કરેલી વૃત્રાસુર મહાત્માની પ્રશંસા

શ્રી શુકાચાર્યમુનિ બોલ્યા, કે રાજન્ ! વૃત્રાસુરનાં વિવેકભર્યાં કપટરહિત વચન જ્યારે સાંભળ્યાં. ત્યારે વૃત્ર પ્રત્યે ઈન્દ્રને સદ્ભાવ જાગ્યો. ઈન્દ્રે વૃત્રાસુરની વાત માની પુનઃ વજ્ર હાથમાં લીધું. ગર્વ ચાલ્યો ગયો અને પ્રસન્ન મુખે રાજા ઈન્દ્રે બોલવું શરૂ કર્યું : (૧૮) અહો દાવન ! સાચે જ તમે સિદ્ધપુરુષ છો. આપની આવી ધર્મ - વિવેકવાળી બુદ્ધિ છે. સર્વના આત્મા, સર્વના સુહૃદ શ્રી જગદીશ્વરના સર્વાત્મભાવ ધરાવતા પરમ ભક્ત છો. (૧૯) ભાઈ વૃત્ર ! આપ લોકોને મોહ કરનારી ભગવાનની માયાને તરી ચૂક્યા છો, આપનું અસુરત્વ ક્યાંય ચાલ્યું ગયું છે, આપ તો મહાપુરુષ બની ચૂક્યા છો. (૧૦) વૃત્ર ! સ્વભાવે રજોગુણી તમે માનવ છતાં સત્ત્વગુણમય ભગવાન વાસુદેવમાં આપની દૃઢ બુદ્ધિ થઈ એ ખરેખર મોટું આશ્ચર્ય છે. (૨૧)

यस्य भक्तिर्भगवति हरौ निःश्रेयसेश्वरे । विक्रीडतोऽऽमृताम्मांधौ किं क्षुद्रैः खातकोदकैः ॥ २२ ॥

પરમ કલ્યાણના સ્વામી શ્રીહરિ ભગવાનમાં જેની ભક્તિ હોય તેને સ્વર્ગાદિ ક્ષુદ્ર સુખોની લાલસા ક્યાં સંભવે ! અને પ્રયોજન પણ શું ? અમૃતના સમુદ્રમાં વિહાર કરતા પુણ્યજનને ખાબોચિયાના ક્ષુદ્ર જલનું શું કામ હોય ? (૨૨)

ઉભયનું નિર્ભય યુદ્ધ

શ્રી શુકાચાર્યજી બોલ્યા, રાજન્ ! એ પ્રમાણે પરસ્પર ધર્મ જાણવાની ઈચ્છાથી વાતો કરતા મહાપરાક્રમી અને યુદ્ધનાયકો ઈન્દ્ર તથા વૃત્રાસુર યુદ્ધ કરવા લાગ્યા. (૨૩) વીર વૃત્રાસુરે ડાબા હાથથી ગજવેલ એટલે લોખંડની ભયંકર ભોગળ ફેરવીને ઈન્દ્ર ઉપર ફેંકી. (૨૪) હે રાજન્ ત્યારે ઈન્દ્ર શતધાર વજ્રથી વૃત્રાસુરની ભોગળ તથા હાથીની સૂંઢ જેવા સુડોળ મજબૂત હાથને એકી વખતે કાપી નાખ્યાં. (૨૫) વૃત્રનો હાથ કપાઈ જતાં મૂળમાંથી રુધિર વહી રહ્યું હતું ત્યારે આકાશમાંથી પડેલા પર્વત સમાન તે શોભવા લાગ્યા. (૨૬)

રાજન્ ! વૃત્રાસુરના બન્ને હસ્ત કપાઈ ગયા ત્યારે ઉપરનો હોઠ આકાશમાં રાખી નીચેનો હોઠ ધરતી પર રાખી આકાશ

જેવા ઊંડાણવાળા મુખથી, સર્પ જેવી ભયંકર જીભથી અને કરાળ ક્રૂર દાઢોથી જાણે હમણાં જ ત્રૈલોક્યને ગળી જતા હોય એવા અત્યંત ઊંચી મોટી કાયાવાળા, વેગથી પર્વતોને પાડી નાંખતા, પગનાં તળિયાંથી પર્વતોનો ચૂરો કરી નાંખતા, પગે ચાલતા ઈન્દ્ર પાસે ગયા અને ઈન્દ્રને એના ઐરાવત હાથી સહિત ગળી ગયા. (૨૭, ૨૯)

રાજન્ ! જાણે કોઈ મહાન પ્રભાવશાળી, મહાન અજગર મહાન હાથીને ગળી જાય તે જ પ્રમાણે વૃત્રાસુર ઈન્દ્રને ગળી ગયા ત્યારે પ્રજાપતિઓ, દેવતાઓ અને મહાન ઋષિઓ દુઃખી દુઃખી થઈ ગયા અને ચીસો નાંખવા લાગ્યા. (૩૦) વૃત્રાસુરે ગળેલા ઈન્દ્ર તેમના પેટમાં ગયા છતાં પણ નારાયણકવચની રક્ષાથી અને પોતાની યોગમાયાના બળથી મરણ પામ્યા નહિ. (૩૧) વૃત્રાસુરના પેટમાં પેઠેલા સમર્થ શક્તિવાળા રાજા ઈન્દ્રે વજ્રથી વૃત્રાસુરનું પેટ ચીરી નાંખી બહાર નીકળી જોરથી પર્વતના શિખર જેવા શત્રુ વૃત્રાસુરનું મસ્તક કાપી નાંખ્યું. (૩૨) હવે વૃત્રાસુરને મારવા માટે તેજીલા વજ્રથી વૃત્રાસુરના ગળાને ચારે બાજુથી વહેરતાં રાજા ઈન્દ્રને ત્રણસો ને સાઠ દિવસો લાગ્યા ત્યારે વૃત્રાસુરનું મસ્તક કપાઈને નીચે પડ્યું. (૩૩)

પરીક્ષિત રાજન્ ! એવી કથા મળે છે કે વૃત્રાસુર અને ઈન્દ્રનું પ્રથમ નર્મદાતટે પુનઃ સમુદ્રતટે યુદ્ધ થયેલું. પ્રથમ યુદ્ધમાં પરાજિત ઈન્દ્રે વૃત્રાસુરની સાથે કપટથી મૈત્રી બાંધી એક દિવસ મિત્રની મિષ્ટ ગોષ્ઠીમાં પૂછ્યું ભાઈ તું કેમ મરી શકે ? ત્યારે સંત વૃત્રે સખા સમજી વિનોદ કરતાં કહ્યું કે સાગરના ફીણથી મારું મૃત્યુ થાય. આ વાત જાણીને ઈન્દ્રે ઈરાદાપૂર્વક સંઘર્ષ કર્યો અને વૃત્રાસુરને લાત મારી ત્યારે પુનઃ યુદ્ધ થયું. ઈન્દ્રે યુદ્ધમાં વજ્ર ઉપર સાગરનું ફીણ મૂકી મસ્તક છેદ્યું. આ પ્રસંગે આકાશમાં દુંદુભિ વાગ્યાં તેમજ શતપથ બ્રાહ્મણમાં વૃત્રાસુરવધ પ્રસંગનું ગાન કરતા **तमिन्द्रो जघान स हतः पूतिः** વગેરે મંત્રોથી સ્તુતિ કરતાં ગંધર્વ, સિદ્ધ અને મહાન ઋષિઓ આનંદથી પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા. (૩૪) રાજન્ પરીક્ષિત ! વૃત્રાસુર મરણ પામતાં તેના દેહમાંથી નીકળેલું જીવરૂપ તેજ સર્વ લોકોના જોતાં છતાં ભગવાન નારાયણમાં મળી ગયું. (૩૫)

वृत्रस्य देहान्निष्क्रान्तमात्मज्योतिररिंदम । पश्यतां सर्वलोकानामलोकं समपद्यत ।। ३५ ।।

શ્રીમદ્ભાગવત પીયૂષનો ષષ્ઠસ્કંધ પુષ્ટિ લીલાના દ્વિતીય ધ્યાન નામના પ્રકરણમાંનો વૃત્રાસુર મોક્ષપ્રકરણનું નિરૂપણ કરતો બારમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૩મો

[આ અધ્યાયમાં ૨૩ શ્લોક છે. વૃત્રાસુરના વધથી બ્રહ્મહત્યા લાગી. રાજા ઈન્દ્રે જ્યારે વિશ્વરૂપનો વધ કર્યો ત્યારે કદી ના ધોવાય તેવું આધ્યાત્મિક પાપ લાગ્યું હતું. હવે એને વૃત્રાસુરના વધથી આધિદૈવિક પાપ લાગ્યું કારણ કે વૃત્રાસુરનો તામસ લોકોના રાજા તરીકે અભિષેક થયેલ હોઈને તેનો વધ બ્રહ્મવધ કરતાં પણ ભયંકર પાપવાળો મનાય. આ પાપની શુદ્ધિ વાજપેય યજ્ઞથી નહિ પણ ભગવાનના ધ્યાનથી થઈ.]

દેવોની નિજધામ વિદાય

श्रीशुक उवाच--वृत्रे हते त्रयो लोका विना शक्रेण भूरिद । सपाला ह्यभवन् सद्यो विज्वरा निर्वृतेन्द्रियाः ।। १ ।।

શ્રી શુકદેવજીમહારાજે કહ્યું કે રાજન્ પરીક્ષિત ! વૃત્રાસુરનો દેહ તો પડ્યો. ત્રણ લોક અને લોકપાલ દેવોનો સંતાપ તાત્કાલિક દૂર થયો; અને સર્વને મોટી શાંતિ મળી પરંતુ ઈન્દ્રરાજાનો સંતાપ ન ટળ્યો. (૧) દેવો, ઋષિઓ, પિતૃઓ, ભૂતો, દૈત્યો અને દેવોના અનુચરો પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા. ત્યાર પછી બ્રહ્મા, સદાશિવ અને ઈન્દ્રાદિક દેવો પણ નિજ નિજ ધામે પધાર્યા. (૨)

મહારાજ પરીક્ષિતે પૂછ્યું કે હે મુનિવર ! આપે કહ્યું કે ઈન્દ્ર રાજાને શાંતિ ન મળી તો તેનું કારણ સાંભળવાને ઈચ્છું છું. જો દેવોને તેને સુખ મળ્યું તો રાજા ઈન્દ્રને દુઃખ શાથી થયું ? (૩)

શ્રી શુકદેવજી મહારાજે કહ્યું કે વૃત્રાસુરના પરાક્રમથી દુઃખી થયેલા સમસ્ત દેવો અને ઋષિઓએ વૃત્રાસુરનો વધ કરવા ઈન્દ્રને પ્રાર્થના કંરી. પરંતુ બ્રહ્મહત્યાના ભયથી રાજા ઈન્દ્રે વૃત્રાસુરનો વધ કરવાની ના કહી અને નિવેદન કર્યું. (૪)

ઈન્દ્રની દ્વિધા દશા

રાજાઈન્દ્રે કહ્યું કે દેવો ! વિશ્વરૂપનો વધ કરવાથી મને લાગેલી બ્રહ્મત્યા મારા પર અનુગ્રહ કરનારાં, સ્ત્રી, પૃથ્વી, જળ અને વૃક્ષોએ વહેંચી લીધી પણ વૃત્રાસુરને મારવાની બ્રહ્મહત્યા મારે શી રીતે ટાળવી ? (૫)

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! ઈન્દ્રની આ યોગ્ય વાર્તા સાંભળી ઋષિઓએ ઈન્દ્રને કહ્યું કે આપ ચિંતા ન કરો. અમે આપને અશ્વમેઘ યજ્ઞ કરાવીશું; તેથી બ્રહ્મહત્યાથી મુક્ત થશો અને તમારું કલ્યાણ થશે. (૬) માટે ભય ન રાખશો પુરુષોત્તમ સર્વ સમર્થ નારાયણનું અશ્વમેઘ યજ્ઞથી અર્ચન કરતાં બ્રહ્મહત્યાથી તો શું પણ સમસ્ત વિશ્વના વધના પાપમાંથી પણ મુક્ત થવાય છે. (૭)

ब्रह्महा पितृहा गोघ्नो मातृहाऽऽचार्यहाधवान् । शवादः पुल्कसको वापि शुद्धयेरन् यस्य कीर्तनात् ॥ ८ ॥

ભગવાનના નામકીર્તનથી બ્રહ્મહત્યા, પિતૃહત્યા, ગોહત્યા, માતૃહત્યા અને આચાર્યહત્યા કરનારા તેમ જ ચાંડાળ, પુલ્કસ અને ગમે તેવા પાપી પણ હોય તો પણ તે સર્વ પવિત્ર થાય છે. રાજન્ ! અમે આપને તે સમર્થ ભગવાનનું અશ્વમેઘ યજ્ઞથી શ્રદ્ધાપૂર્વક અર્ચન કરાવીશું; તેથી બ્રહ્મસહિત સમસ્ત સ્થાવર જંગમના પણ વધનું પાપ નહીં લાગે. આ તો વૃત્ર દુષ્ટ છે તો તેને શિક્ષા કરવાનું પાપ તો કેમ જલાગે ? (૯)

શ્રી શુકાચાર્યજી બોલ્યા, આ પ્રમાણે ઋષિઓએ પ્રેરણા કરી ત્યારે રાજા ઈન્દ્રે વૃત્રાસુરનો વધ કર્યો ત્યારે બ્રહ્મ હત્યાએ ઈન્દ્રની પૂંઠ પકડી. (૧૦) હવે બ્રહ્મહત્યાથી સંતાપ પામેલ ઈન્દ્રદેવ સુખ પામ્યા નહિ તે સ્વાભાવિક છે કારણ કે જે કીર્તિમાન પુરુષ છે તે જ્યારે નિંદાપાત્ર થાય ત્યારે તેને કોઈ પણ અન્ય ગુણો સુખ આપી શકે નહીં. (૧૧)

બ્રહ્મહત્યાનું આક્રમણ

હે રાજન્ ! સાક્ષાત્ ચાંડાલી જેવી પોતાની પાછળ પડેલી બ્રહ્મહત્યાને રાજા ઈન્દ્ર નજરે નિહાળી રહ્યા હતા તેની કાયા જરાથી ધ્રૂજતી હતી, તે ક્ષયરોગથી લેવાઈ ગયેલી હતી. (૧૨) બ્રહ્મહત્યા લોહિયાળાં વસ્ત્રોવાળી તેના માથાના કેશ શ્વેત હતા અને વિખરાયેલા હતા. રાજા ઈન્દ્રને ઊભો રહે ઊભો રહે એમ પડકારતી હતી. રૂપ અને માછલીની દેહની દુર્વાસથી માર્ગને પણ દૂષિત કરતી હતી. (૧૩) રાજન્ ! આકાશ અને સમસ્ત દિશાઓમાં ફરતાં પણ બ્રહ્મહત્યાએ ઈન્દ્રને કેડો ના છેડયો ત્યારે ઈન્દ્ર રાજા પહેલાં ઉત્તર દિશામાં જઈ તુરત માન સરોવરમાં પ્રવેશી ગયા. (૧૪) રાજા ઈન્દ્ર માનસરોવરમાંના કમલનાલના તંતુઓમાં ગુપ્ત રીતે એક વર્ષ પર્યન્ત રહ્યા અને બ્રહ્મહત્યામાંથી કેમ છુટાય એમ મનમાં ચિંતન કરવા લાગ્યા. જલાશયમાં રહેવાથી અગ્નિનારાયણ ત્યાં પ્રવેશે નહીં; તેથી યજ્ઞના ભાગ પણ ઈન્દ્રદેવને મળતા બંધ થયા. (૧૫)

નહુષ રાજાનું પતન

રાજા ઈન્દ્ર જ્યાં સુધી કમળમાં રહ્યા ત્યાં સુધી વિદ્યા, તપ, યોગ અને પરાક્રમના સામર્થ્યથી મહારાજ નહુષે સ્વર્ગનું રાજ્ય કર્યું પણ અંતે સંપત્તિ અને ઐશ્વર્યના મદથી અંધ બનીને તે નહુષ રાજાએ ઈન્દ્રપત્ની શચીદેવીની કામસુખ માટે યાચન કરી, ત્યારે ઈન્દ્રાણીએ નહુષરાજાને અજગરની યોનિ મળે તેવો ઉપાય યોજ્યો. (૧૬) આ તરફ ઈન્દ્રરાજે ઋતંભર એટલે સત્યસંકલ્પ ભગવાનનું ધ્યાન કર્યું અને પાપનું નિવારણ કર્યું. પછી બ્રાહ્મણોની સૂચનાથી સ્વર્ગમાં ગયા. (૧૭) રાજા ઈન્દ્ર માનસરોવરમાં રહ્યા હતા ત્યારે તો દશે દિશાઓના દેવોએ, ભગવાન રુદ્રે અને લક્ષ્મીએ તેમની રક્ષા કરી હતી તેથી બ્રહ્મહત્યા તેમનો પરાભવ કરી શકી નહીં. (૧૮)

અશ્વમેઘથી ભગવાન શ્રીકૃષ્ણનું યજન

હે ભારત ! ત્યાર પછી બ્રહ્મર્ષિઓ પધાર્યા અને ભગવાનના આરાધનવાળા નિર્દોષ અશ્વમેઘ યજ્ઞની ઈન્દ્રને વિધિસહિત દીક્ષા આપી. બ્રહ્મવાદી ઋષિઓએ ઈન્દ્ર પાસે અશ્વમેઘ યજ્ઞ કરાવ્યો. (૧૯) આ યજ્ઞમાં ઈન્દ્રરાજાએ સર્વ વેદમય પરમાત્માનું અર્ચન કર્યું. આ અર્ચનના પુણ્ય બળથી પાપના પુંજરૂપ બ્રહ્મહત્યા સૂર્યના તેજથી અંધકાર નાશ પામે તે

પ્રકારે સર્વથા નાશ પામી. (૨૦) મરીચિ વગેરે મહર્ષિઓએ વિધિપૂર્વક અશ્વમેઘ યજ્ઞ કરાવ્યો. યજ્ઞપતિ પુરાણપુરુષ ભગવાનનું અર્ચન કરતાં જ ઈન્દ્રનું પાપ નષ્ટ થઈ ગયું અને રાજાઈન્દ્ર પુણ્યાત્મા બન્યા. (૨૧)

ફલશ્રુતિ

રાજન્ પરીક્ષિત ! આ આખ્યાન અતિ શ્રેષ્ઠ છે. અશેષ પાપોનું પ્રક્ષાલન કરે છે. અનન્ત તીર્થો ચરણમાં ધરતા તીર્થપાદ ભગવાન શ્રીકૃષ્ણનું એમાં સંકીર્તન છે, ભક્તિના ઉત્કર્ષથી ભરપૂર છે, ભક્તજન વૃત્રાસુરના મહિમાના વર્ણનવાળું છે. રાજા ઈન્દ્રના પાપક્ષયનું તીર્થ છે અને વિજયને વર્ણવનારું છે. (૨૨) ઉચિત છે કે વિવેકીજનો સદા આ આખ્યાનનો પાઠ કરે. ખાસ કરીને એકાદશી, અમાવસ્યા, દ્વાદશી, ગ્રહણ, સંક્રાન્તિ પર્વ, ભગવાનનાં જયંતી અને ઉત્સવાદિ પર્વોને દિવસે તો અવશ્ય આ આખ્યાનની કથા સાંભળે. આ આખ્યાન ધન આપે, યશ આપે, સમસ્ત પાપોથી મુક્ત કરે, શત્રુ ઉપર વિજય અપાવે, ઈંદ્રિયનું બળ આપે, પુત્ર-પૌત્રાદિનું સ્વસ્તિ-મંગલ કરે તેમજ આયુષ્યની વૃદ્ધિ કરે છે ૨૩.

पठेयुराख्यानमिदं सदा बुधाः शृण्वन्त्यथो पर्वणि पर्वणीन्द्रियम् । धन्यं यशस्यं निखिलाधमोचनं रिपुञ्जयं स्वस्त्ययनं तथाऽऽयुषम् ॥ २३ ॥

શ્રીમદ્ભાગવત પીયૂષનો ષષ્ઠસ્કંધ પુષ્ટિ લીલાના દ્વિતીય ધ્યાન નામના પ્રકરણમાંનો રાજા ઈન્દ્રની અશ્વમેઘયજ્ઞ દ્વારા બ્રહ્મહત્યામાંથી મુક્તિનું વર્ણન કરતો તેરમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૪મો

[આ અધ્યાયમાં ૬૧ શ્લોકો છે. મતાંતર ભાષાનું આ કથામાં વર્ણન છે. વૃત્રાસુરના પૂર્વજન્મની એટલે ચિત્રકેતુ રાજાની કથા છે.]

દૃઢમતિ કેમ સંભવે

परीक्षिदुवाच–रजस्तमः स्वभावस्य ब्रह्मन् वृत्रस्य पाप्मनः । नारायणे भगवति कथमासीद् दृढा मतिः ॥ १ ॥

પરીક્ષિત રાજા પૂછે છે કે મહારાજ ! રજોગુણી અને તમોગુણી સ્વભાવવાળા પાપાસક્ત વૃત્રાસુરની નારાયણ ભગવાનમાં નિશ્ચલ બુદ્ધિ કેમ સંભવે ? (૧) વિશુદ્ધ સત્ત્વગુણવાળા દેવોની અને નિર્મળ મનવાળા મહર્ષિઓની પણ ઘણે ભાગે મુકુંદ ભગવચ્ચરણકમલોમાં સ્થિર ભક્તિ ઉત્પન્ન થતી નથી. (૨) હે મહારાજા શ્રી શુક ! એવું માન્યું છે કે આ પૃથ્વી ઉપર જેટલા રજકણ છે તેટલા આ સંસારમાં જીવો છે એટલે અનન્ત જીવો છે. આ બધા જીવોમાંથી મનુષ્ય વગેરે અલ્પ જીવો જ ભગવત્સમર્પણ નામના ધર્મનું આચરણ કરે છે (૩) હે દ્વિજવર શુકાચાર્ય ! આપની સામે હું શું કહું ? મોક્ષની ઈચ્છાવાળા ધર્મશીલ જનોમાં પણ મોક્ષાભિલાષીઓ તો તદ્દન જૂજ સંખ્યામાં છે, હજારો મુમુક્ષુ જનોમાં પણ ગૃહાસક્તિ છોડનાર કો'ક જ મુક્ત થાય છે કે કો'ક જ સિદ્ધ થાય છે. (૪) મહારાજ ! મુક્તજનોમાં અને સિદ્ધજનોમાં પણ કોટિજનમાં હે મહામુને ! કો'ક એક જ જન, પ્રશાન્ત મનવાળો શ્રીહરિસેવાપરાયણ જન તો અત્યંત દુર્લભ છે અને કદાચ એકાદ મળે. (૫) મહારાજ જ્યારે સમાજની આવી પરિસ્થિતિ છે ત્યારે પાપી અને સર્વ લોકોને સંતાપ આપનાર વૃત્રાસુરની બુદ્ધિ ભયંકર સંગ્રામના સમયમાં પણ ભગવાનમાં શી રીતે રહી શકી ? (૬) હે સમર્થ ભગવન્ ! આ વિષયમાં મને મહાન સંશય છે અને સમાધાન સાંભળવાનો ઉત્સાહ પણ છે. મહારાજ વૃત્રાસુરે યુદ્ધમાં પોતાના પરાક્રમથી ઈન્દ્રને પણ રાજી કર્યો હતો. વૃત્રાસુર ઈન્દ્રના ભયથી શ્રીકૃષ્ણ ભગવાનને પ્રપન્ન થયા ન હતા કેવલ ભક્તિથી જ શરણાગતિ લીધી હતી. (૭) શ્રીસૂતજી કહે છે, કે હે મુનિવરો ! આ પ્રમાણે શ્રદ્ધાશીલ પરીક્ષિત રાજાનો પ્રશ્ન સાંભળી તેમનો સત્કાર કરી શ્રી બાદરાયણીજી શુકાચાર્યે સમાધાન કરતાં કહ્યું. (૮) હે રાજન્ પરીક્ષિત ! આ ઈતિહાસ વેદવ્યાસ, નારદ અને દેવલ મુનિશ્રીના મુખથી પણ સાંભળેલ છે. રાજન્ ! તમને તે પ્રસંગ સંભળાવીશ. તમે એકાગ્રચિત્તે યથાર્થ રીતે તે સાંભળો. (૯)

મહાત્મા ચિત્રકેતુજીની મંગલ કથા

પૂર્વે શૂરસેન નામના દેશમાં ચિત્રકેતુ નામના ખ્યાતનામ ચક્રવર્તી રાજા રાજ્ય કરતા. રાજાના ધર્મશાસનમાં શ્રી

પૃથ્વીદેવી સર્વ કામનાઓને પૂરતાં જાણે કામધેનું બન્યાં હતાં. (૧૦) રાજા ચિત્રકેતુને એક કરોડ સ્ત્રીઓ હતી. રાજા સ્વયં સંતાન આપી શકે તેવા શરીરાદિથી સમર્થ હતા છતાં તેમને કોઈ સંતાન થયું નહીં. (૧૧) સ્વરૂપ, ઔદાર્ય, અવસ્થા, સુકુળમાં જન્મ, વિદ્યા, ઐશ્વર્ય અને સમ્પત્તિ વગેરે સમસ્ત ગુણસંપન્ન રાજાને કેવલ વંધ્યા સ્ત્રીઓ હતી; તેથી રાજાના હૃદયમાં ખૂબ જ ચિંતા ઉત્પન્ન થઈ. (૧૨)

ચક્રવર્તી ચિત્રકેતુજીને સમગ્ર સમ્પત્તિઓ, કમલનયના રાણીઓ કે આ પૃથ્વીથી કાંઈ પણ આનંદ મળતો ન હતો. (૧૩) આ અરસામાં એક દિવસ ભગવાન અંગિરા ઋષિ લોકોમાં ફરતા ફરતા ભગવદિચ્છાથી રાજાને આંગણે પધાર્યા. (૧૪) વિવેકી રાજા સ્વાગત માટે ઊભા થયા, સન્મુખ પધાર્યા અને મુનિવરનાં મધુપર્ક વગેરેથી અર્ચન આતિથ્ય કરી મુનિશ્રીને યોગ્ય આસને પધરાવી સ્વયં સાવધાન ચિત્તથી મુનિ સન્મુખ બિરાજ્યા. (૧૫) સન્મુખ ધરતી ઉપર બિરાજેલા વિનયી અને વિનમ્ર ચિત્રકેતુ રાજાનો ભાવભીનો સત્કાર કરી સ્નેહથી સંબોધન કરી મહર્ષિવર અંગિરાજી મધુર વચનોથી પૂછવા લાગ્યા. (૧૬)

ઋષિ અંગિરાજીનાં વચનામૃત

अपि दाराः प्रजामात्याः भृत्याः श्रेण्योऽथ मन्त्रिणः । पौरा जानपदाः भूपाः आत्मजा वशवर्तिन। दण्डो मित्र च तस्यैताः सप्त प्रकत्तयो मताः

અંગિરાજી ઋષિએ પૂછ્યું રાજન્ ! આપ અને આપનાં રાજ્યનાં મહત્ત્વનાં મનાતાં "રાજા-અથવા ગુરુ-સલાહમંત્રી-દેશ-કિલ્લાઓ-દ્રવ્યસંચય-દંડ-સહાયમંત્રી" વગેરે સાત અંગોનું કુશલ અને કલ્યાણ છે ? (૧૭) જેમ મહત્તત્ત્વ વગેરે પ્રકૃતિનાં સાત અંગોથી જીવાત્માનું રક્ષણ થાય છે તેમ રાજાનું પણ ઉપર ગણાવેલા કારભારી વગેરે રાજ્યનાં સાત અંગોથી રક્ષણ થાય છે. (૧૮) રાજન્ ! ઉપર દર્શાવેલાં રાજ્યનાં સાત અંગોને અનુકૂલ રહીને રાજા સુખી થાય છે તે રીતે કારભારીઓ વગેરેનું સુખ પણ રાજાને આધીન છે. રાજન્ ! આપની રાણીઓ, પ્રજા, મંત્રીઓ, સેવકો, તંબોળી, તેલી, ગાંધી વગેરે વ્યાપારીઓ, સલાહકારો, નાગરિકો, દેશો, દેશાધિકારીઓ, મંડલેશ્વર રાજાઓ અને પુત્રો આપની ઈચ્છાનુસાર ચાલે છે ? (૧૯) રાજન્ ! મારું તો મન્તવ્ય છે કે જેનું મન પોતાને સ્વાધીન હોય તેને ઉપર કહેલાં સર્વ અંગો વશ રહે છે અને લોકો તથા લોકપાલો પણ પ્રમાદ ત્યજીને કાર્ય કરે છે અને કર આપ્યા કરે છે. (૨૦)

રાજન્ ! મુખાકૃતિ જોતાં આપનું મન પ્રસન્ન નથી લાગતું તો તે કોઈને લીધે છે કે પોતાને જ કારણે છે. રાજન્ ! આપને કોઈ વાતની તૃષ્ણા હોય એમ ધારું છું. નહીંતર મુખ ઉપર ચિંતાની મલિન રેખા કેમ દેખાય છે ? (૨૧)

શ્રી શુકદેવજીએ કહ્યું, પરીક્ષિત્ રાજન્ ! અંગિરાઋષિ સ્વયં સર્વજ્ઞ છે તો પણ તેમણે આ પ્રમાણે પૂછયું ત્યારે વિનયનમ્ર અને સંતાનની લાલસાવાળા ચિત્રકેતુ રાજાએ અંગિરાજીને આ પ્રમાણે કહ્યું. (૨૨)

ચિત્રકેતુજીની ચિંતા

રાજા ચિત્રકેતુએ કહ્યું કે મહારાજ ! તપ, જ્ઞાન અને સમાધિથી નિષ્પાપ થયેલા યોગી મહર્ષિઓથી પ્રાણીઓના મનની અને બહારની કઈ વાત અજાણી છે ? (૨૩) આમ છતાં હે બ્રહ્મન્ ! ભગવન્ આપની અનુકંપાથી મારા ચક્રવર્તી રાજ્યનું ઐશ્વર્ય અને સંપત્તિઓની લોકપાળ અને દેવતાઓ પણ કામના કરે છે. તો પણ જેમ ભૂખ્યા અને તરસ્યા જનને પુષ્પમાળા, ચંદન વગેરે કોઈ પદાર્થ આનંદ ન આપી શકે તેમ મને પણ આ ઐશ્વર્ય આનંદ નથી આપી શકતાં. હે મહાભાગ મુનિવર ! ઉરઆંગણે સંતાનની ભૂખ છે. સંતાનરહિત હોઈ મારા પૂર્વજોની સાથે નરકમાં પડેલા એવા મારું આપ રક્ષણ કરો અને પુત્રદાન કરી દુસ્તર નરકમાંથી અમે તરીએ એવો ઉપાય કરો. (૨૪, ૨૬)

શ્રી અંગિરાજીનો અનુગ્રહ

શ્રી શુકદેવજીએ કહ્યું કે આ પ્રમાણે રાજાની પ્રાર્થના સાંભળી બ્રહ્માજીના સુપુત્ર દયાળુ અંગિરા મુનિએ, ત્વષ્ટા દેવતાનો ત્વાષ્ટ્ર નામનો ચરુ સિદ્ધ કરી ત્વષ્ટા દેવતાનું પૂજન કર્યું (૨૭) ત્યારબાદ રાજાની સર્વ રાણીઓમાં પટરાણી અને શ્રેષ્ઠ કૃતદ્યુતિ નામનાં મહારાણી હતાં તેમને તે ચરુનો હોમ કરતાં ચરુનો અવશેષ રહેલ પ્રસાદ ખવરાવ્યો (૨૮) મુનિવરે

રાજાને કહ્યું "રાજન્ ! આ પ્રસાદીથી આપને આંગણે એક પુત્ર થશે તે આપને હર્ષ તથા શોક બન્ને આપશે." આટલું કહી બ્રહ્માના પુત્ર અંગિરા ઋષિ ત્યાંથી પધારી ગયા. (૨૯)

ત્યારબાદ કૃતદ્યુતિ રાણીને આ ચરુપ્રાશનના પ્રભાવથી ચિત્રકેતુ રાજાથી કૃત્તિકાને જેમ અગ્નિથી ગર્ભ રહ્યો તેમ તુરત જ ગર્ભ રહ્યો. (૩૦) હે રાજન્ ! ત્યારબાદ શૂરસેન દેશના પતિ ચિત્રકેતુ રાજાના વીર્યથી રહેલો તે કૃતદ્યુતિનો ગર્ભ શુક્લપક્ષના ચન્દ્રની માફક ધીરે ધીરે નિત્ય વધવા લાગ્યો. (૩૧) રાજન્ ! સમય જતાં ગર્ભ પોષાતાં રાણીને આંગણે રાજકુમારનો જન્મ થયો. આ મંગલ વધામણી સાંભળી શૂરસેન દેશના લોકોએ ઘણો જ આનંદ મનાવ્યો. (૩૨) પુત્રપ્રાપ્તિથી પ્રસન્ન થયેલા રાજાએ મંગલ સ્નાન કરી, પવિત્ર થઈ, અલંકારો ધારણ કરી વિપ્રર્ષિઓ પાસે સ્વસ્તિવાચન સહિત જાતકર્મસંસ્કાર કરાવ્યો. (૩૩) પુનઃ ઉદાર નરેશે તે વિપ્રવરોને સુવર્ણ, રજત, વસ્ત્ર, આભૂષણ, ગામ, ઘોડા, હાથી અને દશ કરોડ ગાયોનાં દાન કર્યાં (૩૪) પુનઃ ઉદાર શિરોમણી ચિત્રકેતુ રાજાએ રાજકુમારનાં ધન, યશ અને આયુષ્યની વૃદ્ધિ માટે ઉદાર મનથી મેઘની માફક અન્ય અકિંચન જનને મુખમાગી અઢળક વસ્તુઓ આપી. (૩૫) રાજન્ ! પરીક્ષિત ! જેમ સર્વથા નિર્ધન અને નિઃસાધનથી મહાપ્રયત્ને મળેલા ધનમાં જેમ સ્નેહ વધે તેમ એ રાજાને પણ અત્યંત પરિશ્રમથી પ્રાપ્ત થયેલા કુમાર ઉપર રોજ રોજ સ્નેહ વધવા લાગ્યો. (૩૬) કૃતદ્યુતિ માતાનો તો પુત્રમાં મોહ મમતાને કારણે ઉત્તરોત્તર અપાર સ્નેહ વધવા લાગ્યો પણ રાજાની અન્ય રાણીઓને સંતાનની ઈચ્છાથી ભારે પરિતાપ થયો. (૩૭) બીજી તરફ રાજકુમારને નિત્ય રમાડતા ચિત્રકેતુ રાજાનો પુત્રવતી કૃતદ્યુતિ પટરાણી ઉપર જેવો સ્નેહ રહ્યો તેવો અન્ય સ્ત્રીઓ પર રહ્યો નહિ. (૩૮)

ઈર્ષ્યાથી, વંધ્યત્વ દુઃખથી અને રાજાની ઉપેક્ષાથી રાણીઓ પોતાના જીવનને ધિક્કારતી આ પ્રમાણે પરિતાપ કરતી બોલવા વાગી. (૩૯) "અમારા પૂર્વના પાપથી પુત્ર વિનાની અમે પુત્રના અભાવે પતિનો અનાદાર પામેલી અને ઉત્તમ પુત્રના ગર્વથી સાવકી રાણીઓથી દાસીની માફક તિરસ્કારાયેલી સ્ત્રીના જીવનને ધિક્કાર હો. (૪૦) સ્વામીઓની સેવાથી સદાય સન્માન પામતી દાસીઓને શો સંતાપ છે ? આપણા કરતાં તો તે દાસીઓ સુખી છે. પરંતુ આપણે તો દાસીની પણ દાસીઓની માફક દુર્ભાગિનીઓ છીએ". (૪૧) આ પ્રમાણે પોતાની શોક્ય કૃતદ્યુતિને પુત્ર થવાથી નિત્ય બળ્યાં કરતી અને પોતાના જીવનનિર્વાહમાં પણ બેકાળજી બનેલા રાજાની ઉપેક્ષાને કારણે સ્ત્રીઓના હૃદયમાં ભારે દ્વેષ જાગ્યો. (૪૨) આ દ્વેષથી વિવેકબુદ્ધિ નાશ પામતાં કઠોર ચિત્તવાળી બની ગઈ અને રાજા ચિત્રકેતુનો પુત્ર ઉપરનો સ્નેહ સહન ન થયો અને રાજા ઉપર અસૂયા જાગતાં આ સ્ત્રીઓએ કુમારને વિષ આપી દીધું. (૪૩) પોતાની શોક્યોના આ મહાન પાપને નહિ જાણતી કૃતદ્યુતિ રાણી તો રાજકુમાર પોઢેલા છે એમ મનમાં માની ગૃહકાર્યમાં વિચરતાં હતાં. (૪૪) રાજકુમારને પોઢે ઘણીવાર થઈ એમ ધારી એ ચતુર કૃતદ્યુતિએ ધાવને આજ્ઞા કરી કે હે ભદ્રે ! હે ભલી ધાઈ ! જાને, મારા લાડકવાયા લાલાને જલદી જગાડીને તેડી લાવને બહેન ! (૪૫) ધાવ સૂતેલા કુમાર પાસે ગઈ ત્યાં તેને પ્રાણ, ઈંદ્રિય અને ચેતના વગરના તથા આંખોમાંથી કીકીઓ જતી રહેલા કુમારને નિહાળી 'હાયહાય આ શું થયું" એમ ચીસ નાંખી ધરતી પર ઢળી પડી. (૪૬) બન્ને હાથે જોરજોરથી અત્યંત દુઃખ પૂર્વક વારવાર છાતી કૂટતી એ ધાવના અત્યંત આતુરતા ભરેલા રુદનને સાંભળીને કૃતદ્યુતિ રાણી ઉતાવળી ઉતાવળી શયન ખંડમાં કુમાર પાસે ગઈ. ત્યાં તેને તરત જ અકસ્માત મરણ પામેલા પ્રાણપ્યારા પુત્રને જોયો. (૪૭) રાણીને શોક ઘેરી વળ્યો. ધરણી ઉપર ઢળી પડ્યાં. માથાના કેશ અને વસ્ત્રો વેરવિખેર થઈ ગયાં તેની પણ રાણીને ખબર રહી નહીં. (૪૮) ધાવના રુદનને સાંભળીને રાજાના અંતઃપુરમાં રહેનારા સેવકો, સ્ત્રીઓ, સ્વજનો અને પુરુષો ત્યાં દોડી આવ્યાં. આ બધાં સરખા જ દુઃખથી રુદન કરવા લાગ્યાં અને અપરાધ કરનારી તે શોક્યો પણ ખોટું ખોટું રડવા લાગી. (૪૯) એકાએક કુમારનું મરણ થયું સાંભળી અંધ બનેલ, પડતા આખડતા, ઠોકરો ખાતા અને સ્નેહના બંધનને લીધે વધી પડેલા શોકથી સખત ઘેરાયેલા ચિત્રકેતુ રાજા દ્વિજવરો સાથે ત્યાં આવ્યા. (૫૦) રાજાના કારભારીઓ પણ પાછળ પાછળ આવ્યા, કેશ અને વસ્ત્ર જેનાં છૂટી ગયાં છે

એવા ચિત્રકેતુ રાજા મરણ પામેલા પુત્રના પગ પાસે પડ્યા. લાંબા નિઃશ્વાસ મૂકતા અને અશ્રુધારાઓથી રૂંધાઈ ગયેલા ગળાવાળા રાજા મુખમાંથી વચન બોલી શક્યા નહીં (૫૧)

મહારાણી કૃતદ્યુતિનો વિલાપ

મહારાણી હતદ્યુતિ એકના એક પુત્રને એકાએક હરિશરણ થયેલ જોઈ તથા પતિને ઘણા જ શોકથી વ્યાપ્ત થયેલા જોઈ રાજાની સામે જોઈ જોઈને લોકોનાં અને કારભારીઓ વગેરેનાં કાળજાં ફાટી જાય એવી રીતે વિચિત્ર વિલાપ કરવા લાગી (૫૨). કેશરી ચંદનના લેપવાળી છાતીને કૂટતી. અંજનવાળી અશ્રુધારાથી કેશરવાળા સ્તનને નવરાવતી રુદન કરતી રાણીની વેણીમાંથી ફૂલની વેણીઓ સરી પડી, મસ્તકના વાળ વીખરાઈ ગયા અને કુરરી એટલે ટિટોડી પંખિણીની પેઠે ઊંચે સાદે શોક કરવા લાગી. (૫૩)

“અરે દૈવ ! તું અત્યંત આવો બાલિશ ક્યાંથી ? કારણકે પોતાની રચેલી સૃષ્ટિમાં આવું કામ કેમ કરાય ? મોટાના જીવતાં કે માવતરના જીવતાં નાનાનું મૃત્યું કરવું એ કેવો ઊલટો ન્યાય છે. અરે વિધાતા ! આવી જ તમારી વૃત્તિ હોય તો તમે ખરેખર પ્રાણીઓના કેવા દુશ્મન મનાઓ ? (૫૪) હે વિધાતા ! શું તમારામાં દયાનો છાંટોય નથી ? જો પ્રાણીઓને પોતપોતાનાં કર્મને લીધે અહીં મૃત્યુ અને જન્મનો યોગ્ય અનુક્રમ ન રહેતો હોય તો પછી તમારું શું કામ છે ? અરે વિધાતા ! જો મૃત્યુજન્મનો આવો ક્રમ ન જ હોય તો તમારી નિયામકતા પણ નકામી છે. કારણ કે આ તો પોતાના કર્મથી થવાનું છે તે થશે જ. પછી નિયામકની જરૂર જ શી છે ? અરે, વિધાતા ! વળી પોતાની સૃષ્ટિ વધારવા માટે જ તમે સ્નેહરૂપ બંધન રચ્યું છે તે જ સ્નેહબંધન તમારાથી કેમ કપાય ?” (૫૫) રાણી કૃતદ્યુતિ વિધાતાને આ પ્રમાણે ઠપકો આપી પછી પુત્રને કહે છે, “તાત ! કૃપણ અને અનાથ એવી માને છોડીને બેટા તારાથી કેમ ચાલ્યા જવાય ? બેટા, શોકથી સંતપ્ત તારા પિતાને તું જો; અમે અપુત્ર હતાં, આ અંધકારને તારાથી અમે તરવાનાં હતાં માટે બેટા, તું આ નિર્દય યમની સાથે દૂર ન જા-રહી જા. (૫૬) વહાલા પુત્ર ! બેટા ! બેઠો થા. હે રાજકુમાર ! આ તારા મિત્રો તને રમવાને બોલાવે છે. તું ઘણીવારથી સૂતો છે તેથી તને ભૂખ લાગી હશે માટે બેઠો થઈ જા. આ સ્તનપાન કરી લે અને અમારા શોકને દૂર કર”. (૫૭) સૂતેલા પુત્રને જગાડે તેમ જગાડતી મા હાથ ફેરવવા લાગી. “હે પુત્ર ! પ્રસન્ન નેત્રયુક્ત અને સુંદર મંદ હાસવાળા તારા મુખકમલને હું પ્રસન્ન કેમ જોતી નથી ? બેટા, મને લાગે છે કે મારું મંગળ નષ્ટ થઈ ગયું છે અથવા નિર્દય યમરાજાએ તને બીજા લોકમાં તો સદાને માટે પહોંચાડયો નથી ? કેમકે તારી કાલીઘેલી વહાલી મીઠી મધુર વાણી હું સાંભળતી નથી”. (૫૮)

શ્રી શુકદેવજીએ કહ્યું કે આ પ્રમાણે વિચિત્ર વિલાપ કરતી, મરેલા પુત્ર પાસે આક્રંદ કરતી મહારાણી કૃતદ્યુતિને જોઈને રાજા ચિત્રકેતુ અત્યંત સંતાપ કરતા મુક્તકંઠે રુદન કરવા લાગ્યા. (૫૯) આ પ્રકારે રાજારાણીને કરુણ વિલાપ કરતાં નિહાળી, રાજાનાં દાસદાસીઓ વગેરે બધાં જ સ્ત્રી-પુરુષો રુદન કરવા લગ્યાં અને ચારે તરફનું વાતાવરણ શોકમય બની ગયું (૬૦)

રાજન્ ! પરીક્ષિતજી ! મહર્ષિ અંગિરાજી અને નારદજીને લાગ્યું કે પુત્રશોકથી ચિત્રકેતુ રાજા ચેતનારહિત થઈ રહ્યા છે. રાજારાણી, કુટુંબ પરિવારને કોઈ સમજાવી શકે તેમ નથી રહ્યું, સર્વ અનાથ, અસહાય, અનાયક બની ગયાં છે ત્યારે બન્ને મહર્ષિઓ સ્વયં કરુણા કરવા પધાર્યા. (૬૧)

एवं कश्मलमापन्नं नष्टसंज्ञमनायकम् । ज्ञात्वाङ्गिरा नाम मुनिराजगाम सनारदः ॥ ६१ ॥

શ્રીમદ્ભાગવત પીયૂષનો ષષ્ઠસ્કંધ પુષ્ટિલાલાના દ્વિતીય ધ્યાન નામના પ્રકરણમાંનો ચિત્રકેતુ રાજા કૃતદ્યુતિ રાણી વગેરેના રાજકુમારના વિયોગ શોકનું વર્ણન કરતો ચૌદમો અધ્યાય સમાપ્ત.

અધ્યાય ૧૫મો

[આ અધ્યાયમાં ૨૮ શ્લોકો છે. શ્રી નારદજી અને મહર્ષિ અંગિરાજી રાજા ચિત્રકેતુજીને ખૂબ જ વિવેકનાં દાન કરતા જ્ઞાનનો ઉપદેશ કરશે.]

श्रीशुक उवाच – ऊचतुर्मृतकोपान्ते पतितं मृतकोपमम् । शोकाभिभूतं राजानं बोधयन्तौ सदुक्तिभिः ॥ १ ॥

શ્રી શુકાચચાર્યજીએ કહ્યું કે રાજન્ ! પુત્રના પ્રાણ ચાલ્યા ગયા હતા. રાજકુમારના પ્રાણશૂન્ય દેહની પાસે પિતા પણ શૂન્ય દેહ સમા અચેતન થઈ પડેલા હતા. શોકની ઘેરી અસર હતી. આ અવસરે કૃપાસિંધુ શ્રી નારદજી અને મુનિવર અંગિરાજી પધાર્યા અને દ્રષ્ટાન્તો સહિત શાસ્ત્રવાક્યોથી રાજાને વિવેક આપવા લાગ્યા (૧)

વિવેક સપ્તશ્લોકી

હે રાજન્ ! આપ જેનો શોક કરો છો તે આપના શા સગા થાય ? આપ પૂર્વે કઈ સૃષ્ટિમાં એના કઈ જાતના સંબંધમાં હતા, આજે છો ? અને આવતી કાલે એટલે ભવિષ્યમાં પણ આપનો અને એનો શું સંબંધ રહેશે ? (૨) રાજન્ ! વહેતાં સરિતાનાં ઝરણાંના વેગથી રેતી ક્યાંયની ક્યાંય જઈને પડે છે તેમ કાલપ્રવાહમાં તણાતાં પ્રાણીઓ જોડાય છે અને છૂટાં પડે છે (૩) જેમ ડાંગર, ઘઉં વગેરે ધાન્ય પૃથ્વીમાં પડે તેમાંથી નવાં ધાન્ય બીજ અંકુરિત થાય એટલે ઊગે ખરાં કે ન પણ ઊગે તેમ ઈશ્વરની માયાથી પ્રાણીઓ આવે છે અને જાય છે. (૪) તેથી હે રાજન ! આ આવાગમનની દિશામાં અન્ય પ્રાણીઓને જેમ શોક નથી હોતો તેવી જ રીતે સંયોગવિયોગમાં પણ શોક ન કરવો જોઈએ. રાજન્ ચિત્રકેતુજી ! અમે તમે અને આ બીજા બધા પણ જન્મ અને મૃત્યુની દશામાં સરખા જ કાલવાળા છીએ. આપણા દેહો જન્મ પહેલાં ન હતા, મૃત્યુ પછી પણ નહીં હોય તે રીતે વર્તમાન દેહ પણ ન હોઈ શકે. એટલો વિવેક રાજન્, હૃદયમાં રાખજો. (૫) રાજન્ ! આપણા સર્વના નિયામક એક ભગવાન છે. તે સ્વયં "અજન્મા" છે. તે નિરપેક્ષ ઈશ્વર જ સૃજેલાં અને અસ્વતંત્ર ભૂત વડે ભૂતને ઉત્પન્ન કરે છે, રક્ષણ કરે છે અને લય કરે છે. આ ભગવાનની લીલા બાળક જેવી જ નિર્દોષ છે. (૬) હે રાજન્ ! જેમ ભૂમિમાં બીજથી બીજ થાય છે તેમાં પૃથ્વીને કાંઈ નથી તેમ પિતાના દેહ દ્વારા માતાના દેહથી પુત્રના દેહની ઉત્પત્તિ થાય છે. પિતા, માતા પુત્ર જીવના રૂપમાં દેહી છે અને બાહ્ય દ્રષ્ટિએ કેવલ શરીર છે. આ સર્વમાં જે દેહી જીવ છે તે તો ઘટ આદિ કાર્ય પદાર્થોમાં પૃથ્વીની માફક નિત્ય છે. જીવને તો સંયોગ વિયોગ સિવાય બીજું કંઈ નથી. (૭) જેમ ઘટ, પટ વગેરે વસ્તુઓમાં અનેક ઘટ એટલે જાતિ અને એક ઘટ એટલે વ્યક્તિઓનો વિભાગ કલ્પિત છે તેમ દેહ અને દેહીનો વિભાગ પણ પ્રથમથી અવિવેક વડે કલ્પાયેલો છે. (૮)

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! આ પ્રમાણે દેહ નાશ પામે છે, આત્મા દેહથી ભિન્ન છે એવાં નારદજીનાં સાત શ્લોકનાં વચન સાંભળી રાજાને કંઈક આશ્વાસન મળ્યું. પુત્રવિયોગની મનોવ્યથાથી કરમાઈ ગયેલા મુખનું માર્જન કરીને તેઓ મુનિને કહેવા લાગ્યા. (૯)

રાજા ચિત્રકેતુએ સાત શ્લોકથી કરેલ ઋષિજનસન્માન

રાજા ચિત્રકેતુએ કહ્યું કે મહારાજ, જ્ઞાની, યોગી કે ભક્તોમાં કે શ્રેષ્ઠ પુરુષોમાં પણ શ્રેષ્ઠ અને જ્ઞાનની સંપત્તિવાળા આપ કોણ છો ? આપ તો કોઈ અવધૂત વેષથી ન ઓળખાતા અત્યંત ગુપ્ત સ્વરૂપે અહીં પધાર્યા જણાઓ છો. (૧૦) મહારાજ ! મારું માનવું છે કે મારા જેવા સંસારમાં આસક્ત, ગ્રામ્ય બુદ્ધિવાળાને બોધ આપવા માટે ઉન્મત્ત જન જેવા લક્ષણવાળા જણાતા પણ ભગવદ્ભક્ત બ્રહ્મજ્ઞાની પુરુષો જીવના મંગલ માટે પૃથ્વીમાં વિચરે છે (૧૧) ભગવન્ ! આ ભૂતલ ઉપર ભગવાનના જેવા જ બત્રીસ લક્ષણવાળા બત્રીસ સિદ્ધજનો કે જે મારા જેવા વિષયાસક્ત જીવોને ઉપદેશ આપવા માટે ઉન્મત્તના જેવો વેષ બનાવીને સ્વચ્છન્દ વિચરણ કરે છે. (૧૨) તેમાંના શુ આપ, સનકાદિકુમાર, નારદ ઋભુ, અંગિરા, દેવલ, અસિત, અપાન્તરમ, વ્યાસ, માર્કણ્ડેય, ગૌતમ, વસિષ્ઠ, પરશુરામ, કપિલ, શુકદેવજી, દુર્વાસા, યાજ્ઞવલક્ય, જાતૂકર્ણ્ય, આરુણિ, રોમશ, ચ્યવન, દત્ત, આસુરિ, પતંજલિ, વેદશિરા ઋષિ, બોધ્ય, પંચશિરા, મુનિ

હિરણ્યનાભ, કૌસલ્ય, શ્રુતદેવ, ઋતધ્વજ જૈગીષવ્યા, પરાશર વગેરે અન્ય અનેક સિદ્ધેશ્વરોમાંથી જ્ઞાન આપવાને માટે પધારેલા કોઈ છો. ૧૨ થી ૧૫. હે સમર્થ યોગેશ્વરો ! ગ્રામ્ય પશુ તુલ્ય અને મૂઢ બુદ્ધિવાળા તેમજ મોહ-અન્ધકારમાં ડૂબેલા મને આપ જ્ઞાનદીપનાં દાન કરવાની કૃપા કરો .(૧૫)

અંગિરા મુનિનાં દશ શ્લોકમાં વચનામૃત

મહર્ષિ અંગિરાજી વચનામૃતધારા વરસાવતાં બોલ્યા, રાજન્ ! એકવાર હું આપને વિવેકભક્તિનાં દાન કરવા આવેલ ત્યારે તમને પુત્રની ઈચ્છા થઈ ત્યારે પુત્રને આપનાર હું અંગિરા છું અને આ મારી સાથે સાક્ષાત્ બ્રહ્માજીના પુત્ર ભગવાન નારદઋષિ છે. (૧૭) રાજન્ ! તમે શ્રીહરિના ભક્ત છો. હાલ તમને પુત્રવિરહના દુસ્તર મોહ-દરિયામાં ડૂબતા જોયા ત્યારે આપ ભગવદીય જન, તાદૃશી જન આમ શોક કરવાને યોગ્ય નથી એમ જાણી અનુગ્રહવશ બની આપની પાસે આવ્યા છીએ. રાજન્ આપ બ્રાહ્મણોના ભક્ત છો. વળી ભગવદ્ભક્ત છો માટે આપ આમ દુઃખી ન થાઓ (૧૮-૧૯) ભક્તવર ! પૂર્વે પણ આપની પાસે આપને જ્ઞાન આપવા જ આવેલો પણ તે સમયે આપનો પુત્રપ્રાપ્તિનો જ આગ્રહ અને અનુરાગ હોવાથી જ્ઞાન ન આપતાં મેં પુત્ર જ આપ્યો. (૨૦) આજે આપને પુત્રવાળાને જે દુઃખ થાય છે તેનો અનુભવ થયો છે. રાજન્ ! આવી જ રીતે સ્ત્રી, ઘર, લક્ષ્મી અનેક પ્રકારની સંપત્તિ વગેરે પણ સંતાપક છે, સુખદ નથી એમ જાણો. (૨૧) હે નૃપ ! શબ્દાદિ વિષયો અને રાજવિભૂતિઓ પણ ચલ છે તેમજ પૃથ્વી, રાજ્યસેના, કોષ, ખજાના, સેવકો-મંત્રીઓ અને મિત્રો વગેરે પણ ચલ છે. (૨૨) હે શૂરસેન, આ સર્વ પદાર્થો શોક, મોહ, ભય અને કલેશને આપનારા છે. આ સર્વ કેવલ દેખાનારા પણ ઉપયોગમાં ન આવે એવા, ગંધર્વ નગર જેવા અને સ્વપ્ન જેવા છે. વગર વસ્તુએ દેખાતા એટલે મનોમાત્ર છે. હે રાજન્ ! કર્મનું ધ્યાન કરતાં નાના પ્રકારનાં કર્મો થાય છે, બને છે. (૨૩-૨૪) જીવને આ દેહ પ્રાપ્ત થાય છે તે દ્રવ્ય, પૃથ્વી, જલ, તેજ વગેરે પદાર્થો, જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિયમાં અહંભાવ થતા જીવને ઘણા પ્રકારના સંતાપનું કારણ છે. (૨૫) રાજન્ તેથી મનને સ્થિર કરો. ભગવાનના સ્વરૂપનો અને આત્મસ્વરૂપનો વિચાર કરો. દ્વૈતભાવમાં આ નિત્ય છે એવો જે નિશ્ચય થયો છે તેને છોડીને શાંતિનો આશ્રય કરો. (૨૬)

ત્યારબાદ નારદજીએ કહ્યું કે આ મંત્રોપનિષદ હું આપને આપું છું. આ ઉપનિષદનું સાત રાત્રિ સુધી ધારણ કરવાથી સંકર્ષણ પ્રભુનું આપને દર્શન થશે. (૨૭) હે નરેન્દ્ર ! શ્રી સંકર્ષણ ભગવાનના ચરણનો આશ્રય કરી ભગવાન શિવ અને અન્ય દેવો પણ આ દ્વૈત ભ્રમને જલદી ત્યજી ભગવાનના અતુલ અને સર્વ દેવો કરતાં અધિક મહિમાને તત્કાળ પ્રાપ્ત થયા છે, તે મંત્ર આપને હું આપું છું. આ ઉપનિષદથી આપ પણ જલદીથી પરમાત્માના તે સ્વરૂપને પ્રાપ્ત કરશો. (૨૮)

यत्पादमूलमुपसृत्य नरेन्द्र पूर्वे शर्वादयो भ्रममिमं द्वितयं विसृज्य । सद्यस्तदीपमतुलानधिकं महित्वं प्रापुर्भवानपि परं नचिरादुपेति ॥

શ્રીમદ્ ભાગવત પીયૂષનો ષષ્ઠ સ્કંધના પુષ્ટિ લીલાનો દ્વિતીય ધ્યાન પ્રકરણમાંનો ચિત્રકેતુ રાજાને શ્રી અંગિરામુનિ અને શ્રી નારદમુનિનાં દર્શન અને આપેલા વિવેકનું વર્ણન કરતો અધ્યાય ૧૫મો સમાપ્ત.

અધ્યાય ૧૬મો

[આ અધ્યાયમાં ૬૫ શ્લોકો છે. મુનિવર ભગવત્કૃપા બલથી રાજકુમારમાં પ્રાણનો પ્રવેશ કરાવી ઉપદેશ અપાવે છે.]

श्रीशुक उवाचःअथ देवऋषी राजन् सम्परेतं नृपात्मजम् । दर्शयित्वेति होवाच ज्ञातीनामनुशोचताम् ॥ १ ॥

શ્રી શુકદેવજીએ કહ્યું કે હે રાજન્ ! ત્યાર બાદ મહર્ષિ નારદજી મરેલા રાજાના બાળકને બતાવીને શોક કરતા જ્ઞાતિજનોને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૧)

પુત્રનું સજીવ થવું : મહર્ષિ નારદજી બોલ્યા, હે રાજકુમાર ! તારું કલ્યાણ હો. આ તારા પિતા, સુહૃદો, બાંધવો વગેરે તારા અકાલ મૃત્યુના શોકથી અત્યંત દુઃખી છે. (૨) માટે બેટા ! બેઠો થા. પાછો તારા શરીરમાં આવીને બાકી રહેલા

આયુષ્યને ભોગવીને તારા સુહૃદોની સાથે રહીને તારા પિતાએ આપેલા રાજ્યાસન ઉપર વિરાજીને તારાં માતાપિતાને સુખ આપ. (૩)

સજીવન રાજકુમારનાં આઠ શ્લોકોમાં વિવેકવચન

જીવે કહ્યું, પિતાજી ! ક્યા જન્મમાં આપ મારાં માતાપિતા હતાં તે કહેશો ? અથવા હે દેવર્ષિજી આપ કહેશો કે આ મારા ક્યા જન્મનાં માતાપિતા હતાં ? કારણ કે મારો એક જન્મ નથી પરંતુ હું તો મારાં કર્મોથી દેવ, મનુષ્ય અને પશુયોનિમાં અનેક જન્મથી ફરું છું. (૪) બંધુજન, જ્ઞાતિજન, શત્રુજન, મધ્યસ્થજન, મિત્રજન, ઉદાસીન અને શત્રુજન વિશેષ વગેરે ભાવો સર્વ પ્રાણીને સર્વ પ્રાણીમાં ક્રમે કરીને થયા કરે છે. (૫) જેમ બજારમાં વેચાતા સુવર્ણાદિ પદાર્થો એક પાસેથી બીજા પાસે જાય છે તેમ માનવનો જીવ પણ પોતાની વાસના પ્રમાણે અનેક પ્રકારની યોનિમાં ફરે છે. (૬) આ પ્રકારે વિચાર કરતાં સમજાય છે કે મનુષ્યો કરતાં અધિક સમય રહેનારા સુવર્ણ, ઘર આદિ પદાર્થોનો સંબંધ પણ મનુષ્યની સાથે સ્થાયી નથી હોતો માત્ર ક્ષણિક હોય છે અને જ્યાં સુધી જેનો જે વસ્તુ કે વ્યક્તિ સાથે સંબંધ રહે છે ત્યાં સુધી તે વસ્તુ અને વ્યક્તિ સાથે મમતા રહે છે .(૭). તેમ મનુષ્ય યોનિમાં રહેલા જીવ તો નિત્ય અને નિરહંકૃતિ છે. આ જીવને જ્યાં સુધી દેહનો સંબંધ હતો ત્યાં સુધી પિતાપુત્ર ભાવ હતો. તે દેહસંબંધ છૂટી જતાં કોણ પિતા અને કોણ પુત્ર; તેથી શોક કરવો અસ્થાને છે. (૮) આ જીવ ભગવાનનો અંશ છે. ભગવાન તો નિત્ય-અવિનાશી-સર્વના આશ્રય અને સર્વને જોનાર-સમર્થ પ્રભુ છે. તે ઈશ્વર સ્વરૂપ હોવાથી પોતાની સર્વ પદાર્થ સ્વરૂપે થવાની માયા નામની શક્તિથી આ ત્રણ ગુણ દ્વારા આ વિશ્વને સરજે છે. (૯) ભગવાનના અંશ સ્વરૂપ આ જીવનો કોઈ પ્રિય કે અપ્રિય નથી. પોતાનો કે પારકો એવો ભેદ નથી. તે એક છતાં સર્વની બુદ્ધિના દ્રષ્ટા છે અને કર્તાઓના ગુણદોષના દ્રષ્ટા છે. (૧૦) આ રીતે જીવ સર્વનો આત્મા હોવાથી કોઈના ગુણદોષ કે ક્રિયાનાં ફળને ગ્રહણ કરતો નથી. પણ ઉદાસીનની માફક રહેતાં છતાં પર અને અવર કારણ અને કાર્યાત્મક જગતને જોડનાર ઈશ્વર છે. (૧૧) શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! આટલું બોલી રાજકુમારનો જીવ ચાલતો થયો ત્યારે સાંભળનાર સર્વ સગાંસંબંધી વિસ્મય પામ્યાં અને તેનાથી સ્નેહરૂપી શૃંખલાને છોડીને તેના શોકથી મુક્ત થયા. (૧૨) ત્યાર બાદ જ્ઞાતિજનોએ બાળકના દેહને અગ્નિ સંસ્કાર કર્યો અને જે કંઈ ઉત્તરક્રિયા કરવી ઘટે તે કરીને શોક, મોહ, ભય અને દુઃખને આપનાર સ્નેહને છોડીને દુઃખથી મુક્ત થયા. (૧૩) બાળકને વિષ આપનાર સ્ત્રીઓ બાલહત્યાથી કાંતિહીન બની ગઈ. તેમણે બાલહત્યાના અપરાધનો સ્વીકાર કર્યો તે સર્વ રાણીઓને બ્રાહ્મણોએ બાલહત્યાનું પ્રાયશ્ચિત્ત બતાવ્યું તે પ્રમાણે રાણીઓએ શ્રી યમુના મહારાણીજીના કિનારે જઈ શ્રી નારદજીના વચનને અનુસરી વિધિવત બાલહત્યાનું વ્રત કર્યું. (૧૪) રાજન્ ! સરોવરના કાદવકીચડમાં ખૂંપેલો હાથી કિનારાના માનવોના સહારાથી બહાર નીકળે છે તેમ શોકસાગરમાં ડૂબેલા ચિત્રકેતુ રાજા શ્રી નારદજીના ઉપદેશથી આત્મબોધ થતાં ગૃહસ્થાશ્રમની આસક્તિના ઊંડા કૂપમાંથી બહાર નીકળ્યા. (૧૫) ત્યાર પછી રાજાએ શ્રીકાલિન્દીમાં વિધિપૂર્વક સ્નાન કરી, પવિત્ર જલથી તર્પણાદિ કરી મૌન લઈ, પ્રાણાયામાદિ કરી શુદ્ધ થઈને, બ્રહ્મકુમાર અંગિરા અને નારદજીને નમસ્કાર કરી શરણે આવ્યા. (૧૬) આ રીતે રાજા જ્યારે શરણે આવ્યા ત્યારે તે નારદજીના ભક્ત થયા અને આત્મજ્ઞાન મેળવવાના પ્રયત્નવાળા છે એમ જાણી ભગવાન નારદજી રાજા ઉપર પ્રસન્ન થયા અને ઉપનિષદ વિદ્યાનો ચિત્રકેતુ રાજાને ઉપદેશ કર્યો. (૧૭)

આઠ શ્લોકમાં સંકર્ષણ વિદ્યાનો ઉપદેશ

ॐ नम स्तुभ्यं भगवते वासुदेवाय धीमहि । प्रद्युम्नायानिरुदधाय नमः संकर्षणाय च ॥ १८ ॥
नमो विज्ञानमात्राय परमानन्दमूर्तये । आत्मारामाय शान्ताय निवृत्तद्वैतदृष्टये ॥ १९ ॥
आत्मानन्दानुभूत्यैव न्यस्तशक्त्यूर्मये नमः । हृषीकेशाय महते नमस्तेऽनन्तमूर्तये ॥ २० ॥

હે ભગવાન વાસુદેવ ! આપને મારા નમસ્કાર હો, પ્રદ્યુમ્નરૂપ, અનિરુદ્ધ અને સંકર્ષણરૂપ આપને મારા નમસ્કાર હો

(૧૮) આપ વિજ્ઞાન માત્ર છો; પરમાનંદ મૂર્તિ છો, આત્મારામ અને શાંત છો, આપ દ્વૈત ભાવથી પર છો એવા આપને મારા નમસ્કાર હો. (૧૯)આપે આપના આત્માનંદના અનુભવથી શક્તિના સર્વ તરંગોનો ત્યાગ કર્યો છે, ઈંદ્રિયોના નિયન્તા છો અને વિશ્વમૂર્તિરૂપ છો તે મહાપુરુષને મારા નમસ્કાર છે (૨૦).

वचस्युपरतेऽप्राप्य य एको मनसा सह । अनामरुपश्चिन्मात्रः सोऽव्यान्नःसदसत्परः ॥ २१ ॥
यस्मिन्निदं यतश्चेदं तिष्ठत्यप्येति जायते । मृण्मयेष्विव मृज्जातिस्तस्मै ते ब्रह्मणे नमः ॥ २२ ॥
यन्न स्पृशन्ति न विदुर्मनो बुद्धीन्द्रियासवः । अन्तर्बहिश्चविततं व्योमवत्तन्नतोऽस्म्यहम् ॥ २३ ॥
देहेन्द्रियप्राणमनोधियोऽभी यदंशविद्धा प्रचरन्ति कर्मसु । नैवान्यदा लोहमिवाप्रतप्तं स्थानेषु तद् द्रष्ट्रपदेशमेति ॥ २४ ॥

જે ભગવાનના મહિમાને વર્ણવેલાં વેદનાં વચનો નહિં પહોંચતાં સમાપ્ત થઈ જાય છે, યોગીઓનાં મન પણ જેને પામ્યા વિના પાછાં ફરે છે, જે નામ કે રૂપ ન છતાં કેવળ ચૈતન્યધન છે અને જે કાર્યકારણથી પર છે તે અમારું રક્ષણ કરો (૨૧) માટીમાંથી ઘડેલા ઘડા, કોડિયાં, કુલડાં વગેરે માટીમાં જ લય પામે છે તેમ આ જગત જેનામાં દેખાય છે તથા જેનાથી પ્રકટ થાય છે, જેનાથી સ્થિતિ કરે છે અને જેમાં લીન થાય છે તે બ્રહ્મને મારા નમસ્કાર હો. (૨૨) મન, બુદ્ધિ, ઈંદ્રિય, પ્રાણ વગેરે જેનો સંપર્ક કરી શકતા નથી, જાણી પણ શકતા નથી અને આકાશની માફક જે અંદર અને બહાર વ્યાપીને રહે છે તેને હું નમું છું. (૨૩) દેહ ઈંદ્રિય, પ્રાણ, મન, બુદ્ધિ વગેરે જેની સત્તાથી પોતપોતાનાં કાર્ય કરવામાં સમર્થ બને છે તેની સત્તા વિના સમર્થ થતાં નથી, જેમ ઠંડું લોહ બાળી શકતું નથી તેમ જીવ પણ જાગ્રદાદિ અવસ્થામાં ભગવચ્છક્તિવડે જ દૃષ્ટાવત્વને પામે છે અન્યથા નથી પામતો. (૨૪).

ॐ नमो भगवते महापुरुषाय महानुभावाय महाविभूतिपतये सकलसात्वतपरिवृढनिकरकरकमलकुड्मलोपलालित-चरणारविन्दयुगलाय परम परमेष्ठिन् नमस्ते ॥ २५ ॥ ભગવાન, મહાપુરુષ, મહાન અનુભવવાળા, મહાવિભૂતિના પતિ, અને સકલ ભક્તવર્યો કરબદ્ધ અંજલિથી જે નાથના ચરણારવિન્દની સેવા કરે છે એવા અને પરમ સ્થાનમાં બિરાજતા આપને અમારા નમસ્કાર હો. (૨૫) શ્રીશુકદેવજીએ કહ્યું કે રાજન્ ! આ પ્રમાણે શ્રીનારદજીએ રાજા ચિત્રકેતુને સંકર્ષણ વિદ્યા આપી ત્યાર પછી નારદજી અંગિરાની સાથે બ્રહ્માજીના ધામ તરફ સિધાવ્યા. (૨૬) ચિત્રકેતુ રાજાએ જલ માત્રથી નિર્વાહ કરી સાત દિવસ સુધી મનને સ્થિર કરીને નારદે આપેલી તે વિદ્યાને ધારણ કરી. (૨૭) હે રાજન્ ! સાત રાત સુધી આ સંકર્ષણ વિદ્યાનું આરાધન કરતાં રાજા ચિત્રકેતુએ લોકમાં આડખીલી વિનાના વિદ્યાધરના આધિપત્યને સંપાદન કર્યું. (૨૮) ત્યાર પછી કેટલાક દિવસ આ સંકર્ષણ વિદ્યાનું મનન કરી ગતિને કેળવીને ચિત્રકેતુ રાજા ગન્ધર્વ દેવાધિદેવ શેષનાગના ચરણની પાસે ગયા. (૨૯) ભગવાન સંકર્ષણ મૃણાલ ગૌર વર્ણના હતા. નીલ અંબર ધારણ કર્યાં હતાં. કિરીટ, કેયૂર, કટિમેખલા અને કંકણ આદિ અલંકારોને શોભાવતા હતા. મુખકમલ અને અનુરાગવાળા અરુણ નયનવાળા તથા સિદ્ધેશ્વરવૃન્દથી સેવાયેલા હતા એવા શ્રી સંકર્ષણ ભગવાનનું ચિત્રકેતુ રાજાને દર્શન થયું. (૩૦) સંકર્ષણ ભગવાનનાં દર્શન માત્રથી જ ચિત્રકેતુનાં સર્વ પાપ દૂર થઈ ગયાં અને અન્તઃકરણ અત્યંત નિર્મલ બની ગયું. નેત્રમાં પ્રેમનાં અશ્રુ આવી ગયાં અને રોમાંચ થઈ ગયાં. ભાવવિભોર સ્થિતિમાં આવી ગયેલ ચિત્રકેતુ રાજા આદિપુરુષ સંકર્ષણ ભગવાનને નમસ્કાર કરવા લાગ્યા. (૩૧) રાજા ચિત્રકેતુ શ્રી ઉત્તમશ્લોક સંકર્ષણ ભગવાનની ચરણકમલપીઠને હર્ષાશ્રુથી સિંચન કરતા, પ્રેમવેગથી કંઠ રૂંધાઈ જતાં ભગવાનની સ્તુતિ કરવા માટે ઘણીવાર સુધી તો સમર્થ ન થયા. (૩૨) ત્યાર પછી ચિત્રકેતુ રાજાએ મનને બુદ્ધિથી વશ કરી સર્વ ઈંદ્રિયોના બાહ્ય વ્યવહારને રોકીને ભક્તિશાસ્ત્રમાં વર્ણવેલા દિવ્ય વિગ્રહવાળા જગદ્‌ગુરુ સંકર્ષણ ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. (૩૩)

૧૫ શ્લોકોમાં કરેલી શ્રી સંકર્ષણ ભગવાનની સ્તુતિ

चित्रकेतुरुवाय : अजित जितः सममंतिभिः साधुभिर्भवान् जितात्ममिर्भवता ।
विजितास्तेऽपि च भजतामकामात्मां य आत्मदोऽतिकुरुणः ॥३४॥

રાજા ચિત્રકેતુ કહે છે કે હે ભગવન્ ! આપ તો અજિત છો છતાં ભગવાનનાં મતિવાળા જીતમન મહાપુરુષ સાધુ જનોએ આપ અજિતને જીત્યા છે અને અત્યંત દયાળુ આપ પણ સેવાપરાયણ નિષ્કામ ભક્તોને આત્માનું દાન કરનાર છો તેથી તેને આપ જીતો છો. (૩૪)

હે ભગવન્ ! આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય તે આપનો વિભવ કે લીલા છે. વિશ્વ સર્જનાર પ્રજાપતિઓ તો આપના અંશના પણ અંશ છે. છતાં પોતાને મહાન માની અભિમાન રાખી પરસ્પરની પરસ્પર સ્પર્ધા કરે છે. (૩૫) પરમ અણુથી પરમ મહાન સુધીની સર્વ વસ્તુના આદિ, અંત અને મધ્યમાં આપ રહ્યા છો છતાં આપ આદિ, અંત અને મધ્યરહિત છો. વસ્તુના આદિમાં અને અંતમાં જે રહે તે વસ્તુમાં મધ્યમાં પણ ચોક્કસ હોય જ. (૩૬) પૃથ્વી વગેરે એક ઉત્તરોત્તર દશગણા વિસ્તારવાળું સાત આવરણોથી વીંટાયેલ આ બ્રહ્માંડકોશ છે તે આપના સ્વરૂપમાં અણુમાત્ર દેખાય છે. આવાં તો બ્રહ્માંણ્ડો આપના સ્વરૂપમાં રહેલ હોવાથી આપને અનંત કહ્યા છે. (૩૭) સુખની લાલસાવાળા નરપશુઓ આપની વિભૂતિરૂપ દેવોને આરાધે છે પણ આપનું આરાધન કરતા નથી. આ આરાધકોએ મેળવેલી સમ્પત્તિઓ તો રાજાને સેવનારા રાજસેવકો રાજાના મરણ પછી રાજાનો આશ્રય છૂટી જતાં પોતે પણ નષ્ટ થાય છે તેમ સેવકોની વિભૂતિ પણ સ્વામીનો આશ્રય જતાં સ્વયં નષ્ટ થાય છે. (૩૮) હે પરમશ્રેષ્ઠ ભગવન્ ! શેકેલાં બીજ જેમ ઊગતાં નથી તેમ આપની જ ઈચ્છા હોવાથી કામાદિનું તુચ્છ ફળ મળતું નથી. કારણ કે જીવને ત્રણ ગુણથી સુખદુઃખ થાય છે. આપ તો નિર્ગુણ છો. આપને મેળવવાની કામનાનું ફળ સુખદુઃખથી પર છે. આપના ભક્તને આપની કામના ધીમે ધીમે તેને નિષ્કામ કરે છે. (૩૯) હે અજિત ! જ્યારે આપ નિર્દોષ ભાગવતધર્મને કહો છો ત્યારે આપ સર્વોત્કર્ષથી વર્તો છે. કેમ કે આપનો કહેલો ભાગવતધર્મ તો આત્મારામ અને નિષ્કિંચન મુનિજનો મોક્ષને માટે સેવે છે. (૪૦) જે ભાગવતધર્મમાં બીજા ધર્મોની જેમ તું અને હું અથવા તારું અને મારું એવી વિષમ બુદ્ધિ નથી. જે વિષમ બુદ્ધિથી રચાય છે તે જ અશુદ્ધ, ક્ષયવાળો અને અધર્મવાળો ગણાય છે. (૪૧) જેમાં સ્વ અને પર એવો ભેદ છે ત્યાં કુશળ ક્યાંથી હોય, પોતાનો કે પારકો દ્રોહ થતો હોય એવા ધર્મમાં શો લાભ હોય ? અને ફલ પણ શું હોઈ શકે ! વળી શાસ્ત્રઅવિહિત તપથી પોતાના આત્માને દુઃખ દે તો આપનો કોપ થાય છે અને બીજાને પીડા કરે તો અધર્મ થાય છે. (૪૨)

આપની ઈક્ષા એટલે આપનો સંકલ્પ ક્યાંય વ્યર્થ જતો નથી. આપે તેવી વિવેકદૃષ્ટિથી ભાગવત ધર્મ કહ્યો છે કે જે ધર્મને આર્ય લોકો સ્થાવરજંગમ પદાર્થોમાં વસેલા આ પ્રેમ આપને દૃષ્ટિથી સેવે છે. (૪૩)

न हि भगवन्नघटितमिदं त्वद्‌दर्शनान्नृणामरिवलपापक्षयः। यन्नाम सकृच्छ्रवणात् पुल्कसोऽपि मुच्यते संसारात् ॥४४॥

अथ भगवन् वयमधुना त्वदवलोक परिमृष्टाशयमलाः । सुर ऋषिणा यदुदितं तावकेन कथमन्यथा भवति ॥४५॥

ભગવન્ ! આપના દર્શનથી મનુષ્યનાં અખિલ પાપનો ક્ષય થાય છે એ વાત અઘટિત તો નથી જ. જે આપનું નામ એક વાર શ્રવણ કરે તે પુલ્કસ એટલે ચાંડાળ હોય તો પણ સંસારથી મુક્ત થાય છે (૪૪). હે ભગવન્ ! આપના દયાકટાક્ષથી અમારા મનના સર્વ મેલ દૂર થયા. આપના દેવર્ષિએ જે કહ્યું હતું તે કેમ અન્યથા થાય ! (૪૫).

હે અનંત ! આપ સમસ્ત જગતના આત્મા છો એટલે સર્વ જનના મનની વાત જાણો છો પછી હે પરમ ગુરો ! આપને કહેવાનું કે પ્રાર્થના કરવાનું શું હોય ! આગિયો સૂર્યને પ્રકાશી ન શકે એમ હું આપને વિનંતિ ન કરી શકું. (૪૬) સર્વ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરવામાં સમર્થ આપને નમસ્કાર કરું છું. ભેદદૃષ્ટિવાળા, કુયોગી અભક્તને આત્મતત્ત્વનો બોધ ન કરનાર આપને નમસ્કાર કરું છું. પરમહંસરૂપ આપને મારા નમસ્કાર હો. (૪૭)

નાથ, આપનો શ્વાસ ચાલુ થતાં બ્રહ્માદિ દેવોનો શ્વાસ પાછળથી ચાલુ થાય છે. આપના જોવા પછીથી જ્ઞાનેંદ્રિયો જાણી શકે છે આપના મસ્તક ઉપર આ ભૂમંડલ સરપવના દાણા જેવું જણાય છે તે સહસ્ત્ર મસ્તકવાળા ભગવાનને મારાં નમન હો. (૪૮)

શ્રી શુકદેવજી બોલ્યા, રાજન્ ! હે કુરુકુલવર્ધક ! આ પ્રમાણે અનંત ભગવાનની સ્તુતિ કરી ત્યારે અત્યંત પ્રસન્ન થયેલા

ભગવાને વિદ્યાધરના અધિપતિ ચિત્રકેતુને મધુર વાક્યોથી આ પ્રમાણે કહ્યું. (૪૯)

પંદર શ્લોકોમાં ભગવાનનાં વચનામૃતો

ભગવાને કહ્યું કે હે ! ગન્ધર્વપતિ ચિત્રકેતુ ! નારદ અને અંગિરાએ જે ઉપદેશ કર્યો છે તેથી અને હે રાજન્ ! તે બન્ને ઋષિવરોએ આપેલી વિદ્યાથી તથા અત્યારે મારાં દર્શન કર્યાં તેથી તમે સંકલ્પસિદ્ધ થયા છો ! (૫૦) ગન્ધર્વરાજ ! હું જ સર્વ ભૂતરૂપ છું. સર્વ ભૂતનો આત્મા પણ હું છું અને સર્વ ભૂતને ઉત્પન્ન કરનાર પણ હું છું. શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મ એ બન્ને મારી નિત્ય તનુ છે એટલે મારા જ દેહ છે. (૫૧) લોકોમાં આત્માસ્વરૂપે હું જ વિસ્તૃત છું અને મારા આત્માની અંદર સર્વ લોકોને રાખું છું. લોક અને આત્મા બન્નેનો આધાર હું જ છું. હું એક છું. તે મેં જ આ બન્ને ભેદ કર્યા છે. (૫૨) ગાઢ નિદ્રામાં સૂતેલો પુરુષ પોતાનામાં સમગ્ર વિશ્વને જુએ છે. નિદ્રામાંથી જાગ્યા બાદ પોતાને ઘરના એક ખૂણામાં રહેલો જુએ છે. (૫૩) આવી જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિ અવસ્થાઓને માયામાત્ર જાણી તે અવસ્થાના દ્રષ્ટા ભગવાનને તેનાથી જુદા જાણી તેનું સ્મરણ કરવું. (૫૪) નિદ્રાવશ પુરુષ ઊંઘમાં જે સ્વરૂપથી બધું જુએ છે અને સુખનો અનુભવ કરે છે અને જાગ્યા પછી હું સુખથી સૂતો હતો મેં કાંઈ પણ ના જાણ્યું એમ સુષુપ્તિના અનુભવને જણાવે છે. જો સુષુપ્તિમાં સુખનો અનુભવ કર્યો ન હોય તો એવી સ્મૃતિ થઈ શકે જ નહી તે સ્મૃતિનો સાક્ષી હું નિર્ગુણ બ્રહ્મ છું એમ જાણવું. (૫૫) ઊંઘતાં અને જાગતાં જેની અન્વય તરીકેની સત્તા સિદ્ધ થાય છે તે જ પરબ્રહ્મ છે એમ જાણવું. (૫૬) જ્યારે મદ્ભાવાત્મક બ્રહ્મનું વિસ્મરણ થાય છે ત્યારે ભેદ ઉત્પન્ન થાય છે. ભેદથી સંસાર અને સંસારથી દેહ, દેહથી દેહ અને મૃત્યુથી મૃત્યુ ઉત્પન્ન થાય છે. (૫૭) જ્ઞાન અને વિજ્ઞાનનો જેમાં સંભવ છે એવી મનુષ્યની યોનિમાં આવીને જે પોતાના આત્માને જાણી શકતો નથી તેને ક્યાંય પણ સુખ મળતું નથી કે તે પોતાના આત્મજ્ઞાનને પ્રાપ્ત કરવાનો નથી. (૫૮) લોકવ્યવહારમાં કલેશને, અને જેને માટે સ્નેહનો વ્યવહાર કરીએ તેનાથી ફળ જુદી જાતનું મળે છે તેને જોઈને અને નિવૃત્તિમાં અભયને જોઈને વિદ્વાન સંકલ્પથી વિરામ પામે. (૫૯) સ્ત્રી અને પુરુષ દુઃખ ટાળવાને અને સુખ મેળવવાને પ્રયત્ન કરે છે તેનાથી દુઃખ ટળતું નથી અને સુખ મળતું નથી. પરંતુ એ કર્મોથી ન તો એનું દુઃખ દૂર થાય છે કે એને સુખની પ્રાપ્તિ થાય છે. (૬૦) જે મનુષ્ય પોતાને અધિક સમજુ સમજે છે અને કર્મોથી પરંપરામાં પડ્યા છે તેમને વિપરીત ફલ મળે છે એ વાત સમજી લેવી જોઈએ વળી સાથોસાથ એ વાત પણ કે આત્માનું સ્વરૂપ અત્યંત સૂક્ષ્મ છે. જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ આ પણ અવસ્થાઓથી અને એ ત્રણના અભિમાનીઓથી વિલક્ષણ છે (૬૧) હે ચિત્રકેતુ ! પોતાના વિવેકબળથી વિવેકીજન, દેખેલા અને સાંભળેલા વિષયોના સુખમાંથી મન વાળી લઈ, વિષયોમાંથી મુક્ત થઈ, સંતુષ્ટ થઈ પ્રેમપૂર્વક મારી ભક્તિ કરે છે .(૬૨)

एतावानेव मनुजैर्योगनैपुण्यबुद्धिभिः । स्वार्थः सर्वात्मना ज्ञेयो यत्परात्मैकदर्शनम् ॥ ६३ ॥

યોગમાં જેની બુદ્ધિ નિપુણ હોય એવા પુરુષે પરમાત્માનું દર્શન કરવું એ જ સર્વ આત્માઓનો સાચો સ્વાર્થ કહેલો છે (૬૩) ગન્ધર્વરાજ ! આ મારાં વચનોનું એકાગ્રતાથી શ્રવણ કરી શ્રદ્ધાથી ધારણ કરી લો. ભાઈ ચિત્રકેતુ, તમે શીઘ્ર સિદ્ધ થઈ જશો. (૬૪)

શ્રી શુકદેવજી કહે છે કે રાજન્ ! જગતના ગુરુ સંકર્ષણ શ્રીઅનંત ભગવાનજી આશ્વાસન આપીને ચિત્રકેતુ રાજાના દેખતાં જ વિશ્વાત્મા શ્રીહરિ દર્શન દેતાં તિરોહિત થયા. (૬૫)

आश्वास्य भगवानित्थं चित्रकेतुं जगद्गुरुः । पश्यतस्तस्य विश्वात्मा ततश्चान्तर्दधे हरिः ॥ ६५ ॥

શ્રીમદ્ ભાગવત ષષ્ઠ સ્કંધ પુષ્ટિ લીલાના દ્વિતીય ધ્યાન નામના પ્રકરણમાંને સંકર્ષણ ભગવાનનાં દર્શન, સ્તવન અને ઉપદેશનું વિસ્તૃત વર્ણન કરતો અધ્યાય ૧૬મો સમાપ્ત.

અધ્યાય ૧૭મો

[આ અધ્યાયમાં ૪૧ શ્લોકો છે. ચિત્રકેતુ ગન્ધર્વરાજ બને છે અને અભિમાનથી શ્રી ઉમાદેવીના શાપને પામે છે એ પ્રસંગ આવશે.]

અર્ધનારીશ્વર ભગવાન શંકરનાં દર્શન

શ્રીશુક ઉવાચ : यतश्चान्तर्हितोऽनन्तस्तस्यै कृत्वा दिशे नमः । विद्याधरश्चित्रकेतुश्चचार गगने चरः ॥ १ ॥

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! વિદ્યાધર ચિત્રકેતુજીએ સંકર્ષણ ભગવાન જે દિશા તરફ અંતર્ધાન થયા તે દિશાને નમસ્કાર કરીને આકાશમાર્ગે વિચરણ કર્યું. (૧) ચિત્રકેતુ ગન્ધર્વ એક લાખ વર્ષ ગગનમાં જ વિચર્યા. મહાન એવા મુનિવરો સિધ્ધો અને ચારણો તેમની સ્તુતિ કરવા લાગ્યા. સુમેરુ પર્વતની ઘાટીઓમાં વિચરણ કરતા ભગવત્કૃપાના બલથી ગન્ધર્વરાજની ગતિ-બલ અને ઈંદ્રિયો જરા પણ કુંઠિત ન થયાં. (૨) એક દિવસ ચિત્રકેતુ રાજા સર્વ સંકલ્પની સિદ્ધિ દેનારા કુલાચલેન્દ્ર પર્વતના નીચાણ પ્રદેશમાં વિદ્યાધરોની સ્ત્રીઓ સાથે ભગવાનના યશનું ગાન કરતા અને કરાવતા ફરવા લાગ્યા. (૩) એકવાર ભગવાને આપેલા તેજસ્વી વિમાનમાં વિચરતા હતા ત્યારે ચિત્રકેતુએ સિદ્ધચારણ વૃન્દના પરિવારથી શોભતા શ્રી શિવજીને જોયા. (૪)

ભગવાન શંકર મુનિવૃન્દની સભામાં ઉત્સંગમાં પધરાવેલાં ઉમાદેવીને બાહુથી આલિંગન-આશ્રય આપી બિરાજ્યા હતા. આ સમયે પાર્વતીના સાંભળતાં સમીપમાં જઈ હાસ્યપૂર્વક ચિત્રકેતુ ગન્ધર્વરાજ અનુચિત વાક્ય બોલ્યા. (૫) આશ્ચર્ય છે કે મનુષ્યોને સાક્ષાત્ ધર્મનો ઉપદેશ કરનાર ભગવાન વૃષધ્વજ જગદ્‌ગુરુ બનીને સભાની અંદર પોતાની પત્નીને ઉત્સંગમાં સ્થાપી બેઠેલા છે. (૬)

ગર્વાધીન ચિત્રકેતુનો અવિવેક

આ શિવજી તો સંયમના ભૂષણ તરીકે જટાને ધારણ કરે છે, તીવ્ર તપ કરે છે. બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ કરે છે, સભાના પ્રમુખ છે આમ છતાં અમર્યાદિત રીતે સંસારાસક્ત માનવીની માફક ખોળામાં સ્ત્રીને લઈને બેઠા છે. (૭) ઘણું કરીને સંસારરત માનવો પણ એકાંતમાં જ સ્ત્રીની સાથે બેસે છે. આ શિવજી તો સમર્થ વ્રતી ને સંયમી છે, છતાં સભામાં અયોગ્ય રીતે સ્ત્રીને ધારણ કરી બેઠા છે. (૮)

પૂર્ણ કલશ કદી ના છલકાય

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! અગાધ બુદ્ધિવાળા ભગવાન શિવજી ચિત્રકેતુનાં અનુચિત વચનો સાંભળીને કેવલ સભામાં હસ્યા અને વિવેકીજનને ઉચિત એવા મૌનથી જ શોભ્યા, તેમજ સભામાં બેઠેલા અન્ય શિવના અનુચરોમાંથી પણ કોઈ બોલ્યા વગર જ બેઠા. (૯) આ પ્રસંગે ભગવતી દેવી પાર્વતી, શિવનાં પરાક્રમને નહિ જાણનાર તેથી જ સર્વથા બહુ અસંબદ્ધ વાક્યો બોલનાર પોતાના મન ઉપર તેમજ ઈંદ્રિયો ઉપર વિજય ન હોવા છતાં મનોજિત છું એવું અભિમાન કરનાર ધૃષ્ટ ચિત્રકેતુને કોપ કરીને કહેવા લાગ્યાં. (૧૦)

પાર્વતીજીનો શાપ

શ્રી પાર્વતીજીએ કહ્યું, શું ચિત્રકેતુ આજે વર્તમાનમાં સર્વોપરિ છે તેમજ શું એ દંડનાયક છે ? આ નવો નિયામક ક્યારે નિમાયો છે કે અમને નિર્લજ્જ સમજનાર અમારા જેવા લોકોનું અપમાન કરે છે ? (૧૧). બ્રહ્માજી કે બ્રહ્મપુત્રો ભૃગુ નારદ વગેરે તેમજ કપિલદેવ, સનત્કુમારાદિ, મનુ વગેરે પણ શું ધર્મને નથી જાણતા કે તેઓ ધર્મનું ઉલ્લંઘન કરનાર શિવને અધર્મ કરતાં અટકાવે નહીં ? (૧૨) ભગવાન શંકરના ચરણકમલનું તો બ્રહ્માદિ દેવો ધ્યાન કરે છે તેમજ શિવજી મંગળમાં પણ મંગળરૂપ છે, આવા સમર્થ જગતના ગુરુ શિવનો અને દેવતાઓનો તિરસ્કાર કરનાર એક ક્ષુદ્ર ક્ષત્રિય ચિત્રકેતુ અમારા ઉપર નિયમન કરવા સજ્જન થયો છે તેથી ધૃષ્ટ છે એટલું જ નહિ પણ દંડ દેવા લાયક છે. (૧૩)

नायमर्हति वैकुण्ठपादमूलोपसर्पणम् । सम्भावितमतिः स्तब्धः साधुभिः पर्युपासितम् ॥ १४ ॥
अतः पापीयसीं योनिमासुरीं याहि दुर्मते । यथेह भूयो महतां न कर्ता पुत्र किल्बिषम् ॥ १५ ॥

પોતાને ઘણો જ સમજણવાળો સમજનાર અને અભિમાની આ ગન્ધર્વ શ્રી વૈકુંઠભગવાનના ચરણકમલની સેવામાં રહેવા લાયક નથી કેમ કે તે ચરણારવિંદના સેવનનો અધિકાર તો ભક્તને જ છે. (૧૪) માટે હે દુર્મતે ! તું આસુરી અને પાપી યોનિમાં જા, જ્યાં જવાથી હે પુત્ર ! પુનઃ આવી મહાન પુરુષોની ટીકા કરવાનો અપરાધી ન બને. (૧૫)

ચિત્રકેતુનો વિનય

શ્રી શુકદેવજી મહારાજે કહ્યું કે ભારત ! શ્રી પાર્વતીજીએ ચિત્રકેતુને આવો શાપ આપ્યો ત્યારે ગન્ધર્વરાજ ચિત્રકેતુ વિમાનમાંથી નીચે ઊતરી આવ્યા અને શ્રી પાર્વતી માતાને નમ્રતાથી મસ્તક નમાવી નમસ્કાર કર્યા અને સતીને પ્રસન્ન કરવાનો તેઓ પ્રયત્ન કરવા લાગ્યા (૧૬).

ચિત્રકેતુએ શ્રી પાર્વતીજીની ક્ષમા માગી

હે પૂજ્ય જનની અંબિકે ! પૂજ્ય દેવજનો શાપ આદિ જે કાંઈ આપે છે તે પ્રમાણે મનુષ્યનું પૂર્વનું ભાગ્ય જ સમજવું. માટે આપે મને જે શાપ આપ્યો તેનો હું સ્વીકાર કરું છું. (૧૭) હે દેવિ ! અજ્ઞાનથી મોહ પામેલો જીવ આ સંસારચક્રમાં પડે છે અને પુનઃ તે ચક્રમાં જ વિચરતો સુખદુઃખને અનુભવે છે. (૧૮) સુખદુઃખનો કર્તા આત્મા નથી તેમજ અન્ય કોઈ પણ નથી. કેવલ અબુધજન આત્માને અથવા અન્યને કર્તા માને છે. (૧૯) આ સંસારચક્ર એ તો સત્ત્વ-રજ-તમ આદિ ગુણનો પ્રવાહ છે તેમાં વળી શાપ શું અને અનુગ્રહ શું તેમજ સ્વર્ગ શું અને નરક શું, વળી સુખ શું કે દુઃખ શું ? (૨૦) માત્ર ત્રણ ગુણોથી પર ભગવાન એકલા જ પોતાની માયા નામની શક્તિથી ભૂતોને સરજે છે, તેના બંધ, મોક્ષ અને સુખદુઃખ સમજે છે છતાં પોતે નિર્વિકાર છે. (૨૧)

न तस्य कश्चिद्दयितो न प्रतीपो न ज्ञातिवन्धुर्न परो न च स्वः । समस्य सर्वत्र निरञ्जनस्य सुखे न रागः कुत एव रोषः ॥

તે ભગવાનને કોઈ પ્રિય નથી; કોઈ દ્વેષી નથી કોઈ બંધુ નથી, કોઈ પોતાનો કે પારકો નથી, સર્વત્ર સમદૃષ્ટિવાળા છે. સ્વયં નિરંજન છે. તેને સુખમાં પણ રાગ નથી, તો દ્વેષ ક્યાંથી જ હોય ? (૨૨) તો પણ એ ભગવાનની માયા નામની શક્તિ તેના સુખદુઃખ, હિતઅહિત, બંધમોક્ષ તથા મનુષ્યના મૃત્યુ અને જન્મરૂપ સંસારને અર્પે છે. હે જનની, હું આપે આપેલી શાપની માફી માટે મનાવતો નથી તે તો પ્રમાદ માનીને ભોગવીશ; પરંતુ તમે જે મારા કથનને અયોગ્ય કહ્યું છે તે સ્વીકારી તે માટે હું ક્ષમા માગું છું. (૨૪)

શ્રી શુકદેવજીએ કહ્યું, રાજન્ ! આ પ્રમાણે શ્રીગિરિજા અને શ્રીગિરીશ ભગવાનને પ્રસન્ન કર્યા બાદ ગન્ધર્વ ચિત્રકેતુ વિમાનમાં આરૂઢ થયા અને સર્વના જોત જોતામાં જ સભામાંથી વિદાય થયા. (૨૫)

ભગવાન શ્રી રુદ્રજીનું વચનામૃત

આ પ્રસંગે શ્રી દેવર્ષિઓ અને દૈત્યો તેમજ સિદ્ધો અને પાર્ષદોના સાંભળતાં શિવજી પાર્વતીજીને કહેવા લાગ્યા : (૨૬) હે શુશ્રોણિ ! અદ્ભુત કર્મવાળા ભગવાન શ્રીહરિના ભક્તો મહાત્મા છતાં કેવા નિઃસ્પૃહ હોય છે તેનું માહાત્મ્ય આપે જાતે જોયું ? (૨૬)

नारायण परामेके न कुतश्चन बिभ्यति । स्वर्गापवर्गनरकेष्वपि तुल्यार्थदर्शिनः ॥२८॥
देहिनां देहसंयोगाद् द्वन्द्वानीश्वरलीलया । सुखं दुःखं मृतिर्जन्म शापोऽनुग्रह एव च ॥२९॥
अविवेककृतः पुंसो ह्यर्थभेद इवात्मनि । गुणदोषविकल्पश्च भिदेव स्रजिवत् कृतः ॥३०॥
वासुदेवे भगवति भक्तिमुद्वहतां नृणाम् । ज्ञानवैराग्यवीर्याणां नेह कश्चिद्व्यपाश्रयः ॥३१॥

નારાયણ પરાયણ ભક્તો સર્વ લોકોમાં ક્યાંય ભય પામતા નથી. તેમને મન તો સ્વર્ગ, મોક્ષ કે નરક પણ સમાન દેખાય છે, કારણ કે ત્રણે ભગવત્સેવામાં તો અન્તરાય રૂપ જ છે ને ? (૨૮) મનુષ્યને દેહનો સંયોગ થતાં ઈશ્વરની લીલાથી સુખ-દુઃખ, મૃત્યુ-જન્મ અને શાપ-અનુગ્રહ વગેરે થયા કરે છે. (૨૯) પુરુષને જડ અને ચેતનનો ભેદ અબોધ અવિવેકને લીધે ઉત્પન્ન થાય છે તેથી જેમ પુષ્પની માળામાં સર્પનો ભાસ થાય તેમ આત્મામાં ગુણદોષરૂપ વિકલ્પ થાય છે. (૩૦)

પરંતુ વાસુદેવ ભગવાનમાં ભક્તિ કરનાર અને જ્ઞાનવૈરાગ્યના બળવાળા લોકોને કાંઈ પણ આ સંસારમાં ગ્રહણ કરવા યોગ્ય નથી દેખાતું. (૩૧)

હું,બ્રહ્માજી, સનતકુમારો, નારદ, બ્રહ્માના પુત્રો, મુનિઓ, ઈન્દ્રાદિ દેવો વગેરે તે ભગવાનના જ અંશ છીએ છતાં શું કર્તવ્ય છે તે અમે જાણતા નથી. પરંતુ અમે જ ઈશ છીએ એવું અભિમાન કરીએ છીએ. (૩૨) તે ભગવાનને કોઈ પ્રિય નથી, કોઈ પોતાનો નથી તેમજ પારકો નથી; પરંતુ સર્વ પ્રાણીના આત્મા હોવાથી સર્વ પ્રાણીના પ્રિય ભગવાન છે. (૩૩) શ્રી ચિત્રકેતુજી ગન્ધર્વ તો ભગવાનના પ્રિય સેવક છે. સર્વત્ર સમાન દૃષ્ટિવાળા છે. મારા જેટલા જ તે ભગવાનના પ્રિય છે. (૩૪) માટે પૂર્ણપુરુષોત્તમના ભક્તો તો મહાન આત્માઓ છે; મહાપુરુષો છે; તેઓ સમાન દૃષ્ટિવાળા હોય એમાં વિસ્મય ન પામવું (૩૫).

શ્રી શુકદેવજી બોલ્યા કે, રાજન્ ! ભગવાન શિવજીના આવા મહાપુરુષોના સામર્થ્યને સમજાવનારું કથન, ઉમાદેવીએ સાંભળ્યું ત્યારે દેવીનો વિસ્મય દૂર થયો અને શાંત થયાં. (૩૬)

સાધુની સાધુતા

ભગવદ્ભક્ત શ્રી ચિત્રકેતુ દેવી પાર્વતીજીની સામે શાપ આપવાને સમર્થ હતા છતાં તેમણે ભક્તિથી મસ્તક નમાવીને દેવીના આપેલા શાપનો સ્વીકાર કર્યો. એ જ સાધુની સાધુતા છે. (૩૭) હે દેવી ! કોઈ કોપ કરે તેની સામે તેના જેવા ન થવું. શ્રી પાર્વતીજીના શાપથી ચિત્રકેતુ ગન્ધર્વ ત્વષ્ટાના યજ્ઞમાં દક્ષિણાગ્નિથી "વૃત્ર" નામથી ઉત્પન્ન થયેલા છે તે પ્રસિદ્ધ દાનવ છે; છતાં જ્ઞાનવિજ્ઞાનસંપન્ન વિવેકી ભક્ત છે. (૩૮)

રાજન્ ! આપે પૂછેલ કે ભગવાનમાં ભક્તિવાળા વૃત્રાસુરનો અસુર યોનિમાં કેમ જન્મ થયો તેનું કારણ અને તેની સર્વ કથા આ બધું મેં તમને કહ્યું. (૩૯) આ પરમ પુનીત મહાત્મા ચિત્રકેતુના ઈતિહાસમાં ભગવાન વિષ્ણુના ભક્તોનું માહાત્મ્ય છે. આ દિવ્ય કથાના શ્રવણથી બંધનમુક્ત થવાય છે. (૪૦) જે કોઈ ભક્તજન આ આખ્યાનનો શ્રદ્ધાપૂર્વક મૌન રાખીને નિત્ય ભગવત્સ્મરણ કરતાં પાઠ કરે તે પણ સર્વ બંધનથી મુક્ત થાય છે. (૪૧)

શ્રીમદ્ ભાગવત પીયૂષનો ષષ્ઠ સ્કંધ પુષ્ટિ લીલાના દ્વિતીય ધ્યાન પ્રકરણમાંનો ચિત્રકેતુનો ગર્વ, ઉમાનો અપરાધ, ઉમાનો શાપ અને ક્ષમાપન પ્રસંગનું વર્ણન કરતો અધ્યાય ૧૭મો સમાપ્ત.

અધ્યાય ૧૮મો

[આ અઢારમા અધ્યાયમાં ૭૮ શ્લોકો છે. આ અધ્યાયમાં આરંભમાં અદિતિના વંશનું અને પછી દિતિના વંશનું વર્ણન આવશે. ઈન્દ્ર રાજાએ દિતિમાતાના ગર્ભના વજ્રથી ૪૯ ટુકડા કર્યા. પણ વ્રતપ્રભાવથી ન મર્યા. તે જલ વાયુદેવો થયા અને દેવોના આપ્તજન બન્યા.]

श्रीशुकउवाचःपृश्निस्तु पत्नी सवितुः सावित्रींव्यावृतिंत्रयीम् । अग्निहोत्रं पशुं सोमं चातुर्मास्यं महामखान् ॥ १ ॥

શ્રી શુકાચાર્યજી મહારાજ કહી રહ્યા છે કે રાજન્ કશ્યપમુનિનાં અદિતિ નામનાં પત્નીમાં બાર આદિત્યોનો જન્મ થયો..पूषा त्वष्टाऽथसविता भगः । धाताविधाता वुरुणो मित्रः शक्र उरुक्रम ॥ આ બાર આદિત્યમાં પાંચમા સવિતા નામના આદિત્યોનાં પત્ની "પૃશ્નિદેવી"એ "સાવિત્રી"ને એટલે ગાયત્રીના અભિમાની દેવને; ''व्याहृतिने'' એટલે भूः भुवः स्वः એ ત્રણ વ્યાહુતિના અભિમાની દેવને; ''त्रयी''ને એટલે ત્રણ વેદના અભિમાની દેવને; તેમજ અગ્નિહોત્ર, પશુ, સોમ, ચાતુર્માસ્ય અને પંચ મહાયજ્ઞને જન્મ આપ્યો. આ પાંચ મહાયાગોના અભિમાની દેવતાઓ છે. શ્રી પૃશ્નિએ આ રીતે ત્રણ કન્યાઓ અને પાંચ પુત્રો મળીને કુલ આઠ સંતાનોને જન્મ આપ્યો. (૧) હે વત્સ છઠ્ઠા ભગ નામના આદિત્ય પત્ની 'શ્રી સિદ્ધિએ મહિમા, વિભુ અને પ્રભુ નામના ત્રણ પુત્રો તથા સુશીલ અને સુંદર આશિષ નામની કન્યાને જન્મ આપ્યો. (૨) ધાતા નામના છઠ્ઠા આદિત્ય મુનિએ કુહૂમાં સાયં નામના પુત્રને, સિનીવાલીમાં દર્શન, રાકામાં પ્રાતરને અને અનુમતિમાં પૂર્ણમાસને ઉત્પન્ન કર્યાં. (૩) વિધાતા નામના આઠમા આદિત્યે ક્રિયા નામની પત્નીમાં પુરીષ્ય નામના પાંચ અગ્નિને ઉત્પન્ન કર્યા. વરુણ નામના નવમા આદિત્ય દેવથી ચર્ષણીમાં ભૃગુ અને વાલ્મીકિ થયા. આ ભૃગુ જે બ્રહ્માજીના

પુત્ર હતા તે ફરીથી વરુણના પુત્ર થયા. વાલ્મીકિજી વરુણ નામના આદિત્યરાજ પુત્ર હતા ત્યાર બાદ તપ કરતાં શરીરે રાફડો બાઝતાં મહાયોગી વાલ્મીકિ નામના મુનિ થયા. (૪) મિત્રાવરુણે એટલે મિત્ર અને વરુણ નામના બન્ને આદિત્યોએ ઉર્વશી અપ્સરાને જોઈ ત્યારે તેમનું વીર્ય સ્ખલિત થયેલું તે રેતસૂને ઘડામાં નાંખ્યું તેથી અગસ્ત્ય અને વસિષ્ઠ થયા. (૫) મિત્ર નામના નવમા આદિત્યથી રેવતીમા ઉત્સર્ગ, અરિષ્ટ અને પિપ્પલ થયા. (૬) ઈન્દ્ર નામના અગિયારમા આદિત્યે પોલોમીમાં ત્રણ પુત્રો ઉત્પન્ન કર્યા તે જયન્ત, ઋષભ અને ત્રીજા મીઢુષ એ નામે થયાનું સાંભળ્યું છે (૭) ભગવાને કપટલીલા દ્વારા વામનરૂપ સ્વીકાર્યું ત્યારે તે ત્રિવિક્રમ થયા. તે ત્રિવિક્રમનું જ નામ ઉરુક્રમ છે. આ ઉરુક્રમનામના બારમા આદિત્ય દેવે કીર્તિ નામની પત્નીમાં બૃહચ્છ્લોક નામના પુત્રને ઉત્પન્ન કર્યા અને તેનાથી સૌભગ વગેરે પુત્રો થયા. (૮) મહર્ષિ કશ્યપના પુત્ર શ્રી ઉરુક્રમે શ્રી અદિતિ માતાજીમાં પ્રાક્ટય સ્વીકાર્યું, તેમણે અને શ્રી વામન ભગવાને જે પરાક્રમો કર્યાં છે તેનો યશ આગળ અષ્ટમ સ્કંધમાં વર્ણવાશે . (૯)

દિતિવંશવર્ણન

શ્રી, શુકદેવજી મહારાજે કહ્યું, રાજન હવે આપને મહર્ષિ કશ્યપનાં અન્ય પત્ની શ્રીદિતિદેવીમાં થયેલ દૈત્યોના વંશને હું વર્ણવીશ, જે દૈત્યો દેવોના ભાગીદાર હતા. શ્રીદિતિના વંશમાં ભક્તરાજ પ્રહ્લાદજી અને પરમ ભગવદીય શ્રી બલિરાજા જેવા ભગવદ્ભક્તો થયા છે . (૧૦) શ્રી દિતિમાતાની કૂખે મહર્ષિ કશ્યપ દ્વારા બે પુત્રો થયા. આ બન્નેને સદા દૈત્યો અને દાનવો વંદન કરતા હતા. આ બન્નેના હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ નામ હતાં. આ બન્નેના જન્મની કથા ત્રીજા સ્કંધમાં વર્ણવી છે. (૧૧) જંભ નામના વીર દાનવની પુત્રી શ્રી કયાધૂ હિરણ્યકશ્યપની પત્ની થાય. આ કયાધૂની કૂખે ચાર પુત્રો થયા. (૧૨) આ ચાર પુત્ર સંહ્લાદ, અનુહ્લાદ, હ્લાદ અને ભક્તરાજ શ્રી પ્રહ્લાદ નામે થયા તથા સિંહિકા નામની કન્યા થઈ. તે સિંહિકાને વિપ્રચિત્તિ પરણ્યા જેનાથી રાહુ નામના પુત્ર થયા. (૧૩) જ્યારે સમુદ્રમંથન સમયે પ્રક્ટેલ અમૃતનું પાન રાહુએ કરવા માંડયું ત્યારે શ્રીહરિ ભગવાને તેનું મસ્તક કાપી નાંખ્યું. હિરણ્યકશ્યપુના જયેષ્ઠ પુત્ર સંહ્લાદની પત્ની કૃતિએ પંચજનને જન્મ આપ્યો. (૧૪) હિરણ્યકશિપુના ત્રીજા હ્લાદની પત્ની ધમનીથી વાતાપિ અને ઈલ્વલ નામના બે પુત્રો થયા. આ બન્ને ભાઈઓએ મુનિવર અગસ્ત્યજીને જમવાને તેડયા. ઈલ્વલે આ અવસરે વાતાપિને બકરીનું સ્વરૂપ આપી તેની રસોઈ બનાવી અને ખવરાવી એવી કથા અન્યત્ર છે. (૧૫) હિરણ્યકશિપુના બીજા પુત્ર અનુહ્લાદને સૂર્મ્યા નામની પત્નીથી બાષ્કલ અને મહિષા નામના બે પુત્રો થયા. પ્રહ્લાદથી વિરોચન થયા. વિરોચનજીનાં પત્ની દેવી નામની સ્ત્રીમાં બલિરાજા થયા. (૧૬) ભક્તરાજ બલિજીનાં અશના નામનાં પત્નીમાં સો પુત્ર થયા. જેમાં બાણાસુર જયેષ્ઠ પુત્ર હતા. બાણાસુરનો મહિમા સાંભળવા જેવો છે; પરંતુ રાજન્ ! એ આગળ ઉપર વર્ણવીશું. (૧૭) વીર બાણાસુર શિવભક્ત હતા. એમણે શિવજીનું આરાધન કર્યું તેથી શિવજીએ પ્રસન્ન થઈ પોતાના ગણોના અધ્યક્ષ પદે સ્થાપ્યા. પુરપાલક ભગવાન શિવજી અદ્યાપિ તેમની પડખે રહે છે . (૧૮)

૪૯ મરુતદેવોની મંગલ ગાથા

દિતિના ૪૯ મરુત્ નામના પુત્રો થયા તે અપ્રજ હતા. રાજા ઈન્દ્રે દિતિમાતાની ઈચ્છાથી તેમજ તે અપુત્ર હતા તેથી તેમને દેવોમાં દાખલ કર્યા. (૧૯) પરીક્ષિત રાજાજીએ પ્રશ્ન કર્યો કે ભગવન્ શુક ! ૪૯ મરુત દિતિપુત્ર હતા તેઓએ જન્મસિદ્ધ અસુરભાવ ત્યજી દઈ ઈન્દ્ર સાથે મળી ગયા. આ કામ મરુતોએ મહત્ત્વનું કર્યું મનાય. (૨૦) ભગવાન શુક ! મારી માફક આ ઋષિવરો પણ આ વાત સાંભળવાની મારી સાથે શ્રદ્ધા રાખે છે માટે હે બ્રહ્મન્ આ પ્રસંગનું સ્પષ્ટ રીતે જ્ઞાન થાય તેમ મરુતકથા કહેવા કૃપા કરો. (૨૧) મુનિવર શ્રી સૂત બોલ્યા કે મુનિવર્ય શૌનક ! રાજા પરીક્ષિતના ટૂંકા છતાં અર્થગંભીર વાક્યને સાંભળી નૃપ વાક્યનું અભિનંદન કરી સર્વજ્ઞ શ્રીશુકદેવજીએ પ્રસન્નતાપૂર્ણ અન્તઃકરણથી રાજાને આખ્યાન કહેવાનો આરંભ કર્યો. (૨૨)

શ્રી શુકાચાર્યે કહ્યું કે ઈન્દ્રનો પક્ષ લઈને વિષ્ણુ ભગવાને દિતિના પુત્રોને માર્યા ત્યારે શોક અને ક્રોધથી બળતાં કશ્યપ

પત્ની દિતિ મનમાં વિચારવા લાગ્યાં કે મારા બે તેજસ્વી અને સમર્થ પુત્રો હિરણ્યકશિપુ અનેહિરણ્યાક્ષ બન્ને ભાઈઓનો કેવલ ઈન્દ્રિયસુખલાલચુ રાજા ઈન્દ્રે નાશ કરાવ્યો છે. (૨૩) એવો ક્યારે પ્રસંગ આવે કે કઠોર હૃદયવાળા ઈન્દ્રનો હું નાશ કરાવીને સુખથી નિદ્રા પામું, આવા પ્રકારની દિતિએ મનમાં ઈચ્છા કરી. (૨૪) ભગવન્ ! તારી લીલા કેવી છે કે જે શરીરને રાજા કહેવામાં આવ્યો હોય તે આ પ્રાણરહિત શરીરને બે દિવસ રાખીએ તો તેમાં કૃમિ થઈ જવાના, જો તે શરીરનું શ્વાન ભક્ષણ કરે તો વિષ્ઠા થઈ જવાની અને દેહને બાળી દઈએ તો ભસ્મ થઈ જવાનો. આવા ક્ષણભંગુર શરીરના સુખ માટે પ્રાણીઓના દ્રોહ કરનાર રાજાઓ શું જીવનના સાચા સ્વાર્થને સમજી શકે છે કે જે ભૂતદ્રોહથી નરક ફળની પ્રાપ્તિ થાય છે. (૨૫) રાજન્ ! દિતિએ મનથી વિચાર્યું કે દેહને નિત્ય માનતા ઈન્દ્રના મદને પણ ઉતારી દે એવો મને પુત્ર થાય. (૨૬) હૃદયમાં આ પ્રકારની આશાને સેવતી દિતિદેવી પોતાના પતિની વારંવાર સેવા કરતી, સ્નેહ કરતી તેમજ સ્નેહ દાખવતી નમ્રતા સાથે ઈન્દ્રિય ઉપર સંયમ રાખીને મુનિવર કશ્યપજીની સેવા કરવા લાગી. (૨૭)

દિતિએ સેવા કરી પતિને રીઝવ્યા

હે રાજન્ ! સુંદર અને હૃદયંગમ મધુર વાણીથી તેમજ સ્નેહભાવથી કશ્યપ મુનિના ભાવનાં જાણનારાં દિતિ દેવીએ સ્મિત - હાસ્ય, હાવભાવ અને કટાક્ષોથી પતિ કશ્યપનું મન વશ કરી લીધું. (૨૮) ઋષિ કશ્યપ દિતિ દેવીના આ આશયથી અજાણ્યા ન હતા. તેઓ વિદ્વાન હતા છતાં ચતુર સ્ત્રીના હાવભાવથી કામવશ બની ગયા. અન્તે દિતિ દેવી કંઈ પણ કહે તે જ ઉત્તમ છે એમ કહેવા લાગ્યા. સ્ત્રીવશ થયેલ પુરુષ સ્ત્રીના કહ્યા પ્રમાણે કરે એમાં કાંઈ આશ્ચર્ય ન કહેવાય. (૨૯)

રાજન્ ! સૃષ્ટિના પ્રારંભમાં જ્યારે બ્રહ્માએ પ્રાણીઓને ઉત્પન્ન કર્યાં ત્યારે સર્વ જીવો નિઃસંગ રહ્યા ત્યારે બ્રહ્માજીએ પોતાના અર્ધ દેહમાંથી સ્ત્રીની ઉત્પત્તિ કરીને નિઃસંગ પુરુષોની બુદ્ધિને હરી લીધી. (૩૦) દિતિએ કશ્યપની પુષ્કળ સેવા કરી. ત્યારે કશ્યપ મુનિ દિતિ ઉપર અત્યંત પ્રસન્ન થઈ ગયા. (૩૧) મુનિ કશ્યપ નિત્ય દિતિની સેવાની પ્રશંસા કરવા લાગ્યા અને હસીને દિતિને કહેવા લાગ્યા કે હે મનોહરાંગી ! તમારી જેટલી પ્રશંસા કરું એટલી ઓછી. હું તમારા ઉપર પ્રસન્ન થયો છું તેથી ઈચ્છિત વરદાન માગી શકો છો. (૩૨) દેવી ! સ્ત્રીઓનું પરમ દૈવત તેના પતિ મનાય છે. શ્રી વાસુદેવ ભગવાન શ્રી લક્ષ્મીપતિ સર્વ પ્રાણીના મનમાં વસેલા છે. આજ ભગવાન લક્ષ્મીનારાયણ સ્ત્રીઓને પતિરૂપે દર્શન આપે છે. આ વાસુદેવ ભગવાનને જ જીવો ભિન્નભિન્ન નામ અને સ્વરૂપથી અનેક દેવતાસ્વરૂપે સેવે છે અને સ્ત્રીઓ તે ભગવાનને જ પતિસ્વરૂપે સેવે છે. (૩૫) વળી કશ્યપમુનિ બોલ્યા, હે સુમધ્યમે ! પતિવ્રતા પત્નીઓ પોતાના શ્રેયસ માટે અનન્ય ભાવથી આત્મસ્વરૂપ તેમજ પતિસ્વરૂપ ઈશ્વરનું અર્ચન કરે છે. (૩૫) હે ભદ્રે ! તમે પણ અનન્ય ભગવદ્ભાવથી તેમજ ભક્તિથી મારી સેવા કરી છે માટે કેવલ પતિવ્રતાઓને જ સુલભ બને તેવી તમારી કામનાને પૂર્ણ કરીશ. (૩૬) આ પ્રસંગે શ્રી દિતિદેવીએ કહ્યું કે જો આપ વરદાન દેવાને જ તત્પર હો તો એવું વરદાન આપો કે મહારાજ ! મારા પુત્રોનો વધ કરનાર - કરાવનાર ઈન્દ્રનો નાશ કરનાર છતાં સ્વયં અમર એવો પુત્ર મને પ્રાપ્ત થાય (૩૭) પત્ની દિતિનાં આવાં વચન સાંભળતાં જ કશ્યપ મુનિ મનથી દુઃખી થયા અને મનમાં ને મનમાં જ પરિતાપ કરવા લાગ્યા કે આજે મારે માટે ભારે અધર્મ આવી પડયો છે. (૩૮) ખરેખર, આજે સ્ત્રીનો આકાર લઈ આવેલી માયાને લીધે હું ઈન્દ્રિયારામ બન્યો અને સ્ત્રીસુખના મોહમાં પડયો તેથી હું જરૂર નરકમાં પડીશ. (૩૯) આ પ્રકારે વરદાન માગનાર દિતિનો દોષ કેમ મનાય ! એણે તો એના સ્વભાવને અનુસરીને કર્યું છે. હું તો તેના અપરાધને ન ગણતાં મારી જાતને જ ધિક્કારું છું કે હું ઈન્દ્રિયોને વશ ન કરી શક્યો પરંતુ ઈન્દ્રિયોને વશ બની ગયો. (૪૦) સાંભળ્યું છે કે સ્ત્રીઓનું મુખ શરદના કમળ જેવું હોય છે, વળી તેમનાં વચન અમૃત જેવાં મીઠાં હોય છે પરંતુ હૃદય તો અસ્ત્રાની તીક્ષ્ણ ધાર જેવાં હોય છે તેને કોણ જાણી શકે ? (૪૧) એકવાર પુરુષને પોતાના આત્મા તરીકે ગણતી સ્ત્રીઓ પોતાના સ્વાર્થમાં આડે આવતા પિતા-પુત્ર-ભ્રાતાને પણ વિના વિલંબે મારે કે મરાવે-તેને કોઈ પ્રિય કે અપ્રિય જ નથી. (૪૨) પરંતુ હું

વચનપરાયણ છું મેં એવા વરદાન માટે હા કહી છે તો મારું વચન વૃથા ન જાય તેમજ ઈન્દ્રપુત્ર પણ ન મરે એવો કોઈ ઉપાય વિચારવો રહ્યો. (૪૩)

મહર્ષિ મરીચિના પુત્ર મુનિ કશ્યપે આવો વિચાર કરી કંઈક કોપે ભરાઈ પોતાના આત્માનો તિરસ્કાર કરતા બોલ્યા, હે દિતિદેવી ! જો તમે એક વર્ષ પર્યન્ત વ્રત કરશો તો તમને દેવનો બંધુ અને ઈન્દ્રને હણનાર પુત્ર થશે. (૪૪)

દિતિદેવીની વ્રત તત્પરતા અને વ્રતના નિયમો

મુનિવર કશ્યપજીનાં વચન સાંભળી દિતિએ કહ્યું નાથ ! હું અવશ્ય વ્રત આચરીશ. માટે આપ કહો કે મારે કયા નિયમો લેવા કે જેથી વ્રત સિદ્ધ થાય અને શું ન કરવું કે જેનાથી વ્રતમાં વાંધો ન આવે. (૪૫)

મુનિવર કશ્યપે કહ્યું કે દેવીદિતિ પ્રાણી માત્રની હિંસા ન કરવી, કોઈને શાપ ન આપવો, અસત્ય ન બોલવું, નખ-કેશનું છેદન ન કરવું; અમંગલ વસ્તુનો સ્પર્શ ન કરવો. (૪૭) જલમાં પ્રવેશીને સ્નાન ન કરવું; કોપ ન કરવો; દુષ્ટ જન સાથે ભાષણ ન કરવું; ધોયા વિનાનું પહેરેલું વસ્ત્ર ધારણ ન કરવું; કોઈએ ધારણ કરેલી માલા ધારણ ન કરવી. (૪૮) કોઈનું ઉચ્છિષ્ટ અન્ન ન લેવું, બળેલું અન્ન ન લેવું; માંસવાળું ભોજન ન કરવું; રજસ્વલાએ જોયેલું અન્ન ન ખાવું. (૪૯) હાથની અંજલિથી જલ ના પીવું. ૪૯ ભોજન કરીને, - ખાઈને ઉચ્છિષ્ટ એટલે જૂઠા થયેલા મુખને ધોયા વગર, આચમન લીધા વગર કોઈનો સ્પર્શ ન કરવો. સંધ્યા સમયે ઉઘાડે માથે ન બેસવું; છૂટી વેણી ન રાખવી. વાણીઉપરસંયમ રાખવો. (૫૦) ઉપવસ્ત્ર પહેર્યા વગર બહાર ન જવું. પગ ધોયા વિના ભોજન ન કરવું, ભીને પગે સૂઈ ન જવું, ઉત્તર, ઓશીકે પશ્ચિમ ઓશીકે સૂઈ ન જવું તેમજ અન્ય સાથે શયન ના કરવું તથા વસ્ત્ર વગર તથા બન્ને સંધ્યામાં પણ શયન ન કરવું. (૫૧) શુદ્ધ અને પવિત્ર વસ્ત્ર પહેરવું, પવિત્ર રહેવું, મંગળ વસ્તુને ધારણ કરવી, પ્રાતઃકાલમાં ભોજન કરતાં પહેલાં ગોગ્રાસ કાઢવો; બ્રાહ્મણનું અર્ચન કરવું, અને લક્ષ્મી તથા નારાયણના અર્ચન કરવા: (૫૨) સુવાસિની સ્ત્રીઓનાં અલંકાર, ચંદન, પુષ્પ, માલા અને વસ્ત્રોથી પૂજન કરવાં તેમજ પતિદેવની પૂજા કરીને તેમની પાસે બેસવું. જ્યારે બાળક પોતાની કૂખમાં રહેલ હોય ત્યારે તે બાળકને પતિદેવની ભાવનાથી જોવો તેમજ પતિદેવ જ છે એમ સમજીને ધ્યાન કરવું. (૫૩) દેવી ! જો આ પુંસવન વ્રતને એક વર્ષ પર્યન્ત કોઈ પણ જાતનો વ્રત ભંગ કર્યા વિના ધારણ કરશો તો ઈન્દ્રનો નાશ કરી શકે તેવો એક પુત્ર તમાર આંગણે અવતરશે. (૫૪) આ અવસરે દિતિએ ઉદાર મન કરીને કશ્યપ મુનિએ દર્શાવેલા વ્રત અંગેના નિયમો પાળવાનો સ્વીકાર કર્યો અને કશ્યપ મુનિથી ગર્ભ ધારણ કર્યો. વિના વિલંબે ઉપર કહેલા નિયમોને ધારણ કર્યા. (૫૫)

હે માનનીય રાજન્ ! ઈન્દ્ર રાજાએ દિતિમાસીના મનની લાલસાને જાણી ત્યારે વિચક્ષણ રાજા ઈન્દ્ર દિતિમાતાના આશ્રમમાં આવીને સેવાના નિમિત્તે આશ્રમમાં રહ્યા અને સેવા કરવા લાગ્યા. (૫૬) રાજા ઈન્દ્ર આ રીતે નિત્ય વનમાંથી પુષ્પ, ફલ, મૂલ, સમધિ, દર્ભ, અંકુર અને માટી અને સેવાનું જલ સમયે સમયે સદા તૈયાર કરી દેવા લાગ્યાં. (૫૭) હે નૃપ ! વ્રતપરાયણ દેવી દિતિ વ્રતમાં ક્યાં ભૂલ કરે છે એટલે નિયમ તૂટવા માટેનું છિદ્ર થાય છે તે જોનાર ઈન્દ્ર રાજા, જેમ કોઈ પારધિ હરિણનો આકાર લઈને શિકાર કરે છે તેવી જ રીતે સેવાના નિમિત્તે કપટી ઈન્દ્ર વ્રતના છિદ્રને જોવા ભાગ્યા. (૫૮) આમ છતાં રાજા ઈન્દ્ર કોઈ પણ છિદ્ર છત્તાં જોઈ ન શક્યા ત્યારે રાજન્ ! રાજા ઈન્દ્રના હૃદયમાં ચિંતા થઈ અને કહેવા લાગ્યા કે મારું કલ્યાણ કેમ થાય ? (૫૯)

રાજા ઈન્દ્રની કપટવાંછા સફળ થઈ

રાજન્ ! વિધાતાની ગતિ અગમ્ય છે. એક દિવસનો સંધ્યા સમય હતો. મુખે આચમન કર્યા વિના તેમજ પગ ધોયા વિના, વ્રતથી કાયા કૃશ થયેલાં વળી અશક્ત બની ગયેલાં દિતિદેવી નિદ્રાવશ બની ગયાં. (૬૦) રાજા ઈન્દ્ર જે તક શોધતા હતા તે મળી ગઈ, ઈન્દ્રે જાણ્યું કે ઉચ્છિષ્ટ મુખવાળાં દિતિમાતા પોઢી ગયાં છે તો તેનો લાભ લઈ લઉં એમ વિચારી યોગમાયાના બલથી દિતિ માતાના ઉદરમાં યોગેશ ઈન્દ્રે પ્રવેશ કર્યો. (૬૧) સુવર્ણસમા તેજસ્વી તે દિતિના

ગર્ભના વજ્રથી સાત ટુકડા કર્યા ત્યારે તે ગર્ભે રુદન કર્યું એટલે તે કરેલા સાત ટુકડાના એકએકના સાત સાત ટુકડા કર્યા અને કહ્યું કે રુદન ના કરીશ. (૬૨) હે રાજન્ પરીક્ષિત ! ઈન્દ્રના હાથથી કપાતાં ને ૪૯ ટુકડા બે હાથ જોડી ઈન્દ્રને કહેવા લાગ્યા અમને હે ઈન્દ્ર શા માટે મારો છો ! અમે તો તમારા ભાઈઓ છીએ. (૬૩) ત્યારે કૌશિક-ઈન્દ્રે કહ્યું આજથી તમે મારા ભાઈઓ છો-ભય ન પામશો. હવેથી તમે મારા પાર્ષદ છો. મારાથી ભેદભાવ ન રાખતા. એમ મરુદ્‌ગણને અભય વચન આપ્યું. (૬૪)

શ્રીનિવાસની અનુકંપા

શ્રી શુકાચાર્ય બોલ્યા, રાજન્ ! અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી તમને આંચ ન આવી તેવી જ રીતે રાજા ઈન્દ્રે કઠોર વજ્રથી અનેક પ્રહાર કર્યા; પરંતુ ભગવાન શ્રીનિવાસની અનુકંપાથી આ ૪૯ દેવોને આંચ ન આવી. (૬૫) એકવાર ભગવાનનું અર્ચન કરે તે ભગવાનની સમાનતાને પામે છે, તો દિતિએ તો એક વર્ષ પર્યન્ત ભગવાનનું અર્ચન કર્યું તો તેનો નાશ કેમ થાય ? (૬૬) ઈન્દ્રની સાથે ગણતાં તે મરુતદેવોની સંખ્યા પચાસ થઈ. તેઓએ માતૃપક્ષનો દોષ ત્યજી દીધો અને ઈન્દ્રે તેમને સોમપાનના અધિકારી દેવો બનાવ્યા. (૬૭)

જ્યારે દિતિએ જાગીને જોયું તો અગ્નિ જેવા તેજસ્વી ૪૯ કુમારોને ઈન્દ્રની સાથે જોયા ત્યારે પ્રશંસા પાત્ર દિતિ પ્રસન્ન થયાં. ૬૯ માતા દિતિ પુનઃ ઈન્દ્રને કહેવા લાગ્યાં કે તાત ! મારી ઈચ્છા તો દેવોનો ભય કરનાર પુત્રની હતી માટે દુષ્કર વ્રત કરતી હતી (૬૯). વળી મેં તો એક જ પુત્રનો સંકલ્પ કર્યો હતો ત્યાં કુમારો કેવી રીતે થયાં આ સર્વ વાત હે પુત્ર ! તમારી જાણમાં હોય તો મને સત્ય વાત કહો. ખોટું બોલશો મા. (૭૦)

રાજા ઈન્દ્રે ઉત્તર આપ્યો કે હે અમ્બ ! મેં આપની ઈચ્છા જાણી હતી, તેથી આપની પાસે કપટી ભક્તિભાવથી આવ્યો અને મને તક મળી ત્યારે આપના ઉદરમાં પ્રવેશ કરીને સાત ટુકડા કર્યા તે સાત કુમારો થયા હે માતા ! સ્વાર્થી પાસે ધર્મભાવના નથી હોતી. (૭૧) માતા, જ્યારે તે સાત ટુકડા કરવા છતાં ના મર્યા ત્યારે ફરીથી એક એકના સાત ટુકડા કર્યા તો પણ તે મર્યા નહિ. (૭૨) આવું જોતાં મને અત્યંત આશ્ચર્ય થયું અને એવા નિશ્ચય ઉપર આવ્યો કે મહાપુરુષની સેવાનું ફલ તો અલૌકિક છે જ છતાં આનુષંગિક સિદ્ધિ પણ છે જેને યોગે મેં છેદેલા ગર્ભનો નાશ ન થયો. (૭૩)

आराधनं भगवत ईहमाना निराशिषः । ये तु नेच्छन्त्यपि परं ते स्वार्थकुशलाः स्मृताः ॥ ७४ ॥

आराध्यात्मप्रदं देवं स्वात्मानं जगदीश्वरम् । को वृणीते गुणस्पर्शं बुधः स्यान्नरकेऽपि यत् ॥ ७५ ॥

નિષ્કામભાવે ભગવાનની સેવા કરનાર ભગવાન વિના અન્ય કોઈ પણ વસ્તુને ઈચ્છતા નથી. તે ભક્તજનો જ સાચા સ્વાર્થમાં કુશળ છે. (૭૪) સેવાથી પ્રસન્ન થઈ જનાર ભગવાન ભક્તને પોતાને આપી દે છે તેવા શ્રી જગદીશ્વરનું આરાધન કરી કયો વિવેકી પુરુષ સગુણ પદાર્થને માગે કે જે સગુણ પદાર્થ નરકમાં પણ વગર માગ્યે મળે છે. (૭૫) માટે હે અત્યંત પૂજ્ય માસી ! મારી આ દુષ્ટતાને મારી બાલિશતાનું કાર્ય સમજીને ક્ષમા દેજો. વળી હે મા ! ભગવદિચ્છાથી આપનો ગર્ભ મૃત નથી પણ જીવતો જાગતો છે. (૭૬)

શ્રી શુકદેવજી મહારાજે કહ્યું કે રાજન્ ! ઈન્દ્રના શુદ્ધ ભાવથી સંતુષ્ટ થયેલાં માતા દિતિએ ઈન્દ્રરાજાને પોતાના પુત્રો સાથે સ્વર્ગમાં જવાની આજ્ઞા આપી અને રાજા મહેન્દ્ર મરુતોને સાથે લઈને સ્વર્ગમાં સિધાવ્યા. (૭૭)

હે પરીક્ષિત્ ! આપે મને પૂછ્યું હતું તે પ્રમાણે મરુતોની મંગલ જન્મકથા મેં તમને કહી સંભળાવી. રાજન્ ! તમારે ફરી શું સાંભળવું છે ? જે પૂછશો તે તમને કહીશ. (૭૮)

एवं ते सर्वमाख्यातं यन्मां त्वं परिपृच्छसिं । मङ्गलं मरुतां जन्म किं भूयः कथयामि ते ॥ ७८ ॥

શ્રીમદ્ ભાગવત પીયૂષના ષષ્ઠ સ્કંધ પુષ્ટિ લીલાના તૃતીય સેવા પ્રકરણમાં સુંસવન વ્રતની કથાનું નિરૂપણ અને ઈન્દ્રની કપટવૃત્તિનું કથન કરતો અધ્યાય ૧૮મો સમાપ્ત.

અધ્યાય ૧૯મો

[આ અધ્યાયમાં ૨૮ શ્લોકો છે. ખાસ કરીને પુંસવન વ્રત કેવી રીતે કરવું એનો સર્વ વિધિ તથા આ વ્રત કોણે કરવું એ સર્વ આ અધ્યાયમાં વર્ણવ્યું છે.]

પુંસવન વ્રતનો પ્રકાર

राजोवाच–व्रतं पुंसवनं ब्रह्मन् भवता यदुदीरितम् । तस्य वेदितुमिच्छामि येन विष्णुः प्रसीदति ॥ १ ॥

પરીક્ષિત રાજાએ કહ્યું કે હે બ્રહ્મન્ ! આપે જે પુંસવન વ્રત કહ્યું, સાંભળ્યું છે કે આ વ્રતના આચરણથી ભગવાન પ્રસન્ન થાય છે તો તેનો પ્રકાર જાણવાની મનને ઈચ્છા છે, તે આપ જણાવો. (૧)

શ્રી શુકદેવજીએ કહ્યું, રાજન્ ! માર્ગશીર્ષ માસના શુકલપક્ષના આરંભમાં સ્ત્રી પોતાના પતિની આજ્ઞા મેળવી સર્વ કામના પૂર્ણ કરનાર વ્રતનો આરંભ કરે. (૨) આ વ્રતના આરંભમાં ઉત્તમ બ્રાહ્મણનું નિમંત્રણ કરે, મરુત્ દેવોના જન્મની કથાનું શ્રવણ કરે, દાંતને સાફ કરે અને બે શ્વેત વસ્ત્ર ધારણ કરી પ્રાતઃકાલે કાંઈ પણ ખાધા વિના લક્ષ્મીસહિત નારાયણ ભગવાનનું અર્ચન કરે. (૩) હે પૂર્ણકામ ! નિરપેક્ષ આપને નમસ્કાર છે. લક્ષ્મી વગેરે મહાવિભૂતિના સ્વામીને નમસ્કાર છે. વળી સર્વથા સકલ સિદ્ધિના દાતા આપને નમસ્કાર હો. (૪) હે ભગવન્ ! આપ સમર્થ સ્વામી છો, આપ કૃપાયુક્ત છો, આપ ઐશ્વર્ય, તેજસ્ અને ઓજસયુક્ત છો, હે ઈશ ! આપ સર્વ શ્રેષ્ઠ ગુણોવાળા છો. (૫) હે વિષ્ણુપત્નિ ! હે મહામાયે ! મહાપુરુષના લક્ષણવાળાં આપ લોકમાતા હોવાથી મારા ઉપર પ્રસન્ન થાઓ. હું આપને નમું છું (૬).

રાજન્ ! નીચે દર્શાવેલા ૪૨ અક્ષરના મહામંત્રથી રાજોપચાર કે ષોડશોપચારથી પૂજન કરવું. ॐ नमो भगवते महापुरुषाय महानुभावाय महाविभूतिपतये सह महाविभूतिभिर्बलिमुपहराणीति"-- પૂજાના આરંભમાં આ મંત્રથી શ્રી લક્ષ્મીનાથનાં આવાહન, પાદ્ય, અર્ઘ, આચમન કરાવવાં. સ્નાન, વસ્ત્ર, ઉપવીત, અલંકાર, ગંધ, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્યાદિ સામગ્રીઓ પણ આ મંત્ર બોલીને સમર્પવી. (૭) હોમ કરતાં દ્રવ્યથી અગ્નિનારાયણમાં બાર આહુતિ ॐ नमो भगवते महापुरुषाय महाविभूतिपतये स्वाहा" એ મંત્રથી આપવી. (૮) **श्रियं विष्णुं च वरदावाशिस्षां प्रभवावुभौ । भक्तया सम्पूजयेन्नि यदीच्छेत्सर्वसम्पदः ॥ ९ ॥ प्रणमेद्दण्डवद् भूमौ भक्तिप्रह्लेण चेतसा दशवारं जपेन्मत्रं ततः स्तोत्र मुदीरयेत ॥ १० ॥** લક્ષ્મીજી અને શ્રી વિષ્ણુ ભગવાન બન્ને સર્વ ઈચ્છાઓને પૂર્ણ કરનાર છે. આ બન્નેને પ્રેમથી સારી રીતે પૂજવાં. તેથી સર્વ સંપત્તિની ઈચ્છા હોય તે સફળ થાય. (૯) ભક્તિપૂર્વક નમ્ર ભાવથી તેમજ અંતઃકરણથી લક્ષ્મીનારાયણ ભગવાનના ચરણકમલે પૃથ્વી ઉપર દંડવત્ પ્રણામ કરી દશ વાર મંત્રનો જાપ કરી પછી સ્તુતિપાઠ કરવો (૧૦).

આપ બન્ને તો વિશ્વનાં સ્વામી છો. જગતનું આપ બન્ને પરમ કારણ છો. આ લક્ષ્મી જગતની સૂક્ષ્મ પ્રકૃતિ છે. એ સર્વથી અજેય છે. એ લક્ષ્મી નામની માયાશક્તિ છે. (૧૧) આપ એ માયાશક્તિના અધીશ્વર સાક્ષાત્ પરમ પુરુષ છો. આપ સર્વ યજ્ઞસ્વરૂપ છો. આપ ઈજ્યા લક્ષ્મી છો, ક્રિયાશક્તિ છો તેમ જ આપ જ ફળના ભોક્તા છો. (૧૨) માતા લક્ષ્મીજી ત્રણે ગુણોને પ્રક્ટ કરનાર છે તેમ જ આપ જ લક્ષ્મીના ભોક્તા છો. આપ જ સર્વ પ્રાણીના આત્મા છો. આપ જ સર્વના શરીર, ઈન્દ્રિય અને બુદ્ધિના આશ્રયરૂપ શ્રી છો. આપ જ આત્મા છો. જેમ આપ જ ત્રણે લોકમાં વરદાન આપનાર તેમજ પરમ શ્રેષ્ઠ પતિ છો તેવી જ રીતે હે ઉત્તમશ્લોક એટલે સમર્થ દેવોથી ગવાતા યશવાળા ભગવન્ ! મારી સર્વ મોટી મોટી આશાઓ પણ આપનાથી જ સત્ય ઠરો. (૧૩-૧૪) આવી રીતે શ્રી લક્ષ્મીજી અને શ્રી લક્ષ્મીવર શ્રીનિવાસની સ્તુતિ કરી, ભોગ સરાવી લઈ, ભગવાનને આચમન કરાવી તાંબૂલાદિ સમર્પી અવશિષ્ટ સેવા સમાપ્ત કરવી. (૧૫) ભક્તિથી આર્દ્ર બનેલા નમ્ર મનથી શ્રીનિવાસ ભગવાનની સ્તોત્રોથી સ્તુતિ કરવી. યજ્ઞોચ્છિષ્ટને સૂંઘી ફરી શ્રી હરિભગવાનનાં અર્ચન કરવાં. (૧૬) મહાપુરુષનું ચિત્તમાં ધ્યાન કરી પતિની ભગવદ્ભાવથી ભક્તિપૂર્વક સેવા કરવી. પતિની અભીષ્ટ ઈચ્છાઓને પૂર્ણ કરવી તેમજ પતિ પણ પત્નીમાં પ્રેમ રાખી તેનું મન જેમ પ્રસન્ન થાય તેમ કરે અને નાના મોટા કર્મમાં પત્નીને સાથે રાખે. (૧૭) જ્યારે સ્ત્રી રજઃસ્વલા હોય ત્યારે દંપતીમાંથી એક પણ ક્રિયા કરે તે

બન્નેએ કર્યું કહી શકાય. આ આજ્ઞાનુસાર પતિ ક્રિયા કરે. (૧૮)

હે રાજન્ ! આ ભગવાન વિષ્ણુનું વ્રત છે. વ્રતનો નિયમ લીધા પછીથી વચમાં વ્રતખંડિત ના થાય તેનું અવશ્ય ધ્યાન રાખવું. જે કોઈપણ વ્યક્તિ આ વ્રતનો નિયમ ગ્રહણ કરે તે વ્યક્તિ પ્રતિદિન બ્રાહ્મણોની અને સુવાસિની સ્ત્રીઓનાં ભક્તિપૂર્વક પૂજન કરે. સાથેસાથે વિષ્ણું ભગવાનનાં પણ અર્ચન કરે. (૧૯) પ્રતિદિન આ પ્રકારે ષોડશોપચાર વિધિપૂર્વક નિત્ય પૂજન કરી પૂજન સમાપ્ત થતાં ભગવાનને નિજધામમાં પધરાવવા અને પૂજાનું વિસર્જન કરવું. ત્યાર પછીથી આત્મશુદ્ધિ માટે અને સમસ્ત અભિલાષાઓની પૂર્તિ માટે જે ભોગ સામગ્રી ઠાકોરજીને નિવેદિત કર્યાં હોય તે સરાવી લેવાં અને પ્રસાદ તરીકે લેવાં. (૨૦) પતિવ્રતા સન્નારી ઉપર દર્શાવેલા વિધિ પ્રમાણે સાલભર બાર મહિના પર્યન્ત વ્રતનું આચરણ કરે. જ્યારે વર્ષ પૂર્ણ થાય ત્યારે માર્ગશીર્ષ માસની અમાવસ્યાના દિવસે વ્રતના ઉદ્યાપન અંગે ઉપવાસ કરે અર્ચન પૂજન વગેરે કરે. (૨૧) ઉદ્યાપનમાં દિવસે પ્રાતઃકાલમાં સ્નાન કરી નિત્યની માફક શ્રી વિષ્ણુ ભગવાનનું પૂજન કરવું અને પતિવ્રતા નારીના પતિએ પાકયજ્ઞની વિધિ પ્રમાણે જે હોમ માટે પાયસ સિદ્ધ કર્યો હોય તે પાયસમાં ગોધૃત પધરાવી બાર આહુતિઓ આપવી. (૨૨) રાજન્ વ્રતી દમ્પતીની ભક્તિ અને શ્રદ્ધાથી પ્રસન્ન થયેલા વિપ્રવરો આશીર્વાદ આપે ત્યારે આદરપૂર્વક તેઓના શ્રીચરણોમાં મસ્તક નમાવી આશીર્વાદ સ્વીકારે. વિપ્રોના ચરણયુગલમાં મસ્તક મુકવું, પુનઃ તેઓની આજ્ઞા મેળવી ભોજન કરવું. (૨૩) પ્રથમ આચાર્યવરોને ભોજન કરાવવું ત્યારબાદ મૌનવ્રત લઈ કુટુંબીજનો સાથે ભોજન કરવું. ભોજન સમાપ્ત કરીને અગ્નિનારાયણમાં આહુતિ આપતાં અવશિષ્ટ રહેલ ઘૃતમિશ્રિત પાયસ પોતાનાં પત્નીને પ્રસાદ રૂપે આપવું. આ પ્રસાદ વ્રત કરનારી સન્નારીને સત્પુત્ર અને સૌભાગ્યનાં દાન કરે છે. (૨૪)

વ્રતની ફળશ્રુતિ

રાજન્ પરીક્ષિતજી શ્રદ્ધાભક્તિપૂર્વક આ પુંસવન નામનું વ્રત કરનાર સ્ત્રી સૌભાગ્ય, લક્ષ્મી અને પતિનું દીર્ઘાયુષ, યશ અને ઘર વગેરે પ્રાપ્ત કરે છે. પ્રજા ન જીવતી હોય તે સ્ત્રી આ વ્રત કરે તો તેની પ્રજા જીવે છે. આ વ્રત કરનાર નિર્ધન જન ધનાદિથી સંપન્ન અને સૌભાગ્યશાળી થાય છે. (૨૫) કન્યા વ્રત કરે તો શ્રેષ્ઠ લક્ષણયુક્ત વરને મેળવે છે. વિધવા વ્રત કરે તો સર્વ પાપોમાંથી મુક્ત બની ઉત્તમ ગતિને પ્રાપ્ત કરે છે અને દુર્ભાગિની સ્ત્રી સદ્ભાગિની બને કુરૂપા સુરૂપા બને છે. રોગિણી રોગમુક્ત થાય છે. પુરુષ રોગી હોય તે આ વ્રત કરવાથી ઈન્દ્રિયોથી સશક્ત દેહવાળો થાય છે. અભ્યુદય કર્મોમાં આ વ્રતનો પાઠ કરે તો પિતૃદેવ વગેરેને અનંત તૃપ્તિ થાય છે. (૨૬-૨૭) રાજન્ ! વ્રતાચરણથી પ્રસન્ન થયેલા શ્રીહરિ, શ્રી લક્ષ્મીજી તેમજ શ્રી અગ્નિનારાયણ પ્રસન્ન થઈ યજમાનના સર્વ કામને પૂર્ણ કરે છે. હે રાજન્ ! આ મરુતોના જન્મનું ચરિત્ર શ્રેષ્ઠ અને પવિત્ર છે. તમે દિતિના વ્રતને પૂછેલ તે મેં તમને કહી સંભળાવ્યું. (૨૮)

तुष्टाः प्रच्छन्ति समस्तकामान् होमावसाने हुतमूक्त श्रीर्हरिश्च । राजन् महन्मुरतां जन्म पुण्यं दितेर्व्रतं चाभिहितं महत् ते ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના ષષ્ઠ સ્કંધ પુષ્ટિ લીલાના તૃતીય સેવા પ્રકરણમાંનો પુંસવન વ્રતના વિધિનું વર્ણન કરતો અધ્યાય ૧૯ સમાપ્ત.

ષષ્ઠ સ્કંધ સમાપ્ત

· શ્રીહરિ :

શ્રીમદ્ ભાગવતપીયૂષ

સ્કંધ સાતમો : અધ્યાય ૧લો

ઊતિલીલા-કટિભાગ ઉપર પધરાવેલ દક્ષિણ શ્રીહસ્ત

શ્રીમદ્ ભાગવતજીના સપ્તમ સ્કંધનું નામ ઊતિલીલા છે. આ સ્કંધના પંદર અધ્યાયો છે. પંદર અધ્યાયમાં ત્રણ પ્રકરણ છે. આ સપ્તમ સ્કંધ શ્રીનાથજી પ્રભુએ કટિભાગ ઉપર પધરાવેલો જમણો હસ્ત છે. શ્રીમદ્ ભાગવતજીના છઠ્ઠા સ્કંધ સુધીમાં શ્રીનાથજીબાવાનાં ઉત્સંગ સુધીનાં અંગો આવ્યાં. પ્રથમ બે સ્કંધ શ્રીનાથજીબાવાનાં બે ચરણ-કમલો છે. તેમાં શરણે આવેલા જીવને ત્રીજા અને ચોથા સ્કંધના જમણા-ડાબા બે હસ્તથી શ્રીજીએ ઉઠાવીને પાંચમા-છઠ્ઠા સ્કંધના બે સાથળોનો ઉત્સંગ બનાવી બાળકને ગોદમાં લીધો. હવે આ બાળકને સંતોના ધર્મ નામનાં અમૃત અને ભક્તોનાં ચરિત-અમૃત પાવાં છે. આ બે અમૃત અષ્ટમ અને નવમ સ્કંધ નામના શ્રીનાજી બાવાના બે સ્તનમાં ભર્યાં છે. આ અમૃત ગોદમાં લીધેલા બાળખને પાવાં તો છે જ પરંતુ ગોદમાં રહેલું બાળકનું મસ્તક છાતી પાસે ઊંચે લાવવું છે. તે કામ શ્રીજીબાવાનો સપ્તમ સ્કંધ નામનો જમણો શ્રીહસ્ત કરશે. આ જમણા હાથને કટિ ભાગે ઝોળી બનાવીને રાખ્યો છે. હવે તે શ્રીહસ્તમા બાળકના મસ્તકને ઊંચે લઈ અષ્ટમ-નવમ સ્કંધનાં અમૃત પાવાનું સુગમ થશે. આ દક્ષિણ હસ્ત નામનું અંગ ગણાતા સપ્તમ સ્કંધનું ઊતિ એટલે વાસના એવું નામ છે. હવે છઠ્ઠા સ્કંધ સાથેના સપ્તમ સ્કંધના સંબંધ અંગે થોડો વિચાર કરીએ. છઠ્ઠા સ્કંધનું પુષ્ટિ એટલે કૃપા-અનુગ્રહ એવું નામ છે. એનું તાત્પર્ય કે ભગવાનનો દયા કરવાનો સહજ સ્વભાવ છે. ભગવાને છઠ્ઠા સ્કંધમાં મનુષ્યોમાં અજામિલ ઉપર કૃપા કરી, દેવોમાં ઈન્દ્ર ઉપર કૃપા કરી અને દૈત્યોમાં દિતિના પુત્રો ૪૯ મરુત ઉપર કૃપા કરી. આ ત્રણ કૃપા ઉપરથી ભગવાન પક્ષપાતી છે એવું તો નથી લાગતું ને ? એવી શંકાના ખુલાસા માટે સપ્તમ સ્કંધનો આરંભ થયો છે.

ભગવાને જ ત્રણ પ્રકારની સૃષ્ટિ રચી છે. આ સૃષ્ટિમાં દેવ-દૈત્ય-મનુષ્ય ત્રણે આવી જાય. જો ભગવાન આવી સૃષ્ટિના રચનાર જ હોય તો પ્રભુ દેવો ઉપર પ્રેમ અને દૈત્યો ઉપર દ્વેષ કેવી રીતે કરી શકે ? પછી ભગવાનને પક્ષપાતી કેમ કહેવાય ? ભગવાનની એક જ વિશેષતા છે કે ભક્તરાજ પ્રહ્લાદનું જેમ કલ્યાણ કરે છે તેવી જ રીતે હિરણ્યકશિપુનો વધ કરી તેનું પણ કલ્યાણ કરે છે. આથી અધિક લખતાં વિસ્તાર થઈ જશે આટલેથી વિરમીએ અને સપ્તમ સ્કંધનાં ત્રણ પ્રકરણ સમજી લઈએ.

સપ્તમ સ્કંધ

સૂક્ષ્મ વાસના	સ્થૂલ વાસના	કર્મવાસના
અધ્યા ૧ થી ૫	અધ્યાય ૬ થી ૧૦	અધ્યાય ૧૧ થી ૧૫
(અસદવાસના)	(સદ્વાસના)	

સૂક્ષ્મ વાસનાના પ્રસંગે જીવનો લિંગદેહમાં પ્રવેશ થાય છે. ત્યારબાદ આ લિંગદેહવાળો જીવ દેવોના કે દૈત્યોનાં સ્થૂલ દેહોમાં પ્રવેશ પામે છે. આ વાસનાનું નામ મધ્યમ વાસના છે. જ્યારે આ વાસનાથી જીવ પાંચ ભૌતિક દેહ સ્વીકારે છે. આ જે મધ્યમ વાસના છે તે જડ દેહ અને ચેતન આત્માનો સંયોગ કરાવવાનું કામ કરે છે. ત્યાર બાદ મનમાં રહેલી જે ત્રીજી વાસના છે તે કર્મવાસનાથી જીવ ત્રણ પ્રકારનાં કર્મ કરે છે.

આ રીતે વાસના પ્રકરણનું નિરૂપણ કરનારા સપ્તમ સ્કંધના પ્રથમ અધ્યાયનો પ્રારંભ થાય છે.

અધ્યાય ૧લો

[સપ્તમ સ્કંધના ત્રણ પ્રકરણમાંથી પ્રથમ પાંચ અધ્યાયના અસદ્વાસના પ્રકરણનો આરંભ થાય છે. હિરણ્યકશિપુના અસદ્વાસનાનું આમાં નિરૂપણ છે. આ પ્રથમ અધ્યાયમાં ૪૭ શ્લોકો છે. શ્રીનારદજી અને યુધિષ્ઠિર રાજાનો સંવાદ વર્ણવાશે. વળી જયવિજયની કથા પણ આવશે.]

ભગવાન સમદૃષ્ટિ કે પક્ષપાતી ?

राजोवाच-समः प्रियः सुहृद्ब्रह्मन्भूतानां भगवान्स्वयम् । इन्द्रस्यार्थे कथं दैत्यानवधीद्विषमो यथा ॥ १ ॥

પરીક્ષિત રાજાએ પ્રશ્ન કર્યો કે ભગવન્ શુક ! ભગવાન તો સ્વભાવથી જ ભેદભાવથી રહિત છે. વળી સર્વ પ્રાણીના સુહૃદ છે, સર્વના પ્રિય છે, તેમજ સર્વ માટે સમભાવી છે તો પછી જેમ ભેદભાવ દ્રષ્ટિવાળા જન આચરણ કરે તેમ ઈન્દ્રને માટે દૈત્યોનો કેમ વધ કરે ? (૧) હે બ્રહ્મન્ ! ભગવાન તો નિજાનંદ પૂર્ણ છે. સ્વયં પરમાનંદ સ્વરૂપ છે. આ સમર્થ ભગવાનને સુરગણથી કાંઈ સ્વાર્થ નથી. તેમજ અસુરજનથી કાંઈ વૈર નથી. સ્વયં નિર્ગુણ છે. તેમજ ભગવાનને અસુરોથી ભય પણ નથી. (૨) હે પરમ ભાગવત ! હે શ્રીકૃષ્ણના પ્રેમથી સમ્પન્ન શુકાચાર્યજી ! અમને બધાને નારાયણના સમત્વાદિ ગુણો પ્રત્યે અત્યંત સંદેહ ઉત્પન્ન થયો છે તેનું આપ જ નિવારણ કરવાને સમર્થ છો. (૩)

શ્રી શુકાચાર્ય ચરણનો અનુગ્રહ

શ્રી શુકદેવજી મહારાજ બોલ્યા કે હે મહારાજ ! તમે તો ભગવાનના અદ્ભુત ચરિતને પૂછ્યું. તમે ઉત્તમ પ્રશ્ન પૂછ્યો છે. રાજન્ ! જેમાં ભગવાનની ભક્તિને વધારનાર શ્રી પ્રહ્લાદજી વગેરે ભગવદ્ભક્તનું પરમ પવિત્ર માહાત્મ્ય સમાયેલું છે અને તે માહાત્મ્ય ભગવદ્ ભક્તિને વધારનાર છે. (૪) નારદાદિ ઋષિઓ જે પરમ પુણ્ય અને દિવ્ય ગાથાઓને ગાય છે તે ભગવાનની ગાથા, મારા પિતાજી, શ્રી વેદવ્યાસ મુનિને નમસ્કાર કરી હું આપને સંભળાવીશ . (૫) રાજન્ ! ભગવાન નિર્ગુણ છે, અવ્યક્ત એટલે સ્થૂલ દ્રષ્ટિએ ન દેખાય તેવા છે, અજન્મા છે અને પ્રકૃતિથી પર છે. ભગવાન પોતાની સૃષ્ટિકર્ત્રી માયાના ગુણોના આવેશથી મરવું અને મારવું નામના વિરુદ્ધ ધર્મવાળા બાધ્યબાધક ભાવને પ્રાપ્ત થાય છે. (૬) સત્ત્વ, રજસ અને તમસ એ ત્રણ પ્રકૃતિના ગુણો છે, પરમાત્માના નથી. આ ત્રણે ગુણો એકદમ વધી કે ઘટી જતા નથી . (૭) પણ જ્યારે સત્ત્વગુણ વિજયી બને છે ત્યારે દેવર્ષિને, રજોગુણ ઉપર આવે ત્યારે અસુરોને અને તમોગુણ વૃદ્ધિ પામે ત્યારે યક્ષ અને રાક્ષસોને ભગવાન તે તે કાળને અનુકૂળ થઈને ત્રણે ગુણોને ભજે છે એટલે તેની અંદર પ્રવિષ્ટ થઈ તેમને વધારે છે. (૮) અગ્નિ, જલ, વાયુ વગેરે જેમ એક છતાં ઉપાધિભેદથી ભિન્ન છે તેમ ભગવાન એક છતાં દેવાસુર-મનુષ્યમાં ભિન્ન દેખાય છે. અગ્નિહોત્રીઓ જેમ કાષ્ઠના મથનથી અગ્નિને પ્રકટ કરે છે તેમ વિદ્વાન જનો આ દેહમાંથી આત્માને જુદો મેળવી શકે છે. (૯) ભગવાની શરીર ઉત્પન્ન કરવાની ઈચ્છા થાય ત્યારે તે પર છતાં રજોગુણને પ્રેરણા કરે છે. જ્યારે તે અનેક શરીરમાં ક્રીડા કરવાની ઈચ્છા કરે ત્યારે સત્ત્વગુણને પ્રેરણા કરે છે અને શયનની ઈચ્છા કરે ત્યારે તમોગુણને પ્રેરે છે. (૧૦) હે નરદેવ ! પ્રધાન અને પુરુષ દ્વારા ચાલતા કાળને પણ ભગવાન પેદા કરે છે, કારણ ભગવાન તો સત્ય સંકલ્પ છે અને સર્વના કર્તા છે. હે રાજન્ ! કાળ સત્ત્વાદિનો પ્રેરક છે તેને ચલાવવાને સમર્થ છે. તે દેવોના શત્રુ દૈત્યોને મારે છે, પણ તેનું તે સામર્થ્ય અને મોટો યશ ભગવાનની સ્થિતિને લઈને છે (૧૧)

કથાપ્રસંગ

રાજન્ ! આ વિષયમાં એક એવી ગાથા છે તે સંભળાવું. આ ઈતિહાસ દેવર્ષિ નારદજીએ રાજસૂય નામના મહાન યજ્ઞમાં રાજા યુધિષ્ઠિરજીને કહેલો. (૧૨) રાજન્ ! વાત એવી બની કે યુધિષ્ઠિર રાજાના રાજસૂય યજ્ઞમાં ચેદી દેશના રાજા શિશુપાલનો વધ થતાં તેને ભગવાનમાં સાયુજ્યગતિની પ્રાપ્તિ થઈ. (૧૩) તે જોઈને યજ્ઞમાં પહેલાં પાંડુપુત્ર યુધિષ્ઠિરજીએ વિસ્મય પામીને યજ્ઞમાં બિરાજેલા શ્રી નારદમુનિને સર્વ મુનિઓના સાંભળતાં પૂછ્યું. (૧૪) કે મહારાજ ! અહો, આ અદ્ભુત વાત કહેવાય કે ભગવાનમાં વૈરવૃત્તિવાળા શિશુપાલને અનન્ય ભક્તને પણ દુર્લભ મનાતી વાસુદેવ ભગવાનમાં સાયુજ્ય ગતિની પ્રાપ્તિ થઈ. (૧૫) મુનિવર નારદ ! અમે સર્વ સભાસદો આ વિષયમાં સમાધાન જાણવા ઈચ્છીએ છીએ. ભગવન્ ! ભગવાનની નિંદા કરવાના અપરાધે રાજા વેનને બ્રાહ્મણોએ નરકમાં પહોંચાડયો હતો તો શિશુપાલની સદ્ગતિ કેમ થાય. સાયુજ્ય મુક્તિ કેમ મળે. (૧૬) ભગવન્ ! આ દમઘોષના પુત્ર પાપમતિ શિશુપાલે જ્યારથી બાલસુલભ વાણી બોલવી શરૂ કરી ત્યારથી આજ સુધી શ્રી ગોવિન્દ ભગવાનની સાથે વૈરવૃત્તિથી જ વર્તન

કર્યું છે. (૧૭) તેવી જ રીતે તેનો ભાઈ દંતવકત્ર પણ એવો જ દુષ્ટબુદ્ધિ છે. આ બન્ને ભાઈઓ અવિનાશી પરબ્રહ્મ શ્રીકૃષ્ણને અનેકવાર ગાળો જ દે છે. છતાં તેમની જીભે કોઢ ન થયો કે તે બન્ને ભાઈઓ નરકે પણ ન ગયા . (૧૮) પરંતુ કોઈથી પણ ના ઓળખી શકાય એવા તેજોમય ભગવાનના સ્વરૂપમાં સર્વ લોકોના દેખતાં જ સાયુજ્ય ગતિ પામી ગયા. (૧૯) ભગવન્ ! વાયુથી અસ્થિર થતી દીપશિખાની માફક મારી બુદ્ધિ આ વિષયમાં ભમ્યા કરે છે. આનું અત્યંત અદ્ભુત કારણ જે હોય તે આપ મને કહો. (૨૦)

યુધિષ્ઠિરજીની શંકાનું સમાધાન

શ્રીશુકાચાર્યજી બોલ્યા રાજન્ ! આપના પિતામહ ધર્મરાજની શંકાનું શ્રવણ કરી નારદઋષિ પ્રસન્ન થઈ સર્વ સાંભળે તે પ્રમાણે યુધિષ્ઠિરને કથાઓ કહેવા લાગ્યા. (૨૧) શ્રી નારદજીએ કહ્યું કે ધર્મરાજ ! નિંદા, સ્તુતિ, સત્કાર અને તિરસ્કાર તો આ શરીરનાં જ થાય છે અને આ શરીરની કલ્પના પ્રકૃતિ પુરુષના સ્વરૂપના અવિવેકથી જ થયેલ છે . (૨૨) હે રાજન્ ! આ શરીરને જ આત્મા માની લેવાથી હું અને મારું એવો ભેદભાવ થાય છે. ત્યારે રાગદ્વેષ થાય છે. દંડથી અને કઠોર શબ્દોથી હિંસા તેમજ પીડા થાય છે. પરંતુ આવો ભાવ ભગવાનને થતો નથી (૨૩) મનુષ્યને દેહમાં અભિમાન છે તે દેહનો વધ થવાથી તે પોતાનો વધ થયો માને છે. દેહનો આવો તિરસ્કાર થતાં પોતાનો તિરસ્કાર માને છે. પરંતુ આવું અભિમાન ભગવાનને હોતું નથી. પછી ભગવાનને બીજાને દંડ દેવાની હિંસાવૃત્તિ વગેરે તો ક્યાંથી જ સંભવે ? (૨૪) હવે જો આવો જ નિર્ણય છે તો પછી ભગવાનની કોઈ નિંદા કરો કે સ્તુતિ કરો તેમાં ભગવાનને રાગદ્વેષ ભાવ ન હોવાથી સરખો જ ભાવ રહે. મહારાજ ! જો આવો જ સિદ્ધાંત છે તો, વેન, ભગવાનની નિંદા કરવાથી નરકમાં ગયો, એવાં વાક્યોનો વિરોધ આવશે. આવી શંકાના ઉત્તરમાં કહેવાનું કેભગવાનમાં અભિમાન ન હોવાથી દેહાદિના ધર્મો ન હોઈને, ભગવાનને માન-અપમાન આદિ કાંઈ નથી. પરંતુ જીવનુ મન કોઈ રીતે ભગવાનમાં રહેવું તો જોઈએ તે ઉપયોગી છે. તેથી ચૈદ્ય અને વેનમાં ઘણો તફાવત રહેશે. વેનનું મન પ્રભુમાં ન હતું અને ચૈદ્યનું મન વૈરભાવ ને લીધે નિરંતર ભગવાનમાં હતું તેથી તેને ઉત્તમ ફળ થયું અને નરક ન થયું એ જ વાત કહે છે तस्माद्वैरानुबन्धेन निर्वैरेण भयेन वा । स्नेहात्कामेन वा युञ्ज्ण्यात्कथञ्चिन्नेक्षते पृथक् ॥ २५ ॥ વૈરથી કે ભક્તિથી ભય, સ્નેહ કે કામથી પણ ભગવાનમાં મન રાખવું, જેથી ભગવાન સિવાય બીજી વસ્તુ છે એવું મનમાં પણ ન આવે. (૨૫)

મારો મત તો એવો છે કે જેવી વૈરભાવથી મનુષ્યની ભગવાનમાં જેવી તન્મયતા સધાય છે તેવી ભક્તિથી એટલે સ્નેહથી પણ થતી નથી. (૨૬) ભ્રમર કીડાને લાવીને પોતાના સ્થાનમાં પૂરી રાખે છે ત્યારે તે કીડો ક્રોધ અને ભયના ભાવથી ભ્રમરનું ચિંતન કરતાં ભ્રમર બની જાય છે.(૨૭) એમ માયાથી મનુષ્યરૂપે દેખાતા શ્રીકૃષ્ણ ભગવાનમાં વૈરભાવથી મન રાખનારા લોકો પવિત્રાત્મા બની ભગવચ્ચિન્તનથી તે ભગવાનને પ્રાપ્ત કરે છે. (૨૮) કામ, ક્રોધ, દ્વેષ, ભય અને સ્નેહથી જેમ ભગવાનમાં મનનો આવેશ રહે છે. આવા પ્રકારે ઘણા લોકો પાપથી મુક્ત બની ભગવદભક્તિને પામ્યા છે. (૨૯)

गोप्यः कामाद्भयात्कंसो द्वेषाच्चैद्यादयो नृपाः । सम्बन्धाद्वृष्णयः स्नेहाद्यूयं भक्त्या वयं विभो ॥ ३० ॥

હે રાજન્ ! ગોપીઓ કામથી, કંસ ભયથી, શિશુપાલ વગેરે રાજાઓ દ્વેષથી, વૃષ્ણિઓ સંબંધથી અને હે સમર્થ ધર્મરાજ ! આપના જેવા ભક્તો સ્નેહથી અને અમે ભક્તિથી ભગવાનને પામ્યા છીએ. (૩૦) ઉપર ભગવાનમાં મન લગાડવાના પાંચ ઉપાય કહ્યા તેમાંનો એક પણ વેનમાં ન હતો.તેથી તે કેવલ પાપી રહ્યો. માટે કોઈ પણ ઉપાયથી મન શ્રીકૃષ્ણમાં રાખવું. (૩૧) હે પાંડવ ! તમારા મસીઆઈભાઈ શિશુપાલ અને દંતવકત્ર વિષ્ણુના પાર્ષદો હતા, પણ સન્તકુમારોના શાપથી તે ભગવત્પદથી વિખૂટા પડી અહીં આવ્યા હતા. (૩૨)

ધર્મરાજની ધર્મજિજ્ઞાસા

રાજા ધર્મરાજાએ પૂછયું, ભગવન્ ! જય-વિજય તો શ્રીહરિના દાસ કહેવાય. તેમનો પરાભવ કરે એવો શાપ કેવો અને કોનો થયો અને કેમ થયો ? ભગવાનના શ્રીચરણોમાં પહોંચેલા આ બે હરિદાસોનો સંસારમાં પાત થાય એ વાત મને તો

અશ્રદ્ધેય જેવી લાગે છે. (૩૩) જેને દેહ, ઇન્દ્રિય પ્રાણ નથી એવા અને વૈકુંઠપુરમાં રહેનારા ભગવદ્ભક્તને દેહ સંબંધ થયો એ આખ્યાન આપ મને કૃપા કરી સંભળાવો. (૩૪)

જય-વિજયના શાપની ગાથા

શ્રી નારદ કહે છે કે એક વાર એવું બન્યું કે બ્રહ્માના ચાર સનકાદિ પુત્રો ત્રણે લોકમાં વિચરતા હરિઇચ્છાથી વૈકુંઠલોકમાં આવ્યા. (૩૫) પૂર્વના મરીચિ આદિ ઋષિઓના પણ પૂર્વ જ છતાં પાંચ વર્ષની વયના બાલક સમા દેખાતા વળી વસ્ત્ર વગરના સનકાદિ ચાર કુમારોને વૈકુંઠના દ્વાર ઉપર આવેલા જોઇ તેમને બાલક જાણીને જય-વિજય નામના દ્વારપાળે અંદર જતાં અટકાવ્યા. (૩૬) આવો પોતાનો અનાદર થતો જોઈ ચારે બ્રહ્મકુમારો ગુસ્સે થયા અને બોલ્યા કે રજોગુણ અને તમો ગુણરહિત ભગવાનના ચરણમાં તમે રહેવાને લાયક નથી. તમે તદ્દન નાદાન છો માટે પાપવાળી અસુર યોનિમાં જલદી જાઓ એવો શાપ આપ્યો. (૩૭)

શાપ લાગતાં તે જ્યાં પોતાને ઠેકાણે હતા ત્યાંથી પડવા લાગ્યા ત્યારે કુમારોને ખૂબ દયા આવી અને બોલ્યા કે હે જયવિજય ! ત્રણ જન્મને અંતે પાછા તમે તમારા સ્થાને આવશો. આ રીતે શાપનું નિવારણ કર્યું. (૩૮) ધર્મરાજ ! આ જય અને વિજય બે પાર્ષદો દિતિના પુત્રો થયા. આ બન્નેના પ્રભાવને દૈત્યદાનવ માન આપે છે. આ બંનેનાં નામ હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ હતાં. તેમાં હિરણ્યાક્ષ નાનો ભાઈ અને હિરણ્યકશિપુ મોટો ભાઈ હતો. (૩૯) ભગવાને નૃસિંહરૂપે પ્રકટ થઈને હિરણ્યકશિપુનો મોક્ષ કર્યો અને હિરણ્યાક્ષનો પૃથ્વીનો ઉદ્ધાર કરવા પ્રકટેલા ભગવાન વરાહથી મોક્ષ થયો. (૪૦) હિરણ્યકશિપુનો કેશવ ભગવાનના લાડીલા અનન્ય ભક્ત પોતાના પુત્ર પ્રહ્લાદનો નાશ કરવા જુદા જુદા પ્રકારનાં દુઃખ દેવા લાગ્યો. (૪૧) સર્વભૂતના આત્મા, સમદ્રષ્ટિ, શાન્ત અને ભગવત્તેજો વિશિષ્ટ શ્રી પ્રહ્લાદને મારવા અનેક ઉપાયો કર્યા છતાં હિરણ્યકશિપુ ભકતવર પ્રહલાદજીને મારી ન શક્યો, પણ પોતે મર્યો. (૪૨) ત્યારબાદ બીજા જન્મમાં તે બન્ને દૈત્યો વિશ્રવામુનિની સ્ત્રી કેશિનીમાં રાવણ અને કુંભકરણ નામવાળા લોકોને દુઃખ આપનારા બે પુત્રો થયા. (૪૩) ત્યારે ભગવાને રામાવતાર ધારણ કરી સનત્કુમારોના શાપથી છોડાવવા માટે તે બન્નેને માર્યા. ભગવાન શ્રી રામનો દિવ્ય મહિમા હે ધર્મરાજા ! આપ વનવાસમાં શ્રી માર્કણ્ડેય મુનિના મુખકમળથી સાંભળશો. આ જયવિજય બન્ને આ જન્મમાં ક્ષત્રિય કુલમાં આપની માસીના પુત્રો થયા તે બન્ને ભગવાન શ્રીકૃષ્ણચંદ્રના સુદર્શનથી મૃત્યુ પામી પાપમુક્ત થઈ બ્રહ્મશાપથી મુક્ત થયા. (૪૪) આ બન્ને ભાઈઓ તીવ્ર વૈરભાવથી, વૈરવૃત્તિમાં ભગવાનના જ ધ્યાનથી ભગવદ્રૂપ થઈ ભગવાનના પાર્ષદરૂપે ભગવાનની પાસે પહોંચી ગયા. (૪૫)

ધર્મરાજ યુધિષ્ઠિરે કહ્યું કે ભગવન્ નારદ ! મહામના દૈત્યપુત્ર પ્રહ્લાદજી ઉપર તેના પિતાને દ્વેષ શા માટે થયો ? હે ભગવન્ ! આપ મને આ વસ્તુ સમજાવો અને પ્રહ્લાદ અસુર કુલમાં જન્મ્યા છતાં તેમની ભગવરૂપતા કેમ થઈ તે પણ કહો (૪૬)

विद्वेषो दयिते पुत्रे कथमासीन्महामुने । ब्रूहि मे भगवन्येन प्रह्लादस्याच्युतात्मता ।। ४७ ।।

શ્રીમદ્ ભાગવત પીયૂપના સપ્તમ સ્કંધના અસદ્વાસના લીલાના પ્રથમ પ્રકરણમાંનો જય અને વિજયના શાપની કથાનું વર્ણન કરતો અધ્યાય ૧લો સમાપ્ત.

અધ્યાય ૨ જો

[આ અધ્યાયમાં ૬૧ શ્લોકો છે. અસદ્વાસના પ્રકરણ છે હિરણ્યાક્ષના વધથી દુઃખીત થયેલ માતા અને કુટુંબને હિરણ્યકશિપુએ આપેલ ઉપદેશનું વર્ણન આ અધ્યાયમાં આવશે.]

नारद उवाच – भातर्येवं विनिहते हरिणा क्रोडमूर्तिना । हिरण्यकशिपू राजन्पर्यतप्यदुषा शुचा ।। १ ।।

મહર્પિ નારજીએ કહ્યું કે ધર્મરાજ ! વરાહ સ્વરૂપે ભગવાને હિરણ્યાક્ષને માર્યો તેથી હિરણ્યકશિપુ ક્રોધથી સળગી ઊઠયો તેમજ શોકથી પરિતાપ કરવા લાગ્યો.. (૧) હે ધર્મરાજ ! ક્રોધથી ઘેરાયેલ દાંત નીચે હોઠને દબાવતા, કોપથી સળગતાં

નેત્રોથી ધુમાડાવાળા આકાશ તરફ નજર કરતા. (૨) ઉગ્ર દ્રષ્ટિ અને ભયાનક દાઢીવાળા હિરણ્યકશિપુના મુખ સામે જોવું પણ ભારે થઈ પડતું હતું. એક હાથમાં શૂલ ઉઠાવી સભામાં દાનવોને ઉદ્દેશીને કહેવા લાગ્યો. (૩)

હિરણ્યકશિપુની ઉગ્રવાણી

હે દાનવો, ત્રિમૂર્ધ, ત્ર્યક્ષ, શંબર, શતબાહો, હયગ્રીવ, નમુચે, પાક, ઈલ્વલ. (૪) હે વિપ્રચિત્તે, પુલોમાન, શકુન વગેરે આપ મારું વચન પ્રથમ સાંભળો અને વિના વિલંબે તેનો અમલ કરો. તેમાં જરા પણ પ્રમાદ થવો ન જોઈએ. (૫) એક વાત અત્યંત સત્ય છે કે વિષ્ણુ ભગવાન જો કે દેવો અને દૈત્યોમાં સમદ્રષ્ટિવાળા હોવા છતાં - આપણા તુચ્છ શત્રુ દેવોએ સમાન શક્તિવાળા વિષ્ણુની સહાય લઈને મારા ભાઈ હિરણ્યાક્ષનો વધ કરાવ્યો છે. (૬) દેવોના સ્વામી વિષ્ણુનો સ્વભાવ શુદ્ધ નિષ્પક્ષપાતી અને ભજનારને ભજવાનો છે. પરંતુ વર્તમાનમાં પોતાની માયાશક્તિથી વનપશુ વરાહ વગેરેનું સ્વરૂપ લેવા માંડયું છે અને પોતાના સ્વભાવથી ચ્યુત થયેલ છે. ખરેખર વિષ્ણુનો સ્વભાવ બાળક જેવો ચંચલ છે. (૭) હવે મારા શૂળથી તેના ગળામાંથી લોહીની ધારા કાઢી રુધિરપ્રિય મારા ભાઈ હિરણ્યાક્ષનું હું શ્રાદ્ધ કરીશ ત્યારે મારા મનનું દુઃખ મટશે. (૮) કપટનિપુણ હરિ એટલે વિષ્ણુ દેવોનું મૂળ મનાય છે. જો મૂળરૂપ વિષ્ણુનો નાશ કર્યો તો છિન્નમૂળ, વૃક્ષનાં પાન, ડાળીઓ એની મેળે સુકાઈ જશે તેમ દેવો પણ વિષ્ણુ મરતાં સ્વયં મરણ પામશે. (૯)

વિનાશકાળે વિપરીત બુદ્ધિ

હે અસુરો, આ મેં કહેલ ઉપાય ધ્યાનમાં લઈ પૃથ્વી ઉપર જાઓ અને ત્યાં જઈ બ્રાહ્મણ અને ક્ષત્રિયોએ સમૃદ્ધ કરેલી પૃથ્વી ઉપર તપ, યજ્ઞ, સ્વાધ્યાય, વ્રત અને દાન કરનાર બ્રાહ્મણ વગેરેનો નાશ કરો. (૧૦) બ્રાહ્મણોના વૈદિક કર્મનું મૂળ વિષ્ણુ છે. યજ્ઞ એ વિષ્ણુનું સ્વરૂપ છે. દેવ, ઋષિ, પિતૃ અને પ્રાણીમાત્રના પરમારાધ્ય ભગવાન વિષ્ણુ છે. (૧૧) જ્યાં જ્યાં બ્રાહ્મણો ગાયો, વેદ, વર્ણાશ્રમ ધર્મ અને ધર્મની ક્રિયા થતી હોય ત્યાં ત્યાં જઈ તે તે દેશને બાળો, ગાયો વગેરેનો વિનાશ કરો. (૧૨) રાજન્ આપ જાણો જ છો કે ખલ મતિવાળા અસુરોનો સ્વભાવ જ હોય છે લૂંટફાટ અને ખૂનામરકી કરવાં. આમ તેની પ્રિય ઈચ્છાને અનુરૂપ સ્વામિની આજ્ઞા થઈ તેનો નત મસ્તકથી આદર કરી તેઓ પ્રજાઓનું નિકંદન કરવા નીકળી પડયા. (૧૩)

રાજન્ ! આ રીતે દૈત્યોએ નગર, ગામડાં, નેસડા, બગીચા, અગ્નિહોત્રીઓનાં સ્થાનો, આશ્રમો, ખાણો, ખેતરો, ખેડૂતોના માળાઓ, તેમજ પર્વતની ખીણમાં રહેનારા વાસોને, ગોવાળનાં નિવાસોને અને રાજધાનીઓને છિન્નભિન્ન કરી નાખ્યાં. (૧૪) સરોવર, જલાશયની પાળો, નગરના કિલ્લાઓ, ગોપુર દ્વારો વગેરે કોદાળીથી નિર્મૂલ કરી નાખ્યાં. ફળ દેનારાં આમ્ર વગેરે વૃક્ષો જે જીવનનિર્વાહનાં સાધનો મનાય તે સર્વને કાપી નાખ્યાં. પ્રજાના નિવાસો સળગાવી દીધા. (૧૫) આવા દૈત્યના અનુચરોના અસહ્ય ત્રાસથી દુઃખી થઈ દેવો સ્વર્ગને ત્યજી પૃથ્વી ઉપર ગુપ્ત દેહે કોઈ ન જાણી શકે તેમ છૂપાઈને રહેવા લાગ્યા. (૧૬) ત્યારબાદ હિરણ્યકશિપુ મરણ પામેલા ભાઈ હિરણ્યક્ષને જોઈ દુઃખી થયો અને તેને અંજલિ આપી ભાઈના સંતાનોને સમજાવવા લાગ્યો. (૧૭)

હિરણ્યકશિપુનું તત્ત્વજ્ઞાન

હિરણ્યાક્ષના મૃત્યુથી આર્ત સ્વરે આક્રન્દ કરતાં શકુનિ, શંબરાસુર, ધૃષ્ટ, ભૂતસંતાપન, વૃક, કલાનાભ, મહાનાભ, હરિશ્મશ્રુ અને ઉત્કચ. (૧૮) વગેરે ભાઈના પુત્રોને અને તે પુત્રોની મા રુષાભાનુ અને પોતાની તથા હિરણ્યાક્ષની મા દિતિ વગેરે સ્વજનોને હિરણ્યકશિપુએ કોમલ વાણીથી દેશકાલને અનુસરીને દિલાસો દેતાં કહ્યું કે (૧૯) હે મા ! કુળવધૂ ! હે પુત્રો ! વીરના મૃત્યુનો શોક ન શોભે, શૂરવીર તો શત્રુની સામે જ મૃત્યુ પામે તો જ તેનું મૃત્યુ ઉત્તમ મનાય. (૨૦) મા ! હે સુવ્રતે ! હે જનની ! આ જગતના જીવોનો સમાગમ તો પરબે જલ પીવા ભેગા થયેલા વટેમાગુ જેવો છે. અમ્બ ! પ્રારબ્ધ પ્રત્યેકને ભેગા કરી પ્રત્યેકને વિખૂટાં પાડે છે. (૨૧)

આત્મા તો નિત્ય છે, નિર્વિકાર છે, શુદ્ધ છે, સર્વમાં રહેનાર છે, સર્વજ્ઞ છે, વ્યાપક છે, સર્વથી શ્રેષ્ઠ છે. તે ભગવાન છે

અને સર્વ સ્વરૂપે બનવા સમર્થ છે. તે ભગવાન પોતાની માયા નામની શક્તિને પ્રેરીને ત્રણ ગુણો દ્વારા લિંગ દેહને ધારણ કરે છે. (૨૨) પવનથી હાલતા જલમાં પ્રતિબિંબવાળાં વૃક્ષો પણ હાલતાં દેખાય છે તેમજ વાયુના ચકરીના રોગને લીધે ભમતી આંખમાં પૃથ્વી ભમતી દેખાય છે. (૨૩) મા ! આત્મા અવિકલ છે, સ્થિર છે, પુમાન્ છે તેથી સ્વતંત્ર છે. પરંતુ ગુણોથી ભમતી બુદ્ધિની માફક માયાના ગુણો વડે હું અને મારું એવી બુદ્ધિ કરી શરીરથી સ્વયં જુદો છે છતાં શરીરરૂપ અધ્યાસથી ભમતો લાગે છે. (૨૪) તેને લિંગ શરીર કે સ્થૂલ શરીર નથી તો પણ એ જ ભ્રમથી તે પોતાને શરીર માને છે. મા ! આત્મામાં ચલપણું, શોક કે દુઃખ કાંઈ ન સંભવે છતાં તેમાં તેવા ધર્મો દેખાય એનું નામ આત્મામાં ઊલટું જ્ઞાન થયું. આ ઉલટા જ્ઞાનનું નામ વિપર્યાસ કહેવાય છે. (૨૫) આ પ્રમાણે તટસ્થ આત્મામાં પ્રિય અને અપ્રિય વિયોગ સંયોગરૂપ કર્મ અને સંસાર થાય છે. આવા જ પ્રકારનું ઊલટું જ્ઞાન આત્મામાં જન્મ, મરણ, વિવિધ શોક, અવિવેક, અનેક જાતની ચિંતા, વિવેકનું વિસ્મરણ એ બધું વિપર્યય જ્ઞાન દેહમાં આત્મભાવના થવાથી આત્મામાં દેખાય છે. (૨૬)

ઈતિહાસમાં ઈતિહાસ

મા ! હે કુટુંબીજનો ! આ પ્રસંગે આપને યમદેવ અને સદ્ગત થયેલાના કુટુંબીજનોનો સંવાદવાળો પુરાતન ઈતિહાસ વર્ણવીશ. તે જરૂર સાંભળો. (૨૭) પૂર્વે ઉશીનર નામના દેશમાં સુપ્રસિદ્ધ, સુયજ્ઞ નામના નૃપતિ હતા. તેમને જ્યારે શત્રુઓએ યુદ્ધમાં માર્યા ત્યારે તેમનાં સગાં તેમને વીંટીને બેઠાં. (૨૮) માતા ! રણમાં ખપી ગયેલા રાજાના શરીરનું ક્વચ તૂટી ગયું હતું. રાજાના અલંકારની સેરો છિન્નભિન્ન થઈ ગઈ હતી, નૃપતિનું મસ્તક બાણોથી છેદાઈ ગયું હતું, આખો દેહ રુધિરથી ખરડાએલ હતો. આવી કરુણ દશામાં રાજાનું શરીર પડયું હતું. (૨૯) રાજાના મસ્તકના વાળ વીખરાઈ ગયા હતા, આંખો નાશ પામી હતી, યુદ્ધ વખતે શત્રુ ઉપર ક્રોધને લીધે હોઠ દબાવેલો હતો, રણની ધૂળથી મુખકમલ ઢંકાઈ ગયું હતું, યુદ્ધમાંકપાઈ ગયેલ હાથ રણમેદાનમાં હથિયાર સાથે પડયો હતો. (૩૦)

મા ! સુયજ્ઞ રાજાની આવી કરુણ દશાથી દુઃખી થતી રાણીઓ 'હા નાથ ! આપ મરણ નથી પામ્યા, અમે જ મરણ પામ્યાં છીએ' એમ કહેતી, માથાં કૂટતી વારંવાર તેના પગમાં પડવા લાગી. (૩૧) અત્યંત આર્ત સ્વરે રુદન કરવા લાગી. નેત્રમાંથી વહી જતાં અશ્રુઓ વક્ષઃસ્થલને પણ ભીંજવી દેતાં હતાં અને રાજાના પગને તે પલાળી દેતી હતી. વળી છૂટા કેશ અને વેરાયેલ આભૂષણોથી એવો કલ્પાંત કરવા લાગ્યાં કે સાંભળનારને પણ શોકસાગરમાં ડૂબાડી દે. (૩૨)

હે નાથ ! એક વાર ઉશીનર દેશનું સુકાન સાંભળનાર અને પોષણ કરનાર હતા તેની નિર્દય વિધાતાએ આવી દશા કરી નાખી. એકવાર સર્વને હર્ષ પમાડનાર હાલ બધાના શોકને વધારનાર થઈ ગયા. (૩૩) નાથ ! આપ જ્યાં ગયા છો ત્યાં આપ ચરણની સેવામાં અમને પાછળ પાછળ લઈ જવાની કૃપા કરો. (૩૪) રાણીઓનું આ પ્રમાણે કલ્પાંત ચાલી રહ્યું છે. તેઓ પતિના દેહને બાળવાને પણ આપતી નથી અને ગોદમાં લઈ વિલાપ કરી રહી છે ત્યાં સૂર્યાસ્ત થઈ ગયો. (૩૫) ધર્મરાજ ! મરણ પામેલા સુયજ્ઞ રાજાના પરિવારના પારાવાર વિલાપ અને શોકને નિહાળી યમરાજા સ્વયં બાળકસ્વરૂપે રાજાના કુટુંબ પાસે આવી ઊભા રહ્યા. (૩૬)

સંરક્ષક કેવલ શ્રીહરિ છે

મહારાજ યમ બોલ્યા : અહો ! અમારા કરતાં આપ સર્વ વયમાં કેટલાં બધાં મોટાં છો. વળી રાતદિવસ જગતમાં થતાં બધાંના જન્મમરણને જોતા આવ્યા છતાં એમનો મોહ તો જુઓ, કે જ્યાંથી જે જીવ આવ્યો ત્યાં તે ગયો. અને આપણે રહ્યા છીએ તે પણ ત્યાં જ જવાના છીએ તો પછી ગયેલાનો શોક કરવો વ્યર્થ છે. (૩૭) અહો ! અમે જ ધન્ય છીએ કે અમારાં માવતર અમને મૂકીને ચાલ્યાં ગયાં છે છતાં તેનો અમે શોક કરતા નથી. વળી અમે તો નાનાં હોઈ નિર્બળ છીએ છતાં વાઘ વગેરે ઘોર પશુ અમને ખાઈ જતાં નથી તેથી નક્કી થાય છે કે જે ગર્ભમાં રક્ષા કરે છે તે સર્વત્ર રક્ષે છે. (૩૮) અરે રાણીઓ ! સાંભળો. આ સૃષ્ટિનો સ્વામી નિર્દોષ છે, અવિનાશી છે, નિર્વિકાર છે. તેની જ્યારે ઈચ્છા થાય ત્યારે રક્ષા કરે છે અને લોપ કરે છે. હે સન્નારીઓ ! આ જગત ભગવાનની ક્રીડાનાં છે. તે જ નિગ્રહ ને સંગ્રહ કરવામાં સમર્થ છે. (૩૯)

पथिच्युतं तिष्ठति दिष्टरक्षितं गृहे स्थितं तद् विहतं विनश्यति ।
जीवत्यनाथोऽपि तदीक्षितोवने गृहेऽपि गुप्तोऽस्य हतो न जीवति ।। ४० ।।

જો તે ભગવાન રક્ષા કરવા ધારે તો રસ્તામાં રખડનારનું પણ રક્ષણ કરે છે. તેની ઈચ્છા ન હોય તો ઘરમાં રાખ્યા છતાં નાશ પામે છે. તેની દ્રષ્ટિમાં હોય તેવા અનાથ પણ વનમાં જીવે છે અને મારવો હોય તો ઘરમાં રાખી લાખો ઉપાયો કરીએ તો પણ બચાવી શકતા નથી. (૪૦) પંચમહાભૂતો તે પોતાના કારણમાંથી કાળે કરીને પેદા થાય છે અને કાળથી નાશ પામે છે ત્યારે પણ આત્મા તો પંચભૂતના શરીરમાં રહ્યો છતાં તે તેનાથી જુદો હોવથી પ્રકૃતિના ગુણોથી બંધાતો નથી. (૪૧) પ્રાણીમાત્રનું શરીર જીવના મોહથી થાય છે. જેમ ઘર માનવથી જુદું છે તેમ શરીર પણ આત્માથી જુદું છે. જેમ પાણીનો પરપોટો પાણીમાં, માટીનો ઘડો માટીમાં અને સુવર્ણના અલંકારો સુવર્ણમાં નાશ પામે છે તેમ શરીર કાળે કરીને પંચમહાભૂતોમાં ચાલ્યું જાય છે અને નાશ પામે છે. (૪૨) જેમ અગ્નિ લાકડામાં રહ્યા છતાં તેનાથી ભિન્ન છે તેમ પ્રાણવાયુ દેહમાં રહે છે છતાં દેહથી ભિન્ન છે. જેમ આકાશ સર્વત્ર છતાં ક્યાંય બંધાતું નથી તેમ પુરુષ સર્વ ગુણનો આશ્રય છે તેમ જ ગુણોથી પર છે તેથી તે બંધાતો નથી. (૪૩)

દેવીઓ ! જેનો આપ શોક કરી રહ્યાં છો તે તમારા પતિ અહીં સૂતા છે, પરંતુ જે સાંભળનાર અને ઉત્તર આપનાર હતા તે તો પ્રથમ પણ દેખાતા ન હતા અને હાલ દેખાતા નથી. માટે તે દેહથી જુદા જ છે. (૪૪) દેવીઓ ! આત્મા તો જે મુખ્ય પ્રાણ છે જેનાથી શરીરનો વ્યવહાર થાય છે તે સાંભળનાર જોનાર પ્રાણથી પણ જુદો છે. માટે ઈન્દ્રિયયુક્ત આત્મા છે તે તો દેહ અને પ્રાણથી પણ જુદો જ છે. (૪૫) ભૂત, ઈન્દ્રિય અને મનથી બનેલા નાના મોટા લિંગ દેહોને આત્મા ધારણ કરે છે અને છોડે છે. પરંતુ તે લિંગ દેહથી ભિન્ન છે. તે પોતાના તેજથી સર્વ કાંઈ કરે છે. (૪૬)

હે દેવીઓ ! જ્યાં સુધી આત્મા લિંગદેહયુક્ત છે ત્યાં સુધી આત્માને કર્મબંધન છે. આ કર્મને લીધે દેહાદિમાં અહં પ્રતિબુદ્ધિ થાય છે અને અહંબુદ્ધિ રહે ત્યાં સુધી માયાથી થનાર કલેશ રહે છે. (૪૭) આ દેહમાં આત્મબુદ્ધિરૂપ ખોટો આગ્રહ છે. જેમ મનોરથથી સ્વપ્ન થાય છે, જેમાં સર્વ વ્યવહાર ક્ષણિક હોય છે, નિત્ય નથી હોતા પણ સ્વપ્નકાલ માત્ર હોય છે. (૪૮) જે વિદ્વજ્જનો નિત્ય-અનિત્યનો વિવેક જાણે છે તે કોઈ રીતે શોક કરતા નથી. શોક કરવાનો જેમનો સ્વભાવ થઈ ગયો છે તેમના શોકને કોઈ દૂર કરી શકતું નથી. વળી શોક કરવાથી બનેલી વસ્તુમાં કાંઈ પરિવર્તન થતું નથી. (૪૯)

એક કપોત-કથા

બાલ સ્વરૂપ યમરાજે એક કથા આરંભી. તે બોલ્યા, હે રાણીઓ ! સાંભળો. એક ઘોર જંગલ હતું. આ જંગલમાં ઈશ્વરે જ જાણે પક્ષીઓ માટે કાળનું સ્વરૂપ ન બનાવ્યું હોય, એવો એક પારધિ પક્ષીઓને પકડવા જાળ પાથરીને પાવો બજાવતો ત્યાં બેઠો હતો. (૫૦) ત્યાં બે કુલિંગ નામનાં ચકલાં ફરતાં દેખાણાં. તેમાં એક ચકલી એકદમ પારધિના પંજામાં આવી ગઈ અને કાલવશ તે દોરીમાં સપડાઈ ગઈ. (૫૧) ત્યારે બહાર રહેલો ચકલો તેને જોઈ બહુ સ્નેહથી દુઃખી થયો. ચકલો ચકલીને છોડાવવાને તો સમર્થ ન થયો તેથી દુઃખથી વિલાપ કરવા લાગ્યો. (૫૨) 'અહો ! દૈવ તું નિર્દય છે, જે તું મારો શોક કરતી મારી સ્ત્રીને લઈ જઈશ તેમાં તને શું મળવાનું હતું ?. (૫૩) નિર્દય દૈવ ! હવે મને પણ આ પારધિ ભલે તેની ઈચ્છા હોય ત્યાં લઈ જાય; કારણ કે હું એકલો રંક બની સ્ત્રી વિનાનો વિધુર થઈ જીવીને શું કરીશ ? (૫૪) કદાચ જીવું તો પણ પાંખ વિનાનાં આ નાનાં બચ્ચાંને હું કેમ સંભાળી શકીશ ? આ ભોળાં બિચારાં માળામાં તેની માની વાટ જોઈ રહ્યાં છે'. (૫૫) જાળમાં ફસાયેલી પોતાની સ્ત્રીના વિયોગથી આતુર થયેલો અને અશ્રુથી રૂંધાયેલ કંઠવાળો ચકલો જ્યાં વિલાપ કરે છે ત્યાં લાગ સાધીને બેઠેલા પારધિએ બાણ મારી ચકલાને પણ પાડી દીધો, અને કાળે કરીને ચકલો પણ ચાલ્યો ગયો. (૫૬) પુનઃ યમદેવ બોલ્યા હે સુયજ્ઞ રાજાની રાણીઓ ! તમે પણ તમારા મૃત્યુનો વિચાર કરો. તમારા પતિ સુયજ્ઞનો શોક ત્યજો. સુયજ્ઞનો શોક કરતાં સો વર્ષો વીતશે તો પણ તમારા પતિને તમે મેળવી

શકવાનાં નથી. (૫૭)

ઇતિહાસ કથાસમાપ્તિ

હરણ્યકશિપુએ કહ્યું કે બાળક આટલું બોલ્યો ત્યારે બધાના મનમાં વિસ્મય થયો. શ્રી દેવર્ષિ નારદજીએ કહ્યું કે ધર્મરાજ યુધિષ્ઠિરજી ! માતાને અને પરિવારને ઉપદેશ આપતાં સર્વજ્ઞાતિજનો આ ઇતિહાસ સાંભળી આ બધું અનિત્ય છે અને આપણે સમજીએ છીએ તેનાથી જુદું છે એમ જાણવા લાગ્યા. (૫૮) રાજન્ ! યમરાજ આટલું વ્યાખ્યાન કરી ત્યાં જ દેખાતા બંધ થઈ ગયા. ત્યારબાદ સુયજ્ઞનાં સ્નેહી જનોએ સુયજ્ઞના દેહનો દાહ કરી તેને ઠેકાણે પાડવાની તજવીજ કરી. (૫૯)

મા ! માટે મારી તમને વિનંતિ છે કે તેમ સર્વ આ મારો અને આ પારકો એવો શોક ન કરો. કોણ આત્મીય છે અને કોણ પરકીય છે ! પોતાનો પારકો એ બધા ભેદ જીવને જ્ઞાન ન હોવાથી થાય છે. તેથી આવો શોક કરનાર જીવ જ ખરેખર શોક કરવા જેવો છે. (૬૦) મહર્ષિ નારદે કહ્યું કે, ધર્મરાજ ! આ પ્રકારનાં હિરણ્યકશિપુનાં વચનને સાંભળી માતા દિતિ તથા તેની પુત્રવધૂ શોક ત્યજી ચિત્તમાં આત્મતત્ત્વનો વિચાર કરવા લાગ્યાં. (૬૧)

इति दैत्यपतेर्वाक्यं दितिराकर्ण्य सस्नुषा । पुत्रशोकं क्षणात् त्यक्त्वा तत्त्वे चित्तमधारयत् ॥ ६१ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના સપ્તમ સ્કંધના અસદ્દાસના પ્રકરણમાંનો હિરણ્યુકશિપુના માધ્યમથી દેહ અને આત્માના નિત્ય અને અનિત્ય સ્વરૂપનું વર્ણન કરતો અધ્યાય ૨જો સમાપ્ત.

અધ્યાય ૩ જો

[આ અધ્યાયમાં ૩૮ શ્લોકો છે. આમાં હિરણ્યકશિપુનું ઉગ્ર તપ અને બ્રહ્માજી વરદાન આપે છે તે વર્ણવ્યું છે.]

હિરણ્યકશિપુનું ઉગ્ર તપ

મહર્ષિ નારદજીએ કહ્યું કે રાજન્ ! હિરણ્યકશિપુ પોતે અજેય, અજર, અમર અને પૃથ્વીમાં અજોડ બનવાની તેમ જ સમ્રાટ થવાની કામના સેવવા લાગ્યો. (૧). આ કામના પૂર્ણ કરવા હિરણ્યકશિપુએ મંદરાચળ પર્વતની ખીણમાં કેવલ પગના અંગૂઠાથી ધરણી ઉપર ઊભા રહીને ઊંચી તેમજ સૂર્ય સન્મુખ દૃષ્ટિ રાખીને પરમ દારુણ તપ આરંભ્યુ. (૨) તપને લીધે જટાનાં તેજોમય કિરણોથી પ્રલયકાળના સૂર્યકિરણોના જેવી કાન્તિ ધરાવતા હિરણ્યકશિપુનો દેવોને ભય લાગ્યો અને તેનાથી બચવા છુપાઈને દેવો જ્યાં ત્યાં ફરતા હતા તે પાછા પોતપોતાના સ્થાને આવી રહેવા લાગ્યા. (૩) હિરણ્યકશિપુના મસ્તકમાંથી નીકળતો ધુમાડાવાળો તપરૂપ અગ્નિ પ્રક્ટ થઈ સર્વત્ર પ્રસરી જઈ ત્રણ લોકોને સંતાપવા લાગ્યો. (૪) સરિતા અને સાગરો ખળભળી ઊઠયાં, દ્વીપો અને પર્વતો સાથે પૃથ્વી કંપવા લાગી. આકાશમાંથી ગ્રહો, નક્ષત્રો અને તારાઓ ખરી પડવા લાગ્યા. દશે દિશાઓ બળવા લાગી. (૫) દેવો આ ઉપદ્રવથી દુઃખી થઈ સ્વર્ગલોક ત્યજી બ્રહ્મલોકમાં બ્રહ્માજી પાસે ગયા અને બ્રહ્માજીને વિનવવા લાગ્યા. (૬)

દેવોની શરણાગતિ

દેવો બોલ્યા, હે દેવાધિદેવ ! હે બ્રહ્માજી ! દૈત્યરાજના તપથી તપેલા અમે સ્વર્ગમાં રહી શકતા નથી. હે સમર્થ ! હે સર્વાધિપ ! અમે આપના ખંડણી આપનારા છીએ. અમે નાશ ન પામીએ તે પહેલાં જ જો આપના ધ્યાનમાં આવે તો આપ અમારા સંતાપને દૂર કરો. અમારી રક્ષા કરો. (૭) હિરણ્યકશિપુનું આ તપ અજોડ છે. એના આ તપની પાછળ એનું શું ધ્યેય છે તે કાંઈ આપનાથી અજાણ્યું ન હોય. જીવ સ્વભાવે અમે કેવલ આપને નિવેદન કરીએ છીએ. કૃપા કરી તેના ઉપર ધ્યાન આપો. (૮) તપ-યોગ-સમાધિથી સ્થાવરજંગમ જગતને ઉત્પન્ન કરી સર્વ લોકોના સ્થાન ઉપર પોતાનો સત્યલોક બનાવી બ્રહ્માજી તેમાં રહે છે. (૯) હું પણ તેવાં જ તપ અને યોગ-સમાધિથી બ્રહ્માજીના જેવું જ સ્થાન મેળવીશ. કાળ અને આત્મા તો નિત્ય છે પછી ભલેને અનેક જન્મ મારે માટે થાય તેની મને ચિંતા નથી. પણ મારું ધ્યેય હું સાધીશ. (૧૦) બ્રહ્માજીના જગત કરતાં બીજા જ પ્રકારનું વિચિત્ર જગત મારા તપોબળથી બનાવી દઈશ. તપથી

ધ્રુવાદિ વૈષ્ણવોએ જેવાં સ્થાન મેળવ્યાં તેવાં વૈષ્ણવસ્થાન મેળવવાનો મારો આ ઉદ્યોગ નથી કેમકે તે સ્થાનોથી શું થઈ શકે. (૧૧)

સ્તુતિ કરતાં કરતાં દેવો આગળ કહેવા લાગ્યા કે હે ત્રિભુવનનાથ ! તે દૈત્યેશ્વરનો આવો નિશ્ચય અમારા જાણવામાં આવ્યો છે, તો આવી સ્થિતિ ઊભી ન થઈ જાય તે પહેલાં આપને જે કાંઈ ઉચિત લાગે તે આપ કરો એવી આપને અમારી વિજ્ઞપ્તિ છે. (૧૨) હે જગત્પતિ ! આપનું બ્રહ્મલોક નામનું સ્થાન છે તે બ્રાહ્મણ, ગાય વગેરેના કલ્યાણ માટે, સુખ માટે, ઐશ્વર્ય માટે તથા ક્ષેમ અને વિજય માટે તેમજ પરમાનંદ માટે છે. (૧૩)

હે ધર્મરાજ યુધિષ્ઠિરજી ! દેવોની વિનંતિને સાંભળી ભગવાન શ્રીબ્રહ્માજી, ભૃગુ, દક્ષ વગેરે પ્રજાપતિઓની સાથે હિરણ્યકશિપુના તપઃપ્રદેશમાં પધાર્યા. (૧૪) બ્રહ્માજીએ ગિરિદ્રોણીમાં આવીને જોયું તો દૈત્યરાજની કાયા ઉપર ઘાસ, રાફડા અને વાંસડા ઊગી જવાથી હિરણ્યકશિપુની કાયા નજરે જોવામાં પણ ન આવી. ખૂબ જ તપાસ કરતાં જોવા મળ્યું કે તેના દેહમાંનાં મદ, માંસ, લોહી, ચામડી વગેરે વસ્તુને ઉધઈ ખાઈ ગઈ હતી. કેવલ હાડપિંજરવાળા દૈત્યેન્દ્રને બ્રહ્માએ જોયો. (૧૫) વાદળોથી ઘેરાયેલા સૂર્યની માફક પોતાના તપોબળથી ત્રણે લોકને તપાવતા દૈત્યરાજ હિરણ્યકશિપુને જોઈ આશ્ચર્ય પામેલા, હંસ ઉપર બિરાજેલા બ્રહ્માજી તેને કહેવા લાગ્યા (૧૬)

હંસ ઉપર બિરાજેલા બ્રહ્માજીની અનુકંપા

તપસ્વી હિરણ્યકશિપુને બ્રહ્માજી કહેવા લાગ્યા કે હે કાશ્યપ ! તું તપથી સિદ્ધ થયો છે. હવે બસ થયું બેટા, ઘણું થયું. હવે તપમાંથી ઊભો થા. હું તને વરદાન આપવા માટે આવ્યો છું. હે પુત્ર ! તારી ઇચ્છામાં આવે તેવાં વરદાન માગી લે. (૧૭) અત્યંત આશ્ચર્ય કરે તેવું તારું ધૈર્ય મેં નજરે નિહાળ્યું. બેટા ! તારા દેહને કીડાઓ ખાઈ ગયા છે. કેવલ અસ્થિમાં તારા પ્રાણો રહ્યા છે અને તે પણ સુષુપ્ત જણાય છે. (૧૮) તારા જેવું તપ પૂર્વમાં કોઈ ઋષિમુનિઓએ કર્યું હોય એવું મારા ધ્યાનમાં નથી. બીજો કોઈ આવું તપ કરી શકશે પણ નહીં, કેમકે દેવોનાં સો વર્ષ પર્યન્ત જલપાન કર્યા વગર પ્રાણને કોણ ધારણ કરી શકે ! (૧૯) ભલભલા મનસ્વીને માટે પણ અશક્ય એવો તારો તપમાં નિષ્ઠાવાળો આ પરિશ્રમ છે, તેથી હે દિતિનંદન ! તેં મને જીતી લીધો છે. (૨૦) હે અસુરવર્ય ! ભાઈ, તારા મરણશીલ શરીરથી અમર્ત્યધર્મવાળા મારાં તને દર્શન થયાં છે. આ દર્શન નિષ્ફળ ન થવાં જોઈએ માટે હું તને સર્વ આશિષો આપું છું. (૨૧) દેવર્ષિ નારદજીએ કહ્યું કે ધર્મરાજ ! સત્યસંકલ્પ શ્રીબ્રહ્માજીએ આવાં સ્નેહ વચનો કહી કીડાઓએ ખાધેલા તે દૈત્યના શરીર ઉપર પોતાના અમોઘ તેજવાળા કમંડલુના જલથી સિંચન કર્યું. (૨૨) જલનું સિંચન કરતાં જ તે દૈત્યરાજ હિરણ્યકશિપુ ઘાસ-વાંસ અને રાફડાથી અલગ થઈ ઈન્દ્રિય, શરીર અને મનોબળવાળાં વજ્રના જેવા દૃઢ શરીરવાળો સર્વાવયવસમ્પન્ન બની ગયો. કાષ્ઠમાંથી કાન્તિમાન અગ્નિ દેખાય તેમ સુવર્ણ સરખી તેજોમય કાયા સ્પષ્ટ દેખાવા લાગી. (૨૩) હંસ ઉપર બિરાજેલા પિતામહ બ્રહ્મદેવને અન્તરિક્ષમાં જોઈ, બ્રહ્માજીનાં દર્શનથી આનંદવિભોર બની પૃથ્વી ઉપર મસ્તક ટેકવી વારંવાર હિરણ્યકશિપુએ નમસ્કાર કર્યા. (૨૪) પ્રણામ કર્યા બાદ દૈત્યરાજ ઊભા થઈ ગયા. અંજલિ જોડી નમ્રતાપૂર્વક દર્શન કર્યાં. હર્ષાશ્રુથી કંઠ ગદ ગદ થઈ ગયો. કાયા પુલકિત થઈ ગઈ. વાણી વિરમી ગઈ અંતે ખૂબ પ્રયત્ન કરી સ્તુતિ શરૂ કરી. (૨૫) નવ શ્લોકોમાં બ્રહ્માજીનું સ્તવન કર્યું અને ચાર શ્લોકોમાં અતિદુર્લભ વરદાનોની યાચના કરી.

હિરણ્યકશિપુની સ્તુતિ અને વરદાન યાચના

હિરણ્યકશિપુએ બ્રહ્માજીનાં યશોગાન ગાતાં કહ્યું કે મહારાજ ! આપ સ્વયંજ્યોતિ બ્રહ્માજી છો. સ્વયં પ્રકાશમાન પોતાના જગતને પ્રકાશથી અભિવ્યક્ત કરો છો. કલ્પના અંતે ઘોર અંધકારથી છવાયેલા આ જગતને ઉત્પન્ન કરી, રક્ષણ કરી પોતાના સ્વરૂપમાં લીન કરો છો. (૨૬) આપ આપના આત્માને ત્રણ વિભાગમાં વહેંચી આપના ત્રિગુણાત્મક સ્વરૂપથી જગતની રચના, રક્ષા અને સંહાર કરો છો. આપ જ રજઃ, સત્ત્વ અને તમોગુણના આશ્રયરૂપ છો. પરમ શ્રેષ્ઠ છો, પરમ મહાન છો. આપને મારા નમસ્કાર હો. (૨૭) આપ આદ્યરૂપ છો, આપને નમસ્કાર. બીજરૂપ

આપને પ્રણામ, જ્ઞાનરૂપ અને વિજ્ઞાનરૂપ પણ આપને નમસ્કાર. પ્રાણ, ઈન્દ્રિય, મન અને બુદ્ધિરૂપે પ્રકટ થતા આપને નમસ્કાર. (૨૮) આપ આપના મુખ્ય પ્રાણથી સ્થાવર જંગમના ઉપર શાસન કરો છો. ચિત્તિ અનેચિત્ત ઈન્દ્રિયો, ભૂતગણ અને અન્તઃકરણના આપ નિયામક છો. આપ સર્વશ્રેષ્ઠ છો. (૨૯) ભગવન્ ભગવતી શ્રુતિ-ત્રણ વેદો આપની તનુ-કાયા છે. આ વેદોની સૂચના પ્રમાણે બ્રહ્મા, હોતા, ઉતા અને અધ્વર્યુ નામના ચાર મુખ્ય ઋત્વિજો દ્વારા અને ચાતુર્હોત્ર વિદ્યા દ્વારા સાત અંગોવાળા અગ્નિષ્ટોમ આદિ શ્રૌત યજ્ઞોને ચલાવો છો. આપ અનન્ત છો. અનાદિ છો. અપાર છો. આત્મવેત્તાના પણ આત્મા છો. અન્તરાત્મા છો અને કવિ છો. (૩૦) આપ જ કાલસ્વરૂપ છો, આપ જ લવ-પલકારો, ક્ષણ, મુહૂર્ત, ઘડી વગેરે કાળના અવયવો છો, છતાં કૂટસ્થ રૂપે આયુષ્યનો ક્ષય કરો છો. પરમૈશ્વર્યરૂપ મોટામાં મોટા તથા નાનામાં નાના જીવના પણ જીવનરૂપ આપ છો. (૩૧) અજ છો. આત્મા એટલે મનુષ્યથી દેવો પર્યંત વ્યાપાક છો. જડ અને ચેતનમાં કોઈ કાર્યકારણરૂપ વસ્તુ આપનાથી જુદી નથી, કેમકે વિદ્યા અને કલા તો આપનાં શરીર છે. બ્રહ્માણ્ડ આપના ગર્ભમાં છે માટે આપ હિરણ્યગર્ભ છો અને ત્રણ લોકથી પણ આપ પર છો. (૩૨) હે વિભો ! આ સ્થૂળ શરીર વ્યક્ત કહેવાય તેના વડે આપ આપના પારમેષ્ઠ્ય સ્વરૂપમાં રહ્યા છતાં ઈન્દ્રિય, પ્રાણ અને મનના ગુણોને ભોગવો છો. પરંતુ એ ભોગવવાના સમયે પણ આપ આપના પરમ ઐશ્વર્યમય સ્વરૂપમાં જ રહેલા છો. વસ્તુતઃ તો આપ પુરાણ પુરુષ સ્થૂલ અને સૂક્ષ્મથી પર બ્રહ્મસ્વરૂપ જ છો. (૩૩) તેથી જ અવ્યક્તરૂપથી વ્યાપ્ત એવા આપ ચિત્ અને અચિત્ શક્તિથી યુક્ત છો એવા ષડૈશ્વર્યવાળા ભગવાને આપને મારા નમસ્કાર હો. (૩૪) હે વરદાન દાનશિરોમણિ ! મને મનગમતાં વરદાનો આપ આપવા ચાહતા હો તો હે પ્રભો ! આપે ઉત્પન્ન કરેલ કોઈ પણ પ્રાણીથી મને ભય ન થાય. અને મારું મૃત્યુ ન થાય. (૩૫) વળી અંદર કે બહાર મારું મૃત્યુ ન થાય. દિવસે કે રાતે મારું મૃત્યુ ન થાય. બીજાથી મારું મૃત્યુ ન થાય. આયુધથી મૃત્યુ ન થાય, પૃથ્વીમાં મૃત્યુ ન થાય. આકાશમાં મારું મૃત્યુ ન થાય. મનુષ્ય કે પશુથી પણ મારું મૃત્યુ ન થાય (૩૬). સચેતન કે અચેતન વસ્તુથી પણ મારું મૃત્યુ ન થાય. દેવતા, અસુર કે મોટા સર્પથી પણ મારું મૃત્યુ ન થાય. સંગ્રામમાં મારી કોઈ સરખામણી ના કરે. પ્રાણીમાત્રનો હું એકલો રાજા થાઉં. (૩૭) વળી જેવો આપનો મહિમા છે અને સર્વ લોકપાલોનો જે મહિમા છે તે મને આપો. વળી યોગના પ્રભાવથી જે સિદ્ધિઓ મળે છે તે પણ મને આપો કે જેનો કોઈ દિવસ નાશ ન થાય (૩૮).

सर्वेषां लोकपालानां महिमानं तथात्मनः तपोयोगप्रभावाणां यन्न रिष्यति कर्हिचित् ॥ ३८ ॥

[શ્રીમદ્ ભાગવતપીયૂષના સપ્તમ સ્કંધમાં ઉતિ-લીલાના અસદ્‌વાસના પ્રકરણમાં હિરણ્યકશિપુના તપનું, બ્રહ્માજીના દર્શનનું, બ્રહ્માજીની સ્તુતિનું અને હિરણ્યકશિપુએ માંગેલા વરદાનોનું વર્ણન કરતો અધ્યાય ૩જો સમાપ્ત.]

અધ્યાય ૪થો

[આ અધ્યાયમાં ૪૬ શ્લોકો છે. આમાં હિરણ્યકશિપુથી દુઃખી થયેલા દેવોની શરણાગતિ તથા પ્રહ્લાદજી ઉપર અકારણ દ્વેષ વર્ણવ્યો છે.]

नारद उवाचः एवं वृतः शतधृतिर्हिरण्यकशिपोरथ । प्रादात्तत्तपसा प्रीतो वरांस्तस्य सुदुर्लभान् ॥ १ ॥

મહર્ષિ નારદજીએ કહ્યું, ધર્મરાજ ! આ પ્રમાણે દૈત્યરાજ હિરણ્યકશિપુએ વરદાનો માગ્યાં ત્યારે તેના તપથી પ્રસન્ન થયેલ શતધૃતિ બ્રહ્માએ અત્યંત દુર્લભ એવા પણ તે વરો તેને આપ્યા. (૧)

તપની સિદ્ધિઓ

બ્રહ્મા બોલ્યા, બેટા, તેં જે વરો માગ્યા તે તો પુરુષને મળવા દુર્લભ છે. આમ છતાં દુર્લભ તે વરો તને આપું છું. (૨) સદા સફળ અનુગ્રહવાળા શ્રીબ્રહ્માજીનાં કૃપામય વચનો સાંભળીને દૈત્યેન્દ્રે બ્રહ્માજીનાં અર્ચન કર્યાં. આ અવસરે પ્રજાપતિઓએ બ્રહ્માજીની સ્તુતિ કરી ત્યાર પછી બ્રહ્માજી ત્યાંથી રવાના થયા. (૩) ધર્મરાજ ! દુર્લભ વરો દૈત્યેન્દ્રને મળ્યા તેથી મદોન્મત્ત થઈ સુવર્ણ સરખા શરીરને ધારણ કરનાર તેણે ભાઈનો વધ કરનાર વરાહ ભગવાનને યાદ કરી ભગવાનની સાથે દ્વેષ આરંભ્યો. (૪) પુનઃ હિરણ્યકશિપુ મહા અસુરે સર્વ દિશાઓને અને ત્રણે લોકને જીતી લીધા. દેવ,

અસુર, મનુષ્ય, ઈન્દ્ર વગેરેના લોકોને પણ વશ કર્યા. ગંધર્વ, ગરુડ અને ઉરગલોકોને, પણ જીતી લીધાં ત્યારબાદ સિદ્ધ, ચારણ, વિદ્યાધરોને પરાસ્ત કર્યા. ઋષિ, પિતૃ અને મનુઓને, યક્ષો, રાક્ષસ, પિશાચ, પ્રેત અને ભૂતના પતિઓને પણ જીતી લીધા. (૬) ત્યારબાદ પ્રાણીમાત્રના પતિઓને પણ સ્વાધીન કર્યા તેમજ તે સર્વને વશ કરી સ્વયં વિશ્વજિત બની તેમનાં સર્વ સ્થાનો લઈ લીધાં, તેમજ તેમનાં તેજને પણ હરી લીધાં. (૭) દેવોના દિવ્ય ઉદ્યાનોથી શોભતા સ્વર્ગમાં આવેલા,સાક્ષાત્ વિશ્વકર્માએ રચેલા, વળી ત્રણ લોકની લક્ષ્મીનું સ્થાન મનાતા રાજા ઈન્દ્રના ઈન્દ્રભવનની જે સર્વ પ્રકારની સમૃદ્ધિઓ છે. તે સ્વર્ગલોકમાં હિરણ્યકશિપુ રહેવા લાગ્યો. (૮) રાજા ઈન્દ્રના રાજભવનમાં પ્રવાલ મણિનાં તો પગથિયાં હતાં. ભૂમિ પર મરકત મણિઓની લાદીઓ જડી હતી, સ્ફટિકની ભીંતો અને વૈડૂર્ય મણિના સ્તંભો છે. (૯) વિવિધ મણિઓથી ચિત્રવિચિત્ર ચંદરવા છે. પદ્મરાગનાં સુખાસનો છે. દૂધના ફીણ જેવી કોમળ અને સ્વચ્છ શય્યાઓ છે અને ગજમોતીની સેરોની લટકતી ચારે બાજુની કિનારીઓની ઝાલરો છે. (૧૦) ઝાંઝરથી રૂમઝૂમ કરતી દિવ્યાંગનાઓ રાજભવનમાં વિચરતી ત્યારે મણિ મઢેલી જમીનમાં સુંદર દાંતવાળી તેઓ પોતાનું મુખ જોઈને આનંદ પામતી. (૧૧) આજ તે ઈન્દ્રભવનમાં મહામના અને મહાબલવાન સર્વલોકને જીતી સમ્રાટ બનેલ દૈત્યરાજ હિરણ્યકશિપુ ઉગ્ર શાસન કરતો આનંદમાં મહાલે છે ત્યારે દેવપ્રવરો તેના ચરણે નમન કરી પોતાની આત્મરક્ષા કરે છે (૧૨)

મહારાજ ધર્મ ! અત્યંત સુગંધવાળી સુરાના પાનથી ચકચૂર લાલ નેત્રવાળા દૈત્યેન્દ્રને હાથમાં ભેટ લઈ બ્રહ્મા, શિવ અને વિષ્ણુ સિવાયના સર્વ લોકપાલો સતત સેવવા લાગ્યા. (૧૩) હે પાંડવ ! સ્વબળ વડે મહેન્દ્રાસન ઉપર બેઠેલા દૈત્યેન્દ્રને વિશ્વાવસુ, તુંબરુ અને અમે નારદ વગેરે તેનાં ગુણગાન કરતા હતા. ગંધર્વ, સિદ્ધ, ઋષિઓ, વિદ્યાધરો અને અપ્સરાઓ સ્તુતિ કરવા લાગ્યાં. (૧૪) તેમજ વર્ણાશ્રમધર્મને અનુસરીને યજમાનો, મોટી દક્ષિણાવાળા યજ્ઞોથી દૈત્યેન્દ્રનું યજન કરવા લાગ્યા. યજ્ઞોમાંના દેવોના હવિર્ભાગને તે સ્વયં પોતાના તેજથી છીનવી લેવા લાગ્યો. (૧૫)

હિરણ્યકશિપુનો કૃષિવિકાસ

તેના શાસન કાળમાં સપ્તદ્વીપવતી પૃથ્વી વગર ખેડ કર્યે પાક આપવા લાગી તેમજ કામદુધા સમી બની ગઈ. આકાશની "દ્યૌ" દેવતા વિવિધ પ્રકારની વિચિત્ર વસ્તુઓને આપવા લાગી. (૧૬) ક્ષાર સાગર સુરાસાગર, ઘૃત, મધુ, દહીં, દૂધ અને અમૃત નામના સર્વ સાગરો અને તેની સ્ત્રીઓ ગંગાદિ સરિતાઓ પોતાના તરંગો નામના કરકમલોમાં રત્નના સમૂહ ભરી આપવા લાગ્યાં. (૧૭) પર્વતો પોતાની તળેટીમાં સર્વ પ્રકારના વિહાર સ્થલો, સર્વ ઋતુમાં સર્વ ફલ આપતા તેમજ વિહારમાં ઉપયોગી વૃક્ષોને ધારણ કરતા. (૧૮) દશે દિશાઓ જીતી ચક્રવર્તી બન્યો છતાં દૈત્યરાજ ઈન્દ્ર નાના પ્રકારના વિષયોને ઈચ્છાપૂર્વક ભોગવવા લાગ્યો. ભોગ ભોગવતાં તે જિતેન્દ્રિય ન હોવાથી તૃપ્ત ન થયો (૧૯) રાજા હિરણ્યકશિપુ મદાંધ બન્યો. શાસ્ત્ર ત્યજી અવળે માર્ગે ચાલવા મંડયો. આમ કરતાં સનતકુમારના શાપવાળા તે દૈત્યરાજનો લાંબો કાળ ચાલ્યો ગયો. (૨૦)

દુઃખી દેવોની શરણાગતિ

तस्यै नमोऽस्तुकाष्ठायै यत्रात्मा हरिरीश्वरः । यद् गत्वा न निवर्तन्ते शान्ताः सन्यासिनोऽमलाः ॥ २२ ॥
इति ते संयतात्मानः समाहितधियोऽमलाः । उपतस्थुहृषीकेशं विनिद्रा वायु भोजनाः ॥ २३ ॥

તેના ઉગ્રદંડથી ઉદ્વિગ્ન થયેલ સર્વ લોકપાલો કોઈને રક્ષક ન જોતાં ભગવાન અચ્યુતને શરણે ગયા. (૨૧) જે શ્રી અચ્યુતને શરણે ગયેલ શાંત સંન્યાસીઓ પાછા આ લોકોમાં આવતા નથી અને સર્વના આત્મા શ્રીહરિ ઈશ્વર જ્યાં છે તે દિશાને નમસ્કાર હો. (૨૨) આમ બોલી પ્રાણવાયુનો નિરોધ કરી સમાધિથી નિર્મળ બુદ્ધિવાળા દેવો સાવધાન થઈ પવનનો આહાર કરી નિદ્રાને નેવે મૂકીને હૃષીકેશ ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. (૨૩)

દેવોને અભયદાન

મહારાજ ધર્મરાજ ! દેવો જ્યારે આ પ્રકારે ઉપસ્થાન કરતા હતા ત્યારે રૂપ વગરની મેઘનાદ જેવા શબ્દના પડઘાથી દિશાઓને ગજાવતી અને સાધુને અભય આપતી વાણી સાંભળવામાં આવી. (૨૪) ભગવાન બોલ્યા, હે શ્રેષ્ઠ દેવો ! ડરો મા ! આપનું કલ્યાણ હો. મારું દર્શન સર્વ પ્રાણીનું સર્વ પ્રકારના શ્રેયસને સાધનારું છે. (૨૫) હે દેવો ! અધમ દૈત્ય હિરણ્યકશિપુની દુષ્ટતા મેં જાણી છે. તેના ત્રાસની હું અવશ્ય શાંતિ કરીશ પણ તેને માટે તમે થોડો વખત થોભી જાઓ. (૨૬) હે દેવો ! આ હિરણ્યકશિપુને મારવો નહીં પડે. જ્યારે તે દૈત્ય, વેદ - ગાય - બ્રાહ્મણ - ભક્તો અને ભગવાનનો સારી રીતે દ્વેષ કરશે ત્યારે તે સ્વયં શીઘ્ર નાશ પામશે. (૨૭) નિર્વૈર, શાંત, મહાત્મા સંત અને સદ્ગુરુમંદિર પોતાના પુત્ર પ્રહ્લાદનો દ્રોહ કરશે ત્યારે તે ભલેને વરદાનથી ફળેલો છે તો પણ હું તેનો વધ કરીશ. (૨૮) મહર્ષિ નારદે કહ્યું કે ધર્મરાજ ! ભગવાને આ પ્રમાણે આશ્વાસન આપ્યું ત્યારે બધા દેવો નાથને નમસ્કાર કરી, ઉદ્વેગમુક્ત થઈ, હિરણ્યકશિપુને મરેલો માની ત્યાંથી પાછા ફર્યા. (૨૯) ધર્મરાજ ! દૈત્યપતિ હિરણ્યકશિપુને ઉત્તમગુણવાળા ચાર પુત્રો હતા તેમાં મહાપુરુષોના સેવક શ્રીપ્રહ્લાદજી ગુણથી સર્વ શ્રેષ્ઠ હતા. (૩૦)

પ્રહ્લાદજીના ૩૨ દિવ્ય ગુણ

બ્રાહ્મણભક્ત, વિપ્રહિતચિંતક, સુશીલ, સત્યવક્તા, જિતેન્દ્રિય, સર્વભૂતમાં આત્મભાવવાળા, એક એટલે અસાધારણ અને સર્વના પ્રિય, સર્વના શ્રેષ્ઠ સુહૃદ, (૩૧) મહાન પુરુષોના ચરણે દાસ ભાવે દંડવત્ કરનાર, દીનજન માટે પિતા સમાન પુત્રવત્સલ, પોતાના સરખામાં સગા ભાઈ જેવા સ્નેહાળ, ગુરુદેવમાં ભગવદ્ભાવવાળા, વિદ્યાને જ ધન માનનારા-વિદ્યાધન, ગર્ભશ્રીમંત, નિર્માન, દંભ વિનાના, દુઃખમાં ન ડગનાર, (૩૨) ઉદ્વેગ ન કરનાર, જોયેલ, સાંભળેલ સ્વર્ગાદિ સુખમાં નિઃસ્પૃહ અને તેને અનિત્ય સમજનાર, ઈન્દ્રિય, પ્રાણ, શરીર અને બુદ્ધિ ઉપર સંયમવાળા નિષ્કામ, અસુર દેહ છતાં માત્સર્યાદિ આસુર ગુણોથી મુક્ત શ્રી પ્રહ્લાદજી હતા. (૩૩) હે રાજન્ ! શ્રીપ્રહ્લાદજીમાં ઉપર વર્ણવેલા શ્રેષ્ઠ ગુણો હતા. આજે પણ વિવેકીજન તે ગુણોનું ગ્રહણ કરે છે. આ તો નિત્ય ગુણો છે. આજે પણ ભગવાનની માફક ભક્તજનોમાંથી તે કદી ખસતા નથી. (૩૪) અરે રાજન્ ! પ્રહ્લાદજીના પ્રતિપક્ષી દેવગણો પણ સજ્જનોની પરિષદમાં શ્રીપ્રહ્લાદજીને આદર્શજન તરીકે સ્વીકારે છે તો આપના જેના ભગવદીયજનો પ્રહ્લાદજીને સન્માને તેમાં તો શું કહેવાનું હોય વારુ. (૩૫) શ્રી પ્રહ્લાદજીમાં અસંખ્ય ગુણો છે તે તો ઠીક, તેથી પ્રહ્લાદજીના વડપણનું સૂચન થાય છે. પરંતુ આ ગણાવેલા ગુણોથી એવું નક્કી નથી થતું કે પ્રહ્લાદજીમાં આટલા જ ગુણો છે, પ્રહ્લાદજીમાં તો અનન્ત ગુણો છે, પરંતુ પ્રહ્લાદજીની વિશેષતા તો એ છે કે તપસ્વી જીવને વાસુદેવ ભગવાનમાં જે પ્રીતિ સાધનો કરવાથી થાય છે તે ભક્તિ પ્રહ્લાદજીમાં સ્વાભાવિકી છે. પ્રહ્લાદજીમાં કાંઈ કોઈની પ્રેરેલી પ્રીતિ નથી તેથી જેના હૃદયમાં ભગવાનમાં સહજ પ્રેમ હોય તેના માહાત્મ્યનો પણ પાર ન હોય એ પણ સ્વાભાવિક છે. (૩૬) ધર્મરાજ ! શ્રીપ્રહ્લાદજીનો ભગવાનમાં સ્વભાવથી જ જે ઉત્તરોત્તર વધતો અનુરાગ હતો એ માટે તો કહેવું જ શું ! કારણ કે બાલકપ્રિય જે પ્રેમ રમકડાંમાં મનાય એ તો પ્રહ્લાદજીમાં જન્મથી જ ન હતો. કોઈ પાગલ માનવને લોકવ્યવહારની કે દુનિયાદારીની લાજ હોતી નથી તેવી જ રીતે "શ્રીકૃષ્ણ ભગવાન નામના ગ્રહથી" ઘેરાયેલા શ્રી પ્રહ્લાદજી ભૌતિક નજરે તો જગતને જોતા જ નહીં. એમને તો બાલ્યકાલથી જ જગત શ્રીકૃષ્ણમય જ દેખાતું હતું. (૩૭) બેસતાં, ઊઠતાં, ફરતાં, ખાતાં, સૂતાં, પાણી પીતાં, બોલતાં,તેઓ ગોવિંદનું આલિંગન કરીને આ જગતનું અનુસંધાન ભૂલી જાય છે. (૩૮)

क्वचिद्रुदति वैकुण्ठचिन्ताशबल चेतनः । क्वचिद्हसति तच्चिन्ताह्लाद उद्गायति क्वचित् ॥ ३९ ॥
नदति क्वचिदुत्कण्ठो विलज्जो नृत्यति क्वचित् । क्वचित् तद् भावनायुक्तः तन्मयोऽनुचकार ह ॥ ४० ॥
क्वचिदुत्पुलकस्तूष्णीमास्ते संस्पर्शनिर्वृत्तः । अस्पन्द प्रणयानन्दसलिलामीलितेक्षणः ॥ ४१ ॥
स उत्तमश्लोक पदारविन्दयो र्निषेवयाकिञ्चनसङ्गलब्धया । तन्वन् परा निवृतिमात्मनो मुहुर्दुःसङ्गदीनान्यमनःशमं व्यधात्॥४२॥

तस्मिन् महाभागवते महाभागे महात्मनि । हिरण्यकशिपूराजन्नकरोदधमात्मजे ॥ ४३ ॥

ધર્મરાજ ! ક્યારેક તો શ્રીહરિચિંતનમાં ચિત્ત લાગી જતાં રુદન કરવા લાગે છે, તો ક્યારેક તેને યાદ કરીને હસે છે, તો ક્યારેક ઊંચા સ્વરે ગાવા લાગે છે. (૩૯) ધર્મરાજ, ક્યારેક તો ઉત્કંઠાથી પ્રહ્લાદજી ગાન કરે છે તો લાજ છોડીને ક્યારેક નૃત્ય કરવા જ માંડે છે .(૩૯) ક્યારેક તો ભગવાનની ભાવનાથી ભગવાનનું અનુકરણ કરે છે. (૪૦) રાજન્ ધર્મ ! સેવા કરતાં ભગવાનનો સ્પર્શ થઈ જાય ત્યારે તે આનંદથી રોમાંચિત થઈ મૂક બની જાય છે. સ્થિર પ્રેમથી આનંદાશ્રુ આવતાં નેત્ર બંધ કરી દે છે. (૪૧) અકિંચન ભક્તના સંગથી પ્રાપ્ત થતી ભગવાનના ચરણની સેવાથી આત્માને પરમ શાંતિ આવતાં દુઃસંગથી દીન બનેલા અન્યના મનને પણ શાંત કરે છે (૪૨).

અકારણ પ્રહ્લાદ ઉપર દ્વેષ

રાજન્ ધર્મરાજ ! પરમ ભાગવત ગુણસંપન્ન અને સ્વયં મહાત્મા પોતાના પુત્ર પ્રહ્લાદનો હિરણ્યકશિપુએ દ્વેષ શરૂ કર્યો. એવી વાત જ્યારે શ્રીનારદજીએ કહી (૪૩). ત્યારે શ્રીયુધિષ્ઠિરે કહ્યું, હે સુવ્રત, હે દેવર્ષિ ! શુદ્ધશીલ તેમજ પોતાના શરીરથી ઉત્પન્ન થયેલ ભક્ત પુત્ર પ્રહ્લાદ ઉપર હિરણ્યકશિપુએ દ્વેષ કેમ કર્યો એ આપ મને કૃપા કરીને જણાવો (૪૪). પુત્રવત્સલ પિતૃજન ઘણીવાર કુલધર્માદિ, પ્રતિકૂળ આચરણ કરનાર પુત્રને શિક્ષા માટે ઠપકો આપે છે પણ શત્રુની માફક તેનોદ્રોહ કરતા નથી (૪૫). તો પછી આશ્ચર્યની વાત છે કે આ પ્રહ્લાદ તો અનુકૂલ, સજ્જન, ગુરુભક્ત અને ગુરુમાં મતિ રાખનાર છે તેનો દ્રોહ કેમ કર્યો (૪૬). હે નાથ ! સાંભળ્યું છે કે પુત્ર પ્રહ્લાદનો જ વિરોધ પિતાના મૃત્યુમાં કારણ બન્યો એ જાણવાની મને અત્યંત ઉત્કંઠા છે તો આપ ઉત્તર આપી મારું સમાધાન કરો (૪૬).

पितुः पुत्राय यद्वेषो मरणाय प्रयोजितः । मनो भ्रमति मे विद्वन्नेतस्मिन् संकटे द्विजः ॥ ४६ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના સપ્તમ સ્કંધ ઊતિલીલામાં અસદ્વાસના પ્રકરણમાં સુપાત્ર પુત્રમાં પિતાના દ્વેષનું કથન કરતો અધ્યાય ૪થો સમાપ્ત.

અધ્યાય ૫મો

[આ અધ્યાયમાં ૫૭ શ્લોકો છે. આમાં પ્રહ્લાદજીની ભગવાનમાં દૃઢ ભક્તિ જોઈ તેમને મારી નાખવાના અસંખ્ય ઉપાયો વર્ણવ્યા છે.]

શ્રી પ્રહ્લાદજીનો વિદ્યાભ્યાસ

नारद उवाच : पौरोहित्याय भगवान्वृतः काव्यश्च किलासुरैः । शण्डामर्कौ सुतौ तस्य दैत्यराजगृहान्तिके ॥ १ ॥

મહર્ષિ નારદજીએ કહ્યું, ધર્મરાજ ! અસુરોએ ભગવાન શ્રી શુક્રાચાર્યનું પુરોહિત તરીકે વરણ કર્યું હતું. શ્રી શુક્રાચાર્યજીના શણ્ડ અને અમર્ક નામના બે પુત્રો દૈત્યરાજ હિરણ્યકશિપુના રાજભવન પાસે રહેતા હતા. (૧) હિરણ્યકશિપુ રાજાએ આ બન્ને આચાર્ય પુત્રોને નીતિનિપુણ કુમાર પ્રહ્લાદને અને બીજા અસુર કુમારોને ભણાવવા સારુ રાખ્યા હતા. તે તેમને ભણાવવા લાગ્યા. (૨) પ્રહ્લાદજી શણ્ડ-અમર્ક ગુરુજનો જે ભણાવે તે સાંભળે તથા તેમના કહેવા પ્રમાણે બોલે. પણ તેઓ ગુરુજી કોઈ પૂર્વગ્રહથી જ ભણાવે છે એમ જાણી જે ભણાવે છે તે શાસ્ત્રસંમત છે એમ માનવાને તૈયાર ન થયા. (૩) હે પાંડવ ! એક દિવસ અસુરશ્રેષ્ઠ રાજા હિરણ્યકશિપુ પ્યારા પુત્રને ઉત્સંગે લઈ કહેવા લાગ્યા કે બેટા ! તને જે સારું લાગે તે કહે. (૪)

ઉત્તમ મન્તવ્ય

तत् साधु मन्येऽसुखर्य देहिनां सदा समुद्विग्नधियामसद्ग्रहात् । हित्वाऽऽत्मपातं गृहमन्धकूपं वनं गतो यद्धरिमाश्रयेत ॥ ५ ॥

ભક્તરાજ શ્રી પ્રહ્લાદજી બોલ્યા, હે પિતાજી ! હે અસુરવર્ય ! અનિત્ય સુખોમાં મનુષ્યો આગ્રહ રાખતા હોઈને અંધકૂપ પડેલા સરખા જીવો સદા મનમાં કલેશવાળા રહે છે જો તેઓ આત્માનો નાશ કરનાર ઘરમાંથી નીકળી વનમાં જઈ શ્રીહરિ ભગવાનનો આશ્રય કરે તે કર્તવ્યને જ હું સારું માનું છું (૫).

હિરણ્યકશિપુનું હાસ્ય અને પ્રહ્લાદજીની સમસ્યા

શ્રી નારદજીએ કહ્યું, ધર્મરાજ ! પ્રહ્લાદજીનાં શત્રુપક્ષનાં સમર્થન કરનારાં વચનને સાંભળીને દૈત્યરાજને હસવું આવ્યું.

અને બોલ્યા કે શત્રુઓ (વિષ્ણુભક્તો)ની બુદ્ધિ વડે બાલકની બુદ્ધિમાં ભેદ થાય છે. (૬) મારું માનવું છે કે ભગવાન વિષ્ણુના પક્ષપાતી ઋષિમુનિઓ ગુપ્તવેષે રહીને પ્રહ્લાદ બાળકની બુદ્ધિમાં પરિવર્તન કરતા હશે, માટે પ્રહ્લાદને ગુપ્તવાસમાં સારી રીતે સંભાળથી રાખો કે જેથી વિપ્રમુનિ બુદ્ધિનું પરિવર્તન ન કરે. (૭) આટલું શ્રી શણ્ડ-અર્મકને કહી હિરણ્યકશિપુના ગયા બાદ ગુરુકુલમાં આવેલા પ્રહ્લાદને બોલાવીને દૈત્યના પુરોહિતો પ્રહ્લાદને પ્રેમથી મધુર વાણી વડે પૂછવા લાગ્યા. (૮) બેટા પ્રહ્લાદ ! તારું કલ્યાણ હો. બેટા ! સત્ય કહે, જો અસત્ય ના બોલીશ હોં ! બાલબુદ્ધિમાં ન સંભવે એવું તારી બુદ્ધિમાં પરિવર્તન શાથી થયું વારુ ? (૯) બેટા, આ મતિપરિવર્તન કોઈનું કરાવેલ છે કે સ્વતઃ થયેલ છે ! હે કુલનંદન ! અમે તારા ગુરુજનો આનું રહસ્ય જાણવાની ઈચ્છાવાળા છીએ માટે બેટા, સત્ય વાત અમને કહે (૧૦).

स्वः परश्चेत्यसद्ग्राहः पुसां यन्मायया कृतः । विमोहितयधियां दृष्टस्तस्मै भगवते नमः ॥ ११ ॥

શ્રી પ્રહ્લાદજીએ કહ્યું, ગુરુદેવ ! ભગવાનની માયાથી થતો સ્વ અને પર એવો ભેદ જ ખરો નથી, તેથી ભગવાનની માયાથી જ્યારે મતિ મોહ પામે છે ત્યારે તેને આવો ભેદ દેખાય છે. ગુરુજી ! એ ભગવાન તો માયાના સ્વામી છે. હું તો તેને નમસ્કાર કરું છું કે મારો તારો ભેદ મને ન થાય. (૧૧) ગુરુજી ! ભગવાન જ્યારે અનુગ્રહ-કૃપા કરે ત્યારે હું અને મારું, તું અને તારું એવી ભેદવાળી અસતી પશુમતિ સ્વયં નાશ પામે છે. (૧૨) ગુરુજી ! અવિવેક એક એવી વસ્તુ છે કે એક ભગવાનના અનન્ત અંશોને સ્વ અને પર એવા ભેદથી વર્ણવે છે. આ એક એવો માર્ગ છે કે વેદજ્ઞ વિદ્વાનો, બ્રાહ્મણાદિ મોહ પામે છે. આ સન્માર્ગના જે સ્વામી છે તેમણે જ મારી આવી બુદ્ધિ બનાવી છે. (૧૩) હે બ્રહ્મન્ ! જેમ ચુંબક પાસે લોહ ખેંચાઈને જાય છે તેમજ મારું ચિત્ત પણ ભગવાન શ્રી ચક્રપાણિની ઈચ્છાથી તેમના તરફ ખેંચાયેલ છે. (૧૪) મહર્ષિ નારદજીએ કહ્યું કે ધર્મરાજ ! ગુરુવર્ય શ્રીશંડજી અને શ્રી અમર્કજીને આવું કહી મહામુનિ શ્રી પ્રહ્લાદજી વિરામ પામ્યા ત્યારે રાજાના સેવક શણ્ડામર્ક કુપિત થઈ પ્રહ્લાદનો તિરસ્કાર કરી બોલ્યા. (૧૫)

અરે, આ છોકરો તો અમારી અપકીર્તિ વધારશે માટે દંડો લાવો, એને સીધો કરીએ. આ તો દૈત્યના કુળમાં કુલાંગાર પાક્યો. આ દુષ્ટમતિ માટે ચોથો દંડ-શિક્ષા નામનો જ ઉપાય છે. (૧૬) અરે દિતિદેવીના કૂખે થયેલા દૈત્યકુલના ચંદનવનમાં કંટકવૃક્ષ થયેલ છે. આ તો દૈત્યકુલના મૂળને ઉખેડવામાં પરશુ-કુહાડા વિષ્ણુનો આ પ્રહ્લાદ હાથારૂપ થયેલ છે. (૧૭) એ પ્રમાણે બોલતા અને અનેક પ્રકારના ઉપાયોથી ત્રાસ આપતા તેમજ તિરસ્કાર કરતા તે શંડામર્ક પ્રહ્લાદને ધર્માર્થકામ પ્રતિપાદક શાસ્ત્રોનો અભ્યાસ કરાવવા લાગ્યા. (૧૮) ત્યાર પછી પ્રહ્લાદજી જ્ઞેય ચતુષ્ટયને જાણતા થયા એવું માતાએ જાણ્યું ત્યારે સ્નાન કરાવી આભૂષણો પહેરાવી પ્રહ્લાદજીને શણ્ડામર્ક ગુરુપુત્રો પાસે મોકલ્યા અને ગુરુઓ તેમને પિતાનાં દર્શન કરાવવા લઈ ગયા. (૧૯) પિતાજીની પાસે આવી ચરણોમાં પ્રણામ કરતા બાળકને અસુરે આશિષ આપી બે હાથમાં લઈ તેમને આલિંગન કરી પુત્રનું મસ્તક સૂંઘી પરમ સુખનો અનુભવ કર્યો (૨૦).

श्रवणंकीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् । अर्चनं वन्दनं दास्यं सख्यमात्म निवेदनम् ॥ २३ ॥
इति पुंसार्पिता विष्णोर्भक्तिश्चेन्नवलक्षणा । क्रियते भगवत्यद्धा तन्मन्येऽधीतमुत्तमम् ॥ २४ ॥

હે યુધિષ્ઠિર ! ત્યારબાદ પોતાની ગોદમાં બેસાડી મસ્તક સુધી હર્ષનાં અશ્રુથી સિંચન કરતા દૈત્યરાજ હિરણ્યકશિપુ મુખ પ્રફુલ્લિત કરી આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૧) બેટા પ્રહ્લાદ ! તાત ! આટલા સમયમાં તું જે ગુરુની પાસેથી શીખ્યો હોય તે હે આયુષ્યમન્ મને કહે. (૨૨) શ્રી પ્રહ્લાદજીએ કહ્યું, પિતાજી ! ભગવાન શ્રીકૃષ્ણના ગુણોનું શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, હાસ્ય, સખ્ય અને આત્મનિવેદન. (૨૩) એ પ્રમાણે નવવિધ ભક્તિ કરીને ભગવાન શ્રીકૃષ્ણને અર્પણ કરે તો તે ઉત્તમ અધ્યયન કહેવાય. (૨૪) પ્રહ્લાદજીનાં આ વચનો સાંભળતાં જ હિરણ્યકશિપુના હોઠ ક્રોધથી ફરકવા લાગ્યા અને આવેશમાં આવી ગુરુપુત્રોને આ પ્રમાણે કહેવા લાગ્યા. (૨૫) હિરણ્યકશિપુ તિરસ્કારભરી વાણીમાં બોલ્યા, અરે બ્રહ્મબંધો ! તમે શત્રુના જ પક્ષકાર છો. શત્રુનો આશ્રય કરનાર દુષ્ટ છો. તમે મારી ઉપેક્ષા કરી બાળકને સાર વગરનું શિખવ્યું છે. (૨૬) હૃદયમાં દુષ્ટભાવ રાખી ઉપરથી મિત્રતા કરનાર કપટવેષવાળા કેટલાક દુષ્ટ

લોકો હોય છે તે લોકો પાતકીના રોગો જેવા કાલે કરીને બહાર પડે છે અને તેમનું કપટ દેખાઈ જાય છે. (૨૭)

હિરણ્યકશિપુનાં વાક્યો સાંભળી ગુરુપુત્રો બોલ્યા : હે ઇન્દ્રશત્રો ! આ આપનો પુત્ર અમારું કહેવું માનતો નથી. તેની આ બુદ્ધિ તો નૈસર્ગિકી જ છે. આપ વગર કારણે અમારા ઉપર ખોટો દોષારોપ ન કરો અને ક્રોધને રોકો (૨૮).

શ્રી નારદજી બોલ્યા, ગુરુનું કથન સાંભળી પુનઃ હિરણ્યકશિપુ પોતાના પુત્રને પૂછવા લાગ્યા કે જ્યારે ગુરુએ આવું તને ભણાવ્યું નથી તો તારી આવી અકલ્યાણકારી કુમતિ ક્યાંથી થઈ. (૨૯)

मतिर्न कृष्णे परतः स्वतो वा मिथोऽभिपद्येत गृहव्रतानाम् । अदान्तगोभिर्विशतां तमिस्त्रं पुनः पुनश्चर्वितचर्वणानाम् ॥ ३० ॥
नैषां मतिस्तावदुरुक्रमांध्रिं स्पृशत्यनर्थापगमो यदर्थः । महीयसां पादरजोभिषेकं निष्किञ्चनानां न वृणीत यावत् ॥ ३२ ॥

પિતાજીએ આવું પૂછ્યું ત્યારે પ્રહ્લાદજીએ કહ્યું, પિતાજી ! ગૃહસુખમાં જ ડૂબેલા ગૃહવ્રતીઓની ઈન્દ્રિયો સંયમ વિનાની અશાંત હોય છે. વળી આ તો ચર્વિતચર્વણ કરનારા એટલે ભોગવેલાં વિષયસુખોને પુનઃ પુનઃ ભોગવનારા, સંસારમાં ફસાયેલા જીવોની સ્વતઃ કે પરતઃ શ્રીકૃષ્ણમાં મતિ પરોવાતી જ નથી. (૩૦) આંખે દેખાનારા, ક્ષણમાં નાશ પામનારા પદાર્થોને જ પરમ પુરુષાર્થ માનનારા તેથી જ દુષ્ટ અભિપ્રાયવાળા પુરુષો આંધળે દોરેલા આંધળાના જેવા જ છે. તેઓ તો વેદવાણીરૂપ તાંતણે બંધાયેલા અને બ્રાહ્મણાદિ નામોથી બંધાઈને પરમ પુરુષાર્થને અને તેના સાધનરૂપ ભગવાન શ્રીકૃષ્ણને જાણી શકતા નથી. (૩૧) પ્રહ્લાદજીએ કહ્યું કે પિતાજી ! જ્યાં સુધી અકિંચન ભગવદીયજનોના ચરણની રજના અભિષેકને વરતા નથી તેમજ તેવા તદીયજનોની સેવા કરતા નથી ત્યાં સુધી સંસારરસવાળી બુદ્ધિ અનર્થને દૂર કરવાના એક જ પ્રયોજનવાળા શ્રીઉરુક્રમ ભગવાનના ચરણનો સ્પર્શ કરી શકતી નથી. (૩૨) આવું મધુર પરિમિત અને સત્ય વચન કહી વિરામ પામતા, પુત્ર પ્રહ્લાદ ઉપર ક્રોધાન્ધ થઈ પિતા હિરણ્યકશિપુએ પોતાની ગોદમાં બેઠેલા તેમને નીચે પટકી દીધા. (૩૩)

ધર્મરાજ ! હિરણ્યકશિપુ આટલેથી ન અટક્યા પરંતુ અસહ્ય ક્રોધથી, આવેશથી અત્યંત રાતીપીળી આંખવાળા થઈ કહેવા લાગ્યા કે હે દૈત્યો ! હે રાક્ષસો ! આ પુત્ર મૃત્યુને લાયક છે માટે જલદી તેનો વધ કરો. (૩૪) હે દૈત્યો ! એનો એટલા માટે વધ કરો કે મારો આ પુત્ર અધમ છે. તેની અધમતાની વાત શી કરવી ? તેના પોતાના હિત કરનારા સુહૃદોને ત્યજીને કાકા હિરણ્યાક્ષનો વધ કરનાર વિષ્ણુના ચરણનો દાસ બન્યો છે માટે તે પણ મારા ભાઈને મારનારમાંનો જ ગણાય. (૩૫) અરે, આટલી નાની પાંચ વર્ષની વયનો આ પુત્ર માબાપના સ્નેહને છેહ દઈ બેઠો છે તેવો પ્રતિકૂલ ધર્મથી ચાલનાર વિષ્ણુનું શું સારું કરી દેશે. તે તો સામા પક્ષને પણ દગો જ દેશે. (૩૧) અરે દૈત્યો ! ભલેને પારકો હોય છતાં ઔષધની માફક જો તે હિત કરનારો હોય તો તે જ પુત્ર ગણાય, પણ પોતાનો પુત્ર હોય અને તે પોતાના દેહથી પેદા થયો છે છતાં જો તે પિતૃવિરોધી હોય તો રોગની માફક જ શત્રુ સમજવો. કારણ કે પોતાનું જ અનિષ્ટ કરનારા પોતાના શરીરના દૂષિત એક ભાગને કાપીને કાઢી નાખવાથી બાકીનાં અંગોથી સુખરૂપ જીવી શકાય છે. (૩૭) માટે આ કુલના રોગ જેવા પુત્રને વિષભોજન કરાવી અથવા મારવાના અન્ય ઉપાયો કરી એને મારવો જ જોઈએ કેમકે એ કુટુંબીના નાતે આવેલો શત્રુ છે. કોઈ મુનિવરે કહ્યું છે કે પોતાની ઈન્દ્રિય પોતાનું જ અંગ છે છતાં અંગ વિકૃત થયેલ હોય તો તે અંગને છેદવાથી સુખી રહેવાય તેમ આ પ્રહ્લાદનો પણ વધ થવો જોઈએ. (૩૮) હિરણ્યકશિપુએ રાક્ષસોને પ્રહ્લાદવધની આજ્ઞા આપી એટલે રાક્ષસો હાથમાં ત્રિશૂળ લઈ ચઢી આવ્યા. (૩૯) લાંબી દાઢોથી વિકરાળ મુખવાળા તેમજ લાલ દાઢી-મૂછવાળા મારો મારોનો ત્રાસ ઉપજાવનાર ભયંકર શબ્દ કરતા રાક્ષસો ત્યાં બેઠેલા પ્રહ્લાદજીના સર્વ મર્મ પ્રદેશોમાં ત્રિશૂળ ભોંકવા લાગ્યા. (૪૦)

મહારાજ ધર્મરાજ ! શ્રી પ્રહ્લાદજીએ તો પોતાના આત્માને અખિલ બ્રહ્માંડના નાથ શ્રીકૃષ્ણ ભગવાનમાં મેળવી દીધો હતો. આ વસ્તુનું કાંઈ આ જડ ચક્ષુથી દર્શન ઓછું થાય ! રાજન્ ! ભગવન્મય થયેલા પ્રહ્લાદમાં તે નૈર્ઋતોના પ્રયાસ અભાગીઆના ઉદ્યમની પેઠે વૃથા ગયા. (૪૧) હે યુધિષ્ઠિર ! જ્યારે પુત્ર પ્રહ્લાદના વધના સર્વ ઉપાયો વ્યર્થ ગયા ત્યારે

દૈત્યેન્દ્રને શંકા થઈ કે મારું મૃત્યુ આ પ્રહ્લાદથી તો નહીં થાય ? તેથી તેણે આગ્રહપૂર્વક બીજા મારણ પ્રયોગો પ્રારંભ્યા. (૪૨)

ધર્મરાજ ! પિતા મટી ક્રૂર બનેલા દૈત્યે હાથીના પગ નીચે છુંદાવાના પ્રયોગો, ગિરિશિખર ઉપરથી નીચે ખીણમાં ફેંકવાના, માયિક પ્રયોગો, ભોજનમાં વિષ આપવાના, ભૂખે મારવાના પણ ક્રૂર પ્રયત્નો કર્યા. (૪૩) આમ છતાં જ્યારે પ્રહ્લાદજીનો વાળ વાંકો ન જ થયો ત્યારે જલમાં ડૂબાડવાના, બરફમાં રાખવાના, વાયુમાં રાખવાના, અગ્નિમાં બાળવાના, પર્વત ઉપરથી પટકવાના પ્રયત્નોમાંથી પણ પ્રભુએ જ્યારે પ્રહ્લાદજીને રક્ષ્યા ત્યારે દૈત્યેન્દ્રના હાથ હેઠા પડયા. (૪૪) એટલે હિરણ્યકશિપુને અત્યંત ચિંતા થઈ કે હવે શું કરવું. મારવાનો ક્યો ઉપાય કરવો એમ વિચારવા છતાં કોઈ ઉપાય ધ્યાનમાં ન આવ્યો. આ અવસરે હિરણ્યકશિપુના હૃદય ઉપર ખૂબ પ્રભાવ પડયો અને મનમાં નિર્ણય થયો કે પ્રહ્લાદને કટુ વચનો કહ્યાં, તેને મારવાના સર્વ ખરાબ ઉપાયો કર્યા છતાં આ પ્રહ્લાદ પોતાના તેજથી બધી આપત્તિથી મુક્ત થયો. (૪૫) નવાઈ તો એ છે કે પાસે રહે છે, બાળક છે, બુદ્ધિશાળી છે તો પણ એના હૃદયમાં મારી ખલતાનો ખ્યાલ પણ નથી આવતો. ખરેખર આ પુત્ર કોઈ દિવ્યપુરુષ છે. વળી કેટલો આગ્રહી છે કે મારા પ્રતિસ્પર્ધી વિષ્ણુને તે વિસરતો નથી. આ શ્વાનપુચ્છ સમાન જેમનો તેમ રહ્યા કરે છે. (૪૬) ખરેખર,આટલા નાના બાળકનો મહિમા વાણીથી ગવાય તેમ નથી. આને કોઈ પ્રકારનો ભય ન હોવાથી તે મરે તેવો નથી ત્યારે શું પ્રહ્લાદના વિરોધમાં મારું મૃત્યુ તો નહીં નીપજે ને ? (૪૭)

પ્રહ્લાદની ચિંતાના વિચારમાં હિરણ્યકશિપુની મુખશ્રી જાણે મલિન બની ગઈ હતી. મસ્તક નીચું કરી શોકમાં ડૂબ્યા હોય એવા લાગતા હતા તે સમયે શણ્ડ-અર્મક રાજાની સમીપે આવી એકાન્ત મેળવી કહેવા લાગ્યા. (૪૮) રાજન્ ! હે નાથ ! બાળકના ગુણદોષથી આટલા બધા મૂઝાવું નહીં, આપ જો એકવાર માત્ર વાંકી ભ્રુકૂટિ કરો તો ત્રણ લોક કંપી ઊઠે છે. લોકપાલો પણ છળી મરે છે. આપ તો ત્રણે લોકના વિજેતા છો પછી અકળાઓ છો શાને ! (૪૯) હવે એક ઉપાય કરો. વારુણપાશથી પ્રહ્લાદને બાંધીને રાખો. અહીંથી ભયથી ગભરાઈને ક્યાંય પલાયન ન કરે તેવી રીતે પકડી રાખો. હાલ ગુરુ શુક્રાચાર્યજી બહાર પધાર્યા છે. પ્રહ્લાદ હજી તો બાળક છે. સ્થિર બુદ્ધિ વય વધતાં મોટી ઉંમરે આવે છે. વળી આર્ય પુરુષોની સેવાથી આવે છે. હજી વહી શું ગયું છે. (૫૦)

હિરણ્યકશિપુએ શંડ-અમર્ક ગુરુપુત્રોની સલાહ સ્વીકારી અને કહ્યું ગુરુકુમારો ! હવે આ બાળકને રાજાના અને ગૃહસ્થાશ્રમીના ધર્મોનો ઉપદેશ કરજો. (૫૧) મહારાજ ધર્મરાજ ! જ્યારે હિરણ્યકશિપુએ ગુરુપુત્રોને આવી વિનંતિ કરી ત્યારે ગુરુપુત્રોએ વિનયી અને વિનમ્ર પ્રહ્લાદને ધર્મ, અર્થ અને કામાદિનો યથાક્રમ ઉપદેશ આપવો આરંભ્યો. (૫૨) શંડ-અમર્ક ગુરુકુમારોએ ત્રિવર્ગનો - ધર્મ - અર્થ - કામનો ઉપદેશ આપવા માંડયો પરંતુ રાગદ્વેષ દૃષ્ટિવાળા ગુરુકુમારોનો ઉપદેશ પ્રહ્લાદને સારો ન લાગ્યો. (૫૩) ધર્મરાજ ! જ્યારે આચાર્ય શંડ-અમર્ક ગૃહકાર્યમાં પરોવાય, ત્યારે સરખી વયના સખાઓ સંકેત કરી ભેગા થઈ પ્રહ્લાદને બોલાવી ઉત્તમ ઉત્તમ વાતો પૂછે છે. (૫૪) વિદ્વાન અને બુદ્ધિશાળી પ્રહ્લાદજી સર્વ સખાઓને એકત્ર કરી તેમના ઉપર કૃપા કરી હસીને પોતે તેમને સ્વધર્મની નિષ્ઠા બતાવે છે. (૫૫)

ધર્મરાજ ! આ સર્વ બાળકોનો પ્રહ્લાદજી માટે આદર હતો. તેમની વાત સાંભળી બાલક્રીડામાંથી મન ઉઠાવી લેતા હતા. પ્રહ્લાદજી પાસે જ બેસી જતા. પ્રહ્લાદજીમાં મન પરોવી દેતા. હજી આ બાળકોની નિર્દોષ મતિ રાગદ્વેષવાળા પુરુષોની પ્રેરણાઓ અને ક્રિયાઓથી દૂષિત થઈ ન હતી. (૫૬) રાજેન્દ્ર ! સર્વ બાળકો પ્રહ્લાદને વીંટળાઈ વળતં અને તેમનું કહ્યું કરતા હતા ત્યારે અસુર દેહ છતાં દયાસિંધુ પરમભાગવત પ્રહ્લાદ મિત્રતાથી તે દૈત્ય બાળકોને ઉપદેશ આપતા હતા. (૫૭)

पर्युपासत राजेन्द्र तन्न्यस्तहृदयेक्षणाः । तानाह करुणो मैत्रो महाभागवतोऽसुरः ॥ ५७ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના સપ્તમ સ્કંધના અસદ્વાસના પ્રકરણનો પ્રહ્લાદ અને દૈત્ય બાળકના સંવાદરૂપ અધ્યાય ૫મો સમાપ્ત.

અધ્યાય ૬ઠ્ઠો

[છઠ્ઠા અધ્યાયથી દશમા અધ્યાય સુધીમાં સદ્વાસના વર્ણવાશે. અવિદ્યાના પાંચ ભાગો હોય છે તે આ વાસના જ્ઞાન-ભક્તિ-વૈરાગ્યવાળી હોય છે. જ્યારે તે વાસનાઓ કૃપાવાળી બને ત્યારે અવિદ્યાના ભાગોનો નાશ કરી દઈને મોક્ષ આપે છે. આ અધ્યાયમાં ૩૦ શ્લોકોથી પ્રહ્લાદજી સખાઓને સન્માર્ગ બતાવશે. આ પ્રહ્લાદજીએ આપેલું જ્ઞાન એ ભગવાનની દયાનું નિરૂપણ છે. આ જ્ઞાનથી દૈત્યોનો મોક્ષ થશે.]

ભાવભરી પ્રહ્લાદની કલ્યાણવાણી

प्रहलाद उवाचः कौमार आचरेत्प्राज्ञो धर्मान्भागवतानिह । दुर्लभं मानुषं जन्म तदप्यध्रुवमर्थदम् ॥ १ ॥

પાંચમા અધ્યાયની સમાપ્તિમાં શ્રી નારદજીએ કહ્યું કે ધર્મરાજ ! નિર્દોષ મતિવાળા બાળકોને દયાનિધિ પ્રહ્લાદજીએ જે ભગવદ્ભાવની વાતો કહી તે હવે છઠ્ઠા અધ્યાયના આરંભમાં સાંભળો. શ્રી પ્રહ્લાદજી કહે છે, પ્રિય મિત્રો ! શાણા માનવે કુમાર કાલથી જ ભગવાનને પ્રસન્ન કરનાર ધર્મોનું આચરણ કરવું; કારણ કે મિત્રો ! માનવ દેહ અત્યંત દુર્લભ છે. તેમાં પણ તે ક્યાં સુધી ટકશે તેનો નિશ્ચય નથી. આમ છતાં મોક્ષને અને શ્રીકૃષ્ણ ભગવાનને અપાવનારો માનવ જન્મ જ છે (૧) પ્રિયમિત્રો ! માનવ જન્મ મળ્યો તો પછી ભગવાન પુરાણપુરુષ શ્રી વિષ્ણુનાં ચરણનો આશ્રય કરવો એ પરમ કર્તવ્ય છે; કારણ કે ભગવાન સર્વ ભૂતના પ્રિય છે, આત્મા છે, સુહૃદ છે અને ઈશ્વર છે. (૨) હે દૈત્યો ! ઈન્દ્રિયોનાં સુખ તો દેહના સંબંધથી જ થાય છે તે વિષયસુખ તો કોઈપણ શરીરમાં સુલભ છે. ભાઈઓ, તમે જાણો છો કે વણમાગ્યું અને વગર આયાસે દુઃખ આવી મળે છે તેમ સુખ પણ વિના પ્રયાસે આવી મળશે. (૩) મિત્રો ! મારી વિનંતિ છે કે શાણા જને સુખ માટે શ્રમ કરવો જ નહીં, કારણ કે તે પ્રયત્ન કરવામાં આયુષ્યનો દુરુપયોગ જ થવાનો કારણ કે સુખ માટે કરેલાં તપ જપ આદિથી કાંઈ મોક્ષ આપનાર ભગવાનનું ચરણકમલ ઓછું મેળવી શકાય છે ! (૪) તેથી સંસારમાં આવેલો કુશળ માનવ આ અમૂલ્ય દેહ પડી જાય તે પહેલાં કલ્યાણને માટે પુષ્કળ પ્રયત્ન કરે. (૫)

આયુષ્યનો અવધિ

મિત્રો ! તમને આયુષ્યના અવધિની વાત કરું. પુરુષનું સો વર્ષનું આયુષ્ય મનાય. તેમાંથી અડધું આયુષ્ય તો ઈન્દ્રિયવશ મનુષ્યનું રાત્રિએ તમોગુણની જડતાને પામેલાનું નિદ્રામાં નિષ્ફળ ચાલ્યું જાય છે .(૭) આમ સો વર્ષમાંથી પચાસ વર્ષ તો નિદ્રામાં ચાલ્યાં ગયાં. રહ્યાં હવે પચાસ તેમાં પણ બાળક અને કુમાર અવસ્થાની ક્રીડામાં વીસ વર્ષ ચાલ્યાં જવાનાં. બીજાં વીસ વર્ષ ઉત્તરાવસ્થાના શરીરની પરવશતામાં અને દેહની દુર્લભતામાં જવાનાં આમ કરતાં નેવું તો ગયાં. (૭) હવે બાકી રહ્યાં દશ વર્ષ. તે વર્ષો વિષયભોગની વિવશતામાં, બળવાન મોહમાં, કાયાસુખની પાછળની પાગલતામાં, કુટુંબપોષણમાં, પ્રમાદમાં ચાલ્યાં જવાનાં. (૮) મિત્રો આમ કરતાં સો વર્ષનું તેનું આયુષ્ય પૂર્ણ થયું, તે જો સો વર્ષના પૂર્ણ આયુષ્યવાળો હોય તો. ભાઈઓ, એવો ક્યો પુરુષ છે જેણે મનઈન્દ્રિયોને વશ નથી કર્યાં છતાં સંસારના દૃઢ સ્નેહપાશથી ઘરમાં બંધાયેલા આત્માને છોડાવાને સમર્થ થઈ શકે ! (૯) મિત્રો ! માનવને પ્રાણથી પણ વધારે વહાલા માનેલ ધનની તૃષ્ણાને કોણ છોડી શકે ! કારણ કે અરે મિત્રો ! આ દ્રવ્યલાલસાથી તો પ્રાણના જોખમે ચોરી કરવા નીકળેલો ચોર માથું મૂકીને કામ કરે છે. રણસંગ્રામમાં સૈનિક મરવાનો નિર્ણય કરી દ્રવ્ય લેવા જાય છે. વ્યાપારી કેવલ દ્રવ્ય માટે સમુદ્રમાં ડૂબવાની પણ પરવા કર્યા વિના પરદેશ ખેડે છે. (૧૦) પ્રેમાળ એકાન્તમાં મધુરલાપિની પત્નીનાં વાક્યોને સાંભળી પતિ સર્વથા સંસારપ્રધાન બનેલા તેનાં સ્નેહપાશમાં બંધાયેલો, વળી બાળકનાં મધુરાં, કાલાં અને કુમળાં વચનો સાંભળી તેમાં અનુરાગવાળો થયેલો, આ બધાને કેમ છોડી શકે ! (૧૧) વળી પુત્રોને, હૃદયને ખેંચનાર છોકરીઓને, ભાઈઓને, બહેનોને દીન માતાપિતાને, ઘર અને તેના ઘરવૈભવને, કુલથી ચાલી આવતી આજિવિકા, પશુ અને નોકરચાકરને કેમ છોડી શકે ! (૧૨)

મિત્રો ! સાંભળો કોશીટો બનાવનાર લોભી અને કામી કીટ રહેવા માટે ઘર બનાવતાં તેમાં જ પુરાઈ જાય છે પણ પોતાને નીકળવાનું દ્વાર નથી રાખતો. આ પ્રકારે રસનાના સ્વાદમાં રસ લેતા અને વિષય-રતિસુખમાં રસ ધરાવતા અનહદ લોભી મનુષ્યને વૈરાગ્ય નથી થતો તેમજ તે આ બધું છોડી શકતો નથી. (૧૩) ભાઈઓ ! માનવને એ પણ ધ્યાન નથી

દૈત્યેન્દ્રને શંકા થઈ કે મારું મૃત્યુ આ પ્રહ્લાદથી તો નહીં થાય ? તેથી તેણે આગ્રહપૂર્વક બીજા મારણ પ્રયોગો પ્રારંભ્યા. (૪૨)

ધર્મરાજ ! પિતા મટી ક્રૂર બનેલા દૈત્યે હાથીના પગ નીચે છુંદાવાના પ્રયોગો, ગિરિશિખર ઉપરથી નીચે ખીણમાં ફેંકવાના, માયિક પ્રયોગો, ભોજનમાં વિષ આપવાના, ભૂખે મારવાના પણ ક્રૂર પ્રયત્નો કર્યા. (૪૩) આમ છતાં જ્યારે પ્રહ્લાદજીનો વાળ વાંકો ન જ થયો ત્યારે જલમાં ડૂબાડવાના, બરફમાં રાખવાના, વાયુમાં રાખવાના, અગ્નિમાં બાળવાના, પર્વત ઉપરથી પટકવાના પ્રયત્નોમાંથી પણ પ્રભુએ જ્યારે પ્રહ્લાદજીને રક્ષ્યા ત્યારે દૈત્યેન્દ્રના હાથ હેઠા પડયા. (૪૪) એટલે હિરણ્યકશિપુને અત્યંત ચિંતા થઈ કે હવે શું કરવું. મારવાનો ક્યો ઉપાય કરવો એમ વિચારવા છતાં કોઈ ઉપાય ધ્યાનમાં ન આવ્યો. આ અવસરે હિરણ્યકશિપુના હૃદય ઉપર ખૂબ પ્રભાવ પડયો અને મનમાં નિર્ણય થયો કે પ્રહ્લાદને કટુ વચનો કહ્યાં, તેને મારવાના સર્વ ખરાબ ઉપાયો કર્યા છતાં આ પ્રહ્લાદ પોતાના તેજથી બધી આપત્તિથી મુક્ત થયો. (૪૫) નવાઈ તો એ છે કે પાસે રહે છે, બાળક છે, બુદ્ધિશાળી છે તો પણ એના હૃદયમાં મારી ખલતાનો ખ્યાલ પણ નથી આવતો. ખરેખર આ પુત્ર કોઈ દિવ્યપુરુષ છે. વળી કેટલો આગ્રહી છે કે મારા પ્રતિસ્પર્ધી વિષ્ણુને તે વિસરતો નથી. આ શ્વાનપુચ્છ સમાન જેમનો તેમ રહ્યા કરે છે. (૪૬) ખરેખર,આટલા નાના બાળકનો મહિમા વાણીથી ગવાય તેમ નથી. આને કોઈ પ્રકારનો ભય ન હોવાથી તે મરે તેવો નથી ત્યારે શું પ્રહ્લાદના વિરોધમાં મારું મૃત્યુ તો નહીં નીપજે ને ? (૪૭)

પ્રહ્લાદની ચિંતાના વિચારમાં હિરણ્યકશિપુની મુખશ્રી જાણે મલિન બની ગઈ હતી. મસ્તક નીચું કરી શોકમાં ડૂબ્યા હોય એવા લાગતા હતા તે સમયે શણ્ડ-અર્મક રાજાની સમીપે આવી એકાન્ત મેળવી કહેવા લાગ્યા. (૪૮) રાજન્ ! હે નાથ ! બાળકના ગુણદોષથી આટલા બધા મૂઝાવું નહીં, આપ જો એકવાર માત્ર વાંકી ભ્રુકૃટિ કરો તો ત્રણ લોક કંપી ઊઠે છે. લોકપાલો પણ છળી મરે છે. આપ તો ત્રણે લોકના વિજેતા છો પછી અકળાઓ છો શાને ! (૪૯) હવે એક ઉપાય કરો. વારુણપાશથી પ્રહ્લાદને બાંધીને રાખો. અહીંથી ભયથી ગભરાઈને ક્યાંય પલાયન ન કરે તેવી રીતે પકડી રાખો. હાલ ગુરુ શુક્રાચાર્યજી બહાર પધાર્યા છે. પ્રહ્લાદ હજી તો બાળક છે. સ્થિર બુદ્ધિ વય વધતાં મોટી ઉંમરે આવે છે. વળી આર્ય પુરુષોની સેવાથી આવે છે. હજી વહી શું ગયું છે. (૫૦)

હિરણ્યકશિપુએ શંડ-અમર્ક ગુરુપુત્રોની સલાહ સ્વીકારી અને કહ્યું ગુરુકુમારો ! હવે આ બાળકને રાજાના અને ગૃહસ્થાશ્રમીના ધર્મોનો ઉપદેશ કરજો. (૫૧) મહારાજ ધર્મરાજ ! જ્યારે હિરણ્યકશિપુએ ગુરુપુત્રોને આવી વિનંતિ કરી ત્યારે ગુરુપુત્રોએ વિનયી અને વિનમ્ર પ્રહ્લાદને ધર્મ, અર્થ અને કામાદિનો યથાક્રમ ઉપદેશ આપવો આરંભ્યો. (૫૨) શંડ-અમર્ક ગુરુકુમારોએ ત્રિવર્ગનો - ધર્મ - અર્થ - કામનો ઉપદેશ આપવા માંડયો પરંતુ રાગદ્વેષ દૃષ્ટિવાળા ગુરુકુમારોનો ઉપદેશ પ્રહ્લાદને સારો ન લાગ્યો. (૫૩) ધર્મરાજ ! જ્યારે આચાર્ય શંડ-અમર્ક ગૃહકાર્યમાં પરોવાય, ત્યારે સરખી વયના સખાઓ સંકેત કરી ભેગા થઈ પ્રહ્લાદને બોલાવી ઉત્તમ ઉત્તમ વાતો પૂછે છે. (૫૪) વિદ્વાન અને બુદ્ધિશાળી પ્રહ્લાદજી સર્વ સખાઓને એકત્ર કરી તેમના ઉપર કૃપા કરી હસીને પોતે તેમને સ્વધર્મની નિષ્ઠા બતાવે છે. (૫૫)

ધર્મરાજ ! આ સર્વ બાળકોનો પ્રહ્લાદજી માટે આદર હતો. તેમની વાત સાંભળી બાલક્રીડામાંથી મન ઉઠાવી લેતા હતા. પ્રહ્લાદજી પાસે જ બેસી જતા. પ્રહ્લાદજીમાં મન પરોવી દેતા. હજી આ બાળકોની નિર્દોષ મતિ રાગદ્વેષવાળા પુરુષોની પ્રેરણાઓ અને ક્રિયાઓથી દૂષિત થઈ ન હતી. (૫૬) રાજેન્દ્ર ! સર્વ બાળકો પ્રહ્લાદને વીંટળાઈ વળતં અને તેમનું કહ્યું કરતા હતા ત્યારે અસુર દેહ છતાં દયાસિંધુ પરમભાગવત પ્રહ્લાદ મિત્રતાથી તે દૈત્ય બાળકોને ઉપદેશ આપતા હતા. (૫૭)

पर्युपासत राजेन्द्र तन्न्यस्तहृदयेक्षणाः । तानाह करुणो मैत्रो महाभागवतोऽसुरः ॥ ५७ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના સપ્તમ સ્કંધના અસદ્વાસના પ્રકરણનો પ્રહ્લાદ અને દૈત્ય બાળકના સંવાદરૂપ અધ્યાય ૫મો સમાપ્ત.

અધ્યાય ૬ઠ્ઠો

[છઠ્ઠા અધ્યાયથી દશમા અધ્યાય સુધીમાં સદ્વાસના વર્ણવાશે. અવિદ્યાના પાંચ ભાગો હોય છે તે આ વાસના જ્ઞાન-ભક્તિ-વૈરાગ્યવાળી હોય છે. જ્યારે તે વાસનાઓ કૃપાવાળી બને ત્યારે અવિદ્યાના ભાગોનો નાશ કરી દઈને મોક્ષ આપે છે. આ અધ્યાયમાં ૩૦ શ્લોકોથી પ્રહ્લાદજી સખાઓને સન્માર્ગ બતાવશે. આ પ્રહ્લાદજીએ આપેલું જ્ઞાન એ ભગવાનની દયાનું નિરૂપણ છે. આ જ્ઞાનથી દૈત્યોનો મોક્ષ થશે.]

ભાવભરી પ્રહ્લાદની કલ્યાણવાણી

प्रहलाद उवाचः कौमार आचरेत्प्राज्ञो धर्मान्भागवतानिह । दुर्लभं मानुषं जन्म तदप्यध्रुवमर्थदम् ।। १ ।।

પાંચમા અધ્યાયની સમાપ્તિમાં શ્રી નારદજીએ કહ્યું કે ધર્મરાજ ! નિર્દોષ મતિવાળા બાળકોને દયાનિધિ પ્રહ્લાદજીએ જે ભગવદ્ભાવની વાતો કહી તે હવે છઠ્ઠા અધ્યાયના આરંભમાં સાંભળો. શ્રી પ્રહ્લાદજી કહે છે, પ્રિય મિત્રો ! શાણા માનવે કુમાર કાલથી જ ભગવાનને પ્રસન્ન કરનાર ધર્મોનું આચરણ કરવું; કારણ કે મિત્રો ! માનવ દેહ અત્યંત દુર્લભ છે. તેમાં પણ તે ક્યાં સુધી ટકશે તેનો નિશ્ચય નથી. આમ છતાં મોક્ષને અને શ્રીકૃષ્ણ ભગવાનને અપાવનારો માનવ જન્મ જ છે (૧) પ્રિયમિત્રો ! માનવ જન્મ મળ્યો તો પછી ભગવાન પુરાણપુરુષ શ્રી વિષ્ણુનાં ચરણનો આશ્રય કરવો એ પરમ કર્તવ્ય છે; કારણ કે ભગવાન સર્વ ભૂતના પ્રિય છે, આત્મા છે, સુહૃદ છે અને ઈશ્વર છે. (૨) હે દૈત્યો ! ઈન્દ્રિયોનાં સુખ તો દેહના સંબંધથી જ થાય છે તે વિષયસુખ તો કોઈપણ શરીરમાં સુલભ છે. ભાઈઓ, તમે જાણો છો કે વણમાગ્યું અને વગર આયાસે દુઃખ આવી મળે છે તેમ સુખ પણ વિના પ્રયાસે આવી મળશે. (૩) મિત્રો ! મારી વિનંતિ છે કે શાણા જને સુખ માટે શ્રમ કરવો જ નહીં, કારણ કે તે પ્રયત્ન કરવામાં આયુષ્યનો દુરુપયોગ જ થવાનો કારણ કે સુખ માટે કરેલાં તપ જપ આદિથી કાંઈ મોક્ષ આપનાર ભગવાનનું ચરણકમલ ઓછું મેળવી શકાય છે ! (૪) તેથી સંસારમાં આવેલો કુશળ માનવ આ અમૂલ્ય દેહ પડી જાય તે પહેલાં કલ્યાણને માટે પુષ્કળ પ્રયત્ન કરે. (૫)

આયુષ્યનો અવધિ

મિત્રો ! તમને આયુષ્યના અવધિની વાત કરું. પુરુષનું સો વર્ષનું આયુષ્ય મનાય. તેમાંથી અડધું આયુષ્ય તો ઈન્દ્રિયવશ મનુષ્યનું રાત્રિએ તમોગુણની જડતાને પામેલાનું નિદ્રામાં નિષ્ફળ ચાલ્યું જાય છે .(૭) આમ સો વર્ષમાંથી પચાસ વર્ષ તો નિદ્રામાં ચાલ્યાં ગયાં. રહ્યાં હવે પચાસ તેમાં પણ બાળક અને કુમાર અવસ્થાની ક્રીડામાં વીસ વર્ષ ચાલ્યાં જવાનાં. બીજાં વીસ વર્ષ ઉત્તરાવસ્થાના શરીરની પરવશતામાં અને દેહની દુર્લભતામાં જવાનાં આમ કરતાં નેવું તો ગયાં. (૭) હવે બાકી રહ્યાં દશ વર્ષ. તે વર્ષો વિષયભોગની વિવશતામાં, બળવાન મોહમાં, કાયાસુખની પાછળની પાગલતામાં, કુટુંબપોષણમાં, પ્રમાદમાં ચાલ્યાં જવાનાં. (૮) મિત્રો આમ કરતાં સો વર્ષનું તેનું આયુષ્ય પૂર્ણ થયું, તે જો સો વર્ષના પૂર્ણ આયુષ્યવાળો હોય તો. ભાઈઓ, એવો ક્યો પુરુષ છે જેણે મનઈન્દ્રિયોને વશ નથી કર્યાં છતાં સંસારના દૃઢ સ્નેહપાશથી ઘરમાં બંધાયેલા આત્માને છોડાવાને સમર્થ થઈ શકે ! (૯) મિત્રો ! માનવને પ્રાણથી પણ વધારે વહાલા માનેલ ધનની તૃષ્ણાને કોણ છોડી શકે ! કારણ કે અરે મિત્રો ! આ દ્રવ્યલાલસાથી તો પ્રાણના જોખમે ચોરી કરવા નીકળેલો ચોર માથું મૂકીને કામ કરે છે. રણસંગ્રામમાં સૈનિક મરવાનો નિર્ણય કરી દ્રવ્ય લેવા જાય છે. વ્યાપારી કેવલ દ્રવ્ય માટે સમુદ્રમાં ડૂબવાની પણ પરવા કર્યા વિના પરદેશ ખેડે છે. (૧૦) પ્રેમાળ એકાન્તમાં મધુરલાપિની પત્નીનાં વાક્યોને સાંભળી પતિ સર્વથા સંસારપ્રધાન બનેલા તેનાં સ્નેહપાશમાં બંધાયેલો, વળી બાળકનાં મધુરાં, કાલાં અને કુમળાં વચનો સાંભળી તેમાં અનુરાગવાળો થયેલો, આ બધાને કેમ છોડી શકે ! (૧૧) વળી પુત્રોને, હૃદયને ખેંચનાર છોકરીઓને, ભાઈઓને, બહેનોને દીન માતાપિતાને, ઘર અને તેના ઘરવૈભવને, કુલથી ચાલી આવતી આજિવિકા, પશુ અને નોકરચાકરને કેમ છોડી શકે ! (૧૨)

મિત્રો ! સાંભળો કોશીટો બનાવનાર લોભી અને કામી કીટ રહેવા માટે ઘર બનાવતાં તેમાં જ પુરાઈ જાય છે પણ પોતાને નીકળવાનું દ્વાર નથી રાખતો. આ પ્રકારે રસનાના સ્વાદમાં રસ લેતા અને વિષય-રતિસુખમાં રસ ધરાવતા અનહદ લોભી મનુષ્યને વૈરાગ્ય નથી થતો તેમજ તે આ બધું છોડી શકતો નથી. (૧૩) ભાઈઓ ! માનવને એ પણ ધ્યાન નથી

રહેતું અને કુટુંબપોષણને જ પુરુષાર્થ ગણતા અને કુટુંબનું જ પોષણ કરતાં આયુષ્યનો વ્યય થઈ જાય છે તેમજ એ તો ગૃહકાર્યમાં જ ઓતપ્રોત રહી ત્રિવિધ તાપથી દુઃખને ભોગવતો હોવા છતાં કુટુંબમાં આરામ માનવાથી તેનાથી ખેદ પામતો નથી. (૧૪) મિત્રો ! એ પ્રમાદી માનવ તો ધનપ્રાપ્તિમાં જ મન પરોવીને રહ્યો છે અને એ પર દ્રવ્યની ચોરી કરનારને આ લોક તથા પરલોકમાં કેવી શિક્ષા થાય છે તે જાણે છે અને નજરે જુએ છે છતાં અશાંત કામ અને અજિતેન્દ્રિય થઈ કુટુંબીજન માટે પારકા દ્રવ્યને હરીને એકઠું કરે છે. (૧૫) દનુમાના પુત્રો હે દાનવો ! જીવ આ સર્વ બાબત નથી જાણતો એવું નથી છતાં પણ કુટુંબનું પોષણ કરવામાં પરોવાઈ જતાં પોતાના આત્માનું શું થશે એના વિચાર કરતો નથી પરંતુ અવિવેકી અને અત્યંત મૂઢ જન આ મારું અને આ બીજાનું એવા ભેદભાવથી નરકમાં પડે છે (૧૬)

હે ધર્મરાજ યુધિષ્ઠિર ! વિવેકબોધની વાતનું સમાપન કરતાં પ્રહ્લાદજી દાનવ કુમારોને કહેવા લાગ્યા, ભાઈઓ, આ પરિવારમાં પુત્રપૌત્રાદિ કુટુંબની એક શૃંખલા જ છે એટલે એક જાતનું બંધન જ છે. તેમાં મનુષ્ય રમકડાં જેવો થઈ, દીન બની આત્માને તેમાંથી છોડાવવાને કોઈ રીતે સમર્થ નથી થતો. (૧૭) માટે હે દૈત્યો ! વિષયપરાયણ દૈત્યોના સંગથી અત્યંત દૂર રહી આદિ દેવ નારાયણને શરણે જઈએ કારણ કે જે સંગ મુક્તિનો જ છે. તે તો ભગવાન નારાયણને અભિલષિત પુરુષાર્થ માને છે. (૧૮)

ભગવાનને મેળવવામાં શ્રમ નથી

હે અસુર પુત્રો ! નારાયણને પ્રસન્ન કરવામાં બહુ મહેનત, પડતી નથી કારણ કે ભગવાન તો પ્રાણીમાત્રના આત્મા છે તથા બ્રહ્માંડમાં સર્વત્ર રહેલા હોવાથી સર્વદા સાથે જ છે. (૧૯) આ બધા જડ પદાર્થોથી આરંભી બ્રહ્મા પર્યન્તનાં પ્રાણી અને પદાર્થોમાં ઉચ્ચ અને નીચ વસ્તુઓમાં અને મહાભૂતોમાં પણ તે છે (૨૦) સત્ત્વ વગેરે ત્રણ ગુણોમાં, ત્રણ ગુણોની સમાનાવસ્થામાં એટલે પ્રકૃતિમાં તેમજ ત્રણે ગુણોના ઓછાવત્તાપણાથી ઉત્પન્ન થતા મહત્તત્ત્વાદિ પદાર્થોમાં એક જ નિર્વિકાર ભગવાન ઈશ્વર જ તેમાં રહેલા છે. (૨૧) હે મિત્રો ! તે ભગવાન પ્રત્યક્ષ આત્મસ્વરૂપે તેમજ દેખાતા આ દૃશ્ય જગત સ્વરૂપે પણ પોતે જ છે. વ્યાપક રૂપે અને વ્યાપ્ય સ્વરૂપે પણ એ જ ભગવાન છે તેમજ બાહ્ય ઘટપટાદિરૂપે પણ પોતે જ થાય છે. (૨૨) તેમજ વાણીથી કહી ન શકાય અને આંગળીથી ચીંધી ન શકાય અને કલ્પી પણ ન શકાય એવા પણ તે ભગવાન જ છે. કેવલ અનુભવૈકવેદ્યસ્વરૂપ છે. પરમ ઐશ્વર્યરૂપ અને આનંદરૂપ છે પણ માયાથી સ્વરૂપ તિરોધાન કરી ગુણસર્ગને પ્રાપ્ત થાય છે. (૨૩)

ભગવાનને મેળવવાના ત્રણ ઉપાય

तस्मात्सर्वेषु भूतेषु दयां कुरुत सौहृदम् । भावमासुरमुन्मुच्य यया तुष्यत्यधोक्षजः ।। २४ ।।
तुष्टे च तत्र किमलभ्यमनन्त आद्ये किं तैर्गुणव्यतिकरादिह ये स्वसिद्धाः ।
धर्मादयः किमगुणेन च काङ्क्षितेन सारंजुषां चरणयोरुपगायतां नः ।। २५ ।।

માટે હે મિત્રો ! પ્રાણી માત્રમાં દયા, પ્રાણીમાં સ્નેહ અને સૌહાર્દ અને અસુરભાવનો પરિત્યાગ આ ત્રણ પદાર્થો જ ભગવાનને પ્રસન્ન કરવાના ઉપાયો છે .(૨૪) અનન્ત અને આદ્ય ભગવાન પ્રસન્ન થાય ત્યારે અલભ્ય શું હોઈ શકે. વળી ધર્મ, અર્થ અને કામ અહીં સિદ્ધ છે તેથી તેની તો ઈચ્છા જ ન થઈ શકે. વળી ભગવાન શ્રીકૃષ્ણના ચરણકમલના મકરંદ રસને સેવનાર આપણે થયા તો તેને મોક્ષની કામના પણ શા માટે કરવી જોઈએ. માટે મિત્રો ! ધર્મ - અર્થ - કામ - મોક્ષ આ ચાર પદાર્થોને પણ છોડીને ભગવદ્ભજન કરો એવો ઉપદેશ પ્રહ્લાદજી દૈત્યપુત્રોને કરે છે. (૨૫) ધર્મ, અર્થ અને કામ એ ત્રિવર્ગ અને તેનાં સાધનો, આત્મવિદ્યા, કર્મવિદ્યા, તર્કવિદ્યા, રાજવિદ્યા અને અનેક પ્રકારનાં વર્ણકર્માનુસાર જીવનનિર્વાહનાં સાધનો વગેરે વેદમાં જ વર્ણવેલ છે અને તે સત્ય છે પણ તે સર્વ જીવને ભગવાનની શરણાગતિ સિદ્ધ થવા માટે સાધનરૂપ છે એમ મારું માનવું છે અને તેમ જો ન હોય તો તે સર્વ અસત્ય છે; કારણ કે પોતાના સુહૃદ

ભગવાનને પોતાનું આત્મસમર્પણ કરવું એ જ પરમ સત્ય છે. શ્રીકૃષ્ણ ભગવાન પણ આવી જ આજ્ઞા કરે છે કે મારે શરણે આવ, (૨૬) હે મિત્રો ! આ શુદ્ધ જ્ઞાન મેળવવું દુર્લભ છે, પરંતુ આ જ્ઞાન નરનારાયણ ભગવાને નારદને કહ્યું છે. કારણ કે નારદજી જેવા કેવલ ભગવાનમાં જ નિષ્ઠાવાળા તેમજ પ્રભુપદરજમાં નિરંતર આળોટતા અકિંચન ભગવદીય જનોને જ આ જ્ઞાન થાય છે; (૨૭) ભગવાનના ભક્તોના વિશુદ્ધ ધર્મોવાળું એવું આ વિજ્ઞાન સહિત જ્ઞાન મેં દેવદર્શન શ્રી નારદમુનિજી પાસેથી સાંભળ્યું છે. (૨૮)

દૈત્યકુમારોની જિજ્ઞાસા

દૈત્યપુત્રો પૂછવા લાગ્યા કે પ્રહ્લાદજી ! આપણે બધા આ ગુરુના પુત્રો શુંડામર્ક સિવાય અન્ય ગુરુને જાણતા નથી અને તે બન્ને ગુરુજનો આપણા બધાની ઉપર દેખરેખ રાખે છે. (૨૯) વળી ઘરમાં રહેતા બાળકને અને અન્તઃપુરમાં રહેનારને મહાન પુરુષોનો સત્સંગ થવો જ કઠિન છે તો પછી આપે નારદજી પાસેથી જ્ઞાન મળ્યાની વાત કરી તો તે વાત જો અમને કહેવા યોગ્ય હોય તો કહો વળી. આપને નારદજીએ આ જ્ઞાન આપ્યું એ વાતમાં અમારો વિશ્વાસ દૃઢ કરનાર વાત હોય તો હે સૌમ્ય એ બધી વાત કહી અમારા સંદેહને દૂર કરો (૩૦).

बालस्यान्तःपुरस्थस्य महत्सङ्गो दुरन्वयः । छिन्धि नः संशयं सौम्य स्याच्चेद्विश्रमकारणम् ॥ ३० ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના સપ્તમ સ્કંધમાં સદવાસના પ્રકરણમાંનો પ્રહ્લાદજીએ મિત્રોને કરેલા ઉપદેશનું વર્ણન કરતો અધ્યાય છઠ્ઠો સમાપ્ત.

અધ્યાયે ૭મો

[આ અધ્યાયમાં ૫૫ શ્લોકો છે. શ્રી પ્રહ્લાદજીને મિત્રોએ પ્રશ્ન કર્યો હતો તેનું સમાધાન કરશે. સદવાસના પ્રકરણના આ બીજા અધ્યાયમાં શ્રી નારદજીની ગર્ભમાં રહેલા પ્રહ્લાદજીના રક્ષણ માટેની કૃપા જોવા મળશે તેમજ મહાપુરુષનો પ્રભાવ જોવા મળશે કે સો વર્ષ ગર્ભમાં પ્રહ્લાદજી રહે છતાં ગર્ભને આંચ ન આવે. ક્યાધૂ માતાનો દેહ ન પડે અને ગર્ભમાંનું જ્ઞાન પ્રહ્લાદજીને તાજું રહે અને મિત્રોને તે જ્ઞાનબોધ આપે. આ સર્વ ભક્તોના પ્રભાવવાળી ભગવાનની કૃપા છે.]

પ્રહ્લાદજીએ કરેલું સમાધાન

नारद उवाचः एवं दैत्यसुतैः पृष्टो महाभागवतोऽसुरः । उवाच स्मयमानांस्तान्स्मरन्मदनुभाषितम् ॥१॥

શ્રીનારદજી બોલ્યા, હે ધર્મરાજ ! દૈત્યપુત્રોએ પરમ ભાગવત અસુરવર શ્રીપ્રહ્લાદજીને આવું પૂછયું ત્યારે ગર્ભમાં કહેલા મારા જ્ઞાનનું સ્મરણ કરતા પ્રહ્લાદજી દૈત્યકુમારોની પાસે સ્મિતહાસ્ય કરતા કહેવા લાગ્યા. (૧) પ્રહ્લાદજીએ કહ્યું, મિત્રો ! મારા પિતાજી તપ કરવા માટે મંદરાચળ તરફ ગયા ત્યારે એનો લાભ લઈ દેવો દાનવોની સાથે યુદ્ધ કરવાનો પ્રયત્ન કરવા લાગ્યા. (૨) મારા પિતાની કાયા તપ કરતાં કેવલ અસ્થિસ્વરૂપે રહેલી ત્યારે અમારા શત્રુ ગણાતા ઈન્દ્રાદિ દેવો કહેવા લાગ્યા કે સર્પને કીડીઓ ખાઈ જાય તેમ લોકને દુઃખ આપનાર દૈત્યને તેનાં પાપ ખાઈ ગયાં. (૩) મિત્રો ! મારા પિતા તો તપ કરતા હતા ત્યારે તેનો લાભ લઈ દેવોએ અત્યંત મોટી સેના સાથે ચઢાઈ કરી. તેથી ગભરાઈ જઈ દૈત્યોની સેનાના નાયકો મરતા મરતા સર્વ દિશામાં દોડવા લાગ્યા. (૪) આ સમયે સ્ત્રી, પુત્ર, મિત્ર, આપ્તજન, ઘર, પશુ અને ઘરના રાચરચીલાને પડતાં મૂકી અત્યંત ઉતાવળે પ્રાણ બચાવવાને માટે પ્રયત્નમાં પડયા. (૫) વિજયની વાંછાવાળા દેવો રાજગઢનો નાશ કરવા તૈયાર થયા. રાજા હિરણ્યકશિપુની પટ્ટરાણી મારાં માતાજી ક્યાધૂને રાજા ઈન્દ્રે પકડી લીધાં. (૬) આ વખતે ભયભીત બનેલાં તેમને માર્ગમાં ભગવદિચ્છાથી દેવર્ષિ નારદ મળી ગયા. (૭) તેમણે મારાં માતુશ્રીને લઈ જતા રાજા ઈન્દ્રને કહ્યું "સુરપતિ ! આ ક્યાધૂને ક્યાં લઈ જાવ છો ? આ પરસ્ત્રીને છોડી દો. રાજન્ ! આ કાર્ય ના શોભે." (૮) હે મિત્રો ત્યારે રાજા ઈન્દ્રે કહ્યું કે દેવોનો દ્રોહ કરનાર અસુર હિરણ્યકશિપુનું પ્રબલ તેજ આ ક્યાધૂના ગર્ભમાં છે. તેથી તે ક્યાધૂ બાળકનો જન્મ આપે ત્યાં સુધી મારી પાસે રાખીશ. પછી એના બાળકને લઈ લઈશ અને ક્યાધૂને છોડી મૂકીશ. મારે તેના પુત્રનો નાશ કરવો છે. હું મારો સ્વાર્થ સાધવા આ કામ કરું છું. (૯) હે મિત્રો ! જ્યારે ઈન્દ્ર રાજાએ આમ કહ્યું ત્યારે શ્રી નારદજીએ કહ્યું કે રાજન્ ! આ ગર્ભમાં રહેલ બાળક સર્વથા નિર્દોષ, સાક્ષાત્ વૈષ્ણવશિરોમણિ, અત્યંત બળવાન તેમજ ભગવાનનો અનન્ય ભક્ત છે. તમે તેને મારવા સમર્થ થઈ શકશો

આપ્તજન, સ્વજન, મિત્ર વગેરે તો મમતાસ્પદ છે તે શું ભલું કરી શકે ! (૪૪) આત્મા ભગવાન છે, નિત્ય છે, આનંદરૂપ છે. આ આનંદમય આત્માને કુટુંબ, પરિવાર, ધન વગેરે દેહથી નાશ પામનારા તુચ્છ પદાર્થોથી શું મળવાનું છે કે મેળવવાનું છે ? કારણ કે તે બધા અનર્થરૂપ જ છે અને દેખાય છે અર્થરૂપ. (૪૫) પ્રહ્લાદજી બોલ્યા હે : અસુરમિત્રો ! આ આત્મા દેહ લઈ ગર્ભમાં પ્રવેશ્યો ત્યારથી પીડાતા દેહધારી મનુષ્યને આ જગતમાં શો સ્વાર્થ છે, શો લાભ છે તે તો કહો ? (૪૬). દેહધારી મનુષ્ય દેહ છે ત્યાં સુધી કર્મ કરે છે. તે કર્મથી પાછો બીજો દેહ એમ દેહની પરંપરા વધાર્યા જ કરે છે. આ દેહ અને કર્મ અજ્ઞાનથી થાય છે (૪૭) હે મિત્રો ! માટે સર્વ અર્થો, સર્વ ધર્મો ભગવાનના જ આશ્રયવાળા છે માટે તે પદાર્થોને ભજવા કરતાં સર્વના આત્મા અને સર્વ દુઃખ ટાળનાર ભગવાનને જ અનન્યભાવે સેવવા જોઈએ. (૪૮) હે ભાઈઓ ! ભગવાન તો પ્રાણીમાત્રના આત્મા છે તેથી જ અતિશય વહાલા છે. સર્વના હૃદયમાં રહી નિયંત્રણ કરે છે તેથી ઈશ્વર છે. પોતે જ રચેલા પંચમહાભૂતોથી રચેલા પોતાના સ્વરૂપોમાં પોતે જ અન્તર્યામી સ્વરૂપે રહે છે. (૪૯)

પ્રત્યેકજીવ ભગવાન મુકુન્દને ભજે તો જ તે આનંદ પામે

देवोऽसुरो मनुष्यो वा यक्षो गन्धर्वएव वा । भजन् मुकुन्दंचरणं स्वस्तिमान् स्याद् यथा वयम् ।। ५० ।।
नालं द्विजत्वं देवत्वं ऋषित्वं वाऽसुरात्मजाः । प्रीणनाय मुकुन्दस्य न वृत्तं न बहुज्ञाता ।। ५१ ।।
न दानं न तपो नेज्या न शौचं न व्रतानि च । प्रीयतेऽमलया भक्तया हरिरन्यद् विऽम्बनम् ।। ५२ ।।
एतावानेव लोकेऽस्मिन् पुंसः स्वार्थः परः स्मृतः । एकान्तभक्तिर्गोविन्दे यत्सर्वत्र तदीक्षणम् ।। ५३ ।।

પ્રિય ભાઈઓ ! ભલેને દેવ, મનુષ્ય, અસુર, યક્ષ, ગંધર્વ હોય કે કોઈ પણ હોય તો મુકુન્દ ભગવાનના ચરણકમલનું જ સેવન કરે. મુકુન્દ ભગવાન મોક્ષ આપનાર છે. મિત્રો ! શ્રી મુકુન્દને સેવવાથી અમારી માફક કલ્યાણને મેળવી શકે છે (૫૦) હે ભાઈઓ ! દ્વિજદેહ કે દેવશરીર, ઋષિપણું કે અસુરપણું હે દૈત્યપુત્રો ! કાંઈ ભગવાનને પ્રસન્ન કરવામાં સાધનરૂપ થતાં નથી. વળી વ્રત-જપ-તપ કે પુષ્કળ શાસ્ત્રજ્ઞાન પણ ભગવાનને પ્રસન્ન કરી શકતાં નથી. (૫૧) હે મિત્રો! હે દાનવો ! દાન-તપ-યજ્ઞ-પવિત્રતા-વ્રત આ સર્વ હૃદયની પવિત્રતા કરે છે પણ ભગવાનની પ્રસન્નતા નથી અપાવતાં. ભગવાન તો શુદ્ધ અને અનન્ય પ્રેમથી જ પ્રસન્ન થાય છે. બાકી તે બધાં સાધનો છે તે દેખાવમાત્ર છે (૫૨) આ બધાં નકામાં તો નથી પરંતુ ભગવાનમાં પ્રેમ એ જ સર્વોત્તમ સાધન છે. માટે સર્વના ઈશ્વર અને સર્વભૂતના સ્વામી ભગવાન શ્રીહરિની અનન્ય ભાવે ભક્તિ કરો, સેવા કરો અને આત્મભાવથી સર્વ પ્રાણીમાં રહેલા પ્રભુને ભજો. (૫૩) દૈત્યો, યક્ષો, રાક્ષસો, શૂદ્રો, જંગલમાં રહેનારાં પક્ષી, પશુ અને બીજા પાપી જીવો પણ અચ્યુત ભગવાનને ભજી અચ્યુત ભગવાનરૂપ થાય છે અને થયા છે. (૫૪) હે મિત્રો ! અંતમાં આ લોકમાં દેહધારી પુરુષનો કોઈ શ્રેષ્ઠ પુરુષાર્થ હોય તો એટલો જ છે કે ગોવિન્દચરણારવિન્દમાં અનન્ય ભક્તિ કરવી જેથી સર્વત્ર ભગવાન ગોવિન્દનાં દર્શન થાય. (૫૫)

एतावानेव लोकेऽस्मिन्पुंसः स्वार्थः परः स्मृतः । एकान्तभक्तिर्गोविन्दे यत्सर्वत्र तदीक्षणम् ।।५५।।

શ્રીમદ્ ભાગવતપીયૂષના સપ્તમ સ્કંધમાં સદવાસના પ્રકરણમાંનો શ્રી પ્રહ્લાદજીનો અસુર બાલકોને ભગવચ્ચર્યાનું વર્ણન કરતો અધ્યાય ૭મો સમાપ્ત.

અધ્યાય ૮મો

[આ અધ્યાયમાં ૫૬ શ્લોકો છે. આમાં શ્રીનૃસિંહ ભગવાનના પ્રાકટ્યની કથા તેમજ હિરણ્યકશિપુની મુક્તિકથા આવશે. દુઃખોનો નાશ કરીએ તો દુઃખો ફરી આવવાનાં પણ દુઃખોના કારણોનો નાશ થાય તો દુઃખો કાયમ માટે જાય. ચૌદ લોકમાં દુઃખનું કારણ લોભ અને ક્રોધ છે તે લોભરૂપ હિરણ્યકશિપુનો નાશ કર્યો. એ કથાઓમાં વર્ણવાશે.]

સંતવર્ય પ્રહ્લાદજીનું સંતપણું

नारद उवाचः अथ दैत्यसुताः सर्वे श्रुत्वा तदनुवर्णितम् । जगृहुर्निरवद्यत्वान्नैव गुर्वनुशिक्षितम् ।।

જીભથી આપેલ ઉપદેશ વ્યર્થ જાય છે પણ જીવનથી અપાયેલ સફળ થાય છે. આ ન્યાયે શ્રી નારદજીએ કહ્યું કે ધર્મરાજ ! દૈત્યકુમારોએ ભક્તવર પ્રહ્લાદજીનું કથન સ્વીકાર્યું. કારણ કે તે નિર્દોષ અને ગ્રહણ કરવા યોગ્ય બોધવાળું હતું, પણ તેઓ ગુરુએ ભણાવેલ જ્ઞાનને ગ્રહણ કરવા તત્પર નં થયા. (૧) રાજન્ ! શુકાચાર્યના પુત્ર શુંડામર્કે બધા જ દૈત્યકુમારોની ભાગવતધર્મમાં અનન્ય નિષ્ઠાવાળી બુદ્ધિ જોઈ એકવાર રાજાથી અત્યંત ભયભીત થઈ ગયા. પછી જલદીથી રાજા પાસે જઈને સર્વ વિગત સવિસ્તાર કહી સંભળાવી. (૨) રાજા હિરણ્યકશિપુએ અપ્રિય વાત સાંભળી અને પુત્રનો અસહ્ય અવિનય સાંભળ્યો. તેથી તેને અત્યંત ક્રોધાવેશ થયો. રાજાના શરીરમાં કંપારો થયો અને તેણે પુત્રનો વધ કરવાનો વિચાર કર્યો. (૩) પગ તળે કચડાયેલા સર્પની માફક છંછેડાયેલા અને સ્વભાવથી જ નિર્દય હિરણ્યકશિપુ વિનયી નમ્ર, સંયમી, ઈન્દ્રિયનિગ્રહી, બન્ને કરકમલની અંજલિ જોડી સન્મુખ ઊભેલા પુત્ર પ્રહ્લાદનો તુચ્છ અને મર્મભેદી શબ્દોથી તિરસ્કાર કરવા લાગ્યા. સંતશિરોમણિ પુત્ર પ્રહ્લાદ આવા અપમાન માટે યોગ્ય ન હતા. હિરણ્યકશિપુ કુટીલ અને ક્રોધભરી નજરથી પુત્ર સામે જોતાં બોલવા લાગ્યા. (૪૫)

હિરણ્યકશિપુની કઠોર વાણી

રાજા હિરણ્યકશિપુએ કહ્યું, હે અવિનયી ! હે મન્દમતિ ! કુલમાં ભેદ પડાવનાર અધમ ! મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર, જક્કી, દુરાગ્રહી અભિમાની એવો ભલેને પુત્ર છે છતાં તને યમસદનમાં પહોંચાડી દઈશ (૬) મારા ક્રોધ સામે ચૌદલોક અને તેના પાલકો થર થર કંપી ઊઠે છે એવો હું તેની સામે તું મૂર્ખ, નિર્ભય બની મારા આદેશનો અનાદર કોના બળથી કરે છે ? (૭)

પ્રહ્લાદજીની વિવેકનિષ્ઠા

શ્રી પ્રહ્લાદજી બોલ્યા, પૂજ્ય પિતાજી ! આપે બલના અવલંબનની વાત પૂછી તો કેવલ મારા જ કે આપના જ નહીં પરંતુ બીજા બલવાનને પણ તેનું જ બળ છે કે સ્થાવર, જંગમ અને બ્રહ્માદિ દેવોને જેણે વશમાં રાખ્યા છે (૮) પિતાજી ! તે જ ઈશ્વર છે, સર્વના કાલરૂપ છે ઈન્દ્રિયશક્તિ, મનશક્તિ; દેશશક્તિ અને દેહ તથા ઈન્દ્રિયોના આશ્રય છે તે જ પોતાની શક્તિથી આ જગતનું નિર્માણ કરે છે, રક્ષણ કરે છે અને સ્વરૂપમાં લીન કરે છે અને તે જ પ્રભુ ત્રણે ગુણના અધિપતિ છતાં નિર્ગુણ છે. (૯)

जह्यासुरं भावमिमं त्वमात्मनः समं मनो धत्स्व न सन्ति विद्विषः । ऋतेऽजितादात्मन उत्पथस्थितात्तद्धि हयनन्तस्य महत्समर्हणम् ॥१०॥

दस्यून्पुरा षण्ण विजित्य लुम्पतो मन्यन्त एके स्वजिता दिशो दश । जितात्मनो ज्ञास्य समस्य देहिनां साधोः स्वमोहप्रभवाः कुतः परे॥११॥

પિતાજી ! મારી નમ્ર વિનંતિ છે કે આપ આપના અસુરભાવને કૃપા કરી ત્યજી દો. મનને સમતોલ બનાવા કૃપા કરો. કોઈ પણ આપણા શત્રુ નથી. ઊંધે માર્ગે જનાર અને અવશ મન એક જ મનુષ્યનો શત્રુ છે. પિતાજી ! એ મન વશ થઈ જાય તો એ જ ભગવાનનું આરાધન છે. (૧૦) પિતાજી ! પોતાના શરીરમાં જ રહેલા કામ, ક્રોધ લોભ આદિ લૂંટારુ શત્રુઓને જીત્યા વિના મેં દશે દિશાઓ જીતી એવું કેટલાક માને છે. પરંતુ મનને વશ કરનાર વિવેકી, અને સર્વ પ્રાણીમાં સમાનતા રાખનાર સદાચારી સાધુજનને મોહથી ઉત્પન્ન થનારા કામાદિ દોષો જ ક્યાંથી સંભવે કે શત્રુઓ પણ ક્યાંથી સંભવે ! પિતાજી ! શત્રુ તો મોહને લઈને થાય છે. વિદ્વાનને મોહ ન હોવાથી શત્રુ પણ ન જ હોઈ શકે. (૧૧)

ધર્મરાજ યુધિષ્ઠિરજી ! વિવેકી પુત્રની વિવેકવાણી સાંભળીને રોષે ભરાયેલા પિતા હિરણ્યકશિપુએ કહ્યું, અરે પ્રહ્લાદ ! સાચે જ તું મૃત્યુની ઘડીઓ ગણતો લાગે છે, કારણકે તું અત્યંત અસંબદ્ધ બકે છે. હે મંદમતિ ! મૃત્યુને કાંઠે આવેલાઓની વાણી ઢંગધડા વિનાની હોય છે. ૧૨ અરે મંદભાગ્ય ! તેં જે જગદીશ્વર કહ્યો તે મારા વિના અન્ય કોણ છે તે તો મને કહે ! તારા બકવા પ્રમાણે તે જો બધે છે તો ક્યાં છે ? અને સર્વત્ર હોય તો આ સ્તંભમાં કેમ દેખાતો નથી ? આજે સંબંધ વિનાના બકવાદ કરનાર પ્રહ્લાદ ! તારું મસ્તક હું તારી કાયાથી અલગ કરું છું. જેનો આશ્રય લઈ તું બેઠો છે તે તારો હરિ જો હોય તો અહીં આવી તારી ભલે રક્ષા કરે ! (૧૩-૧૪) મહારાજ ધર્મરાજ ! મહાન અસુર

હિરણ્યકશિપુએ આવાં કુવચનોથી વૈષ્ણવશિરોમણિ ભગવદીય પ્રહ્લાદજીને વારંવાર પીડા કરવા માંડી. આટલાથી તેને સંતોષ ન થયો. રાજસિંહાસન ઉપરથી એકાએક ઊભા થઈ હાથમાં ખડ્ગ લઈ અત્યંત બલવાન અસુરે સ્તંભ ઉપર સખત ઘા કર્યા . (૧૫) રાજન્ ! હિરણ્યકશિપુએ જે ક્ષણે સ્તંભ ઉપર ઘા કર્યો તે જ ક્ષણે એવો અત્યંત ભયાનક શબ્દ થયો કે તે ધ્વનિથી જ બ્રહ્માંડનો કટાહ તૂટી ગયો. આ અવસરે બ્રહ્માદિ દેવો પોતાના લોકમાં થયેલા આ શબ્દને સાંભળીને પોતાના સત્યાદિ લોકોનો પ્રલય થયો, એમ માનવા લાગ્યા. (૧૬) હિરણ્યકશિપુએ પુત્રને મારવાની ઈચ્છાથી આ પ્રમાણે કર્યું ત્યારે સભાની અંદર અપૂર્વ શબ્દ સાંભળ્યો એટલું જ નહિ પણ તે શબ્દ કરનાર કોણ હશે તેની કોઈને સમજ ન પડી. આ શબ્દથી તો અસુરોની સેનાના સેનાપતિઓ પણ ત્રાસી ઊઠયા. (૧૭)

શ્રીનૃસિંહ ભગવાનનું પ્રાકટ્ય

सत्यं विधातुं निजभृत्यभाषितं व्याप्तिं च भूतेष्वखिलेषु चात्मनः । अदृश्यतात्यद्‌भुतरुपमुद्वहन् स्तम्भे सभायां न मृगं न मानुषम् ।।१८।।

શ્રીહરિદાસ શ્રી પ્રહ્લાદજીના વચનને સત્ય કરવા માટે અને ભગવાન જગતમાં સર્વત્ર વ્યાપ્ત છે એમ સર્વને બતાવવા માટે સભામાં સ્તંભની મધ્યમાં, નહિ મનુષ્ય કે નહિ સિંહ પણ વિલક્ષણ એવા અદ્ભુત સ્વરૂપવાળા શ્રીનૃસિંહ ભગવાનની ઝાંખી થઈ. ૧૮ દૈત્યરાજ હિરણ્યકશિપુએ પ્રથમ થયેલા ભયાનક શબ્દ પછી સ્તંભમાંથી પ્રકટ થયેલા ચારે બાજુ ફરતા નૃસિંહભગવાનના સ્વરૂપને જોઈ આશ્ચર્યમાં ગરકી જઈ અરે આ નથી તો મનુષ્ય દેહ, નથી સિંહ એવા વિચિત્ર નૃસિંહનું રૂપ ધારણ કરનાર આ કોણ હશે એમ વિચાર થવા લાગ્યો. ૧૯

શ્રીનૃસિંહ ભગવાનના સ્વરૂપનાં ૨૫ વિશેષણો

ધર્મરાજ યુધિષ્ઠિર ! જ્યાં હિરણ્યકશિપુ આવો વિચાર કરે છે ત્યાં પોતાની પાસે જ અતિ ભયાનક સ્વરૂપવાળા મનુષ્ય અને સિંહના મિશ્ર આકારવાળા, તપાવેલા સુવર્ણના જેવા ઉગ્ર તેજોમય નેત્રવાળા, ફરકતી કેશવાળીવાળા તેમજ બગાસું ખાતા, મુખ ફાડતા, ભયંકર દાઢવાળા, કરવત જેવી ચંચલ અને અસ્ત્રાની ધાર જેવી જિહ્વાવાળા, ચડાવેલી, ભ્રૂકુટિવાળા, મુખથી ભયંકર ઊભા સ્થિર કર્ણવાળા, પર્વતની ગુફા જેવા પહોળા મુખ અને નાસિકાવાળા, મુખ ફાડેલ હોઈ ભયંકર દેખાતા, આકાશને અડકતી કાયાવાળા અને નાસિકાવાળા, ટૂંકી અને જાડી ડોકવાળા, જાડી જાંઘવાળા, વિશાળ વક્ષઃસ્થળવાળા, પાતળા કટિભાગવાળા, ચંદ્રના કિરણ જેવા ગૌરવર્ણા, રોમાંચથી છવાયેલા જાણે ચારે બાજૂ હજારો હાથરૂપી સૈનિકોની ખાત્રી કરાવતા નખના આયુધવાળા, સમીપમાં જઈ ન શકાય તેવા તેમજ પોતાનાં અન્ય અનેક વજ્રાદિ આયુધો દ્વારા, મોટી માયાવાળા, દૈત્ય અને દાનવીરોને પલાયન કરાવતા શ્રીનૃસિંહ ભગવાનના સ્વરૂપની ઝાંખી થતાં હિરણ્યકશિપુએ કહ્યું. (૨૦-૨૩) કે મોટે ભાગે મારો વધ કરવાના આશયથી જ વિચિત્ર માયાવાળા ભગવાન શ્રીહરિએ આ સ્વરૂપે વધ વિચાર્યો લાગે છે. ભલે ચાલો, એની સાથે યુદ્ધ કરીએ શું થઈ જવાનું છે ? એમ કહીને દૈત્યેન્દ્ર કુંજર મદોન્મત હાથી, નૃસિંહ તરફ હથિયાર લઈને દોડયો. જેમ અજાણતાં પતંગિયાં અગ્નિમાં પડે તેમ તે દૈત્ય નૃસિંહના તેજમાં પડયો. તેમાં તે અંજાઈ ગયો. અદૃશ્ય થઈ ગયો. (૨૪) પ્રકાશમાન ભગવાન પાસે આવતાં અંધકારરૂપ તે દૈત્ય અદ્રષ્ટ થઈ જાય એમાં કંઈ આશ્ચર્ય જેવું નથી. કારણ કે જ્યારે પ્રથમ પણ આ વિશ્વ અંધકારથી ઢંકાયેલું હતું ત્યારે સ્વપ્રકાશથી તે અંધકારને ભગવાને દૂર કર્યો હતો. તેમાંથી પાછો નીકળીને મહાસુર ક્રોધે ભરાઈને અત્યંત વેગીલી ગદાથી નૃસિંહ ભગવાને પ્રહાર કરવા લાગ્યો. (૨૫)

ધર્મરાજ યુધિષ્ઠિરજી ! ગરુડજી જેમ સર્પને પકડી લે તેમ શ્રીનૃસિંહ ભગવાને ગદા લઈ પટા ખેલતા પરાક્રમી દૈત્ય હિરણ્યકશિપુને પકડી પાડી ગરુડજી સર્પને રમાડે તેમ નૃસિંહભગવાન હિરણ્યકશિપુ દૈત્યને પણ રમાડવા લાગ્યા ત્યારે હિરણ્યકશિપુના હાથે ઘરબાર, ધન-દારાથી લૂંટાયેલા દુઃખી, દેવો, આ દૈત્યને આમ રમાડવો ન જોઈએ એમ ભગવાનને વિનવવા લાગ્યા. (બિચારા દેવોને ક્યાં ખબર છે કે આ તો વૈકુંઠનાથનો લાડીલો પાર્ષદ હિરણ્યકશિપુ બનીને આવ્યો છે. તેને કેમ ન રમાડે). દૈત્ય નૃસિંહથી વળી છટકી જતાં નૃસિંહને પોતાનાથી ડરી ગયા માનીને ફરીથી ઢાલ-તલવાર લઈ તે

ભગવાનની સામે સંગ્રામમાં આવી લાગ્યો. (૨૬-૨૭) મહારાજ યુધિષ્ઠિર ! જ્યારે હિરણ્યકશિપુ ભગવાનની સામે આવ્યો ત્યારે ભગવાનના દિવ્ય તેજથી શ્યેન પક્ષી જેવા વેગવાળા ઢાલ-તલવારના માર્ગમાં ઉપર નીચે પટા ખેલતા હિરણ્યકશિપુની આંખો ખેંચાઈ ગઈ. ત્યાર પછી નૃસિંહે અટ્ટહાસ્ય કરી વેગથી તેને પકડી લીધો. ચારે બાજુ ઘૂમતો તેમજ ભગવાનની પકડમાં આવી જતાં આતુર થયેલ દૈત્યને ઉંદરને સર્પ પકડે તેમ ભગવાને પકડમાં લીધો. જે હિરણ્યકશિપુની ત્વચા રાજા ઈંદ્રના વજ્રથી પણ ફાટી ન હતી તે દૈત્યને ગરુડ જેમ સર્પને નખથી ચીરે તેમ ભગવાને તેને દેહલી દ્વાર ઉપર ગોદમાં રાખી રમતમાં ચીરી નાંખ્યો. (૨૮-૨૯) મહારાજ ધર્મ ! નિર્દોષ હરિદાસ પ્રહ્લાદને ત્રાસ આપનાર હિરણ્યકશિપુને ભગવાને જ્યારે ચીરી નાંખ્યો ત્યારે ક્રોધથી રાતાપીળા નેત્રવાળા ભગવાન સામે જોઈ શકાય તેમ ન હતું. શ્રીનૃસિંહ ભગવાન પોતાના ફાડેલા મુખના બે ગલેફાંને જીભથી ચાટી રહ્યા હતા. આ સમયે લોહીના કણ મુખ અને કેશવાળીમાં પડયા હતા. તેથી સિંહ જેમ હાથીને મારી તેના આંતરડાની માળાથી શોભે તેમ શોભવા લાગ્યા. (૩૦) આયુધો લઈ યુદ્ધમેદાને ચઢી આવ્યા ત્યારે નખરૂપી આયુધવાળા નૃસિંહ ભગવાને કેશવાળી કમ્પાવી ત્યારે મેઘો ઊંચેથી નીચે પડવા લાગ્યા અને આકાશના ગ્રહો નેત્રના તેજથી ઝાંખા પડી ગયા. નૃસિંહજીની ગર્જનાથી ભય પામેલ દિશાના ગજરાજો ચીસો પાડવા લાગ્યા. (૩૧-૩૨) ભગવાનની ગરદન કેશવાળી ફરકતી હતી તેનાથી વિમાનોની વિહારભૂમિવાળી સ્વંર્ગભૂમિ જાણે ફરવા લાગી. શ્રીનૃસિંહ ભગવાનના વેગથી પર્વતો પડી ગયા. શ્રીનૃસિંહ ભગવાનના પગના ભારથી પીડાતી પૃથ્વીની તે જ હાલત થઈ. શ્રીનૃસિંહજીના તેજથી આકાશ અને દિશાઓ ઝાંખાં થઈ ગયાં. હવે નૃસિંહજીએ શત્રુને સામે ન જોયો ત્યારે પોતાના ઉગ્ર તેજને શાંત કરી સભામાં રાજાના આસન ઉપર આવીને બિરાજ્યા. ત્યારે કોઈની તાકાત તેમની પાસે જવાની ન થઈ. (૩૩-૩૪)

દેવલોકની દેવાંગનાઓએ સાંભળ્યું કે ત્રણ લોકના મસ્તકના તાવ સરખો દૈત્યેન્દ્ર ભગવાનના હાથે માર્યો ગયો છે ત્યારે તેમનાં મુખ હર્ષથી પ્રફુલ્લ થયાં અને દેવાંગનાઓ આકાશ માર્ગેથી વારંવાર પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યાં. (૩૫) આ વખતે આકાશ સ્વર્ગના દેવોના વિમાનોથી ખીચોખીચ ઊભરાઈ ગયું હતું. દેવનાં નગારાં અને દુંદુભિ વાગવા લાગ્યાં. ગંધર્વો નાચવા લાગ્યા અને અપ્સરાઓ ગાન કરવા લાગી. આ મંગલ પ્રસંગે સ્વર્ગાદિ દેવો, બ્રહ્મા, ઈન્દ્ર, ગિરીશ, ઋષિઓ પિતૃઓ, સિદ્ધો, વિદ્યાધરો, મોટા સર્પો, મનુઓ, પ્રજાપતિઓ, ગંધર્વ, અપ્સરા, ચારણ, યક્ષ, કિંપુરુષ, વેતાલ, સિદ્ધ અને કિન્નર લોકો આવ્યા. સુનંદ અને કુમુદ વગેરે વિષ્ણુના બધા પાર્ષદો શ્રીનૃસિંહજીની સમીપે શિર નમાવી અંજલિ જોડી જુદી જુદી સ્તુતિ કરવા લાગ્યા . (૩૬-૩૯)

સત્તર દેવવરોએ કરેલી નૃસિંહ પ્રભુની સ્તુતિ

नतोऽस्म्यनन्ताय दुरन्तशक्तये विचित्रवीर्याय पवित्र कर्मणे । विश्वस्य सर्गस्थितिसंयमान् गुणैः स्वलीलया संदधतेऽव्ययात्मने ॥४०॥

શ્રીબ્રહ્માજીની સ્તુતિ : બ્રહ્માએ કહ્યું કે હે અનંત ! નમસ્કાર કરું છું. અપાર શક્તિશાળી ભગવાનને નમસ્કાર કરું છું. પવિત્ર કર્મ અને વિચિત્ર પરાક્રમવાળા ભગવાનને પ્રણામ કરું છું. નિર્ગુણ છતાં ગુણોથી વિશ્વની સૃષ્ટિ, સ્થિતિ અને લયને લીલાથી કરનાર અવિનાશી ભગવાનને નમું છું. (૪૦)

શ્રી રુદ્રજીની સ્તુતિ : ભગવાન રુદ્રે કહ્યું, નાથ ! આ કાંઈ પ્રલયના કોપનો સમય નથી. એ તો એક હજાર યુગના અંતમાં
આવે છે. હાલમાં આવો કોપ કરવ યોગ્ય નથી. આપે આ અસુરને માર્યો, ઘણું સારું કર્યું. આ અસુર તો તદ્દન-અલ્પ
નાનો હતો. એને મારતાં આટલા રોષનું શું કામ છે ? તે કાંઈ આપના કોપનો વિષય ન હતો. હે ભક્તવત્સલ ભગવાન !
હિરણ્યકશિપુનો પુત્ર આપને શરણે આવ્યો છે તેની રક્ષા કરો, એ તો આપનો ભક્ત છે. (૪૧)

શ્રી ઈન્દ્રદેવની સ્તુતિ : રાજા ઈન્દ્રે કહ્યું કે હે પરમ પુરુષ ! આપે અમારી રક્ષા કરી. હાથમાંથી ગયેલા યજ્ઞના ભાગો સારી
રીતે પાછા મેળવ્યા. અમારું હૃદય આપનું મંદિર હતું તેના ઉપર હિરણ્યકશિપુનો ભયથી ઘેરો હતો. તે ગયો, હવે હૃદય
આપના ધ્યાન માટે મુક્ત બન્યું. આ સ્વર્ગ દૈત્યને કબ્જે હતું. પાછું મળ્યું ભલે પણ તેની કિંમત કેટલી નાથ ! તે તોકાળે

કરીને નાશ પામવાનું. હે નાથ ! આપને સેવનાર તો મુક્તિને પણ કંઈ હિસાબમાં નથી ગણતા તો હે નરસિંહ સ્વર્ગાદિ બીજાં સુખો તો તેમને હિસાબમાં હોય ક્યાંથી ? (૪૨)

ભક્તવરો ઋષિઓની સ્તુતિ : ઋષિઓએ નિવેદન કર્યું કે આપે અમને ઋષિઓને તપ કરવું એમ આજ્ઞા કરી હતી જે તપથી આદિપુરુષ પોતાના સ્વરૂપમાંથી આ વિશ્વને ઉત્પન્ન કરે છે. હે શરણાગતવત્સલ ! અમારું તે તપ આ દૈત્યે અટકાવ્યું હતું. આ તપની રક્ષા માટે આપે પ્રકટ થઈ તપના વિઘ્ન હિરણ્યકશિપુને દૂર કરી તપ કરવાની પાછી આજ્ઞા કરી એવા આપને અમે નમસ્કાર કરીએ છીએ (૪૩)

પિતૃઓની સ્તુતિ : પિતૃઓએ કહ્યું કે અમારા પુત્રોએ શ્રદ્ધાથી આપેલાં શ્રાદ્ધનાં કવ્ય નામના અન્નને બલાત્કારે આ દૈત્ય લૂંટી લેતો અને ભોગવતો તેમજ તીર્થમાં આપેલ તર્પણની તલમિશ્રિત જલાંજલિને તે પી જતો. તે દૈત્યના પેટને ચીરીને તેમાંથી વસા વગેરે કાઢી તેનું ખાધેલું બહાર કાઢયું તે ઠીક કર્યું. કારણ કે સર્વના ધર્મસંરક્ષક આપ છો. હે નૃસિંહ ! આપને અમારા નમસ્કાર હો. (૪૪)

સિદ્ધોની સ્તુતિ : સિધ્ધો સ્તુતિ કરવા લાગ્યા કે હે નૃસિંહ ! આ અસજ્જન એવાં હિરણ્યકશિપુ અમારી યોગસિદ્ધિઓને યોગ અને તપના બળથી સ્વાધીન કરી બેઠો હતો. વળી વિવિધ ગર્વનું તો તે ઘર હતો. તેને આપે નખથી ચીરી નાંખ્યો તે યોગ્ય કર્યું તેથી હે નૃસિંહ ! આપને અમે પ્રણામ કરીએ છીએ. (૪૫)

વિદ્યાધરોની સ્તુતિ : વિદ્યાધરોએ કહ્યું કે આ હિરણ્યકશિપુ બલ અને પરાક્રમથી મદોન્મત્ત બન્યો હતો. એ અમને અનેક પ્રકારની ધારણાથી સંપાદન કરેલી અન્તર્ધાન થવું, પરોક્ષનું વિજ્ઞાન મેળવવું વગેરે વિદ્યાઓના પ્રયોગોને અજમાવવા નહોતો દેતો. આ દૈત્યને આપે યુદ્ધમાં પશુની માફક માર્યો એથી મોટી કૃપા કરી છે. કપટથી નૃસિંહઆકૃતિ બનેલ હે શ્રીકૃષ્ણ ! આપને અમે નિત્ય પ્રણામ કરીએ છીએ. (૪૬)

નાગોની સ્તુતિ : નાગો નિવેદન કરે છે હે, નાથ ! મૂર્તિમંત આ પાપી હિરણ્યકશિપુએ અમારાં સ્ત્રીરત્નો બળાત્કારે છીનવી લીધા હતાં. તેનું હૃદય ચીરીને આપે કેદમાં પડેલી સ્ત્રીઓને છોડાવી. તેમના અને સર્વના હૃદયને આનંદ થયો. એવા હે દત્તાનંદ ! આપને અમારા નમસ્કાર હો. (૪૭)

મનુઓની સ્તુતિ : મનુઓ સ્તુતિ કરતાં કહેવા લાગ્યા કે હે દેવ ! અમે ચૌદ મનુઓ આપની આજ્ઞાનું પાલન કરનાર છીએ. હે દેવ ! આ દૈત્યે વર્ણાશ્રમ ધર્મવ્યવસ્થાના સેતુઓને તોડી નાખ્યા હતા. ધર્મ અને શાસ્ત્રોના બંધારણ મન ફાવતાં ઘડયાં હતાં. આપે આ દુષ્ટનો વધ કર્યો એ ઘણી કૃપા કરી. હે નાથ ! અમે આપના કિંકરો છીએ, આજ્ઞા કરો, અમે એનું પાલન કરીએ. (૪૮)

પ્રજાપતિઓની સ્તુતિ : પ્રજાપતિઓએ પ્રાર્થના કરતાં કહ્યું કે પરેશ ! આપે અમને પ્રજાપતિ બનાવ્યા હતા. આ દૈત્યે અમને પ્રજા ઉત્પન્ન કરતાં અટકાવ્યા હતા. આજે આપને હાથે ચિરાયેલ છાતીવાળો છતાપાટ એ દૈત્ય ગાઢ નિદ્રામાં સૂતો છે. હે સર્વોત્તમ મૂર્તિ ! આપનું આ લોકમાં પધારવું એ જગતનું મંગળ કરનાર છે. (૪૯)

ગન્ધર્વોની સ્તુતિ : ગન્ધર્વો ગાન કરવા લાગ્યા કે હે વિભો ! અમે નટ, નાટ્યકારો અને ગાયકો છીએ. અમે આપના નૃત્યસમયે આપની સામે અમારી કલાથી આપને સેવા આપતા હતા. આ દૈત્યે પોતાનાં શૌર્ય, શક્તિ અને પ્રભાવથી અમને તાબેદાર બનાવ્યા હતા તેની તો આપે આ દશા કરી યોગ્ય કર્યું છે. શું ઉત્પથગામી કદી ક્યાંય કુશળ પામી શકે ! (૫૦)

ચારણોની સ્તુતિ : ચારણો સ્તુતિ કરતાં કહી રહ્યાં છે કે હે હરે ! સંસારમાંથી મોક્ષ આપનાર આપના પાદપંકજનો અમે આશ્રય કરીને રહ્યા છીએ. આ અસુર સજ્જનના હૃદયમાં કંટકરૂપ હતો. આપે તેને સમાપ્ત કર્યો, ઘણી કૃપા કરી. હે નાથ ! આપને અમે નમસ્કાર કરીએ છીએ. (૫૧)

યક્ષોની સ્તુતિ : યક્ષો સ્તુતિ કરતાં બોલ્યા કે નાથ ! આપને મનગમતાં મનોજ્ઞ કાર્ય કરનાર અમે આપના સેવકોમાં મુખ્ય

હતા. આ દૈત્યે અમને એના વાદક બનાવ્યા હતા. આ વસ્તુને જાણીને જનસમૂહને પરિતાપ આપનાર આ દૈત્યનો આપે નાશ કર્યો. હે નરહરિ ! ચોવીશ તત્ત્વના નિયામક આપ પચ્ચીશમા પુરુષ છો, આપને અમારાં નમન હો. (૫૨)

કિંપુરુષોની સ્તુતિ : કિંપુરુષો કહેવા લાગ્યા કે અમે કિંપુરુષ છીએ. આપ મહાપુરુષ ઈશ્વર છો. આ આપે કુપુરુષનો નાશ કર્યો તે યોગ્ય થયું. સાધુ પુરુષોએ એનો તિરસ્કાર કર્યો હતો. (૫૩)

વૈતાલિકોની સ્તુતિ : વૈતાલિકો બોલ્યા કે સભાઓ અને સત્રોમાં તમારો નિર્મળ યશ ગાઈને અને ઉત્તમ ભેટ, શિરપાવ, પૂજા અને સત્કારને સંપાદન કરતા હતા. અમારી આ આજીવિકા એણે અટકાવી હતી અને અમને તાબે કર્યા હતા. આ દુર્જન તો શરીરમાં રોગ જેવો હતો. તેને આપે માર્યો એ પણ લોકોનું પરમ સૌભાગ્ય છે. (૫૪)

કિન્નરોની સ્તુતિ : કિન્નરોએ કહ્યું કે હે ઈશ ! અમે કિન્નરગણો આપના અનુચરો છીએ. આ દૈત્યે અમને વેઠિઆ બનાવ્યા હતા. હે હરે ! આ એક દેહધારી પાપ જ હતું. આપે એનો નાશ કરીને સર્વને સુખી કર્યા છે એવા, હે નાથ ! આપ અમને સુખસમૃદ્ધિ આપનાર થાઓ. (૫૫)

વિષ્ણુપાર્ષદોની સ્તુતિ : વિષ્ણુપાર્ષદોએ સ્તુતિ કરી કે હે શરણાગતવત્સલ ! હે આશ્રયદાતા ! સર્વ લોકનું કલ્યાણકારી આપનું સિંહ અને નરનું આ અદ્ભુત સ્વરૂપ અમે આજે જોયું. આ હિરણ્યકશિપુ તો આપનો આજ્ઞાંકિત જય નામનો સેવક હતો. વિપ્રોના શાપથી દૈત્ય દેહ પામ્યો હતો. હે નાથ ! આપે એનું મૃત્યુ કરી આપની સેવાના અંતરાયમાં એક જન્મ ઓછો કરી એના ઉર અનુગ્રહ કર્યો એવી આપની કૃપાને અમે જાણીએ છીએ. (૫૬)

अद्यैतद्धरिनरुपमद्भुतं ते दृष्टं नः शरणद सर्वलोकशर्म। सोऽयं ते विधिकर ईश विप्रशप्तस्तस्येदं निधनमनुग्रहाय विद्मः ।५६।

શ્રીમદ્ ભાગવતપીયૂષના સપ્તસ્કંધ સદવાસના પ્રકરણમાંનો શ્રીનૃસિંહ ભગવાનની સત્તરદેવોએ કરેલી સ્તુતિનું વર્ણન કરતો અધ્યાય ૮મો સમાપ્ત.

અધ્યાય ૯મો

[આ અધ્યાયમાં ૫૫ શ્લોકો છે. પ્રહલાદજીની સ્તુતિ આ અધ્યાયનો મુખ્ય આત્મા છે. ખાસ કરીને "જીવ શ્રીહરિસન્મુખ થાય" એ જ સદવાસનાનું ફળ છે. શ્રી પ્રહ્લાદજી શ્રીહરિ સન્મુખ થાય છે. કોઈ પણ વ્યક્તિ જો આ સ્તુતિનો નિત્ય પાઠ કરે તો તે જીવ અવશ્ય શ્રીહરિ સન્મુખ થશે જ.]

શ્રી પ્રહલાદજીની પ્રપત્તિ

नारद उवाच – एवं सुरादयः सर्वे ब्रह्मरुद्रपुरःसराः । नोपैतुमशकन् मन्युसंरम्भं सुदुरासदम् ॥ १ ॥
साक्षाच्छ्रीः प्रेषिता देवैर्दृष्ट्वा तन्महदद्भुतम् । अदृष्टाश्रुतपूर्वत्वात्सा नोपेयाय शङ्किता ॥ २ ॥
प्रह्लादं प्रेषयामास ब्रह्मावस्थितमन्तिके । तात प्रशमयोपेहि स्वपित्रे कुपितं प्रभुम् ॥ ३ ॥
तथेति शनकै राजन्महाभागवतोऽर्भकः । उपेत्य भुवि कायेन ननाम विधृताञ्जलिः ॥ ४ ॥

મહર્ષિ નારદજીએ કહ્યું, ધર્મરાજ ! યુધિષ્ઠિર ! બ્રહ્માજી, રુદ્રજી, ઈન્દ્ર વગેરે મુખ્ય દેવા સાથે સર્વ દેવો શ્રી નૃસિંહ ભગવાનની સન્મુખ જવા સંકોચાયા. તેઓને શ્રી નૃસિંહજી રોષાવેશવાળા લાગ્યા હતા. સમીપે જતા ક્ષોભ થતો હતો. (૧) ત્યારે દેવોએ સાક્ષાત્ ભગવતી લક્ષ્મીજીને સમીપે જવા અને નાથને વિનવવા પધારવા કહ્યું. પરંતુ કોઈ દિવસ નહીં સાંભળેલ કે નહીં જોયેલા અદ્ભુત રૂપથી શંકા પામીને નાથની સમીપે ન જઈ શક્યાં (૨) મહારાજ યુધિષ્ઠિર ! આ અવસરે બ્રહ્માજીએ સમીપે ઊભેલા શ્રી પ્રહ્લાદજીને કહ્યું કે બેટા ! તું શ્રી નૃસિંહજી પાસે જઈને શ્રી ઠાકોરજીને ઠંડા પાડ કારણકે તે તારા પિતાની ઉપર તારે માટે આટલા બધા કોપાયમાન થયા છે. બ્રહ્માજીનાં વચન સાંભળી પ્રહ્લાદજીએ કહ્યું, ભલે દાદાજી. જેવી આપની આજ્ઞા, એમ બોલી પરમ ભગવદીય નાના બાળક પ્રહ્લાદજી ધીમીધીમી કુમળી પગલીએ ચાલતા. કરકમલની સુકોમલ અંજલિ જોડતા લાંબા થઈ ધરણી ઉપર દંડવત્પ્રણામ કરતા ઢળી પડયા. (૩-૪)

स्वपादमूले पतितं तमर्भकं विलोक्य देवः कृपया परिप्लुतः । उत्थाप्य तच्छीर्ष्ण्यदधात् कराम्बुजं कालाहिवित्रस्तधियां कृताभयम् ॥५॥

स तत्करस्पर्शधुताखिलाशुभः सपद्यभिव्यक्तपरात्मदर्शनः। तत्पादपद्मं हृदि निर्वृतो दधौ हृष्यत्तनुः क्लिन्नहृदश्रुलोचनः॥६॥

अस्तौषीद्धरिमेकाग्रमनसा सुसमाहितः । प्रेमगद्गदया वाचा तन्न्यस्तहृदयेक्षणः ॥ ७ ॥

ધર્મરાજ ! આ દૃશ્ય અત્યંત કરુણ અને દિવ્ય હતું. ભક્તવત્સલ ભગવાન પોતાના ચરણસરોજમાં પડતું મૂકતા શિશુ પ્રહ્લાદને જોઈ કૃપાથી આર્દ્ર થઈ ગયા અને કાલરૂપી સર્પના ભયથી ત્રાસ પામેલાને અભય આપનાર પોતાના વરદ શ્રી હસ્તથી શ્રી પ્રહ્લાદજીને ઉઠાવી લીધો. અને તે જ વરદ શ્રી હસ્તને પ્રહ્લાદજીના મસ્તક ઉપર પધરાવ્યો. (૫) રાજન્ ! કૃપાસિધું શ્રી નૃસિંહ ભગવાનના શ્રી હસ્તના સ્પર્શથી તેનાં સર્વ પાપો ધોવાઈ ગયાં. તે જ ક્ષણે શ્રી ઠાકોરજીના કૃપાળુ સદાનંદમય શ્રીવિગ્રહનું અને પોતે ભગવદંશદાસ છે એવા પોતાના જીવસ્વરૂપનું ભાન થયું. (૬) આ અવસરે શ્રીહરિના ચરણસરોજને હૃદયમાં પધરાવ્યું, સ્વયં આનંદવિભોર બન્યા, કાયા પુલકિત બની ગઈ. હૃદય ગદ્ ગદ્ બન્યું, આંખો અશ્રુથી છલકાવા લાગી, મનને ખૂબ જ એકાગ્ર બનાવ્યું, અત્યંત સ્વસ્થ બન્યા, ભગવાનમાં જ હૃદય અને નયન પરોવી દીધાં. અત્યંત ગદ્ગદ્કંઠથી અને કોમલ વાણીથી શ્રી નૃસિંહભગવાની સ્તુતિ કરવા લાગ્યા. (૭)

શ્રી પ્રહલાદજીની ૮મા શ્લોકથી ૫૦મા શ્લોકસુધી ૪૩ શ્લોકમાં સ્તુતિ અને પ્રપત્તિ

प्रह्लाद उवाच–ब्रह्मादयः सुरगणा मुनयोऽथ सिद्धाः सत्वैकतानमतयो वचसां प्रवाहैः । नाराधितुं पुरुगुणैरघुनापि पिप्रुः किं संतोष्टुमर्हति स मे हरिरुग्रजातेः ॥ ८ ॥

શ્રી પ્રહલાદજી સ્તુતિ કરતાં દૈન્ય ભાવે કહેવા લાગ્યા કે નાથ ! સદા સર્વદા સત્ત્વગુણમાં એકતાન મતિવાળા બ્રહ્મારુદ્ર આદિ સુરગણો-મુનિવરો વળી સિદ્ધગણો પણ પુષ્કળ ગુણગાનથી ભરેલાં વચનોના પ્રવાહોથી આજ પર્યન્ત ગાવા છતાં આરાધન કરવા પરિપૂર્ણ નથી થયા તો તે "શ્રીહરિ" ઉગ્ર જાતિમાં જન્મેલા મારા જેવા માટે ગાવા યોગ્ય ગણાશે ખરા ૮.

मन्ये धनाभिजनरुपतपःश्रुतौजस्तेजःप्रभावबलपौरुषबुद्धियोगाः । नाराधनाय हि भवन्ति परस्य पुंसो भक्त्या तुतोष भगवान्गजयूथपाय ॥९॥

હું તો માનું છું કે ધન-ઉત્તમ કુલ-રૂપ-તપઃ-શાસ્ત્રજ્ઞાનૃઓજસ્તેજસ્ (ઇન્દ્રિયશક્તિ)- પ્રભાવ-બલ (શારીરિક શક્તિ), પૌરુષ (આત્મશક્તિ), બુદ્ધિ-અષ્ટાંગ યોગ આવી બાર બાર સામગ્રીઓ પુરુષોત્તમને પ્રસન્ન કરવાને સમર્થ નથી તેમજ સાધન પણ નથી, તેમજ બાધક પણ નથી; કેવલ ભગવાન ગજરાજ ઉપર ભક્તિથી જ પ્રસન્ન થયા હતા ૯.

विप्राद्द्विषड्गुणयुतादरविन्दनाभपादारविन्दविमुखाच्छ्वपचं वरिष्ठम्। मन्ये तदर्पितमनोवचनेहितार्थप्राणं पुनाति स कुलं न तु भूरिमानः॥१०॥

ભગવાન નૃસિંહ ! ઉપર વર્ણવેલા બાર બાર ગુણવાળા વિપ્રો હોય પરંતુ જો તે કમલનાથ શ્રીકૃષ્ણ ભગવાનના ચરણારવિંદની સેવાથી વિમુખ હોય તો તેમના કરતાં શ્રીકૃષ્ણચન્દ્ર પ્રભુની ચરણસેવામાં મન-વાણી-ક્રિયા ધન-પ્રાણ વગેરે પરોવીને સેવા કરતા શ્વપચને-ચાંડાલને શ્રેષ્ટ માનું છું. કારણકે તે દીન ભાવે સેવા કરતો પોતાના કુલને પાવન કરશે, જ્યારે જ્ઞાનકુલ આદિના અભિમાનીઓ પોતાને જ પાવન નહીં કરે તો કુલને કે અન્ય કોઇને પાવન ક્યાંથી કરશે. (૧૦)

नैवात्मनः प्रभुरयं निजलाभपूर्णो मानं जनादविदुषः करुणो वृणीते ।
यद्यज्जनो भगवते विदधीत मानं तच्चात्मने प्रतिमुखस्य यथा मुखश्रीः ॥११॥

ભગવાન તો સ્વયં સમર્થ છે, વળી નિજાનંદથી પરિપૂર્ણ છે, એ ભગવાન અબુધજનો પાસેથી માન વગેરેનાં ખોટા લાભ લેવાની વૃત્તિવાળા નથી. છતાં ભગવાન તો દયાળુ છે. કોઇ પણ ભક્તજન સેવા કરે તો તેને રાજી કરવા સ્વીકારે છે. ખરી રીતે ભક્તજન જે જે કાંઈ ભગવાનને શ્રીચરણે સમર્પણ કરે છે તે તો સરવાળે પોતાને જ ફળે છે. દર્પણમાં રહેલા મુખને સુંદર બનાવવાથી, મુખ સ્વયં સુંદર બને છે તે જ રીતે ભગવાનને જે જે ઉપચારોથી સેવે છે તે સર્વ પોતાને જ ફલિત થવાના છે. (૧૧)

तस्मादहं विगतविक्लव ईश्वरस्य सर्वात्मना महि गृणामि यथामनीषम् ।
नीचोऽजया गुणविसर्ग मनुप्रविष्टः पूयेत येन हि पुमाननुवर्णितेन ॥ १२ ॥

હે નાથ ! માટે હું આપના ગુણો ગાઈ શકીશ કે કેમ આવી મનોવ્યથાને મૂકી દઈને મારી બુદ્ધિને અનુસરીને આપ સમર્થ શ્રીહરિના મહિમાનું સર્વાત્મભાવથી ગાન કરીશ. હે નાથ ! ભલેને માયાએ ત્રણ ગુણવાળા સંસારમાં જીવને પરોવેલો હોય તેવો નીચ-ક્ષુદ્ર પણ જીવ આપના મહિમાનું ગાન કરતાં પવિત્ર થઈ જાય છે ૧૨.

सर्वे ह्यमी विधिकरास्तव सत्त्वधाम्नो ब्रह्मादयो वयमिवेश न चोद्विजन्तः ।
क्षेमाय भूतय चास्य उतात्मसुखाय चास्य विक्रीडितं भगवतो रुचिरावतारैः ॥ १३ ॥

હે નાથ ! સત્ત્વ ગુણમાં સદાય બિરાજતા બ્રહ્માદિ દેવો તે સદાય આપનાથી ભય પામતા આપની આજ્ઞાનું પાલન કરે છે. એ અમારી માફક આપનો વિરોધ કરનારા નથી હોતા. હે નૃસિંહ ! વિવિધ પ્રકારના ભગવાનના રુચિકર અવતારોથી થતી આપની લીલાઓ આ વિશ્વના કલ્યાણ માટે, ઐશ્વર્ય માટે અને આત્મસુખ માટે છે. (૧૩)

तद् यच्छ मन्युमसुरश्च हतस्त्वयाद्य मोदेत साधुरपि वृश्चिकसर्पहत्या ।
लोकाश्च निर्वृतिमिताः प्रतियान्ति सर्वे रुपं नृसिंह विभयाय जनाः स्मरन्ति ॥ १४ ॥

હે ભગવન્ ! આપ ક્રોધ ઉપર સંયમ કરો એવું નમ્ર નિવેદન છે. આજે હવે આ અસુરનો નાશ પણ કરી દીધો છે. પ્રભો ! સાધુજન પણ સર્પ કે વીંછી મારવાથી પ્રસન્ન થાય છે. સંતોનું માનવું છે કે એવી એક વેર ઝેર ભરેલી યોનિ ઓછી થઈ. ચૌદ લોકોએ ઘણી શાંતિનો શ્વાસ લીધો છે. હે નૃસિંહ ! નિર્ભય થવા માટે ભક્તજનો આપનું સ્મરણ કરે છે. (૧૪)

नाहं बिभेम्यजित तेऽतिभयानकास्यजिहवार्कनेत्रभ्रुकुटीरभसोग्रदंष्ट्रात् ।
आन्त्रस्रजः क्षतजकेसरशङ्कुकर्णान्निर्ह्रादभीतदिगिभादरिभिन्नखाग्रात् ॥ १५ ॥

હે અજિત ! આપના અત્યંત ભયાનક મુખ-જિહ્વા-લાલચોળ નેત્ર-વાંકી ભ્રુકુટિ કે ધારદાર તીક્ષ્ણ દાઢોથી જરાય ડરતો નથી, તેમજ આંતરડાની માળાથી, રુધિરથી છંટકાયેલી કેશવાળીથી, ઊભા તીક્ષ્ણ કાનથી, દિગ્ગજોને પણ ડરાવતા સિંહનાદથી, શત્રુઓને ચીરી નાખનારા તીક્ષ્ણ નખોથી પણ જરાય ભય પામતો નથી. (૧૫)

त्रस्तोऽस्म्यहं कृपणवत्सल दुःसहोग्रसंसारचक्रकदनाद्ग्रसतां प्रणीतः ।
बद्धः स्वकर्मभिरुशत्तम तेंऽघ्रिमूलं प्रीतोऽपवर्गमरणं ह्वयसे कदा नु ॥ १६ ॥

હે કૃપણવત્સલ ! હે દીનદયાલ ! જો મને કોઈ પણ ભય હોય તો માત્ર એ જ છે કે ના વેઠાય એવી અત્યંત ભયાનક આ સંસાર નામની ચક્કીમાં, ઘંટીમાં પીસાતા દાણાની માફક હું પણ મારા કર્મનાં બંધનોથી પીસાઈ રહ્યો છું. આ પ્રસંગે હે સુંદરવર નાથ ! આપ પ્રસન્ન થઈ મુક્તજનોને પણ શરણ સ્વરૂપ આપના શ્રીચરણમાં મને ક્યારે બોલાવશો ? ૧૬.

यस्मात् प्रियाप्रियवियोगसयोगजन्मशोकाग्निना सकलयोनिषु दह्यमानः ।
दुःखौषधं तदपि दुःखमतद्धियाहं भूमन्भ्रमामि वद मे तव दास्ययोगम् ॥ १७ ॥

હે ભૂમન્ ! હે સર્વોત્તમ ! આ સંસારમાં પ્રિયવિયોગ અને અપ્રિય સંયોગના કારણે થતા શોક અગ્નિથી સકલ યોનિમાં સર્વનું જીવન બળે છે જ. દુઃખને દૂર કરવાનું ઔષધ ઉપાય એ પણ દુઃખરૂપ જ છે. હવે થાક્યો છું. નાથ ! આપ મને હવે દાસભાવનું દાન કરો એ એક જ વિનંતિ છે. (૧૭)

सोऽहं प्रियस्य सुहृदः परदेवताया लीलाकथास्तव नृसिंह विरञ्च्यगीताः ।
अञ्जस्तितर्म्यानुगृणन्गुणविप्रमुक्तो दुर्गाणि ते पदयुगालयहंससङ्गः ॥ १८ ॥

હે નાથ ! હે નૃસિંહ ! એક ઉપાય નજરમાં આવ્યો છે કે આપના ચરણકમલમાં સદા વસતા પરમ ભગવદીય જનોનો સંગી બનીને હું પ્રિયતમ, પ્રાણીમાત્રના મિત્ર, સર્વથી પર પરમેશ્વરની બ્રહ્માદિ દેવોએ ગાયેલી લીલાઓ અને કથાઓનું નિત્ય ગાન કરીશ અને સહેલાઈથી ત્રણ ગુણોથી મુક્ત બની દુઃખોને તેમજ આપના શ્રીચરણે સન્મુખ આવતાં નડતાં વિઘ્નોને તરી જઈશ (૧૮)

बालस्य नेह शरणं पितरौ नृसिंह नार्तस्य चागदमुदन्वति मज्जतो नौः ।
तप्तस्य तत्प्रतिविधिर्य इहाञ्जसेष्टस्तावद् विभो तनुभृतां त्वदुपेक्षितानाम् ॥ १९ ॥

હે નૃસિંહ ! આપે જેની ઉપેક્ષા કરી છે, આપે જેને પડતા મૂક્યા છે તેવા બાળકોની માબાપ રક્ષા કરી શકતાં નથી. રોગીને ઔષધ બચાવી શકતું નથી. સાગરમાં ડૂબતાને નાવ બચાવી શકતી નથી. અરે નાથ ! સંસારતાપથી તપેલાના તાપને દૂર કરવાના ઉપાયો બતાવ્યા છે તે પણ આપની કૃપા વિનાના વ્યર્થ છે. (૧૯)

यस्मिन् यतो यर्हि येन च यस्य यस्माद्यस्मै यथा यदुत यस्त्वपरः परो वा ।
भावः करोति विकरोति पृथक्स्वभावः संचोदितस्तदखिलंभवतः स्वरुपम् ॥ २० ॥

શ્રી પ્રહ્લાદજી સાતે વિભક્તિઓ દ્વારા ભગવાન જ વર્ણવાય છે એવું સમજી ભગવાનની સ્તુતિ કરતાં બોલ્યા, यस्मिन' જે સ્થાનમાં રક્ષા થાય છે, यतः' જે નિમિત્તથી રક્ષા થાય છે, यर्हि' જેકાલમાં રક્ષા થાય છે, येन' જે સાધનથી રક્ષા થાય છે, यस्य' જે સંબંધી રક્ષા થાય છે, यस्मात्' જે વ્યક્તિથી રક્ષા થાય છે. यस्मै' જેને માટે રક્ષા થાય છે, यद्त' અથવા તો 'યઃ' જે હાલ જન્મ આપનાર રક્ષા કરે છે અથવા अपरः' પૂર્વમાં થયેલ બ્રહ્મા વગેરે રક્ષા કરે છે. भाव' અથવા કોઈ સ્વરૂપ લઈ રક્ષા કરે છે. અથવા સત્ત્વ વગેરે જુદા જુદા સ્વભાવવાળો રક્ષા કરે છે અથવા કોઈથી सचोदितः' પ્રેરાઈને करोति' રક્ષા કરે છે, विकरोति' અથવા રક્ષાદિથી વિપરીત મૃત્યુ વગેરે જે કંઈ કરે છે કે રૂપાંતર કરે છે તે अखिलं भवतः स्वरुपम' સર્વ હે નૃસિંહ આપનું જ સ્વરૂપ છે માટે આપ જ સાચા રક્ષક છો તો લૈકિક અલૌકિક બન્ને પ્રકારે મારી રક્ષા કરો. (૨૦)

माया मनः सृजति कर्ममयं बलीयः कालेन नोदितगुणानुमतेन पुंसः ।
छन्दोमयं यदजयार्पितषोऽशारं संसारचक्रमज कोऽतितरेत्त्वदन्यः ॥ २१ ॥

આપના અનુમોદન પામેલા કાલથી વિકાર પામેલા ગુણોવાળી માયા આપના અંશરૂપ પુરુષની દૃષ્ટિ પડવાની સહાયથી બળવાન કર્મમય વેદોમાં કહેલા કર્મને કરનાર અવિદ્યાથી સોળ વિકરવાળા મન મુખ્ય છે એવા લિંગ દેહને-સૂક્ષ્મ દેહને ઉત્પન્ન કરે છે. હે અજ ! આવા સંસારચક્રસ્વરૂપને કે મન, જેમાં મુખ્ય છે એવા લિંગ દેહને આપના વિના અન્ય કોણ તરી શકે ? શ્રી પ્રહલાદજી લિંગશરીરમાંથી ભગવતકૃપા વિના ન છૂટી શકાય એ વસ્તુની સ્પષ્ટતા કરતા કહી રહ્યા છે કે ભગવાનના જ અંશ ગણાતા પુરુષની અનુમતિથી કાલે ગુણોમાં ક્ષોભ પેદા કર્યો ત્યારે માયાએ મનઃ જેમાં મુખ્ય છે એવા લિંગ શરીરની રચના કરી. આ લિંગ શરીર બલવાન, કર્મમય અનેક નામ-રૂપોમાં આસક્ત છે. સ્વયં સ્વચ્છન્દ છે. આ લિંગ દેહ અવિદ્યા દ્વારા કલ્પેલા, મન-દશ ઈન્દ્રિયો અને પંચતન્માત્રાના બનેલા સોળ વિકાર નામના સોળ આરાવાળું છે આ સોળ વિકારના આરાવાળું લિંગ શરીરજ સંસાર નામનું ચક્ર છે. હે અજન્માનાથ હે શ્રીકૃષ્ણ ! આપનાથી અલગ રહીને એવો કયો પુરુપ છે કે આ મનસ્વરૂપ સંસાર ચક્રને પાર કરી શકે ? (૨૧)

स त्वं हि नित्यविजितात्मगुणः स्वधाम्ना कालो वशीकृतविसृज्यविसंगशक्तिः ।
चक्रे विसृष्टमजयेश्वर षोऽशारे निष्पीड्यमानमुपकर्ष विभो प्रपन्नम् ॥ २२ ॥

હે નૃસિંહ ! આપ સ્વયં કાળસ્વરૂપ છો અથવા કાલ આપનું સ્વરૂપ છે. હે ભગવન્ ! આપ તો પોતાના પ્રકાશથી નિત્ય બુદ્ધિના ગુણોને વશ કરનારા, તેમજ સર્જેલી અને સર્જવાની સર્વ જીવશક્તિઓને વશ કરનારા કાલસ્વરૂપ આપ જ છો. હે નાથ ! માયાએ સોળ આરાવાળા કાળચક્રમાં મને નાંખ્યો છે. હું તેમાં પીલાઈ રહ્યો છું હવે આપે શરણે આવ્યો છું. આપ એક જ સમર્થ છો કે મને તેમાંથી બચાવી શકશો. તો હે નૃસિંહ ! શરણાગત મને આપ આપને ચરણે સ્વીકારી લો અથવા માયાના ચક્રમાંથી ખેંચી લો. (૨૨)

दृष्टा मया दिवि विभोऽखिलधिष्ण्यपानामायुः श्रियो विभव इच्छति याञ्जनोऽयम् ।
येऽस्मत्पितुः कुपितहासविजृम्भितभ्रूविस्फूर्जितेन लुलिताः स तु ते निरस्तः ॥२३॥

હે નાથ ! હે વિભો ! સર્વ લોકો જેની ઈચ્છા કરે છે તેવી સ્વર્ગાદિ સર્વ લોકોની-લોકપાલોની લક્ષ્મી, તેમનાં આયુષ્ય

તેમજ તેમના વૈભવો મેં નજરે નિહાળ્યા. આ બધા વૈભવો તો મારા પિતાએ ક્રોધભર્યા હાસ્યથી ચઢાવેલી ભ્રૂકૂટિના માત્ર ચલાવાથી જ મેળવ્યા હતા, છીનવી લીધા હતા. નાથ ! આવી સમ્પત્તિને મેળવનાર મારા પિતાનો પળવારમાં આપે નાશ કર્યો તો તે વૈભવોની તો કિંમત શી ? (૨૩)

तस्मादभूस्तनुभृतामहमाशिषो ज्ञा आयुः श्रियं विभवमैन्द्रियमाविरञ्च्यात् ।
नेच्छामि ते विलुलितानुरुविक्रमेण कालात्मनोपनय मां निजभृत्यपार्श्वम् ॥ २४ ॥

હે ભગવન્ ! માટે મનુષ્યથી આરંભી બ્રહ્માજીના લોકની લક્ષ્મી, આયુષ્ય, વૈભવો, ઈન્દ્રિયસુખો વગેરે વિનાશશીલ છે તેમજ તેના પરિણામને પણ હું જાણું છું. સમર્થ પરાક્રમવાળા આપના કાલસ્વરૂપથી તે અંતે નાશ પામવાના જ છે, તેથી તેની ઈચ્છા કરતો જ નથી. હું તો ચાહું છું કે મને તો આપના ચરણકમલના દાસજન પાસે લઈ જાવ. (૨૪)

कुत्राशिषः श्रुतिसुखा मृगतृष्णिरुपाः क्वेदं कलेवरमशेषरुजां विरोहः ।
निर्विद्यते न तु जनो यदपीति विद्वान्कामानलं मधुलवैः शमयन् दुरापैः ॥ २५ ॥

સાંભળવામાં કર્ણપ્રિય પણ પરિણામે અપ્રિય કરનારા કાનના લહાવા મનાતા મૃગતૃષ્ણા સમા આ વિષયો ક્યાં ? અને તેને ભોગવનાર સર્વ રોગોનું ઘર માનવના જીવનને ગળી જનાર આ કલેવર ક્યાં ? આ વસ્તુ મનુષ્ય જાણે છે છતાં તેને ભોગમાંથી વૈરાગ્ય થતો નથી પરંતુ પુષ્કળ પરિશ્રમ કરીને મેળવેલા તદ્દન તુચ્છ વિષયસુખનાં મધુબિન્દુથી કામાગ્નિને શાંત કરતો તેનાં તે જ કામસુખોની કામના કર્યા જ કરે છે. (૨૫)

क्वाहं रजःप्रभव ईश तमोऽधिकेऽस्मिन्जातः सुरेतरकुले क्व तवानुकम्पा ।
न ब्रह्मणो न तु भवस्य न वै रमाया यन्मेऽर्पितः शिरसि पद्मकरः प्रमादः ॥ २६ ॥

હે પરમેશ ! અધિક તમોગુણવાળા અસુર કુલમાં જન્મેલ હું ક્યાં ? અને દેવોને પણ દુર્લભ આપની મારા જેવા ઉપર કૃપા ક્યાં ? કૃપાનાથ ! બ્રહ્માજી-શિવજી કે શ્રી રમાદેવજીના પણ આ મસ્તક ઉપર ન પધરાવેલ કમલસુકોમલ કરકમલ મારા મસ્તક ઉપર પધરાવ્યો એ જ આપનો અનુગ્રહ પ્રસાદ છે . (૨૬)

नैषा परावरमतिर्भवतो ननु स्याज्जन्तोर्यथाऽऽत्मसुहृदो जगतस्तथापि ।
संसेवया सुरतरोरिव ते प्रसादः सेवानुरुपमुदयो न परावरत्वम् ॥ २७ ॥

આ પર-પારકો અને આ મારો છે એવી વિષમ મતિ હે ભગવન્ ! આપને માટે ન સંભવે. એવી તો ક્ષુદ્રજંતુને ભેદબુદ્ધિ હોય. આપ તો જીવ-જન્તુ અને જગતના આપ્તજન છો, સુહૃદ છો, આમ છતાં સેવા કરનાર માટે આપની કૃપા કલ્પતરુ જેવી છે. કારણ કે મનુષ્યનો ઉત્કર્ષ પોતાના સેવા પ્રમાણમાં હોય છે એમાં પારકા પોતાનાનો કોઈ પક્ષપાત નથી. કેવલ સેવા કરનારાના સંકલ્પો ફળ્યા છે તેથી અધિક કલ્પતરુએ કાંઈ નથી કર્યું. (૨૭)

एवं जनं निपतितं प्रभवान्धकूपे कामाभिकाममनु यः प्रपतन्प्रसङ्गात् ।
कृत्वाऽऽत्मसात्सुरर्षिणा भगवन्गृहीतः सोऽहं कथं नु विसृजे तव भृत्यसेवाम् ॥ २८ ॥

હે ભગવન્ ! આપે મારા ઉપર દયા કરી એ પ્રમાણે સંસારરૂપી અંધારા કૂવામાં પડેલા અને ઉત્તરોત્તર કામલાલસા સેવતા વિષયી પુરુષના પ્રસંગથી વિષયમાં પડતા મને દેવર્ષિ નારદે પોતાનો કરીને માન્યો છે. આવી કૃપાનો અનુભવ કર્યા પછી હું આપના સેવકની સેવાને કેવી રીતે છોડી શકું ! (૨૮)

मत्प्राणरक्षणमनन्तपितुर्वधश्च मन्ये स्वभृत्यऋषिवाक्यमृतं विधातुम् ।
खड्गं प्रगृह्य यदवोचदसद्विधित्सुस्त्वामीश्वरो मदपरोऽवतु कं हरामि ॥ २९ ॥

હે અનન્ત ! આપે મારા પ્રાણની રક્ષા કરી અને મારા પિતાનો વધ કર્યો એ તો નિજ ભક્તજનોનાં અને ઋષિઓનાં વચન સત્ય કરવા માટે આપે કરેલ છે એમ મારું માનવું છે. વેદવાક્યો અસત્ છે એમ બતાવવા ચાહતા મારા પિતાજી હાથમાં તલવાર લઈ બોલ્યા કે મારા વિના તારો ઈશ્વર બીજો હોય તો ભલે આવી રક્ષણ કરે, બાકી હું તારું માથું ઉડાવી દઈશ.

આવું કહ્યું તેથી ભક્તને અભય આપવા આપ પ્રકટ થયા. (૨૯)

एकस्त्वमेव जगतदेवदमुष्य यत्त्वमाद्यन्तयोः पृथगवस्यसि मध्यतश्च ।
सृष्ट्वा गुणव्यतिकरं निजमाययेदं नानेव तैरवसितस्तदनुप्रविष्टः ॥ ३० ॥

આ સર્વ જગતરૂપે આપ એક છો કેમકે જગતના આદિ અંતમાં આપ સત્‌રૂપે, કારણરૂપે અવધિરૂપે જગતથી જુદા આપ જ બાકી રહો છો અને તેથી જ પ્રત્યાહારન્યાયે* મધ્યમાં પણ આપ છો જ. આપ જ આપની માયાના ગુણોથી આ જગતને ઉત્પન્ન કરી પછી તેમાં આપ પ્રવેશ કરો છો તેથી જ જુદા વિરુદ્ધધર્મ સમાશ્રયી છો . (૩૦)

त्वं वा इदं सदसदीश भवांस्ततोऽन्यो माया यदात्मपरबुद्धिरियं ह्यपार्था ।
यद्यस्य जन्म निधनं स्थितिरीक्षणं च तद्वै तदेव वसुकालवदष्टितर्वोः ॥ ३१ ॥

સદ્ અને અસદ્રૂપ આ જગત છે તે હે ઈશ ! આપનું જ સ્વરૂપ છે. આમ છતાં આપ તે જગતથી જુદા છો. હવે જો જગત આપનું સ્વરૂપ છે તો આ પોતાનો અને આ પારકો એવી બુદ્ધિ થવી તે માયા ખોટી છે. હવે જગત ભગવાનનું રૂપ કેવી રીતે છે તે સમજાવે છે કે જે પદાર્થ જે વસ્તુ જેમાંથી જન્મે અને પ્રકાશે તેમજ જેમાં તે વસ્તુનો નાશ અને તે વસ્તુની સ્થિતિ હોય છે તેથી તે વસ્તુ તે સ્વરૂપ મનાય. જેમ માટીમાંથી ઘડો જન્મ્યો દેખાયો, માટીમાં જ રહ્યો અને સમાયો તેથી ઘડો માટીરૂપ જ ગણાય. જેમ પૃથ્વીમાંથી થતું બીજ પૃથ્વીમય છે પછી બીજમાં પ્રકાશરૂપ વૃક્ષ થાય છે. પછી તેનો નાશ પૃથ્વીમય થાય છે. તે એક પૃથ્વીરૂપ છે તેમ આ બધું આપથી થાય છે તેથી આ સર્વ ભગવદરૂપ છે. (૩૧)

न्यस्येदमात्मनि जगद् विलयाम्बुमध्ये शेषेऽऽत्मना निजसुखानुभवो निरीहः ।
योगेन मीलितदृगात्मनिपीतनिद्रस्तुर्ये स्थितो न तु तमो न गुणांश्च युङ्क्षे ॥ ३२ ॥

આ જંગતને આપ આત્મામાં ધારણ કરી પ્રલયના જળમાં શેષની શય્યામાં પોઢો છો ત્યારે યોગશક્તિથી નેત્રો મીંચી આત્મસ્વરૂપના પ્રકાશથી નિદ્રાને જીતીને જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિથી પર તુરીયાવસ્થા એટલે ચતુર્થ અવસ્થામાં સ્થિતિ કરો છો પરંતુ તુરીય સ્થિતિમાં પણ સુષુપ્તિની જેમ અજ્ઞાનનો કે જાગ્રત સ્વપ્નની જેમ ગુણોનો સ્વીકાર કરતા નથી ૩૨.

तस्यैव ते वपुरिदं निजकालशक्त्यां सनोदितप्रकृतिधर्मण आत्मगूढम् ।
अम्भस्यनन्तशयनाद्विरमत्समाधेर्नाभेरभूत् स्वकणिकावटवन्महाब्जम् ॥ ३३ ॥

પોતાની કાલશક્તિથી પ્રકૃતિના ધર્મોને પ્રેરનાર આપનું શ્રીઅંગ આ બધું જગત છે તે આપ પ્રલયના જળમાં અનંતની શય્યામાંથી સમાધિને ત્યજી દઈને જ્યારે ઊભા થયા ત્યારે તેમાંથી વૃક્ષના બીજમાંથી વટવૃક્ષ થાય તેમ આપની એ શ્રી નાભિમાંથી એક વિશાળ કમલ થયું તે પણ આપનામાં ગુપ્ત રહેલું હતું. (૩૩)

तत्सम्भवः कविरतोऽन्यदपश्यमानस्त्वां बीजमात्मनि ततं स्वबहिर्विचिन्त्य ।
नाविन्ददब्दशतमप्सु निभज्ञ्जनानो जातेऽङ्कुरे कथमु होपलभेत बीजम् ॥ ३४ ॥

આ કમળમાંથી બ્રહ્માજી ઉત્પન્ન થયા પછી બ્રહ્માજીએ ચારે બાજુ નિહાળ્યું તો કાંઈ પોતાનું કારણ નહિ જોયું ત્યારે જે કમળમાં તે બેઠા છે તેની નાળમાં સો વર્ષ સુધી જલમાં નીચે જતાં પણ કાંઈ જોયું નહીં. કારણ બીજ અંકુર રૂપે બને છે પછી બીજ ક્યાંથી જોવા મળે. (૩૪)

स त्वात्मयोनिरतिविस्मित आस्थितोऽब्जं कालेन तीव्रतपसा परिशुद्धभावः ।
त्वामात्वनीश भुवि गन्धमिवातिसूक्ष्मं भूतेन्द्रियाशयमये विततं ददर्श ॥ ३५ ॥

---

* "પ્રત્યોહાર"-શબ્દ પાણિનિમુનિના વ્યાકરણનો છે બે સૂત્ર છે. अइउण्-क्लृक् આ બે સૂત્રોમાં પ્રથમ અક્ષર अ અને અંતિમ અક્ષર क् છે હવે अक् બોલીએ એટલે अ અને મધ્યના इ उ ऋ लृ વગેરે બધા જ આવી જાય તેવી રીતે આદિમાં ભગવાન અંતે અંતમાં ભગવાન છે તો મધ્યમાં દેખાતું આ વિશ્વ છે તે પણ ભગવાન છે એમ સમજવું, તેનું નામ પ્રત્યાહારન્યાય.

જ્યારે કંઈ પણ જોવા ન મળ્યું ત્યારે બ્રહ્માજી અત્યંત વિસ્મય પામ્યા અને કમળમાં બેસી તીવ્ર તપ કરવા લાગ્યા તેથી કાલે કરી તેમનો ભાવ શુદ્ધ થયો ત્યારે પૃથ્વીમાં ગંધની જેમ આપને સર્વભૂતાત્મક વિરાટ સ્વરૂપમાં વ્યાપ્ત જોયા (૩૫).

एवं सहस्त्रवदनाङ्घ्रिशिरः करोरुनासास्यकर्णनयनाभरणायुधाढ्यम् ।
मायामयं सदुपलक्षबसन्निवेशं दृष्ट्वा महापुरुषमाप मुदं विरिञ्चः ।। ३६ ।।

ત્યારબાદ બ્રહ્માજીએ પુનઃ તપ કર્યું ત્યારે સહસ્ત્ર મુખ, સહસ્ત્ર મસ્તક, સહસ્ત્ર હસ્ત, ઉર, નાસિકા, કર્ણ, નેત્ર, આભૂષણો અને અનંત આયુધવાળા અને લોકો સ્પષ્ટ જોઈ શકે તેવા અવયવો દેખાવા લાગ્યા. આ વખતે અત્યંત માયા શક્તિવાળા મહાપુરુષ ભગવાનને જોઈને બ્રહ્માજી આનંદ પામ્યા (૩૬).

तस्मै भवान्हयशिरस्तुनुवं च बिभ्रद् वेददुहावतिबलौ मधुकैटभाख्यौ ।
हत्वाऽऽनयच्छ्रुतिगणांस्तु रजस्तमस्तु सत्त्वं तव प्रियतमां तनुमामनन्ति ।। ३७ ।।

નાથ ! તે સમયે શ્રી બ્રહ્માજીને માટે આપે હયગ્રીવ સ્વરૂપ ધારણ કર્યું. આપે આ સ્વરૂપે રજસ્તમોરૂપ મહાબળવાળા મધુકૈટભ નામના બે દૈત્યોને મારી તેની પાસેથી વેદોને લાવીને શ્રી બ્રહ્માજીને આપ્યા. આ હયગ્રીવ સ્વરૂપ આપની સત્ત્વમયી પ્રિય તનુ છે એમ વેદો કહે છે. (૩૭)

इत्थं नृतिर्यगृषिदेवझषावतारैर्लोकान्विभावयसि हंसि जगत्प्रतीपान् ।
धर्मं महापुरुष पासि युगानुवृत्तं छन्नः कलौ यदभवस्त्रियुगोऽथ स त्वम् ।। ३८ ।।

હે મહાપુરુષ ! આપે આ પ્રમાણે મનુષ્ય-પશુ-પક્ષી-ઋષિ-દેવ તથા મત્સ્યના અવતારો ધારણ કરીને લોકોની રક્ષા કરી છે અને જગતનું પ્રતિકૂલ કરનાર અવળે રસ્તે જનારા પાપી લોકોનો નાશ કર્યો છે. આપે પરંપરાથી ચાલી આવતા ધર્મનું પાલન કર્યું છે, પરંતુ કલિમાં અવતાર ન લેતાં ગુપ્ત રહો છો તેથી આપને 'ત્રિયુગ' એવા નામથી સર્વ વેદો વર્ણવે છે. (૩૮)

नैतन्मनस्तव कथासु विकुण्ठनाथ सम्प्रीयते दुरितदुष्टमसाधु तीव्रम् ।
कामातुरं हर्षशोकभयैषणार्तं तस्मिन्कथं तव गतिं विमृशामि दीनः ।। ३९ ।।

હે વૈકુંઠનાથ ! મારા મનની મુશ્કેલીઓ સાંભળો : (૧) दुरितम् દુર્માર્ગે જનારું પાપોથી ભરેલું છે, (૨) दुष्टम् દોષોથી ભરેલું-દોષદર્શી છે, (૩) असाधु - કુટિલ છે, સરલ નથી, (૪) तीव्रम् ખૂબ જ રખડેલ છે, બહિર્મુખ છે, (૫) कामातुरम् કામી છે, લાલચુ છે, (૬) हर्षांतुरम् અછકલું છે-જરા જોતાં ધન-માન મળે તો છલકાઈ જાય છે, (૭) शोकातुरम् દુર્બળ છે, જરા સરખું દુઃખ પડે તો શોકમાં ડુબી જાય છે, (૮) भयातुरम् ભયભીત છે-ભગવાનમાં વિશ્વાસ વિનાનું હોવાથી ભયભીત રહેનારું છે. (૯) एषणार्तम् અનેક પ્રકારની ઈચ્છાઓથી ભરેલું છે. હે નાથ આવા નવ પ્રકારના સ્વભાવ વાળા મનથી. પીડિત એવો હું છું, આપની પાસે આવ્યો છું, નાથ ! મારું આ મન આપની કથાઓમાં રસ લઈ પ્રસન્ન થતું નથી તેથી હું દીન આપની ગતિનો, આપના સ્વરૂપનો મારા મનમાં કેવી રીતે વિચાર કરી શકું ! (૩૯)

जिह्वैकतोऽच्युत विकर्षति मावितृप्ता शिश्नोऽन्यतस्त्वगुदरं श्रवणं कुतश्चित् ।
ध्राणोऽन्यतश्चपलदृक् क्व च कर्मशक्तिबह्व्यः सपत्न्य इव गेहपतिं लुनन्ति ।। ४० ।।

હે અચ્યુત ! તૃપ્તિ ન પામતી જિહ્વા એક તરફથી મને ખેંચે છે. બીજી તરફથી કામાતુર ગુહ્ય ઈન્દ્રિય મને ખેંચે છે. ત્વચા ઈન્દ્રિય સ્પર્શસુખ માટે બીજી તરફથી ખેંચે છે જ્યારે આ ઉદર આહાર માટે અન્ય દિશામાં ખેંચે છે. ત્યારે વળી કંઈક શ્રવણ લાલસાવાળી શ્રવણેન્દ્રિય ખેંચે છે, ત્યાં ઘ્રાણેન્દ્રિય સુગંધ લેવા માટે ખેંચે છે, ચપળ નેત્ર સુંદર દૃશ્યો તરફ દોરે છે આમ સર્વ કર્મેન્દ્રિયો પોતપોતાના વિષય તરફ મને ખેંચી રહી છે. મારી તો અનેક સ્ત્રીવાળા પુરુષના જેવી કફોડી દશા થઈ છે. (૪૦)

एवं स्वकर्मपतितं भववैतरण्यामन्योन्यजन्ममरणाशनभीतभीतम्। पश्यञ्जनं स्वपरविग्रहवैरमैत्र हन्तेति पारचर पीपृहि मूढमद्य ॥४१॥

હે ભગવન્ ! આ કાંઈ મારી એકલાની આ દશા નથી પરંતુ સમસ્ત જન દુઃખી છે, તેથી આપ સર્વની રક્ષાકરો એવી વિનંતિ કરતાં પ્રહ્લાદજી નિવેદન કરે છે કે નાથ ! પ્રત્યેક માનવ પોતાના કર્મથી સંસાર નામની વૈતરણી નદીમાં પડેલો છે તેમાં વળી કુટુંબ પરિવારમાં એકબીજાના જન્મ-મરણ-ભૂખ-તરસ અને ભયથી ભયભીત થતો પોતાના સ્વાર્થ માટે યુદ્ધ, વૈર અને મૈત્રી કરે છે તેથી હે મુક્ત પ્રભો ! આવા મૂઢ મનુષ્ય ઉપર કૃપા કરીને સંસાર નામની વૈતરણી નદીમાંથી બહાર કાઢી અને મારી રક્ષા કરો. (૪૧)

को न्वत्र तेऽखिलगुरो भगवन्प्रयास उत्तारणेऽस्य भवसम्भवलोपहेतोः ।
मूढेषु वै महदनुग्रह आर्त्तबन्धो किं तेन ते प्रियजनाननुसेवतां नः ॥ ४२ ॥

હે કૃપાસિંધુ ! આપ એમ કહેશો કે આ બધાંને નદીમાંથી બહાર કાઢવાં અત્યંત કઠિન છે તો નાથ ! એવું ન બોલો ! આપ અખિલ વિશ્વના ગુરુ છો. આપને સર્વનો ઉદ્ધાર કરતાં કાંઈ પણ મુશ્કેલી નથી કારણ કે આપે ઉત્પન્ન કર્યા છે, આપ રક્ષા કરો છો અને આપના સ્વરૂપમાં લય કરો છો. તો હે આર્તબંધો ! મૂઢ જનના ઉપર અનુગ્રહ કરવો એમાં જ વડાઈ છે તો પછી અમે તો ભક્તજનો છીએ, આપની સેવા કરનારા છીએ, અમારો ઉદ્ધાર કરવો એમાં તો શું નવાઈ ! (૪૨)

नैवोद्विजे पर दुरत्ययवैतरण्यास्त्वद्वीर्यगायनमहामृतमग्नचित्तः ।
शोचे ततो विमुखचेतस इन्द्रियार्थमायासुखाय भरमुद्वहतो विमूढान् ॥ ४३ ॥

હે ભગવન્ ! હવે હું દુસ્તર ભવવૈતરણીથી પણ ગભરાતો નથી. હું તો આપની અમીમય ગુણગાથા સરિતામાં ડૂબેલો છું. ચિંતા મને તેની છે નાથ કે જેમનું મન આપની કથાથી વિમુખ છે અને જેઓ મિથ્યા ઈન્દ્રિયોના સુખને માટે કુટુંબનો ભાર વહ્યાં કરે છે તેવા મૂઢ લોકોનો શોક કરું છું. (૪૩)

प्रायेण देव मुनयः स्वविमुक्तिकामा मौनं चरन्ति विजने न परार्थनिष्ठाः ।
नैतान्विहाय कृपणान् विमुमुक्ष एको नान्यं त्वदस्य शरणं भ्रमतोऽनुपश्ये ॥ ४४ ॥

હે દેવ ! કદાચ આપ કહો કે તું મુક્ત થઈ જા. તારે બીજાની શી ચિંતા. તેમને તો તત્ત્વજ્ઞ મુનિઓ ઉપદેશ આપશે તો નાથ, એના ઉત્તરમાં કહેવાનું કે મહારાજ ! મુનિવરો તો ઘણું કરી પોતાની મુક્તિની કામનાથી વિજન વનમાં મૌન સેવી તપશ્ચર્યા કરી રહ્યા છે. બીજાનું કાર્ય સિદ્ધ કરવામાં તત્પર નથી. માટે હું આ કૃપણ લોકોને છોડીને કેવલ મારી મુક્તિની કામનાવાળો નથી. નાથ એ પણ નક્કી છે કે ભવાટવીમાં ભટકતા લોકોને આપના વિના અન્ય કોઈનો આશ્રય નથી. (૪૪)

यन्मैथुनादि गृहमेधिसुखं हि तुच्छं कण्डूयनेन करयोरिव दुःखदुःखम् ।
तृप्यन्ति नेह कृपणा बहुदुःखभाजः कण्डूतिवन्मनसिजं विषहेत धीरः ॥ ४५ ॥

ભગવન્ ! આ સંસારમાં સ્ત્રીપુરુષના તુચ્છ વિષયસુખનો કદી અંત આવતો નથી. તેમજ તૃપ્તિ પણ થતી નથી. આ માટે તો હાથમાં આવતી ચળને ખંજવાળતાં એક દુઃખ મટાડતાં બીજું દુઃખ ઉત્પન્ન થાય છે. એવું જ આ સંસારના રતિસુખ માટે છે. આ દુઃખથી કૃપણો બહુ દુઃખ ભોગવે છે છતાં સંસારના વિષયસુખથી ધરાતા નથી. કોઈ એક જ મનુષ્ય ધૈર્યવાળો નીકળે કે જે આપની કૃપાવાળો હોય તે વિષયસુખને પણ ખંજવાળની માફક વેઠી લે. (૪૫)

मौनव्रतश्रुततपोऽध्ययनस्वधर्म व्याख्यारहो जपसमाधय आपवर्ग्याः ।
प्रायः परं पुरुष ते त्वजितेन्द्रियाणां वार्ता भवन्त्युत न वात्र तु दाम्भिकानाम् ॥ ४६ ॥

હે નાથ ! કદાચ આપ એમ કહેશો કે ૧.મૌન, ૨.ચાન્દ્રયણાદિવ્રત, ૩.શાસ્ત્રચિંતન, ૪.તપશ્ચર્યા, ૫.અધ્યયન, ૬સ્વધર્માચરણ, ૭.વ્યાખ્યાનશ્રવણ, ૯.જપ, તથા ૧૦.સમાધિ આ જે મોક્ષનાં દશ શાધન છે તેનું સેવન કરો તો નાથ એટલું જ કહેવાનું કે ઘણું કરીને ઈન્દ્રિયવશ જીવીને આજીવિકામાં સાધનો બને અને દાંભિક મનુષ્યોને તો તે

ઉદરપોષણનું સાધન બને કે ન પણ બને પરંતુ તે મોક્ષમાં મદદગાર ભાગ્યે જ થાય છે. (૪૬)

रूपे इमे सदसती तव वेदसृष्टे बीजांकुराविव न चान्यदरूपकस्य ।
युक्ताः समक्षमुभयत्र विचिन्वते त्वां योगेने बह्निमिव दारुषु नान्यतः स्यात् ॥ ४७ ॥

બીજમાંથી અંકુર અને અંકુરમાંથી બીજ એમ ચાલતા પ્રવાહરૂપે કાર્ય અને કારણરૂપ એવાં બે સ્વરૂપો વેદે પ્રક્ટ કરેલાં છે. પ્રાકૃત રૂપરહિત આપનાં જ તે રૂપ છે. આપનાથી જુદાં નથી. મંથન કરવાથી જેમ અગ્નિ લાકડામાંથી બહાર આવે છે તેમ જિતેન્દ્રિય પુરુષો યોગાભ્યાસથી અને ભક્તિયોગથી કાર્યકારણ બન્નેમાં રહેલા આપને સાક્ષાત્ જોઈ શકે છે. કાર્યકારણભાવ આપના વિના અન્ય પ્રકૃતિ વગેરે તત્ત્વોની સાથે થતો નથી. (૪૭)

त्वं वायुरग्निरवनिर्वियदम्बुमात्राः प्राणेन्द्रियाणि हृदयं चिदनुग्रहश्च ।
सर्वं त्वमेव सगुणो विगुणश्च भूमन्नान्यत्त्वदस्त्यपि मनोवचसा निरुक्तम् ॥ ४८ ॥

હે સર્વવ્યાપક નાથ ! વાયુ, અગ્નિ, પૃથ્વી, આકાશ, જળ, શબ્દાદિ વિષયો, પ્રાણેન્દ્રિયો, અહંકાર, સ્થૂલ, સૂક્ષ્મ એ સર્વ આપ છો. તેમજ મન વાણીથી જે પ્રકાશિત થાય તે બધું આપનાથી જુદું નથી ૪૮.

नैते गुणा न गुणिनो महदादयो ये सर्वे मनः प्रभृतयः सहदेवमर्त्याः ।
आद्यन्तवन्त उरुगाय विदन्ति हि त्वामेवं विमृश्य सुधियो विरमन्ति कृत्यात् ॥४९॥

આ સત્વાદિ ગુણો અને ગુણીઓ બ્રહ્માદિ દેવો ગુણોના પરિણામ મહતત્ત્વાદિ, દેવતાઓ અને મનુષ્યો અને મન વગેરે આદિ, અને અંતવાળા છે. તેઓ હે ગુરૂગાય હે માહાન્ કીર્તિવાળા ઈશ્વર ! આદ્યંતરરહિત આપના સ્વરૂપને જાણતા નથી. આવું વિચારી બુધ્ધિશાળી જનો શબ્દ જંજાળને ત્યજી કેવળ આપને જ શરણે આવી આપની સેવા સ્તુતિ કરે છેં. ૪૯

तत्तेर्हऽत्तम नमः स्तुतिकर्मपूजाः कर्म स्मृतिश्चरणयोः श्रवणं कथायाम् ।
संसेवया त्वयि विनेति षड्ङ्गया किं भक्तिं जनः परमहंसगतौ लभेत ॥ ५० ॥

આ સત્ત્વાદિ ગુણો અને ગુણીઓ બ્રહ્માદિ દેવો ગુણોના પરિણામ મહત્તત્ત્વાદિ, દેવતાઓ, મનુષ્યો અને મન વગેરે આદિ અને અંતવાળા છે. તેઓ હે ગુરુગાય હે મહાન્ કીર્તિવાળા ઈશ્વર ! આદ્યંતરહિત આપના સ્વરૂપને અમે જાણતા નથી. આવું વિચારી બુદ્ધિશાળી જનો શબ્દ જંજાળને ત્યજી કેવળ આપને જ શરણે આવી આપની સેવા સ્તુતિ કરે છે (૪૯.) માટે હે પૂજ્યતમ !૧. નમસ્કાર - ૨. સ્તુતિ - ૩ સર્વકર્મસમર્પણ - ૪. અર્ચન - ૫. ચરણકમલોનું મરણ - ૬. કથાશ્રવણ-વગેરે છ અંગોવાળી સેવાનો આશ્રય લીધા વિના મનુષ્ય પરમહંસો પામી શકે એવી ભગવાનની ભક્તિ કેમ પામી શકે ? ભક્તિ કર્યા વગર મુક્તિ મળે નહીં અને સેવા વિના ભક્તિ સિદ્ધ ન થાય. તેથી આપનું દાસ્ય મને આપો (૫૦).

नारद उवाच : एतावद्वर्णितगुणो भक्त्या भक्तेन निर्गुणः । प्रह्लादं प्रणतं प्रीतो यतमन्युरभाषत ॥ ५१ ॥

નારદજી બોલ્યા, ધર્મરાજ યુધિષ્ઠિર ! આ પ્રમાણે ભક્તવર પ્રહ્લાદજીએ ભક્તિપૂર્વક અલૌકિક ગુણવાળા શ્રી નૃસિંહ ભગવાનના ગુણોનું આ પ્રમાણે વર્ણન કર્યું. શ્રી નૃસિંહ ભગવાન ક્રોધને ત્યજી દઈ પ્રસન્નતાપૂર્વક પ્રણામ કરતા શ્રી પ્રહ્લાદજીને આ પ્રમાણે કહેવા લાગ્યા (૫૧).

શ્રીનૃસિંહ ભગવાનનો અનુગ્રહ

श्रीभगवानुवाचः प्रह्लाद वत्स भद्रं ते प्रीतोऽहं तेऽसुरोत्तम । वरं वृणीष्वाभिमतं कामपूरोऽस्म्यहं नृणाम् ॥ ५२ ॥
मामप्रीणत आयुष्मन्दर्शनं दुर्लभं हि में । दृष्टा मां न पुनर्जन्तुरात्मानं तप्तुमर्हति ॥ ५३ ॥
प्रीणन्ति ह्यथ मां धीराः सर्वभावेन साधवः । श्रेयस्कामा महाभागह्यास सर्वासामाशिषां पतिम् ॥ ५४ ॥

શ્રીનૃસિંહ ભગવાને કહ્યું, અસુરશ્રેષ્ઠ પ્રહ્લાદ ! બેટા, તારું કલ્યાણ હો. હું તારા ઉપર પ્રસન્ન થયો છું. હે ભદ્ર ! હું

મનુષ્યોના સર્વ મનોરથોનો પૂરક છું. માટે મનવાંછિત વરદાન માગી લે (૫૨.) હે આયુષ્મન્ ! જે મને પ્રસન્ન કરતો નથી તેને મારું દર્શન દુર્લભ છે. તેમજ મારા દર્શન થયા પછી પ્રાણી ફરીને દુઃખી થતો નથી (૫૩.) બેટા પ્રહ્લાદ ! શ્રેયસની કામનાવાળા પરમ ભગવદીયો તથા સદ્‌ગુણી ધીરપુરુષો સર્વ સુખના સ્વામી એવા મને સર્વાત્મભાવ વડે પ્રસન્ન કરે છે (૫૪.) શ્રી નારદજીએ કહ્યું કે ધર્મરાજ ! આ પ્રમાણે લોકોને લલચાવનારા વરદાનથી પ્રહ્લાદજીને બહુ લોભાવ્યા તો પણ અસુરશ્રેષ્ઠ પ્રહ્લાદજી ભગવાનના નિષ્કામ ભક્ત હોવાથી તેમણે કોઈપણ વરદાન માગવાની ઈચ્છા ન કરી. (૫૫)

एवं प्रलोभ्यमानोऽपि वरैर्लोकप्रलोभनैः । एकान्तित्वाद्भगवति नैच्छत् तानसुरोत्तमः ॥ ५५ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના સપ્તમ સ્કંધના સદ્વાસના પ્રકરણમાંનો પ્રહ્લાદજી એ ૪૩ શ્લોકોમાં કરેલી નૃસિંહ ભગવાનની સ્તુતિનું વર્ણન કરતો અધ્યાય ૯મો સમાપ્ત.

અધ્યાય ૧૦મો

[આ અધ્યાયમાં ૭૧ શ્લોકો છે. ભગવાનના કહેવા છતાં પ્રહ્લાદજીએ ભગવાન પાસે કંઈ પણ ન માગ્યું. આ અધ્યાયમાં દુષ્ટ વાસનાનું મૂળસ્વરૂપ કેવું હોય તે બતાવવા ત્રિપુરની કથા વર્ણવી છે. ત્રિપુરાસુરની ત્રણ પ્રકારની વાસનાઓ એનું મૂળ છે. દુષ્ટવાસના મોહથી ઉત્પન્ન થાય અને મોહ માયાથી ઉત્પન્ન થાય છે. માયા વાસનાનું મૂળ છે. આ ઉપરથી જ મયને 'માયાવી' કહ્યો છે. આ દુષ્ટ ત્રિપુર વાસનાનું આધિદૈવિક સ્વરૂપ છે. ભગવાન તો સદ્વાસનાનું મૂળ છે. આ ભગવાન અનેકવિધ લીલા કરે છે તે વર્ણવ્યુ છે.]

नारद उवाच – भक्तियोगस्य तत्सर्वमन्तरायतयार्भकः । मन्यमानो हृषीकेशं स्मयमान उवाच ह ॥ १ ॥

શ્રીનારદજીએ કહ્યું, ધર્મરાજ ! નિર્દોષ બાળક પ્રહ્લાદજી કોઈ પણ વરદાનને ભક્તિયોગમાં અંતરાયરૂપ માનતા, મન્દસ્મિત કરતા પ્રેરક ભગવાન શ્રીહૃષીકેશને કહેવા લાગ્યા. (૧)

શ્રીપ્રહ્લાદજીનું નિવેદન

શ્રીપ્રહ્લાદજીએ કહ્યું, ભગવન્ ! હું જન્મથી જ સકામકર્મમાં આસક્ત છું. આપ મને વરદાનથી લોભાવો નહીં. નાથ ! ભગવન્ ! આવાં પ્રલોભનોથી ડરું છું તેથી મનને વાળી લઈ મોક્ષની ઈચ્છાથી આપના ચરણોમાં આશ્રય લીધો છે. (૨) હે પ્રભો ! હવે મને ખ્યાલ આવ્યો કે સંસારવૃક્ષના કારણભૂત હૃદયની વાસનાગ્રન્થિવાળી કામના તરફ ભક્તને પ્રેરતા કામલાલસઓમાં આપ વરદાન દ્વારા પ્રેરીને ભક્તની કસોટી કરવાની ઈચ્છાથી જ કહી રહ્યા છો. (૩) હે જગદ્‌ગુરુ ! જો આપની ઈચ્છા ભક્તની કક્ષાને કે ભક્તનું સ્વરૂપ ને ભક્તની ઈચ્છાને જાણવાની ન હોય તો આપ દયાલુ હોઈને એવી પોતાના ભક્તને પ્રેરણા ન કરો. પરંતુ હે નાથ ! જે ભક્ત કંઈ પણ મેળવવાની ઈચ્છાથી ભજે છે તે ભક્ત નહીં પણ તે તો વ્યાપારી છે. (૪) સ્વામીની પાસેથી આશા રાખનાર સેવક સેવક ન ગણાય અને સેવક પાસેથી સેવા લઈને પછી તેને દ્રવ્ય આપનાર એ સ્વામી પણ ન કહેવાય. (૫) હે નાથ ! હું તો આપનો નિષ્કામ સેવક છું અને આપ ભક્ત પાસેથી લેવા ન ચાહનાર મારા સ્વામી છો. રાજા અને રાજસેવકના જેવો આપણા બન્નેની વચ્ચેનો નાતો હોઈ પરસ્પરના આ સંબંધમાં કોઈ સ્વાર્થ સાધવાનું પ્રયોજન નથી હોતું. કેવલ ધર્મ જ હોય છે. (૬) આમ છતાં હે વરદાતા શિરોમણિ ! આપ મને વર આપવા જ ચાહતા હો તો મારા હૃદયમાં કોઈ વાસના-ઈચ્છાનો અંકુર ન ફૂટે એ જ હું વરદાન આપની પાસેથી ઈચ્છું છું. (૭) નાથ ! જ્યાં મનમાં ઈચ્છા ઉત્પન્ન થઈ કે ઈન્દ્રિય, મન, પ્રાણ, આત્મા, ધૈર્ય, ધર્મ, બુદ્ધિ, લજ્જા, લક્ષ્મી, તેજ, સ્મૃતિ તથા સત્ય નાશ પામે છે. (૮) હે નાથ ! જ્યારે મનુષ્ય મનમાં રહેલી સર્વ કામનાને છોડે છે ત્યારે જ હે પુંડરીકાક્ષ-હે કમલનેત્ર ! તે પરમ ભગવદીય બને છે, (૯) ભગવાન વાસુદેવને નમસ્કાર, પુરુષોત્તમને નમસ્કાર, મહાન ઉદાર ભગવાનને નમસ્કાર, શ્રીહરિને નમસ્કાર, અલૌકિક નૃસિંહ સ્વરૂપને નમસ્કાર, પરબ્રહ્મને પ્રણામ, પરમાત્માને પ્રણામ. (૧૦)

ભગવાનનું વાત્સલ્ય અને પ્રસન્નતા

कथामदीयाजुषमाणः प्रियास्त्वं आवेश्य मामात्मनि सन्तमेकम् । सर्वेषु भूतेष्वधियज्ञमीशं यजस्व योगेन च कर्म हिन्वन् ॥१२॥
योगेन पुण्यं कुशलेन पापं कलेवरं कालजवे हित्वा । कीर्तिं विशुद्धांसुरलोकगीतां विताय मामेष्यसि मुक्तसङ्गः ॥ १३ ॥

શ્રી નૃસિંહજીએ કહ્યું કે બેટા પ્રહ્લાદ ! તારા જેવા અનન્યાશ્રયી અને નૈષ્ઠિક મારા ભક્તો મારી પાસેથી કાંઈ પણ આ લોક અને પરલોક સંબંધી કામનાઓ- લાલસાઓ ચાહતા નથી આમ છતાં બેટા, એક મન્વન્તર સુધી દૈત્યેશ્વરના આ વૈભવને મારા પ્રસાદરૂપે ભોગવજે (૧૧) બેટા ! મારાથી વિમુખ ન થવાય માટે મારી પ્રિય કથાનું સદા રસાયણરૂપે સેવન કરજે. સર્વના આત્મામાં રહેલ મને મનમાં રાખીને સર્વભૂતના અધિયજ્ઞ અને ઈશ્વરરૂપ મારું યજન કરજે. યજનનું ફળ મને સમર્પણ કરજે, તું ના લેતો. (૧૨) આ પ્રમાણે જીવનજીવીને, ભોગથી પુણ્યને, કુશલ મંગલ કર્મથી પાપને અને કાલવેગથી કલેવરને ત્યજી દેજે. તારા શ્રેષ્ઠ ચારિત્રથી સુરલોકમાં દેવો પણ તારી પવિત્ર કીર્તિનાં ગાન કરશે. આમ કરતાં બેટા, તું બંધનથી મુક્ત થઈ મને પ્રાપ્ત થઈ થઈશ. (૧૩) વહાલા પુત્ર ! તેં જે મધુર વાણીથી સ્તુતિ કરી છે તે સ્તુતિનું, તને અને મને યાદ કરી જે ભક્તજન ગાન કરશે તે પણ કર્મ બંધનથી મુક્ત થઈ જશે. (૧૪)

ભક્તવર શ્રી પ્રહ્લાદજીની પિતૃભક્તિ

શ્રી પ્રહ્લાદજી બોલ્યા, વરદેશ ! આપ કહો તો આપની પાસે હું એક વરદાન માગું ? હે મહેશ્વર ! આપના પરમ ઐશ્વર્યને દિવ્ય તેજને નહિ જાણનાર મારા પિતાજીએ આપની પુષ્કળ નિંદા કરી છે. (૧૫) આ વિષ્ણુ મારા ભાઈનો નાશ કરનાર છે એવી ગેરસમજથી અત્યંત ક્રોધભર્યા હૃદયવાળા બનીને આપની નિંદા કરવા ઉપરાંત હું દુશ્મનનો ભક્ત છું એવું માનીને મારા ઉપર દ્વેષ કરી અપરાધ કર્યો છે. (૧૬) મારા પિતાજી માટે મને તો કુભાવ નથી ! પરંતુ આપના કરતાં આપના ભક્તના અપરાધ કરનારના અપરાધો અંત વિનાના અને કોઈ પણ ઉપાયોથી છૂટી ન શકાય એવા પાપ તરીકે ગણ્યા છે તો એ પાપથી મારા પિતા મુક્ત થાય એવી મારી વિનંતિ છે. ભગવન્ ! હું તો જાણું છું કે આપે તો મારા પિતાજીને કૃપાદૃષ્ટિએ જોયેલ હોઈ તેઓ મુક્ત જ છે છતાં હે કૃપણવત્સલ ! મારા પિતાજી તે બધાં પાપોથી મુક્ત થાય એટલી મારી આપના શ્રીચરણે અભ્યર્થના છે. (૧૭)

બેટા એકવીશ પેઢી તરી

પિતૃભક્ત અને ભગવદ્ભક્ત પ્રહ્લાદજીનાં વચન સાંભળી શ્રી નૃસિંહ ભગવાને કહ્યું કે હે સાધો ! કુળને પવિત્ર કરનાર ! તું એના કુળમાં જન્મ્યો તેથી તારા પિતા એકલા જ નહિ પણ તેના દસ આગળના દસ પાછળના તથા તે એક પોતે એમ એકવીસ પેઢીઓ પવિત્ર થઈ છે. એમ તું સમજી લે. (૧૮) બેટા પ્રહ્લાદ ! સમાન દૃષ્ટિવાળા શાન્ત અને શુદ્ધ આચારવાળા મારા ભક્તો જ્યાં જ્યાં વિચરે છે, તે દેશો ભલેને અપવિત્ર હોય તો પણ તે ભક્તોના ચરણારવિન્દના સ્પર્શથી પવિત્ર થાય છે. (૧૯) વત્સ ! પ્રહ્લાદ ! અત્યંત ઘોર વંશમાં મારો ભક્ત જન્મે તો તે વંશ પણ હલકો હોય છતાં પવિત્ર થાય છે. હે દૈત્ય - કુલશ્રેષ્ઠ પ્રહ્લાદ ! નાનાં મોટાં સર્વ પ્રાણીઓમાં મારો ભાવ રાખનારા નિઃસ્પૃહતાથી વિચરતા મારા ભક્તો કોઈની કદી હિંસા કરતા જ નથી કારણ કે તેમ કરવાનું તેમને પ્રયોજન હોતું નથી. (૨૦) બેટા ! તારા પગલે ચાલનારા આ લોકમાં મારા બીજા પણ પુષ્કળ ભક્તો છે. પરંતુ તે સર્વ ભક્તોમાં તું શ્રેષ્ઠ છે. તે બધા તારી ભક્તિનું અનુકરણ કરે એવા તારા ગુણો હોવાથી તે બધાને માટે તું આદર્શ બનીશ. બધા તારે પગલે ચાલશે. (૨૧) હે અંગ ! બેટા ! મારા સ્પર્શથી તારા પિતા સર્વ પ્રકારે પવિત્ર થયેલ છે. છતાં શાસ્ત્રમર્યાદાનું પાલન કરવા તારા પિતાજીના દેહ છૂટયા પછીની શ્રાદ્ધાદિ ક્રિયાઓ તું કર. (૨૨) તારા પિતાજી શ્રેષ્ઠ પુત્રવાળા થયા તેથી ઉત્તમ લોકમાં જ જશે. તું તારા પિતાના સ્થાન ઉપર બેસીને બ્રહ્મવાદીઓના કહ્યા પ્રમાણે મારામાં મન રાખી. મેળવવાની વસ્તુઓમાં હું જ મુખ્ય છું એવો નિશ્ચય કરી હે તાત ! સર્વ કાર્ય કર્યા કરજે. (૨૩)

પ્રહ્લાદજીનો રાજ્યાભિષેક

નારદે કહ્યું, ધર્મરાજ ! શ્રી પ્રહ્લાદજીએ પણ પિતાની ઉત્તરક્રિયા કરી. ત્યારબાદ દ્વિજવરોએ શ્રી પ્રહ્લાદજીનો રાજ્યાભિષેક કર્યો. તેઓ અને વિપ્રવરોની આજ્ઞા પ્રમાણે તેઓ રાજકાજ કરવા લાગ્યા. (૨૪) આ વખતે બ્રહ્માજી નૃસિંહ ભગવાનના શ્રીમુખની પ્રસન્ન મુદ્રા જોઈ અને દેવોની સાથે મળીને પવિત્ર વાણીથી ભગવાનની સ્તુતિ કરીને કહેવા લાગ્યા. (૨૫)

શ્રી બ્રહ્માજીની દેવોસહિત પ્રસન્ન મુખથી શ્રી નૃસિંહ ભગવાનની સ્તુતિ

શ્રી બ્રહ્માજી નિવેદન કરતાં બોલ્યા, હે દેવાધિદેવ ! હે સર્વલોકના અધ્યક્ષ સ્વામી ! હે ભૂતભાવન ! હે પૂર્વજોના પણ પૂર્વજ ! આપે સર્વ લોકને દુઃખ દેનાર અસુરને માર્યો તે અત્યંત ઉત્તમ કર્યું. (૨૬) ભગવન્ !આ દૈત્યે મારા ઉત્પન્ન કરેલ પ્રાણીથી ન મરું એવું મારી પાસેથી વરદાન મેળવીને તપ, યોગ અને બલથી ઉન્મત્ત થઈને સર્વ શાસ્ત્રની મર્યાદાઓને છોડી દીધી હતી. (૨૭) હે નાથ ! અત્યંત આનંદની વાત છે કે આ હિરણ્યકશિપુના પુત્ર પ્રહ્લાદજી નાના બાળક છે છતાં પરમ ભાગવતપુરુષ છે. આપે ભક્તવર પ્રહ્લાદજીને મૃત્યુમાંથી બચાવ્યા, તે પ્રહ્લાદજી આપના ચરણમાં ઉપસ્થિત થયા તેથી પણ ઘણો આનંદ થયો. (૨૮) હે ભગવન્ ! આપના આ નૃસિંહરૂપનું પ્રયત્નથી જે કોઈ ધ્યાન કરે તે મારવા આવતા મૃત્યુના ત્રાસથી પણ છોડાવે એવું આપના સ્વરૂપનું સામર્થ્ય છે. (૨૯) શ્રી નૃસિંહજીએ કહ્યું, હે પદ્મસંભવ ! અસુરોને આપે આવા વરો ન આપવા જોઈએ. ક્રૂર સ્વભાવવાળાને વરદાનો આપવાં તે સર્પને અમૃતપાન કરાવવા જેવું છે. (૩૦)

શ્રી નારદજીનાં વચનામૃત

શ્રી નારદજી બોલ્યા, હે રાજન્ ! બ્રહ્માજીને આવી શિખામણ આપી ત્યારે શ્રી નૃસિંહ ભગવાનનાં બ્રહ્માજીએ અર્ચન કર્યાં. આ વખતે સર્વના દેખતાં જ શ્રી નૃસિંહ ભગવાન અદૃશ્ય થઈ ગયા. (૩૧) શ્રી નૃસિંહજીના પધાર્યા પછી ભક્તવર પ્રહ્લાદજીએ મસ્તક નમાવી બ્રહ્માજીનાં અર્ચન કર્યાં. ભગવાનના કલારૂપ અન્ય દેવો અને પ્રજાપતિઓ સાથે ભગવાન શિવજીનાં પણ પ્રહ્લાદે અર્ચન કર્યાં. (૩૨) આ વખતે શુક્રાચાર્ય વગેરે મુનિઓની સંમતિથી બ્રહ્માજીએ શ્રી પ્રહ્લાદજીને દૈત્યના પતિ બનાવ્યા. (૩૩) રાજન્ ! આ સર્વ પ્રસંગનું અનુમોદન કરતાં તેને સત્ય આશીર્વાદો આપતા બ્રહ્માદિ દેવો અર્ચનનો અંગીકાર કરી તે તે દેવો પોતોપોતાના સ્થાને વિદાય થયા. (૩૪) રાજન્ ! ધર્મરાજ ! આ બન્ને વિષ્ણુના પાર્ષદો જય અને વિજય દિતિના પુત્રરૂપે જન્મ લઈ હૃદયમાં રહેલા ભગવાન શ્રીહરિને વૈરભાવથી ભજતા હતા તેથી ભગવાને નૃસિંહરૂપ ધારણ કરી તેનો મોક્ષ કર્યો. (૩૫) ધર્મરાજ ! આમ એક જન્મનો અન્તરાય છૂટયા બાદ સનત્કુમારોના શાપને લીધે તે બીજા જન્મમાં રાક્ષસકુળમાં કુંભકર્ણ અને રાવણરૂપે જન્મ્યા, ત્યારે ભગવાન શ્રી રામચંદ્રજીએ તેમને માર્યા. (૩૬) આ બીજા જન્મમાં ભગવાન શ્રી રામના બાણથી હૃદય વીંધાઈ જતાં તે બન્ને ભાઈઓ રણભૂમિમાં સૂતા સૂતા શ્રી રામમાં ચિત્ત રાખીને પૂર્વની માફક અન્તરાયરૂપ બીજા દેહને ત્યજી મુક્ત થયા. એ તેમના જન્મની વાત કહી. (૩૭) ધર્મરાજ ! આ દેહને છોડીને તે બન્ને પાર્ષદો પુનઃ શિશુપાળ અને દંતવક્ત્ર થયા. ભગવાનમાં વૈર બાંધીને તે બન્ને ભગવાન કૃષ્ણના દેખતાં જ શ્રીકૃષ્ણના ચરણકમલને પામ્યા. (૩૮) ધર્મરાજ ! આ બન્ને ભગવચ્ચરણને પામ્યા એટલું જ નહીં પણ શ્રીકૃષ્ણના વૈરી રાજાઓ જેમણે ભગવાનનો અપરાધ કરેલો તે બધા ભગવાનને યાદ કરતાં કીટભ્રમરના ન્યાયથી કીટ જેમ ભ્રમરીરૂપ થઈ જાય છે તેમ તે શત્રુઓ પણ ભગવદ્રૂપ થઈગયા. (૩૯) જેમ જેમ ભગવાનની પરમ ભક્તિથી ભગવાનમાં ભક્ત એકરૂપ થાય છે તેમજ શિશુપાળ વગેરે પણ તે ભગવાનના નિરંતર વૈરભાવના ચિંતનથી ભગવદ્ભાવને પ્રાપ્ત થયા.(૪૦) રાજન્ ! શિશુપાલ વગેરે ભગવાનનો દ્વેષ કરતા હતા તે છતાં તે ભગવદરૂપ કેમ થયા એ આપનો પ્રશ્ન હતો તેનો મેં આ આખ્યાનથી ઉત્તર આપ્યો. (૪૧)

एषा ब्रह्मण्यदेवस्य कृष्णस्य च महात्मनः । अवतारकथा पुण्या वधो यत्रादिदैत्ययोः ।। ४२ ।।
प्रह्लादस्यानुचरितं महाभागवतस्य च । भक्तिर्ज्ञानं विरक्तिश्च याथात्म्यं चास्य वै हरेः ।। ४३ ।।

રાજન્ ! બ્રહ્મણ્યદેવ અને પરમ ઉદાર ભગવાન શ્રીકૃષ્ણની આ અવતાર કથામાં આદિ દૈત્યોનો વધ કહેવામાં આવ્યો છે. (૪૨) પરમ ભાગવત શ્રી પ્રહ્લાદજીનું આમાં અનુકરણીય ચરિત છે. ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય અને ભગવદ્તત્ત્વ પણ આ આખ્યાનમાં કહેવામાં આવ્યું છે. (૪૩) વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ, પાલન, લય કરનાર ભગવાનના ગુણ અને કર્મોનું વર્ણન તથા દેવો અને દૈત્યોના સ્થાનોના પરિવર્તનની કથા આ આખ્યાનમાં કહેવામાં આવી છે. (૪૪) રાજન્ !

ભગવાનને મેળવી શકાય એવા ભગવદ્ભક્તોના ધર્મો અને સમગ્ર આધ્યાત્મિક વિચારો પણ આ આખ્યાનમાં વર્ણવ્યા છે. (૪૫)

य एतत्पुण्यमाख्यानं विष्णोर्वीर्योपबृंहितम् । कीर्तयेच्छ्रदधया श्रुत्वा कर्मपाशैर्विमुच्यते ॥ ४६ ॥

ભગવાન શ્રી વિષ્ણુના પરાક્રમથી ભરેલા આ આખ્યાનનું જે કીર્તને કરે અને શ્રદ્ધાથી શ્રવણ કરે તે કર્મબંધનથી મુક્ત થાય છે. (૪૬) રાજન્ પરીક્ષિત્ આદિ પુરુષ ભગવાન શ્રી નૃસિંહજીની આ લીલા અને દૈત્ય સમૂહના સ્વામી હિરણ્યકશિપુનો વધ આ બન્ને વસ્તુનું પ્રયત્નપૂર્વક જે પોતાના મુખેથી પઠન કરે અને સજ્જનવૃન્દશિરોમણિ દૈત્યકુમાર શ્રી પ્રહ્લાદજીના પવિત્ર મહિમાને-પ્રભાવને જે સાંભળે તે ભગવાનના જન્મ-મૃત્યુના ભય વિનાના નિર્ભય લોકને પામે છે. (૪૭)

બડભાગી ધર્મરાજ

यूयं नृलोके बत भूरिभागा लोकं पुनाना मुनयोऽभियन्ति । येषां गृहानावसतीति साक्षाद् गूढं परं ब्रह्म मनुष्यलिङ्गम् ॥ ४८ ॥

મહારાજ ધર્મ ! આપ બડભાગી છો કારણ કે લોકોને પવિત્ર કરનારા મુનિઓ આપના રાજભવનમાં સાક્ષાત્ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ ભગવાન મનુષ્યરૂપ ધારણ કરીને ગુપ્ત રીતે બિરાજે છે. (૪૮) રાજન્ ! આપ તો ભગવાન શ્રીકૃષ્ણને મામાના પુત્ર સ્વરૂપ માનો છો છતાં પણ આપ શ્રીકૃષ્ણ ભગવાનને શોધવા યોગ્ય, કૈવલ્ય મોક્ષરૂપ, સુખરૂપ, સુહૃત્ સ્વરૂપ, પૂજ્ય અને શાસન ચલાવનાર છે એમ પણ જાણો. (૪૯) આ શ્રીકૃષ્ણ ભગવાનનું સ્વરૂપ શિવબ્રહ્માદિ દેવો પોતાની બુદ્ધિથી વાસ્તવિક રીતે સાક્ષાત્ વર્ણવી શકતા નથી. આ શ્રીકૃષ્ણ તો જેના ઉપર સ્વયં પ્રસન્ન થાય છે તેને જ સમજાય છે. અમારા જેવા મુનિઓ તો મૌન રાખી ભક્તિ અને ઈન્દ્રિયનિગ્રહાદિથી તે ભગવાનનાં અર્ચન સદાય કરે છે તે ભક્તના પતિ આપ જ સ્વતઃ પ્રસન્ન હો. (૫૦)

શ્રીરુદ્રગાથા

હે રાજન્ ! એક વાર ભગવાન રુદ્રનો યશ અનન્ત માયાવી મયદાનવે નષ્ટ કર્યો ત્યારે કૃપાસિંધુ આ ભગવાને શ્રીરુદ્રના યશને પાછો વધારી આપ્યો હતો. (૫૧) શ્રી ધર્મરાજ બોલ્યા, ભગવન્ નારદ ! જગદીશ ભગવાન શિવજીની કીર્તિને મયદાનવે કેવી રીતે નષ્ટ કરી અને શ્રીકૃષ્ણ ભગવાને તે કીર્તિને કેવી રીતે પુનઃ વધારી આપી આ આખ્યાયિકા આપ મને કહો. (૫૨)

શ્રી નારદજીએ કહ્યું, રાજન્ ! ભગવાન શ્રીકૃષ્ણની કૃપાના બલથી સમૃદ્ધ બનેલા દેવોએ અસુરોને હરાવ્યા ત્યારે માયાવીના આચાર્ય મયદાનવની પાસે રક્ષણની માગણી કરી. (૫૩) આ માગણીને માન આપી માયાવી મયદાનવે સોનાની, રૂપાની અને લોહની એમ ત્રણ ધાતુની નગરી બનાવીને દૈત્યોને આપી. આ મયદાનવ માયામાં સમર્થ હતો. આ નગરીનો નાશ કેમ કરવો એની કોઈને જાણ ન હતી. તેમ તે કેમ જોઈ શકાય તેની કોઈને જાણ ન હતી તથા તેનાં સાધનોની પણ કોઈને માહિતી ન હતી. (૫૪) એ ત્રણ નગરીમાં બેસી કોઈ જાણી ન શકે તેમ છૂપાઈને એ અસુર સેનાના સેનાપતિઓ પૂર્વ વૈરનું સ્મરણ કરીને ત્રણ લોકનો નાશ કરવા લાગ્યા. (૫૫)

તેથી ઈશ્વર સહિત બધા લોકો શિવજી પાસે જઈ હે વિભો ! અમે આપના શરણાગતભક્તો છીએ, આપ અમારું રક્ષણ કરો. આ ત્રિપુરમાં રહેનાર અસુરોથી અમે નાશ પામીએ છીએ. (૫૬) ત્યારે સમર્થ ભગવાન શંકર દેવની વાણી સાંભળીને દેવો ઉપર અનુગ્રહ કરી ભય ન પામશો એમ કહી ધનુષ્યમાં બાણ ચડાવી ભગવાન શંકરે ત્રણે પુર ઉપર છોડયું. (૫૭) ત્યારે સૂર્યમંડળથી જેમ કિરણોની વૃષ્ટિ વરસે તેમ અગ્નિવર્ણવાળાં બાણો વરસવા લાગ્યાં. આ બાણવૃષ્ટિથી પુર ઢંકાઈ ગયું. (૫૮) ભગવાન શંકરનાં જેને જેને બાણ વાગ્યાં તે સર્વ પ્રાણ ત્યજી ત્યજી ધરણી ઉપર ઢળી પડયા. મયદાનવે આ બધાને ઉપાડી અમૃતરસનો કૂપ ભર્યો હતો તેમાં નાખી દીધા. (૫૯) મૃત્યુ પામેલા દાનવોને એ અમૃતરસનો સ્પર્શ થયો કે મરેલા દૈત્યો વજ્ર સરખા શરીવાળા ઘનાઘન મેઘને ચીરી વીજળી જેમ બહાર પ્રકટે તેમ તે

અમૃતકુંડમાંથી નીકળી બહાર પડવા લાગ્યા. (૬૦) આ જોઈને વૃષધ્વજ ભગવાન શિવ તો મનમાં ખેદ પામ્યા કેમકે પોતે એક બાણથી ઉડાવી દેવાનો સંકલ્પ કરેલ તે કાંઈ બન્યું નહીં. ત્યારે ભગવાન ત્યાં આવી પહોંચ્યા અને તે મરેલા દૈત્યો પાછા પેદા ન થાય તેનો ઉપાય તેમણે શોધી કાઢ્યો. (૬૧) આ પ્રસંગે બ્રહ્મા વત્સ થયા, વિષ્ણુ સ્વયં ગાય બન્યા અને આ ત્રિપુરની નગરીમાં આવી લાગ સાધી એ અમૃતરસના કૂવામાં પ્રવેશી અમૃત ભર્યું હતું તેને પીવા લાગ્યા. (૬૨) અસુરો જોતા હતા છતાં મોહમાં કંઈપણ બોલી ન શક્યા એ જાણી ત્યાં રક્ષક હતા તે અમૃત ગયાનો શોક કરવા લાગ્યા ત્યારે મયદાનવ પોતે શક્તિરહિત થઈ શોક કરનારની પાસે દૈવ ગતિને સ્મરતો કહેવા લાગ્યો. (૬૩) દેવ, અસુર કે મનુષ્ય અથવા બીજો કોઈ પણ પોતાનું કે પારકું ભાગ્ય જે સિદ્ધ છે તેમાં ફેરફાર કરવાને સમર્થ નથી. (૬૪) એમ કહી તે પાલકોને શોકમુક્ત કર્યા. તેટલામાં શિવને લડાઈમાં જે રથાદિ જોઈએ, તેને શ્રીકૃષ્ણે પોતાના ઐશ્વર્યોમાંથી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, તપ, વિદ્યા, અને ક્રિયા આ સાત શક્તિમાંથી રથ, સારથિ, ધ્વજ, ઘોડા, ધનુષ્ય, કવચ, બાણ વગેરે બનાવી આપ્યાં. (૬૫-૬૬) ભગવાન શ્રીરુદ્ર કવચ ધારણ કરી, આ રથમાં બિરાજ્યા. હાથમાં ધનુષબાણ લઈ ધનુષમાં બાણ પરોવીને અભિજિત મુહૂર્તમાં ત્રિપુર નગર ઉપર બાણ છોડયું. (૬૭) હે રાજન્ ! તે બાણોથી ત્રણે પુરને બાળીને ભસ્મ કર્યાં ત્યારે આકાશમાં હજારો વિમાનોની ભીડ જામી હતી અને વિમાનમાંથી દેવનાં દુંદુભિ વાગી રહ્યાં હતાં. (૬૮) દેવ, ઋષિ, પિતૃ અને સિદ્ધેશ જય જય નાદ કરતા શિવજી ઉપર પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા. અપ્સરાઓ ગાન કરતી નાચવા લાગી. (૬૯) એમ પુરનો નાશકરનાર ભગવાન શિવજીએ જ્યારે ત્રણે પુરને ભસ્મ કર્યાં ત્યારે બ્રહ્માદિ દેવો શિવજીની સ્તુતિ કરવા લાગ્યા અને શિવજી સ્વધામ કૈલાસ તરફ પધાર્યા. (૭૦) ધર્મરાજ ! ઉપર વર્ણવ્યા પ્રમાણે ભગવાન શ્રીહરિ મનુષ્ય નાટ્ય દેખાડતા લીલાઓ કરે છે. આ જ ગુરુ શ્રીકૃષ્ણ ભગવાનનાં સર્વલોકને પવિત્ર કરનારાં પવિત્ર જે ચરિત્રોને ઋષિઓ ગાય છે, તે ચરિત્રો મેં આપને કહ્યાં. હવે બીજું શું કહું તે મને કહો. (૭૧)

एवं किधान्यस्य हरेःस्वमायया विडम्बमानस्य नृलोकमात्मनः । वीर्याणि गीतान्यृषिभिर्जगद्गुरोर्लोकान् पुनानान्यपरं वदामि किम् ॥ ७१ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના સપ્તમ સ્કંધમાં સદ્વાસના પ્રકરણમાંનો પ્રહ્લાદજીનો રાજ્યાભિષેક, ત્રિપુરદહન અને ત્રિપુરવધની કથાનું વર્ણન કરતો અધ્યાય ૧૦મો સમાપ્ત.

અધ્યાય ૧૧મો

[આ અગિયાર અધ્યાયથી પંદરમા અધ્યાય પર્યન્ત પાંચ અધ્યાયનું મિશ્રવાસના પ્રકરણ આવે છે. આ પાંચ અધ્યાય ધર્મપંચાધ્યાયીના છે. દુષ્ટ વાસનાનો ક્ષય કોઈવાર કર્મથી તો કો'કવાર કર્મ અને જ્ઞાનથી તો વળી કોઈવાર કર્મ અને ભક્તિથી થાય છે માટે આ ધર્મપ્રકરણ આરંભ્યું છે. આ અધ્યાયમાં ૩૧ શ્લોકો છે.]

ધર્મરાજે કરેલા વર્ણાશ્રમ ધર્મ સંબંધી પ્રશ્નો

श्री शुक उवाच–श्रुत्वेहितं साधुसभासभाजितं महत्तमाग्रण्य उरुक्रमात्मनः। युधिष्ठिरो दैत्यपतेर्मुदा युतः पप्रच्छ भूयस्तनयं स्वयम्भुवः ॥ १ ॥

શ્રી શુકદેવજીએ કહ્યું કે રાજન્ ! ભક્તોની સર્વશ્રેષ્ઠ ભક્તજનોમાં પણ અગ્રસર વળી ઉરુક્રમ શ્રીકૃષ્ણમાં મનવાળા શ્રી ભક્તરાજ પ્રહ્લાદનું ભગવદ્ભક્તોની સભામાં સન્માનપાત્ર ચરિત્રને સાંભળીને યુધિષ્ઠિર રાજા પુનઃ નારદજીને પૂછવા લાગ્યા. (૧) શ્રી યુધિષ્ઠિરજીએ કહ્યું કે હે ભગવન્ નારદ ! વર્ણ અને આશ્રમના આચરણવાળા સનાતન ધર્મને સાંભળવાની મારી ઈચ્છા છે. આ ધર્મના આશ્રયથી માનવ પરપુરુષને મેળવે છે. (૨) આપ તો સાક્ષાત્ બ્રહ્માના પુત્ર છો એટલું જ નહીં પરંતુ સર્વ પુત્રોમાં તપ, યોગ અને સમાધિથી શ્રેષ્ઠ પણ છો. (૩) નારાયણપરાયણ વિપ્રવરો વેદોમાં કહેલા ગુહ્ય ધર્મને જાણે છે એટલું જ નહિ પણ આપના જેવા દયાળુ, શાંત અને સદાચારી અને જે સજ્જન હોય તે જે પ્રમાણમાં ધર્મોને જાણે છે તેવા પ્રમાણમાં અન્ય જાણતા નથી. (૪)

નાદરજીનું મંગલાચરણ અને ધર્મગાથાનો આરંભ

નારદજીએ કહ્યું, ભગવાન શ્રીકૃષ્ણને, ભગવાન વ્યાસને અને બ્રહ્માજીને નમસ્કાર કરીને સનાતન ધર્મને લોકહિતને માટે

હું કહીશ. (૫) આ ભગવાન નારાયણ પોતાના અંશ નર સાથે દક્ષની પુત્રી મૂર્તિમાં ધર્મથી પ્રક્ટ થઈને લોકના કલ્યાણ માટે બદરિકાશ્રમમાં તપ કરે છે. (૬) ધર્મનું મૂળ સર્વ દેવમય શ્રીહરિ છે તેમજ તે વેદને જાણનાર ઋષિઓએ કરેલી મન્વાદિ સ્મૃતિઓ પણ ધર્મનું મૂળ છે. આ વર્ણાશ્રમ ધર્મોથી આત્મા પ્રસન્ન થાય છે. (૭)

માનવતા અથવા માનવધર્મ

सत्यं दया तपः शौचं तितिक्षेक्षा शमो दमः । अहिंसा ब्रह्मचर्यं च त्यागः स्वाध्याय आर्जवम् ॥ ८ ॥
सन्तोषः समदृक् सेवा ग्राम्येहोपरमः शनैः । नृणां विपर्ययेहेक्षा मौनमात्मविमर्शनम् ॥ ९ ॥
अन्नाद्यादेः संविभागो भूतेभ्यश्च यथार्हतः । तेष्वात्मदेवताबुद्धिः सुतरां नृषु पाण्डव ॥ १० ॥
श्रवणं कीर्तनं चास्य स्मरणं महतां गतेः। सेवेज्यावनतिर्दास्यं सख्यमात्मसमर्पणम् ॥ ११ ॥

૧.સત્ય, ૨.દયા, ૩.તપ, ૪.શૌચ, ૫.તિતિક્ષા, ૬.સારાસારવિવેક, ૭.શમ, ૮.દમ, ૯.અહિંસા, ૧૦.બ્રહ્મચર્ય, ૧૧.ત્યાગ, ૧૨.સ્વાધ્યાય, ૧૩.આર્જવ-સરલતા, ૧૪.સંતોષ, ૧૫.સર્વ પ્રાણીમાં સમભાવ, મહાન પુરુષોની સેવા ૧૬.પ્રવૃત્તિ, માર્ગથી ધીરે ધીરે પાછા વળવું, ૧૭.મનુષ્યની ધર્મવિપરીત કે હિતવિપરીત ક્રિયાઓનું ફલ વિપરીત એવા સદ્વિચારો, ૧૮.વ્યર્થ વાણીનો ત્યાગ એટલે મૌન, ૧૯.આત્મવિચાર, ૨૦.અન્ન વસ્ત્ર વગેરે વસ્તુનો સર્વ પ્રાણીઓ માટે યોગ્ય ભાગ કરવો, ૨૧.સર્વ ભૂતોમાં અને ખાસ કરીને મનુષ્યોમાં આત્મભાવ અને ભગવદ્ભાવે વર્તવું, ૨૨. મહાજનોના અવલંબનરૂપ ભગવાનના ગુણોનું શ્રવણ, ૨૩. કીર્તન, ૨૪.સ્મરણ, ૨૫.સેવા, ૨૬.યજ્ઞાદિ દ્વારા યજન, ૨૭.નમસ્કાર, ૨૮.દાસ્ય, ૨૯.સખ્ય તથા ૩૦.આત્મનિવેદન. (૧૧)

વિશેષ ધર્મો

આ ત્રીશ પ્રકારના ધર્મો એ મનુષ્ય માત્ર માટે સાધારણ ધર્મ છે. આ ત્રીસ ધર્મોના સેવનથી સર્વાત્મા ભગવાન પ્રસન્ન થાય છે. (૧૨) રાજન્ ! દ્વિજની એવી વ્યાખ્યા છે કે ગર્ભાધાનથી આરંભીને જીવન પર્યન્ત અને દેહ છૂટયા પછી પણ જેમની ૧૬ સંસ્કારોની પરંપરા અખંડ હોય છે તેમને બ્રહ્માએ દ્વિજ કહ્યા છે. બ્રાહ્મણ-ક્ષત્રિય અને વૈશ્યને દ્વિજ કહેવાય. બ્રહ્માજીએ આવા સંસ્કારવાળાને જ દ્વિજ કહ્યા છે. જન્મ અને કર્મથી શુદ્ધ દ્વિજોને માટે યજ્ઞ અધ્યયન, દાન, અને બ્રહ્મચર્ય આદિ આશ્રમોનાં વિશેષ કર્મોનાં વિધાન છે. (૧૩) બ્રાહ્મણને માટે અધ્યયન-અધ્યાપન-દાન-પ્રતિગ્રહ-યજન-યાજન વગેરે છ કર્મો બતાવ્યાં છે. જ્યારે ક્ષત્રિય વૈશ્યને આપત્તિ કાલમાં પ્રતિગ્રહ સિવાયની પાંચ ક્રિયાઓ કરવાની અનુમતિ આપી છે. (૧૪) રાજાએ પ્રજાનું રક્ષણ કરવું. બ્રાહ્મણ સિવાય અન્યના કર લેવા અને તેનાથી આજીવિકા કરવી. વૈશ્યે વ્યાપાર કરી બ્રાહ્મણને અનુકૂળ રહી આજીવિકા ચલાવવી. શૂદ્રે ત્રણ વર્ણની સેવા કરવી તથા પોતાના માલિક પાસેથી આજીવિકા મેળવવી. (૧૫)

વિપ્રની ચાર પ્રકારની શ્રેષ્ઠ આજીવિકા

બ્રાહ્મણ માટે શાલીન-યાયાવર-શિલ-ઉઈન આ ચાર પ્રકારની ઉત્તમ આજીવિકા દર્શાવી છે. આ ચાર આજીવિકામાં ઉત્તરોત્તર શ્રેષ્ઠને આ ચાર આજીવિકામાં પાંચમી ખેતીથી પણ આજીવિકા કરવાનું કહ્યું છે. બ્રાહ્મણે ખેતી કરવા કરતાં "વાર્તા" નામની આજીવિકાથી જીવવું ઉત્તમ મનાય. યજ્ઞ કરાવવા, અધ્યયન કરાવવું અને દક્ષિણા વગેરે લેવું એ વૃત્તિનું નામ "વાર્તા" નામની આજીવિકા છે. વગેરે દૈવેચ્છાથી જે મળે તેમાં નિર્વાહ કરવો એને શાલીન વૃત્તિ કહી છે. તે વાર્તા કરતાં ઉત્તમ મનાય છે. "શાલીન" વૃત્તિ કરતાં પ્રતિ દિવસ આવશ્યક માગી લાવવું તેને "યાયાવર" વૃત્તિ કહી છે અને તેનાથી 'શિલ અને 'ઉંછવૃત્તિ' શ્રેષ્ઠ સમજવી. શિલ અને ઉંછ એટલે ખેતરમાં દાણા મસળ્યા પછીથી ખળામાં જે દાણા પડી રહ્યા હોય અથવા દાણાપીઠમાં જે વખાર દુકાન આગળ દાણા વેરાયા હોય તે વીણી લાવવા એને શિલ-ઉંછન વૃત્તિ નામની આજીવિકા કહી છે. (૧૬) પરંતુ શૂદ્ર વગેરેએ આજીવિકાની મુશ્કેલી ન હોય અને પરિશ્રમથી અને કામથી મેળવાતું હોય તેવા સારા સમયમાં ઉત્તમવર્ણની વૃત્તિ કરવી નહીં. રાજા સિવાયના બધા દ્વિજોએ દ્વિજની વૃત્તિ કરવી

પણ તે આપત્કાલ હોય તેટલો જ વખત કરવી. રાજાએ આપત્કાલમાં પણ પ્રતિગ્રહાદિ ન કરવાં. (૧૭) ઋત-અમૃત-મૃત-પ્રમૃત અને સત્યાનૃત આ પાંચ પ્રકારે જીવનનિર્વાહ કરવો પરંતુ શ્વાનવૃત્તિથી કોઈ દિવસ જીવનનિર્વાહ ન કરવો. (૧૮) ઉપર કહેલી શિલોંછવૃત્તિ એટલે ખળામાં પડેલા દાણાવીણી લાવવાએ શિલ અને અનાજની દુકાન પાસે પડેલા કણ વીણીને, લાવવા ઉંછ વૃત્તિ કરવી તે ऋत કહેવાય. વગર માંગ્યું મળે છે તે શાલી ન વૃત્તિ अमृत કહેવાય. નિરંતર માંગ્યા કરવું તે યાયાવર વૃત્તિને मृत કહેવાય, ખેતી આદિથી કરવી તે प्रमृत કહેવાય. (૧૯) સત્ય અને અનૃત બન્ને જેમાં હોય તે वाणिज्य કહેવાય. આપણાથી નીચા વર્ણની સેવા કરવી તે શ્વવૃત્તિ કહેવાય. બ્રાહ્મણ અને ક્ષત્રિય એ બન્ને વર્ણો શ્વવૃત્તિને પ્રયત્નપૂર્વક ત્યજવી કારણ કે તે નિંદ્ય આજીવિકા છે. બ્રાહ્મણ સર્વવેદમય છે જ્યારે નૃપતિ સર્વદેવમય છે. (૨૦) શમ, દમ, તપ, શૌચ, સંતોષ, સરલતા, જ્ઞાન, દયા, અચ્યુત ભગવાનમાં મન પરોવવું તથા સત્ય આ વિપ્રનાં ધર્મો છે. (૨૧) શૌર્ય, પરાક્રમ, ધૈર્ય, તેજસ્વીપણું ત્યાગ મનને વશ કરવું, ક્ષમા કરવી, બ્રાહ્મણ ઉપર ભક્તિભાવ, અનુગ્રહ તથા પ્રજાનું રક્ષણ એ ક્ષત્રિયનાં લક્ષણ-ગુણધર્મો છે. (૨૨) દેવ, ગુરુ અને પ્રભુમાં ભક્તિ કરવી, ધર્મ, અર્થ અને કામનું પોષણ કરવું, આસ્તિક્તપણું, નિત્ય ઉદ્યોગ અને કાર્ય - આસ્તિક નિપુણતા એ વૈશ્યનાં લક્ષણ છે ૨૩. નમન કરવું, પવિત્રતા રાખવી, નિષ્કપટ રીતે માલિકની સેવા કરવી એ વૈદિકમંત્રોચ્ચારવિના પાંચ મહાયજ્ઞો કરવા, ચોરી ન કરવી, સત્ય બોલવું, ગાયોની અને બ્રાહ્મણોની સેવા કરવી એ શુદ્રનાં લક્ષણો છે. (૨૪)

સ્ત્રીઓના મુખ્ય ધર્મ

પતિને અનુકૂળ રહેવું, તેની સેવા કરવી, પતિના પરિવારને સાનુકૂળ રહેવું અને પતિએ કહેલા વ્રતને પાળવું એ પતિવ્રતા સ્ત્રીના મુખ્યચાર ધર્મો છે. (૨૫) ઘરમાં બુહારી કરવી, તેને લીંપવું, ઘરના ઉપકરણને સાફ કરવાં, પોતે પણ સ્નાનાદિ શુદ્ધિ કરી વસ્ત્રાલંકારથી સૌભાગ્યચિહ્નથી યુક્ત રહેવું. (૨૬) નાના મોટા કાર્યથી, વિનયથી, ઈન્દ્રિયસંયમથી સત્ય અને પ્રિય મધુર વચનોથી પતિવ્રતા સ્ત્રીએ પ્રેમથી પતિને પોતાના કરવા. (૨૭) સંતોષ રાખવો, લોભ ન રાખવો ચાતુર્યથી જીવવું, ધર્મને સમજી પ્રિય અને સત્ય ભાષણ કરવું. ગાફેલ ન રહેવું. પવિત્રતા રાખવી, સ્નેહ રાખવો. અને પતિ પતિત ન થાય ત્યાં સુધી તેને સેવવા, તેમને છોડવા નહિ પણ જો તે ધર્મથી પતિત થાય તો તે પતિને છોડી દેવો. (૨૮) લક્ષ્મીજીની માફક જે સન્નારી સ્વામીને ભગવદ્ભાવથી સેવે છે તે સન્નારી શ્રી લક્ષ્મીની માફક ભગવાન વિષ્ણુ સાથે આનંદમાં રહે છે તેમજ પતિ સાથે પરલોક જતા ભગવાનના લોકમાં રહી આનંદ કરે છે. (૨૯) સંકર જાતિમાં તેના કુળની વૃત્તિ હોય તે પ્રમાણે વર્તવું પણ ચોરી કે પાપ ન કરવાં, અત્યંજ અને ધોબી વગેરેએ તેના કુળની વૃત્તિ કરવી. (૩૦)

હે રાજન્ ! મનુષ્યને સત્ત્વાદિ સ્વભાવથી જે જે ધર્મ જે જે યુગમાં કહ્યાં છે, તે પ્રાયઃ આ લોક તથા પરલોકમાં શ્રેય કરનારા છે. આ વાત વેદને જાણનારાઓ કહે છે. (૩૧) સત્ત્વાદિ સ્વભાવ વડે માણસ પોતાની આજીવિકા પ્રમાણે ચાલી કર્મ કરે તો તે મનુષ્ય કાલે કરીને નિર્ગુણ થઈ જાય છે. (૩૨) ખેતરમાં વારંવાર બીજ વાવતાં તે ખેતર વીર્યહીન થઈ જાય એટલે તેમાં ઉત્તમ ખેતી થઈ શકતી નથી. પછી તેમાં બીજ ઊગતું જ નથી અને તે બીજનો નાશ થાય છે. (૩૩) એમ કામની ઈચ્છાવાળું ચિત્ત અત્યંત કામભોગથી વિરક્ત થાય છે. પરંતુ કામના બિંદુમાત્રથી તૃપ્ત થતું નથી. અગ્નિ જેમ ઘીની ધારાથી શાંત થાય છે પણ બિંદુમાત્રથી તૃપ્ત થતો નથી. (૩૪) ઉપર જે બ્રાહ્મણાદિ વર્ણોના પરિચય, જે લક્ષણો કહ્યાં છે તે વર્ણના પુરુષમાં જોવા ન મળે અને બીજે ઠેકાણે પણ જોવામાં આવતાં હોય તો તેને પણ તે બ્રાહ્મણાદિ વર્ણવાળો જાણવો. તે વર્ણમાં ન હોય છતાં તેના લક્ષણથી વર્ણનો નિશ્ચય થાય છે. (૩૫)

यस्य यल्लक्षं प्रोक्तं पुंसो वर्णाभिव्यञ्जकम् । यदन्यत्रापि दृश्येत तत्तेनैव विनिर्दिशेत् ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના સપ્તસ્કંધ ઊતિલીલામાંનો વર્ણ ધર્મોનું વર્ણન કરતો અધ્યાય ૧૧મો સમાપ્ત.

અધ્યાય ૧૨મો

[આ અધ્યાયમાં ૩૧ શ્લોકો છે. પૂર્વ અધ્યાયમાં વર્ણધર્મો વર્ણવીને આશ્રમધર્મોનું નિરૂપણ આ અધ્યાયમાં કરશે.]

नारद उवाच : ब्रह्मचारी गुरुकुले कुर्वन् दान्तो गुरोर्हितम् । आचरन् दासवन्नीचो गुरौ सुदृढसौहृदः ॥ १ ॥

આશ્રમધર્મગાથામાં ૧થી૧૫ શ્લોકોમાં બ્રહ્મચર્ય ધર્મોનું અને વિવેકધર્મોનું નિરૂપણ

શ્રી નારદજીએ કહ્યું કે ધર્મરાજ ! ગુરુકુળના નિવાસી બ્રહ્મચારીએ જિતેન્દ્રિય બની ગુરુનું હિત કરવું, ગુરુની સેવા કરવી, ગુરુએ કહેલ ધર્મનું પાલન કરવું. દાસની જેમ ગુરુ પાસે વર્તવું, અને ગુરુમાં દૃઢ સ્નેહ રાખવો. (૧) બ્રહ્મચારીએ નમ્રભાવથી સાયં પ્રાતઃકાલ ગુરુની, અગ્નિની, સૂર્યની અને ભગવાનની ઉપાસના કરવી. સવાર સાંજ નિયમથી ચિત્તને સ્થિર કરી ગાયત્રી મંત્રનોજપ કરવો તથા મૌનવ્રત રાખવું. (૨) ગુરુ બોલાવે ત્યારે આળસ કર્યા વિના સમીપે જવું. ગુરુદેવ પાસેથી ધ્યાનપૂર્વક વેદાધ્યયન કરવું. અધ્યયન કરતાં પહેલાં અને પાઠ લીધા પછી ગુરુનાં ચરણકમલોમાં મસ્તક નમાવી પ્રણામ કરવા. (૩) શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે મેખલા-મગચર્મ-વસ્ત્ર-દંડ-કમંડલુ અને ઉપવીતને ધારણ કરવાં, હાથમાં દર્ભ રાખવા. વર્ણધર્માનુસાર શાસ્ત્રે કહ્યા પ્રમાણે દંડાદિ રાખે. (૪) સાયં પ્રાતઃકાલ ભિક્ષા માટે વિચરવું. ભિક્ષામાં જે કાંઈ આવે તે ગુરુને નિવેદન કરવું. ગુરુની આજ્ઞા પ્રમાણે ભોજન કરવું, આજ્ઞા ન કરે તો ઉપવાસ પણ કરવો. (૫)

વિદ્યાર્થીએ સુશીલ, મિતાહારી, ક્રિયાકુશળ, શ્રદ્ધાળુ અને જિતેન્દ્રિય થવું, તથા સ્ત્રીઓ તથા સ્ત્રીવશ પુરુષોની સાથે કાર્ય હોય તેટલો જ સંબંધ રાખવો. (૬) બ્રહ્મચારી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ ન કરે અને બ્રહ્મચર્ય રાખે ત્યાં સુધી યુવતીઓની સાથે વાત પણ ન કરવી કારણ કે ઈન્દ્રિયો ખૂબ જ બળવાળી છે કે મનને ખેંચાતાં વાર લગાડતી નથી. (૭) કેશ ઓળાવવા, ઊબટણ કરાવવું, સ્નાન કરાવવું અને આમળાં વગેરે ચોળીને સ્નાન કરવું - આ ક્રિયાઓ યુવાન બ્રહ્મચારીએ ગુરુની સ્ત્રીયુવતી હોય તો તેની પાસે ન કરાવવું. (૮) તેનું કારણ એટલું જ કે પ્રમદા અગ્નિરૂપ અને પુરુષ ઘીના ઘડા જેવો છે, તેથી પુત્રી સાથે પણ એકાંતમાં ન રહેવું. બીજા સમયમાં સર્વ સમક્ષમાં કાર્યમાત્ર જેટલો વ્યવહાર રાખવો. (૯) આ બધાં સુખો નથી સુખના આભાસ છે, માત્ર દેખાવ છે. આનાથી ઈશ્વર ભિન્ન છે એવો વિવેક જ્યાં સુધી ન આવે ત્યાં સુધી દ્વૈતની નિવૃત્તિ નથી થતી અને જ્યાં સુધી દ્વૈતભાવ ન જાય ત્યાં સુધી ભોગ્યભાવ રહે માટે સ્ત્રી સાથે વિદ્યાર્થી એવું એકાંત ન સેવે. (૧૦) ઉપર જે કહ્યું તે ગૃહસ્થને અને સંન્યાસીને પણ લાગુ પડે છે પણ તફાવત એટલો કે ગૃહસ્થે તો પોતાની સ્ત્રી હોવાથી ઋતુગામી થવું અને યથોચિત ગુરુની સેવા કરવી. (૧૧) ચાતુર્માસ, એકાદશી, જન્માષ્ટમી વગેરે વ્રતધારીએ આંખ ન આંજવી, શરીરે તેલનું અભ્યંગ સ્નાન ન કરવું. ઉબટણ કરવું નહીં, સ્ત્રીને કે સ્ત્રીના મિત્રને જોવાં નહિ, માંસ, મદિરા, પુષ્પમાળા, ચંદનચર્ચા તથા આભૂષણોનો ત્યાગ કરવો. (૧૨)

આ પ્રમાણે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યે ગુરુકુલમાં નિવાસ કરી પોતાની શક્તિ તથા અધિકારાનુસાર વેદનાં અંગો તથા ઉપનિષદોનો અભ્યાસ કરવો. (૧૩) વેદો અને વેદાંગોનો અર્થ સમજ્યા પછી જો શક્તિ હોય તો ગુરુની આજ્ઞા પ્રમાણે ગુરુને ઇચ્છિત દક્ષિણા આપી પોતાને ઘેર જવું વનમાં જવું અથવા સંન્યાસી થવું અથવા નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન કરી ગુરુને ત્યાં જ રહેવું. (૧૪) અગ્નિ, ગુરુ તથા પોતાના આત્મામાં અને સર્વ પ્રાણીમાં, પોતાના આશ્રયરૂપ જીવોમાં તેના સંચાલન માટે પ્રવેશેલા હોય તેમ દેખાતાં છતાં પણ ખરી રીતે તેથી પર છે એવું પ્રભુનું ચિંતન કરવું. (૧૫)

બ્રહ્મચારી, વાનપ્રસ્થ, સંન્યાસી અને ગૃહસ્થ ઉપર પ્રમાણે વર્તન કરે તો જાણવાની વસ્તુને જાણી પરબ્રહ્મને મેળવે છે (૧૬)

એકાવન વય નિવાસી વાનપ્રસ્થાશ્રમ ધર્મો

રાજન્ ધર્મરાજ ! હવે હું આપને મુનિઓએ માન્ય કરેલા વાનપ્રસ્થના નિયમોને કહીશ જે નિયમોનું પાલન કરનાર મુનિ વિનાશ્રમે ઋષિ લોકમાં પહોંચે છે. (૧૭) વાનપ્રસ્થે ખેડથી પાકેલું અન્ન ખાવું નહિ તેમજ ખેડથી ન પાકેલું હોય તો પણ

પાક સમય પહેલાંનું પાકેલ હોય તે ન ખાવું. અગ્નિમાં રાંધેલ કે કાચું અન્ન ખાવું નહીં. પરંતુ સૂર્યના તાપથી પાકેલું ખાવું. (૧૮) શામાક એટલે સામો વગેરે ધાન્યોનો શાસ્ત્રમાં કહેલ સમયે ચરુપુરોડાશ કરી અગ્નિમાં હોમ કરવો, નવાં અન્ન મળે ત્યારે જૂનાં અન્નને છોડી દેવાં. (૧૯) અગ્નિહોત્રના અગ્નિનારાયણની સેવા માટે પર્ણકુટી બનાવવી અથવા તો પર્વતની ગુફામાં રહેવું પરંતુ વાનપ્રસ્થે સંયમ કેળવવા ઠંડી, ગરમી, પવન, વરસાદ, સૂર્યનો તાપ વગેરે સહન કરવાં. (૨૦) કેશ, રોમ શ્મશ્રુ, નખ વગેરે વધવા દેવાં, શરીરના મેલને પણ રહેવા દેવો. દંડ, કમંડલુ, મૃગચર્મ, વલ્કલ અને દર્ભ વગેરે હોમની સામગ્રી રાખવાં. (૨૧) બાર વર્ષ, આઠ વર્ષ, ચાર વર્ષ કે બે વર્ષ આખરે એક વર્ષ તો વનમાં જ વિચરવું. વાનપ્રસ્થાશ્રમમાં રહેવું. પરંતુ એ ધ્યાન રાખવું કે તપશ્ચર્યાની પીડાથી બુદ્ધિ ન બગડે તેવી રીતે ધ્યાન રાખીને ફરવું. (૨૨) જ્યારે વૃદ્ધાવસ્થાથી અથવા રોગથી પોતાનાં કર્મ કરવાને અશક્ત થાય અને વેદાન્ત વિદ્યાના વિચારમાં અશક્ત જણાય ત્યારે અન્નાદિ ખાવાનું છોડી નિરાહાર રહેવું. પછી અગ્નિહોત્રીએ પોતાના આહ્વનીય અગ્નિને આત્મામાં દાખલ કરી 'હું મારું' એ ભાવ છોડી દઈને જે વસ્તુ જેમાંથી થઈ છે તે વસ્તુનો તેનામાં લય કરવો. (૨૪) જ્ઞાનીજને ઉત્પત્તિ પ્રમાણે દેહનાં છિદ્રોનો આકાશમાં, પ્રાણવાયુનો બહારના વાયુમાં, શરીરના અગ્નિનો તેજમાં, રુધિર, શ્લેષ્મ તથા પરુ વગેરેનો જલમાં અને અસ્થિ વગેરે કઠણ પદાર્થોનો પૃથ્વીમાં લય કરવો. (૨૫) વાણી તથા તેની બોલવારૂપ ક્રિયાનો અગ્નિમાં, હાથ તથા શિલ્પ આદિક્રિયાનો ઈન્દ્રમાં, પગનો તથા તેની ગતિરૂપ ક્રિયાનો વિષ્ણુમાં, ઉપસ્થ તથા તેની ભોગક્રિયાનો પ્રજાપતિમાં લય કરવો. (૨૬) પાયુ તથા તેની ક્રિયા મલત્યાગનો મૃત્યુમાં, કર્ણેન્દ્રિય તથા તેની ક્રિયા દિશામાં, ત્વચા અને તેની ક્રિયા સ્પર્શનો વાયુમાં લય કરવો. (૨૭) હે રાજન્ ! નેત્ર તથા તેની ક્રિયારૂપનો તેજમાં, જિહ્વા તથા વરુણનો તેના સ્વરૂપ જળમાં, ઘ્રાણઈન્દ્રિય અને તેના વિષયોનો ગંધવાળી પૃથ્વીમાં લય કરવો. (૨૮) મન તથા મનોરથોનો ચંદ્રમાં, બુદ્ધિ તથા તેના વિષયોનો બ્રહ્મામાં, અહંકાર તથા તેના કર્મોનો અહંતા અને મમતાપૂર્વક ક્રિયા કરનારા રુદ્રમાં, ચિત્ત તથા ચેતનાનો ક્ષેત્રજ્ઞમાં, ક્ષેત્રજ્ઞનો ગુણો તથા દેવતાઓનો પરબ્રહ્મમાં લય કરવો. (૨૯) પૃથ્વીનો જલમાં જલનો તેજમાં, તેજનો વાયુમાં, વાયુનો આકાશમાં, આકાશનો અહંકારમાં, અહંકારનો મહત્ત્વમાં, મહત્ત્વનો પ્રકૃતિમાં અને પ્રકૃતિનો પરમાત્મામાં લય કરવો. (૩૦) આ પ્રમાણે અવશિષ્ટ રહેલા ચેતનાત્માને પરબ્રહ્મરૂપ જાણી અદ્વિતીય ભાવ કરવો અને કાષ્ઠ બળ્યા પછી નિર્ધૂમ થયેલ અગ્નિની જેમ વિરમવું. (૩૧)

इत्यक्षरतयाऽऽत्मानं चिन्मात्रमवशेषितम् । ज्ञात्वाद्वयोऽथ विरमेददग्धयोनिरिवानलः ।। ३१ ।।

શ્રીમદ્ ભાગવતપીયૂષના ઊતિલીલા પ્રકરણમાંનો આશ્રમધર્મનું વર્ણન કરતો અધ્યાય ૧૨મો સમાપ્ત.

અધ્યાય ૧૩મો

[આ અધ્યાયમાં ૪૬ શ્લોકો છે. બારમા અધ્યાયમાં બ્રહ્મચારી અને વાનપ્રસ્થોના ધર્મનું નિરૂપણ કર્યું હવે પરમહંસના ધર્મો અને સિદ્ધના ધર્મોનું વર્ણન આ અધ્યાયમાં કરાશે.]

પરમહંસધર્મો

नारद उवाचः कल्पस्त्वेवं परित्यज्य देहमात्रावशेषितः । ग्रामैकरात्रविधिना निरपेक्षश्चरेन्महीम् ।।

શ્રીનારદજીએ કહ્યું, ધર્મરાજ ! તત્ત્વવિચારનિપુણ વાનપ્રસ્થે સર્વ વસ્તુનો ત્યાગ કરવો. સંગ્રહમાં કેવલ એક દેહ બાકી રાખીને સર્વની અપેક્ષા છોડી દઈ પછી સન્યાસ લેવો સન્યાસ લીધા પછી એક ગામમાં એક રાત્રિ રહેવાનો નિયમ રાખી પૃથ્વી પર વિચરવું. (૧) સર્વત્ર વિચરતા કાયા ઉપર કપડું ધારણ કરવું હોય તો ગુહ્ય ભાગને ઢંકાય એટલું જ પહેરવું. પોતાની પાસે દંડ અને બીજાં સન્યાસનાં ચિહ્ન તરીકે વપરાતાં સાધનો સિવાયની સર્વ વસ્તુમાંથી કોઈ પણ વસ્તુને આપત્તિ સમય વગર સંગ્રહ કરવો નહિ. (૨) આમ વિરક્ત આત્મારામ બની કોઈનો પણ આશ્રય લીધા વિના સર્વ પ્રાણીના મિત્ર થઈને, ભગવત્પરાયણ થઈને એકલો વિચર્યા કરે. (૩) કાર્યકારણથી પર એવા આત્માને વિષે આ જગતને જુએ અને કાર્યકારણાત્મક જગતમાં પરમાત્માને સર્વત્ર જુએ. (૪) સાયં પ્રાતઃકાલ આત્માનું અનુસંધાન કરી

પોતાની ગતિનો વિચાર કરે અને બંધ તથા મોક્ષને માયા માત્ર સમજે. (૫) [આ શ્લોકનો એક એવો અર્થ થાય છે કે આત્મતત્ત્વ-આત્મજ્ઞાન સુષુપ્તિમાં અજ્ઞાનથી આવૃત્ત છે અને જાગ્રત તથા સ્વપ્નાવસ્થામાં વિક્ષેપવાળું હોય છે પરંતુ જાગ્રત સ્વપ્ન આદિ અવસ્થાઓના સંધિકાળમાં અજ્ઞાનથી ઢંકાયેલું કે વિક્ષિપ્ત નથી હોતું માટે તે સમયના આત્મતત્ત્વને લક્ષ્ય કરી રહેનાર સંન્યાસી આત્માના તત્ત્વનો સાક્ષાત્કાર કરતો બંધ અને મોક્ષને માયા માત્ર જુએ છે પણ સત્ય જોતો નથી. વિવેકી પુરુષે ભલે મૃત્યુ નક્કી જ છે છતાં તેની કામના ન કરવી અને જીવન નાશવંત છે, અસ્થિર છે તેને પણ વખાણે કે નિંદે નહીં પરંતુ પ્રાણીની ઉત્પત્તિ અને પ્રલય જેનાથી થાય છે એવા કાલની જ પ્રતીક્ષા કરે. (૬)

અસચ્છાસ્ત્રમાં આસક્ત ન થવું, કોઈ પણ વ્યવસાય કરી આજીવિકા ન ચલાવવી, વાદવિવાદમાં ન ઊતરવું, તર્કવિતર્ક ન કરવા અને આગ્રહથી કોઈ પણ પક્ષનો આશ્રય લઈ શાસ્ત્રાર્થ ન કરવો. (૭) પુષ્કળ ગ્રન્થોનો અભ્યાસ ન કરવો. ગ્રન્થોની વ્યાખ્યા કરી તેનો વિસ્તાર ન કરવો. મઠ બાંધી તેના અધિપતિ ન બનવું. મઠ-આશ્રમ બાંધતાં વાદવિવાદ કરતાં કોઈનું ભલું-બૂરું થવાનો પ્રસંગ આવી જાય છે. (૮) શાંત અનેસમાન ચિત્તવાળા સંત યતિએ આશ્રમના ધર્મો ઈચ્છા હોય તો રાખવા અને ઈચ્છા ન હોય તો ન રાખવા, એમ કરવામાં તેને કોઈ વાંધો નથી. (૯) સંન્યાસઆશ્રમનાં ચિહ્ન સ્પષ્ટ ન કરવાં. કેવલ યતિએ મનને વશ રાખવું. વ્યાખ્યાનમાં સમર્થ છતાં પોતે ઉન્મત્ત અને બાલક જેવા થઈ વિચરવું અને જ્ઞાની હોવા છતાં પોતાને મૂક જેવા બતાવી ગુપ્ત રીતે વિચરવું. (૧૦) ધર્મરાજ ! ચાલો આપને ગુપ્તવેશે વિચરવાની બાબતમાં પ્રહ્લાદજી તથા અજગરવૃત્તિ મુનિ દત્તભગવાનના સંવાદવાળા પુરાતન વૃત્તાન્તને ઉદાહરણ તરીકે વર્ણવું. (૧૧)

શ્રીગુરુ દત્તદેવની ગાથા

કાવેરી નદીની પાવન ભૂમિમાં આવેલા સહ્યાદ્રિ પર્વતની તળેટીમાં ધૂળથી ભૂખરી થયેલ કાયાવાળા ગુપ્ત નિર્મળ તેજસ્વી મુનિવર મહારાજ જમીન ઉપર સૂતેલા હતા. (૧૨) આ પ્રસંગે પોતાના પ્રધાનમંડળ સાથે લોકરહસ્યને જાણવાની ઈચ્છાથી વિચરતા ભગવાનના કૃપાપાત્ર પ્રહ્લાદજી આ પ્રદેશમાં આવી પહોંચ્યા. (૧૩) શ્રી અવધૂતજીના વર્ણ કે આશ્રમના ચિહ્ન ઉપરથી કે તેમની ક્રિયા કે વાણીથી કોઈ તેમને જાણી શક્યા નહિ કે આ યોગી હશે ! વિપ્ર હશે ! અવધૂત હશે કે ઉન્મત્ત પાગલ હશે. (૧૪) પરંતુ તેમના ગૂઢ તેજને જાણતા શ્રી પ્રહ્લાદજીએ તેમનાં અર્ચન કરી, મસ્તક નમાવી ચરણકમલનો સ્પર્શ કર્યો. જિજ્ઞાસુભાવે પરમ ભાગવત અસુર શ્રીપ્રહ્લાદજીએ પૃચ્છા કરી (૧૫)

પ્રહ્લાદજીની જિજ્ઞાસા

ભગવન્ ! આપનું શ્રીઅંગ કોઈ ઉદ્યમી અને સુખી પુરુષના જેવું પુષ્ટ, સ્થૂલ અને સુડોળ દેખાય છે. મારું માનવું છે કે ઉદ્યોગ કરે તેને ધન મળે અને ધનવાન જ સુખ ભોગવી શકે છે અને આવા સુખવૈભવ ભોગવનારનું શરીર જ પુષ્ટ હોઈ શકે. (૧૬) ભગવન્ ! જ્યારે આપનાં દર્શન કરતાં તો એમ લાગે છે કે આપ અવની ઉપર પોઢી રહ્યા છો તેથી ઉદ્યોગ વગરના લાગો છો. જો ઉદ્યોગ વગરના હો તો દ્રવ્ય ન હોય તો વૈભવો ક્યાંથી અને વૈભવો ન ભોગવો તો આપનું શ્રીઅંગ પરિપુષ્ટ ક્યાંથી, આ પ્રકારનો મને સંદેહ થાય છે. આપને એનો ઉત્તર આપવાનું યોગ્ય લાગે તો આપ સમાધાન કરવા કૃપા કરો. (૧૭) નાથ ! આપ વિદ્વાન છો, સમર્થ છો, નિપુણ છો, કુશળ બુદ્ધિવાળા છો. લોકોને ખુશ કરે એવી મનોહર અને પ્રિયકર કથા કહેનાર છો. આ વિશ્વના સમગ્ર કર્તાને આપ જુઓ છો છતાં આપ તો કંઈ કરતા જ નથી કેવલ પોઢેલા છો. તેથી નમ્ર ભાવે આપને પૂછ્યું છે. (૧૮)

શ્રી નારદજીએ કહ્યું કે ધર્મરાજ ! આ પ્રમાણે દૈત્યરાજ શ્રી પ્રહ્લાદજીએ જ્યારે મુનિરાજને પૂછ્યું ત્યારે તેઓ શ્રી પ્રહ્લાદજીની અમીમય વાણીથી વશ બની જરા મંદહાસ્ય કરી પ્રહ્લાદજીને ઉત્તર આપવા લાગ્યા. (૧૯)

શ્રીગુરુ વચનામૃત

વિપ્રર્ષિ અવધૂતજી બોલ્યા કે હે અસુરવર ! આપ તો આર્ય પુરુષના માનીતા છો તેથી લોકોને પ્રવૃત્તિ કરાવનાર અને

નિવૃત્તિમાં મૂકનાર કોણ છે તે સર્વ અન્તર્દષ્ટિથી સારી રીતે જાણો છો. (૨૦) પ્રહ્લાદજી ! ભગવાન નારાયણ જેના હૃદયમાં સદા બિરાજે છે તે ભક્તજનના હૃદયમાં રહેલા અજ્ઞાનને સૂર્ય જેમ આકાશમાં રહેલા અંધકારને દૂર કરે છે તેવી જ રીતે ભગવાન હૃદયમાં બિરાજીને દૂર કરે છે. (૨૧) આમ છતાં આપે મને પૂછયું અને મેં જે પ્રમાણે પ્રશ્ન સાંભળ્યા તદનુસાર હું તેનો ઉત્તર આપું છું તેનું કારણ એ જ કે રાજન્ ! આત્માની વિશુદ્ધિની ઈચ્છાવાળા સજ્જનોમાં આપ માનનીય છો. (૨૨) રાજન્ ! આપે મને પૂછયું કે લોક પ્રવૃત્તિ કરે છે ત્યારે આપ કેમ નિષ્ક્રિય છો ? તેનો એક જ ઉત્તર છે. કે સંસારને ચલાવનારી તૃષ્ણા છે. તે ગમે તેટલાં કર્મ કરાવે તો પણ તેનાથી પૂર્ણ થતી નથી ધરાતી નથી. આ તૃષ્ણાએ મને પણ પ્રવૃત્તિ કરાવી. અનેક જન્માદિ આપ્યા. (૨૩) એ તૃષ્ણાએ મને ખૂબ ખૂબ ભમાવ્યો. આ રીતે ભમતો હું આ લોકમાં મારાં કર્મોથી આવી પહોંચ્યો. તેમાં પણ કર્મોના પ્રભાવથી મનુષ્ય યોનિ મળી. આ માનવયોનિમાં ધર્મ કરે તો સ્વર્ગ, નિષ્કામ કર્મ કરે તો જ્ઞાન દ્વારા અપવર્ગ અને અધર્મ આચરે તો પશુપક્ષીની યોનિપ્રાપ્ત થાય એવા લોકમાં હું આવ્યો. (૨૪) આ માનવ યોનિમાં પણ દમ્પતીઓ સુખ મેળવવાનો અને દુઃખ ટાળવાનો પ્રયત્ન કરે છે છતાં તેથી વિપરીત પરિણામ જોયાં તેથી તે કાર્યથી હું નિવૃત્ત થયો. ભોગો પણ મનના માનેલા છે તેથી હું સર્વતઃ નિવૃત્ત થઈ પ્રારબ્ધને ભોગવતો ઉદ્યોગ છોડી સૂતો છું. (૨૬) પ્રહ્લાદજી આ ઉપરથી એવું ન માનશો કે તો પછી બધા જ નિવૃત્ત થઈને જ રહે અને કોઈ સંસારમાં પડે નહીં. તો એવી શંકાને કોઈ જ કારણ નથી કારણ કે સુખરૂપ આત્મા છે, આત્મા પોતાની પાસે જ છે એની વિસ્મૃતિ છે તેથી જ અસત્ય એવા દ્વૈતભાવમાં પુરુષ વિચિત્ર અને ઘોર એવા સંસારને પ્રાપ્ત થાય છે. (૨૭) રાજન્ ! તમને એક દાખલો આપું જેમ કોઈ જલપિપાસુ પુરુષ જલની શોધ કરવા જાય અને શેવાળથી ઢંકાયેલા જલને ત્યજી દઈને ઝાંઝવાના જલ તરફ દોડે તેને જલ જ ન મળે તો પછી તૃપ્તિ તો થાય જ ક્યાંથી !તેમ પોતાની પાસે રહેલા આત્માને સુખરૂપ નહિ જાણતાં સુખ મેળવવાને ઈચ્છતો પુરુષ પોતાના આનંદસ્વરૂપને છોડી અન્યત્ર સુખની શોધ કરે છે તેને તે સુખ મળતું નથી. પણ શોધવાનો પરિશ્રમ પ્રાપ્ત થાય છે. (૨૮) ભક્તવર પ્રહ્લાદ ! દેહાદિ બધું આપણે આધીન નથી. પણ દૈવાધીન છે તે દેહથી સુખને માટે વારંવાર આરંભેલ પ્રયત્નો વ્યર્થ જાય છે ૨૯. જ્યાં સુધી આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક દુઃખ નથી ગયાં ત્યાં સુધી મનુષ્યને પ્રયત્નથી ધન કે સુખ વગેરે મળે તો પણ તેનાથી તેને શું લાભ થાય ? (૩૦) રાજન્ ! મેં તો જોયું છે કે જે જીતેન્દ્રિય નથી અને કેવલ લોભી છે એવા ધનિકોને સદા દુઃખી જોયા છે. એમને ભયથી નિદ્રા પણ નથી આવતી. કોઈ લઈ જશે, કોઈ લૂંટી જશે, ક્યારે ખોટ જશે આવી શંકાથી જ ઘેરાયેલા રહે છે. તેમને સુખ ક્યાંથી ? (૩૧) રાજન્ ! ધનવાનને તો રાજા લઈ તો નહીં લે ? ચોરો ચોરી તો નહીં કરી જાય ? શત્રુઓ પડાવી તો નહીં લે ? સ્વજન કુટુંબીજનને આપવું તો નહીં પડે ? પશુપક્ષીના ઉપદ્રવથી નાશ તો નહીં થાય ? યાચકોને આપવું પડશે તો ? વળી સ્વજનમાં કોઈને આપેલ ધન ભૂલવાથી કે ભોગમાં વાપરવાથી પણ ધન ખૂટી તો નહીં જાય એવો પોતાનાથી પણ ભય રહે છે, ટૂંકમાં ધનવાનને પ્રાણોની માફક ધન જવાનો સદાય ભય છે. (૩૨) શોક, મોહ, ભય, ક્રોધ, રાગ, કાયરતા, શ્રમ વગેરેનું મૂળ પ્રાણ અને ધન બે છે. પ્રાણવાળા અને ધનવાનને શોકાદિ થાય છે. માટે વિવેકી જન પ્રાણ અને ધનની કામના ત્યજી દે. (૩૩) પ્રહ્લાદજી ! મને તો આ લોકમાં મધુકર અને અજગર એ બે મોટા ગુરુ મળ્યા. આ બન્ને પાસેથી મેં વૈરાગ્ય અને સંતોષ મેળવ્યાં. (૩૪) તેમાં મધુમક્ષિકાથી સર્વ કામનાથી હું વૈરાગ્ય શીખ્યો. મધમાખીનું દ્રવ્ય મધ છે તે મધને એ મધમાખીને ધુમાડાથી ઉરાડીને બીજો મધ લઈ જાય છે તેમ ધનવાળાને મારી તેનું ધન બીજો લઈ જાય છે. તેના દૃષ્ટાન્તથી મને વૈરાગ્ય થયો. રાજન્ ! આ ધનના સંગ્રહી માટે મેં દુઃખ જોયું. (૩૫) હવે ધનનો સંગ્રહ ન કરનાર અજગરને જોયો. તેને મેં કંઈ પણ ધંધો કરતો ન જોયો. જે કંઈ મળે તેમાં સંતોપ માનતો જોયો, તેથી હું પણ કંઈ ન કરતાં જે મળે એમાં સંતોષ માનું છું. જો કંઈ ન મળે તો હું અજગરની જેમ લાંબા કાળ સુધી બળને સાચવીને સૂઈ રહું છું. (૩૬) રાજન્ ! કોઈવાર અલ્પ તો કોઈવાર અધિક, ક્વચિત્ સ્વાદિષ્ટ તો ક્વચિત્ સ્વાદરહિત અન્ન મળે તો હું જમું છું. (૩૭) ક્વચિત્ રેશમી વસ્ત્ર કોઈ દુકૂલ તો

કોઈવાર મૃગચર્મ, ચીંથરાં, ઝાડની છાલ જે કંઈ મળે તે પહેરું છું. દૈવથી મળે તેને ભોગવીને સંતોષમાં રહુ છું. (૩૯) ક્વચિત્ પૃથ્વી ઉપર ઘાસ, પાંદડાં, પથ્થર અને ભસ્મ ઉપર પણ શયન કરું છું જ્યારે ક્વચિત્ કોઈ ભક્તની ઈચ્છાથી સુંદર રાજભવનમાં પલંગ ઉપર કોમલ સુખશય્યા ઉપર પોઢું છું. (૪૦) ક્વચિત્ સ્નાન અને ચંદન વગેરેનું ચલેપન કરું છું, સુંદર વસ્ત્ર, માળા અને અલંકારો પહેરી રથ, હાથી, ઘોડા ઉપર સવારી કરું છું. ક્યારેક ભૂતની જેમ નગ્ન ફરું છું. (૪૧) સ્વભાવથી જ વિષમતાવાળા આ લોકને હું નિંદતો નથી તેમ સ્તુતિ કરતો નથી પણ બધાનું પરમાત્માની સાથે ઐક્ય થાય અને તેમનું કલ્યાણ થાય એમ ઈચ્છું છું. (૪૨) પ્રહ્લાદ ! મુનિ મૌનનું અવલંબન કરી વિકલ્પનો મનની વૃત્તિમાં હોમ કરે એ વૃત્તિ મનની હોવાથી તેનો મનમાં અને પદાર્થોમાં ભ્રમિત મનને સાત્ત્વિક અહંકારમાં, તે સાત્ત્વિક અહંકારને, માયામાં, માયાને આત્માના અનુભવમાં હોમી દેવી. પછી નિશ્ચેષ્ટ થઈને પોતાના અનુભવથી આત્મામાં રહીને સ્થિર થવું (૪૩-૪૪) લોકશાસ્ત્રથી જુદું એવું આ મારું વ્રત ઘણું ગુપ્ત હતું છતાં ભગવત્પરાયણ પ્રહ્લાદ ! તમે મને પૂછ્યું તેથી મેં તમને કહ્યું. (૪૫) શ્રી નારદજીએ કહ્યું, ધર્મરાજ ! અસુરેશ્વર શ્રી પ્રહ્લાદજી પરમહંસોના ધર્મોને મુનિ પાસેથી સાંભળીને પ્રસન્ન થયા. દત્ત અવધૂત મહારાજનાં અર્ચન કર્યાં. એમની રજા લઈને પ્રહ્લાદ પોતાના ઘર તરફ ગયા. (૪૬)

धर्मं पारमहंस्यं वै मुनेः श्रुत्वासुरेश्वरः पूजयित्वा ततः प्रीत आमंत्र्य प्रययौ गृहम् ।। (४६)

શ્રીમદ્ ભાગવતપીયૂષના સપ્તમ સ્કંધમાંનો ઊતિલીલા પ્રકરણમાં પરમ હંસોના ધર્મનું અને શ્રીદત્ત ભગવાન સાથે શ્રી પ્રહ્લાદજીના સત્સંગનું વર્ણન કરતો અધ્યાય ૧૩મો સમાપ્ત.

અધ્યાય ૧૪મો

[આ અધ્યાયમાં ૪૨ શ્લોકો છે. ધર્માચરણથી વાસના નાશ પામે છે. વાસનાનો નાશ થતાં ભક્તિમાં અધિકાર પ્રાપ્ત થાય છે. એ આશયથી આ અધ્યાયમાં ગૃહસ્થાશ્રમધર્મોનું વર્ણન કર્યું છે. ક્ષણવાર એવો વિચાર થશે કે ૧૧મા અધ્યાયમાં બ્રહ્મચર્યધર્મો વર્ણવ્યા પછી ગૃહસ્થધર્મો વર્ણવવા જોઈએ તેને બદલે સર્વવર્ણાશ્રમધર્મોનું નિરૂપણ કર્યા પછી ગૃહસ્થધર્મ કેમ વર્ણવ્યો ? તો તેનું સમાધાન છે. બધા જ આશ્રમોનો આશ્રમ ગૃહસ્થાશ્રમ છે. ભગવત્સેવામાં પણ તે અત્યંત મહત્ત્વનો છે. તેથી સર્વ ધર્મને વર્ણવી મહત્ત્વનો ધર્મ વર્ણવે છે.]

युधिष्ठिर उवाच–गृहस्थ एतां पदवीं विधिना येन चाञ्जसा । याया देवऋषे ब्रूहि मादृशो गृहमूढधीः ।। १ ।।

યુધિષ્ઠિરે કહ્યું કે દેવર્ષિ ! ગૃહસ્થાશ્રમમાં જ મન-બુદ્ધિવાળો મારા જેવો ગૃહસ્થાશ્રમી મોક્ષની પદવીને જે રસ્તે શીઘ્ર પામે તેવો સુગમ માર્ગ આપ ન બતાવો ? (૧)

શ્રી નારદજીએ કહ્યું કે ધર્મરાજ ! ગૃહસ્થે ઘરમાં રહીને ગૃહસ્થાશ્રમના ધર્મો-કર્મોનું પાલન, તે કર્મના ફળને વાસુદેવ ભગવાનમાં સમર્પણ કરી મહામુનીઓની સેવા કરવી. (૨) રાજન્ ! નિરંતર ભગવાનનાં કથામૃતનાં પાન કરે, તેમાં શ્રદ્ધા રાખે અને શાંત પુરુષોનીસાથે રહે. (૩) રાજન્ ! જેમ સ્વપ્નમાંથી જાગેલ, સ્વપ્નમાં જોયેલ પદાર્થોને મિથ્યા સમજી સ્વપ્નદૃષ્ટ વસ્તુમાંથી મમતા મૂકી દે છે. એજ રીતે સત્સંગ કરતો કરતો સજ્જન ગૃહસ્થ ધીરે ધીરે શરીર, સ્ત્રી, પુત્રાદિને અન્તે છોડવા જ પડશે એમ જાણી તેનો સંગ છોડી દે (૪)

યથાલાભસંતોષ

શાણા પુરુષે શરીર અને ઘરનો જેટલું પ્રયોજન હોય તેટલો જ ઉપયોગ કરવો. ગૃહપરિવારમાં વૈરાગ્ય રાખવા છતાં રાગી પુરુષની માફક જ ઘરના કામમાં પુરુષાર્થ બતાવે. (૫) જ્ઞાતિજનો, માતાપિતા, પુત્રો, ભાઈઓ, મિત્રો અને અન્ય આપ્તજનો જે જે કહે તથા ઈચ્છા કરે તેમાં પોતે મમતા ન રાખતાં બધાંને અનુમોદન આપવું. (૬) સર્વને અનુમોદન આપતાં સંપત્તિ નાશ પામશે એવો ભય ન રાખવો કેમ કે વૃષ્ટિથી થતાં ધાન્ય, પૃથ્વીમાંથી મળતાં સુવર્ણાદિ કે અકસ્માત્ મળતું ધન ભગવાન જ આપે છે એમ જાણી જે મળે તેનો ઉપયોગ કરવો, જેટલું દેહોપયોગી હોય તેટલાને પોતાનું માની સ્વીકારે. (૭) દૈવઈચ્છાથી વધારે મળે તેનો ઉપયોગ કરવો, જેટલું દેહોપયોગી હોય તેટલાને પોતાનું માની સ્વીકારે. (૭) દૈવઈચ્છાથી વધારે મળે તો પણ તેમાં અભિમાન ન રાખવું કારણ કે ધર્મરાજ ! મનુષ્યે પોતાના પેટનું પોષણ થાય

તેટલું જ પોતાનું માનવું તેથી વધારેમાં મમતા રાખે છે તેને ચોર કહ્યો છે અને દંડને લાયક છે એમ જાણવું (૮) આવું સમજીને હરિણ, ઊંટ, ગધેડો, વાનર, ઉંદર, સર્પ, પક્ષી અને માખીને પોતાના પુત્રો જેવાં જાણે કારણ કે જે ઉપર ગણાવ્યાં તેમાં અને પોતાના પુત્રાદિમાં શું તફાવત છે ? કાંઈ પણ નહીં. (૯) રાજન્ ! ગૃહસ્થજને, જેવો દેશકાલ અને ભગવદિચ્છાથી જે કંઈ મળે તેનું અત્યન્ત કષ્ટ ન પડે તે રીતે, ધર્મ, અર્થ અને કામનું સેવન કરવું. (૧૦)

સર્વને આપવું

પોતાને જે ભોગ્ય છે તેમાંથી કૂતરાં અને પતિત તથા ચાંડાલ વગેરેનો ભાગ પાડે. બીજું તો શું પણ જેમાં લોકોને અહંતા દૃઢ છે એવી પોતાની પત્નીને પણ સંત-અતિથિની સેવામાં જોડવી. સ્ત્રીને યથાયોગ્ય સેવા કરવાને કહેવું એમ કહ્યું છે; તેથી અહીં અનિષ્ટ વ્યવહારનો સંબંધ નથી એમ સમજવું. (૧૧) જે સ્ત્રીને માટે માણસ પોતાના પ્રાણ આપી દે છે, મોટેરાઓને તેમજ પિતા વગેરેને જેને માટે મારે છે, તે સ્ત્રીમાં જેણે સ્તત્વ છોડયું તે અજિત ભગવાનને પણ જીતી જાય છે. (૧૨) રાજન્ !અંતે કૃમિ, વિષ્ઠા કે ભસ્મ સંજ્ઞા થાય છે એવો તુચ્છ દેહ ક્યાં ? અને એ દેહને માટે પ્રિય લાગતી સ્ત્રી ક્યાં ? અને આકાશની માફક સર્વત્ર વ્યાપક આત્મા ક્યાં ? એમ અનાત્માનો વિચાર કરી સ્ત્રી-દેહાદિનો આગ્રહ છોડે. (૧૩) યજ્ઞના ઉચ્છિષ્ટ સિદ્ધ અન્નથી દેહનો નિર્વાહ કરવો. દેહને ઉપયોગી ન હોય તે પદાર્થોમાંથી સ્વત્વ કાઢી નાખે તો મહાપુરુષોની ગતિને પ્રાપ્ત થાય. (૧૪) રાજન્ ! પોતાની આજીવિકાથી મેળવેલ દ્રવ્યથી દેવ, ઋષિ, પિતૃ, મનુષ્ય અને ભૂત તથા આત્માનું જુદી જુદી રીતે યજન કરે. (૧૫) જો પોતાનો અધિકાર હોય અને યજ્ઞને લાયક સંપત્તિ હોય તો અગ્નિહોત્રાદિ યજ્ઞકર્મ કરે. (૧૬) રાજન્ ! મારું માનવું છે કે ભગવાન શ્રીકૃષ્ણ બ્રાહ્મણને ભોજન કરાવારૂપી યજ્ઞીય હોમથી જેટલા પ્રસન્ન થાય છે, તેવા અને તેટલા સર્વ યજ્ઞના ભોક્તા ભગવાનના અગ્નિસ્વરૂપ મુખમાં હુતદ્રવ્યના હોમથી પ્રસન્ન થતા નથી. (૧૭) રાજન્ ! માટે બ્રાહ્મણ, દેવ અને મનુષ્ય જેને જે લાયક હોય તેમાં રીતે યજન કરવું. એમ કરવાથી અન્તર્યામી ભગવાન પ્રસન્ન થાય છે. (૧૮)

શ્રાદ્ધાદિ ધર્મો

બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્યે ભાદ્રપદ માસના કૃષ્ણપક્ષમાં દ્રવ્યની અનુકૂળતા પ્રમાણે માતાપિતાનું મહાલય શ્રાદ્ધ કરવું. દ્રવ્યની અનુકૂળતા હોય તો પિતાના સંબંધીઓનાં પણ શ્રાદ્ધ કરે. (૧૯) કર્કસંક્રાન્તિ, મકરસંક્રાન્તિ, મેષસંક્રાન્તિ તુલાસંક્રાન્તિ એટલે ઉત્તરાયણ, દક્ષિણાયન, વિષુવસંક્રાન્તિ, વ્યતીપાત અને ક્ષય તિથિ, સૂર્યગ્રહણ, ચન્દ્રગ્રહણ તથા શ્રવણ નક્ષત્રયુક્ત દ્વાદશીમાં શ્રાદ્ધ કરવાં. (૨૦) વૈશાખ સુદિ ત્રીજ અને કાર્તિક સુદિ નવમીએ શ્રાદ્ધ કરવાં. હેમન્તઋતુ અને શિશિરઋતુમાં માર્ગશીર્ષ આદિ ચાર ચાર અષ્ટકા નામની તિથિઓમાં શ્રાદ્ધ કરવું. (૨૧) અષ્ટકા તિથિ એટલે માગશર-પોષ-મહા-ફાગણ માસની કૃષ્ણ પક્ષની ચાર તિથિઓમાં શ્રાદ્ધ કરવાં. માઘ સુદસપ્તમી તથા મઘા નક્ષત્ર યુક્તપૂર્ણ ચન્દ્રવાળી રાકા નામની પૂર્ણિમાના દિવસે તેમજ કૃત્તિકા વગેરે નક્ષત્રો ઉપરથી જે બાર માસનાં નામ પડયાં છે તે માસના નામના નક્ષત્રવાળી પૂર્ણિમાની તિથિએ શ્રાદ્ધ કરવાં. (૨૨) દ્વાદશી તિથિએ અનુરાધા-શ્રાવણ-ઉત્તરાફાલ્ગુની-ઉત્તરાભાદ્રપદ નક્ષત્ર હોય તો પણ શ્રાદ્ધ કરવું. તેમજ પોતાનું જન્મ નક્ષત્ર જે તિથિએ કે શ્રવણ નક્ષત્ર હોય તે તિથિએ શ્રાદ્ધ કરવું. (૨૩) કેમકે ઉપર ગણાવેલા કાલ કેવળ શ્રાદ્ધ માટે જ નથી પરંતુ પ્રત્યેક સત્કર્મ કરવા માટે છે. આ કાળ શ્રેયોવર્ધક છે. એમાં શ્રેયસકરે તો આયુષ્ય સફલ થાય છે. (૨૪) ઉપર કહ્યા યોગોમાં સ્નાન, જપ, વ્રત, દેવબ્રાહ્મણનું પૂજન, પિતૃદેવ, મનુષ્ય, ભૂત વગેરેને દાન અપાય તેનું ફળ નષ્ટ થતું નથી. (૨૫)

હે રાજન્ ! સ્ત્રી, પુત્ર અને પોતાના સંસ્કારનો સમય, પ્રેતને ઠેકાણે પાડવાનો સમય અને મૃત્યુનો દિવસ તેમજ અભ્યુદયનો સમય આવે ત્યારે પણ જે આપવામાં આવે તેનું ફલ અક્ષય છે. (૨૬) હવે હું લોકના ધર્માદિ શ્રેયસાધક દેશને ગણાવું છુ. જ્યાં સત્પાત્ર મળે એ દેશ પવિત્ર ગણાય છે. (૨૭) દયાવાળું જ્યાં બ્રાહ્મણનું કુળ હોય તે દેશ પવિત્ર ગણાય. (૨૮) તેમજ ભગવાનનાં શ્રીવિગ્રહો જ્યાં જ્યાં બિરાજતાં હોય એ દેશ શ્રેયઃસાધક છે. જ્યાં પુરાણમાં પ્રસિદ્ધ

ગંગા વગેરે નદીઓ છે તે દેશ પવિત્ર ગણાય. (૨૯) જ્યાં પુષ્કર વગેરે સરોવરો છે, જ્યાં ભગવદ્ભક્તો રહ્યા હોય, જ્યાં સંત-સિદ્ધિ-મુનિઓના આશ્રમો હોય એવા કુરુક્ષેત્ર, ગયા, પ્રયાગ, પુલહાશ્રમ વગેરે સાત ક્ષેત્રો છે તે દેશો પણ શ્રેયઃસાધક માન્યા છે. (૩૦) નૈમિષારણ્ય, ફલ્ગુ નદી, સેતુબંધ રામેશ્વર, પ્રભાસ, દ્વારકા, કાશી, મથુરા, પંપા, બિંદુસરોવર એ દેશ પવિત્ર માન્યા છે. (૩૧) નારાયણનો આશ્રમ બદરિકાશ્રમ, અલકનંદા, ચિત્રકૂટાદિ ગિરિવરો, સીતા અને રામચંદ્ર ભગવાનના આશ્રમો તેમજ મહેન્દ્ર, મલય વગેરે બધા મોટા પર્વતોમાં આ બધા ભગવાનનાં શ્રીવિગ્રહો બિરાજતા હોઈ તેમજ પૂજાયેલા હોઈ પવિત્ર દેશો છે. (૩૨) શ્રેયની ઈચ્છાવાળો એ દેશનું વારંવાર સેવન કરે કેમકે એ દેશમાં જે ધર્મો કરે તે ધર્મોનું હજારોગણું વિશિષ્ટ ફળ મળે છે. (૩૩)

હે ધરાધીશ ! પાત્રને જાણનારમાં શ્રેષ્ઠ વિદ્વાનોએ ભગવાનને પાત્ર કહ્યા છે કે જે ચર અને અચર બધું એ ભગવાનમય છે. (૩૪) હે રાજન્ ! આપના આ રાજસૂય યજ્ઞમાં બ્રહ્માજી, બ્રહ્માજીના પુત્રો દેવો, ઋષિ વગેરે હતાં ત્યાં પણ અગ્રપૂજાને લાયક કોણ એનો વિચાર થયો, ત્યારે શ્રીકૃષ્ણ જ અગ્રઅર્ચનને લાયક ઠર્યા હતા. (૩૫) જીવોથી ભરેલા બ્રહ્માણ્ડકોશરૂપ વૃક્ષનું મૂળ ભગવાન છે. તે ભગવાનરૂપી મૂળનું સિંચન કરવા માત્રથી પુષ્પ, ફળરૂપ સર્વ પ્રાણીને તૃપ્તિ પ્રાપ્ત થાય છે. (૩૬) આ ભગવાને મનુષ્યના શીરરૂપ પુર પ્રથમ બનાવ્યાં છે પછી પોતે જીવરૂપે તેમાં શયન કરે છે તેથી તે પુરુષ કહેવાય છે. (૩૭) પરંતુ એ શરીરોમાં ભગવાન ન્યૂનાધિક ભાવથી રહે છે તેથી તેમાં પાત્રની પરીક્ષા કરવી કેમકે જેમાં જેટલો ભગવાનનો અંશ વિશેષ તેટલી તેની યોગ્યતા વિશેષ ગણાય છે. (૩૮)

પ્રથમ ભગવાનનું પૂજન મનુષ્યમાં થતું પણ ત્રેતાયુગથી લોકમાં પરસ્પર અવજ્ઞા જોવામાં આવી તેથી મૂર્તિમાં શ્રદ્ધાથી કેટલાક પૂજા કરવા લાગ્યા. (૩૯) પરંતુ તે મૂર્તિમાં પૂજા કરે અને બીજાનો દ્વેષ કરે તો તે ઉપાસનાનું તેને ફળ મળતું નથી. (૪૦)

હે રાજન્ ! પુરુષોમાં પણ બ્રાહ્મણને સુપાત્ર જાણવો કેમકે તે તપ, વિદ્યા અને સંતોષથી ભગવદ્રૂપ વેદને ધારણ કરે છે. (૪૧) ચરણની રજવડે ત્રિલોકને પવિત્ર કરતા બ્રાહ્મણો આટલું જ કાર્ય કરે છે એમ નથી પણ તે તો જગત જેનો આત્મા છે એવા શ્રીકૃષ્ણ ભગવાનનું પણ પરમ દૈવત છે. (૪૨)

नन्वस्य ब्राह्मणा राजन् कृष्णस्य जगदात्मनः । पुनन्तः पादरजसा त्रिलोकीं दैवतं महत् ॥ ४२ ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના સપ્તમ સ્કંધના ઉતિલીલાના પ્રકરણમાંનો ગૃહસ્થના ધર્મનું નિરૂપણ કરતો અધ્યાય ૧૪મો સમાપ્ત.

અધ્યાય ૧૫મો

[આ અધ્યાયમાં ૮૦ શ્લોકો છે. આમાં ગૃહસ્થોના ધર્મો તથા મોક્ષધર્મનું નિરૂપણ કરી નારદમુનિએ પોતાના પૂર્વજન્મનું વૃત્તાંત કથન કર્યું છે તેનું નિરૂપણ છે.]

नारद उवाच – कर्मनिष्ठा द्विजाः केचित्तपोनिष्ठा नृपापरे । स्वाध्यायेऽन्ये प्रवचने ये केचिज्ज्ञानयोगयोः ॥ १ ॥

નારદજી બોલ્યા, હે ધર્મરાજ ! કેટલાક દ્વિજકર્મમાં નિષ્ઠાવાળા, કેટલાક ચાન્દ્રયણાદિ તપમાં નિષ્ઠાવાળા, કેટલાક વેદાધ્યાયનમાં નિષ્ઠાવાળા, કેટલાક વ્યાખ્યાન કરવામાં નિષ્ઠાવાળા તો કેટલાક જ્ઞાન અને યોગમાં નિષ્ઠાવાળા હોય છે. (૧) રાજન્ ! જે માનવ દાનનું અનન્ત ફલ ચાહે તેને પિતૃને ઉદ્દેશીને જે આપવું છે તે જ્ઞાનનિષ્ઠને આપવું તેમજ દેવને ઉદ્દેશીને આપનારે પણ જ્ઞાનીને આપવું અને જો તેવો ન મળે તો જ બીજાને આપવું. (૨) રાજન્ ! ધન પુષ્કળ હોય તો પણ શ્રાદ્ધમાં વિસ્તાર ન કરવો પરંતુ બે બ્રાહ્મણ વિશ્વદેવના અને ત્રણ પિતૃના અથવા તો દેવપિતૃનો બન્નેનો એક એક બ્રાહ્મણ જમાડવો. (૩) દેશકાલને યોગ્ય શ્રદ્ધા, દ્રવ્ય, સુપાત્ર, બ્રાહ્મણ પૂજાસાધન વગેરે વધારે કરવાથી અને કુટુંબીજન અને સ્વજનને તેડવાથી તે વિધિ અનુસાર બરાબર થઈ શકતાં નથી. શ્રાદ્ધમાં વિસ્તાર વધતાં શ્રદ્ધા ન રહે તો શ્રાદ્ધનું સ્વરૂપ નષ્ટ થઈ જાય માટે શ્રાદ્ધમાં વિસ્તાર ન કરવો. (૪) યોગ્ય દેશ અને કાલ ઉપરના અધ્યાયમાં કહ્યાં છે તેમાં મુનિનાં અન્ન સામો, મોરિયો વગેરે ભગવવાનને ધરીને શાસ્ત્રોક્ત વિધિથી સુપાત્રને ભોજન કરાવે તો તેનું ફળ અક્ષય

થાય છે અને કામનાને પૂર્ણ કરે છે.(૫) દેવ-ઋષિ-પિતૃઓ-પ્રાણીઓ પોતે તથા પોતાનાં સગાંએ બધાંને અન્ન વહેંચી આપવું. આ સર્વને ભગવાનના ભાવથી જોવા અને જાણવા.(૬) ધર્મનું તત્ત્વ જાણનારે શ્રાદ્ધમાં બ્રાહ્મણને માંસ જમાડવું નહીં તેમજ પોતે પણ ખાવું નહીં. પિતૃઓ સામા વગેરે સાત્ત્વિક ધાન્યથી પ્રસન્ન થાય તે તેવા હિંસા કરવાથી પ્રસન્ન થતા નથી.(૭) સદ્ધર્મની ઈચ્છા રાખનાર પુરુષે મન, કર્મ અને વાણીથી હિંસા ન કરવાથી જ એના જેવો બીજો કોઈ શ્રેષ્ઠ ધર્મ નથી.(૮) કેટલાક જ્ઞાની પુરુષો યજ્ઞના ખરા સ્વરૂપને સમજીને મનોનિગ્રહથી પ્રજ્વલિત આત્મસંયમ નામના અગ્નિમાં કર્મોનો હોમ કરી દે છે. કર્મો પરમાત્માના મનનીય સ્વરૂપમાં અંતરાયરૂપ હોવાથી તેનો ત્યાગ કરે છે કેમકે તે જ્ઞાની પુરુષ સ્વર્ગાદિ ફળની ઈચ્છા રાખનાર નથી.(૯) પશુને પુરોડાશાદિ દ્રવ્ય માની યજ્ઞ કરનારને જોઈ પ્રાણીઓ ભય પામે છે-તે પશુઓ સમજે છે કે આ પ્રાણને પોષનાર યજમાન નિર્દય થઈ સ્વર્ગની લાલચે અમારું બલિદાન તો નહીં કરે ?(૧૦) તેથી ધર્મને જાણનાર દૈવ ઈચ્છાથી મળેલ મુનિના અન્નથી સંતોષ રાખી નિરંતર નિત્ય નૈમિત્તિક કર્મ કર્યા કરે.(૧૧)

અધર્મરૂપી વૃક્ષની વિધર્મ, પરધર્મ, આભાસ, ઉપમા અને છળ એ પાંચ શાખાઓ છે. ધર્મને જાણનાર એ પાંચેને અધર્મની શાખાઓને ત્યજી ધર્માચરણ કરે છે.(૧૨) જે ધર્મ કરતાં સ્વધર્મનો બાધ થાય તેને વિધર્મ કહેવાય. ક્ષત્રિયને કહેવામાં આવેલ ધર્મ બ્રાહ્મણને પરધર્મ કહેવાય. પાખંડથી કરેલો ધર્મ-બીજાને છેતરવા કરેલો ધર્મ તે ઉપધર્મ કહેવાય. શબ્દનો જુદો અર્થ કરીને ઉપજાવી કાઢેલો છલધર્મ કહેવાય. शब्दभृच्छलः એવો પાઠ હોય થતો જેમાં શબ્દથી માત્ર ધર્મ કહેવાય તેવો ધર્મ એમ અર્થ કરવો.(૧૩) અને શાસ્ત્રે ન કહ્યું હોય તેવું મનમાન્યું કરવું એ ધર્માભાસ કહેવાય. આ ધર્માભાસ અધર્મની પાંચમી શાખા છે. આ બધા - પાંચ અધર્મના ભેદો દુઃખકારક છે. સાચો ધર્મ કોને શાંતિ ન આપે ? સર્વને શાંતિઆપે છે.(૧૪) નિર્ધન મનુષ્ય પણ પોતાની આજીવિકા માટે, તીર્થાદિ ધર્મ કરવા માટે કે યજ્ઞાદિ ધર્મ માટે દ્રવ્યની ઈચ્છા ન રાખે, નિવૃત્તિવાળા પુરુષને અજગરની જેમ નિવૃત્તિથી સર્વ મળી આવે છે.(૧૫)

સુખ સંતોષીને

सन्तुष्टस्य निरीहस्य स्वात्मारामस्य यत्सुखम् । कुतस्तत्कामलोभेन धावतोऽर्थेहया दिशः ।। १६ ।।
सदा सन्तुष्टमनसः सर्वाः शिवमया दिशः । शर्कराकण्टकादिभ्यो यथोपानत्पदः शिवम् ।। १७ ।।
सन्तुष्टः केन वा राजन्न वर्तेतापि वारिणा । औपस्थ्यजैह्व्यकार्पण्याद् गृहपालायते जनः ।। १८ ।।
असन्तुष्टस्य विप्रस्य तेजो विद्या तपो यशः । स्रवन्तीन्द्रियलौल्येन ज्ञानं चैवावकीर्यते ।। १९ ।।
कामस्यान्तं च क्षुत्तृड्भ्यां क्रोधस्यैतत्फलोदयात् । जनो याति न लोभस्य जित्वा भुक्त्वा दिशो भुवः ।। २० ।।

સંતોષી અને નિવૃત્તિવાળાને જે સુખ મળે છે તેવું સુખ ધનની ઈચ્છાથી દિશાઓમાં દોડનારને મળતું નથી.(૧૬) પગમાં ઉપાન પહેરનારને કાંટાકાંકરાનું દુઃખ થતું નથી તેમ સંતોષનું કવચ ધારણ કરનારને સર્વ દિશાઓ સુખમય હોય છે.(૧૭) સંતોષી માણસ જલ માત્રથી પણ ચલાવી લે છે, જ્યારે તૃષ્ણાવાળો જિહ્વા અને ઉપસ્થને પોષવામાં દીન બની કૂતરાના જેવું આચરણકરે છે.(૧૮) અસંતોષી બ્રાહ્મણનાં ઈન્દ્રિયની લાલસાને લીધે તેજ, વિદ્યા, તપ અને યશ સ્રવી જાય છે. તેનાથી જ્ઞાન પણ નષ્ટ થાય છે.(૧૯) ક્ષુધા અને તૃષાને વેઠવાથી મનુષ્યના કામનો અન્ત આવે છે. જેના ઉપર ક્રોધ થયો હોય તેની ઉપર હાથ અજમાવી લેતાં તે ક્રોધનો અંત આવે છે પણ પૃથ્વીની દશે દિશાઓ જીતીને તેને ભોગવે તે પણ લોભનો અંત આવતો નથી.(૨૦) હે રાજન્ ! કેટલાક વિદ્વાન અને સર્વમાં સંશયને ટાળનાર પંડિતો સભામાં શ્રેષ્ઠ ગણાતા હોય તે પણ અસંતોષથી અધઃપતન પામે છે, તેઓ નીચે પડે છે.(૨૧)

કામાદિ વિજયના વિજયી ઉપાયો

જે વાતની કામના થાય તેનો સંકલ્પ કરવાથી કામને જીતવો. કામનાઓ છૂટે એટલે એ સાધનો વડે ક્રોધને જીતવો. ધનને અનર્થરૂપ જાણી લોભને જીતવો તથા તત્ત્વનો વિચાર કરી ભયને જીતવો.(૨૨) શોક અને મોહને આત્મવિદ્યાથી

જીતવા. મહાન પુરુષોની સેવા કરીને દંભને જીતવો. મૌનથી યોગનાં વિઘ્નોને જીતવાં. કાયા ઉપરની મમતાને ત્યજીને કાયાની ચેષ્ટાને રોકીને હિંસા જીતવી.(૨૩) કોઈપણ પશુપક્ષી કે પ્રાણીથી પીડા થઈ હોય તો તે જીવ ઉપર કૃપા કરી વૈરને જીતવું. દેવથી પડતા દુઃખને મનની સમાધિથી જીતવું. દેહનું દુઃખ પ્રાણાયામાદિથી જીતવું. સાત્ત્વિક પદાર્થોના સેવનથી નિદ્રાને જીતવી.(૨૪) સત્ત્વગુણથી રજસ્તમોગુણને જીતવા. શાંતિ નામના ગુણથી સત્ત્વગુણને જીતવો. ઉપર જીતવાના બધા ઉપાયો કહ્યા તે એક ગુરુભક્તિ માત્રથી બધા જલદી જીતી શકાય છે.(૨૫) શિષ્યને સેવકને કે ભક્તને જો સાક્ષાત્ ભગવાનરૂપ અને જ્ઞાન આપનાર ગુરુમાં મનુષ્યભાવના છે તેને સાંભળેલું સર્વજ્ઞાન કુંજરશૌચ એટલે હાથીનાં સ્નાન જેવું છે.(૨૬) એ પ્રધાન અને પુરુષના પણ ઈશ્વર સાક્ષાત્ ભગવાન છે જેને યોગેશ્વરો પણ સમાધિથી શોધે છે તે શ્રીકૃષ્ણને જેમ લોકો મનુષ્ય જેવા માને છે તેમ ગુરુ પણ સાક્ષાત પરબ્રહ્મ હોવા છતાં તેને માનવ જેવા માને છે.૨૭

શાસ્ત્રમાં જે નિયમો પાળવાની આજ્ઞાઓ કરેલી છે તે સર્વ છ ઈન્દ્રિયોનું નિયમન કરવા માટે છે. તે પામ્યા છતાં જો ઈન્દ્રિયસંયમ ન થાય તો તે નિયમવિધિઓ શ્રમફલક સમજવી.(૨૮) માનવને જેમ ખેતી વગેરે ધંધાઓ યોગના ફળ મોક્ષને આપવાને સમર્થ નથી, છતાં જીવનિર્વાહક થાય છે તેમ વાવ, કૂવા, ધર્મશાળા વગેરે બંધાવવા ઔષધાલય છાત્રાલય બંધાવવાં, પરબ વગેરે બંધાવવાં, આ ધર્માચારણોથી અવશ્ય પુણ્યાદિપ્રાપ્ત થાય છે. પરંતુ એ જ્ઞાન અને ભક્તિ જ મોક્ષોપયોગી બને છે.(૨૯)

ચિત્તવશના ઉપાય

જે મનુષ્ય ચિત્તને વશ કરવા માટે ઈચ્છતો હોય તેણે બધાનો સંગ છોડવો અને પરિગ્રહ ન કરવો. એકલા રહેવું, એકાન્ત સ્થાનમાં રહેવું, ભિક્ષા માગી થોડું ખાવું અને બધું છોડી દેવું.(૩૦) સપાટ અને પવિત્ર જગ્યામાં પોતાનું આસન બિછાવી તે આસન ઉપર હે રાજન્ ! સુખથી સરખી રીતે સ્થિરતાથી બેસી ઓંકારનો ઉચ્ચાર કરવો.૩૧ પછી પૂરક, કુંભક અને અપાનને પણ રોકવો. પોતાના નાકની ટીસી ઉપર દ્રષ્ટિ રાખવી, મન સર્વ કામનાઓને છોડે ત્યાં સુધી એમ કરવું.(૩૨) વિષયવાસનાથી વ્યાકુલ થયેલું મન જે જે વિષયોને ત્યજી દે તેમાંથી તેને અલગ કરી વિવેકી પુરુષે હૃદયમાં તેને રોકવું.(૩૩) એમ અભ્યાસ કરતાં થોડા જ વખતમાં યતિનું મન વિષય ન મળવાથી બળતણ ન મળતાં અગ્નિ શાંત થાય તેમ શાંત થઈ જાય છે.(૩૪) જ્યારે મન કામાદિથી ઘેરાયેલું નથી હોતું ત્યારે તેને બ્રહ્મસુખનો સ્પર્શ થવાથી તે ચિત્ત તેમાંથી ઊખડતું નથી.(૩૫) ધર્મ, અર્થ અને કામને વધારનાર ઘરમાંથી નીકળીને સંન્યાસી થયો તે પાછો કામાદિ સેવન કરે તો તે નિર્લજ્જ અને વાન્તાંશી થાય છે.૩૬ રાજન્ ! જે માનવે પોતાનો દેહ મરણશીલ, કૃમિ, વિષ્ઠા અને ભસ્મરૂપે પરિણત થવાનો છે એમ જાણ્યું છે તે જ પુનઃ દેહને આત્મરૂપ માની અન્ય મનુષ્યો પાસે પોતાના દેહની સ્તુતિ કરાવે છે તે અતિ દુષ્ટછે, એમ જાણવું.(૩૭) ગૃહસ્થ ગૃહસ્થધર્મમાં રહી તેમાં થતી ક્રિયાઓને છોડી દે. બ્રહ્મચારી બ્રહ્મચર્યાવસ્થામાં પોતાન વ્રતને છોડે. તપસ્વી થઈને ગામમાં વસે અને સંન્યાસી થઈ ઈન્દ્રિયોના વિષયમાં આસક્તિ રાખે.(૩૮) તે ચારે પુરુષો પોતાના આશ્રમમાં અધમ ગણાય છે. કેવલ આશ્રમનો દંભ કરનાર તે કહેવાય છે. આપ્તજનને દેવ માયામાં મોહિત થયેલો જાણી દયા લાવી ઉપેક્ષા કરવી.(૩૯)

જ્ઞાનવડે અન્તઃકરણને શુદ્ધ કરીને ભગવાનના સ્વરૂપને જાણે તો પછી કઈ ઈચ્છાથી અને કયા કારણથી એ દેહને બહુ પોષણ આપે ! આ પ્રકારના જ્ઞાનીએ દેહને બહુમાન ન જ આપવું જોઈએ.(૪૦)

વિવેકી જનોનો વિવેક

વિવેકી જનો આ શરીરને રથ કહે છે. તેમાં ઈન્દ્રિયોરૂપી ઘોડાઓ છે. ઈન્દ્રિયોને પ્રેરનાર મન એની રશ્મિ-લગામ છે, શબ્દાદિ વિષયે રથને ચાલવાના માર્ગો છે. બુદ્ધિ આ રથનો સારથિ છે. ઈશ્વરે ઉત્પન્ન કરેલું ચિત્ત રથને બાંધવાનું બાંધણ છે.(૪૧) દશ પ્રાણ આ રથની ધરી છે. અધર્મ અને ધર્મ એ બે પૈડાં, અહંકારી જીવ રથી, ઓંકાર તેનું ધનુષ, શુદ્ધ જીવ

તેનું બાણ અને પરબ્રહ્મ તેનું નિશાન છે એમ વિવેકી જનો કહે છે.(૪૨)રાગ, દ્વેષ, લોભ, શોક, મોહ, ભય, મદ, માન, અપમાન, અસૂયા, માયા, હિંસા, મત્સર,(૪૩) રજોગુણ, પ્રમાદ, ક્ષુધા, નિદ્રા, ઈત્યાદિ શત્રુઓને મારવાના છે. તેમાં કોઈ વાર રજોગુણ તથા તમોગુણવાળી પદ્ધતિઓ અને સત્ત્વપદ્ધતિઓ પણ શત્રુ થઈ પડે છે.(૪૪) જ્યાં સુધી ઈન્દ્રિયાદિ સામાનથી ભરેલો આ કાયારૂપી રથ પોતાના હાથમાં છે, પડયો નથી કે બીમાર પડ્યો નથી ત્યાં સુધી ભગવાનનો આશ્રય કરી, ગુરુની સેવા કરી સંપાદન કરેલા જ્ઞાનરૂપી ખડ્ગથી કામાદિ શત્રુનો નાશ કરવો પછી શાંત થઈ સ્વરૂપાનંદથી પ્રસન્ન થઈ દેહાદિ સામગ્રીનો પણ ત્યાગ કરવો.(૪૫) રાજન્ ! જો ભગવાન અચ્યુતનો આશ્રય નથી કર્યો તો ઉપર કહેલા ઈન્દ્રિયો નામના વિષયસુખ લાલચુ અશ્વો તથા બુદ્ધિરૂપી સારથિ ગાંડા બની રથને વિપરીત માર્ગે, લઈ જઈને વિષયરૂપી લૂંટારાઓને સોંપી દેશે. તે વિષય નામના લૂંટારાઓ, અશ્વો અને સારથિવાળા રથને મૃત્યુના ભયવાળા ગાઢ અંધારાથી ભરેલા સંસારરૂપી ઊંડા કૂવામાં નાખી દેશે.(૪૬) પ્રવૃત્તિ અને નિવૃત્તિવાળાં બે પ્રકારનાં કર્મો વેદમાં કહ્યાં છે. તેમાં પ્રવૃત્તિવાળાં કર્મોનું આચરણ કરતાં મનુષ્ય જન્મ અને મરણને પામે છે. નિવૃત્તિ માર્ગના કર્મો કરવાથી મોક્ષ મળે છે.(૪૭) હિંસામય શ્યેનાદિ યાગો, દ્રવ્યમય કામનાવળાં કર્મો, અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ, ચાતુર્માસ્ય, પશુસોમ,(૪૮) વિશ્વદેવ, બલિહરણ, એ બધાં દ્રવ્યથી બનતાં કર્મો પ્રવૃત્તિકર્મ કહેવાય છે. દેવમંદિર, બાગબગીચા, કૂવા, તળાવ, બંધાવવા વગેરે પૂર્ત કહેવાય છે. (૪૯)

હે રાજન્ ! પ્રવૃત્તિકર્મ કરનાર દેહ છુટતાં પુરુષ ચરુપુરોડાશઆદિ યજ્ઞીય દ્રવ્યોના સૂક્ષ્મ ભાગથી બંધાયેલા અદૃષ્ટ દેહને ધારણ કરી ધૂમાભિમાની દેવતા પાસે જાય છે. ત્યાંથી રાત્રિ કૃષ્ણ અને દક્ષિણાભિક્ષાની દેવતા પાસે થઈને ચંદ્રલોકમાં પહોંચે છે. ત્યાં જઈ પુણ્ય પહોંચે ત્યાં સુધી રહે છે. પુનઃ પુણ્ય ક્ષીણ થતાં શોક કરે છે તેનાથી પુણ્ય દેહનો ક્ષય થતાં અદૃશ્ય થઈ જાય છે અને અનુક્રમે વૃષ્ટિ દ્વારા ઔષધિ, લતા, અન્ન અને વીર્ય તરીકે પ્રત્યેકમાં ક્રમે ક્રમે આવી પછી આ પિતૃયાન માર્ગથી પુનઃ લોકમાં આવે છે.(૫૦) તાત્પર્ય કે રાજન્ ! જલમાંથી અન્નમાં, અન્નમાંથી વીર્યમાં, વીર્યમાંથી ગર્ભમાં આવી સંસારને પામે છે. આ પ્રવૃત્તિમાર્ગ વારંવાર જન્મ આપનાર છે.(૫૧) રાજન્ ! માતાના ગર્ભમાં વીર્યનું સિંચન થાય ત્યાંથી મરણાનન્તર અંત્યેષ્ટિ પર્યન્ત સંસ્કારથી સંસ્કૃત થયેલો દ્વિજ નિવૃત્તિમાર્ગનાં કર્મો કરવા માટે અધિકારી થાય છે. હવે જેઓ નિવૃત્તિમાર્ગનાં કર્મમાં નિષ્ઠાવાળા છે તે જ્ઞાની પુરુષો ઈન્દ્રિયોથી થતા ઈષ્ટ, પૂર્ત આદિ ક્રિયાયજ્ઞોને જ્ઞાનદીપ રૂપ માને છે જુદા માનતા નથી.(૫૨) ઈન્દ્રિયોને સંકલ્પવિકલ્પવાળા મનમાં હોમે છે. વિકારવાળા મનને વાણીમાં, વાણીને અક્ષર સમુદાયમાં હોમે છે. અક્ષર સમુદાયને ૐ કારમાં હોમે છે. ૐ કારને બિન્દુમાં, બિન્દુને નાદમાં, નાદને પ્રાણમાં, પ્રાણને સૂત્રાત્મા પરબ્રહ્મમાં હોમે છે.(૫૩)

દેવયાન અને પિતૃયાન બે માર્ગો

રાજન્ ! સંસ્કાર પામેલ દ્વિજ નિવૃત્તિમાર્ગે જનારો હોઈ પ્રથમ અગ્નિલોકમાં જાય છે. ત્યાર પછી અગ્નિલોકમાંથી સૂર્યલોકમાં, ત્યાંથી દિવસના અભિમાની દેવતાને ત્યાં, ત્યાંથી શુક્લપક્ષના અભિમાની દેવતાને ત્યાં જાય છે, ત્યાર બાદ ઉત્તરાયણના અભિમાની દેવતાને ત્યાં જશે. આ દેવતાને પામ્યા બાદ બ્રહ્મલોકમાં જઈ બ્રહ્મદેવને પામે છે. બ્રહ્મદેવને પામ્યા પછી તે નિવૃત્તિમાર્ગી પુરુષ વિરાટ બંને છે. ત્યારે સૂક્ષ્મ ઉપાધિવાળો થઈ "તૈજસાત્મા" બને છે ત્યારે સ્થૂલ ઉપાધિનો લય કરી ત્યારબાદ તે સૂક્ષ્મ ઉપાધિનો પણ કારણમાં લય કરી કરણોપાધિ "પ્રાજ્ઞાત્મા" બને છે. અંતમાં કારણને સર્વના સાક્ષીરૂપે અનુસરતા સાક્ષી સ્વરૂપમાં લય કરીને તે "તુરીય" આત્મા એટલે શુદ્ધાત્મા બને છે એટલે મુક્ત થાય છે.(૫૪) આ નિવૃત્તિમાર્ગને "દેવયાનમાર્ગ" તરીકે વર્ણવે છે. આત્મયાજી પુરુષ આ નિવૃત્તિમાર્ગમાં ઉત્તરોત્તર તે તે સ્વરૂપ પામેલ શાંતાત્મા પુરુષ આત્મસ્વરૂપમાં જ રહે છે એની પુનરાવૃત્તિ નથી હોતી.(૫૫) રાજન્ ! આ બન્ને માર્ગ એટલે દેવયાન માર્ગ અને પિતૃયાન માર્ગ વેદે જ બનાવ્યા છે. અને બન્ને ભિન્ન ભિન્ન માર્ગ છે એમ કહ્યું છે. આ બન્ને માર્ગને શાસ્ત્રીય દ્રષ્ટિથી જાણનાર મનુષ્ય શરીરમાં રહેવા છતાં મોહ નથી પામતો.(૫૬)

રાજન્ ! જ્ઞાની પુરુષ એટલું સમજે છે કે "सत्" નામની એક વસ્તુ છે. આ "सत्" વસ્તુ શરીરો લેવામાં આદિમાં કારણ છે. શરીરનો લય થતાં અંતમાં અવધિ તરીકે "सत्" વસ્તુ રહે છે. બહાર દેખાતા ભોગ્ય પદાર્થોરૂપે પણ તે "सत्" વસ્તુ છે. શરીરમાં રહીને ભોક્તા તરીકે જે ભોગવે છે, તે પણ "सत्" વસ્તુ જ છે. ઉચ્ચરૂપ, નીચરૂપ, જ્ઞાનરૂપ, જ્ઞેયરૂપ, વચનરૂપ, વાચ્યરૂપ પ્રકાશરૂપ, અપ્રકાશરૂપ તે સર્વજ્ઞાની એટલે તત્ત્વવેત્તા "सत्" રૂપ પોતે જ છે. તેના વિના બીજી કોઈ વસ્તુ છે જ નહીં. આ પ્રમાણે સમજનાર જ્ઞાનીને મોહ નથી થતો. (૫૭)

પ્રતિબિંબાદિ આભાસ જો કે સત્ય નથી અને સારી રીતે તે બાધિત થાય છે છતાં પણ જાણે સત્ય વસ્તુ હોય તેવી રીતે કહેવાય છે. તેમજ ઈન્દ્રિયોથી દેખાતી આ વસ્તુઓ જાણે સાચી હોય તેમ કલ્પેલું છે છતાં પણ વાસ્તવિક રીતે તો તે ભગવાન વિના બીજું કાંઈ નથી. કારણ કે તર્કથી તે વાસ્તવિક પૂરવાર થતું નથી. ૫૮

क्षित्यादीनामिहार्थानां छाया न कतमाऽपि हि । न संधातो विकारोऽपि न पृथङ्नान्वितो मृषा ॥ ५९ ॥
धातवोऽवयवित्वाच्च तन्मात्रावयवैर्विना । न स्युर्ह्यसत्यवयविन्यसन्नवयवोऽन्ततः ॥ ६० ॥
स्यात्सादृश्यभ्रमस्तावद्विकल्पे सति वस्तुनः । जाग्रत्स्वापौ यथा स्वप्ने तथा विधिनिषेधता ॥ ६१ ॥
भावाद्वैतं क्रियाद्वैतं द्रव्याद्वैतं तथाऽऽत्मनः । वर्तयन् स्वानुभूत्येह त्रीन्स्वप्नान्धुनुते मुनिः ॥ ६२ ॥

આ ભગવદવિગ્રહમાં પાંચ ભૌતિકની છાયા નથી. જેમ વૃક્ષનો સમૂહ વન કહેવાય છે તેમ પાંચ ભૂતનો સમુદાય શરીર એમ કહેવું સંભવતું નથી કારણ કે એક વૃક્ષને ખેંચવાથી વન ખેંચાતું નથી તેમ દેહમાં એક અવયવને ખેંચવાથી અવયવીનું કર્ષણ થાય છે. તેથી સંઘાત ભાવ ઘટતો નથી. પરિણામ તો પ્રાકૃતમાં સંભવે, ભગવાન તો અપ્રાકૃત છે તેથી ભગવાનના શ્રીઅંગમાં ભૂત ઈન્દ્રિયનો સંભવ મિથ્યા છે. (૫૯) સચ્ચિદાનંદ વિગ્રહમાં ધાતુઓનો સંભવ પણ નથી. કારણ કે ધારણ કરે તે ધાતુ કહેવાય. તે ધાતુઓ મહાભૂત તે તેના સૂક્ષ્મરૂપ શબ્દાદિ વિષયો વિના રહે નહીં કારણકે શબ્દાદિ અવયવ છે અને આકાશાદિ અવયવી છે. તે ન હોવાથી અવયવો પણ ન જ હોય તેથી જે દેખાય છે તે મિથ્યા છે. (૬૦) જો અવયવી ન હોય તો બાલ્યાદિ અવસ્થાવાળા પુરુષને આ બાળક હતો તે આજે યુવાન થયો. આપણે જાણીએ છીએ એવી પ્રત્યભિજ્ઞા થવી ન જોઈએ. તમે માનતા હો કે આવિર્ભાવ તિરોભાવ ધર્મવાળો ધર્મ નિત્ય હોય છે તો જો બે પદાર્થ હોય તો વિકલ્પ સંભવે. અવિદ્યા વડે પૂર્વ પૂર્વમાં ઉત્તરોત્તર આરોપ કરતાં આના જેવો આ ભ્રમ સંભવે પણ અવિદ્યા નષ્ટ થતાં તે સાદૃશ્ય ભ્રમ પણ નાશ પામે છે. જ્યારે વિકલ્પ નથી તો પછી વિધિ નિષેધ કેમ ઘટે એ શંકાના ઉત્તરરૂપે જેમ સ્વપ્ન મિથ્યા છે તેમાં આપણે પાછા જાગતા અને સૂતાને જોઈએ છીએ. તે માત્ર સ્વપ્ન સ્થિતિમાં યોગ્ય છે. પણ તેમાંથી જાગ્યા ત્યારે બધું ખોટું છે તેમ જેને અવિદ્યા ગઈ તેને તો અવિદ્યા વિધિ અને નિષેધ એ બધું ખોટું છે તે ન ગઈ ત્યાં સુધી બધું સાચું છે. તેવી રીતે વિધિ નિષેધની વ્યવસ્થા છે. (૬૧) રાજન્ ! આત્માના ભાવાદ્વૈત, ક્રિયાદ્વૈત અને દ્રવ્યાદ્વૈતનો વિચાર કરતો વિવેકી પુરુષ મનનશીલ સાધક આત્મતત્ત્વના અનુભવથી જાગ્રત-સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થાઓને દૂર કરે છે. (૬૨)

રાજન્ ! વસ્ત્ર અને તંતુ એ બન્ને કાર્યકારણમાં તંતુ જ સત્ય છે અને વસ્ત્ર તો મિથ્યા છે તેમ કાર્યકારણ જગત અને બ્રહ્મમાં બ્રહ્મ જ સત્ય છે. જગત પણ બ્રહ્મસ્વરૂપે સત્ય છે. આ રીતે કાર્ય અને કારણરૂપ વસ્તુમાં જ ઐક્ય વિચાર છે. તેને ભાવાદ્વૈત કહેવામાં આવે છે. (૬૩) રાજન્ ! યુધિષ્ઠિરજી ! મન, વાણી અને કાયાથી જે કંઈ કરાય તે સર્વ પરબ્રહ્મમાં સમર્પી દેવું તેને ક્રિયાદ્વૈત કહેવામાં આવે છે. (૬૪) પોતાના, પોતાનાં સ્ત્રીપુત્ર આદિના તથા બીજાં સર્વ પ્રાણીઓના સ્વાર્થ તેમજ કામનાઓનું જે ઐક્ય જોવું તે દ્રવ્યાદ્વૈત કહેવાય છે. (૬૫) રાજન્ ! જો મનુષ્યના ઉપર આપત્તિ જેવું ન હોય તે સમયે જે દ્રવ્ય જેનું જે ઉપાયથી, જે દેશમાં, જે કાળમાં જેની પાસેથી લેવાનું શાસ્ત્રનિષિદ્ધ ન હોય તે જ દ્રવ્યથી મનુષ્યે સર્વ કાર્યો કરવાં પરંતુ બીજા ઉપાયોથી મેળવેલાં દ્રવ્યો દ્વારા કાર્યો ન કરવાં. (૬૬) વળી ધર્મરાજ ! મનુષ્ય પોતાના ઘરમાં રહીને પણ અન્ય વેદે બતાવેલાં કર્મ કરીને જો જીવતો રહે તો ભગવાનની ભક્તિ કરે તો તે ગૃહસ્થ પણ ભગવચ્ચરણને પામે છે અથવા મોક્ષને પામે છે. (૬૭) રાજન્ ! હે નૃપદેવ ! આપને માથે ન તરી શકાય તેવી આપત્તિઓની પરંપરાઓ ક્યાં નહોતી આવી ? આ આપત્તિઓ મહાપ્રયત્ને પણ દૂર ન થાય તેવી હતી છતાં સમર્થ અને ભક્તવત્સલ શ્રીકૃષ્ણ ભગવાનના ચરણકમલના આશ્રયથી અને સેવાથી પાર ઊતર્યા છો તેમજ જરાસંધાદિ દિગ્ગજોને

જીતીને યજ્ઞ કરી શક્યા છો. (૬૮)

નાથની મારા ઉપર કૃપા

શ્રી નારદજી કહેવા લાગ્યા, ધર્મરાજ ! ભગવાનની મારા ઉપર કૃપા છે. જુઓ હું એકવાર ગયા મહાકલ્પમાં ઉપબર્હણ નામનો ગન્ધર્વોમાં માન્ય ગન્ધર્વરાજ હતો. (૬૯) રૂપ-કોમલતા-માધુર્ય-સુગંધીપણાને લીધે હું સર્વને માટે પ્રિયદર્શન હતો. સ્ત્રીવૃન્દને તો અત્યંત પ્રિય હતો. વળી નિત્ય મદોન્મત્ત રહેતો તેમજ કામલંપટ પણ હતો. (૭૦) રાજન્ ! એકવાર એવું બન્યું કે દેવોના યજન પ્રદેશમાં શ્રીહરિના ગુણસંકીર્તન માટે પ્રજાપતિઓ, અનેક ગન્ધર્વો અને અપ્સરાઓના વૃન્દને નિમંત્રિત કર્યા. (૭૧) ધર્મરાજ ! હું પણ દેવસત્રના નિમંત્રણને જાણતો હોઈ સ્ત્રીવૃન્દથી વીંટળાયેલો ઉન્તમત્ત થઈ ગાન કરતો દેવસત્રમાં જઈ પહોંચ્યો. મારી આ ધૃષ્ટ ચેષ્ટાથી આવેશમાં આવેલા પ્રજાપતિઓએ મને શાપ આપ્યો કે સર્વની અવહેલના-અનાદર કરતો હે ગન્ધર્વ ! તારી શ્રીનો નાશ થાઓ તેમજ વિના વિલંબે શૂદ્ર યોનિમાં જા. ૭૨ ભગવન્ ! આ શાપ મળ્યા પછી હું એક ઋષિને ત્યાં દાસીમાં જન્મ્યો. સારા નસીબે કે ભગવાની કૃપાથી આશ્રમમાં પધારેલા બ્રહ્મવાદીઓની સેવાથી અને સત્સંગથી બ્રહ્માજીનો પુત્ર બન્યો. (૭૩) રાજન્ ! આપે મને પૂછેલ પાપનો નાશ કરનાર ગૃહસ્થાશ્રમ ધર્મ આપની પાસે વર્ણવ્યો. આ ગૃહસ્થધર્મનું પાલન કરનાર મનુષ્ય અનાયાસે સંન્યાસીઓની ગતિને પામે છે. (૭૪)

ભગવાનનો મહિમા અને કૃપાલુતા

यूयं नृलोके वत भूरिभागा लोकान्पुनाना मुनयोऽभियन्ति । येषां गृहानावसतीति साक्षाद्गढं परं ब्रह्म मनुष्यलिङ्गम् ॥ ७५ ॥
स वा अयं ब्रह्म महद्विमृग्यंकैवल्यनिर्वाणसुखानुभूतिः । प्रियः सुहृद्वः खलु मातुलेय आत्माऽर्हणीयो विधिकृद् गुरुश्च ॥ ७६ ॥
न यस्य साक्षाद्भवपद्मजादिमी रूपं धिया वस्तुतयोपवर्णितम्।मौनेन भक्त्योपशमेन पूजितः प्रसीदतामेष स सात्वतां पतिः ॥७७॥

ધર્મરાજ ! સાચોસાચ આ મનુષ્યલોકમાં આપ અત્યંત ભાગ્યશાળી છો. આપના આંગણે ગૂઢ સ્વરૂપે મનુષ્યના શ્રીવિગ્રહમાં, સાક્ષાત્ પરબ્રહ્મ ભગવાન શ્રીકૃષ્ણ બિરાજે છે. રાજન્ ! આ એક જ કારણથી ચૌદ લોકને પાવન કરનારા મુનિવરો આપને આંગણે પધારે છે. (૭૫) રાજન્ ! આ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ આપના પ્રિય છે, સુહૃદ છે, અરે રાજન્, મામાના પુત્ર છે, આપના આત્મા છે, સેવવા યોગ્ય છે, ગુરુ છે, આપની આજ્ઞાને અનુસરનારા છે અથવા બ્રહ્માજીના પણ બ્રહ્મા છે. રાજન્ ! અધિક શું કહું ? મહાન યોગી,જ્ઞાની,તપસ્વી અને દેવ મુનિઓ જે ભગવાનને શોધે છે, જે ભગવાન મોક્ષાનંદના સાક્ષાત્ અનુભવરૂપ છે તે ભગવાન તમને શોધતા આવે છે. (૭૬) ધર્મરાજ ! અન્યની વાત શી કરવી ! પરંતુ સાક્ષાત્ ભવાનીશંકર અને બ્રહ્માદિ દેવો પણ પોતાની નિર્મળ મતિ દ્વારા જેમનું સ્વરૂપ વાસ્તવિક રીતે વર્ણવી શકતા નથી તે ભગવાનને જાણવા માટે મૌનથી, ભક્તિથી અને મન-ઈન્દ્રિયોના સંયમથી સદા સેવી રહ્યા છે. તે શ્રી ભક્તવત્સલ, ભક્તોના સ્વામી શ્રીકૃષ્ણ સદા અમારા ઉપર પ્રસન્ન રહો. (૭૭)

ઉપસંહાર

ધર્મરાજ યુધિષ્ઠિરજીના રાજસૂય યજ્ઞમાં નજરે જોયેલા શ્રીકૃષ્ણના મહિમાને ગાતા શ્રીશુકાચાર્યજી પરીક્ષિતજીને પ્રસંગનો ઉપસંહાર કરતાં કહેવા લાગ્યા કે ભરતકુલશ્રેષ્ઠ રાજન્, ધર્મરાજ મહારાજે દેવર્ષિ શ્રીનારદજીના શ્રીમુખેથી શ્રીકૃષ્ણ ભગવાનના વર્ણવેલા માહાત્મ્યને સાંભળી સ્નેહ વિહ્વળ બનેલા અત્યંત પ્રસન્ન થયેલા યુધિષ્ઠિરજીએ શ્રીકૃષ્ણ ભગવાનનાં શ્રી ચરણારવિંદના સમાર્ચન કર્યાં. (૭૮) ભગવાન શ્રીકૃષ્ણ અને ધર્મરાજ યુધિષ્ઠિરજી પાસેથી શ્રી નારદજીએ વિદાય માગી. ધર્મરાજે દેવર્ષિનાં ચરણની પૂજા કરી. મુનિવર ત્યારબાદ વિદાય થયા. પાર્થ મહારાજ ભગવાન શ્રીકૃષ્ણ પરબ્રહ્મ છે એ જાણી ખૂબ જ આશ્ચર્ય પામ્યા. (૭૯) રાજન્ પરીક્ષિત ! મેં આપને દક્ષ પ્રજાપતિની કન્યાઓના જુદા જુદા વંશ સંભળાવ્યા. આ વંશમાં દેવો, અસુરો, મનુષ્યો, તેમજ સ્થાવર-જંગમ લોકો ઉત્પન્ન થયા છે. રાજન્ ! શ્રીકૃષ્ણકથાના શ્રવણથી સર્વ મંગલ થાય છે. (૮૦)

इति दाक्षायणीनां ते पृथग्वंशाः प्रकीर्तिताः । देवासुरमनुष्याद्या लोका यत्र चराचराः ॥ ८० ॥

શ્રીમદ્ ભાગવતપીયૂષના સપ્તમ સ્કંધના ઉતિલીલાના પ્રકરણમાંનો ગૃહસ્થલમોક્ષ ધર્મનું કેવું સ્વરૂપ હોય તેનું વર્ણન કરતો અધ્યાય ૧૫મો સમાપ્ત.